Accredit,(ઍકક્રેડિટ) *vt.* [L.*ad* & *credo*, I believe.] To put confidence in:વિશ્વાસ રાખવો; મુખત્યાર ગણવું;ખરું છે એવું કબૂલ કરવું. 2. To receive as an envoy: મુખત્યાર તરીકે કબૂલ કરવો.3.To send with credentials as an envoy: વિશ્વાસપત્રો આપીને મુખત્યાર તરીકે મોકલવું;ને અખત્યાર આપવો.

Accretion,(ઍકક્રીશન્)*n.*[L.*ad*,& *cresco*,I grow.] An increase by natural growth:વધારો;વૃદ્ધિ.2 An increase by accretion of parts externally:વધારો;ચઢાવો;ઉમેરો

Accrue,(ઍકક્રૂ)*vi.*[L.*ad*,& *cresco*, I grow.] *To* arise; to proceed: ઉપજવું;થવું;નિપજવું;આવવું;મળવું;વધવું.

Accumulate,(ઍકકયૂમ્યૂલેટ)*vt* [L. *ad*,& *cumulo*, I heap.]To augment;to amass:એકઠું કરવું;સંગ્રહ કરવો; ઢગલો કરવો;સંચય કરવો.*vi.* To increase greatly:ઘણું વધી પડવું-જમા થવું.

Accumulation, (ઍકકયૂમ્યૂલેશન્)*n.* A heap;a collection:ઢગલો;સંગ્રહ; પુંજ;જથો;સમુદાય;જમાવ;સંચય.

Accumulator, (ઍકકયૂમ્યૂલેટર) *n.* One who gathers: સંચય-સંગ્રહ-એકઠું કરનારો.

Accuracy,(ઍકકયુરેસિ)*n.*Correctness:nicety; precision: ચોકસપણું;ખરાપણું: સત્યતા; યથાર્થતા; બારીકી; ચોકસાઇ;ઝીણવટ.

Accurate,(ઍકકયૂરેટ)*a.* [L.*ad*, & *curo*,I take care.] Exact:precise,બરાબર;ખરું;શુદ્ધ; ચોકસ; ઝીણું;બારીક;યથાર્થ;સત્ય; સૂક્ષ્મ.

Accurateness, (ઍકકયૂરેટનેસ)*n.* See **Accuracy**.

Accurse,(ઍકકર્સ) *vt.* To invoke harm against;to execrate: શાપ દેવો;બદદુઆ આપવી.

Accursed,(ઍકકર્સેડ) *p. a.* Doomed to misery: શાપિત;દગ્ધ; શાપગ્રસ્ત.2.Worthy of the curse; detestable:નિંદ્ય,શાપપાત્ર; કાળા મોઢાનું; અતિદુષ્ટ;પાપી; શાપ દેવા યોગ્ય.

Accusant, (ઍકકયૂઝન્ટ)*n.* An accuser: આરોપ તોહોમત મુકનાર; દૂષણ દેનાર.

Accusation, (ઍકકયૂઝેશન્) *n* C arge; crimination: દોષારોપ; તોહોમત દૂષણ *False a.*:અપવાદ; આળ; બટ્ટો;બોહતાનું.

Accusative,(ઍકકયૂઝટિવ્)*a.* Accusing;accusatory:તોહોમત મુકતું 2 A term in grammar signifying the relation of the noun on which the action of a verb falls;દ્વિતીયા વિભક્તિ;કર્મ.

Accuse,(ઍકકયૂઝ) *vt.* [L. *ad*, & *causa*, cause.] To impeach; to charge with some offence:તોહોમત મુકવું;ફરિયાદ માંડવી. (2) To blame; to censure: અપવાદ મૂકવો; આળ ચઢાવવું; દોષ ચઢાવવો-કાઢવો. *To a. falsely*:આળ ચઢાવવું;ગળે પડવું.

Accuser, (ઍકકયૂઝર)*n.* See **Accusant**.

Accustom,(ઍકકસ્ટમ્)*vt.*To habituate;to inure: આદત-મહાવરો-ટેવ-અભ્યાસ પાડવો.

Accustomed,(ઍકકસ્ટમ્ડ) *p.a.*Customary:usual:ટેવવાળું; હમેશનું; રોજનું;આદતવાળું.

Ace,(એસ્)*n.*[L.*as*,unity.]A unit: એકો'; એકડી; રેજું. 2. An atom; a particle;કણ;લેશ;કરચ;અણુ; લવ; રતી

Acephalous,(એસેફલસ્)*a.*[Gr.*a*, *priv.*& *Kephale*, a head.] Headless: માથા વગરનું. 2. Without a leader:નિધણીયું; નિરણીયાતું; નનાયકુ. 3 Wanting something preeminently essential: કંઇ ખરેખરૂં અગત્યનું ખૂટતું હોય-માંહે ન હોય તેવું.

Acerb,(એસર્બ્)*a.*[L.*acer*, sharp.] Sour: ખાટું; કડવું; તુરું; મોં અમળાઇ જાય એવું.

Acerbity,(એસર્બિટિ)*n.*Sourness of taste:ખટારા;કડવારા;તુરારા. 2. Bitterness; severity: આકરાપણું; રાખતપણું;કરડાકી.

Acescent,(એસેસેન્ટ) *a.* Turning sour:ખાટું;ખટાસ પડવું ; ખટાસ ભરેલું; ખટવાતું.

Acetic,(એસેટિક or એસીટિક) *a.* Relating to acid: સરકામાંના તેજાબનું.

Acetify,(એસેટિફાઇ or એસીટિફાઇ) *vt.*[L. *acetum* vinegar, & *facio*, I make.]To convert into acid: ખાટું કરવું;ખટવવું *vi.* To turn acid: ખાટું થઇ જવું;અખરાઇ જવું.

Acetous,(એસીટસ્)) *a.*Sour;acid
Acetose,(એસેટોસ્)) ખટાશ જેવું; ખાટું 2.Causing acetification: ખાટું કરી નાંખે તેવું;ખાટું કરતું.

Ache,(એક્)*vi.*To have pain; to be distressed:દુઃખવું;વેદના-પીડા થવી; દરદ થવું. *n.* Continued pain: દરદ; વેદના;પીડા; દુઃખ.

Achievable,(એચીવેબલ)*a.* That can be obtained:પ્રાપ્ત થાયતેવું;પ્રાપ્ય.

Achieve,(એચીવ્) *vt.* [L. *caput*, the head] To accomplish; to execute:પુરૂં કરવું;સાધવું; છેડો લાવવો. 2. To obtain; to gain; to win: સંપાદન પ્રાપ્ત કરવું;મેળવવું.

Achievement,(એચીવ્મેન્ટ)*n.*Accomplishment; completion: સાધન;નિષ્પત્તિ; સિદ્ધિ; પ્રાપ્તિ; સાધના; સમાપ્તિ. 2. Exploit: a great or heroic deed:સાહસકર્મ;પરાક્રમ; મોટું કામ;વિક્રમ;મહાભારત કામ;મહા કૃત્ય.

Aching,(એકિન્ગ)*p.a.*Continuously painful:દુઃખ્યા કરતું; દુઃખ થતું. *n.* Continued pain or distress: જારી રહેતું દરદ.

Achromatic, (એક્રોમૅટિક્) *a.* [Gr. *a*,& *chroma*,colour.] Free from colour;not showing colour: રંગ વગરનું; બેરંગ; રંગની અસર નહીં થાય તેવું.

Acid,(એસિડ્)*a.*[L.*acidus*. sour] Sour;tart:ખાટું;અમળટ.*n.* A sour substance:ખાટીચીજ;તેજાબ;ખટાશ.

Acidify,(એસિડિફાઇ) *vt.* [L. *acidus*.& *facio*,I make]To convert into acid:ખટાસપર લાવવું.

Acidity,(એસિડિટિ) *n.* Sourness; tartness:ખટાશ;ખાટું થવાનો ગુણ.

Acidulate, (એસિડ્યૂલેટ) *vt.* To make acid in a moderate degree: થોડું ખાટું કરવું;ખટાશપર લાવવું.

Acidulous,(એસિડ્યૂલસ્)*a* Slightly acid:સહેજ ખાટું;ખટાસ પડતું.

Acknowledge,(ઍક્નૉલેજ્) *vt* [L *ad*, & *nosco*, I know] To admit; to confess:કબૂલ કરવું;સ્વીકારવું; માનવું. 2.To recognize:ઓળખવું; કર્ત્તાહર્ત્તા ગણવું.3. To own with gratitude: આભાર-ઉપકાર માનવો. 4. To avow or assent to:પોતાનું છે એમ કબૂલ કરવું

Acknowledgment, (ઍક્નૉલેજ્મેન્ટ્) *n.* Confession of a fault: અપરાધની કબૂલાત;કબૂલાત; સ્વીકાર. 2 Recognizance: સત્કાર; અંગીકાર; સન્માન. 3. Expression of thanks: આભાર;કૃતજ્ઞતા.4.Something done or given in return of a favour: પ્રત્યુપકાર.5.Avowal: પરોક્ષ; કબૂલાત; સ્વીકાર.

Acme,(ઍક્મી)*n.*[Gr.*akme*,point.] The summit: શિખર; ઉંચાઈ; ટોચ; પરાકાષ્ઠા; પૂર્ણતા 2. The crisis or height of a disease: દુઃખ-દરદનું ધર્યું જોર; પરાકાષ્ઠા; જોર. 2. Mature age:full bloom of life:પુખ્ત ઉમ્મર; ભરજોબન;મદ.

Acolyte,(ઍકોલાઇટ્) } *n.*A com-
Acolyth,(ઍકોલિથ્) } panion:સાથી સોબતી.2. An inferior servant who performs the meaner services of the Roman Church:દેવળમાં હલકું કામ કરનાર ચાકર: પરિચારક.3.A companion star: સાથે જતો તારો.

Aconite,(ઍકોનાઇટ્)*n.*(Gr.*akoniton.*]The herb wolf's bane:વચ્છનાગ. [oak;ઓક ઝાડનું ફળ.)

Acorn,(એકૉર્ન્)*n.*The fruit of the

Acoustic, (ઍકાઉસ્ટિક્) *a.* [Gr. *akoustikos.*]Relating to the sense of hearing:શ્રવણસંબંધી; જ્ઞાનનું;શ્રવણવિષયક.

Acoustics,(ઍકાઉસ્ટિક્સ્) *n.* (*sig*) The science of sounds:શ્રવણ વિષયક વિદ્યા-શાસ્ત્ર;ધ્વનિશાસ્ત્ર.

Acquaint,(ઍક્વેન્ટ્) *vt.* [L. *cognosco*, I know.] To inform; to communicate notice to:વાકેફ્-જાણીતું કરવું;જણાવવું; ખબર આપવી;અનુભવી કરવું.2.To be acquainted with; to have personal knowledge of:-નું જ્ઞાન હોવું;-ની સાથે ઓળખાણ-પિછાન હોવું *To* a. *one's self with*: ઓળખાણ-માહિતગારી-વાકેફગારી કરી લેવી-મેળવવી.

Acquaintance,(ઍક્વેન્ટન્સ્) *n.* Intimacy; familiarity: ઓળખાણ;ઓળખ;વાકેફગારી;પિછાન; સંસર્ગ;પરિચય;માહિતગારી.2.Person or persons with whom one is acquainted: ઓળખાણવાળો માણસ; મિત્ર; પરિચિત.*Bowing* a.: સાહેબ સલામનો વહેવાર.

Acquiesce,(ઍક્વિએસ્)*vi.*[L.*ad*, & *quiesco*, I rest.] To concur upon conviction:કબૂલ કરવું;માન્ય રાખવું.2 To rest satisfied:બહાર-ઉપર ઉપરથી રાજી રહેવું-થવું;સંતોષ માનવો.

Acquiescence,(ઍક્વિએસેન્સ્)*n* Quiet submission; સમ્મતિ;કબૂલાત;સંતોષ;સંતોષ માનવો તે.

Acquiescent(ઍક્વિએસેન્ટ્)*a.*]Disposed tacitly to submit; assentive: આંખ આડા કાન કરે તેવું; વાંધો ઉઠાવે નહિ એવું;માન્ય કરનાર.

Acquirable,(ઍક્વાઇરેબલ્)*a* Capable of being obtained:મેળવવા જેવું;પ્રાપ્તવ્ય.

Acquire,(ઍક્વાઈર્)*vt.* [L. *ad*,& *quaro*, I seek] To procure, to attain; to gain:સંપાદન કરવું; મેળવવું;પ્રાપ્ત કરવું.

Acquirement,(ઍક્વાઇરમેન્ટ્) }
Acquisition, (ઍક્વિઝિશન્) } *n.*Attainment;earning: લાભ: પ્રાપ્તિ;મેળવેલી વસ્તુ-ગુણ-જ્ઞાન.

Acquisitive, (ઍક્વિઝિટિવ્) *a* Eager to gain:પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળું; લુલુપ્સુ.

Acquisitiveness,(ઍક્વિઝિટિવ્નેસ્)*n* Desire of securing:સંપાદન કરવાની ઇચ્છા-લાલસા.

Acquit (ઍક્વિટ્)*vt.*[L *ad*,&*quito*,I quit.]To release or absolve from guilt, accusation, suspicion &c.: નિર્દોષ ઠેરવવું; મુક્ત કરવું; બેગુનાહ નિરપરાધી ઠેરવવું; દોષ ન મુકવો. 2.To clear one's self:મુક્ત થવું;છૂટવું.3.To perform one's part:પોતાનું કામ સારી રીતે બજાવવું; પાર ઉતારવું. 4. To pay off; to requite:પતવી નાખવું; અદા કરી દેવું; માથેથી ભાર ઉતારવો.

Acquittal,(ઍક્વિટલ્)*n.* A discharge from an offence: છુટકારો; નિર્દોષીકરણ;મુક્તિ;દોષમોચન.

Acquittance,(ઍક્વિટન્સ) *n.*Release from a debt:કરજમાંથી છુટકારો.2.A writing which is evidence of a discharge:ફારગતી;નદાવા.

Acre,(એકર્)*n.*[L.*ager*,a field] A piece of land containing 4840 sq.yds.:૪૮૪૦ ચોરસવારનું અથવા ૧૧૫૬ વિઘાનું માપ.*God's* a.,the church. yard: કબરસ્તાન;સ્મશાનભૂમિ.

Acred,(એકર્ડ્)*a.*Possessing acres: મિલકતવાળો;જમિનદાર.

Acrid,(ઍક્રિડ્)*a* [L.*acer*, sharp.] Harsh;pungent:તીખું;ધમધમાટ;ઉગ્ર;તીક્ષ્ણ;કરડું;ચણચણાટ લાગે એવું.

Acrimonious, (ઍક્રિમોનિઅસ્)*a.* Sharp;bitter:તીખું; કડવું; કટું; તીવ્ર. 2.Severe;sarcastic:તીવ્ર (સ્વભાવ); કરડી (ભાષા).

Acrimony-tude, (ઍક્રિમોનિ-ઍક્રિટ્યૂડ્)*n.*[L.*acer*, pointed.] Tartness:તિખાસ;ચચરાટ.2.Harshness: કરડાપણું;ઉગ્રતા.

Acrobat,(ઍક્રોબૅટ)*n.*[Gr. *Acros*, high & *baino*, I go.] One who practises rope dancing;દોરડાં ઉપર કસરત કરનારો નટ;બાજીગર.

Acropolis,(ઍક્રોપોલિસ્)*n.*[Gr.*acros*,highest & *polis*,a city]The highest part of a city;a citadel: શહેરના બચાવ સારૂ બનાવેલો કોટ-કિલ્લો.

Across, (ઍક્રૉસ્) *prep. or adv.* Athwart;cross-wise:આરપાર; આડું;પેલેપાર;ઉપર;ઓળંગીને;ઉપરનું.

Acrostic,(ઍક્રૉસ્ટિક્)*n.* [Gr. *akra*, end&*stikos*, a row.] A composition in verse,in which the first or last letters of the lines,taken in order, form a name or sentence: પ્રથમાક્ષરબંધ; આદ્યાક્ષરબંધ; બાહ્યાક્ષરબંધિકા.

Act,(ઍક્ટ્) *vi* [L. *ago*. I do.] To exert power: અસર થવી;ઉપર સત્તા ચલાવવી.2 To perform an action: કામ કરવું;ચાલવું. 3. (*a*) To behave: આચરવું;વર્તવું; ચાલવું. (*b*) (*upto*) To fulfil;to equal: પાળવું. 4. To perform on the stage: નાટ્યભૂમિ ઉપર વેષ ભજવવો. 5. To feign: ઢોંગ-સોગ-વેશ ફેલ કરવું. *vt.* To assume the character of;to play: (નાટકમાં) સોંગ ધરવો; ભજવવું; ભજવવું. 2. To feign;to counterfeit;ઢોંગ કરવું 3. To perform: ભજવવું; કરવું. *n.* Performance;deed:કામ;કર્મ; ક્રિયા; કૃત્ય.2.A division of a play:અંક. 3.Law;edict:કાયદો;ઠરાવ;આજ્ઞા. 4. A state of readiness: તૈયારી. 5. A state of real existence: ખરૂં અસ્તિત્વ **A.** *of God*,(*Law*):અસ્માની સુલતાની.*In* a. *to*:તૈયારીમાં;*e. g. In* a.*to strike*: મારવાની તૈયારીમાં.

Acting,(ઍક્ટિન્ગ્)*a.* Temporary; in lieu of:હંગામી;કામચલાઉ;બદલે.

Action(ઍક્શન્)*n.* Effect of power exerted;motion: હીલચાલ; પ્રવૃત્તિ; વ્યાપાર; અસર; ગતિ; ક્રિયા. 2. Deed; behavior:કર્મ; કાર્ય; વર્તણૂક; ચાલચલગત;કરણી.3.Gesture:ચાળા;ચેષ્ટા;અભિનય.4. (*a*) A suit: દાવો; ફરિયાદી; મુકરદમો.(*b*)A right of action:દાવો કરવાનો હક.5.A battle:યુદ્ધ;સંગ્રામ;

ગ્રામ;લડાઇ; *જંગ.* 6. **A share** in a joint stock company: કોઈ નોંધાયલી કમ્પનીનો શેર. 7. Activity in the abstract: આઘાત.

Active,(ઍક્ટિવ્)*a.*Having power to act: ક્રિયાકારક; સાધક;શક્ત 2 (*a*) Lively;agile: ચંચળ;ચાલાક; ચપળ. (*b*) Diligent: મહેનત; ઉદ્યોગી. 3. Operative; practical: વ્યવહારોપયોગી. 4. (*gram.*) Denoting action:transitive: સકર્મક **A.** *voice:* સકર્મક-મૂળ-ભેદ **A** *verb* સકર્મક ક્રિયાપદ.**A.** *capital:* તુરત જોઈએ-ત્યારે નાણામાં વટાવી શકાય તેવી મિલકત

Activeness,Activity,(ઍક્ટિવ્નેસ,ઍક્ટિવિટિ)*n.* Briskness:agility: ચડપ;ચાલાકી;ચપળતા; ચંચળતા; ચંચળાઈ;કાર્યપરતા;તેજી.

Actor,(ઍક્ટર)*n.*A stage player: નટ;વેશ લેનાર;પાત્ર.2.An agent;doer: કર્તા;કરનાર. 3. A plaintiff: ફરિયાદી; વાદી. 4. An advocate: વકીલ.

Actress,(ઍક્ટ્રેસ)*n.*A female actor: નટી;નાટક કરનારી સ્ત્રી.

Actual,(ઍક્ટ્યૂઅલ્)*a* [L *actualis,* actual.]Real; certain : વાસ્તવિક; ખરેખરું;યથાર્થ;સત્ય; ખરું; નિષ્પન્ન. 2. Present:હાલનું;વર્ત્તમાન.

Actually (ઍક્ટ્યૂઅલ્લિ) *adv.* Positively;really: ખરી રીતે; વાસ્તવિક રીતે;યથાર્થ રીતે;વસ્તુતઃ;સાક્ષાત્.

Actuary(ઍક્ટ્યૂઅરિ)*n.*A registrar or clerk: અદાલતનો મહેતો; કલાર્ક;કારકુન.2.The manager of an insurance company: વિમા કમ્પનીનો મેનેજર;વિમાનો હિસાબ ગણનાર.

Actuate,(ઍક્ટ્યૂએટ્)*vt.*To instigate;to impel; to animate:ઉશ્કેરવું;ચાલતું કરવું;ચલાવવું; પ્રવર્ત્તાવવું.

Acumen,(ઍક્યૂમે)*n.* [L. *acus,* needle.]Shrewdness;acuteness; keenness:તીક્ષ્ણ;કુશાગ્ર-તીવ્ર બુદ્ધિ.

Acuminate,(ઍક્યૂમિનેટ્)*vt.* To be sharp: અણીદાર થવું. *a.* Having a projecting & tapering point: ધાર-અણીવાળું;અણીદાર.

Acute,(ઍક્યૂટ્)*a.* Sharp at the end;pointed :અણિયાળું; અણીદાર; ધારદાર.2.Keen;shrewd: તીક્ષ્ણ; તીણું;તીવ્ર; તીક્ષ્ણ બુદ્ધિનું; ઉંડી નજરનું. 3. Shrill: તીક્ષ્ણ(અવાજ);તીણો.4.Severe: સખત;શીઘ્ર પરિણામી (રોગ) **A.** *angle,*: કાટખૂણા કરતા ન્હાનો ખૂણો. **a** *accent:*ઉદાત્ત સ્વર.

Acuteness,(એક્યૂટ્નેસ્)*n.*Sharpness:અણી;નોકદારી. 2. Keenness; shrewdness:કુશાગ્રતા;ઉંડી પહોંચ.

Adage, (ઍડેજ)*n.*[L *ad & ago,*I say.] A maxim; a proverb:કહેવત; કહેણી.

Adam,(ઍડમ્)*n.*The name given to the first man in the Bible; the progenitor of the human race: આદમ;મનુષ્ય પ્રાણીનો પ્રથમ પિતા;બ્રહ્મા. *Adam's* ale,water:પાણી.

Adamant (ઍડમૅન્ટ્)*n* [Gr.*damao,* to tame] Anything very hard: a diamond:વજ્રોજ્જ્વળ કઠણ પથર; હીરો. 2.Loadstone: લોહચૂમ્બક.

Adamantine,(ઍડમૅન્ટિન્)*a* Very hard: વજ્ર સરખું;મજબુત.

Adapt,(ઍડૅપ્ટ્)*vt.*[L *ad & apto,* I fit.]To adjust;to fit:બેસતું-લાયકપ્રમાણે કરવું; બંધબેસતું કરવું. **A.** *your conduct to circumstances:* સમા પ્રમાણે વર્તો

Adaptability,) (ઍડૅપ્ટ્બિલિટિ)
Adaptableness,) (ઍડૅપ્ટેબલ્નેસ્ *n.*Suitableness : બેસતું આવવાનો-યોગ્ય થવાનો ગુણ.

Adaptable,(ઍડૅપ્ટેબ્લ)*a.*Capable of being adapted : લાયક-યોગ્ય-બેસતું થાય તેવું.

Adaptation,(ઍડૅપ્ટેશન્) *n.* Fitness: યોગ્યતા; લાયકી.2. *Result* of adapting;an adapted form : પર ભાષામાંથી કરેલું રૂપાંતર;અનુવાદ.

Add,(ઍડ્)*vt* [L *ad & do,*I give.] To sum up:વધારવું;ઉમેરવું; સરવાળો કરવો.2.To say further: આગળ વધવું; આગળ બોલવું.3. To bestow (*on*): બક્ષવું;બક્ષિસ કરવી. *vi.*To increase; to augment:વધવું.

Addendum, (ઍડ્રેન્ડમ્)*n.*[*pl.***addenda**.] [L.] An appendix: વધારો,ઉમેરો;પુરવણી;ધન.

Adder, (ઍડર) *n.* A serpent in general:એક જાતનો સાપ;એરૂ;પથરકું.

Addict,(ઍડ્રિક્ટ્)*vt.*[L.*ad& dico* I dedicate.]To devote;to habituate: લપટાવું. છંદમાં પડવું;-ની પછવાડે લાગું રહેવું;ની લતમાં પડવું;માં ગરકલીન થવું;-નું વ્યસન ચોહોંટવું;મારવાની તૈયારીમાં આસક્ત થવું2. To adapt; to fit: લાયક-યોગ્ય-બંધબેસતું કરવું.

Addictedness,(ઍડ્રિક્ટેડ્નેસ્)*n.* Dedication;attachment: છંદ;લત; વ્યસન;નાદ;લંપટપણું;આસક્તિ;પરાયણતા.

Addition(ઍડ્રિશન્)*n.*[See **add**] Increase;adjunct:વધારો;ઉમેરો;ફાયદો.2.The adding number: સરવાળો;બેરીજ.

Additional,(ઍડ્રિશનૅલ્)*a.*Augmented;added;supplemental:વધુ;વધારે;વધારેલું;અધિક.

Addle,(ઍડ્લ્)*a.*Corrupt;putrid: સડેલું;કોહી ગયેલું.2.Unfruitful;empty:ફળહીન : વાંઝણું; ખાલી;પોકળ; *a. headed:*મૂઢ; ઠોઠ; વિચારશૂન્ય. *vt.* To make morbid:કહોવડાવી દેવું; ભગાડવું.1.To earn:કમાવું.2.To grow:ઉગવું;(ઝાડ)વધવું;ઉછરવું. *n.* Laborer's wages : મજુરોના રોજ. 2. Lees of wine:દારૂનો કચરો.

Address (અડ્રેસ્)*vt* [L.*ad&directus*]To prepare: તૈયાર કરવું 2.To apply to by words : પ્રત્યે બોલવું; કહેવું;સંબોધણ કરવું;-ની પ્રત્યે બોલવું;-ને ઉદ્દેશીને બોલવું. 3. To direct in writing:લખી મોકલવું; શીરનામું લખવું-કરવું; પતે લખવો 4. To woo; to court: પરણવાના વિચારથી સ્ત્રીની પ્રીતિ મેળવવી;માગું કરવું. 5.To consign (a package to an agent):(આડતીઆને) હવાલે કરવું;ને નામે મોકલવું. *n* Speech;thanks: ભાષણ;માનપત્ર. 2.Manner of speaking:સત્કારથી બોલાવવાની રીત.3.(*Pl.*)Courtship: પરણવાનું માગું.4.Adroitness;tact: ચપળતા;ચતુરાઈ;યુક્તિ;દક્ષતા;નિપુણતા. 5 Direction or superscription of a letter- સરનામું; ઠેકાણું; નામ ઠામ;પત્તો.

Adduce, (ઍડ્રૂયસ્)*vt.*[L *ad&duco,*I lead.]To bring forward;to allege;to mention;to cite: દેખાડવું; ઉભું-હાજર-રજુ-કરવું; આપવું; પુરાવામાં કહેવું આધાર બતાવવો; પ્રમાણ આપવું. *To* **a***as an argument:* દલીલ દાખલ કહેવું.

Adducible,(ઍડ્રૂસિબલ્)*a.* Capable of being adduced : આગળ-સામે લાવવા-રજુ કરવા જોગ.

Adept,(ઍડેપ્ટ્)*n.*[L *ad & apisci,* to pursue.]One skilled in arts: પ્રવીણ-નિપુણ માણસ.*a.* Well-versed: કાબેલ;નિપુણ;પ્રવીણ.

Adequate, (ઍડીક્વટ્)*a.* [L. *ad & æquus,*equal.]Sufficient;equal: પુરતું; સરખું; લાયક;યોગ્ય; સમર્થ; તુલ્ય; સમાન;બરાબર;જોઇએ તેટલું.

Adhere,(ઍડ્હીર્)*vi.*[L. *ad & hoerere,to* stick to.] To attach; to cling:ચોહોંટવું;વળગવું. 2. To remain fixed: વળગી રહેવું; બાઝી રહેવું; લાગી રહેવું;અચલ બની રહેવું. 3. To concur;to be consistent: મળતું આવવું;અનુકુળ થવું.

Adherence, (ઍડ્હીરૅન્સ્)*n.*Steady attachment : બાઝી-પકડી રહેવું. તે.2.Fidelity: આસ્થા;આસક્તિ;અવલંબન.

Adherent(ઍડ્હીરૅન્ટ્)*a.*Clinging વળગી રહેવું;જોડાએલું.*n.*Follower;

dependent:આશ્રિત; અનુસંગી પુરૂષ; એક પક્ષનો;અનુષંગી; સહાયી;અનુયાયી; વળગી રહેનાર;પરાયણ;એકનિષ્ઠ.

Adhesion,(ઍડ્હીઝન્)*n.*1.Adherence;union:વળગણ; ચિકાશ;વળગી-ચોંટી રહેવાની શક્તિ.2.Concurrence; assent: સંમતિ; કબુલાત; એકમત 3. Fidelity:આસ્થા;આસક્તિ;અવલંબન.

Adhesive,(ઍડ્હીસિવ્)*a.* Sticky; tenacious : ચિકણું; ચોંટી રહે તેવું; ચોંટવાનું.

Adieu. (ઍડ્યૂ)*adv.&n.* [L. *ad & deus*,God]Goodbye;fare-well:છેલ્લી સલામ;છેલ્લા રામ રામ;સાહેબજી;જેજે; છેલ્લો આશીર્વાદ;ઈશ્વર તમારૂં સારૂ કરો.

Adipose, (ઍડિપોસ) *a.* [L *adeps*, fat.]Fatty: ચરબીદાર,ચરબીનું;પુષ્ટ.

Adit, (ઍડિટ્)*n.*[L.*ad & iro*,I go.] An entrance:ખાણ-ખોદાણમાં જવાનો રસ્તો.

Adjacence-cy,(ઍડ્જેસેન્સ-ન્સિ) *n* [L.*ad& jaceo*,I lie.] Contiguity: પાસે પાસે હોવું તે;લગત;સમીપ-નિકટતા; પાસેનું; પડોસનું;નજીકનું;લગતું.

Adjacent, (ઍડ્જેસેન્ટ્)*a.* Adjoining;near: નજદીક;નીકટનું;સમીપવર્તી

Adjective, (ઍડ્જેક્ટિવ્)*n.*[L.*ad & jacio*,I throw](*Gram.*)A word put before a noun to express its quality: વિશેષણ; ગુણ વિશેષણ; ગુણ વાચક નામ; ગુણવાચક શબ્દ; *a colour*,પાકો થવાને માટે જેમાં કંઇ મેલવણીની જરૂર પડે તેવો રંગ *a* વિશેષણનું;(*law*)કામ ચલાવવાની રીત સંબંધીનું.

Adjoin,(ઍડ્જોઈન્)*vt.*[L *ad&jungo*,I join.]To connect; to unite: મેળવી દેવું;જોડવું; એકઠું કરવું *vi.* To lie in contact;to be contiguous: પાસે આવવું;એકઠું થવું;નજદીક હોવું.

Adjoining, (ઍડ્જોઇનિન્ગ્)*a.*Adjacent;contiguous: પડોશનું; પાસેનું.

Adjourn,(ઍડ્જર્ન્)*vt.*To defer;to put off;to postpone:મુલતવી રાખવું; તહકુબ રાખવું;મોકુફ રાખવું; થોડા વખત સુધી પડતું મુકવું.*vi.*To suspend business: કામ બંધ કરવું;(સભા ઉઠી જવી)

Adjournment(ઍડ્જર્ન્મેન્ટ્)*n.*Postponement:તહકુબી;મોકુફી 2 The time during which a public body defers a business:કામ બંધ કરી આરામને માટે મળેલો વખત;રજા;છુટ્ટી.

Adjudge, (ઍડ્જજ્) } *vt.*[L
Adjudicate,(ઍડ્જ્યુડિકેટ્) } *ad, & judico*,I judge.]To decide: નિવેડો કે સલો કરવો. 2.To condemn: દીપ મારવી;શિક્ષા ઠેરવવી કરવી.3.To judge: ધારવું;વિચાર-તોલ કરવો.

Adjudication,(ઍડ્જ્યુડિકેશન્)*n.* Judgment; judicial sentence: ઠરાવ;ચુકાદો;ફેડચો;દીપ; શિક્ષા; ફેંસલો.

Adjunct, (ઍડ્જન્ક્ટ્)*n.*[L.*ad & jungo*,I join]Something added: જોડેલું તે.2.A colleague : સાથે રહેનાર;સાથી;સહાયકારી. 3.(*Gram*) A word added to denote the force of other words: વિવર્દ્ધિત શબ્દ;સંયોગ. (*Meta*) A quality of the mind:ગુણ *a.* United with: અનુયોગી;સંબંધ રાખતું-ધરાવતું.

Adjunctive(ઍડ્જન્ક્ટિવ્)*n.*That which is joined : જોડેલી ચીજ;જોડ નામ *a* Joining: જોડાતું;જોડાય તેવું.

Adjuration,(ઍડ્જ્યુરેશન્)*n.*The act of adjuring: કસમ-સોગન-સમ શપથ દેવા-આપવા તે.2.An oath : કસમ;સોગન;સમ;શપથ.

Adjure,(ઍડ્જ્યૂર્)*vt.*[L.*ad&juro*, I swear.]To bind under oath: સોગન-સમ દેવા—આપવા.

Adjust,(ઍડ્જસ્ટ્)*vt.*[L. *ad & justus*,just.] To fit;to suit: બેસતું-અનુકુળ કરવું 2. To regulate; to arrange:ગોઠવવું;બરાબર કરવું; સુધારો કરવો. 3 To settle:પતાવવું; ચુકવવું; હિસાબ નક્કી ચોખ્ખો કરવું;-નો મેળ પાડવો.

Adjustment, (ઍડ્જસ્ટ્મેન્ટ્) *n.* Settlement;arrangement:ચુકાદો; નિવેડો;બંદોબસ્ત;સુધારો; તાડ;ફેંસલો; ગોઠવણ;વ્યવસ્થા;મેળવણી;સમજુત.

Adjutancy,(ઍડ્જ્યુટન્સિ)*n.* The office of an adjutant:આડજ્યુટંટનો હોદ્દો 2. Skilful arrangement: ચતુરાઈથી કરેલી ગોઠવણ.

Adjutant,(ઍડ્જ્યુટન્ટ્)*n* [L.*ad & juvo*,I assist](*Mil.*) An officer who assists superior officers,conducts correspondence,& :લશ્કરનો એક અમલદાર-કારભારી 2. A very large species of stork:સારસની જાતનું એક મોટું પક્ષી; મરજણ 3.A helper an assistant.મદદગાર-કરનાર; સહાયી.

Adjuvant,(ઍડ્જ્યૂવન્ટ્)*n.*An assistant:મદદગાર;સહાયકાર. 2. Help; aid:મદદ; કુમક;સહાય. *a.* Helping; assisting:મદદ કરતું;સહાયકારી.

Administer,(ઍડ્મિનિસ્ટિર્)*vt* [L *ad& ministro*,I serve.] To manage:કારભાર-વહિવટ ચલાવવો; અમલમા લાવવું.2.To supply;to dispense:આપવું; (ઈનસાફ) દેવું-કરવું.3. To tender(as an oath) (સમ) દેવા; (સોગન)ખવડાવવા.4.To supply, to give, as a dose : દરવખતની દવા-માત્રા-ખોરાક ભાગ આપવો *vi.* To contribute to : મદદ-સહાય થઇ પડવી. To perform the office of administrator : વસિયતનામું કર્યા વગર મરનાર માણસની મીલકતનો કાયદા પ્રમાણે વહિવટ કરવો.

Administration,(ઍડ્મિનિસ્ટ્રેશન્) *n.*Management : કારભાર; અમલ; વહિવટ;કારકીર્દી; રાજ્ય. 2. The executive part of Government:રાજ્યકારભારી મંડળ મંડળી. 3. Dispensation;distribution: આપવું-બક્ષવું-તે. 4 The management of the estate of an intestate: વસિયતનામું કર્યા વગર મરનારની મિલકતનો વહિવટ.*Letters of* a.:વહીવટ ચલાવવાનો દાખલો.

Administrative(ઍડ્મિનિસ્ટ્રેટિવ્) *a.*Executive: કારભાર ચલાવી શકે-કરે તેવું;પ્રબંધ-નિર્વાહ કુશલ-નિપુણ-દક્ષ

Administrator, (ઍડ્મિનિસ્ટ્રેટર) *n.* One who manages, administers: વહિવટદાર;કારભારી;પ્રવર્ત્તક. 2. One who manages an intestate estate:વસિયતનામું કર્યા વિના મરનારની મિલકતનો કારભાર કરનાર.

Administratrix,(ઍડ્મિનિસ્ટ્રેટ્રિક્સ્)*n.*A female administrator: વહિવટ ચલાવનાર-કરનાર સ્ત્રી.

Admirable,(ઍડ્મિરેબલ્)*a.*Excellent;surprising;wonderful:વખાણવા જોગ; અજબ-અચરત લાગે એવું; અજાયબ;અદ્‌ભૂત;અનુપમ;અત્યુત્તમ.

Admirably,(ઍડ્મિરેબ્લિ)*adv.* In an admirable manner:અજબ રીતે;ખુબીથી;અજબ તરેહથી;આશ્ચર્યપૂર્વક.

Admiral,(ઍડ્મિરૅલ્)*n.*The chief commander of a fleet or navy: દરીઆઇ સેનાધિપતિ.2.(*a*) A very large ship in a fleet:મોટું વહાણ. (b)the ship which carries the admiral : દરિયાઇ સેનાધિપતિ જેમાં હોય તે વહાણ.

Admiralship, (ઍડ્મિરૅલ્શિપ્)*n.* The office or power of an admiral: દરિઆઇ સેનાધિપતિનો હોદ્દો અથવા અધિકાર.

Admiralty,(ઍડ્મિરૅલ્ટિ)*n.*A board of officers for the management of naval affairs: દરિઆઇ સેનાનાં કામકાજ કરનાર સભા. 2. The building where this board transacts business: આ સભાને બેસવાનું મકાન; નૌકાખાતું;અરમાર ખાતું;અરમાર ખાતાની હકુમત.*Courts of* a :દરિયાઈ કામોમાંથી ઉભી થયેલા તકરારો પતવનારી તથા બરહરીયે થયેલા ગુન્હા ચૂકવનારી અદાલતો.

Admiration,(ઍડ્મિરેશન્)*n* Wonder mingled with approbation or delight : સાનંદાશ્ચર્ય; વિસ્મય; તાજુબી;અચરતી;પ્રેમ;પ્રસંશા. *sign of* a.: આશ્ચર્ય ચિન્હ 2.Prodigy: ચમ-

ત્કાર;ઉત્પાત; અવનવો બનાવ.

Admire, (ઍડ્‌માઈર્‌) *vt.* [L.*ad & miror*, I wonder.] To regard with wonder,esteem or reverence: તાજ્જુબ થવું; અચરત પામવું; સાનંદાશ્ચર્ય લાગવું. 2. To love highly: વખાણવું; ચ્હાવું;ની પ્રશંસા કરવી. *vi.* To marvel;to wonder:તાજ્જુબ થવું; વિસ્મય પામવું.

Admirer,(ઍડ્‌માઈરર્‌)*n.*One who admires:ચ્હાનાર,પ્રીતિ રાખનાર;આશક; પ્રસંશા કરનાર; વખાણનાર.

Admissibility,(ઍડ્‌મિસિબિલિટિ) *n.* The quality of being admitted: દાખલ-મંજુર થવાનો ગુણ-ધર્મ.

Admissible,(ઍડ્‌મિસિબલ્‌)*a* Capable of being allowed: કબુલ-માન્ય કરવા-લેવા જોગ;ગ્રાહ્ય;ઉપાદેય.

Admission,(ઍડ્‌મિશન્‌)*n.*Permission to enter;access;દાખલ થવાની-રજા;પ્રવેશ.2. Concession; acknowledgment:સ્વીકાર;કબુલાત;અંગીકાર 3.A fact,point or statement admitted:કબુલ કરેલી બાબત.

Admit,(ઍડ્‌મિટ્‌)*vt* [L.*ad &mitto*, I send.] To suffer to enter: આવવા દેવું; દાખલ કર; પેસવા દેવું; જગા આપવી.2.To allow; to grant:માન્ય કર-ખરૂં માનવું; સ્વીકારવું. 3. To concede as true;to own;to confess: સાચું છે એમ કહેવું; કબુલ કર; કબુલાત આપવી. *To a. of:* સ્વકવું; યોગ્ય હોવું. *To a. to bail:* જમીન ઉપર છોડવો.

Admittance,(ઍડ્‌મિટન્સ)*n.* The act of admitting:કબુલ કરવું તે. 2. Permission to enter;the right of entrance;entrance:પ્રવેશની પરવાનગી-સત્તા-હક;પ્રવેશ;દાખલ થવું તે.

Admix, (ઍડ્‌મિક્સ્‌)*vt.* [L. *ad & misceo*,I mix.] To mingle with something else;to mix:એકઠું કર; -ની સાથે મેળવી દેવું;મિશ્ર કર; ભેળવવું.

Admixture,(ઍડ્‌મિક્સ્‌ચ્યૂર)*n.*Mixture:ભેગ;મેળવણી; ભેળ; સંમિશ્રણ.2. The compound formed by mixing different substances together:જુદી જુદી વસ્તુની મેળવણી.

Admonish,(ઍડ્‌મૉનિશ્‌)*vt.*[L. *ad & moneo*, I warn.] To reprove gently;to warn:ઠપકો દેવો;કાન ઉઘાડવા-ખોલવા-ચિમટવા.2.To counsel; to caution: શિખામણ દેવી; ચેતવણી આપવી; સલાહ આપવી;બોધ કરવો. 3. To direct: સુચના આપવી-કરવી; ચેતવવું.

Admonition, (ઍડ્‌મૉનિશન્‌) *n* Gentle or friendly reproof;instruction:ઉપદેશ;બોધ;ચેતવણી; શિખામણ;સલાહ;ઠપકો;શિક્ષા; નસિયત.

Admonitive tory,(ઍડ્‌મૉનિટિવ્‌-ટૉરિ)*a.* Containing admonition: બોધ કરતું; શિખામણવાળું;ચેતવનાર;કાન ઉઘાડનાર-બોલનાર;બોધક; બોધદાયક.

Ado,(ઍડૂ)*n.*Bustle; stir; trouble; difficulty:ગરબડ;ધામધુમ; મહેનત;શ્રમ;ધાંધળ; માથાકુટ; ખટપટ; પ્રયાસ. To *make a great* a *about trifles:* મારવો ઉંદર અને બોદવો ડુંગર. *With much* a.:મારી કુટીને; માથાફોડ કરીને

Adolescence cy,(ઍડોલેસેન્સ્‌-ન્સિ) *n.* [L.*ad & olesco*, I grow.] Youth;age between 14*&* 25 in man & 12&21 in woman:ભરજુવાની;ચઢતું લોહી યૌવન; તરણાવસ્થા-દશા

Adolescent,(ઍડોલેસેન્ટ્‌)*a.*Growing;advancing to manhood: જુવાન થતું;ચઢતા લોહીવાળું *n* A youth: તરૂણ;જુવાનીઓ; મોટીઆર.

Adonis,(ઍડૉનિસ્‌) *n.* A pre-eminently beautiful young man;a dandy:બહુજ ખુબસુરત જુવાન પુરૂષ; કામદેવનો અવતાર;સાક્ષાત્‌ કામદેવ.

Adopt,(ઍડૉપ્ટ્‌)*vt.* [*ad & opto*, I choose.] To take & treat as a child:દત્તક કરી લેવું. 2. To select & take; to embrace: કબુલ રાખવું; ગ્રહણ કર;લેવુ;સ્વીકારવું;પકડવું; પોતાનું કરીને લેવું; અનુકરણ કર;An *adopted* son: દત્તપુત્ર;દત્તક.

Adoption,(ઍડૉપ્શન્‌)*n.*The taking & treating of a stranger as one's own child: દત્તક કરી લેવું તે;દત્તવિધાન. 2. The receiving as one's own:સ્વીકાર; અંગીકાર; અનુકરણ; ગ્રહણ.

Adoptive,(ઍડૉપ્ટિવ્‌)*a.*Adopting adopted:દત્તક લેનારૂં;દત્તક લીધેલું.

Adorable, (ઍડૉરેબલ્‌) *a* Worthy of divine honors: પુજ્ય; પૂજનીય; વંદનીય.2.Worthy of the utmost respect: ઘણા માનને લાયક;માનપત્ર.

Adoration, (ઍડૉરેશન્‌) *n.* The worship of God: આરાધના; પુજા; અર્ચન;ભક્તિ;ભજન;પુજન.2.Profound reverence: માન;સન્માન;નમસ્કાર.

Adore,(ઍડૉર્‌)*vt.*[L.*ad & orto*, I speak]To pray;to worship:ભક્તિ કર;પુજવું;અર્ચન કર;આરાધવું; બંદગી કર.2.To love in the highest degree:અતિશય પ્યાર કર;માન આપવું;ચ્હાવું.

Adorer,(ઍડૉરર્‌)*n.* One who adores; a worshipper; an ardent admirer:પૂજક;ભક્ત;આશક;ઉપાસક.

Adorn,(ઍડૉર્ન્‌) *vt.* [L.*ad & orno*, I beautify.]To decorate;to embellish;to beautify: સુશોભિત-અલંકૃત કર; સોહામણું કર; શણગારવું; શોભા આપવી.

Adorn-ing-ment (ઍડૉર્નિન્ગ્‌-ન્મેન્ટ્‌)*n.*Ornament; decoration:શણગાર;ઘરેણાં; શોભા; ભૂષણ; આભૂષણ; મંડન.

Adown, (ઍડાઉન્‌) *prep & adv.* Downward,down: નીચે;હેઠળ.

Adrift,(ઍડ્રિફ્ટ્‌)*a.adv.*Floating at random:ગમે તેમ તરતું;વહેતું; વસડાતું. *a* Helpless;અનાથ;અશરણ; નિરાધાર.

Adroit (ઍડ્રૉઇટ્‌)*a.* [L. *ad; dexter*, right]Ingenious;expert,clever: હોંશિયાર;ચાલાક;કુશળ;ચપળ;ચતુર;ધૂર્ત.

Adroitness (ઍડ્રૉઇટ્‌નેસ્‌)*n* Dexterity:readiness:ચપળતા; કુશળતા; ચાલાકી;નિપુણતા. [રચ્યો.

Adry (ઍડ્રાઇ)*a.*Thirsty:તરશ્યો;પ્યા-

Adscitious,(ઍડ્‌સિટિશસ્‌)*a.*[L. *ad & scisco*, I seek to know.] Additional;supplemental: પુરવણીનું;ઉમેરેલું;સંધાણ;વધારેનું; પરિશિષ્ટનું.

Adulation,(ઍડ્‌યૂલેશન્‌)*n.*[L.*adulo*,I flatter.] Servile flattery: ખુશામત;હાજીહા; ચાપલુશી; અતિપ્રશંસા-સ્તુતિ

Adulatory,(ઍડ્‌યૂલેટૉરિ)*a.* Flattering:ખુશામતિયું;માખણિયું.

Adult,(ઍડલ્ટ્‌) *a.* [L *ad & oleo*, I grow.] Grown up to manhood: પ્રૌઢ;પુખ્તવયે આવેલું;તરૂણ; પાકું; ચ્હોટું. *n* A person grown to manhood: પુખ્ત ઉમ્મરનું માણસ.

Adulterate,(ઍડલ્ટરેટ્‌) *vt* [L. *ad & alter*,another.]To corrupt by mixture of baser articles: મેળવણી કરીને બગાડવું; ઢીણું કર; ભેગ કર. *vi.* To commit adultery:છિનાળું કર.*a.* Debased by foreign mixture; spurious: બગડેલું;ભેળ કરેલું.

Adulterateness,(ઍડલ્ટરેટનેસ્‌)
Adulteration, (ઍડલ્ટરેશન્‌) *n.* Corruption; debasement: હલકી વસ્તુનો ભેગ; ભેળ;મિશ્રણ;દૂષણ.

Adulterer,(ઍડલ્ટરર્‌) *n* A man guilty of adultery: વ્યભિચારી;છિનાળવો;જારકર્મી. 2. A man who violates his religious covenants: પોતાના ધર્મના કાનુનો તોડનાર પુરૂષ.

Adulteress,(ઍડલ્ટરેસ્‌) *n.*A woman who commits adultery; incontinence: જારિણી; છિનાળ; વ્યભિચારિણી; પુંશ્ચલિ. 2. Same as in **adulterer.**

Adulterine,(ઍડલ્ટરાઇન્‌)*a.*Spurious;illegal:ગાંડના પેટનું; બોટ્ઠું; અશાસ્ત્ર; ગેરકાયદાનું. *n.* A child issuing

from an adulterous connection: છિનાળાનું છોકરું;જારજ;હરામજાદું.

Adulterous,(ઍડલ્ટરસ્)*a.*Guilty of adultery;pertaining to adultery:છિનાળાના દોષવાળું;જારકર્મને લગતું

Adultery,(ઍડલ્ટરિ)*n* Violation of the marriage bed:જારકર્મ; છિનાળું;વ્યભિચાર;જનાકારી.2.Adulteration:ભેળ શેળ;મિશ્રણ.3.Injury;ruin:નુકશાન; નાશ;બિગાડ

Adumbrate,(ઍડમ્બ્રેટ્)*vt* [L.*ad& umbro,*I shade.]Togive a slight resemblance:છાયા-ભાસ બતાવવો; પ્રતિબિંબ પાડવુ.

Adumbration,(ઍડમ્બ્રેશન્) *n.* A faint sketch: છાયા; આભાસ; આછું-અધુરૂં ચિત્ર

Aduncity,(ઍડન્સિટિ)*n.* Hookedness;curvature:વાંક;મરડાએલો ભાગ.

Adust, (ઍડસ્ટ્)*a.* [L *ad & uro,* I burn,]Burnt: બળેલું; સુકું. 2. Unburnt: બળેલું જળેલું;સુકાયલું; કરમાયલું

Advance,(ઍડ્વૅન્સ)*vt* [L *ad & ante,*before.]To bring forward:આગળ કઢ;અગાડી લાવવું કઢ; ચલાવવું. 2 To raise;to promote: મોટી પદ્વીએ ચઢાવવું; ઉન્નતિ-ચઢતી કઢ; ઉંચે-શિખરે લઇ જવું.3. To accelerate;to aid: વૃદ્ધિ કઢ;(આગડ)વધારવી.4. To supply funds) beforehand: અગાઉથી આપવું; ધીરવું; અંગુ આપવું; અંગ ઉપર આપવું.5.To offer:મત-વિચાર આપવો-પ્રદર્શિત કઢ.6 To extol: વખાણ કઢ-ગીત ગાવાં.7.To enhance: વધારવું;ચઢાવવું; *To* **A** *as an* argument:દલીલ દાખલ કહેવું. *To* **a.** *as* an opinion:મત જણાવવો.*vi.* To proceed; to go forward: આગળ વધવું-જવું; ચાલવું.2. To increase in any respect: દોલત. જ્ઞાન ઇ૦-માં વધવું. *n.* Progress; improvement: વધારો; સુધારો;સરફરાજી;ઉત્કર્ષ; ઉન્નતિ.૨.Increase (in price): ભાવમાં વધારો.3. Money or goods furnished beforehand:અગાઉથી આપેલા પૈસા અગર માલ;પેશગી. 4 Physical, mental, moral or social improvement: શારીરિક, માનસિક, વ્યાવહારિક અગર સાંસારિક સુધારો-ઉન્નતિ; સુધારો; સરફરાજી.5.An overture; (*pl.*:) કહેણ; દરખાસ્ત;માંગણી;*n.* **a.**, in front;before;આગળ; અગાડી; મોખરે; *Advanced in years:* મોટી વય-ઉમરનું. (*b*) Beforehand: અગાઉથી;આગમચથી.

Advancement, (ઍડ્વૅન્સમેન્ટ્)*n.* Improvement; promotion; progress:સુધારો;વધારો;અભ્યુદય;ઉત્કર્ષ; વૃદ્ધિ;ઉન્નતિ.. 2. Settlement on a wife:સ્ત્રીધન;પહેલા દાખલ આપેલી મિલકત.3. Money paid in advance: આગળથી ધીરેલાં નાણાં;પેશગી.

Advantage, (ઍડ્વૅન્ટેજ્) *n.* Profit;gain:ફાયદો;લાભ,લહાણ;ફળ; હિત; ગુણ.2.Opportunity: લાગ;તક;સંધી; તાકરો;સગવડ; જોગવાઇ; અવસર;પ્રસંગ. 3.Prevalence;superiority: પ્રાધાન્ય;કનેહ; અધિકતા; જય; *To* **a.**:શોભે-શોભિતું દેખાય-ખિલી નીકળે એવી રીતે; સારી રીતે. To *take* **a.** *of*,:-નો લાભ લેવો;ઐતરવું;*vt.*To profit; to benefit: થી લાભ મળવો;થી વળવું.

Advantageous, (ઍડ્વૅન્ટેજસ) *a.* Useful; beneficial: ફાયદો પડતું;લાભકારી:હિતાવહ;હિતકર;ફલપ્રદ; ગુણકારી; ઉપયોગી; ફળદાયક.

Advantagecusly,(ઍડ્વૅન્ટેજસ્લિ) *adv.*Conveniently: સવડ પડતી રીતે; ફિકાયતે;સફલતાથી; અવકાશે.

Advent,(ઍડ્વેન્ટ્)*n* [L. *ad & venio,*I come.]Arrival;visitation: આવવું તે;આગમન;પ્રવૃત્તિ; *The* **a.**:ઇશુ ખ્રિસ્તનો અવતાર.

Adventitious,Adventive,(ઍડ્વેન્ટિશસ, ઍડવેન્ટિવ્) *a.* Accidental;casual; foreign; એકાએક; આવશ્યક નહીં એવું ;આગંતુક;બાહ્યઉપાધિનું.

Adventure, (ઍડ્વેન્ટ્યૂર્)*n.*(L.*ad & venio,* I come) 1 Incident; chance:risk:દૈવગતિ; બનાવ; હોનારત. 2.An enterprise or hazard; સાહસ: જોખમનું કામ; અદ્ભૂત કર્મ 3. (generally (*pl.*) A striking event or occurrence:ચરિત્ર; ચમત્કારિક બનાવ; વૃત્તાન્ત;ક્રિયા.4. Goods sent by sea at sender's risk: મોમલનારના જોખમે વહાણે ચઢાવેલો માલ.5. Danger; peril:જોખમ;ભય. *vt.*To risk,to jeopard:to venture: જોખમમાં પડવુ; મોટું કામ માથે લેવું;જોખવું.2.To venture upon: નશીબ અજમાવી જોવું *vi.*To dare: હિમ્મત કઢ-ધરવી-કીવી; છાતી ચલાવવી;ને હિમ્મત હોવી. 2. To run a risk:જોખમ માથે લેવુ ;જોકાવવું; ઝંપલાવવું.

Adventurer,(ઍડ્વેન્ટ્યૂરર્)*n.* One who adventures: સાહસિક માણસ; જોખમમાં પડનાર-ઉતરનાર.

Adventuresome,(ઍડ્વેન્ટ્યૂરસમ્)

Adventurous, (ઍડ્વેન્ટ્યૂરસ્) *a.*Courageous;enterprising;bold (persons):હિમ્મત-છાતીવાળો; નિર્ભય. 2.Hazardous;risky [things]:જોખમ-ભય ભરેલું; દૈવાધીન.

Adverb,(ઍડ્વર્બ્)*n.*[L.*ad & verbum,*a word.]A word used to modify the sense of a verb,participle adjective, or another adverb:ક્રિયા વિશેષણ અવ્યય.

Adversary,(ઍડ્વર્સરિ)*n.*An opponent; an antagonist: પ્રતિપક્ષી; દુશ્મન;શત્રુ;વેરી.*a.*Opposed;adverse: ઉલટું;નુકશાન કરનારું; શત્રુવટનું;વિરૂદ્ધનું.

Adverse,(ઍડ્વર્સ્)*a.* [L.*ad&verto,* I turn.] Counteracting; conflicting:વિરૂદ્ધ;ઉલટું;વિપરીત; સામું;પ્રતિકૂળ.2. Pernicious; unfortunate; દુ:ખદાયક;પ્રતિકુળ;ભુંડું;વાંકું;**A.** *possession:*વિરૂદ્ધ કબજો-ભોગવટો;અનિષ્ટ;અભદ્ર.

Adversity,(ઍડ્વર્સિટિ)*n.*Misfortune; calamity; affliction: પડતી દશા;આફત;વિપત્તિ;આપત્કાળ;દુ:ખ;સંકટ.

Advert,(ઍડ્વર્ટ્)*vi* [L.*ad & verto,* I turn.] To turn attention to;to refer to:ધ્યાન-લક્ષ લગાડવું;વિષે-સંબંધી કહેવું.

Advertence-cy,(ઍડ્વર્ટન્સ-સિ)*n.* Attention;regard:ધ્યાન;લક્ષ;કાળજી.

Advertent,(ઍડ્વર્ટન્ટ્) *a.* Attentive;heedful:સાવધાન;સાવચેત.

Advertise,(ઍડ્વર્ટાઇઝ્)*vt.*[L. *ad & verto,* I turn.] To publish;to make known:જાહેર કઢ; પ્રસિદ્ધ કઢ. જાહેરાત આપવી.2 To inform: ખબર આપવી;જણાવવું.

Advertisement, (ઍડ્વર્ટાઇઝમેન્ટ્) *a.*Public notice;intelligence:જાહેર ખબર-નામું;વિજ્ઞાપના.

Advice,(ઍડ્વાઇસ્)*n.*[L.*ad&viso* I view from *video* I see] Suggestion;counsel:સલાહ;મરજેહત;ઉપદેશ;બોધ;શિખામણ.2 (Pl)Intelligence;notice;વર્તમાન;સમાચાર; બાતમી;ખબર;વાર્તા;માહિતી. 3. Knowledge:જ્ઞાન;માહિતી.

Advisable,(ઍડ્વાઇઝેબલ્)*a.* Prudent;fit:સુનાસબ;લાયક; ઉચિત; ડાહાપણનું; યોગ્ય;દુરસ્ત; ઠીક.

Advisability,(ઍડ્વાઇઝેબિલિટિ)

Advisableness(ઍડ્વાઇઝેબલનેસ્) *n.*Qqality of being advisable: ઉચિતપણું; સુનાસબપણું, લાયક-યોગ્ય થવાનો ગુણ; યોગ્યતા.

Advisably(ઍડ્વાઇઝેબ્લિ)*adv*With advice;wisely:દીર્ઘ દૃષ્ટિથી; ડહાપણથી;વિચાર કરીને.

Advise,(ઍડ્વાઈઝ્)*vt.*To counsel; te admonish:સલાહ આપવી; મરજેહત કઢ;શિખામણ દેવી; બોધ કઢ **2.** To inform;to apprise:જણાવવુ ;માહિત કઢ;ખબર આપવી. *vi.* To consider; to deliberate: વિચારવું;વિચાર કઢ.

Advisor,(ઍડ્વાઈઝર્)*n.*One who advises; સલાહકાર; ઉપદેશક; મંત્રી. *political* **A.**:રાજકારભારમાં સલાહ આપ-

પનાર.*spiritual* **A**.:ગુરૂ.

Advisory,(ઍડ્‌વાઇઝરી)*a*.Having power to advise: સલાહ આપી શકે એવું; બોધ આપનાર; સલાહકાર; સલાહ આપવાનું;સલાહ આપનાર.2. Containing advice:બોધદાતા-કરતું.

Advocacy,(ઍડ્‌વોકસિ)*n*. Defence; vindication:નો પક્ષ ધરી બોલવું તે; વકીલાત;ઉપરાણું;પક્ષ;હિમાયત.

Advocate,(ઍડ્‌વોકેટ્‌)*n*.[L *ad* & *voco*,I call.]A Counsellor;a pleader:વકીલ;બોલનો હિમાયતી 2.Christ considered as an intercessor: મધ્યસ્થ તરીકે ઈસુખ્રિસ્ત.3 One who espouses any cause or argument:હિમાયતી;પક્ષધારી; ઉપરાણું તાણનાર;વાદી;*An* **A** *of the doctrine, that God and the universe are distinct, or of polytheism*: દ્વૈતમતવાદી.*An* **A**.*of the doctrine that God and the soul are identical*: અદ્વૈતવાદી. *Judges*: લશ્કરી કોર્ટમાં સરકાર તરફથી કામ ચલાવનાર. *Devil's* **A**. નિંદાખોર માણસ. *vi*. To support:પક્ષ ધરીને બોલવું; હિમાયત કરવું; તરફથી બોલવું.

Advocation,(ઍડ્‌વોકેશન્‌)*n*. Act of pleading;pleading;plea:વકીલાત.

Advowson(ઍડવાઉસન્‌)*n*The right of patronage or presentation to a church benefice:પાદરીની ખાલી પડેલી જગા ઉપર નવો પાદરી નીમવાનો હક

Adytum,(ઍડીટમ્‌)*n*.[L]A secret place:છુપી જગા;રહસ્ય સ્થળ.

Adze(ઍડ્‌ઝ)*n* A carpenter's tool; વાસલો;તાસણી.

Aegis, (ઈજીસ્‌)*n*. [L *ægis*,a goat skin]A shield:ઢાલ.2. Any thing which protects: રક્ષણ કરનાર; ઢાલ.

Aerate,(એરેટ્‌) *vt* [L.*aer*.] To put air into:હવા દાખલ કરવી; કારબોનીક-વાયુ સાથે મેળવવું.

Aerial,(એરિઍલ્‌)*a*. Pertaining or belonging to air:હવા સંબંધી; હવાઇ; આકાશી. 2. Consisting of air:વાયુરૂપ; વાતમય. 3. Inhabiting the air:આકાશવાસી-ગામી;આકાશસ્થ. 4.Lofty;high:ઉચું; ઉન્નત; ઉચ્ચ. 5. Produced by air:હવાથી ઉત્પન્ન થયેલું;વાયુજ 6.Ethereal:હવાના જેવું હલકું.

Aerie,(એરા or ઇરી)*n* A nest of a bird of prey: શીકારી પક્ષીનો માળો

Aeriform.(એઅરિફૉર્મ્‌) *a*. [L.*aer*, air & *forma*, form.] Having a form of air;વાયુરૂપ;હવા જેવું;વાતરૂપી.

Aerify,(એઅરિફાઇ)*vt* [L.*aer* & *facio*,I make.] To infuse air in to:માંહે વાયુ ભરવો; વાયુ સાથે મેળવવું. 2.To change into an aeriform state: હવાની સ્થિતિમાં રૂપાંતર કરવું; વાયુરૂપ કરવું.

Aerolite,(એઅરોલાઇટ)*n*.[*Gr. aer* & *lithos*, a stone.] A meteoric stone:ખરતા તારામાંથી પડેલો પથ્થર;ઉલ્કા

Aerometer,(એઅરૉમેટર) *n*. [Gr. *aer*&*metron*, measure] An air measurer:વાયુ માપક યંત્ર; હવામાન.

Aeronaut,(એઅરોનૉટ)*n*.[Gr. *aer* & *nautes*, a sailor.] An aerial navigator;a balloonist:આકાશગામી;વિમાનમા ફરનારો;વિમાનગામી.

Aeronautics, (એઅરોનૉટિકસ) *n* (*sing*,) The art of sailing in the air: હવામાં મુસાફરી કરવાની કળા.

Aesthetics,(ઈસ્થેટિકસ્‌)*n*.The philosophy of taste;the science of the beautiful in nature,arts & literature:રસજ્ઞાન;રસજ્ઞાન શાસ્ત્ર.

Afar,(ઍફાર્‌)*adv*.At,to or from a distance:દૂર; લાંબે;છેટે;*from* **A**.: છેટેથી;આઘેથી.

Afer,(ઍફર્‌)*n* The south—west wind: નૈરૅત્યકોણનો પવન.

Affability,(ઍફેબિલિટિ)*n*.*Civility*;urbanity:સભ્યતા; ભલમનસાઈ;ભલાઇ;સુજનતા;અશરાફી.

Affable (ઍફેબલ)*a*.[L.*ad*&*fari*, to speak]*Courteous*;accessible: મળતાવડું;મિલનસાર;ભલું;સભ્ય;અશરાફ.

Affably,(ઍફેબ્લિ,*adv Courteously*:સભ્યતા-ભલમનસાઇથી;સુજનતાથી.

Affair,(ઍફેર્‌)*n*.[L *ad*&, *facio*,I do.]*Business*;transaction : કામ; વાત;વ્યવહાર;વ્યાપાર;મામલો; ખટપટ;ખટલો; બાબત.2.An endeavor : પ્રયાસ; પ્રયત્ન.*An* **a** *of honor*;duel:(દ્વંદ્વયુદ્ધ) *To settle one's* **a**.:-ના કામકાજનો બંદોબસ્ત કરવો.

Affect,(ઍફેક્ટ્‌)*vt*. [L.*ad* & *facio*,I do]To act upon: અસર કરવી; હરકત કરવી.2. To move or influence;to touch : પીગળવું; અસર કરવી.3 To love:પ્યાર બતાવવો 4.To incline:વલણ થવું; સ્વભાવથી થવું. 5. To aim at;to desire: તકવવું;ઈચ્છા રાખવી 6. To make a show of: ડોળ ઘાલવો; ઢોંગ કરવો;7.To prefer:ને પસંદ પડવું;ગમવું.

Affectation(ઍફેક્ટેશન્‌)*n*.*False* pretence:ઢોંગ;ડોળ;આરોપ;તોર; દંભ; અભિનય;હાવ ભાવ; નખરા; ઠમકો; લટકો;ચાળા.

Affected, (ઍફેક્ટેડ)*a*.Given to false show:ઢોંગી;દંભી. 2.Not natural: ઢોંગ ભરેલું;કૃત્રિમ;મિથ્યા;હાલિક; બનાવટી;તખરાબોર. *Well a.to*: નિષ્ણાત;વકફાદાર.

Affecting,(ઍફેક્ટિન્ગ્‌) *a*. Exciting;pathetic: અસર કરે એવું;અસરકારક;કરૂણાજનક;મર્મભેદી; મનોવેધક.

Affection(ઍફેક્શન્‌)*n*. Fondness: મમતા;સ્નેહ;હેત;માયા;વહાલ;પ્રીતિ;પ્રેમ; અનુરાગ; વાત્સલ્ય.2. An attribute; quality or property:ધર્મ;સંસ્કાર; વિકાર;ગુણ; રાગ. 3. Disease;a malady:રોગ;વ્યાધિ;બગડેલી સ્થિતિ;વિકાર.

Affectionate-ed,(ઍફેક્શનેટ્‌ ટેડ) *a*.Loving;tender: મમતાળુ; માયાળુ; પ્યારૂ ;સ્નેહશીલ;વત્સલ; પ્રેમી;પ્રેમાળ;હેતસ્વી.2. proceeding from affection;indicating love:પ્યારથી થતું; પ્યાર બતાવતું.

Affectionately, (ઍફેક્શનેટ્‌લિ) *adv* Fondly;kindly : પ્યારથી; સ્નેહથી;પ્રેમ-માયા-મમતાથી.

Affiance,(ઍફાઇઍન્સ્‌)*n*. [L.*ad*& *fido* I trust.]Trust; confidence: ભરોસો;વિશ્વાસ; શ્રદ્ધા 2. Marriage contract:વિવાહ;વેવિશાળ;સગાઈ. *vi*. To trust:ભરોસો રાખવો. 2.To betroth:વિવાહ-સગાઇ કરવી.

Affiancer,(ઍફાઇઍન્સર્‌)*n*. One who makes a contract of marriage: વિવાહ સગાઇ કરનાર.

Affidavit,(ઍફિડેવિટ્‌)*n*.[L.ad & *fido*,I trust] (*Law*)A sworn statement in writing : કસમપર જુબાની;ઈકરારનામું;ઇકરાર;સોગંદનામું.

Affiliate(ઍફિલિએટ)*vt*. [L.*ad* & *filius* son]To adopt: દત્તક કરી લેવું. 2.To ally:સાથે જોડવું;મેળવવું. 3. To receive into society & initiate into its mysteries:મંડળીમાં દાખલ કરી ગુપ્ત વાતોથી જાણીતું કરવું;4. To impute paternity to.છોકરાનો બાપ કોણ છે તે નક્કી કરવું;નો સંબંધ સ્થાપવો.

Affiliation,(ઍફિલિએશન્‌)*n* Adoption:દત્તક લેવું તે 2.(*Law*)The assignment of a bastard to its father: છિનાળના છોકરાને તેના બાપને સ્વાધિન કરવું તે. 3. Connection in the way of descent:વંશ-પેઢીનો સંબંધ.

Affinity,(ઍફિનિટિ)*n*. [Lad&*finis*, boundary.] Relationship by marriage: લગ્ન સંબંધ;યોગ.2.Conformity; elation: મમતાપણું; સરખાપણું;3.Attraction: રસાયણ સંયોગ-આકર્ષણ; સ્નેહાકર્ષણ. 4. Intercourse :સંગ;પરિચય;વ્યવહાર.

Affirm,(ઍફર્મ્‌)*vt*.[*L.ad* & *firmus* strong] To confirm; to ratify: બહાલ-મંજુર રાખવું;કાયમ કરવું.2. To asserty positively or tell with

confidence:હા કહેવી; ખાતરીથી બોલવું; નિશ્ચયપૂર્વક કહેવું; ખચીત કહેવું. *vi.* To declare positively:ખાત્રિપૂર્વક કહેવું.2 (*Law*) To testify under affirmation:સોગન-પ્રતિજ્ઞા ઉપર જુબાની આપવી;સાક્ષી આપવી

Affirmance,(અૅફ્ફર્મન્સ)*n.*Confirmation:બહાલી;મંજુરી.2 A strong declaration:મજબુત દૃઢ ઇકરાર;પ્રતિજ્ઞા.

Affirmation,(અૅફ્ફરમેશન્)*n.* Assertion;averment: દૃઢ-પ્રમાણ; વચન;ઇકરાર2.*R*atification: બહાલી; મંજુરી. 3. A solemn daclaration: પ્રતિજ્ઞા;ઇકરાર,સોગન.

Affirmative,(અૅફ્ફરમેટિવ્)*a* Asserting as opposed to negative: હા છે એમ બતાવનારૂં; અસ્તિત્વ બોધક; અસ્તિપક્ષનું.2.Confirmative:સ્વીકાર-અંગીકાર સૂચક. 3 Dogmatic:નિશ્ચ કપણાથી કહેલું; નિર્વિવાદ સમજેલું.4. (*Alg*)Positive:જેમાં + વત્તાનું ચિન્હ હોય તેવું.**A** *quantity*: ધન પદ; વત્તાના ચિન્હવાળુ પરિમાણ-રકમ.*n.* **A** word expressing assent;as,*yes*:હા: હા કહેવી તે; હકાર.

Affix,(અૅફ્ફિક્સ્)*vt.*[*L.ad &figo,* I fasten.]To unite; to fasten; to connect;to subjoin:જોડવું; લગાડવું; ચોડવું;વળગાડવું; સાંધવું. *n.* A suffix: પ્રત્યય

Afflatus(અૅફ્ફ્લેટસ્)*n* [L.*ad*&*flatus*,breathing]A breath;a blast of wind:શ્વાસ;પવનનું વાવું તે. 2 Inspiration(of a poet): ઇશ્વર પ્રેરણા;ઈશ્વર સૂચના; અગમચેતી કરવાની ઈશ્વરદત્ત શક્તિ

Afflict,(અૅફ્ફિલક્ટ)*vt.*[*L ad& fligo,* I strike.]To overthrow: પરાજય કરવો; દબાવી દેવું. 2. To torment; to grieve;to harass: પીડવું; દુઃખ દેવું; રીબાવવું;પરિતાપ આપવો; કષ્ટ દેવું.

Afflicted,(અફ્ફિલક્ટેડ)*p.a.* Suffering distress:દુઃખી;પીડિત;આર્ત;ખિન્ન

Afflicting, (અૅફ્ફ્લિક્ટિન્ગ્) *p.a.* Grievous; painful: પીડાકારક, દુઃખ કરે તેવું;દુઃખદ.

Affliction(અૅફ્ફ્લિક્શન)*n.*Cause of pain:દુઃખનું કારણ.2. Distress; adversity:કલેશ;ખેદ;પીડા;વ્યથા;કષ્ટ;દુઃખ.

Afflictive(અૅફ્ફ્લિક્ટિવ)*a.* Painful: દુઃખકારક; ખેદયુક્ત;પીડાકારી,કલેશાવહ.

Affluence, (અૅફ્ફ્લ્યુએન્સ)*n.*[L.*ad* & *fluo,* I flow.] Exuberance; wealth;opulence : સમૃદ્ધિ; દોલત; સંપત્તિ;છત;આબાદી;લક્ષ્મી;દ્રવ્ય.

Affluent, (અૅફ્ફ્લ્યુઅન્ટ્)*a.* Abundant;wealthy;copious;plention શ્રીમંત; ધનવાન;ધનાઢ્ય; દ્રવ્યવાન; સંપત્તિવાન;તવંગર;સમૃદ્ધ.*n.* A stream flowing into a river: વહેળીયું;વોહ;ઉપનદી;સહાયક નદી.

Afflux,(અૅફ્ફ્લક્સ્)*n.*[L.*ad* & *fluo* I flow.]A flowing to;that which flows:-ના ભણી વહેવું તે;પ્રવાહ;ઠોળ.

Afford,(અૅફ્ફોર્ડ્)*vt.*To produce;to yield : નિપજવું; દેવું;–માંથી નિકળવું-આપવું;-માં પાકવું; માંથી મળવું. 2. To be able *to* sell, expend or grant: (વેચવા-ખરચવા-આપવા) પાલવવું; પરવડવું; બોજવું; શક્તિમાન હોવું. 3 To give;to confer:આપવું; દેવું.

[**enfranchise.**

Affranchise,(અૅફ્ફ્રન્ચાઈઝ્)*vt.* See

Affray(અૅફ્ફ્રે)*n.*Encounter;fight: મારામારી; લડાઈ. 2. Tumultuous quarrel:ઝગડો-ટંટો;બખેડો;દંગો,ફિસાત;કલહ.

Affright(અૅફ્ફ્રાઇટ્)*vt* To alarm;to frighten:ભડકાવવું;ચમકાવવું; બિવડાવવું.*n* Terror: ભય; બીક;ત્રાસ.

Affront,(અૅફ્ફ્રન્ટ્)*n.*[*L.ad&frons,* front]Insult;outrage : અપ્રતિષ્ઠા; અપમાન;અવજ્ઞા; માનભંગ;તિરસ્કાર. *vt.* To offend;to abuse;to defy: આબરૂ લેવી; અપમાન કરવું; માઠું લગાડવું; ઘ્હોડાપર અપશબ્દ વાપરવા; હિમતથી સામા થવું;આવીને એમ કહેવું.2. To put to shame:ઝંખવાણું પાડવું.

Affronting-ve,(અૅફ્ફ્રન્ટિન્ગ્-ટિવ્) *a.*Provoking;offensive;abusive: માઠું લાગે તેવું;અપમાનકારક.

Affusion,(અૅફ્ફ્યૂઝન્)*n.*[L. *ad* & *fundo,* I pour.] Act of pouring upon:ધાર છોડવી-કરવું-નામવું તે;ધાર.

Afloat,,(અૅફ્લોટ્)*adv.*or *a.*Floating:તરવું; ફેલાવું. 2. Moving without control:બારેવાટ જવું.3. Passing from place to place:ઉડવું; ફેલાવું. *A rumour***a.**:ઉડતી વાત;વાયકા.

Afoot(અૅફુટ્)*adv.*On foot:પગે ચાલીને-ચાલતાં.2.In action:ચાલું;જારી;શરૂ.

Afore,(અૅફોર્)*prep.*Before: આગળ;સામું;સંમુખ;અગ્રે.

Aforesaid(અૅફોરસેડ્)*a.* Said before;already described : પ્રથમ કહેલું;સદરહુ;પૂર્વોક્ત;મજકુર.

Aforetime,(અૅફોર્ટાઈમ્)*adv* In a former time:આગલા વખતમાં;અસલના વખતમાં;ગતકાલમાં.

Afraid, (અૅફ્રેડ્)*a.*[*pp.* of *affray.*] Impressed with fear; fearful: ભયભીત; બીનેલું; ભયાન્વિત, શંકાન્વિત. *To be* **a.***of*:-થી બીહવું;ભય લાગવો; ને લાગવું;શક હોવો.

Afresh,(અૅફ્રેશ્)*adv.*Again;newly; once more:ફરીથી; નવે નામે;બીજી વાર.

Afront,(અૅફ્રન્ટ્)*adv.*In front;face to face: મોંખરે; આગળ; સામસામાં. *Prep.*In front of:ને મોંખરે; આગલે પડખે.

Aft,(આફ્ટ્)*adv.*Astern;abaft:વહાણના પાછલા ભાગમાં.*a.* ડબુસાનું. *Fore and* **a.**: નાળથી તે ડબુસા લગી.

After,(આફ્ટર)*a.* [Comp. degree of *af* or *aft*](વહાણમાં)More aft: વધારે પાછળ.2.Later in time: હવે પછીનું;આવતું;પછી. *prep.* 1. Later in time:પછી.2.Behind in place: પાછળ;પછી.3.Following;in search of:પાછળ;શોધમાં. 4. In imitation of:મુજબ જોઇને;અનુસાર;અનુરૂપ; પ્રમાણે;નામે (નામ) 5.*C*oncerning; relating to:વિષે;માટે:Below in rank: પંક્તિ દરજ્જામાં ઉતરતું; નીચેનું; બીજું; *To enquire* **a.**: ની ખબર પુછવી-ના સમાચાર પુછવા *adv.Behind; afterwards*:પછી;પછવાડેથી; પછીથી;પાછળ; પછવાડે.

After-all,(આફ્ટર્ઓલ્)*adv.*When all has been said or done:અંતે; નિદાન;આખરે;બધી વાતનો વિચાર કરી લેતાં; બધું છતાં પણ;સઘળુ છતાં;આખરે.

After-birth,(આફ્ટર-બર્થ્)*n.*The placenta in which the fetus is involved:ઓર.

After-cast(આફ્ટરકૅસ્ટ્)*n.***A** throw of dice after the game is ended; any thing done too late: રમત પુરી થયા પછી પાસા નાંખવા તે; બહુંજ મોડું કરેલું કામ;રાંડયા પછીનું ડહાપણ.

After-clap, (આફ્ટરક્લૅપ્) *n.* An unexpected subsequent event: છેવટનો અણચિંત્યો બનાવ.

After-crop, (આફ્ટરક્રૉપ) *n* The second harvest in the same year:વર્ષ સમાં બીજી વખતનો પાક;બીજું લુણ.

After-life, (આફ્ટર્-લાઇફ્) *n.* Old age: ઉત્તર વય-કાળ;ઉત્તરાવસ્થા.*In* **a.**: આગળ-પેલે જન્મ.

After-noon, (આફ્ટર-નૂન્)*n.*The part of the day between noon and evening: પાછલો પહોર;વિકાલ.

After-pains,(આફ્ટર્-પેન્ઝ)*n.*(*pl.*) The pains succeeding childbirth:પ્રસવ પછીની વેદના;જરાયુવેદના.

After-piece, (આફ્ટર-પીસ) *n.* **A** farce; a piece performed after a play:નાટક થયા પછીનો છેલ્લો ખેલ; ઉપનાટક;ફારસ. 2. The heel of the rudder:સુકાનનો છેડો નાળ.

After-thought, (આફ્ટર્-થૉટ્) *n.* Subsequent thought: પશ્ચિમ બુદ્ધિ;પાછળથી સુઝેલો વિચાર.

Afterwards(આફ્ટરવર્ડ્-ઝ્)*adv*

Subsequently:પછી;પછવાડે; આગળ; પછે;વળતી;આગળ જતાં.

Again,(અૅગેન-ગેંન્) *adv.* Another time;once more:બીજીવાર,ફરી;પાછું; ફરીથી; વળી 2. In return:જવાબમાં; પાછો. **A.***and* **a.***or over* **a.**, often: વારેવારે.*To and* **a.**,to and fro:અહીંતહીં. *as much* **a.**, double: દ્વિગુણ;બમણું.3.Moreover; besides; further:વળી;વધારામાં; વિષેશતામાં.

Against,(અૅગેન્સ્ટ્)*prep* Facing; opposite to;સન્મુખ;સામું.2.In opposition to: વિરૂદ્ધ;ઉલટું;સામું.3.In preparation for:સારૂ;માટે; અર્થેનો; વિચાર કરીને.4. In contact with; upon:સાથે;ઉપર.*A.one's will*:નારાજી છતાં;મરજી ઉપરાંત; *To speak* **a.** *time.*; વખત રોકવા સારૂ બોલવું; *To run up* **a.**: અફાળવું; અથડાવું. *To dash* **a.**:અફાળવું. *To lean* **a**: અઢીંગવું.

Agape,(અૅગેપ્)*adv.*or *a.*Gaping, as with wonder,expectation or eager attention:તાનુભી અથવા અતિ આતુરતાથી મોં ફાડીને જોતું;વકાસીને.

Agate(અૅગેટ્)*n.*A precious stone; a variety of quartz:ગોમેદ.;અકીક.2 A type of letters:એકજાતના અક્ષરો.

Agave(અૅગેવ્)*n.*A genus of herbaceous plants: કેતકી; એક જાતનો કેવડો.

Age,(એજ્) *n.* [L. *ætas*, age.] Whole duration;lifetime:આવરદા;આયુષ્ય;આવખું.2.Part of duration:ઉમર;વય.3.The latter part of life:વડપણ;વૃદ્ધાવસ્થા;ઘરડાપો. 4. Mature years:પાકી-લાયક ઉમર.5. Generation:પેઢી.6.Century:સૈકો; સદી.સે કડો.7.A particular period of time as distinguished from others:કાલ;સાલ;તારીખ;જુગ;જમાનો; ભવ;કાળ;સમો.8.A long time:જુનાં લાંબો વખત;અવતાર.*Under* **a**: સગીર; નાની ઉમરનો. *To come of* **a.**:વય-ઉમરમાં આવવું.*Under a.*:કાચી વયનું; નાની ઉમરનું;સગીર. *vi.* To become old:વડપણ આવવું.

Aged,(એજેડ્)*a.*Old:વૃદ્ધ;ઘરડું;ઘરડું; જાઇફ;જુનવટ;જીર્ણ;દિર્ઘાયુષિ. *The* **a.**: ઘરડા માણસ;ડોસા ડગરા.

Agency,(એજેન્સિ).*n.*[L.*ad*& *ago*, I do.] Instrumentality:આડત;કારણ;મારફત.2.Power;action: સત્તા; શક્તિ;કર્તૃત્વ.3.The office or business of an agent:મારફત;ગુમાસ્તગિરી;આડત;આડતીઆપણું;કારભાર; મુખત્યારી.

Agennesis,(એજેનેસિસ્)*n* Impotency;sterility:નપુંસકપણું;વંધ્યત્વ; વાંઝિઆપણું.

Agent,(એજેન્ટ્)*n.*An attorney;a substitute:વકીલ;આડતિયો; મુનીમ; પ્રતિનિધિ;ગુમાસ્તો.2.An active cause or power:શક્તિ;હેતુ;કારણ;સાધન. *An* **a.***with full powers*:કુલ કારભારી;કુલ મુખત્યાર,કુલકુવાં.

Agglomerate, (અૅગ્લોમરેટ્) *vi.* [L.*ad* & *glomero* I wind up.]To become like a ball: ગોળ વિટાવું; પિંડુ કે-વળવું-થવું.*vt.*To gather into a mass:ગોળો કરી નાંખવો-વાળવો. *n.* A collection or mass: ઢગલો; જથ્થો;સમૂહ;સંચય.

Agglutinant, (અૅગ્લૂટિનૅન્ટ્) *n.* Medicine causing adhesion:રૂઝ આવે એવું ઓસડ.*a.*Uniting:ચોંટાડી-સાંધી દે એવું;ચોંટાડતું.

Agglutinate,(અૅગ્લૂટિનેટ્)*vt* [L *ad*&*glutino*,I glue.]To cause to adhere;to unite:ચોંટાડવું;વળગાડવું.

Aggrandize,(અૅગ્રૅન્ડાઇઝ્)*vt.* [L *ad*&*grandis*, large.] To enlarge;to increase: મોટું કર; વધારવું; વૃદ્ધિ કર.2.To exalt;to promote: મોટાઇ આપવી;ચઢાવવું;ઉન્નતિ કર.

Aggrandization Aggrandizement, (અૅગ્રૅન્ડાઇઝેશન, અૅગ્રૅન્ડાઇઝમેન્ટ્)*n.*Preferment;advancement;Exaltation:સત્તા-પદવી વધારવી તે;ચઢતી;વૃદ્ધિ;ઉત્કર્ષ; ઉન્નતિ; ઉદય; અભ્યુદય; સરફરાજી.

Aggravate,(અૅગ્રૅવેટ્)*vt.* [L *ad* & *gravis*,heavy.] To increase; to add: વધારો કર;વધારે ભારે કર. 2.To enhance;to make worse: વધારવું; વધારે ખરાબ-ભારે કર.3.To exaggerate: (ખોટાની)અતિશયોક્તિ કર;મીઠું મરચું ભભરાવીને વાત કર.4.To tease: ખીજવવું;રીસ ચઢાવવી.

Aggravation,(અૅગ્રૅવેશન)*n* Addition:વધારો 2. Heightened description: અતિશયોક્તિ. 3. Provocation:ખીજવણી; પ્રકોપ.

Aggregate,(અૅગ્રીગેટ્)*vt.*[L.*ad*& *grex-gregis*,a herd.]To collect; to heap up:ભેગું કર; એકત્ર કર; સંગ્રહ-સંચય કર. 2. To amount to: એકંદર થવું;બધું મળીને થવું.*n.*A mass: સંગ્રહ;સમૂહ;સમુદાય;જથ્થો; જુમલો. *a.* Formed into a mass or sum: એકત્ર;એકંદર; જુમલે;કુલ. *in the* **a.**: જુમલે;કુલ;સામટું

Aggregately(અૅગ્રીગેટિલ)*adv*Collectively: એકંદરે; એકટું;સામટું કેતાં.

Aggregation,(અૅગ્રીગેશન)*n.*Collection: સમૂહ;જુમલો;સમુદાય.

Aggregative,(અૅગ્રીગેટિવ્)*a.*Taken to-gether:એકંદર કીધેલું; એકત્ર.

Aggress,(અૅગ્રેસ્)*vi.* [L *ad*& *gradus*,a step.]To invade first: પહેલી તકરાર ઉઠાવવી;પહેલ કર. *n.* Attack; પહેલો હુમલો;પહેલ;આક્રમ.

Aggression(અૅગ્રેશન)*n.*The first assault:પહેલી ચઢાઇ;કજીઆની પહેલ.

Aggressive(અૅગ્રેસિવ્)*a.*Making first attack: પહેલો હુમલો કરે તેવું; કજીઓ શોધવું; પહેલ કરતું.*A.measures*: ચઢાઈનાં પગલાં.

Aggressor, (અૅગ્રેસર્)*n* An assailant: લડાઈની પહેલ શરૂઆત કરનાર; ચઢાઈ કરનાર; કજીઓ ઉઠાવનાર; અગ્રવાદી;આક્રામક;અ સર.

Aggrieve,(અૅગ્રીવ્) *vt.* [L. *ad* & *gravis*, heavy.] To afflict;to oppress: દુઃખ દેવું; સંતાપવું; જુલમ કર. હેરાન કર.

Aghast,(અૅઘસ્ટ્) *adv.* or *a.*Stupified with horror: ગભરાયલું; ભાવરૂ;હેરતમ દ;આશ્ચર્યચકિત;વિસ્મયાકુલ; ચકિત;ભયભીત.

Agile, (એજલ્) *a* [L *ago*, I do.] Active;nimble:ચપળ;ચકોર;ચાલાક.

Agileness,(અૅજલ્નેસ્) *n.* Ac-**Agility**, (અૅજિલિટિ) tivity; liveliness:ચપળ;ચાલાકી;ચંચળાઈ.

Agio,(એજિઓ)*a.*1.Exchange:વટાવ. 2.Discount;premium:વ્યાજ;ખોટ; છુટ;વધારો;ભાદ;કપાત;વધારાનો ભાવ.

Agitable.(અૅજિટેબલ્)*a* Capable of being agitated:ઉશ્કેરવા જેવું;ઉશ્કેરી શકાય તેવું.

Agitate,(અૅજિટેટ્)*vt.*[L. *Agito*, I stir.]To move violently: ખળભળાવવું; ઉશ્કેરવું; ડોહોળી નાંખવું 2. To rouse; to purturb-વ્યાકુળ કર;ગભરાવવું;વ્યગ્ર-ક્ષોભિત કર 3.To debate: વાદવિવાદ કર;ચર્ચવું; ચળવળ ચલાવવી; હલાવવું ૪.To deliberate minutely: બધી તરફથી વિચારી જોવું. 5. To devise;to plot:યોજવું;ઘડી કાઢવું; બાજી ગોઠવવી.

Agitation, (અૅજિટેશન્)*n.* Commotion:ખળભળાટ.2.Excitement; disturbance:મનનો ગભરાટ; વ્યાકુળતા;ક્ષોભ.3.Discussion:સંવાદ;ચર્ચા; ચળવળ;વિચારણા;ઉપાડછું ડો;વાદવિવાદ.

Agitative,(અૅજિટેટિવ્) *a.* Exciting;ઉશ્કેરતું;ખળભળાવતું;ઉપાડ કરતું.

Agnail,(અૅગ્નેલ)*n.*A whitlow:નહિયું;નખ્ખર 2 A corn: આંટણ.

Agnate,(અૅગ્નેટ્)*a.*[L *ad*&*nascor*, to be born.] Related by father's side:ગોત્ર સંબંધી;સગોત્ર;ગોત્રજ;ગોત્રી;પિત્રાઇ;બાપ તરફનું સગું. 2.

Allied:સંયુક્ત;સંબંધ ધરાવતું.

Agnation,(અગ્નેશન્)*n.*Relation by father's side only: બાપનો સંબંધ;પિતૃપક્ષનો સંબંધ.

Agnostic,(અગ્નોસ્ટીક્)*n.*One who holds that we know nothing beyond material phenomena: અજ્ઞેયવાદી;ઈશ્વર વિષે કંઈ ખબર નથી એવો મત ધરાવનાર.

Ago, (અગો)*a* or *adv.* Past;gone by;since: થયું;ગયું; વાત ઉપર;બનાવ; ઉપર. *Long* **A.** ઘણા દહાડા થયા-પર

Agog,(અગોગ્)*a.or adv* Highly excited by eagerness: આતુર;ઉત્કંઠિત;તલપી રહેલું.

Agoing, (અગોઇન્ગ્)*adv.*In motion ચાલુ; જારી. *To set* **a.**:ચાલુ-જારી કર.

Agonism, (અગોનિઝમ્) *n.* [(Gr. *agon,*a gathering.]Contention for prize:]ઇનામ સારૂ લડત-રપર્ધા.

Agonize,(અગોનાઇઝ્)*vt* [Gr.*agon.* a struggle.] To torture: અતિ દુઃખ દેવું;રિબાવવું; કષ્ટ આપવું;થી કષ્ટ પડું.*vi.* To feel or suffer extreme pain; અતિ વેદના થવી,રિબાવું;કષ્ટાવું;ટળવળવું.

Agonizing, (અગોનાઇઝિન્ગ્) *p. a.* Tormenting:રિબાવતું; દુઃખ-કષ્ટ દેતું.

Agony,(અગોનિ)*n* Anguish;pangs: આંત કષ્ટ;ટળવળાટ;સંતાપ; વેદના; વ્યથા; પીડા.

Agrarian,(અગ્રેરિઅન)*a.*[L.*ager,* a field.]Relating to equal division of lands: જમીન,ક્ષેત્ર કિંવા મિલકતની સરખી વહેંચણી સંબંધી; ભૂમિ સંબંધી. a. *laws:* જમીનને લગતા કાયદા.a.*crimes:* જમીનને લગતા ગુનાહ. *n.* One in favor of equal divisions:સરખી વાંટણી કરનાર.

Agree, (અગ્રી)*vi* [L.*ad* & *gratus,* pleasing.] (*a*) To concur: એક મત-સંમત એક વિચાર થવું.(*b*)To be inconcord: સંપસંપીને રહેવું; બનવું 2. (to) To yield assent to: સમ્મતિ આપવી;કબુલ રાખવું;માન્ય કર. 3. To come to terms: કરાર-બોલો કર;સરત હોવી;કરાર-પડૂણ કર.4. *To* resemble: મળતું આવવું 5.To suit,to tally: માફક આવવું;સદવું. 6. To correspond(in gender,number,etc): પ્રમાણે હોવું;અન્વયી થવું. *vt.* To be of one mind: ની સાથે એકમત થવું. 2.To make friends:ની સાથે મિત્રાચારી બાંધવી-સાંધવી;પાછા ભેડાવું.

Agreeable,(અગ્રીએબલ્)*a.*Conformable;માફક;અનુકુળ 2.In accordance મુજબ;પ્રમાણે;યોગ્ય;તુલ્ય.3 Pleasant;welcome:ખુશકારક;બનગમતું; પ્રિય;રૂચીકર;રૂચીર.

Agreeably,(અગ્રીઅબ્લિ) *adv.* In accordance with:અનુસરીને;પ્રમાણે; માફક 2.Pleasingly:મજાથી;સુખેથી; સુખપૂર્વક;યથારૂચિ

Agreement,(અગ્રીમેન્ટ્) *n.* Unison;harmony:સંપ;ઐક્ય; બનાવ; મેળ;અનુકુળતા;2. Concord: સમાન્વય; એકરૂપતા.3. (*a*) The union of two or more minds:બે અગર વધારે જણનો અનુમત સમ્મતિ.(*b*)A bargain; a contract:સાટું ; બોલી; શરત; કરાર; કબૂલાત.

Agrestic-al,(અગ્રેસ્ટિક્-કૅલ્)*a.* [L *ager,*a field.]Rustic;rural:ગ્રામ્ય; જંગલી;ગામડી; ગામડિયું. 2. Unpolished.સાદું;સભ્યતા વગરનું.

Agricultural, (અગ્રીકલ્ચરૅલ) *a.*Relating to husbandry: ખેતીવાડી સંબંધી.

Agriculture, (અગ્રીકલ્ચર)*n.* [L. *ager,*field & *colo,*I till.] Tillage; husbandry: ખેતીવાડી;ખેતી;કૃષિ;કર્ષણ;કૃષિ વિદ્યા.

Agriculturist,(અગ્રીકલ્ચરિસ્ટ્)*n.* A husbandman:ખેડૂત;કૃષિવલ;કૃષિકાર.

Aground, (અગ્રાઉન્ડ્) *adv* & *a.* Stranded;on the ground: તળીએ જઈને-અટકીને;જોયને લાગીને;તટસ્થ

Ague,(એય્યૂ)*n* [L.*acuo,* I sharpen.] Chilliness;a chill:શીત; કંપ; ટાઢિયાતાવ;વૂજારી;કંપારી.2.An intermittent fever,attended by alternate cold & hot fits: આંતરીયો. દાહો,અને ઉનો તાવ.*Tertian.*a :એકાંતરીયો તાવ. *Quartan* a.: ચોથીયો તાવ.

Ah,(આ) *interj* An exclamation of surprise હૅં ! હેં !-of pity:અરેરે! હાયહાય !-of contempt:છટ ! છિ ! હત !-of joy: વાહવા ! શાબાશ !-of complaint:અહહ-અયયય ! ઓ !ઓરે.

Aha,(આહા)*interj.* The same as ah 2.A sunk fence:નીચી-ઢુંકીવાડ.

Ahead,(અહેડ્)*adv.* In advance; onward: સામે મોઢે; અગાડી; મોખરે; આગળ.2.Headlong; precipitantly:ઉંધે માથે;વગર વિચારે;આંધો મીંચીને. *To go* **a.**: આગળ ધરીને-ધુશીને-ધકેલીને જવું.

Aid,(એડ્)*vt.*[L.*ad*& *juvo,*I help.] To assist;to succour: મદદ-સહાય કર; કુમક આપવી. *n.* 1. Help; support:કુમક;આશ્રય;સહાય;ઉપકાર.2. A helper: મદદ-કરનાર; મદદગાર. 3. An aid-de camp:મુસાહોબ;નકીબ.

Aid-de camp,(એડિકૉન્ગ્)*n* (Fr.) An officer attendant on a general to convey his orders: મુસાહીબ; નકીબ; સેનાપતિની તરફથી લશ્કરના અમલદારોપર સંદેશો લઈ જનાર.

Ail, (એલ્)*vt* To trouble:-થી દુઃખ દેવું-ને (કંઈ)થવું;-ને દુઃખ થવું. *vi.* To be in uneasiness:દુઃખ થવું;પીડાવું; પીડા થવી.

Ailment (એલ્મેન્ટ્)*n.* Indisposition:અસુખ;બેચેની;રોગ;દુઃખ;વ્યાધિ.

Aim,(એમ્)*vi.*[L *ad.*& *aestimo,* I estimate] To point at with a missile weapon: તાકવું; નિશાન ધારવું;તકાવવું. 2 To endeavour:-નો લોભ કર;-પ્રયત્ન કર;ઇચ્છા થવી; તાકવું; તકાવવું.*vt.*To direct (a weapon): નેમ તાકવો *n.*1.The pointing: તાકવું તે.2.The object aimed at:નિશાન;ચોટ;લક્ષ્ય.3 Purpose; intention: ધારણા; હેતુ; મુરાદ; લક્ષ; આશય; વાંચ્છા; મતલબ; ભાવના 4. Conjecture:કલ્પના;અટકળ *To cry* **a.**, to encourage:હિમ્મત-ધીરજ આપવી.

Aimless, (એમ્લેસ્) *a* Without aim:વગર મતલબનું; લક્ષવગરનું; ધીરજના રહિત;અમથુ.

Air,(એર્)*n.*[L.*aer,*air.]The fluid which we breathe; the atmosphere:હવા;વાયુ;વાત;વાતાવરણ; પવન. 2.Air in motion;breeze: પવનની લહેર.3 Publicity;(as to take *air*) ફેલાઇ જવું તે;(વાત) ઉઘાડી પડવી તે;પ્રકારા 4.A melody;a tune:રાગ; સુર. 5.The peculiar look, manner, mien or carriage of a person: ચહેરો;ડોળ; દેખાવ; આકાર; મુદ્રા; રૂપ; ગતિ;પ્રકાર. 6. (*pl.*) Haughtiness: અક્કડાઇ;મિજાજ;પત્રાજી; ફિશીઆરી; છટા. *To give one's self* **a.** કરપતરાજી કર; પોતાની મોટાઇ હાંકવી. *Change of* **a.**:પાણી હવાફેર. *To take the* **a.**: બહાર ફરવા-સહેલ કરવા-હવા ખાવા જવું. *vt.* To ventilate; to dry:-માં હવા આવવા દેવી;હવામા મુકવું;સુકવવા મુકવું 2.To expose to the air for the purpose of cooling,refeshing &c.:હવા ખવાડીને સાફ કર.2. To display ostentatiously: બતાવવું; દર્શિત કર. 3.To expose to heat: સુકાતું-વા ખાતું કર.

Air-bladder,(એર્બ્લૅડર્)*n.*A bladder in a fish containing air: વાયુકોષ;હવાથી ભરેલો કુકડો.

Air born, (એર્-બોર્ન્)*ad.* Aerial; આકાશજ;નભસ્થ.

Air-gun,(એર્ગન્)*a.*A gun to discharge bullets by means of air: હવા ભરીને ફોડવાનો બંદુક.

Air-hole,(એર હોલ્)*n.* A hole to admit or discharge air: બાણું;

બારી;વાતાયન;ગવાક્ષ.

Airily, (એરિલિ) *adv.* In an airy manner:મોજ-મઝાથી;આનંદમાં.

Airiness, (એરનેસ્) *n.* Gaiety;liveliness: ખુશમિજાજ; મોજ. 2. Exposure to the air:ખુલ્લી હવા.

Airing, (એરિન્ગ્) *n.* A walk in open air. હવા ખાવા જવું તે;સેહેલ.2 Exposure to air:હવામાં મુકવું-સુકવવું તે

Airless, (એર્લેસ્) *a* Wanting fresh air:હવા વગરનું,બંધેર.

Air-pump, (એર્પમ્પ્) *n.* A pump for exhausting the air from a vessel: વાતાકર્ષક વાતશોષક યંત્ર; વાયુરેચક યંત્ર.

Air-tight, (એર્ટાઈટ્) *a.* So tight as to be impermeable to air:હવા પેસી શકે નહી એવું;તંગ;વાયુ પ્રતિબંધક; વાતાગમ્ય.વાતારોધ.

Airy, (એરિ) *a* Consisting of air: વાયુરૂપી;હવાવાળું; વાયુમય 2 High in air:ઉંચું 3 Open to air:પવનહવાવાળું ;હવારીદાર.4.Light; unsubstantial:હલકું;અસાર.5. Vain;trifling:ફોકટ;વ્યર્થ;પોકળ,ખાલી 6 Gay: આનંદી; રંગીલું; મોજી. 7. Delicate; graceful:મધુર;મીઠું.

Aisle, (આઇલ્) *n.* [L. *ala*,a wing,] (*a*)A wing or side of a church દેવળની બાજુનો ભાગ;સમાગડપ; સમાસ્થાન.(*b*) A wing of a building: મકાનની બાજુ-પડખુ-પાંખ

Ajar, (અજર્) *adv* Partly open: અડધું ઉઘાડું; પોલું ઉઘાડું; જરા પોલું. 2. In a state of discord: કુસંપમાં; બેબનાવમાં [કમાનદાર;કેડે હાથ દઈને.

Akimoo (અકિમ્બો) *a.* Crooked;વાકું.

Akin, (એકિન્) *a* Related to. સગું; સંબંધી;આપ્તે;સગોત્ર; સજાતીય. 2 Resembling:મળતું;સરખું;સમાન;જેવું.

Alabaster, (એલેબૅસ્ટર્) *n.* A kind of fine lime stone: સંગેમરના જેવો એક જાતનો નરમ પથ્થર.*a.* Made of alabaster:એલેબસ્ટરનુ બનાવેલું.

Alack, (એલૅક્) *int.* Alas:હાય ! હાય ! અફસોસ ! અરરે ! હાય !

Alacrity (અલૅક્રિટિ) *n.* [L. *alacer*, lively.]Liveliness;cheerfulness; readiness:આનંદ;ઉત્સાહ,હોંશ; ઉલટ. 2 Promptitude ઉલટ;ઉતાવળ,શીઘ્રતા.

Alamode, (અલંમોડ્) *adv.* According to the fashion: રિવાજ-રીતિ પ્રમાણે.*n* A thin, glossy, black silk.કાળું ઝીણું રેશમ.

Alarm, (અલાર્મ્) *n.* [L *all* & *arma* pl arms.] A call to arms: હથિયારબંધ થવાનો હુકમ.2.A signal of danger:ભયની સૂચના.ચેતવણી-ઘુમરાડ;ભયધ્વનિ; ભયાકંદન. 3. Fright; terror:ત્રાસકો; ધાસ્તી; દહેશત; ત્રાસ; ભય;ભડક.4.A mechanical contrivance for awakening persons from sleep:ઉંઘમાંથી જગાડનારું-ધ્યાન ખેંચનારું યંત્ર;એલારમ *vt* To call to arms:હથિયાર સજ્જ કરવા હુકમ કરવો 2.To surprise with fear.ચોકાવવું; ભયભીત કરવું; ખિન્નવદાવવું ભડકાવવું. 3.To give notice of danger: ભયની ખબર આપવી.

Alarm-bell (અલાર્મ્બેલ્) *n* A bell giving notice of danger: ભયની ચેતવણી આપનાર ઘંટ;ભયસૂચક ઘંટનાદ.

Alarming (અલાર્મિન્ગ્) *a.* Terrifying:ત્રીવડાવનું; ભયપ્રદ; ભયાવહ; ત્રાસજનક.2 Exciting apprehension: ચેતવણી આપતું.

Alarmist, (અલાર્મિસ્ટ્) *n* One who intentionally excites alarm:ભયની ખુમ પાડનાર;ભયમારી; ભડકાવનાર.

Alas, (અલૅસ) *interj* [L *lassus*, weary.]An exclamation expressive of weariness, grief, pity, etc:અરેરે ! હાય ! હાય, અફસોસ ? તોબા ! તોબા ! હારા હારા !

Alb (અલ્બ્) *n* [L.*albus*. white.]A vestment worn by Roman catholic clergy:રોમન કેથોલીક પાદરીને પહેરવાનો ધોળો ઝભ્ભો.

Albatross, (અલ્બેટ્રોસ્) *n.* A kind of sea-bird હંસ જાતનું દરિયાઇપક્ષી.

Albeit, (ઓલ્બીઇટ્) *adv* [*all be* & *it*]Not with standing;although: અટલું છતાં પણ;તોપણ;અગરને;યદ્યપિ

Albescent, (અલ્બેસન્ટ્) *a.* [L *albus* white]Whitish:ધોળું; સફેદ પડતું ધોળાશપર.

Albino, (અલ્બાઇનો) *n.* A person whose skin & hair are preternaturally white:અદ્‌ભુત ધોળી ચામડી તથા વાળવાળુ માણસ.

Album (અલ્બમ્) *n.* [L.*albus*,white A blank book for the insertion of autographs of celebrated persons:મોટા માણસ, મિત્રાદિની પાસે તેમના નામ લખાવી રાખવા સારૂ કોરા પાનાનું પુસ્તક *Photographic* a: સૂર્યના કિરણે કરીને પાડેલા ચિત્ર રાખવાનું પુસ્તક.

Albumen (અલ્બ્યૂમેન્) *n.* 1. The white of an egg.ઇંડાની સફેદી 2 A substance like the white of an egg, found in animals & vegetables:પ્રાણી કે વનસ્પતિમાથી ઇંડાની સફેદી જેવો નીકળતો પિંડ્યો પદાર્થ

Alcahest, (અલ્કેહેસ્ટ્) *n.* A pretended universal solvent: સર્વ વસ્તુને પિગાળવાનો ગુણ ધરાવનાર રસ.

Alchemist, (અલ્કમિસ્ટ્) *n.* One who practises alchemy:કીમિયાગર;રસાયણી;કિમિયો કરનાર

Alchemy (અલ્કમિ) *n* A science, which aimed to transmute the baser metals into gold: રસાયન; કિમિયે;રસવિદ્યા રસસિદ્ધિ

Alcohol (અલ્કોહૉલ્) *n.* Pure spirit of wine:દારૂનો અર્ક;પ્રબલ સ; મદ્યાર્ક.

Alcoholic, (અલ્કહૉલિક) *a.* Relating to alcohol:દારૂના અર્કને લગતું.

Alcoran. (અલ્કોરૅન્) *n* The sacred book of the Mahomme lans:કુરાન.

Alcove (અલ્કોવ્) *n.* A recess or a part of a room containing seats for company: એકાંત સ્થળ; એકાંત. 2 A recess in a garden:કુંજ; વાડીનો માંડવો;પર્ણશાળા.

Alderman, (ઓલ્ડરમૅન્) *n* A magistrate of a town:શહેરનો કોટવાળ; ગામનો કારભાર ચલાવનારી મંડળીનો સમાસદ;મતદાર.

Ale, (એલ્) *n.* A liquor made from an infusion of malt: જવનો બનાવેલો એક જાતનો દારૂ 2. A festival in English country places:વિલાયતના ગામડાઓમાં પળાતો એક તહેવાર.*a. house*,a house where ale is retailed:પીઠું ;કલાલની દુકાન

Alert (અલર્ટ્) *a* [L.]Watchful; vigilant.સાવધ; જાગૃત; સાવધાન. *On the a*: સાવધાન હોયીયાર રહેવું 2. Brisk;nimble:ચપળ;ચપળ;ઉદ્યોગી.

Alertness, (અલર્ટનેસ) *n.* Vigilance: briskness: હોંશિયારી; સાવધપણું;ચંચળાઈ;ચપળતા.

Algebra, (અલ્જબ્રૅ) *n.* The science of computing by symbols: બીજ ગણીત;અક્ષર ગણિત.

Algebraic-al, (અલ્જબ્રેઇક્ કૅલ્) *a* Pertaining to Algebra: બીજ ગણીતને લગતું;બીજ વિષય.

Algebraist, (અલ્જબ્રેઇસ્ટ્) *n.* One versed in the science of algebra: બીજગણીતવેત્તા;બીજગણિતી.

Alias, (એલિઅસ્) *adv.* [L. *alius*, other.]Otherwise:બીજે ;બીજે નામે. *n* Another name:બીજું નામ.

Alibi, (એલિબિ) *n.* [L] Elsewhere: અન્યસ્થળે હોવું તે.

Alien (એલ્યેન્) *a.* [L *alius*, another] 1 Foreign; not belonging to the same country or government: પરાયા દેશનું;પારકું; વિદેશીય; બહાર ગામનું;પરાયું.2 Estranged from;adverse:વિરુદ્ધ;ઉલટું;બીજું;અપ્રસ્તુત.*n.* A foreigner: પરદેશી; વિદેશી. ઈ. *A*

stranger:અજાણ્યો; બીજ ઓળખીતો.

Alienable,(એલ્યેનેબલ્) *a*.Capable of being transferred or sold to another:બીજાને નામે ચઢાવાય-વેચાય-હવાલે કરાય તેવું; વેચાતું આપવા જેગ.

Alienate,(એલ્યેનેટ્)*vt*. To transfer to another: બીજાને હવાલે કર; સે પવું; બીજાને નામે ચઢાવવું 2 (*with*) To wean; to estrange.સ્નેહ તોડવો; જુદાઈ કર; મન-પ્યાર ઉતારવો. *a*. (*from* With drawn; estranged. તજાયલું;છૂટું પડેલું; ઉલટું; વિરુદ્ધ. **A**. d *lands* re.ni.ree lands: ઇનામ-મહેરબાની-કુમાલા જમીન.

Alienation,(એલ્યેનેશન્)*n*.A transfer of title,etc: હવાલો; વેચાણ; ઇનામ,બક્ષીસ. 2. An estrangement:જુદાઈ;મન ઉતારો; વિરાગ;ઉચાટન;ગુલ્લા મન 3.Delirium; d.rangement of mental faculties: બે બુદ્ધિ,ચિત્તભ્રમ;ઘેલચ્છા a. *office*:ઇનામી રંગલિ તપાસ કરીને નિકાલ લાવનારી ઑફીસ.

Alienatory Alienor,(એલ્યેનેટો રિ,એલ્યનોર્) *n*. One who transfers property to another:બીજાને હવાલે મેલનાર-વેચનાર;ઇનામ આપનાર

Alight,(અલાઇટ્)*vi* To dismount. ઉતરવું પડવું-નીચે ઉતરવું 2 To lodge; મુકામ કર; ઉતરી આવી બેસવું.*a* Lighted up:સળગાવેલા; પ્રકટેલા; ઘગઘગતા.

Align (અલાઇન્)*vt* [L. *ad*& *linea*, line]To form in a line, as troops.હારબંધ ઉભા રહેવું-ગોઠવાવું 2(*Engin* To lay out a ground plan:ખુંટીઓ મારી હદ મુકરર કર.

Alignment,(અલાઇન્મેન્ટ) *n* The ground-plan:મુકરર કરેલી લોટી નકશા,રેખાકરવ.

Alike (અલાઇક્)*a* Similar;like:સમાન;સરખું-બરાબર;તુલ્ય;સમ. *adv*. In the same manner,or form:તેજ પ્રમાણે;તરજી રીતે.

Aliment,(એલિમેન્ટ્)*n* [L. *alo*, I feed] Food; nutriment: આહાર; બે જન;ખોરાક;અન્ન;પોષક દ્રવ્ય.

Alimental Alimentary, (એલિમેન્ટલ;એલિમેન્ટરિ)*a*. Nourishing; nutritious: પોષક;પુષ્ટિકારક; પૌષ્ટિક; શક્તિ વર્ધક.

Alimony,(એલિમોનિ)*n*. [L. *alo*,I feed.]An allowance to wife,legally separated from her husband છાડેલી બઇરાને આપેલા ખોરાકી પોષાકી

Aliquot (એલિક્વોટ્)*a*. An a.part is one which divides another without a remainder. as 4. is an a. part of 16:નિરશેષ ભાજક.

Alive,(અલાઇવ્)*a* 1.Having life: સજીવ;જીવતું. 3 Unexpired:ચાલુ;બરી;અમલમાં;ચાલતું.3 Cheerful;lively: આનંદી;ચપળ; ચાલાક 4. Of all living;in all the world:જે હૈયાત છે તેમાંનો આખી સૃષ્ટિમાં 5. Having lively feelings: (with *to*) અભિજ્ઞાનવાળો;વિષે દોરિ બાર.

Alkahest (એલ્કેહેસ્ટ્)*n*. The fabled universal solvent: વસ્તુ માત્રને પિગાળતો મનાતા રસ.

Alkalescent એલ્કેલે સેન્ટ્)*a* Slightly alkaline:ક્ષારને મળતું;કંઈ ક્ષારવાળું.

Alkali,(એલ્કેલિ)*n* [*pl*.**Alkalies**] A substance which when combined with an acid produces a neutral salt: ક્ષાર; ખાર.

Alkaline (એલ્કેલાઇન્)*a*. Having the properties of alkali: ખારના ગુણવાળું;ક્ષાર ધર્મક; ક્ષાર વિશિષ્ટ; ક્ષાર ગુણક.

All (ઑલ)*a*.whole of;every part of,every one of,a large part:આખુ-બધું;સંપૂ; સમસ્ત-સકળ; સઘળું ; સર્વ તમામ;કુલ 2 Only alone; nothing but:ફક્ત,માત્ર.*n*. The whole, the total:મોટો ભાગ,સર્વે; બધું;સઘળું *adv*. Entirely;completely: મુળગું,છેક; હદ;સમુળગુ ; બીલકુલ. **A** *along*, throughout: મુળથી;અસલથી;ઠેઠ સુધી;સઘળે ઠેકાણે **A** *one*,wholly the samething:એનું એજ;એજ.**A**.*in*.a., every thing.સર્વસ્વ;બધું. (*b*)*adv*. સામટી રીતે લેતાં;સમગ્ર દૃષ્ટિથી **A** *in the wind*,uncertain:અનિશ્ચિત,અદ્દઢ..*Ind* a.,entirely: સામટું; એકદમ;બધું **A** *over*(*a*)generally: સાધારણ રીત્યે.(*b*) every where: બધે; સઘળે ઠેકાણે;સર્વત્ર. (*c*) lost; finished:સમાપ્ત.**A** *up*, finished; exhausted:પુરું;સમાપ્ત-ખર્ચ રહ્યું. *At* a , in every respect; wholly:બિલકુલ;મુદ્દલ;જરાપણ. **A**. *at once*, entirely; એકદમ સાથે; ઓચીંતુ. એકદમ: સામટું **A** *alone*:એકલું.*One's* **a**., everything:સર્વસ્વ **A** *sunshine*, nothing real:ખુવાર;ખોટું;જુઠું; અયથાર્થ **A** *the same*,nevertheless:તે છતા.*By* **a**. *means*:સર્વથા;બેશક **A**. *but*: લગભગ; લગોલગ **A** *powerful*: સર્વ શક્તિમાન **A**.*Fool's day*:અપ્રાલ માસની પહેલી તારીખ. *To be on* **a**. fours:બંધ બેસતું,સર્વ રીતે મળતું-સરખું.

Allay(અલ્લે)*vt* To pacify;to soothe:શાંત કર;મન મનાવવું, ઠંડું પાડવું: દાબવું.2.To abate;to repress:ઓછું કર;ઘટાડવું-સમાવવું.

Allegation,(અલ્લગેશન્)*n*. Positive assertion; a formal averment:પ્રતિજ્ઞા;દલીલ;તકરાર;દોષારોપ.

Allege (અલ્લેજ્)*vt* [L *ad* & *lego*, I send.]1.To adduce;to assert: ખાતરીથી કહેવું. 2. To produce, as an excuse or plea:તકરાર-દલીલ દાખલ કહેવું;પ્રમાણ આપી કહેવું. 3. To cite: નો આધાર બતાવવો.

Allegiance, (અલ્લીજિઅન્સ)*n* [L. *ad*,& *ligo*,I bind]Loyalty: devotion:વફાદારી;નિષ્ઠા;પ્રજા ધર્મ; રાજભક્તિ:રાજનિષ્ઠા.

Allegoric-cal,(અલ્લીગોરિક્ કૅલ્)*a*. Figurative: describing by resemblance:દૃષ્ટાંતરૂપી;જોડ કાઢેલું; લાક્ષણિક:રૂપકમય;અલંકારી;દૃષ્ટાંતિક.

Allegorize, (અલ્લગોરાઇઝ્)*vt*. To form or turn into allegory:દૃષ્ટાંત આપીને સમજાવવું; વર્ણન કર. 2. To understand in an allegorical sense: ને લાક્ષણિક અર્થમાં લેવું-સમજવું *vi*.To use allegory:રૂપક-દૃષ્ટાંત આપવું.

Allegory,(અલ્લીગોરિ)*n*.[Gr.*allos*, other & *agoreuo*, I speak] A speech or discourse which conveys meaning different from the literal one.દૃષ્ટાંતરૂપો કથા; રૂપ કથન;રૂપક.

Alleviate,(અલ્લીવિએટ)*vt*.[L.*ad*& *levis*,light.] To mitigate;to assuage: કમ હલકું કર;નરમ પાડવું; સમોવવું;ઓછું-કમતી કર; ઘટાડવું; શાંતવન કર.2.To extenuate: ઓછું કર છ વરવું.

Alleviation,(અલ્લીવિએશન્)*n*.Mitigation;extenuation:ઘટાડો; શાંતિ;શમન; શાંત્વન. 2. That which lessens or mitigates: શામક; શાંતિદ;ઘટાડનાર.

Alley,(ઍલી)*n* [L.*ad* & *nare* to swim]*pl* **Alleys** Walk in a garden:બાગમાની વાટ; પગથી;વિથી.3.A narrow way in a city:ચાલી; ગલી કુચી;ગલો;કુજ 3 A large marble: સંગમરમરનો મોટો પથ્થર;આરસપાણ.

All-fours,(ઓલ્ફોર્સ્)*n pl*.A kind of game at cards: ગંજીફાની એક જાતની રમત 2.All four legs of a quadruped;or the two legs and two arms of a person:કોઇ પણ ચોપગાં પ્રાણીનાં ચાર પગ;કોઈ માણસના બે હાથ અને બે પગ. *To go on* a. (*a*) (*lit*)to move on two legs & two arms:બે હાથ પગ ઉપર ચાલવું (*b*) (*fig*) to correspond exactly:હરેક જીણી બાબતે મળતું આવવું; બરોબર મળતું આવવું-સરખું હોવું.

All-hail, (ઓલ્હેલ) *interj*. All

health;a phrase of salutation:તન્દુરસ્તિનો પોકાર: મજેમાં; સુખચેનમાં; આનંદમાં; કુશળતામાં.

Alliance(અૅલ્લાઇઅન્સ)*n*[L.*ad*&*ligo*, I bind.]1.Uni n by marriage, etc:વિવાહ સંબંધ;સંબંધ: સગાઈ 2. Treaty;league:સ ધિ;સલાહ; મિત્રાચારી;મિલાપ;મંપ. 3. Persons allied:સાથી:મિત્રાપી:મળતીઆ.

Allied,(અૅલ્લાઇડ્)*pa*.United;related; akin: સગાઈથી મિત્રભાવે એકઠું મળેલું.સંબંધ;જેડાયેલું;નિકટ સંબંધનું.

Alligate, (અૅલ્લિગેટ્) *vt*. [L. *ad* & *ligo*,I bind.]To unite by some tie:એકઠું કરવું;મેલાપ કરવું; ગઠવું.

Alligation,(અૅલ્લિગેશન્)*n*.A rule in arithmetic: સજાતિય પણ ચઢતા ઉતરતા ભાવની વસ્તુનાં મિશ્રણની રીત; મિશ્રરાશી;મિશ્રગણીત;મિશ્ર નિયમ.

Alligator,(અૅલ્લિગેટર્)*n*.[L.*lacerta*,a lizard.] A crocodile: મગર; સુસવાટ.

Alliteration,(અૅલ્લિટરેશન્)*n*.[L.*ad* & *litera*,a letter.] The repetition of the same letter at the beginning of two or more words in close succession: એકજ અક્ષરનું ફરી ફરીને આવવું તે; એકાક્ષરી શબ્દો;શબ્દ સગાઇ;અક્ષર સગાઈ.

Allocate, (અૅલ્લોકેટ્) *vt* [L.*ad* & *locus*,a place]To distribute: to assign:ને ખંડી-વેંચી આપવું; હિસ્સો આપવો:કોઈને વાસ્તે જૂદું કરી રાખવું.

Allocution,(અૅલ્લોક્યૂશન્)*n*.[L. *ad* & *loquor*,I speak.]An address: સંભાષણ.

Allodial(અૅલ્લોડિઅલ્)*a* [Fr.]Free. of rent or service:સ્વસત્તાનું; ચાકરી કે ભાડા બદલ નહીં પણ બક્ષિસ દાખલ.(opposed to feudal) ઇનામી;પસાયતી; બહારખલી

Allodium,(અૅલ્લોડિઅમ્) *n*. Free estate: સ્વતંત્ર જાગીર;(opposed to feud):ઈનામી-પસાયતી-બહારખલી જાગીર જમીન; પસાયતું.

Allopathy,(અૅલ્લોપૅથી)*n*.[L *Allos*, other & *pathos*, feeling.] A system of medical practice:ગરમીથી શરદીને અને ઠંડકથી ગરમીને મારવાની વૈદક વિદ્યા;અસાત્મ્યોપચાર.

Allot,(અૅલ્લોટ્)*vt* 1.To distribute by lot: ચિઠ્ઠી નાંખી વહેંચવું. 2. To distribute to each individual: ના ભાગ પાડવા; વહેંચણ કરવી; વિભાગ પાડી વહેંચવું.3.To give,assign or appoint in general: આપવું;ઠરાવવું;જુદું પાડવું.

Allotment,(એલ્લોટ્મેન્ટ્)*n*. Share or part assigned:ભાગ;હિસ્સો;વાંટો;વિભાગ;અંશ;ફાળો.

Allow,(અૅલ્લાઉ)*vt* [L *ad* & *loco*, I place]1.To grant;to afford; to yield:આપવું; વું. 2. To own: કબુલ-માન્ય કરવું. 3 To approve, justify or sanction:પસંદ મંજુર કરવું;બહાલ રાખવું; અનુમતિ-અનુમોદન આપવું. 4. To abate;to deduct (a sum).છુટ મુકવી;મજરે આપવું; બાદ કરવું. 5 To permit:રજા-પરવાનગી આપવી To a for:હિસાબમાં-સ્થાનમાં લેવું-લઈને કરવું; મજરે ગણવું;ની છુટ આપવી.

Allowable, (અૅલ્લાઉઅબલ્)*a*. Permissible;admissible. આપવા-કબુલ કરવા જોગ;અનુમોદ્ય; ક્ષંતિ; દરગુજર કરવા જોગ.*Not* a.: નિષિદ્ધ.

Allowance,(અૅલ્લાઉઅન્સ)*n*.1.Acknowledgment: કબુલાત; અનુમોદન; અનુમતિ;સ્વીકાર;અંગીકાર. 2. License; permission:રજા; પરવાનગી. 3 Indulgence: છૂટ; સ્વતંત્રતા. 4 A portion appointed:લવાજમ;પગાર; રોજ;ભથ્થુ 5.Deduction;overlooking: છુટ; વટ;ઘટાડો; મારી; વિચાર; દરગુજર. 6 A customary deduction from the gross weight of goods:વળતર;બાદ;કપાત.

Alloy,(અૅલ્લૉય)*vt* [L.*alligo*,I combine]1. To reduce the purity of by mixing with less valuable substance: (ધાતુને) ભેળવાણ-મિશ્રણ કરવું 2.To abate;to impair: ભેગ કરીને હલકું કરવું; બગાડ-ભંગ કરવું; 3.To mix,as metals,to form a compound metal: મિશ્રણ ધાતુ બનાવવી *vi* To form a metallic compound:મિશ્ર ધાતુ બનવી.*n*.1.A metallic compound: ધાતુનો ભેગ; મિશ્ર ધાતુ. 2. Evil mixed with good:સુખ સાથે દુઃખ મળેલું તે;મિશ્રણ; દોષ;ન્યૂનતા;બગાડ;ભેગ;ભેળ.

All-saints' Day, (ઓલ્સેન્ટ્સ્ડે) *n*. The first of November: નવેમ્બરની પહેલી તારીખ.

All-souls'Day, (ઓલ્સોલ્ઝ્ડે) *n*. The second of November: નવેમ્બરની બીજી તારીખ.

Allspice,(ઓલ્સ્પાઇસ્)*n*. A spice of mild pungent taste; ચીનીકબાબા;કબાબચીની.

Allude,(એલ્લ્યૂડ્)*vi* [L *ad*. & *ludo* I play.]To suggest;to refer; to insinuate: સૂચના કરવું;વિષે બોલવું-કહેવું:લાગુ પડવું;કટાક્ષ કરવું;ઇશારો કરવો;લક્ષ કરવું.

Allure,(અૅલ્લ્યૂર્)*vt*.To entice; to decoy;to attract;to tempt:લાલચ દેખાડવી;લલચાવવું;લોભ-મોહમાં નાંખવું;ફસાવવું;આકર્ષવું;મન હરવું.

Allurement,(અૅલ્લ્યૂર્મેન્ટ્)*n*. Temptation;enticement:લાલચ;લોભ; મોહ;આકર્ષણ;લોભન.2. That which allures: લલચાવનાર વસ્તુ; મોહનગી; પ્રલોભન.

Alluring (અૅલ્લ્યરિન્ગ્)*a* Attracting-tempting:લલચાવતું;મોહ પમાડવું;આકર્ષક;પ્રલોભક.

Allusion,(અૅલ્લ્યૂઝન્)*n*.A hint;an indirect reference:ઇશારે વચના; સૂચન કટાક્ષ;ઉદાહરણ *I.a to* ઉદ્દેશી.

Allusive (અૅલ્લ્યસિવ્)*a*. Having reference to something not expressed:ઇશારો સૂચના કરતું; રૂપક 2. Figurative;symbolical:અર્થાલંકારયુક્ત.

Alluvial,(અૅલ્લ્યૂવિઅલ્) *a*. Relating to alluvium: ચંગા-કાંપની જમીનનું;ચંગાનું,પુલીનમય;નવા ભાઠાનું.

Alluvion,(અૅલ્લ્યૂવિઅન્)*n*.[L*ad*. & *luvo*, I wash.] Deposits of earth,sand,gravel,&c made by rivers,floods, &c: નદીના પ્રવાહથી ઘસાઇ આવેલી રેતી, માટી વગેરે;ચંગુ 2.(*Law*) The gradual increase of earth on a shore or a bank of a river by the force of water: દરિયા કાંઠે અગર નદિને કિનારે પાણીના પ્રવાહથી ધીમે ધીમે વધેલી ધરતી. 3. An inundation:flood:રેલ-પૂર

Alluvium, (અૅલ્લ્યૂવિઅમ) *n*. (*pl*. **Alluvia**) Same as **Alluvion**.

Ally,(અૅલ્લાઇ)*vi*.[L.*ad*&*ligo*,I bind] To unite by marriage or treaty: વિવાહ-સંબંધ કરવો;સગાઈ કરવી; સંપ કરવો; દોસ્તી-મિત્રાચારી કરવી.સખ્ય સંબંધ કરવો. 2.To form a relation by resemblance: સમાન-સરખુ જોડું કરવું-થવું-હોવું;અનુયાયી બનવું.*n*.Confederate; a helper;an auxiliary: મદદગાર; કુમકી;મિત્ર;સહાયકારી;મળતીઓ.

Alma Mater, (અૅલ્મૅમેટર) [L.] Fostering mother: ઉછેરનારી મા; ધાવ. 2. A college or seminary where one is educated: પોતે કેળવણી લીધેલ પાઠશાળા;શાળા.

Almanac,(ઓલ્મૅનૅક્)*n* A calendar of days, weeks & months: ટીપણું;પંચાંગ.

Almighty, (ઓલ્માઇટિ) *a*.[*all*, & *mighty*; see **might**.] Omnipotent; possessing all power: સર્વશક્તિમાન. સર્વસમર્થ The a. *God*; ઈશ્વર; સર્વશક્તિમાન પરમેશ્વર. 2. Great;extreme; terrible: જબરી; સખ્ખડ;ભારે;સખત.

Almond,(આંમન્ડ્)*n*.[L *amygda-*

la,almond.]Nut of the almond tree:બદામ.The almond tree: બદામનું ઝાડ 2.(*Anat.*) One of the tonsils,two glands,of the throat:ગળાની બેઠકનો ગરોળો;ગોરીઓ.

Almoner, (ઍમ્મોનર) *n.* An officer,whose duty is to distribute alms:દાનાધિકારી;દાનાધ્યક્ષ.

Almonry,(ઍમ્મોન્રિ)*n* The place where alms are distributed:સદાવ્રત;દાનગૃહ;દાનશાળા.

Almost (ઓલ્મોસ્ટ્) *adv* Nearly; very nigh;for the greatest part: ઘણું કરીને;અક્ષર;નજદીક;લગભગ;બેક.

Alms, (આંમ્ઝ) *n pl.* Charity or charitable gift:દાન; ખૈર;ભિક્ષા;ભિખ;બેશત.

Alms house, (આંમ્ઝહાઉસ) *n.*A house where poor persons are lodged and supported: ભિક્ષાગૃહ; અનાથગૃહ;ધર્મશાળા.

Aloe (ઍલો) *n* [L] A succulent plant,with broad prickly leaves કુંવારનું ઝાડ; કુંવારનું પાંદું; કુંવાર. *n.* wood· અગર

Aloes (ઍલોઝ) *n pl.*The juice of the aloe: એલિઓ

Aloft,(ઍલૉફ્)*adv.* On high; in the air:ઉંચે;હવામાં;ઉપર.2.(*Naut*) At the mast-head; above the deck ડોલ ઉપર; તુતક ઉપર. Hence (*Fig.*) in or to heaven: સ્વર્ગમાં.

Alone,(ઍલોન્)*a.*Single:solitary· એકલું;છડું; સાથ વગરનું. 2 Unique; matchless:વિલક્ષણ;ઉત્તમ;શ્રેષ્ઠ *adv.* Separately; by itself: માત્ર ફક્ત; નોખું;એ-લું *To let* a., to suffer to rest: એમનું એમ રહેવા દેવું;ન છેડવું: ખ્યાલ-કેડો મૂકવો;ન સતાવવું

Along. (ઍલૉન્ગ્) *adv.* & *prep.* Lengthwise:લાંબુ ને લાંબુ; સીધું ને સીધું;સમે મોઢે; નાકની ડાંગે; ઉભુ; આગળ 2. Onward· આગળ. 3. In company:સાથે·લગ્નયોગે. *All* a the whole way:આખે રસ્તે;અસલથી;ઠેઠ સુધી;અત્યાર સુધી;પ્રારંભથી અંતસુધી; એક છેડેથી બીજા છેડા સુધી. *To get* a. to get on:ચાલવું;ગાડું ચાલવું-નભવું કારભાર ચાલવો; A. side: બાજુએ; પાસે પસે

Aloof. (ઍલૂફ્)*adv* At a distance; apart:દુર;છેડે;વેગળે; આઘે; અલગ. 2. Without sympathy; unfavourably· અળગું;વેગળું;નીગળુ;નોખું.

Aloud,(ઍલાઉડ્)*adv.*Loudly: મોટે સાદેથી;પોકારીને;બાટા બાદીને;તાનીને.

Alpaca,(ઍલ્પૅકે)*n.*A kind of sheep in Peru:પેરૂ દેશનું એક જાતનું ઘેટું. 2.Cloth made of its wool: તેના ઉનનું બનાવેલું લુગડું;આલ્પાકો.

Alphabet (ઍલ્ફેબેટ્)*n.*[Gr.*alpha &beta*,the first & second letters of the Gr. alphabets] The letters of a language arranged in the customary order: અક્ષરમાળા;મુળાક્ષર;કક્કો; વર્ણમાળા. 2. The simplest rudiments; elements: મૂળતત્વો; સાદી બાબત; કક્કો; અબ્જો. *vt.* To arrange in order of an alphabet: અક્ષરના અનુક્રમે ગોઠવવું; પક્ષાવાર ગોઠવવું.

Alphabetic-cal, (અલ્ફેબેટિક-કૅલ્) *a* Relating to or in order of the alphabet:અક્ષરના અનુક્રમનું-માં ગોઠવેલું;પક્ષાવાર;વર્ણક્રમે ગોઠવેલું 2. Literal: અક્ષરશ:.

Already,(ઓલ્રેડિ)*adv* Sometime ago; previously; by this time: કયારનું;અગાઉથી;પહેલાનું.

Also, (ઓલ્સો) *adv* In addition; besides;as well:પણ;વળી.

Altar,(ઓલ્ટર)*n.* [L *altus*,high] An elevated place on which sacrifices were offered:બલી ચઢાવવાની જગા;યજ્ઞકુંડ;વેદી;સ્થંડિલ; ભોગ આપવાની ઉચી જગા

Alter,(ઓલ્ટર) *t.*[L *alter*,other] To change;to vary; to modify ફેરવવું;બદલી-ફેરવી નાખવું-માં થોડો ઘણો ફેરફાર કરવો-નું રૂપાન્તર કરવું 2.To change partially or wholly: થોડો કે ઘણો ફેરફાર કરવો.*vi* To vary·બદલાવું; ફરવું.*To be ad* ફેર પડવો;ફરવું.3. To yield: ખાસી કરવું;માંડ કાપવા.

Alteration,(ઓલ્ટરેશન્)*n* Partial change;variation:ફેર; ફેરફાર; બદલવું તે;વિકાર;વિપર્યય; વિકૃતિ.

Alterative,(ઓલ્ટરેટિવ)*n.*A medicine which gradually induces healthy change:ફેર પાડે એવી દવા.*a.* Causing change ફેર પાડે અવું.વિકારી

Altercate,(ઓલ્ટરકેટ્)*vi.*[L *alter*, another.]To dispute with zeal & heat;to wrangle: જોરસાથે-તપી જઇને તકરાર કરવી;ઠોસા તોસી બોલાબોલી-ટપાટપી કરવી.

Altercation, (ઓલ્ટરકેશન્) *n.* Warm contention;controversy; wrangle;wordy contest:બોલાબોલી;રકઝક;તકરાર;કલહ,વાદવિવાદ; વાગ્યુદ્ધ-ટપાટપી.

Alternate,(ઍલ્ટરનેટ્)*a* [L.*alter*, other.]One following the other being by turns;reciprocal:વારાફરતી થવું આવવું;એક પછી એક;અવારનવાર.2.Every second;every other: વચમાંનું એક મુકીને બીજું;ત્રીજું ત્રીજું. *vi.*To happen by turns:વારાફરતી થવું;અદલબદલ થવું *vt* To interchange : અવારનવાર કરવું; ફેરબદલ કરવું *n.* Vicissitude:ફેરફાર;ક્રમ;અવસ્થાંતર.

Alternation,(ઍલ્ટરનેશન્)*n.* Interchange; reciprocal succession:ફેરફાર;પર્યાય;વિપર્યય;અદલાબદલી.

Alternative,(ઍલ્ટરનેટિવ્)*a.* Offering a choice of two things; disjunctive:બેમાંથી એક પસંદ કરવાનું બતાવનાર *n* A choice given of two things:બે ચીજમાંથી એક પસંદ કરવું તે;છટકબારી; વિકલ્પ;પક્ષ; પક્ષાંતર; ગતિ;ઉપાય.

Although (ઓલ્ધો) *conj.* Be it that; notwithstanding; supposing that: જો કે;અગરચે; જો પણ; યદ્યપિ;એમ ધારોકે.

Altitude,(ઍલ્ટિટ્યૂડ્)*n* [L.*altus*, high]Height:ઉંચાઇ 2 The elevation of a point,star,etc: બિંદુ,તારા વિગેરેની ક્ષિતિજથી ઉંચાઇ-ઉન્નતાઇ 3.Highest point: કેન્દ્ર;ઉત્કર્ષ. 4 Height of excellence; superiority: શ્રેષ્ઠતા; સર્વોપરીપણું ચઢીઆતાપણું 5 Elevation of spirits; haughty airs:મિજાજ;તોર;દમામ;રોફ.

Altogether, (ઓલ્ટુગેધર્) *adv.* Completely; without exception:કેવળ; બિલકુલ; સમૂળગું; છેકજ; બધું તમામ; સર્વથા; તદ્દન. 2. Conjointly: સાથેસાથે.

Altruism, (ઍલ્ટ્રુઇઝમ્)*n.*The principle of living and acting for the interest of others: પરોપકાર બુદ્ધિ.

Aludel,(ઍલ્યૂડેલ્)*n.*A pear-shaped earthen vessel,open at both ends:બે પાસથી ખુલ્લુ માટીનું વાસણ.

Alum,(ઍલમ્)*n.* [L. *alumen.*] A mineral salt greatly in use for medicines,etc: ફટકડી;સોરાષ્ટી; રૂફાટકી;ફટકી *vt* To steep in a solution of alum:ફટકડીના પાણીમા ઝબોળવું.

Aluminous,(અલ્યૂમિનસ્)*a.*Relating to or containing alum: ફટકડીને લગતું;ફટકડીવાળું;ફટકડીમય.

Alumnus,(ઍલમનસ્) *n* [L.*alo*,I nourish](*pl* **alumni.**) A graduate of a college a pupil:શાગી ઈ:શિષ્ય વિદ્યાર્થી;નિશાળિયો.

Alveary,(ઍલ્વિઅરિ)*n* [L. *alvus*, belly, bee-hive.] A bee-hive or something resembling it: મધ પુડો-કે તેના જેવી કોઇ વસ્તુ.

Alvine,(ઍલ્વાઇન્)*a.* Pertaining to the belly,or the intestines:

પેઢે-પેઢીને લગતું;આંતરનું સંબંધિ.

Always,(ઑલ્વેઝ્)*adv.* At all times;constantly;continually:હમેશાં;સર્વકાળ.નિરંતર; સર્વદા; સદૈવ; સર્વ કાળ:અહર્નિશ સદા;સતત.

Am(ઍમ્)*vi.*The first pers sing present tense of the verb *to be* છું

Amain,(ઍમેન્)*adv* Violently;vigorously:મોટા વેગ-જોરથી ૨. At once;in great haste:એકાએક;એકદમ;તાબડતોબ;ઝડપથી;વેગથી.

Amalgam,(ઍમૅલ્ગૅમ્) *n.* A compound of mercury with another metal:પારા સાથે કોઈપણ ધાતુના ભેળથી બનેલી મિશ્ર ધાતુ.2. A compound of different things મિશ્રણ; મેળવણી;ભેગ;ભેળ. *vt & vi.*To form an amalgam મેળવણી ભેગ થવો કરવો.

Amalgamate (ઍમૅલ્ગૅમેટ્)*vt.* To mix quick-silver with another metal:પારા સાથે બીજી ધાતુ મેળવવી. 2 To unite: ભેગુ કરવું;મેળવી દેવું. *vi.* To blend coalesce: જોડાવું; મિશ્રભેગું થવું.

Amalgamation,(ઍમૅલ્ગૅમેશન્)*n* A mixture :મેળવણી;મિશ્રણ;સંમેલન

Amanuensis,(ઍમૅન્યુએન્સિસ) *n.* [L *ab &manus,* hand;*pl* **amanuenses.**]One who writes what another dictates;a copyist: નકલ કરનાર;લૈયો;લેખક;લિપિકાર.

Amaranth, ઍમરન્થ્)*n* [Gr *a.*privative & *maraino* to fade] A genus of annual plants of many species: ગલ બખબલ; ફલગો; માટની ભાજી;ગુલરંગ.2 A flower that never fades: અરલાન પુષ્પ; ન કરમાતું ફુલ.

A.wood :અગર Globe **a.:**ગુલ મખમલ.

Amaranthine,(ઍમરન્થિન્)*a* Belonging to amaranth; unfading: ફલગાને લગતું:ના જેવું; કરમાઈ ન જાય એવું ચિમળાઈ ન જનારું

Amass, (ઍમૅસ્) *vt.* [L.*massa, a lump.*] To accumulate; to heap up:એકઠું સંગ્રહ કરવું; ઢગલો કરવું; સંચય કરવું;ધનનો સંચય કરવું;ખજાને તર કરવું

Amateur (ઍમેટ્યૂર્)*n.* [L *amo* I love.] A lover or cultivator of any art or science,for taste or attachment:વિદ્યા કળાનો શોખી;ધંધો કરવાના હેતુથી નહિ પણ ફક્ત શોખને માટે જે હુન્નર કળાનો અભ્યાસ કરે છે તે.

Amative, (ઍમેટિવ્)
Amatorian,(ઍમેટોરિઍન્)
Amatorious(ઍમેટોરિઅસ્) } *a.*
Amatory, (ઍમેટરિ)
Relating to love; producing love;amorous:પ્રેમ-પ્યાર-પ્રીતિ-હેત-શૃંગાર સંબંધી;પ્રોત્તેજનક; મોહક; પ્રેમરીત શૃંગારી;કામી;રતિ ઉત્પન્ન કરે એવું

Amatorial (ઍમેટોરિઍલ્) *a.* The same as **amatory.**

Amaze (ઍમેઝ્)*vt.*To confuse;to perplex; to astonish:મુંઝવવું-તાજ્જુબ કરવું; વિસ્મય-આશ્ચર્ય પમાડવું;દંગ-ચકિત કરી નાખવું; છક કરી નાખવું. *n* Wonder; astonishment; આશ્ચર્ય-વિસ્મય;ગભરાટ.

Amazement,(ઍમેઝ્મેન્ટ્)*n* Wonder; confusion: વિસ્મય; અચરતી; અચંબો;આશ્ચર્ય;તાજ્જુબી.

Amazing (ઍમેઝિન્ગ્)*a* Exciting amazement; very wonderful: તાજ્જુબ કરે એવું;અચરતી ભરેલું; વિસ્મયોત્પાદક;વિચિત્ર; અદ્‌ભુત-આશ્ચર્યકારક; અજબ;તાજ્જુબ.

Amazon,(ઍમેઝન્)*n* [Gr.*a.priv.* &*mazos,*the breast] A masculine or warlike woman;a virago: બાહાદુર-લડવૈયા સ્ત્રી;વીરાંગના; રંભા.

Ambassador, (ઍમ્બૅસડોર્)*n* A representative of a sovereign power at the court of another: રાજા દૂત; એલચી; વકીલ.

Amber,(ઍમ્બર્)*n.*A yellow substance like copal, highly electric & of a fragrant odour when pounded or heated: કેરબો;તૃણમણિ.2.Ambergris: અમ્બર.*a* Made of amber:તૃણમણિનું;તૃણમણિનાજેવું

mbergris,(ઍમ્બરગ્રીસ્)*n.*A fragrant,solid; ash coloured opaque substance:અમ્બર.

Ambidexter,(ઍમ્બિડેક્સ્ટર્)*n.* [L *ambo,*both & *dexter,* the right hand] A Person using both hands with equal force:બંને હાથે સરખી રીતે કામ કરી શકે તેવો; ઉભયહસ્તકુશળ; સવ્યસાચી;ઉભયસાચી. 2. Double dealer:બંને તરફનાં સમજાવનાર;દ્વિપક્ષપાતી;બે ગોળાનો ચડવો; બે મોનો ચાળો; બને પક્ષ એંચનાર, મફત બાજ દલાલબાજ;બે બાજુ આચરનાર

Ambidextrous.(ઍમ્બિડેક્સ્ટ્રસ્)*a.* Using both hands alike: બન્ને હાથ સરખી રીતે કામમાં વાપરી શકવું. 2 Siding with both parties:બન્ને બાજુવાળાના પક્ષમાં ભળનાર.

Ambient,(ઍમ્બિઍન્ટ્)*a* [L *ambi* round,& *eo,*I go.]Circumfused; surrounding:આસપાસનું; ઘેરાએલું; ચોતરફનું; ફરતું;વ્યાપક.

Ambiguity. (ઍમ્બિગ્યૂઇટિ) *n* [L *Ambi,* about & *ago,* I drive.] Doubtfulness of signification. શક ભરેલો અર્થ;સંદેહાર્થ;વક્રોક્તિ-અર્થનું; અનિશ્ચિતપણું; સંદિગ્ધતા.

Ambiguous,(ઍમ્બિગ્યૂઅસ)*a.*Uncertain; indistinct; equivocal; dubious; unsettled : શક ભરેલું; અસ્પષ્ટ;દ્વીઅર્થી, સંદિગ્ધ; અવ્યક્ત;શકમંદ; સંશયી.

Ambit,(ઍમ્બિટ્)*n* [L *ambio,*I go about]Compass;circuit: હદ; ઘેરાવો; ઘેર; મંડલ; વર્તુલ; ચક્કર.

Ambition (ઍમ્બિશન્)*n.*[L.*ambio,*I go about.]An eager desire; aspiration;greediness:મહત્વાકાંક્ષા;માન-સ્નેહોદય મેળવવાની આતુર ઇચ્છા.લોભ-સ્પૃહા-તૃષ્ણા; ગૃદ્ધિ-સ્પૃહા; આકાંક્ષા;ઉચ્ચપદવાચ્છા;મહત્વેચ્છા.

Ambitious, (ઍમ્બિશસ્) *a* Controlled by ambition; aspiring: રાજ્યલોભી;મહદાકાંક્ષી;કીર્તિ લોભી;માનાભિલાષી; મહત્વેચ્છુ 2. Strongly desirous; અતિ ઉત્કંઠિત.

Amble, (ઍમ્બલ્)*vi* [L *ambulo,*I walk]To pace; to go between a walk & trot: રવાલ ચાલ ચાલવી.*n.* A pace of a horse between a walk & a trot: રવાલ ચાલ.

Ambler (ઍમ્બ્લર્)*n.*horse which ambles:રવાલની ચાલે ચાલતોઘોડો.

Ambrosia,(ઍમ્બ્રોઝ્હીઍ)*n.* [L *a.* & *mors,*death] The imaginary food of the gods અમૃત;સુધા;પીયુષ.

Ambrosial,(ઍમ્બ્રોઝ્હીઅલ્)*a.*Having the qualities of ambrosia; delicious:અમૃતમય; સ્વાદીષ્ટ;અમૃતતુલ્ય;મધુર. 2. Divinely excellent or beautiful અતિ સુંદર;ખુબ સુરત.

Ambry(ઍમ્બ્રિ)*n* [Confused with **almonry** q.v.]Almonry:સદાવ્રત; દાનશાળા.(Improperly used).2.A closet for utensils or victuals: વાસણ તથા ખોરાક મુકવાની જગા-કાઠિંડું;તાકુ;ગોખલો; કબાટ;પેટી; અભરાઇ.

Ambsace, (ઍમ્ઝેસ્) *n* [L.**Amber** both,& *as,* ace] Double ace; the lowest throw of dice;hence bad luck;any of no value:પાશામા બેજ પાડવા તે; પડતી દશા; પડતી; નિર્લક્ષ્ય વસ્તુ.

Ambulance,(ઍમ્બ્યુલેન્સ્) *n.*[L. *Ambulo,*I walk.] A field hospital for the wounded in the battle:ઘાયલ થએલા લડવૈયા માટે લશ્કર સાથે ફરતું દવાખાનું.2.A cart for conveying the wounded : ઘાયલ થએલાને લઇ જવા સારૂ ગાડી; ડોળી

Ambulant(ઍમ્બ્યુલેન્ટ્)*a.*Wandering;walking:ભમતું; રખડતું.

Ambulatory,(ઍમ્બ્યુલેટોરિ)*a.*Having the power of walking:ચાલ

વાની શક્તિવાળું;ચાલતું.2 Not stationary:ભટકતું ફરતું એક ઠેકાણેથી બીજે ઠેકાણે જતું.n.A place to walt in: ચાલા; પરસાળ.

Ambuscade,(ઍમ્બસ્કેડ્) **Ambush,**(ઍમ્બુશ્) } *n.* 1.The act of attacking an enemy unexpectedly from a concealed station : સંતાઇ રહેલા સ્થળેથી દુશ્મન ઉપર એકદમ તૂટી પડવું તે; છાપો મારવો તે. છાપો.A concealed station where troops lie in wait to attack by surprise:દુશ્મન ઉપર એકાએક ધસારો કરવા માટે લશ્કરને સંતાવાની જગા.2.Troops lying in wait for the purpose:છુપુ લશ્કર. *To lie in* a for : કરાઇ સંતાઇ બેસવું; છાપો મારવા માટે સંતાઇ રહેવું.

Ameliorate,(ઍમીલ્યૉરેટ્) *vt.*[L. *ad & melior*, better.] To make better; to improve: સુધારવું; સારૂ કરવું; શ્રેય કરવું; ઉન્નતિ કરવી.*vi.*To grow better; સારૂ થવું.

Amelioration, (ઍમીલ્યૉરેશન્)*n.* Improvement: સુધરવું-સુધારવું તે; સુધારો;વર્ધન; ઉન્નતિ; શ્રેય.

Amen ,(એમેન્) *interj* Be it so: તથાસ્તુ;ભલે;આમીન.*n.* A title of Christ: ક્રાઇસ્ટનું નામ. *adv.*Truly; verily:ખચીત; ખરેખર; ઐશક; સાચે; યથાર્થ રીતે; આમીન

Amenable,(ઍમીનેબલ્)*a* Responsible:accountable:જોખમદાર;જવાબદાર;જુમ્મેદાર. 2. Submissive: આધીન; વશ; માને તેવું.

Amend,(ઍમેન્ડ્)*vt.*[L.*e&menda*, a fault.]To reform;to improve: સુધારવું; દુરસ્ત કરવું; દોષ કાઢી નાંખવો; શોધવું;શુદ્ધ કરવું; દૂષણ કાઢી નાંખી ભૂષણ આપવું.*vi.* To grow better: સુધરવું; શુદ્ધ થવું;દુરસ્ત થવું;રસ્તાપર આવવું.

Amendment,(ઍમેન્ડ્મેન્ટ્)*n.*Correction;reformation: સુધારો;ફેરફાર;દુરસ્તિ;સશોધન; દોષ શોધન; ત્યાગ. 2.A counter motion; an alteration proposed on a bill:સુધારો; સુધારાની દરખાસ્ત. To move as an a.;સુધારાની દરખાસ્ત કરવી.

Amends,(ઍમન્ડ્ઝ્)*n pl.*Compensation; recompense:બદલો;અવેજ; પ્રતિઉપકાર; પ્રતિફળ; સાટું. *To make* a :બદલો-અવેજ આપવો; ભરી આપવું.

Amenity,(ઍમેનિટિ)*n.*[L.*amœnus*. pleasant.]Pleasantness; agreeableness;civility;suavity: સુજનતા; ભલમનસાઇ; રોબ; રમ્યતા; મનોજ્ઞતા;અનુકૂળતા; સૌંદર્ય;રમણીયતા; રમ્યતા; મનોરંજકપણું.

Amenorrhœa. (ઍમીનોરીઍ) *n.* Absence of menstruation: ઋતુ પ્રાપ્તિમાં દરરજ:વખતે વખતે આવડજ્ટ ન વહે તે; ઋતુકૃચ્છ્ર.

Amentia,(ઍમેન્શિઍ)*n* [L.*mens*, mind.]Imbecility of mind;idiocy:ગાંડપણ;ડાગળી ચળવી તે;મગજની નબળાઈ

Amerce(ઍમર્સ્)*vt.*[L *merces* price]To punish by pecuniary penalty:દંડ લેવો-કરવું. 2. To punish,to mulct:શિક્ષા સજા શાસન કરવું

Amercement,(ઍમર્સમેન્ટ્)*n.*The infliction of penalty at the discretion of the court:કોર્ટની મુનસફીથી થયેલો દંડ.

Amethyst,(ઍમોથિસ્ટ્)*n.* A precious stone of a bluish violet color;a jewel: અસ્માની રંગનું ઝવાહેર;યાકૂત

Amiability, (ઍમિઍબિલિટિ) **Amiableness**(એમિઍબલનેસ્) } *n* Sweetness of disposition;loveliness:પ્રીતિપાત્રતા; યોગ્યતા;મલાઇ;સાજન્ય;સદ્ભાવ; શુશીલતા; મળતાવડાપણું.

Amiable (એમિઍબલ્)*a* [L.*amo*, I love.]Worthy of love;charming; delightful; kind-hearted: પ્રીતિપાત્ર;મલું;મળતાવડું ;શુશીલ;સુજન.

Amicable,(ઍમિકેબલ્)*a* [L.*amicus*,a friend.] Kind;friendly:મળતું આવતું-મિલનસાર;માયાળુ:સ્નેહશીલ;મિત્રાચારી ભરેલું 2. a. *settlement*: ઘરમેળે કરેલો તેડ: નિકાલ;સમાધાન.

Amicably (ઍમિકેબ્લિ) *adv* In a friendly manner.ઘરમેળે;સાતરીતે; સમજુતીથી; સમાધાનીથી; મિત્રભાવથી.

Amid,(ઍમિડ્) **Amidst,**(ઍમિડ્સ્ટ્) } *prep* In the middle of; among;surrounded by:વચ્ચે; મધ્યે;અંતરે;અંદર;-માં છતાં.

Amiss,(ઍમિસ્)*a* Wrong;improper:ખોટું;અનુચિત;અયોગ્ય; અજુકતું; આડું *adv* Improperly;wrongly: ill : અયોગ્ય-ખોટી રીતે *To take* a.: ખોટું લાગવું; માઠું લાગવું; ઉલટો અર્થ લેવો; ખોટું સમજવું.

Amity,(ઍમિટિ)*n* [L *amo*,I love] Harmony;friendship; peace:મિત્રાઇ;સ્નેહભાવ;દોસ્તી;સલાહસંપ;સંધી.

Ammonia,(ઍમ્મોનિઍ)*n.*An alkali,which is gaseous in its uncombined state: નવસાર;નવસાગર.

Ammunition,(ઍમ્મ્યૂનિશન્)*n* [L. *ad&munio*,I fortify] Military stores:લડાઇનો સામાન;દારૂ ગોળો;યુદ્ધ સામગ્રી; યુદ્ધ સાદિત્ય.

Amnesty(ઍમ્નેસ્ટિ)*n.*[Gr.*amnestia*, oblivion-*a*,not&*mna* to remember.]A general pardon of offences committed in time of war;an oblivion : રાજદ્રોહી ગુન્હેગારોને આપેલી સામાન્ય માફી; રાજક્ષમા;ક્ષમાપત્ર: માફી નામું; દોષક્ષમા.

Among,Amongst, (ઍમન્ગ્,ઍમન્ગસ્ટ્)*prep. A* midst; mixed with;of the number:અંદરમાં; મધ્યે; માંનું 2 O the number of : માનું.

Amorosa,(ઍમોરોઝ)*n.*A wanton woman;a courtesan:રાંડ;છટેલ સ્ત્રી; વભિચારિણી.

Amorous, (ઍમોરસ)*n* [L *amo*, I love.]1.Inclined to love;loving: હેશવી;કામી;વિષયી; વિલાસી; સ્ત્રી ની પટ; રસિક;પ્રેમશીલ.2 [*of*] Enamoured; fond;માયાળુ;હેતાળ;શોખીન. 3. Relating to or produced by love: હશકનું;સંબંધિ;વિલાસી;લક્ષિત;વિષયી. a.*airs*-હેશકના નખરાં.

Amorphous,(ઍમોર્ફસ)*a.*[Gr.*a*,priv.& *morphe*.s ape] Of irregular shape; having no determinate form: અનિયમિત આકારનું;ચોકસ આકાર વગરનું.2 Without texture:છેવટના પડ ઉપર રૂપાકિય પાસલો વગરનું.3 Anomalous : વિલક્ષણ; ઢંગ ધડા વગરનું. a.rocks:જેરૂપાકિય રૂપ નથી તેવી ખડક.

Amount, (ઍમાઉન્ટ્) *vi* [L *ad* & *mons*, a mountain.] To go up: ઉપર જવું; ચઢવું 2. To rise up to; to come to in the whole: જુમલે થવું; એકંદર-સામટું બધું મળીને થવું. 3.To be equivalent: તાત્પર્ય હોવું; સારાંશ-સાર હોવો; સરખું થવું-હોવું; પહોંચવું.*vt.*To increase:વધારવું. *n.* 1.Sum total;સરવાળો;જુમલો;મેરીજ. 2.Result:સાર;અર્થ; પરિણામ;ફળ.3. Sum: રકમ; સંખ્યા; સમુદાય; આંકડો; અવેજ.

Amour,(ઍમૂર્)*n.*[L.*amor*,love.] A love intrigue;an illicit love affair:ઉપરકપકા બાજી;રંડીબાજી;પરસ્ત્રીસંગ.

Amphibia (ઍમ્ફિબિઍ)*n.pl.*[Gr. *amphi*,both & *bios*,life] Animals,as a class,capable of living in water & land as serpents, frogs, crocodiles, &c ઉભયચારી પ્રાણી;જળસ્થળચારી પ્રાણી જેવાં કે સાપ,દેડકાં,મગર વિગેરે [**Amphibia.**

Amphib an,(ઍમ્ફિબિઍન્)*sing of* **Amphibious**, (ઍમ્ફિબિઅસ) *a.* Having the power of living on land and in water ભુજળચર;જળવાયુચર;જળસ્થળચર;ઉભયચર.2.Adapted for living on land&water;

સ્થળ તથા જલમાં-ઉપર રહેવાને યોગ્ય ગુણ-ધર્મ-બાબતવાળું; ભૂજળવાસી 3 Partaking of two natures: દ્વિવા ગુણગતિ-ધર્મવાળું.

Amphibology,(ઍમ્ફિબૉલૉજિ)*n.* [Gr.*amphibos* doubtful & *logos*, speech.]A phrase,or discourse, susceptible of two meanings: બે અર્થનું વાક્ય-ભાષણ 2. A phrase or discourse of uncertain meaning:અનિશ્ચિત અર્થનું વાક્ય-ભાષણ

Amphitheatre,(ઍમ્ફિથીઍટ્ર)*n.* [Gr.*amphi*, both & *theatron*, theatre]An edifice in an oval or circular form, having rows of seats one over another:લંબગોળાકર રંગશાળા;રંગભૂમિ.

Ample,(ઍમ્પ્લ્)*a.*[L. *am*,round *plen*,I fill.]Wide;extended; large: વિશાળ;વિસ્તીર્ણ;મોટું: પહોળું. 2. Copious;fully;sufficient: પુરકળ; પૂરેપુરું; જોઇએ તેટલું;વરાઇને;ધરાઇને;યથેષ્ટ: પુરતું ; બધું ; મનમાન્યું.3.Not brief: સવિસ્તાર;સંક્ષેપમાં નહિ લીધેલું તેવું; 4 Liberal: ઉદાર.

Amplification (ઍમ્પ્લિફિકેશન્)*n* Enlargement;diffusive description:વિસ્તાર;વૃદ્ધિ;ફેલાણ;સવિસ્તર વર્ણન

Amplifier, (ઍમ્પ્લિફાઇઅર્)*n* He that amplifies:વિસ્તાર વૃદ્ધિ કરનાર.

Amplify,(ઍમ્પ્લિફઇ)*vt.* [L. *amplus*,large & *facio*,I make.]To enlarge;to expand: લંબાવવું;વિસ્તારવું; વૃદ્ધિ કરવી. 2. To treat copiously: લંબાણીને વિવેચન કરવું; વિસ્તારપૂર્વક વર્ણન કરવું.*vi* (1) To grow or become large: મોટું થવું; વધવું. 2. To dilate:વિસ્તારીને કહેવું બોલવું.

Amplitude,(ઍમ્પ્લિટ્યૂડ્) *n.* (*a* State of being ample; ampleness:પુષ્કળતા.(*b*)Wideness;extent of surface વિશાળપણું; વિસ્તાર;ફેલાવો;લંબાઇ પહોળાઈ 2. (*a*) Extent of capacity.બુદ્ધિ ની મહત્તા-સામર્થ્ય; ધારણ શક્તિ; મન શક્તિ. (*b*) Extent of means or resources: ધન સામર્થ્ય; દ્રવ્યસાધન.

Amply (ઍમ્પ્લિ)*adv* .Copiously; largely;liberally:બહાળી રીતે;સારી પેઠે; ઉદારપણે; બહોળે-મોકળે હાથે; વિસ્તારપૂર્વક;સવિસ્તર;પહેાંચટ; અનહદ.

Amputate,(ઍમ્પ્યૂટેટ્)*vt.*[L.*amb*, about & *puto*,I prune] To cut off,as a limb: અંગ કાપવું-છેદવું. 2. To prune: સોરવું; છાંટવું.

Amputation,(ઍમ્પ્યૂટેશન્)*n.*The act of cutting off a limb:અંગ છેદન; છેદ;કાપ; વાંઢ.

Amuck,(ઍમક્)*adv.*In a frenzied and reckless manner:ઘેલા-મત્તપણે;ફાટેલી આંખોએ ઠેકાવેશમાં.

Amulet,(ઍમ્યૂલેટ્)*n.*[L.*amolior*, to drive away.]A charm against evils or mischiefs:ભય ટાળવું માદળિયું; તાવિજ;દોરાચિઠી; રાખડી;રક્ષાકરંડ; જંત્ર.

Amuse, (ઍમ્યૂઝ્) *vt.* & *vi.*[L. *a.* to & *muser*, to muse] To occupy in a pleasant manner; to divert: મનરંજન કરવું;ગમતમાં નાખવું; ગમત-ક્રીડા કરવું;વિલાસવું; રમાડવું. 2.To delude;to beguile: રમાડવું; તાળવે ગોળ ચોંટાડવો; છેતરવું. *To a. one's self* રમવું; મજા-ગમત કરવી.

Amusement,(ઍમ્યૂઝ્મેન્ટ્)*n.*Recreation;entertainment;sport: ગમત;ખેલ; રમત; તમાસો; વિનોદ; ક્રીડા; વિલાસ; મજા.

Amusing-sive (ઍમ્યૂઝિન્ગ્-સિવ્) *n.a* Pleasing;diverting:રમુજી;મનોરંજક;વિનોદી ગમતી;રસ્ય;હૃદય ગમ્ય.

Amygdaline(ઍમિગ્ડેલ ઇન્)*a.*Pertaining to or made of almond: બદામને લગત-નું બનાવેલું.

An,(ઍન્)This word is properly an *adj.*but is commonly called an *indefinite article*.and signifies *one* or *any* but somewhat less emphatically:આ શબ્દ વાસ્તવ રીતે વિશેષણ છે પરન્તુ સામાન્ય રીતે જુદો ભાગ તેને 'ઇન્ડિફિનિટ્ આર્ટિકલ્' કહે છે, અને તેનો અર્થ 'એક' 'એકાદ,' 'કોઇ એક' 'કંઈક' એવો થાય છે;પરન્તુ તે કંઇક ઓછો નિશ્ચયાત્મક છે 2.Each;every:દર;પ્રતિ.

Anachronism. (ઍનૅક્રોનિઝમ્) *n.* [Gr *ana*.up & *chronos* time.] An error in chronology: બનાવોના વૃત્તાંતમાં-કાળ ગણનામાં ભૂલ ચૂક.

Anæmia(ઍનીમિઍ)*n* [Gr *an* priv *haima* blood.] Deficiency of blood; bloodlessness: લોહી નહિ નહિ જેવું તે:રુધિરવિહ્વતા· રૂપીણભાવ

Anæsthetic.(ઍનીસ્થેટિક્)*a* Capable of rendering insensible: બેભાન-બેસુધ કરે એવું. *n.* A substance that produces insensibility:બેશુદ્ધ કરે એવું ઓસડ.

Anagram (ઍનૅગ્રૅમ્)[Gr.*ana*,back & *grapho*, I write]*n.*A transposition of letters of a name, by which a new word is formed: કોઈ પણ નામના હરફોને ઉલટાવી ને બનવાથી થએલો શબ્દ;ગતાગતવૃદ્ધિરૂપ.

Anal (એનૅલ)*a* [*L.anus* the fundament.] Pertaining to the anus: ગાંડ-બળદ્વાર સંબંધીનાનું.

Analeptic,(ઍનૅલેપ્ટિક્)*a* [Gr.*analeptikos*,restorative.] Invigorating;giving strength: બળવર્ધક; પુષ્ટિકારક; પૌષ્ટિક. *n.* A restorative: પૌષ્ટિક-ઔષધ-દવા.

Analogical(ઍનૅલા-જિકૅલ્)*a*Founded on analogy: ઉપમા-સદૃશ્યના પ્રમાણે કરેલું-સ્થાપેલું.

Analogous(ઍનૅલાગસ્)*a.*Correspondent;similar:સાદૃશ;સમાન; તુલ્ય;સંબંધિ;અનુરૂપ; અનુસંગી; સરખું; મળતું.

Analogy,(ઍનૅલોજિ) *n.* [Gr.*ana*, according to & *logos*,ratio.]Similarity or likeness between things in some circumstances: મુકાબલો; સરખાપણું; મળતાપણું; સાદૃશ્ય;ઉપમા;સંબંધ.2.(*Geom*) Equality or similarity of ratios:પ્રમાણોની સમાનતા અથવા સરખાપણું; સમપ્રમાણ; પ્રમાણની સામ્યતા; સાદૃત્ય; ઉપમાન.

Analysis (ઍનૅલિસિસ્)*n.pl.***Analyses**,[*Gr.ana*,again & *lyo*, I. loosen.] (*a*) A resolution of anything into its original elements:મૂળતત્વ જુદાં પાડવાં તે; વ્યવચ્છેદ;વિભાગ; વિશ્લેષણ. (*b*) An examination of the component parts each separately:કોઇ વસ્તુના અંગોનો પૃથક્ પૃથક્ વિચાર;વિવેચન; પદચ્છેદ;વ્યાકરણ.2. (*a*) A table of the principal heads of a continued discourse:કોઇ ચાલુ વિષયના મુખ્ય ભાગો બાબતોનું સાકળિયું-કોષ્ટક. (*b*) A brief illustration of the principles of a science;synopsis:શાસ્ત્રસાર,સાર;સારગ્રંથ(*c*)(*Chem.*) The separation of a compound by chemical processes into its constituents:પૃથક્કરણ.(*d*)(*Logic*) The tracing of things to their source:મૂલ પર્યંત પદાર્થોનું સંશોધન. (*e*) (*Math.*) The resolving of problems by reducing them to equations: સમીકરણથી દાખલો કરતે; બીજગણિતથી છોડવું-ગણવું તે.

Analyst,(ઍનૅલિસ્ટ્)*n* One who analyzes:પૃથક્કરણ કર્તા.

analytic,-cal, (ઍનૅલિટિક્-કૅલ્) *a.* Relating to analysis:મૂળતત્વશોધન વીદ્યા-પૃથક્કરણ વિદ્યા-મૂળતત્વ વિવેચન સંબંધી;મૂળતત્વ વિવેચનકારક.*a. geometry.* બીજગણીત વડે થતી ભૂમિતિ; બીજજ્યામિતિ.

Analytics, (ઍનૅલિટિક્સ) *n.* The science of analysis:મૂળતત્વ શોધન વિદ્યા; પૃથક્કરણ વિદ્યા.

Analyze,(અૅનલાઇઝ્) *vt.* To separate into component parts; to resolve into its elements: મૂળ-તત્વ જૂદાં પાડવાં; પૃથક્કરણ કરવું.

Anarch,(અૅનાર્ક્) *n.* [Gr *an,&arche.*rule.]Author of anarchy: અવ્યવસ્થા-બળવો કરનાર: અંધેર ચલાવનાર.

Anarchic-cal, (અૅનાર્કિક્ કૅલ્) *a.* Without rule or government અંધેર;અવ્યવસ્થિત;નિયમ-નીતિ રહિત; અરાજકી;રાજનીતિ રહિત; અંધાધુંધીનું.

Anarchy,(અૅનર્કિ) *n.* Want of law or Government; political confusion:અંધેરરાજ્ય;ગેરબ્ર હોબરા;અંધાધુંધી; અરાજકતા: રાજ્યવ્યવસ્થા 2 Confusion;ગોટાળો;ગુંચવણ; ગોબરો; અવ્યવસ્થા.

Anathema,(અૅનૅથીમે)*n* [Gr.*ana.* up&*tithemi,*to place.]A curse: શાપ;બદદુવા.2.A person cursed by ecclesiastical authority: ધાર્મિક સત્તાવડે શ્રાપ દેઇને કાઢી મુકાયલું માણસ.

Anathematize(અનથીમૅટાઈઝ્) *vt* To pronounce an anathema: શાપ દેવો;શાપ દેઇને મંડળી બહાર કરવું.

Anatomic-cal,(અૅનટૉમિક્-કૅલ્)*a.* Belonging to anatomy:કાપકુપની શરીરછેદન-વિદ્યા સંબંધિ; શરીરના છેદેલા ભાગનું.

Anatomist,(અૅનૅટોમિસ્ટ્) *n* One skilled in anatomy: કાપકુપની વિદ્યામાં પ્રવીણ;શવચ્છેદક; શારીરવૈદ્ય.

Anatomy,(અૅનૅટોમિ) *n.* [Gr.*ana.* up & *temno;*I cut]Dissection: શરીરછેદન;વિચ્છેદન;મુર્દા શરીરનો હુન્નર(તેની રચના જોવા સારૂ):શરીરછેદન 2.The doctrine of the structure of the body,learned by dissection: શરીરછેદન વિદ્યા;શારીરક શાસ્ત્ર; શરીર.3.A skeleton: હાડપિંજર.4. (*Fig.*)The act of dividing any thing for the purpose of examining its parts: પૃથક્કરણ; વિવેચન. 5. A treatise or book on anatomy : શરીરચ્છેદન વિદ્યા ઉપર લખેલ પુસ્તક.

Ancestor,(અૅન્સેસ્ટર્)*n.*[L.*ante,* before & *cedo.* I go] A forefather;a progenitor: બાપદાદા;પૂર્વજ;વડવા;વડેરા.2.(*Law*)One from whom an inheritance has descended;(correlative of *heir*).જેની પાસેથી વારસો મળે તે; પૂર્વજ.

Ancestral,(અૅન્સેસ્ટ્રલ્)*a* Pertaining to or descending from ancestors: વડવાનું-થી ચલ્યું આવેલું; વંશ પરંપરા ગત-નું; વડીલોપાર્જીત. a *palace:* ખાનદાન.

Ancestry,(અૅન્સેસ્ટ્રિ *n.*1.Lineage: series of ancestors:વંશ; પેઢી;કુળ; ઓલાદ,પિતૃશ્રેણી. 2 Birth; honorable descent;ખાનદાની; કુલીનતા.

Anchor (અૅન્કર્)*n.*[L *ancora,* a bend. An iron instrument for holding a ship at rest in water લિલાડી;લંગર;નાગર 2. That which gives safety or security : રક્ષણ-સલામતી આપનાર; બચાવનો આધાર; આધાર. 3 Any contrivance designed to hold fast: કંઈપણ મજબુત પકડનાર ઓજાર.4 Carved work resembling an anchor : લંગર-ના આકારનું કોતર કામ *To cast* a.: લંગર નાંખવું; લંગરવું *To weigh* a.: લંગર ઉપાડવું *At* a. લંગરેલું *vt.*1.To place at anchor:નાંગરવું; બંદર-કર 2. To fasten:મજબુત-દૃઢ કરવું;ઠોકવું *vi.*1.To come to anchor:લંગરવાર થવું 2. To fix or stop : સ્થિર થવું. અટકવું; ઓઠવું.

Anchorage (અૅન્કરેજ્)*n.*1A place for anchoring:લંગરવાની જગા;લંગરવાડો;ઓરવે .2 Anchor and all necessary tackle for anchoring: લંગરવા માટે જોઇતો સામાન, લંગર ઇ૦. 3 A duty on ships for anchoring in a harbour:બારામાં લંગર કરવા માટે લેવાતો કર;ખુટો. Ground of trust આધાર વિશ્વાસ રાખવાની વસ્તુ

Anchoret-ite,(અૅંકોરેટ્,અૅન્કોરાઇટ્)*n.*[Gr *ana,*back & *choreo,* I go]A hermit;recluse : વનવાસી; યોગી;તપસ્વી;યતિ; સન્યાસી; વાનપ્રસ્થ; બાવો; વૈરાગી.

Ancient,(અૅન્શેઅેન્ટ્)*a* [L. *ante,* before.]Old;that existed in former times: પ્રાચીન;પુરાતન; જુનું 2. Of great age;advanced in years અસલી; કુરાબુ;જુનું3 Experienced: versed:કાબેલ;નિપુણ;અનુભવી *n(pl)* Those who lived in former ages: પુરાતન કાળના માણસો; અસલના લોક; અસલી લોકો 2.(*a*) An aged man: a batriarch;Hence a governor; a ruler; a person of influence: વૃદ્ધ પુરૂષ; વડીલ પુરૂષ; રાજ્યકર્ત્તા; રાજા; સાવચમણો માણસ (*b*)Governors; rulers. રાજ્યકર્ત્તાઓ; રાજાઓ ; હાકેમો. 3.A flag; નિશાન;વાવટો ; ધ્વજ.

Ancillary,(અૅન્સિલૅારિ)*a.*[L *ancillaris,*a maid servant]Subordinate; auxiliary હાથ નીચેનું; તાબેદાર,તાબાનું;સાહાયકારક;મદદગાર.

Ancle (અૅન્કલ્)*n.* See (**ankle**)

Ancon-e,(અૅન્કોન્ કોન્) *n.* Elbow; angle:કોપરીયું 2 Bracket supporting a cornice:-console:ટેકો;લાકો.

And(અૅન્ડ)*conj.* A particle,connecting words or sentences together:અને;તથા;ને;હવે a.*then:*પછી.

Andante(અૅન્ડૅન્ટ્)*n* A movement with a moderate pace:વાજીત્રમાં વગાડવાની ધીમી તાલ

Androgynal ous(અૅન્ડ્રોજિનૅલ્ નસ્)*a* Having two sexes, male& female;hermaphroditic:ઉભયલિંગક.

Anecdotal ical,(અૅનેક્ડોટૅલ્-ટિકૅલ્) *a.*Pertaining to or abounding with anecdotes:વાર્તાસંબંધી;કહાણીને લગતું; આખ્યાયિક

Anecdote(અૅનેક્-ડોટ્)*n* [*Gr.a,*privek,away & *dolos,*given.] A biographical incident;a story;taleકોઇ ખાનગી જીવનચરિતની ટુંકી વાત; વાર્તા;કહાણી;કથા,આખ્યાયિકા ,ઉપાખ્યાન.

Anemometer (અૅનમૉમીટર્)*n.*A wind gauge:વાયુ બળ-વેગ માપક યંત્ર.

Anemoscope (અૅનીમૉસ્કોપ)*n* °A weathercock:વાયુ ગતિ દર્શક યંત્ર;પવન.

Anent-or Anenst,(અૅનેન્ટ્-નેન્સ્ટ્) *prep* About;concerning : વિશે; બાબત; સંબંધી; ઉદ્દેશીને. 2. Over against:સામા; સન્મુખ.

Aneurism,(અૅન્યુરિઝમ્)*n* [*ana,*up & *eurys,*wide]A soft pulsating tumor,caused by the dilatation of the coats of an artery.ધેરી નસના પડદાને નુકશાન થયે બધાએલા ગાંઠ.

Anew,(અૅન્યૂ)*adv.*Afresh;in a new form.ફરીથી;પાછું નવેસરથી;પુનઃ નવે નામે.

Anfractuous.(અૅન્ફ્રૅક્ટ્યૂઅસ્) *a.* Full of windings & turnings: વાંકુચૂકું; વક્રાકાર;સર્પાકાર;મરોડાકાર.

Anfracture, (અૅન્ફ્રૅક્ટ્યૂર) *n.* A mazy winding.ભુલભુલામણી.

Angel,(એઇન્જેલ્)*n.*[L. *angeles,*a messenger]A messenger : દૂત; બાતમીદાર 2 A spiritual being employed by God to communicate his will to man:દેવદૂત;ફિરસ્તો; સ્વર્ગદૂત. 3. An evil spirit: ભૂત; શેતાન 4.A beautiful person: ખુબસુરત માણસ;સત્પુરુષ.5 An ancient gold coin of England worth about 10 shillings.આશરે ૬૭ સિલિંગની કિંમતનો ઇંગ્લાંડના સોનાનો એક અસલી સિક્કો.a *of death.*મદદ 1. *Recording* a.:પવન રાજનો મહેતો; ચિત્રગુપ્ત

Angelic-cal, (અૅન્જેલિક્ કૅલ્) *a.* Heavenly;divine:દેવદૂત સંબંધી-સરખું;દેવતાઇ; સ્વર્ગીય.

Anger,(અૅન્ગર્)*n.*[L.*ango,*I trouble]Resentment; indignation;

rage;wrath;vexation : રીસ;કોપ; ક્રોધ;ગુસ્સો;રોષ;રાગ.*vt.* To provoke; to irritate:ગુસ્સે-ક્રોધાયમાન કરવું.

Angle,(ઍન્ગ્લ્)*n* [L *angulus*, a corner.]A corner;a nook : કોણ; ખુણો.2.A fishing tackle;a fish-hook:માછલાં પકડવાનો આકડો;ગલ. *A right* **a** :૯૦° અંશનો ખુણો; કાટખુણો. *An obtuse* **a**.પોહોળો ખુણો. *An acute* **a**.સાંકડો ખુણો. *A rectilneal or right-lined* **a**. બે સીધી લીટીથી થયેલો ખુણો;સીધી લીટી ખુણો. *Adjacent or contiguous* **a**.: પાસે પાસેના ખુણાઓ. *A curvilineal* **a** : બે વક્ર રેખાઓથી થયેલો ખુણો. *A solid* **a**. ત્રણ અગર વધુ સમતલ ખુણાઓ એક બિંદુએ મળવાથી થયેલો ખુણો,*Complimentary* **a** : કોટિકોણ. *Supplementary* **a**:સંપૂરકકોણ. *Vertical* **a**:માથાનો ખુણો;ઉન્નતાંશકોણ *vi*.1 To fish with a hook: આકડાથી માછલી પકડવી.**a** *for*:To intrigue; to scheme:લાલચ બતાવી મેળવવાનું કરવું;યુક્તિ રચવી;છળપ્રપંચ-દાવપેચ ખેલવા 2. To try to gain by some artifice: કોઇ પણ યુક્તિથી મેળવવાને ફાફા મારવાં.

Angler(ઍન્ગ્લર)*n*.One who fishes with an angle:ગલવતી માછલા પકડનાર.2. A kind of large fish:એક જાતની દરીઆઇ મોટી માછલી

Anglican,(ઍન્ગ્લિકન્)*a* English: અંગ્રેજ; ઇંગ્લાંડને લગતું. *n*. A member of the church of England: ઇંગ્લાંડના દેવળને એક માણસ.

Anglicism, (ઍન્ગ્લિસિઝમ્)*n*.The quality of being English; An English characteristic, custom or method:ઇંગ્રેજ હોવાનો-થવાનો ગુણ; ઇંગ્રેજનું લક્ષણ-રીત-રિવાજ અથવા પદ્ધતી.

Astound, (અૅસ્ટાઉન્ડ્) *vt.* To stun to stupefy: બહેર મારી જાય એવું કરવું; મૂર્છાગત કરી નાંખવું; ગભરાવી-અકળાવી નાખવું. 2 To astonish; to strike with amazement: અતિ આશ્ચર્ય ઉપજાવવું; હૈરત કરી નાંખવું.

Astounding, (અૅસ્ટાઉન્ડિંગ) *a.* Astonishing; amazing: હૈરત પમાડે એવું; આશ્ચર્યજનક, વિસ્મિત કરે એવું.

Astral, (અૅસ્ટ્રલ્) *a.* [L *astrum*, a star.] Starry; starlike: તારાના-સંબંધિ-જેવું **A.** *plane*: ભવલોક; પિતૃ લોક.

Astray, (અૅસ્ટ્રે) *adv.* out of the proper way: આડેમાર્ગે ભૂલાં; ગેરવલે; કુમાર્ગે; અવળે રસ્તે; ઉન્માર્ગે. To lead **a:** અવળે રસ્તે ચઢાવવું; કુમાર્ગે દોરવું. *Gone* **a:** ભુલાં પડેલાં.

Astriction, (અૅસ્ટ્રિક્શન) *n.* 1. Contraction: સંકોચવું તે; સંકોચન. 2. Constipation: બંધકોષ.

Astride (અૅસ્ટ્રાઈડ્) *adv.* [a + stride] With one leg on each side: બંને તરફ અકેકા પગ મુકીને; ફલંગીને; ઘોડો પલાણીને.

Astringe, (અૅસ્ટ્રિન્જ્) *vt* [L. *ad* & *stringo*, I draw tight.] To bind fast; to compress: ખેંચીને બાંધવું; સંકોચવું 2. To bind by obligation: ફરજ-ઉપકારથી બાંધી લેવું.

Astringency, (અૅસ્ટ્રિન્જેન્સિ) *n* Power of contracting or giving firmness: ખેંચી પકડવાનો-મજબુત કરવાનો-મજબુતી આપે એવો બંધકગુણ; ડરાશ; ડરાટ; કોઠાને મજબુતી આપે એવો બંધક ગુણ

Astringent, (અૅસ્ટ્રિન્જેન્ટ્) *a.* Binding: contracting: ડરૂ; મજબુત-કબજ કરે એવું; બંધક; સંકોચનશીલ. *n.* A medicine which contracts: ગાત્રોનો બંધકોષ કરે એવું ઓસડ; સ્તંભક

Astrologer, (અૅસ્ટ્રૉલૉજર્) *n.* One versed in astrology: જ્યોતિષ જાણનાર; જોશી; દૈવજ્ઞ; જ્યોતિષિક; નજુમી.

Astrologic-cal, (અૅસ્ટ્રોલૉજિક્-કૅલ્) *a* Pertaining to astrology: જ્યોતિષ-રમલ વિદ્યાને લગતું.

Astrology (અૅસ્ટ્રૉલૉજિ) *n.* [Gr. *astron*, a star & *logos*, discourse. The art of foretelling events by the situation & aspects of the stars: જ્યોતિષ, ગ્રહદશા-મહુર્ત જોવાની વિદ્યા; દૈવજ્ઞ વિદ્યા; નક્ષત્રવિદ્યા; ફળ જ્યોતિષ; નજુમ.

Astronomer, (અૅસ્ટ્રૉનોમર) *n.* One versed in astronomy: ખગોળવેત્તા; જ્યોતિર્વિદ્; જ્યોતિષિ.

Astronomic-cal, (અૅસ્ટ્રોનૉમિક્-કૅલ્) *a.* Pertaining to astronomy ખગોળ વિદ્યા સંબંધિ; ખગોળવિદ્યા પ્રમાણે કરેલું.

Astronomy, (અૅસ્ટ્રૉનોમિ) *n* [Gr. *astron*, a star & *nomos*, a law] The science which treats of everything of the heavenly bodies: ખગોળવિદ્યા; જ્યોતિષ શાસ્ત્ર સિદ્ધાન્ત જ્યોતિષ. 2 A treatise on, or Text-book of the science. ખગોળવિદ્યાનું પુસ્તક.

Astute, (અૅસ્ટ્યૂ) *a.* [L *astus*, craft.] Keen; subtle; wily; shrewd sagacious: ચતુર; કોડી બજરનું; અક્કલમંદ; નિપુણ; કાર્યદક્ષ ધૂર્ત; નીકડું; ખંધુ ઝીણું; વિચક્ષણ.

Astuteness, (અૅસ્ટ્યૂટ્નેસ) *n.* Cunning; shrewdness: વિચિક્ષણતા; ચતુરાઈ; નિપુણતા; કાર્યદક્ષતા; ધૂર્તતા.

Asunder, (અૅસન્ડર્) *adv.* Apart; separately; into parts: છૂટે છૂટે; અલગ; જુદું; વેગળું; જુદે જુદે; પૃથક; ઈતાયદ્.

Asylum (અૅસાઈલમ્) *n.* [Gr *sylon*, the right of seizure.] A place of refuge for criminals & debtors: શરણ-આશ્રમ-સ્થળ; આશરા; આશ્રય; ઓથ; પનાહ. 2. An institution for the care & relief of the unfortunate: ધર્મશાળા; અનાથગૃહ *Lunatic* **a.** ગાંડાઓની ઇસ્પીતાલ; દિવાનશાળા. **A.** *for animals*: પાંજરા પોળ.

At, (અૅટ્) *prep.* [L. *ad*.] Near: close to: પાસે; નજદીક; સમીપ; આગળ. 2. in a state of, engaged: માંહે; ઉપરથી. 3. By; on; with: થી; ઉપરથી; લીધે. 4. Towards: તરફ; ઉપર; સામું. 5. Occupied with: મા; માં રોકાયલું 6. In value: ના દરથી; પ્રમાણે; તાબારથી. **A.** *least*: ઓછામાં ઓછું; કશું નહિ તો: નિદાન. **A.** *large*: જુદે; મોકળું; સામટું; સમાટું. **A.** *present*: હાલમાં; હાલ. **A.** *pleasure*: મરજી-ખુશી પ્રમાણે. **A** *a* [illegible] નિયમિતપણે નેમ: ક્રમે કરે. **A** *sight*: દેખત. **A** *two months' sight*: બે મહિનાની મુદતે **A** *a* [illegible] રોકાયેલું **A** *best*: બહુ, બહોળે, **A** *first*: પ્રથમ પરોઢમાં **A** *last*: *length*: આખરે; ઓછા માં ઓછું. A. *most*: વધારામાં વધું; બહુ તો **A** *once*: એકદમ; તુર્તમાંને તુર્ત **A.** *sight*: દેખતાંજ મતા તત્કાળ; તરત મુદતનું. **A** *one* એકમતનું; એકજ વિચારનું. **A** *hand*: પાસે **A.** *times*: કોઈવાર વેળા.

Atheism (એથીઇઝમ્) *n.* [G. *a* priv. & *Theos* God.] The denial of the existence of God; Godlessness: નાસ્તિકતા; ઈશ્વર નિંદા; નિરીશ્વરવાદ.

Atheist (એથીઇસ્ટ્) *n.* An infidel; unbeliever; નાસ્તિક; અનીશ્વરવાદી.

Atheistic-cal (એથીઇસ્ટિક કૅલ્) *a.* Pertaining to atheism: નાસ્તિકના મત સંબંધી 2 Impious; godless: દેવ નિંદા કરનાર; પાપી; નાસ્તિકવૃત્તિ વાળો.

Athirst, (અૅથર્સ્ટ્) *a* Thirsty; wanting drink: તરસ્યું; પ્યાનું; પિપાસીક. 2. Desirous; eager; longing: આતુર.

Athlete, (અૅથ્લીટ્) *n* [Gr. *athlos* a contest.] A prize fighter; a champion: જીત માટે લડનાર; પહેલવાન; મલ્લ; તાલીમબાજ. 2 One fitted to, or skilled in intellectual contests: વાદવિવાદમાં કુશળ પુરુષ.

Athletic, (અૅથ્લેટિક્) *a.* Relating to exercises: કસરત સંબંધિ 2. Robust; strong; muscular; vigorous: મલ્લકીડા સંબંધી; મલ્લ; લઠ્ઠ; તાલિમબાજ; બળવાન; જોરાવર. **A.** *sports*: કસરત; જોર; કુસ્તી. 3. (*pl.*) The art of training by athletic exercises: મલ્લવિદ્યા; અંગ કસરત વિદ્યા.

Athwart (અૅથ્વૉર્ટ્) *adv* Sidewise obliquely: આડા રીતે, આડી તરફે. 2. Across the course; perversely: આડાઅવળા રીતે, વિપરીતપણે, પજવવા માટે; ગેરશિસ્તે *prep.* Across: વાંકું આડું

Atlantean, (અૅટ્લૅન્ટિઅન) *a.* 1. pertaining to the isle of Atlantis: એટલૅન્ટીસ ટાપુને લગતું. 2 Resembling Atlas: આટલાસ પર્વતના જેવું: hence, gigantic: અતિ મોટું; રાક્ષસી.

Atlantic, (અૅટ્લૅન્ટિક) *a.* The ocean between Europe & America: અમેરિકા અને યુરોપ વચ્ચેનો આટલાંટિક મહાસાગર. Of, or pertaining to the side of Atlantic: આટલાં-

...ત પટનું-સબંધિ. 3. Descended from Atlas: આટલાસ પર્વતમાથી ઉતરેલું-નીકળેલું ઉત્પન્ન થયેલું.

Atlas, (ઍટ્‌લૅસ્)*n.* A collection of maps in a volume: નકશાનું પુસ્તક. 2. A volume of plates: છાપ; ચિત્રનું પુસ્તક 3. A silk satin: એક જાતની સાટીન. 4. A kind of large drawing paper: ચિત્રો કે ઢબાનો એક જાતનો મોટો કાગળ. 5. One who sustains a great burden: ભારે બોજો ઉચકી રાખે એવો; રાક્ષસ-પુરૂષ.

Atmosphere, (ઍટ્‌મોસ્ફીર્)*n.* [Gr. *atmos*, smoke & *sphaira*; sphere.] The air surrounding the earth: વાતાવરણ; ગગન; આકાશ; અંતરિક્ષ; વાત; વાયુચક્ર; મંડળ. 2. Any surrounding influence: આવરણ; વાતું; તત્ર; આમલો.

Atmospheric-cal, (ઍટ્‌મોસ્ફેરિક્‌કૅલ્)*a.* Pertaining to atmosphere: વાતાવરણસંબંધિ; વાયુચક્રસંબંધી; આંતરીક્ષ; વાયવ; આકાશીય. 2. Caused or operated on, by the atmosphere: વાતાવરણથી થયલું ની અસર થયેલી. **A.** *stones*: હવામાથી પડેલા પત્થર

Atom, (ઍટોમ્)*n.* [*Gr.a*, not & *temno*, I cut] An indivisible particle; a molecule: અણું; પરમાણું રજ; કણ; રેશ. 2. Anything extremely small: અતિ સૂક્ષ્મ પદાર્થ; રજ; ધૂળ-અંશ; છાંટો; સ્ફેજ; લેશમાત્ર.

Atomic-cal, (ઍટૉમિક્‌કૅલ્)*a.* Pertaining to, or consisting of atoms; extremely minute: અણુનું સંબધિ; ઝીણું; પરમાણુમય; સૂક્ષ્મ **A**tomic theory: પરમાણુવાદ.

Atone, (ઍટોન્)*vi* [L *ad*,& *unus*, one.] To agree: (*obs.*) મળતા આવવું; અનુકુળ-એકમત થવું 2. To make reparation or amends for an offence or a crime: નુકશાન ભરી આપવું; બદલો-સાટું વાળવું; અવેજ આપવો. *vt.* To reconcile (*obs.*) સલાહ-સમાધાન કર 2 To expiate: પ્રાયશ્ચિત-પાપ નિવારણ કર.

Atonement, (ઍટોન્‌મેન્ટ્)*n.* Expiation; reparation: પ્રાયશ્ચિત્ત; પાપ નિવારણ. 2 Reconciliation; concord: મેળાપ; સમાધી, સમાધાન મેળ

Atrocious (ઍટ્રોશ્યસ્)*a* Extremely heinous or cruel; flagitious: અતિદુષ્ટ; મહાપાપી; ઘોર; ઉગ્ર; અતિ પાપી; પાપિષ્ઠ-કૂર

Atrocity, (ઍટ્રોસિટિ)*n* [L *atrox* cruel] Enormous wickedness ઘોર દુષ્ટ કર્મ; મહાપાપ; ક્રૂરતા; ઘોરતા; 2. An extremely cruel deed: ઘોર-નિર્દય કર્મ; મહાપાપ

Atrophy, (ઍટ્રફિ)*n.* [Gr *a*, priv &*trepho*, I nourish.]A wasting away for want of nourishment emaciation: ખોરાક વગર નિર્બળ થવું તે; કમતાકાતી; શરીરની ક્ષિણતા; કૃશાંગ; કાંતા રો ; શરીર-સોષણ; શરીરનું ગળવું

Attach, (ઍટ્‌ટૅચ્)*vt.*.[L. *ad*&*taca* peg, nail.]To bind: to fasten: બાંધવું; જોડવું; સાંધવું; સામેલ કર. ચોહોટાડવું 2. To take by legal authority કલમ બજિ-જપ્તિ લાવવી; ટાંચ મારવી; જપ્ત કર. 3.(*a*) *To* take, seize & lay hold on by force: બળાત્કારથી લેવું-પકડવું-ઝાલવું; hence, (*a*) to win the heart of.મનહરી લેવું; તરફ ખેચવું-દોરવું; પ્રીતિ કરાવવી; સ્નેહ સંબંધ બંધાવવો; વશ કર.4 To connect (in a figurative sense). to ascribe; to attribute: માનવું; ધારવું; ગણવું; લેખવું. 5 to connect: to appoint; to assign by authority: નીમવું; ના ઉપર મુકવું; જોડવું. *To* **a**. *great importance to*: ઘણું અગત્યનું ગણવું. *vi* To adhere: માં હોવું; વળગેલું-લાગેલું હોવું. 2. To vest: માલમી તથા કબજાનો હક આવવો; હવાલે થવું

Attachable, (ઍટ્‌ટૅચેબલ્)*a.* Capable of being attached: જોડાય-વશ જપ્ત કરી શકાય એવું.

Attache, (ઍટ્‌ટૅશે)*n* One attached to the suite of an ambassador: રાજાના એલચીનો કોઈ એક ચાકર-ખીજમતદાર.

ttachment, (ઍટ્‌ટૅચમેન્ટ્)*n.* Adherence; fidelity; affection: વળગણ; પ્રીતિ; સ્નેહ; પ્યાર; ભાવ; અનુરાગ; આસક્તિ, ભક્તિ; સંબંધ; ભાવ. 2. A seizure: ટાંચ-જપ્તિ; કલમબધી **A**. *before judgment*: કાચી કલમબંધી-ટાંચ. 3. connection: સંબંધ; સાધો; જોડાયલો-વળગેલો પદાર્થ.

Attack, (ઍટ્‌ટૅક્)*vt* [L.Same, as *attach.*] To fall upon as with arms or force; to assault: તુટી પડવું; હુમલો-ચઢાઈ કર. 2. To fall upon with unfriendly words or writing; to begin a controversy with: વાદવિવાદ કર; લઢવું; લઢત ચલાવવી; સામે લખવું; ના ઉપર ઉતરી પડવું. ઉકરાર શરૂ કર. 3 (*chem*) To begin to dissolve by chemical agents: રસાયણી પદાર્થોથી પિગલાવવા માંડવું 4 To set to work upon an object of labour or investigation: કામ હાથમાં ધરવું; કરવા મંડી જવું. *n.* An onset; an invasion: ચઢાઇ; હલ્લો; ધાવો; હુમલો; ધાડ; દરોડો. **A.** *of robbers* ધાડ; દરોડો.

Attain, (ઍટ્‌ટેન્)*vi* [L.*ad* to&*tango*, I touch] To arrive by motion, bodily exertion or efforts: to reach: પહોંચવું; આવી પહોચવું; સુધી જઈ પહોચવું. 2. To arrive by an effort of mind; to reach: પ્રાપ્ત થવું; સંપાદન થવું *vt.* To achieve; to gain: પહોચવું મેળવવું; સંપાદન-કર; 2 To equal: બરોબર થવું; સરખા ઉતરવું. *Easy to* **a**: સુલભ. *Difficult to* **a**. દુર્લભ; દુષ્પ્રાપ્ય 3. To arrive at: આવી પહોચવું-લાગવું.

Attainable, (ઍટ્‌ટેનબલ્)*a* Capable of being attained: પહોંચી મેળવી શકાય એવું; સાધ્ય; પ્રાપ્ય.

Attainder (ઍટ્‌ટેન્‌ડર્)*n.* The extinction of the civil rights and capacities of a person, consequent upon sentence of death or outlawry: દેહાંત દંડની અગર બહારવટીઆની સજા થવાથી કાયદા પ્રમાણે વારસો અગર કોઈ પણ હક રહે નહિ એવી ભ્રષ્ટતા; કલંક; લાંછન; ડાઘ; ભટ્ટો.

Attainment, (ઍટ્‌ટેન્‌મેન્ટ્)*n.* The act of attaining; acquisition: મેળવવું તે; પ્રાપ્તિ; સંપાદન; લાભ 2.(*pl.*) Mental acquirements: knowledge: જ્ઞાન; જાણ ઉકેળ; નિપૂણતા; પાંડિત્ય. Acquirement: સંપાદન કરેલા ગુણ. *A Man of rare* **a**s: અલૌકિક ગુણનું માણસ.

Attaint, (ઍટ્‌ટેન્ટ્) *vt.* [L.*ad* & *tango*, touch.]1. To stain; to disgrace: ખટ્ટો-કલંક લાંછન-દૂષણલગાડવું; કલંકિત કર. 2. To corrupt: ભ્રષ્ટ કર; બગાડવું. 3. (*law*). To subject a person to the legal condition formerly resulting from a sentence of death or outlawry, pronounced in respect of treason or felony: જુના રાજદ્રોહી ગુન્હાને માટે ગુન્હેગાર ઠરવાથી દેહાંતદંડ કે બહારવટી-આપણાનાં સજાને કોઇ માણસ પાત્ર થવાથી તેને કાયદો લાગુ પાડવો *n.* Taint; spot: ડાઘ; દોષ; કલંક; લાંછન; ભટ્ટો. 2.(*law*) A writ which lies after judgment to inquire whether a jury has given false verdict જ્યૂરીએ ખોટો ચૂકાદો મત આપ્યો કે કેમ તેનો તપાસ માટે જજમેંટ ઠરાવ્યા પછી નિકળેલ હુકમ ચિઠ્ઠી. 3. A touch or bit: ટકોરો, સ્પર્શ, જરા અડકવું તે.

Attemper, (ઍટ્‌ટેમ્પર્)*vt.* [L.*ad*& *tempero*, I soften [To modify; to reduce: ઘટાડવું; શમાવવું; ઓછું કર. 2. To soften; to soothe; to moderate: નરમ કર; શાંત કર. 3. To mix in

just proportion;to regulate:બરાબર પ્રમાણમાં મેળવવું;નિયમમાં આણવું;અનુકૂળ કરવું; અનુસરવું કરવું; માફક આવે એવું કરવું 4. To accommodate;to make suitable: બંધબેસતું કરવું; રાજમાં લાવવું.

Attemparate, (ઍટ્ટેમ્પરેટ) *a.* Proportioned;suited; adapted: સપ્રમાણ;માફકસર;અનુકૂળ; યોગ્ય.

Attempt (ઍટ્ટેમ્પ્ટ) *vt.&vi* [L *ad & tempto,* I try] To try;to endeavor: યત્ન-પ્રયત્ન-પ્રારંભ-કોશીશ કરવું;મથવું;તજવીજ કરવી-વાતું કરવું; અજમાવવું 2 To attack: હલ્લો-હુમલો કરવો.3. To try to win; subdue,or overcome: જીતવા કે વશ કરવા પ્રયત્ન કરવો.*n.* Effort;trial: અજમાયશ;તજવીજ;મથન;પ્રયત્ન;આરંભ;ઉદ્યોગ;પ્રવૃત્તિ.

Attend,(ઍટ્ટેન્ડ) *vt.* [L. *tendo,*I stretch.] To give heed to; to regard(obs.): કાને ધરવું;લક્ષમાં લેવું; સાંભળવું;ગણકારવું.2. To go or stay with;to wait on;to serve:સાથે જવું આવવું-રહેવું હાજર રહેવું; ચાકરી-સેવા કરવી; ખિજમતમાં રહેવું;તહેનાતમાં રહેવું.3. To be present with;to accompany: હાજર હોવું;માં રહેવું; સાથે હોવું. 4. To be present at: હાજર થવું; માં જવું. 5. To care for; to look after;to watch over:સંભાળ રાખવી;જતન કરવું; રખેવાળી કરવી; ના ઉપર; નજર રાખવી *vi.(to)*1.To consider; to give heed to (*on,upon*):ધ્યાન આપવું;મન લગાડવું; સાંભલવું; લક્ષ દેવું. 2. To accompany; to wait on: ખિજમત-સેવા ચાકરીમાં રહેવું.3. [*with to*]To take charge of;to look after: ધ્યાન રાખવું;જોવું;તપાસ રાખવી.

Attendance,(ઍટ્ટેન્ડન્સ)*n.* The act of attending; service: હાજર રહેવું તે; હાજરી;ચાકરી;સેવા; ખિજમત; સન્નિધાન;ઉપચાર;શુશ્રુષા.2. Persons attending; train; retinue: હાજર રહેનાર માણસો;હાજરી;મેળાવો; સ્વારી. 3.Attention;regard: લક્ષ; ધ્યાન; મન; ચિત્ત.

Attendant,(ઍટ્ટેન્ડન્ટ) *a.* Being present: જનાર-આવનાર; સહગામી; સહચારી;સાથે રહેનાર;અનુચર. 2. Accompanying,consequent: લગતું; પરિણામી;અનુષંગી;અનુષંગિક.*n.*Companion;servant; સેવક;સાથી; ચાકર; અનુચર; ખિજમતદાર;અનુયાયી;પરિવાર. 2. concomitant: અનુષંગી;જોડે બનનાર વસ્તુ;સહગામી-ચારી પદાર્થ.3. One who is present: હાજર રહેનાર; આવનાર.

Attention (ઍટ્ટેન્શન)*n.* Heed: care;application;consideration: લક્ષ.ચિત્ત;મન;અપ્રમાદ; ધ્યાન; પરાયણતા **A.***to* one object: એકાગ્રતા; એકાગ્રચિત 2.Act of civilty or courtesy:આદરમાન; સત્કાર;આગતાસ્વાગતા. 3.Notice; special consideration: ખબર;નાબ;દરિયાફ્ત;સુ સરી;વિચાર

Attentive, (ઍટ્ટેન્ટિવ્) *a* Mindful;watchful,observant; regarding with care:સાવધ;ધ્યાન રાખનું; ચોકસ; સાવધાન;અપ્રમત્ત તત્પર; એકચિત; સત્કારયુક્ત.2. Heedful of the comfort of others; courteous: સભ્યતાવાળું;પરોણાગત કરે એવું.

Attentively, (ઍટ્ટેન્ટિવ્લિ) *adv.* Carefully;intently: લક્ષપૂર્વક; ધ્યાન-ચિત રાખીને; સાવધાનતાથી.

Attenuate,(ઍટ્ટેન્યૂએટ્) *vt.*[L.*ad & tenuo,* I make thin] To make thin;to render less viscid;to subtilize: ઝીણું પાતળું-બારીક કરવું. 2 To lessen the force or value of;to weaken: નરમ કરવું;નબળું કરવું *vi* To become thin,slender or fine:પાતળું -બારીક-ઝીણું-નાજુક સુંદર થવું; કૃશ-ક્ષીણ-એાછું થવું; ઘટવું.*a.ed.*કૃશ;ક્ષીણ

Attest,(ઍટ્ટેસ્ટ્) *vt.*[L *testis,*a witness.] To certify; to bear witness to: સાક્ષી પુરવી-કરવી; સાહેદી આપવી.2 To give proof of: થી દાખલો મેળવવો;-થી સિદ્ધ કરવું;ની સાબેતી આપવી;-થી જણાઇ આવવું; પ્રગટ થવું;નું પ્રમાણ મળવું;બતાવવું. 3. To call to witness: સાક્ષી રાખવું.

Attestation,(ઍટ્ટેસ્ટેશન)*n.*Testimony;evidence: સાક્ષી;પ્રમાણ;સાખ; પ્રત્યક્ષ પ્રમાણ.

Attester or **Attestor,**(ઍટ્ટેસ્ટર્) *n.* One who attests: સાક્ષી; સાક્ષી આપનાર-કરનાર.

Attic,(ઍટ્ટિક્)*n.* The uppermost story of a house:ઘરનું કાતરિયું.2.An Athenian;an Athenian author: આથેન્સનો રહીશ; આથેનિઅન ગ્રંથકાર. *a.* Pertaining to Athens: આથેન્સ શહેરને લગતું 2.Having the qualities of Athenians; pure;classical;elegant: સફાઇદાર;સુંદર

Attire,(ઍટ્ટાઇર્)*vt.* To dress;to array; વસ્ત્ર-પોશાક પહેરાવવો;શણગાર સજાવવા.*n.* Clothes; ornamental dress: વસ્ત્ર;સુંદર પોશાક;વેશ; પરિધાન;અલંકાર;આભરણ.2- The antlers of a stag or deer: મૃગનાં શીંગડાં

Attitude,(ઍટ્ટિટ્યૂડ્)*n.* [L.*apto,* I fit.] Posture of a person:શરીરનું ચોક્કસ સ્થિતિ;પ્રસ્થાન; આકાર; અભિનય; ઢબ;ઢોળ; આસન; વૃત્તિ; અવસ્થા;ભાવ. (*b*) Position assumed to serve a purpose: ભાવ;વલણ;વૃત્તિ As *hostile* **a**: વૈરભાવ; વિપક્ષવૃત્તિ 2.Position of things: દેખાવ;આકાર.3. The posture in which a figure or statue is placed: ઢોળ. *An* **a.** *of terror*:લીવેરું હોય એમ જણાઇ આવે એવો આકાર; ઢબછબ;અભિનય સહિતની સ્થિતિ.

Attolent, (ઍટ્ટોલ્લેન્ટ્)*a.*[L.*ad, to tollo* I lift or raise.]Raising;lifting; ઉપર ઉચકનારું-ચઢાવનારું.

Attorney, (ઍટ્ટર્નિ)*n.* [L *ad & torro,* I turn.] One who takes the place of another: મુનીમ; મુખત્યાર;પ્રતિનિધિ 2 One who is legally appointed by another to transact any business for him: આડતીઓ;-તરફનો માણસ; પ્રતિનિધિ. (*b*) A legal agent qualified to act for suitors and defendants in legal proceedings: મુખત્યાર; વકીલ *Power, letter or warrant of* **a**:વકીલાત મુખત્યારનામું.

Attract,(ઍટ્ટ્રૅક્ટ)*vt.*[L.*ad&traho* I draw.] To cause to adhere;to draw to: ખેચવું;આકર્ષણ કરવું; તાણવું. 2.To allure; to invite: લલચાવવું; મોહ પમાડવું; મન હરવું આકર્ષવું. (*a*) To draw by moral influence; to engage or fix: ખેચવું; ના ઉપરજવું.

Attractable,(ઍટ્ટ્રૅક્ટબલ્)*a.* suceject to an attraction;ખેચાય એવું; આકર્ષણીય

Attraction, (ઍટ્ટ્રૅક્શન્) *n.* The force which draws bodies toward each other: આકર્ષણ શક્તિ; મોહ.2.Enticement,charm: મોહ; મોહકરૂપ;મનોહર સ્વરૂપ; પ્રલોભન. **A.** *of gravitation*: ગુરૂત્વાકર્ષણ. *mag.netic* **a.** ચૂબકાકર્ષણ. *cohesi e* **a.** સિનગ્રાકર્ષણ;સબધાકર્ષણ. (3) *capillary* **a.**: કશાકર્ષણ.(4)*chemical or affinity,* સ્નેહાકર્ષણ.રસાયનપ્રીતિ.(5) *Electrical* **a**: વિદ્યુદાકર્ષણ. *Adhesive* **a**. અવલ બાકર્ષણ;પૃષ્ઠાકર્ષણ.

Attractive, (ઍટ્ટ્રૅક્ટિવ્) *a.* Having the power of drawing:આકર્ષક; આકર્ષણશીલ.2. Engaging; alluring: મનમોહક;મોહક; મનોહર; ચિત્તાકર્ષક; પ્રલોભક. *n.* An attraction: an allurement: મોહિની; મોહની; આકર્ષણ;મોહક વસ્તુ.

Attractiveness,(ઍટ્ટ્રૅક્ટિવ્નેસ)*n.* Power of attracting:ખેચવાની શક્તિ;મનોહરપણું;મનોહરતા; આકર્ષકતા.

Attractor,(ઍટ્ટ્રૅક્ટર્)*a.*One who attracts:ખેચનાર;મોહનારું;આકર્ષ-

ણ કરનાર; મોહન.

Attrahent, (ઍટ્રેહેન્ટ) *a.* See

Attractive, *n.* That which attracts, as a magnet: લોહચુંબક જેવું ખેંચનાર.

Attributable, (ઍટ્રિબ્યૂટેબલ) *a* Imputable; ascribable; લગાડવા જોગ; આરોપ્ય; આરોપણ કરવા યોગ્ય.

Attribute (ઍટ્રિબ્યૂટ) *vt* [L. *ad & tribuo.* 1 bestow.] To assign; to impute: ને લીધે છે અમ માનવું; લગાડવું; કારણ જાણવું; આરોપવું; ઠેરવવું *n.* (*Gram.*) property; quality: ધર્મ; ઉપાધિ; ગુણ. Divine *attributes*: અષ્ટસિદ્ધિ

Attribution (ઍટ્રિબ્યૂશન) *n* 1 Quality ascribed: ગુણ બતાવવો તે. 2. That which is ascribed: લગાડ્યું હોય તે; આરોપ; આરોપણ.

Attributive (ઍટ્રિબ્યૂટિવ) *a.* Attributing: ગુણ દર્શક; લગતું; વાચ્ય; વિશેષણ. *n.* A word expressing quality: વિશેષણ.

Attrite, (ઍટ્રાઈટ્) *a.* [L. *tero,* I rub.] Worn by friction: ઘસાઈ ગએલું. 2. (*Theo.*) Repentant from fear of punishment: શિક્ષાના ડરથી પશ્ચાતાપ કરે એવું.

Attrition, (ઍટ્રિશન) *n.* [L. *ad & tero,* I rub] Act of wearing; abrasion: ઘસવું તે; ઘસારો; ઘર્ષણ; સંઘર્ષ: ક્ષય. 2. Grief for sin arising only from fear of punishment: અનુતાપ; પશ્ચાત્તાપ; અનુશય.

Attune, (ઍટ્યૂન) *vt.* To put in tune, to adjust: રાગ સુર મેળવવો-તારવો. 2. To make accordant: મળતું-જમતું બંધ બેસતું કરવું; અનુકૂળ કરવું.

Auburn, (ઓબર્ન્) *a.* Reddish brown: રતાસપર ભૂરો; રાતું ભૂરું; ગૌર; પાંડુવર્ણ; ભગવું.

Auction, (ઓક્શન) *n.* (L. *augeo,* I increase.] A public sale of property to the highest bidder; a voudue: હરાજી; લિલામ. 2. Things sold by, or put up to, auction: હરાજમાં વેચેલા કે મુકેલો ચીજો.

Auctioneer (ઓક્શનીર) *n.* A person who sells at auction: હરાજી-લિલામ કરનાર.

Audacious, (ઑડેશસ) *a* [*audax,* bold.] Bold; intrepid; impudent: insolent; presumptuous: બહાદૂર; નિર્ભય; છાતીવાલો; દુષ્ટ કર્મ કરવામાં ધીટ-બે અદબ-બહાદૂર; ઉદ્ધત; નિર્લજ; બેઅદબ; સાહસિક; ધૃષ્ટ. 3. Committed with daring effrontery or contempt of law: કાયદાને ન ગણકારીને ઉદ્ધતપણાથી કરેલું.

Audaciousness, (ઑડેશસનેસ) *n.* Insolence; effrontery: બે અદબી; ઉદ્ધતાઈ; નિર્લજતા.

Audacity, (ઑડૅસિટિ) *n.* Daring spirit; resolution or confidence ઉદ્ધતાઈ; બે અદબી; ધૃષ્ટતા; નિર્લજતા. 2. Presumptuous impudence; reckless daring: નિર્લજ ઉદ્ધતાઈ; નફટાઈ

Audible, (ઑડિબ્લ) *a.* [L. *auris,* ear.] Capable of being heard: સાંભળી શકાય એવું; સ્પષ્ટ; શ્રવણ-કર્ણ ગોચર; શ્રાવ્ય

Audibly, (ઑડિબ્લિ) *adv.* In an audible manner: સંભળાય એવી રીતે

Audience, (ઑડિએન્સ) *n.* A hearing: શ્રવણ; સાંભળવું તે. 2. Admittance to a hearing; reception to an interview: સાંભળવા સારૂ મુલાકાત; શ્રવણાર્થ દર્શન. 3 An Auditory: દર્શન સાંભળનારા; શ્રોતાજન; શ્રોતા; પ્રેક્ષકો; *To give* a.: સાંભળવું a: *chamber*: દર્શનગૃહ.

Audit, (ઑડિટ્) *n.* [L. *audio,* I. hear] (*a*) Examination in general: તપાસ; તપાસણી; પરીક્ષા. (*b*) Examination of accounts: હિસાબની તપાસણી. 2. A final account: તપાસેલો હિસાબ; નક્કી કરેલો હિસાબ. *vt.* & *vi* To examine & adjust an account: હિસાબ તપાસી નક્કી કરવો.

Auditor, (ઑડિટર) *n* A hearer: શ્રોતા; સાંભળનાર; શ્રવણ કરનાર. 2. A person appointed to audit an account: હિસાબ તપાસનાર-લેનાર; ઑડિટર

Auditory, (ઑડિટૉરિ) *a.* (*a*) Having the power of hearing: શ્રવણ શક્તિ વાળું. (*b*) Pertaining to the sense of hearing: શ્રુતિ વિષયક-સંબંધિ; શ્રવણ સંબંધિ. *n.* An assembly of hearers; an audience: સાંભળનારી મંડળી; શ્રોતા; શ્રોતૃમંડળ. 2. Place for lectures: ભાષણ-વ્યાખ્યાન મંદીર-શાળા; વ્યાખ્યાનગૃહ.

Auger, (ઓગર) *n.* A carpenter's instrument for boring large holes: સારડી; નેપણ; ગીરમીટ; રાહડી

Aught, (ઑટ્) *n.* Any thing; any part: કંઈ પણ વસ્તુ. *adv.* At all; in any degree: જરા પણ; બીલકુલ.

Augment, (ઑગમેન્ટ્) *vt.* [L *augeo,* I increase.] To increase; to swell વધારવું; વૃદ્ધિ કરવું. *vi.* To grow larger: વધવું; વૃદ્ધિ થવી. *n.* Increase; enlargement: વૃદ્ધિ; વધારો. 2. (*Gram.*) A sign of past time: આગમ; આપ્તોક્તિ.

Augmentation, (ઑગમેન્ટેશન) *n.* The act of augmenting: વધારવું તે; વર્ધન. 2. The state of being augmented: વૃદ્ધિ. 3. The thing added: વધારો; સમુન્નતિ.

Augmentative, (ઑગમેન્ટેટિવ્) *a.* Having the quality of increasing: વધારો કરે એવું. *n.* A derivative word denoting an increase: વૃદ્ધિદર્શક; શબ્દ નામ.

Augur, (ઑગર) *n.* [L. *avis,* a bird] A soothsayer; a foreteller: શુકન જોઈને ભવિષ્ય કહેનાર; દૈવજ્ઞ; શુકન જોનાર; નવિષ્ય જોનાર. *vt.* To predict by signs; to prognosticate; to foreshow: અનુમાન-તર્ક કે અટકળ બાંધવી; થી જણાઇ આવવું; દિગદર્શન થવું; ભવિષ્ય ભાખવું-બાંધવું; થી અટકળ બાંધી શકાવી. *vt.* To forebode; to presage: નું ભવિષ્ય ભાખવું-કહેવું.

Augural-ial, (ઑગ્યૂરલ્ રિઍલ) *a.* Pertaining to augury: શુકનસંબંધિ.

Augury (ઑગ્યૂરિ) *n.* A prediction: ભવિષ્ય વર્ત્તવું તે. 2. Art of foretelling events: ભવિષ્ય કહેવાની વિદ્યા; શકુન જોઈને ભવિષ્ય કહેવાની વિદ્યા.

August, (ઑગસ્ટ્) *a.* Majestic; solemn; grand; awful: પ્રતાપી પ્રૌઢ; પ્રભાવશાળી; પ્રભાવકાદાર; તાપથ્ય ળી; ગ્હેાટું. *n.* The eighth month of the Christian year: અંગ્રેજી વર્ષનો ૮ મો મહિનો; અગસ્ટ.

Augustan, (ઑગસ્ટન) *a* Pertaining to *Augustus* or to his time: આગસ્તસ પાદશાહ વિષેનો વખતનું.

Aunt, (આન્ટ્) *n.* The sister of one's father or mother. ફોઇ, માસી. 2. Wife of the brother of one's father or mother: કાકી; મામી.

Aura, (ઑર) *n. pl* aurae [Gr. *ao* I blow] Any subtile, invisible fluid: પદાર્થમાંથી નિકળતી મનાતી તેજ જેવી વસ્તુ; તેજ પુંજ; દીપ્તિ; પ્રભા.

Aurated, (ઑરેટેડ) **Aureate** (ઑરીએટ્) *a.* [L. *aurum gold*] Gold-colored; gilded; golden: સોનાના જેવું; સોનેરી; પીળું; ઢોળ ચઢાવેલું.

Aureola-e, (ઑરીઑલે-ઑલ) *n* A circle of rays; halo of light: કીર્તિનું ચક્ર; કીર્તિનું તાજ; તેજોમંડલ

Auricle, (ઍરિકલ) *n* [L. *auris,* an ear.] (*a*) The external ear: બહારનો કાન. (*b*) One of the two muscular sacs situated at the base of the heart: હૃદયની નીચેની બે કોથલીમાંની એક. 2. A kind of ear trumpet: વધારે સારી રીતે સંભળાય એવી તરેહનું કાને રાખવાનું એક જાતનું ભૂંગળું; કાનની ભુંગળી.

Auricula, (ઑરિક્યૂલ) *n.* Species of

primrose:એક જાતનું ગુલાબનું ફુલ.2. A genus of the shell of snails: ગોકળગાયના શંખલાની એક જાત.

Auricular,(ઓરિક્યૂલર)*a.* Pertaining to the ear: કર્ણ સંબંધિ; કાનનું-વિષેનું.2.Secret: કાનમાં કહેલું; ગુપ્ત; કર્ણોપદિષ્ટ.3.Known by the sense of hearing:સાંભળેલું દીઠેલું નહિ તેવું;કને પડેલું 4.Traditional; known by report:કાનોકાન આવેલું ઉતરેલું;પરંપરાગત;આખ્યાયિક. 5 Pertaining to the auricles of the heart: હૃત્યની કોથળીઓને લગતું-વિષેનું.

Auriferous,(ઓરિફરસ)*a* [L. *aurum gold* & *fero*, I bear] Producing gold;gold bearing:સોનાનું;સુવર્ણમય; સોનું નીકળે તેવું.

Auriform,(ઓરિફૉર્મ)*a* Earshaped: કાનના આકારનું; કર્ણાકાર.

Aurora,(ઓરોરા)*n.*(L.)The dawn of the day: પ્રાતઃકાળ; અરૂણ; પરોઢ; વાયું. **A.** *borealis*: northern lights: ઉત્તર ગોળાર્ધમાં થતો પ્રકાશ-નો ઉદય સુમેરૂ જ્યોતિ:**A.**australis, southern daybreak:દક્ષિણ ગોળાર્ધમાં થતો પ્રકાશ;અરૂણોદય; કુમેરૂ જ્યોતિ.2.The rise; dawn or beginning: પ્રારંભ; પ્રાતઃકાળ; ઉદય.

Auscultation,(ઓસ્કલ્ટેશન)*n.*[L. *auris*,ear & *colo*, I use.]A method of discovering diseases by applying the ear to a tube in contact with the chest:છાતી ઉપર ભુંગળી મુકી તેને કાન લગાડી રોગ પારખવાની રીત.

Auspice,(ઓસ્પિસ)*n.*[L. *avis*, a bird & *specio*,I look.] The omens drawn from birds;augury: પક્ષિની ગતિપરથી લીધેલા શુકન; નિમિત્ત;પૂર્વલક્ષણ.*of good &evil* **a.**; માંગલિક અમાંગલિક.2.(*pl.*) Favour;protection; patronag: કૃપાદૃષ્ટિ; આશ્રય;નેકનજર;હિમાયત;અનુગ્રહ;પ્રસાદ.

Auspicious,(ઓસ્પિશસ)*a* Having good omens: શુભ મંગળ;સુલક્ષણ સંપન્ન;ભદ્ર; માંગલિક; મુબારક; કલ્યાણકારી.2. Prosperous; fortunate;favourable;propitious: આબાદ;શ્રેયસ્કર;શુભાગ્રહ;યશસ્વી; યશસ્કર; અનુકુળ;દયાળુ;કૃપાળું;પ્રસન્ન; કલ્યાણકારી

Auspiciously,(ઓસ્પિશસ્લિ)*adv.* Happily;favourably: મુબારક-શુભ રીતે;શુકનપૂર્વક; અનુકૂળતાથી;શુભ ક્ષણે.

Austere,(ઓસ્ટીર)*a* . Gr.*austeros* harsh] Sour and astringent; rough to the taste: ખાટું;તુરું;રૂક્ષ. 2.Severe;rigorous: કઠોર;આકરું;સખ્ત;કરડું;તીવ્ર;ઉગ્ર;નિર્દય;કઠણ. 3. Unadorned: severely simple:વગર શણગારનું-બનાવટનું;તદ્દન સાદું;સાદું;

Austereness(ઓસ્ટીર્નેસ)*n.*Harshness in taste:તુરાશ;ખટાશ; રૂક્ષતા; કરડાપણું. 2. Austerity, (which see.)

Austerity,(ઓસ્ટેરિટિ)*n* Severity of manners or life;harsh discipline: આકરાપણું;કઠોરતા વૈરાગ્ય; ઉગ્રતા;તપશ્ચર્યા; તપ; દેહદમન. *Power-acquired through* **a.**: તપોબળ; સામર્થ્ય;તપ.2.Plainness; freedom from adornment: સાદાઈ

Austral (ઓસ્ટ્રૅલ)*a* [L *australis* the south.]Southern: દક્ષિણ તરફનું. **A.***sign*,the last six signs of the zodiac:રાશિચક્રની છેલ્લી છ રાશિઓ,એટલે તુલા,વૃશ્ચિક,ધન,મકર,કુંભ ને મીન.

Authentic-cal,(ઓથેન્ટિક-કૅલ)*a.* [*Gr.authenticos*, one who does any thing with his own hand.] Genuine;true;trustworthy: ખરૂં; અસલ;ખાતરીનું; સત્ય; સપ્રમાણ; અકલ્પિત; વિશ્વાસ રાખવા જોગ. 2.True; credible:માનવા જોગ; ખરૂં; પાયાદાર; આધાર રાખવા જોગ.

Authenticate,(ઓથેન્ટિકેટ)*vt.*To prove as real or true:સાબિત સાચું સત્ય ઠરાવવું;પ્રમાણ કરવું;સપ્રમાણ કરવું.

Authentication,(ઓથેન્ટિકેશન)*n* Confirmation: સાબિત-ખરૂં કરી આપવું તે; મંજુર કરવું તે.

Authenticity, (ઓથેન્ટિસિટિ) *n.* Genuineness: સત્યતા; ખરાપણું; સપ્રમાણતા; અસલતા.

Author, (ઓથર) *n.* [L. *augeo*, I increase.](*a*) The first mover; the beginner:મુળકર્તા; કર્ત્તા;પ્રવર્ત્તક; આરંભ; ઉત્પાદક; જનક (*b*) Creator; originator: ઉત્પન્નકર્ત્તા;કર્ત્તા;જનક 2. The writer of a work:ગ્રંથકાર-કર્ત્તા; લેખક; પ્રણેતા.

Authoress,(ઓથરેસ)*n.*A female writer: ગ્રંથ કરનારની સ્ત્રી; ગ્રંથકર્ત્રી.

Authoritative,(ઓથૉરિટેટિવ) *a.* Commanding: ધણીપણાના ડોળવાળું;સ્વામિત્વસૂચક;દબદબા ભરેલું; દાબવાળું .2.Positive;peremptory: સત્તાવાળું-યુક્ત;સપ્રમાણ; પ્રમાણયુક્ત; આપ્ત

Authority, (ઓથૉરિટિ) *n.* Legal power;dominion:અધિકાર;અખત્યાર;સત્તા ઐશ્વર્ય.(*pl*)Government; a ruling body:સત્તાધિકારી; સરકાર;અધિકારી;સત્તાધારીઓ; સત્તાવાળાઓ. 3. (*a*) The power derived from opinion, respect or esteem: વિશ્વાસપાત્ર; સત્યતા; પ્રમાણ; આધાર; (*b*)Influence of character,office or station;credit:વજન;વકર;ભારબોજ;ગૌરવ;કદર 4. (*a*) Testimony; witness:સાબિતિ;આધાર;પ્રમાણ;પુરાવો; (*b*)A person who testifies:સાક્ષી-સાબેતી આપે છે તે માણસ. 5. (*a*) A precedent:આધાર; દાખલો; પ્રમાણ; ઉદાહરણ.(*b*)An official statement; order:સનદ;હુકમ;અધિકાર પત્ર;આજ્ઞા; શાસન(*c*) Authoritative opinion or saying: આપ્તવચન; આપ્તવાક્ય; પ્રમાણવાક્ય.

Authorization,(ઓથૉરિઝેશન) *n.* The act of giving authority;establishment of authority:અધિકાર આપવો તે;સત્તાબરેલી મુખત્યારી.

Authorize, (ઓથૉરાઈઝ) *vt* To empower: સત્તા-અખત્યાર-અધિકાર આપવો 2.To legalize:કાયદાસર કરવું; 3.To give credit or authority: પુષ્ટી-ટેકો આધાર આપવો. 4.To establish by authority,as by usage or public opinion: પ્રમાણ-રૂઢી-વિધિ-લોકાચારથી સ્થાપવું;લોકરૂઢિથા પ્રચલિત કરવું.

Authorship(ઓથરશિપ)*n.*State of being an author: ગ્રંથકારપણું 2. Source;origin:મૂળોત્પત્તિ;પ્રથમ પ્રવૃત્તિ.

Autobiographer, (ઓટોબાઈઑગ્રેફર)*n.*One who writes his own life: સ્વચરિત્ર લખનાર; આત્મ ચારિત્ર લેખક.

Autobiographic-cal,(ઓટોબાઇઑગ્રેફિક-કલ)*a.* Pertaining to or containing autobiography:પોતાના-ચરિત્ર-વર્ણન સંબંધિ-વાળુ ;આત્મચરિત્રનું

Autobiography,(ઓટોબાઇઑગ્રેફિ) *n.*[Gr. *autos* one's self,*bios* life & *grapho*,I write.] Memoirs of one's own life written by one's self:સ્વચરિત્ર-વર્ણન-કથન; આત્મચરિત્ર.

Autocracy,(ઓટૉક્રૅસિ)*n.*[Gr *autos*,self & *krutos*, power.] Self-supremacy;supreme authority; sole rights of self-government: સ્વતંત્ર;નિરંકુશ અધિકાર;સામાન્ય સ્વાધિપત્ય;મુખત્યારી; આપ અખત્યારી. 2. Political independence or absolute sovereignty (of a stae); autonomy:સ્વસત્તાક રાજ્ય; કોઇપણ રાજ્યની રાજ્યકિય સ્વતંત્રતા અથવા કુલ અખત્યાર.

Autocrat,(ઓટૉક્રૅટ)*n.* An absolute prince or sovereign:સ્વતંત્ર રાજાધિરાજ-મુખત્યાર; આપ અખત્યાર રાજા.2.A despot:જાંગીરી હુકમ ચલાવનાર;અંકુશ વિનાનો ચલાવનાર;આપ ખુદ.

Autograph, (ઓટોગ્રેફ) *n.* One's

own hand-writing;an original manuscipt or signature:સ્વહસ્તાક્ષર;પોતાના હાથનો લેખ-સહી;હસ્તાક્ષર. *a.* In one's own handwriting: પોતાના હાથે લખેલું; સ્વહસ્ત લખીત.

Autography, (ઓટૉગ્રફિ) *n.* 1. Same as **autograph.** 2. Process in lithography by which a writing on paper is transferred to stone: કાગળ ઉપરથી પથ્થર ઉપર છપાય એવી શીલાછાપ વિદ્યાની રીત.

Automatic-cal, (ઓટ્રામૅટિક્-કૅલ્) *a* Self-acting: પોતાનો મેળે હાલતું ચાલતું;સ્વયંવહ; આત્મચાલક; સ્વચેષ્ટ; સ્વયં ચાલી;સ્વાધીનગતિક

Automatism, (ઓટૉમૅટિઝમ્)*n.* Power of self-moving;પોતાની મેળે ચાલવાની ગતિ; સ્વયંવાહિની શક્તિ; આત્મચલન શક્તિ.

Automaton,(ઓટૉમૅટૉન્) *n* [Gr. *autos*,self & *ma*,to strive.] *pl.* **Automata, automatons.** A self-moving machine: પોતાનો મેળે ચાલતું યંત્ર;સ્વયંવહ-આત્મચાલક-યંત્ર.

Autonomy, (ઓટૉનૉમિ) *n* [Gr *autos*,& *nomos*,law.] The right of self government:સ્વરાજ્ય સત્તા, સ્વરાજ્ય; રાજ્યની સ્વતંત્રતા.

Autopsy,(ઓટૉપ્સિ)*n.* [Gr. *autos*, self & *opsis*, sight.]1. Personal observation: પોતાની જાતે કરેલો તપાસ 2. Dissection of dead bodies: મુડદાને ચીરીને રોગનો તપાસ કરવો તે.

Autumn,(ઓટમ્)*n.*[L.*augeo*,I increase.]1.Third season of a year or the one between summer & winter:શરદ ઋતુ;શરત્કાલ;ખરીફનો સમય The fall:પાનખર ઋતુ.2. Decline; third stage:પડતી; ઉતરતી.

Autumnal, (ઓટમ્નૅલ્)*a.*1. (*a*) Belonging to autumn: શરદ ઋતુ સંબંધિ-વિષેનું. (*b*) Produced in autumn: શરદ ઋતુમા ઉત્પન્ન થતું-નિપજતું. (c) Flowering in autumn: શરદમા ફુલ આવતું-ફુલતું 2 Past the middle of life;in the third stage: જીંદગીનો મધ્ય ભાગ જેણે પસાર કર્યો છે તેનું;ત્રીજી વીસીનું;ઉતરતી વયનું **A** *equinox*: નિષુવપદ;જલવિષુવ;તુલા વિષુવ.

Auxiliar-ry, (ઓગ્ઝિલિઅર્-રિ) *a.* [L. *augeo*, I increase.] Aiding; subsidiary:મદદગાર; સહાયકારક. *n.* 1.A helper:મદદ કરનાર. 2. (*pl.*) Foreign troops employed in war પારકા દેશનું કુમકે આવેલું લશ્કર. 3 A verb helping to form the moods voices & tenses of other verbs: પ્રેરણાર્થક ક્રિયાપદ.

Avail,(અૅવેલ્)*vt* [L. *ad&valeo*, I am strong,]1.(nsed reflexively with *of* before thing used) To turn to the advantage of; to profit;to benefit: ફાયદો લેવો; ઉપયોગ કર; કામમાં લેવું; કામ સાધી લેવું; લાભ લેવો; કામ લાગવું.*To a.one's self of*,to take advantage of;to make use:નો લાભ લેઇ લેવો.*vi.* To be of advantage; to answer the purpose of:ઉપયોગી થઇ પડવું;કામમાં આવવુ ;-થી ચાલવું-વળવું-ફળ થવું-કામ પાર પડવું *vi.* To be of use: કામમાં લાગવું;કામમાં આવવું; ઉપયોગી થઇ પડવું;ચાલવું;વળવું.*n.*Benefit;use:લાભ; ઉપયોગ;ફલ;ફાયદો; હિત;ગુણ. 2. (*pl.*) Proceeds (of a sale):ઉત્પન્ન;પેદાશ. *Of no a.*,useless:વ્યર્થ;નિષ્ફળ; ફોગટ

Available (અૅવેલેબલ્)*a.* Advantageous; profitable: કામમાં આવે એવું;મળી શકે એવું;મોજુદ;ઉપયોગી;લાભકારક;હિતાવહ;પ્રાપ્ય;ફળપ્રદ 2 Valid; effectual; મજબુત;યોગ્ય; જબરૂ; કાર્યસાધક; પ્રાબલ્યવાન; વ્યવહારૂપયોગી. *not a.*: કુલ્લમ; અસુલમ.

Avalanche,(અૅવલૅન્ચ્)*n* [L.*ad& vallis*, a valley.] A large mass of snow rolling down from a mountain: પહાડ ઉપરથી પડતો બરફનો ઢગલો-ભેખડ-ખડક. 2. A fall of earth,rocks, etc:એના જેવું માટી કે ખડકનું તુટી પડવું તે. 3. A sudden great,or irresistible descent of anything:કઇ પણ વસ્તુનું એકદમ જોરમા તુટી પડવું તે

Avarice (અૅવરિસ)*n.* [L. *aveo*, I strive after]Cupid ty;covetousness: દ્રવ્યલોભ-તૃષ્ણા;લાલચ;લાલસા.

Avaricious,(અૅવરિશ્યસ્)*a* Greedy of gain:ધનલોભી;કૃપણ;દ્રવ્ય લોભી.

Avast(અૅવાસ્ટ્)*interj* Cease;hold; stop: બસ;સબુર;થોભ;થયું; એટલું.

Avaunt, (અૅવૅન્ટ્) *interj* [Fr. *avant*,forward.]Depart;begone: કાળુ કર;ચાલ્યા જા; નિકળ;હટ.

Ave,(એવી)*n.*[L.*aveo*,I am fortunate]Abbreviation of **avemaria**,hail mary: કુવારી મેરીની બંદગી.2 A reverential salutation: પ્રણામ; સાષ્ટાંગ દંડવત.*interj.* Farewell ! God bless you ! રામરામ; જેગોપાળ;જય પ્રભુ.

Avenge,(અૅવેન્જ્) *vt* [L *vindico*,I vindicate.]To take vengeance for;to vindicate by inflicting pain on a wrong-doer: બદલો વાળવો;વેર લેવું;થાટુ વાળવું.

Avenger,(અૅવેન્જ્ર્)*n* One who avenges:બદલો-વેર વાળનાર.

Avenue,(અૅવેન્યૂ)*n.* [L. *ad*,to & *venio*,I come] Passage: પ્રવેશ; માર્ગ;રસ્તો;દરવાજો;દ્વાર.2.A walk in a garden,with trees on both sides; an alley: કુંજગલી; તરૂપંક્તિ 3. A wide street: પહોળો મહોલ્લો-શેરી.

Aver,(અૅવર) *vt.* [L. *ad* & *verus*, true.]To assert;to declare positively: ખાતરીથી-પ્રતિજ્ઞાપર કહેવું; નિશ્ચયપૂર્વક બોલવું.2. (*Law*)To prove or justify:સાબીત-ખરૂ કરી આપવું.

Average,(અૅવરેજ્)*n* [L *habeo*, I have.[A mean proportion: મધ્ય પ્રમાણ;સરાસરી;રાશ.2.A contribution to a loss suffered by one of several for the general benefit:કેટલાકો પૈકી એક જણને થયેલી નુકશાનીમાં સાર્વજનિક લાભને માટે ભાગ આપવો તે-આપેલો ભાગ. *a* Medial: મધ્યમ;મધ્ય પ્રમાણનું. (*b*)Ordinary: usual:સાધારણ;હમેશ જોવામાં આવતું; **A.***attendance*: સરાસરી હાજરી *vt.* To find the mean of:સરાસરી કાઢવી. 2To divide according to a given proportion: કોઇ નક્કી કરેલા પ્રમાણ પ્રમાણે વહેંચવું.*vi* To form a mean sum: સરાસરી થવી;રાશ આવવી.

Averment,(અૅવરમેન્ટ્)*n.*Affirmation: ખતરીથી બોલવું તે; પ્રતિજ્ઞા;દૃઢ વચન;દૃઢ કથન.2.Verification:ખરૂ-સાબીત કરી આપવું તે.

Averse(અૅવર્સ્)*a* [L.*verto*,I turn.] Disinclined to;unwilling:પ્રતિકૂળ;નારાજ;અણગમતું;વિમુખ;પરાઙ્-મુખ; વિપરીત; વિરક્ત; દ્વેષી.

Averseness,(અૅવર્સનેસ)) *n*Reluc-
Aversion, (અૅવર્શન્)) tance; dislike; repugnance: નાખુશી;અણગમો,અભાવ; પ્રતિકુળતા; વિરાગ; અપ્રીતિ;દ્વેષ. 2. Opposition or contrariety of nature: પ્રતિકૂળતા;વિરોધભાવ;અભાવ.3 Object of repugnance: અપ્રીતિ-અભાવ-દ્વેષની વસ્તુ-વિષય;ત્રાસ.

Avert,(અૅવર્ટ્)*vt* [L.*ad& verto*, I turn.]To turn aside;to prevent તરફથી ફેરવવું; અટકાવવું;દૂર કર;ટાળવું.

Aviary, (એવિઅરિ)*n.* [L. *avis*, a bird.]A building or inclosure for keeping birds in:પક્ષિસ્થાન-શાળા;પક્ષીઓ રાખવાની જગા;ખરોડ;પાંજરૂ.

Avid.(અૅવિડ્)*a.* Eager, greedy: આતુર;લોભી; ઇચ્છાતુર.

Avidity (અૅવિડિટિ)*n* [L.*aveo*,I desire.]Eagerness;strong appetite: આતુરતા; ઘણી ઇચ્છા-હોંશ; અતિસ્પૃહા-લોભ-તૃષ્ણા; અતિશૌક.

Avocation,(ઍવો કેશન)*a.*[L.*ad & voco*, 1 call.]Act of calling away: કામમાંથી બોલાવી લેવું તે; આકર્ષણ 2. That which calls one away from his regular employment or vocation: અંતરાય;અડચણ;જંજાળ; -આડકામ.3.*pl.* Pursuits; duties; usual employment; vocation; કામકાજ;ધંધો; કામધંધો; પેશો; કાર્ય; વ્યાપાર; વૃત્તિ.

Avoid,(ઍવૉઇડ)*vt.*[L *e.&voidier*, to empty.]To shun;to abstain from: છોડી દેવું; તજવું;-થી અલગ-દૂર-વેગળા રહેવું;વર્જવું.2.To make void: રદ-બાતલ-કરવું.3.To defeat;to evade: ઉડાવવું;અખાડા કરવું.

Avoidable,(ઍવૉઇડેબલ)*I.* Capable of being shunned or escaped: તજવા-દૂર રાખવા જોગ;વર્જનીય 2. Capable of being annulled:રદ-બાતલ-નામંજુર થઈ શકે-કરી શકાય એવું-દૂર થઇ શકે એવું.

Avoidauce, (ઍવૉઇડૅન્સ)*n.* Act of avoiding: દૂર કરવા-ટાળવું તે;ત્યાગ; વર્જન.2. State of being vacant: ખાલી પડવું તે.3. Act of annulling: ત્યાગ;રદ કરવું તે.4. Course by which a thing is carried off: (પાણી)જવાનો રસ્તો.5.Removal;withdrawal: ખસેડવું તે; લઈ લેવું તે.

Avoirdupois,(ઍવરડ્યૂપૉઈઝ) .[Fr. *avoir de pois*, to have weight; from L.*habeo*. I have and *pensum*,weight.]A weight of which a pound contains 16 ounces or 7000 grains troy: એક જાતનું વિલાયતી તોલ-જેમા એક પૌન્ડના સોળ ઔંસ ગણાય છે.

Avouch,(ઍવાઉચ)*vt.* [L. *ad & voco*, I call.] To vouch for;to maintain true: નિશ્ચય પૂર્વક બોલવું-કહેવું.2. To affirm openly; to declare positively: ખાત્રી-નિશ્ચય પૂર્વક જાહેર કરવું; 3. To admit; to confess: કબુલ કરવું; માન્ય કરવું; બેધડક સ્વીકારવું.

Avow(ઍવાઉ)*vt.*[L.*voveo*, I vow.] To own or acknowledge frankly:ખુલ્લી રીતે કબુલ કરવું;માનવું; સ્વીકાર-અંગીકાર કરવો; ઉઘાડી રીતે બોલવું.

Avowable, (ઍવાઉઍબલ) *a.* That may be avowed:ખુલ્લી રીતે કબુલ થઈ શકે એવું; સ્વીકારણીય.

Avowal,(ઍવાઉઍલ)*n.*An open declaration:જાહેર પ્રસિદ્ધિ; અંગીકાર; સ્વીકાર; કબૂલાત.

Avowedly, (ઍવાઉએડિલ)*adv*-In an open manner: ખુલ્લી-સ્પષ્ટ રીતે.

Avulsion,(ઍવલ્શન)*n.* A forcible separation: જોરથી ઉખેડવું-તોડવું તે.2.A fragment torn off:તોડી નાખેલો કકડો.3. (*Law.*)The sudden removal of land or soil from the estate of one man to that of another by an inundation or current: રેલ અગર પ્રવાહથી એક માણસની જમીન અગર ધરતી બીજાની જમીન ઉપર એકદમ ખસડાઈ જાય તે.

Await,(ઍવેઇટ્)*vt.*(*a & wait.*)To wait or look out for;to expect; વાટ-રાહ જોવી; થોભવું. 2. To be in store for:to attend: તૈયાર-સારૂ રાખેલું હોવું.

Awaken, (ઍવેઇક-કન્)*vt.* (*imp* **awoke**, or **awaked**.) To rouse from sleep;to wake:જગાડવું;ઉઠાડવું 2.To put in to action or new life: સચેતન-સજીવન-જાગૃતસાવધ કરવું. ઉશ્કેરવું; પ્રદિપ્ત કરવું. *vi.* To cease from sleep:જાગવું;સાવધથવું;ઉઘ જવી.

Awake,(ઍવેક)*a.* Not sleeping; in a state of action: જાગૃત;સાવધ; હોંશિયાર; જાગતું;પ્રબુદ્ધ. *To stay* a.: ઉજાગરો કરવો. *wide* a.: ચાર આખ;બહુ પહોંચેલું.

Awakening (ઍવેકનિંગ) *p. a* Rousing from sleep:exciting: જગાડવું; જાગૃત કરવું; પ્રબોધ કરવો.*n.*Act of awaking;a revival of religion:પ્રબોધ; પ્રબોધન; ઉદ્બોધન; નિદ્રાભંગ; બોધન; ધર્મ સજીવન.

Award,(ઍવોર્ડ)*vt.*[L.*garden* to observe)To give by judicial determination;to adjudge:ફૈસલો-ચુકાદો-નિવેડો કરીને આપવું-અપાવવું.૨. To judge;to determine: નિવેડો-નિર્ણય-ફૈસલો-ચૂકાદો કરવો. *n.* 1. A judgment; final decision:નિવેડો;ચૂકાદો; ફૈસલો; નિર્ણય. 2.Paper containing a judgment:ફૈસલના મું;નિર્ણયપત્ર;હુકમનામું;લવાદનામું.

Aware, (ઍવેર)*a.*(*a*) vigilant; watchful; સાવધ;સચેત; હોંશિયાર; સાવધાન.(*n*)Cognizant;informed વાકેફ;જાણીતું;માહિતગાર;ચેતેલું. *To be* a.: ને ખબર હોવી, જાણવું.

Away, (ઍવે)*adv.* Absent; at a distance:પરોક્ષ;અવિદ્યમાન; ગેરહાજર; આઘે;દૂર;છેટે.It is much used in phrases signifying going from, departure, etc:જવું;દેવું;રહેવું;as,*to go* a., *to send* a, *to throw* a. *Away with*,(when preceded by *can*& a*negative*) to bear;to put up with: ખમવું;સહન કરવું.2.*To* remove to another place:લઇ જવું.; કાઢી મૂકવું. *To make* a. *with*;, to destroy: to kill:મારી નાખવું;ફોક કરવું; રામ રમાડી દેવા;to carry off:લઇ જવું; લઇને જતા રહેવું.*To walk* a.*with*;to steal;to pilfer:ચોરી લેવું;છાનામાના લેઈ લેવું.*To idle* a.:નકામું કાઢી નાંખવું. 4.Aside;off;in another direction: દૂર; કોરે; બીજી દિશાએ .5. Out of existence:હૈયાતીમાંથી.6. On; in continuance;without intermission or delay:જારીને જારી;ચાલુ.A*way with him*:તેને કાઢી મુકો.A ચાલ્યોજા.

Awe,(ઓ) *n.* Reverential fear; fear mingled with admiration; dread;reverence;આદરયુક્તભય;ધાસ્તિ;દબદબો;દાબ;ડાકત્રાસ; આનંદાશ્ચર્ય;શેહ; ધાક.*To stand in* a. *of*-નો ધાક લાગવો;બીહવું *Struck with* a: વિસ્મયાકુળ; ભયાકુળ; સંભ્રાંત. *vt.* To strike with fear & reverence: બીવડાવવું;ધાક દેખાડવી.

Awful,(ઓ ફુલ)*a.* Terrible:ભયંકર; દારૂણ. 2. Inspiring awe; profoundly impressive: ધાસ્તી-ધાક ભરેલું;દારૂણ;ભીષણ;ભયંકર; પૂજ્ય; આદરણીય.3. Exceedingly bad; great:મહા મોટો;જબરો;પાકો; હદબહારનો.

Awfulness,(ઓફુલ્નેસ)*n.*Solemnity: ગંભીરતા;દબદબો;ઘોરતા;દારૂણતા.

Awhile,(ઍવહાઇલ્) *ad.*For some time;for a short time:થોડીવારસુધી;કંઇકવાર;કિંચિત્કાલ; થોડીવેળા.

Awkward'(ઓકવર્ડ)*a.*Wanting dexterity. clumsy:અનાડી;અણઘડ;અણકસી;અણગડ;અડાણી;મૂર્ખ;ગમાર;અકુશળ.(*b*)Embarassing:કઠણ;કષ્ટ સુચવનાર; કષ્ટદાયક; અગડબગડીયું. 2. Clownish; inelegant: અસભ્ય;અનાડી. 3. Unfavourable; untoward: પ્રતિકૂળ; નાપસંદ; સોઇવિનાનું; અવપડવાળું.

Awkwardness, (ઓકવર્ડનેસ)*n.* Want of dexterity;ungracefulness in manners: બેડોળપણું;બેઅદબી;અનાડીપણું;અકુશળતા; અણઘડતા; અસભ્યતા; પ્રતિકૂળતા.

Awl, (ઓલ્)*n.*A pointed instrument for making holes in leather or wood:સોયો; (મોચીનું) ઠોંચણું; આર; આરી.

Awless, (ઓલેસ્) *a.* Wanting reverence; not exciting awe: ધાસ્તિ વગરનું; નિર્ભય; નિર્ધાસ્ત.

Awn,(ઓન્)*n.*[*Gr. achne*,chaff.] The bristle of corn or grass; arista:અનાજ-ઘાસનું સુંવાળું-કુંણું.

Awning, (ઓનિંગ્)*n.*A cover of canvas to shelter from sun's rays:તડકાંથી રક્ષવો;છત;ચંદની; આસમાનગિરી.

Awry,(ઍરાઇ) *a.* or *adv.* Distorted;asquint: તિરકસ; વાંકું;આડું. 2. Unreasonably; perversely વિપરીત-તાથી; પ્રતિકૂળ તાથી.

Axe, (ઍકસ્) *n.*[L. *ascia*,an axe.] An instrument of iron for hewing& chopping wood:કુહાડી;કુહારો

Axial,(ઍક્સિઍલ્) *a.* Pertaining to an axis: ધરીને લગતું-નાજેવું.[ભગલ.

Axilla, (ઍક્સિલ્લે)*n.* The armpit:

Axom,(ઍક્સિઍમ્)*n.*[L.*axeoma*, what is thought worthy.] A self-evident truth:પ્રત્યક્ષ પ્રમાણ; સ્વયંસિદ્ધ પ્રમાણ.2.An established principle: સિદ્ધાંતવાક્ય; સિદ્ધાંત. 3.Maxim: વચન;સૂત્ર.

Axiomatic-cal, (ઍક્સિઍમૅટિકૅલ્) 1. Pertaining to axiom: પ્રત્યક્ષ; પ્રમાણ સંબંધિ-ની રીતનું;સ્વત; સિદ્ધ; સ્વયંસિદ્ધ; પ્રત્યક્ષસિદ્ધ.

Axis, (ઍક્સિસ્)*n.* [Gr. *axon*, an axle.] *pl* **axes.** A straight line passing through a body on which in revolves:ધરી;આસ;અક્ષ-ધ્રુવ;ગુણ.

Axle-tree(ઍકસલ્ ટ્રી)*n.* The pole on which a wheel turns an axle: ધરી. [હા; સારૂ; ઠીક;ખચ્ચિત.

Ay,Aye,(આઇ)*adv.* Yes;indeed

Aye,(આઇ)*n. pl* **Ayes,**An affirmative:હકાર.2.One who votes in the affirmative:હા કહેનાર.

Azimuth,(ઍઝિમથ્)*n.*An arc of the horizon between Meridian of the place&the vertical circles passing through the centre of any object:સમાંશ; દિગ્ શ; કોટી The co-a.:દિગાંશ.

Azote,(ઍઝોટ્)*n.*[Gr.*a*&*zoe*,life.] Nitrogen gas:એક જાતની ઝેરી હવા.

Azure, (એઝહ્યૂર) *a.* [Fr. *azur*, blue] Sky:coloured: આસ્માની; વાદળી રંગનું; નીલવર્ણનું*n.* Fineblue colour of the sky:વાદળી-આસ્માની રંગ; નીલોવર્ણ. (*b*) the unclouded sky: વાદળા રહિત-નિર્મળ આકાશ.*vt.* To colour blue: વાદળી રંગ કર.

Azymous, (ઍઝિમસ) *a.* Unfermented; unleaved: વગર ઉભરાયેલું; વગર ચઢેલું.

B

B, The second latter &first consonant in the English language ઇંગ્લેજ મૂળાક્ષરનો બીજો અક્ષર અને પેહેલો વ્યંજન, બ.B. papers: રેવન્યુ ખાતામાં નાશના કાગળો.

Baa,(બા)*n.*The cry or bleating of sheep:ઘેટા-બકરાનો શબ્દ; બેં બેં *vi.* To bleat: બેં બેં કરવું.

Babble, (બૅબ્બલ્) *vi.* To utter words unintelligibly:તોતડું બોલવું.2.To talk irrationally: લવરી કરવી;બબડવું;બકવું;લવવું. 3. To talk much;to chatter;to prate: બહુ બોલ બોલ કરવું, બકવા કરવા;મોમાંજીભ ન વાલવી.4.To make a constant murmuring noise:બળબળ અવાજ કર;-બોલવું; વહેવું.*vt.* To prate in a childish way without understanding:છોકરાની પેઠે વગર સમજે બડબડવું-અમથુ બોલવું;લવારો કર.2. To disclose by too free talk,as a secret: બારી દેવું; વાત ઉઘાડીપાડી દેવી; છાની વાત બહાર પાડવી; ફોડવી. *n.* Idle talk: બકવા; લવરી; બકબક; બડબડ; બકવાદ. 2. Inarticulate speech; confused or constant murmur: અગડબગડીંડે-બડબડીંડે બોલવું;લવરી. **er:** બડબડનાર; વાચાળ; પ્રલાપી; છાની વાત ફોડનાર. *ing; n* Foolish talk: ગાંડી વાત; બ.વા. *a.* બળબળવહેવું; ધોધાટ કરવું.

Babe aby, (બેબ્,બેબિ)*n.* 1. An infant:બાળ;બાળક;બચ્ચું.2.A doll for children: છોકરાઓનું રમકડું-ઢીંગલું.

Babel,(બેબેલ્) The name of the city in the land of Shinar where confusion of language took place:સીનાર દેશના શેહેરનું નામ. 2. Hence a scene of noise or confusion:બડબડ-ધાંધળની જગ્યા -દેખાવ

Baboon, (બૅબૂન્)*n.* A kind of monkey: એક જાતનું વાંદરૂં.

Baby,(બેબિ)*vt,* To treat like a young child;to humour;to fondle: છોકરૂં હોય તેમ વર્તવું;લાડ લડાવવું; લલ્લે પોપો કરવો. *a.* Resembling an infant, young or little: નાનું; છોકરાં જેવું-ને મળતું.

Baby farmer,(બેબિફાર્મર્)*n.* One who takes in infants to nurse on payment: પારકાં છોકરાંને રાખી ઉછેરનાર સ્ત્રી;જારકર્મનાં છોકરાં ઉછેરનારી

Bacchanal ian, (બૅક્કનલ-બૅક્કેનલિઍન્)*n.* [L.&Gr. *Bacchus*. the god of wine.]A drunkard: છાકટેદારૂડીયું-માણસ; મદ્યપાનાસક્ત *a.* Drunken and riotous:છાકટો;તોફાની; દારૂડીઓ; છાકટાપણું ખ્યાલી ખુશાલી સંબંધિ.

Bacchanalia, (બૅક્કનલિઍ) *n pl.* Drunken feasts: દારૂડીયાની મીજબાની; પાનોત્સવ; પાનસમારંભ.

Bachelor, (બૅચેલર) *n* An unmarried man:વાંઢો;કુંવારો;બ્રહ્મચારી 2.A person who has taken the first degree in the liberal arts at a college or university:પાઠશાળાની પેહેલી પદવી મેળવનાર.3. A young knight:યૂવાન યોદ્ધો-ભટ.

Back,(બૅક્)*n.* The upper part in animals and the hinder part in men: પીઠ;પુંઠ;વાંસો;બરડો. 2. A broad,high ridge: કરોડ. 3. The outward or upper part of a thing પાછલો ભાગ;પુંઠ; પૃષ્ઠભાગ; પીઠ. b *of the hand:* હથેલીના તળેનો ભાગ; કર પૃષ્ઠ.4.The part opposite to front; the hinder part:નીચેનો પૃષ્ઠ ભાગ; 6 The part out of sight: અદૃશ્ય ભાગ; બીજો ભાગ-છેડો 6. The thick and strong part of a cutting tool:કાપવાના હથિયારનો-ઉપરનો જાડો ભાગ; જાડો ભાગ;પીઠ. **B.** & *edge*: completely: સંપૂર્ણ રીતે; તદ્દન. *Behind one's* b. or *behind the* b.,in the absence of: વાસે-પાછળ; પુંઠે;પરોક્ષે. *On one's* b. horizontally:ચતા;છતા. *One's* b *being turned*: વિના; શિવાય. *To bow the* b: જુલમ સહન કર. *To break the* b. *neck.* &c, to disable: કમજોર-બહાદીન કરી દેવું શક્તિહીન કર.*To cast behind the* b, to forget & forgive; to treat with contempt: ભૂલી જવું; ક્ષમા કર;દરકાર ન રાખવી. *To lie on one's* b. ચત્તા સુવું. *To ball on one's* b:ચત્તુ પડવું. *To plough on the* b,to oppress:જુલમ ગુજારવો: દુઃખ દેવું. *To see the* b. *of* to get rid of:ને ખસેડો કરવો; પાપ કાઢવું;ટાઢે પાણીએ ખસ કાઢવી. *To turn the* b, to goaway: થી જતા રહેવું; ગેરહાજર રહેવું;પાછા ફરવું;પુંઠ કરવી. *To turn the* b. *on one*, to forsake;to treat him with contempt: તજી દેવું;તરછોડવું;તુચ્છ-કારવું; ધિક્કારવું. *To turn the* b. *to one* to acknowledge to be superior:ઉપરી છે એમ સ્વિકારવું. *adv.* To the place from which one came:પાછા; ફરીને 2. To a former state or condition; અસલની સ્થિતિએ. 3. Away from contact:પાછું; પ્રતિ. 4.Behind:પુંઠે;પછવાડે; વાંસે. 5. In times past, ago: બાકી. ઉપર;-ની વાત ઉપર. 6.Again; in return:પાછા; ફરીને. 7. In with drawal, as from an undertaking:સાહસમાંથી પાછા હઠવું *To go* b. *from an engagement*: કરારમાંથી ખસી જવું-ડગવું-નોકળી જવું. *To look* b. *on*:ગએલાં-નો વિચાર કર; પાછલનજર કર. 8. In a state of

restraint or control:કબજામાં;હાથમાં.9.In arrear: ચઢી ગયેલું હોવું. *vt.* To mount:સ્વારી કરવી;ચડવું; ઉપર બેસવું. 2. To support: મદદ-પુષ્ટિ-ઉત્તેજન આપવું.3.To cause to recede: પાછા હઠાવવું. 4. To make a back for:પુંઠું કર. ચઢાવવું. 5. To write upon the back of;to endorse:શેરો કરવાની તળે લખવું.6 To bet on the success of:-ની ફતેહ થશે એમ હોડ બકવી.7.To adjoin behind: પાછળ લગોલગ આવી રહેવું. *To* b *out or* b *down*: પાછા હઠવું-બસવું; ન પાળવું. *To* b.*up*, to support: સહાય-મદદ કર; ઉપરાગું લેવું:-ને માટે બાંહધરી આપવી;હકારતી વખતે સામી દિશા તરફ હલેસાં મારવા તે. *To* b. *out of*, to change from one side to another: મન ફેરવવું-બદલવું-ઉઠાવવું; ત્યજવું; એક પક્ષમાંથી બીજા પક્ષમાં જવું. *vi.* To move back: પાછા-હઠવું.*a.* Remote:પેહેલાંનું; as, *the* b. *settlements*: પેહેલાંનાં રાજ્યો. 2. Backward in direction:વળતું.3.Being in arrear; overdue: ચઢેલું; પાછલું; (*b*)Being at the back: પાછલું; પાછળ આવેલું. *To take the* b.*track*, to retreat: પગલાં શોધતાં પાછા જવું.

Back-bite(બૅક્બાઇટ્)*vt.*To speak ill of a person behind his back: ચાડી ખાવી; પાછળ ભુંડું બોલવું; નિંદા કરવી; ચુગલી કર; ભાંડવું.

Back-biter(બૅક્બાઇટર)*n.*A secret calumniator:ચાડી-ચુગલી નિંદા કરનાર;ચાડીઓ;ચૂગલીખોર;ભાંડનાર;નિન્દક.

Back-biting, (બૅક્-બાઇટિન્ગ્)*n.* Secret calumny:ચાડી;ચૂગલી;નિંદા.

Back-bone,(બૅક્બોન્)*n.*The bone of the back: કરોડ. 2. Anything like or serving as a backbone: ટેકો;થાંભલો. 3. Firmness; steadfastness:દૃઢતા-ચિવટપણું;નિશ્ચય. To *the* b , thoroughly; entirely: તમામ;જરાએજરા; પૂરો;બહુજ; જબરો.

Back-door,(બૅક્ડોર)*n.*A back or private passage: પાછલો દરવાજો; છુપો રસ્તો; ચોરદ્વાર-બારણું. *a.* Acting in concealment:છુપું. **B.***influence*: છાનીવગ.

Backer, (બૅકર)*n* One who supports another in a contest:સહાય-મદદ કરનાર; ટેકો આપનાર; ઉપડી લેનાર.

Backgammon,(બૅક્ગૅમ્મોન્)*n.*A game played with a box & dice: એક જાતની ચોપટ જેવી રમત.

Background(બૅક્ગ્રાઉન્ડ)*n.*Ground in the rear: પાછલો ભાગ.2. A situation little seen or noticed: ગુપ્ત-અપ્રસિદ્ધ સ્થિતિ.**B.***of a picture*: ચિત્રનો ઉપલો ભાગ. *In* the b: ગુપ્ત; અપ્રસિદ્ધ; પાછળ.

Back-house,(બૅક્-હાઉસ્)*n.*(*a*) A building behind the main one: ઘરની પાછળનો ભાગ.(*b*) A privy; a necessary: જાજરૂ; વાડો; સંડાસ.

Back-side,(બૅક્-સાઇડ્)*n.*(*a*)The hinder part or rump of a person or an animal: પાછલો-પૃષ્ઠ. ભાગ;ગાંડ.(*b*)The rear of a house: ઘરની પાછળનો ભાગ;વંડો;વાડો; પાછો.

Backslide,(બૅક્સ્લાઇડ) *vi.*To fall back or off, to apostatize:ધર્મ-ભ્રષ્ટ-પતિત થવું; સ્વધર્મ; સન્માર્ગ ત્યાગ કર; ધર્માચાર-ભક્તિ ભાવમાંથી ભ્રષ્ટ થવું તે; અપસરણ.

Back-stairs, (બૅક્સ્ટૅર્ઝ) *n.* Stairs on the back part of a house; hence;a private or an indirect way:પાછલો-છૂપો-ચોર દાદર-જીનો. **B.** *influence*: છુપી વગ.

Backsword,(બૅક્સૉર્ડ્)*n.*A sword with one sharp edge:એકધારી તલવાર.2.A kind of stick: એક જાતની લાકડી 3.The game in which such a stick is used:જેમાં એવી લાકડી વપરાય છે તેવી એક જાતની રમત.

Backward,(બૅક્વર્ડ્) *a.* Unwilling: નારાજ;વિમુખ; ગેરમરજીવાળું. 2. Dull:મંદ;ડોઠ;જડી બુદ્ધિનું; સુસ્ત. 3. Late in time: મોડું આવેલું.4.Already past: વીતી ગયેલું-પસાર થઇ ગયેલું.5. Not advanced in civilisation: નહિ સુધરેલો; પાછળ પડી ગયેલો;અર્ધ જંગલી.

Backward-s, (બૅક્વર્ડ્-ઝ્) *ad.* With the back in advance:પાછા પગલે.2.On the back:ચત્તા. 3. At the back:પુંઠે; પાછળ. 4. In past time or events:થઈ ગએલું.5 From a better to a worse state:સારીમાંથી-માઠી-ઉતરતી સ્થિતિમાં. 6. In a reverse manner: ઉંધુ; જમણેથી ડાબા હાથ તરફ; અવળું; ઉલટું: **ness**; quality of being b : સુસ્તી; પાછા હઠવું તે; વિમતિ; વિમુખતા.

Bacon,(બેકન)*n* Swine's flesh salted & dried-ડુક્કરનું આથેલું માંસ.*To save one's* b ;to preserve one's self from harm:નુકશાનમાંથી બચાવવું-ઉગારવું.

Bad,(બૅડ્]*a.*Wanting good qualities;corrupt: ખરાબ; દુષ્ટ; ભુંડું; નઠારું;ખોટું; કુડું;નરસું; નકારું; નરસું. 2. Injurious; hurtful: નુકશાનકારક; હાનિ કરે તેવું.3.Offensive;unwholesome:દુષ્ટ;બાધક;અહિતકારક; ઉપદ્રવી. નઠારું;અસાર;વિકાર કરે તેવું;બગડેલું.4. Defective;unskilful: વાંધા પડતું; ઓછી આવડતનું;કાચું; અણઘડ;અણકસબી. 5. Ill;evil:નઠારું; દુષ્ટ; ખરાબ;નકામું;નરસું;અશુભ;કુત્સિત; નટખટ; ખોટું.

Bade,(બૅડ્)The past tense of**bid**: ફરમાવ્યું.

Badge,(બૅજ્)*n.*[L. *begain.* sign.] A distinctive mark worn on person: ચિન્હ; પટ્ટો;નિશાની; ચપરાશ. 2 Something that gives prominence: નિશાની;લક્ષણ;ચિન્હ. *vt.* To mark or distinguish with a badge:પટ્ટો-ચિન્હ પહેરાવવું-ઓળખાવવું.

Badger, (બૅજર્)*n.* [Lat. *blada.* corn.] A kind of animal:એક જાતનું પ્રાણી.2. A brush made of the badger's hair used by artists: બ્રશ;કુચડી;પિંછી.2. A person licensed to buy corn in one place & sell it in another:હાણ માફીથી અનાજ વેચવાની જેને છુટ મળી હોય તે. *vt.*(*a*)To pester; to tease: છેડવું; કરો લેવો; સંતાપવું. (*b*) To pursue eagerly:વાંસે લાગવું; પુંઠે પડવું.(*c*)To beat down;'to cheapen;to barter; to bargain:સસ્તું કરી નાંખવું;સોદેક ૦.

Badinage, (બૅડિનેજરઅોડીનાઝ્)*n.* Lighter or playful raillery;a banter: મશ્કરી;મજાક; ઠઠ્ઠો; ટોળ.

Badly,(બૅડ્લિ)*ad.* Not well poorly;unskilfully;imperfectly;unfortunately;grievously;seriously:નઠારી રીતે; ખરાબ રીતે; અણઘડપણે; અપૂર્ણ રીતે;કમનસીબે;બહુજ; અતિશય.

Baffle, (બૅફ્ફલ્)*v.t.* To check by shifts & turns;to elude:વ્યર્થ-નિષ્ફળ કર.2. To frustrate or defect: ગુંચવવું; હરાવવું; ચાલવા-ફાવવા-વળવા ન દેવું; પરાજય કર.

Bag,(બૅગ્)*n.*]L Lat,*bage*,coffer.[A sack or pouch થેલો-લી-કોથળો-ળી. **A.** *with pockets or divisions*: ચંચી; વાઠલો;ખલતો.A four-mouthed b. ઝોળી; ઝોયણી. B. & *baggage*: all that belongs to one:સર્વસ્વ;સરસામાન;માયા પુંજી;ઘર ખટલો;અવાળો ગવાળો;બધુંએ;સવળું. [*adv.*] ઉપાળા ભરીને;સુદ્ધાત. 2. A sort 'of silken purse: રેશમની કોથળી3. A certain quantity of commodity usually carried to market in a sack:વેપારની ચીજ ભરેલી થેલી.4 Quantity held in the b.: કોથળામાં સમાય તેટલું;કોથળો. જેમકે એક કોથળો બાજરી. *To give one the*b. to disappoint him:નાઉમેદ-નાશી પાસ કર. To put

in to a b :થેલીમાં ભરવું; કોથળો-ળી ભરવો-વી. To capture;to entrap: પકડવું;સપડાવવું.To load with b.s: થેલીઓ મુકવી-મારવી. *vi.* to swel like a full bag: ભરેલી થેલી માફક ફુલવું;ફુલીને દડો થવું.

Bagatelle, (બૅગટેલ્) [L.*baga*, a bundle.] *n.* A trifle;a thing of no importance: નજીવી-હલકી-માલ વગરની વાત;ક્ષુદ્ર વિષય.2. A kind of game: એક જાતની રમત.

Baggage,(બૅગ્ગેજ્) *n.* The tents & other necessaries of an army તંબુ વીગેરે લશ્કરનો સામાન;સામગ્રી;સરંજામ.2. The trunks,carpet,bags &c.used to contain the necessaries of a traveller:મુસાફરનો ખટલો.પેટી-મારખાનું. 3. A woman of loose morals; a prostitute: રાંડ; રંડી; સામાન્યા; વેશ્યા; પાતર.

Baggy, (બૅગિ)*a.*Loose,or puffed out;flabby: ઢીલું; ફુલેલું; ઉપસેલું;ઢેફરાયેલું

Bagnio, (બૅન્યો) *n* [L *balneum* bath.] A bath: હમામખાનું 2. A brothel;a house of prostitutio ભિનાળવાડો;અખાડો;વેશ્યાગૃહ;ખાજરે.

Bagpipe'(બૅગ્પાઇપ)*n.*A musical wind instrument: એક જાતની વાજીંત્રી; મોરલી; શરણાઈ;ફુકવાવાળી મોરલી; સુરનાળું.

Bail,(બેલ્)*vt.*[L.*bajulus*, a tutor or governor.] To liberate on security of anoth r:જામિનપર છોડવુ.2.To deliver,as goods in trust:વિશ્વાસ ઉપર મુકવું-સોંપવું. 3. To free from water; પાણી ઉલેચવું-કાઢી નાંખવું. *n.*A surety for another જામીન **B** *for appearance*: હાજર જામીન. **B.** *for pecuniary liability*: માલ જામીન.**B** *for conduct* ફેલ જામીન; ખાતર જામીન.*To admit to* **b** : જામીનપર છોડવું.*To be on* **B** : જામીન ઉપર છુટા હોવું. 2. Security given for the release of a prisoner: જામીનગીરો;હાજર જામીનગીરો. 3. The handle of a kettle or other vessel:કીટલી કે તેવા વાસણનો હાથો. 4.A division between the stalls of a stable: તબેલામાં ઢોરના અમાલ્ના ભાગ 6. The top of the wicket in the cricket: ક્રીકટમ ઓસેલા દાડા ઉપર મુકવાની ફરકડીઓ; ચકલીઓ.

Bailable,(બેલેબલ્)*a.* Capable of being admitted to bail:જામિન લઈ શકાય તેવું-ઉપર છોડી શકાય તેવું. 2. Having the right of being admitted to bail upon bond with sureties:જામીન ઉપર છૂટવાનો હક ધરાવનું 3 That can be delivered in trust:વિશ્વાસ ઉપર સોંપાય એવું.

Bailbond,(બેલ્બૉન્ડ્) *n.*A written security for the appearance of a prisoner at the trial: જામીન ખત;જમાનીખત;જામીન કતબો;મુચરકો.

Bailee,(બેલી)*n.*A person to whom goods are delivered in trust on bail: જેને ત્યાં અનામત માલ મૂકયો હોય તે; નિક્ષેપી.**or**,**er**.*n.* One who delivers goods to another in trust:અનામત માલ મુકનાર; નિક્ષેપા.

Bailiff'(બેલિફ્) *n.* [L. *bajulus*, a porter.]One to whom powers of custody or care are intrusted: જેને કબજો અગર હવાલાની સત્તા આપી હોય તે 2.A sheriff's deputy,appointed to make arrests,collect fines,or summon juries: કેદીઓને પકડવા દંડ વસુલ કરવા કે જુરીને સમન કરીને બોલાવવાને નીમેલો શેરીફનો મદદનીશ; બેલીફ;સમન બજાવનાર.

Bail vick,(બેલવિક્)*n.* The limits of a bailiff's authority: બેલીફની હકુમત; નાજરની હકુમત.

Bailment,(બેલમેન્ટ્)*n* Delivery of goods in trust:માલ સ્વાધિન કરવો તે,નિક્ષેપ;નિક્ષેપ મુકવો તે;અમુક કરારથી માલની સોંપણ-સુપરત. 2. [*law*] The action of bailing a person accused: તહોમતદારને જામીન ઉપર છોડવાનું કામ.

Bailor (બેલર) *n.* see under **Bailee**

Bait (બેટ્)*n.* Any substance put on a hook to entice fish to swallow it:ગલમાં ભરાવેલું બક્ષ. 2. Enticement:લાલચ; ગલ;મધલાળ.3.Refreshment taken on a journey: રસ્તાનું ભાથું 4 A light or hasty luncheon:થોડોક નાસ્તો;હાજરી;કુ ગો. *vt.* To allure by food: ખોરાક આપી લલચાવવું.2. To give food or drink to a beast in journey: (રસ્તો) જાનવરને ઘાસ નીરવું-દાણો ખવરાવવો-પાણી પાવું.3. To provoke & harass for sport:રમત-શિકારને માટે હેરાન કરવું-પજવવું; સતાવું; કુતરા લગાડવા.*vi.* To refresh one's self with food and drink in a journey:ભાથું ખાવું;હાજરી કરવી.2. To flutter wings;to flap wings:પાંખો ફફડાવવી.

Baize,(બેઝ્)*n* A coarse woollen stuff:એક જાતનું ઉનનું જાડું કપડું.

Bake, (બેક્) *vt.* To heat, dry & harden:પકવવું;શેકવું; તપાવું.2.To harden by cold: ઠંડકથી કઠણ કરવું: *vi.* to do the work of baking: ભઠીયારાનું કામ કરવું;શેકવું;પકવવું;2. To be baked;to dry & harden in heat: શેકાવું; ચઢવું; સુકાવું;-**house**. *n.* A house for baking:ભઠીયારખાનું; **er** One who bakes: ભઠીયારો;**ing**.

Balance, (બૅલન્સ)*n.* [L *bis*, twice & *lanx*,a scale.] (*a*) A pair of scales:કાટો; ત્રાજવું; તરાજી (*fig*) *An even.***b** : ન્યાજબીપણું; ન્યાજબી રીત;સમાનવૃત્તિ.2. Excess. on one side of an account: શીલક; બાકી; શેષ; પુરાંત 3. Estimate:ગણત્રી; વિચાર;વિવેચન; તુલના. 4. An equipoise; equilibrium; even adjustment:ઘેડો,સમતોલ;તુલ્યતા. 5 The wheel in a watch:ઘડિયારનું ચક્કર. 6.A sign of the zodiac:તુલારાશી. *Beam of.a.* **b**:દાંડી;તુલાદંડ. *To lay in* **b**,: સાનમાંહુડપ તરીકે મુકવું. *To strike a* **b**.બાકી અથવા શીલક કાઢવી; લેણું કે દેવું નક્કી કરવું *To leave no* **b** : ચુકતે હિસાબ આપી દેવું.*The strings of a* **b**: નાંથણાં.*The tongue of a* **b** :કાટો. **B.** *of an* account: બાકી, શીલક, પુરાંત જમાખર્ચ.*vt*- 1. To weigh in a balance:સમતોલ કરવું. 2.To counterpoise:સમતોલ કરવું; ઘેડો કરવો.3.To estimate;નું તોલ કરવું; -ની તુલના કરવી;તોળી લેવું;4.To settle, as,an account:માંડી વાળવું;ચુકવવું; પતાવવું 5. To make the sums of the debits and the credits of an account equal:જમે અને ઉધાર પાસાંની રકમ બરોબર કરવી;બન્ને પાસાં સમતોલ સરખાં કરવાં.*vi.* 1.To be equipoise: સમતોલ હોવું. 2.To hesitate:આનાકાની કરવી;ઢચુપચુ રાખવું; સંકલ્પ વિકલ્પ રાખવો.

Balance-sheet,(બૅલન્સશીટ્)*n.*A statement showing the assets and liabilities of a trading concern:સરવૈયું.

Balcony(બૅલ્કોનિ)*n.*[*balco*,a scaffold.]A railed or raised space in front of a house,usually before the windows:કઠેરો;ગોખ;ઝરુખો;છજ્જુ

Bald,(બોલ્ડ્)*a* Wanting hair:વાલ પડેલું 2. Unadorned; inelegant; literal: અલંકાર-શોભા રહિત;અસભ્ય; અશિષ્ટ; નિરસ 3 Mean; base:નીચ; હલકું 4.Destitute of beard:નમુછીયું 5 Destitute of natural covering:છાલ પીછા વગરનું;આચ્છાદન રહીત; ઉઘાડું. નમ.6.Undisguised: ખુલ્લું; અકૃત્રિમ.

Balderdash(બોલ્ડરડૅશ)*n.*A worthless mixture,especially of liquor:

હલકી મેળવણી(દારૂની.)2.Nonsense; trash;senseless jargon: બીચરો; લોચાવાળવા તે; જંગલી બોલી.

Baldhead,(બોલ્ડ્હેડ)*n.*A person with a bald head:તાલ પડેલું માણસ; **-ness.** *n.* State of being bald: તાલ.2.Inelegance:અલંકાર-શોભા-રસહીનતા.

Baldric, (બોલ્ડ્રીક)*n.* [L. *balz*, a belt]A girdle or richly ornamented belt કમર પટો; મેખલા

Bale,(બેલ્)A bundle of goods in a cloth cover and corded:ગાંસડી; પોટલી;બિંદડી.*a. Wrapper of a* **b**: બારદાન;*A full pressed.* **B.**: પાટલો *vt.*To make up in a bale: ગાંસડી બાંધવી.2.To free from water by dipping: પાણી ઉલેચવું-ચી નાંખવું.

Bale,(બેલ્)*n.*Calamity;misfortune:સંકટ; દુઃખ; આપત્તિ; વિપત્તિ; શોક; દુઃખ;દુઃખદ વસ્તુ,વિપદ;આપદા;આફત. **-fire:** An alarm fire: ભય સૂચક ઇશારતનો ભડકો.

Baleful, (બેલ્ફુલ્)*a.*1Calamitous; destructive: સંહારક; અનર્થકારક; નાશકારક:પ્રાણહર; વિનાશી; દુખદાયક; દુષ્ટ;ક્રૂરગીરી ભરેલું; ખેદકારક.2. Woeful.ઉદાસી; શોકાર્ત્ત; દુઃખિત.

Balk,(બોક્)*n* A ridge of unploughed land:સેડો; પડતર-વગર ખેડેલી જમીન **2.**A great beam:મોભ; ભારવટીઓ;પાટડો.3.Disappointment: આશાભંગ;નિરાશા. 4. A beam connecting the successive supports of a trestle bridge:સેતુ; સેતુબંધ.5 A sudden and obstinate stop;a failure:એકદમ બંધ પડી જવું તે;નિષ્ફળતા.*vt.*To leave untouched in ploughing: પડતર રાખવું; સેડો રાખીને ખેડવું.2 To frustrate: to baffle: પરાજય કરવો; નિરાશ-નિષ્ફળ કરવો.3.To leave heaped up: ઢગલા કરવા *vi.*To stop abruptly in one's course:ચાલતા ચાલતા એકદમ અટકી પડવું.**y.***a.* Apt to stop abruptly: એકદમ અટકી પડે તેવું; અટકણ.

Ball,(બોલ)*n.*A round body: દડો; ગોળો;ગોળી; પીલ્લું;ગોટો.2.Any protuberant part of the body; as, eye ball: શરીરનો આગળ પડતો દડા સરખોભાગ;જેવો કે તારો;આંખનો ડોળો. 3.A general name for games in which a ball is thrown, kicked or knocked: દડાથી રમાતી કોઇપણ રમત. 4. Any solid spherical, or conical. projectile of lead or iron,to be discharged from a fire arm:કોઈપણ બંદૂક વિ૦ માંથી ફોડાય તેવી ગોળી-ગોળો-often used collectively as powder & ball:દારૂગોળો.5. The globe or earth:પૃથ્વિનો ગોળો; ભૂગોળ. *Fire* **b**: ખરતો તારો;ફલ્લા; ઉલકુ.

Ball, (બોલ્)*n ballare*, to dance [Gr.*ballo*,I heap.]A social assembly for the purpose of dancing: નાચ;નૃત્યોત્સવ;નૃત્ય સમારંભ. *vi.* To gather balls of snow or damp clay which cling to the feet: પગે બરફ કે કાદવના લોચા ચોંટી જવા. *vt.*To form or wind into a ball: દડો પીલ્લુ ગોટી કરવી-વાળવી-વિંટવી.

Ballad,(બૅલ્લૅડ્)*n.*[L. *Ballare*, to dance.]A simple popular song: ગરબો;ગીત;લાવણી;ગરબી;ઠુમરી; ખ્યાલ ટપ્પા; કલગીતોરા. *vi.* To make or sing ballads: ગીત બનાવવાં-ગાવાં. **-er,**a writer of ballads:ગીત લખનાર. **ry,** subject of ballads:ગીતનો વિષય.

Ballast,(બૅલ્લૅસ્ટ્)*n.* Heavy substance to sink a vessel to a certain depth so as to keep it steady:વહાણ ઉંધું ન વળે તેટલા માટે તેને પાણીમાં ઉતારવાના ભાર; નેહાવ; નીહાર;નીરમ.2. Broken stones of grave used in making concrete:કાંકરો બનાવવાને ભાગેલા પથર; કાંકરા;મજીઓ વિ૦. 3 (*Fig*). That which gives steadiness, uprightness & security: દૃઢતા; પ્રમાણિકપણું અને નિડરપણું આપનારો ગુણ. *A ship in* **B**:ખાલી વહાણ;માત્રનિહારને જરૂરનો સામાન લીધેલો હોય તેવું વહાણ.*vt.*1 To fill in with stone sand gravel,etc:સખત અથવા અડગ થાય તે માટે પથર રેતી વિ૦ ભરવું. 2.To keep steady; to steady, morally:દૃઢતાનો ગુણ આવે એવું કરવું.

Ballet,(બૅલ્લે)*n* A kind of dance: એક જાતનો નાચ; હાવભાવ પૂર્વક નૃત્ય

Balloon,(બૅલ્લૂન્)*n* A bag of light material filled with hydrogen gas so as to rise in the air:બલુન;ગભારો;વિમાન.2. A ball on the top of a pillar: થાંભલા ઉપરનો ગોળ ભાગ;મરકું.3 A gas receiver: ગૅસ ભરવાનું ગોળ વાસણ. 4. A ball stuffed with combustibles:સળગી ઉઠે એવા પદાર્થથી ભરેલો ગોળો; હવાઇ;તારો.**ist,**an aeronaut.બલુનમાં ઉડનાર.

Ballot, (બૅલ્લૉટ્)*n.*(*a*)A little ball used in voting:મત આપવાની ગોળી; ખોટી; ચિઠ્ઠી.(*b*)A printed or written ticket used for the same purpose:મત આપવાની ચિઠ્ઠી (*c*)The whole amount of votes cast:પડેલા-આવેલા સર્વમત-મતસમસ્ત.2 Act of voting by tickets: ચીઠ્ઠીથી મત આપવો તે. **-box,** *n.* A box for receiving ballots:મતની ચીઠ્ઠીઓ નાંખવાની પેટી. To vote or decide by ballots:ચીઠ્ઠીથી મત આપવા કે નક્કી કરવું.

Balm, (બામ્) *n.* [L. *balsamum*, balsam] A fragrant plant: ખુશબોદાર છોડ.2. Aromatic sap of certain trees: ઝાડનો ખુશબોદાર રસ;ગુગળ. 3. Any fragrant ointment:ખુશબોદાર લેપ-મલમ-ઉટણું 4. Any thing which heals pain: દુઃખ નિવારક-ઉપશામક-શાન્તિ-દાયક ઔષધ; શામકદવા. *vt.* 1. To anoint with balm:લેપ કરવો-ચોળવો.2. To soothe; to mitigate:મટાડવું; દરદ કમી કરવું-શમાવવું.

Balmy, (બામિ) *a.* Odoriferous; aromatic:સુગંધીદાર; ખુશબોદાર;સુવાસિત.2. Assuaging; soothing: શાંતિકારક; સુખકર; સ્વાસ્થ્યકારક; મિઠું ગુલાબી; નરમ; તાપહર ઉપશામક. **B.** *sleep*: મીઠી ઉંઘ.

Balsam, (બોલ્સૅમ્) *n.* Soothing ointment of an oily nature: ખુશબોદાર તેલ;મલ્યંજન; બલસામ.2. A species of tree:એક જાતનું ઝાડ. 3.Anything that heals, soothes, or restores:દરદ મટાડતો કે નરમ પાડતો પદાર્થ.

Baluster, (બૅલસ્ટર્)*n* [L.*balaustium.*] A small column made to guard the side of a staircase or the front of a gallery:દાદરા, બારીકે જરૂખાની આગળથી પડી ન જવાય તે માટે કરી લીધેલો કઠેરો; કઠેરામાંનો ગજ સળીયો દંડ-નાની થાભલી.

Balustrade,(બૅલસ્ટ્રેડ્)*n.*A row of little pillars serving as an open parapet,along the edge of balcony,terrace or bridge:કઠેરો;થાભલી આનીહાર.

Bamboo,(બૅમ્બૂ)*n* A strong Indian reed with hollow joined stems:વાંસ. *Mauna of the***b.**:વાંસકપુર;વંશરોચન To flog with the bamboo:વાંસથી ઝુડવું મારવું-કુટવું.

Bamboozle, (બૅમ્બૂઝલ્)*vt.*To deceive;to confound:ઠગવું;ગુંચવવું; ઠગવું;છેતરપડી કરવું;ફસાવવું;ભોળા ભેત કરવું.

Ban,(બૅન્)*n.* [L. *fari*,to speak·] A public notice, mandatory or prohibitory:ઢંઢેરો;હાકી 2.(*pl.*) A proclamation in church neces-

sary to constitute a legal marriage:લગ્નના ઠરાવની જાહેર ખબર;લગ્ન થવાનું છે તેની જાહેર ખબર.3. An interdiction; prohibition: મના; આણ;પ્રતિષેધ;નિષેધ,ફરમાઇ.4.A curse શ્રાપ;શાપ;બદદુવા.5. A pecuniary penalty:દંડ.6. A proclamation by beat of drum: ઢંઢેરો; દાંડી. *vt.* To curse:શ્રાપ દેવો;બદદુવા આપવી.

Banana,(બૅનૅન)*n.*An herbaceous plant & its edible fruit:સોનેરી કેળ તથા સોનેરી કેળું.

Band,(બૅન્ડ)*n* A narrow strip or cloth for binding;a fillet:પાટો; પટી;પટો; દોરી;બંધ;બંધીઓ.2.Means of union between persons; a tie:સંપ;સંબંધ; વળગાડ; લગવાડ;સાંકળ; શ્રેણી. 3. A linen ornament for clergymen: પાદરીને ડોકે પહેરવાનો શણનો શણગાર; પટો. (*a*) A company of persons;multitude assembled:મંડળી;જમાત;ટોળી;ઝુંડ; સમાજ;સમૂહ B.*of knaves,libertines,idlers.* &c.: ચંડાળચોકડી; ભુતાવળ;તટખટ વાળુ.(*b*)A body of armed men:ફરજી ટુકડી;પલટણ.5. A belt passing over two pulleys: ફરેડી ઉપર ફરતો પટો.*vt.*1.To bind:બાંધવું. 2.To unite in a troop, company or confederacy:રીતસર કે જોવા કામ અર્થે-એકઠું મળવું એક સંપ કરવો. 3. To mark with a band: પટ્ટો મુકાવી આપવો; પટ્ટાની નિશાની ચોડવી. *vi.* To unite;to conspire together: એકસંપ કરવો.

Bandago, (બૅન્ડેજ)*n* A fillet or roller used in dressing wounds: પાટો.2. Something resembling a bandage:બંધન;બંધ;પટો.*vt.* To bind with a bandage પાટો બાંધવો.

Bandbox (બૅન્ડબૉક્સ)*n.* A light paper box for holding small articles: હલકી કાગળની પેટી.

Bandit,(બૅન્ડિટ)*n* (*pl*)**banditti, bandits**, [L. *Bannirs*,to banish]Arobber;brigand;an outlaw બારવટીઓ;લુંટારો;વાટપાડુ; ધાડપાડુ.

Bandog,(બૅન્ડૉગ)*n.*A large;fierce kind of dog; mastiff: વિકરાળ કુતરો.

Bandoleer,(બૅન્ડોલીઅર)*n.*A small wooden case covered with leather containing powder:દારૂ ભરવાની નાની પેટી.2.A large leathern belt:હથીઆર બાંધવાનો ચામડાનો પટો; કારતુસ રાખવાનો પટો.

Bandro, Bannerol, (બૅન્ડ્રો,બૅનરોલ)*n.*A little flag, or banner: નાનો વાવટો; પતાકા.

Bandy,(બૅન્ડિ)*n.*A bent club for striking a ball at play:ગેડી;દંડો.2. The play with such a club:ગેડી દડાથી રમત; ગિલ્લી દંડાની રમત.*vt.*To beat to & fro:આમ તેમ ફેંકવું.2.To exchange:અદલ બદલ કરવું; ટપાટપી વાદવિવાદ કરવો.3.To agitate: એકબીજા તરફ ફેંકવું.*vi.* To contend at a game:ટપાટપી કરવી **leg**.*n.*A crooked leg:મરડાયેલો પગ.*a.*Bent;crooked:મરડાયેલો; વાંકો;ટોંટો; ટુંચમકોડાયેલું.

Bane, (બેન્) *n.* (*a*) Poison of a deadly quality:હળાહળ ઝેર; વિષ. (*b*) hence, any fatal cause of mischief or destruction: વિષનો પ્યાલો;વિષનું ઘર; ક્ષયકારણ; વિનાશહેતુ; અનર્થ મૂળ;નાશનું મૂળ.2.Ruin: નાશ; મરણ કાળ.3.A disease in sheep; the rot:ઘેટાંને થતો રોગ.

Baneful,(બેન્ફુલ)*a.*Poisonous; injurious;noxious;pernicious:ઝેરી; અહિતકારક;નાશકારક; ઘાતક;વિષાન્વિત.

Bang,(બૅન્ગ)*vt.*To handle roughly;to beat as with a club: પ્રહાર કરવો;તડન કરવું; મારવું; ઝાપટવું; ઝાટકવું; નો સપાટો કાઢવો. 2.To beat so as to make a loud noise: મોટો અવાજ થાય એમ મારવું; ઠોકવું. *vi.* To make a loud noise,as with succession of blows:ડોકી ડોકીને અવાજ કરવો.*n.*A heavy blow: સપાટો;ઝપાટો;પ્રહાર. ઝાપટ.2.An intoxicating Turkish drug:કેફી તેજનો; ભાંગ.3. the sound produced by a sudden percussion: ધડાકો; ધબાકો. **-ing** *a.*Huge;great in size:મોટું; ગજાવર; રાક્ષસી કદનું.

Bangle,(બૅન્ગલ)*n.*An ornament ring worn on the arms & ankle by women in India & Africa;a ring bracelet:બંગડી;ચુડો;કલ્લી;ગુજરી.

Banian, (બૅનિઅન્) *n.* A Hindu merchant:વાણીયો;વેપારી;વૈશ્ય.2.A man's loose gown:ડગલી;અંગરખું; જમો;બદન; બંડી. 3. The Indian fig tree:વડનું ઝાડ; વડ.

Banish, (બૅનિશ) [L. *bannire* to proclaim.] *vt.* To condemn to exile:દેશનિકાલ કરવો; દેશવટો દેવો;દેશપાર; હદપાર કરવો.2.To drive away; to exile: દૂર કરવું; કાઢી મુકવું. 3. To cast from the mind:મનમાંથી કાઢી નાંખવું; દૂર કરવું. *To* **b**:*oneself.*સ્વદેશ ત્યાગ કરવો.**er**.*n.*One who banishes: દેશ નિકાલ કરવો.

Banishment,(બૅનિશમેન્ટ)*n.*State of being banished;exile;expulsion:દેશનિકાલ; સ્વદેશ ત્યાગ;દેશવટો.

Bank, (બૅન્ક) *n.* A mound pile or ridge of earth:બંધારો;બાંધ;પુરતો;કિનારો;પાળ;કોટ.2. Any steep ascent rising from a water course:કિનારો;કાંઠો;તટ;તીર;પાળ.*A high b.*:કરાડ;કરાડો.3.A shoal:બડક બાદુ. 4.A fund from deposits or contributions: ઉઘરાવેલા પૈસા. 6. An establishment for the custody, or the loan,exchange,or issue of money & for facilitating the transmission of funds:પેઢી; સરાફી દુકાન; કોઠી;બેંક.7. Office of a banking establishment: બેંકની આફીસ 8.Company of the directors; the stockholders of a bank:ડીરેક્ટર્સની મંડળી; બેંકના ભાગીદાર. 9. Bench or seat of judges:જજની બેઠક.*vt.*To embank: ઘેરો-બાંધપુસ્તો બાંધવો 2.To heap: ઢગલો-કરવો-મારવો.3. To deposit in bank: બેંકમાં નાણાં મુકવાં.*vi.* To carry on banking:સરાફી કામ કરવું; પેઢી ચલાવવી. 2. To have an account with a banker: શરાફ સાથે હિસાબ રાખવા-લેવડ દેવડ કરવી.

Bank-bill,(બૅન્ક્બિલ)*n.*A bank-note:મુદતની હુંડી.

Banker,(બૅન્કર)*n.*One who traffics in money:સરાફ;હુંડીવાળો;પેઢીવાળો;શાહુકાર;નાણાવટી.2. A vessel employed in fishing: એક જાતનું વાહણ.3. A stone bench for masons:સલાટબેસવાનું આસન.

Banking,(બૅન્કિંગ)*n.*The business of a bank:સાહુકારી;સરાફનો ધંધો; શરાફી.*a.*Pertaining to a bank:પેઢીનું.

Bank-note,(બૅન્ક્નોટ)*n.* A promissory note issued by a bank & payable on demand: તરત મુદતની હુંડી; ચલણી નોટ.

Bankrupt,(બૅન્ક્રપ્ટ)*n.*[L.*ruptus* broken.]A trader who defrauds his creditors:પોતાના ધીરનારને છેહ દેનાર.2.A trader who fails to pay his debts:દેવાળિયો;નાદાર. 3. Any person unable to pay his debts: નાદાર.*v.*Insolvent:નાદર.2. Destitute of,or wanting in:વિનાનું;રહિત.*vt.*To make insolvent:દેવાળું કઢાવવું.

Bankruptcy,(બૅન્ક્રપ્ટ્સિ)*n.*Failure in trade:દેવાળું;નાદારી.2.Completeloss:છેક ઘાસ થઈ જવું; તદ્દન ટોટોખોટ.3. The state or process of being bankrupt:નાદાર-દેવાદાર થઈ જવાની હાલત [of a bank:બેંકના શેર.

Bank-stock,(બૅન્ક્સ્ટૉક)*n.*Share

Banner, (બૅનર્) *n. bannum,*

banner.] A flag or ensign:ચાવંડો;નિશાન-પતાકા;ધ્વજ;ઝુંડો.

Banquet,(બૅન્ક્વેટ)*n.* A feast:મિજબાની; ઉજાણી; ખાણું; જ્યાફત. *vt.* To treat with a feast:મિજબાની આપવી; ખાણું આપવું. *vi.* To regale oneself with good eating & drinking: ખાઈ પીને મજા મારવી.

Banter,(બૅન્ટર)*vt.*To rally;tojoke ની-મશ્કરી-હાંસી-ઠઠ્ઠો-ઉપહાસ કર. *n.* A joking;a wit:વિનોદ; ઉપહાસ; ઠઠ્ઠો; મજાક; મશ્કરી.

Bantling,(બૅન્ટ્લિન્ગ્)*n.*A young child;an infant:બાળક; બચ્ચું;પોરીઉં; નાનું છોકરું.

Banyan,(See;**banian. 3.**)

Baptism,(બૅપ્ટિઝમ્)*n* [Gr.*bapto*, I dip in water.] An initiating sacrament of the Christian religion:ધર્મ-દિક્ષાર્થ જળસંસ્કાર; બાપ્તિઝમ.

Baptismal,(બૅપ્ટિઝ્મૅલ્)*a.*Pertaining to baptism:જળસંસ્કાર સંબંધિ.

Baptist,(બૅપ્ટિસ્ટ્)*n.*[L.*baptista.*] One who administers baptism: જળસંસ્કાર કરનાર. 2. One who opposes infant baptism:બાળકને જળ સંસ્કાર નહીં કર એમ કહેનાર-મત ચલાવનાર.

Baptistery,(બૅપ્ટિસ્ટરિ)*n.* A place where sacrament is administered:જળસંસ્કાર સ્થાન.

Baptistic,(બૅપ્ટિસ્ટિક્)*a.* Pertaining to baptism:જળસંસ્કાર સંબંધિ.

Baptize(બૅપ્ટાઇઝ્)*vt.*[L *baptizare*] To christen;to name:ખ્રિસ્તી નામ પાડવું.2.To administer the sacrament of baptism to:જળ સંસ્કાર કરાવવો.3. To sanctify;to consecrate:પવિત્ર-પાવન કરવું; શુદ્ધ કરવું.

Bar,(બાર્)*n.*Bolt:બુંગળ;ગજ; આડી; આગલો; સળીઓ. *iron.* b. લોહદંડ;પરાઈ;મુસળી. 2.An obstruction: વિઘ્ન;અડચણ; અંતરાય; અટકાવ; નડતર; આડ;આડખીલ;બાધ.3.A sand bank at the entrance to a river:નદીના મોં આગળનું ભાઠું દાંડો.(*a*) The railing enclosing the space which councels occupy in courts of justice: અદાલતમાં વકિલોને બેસવાની જગાની આસપાસનો કઠેરો. (*b*)A place in a court where prisoners are stationed for trial:કેદીનું પાંજરું. (*c*) The whole body of lawyers:સમસ્ત વકીલ મંડળ.5.Any tribunal: અદાલત;કોરટ. 6.The inclosed place of a tavern:દારૂના પીઠાનો વાડો.7. A division in music: ગાયનનો આંતરો-વિ ભાગ પાડ. (*pl.*) (*a*) Upper part of the gums of a horse: ઘોડાનું અવાળું. (*b*) Part of the hoof of a horse:ઘોડાની ખરીનો ભાગ. 9.Lump of gold or other metal:ત્રાંબુનું ચોરસું; રૂપાની ઇટ-ગઠ્ઠો પાટ-લગડી. સોનાની રણી. 10. A strepe of colour: રંગીન-પટ્ટી-દોરી-લીટી. 11. A rod;a pole:દાંડો; સળીઓ. *In.* b. of: પુરેપુરા રદીઆ-ખુલાસા-સબળ કારણ તરીકે.*vt.*1.:To fasten with a bar: બુંગળ દેવી ખેંચવી 2.To obstruct: અટકાવવું;અડચણ-નડતર વિઘ્ન કર;બાધ કર;બાધ લાગવો-આવવો. 3.To except:બાતલ કરવું; અપવાદ ગણવો. 4. To cross with one or more stripes:આડી લીટી દોરવી.*To* b.*out*:બારણું દઈને બહાર રાખવું.

Barb,(બાર્બ)*n.*[L.*barba*, beard.] A beard:દાઢી 2. The point that stands backward in an arrow: આંકડો-ડી; કાંટો 3. An armour for horses:ઘોડાનું બખ્તર; પાખર. 4. A horse of Barbary: બારબરી દેશનો ઘોડો. 5. A Barbary pigeon of a black colour: બારબરી દેશનું કાળા રંગનું કબુતર.*vt* 1.To furnish with barbs: આંકડાવાળું-કાંટાદાર કર. 2. To clothe a horse with armour: ઘોડાને બખ્તર પહેરાવવું.

Barbacan-bican,(બાર્બૅકન્-બિકૅન્) *n.*[L. *barbacana.*] An opening in a fortress through which guns are fired upon an enemy: દુશ્મન સામે તોપના બહાર કરવા કાંગરામાં મુકેલું બાકું. 2. A projecting watch tower over the gate of a castle:કિલ્લા પાસે શત્રુને નીરખવાનો મીનારા.3. The out work intended to defend the draw bridge: મોટા કિલ્લા બહાર નાનો મોરચો.

Barbarian, (બાર્બેરિઅન્)*n.* [L. *barbarus*, rude.] *n.*An uncivilized person:જંગલી-અસભ્ય-અસભ્ય માણસ;રાનવો;મલેચ્છ;યવન.2.A cruel man: ઘાતકી ક્રૂર-નિર્દય માણસ; રાક્ષસ; યમ.3. A foreigner (*hise*): પરદેશી વિદેશી. 4. Aperson destitute of culture: અસભ્ય; નિરક્ષર-પુરુષ. *a.* 1. Rude: જંગલી; અસભ્ય;અણઘડ;અડાણી;રાની 2.Brutal;cruel:ઘાતકી; ક્રૂર; દયાહીન; નિર્દય.

Barbaric, (બાર્બૅરિક) *a.* [L. *barbaricus*, foreign.] Of the barbarious nations;foreign:પરદેશથી આવેલું; પરાયું;પારકું. 2. Barbarous: જંગલી-ક્રૂર; નિષ્ઠુર; ઘાતકી.

Barbarism,(બાર્બારિઝ્મ્)*n.* An uncivilized state; rudeness of manners:જંગલીપણું; અનાચાર;અનક્ષરતા;આચાર;શૂન્યતા 2.An outrage: a brutal or cruel action: ક્રૂરતા; નિર્દયતા. 3. An offence against purity of language;a solecism: અશુદ્ધ ભાષા; અપશબ્દ; અશુદ્ધ પ્રયોગ; ગ્રામ્યભાષા.

Barbarity,(બાર્બૅરિટિ)*n.*.Savageness; inhumanity: આચારન્યૂનતા; નિર્દયતા;ક્રૂરતા;અસભ્યતા; અશિષ્ટતા;નિષ્ઠુરતા. 2. A barbarous or cruel act:જંગલી;ક્રૂર-નિર્દય-અઘોર કર્મ.

Barbarize,(બાર્બરાઇઝ્)*vt.*To use or adopt foreign mode of speech: અશુદ્ધ ભાષા વાપરવી.*vt.*To make barbarous: જંગલી-અસભ્ય-અણઘડ કર.

Barbarous,(બાર્બારસ)*a.*[L.*barbarus*, foreign.]*a* Uncivilized: જંગલી;રાની;અડાણી;અસભ્ય.2.Cruel; ferocious:ઘાતકી;ક્રૂર;નિષ્ઠુર; નિર્દય 3 Contrary to pure idioms of a language: ભાષાની રૂઢી વિરુદ્ધ-અપરિચિત.

Barbed(બાર્બ્ડ)*a.*Bearded;armed આંકડાદાર;અણીદાર;કાંટાદાર;અણીયારું

Barber(બાર્બર્)*n*One who shaves beards:હજામ; ગાયતે; નાપિત; વળંદ; રાત; પારખ; નાઇ.

Barbule, (બાર્બ્યૂલ્) *n.* A very minute beard: હલકો-નાની દાઢી.

Bard,(બાર્ડ) *n.* A poet:ભાટ; ચારણ; બારોટ;બંદિજન;સ્તુતિપાઠક 2 Apoet: કવિ.3. The defensive armour of a horse:ઘોડાનું બખ્તર.

Bardic,(બાર્ડિક) *a.* Pertaining to the bard or his poetry:ભાટચારણ કવિ-સંબંધિ;તેમની કવિતા સંબંધિ-વિષે.

Bare(બૅર્)*a.*Naked:ખુલ્લું;નાગું ઉઘાડું; વગરનું; બોડું; વસ્ત્ર-આચ્છાદ રહિત.2. With head uncovered:માથું ઉઘાડું કરેલું;ઉઘાડું;બોડું. 3. simple;unadorned:સાદું;સુનું;ઢબ્બુ ;શોભારહિત. અલંકાર રહિત.4.Destitute; unfinished;empty: વિનાનું; રહિત; ખાલી. 5. Threadbare: જુનુ થઈ ગયેલું; ખખળી ગયેલું;જીર્ણ.6. Mere; alone: એકલું;કેવળ; છડું. *n* Surface;body: વસ્તુ;સપાટી;ઉપર ઉપરનો ભાગ *vt.* To make naked: નાગું-ખુલ્લું કર. 2. Bore (the old preterite of the verb to bear) ખમ્યું; જળ્યું.

Bareback,(બૅર્બૅક્)*ddv.*Without using a saddle: જીન સુક્યાવગર; ઉઘાડી પીઠ ઉપર.-ed *a.* Having the back uncovered: ઉઘાડી પીઠવાળું;

Bare-bone, (બૅર્બોન્)*n.* A lean person:દુબળો-સુકલકડી-માણસ.

Barefaced, (બૅર્ફેસ્ડ) *a.* With face uncovered: ખુલ્લા મોંવાળું; ઘૂરખા વગર 2. *(a)* Without concealment; undisguised: સંતાયા વગર; મોં ઢાંક્યા વગરનું. *(b)* Shameless; audacious; glaring: લાજ વગરનું; નિર્જજ. ધૃષ્ટ; ખુલ્લું; ઉઘાડું છોગ.

Bare-foot, (બૅર્ફુટ્) *a &ad.* With the feet bare: ઉઘાડા; ખડવાપગવાળું. પગ અડવે પગે; અડવાનું.

Bare-headed, (બૅર્ હૅડેડ) *a.* Having the head uncovered: ખુલ્લા માથાવાળું; ખોડું; ઓઢે માથે.

Barely, (બૅર્લે) *adv* Merely; only: કેવળ ફક્ત; માત્ર ભાગ્યેજ; મુશ્કલીથી 2. Without concealment: ઘૂમાવ્યા વગર; ખુલ્લે ખુલ્લું સ્પષ્ટ રીતે. 3. Scarcely; hardly: ભાગ્યેજ; જવલ્લેજ; મહામહેનતે-પરાકાષ્ટાએ; જરામાં; સ્હેજ.

Bareness, (બૅર્નેસ્) *n.* A nakedness; indigence: નાગાઇ દુબળાઇ; શૂન્યતા; ક્ષીણતા; દીનતા.

Bargain, (બૉર્ગેન્) *n.* Agreement; mutual pledge: કરાર; સાટું; બોલી; હોડ પડ્યું; સોદો. 2. A gainful transaction; an advantageous purchase: નફા પડતો સોદો; ફિકાયતનું વેચાણ; ખરાદો 3 The thing purchased: જે ખરીદેલું વેચાતું લીધેલું હોય તે 4 કરેલો સોદો *To make the best* B: ઓટનો સોદો હોય તેમાં જેમ બને તેમ સારો ઉપયોગ કરવો; લાધું ત્રા પુરે ક૦. To *strike a* b: સોદો ઠોકો તાળો આપવો; તાળી આપી સોદો ઠોકવો. *Into the* b: વેચાણમાં; એ ઉપરાત *To sell* b ક્ષ, અસલ્ય હાજરજવાબ આપવા; વહેંચી ખાવું; રોકડું પકડાવી દેવું; ટપ્પાટપ્પા કરવી. *vi.* To agree: કબુલ સાટું ક૦; પહેઠવું; વેચવું. *vt.* To transfer for a consideration: વેચવું-ee, *n* He who accepts the b.: સોદો રાખનાર er, *n.* He who stipulates to sell: સોદો વેચનાર-કરનાર.

Barge, (બાર્જ્) *n.* [L *barca*, bark A pleasure boat: ફીટનૌકા. 2. A large boat for conveying passenger or goods: માલ તથા ઉતારુઓ લેજવા લાવવાની મોટી હોડી.

Bark, (બાર્ક્) *n.* The rind: છાલ; ઝોલ; ઝાડું. 2. The Peruvian bark: એક જાતની ઔષધી. *vt.* To peel: છાલ-ઝોલ ઉતારવી. 2. To cover with bark: છાલથી છાજ લેવું. 3. To tan: કમાવવું; કેળવવું. 4. To colour with bark: છાલથી રંગવું.

Bark, (બાર્ક્) *n.* The loud sound uttered by a dog: કુતરાનું ભસવું. *vi* To make the noise of a dog: ભસવું. 2. To clamour: ભસવું; નિરર્થક નિંદા ક૦; ભસી મારમાર ક૦. ing *n.* Noise made by a dog: કુતરાનું ભસવું.

Bark-Barque, (બાર્ક્) *n.* [Lat, *baris* a small boat.] A small ship: હોડાનું વહાણ.

Barker, (બાર્કર્) *n.* A person who clamors unreasonably: ભસમસ કરનારો લવરી કરનારો. 2. One who strips trees of their bark: ઝાડની ઝોલ ઉતારનાર. [ચમારનું ઘર.

Barkery, (બર્કરિ) *n.* A tan-house:

Bark-pit, (બાર્ક્પિટ્) *n.* A pit filled with water & bark to steep hides for tanning: ચમાર-ચામડિયાનો કુંડ.

Barley, (બાર્લી) *n.* A well known grain much used for making malt: જવ. **corn,** the third part of an inch in length: એક ઇંચનો ત્રીજો ભાગ.

Barm, (બાર્મ્) *n.* The foam rising upon beer & used as leaven for bread; yeast: રોટલામાં મોવણ તરીકે વપરાતું બીર જાતના દારૂનું ફીણ; ખમીર. **y,** *a* Containing yeast: ખમીર-રવાળું.

Barn, (બાર્ન્) *n* A covered building for storing farm produce: દાણો ભરવાનું-ઝુડવાનું ઘર; છાપરાવાળું ખળુ. 2. A house for stabling cattle & horse: ઘોડાનો તબેલો; કોઢ; ગમાણ.

Barnacle (બાર્નેકલ્) *n.* A conical shell fish found at the bottom of ships: સમુદ્ર માંહેના વહાણને તળીએ; ખડકે; અથવા લાકડાંમા બાઝી રહેનારી સીપ. A species of goose: એક જાતનો હંસ 2. *pl.* An instrument for pinching a horse's nose to restrain him: ઘોડાને વશ રાખવાને તેનું નાક ચારવાનું હથીઆર. 3. (*pl*) A pair of spectacle: ચશ્મા.

Barometer (બૅરૉમિટર્) *n.* [Gr. *baros* weight & *metron*, a measure.] An instrument for determining the weight or pressure of the atmosphere: વાયુભારમાપક યંત્ર; આકાશતોલન યંત્ર; હવામાપ; વાયુમાપકયંત્ર; હવામાન.

Barometric-cal, (બૅરોમેટ્રિક્-કૅલ્) *a* Pertaining to barometer: વાયુભારમાપક યંત્રનું-સંબંધિ; હવામાનનું. B. *pressure*: વાયુભારમાપક યંત્રમાંનું દબાણ. B. *experiment*: વાયુભાર માપક યંત્રવડે કરેલો પ્રયોગ.

Baron, (બૅરૉન્) *n* In England a title or degree of nobility: ઉમરાવની પદ્વી. 2. One who holds that title: ઉમરાવ 3. A husband: પતિ; ધણી. b *of the exchequer*. ગામ ઉપર સંબંધિ રાજા અને રૈયત વચ્ચેના કજીયા ચુકવનાર પાંચ ન્યાયાધિશો.

Baronage, (બૅરૉનેજ્) *n.* The whole body of barons: ઉમરાવ મંડળ. 2. The dignity of a baron: બૅરૉનની પદ્વી 3 The land which gives title to a baron: બૅરૉનની જાગીર; ઉમરાવનું વતન-જાગીર **Baroness,** a baron's wife; ઉમરાવની સ્ત્રી.

Baronet, (બૅરૉનેટ્) *n.* The title next below a baron: ઉમરાવથી ઉતરતી પદ્વીનો પુરૂષ. **cy,** the title & dignity of a baron: બૅરૉનેટની પદ્વી.

Baronial, (બૅરૉનિઅલ્) *a.* Pertaining to a baron: બૅરૉન સંબંધિ વિશે.

Barony, (બૅરૉનિ) *n.* Lordship, fee, &c of a baron: ઉમરાવની જગ્યા-જાગીર.

Baroscope, (બૅરૉસ્કોપ્) *n.* [Gr. *baros*, heavy & *scopio*, I view.] An instrument showing changes in the weight of atmosphere: એક જાતનું વાયુ માપકયંત્ર.

Barouche, (બૅરૂશ્) *n* [Lat, *basotus* from *bis*, twice & *rota*, a wheel, A four-wheeled carriage with a falling top: ચાર પૈડાની ખુલ્લી ગાડી; ચારહ; ફરીત. [જાતનું વહાણ.

Barque, (બાર્ક્) *n.* A small ship: એક.

Barrack, (બૅરક્) *n.* A hut or house for soldiers especially in garrison: લશ્કરી સિપાઇ ઓને રહેવાનું ઝુપડું ઘર; 'બરાક.'

Barracoon, (બૅરકૂન્) *n.* An enclosure where slaves are quartered: ગુલામખાનું

Barrator, (બૅરટર) *n* An encourager of litigation: કજીયા ઉડાવનાર કજીયાદલીલ દાવા વધનાર 2. A ship master who frauds against the ship owner: દગો ચોરી કરનાર વહાણવટીઓ.

Barratry, (બૅરટ્રિ) *n.* Fraud by a ship-master against the owners as embezzling goods or running away with the ship: વહાણના માલીક પ્રત્યે, વહાણના નાયકે કરેલો દગો-ગેરવર્તણુક. 2. The practice of encouraging law-suits: દાવા ઉઠાવવાની ઉશ્કેરણી ક૦ તે. (રાખવાનું)

Barrel, (બૅરલ્) *n.* A round cask of more length than breadth bulging in the middle: પીપ. 2. The quantity which a cask contains: એક પીપમાં જેટલું માય તેટલું. 3. Any hollow cylinder; a tube: નળી. *B. of a gun*: બંદુકની નળી. B *of a watch*: ઘડીયાળની કમાનની દાબડી. *Double barrelled*: બે નળીવાળું. *vt.*

To put or pack in a barrel:પીપમાં ભરવું-ઠલ્વું. *a* વાળું.

Barren,(બૅરેન્)*a.*Not producing offspring : છોકરાં ન થતાં હોય તેવી; વાંઝણી; વંધ્યા. 2. Unproductive; sterile:પાક ન થતો હોય તેવું;રસાળ ન હોં તે; ઉજ્જડ;અફળરૂપ;રૂક્ષ B (*land*) ખરાબો.3.Not producing fruits:ફળ ન લાગે તેવું;વાંઝીયું.(*tree.*)4.Producing nothing; empty : નિરૂપયોગી; નકામું;વિરસ;શુષ્ક;વ્યર્થ;નિષ્ફળ; ખાલી. 5.Mentally dull;stupid: મંદ;રોધક નહિ એવું;બોથડ;પુન્ય.*n* (*pl.*) Elevated lands or plains on which grow small trees : નાનાં ઝાડ ઉગે એવી ઉચ્ચ ભૂમિ.2.A tract of barren land:ઉજ્જડ જમીનનો કટકો.

Barrenness(બૅરેન્નેસ)*n.*Unfruitfulness;sterility: વાંઝીયાપણું; નિષ્ફળતા; વંધ્યત્વ-અફલત્વ; શુષ્કતા.

Barricade, (બૅરિકેડ્)*n.*[See **bar.**] A fortification made in haste in defence against enemies: શત્રુ સામે બચાવ માટે ઉતાવળમાં કરેલો કીલ્લો;લશ્કરકોટ;આડ.2.Any obstruction or means of defence: બચાવનું સાધન;માર્ગ પ્રતિબંધક રચના; અટકાવ.*vt.*To stop up;to obstruct: અટકાવવું; શત્રુને અટકાવવા કામ ચલાઉ કોટ બોરચો બાંધવો.

Barrier,(બૅરિઅર્)*n.*(See **bar,**)A fence made in a passage to stop an enemy: શત્રુને ખાળવા કરેલો કોટ. 2.A fortress on the frontier of a country: સરહદ પરનો કોલ્લો; હદ બંધીનું ગામ 3. Any thing which hinders approach or attack:અટકાવ-અંતરાય;વિઘ્ન;અડચણ;અવરોધ 4. Any limit or boundary;a line of separation:હદ;સીમા;મર્યાદા; સરહદ.

Barrister,(બૅરિસ્ટર્)*n.*[See **bar**] An advocate; a counsellor at law;પેહેલા વર્ગનો સનંદી વકીલ;બારિસ્ટર.

Barrow,(બૅરો)*n.*A light carriage moved by hand:હાથગાડી;ઠેલણ ગાડી;લારી 2. A wicker case,where the salt is put to drain:મીઠું સુકવવાની જગા.

Barrow,(બૅરો)*n.*A hog;especially a male hog castrated: ડુક્કર; ખાસી કરેલું ડુક્કર.

Barrow,(બૅરો)*n.*A hillock or mound of earth:માટીનો ટેકરો.

Barter, (બાર્ટર) *vi.* To traffic by exchanging one commodity for another;to truck: સાટુ-બદલો-સાટાપાટી કરવું; માલને બદલે માલ આપી લેણ વેપાર ચલાવવો-કરવો.*vt.* To exchange:અદલબદલ કરવું.*n.* The act of trafficking by exchange of commodities:સાટાપાટી;અદલા-બદલી. 2. The thing given in exchange: અદલબદલ કરેલી ચીજ.

Barth,(બર્થ્)*n.*A place of shelter for cattle:ઢોર બાંધવાનો વાડો-માંડવો

Basal,(બેસલ)[See **base.**]*a.*Forming the base: તળિયાને લગતું.

Basalt, (બાસોલ્ટ્)*n.*[L. *basalies*, a species of marble.] A dark greyish black-stone : એક જાતનો ભૂરો કાળો પથ્થર 2.A kind of black Porcelain: એક જાતના કાળાં ચીનાઈ વાસણ.ic.*a.* Pertaining to salt: ક્ષાર અને કાળા પત્થરનું-સંબંધિ.

Base,(બેસ્)[L *bassus* thick.] *a.* (*a*)Of humble birth & low degree (*persons*) : હલકા કુળનું; નીચ; હીણ;પામર;પાજી;અધમ;ખળ; દુષ્ટ; હીન જાતિ.(*b*)Mean[*things*]:હલકું; નકામું. ઉતું;અલ્પ;શુષ્ક. 2 Of illegitimate birth:રાંડના પેટનું;હરામલટું.3.Low in value:હલકી કિમતનું; હલકું; રાશી; હીણકસનું 4. Morally low;unworthy;illiberal : કૃપણ; નાંજીસ; સાંકડા મનનું;નીચ;હલકું 5. Not classical or refined:હલકું;સંસ્કારદૃષ્ટ નહિનેવું 6 Deep(in sound):ઉંડું;ગંભીર;ખરજ; ધીર. 7. Alloyed with inferior metal;debased:હલકી ધાતુનો મિશ્રણવાળું.[L.*basis*,the foundation.] *n.*The bottom: તળિયું; પાયો; મૂળ; તળ; તળેટી; આધાર; બેસણી. 2. The lower part of a wall consisting of a plinth&its moulding:ભીતનો પોરો.3.That extremity of a leaf, fruit,&c at which it is attached to its support:દીઠું.4.A principal element of a compound:કોઈપણ રસાયણીક મિશ્રણનો મુખ્ય ભાગ. 5. A substance used as a mordant:પાકો રંગ ચઢાવનાર પદાર્થ.6.The intersection of a cone by plane:પાયો (ભૂમિતિ)7. The lowest part in music:ખરજ.8.A line in a survey from which distances of a any objects are computed:શિરોલીટી (સરવૈમા)9.Groundwork:મૂળ; આધાર;મુદ્દો.10.Starting place: સરહદ કરનારાઓને નીકળવાનું સ્થળ *vt.* પાયો નાંખવો; રચવું; ચણવું.

Base-born,(બેસબૉર્ન્)*a.*Born out of wedlock:જારજ;હરામલટું.2.Born of low parentage: નીચા કુળનું. 3. Vile;mean:નીચ; નીચું; હલકું.

Baseless, (બેસલેસ) *a.* Without foundation:નિરાધાર;નિર્મૂળ;આધાર શૂન્ય;પાયા-મૂદ્દા વગરનું; બીનપાયાદાર.

Basement(બેસમેન્ટ્)*n* The rooms of a groundfloor collectively: બોયતળિયાંના ઓરડા; સૌથી નીચલો માળ;પહેલો માળ; બોયતળીઉ.

Bashaw,(બૅશો)*n.* Turkish title of honour now written *pasha*: પાદશાહ; પાશા. 2. A magnate or grandee: મોટો માણસ; બડેખાં.

Bashful,(બૅશ્ફુલ)*a.*Very modest; shy;sheepish : શરમાળ; લજ્જાળું; ભોમુખું; ગરીબડું; ભીરૂ; નમ્ર; સાલસ; ગાવડી સુણ્યું

Bashfulness, બૅશ્ફુલનેસ્)*n.*Modesty in excess:શરમ;લજ્જા; વિનય; ભીરૂતા; લાજ; સંકોચ.

Basil,(બૅઝિલ્)*n.*[See **base.**]The slope to which the cutting edge of a tool is ground : ધાર તરફનો ઢળીઆરનો ભાગ.*vt.*To form the edge of a tool to an angle: ધાર કાઢવી.

Basil, (બૅઝિલ્)*n.*[Gr. *basilicus*, royal.]A pot-herb:તુળસી. *Black* b કૃષ્ણ તુળશી. *White.*b : રામ તુળશી.

Basil(બૅઝિલ્)*n* The skin of a sheep tanned:મે ઢાનું પકાવેલું ચામડું.

Basilic.) (બૅઝિલિક્) *n.* [*Gr.*
Basilica,) *basilikos*, kingly]*n.* A large hall used for administering justice: ન્યાય કોર્ટ;ન્યાયશાળા;દરબાર;કારટ;ન્યાયમંદિર. 2. A royal palace:દરબાર;રાજગૃહ; પ્રાસાદ.

Basilica,(બૅસિલિકે)*n.*A digest of the laws of Justinian translated by order of Basil : જસ્ટીનીઅન ન્યાય કોર્ટ-કાયદાનું પુસ્તક. 2. A church,chapel or cathedral:દેવળ;ચર્ચ 3.A court of judicature: ન્યાયમંદિર; દરબાર; કોરટ દિવાનખાનું.

Basilisk,(બૅઝિલિસ્ક્)*n.*[Lat. *basiliscus*,a little king.]A fabulous serpent with a crest on the head: મણિધર-કલ્પિત નાગ.

Basin,(બેસિન્)*n.*[L.*bacca*,a water vessel.]A hollow vessel to hold water for washing : (હાથ ધોવા પાણી ભરી રાખવાનું)છછવાસણ;તપેલું વસ્ત.2.A quantity contained in a basin:એવા છછવા વાસણમાં સમાય એટલો જથ્થો.3.Any hollow place containing water:હોજ;કુંડ;તળાવ. 4.Coal formations called *coal-basin or coalfields*: કોયલાનું પડ-ખેતર.5. (*a*) The entire tract or country drained by a river or sloping to a lake or sea:દેશના જે ભાગનું પાણી નદીમાં જતું હોય તે આખો

ભાગ; પ્રદેશ. (*b*) A circular or oval valley: ગોળ-અડકાર ખીણ-પ્રદેશ તળેટી.

Basis, (બેસિસ્) *n. pl.* **bases** [Lat. *basis*, a *base*.] The foundation of anything: પાયો; મૂળ; થેાની; અધિકરણ; આધાર. 2. The pedestal of a pillar: થાંભલાની બેસણી-કુંભી. 3. That which supports; the ground work; the fundamental principle: પાયો; ધોરણ; મૂળતત્વ-આધાર.

Bask, (બૅસ્ક્) *vi* To lie in warmth: તડકે બેસવું; તડકો ખાવો (*b*) to enjoy ease and prosperity: સુખ ચૈનચમન-મજા ક૦. *vt.* To warm with genial heat: શેકવું; ઉનું કરવું.

Basket (બૅસ્કેટ્) *n.* A vessel made of twigs, or other flexible things: ટોપલી-લેા; કંડિયેા; છાબડી; ટાલી. 2. The contents of a basket: ટોપલીમાં માય તેટલું; ટોપલેા.

Basket-hilt, (બૅસ્કેટ્-હિલ્ટ્) *n.* The hilt of a sword with a covering wrought like basket work to defend the hand : હાથના રક્ષણ માટે તરવારની મુઠ આગળનેા ટોપલી જેવેા બનાવેલેા ભાગ.

Basque, (બૅસ્ક્) *n.* A part of a lady's dress resembling jacket: માડમનું એક જાતનું બદન.

Bass, (બેસ્) *n.* the lowest part in a musical composition: ખરજ. *a.* Deep or grave in tone: જાડા ઘેાઘરા ઘાટવાળું; નીચા સુરનું.

Bass, (બાસ) *n.* A door-mat: બારણા આગળ નાંખવાની ચટાઇ સાદડી.

Bassoon, (બૅસ્સુન્) *n.* A wind instrument with eleven holes: એક જાતની મોંથી વગાડવાની ૧૧ કાણાની વાંસળી.

Bass-relief, (બાસ્રીલીફ્) *n.* Sculpture whose figures do not stand out far from the plane; બહાર થેાડું ઉપસી આવેલું કેાતરકામ; ઉપસેલી કેાતરણી; પ્રતિચ્છાયા.

Bastard (બૅસ્ટર્ડ) *n* Spurious child one born of an illicit union: છીનાળના પેટનું છેા-રું; દાસીપુત્ર; ખરજ સંતાન; કન્યાપુત્ર; અસતીસુત; અનૌરસ પુત્ર; લેાંડી જણ્યેા-હરામજાદેા. 2 An inferior quality of sugar: હલકી જાતની ખાંડ. 3. A kind of Spanish wine: એક જાતનેા દારૂ. *a.* Illegitimate: છીનાળના પેટનું; ખરજ; કન્યાજાત; અનૌરસ; વ્યભિચારજ; અધર્મ જાત; હરામજાદુ. 2. Spurious; false; adulterate: બેાટું કૃત્રિમ; મિથ્યા; બનાવટી. 4. *Abbreviated*: સંક્ષિપ્ત. *vt.* To make or determine to be a bastard: દાસી પુત્ર કરવેા-કરાવવેા.

Bastardy (બૅસ્ટર્ડિ) *n.* Illegitimacy ખરજાવસ્થા; વ્યભિચારેાત્પત્તિ; અનૌરસતા; દાસી પુત્રત્વ.

Baste, (બેસ્ટ્) *vt.* To cudgel: લાકડી મારવી લાકડીનેા માર મારવેા. 2. To sprinkle flour, salt, &c on meat while roasting : માંસ શેકતાં લેાટ મીઠું વીગેરે છાંટવું-ભભરાવવું-નાંખવું.

Baste, (બેસ્ટ્) *vt.* To sew with long stitches: લાંબા લાંબા-છેટે છેટે ટાંકા-ટેલા મારવા; દેારાટવું; ઓટવું; ફાંટવું; ફાંટ મારવી. 2. To mark with tar, as sheep: ડામર લગાડી નિશાની કર૦.

Bastinade-o, (બૅસ્ટિનેઇ-ડેા) *n.* A sound beating with a stick: લાકડીના મારના ઝપાટા; કુંદીપાક; દંડપ્રહાર *vt.* To beat with cudgel: લાકડી-વતી મારવું; ટીપણાટવું.

Bastion, (બૅસ્ટિઅન્) *n.* A kind of tower at the angles of a fortification: કિલ્લાની આગળનેા બુરજ

Bat, (બૅટ) *n.* A heavy stick: દંડેા; દંડુકેા: સેાટેા; ગેડી; બૅટ; ડફણું; ડમણું. 2. Shale: એકજાતની માટી 3. A sheet of cotton prepared for filling quilts: ગોદડું-રજાઈ ભરવા કરેલું રૂનું પડ. *vi.* To play with a bat : બૅટ લઇ રમવું (ક્રીકેટ).

Bat, (બૅટ) *n.* A small animal with wings without feathers: વાગેાળ; ચામાચિડિયું; *wild* b.: વડવાગેાળ.

Batch (બૅચ્) *n.* Quantity of bread baked at one time: એક વખતનેા રેાટલીનેા ઘાણ. 2. An assortment of things of the same kind: એક જાતની વસ્તુનેા સમૂહ; જથેા-ત્યૂય.

Bate, (બેટ્) *vt.* (*a*) To abate: ઓછું કરવું; ઘટાડવું. (*b*) To allow by way of deduction: છુટ મુકવી; ઘટારેા ક૦. મજરે આપવું 2. To leave out; to except: મુકી દેવું; બાતલ ક૦. *vi.* To remit or retrench a part : કમી કરવું; ઘટાડવું. 2. To flutter: પાંખ ફફડાવવી.

Bath (બાથ્) *n* Water or other liquid for bathing: નહાવાનું પાણી; અંધેાળ સામગ્રી 2. A receptacle or place of water: નહાવાનું વાસણ-પીપ જગ્યા; કેાઠડી; હમામખાનું; સ્નાનકુંડ; સ્નાનાગાર. 3. The act of exposing the body for the purposes of cleanliness, to water or vapour: સ્નાન; અંધેાળ; નહાવણ; શેક; બાફ; નાસ. *Order of the* b, a high order of British Knighthood: ઊંચેા ઉમરાવની ઉંચી પદવી.

Bathbrick, (બાથ્બ્રિક્) *n.* A brick used for cleaning knives: છરીઓ માંજ સાફ કરવાની ઈંટ.

Bathe, (બેધ્) *vt.* To wash by immersion: સ્નાન કરાવવું; નવાડવું. 2. To moisten with a liquid: ભીજવવું; પલાળવું; ધેાવું. 3. To moisten or suffuse with a liquid: કેાઇ પ્રવાહી વસ્તુમાં પલાળવું-બેાળવું. 4. To surround or envelop: ઘેરી લેવું; વિટાળી લેવું. *vi.* To be in a bath : નહાવું; સ્નાન કર૦. *n.* The immersion of body in water: સ્નાન; નહાવણ; અંધેાળ.

Bathing, (બેધિન્ગ્) *n.* The act of washing the body in water: નહાવું તે; સ્નાન; અંધેાળ; નહાવણ.

Bathos, (બેથેાસ્) *n.* A ludicrous descent from the elevated of the mean in writing or speech: લખવા બેાલવામાં ઉંચા વિષય પરથી છેક નીચાપર ઉતરી જવું તે; કટંગાપણાથી થતેા હાસ્યરસ.

Batlet, (બૅટ્લેટ) *n.* [See **bat.**] A short bat for beating clothes in washing: કુંદી કરવાની મેાગરી; કુંદી.

Baton-Batoon, (બૅટૉન્-બૅટૂન્) *n.* A staff used for various purposes: ડંગેારેા; લાકડી; દંડ: દંડેા; ગદા; દંડુકેા.

Batta, (બૅટ્ટ) *n.* An allowance to officers serving in India in addition to their pay, extra pay: ભથ્થું.

Battalia, (બૅટ્ટલિયા) *n* [Lat. *battalia*, battle.] The order of battle for action: વ્યૂહરચના; રણ-સેના રચના. 2. Army in array: વ્યૂહિત સૈન્ય.

Battalion, (બૅટ્ટલિઅન્) *n* - A body of about 800 soldiers: ૮૦૦ માણસના લશ્કરની ટુકડી; પલટણ.

Batten, (બૅટ્ન્) *vi.* To grow or become fat; to live in luxury: રૂષ્ટપુષ્ટ-માતેલા થવું. *vt.* To make fat by plenteous feeding : ખવડાવી પીવડાવી તાજું કર૦; પેાષવું. 2. To fertilize or enrich, as land: જમીન ફળરૂપ-રસાળ-રસીકસવાળી કરવી.

Batten, (બૅટ્ન્) *n.* A piece of board or scantling used for various purposes- પટી; ચીપ. 2. The moveable bar of a loom: સાળનેા ફરતેા જજ. *vt.* To fasten with battens: ચીપ-પટીથી બંધ કર૦ સાધવું-જોડવું.

Batter, (બૅટ્ટર્) *vt* [L. *batuo*, I beat] To beat with successive blows *specifically*, to attack with artillery: ઉપરા ચાપરી ઠેાકવું; તેાડી પાડવું; ચુરેચુરા કર૦; મારવું; તેાપનેા મારચલાવવેા. 2. To impair with beating: મારમારી નરમ-દમ વગરનું કર૦. *vi.* To slope gently backward; પછવાડે.

ઢાળપટ્ટ હોવું.*n.* A back ward slope in the face of a wall:પાછલા ભાગ તરફ ભીતનો ઢોળાવ.2.Paste of clay or loam: માટીની ગાર.

Battering-ram, (બૅટ્ટરિંગ્-રૅમ્)*n.* An engine used to beat down the walls of a besieged place: ભિલ્લો તોડવાનું યંત્ર.

Battery(બૅટ્ટરિ)*n.*1.The act of battering:ઠોકી ઠોકીને તોડી પાડવું તે. 2. (*a*)Any place where cannons are mounted for battering:મોરચો.(*b*)Number of guns & mortars ranged for firing:મોરચાપર ગોઠવેલી તોપો. 3. An apparatus for generating galvanic electricity:વિજળીનો વેગ ઉત્પન્ન કરનાર યંત્ર; વિજળીની પેટી; બૅટરી; વિદ્યુતઘટ. 4. The unlawful beating of another:કાયદા વિરુદ્ધ કોઇને મારવું તે.

Battle,(બૅટ્ટલ્) *n.* [Lat. *batuo,* I strike.] A fight between enemies; an engagement:લઢાઇ; વિગ્રહ; જંગ;સંગ્રામ;યુદ્ધ.*Brave in* b :રણશૂર; રણધીર; રણવિહ્વ. *Field of* b: રણભૂમી ક્ષેત્ર; રણાંગણ; સમરાંગણ.*A drawn* b :જેમાં કોણ હાર્યું ને કોણ જીત્યું તે ન જણાય એવી લઢાઈ. *A pitched* b.:જે લડાઇમાં આગળથી લશ્કર ગોઠવી મુક્યું હોય તે. *To give* b.to attack an enemy:શત્રુ ઉપર હુમલો કરવો. *To join* b to engage in battle:લઢાઇમાં સામેલ થવું; લઢવા મંડી જવું. B *royal,*(*a*)બેથી વધારે માણસ વચ્ચેની લાકડીઓ અગર મૂક્કીની લઢાઇ.(*b*)બેથી વધારે લાયક મુરબ્બાઓની લઢાઇ. 2. A struggle;a contest:ઝપાઝપી; રસાકસી;મારામારી-rs.*the* b. *of life:* જીંદગીની રસાકસી-મારામારી. *vi.* To join in battle:લઢવું; યુદ્ધ કરવું; હલ્લો કીલવો.

Battle-array,(બૅટ્ટલ-ઍરે)*n.*Order of battle:યુદ્ધ રચના;વ્યૂહ;સૈન્ય રચના.

Battle-axe(બૅટ્ટલ-ઍક્સ્)*n.*An axe-formerly used as an offensive weapon:ફરશી; પરશુ.

Battle-door, (બૅટ્ટલ-ડૉર) *n.* A racket:દડા રમવાનું પાટીયું ગેડી.

Battle ment,(બૅટ્ટલમેન્ટ્)*n.*Anotched parapet:જંગીવાલી ભીત;બારીયોવાળો કોટ; જંગી.

Bauble,(બૉબલ્)*n.* [L. *bubulus,* foolish]A showy trifle; a gewgaw:દેખાવડી નજીવી ચીજ; ચાઇચાઇ; બચ્ચાં ખુશ થાય તેવી ચીજ.

Bawd,(બૉડ્)*n.*A lewd person;a procuress:કુટણી;બદવેણ;કુટ્ટી.

Bawdiness,(બૉડિનેસ્) *n.*Lewdness:વ્યભિચાર;છીનાળું.

Bawdy, (બૉ·ડિ) *a.* Obscene; unchaste:બુંડું;છીનાળવું; બીભત્સ.

Bawdy-house,(બૉ·ડિ-હાઉસ)*n.*A house of lewdness & prostitution:છીનાળાનું ઘર;કારખાનું; ખાંજરૂં.

Bawl,(બૉલ્)*vi* [L.,*balo,* I bleat.] To cry with vehemence,as in calling:ઘુમ પાડવી; પોકારવું; બાંટો કાઢવો;લલકારીને બોલાવવું; રાડ પાડવી. 2.To cry loud: આરડવું;આરડી મરવું;ગાંગડવું;ભેંકડો મૂકવો; રાડ નાખવા પાડવી.*vt.*To proclaim by outcry: ઘૂમ પાડી ખબર આપવી-જાહેર કરવું. *n.* A loud cry:મોટીઘુમ; રાડ;ચીસ;પોકો; પોકાર; રાઢ; આરડ.

Bay,(બે)*a.*[L.*badius,*brown.] Red or reddish: રતાસ પડવું; રાતું; ભુરું; ધુપેલીઆં રંગનું;કુમેદ.[ખાત;ઉપસાગર.

Bay,(બે)*n.*An inlet of the sea:અ-

Bay (બે)*n.*[*buccut,*a,berry.]A laurel tree:લૉરલ નામનું ઝાડ;તજનું ઝાડ. *Back of* b: તજ;દાલચિની. 2. (*pl.*) An honorary garland or crown of victory:માનમાળા; માનસૂચક હાર.

Bay(બે)*n.*[Fr.*bayer,*to gape.]The bark of a dog:કુતરાનું ભસવું.*to keep at.*b.:સામા થવું;દૂર રાખવું;આવવા નહિ દેવું.*vi.* To bark at:સામું ભસવું-થવું.

Bay,(બે)*n* A bank or dam to keep back water:પાણી ખાળી રાખવાને કરેલી પાળ; ભિલ્લો.

Bayonet,(બૅયોનેટ્)*n.* A steeldagger at the end of a gun: સંગીન; બાગનેટ. *vt* To stab with a bayonet:ને સંગીન ભોકવું. 2. To drive by the bayonet:સંગીનથી ફરજ પાડવી-જબરજસ્તી કરવી.

Bay-salt,(બે-સૉલ્ટ્)*n.*Salt obtained by evaporation of seawater: દરિયાનું મીઠું

Bay-window,(બે-વિન્ડો)*n.*An outward projecting window:દિવાલથી બહાર પડતીબારી; જરૂખા બારી.

Bazar-aar, (બઝાર્) *n.* A place where goods are exposed to sale: બજાર; ચૌટું.

Bdellium(ડેલ્લિઅમ્)*n* [L.]A gummy substance of an agreeable odour; ગુગળ; દેવધુપ.

Be,(બી)*vi.pp.* **been** To exist;હોવું 2.To become;થવું.3 To be present in a place;હોવું;આવવું 4. To bring to effect; અસર થવી.5. To signify;to represent;ના જેવું હોવું: બતાવી આપવું. *Let it* b.. be it so; અસ્તુ;ભલવું;b. *that as it may,* at all events; in spite of;not with standing:ગમે તેમ થાય તોપણ; છતાં; તથાપિ.*I f so* b,in cause:જો;યદા.*To* b.*in with,*to be in favour with: નીમહેરબાની-કૃપાદૃષ્ટિ હોવી.*To* b. *no more.* to cease to be; to die;to be annihilated:ખપી જવું; થઇ રહેવું; મરી જવું; નાશ પામવું.to b., on *the move* to diminish;to wither; to loose flesh: ઓછું થઇ જવું; ઘસી જવું;સુકાઈ જવું; ઝળીજવું; કૃષ થઈ જવું. *Be all.*sum total:એકંદર-જુમલે રકમ.

Beach,(બીચ્)*n.*The shore of the sea or a lake the strand: દરિયા કે સરોવર કાઠો;કિનારો;તટ;તીર; કૂલ. 2. Pebbles collectively; shingle: કાંકરા;મરડીઆ.*vt.* To run upon a beach:કિનારે ચઢાવી દેવું-અથડાવવું.

Beacon,(બીકન્)*n.* A signal-fire to notify the approach of an enemy:શત્રુ પાસે આવ્યાની સૂચના માટે સળગાવેલો દેવતા.2.A lighthouse or signal to direct navigation:વહાણવટીઓ માટે કરેલી ભયસૂચક નિશાની; દીવાદાંડી; આકાશ દિવો. 3. A high hill near the shore:દરિયા કિનારા ઉપરની ઉંચી ટેકરી.4 That which gives notice of danger: ભયસૂચક નિશાની.*vt.*To light up;to illumine:રોશની કરવી; ભયની સૂચના આપવી.

Bead,(બીડ્)*n.*A small ball pierced for hanging on a string:મણકો; કાચનો મણકો:કીડીઉં;-કાચનોદાણો; બજરબુટ્ટ.*A rosary of* b.s:જપમાળા; બેરખો;સ્મરણી.2.A bubble on spirit:દારૂ પરનો પરપોટો. 3 A drop of sweat or other liquid: પસીના કે બીજા પ્રવાહી પદાર્થનું ટીપું-ટપકું. *To tell* b. s, to be at prayer:માળા ફેરવવી;જપ કરવો; પ્રાર્થના કરવી.*To draw a* b ,to take aim:તાકવું;નિશાન માંડવું.*vt.*To ornament or distinguish with beads:મણકાથી શણગારવું.

Beadle,(બીડલ્)*n* A messenger or crier of a court:અદાલતનો ચોપદાર; પટાવાળો;રાજદૂત;દંડધર; જાસુદ; છડીદાર. 2.An officer in university who precedes procession of officers & students: પાઠશાળાનો ચોપદાર; દંડધર.An inferior parish officer: ચપરાસી;હુમેલીઓ સિપાઇ; પટાવાળો.

Beagle,(બીગ્લ્)*n.*A small hound or hunting dog:નાનો શિકારી કુતરો.(*Fig.*) A spy or detective: છૂપો જાસુસ.

Beak,(બીક્)*n,*The bill or nib of a bird:પક્ષીની ચાંચ:ચેહું; મુખ; ડાચું.2.The pointed fore part of a

ship: વહાણના આગલા ભાગની અણી. 3, Anything ending in a point: અણી. 4. A toe clip: જોડા કાઢવાની બેંચ; પકડ; ચાંપણ. ed. having a beak; ચાંચવાળું-જેવું; ચ ંચાકર.

Beaker, (બીકર) *n.* [L. *bacar*, wine glass] A large drinking cup or vessel with a wide mouth supported on a foot: પહોળા મોંને બેસણીવાળો વાડકો; પ્યાલો.

Beam, (બીમ્) *n.* Any large & long piece of timber or iron: ભારવટિયો; મોભ; પાટડો. 2. The width of a vessel; વહાણની પોહોળાઇ. 3. The bar of a balance: ત્રાજવાની દાંડી 4 The horn of a stag: સાબરનું શિંગડું. 5. The pole of a carriage: ઘોંસરિયો; ગાડી-ગાડાની ઉધ 6. A part of a loom on which warp is wound before weaving: તોર; તુરી. 7. A heavy iron lever in steam engine: વરાળયંત્રમાં પોદાનો ભારે ટેકો. 8. A collection of rays from a luminous body: કિરણ; રશ્મિ. 9. That which flows forth: પ્રકાશ; તેજ પુંજ. *To be on her* b s, to incline very much on one side: એક બાજુએ બહુ વળી જવું-નમી જવું. *To kick the* b.: ઘણું હલકું હોવું-નીકળવું. *vt.* To send forth; to emit: પાડવું; ફેંકવું; આપવું. *vi.* To shine: તગતગવું; ચળકવું; પ્રકાશવું.

Beamy, (બીમિ) *a.* Shining: ચળકતું; ચકચકિત. 2. Massy: ભારે; ભારવટિયા જેવું; મજબુત. 3. Having horns. શિંગડાંવાળું.

Bean, (બીન્) *n.* [Lat *faba.*] A leguminous plant & its seed: એક જાતના કઠોળનો છોડ; શિંગ-જેવાં કે પાપડી; વાલોળ; ઘેવરો; વટાણા; વિગેરે.

Bear, (બેર) *vt.* [Lat *ferro*, I bear.] *imp.* **bore**, formerly **bare**. *pp* **born, borne**. To support; to hold up: વેહેવું; ઉંચકી રાખવું (ભાર); સંભાળવું; ઝાલવું. 2. To convey. લઇ જવું; ઉંચકી જવું; ફેરવવું. 3. To exercise: વાપરવું; ચલાવવું 4. To carry as a mark of authority: રાખવું; પકડવું; ધારણ કરવું; -ના હાથમા હોવું. 5. To entertain, to cherish: મનમાં રાખવું; આણવું; ધરાવવું. 6. To endure: to undergo; સેહેવું; ખમવું; વેઠવું; સબુરી પકડવી; સહન કરવું; ખમ મારી બેસી રહેવું; ટાંખવું 7. To be answerable for: માથે લેવું-રાખવું; જુમ્મેદાર હોવું 8. To exhibit; to relate: બતાવવું; દેખાડવું; જણાવવું. 9. To carry on; to have: સામેલ થવું; ભાગ લેવો. 10. To admit or be capable of: ભોગવું; નું થઇ શકવું; નું કરી શકવું. 11 To manage, to wield: વાળવું; ફેરવું; (*b*) To behave; to conduct: ચાલવું; વર્ત્તવું. 12. To afford; to supply with: મા રહેવું; સાથે રહેવું 13. To bring forth or produce; to give birth to: નેજાગવું; આવવું; જન્મ આપવો; ને પેટેથી થવું *To* b *a hand*, to go to work; to be quick (among seamen): કામે વળગવું-ભાગવું; મદદ કર; ઝડપ-તાકીદ કર. (*b*) To help: મદદ કરવી-આપવી. To b *a body*: એક તાર-રસ-રૂપ થવું. *To* b *the bell*, to be the first or leader: આગેવાન-અગ્રણી થવું; આગળ પડવું; અગ્રેસર થવું; મોખરે નીકળવું; સરસ હોવું. *To* b. *a brain*, to exert attention or ingenuity: ધ્યાન લગાડવું; અક્કલ ખરચવી-વાપરવી. *To* b. *in hand*, to deceive: ફોસલાવવું; બાના બતાવી ધરડાવવું; ભેતરવું; ઉડાવવું. *To* b *company*: ની સોબતમાં આવવું જવું રહેવું. *To* b. *date*. ઉપર તારીખ મિતી હોવી. *To* b. *one hard*: ના ઉપર દ્વેષ-આટી ખાર રાખવો. *To* b *down*: હરાવવું; હઠાવવું; મારી કાઢવું. *To* b *down upon* પકડી પાડવું. *To* d. *hard*. to press or urge; to be displeased with: આગ્રહ-તાણ કર; થી નાખૂશ થવું અસંતોષ પામવો. *To* b. *off*, (*a*) to restrain: અટકાવવું; પાસે ન આવવા દેવું; દૂર રાખવું. (*b*) To remove to a distance: વેગળુ કર; દૂર લઇ જવું. (*c*) To carry away; to run away with: લઇ જવું; લઇને નાસી જવું. *To* b *out*, to defend to the last: છેક સુધા નભાવવું. ચલાવવું; બચાવ કર; ટકાવવું; ટેકો આપવો. (*b*) To corroborate; to confirm: પુષ્ટિ-ટેકો આપવો; દાખલો કરાવવો. *To* b. *through*, to conduct; to manage: ચલાવવું; -થી ટકાવવું. To b *up*, to keep from falling or sinking: ટેકો આપવો; -થી આધાર-ટેકો મળવો; સમાધાનમાં રાખવું-થી શાંતિ મેળવી. *vi.* (*a*) To suffer as with pain: દુ:ખ ખમવું; વેઠવું; સહન કર. (*b*) to endure with patience: ધીરજથી સહન કર; હિમ્મત રાખવી 2 To produce: as fruit; to be fruitful; ફળ લાગવાં-આવવા 3. To press, (with *on* or *upon*): દબાવવું; હઠાવવું; થી દબાણ થવું; દબવું; પાછળ લાગવું-પડવું. 4 To take effect; to succeed: લાગુ પડવું; સફળ થવું; પાર ઉતરવું; 5 To behave: વર્તવું ની માફક વર્તવું. 6 To be situated as to the point of compass: હોવું; રહેવું-અભિમુખ હોવું; 7. To relate; to refer (with *on upon*) સંબંધ હોવો-ધરાવવો રાખવો; લાગવું; વળગવું; 8. To have a certain meaning, interest: કંઈક અમુક અર્થ-ધરાવો અગર અસર થવી-હોવી *to* b. *away or up*, to change the course of a ship: વહાણની ગતિ બદલવી. *to* b *against*, to approach for attack: તલપ મારવી; ધસવું *to* b. *back*, to retreat: પાછા હડવું-ફરવું. *To* b. *in with*: to run or tend towards: ભેંચાવું; તરફ જવું; ધસડાવું- *To* b. *off*, to steer away from the land: જમીનથી દુર હંકારી જવું. *To* b *up*; to have fortitude; not to sink: હિમ્મત રાખવી; ધીરજ પકડવી. *To* b. *upon*, to act upon: ની અસર-થવી-થાય એવી સ્થિતિમા હોવું; *To* b *with*, to endure; to forbear; to resent; to oppose: ધીરજ રાખવી; સહન કરવું; પીજવું સામા થવું.

Bear, (બેર) *n.* [Lat *fera*, a wild beast.] A wild animal covered with rough shaggy hair. રીંછ. 2. One of the two constellations in the N hemisphere; *the Great* b ; *Ursa Major*: સપ્તર્ષિ *The Lesser* b ધ્રુવપુચ્છ. 3 *Metaph* A brutal coarse, or morose person: જંગલી રોચો ગામડીઓ ગમાર. One who sells stocks for delivery at a future date anticipating a fall in price so that he may buy first at an advantage: મંદી ખાનાર વેપારી.

Bear, (બેર) *vt.* (*Stock exchange*) To endeavour to depress the price of or prices in: તંદી કરી નાખવા; ભાવતાલ ગગડાવી મુકવા.

Bear, Bere, (બેર-બેર) *n.* A species of barley cultivated in Scotland: સ્કોટલાંડમા થતા એક જાતના જવ

Bear-able, (બેરએબ્લ્) *a.* Tolerable: સહેવાય-ખમાય એવું સહ્ય.

Beard, (બાર્ડ) *n.* [L. *barba*, beard.] The hair that grows on the lips, chin and adjacent parts of the face: દાઢું. 2. The awn or sharps prickles in the ears of corns: સુખળા કુસુળા. 3. Sharp point of an arrow: આંકડો. *To one's* b મો ઉપર; છડે ચોક; -ની તમા ન રાખને; *vi.* To take by or seize the b: દાઢી પકડવી તાણવી ખેંચવી 2 To oppose to the face: to set at defiance: સામુ થવું; ગ્રહોપર કહેવું-બોલવું; અપમાન કર.

Bearer, (બેરર) *n.* One who bears or carries: લઇ જનાર; લાવનાર; ઉંચકનાર;

નાર **Bearers** *of palanquins*: ખોય; ઽ ખાલ.2 One who carries a dead body to the grave:ખાધિયો:મુડદુ લઇજનાર; ધારણ કરનાર. 3 (*Com*) One who holds a cheque, note, draft or other order for the payment of money : જેની પાસે નાણાં લેવાને હુંડા, ચેક, કે બીજો કંઇ અખત્યાર હોય તે માણસ;as, pay to **B** રજુ કરનાર-આવનાર માણસને પૈસા આપજો.4.A Supporter: ધારણ કરનાર; ટેકો; ઝાડ.

Bear-garden,(બેર્-ગાર્ડન્) *n*. A place where bears are kept:રીંછ રાખવાની જગા. 2. A turbulent assembly:ધાંધલીયા-મસ્તી ખોરટોળી.

Bearing,(બેરિન્ગ્) *a*. Without a post stamp: ટપાલની ટીકીટ ચોડયા વિનાનો;નોટપેડ.*n*. Mien; beahaviour:ચાલચલગત;વર્તણુંક; વૃત્તિ; વર્તન; આચરણ રીતિ.2. The situation of an object;relation : સંબંધ; અવસ્થાન; સ્થિતિ 3.Patient endurance;suffering without complaint:સહનશીલતા; ધૈર્ય. 4. Purport; meaning;aspect:મતલબ; અર્થ;દેખાવ; સાર.5.The act, power, or time of producing : ઉત્પન્ન કરવું;-નું કામ; શક્તિ કે વખત.

Beast,(બીસ્ટ્)*n*.[L.*bestia*,a beast.] (*a*)Any fourfooted animal: પશુ; ઢોર.(*b*) Any irrational animal: ઢોર,હેવાન;જનાવર; પશુ.2. A brutal man:પશુ હેવાન જેવું માણસ **B** *of burden*:પોઠીયો; બળદ; ઘોડો. **B** *of prey*: શ્વાપદ;સાવજ.

Beastings,*n pl*.See **Beestings**

Beastliness,(બીસ્ટ્લિનેસ્)*n* Brutality;coarseness;filthiness:પશુવૃત્તિ;પશુસ્વભાવ;પશુધર્મ;ક્રૂરતા; નિર્દયતા; નિષ્ઠુરતા;માલનતા.

Beastly, (બીસ્ટ્લિ)*a*.Having the form & nature of a beast:પશુ જેવુ સંબંધિ.2. Like a beast; brutal; filthy:પશુવત્;મલિન:પશુના આકારનું; મેલું; ગંદું; પશુવત;વાદાળ.

Beat(બીટ્)*vi imp* **Beat**.*ppl***Beat** or **Beaten**, to knock;to strike often:મારવું;ઠોકવું;ટીપવું;કુટવું; ટપેરવું; અકળાવવું;વગાડવું;ઝુડવું.2.To break, bruise or pulverize by beating or pounding: ખાંડવું;કચરવું;ભુકો કરવું; કુટવું,ઉંદવું,વાટવું. 3. To extend by beating; to hammer; to forge: ટીપવું; ટીપી ટાપીને વધારવું-ના પતરા કરવું; મઠારવું.4.To scour or range over in hunting:રખડવું; ધસવું.5. To tread,as a path:રસ્તા કાપવો; ચાલવું.6. To thrash:ઝુડવું;ઝાટકવું.7. To dash or strike:અફાળવવું;ઉરાડવું.8 To vanquish; to perplex: હરાવવું;છતવું; પરાજય પમાડવું.9 To overlabour; to perplex : થાકવું; ઉદ્ઇ ઉપરાંત મહેનત લેવી; માથુ ફોડવું: માથાકુટ કરવી.10 To cheat; to swindle;to defraud: ઠેતરવું; ઠગવું; ધૂતી લેવું.*To* b *back*, to compel to retire or return:હઠાવવું;પાછું ફેરવવું. *To be* b.*out*, થાકીને લોથ થઇ જવું *To* b *an alarm*, to give a signal of danger by beat of drum: ઢંઢેરો પીટી ભયની સૂચના આપવી. *To* b.*down*,(*a*)to break or destroy by beating,as a wall:તોડી પાડવું; પાડી નાંખવું.(*b*) To press down or lay flat:દબાવી પાડવું;ઢોળી પાડવું; સુવાડી દેવું.(*e*)To depress or crush: દબાવી દેવું; કચરી નાખવું; બેસારો દેવું. (*d*)To sink or lessen ; બહુ રકઝક કરીને-મારી મથીને ભાવ ઘટાડવો-ઉતારવો;કરદો કરવો.*To* b.*into*,to teach or instill by repetition of instruction:વારે વારે કહીને મનમાં ઉતારવું-ઠાંસવું-ઠસાવવું.*To* b *off*,to repel: પાછા હઠાવવું;મારી મુકવું; ઘોડાનું એકદમ બહુજ અથવા બહુજ ચોકું. *To* b. *the time*, to measure or regulate time(*in Music*): તાલ આપવો -મારવો;*to* b.*up*,to attack suddenly:છાપો મારવો;એચિંતો હુમલો કરવો. *to* b *about the bush*, to approach anything in a round about matter:ગોળગોળ વાત કરવી;આડાઆડા ઉતરવું; મુદ્દાસર ન બોલતાં આડુ અવળુ ટાઢેલું કરવું.*To* b.*hollow or to* b.*all hollow*,to excel: સર્વોપરી થવું;ચઢિયાતા થવું; ઉપરી સત્તા-કાબુ સંપાદન કરવું; પ્રતિ પક્ષિનો સદંતર પરાજય કરવો *To* b.*into the head*, to inculcate: શિખવવું; મગજમાં ઠસાવવું;*to* b. *the air*,to be useless: નિરૂપયોગી થવું. હોવું.*To* b. *up the quarters of* (1)To come back;to get home; to sit down:પાછા આવવું ઘેર આવવું; બેસી જવું (2.)To meet,to encounter:મળવું;સામા આવવું; સંબંધ-સંસર્ગ માં આવવું.*vi*.To knock: ઠોકવું;ઠેલવું.2.To throb: ધડકવું; ધબકવું; થડકવું.3.To dash or fall with force: જોરમા થવું-આવવું-અફળાવું 4 To fluctuate;to be in doubt.ડચુંચાચું હોવું; શક લાવવો.5. To make progress against the direction of the wind: પવન સન્મુખ ચાલવું. 6 To make a sound when struck: ઠોકાવું; લાગવું; ગડગડવું.*To* b.*about*, to try to find: ખોળી કાઢવું; શોધ્યાં કરવું.*To* b.*upon*,to enforce by repetition:વારે વારે કહીને કહીને કરાવવું અમલમાં લેવરાવવું.*to* b. *up & down*,to run first one way & then another: આમ તેમ નાસવું-ભાગવું *n*.A stroke:માર; ઝપાટો; ઠોસો;ધક્કો; પ્રહાર;તાડન 2. A pulsation:ધડક ધડક થવું તે:ધબકારો; સ્ફુરણ; સ્પન્દન 3.A round or course frequently gone over : ફેરો; ચક્કર; આંટો 4.The rise or fall of hand in regulating the divisions of time(*in music*):તાલ 5. A place of frequent resort:વારે વારે ઉઠવા બેસવાની જગ્યા;બેઠક;સ્થાન; રહેઠાણ. 6. A cheat or swindler of the lowest grade:પાકો ચોર-ઠગ-ઠીઓ-ધૂતારો; **B** *of a watch or clock*: ટક્ટક. *a*. Weary;tired:થાકેલું;લોથ; લોટપોટ.

Beaten,(બીટ્ન્)*a*.Worn by use, trodden: વાટો નાખેલો-ચર્યાઇ-ઘસાઇ ગયેલો; જાવ આવ થયેલો.2.Become common:સાધારણ થઇ પડેલું.4.Vanquished;baffled : હારેલું; મારખાઇ ગયેલું; પરાભવ પામેલું.4.Exhausted; tired out:થાકી લોથપોથ થઈ ગયેલું.

Beater,(બીટર્)*n*.One who beats: મારનાર. 2. An instrument for pounding:સાબેલું;ઘણ; ઠોકો; મોમરી.

Beatific-al,(બીઅૅટિફિક્-ૅલ્)*a*.Imparting blissful enjoyment:સ્વર્ગ સુખદાયક;સુખપ્રદ-ક;મોક્ષપ્રદ; પરમાનંદ ભરેલું.

Beatification,(બીઅૅટિફિકેશન્)*n*. Blessedness: પરમાનંદ; સ્વર્ગ સુખ. 2.The declaration by the pope that a person is beatified after death:મુઆ પછી માણસ મુક્તિ પામ્યો એવું પ્રસિદ્ધ કરવું તે.

Beatify,(બીઅૅટિફાઇ)*vt*.[L.*beatus*, happy & *facio*,I make.] To regard as happy:સુખી ગણવું-માનવું. 2.To make happy:સ્વર્ગસુખ-મુક્તિ આપવી;પરમાનંદ આપવો;મોક્ષ આપવો.

Beatitude,(બીઅૅટિટ્યૂડ્)*n*.The felicity of the highest kind: પરમસુખ; પરમાનંદ; મોક્ષ; મુક્તિ; સ્વર્ગ પ્રાપ્તિ;નિર્વાણ;નિ:શ્રેયસ;સિદ્ધિ.2. The declaration of blessedness made by our saviour to particular virtues:કોને સુખ મળે છે તે વિષે ક્રાઈસ્ટે કહેલું વચન.

Beau,(બો)*pl*.**beaux**,*n*.[L.*bellus*, gay.]A fine gay man;a dandy; a lady's attendant or suitor:ફક્કડ;વરણાગિયો; છેલ; લાલ;બાંકસાવ.

Beau-ideal, (બો-આઇડીઅૅલ્)*n*.A

Behalf.(બીહૅફ્)*n.* Advantage,support;favour;side or cause: હિત; અર્થ;લાભ-બચાવ;પક્ષ *In* **b.** *of*, in the interest of:-ના લાભમાં;-ને ખાતર *On* **b** *of*, on account of;on the part of:-ની વતી; ને બદલે-ની તરફથી.

Behave, (બીહેવ્)To conduct, to manage:ચાલવું; વર્તવું. *v.* To act, to bear one's self: ચાલવું; વર્તવું; ચાલ ચલાવવી.

Behaviour, (બીહેવિઅર્) *n.* conduct good or bad;manners:વર્તણુંક;આચરણ;આચાર; વર્તન ચાલ; ચલગત. *To be put on one's* good **b**: સારી ચાલની અજમાએશ ઉપર હોવું.

Behead,(બીહેડ્)*vt* To sever the head from:ગરદન મારવું; માથું કાપી નાંખવું;શિરચ્છેદ કરવો;ડોચકું ઉરાડી દેવું.

Beheld, (*Imp.* of **Behold.**)

Behest,(બીહેસ્ટ્) *n.* Command; precept;injunction: આજ્ઞા હુકમ:ફરમાન;આદેશ.2.A promise; avow: વચન;બાધા.

Behind,(બીહાઇન્ડ્)*prep.* On the other side of: પાછળ; પૂંઠે; પછવાડે. 2.Left after the departure of: પછવાડે. પાછળ.3 Inferior to in dignity;rank or excellence: પાછળ પડેલું-ઉતરતું.*close* **b** :છેક નજીક; લગોલગ;અડીને *adv.* In the rear: પાછળ પડતું 2. Back-ward:પાછું.*as,look* **B.**: પાછુવાળી-પાછળ જુએ 3 Remaining: બાકી રહેલું; રહી ગયેલું.4 Past: આગળનું;ગયા વખતનું;ગઈ ગુજરી. 5. After the departure of another પાછળ;પછાડી;પછવાડે.*n.* The backside; the rump(law) ગાંડ; ગુદા; અપદ્વાર.

Behind-hand,(બીહાઇન્ડ્-હૅન્ડ્)*a. &adv.*In a state when expenditures exceed the receipts: દેવામાં તણાતું ચાલતું. 2. Not equally forward with some other person or thing:પાછળ રહી ગયેલું;પડેલું.

Behold, (બીહોલ્ડ્)*vt*(*imp* **beheld** *p p* **beheld** *formerly* **beholden**)To look at;to observe with care:નિહાળવું; ધ્યાન પૂર્વક જોવું;નિરખવું;બારીકાઈને જોવું; *Int.* see,lo: જો ! જુઓ *i.* To look: જોવું.

Beholden, (બીહોલ્ડ્ન્)*a.*Bound in gratitude;indebted:આભારી; એશીયાળુ; ઉપકારી; ઉપકૃત; એસાનમંદ

Behoof(બીહુફ્)*n.* Advantage;profit: લાભ;ફાયદો; ફળ; વૃદ્ધિ; અર્થ

Behoove,Behove (બીહુવ્-બીહોવ્) *v,t* To be fit for;to be necessary for:અગત્યનું-જરૂરનું હોવું;ઘટવું; છાજવું; લાજમ હોવું.

Being,(બીઇન્)*n.*Existence in fact or thought:હોવાપણું.અસ્તિત્વ;હયાતી;સદ્‌ભાવ;સત્તા;અવસ્થા:વૃત્તિ.2. That which exists or lives:જીવ:પ્રાણી; જંતુ;ભુત:વસ્તુ;ઘટ;*as,human* **b**.મનુષ્ય;પ્રાણી,*spiritual.***b** :મૂર્તોક.*Supreme* **b.**: પરમાત્મા:પરમેશ્વર *rational* **b** :પ્રાણી *corporal* **b** : શરીરિ; દેહી.

Belabour,(બીલેબર્)*vt.* To ply diligently:ખૂબ ઉદ્યોગ કરવો;મહેનત કરવી 2. beat soundly;to cudgel ખૂબ મારવું-ઠોકવું;પ્રસાદી આપવી.

Belate.(બીલેટ્)*vt.* To make too late: વિલંબ કરવો; મોડું કરવું.

Belay,(બીલે)(*imp & pp.* **Belaid** or **Belayed**,*v t.* To lie in wait for with a view to assault:હુમલો કરવા-તૂટી પડવા તલપી-તૈયાર-રહેવું. 2. To lay on;to adorn: પડેશાવવું; શણગારવું 3. To fasten or make fast:તાણી કઠણ બાંધવું.

Belch.(બેલ્ચ્)*vt.*To eject or throw up violently from the stomach: ઓડકાર ખાવો-આવવો. 2. To cast forth:બહાર ઠાકવું;*vi* To eject wind from the stomach;to eructate: ઓડકાર આવવો.*n.* Eructation:ઓડકાર; ઓડકાર; ઠકાર.

Baldam.Beldame,(બેલ્ડૅમ)*n* [F. *belle-dame*, handsome lady.]An old woman: ડોસી; ડોસરી. 2. An ugly old woman:a hag: કુરૂપ;ડાકણ;શાકણ; વંત્રી:બદસુરત બૈરી.

Beleaguer (બીલીગર) *vt.* To besiege;to blockade:ઘેરો ઘાલવો;ઘેરી લેવું-આસપાસ વિંટળાઇ વળવું.

Belesprit,(બેલેસ્પ્રી)*pl* **Beauxesprits,**(બોઝેસ્પ્રી) *n.* A fine genius or man of wit: અક્કલબાજ; હાજરજવાબી વાક્ચાતુર્યવાળો માણસ.

Belfry,(બેલ્ફ્રાઇ)*n.* A movable tower erected by besiegers for purposes of attack & defence: ઘેરો ઘાલવા અને બચાવ કરવા લશ્કરમાં રાખેલો ફુટો બુરજ.2. A belt-tower in a church:દેવળમાં ઘંટ રાખવાનો બુરજ ઘુમટ; ઘંટાલય; ઘંટસ્થાન.

Belial(બીલિઅલ્)*n.*An evil spirit: ભૂત;પિશાચ;સેતાન (*b*) An unprincipled man:ઠેકાણા વગરનો માણસ. *A son(or man) of* **b.**, છેક દુષ્ટ-અધમ માણસ; વર્ણસંકર; માદરજાત;સેતાન;હરામખોરની વસ્તી; કમબત.

Belie,(બીલાઇ)*vt.* To show to be false;to convict of falsehood: જુઠું-ખોટું પાડવું; જુઠું છે એમ સાબીત કરવું 2 To misrepresent:જુઠું કહેવું; હોય નેથી વિરુદ્ધ બતાવવું.3. To slander:જુઠી બદબોઇ કરવી; ખુંદું-જુઠું બોલવું;નિંદા કરવી. 4. To counterfeit; to mimic:નકલ કરવી; ચાળા પાડવા; બનાવટ કરવી

Belief,(બીલીફ્)*n.* Conviction;confidence; persuation; reliance upon word or testimony: ભરોસો;પતીજ;વિશ્વાસ; ભાવ; ઈતબાર. 2. Faith: આકીન; શ્રદ્ધા; ભાવ; વિશ્વાસ; આસ્તિક્ય બુદ્ધિ; ભાવના; ભક્તિભાવ. *A* **b.** *in the existence of God*: આસ્તિકપણું; આસ્તિક્ય. (in religion) 3. the object of belief: ભરોસાનો શ્રદ્ધા વિષય;શ્રદ્ધાસ્થાન. 4. Doctrine; tenet: ધર્મ; પંથ; મત; માર્ગ. 5. Opinion મત; અભિપ્રાય; વિચાર; આસ્થા; ભાવ; ભાવનીમતિ; બુદ્ધિ; સત્યતા.

Believe, (બીલીવ્)*vt.* To regard as true;to place confidence in (often followed by *in* or *on*) સત્ય માનવું બનવું; વિશ્વાસ-ઇતબાર ભરોસો રાખવો; માનવું.*vi.* To have a firm persuation: ભરોસો કરવો; શ્રદ્ધા-આકીન-ભાવ રાખવો. 2. To think:ધારવું; માનવું. *To* **b.** *in*: માં આકીન રાખવું.

Believer, (બીલીવર્)*n.* One who believes: માનનાર; શ્રદ્ધા રાખનાર; શ્રદ્ધાવાન;શ્રદ્ધાળુ;ભાવિક. 2. (*a*) One who believes in the scriptures, as revelation from God;a Christian:શાસ્ત્ર ઈશ્વરોક્ત છે એમ માનનાર;આસ્તિક;ખ્રિસ્તી.(*b*) A professor of Christianity: ખ્રિસ્તી ધર્મ માનનાર; વિશ્વાસી-

Belike,(બીલાઇક્)*adv.* probably: it is likely;perhaps: ધણું ખરૂં-કરીને;દૈવયોગે;કદાચ; કદાચિત.

Bell,(બેલ)*n.* A hollow metallic vessel which gives a ringing sound when struck: ઘંટ; ઘંટડી; ઘંટા;ઘુઘરો;ઘુઘરી. String of little bells: ઘુઘરમાલ 2.Any thing in the form of a bell,as a cup of a flower: ઘંટના આકારનું; ઘંટાકાર વસ્તુ.*To bear away the* **b**. શ્રેષ્ઠતા મેળવવી.*To bear the* **b** , to be the first or leader: આગેવાન થવું;અગાડી પડવું;*to lose the* **b**,to be worsted: હારવું;પરાજય પામવો.*To* **b** *the cat*: પોતાનાથી અધિક બળવાન દુશ્મન સામા બાથ ભીડવી *Diving* **b** : ઉંડા પાણીમાં કામ કરવાને અથવા કંઇ વસ્તુશોધવાને ઉતરવાનું ઘંટાકારનું એક યંત્ર *vi.* To bellow:બરાડવું.2. To grow in

the form of a bell, as buds or flower:ઘંટાકારે ફુલવું. *vt.* To put a bell upon:ને ઘાટ ઘાંટવો પહેરાવવો 2.To make bell mouthed: ઘંટના મોં જેવું બનાવવું.

Belle (બેલ્)*n* [L.*bellus*, fine.] A yonng lady of superior beauty & much admired રૂપાળી-ઢેલછબીલી સ્ત્રી;રંભા;સુંદરી;પ્રેમદા;લલના.

Belles-lettres.(બેલ્ લેટ્રૅ્)*pl n.* Polite or elegant literature:-ઉત્તમ પ્રતિનું સાહિત્ય-સાહર વિદ્યા; અલંકારશાસ્ત્ર-વિદ્યા.

Bell foundar,(બેલ્-ફાઉન્ડર)*n.* A man whose occupation is to cast bells:ઘંટ પાડનાર-બનાવનાર.

Bell-foundry, (બેલ્ ફાઉન્ડ્રિ)*n* A place where bells are cast: ઘંટ બનાવવાની જગ્યા સ્થાન-કારખાનું.

Belligerent,(બેલિજરેન્ટ્)*n* [L.*bellum*,war&*gero*,I wage.]Waging war:લડાઇ-સ ગ્રામ-યુદ્ધ મચાવનાર-કરનાર.2.Tending to war:લડાઉ કરાવે તેવું.*adj.rights.* લડાઇ કરાવનાર હક્ક. *n.*Nation or power carrying on war:લડાઇ ચલાવનાર પ્રજા-રાજ્ય.

Bell-man,(બેલ્-મૅન્)*n* One who rings a bell,especially to give notice of any thing:હાકી પીટનાર: ઘાણી વગાડનાર: ઢંઢેરીઓ.

Bell-metal,(બેલ્-મેટલ્)*n.*Alloy of copper & tin used for making bell's:ઘાંસું.

Bellow,(બેલ્લો)*vi.*To make a loud noise as a bull:બરાડવું;તડકવું; ગરજવું; ઓભાગવું;આરડવું.2. To bawl; to clamor: આરડવું; ગુમ પાડવી. 3. To roar,as the sea or the wind: તોફાની સમુદ્ર કે સારે પવનની પેઠે ગર્જવું;ઘોંઘાટ.વુધુ કરવું;સુસવાટા લેવા *n.* A loud outcry;roar: ઘુવાટ: ગર્જના; ઘોંઘાટ;ગૂમ; ગર્જના: કલ્લોલ.

Bellowing,(બેલ્લોઇન્ગ્)*n* The act of bellowing:આરડવું તે;ગર્જન;તડુકો. *a.*Bawling; clamoring: બરાડવું; ગુમ પાડવું.

Bellows,(બેલ્લોઝ્)*n Sing & pl.* An instrument or machine for blowing fire:ધમણ.

Bell-wether, (બેલ્વેધર) *n.* A wether or sheep which leads a flock with a bell on his neck: ઘંટવાળો મેઢો-ઘેટો;આગેવાન ઘેટો; 2. A leader (contemptuous): વરવો બાપ;હોળીનું નાળિયેર;આગેવાન.

Belly, (બેલ્લિ) *n.* [See, **bellows**] That part of the human body or beast which extends downwards from the breast to the thighs: પેટ; ઉદર; કોઠે ; જઠર. *Swoling in the b.*;ચુક;ચાટ;શૂળ 2 The womb: ગર્ભસ્થાન;કુખ.3.The part of any thing which resembles human belly in prominence:પેટની માફક કોઇપણ ચીજના આગળપડતો-ઉપસેલો ભાગ.*vi.*To swell & become protuberant like the belly:ઉપસવું; ફુલવું.*To pinch one's b.*:પેટ બાળવું.*To touch one's b.*:પેટ પર પગ મુકવો.

Bellyache,(બેલ્લિએક્)*n.*Pains in the bowels;colic: શૂળ;ચુંક;આકડી; ચાટ;અમળાટ; ઉદરવેદના.

Belly-band,(બેલ્લિબૅન્ડ્)*n* A band that fastens the saddle of a horse:ઘોડાના પેટ સાથે કસીને બાંધેલો પટો.

Belly-ful (બેલ્લિફુલ્)*n* As much a fills the belly or satisfies the appetite;પેટપુર;પરાણે; સારી રીતે 2.More than enough:ચુંથ; હદ ઉપરાંત; મનમાન્યું.

Belly-god,(બેલ્લિગૉડ્)*n.*A gluttonan epicure:લાડુબટક; ખરેખરા ખુશી ખાનાર; અકરાતીઓ.

Belly-worm બેલ્લિવર્મ્)*n* A worm that breeds in the belly or stomach:કરમ; કરમિયા.

Belong,(બીલૉન્ગ્)*vt* To be the property or;to appertain: નું હોવું ના તાબામાં-હાથમાં હોવું. 2. To be a part of or connected with: નો ભાગ હોવો; ની-હદમાં હોવું;3 To be native to or to have a legal residence:ના રહેવાસી રહીશ વતની હોવું;4 To be the proper business of:નું કામ હોવું.5.To be suitable for;to be due to:ને લાયક લાજમ હોવું; ને ઘટવું.

Belongings, (બીલૉન્ગિન્ગ્ઝ્ *n pl.* That which pertains to one; goods or effects:નું સર્વસ્વ માલમતા; અગિમૂત;સઘળું. 2 An appendage:વધારો;પુરવણી 3.Family relations;household : કુટુંબ; સગાવહાલાં;પરિવાર;*All his b s*:તેનું સર્વસ્વ.

Beloved,(બીલવ્ડ્, બીલવેડ્)*a* Greatly loved; dear to the heart: વાહાલું; પ્યારું;જીવનન; પ્રિય;વલ્લભ. *n.* One greatly loved:હૃદયનન;પ્રિયતમ; પ્રાણનાથ.

Below(બીલો)*prep.*Beneath;under in place:તળે;નીચે;હેઠે.2.Inferior to:હલકું ઉતરતું.3.Unworthy : અયોગ્ય; નાલાયક; અઘટિત;અણઘટતું; અણછાજતું. *adv* In a lower place;beneath: હેઠળ;નીચે.2 On the earth as opposed to the heavens:પૃથ્વીપર;આ લોકમાં;ઇહલોકમાં; મૃત્યુલોકમાં; 3. In hell: નરકમાં 4. In a court of inferior jurisdiction:નીચલી કોરટમાં.

Belt,(બેલ્ટ્)*n.*[L.*balteus*,border.] A band;a girdle;a strap:પટો; પાટો;બંધ;ઃ દોરો;કમર બંધ; મેખલા;સાંકળી;કટિમેખળા.2.That which restrains like a girdle. પટાની માફક જે કંઇ બંધમાં રાખે તે;મર્યાદા;3.One of the zones which surround the plane Jupiter : બૃહસ્પતિની આસપાસ આવેલો કટિબંધ.4.A narrow passage or strait:સામુદ્રધુની; નદેર.*vt.*To encompass : પટો બાંધવો;ને ઘેરી લેવું;ની ચારે પાસ વિટાળી લેવું.2. To shear the bullocks & tails of sheep : ઘેટાના વગરા તથા પુછડીના વાળ ઉતારવાં-કાતરી લેવા.

Bemire,(બીમાઇર્)*vt.*To drag in the mire or dirt:કોચડમાં રગદોળવું-બરડવું.

Bemoan,(બીમોન્)*vt.*To lament; to express sorrow for:શોક-વિલાપ કરવું; રુદન કરવું; ખેદ કરવું.

Bench,(બેન્ચ્)*n.*A long seat: પાટલી;બાંક,આસડી;લાંબોઆજડ.2. The seat of justice: ન્યાયાસન;ધર્મસિન. 3 The persons who sit as judges;the court:ન્યાયધીશ: ન્યાયકદાર. 4 A long table at which mechanics and others work: કારીગરો વિ૦ ને કામ કરવાનું લાંબુ ટેબલ-પાટલી. *vt* To furnish with benches: પાટલી મુકવી. 2. *To* place on a seat of honor:માન આપવું;-ના આસને બેસાડવું. *vi.To* sit on a seat of justice :ન્યાયાસને બીરાજવું.

Bencher(બેન્ચર)*n.*A senior member of an inns of.court:ન્યાયાધીશ-ન્યાયકદાર; જજ.

Bend(બેન્ડ્)*vt.*[*pp.***bended, bent.** *To* crook;to curve:વાંકુ વાળવું;મરડવું 2 To direct:તરફ વાળવું-ફેરવવું. *To.b one's steps to* : ની તરફ જેવું. 3.To exert;to apply:વણી મેહેનત કરવું;લગાડવું;ચોટાડવું 4. To subdue: તાબે આધીન-કરવું;કબજે રાખવું દબી જાય નમી જાય તેમ કરવું 5. To fasten as one rope to another : સંધાડવું; બાંધવું;જોડવું. to b *the brow*, to frown:ભવાં ચઢાવવાં; આંખો-ડોળા કાઢવા-કાતરવા; વિચારમા હોવાથી કપાળ ઉપર કરચોળીઓ વળવી. *vi.* To put over;to overhang : નીકળી આવવું; ઝુકી રહેવું 2.To be inclined: નો નિશ્ચય કરી બેસવું;વલણ હોવું;-ને ચઢવું-ગળવું;3.To bow in prayer: નમવું.

To *be* **bent**.*on*.અનમાં-સાથે નિશ્ચય કરી બેઠેલું હોવું.*n*. A curve;a crook વાંક;ચાંટ;ઝોક;ખાંચો; વલણ 2.A knot by which one rope is fastened to another:ગાંઠ; સાંધો.

Beneath,(બીનીથ) *prep*.Lower in place with something on; under:તળે;નીચે;હેઠળ;હેઠે.2.Under, as fromthe effect of pressnre:દટાયેલું; તળિયે;તળે.3. Lower in rank or excellence;unbecoming:હલકું;ઉતરતું;અયોગ્ય;અઘટિત;અણછાજતું *adv*. In a lowerplace:તળે;નીચે.2. Below as opposed to heaven: નીચે.

Benedict,(બેનડિક્ટ)*n*. A man newly married:તા જે-નવો પરણેલો માણસ.

Benediction,(બેનીડિક્શન્)*n*.[L. *bene*,well & *dico* I say.] Act of blessing:આશીર્વાદ દેવો તે;ભલું ઇચ્છવું તે.2 Expression of gratitude; so'emn invocation of happine« blessing:આશીર્વચન;આશીર્વાદ; દુવા: આશીષ;ધન્યવ દ; કલ્યાણ-સ્વસ્તિ વચન. 3 A shoit prayer: પ્રભુની સ્તુતિ; સ્તુતિ *n*.The form of instituting an abbot:પદવા મહંતનો અભિષેક.

Benedict.ve (બેનડિક્ટિવ્)*a* Giving a blessin :આશીર્વાદ-યુક્ત; દુવા દે એવું;આશીર્વાદાત્મક B mood (of a verb : આશીર્વાદ્યસ્મેદ.

Benedictory,(બેનડિક્ટોરિ)*a* Expressing wishes for good શુભ વાચક; માંગલિક; આશીર્વાદાર્થક. B. *stanza*:નાંદીશ્લોક.

Benefaction. (બેનીફૅક્શન્)*n* [*L. bene well & facio*,I do]The act of conferring a benefit : કૃપા-કલ્યાણ;ઉપકૃતિ.2 A benefaction endowed;a charitable donation : આભાર; દાન; ઉપકાર; બેહુદાન; બક્ષીસ; ઈનામ;કલ્યાણ; ધર્મ કૈરકર્મ.

Benefactor,(બેનફૅક્ટર)*n*.[*Feminine* **benefactress**.]One who confers a benefit, especially a charitable one: કલ્યાણકર્ત્તા;પરમબંધુ બક્ષીસ કરનાર; દાન આપનાર; પરોપકારી; દાતાર. પ્રિય કર્મકર.

Benefice,(બે ફિસ્,*n* An advantage;benefit:લાભ ઉપકાર,બક્ષીસ 2 An ecclesiastical living:ધર્માદાય. પુરોહિતવૃત્તિ; ધર્મ ક્ષિક્ષકવૃત્તિ.

Beneficence, (બા ફિસેન્સ્) *n* Active goodness; kindness or charity: પરોપકાર; દયા;કૃપા; લે.કોપકાર; પાટ; હત.

Beneficent,(બોનફિસેન્ટ્)*a*.Doing good;performing acts of charity ઉપકારશીલ;ઉપકારી; દયાળુ; કૃપાળુ; હિતકર-કારી; હિતાવહ;કલ્યાણકારી.

Beneficial, (બેનીફિશૅલ્)*a*. Useful;profitable:helpful:ગુણકારી;ઉપયોગી;લાભકારી;હિતાવહ; કલ્યાણકારક: સુખપદ.2. Entitled to receive use or benefit: જેને ભોગવટો કરવાનો હક મળ્યો હોય તેવું.

Beneficiary, (બેનીફિશિઅરિ) *a*. Holding some office in subordination to another:પરાધીન;પરતંત્ર; માંડલિક;પરાશ્રિત.2.Bestowed as a gratuity: બક્ષિસ-ઈનામ તરીકે આપેલું.*n*.One who holds a benefice & uses its proceeds:કોઇ ધર્મસ્થાનનો શોષક; પુજારી; ઉપાધ્યાય;પુરોહિત. 2. One who is maintained by charity:ઉપકારજ્ઞી; દાનાશ્રમી.

Benefit,(બેનીફિટ્)*n*.Act of kindness:ઉપકાર; પાટ; એહસાન; આભાર: અનુગ્રહ.2. Advantage;profit:લાભ; ફાયદો;ફૂગ,હિત;ફાંમલ;ગુણ નફો.*Public* b.:લોકોપકાર *For public* b.:પ્રેમાર્થ; લોકજનિલાભાર્થે.*vt*. To be useful to;to do good to હિત-સારૂ-કલ્યાણ કરવું To gain advantage : લાભ મળવો; ગુણ થવો.

Benevolence,(બીનેવેલેન્સ્)*n*.[L. *bene*, well & *volo*, I wish.] The disposition to do good; goodwill;kindness કૃપા-ઉદારતા,પરહિતેચ્છા;ભલાઈ;પરોપકાર-વૃત્તિ; દયા; પરમાર્થ બુદ્ધિ 2 Good done ;charity given પરોપકાર *Universal* b.:ભૂત દયા.

Benevolent,(બાનેવેલેન્ટ્)*a*. Possessing love to mankind;kind દયાળુ; પરોપકારી; પરબન્ધુ; પરદુઃખ ભંજન; હિતૈષી; પરહિતેચ્છુ.

Benighted,(બીનાઇટેડ્)*a*. Overtaken by the night: ચાલતા ચાલતા જેને રસ્તામાં રાત પડી હોય તેવું 2 In over in moral darkness: અજ્ઞાન-રૂપી અંધકારમાં ઘેરાયલું અજ્ઞા.

Benign(બીનાઈન્)*a* [L *bonus* good & *genus*,race.] Gracious;generous; favourable: કૃપાળુ; માયાળુ; અનુકૂળ;પરોપકારી;શુભ મંગળ B *light of science*: શાસ્ત્રથી થતું શુભ જ્ઞાન. 2 Manifesting kindness ઉદાર,સખી દાતાર;ભેલાળ.*a* Mild; kindly: salutary,wholesome: નમ્ર;શાંત;માયાળુ; સારૂ લાભકારક;નેક;ગુણકારી;રોગકારી હિતાવહ; સૌમ્ય.

Benignant,(બીનિગ્નૅન્ટ્)*a* Kind; favourable;gracious: માયાળુ ; કૃપાળુ;અનુકૂળ; દયાળુ;મહેરબાન.

Benignity,(બીનિગ્નિટિ)*n*. [L *benignus*,kind]Quality of being benign;goodness; kindness:કૃપા; મહેરબાની:પ્રીતિ;અનુગ્રહ;દયા;પરોપકાર; આભાર;ઉપકાર. 2.Salubrity:આરોગ્ય જનકતા;સૌમ્યતા; સાત્વિકતા. 3. Mildness;gentleness:રંકપણું; નરમાસ.

Benison,(બેનિઝન્)*n*.[L.*Bene*, well & *dico*, I say.] Blessing; beatitued;benediction:આશિર્વાદ;આશિષ; આશિષ વચન; દુવા શુભેચ્છા.

Bent,(બેન્ટ્)*pp*.of **bend** *a*. Curved crooked:વાંકુ; વક્ર;વળેલું.Strongly inclined toward something; resolved;determined:નિશ્ચિત કરાવવાળું.*n*.Curvity; flexure : વાંક; વક્રતા;મરડાટ.2. Declivity; slope: ઢાળ;ઢોળાવ.3. Propensity;inclination:વલણ;ઇચ્છા;વાંચ્છા; નિશ્ચય; પ્રવૃત્તિ;રૂખ;રૂખવટી;ઝોક. 4. Tendency; course:માર્ગ; વલણ; દિશા

Bent,**Bentgrass**,(બેન્ટ્-ગ્રૅસ્)*n*.A kind of coarse grass:ડાભ;દર્ભ. 2. A stalk of coarse grass:એકજાતના વાસનોદાડો;સાઠો.

Benumb (બીનમ્)*vt*.To stupefy; to make torpid:બ્હેર મારી જવું;ઠરી જવું; જડું પડવું, જડ મૂઢ થઇ જવું;-થી સ્તબ્ધ થઇ જવું.

Benzoin,(બેન્ઝોઇન્)*n*.A resinous substance, having a fragrant odour: બેબાન.

Bequeath,(બીક્વીથ્)*vt*.To give or leave by will:વારસામાં આપવું-મૂકી જવું 2. To hand down;to transmit: વંશ માથે મકવું.

Bequest (બીક્વેસ્ટ)Legacy;something left by will;also a gift:વારસો;વસિયત;મૃતલેખ-દાન;મૃત્યુપત્રદાન.

Bereave,(બારીવ)*vt* (*imp* & *pp*. **bereaved**,**bereft** ,To deprive નિરાધાર કરવું;છીનવી લેવું; રહિત-વિનાનું કરવું. (*with* of *before the thing taken away*):2. To take away from:મથી-પાસેથી લઇ લેવું.

Bereavement, (બીરીવ્મેન્ટ્) *n*. Deprivation: છીનવી લવું તે; હાનિ; ત્રાસ; મરણથી થએલો વિયોગ;વિરહ.

Bereft,(બીરેફ્ટ્)*pp*.of **bereave**.

Berry(બેરિ)*n*.A small fruit containing seeds scattered throughout it:ઠળીયાવાળું બોર જેવું નાનું ફળ; ટેટો.2.A mound.ટેકરો;ટેકરી.3.One of the eggs of fish: માછલીનું એક ઇંડું.*In* b.:ઇંડાથી ગાભલું.*vi*. To bear or produce berries:ટેટા લાગવા થવા.

Berth,(બર્થ્)*n*.The place where ship lies at anchor:વહાણ લંગરવાની જગ્યા.2 A place in a ship to sleep in: વહાણમાં સુવાનો ઓરડો-જ

આ સ્થળ.3.Official situation:હોદ્દો નોકરી;જગો; ચાકરી. *To give a wide* b વેગળું-દૂર રહેવું. *vt.* To give an anchorage to: વહાણ લંગારવું. 2. To allow or furnish berths to, on shipboard:વહાણમાં સુવાનો ઓરડો આપવો પુરો પાડવો.

Beryle,(બેરિલ્)*n.*[L.*beryllus.*]A mineral of great hardness,aqua marine:નીલમણી; નીલમ; પિરાજો.

Beseech,(બીસીચ્)*vt.imp.& pp.* **besought.** To supplicate;to implore:વિનતિ-અરજ-આજીજી કરવી: દાઢીમાં હાથ ઘાલવો; નાક લીટી ખેંચવી. 2. To solicit; to beg: કાલાવાલા કરી હાથ જોડી માગવું; યાચના કરવી; વિનતિ કરી માગવું.

Beseem,(બીસીમ્)*vt.*To be worthy of;to befit;to become:છાજવું; ઘટવું; શોભવું; આડ દેખાવું.

Beseeming(બીસીમિન્ગ્)*n.*Comeliness:કાન્તિ;શોભા;ખુબી; કળા.*a.* Befitting;becoming:યોગ્ય; ઘટિત; ઘટતું; લાયક;લાજમ; મુનાસબ; છાજતું.

Beseemly, (બીસીમ્લિ)*ad.* Fit; suitable; becoming: લાયક; ઘટતું; છાજતું;યોગ્ય; મુનાસબ; લાજમ.

Beset, (બીસેટ્)*vt.* (*imp.* & *pp.* **beset.**) To set or place on, in or round:જડવું,બેસાડવું 2. To hem in;to way lay;to besiege:ઘેરો ઘાલવો; આંતરવું-ઘેરી લેવું; રસ્તામાં લુટવા સારૂ સંતાઇ રહેવું-ભરાઈ બેસવું. 3. To perplex;to harass:મુંઝવવું;અચકાવવું;અમુઝાવવું;-થી ગભરાવવું. *One's* b. *sin*:ની સાથે વળગેલું પાપ.

Besetting, (બીસેટિન્ગ્) *pa.* Habitually attacking or pressing: મનને નિરંતર હેરાન કરતું; કાળજું કોરી ખાતું; હરદમ યાદ આવતું.

Besbrouded, (બીશ્રાઉડેડ્)*a.* Covered with a shroud: કફન ઓઢાડેલું; ઢાંકેલું; કફનીવાળું.

Beside,(બીસાઇડ્)*prep.*At the side of;at one side of:પાસે; જોડે; પડખે; બાજુએ;સોરે કને.2.Aside from;out of:આડુ;બહાર;વિનાનું. *To be* b.*one's self*, to be out of senses:ઘેલું થવું; અક્કલ-ભાન જવું ઠેકાણે નહી હોવું; અકળાઇ જવું

Beside,Besides,(બીસાઇડ્-બીસાઇડ્ઝ્)*adv* Moreover;in addition: વળી;બીજું સિવાય;ઉપરાંત;એ ઉપરાંત.

Besides,(બીસાઈડ્ઝ્) *prep.* Over & above; in addition to:ઉપરાંત; સિવાય; વિશેષમાં.

Besiege,(બીસીજ્)*vt.*To beset;to beleaguer;to block up:ઘેરો ઘાલવો;ઘેરવું;ઘેરી લેવું; ચોગરદમ આંતરવું-થી ગભરાવવું-અકળાવવું.

Besieger,(બીસીજર્)*n* One who lays siege:ઘેરો ઘાલનાર.

Besmear,(બીસ્મીર)*vt.*To bedaub; to soil:લપડવું;ખરડવું; ચીકણું કરવું.

Besom.(બીઝમ્)*n* A broom:આવરણી;સાવરણો; ઝાડુ-ઝાતારો; કરસોટો. *vt.* To sweep as with a broom: ઝાડુ કાઢવું;વાળવું:સાફ કરવું:પુંજો-કચરો કાઢવો

Besot (બીસૉટ્)*vt* To make sottish by drink; hence, to make dull or stupid:ગાંડું-સૂરતમંદ કરવું.

Besotted(બીસૉટેડ્)*a* Stupefied; infatuated:છકેલ;ઝાંકું;ઝાંઝું; મૂઢ.

Besought (બીસૉટ્)(*See beseech.*)

Bespangle, (બીસ્પૅન્ગલ્)*vt.* To adorn with spangles:ચાંદલા ટપકીઓથી શણગારવું: તારા ટપકીઓ જડવી.

Bespatter, (બીસ્પૅટ્ટર) *vt.* To sprinkle with dirt,or water & dirt:કાદવથી ખરડવું-છાંટી બગડવું.2. To asperse with reproach:નિંદા કરવી ને ભાંડવું;-નું બૂરું બોલવું.

Bespeak (બીસ્પીક્)*vt.* (*imp* **be spoke** *pp.* **bespoke, bespoken.**) To speak for beforehand: અગાઉથી નક્કો કરી કહી-રાખી મૂકવું;વખત આપી મુકવો;-રાખવો.2.To foretell: અગાઉથી સૂચવવું-સૂચના આપવી. 3 To speak;to address:પ્રત્યે બોલવું કહેવું.4.To show:જણાવવું;માલમ પાડવું;કહી આપવું; દર્શાવવું.

Bespread,(બીસ્પ્રેડ્)*vt.*(*imp.&pp* **bespread**)To spread or cover over: ઢાંકવું; પાથરવું.

Besprinkle, (બીસ્પ્રિન્કલ્) *vt.* To sprinkle over; to scatter over: છાટવું;રેડવું;સિંચન કરવું.

Best,(બેસ્ટ્)*a.* (*Superl.* of *good*) Most good:ઉત્તમ;શ્રેષ્ઠ,સૌથી સારૂં;અવલ;સારસ;બેશ ઉત્કૃષ્ટ.2. Most advanced;most complete: આગળ પડેલું; સૌથી પ્રવીણ સંપૂર્ણ; વર્ય;વર; રત્ન. B scholar:સૌથી સારો પંડિત. 3. Most: ઘણો:ખરો;ઘણો *n* Utmost;highest endeavour:બને તેટલું; યથાશક્તિ b. *or at the* b, in the utmost degree: છેવટ; આખરે. *To make the* **best** *of* (*a*) to improve to the utmost:ઘણું જ સુધારવું;સારો નફો થાય તેવો ઉપયોગ કરવો. (*b*) to reduce to the least possible inconvenience:ઓછી જ હરકત પડે તેમ કરવું. *To* make the b. of one's way to:જેમ બને તેમ ઉતાવળથી જવું.*for* b.finally:છેવટે આખરે;હમેશને માટે.*adv.* In the highest degree:બહુજ; ઘણું જ;અત્યંત; અતિશય; સૌથી વધારે. 2. To the most advantage; with the most success,ease or benefit:ફાયદો થાય તેવી રીતે; લાભ કરતા હોય તેમ;ઠીક જ; ફાવીસકે લાભથી અનુકૂળતાથી 3.Most thoroughly; સંપૂર્ણ રીતે; ઘણું જ સારી રીતે.

Bestain (બીસ્ટેન્) *vt.* To mark with stains:ડાઘા પાડવા;ખરાડવું.

Bestial,(બેસ્ટિઅલ્)*a* Pertaining to or having the quality of a beast:પશુના જેવું;અતિમલિન; પશુ વૃત્તિનું 2 *Brutal*; irrational; દેવાન જેવું; અવિચારી; વિષયી; લંપટ.

Bestiality,(બેસ્ટિઍલિટિ)*n.*Beastliness : પશુ વૃત્તિ. 2 Unnatural connection with a beast:પશુ સાથે સંભોગ; સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન્ય.

Bestir,(બીસ્ટર્)*vt.*To put into vigorous action:ઉદ્યત સાવધાન કરવું. થઇ જવું; હોંશિયાર થઇ જવું, જરૂ લેખને ચાલવું,હોંશિયાર થઇ રહેવું.

Bestow.(બીસ્ટો)*vt.* To lay up in store:સંઘરવું;એકઠું કરવું;રાખી મુકવું.2. To apply;to lay out: ઉપયોગ કરવો; વાપરવું;ખરચવું-કરવું;ઉગાડવું;આપવું;કાઢવું; 2.To give;to confer;to impart: આપવું; બક્ષીસ-અર્પણ-સમર્પણ કરવું;-નું દાન કરવું.4.To give in marriage: પરણાવવું; લગ્ન કરવા દેવું.

Bestowal,(બીસ્ટોઍલ્)*n.* Disposal;અર્પણ; દાન; સમર્પણ.

Bestowment,(બીસ્ટોમેન્ટ્)*n.*Act of bestowing; a bestowal or conferring:અર્પણ;દાન;સમર્પણ. 2. Donation: બક્ષીસ; દાન; ઇનામ.

Bestrew(બીસ્ટ્રૂ)*vt.*(*pp.***bestrewed,destrown**)To scatter over; to sprinkle: રવું-નાખવું.

Bestride(બીસ્ટ્રાઇડ્)*vt.* (*imp.***bestrode.** *pp.* **bestridden, bestrid,**)To stride over;to sit with any thing between the legs: ઘોડો પગ ની બેસવું.2.To step over: ઉપર થઇને ઓળંગીને કુદીને જવું;-આવવું.

Bet,(બેટ્)*n* Wager:હોડ;હોડમાં મુકેલી વસ્તુ;હોડ;શરત *vt* (*imp*)&*pp.***bet, betted**) To stake or pledge: to wager:શરત; હોડ મારવી-બકવી. *To lay a* b.same as *vt.*

Betake,(બીટેક્)*vt.imp* **betook,** *p p* **betaken**)*To* apply;to resort:આશ્રય લેવો; મન લગાડવું; કરવા માંડવું: ઉપાય-ઉપયોગ કરવો.

Betel,(બીટલ્)*n* A species of pepper the leaves of which are chewed with betel nut : નાગરવેલપાનનો વેલો;*b.leaf*: પાન; પાનની જડ

B.*root*:પાનની જડ.

Betel-nut,(બીટલ્‌નટ્‌)*n.*The nut of the areca palm:સોપારી; પુંગીફલ; ફોફળ.

Bethink (બ્‌થિન્ક્‌)*vt.*[*imp.&pp.* **bethonght,**] To call to mind; to recollect:યાદ કરવું;સંભારવું; સાંભળવું *To* think: વિચારવું; વિચાર કરવો; સાંભરવું: યાદ આવવું

Betide,(બીટાઈડ)*vt* To happen;to befall:ની ઉપર ગુજરવું-આવી પડવું; વિતવું-નું થવું *vi.*To come to pass; to happen:બનવું; થવું; ગુજરવું.

Betimes,(બીટાઇમ્ઝ્‌)*adv.*In good time or seasonably: ટાંકણસર; વખતસર;ખરી વેળાએ; સ ળા. 2. In a short time;soon:વહેલું જલદી.

Betoken,(બીટોકન)*vt.*To show by signs : સૂચનાઆપવી-થી જણાવું દેખાવુ.2.To foreshow by present signs;ભવિષ્ય સૂચવવું-ની સૂચના આપવા; સૂચવવું.

Betray,(બીટ્રે)*vt.*[L *trado,*I give up.] To give up treacherously or faithlessly: વિશ્વાસઘાતથી-દગાથી સોંપી દેવું હવાલે-સ્વાધીન કરવું આપવું. 2.To violate the confidence of: વિશ્વાસઘાત કરવો;વિશ્વાસ, તોડવા; દગો દેવો;નળું કાપવું; ફોડવું; ઉઘાડું કરવું; કહી દેવું 3.To disclose:ઉઘાડું પાડવું;કહી દેવું;દેખાડવું; જણાવવું.4 To mislead or expose to inconvenience not foreseen: અણધારી આફતમાં લાવવું; ખોટે રસ્તે દોરવુ 5.To shew or indicate:ઉપરથી દેખાવું-જણાવું;કહી આપવું 6.To be false to;to deceive: ફસાવવું;ઠગવું; અધવચ માથું કપાવવું 7. To lead astray,(as a maiden)to seduce,(as under promise of marriage) and then abandon: કુંવારી સ્ત્રીને પરણવાને બહાને ફસાવવી; આડે માર્ગે લેઇ જવી.

Betrayal,(બીટ્રેઅલ્‌)*n.*Act of betraying:વિશ્વાસઘાત;દગો; દગલબાજી; ઉઠ. [ફસાવનાર;વિશ્વાસઘાત કરનાર.

Betrayer,(બીટ્રેઅર્‌)*n.*A traitor:

Betroth,(બીટ્રોથ્‌)*vt.*To promise or pledge in order to marriage: to affiuance(used of either sex). સગાઇ વિવાહ-વેવિશાળ-ચાંદલો કરવો વાગ્‌દાન કર. 2. To espouse:સાથે પરણવાનું નક્કી કર.

Betrothal,(બીટ્રોથલ્‌)*n* Act of betrothing:ગ્રમ;વિવાહ;સગાઇ; વેવીશાળ

Betrothment, (બીટ્રોથ્‌મેન્ટ્‌)*n.* A mutual engagement for a future marriage:લગ્રનો કોલકરાર ઠરાવ.

Better,(બેટ્ટર)*a.*Compar of good, Having good qualities in a greater degree:વધારે સરસ સારૂ 2. Preferable,પસદ કરવા જોગ; ચડિયાતું 3 Improved in health:સારૂ સાજુ થયેલું *To be* **b.** *off,*to be in a better condition:વધારે સારી હાલતમા હોવું;સુખી રહેવું. 4. Greater in amount;larger; more: વધારે; વધારે મોટું. 5. More advanced; more perfect:પાકું;વધારે; વધારે નિકટ;વધારે પાકું *Had* **b.**: વધારે હીકસારે; **B.** *half,* is an expression used to designate one's wife પ્રિયા:અર્ધાંગના To *have or get the* **b** *of* : ઉપર જય પ્રાપ્તિ કરવી મેળવવી *For the* **b.**:લાભકારક; ફાયદાકારક. *adv.* (*compar. of well*) In a more excellent manner : ઉત્તમ-ચઢતી-સરસ રીતે; વધારે ચતુરાઇથી. 2. More correctly : વધારે સારી-શુદ્ધ રીતે.3. More : કરતાં વધારે; *vt.* To improve or ameliorate: સુધારવું; ચઢિયાતું કર 2. To support : ટેકો આપવો; મદદ કર. 3 To improve the condition,morally, physically or socially,or in other wise:કોઇ પણરીતે કોઇ ઉન્નતિ કરવી; હાલત સુધારવા.*n.pl ,Superiors:* ઉપરી;વડીલ.

Better,(બેટ્ટર)*n* One who bets or lays a wager.સરત મારનાર-કરનાર.

Betterment (બેટ્ટર્‌મેન્ટ્‌)*n.*Improvement:ફાયદો;લાભ;સુધારો;ચઢતી

Between,(બીટ્વીન્‌)*prep.*In the space which separates;betwixt મધ્યે વચ્ચે. 2 From one to another of two:માં;-ની વચ્ચે.3.Shared by two or both of having mutual relation:માહોમાહે; અદર અંદર **B.***ourselves:* આપણ-જણીએ; કોઇને કહેવાનું નથી 4 Belonging to two: નું;-ની વચ્ચે 5.With relation to two: માથી નું

Betwixt, (બીટ્વિક્સ્ટ્‌)*prep* [See **between**] Between: વચ્ચે. 2. From one to another of: માં;-ની વચ્ચે.

Beverage, (બેવરેજ્‌)*n.*[L *bibo,* I drink.]Liquid for drinking;પીવાની વસ્તુ;પાન;શરબત. પીણું. 2 A treat of drink-money:મીજબાની કે પાન કરવા આપેલા પૈસા. *An intoxicating:*b દારૂ.

Bevy,(બેવિ)*n* A flock of birds:પક્ષીનું ટોળું;also,a herd of roes: હરણાનું ટોળું 2.A collection of persons:especially of ladies: ટોળુ; મંડળ; જથો; સ્ત્રીઓનું ટોળું.

Bewail,(બીઉવેલ્‌)*vt.* To express deep sorrow for;to lament : ને માટે શોક-ખેદ-વિલાપ કરવો: વિલગીરી કર; સારૂ રડવું;-થી શોકાતુર-ઉદાસ દીલગીર હોવું.*vi.*To express grief: વિલગીર થવું.

Beware,(બીઉવર્‌)*vt.*To be cautious;to take heed:સાવચ-હોંશિયાર-સાવધાન સાવચેત રહેવું;-થી દુર રહેવું.

Bewilder,(બીઉવિલ્‌ડર)*vt.*To perplex;to puzzle:ગુંચવવું-ગુંચવાડવું; કર; ભ્રમ કર.

Bewilderment,(બીઉવિલ્‌ડર્‌મેન્ટ્‌)*n.* State of being bewildered:ગભરવું ભાવરા થવું તે; ગભરાટ;ગુંચવણ.

Bewitch,(બીઉવિચ્‌)*vt* To charm; to fascinate:જાદુ કામણ કર. 2. To affect by witch-craft or sorcery: મોહ પમાડવો;મોહિત કર; વશીકરણ કર; ચેટક વળગાડવું; આજ નાંખવું.

Bewitching,(બીઉવિચિન્ગ્‌)*a.*Charming:મનોહર;કામણગારૂ;મોહિનીરૂપ.

Bewitchment(બીવિચ્‌મેન્ટ્‌)*n.*The power of charming; fascination:વશીકરણ-કામણ;મોહિત કરવું તે.

Bey,(બે)*n* A governor of a town or district in Turkish dominion: તુર્કસ્તાનમા પ્રગણાનો હાકેમ-સુબો.

Beyond,(બીયોન્ડ) *prep.* On the further side of: પેલામેર-વરફ-ઉમ. 2.Before:આગળ;અગાડી.3. Out of reach of,past: પાર; ઉપરાત; વગરનું; થાય નહિ તેવું.4.Surpassing: કરતા ચઢિયાતું; અધિક**B.** *power* : શક્તિ ઉપરાત. **B.** *comprehension:* સમજ્ય નહિ એવું; સમજ બહાર. **B.** *dispute:*તકરાર વગરનું;નિર્વિવાદ **B.***measure:* અણમાપ; બેહદ. *adv.* At a distance;yonder: પેલામેર; આઘે.

Bezel(બેઝેલ્‌)*n* The part of a ring which fastens the stone:વિટીના નંગનું ખાનું પર.

Bezoar(બીઝોર)*n.*A calculous concretion found in the stomach of certain animals formely regarded as antidote to poison: કટલાક પ્રાણીના પેટમા થતો પદાર્થ;ઝેર: ઉતારનાર ઔષધ;સાપનો મ્હારો;ગોરૂચંદન Hence;any antidote or pinacea: કોઈ પણ રોગનું ઔસડ.

Biangular,(બાઇઅન્ગ્યુલર) *a.* [L. *bis* & *angulus,*a corner.] Having two angles: દ્વીકોણ.

Bias,(બાઇઅસ)*n* [L *bi.*double and *facies,* the face.]A weight on the side of a bowl:દડાની એક બાજુનું ઢોલાણ-ભાર. 2. Inclination; prepossession: વલણ; ઝોક-ધરછા; પક્ષપાત;રૂચ્છા; અભિલાષા; ભાવ.3 A

wedgeshaped piece of cloth: લુગડાંની કળી. 4. A slant; a diagonal: આડી આડાઈની લૂગડાની ચીપ પડી; ઉરેવ *adv.* Cross-wise: diagonal'y: આડું; ત્રાસું. ~ *v.t.* as to cut cloth **B** કાપવું ત્રાસું વેતરવું; ની કળી કાઢવી. *vt.* To prejudice; to prepossess: તરફદારી કરાવવી; મન ફેરવવું; પક્ષપાત કરવો; ને લીધે ફેરવવું ફરવું.

Bib, (બિબ્) *n* A cloth put under an infant's chin; a similar dress for adults worn over the breast or above the apron: બાળી વેળાએ બાળકનાં લુગડાં બગડે નહિ ને માટે તેની છાતી ઉપર જે લુગડાંનો ટુકડો બાંધવામાં આવે છે તે; ઝોબ્ભું.

Bibber, (બિબર્) *n* A man given to drinking: છાકટો; દારૂડિયો.

Bible, (બાઇબલ્) *n.* [Gr. *biblos*, a book.] A sacred book containing the principles of Christian faith; scriptures: ખ્રીસ્તિધર્મ પુસ્તક-શાસ્ત્ર બાઇબલ. 2. A book containing the sacred writings belonging to any religion: કોઇ પણ ધર્મ પુસ્તક.

Bibler (બિબ્લર) *n.* (See **bib**) A great drinker: દારૂડિયો; છાકટો; પીનાર.

Biblical, (બિબ્લિકલ્) *a.* Pertaining to the Bible: ખ્રીસ્તી ધર્મ શાસ્ત્રનું.

Biblicist (બિબ્લિસિસ્ટ્) *n.* One skilled in the knowledge & interpretation of Bible: ખ્રીસ્તી ધર્મ પુસ્તકમાં પ્રવીણ હોય તે; પાદરી.

Bibliography, (બિબ્લિઑગ્રેફિ) *n.* [Gr. *biblos* a book & *graplo*, I write.] A history; description or other information of books tending to illustrate the history of literature: પુસ્તકોનું વર્ણન; પુસ્તક-વર્ણનવિદ્યા.

Bibliomania, (બિબ્લિઑમેનિઅ) *n.* [Gr *biblion*, book & *mania* madness] A mania for possessing rare & curious books: નવાઇ અને અછતનાં પુસ્તકો રાખવાની ઘેલછા-ગાંડાઇ-ઉન્માદ; દુર્લભ પુસ્તક સંગ્રહણોન્માદ.

Bibliomaniac, (બિબ્લિઑમેનિઅક્) *n.* One who has a mania for books: નવાઇ-અછતનાં પુસ્તકો રાખનાર.

Biblist, (બિબ્લિસ્ટ્) *n.* One who makes the scriptures the sole rule of faith: ખ્રીસ્તી ધર્મ પર ખરૂ આધીન રાખનાર. 2. One who is conversant with Bible: બાઇબલમાં પ્રવીણ.

Bibulous, (બિબ્યૂલસ્-) *a* [L *bibo*, I drink.] Spongy; having the quality of imbibing fluids: શોષક; ચુસી લે તેવું; શોષકધર્મ; જલશોષક. 2. Inclined to drink: છાકટું; દારૂડીઉ.

Bicipital-tous, (બાઇસિપિટલ્-ટસ્) *a* [L. *bis*, twice & *caput*, the head.] Having two heads: બે માથા-ડોકાંવાળું. 2. Having two origins, as a muscle: બે સ્થાન મૂળ-ઉત્પત્તિવાળું.

Bicker, (બિકર્) *vi.* To quarrel; to contend in words: કજીયો કરવો; ટંટો-કંકાસ-બોલાચાલી-લઢાઇ થવી; ટપાટપી કરવી; વાગ્યુદ્ધ-વિવાદ કરવો. 2. To move quickly; to be tremulous: ધ્રુજવું; હાલવું; ડોલવું; ઝુલવું.

Bickering (બિકરિન્) *p.n.* Quarrelling: કલહ; વિવાદ; ટંટો; કજીયો; લઢાઇ; કંકાસ; ટંટો ફિસાદ **B** Flame: હાલતી જ્વાળા; હાલતી જ્યોત.

Bicorn, (બાઇકૉર્ન્) *a.* With two horns: બે શિંગડાંવાળું.

Bicycle, (બાઇસિકલ્) *n.* A two wheeled velocipede: ઉપર બેશીને પગરડે ઝડપથી દોડાવવાની એક જાતની પૈડાંની ગાડી; બાઇસીકલ.

Bid (બિડ્) *vt.* (*imp* **bid**, or **bade**, *p.p.* **bid** or **bidden**) To offer to pay; to propose: કહેવું; માગવું; માગણી કરવી. (At an auction.) 2. To declare as a wish, a greeting, a threat or defiance & the like: જણાવવું; આપવું; ઇચ્છા જણાવવી; ભલે આવ્યા કહેવું; *To* **b.** *defiance to*: અરે તું શું કરનાર છે-ચલ-ચલ ઠાકરી એમ કહી સામા થવું; લઢવા બોલાવવું. 3. To order; to command: હુકમ કરવો; આજ્ઞા કરવી: ફરમાવવું. 4. To invite; to call in: નિમંત્રણ કરવું; બોલાવવું; નોતરવું; તેડવું. To **b.** *fair* to make fair promise: સારૂ થશે-નીકળશે; એવું જણાવું-દેખાવું. *To* **b.** *one welcome*: સત્કાર કરવો. *To* **b.** *one farewell*: કલ્યાણ-ભલું થજો-સુખી થાઓ એમ જતી વખતે કહેવું; છેલ્લી સલામ. રામ રામ-નમસ્કાર કરવા. *n.* An offer of a price (at auction.): માગણી.

Bidder, (બિડર્) *n.* One who bids: માગનાર; માગણી કરનાર; વેચનાર.

Bidden, (બિડન્) *a* (See **bid**) Invited; offered; commanded: નોતરેલું; નિમંત્રણ આમંત્રણ-માગણી કરેલું; આજ્ઞા હુકમ કરેલું; ફરમાવેલું.

Bidding, (બિડિન્) *n.* Command; offer; invitation: હુકમ; આજ્ઞા; આમંત્રણ; નિમંત્રણ; નોતરૂં; માગણી.

Bide, (બાઇડ્) *vi* [See **abide**.] To dwell permanently; to inhabit: વસવું; રહેવું. *vi.* To remain firm under; to suffer: ટકવું; ખમવું; સહન કરી રહેવું; નભવું. 2. To wait for: વાટ જોવી; માટે થોભવું; રાહ જોવી.

Bidental, (બાઇડેન્ટલ્) *a.* (*Bis*, twice & *dens*, *dentis* a tooth] Having two teeth: દાતવાળું; દ્વિદંત; બે દાંતવાળું.

Bidet, (બિડેટ્) *n* A small horse: ટટ્ટુ ઘોડો. 2. A kind of bath-tub for sitting baths: બેસીને નહાવાનું એક જાતનું પીપ.

Biennial, (બાઇએનિઅલ્) *a* [L. *bis*. twice & *annus*, year] Happening once in two years: દ્વિવાર્ષિક; બુસાલી; બબે વર્ષે થતું. 2 Continuing for two years & then perishing: બે વર્ષ સુધી જીવનાર-રહેનાર-ચાલનાર.

Bier, (બીર્) *n.* A carriage; a frame of wood to carry dead bodies to grave. ઠાઠડી; શબવાહીકા; નનામી; કરકટી.

Biestings, Biestiugs, (બીસ્ટિઙ્ગ્સ્) *n. pl.* The first milk given by a cow after calving: ગાયનું બરેડું.

Bifarious, (બાઇફેરિઅસ્) *a.* [L. *bis*, twice, & *fari* to speak.] Two fold in two rows: બેવડું; બે હારમાં. 2. Pointing two ways: બે તરફ; બે તરફનું સામસામું. as, leaves that grow on opposite sides of a branch: ડાળખીની સામસામી બાજુએ ઉગતા પાંદડાં.

Bifer, (બાઇફેર્) *n.* A plant producing fruits twice in one year; વર્ષમાં બે વાર ફળતું ઝાડ.

Biferous, (બિફેરસ્) *a.* [L. *bis*, twice & *ferro*, I bear.] Bearing fruits twice a year: વર્ષમાં બે વાર ફળતું.

Bifold, (બાઇફોલ્ડ્) *a.* Twofold; double: બેવડું; દુપટ; બમણું.

Biform-ed, (બાઇફૉર્મ્-ડ્) *a* [L. *bis*, twice & *forma*, shape.] Having two forms, bodies or shapes: દ્વિરૂપ; બેવડા આકારનું; દ્વિવિધ; દ્વિગુણ.

Bifercated, (બાઇફર્કેટ્-ટેડ્) *a.* Forked; divided in to two branches: બે શાખા-ચાખાવાળું.

Big (બિગ્) *a* Large; great; bulky: મોટું; જાડું, ભારે સ્થૂલ; ભારે. 2. (*a*) Pregnant; ready to give birth: બે જીવ; દહાડા વાળી; ગર્ભવતી; ગામણી. (*b*) Full; fraught with something portentous; ready to produce: ભરપુર; ભરેલું-વાળું. 3 Having greatness, fullness, inflation, &c: મોટા મનવાળું; અભિમાન-ગર્વ દર્શક; બહાદુર, વિક્રમવાન; (પુરૂષ) દેખાવું. 4. with hope: આશાથી ભરેલું. **B** looks: અભિમાન દર્શક દેખાવ. **B.** words: મગરી શબ્દો. *To look* **b.** મોટા પુરૂષ દેખાવું.

Big-g, (બિગ), *n.* A kind of barley

એક જાતના જવ.

Bigamist,(બિગ્રેમિસ્ટ્) *n.*[L. *bis*, twice & Gr.*gamos*, marriage]. One who is guilty of the offence of marrying one person when already legally married to another:બે બાયડી અગર બે ધણી કરવાનો ગુનેહ કરનાર-તહોમતદાર.

Bigamy,(બિગેમિ)*n* The crime of having two wives, or husband at once: બે વર-વહુ કરવા તે; દ્વિપત્નીભર્તૃકરણ.

Bight, (બાઈટ)*n.* A bend in the sea-coast forming an open bay: નાનું અખાત 2. The double part of a rope around a coil:દોરડાનો વિટો. 3. A corner, bent, or hollow: ખાડો, પોલાણ; ખૂણો.

Bigot (બિગ્ગોટ્)*n.*One unreasonably wedded to a particular religious creed,opinion,practice or ritual;a devotee:ધર્માન્ધ પુરૂષ;દુરાગ્રહી;સ્વમતાગ્રહી;ધર્મચુસ્ત; મતાંધ.

Bigot ed,(બિગ્ગેટ્ડ્)*a.* Obstinately & blindly attached to some creed;opinion,practice or ritual દુરાગ્રહી;ધર્માન્ધ; મતવાદી; સ્વમતાગ્રહી; મતાભિમાની,હઠવાદી;સ્વમતવાદી.

Bigotry,(બિગ્ગોટ્રિ)*n* Perverse or blind attachment to a particular creed or certain tenets;excessive prejudice;ધર્માન્ધપણું;દુરાગ્રહ;સ્વમતાગ્રહ;મતાભિમાન-સ્વમતાવાદ.

Bijou,(બીઝૂ)*n.* A trinket to a little box:a jewel: દાગીનો; ઝવેર; ઝવેરાત;ચાકુચાક.

Bilbo,(બિલ્બો)*n.*(*pl* **bilboes**)An iron bar or bolt with a sliding shackle & lock to confine the foot of prisoners:બેડ; પગની બેડી 2.A rapier: એક જાતની લાંબી તરવાર.

Bile,(બાઇલ્)*n* [L.*bilis*]A yellow greenish,bitter,nauseous fluid secreted by the liver:પિત્ત.2.Bitterness of feeling; ill-humour: ચીઢીઓ સ્વભાવ; પિત્તપ્રકૃતિ; ચીઢ; રીસ B.duct: પીતવાહક નસ-નળો.

Bilge,(બિલ્જ્)*n.* The protuberant part of a cask:પીપનું પેટ નો વચલો જાડો ભાગ 2 The broadest part of a ship-bottom or floor: વહાણના તળિયાનો પહોળામા પહોળો ભાગ. *vi.* To suffer a fracture in the bilge:to let in water:વહાણને તળિયે ગાબડું પડવું.

Bilge water, (બિલ્જ્ વૉટર) *n.* Water which enters a ship & lies upon her bilge:ગાબડાંથી વહાણમાં આવેલું પાણી. ધામટ.

Biliary,(બિલિઅરિ)*a.*Pertaining to bile;conveying bile:પિત્તનું-વાહક: લેઇ જનું.

Bilingual-ar (બાઇલિન્ગ્વૅલ્ અર્)*a* [L *bis*,twice & *lingua*,tongue.] Containing two languages:દુભાષો; બે ભાષાનું.

Bilinguous, (બાઇલિન્ગ્વુઅસ્) *a* Speaking two languages:બે ભાષા જાણતું.

Bilious(બિલિઅસ્)*a* [*L bilis*, the bile.]Pertaining to the bile:પિત્તવાળું-સંબંધિ.2. Troubled with an excess of bile:પિત્તપ્રકૃતિ;પિતાશી 3 Choleric,passionate;ill tempered:તામસી ઉગ્ર પ્રકૃતિનું;ચીઢીયું; ગરમ

Bilk,(બિલ્ક્)*vt* To frustrate or disappoint;to deceive or defraud: નાહમેદ-દગો કરવું;ઠગવું. *n.*1 A cheat; a trick;a hoax:લુચ્ચાઇ,ધૂર્તતા; કપટ. 2. Nonsense; vain words: નકામું લવારેલું

Bill,(બિલ્)*n.*The beak of a fowl: પક્ષીની ચાંચ.2. The note of a bird: પક્ષીના રાગ-નું બોલવું. *vt.* To join bills:ચાંચે ચાંચ મેળવવી 3 To caress in fondness:લાડ કરવા લડાવવાં.

Bill,(બિલ્)*n.* A curved cutting instrument with a handle: દાતરડું;*hedge* **b.**:ચારિયું.2. A pickaxe: ખરપો; કોદાળી.

Bill,(બિલ્)*n.*[L.*bulla*. any thing rounded]A declaration in writing expressing wrong suffered by the complainant: વાદીની અરજ; અપરાધલેખ; અપરાધ પત્ર 2 A writing binding a signer or signers to pay a certain sum at a future day or on demand with or without interest,as may be stated in the document:હુંડી;રાહદેજની કે તરત વાયદાની હુંડી.3.A proposed or projected law:નવા કાયદાનો ખરડો; મુત્સદ્દો; બીલ. 4. An account of goods sold or delivered or work done : વેચેલા માલની-કરેલા કામની કિમ્મત મુદ્દાવાર યાદી; બીલ; ભરતિયું;આંકડો;ખાદ.5. Any paper containing a statement of particulars:વિગતવાર યાદી;ટીપ;લેખ;તપસીલ.6 An advertisement posted publicly:જાહેર ખબર.*vt.*To advertise by a bill or public notice:જાહેર કરવું.**B.***of credit* : કોઇ પણ જણને નાણા રૂપે કાઢેલી ચીઠ્ઠી **B** *of divorce*:ફારગતી;તલાકનામું; છુટા છેડા. **B.***of exchange*:હુંડી. **B** *at sight*: દર્શની હુંડી;તરત મુદ્દતની હુંડી;**B.***of lading*:વહાણમાં ચઢાવેલા માલની વહાણવાળાની સહી સાથેની પોહોચ ભરતિડું.**B** *of mortality*:અમુક વખતમાં કેટલાં મરણ થયાં તેની યાદી; મૃત્યુ પત્રક. **B** *of pains & penalties* : મોતથી ઉતરતી શિક્ષા કરનાર કાયદો. **B.***of rights*:રયતે માગેલા હકની નોંધ. **B.** *of sale*:વેચાણનો કબાલો;વેચાણ ખત;બનાખત **B** *of store*: વેપારીઓને મુસાફરીમાં જરૂરનો ખોરાક વિ૦ લેઇ જવાનું પરવાનગી પત્ર.**3** *of sufferance*: વેપારીને બીનજકાતે એકથી બીજે બંદર વેપાર કરવા આપેલો પરવાનો.**B** *of fare*: ખાવાની ચીજોની યાદી ટીપ **B** *of entry*: કુરજમાં-માંડવીમાં દેખાડવાનું માલનુંબરદીયું; મતમી **B** *of health* : વહાણના માણસોમાં કંઇ બીમારી છે કે નહિ તે બાબત તે બાબતના અધિકારીનું પ્રમાણ પત્ર.**B** *of cost*: ખરચની યાદી. A *duplicate of a* **b.***of exchange* : પે૨ A *triplicate of a* **b.***of exchange*: પર પે૨.A *register of a* **b.** *of exchange*:હુંડીની નોંધ વહી.

Bill-book,(બિલ્બુક્)*n* A book in which a person registers all the bills he issues & receives:હુંડી તથા યાદીઓની નોંધ; નોંધવહી.

Billet,(બિલ્લેટ્)*n.*A short letter: ચીઠ્ઠી;ટિકિટ.2.A ticket from a public officer directing soldiers at what house to lodge:સિપાઇઓને મુકામ-ઉતારો બતાવનાર ટિકિટ સિપાઈઓને ઉતારો કરવા માટેનો રૂક્કો ચિઠ્ઠી *vt.* To direct by a ticket where to lodge : સિપાઇઓને મુકામ જણાવવો બતાવવો.

Billet (બિલ્લેટ્)*n.*A small stick of wood:નાની લાકડી.2. A short bar of metal : સોના કે રૂપાનો નાનો સળીઓ-તાર.

Billet doux,(બિલ્લેડૂ)*n.*[L.*dulcis*, sweet.] A love note or letter: પ્રીતિપત્ર; પ્યારનો કાગળ; મદનલેખ; પ્રેમ પત્ર.

Billiards,(બિલિઅર્ડ્ઝ્)*n.*A game played on a table with ivory balls: મેજ ઉપર રમવાની એક જાતની હાથની હાથીદાંતના દડાની રમત.

Billion,(બિલ્યૉન્)*n.*[L *bis*, twice, & *L.million*,million.] According to French method,a thousand millon, 1,000,000,000;according to English method a million of millions; 1000,000,000,000,મહાપદ્મ.*Ten* **b.***s*: શંકુ. *A hundred* b.s.: જલધિ *A thousand* b.s.:અંત્ય *Ten thousand* b.

s:મધ્ય. *A hundred thousand* b.s: પરાર્ધ.

Billow,(બિલ્લો)*n.* A great wave or surge of the sea occasioned by the wind:મોજું;છોળ; તરંગ હોડો કલ્લોલ.2. A great wave or flood of anything:કંઈ પણ ચીજનું મોજું અગર રેલ પૂર.*vt.* To rise & roll in large waves: મોજા આવવાં; હોડાની પેઠે ઉછળવું.

Billowy(બિલ્લોઇ)*a.*Full of billows or surges;turgid:તરંગ-છોળવાળું.

Bin,(બિન્)*n.*[L. *benna*,a kind of carriage.] A box or inclosed place used as a repository of any commodity:કોઠાર; કોઠી;પેટી.

Binary,(બાઇનેરિ)*a.*[L *bini*,two & two.]Compounded of two.બે;બેવડું;દ્વિગુણ; દ્વિદલીય. B. *star*:બેમુખી તારા જેના બે ભાગ તેઓના ગુરુત્વ મધ્યબિંદુની આસપાસ ફરે છે.

Bind,(બાઇન્ડ)*vt* (*imp.* **Bound**, *pp.***bound**.) To tie to-gether; to confine with a cord, band, &c:બાંધવું;જકડી લેવું.2. To confine or hold by physical force or influence of any kind: બાંધવું; પકડી રાખવું;મંત્રાવવું 3.To prevent restrain from customary or natural action બંધ-કબ્જ કરવું; થી કબજ રહેવું;મળાવરોધ કરવો 4 To protect or strengthen by a band or border:મુખ-કોર મુકવી. 5. To sew or fasten together:બાંધવું; સીવવું 6. To oblige,restrain or hold, by authority law, promise or other moral tie:વચન કે પ્રીત કરારથી બાંધવું-કબજે રાખવું. કડ શરતથી રાખવું. 7. To bring under legal obligation to serve:શરતથી રાખવું;બંધણી કરી રાખવું 8.To bandage or dress પાટો બાંધવો. 9. To make fast (a thing *about* or *upon* something): કંઈ ચીજની સાથે સજ્જડ બાંધી લેવું;સીકડવું. To b *over*.કોરટમાં હજર થવાના સલાહથી ચાલવાનો મુચરકા લેવા. *To* b *to*: to contract: કરાર કરવો; બાંધવું. *To* b *up in*, to absorb in: કંઈ બાબતમા બારીકી કરીના બાંધવું; પરાયણ કરવું *To* b. *a wheel with a tire*.પૈડાને વાટ ચઢાવવી. *vi* To contract;to grow hard or stiff: કઠણ થવું; બંધાઇ જવું. 2. To be restrained from motion: બંધકારા થવો.3. To be obligatory: બંધકરજ્જાત રહેવું-હોવું. *n.* A stalk of hops,so called from its winding round a tree:એક જાતના ઝાડે વીંટાયલા વેલાનું થડ 2.A ligature or tie for the purpose of grouping notes together:બંધ;પટી;પકડ;ચાપ.

Binder,(બાઇન્ડર્)*n.*A person who binds, as books: ચોપડી બાંધનાર; જીલ્દબંધ.2.Anything that binds; a bandage: પાટો;બંધ;દોરી-પટી.

Binding, (બાઇન્ડિન્ગ્)*a.* Having power to bind;obligatory:બંધન-કારક;બંધનમાં લાવે એવું;આવશ્યક;અત્યંત્ય;ફરજિયાત. 2. Astringent; costive: ઝાડાનો બંધકોચ કરે એવું. *The* b *force of a moral duty* કર્તવ્યનું બંધનકારક બળ. *n.* The act of fastening with a band: પાટો બાંધવો તે. 2. Anything that binds; bandage; the cover of a book; something that secures the edge of cloth from ravelling:બંધ;પાટો;ચોપડીનું પુંઠું; બંધણી; મગજી; કોર; ચીપ.

Binnacle,(બિનૅક્લ્)*n.* [L *habito* I dwell.]A box containing the compass of a ship: વહાણનું હોકાયંત્ર રાખવાની પેટી.

Binocle,(બાઇનૉકલ્)*n.*[L.*bini* two & two, & *oculus*, eye.] A kind of telescope which enables a person to view an object with both eyes at once:કોઈ પણ ચીજ એક સમયને બે આંખે જોઇ શકાય એવું દૂરબીન

Binocular,(બાઇનૉક્યૂલર્)*a.* Having two eyes:બે આંખવાળું;દ્વિનયન; દ્વિનેત્ર.2. With or pertaining to both eyes:બે આંખ સબંધિ 3 Adapted to the use of both eyes: બે આંખે જોઇ શકાય તેવું.*n* A binocular glass:બે આંખે જોઇ શકાય તેવું દૂરબીન અગર સંકુચિત દર્શનયંત્ર.

Binomial,(બાઇનોમિઅલ્)*n.*[L.*bis*, wice & *nomen*, a name.] An expression consisting of two terms connected by the sign plus or minus:બેબાકે વત્તાની નિશાનીથી જોડાયલાં બે પદ;દ્વિપદ;દ્વિયુક્તપદ.*a.*Consisting of two terms: બે પદવાળું; દ્વિપાદ B. *coefficient*: દ્વિપદ ગુણક b *expression*. દ્વિપદાભિધાન.B *theorem* દ્વિપદ સિદ્ધાંત

Biographer,(બાઇઑગ્રફર્)*n.* (See **biography**) A writer of lives: જન્મવૃત્તાંત-ચરિત્ર લખનાર; ચરિત્રવર્ણનકર્તા; ચરિત્ર કવિ; રાવન ચરિત્ર લેખક; જીંદગીનો અહવાલ ચરિત્રાખ્યાન.

Biographic-cal(બાઇઑ-ગ્રૅફિક-કૅલ્) *a.*Pertaining to biography;Containing biography: જન્મ ચરિત્ર સંબંધિ-વાળું.

Biography, (બાઇઑગ્રફિ) *n.* [*Gr. bios*,life & *grapho*,I write.]The history of the life & character of a particular person: જન્મવૃત્તાન્ત. 2 Biographical writings in general:ચરિત્રલેખ; ચરિત્ર વર્ણન; ચરિત્રનિરૂપણ; ચરિત્રાખ્યાન.

Biology (બાઇઑલૉજિ)*n.*[Gr. *bios*, life & *logos*, discourse.] The science of life:પ્રાણીધર્મ; ગુજવિદ્યા.

Biparous (બિપૅરસ)*a* [L.*bis*, twice & *pario*,I bring forth.] Bringing forth two at a birth:જોડ જણે એવું; જોડકાં જણનારું.

Biped, (બાઇપેડ્) *a. bis*, twice & *pes*,*pedis* a foot.]An animal having two feet,as man:બેપગું પ્રાણી

Biped, **Bipedal**. (બાઇપેડ્-ડૅલ્)*a* Having two feet:બે પગુ; દ્વિપદ.

Birch,(બર્ચ્)*n.*A tree of several species:એક જાતનું ઝાડ; ભોજપત્ર. 2 The smaller branches of the common European birch:ચોટી.

Bird,(બર્ડ્)*n.* A feathered flying animal પક્ષી;પંખી;ખગ;વિહંગમ, વિહગમ; ખેચર; પતગ; પખેરૂ. *Fig.* A girl or maiden:છોડી કુંવારીકા; કમ્યુતર. *Birds of the same feather*, એક માળાના મણકા:એક તળાવના પાણી; એકજ મગની ફાડ B *of passage*:ઋતુ પ્રમાણે નિવાસ બદલનાર પક્ષીઓ *vi.* To catch or shoot birds: પક્ષી પકડવાં; અગરગોળી મારવી.

Bird catcher,(બર્ડ્કૅચર્)*n.* One whose employment is to catch birds;a fowler:વાઘરી; પારધી.

Bird-eyed (બર્ડ્-આઇડ્) *a.*Quick-sighted; catching a glance as one goes:બારિક નજરનું-વાળું; સુપર્ણાક્ષી.

Birds eye,(બર્ડ્ઝ્આઇ)*a.*General not minute or entering into details:ઉપલક;ઉપરચોટિયું;ઉપર ટપકેનું;ઉપર ઉપરનું. B's *eye view*: ઉપર ટપકેની નજર.

Birth,(બર્થ્)*n.*The act of coming into life or of being born: જન્મ; જનન; અવતાર; ઉદ્ભવ; સંભવ; ઉત્પતિ. *Blind from* b. જન્માંધ; જન્માંધ; જન્માંધ. *Rich from* b : જન્મશ્રીમત. *To give* b *to*: જણવું. જન્મ આપવો *At a* b: એક પ્રસવે; એકી વેળાએ. *Untimely* b : અકાળ જન્મ; જન્માંધ *A poet from* b.: જન્મજાત કવિ.2. Lineage; descent;sometimes,high birth:કુળ;વંશ જાતિ; ઓલાદ;જનનિ;કુલીનતા. *Pride of* b: કુલાભિમાન. 3. Natural state or

position; જન્મસ્થિતિ; જન્માવસ્થા. 4. The act of bringing forth: પ્રસવકાળ. 5. That which is born or produced, whether animal or vegetable: જન્મેલું; અવતરેલું; પેદા થએલું તે. 6. Origin; beginning: ઉત્પત્તિ; આરંભ; મૂળ. *New* **b**, regeneration, or the commencement of a religious life: બીજો અવતાર; ઉદ્ધાર; ધાર્મિક અવસ્થા.

Birth-day, (બર્થ-ડે) *n* The day on which a person is born: જન્મતિથિ દિવસ. 2. The anniversary of one's birth: જન્મ-વર્ષગાંઠ; સાલગિરી

Birth place, (બર્થ-પ્લેસ) *n*. The town city or country in which a person is born: જન્મભૂમિ; જન્મદેશ; દેશ વતન; સ્વદેશ.

Birth-right, (બર્થ-રાઇટ) *n*. Any right to which a person is entitled by birth: જન્મથી જે હક પ્રાપ્ત થાયછે તે; જ્યેષ્ઠ ભાગ; જન્માધિકાર જ્યેષ્ઠાધિકાર.

Biscuit, (બિસ્કિટ) *n*. [L *bis*, twice & *coctus*, cooked] A kind of unfermented bread, baked hard: એક જાતની રોટલી; બીસ્કુટ 2. A kind of earthenware: એક જાતનું માટીનું વાસણ.

Bisect, (બાઇસેક્ટ) *vt*. [L *bis*, twice & *seco* I cut.] To cut or divide into two parts: બે સરખા ભાગ કરવા

Bisection, (બાઇસેક્શન) *n*. The division of any line into two equal parts: બે સરખા ભાગ કરવા તે; દુભાવવું તે; દ્વિધાકરણ.

Bishop, (બિશપ) *n* [L. *episcopus* Gr. *epi*, over & *scopeo*, I look.] An overseer; a spiritual superintendent or ruler: ઉપરી; ધર્માધ્યક્ષ. 2 The highest of the three orders of the Christian ministry: ખ્રિસ્તી પ્રધાન મંડળના ત્રણમાનો શ્રેષ્ઠ હોદ્દો

Bishop, (બિશપ) *n*. A mixture of wine, oranges & sugar: નારંગી; ખાંડ; દ્રાક્ષ; વિગ્નું બનાવેલું શરબત-પાન. 2. A piece used in the game of chess; bearing the resprescentation of a bishop's miter: શેત્રંજનું ઉંટ 3 A part of a lady's dress: સ્ત્રીના પોશાકનો એક ભાગ. *vt* To receive formally; to favour: કૃપા-મેહેરબાની કરવી.

Bishopric, (બિશપ્રિક) *n*. The district over which the jurisdiction of a bishop extends: ધર્માધ્યક્ષના તાબાનો પ્રદેશ. 2. Office of a bishop: ધર્માધ્યક્ષનો હોદ્દો.

Bissextile, (બિસ્સેક્સટાઈલ) *n*. [L. *bis & sextus*, the sixth of the calends of march.] Leap year: જે વર્ષમાં ફેબ્રુઆરીમાં ૨૯ દીવસ આવે છે તે વર્ષ. *a*. Containing the extra day of the month of February: અધિક વર્ષિય.

Bit, (બિટ) *n*. The iron part of bridle to which the reins are fastened: લગામનું ચોકડું-કાકર. 2. Hence anything which cures or restrains: કંઈ પણ દબાણ-અંકુશ. *vt* To put the bit in the mouth of: ચોકડું લગામ ઘાલવી-ચડાવવી.

Bit, (બિટ) *imp. & pp.* of **bite**.

Bit, (બિટ) *n* A mouthful; a morsel; hence, a small piece of anything; a little; a mite: કોળિયો; મુઠ્ઠો ગ્રાસ; કટકો; ટુકડો. **B. by B.**: કકડે કકડે; વિગતવાર. *The biter* **b.**, one caught in his own snare: પેા તાનો કોવારો પોતાનાજ પગે વાગવો તે; હાથનાં કર્યા હૈયે વાગવાં તે; ઓદે તેજ પડે; એના ટાંટીઆ એનાજ ગળામાં ભરવવા. 2. A small instrument for boring: કોરવાનું-પાડવાનું એક હથીઆર 3. The part of a key which enters the lock and acts upon the bolt and tumblers: કુંચીનું ફુલ. 4. The cutting iron of a plane: રંધાનું પાનું 5 *A* **b**: થોડો. *Not a* **b**: જરાએ નહિ. *A bit of a Parson*: જરા કંઈક થોડો વાણો કવિજન જેવો.

Bitch, (બિચ) *n* [A.S. *bicce.*] The female of the canine kind as of dog wolf & fox; કુતરી; વરૂ કે શિયાળની માદા. A lewd woman: રંખડતી રાંડ; કુતરી.

Bite, (બાઇટ) *vt* (*imp.* **bit** *pp.* **bitten, bit.**) To cut or seize with the teeth: કરડવું; બચકું લેવું-ભરવું; ડસવું. 2. To cheat; to trick: ઠગવું; ઓતરવું. 3, To cause sharp pain, or smarting so: ચચરવું; ઝાટકો લાગવો; વાગવું; ઝમઝમ થવું; દુઃખ લાગે એવું કહેવું; મેણું મારવું; ઠપકો દેવો. . To take hold of; to hold fast: વળગી રહેવું; ચોંટવું. 5. To puncture, abrade or sting (as insect.) ચમકારો મારવો-ભરવો; ટોંચવું; કરડવું. *vi*. 1. To seize forcibly with the teeth: દાંતે મજબુત પકડી રાખવું. 2. To be pungent: ધમધમાટ વાળુ હોવું; ચચરવું; લાહે બળવી. 3. To produce anguish: અતિવેદના ઉત્પન્ન કરવી; દુઃખ કર. 4. To take a bait into the mouth, as a fish does: માછલીની પેઠે મેં મેાલ પકડવો 5. To take or keep a firm hold: મજબુત લાગ પકડવો; બાઝો વળું. *n*. The act of seizing with. બચકું; ચોચરકું. 2. The wound made by rhe teeth or something analogous: ઘાંખ; દાગ; બચકું. 3. A morsel; mouth ful: કોળિયો; મુઠ્ઠો. 4 A cheat; a trick: ઠગાઈ; કાવતરું; દગો 5 A sharper; one who cheats: ઠગ; ધૂર્ત; ગંડીઓ; ધૂતારો.

Biting, (બાઇટન્) *a*. Sharp: severe; sarcastic: તીક્ષ્ણ; સખત; તીવ્ર; ઝાટકો લાગે એવું.

Bitmouth, (બિટ્ માઉથ્) *n*. The bit or that part of a bridle which is put in a horse's mouth: ચોકડું; લગામ.

Bitter, (બિટર) *a*. Having a peculiar acrid, biting taste: કડવું; કડવું વિષ; કટુ 2. Piercing; painful: તીવ્ર; સખત; કડકતી આકરે 3. Calamitous causing pain to the mind: દુઃખદાયક; વેદનાકારક; પીડાકર. 4. Harsh; stern; કઠણ; નિર્દય; દુઃખ લાગે તેવું; કટ્ટું; કટુ; તીવ્ર. 5. Mournful; distressing; pitiable: શોકજનક; દુઃખદાયક; દયામણ. *To the* **b.** *end*. ઠેઠ સુધી; જમે એમ થાય તોપણ આખર સુધી. *n* A substance that is bitter: કડવી ચીજ.

Bitterly (બિટર્લિ) *adv* Sorrowfully; piteously: બહુજ; ઘણુજ દુઃખ લાગે તેવી રીતે; પોકે પોક; છાતી ફાટ

Bitterness, (બિટરનેસ) *n*. The quality of being bitter either in a literal or a figurative sense: કડવાસ; અતિ શત્રુવટ; અતિ દ્વેષ; હાડવેર. 2. Keenness of mind: તીક્ષ્ણ ભાષણ; મેણું; મર્મ; અતિ દુઃખ. 3 A state of extreme impiety or enmity to God: ઈશ્વર પ્રત્યે ઘણો અભાવ શત્રુવટ; નાસ્તિકતા. 4. Severity of temper: આકરાપણું; સખતાઇ; કરડાશ.

Bitumen, (બિટ્યૂમેન) *n*. [L] A mineral pitch: રાળ; શિલ જત.

Bivalve, (બાઇવૅલ્વ) *n*. [L *bis*, twice & *valva*, a valve.] A shell or an animal having a shell consisting of two parts which open & shut: બે ઢાંકણાની છીપ કે તેમાં રહેનારૂં પ્રાણી.

Bivalve ed, (બાઇવૅલ્વ્ડ) **Bivalvous,** (બાઇવૅલ્વસ) **Bivalvular,** (બાઇવૅલ્વ્યુલર) } *a*. Having two shelves or valves which open & shut; બે ઢાંકણાની છીપવાળું.

Bivaulted, (બાઇવૅલ્ટડ) *a*. [L. *bis*; twice & *volvo*, I roll.] Having two vaults or arches: બે કમાનવાળું-દ્વાર.

Bivouac(બિવૂઍક્)*n.* The guard or watch of a whole army in cases of danger of surprise or attack: આખા લશ્કર ઉપર થતા ઘેરા કે હુમલાની ચોકી-રખેવાળી.2.An encampment for the night without tents:તંબુ વિના ખુલ્લેઆમ રાતનો લશ્કરનો પડાવ.

Bizarre,(બિઝાર્)*a.*Odd; fantastic; extravagant:વિચિત્ર; તરેહવાર; ઓર તરેહનું.

Blab,(બ્લૅબ)*vt* To utter or tell unnecessarily;to publish secrets without reserve:લવરી કરવી;બકવું; છાની વાત ફોડવી;રહસ્ય બોલવું *vi.* To talk without discretion;to tattle:બકવું;લવારો કરવો;અછકલાવેડા કરવા. *n.*One who betrays secrets; a tell-tale:બકુબોલું;છુપી વાત ફોડનાર-જાહેર કરનાર.

Blabber,(બ્લૅબર્)*n.* A tattler,a telltale:જલ્પક; લવારો કરનાર; નાનાઆછકલા પેટવાળો.

Black,(બ્લૅક્)*a.* Destitute of light of the colour of soot or coal: અંધારાવાળું;કાળુશ્યામ;કૃષ્ણ 2 Dismal; gloomy;mournful:કઠારી-દીલગીરી; ભરેલું 3.Sullen:ક્રોધાયમાન;ગુસ્સે. 4. Horrible; wicked: ખાતકી; કાળું; ઘોર;અતિ દુષ્ટ.5.Enveloped or shrouded in darkness : અંધારે ઘોર; ધમઘોર; કુટુંબ કે મંડળમાંનો બીજાથી જુદો પડતો માણસ; ઘરડાંનો કાંકરો; કાળું મેંઢું;હંસના ટોળામાં કાગડો.*A B. sheep*:મંડળમાંથી જુદો પડતો માણસ. *n.*The darkest colour:શ્યામવર્ણ; કાળોરંગ2.A negro:હબસી;સિધી 3. A black dress of mourning:શોકના લુગડાં;શોકસૂચક વસ્ત્ર.4. A stain or spot:ડાઘો;કલંક; લાંછન; દૂષણ. 5. A deer stealer: હરણનો ચોર. *In b. and white*: લખેલું;છાપેલું; ઘોળા ઉપર કાળું કરેલું.*vt.*To blacken to; soil:કાળુ-મેલું કરવું.

Blackamoor,(બ્લૅકઍમૂર)*n.*A negro or negress:હબસી અથવા હબસણ.

Black-art,(બ્લૅક્-આર્ટ્)*n.*Conjuration;magic:જાદુ;મેલી વિદ્યા; કુવિદ્યા.

Black-ball(બ્લૅક્બોલ્)*n.* A composition for blacking shoes or boots:બુટ-જોડા રંગવાની મેળવણી. 2. A ball of black colour,used as a negative in voting : નકાર બતાવવાની કાળી ગોળી.

Black-board,(બ્લૅક્બોર્ડ્) *n.* A board used in schools,&c., for various writing purposes:નિશાળનું કાળુ પાટિયું.

Black-cattle, (બ્લૅક્-કૅટલ્)*n.*Cattle of the bovine genus reared for slaughter:વધ માટે ઉછરેલા ગાયની જાતનાં ઢોર.

Black-coat(બ્લૅક્-કોટ્)*n* A clergyman:પાદરી.

Blacken (બ્લૅકન્)*vt* To make or render black: કાળું-શ્યામ કરવું.2.To darken;to cloud:અંધારું કરવું 3. To sully, as reputation; to make infamous:મેશ-લાંછન એમ લગાડવું-લાગવું;બેઆબરૂ કરવી-થવી-થી બેઆબરૂ થવું.*vi.*To grow black or dark: કાળુ પડવું-થઈ જવું

Black guard(બ્લૅક્ગાર્ડ્)*n.*A dirty fellow of the meanest kind: નીચુ-હલકુ-ગંદુ-માણસ; પાજી. 2. A scoundrel;a rogue:લુચ્ચો;હરામખોર;ભાંડ બોલનાર; હલકો માણસ; ચંડાળ;ઠાકર; નટખટ; બદમાશ. *a.* Scurrilous; abusive.ભાંડ બોલનાર;ખરાબ, હલકું. *vi.* To revile in scurrilous language: ને ગાળ ચોપડવી; ની નિંદા કરવી.

Blacking,(બ્લૅકિન્ગ્)*n.*A preparation made for blacking shoes or boots:જોડા કે બુટ ઉપર ચઢાવવાનો કાળો રંગ.

Blackish,(બ્લૅકિશ્)*a.*Somewhat black:કાળાશ પડતું-મારતું.

Black-lead, (બ્લૅક્-લેડ્)*n.* A plumbago;graphite:મેનશીલ બનાવવાનો ખનિજ પદાર્થ.

Black-leg,(બ્લૅક્-લેગ્)*n.*A low gambling fellow;a turf swindler: નામીચો પ્રખ્યાત જુગારી; ઠગ.

Black mail,(બ્લૅક્-મેલ્)*n.*A rate of money,&c.anciently paid to robbers for exemption from pillage: ચોરોને આપવામાં આવતી ખંડણી; વોળગરાસ.2. Extortion of money by threats: ધમકી આપી પૈસા કઢાવવા તે. [**blackamoor,**

Blackmoor, (બ્લૅક્-મૂર) *n.* See

Blackness, (બ્લૅક્નેસ) *n.* The quality of being black; black colour; darkness: કાળાપણું; કાળો રંગ; અંધારું.2.Enormity in wickedness:અતિક્રુરતા; ખાતકીપણું;દુષ્ટતા.

Blacksmith,(બ્લૅક્-સ્મિથ્) *n* A smith who works in iron; an ironsmith: લુહાર;લવાર.

Black-wash,(બ્લૅક્-વૉશ્)*n.*A lotion made by mingling calomel & lime water: રસકપૂર અને ચુનાના પાણીની મેળવણી.2.Calumny:નિંદા; બદબોઈ.[of precious wood:સિસમ.

Blackwood,(બ્લૅક્-વુડ્)*n.*A kind

Bladder,(બ્લૅડર્)*n.*A bag or sac in animal containing some secreted fluid:કોથળી;આશય;મુત્રો. as *urinary b.*:મુત્રાશય. *the gall b.*પિત્તાશય.2.Any vesicle or blister filled with air or a thin watery liquor:ફોલ્લો;ગોબો;ફોકૈયો. 3 (*Fig.*) Any thing inflated, empty or unsound : પરપોટો; અસાર વસ્તુ;કંઈપણ ફુલેલી ચીજ.*vt.*To swell or puff up, as a bladder with air:ફુલાવું; ભરવું.

Blade(બ્લેડ્)*n.*The leaf or flat part of the leaf of a plant:ઘાસનું પાતરૂંપત્તું;પાનું;ફળ.2.The cutting part of an instrument:પાનું;ફળ.3.The broad part of an oar: હલેસાનો પહોળો ભાગ. 4 The scapula or shoulder bone:ખભાનું ઉપરનું ચોકું હાડકું.5 A brisk man:ચપળ-ચબળ માણસ.*vt.*To furnish with a blade.પાનાવાળું કરવું. *vi.* To have a blade:પાનું હોવું.

Blain,(બ્લેન્)*n.*An inflammatory swelling;a blister:ફોલ્લો;ગોડ;ગડ; ગુમડું; ફોકૈયો.

Blamable(બ્લેમૅબલ્)*a.*Deserving of censure;faulty;culpable.દોષપાત્ર; દોષણીય; કપા જોગ-પાત્ર; નિંદનીય; નિંદાપાત્ર; દુષણીય; સદોષ.

Blame,(બ્લેમ્)*vt* [Gr.*blasphemein*, to speak ill.]To censure;to find fault with:કપકો દેવો; દોષ મુકવો-કાઢવો; ખોડ કાઢવી;-નો વાંક કાઢવો. To b.,in fault,or to be blamed: કપકાને પાત્ર.*n.* Censure; reprehension;imputation of fault:કપકો; દોષારોપ;અપવાદ;દુષણ;નિંદા. 2. Fault;crime:દોષ;વાંક;ગુન્હો; અપરાધ.

Blameless,(બ્લેમ્લેસ્)*a.* Innocent: guiltless:નિરપરાધી;નિર્દોષ; નિષ્કલંક; અનિંદ્ય;દોષરહિત;વાંક વિનાનું.

Blameworthy(બ્લેમ્વર્ધિ)*a.*Deserving blame; reprehensible: દોષ મૂકવા યોગ્ય;કપકાપાત્ર;દુષણીય.

Blanch,(બ્લૅન્ચ્)*vt.*To whiten;to make blank:ધોળું-ચળકતું કરવું;ફીકું કરવું. 2.To make white by stripping off the peels:છોડાં ઉખાડી ધોળું કરવું. 3.To give a white lustre to:સિક્કા પાડવામાં છાપ મારતા પહેલાં પોળો ઉલસ રૂપાને આપવો 4.To cover with a coating of tin:કલાઈ ચઢાવવી.5 To whiten;to white wash: સારૂં સારૂં દેખાડવું; ઉપર ઉપરથી સારૂં દેખાય એમ કરવું.6. To bleach: નીખારવું; હાર કાઢીને સફેદ કરવું. *vi.* To grow or become white:સફેદ થવું; ધોળું થઈ જવું.

Bland,(બ્લૅન્ડ)*a.*[L *blandus* mild] Mild;soft,gentle: નમ્ર; કોમળ; મૃદુ;

સૌમ્ય; શાંત.

Blandish,(બ્લૅન્ડિશ્)*vt* [L. *blandus*,mild.] To flatter with kind words;to caress.લાડલડાવવું;ચલાવવું:મીઠી મીઠી વાત કરવી; ખુશામત કરવી.

Blandishment,(બ્લૅન્ડિશ્મેન્ટ્)*n.* Artful caresses : લાડ; મીઠી મીઠી વાત;નખરાં;ચાળા; લાલિત્ય; અદા;હાવભાવ;મધુર ભાષણ.

Blank,(બ્લૅન્ક્)*a* Of a white or pale color:સફેદ;ઝાંખું;ફિક્કું 2.Pale from fear or terror; confused; dejected:ગાભરું;આકુળ; ઉદાસી;ધોળું ફક;વ્યાકુળ.3.Lacking characteristics which give variety: કોરું; ખાલી;શુષ્ક;નિરસ.4.Rare; unmingled;more:કેવળ; તદ્દન 5. Without rhyme: અનુપ્રાસ રહિત; યમક વગરનું (કવિતામાં).6.Free from writing, printing or make: કોરું; કંઈ પણ લખાણ વગરનું.7.Lacking animation and intelligence; vacant: બુદ્ધિશુન્ય;મંદબુદ્ધિનું. B. *cartridge;* a cartridge filled with p wer, but without ball: ગોળી વિના એકલો દારૂ ભરેલો ટોટો-કારતૂસ B. *endorsement* : હુંડી વિગેરેની પીઠ ઉપર કરેલી એકલી સહી; બે નામી શેરા. B. *line*: કોરી-ઉપર લખ્યું ન હોય એવી લીટી; ખાલી કોરી જગ્યા *n.* Any void space:ખાલી-કોરી જગ્યા 2.A ticket in a lottery which draws no prize:લોટરીમાં ખાલી ગએલી ચીઠ્ઠી ટીકીટ.3.A paper unwritten: કોરો કાગળ 4.A document with vacant spaces left;to be filled with names,dates,&c : નામ, તારીખ કે બીજું ભરવા ખાલી રાખેલો દસ્તાવેજ.5. The object to which anything is directed:નિશાન તાકેલી વસ્તુ જે ના તરફ ધ્યાન કે લક્ષ હોય તે ચીજ.*In b* :કોરું;બીજાએ ભરી નાંખવાનું;ખાલું રાખેલું *vt.* To make void;to annul રદ કરવું.2. To deprive of color;to dispirit: મન ભાગવું; ઉદાસી કરવી.

Blanket, (બ્લૅન્કિટ્)*n.* A coarse loosely woven cover of wool for beds &c:કામળો; ધાબળી; બનુસ; ચુમાળો; ધાબળો. 2. A layer of blubber in whales:માછર માછમાં ચરબીનું પડ-થર.*vt.* To cover with a blanket:ધાબળી લપેટવી-ઢાંકવી. 2 To toss in a blanket by way of punishment:કામળામાં બકાની શિક્ષા કરવી

Blarney,(બ્લૉર્નિ)*n* P'easing flattery or cajoling talk:ખુશામત;ચલણી મીઠી વાણી; મીઠી મીઠી વાણી. *vt* To beguile with such flattery: ની ખુશામત કરવી;મીઠી બોલીથી ખુશ કરવી.

Blaspheme,(બ્લૅસ્ફીમ્) *vt.* [Gr. *Blapsis* injury&*pheme*, speech] To speak impiously of God: ઈશ્વરની-દેવનિંદા કરવી;-નું ભુંડું બોલવું;-ની નિંદા-બદબોઇ કરવી. *vi.* To utter blasphemy: ઈશ્વરની નિંદા કરવી-નું પદ ધારણ કરવું.

Blasphemous, (બ્લૅસ્ફીમસ) *a.* Profane:ઇશ્વરનિંદક; દેવનિંદક.

Blasphemy, (બ્લૅસ્ફીમિ)*n.*Indignity offered to God by words or writing: ઈશ્વરનિંદા; ઇશ્વરાપવાદ; ઈશ્વરાક્ષેપ, દેવનિંદા.2 Calumny:નિંદા;ભુંડું બોલવું;બદબોઇ;ધર્મ બેમર્યાદ ભાષણ; ધર્મની ઠોકીને કરેલું ભાષણ.

Blast,(બ્લાસ્ટ્)*n* A violent gust of wind : પવનનો ઝપાટો-સપાટો. 2. A forcible stream of air:ફુંક;ફુંકારો.3.The sound made by blowing a wind instrument : ફોંકીને વગાડવાના વાદ્યંત્રમાંથી નિકળતો અવાજ.4 The rending of rocks &c by explosion of gun powder:સુરંગફોડી પાડવું તોડવું તે; ધડાકો. 5. A blight:મરકી; નારાકારક અસર. 6. A flatulent disease of sheep:ઘેટાંને થતો એક જાતનો વાયો પેટ ફુલી જવાનો રોગ.*vt* To cause to wither; to blight : કરમાવી-મારી-ચીમલાવી નાંખવું.2 To affect with sudden violence which causes to fail: ભાંગી-તોડી પાડવું; ભંગ કરવું; ઉતારવું; 3.To confound by a loud din: મોટા ધડાકાથી ગભરાવું. 4 To rend openly by an explosion of gunpowder;to shalter:સુરંગથી ફાડવું-ઉડાડવું;તોડીને ભૂકા ઉડાવી દેવા.*vi.* To be blighted or withered:કરમાઇ જવું.2. To explode : અવાજ કરીને ફાટવું; ઉડવું.

Blasting,(બ્લાસ્ટિન્ગ્)*n.* A blast; destruction by pernicious cause ઝપાટો;નાશ;2.Exploding with gunpowder:સુરંગથી ઉડાડવું તે.

Blatant,(બ્લેટન્ટ્)*a* Noisy;clamorous;loud:આરડવું; તડુકવું;બુમો પાડવું; બરાડવું.

Blaze,(બ્લેઝ્)*n* A bright flame: ભડકો;જ્વાળા;ઝાળ; આંચ;ભભુકો;બળતું. 2.Intense,direct light accompanied with heat:તેજ;અજવાળું; પ્રકાશ; ઉજેસ. 3. A white spot on the forehead of a horse:ઘોડાના કપાળ ઉપરનો ધોળો ડાઘ-ચાંદુ. 4. A spot made on trees by chipping off the bark;ઝાડની છાલ કાપવાથી તે પર પડેલો ડાઘ. 5.A bursting out: શોરબકોર;ધોકાટ.6.Wide diffusion of report:ફેલાઇ જવું-પસરવું તે; ફેલાવો.B. *of day*:દિવસનો પ્રકાશ.In *the full* b.*of day*: ધોળે દહાડે;ખરેખપોરે. *In a* b., બળતું; ધગધગતું; ઝેવાયમાન; આવેશી.*vi.* To shine with flame: બળવું;ભડકો થવો;સળગવું. 2. To send forth glowing light: પ્રકાશવું. 3. To be resplendent: પ્રખ્યાત-પ્રસિદ્ધ હોવું.*vt.* To make public: પ્રગટ-જાહેર કરવું.2.To mark as a tree by chipping off a part of its bark: ઝાડની થોડી છાલ ઉખાડી નિશાની કરવી. 3 To mark out:નિશાની કરીને બતાવવું; નિશાન કરવું-અજવાળાથી બતાવવું. 4 To burn in a blaze બાળો કરીને બાળવું;બાળીને ભડકો કરવો.

Blazing, (બ્લેઝિન્ગ્)*a* Emitting flame or light:ચળકતું;ઝગઝગતું;તેજસ્વી;ધગધગતું B.*star*, a comet:પૂછડિયો તારો; ધૂમકેતુ.

Blazon,(બ્લેઝન્)*vt* To make public:બતાવવું;પ્રગટ-જાહેર-ખુલ્લું કરવું 2.To deck:શણગારવું;શોભાવવું.*n.* Armorial bearings: કુલીનતાનાં ચિન્હો-નિશાન:કુળચિન્હ મુદ્રાવર્ણન; કુળમુદ્રા. 2. Ostentatious disply;show : ભભકો;બતાવવું તે.

Bleach,(બ્લીચ્)*vt.* To blanch;to whiten:ધોળું કરવું; નિખારવું. *vi* To grow white in any manner:કોઈ રીતે ધોળું સફેદ થવું; રંગ ઉડી જવો.

Bleaching(બ્લીચિન્ગ્)*n.*The art of whitening fabrics by chemical agents, &c. : કોરાં લુગડાં રસાયણિક વસ્તુથી નિખારવાની કીમતનો ધંધો. B.powder: નિખારવાનો મસાલો.

Bleak,(બ્લીક્)*a.*Desolate&exposed:જ્યાં ખુલ્લી હવા આવતી હોય તેવું; નિરાશ્રય ખુલ્લું. 2. Cold & cutting cheerless:ઠંડું; ઠાર; શિતળ; આનંદ રહિત; વેરાન.

Bleakness(બ્લીક્નેસ્)*n.*Exposure to the wind· ખુલ્લું; અનાશ્રયપણું 2. Coldness:ઠારદી; ઠંડક.

Blear,(બ્લીર્)*a.*Dim or sore with water or rheum(applied to eyes) દુઃખવા આવેલી અને પાણી ઝરતી. 2. Causing dimness of sight: ઝાંખ મારનાર*vt.* To affect with soreness or eyes:આંખો દુઃખવા આવવી 2.To make dim: ઝાંખ મારવી (*Fig.*) To obscure mental or moral perception:આંધળું કરી દેવું;સુઝ પડવા ન દેવી.*To* b.*the eye of*:- આંખમાં ધૂળ નાંખવી; આડા પાટા બ બાંધવા.

Blear-eyed(બ્લીર્-આઈડ્)*a*Having

sore eyes: દુ:ખવા આવેલી આંખવાળુ 2.Dim-sighted: જેને આંખ વળની હોય તેવું.2.Lacking in perception or penetration: ઢુંક બુદ્ધિનું-નજરનું.

Bleat(બ્લીટ)*vi.*[L. *Balare* to bleat] To cry,as sheep: બે બે કરવું;બેંઢાની પેઠે બોલવું.*n.*A sheep's cry: બે બે.

Bled,(બ્લેડ)*Imp &pp.*of **Bleed**.

Bleed,(બ્લીડ)*vi.Imp &pp* **Bled**. To blood: લોહી નીકળવું-વહેવું *to* **b.** *at the nose*:નસકોરી ફૂટવી. *To* **b.** *for one's country*: સ્વદેશાર્થે પ્રાણાર્પણ કરવું;*The heart* **bs**: છાતી પીગળે છે;દૈયામાં દયાની બહુ અસર થાય છે;દીલમાં બહુ લાગે છે 2. To die a violent death: કપાઇ-કમોતે મરવું; અકાળમૃત્યુ થવું.3. To lose sap gum or juice: રસ ઝરવો-નીકળવો. 4. To pay or lose money: પૈસા ખોવા-કાઢવા-ઓકવા. *vt.* 1 To let blood from;to draw blood from,as by opening a vein:લોહી કાઢવું;ફસ ખોલવી.2. To draw maney from;to induce one to pay:-ની પાસે પૈસા કઢાવવા;સમજાવી ફોસલાવીને પૈસા લેવા.

Bleeding,(બ્લીડિન્ગ્)*n.*Issuing of blood:નાક કે જખમમાંથી લોહી વહેવું તે. (a)Hemorrhage: રક્તસ્રાવ, સ્રાવ. 2.The operation of letting blood, as in surgery:ફસ ખોલવી તે. 3 Drawing of sap from a tree or plant:ઝાડ કે છોડમાંથી રસ ઝરાવવો તે. *a.* Emitting blood or sap: લોહી નીકળતું;રસ ઝરતો. 2. Expressing anguish or compassion: બળતું; દાઝતું;દયા આવે તેવું.

Blemish,(બ્લેમિશ્)*vt.* To injure or impair what is excellent: ખોટ-ઐબ-ખામી આણવો; બેડોળ-કુરૂપ કરવું.2.To turnish;to defame:કલંકિત કરવું;ગેર આબરૂ કરવું;બટ્ટો લગાડવો. *n.*Any mark of deformity,physical or moral:ખામી;ખોટ;ઐબ;દોષ;છિદ્ર;ખોપણ;કસર.2. Taint;disgrace-બટ્ટો;કલંક;અપયશ; લાંછન; દૂષણ.

Blench,(બ્લેન્શ્)*vi* To shrink;to start back:પાછા હઠવું;હઠી જવું; ડઘવું.*vt.* To baffle:નિષ્ફળ કરવું;હરાવવું. *vi.&vt.*To grow or make pale: ઝાંખા-ફીક્કા પડવું-પાડવું.

Blend,(બ્લેન્ડ્)*vt.*To mix or mingle together:ભેળસેળ કરવું;મેળવવું. Hence,to confuse or confound: ગોટાળો કરી નાખવો; ગડબડગોટા કરવા; રાંજુમેળો-ખીચડો કરી નાખવો. *vt.*To be mixed:મળી જવું-એકઠું થવું.2.To pass or shade insensibly into each other,as colors:રંગોનું એક બીજા સાથે ન વર્ત્તાય એવી રીતે મળી જવું; સમ્મિશ્રન થવું.*n* A thorough mixture of one thing: મેળવણી; ભેળ.

Blennorrhea,(બ્લેન્નોરિઅ)*n.*(*a*)An inordinate secretion and discharge of mucus:ગળપા-પડનું અતિશય ઝરવું અને નીકળવું.(*b*) Gonorriboea:પરમો;પરમાઓ; પ્રમેહ.

Bless,(બ્લેસ્)*vt.*To make happy;to confer prosperity or happiness upon: સુખી-આબાદી કરવું;-નું કલ્યાણ-કુશળ-મંગળ-સારૂ કરવું;સુખસંપન્ન કરવું.2. To invoke a blessing: આશીર્વાદ દેવો; દુવા દેવી;આશીર્વચન કહેવું;માથે હાથ મુકવો.3.To consecrate to holy purposes: પવિત્ર કામ માટે કરાવવું-નિમાણ કરવું.4 To praise;to glorify: સ્તુતિ-વખાણ કરવું;સ્તવન કરવું; ગુણ ગાવા To esteem(one)happy:સુખીગણવું માનવું; લેખવું.

Blessed,(બ્લેસેડ્) *a.* Happy; highly favoured: **Blest**, (બ્લેસ્ટ્) સુખી;કુશળ;ધન્ય;સુખસંપન્ન;કૃતકૃત્ય; કૃતાર્થ.2.Imparting happiness or bliss:સુખદ; સુખરૂપ;કુશળ.3 Enjoying spiritual happiness: સ્વર્ગ સુખી;સ્વર્ગીય.4. Heavenly; holy: તેજસ્વી; દીવ્ય; પવિત્ર; પુન્ય.

Blessedness (બ્લેસેડ્નેસ્)*n* Happiness felicity:સુખ;કલ્યાણ;ધન્યતા; કૃતકૃત્યતા;ઈશ્વર કૃપાનો અનુભવ:*Single* **b**, the unmarried state: કુંવારી સ્થિતિ; વાંઢાવસ્થા.

Blessing,(બ્લેસિન્ગ્)*n.*A means of happiness: સુખસાધન;લાભ 2. A wish of happiness pronounced: benediction:આશીર્વાદ-વચન, વરદાન;દુવા;આશિષ.3.A gift accompanied with kind of wishes:પ્રસાદ: ભક્ષીસ;અનુગ્રહ કૃપા;સુખ;ક્ષેમ.

Blight,(બ્લાઇટ્)*vt.* To blast;to prevent the growth of: કરમાવી નાખવું;બાળી નાખવું 2 To ruin; to frustrate:ધૂળ મેળવવી; નિષ્ફળ કરવું; ભંગ કરવો.*vi* To be injured,as by a blight:કરમાઈ જવું;બળી જવું *n.* Mildew:ઝાડનેયતો રોગ;સડો; છારી.

Blind,(બ્લાઇન્ડ્)*a.*Destitute of the sense of seeing:આંધળું; ન દેખતું; અંધ.2.Unable to judge; ignorant:અજ્ઞાની;અજાણ્યું; ઢૈયા કુટ્ટે; અજ્ઞાન; વિવેકરહિત;અણસમજુ;નિર્બુદ્ધ.3. Indiscernible;unseen;hidden:ગુપ્ત; અદ્રશ્ય;ખાનગી; છાનું **B.** *corner*:ગુપ્ત-ખુણો 4.Having no openings for light or passage:બારી જળિવિનાનું બંધ;અંધારાવાળું;અંધેર.5.In discriminating;inconsiderate: અવિચારી;બેપરવા.6.Involved; intricate; not easily traced: ગુંચવણ ભરેલું; ગમ ન પડે એવું;ભાગ્યે જડે એવું.**B** *path*: ભાગ્યે જડે એવો-છુપો રસ્તો.**B.** *from birth*:જન્માંધ.**B** *by night.* રતાંધળું. *Colour.***b**:રંગાધળું.**B.** *of an eye*: કાણું *vt.* To make blind: આંધળું કરવું.2. To darken;to conceal: કાળું ઝાંખું કરવું; ઢાંકી દેવું.3.To dazzle;to deprive partially of vision:ઝાંખ પાડવી;તેજ કમી કરવું;થોડું ન દેખાય તેમ કરવું *n.*Screen;cover:પડદો;ચક્ર; ચોકઠું; અંતરપટ.2. Something to mislead the eye or the understanding:આંખ કે મનને ભુલાવામાં નાંખનાર વસ્તુઓથી આંધળા-પાટા; નજરબંધી 3 A temporary-screen used in the attack or defence: હુમલા કે બચાવ માટેની આંધારી.

Blindfold,(બ્લાઇન્ડ્ફોલ્ડ્)*a.* Having the eyes covered:આંખે પાટો બાંધ્યો હોય તેવું; ભુલાવામાં પડેલું. *To go in* **b.** આંધળા થઈને પડવું. Having the mental eye darkened; heedless:ઢૈયા કુટ્યું; મનનું આંધળું. *vt.* To cover the eyes of:આંખે પાટો-અંધારી બાંધવી.

Blindly,(બ્લાઇન્ડ્લિ)*adv.*Without sight or understanding: આંખ મીંચીને;વિચાર વગર;વગર વિચારે;આંધળિયાં કરીને.2. Implicitly-without examination:તપાસ્યા વગર; કારણ જાણ્યા વિના; સાહસથી.

Blind-man's buff,(બ્લાઇન્ડ્-મૅન્સ-બફ્) *n* A play in which one person is blind-folded,& tries to catch some one of the company and tell who it is:-ના સોગોસો;સંતાકુકડી;દાઇનો ચોરો.

Blindman'sholiday(બ્લાઈન્ડ્મેન્સ્ હૉલિડે)*n.*The time between day light&candle light:દિવસનો વખત.

Blindness, (બ્લાઇન્ડ્નેસ્)*n.*State of being blind:આંધાપો;અંધત્વ 2. Ignorance:અજ્ઞાન;અવિવેક;અવિચાર.

Blink(બ્લિન્ક્)*vi.*To wink;to twinkle with the eye:આંખ મિચવી અને ઉઘાડવી.2.To see with the eyes half shut or indistinctly& with frequent winking:ચુચી કે બાડી આંખે જોયા કરવું;આંખ ઉઘાડયા કરવી અને અડધી મીચ્યા કરવી.3.To glimmer(as a lamp):ઝાંખુ તેજ આપવું; બળવું.*vt.*To evade:ઉડાવવું; ટાળી દેવું. *n.*Glimpse or glance: ઝટકો; ત્રાસી-આડી નજર;નેતની અદા;પલકારો 2. Glimmering light:આભાસ; ઝાંખો પ્રકાશ.3. Gleam; glimmer; spa-

rkle:ઝાંખુ અજવાળું; થોડો થોડો ચળકાટ. **Blinkard,** (બ્લિન્કર્ડ)*n.*One who has bad eyes: ચુંચળી આંખનો માણસ;ચુંચળો. 2.That which twinkles ચમકતી-પલકારા મારતી ચીજ **Bliss,** (બ્લિસ્) *n*. Blessedness; heavenly joy: પરમસુખ; અત્યાનંદ; પરમ ગતિ-પદ; સુખાવસ્થા; પરમાનંદ. **Blissful,**(બ્લિસ્ફુલ્) *a*Full ofjoy& felicity:પરમસુખનું મય;ધન્ય;સુખાવહ **Blissom** (બ્લિસ્સમ્)*a*.Lascivious as a ao,in heat: વિષયાતુર; કામાતુર. **Blister**(બ્લિસ્ટર્)*n*.A thin blabber on the skin: ફોલ્લો;ઝલેલો;ફોલ્લિયો.2. A vesicatory plaster:ફોલ્લો ઉઠાડવા મારેલી આગળી;ઓસડ પલાસ્તર.*vi*.To rise in blisters: ફોલ્લા ઉઠવા. *vt* To raise blisters upon: ફોલ્લા ઉઠાડવા પ્લાસ્તર મારવું. 2 .Togive pain to: દુઃખરેવું(ફોલ્લાની પેઠે). [ers ફોલ્લાવાળું. **Blistery,**(બ્લિસ્ટરિ)*a*.Full of blist **Blithe,**(બ્લાઈધ્) *a*. Gay;j oyous: glad: આનંદી;ખેાજ્વું;હસમુખુ ,ઉલ્લસી. **Blithesome**(બ્લાઇધ્સમ્)*a*. Gay; merry;cheery:આનંદી;મોજ; હસમુખું;પ્રસન્નવદન;ઉલ્લાસી;રંગીલું;ખુશમિજાજી **Bloat,**(બ્લોટ્)*vt*.To make turgid with water,&c:to cause to swell ફુલાવવું;ઉપસાવવું;ફુગાવવું.2. To inflate;to puff up;to make vain: ફુલાવવું;ચઢાવવું; અભિમાની કરવું. *vi*. To grow turgid;to puff out: ફુલવું; સુજવું;ખીલવું;ઉપસી આવવું. *n*. A term of contempt for a worthless, dissipated fellow: હરામખોર; લુચ્ચો;વ ઠેલ; કાફર; બદમાશ; મુજી; પાજી; છકીનો ઉખડેલો. [પરપોટો. **Blobber,**(બ્લૉબ્બર્)*n* A bubble: **Block,**(બ્લૉક્)*n*. A solidm ass of wood,stone,&c:ગચિયું;ગાઠ; ઢીમચું; ઠોલકો;વેઢો;શિલા;ગઠ્ઠા; ગઠ્ઠો **B.***stone*: પથ્થરનો ચોરો;છાટ;**B** *of metal*: ગઠ્ઠો; ગોળો. 2 The mass of wood on which criminals are beheaded: ઢીમચું જે ઢીમચા ઉપર અપરાધીનું મથુ કાપી નાંખવામાં આવે છે તે.3.The wooden mold on which hats, &c, are shaped or formed: જે લાકડા ઉપર ટોપીબનાવવામા આવે છે તે;મથુ; ઓબુ 4.A connected row of buildings: ઘરોની હાર-ઓળ; ચાલ-લી; ગાળો; માળો. 5. Pulleys used to move great weights: ભાર ઉપાડવાની ઘરડા; કપ્પી; કપ્પો. 6 The perch on which a bird of prey is kept: શીકાર કરવાનો પક્ષી રાખવાનો દંડ લાકડી. 7. A hindrance; obstacle: નડતર;અડચણ; ખલેલ; હરકત; વિઘ્ન. 8. A blockhead: ઠોઠ; શંખ;પથરો;ઠઠ્ઠો 9. A portion of a city inclosed by streets whether occupied by buildings or not શહેરનો કોઇ ભાગ લત્તા.10.A stupid fellow:મૂર્ખ-ઠોઠ-અભુજ-જડભરત પુરુષ,પથરો;ઠફોળચંદ્રશેખ.*vt*.To hinder progress or passage; to stop: બંધ કર; રોકવું. (followed by *up*) 2.To secure or support by means of block: ઢીમચાથી ટેકવવું બાંધવું.3. To shape or stamp with, a block: લાકડાના માથા ઉપર ઘાટ માઢવો-બનાવવો. *To* b. *out*, to lay out:આકારમા લાવવું.

Blockade, (બ્લૉકેડ્)*n*.The shutting up of a place by troops or ships:ઘેરો ઘાલવો તે;ઘેરો; નાકાબંધી. *vt*.To shut up,as a town or fortress by troops or ships:ઘેરો ઘાલવો, ઘેરી લેવું;નાકા બંધ કરવા.

Block-head (બ્લૉક્ હેડ્ *n*.A stupid fellow;a dolt: ઠોઠ મૂર્ખ,શંખ,પથરો,ઉલ્લુ;ઠઠ્ઠો;બદ્ધો.

Block-house,(બ્લૉક્-હાઉસ)*n*. A structure of heavy timber or logs for military defence:લાકડાનો કિલ્લો. [મૂર્ખ;અનાડી;અજ્ઞાની. **Blockish,**(બ્લૉકિશ્)*a*.Stupid;dull **Blonde**(બ્લૉન્ડ્)*n*A person of very fair complexion:ગોરો,માણસ; સ્ત્રી *a* Fair light colored: ગોરું,ગબ્દુ. **Blood,**(બ્લડ્) *n* The fluid which circulates through veins of body: લોહી;રુધિર;રક્ત;શોણિત.2. Relationship by common descent; consanguinity: સગપણ; સગાઇ; કુળ; લોહી;વંશ.3. Honorable birth:royal lineage: કુલીનતા; વંશશ્રેષ્ઠતા; ઉચ્ચ કુળ,રાજવંશ 4. Murder;shedding of blood: ખુન;ઋષાકાપી; કતલ; વધ.5. Temper of mind; disposition: સ્વભાવ; પ્રકૃતિ લોહી. *In cold* b.;deliberately:ઠણી ઝુઝીને જોઇને; 6.A man of fire; rake: રંડીબાજ; નામી;ફાકડો;બાંકોરાવ;લાલ;છેલ.7 The red juice of anything: ગળો રસ; *whole* b (*law*)સગુ;એક લોહીનું.*half* b સાવકુ;કોડાઇ;*The* **B** *of grapes*: દ્રાક્ષારસ *In cold* **B**. ઠુસ્સાબરદાર; ઠણી ઝુઝીને;ઠડા પેટે;ઠણી જોઇને *Of a superior* b.ઉચ્ચ કુળનું *Blue* **B** : અમીર લોહી. *Flesh*. b : આલાદ; સંતતિ;પ્રજા. *vt*. To bleed: લોહી કાઢવું. 2.To stain with blood:લોહીવાળુ કર.3.To inure to blood(as a hound:) લોહી ચખાડવું-ચેટવવું. *a*. Of the color of blood: લોહીના રંગનું; રાતું;(*b*)of a superior breed: ઉંચી જાત તુકમનું.

Blood-heat,(બ્લડ્-હીટ્) *n*. Heat equal to the temperature of blood:લોહી જેટલી ગરમી

Blood-hound, (બ્લડ્-હાઉન્ડ્)*n*. A variety of dogs remarkable for acuteness of its smell:એક જાતનો તિક્ષ્ણ ઘ્રાણેંદ્રિયવાળો;શિકારી કુતરો.

Blood-less,(બ્લડ્લેસ્)*a* Without blood;dead;lifeless: ફીકુ; નિર્જીવ; નિસ્તેજ;લોહી વગરનું;મુએલું.2 Without slaughter: ખુનરેજી વગરનું. 3. Without spirit:દમ વગરનું;નિર્જીવ.

Blood-shed,(બ્લડ્-શેડ્)*n*. Slaughter;waste of life: કતલ; ઋષાકાપી; ખુનરેજ;રક્તવૃષ્ટિ. 2. The crime of shedding blood:કતલ; કતલ કરવાનો અપરાધ-ગુન્હો.

Blood-shot,(બ્લડ્શૉટ્)*a*. Red and inflamed લાલચોળ; લોહીથી ભરેલી.

Blood-sucker (બ્લડ્-સકર્)*n*.Any animal that sucks blood especially a leech:લોહી ચુસી લેનારપ્રાણી; જળો 2.A cruel man.નિર્દય માણસ.

Blood-thirsty, (બ્લડ્-થર્સ્ટિ) *a*. Desirous to shed blood: લોહીનું તરસ્યુ;ખુની;હિંસક;રક્ત પ્રિય.

Blood-vessel,(બ્લડ્-વેસ્સેલ)*n* An artery or a vein:નસ;રગ;રક્તવાહિની, ધમની; શિરા.

Bloody,(બ્લડિ)*a*.Stained with or consisting of blood લોહિલાણું;લોહીઆણું;લોહીથ. ખરડાયેલું 2.Having a cruel, Savage disposition; murderous.ઘાતકી;ખુની; હત્યારું;લોહીનું તરસ્યું. 3. Attended with blood-shed:ખુનરેજનું ઋષાકાપી યુદ્ધ હોય તેવું.**B**. *battle*: ખુનરેજનો લઢાઇ. 4.Infamous; contemptible(*Vulg*):ગળા મારાનું; ગાળદાસીઉ ; કાળો કેર કરનારું; કર્મચંડાળ; મહાપાપી. *vt*. To stain with blood: લોહીવાળુ કર. **Bloody flux,** (બ્લડિફ્લક્સ્) *n*. Dysentery: મરડો; ઝાડાવાટે લોહી જળસ પડવાનો રોગ; આમ; અમ.

Bloom,(બ્લૂમ્) *n*.[*Lflos*,flower].A blossom;the flower of a plant: મોર;ફુલ;ખીલેલી કળી.2.Flowers open or in a state of blossoming વિકાસ;ખીલેલા ફુલ. 3 A state of development into beauty, vigour &c: યૌવન નવચૈતન્ય; જોબનના ખહાર; ભરજોબન.4.The delicate powdery coating upon certain fruits as grapes &c.: છારી. Hence, a flush or glow: તેજ;લાલા;સુરખી. *vi*.To produce or yield flowers:

મોર આવવો;ખીલવું;ફુલ બેસવાં.2. To show beauty & freshness, as of flowers:લેખનમાં આવવું;ખિલવું.

Blooming,(બ્લૂમિન્ગ્)*a.* Flowering:વિકાસતાં ખીલેલું.2.Thriving in health,beauty &vigour:ભરજુવાનીવાળું.B *graces*:ખીલી રહેલી શોભા.

Bloomy,(બ્લૂમિ)*a.*Full of bloom; flowery:બહોરવાળું;ખીલેલું.2.Flourishing with the vigour of youth ભરજોબનવાળું. 3. Covered with bloom:છારી બાઝેલું.

Blossom,(બ્લૉસોમ્)*n.*The flower of a plant: ફુલ;મોર;પલ્લવ;પુષ્પ. A. blooming period or stage of development: ભરજુવાની; નવજુવાની. *vi.*To bloom, to put forth flowers:ફુલ લાગવાં; મોર આવવો. 2. To flourish & prosper:ખીલવું; હુલવું; ફુલવું.

Blot,(બ્લૉટ્)*vt.*To spot;to stain as with ink: બર ડાઘો ડપકો પાડવા;છાંટો પાડવો (શાહીનો) 2 To impair; to mar;to soil:બગાડવું;નઠારું દેખાય એમ કરવું,ઠબાવી દેવું. 3 To obliterate;to expunge : છેકી ચેરી-ભુસી નાંખવું;ચેરવું; છેકવું. (often *fig*):મનમાંથી કાઢી નાંખવું;વિસ્મરણ કર; માફ કર.*To* B *out sins* : પાપ ભૂસી કાઢી નાંખવા To b.*out remembrance*: નું સ્મરણ મનમાંથી કાઢી નાખવું.4. To stain with infamy;to disgrace બટ્ટો-ડાઘ-કલંક લગાડવું 5 To obscure to eclipse:to shadow : ઢાંકી દેવું ઝાંખું પાડી દેવું; લજવાવવું; પાછળ પાડી દેવું.*vi.*To take a blot:ડાઘો પડવો-લાગવો.*n.*A spot or stain(of ink): ડાઘો; છાંટો; ડપકો. 2. An obliteration of somethingwritten;છેકીચેરી નાંખવું તે; વિસ્મરણ. 3. A disgrace;reproach; blemish:લાછન; ડાઘ;બદનામી;કલંક;દોષ;બટ્ટો;અપયશ.

Blotch,(બ્લૉચ)*n.*A pustule upon kidney:ગોઠ;ગુમડું;ચકામું;વ્રણ;ચાકું ઘાસ

Blotting-paper,(બ્લૉટિન્ગ્પેપર્)*n.* A kind of pape which serves to imbibe web ink: સાહીચુસ કાગળ;મસી શોષકપત્ર.

Blow,(બ્લો)*n* (*Bot.*)A blossom;a flower:ફુલ;મોર;પુષ્પ.2. A mass of flowers:ફુલનો સાથરો સમૂહ-ગ જ.*vt.* To flower;to bloom : ફુલ બેસવું; ખીલવું.2. To cause to blossom: ખીલવવું; ફુલાવવું.

Blow,(બ્લો)*n.* A stroke with the fist or an instrument: મુક્કી-ઘૂસ્સો; ઠોસો;સપાટો;ઝટકો;ઝાપટ;થપ્પડ;લાપટ; પ્રહાર;ફટકો;ચપ્પો;ટપલે; લપડાક; તમાચો;ઘોલ.2. A sudden or severe calamity:વિપત્તિ;આફત:ગજબ; આપદા; અનર્થ; ધક્કો; છક્કડ.3 An egg deposited by a fly in flesh:માખીએ મુકેલું આસન. 4. A violent wind; gale:પવનનો ઝપાટો-તોફાન-લેહેર.5.Act of hostility : લડાઇ; મારામારી;હુમલો. *At a* b. suddenly: એક તડાકે:પેહેલી વખત.*A* b.*in trade* ધોકો;ધક્કો.*To strike the first* b :લડાઈનું મંડાણ કર.*To come to* b,: મારામારી પર આવવું; ધમાધમી કર;લડાઈ ચલાવવી.

Blow(બ્લો)*vi.*(*imp* **blow**. *pp.* **blown.**)To produce a current of air with the mouth; ફુંક મારવી;ફુકવું 2.To move;as air:વાવું;આવવું;ફુંકાવું.3.To pant;to puff: હાંકવું 4.To sound as (a horn): વાગવું.5.To boast;to brag: ફુલાસ મારવી;બડાશ શેખી કરવી;ગર્વ કર.6. To blow water from blowholes: ફુંફવાડા મારીને પાલી છાંટવું-ઉરાડવું. 7. To be carried by the wind·પવનથી ઘસડાઇ જવું આવવું.To b.*hot & cold*, to appear both to favor & to oppose: કહેવું કંઇ અને કર કંઇ;ઘડીકમાં હા અને ઘડીકમાં ના કહેવી; બન્ને બાજુની ઢોલની બનવવી To b. *off*:વરાળ ઉડાડવી;બાફ કાઢવી. To b *out*:ભૂંડું બોલવું.*to* b. *over* : વિખરાઇ જવું;ચઈ-જવું રહેવું *vt* To throw a current of air upon with the mouth or by other means: ફુંકવું;ફુંક મારવી;વા નાંખવો;વીંજવું. 2 To drive by a current of air-to impel:ઘસડી-ખેંચી જવું;ઘસડાઇ ગયું 3. To cause to sound: વગાડવું;ફુંકવું. 4.To publish;to disclose:ફેલાવવું; ખુલ્લુ કર.5 To deposit, as eggs by flies: આસન મુકવાં. 6.To form by inflation;to swell by injecting air: પરપોટા કરવા; હવા ભરવી; ફુલાવવું; ફુંકો કરવો.7. To puff up: to inflate with pride:ફુલાવવું ચઢાવવું;ફુલબુજ બનાવવો.To b. *away*: વિખેરી નાખવું To b. *off* : થી ખરી પડવું-ઘસડાઇ જવું.To b.*out* : ખુબવવું; હોલવી નાંખવું; રાજ-ઘરગુલ-વહુ કર; *to* b.*up*,(*a*)to swell:પવનથી ભરવું; ફુલાવવું.(*b*)To puff up: ચઢાવવું. (*c*) To excite;to kindle:સળગાવવું; ઉભું કર.(*d*)To burst:તોડવો,ઉરાડવો; (*e*) To scatter or bring to naught suddenly: નિષ્ફળ-કર; વિખેરી નાખવું. (*f*) To abuse or scold violently:તિરસ્કાર કર;ધમકાવવું; ખખડાવવું;ધૂળ કાઢવી; લપડ ધક્કે લેવું; ઝાડવું;સપાટો કાઢવો. *To* b. *upon*, to bring into disfavour or discredit:ગેરઆબરૂ કર; ઈતરાજી કરાવવી. (*b*)To render stale or unsavory: વાસી-બે સ્વાદિષ્ટ કરવું.

Bowen,Blowess,(બ્લોએન્,બ્લોએસ્)*n.*A prostitute;a courtesan: વેશ્યા;પાતર;કરાબણ; રાંડ; રાંડ.

Blower,(બ્લોઅર્) *n.* One who blows:પવન ફુંકનાર 2. A plate of iron or tin used to increase the current of air:પવન વધારનાર લોઢાનું પાતર 3.The whale: બ્હેલ માછલી.4.A braggart or loud talker: તડાકા માર; ઠફાસ હાંકનાર; શેખીબોર; ફેંકુલાસ.

Blown,(બ્લોન્) *pp.* & *a.* Puffed up;inflated;distended:ફુલેલું; ઉપસી;આવેલું.2.Tired;exhausted:વાસી,નકામું 3.Tired;exhausted: થાકી-હાંફી ગયેલુ.4.Opened, in blossom: ખિલવું;ઉઘડવું;ઉપસવું.

Blow-pipe,(બ્લોપાઇપ્)*n* A tube for driving a current of air through a flame & concentrating the heat on an object: ભુંગળી; ફુકણી

Blowze, (બ્લાઉઝ્)*n.*A ruddy fat-faced woman:લાલ-રાતા મોવાળી બૈરી.

Bluboer,(બ્લબ્બર્)*n.*The fat of whales & other large sea animals: મગરમચ્છ કે બીજા દરિયાઇ પ્રાણીની ચરબી.2.The sea nettle:એક જાતની દરિયાઈ માછલી3. A bubble: પરપોટા.*vi.*To weep so as to disfigure the face:રડીરડા ખરાબ તેવી રીતે આંસુ નિકાળવા-ઢાળવા.

Biudgeon,(બ્લડ્જેન્)*n* A short stick with one end loaded or thick weapon: ડાંગ,સોટો;ટોપરો; ગદા;કુહાડુ;ધોકો;ટકુકો;દંડો.

Blue,(બ્લ્યૂ)*n* Color of the clear sky or one resembling it:વાદળી-નીલો આકાશની રંગ 2. (*pl*) Low spirits;melancholy:ખિન્નતા;ઉદ્વેગ; દિલગીરી.3. A pedantic woman: પંડિત્યનો ડોળ રાખનારી-ઢોંગી સ્ત્રી. *a* Of the color called b : વાદળી-નીલા-આકાશની રંગનું. 2 Low in spirits;melancholy: ઉદાસી; ખેદયુક્ત;શોકાતુર.3 Overstrict in morals: નીતિની બાબતમાં બહુજ સખ્ત; પરહેજગાર.4.Gloomy in prospect: નિરાશાજનક.5.Pale, without redness or glare;ઝાંખુ;નિસ્તેજ,લોહીવગરનું B.*water*, open ocean: ભરદરિયો.*To look* b. to look disheartend or dejected : નિરાશા-

આકાશનું રંગ દેખાવું. *True* b,genuine and thorough;not spurious:ખરૂ; શુદ્ધ;અસલ;નકલી માલ નહિ.**B.** *book*: પારકામેન્ટે છપાવેલી સત્તાવાર હેવાલની ચોપડી.*vt.*To make blue by dyeing or heating: રંગીને કે તપાવીને નીલું-આકાશની-વાદળી કરવું.

Blue-bottle,(બ્લ્યુ બૉટલ્)*n.*A fly with a blue belly : વાદળી રંગના પેટવાળી એક જાતની માખી 2.A familiar name for a policeman or bleaclle:આસમાની ડગલાવાળો સિપાઈ; પોલીસ

Blue stocking,(બ્લૂ-સ્ટૉકિન્ગ્)*n.*A literary lady;a female pedant: પાંડિત્ય દેખાડનાર ચતરાવનાર સ્ત્રી; સાક્ષર.

Blue-vitriol, (બ્લૂ-વિટ્રિઑલ્) *n.* Sulphate of copper: મોરથુથુ

Bluff,(બ્લફ્) *a.* Rising steeply with a flat or rounded front:ઉભુ ગોળ નીકળી-ચડી આવેલું; જાડું અને ભરેલું2.Surly;churlish : અસભ્ય; બે અદબ;ઉદ્ધત; ચીકીઠ; જંગલી; તોફાની; નાદાન. 3. Abrupt; unceremonious;blunt:તોછડું અસભ્ય;અવિવેકી; મર્યાદશીળ;રાભા ડૂચા જેવું. *n.* A steep bank,as by a river or sea: નદી કે દરિયા આગળનો ઉભો-સીધો આવી રહેલો કિનારો 2 An expression of self-confidence for the purpose of intimidation;braggadocio:સુક્કો ખાલી દમ;ધોકો;ખોટો-ખાલી ડોંગ.

Bluish, (બ્લ્યુઈશ્) *a.* Blue in a small degree:ભૂરાશ પડતું;આછુ વાદળીઆ.

Blunder,(બ્લન્ડર)*vi.*To mistake grossly;to flounder; to tumble. મોટી ભૂલ ડોકર ખાવી;ગોથું ખાવું 2. To move in an awkward, clumsy manner : બેઢંગી રીત ઠોકરો ખાતાં ચાલવું.*vt.*To confuse:ગબડાવવું;ભુલાપ ખવરાવવી. *n.* A gross mistake: મોટી ભૂલ-ચૂક;ગોથું;રખલન;દોષ; પ્રમાદ.

Blunder-buss,(બ્લન્ડર્બસ)*n* A short gun with a large bore:મોટા મોંવાળી એક બંદુક; જંજળ. 2. A stupid,b.undering fellow:મૂર્ખ; ભૂલ-ચુક કરનાર-ભૂલકણો માણસ;ઢઢ્ઢો.

Blunder head,(બ્લન્ડરહેડ) *n.* A stupid fellow;one who blunders: બેવકૂફ;મૂર્ખ;ચુકનારો; ભૂલકણો.

Blunt,(બ્લન્ટ)*a.*Having a thick edge or point as an instrument ભુંડુ;બોથડ (હથિયાર)2. Dull in understanding:જડ; ઠોઠ;બબુચક; બોથડ;બબૂચક;મંદ.3.Abrupt in address rough in manners or speech:અસભ્ય;તોછડું;અમર્યાદ; તડને ભડ કરે તેવું; અવિનયી. *vt.* To dull the edge or point of:ભુંડું કરવું;ધાર ખોટી કરવી.2.To repress or weakeo; to impair the force of:-ની અસર ઓછી કરવું;-નું જોર દબાવવું;નો જુસ્સો શમાવવો *To* b.*the stings of pain*;દુઃખની અસર ઓછી કરવી. *n.* A short needle with a strong point: મજબૂત અણીદાર સોય-કાટે. 2. Money; છાડો,દોદીઆં; પૈસો; ચીકાશ;દલ્લો.

Bluntness,(બ્લન્ટ્નેસ્)*n.*Want of edge or point:ભુકાપણું 2 Coarseness of address:અસભ્યતા.

Blur,(બ્લર્)*n.*A stain;a blot;as on paper:ડાઘો;ડબકો;ડાલ.2. A dim appearance: ઝાંખ;અંધારું.3 A blot,stain or injury: બટ્ટો; લાંછન; એબ;કલંક;દૂષણ.*vt.* To obscure by a dark spot: ડાઘ-ડબકો-પાડવો; ખરડવું;બગાડવું;છેકવું;ચહેરવું. 2.To dim; to darken:ઝાખું કરવું; અંધારી આણવી-આવવી.3.To sully;to stain: કલંક-એબ લાંછન લગાડવું;કલંકિત કરવું.

Blurt,(બ્લર્ટ્)*vi.*To utter suddenly to divulge inconsiderately (With *out*):ઉતાવળ કરી બોલવું;લપલપ કરવું;મસી નાખવું;લવી-જવું;બરડી દેવું નાખવું;બડાકી દેવું.*To* b.*at*,to revile; to ridicule:ધિક્કારવું;તિરસ્કાર કરવો.

Blush,(બ્લશ્)*vi.*To grow red:રાતુ થવું;રાતા રંગથી દીપવું; ખિલવું. 2. To redden in the cheeks or face as from a sense of shame,confusion or modesty:શરમાવું; ઝીકુ ઝાંખ પડવું;લજવાઇ-શરમાઈ જવું; ચહેરે શેરડા પડી જવા; કાળું સાહી સરખું થઇ જવું-પડવું.3. To have a warm and delicate color,like roses:ગુલાબના જેવો રંગહોવો-આવવો. 4. To make red;to express by blushing:રાતુ-ખુશી થઇ વદવું-કહેવું કરવું.*n.* A red colour;a rosy tint:રાતાશ;રાતો રંગ.2. Red color of the cheeks or face caused by shame,modesty or surprise:શરમથી થએલી મોપરની લાલાસગુલાબી;શેરડો. 3. Sudden appearance;view:પ્રથમ દૃષ્ટિ દેખાવ.*At the first* b: જોતાં વારનેજ.

Blushing,(બ્લશિન્ગ્)*p a.*Showing blushes;blooming:લાલીવાળું;ગુલાબી ખીલવું.**B.***honours.*:ખિલતા માન ચિન્હ.*n.*Appearance of reddish color upon cheeks: શરમ; ગાલની લાલી;-ly, with a blush: લજ્જાળપણે;શરમાઈને; સલજ્જ.

Bluster,(બ્લસ્ટર્)*vi.*(See **blast.**) *To* be windy & boisterous:જોરમાં વાવું.2.To swagger;to puff;to play the bully: પતરાજી-બડાઈ-કુલ કરવી;આત્મશ્લાઘા કરવી;કુલ હાંકવી; કુલાઇ જવું;ધમપછાડા કરવા;પોતાને વિષે મોટાઈ હાંકવી; ગ્હોટી ગ્હોટી બડાશની વાતો કરવી.*n.* Fitful noise & violence,as of a storm:સુસવાટો;ઝપાટો. 2. Noisy & violent talk tumult:પતરાજ;બડાઇ; શેરબકોર;આત્મશ્લાઘા;શેખી;કુલ;ધૂમ; બરાડા;કુલારા.

Boa-constrictor(બૉ-કૉન્સ્ટ્રક્ટૉર્) *n.*[L.*con* & *stringo*,I strain.] A large&powerful serpent which crushes its prey:અજગર.

Boar,(બૉર્)*n.*The wide hog; ડુક્કર; ભુંડ; સુવર.

Board(બૉર્ડ્)*n* A piece of timber sawed thin & long;a plank: પાટિયું;ફલક;લાકડાનો તકતો;ફળું.2.A table to put food upon:ખાવું પીરસવાનું ટેબલ-મેજ 3.Food; provision: ખાવું; જમણ; ખાવાનું; ભોજન; ખોરાક; ખાનપાન; ખોરાકી;ખાવું પીવું તે.4. A council:સભા;મંડળી.5. *The* deck or interior of a ship:વહાણનું સુકાનનો અંદરનો ભાગ.6.The side of ship વહાણનું પડખું-બાજુ.7. A table or frame for a game:બાજી ગોઠવવાનો ખાના ચીતરેલું પાટીઉ;ચોપટ;પટ;બાજ; માંચો.8. A pasteboard: a paper made thick book-covers. &c.: સૂત્રપત્ર;પુઠાનો જાડો કાગળ. **B.**& b side by side:જોડાજોડ *to go by the* b.to suffer complete destruction:પાયમાલ થવું.*Over* b. over the side.બાજુપર.as, *to leap over* b. વહાણ પરથી કુદી પડવું.*To make a good* b.to sail in a straight line: વસડાઈ જતાં વહાણને સીધું હંકારવું. *Writing* b::પાટી. *Chess* b: શેતર જની-બાજી *On* b.*a ship*:વહાણમાં-પર. *vt.*To cover with boards: પાટીયાં જડવાં.2.To enter a ship whether in a hostile or friendly way: લડવાને કે સહેજ વહાણપર ચઢવું. 3. To furnish with food for compensation : પૈસા લેઈ ભોજન કરાવવું ખાવાનું પુરૂં પાડવું;*vi.*To obtainfood or diet statedly for compensation;પૈસા આપી ખાવું અને રહેવું.

Boarder,(બૉર્ડર્)*n.*One who has food or diet statedly at another's table for pay:પૈસા આપી ખાનાર પીનાર; જે નિશાળીઓ શિક્ષકને ત્યા રહેતો હોય તે. One who boards a ship: વહાણ ઉપર જનાર. (*b*) one selected to board an one-

my's ship:ફૂરમનનાં વહાણ ઉપર જવાને ચુંટી કહારેલો-પસંદ કરેલો માણસ.

Boarding,(બૉર્ડિન્ગ્)*n* 1. (*a*)The act of covering with board: પાટીઆં જડવા તે;(*b*)board, collectively:પાટીઆં (સમસ્ત).2. The act of supplying, or the state of being supplied,with meals or lodgings,both for pay: પૈસા આપીને ખાવા પીવાનું તથા રહેવાનું આપવું કે લેવું તે.

Boarding house,(બૉર્ડિન્ગ્-હાઉસ્) *n* A house in which boarders are kept:વીસી;ભોજનગૃહ.

Boarding school,(બૉર્ડિન્ગ્-સ્કૂલ્) *n*. A school in which scholars receive board & lodging: વિદ્યાર્થીઓ માટે ખાવા અને રુવા બેસવાનું પણ હોય તેવી શાળા.

Boarish, (બૉરિશ્) *a*. Swinish; brutal;cruel.ઘાતકી;નિર્દય;ક્રૂર;નિષ્ઠુર

Boast,(બૉસ્ટ્)*vi*.To brag one's self: શેખી-પતરાજ-બડાઇ મારવી;ફુલાવું;ગર્વ-અભિમાન કરવું.*vt*. To display ostentatiously:to speak of another with pride or exultation: સામાનાં વખાણ વખાણ કરવા; ના વિષે મગરૂર થવું-હોવું-નું મહત્વ વધારવું. 2. To dress as a stone,with a board chisel:પથ્થર ઉતારવો-છોલવો ડોળીયું કરવું,ઘાટ કરવો-બનાવવો.3 To shape roughly *n* Expression of ostentation,pride or vanity;a vaunting: પતરાજ;બડાઇ;શેખી;ફુલાશ;ગર્વ. 2.The cause of boasting: અભિમાન વિષય;અભિમાન કરવા જેવી વાત.

Boaster,(બૉસ્ટર્)*n*. A braggart: ફુલણજી; તડાકામારૂ; ડફાંસ હાંકનાર;પતરાજીખોર;બડાઇખોર; તિસ્માખાન.

Boastful,(બૉસ્ટ્ફુલ્) *a*. Given to boasting;self praising; vainglorious: આત્મ પ્રમંશક; આપવડાઈ કરનારો; પતરાજખોર; બડાઇ હાંકનાર; ફુલણજી.

Boasting,(બૉસ્ટિન્ગ્)*n*. The act of glorifying;ostentatious display: આત્મપ્રસંશા; ડોળ; આડંબર.

Boat (બોટ્)*n*.A small open vessel or watercraft:હોડી;મછવો; નાવ;નૌકા;પડાઉ;પનાઇ.2.Any vessel with an epithet descriptive of its use:as,*pilot* **b** : માર્ગપ્રદર્શક હોડી; *packet* **b** : ડાઘની હોડી.*passenge* **b**.: સફર હોડી;ઉપયોગ પ્રદર્શક નામવાળીહોડી.3.A vehicle utensil or dish somewhat resembling a boat in shape:હોડીના આકારની ગાડી;વાસણ કે રકાબી;as *a stone* **b**:પથ્થરનો ખળ;a *In the same* **b**.*in the same situation*: એજ હાલત-સ્થિતિમાં; 'સૌની રાહ તે વહુની રાહ";એજ વલેગત. *vt*. To transport in a boat: હોડીએ ચઢાવવું-થી લેઈ જવું.2.To place in a boat: હોડીમાં મુકવું.*vi*.To go in a boat:હોડીમાં બેસી જવું.

Boating,(બોટિન્ગ્) *n*. The art or practice of sailing in coat: હોડીમાં બેસીને સેલ કરવી તે; હોડીમાં લેઇ જવું-ફરવું તે.2. Transporting in a boat:હોડીમાં-હોડીથી લેઇ જવું તે.

Boatman,(બોટ્મૅન્)*n*.The rower of a boat: હોડીવાળો;ખારવો;ખલાસી.

Boatswain,(બોસ્વેન્)*n* An officer who has charge of a boat sails, &c.:વહાણનો મૂખ્ય ટંડેલ;સરંગ

Bob,(બૉબ્)*n*.Anything that plays loosely with a short motion;a short motion;a pendant: લોલક; ઝુમખો.2.A knot of rags used in angling: માછલી પકડવા રાખેલું ચીંથરાનું ઝુમખું.3. The ball of a pendulum: (વડીઆળના) લોલકનો ગોળ-ભારે ભાગ (*b*) also, a weight at the end of a plumb line: ઓળં. બાને છેડે લટકાવેલો ભાર-ગોળો. 4. A short jerking motion:હલાવવું;પૂણાવવું તે.5. A blow;a shake or jog સહજ ધક્કો-ઠોસો 6.A bob-wig: બનાવટી વાળનો નહાનો ટોપ (*y*)a knot or short curl of hair: વાળનો નાનો અંબોડો-ગુચળું 7 A sharp jest or taunt;a trick:કરડી મશ્કરી;અણકો; ટપ્પો;મોંયડો.*vt*. To move in a short jerking manner:ધીમેથી લટકો-લહેકો કરીને માથું હલાવવું ડોલાવવું. 2. To beat;to strike with a light blow:ધક્કો-ઠોસો મારવો.3.To gain by fraud: ઠગવું;ઉતરી-કપટથી મેળવવું. 4.To mock;to delude: મશ્કરા કરવી; ભોળવવું.5 To cut short; to have the hair cut short:કાપી ટુંકું કરવું; કાતરવું;છાંટી નાંખવું *vi*.To move to & fro,or up & down:to play loosely:ઠમકો લટકોકરીને ચાલવું; અથવા રમવું;ઝુલવું;ડોલવું;લટકવું ઝોલા ખાવા; લબડવું.2. To angle with a bob: લોલકથી માછલી પકડવી.3.To make rapid bow:ઝટ દેઈને સલામ કરવી.

Bobbin,(બૉબિન્)*n* [L *bomby*, a silk-worm]A small pin,or cylindrical piece of wood with a head,on which thread is wound a spool:સુતર વિંટાળવાની ફિરકી ફરકડી;આંટીન;રીલ;કાટલું

Bob-tail,(બૉબ્ ટેલ્)*n*. An animal with a short tail:ટુંકી પૂંછડીવાળું. પ્રાણી.9.A rabble: નીચ અણઘડ માણસોનો જમાવ.a **b** ed, curtailed, with a short tail:ટુંકું કરેલું; ટુંકી પુછડીવાળું

Bodc,(બૉડ)*vt*. To portend;to presage; to foreshow: પૂર્વસૂચન-દર્શન કરવું;અગાઉથી સૂચવવું-જણાવવું.*vi*. To foreshow; to presage:ભાવી-આમ થશે એમ કહેવું;અગાઉથી સૂચના કરવી.*n*. A messenger;a herald:કાસદ;દૂત; ચોપદાર.

Bodement,(બૉડ્-મેન્ટ્)*n*. Omen; portent:શુકન;ભાવી ચિન્હ;પૂર્વસૂચન-દર્શન.

Boding, (બૉડિન્ગ્)*p. a*.Foreshowing:અગાઉથી સૂચના આપતું. **B** *of ill*: અમદ્ર;અમંગળ-અકલ્યાણ સૂચક.**B.** *of good*:ઇષ્ટ-મંગળ-ભદ્ર સૂચક.*n*. An omen;a prognostic:શુકન;ભાવીચિન્હ; સૂચના; ભવિષ્ય.

Boddice, or Bodice (બૉડિસ્)*n*. A corset;stays:ચોળી; સ્ત્રીઓના કબજો-બદન; કાંચળી; કંચુકી.

Bodily,(બૉડિલિ)*a*. Having a body corporeal: શરીર-દેહવાળું; શરીરમય. 2 Relating to body in distinction from mind: દૈહિક;કાયિક;શારીરિક;આંધિક.*adv*. Corporeally; united with a body: સશરીર; સાંગ. Entirely: તમામ;બીલકુલ;બધું.

કરી મુકવું.*To* b *down,to* crush; to overwhelm:તાબે કબજે કરવું;છતવું. (*b*)To open a way through by breaking: તોડીને ગબાડું પાડી પેસી જવું.*To b. in* (*a*)to force in:ધુસી પેસી જવું;as,to b.in a door;દરવાજામાં પેસી જવું.(*b*) to train; to discipline:કેળવવું; શિખવવું; પલોટવું; રહાવરો પાડવો.*To* b.*of*,to rid of;to cause to abandon:છોડવવું;મુકાવવું; સુધરાવવું; *To* b.*off*,(*a*)to separate by breaking: તોડવું; ફાંસવું; ભાગવું; ચુંટવું. (*b*)To stop suddenly: to abandon:એકદમ છોડી-તજી દેવું; પડતું મુકવું;અટકાવવું.*To* b *open*;to open by breaking: તોડવું; બારણું ઉઘાડવું.*To* b. *out*,to take or force out by breaking: ભાગી કાઢી-ખેંચી લેવું;*To* b.*over*;to transgress; to disregard:ભંગ કરવો;તોડવું;અવજ્ઞા કરવી. *To* b. *through*,(*a*) to make an opening through by violence: જોરથી રસ્તો પાડવો.to pass violently through:માં થઈને જોસભેર ચાલ્યા જવું.(*b*)To disregard:અવજ્ઞા કરવી; પીજવું;ફોરે મુકવું *To* b.*up*,to separate into parts:ના કડકા કડકાકરવા. as,(*b*)To blow a fallow ground: પડતર જમીનને ખેડવી. (*c*) To dissolve;to put an end to: બંધ-બરખાસ્ત-વિસર્જન કરવું; કાઢી મુકવું; રજા આપવી.To b.(*one*)*all up*,to unsettle or disconcert completely; to upset: ગુંચવાવી-ગભરાવી-નાંખવું; આંકળા ફાંકળા-બે બાકળા કરવું. *To* b-*the back*,to dislocate the backbone:કરોડજ ઉતારી નાંખવી. Hence. to disable totally:બીલકુલ અશક્ત કરી નાખવું; લાચાર-નાદલાજ કરી દેવું; હાથ ટાંટીઆજ ભાગી નાંખવા. (*b*) To get through the worst part of: ભારે મુશ્કેલીમાંથી નિર્વિઘ્ને તરીને પાર નીકળી જવું.*To* b. *the bulk*:ખાલી કરવા માંડવું.*To* b.*cover*, to burst forth from a protecting concealment: બહારનીકળી આવવું;નીકળી નાસવું. *To* b. *fast*, to partake of food after abstinence, especially in the morning (*See* **break-fast**,): અપવાસ કર્યા પછી બીજે દીવસે ધરાઈ કરી સવારમાં જમવું તે; રોજા ખોલવા; પાયણાં કરવું. To b. *ground*,(*a*)to open the earth, as for planting: જમીન ખેડવી-ઉથલ પાથલ કરવું. (*b*) to commence excavation, as for building siege operations; &c.: (ઘરના) પાયા ખોદવા માંડવા; મુહુર્ત કરવું; (ઘેરા ઘાલવા)ખાડા ખોદવા શરૂ કરવું; આરંભવું;hence, (*c*) (*fig.*) to begin to execute any plan: કંઈ પણ કામનું મંડાણ કરવું-નકશો દોરવો. *To* b. *the heart*. to crush or overwhelm with grief: નિરાશ-નાહમેદ આશા ભંગ કરવું;મન ઉઠાડવું; ભારે શોકમાં નાંખવું;અત્યંત દુઃખ લગાડવું. *To* b *the ice*;to overcome difficulties and make a beginning: અડચણો દુર કરીને શરૂઆત કરવી; ચાલતું કરવું. *To* b.*jail*, to escape from confinement in jail:બંધીખાનેથી; કેદમાંથી નાશી સટકી જવું. *To* b. *a jest*,to utter a jest:મશ્કરી કરવું; બનાવવો. *To* b.*a lance*, to engage in a contest: ટંટા-ઝપ્પાઝપ્પીમાં મચવું-પડવું. *To* b,*the neck*;to dislocate the joints of the neck:ડોકના સાંધા લચકાવી નાંખવા. *To* b. *upon a wheel*, to execute or torture, a criminal:(ગુનેગારને) રીબાવીને મારી નાંખવો.*To* b. *wind*, to give vent to wind from the anus:વાછુટ કરવું;પાદવું.*vi*.To burst asunder:ભાગવું;તુટવું;છુટું પડવું;ફુટવું.2. To open spontaneously; as a bubble, a tumour:ફુટવું;ફાટવું.3.To burst forth to-appear;to dawn:થવું;ઉગવું; ફાટવું.4.To burst forth violently, as a storm:ઓચીંતું થવું; ચઢી આવવું 5.To lose health or strength: નબળુ-નરમ પડવું; ઓગળી જવું; બેહાલ થવું.6 To become bankrupt: દેવાળુ કાઢવું;ભાગવું.7. To change the gait:ચાલવાની રીત-ઢબ બદલવી. as, *to* b *into a run or gallop*: દોડવા ઠેકડા ભરવા માંડવું.8. To fall out:કજીયો-અણબનાવ;થવો; સાથે મેળ ન હોવો-બગડવું;લડાઈ થવી;(દોસ્તી)તુટવી. 9. To be scattered; to open up:વિખરાઇ જવું; ખસી-ખુલી જવું. 10 To be overwhelmed with sorrow or grief:શોકમાં ગિરફતાર થઇ જવું; અતિ શોકાતુર થઇ જવું. *To* b.*away*, to disengage one's self abruptly:ઓચીંતા ચાલ્યા જવું; ભાગી નાસવું;પોબારા ગણવા; જવું રહેવું; ખસી-વિખરાઈ જવું. *To* b *down*, (*a*) to come down by breaking: તુટી પડવું;ભાગી નીચે બેસવું-પડવું; (*b*) to fall in any undertaking:પાછા પડવું; નિષ્ફળ થવું. *To* b. *forth*, to come out suddenly:નીકળવું;બહાર આવવું (અ-વાજ) થવો; છુટવું.with *in* or *into*; to give vent to one's feelings: લાગણી બહાર દર્શાવવી; આગળથી-ઓચિંતાને ચાલ્યા જવું. To b. *into*, to enter by breaking: તોડીને અંદર ધુસવું;પેસવું;ખાતર પાડવું. *To* b.*in upon*, to enter violently or unexpectedly: એકદમ અંદર આવવું;ધુસવું; માથુ મારવું.To b. *loose*,to shake off restraint:છટકીજવું;છુટી નાસવું;કેદ-બંધનમાંથી નાસી જવું.To b. *off*, to become separated by rupture:તુટી જુદું પડવું.To desist or cease;suddenly એકદમ બંધ પડી-અટકી જવું.To b.*off* from to abandon, as a habit: છોડી-તજી દેવી.To b.*out*,(*a*)to burst forth;to appear suddenly, as a fire or disease:(આગ)લાગવી;(રોગ) થવો-ચાલવો;ફાટી નીકળવું (*b*)to show itself in cutaneous eruptions (said of diseases): ફોલ્લા-ગડ નીકળવાં; ચાંદા ઉઠવાં; (*c*) to become dissolute: વહી-વંઠી જવું; દુર્વ્યસની થવું;નઠારી લત લાગવી. To b.*over*, to overflow;to go beyond limits: ઉભરાઇ જવું; રેલ આવવી; હદ મુકવી. To b.*up*,to disperse:વિસર્જન થવું; બરખાસ્ત જવું;વેરાઈ જવું.To b. *upon*, to discover itself suddenly to;to dawn upon: એકદમ જણાઇ આવવું;નો આરંભ-પ્રાતઃકાળ થવો. *To* b.*with*. (*a*) to fall out; to part friendship: કજીયો-અણબનાવ-વિરોધ-તુટ લડાઇ થવી;દોસ્તી તુટવી;વધેરાવું; કચડાવું;તુટવું.(*b*)to enter into conference;to speak:સંધી-વિષ્ઠી કરવા મળવું;બોલવું;*n*. An opening made by fracture or disruption: ફાટ; બાકોરૂ;બાકું;ભગદાણું. 2. An interruption;a pause:અટકાવ;વિરામ;તુટ; નિવૃત્તિ;ભંગવિચ્છેદ.3.In writing or printing a short line, noting a pause or an abrupt change of sense:લખવા કે છાપવામાં અર્થ તુટ્યો છે એમ બતાવવા દોરેલા લીટી. 4. The dawn:પ્રભાત;વાણું;પ્રાતઃકાળ;ભળસકું; મળસકું; અરુણોદય. 5. Change of direction: દિશા બદલવી તે; વાંક; ખુણો. 6. A large four-wheeled carriage: એક જાતની ચાર પઇડાની લાંબી ગાડી.7.A device for checking motion:ચાપ ઠેક; અટકણ; **B**. *of day*: પ્રાતઃકાળ; પ્રભાત; મળસકું; અરુણોદય.**B**. *in the weather*: ઉઘાડ.

Breakage,(બ્રેકેજ)*n*.A breaking: ભંગાણ;ભાગવું-તુટવું તે.2. An allowance for things broken in transportation:ભાગ્યા તુટ્યા માટે છુટ મુકવામાં આવે છે તે;મજરે આપવાની કુટ-તુટ.

Break-fast,(બ્રેક્-ફાસ્ટ)*n*.The first meal in the day:હાજરી;નાસ્તો;કુ-

ગો;શિરામણ.2.A meal after fasting or food in general: પાયણું; ઉપવાસના બીજ દીવસનું જમણ; રોજ ખાલવા તે. *vi.* To break fast in the morning: બોરાક-પાયણું કરવું; ઉપવાસી રહી જમવું;નાસ્તો-હાજરી કર; શીરાવું;રોજ ખાલવા.*vt.* To furnish with the first meal:નાસ્તો હાજરી-શીરામણ કરાવવું.

Break-water,(બ્રેક્-વોટર)*n*- A structure raised to protect harbour,&c.from the force of waves: બાંધ;પુસ્તો;આડ;બંધારો.

Breast,(બ્રેસ્ટ્)*n* The forepart of the body between the neck & belly;the chest: છાતી;ઉર;કોડ;વક્ષ-સ્થળ;હૃદય.2 One of the protuberant glands in front of the chest of the female or man secreting milk for the young; a mamma;a teat:થાન;ધાવ; સ્તન; કુચ;પયોધર of some other mammalia:આંચળ.2. The heart: હૈયું; છાતી:હૃદય; અંતઃકરણ; ચિત્ત; મન. 4. Power of singing; a musical voice:ગાયન શક્તિ;કંઠ; સૂર;રાગ. *To make a clean* b *of,* to disclose the secrets; to make full confession: દીલ ખોલવું; છાની વાત કહી દેવી;પડદો-ફોડી-મોકળે મને વાત કર. *vi.* To oppose manfully:ટક્કર ઝીલવી; છાતી ધરી સામા થવું. *To* b.*up a hedge*:છા તીપુર રાખી વાડ કાપવી.

Breast-bone,(બ્રેસ્ટ્બોન્) *n.* The bone of the breast;the sternum છાતીનું હાડકું;ઉરોસ્થિ.

Breast-deep,(બ્રેસ્ટ્-ડીપ્) *a.* As high as the breast:છાતીપૂર; છાતી જેટલું ઉંચું ; છાતીભર.

Breasthigh,(બ્રેસ્ટહાઇ)*a.*High as the breast:છાતીએ આવે એવું; છાતી જેટલું ઉંચુ પુર-ભર.

Breast-plate, (બ્રેસ્ટ્-પ્લેટ્) *n.* A plate worn on the breast as a defensive armour: છાતીનું કવચ; ઢાલ બખ્તર.2. A strap that runs across the horse's breast : તંગ (ઘોડાનો).

Breast-work,(બ્રેસ્ટ્વર્ક્)*n* (*Fort*) A defensive work breast high: છાતીપૂર ભીત-કોટકું-મોરચો કોટ.

Breath,(બ્રેથ્)*n.*The air inhaled & exhaled in the respiration of animals: શ્વાસ;દમ;સાસ *In* b. એકદમ; પુરતજ. 2. The power to breathe freely:છુટથી દમ લેવાની શક્તિ.3.Life: જીવ; પ્રાણ; દમ; પ્રાણવાયુ. 4.Respire;pause:વિરામ;થાક;વિસામો;દમ;સાસ;ઉપરામ.5.An instant: ક્ષણ;પળ.6.A very slight breeze: વણીજ મંદપવનની લેહેર; લ્હેલો. 7 A word:શબ્દ;બોલ;શુકન;ગંધ; વાસ; 8 Fragrance;perfume;order:સુગંધ સુવાસ;ખુશ્બો; *To be out of* B.દમ-સાસ ચઢીજવો; હાંફી જવું.

Breathe,(બ્રીધ્)*vi.*To respire;to inhale & exhale air; hence,to live:શ્વાસ લેવો-કાઢવો;દમ લેવો;જીવવું. 2.To take breath;to rest from action: દમ-ખાવો-મારવો-પકડવો;શ્વાસ-થાક ખાવો.3.To pass,as air; to emanate: નીકળવું-વાવું-આવવું. *vt.* To inhale & exhale in the process of respiration: શ્વાસોશ્વાસ લેવો.2.To infuse-કુક મારી તે;ધાલવું; કુકવું 3.To emit by the breath; to utter softly : મ્હોમાંથી કાઢવું; ધીમેથી બોલવું. . To emit,as breath ; (શ્વાસ પેઠે)-માંથી નીકળવું-પ્રસારવું;નીપિમળ આવવી; ફેલાવવું. 5. To cause to sound by breathing કુંકવું ; મ્હોંથી વગાડવું.6. To suffer to take breath:થાક-દમ ખવરાવવો-આરામ આપવો.7.To exhaust:થકવવું; હંફાવવું.8. *To* express; to manifest;to give forth:બતાવવું ; જણાવવું ;*To* b *one's last,*to expire;to die:મરી જવું ;દેહ છોડવો; પ્રાણ છોડવો.

Breathing,(બ્રીધિન્ગ્)*n.*Respiration:શ્વાસ;દમ;શ્વાસોશ્વાસ;ઉચ્છવાસ.2. Air in gentle motion : પવનની લહેર;મંદ-મંદ વાયુ;લ્હેલો.3.Inspiration: પ્રેરણા.4.Aspiration; secret prayer:અભિલાષા;ગુપ્ત-છુપી પ્રાર્થના. 5. Utterance : ઉચ્ચારણ; ઉદ્ગાર. 6. Breathing place;vent: શ્વાસ લેવાની જગા;બાકું;છીદ્ર.7.*Stop*;pause, delay: વિલંબ;વિરામ.8. Physical exercise : શરીર કસરત; વ્યાયમ. 9 Time taken to recover a breath: દમ.

Breathless,(બ્રેથ્લેસ્) *a.* Out of breath:શ્વાસ દમ વગરનું;હાંફતું પ્રાણ-હીન.2 Dead;expired: મૃત;મરી ગએલું;વિચેતન;નષ્ટપ્રાણ. 3. Incapable of breathing : સ્તબ્ધ થઇ ગયેલું; શ્વાસ પણ ન લેઇ શકે એવું.

Breech(બ્રીચ્)*n* [See,**breeches,**] The lower part of the body behind;the buttock: કુલા;ગાંડ;નિતંબ;કટિદેશ 2.Breeches(*obs*): સુરવાળ;તંગીયો;જાંગીઓ;ઇજાર;ચોયણો; ચદ્દી. 3. The hinder part of a cannon or other firearm behind the bottom of the bore : તોપ કે એવા બીજા હથીયારના મોં પછવાડેનો ભાગ; કુંદો.*vt.* To put into breeches: સુરવાળ પહેરાવવો.2.To fit or furnish with a breech:કુંદો-પાછલો ભાગ બેસાડવો. 3 To fasten with breeching:કુંદો બેસાડી મજબુત કરવું.

Breeches, (બ્રીચિઝ્)*n.pl.*[L.*braca* browsers.] Garment worn by men covering hips & thighs: સુરવાળ;તંગીયો;ઇજાર;ચોયણો; કટિવસ્ત્ર. 2.Trousers;pantaloons;(*Colloq*) પાટલુન; સુરવાળ. To *wear the* b., to usurp the authority of the husband(said of a wife:)(સ્ત્રીએ) મરદનું કામ કર;ધણી-ની સત્તા છીનવી લેવી; સ્વાધીન કરી લેવો-નું ધાર્યે ચાલવા ન દેવું; ધણીને માથે છાણાં થાપવાં; ધણીને હાથમાં રાખવો-વશ કરવો;ચોળી પીવો.

Breeching,(બ્રીચિન્ગ્)*n.* A whipping on the breech:ડુમચી;પુંછડી; લટકણીયું.2.The part of a harness coming behind the breech of a horse: ઘોડાના થાપા આગળનો સામાનનો ભાગ.

Breed,(બ્રીડ્)*vt. imn&pp.* **bred.** To procreate;to beget;to hatch પેદા-ઉત્પન્ન કર; સેવવું.2. To bring up;to nurse & foster: ઉછેરવું;મોટું કર; પાલણ પોષણ કર 3.To educate: શિખવવું;કેળવણી આપવી; શિખવી-તાલીમ આપી તૈયાર કર. 4. To cause; to occasion;to originate:થાજવું; ઉપજાવવું;બનાવવું;થાજવું-થી થવું.5. To give birth to;to to be the native place of:નિપજવું;પેદા-ઉત્પન્ન થવું;માં થવું-પાકવું.6.To raise as any kind of stock: ઉછેરવું; વસ્તી વધારવી.(ઢોર-ઢાંકની.)*vt.* To produce a foetus; to bear & nourish young,as in pregnany: ગર્ભ રહેવો; હમેલ-દહાડા રહેવા.2.To be formed in the parent or dam;to grow as young before birth:આકાર થવો-બંધાવવો; ગર્ભનું સચેતન થવું-ઉછરવું.3.To have birth;to be produced: પાકવું;પેદા થવું;જન્મવું.4.To raise a breed:વંશ-ઓલાદ વધારવી *n.* A progeny from the same parents or stock: સંતાન;વંશ;સંતતિ;વંશજ; ઓલાદ; પેદાશ 2.A class;a kind : જાત વર્ગ; વર્ણ; પ્રકાર

Breeder,(બ્રીડર્)*n.* One who or that which produces or brings up: ઉત્પન્ન કરનાર માત-પિતા. 2. A cause: કારણ; મૂળ; ઉત્પતિ સ્થાન.

Breeding,(બ્રીડિન્ગ્)*n* Nurture;education;formation of manners:

કેળવણી;તાલીમ; શિક્ષા; શિક્ષણ; પોષણ; પાલન.2 Manners;knowledge of the ceremonies.વિનય;સભ્યતા;સરાઇલતા 3.Descent;extraction;વંશ;ઓલાદ;કુલ;ખાનદાની *Cross* b.(*vt*) જાદી જાદી ઓલાદના નરમાદાથી બચ્ચું પેદા કરવું.

Breeze,(બ્રીઝ્)*n.*A *light* wind,a gentle gale : પવનની લહેર;મંદ-ઠંડો વાયુ.2 *(Fig)* An expired state of feeling;quarrel:ઉતરી પડવું-ગુસ્સે થવું તે. 3. Ashes & cinders used for burning bricks:ઇંટો પકવવાની બરસાળ-રાખ *Sea.* b દરીઆ તરફથી દીવસે વાતી પવનની લહેર.*Land* b.,જમીન તરફથી રાત્રે વાતી પવનની લહેર

Brethren,(બ્રેદ્રેન્)*n pl* of **Brothers,**It is used in solemn & scriptural language in the place of brothers;ભાઈબંધ;ભાઇ-ભાંડુ.

Breve,(બ્રીવ્)*n.*[L *brevis,* short] (*Law.*)A writ or precept under seal issued out of any court: કોઇપણ કોરટે કાઢેલો સીલ સિક્કા સાથે બિડેલો આજ્ઞા પત્ર-હુકમ; કરવાનો હુકમ. 2.(*Prant*)A curved mark indicating short quality of a vowel or some particular quality of its sound: હ્રસ્વ સ્વરની નિશાની.

Brevet,(બ્રેવેટ્)*n.*A royal warrant granting a favour, privilege, title,&c: સનંદ;ઇલકાબ પત્ર.2.(*Mil*) A commission giving an officer higher rank than that for which he receives pay an honorary promotion of an officer;કોઇ પણ લશ્કરી અમલદારને પોતાના હોદ્દા માટે જે પગાર મળતો હોય તે હોદ્દા ઉપરાંત વધારાનો આપેલો માનનો હોદ્દો. *A* b. *major* : જે કપતાનનો પગાર ખાય અને મેજરની પદ્વિ ભોગવે તે.

Breviary,(બ્રીવિઅરિ)*n.*An abridgment;an epitome;summary:સંક્ષેપ;ટુંક હેવાલ; સંહિતા; સંગ્રહ; સાર. 2.A book containing the daily service of the R. C. church:ખ્રિસ્તીરોમન કેથોલીક પથની નિત્ય ધર્મ પોથી

Brevity,(બ્રેવિટિ)*n.*Shortness of duration:ટુંકાણ;ટુંકી મુદ્દત.2.*Shortness;* conciseness : ટુંકાપણું; સંક્ષિપ્તતા; અવિસ્તાર;સંક્ષેપ;ટુંકાણ.

Brew(બ્રૂ)*vt* To boil or soak the ઉકાળવું;ઉના પાણીમા બાફવું. 2. To prepare,as a liquor,from malt.hops or other materials, by steeping boiling,&c: જવાનો કે બીજી ચીજનો દારૂ ગાળવો-બનાવવો 3.To prepare by steeping and mingling: to concoct:ઓળીને ભેળસેળ કરીને બનાવવું-તૈયાર કરવું;કુકાળી બનાવવું 4 To contrive;to plot:રચવું;તરકટ કરવું;ઘાટ ઘડવો;યોજવું;યુક્તિથી શોધી કાઢવું *i. vi. To* perform the business of brewing:ઉકાળવાનું કામ કરવું 2 To be in a state of preparation;to be forming or gathering:તૈયારી હોવી થવી;થવા માંડવું; [જવનો દારૂ.

Brewage, (બ્રૂએજ્)*n* Malt liquor:

Brewery,(બ્રૂઅરિ) *n.* A brew-house: જવનો દારૂ બનાવવાનું કારખાનું-ભઠ્ઠી; ફડ.

Brewing,(બ્રૂઇંગ્)*n* The process of preparing liquor:દારૂ ગાળવાની ક્રિયા.2.*The* quantity brewed at once:એકીવખતે કાઢેલો બધો દારૂ વાણ 3.A mixing together: ભેળસેળ; ભેળ ભેળા; ગોટાળો; લોચા.

Bribe(બ્રાઇબ્)*n*Something bestowed or promised to corrupt the conduct of a judge,witness or other person:લાંચ;રૂશવત;રોકું;પાવડી; પાનસોપારી. 2. Allurement: લાલચ.*vt.*To induce or influence by a bribe; to give a bribe to: લાંચથી લોભાવવું બગાડવું-મેળવી લેવું; લાંચ-રૂશવત આપવી;દાવવું;ચાપવું; છોયવું.2.To gain by a bribe:રૂશવત આપી તરફેણમાં આણું; ઠાયકાર લેવું; ફોડવું *vi* To give a bribe to a person:કોઇ માણસને લાંચ આપવી.

Bribery,(બ્રાઇબરિ)*n.*The practice of giving or taking rewards for corrupt practices: રૂશવત આપવા લેવાનો ચાલ; લાંચખોરી;લાંચપુચ.

Brick(બ્રિક્)*n.*A hard body of clay & sand dried in the sun&burnt in tho kiln or clamp:ઇંટ 2 Bricks collectively as designating that kind of material : ઇંટનો સમૂહ.3. An oblong rectangular mass:લંબચોરસ; લુગદી ગઠ્ઠો; ચોરસું; બાટી;ડીબ્બડ;પાંડ.4. A good fellow; a merry person: ભલો આનંદી માણસ.*To have ab in one's hat:*પીધેલા થવું-હોવું.*vt.*To lay or pave with bricks:ઇંટથી ચણવું;ચોરસા જડવા 2. To imitate a brick wall on:ઇંટની ભીંત જેવી ભીંત બનાવવી.

Brick-bat,(બ્રિક્-બૅટ)*n.*A piece or fragment of a brick:રોડું;ઇંટાળો; ઇંટકે.

Brick-kiln (બ્રિક્-કિલ્ન્)*n.* A furnace in which bricks are burnt ઇંટવાડો [mason: કડીએ

Brick-layer, (બ્રિક્ લે-અર્)*n.* A

Brick-maker,(બ્રિક્-મે-ર્)*n* One who makes bricks:ઇંટ પાડનાર;ઇંટવાડી; કુંભાર.

Brick work(બ્રિક્ વર્ક્)*n.*A structure of bricks : ઇંટેરી કામ-દીવાલ; ઇંટબંધી

Bridal બ્રાઇડૅલ્)*a.*Belonging;to a bride:nuptial: કન્યાલગ્ન સંબંધિ; વૈવાહિક;વિવાહ યોગ્ય.*n* The nuptial festivity,marriage:લગ્ન વિવાહોત્સવ;લગ્નક્રિ;લગ્નોત્સવ;લગ્નનો રૂડો અવસર.

Bride(બ્રાઇડ્)*vt.*A woman newly married: વહુ; નવ પરણેલી સ્ત્રી; નવોઢા;વધુ;કન્યા.2. Woman espoused or contracted to be married:કન્યા; વિવાહ થયો હોય તેવી છોડી. 3. B.*of the sea:* વેનિસ શહેર

Bride-groom,(બ્રાઇડ્-ગ્રૂમ્)*n* [*Fr. brayd,*bride-&*gumd,*a man.]A man newly married or about to be married:વરરાજા;વર; પરિણેતા.

Brides-maid,(બ્રાઇડ્ઝ્ મેઇડ્)*n.* One who attends a bride as female friend at her wedding:કન્યા પાસે લગ્ન વખતે ઉભી રહે તેની સખી-સાહેલી.

Bridesman, (બ્રાઇડ્ઝ્મૅન્) *n.* A male friend who attends upon a bride-groom & bride at their marriage: લગ્ન વખતે વરવહુ આગળ ઉભો રહેનાર મિત્ર;જનૈયો; મોંડવિયો.

Bride-well,(બ્રાઇડ્-વેલ્) *n.* A house of correction for the confinement of disorderly persons:બંધિખાનું-કેદખાનું;કારાગૃહ.

Bridge,(બ્રિજ્) *n.* A structure raised over a river or other water-course or rail-road, &c., to make a road-way from bank to bank:પૂલ;સેતુ;ધરણ; *Wooden* b: લક્કડ પૂલ. 2. The small arch at the string of a violin. &c.: ઘોડી: ખોટી;ટેકી. 3. The two pieces of timber placed between the two transoms of a gun-carriage:પાટલી; ગાડીની બે ઉંધો ઉપર મુકેલા ચપટા લાકડાના કકડા.B *of the nose,* the upper bony part of the nose: નાકની દાંડી.Draw b. *swing* b.*bascule* b. a bridge which can be temporarily removed to allow the passage of vessels: વહાણને રસ્તો આપવા ખેંચી લેવાય એવો પૂલ. *Girder or truss*b.:માત્ર-આધારનો બનાવેલો પુલ *Skew*b :વાંકો પૂલ *Suspension* b : ઝુલતો પૂલ; ઝોલા પૂલ. *vt.*To build a bridge over:ઉપર પૂલ બાંધવો 2. To make or open a passage,as by a bridge:ના ઉપર રસ્તો બનાવવો-પોલવો 3.To find a

way to get over as a difficulty: દૂર કરવાનો રસ્તો શોધી કાઢવો.

Bridle,(બ્રાઇડલ્)*n.* An instrument with which a horse is governed: લગામ;રશ્મિ;બાગ.2. A restraint; a curb: અંકુશ;દાબ;અટકાવ;નિગ્રહ; સંયમ;લગામ.*vt.* To put a bridle upon:ને લગામ ચઢાવવી.2.To restrain, guide or govern;to curb: દાબ-અંકુશમાં-કબજે-રાખવું.*vt* To hold up the head & draw in the chain, as an expression of pride,scorn or resentment(often with *up*): ગર્વ કે તિરસ્કારમા માથું ઉંચું કરવું; અક્કડને અક્કડ રહેવું.

Bridle-hand,(બ્રાઇડલ્હૅન્ડ્)*n.*The left hand:જે હાથે લગામ પકડા હોય તે;લગામનો હાળ; ડાબો હાથ.

Bridle path, (બ્રાઇડલ્પૅથ્)*n.* A path for travellers on horseback:ઘોડેસ્વારનો રસ્તો; પગવાટ.

Bridoon, (બ્રિડૂન્)*n* The snaffle & reign of a military bridle:લશ્કરી લગામની કડી.

Brief,(બ્રીફ્)*a.*[L. *brevis*, short.] Short in duration: ટૂંકું;સ્વલ્પ;અચિર;ક્ષણિક;ટૂંકા વખતનું.2 Terse;succinct;concise:સંક્ષિપ્ત; પરિમિત; ટૂંકું.3.Rife;common: સાધારણ; ચાલુ-*n.*An epitome;a concise writing: ટૂંકું પત્ર;સાર;સંક્ષેપ. 2. (*Law*) (*a*)An abridgment of a client's case made for the instruction of counsel on a trial:મુકદ્દમાનો સંક્ષિપ્ત હેવાલ;બ્રીફ્;(*b*)A writ summoning a man to answer to any action:કોઇ કામમાં જવાબ આપવા કાઢેલો સમન-હુકમ (c) A writ issuing from the chancery to a judge authorizing him to call a jury to inquire into a case & to pronounce judgment upon their verdict:જુરી બોલાવવા ચેટસરીમાંથી જજજ ઉપર કાઢેલો હુકમ. (*b*) A letter patent from proper authority authorizing a charitable contribution for public or private purpose:ધર્માદા કામ માટે ફંડ કરવા આપેલી સનદ.B *of title*;-સ્થાવર મિલકતના હક સંબંધિ દસ્તાવેજોની સંક્ષેપમાં નોંધ. *In* b, in short: ટૂંકમાં;ટૂંકાણમાં;બે બોલમાં. *vt.* To make an abstract;to shorten: ટૂંકમાં લખવું-કરવું; ટૂંકાનોંધ ઉતારવી

Briefless,(બ્રીફ્લેસ્) *a.* Without clients:અસીલ વગરનો-કામ ન મળે એવો;માંખો મારતો.

Brier,(બ્રાઇઅર્)*n* A prickly shurb: કાંટાવાળો છોડ.2. Anything sharp or unpleasant to the feelings: દુઃખકર વસ્તુ;કંટક;શૂળ;ચટકો.

Briery,(બ્રાઇઅરિ)*n.*Full of briers; thorny;કાંટાવાળું;કંટકવત.

Brig,(બ્રિગ્)*n.*A vessel with two masts:બેડોલવાળું વહાણ.

Brigade,(બ્રિગેડ્)*n.*(*Mil*) A body of troops whether,cavalry,artillery or infantry commanded by a brigadier-general: લશ્કરની મોટી ટુકડી;સૈન્યદલ. 2.An organized body acting under authority: ટુકડી.

Brigadier-general,(બ્રિગેડીર્-જનરૅલ)*n.* An officer in rank next above a colonel commanding a brigade,also simply called brigadier: બ્રીગેડનોસરદાર;-ચમૂપતિ.

Brigand,(બ્રિગૅન્ડ્)*n* [L.L*brigans* a light armed soldier].A robber;plunderer;a freebooter:લુંટારો;ધિંધારો;ચોર;ધાડપાડુ;વાટપાડુ.

Brigandage,(બ્રિગૅન્ડેજ)*n.* Theft; robbery;plunder:લુંટ;ચોરી;ધાડ.

Bright,(બ્રાઇટ્)*a.*Shining; luminous;splendid: ચળકતું; ઝમકદાર; ઝગઝગતું; ઉજવળ;ચકચકિત; તેજસ્વી;તેજોમય;દેદીપ્યમાન 2. Clear; transparent:સ્વચ્છ;નિર્મળ;નીતરું;શુદ્ધ;પારદર્શક. ચોખ્ખું; ઉજળું. B. *waters*: નિતરતાં પાણી.3.Resplendent with charms:મનોહર;મધુર;ચકીત કરે એવું; સલુણું; ઉજેણું. 4 Having a clear, quick intellect:હોંશીઆર; ચપળ; ચાલાક;તીવ્ર.5 Clear;evident: સ્પષ્ટ; ખુલ્લું;સ ફ;દેખીતું.6. Sprightly; vivacious;cheerful: આનંદી;મોજીલું; ગમતી; ખુશ મીજાજ; આનંદવૃત્તિનું. 7 Illustrious;glorious: મહાન પ્રસિદ્ધ પંકાયલું વિખ્યાતી પામેલું; પ્રખ્યાત; નામોચ્ચું;નામાંકિત; ઝાઝો ઝવાલોનું. 8. of brilliant color:ઝમકદાર રંગનું-વાળું. 9 Promising good: શુભ કલ્યાણલાભ-દરાક સૂચક-અતિશય હોવું. B *visions of* the future: જે આગળ થવાનું છે તેનો સુખ સૂચક ખ્યાલ. B. *hopes*: રહેતી-પૂરી આશા. B. *prospect*:ચઢતી થવાનો યોગ.

Brighten, (બ્રાઇટન્)*vt.* To make to shine;to increase the luster of:ઉજવળ તેજસ્વી-ચકચકિત ચળકતું કર. 2.To make illustrious; to add lustre to: પ્રખ્યાત-નામિચું-પ્રતાપીનામાંકિત કર.3.To shed light upon; to make, cheerful: આનંદી-હસમુખ-ઉલ્લાસિ-ખુશમીજા કર.4.To make acute or witty:હોંશીઆર-તીવ્ર-ચાલાક-ચપળ કર. *To* b. *sorrow*:શોકઉદાસી દીલગીરી કાઢી નાંખી-મટાડી પ્રફુલ્લિત કરવું. *vt.* To grow bright; to clear up: ઉજેશવાળું-ખુલ્લું થવું. 2. To become less dark or gloomy: લાભ સુખથવાની-કામ પાર પડવાની આશા વધવી-મળવી થવી.

Brightness,(બ્રાઇટ્નેસ્)*n.*Splendor;lustre;brilliancy:ચળકાટ;તેજ; પ્રભા;કાન્તિ;ઉજેશ; ઝલે;તેજી; દ્યુતિ; પ્રકાશ; ઓપ. 2. Sharpness of wit: તીક્ષ્ણ બુદ્ધિ; જાણી નજર; તીવ્રતા.

Brilliance-y,(બ્રિલિયૅન્સ્-સિ) *n.* Splendor;glitter;great brightness whether in a literal or figurative sense:ઝમકો;ચળકાટ;પ્રતાપ; તેજ;ઉજેશ;ઝલે;ઝગારો;ચકચકાટ; પાણી.

Brilliant,(બ્રિલિયૅન્ટ્)*a* [L.*beryllus*,a precious stone of seagreen color]Sparkling with luster,glittering:ચળકતું;ઝગઝગતું;ઝમકદાર;ચકચકિત;તગતગ થતું.2 Distinguished by qualities which excite admiration;splendid: પ્રતાપી,તેજસ્વી;પ્રખ્યાત; મહાપરાક્રમી. B. *exploits*: મહાભારતકામ *n.*A diamond of the finest cut:ઘણા પાણી વાળો-તેજદાર હીરો.2.The smallest size of type in English printing: ઇંગ્લેજી છાપવાનાં સૌથી નાનાં કદનાં બીજાં.

Brim,(બ્રિમ્)*n.*The rim or border of any vessel or other thing: કાનો;કોર;કાંઠો માથું.2.The edge or margin,as of a fountain;brink: કાંઠો; તીર; કિનારો; કિનાર; ધાર; મુખ.3. The rim of a hat:ટોપીની ધાર-કોર. *vt.*To fill to the brim or top:કાના સુધી ભરવું;છલ્લોછલ્લ ભરવું *vt* To be full to the brim:કાના સુધી ભરેલું; છલ્લોછલ્લ હોવું.*To* b *over*,(*lit or fig.*) to be so full that some of the contents flows over the brim:છલાઈ જવું;કલરાઇને ઢોળાઇ જવું.

Brimful, (બ્રિમ્ફુલ)*a.* Full,to the top;completely full:ટોકોટક; છલ્લોછલ્લ;પરિપૂર્ણ;કાંઠોકાંઠ; ભરપુર;કુંભોકુંભ

Brimmer,(બ્રિમર્)*n* A bowl full to the top:કાના સુધી-છલ્લોછલ્લ ભરેલો વાટકો-પ્યાલો.

Brimstone(બ્રિમ્સ્ટોન્)*n* Sulphur ગંધક.*a.*Made of,or pertaining to brimstone: ગંધકનું બનેલું;ગંધકનું.

Brinded-dled,(બ્રિન્ડેડ્-ડલ્ડ્) *a.* Spotted; streaked; variegated with spots of different colours: કાબરચિતરું;અટાપટાદાર; પચરંગી બુટ્ટી-દાર;છોટવાળું;પટાવાળું. B. *cow*: કાબરચીતરી ગાય.

Brine, (બ્રાઇન્) *n.* Water saturated with salt:: ખારૂ પાણી. 2. The ocean; sea: દરિયો; સમુદ્ર; સાગર. 3 Tears so called from their saltness: આંસુ *Leach* **b.**, મીઠું સુકાતાં નીચે ટપકતું ખારૂં પાણી. *vt.* To steep in brine: ખારા પાણીમાં બોળવું. 2. To mix salt with: ને મીઠું ચઢાવવું.

Brine-pan, (બ્રાઇન્-પૅન્) *n.* A pit of salt water where by the action of the sun, salt is formed by crystallization: મીઠાનો અગર.

Bring, (બ્રિન્ગ) *vt.* [*imp.* & *pp.* **bought**.] To fetch: લાવવું; આણવું. 2. To procure in exchange; to sell for; to fetch: ઉપજવું; નું આવવું 3 To induce; to lead; to guide; to prevail on-લલચાવવું; દોરવું-કબુલ કરાવવું; સમજાવવું; મન માનવું, ની અસર કરવી-થી મન થવું. 4. To convey to move; to carry or conduct: લેઈ જવું; ખસેડવું; ચલાવવું. 5. To make to come; to produce; to draw to: મેળવવું; પ્રાપ્ત થવું; મળવું; આવવું. *To* **b.** *to the mind*: સ્મરણ-યાદ કરવું; સંભારવું. *To* **b.** *about*, to effect; to accomplish: સાધવું; પાર ઉતારવું; સંપાદન કરવું. પ્રાપ્ત કરવું. *To* **b.** *back*: પાછું આણવું; બોલાવવું; યાદ કરવાથી ફરી યાદ આવવું. *To* **b** *before*, to exhibit; to show: બતાવવું; દર્શાવવું. (*b*) *To* take in to the presence of: ની રૂબરૂ-સમક્ષ હાજર કરવું; પાસે લઈ જવું *To* **b** *down*, to cause to come down: તોડી પાડવું; ઉતારી પાડવું; હલકું પાડવું. (*b*) To humble to abase: હલકું પાડી દેવું; માન ખંડન કરવું; ગર્વ ઉતારવો. *To* **b.** *forth*, to produce as young or fruit: જન્મ આપવો; જણવું; (ફળ) લાગવું-આવવું. (*b*) To bring to light; to make manifest: પ્રકટ થવું; નિપજવું. *To* **b.** *home*, to bring to one's house: ઘેર લઇ આવવું (*b*) To prove conclusively: નિર્ણયના રીતે-પક્કી રીતે સાબિત કરવું. (*c*) To cause to feel by personal experience: જાતી અનુભવ થાય એમ દેખાડવું. *To* **b.** *in* (*a*) as a bill, in a deliberative assembly કોઇ કાયદાનો ખરડો મંજુર કરાવવા લાવવો-રજુ કરવો-દાખલ કરવો. (*b*) to collect; as things dispersed: સંગ્રહ કરવો; વીણી એકઠો કરવો. (*c*) To import: પરદેશથી લાવવું. *To* **b** *off*, to bear or convey away to procure to be acquitted; to cause to escape: રક્ષણ જવું; છોડવવું; નસાડવું; મુક્ત કરવો. *To* **b.** *on*, (*a*) to cause to begin: શરૂ કરાવવું; પ્રારંભ કરાવવો; (*b*) to originate, or cause to exist: ઉત્પન્ન કરવું; પેદા થવું; આવવું; *To* **b.** *out* to expose: પકડવું; બોળી કાઢવું; ખુલ્લું મુકવું. *To* **b.** *over*, (*a*) to bear across: આરપાર લેઇ જવું; પાર ઉતારવું. (*b*) to convert by persuasion or other means: તરફ લેઇ લેવું; પક્ષમાં ખેંચી લેવું; ફોડવું. *To* **b** *round*, (*a*) to make well: સારૂં સાજું કરવું; તબીયત ઠેકાણે લાવવી; (*b*) to conciliate: સલાહ-સંપ-મિત્રાચારી કરાવવી. *To* **b.** *to*, to bring back to consciousness or life: સાવચેત કરવું; હોંશીઆરીમાં-ચેતનમાં લાવવું; *To* **b.** *to light*, to disclose; to reveal: ખુલ્લું-ઉઘાડું પાડવું; અજવાળામાં આણવું. *To* **b.** *under*, to restrain; to subdue: તાબે કરવું; કબજામાં-હાકમાં રાખવું. *To* **b.** *up*. to nurse; to educate; to rear; to raise; to tame: પાલણપોષણ કરવું; ઉછેરવું; કેળવણી આપવી; શિખવવું; પલોટવું. (*b*) પાસે લાવવું; બોલાવી લાવવું. (*c*) to introduce: રજુ-દાખલ કરવું (*d*) to cause to advance: આગળ ધપાવવું-વધારવું *To* **b.** *up the rear*: પાછલા ભાગને આગળ લાવવો. *To* **b.** *to rear upon*, to bring to act or influence: અસર થાય એમ કરવું; વાપરવું. *To* **b.** *to book*, to call one to account: હિસાબ જવાબ-ખુલાસો માગવો. *To* **b** *to terms*, to make to agree: કબૂલ કરાવવું.

Brink, (બ્રિન્ક) *n.* The edge, margin or border of a steep place; the bank of a river; verge; border: કોર; ધાર; કિનારો; બંડો; કરાડો; કિનાર.

Briny, (બ્રાઇનિ) *a.* Pertaining to the brine or to the sea; partaking of the nature of brine; salt: મીઠાના પાણીનું; દરિયાનું; ખારૂં.

Brisk, (બ્રિસ્ક્) *a.* Full of liveliness & activity; agile: ચપળ; ચબળ; તેજ; ચાલાક; રંગીલું; મોજીલું; ખુશ; મિલનસાર. 2. Full of spirit or life; effervescing, as liquors: તેજ; જલદ ચઢી જાય તેવું **B.** *fire*, one burning with a quick free action: ધગધગતો દેવતા. **B.** *fire of infantry* a quick & rapid discharge of fire-arms: તોપ બિગેરેના તડાકડ-ઝપાટાના બડાર. **B.** *trade*: તેજીનો-વાળો ધૂમ વેપાર-વણજ. *vt* To make lively; to animate: ચપળ-ચબળ કરવું; સ્ફુરતા આણવી.

Briskness, (બ્રિસ્ક્નેસ્) *n.* Liveliness; vigor in action; vivacity: ચાલાકી; ચપળતા; ખુશમિજાજ; આનંદવૃત્તિ; ઉલ્લાસવૃત્તિ; હુંશીઆરી; તેજી; જલદપણું.

Bristle, (બ્રિસલ્) *n.* A short stiff coarse hair, as on the back of swine: ડુક્કરના જેવા જાડા ટુંકા વાળ. 2. A species of pubescance on plants in the form of a stiff, roundish hair: છોડ ઉપર એક જાતના ઉગતા સુંવાળા વાળ; રૂંવાટી. *vt.* To erect the bristles of: વાળ ઉભા-ટટ્ટાર કરવા. 2. To fix a bristle to વાળ લગાડવા-ચોંટાડવા. *vi.* To stand erect: ટટ્ટાર સિધું ઉભું રહેવું. 2. To present an appearance of bristles: વાળ જેવું શોભવું-દેખાવવું; વણા હોવું. *To* **b.** *up* to show anger or defiance: ગુસ્સે થવું; વિરૂદ્ધ પડવું; ન ગણકારવું.

British, (બ્રિટિશ્) *a.* Pertaining to great Britain or its inhabitants: ગ્રેટબ્રિટનનું-ના રહેવાસીઓનું; અંગ્રેજી.

Briton, (બ્રિટૅન્) *n.* A native of Great Britain: અંગ્રેજ.

Brittle, (બ્રિટલ્) *a.* Easily broken fragile; not tough: બરડ; તકલદી; કાચલું; ભંગુર; ભાગવું; ભાગી જાય એવું.

Brittleness, (બ્રિટલ્નેસ્) *n* Aptness to break; fragility: બરડ-તકલદીપણું.

Broach, (બ્રોચૂ) *n* [L. *brocea*, a point, pip.] An awl: આર; ટાંચણું; સોયો. 2 (*Mech*) A tool of steel for smoothing or enlarging holes in metal: ધાતુમા કાણાં મોટા કરવાનું કે લીસાં કરવાનું પોલાદનું એક ઓજાર. 3. A clasp used to fasten a garment: પોશાક તંગ કરવાનો હુક. 4. broad chisel for stone-cutting: સલાટનું પહોળું ટાંકણું. 5. A candle rod: મીણબતી *vt.* To pierce as with a spit: શારવું-ચોંચવું. 2. To tap; to pierce, as a cask, to draw the liquor; hence, to let out: મ્હોં ઉઘાડવું; ફાડવું; સીક બોકાને કાણું પાડવું; મ્હોં કરવું 3. To open for the first time as stores: પહેલવહેલું ખોલવું; ઉઘાડવું. 4. To make public; to give out: પ્રકટ કરવું; બહાર પાડવું; શરૂ કરાવવું; વાત છેડવી-કાઢવી. 5. To shape roughly as a block of stone by chiseling with . coarse tool: બૂઠા હથિઆર-ટાંકણાંવડે છોલીને ખડબચડા રોલ-આકાર ઘડવા. 6. To enlarge or dress a hole by using a broach: હથિઆરથી કાણું મોટું અગર સુંવાળું કરવું.

Broad, (બ્રોડ) *a.* Wide; extended from side to side: પહોળું; ચોડું; વિશાળ; વિસ્તાર્ણ; બહોળું; મ્હોટું, પનાદાર. 2 Extended in the sense of diffused; clear; full; open: ખુલ્લું; ઉઘડેલું; વિસ્તૃત. *In* **b** *Daylight*: બહાર ઉજેસમાં; ધોળે દહાડે. (*Fig.*) Not limited

or restrained:ખારે;બહુ; અણહદ.4. Hence,comprehensive; liberal; enlarged:બધાને લાગુ પડે તેવું; વધી મતલબ-અર્થવાળું;વ્યાપક; વિસ્તૃત. B. *scheme* : વ્યાપકયોજના. 5. Plain; evident: ખુલ્લી;સ્પષ્ટ.6.Free;unrestrained:નિરંકુશ; સ્વતંત્ર; છુટું. 7. Coarse:અસભ્ય;તોછડી;બહુગામ; નિરંકુશ;અમર્યાદ;અપ્રિય;હડહડતું 8. *Extensive*;vast:બહોળુ વિસ્તિર્ણ.

Broad-axe,(બ્રોડ્-ઍક્સ્)*n.* A military weapon(*obs*)કરશી. 2. An axe with a broad edge for hewing timber:કુહાડો;કુહાડી.

Broadcast,(બ્રોડ્કાસ્ટ્)*a.l.*scattered or sown abroad by the hand હાથે વેરેલું;હાથે વાવેલું.2.Dispersed widely:પહોળું પસરેલું;વિસ્તીર્ણ.

Broad-cloth(બ્રોડ્ક્લોથ્)*n* A kind of woolen cloth : એક જાતનું ઉનનું કપડું; બનાત.

Broaden,(બ્રોડન્) *vi.* To become broader or wider: વધારે પહોળું થવું *vt.*To make broader or more comprehensive:વધારે પહોળું અગર વિશેષ સ્પષ્ટ કરવું.

Broad-gauge(બ્રોડ્-ગેજ)*n.*A wider distance between the rails than the "standard" gauge of four feet eight inches and a half (*Railroad*):પહોળા પાટની સડક.

Broad-sword, (બ્રોડ્ સૉર્ડ્)*n.* A sword with a broad blade & a cutting edge;a claymore:પહોળા પાનાની તરવાર.

Brocade, (બ્રોકેડ્) *n.* Silk stuff wrought with variegated gold & silver threads & enriched with flowers or other ornamental work: કિનખાબ; કસબી-જરીયાનનું કપડું ; ભરગચ્ચીનું લુગડું.

Brochure,(બ્રોશ્યુર્)*n* [Fr.*brocher*, to stitch.]*A* pamphlet:ચોપાનિયું.

Broil,(બ્રોઇલ્)*n.A* tumult;contention:કજીયો;ટંટો;અણબનાવ; કલહ; ઝઘડો.*vt.*To dress or cook by direct exposure to heat over coals but more generally upon a gridiron over coals:શેકવું;ભુજવું 2. To expose to great(*direct*)heat:બહુજ તાપ આપવો-દેખાડવો.*vi.*To be subjected to the action of heat;to be uncomfortable with heat: તપવું;પરસેવો છુટવો;બફાઇ મરવું.

Broiler,(બ્રોઇલર્)*n.* One who excites broils: કલહ-કજીયો કરનાર;તકરારી.2.Any utensil used in broiling;a gridiron:કંઇ શેકવાનું જાળીદાર.

Broken,(બ્રોકન્)*p.a.*Divided into fragments: ભાગેલું; ફુટેલું; તુટેલું. 2. Made weak or infirm by age or disease:દુબળું પડેલું;કમજોર થઈ ગયેલું. 3.Humbled:વશ કરેલું;અતિદીન;નરમ પડી ગયેલું.4. Disconnected; not continuous:જુદું પડી ગયેલું; અખંડ નહી તેવું; ભાગુ દુટું; તુટક; રહી રહીને કરેલું થએલું-આવેલું. B. *sound* : ખોખરો અવાજ. also, rough or uneven: ખડબચડું; ઠેકઠબડાવાળું; સપાટ નહિ એવું.5 Fractured;disunited:છુટાછવાઇ ગયેલું;જુદું પડેલું 6.Subjugated; trained for use:પલોટેલો;ટેવેલો;કેળવેલો.7. Crushed and ruined by something destroying hope : નિરાશા-આશાભંગથી ઉદાસ થઈ ગયેલું.8.Not adhered to; violated:નહિ પાળેલું;તોડેલું. 9. Ruined financially:બેસી ગયેલું; પૈસા જતા રહ્યા હોય એવું; ભાગી પડેલું; દેવાળીયું.B.*ground*(*Mil.*):ઢેકાઇઆવાળી જમીન,(*b*)Ground recently opened for a plow:તરતની ખેડેલી જમીન.

Broken hearted,(બ્રોકન-હાર્ટેડ્)*a.* Having the spirits depressed with grief or despair: નિરાશા-દિલગીર થયેલું;શોકમાં ગરક થયેલું આશા ભંગ થએલું;શોકાતુર થએલું.

Broken-wind,(બ્રોકન્ વિન્ડ્)*n.* A disease of the organs of respiration in horses: ઘોડાનો દમનો-ફેફસાનો રોગ;ભગ્નશ્વાસ.

Broken-ness(બ્રોકન્નેસ્)*n*Unevenness:તુટ;ખડબચડાપણું;ચુરા.2. Contrition:શોક;દિલગીરી.

Broker,(બ્રોકર્)*n.*One who transacts business for another; an agent:દલાલ; આડતિયો;મારફતિયો.2. A dealer in notes,money,bills of exchange,&c,&c :નાણાં હુંડી પત્રી વિગેનું લેવડદેવડ કરનાર. 3. A dealer in secondhand goods: જુનો સરસામાનનો વેપારી.

Brokerage(બ્રોક્-રેજ્)*n.*The business of a broker:દલાલનો ધંધો; દલાલી;આડત;મારફત. 2 Fee or commission charged by a broker: દલાલી;હકસાઇ;દસ્તુરી.

Bromatology,(બ્રોમૅટૉલૉજિ)*n* The science of aliments:ખોરાક વિદ્યા

Bronchial,(બ્રોન્કિઅલ્) *a.*[Gr. *brony chos*,the windpipe.] Belonging to the bronchi,and their ramifications in the lungs:કંઠમાની નળીયોનું-સંબંધિ.B *membrane*: કંઠને લગતી નળીની અંદરની ત્વચા

Bronchitis,(બ્રોન્કાઇટિસ્)*n.*Acute or chronic inflammation of the bronchial tubes or any part of them:કંઠની નળીયોનો સોજો.

Bronze (બ્રોન્ઝ્)*n.*An alloy of copper,tin& zinc : તાંબુ,કલઇ, અને જસતની બનેલી મિશ્રધાતું; કાંસુ. 2. A statue or other work of art cast in bronze:કાંસાનીમૂર્તિ કે બીજી ચિજ. 3 A yellowish or red dish brown color:ભૂરો રંગ.4 Boldness;impudence;brass:છાતી;હિમ્મત; ઉદ્ધતાઇ; તોછડાઈ; નિર્લજ્જતા; બે શરમાપણું. *vt.* To give the appearance of bronze to, by coating or other means;to make brown:મિશ્ર ધાતુના જેવું કરવું:કાંસાના રંગનું-ભૂરું કરવું. 2. To make hard or unfeeling; to brazen:કઠણ-વજ્ર સરખું કરવું.

Brooch,(બ્રોચ્)*n.*An ornament,in various forms,with a pin or loop for attaching into a garment now worn at the breast by women;a breastpin;formerly worn by men on the hats: બોરિયાં પાછળનું ઘરેણું 2. A painting all of one color:એક રંગનુંચિત્રકામ.

Brood,(બ્રૂડ્)*vi* To sit over&cover eggs for warming & hatching the young, as a fowl or a hen: સેવવું;-નું સેવન કરવું.2. Hence, to sit quietly:શાન્ત-ચુપકીથી બેસવું 3. To have the mind dwell continuously on a subject; to think long and anxiously:અમુક બાબત મનમાં ઘોળાયાં કરવું; નો વિચાર આવ્યાં કરવું;વિષે ચિંતાતુર રહેવું ; વિષે ફિકરમાંને ફીકરમાં રહેવું;-નું ચિંતન કર્યા કરવું. *vt.* To sit over, cover & cherish: સેવવું;સાચવવું.2,To cherish with care(*rare*):મનમાં રાખવું-રાખ્યાં કરવું. 3.To think anxiously upon:-નો વિચાર મનમાં આવ્યા કરવો; ઘોળ્યા કરવો.*n.*Offspring;progeny:સંતાન; બોકરાં; સંતતિ; ઓલાદ; પ્રજા. 2. That which is bred or produced;bred:ફાલ;નિપજ.3.A hatch;the young ones hatched at once:એક વેતરનાં-ફાલનાં બચ્ચાં 4. Any heterogeneous mixture among tin or copper ore: કલઇ તાંબાની કાચી ધાતુમાં વિજાતીય ધાતુનું મિશ્રણ.

Brook,(બ્રુક્)*n.* A small natural stream of water;a rivulet: વહેળીયું ;ઝરો;નાળું ;વોહ.

Brook,(બ્રુક્)*vt.*To bear: to end re: ખમવું;સહેવું;લાખવું;-નું સહન કરવું;વેઠવું.

Broom,(બ્રૂમ્)*n.*A plant having twigs suitable for making bro-

oms to sweep with when bound together:જે ઝાડની ડાળીઓની સાવરણી બનેલી તે ઝાડ.2.A brush with a handle for sweeping floors: સાવરણી;કરાઠો;ઝાડુ;ઝુડારી; ઝુતારો;કરસોટો.

Broom-stick,(બ્રૂમ્સ્ટિક) *n.* The handle of a broom:સાવરણી ઝાડુનો હાથો-દાંડો.

Broth.(બ્રૉથ્)*n* Liquid in which flesh or anything is boiled & macerated : માંસની કઢી; સેરવો. *Many cooks spoil the* b. ; સાત સુથાણીએ વેતર વંઠે

Brothel,(બ્રૉથેલ્) *n.* A house of lewdness;a bowdy-house:વેશ્યા-કસબણ-રાંડનું ઘર;બાજરું;વેશ્યાલય;છિનાળવાડો.

Brother, (બ્રધર્)*n.pl.* **brothers**, or **brethren**,(in solemn style) [L *frater*,a brother.] A male born of the same parent with another:ભાઇ;બંધવ;ભ્રાત;સહોદર. 2. One related to another bysome common tie or interest,an associate:બંધુ; મિત્ર; સોબતી સહકારી; બંધુજન;દોસ્તદાર 3. One that resembles another in manners or traits of character:ભાઇ *Foster* b:દૂધભાઇ.*Half b.(a)*: સાવકો-ઓરમાન ભાઇ. (by the same father) (b)કોઠાઈ ભાઇ (by the same mother.*vt* To make a brother of to call or treat as a brother: ભાઈ કરવું;ભાઈ-બંધુ સમાન ગણવું.

Brother-hood,(બ્રધર્ હુડ્)*n.* The state of being a brother:ભ્રાતૃત્વ; ભાઇબંધી;ભ્રાતૃભાવ;ભાઇ ચારો.2. An association for any purpose,as a society of monks;fraternity: મંડળી;પંક્તિ;સમાજ;સંસર્ગ; બંધુતા; અખાડો.3.A class of individuals of the same kind,profession or occupation: એક જાતના-ધંધાના માણસ જોડે બેસનાર.

Brother-inlaw,(બ્રધર્ ઇન્ લૉ) *n.* The elder brother of a husband જેઠ.2.His younger brother:દિયેર. 3.Wife's brother:સાળો.4.A sisters husband:બનેવી.

Brotherly,(બ્રધર્લિ)*a*.Pertaining to brothers;kind; affectionate: ભાઇનું;બંધુયોગ્ય; ભાઇના જેવું;માયાળુ: સ્નેહ શીલ;મમતાળું.

Brougham,(બ્રૂઅમ્ બ્રૂમ્)*n*.A two of four-wheeled single or double carriage for general use: બે કે ચાર પૈડાંની ઘોડાગાડી;બ્રમ;હામ.

Brow,(બ્રાઉ)*n*. The prominent ridge over the eye with hairs on it:ભ્રમર;ભ્રકુટી;ભવું.2 The forehead: કપાળ; લલાટ; ભાલ. 3. The general air of the countenance એહેના ચહેરાનો સામાન્ય દેખાવ; મુખમુદ્રા.4.The edge of a steep place as the brink of a river or precipice:કોર-ધાર; કાંઠો. 5. The hair that covers the brow: ભવાં ઉપરના વાળ.*To knit* or to bend *the* b.s,to frown;to scowl:આખો કાઢવી; ભવાં ચઢાવવાં; ગુસ્સે થવું. *vt.* To bound;to limit: સીમા-હદ બાંધવી.

Brow-beat,(બ્રાઉ-બીટ્)*vt.* (*imp.*) **brow-beat**;*pp.* **browbeaten**.) To depress with haughty looks or arrogant speech: દબડાવવું; સપડાવવું;ડોળા કાઢી બોલવું;તતડાવું; ડરાવવું.

Brow-bound(બ્રાઉ-બાઉન્ડ)*a*. Crowned:મુગટ પહેરેલું

Browless,(બ્રાઉલેસ્) *a*. Without shame:બેશરમું;નિર્લજ; નફટ.

Brown,(બ્રાઉન્)*a*.Dusky: શામળું; ભુરું; બદામી; શ્યામવર્ણ. *vt*. To make brown by scorching slightly:ભુરું તપખિરિયા કરવું; ભુરો રંગ લગાડવો. 2. To make brown by scorching slightly:જરા શેકી દઝાડીને લાલ કરવું; *n* A tawny, dusky hue: બદામી-કપીલો તપખીરીઓ રંગ.

Brownish,(બ્રાઉનિશ્)*a*Somewhat brown:ભુરાશ પડતું.

Brown-study,((બ્રાઉન્-સ્ટડિ)*n* A state of mental abstraction or serious reverie:સમાધિ;નિરર્થકધ્યાન; વિચારમાં દેહનું ભાન ન રહેવું તે.

Browse,(બ્રાઉઝ્)*vt*.To eat or nibble off,as the ends of branches, of trees,shrubs, &c. by cattle: પાદડાં-ડુંખો-કુમળો ભાગ ખાઇ જવો. *vi*.To feed on the tender branches shoots of shrubs or trees as sheep,goats,&c : કુમળાં પાંદડાં ડુંખો ચરવી-ખાવી. *n*. The tender twigs of trees or shrubs fit for cattle's or other animal's food: જનવરોને ચરવા જેવી ઝાડ કે છોડની કુમળી ડાળી-પાંખડાં;કુમળું ઘાસપાન.

Browser,(બ્રાઉઝર્)*n*. An inimal that browses:ભાજીપાલો ખાનારપ્રાણી

Bruin,(બ્રૂઇન્)*n*.A bear:રીંછ.

Bruise,(બ્રૂઝ્)*vt*.Toinjure or crush as by collision of or against,a solid body:કચરવું;ખાંડવું; છેદવું; વાટવું:-નો ચૂરો કરવું; કુટવું;-ભરડવું; કચરવું; સોળ-ચામડું ઉઠાડવું;છોલાવું; ઉજરડોપડવો.2. To break,as in a mortar: ખાયણીમાં છુંદવું-ખાંડવું. *vt*. To fight with the fists; to box: મુક્કા મુક્કી કરવું;ડોસાડોંસી કરવી *n*. An injury to the flesh of animals or to plants with a blunt instrument; a contusion:સોજ;ચામડું;ચાંદું;ઉજરડો.

Brumal,(બ્રૂમૅલ)*a*.[L. *brumalis* winter] Belonging to the winter:શિયાળુ શિયાળાનું-સંબંધિ.

Brume (બ્રૂમ્)*n*.Mist;fog: ધુમસ.

Brunette,(બ્રૂનેટ્)*n*.A woman with a brown or dark complexion: શ્યામ-ઘઉંવરણી સ્ત્રી;કાળુઢા રંગની સ્ત્રી.

Brunt,(બ્રન્ટ્)*n*.The utmost violence of an onset; the strength of any contention:ઝપાટો;જોર;જોસ ભાર;ધૂમ 2 A shock; a collision: ધક્કો;આંચકો;હિલ્લોલ;હેલો.

Brush,(બ્રશ્) *n*. An instrument composed of bristles or other like materials used for clearing a thing of dust or laying on colors: કુચડો-ડી; બ્રશ; કલમ; પિછી. 2. Branches of trees lopped off; brushwood:ઝાડવાં; કાપેલી ડાળીયો. 3.A thicket of shrubs : બાડવાં; ઝુંડો;ઝાડી.4. A skirmish;a slight encounter: નહાની લડાઈ; ઝપાઝપી. 5.The brushy rail of a fox:શિયાળ-કોલાની ગુચ્છાદાર પુંછડી.6 A short trial of speed: ઝડપની શરત; અજમાયશ; રપેટ.7. A tuft of hair on the mandibles:જડબાં ઉપરનું વાળનું પણખું-જુમખું. *vt*. To rub, clear, paint,&c,with a brush: કુચડાથી સાફ કરવું-રંગ દેવો. 2. To touch in passing:અડકવું;ઘસાઇને જવું. 3. To remove or gather by brushing: વીંછીને-ઉડાડીને દૂર કરવું કે એકઠું કરવું;*To* b.off:કુચડાથી કાઢી નાખવું. *To* b.*up*, to paint,or make clean with a brush;to improve;to renew.બ્રશ દેવો; સાફ કરવું; માંજવું; તાજું કરવું; હાથ મારવો. *vi*. To move nimbly in haste:ચપચપ ચાલ્યા જવું.

Brushwood,(બ્રશ્-વુડ્)*n*. *A* thicket or coppice of small trees or shrubs: ઝાડી; ઝાડવાં. 2. *S*mall branches of trees cut off:કાપેલી મોરલી ઝાડની ડાળીયો; કલ્લા.

Brushy, (બ્રશિ)*a*. Resembling a brush;rough;shaggy:બ્રશ જેવું;ખરબચડું;ગુચ્છાદાર.

Brusque(બ્રૂસ્ક)*a*.Rude; blunt or rough in manners: જંગલી; અસભ્ય;તોછડું;ઉતાવળું.

Brustle(બ્રસ્લ્)*vi*.To crackle;to

rustle,as a silk garment:કડકડવું; શોર કરવો.

Brutal,(બ્રૂટલ્)*a.*Pertaining to a brute:પશુનું-સંબંધિ.as,b *nature*: પશુવૃત્તિ 2 Like a brute;savage; cruel:પશુના જેવું;પાશવ; જંગલી;નિર્દય;ઘાતકી;નિષ્ઠુર.

Brutality,(બ્રૂટૅલિટિ)*n* Quality of being brutal;inhumanity; savageness: પશુપણું; નિર્દયતા; ક્રૂરતા. 2. An inhuman act:નિર્દય કૃત્ય.

Brutalize,(બ્રૂટૅલાઈઝ્)*vt.*To make brutal beastly or inhuman:જંગલી-નિર્દય કરવું.*vi* To become brutal or inhuman:ઘાતકી-ક્રૂર થવું.

Brute,(બ્રૂટ્) *a.* [L. *brutus*, stupid.]Senseless;unconscious: જડ; અચેતન. B. *earth.*ચૈતન્ય રહિત ભૂમિ 2. Not possessing reason;irrational:અજ્ઞાન;ઢોર સરખું;જ્ઞાન વિનાનું; જડ.3.Unintelligent; animal:જડબુદ્ધિનું; જનાવર જેવું 4. Characteristic of a brute;bestial: પશુ-જનાવર સરખું;જનવરી.5.Rough;uncivilized;insensible:અસભ્ય; જંગલી;મૂર્ખ.*n.*A beast:હૈવાન;પશુ;જનાવર 2 A brutal person;a savage in heart or manners;an unfeeling man પશુ જેવું-ઘાતકી-અસભ્ય માણસ; દુરાચારી-ધર્મચ ટાળ; દૈત્ય; ખવીસ.

Brutify, (બ્રૂટિફાઈ) *vt.* To make a person a brute;to make stupid: પશુ સમ કરવું;મૂર્ખ-જંગલી બનાવવું.

Brutish,(બ્રૂટિશ્)*a.*Savage;cruel; unfeeling;ignorant; insensible stupid;bestial:પશુનું ના સમાન; જડ. મૂર્ખ;અજ્ઞાન;ક્રૂર;ઘાતકી;અસભ્ય.

Bubble,(બબ્બલ્)*n.*A thin film of liquid inflated with air:પરપોટો. 2 Anything that wants solidity;a vain project;a false show; a cheat;a delusive scheme:અસાર-સ્વપ્નવત્ વસ્તુ;વંચક; માયા; જળ; છળ પ્રપંચ; છળયુક્ત યોજના-વેપાર. 3. A small quantity of gas within a liquid body:પ્રવાહિ વસ્તુમાં રહેતી થોડી હવા.*vi* To rise in bubbles: પરપોટા થવા 2.To run with a gurgling noise:ખળખળ વહેવું. 3. To sing with a warbling sound: ગળગળ કરીને ગાવું.*vt.* To cheat; to impose on:ઠગવું; ઉતરવું; બાપ દેવી-મારવી.

Bubbler, (બબ્બલર્) *n.* One who cheats:ઠગારો;ઠગ;ધુતારો 2. A fish found in the waters of the Ohio:ઓહિયો નદીમા થતું માછલું.

Bubby, (બબ્બિ) *n.* A woman's breasts:સ્તન;થાન.2.(Corruption of broather)Brother-a word applied to small boys:ભાઇ;બાપુ;હોકો

Bubo(બ્યૂબો *vt.*/*pl* **buboes**)(L.Lat the groin.) (*Med.*)An inflammation in the groin:બદ;ગાઠ.

Buccaneer nier, (બકૅનીર્)*n.* A robber upon the sea;a pirate: વહાણનો લુટારો;ચાંચિયો; ચાંચ્યો. *vt.* To act the part of a pirate; ચાંચિયાનો ધંધો કરવો.

Buck, (બક્)*n.* The male of the fallow deer:કાળિયાર;હરણ; of the goat:બકરો; બોકડો;મેંઢો;વેંટો.of the rabbit & hare:સસલો. 2. A gay, dashing young fellow;a fop; a dandy:ફક્કડ;ફાકડો; ઉલ પુરૂષ; લાલ;કનૈયો. *vi.* To copulate as bucks and dogs:મૃગમૃગલી પેઠે સંભોગ કરવો 2.To spring leaps:છલંગ મારી મારીને કુદવું-ગાઠ થવું; તોફાન કરવું.-said of a horse or mule:

Buck,(બક્)*n.*Lye in which cloth is soaked in the operation of bleaching: કપડું નિખારવાનો ખાર; ખારનું પાણી.2.A wash of clothes: ધોપ;નિખારેલાં કપડાં. *vt.* To soak in lye:ખારમાં નિખારવાં-બોળવાં. 2. To break up or pulverize:(કાચી ધાતુનો) ભાગી ભૂકો કરવો. To wash clothes by beating them on stones: પથરા ઉપર ધૂબાથી ટીપીને કપડાં ધોવાં.*n.* A frame on which firewood is sawed;a saw-horse: લાકડું વહેરવામાં વપરાતી ઘોડી.

Bucket, (બકૅટ્) *n* A vessel for drawing up water from a well or carrying water or other liquids:કોસ;બોખ;ડોલ;ડોલચી;દોણી;ચંબુ;પોહોરો.*To kick the.* b., to die: મરી જવું.

Bucketful,(બકૅટ્ ફુલ)*n.*The quantity held by a bucket:કોસ-ડોલ-પુર-ભર.

Buckish,(બકિશ્)*a* Pertaining to a gay young fellow;foppish;નખરાબાજ;ઈશ્કી;ફાંકડું;છેલછબીલું;રંગીલું

Buckle,(બક્લ્)*n* [L *buccula*,a little cheek or mouth.]An instrument usually of metal used for fastening things together: આંકડો-ડી;બંધ.2.A curl, as of heir: (વાળનો)ગુચ્છો 3A contorted expression,as of a face:(મોનો) મરડાટ. 4. A distorbion,or bulge in a saw blade;કરવતીના પાનામાં પડેલો ગોબો-ખાડો. *vt.* To fasten with a buckle:આંકડી મારવી.2.To prepare for action;to set stoutly at work: તૈયારી કરવું;સજ્જ થવું.કમ્મર કસવી; સજ્જ મંડવું(હોંસથી).3.To join in marriage:લગ્નમાં મળવું; હસ્ત મેળાપ કરવો. 4.To bend;to cause to become distorted:વાળવું;મરડી નાંખવું 5 To join in battle: લઢાઇમાં સામેલ થવું *vi.*To bend;to bow:વળવું;નરમ થવું. 2. To enter upon some labour or contest; to struggle: હોંસથી મંડવું-કામે લાગવું; તકરાર લઢાઇમાં ઉતરવું 3. To bend out of a vertical plane:વાંક ખાઇ જવી; નમી જવું *To b to*,to apply with zeal:હોંશથી-ખંતથી મંડવું.[shield:એક જાતની ઢાલ.

Buckler, (બક્લર્) *n* A kind of

Bud(બડ્)*n.*An undeveloped branch or flower:અંકુર;ફણગો;પીલો;કળી. *vi* To put forth buds: અંકુર-ફણગો-પીલો ફુટવો;કળી બેસવી-આવવી. 2 To begin to grow,as a horn:ફુટવું; વધવું. 3. To be in bloom or growing like a young plant: ખીલવું; જરજોબનમાં આવવું. *vt.* To inoculate;to graft:(ઝાડને)કલમ કરવું.ચાંપવી. *To nip in the* b:ઉગતું ડામવું.

Budge (બજ્)*vi.* To move off; to wag: ખસવું;ચાલવું;હાલવું;ચસકવું.

Budgerow, (બજેરો) *n.* A large Bengal pleasure boat:એક જાતની બંગાળી ક્રીડા નૌકા-સહેલ કરવાનું વહાણ.

Budget,(બજેટ્)*n.*A bag with its contents;hence a store:ભરેલો થેલો;સંચય;સંગ્રહ.B.*of news*:સમાચાર સંગ્રહ 2. An annual financial statement made by the British Chancellor of the Exchequer; generally comprehending a view of the finances of the country with the proposed plan of taxation for the ensuing year:બ્રિટિશ રાજ્યની ઉપજ-ખર્ચના અંદાજનું સરવાયું; બજેટ. To *open the* b , ધારા ઘડનાર સભાને આવક ખરચના અંદાજનો હિસાબ રજુ કરવો-આંકડો જણાવવો.

Buff, (બફ્) *n.* A sort of dressed leather prepared from the skin of the buffalo & other animals: ભેંસ વિગેરેનું સાફ કરેલું ચામડું 2 A military coat made of buff skin: ચામડાનો લશ્કરી કબજો. 3. A color between light pink & light yellow:આછોરાતો પીળો રંગ. 4. A buffet;a blow:ડાસો; મુક્કો.*a.* 1 Of the colour of buff leather:આછા રંગનું.2 Firm;sturdy:દૃઢ;સ્થિર;ધીંગુ.

Buffalo, (બફ્ફેલો) *n* (*pl.* **buffa-**

loes.) [L. *bos, bovis*, an ox.] A species of the genus Bos: પાડો. *Female.* **b.**ભેંસ; ડોબું. *An old female* **b.**:ડોબું' A young *Female* **b.**:ભેંટડી.

Buffer,(બફ્ર્)*n* A cushion with strong springs to deaden concussion:રેલ ગાડીને દરેક ખુણે બીજી ગાડીનો ધક્કા જરવવા રાખેલા ઠેકા; ડફરાં. 2.A good-humored, slow-witted fellow;usually an elderly man: આનંદી-ગમતી લહેરીડોસો; મૂર્ખો. 3. A foolish fellow, (in extreme familiarity):ગાંડો.

Buffet,(બફ્ફેટ્)*n.*A blow with the hand;a cuff:મુક્કો; ઠોસો; ધોલ.2.A violent force or resistance, as of winds & waves:ઝપાટો;ધક્કો; જોર. 3.A small stool:નાનું સ્ટુલ.*vt.* To box;to cuff;to slap: મુક્કી-ઠોસો-ધોલ મારવી.2.To contend against:સામુ થવું;બાઝવું.*vi.*To make one's way by buffeting:સામે થઇ પોતાનો રસ્તો કર 2.To play at boxing;to strike: to contend:ધક્કા ધક્કી-મારામારી કરવું બાઝ બાઝા-ઝપાઝપી કરવી,બાયલી કરવી.

Buffoon(બફ્ફન્)*n*A clown;a mimic :વિદુષક;મશ્કરો;રંગલો;ભાંડ;ભટ્ટણ;લૈચ્ચો; વૈહાસિક; ટોળિયો; તરકડીયો. *vt.* To make ridiculous:અણગમું-તિરસ્કાર પાત્ર કર. *a.* Like a buffoon:વિદુષક જેવું.

Buffoonery,(બફ્ફૂનરિ) *n.* Low jests;ridiculous pranks:નીચ મશ્કરી;હસવાલાયક ચાળા; વિદુષકનું કામ; પરિહાસ;હાસ્ય;ઠઠ્ઠા મશ્કરી.

Bug,(બગ્)*n.* An insect having a sucking mouth:માંકણ-ટ.

Bugbear,(બગ્બેર્)*n.* Something frightful as a specter;anything causing needless fear:હાઉ;બ્હાઉ; ધોબર.*a* Causing needless fright: ખાલી બ્હીવડાવવું-ભય આપવું *vt.* To alarm with idle phantoms:ખાલી ભ્રમણાથી બીવડાવવું.

Buggy,(બગિ)*a* Abounding with bugs: માંકણથી ભરેલું. *n.* A light one-horse chaise:બગી; ઘોડાગાડી.

Bugle,(બ્યૂગલ્)*n.*Amusical wind instrument used in hunting or; for military music: રણશીંગુ;તુરાઇ; તુર; શિકારી-લશ્કરી વાજું. 2. A buffalo:ભેંસ;પાડો. A sort of wild ox: એક જાતનો જંગલી બળદ.

Build, (બિલ્ડ) *vt.* (*imp.* & *pp.* **built**) To fabricate;to construct: બાંધવું;બનાવવું;તૈયાર કર;ચણવું. 2 To form,establish or produce by using appropriate means:બાંધવું. રચવું;મેળવવું;રાખવું;*To* **b** *up in the Faith*:વિશ્વાસમાં દૃઢકરવું. 3. To increase & strengthen; to settle & preserve: વધારવું; મક્કમ-મજબુત કર; સુધારવું. *To* **b.***castles in the air*:શેખચલ્લીના હવાઈ વિચાર કર.મોતીએ ચોક પૂરવા.*vi* To practise the business of building: બાંધવાનું ચણવાનું કામ-નો ધંધો કર.2 To construct, rest,or depend,as on a foundation: ઉપર આધાર રાખવો; મત બાંધવો.*n* Form of construction;general figure;built: બાંધો; બાંધણી;બનાવટ;ઘાટ;ઢબ; રચના; બંધારણ;બાંધો.

Builder(બિલ્ડર્)*n* One who builds બાંધનાર;કડીઓ;શિલ્પિ; મિસ્ત્રિ; ગજ્જર.

Building,(બિલ્ડિન્ગ્)*n.*The act of constructing or establishing: બાંધવાનું કામ;વિધાન.2. The art of constructing edifices: બાંધ કામ; બાંધણી.3.A thing built as a house &c.:ઈમારત; ઘર;અમલો;હવેલી; મકાન; ભુવન.

Bulb,(બલ્બ્)*n.*[L.*bulbus.*]A spheroidal body growing from a plant below the ground:કંદ;કાદો; ડીટું; ડીંટું. 2. (*Anat.*) A name given to certain parts resembling in shape certain bulbous roots:કાંદાના આકારના શરીરના અવયવ **B.***of a tooth*:અવાળુ **B.***af the eye*:eye-ball: આંખનો ડોળો 3. A protuberance or expansion of any form on a stem:કંદ;ઉપસેલો ભાગ *vi* To swell:ઉપસવું;ઉપસીઆવવું

Bulbous,(બલ્બસ્) *a.* Having a bulb;bulb like in shape:કંદવાળુ-માથી ઉગેલું; કંદના આકારનું; કંદમય.

Bulbul,(બુલબુલ્)*n.* The Persian nightingale:બુલબુલ પક્ષી

Bulge,(બલ્જ્)*n.*(See **bilge.**) The protuberant part of a cask:પીપનો બહાર નીકળી આવતો ભાગ.ઢેકો. *vi.* To swell or jut out:ધસી-નમીઆવવું;બહ,*the wall.***b.**s:ભીંત ધસી આવી છે.2.To bilge,as a ship;to founder:ગાબડું પડવું;ડૂબી જવું.

Bulimy,(બૂલિમિ)*n.*A disease in which the patient has a perpetual appetite for food; bulimia:જેમાં ઘણી ભુખ લાગે છે એવો એક જાતનો રોગ;મરમરોગ.2. Voracious appetite:અત્યંત ભુખ-ક્ષુધા.

Bulk,(બલ્ક્)*n* Dimension, size; mass:કદ;પ્રમાણ;મહત્વ.2.The gross; the majority;the principal portion: પ્રધાન-અધિક-મુખ્ય ભાગ. 3. The whole cargo of a ship when stowed:વહાણમાં ભરેલો માલ. 4.A projecting part of a shop or building;a stall:ઘર કે દુકાનનો આગળ પડતો ભાગ.*In* **b.**,in a mass or solid state: આખું; અણશુદ્ધ. *Sale by* **b.** ઉઘડ-ઉચ્ચક-સામટું વેચાણ.*To break* **b.**,માલ ઉતારવા માંડવો. *To sell in* **b.**પીપમાં કે ડબ્બામાં ભર્યા વગર છુટું વેચવું.*vi.*To appear to be, to swell: દેખાવું;નજરે આવવું;ઉપસવું.

Bulk-head,(બલ્ક-હેડ્)*n.* A portion separating one part of the interior of a ship from another: વહાણમાં ભરી લીધેલો આંતરો પડદો.

Bulky,(બલ્કિ)*a.*Of great dimensions or size; large: મોટું ભારે; સ્થૂલ;કદાવર;જંગી;માતબર;મરત.

Bull,(બુલ્)*n* The male of any bovine quadruped:આખલો,ગોધો;સાંઢ; વૃષ 2. *Taurus.* one of the twelve signs of the zodiac:વૃષભ. (રાશિ)3. One who or that which, resembles a bull in character or action:સાંઢીઆ જેવું માણસ; સાંઢ; આખલો.4.One who tries artificially and unduly to raise the price of stocks,and speculates on a rise:તેજીવાળો-તેજી કરી ભાવ ચઢાવનાર *John.* **B** English:અંગ્રેજોનું મશ્કરીમા પાડેલું નામ.

Bull,(બુલ્)*n.*[*L.bulla,* a stamp.] the seal appended to the edict & briefs of the Pope: પોપના આજ્ઞાપત્ર ઉપર લગાડેલી મહોર છાપ. 2. A seal:મહોર; છાપ; સિક્કો.3. A blunder or contradiction: ભુલ ભરેલી વાત;ગોથું.*a.* Of or pertaining to a bull,large;fierce:ગોધાનું જેવું;મોટું;માતેલું; અલમસ્ત; વિકાળ; મારકણુ. **B** *calf,*(*a*)a male calf:વાછરડો.(*b*) A stupid fellow:મૂર્ખો;ગાયનો ભાઈ; ઢઠ્ઠો;ઉલ્લું.*vt.* To manifest sexual desire as cows do:વેતર આવવું; કામાતુર જણાવું.

Bullary, (બુલરિ) *n.* A place for boiling or preparing salt: મીઠું શુદ્ધ કરવાની કે પકવવાની જગ્યા.

Bull-baiting, (બુલ્બેન્ટિન્ગ્)*n.*The practice of exciting bulls with dogs:કુતરા પાસે ગોધાને ખિજવાવવો તે.

Bull-beggar,(બુલ્બેગર્)*n.* Abugbear:ધોબર;હાઉ,બ્હાઉ;આવો;મણમઠીઓ.

Bull-dog,(બુલ્ડૉગ્)*n.*A variety of ferocious dog.so named from the size of the head: એક જાતનો બહાદુર મ્હોટા માથાવાળો.કુતરો. ડિલું.

Bulled,(બુલ્ડ્)*a.* Swollen:સુજેલું;તત.

Bullet (બુલેટ)*n* [L. *bulla*,a bubble.]A small ball usually of lead for loading guns:ગોળીનો ગોળી.

Bulletin,(બુલેટિન્)*n* [Fr.]A brief statement of facts respecting some passing event,as military operations or the health of some distinguished personage issued by the authority for the information of public: અમલદાર તરફથી નીકળતું લશ્કરી તૈયારીઓ કે કોઈ મોટા માણસની તંદુરસ્તીના સંબંધમા જાહેર સમાચાર પત્ર; સમાચાર.2.A public announcement of news recently received:તાજા-નવા સમાચારની જાહેર ખબર 3.A periodical publication containing the proceedings of a society:કોઈ સભાનો નિયમિત વખતે બહાર પડતો હેવાલ.

Bull-fly(બુલ્ફ્લાઇ)*n*.The godfly;a stinging insect which torments cattle:ડાંસ; બગાઇ.

Bull-head,(બુલ્હેડ્)*n*. A kind of fish:એકજાતની મચ્છલી.2. A stupid fellow;a lubber:મૂર્ખ;મૂઢ,શ ખ;ed Headstrong;obstinate;dogged; માથાનું ફરેલ; ચિવટ;હઠ.લું;મેલું.

Bullion,(બુલિયૅન્) *n* [L.*bulla*, a bubble.]Uncoined gold or silver in mass:સોના રૂપાની લગડી-પતરા-ઢાળો ચાંદી.2 Showy metall c ornament as of copper,on bridles,or copper lace,&c in imitation of gold:સોના જેવાં દેખાતાં બીજી ધાતુનાં ભભકાદાર કરેણ જેવાં કે ઘોડાનો સામાન. *silver* b:ચાંદી.

Bullock,(બુલોક)*n*.A young bull: ગોધો;આખલો.2 An ox, deer, or bull:બળદ;હરણો; ગોધો; બલ.

Bull's eye;(બુલ્ઝ્-આઇ)*n*. An oval wooden block used for connecting rigging:વહાણનાં દોરડાને જોડવાનો લાકડાનો કડકો. 2. A thick piece of glass inserted in a deck roof, ship's side, &c., to let in light:છાપરામાં કે વહાણના કોઇ બીજા ભાગમાં અજવાળું આવવા માટે બેસાડેલો કાચનો કડકો 3 Any circular opening for air or light:હવા અને અજવાળા માટે રાખેલું ગોળ બાકું. 4. (*Astron.*)Aldebaran,a bright star in the eye of *Tanrus*:વૃષભરાશિમાં આવેલો એક ચળકતો તારો. 5. A police man's lantern:ચોર ફાનસ. 6.The centre of a target. નાની ઢાલનું મધ્યબિંદુ. 7. A thick knob on a sheet of plate-glass:કાચના તખતા ઉપર પડેલી ગાઠ-ટાપ.

Bully(બુલિ)*n*.A quarrelsome person:ધાંધલિયો;લડ્ગો; પરાજીખોર-તોફાની માણસ.*a* Jovial;merry(*low*): આનંદી;ખુશમિજાજી. 2. Fine;excellent:અતિસુંદર;રૂપાળો.*vt*. (*imp.* & *pp* **bullied**). To intimidate with threats and by overbearing, swaggering demeanour: મગરૂરીથી-અને ધમકી આપી ડરાવવું-દબડાવવું-ધાંધલ કરી સપડાવવું-અપમાન કરી-ઉતારી પાડવું;ગંજવાનું પાઠવું *vi*. To be noisy & quarrelsome:ધાંધળ-તોફાન કરવું.

Bullying,(બુલિઇન્ગ્)*n*.The act or behavior of a bully:ધાંધળ કરી ઉતારી પાડવું તે; ડરાવણી; સતાવણી.

Bulwork(બુલ્-વર્ક્)*n*.A outwork for defence:a bastion:બુરજ;કોટ 2 Any means of defence;a screen or shelter:બચાવ કરવાનું સાધન; રક્ષણ;આશ્રય (*pl.*) The sides of a ship above the upper deck:તુતકની ઉપરના વહાણના ભાગની બાજુઓ.*vt*.To fortify with a rampart or wall:કિલ્લા કે દિવાલથી ઘેરી મજબુત કરી લેવું.

Bum,(બમ્)*n* (Contracted from *bottom*.]The buttocks (*low*):ગાંડ;કુલ્લા;ચગટા.*vi* To make a humming sound:ગણગણ અવાજ કરવો.

Bump,(બમ્પ્)*n* A thumb;a heavy blow:મુક્કો;ધબ્બો;ઠોસો 2. A swelling or protuberance:ઢીમચું;ગાંઠ. *vt*. To strike with, or against, anything solid; to thumb:સાથે અફાળવું;ઠોકવું *vt*.To make a heavy or loud noise: ઠોકવું; અફળાવું; પછડાવું;ધોધાટ કરવો.

Bumper,(બમ્પર્)*n*. (A corrup.of *bumbard*,a large drinking vessel.)A cup or glass filled to the brim: છલોછલ ભરેલો પ્યાલો. 2. A crowded house at a theatre in honor of some favourite performer:કોઇ માનીતા ખેલાડી-પાત્રના માનાર્થે ખિચોખિચ ભરાયલી નાટકશાળા

Bumpkin,(બમ્પ્-કિન્)*n*.A clown;a country lout:ગામડીયો;રોચો; ગમાર; વૃષલ.

Bumptious,(બમ્પશસ્) *a*.Selfconceited; forward; pushing:ઉદ્ધત; આપવડાઇખોર.ધૂર્ત;લડી પડે એવું;બીજાને દબાવે તેવું;પતરાજીખોર.

Bun,(બન્)*n*.[Fr *bugne*,a pancake] A small sweet cake:ચાનકો; પુરી; અંગાખરી

Bunch,(બન્ચ્)*n*.A hunch;a hump. ખુંધ;ઢેકા;નમું 2.A cluster;a collection:ઝુમખું;લુમ;ભારો;ગુચ્છો; સ્તબક ઝુડી;પડો;પડી;પણી.3.A small isolated mass of ore:ખાંચી ધાતુનો ઢગ-જથ્થો.*vi*.To swell out,as into a bunch:ખુંધ-ઢેકો નિકળવો;ઢીમચું ઉઠવું *vt*.To form a bunch: નો ઝુમખું લુમ-ભારો બાંધવો;ગુચ્છો કરવો.

Bunchy(બન્ચિ)*a* Massy:ઝુમખાદારવાળું 2 Resembling a bunch: having tufts:ગુચ્છાદાર;3.Yielding irregularly:અનિયમિત પેદાશ આપતું.

Bund,(બંડ્)*n* An embankment against inundation:રેલનાં પાણી અટકાવવા બાંધેલો પુરતો-પાળ-બંધ.

Bundle,(બન્ડલ્)*n* A number of things bound together;a roll: ગાંસડી;બચકો; મીંદડી; પોટલું લી.B. *of medicine or powder*: પડીકું. B. *of grass or sticks*: પુળી;ઝુડી;ભારો. B. *of thread*: બિંદડી;બંડલ. *vt*. To tie in a bundle:ગાંસડી-પોટલી બાંધવી 2.To send off abruptly or without ceremony:તગેડી મુકવું;હાંકી કાઢવું; ખરખડીયું આપવું. *To* b. *off*,: જલદી વિદાય કરી-કાઢી મુકવું; ખરખડીયું આપવું;ઉચાળા ભરાવવા;નાળિયેર આપવું. *vi*. To prepare for departure: જવાની-વિદાય થવાની તૈયારી કરવી.2.To sleep on the same bed without undressing, as lovers: (આશકમાશુકે) કપડા કાઢયા વગર બેગા સુવું

Bung,(બન્ગ્)*n* The stopper of the orifice in the bilge of a cask:પીપનો દાટો;બુચ.2. The orifice of a cask:પીપનું મોં-બાકું.*vt*. To close: દાટો મારવો;મોં બંધ કરવું.

Bungalow,(બન્ગલો)*n*. A house of a single floor:ઘર;બંગલો

Bunghole,(બન્હોલ્)*n*.The hole or orifice in the bilge of a cask પીપનું મોં-બાકું.

Bungle,(બન્ગલ્)*vt* & *vi* To work or be in a clumsy awkward manner: બેડોળ-કઢંગી રીને કરવું;ગરબડ સરબડ કરવું; લોચા વાળવા.*n*.A botch; a gross blunder:ગબડા-ભલીવાર વગરનું કામ.

Bungler,(બન્ગ્લર્)*n*.An awkward unskilful workman: અનાડી-વણસંકર-અણકિસબી કારીગર;અગબટ.

Bunk, (બન્ક્)*n*.A wooden box used as a seat at day & bed at night.બિછાના તથા પથારી તરીકે વપરાતી પેટી-પટારો.

Bunker,(બન્કર્)*n*.A large bin or receptacle for various things:કોઠાર;કોઠી કોઠી.૨. A sort of chest or box, as in a window: જેનું ઉ-

બારેલું ઢાંકણું બેઠક તરીકે વાપરી શકાય એવી એક જાતની બારીમાં મુકેલી પેટી

Bunt,(બન્ટ્)*n.*The middle part or belly of a sail: શઢનું પેટ્ટ-નો વચલો ભાગ.*vt.(Naut.)*To swell out: ફુલવું;ઉપસી આવવું;*vt & vi.*To strick with the horns or head;to butt: શિંગડાં મારવાં;માથું મારવું;ગોથું મારવું.

Bunting,(બન્ટિન્ગ્)*n.*A thin woolen stuff for making flags & signals:વહાણની ધજા-વાવટા જેના બને છે તે ઉનનું રંગબેર ંગી પાતળું કપડું.

Buoy'(બૉઇ)*n.*[L *boioe,*a kind of fetter.]A floating mark to point out the position of objects beneath the water,afloat:છછરા પાણી; ખડક વિ૰ સૂચવવા માટે તરતી મુકેલી વસ્તું;ગોયું. *To stream the* b. નાંગર છુટો મૂકતા પહેલાં વહાણની બા જુએથી ગોયું તરતું મૂકવું.*vt.*To keep afloat:તરતું રાખવું 2. To support to keep from sinking into despondency: આધાર-ટેકા આપવો; બ ચાવ ક૰ ધૈર્ય આપવું 3 To fix buoys to:નિશાની ક૰ *vi.*To float:તરતું રહેવું.

Buoyancy, (બૉઇઅન્સિ) *n.* The quality of floating on the surface of fluid;specific lightness: હલકાપણું; લઘુતા; તરણગુણ-ધર્મ: તરણ શીલતા; તરણશક્તિ; પ્લવન શક્તિ. 2· Cheerfulness; vivacity: ઉત્સાહ; ઉલ્લાસ;આન દવૃત્તિ;ઉમંગ.

Buoyant, (બૉઇઅન્ટ્) *a.* Having the quality of floating in a fluid તરતું;હલક ;ડુબેનહિ તેવું;તરણશીલ;તરણ ધમ ૨.Bearing up; sustaining another body:ઝાલી શકે તેવું; ભારે 3 Vivacious; cheerful. ઉત્સાહી; ઉલ્લાસિ;ચપળ;આન દી;પ્રફુલ્લ;ઉમંગી.

Bur,(બર્)*n.*Any rough or prickly envelope of the seeds of plants: કાંટાવાળું કોટલું-પડ-છોડું. 2. (*a*) A rough ridge left by a tool in dressing or cutting metal:ધાતુને સાફ કરતા કે કાપતાં રહી ગએલી ખડબ ચડી ધાર.3.A broad ring of iron to support a spear:ભાલો ટેકવવાની નચુકી-કડી.5.The lobe of the ear: કાનની બુટ.6.A clinker,a partially vitrifled bricks: પકવીને કાચ જેવી સખત અને લીસી થયેલી ઇંટ. 7. A A small circular saw ગોળ નાની આરી. (*b*) A triangular chisel: એક ત્રિકોણ વિધ્રું.

Burden,(બર્ડન્)*n* (written also **burthen**)A load:ભાર; બોજો; હેલ; ભારદાન.**B.***of a favour received:* આભાર;એહસાન.**2. That which is** grievous,wearisome or oppressive:વેઠ;બોજો;પીડા હેતુ 2 The quantity that vessel will carry:વહાણમાં માય તેટલો ભાર;વજન.*To be a* b on:ભારે પડવું;બોજા રૂપ થઇ પડવું. *vt.* To encumber with weight;to load: ભાર-બોજો ભરવો-મુકવો 2 To oppress with anything grievous or trying:હ ફાવવું;તળે કચરી નાંખવું. પીડવું;જુલમ કરવો;રીબવુ;ફ:ખદેવું.

Burden, (બર્ડન્)*n.* [Fr. *bourdon,* great ball.]The verse repeated in a song:ગાયનમા વારેવારે;બોલાતી ટેપ;ટેક;ધ્રુપદ.Hence,the main topic:વાર વાર આવતો-મુખ્ય વિષય.

Burdensome,(બર્ડન્સમ્)*a.*Grievous to be borne;oppressive:ઘણું ભારે;જડ;કષ્ટકર; શ્રમકર; દુર્વહ; ભારરૂપ; બોજારૂપ;ફ:ખદાયક; જુલમી; પીડાકારી; અગવડ ભરેલું.

Bureau,(બ્યૂરો)*n.*[Fr.]A desk or writing table with drawers.ટેબલ;ખાનાવાળું મેજ;ડેસ્ક;અલમારી.2. Office where writing business is transacted:ઓફીસ; કચેરી.2. A body of subordinate officers in a department: ખાતું; સ્ટાફ.4. A chest of drawers for cloth,&c : લુગડાં વગેરે રાખવાની પેટી-ખાનું.

Bureaucracy,(બ્યૂરોક્રસિ) *n.* A system in which the business of government is carried on in departments each under a chief: અકેક અમલદારના તાબામાં જુદા જુદા ખાતાં રાખી રાજ્ય ચલાવવાની પદ્ધતિ. 2.Government officials, collectively:સરકારી અમલદારો સમસ્ત; અમલદાર મંડળ.

Bureaucrat, (બ્યૂરોક્રૅટ્) *n.* One who advocates government by bureaucracy:અમલદાર; અમલદારથી રાજ્ય ચલાવવાની પદ્ધતિનો હિમાયતી.

Burganet-gonet,(બર્ગનેટ્ ગૉનેટ્) *n.* A kind of helmet એક જાતની ઉભી ટોપી-ટોપ શિરસ્ત્રાણ.

Burgass(બર્ગસ્)*n.*An inhabitant or citizen of a borough: શહેરનો વતની2.A representative of a borough or town in Parliament: પાર્લામેન્ટમાં મોકલેલો-ચોઈ કરેલા કે શહેરનો પ્રતિનિધિ 3. A magistrate of a borough::સ્થાનો ફોજદારી અમલદાર; માજીસ્ટ્રેટ;કોટવાલ.

Burgh,(બર્રો)*n.* An incorporated town, especially, one in Scotland:સકૅટલાંડનું જોડાયલું શહેર

Burgher,(બર્ગર્)*n.*An inhabitant of a borough, who enjoys the privileges of the borough of which he is a freeman: શહેરનો વતની વશીલ.

Burglar,(બર્ગ્લર્) *n.* [L. *latro,* a thief.] (*Law*) One guilty of house-breaking by night: રાત્રે ઘર ફોડી ખાતર પાડનાર ચોરી કરનાર; ખાતર પડો.

Burglary, (બર્ગ્લરિ)*n.* A housebreaking by night in order to commit a felony:રાતની વખત ઘર ફોડવાનો અપરાધ;ખાતર.

Burgo-master, (બર્ગો-માસ્ટર્) *n.* A burgn-master:કોટવાળ; નગરાધ્યક્ષ. 2. An aquatic bird, common in arctic region:ઉતર પ્રદેશમાં થતું એક જાતનું જળચર પક્ષી.

Burgundy,(બર્ગન્ડિ)*n.* A richly flavored wine, (made in Burgundy);એક જાતનો ઉત્તમ સોડમનો દારૂ.

Burial,(બેરિઍલ્)*n.* (*a*) The act of burying:દાટવું તે (*b*)Depositing a dead body in the earth, &c. with attendant ceremonies:ભૂમિદાહ;દફન;ભૂમિસંસ્કાર.2. A sepulchre:સ્મશાન; મશાણ; ઘોર;કબરસ્તાન. *Self* b.*of a sanyasha:*સમાધિ;સમાધ

Burin(બ્યુરિન્)*n* [Fr.]An engraver's tool;a graver: કોતરવાનું હથિયાર;કોતરણી.

Burke,(બર્ક્)*vt.*To murder by suffocation:ગુગળાવીને ગુપચુપ મારી નાંખવું 2 To suppress;to smother; to shelve:દબાવી દેવું;ઉંચું મુકવું;ખાનગરે નાંખવું;ઉડાડવું.

Burl, બર્લ્)*n.*A kr thread or cloth:દે.

Burlesque,(બર્લેસ્ક)*a.*[L. *burla*] jest. ,Jocular;ironical; હાસ્યજનક; હાસ્યરસોત્પાદક;મશ્કરી ભરેલું. *n.* Ludicrous representation;satire: મશ્કરી;ટોળ;પરિહાસ; હાસ્યરસોત્પાદક ભાષણ.2. An ironical composition intended to excite laughter:હાસ્યજનક વર્ણન;હસવું લાવે એવું કોઈ વિષયનું વર્ણન.3. A ludicrous imitation;a caricature:હાસ્યજનક નકલ;હાસ્યજનક ચિત્ર *vt.*To ridicule: હસવું આવે એવું બોલવું; હાસ્યજનક ભાષણ ક૰.

Burly(બર્લિ)*a* Full in figure;stout; lusty:જોહુકુ;મદાવર;જબરૂ;જાડું; અડાબીડ.2.Coarse & rough; boisterous:અસભ્ય;બેખાળીયું;ચાંચળિયું

Burn,(બર્ન્)*vt.imp.*& *pp* **burned** or burnt,To consume with fire (frequently with *up*):બાળવું;બાળીને ભસ્મ-ખાખ ક૰.2.To injure by

fire or heat;to dry up:દઝાડવું;તપવવું;-થી બાળી નાખવું તાપથી મુકવી નાંખવું-કોરૂ ક૦;3 To submit to the action of heat or fire; to harden; to bake:બાળવું;ઉનું ક૦:પકવવું 4. To affect,as fire or heat does:થી અ-ગન,લાય બળવી;આગઉડવી-બળવી દાઝવું; ઝાળ જવાળા ઉઠવી;ચચણવું;ચમચમાટ ક૦. 5.(*Surg*) To cauterize:ડામવું; દઝાડવું 6. *To* consume;to oxidize: વાપરવું; પ્રાણજનક વાયુ સાથે મેળવવું; *To* b.*together*:સાંધવું;સંધાડવું;ઝાળવું; એકત્ર કરી દેવું. To b. *about*: (રમતમાં) દડો અનાયાસે ખસેડવો. To b *one's fingers* પેટ ચોળીને વેદના ક૦; નકામી પીડા વહોરી લેવી. To b. *out*, બાળીને ખાખ-ભસ્મ કોયલો ક૦;જડ મૂળ કાઢવું. *To be burnt out of house & home*:બળવાથી-આગ લાગવાથી ઘર વિ૦ મૂકી નાસી ભાગવું. To b.*up* બધું-તમામ-આખુ બળી જવું;-ખાખ થઈ જવી *vi*.To be on fire;to flame:બળવું;સળગવું;લાગવું.2.To suffer from, or be injured by an excess of heat:દાઝી જવું;બળીજવું.3. To shine;to sparkle:ચળકવું;ઝગઝગવું; તગતગવું;ચગચગવું.4. To be in a state of strong passion or desire:બળ્યા ક૦;બળવું; ધીકવું; સંતપ્ત રહેવું. 5. act or rage with destructive violence: ધમધોકાર-તડામાર ચાલવું; ધાણ કાઢવો. 6. To feel excess of heat:બળતા-આગ-અગન લાગવી; થી ફરફરવું;ચગચગવું. 7. To be akin to fire *in* the effect:દાઝવું;અગન ઉઠવી; બળવું;ચચરવું.*n*. A hurt or injury caused by the action of fire:ચપકો;ડામ.2 The operation of burning,as in brick-making:પકવવું તે.

Burn, (બર્ન)*n*. A small stream; a brook:વહેળિયું;તાયુ;નાની નદી.

Burner,(બર્નર)*n*.A person who sets fire to anything:બાળનાર;દાહક;દાહકર્તા.2. The jet-piece of a gas fixture at which combustion takes place:ચીમનીનુંમોઢિયું;દીવાદાંયું

Burning(બર્નિન્ગ્)*n*.Combustion; inflammation:ઝાળ;આગ;અગન; દાહ;જ્વરસો;ઝણઝણાટ;જ્વાલા.*a* Excessively hot;fiery:અતિશય ગરમ;બાળી નાખે એવું; પ્રચંડ-ધગધગતું 2. Powerful; vehement; intense; exciting: અતિશય;જબરૂ. B *Fever*: તલ તતડી જાય એવો-ધીકતો તાવ.

Burning-glass,(બર્નિન્ગ્-ગ્લૅસ)*n*. A convex lens for producing an intense heat by converging the sun's rays to a focus:આતિશો કાચ;સૂર્યકાંત.

Burnish, (બર્નિશ્) *vt*. To make smooth & bright;to polish:ઓપવું;ઘસીને ચળકતું ક૦; સિકલ ક૦; ઝલેહ આપવી.2. To render bright: તેજ મારતું ક૦; *vi*. To shine forth; to brighten: ચળકાટ મારવો; ચકચકીત હોવું;ઝલહે મારવી.2.To grow large: વધવું;મોટા થવું;આબાળ પડવું.

Burnisher,(બર્નિશર)*n*.One who burnishes:ઓપનાર; સિકલીગર.2. A tool used in smoothing:ઓપણી.

Burr,(બર્) *n*. (See **Bur**.] *vi*. To whisper hoarsely; to murmur: ઓખરે અવાજે બોલવું.

Burrow, (બરો)*n*. A hole in the the ground made by rabbits, &c. for shelter & habitation: બીલ;દર;કોતર;બોડ;રાફડો.2. A heap of weeds or rubbish:કચરાનો ઢગલો.3. An incorporated town; a borough:જોડાયલું શહેર.4.Amound પુરતો ટેકરી.*vi*.To excavate a hole to lodge in:દર-કોતર-બખોલ બોડ-બીલ પાડવું.2 To hide:માં સંતાઇ-ભરાઈ જવું;-માં લપાઇ-છુપાઇજવું.

Bursar,(બર્સર)*n*. [Lat. *bursa*, a purse.]A treasurer or cash keeper: ખિસિદાર; ખજાનચી; તિજોરર; જમદાર.2.A student to whom a stipend is paid:સ્કોલરશીપ લેનાર-નિમણુકદાર વિદ્યાર્થિ.

Bursary,(બૅર્સરિ)*n*.! The treasury of a college or monastery: પાઠશાળા-કિંવા મઠનો ખજાનો.2. The allowance paid to a bursar:વિદ્યાર્થીને આપવામાં આવતી નીમણુક:શિષ્યવૃત્તિ

Burst,(બર્સ્ટ)*vt* (*imp.&pp.* **burst**) To fly or break open with force or sudden violence: જોરથી ફાડવું-ફુટવું બહારનીકળવું.2 To issue or escape by sudden,rending or removal obstacles:(usually with *forth, out, away, into, upon, &c.*):છટકી જવું;છુટા થવું;જોરથી વહેવું-નીકળવું; તુટી પડવું; જોરથી ઉપર આવવું To B.*into tears*:રડવા મંડીજવું;આખમાંથી દડદડ આસુ પડવા લાગવા.*vt*. To break or rend by,force or violence; to open suddenly; જોરથી તોડવું ફોડવું; અકદમ ઉઘાડવું. 2. To produce as an effect of bursting;તોડીને કરવું;પાડવું *n*. A sudden breaking forth;a sudden explosion: એકદમ ફોડવું-ફાટવું-બહાર નીકળવું તે;કાટકો;ચડાકો;કડાકો.2. A rupture or hernia:ગડ;ગોઠ; સારણ ગાઠ B. *of passion*: જબરો આવેશ; જુસ્સો B *of applause*:એકદમ તાળીપાડી સાબાશી આપવી તે.[**Burden**).

Burthen, (બર્ધન્)*n* &c., (See

Bury, (બેરિ) *vt*. To conceal by covering: દાટવું; ઓસવું; પુરવું; સંતાડવું. 2. To deposit a corpse with funeral ceremonies;to inhume:ભૂમિદાહ-સંસ્કાર ક૦; મુડદુ દાટવું. 3. To put away finally; to hide in oblivion:વિસારે પાડવું-મુકવું; ઓલવવું; ભુલી જવું;અંત લાવવો; શમાવવું 4. To commit to the water:જળસાઇ કરાવવી;જળદાહ દેવોકરવો.To b. *the hatchet*:લડાઇના હથિયાર મૂકી,બધુંવિસારે નાખી સલાહ ક૦.

Burying-ground,place,(બેરિઇન્ગ્રાઉન્ડ્-પ્લેસ્) *n*. The place for burying the dead;burial place: સ્મશાનભૂમિ;મશાણ; દખમું; કબરસ્તાન.

Bush, (બુશ્) *n*. thicket. ઝાડી. 2. A shrub with branches rising from or near the root:ઝાડવું;નહાનું ઝાડ. 3. The tail or brush of a fox:લોંકડીની પુછડી. 4. A lining for a hole to make it smaller: કોઇ કાણાંને નાનું કરવાને અંદર મુકાતી ઓળી-નારખુ.*vi*. To grow bushy: ઝાડીની પેઠે સજ્જડ ઉગવું. *vt*. To support with bushes: ઝાડવાંને ટેકો આપવો.2.To use a bushharrow on:સમારની જગોએ ઝાડવું ફેરવવું.3 To furnish with a lining: ઓળી નારખું ઘાલવું. *To beat about the* b આડકતરી રીતે વાત ક૦;હુબહુશીનો ડાબો કાન કરીને વાત ક૦; વહેલ્લિ ક૦; અમથુ પાજણ કરી વાત ક૦.

Bushel(બુશેલ્)*n*[Gr.*pyxis*,a box] A dry measure containing four pecks or eight gallons: ચારપેક કે આઠ ગેલનનું માપ.2.Avessel of the capacity of a bushel: બુશલ માપ એવા માપનું વાસણ. 3. A large indefinite quantity: ઢગલો; વધારે ભાગ;જથ્થો;ઢગ.

Bushy.(બુશિ,*a* Full of branches; thick & spreading like a bush: ઝરાઉ,ગુચ્છાદાર;જટ્ટ. 2. Full of bushes:ઝાડવાવાળુ.

Business (બિઝ્નેસ્)*n*. Employment;occupation:ધંધો; કામ;રોજગાર;ઉદ્યમ *men of* b:વ્યવહારી; વેપારી.*skilled in* b:વ્યવહારકુશળ; કામનો કરો.2 A mercantile transaction:વેપાર રોજગાર;વ્યવહાર. 3. Concern;affair;matter:પ્રયોજન;કારણ; અર્થ;હેતુ 4 Duty; province:ફરજ; કામ;ધર્મ.5. Financial dealings; buying and selling: સોદો;કામની

તડામારી;લેવડદેવડ.6. Any particular occupation engaged in for livelihood:રોજગાર; કસબ; વૃત્તિ;વ્યવહાર 7. Affairs;concerns:કામ; કામ કાજ;કામધંધો; કાર્ય; ધંધો. *To make (a thing) one's* **b**, કે ઇ પણ કામમાં મારી ખાસ ફરજ છે એમ સમજીને તેમાં રોકાવું. *To mean* **b**, to be in earnest: ખરૂં કહેવું;મજાક ન કરવી;ઠાવકાઇ ગંભિરાઇથી કહેવું.

Buskin (બસ્કિન્)*n.* A covering for the foot, fit for a defence against thorns, mud &c: ઢીંચી એડીના અડધા ઢીંચણ સુધી આવતા જોડા. 2. A tragedy: કરૂણરસ નાટક;કરૂણા રસાત્મકબનાવ

Busky (બસ્કિ)*a.* Bushy; wooded: ઝાડીવાળું.

Buss, (બસ)*n.* [L. *basium*, kiss] A kiss; rude or playful. મશ્કરીમા કરેલી બચ્ચી.બોકી 2. A small vessel of from 50 to 70 tons ૫૦ થી ૭૦ ટન બોજો રહે એવું જહાનું વહાણ *vt.* To kiss rudely: મશ્કરીમાં અસભ્યતાથી બચ્ચી-ચુબન કરવું.

Bust (બસ્ટ્)*n.* A piece of statuary representing the upper part of human figure including the head shoulders & breast: પેટથી ઉપરના ભાગની છબી. 2. The chest or thorax the trunk of the body: છાતી.

Bustle (બસલ્)*vi* To stir quickly; to be very quick in motion through hurry: ધામધુમ-ગરબડ-ધાંધળ કરવું. *n.* Great stir: ધાંધળ; ધામધુમ; ગરબડાટ;કોલાહલ,વ્યગ્રતા;ધાલમેલ; ખટપટ;ગડબથલ. 2. A kind of pad used by ladies to extend the skirts behind: મડમોના પોશાકને પાછળનો ઘેર ઉંચો રાખવા મુકેલી નાની ગાદી.

Busy, (બિઝિ) *a* Engaged in some business; not idle nor at leisure: ઉદ્યોગી;મહેનતુ;વ્યવસાયી;ઉદ્યમી;કામમાં રોકાયલું; કામાર્યું. 2 Constantly at work; active; diligent: જાયુ ઉદ્યોગી, આરામ વિનાનું. 3. Officious; meddling: ધાવમેલાયું;માયુ મારવું; ખટપટીયું. 4. Much occupied with employment: કામનું. **B** *day*: કામનો દિવસ. *vt.* To employ; to occupy: કામમાં રોકવું;મંડવું,. To **B** *oneself*: ગુથાવું; રોકાવું.

Busy-body, (બિઝિ બૉડિ)*n.* A meddling person: ધાલમેલિયો; ખટપટીઓ;બીજાના કામમા માયુ મારનાર; ધાંધળિયો.

But, (બટ્) *prep adv.* & *conj* Except; besides; save: શિવાય;વિના;વળી,ફક્ત. 2. Save that; were it not that: ન હોતતો;શિવાય. 3. Only; solely: માત્ર;ફક્ત;કેવળજ. *as* 4 *On the other hand*; yet; still; however; nevertheless; further: નહિતો;તોપણ;છતાં છતા પણ; પરંતુ.

Butcher, (બુચર્)*n* One whose occupation is to kill animals for food: ખાટકી;કસાઇ. 2. A slaughterer: one who kills in a bloody manner: નિર્દય-ઘાતકી માણસ. *vt.* To kill as animals for food : કાપી-મારી નાંખવું;હલાલ કરવું. 2. To murder in a barbarous manner: નિર્દયપણે મારી નાંખવું;ઠેર-પુરૂ કરવું;જંબે કરવું;ક્રુરપણાથી મારી નાંખવું.

Butchery, (બુચરિ)*n* The business of a butcher: કસાઇ-ખાટકીનો ધંધો 2. Murder; great slaughter: ખુન; કતલ;કાપાકાપી;વધ;હનન. 3. The shambles; a slaughter-house: કસાઇવાડો-ખાનું.

But-end, (બટ્ એન્ડ્)*n.* The blunt end of a thing: છેડાનોબુઠ્ઠો-જાડોભાગ

Butler, (બટ્લર્)*n* A servant whose principal business is to take charge of the liquors, plate, &c: બટલેર:શરાબદાર.

Butment (બટ્ મેન્ટ્)*n.* A buttress of an arch: ટેકો;પુસ્તો

Butt, but (બટ્)*n* An end; a limit; a bound: છેડો;હદ;સીમા. 2. A mark to be shot at; an object of aim: નિશાન;ચોટ;નેમ. 3 The person at whom ridicule, jest, &c is directed : જેની મજાકમશ્કરી થતી હોય તે; રમકડું;ઉપહાસાસ્પદ;વિનોદાસ્પદ. 4. A push or thrust given by the head of an animal: માયુ ગોયુ-મારવું તે;ગોયુ 5 A thrust in fencing (પટા ખેલતા)ચોટ;વાર;નિશાન. 6 (*See* **butt** *n.* A large cask : પીપ. 7. The joint where two planks in a strake meet: વહાણના પાટીઆંજડતા બાંધવાજે પાટીયાનો સાંધો આવેછેતે. 8. A hinge made of two metal plates: મજાગરો. 9. A short piece of land left unplowed at the end of a field: પડતર;શેડો. 10. The thick end of a thing: જાડો છેડો.

Butts, & *bounds.* : સીમા; સીમાડો; *vi.* & *vt.* To terminate; to be bounded: સીમા-હદ બાંધવી. 2. To strike by thrusting the head forward: માયુ-ગોયુ મારવું.

Butter, (બટ્ટર્)*n.* [*L. butyrum.*] An oily, unctuous substance obtained form cream or milk by churning: માખણ;મરકો;નવનીત 2. Any substance resembling butter in degree of consistence or other qualities: માખણના ગુણવાળો પદાર્થ. *vt.* To cover or spread with butter: માખણ લગાડવું-ચોળવું *Clarified* B.: ઘૃત;વિષ્ણુનેજ.

Butter fly, (બટ્ટર્ ફ્લાય)*n* A kind of winged insect: પતંગિયું; પોપટ. 2. A showily dressed, giddy person: ફુલફટાકીઓ;છેલ; છેલબટાઉ.

Butter milk, (બટ્ટર્મિલ્ક્) *n.* The milk that remains after the butter is separated from it; whey: છાસ;તક; તાક.

Buttery, (બટ્ટરિ) *a.* Having the qualities, consistence or appearance, of butter: માખણ સરખું લીસું. *n.* An apartment in a house where butter, milk, &c. are kept: માખણ વિ૦રાખવાની કોટડી ઓરડી 2. A room in some colleges where refreshments are kept for sale to students: કોલેજમાં છોકરા માટે નાસ્તો વેચવાની કોટડી. 3. A cellar in which butts of wine are kept: દારૂના પીપ રાખવાનું ભોયરૂં.

Buttock, (બટ્ટૉક્)*n* The rump or prominent part of the body behind. કુલ્લો;ચુતડો; થાપો; નિતંબ. 2. (*Navt,*) The convexity of a ship behind: વહાણની પાછળનો ગોળ ભાગ.

Button, (બટન્)*n* A knot; a small ball: બહાર પડતોજાડ; લખોટી. 2. A catch of various forms & materials used to fasten parts of dress બટન;ખોસિયું;ડોર વ.અટકણ; ચુતાન 3. A bud: a germ of a plant: કળી; ફણગો 4. A flat & elongated piece of wood turning on a nail to fasten door & :સલાળી. *To hold by the* **b**.: થાકતા સુધી વાતમા રોકવું; કંટાળો આપવો;હેરાન કરવું. *vt. To* fasten with a button: ખોસિયા ઘાલવા ભેરવવાં. *vi.* To be fastened by a button: ખોસિયાં આવવાં.

Button hole, (બટન્હોલ્)*n.* The hole in which a button is caught ખોસિયા ભેરવવાનુંકાણું; નાકું; ગાજ. *vt.* To detain in conversation to weariness; to bore: કંટાળતા સુધી વાતમા રોકી રાખવું.

Buttress, (બટ્ટ્રેસ)*n.* A prop; a support to the exterior of a wall: પુસ્તો;ટેકો;માદર;ઢાંટો; *vt.* To prop: ટેકા દેવો;ટેકીરાખવું.

Buxom (બક્સમ્)*a.* Yielding; pliable; obedient: આજ્ઞાધીન;નરમ; ગરીબ. 2. Brisk, jolly: મદમાતી; ચપળ;

ચાલાક;રંગીલું;સાનંદ;હુશ.

Buy,(બાઈ)*vt* (*imp & pp.* **bought**,) To purchase : વેચાતું લેવું; ખરીદવું; વહોરવું. 2. To get at a cost or sacrifice:કંઈ આપીને લેવું;વહોરી લેવું; *To* **b** *off* (*a*)to influence to com, liance:મન મનાવવું;સમજાવવું;વશ કરવું. (*b*)To detach by a consideration given:લાંચ આપી તરફેણમાં લેવું; ફોડવું *To* **b.** *out*,:નો હિસ્સો વેચાતો લેવો *To* **b** *in*, to purchase stock in any fund,&c.:શેર ખરીદવા-રાખવા. *To* **b** *on* credit,to purchase on a promise to pay at a future day:ઉધારે વહોરવું-ખરીદવું *To* **b.** *the refusal*,બાનું આપવું. *vi.* To negotiate about a purchase: વેચાણ ઠરાવવું;સાટું કરવું.

Buzz,(બઝ્)*vi.*To make a low,continuous humming sound:ગણગણવું;ગણગણ કરવું.*vt.*To sound forth: ગણગણાટ કરી જણાવવું.2. To whisper;to spread secretly : ગુપચુપ જાહેર કરવું;ખબર કરવી *n.*A continuous humming noise as of bees:ગણગણાટ;ગુંજારવ.2.A whisper;a report spr ad cautiously:છુપી વાત; કોઇ ન જાણે એમ કહેવું તે.

Buzzard,(બઝર્ડ્)*n.*[L *buteo*,a falcon.]A bird of prey of the falcon family : એક જાતનું બાજ પક્ષી. 2.A blockhead;a dunce:મૂર્ખ;અનાડી; ઠોઠ; ઢ ખ; પથરો; ઢોડો; ઉલ્લુ.

By,(બાઇ)*prep.* Next to; not far from;close to;at: પાસે;સોડે;નજીક; લગોલગ;બાજુએ.2. Near to while passing;past : આગળ-પાસે થઇને; પાસેથી.3.On,along: માં થઇને; વાટે; રસ્તે;4. Through means of;with aid of:વડે;થી થકી લાધે;પ્રમાણે.5.According to:પ્રમાણે;મુજબ.6 Denoting the thing appealed to in an oath:-ના કસમ ખાઇને *By & by*; (*a*) Immediately at once (*obs*): તરતજ;એકદમ (*b*)Presently:pretty soon: આસ્તે આસ્તે;ધીમે ધીમે, રહેતે રહેતે;ચખતજતા;એમ કરતાં *By* the bye,*by* the way: માહેથી માહે;વાતમાં વાત; બધું તો બધું; એતો ખરૂં પણ. **B.***the way*, by the bye : માહેથી માહે;વાત; પ્રસ્તુત.**B** *degrees*.: ધામે ધીમે;હળવે હળવે **B** *all means*:કંઈ હરકત વગર;બેશક.*To swear* **b** :ના સમ ખાવા.*To sit* **b.***oneself*: એકલા બેસવું.*To sell by the pound*:શેર બંધ-શેર શેર વેચવું. *To be present by an attorney* : વકીલની મારફતે-થી હાજર રહેવું.*To stand by*: પક્ષે ઉભા રહેવું;મદત ટેકો આપવો. *One by one*: એક પછી એક;એકેએકે *adv.*Near;present:-ની પાસે; હાજર. 2. Passing near:past;beyond: થઇને જતું. 3. 3.Aside:કોરે;અલગુ;વેગળું.

By-corner,(બાઇકૉર્નર્) *n.* A Private corner:ચોરખુણો

Bye,(બાઇ)*n.*Athing not directly aimed at,an object by the way: વચમાં મળેલી વસ્તુ અડફાઇ-હરકોઇ ચાજ.2.A dwelling:રહેઠાણ;મુકામ.

By-design,-end,(બાઇ-ડિઝાઈન્-એન્ડ્)*n.* An incidental purpose; private interest;secret purpose: ખાનગી કામ;સ્વાર્થ;છુપી મતલબ.

By-expenses,(બાઈ-એક્સ્પેન્સેસ્)*n* Out of way expenses:ઉપલક્ષ ખર્ચ; ગેરવાજબી ખર્ચ.

By-gone,(બાઈ-ગૉન્)*a* Past;gone by:ગત;ગુજરેલું *n* Something gone by;a past event : ગઇ ગુજરી વાત. *Let* **b.***sbe Bs*:ગઇ ગુજરી કોથળે ઘાલો.

By-lane,(બાઇ લેન્)*n.* A private lane;one out of the usual road: આડો રસ્તો; ચોરગલી;આડવાટ.

By-law, (બાઇ-લા)*n.* A local or subordinate law;a private regulation made by a corporation પેટા કાયદો;પેટાધારો;પેટા કાનુન;ઉપનિયમ; ગામ-કસબાનો કાયદો.

By-name,(બાઇનેમ્) *n.* A nickname;અડક;આડનામ.ઉપનામ.*vt.* To give a nick name to:કોઇનું ખીજનુ નામ પાડવું.

By path road-way,(બાઇ-પૅથ્રોડ્ વે)*n* A private path,an obscure way:આડોરસ્તો; ગલી કુંચી; ચોરવાટ.

Byre,(બાઅર્)*n.*A cowhouse:ગાયને રાખવાનું ઘર-ગોશાળા.

Byssine,(બાઇસ્સિન્)*a* [L.*byssus*, fine flax] Made of silk: રેશમનું બનાવેલું-રેશમી.

By-stander (બાઇ સ્ટૅન્ડર્)*n* One who stands near a spectator: પાસે ઉભેલું તમાસગીર માણસ.

By stock-store,(બાઇ સ્ટૉક્-સ્ટોર્) *n.*A round about estimation: અડસટો ગણત્રી.

By story-tale,(બાઈ સ્ટોરિ ટેલ્) *n.*A story by the way;an incidental tale: આડકથા.

By-street,(બાઇસ્ટ્રટ્)*n.* A separate,private obscure street:અલગ રસ્તો ગલી;ચોરગલી.

By-word(બાઇ-વર્ડ્)*n.*A common saying;a proverb: કહાણી કહેવત. 2.The object of a contemptuous saying : નિંદાપાત્ર જેની બધાએ નિંદા કરતા હોય એવી વસ્તુ-દૃષ્ટાંતરૂપદ.

By work, (બાઇવર્ક્) *n* Work aside from regular work : આડકામ;કામમાં કામ; બીજું કામ.

C.

C (સ્-સ)1.The 3rd letter of the English alphabet:અંગ્રેજીમુળાક્ષરમા ત્રીજોવર્ણ; એના સામાન્ય બે ઉચ્ચાર છે"ક્"અને"સ્"a,a,n,l,r,s,ની પૂર્વે અનેછેડે એનો 'ક્' ઉચ્ચાર થાય છે અને e, i,y ની પૂર્વે સ થાય છેch ના ચ,છ અને ક્ એવા ત્રણ ઉચ્ચાર થાય છે. 2. A Roman numeral denoting100: પ્રાચીન રોમન લોકમાં સોનો આંકડો.

Caaba,(કાઅૅબ)*n.* The temple of Mecca&especially a small cubical oratory within,adored by Mohammedans : કેબા નામની મક્કામાં મસજીદ;આ નામનો મસજીદમાંનો પવિત્રઘર, જેની મુસલમાન લોક યાત્રા કરે છે;કાબા.

Cab,(કૅબ્)*n.* A covered carriage with two or four wheels:એક જાતની બે કિંવા ચાર પૈડાંનીઘોડાગાડી;બગી.

Cabal, (કૅબૅલ્)*n.*A number of persons united in some secret intrigue, a junto:કાવતરાંખોર-ખટપટીઆ ટોળી.2.Secret artifice;intrigue:તરકટ;કાવતરૂં; ખટપટ; ભળ;કૂંઢ; ફાદોકારસ્થાન *A c of four persons for a base purpose*:ચ ડાળ ચોકડી.*vi.* To plot,to conspire:ખટપટ-કાવતરૂં કરવું; મસલત કરવી 2. To unite in a cabal:સ્વાર્થ કે પોતાનો મનસુબો સાધવાને ગુપ્ત નાની ટોળી કરવી.

Caba la,(કૅબૅલ્ લૅ)*n.*[Heb.] A tradition or a mysterious kind of science among the Jews:યાહુદી લોકની ગૂઢ દંતકથા.2 Secret science in general : ગાર્મિક-મંત્રવિદ્યા; ગૂઢવિદ્યા; તંત્ર વિદ્યા.

Cabalistic-cal,(કૅબૅલિસ્ટિક્-કૅલ્)*a.* 1 Containing an occult meaning,occult:ગાર્મિક;ગૂઢ;ગુપ્ત;ગુહ્ય;ગૂઢાર્થક 2.Pertaining to cabala:યાહુદી લોકોની ગૂઢ દંતકથા સંબંધી *Cabalistic letters*:ગાઢાક્ષર;નાજ.

Caballer,,(કૅબૅલર્)*n.* One who intrigues.કાવતર ખોર; ખટપટીઓ.

Cabbage,(કૅબ્બજ્)*n* [L *caput*,the head.]1.A culinary vegetable: કોબી;કોબ નાજ;વિલાયતી મુળો 2.Cloth purloined by one who cuts out garments: કુપડાં વેતરનારે ચોરેલું કપડું *vt.* To embazzle, as pieces of cloth in cutting out clothes: વેતરતા લુગડું ચોરવું *vi.* To form a

head in growing : કોળીજમાં ગઠો બંધાવો-થવો.

Cabin,(કૅબિન્)*n.*[Fr.]A small room નાની કોટડી;ઓરડી;ખોલી 2. A cot. tage;hut: ઝુપડું ; છાપરી; ઓરડું. 3 Any covered place;tent;shed: તબુ;માંડવો;રાવટી.4.An apartment in a ship : વહાણમાં ઉતારૂઓ સારૂ ઓરડી;કેબુસો. *A c boy*:વહાણમાં ઉતારૂ-ઓ અગર અમલદારની ખીજમતમાં રહે નાર છોકરો;હજુરીઓ: ખિજમતગાર *vi.* To live in a cabin: ઓરડીમાં રહેવું. *vt.*To confine in a cabin:ઓકેવું; પુરવું; ઘાલવું.

Cabinet,(કૅબિનેટ્)*n.* [Fr.] A retired apartment; a closet: નાની એકાંત ઓરડી. 2. A private room for holding consultations: મસલત કરવાની એકાંત ઓરડી;મંત્રગૃહ;મંત્રણ સ્થાન;મસલતખાનું.3.The collective body of minister of state: મંત્રિમંડળ મંડળી; સલાહકાર મંડળ; મંત્રી સમૂહ. 4. A box with drawers for curiosities:કબાટ;ખાનાદાર પેટી.5 A casket or close room for jewels: દાગીના વિગેરે રાખવાનું ગુપ્ત સ્થળ;ગુપ્ત ઓરડી; જાપતાની જગ્યા. 6 A hut: ઝુપડું; છાપરૂં.

Cabinet-council,(કૅબિનેટ્-કાઉન્સિલ્)*n.* A secret council of ministers;a privy council:ખાસમંત્રિઓની એકાંતે ભરાએલી સભા; સલાહકાર મંડળ.2.Members of a confidential council:રાજ્યના મંત્રિમંડળના સભાસદ, મંત્રિમંડળ.

Cabinet-maker,(કૅબિનેટ્-મેકર્)*n.* A maker of cabinet and other fine furniture: પેટીઓ કબાટ વિગેરે બનાવનાર સુતાર

Cable,(કેબ્લ્)*n.*[L.*captum*,a rope] 1 A large strong rope or chain વહાણ લંગરવાનો અથવા બીજી બાબત માટેનો દોર; સાંકળ; લંગરદોર; દોરડું; ઓરામ; કુરમ 2.A circular moulding resembling a rope:દોરડાના આકારનું કોતરણી કામ; સાંકળ. C. s *length*,:દે ૨ જેટલી લંબાઈ;૭૨૦ ફીટ. *Electric* c.: દરિયા તળે મુકેલું તારનું દોરડું. *To pay out or to veer out the* C. to slacken it : દોરને ઢીલો મુકો સરકવા દેવો.*To serve the* C:દોરથી બાંધવું.*vt.*1.To fasten with a C:દોરથી બાંધવું.2.To cut in imitation of a rope,as a column: થાંભલામાં દોરડાના આકારનું કોતરણી કામ કરવું.3.To telegraph by a submarine cable:દરીઆમાં નાંખેલા દોરડા મારફત તાર મુકવો-મોકલવો.

Cablegram,(કેબ્લગ્રૅમ્)*n.* Cable Gr *grapho*,I write]A message sent by a submarine telegraphic cable:દરીઆમાં નાંખેલા તારના દોરડા મારફત મોકલેલો તારનો સંદેશો.

Cabriolet,(કૅબ્રિઓલે)*n* [L. *caper*, a he-goat.]Aone-horse carriage with two seats:છત્રીવાળી ઘોડાગાડી.

Cachexy,(કૅકેક્સિ)*n.*(Gr. *kakos*, bad & *exis*,state] A depraved condition of the system: અનારોગ્યતા;ખરાબ પ્રકૃતિ;દુઃસ્થિતભાવના

Cack,(કૅક)*vi* [L.*cacao*,]1.To case the body by stool:ઝાડે ફરવા જઈને જીવને ચેન કરવું; દસ્તથી શરીરને ઠીક કરવું 2.To go to stool:ઝાડે ફરવા જવું.

Cackle,(કૅકલ્)*vi.*[L.]1.To make a sharp broken sound,as a goose or hen does:હંસ અથવા મરઘીની પેઠે અવાજ કરવો. 2. To laugh with a sharp, broken noise;to giggle: ખડખડ હસવું;ખીખી હસવું.3.To talk in a silly manner: બકબક કરવું;લવારો કરવો.*n.*1.The broken noise of a goose or hen:હંસ અથવા મરઘીનો ચિત્કાર;હંસનાદ.2.Silly prattle:લવારો; ટાયલું; બકબક;બકબકાટ;ગડબડ; લવલવ.

Cacochymy,(કૅકોકાઇમિ) *n.* [Gr. *kakos*,bad, & *chymos*, juice.] (*Med*)A vitiated state of the blood:રક્તદોષ;રોહીવિકાર.

Cacophony,(કૅકોફોનિ)*n* [Gr.*kakos* bod,& *phone*,sound.]1. An uncouth or disagreeable sound of word: કઠોરઉચ્ચાર; રૂક્ષોચ્ચાર; બે સાસુર જેવો અવાજ. 2. A bad voice: ખરાબ બગડી ગએલો ઘોટો.

Cactus,(કૅક્ટસ)*n.* [L. (*Bot.*) A kind of prickly plant with fleshy & thick stems:કંટાળ;થુવર;થોર.

Cad,(કૅડ્)*n.*A person who stands at the door of omnibus to receive the fares of passengers,etc:ઓમનીબસ નામની ગાડીને બારણે ઉભા રહીને પૈસા ઉઘરાવનાર તથા ઉતારૂઓને બોલાવનાર માણસ 2.A lowbred presuming person;a mean,vulgar fellow:નીચ;ભાયો મારનારો;હોળીનું નાળીયર 3.A runner or messenger: કાસદ;ખેપીઓ;જાસુદ;દૂત.4 An idle hanger about : ગામની ગલીકુચીએ રઝળતો છોકરો; રખડેલ છોકરો.

Cadaver,(કૅડૅવર્)*n* [L.*cado*,I fall.] A corpse: મડદું;શબ;લાસ;પડું.

Cadaverous,(કૅડૅવરસ્)*a.*1 Pertaining to a dead body : શબ-લાસ-મડદાનું સંબંધિ 2. Pa'e; ghastly; મડદા જેવું;ધોળુ ફક;બિહામણું.*C.smell*: મડદાની ગંધ.

Caddy,(કૅડિ)*n.*[Dim.of *cade*.] A small box for,keeping tea in:ચાહ રાખવાની નાની પેટી-ડબ્બો.

Cade,(કેડ્)*n.*[L. *cadus*,a jar.] A cask;a barrel: પીપ.

Cade,(કેડ્)*vt.*To nourish;to tame: પાળવું;પોષણકરવું;ઉછેરવું. *a.* Domesticated:પાળેલું;ઉછરેલું.

Cadence,(કેડેન્સ્)*n.*[L.*cado*,I fall] A fall of the voice in reading: વાંચતાં વાકયને છેડે ઘોટો નીચો ઉતારવો તે;સ્વરપાત.2.(*a*)A regular modulation of sound : સ્વરની નિયમસર ચઢ ઉતર.(*b*)A general fall of voice ચાલતી વાણી 3.*A* just proportion observed by a horse in his motion:ઘોડાની એક સરખી ચાલ-રવાલ. 4. (*Mil*) A uniform time & pace in marching: કુચમાં એક સરખી ચાલ તથા વખત. 5. (*Mus.*) A pause at the end of an air:રાગને છેડે લેવાતો જરા વિસામો.

Cadet (કૅડેટ્)*n.*(*a*)The younger of two brothers:બેમાંનો નાનો ભાઇ (*b*)The youngest son: કનિષ્ઠ પુત્ર; સૌથી નાનો દીકરો.2.(*Mil*)(*a*)A gentleman carrying arms in a regiment as a private man with a view to acquire commission:લશ્કરમા અમલદારની જગા લેવા કમેરવારી કરનાર ગૃહસ્થ.(*b*) A young man in a military school:યુદ્ધશાળાનો વિદ્યાર્થી

Cadi,(કેડિ)*n.*[Turk.]A judge in civil affairs among the Mahomedans hence a judge of a village:ન્યાયાધીશ;કાજી; કોટવાળ.

Caesura,(સીઝ્યૂરે)*n.* A syllable cut off at the end of a word after the completion of a foot: (કવિતાનો) વિરામ સ્થાન.

Cafe,(કૅફે)*n.*A coffee house:કાફી પીવાની દુકાન;કાફી ખાનું.

Cag,(કૅગ્)*n.*[Dan.]A small cask or barrel:નાનું પીપ.

Cage,(કેજ્)*n* [L *cavea*.A cavity.] An inclosure formed of wire, twigs,etc, for confining birds: પાંજરૂ;પીંજર.2 A prison for criminals:બંધીખાનું;પાંજરે. *vt.* To confine:પાંજરામા પુરવું;કેદ કરવું.

Cairn,(કેર્ન્)*n.*A heap of stones: પથરનો ઢગ; ઢગલો; ટેકરો ટેબો.2 A land mark:પથ્થરનું બાણ;હદ નિશાન.

Caitiff,(કેટિફ્)*n* [L.*capio* I take.] A mane villain; a despicable knave: દુષ્ટ-પાપી માણસ; હરામખોર;

ગુલામ;ગુલામજાદો; હરામી; ચંડાળ.2. A captive: કેદી,a. Vile; base-ચંડાળ નીચ; ઘાતકી;હરામી;દુષ્ટ;પાપી;લુચ્ચો.

Cajole,(કજોલ)*vt.* To deceive by flattery; to c ax: ફોસલાવી ખાવું; પટાવવું;સમજાવી લેવું;ઘવાસલા ઢોળવા

Cajolement,(કજોલ્મેન્ટ) *n* Coax-

Cajolery, (કજોલરિ) ing language;a wheadling:પટામણું;સવાસલું;ખુશામત;મસ્કો; મુખમાર્જન.

Cake,(કેક)*n.*1. A composition of flour,butter, suger, etc, baked into a small round mass:રોટલો-લી;અંગાખરી;ભાખરી;પુરી; ઘાતકી; ચપાટી;ચોપડું; વિલાયતી ભજીઉ 2. Any thing in form of a cake as of a soap: ચકતી;તીકડી;વડી; ગઠ્ઠો; છાણું. *Oil* **C.**ખોળ.**C.** *of soap*: સાબુની ચકતી.**C.***of dung*:છાણું. *vt & vi.* To form into a mass:બાંધવું;બંધાવું.

Calamitous,(કલેમિટસ)*a* 1 Miserable;deplosable;distressful(circumstances):દુઃખ ભોરેલું;વિપત્તિનું; અભેદ્ય;અનિષ્ટ; આફતનું.2. Producing calamity; disastrous: દુઃખદાયક-જનક;દુઃખાવહ;દુઃખદ;અનિષ્ટકારક.3 Involved in distress;wretched દુઃખી;દુઃખગ્રસ્ત.

Calamity, (કલેમિટિ)*n.*[L *cado,* I fall.]Any great misfortune;disaster: સંકટ; આફત;આપત્તિ; ઉત્પાત; અશુભ;વિપત્તિ; આપદા;ગજબ; અનર્થ; પીડા. **C.** *from Heaven & kings or government*: અસ્માની-સુલતાની; દૈવિક-રાજકીય ઉપદ્રવ.

Calash(કલૅશ)*n.*1. A light hooded carriage with law wheels: એક જાતની ઘોડાગાડી;ગાડી; ચારડ;બગી. 2. A hood or top of a carriage:ગાડી ઉપરની છત્રી.3.A covering for the head worn by ladies: બૈરાંને માટે માથાનું ઢાંકણ-ઓઢણું;માથાબાનું.

Calcar,(કૅલ્કર)*n.* [L. *Calcaria,* lime-kiln.]1.**A** kind of furnace in use at a glass manufactory: કાચના કારખાની ભઠ્ઠી. 2. (*bot.*) Any projecting appendage of a flower;a spur: ફુલની માન્જર.

Calcine,(કૅલ્સાઇન) *vt.* [L. *Calx,* lime.]1.To reduce to powder by the action of heat:બાળીને રાખ કરવું;ભસ્મ કરવું;મારવું 3 To oxidixe: ધાતુની ખાખ-ભસ્મ કરવી. *vi.* To be converted into powder: ખાખ;ભસ્મ થઇ જવી.

Calciner,(કૅલ્સાઇનર)*n.*One who or that which calcines:ભસ્મ-ખાખ રાખ-કરનાર;ધાતુ મારનારો.

Calcitrant,(કૅલ્સીટ્રન્ટ)*a.*[L.*calcitrare,*to kick.]Kicking; hence: stubborn;refractory:હઠીલું; જક્કી; માથાનું ફરેલ

Calculable,(કૅલ્કયૂલેબલ)*a.* Capable of being calculated:ગણી શકાય-ગણત્રી થઇ શકે તેવું: ગણનીય; સંખ્યેય.

Calculate,(કલ્કયૂલેટ)*vt.* [L. *calculus,*a pebble.]1.To compute; to reckon up:ગણવું; હિસાબ કરવો;ગણતરી-ગણના કરવી 2 To ascertain by reckoning: ગણિતથી નક્કી કરવું જોવું; વર્ત્તવું. *To* **Can** *eclipse:* ગ્રહણ વર્ત્તવું. 3.To adjust by computation: યોજવું;ઘડવું રચવું; ઠોકોળિયું કરવું; અજમાયશી કાઢવી;આકાર-ઘાટ ઘડવો.*To* **C.** *a system of laws for a state:* કોઇ રાજ્યને માટે કાયદાની પદ્ધતિ જુક્તિ યોજવી રચવી;અથવા તેનું ઠોકોળીઉ ઘાટ-આકાર ઉભો કરવો.*vi.*To estimate:અટકસટો કાઢવો;ગણવું; ગણત્રી કરવું;ધારવું;વિચારવું.

Calculating,(કૅલ્કયૂલેટીંગ)Given to forethought;scheming:દીર્ઘદર્શિ;મુત્સદ્દી;કરેલ;વિચારશીલ.

Calculative,(કલ્કયૂલેશન)*n.*Computation;reckoning: હિસાબ;ગણતરી;ગણના;ગરતારો; ગણિત; અટકસટો; યોજના; અજમાયશ; આંકડો; ખ્યાલ; અંદાજ; સુમાર.

Calculation (કૅલ્કયૂલેટિવ)*a.* Tending to calculate:હિસાબ ગણી કામ કરનારો; ઠંડો;વિચાર શીલ;ગણી ગાણીને પીજે એવા. **C.** *person*: વાણીયો. 2. Pertaining to calculation:ગણત્રિનું-ના સ્વરુપ વિ.

Calculous,(કૅલ્કયૂલસ)*a.* 1.Like stone;hard:પથ્થરના જેવું; કઠણ. 2. A fected with the gravel:પથરીના દરદવાળું.

Calculus, (કલ્કયૂલસ)*n pl.***calculi** [L. *calculus,*a pebble] 1 Any hard concretion,formed in the bladder,kidneys etc: પથરી.2. A method of calculation:ગુન્યલબ્ધિ કલન.

Caldron,(કૉલ્ડ્રન)*n* [L *caleo,*I am warm]A large kettle or boiler કોપ;કેવડો;તાંબેડું;ઘંડોળ;તાવડો;કડાહ;

Calender,(કૅલેન્ડર)*n.*[L.*calendarium,* an account book.] 1. An almanac: પંચાંગ;પોથું.2. An orderly list of persons or things ફેરીસ્ત;કોષક; કમવાર લેખ; યાદ; પાક; ઢાપ.**C** *month.* સૌદામાસ.**C.** *of state papers.* રાજ્યના લગતા લેખની ફેરિસ્ત યાદ.**C** *of causes tried:* ફેસલા થએલા કામોની નોંધ-પોથી-કોષક. *vt.* To register or enlist:નોંધી લેવું; પત્રક યાદમાં દાખલ કરવું.

Calender,(કૅલેન્ડર)*n* [L *caleo,*Iam hot]1.A machine or hot press used to press clothes,paper,etc. and to make them smooth & glossy: કુન્દી ધુંટો; અસ્તરી.2. *One* having the business of calendering:એ ધારો; કુન્દીગર અસ્તરી કરનાર.*vt* To press between rollers to make smooth *&* wavy:સફાઇ ઝગેઉ આણવા માટે દાબવું;કુન્દી કરવું;ધુંટો દેવો; અસ્તરી કરવી.

Calf, (કાફ)*n. pl.* **calves.** 1 The young of the cow or of the bovine genus; વાછરડો-ડી-ડું.2. A stupid person;a dolt: જડ-મંદ બુદ્ધિનું માણસ; મૂઢ-મૂર્ખ; બેવકુફ; બળદિયો; નરપશુ.3.Fleshy part of leg behind below the knee:ઢીંચણ નીચે પગની પાછળનો માંસવાળો ભાગ;પિંડી.

Calibre, (કેલિબર)*n.*[L.*qua libra,* of what weight.]The weight of a gun or cannonball:તોપના ગોળા તથા બંદુકનું વજન.2.The diameter of the bore or a gun or cannon:તોપ બંદુકના મોંનો વ્યાસ; ગર્ભસૂત્ર.3.The diameter of any round body: ગોળ વસ્તુનો વ્યાસ; ગર્ભસૂત્ર.4.Compass or capacity of mind:બુદ્ધિ;બુદ્ધિબલ;પહોંચ;શક્તિ;સામર્થ્ય.

Calico, (કૅલિકો) *n.* Plain white cloth of cotton:માદરપાટ.2. Cotton cloth printed with a figured pattern:છિટ; **C.** *printer:* છીપો; ભાવસાર.

Calid, (કૅલિડ) *a.* [L. *caleo* I am hot.]Burning; ardent:ગરમ; ઉનું.

Calif, (કાલીફ્-ક્લીફ્)*n.* The name assumed by the successors of Mahomed: ખલીફ.

Caligraphy,(કૅલિગ્રૅફિ)*n* [Gr.*kalos* beautiful*&grapho,I* write]Fair or elegant pen-manship: સુંદર અક્ષર લખાણ;લેખ; સુંદરલિપિ; કલમ સફાઇ; સુલેખન.

Calipers,Compasses, (કૅલિપર્સ-કમ્પેસિઝ)*n. pl* Compasses with curved legs measuring the diameter of round bodies:ગોળ-પદાર્થનું વ્યાસ માપવાનું યંત્ર;કમ્પાસ.

Calisthenics,(કેલિસ્થેનિક્સ)*n.pl.* Exercises for the promotion of gracefulness.કસરત વિદ્યા; કસરત;વ્યાયામ.

Calix,(કેલિક્સ)*n* Same as**calyx**

Calk,(કૉક)*vt.*[Fr.] 1. To drive oakum into the seams of a ship

to render them watertight:(વિ-ડાણના) સાંધામાં કાથાના ઘુંછા ઘાલી મજબૂત કરવાં.2.[L.*cklk*,heel.] To furnish the shoes with pointed iron:(ઘોડાની ખરીને, જોડાને) ખીલા-નાળ જડવા.*n.*1.A pointed iron on a horse-shoe : ઘોડાની નાળ ઉપરનો ખીલો.2.A piece of iron on the sole of boot:જોડાની નાળ.

Call,(કૉલ્)*vt.*[L.*calo*,I talk.]1.To invite or command to come:બોલાવવું;તેડવું;સાદ કરવો;હાંક મારવી.2. (*a*) To summon;to convoke:જમાવવું; મેળવવું;ભેગું કરવું. and hence (*b*) to give a name to;to name:નામ કહેવું;નામ દઈને બોલાવવું. 3 To designate: નીમવું;ઠરાવવું.4 To utter aloud:પોકારવું;હાક મારવી;ઘુમ પાડવી; મદદ માગવી.5.To appeal to:અરજ કરવી.6.To proclaim:પોકારવું;પોકારીને જાહેર કરવું.*To* C.*back*:રદ કરવું;પાછું ફેર-વવું-વાળવું.*To* C *for*:માગવી;દાવો કરવું; ઘટવું; ઘટિત-જરૂરનું પાત્ર હોવું; નો હક કરવું;હકથી માગવું. To C *forth*:વાપરવું; ખરચવું; કામે લગાડવું;*To* C. *in* (*a*) વસુલ કરવા ઉઘરાવવું; સંકેલી લેવું. (*b*) to withdraw from circulation: ચલણમાંથી પાછું ખેંચી લેવું;લઇ લેવું.(*c*) To summon together: ભેગું કરવું; તેડવું. *To* C. *off*, (*a*): મન ખસેડવું-ઉઠાવી લેવું;-માંથી કાઢી લેવું. (*b*) આઘું ખસેડવું;કામમાંથી બોલાવી લેવું *To* C. *out*,(*a*): લડાઇ માગવી; લડવાને બોલા-વવું-આમંત્રણ કરવું; લડવાને માટે બહાર કાઢવું.(*b*): લડવા નીકળવાને હુકમ કર-વો;*To* C. *over* : બોલાવી જવું; નામ અનુક્રમે બોલાવી જવા બોલી જવું C. *to mind*.: યાદ લાવવું; યાદદાસ્ત તાજી કરવી. *To* C *up*.(*a*):મન-નજર આગળ લાવવું ખડું કરવું;(*b*)વાદવિવાદ થવા સારૂ-તકરાર માટે રજુ કરવું; અમલમાં લાવવું વહિવટમા આણવું.To C. *a spade a spade*: ખરેખરૂં કહી દેવું; કાણાને કાણો કહેવો; રોકડું પકડાવવું;હોય તેવું કહી દેવું; બરોબર ઓળખવું;ખરાવિવેકી થવું. *To* C *in question*.:ને માટે શકમંદ હોવું. વાંધો લેવો-ઉઠાવવો;તકરાર કરવી.To C *to a account*:નો હિસાબ-ખુલાસો માગવો-નીખબર લેવી. To C.*to order*: આડો ફાટતો હોય તેને રીતસર બોલવા કહેવું. To C to *the bar* : વકીલ-બારિસ્ટરનું કામ કરવા પરવાનગી આપવી.*vi.*1.(To) To cry out;to address by name: ઘુમ પાડવી હાંક મારવી;બોલાવવું;તાણીને બોલાવવું 2.(*at.*)To make a short visit: આવવું; જવું; મળવા જવું-આવવું કરવું.3 (*on or upon*) (*a*) To make a briet visit to:મળવા જવું-આવવું. to solicit payment of ઉઘરાણી કરવી, માગવું. (*c*)to pray to; to invoke:સ્તુતિ-પ્રાર્થના કરવી;આવાહન કરવું.(*d*)to invite;to request:અરજ કરવી;કહેવું.To C. *at casually*; ફરકવું. *n.*1. A vocal address of sum mons or invitation: હાંક; તેડું; સાદ;પોકાર;લલકારો;હાકોટો; નિમંત્રણ; આમંત્રણ; આવાહન. 2. A demand: requisition: ઉઘરાણી; માગણી. 3. Divine vocation : ઇશ્વરનું તેડું હુકમ.4.A brief visit or stay : મુલાકાત;મેળાપ 5. Vocation;employ-ment:ધંધો;કામ;ઉદ્યોગ.6. *At* C *or on* C.:માગે કે તરત અપાય; જમે મુકેલી રકમ માગે કે તરત અપાય તે.

Calligraphy,(કૅલિગ્રફિ) *n.* Same as **Caligraphy.**

Calling,(કૉલિન્ગ્) *p.n.*1.A naming નામ દેવું તે; જવાબ મેળવવા માટે દરેક સભાસદનાં નામ બોલી જવા તે.2. Occupation;vocation:ઉદ્યમ;ધંધો;રોજગાર;કામધંધો.3 A class of per-sons engaged in any profession:ધંધાદારી વર્ગ સમાજ સમૂહ. 4. Divine summons:ઈશ્વરી હુકમ-તેડું. 5.A name:નામ.

Callous (કૅલસ્) *a.* [L. *callous*, hard.] Hardened; indurated:કઠણ ગંઠાઇ ગયેલું;બહેરું થઈ ગયેલું;બહેરું ઠુંઠ;મુડદાલ;નિર્જીવ;સુનકાર.2.Unfeeling;insensible: કઠોર; નિર્દય; કઠણ વજ હૈયાનું;બેપરવા; નિર્લજ;નફટ;નઠોર.

Callow, (કૅલો)*a.*[*L.calve*; bald.] Destitute of feathers;naked:પિંછાવગરનું;પિંછા રહિત;બોડું.Immature boyish:કાચી વયનું;કાચું; કુમળું; છોકરવાદ;ઉછાછળું;નાદાન.

Calm,(કૉમ્)*a.* [L.*cauma*, heat] Serene;quiet: સ્થિર;શાંત; નિશ્ચલ; નિર્વેગ;નિર્વાત; શાન્તિકર.2 Not agi-tated;tranquil:સ્વસ્થ;નિવૃત્ત;નિક્ષોભ;અવ્યગ્ર;ઠંડું; બેઠામનવાળું. *n.* Still-ness; tranquillity; serenity: સ્વસ્થ-સ્થિરપણું;શાંતિ;શાંતાવસ્થા;નિશ્ચલતા;ઠંડક. *vt* To render quiet; as elements;શાંત પાડવું;સ્થિર કરવું 2. To pacify;to compose: સ્વસ્થ નિવૃત્ત કરવું;શમાવવું;ઠેકાણે લાવવું ઠંડું પાડવું.

Calmly,(કાંમ્લિ)*adv.* Quietly; ઠંડા મિજાજથી;શાંતતાથી;ધીમા પડીને;ઠંડેપેટે

Calmness(કાંમ્નેસ્) *n* Quietness as of elements: શમશમાકાર; સ્થિર-પણું;સ્થિરતા, અક્ષોભ.2 Sedateness; self-repose: શાંતિ; સ્વસ્થપણું; શાંત બુદ્ધિ: શાંતતા

Calmy,(કાંમિ)See **Calm** *a.*

Calomel,(કૅલોમેલ્)*n.*[Gr. *kalos*, good,& *melas*.black.]A prepa-ration of mercury much used in medicine:પારાની માત્રા: રસકપૂર.

Caloric,(કૅલૉરિક્)*n* [L.*calor*.heat] The principle of heat: ઉષ્ણતા; ગરમીનું મુળતત્વ;ઉષ્ણતામીજ.*a.* Per-taining to heat: ઉષ્ણના સંબધિ.

Calorific, (કૅલૅરિફિક્) *a.* [*calor* heat,& *facio*, 1.make.]Causing heat;heating: ઉષ્ણતાજનક-કારક; તાપજનક;દાહકારક;દાહકર્તા.

Calumba,(કૅલમ્બે)*n.* A kind of root, (called also *colombo* and *calumbol*:)કલમ કાચલી; કોલમ્બો.

Calumniate,(કૅલમ્નિએટ) *vt* [L. *calvor* I devise tricks]To accuse falsely;to slander:જુઠો આરોપ મુકવો;બોતાનું બટ્ટો મૂકવો;આળ ચઢાવવું; બદ નામ કરવું.*vi.*To utter calum-nies નિંદા-બદબોઈ કરવી.

Calumniation, (કૅલમ્નિએશન્)*n.* Aspersion;defamation: બોટી ફેલાવેતી;અપવાદ;કલંક;જાહું આળ; બોતાનું; બટ્ટો;ચાડી;ચુગલી,નિંદા-કુ ચાડ; તહોમત.

Calumniator, (કૅલમ્નિએટર્) *n.* Lampooner:backbiter;asperser: જુઠાં આળ મુકનાર; નિંદા કરનાર; બટ્ટો ચઢાવનાર;નિંદા-ચુગલીબોર:કુ ચાડી; બોટું ફેલાવેત કરનાર;બદબોઇ કરનાર.

Calumnious, (કૅલમ્નિઅસ્)*a.* Li-belous;defamatory:બદબોઇ ભરેલું; એબ લગાડે એવું; નિંદક; કુ ચાડી.

Calumny, (કૅલમ્નિ) *n.* slander; false accussation:જુઠો આરોપ;જાહું આળ;દ્વેષથી મુકેલો બટ્ટો-બુતાનો;બદબોઇ; નિંદા.

Calvary,(કૅલ્વરિ) *n.* [L *calvus*. bald.] A place of skulls, and particularly the place near Je-rusalem,where Christ was cruci-fied: જેરૂસલેમની પાસે જે ટેકરી ઉપર ક્રાઇસ્ટને મારી નાંખ્યો હતો તે ટેકરી. 2.A chapel on a hill wherein are represented the mysteries of Christ:ટેકરી ઉપર બાંધેલું ખ્રિસ્તનું રહસ્યસૂચક દેવસ્થાન. 3. A kind of cross:†આવા આકારનો વધસ્તંભ.

Calve, કાંવ્)*vi.*To bring forth a calf:વાછરડું જણવું.2.To produce off-spring: વિયાવું;જણવું.

Calvinist,(કૅલ્વિનિસ્ટ્)*n.*A follow-er of Calvin: કૅલ્વિનના મત પ્રમાણે ચાલનારો; કેલ્વિન મતવાદી.

Calx,(કૅલ્કસ્)*n.Eng-pl.***calxes**L. *pl.***calces**.[L.*calx*,a limestone] કળીચુનો;સફેદો; ખાખ; ભસ્મ. (જેની કે પ્રવાહ ભસ્મ;અભ્રકભસ્મ;બીજ ભસ્મ).

Calyx,(કૅલિક્સ્)*n.Eng-pl.* **caly-**

xes,*L.pl.***calyces**,[L.a cup.] The outer covering of a flower·ફુલનું ડીટુ-ડીચકું; પુષ્પકોષ વેષ્ટન. 2. A cup-like membranous canal surround.ng the kidney:મુત્રાશયની આસપાસ પાતળી ચામડીનું પડ.

Camber,(કૅમ્બર્) *n.* [L.*comera*, a vault] An arch on the top of a window:કમાન;મહેરાબ; આરકો.

Cambric,(કેમ્બ્રિક્)*n.*[L. *comaracum.*] *A* fine, thin & white fabric of A flax:એક જાતનું રાણનું ઝીણું સફેદ કપડું.

Camel, (કમેલ્)*n.*[L.*camelus*]1. A large quadruped in Asia & America for carrying burdens & for riding:ઊંટ; સાંઢણી. *A nose string for a* c:નથણી.2. (*Naut.*) A contrivance for lifting ships over shoals:રેતીના ખડક ઉપરથી વહાણ ઉચકી લઇ જવાનું યંત્ર.

Camel-backed, (કૅમેલ્બૅકડ્) *a.* Hump-backed:ખુંધો.

Camelopard,(કમેલોપાર્ડ્) *n.* [L. *camelus*& *pardalis*, the female panther.]The giraffe: જીરાફ.

Camera-obscura,(કૅમરૅ-ઑબ્સ્કયૂરૅ)*n.* [Lit.dark chamber.] (*Opt.*) An instrament in which the images of external objects are thrown on a white surface:સૂરજના કિરણથી છબી-ફોટોગ્રાફ પાડવાનું યંત્ર.

Camlet,(કૅમ્લેટ્) *n.* Sometimes written **Camelot**. A stuff made of silk & wool or camel's hair or thread&wool:કામલેટ;રફ્ફર;ખનુસ.

Camp, (કૅમ્પ્)*n.* [L. *campus*, a field.] The spot on which tents of an army,etc,are erected:છાવણી;લશ્કરને રહેવાની જગા; પડાવ; મુકામ.2.A collection of tents,huts etc.:તંબુઓ ઝુપડાંનો સમૂહ 3. The whole body of army encamped: લશ્કર.4.The ground on which a body of officials & their staff have encamped: પડાવ;મુકામ;સ્વારી.5.A mound of earth in which potatoes,etc are stored up:બટાકા વી૰ ઉપર કરેલો માટીનો ઢગલો. 6. A game at ball:નાચ-મીજલસમાં એક જાતની રમત.*vt.*To afford lodging for:ઉતારો આપવો; મુકામ કરાવવો;છાવણી કરાવવી;ઢાળો કરાવવો. *vi.* 1. To pitch tents;to encamp:તંબુ ઠોકવા;મુકામ-છાવણી કર; ઢાળો ઉતારો કર. 2.To play at ball:નાચવું. To *pitch a* c.:તંબુ મારવા-ઠોકવા; પડાવ નાંખવો.

Campaign,(કૅમ્પેન્)*n.*1.An open field: ચોગાન; ખુલ્લું મેદાન; પાટી: સમસ્થળ;પાધર 2. The time during which an army keeps the field: લશ્કર જેટલી મુદત લડાઈ ઉપર રહે તેટલી મુદત;સ્વારી;મુલકગિરી. *vi.* To serve in a campaign:લડવું;લડાઈમાં જવું.

Camphor, (કૅમ્ફર્)*n* [*L. camphora.*] A solid concrete fragrant substance from the *kapurn*, a tree in Borneo & from the Indian laurel:કપુર;કર્પુર.*vt.*See *below*

Camphorate, (કૅમ્ફરેટ્) *vt.* To impregnate with camphor:કપુરવાળું કર.*n.* A salt formed of camphoric acid: કપુરનોક્ષાર. *a.* Impregnated with camphor : કપુરવાળું;કર્પુરમય.

Can, (કૅન્)*p.p.* Began; used for *gan,began* in poetry:રાગ કીધું પ્રારંભ કીધો.*n* [L.*canna*,a reed] A cup or vessel: પ્યાલો; કટોરો; તાસલું;પ્રવાહી પદાર્થભરવાનું વાસણ; વાટકો; બરણી;બદનો;ડબ્બો.*vi. imp.* could To be able;to have power:શકવું; શક્તિમાન હોવું;સમર્થ હોવું.*Cannot but* થયા વગર રહેનહીં; (કર્યા) વગર ચાલેજ નહીં.

Canaille(કૅનેલ્)*n.*[L.*canis*,a dog] The vulgar or rabble:હલકટ-અધમલોક;વસવાયાં;ગામનો ઉતાર;નીચ વર્ણ; કચરો; ઘેડવાડો.

Canakin,(કૅનકિન્)*n.*[Dim. of can] A little cup; નાનો પ્યાલો.

Canal,(કૅનૅલ્)*n.*[L *canolis*, canal or channel.]An artificial water course:પાણીનો કાંસ;નહેર;નીક;કૃત્રિમ; નદી.2.A duct in the body:નળી;નીક.

Canary,(કૅનેરિ)*a.*[L.*canis*,a dog.] 1.Of Cannary Isles:કેનેરી બેટનું.2. Of a yellowish color:પીળા રંગનું પીળચટ્ટું. *n.* Wine made in Canary Isle:કેનેરી બેટનો દારૂ.

Cancel (કૅન્સેલ્)*vt.*[L.*cancello*, I strike out.]1.To obliterate to blot out:ચહેરી છેકી-ભુસી નાખવું;છેકવું;ભૂસવું;છેકો મારવા હરતાલ લગાડવી 2.To revoke;to annul:રદ્દ કર. 3. (*math*) To strike out as common factors:કાઢી દેવું;છેદ ઉરાડવા. *n.*An inclosure;limit: વાડો; હદ; સીમા.2.(*a*) The suppression of matter in type : છીબામાં ગોઠવેલું 'કમ્પોઝ' કાઢી નાંખવું. (*a*) The part thus suppressed:આ પ્રમાણે કાઢી લાધેલો ભાગ

Cancellation,(કૅન્સેલેશન્) *n* A cancelling:છેકો; ચહેરો ·ાંખવું તે.2 The operation of striking out common factors:છેદ ઉરાડવા તે;છેદ.

Cancer,(કૅન્સર્)*n.*[L. *cancer* crab, ulcer.]The crab:કર્ક;કરચલો;કાચબો. 2 A sign of the zodiac, resembling a crab: કર્કરાશિ. 3. A hard tumour resembling a crab:સખત ગાંઠ-ગુમડું;નાસુર; વિદ્રધિ વ્રણ.

Cancerate,(કૅન્સરેટ્)*vt* To grow into cancer:નાસુર પડવું;વિદ્રધિ થવું.

Cancerous (કૅન્સરસ્)*a.* Affected with cancer:નાસુર વિદ્રધિવાળું.

Casuist, (કૅઝહ્યૂઇસ્ટ્)*n* One who studies & resolves cases of conscience:દોષાદોષ કાર્યાકાર્ય જ્ઞાતા-વિવેકી *vi.* To play the casuist:દોષાદોષ જ્ઞાતાનું કામ કર.

Casuistry, (કૅઝહ્યૂઇસ્ટ્રિ)*n.* The science of determining cases of conscience:દોષાદોષ વિવેક;કાર્યાકાર્ય જ્ઞાન.

Cat,(કૅટ્)*n.*A domestic animal of the feline tribe that catches mice:બિલાડી;બિલાડો;મિનિ; માર્જર 2 A kind of ship:એક જાતનું વહાણ; (*b*)a strong tackle:લંગર ખેંચવાની ગરેડી.3.A double tripod,having six feet:છ પાયો.4 An old game at ball & an implement with which it was played:એક જાતની રમત; તથા તે રમત રમવાનું હથિયાર-ઓન્દર.*Cat & dog*, quarrelsome: લડવાડીઓ; કજીઆ-ટંટાખોર. *c. of nine tails*:નવસાટોનો કારડો. *to turn a c.in a pan.*: સબળા પક્ષમાં ભરાઇ જવું;ચાલતી હવેલે ચઢી બેસવું *To rain c.s.& dogs*,to rain hard:ખૂબ વરસવું; મુશળધાર વરસવું; ઘણો વરસાદ પડવો *To let the c.out of the bag*:ભરમ ખોલવો.*c's paw*: હોળીનું નાળીયેર;હૈયા કુટો;મૂર્ખ. *C's eye*;લસણીયો.*vt.* To bring up to the cat head:ઉપર ખેંચી લેવું.

Cataclysm, (કૅટક્લિઝમ્) *n.* [L. *cataclysmos.*] An extensive over-flow of water;a deluge:મહાજળ; પ્રલય;મોટી રેલ.

Catacomb, ((કૅટકોમ્)*n.*[Gr.*kata*, down &*kumbos*,a cavity]A cave anciently used for the burial of the dead:મુડદાં દાટવાની જોયમા ગુફા

Catalepsy,(કૅટલેપ્સિ)*n* [Gr.*kata*, down wards &*lambano*,I seize] (*Med.*)A sudden suspension of the action of the senses and volition:તટસ્થવાયુ; અપસ્માર.

Catalogue,(કૅટલૉગ્)*n* [Gr.*kata*, & *logos*,speech.]A list or enumeration:નોધ;યાદ;પત્રક;ફેહરિસ્ત;ટીપ. *vt.*To make a list of: નોધવું;નું પત્રક-યાદી કર.

Catamenia, (કૅટમીનિઅ્) *n.* [Gr. *kata*, back & *men*, a month.] (*Med*) Menstrual discharges; menses:કુલ;રૂતુ;રજ;ઓપડી;માથે થવું તે.

Cataplasm,(કૅટપ્લૅઝમ્)*n.*[L *catu plasma*](*Med*)A poultice: પોટીસ;પ્રલેપ; ઉપચાર.

Cataract,(કૅટરૅક્ટ્)*n.* [Gr *kata*, down & *regnymi*,I break.]1. A great cascade or water fall:પાણીનો મોટો ધોધ;જળ પ્રપાત.2. (*Surg.*) An opacity of the crystalline lens, or of its capsule: આખનો મોતીઓ;પડળ.

Catarrh,(કૅટાર્)*n.*[Gr.*kata* down &*rheo*,I flow.](*a*) A discharge of fluid from the mucous membrane:રસપૂણી;સલેષ્મ;રસ.(*b*) The cold itself:રસેષ્મ;કફ.

Catastrophe(કૅટસ્ટ્રૉફી *n.*[Gr.*Kata*,down &*strepho*,I turn]1. A final event,usually of a camalitous or disastrous nature:અન્તનો પરિણામ; દુષ્ટ-દુઃખદાયક પરિણામ-બનાવ:આપદ;ઉત્પાત;મોટો ફેર 2.The change which produces the final event of a dramatic piece: નાટકમાં જે બનાવથી અન્તનો પરિણામ બને છે તે; ઉપસંહાર.

Cat-call,(કૅટ્-કૉલ)*n.*A squeaking

instrument:વાદ્ય સિસોટી.

Catch,(કૅચ્)*vt.imp &pp* **caught** [L *capeo*,I take]1 To lay hold on;to seize:પકડવું;ઝીલવું;ઝીપી લેવું 2 To take captive;to apprehend: પકડવું;ઝાલવું;કેદ કરવું;હેડમાં પુરવું;સાહવું. 3 To commun cate to;to fasten upon: પકડવું-નેલાગવું;-માં પ્રસરવું. 4 To please;to charm: રીઝવવું; નું મનહરજન કરવું;મન હરી લેવું; મોહિત કરવું.5 *(a)*To take or receive: ને થવું;નીકળવું.*(b)*To seize with the senses or the mind: ને આવડી જવું. *To* **c.** *a* melody;ને તાન આવડી જવું *(b)* To take by contagion: ને ઉડીને વળગવું-પડવું-આવવું; ચેપ લાગવો. 6.To come upon unexpectedly: કોઇને એકદમ અણચિન્તુ પકડવું 7. To come up with or overtake:પકડી પાડવું; પકડવું; સાથે બરોબર થવું. 8. To reach in time; to come up with:વખતસર જઇને ગાડામાં બેસી જવું; ગાડી મળી જવી. *To* **c.** *at*,to endeavor to seize eagerly or quickly:આતુરતા ઝડપથી પકડવા ઝાલવા જવું *vi.* 1 To be held or impeded by entanglement: ભરાઇ-ગુંચવાઇ સપડાઈ પડવું;અટકાઇ પડવું.2.To spread by infecting; to communicate: (ચેપથી) ઉડવું વળગવું ચઢવું-થવું. *To* **c.** *up*,to snatch,to take up suddenly:ઝડપ મારવી;ઝડપથી ઉપાડી લેવું; *To* **c.** *a Tartar*, કુખનન પકડવા જતાં અવળા ફસાઇ જવું-ને માથાના મળવું; શેરને માથે સવાશેર હોવું.*To* **c.** *as* **c.** *may* (or) *can*.to seize indiscriminately: ગમે તે પકડવું; હાથ આવ્યું તે લેવું પકડવું. *To* **c.** *at straws*,to take notice of trifles; નકામું ફોગટ નિરૂપયોગી હોવું; ગણત્રી ન હોવી; વેવલા વિણવા ફાંફાં મારવું; અવાળે બાચકા ભરવા.*To take or* **c.** *a likeness*, to copy: નકલ ઉતારવી-કરવું;અનુકરણ કરવું *To* **c.** *the idea of*,to understand;to take in:સમજવું;ગ્રહણ કરવું.*n.*1. The act of seizing:પકડવું-ઝાલવું તે.2 That by which any thing is caught:પકડ;લાગ;કોઇ વસ્તુ પકડવાનો હાથો; નાકું-આંકડો 3. The posture of seizing:ઝડપવાને પકડવાને તાકીને બેસવાની સ્થિતિ.4.profit; advantage;gain: ચોટ;લાભ;ગ્રાસ.5 *Pl.* passing opportunities:મળી આવેલો લાભ-તાકડો-ટુકડા પ્રસંગ.

Catching(કૅચિન્ગ્)*a.*1. Charming pleasing: મનોહર;મનોજ્ઞ;કુટકું;દેખાવડું.2. Contagious: ઉડતો; ઉડીવળગે એવો;સ્પર્શાનુગામી;ચેપી.

Catch-penny,(કૅચ્ પેનિ)*n* Something worthless; a worthless book,intended to gain money: નિર્માલ્ય ચીજ; પૈસા કમાવાના ઇરાદાથી લખેલું માલ વગરનું પુસ્તક. *a.* made to gain money; worthless:પૈસા કમાવા લખેલું;માલ-દમ વગરનું; નમ કું

Catch-word(કૅચ્ ઉવર્ડ્)*n*1 Among theartrical performers,the last word of the preceding speaker: cue:રંગભૂમી ઉપરથી જતી વખત કહેવાનો વેશ ધારીનો છેલ્લો બોલ. 2. A word or phrase caught up and repeated for effect:અસર કરવાને જે બોલ અથવા શબ્દો ફરીથી બોલવામાં આવે છે તે.

Catechetic-cal(કૅટીકેટિક્-કૅલ્)[See *catechise*.]*a.* Relating to asking questions and receiving answers પ્રશ્નોત્તર સંબંધી-નું વિષે;પ્રશ્નોત્તરરૂપ

Catechise,(કૅટીકાઇઝ્)*vt.*(*Gr.kata & echos*,a sound.]1.To instruct by asking questions and receiving answers: પ્રશ્નોત્તર કરીને-સવાલ-જવાબ પુછીને શિખવવું. 2. To question or interrogate:પ્રશ્ન સવાલ પુછવો-પુછીને કઢાવવું.

Catechism,(કૅટાકિઝ્મ્)*n* 1 A form of instruction by means of questions & answers: પ્રશ્નોત્તરથી શિખવવાની રીત; પ્રશ્નોત્તરદ્વારા શિક્ષણ. 2.An elementary book containing a summary of principles especially of religious doctrine: પ્રશ્નોત્તરાવળી માળા; પ્રશ્નોત્તર પોથી (વિશેષે) ધર્મપોથી.

Catechist,(કૅટીકિસ્ટ્)*n.* One who instructs by question and answer;a catechiser:પ્રશ્નોત્તરથી શિખવનાર-ઉપદેશક-અધ્યાપક-પાઠક.

Catechu,(કૅટીકયૂ)*n.*A dry brown astringent extract :કાથો બેરસાર

Catechumen,(કૅટેક્યુમેન્)*n* One who is being taught the rudiments of Christianity: ખ્રિસ્તી ધર્મનાં મૂળતત્વ શીખનાર.

Categorical,(કૅટીગૉરિકૅલ્)*a* 1 Pertaining to category:જાત-પંક્તિ સંબંધી-નું-વિષે 2.Absolute; positive;express:સાફ;સ્પષ્ટ;ખુલ્લું;નિશ્ચયાત્મક; નિ:સંશય; નિશ્ચિત; નિરપેક્ષ.

Category,(કૅટાગૉરિ)*n.*[L *categoria* Gr.*kata*,down, & *agora*, an assembly.]*n* 1.Predicament:પદાર્થ; જાત;પંક્તિ;કોટી; સમાનધર્મ,અધિકરણ. 2.State;condition:સ્થિતિ; હાલત; અવસ્થા; દશા.

Catenation,(કૅટીનેશન્)*n.* Connection of links,regular connection સંબંધ;અન્વય; પરસ્પરાન્વય.

Cater (કેઇટર)*vi* To provide food (with *for*): ખોરાક પૂરો પાડવો-લાવી આપવો.[L.*ad & capio* I seize.] A provider:ખોરાક પૂરો પાડનાર;મોદી.

Caterer, (કેઇટરર્)*n* A provider, buyer or purvevor of provisions:ખોરાક પૂરો પાડનાર;મોદી

Caterpillar, (કૅટરપિલર્)*n.* 1. A kind of insect:એક જાતનો કીડો 2. A kind of plant:એક જાતનો છોડ..

Cates,(કેઇટ્સ)*n pl*Provisions;food especially luxurious food:ખોરાક; ખાવાનો પદાર્થ;ભાથુ;મિષ્ટાન્ન;પકવાન્ન.

Cat eyed, (કૅટ્-આઇડ્)*a.*Having eyes like a cat;hence,able to see in the dark:માંજરું; બિલાડીના જેવી આંખવાળું ;અંધારે જોઇ શકે તેવું.

Cat-gut, (કૅટ્-ગટ્)*n.* A kind of cord made from the intestines of animals,especially of sheep: તાંત;પશુઓનાં આંતરડાંના બનાવેલો તાર.

Catharist, (કૅથૅરિસ્ટ્)*n.*One who predents to great purity:વધારે ચોખ્ખાઈ પાળવાનું-સુઘડ રહેવાનું ડોળ બતાવનારો; બગભગત.

Cathartic,(કૅથાર્ટિક્)*a* [Gr. *katharos*,clean]Cleansing the bowels; purgative:રેચક;પેટ લાગે એવું;જુલાબ થાય એવું.*n* A purge;a purgative: જુલાબ; રેચ.

Cathedral,(કૅથીડ્રલ્)*n.*[*Gr kata*, & *hedra*,a seat.] The principal church in a diocese:બીશપના ધર્માસનવાળું મુખ્ય દેવળ.*a* Pertaining to the head church of a diocese: બીશપના તાબાના મુખ્ય દેવળસંબંધિ-વિષે-નું.2.Official;authoritative: અધિકાર પ્રમાણ યુક્ત;સત્તાની રૂએ કરેલું; અધિકાર પૂર્વક.

Catheter, (કૅથીટર્)*n* [Gr *kata*, down,& *eio*,I send]A tabular instrument to be introduced into the bladder to draw off urine:પિશાબ કરાવવાની સળી; મુત્રશલાકા.

Catholic, (કૅથૉલિક્)*a* [Fr.*katholikos*,universal.]Universal or general સામાન્ય;સાર્વજનિક; સર્વનું; સર્વમાન્ય. સાધારણ; સર્વજન; સાર્વત્રિક. 2. Liberal.ઉદાર;નિરપક્ષપાતી;મોટા મનનું;પ્રશસ્ત; ઉદાર વૃત્તિવાળું 3 Pertaining to the Roman Catholics: રોમન કૅથોલીક હોકો સંબંધી. *n.* An adherent of the Roman Catholic Church:રોમન કૅથોલીક ધર્મને માનનાર-વળગી રહેનાર-નો આશ્રિત.

Catholicism, (કૅથૉલિસિઝમ્) *n.* Quality of being catholic or universal:સામાન્ય થવાનો ગુણ; સામાન્યપણું.2.The orthodox faith of the whole Christian church:મૂળ ખ્રિસ્તધર્મ-મત 3. Adherence to the Roman Catholic church;the Roman Catholic faith:રોમન કૅથોલિક પંથ ઉપર એક નિષ્ઠા અથવા તે પંથ.4.Liberality of sentiment: ઉદાર વિચાર;અપક્ષપાતપણું;ઉદારતા.

Catholicity, (કૅથૉલિસિટિ)*n.* The system of doctrine of the orthodox Christian church:મૂળ સામાન્ય ખ્રિસ્ત મત.2.The doctrines of the church of Rome:રોમન કૅથોલિક પંથના મત.3.Liberality of sentiments:ઉદાર વિચાર;નિરપક્ષપાતપણું.

Catholicise,(કૅથૉલિસાઇઝ્)*vt.*or *vi.* To make or become a Roman Catholic:ખ્રિસ્ત-રોમન કૅથોલિક કરવું થવું-ના મતમાં ભળવું-નો ધર્મ સ્વીકારવો.

Catholically, (કૅથૉલિકલિ) *adv.* Generally; universally: સામાન્ય રીતે; સાધારણ રીતે.

Catholicon,(કૅથૉલિકૉન્) *n.* [Gr. *kata,*throughout&*holos,*whole.] (Med) A remedy for all diseases; a universal remedy;a pannacea: બધા દરદો ઉપર સામાન્ય ઓસડ; ત્રિલોક ચિંતામણી.

Catoptrics, (કટૉપ્ટ્રિક્સ્)*n.pl* The part of optics which treats of reflected light:નેત્ર પરાવર્તનશાસ્ત્ર. પરાવર્તનશાસ્ત્ર;આરશી પરાવર્તનશાસ્ત્ર.

Cat's paw,(કૅટ્સ પૉ) *n* (*Naut.*) A light air.આછો વાતો પવન.2.A dupe;a fool ભોળો-સહેલથી ઠગાઈ જાય એવો માણસ;હૈયા કુટો;હોળીનુ નાળિયેર

Cattle,(કૅટલ્)*n.pl.* Domestic quadrupeds: ઢોર; હેવાન;ચોપગા પ્રાણી.

Cattle-show,(કૅટલ્-શૌ)*n.*An exhibition of animals: પ્રાણી-ઢોરનું પ્રદર્શન.

Caudal,(કૉડલ્)*a.*[L.*cauda,*a tail.] Pertaining to,or of the nature of a tail:પૂછડા સંબંધી-ને લગતું;પૂચ્છમય

Caudle,(કૉડલ) *n* [L. *calidus,* warm.]A kind of warm drink for sick persons:માંદા માણસને માટે ગરમાવો આપે એવું પાવાનું-પાન;ઇંડા,દારૂ, ખાંડ,અને ગરમ મશાલોવિગેરે નાખીને કરેલો એક જાતનો પચ-કાવા;કાઢો;ઉકાળો. *vt.* To make into caudle:-નો પચ કરવો.2.To give a caudle to: કાવો પાઇને હોશીયાર કરવું.

Caul,(કૉલ્)*n* A net or covering for the head:માથા ઉપર પહેરવાનું ઢાંકણ.2.The omentum: પેટનો પડદો; આંતરડાંનું વેષ્ટન; સાન પુડી. 3. A part of the membrane enveloping the fetus:ગર્ભ વેષ્ટન; ઑર.

Cauliflower, (કૉલિફ્લાઉઅર્)*n.* [L.*caulis,*a cabbage.] (*Bot.*) A cabbage:કાલી ફ્લાવર;કોબીજ;કુલ કોબી.

Causal,(કૉઝલ્)*a.*[L.*causalis*]Relating to a cause;expressing a cause;causative:કારણ સંબંધી-દર્શક;પ્રેરક; પ્રયોજક; ઉત્પાદક: સાધક. *n.* (*Gram.*)A word that expresses cause:જે શબ્દ કારણ બતાવે છે તે; પ્રયોજક; પ્રેરક.

Causality,(કૉઝૅલિટિ)*n.* The agency of a cause:કારણત્વ; સાધકત્વ; હેતુતા.2.(*Phren.*)The supposed faculty of tracing effects to their causes:કાર્યનાં કારણ શોધવાની શક્તિ.

Causative,(કૉઝૅટિવ્) *a* [L.*causa,* a cause] Expressing a cause or reason:કારણ દર્શક-બતાવનારું; કાર્ય જનક. 2. Causing; effecting:કરતું; ઉત્પન્ન કરતું; ઉત્પાદક;કારક;પ્રયોજક; પ્રેરક.

Cause,(કૉઝ્)*n.*[L.*causa,*cause.] That which produces or effects a result:કારણ; નિદાન; બીજ;હેતુ;સબબ.2 That which is the occasion for an action;account;sake:ખાતર;પ્રયોજન;કાર્ય.3.A suit or action in court:ground of action;case: મુકદમો;દાવો ફરિયાદ 4 The side of a question or controversy espoused & upheld by a person or party:અર્થ ખાતર કાર્ય; પક્ષ.*Material* c .સમવાયી કારણ; *Efficient* c ,નિમિત્તકારણ; કારકહેતુ. *final* c., હેતુ;મતલબ; તાત્પર્ય;સાર. *Primary* c..બીજ;મૂળ કારણ; નિદાન. *Formal* c : રોપિકકારણ. *Instrumental* c. નિમિત્ત;નિમિત્ત કારણ.*Relation of* c *and effect:*કાર્ય કારણ ભાવ, જન્યજનકભાવ.*vt.*To produce;to be the occasion of;to make: ઉત્પન્ન પેદા કર;સમજાવવું.*vi.*To make excuse: બહાનું કાઢવું; સટકી જવું.

Causeless,(કૉઝ્લેસ્) *a.* Having no cause:અકારણ; કારણ રહિત. 2. Without just cause,reason or motive:નિષ્કારણ; અમથું; વિનાકારણ; બેસબબ.

Causeway,(કૉઝ્વે) *n.*[L *cax,* heel.]A way raised above the natural surface of the ground:બાંધેલો રસ્તો; ભેજવાળી જમીનથી ઉંચો રસ્તો.

Causey, (કૉઝી) }

Caustic-cal,(કૉસ્ટિક્ કૅલ્) *a.* [Gr. *kaustikos.For kaio,*I burn.]Burning:corrosive;searing: દાહક;બાળે એવું;જેની કંઈ ચીજ ખવાઈ જાય તેવું.2. Severe;satirical; sharp: સખત; માર્મિક;કરડું;તીક્ષ્ણ; કડુ; વજ્ર જેવું;કોવાડાના જેવા જેવું;મર્મને ભેદે એવું;હાડો હાડ લાગે એવું. *n.* Any substance which burns or destroys the texture; an escharotic:દાહક ઔષધ; કાસ્ટીક.

Cauter,(કૉટર)*n.*[Gr.*kaio,*I burn A hot iron for searing:ડામ દેવા તપવેલું લોઢું.

Cauterization,(કૉટરાઇઝેશન્) *n.* (*Surg*)The act of searing some morbid part by the application of caustic:કાસ્ટીક લગાડી બાળવું-ડામવું-ડામ દેવો તે;દહન; ડાહામણું.

Cauterize,(કૉટરાઇઝ્)*vt.* To burn or sear with a cautery or caustic:કાસ્ટીકથી ડામ દેવો-ડામવું.

Cautery,(કૉટરિ)*n.* A burning or searing with hot iron or by application of caustic:ડામ;ડામવું તે;દાહ.2.The iron or other agent used in cauterization: ડામ દેવાનું લોઢું કે બીજી ચીજ.

Caution, (કૉશન્)*n.*[L.*caveo,* I take care.] Provident care; wariness:સાવધાની;દુરંદેશી; સાવચેતી;ખબરદારી;સાવધપણું;દક્ષતા;અપ્રમાદ. 2.Security;guarantee:હામી; જામીનગીરી; બાંહેધરી. 3. Warning; advice:સાવચેતી;ચેતવણી;તાકીદ; સલાહ.c.*money:*જામીનગીરી માટે મુકેલા પૈસા.*vt.* To warn:ભયની ચેતવણી આપવી;ચેતાવવું;સાવધ કર.

Cautious,(કૉશ્યસ્)*a.* [L. *caveo,* I take care.] Circumspect; wary:watchful:સાવધ;સાવધાન;દુરંદેશ;હોંશિયાર;ચોકસ;દક્ષ;અપ્રમત્ત;જાગૃત.

Cautiously,(કૉશસ્લિ)*adv.* With caution;in a wary, scrupulous manner:સાવચેતીથી; સાવધપણે; ચોકસ રીતે; સાવધાનતાથી.

Cavalcade,(કૅવલ્કેડ્) *n.*[L. *caballus,*an inferior horse.]A procession of persons on horseback;પાયગાની સ્વારી;અશ્વારોહશ્રેણી

Cavalier,(કૅવલીર્)*n.*[L. *caballus.*] A military man serving on horse-back;a knight:સિલેદાર;સ્વાર હથિયારબંધ ઘોડેસ્વાર,"નાઇટ"તુર ગી. 2.A gay sprightly gallant man; hence,a gallant:ફક્કડ;ઉલ્લ;બહાદુર-બાંકો માણસ;બાંકેરાવ.3.One of the leaders of the court party in the time of king Charles 1.:પહેલા ચાર્લ્સના વખતમાં રાજાનો પક્ષકાર.

*a.*Gay;easy;offhand:ફક્કડ;બાંકો; ઉદાર.2.High-spirited:ઉત્સાહી;શૂરો; લઢવૈયો.3. Haughty; disdainful: ગર્વિષ્ટ;મિજાજી; તોરી; પતરાજીખોર. 4. Relating to the party of king Charles 1.: પહેલા ચાર્લ્સ રાજાના પક્ષકાર સંબંધી નું.

Cavalierly,(કૅવલીલિ) *adv.* In a disdainful or haughty manner: ગર્વિષ્ટપણે;તોરથી; મીજાજથી.

Cavalry,(કૅવલ્રિ)*n* (*Mil.*)That part of a military force which serves on horseback:ઘોડેસ્વારની ફૌજ;પાયગાઘોડદળ;અશ્વસેના;અશ્વદળ.

Cave,(કેવ્)*n.* [L.*cavus*, hollow.] A hollow place in the earth; a den:ભોંયમાં ગુફા;કોતર;વિવર; ખોડ. 2.A hollow place;a cavity:પોલો ભાગ;પોલાણ; પોલ; બખોલ; ખાડો.C. *lion* (*zool.*) a fossil lion (of the African kind)found in the caves of Europe: પથ્થરની કુદરતી સિંહાકૃતિ.*vi.*To dwell in a cave: ગુફા-કોતરમાં રહેવું.2. To yield or give way: કબૂલ થવું-મળી જવું;માન્યા કહેવું;છોડી દેવું.*To* C.*in*(*a*)to fall in and leave a hollow:ઢળી-ફસાઇ પડવું;ઢળવું;બખોલ પડવી.(*b*)to submit to yield (*Slang*):તાબે થવું;(તકરાર) મુકી દેવી;હથિયાર છોડી દેવાં.

Caveat,(કૅવીએટ્)*n.*[L,*caveat*, let him beware.] A notice given by an interested party to some officer not to do a certain act until the party is heard in opposition: સામા પક્ષનો પુરાવો લીધા વગર ફેંસલો નહિ આપવો એવી મત લબની દરખાસ્ત.2. A description of some invention lodged in the patent office:કોઇ નવી શોધનો પેટન્ટ આફીસને આપેલો હેવાલ. 3. Warning;protest: ચેતવણી;સાવચેતી આપવી તે.(*Law.*)Let the purchaser be-ware:ખરીદદારને જોઇ તપાસીને એને ગમે તે ચીજ ખરીદવા માટેની ચેતવણી.

Cavern,(કૅવર્ન્)*n* [L. *cavus*, hollow.] A deep hollow place in the earth;a large cave:જમીનમાં ઉંડી ગુફા; બખોલ; કોતર.

Cavernous,(કૅવર્નસ્) *a* Full of caverns;resembling a cavern; hollow: પોલું;પોકળ; ગુફાથી ભરપૂર-ને મળતું; બખોલોવાળું.

Cavil,(કૅવિલ્)*vi* [L.*cavus*, hollow, vain]To raise captious and frivolous objections:ખોટા નકામા-ન જીવા દોષ-ચુક-વાંધા કાઢવા.*vt.*To find fault with:નો દોષ-ચૂક કાઢવી.*n.* A false or frivolous objection; a sophistical argument: ખોટી-નકામી હરકત-વાંધો-દોષ-ચુક; મિથ્યા વિવાદ.

Cavilous(કૅવિલસ્)*a* Apt to object without reason; captious: દોષગ્રાહી;ચુકો કાઢતું;છિદ્રાન્વેષિ;દોષદર્શી.

Cavity, (કૅવિટિ) *n.*[L *cavus*,hollow.]A hollw place;an opening:પોલી જગા;બખોલ;બાકું;પોલ;છિદ્ર;વિવર.2.The state of being hollow;hollowness:પોલાણ;પોલ; પુટ.

Caw,(કૉ)*vt* [A.S.*Ceo*]To cry like a crow,rook or raven:કાકા કરવા. *n.*The noise or cry made by the cro , rook or raven:કાકાકા;કૌરવ.

Cawing, (કૉઇન્ગ્)*pp.* Crying of the crow:કા,કા,કા,કા, કા, કા.

Cayenne pepper,(કેએન્-પેપર) *n* A very pungent pepper:ઘણાં તિખા મરી.called also *red-pepper.*

Cazique,(કૅઝીક્)*n.*A chief or petty king among some tribes in America;રાજા;સરદાર; નાયક;અમેસર.

Cease,(સીસ્)*vi* [L *cedo*,I withdraw.]To come to an end; to stop;to desist:બંધ પડવું;અટકવું;હઠવું.2.To be wanting;to fail:ખુટવું;તંગી-ખોટ પડવી; આવી રહેવું;થઇ રહેવું *vt.*To put a stop to;to bring to an end:બંધ પાડવું;અટકાવવું; હઠાવવું.*n.* Extinction:બંધ પડવું તે; રોકાણ;અટકાવ; સમાપ્તિ.

Ceaseless(સીસ્લેસ્)*a* Incessant; continual:અખંડ;નિરંતર;અથુ;સદાકાળનું; ચાલુ; અવિરત.

Ceaselessly, (સીસ્-લેસ્લિ) *adv.* Without intermission or end: નિરંતર; અથુ; અટક્યા વગર; સદાકાળ.

Cecity,(સીસિટિ) *n.* [L. *caecus*, blind] Blindness:અંધાપો;અંધતા.

Cecutiency(સિક્યૂશેન્સિ)*n.*[L.*caecus*,blind.] Partial blindness: આછું-ઝાંખું દેખાવું તે;ઝાંખ.

Cedar,(સીડર્)*n.*[L.*cedrus.*] The name of several evergreen trees whose wood is remarkable for its durability & fragrant odor: ગન્ધતરૂ; દેવદાર જાતનું એક ઝાડ Of or pertaining to cedar:ગન્ધતરૂનું-વિષે.

Cede,(સીડ્)*vt*[L *cedo*,I give.] To yield or surrender; to give up:આપવું;છોડી દેવું;પારકે સ્વાધીન કર; સોંપવું. સરકારને હસ્તગત કરવું;સ્વાધીન કરવું.

Ceded, (સીડેડ્)*a* Surrendered; given up:આપેલું; સોંપેલું.

Ceduous,(સીડ્યૂઅસ્)*a* [L *coedo*, I cut down.]Fit to be felled: પાડવા-કાપવા લાયક-યોગ્ય-જેવું.

Ceil,(સીલ્)*vt.*[L *coelum*,vault.]To overlay or cover the inner side of the roof of:છાપરાને છત કર-વડી બનાવવી-બાંધવી.To line a surface,as of a wall with plaster or the like:(ભીંતને) પ્લાસ્ટર કર;ચોપડવો.

Ceiling,(સીલિન્ગ્)*n.*The inside lining of a room over head:છત; ચંદરવો;ચંદની.2.The inner planking of a vessel:વહાણની અંદરના ભાગમાં જડેલાં પાટીઆં.

Celature,(સેલેચ્યૂર્)*n.*[L.*coelare*. to engrave in relief.] The act or art of engraving or embossing:કોતરવાની વિદ્યા-કળા. 2. That which is engraved:કોતરેલી વસ્તુ.

Celebrant,(સેલીબ્રન્ટ્)*n.*One who performs a public religious right:લોકની તરફથી જાહેર ધર્મક્રિયા કરનાર.

Celebrate (સેલીબ્રેટ્)*vt.*[L.*celeber* famous.]To extol or honor in a solemn manner: સ્તુતિ-સ્તવન-કીર્તન-વખાણ કર. 2. To honor by solemn rites;to observe duly: વિધિપૂર્વક કર પાળવું;ઉજવવું; ધામધુમથી કરવું. *To* C. *a marriage*:ધામધુમથી લગ્ન કર.3.To solemnize; to perform with appropriate rites: નો ઉત્સવ-સમારંભ કર.

Celebrated,(સેલીબ્રેટેડ્)*a.*Distinguished; renowned: પ્રખ્યાત; વિખ્યાત;નામિચું;પ્રસિદ્ધ;વિશ્રુત; પ્રતિષ્ઠિત; પંકાએલું;વખણાયેલું.

Celebration, (સેલીબ્રેશન્)*n.*Commendation;praise:સ્તવન;સ્તુતિ;કીર્તન.2.Observance with solemn rites:ક્રિયા કર્મથી યથાવિધિ ઉત્સવ દાખલ પાળવું તે.3. Solemn performance in public and with proper ceremonies:ધામધુમથી;યથાવિધિ ક્રિયા કર્મ કરવું તે ઉત્સવ.4.The act, process or time of celebrating: પ્રસિદ્ધ કરવા પાળવાનું કામ-ક્રિયા-વખત.

Celebrity,(સેલીબ્રિટિ) *n.* Fame; renown:વિખ્યાતિ;કીર્તિ;પ્રતિષ્ઠા;નામ; ઇજ્જત;આબરૂ;પ્રખ્યાતિ;નામદારી.2. Celebration:ધામધૂમ;ઉત્સવ 3.A person of distinction (usually in the *pl*):પ્રખ્યાત માણસ.

Celerity,(સીલેરિટિ) *n.* [L *celer*, swift.]Swiftness; rapidity of motion:ઝડપ;તાકીદ;ઉતાવળ;ત્વરા;વેગ.

Celestial,(સીલેસ્ટિઅલ્)*a.*[L.*Coelum*, heaven] Heavenly;સ્વર્ગનું-સંબંધી;સ્વર્ગીય;દિવ્ય;અમર્ત્ય. 2. Belonging to the aerial regions;

ખગોળનું;આકાશનું.*n.* An inhabitant of heaven:વૈકુંઠવાસ કરનાર; સ્વર્ગવાસી.2.A native of China: ચિનો;ચિન દેશનો રહીશ. *C.city*, heaven:વૈકુંઠ;સ્વર્ગ *C.empire*, China, ચિનદેશ. *C.Damsel*: અપ્સરા.

Celiac,(સીલિઍક) *a.*[*G. koilos*, hollow]Pertaining to the abdomen or its cavity:પેડા સંબંધી

Celibacy,(સેલિબસિ)*n.*[L. *cœlebs*, single.]The state of being unmarried;single life:કુંવારા-વાંઢાપણું

Celibate,(સેલિબેટ્) *n* Celibacy: કુંવારાપણું; વાંઢાપણું. 2. One who is unmarried: કુંવારો-વાંઢો પુરૂષ; esp, a bachelor: બાળબ્રહ્મચારી *a.* Single; unmarried:વાંઢુ; કુવારૂં.

Celibatist, (સેલિબેટિસ્ટ્) *n.* One who lives unmarried:કુંવારો; પરણ્યા વગરનો વાંઢો રહેનાર; વાંઢો.

Cell,(સેલ્)*n.* [L. *celo*,I hide.] A very small and close apartment ઘણી નાની અને સાંકડી ઓરડી કોટડી 2. The hut of a hermit:સાધુ-જોગીની ઓરડી; મઢી.3 A small religious house attached to a monastory: મઠ ધર્મસ્થાન તાબાની એક નાની ઓરડી. 4. A very small hollow place: નાની ગુફા.5.A hollow space between the ribs of a vaulted roof ઘુમટવાળા છાપરાની કોનાર વચ્ચેનો પોલો ભાગ.6.A minute sac:જીણું કાણું; છિદ્ર;કોષ.*vt.*To place in a cell: કોયરામાં મુકવું.

Cellar,(સેલ્ર)*n* [L.*cella*, storeroom.)A room under a house or other building: ભોંયરૂં;ગુપ્તસ્થળ.

Cellarage,(સેલ્રેજ)*n.*1 The store rooms of a cellar: ભોંયરાના ખંડ; ભોંયરા.2 Charge for storage in a cellar:ભોંયરાનું ભાડું.

Celliferous, (સેલ્લિફરસ્)*a.*[L *cello*, cell,& *fero*,I bear.] Bearing or producing cells:ભોંયરાવાળું.

Cellular,(સેલ્યૂલર્)*n.*[L,*cellula*;a little cell]Consisting of or containing cells: છિદ્રવાળું ; જીણા ખાનાંવાળું;કોષમય.

Celt,(સેલ્ટ્)*n.* [L.*celtis*,a chisel.] A weapon or implement of stone or metal used by the early Celtic nations:વિધણા જેવું સેલ્ટિક લોકનું ઓજાર-હથિયાર.

Cellule,(સેલ્યૂલ્)*n.*[L *cellula*,dim of *cella*.] A small cell:નાનું-જીણું કાણું-છિદ્ર; ભોંયરૂં.

Celtic,(સેલ્ટિક્)*a* [L.*celticus*.]Pertaining to the Celts,or to their language:સેલ્ટ લોક અથવા તેમની ભાષા સંબંધી-નું.*n.* The language of the Celts:સેલ્ટ લોકની ભાષા.

Celticism,(સેલ્ટિસિઝમ્)*n.*A custom of the Celts or an idiom of their language:સેલ્ટ લોકની ચાલ-રીતભાત-વહિવટ-ભાષા-રઢી.

Cement,(સીમેન્ટ્)*n.* [*L.coementum*,rough stone] Any substance used for making bodies adhere to each other: વસ્તુઓને ચોંટનાર પદાર્થ;જેમકે,કોલ;ગુંદર; સરેશ; સમીટ વિ૦. 2. The powder used in cementation:ઝારવામાં વપરાતો ધાતુનો ભૂકો 3 Bond of union: બંધ;ગાઢ 4.The layer of bone investing the root & neck of a tooth:દાંતના મુળ પકડનાર હાડકાનું પડ *vt.*1. To unite or cause to adhere by means of a cement: કોલ વિ૦ થી ચોંટાડવું-સજ્જડ કરવું 2. To unite firmly or closely:નિકટ-જોડવું-સાંધવું.3.To overlay or coat with cement:કોલથી છોવું;ચેપ દેવો.*vi.* To become cemented;to cohere: ચોંટવું;નક્કર થવું;એકઠા વળગી ભાગી રહેવું

Cementation, (સીમેન્ટેશન્)*n.*The act or process of cementing:સાંધો જોડવો તે; સંધાત;સંધાન; છાહાણ;

Cemetery,(સેમીટેરિ)*n.*[Gr *koimao* I put to bed.]A place for the burial of the dead;a grave-yard: સ્મશાન; કબરસ્તાન;મશાણ.

Cenobite,(સીનોબાઇટ્)*n* [Gr.*koinos*,common,&*bios*, life.] One of a religious order dwelling in a convent:મઠવાશી;જોગી;ગોસાંઇ;ભાવો.

Cenotaph,(સેનોટેફ્) *n* [Gr.*kenos*, empty & *taphos*,a tomb.] An empty tomb or a monument erected in honor of a person who is buried elsewhere:ખાલી કબર;દેવડી; પાળિયો.

Cense,(સેન્સ્)*n.* [L. *census*]. A census:-also a public rate or tax:વસ્તીપત્રક; કર; જકાત; છાપો. 2. Condition;rank: સ્થિતિ;પદ્વિ. *vt.* To perfume with odors:ધુપ દેવો.

Censer,(સેન્સર્)*n.*A vase or pan in which incense is burned:ધૂપદાની;લોબાનદાની; ધૂપિયું.

Censor,(સેન્સર્) *n.* [L. *censeo*,I value.]One of two magistrates of Rome: પ્રાચીન રોમના લોકોનો માજીસ્ત્રેટ 2. An examiner of books before application:છાપખાનામા ચોપડી-લખાણ છપાવા આપતા પહેલા કોઈ મના કરેલું તેની અંદર છે કે નહિ તે જોઇ જનાર અધિકારી. 3. One who censures or blames;a censure: દોષ કાઢનાર; વાંક કાઢનાર. 4.A critic;a reviewer:ગ્રંથ વિવેચન કરનાર;રસજ્ઞ;ગુણાગુણજ્ઞ;ટીકાકાર.

Censorial,Censorian, (સેન્સોરિઍલ્ સેન્સોરિઍન્)*a.*Belonging to a censor,or to the correction of public morals: 'સેન્સર' નામના અધિકારી સંબંધી;લોકની નીતિ સુધારવા સંબંધી.2.Full of censure;censorious:નિંદક;દોષદર્શી;નિંદાશીલ.

Censorious,(સેન્સોરિઅસ્)*a.*Apt to blame or condemn;addicted to censure: દોષ-વાંક-ખોડ-ખોતરણાં કાઢવામાં પ્રવીણ-તૈયાર;ખોળની ટીકા કરનાર;નિંદક;છિદ્રાન્વેષી. 2. Implying or expressing censure:નિંદાયુક્ત; દૂષણયુક્ત; દોષબુદ્ધિનું.

Censurable,(સેન્સ્યૂરેબલ્)*n.*Blamable;reprehensible: ઠપકા-નિન્દાપાત્ર; દોષ કાઢવા યોગ્ય;નિંદ્ય;દૂષિત;દૂષણીય; દોષ પાત્ર. C conduct:નિંદ્ય વર્તણુંક.

Censure,(સેન્સ્યૂર્)*n.* [L *censor*.] Blame;reprehension:ઠપકો; દૂષણ; નિંદા; અપવાદ; આક્ષેપ.2 Judicial or ecclesiastical sentence:ન્યાયાધિશે-ધર્માધ્યક્ષે કરેલી શિક્ષા-દંડ-તિરસ્કાર. *vt.*To find fault with and condemn as wrong;to blame: ઠપકો દેવો;નાપસંદ કરવું; વાંક-દોષ કાઢવો. 2. To condemn by a judicial sentence;કાયદાની રૂએ શિક્ષા-સજા-દંડ કરવો; ધિક્કારી કાઢવું; તિરસ્કાર કરવો.

Census,(સેન્સસ્)*n.*[*L.*]A numbering of the people: વસ્તીગણના;વસ્તીપત્રક;ખાને સુમારી.2.An official registration for the same:વસ્તીપત્રક;-નું રજીસ્ટર.

Cent,(સેન્ટ્)*n.* [L.*centum*, hundred.]A hundred:સૈકો;સેંકડો;સો; શત.2.A coin of the United States:એક જાતનો યુનાઇટેડ સ્ટેટસમાં વપરાતો સિક્કો; દોકડો 3. An old game at cards:પત્તાની એક રમત.

Centage,(સેન્ટેજ)*n.*Rate by the cent;percentage: સેંકડા-સૈકા-સોનો ભાવ-દર; ટકા.

Centaur, સેન્ટૉર્) *n.* [L.*centaurus*.] A fabulous being represented as half man and half horse:અડધો નર અને અડધો ઘોડો એવું કલ્પિત પ્રાણી;હયગ્રીવ;નરાશ્વ.2.A constellation in the southern heavens:દક્ષિણ ખગોળના એક નક્ષત્રનું નામ; ધનરાશિ.

Centenarian,(સેન્ટેનેરિઅન્) *n.*[L. *centum*, hundred and *annus*,

year.]A person of hundred years old:શતાયુ પુરૂષ;સો વર્ષનું માણસ.*a.* Of or relating to a hundred years:સેંકડો-સૈકા-સો વર્ષ સંબંધી-નું-વિષે; શત વાર્ષિક.

Centenary,(સેન્ટેનરિ) *n.*[L.*centum*,hundred] The aggregrate of a hundred single things:સૈકા; સો;શતક;સેંકડો.2.The celebration of an event which occurred a hundred years before:શતવર્ષિ.*a.* 1. Relating to a hundred;consisting of a hundred:સોવાળું; સો સંબંધી.2 Centennial: સો વર્ષમા એક વાર બનતું; પ્રતિશતવાર્ષિક.

Centennial,(સેન્ટેનિએલ) *a* [L. *centum*, hundred, & *annus*, year.] Relating to the commemoration of an event that happened a hundred years before: સોમો વાર્ષિક દિવસ-વર્ષગાંઠ-વરસીને લગતું સંબંધી.2 Happening once in a hundred years:સો વર્ષે એકવાર બનતુ-થતું-આવતું;શતવર્ષી; શતવાર્ષિક.3.Lasting or aged a hundred years: સો વર્ષનું-ની ઉમર-વયનું; શતવાર્ષિક.

Center-tre,(સેન્ટર)*n.*[L.*Centrum* centre.] The middle point or place:મધ્યબિંદુ; કેન્દ્ર; ગર્ભ; નાભિ. 2. The middle or central portion of any thing; midst: મધ્ય-ઉદર ભાગ;ગર્ભ.3.A principal point of concentration: એકીકરણ-એકાગ્રતાનું મધ્યબિંદુ;કેન્દ્ર;લક્ષ્ય.4. A temporary framing on which vaulted work is constructed:ઘુમટ કામને થોડો વખત ટેકો આપવા કરેલું બાંધકામ. 5.Men of moderate political opinions in the French chamber:ફ્રેંચ રાજસભામાંના મધ્યમ વિચારનો પક્ષ-ના માણસો. **C.** *of gravity*, ગુરૂત્વ મધ્યબિંદુ. **c.** *of gyration*, ભ્રમણ સમયે ગતિગ્રાહક મધ્યબિંદુ. **C.** *of inertia*, એક કે વધારે જડ પદાર્થનું ગુરૂત્વ મધ્યબિંદુ **C.***of motion*, (ગતિ-ક્રિયામાનું) અચલ મધ્યબિંદુ *vi* To be placed in a center; to be central:મધ્યે હોવું. 2. To be collected to a point;to be concentrated; એક બિંદુમાં ભેગા થવું;એક લક્ષ્ય થવું.*vt.* 1.To place on a central point:મધ્યે વચોવચ-મુકવું. 2. To collect to a point;to concentrate:એક બિંદુમાં જગોએ ભેગા એકઠા-એકલક્ષ-સ્થિર કરવું 3 To form a recess or indentation for the reception of a center: મધ્યબિંદુ સ્થિર કરવા માટે ખાડો-ખાંચ-છિદ્ર પાડવું.

Centesimal, (સેન્ટેસિમૅલ્)*a.* [L. *centum*,hundred,] Hundredth; શતાંશ; સોમા ભાગનું-સંબંધી. *n.* A hundredth part:સોમો ભાગ;શતાંશ.

Centigrade,(સેન્ટિગ્રેડ)*a* [L *centum*,and *gradus*,degree.]Graduated into a hundred divisions or equal parts:સો અંશ-ભાગવાળું; શતાંશ. *Centigrade thermometer*, સો ડીગ્રી (અંશ) ના માપવાળું થરમોમિટર (શિનોગ્રણમાપક યંત્ર).

Centiped,(સેન્ટિપેડ)*n.* [L.*centum* & *pes pedis*, a foot.] *(Zool)* A species of the *Myriapoda*:કાનખજુરો;-ના જેવા કીડા;શતપદીકૃ.

Central,(સેન્ટ્રૅલ)*a.*[L. *centrum*] Relating to the center;placed in the centre or middle: મધ્યબિંદુનું-વિષે-સંબંધી;મધ્યે આવેલું; મધ્યનું

Centralize(સેન્ટ્રૅલાઇઝ્)*vt.*To draw to a central point;to bring under one control:મધ્યબિંદુ ભણી ખેંચવું-લાવવું;એક સત્તામાં મુકવું લાવવું;એક હસ્થુ કરવું;એક હાથમાં સત્તા રાખવી

Centralisation,(સેન્ટ્રૅલાઈઝેશન્)*n.* The act of drawing to a centre: મધ્યબિંદુમાં એક ઠેકાણે લાવવું તે.The tendency to administer by the sovereign or central government matters which would be other wise under local management: રાજસત્તા એક હાથમાં રાખની તે;એકજ ઠેકાણે રાજસત્તા એકઠી કરવી તે.

Centrifugal, (સેન્ટ્રિફ્યૂગૅલ) *a.*[L. *centrum*, & *fugio*,I fly.] Tending to recede from the center: મધ્યકેન્દ્રત્યાગી; મધ્યોત્સારી; કેન્દ્રવર્જી; કેન્દ્રાપગામી 2.Expanding first at the summit and later at the base (*as a flower*) પહેલું વહેલું મથાળે અને પછી નીચેથી ફેલાતું-ફુલતું. **C.** force:મધ્યબિંદુ ત્યાગી બળ.

Centripetal,(સેન્ટ્રિપેટલ્)*a* [L.*centrum*, & *peto*, I move toward] Tending or causing to approach the center:મધ્ય-કેન્દ્ર તરફ જતું-લેઇ જતું;મધ્યાભિસારી;મધ્યાભિગામી; મધ્યાભિસરણશીલ;કેન્દ્રાભિમુખ;કેન્દ્રસારી 2. Expanding first at the base of the inflorescence & proceeding towards the summit: થડથી ફેલાતું ફેલાતું ટોચે જતું.3.Progressing by changes from the exterior of a thing towards its center:ઉપરના ભાગથી રૂપાંતર થતું થતું મધ્યબિંદુ તરફ જતું. **C.***force*,મધ્ય-કેન્દ્રાભિસરણ બળ.

Centrolineal, (સેન્ટ્રોલિનિઅલ્)*a.* [L.*centrum*,& *linea*.line.] Converging to a center: એક બિંદુ-કેન્દ્ર તરફ વળતું.

Centuple,(સેન્ટ્યૂપલ્)*v.* [L. *centum*,& *plico*, I fold] Hunderdfold.સોપટ;સો ગણું.*vt.* To increase a hunderd-fold:સોપટ-સોગણું કરવું.

Centurial, (સેન્યૂરિઅલ્)*a.* Of or relating to a century: એક શતીશતક સૈકાને લગતું-નું.

Centurion, (સેન્ટ્યૂરિઅન્)*n.* [L. *centum*, hundred.] A military officer who commanded a minor division of the Roman army;a captain of a century: રોમન ફોજની એક નાની ટુકડીનો અમલદાર; સો સિપાઇની ટુકડીનો કપ્તાન-સરદાર-નાયક;શતપતિ; શતાધીશ.

Century,(સેન્ટ્યુરિ)*n.*[L.*centum*, hundred.](*a*)Hundred:સો;as, *a* (*b*) An aggregate of hunderd things સો; સો ચીજનો સમુહ. 2. A period of a hundred years:સો-વર્ષ;સૈકા;સેંકડો; સદી; વર્ષશતક. 3. A division of the Roman people formed for the purpose of voting for civil officers:મુલકી અમલદારોની ચુંટણી કરવા રોમન પ્રજામાં પાડેલો ભાગ-વાડો-વર્ગ.

Cephalalgy-gia(સીફૅલૅલ્જિ-જિઅ)*n.* [Gr. *kephale*, head & *algos*, pain.]Pain in the head; headache:માથાનું દુઃખ-દરદ.

Cephalitis,(સીફૅલિટિસ્)*n.* [Gr.] An inflammatory disease in the brain: મગજમાં સોજો આવ્યો હોય એવું દરદ-રોગ.

Cephalotomy(સીફૅલૉટોમિ)*n.*[Gr. *kephale*, & *temno*, I cut] The dissection of the head: માથાની વાઢ કાપ.

Ceraceous,(સીરેશસ્)*a.* [L.*cera*, wax.]Wax like:મીણ જેવું-ને મળતું.

Cerate,(સીરેટ્)*n* [L *cera*, wax] A thick kind of ointment,composed of wax and oil:મીણ તેલ વિ-નો બનાવેલો મલમ.

Cerberus, (સીબૅરસ્)*n.* [L.] 1. A monster,in the shape of a three-headed dog, guarding the entrance into the infernal regions:નરકનો દ્વારપાળ;કુતરાનું રૂપ ધારી રાક્ષસ 2 Hence, any vigilant custodian or guardian,esp: ચોકીદાર-ચોકી પહેરેગીર-રખવાળ. 3. A genus of the East Indian serpents; the bokadam: એક જાતનો સર્પ.

Cere,(સીર્)*vt.* [L.*cera*,wax.] To wax;to cover or close with wax: મીણ લગાડવું-થી બંધ કરવું-ઢાંકવું.

Cereal,(સીરીઍલ્)*a.*[L. *Cerealis*; pertaining to agriculture] Pertaining to edible seeds or grain:અનાજ સંબંધી. *n* Any edible grain:ખાવાના દાણા;અનાજ; ધાન.

Cerebellum, (સેરીબેલ્લમ્) *n. pl.* **Cerebellums** or **cerebella**. [L. dim of *cerebeum*, brain.] The large lobe of the hind brain;the little brain:મગજે ખુર્દ; મસ્તિષ્ક; મગજનો પાછલો ભાગ ગોટો.

Cerebral, (સેરીબ્રૅલ્)*a.* [L. *cerebrum*,brain.] Of or pertaining to the cerebrum:મગજ સંબંધી-નું. *n.* One of a class of lingual consonants in the East Indian languages:મુર્દ્ધન્ય અક્ષર.

Cerebrum,Cerebra(સેરીબ્રમ્-બ્રા) *n.pl.* (*Anat.*) The seat of the reasoning faculties & the will: મનોવ્યાપારસ્થાન; શીર્ષણ્ય; મજ્જકે કલા; મગજનો ઉપલો ભાગ.

Cerecloth,(સીર્ક્લૉથ્)*n.*A cloth smeared with melted wax or gummy matter: ભિણ્યું; ગુંદરાટેલું કપડું.

Ceremonial,(સેરીમૌનિઍલ્)*a.*[L. *coerimonialis*.] Relating to ceremony; ritual: કર્મ-વિધિ-ક્રિયા સંબંધી-વિષે નું; કર્મોત્મક; ક્રિયાત્મક; વિધિમય;ક્રિયા-વિધિવિષયક; લોકચારાનું સાર;રીત પ્રમાણેનું. 2. Observant of forms; ceremonious: રીતભાતમાં ચોકસ-માં આદરસત્કારી; રીતિ પ્રમાણે ચાલનાર.

Ceremonial, (સેરીમૌનિઍલ્) *n.* Outward form: ક્રિયાવિધિ; રીતભાત;રિવાજ;કર્મ;સત્કાર; ઉપચાર; આચાર બાહ્યાચાર;શિષ્ટાચાર; શિરસ્તો. 2. The book containing the rules prescribed to be observed on solemn occasions: પદ્ધતિનું પુસ્તક.

Ceremonious,(સેરીમૌનિઅસ્)*a.*1. Consisting of outward forms and rites;ceremonial:See **ceremonial**. *n.* 1. 2. According to prescribed or customary rules & forms;formally respectful;devoted to forms & ceremonies; punctilious:કર્મનિષ્ઠ; ક્રિયાનિષ્ઠ; કર્મશીલ;આચારસંપન્ન; આદરસત્કારી; ઉપચારશીલ;યથા વિધિ;વિવેકી;ઠાવકું.

Ceremony, (સેરીમોનિ) *n.* Outward rite;external form in religion:ધર્મક્રિયા;કર્મ; સંસ્કાર; વિધિ;ઉત્સવ.2.Forms of civility:આદરસત્કાર;આદરોપચાર;વિવેક.3. A ceremonial symbol; an emblem,as a crown sceptor, &c.: વ્યવહારિક લક્ષણ-ચિન્હ; રાજ્ય-રોળ, જેવાં કે રાજ્યાસાન; રાજ્યદંડ વિ૦.*master of* **c.**s: કોઈ પણ રહેટે પ્રસંગે પદ્ધતિ ચલાવનાર અધિકારી; ઉપચારાધિકારી; ચોઘરસ્તે.

Certain, (સર્ટેન્) *a* [L. *certus* certain.] Assured in mind; having no doubt: ખાતરી-વિશ્વાસભરોસાવાળું;નિઃસંદેહ; નિઃસંશય; નિર્ભ્રાંત;સંશયરહિત-હીન.2. Determined;resolved: કૃતનિશ્ચય; નિશ્ચય-આગ્રહવાળો;આગ્રહી.3. Not to be doubted or denied:મુકરર; નિશ્ચિત; ખરું;નિશ્ચયાત્મક;ખસુસ;નિર્વિવાદ; ચોકવહેમ વગરનું.4.Sure to happen;inevitable:ખચીત; નિઃસંદેહ; આવશ્યક. અચૂક;ખસુસ;ભાવ્ય. 5. Unfailing; infallible: રામબાણ; ખરેખરું ચોકસ. 6.Fixed;regular:નિશ્ચિત; નિયમિત; ચોકસ; અચૂક 7. Indeterminate; indefinite:કોઇ એક; એકાદ. *For* **c.**: assuredly:બેશક; અલબત્ત; ખરેખર; નિઃસંશય; સિદ્ધાંત.

Certainly,(સર્ટેન્લિ)*adv.*Without doubt;unquestionably:નક્કી; નિશ્ચે;ખચીત; મુકરર; અવશ્ય; ખામુખા;નિઃસંશય; નિશ્ચયપૂર્વક; નિઃસંદેહ; બેશક; ખસુસ.

Certainty,Certainness(સર્ટેન્ટિ-સર્ટેન્નેસ્) *n.* Exemption from doubt or failure:નિશ્ચય;ખાતરી; ખાતરજમા;નક્કીપણું.2. A fact or truth unquestionably established:નક્કી-સત્ય વાત;નિશ્ચિતાર્થ. 3. Clearness; lucidity:સ્પષ્ટતા;સફાઈ; નિર્દોષતા.

Certes,(સર્ટીઝ્)*adv.* [L. *certur.*] Certainly;in truth; verily: નક્કી; ખચીત; મુકરર; સત્ય રીતે.

Certificate,(સર્ટિફિકેટ્)*n.* [L *certificatus*, made certain.] A written testimony to the truth of any fact:ખાતરી પત્ર;દાખલો;સર્ટીફીકેટ;પ્રમાણપત્ર.2. A written declaration legally authenticated: પ્રમાણપત્ર-લેખ *Trial by* **c.** સર્ટિફિકેટ આપનારની જુબાની ઉપરજ મુખ્ય આધાર હોય એવો મુકદ્દમો.*C.of preeminence*:અજ્ઞતપત્ર.**C.** *of character*:આચરણપત્ર;સારી ચાલનું સર્ટીફીકેટ.*vt.*To verify by certificate: પ્રમાણપત્રથી ખાતરી કરી આપવી. 2. To furnish with a certificate:સર્ટિફિકેટ આપવું.

Certifier,(સર્ટિફાઇઅર્)*n.*One who certifies or assures:પ્રમાણપત્ર આપનાર; ખાત્રી કરનાર.

Certify,(સર્ટિફાય)*vt.*[L *certus* certain,& *facio*,I make.] To assure; to make certain:ખાતરી કરી આપવી; નિશ્ચયપૂર્વક કહેવું. 2. To make certain;to verify:નક્કી-દૃઢ રીતે-ખાતરીથી જણાવવું.3.To testify to in writing:લખિત પ્રતિજ્ઞા કરવું-થી ખાતરી કરવી.

Certitude,(સર્ટિટ્યૂડ)*n.*[L.*certus.*] Assurance;certainty:ખાતરી; નિશ્ચય;નિઃસંશયપણું;ખાતર જમા.

Cerulean,(સીર્યૂલીઍન્)*a.*[L.*cæruleus*, dark blue.] Sky-colored; blue;azure: આસમાની;વાદળી.

Ceruse,(સીર્યૂસ્)*n.*[L.*cerussa*] 1. White lead: સફેતો;સફેદો. 2. A native carbonate of lead:સીસાનો દેશી કારબનમય ક્ષાર.

Cess,(સેસ્)*n* [L.*census.*] A rate or tax:વેરો;ધારો; કર; દાણ; હક *vt.* To rate;to tax;to assess:ના ઉપર વેરો કર વાલવો-નાંખવો.

Cessant,(સેસૅન્ટ્)*a.*Inactive;dormant:ઉષ્ણસી;એદી;આળસુ;ધીમું

Cessation,(સેસેશન્)*n.*Stop;rest: અટકવું બંધ પડવું તે;વિરામ; સ્થિરતા; નિવૃત્તિ;ઉપરામ. *Cessation of arms*, a truce agreed to by the commanders of armies to give time for capitulation or for other purposes:થોડા વખત માટે કરેલી સલાહ; તહકુબી.

Cessible, (સેસ્સિબલ્) *a.* Giving way;yielding:નમતું;તાબે થાય એવુંનરમ.

Cession,(સેશન્)*n.*[L.*cedo*,I give way.] A yielding to physical force:હથિયાર મુકી દેવાં તે; પારકાને સ્વાધિન-વશ થવું તે;પ્રદાન; વિતરણ. 2. Concession;compliance:છૂટ; કંઇ જતું કરવું તે 3. A surrender,as of property or rights:સોંપી આપી દેવું તે; પારકાને શરણ-સ્વાધીન-હસ્તગત કરવું તે.4.The giving up or vacating a benefice by accepting another without a proper dispensation:એક પુરોહિત વૃત્તિ તજી બીજીનો આદર કરવો તે. 5. The voluntary surrender of a person's effects to his creditors to avoid imprisonment:કેદમાંથી છુટવા લેણદારોને પોતાની મિલકત સોંપી દેવી તે.

Cesspool, (સેસ્પૂલ્) *n.* A cavity sunk in the earth to receive and retain the sediment of water conveyed in drains; privyvault ખાળકુવો;દટ્ટણ; દટ્ટણ કુવો.

Cestus,(સેસ્ટસ્)*n.*[L] A girdle; particularly that of Venus which gave the wearer the power

of exciting love: (કામદેવની સ્ત્રી) રતીનો કમ્મર પટો. 2. A covering for the hand of boxers made of leather bands: મુષ્ટિ યોદ્ધાઓના હાથનું બખ્તર

Cetacea,(સીટેશીએ)*n.pl.* [L *cetus* whale.]An order of the marine mammals including whales:વ્હેલ વિ૦ આંચળવાળાં દરીઆઇ પ્રાણી.

Chafe,(ચેફ્) *vt.* [L *calidus*,hot & *facio*, I make]To excite heat in by friction:ઘસીને ઉનું ગરમ ક૦. 2.To irritate:ગુસ્સે ક૦; ચીઢવવું;કોપાવવું; ક્રોધાયમાન-કોપાયમાન ક૦;-થી ચીઢી જવું-અકળાવું. 2 To fret and wear by rubbing:ચોળીને ઘસી નાખવું *vi*.1.To rub;to wear by rubbing:ઘસાઈ જવું;ચોળાઇ જવું. 2 To be worn by rubbing: ચોળાવું; ઘસાવું;ઘસાઇ જવું.3.To be vexed:ચીઢાઇ-તપી જવું;કોપવું;ક્રોધ-ગુસ્સો ક૦. *n* Heat excited by friction: ઘસાવાથી થયેલી ગરમી.2.Injury or wear caused by friction: ઘસારો; ઘર્ષણ. 2.Vexation;rage: ગુસ્સો;ચીઢ;ક્રોધ; કોપ; સંતાપ.

Chafer,(ચેફ્ર્) *n*.One who chafes:(*a*)ઘસીને ઉનું કરનાર:(*b*) ચીઢવનાર; ગુસ્સે કરનાર. 2 A vessel for heating water:પાણી ગરમ કરવાનું વાસણ;ઉનામણું.3 Hence,a dish or pan:થાળી;પેલ્લો;ગરમું;તાસલું

Chafer,(ચેફ્ર્) *n*.A kind of beetle એક જાતની ભમરી;વંદો.

Chaff,(ચૅફ્) *n*. The glumes or husks of grains and grasses separated from the seeds by thrashing,winnowing,&c:છાલ; ફોતરાં;ઝુરી;કુશકા;ઝુસુ;થુલ્લ;2.Worthless matter;refuse:કચરો;પુલે;ઓંઠવાડો.**C.***of the town*:શહેરનો ઉતાર.2. Straw of hay cut up fine for the food of cattle:ઘાસનો ભૂકો.4 Banter;raillery: મશ્કરી;હાંસી;ઠઠ્ઠો;મશ્કરો;ડોળ.*vi*. To banter: મશ્કરા-મશ્કરી ટોળ-હાંશી ક૦; મર્મમાં મશ્કરી કરવી. *vt*. To make fun of;to quiz:ઉડાવવું;મશ્કરા ક૦;બનાવવું; મશ્કરી ક૦.

Chaffer,(ચૅફ્ર્) *n*.One who chaffs: મશ્કરી-મશ્કરા કરનાર; ઉડાવનાર.

Chaffer, (ચૅફ્ર્) *n*. Bargaining: merchadise: માલ; વેપારની જણસ. *vi*.To bargain; to negotiate: ભાવ ઠરાવવા;ભાંજગડ-સોદો ક૦. 2. To take idly;to chatter:વધારે-નકામી વાતચિત-માથાફોડ ક૦ *vt*. To buy or sell:ખરીદ ક૦;વેચવું;વેપાર ક૦. 2. To exchange; to bandy, as words: ટપાટપી ક૦;વાદવિવાદ ક૦.

Chafferer,(ચૅફ્રર્) *n* One who chaffers;a bargainer; a buyer: માથાફોડ-સોદો કરનાર;ભાવ ઠરાવનાર.

Chaffern, (ચૅફ્ર્ન્)*n*.A vessel for heating water:પાણી ઉનું મુકવાનું-કરવાનું વાસણ;ઉનામણું. [ખરીદી.

Chaffery,(ચૅફ્રિ)*n*.Traffic; વેપાર.

Chaffy,(ચૅફ્રિ)*a*.Abounding in or resembling chaff:છાલાં-છોડાંવાળું-જેવું. 2. Light or worthless, as chaff:છોતરાં જેવું હલકું;નકામું;તૃણવત્.

Chafing, (ચેફ્રિંગ્)*n*. The act of rubbing or wearing by friction ઘસવું-ઘસીને ઉનું ક૦ તે.**C** *dish*,શગડી

Chagrin,(શગ્રીન્)*vt*.To excite ill humor in;to vex;to mortify:ચીડવવું;કફા ક૦;ખેદયુક્ત ક૦;મનમાં બાળવું.2. To be vexed or annoyed: ચીડિયાં કરવાં;કફા થવું *n*. Mortification;vexation:રીસ;ચીડ; ગુસ્સો;ખેદ; કફામરજી.

Chain,(ચેન્)*n*.[*catena*.] A series of links or rings: સાંકળ;શેર; સાંકળી. 2. That which confines, fetters, or secures;a bond:બેડી; બંધ;હેડ. 3 .A series of things linked together: સંકલના; માળા; શ્રેણી;હાર:ઓળ;પરંપરા;અનુક્રમિકા. **C.** *of causes*:કારણમાળા.4.An instrument consisting of links used in measuring land: જમીન માપવાની સાંકળ.5-The warp threads of a web: જળનો ઉભો દોરો; તાણો. **C.***coupling*, a shackle for uniting lengths of chains: સાંકળને જોડવાનો આંકડો.**C.***gang*, સાંકળે નાંત્રેલું કેદીનું ટોળું.**C.** *mail*,સાકળનું બખ્તર.*vt*.To fasten,bind, or connect with a chain:સાંકળથી જડવું બાંધવું-જોડવું. 2. To keep in slavery;to enslave:બેડી જડવી-પહેરાવવી;ગુલામ ક૦ 3.To unite closely and strongly:સજ્જડ અને મજબૂત જોડી દેવું.4 To measure with a chain:સાંકળથી માપ લેવું-ભરવું. 5. To protect by drawing a chain across:સાંકળ નાખી રક્ષણ કરવું.

Chain bridge,(ચેન બ્રિજ્) *n*. A suspension-bridge: સાંકળોથી લટકાવેલો પૂલ; ઝુલતો પૂલ; ઝોલા પૂલ.

Chainlet,(ચેનલેટ્) *n*. A small chain:નહાની-ટુંકી સાંકળ.

Chain-rule.(ચેન્-રૂલ્)*n* (*Arith*.) A threorem for solving numerical problems by composition of ratios,or compound proportion:સાંકળ રીતિ.

Chain-shot,(ચેન્ શૉટ્)*n*. (*Mil*.) connected two balls or half balls connected by a chain:જંજીરી ગોળો; જોડ ગોળી.

Chair,(ચેર્)*n* [L.*cathedra*,chair.] A moveble single seat with a back: ખુરશી. 2. (*b*) An official seatesp, that of a professor: શિક્ષકનું આસન;હોદ્દો. (*b*) hence, the office itself: પદવી; હોદ્દો. 3. The presiding officer of an assembly;a chairman: પ્રમુખ; અધ્યક્ષ.4.A vehicle for one person: પાલખી;બગી;નાલખી; તાવદાન. 5. An iron block used to secure rails:] લોઢાની સડકની ચોડી આસન કુંભી-હાલ. **C.***day*:વડપણ; જી દગી;-નો છેલ્લો પહોર.*To put into the* **C.**, to elect as president:પ્રમુખ નિમવો.*To take the* **C**:સભાના પ્રમુખાસને બિરાજવું; પ્રમુખ થવું.*vt* To place in a chair: ખુરશીમાં બેસાડવું.2.*To* carry publicly in a chair in triumph:હર્ષના ઉત્સાહમાં કોઈને ખુરશીમાં બેસારીને ખભે ઉચકી જવો.

Chair-man,(ચેર્મૅન્)*n*.The presiding officer of a committee or of a public or private meeting: અધ્યક્ષ; પ્રમુખ:સભાપતિ; સરનશીન. 2. One whose business it is to carry a chair or sedan:ખુરશી-પાલખી ઉચકનાર.

Chair-man-ship, (ચેર્મૅન્-શિપ) *n*.The office of a chairman:અધ્યક્ષ પ્રમુખનો હોદ્દો.

Chaise,(શેઝ્)*n*.A two wheeled carriage:એક જાતનો બે પૈડાનો રથ.

Chalcographer-phist, (કૅલ્કૉગ્રૅફ્ર્-ફિસ્ટ્) *n*. [L. *chalkos*, brass or copper &*grapho*,I engrave.]An engraver on copper and brass:તાંબા અને પીતળના ઉપર કોતરણી કરનાર કોતરનાર.

Chalice,(ચૅલિસ) *n*. [L.*calix*.] (*a*)A cup or bowl, especially, the cup used in the sacrement of the lord's supper:પ્યાલો;પવાર્હ અર્ઘ્ય; ક્રિયાનો પ્યાલો; પવિત્રપાત્ર.

Chalk,(ચૉક્) *n*. [*L. calx*, limestone]A soft earthy,substnce of a white colour consisting of carbonate of lime:સફેતો;ચાક;ખડી. 2.Finely prepared chalk used as a drawing implement:ચિત્રકામમાં સાહિત્ય તરીકે વપરાતો ચાક. *Red* **C**:રપચી;ગેરૂ *By a long* **C**.,by a long way:લાંબે રસ્તે.**C** *drawing*, ચિત્રસલાકાથી પાડેલું ચિત્ર. **C.** *line*, a

cord rubbed with chalk used for marking straight lines on boards &c:દોરી; સુતર. French c. જાંખ જરૂ *To know* c. *from cheese*, to understand what is going on or what is for one's interests:જે ચાલતું હોય તે અથવા જે પોતાના લાભનું હોય તે સમજવું-જાણવું; પોતાનો સ્વાર્થ સમજવો. *vt.* 1. To rub or make with chalk: ચાક ઘસવાથી નિશાન કરવું. 2. To manure with chalk, as land: ચાકનું ખાતર નાંખવું. 2. To make white, as with chalk; to make pale; to bleach: ચાકથી ધોળું કરવું; ફીકું કરવું; નિખારવું. *To* c. *out*, to lay out; to outline; to plan: ખરડો-ઓખુ ડોળિયું કાઢવું; બહારની આકૃતિ કાઢવી; યોજવું.

Chalky, (ચૉકિ) *a.* Resembling, consisting of, or containing chalk: ચાક-સફેદાના જેવું-વાળું-નું. C. *cliff*: ચાકવાળી ટેકરી.

Challenge, (ચૅલ્લેન્જ) *n.* [L. *calumnia*, false accusation.] An invitation to engage in a contest of any kind: હોડ; સામા થઈ જાવ એમ કહેવું તે. 2. The act of a sentry in halting any one who appears at his post & demanding the countersign: પેરાવાળા-ચોકી બાતનું ટોકવું તે; ટોકણી. 3. A claim or demand: હક; દાવો; માંગણી. 4. The opening & crying of hounds at first finding the scent of their game: પહેલ વહેલા તેમના શિકારનો સોડ માલમ પડવાથી શિકારી કૂતરાઓનું બસવું તે-બૂમરાણ. 5. (*Law*) An exception to a juror or jurors: પંચમાંનો કૂલાણો શખ્સ નહિ જોઇએ એવી હરકત; વાંધો. 6. An exception to a person as not legally qualified to vote: કોઇ માણસ કાયદેસર મત આપવાને લાયક નથી એવી હરકત લેવી તે. 7. A summon to a single combat: દ્વંદ્વયુદ્ધ કરવા લલકારવું તે; દ્વંદ્વ યુદ્ધ સમાહ્વાહન C. *to the array*, જુરીમાં બોલાવેલા સવળાઓ માટે વાંધો લેવો તે. *Peremptory* C. કંઇ પણ કારણ બતાવ્યા સિવાય પંચના અમુક માણસોને બાતલ કરવા એવી માગણી કરવાની કેટલાક ગુન્હેગારોને મળતી છુટ-હક. *To accept a* C: બીડું ઝડપવું. *vt.* To call to a contest of any kind; to defy: હોડ બકવી, સામો થઈ જા-આવીજા એમ કહેવું. 2. to call or invite to answer for an offence by personal combat: દ્વંદ્વયુદ્ધ કરવા બોલાવવો. 3. To claim as due; to demand as a right: હક કરીને માગવું; આપી-મુકી દો એમ કહેવું 4. To censure; to blame: ઠપકો દેવો; દોષ-આળ મુકવું. 5. To question or demand the countersign from one who attempts to pass the line: લશ્કરી છાવણી આગળ થઇને કોઇ જનારને કોણ છે કરી પૂછવું-રોકવો. 6. To take exception to; to question: વાંધો ઉઠાવવો; હરકત લેવી; ઓટ્ટે છે એમ કહેવું. 7. To object to or take exception to as to a juror or a member of a Court: નાપસંદ કરવું; હરકત લેવી; ન જોઇએ એમ કહેવું; સામે પડવું. 8. To object as not qualified to vote: 'વોટ'-મત આપવા નાલાયક છે એવી હરકત લેવી. *vt.* To assert a right; to claim a place: હક બતાવવો-થી માગવું

Chalybean (કૅલિબીન્) *a* [L. *chalybs* steel.] Of or pertaining to Chalybes, an ancient people of Pontus in Asia Minor, celebrated for working in iron & steel: લોઢાનું કામ કરવામાં કુશળતા બતાવનાર કેલીબીસ લોકનું-સંબંધી 2. Of superior quality: ઉત્તમજાતનું-શ્રેષ્ઠ; સારી પાણી પાયેલી (પોલાદ ફરારીનું લોઢું.)

Chalybeate (કૅલીબીએટ) *a.* Containing iron: લોઢાના ખારવાળું; લોહ મિશ્રિત; લોઢાના જેવા સ્વાદનું C. *springs*: લોઢાના જેવા સ્વાદના ઝરા.

Cham, (કૅમ્) *n* The sovereign prince of Tartary: તાર્તારદેશનો શાહનદો now usually written *Khan*

Chamber (ચેમ્બર) *n.* [L. *camera*, vault.] A retired room; a bedroom: એકાંત-આરામ લેવાની કોટડી-ઓલી; શયનગૃહસ્થળ. 2 *pl.* Apartments in a lodging house: ઉતારો-ધર્મશાળાના ખંડ. 3. (*a*) A hall; a place where an assembly meets: સભાગૃહ; (હૉલ) 4 A legislative or judicial body; an assembly: સભા; મંડળ. 5. A compartment or cell; an inclosed space or cavity: ખાડો; પોલ; પોલાણ; બખોલ. 6. A room or rooms where a judge transacts such official business as may be done out of court: જજ-ન્યાયાધિશને પરચુરણ સરકારી કામ કરવા માટે બેસવાનો ઓરડો; ચેમ્બર. 7. (*a*) That part of the bore of a piece of ordnance which holds the charge: તોપ કે બંદુકની નળીનો ઘારૂ રહે છે તેભાગ. (*b*) cavity in a mine to contain the powder: ખાણમાં દારૂ ભરવાની બખોલ: C. *of commerce*, વેપારના લાભ બળવવા-નું રક્ષણ કરનાર શહેરના વેપારીઓમાંથી ચુંટી કાઢેલું એક વેપારી મંડળ; વેપારની ફીકર રાખનાર મંડળી C. *council*, a secret council: ગુપ્ત મંડળ-સભા. C. *hangings*, tapestry or hanging for a chamber: ઓરડાના બુટ્ટાદાર પડદા; પછેવાઈ. C. *pot*. C. *vessel*, a vessel for urine: પેશાબ કરવાની કુંડી-પીપ-તાસ. To *sit at* C s, to do business in chambers, as a judge: (જજજે) ચેમ્બરમાં કામ કરવું. *vi.* 1. To reside in or occupy a chamber: એકાંત ઓરડીમા રહેવું. 2. To be lascivous: વ્યભિચારી થવું; મોજશોખમાં પડવું; ખરાબ વર્તણુંક ચલાવવી. *vt* To shut up as in a chamber: એકાંત ઓરડીમાં પૂરવું-ગોધવું.

Chamber-lain, (ચેમ્બર્ લેન્) *n.* [L. *camera*,] An attendant who has the charge of the chambers: ઓરડાઓનો-મંડળનો અધિપતિ; કામદાર. 2. An upper servant of an inn: ધર્મશાળાનો ઉપરી-અધ્યક્ષ. 3. (*a*) An officer having the direction and management of the private chamber of a nobleman or monarch: રાજ્ય ગૃહાધિકારી; કાઠીવાળો. (*b*) hence, in Europe one of the high officers of a court: કોર્ટનો ઉપરી; અધિકારી. 4. A treasurer or receiver of public money સરકારી ખજાનચી.

Chamber-lye, (ચેમ્બર્-લાઇ) *n.* Urine: મૂતર; મૂત્ર: પેશાબ.

Chamber-maid, (ચેમ્બર્-મેઇ) *n.* A woman who has the care of chambers: ચાકરડી; દાસી; સૈરન્ધ્રી.

Chamber practice, (ચેમ્બર્-પ્રૅક્ટિસ્) *n* [*Law.*] The practice of counsellors at law, who give their opinion in private: બાનગીમાં કાયદાની સલાહ આપવાનો ધંધો કામ

Chameleon, (કૅમીલીઑન્) *n.* [Gr. *chamai*, creeping & *leon*, lion.] [Zool.) A lizard like reptile: સરડો; કાકીડો; કાચંડો.

Chamfret, (ચૅમ્ફ્રેટ) *n.* A small gutter of furrow: ખાચણ; નીક; નેર.

Chamois, (શેમોઇ) *n.* A kind of antelope living on the loftiest mountains of Europe: યુરોપના ઉંચામા ઉંચા પહાડો ઉપર રહેનારૂ એક જાતનું હરણ. 2. A soft kind of leather made from its skin: શેમોઇ નામના બોકા-હરણના ચામડામાથી બનાવેલું ચળકતું સુંવાળું અને નરમ ચામડું.

Champ, (ચૅમ્પ) *vt.* [L. *campus*,

field]1. *To* bite with repeated action of the teeth:બરડ બરડ ચાવવું.2. To bite into small pieces કરડીને-ચાવીને ચૂરેચૂરા કરવું. *vi.* To bite or chew impatiently: ઉતાવળ-અધિરાઇથી બરડ બરડ ચાવી જવું.

Champagne, (શૅમ્પેન્) *n.* light wine of several kinds,originally made in the province of Champagne in France:શેમ્પેન દ્રાક્ષ.

Champaign(શૅમ્પેન્)*n.* A flat,open country: મોટું ખુલ્લું મેદાન; સપાટ દેશ.*a.* Flat;open;level: સપાટ; ચોરસ

Champion, (ચૅમ્પિઅન્) *n.* [L. *campus,*the field.]1. A defender an advocate;a hero:બીજાની તરફથી લઢનાર;બચાવ કરનાર;શૂરવીર; વીર પુરૂષ; પહેલવાન;વીર; જોદ્ધો; જંગાવર. 2.One who has obtained an acknowledged supremacy: ચોદ્ધો; ઉસ્તાદ; એક્કો;મલ્લ;કોઇ પણ રમત-ખેલમાં શિરોમણી ઉસ્તાદ-મીરમ.3 One who fights on another's behalf:બીજાની તરફથી લઢનાર.*vt* To challenge as to a combat:દ્વન્દ્વયુદ્ધ કરવા બોલાવવું.2.To support or maintain;to protect:બચાવ રક્ષણ કરવું;આશરો આપવો; સંભાળવું; મદદ કરવી;-ની હિમાયત કરવી;-ની પુષ્ટિ કરવી.

Chance (ચાન્સ્)*n* [L.*cado,*I fall.] 1.Fortune;fate.દૈવયોગ; દૈવદશા; પ્રારબ્ધ; કિસમત; નસીબ. 2. An unexpected occurrence;accident; casualty:આકસ્મિક અચાનક બનાવ;અકસ્માત.3. A possibility; a likelihood;opportunity: બનવાનો જોગ; સંભવ;સંભાવના;તાકડો; તક; લાગ-અવસર. *The main* C.,the chief opportunity:ખરો લાગ-તક; સંજોગ;તાકડો. *To mind one's chances,* to seize every opportunity: દરેક તક-પ્રસંગનો લાભ લેવો.*vi.* To happen, come,or arrive,without design or expectation: દૈવજોગે-આકસ્મિક બનવું-થવું-હોવું. *vt.* To venture upon· હિમ્મત ધરવી-ભીડવી; સાહસ કરવું; જોખાવવું; યાહોમ કરવું. *a* Happening by chance; casual.દૈવયોગી,દૈવપ્રાપ્ત; દૈવાગત; આગતુક; કાકતાલીય *adv* By chance;perchance: દૈવયોગે;દૈવાગતથી;જોગજોગે.

Chancel,(ચાન્સેલ્)*n.*[L.*cancelli,* lattices.]That part of a church, where the altar or communion table is placed: યજ્ઞવેદી કુંડ-હોમ આપવાની જગ્યાનો દેવળનો ભાગ. C. *aisle:*યજ્ઞવેદી આસપાસનો સભા મંડપ. *C.table,* ખ્રિસ્ત દેવભોજનનો બાજઠ-થાળ-સામગ્રી.

Chancellor,(ચાન્સેલ્ર)*n.* [L *cancelli,*lattices] A judicial officer of high rank:ન્યાય કોર્ટનો મુખ્ય ન્યાયાધીશ C.*of a University* વિશ્વવિદ્યાલયનો અધ્યક્ષ *Lord C. of the exchequer*: રાજ્ય કોશાધિપતિ; રાજ્યની ઉપજખર્ચ નો ઉપરી; મંત્રી.

Chancery.(ચાન્સેરિ)*n* 1 *In* England formerly the highest court of judicature next to Parliament but now it is the chancery division of the High Court of Justice exercising jurisdiction only in equity: ઇંગ્લાંડમાં પહેલાંની-પાર્લામેન્ટથી ઉતરતી સદરઅદાલત; પણ હાલ તેને હાઇકોર્ટના પેટામાં દાખલ કરી છે.(In the United States) Equity; proceeding in equity:ઇનસાફ; ઇનસાફી મુકર્દમા.

Chancre,(શૅન્કર્)*n.*[Fr.] A venereal sore or ulcer: સ્ત્રી સંભોગથી થતી ચાંદી-ચાંદું.

Chandelier,(શાન્ડેલીર્)*n.*A frame with branches to hold a number of lights:ઝુમર;(દિવાનું)ઝાડ; ચવચવ.

Chopping, (ચૉપિંગ્) *n.* Act of cutting by strokes;a cutting:કાપવું-કકડા કરવા તે; કકડો; કરચ; *a.*Stout or plump;large: મજબુત; ભારે; જાડું;માતેલું;મોટું.3. (*a*) Shifting or changing suddenly:એકા-એક-એકદમ ફરવું-બદલાવું.(*a*)Having tumbling waves: ખળભળવું;ઉછળવું;ખોળો લેવું.

Chopping-block, (ચૉપિંગ્-બ્લૉક) *n.*A solid block of wood on which butchers and other chop meat,&c: ખાટકી લોકોને માંસ કાપવા-છુંદવાનો લાકડાનો કડકો-ડીમચું; ડીમલું.

Chopping-knife, (ચાપિંગ્-નાઇફ્) *n* A knife for chopping or mincing meat:સુરો;છરો;મોટી પાળી; છરો.

Choral,(કોરલ્)*a*[L.*chorus*,a dance in a ring.] Of or pertaining to a choir os chorus; singing or sung in chorus: ગાયકમંડળીનું-ગાયકગણ સંબંધી-વિષયક; બધી મંડળીએ મળીને ગાયેલું.*n.*A hymn; tune: ભજન;ગીત;કીર્તન;મંડળીમાં એક સાથે-ગાવાનું ગાયેલું ભજન-ગીત્ત-પદ કીર્તન.

Chord, (કૉર્ડ્) *n.* [L. *chorda*, a gut.] The string of a musical instrument:વાદ્યંત્રના તાર;તાંત; તંત્રી. 2. A combination of tones simultaneously performed: ગત; સ્વર મેળ;એક વખતે સાથે ગવાતા રાગ-રાગણિ;લહર.3.A right line uniting the extremities of the arc of a circle:જ્યા;જીવા;પૂર્ણજ્યા;ચાપકર્ણ. *vt.* To string:to tune:તાર ચઢાવવા-બાંધવા.*vi.*(*Mus.*)To accord;to harmonize together: એક બીજા સાથે મળતા આવવું;એકગત મેળ-સ્વરના હોવું.

Chorist (કૉરિસ્ટ્) *n.* A singer in a choir;a chorister:ગાયન મંડળીનો એક ગવૈયો;કીર્ત્તનીઓ; ઝીલણીઓ.

Chorister,(કૉરિસ્ટર્)*n.* A singer in a chorus:ગાયક ગણનો એક ગાનાર; કીર્ત્તનિયો; ઝીલનાર. 2. One who leads a choir in church music: મુખ્ય કીર્ત્તનીઓ.*Celestial* c.:કિન્નર.

Chorus,(કૉરસ્) *n.* [L. *chorus*, a dance in a ring) A band of singers & dancers: ગાયકગણ; ગાનાર મંડળ; નટમંડળ; નાચણીઆઓનું ટોળું. 2. A company of persons supposed to behold what passed in the acts of a tragedy and to sing the sentiments in couplets or verses between the acts:દુઃખ પરીણામક નાટકના અંકોમાં બનતા બનાવો જોનાર અને તે અંકોની વચ્ચે દોહરા ચોપાયમાં બોલી બતાવનાર માણસોનું મંડળ-ટોળી. 3.A company of singers singing in concert: સંગાથે ગાનાર ગાયકમંડળ-ઝીલણીઆઓ. 4. (*a*) Recurring stanza of a song:ટેક;ટેક; ધ્રુપદ;ધ્રુવ. (*a*) A company of singers who join with the singer in singing such parts:આવા ધ્રુવ-ટેકને ગવડાવનારની સાથે ગાવા લાગનાર મંડળી.

Chouse, (ચાઉસ) *vt.*To cheat; to trick; to defraud (followed by *of* or *out of*): છેતરવું;ઘૂંજવું;ઠગવું; મુંડવું;દગલબાજી ક૦. *n.* A simpleton; a gull;a fool:રહેલાઇથી છેતરાય તેવો; ભોળો; હોળીનું નાળીયેર. 2. A trick; sham;imposition:ઠગાઈ;દગલબાજી; છેતરપંડી;દગો કપટ. 3. A swindler: ઠગ;ધૂતારો;લુચ્ચો;હરામખોર;દગલબાજ.

Chowchow(ચાઉચાઉ)*a*Consisting of several kinds mixed together: ભેળસેળ; મિશ્રિત; પંચરસીઉં; ગાંજુમેળા જેવું;પંચમેળ *n.* A kind of mixed pickles:એક જાતનું પંચરસીઉં અથાણું; ચવચવનું અથાણું.

Chowry, (ચાઉરિ) *n.* A whisk to keep off flies;a fly-flap:ચમરી;ચમ્મર; ચામર.

Chrism,(ક્રિઝમ્)*n.*[Gr.*erio*,I annoint.]Olive oil concecrated by the bishop and used in administration of baptism, confirmation,&c.: દેવાર્પણ કરેલું તેલ; સંસ્કારી તેલ; મંત્રથી પવિત્ર કરેલું તેલ.

Christ, (ક્રાઇસ્ટ્) *n.* [L. *christus*, annointed.] The annointed;the appellation given to Jesus,the *Savior*:ઈસુખ્રિસ્ત.

Christen,(ક્રિસન્) *vt.* To baptize and give a Christian name to: જલસંસ્કાર કરી ખ્રિસ્ત ધર્મમાં લાવવું અને નામ પાડવું; બાપ્તિઝમ આપવું. 2. To give a name;to denominate: નામ પાડવું-આપવું. 3. To use for the first time: પ્રથમજ વાપરવું-ઉપયોગ કામમાં લેવું-નું મુહર્ત કરવું.

Christendom,(ક્રિસન્ડમ્) *n.* [L. *crinten*, a christian.) (*a*) The profession of faith in Christ by baptism: બાપ્ટીઝમ લઇ-ક્રાઇસ્ટમાં આસ્થા-શ્રદ્ધા રાખવી તે (*b*)The Christian religion:ખ્રિસ્તધર્મ-મત-પંથ. (*c*) The adoption of it: એ ધર્મનો સ્વીકાર;માં દાખલ થવું તે.2. (*a*) The name received at baptism:જલસંસ્કાર વખતે જે નામ પાડયું હોય તે નામ.(*b*)Any name or appellation નામ;સંજ્ઞા. 3. The portion of the world in which Christianity pre-

vails:ખ્રિસ્તિયાન; ખ્રિસ્તિદેશ;ખ્રિસ્તિ મુલક 4.The whole body of Christians: ખ્રિસ્તિમાત્ર;ખ્રિસ્તિ સમસ્ત;એકત્ર રીત્યે સઘળા ખ્રિસ્તિઓ.

Christian, (ક્રિસ્ટિઅૅન્) *n.* One who believes,or professes to believe in Jesus Christ:ખ્રિસ્તિ;વિશ્વાસી 2.One born in a Christian country or of Christian parents ખ્રિસ્ત મુલકમાં જન્મેલો માણસ;ખ્રિસ્તિમાબાપને પેટે જન્મેલો માણસ.*a.*Pertaining to Christ or his religion:ઇસુખ્રિસ્તને લગતું-ના ધર્મનું;ખ્રિસ્તિધર્મ વિષયક; વિશ્વાસી;ખ્રિસ્તી 2.Professing Christianity:ખ્રિસ્તિ ધર્મ માનનાર-પાળનાર ખ્રિસ્તી ધર્માનુસારી; Ecclesiastical:દેવળને લગતું;ધર્મ સંબંધી-વિષયક; ધર્મ પ્રકરણ સંબંધી-વિષયક.4.Civilized; kind;beneficent;gentle:સંસ્કારી;સંસ્કૃત;માયાળુ; પરોપકારી;ઉપકારક;આર્ય;સૌમ્ય. **C.** *era* ખ્રિસ્ત સંવત;ઇસ્વીસન:**C.***name,* બાપ્ટીઝમ-જલસંસ્કાર વખતે પાડેલું નામ. **C.***eve:*નાતાલના ઉત્સવની આગલી સાંજ.**C.***tide:*નાતાલનું ટાંકણું દિવસો.

Christianity, (ક્રિસ્ટિઅૅનિટિ) *n.* The religion of Chiristians;the system of doctrines & precepts taught by Christ:ખ્રિસ્તધર્મ;ખ્રિસ્ત મત-પંથ.2.Practical conformity of one's inward and outward life to the spirit of the Christian religion:પોતાની અન્તઃવૃત્તિ તથા બાહ્ય પ્રવૃત્તિની ખ્રિસ્તીધર્મના વાસ્તવ ભાવાર્થાનુસાર સક્રિય અનુવૃત્તિ.3.The body of Christian believers:ખ્રિસ્તિમંડળ; ખ્રિસ્તમાત્ર; ખ્રિસ્તસમાજ.

Christianize, (ક્રિસ્ટિઅૅનાઇઝ્)*vt.* To convert to Christianity;to make Christian:ખ્રિસ્તી ધર્મમાં લાવવું-વટલાવવું; ખ્રિસ્તી કરવું-બનાવવું. 2. To imbue with or adapt to Christian principles: ખ્રિસ્તી ધર્મમતના સંસ્કાર પાડવા-મનમાં ઠસાવવા; ખ્રિસ્તી ધર્મના બોધથી પલાળવું.

Christmas,(ક્રિસ્મસ્)*n.*An annual church-festival(December 25) and in some States a legal holiday,in memory of the birth of Christ:ઇસુખ્રિસ્તના જન્મ દિવસ તરીકે મનાતો વાર્ષિકોત્સવ;નાતાલનો મહોત્સવ.**C.***box,*(*a*) નાતાલના મહોત્સવમાં નજર કરવાની બેટની પેટી.(*b*) નાતાલમાં ચાકર નફરોને આપેલી ચેરીમેરી; બેટ;ઇનામ.**C.***day,* નાતાલ **C.** *eve,* નાતાલના મહોત્સવની પહેલાની સાંજ; તા૦ ૨૪ મી ડીસેંબરની સાંજ.

Christmastide,(ક્રિસ્મસ્ટાઇડ્)*n.* The season of Christmas:નાતાલની મોસમ; નાતાલના દિવસો-ટાંકણું

Christology, (ક્રિસ્ટૉલૉજી)*n.*That branch of theology which treats of the nature and person of Christ: ઇસુખ્રિસ્ત વિશે-સંબંધી વિચારનું પુસ્તક ભાષણ.

Chromatic, (ક્રોમૅટિક્) *a.* [Gr. *chroma, chromator,* colour.] Relating to colour or colours: રંગ સંબંધી-વિશે-નું; રંગવિષયક. 2. Proceeding by the smaller intervals of the scale:સારી-ગમના ગૌણ સુરમાંથી ઉદ્ભવતું.**C.***printing,* રંગ બેરંગી છાપ.

Chromatics, (ક્રોમૅટિક્સ)*n sing.* The science of colours:રંગશાસ્ત્ર; રંગવિદ્યા; રંગકલા.

Chronic-cal,(ક્રોનિક્-કૅલ્)*a.* [Gr. *chronos,*time.]Relating to time according to *time:* કાળસંબંધી-નું-વિશે;કાળક્રમાનુસાર 2. Continuing for a long time;lingering: લાંબા દહાડાનું;બહુ કાળનું;દીર્ઘકાલિક;જુનું; લાંબા વખતથી ઘર કરી રહેલું;બદ્ધમૂલ **C.** *disease:*જે રોગે ઘર કર્યું તેવો રોગ;ચરી ગએલો રોગ.

Chronicle,(ક્રોનિક્લ્)*n.* An historical register or account of facts:કાળક્રમ હેવાલ;કાલક્રમક વૃત્તાન્ત-ઇતિહાસ 2.A narrative of events; a history;a record:આખ્યાન; ઇતિહાસ;ત્વારિખ;નોંધ. 3. *pl.* The two canonical books of the old Testament: ખ્રિસ્તી ધર્મ પુસ્તકોમાંના બે જુના પુસ્તકો. *vt.* To record in a history chronicle; to register;to record:નોંધવું; ઇતિહાસ-ત્વારિખમાં લખવું-દાખલ કરવું.

Chronological, (ક્રોનૉલૉજ્કૅલ્)*a* [Gr.*chronos,* time,& *logos,*discourse.]Relating to chronology according to the order of time: કાલમાન-કાલગણના વિદ્યા સંબંધી; કાલક્રમવૃત્તાન્ત સંબંધી; કાલક્રમાનુસાર.

Chronologer-gist(ક્રોનૉલૉજ્ર્-જીસ્ટ્)*n.*A person who investigates dates of events and transactions;one skilled in chronology:કાળમાન વેત્તા;કાળગણન વેત્તા;કાળક્રમનિર્ણય; કાળમાનશાસ્ત્રી.

Chronology, (ક્રોનૉલૉજી) *n.* The science which treats of measuring time by regular divisions or period:કાલમાન વિદ્યા;કાલગણન વિદ્યા; સૂર્ય ચંદ્રના ભ્રમણ પ્રમાણે કાળના વિભાગ પાડવાની રીતિ; બની ગએલી વાતનાં સાલ તારીખ નક્કી કરવાની વિદ્યા.

Chronometer, (ક્રોનૉમેટર્) *n.* A time keeper; an instrument for measuring time:કાળસાધન;કાળમાન;ઘડીયંત્ર;કાલ પ્રમાપકયંત્ર;ઘડિયાળ.

Chrysalis, (ક્રિસેલિસ) *n* [Gr. *chrusos,*gold] *pl.* **chrysalides.** The pupa state of certain insects: કોચવાસી; કોચસ્થ; કોશીટો.

Chrysolite, (ક્રિસૉલાઇટ્) *n.* [Gr. *chrusos,* gold & *lithos,* stone] A mineral stone of a yellow & green colour: લસણીઓ (હીરો).

Chrystal,(ક્રિસ્ટૅલ્)*n.*A glass:કાચ; બિલોર *a* Glassy: કાચનું; બિલોરનું.

Chub,(ચબ્) *n.* [L.*capito,* a fish with a large head.] A species of fresh water-fish of the carp family:એક જાતની માછલીનું નામ

Chubb-lock,(ચબ્-લૉક્ *n* (From the name of its inventor, a London locksmith.)An intricate lock having a lever, which on the application of a false key moves and fixes the bolt securely:ચબનું તાળું.

Chubby, (ચબ્બી) *a.* Like a chub; plump,short and thick:ટુંકું ને જાડું;ગાંઠા જેવું;ધીંગુ; બટ્ટ.

Chuck, (ચક્) *vi.* To cluck; to make a noise resembling that of a hen when she calls her chickens: મરઘી બચ્ચાંને બોલાવતી વખતે જેવી રીતે બોલે છે તેવી રીતે બોલવું; ચક્કચક કરવું; કુકકુક કરવું.2. To laugh in a broken,convulsive manner,by way of insult;to chukle:મશ્કરીમાં હસવું; ની મશ્કરી કરવું;અંદર ખાનેથી ખુશી થવું.*vt.* To call, as a hen her chickens:મરઘી પોતાનાં બચ્ચાંને બોલાવે છે તેમ બોલાવવું. *n* The voice or call of a hen: મરઘીનું બોલવું તે; ચક્કચક.2.A sudden small noise: એકદમ હળવો અવાજ-સાદ.

Chuck,(ચક્)*vt.*1.To strike gently;to give a blow to: હળવો ઠોસો મારવો; હળવે રહીને મારવું-અથડાવવું; -નેમુક્કી મારવી;-ને લાત મારવી. 2. To pitch;to throw with quick motion (*vulgar.*) ઝડપથી ફેંકવું-નાંખવું;ઉતાવળથી ઉલેટવું.*n.* A contrivance fixed to the mandrel of a turning lathe for holding the material to be operated upon: પકડ; ચાંપ; મુઠો. 2. A slight blow under the chin:ધોલ;ટપલી. 3. A short throw or toss: પ્રક્ષેપ.

Chuckle,(ચકલ્)*vt.*To cluck:મરઘી પોતાના બચ્ચાને બોલાવે છે તેમ બોલા-

વવું;બહબક કરી બોલાવવું 2.To fondle:લડાવવું; લાડ લડાવવા; ગેલ કરાવવી. *n.*A suppressed laugh; the expression of exultation: હાંસીથી હસવું તે; હરખથી મનમાં હસવું તે. *vi.* To laugh in a broken manner; to express derision:મકલાવું; હરખાવું;ખરા થવું;રાજી થવું;ગાલમાં હસવું.

Chuff,(ચફ્)*n.*A clown: મુરખો; ગમાર;ગામડીઓ-ઠોઠ; અક્કલ વગરનો; જંગલી; અભણ; રોંચો. *a.* Surly;ill-tempered: ચીડવાઈ જાય એવો; ખરાબ સ્વભાવનો;મુરખ;ઠોઠ;જંગલી; રીસાળવો; ચીડીઓ.

Chum,(ચમ્)*n.*A chamber fellow: a room mate:એક ઓરડીમાં રહેનાર સોબતી;ગોઠીઓ;ભાઈબંધ *vi.* To occupy a chamber with another: બીજા માણસ સાથે એક ઓરડીમાં રહેવું; સોબતી સાથે રહેવું.

Chunam(ચુનૅમ્)*n.*Quick lime;plaster,or mortar:કળી ચુનો,ચુનો;કેલ.

Church,(ચર્ચ)*n* [*Gr.churios*, the Lord.] A building set aprt for Christian worship: ખ્રિસ્તી લોકનું ઈશ્વર ભક્તિ-પ્રાર્થના કરવાનું સભાસ્થાન; ખ્રિસ્તી દેવળ ચર્ચ; ભજન મંદિર,ભજનાલય. 2. A jewish or heathen temple: યાહુદી લોકોનું દેવળ; મૂર્તિ મંદિર; દેવાલય; ભજન; ગૃહ-મંદિર. 3. A formally organized body of Christian believers worshipping together: સાથે બેસી ભક્તિ કરનાર ખ્રિસ્તીઓનો રોતસર મળેલો સમુદાય. 4.The collective body of Christians: ખ્રિસ્તી માત્ર;ખ્રિસ્તી સમસ્ત; ખ્રિસ્તી સમાજ. 6. The aggregate of religious influence: પાદરો વર્ગ;ધર્મગુરૂ વર્ગ ધર્મોપદેશ કરનાર વર્ગ 7. Any body of worshippers: ભક્તસમૂહ; ભક્તદૃદ *Universal* **C.**, આખી દુનીયાપર ખ્રિસ્તમા ઈશ્વર બુદ્ધિ ધરાવનારનો સમુદાય *Invisible* **C**, આલોક પરલૌક બંનેના ખ્રિસ્તી માત્ર સમાજ **C.***owl*: સફેદ ઘુવડ *Established* **C.**, રાજસ્થાપિત મત ધર્મ.

Church,(ચર્ચ) *vt.* To unite with in publicly returning thanks after some signal deliverance from the dangers of child-birth: સ્ત્રી સુવાવડમાંથી નાહી ઉઠે ત્યાર પછી તેને માટે પરમેશ્વરનો પાડ માનવાને ભક્તિ કરવી

Church man, (ચર્ચ્-મૅન્) *n.* (*pl.* **church men**) A clergyman: પાદરો; ધર્મગુરૂ; ધર્મોપદેશ કરનાર ગુરૂ. 2 One,who is attached to or attends church:દેવળમાં જનાર-રહેનાર ભક્ત.3.An episcopalian:એપીસ્કોલીપેઅન પંથનો અનુયાયી.

Church-yard,(ચર્ચ-યાર્ડ્) *n.* The ground adjacent to the church, where the dead are buried; cemetery: મુદડા દાટવાની જગા; કબરસ્તાન;મસાણ;દફનભૂમિ.

Churl,(ચર્લ્) *n.*A rustic;a clown: રોંચો;ગમાર; ગામડીઓ. 2. A surly-ill-bred man:ગમાર;જંગલીજટ; જંગલી ખર; દુર્જન.3. A niggard; a miser:કંજુસ; મખ્ખીચુસ; સુમ;નેહેશ; ચીગૂસ;પાજી; બખિલ; કૃપણ; ચમડી તૂટે પણ દમડી ન તૂટે એવો.*a.* Churlish; rough;selfish-ગમાર; ગામડિયું; આપસ્વાર્થી;રોંચું; દેહકાની.

Churlish, ચર્લિશ્)*a.*Rude;cross-grained;surly,ungracious; niggardly:ગમાર; રોંચ જેવું; આપસ્વાર્થી; આછકલું; બેઅદબ; જંગલી દુષ્ટ; દુઃશાલ 2. Unyielding; unmanageable; wanting pliancy: વળે અથવા નમે નહીં તેવું; હઠીલું; જક્કી, આડું; કઠણ; કઠોર; કોઇનું કહ્યું ન માને તેવું.

Churn,(ચર્ન્)*n* A vessel in which milk is beaten in order to separate the butter from other parts:વલોણા;ગોળી;દહીં વલોવાનું વાસણ **C.***rope*:નેતરો;નેતડાં.*vt.*To stir or agitate: વલોવવું; હલાવી નાંખવું; ઘોળવું 2.To shake violently: જોરથી હલાવવું. *vi.* To agitate cream in order to separate the butter: માખણ જુદું પાડવાને મલાઇને હલાવવી.

Churning,(ચર્નિંગ્)*n.*1The act of one who churns: વલોવવું તે;વલોવનારનું કામ; વલોયું; મન્થન. 2. The quantity of butter made at one operation:એક ટંકે થએલું માખણ.**C** *day*: વલોણા વારો.

Churning-staff ચર્નિંગ્ સ્ટૅફ્) **Churn-staff,** (ચર્ન્-સ્ટૅફ્) *n* The instrument used in churning:વલોણાનો વાંસ;રવધ;રવૈયો.

Chyle,(કાઇલ્)*n.*[Gr *chulos*,juice] A milky fluid containing the fatty matter: અન્નરસ; આહારરસ;રસ.

Chylifactive, (કાઇલિફૅક્ટિવ્) *a* Changing into chyle;having the power to make chyle:અન્નરસકારક

Chyme,(કાઇમ્)*n* [Gr *chulos* juice L *chymers* juice]The pulp made by the food after it has been for sometimes in the stomach,mixed with the gastric secretions:પક્વાશયમાં લુંદો થયેલું અન્ન; આમરસ.

Chymist,(કાઇમિસ્ટ્) *n.* A person versed in chemistry, a professor of chemistry: રસાયણ શાસ્ત્રો; રસાયણ શાસ્ત્રમાં પ્રવીણ પુરૂષ.

Cicada(સિકેડ) *n*An insect remarkable for its chirping sound: તમરૂં તીડ.

Cicatrix-ice,(સિકૅટ્રિક્સ્-ટ્રિસ)*n pl.* **cicatrices** [L *cicatrise*,cicatrix] A scar:ચાઠું;ચાંદુ;ડામ;ચામમાં ભોંય.

Cicatrize,(સિકૅટ્રાઈઝ્)*vt.* [L.*cicatrise*,scar.] To heal and induce the formation of a cicatrice in: રૂઝવવું; ભોંય આણવી; મટાડવું; અંગુર આણવું.*vi.*To be healed:રૂઝવું;અંગુર આવવું;ભોંય આવવી;મટી જવું.

Cicerone,(સિસેરોન્)*n.* [L.*cicero*. the Roman orator] One who shows strangers the curiosities of a place;a guide:ભોમિયો;માહિતગાર; રસ્તો બતાવનાર; પરદેસીઓને નવાઇનીજગ્યાઓ બતાવનાર.

Cider,(સાઇડર્)*n* [L *siera*, a kind of strong drink]A drink made from the juice of apples:સેબફળનો રસ-દારૂ મદ્ય.

Cidevant,(સીડવોન્)*a.*Previous; former:પાછલું;પાછળનું; પહેલાંનું;માજી.

Cigar,(સિગૉર્) *n.* A small roll of tobacco: તમાકુનાં પાંદડાંની વાળેલી બીડી; ચીરૂટ; સિગાર.

Cimeter(સિમેટર્)*n.*A short sword with a convex edge:ખંજર;કટાર; બરછી; ભોંકવાનું હથિયાર.

Cimmerian,(સિમ્મીરિઅૅન્) *a.* [L. *cirmmerius*; *a* fabulous people] Pertaining to the Cimmerii,a fabulous people said to dwell in profound darkness: અતિશય અંધકારવાળી જગ્યામાં રહેનાર લોક સંબંધી.2. Intensely dark: અતિશય અંધકારવાળું;ઘોર;અંધકારમય.

Cinchona, (સિન્કોન) *n.* A genus of trees growing exclusively in Pern:પિરૂમાં ઉગતું એક જાતનું ઝાડ;સિનકોના.2 (*Med*) The bark produced from a cinchona tree:સીનકોના ઝાડની છાલ-છોડું.

Cincture,(સિન્કટ્યૂર્)*n* [L.*cingo*, I gird] A belt;a girdle: કમરપટો; કમરબંધ; બંધનબંધ;2 Inclosure: ઘેર;ઘેરી લેનાર વસ્તુ,ઘેરાવો;હદ; સીમા.

Cinder(સિન્ડર્)*n.*Small particle: of matter remaining after combustion,in which fire is extinct ખાખ;રખ્યા;રાખ;ભસ્મ;કોયલા. 2. An ember;અંગારો;અંકોરે;ચણગારો. 3. A scale thrown off in forging metal: ધાતુ ટીપતી વખતે ઉડે છે તેવી પાતળી પોપડીઓ.

Cinnabar, (સિન્નંબૅર્)*n.* [L. *cin-*

nabaris.] Red sulphuret of mercury:રક્તપારદ.2. Vermillion: હિંગળો ; સિંદૂર.

Cinnamon,(સિન્નમૅન્)*n.* [L *cinnamomum*,cinnamon] The inner bark of a kind of tree growing in Ceylon; it is one of the best cordial spices:તજ;દાલચિની.

Cinque, (સિન્ક્) *n.* [L *quinque*, five.] The number five upon dice or cards:પાંચ;પંચો.*C. ports*: પાંચ બંદર; ઇંગ્લાંડના કિનારા ઉપર ફ્રાન્સમણીના પાંચ બંદરને આ નામ આપવામા આવે છે તેઓના નામ હેસ્ટિંગ્સ; રોમની;ડોવર;હાઇથ; સાડવિચ્.

Cion,(સાઇઅૅન્)*n.*[Same as *scion*]

Cipher,(સાઇફર્)*n.*A character(૦) which standing by itself expresses nothing but when placed at the right hand of a whole number, increases its value tenfold.શૂન્ય;મીંડું;પૂજ; ચિન્હ. 2. A person of no worth:ટકાનો-કોડીનો-બદામનો આદમી; ભાર-ખોજ-વજર વગરનો માણસ.3. A character in general:લીપિ;સંજ્ઞા;ભાષા.*Numerical C.*અંક.4. An intertexture of letters:ઉપરાઉપરી એક એકની અંદર કાઢેલો અક્ષર; એક નામના ગુંથેલા આદ્યાક્ષરો.5 Private alphabet:ગુપ્ત કક્કો; સંતલસી કક્કો;ગુપ્તલીપિ; સાંકેતિક ભાષા-કક્કો; ફારસી.

Cipher,(સાઇફર્)*vt.*1.To write in occult characters:ગૂઢલીપિ કક્કામાં લખવું.2 To represent:દર્શાવવું; અક્ષરથી બતાવવું. *vi.* To use figures or to practise Arithmetic:આંકડા માંડી હીસાબ ગણવો-કરવો.

Circean(સરસિઅૅન્)*a.*[L.*circaeus*] Magical;pleasing but noxious: મનોહર;કામણગારૂ;મોહિનીરૂપ;જાદુવાળું.

Circle,(સર્ક્લ્)*n* [L.*circus*, a circle.] A plane figure bounded by a curved line called its *circumference*,every part of which is equally distant from a point within it,called the *centre*.ગોળ; વર્તુલ; કુંડાળુ; ચકરડું; ચકર; વૃત. 2. Circumference; a ring: પરિધ; દીંટી જેવું ગોળ.3. An instrument of observation:ગોળો અવલોકન કરવાનું સાધન 4 A round body; a sphere;an orb:ગોળો; ઘનવર્તુલ. 5. Compass;circuit: ચકર; ઘેરો; ચક્ર; મંડળ 6.A set;a company: મંડળ; ટોળું ;સમૂહ;મંડળી;પંક્તિ;કુંડાળું;મિજલસ. 7. A series ending where it begins:ચક્રાકાર;વર્તમાલ.8 A form of fallacious argument: અન્યોન્યાશ્રય;દોષ;આત્માશ્રય;દોષ;ચક્રોક્તિ. 9 Indirect form of words;circumlocution:દીર્ઘસૂત્રિક ભાષણ. 10. A territorial division: ગોળ; પ્રગણું; તાબો; ચક્કર.

Circle,(સર્ક્લ્)*vt* To move circularly:ચક્રાકારે-કુંડાળામાં ફેરવું;ગોળ કરવું.*vt.*[L *circulo*,I make round.] To move around: આસપાસ ફેરવવું-ની પ્રદક્ષણા કરવી. 2. To surround; to inclose.ઘેરવું;ઘેરી લેવું;આતરી લેવું; *To c in*,to confine:માં રાખવું;એ હું રાખવું; ઘેરી-આંતરી લેવું.

Circuit,(સર્ક્યૂટ્)*n.* [L. *circum*, around & *co*,I go.] The act of moving;a revolution: ફરવું તે; પરિવર્તન; ફેરણી; પરિભ્રમણ; ચંદ્રગમન. 2.A regular journeying from place to place in the exercise of one's calling: સ્વારી;સરકીટ;ડિસ્ટ્રીક્ટ. 3. A certain division of a state established by law for a Judge to visit,for the administration of justice: જજની હકુમત.4 That which encircles any thing-ચક્ર;વેષ્ટન; કુંડલાકૃતિ. 5. The measure of a line around an area:ઘેરાવો; ફેરાવો; ચક્કર. 6. The space inclosed within a circle: વર્તુલની અંદર આવેલી જગા-અવકાશ. *vt.*To move or to make go round બોળ ફેરવવું; ચક્રાકાર ફેરવવું; ચકર ચકર ફેરવવું.

Circuitous,(સર્ક્યૂઇટસ્)*a.*Round about;indirect:ફેરવાળું;લાબું;આડું; દીર્ઘસૂત્ર.*C. mode*:ફેરવાળી રીતિ.

Circular,(સર્ક્યૂલર્)*a.*Pertaining to a circle;round: ગોળ; ગોળાકાર; ચક્રાકાર;મંડળાકાર 2.Repeating itself;ending in itself: પોતાને સ્થળે વિરામતું;ફરી ફરીને આવતું.3. Illogical;inconclusive:અન્યોન્યાશ્રય યુક્ત; 4.(*a*) Cylic: એકજ વાતનેપકડી રહેનાર.(*b*)mean;inferior: હલકું;નીચું અધમ.5. Addressed to a circle of persons:સંબંધ હોનારા સર્વ માણસ ઉપર લખેલું;સર્કયૂલર કાગળ;વટહુકમ; વટપત્ર *n.* A circular letter or paper:સર્કયૂલર;સંબંધના સર્વે જણમા ફેરવવાનો પત્ર-કાગળ. 2 A sleeveless cloak cut in a circular form: ગોળાકારમાં કાપેલો બંધ વગરનો ઝભ્ભો.

Circulate,(સર્ક્યૂલેટ્)*vi.* To move or pass round:ફરવું; ચોતરફ ફરવું. 2. To pass from hand to hand; to be diffused:પરીભ્રમણ કર;ફેલાવું; પથરાવું.*vt.*To cause to pass from place to place or person to person:to spread: ફેરવવું;ચલવવું; ફેલાવવું.*C. ing library*: બહાર વાચવા પુસ્તકો આપે એવી પુસ્તકશાળા.*C ing dec.mals*: પુનરાવર્તક દશાંશ.

Circulation, (સર્ક્યૂલેશન્)*n.* The act of moving in a circle ચક્રાકાર-ગોળ ફરવું તે; પરિભ્રમણ; પરિવર્તન. 2 Free diffusion; transmission: ફેલાવ;વિસ્તાર; બહોળો પ્રચાર.3.Currency;circulating coin:ચલણ;ચલણી નાણું; બજારમાં ચાલતું નાણું. 4. The extent or the measure of diffusion:પ્રસાર;પ્રવસ્તાર; ફેલાવો;પ્રચાર.5.The movement of the blood in the blood vascular system:લોહી ની ગતિ-નું ફરવું તે.

Circulatory, (સર્ક્યૂલેટરિ) *a.* Circular:સંબંધના સર્વે જણમાં ફેરવવાનું;પ્રસાર કરવાનું,બધે ફેરવવાનું; પરિભ્રમણ કરતું.૩.Circulating;going round:ચોતરફ ફરતું.*n.*A chemical vessel,in which that which rises from the vessel on the fire is collected and cooled in another fixed upon it and falls down again: એક જાતનું રસાયણમાં વપરાતું વાસણ.

Circumambient,(સર્કમ્ ઍમ્બિએન્ટ્)*a* [L. *circum*, around, & *ambio*,I go round.] Surrounding;encompassing:ઘેરી વળતું-વળેલું; ફરી વળેલું; ચોગરદમ આવી રહેલું; ચોગરદમ ફરતું; વેષ્ટક.

Circumambulate,(સર્કમ્ ઍમ્બ્યૂલેટ્)*vi.* [L. *circum*, around, & *ambulo*,I walk.]To walk round about:પ્રદક્ષિણા કરવી; ચોતરફ ફરવું; પરિક્રમા કરવી.

Circumcise, (સર્કમ્સાઇઝ્)*vt* [L. *circum*,around, & *cædo*, I cut] To cut off the foreskin of,in the case of males,and of the internal labia,in the case of females:સુન્નત-સુન્નત કરવી;મુસલમાન કરવો 2. To put off the sins of;to make holy:પાપનિવારણ કર;પવિત્ર કર-બનાવવું.

Circumcision, (સર્કમ્સિશન્) *n.* The act of circumcising:સુન્નત; સુંન્નાપરિચ્છેદ;મુસલમાની.

Circumference,(સર્કમ્ફરન્સ્) *n* [L.*circum*,& *fero*,I bear.] The line that goes round a circular figure: પરિધ; ફરતો ઘેર; ઘેરાવો. 2. The space included in a circle; a circle: કુંડાળામાં સમાએલી જગ્યા; મંડળ;ગોળો;ચક્કર; કુંડાળુ . 3. The external surface of a sphere:

ગોળાની બહારની સપાટી.

Circumfluence, (સર્કમ્ફ્લ્યૂએન્સ્) *n.* [L. *circum*, round & *fluo*, I flow.] A flowing round on all sides; an inclosure of waters: ચોતરફ ફેલાઇ જવું તે; પાણીનું ચોતરફ વેરાવું ફેલાવું તે.

Circumfuse, (સર્કમ્ફ્યૂઝ્) *vt.* [L. *circum*, around & *fundo*, I pour.] To pour round; to spread round આસપાસ ફેલાવવું; ચોતરફ રેડવું પાથરવું.

Circumjacent, (સર્કમ્જ઼ેસેન્ટ્) *a.* [L *circum*, around & *jaceo*, I lie] Lying round; bordering on all sides: ફરતું પડેલું; ચોતરફ આવેલું; આજુબાજુનું; ચોતરફ ફરતું; ચતુર્દિગસ્થ C *country:* ફરતો પ્રદેશ.

Circumlocution, (સર્કમ્-લોક્યૂશન્) *n.* [L. *circum*, & *loquor* I speak.] Indirect or round about language; a periphrase: ચક્રોક્તિ; દીર્ઘસૂત્રિક ભાષણ; ગ્રામ્યવિડીપ્રાણાયામ; થોડું કહેવાનું હોય ત્યારે લાંબુ લાંબુ કહેવું તે.

Circumlocutory, (સર્કમ્લોક્યૂટરિ) *a.* Periphrastic: લાંબુલાંબું; દીર્ઘસૂત્રિક ચક્રોક્તિવાળું (ભાષણ).

Circumnavigate, (સર્કમ્નેવિગેટ્) *vt.* [L *circum*, & *navigo*, I navigate.] To sail round; to pass round by water: જળમાર્ગે વહાણમાં બેસીને પ્રદક્ષિણા કરવી; નૌકાપર્યટન કરવું.

Circumpolar, (સર્કમ્પોલર્) *a.* [L. *circum* & *polus*, pole.] About the pole; situated near the pole: પૃથ્વીના એક ધ્રુવ સંબંધીનું; ધ્રુવની નજીકમાં આવેલું.

Circumscribe, (સર્કમ્સ્ક્રાઇબ્) *vt.* [L. *circum*, around, and *scribo* I write.] To write or engrave around: લખવું; આસપાસ કોતરવું. 2. To hem in, to confine; to restrain: ઘેરવું; હદ-સીમા કરવી; આંતરવું; -ની અમુક સીમા-હદ ઠરાવવી; હદ-બાંધવી; સમર્યાદ કરવું; આંકવું કરવું.

Circumscribed, (સર્કમ્સ્ક્રાઇબ્ડ્) *a.* Bounded; inclosed without a certain limit: પરિમિત; નિયમિત; સમર્યાદ; શ કુચિત; ઘેરો લીધેલું; પરિગત.

Circumspect, (સર્કમ્સ્પેક્ટ્) *a* [L. *circum*; around, and *specto*, I look] Prudent; watchful; cautious: સાવચેત; ડાહ્યો; દીર્ઘદર્શિપણા ભરેલો; કાળજી સંભાળવાળો; ચોતરફ આગળ પાછળનો વિચાર કરનાર; દીર્ઘદર્શિ; સાવધાન; સાવચેત; ચોકસ; હોશિયાર; દૂર અંદેશી

Circumspection, (સર્કમ્સ્પેક્શન્) *n* Prudence; caution; thoughtfulness; watchfulness; foresight: દીર્ઘદર્શણ; સાવચેતી; સાવધપણું; સાવધાની; ચોકસાઇ; સાવધાનતા દિર્ઘ દૃષ્ટિ; દૂર અંદેશી.

Circumstance, (સર્કમ્સ્ટન્સ્) *n.* [L *circum*, around and *sto*, I stand] An attendant thing or state of things; appendage: આસપાસની-લગતી બીના-હકીકત; આગંતુક ધર્મ; અસ્વાભાવિકગુણ 2. An event; a fact a particular incident: વાત; બીના; પ્રકાર; પ્રકરણ; હકીકત; પ્રસંગ; ભોગ. 4 *pl.* State of property; situation; surrounding: હાલ; હવાલ; અવસ્થા; વર્ત્તમાન; સ્થિતિ; દશા. *Easiness of* C.S *easy.* C.S: દ્રવ્યાનુકૂલ; ઉનો સુખનો રોટલો; બે પૈસાનો જીવ; ખાતું પીતું; આબાદ; પૈસા ટકાનું સુખ. (*fig*) *Straitness of* C.S: ગરીબાઇ; ગરીબ સ્થિતિ; દરિદ્રાવસ્થા; અન્ન ને દાંતને વેર.

Circumstanced, (સર્કમ્સ્ટેન્સ્ડ્) *a.* Placed in a particular position or condition; situated: દશાપન્ન; અવસ્થાપન્ન; સ્થિતિમાં મુકેલું-લાવેલું-પડેલું.

Circumstantial, (સર્કમ્સ્ટૅન્શૅલ્) *a* Consisting in, or pertaining to circumstances: આગન્તુક; અનુષંગિક; આસપાસની-લગતી હકીકતનું-સંબંધી. 2. Minute: ઝીણું; બારીક; તપસીલવાર; બધી વિગતવાળું; વિગતવાર; જરેજર-રજેરજ વાતવાળું. 3. Incidental; relating to but not essential: પ્રાસંગિક; આનુમાનિક; અનુમાનસિદ્ધ. C. *evidence not direct:* હકીકતનો આનુષંગીક-આસપાસનો પુરાવો; અનુમાન. *n.* Something incidental to the main subject: પ્રમાણ અનાવશ્યક બીના; અનાવશ્યક હકીકત-બાબત; મુદ્દાને લગતી પણ મુદ્દાની નહીં તેવી અનાવશ્યક બીના; ગૌણવાર્તા.

Circumvallation, (સર્કમ્વૅલ્લેશન્) *n.* [L. *circum*, and *vallum*, a rampart.] The act of surrounding with a wall: ફરતો કોટ કરવો તે; કોટબંધી; મોરચાબંધી; ઘેરો ઘાલનાર લશ્કરની પાછળ કરેલો કોટ-ખાઇ

Circumvent, (સર્કમ્વેન્ટ્) *vt.* [L. *circum*, around and *venio* I come.] To deceive; to delude; to get around: ઠગવું; છેતરવું; ફસાવવું; ઠગાઇ-દાવપેચ-કપટ-યુક્તિ વિગેરેથી ફાવી જવું; યુક્તિ કરી લાભ મેળવવો; ઠગાઇ કરવી.

Circumvention, (સર્કમ્વેન્શન્) *n.* Deception; delusion; imposture fraud: કપટ ઠગાઇ; પેચ, યુક્તિ; ઠગ દગલબાજી; છેતરપંડી; કાવાદાવા; છળ; પ્રપંચ

Circumvolve, (સર્કમ્વૉલ્વ્) *vt* [L *circum*, around, and *volvo*, I roll] To roll round; to put into a circular motion: ગોળ ફેરવવું-ગમડાવવું; લપેટવું; ગોળગતિમાં મુકવું. *vi.* To roll round; to revolve: ગોળ ફરવું;

Circus, (સર્કસ્) *n* [*circus*, circle.] An open space in which games and shows were exhibited: કુસ્તી; કસરત-પટા વિગેરે ખેલ-તમાશા કરવાની જગ્યા; રંગભૂમિ; તાલીમખાનું; અખાડો-અગ્ગડ. 2. A circular inclosure for the exhibition of feats of horsemanship: ઘોડા ઉપરના ખેલ-તમાશા કરી બતાવવાનું કુંડાળું કે ગોળાકાર જગ્યા; સાહમારી કરવાની જગા; અગ્ગડ. 3. The company of performers in a circus: ઘોડા ઉપર ખેલ-તમાશા કરનારા તથા તેમનો બધો સાજ-મંડળ; સરકસ. 4. Space; inclosure: જગ્યા; વિસ્તાર; ઘેર.

Cis, (સિસ્) *n.* On this side: આણી તરફનું; આ બાજુનું (એ લાટિન ઉપસર્ગ છે.)

Cisalpine (સિસૅલ્પાઇન્) *a* [L. *cis*, on this side, and *Alpes*, the Alps.] On the hither side of the Alps, opposed to *transalpine:* આલ્પ્સ પર્વતની આ બાજુનું; ઇટાલી તરફનું.

Cistern, (સિસ્ટર્ન્) [L. *cista*, box.] An artificial reservoir for holding water: હોજ; ઘડી; ટાંકી; કુંડ; ગડી-આળી. 2. A hollow place containing water; a natural reservoir: તળાવ; કુંડ; સરોવર. [રહેનાર.

Cit, (સિટ્) *n.* A citizen: શહેરી; શહેરમાં

Citadel, (સિટૅડેલ્) *n.* A fortress; a stronghold: કિલ્લો; કોટ; ગઢ.

Citation, (સાઇટેશન્) *n.* [L. *cito*, I cite] An official notice given to a person to appear: સમન; હાજર થવાનો હુકમ; હુકમ પત્ર; આહ્વાનપત્ર. 2. The act of citing a passage from a book: ઉતારો; અવતરણ; પ્રતીક. 3. Enumeration; mention: ગણના; ગણતી; કથન; નિર્દેશ 4. A reference to decided cases: ચુકવેલા કેસલાનો કે સ્થાપિત ગ્રન્થનો આધાર બતાવવો તે.

Cite, (સાઇટ્) *vt* [L *cito*, I cite.] To summon: અધિકાર-હોદ્દાની રૂએ બોલાવવું; હાજર થવા ફરમાવવું; સમન કરવું; સમન કરી તેડાવવું; આવ્હાન કરવું. 2. To quote; to repeat: ગ્રંથ વગેરેમાં કોઇના કહેલા બોલ કહેવા-કહી બતાવવા; ઉતારો કરવો-ટાંકવો; અવતરણ કરવું. 3. To urge; to enjoin: ખેંચ-તાણ કરવી; ફરજ પાડવી; તાકીદ આપવી; ફરમાવવું 4 To refer to or specify: આધાર ટેકો-પ્રમાણ-પુષ્ટિ-મજબૂતી દાખલ બતાવવું જણાવવું-કહેવું 5. To notify of a proceeding in court: કોર્ટમાંના મુકદમા કે કેસને જાહેર રસ્તે પ્રસિદ્ધ કરવાના ખબર આપવી

Citizen, (સિટિઝેન્)*n.* One, who enjoys the freedom and privileges of a city:શહેરના હક ભોગવનાર મનુષ્ય;શહેરના મહાજનનો માણસ. 2.An inhabitant in a city; a townsman:શહેરી માણસ;શહેરી;પૌરજન;નાગરિક;નગરવાસી;શહેરવાળો; નગરસ્થ 2 *a.* Having the qualities of a citizen:શહેરીના જેવા ગુણવાળું; નાગરિક ગુણવાળું; શહેરી 2 Characteristic of citizens;effeminate; luxurious: મોજશોખી; વિલાસી; સુખાભિલાષી; વિલાસી; ભોગી; ચેનબાજ ઉડાવે તેવું.

Citizenship,(સિટિઝેનિશપ્)*n.*The state of being vested with the rights and privileges of a citizen:શહેરના બધા હક ભોગવવાપણું; પૌરાધિકારિત્વ;પૌરજનત્વ; નગરસ્થતા.

Citric,(સિટ્રિક્)*a.* Pertaining to an acid existing in the juice of lemon:લીંબુના રસ સંબંધી-વિશે-લગતું.

Citron,(સિટ્રૉન્)*n.*The fruit of the citron tree resembling a lemon:માકુંગુ;મીઠું લીંબુ; બિજોરૂં; મોસંબી;શત્રુ ૮.The tree:શત્રાનું ઝાડ.

City,(સિટિ)*n* [L.*civis*,a citizen.] A large town:શહેર;નગર ગરી;પુરી; પુર;પટ્ટન 2.A corporate city: સનદી શહેર 3.The collective body of citizens: શહેરની બધી વાસ્ત; આખું શહેર;નગરજનસમસ્ત *a* Pertaining to a city: શહેર નગર સંબંધીનું;શહેરી;નાગરિક.C *court*.the municipal court of a city: શહેરની મ્યુનિસિપલ કોર્ટ C. *Ward*, શહેરનો એક રખેવાળ,કિંવા રખેવાળ સમસ્ત

Civet,(સિવટ્)*n.*A substance consisting of butter and honey taken from glands in the anal pouch of civet:જબાદી બિલાડીની કસ્તુરી; માર્જાર કસ્તુરિના.2. The animal producing civet;the civetcat:જબાદી બિલાડી; કસ્તુરા પેદા કરનાર પ્રાણી; ગંધમાર્જાર *vt.* To scent or perfume with civet:જબાદી બિલાડીની કસ્તુરીની સોડમ-સુગંધ આપવી-વાસ દેવી

Civic, (સિવિક) *a.* [L. *civis*, a citizen.] Relating to city or citizen:શહેરને અથવા શહેરીને લગતું; શહેરી સંબંધી;નાગરિક;નગરવિષયક.

Civil,(સિવિલ્)*a*]L *civis*, a citizen.] (*a*) Pertaining to a city or state, or to a citizen in his relations to his fellow citizens or to the state;within the city or state:શહેર સંબંધી-વિષયક; રાજ્ય વિષયક-સંબંધી;શહેરી દાખલના; જનવ્યવહારનું;રોકવ્યવહાર વિષયક-સંબંધી; રાજ્યની હકદાર રૈયત દાખલના; નીતિ વિષયક 2.Reduced to order;civilized;not barbarous:વ્યવસ્થિત;સુધારેલું;વ્યવસ્થિત રાજ્ય સંબંધીનું;સુશિક્ષિત. 3· Performing the duties of a citizen;obedient to government:શહેરી દાખલનું; રાજ્યની આજ્ઞા માનનાર 4.Polite·courteous;complaisant;affable:સભ્ય;વિવેકી;આદરશીલ;શુશીલ;શિષ્ટસંપ્રદાયી.5.Not military,ecclesiastical,or official: મુલકી;મુલકી કામનું; મુલકી પ્રકરણનું.6 Relating to rights and remedies sought by action or suit distinct from criminal proceedings:દીવાની.C.*architecture*: ગ્રીન લશ્કરી શિલ્પકામ;મુલકી ઈમારતમાં કરેલું શિલ્પકામ.C.*death*: સંસારત્યાગ કરવાથી સંસારના હક જતા રહે તેવું છૂટા પડવું તે;સંન્યાસ;ત્યાગ. C. *law*, the law of a state: કોઈ પણ રાજ્ય કે શહેરનો કાયદો;રોમન કાયદો; ધર્મ કિંવા લશ્કરનો નહિ તેવો કાયદો;મુલકી ખર્ચનું પત્રક;સરકારી તિજોરીમાથી જે અમલદારોને પગાર મળે છે તે અમલદારો. C *remedy*:દીવાની હક-દાદ.C.*war*: એક દેશના લોકોની અંદર અંદરની લડાઇ. C *list*: રાજ્યના જે અમલદારોને સરકારી તીજોરીમાથી પગાર મળે છે તેનું પત્રક;મુલકી ખર્ચ;રાજના કુટુંબના ખાનગી ખરચની નીમકૂક. C *year*: સરકારી વર્ષ; કાયદા પ્રમાણે એક વર્ષ.

Civilian, (સિવિલિઅૅન)*n* One, who is skilled in civil law:રોમલોકના કાયદામા પ્રવીણ; એક કાયદાનો ગ્રુરુપંડીત;બિનલશ્કરી કાયદામા પ્રવીણ. 2. A student of the civil law at a university or college:પાઠશાળા અથવા કોલેજમા રોમન લોકોનો કાયદો ભણનાર વિદ્યાર્થી; વિદ્યાલયમાં રોમન લોકનો કાયદો જાણનાર; સીવિલિઅૅન 3 One,whose pursuits are those of civil life not military or naval લશ્કરી કે ધર્મ-ગુરૂના ધંધા સિવાયનો ધંધો કરનાર.

Civility,(સિવિલિટિ)*n.*1.The state of society in which the relations and duties of a citizen are obeyed;a state of civilisation: સુધારાની સ્થિતિ;સુધારો;ઉત્કર્ષ; ઉન્નતિ; ચઢતી.2.Civil office;a civil process:દીવાની ઓરીસ;દીવાની પ્રોસેસ.3 Politeness;courtesy: kind attention;good oreeding;a good act:સભ્યતા;વિવેક; સુજનતા; રીતભાત; માણસાઈ; ગૃહસ્થાઈ;ભલમનસાઈ;આદરસત્કાર; આદરાપચાર; માનસન્માન; *Empty* C.:શુષ્કોપચાર.

Civilization, (સિવિલાઇઝેશન્) *n.* The act of civilizing;refinement; national culture: સુધારો કરવો તે; સુધારણ; રીતભાત તથા કળા કૌશલ્યમા સુધારો-પ્રવીણતા; ઉત્કર્ષ;ઉન્નતિ

Civilize,(સિવિલાઇઝ્)*vt.*[L *civilis* civil]To educate;to refine:કળવણી આપવી;સુધારવો;વિદ્યાચાર સંપન્ન કરી રીતભાત તે સુધારવું.જંગલી સ્થિતિમાથી સુધરેલી સ્થિતિમા આણવું;વિવેકમા લાવવું;રીતભાતે સુધારવું.

Civilized,(સિવિલાઇઝ્ડ્)*a.*Refined: સુધરેલું;સુધારેલું;સંસ્કૃત;શિષ્ટ;સુશિક્ષિત; વિદ્યાચાર સંપન્ન; કેળવણી પામેલું.

Civilly,(સિવિલિ)*adv* In a manner relating to private rights: દિવાની રાહે; દિવાની કાયદા પ્રમાણે. 2. Politely:સભ્યતાથી;સભ્ય રીતે; વિવેકથી;રીતભાતથી;ગૃહસ્થપણાથી.

Clack (ક્લૅક્)*vi.*To make a sudden sharp noise;to rattle;to click: એકદમ તીણો અવાજ કર;સડાક-કડાક વાગવું-થવું;ટકટક થવું; ખણખણવું; સણણણ થવું 2. To utter words rapidly:લવ લવ-બકબક કર;બડબડી જવું;બડબડવું; લવી જવું; ટપટપ બોલી જવું; એકદમ તીણો અવાજ થાય એમ કર; કડાક ફટાક કરવાડવું;ટકટક કર;ખણખણાવવું 3. To utter rapidly and inconsiderately:બડબડવું;બકબક કર;લવ લવ લપ પોલીજવું.*n.* A sharp,abrupt sound made by striking an object: સપાટો;સટાકો; સડીમ-ઝડીમ-સટાક કડાક અવાજ;કોઈ પણ ચીજ અથડાવાથી જે તીણો અવાજ થાય છે તે 2 Anything that causes a clacking noise: ખણખણ ધમધમ-ટકટક-બડબડ અવાજ કરનારી વસ્તુ ચીજ. 3. Continual talk:બકવા; બકબકાટ; લવલવ; લવારી; લવારો; ટકટક.

Clad,(ક્લૅડ્ *vt imp & pp.***clad** To clothe:વસ્ત્ર લુગડા પહેરાવવા; પોશાક પહેરાવવો.*p a.* Cloathed: પરિધાનયુક્ત,કપડાવાળું.C.*with space*.naked: દિગંબર;નગ્ન;નાગુ; નવસ્ત્ર; ચતુર્ભુજ.

Claim,(ક્લેમ્)*vt* [L. *clamo*,I cry out]To demand as due: હક કરીને થી માગવું;નો દાવો કરવો;અખતિયાર-હોદ્દા કે હકની રૂએ માગવું;લેવું કર; માગવું.2.To assert;to maintain: કહેવું;જણાવવું;ખાત્રીથી-નિશ્ચયપૂર્વક કહેવું. *vi.* To have a claim: ના હકદાર-લેણદાર-દાવેદાર હોવું;દાવો ધરાવવો; હક ધરાવવો-હોવો.*n.*A demand of a right: હકની માગણી2.A right to claim or demand: હકથી દાવો કરવાનો યા માગવાનો હક; હક ધરાવવાની

સત્તા;હક;દાવો; માગણી; ધુલાકો; દર દાવો; અધિકાર. 3 The thing claimed or demanded:હક ધરાવેલી વસ્તુ-ચીજ.

Claimant mer,(ક્લેમૅન્ટ્-મર્) *n.* One,who claims;one who demands as due:હકની માગનાર; હક ધરાવનાર;દાવેદાર;હકદાર 2 One, who has a right to claim or demand હકથી માગવાનો હક જેનો છે તે પુરૂષ.

Claiming,(ક્લેમિન્ગ્)*n.*A act of demanding as due:હકથી માગવું તે; દા ।કરવો તે;સ્વીકાર;અંગીકાર;સ્વીકરણ.

Clairvoyence,(ક્લેર્વોયૅન્સ્)*n.*[L *clarus*,clear & *video*, I see.]A power,attributed to persons in a mesmeric state,of discerning objects not perceptible by the senses in their normal condition: અતીન્દ્રિયદર્શીન; અપ્રત્યક્ષ વિષયદર્શીન; ભેદ સમજવાની શક્તિ; વિશ્વેદૃષ્ટિ.

Clairvoyant,(ક્લેર્વોયેન્ટ્)*a.*Possessing the power of seeing things not present to the senses:અતીન્દ્રિય-દર્શી-દૃષ્ટા;વિશ્વે દૃષ્ટિવાળું.

Clam,(ક્લૅમ્)*vt* To clog, as with glutinous matter:ચીકણા પદાર્થથી ડખલ હરકત કરવી; ચીકણા પદાર્થથી ચોંટાડવું.*vi.*To be moist or glutinous:ચીકણું-ભીનું થવું. *vt.* or *vi.* To produce, in bell ringing, a clam:ઘંટ વાગતી વખતે અવાજ થવો-કરવો.*n* A bivalve shell fish of different genera:બે છીપવાળી માછલી 2.(*pl.*)Strong pincers:મજબૂત ચીપીઆ-ચિમટા.3.(*pl*) (*Mech.*) A kind of vise,made of wood: લાકડાનું બનેલું સુથારનું હથિયાર.

Clamber,(ક્લૅમ્બર્)*vi.* To climb with difficulty: મુશ્કેલાઇથી ચઢવું; હાથ પગ ટેકોટેકીને ચઢવું.

Clammy,(ક્લૅમિ)*a* Soft & sticky; glutinous: ચીકણું;કાપ જેવું, ચોંટી જાય એવું ચીકણું ગુંદ જેવું.

Clamorous,(ક્લૅમરસ્) *a.* Noisy; vociferous;turbulent: ધુમાટ ધોધાટ-શોરબકોર કરનાર;ફીસાદી; ધૂમ-પોકાર કરનાર; ટંટાખોર;ધાંધલિયો.

Clamour, Clamor, (ક્લૅમર્)*n.*[L *clamo*, I cry out.] Loud and continued shouting; outcry;noise;uproar:ધૂમાટ;પોકાર;ધૂમ; શોરબકોર;ધુમરાણ;કોલાહલ; મોટો અવાજ; ધોધાટ; શોર; ધૂપાટો. *vt.* To stun with noise:ધોધાટ;અવાજ કરીને બહેર કરી નાખવું 2.To utter loudly or repeatedly;to shout:ધૂમો પાડવી;ધોધાટ શોરબકોર કરવો; ધૂમાટ પોકાર કરવો. *To c.bells*,મોટો અવાજ થાય એવી રીતે ઉપરાઉપરી ઘંટનાદ કરવો. *vi.* To utter loud sounds;to complain: પોકાર-ધોધાટ-શોર કરવો;દાદની મોટી ધૂમ પાડવી;આગ્રહપૂર્વક અવિવેકી માગણી કરવી.

Clamp, (ક્લૅમ્પ્) *n.* Something that binds: ચાપડો;પટો; જોર પડી બંધ;લાકડો.2 (*a*) An instrument with a screw by which work is held in its place:વસ્તુ એકની એક જગ્યાએ રહે એવું ફરકવાળું હથિયાર; શીકરો;ચાંપ;પકડ (*c*) A piece of wood placed across another to bind or strengthen: મજબૂત કરવાને બીજી વસ્તુને આડો મુકેલો લાકડાનો કકડો.3.A mass of bricks heaped up to be burned : પકવવાને સારૂ કરેલો ઇંટોનો ઢગલો; ઇંટવાડો. 4. One of a pair of movable pieces of lead to cover the jaw of a vise: શીકરાનાં પાંખીઆ ઉપર ઢાકણ કરવાના સીસાના બે કડકામાંનો એક કકડો.5.A heavy footstep; a tramp:ભારે પગ; ધમકારાબંધ પગલું *vt* To render firm by means of a clamp: ચાપડા-પટાવડે સજ્જડ-મજબુત કરવું; બંધનમા લેવું. *vi.* To tread heavily;to clump:ધબધબભારે પગે ચાલવું.

Clan,(ક્લૅન્)*n.*1.A tribe,or collection of families,united under a chieftain: જાત; કોમ; ગોત્ર; કુટુંબ: કુળ; વંશ; એક સરદારની-સરદારી નીચે ભેગાં થયેલા કુટુંબ. 2. A clique; a sect;society or body of persons: ટોળી;કાકરીયો; પક્ષ; એકસંપી મંડળી.

Clandestine,(ક્લૅન્ડેસ્ટિન્) *a.* [L. *clandestonus*,secretly.]Hidden; private;underhand: છાનું;સંતાડેલું ચોરીનું;ખાનગી;ગુપચુપનું ઢુપ્ત;ગુપ્ત.

Clandestineness,(ક્લૅન્ડેસ્ટિન્નેસ્) *n.*Secrecy;a state of concealment:ગુપચુપપણું;ચોરટાપણું.

Clang,(ક્લૅન્ગ્)*vt.* [L. *clango*, I make noise.]To strike togethe with a ringing metallic sound: ખણખણાવવું;ધાતુને સામસામા અથડાવીને અવાજ કરવો. *vt.* To produce a sharp shrill sound:ખણખણવું;ધાતુ સામસામી અથડાવાથી અવાજ થવો. *n.* A sharp ringing sound: ખણખણાટ;ધાતુ સામસામી અથડાવાથી થતો-અવાજ;ઝણઝણાટ;ખડખડાટ.2. Quality of tone:રાગનો ઠણકો-લયચક.

Clangor-kor,(ક્લૅન્ગર્-કર્) *n.* A sharp,shrill sound: ખણખણાટ;ઝણઝણાટ;ખડખડાટ;રણકો;રણકાર;ઝણકાર.

Clank,(ક્લૅન્ક્)*n.*The loud,ringing sound made by a collieion of metallic bodies:રણકો;ખણખણાટ;ઝણઝાટ; ઠણઠણાટ. *vt.* To cause to make a sharp ringing sound: ખણખણ કરવું;ઝણઝણાટ જેવો અવાજ કરવો; ધાતુ સામસામા અથડાવાથી અવાજ-રણકો કરવું *vi* To make a sharp,ringing sound;to clang:ખણખણવું;ધાતુના સામસામી અથડાવાથી અવાજ થવો.

Clanship,(ક્લૅન્શિપ્)*n.*(*a*)A state of union as in a family or clan: એકસંપ;એકગોઠ; સંપીલાપણું; એક સંપથી એકઠા રહેવું તે. (*b*) An association under a chieftain:એક સરદારના હાથ નીચે એકઠા થવું તે.

Clansman(ક્લૅન્ઝમૅન્)*n* [*pl* **clans men.**]One belonging to a particular clan:કોઇ એક કુળ-કોમ ગોત્ર-ટોળીમાંનો માણસ.

Clap,(ક્લૅપ્)*vt* To strike;to slap; to strike together:ધબલઇને અથડાવવું;ધબ લેઇને અફાળવું; અવાજ થાય એવી રીતે અફાળવું ઠોકવું 2.To thrust, close, or put in a hasty manner: (with *in to*, on or *upon*):ધબ લેઇને વચે નાંખવું-ફેંકવું;ઝટકાવવું;વાસવું-દેવું-બંધ કરવું.3.To manifest approbation of by striking the hands together; to applaud: સાબાશીના તાબોટા-તાળીઓ પાડવી; તાબોટા પાડી સાબાશી આપવી; તાળીયો પોતાનો સંતોષ આનંદ દર્શાવવો 4. To imprison without formality: ગેરરીતે કેદમા ખોશી દેવું.*To c.hands*, (*a*)હાથથી વચન આપવું-કાલ આપવો; સાટું-સોદો કરવો. (*b*) તિરસ્કાર કિંવા હાંસી દર્શાવવી;ની પાછળ તાળીઓ પાડવી;આંગળી કરવી.*To c hold of*, એકદમ ઝડપથી-સમાની માફક-રોચાની માફક પકડવું;ઝાલવું. *To c up*, (*a*) ઘણી ઝડપથી અથવા કંઇ પણ રીતસર તપાસવગર કેદ કરવું. (*b*) ઝડપથી કરવી. લાવી મેળવવું; લાકડે લાકડું વળગાડી દેવું;ગળે પહેરાવી દેવું *vi.*To come together suddenly with noise : ધબોધબધબ લેઇને અથડાવું-અફળાવું;ઝટકાવું 2. To strike the hands together in applause: શાબાસીના તાબોટા-તાળીઓ પાડવી.3 To enter with alacrity & briskness (with *to* or *into*):ધબ લઇને જવું-પેસવું; કોઇ કામ હોંશથી કરવું;આનંદથી પ્રવેશ કરવું; ચપળાઈથી જવું-પેસવું. 4. To knock as at a door: કમાડ-બારણાં ઠોકવાં. *n* A loud noise made by sudden collision: ઓચિંતા-એકાએક અફળાવાથી થતો મોટો અવાજ;ધબાકો.2. A stroke;a blow:ઝપાટો;તડાકો;વારો.3.A burst of sound;a sudden

explosion: કડાકો; મોટો અવાજ;તડાકો;ધડાકો;ગરગડાટ;ગર્જના. 4. A striking of hands to express approbation: સાબાસીની તાળીઓ; તાળોટા; હર્ષગર્જના. 5 Noisy talk; chatter: ઘાટા ઘાઢીને કરેલી વાત. 6. Gonorrhœa:પરમો; પરમીઓ;પ્રમેહ.

Clap-trap(ક્લૅપ-ટ્રૅપ્)*a.* Deceptive; unreal: ઠગાઇ-છળ-કપટ ભરેલું: ભેદી; દગાખોર; છળ ભેદવાળું; ઇંદ્રવર્ણા જેવું; તકલેહી. *n.* A trick to gain applause: શાબાશી મેળવવા સારૂં કરેલું તરકટ યુક્તિ યોજના-કાવતરૂં.

Clarification,(ક્લૅરિફિકેશન્)*n* [L. *clarus*, clear & *facio*, I make.] The act of clearing: રશાયણથી શોધવું તે;શોધન;શુદ્ધિ 2 The act of freeing from obscurities: અંધકાર-ગહનતા-અસ્પષ્ટતાથી દૂર કરવા-ટાળવું તે.

Clarified, (ક્લૅરિફાઇડ) *a.* Made clear:શોધેલું;મેલ કાઢેલું;શુદ્ધ-સાફ સ્વચ્છ કરેલું; શોધન કરેલું; તાવેલું. C. *butter*:ઘી;વિષ્ણુતેજ-દેવત.

Clarifier, (ક્લૅરિફાઇઅર) *n.* That which purifies: શુદ્ધ સાફ-સ્વચ્છ-નિર્મળ કરનાર;શોધક;મેલ કાઢી નાંખનાર;ધોનાર.2.A vessel in which the process of clarification is conducted: કંઈપણ વસ્તુ શુદ્ધ કરવાનું શોધવાનું વાસણ-બણસ.

Clarify, (ક્લૅરિફાઈ) *vt.* To make clear:to defecate: શુદ્ધ-સાફ-નિર્મળ કરવું;ધોવું; શોધન કરવું; શોધવું; મળકાપવા.2. To brighten: ચળકતું-પ્રકાશિત કરવું;સ્વચ્છ કર;નિર્મળ કર. *vi.* 1. To grow clear: સ્વચ્છ-નિર્મળ-શુદ્ધ-સાફ થવું; ધોવાઇ જવું; મેલ કપાઇ જવો. 2. To grow bright: પ્રકાશી નીકળવું; ઝળકી-ચળકી ઉઠવું

Clash,(ક્લૅશ)*vt.* To strike noisily against: સામસામું ફેંકવું-અફાળવું *vi.* To dash noisily together: અથડાવું; અફળાવું; અવાજ-ધબાકો થાય તેમ અથડાવું. 2 To meet in opposition; to interfere: સામસામું-વિપરીત-વિરુદ્ધ આવવું-હોવું; વચ્ચમાં આવવું; નડવું; અડચણ-હરકત-ખલેલ કર; પરસ્પર વિરોધ હોવો; ઉલટા પડવું. *n.* (*a*)A loud noise resulting from collision:ખડબડાટ; ઝણઝણાટ; કડાકો; ગડગડાટ. (*b*) A collision: અથડા અથડી; ઝડાઝડી; સંઘાતન; સંઘર્ષણ 2. Opposition;contradiction between interests,views,purposes, &c.:વિરુદ્ધતા; પ્રતિકૂળતા; પરસ્પર વિરોધ;નડતર;ડખલ; હરકત;' વિરોધ.

Clashing,(ક્લૅશિંગ્)*n.*(*a*)Dashing noisily together:અફળાવું-અથડાવું. તે;ધસાવસી;વિરુદ્ધતા:ઉલટાપણું.*a.*Opposite:ઉલટું; આડું:વિરુદ્ધ: સામસામું આવે તેવું;પ્રતિકૂળ; પરસ્પર વિરોધી.

Clasp, (ક્લૅસ્પ) *n.* A flattened hook, for holding together the parts of anything: ચાપડો: કડી;બે વસ્તુઓને એકઠી રાખવાનો હુક. 2 A close embrace: બાથ; આલિંગન; કોટી. C. *knife*, a large knife:હાથામાં જેનું પાનું વાળી શકાય એવી એક મોટી છરી-પાળી. *vt.* To shut together with a clasp:ચાપડા-હુકવતી એકઠું જોડવું-બંધ કર.2.To embrace;to grasp: આલિંગન દેવું-કર; ભેટવું; બાથમાં ભીડવું; બાઝી પડવું; બાથમાં દબાવવું; કોટી કર-ઝાલવું;પકડવું 3. To surround and cling to: ઘેરવું; ને બઝી રહેવું *To C.to one's bosom* છાતી સરસું ચાંપવું.

Class,(ક્લાસ્)*n.*[L. *classis*, class, collection.] A group of individuals ranked together as possessing common characteristics: પ્રકાર;પ્રત;જાતિ;વર્ગ;વર્ણ; ગણપક્ષ; જાત; લોક.2.A number of students in a school or college,of the same studies:વર્ગ;ક્લાસ.3 An order of animate or inanimate objects grouped together on account of their common characteristics સાધારણ ગુણ હોવાને લીધે એકત્ર રાખેલાં પ્રાણીઓનો વર્ગ-સમૂહ.4.A set; a species or variety:પ્રકાર;જાત;સમૂહ;તફો;જથો:ગણ; વગો:*vt.*1.To arrange in classes:વર્ગ પાડવા;વર્ગમાં ગોઠવવું;વર્ગણી કરવી; પ્રકાર પાડવા; પ્રત કરવી;જાતવાર ગોઠવવું-મુકવું;ગુણ પ્રમાણે વર્ગ પાડવા; વર્ગ પ્રમાણે જુદું જુદું કર. 2.To place in a class or classes: જુદા જુદા વર્ગમાં મુકવું;વર્ગ પાડવા. *vi* To be grouped:માં સમાઇ જવું;એકઠું થઇ જવું;-માં પડવું-આવવું;સવર્ગી થવું.

Classic,) (ક્લૅસિક-કૅલ)*a.*1.Su-
Classical,) perior in dignity of the first class or rank:પહેલા વર્ગનું;ઉત્તમ;સરસ;સરવોત્કૃષ્ટ; શ્રેષ્ઠ;પહેલા નંબરનું.2.Pertaining to the Greeks and Romans especially to Greek and Roman authors:ગ્રીક અને લાટીન ગ્રંથકારોને લગતું-ના સંબંધી; અસલનું.3.Pure;refined;chaste:શુદ્ધ; સુધરેલું; પ્રશસ્ત;સંસ્કારવાળું; સંસ્કૃત.

Classic, (ક્લૅસિક્) *n.* A work of acknowledged excellence and authority,or its author:ઉત્તમ ગ્રંથ;ઉત્તમ પ્રતિનો ગ્રંથ કે ગ્રંથકાર;સર્વોત્કૃષ્ટ ગ્રંથ.2.One learned in classics: ઉત્તમ ગ્રંથમાં પ્રવીણપુરૂષ; લાટિન અને ગ્રીક ગ્રંથમાં ઉત્તમ રીતે પ્રવીણ પુરૂષ.

Classifier, (ક્લૅસિફાઇઅર)*n.* One, who classes:વર્ગ-ભાગ પાડનાર;વર્ગણી-ગોઠવણી કરનાર-જાત પ્રત-તફા પાડનાર.

Classify,(ક્લૅસિફાઇ) *vt.* [L *classis*, class&*focio*, I make]To make a class or classes;to systematize: વર્ગ પાડવા; જાત-પ્રકાર પ્રમાણે ગોઠવવું; પ્રત કરવી; પ્રતવાર-જાતવાર ગોઠવવું; સવર્ગી સમૂહમાં મુકવું; વર્ગણી કર.

Clatter, (ક્લૅટર) *n* (*a*)A rattling noise made by the collision of hard bodies:ખડખડાટ;ગડગડાટ; ખણખણાટ; કડકડાટ ખડખડબડબડ; ખળભળાટ(*b*)Any loud,abrupt sound: ખણખણ કરતો અવાજ;ધડાકો;ગડાકો.2. Commotion:disturbance:ફડફડાટ; ક્ષોભ.વ્યગ્રતા:ઉદ્વેગ. 3. Babble;chatter:બકવા;બકબકાટ;લવારી;લવારો.4. A repeated rattling noise:ખડખડાટ;ખણખણાટ;ખણખણ;ખણખણ કરતો-અવાજ. *vi.* To make a rattling sound:ખડખડવું;ખડખડ અવાજ થવો; ખણખણવું;ખણખણાટ થવો.2.To prate: લવારો કરવો; ઉતાવળથી બકી જવું; ગપ્પાં મારવા;બકબક કર.*vt.*To strike and make a rattling noise:ખણખણવું; ખણખણાટ-અવાજ કરવો; ખડખડાવવું.

Clattering,(ક્લૅટરિંગ્)*n.* A rattling noise;ખણખણાટ; ખડખડાટ.

Clause,(ક્લૉઝ્)*n.* [L. *claudo*, I shut.] A separate portion of a written paper;an article in any legal document:પ્રકરણ; વાક્ય; કલમ; રકમ-કૂચરો; અંગવાક્ય; ઉપવાક્ય. 2. A portion of a sentence containing a subject and its predicate:કર્ત્તા અને ક્રિયાપદવાળો વાક્યનો ભાગ; વાક્યાંગ; ઉપવાક્ય.

Clavicle, (ક્લૅવિકલ્)*n.* [L. *clavicula*, a little key.] The collar-bone, હાંસડી; હાંસડીનું હાડકું.

Claw, (ક્લૉ) *n.* A sharp hooked nail as of a bird or beast:નહોર; પંજો; નખ. 2. The whole foot of an animal armed with hooked nails: નહોર પંજથી હથિયાર બંધ થયેલા જનાવરનો પગ. 3. Anything resembling the claw of an animal: જનાવરના પંજાને મળતી આવતી કોઇ પણ ચીજ-વસ્તુ 4. A slender appendage formed like a claw: પંજાની માફક બનલી નાજુક પાદડાની લટા. *vt.* To pull or tear with nails: નખ-નોહોર-પંજાવતી ખેંચવું-ફાડવું ઝડપી-છીનવી લેવું; નખવડે ઉઝેડવું-ચારવું; નહોર ઉઝેડા પાડવા. 2. (*a*)

To tickle: ખજવાળવું; પંપાળવું; થાબડવું. (*b*) To flatter; to court: ની ખુશામત કરવી; ના ગુણ ગાવા; નાં વખાણ કરવાં. 3. To rail at; to scold: નિંદવું; કટાક્ષથી જોવું; ભુંડું બોલવું; ગાળો દેવી *To c. away*, to scold or revile: ગાળો દેવી; નિંદવું; ખરાબ વચન કહેવાં *To c. on the back*, to tickle: ખભો બરડો થાબડવો; શાબાશ શાબાશ કહી બરડો થાબડવો. *To c* (one) *on the gall*, to find fault with; to vex: ચીઢવવું; ખોતરણા કાઢવાં; દોષ-વાંક કાઢવો; પજવવું *vi* To scrape, scratch or dig with a claw: પંજાથી કોરવું -ઉલેડવું-ઉખેડવું.

Clay, (ક્લે) *n* A soft earth, which is plastic: માટી; મૃત્તિકા. 2. (*a*) Earth in general, as representing the elementary particles of the human body: માટી; શરીરનાં રજકણો બનેલ છે તે માટી (*b*) Hence, human body as formed from such particles: મનુષ્ય શરીર; કલેવર; માટી-રૂપ શરીર *Brick c.*, જે ની અંદર બેઠું સમાયેલું છે અને જે બહાર વામાં આવે છે ત્યારે રાતી થઈ જાય છે એવી સાધારણ જાતની માટી મટોડી. *Porcelain c.*, a very pure variety: ઝાણી ચોખ્ખી સ્વચ્છ માટી જેના ચીનાઈ વાસણો બને છે તે. C. *marl*, a whitish smooth, chalky clay: સફેદ લાસી ચાક જેવી માટી; ખડી C *cold*, lifeless; inanimate: ચેતનારહિત; નિર્જીવ; અચેતન; નિષ્પ્રાણ; જડ. *v.t.* To manure with clay: માટીનું ખાતર કરવું; માટી પુરવી; માટી ચોડવી. 2. To purify and whiten with clay: માટીવડે ધોવું-સ્વચ્છ નિર્મળ-ચોખ્ખું કરવું. 3 To puddle: ડહોળવું કરવું.

Clayey-ish, (ક્લેઇ-ક્લેઅશ) *a*. Consisting of clay; abounding in clay; like clay: માટીનું; માટીવાળું; માટી જેવું; માટીનું બનેલું; માટીથી ભરપૂર

Claymore, (ક્લે-મોર) *n* A large two-handed sword used by Scottish Highlanders: સ્કોટલાંડર્સ વાપરે છે તેવી બે હાથની મોટી તરવાર.

Clean, (ક્લીન) *a* Free from dirt or filth: કચરા વગરનું; ગંદવાડ વગરનું; ચોખ્ખું; નિર્મળ; સ્વચ્છ; સુઘડ; મેલ વગરનું; શુદ્ધ; વિમળ; નિતરે; મળહીન રહિત. 2 Free from that which is injurious; without defects: ખામી વગરનું; ચોખ્ખું; ખોડખાપણ વગરનું; શુદ્ધ 3. Free from awkwardness; adroit; lexterous: ચતુરાઇવાળું; ચતુર; સફાઈદાર; આબાદ; યુક્તિપુર; કુશળ; કસબી. C *trick*: ચતુરાઇવાળી યુક્તિ. *To make a c. sweep of*: સાફ કરી નાંખવું. 4 Complete: પુરું; બરાબર; સંપૂર્ણ; સાફ; પુરેપુરું; બધું C Free from moral defilement: નિષ્પાપી; નિષ્કલંક; પવિત્ર; શૌચ; પાપરહિત; ચોખ્ખું; નિર્મળ; [illegible]. 6. Free from ceremonial defilement: ક્રિયા માર્ગ પ્રમાણે ચોખ્ખું; શુદ્ધ; પવિત્ર; પાપ વિરહિત 7 Free from that which is corrupting to the morals; healthy: નીતિભ્રષ્ટ કરે તેવાથી મુક્ત રહિત; તંદુરસ્ત; નિરોગી. 8 Free from errors & vulgarisms: ભૂલચૂક કે દોષો વગરનું; શુદ્ધ; સંસ્કૃત 9. Well-proportioned; shapely: ઘાટ બંધ; ડોળદાર સરખાં; આકારશુદ્ધ; સપ્રમાણ. *A c. bill of health*, વહાણ ઉડતા રોગ-ચેપી રોગથી મુક્ત છે અવું જે બંદર સત્તાધીશ તરફનું સર્ટિફિકેટ-પ્રમાણપત્ર. *To make a c breast*, to disclose secrets; to make a full confession: હૃદય ખોલીને વાત કરવી; સઘળું કહી દેવું; ફોડી નાખવું; સઘળું માની દેવું. *adv.* 1. Perfectly; wholly: બીલકુલ; બેક; તદ્દન પૂરેપુરું; પૂર્ણ રીતે; બધુંએ 2 Dexterously: ચતુરાઈથી; સફાઇથી; સફાઇબંધ; યુક્તિપુરઃસર *vt* To render clean; to purify ચોખ્ખું-શુદ્ધ સાફ-નિર્મળ કરવું; મેલ કચરો કાઢી નાખવો; પવિત્ર કરવું; શોધવું.

Cleaning, (ક્લીનિંગ) *n*. The act of making clean: શોધન; મલાપકર્ષણ; માર્જન. 2. The afterbirth of cows, ewes, &c: ઘેટાં વિગેરેની ઓર

Cleanly (ક્લીન્લિ) *a*. Pure; innocent: ચોખ્ખું; સાફ; સુઘડ; ચોખાળ-શુદ્ધ; નિર્દોષ; નિષ્પાપી; નિષ્કલંક. 2. *Skilful*; dexterous: ચતુર; કુશળ; કાર્યદક્ષ; હોશિયાર C. *joys*: શુદ્ધ આનંદ. *adv.* In clean manner, neatly; સ્વચ્છપણે; સુઘડતાથી. 2. Innocently; without stain: નિર્દોષપણે; નિષ્કલંકપણે 3. Adroitly; dexterously: ચતુરાઇથી; ચપળતાથી; ખાસી રીતે; હાથચાલાકીથી

Cleanliness, (ક્લીન્લિનેસ) **Cleanness**, (ક્લીન્નેસ) *n* The state or quality of being clean: સફાઇ; ચોખ્ખાઈ; શુદ્ધતા; શુદ્ધિ; વિશુદ્ધિ; નિર્મળતા; સ્વચ્છતા; પવિત્રતા; શૌચ; મલાભાવ; મલહીનતા. 2. (*a*) Purity of life or language: શુદ્ધતા; પવિત્રતા. (*b*) Freedom from licentious course: સદાચાર; નેકી.

Cleanse, (ક્લેન્ઝ) *vt*. To render clean; to clean: સાફ કરવું; માંજવું; ધોવું; દોષ-મળ-મેલ રહિત કરવું; શુદ્ધ કરવું; પાપરહિત કરવું.

Clear, (ક્લીઅ) *a*. [L. *clarus*, clear.] Pure; transparent; bright: સ્વચ્છ; શુદ્ધ; નિર્મળ; ચકચકિત; ચળકતું; પારદર્શક; સાફ; નિતરે; કાચ સરખું. C. *stream*: સ્વચ્છ વહેળો. 2. Plain; evident; lucid; indubitable: પ્રકટ; પ્રત્યક્ષ; પ્રસિદ્ધ; સાફ; ઉઘાડું; ખુલ્લું; સ્પષ્ટ; વ્યક્ત. 3. Discriminating: સારું નરસું જાણી શકે તેવું; વિવેક શક્તિવાળું; ભેદ જાણે એવું બરોબર; ચોકસ; તીક્ષ્ણ બુદ્ધિવાળું; જલદ; કુશાગ્ર બુદ્ધિવાળું; વિવેચન શક્તિવાળું; તીવ્ર 4. Serene; cheerful: ઉઘાડું; ખુલ્લું; વાદળા વિનાનું; ચોખ્ખું; પ્રસન્ન 5 Audible; canorous: સ્પષ્ટ; સાફ; સારૂ સંભળાય તેવું: વ્યક્ત; ખુલ્લું. 6. Entirely pure: ચોખ્ખું; નિર્મળ; મેલ-ભેગ વગરનું. 7. Free from defect or blemish: ખોડખાંપણ વગરનું. 8. Unblemished: પાપમુક્ત; ચોખ્ખું; નિષ્પાપ; નિર્દોષ; નિરપરાધી; નિર્બાધ; અલિપ્ત શુદ્ધ 9 In full; net: ચોખ્ખું. 10 Free from impediment; unobstructed: મોકળું; મુક્ત; નિર્વિઘ્ન; ખુલ્લું પ્રશસ્ત; હરકત-અડચણ-નડતર સિવાયનું; નિર્બંધ 11 Free from embarrassment, detention, &c ગુંચવણો-અમુજાણ-પીડા-વિટંબણા રહિત-વિનાનું. 12. Unclouded. ઉઘાડું; ખુલ્લું; વાદળાં વિનાનું. *adv* Plainly: સફાઇથી; સ્વચ્છ રીતે; ચોખ્ખાઇથી 2. Entirely: બેક; તદ્દન; સમુળગુ; બીલકુલ. *vt* To render bright: ચોખ્ખું સ્વચ્છ-સાફ નિર્મળ-નિતરે-મોકળું કરવું 2. To render intelligible: સ્પષ્ટ-ખુલ્લું-ઉઘાડું વ્યક્ત-સમજાય તેવું કરવું-બનાવવું. 3 To free from obscurity or ambiguity: સાફ-સ્પષ્ટ કરવું; ઉઘાડું કરવું. 4. To cleanse: શુદ્ધ ચોખ્ખું-નિર્મળ કરવું; શોધવું; ગાળવું; ભેગ-મળ-કચરો-મેલ કાઢવો; દારૂ સોધવો. 5. To free from impediment: હરકત-અડચણ-નડતર કરવું; બીલકુલ વિગેરેથી મુક્ત કરવું; મોકળું કરવું. 6. To justify: નિર્દોષ-નિષ્કલંક-દોષમુક્ત નિરપરાધી ઠરાવવું વ્યાજબી છે એમ ઠરાવવું; ચોખ્ખું કરવું 7. To leap over without touching: ઉપરથી અડકયા વગર કુદી જવું; અગર કુદી જવું. 8 To make a net profit: ચોખ્ખો નફો ખાવો; ખર્ચ કાઢતા નફો કાઢવો-કમાવો 9. To remove: વચ્ચેથી કાઢવું-ઉપાડવું; લઇ જવું; સાફ કરવું; ખુલ્લું; મુક્ત થવું. *To c away rubbish*: પુંજો કાઢવો. *To c a ship at the customhouse*: કુરન્ટમાંથી વહાણ હાંકવાની પરવાનગી મેળવવી. *To c the land*, વહાણને કીનારાથી એટલું દુર રાખવું કે પછી ખડકપર અફળાવાનું જોખમ ન રહે *To c. up*, to explain; to dispel: સમજાવવું; સ્પષ્ટ કરવું; ઉઘાડું કરવું; કાઢી નાખવું; દુર કરવું *vi*. To become fair: ઉઘડવું; ઉઘાડ નીકળવો-પડવો (often followed by *up*, *off* or *away*.)

Consummate, (કૉન્સમેટ્)*vt.* [L. *con* & *summa*, sum.] To bring to completion;to perfect: પૂર્ણસિદ્ધ કરવું; પાર મુકવું;-અંત-છેડો આણવો;પૂર્ણાહુતિ કરવી; પરીપૂર્ણ કરવું.*To c. business*:કામની પૂર્ણાહુતિ કરવી.*a.*Complete;perfect:પૂરું;સંપૂર્ણ;પરિપૂર્ણ; પક્કું;પરમ;સર્વોત્કૃષ્ટ; બણીશુદ્ધ. C. *happiness*:પરિપૂર્ણ સુખ.

Consummation,(કૉન્સમેશન્)*n.* Completion;termination; perfection;end: પરિપૂર્ણતા; સંપૂર્ણતા; અંત;છેડો;આખર; પાર;પૂર્ણાહુતિ; અંત્ય નાશ.C.*of all things*: જગત વ્યવસ્થાની આખર.C.*of marriage*:લગ્ન થયા પછી સ્ત્રી પુરૂષનો વણીઆણી દાખલ સંગ.

Consumption,(કૉન્સમ્શન્)*n.* [L. *con* & *sumo*,I take.]1. Decay, destruction: નાશ;ક્ષય;ઉપયોગ; વાપર;ઉપભોગ;ફના.2. Diminution,waste,loss: નાશ;ટોટો;ખર્ચ;વ્યય;ક્ષય.3. (*Med.*)Pulmonary phthisis: ક્ષયરોગ;ખઇ;ક્ષય;યક્ષ્મા;રાજરોગ.

Consumptive,(કૉન્સમ્પ્ટિવ્)*a.*Destructive; wasting: નાશ-ક્ષય-ખુળધાણી કરવું.2. Affected with or inclined to consumption:દમીઓલ; ખઇ-ક્ષય રોગવાળું-થાય એવું; ક્ષય રોગી. *n.*One of affected with consumption: ક્ષયરોગી;ખઇવાળું માણસ.

Contact,(કૉન્ટૅક્ટ્)*n.* [L. *con* & *tango*,I touch.]A close union or junction of bodies;a touching or meeting: પરાર્થોનો સંસર્ગ; સંયોગ; સ્પર્શ; સંયોજન; સંબંધ; લગ્નપણું; સંપર્ક.

Contagion, (કૉન્ટેજૅન્)*n.*[L.*con* & *tango*, I touch.] The transmission of a disease from one person to another by direct or indirect contact:ચેપ; ચેપીરોગનું ઉડવું તે;સ્પર્શસંચાર.2.That which serves as a medium or agency to transmit disease: રોગ ઉડવાનું સાધન-ચેપ-ઝેર; ચેપી હવા. 3. The means of communication any influence to the mind or heart: મન કે અંત:કરણને અસર પહોંચાડનારૂં સાધન-દ્વાર.

Contagious,(કૉન્ટેજસ)*a.* (*Med.*) Communicable by contact: સ્પર્શ-ચેપથી થાય એવું;સ્પર્શજન્ય;ચેપી; સ્પર્શ સંચારી;ઉડતું.C.*disease*: ઉડતો ચેપી રોગ 2. Pestilential:મરકી-મરજ-રોગચાળો થાય એવું;3.Communicable from one to another:એકમાંથી બીજામાં જાય એવું; અનુકરણ કરાવે એવું.

Contain,(કૉન્ટેન)*vt.* [L. *con* & *teneo*,I hold.]To hold within fixed limits;to comprise;to include:માં હોવું;સમાવવું; મવડાવવું;ધારણ કરવું.2.To have capacity for; to hold:માં માવું-સમાવું; સમાવેશ કરવો.3.(used reflexively.) To restrain;to confine:હદ-મર્યાદામાં રાખવું; નિગ્રહ-નિયમમાં રાખવું. *vi.* To restrain desire;to live in continence or chastity:મનને વશ-કબજામાં રાખવું;જીવ વશ રાખવો; ઇંદ્રિય નિગ્રહ કરવો;કામ જય કરવો;પાક-અખ્ખલિચારી રહેવું.

Contaminate,(કૉન્ટૅમિનેટ્)*vt.*[L. *con* &*tango*,I touch.]To tarnish; to sully;to taint;to pollute:એબ-કલંક-ડાઘ લગાડવો;દોષ લાવવો;કલંકિત કરવું;મલિન કરવું;દૂષિત કરવું;બિગાડવું; અપવિત્ર-ભ્રષ્ટ કરવું; વટાળવું.*a.*Polluted;corrupt;tainted:દૂષિત;બગાડેલું; અપવિત્ર; ભ્રષ્ટ;મલિન;કલંકિત.

Contamination,(કૉન્ટૅમિનેશન્)*n.* Pollution,defilement;taint:ડાઘ; દૂષણ;લાંછન; ભ્રષ્ટતા; એબ; કલંક; નાપાકી;આભડછેટ;વટાળ.

Contemn,(કૉન્ટેમ્)*vt.*[L. *con* & *temno*,I despise.]To despise;to scorn;to disdain;to slight:તુચ્છકારવું;અપમાન કરવું; તિરસ્કાર કરવો; અવગણના કરવી;અનાદર કરવો;તુચ્છ-હલકું-અધમ માનવું-ગણવું-સમજવું.

Contemper,(કૉન્ટેમ્પર્)*vt.* [L.*con* & *tempero*,I temper.]To allay; to moderate;to soften:ઓછું-નરમ કરવું;વટાડવું.

Contemplate,(કૉન્ટેમ્પ્લેટ્) *vt.* [L. *contemplor*, I view attentively.] 1.To look at on all sides;to regard with deliberate care; to meditate on;to study:ધ્યાન-ચિંતન-મનન કરવું; ધ્યાનમાં લેવું-ધરવું;ચોતરફથી-બધી બાજુથી તપાસી જોવું-વિચાર કરીને જોવું.2.To look forward to;to purpose;to intend: ધારવું; ધારણા-વિચાર-ઇરાદો રાખવો.*vi.* To ponder; to meditate: ધ્યાન-ચિંતન-મનન કરવું; ધારવું; એકાગ્રચિત્તે તપાસવું.

ઉંડો વિચાર કરી જોવો.

Contemplation, (કૉન્ટેમ્પ્લેશન્)*n.* 1.Continued attention of the mind to a particular subject: meditation:ચોતરફનો વિચાર;મનન; ધ્યાન;ચિંતન;વિચાર.2. Holy meditation:ધ્યાન; નિદિધ્યાસ; નિદિધ્યાસન;સમાધિ.3.Expectation;the act of intending or purposing: વિચાર;ઇરાદો;ધારણા. *To have in c.*: -નો વિચાર-ધારણા કરવો.

Contemplative, (કૉન્ટેમ્પ્લેટિવ્)*a* Addicted to contemplation: વિચાર-ચિંતનશીળ; ધ્યાનશીલ; મનનશીલ;ધ્યાની; ધ્યાનનિષ્ઠ; ધ્યાનપર; ચિંતાશીલ.2.Having the power of thought or meditation: વિચાર-ધ્યાનવાળું ;વિચારવંત;વિચારશક્તિવાળું.

Contemporaneous, (કૉન્ટેમ્પોરેનીઅસ્)*n.* [L. *con & tempus,* time.]Living or acting at the same time;contemporary:સમકાલવર્ત્તિ;સમાનકાલક;સમકાલિક; એકકાળી;સમાનકાલક;એકજ વખતનું.

Contemporary, (કૉન્ટેમ્પોરરિ)*a.* Living or acting at the same time;contemporaneous:એકજ કાળ-વખતનું;સમકાલવર્ત્તિ 2 Of the same age.;coeval:એકજ ઉમ્મરનું *n.* One who lives at the same time with another: સમકાલવર્ત્તિ પુરૂષ; એક કાળે હોનાર-સહવર્ત્તમાન પુરૂષ; સમકાલીન.

Contempt, (કૉન્ટેમ્પ્ટ)*n.*[L.*con & temno,*I despise.] The act of contemning or disdaining;disdain:ધિક્કાર;તિરસ્કાર; અનાદર;અવજ્ઞા; અવગણના;અપમાન;ઉપેક્ષા; તુચ્છકાર.2. The state of being dispised; disgrace;shame: ફજેતી; અપ્રતિષ્ઠા; અપમાન; નામોશી; અપયશ; માનભંગ; બદનામી.C.*of court*:કોરટનું અપમાન. 3.Disobedience of the rules, orders,&c. of a court of justice or a legislative body:કાયદા,હુકમ-ફરમાન વિ૰નો તિરસ્કાર-અવજ્ઞા-અવગણના કરવો તે.

Contemptible, (કૉન્ટેમ્પ્ટિબલ) *a.* Worthy of contempt;mean;vile; despicable:ધિક્કારવા જોગ; અવગણનીય;ગર્હ્ય. 2. Contemptuous:તિરસ્કાર-મત્સર-અપમાનનું ભરેલું;ઉદ્ધત. 3. Despised;neglected;abject:હલકું; અધમ;તુચ્છ;નિચ;તિરસ્કારપાત્ર.

Contemptuous (કૉન્ટેમ્પ્ચૂઅસ્)*a.* Scornful;haughty;disdainful:તિરસ્કાર-મત્સર- ધિક્કાર અનાદર-અપમાનનું ભરેલું;ઉમાકી;નિંદાત્મક;અનાદર યુક્ત;તિરસ્કાર બોધક-સૂચન;તરછોડા ભરેલું; છણકાવાળું.

Contend, (કૉન્ટેન્ડ્)*vi.* [L.*con & tendo,*I stretch.] To contest;to vie;to quarrel:આથડવું; સામસામા લડવું;ઝઘડવું;ઝઘડો-ટંટો કર૰;કોશીશ કર૰; પ્રયત્ન કર૰.2.To struggle or exert one's self to obtain or retain possession of,or to defend:કંઈ ચીજ મેળવવા કે રાખી મુકવા કે રક્ષણ માટે માથા ફોડ કરવી-વેવલાં મારવાં પછાડા મારવા.3.To dispute to argue; to strive in debate:વિવાદ કર૰;તકરાર કર૰.*To c.for*:માટે સ્પર્ધા કર૰.*vt.*To dispute for;to contest:-ને વાસ્તે તકરાર-ટંટો કર૰;લડવું.

Contending, (કૉન્ટેન્ડિન્ગ્)*a.*Disputing;contesting: સામસામેનું; વિરૂદ્ધ;વિરોધી;કલહશીલ. C. *parties*: સામસામેના પક્ષકારો.

Content (કૉન્ટેન્ટ્)*a.*[L.*con&teneo,* I hold.)In a state of quiet peace;satisfied at rest:સંતુષ્ટ;તૃપ્ત; સંતોષી; રાજી; ખુશી; સુખી. *vt.* To satisfy the desres of;to appease:મનને સમાધાનમાં રાખવું; રાજી ખુશ-સંતુષ્ટ કર૰;મનની નિરાત કર૰-વાળવી;મનને તૃપ્તિમાં રાખવું. 2. To satisfy the expectations of;to pay: -ની આશા પૂરી કર૰-પાડવી;ભરી આપવું. *n.*Satisfaction;moderate happiness:સમાધાન;સંતોષ; શાન્તિ;સુખ; તૃપ્તિ;નિરાત;નિવૃત્તિ. 2. Acquiescence without examination:તપાસવિના આપેલી કબુલાત-અનુમતિ-સંમતિ

Content (કૉન્ટેન્ટ્)*n.*That which is contained:જેનો સમાવેશ-સમાસ કરેલો છે એવી ચીજ-બાબત;ભરેલી વસ્તુ;મજકૂર;લિખિતાર્થ.3.The power of containing;extent: સમાસ-સમાવેશ કરવાની શક્તિ;વિસ્તાર *Table of contents*: અનુક્રમણિકા;સૂચિપત્ર. 3 Area or quantity of space contained within certain limits: ક્ષેત્રફળ. *superficial* C.s:પૃષ્ટફળ. *Solid* C.s:ઘનફળ.

Contented, (કૉન્ટેન્ટેડ્) *a.* Content;satisfied;quiet: સંતુષ્ટ;સંતોષી;શાંત;સુખી; ખુશ;તૃપ્ત;રાજી;ખુશી.

Contentedness, (કૉન્ટેન્ટેડ્નેસ્)*n.* State of resting in mind;quiet: સંતોષીપણું;તૃપ્તિ;શાંતિ.

Contention, (કૉન્ટેન્શન્) *n.* A violent effort to obtain something;contest; strife: ઝગડો;ટંટો; કજીઓ; લડાઇ; કલહ. 2. Strife in words;controversy;altercation: તકરાર; વિવાદ; ઝઘડો; હોંસાતોંપી. 3. Eagerness;ardour; zeal: ઉત્કંઠા; સ્પર્ધા;ખુરસો. 4. A point maintained in argument: તકરાર;મુદ્દા-વિવાદ-વિષય-વસ્તુ.

Contentious, (કૉન્ટેન્શસ્)*a.*Apt to contend;quarrelsome:કજીઆખોર;લઢાઇખોર; ટંટાખોર;તકરારી; માથાકોડીયું;હુજ્જતી.2.Pertaining to contention or strife:કજીઆ-લડાઇ તકરાર સંબંધી.3.(*Law.*) Contested;litigated;having power to decide controversy: તકરારી; તકરારનો નિવેડો લાવનારૂં.

Contentment, (કૉન્ટેન્ટ્મેન્ટ્) *n.* Satisfaction; content: સંતોષી; ખુશી;તૃપ્તિ; ચિત્તસમાધાન. 2. That which affords satisfaction:સંતોષ કરનારૂં;ખુશ-કરનાર ચીજ-પદાર્થ.

Contents, (કૉન્ટેન્ટ્સ્)*n.pl.* That which is contained: ભરેલો સામાન; અંદરની વસ્તુ-ચીના-લખાણ-મજકુર; લિખિતાર્થ

Conterminous (કૉન્ટર્મિનસ્)*a.*[L. *con & terminus,*border.]Having the same bounds;contignous: એક હદ-સીમાવાળું;સરહદ પર આવેલું; સન્નીપવર્ત્તી;નિકટવર્ત્તી; નિકટનું; નજદીકનું; લગોલગ;સલગ્ન;સમાનાવધિ;એક સીમાનું.

Contest, (કૉન્ટેસ્ટ્)*v.*.[L. *con & testis,*witness.] To oppose:તકરાર ઉઠાવવી-કર૰; ટંટો કર૰. 2. To strive earnestly;to hold or maintain: ટક્કર ઝીલવી-લેવી.3. To dispute or resist,as a claim by course of law; to litigate: લડવું;-વિષે સરકાર-દરબાર ચઢવું;સામી તકરાર લેવી; સામો જવાબ આપવો. 4. To compete for:વિશે હરીફાઇ-સ્પર્ધા કર૰. *vi.* To contend;to vie;to emulate: લઢવું;હોંસાતોંસી કર૰; બરોબરી-સ્પર્ધા કર૰.*n.*Strife in argument:debate: તકરાર,વિવાદ;વાગ્યુદ્ધ. 2. Competition;emulation;conflict: સ્પર્દ્ધા-હરીફાઇ-સરસાઇ માટે માથાકુટ;તાણાતાણ.

Contestable, (કૉન્ટેસ્ટેબલ્)*a.*Debatable;disputable; તકરાર-વિવાદ કરવા યોગ્ય;વિવાદાર્હ;વિવાદ યોગ્ય.

Context, (કૉન્ટેક્સ્ટ્)*n.* [L. *con & texo,*I weave.]The parts of a discourse which precede or follow a sentence quoted so as to throw light upon its meaning:લખાણનો આગળ પાછળનો સંબંધ;પૂર્વાપર અન્વય-સંબંધ; સંદર્ભ; અર્થાન્વય; વાક્યાન્વય. *a.*Knit or woven together;firm; close:ભેગું ગુંથેલું-વણેલું; મજબુત; સંયુક્ત;પાસેપાસે;નજીક. *vi.* To knit together;to unite closely:ભેગું-એકઠું ગુંથવું;પાસે પાસે જોડી દેવું.

Contexture,(કૉન્ટેક્સ્ચ્યૂર્)*n.*Composition of parts;constitution; texture:સંરચના;બંધારણ;પોત;ક્રમાસ.

Contiguity,(કૉન્ટિગ્યૂઇટિ) *n.* [L. *con* & *tango*,I touch.] Intimate association;nearness;proximity: સમીપપણું;નિકટપણું; પાસેનો સંબંધ; સમીપતા;સંન્નિધાન;સંધિ;પડોશ.

Contiguous. (કૉન્ટિગ્યૂઅસ્) *a.* Touching;adjacent; near: અડતું; અડકતું; નજદીકનું; પાસેનું; સમીપનું; પડોશનું;સમીપસ્થ;સમીપ-નિકટવર્તી.

Continence,(કૉન્ટિનેન્સ્)*n.*[L.*con* & *teneo*,I hold.]The restraint which a person imposes upon his desires and passion for sexual enjoyment;chastity:સંયમ;કામસંયમ;ઇંદ્રિય નિગ્રહ; જીતેંદ્રિયપણું; આત્મસંયમ;મનના વિકારને વશ રાખવા તે. 2.Uninterrupted course;continuity: સલંગ-નિરંતર-સંતતપણું; સંબંધ; જારીપણું. 2. Self-restraint self-command: આત્મસંયમ-નિગ્રહ.

Continent,(કૉન્ટિનેન્ટ્) *a.* Serving to restrain or limit:અટકાવ કરવાને-ની હદ બાંધવામાં-કામમાં આવે એવું-બાંધવા લાયક. 2. Connected; continuous: સલંગ; નિરંતર; જારી; લાગુ.3.(*a*)Exercising restraint as to the indulgence of desires or passions:સંયમી;નિયમી;જીતેંદ્રિય; વશી.(*b*)Temperate; chaste:કામનેવશ રાખનાર;કામજીત;અવ્યભિચારી; પતિવૃત્તા.

Continent, (કૉન્ટિનેન્ટ્) *n.* That which contains anything: જેની અંદર કંઈપણ પદાર્થ-બાબતનો સમાસ સમાવેશ થયેલો છે તે 2. One of the larger bodies of land on the globe;the main land:મહાદ્વિપ; ખંડ;વર્ષ.

Continental, (કૉન્ટિનેન્ટૅલ્) *a.* Pertaining or relating to a continent:મહાદ્વિપ સંબંધી-નું. 2. Pertaining to the mainland of Europe in distinction from the adjacent islands: પાસેના ટાપુઓ સિવાયના-મુખ્ય દેશ બાકીના યૂરોપખંડ વિષે-નું.

Continently,(કૉન્ટિનેન્ટ્લિ) *adv.* Chastely;moderately; temperately:મન સ્થિર રાખી-ઇંદ્રિય-કામ વશ રાખીને; સમાનવૃત્તિથી; પતિવૃતપણાથી; અવ્યભિચારથી;ઇંદ્રિયનિગ્રહપૂર્વક.

Contingence-cy,(કૉન્ટિન્જેન્સ્-ન્સિ) *n.* [L.*con* & *tango*, I touch.] The quality or state of being contingent or casual: સંભવ;સંભાવના2.A fortuitous event; a chance:જોગ; દૈવયોગ;દૈવયોગને આધારે રહેલી બીના;નિમિત્ત; નૈમિત્તિક બીના. 3.An adjunct or accessory: સાથી;સહાયકારી;મદદગાર.

Contingent, (કૉન્ટિન્જેન્ટ્) *a.* Incidental;casual: દૈવયોગી; દૈવાયત્ત; દૈવવશ.2. Dependent on that which is undetermined or unknown: અનિશ્ચિત;આગન્તુક. 3. Dependent for effect on something that may or may not occur: નૈમિત્તિક. *n.*An event which is possible or liable,but not certain to occur:અનિશ્ચિત દૈવયોગી બનાવ. 2.(*a*) A suitable share; proportion: ભાગે આવતો હિસ્સો;ભાગે પડતો ફાળો;ભાગ;હિસ્સો; વાટો; અંશ. (*b*) A quota of troops:સૈન્યદળ; લશ્કર.

Continual,(કૉન્ટિન્યૂઅલ) *a.*Constant;unceasing;cotinuous: નિરંતરસતત;જાયું;બંધ ન પડે એવું; નિત્ય; અખંડ; સનાતન.2.Very frequent; of frequent recurrence:વારંવારનું; લાગલાગટ.

Continually.(કૉન્ટિન્યૂઅલ્લિ) *adv.* Unceasingly; continuously; very often:નિરંતર; નિત્ય;સતત; હરઘડી;હંમેશ,અષ્ટપ્રહર;હરવખત;ઘડીઘડી; સર્વદા;ફરીફરીને;વાર વાર;હંમેશાં; રોજ.

Continuance, (કૉન્ટિન્યૂઅન્સ) *n.* Constancy; duration; stay: નભાવ;ટકાવ;જારી-કાયમ-સતત રહેવું-રાખવું તે.2.Continuation; perpetuation: propagation:વિસ્તાર; સંતતિ; વૃદ્ધિ. 3. A holding together; continuity: સલંગ-નિરંતર-સતતપણું; અવિચ્છેદ;અવિરત અનુબંધ; જારીપણું. 4. The postponement of the proceedings in a cause:મોકુફી;તહકુબી

Continuation, (કૉન્ટિન્યૂએશન્)*n.* 1.Prolongation;propagation:વિસ્તાર;સંતતિ;વૃદ્ધિ. 2. That which extends, increases or supplements:વધારો કરનાર; પૂરવણી; ઉત્તરભાગ;ખંડ;પરિશિષ્ટ;સાંધણ.

Continue,(કૉન્ટિન્યૂ) *vi.* [L. *con* & *teneo*, I hold.] To abide; to stay:રહેવું;જારી-કાયમ રહેવું 2.To endure;to last:ચાલવું;ટકવું;નભવું.3.To be steadfast or constant in any course;to persevere:ને અવલંબીને રહેવું; વળગ્યા-બાઝ્યા-અડ્યા રહેવું; ચાલવું.*vt.* To persevere;to persist in:ચલાવવું;ટકાવવું; ચાલું-કાયમ-જારી રાખવું;નભાવી-ટકાવી રાખવું.2.To carry onward;to extend: સૂધી લઈ જવું; લંબાવવું.3.To retain;to suffer or cause to remain:રહેવા દેવું; કાયમ રાખવું.4. To suffer to live: જીવતું રાખવું;જવાદેવું;જીવાડવું.

Continuity,(કૉન્ટિન્યૂઇટિ) *n.* The state of being continuous;close union of parts;cohesion: સલંગનિરંતર-સતતપણું; સંબંધ; જારીપણું; સંયુક્તતા; સંગતિ; અવિચ્છિન્નતા; અવિરામ;નિરંતરતા; અખંડતા

Continuous,(કૉન્ટિન્યૂઅસ્)*a.*Protracted;extended: નિરંતર;સળંગ; સતત;લાગટ;અખંડ;અખંડિત;અવિચ્છિન્ન.2.Not deviating or varying from uniformity: આખુ ને આખું; અખંડ;ગાંઠ વગરનું;સળંગ.

Continuously, (કૉન્ટિન્યૂઅસ્લિ) *adv.* In a continuous manner; without interruption:જાયુક;હંમેશા; અટકયા સિવાય: નિરંતર;અખંડ.

Contort,(કૉન્ટૉર્ટ્)*vt.*[L.*con* & *torqueo*,I twist.]To twist together: to writhe:આમળવું; વળદેવો; પિલવું; મરડવું;મચડવું;મારી મચડી બેસાડવું

Contortion, (કૉન્ટૉર્શન્) *n.* A twisting;a writhing;a twist:વળ;પેચ;આંમળો;આકુંચન.

Contour,(કૉન્ટૂર્)*n.*[L.*con* & *tornus*,a lathe.]Outline;periphery: પરિધાકૃતિ;ઘાટ;રૂપરેખા;આકાર; આકૃતિ; ઉપરેખા;આકાર રેખા.

Contra,(કૉન્ટ્રૅ)*prep* (L.)Against;in opposition:સામું;;સામે;વિરુદ્ધ;ઉલટું.

Contraband, (કૉન્ટ્રૅબૅન્ડ) *a.* [L. *contra* & *banda*,a ban.] Prohibited by law or treaty;forbidden મનાઇનું;બંધીનું;જેને વિષે મનાઇ-બંધી હોય તેવું. *n* Prohibited merchandise:બંધીનો-મનાઇનો માલ-વેપાર. C. *of war*:બે દેશ વચ્ચે લડાઇ ચાલતી હોય ત્યારે ત્રાહિત દેશથી જે માલ બેમાંથી એકને ન આપી શકાય તેવો માલ. *vt.* To import as prohibited goods: મના કરેલા માલ તરીકે દેશમાં લાવવું.2. To declare prohibited; to forbid: બંધી-મના કરેલી છે એમ જાહેર કરવું;બંધી-મના-નિષેધ કરવું.

Contract,(કૉન્ટ્રૅક્ટ્)*vt.* [L. *con* & *traho*, I draw.] To draw together or nearer;to shorten;to lessen:સંકોચવું;ટૂંકું કરવું;નજીક ખેંચવું; આટોપી લેવું;ઓછું કરવું.2.To draw;to lessen:સંકોચવું;ટૂંકું કરવું;નજીક ખેંચવું; આટોપી લેવું;ઓછું કરવું.3.To draw to: gether so as to wrinkle;to knit: ખેંચવું;ચઢાવવું.3.To bring on; to incur;to acquire: પાડવું;કરવું;મેળવવું;પ્રાપ્ત કરવું;-થી થવું-આવવું; વળગવું. 4.To enter into with mutual obligations;to make a bargain or covenant for:કરવું; એક બીજાની

સાથે સંમતિથી કબૂ;-માં ઉતરવું; જોડાવું. 5 To betroth;to affiance:વિવાહ-સગાઈ કબૂ; લગ્ન-સંબંધ કબૂ.6.(*Gram.*) To shorten;to abridge:સંક્ષિપ્ત કબૂ. *To c friendship*: દોસ્તી-ભાઇબંધી કબૂ. *To c.marriage*:લગ્ન કબૂ. *vi.* To be narrowed or shortened; to shrink:સાંકડું-ટુંકું થવું-થઇ જવું; સંકોચાવું.2.To make an agreement; to agree;to bargain: ઠરાવ-કરાર-બોલી-શરત કબૂ;કબૂલ-કંઠાકટ કબૂ-રાખવો;માથે રાખવું; ઉપાડ રાખવું. 3. To bind one's self by a promise & marriage:લગ્નનો કરાર કબૂ. *a.* Affianced; betrothed: સગાઇ-વિવાહ કરેલું;વિવાહિત.2. Contracted: ટુંકું કરેલું;સંક્ષિપ્ત.*n.*An agreement in which a party undertakes to do or not to do a particular thing; a formal bargain:કરાર;ઠરાવ;બોલી; શરત;કંઠાકટ;કોલ;કબૂલ;ઠેકો;મકતો. 2. A formal writing which contains the agreement of parties: કરારપત્ર;કરારનામું.

Contracted,(કૉન્ટ્રૅક્ટેડ્)*a.*Shrunken;wrinkled;narrow;shortened: સંકોચાયલું;કરચોળી વળેલું;ટુંકું કરેલું.2. Narrow;illiberal;selfish: સાંકડું; નીચું;આપસ્વાર્થિ;મતલબીઉં.3. Bargained for;betrothed:-નું સાટું કરેલું;વિવાહ કરેલું

Contractible, (કૉન્ટ્રૅક્ટિબલ્) *a.* Capable of contraction:ટુંકા થવા જેવું;સંકોચાય જાય એવું; સંકોચનશીલ; સંકોચધર્મક.

Contractile,(કૉન્ટ્રૅક્ટાઇલ્)*a.*Tending to contract;having the power of shortening:ટુંકું થઇ જાય તેવું; સંકોચનશીલ; ટુંકું-સંક્ષિપ્ત કરે એવું.

Contraction,(કૉન્ટ્રૅક્શન્) *n* The act of contracting,drawing together or shrinking:સંકોચન;સંકોચ.2.The state of being contracted:કપસ હાર.3. The process of shortening any operation: કોઈ પણ રીત ટુંકી કરવાનો પ્રકાર; સંક્ષેપ. 4. Any thing in a state of abbreviation or contraction:સંક્ષિપ્ત પદાર્થ-વસ્તુ-રૂપ.5.A marriage contract; લગ્નની બોલી કરાર-ઠરાવ.

Contractor,(કૉન્ટ્રૅક્ટર્)*n.*One who contracts;one who covenants to do anything for another:કરાર-સંકેત કરનાર; કબૂલદાર; કન્ટ્રૅક્ટર; ઠેકેદાર;કબૂલ લેનાર.

Contradict, (કૉન્ટ્રડિક્ટ્) *vt.* [L. *contra & dico,,* I say.] To oppose in words;to gainsay; to deny:-થી ઉલટું-વિરૂદ્ધ બોલવું-કહેવું;ના કહેવું;ખંડન-રદ કબૂ.2 To be directly contrary to;to resist:-ના સામું-વિરૂદ્ધ-ઉલટું.પ્રતિકૂળ-વિરોધી હોવું.

Contradiction, (કૉન્ટ્રડિક્શન્) *n.* contrary declaration;gainsaying:ઉલટું વચન; વચનવિરોધ;પ્રતિષેધ; પ્રતિકૂલતા.2.Repugnancy; contrariety:અસંગતિ:વિરૂદ્ધતા;વિપર્યય; વિરોધોક્તિ. C. *in terms*:વચનવિરોધ.

Contradictory, (કૉન્ટ્રડિક્ટૉરિ) *a.* Affirming the contrary;inconsistent:વિરૂદ્ધ;ઉલટું; વિપરીત.2.Opposed;repugnant:એક બીજાથી ઉલટું;પરસ્પર વિરૂદ્ધ; વિરૂદ્ધ; પૂર્વાપર વિરોધી;અસંગત.C. *statements*: પરસ્પર. *n. pl.* A proposition or thing which opposes another; contrariety:વિરોધી.*2.pl.*(Logic) Propositions with the same terms but opposed to each other in quality & quantity:વિરોધી.

Contradistinction, (કૉન્ટ્રડિસ્ટિન્ક્શન્)*n.*Distinction by contrast: ઉલટું-વિરૂદ્ધ-ભિન્ન હોવું તે; પ્રતિવચન; ભિન્નતા; વિરૂદ્ધગુણજન્યભેદ; વિપરિતતા;વિરૂદ્ધતા.

Contradistinguish,(કૉન્ટ્રડિસ્ટિન્ગ્વિશ્)*vt.*To distinguish by contrast:ફેર-વિરૂદ્ધપણું દેખાડવું; ઉલટા ગુણ બતાવી વિવેચન કબૂ.

Contrariety,(કૉન્ટ્રરાઇએટિ)*n.*Opposition;repugnance; disagreement: ઉલટા-વિરૂદ્ધપણું; વિરોધ-વિપર્યય;પ્રતિકૂલતા;વિપરીત ભાવ.

Contrariwise,(કૉન્ટ્રરિવાઇઝ્)*adv.* On the other hand;on the contrary:એથી ઉલટું; સામું-ઉલટી-વિરૂદ્ધ રીતે.2.In a contrary order;conversely: ઉલટા-વિરૂદ્ધ ક્રમ-નિયમ પ્રમાણે;ઉલટું;ઉલટસુલટ;અવળી રીતે.

Contrary,(કૉન્ટ્રરિ) *a.* Opposed: repugnant;inconsistent:ઉલટું;વિરૂદ્ધ;સામું;વિપરિત;આડું.2.Perverse; forward:મમતીલું;હઠીલું; જીદી; જક્કી; આડું 3.Affirming the opposite: વિરોધી;વિરૂદ્ધ.4.Opposite;adverse: પ્રતિકૂળ;સામું;સામાસ્હોનું. C. *wind*: સ્હોનો સામો પવન.*On the* C. એથી ઉલટું;બીજી રીતે.*To the* c: ઉલટું; સામું;વિરૂદ્ધ.*n* A thing that is of contrary or opposite qualities: ઉલટા-વિરૂદ્ધ ગુણ-ની ચીજ-પદાર્થ-વસ્તુ. 2.The opposite:એથી ઉલટી વાત. 3.Proposition opposed in qualities only:ફક્ત ગુણમાંજ ઉલટો વિરૂદ્ધ દર્શાવેલો વિચાર;વિરોધીવાક્ય.

Contrast,(કૉન્ટ્રરૂ)*vt.* [L.*con & sto,*I stand.] To compare by difference of qualities:ઉલટા ગુણ બતાવી મુકાબલો કરવો; પડછે નાંખવું; બે વસ્તુના ભિન્ન ગુણ બતાવવા;વિરોધ-વિલક્ષણતા બતાવવી. 2. To exhibit the difference between;to compare so as to show unlikeness: છબીને એક બીજા જેવી નથી એમ બતાવવા મુકાબલો કરવો; ની વચ્ચે તફાવત બતાવવો.3.To stand in contrast or opposition: મુકાબલે ઉલટું દેખાવું; પડછે જડું પડી આવવું; વિરૂદ્ધ જણાવું.*n.*Comparison by contrariety of qualities:ઉલટા ગુણનો મુકાબલો.-સરખામણી.2. Opposition or dissimilitude of things or qualities: વિરોધ;વૈલક્ષણ્ય; ભિન્નભાવ;પ્રતિપક્ષતા.

Contravallation,(કૉન્ટ્રવૅલ્લેશન્) *n.*(*Fort*)A trench guarded with a parapet,constructed by besiegers:ઘેરો ઘાલનારાઓએ ઓરેલી ખાઇ;પરિખા;પ્રતિકૂપ

Contravene, (કૉન્ટ્રવીન્)*vt.* [L. *contra& venio*, I come.] To come in conflict with;to oppose; to contradict;to defeat:સામે થવું;વિરૂદ્ધ આવવું: હરકત-અડચણ-નડતર કબૂ; આડું આવવું;હરાવવું.2.To violate; to break;to nullify:તોડવું;ઉલ્લંઘન કબૂ.

Contravention,(કૉન્ટ્રવેન્શન)*n.* Opposition; obstruction: સંગવિરૂદ્ધતા;અટકાવ;અડચણ;નિષેધ; પ્રતિરોધ;પ્રતિબંધ;ઉલ્લંઘન.

Contretemps, (કૉન્ટ્રટમ્પ્સ)*n.*[L. *contra* against and *tempus*, time.]A unexpected and untoward accident: ખલેલ; અણધારી અડચણ;અંતરાય;વિઘ્ન.

Contribute, (કૉન્ટ્રિબ્યૂટ્) *vt.* [L. *con & tribuo*,I grant.]To give or grant in common with others; to furnish or supply in part: આપવું; કરવા-આપવા લાગવું; લાગ-હીસ્સો-ફાળો-વાંટો આપવો.*vi.*To give a part;to lend assistance or aid:કરવા લાગવું;-ની મદદ હોવી થવી; સહાયકારી થવું.2.To assist: કોઇપણ બાબતમાં પોતાનો લાગવગ ચલાવવો; સહાયતા આપવી; મદદ કરવી-આપવી;-માં સાધનભૂત થવું.

Contribution, (કૉન્ટ્રિબ્યૂશન્) *n.* The act of lending aid and assistance:-ને વાસ્તે જોઇતી મહેનત કબૂ તે;મદદ આપવી તે. 2. That which is contributed:સામાન્ય ભંડોળમાં ભરેલો લાગ-હીસ્સો; સામાન્ય મદદ બક્ષિસોથી થયેલું ભંડોળ; ઉઘરાણું; ફીપ.

(*Mil.*)An irregular and arbitrary tax levied on the people of a town or country:કોઇપણ શહેર કે દેશના લોક ઉપર અનિયમિત-ગમે તેમ-અને આપ બખ્તીઆરપણે નાંખેલો કર.વેરો.4.(*Law.*)Payment,by each of several jointly liable, of his share in a loss suffered: કેટલાક ભેગા થયેલા માણસોમાં કોઈને કંઇ થયેલાં નુકશાન-ટોટામાં તેમાંના દરેકે આપેલો પોતાનો ભાગ-હિસ્સો-અંશ

Contributive, (કૉન્ટ્રિબ્યૂટિવ્) *a.* Tending to contribute;contributory: હિસ્સો-ભાગઆપનારું; સહાયકારી;સહાયકર્ત્તા;મદદગાર.

Contributor,(કૉન્ટ્રિબ્યૂટર)*n.*One who contributes;especially one who writes articles for a news paper or magazine:ભાગ હિસ્સો ફાળો આપનાર; (મુખ્યત્વે કરીને) કોઇ માસિક, પાક્ષિક, સામાહિક કે આન્હિક પત્રમાં લખાણ કરનાર-આપનાર

Contrite,(કૉન્ટ્રાઇટ્)*a.*[L *con* & *tero*,I rub.]Broken down with grief or penitence;humble;penitent: દુઃખ-પશ્ચાત્તાપને લીધે નરમ થઇ ગયેલું;પશ્ચાત્તાપ-બળાપો કરનાર; જીવ બાળનાર; પાપને લીધે અતિ શોકાતુર; અતિદીન;અનુતાપી;શોકાર્ત્ત.

Contrition, (કૉન્ટ્રિશન્)*n.*The act of grinding or rubbing to powder;friction:દળીને-ઘસી ઘસીને ભુકો બનાવવો તે;ઘસવું તે; ઘર્ષણ. 2 Deep sorrow for sin;penitence: કરેલા પાપને માટે ખરો પશ્ચાત્તાપ; પશ્ચાત્તાપ; અનુતાપ.

Contrivance, (કૉન્ટ્રાઇવૅન્સ) *n.* The act of inventing,divising or planning:નવી શોધ-યોજના; રચના.2.(*a*)The thing contrived or invented: કરામત-હિકમતથી કરેલી વસ્તુ;કળા; ઉઠાવ;યુક્તિ;યંત્ર. (*b*) The disposition of parts or causes by design: કરામત; જુક્તિ. 3. A scheme; plan; artifice: તદબીર; યુક્તિ;હિકમત; બુટ્ટો;કળા;રચના;કરામત; બનાવટ;ઇલ્લાજ; તજવીજ;ઉપાય; હુનર; ઇલમ.

Contrive (કૉન્ટ્રાઇવ્) *n* [L *con* & *turbo*,I stir up.]To devise; to invent; to plan:યોજવું;શોધી કાઢવું: રચવું;હિકમત-યોજના-બનાવટ કરવી:ગોઠવી કાઢવું;યુક્તિ કરવી,કરામત-તદબીર કરવી; યુક્તિ-ઇલાજ તજવીજ કરવી,હિકમતથી બનાવવું.*vi.*To plan;to scheme;to plot: યુક્તિ-હિકમત કરવી;કાવતરું કરવું;દગો કરવો.

Control, કૉન્ટ્રોલ્) *n* A counter register:સામું પત્રક.2.That which serves to check;restraint:અંકુશ; લગામ;નિરોધ; સંયમ; નિગ્રહ; નિયમ; મર્યાદા;દાબ; નિષેધ;કાબુ.3.Power or authority to check; superintendence;government: અટકાવવા-દાબમાં રાખવાની સત્તા-અધિકાર;હુકમ; આજ્ઞા;કહ્યું;તૈનાત;કાબુ;દેખરેખ. C *of speech*:વાકસંયમ;વાગ્નિગ્રહ. *self* c.: આત્મસંયમ.*vt.*To prove by counter statement: સરખાવાને માટે રાખેલી ચોપડીઓ-મુદ્દાથી સિદ્ધ-સાબેત કરવું.2.To check;to restrain; to govern; to overpower:અંકુશ-તાબામાં-સત્તા-અધિકારમાં-હુકમ-આજ્ઞામાં રાખવું

Controllable,(કૉન્ટ્રોલૅબલ્)*a.*Subject to command: નિયમ્ય; લગામમાં હુકમમાં-સત્તા-અધિકાર-દાબમાં રખાય એવું;શ્વાસનીય.

Controller,(કૉન્ટ્રોલર્)*n* An officer appointed to keep a counter register of accounts or to examine them:હિસાબ સરખાવા માટે રજીસ્ટર રાખવાને અથવા તે તપાસવાને નિમેલો અમલદાર;મુસ્તાકી. 2. One who governs: નિયંતા; નેતા; નિયામક;ધણ; પ્રભુ.

Controversial, (કૉન્ટ્રોવર્શ્યલ્)*a.* Relating to disputes;polemical: વિવાદ-તકરાર સંબંધી;વિવાદયુક્ત; ખંડનમંડનવિષયક.

Controversialist, (કૉન્ટ્રોવર્શ્યલિસ્ટ્)*n.*One who carries on a controversy;a disputant: વાદકર્ત્તા; વિવાદી;વાદી;વિવાદ કરનાર;તાર્કિક.

Controversy,(કૉન્ટ્રોવર્સિ)*n.*Contention;dispute;discussion: તકરાર;વાગ્યુદ્ધ; વાદાનુવાદ;વિવાદ; વાદવિવાદ.2.Quarrel,strife;difference: તકરાર;ઝઘડો;લડાઈ;મતભેદ.3. A suit in law or equity;a question of right: તકરાર;દાવો.

Controvert, (કૉન્ટ્રોવર્ટ્) *vt.* [L. *contra*,*&verto*, I turn.] To contend against in words or writings;to contest;to debate:વાદવિવાદ-ઝઘડો-તકરાર કરવી-ચલાવવી; સામા રહિયા આપવા.

Controverted. (કૉન્ટ્રોવર્ટેડ) *a.* Contested;debated; discussed: તકરારી; વિવાદનું; વાદવિવાદનું. C. *doings*: તકરારી વાતો.

Controvertible,(કૉન્ટ્રોવર્ટિબલ્)*a* Capable of being controverted; disputable:વાદો હોવા જોગ; વાદવિવાદ કરવા લાયક;વિવાદપાત્ર.

Controvertist, (કૉન્ટ્રોવર્ટિસ્ટ્)*n.* One given to,or skilled in controversy;a controversialist:વિવાદી;વાદવિવાદી;તકરાર કરનાર;વાદી.

Contumacious, (કૉન્ટ્યૂમેશ્યસ)*a.* Obstinate;stubborn; perverse: હઠીલું;મમતી;જક્કી; જીદી; સામું બોલનારું-થનાર;દુરાગ્રહી;આપમતીલું.

Contumacy ,(કૉન્ટ્યૂમૅસિ)*n.*[L.*con* & *tumeo*,I swell up.] Persistent obstinacy; stubborn perverseness:ઘણી ભારે જબ્બર-હઠ-જીદ;દુરાગ્રહ;આપનમત;હઠીલાઇ. 2.A wilful contempt of,and disobedience to the rules and orders of court: અદાલતના ધારાને જાણી જોઇને કરેલો તિરસ્કાર-અપમાન; દુરાગ્રહ.

Contumelious,(કૉન્ટ્યૂમીલિઅસ)*a.*-Insolent;disdainful: તિરસ્કાર-અપમાન કરે એવું;ઉતારી પાડે એવું; નિંદક; અપવાદક;નિંદાત્મક;નિંદાસૂચક.

Contumely(કૉન્ટ્યૂમેલિ)*n*Scornful insolence;despiteful treatment; disdain:ધિક્કાર;તિરસ્કાર;નિંદા;તરછોડો;અવજ્ઞા;અપમાન; ઉતારી પાડવાનો તિરસ્કાર.

Contuse,(કૉન્ટ્યૂઝ્)*vt.*[L. *con* & *tundo*,I beat.]To beat, pound, or bray together:ખુદવું;કચરવું;ખાંડવું;ભૂકો કરવું; દળવું.2.To bruise or injure a part without breaking the skin:ઉજરડો સોળ પાડવા.

Contusion,(કૉન્ટ્યૂઝન્) *n.* The act of beating ,bruising or pounding:મારીને ઉજરડા-સોળ પાડવા તે. 2. The state of being bruised: કચરાવું તે;સોળ;સોર. 3. [*Surg.*) A bruise; hurt or injury to the flesh by a blunt instrument or by a fall:બુઠા હથીયાર-ઓજારથી અથવા પડવાથી થયેલો ઉજરડો-સોળ-સોર.

Conundrum,(કૉનન્ડ્રમ્)*n.*A sort of riddle:ઉખાણું;અર્થ;ઉખ્યાણું.

Convalescence cy,(કૉન્વૅલેસેન્સ-ન્સ)*n.* [L. *con* & *valeo*, I am strong.] *n.* The recovery of health and strength after disease: માંદવાડમાંથી સુધરતી હાલત;ધીમે ધીમે આવતી તનદુરસ્તી;રોગ મુક્તતા.

Convalescent,(કૉન્વૅલેસેન્ટ્)*a.*Recovering health and strength after sickness or debility:તંદુરસ્તીમાં આવતું; ઠરતું ફરતું થતું; કોવત પકડતું; તબિયત સુધારતું; નિરામય. *n.* One recovering from sickness: કોવત પકડતો-તબિયત સુધારતો દરદી.

Convene.(કૉન્વીન્)*vi.* [L. *con* & *venio*,I come.]To come together;to meet;to unite: ભેગા-સારૂ આવવું; મળવું; એકઠું થવું. 2. To

come together, as in one body or for a public purpose; to assemble: સભા-મંડળી રૂપે મળવું; એકઠા થવું. *vt.* To call together; to convoke: ભેગા બોલાવવું; મેળવવું; બોલાવવું; લાવવું. 2. To summon judicially to meet or appear: કાયદા પ્રમાણે મળવા અથવા હાજર થવા બોલાવવું.

Convenience-cy, (કોન્વીનિએન્સ-ન્સિ) *n.* Adaptedness; propriety: ભેગવાઈ; અનુકૂળતા; યોગ્યતા; પાત્રતા; સુગમપણું. 2. Commodiousness; ease; accommodation: સુતરાઈ-લાગ; સગવડ; સોય; વગ; ચેન. 3. That which is convenient; an accommodation: જે ચીજ સગવડ-ભેગવાઇ કરેલી-અનુકૂળતાવાળી છે તે; સગવડતા. 4. A convenient or fit time; opportunity: કુરસદ; અવકાશ; અવસર; વખત.

Convenient, (કોન્વીનિએન્ટ) *a.* Suitable; becoming; proper; appropriate: લાયક; યોગ્ય; ઉચિત; અનુકૂળ. 2. Affording accommodation or advantage; handy: સોયવાળુ; સોઈદાર; લાગ પડતું; વગ પડતું; સગવડતાવાળું; સુતર; ઠીક. 3. Timely; opportune: તાકડાસર; ફાવતું; યથાવકાશ; બંધબેસતુ. 4. Near at hand; easy of access: પાસે; સહેલાઈથી લક્ષ થઇ શકાય તેવું.

Convent, (કોન્વેન્ટ) *n.* A coming together; a meeting: મીટીંગ; મંડળી; સમાજ. 2. An association of recluses devoted to a religious life: મઠમા રહેનાર ભેગીનું મંડળ. 3. A monastery; a nunnery: મઠ; અખાડો; આશ્રમ; વિહાર. *vt.* To call before a judge; to summon: જડજની આગળ બોલાવવું-ખડું-હાજર કરવું; 'સમન' કરી બોલાવવું. *vt.* To meet together; to concur: ભેગા મળવું; એકઠા થવું.

Conventicle, (કોન્વેન્ટિકલ) *n.* An assembly or gathering, esp. a secret assembly: સભા; સમાજ-ગૂઢ-છાની સભા. 2 An assembly for religious worship: ધર્મ સભા-સમાજ.

Convention, (કોન્વેન્શન) *n.* Union: coalition: ભેગા થવું તે; એકત્રતા; સંયોગ; સંમીલન. 2 Usage; conventionality: ચાલ; ધારો; રિવાજ; રૂઢિ-આચાર; ખોટકસંમતિ 3. An assembly of delegates or representatives: પ્રતિનિધિઓની મંડળી-સભા. 4. A formal agreement between governments or sovereign powers: સરકારો અગર સર્વોપરિ રાજ્યસત્તાધારીઓ વચ્ચે થયેલો રીતસરનો ઠરાવ-કરાર; ઠરાવ-બોલી-કરાર; સંકેત-નિયમ; સમય.

Conventional, (કોન્વેન્શનૅલ) *a.* Formed by contract; stipulated: કરાર પ્રમાણે કરેલું; બોલી પ્રમાણે; સાંકેતિક; સંકેતસિદ્ધ; સંકેતાનુસાર. 2. Depending on custom; sanctioned by usage: ખોટકવ્યવહાર પ્રમાણેનું; રીતસર; રૂઢી-ચાલ-રીત પ્રમાણે થતું. 3. (*a*) Based upon tradition: સાંકેતિક; રૂઢ; પારિભાષિક. (*b*) Abstracted: અપકૃષ્ટ; અવકૃષ્ટ.

Conventual (કોન્વેન્ટ્યૂઅલ) *a.* Belonging to a convent; monastic: મઠ-અખાડા-આશ્રમ સંબંધી; મઠ વિષયક; મઠ વાસી. *n.* A monk or nun; a recluse: મઠવાસી; યોગી; સાધુ; ભેગણ; સંન્યાસી.

Converge, (કોન્વર્જ) *vi.* [L. *con* & *vergo*, I incline.] To tend to one point; to incline and approach nearer together; એક બિંદુ-કેંદ્ર તરફ વળવું; એક કેંદ્રાભિમુખ થવું; પાસે પાસે આવતાં જવું. *vt.* To cause to incline and approach nearer together: એકકેંદ્રાભિમુખ કરવું.

Convergence-cy, (કોન્વર્જન્સ ન્સિ) *n* The condition or quality of converging; tendency to one point: એક બિંદુ તરફનું વલણ; એક કેન્દ્રાભિસરણ; એકકેન્દ્રાભિમુખતા; સમવાય; સન્નિપાત; સંપાત.

Convergent-ging, (કોન્વર્જન્ટ-કોન્વર્જિન્ગ્) *a.* Tending to one point; approaching each other: એકબિંદુ તરફ વળતું; પાસે પાસે આવતું; કેન્દ્રાભિમુખ. *Converging rays* (*opt:*), એકકેન્દ્રાભિસારી કિરણો; સંપતિકિરણ. *c. series:* આસન્નસંકલિતશ્રેઢી; આસન્નફલશ્રેણી.

Conversable, (કોન્વર્સબલ) *a.* Disposed to converse; sociable; free in discourse: મિલનસાર; મળતાવડું; વાતચીત યોગ્યરીતે કરી શકે તેવું.

Conversant, (કોન્વરસંટ) *a.* Familiarly associated; intimately acquainted: સંગાતે-સાથે-જોડે રહેતું; સોબતી; માહિતગાર; વાકેફગાર; પરિચિત; હળીમળીને રહેલું; પરિચયવાળું. 2. Well-informed; versed; (with *with* or *in*): પ્રવિણ; નિપુણ; વાકેફ; વિચક્ષણ; વિચારદ; ચતુર; કુશળ; પાવરધું; માહિતગાર. 3. Concerned; occupied: લાગતું; વિષયક; સંબંધ-નિસબતવાળું. *To be c.:* લાગતું; વિષે; જોડે સંબંધ રાખતા

Conversation, (કોન્વરસેશન) *n.* Behaviour; deportment: આચરણ; ચાલ; આચાર; વર્તન; વૃત્તિ; વર્ત્તણુક. 2. Familiar intercourse; close acquaintance: ગાઢો સંબંધ; પરિચય; સોબત. 3. Colloquial discourse; informal dialogue: સંભાષણ; વાતચિત; વાત; ગોષ્ટિ; સંલાપ. 4. Commerce; intercourse; traffic: વેપાર; રોજગાર. 5. Sexual intercourse: ગાઢો વ્યવહાર-સંબંધ-મૈથુન; વિષયી સંબંધ. *Criminal c.:* ગાઢો વ્યવહાર; બદફેલીની મૈત્રી.

Conversational, (કોન્વર્સેશનૅલ) *a.* Pertaining to conversation or familiar and informal talk: વાતચિત-સમાગમ-સહવાસ સંબંધી.

Conversazione (કોન્વરસેટ્સિઓર્ને) *n. pl.* **conversazioni,** A meeting for conversation, esp. on scientific or literary subject: વાતચિત માટે (વિશેષ વિદ્યા અથવા શાસ્ત્ર પ્રકરણ સંબંધી) થયેલો મેળાવો-મેળાવડો બેઠક.

Converse, (કોન્વર્સ) *vi.* [L. *con* & *verto*, I turn.] To keep company or have familiarity; to commune: સોબત-સંબંધ રાખવો-હોવો. 2. To talk familiarly; to chat: વાતચિત-સંભાષણ-વાતો કરવી. 3. To have knowledge of: પરિચય હોવો; જ્ઞાન હોવું; -થી જાણીતા હોવું.

Converse, (કોન્વર્સ) *n.* Familiarity; acquaintance; frequent intercourse: સમાગમ; સહવાસ; બેઠક; પરિચય. 2. Familiar discourse or talk conversation: સંભાષણ; વાતચિત; સંલાપ; ગોષ્ટિ. 3. (*Logic*) A proposition which arises from interchanging the terms of another: વ્યુત્ક્રમ; ઉલટું પદ; વ્યુત્ક્રમપદ; ઉલટું વાક્ય. 4. A proposition in which after a conclusion from something supposed has been drawn, the order is inverted: ઉલટ પક્ષ. *a.* Reversed in order or relation; reciprocal: ક્રમ-અનુક્રમમાં ઉલટું; વ્યુત્ક્રમવાળું; વ્યસ્ત; અવળું; ઉર્ધ્વ.

Conversion, (કોન્વર્શન) *n.* The act of changing from one state to another; transmutation; change: રૂપાંતર; રૂપભેદ; અવસ્થાંતર; પરિણામ; વિકાર; વિક્રિયા; વિકૃતિ. 2. A change from one party or form of religion to another: ધર્માન્તર; ધર્મભેદ; મતભેદ; મતાંતર; સ્વધર્મત્યાગ; પરધર્માશ્રય; પરધર્માવલંબન. 3. An appropriation of, and dealing with, the property of another as if it were one's own without right: વગર હકે પારકી મીલકત પોતાના ઉપયોગમાં આણવી તે. 4. The act of interchanging the terms of a proposition: વ્યુત્ક્રમ; પદચ્યુતક્રમ. 5. A change of front: આગળનાં માણસ બદલવા-

પાછળ મોકલવા.6.A radical change of moral character;a change of heart: સન્માર્ગ સ્વીકાર;અંત:કરણ શુદ્ધિ; ચિત્તપરિવર્તન; પાપનિવૃત્તિ; કુમાર્ગત્યાગ.

Convert(કૉન્વર્ટ)*vt.*[L.*con* & *verto* I turn.]To cause to turn; to turn:ખસેડવું;ફેરવવું.2.To alter in form or substance;to transform: રૂપાંતર કરવું;નો આકાર બદલવો-ફેરવવો; સ્થિત્યંતર કરવું;બદલવું; ફેરવવું;રૂપ પલટવું. 3. To change or turn from one religion or party to another:એક ધર્મ-પક્ષમાંથી બીજામાં વટલાવું; ધર્મફેર-મતભેદ-મતાંતર કરાવવો; મતપક્ષ ફેરવવો. 4. To turn from a bad life to a good one: સુધરવું; સારે રસ્તે-સન્માર્ગે ચઢાવવું; મનને ફેરવવું-સુધારવું.5 To apply to any use by a diversion from the proper use to appropriate dishonestly or illegally:લુચ્ચાઇથી કે ગેરકાયદે પોતાના ઉપયોગમાં લેવું; ખરા ઉપયોગથી જુદા ઉપયોગમાં આણવું-લેવું.6.To turn into another language;to translate: ભાષાંતરભાષા કરવું.7.To exchange for some specified equivalent: બદલો-સાટું કરવું; બદલાને સાટે બીજું લેવું.8.(*Logic*) To change one proposition into another: વ્યુત્ક્રમ કરવું. *vi.* To be turned or changed;to undergo a change:બદલાઇને-ફેરફાર થઈને જવું; રૂપાંતર થવું.*n.* A person who is converted from one opinion or practice to another;a person who renounces one religious system: પારકો મત પકડનાર; પોતાનો ધર્મ છોડી બીજા ધર્મમાં જનાર; સ્વધર્મત્યાગી;અન્યધર્માવલંબી.

Convertible(કૉન્વર્ટિબલ)*a.*Transmutable; transformable: ફેરવાય-બદલાય એવું;ફેરવી શકાય તેવું; ફેરવીને બીજે આકાર બનાવાય એવું.2. Interchangeable;reciprocal: એક બીજાને બદલે આવી શકે એવું; અરસપરસ પર્યાયનું;સમાનાર્થ;સવર્ણ.

Convex,(કૉન્વેક્સ્)*a.*[L *con*& *veho* I carry.]Rising or swelling in a spherical or rounded form: બાહ્યગોળ;બહારથી ગોળ;કૂર્મ પૃષ્ઠાકાર; બિંબાકાર.*n.*A convex body:બહારથી ગોળ એવો પદાર્થ-ચીજ;બિંબાકૃતિ; કૂર્મપૃષ્ઠાકૃતિ.

Convexity,(કૉન્વેક્સિટિ)*n.*The exterior surface of a convex body; roundness: બાહ્યગોળાકૃતિ; ગોળાઇ; ગોળપણું;બિંબાકૃતિ;કૂર્મપૃષ્ઠાકૃતિ.

Convey,(કૉન્વે)*vt.*[L *con* & *via*, a way.]To carry from one place to another;to bear or transport:એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું;પહોંચાડવું;વહીજવું.2.To serve as medium in carrying;to transmit: પહોંચાડવાનું સાધન થવું-હોવું;વહન કરવું.3.To transfer or deliver to another;to make over:બીજાને નામે ચઢાવવું-આપી દેવું-આપવું; હસ્તગત કરવું.4.To impart or communicate: આપવું; કહેવું; કહી બતાવવું; પહોંચાડવું;કરવું.5.To manage with privacy: છુપી રીતે-ગુપ્તતાથી કામ કરવું;વ્યવસ્થા કરવી.6. To take away secretly;to steal:છુપી રીતે લઈ જવું; ચોરી કરવી. 7. To accompany: સાથે જવું;સાથે થઈને લઈ જવું;દોરી જવું;વળાવું કરવા જોડે જવું.*vi.* To play the thief;to steal:ચોરી-ચૌર કર્મ કરવું.

Conveyance, (કૉન્વેઅન્સ્)*n.*The act of conveying, carrying or transporting; carriage:લઇ જવું-પહોંચાડવું તે; નયન. 2. Means of carrying or transporting any thing from place to place;vehicle:વાહન;ગાડી;રથ; જોહેલ;વાહનની વસ્તુ; વહન કરનાર;નળી;નહેર; વાહક 3. An instrument in writing by which property is conveyed from one person to another: મિલકત પારકે નામે ચઢાવવાનો દસ્તાવેજ-ખત; લેખ;વેચાણ;ખત;વેચાણ.4.Dishonest management;an artifice: છુપા-છાનાં કાવતરાં-તર્કટ;લુચ્ચુ-કપટ કરવું તે.

Conveyancer, (કૉન્વેઅન્સર્) *n.* One whose business is to draw up conveyances of property,as deeds,mortgages,etc:મિલકત બીજાને નામે ચઢાવવાના લેખ-ખત-દસ્તાવેજ લખનાર; વેચાણખત-બક્ષીસખત લખનાર-તૈયાર કરનાર

Conveyer,(કૉન્વેઅર્)*n.*One who conveys or carries from one person or place to another:એક જગ્યાએથી બીજી જગાએ લઇ જનાર; પહોંચાડનાર; એકને નામેથી બીજાને નામે ચઢાવનાર.2.A juggler; a thief: હાથ ચાલાકી કરનાર; હાથચાલાકીવાળો; ઠગ;ચોર;ધૂર્ત;ઇલમી.

Convict,(કૉન્વિક્ટ્) *vt.* [L.*con* & *vinco*,I conquer.] To prove or find guilty of an offence or crime: ગુન્હેગાર-અપરાધી ઠરાવવું; તકસીરવાન ઠરાવવું. 2. To prove or show to be false:ખોટું છે એમ સાબેત કરવું;ખંડન કરવું.3.To demonstrate by proof or evidence;to prove: સાબેતી પૂરાવાથી સિદ્ધ-જાહેર કરવું;સાબેત કરવું.4.To defeat;to doom to destruction: હરાવવું;પરાજય પમાડવું, *n.*A person proved guilty of a crime:ગુન્હેગાર-અપરાધી ઠરેલો માણસ

Conviction (કૉન્વિક્શન્) *n.* The act of finding or proving guilty of an offence:ગુન્હેગાર-અપરાધી છે એવું જણાવવું-સાબેત કરવું તે; અપરાધ-સ્થાપન. 2. Confutation: ખંડન; રદીઓ;3.Strong persuasion or belief;the state of being convicted of sin or by one's conscience:ખાત્રી; ખાતરજમા; ભરોસો; પ્રબોધ; અંત:કરણનો નિશ્ચય; વિશ્વાસ; પ્રત્યય;પતીજ;નિર્ણય.4. The act of finding guilty,or the state of being found guilty of any offence by a legal tribunal: કાયદેસર કોરટથી કોઇને દોષિત-ગુન્હેગાર ઠરાવવું કે ઠરવું; દોષસ્થાપક કરવું કે થવું.

Convictive,(કૉન્વિક્ટિવ્)*n.*Fitted to convince;convincing:ખાતરી-પ્રતીતિ કરી આપે તેવું; ખાત્રીલાયક;સબળ;નિશ્ચયકારક;સંશયચ્છેદક.

Convince,(કૉન્વિન્સ્)*vt.*[L.*con* & *vinco*, I conquer.] To overpower, subdue or vanquish: તાબે-હાથ કરવું; જીતવું;વશ-આધીન કરવું. 2.To overcome by argument; to satisfy by proof:પુરાવાથી ખાતરી કરવી; ખાતરી-ખાતરજમા કરવું; સમજાવવું;સંદેહ ભાગવો; શંકાનિવૃત્તિ કરવી. 3.To prove guilty; to convict: અપરાધી-ગુન્હેગાર ઠરાવવું-સાબેત કરવું.

Convincing,(કૉન્વિન્સિન્ગ્)*a.*Fitted to convince;convictive:ખાતરી કરી આપે તેવું;ખાતરી લાયક;સંદેહ ભાંજક;સબળ;નિશ્ચયાત્મક; સંશયચ્છેદક; પ્રતીતિજનક;ખાતર જમા થાય એવું. C. *proof*:ખાતરી લાયક પુરાવો.

Convincible(કૉન્વિન્સિબલ)*a*Capable of being convinced or made manifest: ખાતરજમા-ખાત્રી-પ્રતીતિ કરી શકાય તેવું.

Convivial,(કૉન્વિવિઍલ્)*a.*[L.*con* & *vivo*,I live.] Relating to a feast or entertainment;social; gay;jovial;festive:મોજમજાનું-વાળું મિજબાનીનું-જ્યાફતનું-વાળું ; ખુશબખ્શી ભરેલું;ઉત્સવ સંબંધી; આનંદી.

Conviviality,(કૉન્વિવિઍલિટિ) *n.* Festivity:જ્યાફતની મોજમજા-ખુશબખ્શી-ગમત-આનંદ;ઉત્સવખ્યાલ; તમાસો;રંગરાગ.

Convocate,(કૉન્વોકેટ્)*vt.* [L *con* & *voco*,I call.]To call together; to convoke:એકઠું-ભેગું કરવું; બોલાવ-

વું;મેળાવડો-સભા લા૦.

Convocation,(કૉન્વો કેશન્)*n.*The act of calling or assembling by summons:કહેણ-આમંત્રણથી એકઠું-ભેગુ કરવું-બોલાવવું 2.An assembly or meeting: સભા;મંડળી;મિજલસ;મેળાવડો.3.A general assembly of the clergy,by their representatives to consult on ecclesiastical matters: પાદરીઓના પ્રતિનિધિઓની ધાર્મિક વિષય ઉપર વાદવિવાદ ચલાવવાની-ચર્ચાવવાની સભા-સમાજ-મેળાવડો-સમૈયો.4. An academical assembly : વિદ્યાલયના ઉપરીઓનો સમાજ;વિદ્વત્સમાજ.

Convoke,(કૉન્વોક)*vt.* [L. *con & voco,*I call.] To call together; to summon to meet : તેડું-આમંત્રણ કરી બોલાવવું-ભેગા કરવું;મેળવવું;ભરવું;સત્તાથી ભેગા કરવા.

Convolution, (કૉન્વોલ્યૂશન્) *n.* The act of rolling or winding together:વળ.2.The state of being wound or rolled up;a fold: વિંટાવું તે;વિંટો;પેચ;આમળો.

Convolve,(કૉન્વોલ્વ્)*vt.* [L. *con & volvo,*I roll.]To roll or wind together;to twist:વિંટાવું;વિંટો કરવો;વાળવું;વિંટાળવું.

Convoy(કૉન્વોઇ) *vt.* [L.con & *via* a way.]To accompany for protection;to attend for protection; to escort :(માલનું) રખવાળું-વળાવું કરવા જોડે જવું;વળાવું-રખવાળું કરીને લઇ જવું;સાથે જઇ સુખરૂપ પહોંચાડવું.

Convoy,(કૉન્વોઇ) *n.* The act of attending for defence;attendance;escort:રખેવાળી; તહેનાત; રખવાળું;વળાવું. 2.A vessel, fleet, a train or trains of waggons for transporing munitions of war money,clothing,etc: રખવાળ સહિત લશ્કરી સરંજામ, સરસામાન વિ૦ લઇ જનારાં વહાણ કે ગાડાનું લશ્કર.3.A protecting force accompanying ships: વહાણની રખવાળીને માટે તેની સાથે રાખવામાં આવતી રખેવાળી; વળાવું; રાહબાન. 4. Conveyance: means of transportation: વહેન; વાહન;જલયાન;વહાણ.5. A drag or brake applied to the wheels of a carriage to check their velocity in going down a hill: ટેકરીનો ઢોળાવ ઉતરતા ગાડીનો વેગ ધીમો રાખવાને માટે તેનાં પૈડાંઓને લગાડવામાં આવતી પકડ-ખેંચ-ચાંપ.

Convulse, (કૉન્વલ્સ)*vt.*[L.*con & vello,*I pluck.] To draw or contract violently or irregularly;to agitate from within: એકદમ જોરથી વાંકુંચૂકું તાણવું;તાણ આવવી;તણાઇ જવું;2.To agitate greatly;to shake violently:તણાઈ જવું;થરથરવું; કાંપવું; ધ્રુજાવવું;કંપાવવું;થરથરાવવું; ક્ષોભપમાડવો; ખળભળાટ કરવો.

Convulsion,(કૉન્વલ્શન્)*n.*(*Med.*) A violent and involuntary contraction of the muscular parts of an animal body : તાણ; આંકડી;કંપ;ખેંચારો.2. Any violent and irregular motion or agitation;a tumult:કંપારો;તોફાન;ક્ષોભ. *a political* c.:રાજ્યની ઉથલ પાથલ; તોફાન;ફિતુર;બંડ;દંગો;હુલડ;ઉત્પાત.

Convulsive,(કૉન્વલ્સિવ્) *a.* Producing convulsion;convulsionary: તાણ-આંકડી આણે તેવું;તાણ-આંકડીનું;થરથરાટવાળું;આક્ષેપકર;આકર્ષક.

Cony,(કોનિ)*n.* [L. *coniculus,* a rabbit]A rabbit: એક જાતનું સસલું.

Coo,(કૂ)*vt.*To make a low cry or sound,as pigeons or doves:કબુતરનું બોલવું;ઘુઘુ કરવું. 2. To show affection;to act in a loving way: પ્રીતિ બતાવવી-થી વર્તવું.

Cook,(કૂક્)*vi.*To make the noise of the cuckoo : કોયલ-કોકિલાના જેવો અવાજ-રાગ કાઢવો;કૂકુ કરવું.

Cook,(કૂક્)*vi.* [L. *coquo,*I cook.] To prepare as food:રાંધવું; પકવવું; રસોઈ કરવું;પાક કરવું.2.To concoct or prepare,hence to tamper with; to alter:મનમાં ગોઠવણ કરવું;રચવું;બનાવવું;પાઠાફેર કરવું;હેરફેર કરવું; ઉભું કરવું. 3. To throw:ફેંકવું;નાંખવું. *vi.*To prepare food: ખાવાનું ખાવું તૈયાર કરવું. *n.*One who cooks : રસોઈઓ; રાંધનારો; પાચક; બબરચી. *European* c.:બબરચી. C.*room*:રસોડું.

Cookery,(કૂકરિ)*n.*The art or practice of preparing food:રાંધવા-પકવવાની કળા:પકવાન બનાવવાની રીત; રાંધણકળા;પાકશાસ્ત્ર;પાકક્રિયા;પાકસિદ્ધિ.

Cool(કૂલ)*a.*Moderately cold;some what cold:ઠંડું; શીળું; શીતળ; આર્દ્રે; શીતસ્પર્શ;મંદશીત. 2.Not ardent, warm,fond,or hasty;deliberate; self-possessed;indifferent: ઠંડું; ધીમું; ધીરું; શાંત; સ્વસ્થ; નિરુત્સાહી; ઉદાસીન;મોળું;નિ:સ્પૃહ; નિરુત્સાહ. 3. Manifesting coldness or dislike; chilling;apathetic:ખરા ભાવ-ઉમળકા-પ્રીતિ-હેત-માયા વગરનું; અતડું 4. Not retaining heat or light:ગરમાવા વગરનું; થંડું.5.Quietly impudent;audacious: બેદરકાર;પ્રમાદી;બેપરવા;બેફિકરું; ઉદ્ધત;ધૃષ્ટ; નિર્લજ્જ. *n.* A moderate state of cold:ઠંડક; શીતળતા;ઠંડકનો વખત *vt.*To make cool or cold: ઠંડું-ટાઢું કરવું;થી ઠંડકટાઢક થવી-વળવી.2.To calm;to abate;to moderate: ઠંડું-ધીમું-નરમ-શાંત પાડવું; શિથિલ કરવું. *To* c.*the heels*:-ને ત્યાં ધક્કા ખાયા કરવા; જોડા ઉચકવા; ગોંડગુલામી કરવી; જોડા ઘસી નાંખવા.*vi.* To become less hot: ઠંડું-ટાઢું પડવું-થવું. 2. To lose the heat of excitement or passion: હોંશ-ઉમળકા-ઉમંગ-ગુરસો-ઉશ્કર ગ-હુલટ-પ્રીતિ-સ્નેહ કમી થવો. *To* c. *one's courage*:-ની હિમ્મત ભાગવી.

Coolie(કૂલી)*n.*A cooly;a labourer; a porter: બોજારી;કોળી; મજુર; પાટીવાળો;હેલકરી;વેતરો.

Coolly(કૂલિ)*adv* In a cool manner;without heat or excessive cold: તાપ અથવાઅતિશય ઠંડ વિનાનું; ઠંડાઇથી.2.Calmly; deliberately: ધીમે રહીને;ધીમાશથી;હળવે રહીને;શાંતપણાથી;ઠંડે પેટે.3 With indifference;impudently: બેદરકારીથી;બેપરવાઇથી; અનાદરથી; ઉચામનથી; ભાવ-હેત-ઉમળકા વગર

Coolness,(કૂલ્નેસ્) *n.* The state of being cool;a moderate degree of cold:ઠંડક; ટાઢક; શીતળતા. 2. A moderate degree, or a want of passion; calmness;indifference: ધીમાશ;નરમાશ;શાંતતા; અનાદર;બેપરવા;બેદરકારી;ઉંચું મન; વિરાગ; અનુરાગ;શિથિલતા.

Cooper,(કૂપર)*n.*One who makes barrels or casks:પીપ બનાવનાર.*vt.* To do the work of a cooper upon:. પીપ વડવાનું કામ કરવું.

Cooperage, (કૂપરેજ) *n.* The price paid for cooper's work: પીપ બનાવનારના કામ માટે તેને આપેલી રકમ;પીપગરની મજુરી. 2. A place: where cooper's work is done:પીપ બનાવવાનું કારખાનું.3.The work or business of a cooper:પીપ બનાવવાનું કામ-ધંધો.

Co operate, (કો-ઑપરેટ્) *vi.* [L. *con & operor,*I work.]To act or operate jointly with another or others; to concur in action or effort: એક દિલ થઈને એકજ મતલબ સારૂ સાથે મળીને કામ કરવું; મદદ-સહાય કરવી;મળીને કામ-ઉદ્યોગ કરવો.

Co-operation,(કો-ઑપરેશન્) *n.* Joint operation;concurrent effort or labor:સહકારીપણું;સહક્રિયા; સહકરણ-મદદ; સામેલગિરી; સાહાય્ય;

સામેલિયત.

Co-operative, (કો-ઑપરેટિવ) *a.* Operating jointly to the same end: સહકારી; બધા સામેલ થઈને કરનાર;એકકાર્યોન્મુખ. C. *society* : સામુદાયિક-સહીયારી પુંજીથી વેચાણ ખરીદી વિગેરે કરવા થયેલી મંડળી; સહકારી મંડળી.

Co-ordinate, (કો-ઑર્ડિનેટ) *n.*[L *co* & *ordo*,I order.] *E*qual in rank or order;not subordinate: બરોબરીનું;એક ખુંસરીનું-સરખું; એક પદ્ધિનું;બરોબરીયું;સમ-સમાન પદ; સમપદસ્થ;સમતોલ.*vt*To make co-ordinate or equal;to harmonize:બરાબરીયું સમાનપદ-પદવીવાળું કરવું; મળતું આવે એમ કરવું; સલાહસંપે રહેવું. *n.* A thing of the same rank with other things: બીજી ચીજના સરખા-સમાન પદની ચીજ;બીજી ચીજની બરોબરની ચીજ.2 (*pl*)Lines, or other elements or reference: સંબંધ સૂચના દર્શાવનારી લીટીઓ અથવા તત્વ. *geographical* C., the latitude and longitude of a place:કોઈ જગ્યાના અક્ષાંસ કે રેખાંશ.

Coot, (કૂટ)*n.* A water fowl:જળચર પ્રાણી;જળકુકડી.2.A stupid fellow;a simpleton: બેઅક્કલ માણસ; મૂર્ખો;ઠોઠ;જડબુદ્ધિ;મૂર્ખ;નાદાન-બેવકૂફ માણસ.

Copal,(કોપલ)*n* A resinous substance:ચંદ્રસ;વારનીશ કરવાનો સરેશ.

Coparcenary, (કોપર્સેનરિ) *n.* Partnership in inheritance;joint heirship:વારસામાં સરખો ભાગ; સમભાગિપણું; સહિયારો વારસો; તક્ષીમદારી;સહીઆરે;અવિભક્તપણું.

Coparcener,(કોપર્સનર)One who has an equal portion with others of an inheritance: ભાગીઓ; સહીયારી;પાંતીદાર; રિક્થાધિકારી; હિસ્સેદાર;તક્ષીમદાર;અંશભાક્.

Coparceny,(કોપર્સેનિ)*n.*An equal share of an inheritance: વારસાનો સરખો હિસ્સો-ભાગ-વાંટો.

Co-partner,(કોપાર્ટનર)*n.*[L *con* & *pars*,a part.]A joint partner: an associate;a partaker:પાંતીદાર;સમભાગી;ભાગીદાર; ભાગીઓ;હિસ્સેદાર;સહિયારી.

Co-partnership (કોન્પાર્ટનરશિપ)*n.* The state of being a co-partner a joint interest or concern in any matter: સહીયારું; પંત્યાળુ ;સરક્તા;કોઈપણ વેપારમાં ભાગ પાંતી.

Cope, (કોપ) *n.* A covering for the head: માથાનું ઢાંકણ;માથે પહેરવાનું ઉઘાડું;ઘુમટ;છત;છત્રી.3. A sacerdotal cloth worn by the clergy: પાદરીઓનો એક જાતનો ખુલતો ડગલો; જમો.4.The top part of a flask or mould:ભરતનાં બીબાંનો માથાનો-ટોચનો ભાગ;કાનો. *vi.* To form an arch;to bend;to blow: ઘુમ્મટ બનાવવો;વળવું;નમવું.

Cope, (કોપ)*vi.* To enter into or maintain a contest;to struggle;to match;to equal: બાથ ભીડવી;લડવું;બરોબરી કરવી.સામા થવું;હરીફાઇ-સ્પર્દ્ધા કરવી.પહોંચી વળવું.2. To encounter;to have to do with: મળવું;ભેટવું;મુલાકાત કરવી; કામ પાડવું.3. To exchange;to barter:બદલામાં આપવું;સાટું કરવું.*vt.*To match one's self against;to meet:ના સામે લડવું; ની બરોબરી કરવી. 2. To make return for;to repay: બદલા-સાટામાં આપવું; ભરવું. 3. To bargain for: સાટું-બદલો કરવો.

Cope-stone,(કોપ-સ્ટોન)*n.* Head or top stone:ટોચ;શિખરનો પથ્થર.

Copious,(કોપિઅસ)*a.* [L.*copia*, abundance.]Large in quantity or amount; ample; plentiful; abundant:પુષ્કળ; બહુ; ઘણું; વિશેષ; વિશાળ;બહોળું.વિપુલ;મનમાન્યું.

Copiously(કોપિઅસ્લિ)*adv.*Plentifully;largely;amply: પુષ્કળ: ઘણું; ખુબ;અતિ;ભરપૂર.

Copiousness, (કોપિઅસ્નેસ) *n.* Great quantity;abundance; plenty:પુષ્કળપણું;વિપુલતા.2. Diffusive. ness of style: લાંબીલાંબી ઢબ-ઘાટીપદ્ધતિ;વાગ્વિસ્તાર.

Copped, (કોપ્ડ)*a.* Rising of a point or head;pointed;crested: અણીઆળું ;ચઢતું ચઢતું અણી ઉપર આવતું.

Copper,(કૉપર) *n.* [L.*cuprum*.] A metal of a reddish color, ductile,malleable, and tenacious:તાંબુ;ત્રાંબુ;તામ્ર.2.A coin made of copper:ત્રાંબાનાણું.3. A boiler made of copper: તાંબાની કઢાઇ-હેગડો-ઉકાળવાનું વાસણ 4.*pl.* Specifically,(*naut.*)The boilers in the gally for cooking: વહાણના રસોડાનાં રાંધવાનાં તાંબાનાં વાસણ. *Sulphate of* C.મોરચુથુ.*Copper change*: પૈસા;ખુદ્દો.*vt.*To cover or coat with sheets of copper: ઉપર તાંબાનાં પતરાં ચઢાવવાં; તાંબે મઢવું; તાંબાની મેણ ચઢાવવી.

Copper-as, (કૉપર-ઍસ) *n.* [L. *cuprum*, copper.] Sulphate of iron or green vitriol:હીરાકસી.

Copper-plate, (કૉપર-પ્લેટ) *n.* A plate of polished copper on which an engraving has been made:તામ્રપત્ર; અક્ષર કોતરેલું તાંબાનું પતરું. 2. A print or impression taken from a copper-plate:તામ્રપત્રથી છાપેલો કાગળ;તામ્રપત્રની છાપ.

Copper-smith, (કૉપર-સ્મિથ્) *n.* One whose occupation is to manufacture copper utensils: કસારો;તામ્રકાર.

Coppice Copse,(કૉપિસ,કૉપ્સ)*n.* [L.*colaphus*, a blow.] A wood of small growth:ઝાડી; વૃક્ષવાટિકા; જંગલ.

Copse, (કૉપ્સ)*n.* A thick brushwood:નાની ઝાડી.*vt.* To trim or cut:છાંટવું;કાપવું;2.To plant and preserve:રોપવું અને સાચવી રાખવું.

Coptic (કૉપ્ટિક)*a.* Belonging or relating to the Copts:પ્રાચીન મીસર દેશના રહેવાશીઓ સંબંધી.*n.*The language of the Copts: પ્રાચીન મીસર દેશના રહેવાશીઓની ભાષા.

Copula, (કૉપ્યૂલ) *n* The word which unites the subject and predicate of a proposition:ઉદ્દેશ્ય અથવા વાક્યને જોડનાર શબ્દ.2.A ligament: અસ્થિબંધન.

Copulate,(કૉપ્યૂલેટ) [L *copulo*. I couple.]*vi.*To unite in sexual intercourse: સંભોગ-મૈથુન-અંગસંગ કરવો;રતિક્રિયા કરવી.

Copulation.(કૉપ્યૂલેશન)*n.* Coition;sexual union: સ્ત્રી પુરૂષ સંભોગ;મૈથુન;સંભોગ; સંગ; રતિક્રિયા.2. Union;conjuncion: સમુચ્ચયા;સંયોગ .

Copulative,(કૉપ્યૂલેટિવ)*a.* Serving to unite or couple:જોડવામાં જોડકાં બનાવવામાં કામ આવે એવું. સંયોગ-સંસર્ગકારી.2. Uniting the sense as well as the word: સંયોજક;ઉભયાન્વયી;જોડનાર.

Copy,(કૉપિ)*n.*[L.*copia*,abundance.]An imitation or transcript of an original work:નકલ;ઉતારો; પ્રતિલેખ.2.An individual book or a single set of books containing the works of an author:નકલ;પ્રત.3.A pattern, model or example:અસલ;નમુનો;કિત્તો;નિદર્શન. 4.Manuscript or printed matter to be set up in a typ :અસલ;મૂળ; કૉપી. 5. A writing paper of a particular size:અમુક કદનો કાગળ. 6.Copy-hold: પટ્ટો.7.(*a*)A transcript from an original: નકલ; ઉતારો. 8.One of the series of

imitation: નકલ. 9. Original; pattern;model:અસલ; નમુનો. *vt.* To imitate;to transcribe; to model after;to duplicate:નકલ-ઉતારો કરવો;ઉતારવું;ઉતારી લેવું;ની નકલ-પ્રત કરવી;નમુના પ્રમાણે ઉતારવું. 2. *To* imitate;to attempt to resemble in manners or course of life:--ના પ્રમાણે-અનુકરણ કરવું; નકલ કરવી. *vi.*To make a copy or copies: નકલ કે ઉતારા કરવા.2. To yield a duplicate or transcript; ઉતારો થવો;નકલ ઉતરવી.

Copy-book,(કૉપિ-બુક્)*n.* A book in which copies are written or printed for learners to imitate: દેા પિસ્તાન;કિત્તાની ચોપડી; દસ્ત શિક્ષક;લેખન વિદ્યા-કળા;અક્ષરપોથી.

Copy-hold,(કૉપિહોલ્ડ્) *n.* (*a*) A tenure of estate by copy of court roll:પટો;સનદ (*b*)A land held in copy-hold:સનદી-પટાવાળી જમીન.

Copyist(કૉપિઇસ્ટ્)*n*A transcriber; an imitator:લેખક;લહીઓ;ઉતારનાર. અનુકરણ કરનાર; લિપિકાર;નકલ કરનાર. 2.A plagiarist:લખાણ ચોર.

Copy-right, (કૉપિરાઇટ્) *n.* The legal right which an author has in his own original productions સ્વામિત્વના હક્ક;મુદ્રણાધિકાર;કોપી રાઇટ.*vt.* To secure a copy-right on ગ્રથકર્ત્તાના હકથી મેળવવું-સંપાદન કરવું.

Coquet,(કોકેટ્)*vt.*To attempt to attract the notice, admiration, or love of:-નું મન-પ્રીતિ પોતાના તરફ આકર્ષવા પ્રયત્ન કરવો.*vi.* To trifle in love;to treat a person with an appearance of favour,but with a design to deceive:નખરાં કરવાં;ઉપરની પ્રીતિ દેખાડી ઉડાવવું; લટકો કરવો; હાવભાવ-અદા કરવા; લલિતાલિનય કરવો. 2.To play or trifle with: નજીવું-નકામું ગણી કાઢવું;કશી લેખામાં ન ગણવું.

Coquetry, (કોકટ્રિ)*n.* Attempts to attract admiration,notice or love;trifiing in love:હાવભાવ; લટકા;નખરાબાજી;અદા;વિલાસ;લીલા.

Co-quette, (કોકેટ્)*n.*A flirt.નાચ્ચણ; ઉડાવવાની મતલબથી લટકા કરનાર સ્ત્રી;લટકાળી સ્ત્રી;નખરાબાજ સ્ત્રી; વિલાસિની;વિલાસવતી.

Coquettish,(કોકેટિશ્)*a.*Practising or exhibiting coquetry:હાવભાવ દેખાડનાર; લટકાખોર; લટકાળો; લેહકાળી.

Coral,(કૉરલ્) *n.* [L. *coralium.*] The solid secretion of zoophytes:પરવાળું;પ્રવાળ. 2. A piece of coral,used by children as a plaything:છોકરાંને રમવાનું પરવાળાનું રમકડું .3.The ovaries of a cooked lobster:રાંધેલા કરચલાનું અંડાશય.

Coral-tree,(કૉરલ્-ટ્રી)*n* (*Bot.*) A tropical leguminous plant: પારિજાતનું ઝાડ;પારિજાતક;શાળી.

Corb, (કૉર્બ્)*n.*[L.*corbis*,basket.] ટોપલી.2. (*Arch.*) An ornament in a building:ઇમારતમાંના શણગાર શોભા-નકશીકામ.

Cord(કૉર્ડ્)*n.*[L.*chorda.*]A string or small rope: દોરડું;વરડું;રસી;રાશ; નાડ;રાશડી;વરત. 2.A solid measure equivalent to 128 cubic feet: ૧૨૮ ઘનફુટના જેટલું માપ.3.An enticement;an allurement: ફાંદો; ફંદ;જળ;પ્રપંચ; બંધ; બંધન. 4. A tendon or a nerve: જ્ઞાનતંતુ;સંધિબંધન.*To break the c.s. of*: નિર્બળ કરવું;નાશ કરવો.

Cord,(કૉર્ડ્) *vt.* To bind with a cord or rope: દોરડા-રસીથી-વતે બાંધવું.2.To pile up:ઢગલો કરવો; ગોઠવવું;ખડકવું;સિંચવું.

Cordage, (કૉર્ડેજ) *n.* Ropes or cords:બધાં દોરડાં;રસીઓ;વરેડાં;રાશો. C. *of a ship*: વહાણનું સૈડણ; બધાં દોરડાં.

Cordate, (કૉર્ડેટ્)*a.*(Bot)Having the form of a heart;heart-shaped:હૃદયના આકારનું-જેવું.

Cordial,(કૉર્ડિઅલ્)*a.*(L.*cor*, the heart.)Hearty;sincere; warm; affectionate:ખરા દિલનું-ભાવનું;અંતરનું;અંતઃકરણનું;મનનું;અંતઃકરણપૂર્વક; સુશીલ. 2. Giving strength or spirits;invigorating:બળ-જોર-જુસ્સો આપનારૂં; પુષ્ટિકારક; પૈષ્ટિક;દીપક; અગ્નિવર્ધક;કૃત્તેજક. *n.* Anything that comforts or exhilarates: હોંશ-ચાલાકી આણે-સુખ કરે એવી ચીજ-વસ્તુ.2.An invigorating and stimulating preparation: તેજોવર્ધક-પૌષ્ટિક;પુષ્ટિકારક ઔષધ.

Cordiality,(કૉર્ડિઅલિટિ) *n.* Relating to the heart:અંતઃકરણ-મનની સાથેનો સંબંધ.2.Sincere affection and kindness; heartiness: ખરો ભાવ-મન-હેત;અંતરનું હેત-ભાવ;સૌજન્ય; સુશીલતા;મિત્રભાવ; નિષ્કાપટ્ય;સૌજન્ય.

Cordially,(કૉર્ડિઅલિ)*adv.*Heartily;sincerely:અંતઃકરણથી;ખરા મન-અંતર-દિલથી; ખરાભાવથી; અન્તઃકરણપૂર્વક.

Cordon,(કૉર્ડોન્) *n.* A cord or ribbon bestowed or borne as a badge of honour:આબરૂ દાખલ મળેલી રીત્ત-કિનારી-પટ્ટી. 2. The edge of a stone on the outside of a building:ઇમારતની બહારની બાજુએ પથ્થરની કિનારી;છાજલી.3.The coping of the scarp-wall: કિલ્લા ઉપર બાંધેલા કાંગરા-કંગણી. 4. The line or series of military posts: લશ્કરના થાણાની હાર.C. *bleu*: પહેલા નંબરનો રસોઇઓ-રંધારો.

Cordwain-Cordovan,(કૉર્ડવેન્-કૉર્ડોવૅન્)*n.*Spanish leather;goat skin tanned and dressed:સ્પેનનું ચામડું;એકાતનું બકરાનું ચામડું.

Cordwainer, (કૉર્ડ્વેનર)*n.* A worker in cordwain;a shoe-maker:મોચી;ચમાર;ખાલપો;ચામડીઓ.

Core,(કૉર)*n.*[L.*cor*, heart.] The heart or inner part of a thing: કોઇ ચીજનો માંહેનો ગર્ભ-ગર-ગળ-માવો-ગલ.2 The centre or inner part: મધ્ય-વચલો ભાગ;હૃદયદેશ.3.A disorder of sheep caused by worms in the liver:કાળજામાં કરમ થવાથી ઘેટાંઓને થતો એક જાતનો રોગ.4. The important part of a thing;the essence:તત્વ;સત્વ;મુદ્દો.5. A body or assemblage:ટોળું;મેળાવડો;મેળાવો.*vi.*To take out the core or inward part of:-નો વચમાનો ભાગ-ગર્ભ-ગર લઇ લેવો-બહાર કાઢવો.

Corf,(કૉર્ફ્)*n* [L.*corbis.*] *pl.***corves,**A large basket: મોટી ટોપલી-ટોપલો.2.A wooden low-wheeled wagon to convey coal or ore in the mines:ખાણમા કોયલા વિ૦ લઇ જવાનું નાના પૈડાનું ગાડું.

Coriaceous, (કોરિએશિઅસ્) *a.* Leather like;tough: ચામડા જેવું; ચિવટ;ચિમ્મડ.

Coriander, (કોરિઅન્ડર્) *n.* [L. *coriandrum.*] (*Bot*) A plant: ધાણા;કોથમિર;કોથમી.

Corianthian, (કોરિઅન્થિઅન્) *a.* Of Corinth:કોરિંથ શહેરનું-સંબંધી-વિશે.2.Pertaining to the corinthian order of architecture: ઇમારતની કોરિંથીયન નામની ઢબ પ્રમાણેનું-નું-વિશે-સંબંધી.

Cork,(કૉર્ક્)*n* [L.*cortex, corticis*, bark.]The outer bark of the cork-tree:બુચના ઝાડની ઉપરની છાલ. 2.A stopper:બુચ;દટ્ટો;દાટો.*vt.* To stop with a cork:દાટો દેવો-મારવો. બુચ મારી બંધ કરવું.2. To furnish or fit with cork; to raise on cork:બુચથી જડી દેવું.

Cork-screw,(કૉર્ક્સ્ક્રુ)*n.*A screw to draw corks from bottles:બુચના દટ્ટા ઉઘાડવાનો ઇસ્ક્રૂ.*vt.*To press

forward in a winding way: મરોડાકારે જોર કરીને રસ્તો કરવો-કાપવો.

Cormorant, (કૉર્મોરન્ટ્) *n* A sea bird:એક પ્રકારનું દરીઆઈ પક્ષી; સમુદ્ર કાંઠે રહેનાર એક જાતનું પક્ષી; માહીગીર; કરકોટ 2.A glutton: અકરાતીઓ-ખાઉધરો માણસ.

Corn, (કૉર્ન) *n.* [L. *granum.*] A single seed of certain plants;a grain:દાણો; કણ. 2. The various cereal grains: અનાજ;ધાન્ય; દાણા. 3.The plants which produce corn: વાવેલા ધાન્ય-અનાજના છોડ; (*b*)the stalks, ears and seeds, after reaping and before thrashing:ઉભું અનાજ;વાઢેલું અનાજ. 4. A small hard particle;a grain: એક નાનો કઠણ કણ-દાણો C.*land*:જીરાયત જમીન. C. *laws*: પરદેશથી અનાજની આવક બંધ કરવાને વિલાયતમાં જે કાયદા ચાલતા હતા તે.*vt.*To sprinkle with salt;to cure by salting:-ના ઉપર મીઠું છાંટવું; મીઠામા આયવું.2.To form in small grains:દાણો પાડવો;દાણાદાર કરવું.. 3. To supply or feed with grain:દાણો ચઢાવવો-મૂકવો-ખવરાવવો; ચા ની ચઢાવવી.4. To render intoxicated: મસ્ત-પીધેલ-છાકટો બનાવવો-કરવો.

Corn, (કૉર્ન) *n.*[L.*cornu*,horn.] A hard,horn-like induration of the skin on the toes or other parts of the feet: આંટણ.

Corn-chandler-dealer, (કૉર્ન્-ચૅન્ડ્લર્-કૉર્ન્-ડીલર્) *n.*One whose occupation is to sell corn;one who deals in corn:કઠિયો;કણીઓ;મોદી.

Corn-field, (કૉર્ન્-ફીલ્ડ્) *n.*A field or plantation of corn:જરેલું ખેતર; અનાજનું ક્ષેત્ર;ઉભું ખેતર.

Corn-floor, (કૉર્ન્-ફ્લોર્) *n.*A floor for corn,or for thrashing corn: ખળ;ખળુ;ખળી.

Corn,mill, (કૉર્નમિલ્) *n.* A mill for grinding corn:અનાજ દળવાની ઘંટી;ચક્કી;ધાન્યપેષણી

Cornea, (કૉર્નિએ) *n.*The transparent horny membrane which forms the front covering of the eye:આંખ ઉપરનો પારદર્શક પડદો; કાળો ડોળો.

Cornelian, (કૉર્નેલિઅન્) *n.*[L.*cornu*,horn.]A variety of chalcedony of a clear,deep red,flesh red or reddish white color:હકીક; અકીક.

Corner, (કૉર્નર્) *n.*[L.*cornu*,horn; end.]An angle:ખૂણો;કોણ.2. The space between two converging lines which meet in a point: જે બે કેન્દ્રાભિમુખ લિટિઓ એક ખૂણામા મળે છે તે બે લીંટીઓ વચ્ચેની જગા; ખુણો.3.A remote or out of the way space;a secret or secluded place:ખૂણો ખોચરો; છુપી જગા. 4. Any part;any quarter:દેશ;પ્રદેશ; ભાગ;ખૂણો.5.Direction:દિશા;બાજુ. *In obscure c.s*:ખુણેખોચરે.*vt.* To drive into a corner: ખૂણામા લઇ જવું-હાંકી કાઢવું-આંતરવું. 2. To drive into a position of great difficulty:મારે સંકટમાં નાખવું; અમુઝણ-ગભરાટ-મુશીબતમા લાવી મુકવું;હેરાન કરવું.

Corner-stone, (કૉર્નર્-સ્ટોન્) *n.*The stone which lies at the corner of two walls;the principal stone: બે દિવાલના ખુણા આગળના પથરો; ઈમારતમા મુખ્ય પાયાનો પથરો. 2. That which is of fundamental importance or indispensable: પ્રધાન વસ્તુ;મૂલાધાર.

Cornet, (કૉર્નેટ્) *n.*[L.*cornu*,horn.] A wind instrument blown with the mouth:મ્હોડેથી વગાડવાનું યંત્રવાજું;પીપુડી;કરનાઈ.2.A little cap of paper twisted at the end: છેડેથી વાળેલાં કાગળનો નાની ટોપી. 3. (*a*)A troop of cavalry:ઘોડસ્વારનું લશ્કર;પાયગા.(*b*) The flag or standard of such a troop.આવી પાયગાનો વાવટા.(*c*) The officer who carries the standard in a cavalry troop:પાયગાના ઝંડો-વાવટા ઉપાડનાર;ઘોડાની પાયગામા નિશાનદાર. 4. A headdress or cap worn anciently by doctors and by women: અગલના વખતમા ડાકટરો તથા સ્ત્રીઓ પહેરવામા આવતી ટોપી -માથાનું ઢાકણ.

Cornice, (કૉર્નિસ્) *n.*[L.*cornix*, a crow.]Any molded projection which crowns the part to which it is affixed:કાગરી;કારાનસ.

Corny, (કૉર્નિ) *a.* [L.*cornu*,horn.] Strong;stiff or hard like a horn; resembling horn:શીંગડા જેવું કઠણ-ચીકણું અથવા મજબૂત;શીંગડા જેવું

Corny, (કૉર્નિ) *a.*Producing corn or grain:અનાજ-ધાન્ય ઉત્પન્ન પેદા કરતું.2. Tasting well of malt: પલાળી મૂકેલા જવનો સારો સ્વાદ આવે એવું.3.Tipsy: પીધેલ;મસ્ત;છાકટું.

Corollary, (કૉરૉલરિ) *n.*[L.*corona*, a crown.[Surplus; something added or superfluous:ઉમેરો;ઉપરનો વધારો;ફાલતું ભાગ.2. That which follows from the demonstration of a proposition;an inference: સિદ્ધ કરેલા સિદ્ધાંત ઉપરથી તરત નીકળતું અનુમાન;સિદ્ધાંત;અનુષંગી સિદ્ધાંત; ઉપસિદ્ધાંત.

Coronal, (કૉરૉનલ્) *a.*[L.*coronalis*] Pertaining to the kingly crown or to coronation: રાજાના તાજ-મુગટને લગતું.2.Belonging to the crown or top of the head:માથાના તાલકાને લગતું.*n.*A crown garland: તાજ;મુગટ;પોશાક. 2. The frontal bone:કપાળનું હાડકું.

Coronation, (કૉરૉનેશન્) *n.* The act or solemnity of crowning a sovereign:રાજ્યાભિષેક; વિધિ: પટ્ટાભિષેક.2.The pomp or assembly attending a coronation: રાજ્યાભિષેક વખતે મળેલું મંડળ-સભા;રાજ્યાભિષેક વખતનો ઠાઠમાઠ-ભભકો.

Coroner, (કૉરૉનર) *n.* [L. *corona*, crown.]An officer of the peace who duty is to inquire, with the help of a jury into the cause of any mysterious violent death ભેદ ભરેલા મરણ વિશે તજવીજ કરનાર અમલદાર;કોરોનર.

Coronet (કૉરૉનેટ્) *n.* [L.*corona*, crown.] An inferior crown worn by nobleman:અમીર-ઉમરાવ લોકાને પહેરવાનો હલકો-ઉતરતા દરજ્જાનો મુગટ-તાજ. 2. An ornamental head-dress:શોભા ભરેલો માથાનો પોશાક;તાજ;મુગટ.3.The upper part of a horse's hoof:ઘોડાની ખરીનો ઉપલો ભાગ.4. The iron head of a tilting spear:ભોકવા-મારવાના ભાલાની લોઢાની ટોચ-મથાળું ; ભાલોડું.

Coronoid, (કૉરૉનૉઇડ્) *a.*Resembling the beak of a crow:કાગડાની ચાચ જેવું-ને મળતું

Corporal, (કૉર્પૉરલ્) *n.*[L.*caput*, the head.]1. A non commissioned officer next below a sergeant:લશ્કરની ટુકડીમા સૌથી નીચા દરજ્જાનો બીનસનંદી અમલદાર-નાયક.

Corporal, (કૉર્પૉરલ્) *a.*[L.*corpus*, body.]Belonging or relating to the body;bodily:શારીરિક;દેહ-અંગસબંધી;કાયિક;દૈહિક; શારીરિક;શરીરી 2.Corporeal;not spiritual; material ભૌતિક; પ્રાકૃતિક; પંચભૂતાત્મક;આધિભૌતિક;માટીનું. C.*punishment*:શરીરશિક્ષા;મોતની સજા.

Corporate, (કૉર્પોરેટ્) *a.*[L.*corpus*, body.]Formed into a body by legal enactment;incorporated: સનંદી;સરકારની સનંદથી કે કાયદાથી સમગ્ર થયેલું-રચાયેલું. 2. Belonging

to a corporation:સનંદી સભા-મંડળીને લગતું-સંબંધી-વિષયક. 3.United; general:ભેગું;એકઠું.vt To incorporate:સણંદી મંડળી કરવી.vi.To be in corporated:જોડાવું;ભળીજવું;એકઠા થવું.

Corporation, (કૉર્પોરેશન) *n.* A society having the capacity of transacting business as an individual: સનંદી મંડળી-કંપની સભા શ્રેણી;સંસ્થાપિત મંડળ;જમાત;સમુદાય.

Corporator,(કૉર્પોરેટર)*n.*A member of a corporation:સનંદી સભામાંનો એક સભાસદ.

Corporeal,(કૉર્પોરીઅલ્)*a* [L.*corpus*,body.]Having a body;material:શરીર-દેહનાળું;અંગી;શરીરમય; દેહી;દેહમય;દ્રવ્યમય;પાંચભૌતિક;પ્રાકૃત.

Corps,(કૉર)*n Sing. & pl.* (કૉઝ્) [L *corpus*, body.] A body of troops;an organized part of an army:રસાલો ;લશ્કરની ટુકડી; પલટણ. 2.Any body or code of laws: કાયદાનો કોડ-સંગ્રહ; ધર્મસંહિતા. 3. The land with which a prebend is endowed; પાદરીને આપેલી જમીન.

Corpse(કૉર્પ્સ્)*n.*[L.*corpus*,body.] A human body,whether living or dead (*used contemptuously*)સજીવ કિંવા નિર્જીવ દેહ.2. The dead body of a human being: મુડદું ; શબ;લાશ;લોથ; પ્રેત.*Ground for burning or burying a* c.: મશાણ;સ્મશાન;દફનભૂમિ; કબરસ્તાન. C *bearer*:ખાધીયો.

Corpulence-cy(કૉર્પ્યૂલેન્સ્-કૉર્પ્યૂલેન્સિ)*n.*Excessive fatness; obesity:અતિશય જાડાપણું; ડોંગાપણું; દેહસ્થૂલતા;મેદવૃદ્ધિ.2. Thickness of substance: કોઇ વસ્તુ-પદાર્થની જાડાશ.જાડાઇ-જાડાપણું

Corpulent,(કૉર્પ્યૂલેન્ટ્)*a.* Having an excessive quantity of flesh: અતિશય જાડો;જાડું ભોલ;તુંદિલ;કોઠી જેવો; અતિસ્થૂલ; ડોંગું;ફાંદવાળું.

Corpuscle,(કૉર્પસલ્)*n.*[L.*corpus*, body.]A minute praticle or physical atom:રજ;કણ;રજકણ;અણું.2.An animal cell or cellular anatomical element:કોઈ પ્રાણીના કોઇપણ ભાગમાં નહાનો ખાડો-છિદ્ર.

Corpuscularian,(કૉર્પસ્કયૂલૅરિઅન્) *n* A follower of the corpuscular philosophy:સૂક્ષ્મવાદી.

Correct,(કૉરેક્ટ્)*a.*[L *con* & *rego*, I set right.] Conformable to truth;not faulty;free from error:દુરસ્ત;ઠીક;બરાબર;શુદ્ધ; નક્કી; વાજબી;ખરેખરું; યોગ્ય; શિષ્ટ; દોષરહિત-શૂન્ય;શોધિત; યથાર્થ. *vt.* To make right;to bring to the standard of turth; to rectify: શુદ્ધ-દુરસ્ત-બરાબર-ખરું કરવું;સુધારવું.2.To chastise;to discipline:શિખામણ-ઠપકો દેઇ સારે રસ્તે પાછું લાવવું; શિખામણ દેવી;નશીઅત કરવી-આપવી;શિક્ષા કરવી. 3. To obviate or remove;to counteract or change: મટાડવું; તોડવું; દુરસ્ત કરવું;દોષ ટાળવો; દૂર કરવું. 4. To amend;to set right:સુધારવું; ભૂલો કાઢવી; તપાસવું.

Correction, (કૉરેક્શન્) *n.* The act of correcting; change for the better;amendment; rectification: શુદ્ધિકરણ;સુધારો;શોધન;વિશુદ્ધિ.2.punishment; discipline; chastisement: શિખામણ;નશીઅત; શિક્ષા;શાસન;ઠપકો;સજા;નિગ્રહ;દંડ. 3. That which is substituted in the place of what is wrong: સુધારો;ચૂક-ભૂલ કાઢી નાખી તેની જગ્યાએ કરેલી શુદ્ધિ-સુધારો;દુરસ્તી.5.An allowance made for the inaccurrcy of an instrument: કોઇ પણ યંત્રની-અશુદ્ધતા-અચોકસાઈ-ખોટાપણા માટે મુકેલી છૂટ.

Corrective,(કૉરેક્ટિવ્)*a.* Having the strength to correct;tending to rectify:સુધારનારું;સુધારે તેવું શાસન કરનારું; શોધક;પ્રતિકારક. *n.* That which has the power of correcting: સુધારનાર; ઠેકાણે લાવનાર. 2. Limitation;restriction: પ્રતિબંધ; હદબંધી;દબાણ;અટકાવ.

Correctly,(કૉરેક્ટ્લિ)*adv.*In a correct manner;exactly; without fault or error: બરાબર;ઠીક;યથાયોગ્ય;વાજબી રીતે;વગર ચૂકે.

Correctness.(કૉરેક્ટ્નેસ)*n.* State of being correct;exactness;accuracy;precision:ચોકખાઇ;બારીકી; વાજબીપણું;રાસ્તપણું; શુદ્ધતા; નિર્દોષતા;દુરસ્તપણું;સાચાઇ;યથા યોગ્યતા;નીતિ.

Corrector, (કૉરેક્ટર)*n.*One who corrects;one who amends faults &c:સુધારનાર; શિક્ષા કરનાર;શોધક;શુદ્ધ કરનાર; દુરસ્ત કરનાર; ઈજા કરે એવી કે અણફાવતી વાત દૂર કરનાર; કોઇ પણ વસ્તુની અસર ઓછી કરનાર; રામક.

Correlate,(કૉરીલેટ્) *n.*[L. *con*,*re* & *latus*,carried.] One who or that which stands in a reciprocal relation to something else; a correlative: અરસપરસ સંબંધ રાખનાર;અન્યોન્યા પેક્ષક;પરસ્પર સંબંધ;ઇતરેતર સંબંધી.*vt.*To have reciprocal or mutual relation; to be mutually related: અરસપરસ સંબંધ રાખવો-હોવો.*vi.*To put in relation with each other:એક બીજાની સાથે સંબંધ-અન્વયમાં મૂકવું.

Correlation, (કૉરીલેશન્) *n.* Reciprocal or mutual relation:પરસ્પર સંબંધ; સરખો સંબંધ;અન્યોન્યાપેક્ષકસંબંધ;પરસ્પરાન્વય;અન્યોન્યાન્વય.

Correlative,(કૉરેલેટિવ્) *a.* Having or indicating a reciprocal relation:પરસ્પર સંબંધસૂચક;અન્યોન્યાશ્રિત: અન્યોન્યાપેક્ષક; પરસ્પરાશ્રિત. *n.*One who, or that which,stands in a reciprocal relation to some other person or things: જે મનુષ્ય અથવા ચીજને બીજા મનુષ્ય અથવા ચીજ સાથે અરસપરસ સંબંધ હોય તે;પરસ્પરસંબંધી.2.(gram) The antecedent of a pronoun:સર્વનામ સાથે સંબંધ ધરાવતો આગળ ગયેલો શબ્દ.

Correspond,(કૉરીસ્પૉન્ડ્) *vi.* [L. *con* & *respondo*,I answer.] To be adapted to suit;to agree ;to answer:બેસતું-મળતું આવવું; અનુરૂપ-સદૃશ હોવું; બરોબર ઉતરવું; જોડી થવી. 2.To be like something else in the dimensions and arrangement of its parts:વિસ્તાર-વ્યવસ્થા વિગેરેમાં બીજાના જેવું-મળતા હોવું.3.To hold intercourse or to communicate by sending and receiving letters:કાગળપત્રનો વહેવાર ચલાવવો-રાખવો; પત્ર વ્યવહાર રાખવો ચલાવવો.

Correspondence,(કૉરીસ્પૉન્ડેન્સ્) *n.*Congruity; fitness; relation: પરસ્પરયોગ્યતા; તાળો; મેળ; અનુરૂપતા; સદૃશ્યતા;સંબંધ;બરોબરી. 2. Intercourse between persons by means of letters: પત્ર ચીઠ્ઠી વહેવાર; પત્રવ્યવહાર; આડત. 3. The letters which pass between correspondents:કાગળપત્રો; પત્રવ્યવહાર.*Newspaper* c.:ચર્ચાપત્ર.*Official* c.:તુમાર.

Correspondent,(કૉરીસ્પૉન્ડેન્ટ્)*a.* Suitable;congruous; obedient; willing:આજ્ઞાધીન; તાબેદાર;મળતું;બેસતું;લાયક;બરાબર;અનુરૂપ;યુક્ત; સદૃશ; તુલ્ય;સંગત. *n.* One who corresponds:કાગળપત્રનો વહેવાર રાખનાર. 2.One who communicates information etc. by letter or telegram to a newspaper or periodical:ન્યૂસપેપરનો ખબરપત્રી-ચર્ચાપત્રી.2.One who carries on commercial intercourse by letter or telegram with a person or firm at a distance:દૂરના કોઇ માણસ કે પેઢીસાથે કાગળપત્રનો વહેવાર

રાખનાર;આડતીઓ.*News paper* **c.**: ચર્ચાપત્ર લખનાર.

Corresponding,(કૉરીસ્પૉન્દિન્ગ્) *p.a.* Answering; conformable; suiting:મળતું;સરખુ; બેસતું; યોગ્ય; બરાબર;અનુરૂપ;સદૃશ; તુલ્ય;સંગત. 2. Carrying on intercourse by letters:પત્રવ્યવહારી.

Corridor,(કૉરિડૉર્)*n.* [L. *curro,* I run.]A gallery or passage-way leading to apartments independent of each other:છૂટ; પરસાળ;ચાલી;ગલી;રસ્તો;છુટ ચાલ. 2. The covered way lying round the whole compass of the fortifications of a place:કોઇજગ્યાની કોટ-કિલ્લાની આસપાસનો ઢાંકેલો રસ્તો.

Corrigendum.*pl.***Corrigenda,** (કૉરિજેન્ડમ્) *n.* A fault or error to be corrected: સુધારવાની વાત-ભૂલ-ચૂક-દોષ શુદ્ધિ;સુધારો;શુદ્ધિપત્રક.

Corrigible,(કૉરિજિબલ્)*a.*[L.*corrigo,*I correct.]Capable of being set right,amended or reformed: સુધરવા-સુધારવા યોગ્ય;સુધરી શકે તેવું. **2.**Worthy of being chastised; punishable:સજાને લાયક-પાત્ર;દંડનીય; શિક્ષણીય.4.Having power to correct;corrective:સુધારનારું;સુધારેએવું.

Corroborant,(કૉરોબોરન્ટ્)*a.*Strengthening: પુષ્ટિકર; મજબુત કરે એવું. *n.*A tonic:પૌષ્ટિક ઔષધ.

Corroborate,(કૉરોબોરેટ્)*vt.* [L. *con & roboro,*I strengthen]To make strong;to strengthen:મજબૂત-મજબુત કરવું:મજબુતી આપવી. 2. To make more certain;to confirm:પુષ્ટિ-મજબૂતી-ટેકો આપવો;સબળ કરવું;સપ્રમાણ કરવું;પ્રમાણ આપવું.

Corroboration,(કૉરોબોરેશન્) *n.* The act of corroborating; confirmation:પુષ્ટિકરણ;બલવર્દ્ધન; પુષ્ટિ; મજબૂતી;પ્રમાણ;સમર્થન; ટેકો;આધાર.

Corroborative,(કૉરોબોરેટિવ) *a.* Having the power of giving strength;tending to confirm:પુષ્ટિ-આપનાર; ટેકો-આધાર-મજબૂતી આપનાર.*n.* A medicine that strengthens:પુષ્ટિ-મજબૂતી આપનાર દવા; પૌષ્ટિક;બલવર્ધક-પુષ્ટિકારક ઔષધ

Corrode, (કૉરોડ્) *vt.* [L. *con & rodo,*I gnaw.]To eat away by degrees: ધીમેધીમે ખાઇ જવું; આસ્તે આસ્તે ખવાઇ-ઘસાઇ જવું.2. To consume;to wear away;to impair:ધીમે ધીમે ઘટવું-ઓછું-કમી થવું; ખરાબ થવું;નાશ થવું;વિલય જવું *vt.*To have corrosive action:ખવાઇ જવું.

Corrodent,(કૉરોડેન્ટ્)*a.* Having power of corroding or wasting by degrees:ખાઇ નાંખવું;આસ્તે આસ્તે ખવાઇ જવું;નાશક;ક્ષયકર.*n.* Any substance or medicine that corrodes:જે પદાર્થ કે દવા ખવાઇ જાયછે તે.

Corrosible,(કૉરોઝિબલ્)*a.*Corrodible:ઘસાઇ-ખવાઇ-જાય તેવું.

Corrosion(કૉરોઝૂહન્)*n.*The action of eating or wearing away by slow degrees:સડો;સળો;ક્ષય.

Corrosive,(કૉરોસિવ્) *a.* Eating away;having the power of consuming or impairing: ખાઈ નાખનારું;સડો કરે એવું;સડો પેસારે એવું; નાશક;જેથી કોઇ બીજ ઘસાઈ-ખવાઇ જાય એવું 2. Having the quality of fretting or vexing: દુઃખ દેવું; હેરાન કરવું;તીવ્ર;ચીઢવવું.*n.*That which has the property of eating or wearing away gradually:નાશક વસ્તુ.

Corrugate,(કૉર્યુગેટ્)*vt.*[L.*con & ruga,*wrinkle.]To form or shape into wrinkles or folds:વાટા પાડવા;કરચલી વાળવી-પાડવી; સંકોચાવીને વાટા પાડવા;સળ પાડવા. **c.** *ed* iron, સળ પાડેલાં લોઢાનાં પતરાં; જેવાનાં પતરાં. *a.* Wrinkled; contracted into ridges or furrows: વાટા પડેલું;ખાંચાખાંચા વાળું; ખાંચાદાર.

Corrugation,(કૉર્યુગેશન્)*n.*A contraction into wrinkles:વાટા પાડવા તે; કરચલી પડવી-વળવી તે;સંકોચન.

Corrupt, (કૉરપ્ટ્) *vt.* [L. *con & rumpo,*I break.]To make putrid;to putrefy:કોવરાવી નાંખવું;સડાવવું;ખરાબ કરવું;સડાવી નાંખવું 2. To vitiate;to deprave;to defile:બગાડવું;મલિન કરવું;ધર્મ નીતિ-આચાર ભ્રષ્ટ કરવું પતિત-ના પાક-ભ્રષ્ટ કરવું.3.To draw aside from the path of rectitude and duty;to bribe:લાચ વડે ફોડવું; રૂશવત આપી ભ્રષ્ટ કરવું;લાંચથી વશ-અનુકુળ કરવું.4.To debase or render impure;to falsify:બગાડવું;-અશુદ્ધ કરવું; દોષયુક્ત કરવું;દુષિત કરવું.**5.**To waste;to spoil;to make worthless:ખરાબ કરવું; નિરૂપયોગી કરવું;બગાડવું.*vi.*To become putrid or tainted; to rot:કોહોવું: સડવું;બગડી જવું.**2.** To become vitiated;to lose purity:ખરાબ થવું; આચાર-નીતિભ્રષ્ટ થવું;નાં નીતિ-આચરણ બગાડવાં *a.* Spoiled; tainted; vitiated:કોહેલું;સડેલું. **2.** Depraved;debased;perverted: ભ્રષ્ટ; દુષ્ટ; લાચીઠ;પતિત;દુષિત;આચારભ્રષ્ટ.**3.** Abounding in errors;not correct: અશુદ્ધ;દોષોવાળું.

Corruptible,(કૉરપ્ટિબલ્)*a.*Subject to decay and destruction: નાશવાન;નાશવંત;વિનાશી; નશ્વર; કોહી-સડી જાય એવું 2 Capable of being vitiated in qualities or principles:ભ્રષ્ટ થઇ શકે તેવું;આચાર નીતિ-ગુણ ભ્રષ્ટ થઇ શકે તેવું;રૂશવતથી કુટે તેવું. *n.* That which may decay and perish;the human body:જે સડીને મરી જાય તે;મનુષ્ય શરીર;દેહ.

Corruption,(કૉરપ્શન્)*n.* Putrefaction;deterioration: સડો;સળો; કોહોવાણ;દુર્ગંધ 2.The produce of corruption;putrid matter;pus: કોહેલો પદાર્થ;પાચ; પરૂ. 3. Debasement;perversion;depravity;impurity;bribery: નીતિ-ધર્મ-આચાર-ગુણ ભ્રષ્ટતા;મલિનતા;દુષ્ટતા; દૌર્જન્ય; ભ્રષ્ટતા; પાપીપણું;લાંચ;રૂશવત.4. Departure from what is pure simple or correct:અશુદ્ધતા;અપભ્રંશ;અપશબ્દ.

Corruptly, (કૉરપ્ટ્લિ) *adv.* By means of corrupting influences; wrongfully: દુર્બુદ્ધિથી; દુષ્ટતાથી; કુકર્મથી;આચાર-નીતિભ્રષ્ટ થી.

Corsair,(કૉર્સેર)*n.*[L.*curro,*I run.] A pirate:ચાંચીઓ.2.A piratical vessel:ચોરવહાણ;ચાંચિયું વહાણ.

Corse,(કૉર્સ્)*n.* A living human body:જીવતું મનુષ્ય-માણસ.2.A corpse;the dead body of a human being:મડદું;શબ;લાશ;લોથ.

Corselet,(કૉર્સ્લેટ્)*n.* [L *corpus,* body]Armour for the body: શરીરના આગલા ભાગ ઉપર પહેરવાનું બખ્તર-કવચ.2.The thorax of an insect:જંતુની છાતી-વક્ષ:સ્થલ.

Corset,(કૉર્સેટ્)*n.*[L.*corpus,*body.] An article of dress inclosing the chest and waist:કબલે;કાંચળી;ચોળી;કમખો.*vt.*To inclose in corsets: ચોળી કાંચળી પહેરાવવી.

Cortege,(કૉર્ટેજ્) *n.* [Fr. *corte,* court.]A train of attendants; સ્વારી મંડળ;સ્વારી;રસાલો; પરિવાર મંડળ;પરિવાર.

Cortical,(કૉર્ટિકૅલ્) *a.* [L.*cortex,* bark.]Belonging to,or consisting of bark or rind;external:છાલ-છોલને લગતું-નું;ઉપરનું; બહારનું.

Coruscant,(કૉરસ્કૅન્ટ્)*a* [L.*coruscans.*] Glittering by flashes; flashing:ચળકતું;ચકચકતું;ઝળકતું; તેજ;ઝગમગતું;ઉજ્જ્વલ.

Coruscate,(કૉરસ્કેટ્)*vi.*[L.*coruscо,*I flash.] To throw off vivid flashes of light:ઝગમગતું;ઝળકવું; ચળકવું; ઝકઝક થવું;ઝગઝગવું.

Coruscation, (કોરસ્કેશન્) *n.* A sudden flash or play of light: ઝબુકો; ચળકાટ; ઝળક. 2. A flash of intellectual brilliancy: બુદ્ધિનું તેજ-ચળકાટ; સ્ફુરણ [આજેવાન; મુખી.

Corypheus (કોરિફ્યીઅસ્) *n* A leader:

Cosey-sy, (કોઝિ) *a.* Snug; comfortable; easy: સુખી; સુખકારક; સુખ-દાયક; સુસ્થિત; પાસેપાસે-ઠીકરીતે બેસેલું. 2. Chatty; talkative; social: વાતોડીયું; મળતાવડું; મિલનસાર.

Cosmetic, (કોઝ્મેટિક્) *a.* [Gr. *kosmos*, order.] Improving beauty of the complexion: શરીરની ખુબસુરતી વધારે તેવું; કાંતિવર્ધક; શોભાજનક; શોભાપ્રદ; રૂપવર્ધક. *n.* Any external application that helps to beautify and improve the complexion: અંગરાગ; ઉબટણું; શરીરની સફાઇ તથા રૂપ વધારે તેવો લેપ.

Cosmic-cosmical, (કોઝ્મિક-કોઝ્મિકલ્) *a.* [Gr. *kosmikos*, the word] Pertaining to the universe: જગત્સૃષ્ટિ-બ્રહ્માંડ સંબંધી-વિષયક. 2. Harmonious; orderly: વ્યવસ્થિત; સુવ્યવસ્થિત; યથાક્રમ. 3. Pertaining to the solar system: સૂર્યમંડળ સંબંધી. 4. Rising or setting with the sun: સૂર્ય સાથે ઉગતું-આથમતું.

Cosmogony, (કોઝ્મોગોનિ) *n.* (*a*) The creation of the world or universe: જગદુત્પત્તિ; જગત્સૃષ્ટિ; વિશ્વોત્પત્તિ; સૃષ્ટિવિદ્યા. (*b*) A theory or account of such creation: જગદુત્પત્તિનો સિદ્ધાંત કે વૃત્તાન્ત

Cosmography, (કોઝ્મોગ્રેફિ) *n.* [Gr. *kosmos* & *grapho*, I write.] A description of the world or universe; the science which teaches the constitution of the whole system of world: ભૂસૃષ્ટિવર્ણન; જગદ્વિવરણ-વર્ણન; સૃષ્ટિવિદ્યા; જગદુત્પત્તિવિદ્યા.

Cosmopolitan-lite, (કોઝ્મોપોલિટૅન-કોઝ્મોપોલાઇટ્) *n.* [Gr. *kosmos*, & *polites*, a citizen.] A person who has no fixed residence; a citizen of the world: જગદેશી; જગત્વાસી; વિશ્વસ્થાયી; સર્વત્રવાસી; સર્વદેશવાસી; આખી દુનિયાને ઘર માનનારો; જગન્મિત્ર.

Cossack, (કોસ્સૅક્) *n.* One of a Russian warlike, pastoral people, skillful as horsemen: એક જાતના રશીઆના લશ્કરી ઘોડેસવાર લોકો.

Cost, (કોસ્ટ્) *n.* [L. *costa*, rib.] A rib; a side: પાંસળી; પાંસળું; બાજુ; ભાગ.

Cost, (કોસ્ટ્) *n.* [L. *con* & *sto*, I stand.] The amount paid for anything bought; charge; expense: બેઠેલું પડતર-મૂલ-કિમ્મત; ખર્ચ; લાગત; વ્યય 2. Loss of any kind; pain; suffering: કોઈ જાતનું નુકશાન-ટોટો; શ્રમ; તસ્દી; દુઃખ; સંકટ. *At a great* **c.**: ભારે નુકશાન વેઠીને 3. (*pl*) (*Law.*) Expenses incurred in litigation: કજીઆ-મુકદમાનો ખરચ. *vt.* To require to be given, expended or laid out: -નું બેસવું-પડવું; -ની કિમ્મત-મૂલ-ખર્ચ બેસવું-પડવું; નું જોખમ થવું. 2. To require to be borne or suffered: ખમવું; બેસવું; પડવું. To **c.** *dear*, to require a large outlay: -ને ભારે-મોંઘુ પડવું; મુશ્કેલ પડવું; વાસ્તે બહુ નુકશાન થવું.

Costal, (કોસ્ટૅલ્) *a.* [L *costa*, rib.] Pertaining to the side of the body or the ribs: શરીરના પાસા-પાંસળીનું-વિશે-લગતું-સંબંધી. 2. Relating to a costa; નસને લગતું-સંબંધી.

Coster-monger, (કોસ્ટર્મોન્ગર) *n.* An apple-seller; a fruiterer: મેવો વેચનાર; ફેરિયો; મેવાવાળો.

Costive, (કોસ્ટિવ્) *a.* [L. *con* & *stipo*, I cram] Retaining fecal matter in the bowels; constipated: બંધકોષ-કબજીઅતવાળું; મળાવરોધી. 2. *Un*willing to give forth; reserved; formal: શરમાળ; સંકોચવૃત્તિનું; મનમાં પડદો રાખતું. 3. Dry or hard: સુકું અને કઠણ.

Costly, (કોસ્ટ્લિ) *a.* Of great cost; of high price; expensive: કીમતી; મોંઘુ; બહુ મૂલ્યવાન; ઉંચા ભાવનું; ઘણો ખર્ચ થાય એવું. 2. Gorgeous: sumptuous: ભભકાદાર; ડમાકવાળું.

Costume, (કોસ્ટ્યૂમ્) *n.* [L. *consuetudo*, custom.] An established manner mode, or style, especially of dress: વેશ; પોશાક; પહેરવેશ; લેબાસ. 2. A character dress used at fancy balls or for dramatic purposes: નાચના 'બૉલમાં' કે નાટકનાં પાત્રોથી પહેરાતો પોશાક-લુગડાં.

Cot-Cote, (કોટ્-કોટ) *n.* A small house: a cottage or hut: નાનું ઘર; ઝુંપડું; છાપરી; પર્ણકુટી; પર્ણશાળા. 2. A small rudely formed boat: એક નાની બેડોળ-હોડી. 3. A cover for a sore finger: સુજેલી આંગળી માટે ઢાંકણ. 4. A pen or coop for small domestic animals: ખરો; વાડો; ખાનું **C.** *of shepherds*: વાડો; નેસડો. *sheep* **c.**: ઘેટાંને રાખવાનો વાડો. A *dove* **c.**: કબુતરખાનું.

Cot-Cott (કોટ્ કોટ્) *n.* A sleeping place of limited size or elevation; a cradle: નાની ઢોલડી-ખાટલી-પલંગડી; પારણું; માંચી; માંચો; માંચડી.

Cotemporaneous, (કોટેમ્પોરેનીઅસ્) *a.* Living or being at the same time; contemporaneous: સમકાલિક; એકજ સમયકાળ-વખતનું.

Cotemporary, (કોટેમ્પોરરિ) *a. n.* same as **contemporary,**

Coterie, (કોટરી) *n.* A set or circle of persons who meet familiarly: મિત્રમંડળ; વિદ્વા-સંવાદમંડળ; મેલાવડો.

Cotillion, (કોટીલ્યોન્) *n* A brisk dance; a quadrille: એક જાતનો નાચ. 2. A tune which regulates the dance: નાચ વખત ગાવાનું ગીત. 3. A kind of woolen material: એક જાતનું ઉનનું કપડું.

Cottage, (કોટેજ્) *n.* A small house; a cot; a hut: નાનકડું ઘર; ઝુંપડી-ડું; છાપરી; મઢી.

Cottager, (કોટેજર્) *n.* One who lives in a hut or cottage: ઝુંપડીમાં રહેનાર-વસનાર 2 (*Law*) One who lives without paying rent: ભાડું આપ્યા સિવાય રહેનાર

Cotton, (કોટ્ન્) *n.* A soft downy substance: રૂ. 2 The cotton plant: કપાસનો છોડવો; વણ. 3 Cloth made of cotton: સુતરાઉ કાપડ-લુગડું. **C.** *capsule*: રૂનું જીંડવું-કાલું. **C.** *seed*: કપાસીઓ. **C.** *plant*: કપાસનો છોડ; કપાસ. **C.** *gin*: રૂ કાંતવા વગેરેનો સંચો; ચરખો. **C.** *cleaner*: પિંજરો. **C.** *wool*: પિંજેલુ રૂ. **C.** *mill*: રૂ કાંતવા વિગેરેનો સંચો; રેંટીઓ. **C** *press*: રૂની ગાંસડી દાબવાનો સંચો. *A roll of* **c.** *prepared for spinning*: પુણી. *vt.* To rise with a regular nap; નિયમિત વખતે ઝોકું ખાઇને ઉઠવું. 2. To go on prosperously; to succeed: આબાદી મેળવી આગળ ચાલવું; ફતેહમંદ થવું. 3. To unite; to agree: એકસંપ થવું; મળતા રહેવું; મિત્રાચારી કાયમ રાખવી. 4. To stick to one as cotton: રૂની માફક કોઇને ચોંટી-વળગી રહેવું.

Cotton-mill, (કોટ્ન્-મિલ્) *n.* A mill by which cotton is spun: રૂ કાંતવા વગેરેનો સંચો; રેંટીઓ; મીલ.

Cotton-press, (કોટ્ન્-પ્રેસ્) *n.* A machine for pressing cotton into bales: રૂની ગાંસડી દાબવાનો સંચો.

Couch, (કાઉચ્) *vt.* [L *con* & *loco*, I place.] To lay upon a bed or other resting place: આરામ આપવો. 2. To arrange or dispose as in bed: (કયારામા) જોગા-એકઠા કરવું; ગોઠવવું. 3. To lay or deposit in a bed or layer: પડ-થર કરવું; -માં મુકવું; પાથરવું.

4.To conceal; to include or involve darkly:છૂપાવી-સંતાડી રાખવું. 5.To arrange;to place: ગોઠવવું; મુકવું.6.To express; to phrase: બોલવું;જણાવવું;લખવું. *To* C.*a cataract*:આંખમાંથી મોતીઓ કાઢવો.*vi.* To lie down; to repose: બેસવું; આરામ લેવો; સુઈ રહેવું. 2. To lie down for concealment;to hide: છુપાઇ-લપાઇ-સંતાઇ રહેવું; ઢંકાઈ-ગુપ્ત રહેવું.3.To bend the body: શરીર વાંકું વાળવું; નમવું. *n.* A bed or seat:આરામ લેવાની કે ઉંઘવાની જગ્યા; પથારી;શયન;બીછાનું; ખાટલો; ખાટ. 2. A layer of barley: જવનું પડ.3. Any place of repose for beasts: બખોલ; દર; બર; બોડ.

Cough,(કૉફ્) *n.*A violent effort of the lungs:ઉધરસ;ખાંસી;કફ;ખોખલો. *Consumptive* C.: ક્ષય;કાસ; દમિયલ-ખાંસી-કફ. *Whooping* C.: ઉઠાટીઓ. *Dry short* C.:ઠાસો.*vi.* To expel air from the lungs in a noisy & violent manner: ઉધરસ ખાવી; ખેં ખેં-ખું ખું કરવું.*vt.*To expectorate: ગળફો-બલગમ કાઢવો-પાડવો.

Council, (કાઉન્સિલ્) *n.* [L.*con & calo,*I call.] An assembly of men summoned for consultation: સલાહ લેવાને માટે બોલાવવામાં આવેલી મંડળી;મંત્રસભા; મંત્રીસભા.2. Consulation;deliberation: મંત્રસભા-મંડળીની સલાહ-મસલહત.3. A body of men elected or appinted to constitute an advisory or a legislative assembly: મંત્રીસભા; સલાહકારી સભા-મંડળ. *Executive* C.: રાજકારભાર ચલાવનારી મંત્રસભા. *Legislative* C.કાયદા બાંધનારી મંડળી;ધારાસભા.*Privy* C.રાજાને રાજકારભારમાં સલાહ આપનાર ખાસ મંડળી.C.*chamber*:સભાગૃહ; મંત્રગૃહ;મંત્રશાળા.

Council-board, (કાઉન્સિલ્-બોર્ડ)*n.* The table round which a council holds consultation: જે મેજને ફરતી મંત્રસભા ભરાય છે તે મેજ. 2.The council itself in deliberation:મસલત કરવા બેઠેલી મંત્રસભા.

Councillor, (કાઉન્સિલર) *n.* A member of a council:સલાહકારી; મંત્રસભાનો સભાસદ;કોંસલિયો;ધારાસભાનો સભાસદ; કાઉન્સેલર.

Counsel,(કાઉન્સેલ્)*n.*[L.*consulo,* I consult.] Mutual advising; consultation:સલાહ;મસલત; ઠરાવ; વિચારણા.2. Consideration; prudence:પુખ્તવિચાર;વિચાર;ડહાપણ;વિવેક.3.Advice;opinion; instruction:સલાહ;ઉપદેશ;અભિપ્રાય; મત. 4. Deliberate purpose;design;intent;plan:મનસૂબો;ઉપાય; યુક્તિ; યોજના;ધારણા;વિચાર 5.One who gives advice in legal matter: ધારાનો હિમાયતી;વકીલ; બારિસ્ટર; સોલીસીટર. 6.A concealed purpose;a secret opinion: છૂપી છાની ધારણા-ઇરાદો;છૂપી વાત.*In* C.,in secret:છુપુ ;ગુપ્ત.*vt.* To advise,admonish or instruct: સલાહ આપવી; અભિપ્રાય કહેવો-આપવો.3 To advice or recommend: સલાહ આપવી;ભલામણ કરવી.

Counsellor,(કાઉન્સેલર) *n.* One who counsels;an adviser:સલાહ આપનાર;સલાહકારી; મંત્રિ;સચિવ; અમાત્ય;ઉપદેશક;ઉપદેષ્ટા.૨. One of the members of a council:મંડળી-મંત્રસભાનો 'મેમ્બર'; સભાસદ.3 A barrister: કાયદા સંબંધી સલાહ આપનાર;વકિલ;બારીસ્ટર.

Count,(કાઉન્ટ્)*vt.* [L *computo,* I reckon.]To number;to enumerate;to reckon:ગણવું;ગણત્રી કરવી.2.To ascribe;to esteem;to reckon:ગણવું;લેખવું;માનવું; વિચારવું; ધારવું. *vi. To* C.*out*:બ્રિટિશ રાજદ્વારી મંડળીમાં અધ્યક્ષ હાજર સભાસદોની ગણતરી કરે તેમાં કનિષ્ટસંખ્યા ૪૦ થી કમી નીકળે તો સભા મુલતવી રાખવી. To be counted:ગણાવું;મજરે આવવું; ગણત્રીમાં આવવું;હિસાબ-લેખામાં આવવું. 2.To increase or add to the strength or influence of a party:કોઇ પક્ષના લાભમાં પુષ્ટિ આપવી.3.To depend;to rely (with *on* or *upon*) નો ભરોસો રાખવો; પર આધાર રાખવો 4. To take account or note: દરકાર રાખવી;ગણના કરવી;ગણવું.5.To plead orally: મોઢેથી (બોલીને) તકરાર જાહેર કરવી; પક્ષ કરવો-ખેંચવો-ધરીને બોલવું. *n.* (*a*) The act of numbering;reckoning:ગણત્રી;હિસાબ.2. The number ascertained by counting: સંખ્યા; ગણના; આંક; નંબર. 2. Estimate; value:ગણત્રી;હિસાબ;લેખું.3.(*Law*) A formal statement of the plaintiff's case in court:કચેરીમાં વાદીની તકરાર જાહેર કરવી-બતાવવી તે; દાવા કે ફરિયાદની પ્રત્યેક રકમ-બાબત.

Count,(કાઉન્ટ્)*n.*[L.*comes,*a companion,from *con* & *eo,*I go.]A nobleman on the continent of Europe,equal in rank to an English Earl: યુરોપખંડમાં અમીરનો-એક ખિતાબ.

Countenance,(કાઉન્ટેનન્સ્)*n.*[L. *con & teneo,* I hold.] Appearance or expression of the face; look;aspect:ચહેરો;દેખાવ;ચહેરો;મુખ; શિકલ;સુરત;આકાર;ઢબ. *A weeping* C.:રડતી સુરત 2.The face;the features: ચહેરાનો ઘાટ-ચિહ્નો;મુખમુદ્રા;ચિકલ. 3.Aid; enconragement; favour; support: મદદ; ઉત્તેજન;સહાય; કૃપાદૃષ્ટિ;પુષ્ટિ;નજર;નીશા; આશ્રય; હિમાયત. 4.Show ;pretence:દેખાવ;બહાનું;બહારનો દેખાવ. *In* C, free from shame or dismay:શરમાય કે ડરે નહિ એવું;બેધડક;*Out of* C.,not bold; confounded;abashed: ના હિંમત; ઝંખવાણું;ગભરાયેલું;શરમાળ. *To keep the* C., શાંત ચહેરો રાખવો; કોઇ પણ તરેહનો વિકાર મ્હોં ઉપર ન આવવા દેવો. *To put out of* C.: ઝંખવાણું પાડવું; બીહવડાવવું; ડરાવવું; ઝાંખું પાડવું; શરમાવવું.*vi.*To favour;to approve; to aid;to support;to abet: બોહું આપવું; બતાવવું; હિંમત-પુષ્ટિ-મજુરી-મદદ આપવી;વાંસો ઠોકવો;ટેકો આપવો; -નો અનુગ્રહ કરવો; અનુમોદન આપવું; મહેરબાની કરવી 2.To make a show of;to pretend: ડોળ ઘાલવું; -નો ઢોંગ કરવો-ઘાલવો.

Counter,(કાઉન્ટર્)*n.* A. calculator;a reckoner:ગણનાર;હીસાબ આપનાર.2.A piece of metal,ivory or wood used in reckoning:ગણવાને માટે વપરાતો ધાતુ, હાથી દાંત અથવા લાકડાનો કકડો.3. Money;coin: (*in contempt.*) પૈસા;નાણું;સિક્કા 4. A table or board on which money is counted: પૈસા ગણવાનું પાટિયું-ટેબલ.5. A prison: કેદખાનું; બંધીખાનું. 6. The breast of a horse: ઘોડાના ખભા અને ગરદન વચ્ચેનો ભાગ-ની છાતી *a.*Contrary;opposite:સામું;ઉલટું;વિરૂદ્ધ.*adv.* Contrary; in opposition:એથી ઉલટું-વિરૂદ્ધ.2. Contrary to the right course:ખરા-સિદ્ધા રસ્તાથી ઉલટું; ઓટે-આડે રસ્તે;કુમાર્ગે.3.At or against the front or face:આંગણા-મોહોડા સામે-આગળ.

Counteract, (કાઉન્ટરઍક્ટ્)*vt.* [L. *contra & ago,* 1 do.] To defeat or frustrate by contray influence: સામા થવું-ચાલવું; અટકાવવું;પ્રતિબંધ કરવો;નો પ્રતિકાર કરવો; પ્રત્યુપાય કરવો; ખંડન-નિષ્ફળ કરવો; નિવારણ કરવો.

Counteraction,(કાઉન્ટરઍક્શન્) *n.* Action in opposition; hindrance; resistance: પ્રતિકાર;અટકાવ; પ્રત્યુપાય; પ્રતિક્રિયા;પ્રતિયોગ;ઉલટો વ્યાપાર.

Counter-balance(કાઉન્ટર્-બૅલૅન્સ્)

vt. To oppose with an equal weight;to equiponderate: સામું સરખું વજન મૂકવું;-નો ખંગ-અવેજ વાળવો;પ્રતિકાર કરવો; સરખું-સમતોલ ઉતરવું. *n.*Equal opposing weight;equivalent:સમતોલ; સરખું વજન; ધડો.

Counter-charm, (કાઉન્ટર્-ચાર્મ્) *vt.*To destroy the effect of a charm:સામો મંત્ર મૂકવો;કોઇ મંત્રનો નાશ કરવો;વારણ કરવું. *n.* That which has the power of dissolving or opposing the effect of a charm: મંત્ર;પ્રતિકાર;સામોમંત્ર; ઉતાર;વાળણ.

Counter-evidence, (કાઉન્ટર્-એવિડેન્સ્) *n.* Opposite testimony: ઉલટ સાક્ષી-પૂરાવો;પ્રતિકૂળ પ્રમાણ.

Counterfeit,(કાઉન્ટર્ફિટ) *vt.* [L. *contra & facio,* I do.] To imitate or put on a semblance of; to mimic:ની નકલ કરવું;-ના ચાળા પાડવા.2.To imitate with a view to deceiving;to forge: જાહું ઉભું કરવું;કપટ ભાવે નકલ કરવું; તર્કટ રચવું; બનાવટ કરવી; બનાવટી-ખોટું-કૃત્રિમ ઉભું કરવું; કપટ કરવું.*vi.*To dissemble; to feign:તર્કટ રચવું;બહાનું કાઢવું;ઢોંગ-ખોટો વેષ કરવો.2.To make counterfeits: ખોટી-નકલી ચીજો બનાવવી.*a.*Having a resemblance to something else;portrayed:.ના જેવું. Fabricated in imitation of some thing else with a view to defraud by passing the false copy for genuine or original:બનાવટી;નકલી;કૃત્રિમ;ખોટું;છળ-ફરેબ ભરેલું.3. False; hypocritical:spurious;deceitful: ઠોંગી;છેતરવાનું;બનાવટી જેવું;કપટી; ખોટું. *n.* That which is made in imitation of something,with a view to deceive: કૃત્રિમ-બનાવટ-તરકટની નકલ; બનાવટ; કૂડ;કપટ. 2.A likeness;a counterpart:નકલ; પ્રતિમા;છબી.3 An impostor;a cheat: ઠગારો;ધૂતારો;ધૂર્ત;વેશધારી; ઠગ; ખોટો વેશ ધારણ કરનાર.

Counter-foil, (કાઉન્ટર્-ફૉઇલ) *n.* A portion of a document containing particulars,such as a bond,cheque or draft,which is retained by the person giving the other part:સામું અડધીયું-પાંખીઉ.

Countermand(કાઉન્ટર્મૅન્ડ્)*vt.*[L. *contra & mando,* I order.] To oppose;to contradict: સામું થવું; વિરૂદ્ધ બોલવું-કહેવું-આચરવું;-ની આજ્ઞા તોડવી.2.To revoke;to cancel:ઉલટ હુકમ કરવો; આપેલો હુકમ ફેરવવો-પાછો વાળવો; રદ કરવું.3.To prohibit; to forbid: મના કરવું; ના કહેવું; અડકાવવું; હરકત લેવી.*n.*A contrary order; revocation of a former order or command:ઉલટ હુકમ;રદ્દીનો હુકમ; આગળનો હુકમ પાછો વાળવા-ફેરવવાનો હુકમ;મનાઇ હુકમ;પ્રત્યાદેશ.

Counter-march(કાઉન્ટર્-માર્ચ્) *vi.* (*Mil.*)To march back or in a reversed order:પાછું ફરવું; પાછી કૂચ કરવી. *n.*A marching back;a returning: પાછી-ઉલટ કૂચ2.A change of direction of a company:કોઈ પાર્ટી-પલટણની દિશા ફેરવવી તે.

Counter-mark, (કાઉન્ટર્માર્ક્)*n.* An addition or special mark or token on a bale of goods belonging to several persons that it may not be opened except in the presence of all:માલની ગાંસડી અથવા બીજી કોઇ ચીજો પર કરેલી વધારાની કે ખાસ નિશાની. 2. An artificial cavity made in the teeth of horses:ઘોડાના દાંતમાં કરેલો-પાડેલો ખાડો.*vt.* To apply a counter-mark to,as to the teeth of a horse:ઘોડાના દાંતને નિશાન કરવું.

Counter-mine, (કાઉન્ટર્-માઇન્)*n.* (*Mil.*)An underground gallery excavated to intercept and destory the mining of an enemy: દુશ્મનોને સુરંગ ખોદતા અટકાવવા તથા તેમની ખોદેલી સુરંગનો નાશ કરવા ખોદેલી સુરંગ.2.A stratagem or plot by which another stratagem or project is defeated:સામીયુક્તિ-કાવતરું;પ્રતિયુક્તિ-ખેલ; તરકટ;પેચ. *vt.* To oppose by means of a countermine: સામી સુરંગ પાડીને (દુશ્મનની)સામા થવું.2.To frustrate by secret and opposing measures: છુપા ઘલાજ-યુક્તિથી નિષ્ફળ કરવું; સામી યુક્તિ કરવી. *vi.*To make a countermine or counter-plot:સામી સુરંગ ખોદવી;સામું કાવતરું કરવું;છુપું કાવતરું કરવું.

Counter-pane,(કાઉન્ટર્પેન્)*n.* A coverlet for a bed:ચાદર; આચ્છાદન; પલંગપોશ2.A duplicate part of a deed:નકલ; ખતની સામી નકલ.

Counter-part, (કાઉન્ટર્પાર્ટ્) *n.* A copy;a duplicate:બીજા ભાગના જેવો ભાગ;નકલ;મળતો ભાગ;જોડ;અડધિયું.2.One of two corresponding copies of an instrument;a duplicate:ખત-દસ્તાવેજની બે નકલોમાંની એક નકલ; ઉતારો. 3. A person or thing having qualities lacking in another;an opposite:વિરૂદ્ધ-ઉલટા ગુણવાળો માણસ; સામું અડધીઉ-પાંખીઉ.4. A person who closely resembles another:બીજાને આબેહુબ મળતો માણસ; પ્રતિરૂપ; પ્રતિમૂર્તિ; પ્રતિમા; પ્રતિબિંબ.

Counter-plea, (કાઉન્ટર્પ્લી) *n.* (*Law.*)A replication to a plea or request:સામી તકરાર; રદ કરતો જવાબ;સામો રદ્દીઓ

Counter-plot,(કાઉન્ટર્-પ્લૉટ્) *vt.* To oppose,as another plot by, plotting:કાવતરા સામે કાવતરું કરવું.*n* A plot or artifice opposed to another:કાવતરા સામે કરેલું કાવતરું.

Counter-poise,(કાઉન્ટર્-પૉઇઝ્)*vt.* [L.*Contra & pensum,* weight.) To equal in weight;to counterbalance:સમતોલ કરવું;-ના તોલમાં બરોબર હોવું-ઉતરવું;ધડો કરવું.2. To balance: સત્તા અથવા અસરમાં સામું હોવું;પ્રતિકાર કરવું;-ની સામે સરખા જોરબળ-અસરથીક્રિયા કરવી;-નો ખંગ-અવેજ-સાટું વાળવું.*n.*A weight sufficient to balance another;an equal weight: બીજાના સામું-સરખું વજન;સાટું;અવેજ; પ્રતિસામ્ય; ધડો. 2. Equal power or force acting in opposition:ની સામે સરખું જોરબળ-અસર;પ્રતિકાર.3.Equilibrium; equiponderance: સમતોલપણું;સમતોલન.

Counter-sign, (કાઉન્ટર્સાઇન્) *vt.* To sign on the opposite side of an instrument or writing: ખતદસ્તાવેજની સામેની બાજુએ સહી કરવી-સાક્ષી કરવી; રૂબરૂવાત કરી સહી કરવી. *n.* The signature of a subordinate officer to a writing signed by the superior:સાક્ષી;પડસાક્ષી.2. A military watch word:લશ્કરમાં એક બીજાને ઓળખાવવા માટે છાની ઇશારતનો શબ્દ; સાંકેતિકશબ્દ.

Counter-vail,(કાઉન્ટર્વેલ્)*vt.*[*L. contra,*and *valeo,*I am strong.] To equal;to counterbalance;to compensate:નું સાટું-અવેજ-ખંગ વાળવો-થી વળવો.*n.*Compensation: requital:સાટું-અવેજ-ખંગ; બદલો.

Counter-view, (કાઉન્ટર્-વ્યૂ) *n.* An opposite or opposing view: opposition:સામસામો દેખાવ;સામસામું આસન; વિરૂદ્ધતા; સન્મુખતા. 2. Contrast:ઉલટો મુકાબલો; સરખામણી.

Counter-weight, (કાઉન્ટર્ વેઇટ્) *n.*A counter-poise: ધડો;ધડાનું વજન;સમતોલ; સામું વજન.

Countess,(કાઉન્ટેસ્)*n.*The wife of an earl or count:કાઉન્ટ-અર્લની સ્ત્રી-બૈરી;ઠકરાણી.

Countless(કાઉન્ટ્લેસ્)*a.*Not ascertainable;innnmerable: અગણિત; અસંખ્ય; બેસુમાર; અનંત; સંખ્યાતીત; અસંખ્યાત.

Country,(કન્ટ્રિ) *n*-[L.*con* & *terra*, earth]A tract of land;a region: દેશ;રાષ્ટ્ર;મુલક.*One's one* **c.**: સ્વદેશ; સ્વભૂમિ;વતન; જન્મભૂમિ. *Foreign* **c.** પરદેશ; વિદેશ.2. Rustic or rural regions:ગામડું.3. The inhabitants of a region;the populace: કોઇ દેશ-મુલકના રહેવાસીઓ;જનસમૂહ; પ્રજાવર્ગ;જનપદ;લોકસમસ્ત.4 (*Law.*) (*a*) jury; પંચ; 'જ્યુરી' (*b*) The inhabitants of the district from which a jury is drawn:જે પ્રગણાને માટે પંચ નીમ્યું હોય તે પ્રગણાના લોકસમસ્ત.*a.* Rural; rustic: ગામડાનું; ગામડીયું; ગ્રામ્ય. 2. Rude; unpolished: અસંસ્કૃત;જંગલી;અસભ્ય; અણસુધરેલું.**C.** *manners*: અસભ્ય; રીતભાત.3. Pertaining to one's own country: સ્વદેશને-પોતાના દેશને લગતું; સ્વદેશીય.

Countryman(કંટ્રિમૅન્)*n.*A native of a region:કોઇ પણ દેશનો વતની; દેશવાસી-રહેવાસી.2. A compatriot: એકજ દેશનો વતની; સ્વદેશબંધુ; દેશી ભાઇ.3.A rustic; a husbandman; a farmer:ગામડીઓ; ખેડુત;ગ્રામ્ય પુરૂષ.

Country-seat,(કન્ટ્રિ-સીટ્) *n.* A dwelling in the country used as a place of retirement from the city: ગામડે જઇને રહેવા માટેનો બંગલો-ઘર.

County,(કાઉન્ટિ)*n.* An earldom; the domain of a count or earl: કાઉન્ટ અથવા અર્લના તાબાનો મુલક.2. A shire:પ્રાંત;દેશ;વિભાગ; જીલ્લો; પ્રગણું;તાલુકો;મહાલ. 3. A count;an earl or lord:કાઉન્ટ;અર્લ;ઉમરાવ;સરદાર.**C.***seat*,a county town:પ્રગણાનું મુખ્ય શહેર.**C.** *town*: જેમાં જીલ્લાની બધી કોરટો ભરાતી હોય તેવું-પ્રગણાનું મુખ્ય શહેર.

Couple, (કપલ્)*n.* [L.*co*,& *ap*, to join.] A bond or tie: જેથી બે ચીજો જોડાય છે અથવા એક થાય છે તે;બંધ;બંધન 2.A pair;a brace: જોડી;જોડ;જોડું;દ્વંદ્વ;યુગ. 3. A male and female connected by marriage:વરવહુ કન્યાનું જોડું;દંપતી;વધુવર.4.(*pl.*) Rafters famed together in a pair:જોડકાં બંધ બેગા બનાવેલા-કરેલા સળિયા;કૈચી; કાતર. 5. One of the pairs of plates of two metals which compose a battery:વિજળીની પેટીની બે કોટારીઓ પૈકીની એક. *vt.*To link or connect together;to join:જોડવું;એકઠું કરવું;બાંધવું;સાંધવું 2. To marry; to join in wedlock:પરણાવવું; જોડવું; લગ્ન કરવું.*vt.*To come together as male and female;to copulate: મૈથુન કરવું;અંગસંગ કરવો; રતિક્રિયા કરવી; સંભોગ-સંગમ કરવો.

Couplet,(કપ્લેટ્)*n.* Two lines of verse that rhyme with each other:બે સરખા અનુપ્રાસવાળી કડીઓ; દુપાઇ;દુહો; શ્લોક

Coupling,(કાપ્લન્)*n.*Connection; sexual union: મૈથુન;સંભોગ;રતિક્રિયા.2. A device which serves to connect or couple adjacent parts or objects:જેથી પાસેના ભાગ કે વસ્તુઓ જોડવામાં આવે છે તેવી ગોઠવણ;જોડવાની સાંકળ; અનુસંધાન.

Coupon,(કૂપૉન્)*n* A certificate of interest due;an interest warrant: ચઢેલા વ્યાજની ચીઠ્ઠી; કુપન.

Courage,(કરેજ)*n* [L *cor*, *cordis*, heart.]Valor;boldness; resolution:હિમત;હૈયું;હામ;છાતી; છાતીચલાપણું; નિડરપણું;મર્દાઇ;બહાદુરી; મર્દાનગી; જમામર્દી; શૌર્ય; પરાક્રમ; ધૃષ્ટતા; સાહસ;ધૈર્ય.2.Inclination; desire; will:ઇચ્છા; મરજી;વલણ.*Moral* **c.**; હૃદયબળ;મનોબળ;માનસિક ધૈર્ય.*vt.*To inspire courage in;to encourage: હિંમત-હામ આપવી.

Courageous,(કરેજસ્)*a.*Brave; bold;intrepid:હિમતવાન;શૂરો; બહાદુર;બેધડક;ધૃષ્ટ;સાહસિક;વીર, છાતીચલું.

Courageously,(કરેજસ્લિ) *adv.* In a courageous manner;bravely;boldly:હિમતથી;બહાદુરાઇથી.

Courier,(કૂરીઅર્)*n* . [L. *curro*, I run.]A messenger sent with haste for conveying letters or dispatches:જાસુસ;બેપીઓ; કાસદ; દૂત; હલકારો.2 An attendant on travellers,who makes arrangements for their convenience in hotels and on the way:મુસાફરોનો બંદોબસ્ત કરનાર વળાવો-મેનેજર.

Course,(કૉર્સ્)*n.*[L.*curro*,I run] Progress;passage:ગમન; ગતિ;ચાલ;માર્ગ;સરણી;પ્રવાહ;પંથ;ઓઘ; વહેણ; વાહ. *swift* **c.**:દોડ. **C.** *of a river*: નદીનું વહેણ. *The earth's* **c.**:પૃથ્વીનું ગમન 2.Track; way: જવાનો રસ્તો; માર્ગ.*Race* **c.**:ઘોડાદોડની જગ્યા-મેદાનકુંડાળું; ઘોડા દોડાવવાની જગા-કુંડાળું; શરતકુંડું;ઘોડદોડ. 3. Line of progress or advance: ગતિ; પ્રવૃત્તિ; પ્રવાહ;વાટ; રસ્તો; પ્રયાણમાર્ગ.4. (*a*) progress from point to point without change of direction: ઋજુગતિ;ટપ્પો;ખેપ (*b*)A progress without interruption; a beat: ઝપાટો;તડાકો; વારો.5 Orderly progress; procedure in a certain line of thought or action: પ્રવાહ; પરંપરા; વલણ;ધારા; શ્રેણી. 6. Customary or established sequence of events:(સૃષ્ટિ)ક્રમ;પદ્ધતિ; સંપ્રદાય;પ્રનાલિકા; વિધિ; પ્રકાર;નિયમ. 7.Method of procedure; conduct;behaviour:વૃત્તિ;પ્રવૃત્તિ;વ્યવહાર;ચરિત્ર;રહેણી;રીતિ;રવૈયો;આચાર;નિત્ય નિયમ;દીક્ષા;પ્રસ્થાન;માર્ગ; રસ્તો; રાહ; વિધિ;પદ્ધતિ. 8. A succession of acts or practices:ઘોરણ; અનુક્રમ; ક્રમ;શ્રેણી; પરંપરા; માળા; પદ્ધતિ;પ્રણાલિકા;પરનાળિકા;નિયમિત ક્રમ. 9. Order;turn:વારો;ફેરો;ક્રમ.10.*pl.*The menses:રજોદર્શન;દસ્તાન;અઠકાવ;ઋતુ; રજ;આર્ત્તવ;ઓપરી.11.The part of a meal served at one time: એક વાર પીરસેલી-ભરેલી પતરાળી-ભાણું. *Of* **c**,by consequence; in regular or natural order:સહજ;સહજ રીતે; એની મેળે;આપોઆપ;અર્થાત્; અલબત્ત; બેશક;ઘટિત;અવશ્ય;રીતસર; નિયમસરમુજબ-પ્રમાણે. *In the* **c.**, at some time or times; during: ચાલતાં; ચાલુ છતાં; દરમ્યાન. *In* **c.** *of time*: દિવસે દિવસે;ક્રમે ક્રમે; જતે દહાડે. *In the c. of inquiry*: તજવીજ ચાલતાં. *A woman in* **c.**: રજસ્વલા; ઋતુમતી; બાલડાયેલી-ઓપરીવાળી સ્ત્રી. *vt.*To hunt or chase after; to pursue:નો શિકાર કરવો;-ની પાછળ પડવું-લાગવું.2. To run through or over:-મા ઉપર થઇને દોડી જવું.3. To cause to chase after or pursue game:શિકાર પાછળ દોડાવવું. *vi.* To run,as if in a race or in hunting: સરતમા કે શિકાર પાછળ દોડવું-લાગવું. 2.To move with speed;to race: ઉતાવળે ફરવું-વહેવું-દોડવું;-ની ગતિ થવી.

Courser,(કૉર્સર્)*n.*One who courses or hunts:શિકાર કરનાર; શિકારી;મૃગયા કરનાર. 2. A swift or spirited horse;a charger:ઝડપથી ચાલનારો-પવનવેગી-પાણીદાર ઘોડો;રણઅશ્વ

Court,(કૉર્ટ્)*n.*[L.*cors*,*cortis*, an enclosure.](*a*)An inclosed space;a courtyard:વંડો;વાડો;આંગણું; ચોક;ચોકઠું. (*b*) A space opening from a street & surrounded by houses:ચોકઠું;ચોક.2.The residence of a sovereign;a palace: રાજમહેલ;રાજદરબાર;રાજમંદિર; સરકા-

રવાડો; મહેલ; દરબાર; દરબારવાડો. 3. The person composing the retinue of a sovereign: રાજાના દરબારીઆ માણસ; દરબાર રાજમંડલ;દરબારી મનુષ્ય; હજુરીઆ 4. Any formal assembling of the retinue of a sovereign: દરબાર;રાજસભા.5. Courteous deportment;civility: અનુનય;અનુવૃત્તિ; સભ્યતા;સ્તુતિવાદ;ખુશામત 6. (*Law.*) (*a*) The place where justice is administered: અદાલત; કોરટ; કચેરી; ન્યાયસભા; ન્યાયાધીશ; ન્યાયમંદિર; રાજદ્વાર; ધર્મસભા. (*b*) The judge or judges sitting for the trial or hearing of causes:કોરટ; ન્યાયાધીશ;ઈનસાફદાર;જજલે; ધર્માધિકારી. 7 The session of a judicial assembly: ન્યાય સભાની કચેરી-બેઠક 8.Any jurisdiction,civil, military or ecclesiastical: અધિકાર; હકુમત;અખત્યાર. *The* **C.** s. *of the Lord*,the temple at Jerusalem: જેરૂસલમનું દેવળ. **C.** *dress*, રાજ્ય દરબારી પોશાક. **C.** *fool*, મશ્કરો; લોબો;વૈહાસિક; ભાડ. **C.** *in banc* or **C.** *in bank*: ભરકોરટ; ભરકચેરી. *To pay one's* **C.**, to seek to gain favour by attentions:. ની તાબેદારી ઉઠાવીને મહેરબાની-પ્રીતિ મેળવવા પ્રયાસ કર.*To put out of* **C**, to refuse further judicial hearing: કોરટમાથી કાઢી નાખવું; ન સાભળવું. *vt.*To endeavor to gain the favour of by attention or flattery;to pay court to:ની મહેરબાની -કૃપા મેળવવાને પ્રયત્ન કર;-ની ખુશામત કર 2.To seek the affections of; to woo:-ની પ્રીતિ મેળવવાને પ્રયત્ન કર; પરણવાની મરજીથી-વિચારથી પ્રીતિ મેળવવાને પ્રયત્ન કર; પરણવાનું માગું કર. 3.To attempt to gain,to solicit; to seek: મેળવવાને-સંપાદન કરવાને પ્રયત્ન-કોશીશ-તજવીજ-હાજી હા કર.4. To allure;to attract:લલચાવવું;લોભાવવું;આકર્ષણ કરવું.*vi.* To imitate the manners of the court:કોરટ-દરબારની રીતભાતની નકલ કર;ના પ્રમાણે ચાલવું;દરબારીઓનો ડોળ કર.

Courteous, (કોર્ટિઅસ) *a.* Civil; obliging; polite; complaisant: સભ્ય;અતિવિવેકી; લાયકી-રીતભાતવાળુ; મીજલસી;ભલું-નમ્ર;શિષ્ટ; આદરસત્કારી; વિનયી.

Courtesan,(કોર્ટિસૅન્)*n.* [L *corte*, a court.]A prostitute;a harlot: વેશ્યા; પાતર; કીસબણ; રાડ; રામજણી; ગુણીકા; વારાગના.

Courtesy,(કોર્ટેસિ) *n.* Civility; politeness;urbanity:સભ્યતા;વિવેક;લાયકાત 2.An act of civility or respect: સભ્યતા-લાયકીનું કીધેલું કામ.(*b*) An act of kindness or favour performed with politeness: વિવેકથી કરેલી કૃપા-મહેરબાનીનું કામ. 3.Favor or indulgence:મહેરબાની;રહેમીઅત; દયાદાન. *vi.* To bow the body slightly with bending of the knees:ધુંટણવાળીને જરા શરીર નમાવવું;સલામ-પ્રણામ કર

Courtier,(કોર્ટિઅર)*n.* One who is in attendance at the court of a prince;one who has an appointment at court: રાજદરબારીદ્વારી માણસ;દરબારીઓ.2.A refined flatterer:ખુશામતિયો;હાજીહા કરનાર.

Court-like,(કોર્ટ્‌લાઇક)*a.*Polite: civil;elegant;well-bred:વિવેકી; અદબનાણનારો;કેળવણી પામેલો;શિષ્ટ;સભ્ય.

Courtliness,(કોર્ટ્‌લિનેસ)*n.* Elegance or dignity of manners: સભ્યતા;સુજનતા;વિવેક; શિષ્ટાચાર;દબદબો; ઠાઠમાઠ.

Courtly,(કોર્ટ્‌લિ)*a.*Polite;flattering;elegant:કેળવણી પામેલો; અદબ જાણનારો;વિવેકી;સભ્ય;સુજન; શિષ્ટ;શુશીલ. 2.Disposed to favour the great flattering: ખુશામતિયું; હાજી હા કરનાર;અતિશય મરજી ઉઠાવનાર; મ્હોટાની ગાલીમા બેસનાર. *adv.* Elegantly; politely;in a flattering manner: સભ્યતાથી;વિવેકથી;સફાઇથી;ખુશામતથી.

Court-martial,(કોર્ટ્‌માર્શલ્) *n.* *pl.* **Courts-martial**,A court consisting of military or naval officers,for the trial of offences against military or naval laws: લશ્કરી કે દરિયાઇ ગુન્હાની તપાસ માટેની અદાલત-કોર્ટ.

Courtship, (કોર્ટશિપ્) *n.* The act of soliciting favor:-ની મહેરબાની-કૃપા મેળવવી તે.2. The act of wooing in love;solicitation of a woman to marriage: પરણવાની ઇચ્છાથી સ્ત્રીનો પ્રીતિમેળવવાનો ઉદ્યોગ; વિવાહ અર્થે સ્ત્રીના પ્રાર્થના.3.Courtliness;courtesy: સભ્યતા; સુજનતા. 4.The character of a courtier; fineness;courtcraft: રાજદ્વારી માણસ અથવા દરબારીઓની વર્ત્તણુક-ચાલચલગત;યુક્તિ; પ્રપચ;પેચ; ખટપટ.

Court-yard,(કોર્ટ યાર્ડ)*n.*A court or inclosure round a house:ઘરને ફરતો વાડો-વાડો-ચોગાન; આગણુ.

Cousin, (કઝન્) *n.* The son or daughter of an uncle or aunt: કાકા ફોઈના કે મામા માસીનાં છોકરાં; ભાઇ કે બહેન કરતાં આઘેનાં સગાં;પીતરાઇ.2.A title given by a king to a nobleman: રાજાએ ઉમરાવને આપેલો ખિતાબ.

Cousin-german, (કઝન્-જર્મન)*n.* *pl.* **Cousins-german**, A first cousin: સગા મામા-ફોઇ-કાકા-માશીનું છોકરૂં.

Cousinly,(કઝ્ન્-લિ)*a.*Like or becoming a cousin:સગાને ઘટે એવું;-નું.

Cove,(કોવ્)*n* A retired nook; a small inlet:a recess in the sea-shore:નાની ખાડી;દરિયાના કાંઠામાનો નાનો બાજુનો ફાંટો 2 A recess in the side of a mountain: પર્વતની બાજુમાં ગોખલા જેવી એકાંત બેઠક. 3.A boy or man of any age or station:ગમે તેવી ઉમર અથવા પદવીનો છોકરો અથવા માણસ. *vt.* To brood or sit over:-ના ઉપર બેસીને સેવવું.2. To arch over:-ના ઉપર કમાન બાંધવી.

Covenant (કવેનૅન્ટ્)*n.* [L.*con* & *venio*,I come.] A contract; a stipulation:કરાર;બોલી;પ્રતિજ્ઞા;શરત; સંકેત;કોલ;ઠરાવ 2 A writing containing the terms of an agreement: કરારનામું; કરારપત્ર; કરારનો દસ્તાવેજ.3.A solemn agreement made by the Scottish Praliament in 1638: ૧૬૩૮ ની સાલમા સ્કૉટલાંડની પાર્લામે ટે કરેલો કરારપત્રનામું.4.The promises of god as revealed in the scripture: બાઇબલમા જણાવેલાં-પ્રગટ કરેલાં ઈશ્વરના વચન.**C** *of works*:કરણી તેવી પાર ઉતરણી એવો માણસો સાથેનો ઇશ્વરી કરાર; સારી કરણીથી સ્વર્ગ મળે છે એવો બોધસ્ત. **C.** *of grace*: કૃપાકરાર;ઇશ્વરની કૃપાથી કરેલો માણસને તારવાનો ઠરાવ. *vi.* To bind one's self by contract;to make a stipulation: બોલી-કરારથી બંધાવું; કરાર-ઠરાવ કર *vt.* To grant or promise by covenant: કરાર-બોલીથી આપવું-બક્ષવું

Covenantee,(કવેનૅન્ટી)*n.* (*Law.*) The person in whose favour a covenant is made:જેની સાથે કોલકરાર બોલી કરી હોય તે શખ્સ;જેને ઠરાર કરી આપ્યો હોય તે.

Covenanter, (કવેનૅન્ટર્)*n.* One who makes a covenant: જે કોલ કરે છે ત; કોલ-બોલી-ઠરાવ કરનાર. 2. One who subscribed and defended the covenant: સ્કૉટલાંડ દેશમા ધર્મ પાળવાના જે કરાર થયા હતા તેને અનુસરનાર.

Cover(કવર્)*vt.*To overspread the

Cruelty,(ક્રૂએલ્ટિ)*n.* Inhumanity; barbarity: નિર્દયતા;ક્રૂરતા; નિષ્ઠુરતા. 2.ACruel and barbarous deed: ક્રૂર નિર્દય કામ;ક્રૂરકર્મ.

Cruentate,(ક્રૂએન્ટેટ્)*a.* Smeared with blood:લોહીમાં રગદોળાએલું;ચોહીઆળું;લોહીથીતરબોળ-લચપચ થયેલું.

Cruet,(ક્રૂએટ્)*n.*A small glass bottle for holding vinegar or oil;a castor:સરકો-તેલ ભરવાની નાની શીશી C *stand:*નાની શીશીઓ મૂકવાનું ખાનું; શીશીખાનું.

Cruise,(ક્રૂઝ્)*n.* A small bottle: એક નાની શીશી.

Cruise,(ક્રૂઝ્)*vi.*To go back and forth on the oceans;to pass and repass in a vessel for plunder or pleasure:લૂટવા કે સહેલ કરવા સમુદ્રપર્યટન કર્યા કર૦;સમુદ્રમાં આમતેમ ફરતા રહેવું;વહાણમાં જવું અને આવવું. *n.* A voyage made in various directions:સમુદ્રપર્યટન;દરિઆઈસફર.

Cruiser,(ક્રૂઝર્) *n.* One who or a. ship that cruises:સમુદ્રપર્યટન કરનાર માણસ કે વહાણ.

Crumb,(ક્રમ્)*n.* A small fragment or piece:કકડો;ટુકડો; કરચ. 2. The soft part of bread:રોટલીનો ગલ-ખપોટી;ખાતી વેળાએ વેરાયેલો ભૂકો 3.A little;a bit:જરા; લગાર; રહેજ; લેશ;કિંચિત્. *To a* c.,completely: સંપૂર્ણ-પૂર્ણરીતે. *vt.*To break into crumbs: કકડા-ટુકડા કર૦.

Crumble(ક્રમ્બ્લ્)*n.*A small crumb ઘણો નાનો કકડો.*vt.*To break into pieces:કરચો-ચૂરા કરવું;નાના નાના કકડા કરવું.*vi.*To fall into small pieces:કરચો-ચૂરા થવા-થઈને પડવું.2.To perish:નાશ પામવું;ક્ષય થવો;ક્ષીણ થઈ જવું;ખરી પડવું;લુપ્ત થવું.

Crumenal,(ક્રૂમેનલ્) *n.* [L.*crumena*,purse.]A purse:કોથળી;થેલી.

Crump(ક્રમ્પ્)*a.*Crooked:વાકું;આડું; *c. shouldered:* વાંકા ખભાવાળું. 2. Hard: કઠણ;સખત.

Crumple,(ક્રમ્પ્લ્)*vt.* To draw or press into wrinkles or folds:કરચલી વાળવી;સળ-વાટા પાડવા;સંકોચવું;ચોળવું.*vi.*To contract or shrink; to wrinkle: કરચલીવળવી;સળપડવા;સંકોચાવું.

Crupper,(ક્રપર્)*n.* The buttocks or rump of a horse: ઘોડાના ધગડા-ઠાઠાં 2. A strap of leather which is buckled to a saddle: ભુટ્ટો;ઠમચી.*vt.*To place a crupper upon:-ના ઉપર ઠમચી ચઢાવવી.

Crural,(ક્રૂરલ્)*a.*[L.*cruralis*,leg.] Belonging to the leg: પગનું;પગ સંબંધી.*The c.arteries*:પગની ધોરી નસો.

Crusade,(ક્રૂસેડ્)*n.*[L.*crux*,cross.] A military expedition undertaken by christian powers for the recovery of the Holy Land from the Mohammedans:જેરૂસલમ શહેર મુસલમાન લોકો પાસેથી પાછું મેળવવાને ખ્રિસ્તિ લોકોએ કરેલી સ્વારી-ચઢાઈ.2. Any enterprise undertaken with zeal and enthusiasm: મોટું કામ;જંગ;ઝુંડો.3.A Portguese coin:પોર્ટુગાલનો સિક્કો.*vi.*To engage in a crusade:ધર્મ સંબંધી લઢાઇમાં જવું-ભાગ લેવો.

Crusader, (ક્રૂસેડર્)*n.* A person engaged in a crusade:પાલેસ્ટાઈન પાછું મેળવવાને કરેલી લઢાઇમાં જનાર લઢવૈયો;જંગી પહેલવાન;ઝુંડો ઉઠાવનાર.

Cruse,(ક્રૂસ્)*n.* A small cup or bottle:એક નાનો પ્યાલો અથવા સીસી.

Cruset,(ક્રૂસેટ્)*n.* A goldsmith's crucible or melting pot:સોનું ગાળવાની કુલ્લી.

Crush(ક્રશ્)*vt.*To press and bruise કચરવું;ચગદવું;ફેંદા ઉરાડી દેવા; કચરી-પીલી-ચગદી નાંખવું;ચાંપવું;છુંદા ઉરાડવા. 2.To snbdue totally;to put down; to ruin:બીલકુલ કમજોર કરી નાંખવું; તાબે-વશ કરવું;નાશ કરવું 3.To overwhelm by pressure: ભાર-દાબથી ચગદી નાંખવું;ધૂળ કઢ; ભોંયભેગું કઢ; જમિનદોસ્ત કઢ; પાયમાલ કઢ. 4. To reduce to fine particles: વાટીને બારીક-ઝીણો ભૂકો કઢ;ચૂર્ણ કઢ.5.To oppress or burden grievously: સખ્ત ભાર ભઢ;દુઃખ દેવું;રીબાવું. *To c. a cup*,to drink:પીવું;ગટગટાવી જવું. *To c. out.* (*a*) to force out or separate by pressure:દાબી ચાંપીને કાઢવું (*b*)to destory completely: તદ્દન બીલકુલ નાશ કઢ-પાયમાલ કઢ;બેસારી-દાબીદેવું.*vi* To be pressed in a smaller compass:કચરાવું;ચગદાવું.*n.*A violent collission or compress:જોરભેર ધડાકો.2. A violent pressure:ઘણો-અતિશય ભાર-દાબ.

Crushing(ક્રશિન્ગ્)*a.*Overwhelming:ચગદી-કચરી નાંખે એવું;જુલમ ભરેલું. *C.reply.*મ્હોં બંધ કરે એવો જવાબ.

Crust,(ક્રસ્ટ્)*n.*[L.*crusta*, rind,or shell.]An exterior surface or outer shell;a concretion:પોપડો; પોપડી,કપોટી;પડ. . The hard surface of bread:રોટલીની કઠણ કપોટી. (*a*)A piece of dry bread:રોટલાનો સુકો કડકો 3.The exterior portion of the earth:પૃથ્વીનું ઉપલું થર-પડ. ભૂપૃષ્ઠ;ભૂપટ્ટ.4. The shell of crab &c: કરચલા વિગેરેની છીપો-કોચલું. 5. A concreted depoist on the interior of wine bottle: દારૂના સીસાઓની અંદર બાઝી રહેલી છારી-પડ *vi.*To incrust;to cover with a hard case:-ના ઉપર કઠણ પડ કઢ;-થી બંધાવું;-ના ઉપર છારી વળવી. *vi.* To gather or contract into a hard crust:-થી ઢંકાવું;કઠણ પડ બંધાવું;કપોટી બાઝવી.

Crusta,(ક્રસ્ટ)*n.*[L.*crusta*, shell.] A shell or crust: છીપ;શીપ; 2. A gem engraved: કોતરેલું ભૂષણ; કોતરેલું જવાહીર.

Crustacea,(ક્રસ્ટેશીઅ)*n. pl.* One of the classes of the anthropods including lobsters & crabs:કાચબા વિગેરે પીઠવાળાં પ્રાણી.

Crustily,(ક્રસ્ટિલિ)*adv.*In a crusty,peevish or harsh manner: મિજાજથી;છણકાથી;ચીઢથી.

Crusty, (ક્રસ્ટિ) *a.* Having the nature of crust;hard:પોપડા જેવું-વાળું ;કઠણ 2.Peevish;surly: ચીઢિયું;છણકાખોર;નિષ્ઠુર;તરછોડે એવું

Crutch,(ક્રચ્)*n.* A staff with a cross-piece at the head placed under the arm or shoulder:લંગડાની ઘોડી;કાખલા ઘોડી;કાખલાકડી. *vt.* To support on;to prop up or sustain:કાખમાં લાકડી ઝાલી ઉભા રહેવું.

Cry,(ક્રાઇ) *vi.* [L. *quiritare*, to shriek.]To make a loud voice; to vociferate;to pray: ઘૂમ-ચીસ પાડવી;શોરબકોર-પોકાર કઢ;હાંક મારવી;વિનંતિ કઢ.2 To utter lamentations;to shed tears;to bawl: પોક મૂકવી;બરાડા પાડવા;રાડ પાડવી;રડવું;રૂદન કઢ;શોક કઢ; હાય હાય કઢ. 3. To utter sounds that are not speech: આરડવું; અવાજ કઢ.*To c. out.*(*a*) to scream: તાણીને ઘૂમ પાડવી;પોકાર કઢ;ચીસ પાડવી. (*b*) To complain loudly;to lament: મોટેથી પોતાનું દુઃખ જણાવવું;શોક-દિલગીરી કઢ. *To c.out against*,to complain loudly of with a view to censure:ઘૂમ પાડીને વખોડવું-નિંદવું; -નો દોષ-વાંક કાઢવો.To *c.to*, to call on in prayer;to implore:-ને આજીજી-વિનંતી કઢ;-ની સહાય-મદદ માગવી.*vt.*To utter loudly;to sound abroad:ઘૂમ પાડવી; મોટો સાદ-વાંટો કાઢવો;તાણી-ઠોકારીને કહેવું.*n.*To make public and oral proclamation of વિષે-નો દાંડી-ઢંઢેરો પીટવો;સાદ પાડવો; જાહેર ખબર મૂકવી 3.T) publish the banns of marriage:લગ્નના ઠરાવની જાહેર ખબર આપવી. *To c. up*, to extol:ખૂબ વખાણવું;બહુ ચઢાવવું;બહુ તારીફ કઢ;-ની બડાઇ હાંકવી *To c. down*,to depreciate;to condemn: -ની કિમત-વજન-ભારબોજ ઘટાડવો; હલકો પાડવો;વખોડવું; નિંદવું; ધિક્કારવું. *To c. out*,to proclaim:જાહેર કઢ; પ્રગટ કઢ;બહાર પાડવું;જણાવવું.*n. pl.* **cries**,A loud utterance: ચીસ; પોકાર;ધોંધાટ;બરાડો; શોર; શબ્દ; નાદ; સાદ;રાડ;ઘુમાઘુમ.2.Outcry;clamor; tumult: લોકની ઘુમ-માગણી; પોકાર. 3.Any expression of grief with tears: વિલાપ;આક્રંદ;રૂદન;આર્તનાદ-દુઃખોદ્ગાર.4.Loud expression of triumph or wonder:હર્ષનાદ;હર્ષ-ગર્જના;આશ્ચર્યોદ્ગાર. 5. Importunate application:નમ્ર વિનંતિ-આજીજી.6.Proclamation:દાંડી;ઢંઢેરો;સાદ 7.Common report;fame:લોક વાયકા;લોકવાણી. *A far c.*, long distance:લાંબું છેટું.*Loud cries*: ઘુમરાણ;કોલાહલ;ધોંધાટ;ઘુમાઘુમ;શોરબકોર.

Crying,(ક્રાઇન્ગ્)*a.*Notorious;heinous:ભારે;જબરે;હડહડતું;રહેતું.

Crypt,(ક્રિપ્ટ્) *n.* [L.*crypta.*] A cell;a cave;a grave or tomb:ભોંયરું;ગુફા;કબર;ઘોર. 2.(*a*) The space hidden from view:નજરથી છુપી-સંતાડેલી જગ્યા.(*b*)A hiding place: છુપી-સંતાડવાની જગ્યા.

Crystal,(ક્રિસ્ટૅલ્)*n.* The regular form which a substance tends to assume in solidifying: પાસા-વાળો કોઇ પદાર્થ.2. A species of glass more perfect in its composition and manufacture than the common glass:બિલોર;સ્ફટિક; મધ્યમણિ.4.The glass of a watch-case:ઘડિયાળની ઢબીનો કાચ. *Rock* c.રંગવગરનો સ્ફટિક.C.*of sugar*:સાકરની પાસલી.*a.*Consisting of crystal;clear;lucid:બિલોરવાળું;સ્વચ્છ; ચોખ્ખું;કંચન;નિર્મળ;વિમળ.

Crystaline,(ક્રિસ્ટૅલાઇન્)*a.*Consisting of crystal: બિલોરનું; સ્ફટિકમય. 2. Resembling crystal; pure;clean: બિલોર જેવું;સ્વચ્છ; ચોખ્ખું;કંચન;વિમળ.

Crystallization,(ક્રિસ્ટૅલાઇઝેશન્) *n.*The act or process by which a substance in solidifying assumes the form and texture of a crystal:ગાંગડા-પાસલા બાંધવા તે. 2.The mass or body formed by the process of crystallizing: ગાંગડા;પાસલા.

Crystallize, (ક્રિસ્ટૅલાઇઝ) *vt.* To cause or form crystals: પાસલાવાળી બાંધવા.*vi.*To be converted in to crystals:પાસલી બંધાવી; ગાંગડાગઠ્ઠા બંધાવા બાઝવા.

Cub,(કબ્)*n.* A young animal, especially the young of the bear: કેટલાંક પશુનાં બચ્ચાં; મુખ્યત્વે કરીને રીંછનું બચ્ચું;પશુશાવક 2. A young boy or girl:નાનો છોકરો અથવા છોડી.

Cub,(કબ્)*n.*[L.*cubo,* I lie down.] A stall for cattle: ઢોરને ખાવાની ગમાણ.2.A cupboard:કબાટ.

Cube,(ક્યૂબ્) A regular solid body with six equal square sides: ઘનાકૃતિ; ઘન. 2. The product of a number multiplied thrice into itself:ઘન.*Cube root:* ઘનમૂળ.*vi.* To raise to the third power:-નો ઘન કર.

Cubeb,(ક્યૂબેબ્) *n.* (*Bot.*) The small,spicy berry of a tropical plant:ચીનીકબાલા;કબાબચીની.

Cubic-cal, (ક્યૂબિક્-કૅલ્) *a.* Having the form of a cube: ઘનાકાર; ઘન. c *contents*:ઘનફળ.

Cubit,(ક્યૂબિટ્) *n.* [L. *cubitum,* elbow.]The forearm:આગથેા હાથ;હાથનેા આગલેા ભાગ.2.A measure: (ભરતનેા) હાથ.

Cuckold,(કક્કોલ્ડ્)*n.*[L.*cuculus,* cuckoo.] A man whose wife is false to his bed;the husband of an adulteress:કુટલાપતિ;ભરિણી પતિ;છિનારનેા ધણી;ભડવેા. 2. A kind of fish: એક જાતનું માછલું. *vt.* To make a cuckold of:-ને ભડવેા કરવેા.

Cuckoo, (કકૂ) *n.* [L. *cuculus*] A bird of the genus cuculus: કોયલ;કોકિલા. C. clock;વાગતી વખતે કોયલના શબ્દ જેવા ટકોરા નીકળે એવું ઘડીયાળ.

Cucumber,(ક્યૂકંબર્) *n.* [L. *cucumis.*] A well-known plant and its fruit,of the genus Cucumis:કાકડી;ખીરૂં;આરીયું;ચીભડું.

Cud, (કડ્) *n.* That portion of food which is brought up into the mouth by ruminating animals from their first stomach, to be chewed a second time:વાગેાળ 2.A portion of tobacco held in the mouth and chewed:તમાકુનેા ડુચેા-માવેા;ફાકી;ભુકી.3.The first stomach of ruminating animals: વાગેાળનારા પ્રાણીઓનું પહેલું જઠર. *To* **chew the c.** to ruminate; to meditate : ઉપર વિચાર-મનન કર; મનમા ઘેાળાવું;વિચારવું;વાગેાળવું.

Cuddle,(કડ્લ્)*vi* To lie close; to crouch:દબાઇને-લપાઈને બેસવું.2. To embrace closely;to fondle: દૃઢ આલિંગન દેવું;બાથમા લેવું;લાડ લડાવવું. *n.*A close embrace:દૃઢાલિંગન;બાથ.

Cudgel,(કડ્જલ્)*n.* A short thick stick;a club: ખુંદું;ડંગેારી;દંડુકેા;ડફણું;ડમરું;બુધું. *To cross the* **c.** s, લડવું બંધ કર;*To take up the* **c.**s *for*:-ને માટે લડાઈમા ઉતરવું; ઝુંડેા ઉઠાવવેા.*vi.*To beat with a cudgel or thick stick:દંડુક-ડંગેારા-બુધાથી મારવું-બુડવું.*To* **c.** *one's brains,* to exercise one's wits:અક્કલ વાપરવી;ડહાપણ ખરચવું.

Cue,(ક્યૂ) *n.* [L.*cauda,* a tail.] The tail;tail-like twist of hair worn at the back of the head: પુછડું;છેડેા;લાબેા અંબેાડેા.2.The last words of play actor's speech; a catch word: આગલા નટના છેલ્લા બેાલ (જે ઉપરથી આવતા નટને ઇસારેા મળે છે તે.);ઇસારેા.3 Any hint or imitation: ઇસારેા;સાન; અણસારેા; સૂચના.4.The straight rod used in playing billiards: 'બિલિઅર્ડ' રમત રમવાની સીધી લાકડી. 5.Humour;temper of mind : સ્વભાવ; મન;વૃત્તિ. 6. The part which a man plays in his turn: પેાતાના વારાનેા વેશ.*vt.*To form into or like a tail;to twist:પુછડી જેવું કરબનાવવું;વાળવું;મચડવું;અંબેાડેા ગુંથવેા.

Cuff,(કફ્)*n.*A blow with the open hand;a stroke;a box:થપ્પડ; ધેાલ; લપડાક; તમાચેા.*vt.*To strike with the palm or flat of the hand: તમાચેા-ધેાલ-લપડાક મારવી. 2. To buffet: પાછું ઠેલવું-હડસેલવું-હઠાવવું; હરાવવું.*vi.*To fight;to scuffle:લડવું;બાથંબાથા આવી જવું;મારામારી કર.

Cuff,(કફ્)*n.* The fold at the end of a sleeve;the part of a sleeve turned back from the hand: બાહ્યનેા વાળેલેા ભાગ;કફ.

Cuirass,(ક્વિરૅસ્)*n.* [L.*coriacea,* leathern.]A piece of defensive armor covering the body from the neck to the girdle:ગળાથી કેડ લગીનું બખ્તર;હરસ્ત્રાણ.

Culinary,(ક્યૂલિનૅરિ)*a.*[L.*kulina,* kitchen]Relating to the kitchen or to the art of cookery: રસેાઇ વિષેનું-સંબંધી રસેાડાનું-વિષે; રાંધવાનું-સંબંધી;પાકશાળા સંબંધી.

Cull,(કલ)*vt.*[L *con* & *lego,* I gather.]To separate;select,or pick out:ટાળી-છાણી લેવું;વિણવું;ચૂંટી કાઢવું; નિવેડવું;ટાળીને લેવું;તારવવું;તારવી કાઢવું. *n.*A cully;a dupe:ભેાળેા; જલદી ઠગાઇ-છેતરાઇ જાય એવેા માણસ.

Cullender,(કલેન્ડર્)*n.*A strainer: ચાલણી;હવાલેા.

Cully,(કલિ)*n.* A person who is easily tricked or deceived;a mean dupe:ભેાળેા;જલદી ઠગાઇ જાય એવેા માણસ. *vt.* To cheat or impose on:ઠગવું; છેતરવું;ધૂતવું.

Culminate,(કલ્મિનેટ્) *vt.* [L.*culmen,*top or ridge.] To be vertical;to reach the highest point or altitude.ઉંચામાં ઉંચુ આવવું;માથા ઉપર આવવું. 2. To reach the highest point,as of rank,size &c: પરાકાષ્ઠાએ પહેાચવું; શિરેાબિંદુએ પહેાંચવું;વૃદ્ધિ પામવી; ઉન્નત સ્થિતિએ પહેાચવું *a.*Growing upward:ઉપરજ ઉગતું-ઉત્પન્ન-પેદા થતું.

Culminating, (કલ્મિનેટિન્ગ્) *a.* Reached at the highest altitude or rank:સહુથી ઉંચું; ચઢતી સ્થિતિએ પહેાંચેલું;ઉન્નત.

Culmination,(કલ્મિનેશન્)*n.*The attainment of the highest point or altitude:ઉંચામાં ઉંચું પહેાચવું તે;મધ્યાન્હ 2. Attainment of the highest pitch of power: ઉંચે દરજ્જે ચઢવું તે;મધ્યાન્હ;ખરા બપેાર;પરાકાષ્ઠા.

Culpability,(કલ્પબિલિટિ)*n.* The quality of being culpableness: વાંક;તકસીર;દોષ;કસૂર;ગુન્હો; સાપરાધતા.

Culpable,(કલ્પબ્લ્)*a.* [L.*culpa,* fault.]Deserving censure;worthy of blame; faulty:વાંક-કસુરવાળું; ઠપકા યોગ્ય-લાયક; નિંદાપાત્ર; દુષણીય;નિંદ્ય; શિક્ષણીય; તકસીરવાન; સજા કરવા લાયક.2.Guilty:તકસીરવાન;દોષવાન; ગુન્હેગાર.

Culprit,(કલ્પિટ્) *n.* [L. *culpa,* fault]A person accused of a crime:અપરાધી; ગુન્હેગાર. 2. A criminal: તોહોમતદાર;કેદી.

Cultivate,(કલ્ટિવેટ) *vt.* [L.*colo,* I till.]To till; to fertilize: ખેડવું; ખેતી કરવું;પાક ઉત્પન્ન કરવું;ફળદ્રુપ કરવું.2. To direct special attention to -ના તરફ ખાસ ધ્યાન આપવું; નો વિશેશ અભ્યાસ કરવો.3.To civilize;to refine -ઉપર મહેનત કરી સુધારવું;સુધારવું; સુધારવાનો યત્ન કરવો. 4. To raise or produce by tillage:ખેડીને ઉત્પન્ન-પેદા કરવું;પકવવું. 5. To seek the society of:-ની સાથે સંસર્ગ-સમાગમ કરવો-માં ઉતરવું.

Cultivation,(કલ્ટિવેશન્) *n.* Production by tillage:ખેતી;કૃષિકર્મ; ખેતીવાડી.2.Fostering care:સુધારો કરવાને મહેનત-અભ્યાસ-યત્ન.3.Refinement;culture:કેળવણી; સુધારો;ઉન્નતિ;ઉત્કર્ષ;અભિવૃદ્ધિ.C. *of learning:* વિદ્યાભિવૃદ્ધિ;જ્ઞાનોન્નતિ.

Cultivator,(કલ્ટિવેટર)*n.*One who cultivates or tills: ખેડુત; ખેતી કરનાર;કૃષિવલ;કૃષીકાર. 2. One who labors to educate or refine:કેળવણી આપવાને અથવા સુધારવાને યત્ન-મહેનત કરનાર.3. An agricultural implement used in the tillage of growing corn:અનાજ ઓરવા માટે એક જાતનું ખેતિનું ઓજાર-હથિયાર;તરફણ.

Culture,(કલ્ચ્યૂર)*n.*[L.*colo,*I till.] The act or practice of cultivating; cultivation:ખેતી;ખેતી કરવી તે. 2.Civilization;refinement: સુધારણા;ખેડાણ;કેળવણી; સુધારો;વૃદ્ધિ; અભિવૃદ્ધિ; ઉન્નતિ; ઉત્કર્ષ; બુદ્ધિ-નીતિનો વિકાસ. *vt.*To cultivate; to educate:ખેડવું;કેળવવું.

Culver,(કલ્વર્) *n.*A dove: કબુતર. 2. A small piece of ordnance: નાની તોપ.

Culvert, (કલ્વર્ટ્) *n.* An arched drain for the passage of water under a road:કમાનદાર વડનાળું.

Cumbent,(કમ્બેન્ટ્)*a.* [L *cumbo,*I lie down.] Lying down;recumbent:નીચે-હેઠળ પડેલું.

Cumber.(કમ્બર)*vt.* [L. *cumulus,* heap.]To obstruct; to perplex; to embarrass: ભારે મારવું; નડવું;ગભરાવવું;અડચણ કરવું;-માં ડખ્ખલ કરવું; વિકારવું પડે તેવું હોવું.*n.*Oppression; નડાવ;અડચણ; જુલમ; ગભરામણ;ભાર; કંટક;વેઠ.

Cumbersome,(કમ્બર્સમ્) *a.* Oppressive;burdensome; vexatious:ભારે મારે એવું;ભારે;વેઠરૂપ; કષ્ટકર; ડખકર; ભારશલ; ગુંચવાડીયું. 2. Not easily managed: જલદીથી-સહેલાઇથી ચલાવી શકાય નહિં એવું;ભારે.

Cumbrance,(કમ્બ્રન્સ)*n.*Encumbrance; hinderance: ભાર;અડચણ અટકાવ;પ્રતિબંધ.

Cumbrous, (કમ્બ્રસ્)*n.* Burdensome:અગવડ ભરેલું;ભારે;ગંઠાળા ભરેલું. 2.Giving trouble: કંટાળો ઉપજાવે એવું;ગુંચવણ;અમુઝણ-ગભરામણ કરે તેવું.

Cuminseed, (કમિન્સીડ્) *n.* The seed of a dwarf umbelliferous plant: જીરૂં.

Cumulate, (કયૂમ્યૂલેટ્)*vt.*[L. *cumulus,* a heap.] To gather or throw into a heap;to heap together:એકઠું કરવું;ઢગલો-ઢગ કરવો.

Cumulation,(કયૂમ્યૂલેશન)*n.*The act of heaping together;a heap: ઢગલો કરવો તે; ઢગલો;ઢગ; સંચય.

Cumulative, (કયૂમ્યૂલેટિવ્) *a.* Forming a mass; aggregated: થોકું થોકું કરીને એકઠું કરેલું 2. Augmenting:વર્ધમાન;ઉત્તરોત્તર વધે એવું. C.*evidence:*વર્ધમાન પુરાવો. 3.(*Law*) (*a*)Tending to prove the same point to which other evidence has been offered:એકની એક જ બાબત વિષે ફરીથી પુરાવો આપવામાં આવ્યો હોય તે સાબેત કરનારું; વર્ધમાન. (*b*) Given by the same testator to the same legatee:પ્રથમ જે માણસે જેને વારસો આપ્યો હોય તેનેજ પાછું તેણે આપેલું.

Cunning,((કનિન્ગ્)*a.* Knowing; skilful;experienced:જાણીતું;ચતુર; અનુભવી;નિપુણ.2. Artful; crafty; deceitful:ખંધું;પક્કું;ઠોંગું;હોશ્યારીથી કપટી;પેચી;ઠગ; શઠ. 3. Ingenious; curious : શોધકબુદ્ધિનું; વિચિત્ર. 4. Pretty or pleasing:રૂપાળું અથવા ખુશી કરે-વહાલ આવે એવું. *n.* Art; skill;dexterity: ચતુરાઈ;અક્કલ;હુન્નર;નિપુણતા;ચાતુર્ય .2.Deceit;craft; fraudulent skill or dexterity: ખંધાઈ;પક્કાઈ;પેચ;છળ;ધૂર્તતા;કાવાદાવા; ઠગવેડા;માયા;કપટ.

Cup,(કપ્)*n.*[L. *cuppa,* cup.] A small vessel used commonly to drink from;a chalice:પવાલું;પ્યાલો;જામ;વાડકી;ટોરો; કટોરી; વાટકો.2. A cupful:પ્યાલાભર.3.(*pl.*)Excessive drinking,drunkenness:દારૂ પીવાનો અતિશય છંદ;છાકટાપણું.4.Portion;lot:ભાગ;નસીબ.C. *and ball,* છોકરાને રમવાનું રમકડું .C.*and can,* ધરોબાવાળા જાબંધ-દોસ્ત.To be in one's *cups,*to be drunk: પિધેલ-છાકટા-ઠેં હોવું.*A bitter* c. માથે પડેલું દુઃખ-આફત-સંકટ.*vt.*To supply with cups: દારૂ પ્યાલા પૂરા પાડવા. 2. To apply a cupping apparatus to: રૂમડી મૂકવી; રક્તચૂષણ યંત્ર વળગાડવું.

Cup-board,(કપ્બોર્ડ્)*n.* A small closet in a room:કબાટ;હાટિયું;હાટડું.*To cry* c., to call for food: ખાવાનું માગવું;ભુખ લાગી છે એમ કહેવું. *vt.*To hoard:એકઠું-ભેગું કરવું.

Cupel,(કયૂપેલ્)*n* [L.*cupella,*small cask.] A small vessel used in refining precious metals:કિમતી ધાતુઓ ગાળવાની કુંડી.*vt.*To refine: ગાળવું;ચોકખું કરવું.

Cupid,(કયૂપિડ્)*n.*[L.*cupido,*I desire.]The god of love:કામદેવ; મદન;અનંગ;કામ;રમર.

Cupidity,(કયૂપિડિટિ)*n.*Covetousness;avarice: અતિકામના;લાલસા; લોભ;તૃષ્ણા.

Cupola,(કયૂપોલે)*n.*[L.*cupa,*a tub.] A spherical or domelike vault on the top of an edifice:ઘુમટ;કળશ.2.The ronnd top of a furnace: ભઠ્ઠીનું ગોળ મથાળું-ટોચ.

Cupreous, (કયૂપ્રીઅસ્) *a.* [L. *cuprum,* copper.]Consiting of copper or resembling copper: તાંબા જેવું-નું બનાવેલું;તામ્રમય.

Cur,(કર્)*n.* A worthless dog:હલકી જાતનું કુતરૂં.2. A worthless snarling fellow:નીચ કુતરા જેવો માણસ.

Curable,(કયૂરેબલ્)*a.*Capable of being cured;admitting remedy: મટાડી શકાય તેવું; સાધ્ય;ઉપાયવશ;ચિકિત્સ્ય.

Curacy,(કયૂરેસિ)*n.* The office or employment of a curate:અવેજી કે મદદનિશ પાદરીની જગા-નું કામ.

Curate,(કયૂરેટ્)*n.*[L.*cura,* care.] Any clergyman:અવેજી કે મદદનિશ પાદરી-ધર્મ ગુરૂ.

Curative,(કયૂરેટિવ)*a.*Relating to the cure of diseases; tending to cure:રોગ મટાડે-ફેર પાડે એવું;આરામ કરે તેવું;રોગહર;વ્યાધિશામક; શાંતિદ.

Curator(ક્યૂરેટર)*n.*[L.*cura*,care.] A custodian;a keeper: કોઈ ચીજ સાચવનાર-જાળવનાર.**C.** *of a depot*: ગ્રંથશાલાધિકારી;ક્યૂરેટર.2. One appointed to act as a guardian;a trustee:વાલી;રક્ષક;સંરક્ષક;કાચી ઉમર નાકે ગાંડા માણસની મીલકત વગેરેનો વાલી

Curb,(કર્બ)*n.*[L. *curvus*, bent.] That which curbs,restrains or subdues;a check: સંયમ;નિરોધ ઝેરકડી;કડી;લગામ;અંકુશ;દાબ 2.A wall or fence:દિવાલ;વાડ 3.The frame or wall round the mouth of a well: કુવાની આસપાસનું ઓખું-કઠેરો. 4.A curb-stone;an edge-stone: ઘરની દીવાલને છેડે દાટેલો પથ્થર.*vt.*To bend or curve:વાળવું;વાંકું કરવું.2.To subject;to subdue; to confine: દાબ-લગામ-અંકુરામાં રાખવું; નિયમ-નિગ્રહ-સંયમમાં-હાથમાં-તાબામાં રાખવું.3.To furnish with a curb: કઠેરો કર.

Curd,(કર્ડ)*n.*The thickened part of milk: જામેલું દૂધ; દહીં. 2. The coagulated part of any liquid: કોઇ પ્રવાહી પદાર્થનો જામેલો ભાગ. *vt.* To curdle;to cause to congeal: જમાવવું; ઠરાવવું; આખરવું. *vi.* To become coagulated :જામવું; ઠરવું; જમી-બાઝી જવું.

Curdle,(કર્ડલ)*vi.* To change into curd;to coagulate:જમી-બાઝી-મળી-અખરાઇ જવું.2.To thicken;to congeal:શિથિલ-ઠરી-થંડુગાર થઈજવું. *vt.*To change into curd:મેળવવું; આખરવું.2.To congeal;to thicken શિથિલ-ઠંડુગાર કર;-થી ઠરી જવું.

Cure, (ક્યૂર)*n.* [L.*cura*, care.] Care;heed or attention:ધ્યાન;લક્ષ.2.Care of souls; the office of a curate:પાદરીનું કામ-હવાલો 3.Remedial treatment of disease:ચિકિત્સા;ઉપાય;ઇલાજ; દવા; ઉપચાર. 4. Restoration to health from disease: આરામ;સુવાણ;ખીલકુલ ફેર. 5. Remedy; restoratives:ઉપાય;ઈલાજ; ઔષધ; ઓસડ. *vt.* To heal; to restore to health : મટાડવું;સાજુ કર; આરામ કર;-ફેર પાડવો. 2. *To* remedy; to remove:-નો ઇલાજ કર; દૂર કર;ખસેડવું.3. To prepare for preservation; to preserve: આથવું;આથી મુકવું;રાખી મુકવા લાયક કર. To **c.** *one of a disease*:-નો રોગ મટાડવો-સારો કર.*vi.* To pay heed: to care: ધ્યાન આપવું;ની દરકાર-ફિકર રાખવી. 2. To restore health; સાજા થવું; આરામ થવો;મટવું;ફેર પડવો; સુવાણ થવી. 2. To become healed:જવું રહેવું; નીકળી જવું; મટી જવું. *To* **c.***itself*: એની મેળે મટવું-સમરવું; સુધરવું.*n.*A curate;a parson:અવેજી કે મદદનિશ પાદરી-ધર્મગુરૂ.

Curfew,(કર્ફ્યુ)*n.*The ringing of a bell at nightfall to extinguish all fires:બધે ઠેકાણેથી દીવો દેવતા હોલવી નાંખવાનો રાતપડે થતો ઘંટનાદ. 2.A fire-cover; a fire-plate:આગપર ઢાંકવાનું પતરૂં;આગનું ઢાકણ.

Curiosity, (ક્યૂરિઑસિટિ) *n.* [L. *curiositas.*] Nicety; accuracy; exactness:ખરાપણું;ચોકસાઇ;સ ભાળ. 2.Inquisitiveness : જીજ્ઞાસા; શોધકબુદ્ધિ;હોંશ;નવી વાત જાણવાની ઉકંઠા.3. That which is curious, or fitted to excite or reward attention:કૌતક;નવાઇ; કૂતૂહલ; ચમત્કારીવસ્તુ;નુતનતા.

Curious,(ક્યૂરિઅસ) *a.* [L. *cura*, care.]Careful; scrupulous;nice; exact:ચોકસ;સાવચેત;વિચક્ષણ.2.Artfully constructed; exhibiting care or nicety:બારીક;ઝીણું;યુક્તિથી બનાવેલું.**C.** *distinctions* : ઝીણા ભેદ. 3.Careful or anxious to learn; habitually inquisitive:જીજ્ઞાસુ;સોધક;બહુશોધી; માર્મિક. 4. Awakening surprise;singular; strange: વિલક્ષણ;તરેહવાર; નૂતન;અદ્‌ભુત; નવાઇ જેવું. **C.** *tales*:કૌતુક જેવી વાતો.

Curl,(કર્લ્)*vt.* To twist or form into ringlets:ગુચ્છા વાળવા;વળવું. 2.To twist or make into coils: ધુંચળું વાળવું.3. To deck as with curls; to ornament:ગુંછળાથી શણગારવું-સુશોભિત કર; શણગારવું;અલંકૃત કર.4.To raise in undulations; to ripple:ઉછાળવું;લહેરે ચડાવવું. *vi.* To contract into curls: ગુચ્છા વળવા-થવા 2.To bend in a curved form : વાંકુચૂકું થવું. *n.* A ringlet: ગુચ્છો; વાંકડી; ગુંચળું. 2. Flexture; sinuosity:વળ;સર્પાકાર આકાર;લહેર; લહેરીલું;તરંગ.3.A disease in potatoes in which leaves seem curled:બટાકા વિગેરેમાં એક જાતનો સળો

Curly,(કર્લિ)*a.*Having curls;tending to curl: ગુચ્છાવાળું;વાંકડિયું; લહેરવાળું.

Currant,(કરેન્ટ)*n.* A kind of raisin or dry grape : એક જાતનો સુકો મેવો;સુકીદ્રાક્ષ

Currency,(કરેન્સિ) *n.* [L. *curro*, I run.] *General* acceptance: circulation: પરિપાઠ; પ્રચાર; પ્રસિદ્ધિ; રૂઢિ;રિવાજ;ચલણ;ખ્યાતિ. 2.Current value; general estimation:ચાલતી સાધારણ કિમત. 3. That which is in circulation, or is given and taken as having value: ચલણ; ચલણી નાણું. *Paper* **c.**: કાગળનું ચલણી નાણું.

Current,(કરેન્ટ) *a.* Running or moving rapidly: જલદીથી દોડતું-ફેલાતું.2.Passing from person to person or from hand to hand: common:સાધારણ; ચાલુ; પ્રસિદ્ધ;લોકપ્રસિદ્ધ;વ્યવહારિક;રૂઢ; 3. Now passing or present in its progress: ચાલતું;ચાલુ;જારી;મજકુર; વર્તમાન; વિદ્યમાન. 4. Authentic; passable: ખરૂં;સત્ય;સપ્રમાણ. *n.* A stream;a flowing:ઓધ;પ્રવાહ;વહેળો;રેલો:ધારા.. 2.That which moves in a given direction: પ્રવાહ;રેલો;વેગ;ધારા. 3. General course; ordinary procedure : સંકલના; ક્રમ વહેણ. **C.** *of water*: પાણીનો વહેળો. **C.***of air*. હવાનું વાવું-વહેવું-પ્રવાહ.

Currently(કરેન્ટ્‌લિ)*adv.* Generally;commonly:સાધારણ રીતે; સર્વ લોકોમાં;ઘણું કરીને.

Curricle,(કરિકલ)*n.* [L. *curro*, I run.] A small or short course: નાનો કે ટુંકો રસ્તો-માર્ગ.2 A chaise with two wheels : બે પૈડાની ગાડી.

Curriculum, (કરિક્યૂલમ્) *n. A* race couse;a place for running: સરતનો રસ્તો માર્ગ; દોડવાની જગા; ઘોડદોડ. 2. A fixed course of study: અભ્યાસ ક્રમ-માળા; અધ્યયન ક્રમ;શિક્ષણક્રમ.

Currier,(કરિઅર)*n.* [L. *coriarius*, leather.]One who curries,dresses and colors leather:ચામડિયો; ચમાર;ખાલપોચ;ઉબગર.

Curry,(કરિ) *vt.* To dress or prepare for use:(ચામડાં) સાફ કર. 2. To dress the hair or coat of;to comb: ખરેરો કર. 3. To beat or bruise:મારવું; છુંદવું. To **c.** *favor*: ખુશામતથી વહાલા થવા જવું;પ્રીતિ સંપાદન કરવાની કોશીશ કર.*n.*A kind of sauce much used in India containing red pepper and other strong spices:કઢી;આમટી.2.A stew of fowl,fish &c., cooked with curry:મરઘાં,માછલી વિગેરે નાંખીને બનાવેલું પંચમેળ-પંચરસીલું શાક-શાકવું.

Curry-comb,(કરિ-કોંમ્)*n* The instrument or comb for currying or rubbing and cleansing horses; ખરેરો-ખરેડો.

Curse,(કર્સ્)*vt.*To imprecate evil

upon;to execrate: શ્રાપ-શ્રાપ દેવો; બદદુઆદેવી;અનિષ્ટ ચિંતન કરવું;-અકલ્યાણ ચિંતન કરવું.2. To bring great evil upon;to harass or torment:ભારે દુઃખ-સંકટમાં નાંખવું--ને માથે દુઃખ-સંકટ-આફત લાવવી; અનિષ્ટ કરવું. *vi.* To utter imprecations or curses;to swear:શ્રાપ-શ્રાપ દેવા; સમખાવા. *n.* The invocation of harm or injury;malediction:શ્રાપ;શ્રાપ;બદદુવા;અભિશાપ; અનિષ્ટચિંતન: ગાલિપ્રદાન.2.Affliction;torment: આપદા; સંકટ;કંટક;ઉપાધિ.

Cursed, (કર્સ્ડ) *a.* Deserving a curse;hateful;detestable: શ્રાપિત; તિરસ્કાર્ય;અતિનિંદ્ય; કમબખ્ત; ચંડાળ.

Cursory(કર્સરિ)*a* [L.*cursor*,a runner.] Running about; not stationary:આમતેમ દોડવું; સ્થાયી નહિ તેવું.2.Slight;superficial;careless: ઉપર ટપકાનું;ઉપલકિયું;ઉપર ચોંટીઉં; બેદરકારી;સ્થૂલ. **C.***view*:ઉપર ઉપરની નજર.

Curt,(કર્ટ)*a.*[L. *curtus.*] Short; rudely concise: ટૂંકું ને તોછડું.

Curtail,(કર્ટેલ)*vt.*To shorten;to abridge;to diminish: ટૂંકું-સંક્ષિપ્ત કરવું; ઓછું-ન્યૂન-કમી કરવું; મુખ્તેસર કરવું; છાંટવું.

Curtain,(કર્ટેન)*n* A cloth screen or covering intended to darken or conceal, and admitting of being drawn back or up: પડદો; ચક. *Mosquito* **C.**: મચ્છરદાની 2. That part of the rampart and parapet which is between the flanks of two bastions : કિલ્લાના બે બુરજ કિંવા દરવાજા વચ્ચેનો કોટ. *Behind the* **C.**, in concealment ગુપ્ત;છાનું.*To draw the* **C.**, (*a*) to hide or disclose an object:પડદો ખેંચવો-પાડવો; ગુપ્ત-છાનું રાખવું;બહાર પાડવું-પ્રકટ-ખુલ્લું કરવું. (*b*) To commence or close performance: પડદો ઉઘાડવો;પડદો પાડવો *To drop the* **C.**, પૂરી કરવું; વેશ પૂરો-સમાપ્ત કરવું; પડદો પાડવો. **C.***lecture*,સ્ત્રીએ પોતાના પતિને આપેલો ઉપદેશ-ના ઉપર કરેલો ટકટકાટ-ધંટિકારો.

Curvature,(કર્વેચ્યૂર)*n.*[L. *curve*, I curve.]A bend;a curve:વક્રીભવન;વાંક; વલણ;કુટિલતા;વક્રીભાવ;વક્રતા.

Curve,(કર્વ્)*n.* A bending without angles;a flexture: વાંક;વલણ. 2.A line of which no three consecutive points lie in the same direction or straight line:વાંકી લીંટી;વક્રરેખા;વક્રરેખાકૃતિ. *Plane* **C.**, જે વાંકનાં બધાં બિંદુ એકજ સપાટીમાં હોય તે *vt.*To bend;to crook:વાળવું; વાંકુ વાળવું. *vi.* To bend or turn gradually from a given direction:અમુક દિશામાંથી ધીમે ધીમે બીજી દિશામાં વળવું; ફંટાવું.

Curvet,(કર્વેટ્)*n.*A particular leap of a horse:ઘોડાની અમુક તરેહની છલંગ;ઉડાણ;ઝાડ.2.A prank;a frolic: ગેલ;ખેલ;મોજ; કુદકો; ઠેકડો. *vi.* To leap;to bound: છલંગ મારવી; ઝાડ થવું.2.To leap & frisk : કુદીને ગેલ કરવું. *vt.* To cause to frisk or leap:કુદાવવું;ગેલ કરાવવું.

Curvilinear, (કર્વિલીનીઅર) *a.* [L *curva* and *linea*, line.]Consisting of curve lines;bounded by curve lines:વાંકી લીંટીવાળું ;વાંકું; વક્રરેખા રૂપ-ઘટિત-નિર્મિત; વક્રરેખામય.

Curvity,(કર્વિટિ)*n.*[L.*curvus*]The state of being curved;crookedness:વળેલું તે; વાંક; વાંકાપણું.

Cushion,(કુશૌન્)*n.*[L. *culcita*, a cushion.]A soft pillow or pad: ગાદી;તકિયો;ગદેલું.2. The edge of a billiard-table:બિલિઅર્ડ રમવાના મેજની ટેબલની ધાર-કોરણ. *vt.* To seat on a cushion: ગદેલી-ગાદી ઉપર બેસાડવું; ગાદી તકીએ બેસાડવું. 2. To furnish with cushions: ના ઉપર ગાદી જડવી-મુકવી.3.To conceal, as under a cushion: ગાદી-ગદેલા તળે સંતાડવું-મુકવું.

Cusp,(કસ્પ)*n.*[L. *cuspis*, point.] A pendant of a pointed arch: અણીદાર કમાનની ઝાલર-ઝુમખો-લટકતો ભાગ.2 The beginning of first entrance of any house in the calculation of nativities:લગ્ન;પહેલું ભૂવન.3.The point or horn of the crescent moon : ચંદ્રકોર; અર્દ્ધચંદ્રાગ્ર; અર્દ્ધચંદ્રશિખા. 4. A prominence on the crown of a tooth:દાંતનો ઉપરોલો ભાગ;દંતુશળ.

Custard,(કસ્ટર્ડ)*n* A dish composed of milk and eggs sweetened and boiled:દૂધ અને ઇંડાં સાકર ભેગાં કરીને ઉકાળેલી રાબડી;મડો;બાસુંદી.

Custard-apple,(કસ્ટર્ડ્ઍપ્પલ્)*n.* (*Bot*)A plant; a species of the anona:સીતાફળી;સીતાફળ.

Custodian,(કસ્ટોડિઍન્)*n.*[L *custos*, a guard.]One who has care or custody; a keeper or superintendent:રખવાળ;સંભળવનાર;નિરીક્ષાન.

Custody,(કસ્ટડિ) *n.* [L. *custos*, guard] A keeping or guarding:રખવાલો;સંભાળ; નિરીક્ષાની;રક્ષા;રક્ષણ;પાલન.2.Confinement;imprisonment: બંધન; નિરોધ; કેદ;કબજો; જપતો;3.Judicial or penal safe-keeping: પહેરો;રખવાલો; ચોકી; રક્ષણ; સલામતી.

Custom, (કસ્ટમ્)*n.*[L. *con*, and *suco*,I am accustomed.] Ordinary manner;habitual practice; usage:ચાલ;રિવાજ;રસમ; રાબેતો; અભ્યાસ;રીત;ધારો;વહિવટ; રઢી; દસ્તુરરવૈયો;મામુલચાલ;સિરસ્તો.2.Habitual buying of goods; business support:ઘરાકી;ખરીદદારી.3.Long established practice;usage:દેશાચારિવાજ;શિરસ્તો;દેશાચાર-સંપ્રદાય; ચાલ; દસ્તુર.*vt.*To make familiar:ઘરોબાવાળું કરવું;ટેવ પાડવી. 2. To supply with customers: ઘરાકી ફરી-મેળવી આપવી.

Custom (કસ્ટમ્)*n.*The customary toll,tax or tribute:જકાત;દાણ;નાકુ મેહેસુલ;દસ્તુરી.2.*Pl.*Duties or tolls imposed by law on commodities imported or exported : પરદેશથી આવતા કે જતા વેપારની જણસો ઉપર કાયદાની રૂઇએ નાખેલી જગાત-દાણ.*Sea*-**C.**,તરી જકાત.*Land.* **C.**:ખુશકી જકાત. *Transit* **C.**,રાહદારી જકાત.

Customary,(કસ્ટમેરિ)*a.* Conventional;habitual:રીત-રિવાજ-રૂઢી આચાર પ્રમાણેનું-સંબંધી;-રાબેતા મુજબ; રીતસર. 2. Holding or held by custom: લોકસિદ્ધ;લૌકિક;દસ્તુર મુજબ; સંપ્રદાયાનુસાર; યથાસંપ્રદાય; શિરસ્તા મુજબ.*n.*A book containing laws and usages or customs : કાયદારિવાજ વિગેરેની ચોપડી.

Customer,(કસ્ટમર્)*n* One who collects customs or duties:જકાત-મેહેસુલ એકઠું કરનાર-ઉઘરાવનાર. 2. A purchaser;a buyer:ઘરાક;ગ્રાહક; ખરીદદાર. 3. A common or lewd woman:સામાન્યા;વેશ્યા; પાતર;ગુણકા. 4.A person with whom a business-house has dealings:ખાતાદાર.

Custom-house, (કસ્ટમ્હાઉસ્) *n.* The building where customs & duties are paid:જકાતખાનું;માડવી; કુરજે;જકાત કચેરી.

Cut,(કટ્)*vt.*To gash;to divide;to sever:કાપવું-વાઢવું;ચાઢકાપ કરવું.2.To hew as wood;to mow or reap: લાકડું વાઢવું;કાપવું;વાઢવું;લણવું.3.To cut off; to dock:કાપવું;ઉતારવું;લેવું;કાતરવું. 4. To carve;to hew out:કોતરવું;કોતરી કાઢવું;;વેતરવું.5.To pierce;to wound or hurt the sensibilitie of:નામર્મભેદવા;-નું હૃદય ભેદવું;-ને હાડોહાડ લાગવું;-નું દિલ દુભાવવું.9. To inter-

sect;to cross:ઉદ્દવું.7.To castrate or geld:ખાશી કરવું;-ના આંટવા કાપવા. 8.To refuse to recognize;to ignore:-ને ન ઓળખવું;આડું જોઇને ચાલ્યા જવું; ઓળખાણ ન હોય તેમ બતાવવું;ડાબુ કરવું.9. To absent one's self from: ગેરહાજર રહેવું:-માં ન જવું:-થી નાણી જુદીને દૂર રહેવું. C. *and dried:* આગળથી તૈયાર કરેલું. *To* C. *capers* : ઉડાણુ-છલંગ મારવી-મારી. *To* C. *a dash or a figure*; to make a display:રૂપ-પોત પ્રકાશવું; આબરૂ કાઢવી; પ્રતિષ્ઠા-કીર્તિ-શાબાસી મેળવવી;નિવડવું;નીકળી આવવું. *To* C. *down,*(*a*)to fell: પાડવું;કાપી નાંખવું.(*b*)To put down; to abash; to humble: તોડી પાડવું; દબાવી દેવું; નીચું જોવડાવવું; માન મુકાવવું; કેરે મુકવું; ઝંખવાણું પાડવું;-ના ઉપર ટપી જવું.(*c*) To lessen;to curtail:ઓછું કરવું;કમી કરવું; ઘટાડવું;ન્યૂન કરવું.*To* C.*the knot or the Gordian knot*, to dispose of a difficulty summarily:ગાંઠ છોડવી; મુશ્કીબત દૂર કરવી. *To* C.*lots*, to determine lots by cutting cards;to draw lots:ભાગ પાડવા; વહેંચણી કરવી; ચિઠ્ઠીઓ નાંખવી. To C.*off*,(*a*)to sever;to separate કાપી નાખવું; જુદું કરવું;કાપવું. (*b*) To destroy: નાશ કરવો; ઉચ્છેદ કરવો; કાપી-મારી નાંખવું;-નો અંત-છેડો આણવો.(*c*) To interrupt: તોડી પાડવું;-નો સંબંધ-વ્યવહાર-સંસર્ગ બંધ કરવો; બંધ પાડવું;(*d*)To intercept:કાપી નાંખવું; જુદું-વિખુદું પાડવું. To C. *out*,(*a*) to remove by cutting or carving: કાપી લેવું;વચ્ચેથી કાપીને કાઢવું.(*b*)To fashion:વેતરવું;ડોહોળિયું કરવું;કોતરીને ડોળ-ઘાટ કાઢવો.(*c*) To scheme; to contrive:યોજવું;યોજના કરવી;યુક્તિ કરવી; ઘાટ ઘડવો.(*d*)To supplant:એકને ખસેડીને તેને ઠેકાણે બેસવું;આવવું (*e*) To debar:થી દૂર રાખવું; અટકાવવું; રોકવું; પ્રતિબંધ કરવો.*To* C.*to pieces*,(*a*) to cut into pieces: કાપીને કકડા કરવા;કરચો-ચૂરા-ભૂક્કો કરવો (*b*)To slaughter; કતલ કરવી-ચલાવવી;કાપી નાંખવું.*To* C. *short*, to arrest or check abruptly:ટુંકું કરવું;એકદમ બંધ કરવો;અટકાવવું;રોકવું;-નો પાર આણવો; ટુંકુ કાતરવું. To C.*teeth*,to put forth teeth:દાંત ફુટવા-આવવા. *To have* C.*one's eye teeth*,to be sharp and knowing: ચબરાક થવું;હોશિયાર થવું.*To* C.*one's wisdom teeth*,to come to years of discretion:સમજણના થરમાં આવવું;સમજણા થવું; પાકી ઉમ્મરે આવવું. *To* C.*under*, to undersell: ઓછી કિમતે વેચવું;-ના કરતાં ઓછે ભાવે મુકવું. *To* C.*up*,(*a*) to cut to pieces:ના કકડા કરવા;કાપવું. (*b*) To damage or destroy;to injure:-નો ઉચ્છેદ કરવો;-ને નુકશાન પહોંચાડવું;-ને દુઃખ કરવું.

Cut,(કટ્)*vi.*To serve in dividing or gashing:કાપવાના કામમાં આવવું; કાપવું. 2. To admit of incision or severance:કપાવું.3.To perform the operation of dividing,severing, incising and the like:કાપવું-જુદું પાડવું વગેરે કરવું.4.To interfere, as a horse:ઘોડાની માફક વચ્ચે પડવું. 5.To make off quickly: પલાયન કરી જવું; સટકી-નહાસી જવું. 6. To divide a pack of cards:હુકમને માટે પત્તાં કાપવા-ઉપાડવાં. 7. To make a stroke with a whip:ચાબુક મારવો *To* C.*up*,to divide into portions well or ill: સારા નરસા ભાગ પાડવા; સારા કે ખોટા ભાગમાં વાંટણી કરવી. (*b*) To play pranks:છલંગ મારવી; કૂદકો મારવો. *To* C.*across*, to pass over or through in the most direct way:સૂસરું સીધું જવું.*To cut in or into*,to interrupt:વચ્ચે પડવું;ખલેલ કરવી;ભંગાણ પાડવું.*a.* Overcome by liquor;tipsy: છાકટું; પીધેલ; કેફી. 2. Gashed or divided: કાપેલું; જુદું પાડેલું.3.Carved;shaped by cutting:કાપેલું;વેતરેલું; કાતરેલું. C. *and dried*,prepared beforehand:અગાઉથી તૈયાર કરી રાખેલું; તૈયાર લેશ.

Cut(કટ્) *n.* A gash; a wound; cleft:કાપ;કાપો;છેદ;વાઢ;ઘા;ચીરો; ફાટ; ટચકો.2.(*a*)A stroke or blow with an edged instrument:કાપ;વાઢ;ઘા; જખમ.(*b*)A stroke with a whip: ફટકો.3.That which wounds the feelings;a slight:કઠોર વચન:મર્મ વચન;મેણું. 4. (*a*) A furrow; a groove:ઓભણ;ખાચો;ખાણ.. (*b*) A channel made by cutting: ખાઇ; નીક;નેહેર.5.The surface left by a cut: કાપથી પડેલી-થયેલી સપાટી *As, a smooth or clear* C.:લીસો અથવા સ્પષ્ટ કાપ. 6. A portion severed or cut off;a division;કકડો; ખંડ; ભાગ.7. An engraved block or plate:બીબું;છાપ;ચિત્ર. 8 (*a*) The act of dividing a pack of cards: પત્તાં વહેંચવાં તે;કાપણી; વહેંચણી. (*b*) The right to divide:વાંટણી;વારો; કાપ.9.Shape;style; fashion: કાપ; ડોળ;ઘાટ;વેતરણ;કાતર; તરેહ. *A short* C., ટુંકો રસ્તો.

Cutaneous, (કયૂટેનીઅસ) *a.* [*L. cutis*, skin.] Belonging to the skin: ચામડી-ખાણ-ત્વચા સંબંધીનું-ને લગતું.C.*Disease*: ચામડીનો રોગ.

Cuticle,(કયૂટિકલ્)*n.*[L.*cutis*,skin] The scarf skin; epidermis: ઉપલી ખાલ-ત્વચા-ચામડી. 2. The thin external covering of the bark of a plant:ઝાડની ઉપલી છાલ. 3.A thin skin formed on the surface of a liquid:કોઇ પણ પ્રવાહી પદાર્થની સપાટી ઉપર થયેલું પાતળું પડ.

Cutlass,(કટ્લૅસ્) *n.* [L. *culter*, knife.]A short, curving sword પહોળી વાંકી તલવાર.

Cutler,(કટ્લર્)*n.*[L.*culter*,knife.] One who makes or deals in cutlery,or knives and other cutting instruments:કાપવાના હથિયાર બનાવનાર અને તેમને વેચનાર; લવાર; સરાણીયો.

Cutlery,(કટ્લરિ)*n.*The business of a cutler: હથિયાર બનાવવાનો હુન્નર. 2.Edged, cutting instruments: બધાં કાપ કૂપ કરવાનાં હથિયાર.

Cut-purse,(કટ્પર્સ્)*n.*A pickpocket; a thief: ગજવાં કાતરૂ; ગંઠીઓ; ચોર;ઉચક્કો; ભામટો; ખીસ્સાકાતરૂ.

Cutter,(કટર્)*n.*One who cuts or hews:કાપનાર; વાઢનાર.(*b*) Esp.one who cuts out garments: લૂગડા વેતરનાર.2. An instrument used for cutting:કાપવાનું-વાઢવાનું હથિયાર; છરો;પાળી 3.A foretooth;an incisor: આગલો દાંત. 4. small boat: એક પ્રકારની હોડી-મછવો 5. A small one-horse sleigh : એક ઘોડાવાળી નાની ગાડી.6 A ruffian;a destroyer મારો;ગળાકાપુ;ખુની.

Cut-throat(કટ્થ્રોટ્)*n.*One who cuts throats;an assassin:ફાસીઓ;ગળું કાપનાર; ગળાકાપુ.

Cutting,(કટિન્ગ્) *n.* The act or operation of making an incision of severing,felling &c:છેદન;કર્તન; કાપ; કાપણી. 2. Something cut or cut off;a cut: કાપી નાંખેલી-છેદેલી ચીજ-પદાર્થ;કાપ;કાપલા;છાંટ;કાત. (*b*) Something cut out of a newspaper : ન્યુસપેપરમાંથી કરી લીધેલ ઉતારો-ફકરો. *a.* Adapted to cut: કાપે તેવું.2.Chilling; sharp: તીણું; તીવ્ર;સખ્ત.3. Severe; sarcastic; biting:માર્મિક;કડવું;તીવ્ર;તીક્ષ્ણ;હાડોહાડ લાગે તેવું;ઝાટકો વાગે તેવું; વેધક.

Cycle, (સાઇકલ્)*n.*[L. *cyclus*, a circle.]An imaginary circle in the heavens:આકાશમાં કલ્પિતવર્તુલ; ચક્ર.2.A periodical space of time marked by the recurrence of

something peculiar:કાળચક્ર; સંવત્સરચક્ર;યુગ;સ્તબક.3.An age;a long period of time:જુગ;વખત;જન્મારો. 4.A calendar:પંચાંગ;ટીપણું. 5. A bicycle or tricycle, or other light velocipede:બે કે ત્રણ પૈડાવાળી પગે દોડાવવાની ઝડપવાળી ગાડી.

Cyclic-cal,(સાઇક્લિક-સાઇક્લિકૅલ) *a.*Pertaining to a cycle:કાળચક્ર સંબંધી;વર્તુલમાં જતું-ભમતું.C.*poets,* certain epic poets: કેટલાક વીરચરિત્ર કાવ્યો લખનાર કવિયો.

Cyclone,(સાઇક્લોન)*n.*[Gr.*kuklos,* a circle.] A rotatory storm or whirlwind of extended circuit: વંટોળીઓ;તોફાન; ચક્રવાત;ઘણા ગાઉસુધીનો વંટોળીઓ-પવન;મોટું તોફાન.

Cyclopedia, (સાઇક્લોપીડિઅ)*n.* [Gr.*kuklos,*a circle and *paideia,* learning.] The circle or compass of the arts and sciences; circle of human knowledge:સર્વ વિદ્યામાળાસંગ્રહ; વિદ્યામાળા; યાવદ્ વિદ્યાવાળી; સર્વ વિદ્યાસંગ્રહ.

Cyclops,(સાઇક્લોપ્સ)*n.*[Gr.*kuklos,* circle and *ops,* eye.] A class of giants, who had but one eye and that in the middle of the forehead:એક આંખવાળા રાક્ષસ; ભાલલોચનરાક્ષસ.

Cylinder,(સિલિન્ડર)*n.*[Gr.*kulindros.*]A body of roller-like form of which the longitudinal section is oblong and cross section is circular:ભુંગળુ ; ભુંગળાકૃતિ; લંબવર્તુલ-ગોળ;નળાકાર.

Cylindrical,(સિલિન્ડ્રિકૅલ)*a.*Having the form of a cylinder or partaking of its properties:ભુંગળાજેવું; નળીના આકારનું સંબંધી.

Cymbal(સિમ્બૅલ)*n.*[L.*cymbalum,* a cavity.]A musical instrument of brass, of a circular form like a dish:ઝાંઝ;તાલ;ઝાંઝી;કરતાલ;કાંસીહુ.

Cynic-cal,(સિનિક્-સિનિકૅલ)*a.*[Gr.*kyon,* a dog.] Surly; churlish; austere-ચીઢિયું; રીસાળ; તોરી; કુટીલ. 2. Pertaining to the dog-star: લુબ્ધકના તારા સંબંધી-નું. 3. Belonging to the sect of cynics: સિનિકના પંથ સંબંધી.*n.*A snarler: a misanthrope: માણસ જાતનો ધિક્કાર કરનાર;જનદ્વેષુ;લોકદ્વેષી; મનુષ્યદ્વેષી

Cynicism,(સિનિસિઝમ્)*n* Morose and contemptuous views and opinion : કુતરા જેવો સ્વભાવ;સંસારના વૈભવનો ચીઢથી તિરસ્કાર.

Cynosure,(સાઇનોઝ્યુર)*n.*[Gr.*kyon* a dog&*oura,*tail.] The constellation of the Lesser Bear:ધ્રુવનો તારો; જ્યોતિશ્ચ. 2. Any thing to which attention is strongly turned:મોદિનિ;લક્ષ ખેંચનારી વસ્તુ; આકર્ષણ; પ્રલોભન.

Cypress(સાઇપ્રેસ)*n* [L.*cupressus,* the cypress.](*Bot*)A tree of the genus *Cupressus:*સરૂનું ઝાડ; સરવર.

Cyprus, (સાઇપ્રસ) *n.* A thin transparent black stuff:એક જાતનું પાતળું, પારદર્શક કાળું લુગડું.

Cyst,(સિસ્ટ્)*n.*A bag in animal bodies containing morbid matter:શરીરમાં રોગિષ્ટરસીથી ભરેલી કોથળી.

Cytherean, (સિથેરીઅન) *a.* [Gr. *cerigo,*an island in the Ægean sea]Pertaining to the goddess venus:શુક્રને લગતું-સંબંધી.

Czar,(ઝાર)*n* [L.*cæsar.*]A king;a chief;a title or the emperor of Russia:રાજા;શાહ;બાદશાહ;રશ્ર દેશના રાજાનો ખિતાબ.

Czarina,(ઝારીન)*n.*The title of the empress of Russia: રશ્ર દેશની રાણીના ખિતાબ.

Czaro-witz,(ઝેરોવિટ્સ) *n.* The title of the eldest son of the Czar of Russia:ઝારના પાટવી કુંવરનો-ખિતાબ-ઇલકાબ.

D.

D,(ડી)The fourth letter of the English alphabet:ઇંગ્રેજી મૂળાક્ષરનો ૪ થો અક્ષર. When softly sounded it is represented by ડ or દ્ & when aspirated by ધ્. As a numeral it stands for 500:સંખ્યા માટે વપરાય છે ત્યારે એ ૫૦૦ બતાવે છે.

Dab,(ડૅબ્) *vt.* To strike gently: થાપવું; ટીપવું; થાબડવું. 2. To strike by a thrust: હડસેલો-ઠુંસો મારવો. A sudden blow; hit: થપ્પડ; હડસેલો;ઠુંસો; ટપલી 2.A small lump or mass of anything soft or moist:લુંદો;લચકો;લપકો; લગદી.3. A skilful hand;an expert: ચાલાક-ચ ચળ માણસ; ઉસ્તાદ.

Dabble, (ડૅબલ)*vt.*To sprinkle;to moisten:ભીંજવવું;પલાળવું; ઓળવું;લદબદાવવું.*vi.*To play in water;to puddle in mud or water:પાણીમાં મસ્તી કરવી; કાદવપાણીમાં કૂદવું-હાથ પગ પછાડવા-ડુબકીઓ ખાવી. 2. To do superficially;to tamper;to meddle:ઉપલક કામ કરવું;હાથ ઘાલવો-જોવું; ચંચુપ્રવેશ કરવો; માથું ઘાલવું-મારવું. **D.** *in politics:*રાજનીતિશાસ્ત્રમાં ઉપલક જોવું.

Dabbler, (ડૅબલર) *n.* One who dabbles:ઓળનાર;ભીંજવનાર.2.One who dips slightly into anything: ઉપલગીઓ;ઉપલગ જોનાર;ચંચુપ્રવેશ કરનાર;ઉપરચોટિયો; લેલાગુ;અમથું માથું મારનાર

Dacoit,(ડકૉઈટ્)*n.*A gangrobber: ધાડચોરી કરનાર; ધાડપાડું;ડાકુ.

Dacoity,(ડકૉઇટિ)*n.*The practice of gangrobbery: ધાડચોરી;ધાડ;લૂંટ.

Dactyl,(ડૅક્ટિલ)*n.*A poetical foot પહેલો અક્ષર ગુરુ અને પછીના બે અક્ષર લઘુહોય છે તે ગણ; ભગણ.

Dactylology,(ડૅક્ટિલૉલોજી)*n.*[Gr. *dactylos,*finger & *logos,*speech] The art of communicating idea by certain movement;a method for teaching the deaf and the dumb:કરપલ્લવી.

Dagger,(ડગર્)*n.*A short sword: a poniard:ખંજર;કટાર;કટારી; જમૈયો; છરો. 2.A mark of reference:કટારના આકારનું નિશાન (†);કટારી.*vt.* To strike with a dagger: કટાર મારવી-ખોસવી-ઘોંચવી.*To look or speak* **d** *s:*આંખો કાતરવી; ગુસ્સાથી જોવું-બોલવું. *To be at* **d.** *s drawn* : સામા હોવું; એક બીજાને અણરાગ-અણબનાવ-દુશ્મનાવટ હોવી.

Daggle,(ડૅગલ્)*vt.*To dip;to wet; to dirty:રગદોળવું; પલાળવું.*vi.* To run or go through water and mud:લપટાઇ-ખરડાઇ જવું ને ચાલવું.

Daily,(ડેલિ) *adv.* Everyday;day by day: રોજ; દરરોજ; નિત્ય; હરદિન; હમેશ *a.*Happening each successive day;diurnal: રોજનું; રોજંદા; આન્હિક*n.* A publication which appears regularly everyday:રોજ દુ(પત્ર);આન્હિક.

Dainty,(ડેન્ટિ)*a.* [L. *Dignitas,* worthy.]Delicious to the palate toothsome:ભાવતું;ભાવે એવું;સ્વાદિષ્ટ; મિષ્ટ;રુચિકર;લહેજતદાર.૮.Nice; delicate : નાજુક; સુંદર 3. Over-nice; fastidious;ceremonious: સ્વાદિયું; સાંકડા ગળાનું; ચિપાસીહ;ચીકણું. *n.* A delicacy;a nicety : મિષ્ટાન્ન; ભાવતું ભોજન; જમણ; પંચામૃત; અમૃત.

Dairy,(ડેરિ)*n.* A place or room where milk is kept and converted into butter or cheese: દુગ્ધશાલા;ગોરસશાલા.2. The business of keeping milk and converting into butter or cheese: દુધ રાખવાનું-દુધનું માખણ, પનીર,મલાઇ વિગેરે બનાવવાનું કામ-ખાતું;દધિમંથનગૃહ.

Dairy-maid,(ડેરિમેઇડ)*n.*A female servant whose business is to attend to the dairy:ગોરસ ચાળાઉપર રાખેલી સ્ત્રી;ગોપકન્યા; મહીઆરી;ગોપી.

Dais,(ડેઇસ્)*a* [*L discus,*a dish.] The high or principal table to sit to dine : જમવા બેસવાનો ઉચો અથવા મુખ્ય મેજ 2. The platform slightly raised above the floor or a hall : આસન-સિંહાસન. 3. A canopy over the seat of a person of dignity: કોઇ સત્તાધારી પુરૂષના સિંહાસન ઉપરનું છત્ર.

Dale,(ડેલ્)A vale;a valley:બે પહાડ વચ્ચેની જગો; ખીણ. 2. Spout to carry off water:પાણી કાઢવાની નળી

Dalliance(ડેલ્યેન્સ્)*n.*Interchange of caresses; wanton play: સ્ત્રી પુરૂષનું રમવું; વિલાસ; કામવિષય; કામક્રીડા; કામચેષ્ટા; ઇશારાબાજી; વિહાર. 2. Delay:રસ ગાઇ;લાસરીઆપાવું;ઢીલ.

Dally,(ડેલ્લિ *vi.*To waste time in voluptuous pleasures;to linger; to delay:રસળવું;રમવું;રમત કરવું;રમતરોળીયાં કરવાં. 2. To interchange caress;to wanton;to sport:વિલાસ-કામક્રીડા કામચેષ્ટા-ઈશારાબાજી-વિષયક્રિયા કરવા *vt.* To delay; to while away: વખત નકામો કાઢવો;રસળવું.

Dam(ડેમ્)*n* [L. *domina,* a mistress.] A female parent, especially of beast:માદા;મા.2.A human mother(in contempt): માતા; મા;જણતી; જણનારી. 3. A crowned man in draughts: દામ ની રમતમાં રાજા.4.A barrier to prevent the flow of a liquid: પાણી ખાળવાને બાંધેલી પાળ;બાંધ; પુરનો;સેતુ. *vt.* To confine by constructing a dam: પાળ બનાવીને અટકાવવું-પ્રવાહ બંધ કરવો;-પાણીની ગતિ રોકવી;ખાળવું;ધરવું; બાંધ બાંધવો.2. To shut up;to restrain:બંધ કરવું;અટકાવવું;રોકવું.

Damage,(ડેમેજ્)*n.*[L *damnum,* loss.] Detriment; injury; harm; નુકશાન:જન;ખરાબી; હાની;ખલેલ;પક્કો; ધોકો.(*Pl.*)(*Law.*)Reparation in money for injury;a compensation:નુકશાની;નુકશાનનો બદલો-અવેજ. *Nominal damages* : કંઇ નુકશાન ન થયું હોય તે છતાં હક તોડયા બાબત અપાવેલી નુકશાની. *Exemplary d*s:બીજાઓને દાખલો બેસાડવા અપાવેલી નુકશાની;ફરીથી કોઇ એવું ન કરે તે માટે અપાવેલી ભારે નુકશાની.*vt.* To hurt; to injure;to impair:નુકશાન-હાની પહોંચાડવી-કરવી.*vi.* To receive damage: નુકશાની-હાની ખમવી.

Damask,(ડેમસ્ક)*a.* [*Damascus,* a town in Turkey in Asia.] Resembling the products or manufactures of Damascus:ડમાસ્કસ શહેરની બનાવટનું;-ના જેવું-ને મળતું.2.Having the colour of the Damask-rose: ડમાસ્કસના ગુલાબના જેવા રંગનું.**D.***silk,*a kind of heavy rich figured silk: કુલેદર ધાટપોત. *n* A kind of stuff woven with figures and flowers:અસલડમાસ્કસ શહેરની બનાવટનું રેશમી કાપડ. 2. Linen woven in imitation of the Damask silk: ડુમાસ; ડુમાસ. *vt.*To embellish; to variegate: કાપડ ઉપર ફુલબુટ્ટા પાડવા; સુશોભિત કરવું;તરેહવાર કરવું; ભાત પાડવી.

Dame,(ડેમ્)*n.*[L *domina,*a mistress.]A mistress;a lady in rank or culture: બાઇ; કેળવણીવાળી સ્ત્રી. 2. A mistress of a family : ઘર ખટલો ચલાવનારી સ્ત્રી; ઘરધણીઆણી. 3.A woman in general;esp. an elderly woman:સ્ત્રી;આધેડ સ્ત્રી;મોટી ઉમરની બૈરી; બાઇ; માજી; ડોશી; ઘરડાં. A mother:મા; માદા.

Damn,(ડેમ્)*vt* [L.*damno,*I condemn.]To condemn;to sentence . શિક્ષાપાત્ર-દંડપાત્ર ઠેરવવું; દોષિત ગણવું; દોષ ચઢાવવો; દૂષિત ઠરાવવું. 2 To consign to perdition:નરકમાં નાંખવું; નર્કનો-નર્કવાસનો દંડ ઠેરવવો; અધોગતિ કરવો.3. To condemn, as bad or displeasing:ધિક્કારી કાઢવું; છેક નાપસંદ કરી ધિક્કારી કાઢવું. *vi.*To curse:શાપ દેવો; બદદુવા ઇચ્છવી

Damnable, (ડેમ્નેબલ્)*a.*Worthy of or liable to damnation:નરકમાં નાંખવા જેવું;નરકપાત્ર.2.Odious;pernicious:ધિક્કારવા જોગ-યોગ્ય;દુષ્ટ; અતિદુષ્ટ;નિંદ્ય;કાળું;કાળામોઢાનું;કાળદાસીનું.

Damnation,(ડેમ્નેશન્)*n.*Condemnation;censure : ધિક્કારવું; નાપસંદ કરવું તે. 2. Condemnation to everlasting punishment in future state : નરકમાં જવું-પડવું તે; દુર્ગતિ;અધોગતિ;નરકયાતના; નરકવાસ; નરકપાત;અધ:પાત.

Damnatory,(ડેમ્નેટોરિ)*a.* Dooming to damnation; condemnatory: ધિક્કારવું;દુષ્ટ ઠરાવવું.

Damp,(ડેમ્પ્)*a.* Moderately wet; moist:હવાયલું; ચરબીવાળું; ભેજવાળું; ભીનું;આલાશીલું. 2. Dejected; depressed:ઉદાસ;દિલગીર;નાઉમેદ;નિરાશ. *n.*Moisture;humidity:ભીનાશ;ભેજ; હવા;ચરબી; ચરબ હવા. 2.Dejection; depression:ઉદાસી;ઉત્સાહભંગ;નાઉમેદી;નિરાશા; દિલગીરી. 3. Gaseous products:ઉબો;ઉબાશ;ઉબ. *vt.* To moisten;to make humid;to dampen : હવાયલું-હવાવાળું કરવું; ભીનું-ભેજવાળું કરવું;ચરબ કરવું.2.(*a*) To put out (as fire): ઓલવવું;બુઝાવું;છાંટવું. (*b*)To depress or deject:દાબી દેવું; દબાવી નાંખવું; ભાંગી નાંખવું; ઉદાસ કરવું.(*c*)To make dull : નરમ-ઢીલું-સુસ્ત કરી દેવું;નરમ ઘેંસ કરી દેવું (*d*)To weaken;to discourage:આશાભંગ-ઉત્સાહભંગ કરવું; નાશીપાશ-નાઉમેદ-નિરાશ કરવું;ધીમું-ઠંડું પાડવું.

Damsel, (ડેમ્ઝેલ્)*n.*[L. *Damna,* mistress.] A young unmarried woman; a girl; a maiden: કન્યા; કુમારી; છોકરી; જુવાન બૈરી; તરૂણ સ્ત્રી; બાળા;યુવા;યુવતી;તરૂણી;મુગ્ધા. *Celestial* **d.**અપ્સરા.

Dance,(ડેન્સ્)*vt.* To move with measured steps;to leap rhythmically:નાચવું;નૃત્ય કરવું.2.To caper: to frisk:કૂદવું;નાચવું; ઉછળવું. *To* **d.** *on a rope* or *to* **d.** *on nothing,*to be hanged:. ફાંસીએ ચઢવું-લટકવું.*vt.* To cause to dance; to dandle:નચાવવું;નૃત્ય કરાવવું;ઉછાળવું; કુદાવવું. *To* **d.** *attendance* : ખાંડ ગુલામી કરવું;-ના જોડા ઉચકવા; ખુશામત કરવી;પાછળફરવું.*n.*The leaping,tripping,or measured stepping of one who dances:નૃત્ય; નાટય; નાચ.2.A tune by which dancing is regulated:જે રાગથી નાચ કરવામાં આવે છે તે;ધ્રુપદ.

Dancing-girl, (ડેન્સિન્ગ્-ગર્લ્) *n.* Danceress;a female dancer:રામજણી;તાયફો; કલાવંતી; નાયકણ; વેશ્યા.

Dander,(ડેન્ડર) *n.* Scurf on the head:ખોડો.2.Anger: ગુસ્સો;ક્રોધ. *vi.*To wander about; to talk incoherently:રઝળવું;રઝળવું; આડાઅવળી ગમે તેમ વાત કરવી.

Dandle,(ડેન્ડલ્)*vi.* To move up and down on the knee;to caress: હાથ ખોળામાં ઉછાળીને રમાડવું.2. To toy with;to pet:લડાવવું;લાડ કરવું.3. To wheedle:ફોસલાવવું;રમાડવું.

Dandruff,(ડેન્ડ્રફ્)*n.* A scruf on the head coming off in scales or particles: માથામાં થતો ખોડો.

Dandy,(ડેન્ડિ)*n.*A fop;a coxcomb: છેલ;ફક્કડ;ટાપટીપીઓ;લાલા; લાલાલોક; વરણાગીઓ.2.A small sail:નાનોશઢ.

Danger,(ડેન્જર્)*n.*[L. *Dominus,* a lord.]Exposure to loss; evil; pain;peril;risk: જોખમ; ભો; ભય; ભીતિ;શંકા;સંદેહ;દહેશત; ધાક; ત્રાસ્તી;

નુકશાન;હાનિનો સંભવ. **D.** *of life:* પ્રાણસંકટ;પ્રાણસંદેહ. 2. Power to harm:કોઇને કાંઇ હરકત-દુઃખ કરવાની સત્તા. 3. Hesitation;coyness: આનાકાની; બીકણપણું. 4. Difficulty: sparingness;અનર્થ;અપાય;સંકટ;આપત્તિ;વિપત્તિ;કષ્ટ *vt.* To put in hazard; to endanger:જોખમ-ભયમાં નાંખવું.

Dangerous, (ડેન્જરસ) *a.* Full of risk;perilous;hazardous;unsafe: જોખમનું;જોખમ-ધાસ્તી ભરેલું-વાળું;હાનિકારક;દેહેશતવાળું;દુસ્તર. 2. Causing danger:ભયાવહ;ભીતિપ્રદ;ભયંકર. 3. In a condition of danger; threatened with death: મોતની ધાસ્તીવાળું; પ્રાણસંદેહનું; વિષમ. 4. Hard to suit;difficult to please: સંદિગ્ધ.

Dangerously, (ડેન્જરસ્લિ) *adv.* Hazardously;perilously: દેહેશત રાખવા જેવું;ધાસ્તી-જોખમ ભરેલી રીતે.

Dangle, (ડૅન્ગલ) *vi.* To hang loosely.લટકવું:ઝુલવું;ઝળકવું;ટળાઇને લટકવું; ઝોલા ખાવા;ઢિંગાવવું; ટંગાવવું;ટંગાઇને લટકવું;ઝુલતા રહેવું *vt.* To swing; to cause to dangle:હિંચકા ખવડાવવા -ઝુલાવવું; લબડાવવું; *To* **d.** *about,* to court the favour of:-ની ખુશામત કરવી;-ની મરજી ઉઠાવવી;-ની પાછળ ભમવું-ફરવું.

Dangler, (ડૅન્ગ્લર) *n.* One who hangs especially about women: પાછળ ફરનાર-ભમનાર.

Dank, (ડૅન્ક) *a.* Moist;humid;wet: ભિનું;શરદ;ભિનું;હવાયેલું *n.* A moisture;humidity: ભિનાશ; શરદી. 2. Water:પાણી;જળ. 3. A small silver coin current in Persia: ઈરાનમાં ચાલતો રૂપાનો સિક્કો.

Dapper, (ડૅપર) *a.* (*a.*) Little and active:ઠીંગણું અને છટ્ઠ; ચાલાક. (*b*) Spruce or smart:ડીંડાકીયું;ડીંડાક સાફસુફ રહેનાર;સાફસુફ.

Dapple, (ડૅપલ) *n.* One of the spots on a dapple animal:કાબર ચીતરા જનાવર ઉપરના ડાઘમાંનો એક ડાઘ. *vt.* To variegate with spots: કાબરચીતરું-રંગબેરંગી બનાવવું; અબલક કરવું. *a.* Spotted;variegated:કાબરચીતરું;રંગબેરંગી;અબલખ;પંચરંગી

Dare, (ડેર) *vi. imp.* **durst, ordared** Not to be afraid;to venture:ધૈર્ય -હિમ્મત છાતી ચાલવી-હોવી-ચલાવવી; હામ ભીડવી. *vt.* To have courage for;to venture to do:કરવાને હિંમત ધરવી;હામ-છાતી ચલાવવી; હામ-બાથ ભીડવી;બહાદુરી ચલાવવી. 2. To challenge;to provoke;to defy:ચડસે ભરાવવું;કંઇ કરવાની ઝનુન ભરાવવી; તુચ્છકારવું;ધિક્કારવું;સાહસ કરવું;ધૃષ્ટ થવું; નાદે ચઢાવવું. 3. To terrify;to daunt: બીવડાવવું; ગભરાવવું;ભયભીત કરવું. *n.* Boldness:બહાદુરી;હિંમત. 2. Defiance;challenge:મકદૂર;તાકાત; અવજ્ઞા;અવગણના.

Daring, (ડેરિન્ગ) *a.* Bold;fearless: બહાદુર;હિમતવાન; છાતીચલું;મર્દ;સાહસિક;ધૃષ્ટ;નિર્ભય;શૂર;છાતીગર;છાતીવાળું. Boldness;fearlessness;courage: હિમત;છાતી;સાહસિક કામ;હામ; ધૈર્ય; સાહસ;મર્દાઇ.

Dark, (ડાર્ક) *a.* Destitute of light; wholly or partially black:અંધારાવાળું;પ્રકાશહીન-રહિત;અંધેર; સામળું; કાળું; ઘેરું; અંધકારમય; અંધારાવાળું; અજવાળા વગરનું. 2 Mysterious;concealed;hidden;obscure:ન સમજાય એવું;ગુપ્ત;અસ્પષ્ટ;ગૂઢ;ભેદ ભરેલું;મર્મવાળું 3. Unrefined;ignorant:અજ્ઞાન મૂર્ખતાનું;જ્ઞાનરૂપી પ્રકાશ-અજવાળા વગરનું 4 Vile;atrocious;wicked:જબરી; નિર્દય;ક્રૂર;દુષ્ટ; નિંદ્ય; ઘોર. 5. Foreboding evil;gloomy:માઠું;ઉદાસી; ભયાનક;આફત ભરેલું;ભય કર. 6 Blind: આંધળું. **D.** *house,* **d.** *room,* ગાંડા માણસને પુરી રાખવાનું મકાન કે ઓરડી; અંધારી ઓરડી. *To keep* **d.,** to reveal nothing:કશું બહાર ન પાડવું, છાનું-ગુપ્ત રાખવું. *n.* Obscurity;darkness:અંધારે;અંધકાર;તિમિર. 2. State of ignorance: અજ્ઞાન;અજ્ઞાનતા;અજાણપણું *vt.* To darken: કાળું કરવું; ન ગમે તેવું કરવું.

Darken, (ડાર્ક્ન) *vt.* To deprive of light;to obscure;to make dark or black: અંધારું કરવું;અંધકાર કરવો;ઘેરું-શ્યામ-કૃષ્ણવર્ણનું કરવું. 2. To render dim;to deprive of vision: ઝાંખું કરવું;તેજ કમી કરવું;આંધળું-અંધ કરવું 3. To render less clear or intelligible:સમજવામાં અઘરું પડે એવું-ન સમજાય એવું-અગમ્ય કરવું;ગૂઢ કરવું;અસ્પષ્ટ કરવું. 4. To cast a gloom upon: (રંગમાં)ભંગ કરવું;ઉદાસ-ઉદાસીન કરવું. 5. To make foul;to sully:ઝાંખું કરવું; ઝાંખ લગાડવી;કલંકિત કરવું;નામોશી ચઢાવવી;ડાઘ-ઐબ-શરમ લગાડવી. *vi.* To grow dark:કાળું શ્યામ પડવું-થવું.

Darkish (ડાર્કિશ) *a.* Somewhat dark;dusky:જેવું તેવું કાળું-ઝાંખું;ધુંધું.

Darkly, (ડાર્ક્લિ) *adv.* Obscurely; dimly;blindly; uncertainly: ઝાંખું ઝાંખું;ઝાંખુ. **D.** *red:* ઘેરું લાલ; **D.** *green:* ઘેરું લીલું **D.** *ages:* ઇસવીસનના પાચમાથી પંદરમા સૈકા લગીનો કાળ;અજ્ઞાનયુગ. **D.** *hour:* માઠો વખત. 2. With a dark cruel look: નિર્દયતાથી; નિર્દયપણે; ગુસ્સાથી.

Darkness, (ડાર્ક્નેસ) *n.* Gloom;blackness:અંધકાર;તિમિર;કાળાશ; કાળું ઢાસ;શ્યામતા;કૃષ્ણતા. 2 A state of privacy;secrecy:પડદો;ગુપ્તતા;રહસ્ય; અપ્રસિદ્ધિ. 3. A state of ignorance; wickedness:અજ્ઞાનપણું;અજ્ઞાન;ભૂલ: ભલાવો;પાપ;દુષ્ટતા. 4. Want of clearness:અસ્પષ્ટતા;ગૂઢતા. 5. Distress or perplexity:મુશીબત;સંકટ.

Darksome, (ડાર્કસમ્) *a.* Dark; gloomy;obscure: અંધારું;કાળું; અંધકારમય.

Darling (ડાર્લિન્ગ) *a* Dearly beloved;favorite:વહાલું;પ્રિય;લાડકું; પ્યારું; વલ્લભ. *n.* One dearly beloved; a favorite:વહાલું;લાડકું; પ્રાણ;પ્યારું.

Darn (ડાર્ન) *vt.* To sew together with yarn or thread:દોરાથી સીવી-સાધી લેવું;રફુ કરવું;તૂણવું. *n.* A place mended by darning:તૂણેલો ભાગ.

Dart, (ડાર્ટ) *n.* A javelin;any missile weapon.ફેંકવાનો ભાલો; બરછી; સાંગ;શક્તિનેજો;નેઝો. 2. An arrow: તીર;બાણ 3. Any thing that pierces or wounds like a dart:હૃદય ભેદનાર;મર્મચ્છેદનાર; તીર. *vt.* To throw or hurl as a missile weapon:ફેંકવું;મારવું;મૂકવું. 2. To emit; to shoot;(વેગેકરીને)મોકલવું; આપવું; નાખવું;મુકવું;પાડવું;ફેંકવું. *vi.* To let fly or launch: (તીરની પેઠે)આવવું-પડવું; ઉડીને આવવું-પડવું. 2. To start suddenly and run: ઝડપ લેઈને નિકળી નાહાસવું; સરર છટવું; સડપ લઇ નિકળીને દોડવું;ચમકીને નાસવું.

Dash, (ડૅશ) *vt.* To cause to strike violently: અફાળવું; પછાડવું; ઠોકવું; કૂટવું; પટકવું. To shatter; to frustrate; to ruin: ભુકેભુકા-ચૂરા-કડકે કડકા કરવું;ધૂળભેગું થઇ જવા; ધૂળધાણી મેળવવું;તોડી પાડવું; બરબાદ કરવું. 3. To put to shame;to abash: શરમાવવું;ગભરાવવું;શરમ-લાજ લગાડવી; લજ્જવું 4. To throw partially;to mix with:છાંટવું; છાંટ મારવી;ભેળવવું; મેળવવું;ભેગ કરવું; મિશ્રણ-મેળવણી કરવું. 5. To execute rapidly (with *off* ફેંકી-અફાળી મારવું; ઝપાટાથી તૈયાર કરી દેવું;ઉભું કરી દેવું. 6. To strike out:ઠોકવું; ચેરી નાખવું; ઉપર છેકો મારવો *vi.* To rush with violence; to come in collision: અથડાવું; પછડાવું;કુટાવું; ઝપટાવવું; અફળાવું. *n.* A violent striking of two bodies;crash:અથડાવું તે; ટક્કર; અથડા અથડી. 2. Check;ruin:અટકાવ;પ્રતિ-

બંધ;અવરોધ;ભંગ; ધુળધાણી. 3. An admixture, adulteration: ભેળ; અંશ;ભાગ;છાંટ;આભાસ;ભેગ; મેળવણી. 4. A rapid movement: ધસારો; હુમલો;ઝપાટો;ઝાપટુ.5.A vain show of blustering parade: આડંબર; ડોળ;ભભકો:ફોગટ ધામધુમ: દંભ. 6.A mark of line,thus [-]ગુરૂ રેખાયા. 7.Animation;spirit: જુસ્સો;દબદબો D.*board*.બળદ કે ઘોડાના પગથી કાદવપાણી ઉડાને ગાડી કે ઘોડાગાડીમાં આવતું બાળવાનું વાહનના આગલા ભાગમાં જડેલું પાટીઉં; સૂપડી.

Dashing,(ડૅશિન્ગ)*a*.Showy; bold; spirited:ધુસનારૂ,ધુસણીઉં; ધુસી જનાર,હીમતવાળું; ધુસણીયું; ભીડે એવું; જુસ્સા ભરેલું;સપાટાબંધ કરેલું.

Dastard,(ડસ્ટર્ડ) *n*. An arrant coward;a plotroon: બીકણ;બાયલું નામર્દ માણસ;હીચકારો.*a*.Cowardly: બીકણ;બાયલું; પોતીઆળોદુ; અમતિભીરૂ; હીચકારૂ. *vt*. To intimdate; to dispirit:નામર્દ-નાહિમત કર.

Dastardly, (ડૅસ્ટર્ડલિ)*a*. Meanly timid;base;sneaking:નામર્દ;બાયલું

Data,(ડેટ)*n* [L *do*, I give.] *pl*. [*Sing*. **datum**.] A ground of inference of deduction: મુદ્દાની વાત-આધાર-હકીકત-આશય; સ્વીકૃતપક્ષ; ઉપન્યાસ; નિર્દિષ્ટવાત; નિર્દિષ્ટ.

Date,(ડેટ્)*n*.[L.*do*,I give.] That addition to a writing,inscription coin&c.,which specifies the time when it was given or executed:તારીખ; દહાડોવાર; મિતિ; તિથિ.2.Precise period;epoch: દહાડો;વરસ-વર્ષ;કાળ;સમય 3.End;conclusion:છેડો;અંત;છેવટ.4.Duration continuance:મુદ્દત;આયુષ્ય;કાળમર્યાદા;આવરદા;અવધ. 5. The fruit of the date palm:ખજુર;ખારેક. *Out of* **d**., બાળાતીત; અરદ્દ; હાલ ચાલતું ન હોય એવું.*Dried* **d**.,ખારેક **D**. *juice* નીરો;તાડી. *vt*. To note the time of writing or executing:તારીખ-દહાડો-વાર -મિતિ માંડવી--લખવી--પૂરવી નાખવી.2.To note or fix the time of:-નો નક્કી વખત-દહાડો-કાળ કહેવો-મુકરર કર.*vi*. To have beginning: આરંભ-શરૂઆત-પ્રારંભ-મંડાણ હોવું. 2. To have a date: તારીખ હોવી.

Date-tree,(ડેટ્ ટ્રી)*n*.(*Bot*.)The genus of palms which bear dates: ખજુરી.

Dative,(ડેટિવ્)*a*.[L.*do*, I give.] Pertaining to the case of a noun which expresses the remoter object:ચોથી વિભક્તિ-ચતુર્થી-સંપ્રદાન વિષેનું.2.(*Law*)(*a*)In one's gift: પોતાની મરજીમાં આવે તેમ આપી શકે ગમેતેમ વ્યવસ્થા કરી શકે તેવું.(*b*) Removable;not perpetual:કાયમ નહિ એવો;હંગામી. *n*. The dative case:ચતુર્થી-સંપ્રદાન વિભક્તિ.

Daub,(ડૉબ્)*vt* (*L.de*, & *albus*, white.]To smear with soft,adhesive matter;to plaster:લપેડવું; ખરડવું;પીળવું.2.To paint in a coarse manner: લપડવું;થપડવું; લપેડી મૂકવું; ઠપકા ઠપકા પાડી મૂકવા. 3. To disguise;to conceal:ઢાંકવું;છુપાવવું;સંતાડવું;દબાવી-દાબી રાખવું 5.To dock awkwardly: કદંગી રીતે શણગારવું; નશેબંધે તેવી રીતે અકૃત કર. *n*. A viscous,sticky application; a smear.ઠબકાડબકા; લેપ; વિલેપન. 2. (*Paint*.)A picture coarsely executed.જેમાં રંગના ઠબકા ઠબકા-પાડી મૂકેલા હોય એવી છબી;કુચિત્ર;ખરાબ છબી

Dauby,(ડૉબિ)*a*. Viscous;adhesive-ચિકણું;ચિકટ.

Daughter,(ડૉટર)*n*. (*a*) The female offspring of the human species:પુત્રી;દુહિતા;બેટી;દીકરી;સુતા; કન્યા.2.A female descendant: કુલપુત્રી;સ્ત્રીવંશજ.3. A son's wife; a daughter-in-law: છોકરાની વહુ; વધૂ; પુત્રજાયા.

Daughter-in-law,(ડૉટર્-ઇન્લૉ) *n*. The wife of one's son: છોકરાની વહુ;વધૂ;પુત્રજાયા.

Daunt,(ડૉન્ટ્)*vt*.[L.*domo*,I tame.] To repress or subdue the courage of;to intimidate:હિંમત વિગેરે દાબી નાંખવું; ધાક બતાવવી; ગભરાવું; બીવડાવવું;-ને ભય-ધાસ્તી પહોંચાડવી; ડરાવવું; નાહિંમત કર; ધૈર્યભંગ કર.

Dauntless,(ડૉન્ટલેસ્)*a*.Bold;fearless;intrepid: દબાય-બીહે-ડરે નહિ એવું; હિંમતવાન;છાતીવાળું;નિર્ભય;બહાદુર;ધીર; મર્દ; નિડર.

Dauphin,(ડૉફિન્)*n*. The title of the French heir-apparent:ફ્રાન્સના પાટવી કુવરનો ખિતાબ.

Dawdle,(ડૉડ્લ) *vt*. To trifle;to waste time in trifling employment: વખત ગુમાવવો; રસળવું;માંખો મારવી કરવી. *vt*. To waste by trifling: રસળીને-રસળ્યામાં-જાણી જોઇને ગુમાવવું.

Dawn,(ડૉન્)*vi*.To grow light: ઉગવા-ફુટવા માંડવું;અજવાળું થવા માંડવું; પોહો ફાટવા માંડવો;ઉજેસ થવો;અરૂણોદય થવો;મળસકુ થવું; પ્રભાત થવું. 2.To begin to expand;to begin to appear:ઉગવા-ખીલવા-દેખાવા-નીકળવા માંડવું;-ની-નીશાની જણાવી;ઉદય થવો;ફુટવું.*n*.The break of day: સવારનું પહોર;વહાણાનું પહોર; પ્રભાત; પ્રાતઃકાળ;અરૂણોદય; મળસકું; પરોઢિયું. *Early* **D**.: મોડુ પરોઢીઉં; બગબગુ. 2.Beginning;rise:ઉદય; શરૂઆત; આરંભ;પ્રારંભ. **D**. *of civilisation*: સુધારાનો આરંભ.

Day,(ડે)*n*.The time of light; the time between sunrise & sunset; light itself:દહાડો;દિવસ;દિન; અજવાળું.*Pay of a* **d**.,રોજ;રોજી;દાડિ.2. The period of the earth's revolution on its axis:દહાડો; દિન; દિવસ;દહાડો રાત; અહોરાત્ર; અહર્નિશ. *Auspicious* **d**., સુદિન;મંગળ દિવસ; સારો દહાડો.*Happy* **d** ,સોનાનો દિવસ; સુદિન;માંગલિક દિવસ. *Now-a-days*: આજ કાલ; હમણાં.3.Any specified time or period;age;time.દહાડો; સમય;વખત;કાળ;જમાનો.4. Day of battle;victory:યુદ્ધદિવસ;યુદ્ધ; લડાઈ;જીત.*From* **d** *to* **d**.,દિવસ જતાં;વખત વીતતાં;દિવસે દિવસે.*Jewish* **d**.: the time between sunset & sunset:સંધ્યાકાળથી તે બીજી સંધ્યાકાળ સુધીનો દિવસ. *To win the* **d**., to gain the victory:જય મેળવવો; વિજયી થવું;યશ પામવો;ફતેહમંદ નિવડવું. *Week* **d**.: રવિવાર સિવાયનો અઠવાડિયાનો ગમે તે દિવસ. *Only from* **d**.*to* **d** :નિત્ય નિત્ય;નિત્ય ઉઠીને. *Days of grace*: મહેતલ; છુટના ત્રણ દિવસ. *To day*,on the present day;this day:આજે; આજ.

Day-bed,(ડે-બેડ્)*n*.A couch or sofa:કોચ; પલંગ; સોફા.

Day-book,(ડે-બુક્)*n* A journal of account:રોજમેળ;રોજનામું; કાચોમેળ.

Day-break-spring, (ડે બ્રેક્-સ્પ્રિન્ગ્)*n*.The time of the first appearance of light in the morning:પ્રભાત;પ્રાતઃકાળ;પરોઢિયું; મળશકું; પરોઢ; અરૂણોદય

Day-labourer,(ડે-લેબરર્)*n*.One who works by the day: મજુર; મજુરણ; દાડિયો; બેલદાર; રોજે મજુરીકામ કરનાર.

Day-maid,(ડે-મેડ્) *n*. A dairy maid: દુધવાળી; મહીઆરી; ગોપકન્યા; ગોપી.

Day-star,(ડે-સ્ટાર્)*n*.The morning star;the star which ushers in the day:શુકનો તારો;પ્રભાત નક્ષત્ર.

Dazzle,(ડૅઝલ્)*vt*. To overpower with light:આંજ નાંખવું;ઝંખવી નાંખવું;આંજવું;આંધળું કર.2.To strike with admiration or surprise;

to bewilder with display o any kind:આંજવું; આશ્ચર્ય પમાડવું; છક-ચક્તિ ક૦;છક્ક કરી દેવું; વિસ્મય પમાડવું.*n* A light of dazzing brilliancy: આંજી નાંખે-ઝાંખુ કરે-આધળું કરે એવું તેજ-ચળકાટ-ઝળઝળાટ. *vi.* To be overpowered by light:ઝાંઝવા વળવાં; આંજાઈ જવું;ઝાંખ પડવી-વળવી.

Deacon,(ડીકૉન્)*n.*[L. *diaconus*, a servant.]In the Roman Catholic and Episcopal churches, a person admitted to the lowest order in the ministry,subordinate to the bishops and priests: ખ્રિસ્તધર્મનો એક ઉતરતી પદવીનો અધીકાર;ઉતરતા દરજ્જાનો પાદરી; 'ડીકન'. 2.An overseer of the poor: ગરીબ લોકોની ઉપર દેખરેખ રાખનાર; ની સંભાળ લેનાર.

Dead(ડેડ્)*a.*Deprived of life:મુએલું; મરેલું;મરી ગયેલું; પ્રાણવિહીન-રહિત; પરલોકવાસી;સ્વર્ગવાસી. *A d body.*મુડદું;શબ;લાસ; પ્રેત.2. Inanimate; lifeless:નિર્જીવ; અપ્રાણી;જડ;અચેતન. 3.Deathlike:મરી ગયા જેવું; ઘોર;ગાઢ; ભર.4 Motionless;inactive; useless:નિશ્ચેષ્ટ;જડ;સ્તબ્ધ;સ્થિર;ભારેશલ્ય. 5 Soundless:બ્હેરું;અવાજ ન નીકળે એવું.6.Unproductive; unprofitable:નફો ન મળે એવું;જેમાંથી કાંઈ પ્રાપ્તિ ન થાય એવું;અપ્રાપ્તિકારક;ટાદું; as, *d.capital*:ટાદી મુડી.7.Dull;cheerless:નિરસ;નિસત્વ;ફિક્કુ;ઝાંખુ;મંદ; ઉદાસીન;તેજ-તેજી-ભલક વિનાનું 8 Monotonous or unvaried: એક સરખું; એકતરેહનું; સળંગ;એલુંનેએલું.9.Unerring;fixed;complete: સચોટ; રામબાણ;આબાદ;સંપૂર્ણ; પુરેપુરું;પાકું. 10 Not brilliant:not rich:ઝાંખું;નિસ્તેજ;ફિક્કું.11.Not imparting motion:ગતિ-વેગ ન આપતું;સ્થિર; ન ચાલતું **D.** *works*:શ્રદ્ધાવગરનાં ધર્મ કર્મો. **D** *certainty*:પાકી ખાત્રી. **D.***Darkness*: અંધારું ઘોર. **D.** *sleep*: ભર-ઘોર ઉઘ **D** *weight*:બેઠો ભાર **D** *stock*:અપ્રાપ્તિક ભંડોળ-ધન-પુંજી.**D.** *level*:એકસરખી સપાટી.**D.***letter office*: ન ઘણીઆતા કાગળ ફેાડી તેનો નીકાલ કરવાનું જેનું કામ છે એવું ડાગ ઓફીસનું એક ખાતું -અંગ.**D.** *calm*, no wind at all: સમસમાકાર;સુમસામ. **D.** *horse*: આગળથી આપેલા પગારનું દેવું. **D.** *lift*, extreme emergency:ખરેખરી આવશ્યકતા; અણીનેા વખત **D.** *pledge*,a mortgage:ગીરો;ધરેણીયાત.**D.** *shot*, (*a*)an unerring marksman: રામબાણ નિશાન તાકનાર-તિરંદાજ. (*b*) A shot certain to be made: સચોટ નિશાન.**D.***wind*: સામેા-પ્રતિકૂળ પવન **D.***language*:નહિ બોલાતી-બોલાતી બંધ થયેલી ભાષા *A* **d.** *letter*, (*a*)ન ઘણીઆતેા કાગળ.(*b*) લુપ્તાર્થ વચન. *adv.* To the last degree; completely;exactly:અતિશય;બરાબર;અંતસુધી**D.***drunk*, so drunk as to be unconscious:ગટર માપવું; ભાન જવું રહેલું એટલું પીધેલું; તૈયાર; ડેડે થયેલું. *n.* The most quiet or deathlike time:ઘણેા શાત-મંદ્યબરવખત. 2. Those who are dead (*collectively*). મરી ગયેલાં માણસેા. **D.***of night*:રાતનેા સુનકારનેા વખત. **D.***of winter*:ભર શિયાળેા. *vi.* To lose life or force: જીંદગી જોર-જુસ્સેા ખોવેા.*vt.*To make dead; to deprive of vigour: મારી નાંખવું; જુસ્સેા-દમ કાઢી નાંખવેા.

Deaden,(ડેડન્) *vt.* To impair in vigour,force or sensibility; to blunt:શક્તિ વગરનું-અશક્ત ક૦; મંદ-દુર્બળ-ઝાંખું ક૦; શિથિલ ક૦; તેજ હરી લેવું;બહેરવાળું ક૦; કમી કરવું. 2. To retard:-નેા વેગ ઓછેા-કમી ક૦; ધીમુંનરમ પાડવું.3.To make vapid or spiritless:ટહાડું પાડવું;કસ-દમવગરનું ક૦;જલેહ ઓછી ક૦; આછું જલદ બનાવવું; આછું તેજ કરવું.

Deadly,(ડેડ્લિ)*a.*Fatal; mortal; destructive:જીવ-પ્રાણ લે એવું; પ્રાણઘાતક; મારક; પાણનાશક; ઘાતક; મૃત્યુદાયક;પ્રાણહર્તા.2.Implacable; desperately hostile:કટ્ટું;હડહડતું;હાડોહાડ.3.Subject to death;mortal: વિનાશી; નાશવંત; કાલવશ; અનિત્ય; મરણાધીન. **D.** *nightshade*, belladona:બેલેડોના નામનેા ઝેરી છોડવેા. **D.***enemy*:કટ્ટો દુશ્મન. **D.** *poison*: હળાહળ ઝેર.**D.** *wound*:કારી-કારમેા ઘા.*adv.* In a manner resembling death:ફીક્કું પૂણી જેવું હોય તેમ; નિસ્તેજ રીતે.2.In a manner to occasion death; mortally: પ્રાણાંતપણે;મરણતોલ. 3. Extremely: અતિશય;બહુજ.

Dead-march,(ડેડ્-માર્ચ)*n.*A piece of solemn music intended to be played as an accompaniment to a funeral procession:મુડદાં દાટવા લઈ જતી વખતે લશ્કરી વાજામા જે રાગ વગાડવામાં આવે છે તે.

Deaf,(ડેફ્)*a.*Partially or wholly wanting the sense of hearing: બ્હેરું;બધિર; સુનકાર; મંદશ્રવણશક્તિ. વાળુ.2. Unwilling to hear or listen;regardless: સાંભળવાને નાખુશ;બેદરકાર; ન ગણકારનાર; કશાથી ન પલળે એવું; કાને ન ધરે તેવું;બ્હેરું થઈને બેઠેલું 3 Deprived of the power of hearing;deafened:જેમ સુનકાર; કાનનું કુટયું; કર્ણશૂન્ય; સુનાકાનનું. 4. Obscurely heard:જેવું તેવું સંભળાય એવું; ધીમું.5. Decayed;tasteless: ખોખરું; તત્વ વગરનું; પોલું.

Deafen,(ડેફ્ન્)*vt.*To make deaf or deprive of the power of hearing:બહેરું કરવું; કાન ફોડવા.2.To render impervious to sound:અવાજ-ઘોંઘાટ આવે નહિ એવું કરવું; બ્હેરું ક૦.

Deaf-mute,(ડેફ્મ્યૂટ્)*n.*A person who is deaf and dumb: બેહેરું તથા મૂગું;મૂંગું માણસ.

Deal,(ડીલ્)*n* (*a*) A part or portion;a share:ભાગવિભાગ. (*b*) An indefinite quantity; degree or extent;this sense is best rendered in *Gujerati* by:ઘણું; પુષ્કળ: અત્યંત;અતિ; વિ૦.as *a.***d.***of trouble*; ઘણી મુશીબત;*a.***d** *of cold*: ભારે ટાઢ. 2.The distribution of cards:વહેંચણી;વાંટ;વાંટણી.3. A board or plank:પાટીયું.4.Firwood: દેવદારનું લાકડું.5.Distribution;apportionment:ભાગ;પાંતી;વહેંચણી;વાંટણી. *vt.* To divide; to distribute:-માંથી ભાગ કાઢી આપવેા; વહેંચી આપવું. 2. To give in portions;to bestow in succession:વહેંચવું; વહેંચી આપવું;એક પછી એક-ક્રમે આવે તેમ આપવું. *vi.* To distribute;to share out in portions:પાનાં વહેંચવાં;વહેંચવું.2.To intervene or meditate: વચમાં પડવું;-ની ભાંજગડમાં પડવું. 3. To traffic;to trade: ધંધેા-વ્યાપાર-વેપાર ક૦-ચલાવવેા;આપ લે હોવી-કરવી; કોઇ પણ પ્રકારનેા વહેવાર-લેવડદેવડ હોવી.5. To behave well or ill;to act:ચાલવું;વરતવું;વર્તણુંક રાખવી. 6. To contend(with);to treat(with) સાથે કામ લેવાનું હોવું;-સાથે કામ પાડવું; ની સાથે પ્રસંગ પડવેા-હોવેા. *To* **d.***by*,to treat either well or ill: વર્તવું;ચાલવું;વર્તન ચલાવવું. *To* **d.***in*, (*a*) to have to do with; to be engaged in:-મા પડવું;ચાલવું; ખેડવું. (*b*)To buy & sell:વેચવું સાટવું;-નેા વેપાર ક૦.*To* **d.***with*, (*a*)to treat in any manner: ગમે તેમ વર્તવું;ચાલવું.(*b*)*To* trade with:-નેા વેપાર ક૦.(*c*)To reprove solemnly:-ના કાન ઉઘાડવા;સારી શિખામણ આપવી; ખરેા રસ્તેા બતાવવેા.

Dealer,(ડીલર્)*n.*A trader;a shopkeeper:ધંધેા-વેપાર કરનાર;વેપારી. 2. One who distributes cards to

the players:વાંટનાર.

Dealing,(ડીલિન્ગ્)*n.*Trade: ધંધો; વેપાર;ઉદ્યમ.2. Transactions of any kind;intercourse: વેહેવાર;લેવડદેવડ આપલે;વહિવટ;સંસર્ગ. 3. Conduct; act:વર્તણુક;ચાલ;વર્તન;આચરણ; ચેષ્ટા; કર્મ *Doubtful* **d.**કપટનો વ્યવહાર;કપટ *Fair* **d.**:સીધો વ્યાજબી વહેવાર-વર્તન.

Dean,(ડીન્)*n.*An ecclesiastical dignitary:ઇંગ્લાંડમાં અધ્યક્ષથી ઉતરતા દરજ્જાનો એક ધર્માધિકારી. 2. An officer in a university or college:યુનીવર્સિટી તથા કોલેજનો એક અધિકારી.3.The head or chief of the faculty in a university:પાઠશાળામાં અધ્યક્ષોના મંડળનો ઉપરી. 4.A secretary of the faculty: અધ્યક્ષોના મંડળનો સેક્રેટરી.

Deanery,(ડિનરી)*n* The officer or revenue of a dean:"ડીન"ધર્માધિકારીની-પેદાશ અથવા હોદ્દા-મુલક. 2. The residence of a dean: ડીનનું રહેઠાણ.3.The territorial jurisdiction of a dean:"ડીન"ની હકુમત.

Dear,(ડીઅર્)*a* Costly; expensive: ભારે કિંમતનું;ભારે મૂલનું;મોંઘુ.2.Marked by scarcity or dearth:મોંઘવારીનું; મોંઘું 3. Highly valued; greatly beloved:વહાલું;લાડકું; પ્રિય;પ્યારું.4. Heartfelt; engaging the attention:હૃદય;મનનું ધ્યાન લક્ષ્ય રોકનાર.*n.*Lover;sweet heart:પ્રાણ;પ્યારા-પ્યારી;પ્રિયા; પ્રિયે; પ્રાણનાથ; પ્રિયુ;પ્રાણજીવન;પ્રાણાત્મા. *adv.* Dearly;at a high rate: ઘણી કીમતે; મોંઘી રીતે;મોંઘું;મોંઘવારીથી; ભારે;અત્યંત.*vt.*To make dear:મોંઘુ કર.

Dear-born,(ડીઅર્-બૉર્ન્) *n.*A four-wheeled carriage with curtained sides:એક ચાર પૈડાંની ગાડી.

Dearly,(ડીઅર્લિ)*adv.* With affection;earnestly:પ્યારથી; આતુરતાથી; સ્નેહથી; હેત-પ્રેમપૂર્વક. 2. At a high price:ઘણી ભારે કીમતે;ભારે

Dearth(ડર્થ્)*n* Scarcity:અછત;ખોટ; તોટો;મોંઘવારી;અભાવ;અપ્રાપ્તિ;તંગાશ. 2.Want;famine:કાળ;દુકાળ; દુષ્કાળ.

Death,(ડેથ્)*n.* Extinction; decease;exit:મોત;મરણ;મૃત્યુ;દેહત્યાગ; પરલોકગમન; કાળ; અંત. *Banns of* **d.**,*snare of* **d.**: કાલપાશ; યમપાશ; મૃત્યુપાશ. *One on the point of* **d.** મૃત્યોન્મુખ;મરણ પથારીએ પડેલું.*Sleep of* **d.** કાળનિદ્રા; મહાનિદ્રા; દીર્ઘનિદ્રા. 2.Total privation;extinction:નાશ;લોપ. 3. Mode or manner of dying:મરણ-મૃત્યુનો પ્રકાર;મૃત્યુ. 4. Cause or agent of life:મરણકારક રોગ;જેથી મરણ થાય તેવી વસ્તુ.5.The distroyer of life:કાળ;કાળસર્પ; કૃતાંત;યમ;જમદૂત.6.Danger of death: મોત-મૃત્યુનો ભો-ભય. **D.** *adder*, a kind of viper:એક જાતનો ઝેરી સાપ. **D.***bell* મરણઘંટ;મરણસૂચક ઘંટ. **D.** *candles*;મૃત્યુનું ભવિષ્ય સૂચવનાર મિણબત્તિના જેવું અજવાળું. **D.** *damp*, મૃત્યુ વખતે શીત ઢળવા તે.**D.** *rattle*, ઘરેડો;ઘરટલો;શ્વાસ ચાલવો તે (મરતી વખતનો).**D.***warrant*(*a*), ગુન્હેગારને ફાસીએ દેવાને માટે યોગ્ય સત્તાધીશ તરફનો હુકમ.(*b*) આશા, વાંચ્છા કે આનંદની સમાપ્તિ કરનાર-લઇ લેનાર. **D.** *wound*,(*a*)a fatal wound or injury:પ્રાણઘાતક ઘા કિંવા દરદ.(*b*)The springing of a fatal leak:વહાણ ખુરાડે એવું ગાબડું પડવું તે. *To be the* **d.***of*,to be the cause of death to:મારી નાખવું;ના મરણનું કારણ હોવું. *Civil* **d.**, the separation of a man from civil society: સંસાર બહિષ્કૃતતા; સંસારબહિર્મુખતા. *Spiritual* **d.**: ધર્મભ્રષ્ટતા; દુષ્કર્મથી આત્મા દુષ્ટ થઈ જઇ તે કારણથી ઇશ્વરની અકૃપા થઇ ગઇ હોય એવી સ્થિતિ; દેવોપસૃષ્ટત્વ; ઇશ્વરોપસૃષ્ટત્વ;પતિતપણું. *The hour of* **d.**: અંતકાળ.*To be at or on the point of* **d.**: મરણ પથારીમાં મરવાની તૈયારીમા-મરવા પડેલા-ચોકે નાખેલા હોવું.*Violent or unnatural* **d.**: કુમરણ; કમોત.

Death-bed,(ડેથ્બેડ્)*n.*The bed on which a person dies: મરણશૈયા; મરણપથારી.Hence,the last sickness:છેલ્લો માંદવાડ-માંદગી.

Deathless(ડેથ્લેસ્)*a* Non-subject to death or destruction:મરે નહિ એવું;અમર;નાશ ન પામે-જતુ ન રહે એવું;અનશ્વર; અમર્ત્ય.

Death's-head,(ડેથ્સ્હેડ્) *n.* The skull of a human skeleton:હાડપિંજરમાં માથાની ખોપરી. 2. The picture of the skull of a human skeleton:માણસના હાડપિંજરના માથાનું ચિત્ર-છબી.

Debar,(ડીબાર્)*vt.* [L *de* & *bar.*] To shut out or exclude;to deny or refuse:વચ્ચે આવી નડવું; હરકત-અટકાવ કર;રોકવું;પ્રતિબંધ કર; વારવું; અટકાવવું;ની ના કહેવી.

Debark, (ડીબાર્ક્)*vt.*To land from a ship or boat;to disembark;to put ashore:વહાણ-મછવામાંથી જમિન પર-કાંઠે-કિનારે ઉતારવું. *vi.* To go on shore:કાંઠા-કિનારાપર જવું.

Debase,(ડીબેસ્)*vt.*To degrade;to lower;to abase:નીચું-હલકું-હીન પાડવું-કર;પાયરી ઉતારવી; ઓછું-કમી કર; ભગાડવું; માન-શોભા-કિમત ઓછી કર; ગૌરવ-શુદ્ધતા-પવિત્રતા ઘટાડવી;અવજ્ઞા-અવગણના કર.

Debasement,(ડીબેસ્મેન્ટ્)*n.* The state of being debased;degradation:અપકર્ષ; અવજ્ઞા; અપકૃષ્ટતા;ભગાડો; અધોગતિ;નીચસ્થિતિ;માનહાનિ; તેજોહાનિ;ભગાડો;માનન્યૂનતા.

Debasing,(ડીબેસિન્ગ્)*n.*Degrading lowering:નીચે પાડે એવું; નીચું-હલકું પાડનાર; દોષ લગાડનાર; ભગાડનાર;દુષણકારક;અપકર્ષકારક.

Debate,(ડીબેટ્)*n.*[L. *de* & *batuo*, I beat.] A fight; contest or strife:લડાઇ;કજીઓ;તકરાર. 2. Dispute;controversy: વાદ:સંવાદ;વિવાદ;વાદાનુવાદ;તકરાર; વાદયુદ્ધ; વિતર્ક; વાદવિવાદ.3.Subject of discussion: વિવાદવિષય-વસ્તુ; વિવાદાસ્પદ. *vt.* To engage in combat for; to strive for: ને વાસ્તે લઢવું-મારામારી કર.2.To contend for in words in arguments;to discuss to argue: વિષે તકરાર ચલાવવી;-વિષે સામસામા વાદ કર-લેવો;તકરાર કર;વાક્યુદ્ધ કર; ટપાટપી કર.*vi.*To contend;to struggle; to dispute:તકરાર કર; વાદવિવાદ કર;વિચાર કર;વાટ ઘાટ કર.

Debater,(ડીબેટર્)*n.* One who debates;a disputant;a controvertist: વાદવિવાદ-તકરાર કરવામાં હુંશિયાર-પ્રવીણ;હેતુવાદી;વિવાદો;વિતર્કી.

Debauch(ડીબોચ્)*vt.*To lead away from purity or excellence; to lead astray;to seduce:ચળાવવું;-નું મન ચળાવવું; ભ ભેરવું; ખેવફાદાર કર. -ને બદફેલી શીખવવી:-ને નિમકહરામી કરતા શીખવવું;ભમાવવું;ભગાડવું;ખરાબ કર; ને દોષ લગાડવો;-ને કુચાલ-કુલત-દુર્વ્યસન શિખવવું; વહેવડાવવું; ભ્રષ્ટ કર; આડે રસ્તે ચડાવવું; ભગાડવું;-નું પતિવ્રત્ત ભંગ કર:દૂષિત કર.*n.* Intemperance;drunkenness: ખાવા પીવામાં વહી જવું તે;દુર્વ્યસન.2 Lewdness; debauchery: વ્યભિચાર; ૨ ડીબાજી; લ પટપગ;બદફેલી;સોદાઇ;બદકર્મ.

Debauchee,(ડીબોચી)*n* A man habitually lewd;a rake;a libertine:ખાવા પીવામાં વહી ગયેલો છાકટો; દુર્વ્યસની ;છીનાળવો;લ પટ; કાછડીછૂટો સોદો;૨ ડીબાજ;વ્યભિચારી;વિષયી.

Debauchery,(ડીબોચરિ)*n.*Seduction from duty or allegiance: બદફેલી;ખેવફાદારી; નિમકહરામી.2.Intemperance; sensuality; lewdness:ખાવા પીવાની લત-શોખ;છાકટાઇ; દુર્વ્યસન;બદફેલી; સોદાઇ;બદકર્મ;૨ ડી-

બાજી;વ્યભિચાર;લંપટપણું; વિષયાસક્તિ.

Debenture,(ડીબેન્ચ્યૂર)*n.*[L.*debeo*, I owe.] A writing acknowledging a debt:લેહેણાની વ્યાજુ ચીઠ્ઠી-કબુલાતનામું; પ્રતિજ્ઞાપત્ર; ખત. 2.A custom-house certificate entitling an exporter of imported goods to a drawback of duties paid on their importation:જકાતપરતનો હુકમ;વળતર ચીઠ્ઠી.

Debilitate,(ડીબિલિટેટ) *vi.* [L.*de* & *hobilis*,able.] To impair the strength of;to weaken:શક્તિ ઘટાડવી; નબળુ -અશક્ત-કમજોર કરવું;-ની શક્તિ-બળ-જોર કમી-ઓછું કરવું; દુર્બલ-ક્ષીણ કરવું;તેજ હરવું.

Debility,(ડીબિલિટિ) *n.* Want of strength;weakness;languor;imbecility:કમકોવત; નબળાઈ; શક્તિહીનતા;દુર્બલતા;અશક્તતા; તેજહાનિ; કમજોરી;નાતવાની.

Debit,(ડેબિટ)*n.*[L.*debeo*,I owe.] A recorded item of debt: જમેજમા રકમ.(*b*) The side of an account in which every indebtedness is entered:જમે પાસુ-બાજુ.(*c*) Money or anything due; debt: લેહેણું;માંગણું; દેવું. *vt.* To charge with debt: ખાતે લેહેણું કહાડવું;ઉધારવું;-ને નામે-ખાતે લખવું; ખર્ચ લખવું પાડવું. 2. To enter on the debtor side of a book: જમા-જમે કરવું-લખવું.

Debonair,(ડેબોનેર)*a.*Courteous; gentle;complaisant: સભ્ય; નમ્ર; લાયક;લાયકીવાળું; અસીલ-સુશીલ;આર્ય;સુવિનીત.

Debris,(ડેબ્રી)*n.*Fragments detached from a rock or mountain, and piled up at the base: ખડકપહાડમાંથી જૂદા પાડી તળેટીમાં ઢગલો કીધેલા પથરા-ગચીયાં;ગાબડા.2. Rubbish;remains:છારૂં;કચરો;પુંજો; ખડેર;છારઉંટ.

Debt,(ડેટ)*n.*[L.*de* & *haceo*,I have.] Due;obligation; liablity: કરજ; દેવું: દેણ;દેન; ફરજ; ઋણ. *The* d. of *nature*:મરણ.*Bad debt*: ખુટત લેહેણું. 2.A fault;a sin:પાપ; અપરાધ; ગુન્હો;વાંક;દોષ.3. An action at law to recover a certain specified sum alleged to be due: દાવો.

Debtor,(ડેટર)*n.*The person who owes another money,goods or services:કરજદાર; દેવાદાર; ઋણવાન.

Debut;(ડેબ્યૂ)*n.* A beginning; a first appearance before the public:શરૂઆત;પ્રારંભ;આરંભ; પ્રાગટ્ય;પહેલો પ્રવેશ.

Decade,(ડેકેડ)*n.* [L.*decas*, ten things together.] The sum or aggregate of ten (esp.of years): દશક;દશકો;દાયકો;દશકું.

Decagon,(ડેકેગોન્)*n.*[Gr.*deka*,ten and *gonia*,an angle.] A plane figure having ten sides and ten angles:દશકોણ;દશકોણાકૃતિ.

Decalogue,(ડેકેલોગ્)*n* [Gr.*deka*, & *logos*,discourse.]The ten commandments given by God to Moses:મૂસા પેગંબરને ઇશ્વરે કરેલી દશ આજ્ઞા;ઇશ્વરઆજ્ઞાદશક;દશઆજ્ઞાવલી.

Decamp,(ડીકૅમ્પ)*vi* [L.*de*& *camp*] (*a*)To break up a camp: છાવણી ઉઠાવવી;છાનામાના કૂચ કરી જવી;મુકામ ઉઠાવવો.(*b*)To depart suddenly: to take one's self off:નરવાજ જતા રહેવું;નાસવું;નીકળી પડવું; પોબાર-અગિયારા ગણવા;પલાયન કરવું;ગચ્છતી કરવી;પળી જવું.

Decant-tate(ડીકૅન્ટ્-ડીકૅન્ટેટ્)*vt.*To pour off gently;to pour from one vessel into another: નીતરીને રેડવું;નીતારવું;ઉપરઉપરથી નીતારી લેવું.

Decanter, (ડીકૅન્ટર) *n.* A vessel used to decant liquors:પાણી-દૂધ દારૂ વિગેરે પ્રવાહી પદાર્થ-ચોખ્ખે નીતારવાનું વાસણ;also, a glass bottle for holding liquors: દારૂ ભરી રાખવાની કાચની બાટલી-સીસો.2 One who decants liquors: પ્રવાહી પદાર્થ નીતારનાર.

Decapitate, (ડીકૅપિટેટ્) *vt.* [L. *de* & *caput*,the head.] To cut off the head of; to behead:નું માથું-ડોકું કાપવું;ગર્દન મારવું; શિરચ્છેદ કરવો. 2. To remove summarily from office:એકદમ-અચાનુચ કામ ઉપરથી દૂર કરવું.

Decapitation, (ડીકૅપિટેશન્) *n.* The act of beheading: શિરચ્છેદ; શીર્ષચ્છેદ;શિરચ્છેદન.

Decay,(ડીકે)*vi.* [L. *de* & *cado*, I fall.]To fail;to decline;to rot;to perish:ખવાઇ જવું;નાશ પામવું; બગડતા જવું;સુકાતા જવું;સેવાતા જવું; લય પામવું;જીર્ણ-ક્ષીણ થઇ જવું; મ્લાન થવું; ચીમળાઇ જવું;નબળા પડતા જવું; ક્ષીણ થતા જવું.*vt.*To cause to fail:બગાડવું; સુકાવવું; પડતી સ્થિતમાં લાવવું; ક્ષીણ કરવું.*n.* Corruption; decline; rottenness;deterioration: પડતી; ક્ષીણતા;ઉતરતો પાયો;ઉતાર;ક્ષય;જીર્ણતા; પ્રલય;ગ્લાનિ;ક્ષીણાવસ્થા; કહોવાટ; કહોવાણ;સળો 2.Cause of decay: પડતી-ક્ષીણતા-ક્ષીણાવસ્થાનું કારણ.3. Destruction;death:મોત;મરણ;નાશ.

Decease,(ડીસીસ્)*n.*[L.*de*&*cedo*, I go.]Departure from his life; death:ગત-પાછા થવું તે; મરણ; મોત; મૃત્યુ;દેહ ત્યાગ;દેહાવસાન;પરલોકગમન. *vi.*To die;to pass away:મરીજવું; દેહ પ્રાણ ત્યાગ કરવો-છોડવો.

Deceased,(ડીસીસ્ડ)*a.*Dead:ગત થયેલું;મરનાર;મહુમ; પરલોકવાસી; સ્વર્ગવાસી;મરણ પામેલું.

Deceit,(ડીસીટ્)*n* A contrivance to trap;a wily device;fraud;deception: લુચ્ચાઇ;ઠગવિદ્યા;ઠગાઈ;કપટ; દગો;દગલબાજી;પ્રપંચ; છળભેદ; કાપટ્ય; દગો;ફટકો;ઠગબાજી;ધૂર્તતા 2. A trick or underhand practice used to defraud another:બીજાને છેતરવાને-ઠગવાને કરેલી યુક્તિ-દગો-કપટ-કાવતુ .

Deceitful,(ડીસીટ્ફુલ્)*n.* Trickish; fraudulent;cheating: કપટી; ઠગ; દગલબાજ; પ્રપંચી; ધૂર્ત; વંચનશીલ.2. Full of deceit: ઠગવિદ્યા-કપટ-દગલબાજી-પ્રપંચ-ધૂર્તતાનું.

Deceitfulness(ડીસીટ્ફુલનેસ) *n.* The disposition to deceive:ઠગવાની-કપટ કરવાની દગલબાજ કરવાની ટેવ-સ્વભાવ.2.The tendency to deceive:છેતરી નાખે-દગો કરે-ભૂલાવો દે એવો ગુણ.3.The quality of being fraudulent:દગલબાજી;કાપટ્ય

Deceive,(ડીસીવ્)*vt* [L.*de*& *capio*, I take.] To delude; to cheat; to mislead:છેતરવું;ભૂલમા નાખવું; દગો દેવો;ભોળવવું;ફોસલાવવું; છળ-પ્રપંચ કરવું; આડે રસ્તે દોરવું;ભુલથાપ દેવી;મુંડવું;ધૂતવું.2.To beguile;to amuse: નિર્ગમન કરવું;ગમતમાં નાંખવું; ખુશીમાં કાઢવું.2.To defraud; to deprive by stratagem: કાવતરા-યુક્તિથી પડાવી લેવું;ઠગાયી-દગો કરીને છેતરવું.

Deceiver,(ડીસીવર્)*n.*A cheat;an impostor:દગો કરનાર-રમનાર;ઠગ; ઠગારો;ધૂર્ત માણસ;ઠોંગી;ધુતારો;ગઠ;વંચક.

December,(ડીસેમ્બર્)*n.*[L *decem*, ten]The last month in the year: ઇંગ્રેજી કલેન્ડરનો-બારમો મહિનો; ડિસેમ્બર. 2.(*Fig*) The end of anything: અંત;છેડો;અવસાન.

Decency, (ડીસેન્સિ) *n.* Seemliness;freedom from obscenity: શિષ્ટાચાર;લાયકી;વિનય;સભ્યતા; યોગ્યતા; મર્યાદા;લજ્જા; ઘટિતપણું; યથાર્થતા. 2. That which is decent or becoming: જે ઘટિત-યોગ્ય-લાયક હોય તેવું.

Decennial,(ડીસેનિઍલ્)*a.*(L.*decem*,ten & *annus*, year.] Consisting of,or happening,every ten years:દશ વર્ષનું; દશવર્ષસ્થાયી;

દશ વર્ષે થતું;દશવાર્ષિક;દશવર્ષાવધિ.

Decent,(ડીસેન્ટ)*a.*[L.*decens*,it is becoming.]Becoming; fit; decorous;proper: સારૂ દેખાય-શોભે-છાજે એવું;ઘટિત;લાયક;ઘટારત; યોગ્ય; ઉચિત.2.Modest: લજ્જા;મર્યાદશીલ; સમર્યાદ;શિષ્ટ; સભ્ય; સવિનય; શરમાળ; વિનયી.3.Graceful; well-formed: ખૂબીવાળું;લાવણ્યતાવાળું;કુદરૂ ; દેખાવડું.4.(*a*) Respectable:આબરૂદાર; નઠારૂં ન દેખાય-કહેવાય એવું;નામ-આબરૂ ન જાય એવું;શિષ્ટાચારાનુરૂપ; નામોશી ન લાગે એવું. (*b*)Sufficient:જોઇએ તેટલું;પૂરતું;યોગ્ય;વ્યવહારીક ;ઠીક.

Decently,(ડીસેન્ટ્લિ) *adv.* In a decent or becoming manner:યોગ્યરીતે;યથાયોગ્ય; ઘટિત રીતે; લાજ મર્યાદાથી;લજ્જાપૂર્વક;પડદો રાખીને;વિવેકથી.

Deception,(ડીસેપ્શન્)*n.*The act of deceiving or misleading:છેતરવાનો પ્રયત્ન;ઠગવિદ્યા વાપરવી તે. 2. The state of being deceived: ભૂલાવો;ભૂલથાપ;મોહભ્રમ.3. Artifice; fraud;cheat:ઠગવિદ્યા; પ્રપંચ; કપટ; છળ;કપટબાજી;દગો;છેતરપીંડી.

Deceptive,(ડીસેપ્ટિવ્)*a.*Tending to deceive or mislead:ભૂલાવામાં નાખે એવું;ભ્રાન્તિજનક;મોહોત્પાદક; વંચક;વંચનશીલ;કપટી;માયાવી.

Decide,(ડીસાઇડ્)*vt.*[L.*de & coedo*, I cut.] To cut off;to separate: કાપવું;છુટું પાડવું-કરવું;ભાગ કરવા. 2.To settle; to determine; to conclude:ચૂકવવું;-નો નિવેડો-ફેંસલો-નિકાલ-નિર્ણય-તોડ કરવો-કાઢવો;-નો ફડચો કરવો;ઠરાવ-નિશ્ચય કરવો; વિષેનો સંશય દૂર કરવો.*vi.*To determine;to give decision:ઠરાવ-ફેંસલો-ચૂકાદો કરવો-આપવો.

Decided,(ડીસાઇડેડ્) *a.* Unequivocal;clear; evident; unquestionable:નિર્ણિત;સિદ્ધ; અસંશયાત્મક; સ્પષ્ટ;ચોખ્ખું ;ખુલ્લું;સાફ;પાકું;વાંધા વગરનું;શંકા-સંશયરહિત 2. Determined; positive: દૃઢ,દૃઢતા નિશ્ચયવાળું; શંકા-કાવિનાનું;નિશ્ચયાત્મક;નિઃશંક;ધીર.

Decidedly,(ડીસાઇડેડ્લિ) *adv.* In a decided manner; clearly; thoroughly: ભૂલ ન થાય-વાંધો ન લેવાય એવી રીતે બેશક; અલબત્ત; ખચિત;નિર્વિવાદ રીતે;સ્પષ્ટ રીતે.

Decimal,(ડેસિમૅલ્)*a.*[L. *decemus*, tenth.]Increasing or decreasing by ten times:જેમાં દશગણું ઓછું-વધતું થાય એવું; દશાંશ; દશગુણિત. D. *system*:દશાંક પદ્ધતિ. *D. fractions*: દશાંશ અપૂર્ણાંક. D. *point*:દશાંશ ચિન્હ.*n.*A decimal fraction: દશાંશ અપૂર્ણાંક; દશાંશ. *Circulating or circulatory* d.પુનરાવર્તી દશાંશ.

Decimate,(ડેસિમેટ્)*vt.*[L.*decem*, ten.]To take the tenth part of; to tithe:-નો દશમો ભાગ-દશાંશ લેવો. 2.To select by lot and punish with death every tenth man of: -માંના દર દશમા માણસને મોતની શિક્ષા કરવી;-માંના પ્રતિ દશમાને દેહાંત દંડ આપવો.3.To destroy a considerable part of:-ના મોટા ભાગનો નાશ કરવો; -ના મોટા ભાગને ઉજડ કરવો.

Decipher,(ડીસાઇફર્)*vt.*To translate from a cipher into intelligible terms: છાની સંકેતની ભાષાલીપિમાં લખેલાનો અર્થ કરી-કહેવો-બેસાડવો-ઉકેલવો 2.To explain;to unfold: સમજાય એવું ન હોય તે બાબત બેસાડવું; સમજાવવું;સ્પષ્ટિકરણ કરવું;ઉકેલવું.3. To stamp;to mark:અંકિત કરવું;-ને માટે પાંકાવું-અંકિત થવું;ચિન્હ-નિશાન કરવું.

Decision, (ડીસિઝન્) *n.* Settlement;determination;conclusion: ઠરાવ-નિવેડો-નિકાલ;ફડચો;ફેંસલો;તોડ; નિર્ણય;છેડો;નિશ્ચય. 2. An account of adjudication: નિવેડા-ફેંસલાનો હેવાલ-પત્ર; ફેંસલો; ચુકાદો; ઠરાવ. 3. Unwavering firmness: દૃઢતા; દૃઢનિશ્ચય;સંકલ્પ.

Decisive, (ડીસાઇસિવ્) *a.* Final; conclusive:નિર્ણય;પરિણામકારક-દાયક;નિકાલ-પરિણામ આવે એવું; નિશ્ચયકારક;નિશ્ચયાત્મક;નિર્ણાયક;સંદેહભંજક.

Deck,(ડેક્)*vt.*[L.*tego*, I cover.] To cover;to overspread:ઢાંકવું;ઉપર પાથરવું.2.To array; to adorn; to embellish: આચ્છાદિત કરવું;પહેરાવવું-શણગારવું;સુશોભિત કરવું; શોભાવવું. 3.To furnish with a deck,as a vessel:(વહાણનું)તૂતક જડવું; તૂતકનો પાટીયાં જડવાં. *n.* The floor-like covering of a ship:વહાણનું પાટીઆ જેવું ઢાંકણ;તૂતક.2.A heap or store: ઢગલો;ઢગ;સંચય. 3. The roof of a passenger car: ઉતારૂઓની ગાડીનું ઉપરનું ઢાંકણ-છત. *To clear the* d. s,to prepare for action: સજ્જ થવું-કરવું-નકામી અડચણો દૂર કરી લડાઇની તૈયારી કરવી.

Declaim,(ડીક્લેમ્) *vi.* [*L. de & clamo*, I cry out.] To speak rhetorically;to harangue: ઠેઠ સાદે ભાષણ કરવું;પંડિતાઇ બતાવવી 2. To rant:ઠેઠ સાદે બબડવું-લવલવવું; વિચાર કર્યા વગર બોલવું;આરડવું; બરડવું;બરાડવું.*vt.*To utter in public: સભામાં ભાષણ કરવું. 2. To speak in favor of;to advocate:કોઇની તરફેણમાં-પક્ષમાં બોલવું;પક્ષ ખેંચવો.

Declamation,(ડેક્લમેશન્)*n.* The delivery of a speech:ભાષણ આપવું તે.2.A set speech or harangue:આગળથી તૈયાર થઇને સભામાં કરેલું ભાષણ; છટાદાર ભાષણ. 3. Pretentious rhetorical display:બખાળા;પટપટાટ;બરાડા;શબ્દ પાંડિત્ય;વાક્ચાતુર્ય;નિદાનું ભાષણ;ઠોક; વગોવણી; ઝપાટો.

Declamatory, (ડીક્લૅમૅટોરિ) *a.* Pertaining to declamation:અલંકારિક;સાલંકાર 2. Without solid sense or argument;bombastic; noisy:ડોળી; શબ્દપાંડિત્યવાળું; પટપટાટિયું;ભભકાદાર;છટાદાર;શબ્દના આડંબરવાળું.

Declaration,(ડેક્લરેશન્)*n.* Proclamation;exposition:પ્રકાશન;પ્રસિદ્ધિ;નિવેદન;પ્રકટીકરણ.2.Announcement;distinct statement: જણાવેલી-કહેલી વાત-વચન; ઉક્તિ; ભાષણ; સ્પષ્ટવચન. 3. The document in which something is declared: જાહેરખબર;જાહેરનામું;ઇકરાર. 4. The narration of the plaintiff's case: એકરાર.*A solemn* d.:પ્રતિજ્ઞા.

Declarative,(ડીક્લૅરેટિવ્) *a.* Explanatory;assertive: એકરાર-પ્રતિજ્ઞાવાળું;સૂચક;નિવેદક; જ્ઞાપક; વાચક.

Declare,(ડીક્લેર્)*vt.*[L.*de & clarus*,clear.] To make plain; to clear: સાફ-સ્પષ્ટ-ખુલ્લું-દેખીતું કરવું 2. To make known;to publish:જણાવવું-જણાવી આપવું;જાહેર કરવું;પ્રકાશ-પ્રસિદ્ધ કરવું; નિવેદન કરવું; પ્રકટ કરવું; કહી આપવું;જ્ઞાપન કરવું. 3. To assert; to affirm: છાતી ઠોકીને-ખાત્રીથી કહેવું; પ્રતિજ્ઞા પૂર્વક-ઉપર-કરીને કેહેવું. 4. To make full statement of:-નો સંપૂર્ણ હેવાલ-હકીકત લખવી;એકરાર કરવો. *To* D. *off*, to recede from an agreement;to renounce:કરારમાંથી ખસી જવું;કરાર નામંજુર કરવો. *vi* To proclaim one's self: જણાઇ આવવું-પ્રગટ થવું. 2. To state the plaintiff's cause:.વાદી-ફરીયાદીનો હેવાલ-મુકદ્દમો-ફરિયાદીવર્ણવવી;એકરાર કરવો.

Declension, (ડીક્લેન્શન્)*n.*Declination;descent;slope:ઉતરતો ઢાળ-ઢોળાવો;ઝોક;વાંક.2. Deterioration; decay: પડતી-નબળી-માઠી દશા;પડતી. 3.The act of courteously refusing;a refusal: નકાર;સભ્યતાથી ના કહેવું તે.4.Inflection of a word:વિભક્તિરૂપ;વિભક્તિ પદ્ધતિ;રૂપાખ્યાન.

Declinable,(ડીક્લાઇનૅબ્લ્)*a.*Capable of being declined:જેને વિભક્તિનાં રૂપો લાગે એવું;વિભક્તિ યોગ્ય.

Declination,(ડેક્લિનેશન્) *n.* Inclination: ઝોક; વાંક; નમણ. **2.** Decay;deterioration; decline: પડતી માઠી-નબળી દશા-હાલત; ખુટતો પાયો;ભ્રંશ;ક્ષય;ઉતરતી કળા;ઉત્તરાવસ્થા; પડતી. 3. Obliquity; deviation: વાંક; વક્રતા.4 Refusal;withdrawal: ના કહેવું તે;પાછું ન આવવું તે;નકાર. 5. Distance from the celestial equator:ક્રાંતિ;ક્રમણ;સ્પષ્ટક્રાંતિ;અપમ. 6.The act of inflecting declension: રૂપાખ્યાન.

Decline(ડીક્લાઇન્) *vi.*[L.*de*&*clino*, I bend.]To lean to bend downwards: નમવું;વાંકું વળવું.2. To fail; to sink;to diminish: નબળું-નરમ પડવું જવું; ક્ષીણ થવું;ડુબવું;આથમવું;ઘટવું;ઓછું થવું; નીચુ પડવું;-ની પડતી આવવી. 3. To deviate;to stray: વાંકું વળવું;આડું ફાટવું.4.To refuse; not to comply:-ના કહેવી;કબૂલ ના કરવી. *vt.* To bend downwards;to depress: નમાવવું;વાળવું.**2.**To cause to diminish:ઓછું કરાવવું;ઘટાડવું 3.To reject;to shun;to avoid:ના કબૂલ કરવી;-નો અસ્વીકાર કરવો;-થી આઘા રહેવું;-ની ના કહેવી.4.Inflect:-ને વિભક્તિ લગાડવી;-ને વિભક્તિ રૂપાખ્યાન આપવું. *n.* A falling of;deterioration: ઉતરતી અવસ્થા-કળા;પડતી-નબળી દશા; પડતી;ઉત્તરાવસ્થા; અસ્ત;અપકર્ષ; ઉતરતો -ડુબતો પાયો; ઘટાડો. **D.** *of life*: ઉત્તરવય; ઉત્તરાવસ્થા; વૃદ્ધાવસ્થા. 2. (*Med*) (*a.*) The time of the disease being abated: રોગ ઓછા થતો હોય તે વખત.(*b*)Consumption: ઘસારો;ક્ષીણતા;ક્ષય રોગ.

Declivity, (ડીક્લિવિટિ)*n.*[L. *de* & *clivus*, a slope.] Descent of surface;slope:ઉતરતો ઢાળ;ઢોળાવ.**2.** A descending surface;a slope: ઢોળાવવાળી જગા;ઢોળાવ.

Declivous,(ડીક્લાઇવસ્)*a.* Gradually descending;sloping:ધીમે ધીમે ઉતરતું;ઢાળવાળું;ઢોળાવ-ઢાળ પડતું.

Decoction,(ડીકોક્શન્)*n.*[L.*de* & *coquo*,I cook.] The act of preparing for use by boiling:ઉકાળીને ઉપયોગ-ખપને માટે તૈયાર કરવું તે. 2.An extract prepared by boiling something in water:ઉકાળો; કાવો;કાઢો;ક્વાત;ક્વાથ;કુવાહ;જોશિંદો.

Decompose,(ડીકોમ્પોઝ્)*vt.*[L *de*, from & *compose*.] To resolve into original elements:મૂળતત્વો-પંચતત્વો જુદાં પાડવાં;તત્વપૃથક્કરણ કરવું. *vi.*To undergo dissolution; to decay;to rot:મૂળતત્વો જુદાં થવાં-પડવાં;પૃથક્કરણ થવું:-બગડી જવું;સડી જવું.

Decomposition, (ડીકોમ્પોઝિશન્) *n.*Separation into constituent parts;analysis;disintegration:પૃથક્કરણ;વિશ્લેષ;વિલય.2. The state of being reduced into original elements:તત્વવિભક્તતા;પંચત્વપ્રાપ્તિ; તત્વપૃથક્તા;વિઘટન 4. Decay; putrefaction: કોહોવાટ;કોહોવાણ;સડો;સળો.

Decorate,(ડેકોરેટ્) *vt,* [L. *decus*, comeliness.]To adorn;to beautify;to embellish:શણગારવું; દેખાવડું કરવું; શોભિતું-શોભાયમાન-દર્શનીય કરવું;વિભૂષિત કરવું;ભૂષણ આપવું-પહેરાવવું

Decoration, (ડેકોરેશન્) *n.* The act of adorning;ornamentation: પહેરાવવું-દેખીતું-શોભાયમાન કરતે; આભૂષણ આપવું-પહેરાવવું તે. **2.** That which adorns;ornament:શણગાર;ભૂષણ;મંડન;આભરણ; વેષ; અલંકાર; આભૂષણ;શોભા. 4. Any mark of honour:ચાંદ.

Decorative,(ડેકોરેટિવ) *a.*Suited to embellish;adorning:શણગારવા યોગ્ય;અલંકૃત કરે એવું;પ્રસાધક.

Decorous,(ડીકોરસ્)*a.* Becoming proper:seemly; befitting: યોગ્ય વર્તણૂકનું-વાળું ; યથાયોગ્ય;શોભે એવું;ઘટિત;ઘટારત;લાજમ;મુનાસબ; લાયક; ઉચિત;શિષ્ટ;સવિનય;સમર્યાદ **D.** *behaviour*: યથાયોગ્ય વર્તણૂક.

Decorticate,(ડિકોર્ટિકેટ્) *vt.* To peel;to husk: છોલવું; છાલ-છોડું કાઢવું;છાલ ઉતારવી.

Decorum,(ડીકોરમ્)*n.* Propriety of manner;behaviour;decency: યોગ્ય-યથાયોગ્ય વર્ત્તણૂક;વિનય; મર્યાદા; સભ્યરીતિ;યોગ્યતા; ઉચિતતા; શિષ્ટાચાર; મરજાદા;સલુકાઇ.

Decoy,(ડીકોઇ)*vt.*To deceive;to insnare;to entrap: ફોદા-પેચમાં નાંખવું;ફસાવવું;પાશ-જળમાં નાંખવું;લલચાવવું;લોભમાં નાખવું. *n.* Anything intended to lead into a snare: a bait: લલચાવનાર;ફોદામાં નાખનાર; પાશ;જળ;ફંદ; ફોદો; લાલચ; પ્રલોભન **2.**A wild fowl or its likeness used as a lure:બીજા પક્ષી જળમાં કે પાસે આવે તેને માટે મૂકેલું પક્ષીનું ડોળિયું.

Decrease,(ડીક્રાસ્) *vi.* [L. *de* & *cresco*,I grow.]To become less: ઓછું-કમી-ન્યૂન-ટુંકું થવું;નહાનું થવું; ઘટવું;આસરવું;ઊણું થવું; ક્ષય થવું;મંદ પડવું-થવું;શમવું. *vt.*To cause to lessen: ઓછું-કમી-ન્યૂન-ટુંકું-નહાનું કરવું; ઘટાડવું;ઉણ કરવું;મંદ કરવું. *n.* A becoming less;decay;deminution: ઘટારો;ન્યૂનતા;ઉત્તારો; મંદી;ઓસાર; ઘટતી;તૂટ;ઘટ;ક્ષિતિ;ક્ષય. **2.** The wane of the moon:ચંદ્રનો ક્ષય;કળાક્ષય.

Decree,(ડીક્રી)*n.*[L. *de* & *cerno*,I judge.](*a*) An order from one having anthority,deciding what is to be done by a subordinate: આજ્ઞા;હુકમ; ઠરાવ; વાક્ય; વચન. (*b*) Edict;law;decision: ઠરાવ;નિયમ; ધારો;વ્યવસ્થા.2.A judicial order, decision or sentence: ફેંસલો; હુકમનામું; શાસનપત્ર; નિર્દેશ (*b*) A determination or judgment of an umpire: પંચ-લવાદનો ચૂકાદો;ફેંસલો-ઠરાવ.*vt.*To determine judicially by decree: હુકમનામું કરવું;ઠરાવ-આજ્ઞા કરવી. 2. To ordain by fate: વિધાતાના લેખથી નિર્માણ કરવું. *vt.* To determine decisively: છેવટનો ફેંસલો-ચૂકાદો કરવો-આપવો.

Decrement, (ડેક્રીમેન્ટ્) *n.* Decrease;diminution;waste;loss:ઘટ; ન્યૂનતા;ઘટારો;ઓસાર; ક્ષય; ઘટતી. **2.** The quantity lost by gradual diminution:ઘટ;ખૂટ;તૂટ.

Decrepit, (ડીક્રેપિટ્)*a.* [L. *de* & *crepo*, I crack.] Broken down with age:ઉમરને લીધે ખખળી ગયેલું; લથડી-લબડી ગયેલું;દદળેલું; શરીરે અટકેલું; જરાગ્રસ્ત; જર્જર,ભોય સુંઘતું; જીર્ણ.

Decrepitude,(ડીક્રેપિટ્યૂડ)*n.* Infirm old age:વડપણથી થયેલું અશક્તપણું; જર્જરીભૂતત્વ; જરાગ્રસ્તપણું; જરાવસ્થા;વૃદ્ધાવસ્થા;જીર્ણાવસ્થા.

Decrescent,(ડીક્રેસેન્ટ્)*a.* Decreasing:ઓછું-કમી થતું;ઘટતું;ક્ષીયમાણ.

Decretal,(ડીક્રીટૅલ્)*a.*Appertaining to decree: કાયદા-ઠરાવ સંબંધી. *n.*An authoritative order or decree: સત્તાથી કરેલો કાયદો-ઠરાવ-હુકમ-આજ્ઞા.**2.** A collection of the Pope's decrees:પોપના ઠરાવ કાયદા-હુકમનો સંગ્રહ; વિધિસંહિતા.

Decry,(ડીક્રાઇ)*vi.*To clamor against;to discredit: વખોડી-નિંદી નાંખવું; નઠારું-માઠું કરી-અપમાન કરી કાઢવું -ઉપર આક્ષેપ કરવો;અપમાન-દોષ મૂકવો.

Decumbent.(ડીકમ્બેન્ટ) *a.* [L.*de* & *cubo*,I lie down.] Prostrate; recumbent: સુતેલું; પડેલું; લાંબુ. **2.** (*Bot.*)Reclining on the ground being too weak to stand:ઉભું રહેવાને અશક્ત હોવાથી જમીન ઉપર સુતેલું પડેલું-વાંકું વળેલું.

Dedecorate, (ડીડેકોરેટ્) *vt.* To deprive of honour;to disgrace: માનભંગ કરવો; શરમ-લાજ લગાડવી; બેઆબરૂ કરવું.

Dedicate,(ડેડિકેટ્) *vt.* [L. *de* & *dico*,I devote.] To devote solemnly;to set apart & consecrate: ચઢાવવું; અર્પણ કરવું; ધર્મના-પવિત્ર ઉપયોગને માટે કાઢવું;-ની પ્રતિષ્ઠા કરવી;સમર્પવું 2.To devote or give(*oneself*) wholly or earnestly:-ને તનમન સમર્પણ કરવું;-માં મચવું-પડવું;-માં રચ્યાપચ્યા રહેવું;મુંડાવું 3. To inscribe or address: નિવેદન-અર્પણ કરવું; ગ્રંથાર્પણ કરવું;સમર્પવું

Dedication, (ડેડિકેશન્) *n.* Solemn appropriation: અર્પણ-સમર્પણ;પ્રતિષ્ઠા; વિનિયોગ; નિવેદન. 2. A setting aside for any particular purpose:કોઇ ખાસ કામને માટે અલગ-રાખવું તે. 3. An address to a patron:અર્પણ;ગ્રંથાર્પણ;અર્પણપત્રિકા.

Dedicatory,(ડેડિકેટોરિ)*a.* Serving as a dedication:જેમા ગ્રંથ કોઇને અર્પણ કર્યાનું લખ્યું હોય એવું;અર્પણાત્મક

Deduce,(ડીડ્યૂસ્)*vt.*[L.*de*& *duco*, I lead.]To lead forth:માંથી કાઢવું; દોરવું.2.To deduct:to subtract: ઓછું-કમ કરવું;બાદ કરવું 3. To derive or draw;to infer:કાઢવું;અનુમાન-તર્કથી સિદ્ધાંત કાઢવો; સિદ્ધાંતપૂર્વક-અનુમાનથી શોધી કાઢવું;નિર્ણયપર આવવું

Deducement,(ડીડ્યૂસ્મેન્ટ્)*n* The act or process of deducing;inference:અનુમાન કરવું તે;તર્ક-અનુમાનથી કાઢેલો સિદ્ધાંત; અનુમિતિ.

Deducible(ડીડ્યૂસિબલ્)*a* Capable of being deduced or inferred: અનુમાનસાધ્ય; અનુમેય; અનુમાનિક. 2. Capable of being brought down:સિદ્ધાંતપૂર્વક અનુમાન થઇ શકે એવું;અનુમાનથી પકડી કઢાય એવું.

Deduct,(ડીડક્ટ)*vt* [L. *de* & *duco*, I lead.] To lead out or forth; બહાર દોરી લઇ જવું;દોરવું.2.To take away;to subtract:અંદરથી લઇ જવું: બાદ કરવું;કાપવું 3.To reduce;to diminish:ઓછું-કમી કરવું;ઘટાડવું;કાપવું.

Deduction,(ડીડક્શન્ *n.* Act or process of deducing or inferring: અનુમાન-તર્ક કરવો તે; સિદ્ધાન્ત કાઢવો તે.2. The act of taking away; subtraction:બાદ કરવું તે; કાપવું તે 3. An inference;conclusion: અનુમાન;સિદ્ધાંતપૂર્વક અનુમાન; સિદ્ધાંતનુમાન; અનુમિતિ;સિદ્ધાંત;નિશ્ચિતાર્થ.4. Abatement:કપાત;બાદ;છૂટ;ઘટાડો;વટ.

Deductive,(ડીડક્ટિવ્)*a.*Of,or pertaining to deduction;deductible: અનુમાનથી કાઢી શકાય એવું;અનુમાનસાધ્ય;અનુમેય;અનુમાનિક.

Deed,(ડીડ્)*n.*An act;an action: કરણી;કામ;કૃત્ય;કર્મ;ક્રિયા;કાર્ય. 2. Achievement;exploit:પરાક્રમનું કામ; કૃતાર્થ;દિગ્વિજય; કૌતુક; પુરુષાર્થ.3 Factreality:સત્યવાત;યથાર્થતા;તત્વ;અર્થ; વસ્તુ 4 Agency;efficiency: કર્તવ્ય;કર્મ.5 A written instrument: લેખ;ખત;દસ્તાવેજ. **D.** *of acquittance*:ફારગતી; રાજીનામું. D. *of agreement*: કરાર-કરારનામું **D.** *of gift*: દાન-બક્ષીસપત્ર;બક્ષીસનામું.*In* **d.**, in fact;in truth.ખેરાક;ખરીવાત; ખરેખર;વાસ્તવિક.

Deem,(ડીમ્)*vt.*To account;to esteem;to think;to judge:ધારવું; જાણવું; સમજવું;લેખવું; મન ઉપર ધરવું; માનવું;ગણવું;વિચાર કરવો. *vt.* To be of opinion; to think; to estimate;to opine:વિચાર કરવો; ગણત્રી કરવું;ધારવું

Deep, (ડીપ્) *a.* Extending far below the surface; far to the bottom:ઉંડું;અગાધ.2.Extending far back from the front:ઉંડું;લાંબુ. 3.Low in situation: સ્થિતિ-જગ્યામાં નીચું;ઉંડું;નીચાણમાં આવી રહેલું. 4. Hard to penetrate or comprehend;intricate;mysterious: કઠણ અઘરું; ગહન;અગમ્ય;ગંભીર; ગૂઢ; પાકું; ભારે ભેદવાળું .5. Profoundly skilful;sagacious;cunning:ઉંડું;રહોડું; મહાકુશળ;મહાનિપુણ;કારસ્થાની; કાવેબાજ;ધૂર્ત;પક્કું;ઉંડું ;પહોચેલું.6. Profound;intense;heavy;thorough: પૂરું;પૂરું ;ભરપૂર;ઘોર-ઘસઘસાટ;સમસમાકાર; ભરપૂર;ઘણું;ઘણું;ગાઢ;દીર્ઘ; લાંબું. 7. Muddy; boggy; sandy: કાદવવાળું; રેતાળ.8.Strongly colored;dark; intense: ઘેરા રંગનું; ઘેરું;ઘાડું; ખુલ્લું નહિ એવું.9 Grave;heavy: ગંભીર; ઘેરું ;બેઠું;ગાંભીર્યવાળું .10.Heartfelt: ખરા દિલનું-અંતરનું. **D.** *author*: ગૂઢ ગ્રંથકાર **D.** *plot*:એકાએક પકડાય નહિ એવું કાવતરું.*A man of* **d.***thought*: ઉંડા વિચારનું માણસ. *A* **d.** *divine*: ઈશ્વરજ્ઞાનમાં માહાનિપુણ માણસ. **D.** *sleep*. ભરઉંઘ **D.** *poverty* ઘણું દરિદ્રે D.*tone*:ગંભીરસ્વર. **D.** *prayers*:અંતરની પ્રાર્થના.*The* **d.**: દરીઓ; સમુદ્ર *n.* That which is deep; sea:ઉંડાણ;દરીઓ; સમુદ્ર;દરિયાવ. 2. That which is incomprehensible:ગહનતા;ગાંભીર્ય.3. The midst; depth:મધ્ય; ઉંડાણ. *adv.* Far down; profoundly: ઘણું;ઉંડું; બહુ; પુષ્કલ; અત્યંત.

Deepen,(ડીપન્)*vt.*To make deep or increase the depth of: ઉંડું કરવું-ઓછાનું ઉંડાણ વધારવું. 2. To make darker or more intense: વધારે ઘેરું-ઘાડું-ઘાડા રંગનું કરવું;ઓછું ખુલ્લું કરવું;માં વધારો કરવો.3.To make more affective:ભરપૂર-તીવ્ર કરવું;વધારે અસર કરે એવું કરવું; વધારો કરવો. ૪. To make more grave or low in tone: વધારે ગંભીર-ઘેરું-બેઠી બાંધણીનું કરવું; બેઠા સ્વરનું કરવું.*vi.*To become deeper: વધારે ઉંડું થતું જવું; વધારે ઘેરા રંગનું થવું;ગંભીરતા પકડવી;ગંભીર થતા જવું;વધારે ઘોર થવું.

Deep-laid(ડીપ્લેડ્)*a* Formed with cunning and sagacity: પક્કાઈથી રચેલું; સજ્જડ; ચતુરાઈ હોંશિયારીથી બનાવેલું;પક્કું;ચાલાકી ભરેલું;ઉંડું.

Deeply,(ડીપ્લિ)*adv* Far below the surface:ઘણે ઉંડે સુધી;ઘણું ઉંડું. 2. Profoundly; thoroughly:ભીલકુલ; પૂરેપૂરું;પાકું અને જરાએજરા 3. With great sorrow;most feelingly: ઘણી દિલગીરીથી;ઘણી અસર લાગે એવી રીતે.4.To a great degree:ઘણું જ; પુષ્કળ;બહુ;અતિ;ગંભીરપણે;ગંભીરાઈથી. 5.With profound skill: ઘણી-સંપૂર્ણ-પૂરેપૂરી ચતુરાઇથી;સંપૂર્ણ પક્કાઇ-ખબરદારીથી;ચાલાકીથી.

Deepness depth, (ડીપ્નેસ-ડેપ્થ) *n.* The State of being deep; profundity:ઉંડાઇ;ઉંડાણ;ગૂઢતા;પક્કાઇ; અગાધતા;ગૌરવતા; પ્રૌઢતા; ઘેરાપણું; ગંભીરતા.2. Craft;insidiousness: કપટીપણું;દગલબાજી;ઠગાઇ;લુચ્ચાઈ.

Deer,(ડીર્) *n.* A ruminant quadruped:મૃગ; હરણ; સાબર; સાબરી; કૃષ્ણસાર.

Deer-hound, (ડીર્-હાઉન્ડ્) *n. A* hound for hunting deer:મૃગ-હરણનો શિકાર કરવા રાખેલો શિકારી કુતરો.

Deface,(ડીફેસ્)*vt.*[L.*dis* & *facies*, a face.]To disfigure:-ની સૂરત બગાડવી;બદસૂરત કરવું;બેડોળ કરવું; ખરાબ કરવું;વિરૂપ કરવું;આકારભંગ કરવું-સ્વરૂપભંગ કરવું; 2.To obliterate: છેકીને નુકશાન કરવું; તારાજ કરી નાખવું; ખરાબખસ્ત કરી નાંખવું;વંચાય નહિ એવું કરી મુકવું; ચેરી છેકી નાંખવું.

Defacement, (ડીફેસ્મેન્ટ્)*n.* The act of defacing;obliteration:-ની સૂરત બગાડવી-છેકી નાંખવું તે; તારાજી; બેડોળ કરવું તે; દૂષણ;ખંડન;લોપ; વિચ્છેદ.

Defalcate,(ડીફૅલ્કેટ્)*vt.* [L *de* & *falx*,*falcis*,a sickle.]To cut off; to take away a part of: ભાગ કરવું; વટ લાવવો;ઘટાડવું;ઓછું કમી ન્યૂન કરવું. *vi* To embezzle money held in trust: ભરોસે મૂકેલા પૈસા-નાણાં ખાઇ જવાં-હોઈયાં કરી જવાં;ઉચાપત કરવું.

Defalcation,(ડીફૅલ્કેશન્) *n.*. A

cutting off;deficit;diminution: કાપી નાંખવું તે; ઘટાડો;છૂટ; કાપ;કડો; કપાત.2.An embezzlement:પચાવી પડવું તે; ખાઇ જવું તે; ચોરીઆં કરી દેવાં તે;ઉચાપત.

Defamation(ડેફ઼ર્મેશન)*n.*Slander; calumny;aspersion:આબરૂ-ઇજ્જત લેવી તે;બદનક્ષી;આક્ષેપ; લાયબલ.

Defamatory,(ડીફ઼ર્મેટોરિ)*a.* Calumnious;slanderous: આબરૂને નુકશાન પહોંચે એવું;આબરૂ જાય એવું;અકીર્તિકર;અપવાદનું;નિંદક;અપવાદક.

Defame,(ડીફ઼ેમ)*vt.*[L.*de* & *fama*, a report.] To disgrace; to calumniate;to asperse:આબરૂ-પ્રતિષ્ટા-ઇજ્જત-હુરમત લેવી; ની આબરૂને નુકશાન-ખલેલ હરકત પહોંચાડવી; ઉપર અપવાદ મૂકવો;ઉપર આક્ષેપ કરવો.બદનક્ષી કરવો.2.To charge;to accuse:તોહોમત-આરોપ મૂકવો;-ના માટે ગુન્હેગાર ઠરાવવું.*n.*Dishonor;disgrace: ગેરઆબરૂ; અપમાન; અપ્રતિષ્ટા; ઈતરાજી.

Default,(ડીફ઼ોલ્ટ)*n.*[L.*de* & *fallo*, I deceive.] Failure; omission; neglect:ભૂલ-ચૂક;ગફલત;કસુર;વર્જન; અપરાધ;દોષ.2.Fault; offence; ill-deed;wrong act:ગુન્હો;ખરાબ-તહારે કામ;અપકૃત.3.Want;lack;failure: અભાવ;અસ ભવ;અપ્રાપ્તિ.*In* d.*of*,in case of failure of: અભાવે;ન હોય ત્યારે, એમ ન બને તો. *In* d.*of payment*:ન આપે તો. To *suffer a* d.: પોતે ગેરહાજર રહી મુર્દાની રજુઆત થઇ જવા દેવી *vt.* To fail to perform;to omit:કરવાને-બનાવવાને ભૂલ-ચૂક ગફલત-કસૂર કરવું; ન આપવું-ભરવું.2.To enter a default against: -ની સામે કસુર-ગુન્હો રજુ-દાખલ કરવો.3. To omit;to leave out of account: મુકી દેવું;હિસાબમાંથી છોડી દેવું;પડતું મૂકવું.*vi.* To offend: અપરાધ-ગુન્હો-તકસીર કરવો.2.To fail in fulfilling a contract,agreement or duty: ભૂલ-ચૂક-કસૂર કરવું;કબૂલાત ના પાળવી; કહેલું વચન ન પાળવું 3.To fail to appear in court:કોરટમાં હાજર ન થવું થવાનું ચૂકી જવું.

Defaulter,(ડીફ઼ોલ્ટર)*n.* (*a*) One who makes default:કસૂર-ચૂક-ભૂલ-ગફલત કરનાર.(*b*)One who fails to appear in court when called:કોરટે ઠરાવેલે દહાડે હાજર નહિ રહેનાર.2.A delinquent;a defalcator: સે પૈસા નાણાં પૈસાનો હિસાબ નહિ બતાવનાર; હિસાબ નહિ બતાવનાર; હિસાબચોર; ઉચાપત કરનાર.

Defeasance,(ડીફ઼ીઝન્સ)*n.*[L.*de*, & *facio*,I make.] A defeat; an overthrow:હાર;પરાજય;પરાભવ. 2 A rendering null or void:વ્યર્થ-રદ્દ કરે તે.લોપ;નિયમભંગ. 3. A condition relating to a deed which being performed,the deed is defeated: મુખ્ય દસ્તાવેજ રદ્દ થાય એવી કોઇ શરત.

Defeasible,(ડીફ઼ીઝિબલ્)*a.*Capable of being defeated or made void રદ્દ-બાતલ કરવા યોગ્ય-લાયક;લોપનીય.

Defeat,(ડીફ઼ીટ)*vt.*[L. *de* & *facio*, I do.]To undo; to disfigure: -નો નાશ કરવું;ભગાડવું;ખરાબ કરવું; પાયમાલ કરવું.2.(*a*) To render null & void:રદ્દ-વ્યર્થ-બાતલ કરવું;ડુબાવવું;ખોવરાવવું; ચોળાવવું. નવરાવવું. (*b*) To frustrate:ધૂળ મેળવવું;ભંગ કરવું;મનોભંગ-ઉત્સાહભંગ કરવું;ધૂળધાણી કરી દેવું; ઉપર પાણી ફેરવવું. (*c*) To deprive of:લઈ લેવું;છીનવી લેવું 3.To vanquish;to overthrow: હરાવવું;-ના ઉપર જય મેળવવો;-ને જીતવું; પરાજય કરવો. 4.To resist with success: નો અમલ ન ચાલવા દેવો; ને રદ્દાત કરવું,-ને ચાલવા ન દેવું;-ને ધૂળ ફકાવવી;-ને આંજી જવું. *n.*Destruction: નાશ;પાયમાલી;સત્યાનાશ;નિકંદન 2. An overthrow; rout:હાર; પરાજય;પરાભવ.3.Frustration by rendering null and void:થી રદ્દ-અમલ-વ્યર્થ જવું તે; ભંગ થવું તે;રદ્દાત;નાશ;ભંગ.

Defecate(ડીફ઼ેકેટ્)*vt.*[L.*de* & *fex*, *fecis* dregs.]To clarify:to purify સાફ-નિર્મળ કરવું;ચોખ્ખું કરવું; શુદ્ધ કરવું. 2.To free from polluting matter: ખરાબ પદાર્થ કાઢી નાંખવો;સમજાય એવું સ્પષ્ટ કરવું.

Defect,(ડીફ઼ેક્ટ)*n.*[L. *de* & *facio*, I do.]Deficiency: ખામી;અપૂર્ણતા; ખોડ;કસર;ખાંપણ;દોષ;અભાવ; હીનતા; કોતાઇ 2.Failing;fault;imperfection; blemish : ખામી; દોષ; ભૂલ; ચૂક;ખોડ; ઐબ; છિદ્ર; ખાધ; વિકાર; અવૈકલ્ય.

Defection,(ડીફ઼ેકશન્)*n.*Apostacy; backsliding:પરિત્યાગ; ત્યાગ; ફિતુર; તોફાન; ધર્મ-મતત્યાગ ભ્રષ્ટ; ધર્મ માંથી ખસવું તે;-માંથી ખસવું તે;ચળવું તે;કુટ

Defective,(ડીફ઼ેક્ટિવ્)*a.*Deficient; imperfect;faulty:અપૂર્ણ; સદોષ;કસર-ખોટ ખામીવાળું;ઉણું; અધુરું; હીન; નકટું; અંગહીન; દોષયુક્ત; ઐબદાર. 2. Lacking some of the forms of conjugation: ક્રિયાપદના રૂપાખ્યાન ન આપી શકાય એવું.

Defedation,(ડેફ઼ેડેશન્)*n* [L.*de* & *fœdus*, foul.] Pollution: બીનાડ; ખરાબી;વટાળ;ભ્રષ્ટતા.

Defence,(ડીફ઼ેન્સ)*n.* Protection: બચાવ રક્ષણ કરે તે; રક્ષણ;રક્ષા 2. A guard;a protection: રક્ષક પાલક; રક્ષણ-બચાવ કરવાનું સાધન: રક્ષણનો ઉપાય કરનાર; નિવારણ; વારણોપાય; આશરો;છત્ર;આશ્રય;શરણ 3. Protecting plea;vindication;justification:બચાવ;રદીયો.4.The defendant's plea or answer:પ્રતિવાદીનો જવાબ;રદીઓ;ઉત્તર; બચાવને માટે કહેલી વાત;બચાવ 5.A defendant's cause or side: પ્રતિવાદીનો પક્ષ;પ્રતિપક્ષ; ઉત્તરપક્ષ.*Counsel for the* d. પ્રતિવાદીના પક્ષનો વકીલ *vt.* To defend;to protect:બચાવ-રક્ષણ કરવું.

Defenceless,(ડીફ઼ેન્સલેસ્)*a.* Unprotected;unable to oppose;unsheltered:બચાવ-રક્ષણ વિનાનું રહિત; સામા થવાને-અટકાવ કરવાને અશક્ત; આશ્રયવિનાનું;અશરણ;અરક્ષિત;અનાથ.

Defend,(ડીફ઼ેન્ડ)*vt.*[L.*de* & *fendo*, I strike.]To ward off;to repel: પાછું કાઢી મૂકવું-હાંકી કાઢવું;તગડી મૂકવું .To prohibit;to forbid:મના કરવી; અટકાવ કરવો;બંધ પાડવું.3. To protect;to uphold;to guard:બચાવ-રક્ષણ કરવું;-નો બચાવ કરવું; પ્રતિપાદન કરવું; -ની તરફથી બોલવું;-નો પક્ષ બે ચલો-લેવો; -નું ઉપરાણું લેવું. 4. To contest a suit:સામી તકરાર લેવી; સામો જવાબ આપવો;-બચાવ કરવું;પ્રતિવાદ લેવો.

Defendant (ડીફ઼ેન્ડન્ટ)*n.*One who defends;a defender: રક્ષક; રક્ષણકર્તા;સંરક્ષક;પાલક; ત્રાતા.2.The party who opposes a complaint:પ્રતિવાદી;પ્રતિપક્ષી; આરોપી; તહોમતદાર. *a.* Proper for defence:બચાવ કરવાને લાયક-યોગ્ય. 2. Making defence: બચાવ-રક્ષણ કરતું.

Defender,(ડીફ઼ેન્ડર)*n.* One who defends; a champion: બહાદુર-શૂરવીર માણસ; રક્ષક;પાલક; રક્ષણકર્તા; સંરક્ષક;બચાવ કરનાર;ત્રાતા.

Defensible,(ડીફ઼ેન્સિબલ્) *a* Capable of being defended:રક્ષણીય; રક્ષણ બચાવ થઇ શકે એવું;રક્ષ્ય

Defensive(ડીફ઼ેન્સિવ્)*n.*Proper for defence:બચાવ કરવાને લાયક-યોગ્ય; બચાવ રક્ષણ કરે એવું;રક્ષણોપયોગી;રક્ષક. 2.Carried on by resisting attack:બચાવ કરવાને કીધેલું; આત્મસંરક્ષણાર્થ;રક્ષક;પાલક;નિવારક. 3. In a state to defend: રક્ષણ-બચાવ કરવાની સ્થિતિમા હોય એવું. *To stand on the* d. આત્મસંરક્ષણને માટે સજ્જ રહેવું. D. *weapons*: રક્ષણોપયોગી શસ્ત્ર-આયુધ.*n.*A safeguard:આત્મરક્ષા;શત્રુનિવારણ.

Defer (ડીફ઼ર્)*vt* [L.*dis*, & *ferro*,I bear.] To delay;to put off; to withhold: થોડી મુદત સુધી બંધ રાખવું;મુલતવી રાખવું;ઢીલ કરવી; લંબાવવું; મોકુફ રાખવું;ધકેલવું 2.To lay before; to refer to:-ની આગળ મૂકવું-લઇજવું; -ને રજુ કરવું;3.To render or offer: અર્પણ કરવું;નિવેદન કરવું;કરવું.*vi* To put off;to delay to act: વાર લગાડવી; ઢીલ-વિલંબ કરવો;રાહ જોવી.2.To submit to the opinion of another: બીજાના વિચારમતને તાબે-આધીન થવું-મળતા આવવું-નું માન રાખવું;-ની ખાતર-મુરબત રાખવી.

Deference (ડેફ઼રેન્સ) *n*. Regard; respect;complaisance: માન;અદબ; મર્યાદા;ખાતરદારી; નમન; મુરવ્વતદારી; અનુવર્તન;નમ્રતા;વિનય;મુલાજો.

Deferential,(ડેફ઼રેન્શ્યઍલ્)*a*. Expressing deference: માન-અદબ-મર્યાદા રાખનારું; ખાતરદાર;મર્યાદશીલ.

Defiance,(ડીફ઼ાઇઍન્સ્)*n*.[L.*dis* & *fides*,faith.]A challenge;a provocation:હોડ;કોઇ પણ તરેહની લડાઇમા લડવા બોલાવવું તે; યુદ્ધાવાહન.2. Willingness to fight; disposition to resist: લડવાની-અટકાવવાની-અટકાવ કરવાની ખુશી મરજી. 3.A casting aside;renunciation;rejection: બેદરકારી; તુચ્છકાર; અવગણના;અવજ્ઞા.*To bid d.*,*to set at d*,તુચ્છકારવું;ન ગણકારવું;શી ગુંજસ છે એમ કહેવું.

Defiant,(ડીફ઼ાઇઍન્ટ્)*a*.Bold;insolent: લડવાને તત્પર;કેડ બાંધીને ઉભેલું. બાંધો ચઢાવીને ઉભેલું;બેદરકારીનું;ઉદ્ધત; અવમાની;ધૃષ્ટ.

Deficiency,(ડેફ઼ીશેન્સ્)*n* Want; failure;-inadequacy; imperfection:કમીપણું;ફોતાઇ;ખોટ; ખૂટકો;ઘટ; કસર;ન્યૂનતા;ખામી; અપૂર્ણતા; હીનતા; અભાવ;દોષ.

Deficient (ડેફ઼ીશેન્ટ્)*a*. [L. *deficere*,to fail.] Inadequate; defective;imperfect;incomplete; lacking:ઉણું;અધૂરું ; અપૂર્ણ; ઓછું ; કમી;ન્યૂન;ખૂટતું; ઘેટતું, હીન; રહિત;કસરવાળું;થોડું.

Deficit, (ડેફ઼ીસિટ્)*n*. Deficiency; lack:ખોટ;કસર;ન્યૂનતા;અપૂર્ણતા;ઘટાડો;ખૂટ;તોટો;ખાધ.

Defile, (ડીફ઼ાઇલ્)*n*. [L. *filum*, thread.] A long narrow pass between hills, rocks etc:સાંકડો રસ્તો;નેળ;ગલી; નાળ. 2. The act of raising the exterior works of a fortress to protect the interior: કિલ્લાના અંદરના ભાગનું રક્ષણ કરવાને આગળનો ભાગ ઉંચો કરે તે. *vt*.To make foul;to make filthy;to pollute.મેલું-ગંદુ કરવું; કચરાળુ-મેલવાળું કરવું; બગાડવું; મળકટ કરવું; મલિન કરવું.2.To soil or sully;to tarnish; to taint: બટ્ટો-લાંછન-એબ-ડાગ લગાડવો;કલંકિત કરવું,દૂષણ દેવું. 3.To injure in purity of character;to corrupt: અપવિત્ર-મલિન-ભ્રષ્ટ કરવું;નાપાક કરવું; બગાડવું;ખરાબ કરવું;પતિત કરવું.4 To debauch:નું પતિવ્રત ભંગ કરવું; દોષ લગાડવો;-ને દૂષિત કરવું;-ને ખરાબ કરવું;બગાડવું;ની આબરૂ-લાજ લૂંટવી. 6. To make ceremonially unclean:ખોળવું;વટાળવું;વટલાવવું;ભ્રષ્ટ કરવું.

Defile,(ડીફ઼ાઇલ્)*vi*.To march off file by file:હારબંધ કુચ કરવું-ચાલવું.

Defilement,(ડીફ઼ાઇલ્મેન્ટ્)*n*.Foulness; dirtiness; pollution; uncleanliness:બિગાડ;મલિનતા;બગાડ; અપવિત્રતા;ભ્રષ્ટતા; દૂષણ; કલંક; એબ; લાંછન;પતિવ્રતભંગ;વટાળ; વિટાળ.

Definable,(ડીફ઼ાઇનેબલ્)*a*.Determinable;ascertainable;terminable:જેનો વ્યાખ્યા કહી શકાય એવું; વ્યાખ્યેય; હદ-સીમા-અવધિ-મર્યાદા બાંધી શકાય એવું; નિર્વચનીય; લક્ષ્ય;લક્ષણીય;નિરૂપ્ય.

Define,(ડીફ઼ાઇન્)*vt* [L *de* & *finis*, a boundary.] To bring to a termination;to end:અંત-છેડો આણવા;પૂરું કરવું;સમાપ્તિ કરવું 2.To mark the limits of:-ની હદ સીમા-મર્યાદા બાંધવી; અવધિ બાંધવી;-નો સિમાડો-સીમા નક્કી કરવો-ઠેરવવી 3.To determine with precision; to ascertain clearly:ચોકસ રીતે કહી બતાવી આપવું,બરાબર નક્કી કરવું; નિર્ણય નિશ્ચય કરવું;નિરૂપણ કરવું. 4. To fix the meaning of; to expound or interpret: નો અર્થ કહેવો;-ની વ્યાખ્યા કહેવી-આપવી;-નું લક્ષણ કહેવું-બાંધવું; સમજાવવું; અર્થનિરૂપણ કરવું.

Definite, (ડેફ઼ીનિટ) *a*. Having certain limits;limited;fixed:મુકરર હદ-સીમાવાળું; સાવધિક;પરિછિન્ન; પરિમિત;સમર્યાદ; અમુક. 2. Having certain limits in signification; determinate; certain; precise; fixed;exact;clear: ચોકસ; નિર્ણિત નિશ્ચિત; નિર્દિષ્ટ; નક્કી; સ્પષ્ટ; વ્યક્ત; સાફ; નિયમિત;વાસ્તવિક; ખચિત;અમુક. 3.Serving to restrict;limiting; determining:નક્કી;મોકુફપણે બતાવે તેવું;નિશ્ચયાત્મક; વિશેષાર્થદર્શી; યથાર્થદર્શી. D. *article*: વિશેષાર્થદર્શી ઉપશબ્દ.

Definition, (ડેફ઼ીનિશન્) *n*. The act of defining;determination of the limits:હદનો નિશ્ચય.2. (*a*) An explanation of the meaning of a word or term: વ્યાખ્યા; પરિચ્છેદ;લક્ષણ; નિર્વચન (*b*) A description of a thing with its properties: કોઇ ચીજના અર્થ-ગુણ-લક્ષણ વિગેરેનું વર્ણન-નિરૂપણ.3. (*Log*.) An exact enunciation of the constituents which make up the logical essence:લક્ષણ;નિર્વચન.

Definitive, (ડીફ઼ીનિટિવ્) *a*. Positive;final;conclusive;express: મર્યાદા બાંધી આપનારું; છેલ્લું; સ્થિર-અવશ્યક;ભિન્નાર્થ;ખચિત;સ્પષ્ટ; નિશ્ચિત;નિર્ણિત;નક્કી કરેલું. 2. Determining: વિશેષાર્થદર્શી;નિશ્ચયાત્મક *n* (*Gram*.) A word used to define or limit the extent or signification of a common noun : વિશેષાર્થદર્શક-દર્શી શબ્દ;નિર્ણયાત્મક

Definitively,(ડીફ઼ીનિટિવ્લિ) *adv*. Finally;conclusively;positively: નક્કી;ખચિત; નિ:સંશય; સિદ્ધાંતપૂર્વક; નિશ્ચયપૂર્વક; નિર્ણયપૂર્વક.

Deflect,(ડીફ઼્લેક્ટ્)*vi*.[L *de* & *flecto* I turn.]To turn aside; to deviate from a right line;to swerve; સિધા માર્ગથી આડે માર્ગે જવું; ખસી જવું;કુમાર્ગે ચઢવું; ચળવું.*vt*. To cause to turn aside:સિધા માર્ગથી આડે માર્ગે કાઢવું; ખસેડવું;ચળાવવું;વેગળું કરવું.

Defloration, (ડીફ઼્લોરેશન્)*n*.The act of deflouring; rape: કૌમાર ભંગ કરવું તે; કૌમાર્યભંગ; કૌમાર્યનાશ; બળાત્કાર; જબરી. 2. That which is chosen as the choicest part of flower: ઉત્તમાંશ; ચુનંદા;નાક;(*Fig*)તત્વમાલ.

Deflour,(ડીફ઼્લાઉર્)*vt*.[L.*de* & *flos*, flower.] To deprive of flower: ફુલ-ફુલો ઉતારી લેવા-લઈ લેવા-ચૂંટી લેવા.2.To take away the prime beauty and grace of:મુખ્ય-પુષ્કળ ખૂબસુરતીનો નાશ ભંગ કરી લઇ લેવી; શોભા હરી લેવી;નો તત્વમાલ લઇ લેવો; -નું નાક લઇ લેવું.3.To deprive (a woman)of virginity;to ravish: નું કૌમારભંગ-નાશ કરવો; બળાત્કાર-જબરી કરવી. 4. To seduce:સ્ત્રીને ફોસલાવીને આડે માર્ગે લઇ જવી-કાઢી જવી.

Defluxion,(ડીફ઼્લક્શન્)*n*.[L.*de* & *fluo*,I flow.]A discharge or flowing down humors: રસનું ઉતરવું-નીચે વહેવું તે; (જેમકે રસપુણી;શ્લેષ્મ; સળેખમ);અધ:પ્રવાહ.

Deform,(ડીફ઼ૉર્મ્)*vt*.[L*de* & *forma*, form.] To mar or alter in

form;to disfigure: આકાર-આકૃતિ-રૂપ-ઘાટ-ડોળ બગાડવો; કઢંગું-બદસૂરત-બેડોળ કુબડું-કદરૂપ-બદશિકલ ક૦-બનાવવું;વિરૂપ-કુરૂપ-વ્યંગ ક૦; આકારભંગ-રૂપભંગ ક૦ 2.To render displeasing; to dishonour : ગમે નહિ એવું કરવું; બગાડવું;-ની આબરૂ લેવી;-ની આબરૂને બટ્ટો-એબ-લાંછન લગાડવું;ભ્રષ્ટ ક૦; કલંકિત ક૦.*a.*Deformed:કદરૂપું;કુબડું;બદશીકલ;બેડોળ; બદસુરત;કુરૂપ.

Deformed,(ડીફૉર્મ્ડ)*a.* Ugly;misshapen;disfigured : કદરૂપું; વાંકુંચુંકું;કુરૂપ; બદશીકલ; બદસુરત; બેડોળ; અપંગ;કુબડું;વ્યંગ.

Deformity,(ડીફૉર્મિટિ)*n.* Distortion;defect;ugliness : કદરૂપાપણું; ખોડ; દોષ; બદસુરતી;કદરૂપ; બદશીકલપણું;વિરૂપતા;વિકૃતિ;એબ. 2. Irregularity;absurdity; gross deviation: અનિયમિતપણું; અવિધાન; નિયમોલ્લંઘન;વિપરીતતા; આડાપણું.

Defoul,(ડીફાઉલ)*vt.*To pollute;to corrupt;to make unclean: બગાડવું; ખરાબ ક૦; અપવિત્ર ક૦; વટાળવું; ભ્રષ્ટ ક૦;મેલું-ગંદું ક૦.

Defraud,(ડીફ્રૉડ્)*vt.* [*de* & *fraus, fraudis,*fraud.] To cheat;to deceive;to frustrate:ઠગવું;દગો કરવો-રમવો;દગો કરીને છેતરવું;દગાથી લેઇ લેવું; પચાવી પડવું; ખાઇ જવું;ધૂતવું; છળ-કપટ થી લેઇ લેવું;મુંડવું;-ની ચોટલી મંતરવી.

Defray,(ડીફ્રે)*vt.*[L.*de*& *fractum,* expense.]To pay or discharge; to serve in payment of: આપવું; ઠાવવું; અદા ક૦; ઝીલવું; માથેલેવું; ખર્ચ લખવું.2.To satisfy; to content: સંતોષ પમાડવું;સમાવવું; શાંત પાડવું.

Deft,(ડેફ્ટ)*a.*Apt;fit;clever:યોગ્ય; લાયક;નિપૂણ; હોંશિયાર; ચતુર; કુશળ; કસબી.

Defunct,(ડીફન્ક્ટ)*a.*[L.*de*& *fungor,*I do]Dead;deceased: મરેલું; મુવેલું;મરી ગયેલું; ગત; ગત થયેલું; મર્હુમ;મૃત;સ્વર્ગવાસી.*n.*A dead person: મરી ગયેલો મુએલો માણસ; સ્વર્ગવાસી.

Defy, (ડીફાઇ)*vt.* [L. *dis* & *fides,* faith.] To renounce;to refuse: -ની ના કહેવી;-નો ત્યાગ ક૦;અંગીકાર ન ક૦.2.To set at defiance;to treat with contempt:ન ગણકારવું;અવજ્ઞા ક૦; અનાદર-અવગણના ક૦;ન લેખવવું; પત ન ક૦; તરણા માફક ગણવું-લેખવવું; -નો ભાર-હિસાબ-મહતા ન ગણવી માનવી; ન પુછવું; તૂચ્છકારી કાઢવું. 3. To challenge;to call out.to combat. આવીન એમ કહેવું; યુદ્ધને માટે બોલાવવું; લડવાનું આમંત્રણ ક૦.

Degeneracy,(ડીજેનરૅસિ)*n.* The act of degenerating;a growing worse:બગડવું તે; નબળું પડવું-ક્ષીણ થતા જવું તે;કુલાચારભ્રંશ; ક્ષીણપુણ્યત્વ. 2.Decay;loss of goodness;meanness;deterioration:નબળી-ઉતરતી દશા;ક્ષીણતા; બુદ્ધિ-બળક્ષીણતા; મૂળગુણાપકર્ષ;નીચાવસ્થા;અપકૃષ્ટદશા;અવનતિ.

Degenerate,(ડીજેનરેટ્)*vi.* [L.*de* & *genus,*race.] To grow worse; to be degraded;to deteriorate: બગડતા-નબળા પડતા જવું; ઉતરતી દશાને પામતા જવું;ક્ષીણબુદ્ધિ-બળના થતા જવું; ક્ષીણતાને પામતા જવું; કુળાચારથી ભ્રષ્ટ થવું; નું પતન થવું; ઉતરવું; ચળવું. *a.*Degraded;mean; base: ઉતરતી દશાને પામેલું;બગડેલું; નીચ;નબળુ પડી ગયેલું; ક્ષીણપુણ્ય; કુલાચારભ્રષ્ટ; બુદ્ધિ ગુણક્ષીણ થઇ ગયેલું;કમનત; પતિત; અધમ;ભ્રષ્ટ.

Degeneration, (ડીજેનરેશન્) *n.* Same as **degeneracy,2.** The thing degenerated:બગડેલી-નબળી પડી ગયેલી-ક્ષીણતાને પહોંચેલી ચીજ; અપકૃષ્ટપદાર્થ-વસ્તુ; પતિત-અધર્મ-ભ્રષ્ટપદાર્થ.

Deglutition, (ડીગ્લ્યૂટિશન્)*n.*[L. *de,*& *glutio,*I swallow.] The act of swallowing:ગળવું તે; ગળે ઉતારવું તે; ગળી જવું તે;નિગરણ.2.The power of swallowing: ગળવાની-ગળી જવાની-ગળે ઉતરવાની શક્તિ; નિગરણશક્તિ.

Degradation, (ડેગ્રેડેશન)*n.* Deposition;diminution: ઉતારવું તે;હલકી પાયરી; પદભ્રંશ; અધિકારભ્રંશ; પદચ્યુતિ;અવનતિ. 2. Baseness;degeneracy;disgrace;abasement: કિંમત-માન-વજનનો ઘટાડો; માનભંગ; અવમાનના; અધોગતિ; માનનાશ; અધમતા;પદભ્રષ્ટતા. 3. Diminution of strength or value : કીમત-માન-વજન-જોરનો ઘટાડો.

Degrade,(ડીગ્રેડ્)*vt.*[L. *de* & *gradus,* a step.]To lower in rank; to deprive of office or dignity; to strip of honours:હલકી પાયરીએ ઉતારવું; અધિકારભ્રષ્ટ ક૦; નીચે દરજ્જે ઉતારવું; પદવી ઉતારવી; પદભ્રષ્ટ ક૦;નો અધિકાર-પદવી લઇ લેવું:-ને બેઆબરૂ ક૦;પદચ્યુત ક૦. 2. To lessen the value of;to debase;to disgrace; ની કિંમત ઘટાડવી; નીચું-હલકું પાડવું-ક૦; નું માન-વજન ગૌરવ-પ્રતિષ્ઠા-શોભા-મહત્તા-યોગ્યતા-બુજ-ભારબોજ ઘટાડવો-ઓછો ક૦; માનભંગ ક૦.

Degraded (ડીગ્રેડેડ) *a.* Sunken; low;base:નીચ;હલકું; પામર; પતિત; સ્થાનભ્રષ્ટ;પદભ્રષ્ટ; માનભ્રષ્ટ.2. Having steps:પગથી-પગથિયાંવાળું;પાયરીવાળું.

Degree,(ડીગ્રી)*n* [L. *de* & *gradus,* a step.]A step;a staircase:પગલું-પગથિયું;નિસરણી;સીડી. 2. Grade; gradation:પ્રમાણ;દરજ્જો; અંશ; પદ; સ્થાન;ક્રમ;અનુક્રમ.3 Position;rank; station: દરજ્જો; પદવી; પાયરી; દશા; અવસ્થા;મરતબો;સ્થિતિ.4. Measure of advancement;quality;extent; અંશ;વિસ્તાર;સીમા; મર્યાદા;અવધિ; પ્રહોચ. 5. A certain distance or remove in the line of descent: પેઢી;કુળ;વંશ; પગથીઉં.6. A 360th part of the circumference of a circle:ગોળ વર્તુલના પરીધનો ૩૬૦ મો ભાગ.**D.***of latitude*: અક્ષાંશ. **D.** *of longitude*:રેખાંશ;દિશાંતરાંશ.7.(*Alg*) State as indicated by sum of exponents:ઘાતપ્રમાણ.8 A division or space marked on an instrument : કોઇ યંત્રઉપર કાઢેલા-પાડેલા ભાગ-માત્રા-અંશ 9. Grade or rank to which scholars are admitted by a college or university: વિશ્વવિદ્યાલય તરફથી અપાતી પદવી-છાપ-પદ; ડીગ્રી; વિદ્વતાપ્રમાણસૂચકપદ. By *degrees,* step by step: પગલે પગલે; ધીમે ધીમે;થોડે થોડે; ક્રમે કરીને. *To a.***d.**,exceedingly:ઘણુંજ;બેહદ; બેસુમાર; અતિશય. *The highest* **d.**: પરાકાષ્ઠા; પરાકોટિ.

Dehort,(ડીહૉર્ટ્)*vt.*[L.*de* & *hostor,* I urge]To urge to abstain from; to dissuade:-થી આઘા રહેવાનો-ને તજી દેવાનો ઉપદેશ કરવો; સમજાવવું; કહેવું; -થી અટકાવવું; નિવારણાર્થ ઉપદેશ ક૦.

Deification,(ડીઇફિકેશન)*n.* The act of exalting to the rank of deities;apotheosis : દેવની પદવીએ ચઢાવવું તે;દેવ તરીકે માનવું તે;દેવત્વપ્રાપ્તિ;દેવત્વ;દેવકરણ;દેવત્વારોપણ.

Deiform,(ડીઇફૉર્મ્)*a.*[L *deus,*god and *forma,*shape.] Like a god; of a godlike form:દેવના જેવું;દેવના આકારનું;દેવાકાર;દેવરૂપ.

Deify,(ડીઇફાઇ)*vt* [L.*deus,*god and *facio,*I make.] To make a god of; to apotheosize:દેવ તરીકે માનવું; દેવ ગણવો; દેવની હારમાં-પંક્તિમાં મૂકવું-ગણવું; દેવયોનીમા ગણના ક૦; દેવગણના ક૦ 2.To praise or reverse as a deity: દૈવત ગણવું કરીને માનવું; ઈશ્વર રૂપ-દેવરૂપ ગણવું; સ્હોદ્દે દૈવત માનવું; પરમેશ્વર તરીકે માનવું-ગણવું. 3. To render godlike:દેવ જેવું ક૦.ગણવું.

Deign,(ડેન્)*vi.*[L *dignus,*worthy.] To think worthy;to vouchsafe: યોગ્ય જાણવું; બક્ષવું;-ની કૃપા-મહેરબાની ક૦.*vt.* To esteem worthy; to

False belief;error in belief:ભૂલાવો;ભ્રાંતિ;ભાયા;ભૂલ;ભ્રમ;ભ્રમણા.

Delusive-sory,(ડિલ્યૂસિવ્-ડીલ્યૂસોરિ) *a.* Deceptive;beguiling: છેતરે-ભૂલથાપ દે એવું;થી ભૂલ ભ્રાંતિમા પડાય એવું;ભ્રામક;ભૂલભરેલું;કપટી;મોહક; મોહજનક;ભ્રાંતિજનક-કારક; માયિક; માયામય;અસાર

Delve,(ડેલ્વ્) *vt.* To dig; to open with a spade:ખોદવું;પાવડાવતી ખાડો પાડવો.2.To trace out;to penetrate; to fathom:-નો પાર પામવો; કળી જોવું;-નો ભેદ-મર્મ જાણવો;ઉંડો ઉતરવું.*vi.*To labour with the spade; પાવડાથી મહેનત-મજુરી કરવી. *n.* A pit;a cave:ખાડો;ખાણ; ગોતર;ગુફા.

Demagogue, (ડેમગૉગ્) *n.* [Gr. *Demos,*the people,& *ago,*I lead.] A leader of the rabble;an artful political orator: લોકોનો સરદાર-દોરવનાર;લોકોનો ઉશ્કેરનાર;ફીતુરી લોકનો આગેવાન;બંડખોર;ઉત્પાતી.

Demand,(ડીમાન્ડ) *vt.* [L. *de & mando,*I intrust.] To ask or call for as due by right: માગવું; હાવો કરીને પૂછવું;-નો દાવો-હક્ક કરવો;અધિકારપૂર્વક માગવું; સત્તાની રૂએ માગણી કરવી.3.To ask;to question:પૂછવું;સવાલ-પ્રશ્ન પૂછવો.3.To require as necessary or useful; to call for:માગવું;ની જરૂર હોવી 4. To summon: કોરટમાં બોલાવવું-તેડવું;"સમન" કરીને બોલાવવું.*vi* To ask;to inquire: પૂછવું;ખબર પૂછવી-કાઢવી. *n* Requisition;exaction:માગણી;દાવો;ઉઘરાણી.2.Question;query:સવાલ;પ્રશ્ન. 3.Request;a diligent search; manifested want:ખપ; જરૂરત ગી; માગણી;ખોટ. 4. Thing claimed; claim:દાવો કરેલી ચીજ;દાવો;માગણી. 5.(*a*)The asking for what is due માગણી.5. A thing or amount claimed to be due:લેવું;માગવું, લેહેણી ચીજ રકમ. *To be in d.*:-ની માગ-ખપ હોવી.

Deman'able,(ડીમાન્ડેબલ)*a.*Capable of being demanded,claimed or ask for: માગવા-દાવો કરવા યોગ્ય-લાયક.

Demandant, (ડીમાન્ડેન્ટ્)*n.* One who demands;any plaintiff:વાદી; હક્ક કરનાર;અર્થી;અભિયોક્તા.

Demarcation,(ડીમાર્કેશન્)*n.* [L. *de & marka,* a limit.] Division;separation;the act of ascertaining a limit: સીમા-હદ-મર્યાદા નક્કી કરવું તે;હદ;ભાગ;સીમ; પરિચ્છેદ.2. A limit or bound ascertained:નક્કી કરેલી મર્યાદા-સીમા.

Demean,(ડીમીન્)*vt.*[L.*de &mineo,* I threaten.] To manage; to conduct;to treat:ચાલવું;વર્તવું;આચરવું.2 To debase;to lower;to degrade:હલકું-નીચું પાડવું કરવું. 3. To conduct;to behave;to comport વર્તવું;ચાલવું.*n.* Behaviour;conduct: વર્તણૂક;વર્તન;આચરણ;ચાલ;ચાલચલગત.

Demeanour,(ડીમીનર્)*n.*Behaviour;mien;deportment,bearing: ચાલ;વર્તન;વર્તણૂક;આચરણ; ચાલચલગત;દેખાવ;ડોળ.

Demency, (ડીમેન્સિ) *n.* [L.*de & mens,*the mind.]Dementia;loss of mental powers: ગાંડપણ;ઘેલાપણું;ઘેલચ્છા;દિવાનિયત.

Dement,(ડીમેન્ટ્)*vt.*To deprive of reason;to make mad:ગાંડું-ઘેલું કરવું;વિચારશક્તિ વિનાનું કરવું;અનાવવું *a.* Demented:ગાંડું;ઘેલું દિવાનું.

Dementate(ડીમેન્ટેટ્)*a.*Deprived of reason: ગાંડું;ઘેલું;દીવાનું; ઉન્મત્ત; ભ્રાંતચિત્ત *vt.*To deprive of reason: ગાંડું-ઘેલું-દિવાનું કરવું

Demented,(ડીમેન્ટેડ્)*a* Insane; of unsound mind;mad:ગાંડું;ઘેલું; દિવાનું.

Dementia,(ડિમેન્શિઅ)*n.*General mental enfeeblement;insanity: ગાંડપણ;બુદ્ધિભ્રંશ;મનોભ્રંશ

Demerit,(ડીમેરિટ્)*n.*[Fr.*de* & L. *mereo,*I deserve.]Fault; crime; vice: દોષ;પાપ;અપરાધ;વાંક;નાલાયકી; ન્યૂનતા;સદોષતા; દુષ્કર્મતા; અવગુણ.2. The state of one who deserves ill:અપજશ;નાલાયકી.*vt.*To deserve: -ને લાયક-ઘટતું હોવું.*vt.* To deserve praise or blame: વખાણ-ઠપકાને પાત્ર હોવું.

Demesmerize, (ડીમેઝમેરાઈઝ્) *vt.* To relieve from mesmeric influence: વશીકરણમાંથી મુક્ત કરવું-છોડવવું;સચેત કરવું; ચેતનામાં લાવવું.

Demesne, (ડિમીન્)**Demain,**(ડિમેન્) *n.* A manor-house with lands adjacent to it not let out to tenants:વિલાયતમાં અમીરે પોતાની જમીનમાંથી પોતાના ખાસ ઉપયોગને માટે પોતાનાજ વહિવટમાં રાખેલી જમીન તથા તેમાંનો બંગલો; વછરો; ખુદ ખાસ્તો-ખાસ્તો; ખુદખાસ્તાની જમીન. 2. Any estate in land:જમિન;જમિન-જાગીર.

Demi,(ડેમિ) [L. *dis & medius,* middle.]A prefix signifying half: અર્દ્ધ-અડધું એવું બતાવનારો પ્રત્યય.

Demi god,(ડેમિગૉડ્) *n.* A half god or an inferior deity:અર્દ્ધ દેવ; ઉપદેવ;વિદ્યાધર;યક્ષ;ગંધર્વ;દેવકલ્પ.

Demise,(ડીમાઇઝ્)*n* [L.*de,*&*mitto,* I send]Transference; making over:હક બીજાને આપવો તે; આપી દેવું તે 2.Death of any distinguished individual: કોઇ પ્રખ્યાત નામાંકિત માણસનું મોત-મરણ;દેહત્યાગ; મૃત્યુ; સ્વર્ગવાસ; દેવશરણ જવું તે. 3. The transfer of an estate for years: વરસો સુધી મિલકત-જાગીરનો બીજાને હક આપવો તે;વારસો. *vt.* To grant or bestow by will;to bequeath: વસિયતનામા વારસનામાથી-કરીને આપવું-બક્ષવું.2.To give:આપવું; દેવું.3.To lease: પટે આપવું. 4. To convey by lease:ગણવટ કરીને-આપવું.

Democracy,(ડીમૉક્રસિ)*n.* [L *demos,*the people, and *kratos,* strength.]Government by the people;a republic: પ્રજાસત્તાક રાજ્ય;પ્રજાતંત્ર. 2. The people collectively: લોક સમસ્ત;જનસમૂહ. 3. The principle & policy of the democratic party:પ્રજાસત્તાક રાજ્યની હિમાયત કરનાર પક્ષના નિયમ-નીતિ.

Democrat,(ડેમોક્રૅટ્)*n.*One who is a promoter of the government by the people.પ્રજાસત્તાકરાજ્ય થાય એવા ઉશ્કેરણી કરનાર-ઇચ્છનાર;પ્રજાપક્ષાવલંબી; પ્રજાસત્તાકરાજ્યપક્ષી. 2. A member of the democratic party:પ્રજાથી નિમાયેલા માણસોમાંનો એક;પ્રજાસત્તાવર્ધકપક્ષનું માણસ.

Democratic-al,(ડેમોક્રૅટિક્-ડેમોક્રૅટિકૅલ્)*a.*Appertaining to or favoring democracy:પ્રજાસત્તાક રાજ્ય સંબંધી-ને લગતું પ્રવર્તક; પ્રજાસત્તાક રાજ્યની હિમાયત કરનાર;સાર્વલૌકિક;પ્રજાત્રીય.

Demolish,(ડીમૉલિશ)*vt.* [L*de & moles,*a mass.] To raze; to pull to pieces;to ruin:ભાગી તોડી નાંખવું; તોડી પાડવું; જમિનદોસ્ત-સપાટ કરવું; વિનાશ કરવું;ઉચ્છેદ કરવું;પાયમાલ કરવું.

Demolition,(ડીમૉલિશન્)*n.*Ruin; destruction; utter overthrow: પાયમાલી:નાશ;ખરાબી; ભંગ; વિનાશ; ઉચ્છેદ;ઉન્મૂલન;નિર્દલન.

Demon,(ડીમૉન્)*n.* [L *dæmon,* a spirit.]A departed soul: મરી ગયેલો આત્મા.2.An evil spirit; a devil:ભૂત;પિશાચ.3.A spirit holding a middle place between man and deities: દાનવ; અસુર; રાક્ષસ;દૈત્ય.

Demoniac-nial,(ડીમૉનિઍક્-ડીમૉનિઍલ્)*a.* Pertaining to or resembling demons or evil spi-

rits;devilish: પિશાચી; ડાકણ-અસુર સંબંધી-ના જેવું; જયાનક.2.Influenced by demons: ભૂત વગાયેલું હોય-આવેલું હોય તેવું; આસુરી; અસંસ્કૃત; ભૂતના આવેશવાળું.

Demoniac, (ડીમોનિઍક્)*n.* A human being possessed by a demon or evil spirit : ભૂત વળગેલું માણસ;પિશાચગ્રહિત;ભૂતાવિષ્ટ.

Demonstrate,(ડીમૉન્સ્ટ્રેટ્)*vt.* [L. *de* & *monstro*, I show.] To indicate;to exhibit:બતાવવું;દેખાડવું;દર્શાવવું.2.To show or make evident by reasoning;to prove by deduction:સાબિત-સિદ્ધ કરવું;-ની વિષે ખાત્રી કરી આપવી; પ્રતિપાદન કરવું;ઉપપાદન કરવું.

Demonstration,(ડેમૉન્સ્ટ્રેશન્)*n.* An exhibition; indication; indubitable evidence:સાધન;સિદ્ધિ; ઉપપત્તિ; નિર્ણય;પ્રમાણ; સિદ્ધાંત; પ્રતિપાદન;સિદ્ધીકરણ. 2. A manifestation;a show:દેખાવ; ચિન્હ;દર્શન 3. The exhibition of the parts of:- -ના ભાગ-અવયવો દેખાડવા-બતાવવા તે.4.The act of proving by the syllogistic process: અવયવ સિદ્ધાન્ત;પ્રતિપાદન.5.A decisive exhibition of force: આડંબર;ડોળ; ઘટના;ઘટાટોપ *Empty* d : મેથાડંબર; અનયુદ્ધ.

Demonstrative, (ડીમૉન્સ્ટ્રેટિવ્) *a.* Making evident: exhibiting clearly : સ્પષ્ટ-ખુલ્લી રીતે બતાવી આપેએવું;દર્શનિક;નિર્દેશક;પ્રતિપાદક; ખાત્રી થાય એવું; સિદ્ધાંતકરણ; ઉદ્ઘોષક. 2. Displaying feeling or sentiment: લાગણી બતાવનારું. 3 Consisting of eulogy:સ્તુતિ-પ્રશંસા તારીફવાળું.D *pronoun*:દર્શક સર્વનામ

Demoralization(ડીમૉરલાઈઝેશન્) *n.*The act of subverting or corrupting morals:નીતિગુણખંડન;ભ્રષ્ટતા; આચારભ્રષ્ટતા; ધર્મચ્યુતિ; અપધર્મ.

Demoralize,(ડીમૉરલાઇઝ) *vt.*[L. *de* & *morale*, morals.] To corrupt the morals of : બગાડવું;નીતિ ભ્રષ્ટ કરવું;અનીતિમાં આણવું;ધર્મ ભ્રષ્ટ-આચાર ભ્રષ્ટ-આચારદૂષિત-અનીતિવાન કરવો.

Demotic,(ડીમૉટિક) *a.* Popular; common:લોકપ્રિય;સાધારણ;લોકોનું.

Demur,(ડીમર્)*vi.*[L.*de* & *morari*, to delay.]To linger; to stay;to tarry:-માં પડી રહેવું; રહેઠાણ કરી રહેવું;વસવું;વાસો કરવો 2. To delay; to pause;to hesitate: ખમચાવું;અચકાવું;ઢીલ કરવી;વાર લગાડવી; આંચકો ખાવો;વિલંબ કરવો; આનાકાની કરવી; ઢચુપચુ રાખવું.3.To scruple or object;to take exception: હરકત લેવી; વાંધોતકરાર ઉઠાવવી. *vt.* To have doubt of:--નો-ને વિષે શક-વહેમ હોવો; ઢચુપચુ હોવું;આનાકાની કરવી.2.To cause delay to;to put off:ઢીલ કરાવવી; વારલગાડવી; વિલંબ કરાવવો. *n.* Stop; puase;hesitation: અટકાવ;આંચકો; વિચાર;આનાકાની; વાંધો;હરકત; આશંકા;સંદેહ;ઘ્યવાટ;વિકલ્પ.

Demure,(ડીમ્યૂર્)*a.*[L.*de* & *mores*, manners.]Of modest look;grave: ઠાવકું; ડાહ્યું; ગંભીર; નમ્ર; ધીર; શાંત; ગરીબ; શરમાળ;નર્મ; સકોચ રાખનારું.2 Affectedly modest or serious:કૃત્રિત બહારથી દેખીતું નમ્ર ગંભીર-ગરીબડું; બગઋષિ; બગધ્યાની;-ગરીબડું; ગૌમુખ; શાણીબગલી. *vi.* To look demurely: નમ્ર-ગંભીર-ગરીબડા દેખાવું.

Demurrage,(ડીમરેજ્)*n.* (*a*)The detention of a vessel by the freighter beyond the time allowed in her charterparty for loading, unloading or sailing: કરાર-ખતમાં ઠરાવ્યા કરતાં માલ ચઢાવવા ઉતારવામાં માલ ધણી તરફથી વહાણને વધારે વખત થયેલું રોકાણ.(*b*)The payment made for such delay: આવી રોકાણને માટે માલ ધણીએ વહાણવાળાને આપેલી નુકસાની;ડામરેજ.

Demurer,(ડીમરર્) *n.* One who demurs:વાંધો લેનાર;અટકાવ કરનાર.2. A stop by a party to an action; an issue on matter of law:કાયદાનો વાંધો.

Demy,(ડીમાઇ)*n.* [L. *de* & *medius*, middle.]A size of paper about 22.by 17:૨૨ તસુ લાંબો અને૧૭તસુ પહોળો એવી તકતીનો કાગળ;ડીમાઇ કાગળ. 2. A half fellow at Magdolen college Oxford: ઑકસફર્ડમાં મેગ્ડાલેન કોલેજનો અર્ધો વિદ્યાર્થી.

Den,(ડેન્) *n.* A cave or hollow place in the earth:જમીનમાં ભરાઇ રહેવાની જગા;ગુફા;કોતર;ખોડ;બખોલ; કોતરડું.2.A haunt;a retreat:રહેવાનું ઠેકાણું;રહેઠાણ;ઘર; આવાસ;અખાડો; ખાંજરું.3. Any snug or close retreat where one goes to be alone : એકાંતવાસ; એકાંત આશ્રય.*vi.* To dwell as in a den : ગુફા-કોતરમાં રહેવું.

Dendrology,(ડેન્ડ્રૉલૉજિ) *n.* [Gr. *dendron*, a tree & *logos*, discourse.]A discourse or treatise on trees:વૃક્ષવર્ણન; વૃક્ષવિદ્યા.

Denial,(ડીનાઇઅલ્)The act of refusing or disowning;negation: નકાર;-ના.2.A contradiction:વિરોદ્ગોક્તિ;પ્રતિષેધ;નિષેધ;ઇનકાર.3. A refusal to grant;withholding:અક્ષવાની-આપવાની ના-નકાર.4. A disavowing;a disavowal: ઇનકાર;અસ્વીકાર D *of one's self* : ઉદ્વિયદમન; સંયમ;આત્મસંયમ;આત્મનિગ્રહ.

Denizen,(ડેનિઝેન્)*n.*An adopted or naturalized citizen: શહેરી તરીકે ગણેલો પરદેશી;નગરવાસી; પૌરજન. 2 One admitted to residence in a foreign country:આવીને રહેવાની જેને પરવાનગી મળી હોય એવો પરદેશી; આવીને વસેલો પરદેશી;આગંતુક. 3. A dweller;an inhabitant : રહેનાર; રહેવાસી; ચર; નિવાસી. *vt.* To make a denizen:રહેનાર-રહેવાસી બનાવવો; પરદેશીને વતની જેવા હક આપવા. 2. To provide with denizens: રહેનાર-રહેવાસીઓ લાવવા-પૂરા પાડવા; વસાવવું;વસ્તી કરવી

Denominate,(ડીનૉમિનેટ્)*vt.* [L. *nomen*,a name.] To entitle; to name; to designate : નામ-સંજ્ઞા આપવી-પાડવી; કહેવું. *a.* Having a name:નામ-સંજ્ઞાવાળું.

Denomination,(ડીનૉમિનેશન્)*n.* The act of naming or designating:નામકરણ; નામ પાડવું તે. 2. An epithet;a name: નામ;સંજ્ઞા;અભિધાન.3 A class;a sect:ભાગ;વર્ગ;શાખા;માર્ગ;ગણ;ટોળી;પક્ષ;પંચ;પંથ;ફિરકો.

Denominator,(ડીનૉમિનેટર) *n.* Origin or source of a name:નામ-સંજ્ઞાનું મૂળ. 2. That number placed below the line in vulgar fractions which shows into how many parts the integer is divided:છેદ; છેદક;*common* d :સમચ્છેદ.

Denotable,(ડીનોટેબલ્)*a.*Capable of being marked:અભિધેય;લક્ષણીય; સૂચનીય;દર્શનીય.

Denotation,(ડીનોટેશન્)*n.*The act of marking off or separation: નિશાની;ચિન્હ;સૂચન;અભિધાન;ઉપલક્ષણ.

Denote,(ડીનોટ્)*vt.*[L.*de* & *nota*, mark.]To mark; to indicate:બતાવવું;નિશાની-ચિન્હ લક્ષણ હોવું; ઉદ્ઘોષન-સૂચન-જ્ઞાપન કરવું; જણાવવું. 2. To be the sign of; to mean:-ની નીશાની હોવી;નો અર્થ હોવો.

Denouement,(ડેનુમાન્) *n.* [L. *nodus*,a knot.] The discovery of a plot:ભેદ લાગ;ખુલાસો. 2. The solution of a mystery;issue:ઘૂંચો ભેદ પ્રગટ થવોતે;ખુલાસો;છેવટ.

Denounce,(ડીનાઉન્સ્)*vt.*[L.*de* &

nuncio,I announce.] To give notice of;to announce: નો ખબર-સૂચના આપવી; અમંગળ-અનિષ્ટ જણાવવું; જાહેર કરવું.2.To threaten by some outward sign: ઉપરથી ધાક-બીક-ભય બતાવવું; દહેશત-ધમકી આપવી. 3. To stigmatize;to invoke censure upon: ઉપર તહોમત-દોષ-આરોપ-બદનામી-મૂકવી; કલંક-આળ મૂકવું. 4. To de est publicly-ફિટકાર કરવું;ફિટકારવું;ધિક્કારવું.

Denouncement,(ડીનાઉન્સમેન્ટ)*n* Denunciation:ધમકી-બીક બતાવવી તે;અનિષ્ટખ્યાપન; આપત્તિસૂચન; તહોમત;આરોપ;નિંદા.

Dense,(ડેન્સ)*a*.[L. *dentus*,thick.] Close;thick; compact:જાડું ; ઘટ્ટ; ગાઢ;ગહન;ઘન;ઘાડું;રગડ.

Density-seness,(ડેન્સિટિ-ડેન્સનેસ) *n*.The quality of being dense or thick; compactness: જાડાપણું; જાડાઈ;જાડાશ;ઘટ્ટપણું;ઘનતા;ઘટ્ટતા;ઘનત્વ 2.The proportion of mass or quantity of matter:પદાર્થનું જથાનું પ્રમાણ.

Dent,(ડેન્ટ)*n* [L. *dens*, *dentis*, a tooth] A stroke;a blow:ઘા; પ્રહાર.2.The mark made by a blow; indentation: ઘાથી થયેલી નિશાની; કાપો;ખાણ;પ્રહારચિન્હ;ખાંચ;ખૂણો.3.A tooth as of a wheel: દાંતો.*vt*.To indent:ખાંચ-ખૂણો પાડવો.

Dental,(ડેન્ટલ)*a*.Pertaining to the teeth : દાંતને લગતું-સંબંધી. 2. (*Gram*) Formed by the aid of the teeth:દંતસ્થાની;દંતી;દંત્ય.

Dentifrice,(ડેન્ટિફ્રિસ)*n*.[L *dens*, & *frico*,*I rub*.]A tooth-powder: દંતમંજન;દુર્યપાઉડર;દંતચૂર્ણ.

Dentist, (ડન્ટિસ્ટ) *n*. [L *Dens*, *dentis*, a tooth.] A dental surgeon:દાંતનો વૈદ્ય, દંતવૈદ્ય.

Dentistry,(ડેન્ટિસ્ટ્રિ)*n*. The art or profession of a dentist:દાંત સાફ કરનાર વિગેરેનો ધંધો-હુન્નર; દંતવિદ્યા.

Dentition, (ડેન્ટિશન) *n*. The cutting of teeth: દાંત ઉગવા-કુટવા તે;દંતોત્પત્તિ;દંતોદ્ભવ;દંતવૃદ્ધિ.2.The time of the breeding of teeth: દાંત ઉગવા-કુટવાનો વખત;દંતોત્પત્તિકાળ.

Dentoid,(ડેન્ટોઇડ)*a*.Shaped like a tooth:દંતાકાર;દાંતના આકારનું જેવું.

Denudation,(ડીન્યૂડેશન) *n*. The act of stripping off covering:છેક ઉઘાડું-ખુલ્લું-સાફ કરતે. 2. (*Geol*.) The laying bare of rocks by the washing away of earth:માટીધોવાઇ જવાથી ખડકોનું ખુલ્લું દેખાવું તે.

Denude(ડીન્યૂડ)*vt*.[L.*de* & *nudus*, naked.]To make bare or naked; to strip:ખુલ્લું ઉઘાડું-નાગું-સાફ ચોખ્ખું મેદાન કરી મૂકવું;નગ્ન નવસ્ત્ર કરવું.

Denunciate,(ડીનન્શિએટ) *vt*.[L. *de* & *nuncio*, I tell a message] To denounce;to condemn publicly:ખુલ્લી રીતે તરછોડી નાખવું-કાઢવું; સૂચના-ખબર આપવી;ધમકી આપવી

Denunciation,(ડીનન્શિએશન)*n* The act of declaring or threatening: સૂચના-ધમકી આપવી તે;અનિષ્ટખ્યાપન.2.Threat of evil; arraignment: બીજાને માટે ધમકી આપવી તે;નિંદા;ધમકી;તહોમત;આળ; આરોપ.

Deny,(ડીનાઇ)*vt* [L *de* & *nego*, I say no.] To contradict; to declare not to be true:-ની ના કહેવી; ખરું નથી એમ કહેવું.2.To refuse;to reject :-ની ના કહેવી-પાડવી; ન લેવું; -નો સ્વીકાર ન કરવો;-નો અસ્વીકાર કરવો;-નો અંગીકાર ન કરવો.3. To with-hold; to refuse to grant:-ની ના કહેવી; આપવાની ના કહેવી; નકાર વાસવો; ન આપવું. 4. To disown; to abjure: નાકબૂલ કરવો;-વિષે-નો ઇનકાર કરવો; ઉઘડી બારી;-નાકબૂલ જવું; કાને હાથ દેવા; નામંજુર જવું.*vi*. To refuse;not to comply:ના કહેવું; કબૂલ ન કરવો.

Deobstruent,(ડીઑબ્સ્ટ્રુએન્ટ)*a*. (*Med*)Removing obstructions; aperient : અડચણ કાઢી નાંખનારું;રેચક;જુલાબ લાગે એવું.*n*.An aperient:રેચ;જુલાબ.

Deodorize,(ડીઑડરાઇઝ) *vt*. [L. *de* & *odor*, smell.] To deprive of odor; ગંધ-વાસ વિનાનું કરવું; વાસ ઉડાડી દેવી;દુર્ગંધ-વહેમો કાઢી નાંખવી.

Depart,(ડીપાર્ટ)*vi*.[L.*de* & *pars*, a part.] To go forth or away: જવું; જતા રહેવું; રવાના થવું; કોઈથી આઘા જવું; ઉપડી જવું; છોડીને જવું; રસ્તો કાપવો.2. To pass away; to vanish;to perish: જતું રહેવું; નાશ પામવું.3.To decease; to die: ગત થવું;મરી જવું; ગુજરી જવું; સ્વર્ગવાસી થવું; પરલોકવાસ કરવો. 4. To part: પાસેથી-હાથમાંથી જવા દેવું; છોડવું; મુકવું.5. To forsake; to abandon: તજી-છોડી દેવું; પડતું મૂકવું;-થી આડા-અવળા ચાલવું;દૂર-આઘા ખસવું.*vt* To dispart;to separate:ભાગપાડવા;કાપવું. 2. To divide in order to share:હિસ્સો લેવાને માટે ભાગ પાડવા. 3.To leave;to quit: છોડી તજી દેવું; છોડી દેવું;-ને જવું;-થી વેગળા-અળગા રહેવું. To d. *this life*: મરી જવું; દેહ છોડવો.*n*.Death : મોત;મરણ;મૃત્યુ.2.Division; separation:ભાગ; હિસ્સો;વિભાગ.

Department,(ડીપાર્ટમેન્ટ)*n*. The act of departing; departure:જુદા પડવું તે;મરણ;મોત;દેહત્યાગ. 2 Appointed sphere or province:વિષય;ખાતું;પેટાભાગત; ઉપવિષય; પ્રકરણ; અંગ.3.A part,portion or subdivision:ભાગ;પેટાભાગ. 4. Subdivision of business or duty: ખાતું; કારખાનું; અધિકાર. 5. Territorial division;province:પરગણું; મહાલ; પ્રાંત;દેશ.

Departmental,(ડીપાર્ટમેન્ટલ)*a*. Pertaining to a department or division: ખાતાનું-સંબંધી; ખાતાને લગતું;પ્રકરણ સંબંધી.

Departure,(ડીપાર્ચ્યૂર)*n*.The act of departing or going away: મૂકીને જવું તે;ગમન;પ્રયાણ;પ્રસ્થાન. 2. Death;decease; passing away: પરલોકગમન; દેહત્યાગ; મરણ; મોત. 3. Deviation or abandonment:પ્રમાણે ન ચાલવું તે;તજી-છોડી દેવું તે. 4. Separation; division:છૂટકારો;છૂટુંજૂદું પડવું તે.*A new d*: નવા માર્ગનો આરંભ.*To take one's d*:ચાલ્યા જવું.

Depauperate,(ડીપૉપરેટ)*vt*.[L.*de* & *pauper*,poor.]To impoverish; to deprive of fertility:ગરીબ કરી નાખવું; કસ ખેંચી લેવો; કંગાલ-રાંક કરી નાંખવું;નિર્ધન કરવું; રસ વગરનું કરવું. *a*. (*Bot*.)Falling short of the natural size:સુકાઇ જવું;ગળી ગયેલું.

Depend(ડીપેન્ડ)*vi*.[L.*de* & *pendeo*, I hang.]To hang: લટકવું; ઝુલવું; અવલંબન કરવું.2. To be or remain undetermined : અનિશ્ચિત-નિશ્ચય વિનાના રહેવું-થવું. 3. To rely for support : આધાર-ટેકો-આશરાને માટે ભરોસો રાખવો;આધાર રાખવો. 4. To rely;to trust; to confide:ભરોસો-વિશ્વાસ રાખવો; ના ભરોસે-આધારે રહેવું.5.To act as a dependent: આશ્રિત તાબેદાર તરીકે વર્તવું-કામ કરવું.

Dependable,(ડીપેન્ડેબલ)*a*.Reliable;trustworthy: ભરોસો-વિશ્વાસ રાખવા લાયક;વિશ્વાસપાત્ર; વિશ્વાસનીય.

Dependence,(ડીપેન્ડેન્સ)*n*. The act of hanging down:નીચે લટકવું-ઝુલવું તે;અવલંબન. 2. Subjection to the action of a cause or law: વળગણ;સંબંધ;આધીનતા; આશ્રય;આધીનત્વ.**D**.*of cause and effect*:કાર્યકારણ સંબંધ.3.Mutual connection and support;systematic interrelation:અરસપરસ સંબંધ અને ટેકો; બંધારણ; તાંતો; સંબંધ; અનુબંધ.

4. Subjection to the direction or disposal of another: તાબેદારી; પરાધીનતા; પરવશતા; પરતંત્રપણું; અસ્વાતંત્ર્ય; આશ્રિતપણું; પરતંત્રતા; પરાધીનપણું; ઓશિયાળ. 5. Reliance; trust: ભરોંસો; આધાર; વિશ્વાસ; આકીન. 6. That on which one depends: આધાર; આશ્રયનું ઠેકાણું

Dependency, (ડીપેન્ડેન્સિ) *n.* Subordination; reliance; trust; connection; concatenation: તાબેદારી; ભરોંસો; વિશ્વાસ; સંબંધ; અનુબંધ. 2. A thing hanging down: લટકતી ચીજ; લટદણ; લટકણિયું. 3 That which is attached to something else: આવરણ; અનુયાયી; અંગ. 4. A colony: તાબાનો મુલક; ઉપરાજ્ય; સંસ્થાન.

Dependent-ant, (ડીપેન્ડેન્ટ) *a.* Hanging down: લટકતું; ઝુલતું. 2. Not self sustaining; subordinate: પોતાની મેળે રહી શકે નહિ એવું; ના આધારે-આધારે રહેલું; પરાધીન; તાબેદાર; પરવશ; પરતંત્ર *n* One who depends; a retainer: તાબેદાર; આશ્રિત; અનુયાયી-યારી. 2. Corollary; consequence: સિદ્ધ કરેલા સિદ્ધાંત ઉપરથી તરત કરેલું અનુમાન; અનુષંગીસિદ્ધાંત; પરિણામ.

Depict, (ડીપિક્ટ) *vt.* [L. *de & pingo,* I paint.] To paint; to portray: ચિતરવું; ચિત્ર-છબી પાડવી. 2. To represent in words; to describe vividly: વર્ણન-બ્યાન કરવું.

Depilate, (ડીપિલેટ) *vt.* [L *de & pilus,* hair.) To strip of hair: વાળ ખેંચી-ટુંપી નાંખવા.

Depilous, (ડેપિલસ્) *a.* [L. *de & pilus,* hair.] Without hair; hairless: વાળ વિનાનું; બોડું; બોડકું.

Deplorable, (ડીપ્લોરેબલ) *a.* Lamentable; pitiable: દિલગીરી-દયા ઉપજે એવું; દિલગીર-શોકાતુર થવા જેવું; અત્યંત દુઃખી; દુઃખનું; શોચનીય.

Deplore, (ડીપ્લોર) *vt.* [L. *de & ploro,* I wail.] To bewail; to lament; to be sorry over: ને માટે દિલગીરી-દુઃખ લાગવું; વિલાપ-શોક કરવો. 2 To weep: રડવું; રોવું *vi.* To lament: શોક-વિલાપ કરવો.

Deploy, (ડીપ્લોય) *vt* [L. *de & plico,* I fold.] To open out; to unfold: ફારબંધ ઉભા કરવું; (ફંડબ્યૂહમાં) ઉભા રહેવું. *vi.* To form in line of battle from column: બ્યૂહરચનામાંથી ફંડબ્યૂહમાં ફારબંધ ઉભા રહેવું.

Deplumation, (ડેપ્લ્યૂમેશન) *n.* The stripping off of hairs or feathers: પિંછા કે વાંળ તોડી લેવા તે. 2. (*Med*) A disease of the eyelids in which the eye lashes fall off: પાંપણ ખરી જાય એવો આંખનાં પોપચાંનો રોગ.

Deplume, (ડીપ્લ્યૂમ) *vt* [L. *de & pluma,* feather.] To strip or pluck off the feathers of: નાં પીંછાં તોડી લેવાં 2 To lay bare; to expose: ઉઘાડું ખુલ્લું મૂકવું-કરવું.

Depone, (ડીપોન) *vt.* [L. *de & pono,* I put.] To wager: સરત-હોડ મારવી-બકવી. 2. To depose: સોગન ખાઇને-લઈને પ્રતિજ્ઞા ઉપર કહેવું; સાહેદી-સાક્ષી આપવી. *vi* To depose: સોગન ખાઇને સાહેદી થવું. 2 To bear witness: સાહેદ થવું; સાક્ષી આપવી.

Deponent, (ડીપોનેન્ટ) *a.* Having a passive form with an active meaning: જેનો અર્થ મૂળ ભેદનો અને રૂપ સહભેદનું હોય એવું. *n.* One who deposes or gives a deposition under oath: સાહેદ; સાક્ષી; જુબાની-આપનાર. 2. A deponent verb: સહભેદ-રૂપ ક્રિયાપદ.

Depopulate, (ડીપોપ્યૂલેટ) *vt.* [L. *de & populus,* people.] To dispeople: વસ્તી છેક ઓછી કરી નાંખવી; ઉજ્જડ-નિર્જન કરવું. *vi.* To become dispeopled: ઉજ્જડ-વેરાન થવું.

Depopulation, (ડીપોપ્યૂલેશન) *n.* Destruction or expulsion of inhabitants: વસ્તીની ખરાબી-પાયમાલી.

Deport, (ડીપોર્ટ) *vt* [L. *de & porto,* I carry.] To carry away; to exile: સમુદ્ર-દેશ પાર મોકલવું; દેશનિકાલ કરવું; દેશાંતર કાઢવું; દેશવટો આપવો. 2 To conduct; to behave: ચાલવું, વર્તવું; આચરવું. *n.* Behavior; demeanor: ચાલચલગત; વર્તણુક; આચરણ.

Deportation, (ડીપોર્ટેશન) *n.* Banishment; transportation: દેશ સમુદ્ર પારની શિક્ષા થવી તે; દેશનિકાલ; દેશવટો.

Deportment, (ડીપોર્ટમેન્ટ) *n.* Behavior; demeanor; conduct; ચાલ ચલગત; વર્તણુક; આચરણ.

Deposal, (ડીપોઝલ) *n.* The act of deposing or divesting of office or throne: પદભ્રષ્ટ કરવું તે.

Depose, (ડીપોઝ) *vt.* [L. *de & pono,* I put.] To lay down; to lay aside: નીચે મૂકવું; બાજુપર મૂકવું. 2. To let fall; to deposit: પાડવા દેવું; ભેગું થવા દેવું. 3. To dethrone; to divest of office: ઉતારી-કાઢી મૂકવું; ગાદી-પદવી ઉપરથી ઉઠાડી મૂકવું; રાજ-પદભ્રષ્ટ કરવું. સ્થાનભ્રષ્ટ-અધિકારભ્રષ્ટ કરવું. 4 To testify under oath: સોગન ઉપર જુબાની આપવી; પ્રતિજ્ઞા ઉપર સાહેદી આપવી; ઇકરાર-જુબાની આપવી. 5. To take the testimony of: નો પૂરાવો લેવો. *vi.* To bear witness: પ્રતિજ્ઞા પર કહેવું; સાહેદી-સાક્ષી આપવી-પુરવી.

Deposit, (ડીપોઝિટ) *vt.* [L. *de & pono,* I put.] To place; to put: મૂકવું. 2 To put up; to store: ભરી-રાખી મૂકવું; મૂકી છોડવું; ભરી મૂકવું. 3. To intrust; to place in a bank: સોંપવું; 'બેંક'માં મૂકવું; અનામત મૂકવું; થાપણ મૂકવી. 4. To lay aside; to rid one's self of: કોર મૂકી છોડવું. *n.* Matter deposited: વસાઈ આવેલી ચીજ; ઠરી રહેલો પદાર્થ; કાંપ; કાદવ; ચૂંગળ; ગાળ; કાર. 2. That which is placed for safe keeping: અનામત મૂકેલું-સોંપેલું હોય તે; થાપણ; નિક્ષેપ; ઉપ. 3. A place where things are deposited: જે જગ્યાએ ચીજો અનામત મૂકવામાં આવે છે તે.

Depositary, (ડીપોઝિટેરિ) *n.* A trustee: જેને ત્યાં જેની પાસે કંઈ અનામત મૂક્યું છે તે; અનામત રાખનાર-દાર 2. One to whom goods are bailed: જેને ત્યાં માલ ગીરો મુકવામાં આવે છે તે. 3. A storehouse: અનામત-સોંપી અનામત રાખી મૂકવાની જગ્યા.

Dedosition, (ડીપોઝિશન) *n.* The act of deposing; precipitation: પડતું-ડાબ આવવું તે; આવી ઠરવું તે; ટકરો. 2. The act of bringing before the mind; presentation; ની આગળ મૂકવું-બતાવવું તે; પ્રદર્શન. 3. Written affirmation: લખાણથી પ્રતિજ્ઞા ઉપર કહેવું-બોલવું તે; સહી સુદ્ધાં લખી લીધેલી જુબાની. 4. Displacement; removal: કાઢી મૂકવું તે; ગાદી પરથી ઉઠાડી મૂકવું તે; રાજ-પદભ્રષ્ટતા. 5 Sediment; incrustation: કચરો; કાદવ; કાંપ

Depository (ડીપોઝિટેરિ) *a.* A store house: ભંડાર; વખાર; કોઠાર ખાનું.

Depot, (ડીપો-ડેપો) *n.* A warehouse; storehouse: ભંડાર; વખાર; કોઠાર; કોઠારખાનું; કોઠી. 2 (*Mil*) A military station where stores and provisions are kept: જે લશ્કરી મુકામે ભંડાર તથા ખોરાક ભરી મૂકવામાં આવે છે તે. 3. A railway station: આગગાડીને ઉભા રહેવાની જગ્યા; 'સ્ટેશન.' *Book d.*: કિતાબખાનું. *salt d.*: મીઠાની વખાર.

Depravation, (ડેપ્રવેશન) *n.* Detraction; depreciation: કિંમત ન ગણવી તે: અવગણના; તુચ્છકાર. 2. The act of degrading or defaming: બગાડવું-ભ્રષ્ટ કરે તે. 3. Degeneracy; depravity: પાપબુદ્ધિ; દુષ્ટબુદ્ધિ; કુબુદ્ધિ; કુમતિ; દુષ્કર્મ; કુકર્મ; ભ્રષ્ટતા.

Deprave,(ડીપ્રેવ્)*vt.*[L.*depravus*, crooked.] To speak ill of; to depreciate:-નું ખોટું-બૂરું બોલવું; -ની આબરૂને હાનિ-ખલેલ પહોંચાડવી. 2.To vitiate;to corrupt:બગાડવું; ખરાબ-દુષ્ટ-ભ્રષ્ટકરવું;નીતિભ્રષ્ટ કરવું.

Depraved, (ડીપ્રેવ્ડ)*a.* Impaired; corrupted:બગડેલું; ખરાબ;દુષ્ટ;પાપી; ભ્રષ્ટ આચારભ્રષ્ટ; પતિત; હરામી; કુકર્મી; પાતકી;પાપિષ્ટ; અધર્મી;શઠ; કર્મચ ડાળ.

Depravity,(ડીપ્રેવિટિ)*n.* Want of virtue;extreme wickedness: દુષ્ટતા;મલિનતા;ભ્રષ્ટતા;દુર્બુદ્ધિ; નાસ્તિકતા; કુબુદ્ધિ; કુમતિ; દુષ્કર્મ; કુકર્મ; પાપાચાર; બિગાડ;મલિનપણું; દુષ્ટપણું; નીતિભ્રષ્ટતા.

Deprecate,(ડેપ્રીકેટ્)*vt.*[L.*de* & *precor*,I pray.]To pray against; to regret deeply;to disapprove of strongly: નિવારણ થાય-અમલમાં ન આવે એવું માગવું; અત્યંત-અતિશય દિલગીર થવું; છૂટકારો માગવો; માફ ક્ષમા માગવી; અફસોસ કરવો. 2. To argue against: સામા દલીલ બતાવવી; ઘણી નાપસંદગી બતાવવી.

Deprecation, (ડેપ્રીકેશન્) *n.* A praying against evil:બોટું કામ નિવારણ થવાને માટે કરેલી પ્રાર્થના 2. Entreaty for pardon:માફીને માટે કરેલી વિનંતિ-અરજ 3. An imprecation or curse:શ્રાપ; બદદુવા

Deprecatory,(ડેપ્રીકેટોરિ)*a* Tending to remove or avert evil by prayer:દુઃખ નિવારણ થાય તે માટે કરેલી પ્રાર્થનાનું-સંબંધી; અનિષ્ટનિવારક.

Depreciate,(ડીપ્રીશિએટ)*vt.*[L.*de* & *pretium*,price.] To lower the worth of:-ની કિમત ઘટાડવી-ઓછી કરવું;હલકું પાડવું; નિંદવું; વખોડવું;-નું હલકું બોલવું;-ની અપ્રતિષ્ઠા કરવી;-ની નિંદા કરવી.*vi.*To fall in value;to become of less worth:-ની કિંમત ઘટવી;કિંમત-મૂલ્ય-દરજ્જાવ ઘટવો; હલકું પાડવું; અપકર્ષ થવો.

Depreciation,(ડીપ્રીશિએશન્) *n.* The act of lessening the price or value:કિંમત ઘટાડવી તે;હલકું પાડવું તે.2.The falling of value;reduction of worth: કિંમતમાં ઘટાડો;અપકર્ષ;ગુણાપકર્ષ;ઘસારો.

Depreciatory, (ડીપ્રીશિએટોરિ) *a.* Tending to depreciate: કિંમત ઘટે એવું; કિંમત ઘટાડવું;વખોડવાનું.

Depredate,(ડેપ્રીડેટ્)*vt.* [L.*de* & *proedor*,I plunder.]To despoil; to lay waste:લૂંટી લેવું;ઉજ્જડ-તારાજ પાયમાલ કરવું. *vi.*To take plunder: લૂંટ લેવી.

Depredation,(ડેપ્રીડેશન્)*n.* The act of depredating or the state of being depredated:લૂંટ;લૂંટફાટ; લૂંટાવું તે.2.The act of despoiling or making inroads:બગાડ;ઘસારો; અતિક્રમણ; પગપેસારો.

Dedredator,(ડેપ્રીડેટર્)*n.*A spoiler;a robber:લૂંટારો;પીંઢારો.

Depress,(ડીપ્રેસ્)*vt.*[L.*de* & *premo*, I press.] To let fall; to lower; નીચું કરવું-રાખવું-પડવું-ઉતારવું; નમાવવું.2.To humble; to abase (pride):ભાંગવું;તોડવું; પાડવું; ઉતારવું. 3.To sadden:ઢીલું નાંખવું;ઉદાસ-દિલગીર કરવું;ખિન્ન કરવું;ઉત્સાહભંગ-હર્ષભંગ કરવો.4.To lessen the activity of;to embarrass:-ની ચાલાકી-ચતુરાઈ ચંચળાઇ ઘટાડવી; નબળું પાડવું;-ને આંચકો-ધોકો લગાડવો;મંદ કરવું-પાડવું; તેજ કમી-કરવું;ભરાવવું; ગુંચવણમાં નાંખવું.5.To lessen the price of;to cheapen: -ની કિમત ઘટાડવી; સોંઘું-સસ્તું કરવું.

Depression,(ડીપ્રેશન્)*n.*The act of causing to fall:પાડવું-નમાવવું તે; નીચું કરવું તે.2. The state of being depressed;a sinking:ઢબાણ;નમન; પતન;પાત.3. A cavity or hollow: ખાડો;પોલાણ; પોકળ; ગોબો; નમીઆણ જગ્યા;ઝાલ. 4. Humiliation; abasement (*pride.*) નરમ પડવું-ઘટવું તે; ઘટાડો.5. Dejection; despondency:ઉદાસીનતા;ઉદ્વેગ;ગ્લાનિ;ખિન્નતા; ઉત્સાહભંગ 6.Inactivity; dullness: (in trade): મંદી;સુસ્તી;તેજ નહીંતે D *in trade*: મંદી. *Small risings and* d. *of the soil*: ધરતીમાં ઠેકાઠેકા તથા ખાડાખૈયા.

Depressive,(ડીપ્રેસિવ્) *a.* Tending to depress or cast down:ઢબાવે-નમાવે-નીચું પાડે એવું.

Deprivation (ડેપ્રિવેશન્)*n.*Loss; want;privation:હાનિ;નુકસાન; દુઃખ;નાશ;ટોટો;તંગી;ખોટ. 3.The taking away from a clergy man his benefice: પાદરી પાસેથી ઉપાધ્યાય-પુરોહિતની વૃત્તિ લઇલેવી તે.

Deprive,(ડીપ્રાઇવ્)*vt.*(L *de* & *privus*,one's own.] To take away; to remove:લેવુંલેવું;ખસેડવું;આપું કરવું. 2.To dispossess; to divest: વિનાનું-રહિત કરવું; પાસેથી લેઈ-છીનવી-લૂંટી-ઝૂંટવી લેવું.3.To divest of office; to depose: અધિકાર ઉપરથી ઘાલી મૂકવું;પદભ્રષ્ટ કરવું; પદ-પંક્તિ-સ્થાનભ્રષ્ટ કરવું.

Depth(ડેપ્થ્)*n.*Deepness:ઉંડાઇ;ઉંડાણ.2 Completeness;profundity; abundance:સંપૂર્ણતા;પૂરતા;ઘાટપણું; ગહનતા;ગૌરવ;ગાળીયે; ઘેરાપણું; ઘાડાઇ. 3. Lowness: નીચા-મીમાપણું. 4. The middle part: મધ્યભાગ; મધ્ય;બરાર. 5. The comprehension of content: ગ્રહણશક્તિ; સમજ; સમજવાની શક્તિ; બુદ્ધિ.

Depthless,(ડેપ્થ્લેસ્) *a.* Having no depth: ઉંડાઈ-ઉંડાણ વિનાનું; છીછરું;છાલકું.2.Unfathomable: અથાગ;અગાધ;અમાપ.

Depulse, (ડીપલ્સ્) *at.* [L *de* & *pulsus*,driven.]To drive away: હાંકી-કાઢી મૂકવું.

Depurate,(ડેપ્યૂરેટ્) *v.* [L. *de* & *purus*,pure.]To purefy:કચરો કાઢી નાંખવો; સાફ-સ્વ-ચ્છ-નિર્મળ-શુદ્ધ કરવું; મળરહિત કરવું; શોધવું.*a.*Freed from impurities:સાફ;સ્વચ્છ;નિર્મળ.

Deputation,(ડેપ્યૂટેશન્) *n.* The act of deputing or of appointing a representative:મુખ્તયાર-પ્રતિનિધિ બનાવવું-નિમવું તે; નિયોજન; પ્રેષણ;પ્રેરણ 2 The person or persons deputed by another to act on his behalf:પ્રતિનિધિ;મુખ્તયાર;વકિલ;આડતિયો.3 Office of delegate or deputy:પ્રતિનિધિપણું; મુખ્તયારી.

Depute,(ડેપ્યૂટ્)*vt.*[L *de* & *puto*,I prune.]To appoint as an agent; to delegate: વકિલ-પ્રતિનિધિ કરવો. બનાવવું;મુખ્તયાર કરવો.2.To appoint; to choose: નિમવું;-ની નિમણૂક કરવી.

Deputy,(ડેપ્યૂટિ)*n.*A representative;a delegate;a lieutenant:મુખ્તયાર;પ્રતિનિધિ; વકિલ; મુનિમ; નાયબ કારભારી; ગુમાસ્તો;ડેપ્યુટી;ડીપોટી.

Derange,(ડીરેન્જ્)*vt* [L.*de* & *ranger*,to set in order.] To throw into embarrassment or confusion:-માં ગડબડસરબડ કરવું; બગાડવું; અવ્યવસ્થિત કરવું; ધાલમેલ કરવું; ઘોટાળો કરવો; શિથિલવિધિ કરી નાંખવું; ચૂંથી નાંખવું; કથલાવું. 2. To disturb in action or function: કામ બગાડવું; -ને ખલેલ પહોંચાડવી. 3. To render insane: ગાંડું-ઘેલું-દિવાનું-ચળેલ કરવું;-નો બુદ્ધિભ્રંશ થવો;ચિત્તવિભ્રમ કરવો.

Deranged(ડીરેન્જ્ડ્)*a*Disordered; crazy;insane: અવ્યવસ્થિત; ચકરેલું; બુદ્ધિભ્રષ્ટ;ઉન્મત;ગાંડું ;ઘેલું;ચળેલું;દિવાનું.

Derangement, (ડીરેન્જમેન્ટ્) *n.* Confusion;disorder:બગાડ;વિકાર; ગેરબંદોબસ્ત;ગબડાટ; ધાલમેલ;ગોટાળો; ગફલત;ગરબડ;ખલેલ;અવ્યવસ્થા.2.Insanity:ચળેલ-ગાંડા-દિવાનાપણું; બુદ્ધિભ્રંશ;ચિત્તભ્રમ;ઘેલછા;ગાંડાઈ; વિકળતા.

Deray,(ડીરે)*n.*[L.*dis* & *rai*,order.] Disorder; merriment: ગેરબંદોબસ્ત;બગાડ;વિકાર;અવ્યવસ્થા.

Dereliot, (ડીરીલિક્ટ્) *n.* [L *de* &

linquo, I leave.] (*a*) A thing voluntarily abandoned:છોડી દીધેલી ચીજ.(*b*) A tract of land left dry by the sea and fit for cultivation:ખાડું.*a*.Left and abandoned:છોડી દીધેલું;ત્યાગ કરેલું.2.Unfaithful:નિમકહરામ;ખાય તેનું ખોદે એવું.

Dereliction,(ડીરીલિક્શન્) *n*.An utter forsaking;abandondment: ત્યાગ;પરિત્યાગ;વર્જન;ત્યાગકર્મ.2.The state of being left and abonded: તજી દેવાવું તે;ત્યાગ થવો તે. 3. The land gained from the water by a change of waterline: સમુદ્રનું પાણી પાછું હઠવાથી જમીન નીકળે તે.

Deride,(ડીરાઇડ્)*vt*.[L.*de* & *rideo*, I laugh.]To laugh at with contempt;to mock;to scoff at:-ની તરફ ધિક્કારથી હસવું;-ની હાંસી કરવું;-ના ટોળ કરવું;-નું ઉપહાસ કરવું;ઉડાવવું.

Derision,(ડીરિઝિહન્)*n* Mockery; a contemptuous treatment: ઉપહાસ;હાંસી;વિડંબના;ઠઠ્ઠો; મશ્કરી;ધિક્કાર;અવજ્ઞા; તિરસ્કાર.2.Laughing-stock: મશ્કરીનું પાત્ર;ઉપહાસપાત્ર;વિનોદાસ્પદ.

Derisive,(ડીરાઇસિવ્)*n*. Expressing derision;mocking; ridiculing:મશ્કરી-ઠઠ્ઠા ભરેલું;હસી કાઢવું; ઉપહાસસૂચક;મશ્કરીખોર;ઠઠ્ઠાબાજ.

Derivable,(ડીરાઇવેબલ્)*a*. Capable of being known by inference:અનુમાન-તર્કથી જણાય એવું. 2. Capable of being traced:મેળવી-સંપાદન કરી શકાય એવું.

Derivation, (ડેરિવેશન્) *n*. The act of procuring an effect from a cause: કંઈ કારણ-મૂળપરથી-પરિણામ મેળવવું-કાઢવું તે 2.The act of tracing origin or descent:-નું મૂળ-ઉત્પત્તિ વ્યુત્પત્તિ બતાવવી-કાઢવી તે; પ્રભવ; ઉદ્ભવ.3.The established relation of origin:વ્યુત્પાદન; વ્યુત્પત્તિ; મૂળ.4.Derivative;a deduction: સાધિતશબ્દ;વ્યુત્પન્ન શબ્દ 5. That from which a thing is derived: મૂળ;ઉત્પત્તિ;ઉત્પતિસ્થાન.

Derivative, ડેરિવેટિવ્)*a*.Derived; secondary:બીજા ઉપરથી નીકળેલું-બનેલું;સાધિત.*n*.That which is derived from another:જે બીજા ઉપરથી નિકળેલું-બનેલું હોય તે.2.A word formed from another word by a prefix or suffix: સાધિત શબ્દ; વ્યુત્પન્ન શબ્દ. 3. A differential coefficient:વિશેષક વર્ગ.

Derivatively, (ડેરિવેટિવ્લિ) *adv*. In a derivative manner;by derivation:સાધિત રીતે;કંઈ કારણ-મૂળ-ઉપરથી કાઢવાની રીતે.

Derive,(ડીરાઇવ્)*vt*.[L *de* & *rivus*, a stream.]To turn the course of;to transmit: -નો પ્રવાહ ફેરવવો; બીજી તરફ મોકલવું; રવાના કરવું; ઉત્તરોત્તર આપવું; નિવેદન કરવું. 2. To draw; to deduce: મેળવવું;કાઢવું; -ને મળવું.3. To trace the origin:-નું મૂળ-ઉત્પત્તિ-વ્યુત્પત્તિ કાઢવી-બતાવવી;ઉપજાવવું. 4. (*Chem*.) To obtain one substance from another:એક પદાર્થમાંથી બીજો પદાર્થ કાઢવો; કાઢવું;-માંથી ઉત્પન્ન કરવું. *vi*. To flow;to have origin;to descend: -માં મૂળ હોવું;-માંથી નીકળવું-ઉદ્ભવવું.

Derm,(ડર્મ્)*n*.[L.*dero*,I flay.]The skin:ત્વચા;ચામડી.

Dern,(ડર્ન્)*a*.Hiddon;secret:સંતાડેલું;છુપું -છાનું રાખેલું;ગુપ્ત.3. Lonely; sad:શોકાતુર;દિલગીર;ખિન્ન.

Derne,(ડર્ન્)*vi*.To hide;to skulk: સંતાડવું;છુપાવવું;છાનું-ગુપ્ત રાખવું.

Derogate(ડેરોગેટ્)*vt* [L.*de*& *rogo*, I ask.] To restict;to limit the action of:-ની હદ-મર્યાદા કરવી-બાંધવી; -નું ઘેરાણ બાંધવું.2.*To* detract from; to depreciate:-માં ઘટાડો કરવું;ઘટાડવું;હલકું કરવું;-ની કિંમત ઘટાડવી-ઓછી કરવી; માનહાનિ-તેજહાનિ કરવી-પહોંચાડવી; અપકર્ષ કરવો.*vi*.To detract: -માંથી લેઇ લેવું;ઓછું કરવું કરવું. 2. To act beneath one's rank, place or birth:પોતાની સ્થિતિ પદ્વિ કે કુળને ન છાજે એવું કામ કરવું.*a* Diminished in value;damaged:કિંમતમાં ઘટાડો થયેલું; ઓછી કિંમતનું;નુકસાનવાળું.

Derogation,(ડેરોગેશન્)*n*.Detraction;depreciation:હલકું પાડવું તે; અપકર્ષ;તેજહાનિ; માનહાનિ; અપમાન. 2.An alteration of, or substraction from,a contract for a sale of stocks:સોદા-શેરનાં વેચાણના કબાલામાં કરેલો ફેરફાર અથવા ઘટાડો-કડતો.

Derogative-tory,(ડેરોગેટિવ્-ડીરોગેટોરિ)*a*.Depreciating; injurious: ઘટાડે હલકું પાડે એવું; કિંમતમાં હલકું પડેલું;દુઃખદાયક;હાનિકારક;અકીર્તિકર.

Dervises(ડર્વાઈઝ્-ડર્વિસ્)*n*.A Persian monk: ઈરાની ફકિર;દર્વેશ.

Descant,(ડેસ્કૅન્ટ્)*n*.[L.*dis* & *cantus*,singing.] A variation of an air: રાગ-સૂર ફેરવીને ગાયેલું ગાયન. 2.A comment;a discourse:ટીકા; ભાષ્ય;આદર્શ;વિવેચન;ભાષણ. *vi*. To change an air:સુર-રાગ-તાન ફેરવીને ગાવું.2.To discourse at great length;to comment:ટીકા કરવી;કોઇ કારણ:સાધિત રીતે;કંઈ કારણ-મૂળ-ઉપરથી કાઢવાની રીતે.

Descend,(ડીસેન્ડ્)*vi*. [L.*de*& *scando*,I climb.] To go or come down;to fall:ઉતરવું;પડવું;નીચે જવું-આવવું 2.To come suddenly and with violence:તૂટી પડવું;ઉતરી આવવું.પડવું.3.To lower or abase one' self:પોતાની જાતને હલકી-નીચી પાડવી 4.To proceed by generation: વંશ-કુળ-ઓલાદમાં હોવું;-ના વંશજ હોવું.5.To proceed by transmission: હાથમાં જવું-આવવું;પહોંચવું;મળવું.To move toward the south: દક્ષિણ તરફ જવું-સરવું.*vt*.To go down upon or along: પરથી ઉતરવું.

Descendant,(ડીસેન્ડૅન્ટ્) *n*. One who descends:વંશનું માણસ;વંશજ; સંતતિ;સંતાન;ઓલાદ.

Descendent ,(સેન્ડેન્ટ્) *a*. Descending;falling:નિચે પડવું;ઉતરવું.

Descending,(ડીસેન્ડિન્ગ્)*p.a*.(*a*) Of or pertaining to descent:ઢોળાવને લગતું-નું સંબંધી-વિષે.(*b*) Moving downdard:ઉતરતું;નીચે જતું.

Descent,(ડીસેન્ટ્)*n*. The act of descending or coming down: ઉતાર;અધોગતિ;અવરોહણ. 2. Incursion;sudden attack:ઓચિંતો કરેલો હલ્લો;હુમલો;ધસારો;ચઢાઇ. 3. Progess downward, as in station,virtue, importance &c.: અધોગતિ; પતન; નીચતા.4.Lineage;birth: વંશ;કુળ; ઓલાદ;ઉત્પત્તિ. 5. Transmission by inheritance: વારસાથી હાથમાં આવવું-મળવું તે;વારસો. 6. Inclination downward;declivity:ઉતરતો ઢોળાવ.7.Descendant;issue: વંશજો;છોકરાછૈયાં; સંતતિ; સંતાન; ફરજંદ. 8.Lowest place;bottom:નીચામાં નીચી જગ્યા;તળીઉં.9.A generation: પેઢી; જમાનો.

Describable, (ડીસ્કાઇબેબલ્) *a*. Capable of being described:વર્ણન કરવા લાયક;વર્ણનીય;નિરૂપણીય.

Describe,(ડીસ્કાઇબ્) *vt*. [L. *describo*,I write.] To trace out; to delineate:દોરવું;કાઢવું;પાડવું; રેખવું.2.To trace by motion:ગતિથી પાડવું-કાઢવું;ગોળાકારે ગતિ કરવું.3.To enroll;to enumerate: નોંધવું;નોંધમાં લખવું;ગણતરી કરવી.4. To give an account of;to sketch in writing: વર્ણવવું;-નું વર્ણન-બયાન આપવું કરવું;નિરૂપણ કરવું.*vi*.To use the power of describing:વર્ણવવાની-બયાન કરવાની શક્તિનો ઉપયોગ કરવો.

Descrier,(ડીસ્કાઇઅર)*n*.One who

descries or sees: જોનાર; દેખનાર; શોધી કાઢનાર.

Description,(ડીસ્ક્રિપ્શન) *n.* An account:વર્ણન;બ્યાન;વિવેચન; લક્ષણ; વ્યાખ્યા;નિરૂપણ. 2. A class; sort: જાત;તરેહ;પ્રકાર;લક્ષણ,ભાત;તરાહ.

Descriptive,(ડીસ્ક્રિપ્ટિવ્) *a.*Tending to describe;containing description:દર્શાવે એવું;વર્ણવનારું;વર્ણન રૂપ;વર્ણનાત્મક;વર્ણનકારક;નિર્દેશક;વાચક.

Descry,(ડીસ્ક્રાઇ)*vt* [L.*de* & *crier*, to cry)To espy; to recognize: વેગળેથી જોવું;દેખવું;ઓળખવું. 2. To discover;to disclose:શોધી કાઢવું; ખુલ્લું-દ્યાડું કરવું.*n.*The thing descried:જોયેલી-શોધી કાઢેલી ચીજ.

Desecate(ડેસીકેટ્)*vt.*[L.*de* & *secio*, I cut]To cut as with a scythe, to mow:હાતરડાથી કાપવું;લણવું.

Desecrate,(ડેસીક્રેટ્)*vt.*[L. *de* & *sacer*,sacred.] To divest of a sacred character; to profane; પટલાવવું;પતિત કરવું;-ની પવિત્રતા હરી લેવી;ભ્રષ્ટ-દૂષિત કરવું;અપવિત્ર કરવું;નાપાક કરવું.

Desecration,(ડેસીક્રેશન્)*n.* The act of divesting of a sacred character or office:વટાળ;અપવિત્રી કરણ;પ્રતિષ્ઠાભંગ-દૂષણ

Desert,(ડીઝર્ટ્)*vt.* [L.*de* & *sero*, I join.]To part from;to abandon;to forsake: મૂકી-તજી-છોડી દેવું;-નો ત્યાગ કરવો;વહેવું-ખડવું મૂકવું; વર્જવું.2.To abandon without permission;to abscond from:રજા સિવાય દોડી-મૂકી-તજી દેવું; નાશી જવું; પલાયન કરી જવું.*vi.*To quit a service without permission: રજા સિવાય નોકરી છોડી-મૂકી દેવી-માંથી જતા રહેવું.*a* (ડેઝર્ટ્)Forsaken;waste; desolated;wild;barren:નિર્જન;શૂન્ય; ઉજ્જડ;પાક ન આપતું;વેરાન; સૂનું; જંગલી *n.*A wilderness: વેરાન પ્રદેશ-મુલક;વગડો;જંગલ;અરણ્ય. 2. Right to reward; merit: બદલ-ઇનામનો-હક;ગુણ;લાયકી;પુણ્ય; યોગ્યતા; પાત્રતા; ગુણદોષ.

Deserter,(ડીઝર્ટ્ર્)*n*-One who forsakes his duty ,his post,his party or his friend:નિમકહરામ; બેવફાદાર; લશ્કરમાંથી વગર રજાએ પલાયન કરી જનાર.

Desertion,(ડીઝર્શન્)*n.*The abandonment of a service,a party, or a post:નોકરી, ફરજ,પક્ષ કે સોપેલા કામનો ત્યાગ;બેવફાઇ;પરિત્યાગ.2 The state of being forsaken: તજી દેવાવું તે; ત્યક્તાવસ્થા ;નિરાધારપણું. 3. (*Theol.*)Abandonment by god: પરમેશ્વરથી તજી-છોડી દેવાયેલું હોવું તે; ઈશ્વરકૃપાની નિરાશા.

Deserve,(ડીઝર્વ્)*vt.*[L. *de* & *servio*,I serve.] To be worthy of: to merit:-ને લાયક-પાત્ર-યોગ્ય હોવું; 2.To serve;to treat:ચાકરી કરવી; બરદાસ લેવી *vi.*To be worthy of recompense:બદલાને યોગ્ય લાયક થવું.

Deservedly,(ડીઝર્વેડ્લિ)*adv.* Justly:વાજબી ખરી-ન્યાયી રીતે;યથાયોગ્ય; ઘટારત પ્રમાણે;ઉચિતપણે.

Deserving,(ડીઝર્વિન્ગ્) *a* Meritorious:લાયક;યોગ્ય;પાત્ર;ઉચિત.

Desiccate,(ડેસિકેટ્)*vt.*To dry up: સૂકવવું; સૂકવીને કોરૂ કરવું.2.To grow dry:સૂકાવું;કોરૂ પડવું-થવું.

Desiderate, (ડીસિડરેટ્) *vt.* [L. *desidero*,I long for.]To lack;to want;to desire:-ની ખોટ-જરૂર હોવી પડવી માગવું;ચહાવું;ઈચ્છવું.

Desiderative, (ડીસિડરેટિવ્) *a.* Expressing desire:ઇચ્છા બતાવતું; ઇચ્છાર્થક;ઇચ્છાદર્શક.*n.*An object of desire:જેને માટે ઇચ્છા છે એવી વસ્તુ; ઇષ્ટપદાર્થ.

Desideratum,(ડીસિડરેટમ્)*n. pl.* **Desiderata.**A thing desired: જેની ખોટ-જરૂર છે એવી વસ્તુ; ખોટ; ખામી; જરૂરીઆત;ઇષ્ટ.

Desidious,(ડીસિડિઅસ્)*a.*[L*de* & *sideo*,I sit.] Idle;lazy: બાળસુ;સુસ્ત.

Design,(ડીઝાઈન્)*vt.*[L.*de* & *signum*,a mark.] To delineate; to trace out; to draw:નો ઘાટ-ચિત્ર-આકાર-નકશો કાઢવો;-નું ચોળિયું કાઢવું.2. To show; to point out:બતાવવું;દર્શાવવું; જણાવવું;ની તરફ આંગળી કરવી.3.To project: નો વિચાર કરવો;નો મનમાં ઘાટ ગોઠવવો;-ની યોજના-કલ્પના તજવીજ કરવું;રચવું;બનાવવું. 4 To intend or purpose: વિચાર-ઇરાદો રાખવો-કરવો; વેત-મનસૂબો-ઉદ્દેશ રાખવો; નિર્માણ કરવું;નિર્મવું;મનમાં ધારવું;અભિપ્રાય ધરાવવો. *vi.* To start in accordance with a settled plan:ધારેલી યુક્તિ-ઇરાદા-વેત-મનસૂબા પ્રમાણે વર્તવું.2.To intend: ઇરાદો કરવો;ધારણા રાખવી.*n.*A delineation; a plan:નકશો;આલેખન.2. Device; aim;intention; purpose;scheme; ઘાટ;યુક્તિ;તદબીર;વેત;મનસુબો; ધારણા; ઉદ્દેશ;મતલબ;હેતુ; તજવીજ; અભિપ્રાય; આશય;નિમિત્ત;સંકલ્પ; ઇરાદો.

Designate,(ડેસિગ્નેટ્) *vt* To indicate:to show: બતાવવું; દેખાડવું; સૂચવવું;-નું નામનિશાન પાડી આપવું;બતાવી-દેખાડી આપવું 2. To point out by distinguishing from other: ફલાનું તે આ એમ બતાવી આપવું; બીજાઓ કરતાં ઓળખાય એવી રીતે બતાવવું. નિર્દેશ કરવો. 3. To appoint: નીમવું;-ની નીમણુક કરવી.

Designate-ted,(ડેસિગ્નેટ્-ડેસિગ્નેટેડ)*a.*Indicated;appointed: બતાવી આપેલું;નિમેલું;નિર્મિત;ઓળખાવેલું;

Designation,(ડેસિગ્નેશન્)*n.* Indication; denomination: નિર્દેશ; લક્ષણ બતાવવું;સૂચવવું-દેખાડવું તે. 2. Allotment;direction:નિમણુક;યોજના.3. Distinctive title;appellation:ઓળખાય એવો ખિતાબ; નામ; સંજ્ઞા. 4. Signification; import; intention: અર્થ;માયનો;સાવાર્થ.

Designedly(ડીઝાઇનેડ્લિ)*adv.*Purposely;intentionally: ઇરાદાથી;જાણી-જોઇને-બૂઝીને;વિચારપૂર્વક;બુદ્ધિપૂર્વક.

Designer,(ડીઝાઈનર્)*n.*One who designs;a contriver:બતાવી આપનાર;યોજનાર;રચનાર; બતાવનાર; સૂચવનાર.2.A plotter;a schemer: કાવત્રાખોર,મતલબી; કાવાબાજ,ખૂની; તદબીર માણસ.

Designing,(ડીઝાઇનિન્ગ્)*a* Artful; scheming;intriguing: દગલબાજ; દગાખોર;કાવત્રાખોર;કાવાબાજ.

Desipient,(ડેસિપિએન્ટ્)*a.*[L. *de* & *sapeo*, I am wise.] Foolish; silly: મૂર્ખ;બેવકૂફ;નકામું.

Desirable,(ડીઝાઇરેબલ્)*a.*Worthy of desire;pleasing;agreeable: ઇચ્છવા-ચાહવા લાયક-યોગ્ય; કમનીય; સ્પૃહણીય;ઇચ્છા-લોભવિષય;ઇચ્છારૂપદ.

Desire,(ડીઝાઇર્)*vt.*[L.*desidero*,I wish for.]To long for;to covet: લેવા-મેળવવા ચહાવું;માનવું; ઇચ્છવું;-નો લોભ-તૃષ્ણા કરવો; ઇચ્છાઆશા હમેહ-વાંચ્છા ધરવી-રાખવી 2.To entreat; to request: અરજ કરવી;કહેવું; વિનવવું;પ્રાર્થના-વિનંતિ કરવી; ફરમાવવું; આજ્ઞા કરવી. 3.To require;to claim: માંગવું; -માં લાયક હોવું.4.To miss;-ની ખોટ પડવી.*n.*An eager wish to obtain or enjoy:ઇચ્છા; અભિલાષ; ચાહના;સ્પૃહા; તલપ; મનકામના; વાંચ્છા; સંકલ્પ; મનોરથ;વાસના.2.A request; a petition:વિનંતિ;અરજ.3.Object of longing: ઇષ્ટવસ્તુ-પદાર્થ; ઇષ્ટ 4. Excessive longing;lust:અતિશય લોભ;કોડ;તૃષા;ભૂખ;ઉત્કંઠા; તૃષ્ણા; આકાંક્ષા; ફરાશા;લાલસા.

Desirous,(ડીઝાઇરસ્)*a.*Solicitous; covetous;eager:ઇચ્છા રાખનાર;ચાહનાર;લોભી;ઇચ્છાતુર;ઉત્કંઠિત; અભિલાષી;લોભાવિષ્ટ; લોભાંધ;લોભગ્રસ્ત; આતુરતાવાળું;આકાંક્ષાવાળું; કામનાવાળું.

Desirously, (ડીઝાઇરસ્લિ) *adv.*

With desire; eagerly: ઇચ્છાથી; આતુરતાથી; ઉત્કંઠિતપણે.

Desist,(ડીઝિસ્ટ્)*vi.*[L. *de & sisto,* I stand.] To stand aside; to cease to proceed;to forbear:કોરે ઉભા રહેવું;ખસીજવું;-થી દૂર-વેગળા રહેવું;-ને છોડી દેવું;ખસી બેસવું;પાછા હઠવું;હઠી જવું;બંધપડવું;અટકવું;વિરામવું.

Desk,(ડેસ્ક્)*n.*[L.*discus,*a disc.] A table with top sloping forward:ઢળતી મથાળી-ટોચવાળું ટેબલ-મેજ;ઢળતું મેજ.2.The pulpit: પાદ્રીને માટે બનાવેલી ઉંચી જગા-આસન;ઉપદેશકનું આસન.3. (*Fig.*) Clerical profession:કારકુનનો મહેતાનો ધંધો-રોજગાર.*vt.*To shut up,as in a desk: ઢળતા તેજમાં મૂકી બંધ કરવું.To measure:એકઠું કરવું;સંગ્રહ કરવો.

Desolate,(ડેસોલેટ્)*vt.*[L.*de* & *solo,*I make lonely.] To leave alone; to deprive of inhabitants: એકલું રહેવાદેવું;જંગલ-અરણ્ય જેવું કરવું; ઉજ્જડ-નિર્જન કરવું.2 To lay waste; to ruin: નાશ-ઉજ્જડ-ખેદાનમેદાન કરવું; ધૂળધાણી-પાયમાલ કરવું. *a.* Deserted;uninhabited:ઉજ્જડ; ઉજ્જડ પડેલું; વસ્તી વિનાનું-રહિત;વેરાન; પડતર; સૂનું; નિર્જન;શૂન્ય;ઉદ્ધસ્ત. 2. Neglected; laid waste;છણ્યું;તજી દેવાયેલું;પાયમાલ;ખેદાનમેદાન; ખરાબખસ્ત;તારાજ.3. Forsken;lonely: એકલું; નિરાધાર;અનાથ.

Desolation,(ડેસોલેશન્) *n.* Destruction of inhabitants;depopulation:પાયમાલ કરવું તે;નાશ; નિર્જનીકરણી.2. Destitution;gloominess;ruin: પાયમાલી; ખરાબી; નાશ; તારાજી.3 A desolate place:ઉજ્જડ જગા-મૂલક;વેરાન;જંગલ; નિર્જનતા.

Despair,(ડીસ્પેર્)*vi.*[L.*de* & *spero,* I hope.]To be without hope;to give up all hopes:સઘળી આશા મૂકવી-છોડી દેવી;આશાવિનાના થવું; મનભાગી જવું;આશાત્યાગ કરવો;નિરાશ થવું. *vt.*To be without hope of;-ની આશા-ઉમેદવિનાના થવું;નિરાશ થવું.2. To cause to despair:નાઉમેદ-નિરાશ કરવું;-નું મન ભાગી નાંખવું.*n.* Loss of hope;complete dispondency: આશાભંગ;નાઉમેદી;વિષાદ;નિરાશા.

Despatch,(ડેસ્પૅચ્) *vt.* [L *de* & *spatior,*I go.]Same as dispatch.

Desperado,(ડેસ્પરેડો)*n.*A desperate fellow;a wild ruffian:સાહસિક;સાહસી;મરણીઓ;આતતાયી; ખડતું-નીડર માણસ.

Desperate,(ડેસ્પરેટ્)*a.*[L.*despero,* Idespair.]Hopeless;despairing: આશા-ઉમેદ વિનાનું; નિરાશ; નાઉમેદ; આશાહીન.2. Beyond hope; irretrievable;past cure: નિરૂપાય; નાઈલાજ;લાચાર;કઠિન;ઉપાયહીન;અસાધ્ય. 3. Proceeding from despair; reckless;furious:સાહસિક; રાક્ષસી; પ્રાણનો બેદરકાર; મરણિયું; મરણીઆ જેવું;જીવ ઉપર આવેલું; જીવની પરવા ન રાખે તેવું.4.Outrageous;extreme: બેહદ;બેસુમાર;મનસ્વી;અતિશય;બળકટ: અત્યંત.D.*efforts:* જીવ ઉપર આવ્યાથી કરેલા પ્રયત્નો.

Desperation, (ડેસ્પરેશન્) *n.* A giving up of hope:નાઉમેદી; આશાભંગ. 2. A state of despair; abandonment of hope:નિરાશપણું;આશાનો ત્યાગ; મરણીઆપણું.

Despicable,(ડેસ્પિકેબલ્)*a.* [L.*despicor,*I despise.] Mean; vile; worthless:નીચ;હલકું;. દમડીનું;કોડીનું; ટકાનું;પાજી;નિકૃષ્ટ;ક્ષુદ્ર;નિંદ્ય;અધર્મી.

Despise, (ડીસ્પાઇઝ્) *vt.* [L.*de* & *specio,*I look.] To condemn:to scorn;to disdain:હલકું-તુચ્છ-નીચ-અધમ ગણવું; ધિક્કારવું;-ની અવગણના-અનાદર કરવો;-નો તિરસ્કાર કરવો;તરછોડવું.

Despite,(ડીસ્પાઇટ્)*n.* [L.*Despetus,* a looking-down upon.] Malignity;malice;spite:ડંશ; ઝીનો;ખાર; ખુનસ;અંટસ;અદાવત;હાડવેર;ઇર્ષ્યા;દ્વેષ 2.An act of malice; defiance: દ્વેષથી કરેલું કામ.*In d of:* નહિ ગણકારીને.*prep,*In spite of;notwithstanding; એમ છતાં; તોપણ. *vt.* To vex; to annoy: ચીઢાવવું; સતાવવું; ગુસ્સે કરવો.

Despiteful,(ડીસ્પાઇટ્ ફુલ્) *a.*Malicious;maligunant:દ્વેષી; ખારીલું, ડંશીલું;ખુની;દ્રોહી;કપટી;ઝીનાખોર.

Despoil, (ડીસ્પૉઇલ્) *vt* [L. *de* & *spolium,*spoil]To strip; to rob: -નું લઇ-લૂંટી-હરી લેવું; અપહરણ કરવું; ને ખાખી-બંગાળી-નાગું કરવું.*n.* Despoliation:-નું લૂંટી-હરી લેવું તે; અપહરણ.

Despond,(ડીસ્પૉન્ડ્) *vi.* [L. *de* & *spondeo,*I promise.] Togive up; to lose courage, to despair: હિંમત-આશા છોડવી-મૂકવી;-નાહિંમત નિરાશ-નાઉમેદ થવું; હાથ પગ ભાગવા;-નું મન ભાગી જવું.

Despondency, (ડીસ્પૉન્ડેન્સિ) *n.* Abandonment of hope;dicouragement: નાહિંમત; નિરાશા; ઉદાશી; નાઉમેદી; ઉદ્વેગ; વિષણ્ણતા; મનોભંગ; નિરાનંદપણું;વિષાદ;નિરુત્સાહપણું.

Despondent, (ડીસ્પૉન્ડેન્ટ્)*a.* Low-spirited:નાહિંમત; નિરાશ; નિરુત્સાહ; નાઉમેદ;નસીપાસ;ઉદાસ;નિરાનંદ.

Desponding,(ડીસ્પૉન્ડિન્ગ્)*a.*Discouraging:નાહિંમત કરવું;નિરાશ કરવું.

Despot,(ડેસ્પૉટ્)*n.*[L.*potis,*able] An absolute sovereign:કુલ અખ્તિયાર ભોગવનાર રાજા;સ્વતંત્રરાજા; ચક્રવર્તી.2. A tyrant: જુલમી-ડંગોરીઓ-નિરંકુશ રાજા-હાકેમ-સરદાર;પ્રજાપીડક.

Despotic-cal, (ડેસ્પૉટિક્-કલ) *a.* Absolute in power;tyrannical; arbitrary: કુલઅખ્તિયારી; સ્વતંત્ર; જુલમી;જુલમગાર;નિરંકુશ;ડંગોરીઉ.

Despotism,(ડેસ્પૉટિઝ્મ્)*n* Absolute control:કુલ અખ્તિયાર;અપ્રતિબંધસત્તા;સ્વાતંત્ર્ય;સ્વતંત્રતા; જહાંગીરીસત્તા 2. An arbitrary government : જ્યાં રાજા પોતાની મરજીમાં આવે તેમ ચાલીશકે છે એવું રાજ્ય; સ્વેચ્છાચારી રાજ્ય.

Dessert,(ડીઝર્ટ્)*n.*[L.*de* & *servio,* I serve.]A service of fruits or sweetmeats, at the close of an entertainment: ફલાહાર;મુખવાસ; મુખશુદ્ધિ D.*spoon:*વચલા વર્ગનો ચમચો.

Destination,(ડેસ્ટિનેશન્)*n.* The act of appointing : નક્કી કરવું-ઠેરવવું નિર્માણ કરતે; નિયોજન; પૂર્વયોજના; નિયોગ. 2. Ultimate design; fate:આગળથી ધારી મૂકેલી વાત-હેતુ-પ્રયોજન;ઉદ્દેશ;અર્થ; અભિપ્રાય;નિર્માણ-નિર્મિતવાત. 3.Place or point aimed at:ધારેલી જગા-હેતુ; નિર્મિતજગા; નિર્દિષ્ટસ્થાન;ઇષ્ટસ્થળ;ઠેકાણું.

Destine, (ડેસ્ટિન્)*vt.*[L.*de* & *sto,*to stand.] To ordain; to allot; to doom:નક્કી કરવું;ઠેરવવું; નિમાણ કરવું;-ને માટે નિર્માણ થવું;-નું ભવિષ્ય બાંધવું.

Destined,(ડેસ્ટિન્ડ્)*a.*Ordained; allotted:નક્કીકરેલું;ઠેરવેલું;નિમેલું;નિર્મિત;પૂર્વસંકલ્પિત; નિર્માણ કરેલું.

Destiny,(ડેસ્ટિનિ)*n.*Fate; doom: ધારી મૂકેલી નિર્મિત વાત;નિર્માણ; ભાગ્યલેખ;લલાટરેખા;કપાળ;કર્મફળ; પ્રારબ્ધયોગ.2.Fate;invincible necessity:નશીબ;કીસમત;તગદીર;ભવિષ્ય; ભવિતવ્યતા;ભાવી; દૈવ;અદૃષ્ટ;દૈવગતિ;પ્રારબ્ધ.

Destitute,(ડેસ્ટિટ્યૂટ્)*a.*[L. *de* & *statuo,*I set.] Devoid; deficient: વિનાનું; રહિત; હીન; જોઇતું.2.Needy; very poor:તંગીવાળું; ગરીબ;લાચાર; નિરાધાર;ભૂખેમરતું;અશરણ;દીન;નિર્ધન; નિરાલંબ;અનાથ; દરિદ્રી; રંક. *vt.* To leave deserted;to forsake: તજવું;છોડી-મૂકી-તજી દેવું.2.To cause to be in want:-ને તંગી પાડવી;-ને વિનાનું કરવું.3 To disappoint : નાસી પાસ-નાઉમેદ કરવું.

Destitution,(ડેસ્ટિટ્યૂશન્)*n.*Deficiency;lack;poverty:હીનતા;અભા-

વ;તંગી;વિપત્તિ;દારિદ્રતા;ધનાભાવ; અનાશ્રય;નિરાધારપણું;અનાથાવસ્થા; અતિ દારિદ્રય;છેક લાચાર અવસ્થા.

Destroy,(ડીસ્ટ્રોય)*vt.*[L.*de &struo*, I build.] To pull down; to demolish: પાડી-ભાંગી-તોડી નાંખવું; ખોદખોદું કરવું;નું નિકંદન કરવું; જમિનદોસ્ત-સપાટ કરવું. 2. To ruin; to annihilate: ફના કરવું; પાયમાલ-તારાજ કરવું; નું સત્યાનાશ વાળવું;નો કચ્ચરઘાણ વાળવો;-ને મૂળધાણી કરવું;નુંસત્યાનાશ કાઢવું;નાબુદ કરવું; રસાતલ કરી દેવું. 3. To kill;to devastate : મારી નાંખવું;-નો નારા કરવું;-નો સંહાર કરવો.

Destructible,(ડીસ્ટ્રક્ટિબલ્) *a.* Capable of being destroyed:નાશ પામે એવું;નાશવંત;નશ્વર;ક્ષણભંગુર.

Destruction, (ડીસ્ટ્રક્શન્) *n.* Demolition;ruin; devastation: ઉચ્છેદ;સંહાર; ક્ષય; પાયમાલી;નાશ. 2. The state of being destroyed, ruined or slain:પાયમાલી;સત્યાનાશ; વિનાશ;ક્ષય;વિલય.3.Cause of ruin;a destroyer: પાયમાલી; નાશનું કારણ.

Destructive,(ડીસ્ટ્રક્ટિવ્) *a.*Ruinous:pernicious; fatal; mischievous : નુકશાનકારક; સંહારક; ભયંકર ઘાતક;વિનાશક; વિનાશકારક; ખંડનાત્મક; દુષણાત્મક.

Desuetude,(ડેસ્વીટ્યૂડ્)*n.*[L.*de & suesco*,I am accustomed.] The cessation of use;disuse: ઉપયોગ ચાલ-વહીવટ નીકળી જવો તે-જતો રહેવો તે; અનભ્યાસ; અપરિચય; અનુપલબ્ધિ;વિરામ; નિવૃત્તિ; અપ્રવૃત્તિ.

Desultory,(ડેસલ્ટરિ) *a.* [L. *de, salio*,I leap.]Disconnected;immethodical;aimless:ઠેકોમાંથા વગરનું;જેમતેમ કીધેલું;બેતાલ; અનવસ્થિત અસ્થિર;ચંચળ;ઢંગધડા વગરનું; હાલહવાલ;માલવગરનું. D. *conversation*: છૂટી વાતચિત.

Desume,(ડીસ્યૂમ્)*vt.*[L.*de &sumo*, I take.]To take from,or borrow :-ની પાસેથી લેવું;ઉછીનું-ઉધાર લેવું.

Detach,(ડીટૅચ્) *vt.* To part; to disengage : છૂટું-જૂદું પાડવું;-માંથી-ઉપરથી ખસેડવું;ઉખેડવું.2. To separate from a special object or use: અમુક-મુકરર બાબત-ઉપયોગમાંથી છૂટું-જૂદું પાડવું-કરવું. *vi.* To push asunder;to disengage:છૂટું-જૂદું-વિખૂટું પડી જવું-થઇ જવું.

Detached,(ડીટૅચ્ડ્) *a.* Separate; unconnected:છૂટું છૂટું; જૂદું જૂદું; પૃથક; ભિન્ન;અલગ;જોડાયેલું નહિં એવું.

Detachment,(ડીટૅચ્મેન્ટ્)*n.*The act of separating : જૂદું-જૂદું પાડવું તે.2.The state of being separated:વિભાગ;વિયોગ.3.A body of troops:ટુકડી;ટોળી.4 Renunciation: સંસારપરિત્યાગ; સંસારમાંથી નિવૃત્તિ.

Detail,(ડીટેલ્)*vt.*[L.*de & talio*, I cut]To relate in particulars;to enumerate:વિગતવાર-સવિસ્તર-તપસિલવાર-ક્રમવાર-બાબતવાર કહેવું-જણાવવું.2.To appoint for a particular service as an officer or a troop: લશ્કર-સરહદને કોઇ અમુક કામગિરી ઉપર મોકલવો-નિમવો. *n.* A minute portion:a particular:વિગત;તપસીલ;બાબત.2. A narrative which relates minute points: વિગતવાર વર્ણન; સવિસ્તર-તપસિલવાર-મુકરિસલ-બ્યાન.

Detain, (ડીટેન્)*vt.*[L *de & teneo*, I hold.] To withhold: ન આપવું; અટકાવી રાખવું; પાછું રાખવું. 2. To stay or stop: આગળ જતાં-વધતા રોકવું-ખાળવું;અટકાવવું; ઉભા રાખવું; ખોટી કરવું.3. To hold in custody: કેદખાનામાં રાખવું;નજરકેદ રાખવું;કબજાનપતામાં રાખવું; તાબા-હવાલામાં રાખવું.

Detect, (ડીટેક્ટ્)*vt.*[L *de & tego*,I cover]To find out; to bring to light;to discover:શોધી-પકડી કાઢવું;-ની ભાળ-શોધ કાઢવી.2.To accuse: તોહોમત-દોષ-આરોપ મૂકવો.

Detection,(ડીટેક્શન્)*n.*The act of detecting;discovery:પકડવું-શોધી કાઢવું તે;શોધ;તપાસ;ભાળ;ખોળ.

Detective,(ડીટેક્ટિવ્)*a.* Fitted for or skilled in detecting: શોધી-પકડી કાઢવાને લાયક;-માં ચતુર હોંશિયાર. *n.*One whose business it is to detect criminals secretly: છુપી પોલીસ;ડીટેક્ટીવ; છુપો જાસુસ-દૂત.

Detention,(ડીટેન્શન્)*n.* The act of detaining or holdingback: -ન આપવું-અટકાવી રાખવું તે.2 Confinement;restraint: નજરકેદ;બંધન; અટકાવ;રોક; નિગ્રહ. 3. Delay from necessity: રોકાણ;હરકત; અડચણ.

Deter,(ડીટર)*vt.* [L. *de & terreo*,I frighten.]To prevent or stop by fear: બીક આપીને અટકાવવું; રોકવું; ખાળવું;પાછા હઠાવવું;નિવારણ કરવું.

Deterge,(ડીટર્જ્)*vt* [L. *de & tergeo*, I rub.]To cleanse;to purge away: લૂછી સાફ કરવું; મેલ કાઢી નાંખવો.

Detergent,(ડીટર્જન્ટ્)*a.*Cleansing: purging:મેલ કાઢે-સાફ કરે એવું. *n.* (*Med.*)A medicine that has the power of cleansing: મેલ કાઢે-સાફ કરે એવી દવા

Deteriorate,(ડીટીરિઅરેટ્)*vt.*[L. *deterior*,worse.]To make worse; to impair:ખરાબ કરવું;બગાડવું; ખરાબ-હલકું-ઉતરતું કરવું.*vi.*To degenerate: બગડવું; ખરાબ-નીચું-હલકું થવું; ઉતરવું;ક્ષય થવું.

Deterioration,(ડીટીરિઅરેશન્) *n.* The process of growing worse: બગડવું તે;બગડેલ હોવું તે; ક્ષય;વિકાર; વિકૃતિ;ભ્રષ્ટતા;અપકર્ષ;અધોગતિ;દુષ્ટત્વ.

Determinate(ડીટર્મિનેટ્)*a.*Fixed established;definite: અમુક;મુકરર કરેલું;ઠરાવેલું,નિર્માણ કરેલું;નિયમિત.2. Conclusive;positive;રાખ્યા રહેએવું; સાફ;ખુલ્લું;નિશ્ચયાત્મક; પ્રત્યક્ષ.3. Determined or resolved upon:ધારેલું; નિશ્ચય કરેલું. 4. Resolute: દૃઢ; નિશ્ચયવાળું; દૃઢસંકલ્પ.*vt.* To bring to an end:છેડો-અંત આણવો.

Determination,(ડીટર્મિનેશન્)*n.* The act of determining: નક્કી-નિર્ણય કરવું-થવું તે;નિર્ધારણ;નિર્ધાર; નિરાકરણ.2.Termination;limit:અંત; છેડો.3.Impulsion:વલણ;ઇચ્છા;હેતુ. 4.A judicial decision: ફેસલો; કરેલો ફડચો-નિકાલ-નિર્ણય-ચૂકાદો-તોડ. 5.Purpose;conclusion formed: વિચાર;નિશ્ચય.6.Decision of resoluteness: સંકલ્પ; નિર્ધારણા; મનનો નિશ્ચય-નિર્ણય;આગ્રહ;અડ;દૃઢતા 7. Ascertaining the amount of any ingredient in a substance:પદાર્થનો અંશ પ્રમાણ-નિર્ણય.Classification: પ્રકાર;વર્ગવાર ગોઠવણ-સંબંધ-નિર્ણય.

Determine,(ડીટર્મિન્)*vt.*[L *de & terminus*,a limit] To fix the boundaries of:-ની હદ સીમા બાંધવી-ઠેરવવી-નક્કી કરવું. 2. To bring to an end;to finish: છેડો-અંત આણવો;પૂરું સમાપ્ત કરવું 3. To regulate; to settle:-નો તોડ ફડચો કરવો;-નો નિકાલ-નિવેડો લાવવો. 4. To impel and direct;to fix the course of: -નું વલણ કરાવવું;વાળવું ;લક્ષ જવું;નક્કી ઠરાવવું ;નીમવું ;નિર્માણ કરવું.5.To find out the specific name of:.નું નિયમિત-ચોકસ નામ શોધી કાઢવું. 6. To settle judicially;to decide:ન્યાય રીતે ચૂકવવું;-નો ફેસલો-ઠરાવ કરવું;ફડચો-તોડ કરવો; ચૂકાદો આપવો. 7. To resolve on;to have a fixed intention of:-નો નિશ્ચિત વિચાર-ઇરાદો કરવો; મન સાથે નક્કી કરવું;ઠરાવ-નિર્ણય-સંકલ્પ કરવો;નિર્ણય કાઢવો;-ને વિષે નિશ્ચય કરવો.*vi.* To come to an end; to terminate: છેડો-અંત આવવો;પુરું થવું .2.To decide; to resolve: ઠરવું;નિવેડો થવો;ચૂકાદો થવો.

Determined,(ડીટર્મિન્ડ્)*n.* Decid.

ed; resolute:દ્રઢનિશ્ચય-સંકલ્પનું વાન: સંકલ્પિક;નિ:શંક;વજ્રસંકલ્પી;ધીર;ધીટ

Detest,(ડીટેસ્ટ)*vt.*[L.*de* & *testor*, I call to witness.]To loathe;to abhor:ધિક્કારવું;-નો ધિક્કાર કરવો; તિરસ્કાર કરવો.

Detestable, (ડીટેસ્ટેબલ) *a.* Abominable;very odious:અતિ ધિક્કારવા જોગ-યોગ્ય; ધિક્કાર-ગુસ્સો આવે એવું;અતિ નિંદ્ય;જઘન્ય.

Detestation, (ડીટેસ્ટેશન)*n.* Abhorrence;loathing: ધિક્કાર; નિંદા.

Dethrone, (ડીથ્રોન્) *vt.* [L. *de* & *trone*, throne.]To depose: ગાદી-તખ્ત-રાજ્યાસન ઉપરથી કાઢી-ઉઠાડી મૂકવું;રાજ્યભ્રષ્ટ કરવું;ખેત તખ્ત કરવું.

Dethronement,(ડીથ્રોન્ મેન્ટ)*n.* Removal from a throne: રાજ્ય ભ્રષ્ટતા:રાજ્યભ્રંશ;રાજ્યપદચ્યુતિ.

Detinue,(ડેટિન્યૂ)*n.*A person or thing detained:અટકાવેલો માણસ -ચીજ-માલ.

Detonate,(ડેટોનેટ્) *vt.* [L. *de* & *tono*, I thunder.] To cause to explode: ફોડવું;-છોડવું. *vi.* To explode wiqh a sudden report: ભડાકો થઇ ફૂટવું; અવાજ થઈ ફુટવું; ભડાકો થવો.

Detort,(ડેટોર્ટ્)*vt.*[L.*de* & *torqueo*, I twist.]To pervert;to wrest:મારી મરચરડીને મરડવું;ખરાનો ખોટો અર્થ કરવો.

Detour,(ડીટૂર)*n.*[L.*dis* & *tour*.] A turning:ચક્કર;ફેરો; ચકરાવો; ફેરાવો;મરોડ;વાંક.

Detract,(ડીટ્રૅક્ટ્)*ot.*[L. *de* & *traho*, I draw.]To take away;to withdraw:લેઇ લેવું;ઓછું કરવું;-થી ઓછું થવું;ઘટાડવું;હરવું.2.To defame: માન આબરૂ ઓછાં કરવું; હલકું પાડવું; માનક્ષતિ કરવું; વખોડવું; અપકર્ષ-અપકર્ષણ કરવું; હીણપદ લગાડવું. *vi.* To lessen reputation;to derogate:માન-આબરૂ લેઇ લેવી;કિંમત ઓછી કરવી-ઘટાડવી.

Detraction,(ડીટ્રૅક્શન્)*n.*The act of taking away or withdrawing: હલકું પાડવું- ઓછી કરવું તે; ઘટાડો.2.A lessening of worth: calumny: માનાપકર્ષણ; ગુણાપકર્ષણ; જૂઠો આરોપ;બદગોઇ;નિંદા; વખોડણી; હીણપદ.

Detriment,(ડેટ્રિમેન્ટ)*n.*[L. *de* & *tero*, I rub.]Mischief;harm; damage:નુકશાન;હાનિ;ખરેલ;ક્ષતિ; બિગાડ;જન.*vt.*To hurt: હાનિ-નુકશાન-હાનિ કરવું.

Detrimental,(ડેટ્રિમેન્ટેલ્) *a.* Injurious;hurtful: નુકશાન પહોચાડે એવું; નુકશાન-હાનિકારક; પ્રતિકારક; અવગુણકારી.

Detrition,(ડીટ્રિશન્)*n.* [L *de* & *tero*, I rub] A wearing off or away: ઘસારો;ઘસાઇ જવું તે.

Detritus,(ડીટ્રાઇટસ્)*n.*A mass of substances worn off from solid bodies: નક્કર પદાર્થ વસવાથી પડેલો કચરો-ભૂકો.2.Hence,any product of disintegration: કોઈપણ ચીજના ભાગી જવાથી થતો ભૂકો.

Deturpate, (ડીટર્પેટ્)*vi.*[L.*de* & *turpis*, ugly.] To defile: ખરાબ-અપવિત્ર કરવું; ભ્રષ્ટકરવું.

Deuce,(ડ્યૂસ્)*n.*[L.*dusius*, amor.] An evil spirit;the devile:ભૂત;પિશાચ.2.[L.*duos*, two.]Two;a carp with two spots:દુરી; એક પાસાપર પડેલા બે રેખા; દુગ્ગો. 3. The devil (in exclamatory phrases):આશ્ચર્ય-ચીઢ બતાવવા વપરાતો પાદપૂરણ શબ્દ.

Deuterogamy, (ડ્યૂટરોગૅમિ) *n.* [Gr. *deuteros*, second, & *gamos*, marriage.]A second marriage, after the death of the first husband or wife: બીજ લગ્ન.

Deuteronomy(ડ્યૂટરોનોમિ) The fifth book of the Pantateuch: પુનર્નિયમ; મુસાનું પાંચમું પુસ્તક.

Devast,(ડેવૅસ્ટ્)*ot.*[L. *de* & *vastus*, waste.]To lay waste;to plunder: ઉજ્જડ કરવું;લૂંટવું;વેરાન કરવું.

Devastate,(ડેવૅસ્ટેટ્)*vt.* [L.*de* & *vasio*, I waste.]To lay waste;to desolate:ખરાબ કરવું;ખેદાન-વેરાન કરી મૂકવું; તારાજ-પાયમાલ કરવું; ની ખરાબી કરવું;ખરાબખસ્ત કરવું

Devastation,(ડેવૅસ્ટેશન્) *n.* A laying waste:ખરાબ કરવું તે;ખરાબી; પાયમાલી;વેરાની;નાશ.

Develop,(ડીવેલપ્)*vt.*[L *de* & *volvo*, I roll.]To disclose or make known;to unravel: ઉઘાડવું;પ્રસિદ્ધ કરવું;સ્પષ્ટ કરવું; ખીલવવું; વિકસાવવું 2. To change the form of: નો આકાર બદલવો 3.To form or expand by process of growth: ખીલવવું; મોટું કરવું;ઉછેરવું. 4. To advance; to increase;to promote the growth of:વધારવું; વધારો કરવું;-નીઅભિવૃદ્ધિ ઉન્નતિ કરવી. *vi.* To go through a process of natural growth: ખીલવવું;ફુટવું;ઉઘડવું.2. To be formed by natural growth: કુદરતિ ઉત્પત્તિથી બનવું-પેદા થવું; પકવાવસ્થામા આવવું;ખીલવું.3.To become visible gradually: ધીમે ધીમે દેખાતું થવું.

Development,(ડીવેલપ્મે-ન્ટ્)*n.*The act of disclosing or the state of being disclosed, that which is unknown:પ્રકાશ વિકાસ; વિસ્તાર; પ્રાદુર્ભાવ;ખીલવણીટ. (*Math*) The act of changing an expression into another of equivalent value or meaning:કોઇ રકમને તેટલીજ કિમતની બીજી રકમનું રૂપ આપવું-બદલવું.

Devergence·cy(ડીવેર્જેન્સ્-ડીવેર્જેન્સિ,*n.*A receding from each other in radiating lines:ઠોળાવ; ઉતરાણ;ઢાળ;સ્થિત્યંતર.

Devex,(ડીવેક્સ્)*a.*[L.*de* & *veho*, I carry.]Bending down;sloping: નીચું નમતું;વાંકું વળતું;ઢળતું.

Deviate,(ડીવિએટ્)*vi.*[L. *de* &*via*, way.]To err;to wander:માર્ગ મૂકીને આડા જવું;આડું ફાટવું;ભૂલ કરવું; ભૂલવું; ભમવું;ચળવું;ચળી જવું.*vt.* To cause to deviate:માર્ગ મૂકીને આડા કાઢવું; ભૂલાવવું.

Deviation,(ડીવિએશન્)*n.*A wandering from one's course;departure from duty:રસ્તો મૂકી આડું જવું તે;વિમાર્ગગમન; વિચલન. 2. An act of sin;an error: પાપનું કામ; અપરાધ; ભૂલ;ચૂક;તકસીર;ગુન્હો.

Device,(ડીવાઇસ્)*n.*[L.*divido*, I separate.]A contrivance;a project;a scheme;a stratagem:યુક્તિ; તદબીર;કળા; ઉપાય; હિકમત;કરામત. 2. An emblematic figure of mark: નિશાનિ; ચિન્હ.3. An invention; contrivance: જુદ્દો; બનાવટ; કરામત; કલ્પના. 4. Anything fancifully conceived:જુદ્દો,નકશી;કલ્પના; યુક્તિ; જુક્તિ;કરામત.

Devil,(ડેવિલ્)*n* [L *dia*, through, & *ballo*, I throw] *Satan*: શેતાન; પિશાચ.2.An evil spirit;a demon: દૈત્ય;અસુર;ભુત;દાનવ;રાક્ષસ;પ્રેત. 3.An expletive indicating vexation: આશ્ચર્ય ચીઢ જણાવતો ઉદ્ગાર. 4 A machine for cutting rags,cotton,&c: ચિંથરા-સુતર વિગેરે કાપવાનો સંચો; કાતર.5.A very wicked person:ચંડાળ;નરાધમ;મુંજી; પાજી; કાફર; સેતાન;હરામખોર.D s *dealer*: ભૂવો. *To play the*,d. *with*, To ruin અતિશય પજવવું; હેરાન કરવું;-ની પાકળ લાગવું;-નો કેડો લેવો;ખરાબ કરવું.*Printer's* d.:નાના કાગળ પત્રો લઇ જનાર લાવનાર નોકર *vt.* To make like a devil:સેતાનના જેવું પેઠે કરવું-બનાવવું.

D vilish,(ડેવિલિશ્)*a* Pertaining to the devil; diabolical: ભૂત સંબંધી;સેતાન જેવું;અતિદુષ્ટ.2.Extreme; excessive:અતિશય;બહુજ;પારવિનાનું; ઘણું મોટું;ભારે.

Devious,(ડીવિઅસ્)*a.*[L.*de & via*, way.]Out of a straight line; winding:આડું;વાંકુ ચુકું;આડુ અવળું. 2.Erring;going astray:ઉધું;ગેરશિસ્તનું;અવળું;આડેરસ્તે ચાલનારૂ.

Devisable,(ડીવાઈઝેબલ) *a.* Capable of being devised or contrived:કલ્પના કરવા યોગ્ય;કલ્પનીય.2.Capable of being given by will: વસિયતનામું કરીને આપવા સરખુ.

Devise,(ડીવાઇઝ્) *vt.* [L.*divido*,I divide.]To invent;to contrive: શોધી-વિચારી કાઢવું;યોજવું; યુક્તિ-તદબીર કાઢવી.2.To plan for:ને વાસ્તે યુક્તિ કરવી-વિચારી કાઢવું.3. (Law) To give by will:વસિયતનામું કરીને આપવું.4-To imagine; to guess: ધારવું;અટકળ બાંધવી. *vi.* To consider;to contrive:વિચારવું;શોધવું.*n.* The act of giving real estate by will:વસિયતનામાથી સ્થાવર મિલકત આપવી તે.2.A will of real estate:સ્થાવર મિલકતનું વસિયતનામું. 3.Property given by will:વસિયતનામાથી આપેલી સ્થાવર મિલકત.

Devisee,(ડીવાઈઝી)*n.* [*Law.*]One to whom a real estate is given by will: જેને વસિયતનામાથી સ્થાવર મિલકત મળી છે તે.

Devisor,(ડીવાઇઝર્)*n.*A testator: વસીઅતનામું કરી આપનાર.

Devoid,(ડીવૉઇડ્)*a* [L.*de & void*, empty.] Void; empty; vacant: વિનાનું;ખાલી;પોકળ;ફોકટ.2.Destitude; not in possesion: વિનાનું; રહિત; હીન;શૂન્ય;નિરાળું;-થી વેગળું .*vt.*To remove: ખસેડવું;આઘું-દૂર કરવું;ખાલી કરવું

Devolution,(ડીવૉલ્યૂશન્)*n.* The act of rolling down: રગડી-ખસી-સરકી પડવું-પથરાઈ જવું તે.2.Transference or passing from one person to another:એક પાસેથી બીજા પાસે જવું-ના હાથમાં આવવું તે;સમર્પણ.

Devolve,(ડીવૉલ્વ્) *vt.* [L. *de & volvo*, I roll.] To roll onward or downward:: ઉતરવું;સરકવું;વહેવું. 2.To hand over: હાથોહાથ આપી દેવું;વહેંચવું. *vi.* To be handed over or down: મળવું;-ના હાથમાં આવવું;-ના માથે પડવું; ઉતરવું.

Devote,(ડીવૉટ્)*vt.* [L.*de & voveo* I vow.](*a*) To consecrate:અર્પણ કરવું; સમર્પવું;-માં વાપરવું; એકનિષ્ઠ રાખવું;-માં વાપરવાને કાઢવું (*b*)To doom to evil:દુઃખના ફોમા-પજામા મૂકવું; (દુઃખ) ને વશ-સ્વાધીન કરવું.2.To give up wholly ;to addict:મચાવવું;-માં મચવું-મચ્યા રહેવું;-માં રચ્યાપચ્યા રહેવું; માં ગરક-લીન થઇ જવું;-માં પરાયણ થવું;-માં ધૂનથીવળગવું.*a.*Devoted:સોંપી દીધેલું; સમર્પિત.*n.*A devotee:ભક્ત.

Devoted,(ડીવૉટેડ્)*a* Strongly attached;zealous; devout: તત્પર;પરાયણ;એકનિષ્ઠ; ભાવિક; સમર્પિત; આસક્ત;તલ્લીન;ફિદા.

Devotee,(ડીવૉટી)*n.* One who is wholly devoted: ભક્ત; વૈાગી;જોગી; સંત.2.A bigot: દુરાગ્રહી; ધર્મોધ.

Devotion,(ડીવૉશન્) *n.* The act of devoting:અર્પણ-સમર્પણ કરવું-માં વાપરવું તે.2.The state of being devoted; addicition:એકનિષ્ઠા;અર્પિતપણું; એકનિષ્ઠપણું;એકભાવ. 3. Devoutness:અનુરાગ; આસક્તિ; ભક્તિ; સેવા; અનન્યભાવ;ભક્તિભાવ;ધર્માસક્તિ; ઇશ્વરાસક્તિ.4.Disposal;સત્તા;કર્તવ્યતા.5.An object of devotion:મૂર્તિ.

Devotional(ડીવૉશનૅલ)*a.* Pertaining to, or suited, to devotion:ભક્તિ પૂજા-ભક્તિકર્મસંબંધી;ભક્તિને લાયક-કરવાલેગ-યોગ્ય.**D.***frame of mind*: ભક્ત્યાસક્તમન.

Devour, (ડીવાઉર)*vt.*[L.*de & voro*, I eat whole.]To eat greedily: ઘણી ઉત્કંઠા-ભૂખ-ઇચ્છાથી ખાઇજવું-ગળી જવું.2-To consume;to waste: ગળી જવું;સઘળું ખાઇજવું.3.To enjoy with avidity:આતુરતાથી ભોગવવું.

Devout,(ડીવાઉટ્)*a.* [L *devotus*, devoted.]Pious;reverend: ભાવિક;પરમભક્તિવાળુ-વાન;પરમ ધાર્મિક. 2.Expressing devotion or piety:ઇશ્વરનિષ્ઠ હોય એવું; ભાવિકપણાનું; ભક્તિમાન 3.Hearty; since, earnest:ભાવયુક્ત-ભરેલું. ખરામન-અંતઃકરણનું;આતુર. *With eyes* d. ભાવિકપણાની આંખથી.**D.***wish*: ખરા મનની ઇચ્છા.**D.***person*:હરિજન;અનન્ય ભક્તિમાન માણસ.

Dew,(ડ્યૂ)*n.*Moisture deposited on the ground from the atmosphere:ઓસ;ઓષ;ઝાકળ;તુષાર;હાર.2. *vt.*To moisten:ઝાકળવાળું કરવું;ભીનું કરવું

Dew-lap,(ડ્યૂ લૅપ) *n.* The flesh that hangs from the throats of oxen or cows:બળદ-ગાયને ગળાનીચે જે માંસ લટકતું હોયછે તે કુકરો;ગબગબ; ઘાબળો.2.The flesh upon human throat:મનુષ્યના ગળા ઉપરનું માંસ.

Dewy,(ડ્યૂઈ) *a.* Pertaining to dew:ઝાકળ-ઓષ ને લગતું-સંબંધી 2. Falling gently like the dew: ઝાકળની પેઠે ધીમે ધીમે પડતું-વરસતું. 3. Resembling dew: ઝાકળને મળતું.ના જેવું. **D.** *ground*: ઓસથી ભીની થએલી જમીન.

Dexter,(ડેક્સ્ટર્)*a.*Right: જમણું.

Dexterity(ડેક્સ્ટેરિટિ)*n* [*L.dexter*, right hand.] Right-handedness: જમણેા હાથ વધારે વાપરવાની ટેવ.2.Physical activity and skill: શરીરની-શારીરિક ચાલાકી-ચપળતા-હોશિયારી-ખબરદારી. 2. Quickness & silk:ખબરદારી;કુશળતા;ચ ચળતા.

Dexterous-trous,(ડેક્સટરસ્-ડેક્સટ્રસ્)*a.*Skilful and active with the hands;ready: હાથની ચાલાકી-ચતુરાઈનું;ચડપનું;ચંચળ. 2. Expert: ખબરદાર; ચંચળ;દક્ષ; દક્ષતાનું; બુદ્ધિના લાઘવવાળું.3.Skilful;artful: ચતુરાઇથી કરેલું; હાથ ચાલાકીથી કરેલું.

Diabetes,(ડાઇઅબીટીઝ)*n.*[Gr.*Dia*, through & *baino*,I go or pass.] A disease attended with excessive discharge of urine:સાકરિયો પરમિયેા; મુત્રાતિસાર; મધુપ્રમેહ; મીઠી પિસાબ.

Diabolical,(ડાઈઅબૉલિકૅલ્)*a.*[Gr *diabolos*,the devil.]Devilish;infernal;impious:શેતાનના જેવું;જેહેાટા અધર્મનું;અતિદુષ્ટ;મહા-ઘોર પાપનું.

Diadem,(ડાઇઅડેમ્)*n.* [Gr. *dia.* through,& *deo*,I bind.] A crown:મુગટ;રાજાનેા શીરબંધ;તાજ; માથે બાંધવાની રાજ ચિન્હની પાટી ;શિરપેચ. 2.Royalty,sovereignty: રાજત્વ; રાજસત્તા; બાદશાહી શેાભા. *vt.* To adorn with a diadem;to crown: તાજ પહેરાવવેા-ધારણ કરાવવેા.

Diagnose, (ડાઇઅગ્નોસ્)*vt.*To ascertain by signs or symptoms: ચિન્હ-લક્ષણ ઉપરથી પારખવું-પરિક્ષા કરવી;જાણવું;ચિકિત્સા કરવી.

Diagnosis,(ડાઇઅગ્નોસિસ્)*n.*[Gr. *dia*, through & *gignosko*, I know.] The determination of a disease by means of distinctive marks:ચિકિત્સા; રોગનિદાન. 2.Critical perception or scrutiny:સૂક્ષ્મ પરિક્ષા; બારીક તપાસ.

Diagonal,(ડાઇઅગોનૅલ્)*a.*[Gr. *dia*, through & *gonia*, an angle.] Crossing at an angle with one of the sides:કર્ણરેષાકૃતિનું;કર્ણાકૃતિનું; ત્રાંસું;કલમ ત્રાંસુ;એક લીટીની સાથેખુણા આગળ સામ સામું આવતું-કાપતું *n.* A line joining two opposite angles: બેસામ-સામેના ખૂણાને જોડનાર લીટી; કર્ણલીટી;કર્ણરેષા; કર્ણ.

Diagram,(ડાઇઅગ્રૅમ્)*n.*[Gr.*dia*,& *grapho*, I describe.] A figure made to illustrate a statement;a plan:સિદ્ધાંત સિદ્ધ કરી બતાવવાને કાઢેલી સિની હતાં આકૃતિ; ન-

કરો; નિદર્શનાકૃતિ; પરિલેખ. 2. A mechanical drawing: યંત્રથી હાથે કાઢેલી આકૃતિ-ચિત્ર-નકશો.

Dial,(ડાઇઅ્લ્)*n.*[L.*dies,*a day.]An instrument for measuring time by the sun's shadow : શંકુ યંત્ર; ચંદો. 2. A mariner's compass: દોકાયંત્ર. 3. The face of a watch or a clock on which time is shown by pointers: ઘડીઆળનેા ચ દો.

Dialect,(ડાઇઅ્લેક્ટ્)*n.*[Gr.*dia* & *lego,*I speak.] Language; tongue: ભાષા; જબાન. 2. A branch of a language: બેાલી; દેશ્યભાષા; ઉપભાષા.

Dialectical, (ડાઇઅ્લેક્ટિકલ્) *a.* Pertaining to dialect: ભાષાનું વિષેનું-સંબંધીનું. 2. Logical; argumental: તર્કશાસ્ત્રવિષેનું; વાદવિવાદ વિષયક.

Dialectics,(ડાઇઅ્લેક્ટિક્સ્)*n.*That branch of logic which treats of the modes of reasoning: ન્યાય; ન્યાયશાસ્ત્ર; તર્કશાસ્ત્ર.

Dialectician, (ડાઇઅ્લેક્ટિશિઅ્ન્) *n.*A logician; a reasoner: ન્યાયશાસ્ત્રવેત્તા; ન્યાય જાણનાર; ન્યાય-તર્કશાસ્ત્રી; નૈયાયિક.

Dialogue,(ડાઇઅ્લેાગ્)*n.*[Gr.*dia* & *lego,* I speak.] A conversation between two or more persons: બે અથવા વધારે માણસેા વચ્ચે વાતચીત-સવાલ જવાબ-સંવાદ-પ્રશ્નેાત્તર. 2. A written conversation: બે કે વધારે માણસનું એકજ વિષય ઉપર સંવાદરૂપ લખાણ. *vi* To discourse together; to confer: સવાલ જવાબ-સંવાદ કરવા. *vt.* To express as in dialogue : સંવાદ-સવાલ જવાબમાં જણાવવું.

Diameter,(ડાઇઅ્મેટર્)*n.*[Gr. *dia* & *metron,* measure.]A striaght line which bisects the chords drawn in a curve parallel to a tangent at its vertex: મધ્યરેષા; મધ્યસૂત્ર; ગર્ભસૂત્ર; મધ્યવ્યાસ રેષા. 2. Width; thickness: જાડાઇ; વ્યાસ.

Diametric-cal,(ડાઇઅ્મેટ્રિક્-કલ્) *a.*Relating to a diameter: વ્યાસનું; વ્યાસરૂપી. 2. Directly adverse: તદ્દન વિરુદ્ધ-ઉલટું; વિપરીત; D. *opposition*: ખરેખરી વિરુદ્ધતા.

Diametrically(ડાઇઅ્મેટ્રિકલ્લિ)*adv.* Directly-છેક; તદ્દન; ખરેખરું; શુદ્ધ; સિધુ.

Diamond,(ડાઇઅ્મેાન્ડ્)*n.* [Gr. *a.* and *damao,*I subdue.] A gem: હીરેા. 2. A rhombus; a lozenge: સમબાજુ વિષમકેાણ; ચતુરસ્ર-ચેાખૂણા કૃતિ. 3. One of a suit of cards: ચેાકડી. 4. The smallest kind of type used in English printing: ઇંગ્રેજી છાપવામાં વપરાતું એક જાતનું નાનામાં નાનું બીજું; ઝીણા ટાઇપ. D. *bit*: હીરાકણી 5. A glazier's tool for cutting glass: કાચ કાપવાની કણી. *a.* Resembling a diamond; made of diamonds : હીરાના જેવું-ના આકારનું; હીરાનું બનાવેલું.

Diaper,(ડાઇઅ્પર્)*n.*Figured linen cloth: ચણનું ચિત્ર-ચિત્રામણવાળું લુગડું. 2. A towel or napkin: રૂમાલ; હાથ લેહો લુછવાનેા રૂમાલ. 3. An infant's breechcloth: બાળકની ચેારણી-સુરવાળ *vt.* To variegate with figures: તરેહ-ભાતા-ચિત્ર કાઢવાં. 2. To out a diaper on: ચેારણી-સુરવાળ પહેરાવવેા. *vi.*To draw figures upon cloth: લુગડા ઉપર ભાતા-તરેહ-કાઢવી.

Diaphanous,(ડાઇઅ્ફૅનસ્)*a.*[Gr. *dia,* through & *phainein,* to show.] Pellucid; transparent; clear: પારદર્શક; સ્વચ્છ; નિર્મળ.

Diahoretic, (ડાઇઅ્ફેારેટિક્) *a.* Having the power to increase perspiration: પરસેવેા લાવનારૂં; સ્વેદજનક-કારક. *n.*(*Med.*) A medicine which promotes perspiration: સ્વેદેાત્પાદક ઔષધ; પરસેવેા લાવનારી દવા.

Diaphragm(ડાઇઅ્ફ્રમ્)*n.*[Gr.*dia.* & *phrasso,*I fence.] A thin partition: પાતળેા આંતરેા-પડદેા. 2. A muscle separating the chest; the midriff: પેટ માંહેનેા વચ્ચેનેા પડદેા.

Diarrhœa,(ડાઇઅ્રીઅ્)*n* [Gr.*dia* & *rheo,*I flow.]Purging or looseness of the bowels; a flux: અતિસાર; સંગ્રણી; હધામણ; ઝાડેા. *Chronic* d.: સંગ્રહિણી.

Diary,(ડાઇઅ્રિ)*n.*[L.*dies,*a day.] A journal; a daily record: રેાજ જોયેલી-અનેલી વાતની નેાંધ; યાદી; દિનચર્યા; નિત્ય નેાંધ; ડાયરી; સ્મર્ણપેાથી; રેાજનીશી; રેાજનામું.

Diatribe,(ડાઇઅ્ટ્રાઇબ્)*n.*[Gr.*Dia,* through & *tribo,*I rub.] (*a*) A continud discourse: ટાયલું; સંવાદ; (*b*) A strain of reproach: કુથલી; પીજણ; આક્ષેપ; અપવાદ; ઠપકેા; નિંદા.

Diatribist,(ડાઇઅ્ટ્રાઇબિસ્ટ્)*n.*The author of a diatribe: વાદવિવાદ-સંવાદ-ટહાયલું કરનાર; અપવાદ મુકનાર.

Dibble,(ડિબલ્)*n.*A pointed implement for planting seeds: બીઆં રેાપવાનું એક ઓજાર. *vt.*To plant with a dibble: ખેાદીને વાવવું. 2. To make holes with a dibble: ખાડા પાડવા; ખેાદવું.

Dice,(ડાઇસ્)*n.Pl.*of **die**(*a*)Small cubes used in gaming: રમવાના પાસા. (*a*)A game: એક જાતની(પાસે રમવાની) રમત; જુગાર. *vi.* To play with dice: પાસાથી રમવું.

Dictate,(ડિક્ટેટ્)*vt.* [L. *dicto,* I speak.]To utter so shat another may write down: લખાવવું; ઉતરાવવું; કહી-બેાલી વાંચીને લખાવવું. 2. To command: ને હુકમ આપવેા; સૂચવવું; આજ્ઞા કરવી; ફરમાવવું; પ્રેરવું. *vi.* To impose conditions on; શરત કરાવી લેવી; આજ્ઞા કરવી ફરમાવવું.

Dictate,(ડીક્ટેટ્)*n.* A command; a direction: આજ્ઞા; હુકમ; ફરમાન; પ્રેરણા; સૂચના.

Dictation,(ડીક્ટેશન્)*n.* The act or practice of prescribing: લખાવવું-બેાલીને લખાવવું-ફરમાવવું તે; હુકમ; આજ્ઞા; ફરમાન; ડીક્ટેશન; પ્રેરણા.

Dictator,(ડીક્ટેટર્) *n.* One who dictates: લખાવનાર; ઉપરી; હુકમ આપનાર. 2. One invested with absolute authority: જેને કુલ અખ્તિયાર આપ્યેા હેાય એવેા અધિકારી; કુલકુલા ધિકારી.

Dictatorial(ડીક્ટેટેારિઅલ્)*a.*Absolute; unlimited: કુલ; અપ્રતિબંધ; અપ્રતિબંધક. 2 Imperious; overbearing: અખ્તિયારી હેાય એવું; જહાંગીરી; તેાર-દીમાગનું ભરેલું; કુલ અખ્તિયારી હેાય એવું. D. *powers*: કુલ અખત્યાર. *In a* d. *tone*: દિમાગના ભરેલા અવાજથી.

Diction(ડિક્શન્)*n.*[L.*Dico,*I say.] Choice of words; mode of expression; language: ઢબારત; શૈલી; ઢબ; ઘાટી; વાક્યરચના; વાણી; ભાષા.

Dictionarian(ડિક્શનેરિઅન્)*a.*One who edits a dictionary: શબ્દસંગ્રહ-ફરહંગ બનાવનાર; કેાષકાર.

Dictionary, (ડિક્શનેરિ)*n.*A lexicon; a vocabulary: શબ્દકેાશ; શબ્દસંગ્રહ; ફરહંગ; કેાષ. 2. A work containing information or knowledge: જ્ઞાનની દરેક સૂચના મળે એવું પુસ્તક.

Dictum,(ડિક્ટમ્)*n.pl.***Dicta,**[L. *dico,* I say.] An authoritative assertion; an apothegm: નિયમ; વિધિ; આદેશ; અધિકારથી કહેલું વાક્ય-વચન-ઉક્તિ. 2.(*b*)A judicial opinion expressed by judges on points that do not necessarily arise in a case: મુકદમામાં મુદ્દાની બાબત નહેાય તેનેા ચૂકાદેા; અપ્રસ્તુત નિર્ણય. (*b*)An award: ફેંસલેા; ચૂકાદેા; નિર્ણય.

Did,(ડિડ્)*Pret.*of do: કર્યું.

Didactic-cal,(ડિડેક્ટિક્-ડિડેક્ટિકલ્) *a.*[L.*doceo,*I teach.]Preceptive; instructive: બેાધ-ઉપદેશ રૂપ; ઉપદે-

શાત્મક;બોધક;સૂચક; બોધાત્મક. *n.* A treatise on teaching or education: જ્ઞાન આપવા-શિખવવા-કેળવણી વિષે ચરચા ગ્રંથ-આખ્યાન-નિબંધ.

Die, (ડાઈ) *vi.* To cease to live; to perish; to expire: મરવું-મરી જવું;છેલ્લો શ્વાસ કાઢી નાખવો;દેહત્યાગ કરવો;રહી જવું;પ્રાણ છોડવો;ગુજરી જવું;દેહ પાડવો 2 To suffer death; to lose life: જાન બોવો; પ્રાણસમર્પણ કરવું; પ્રાણની આહુતી આપવી. 3. To become lost or extinct; to cease: દબાઇ રહેવું;ઢંકાઈ રહેવું; છાનું-ગુપ્ત રાખવું; જતા રહેવું; સમવું-શમવું; શમાઇ જવું; સમાઈ રહેવું 4. To faint; to languish; to sink: ઝાખા-નબળા પડી જવું; નબળું પડી-જવું; રી મરવું. 5. To become indifferent to: બે દરકાર થવું;-ને ન લાગવું-વળગવું;-થી અસર ન થવી. 6. To become imperceptible; to vanish: અદૃશ્ય થવું; જતા રહેવું; નાશ પામવું; બોવાઇ જવું;બસાઇ જવું. 7. To become spiritless or vapid: ફિક્કું-નિસ્સત્વ થઇ જવું. *To die away* : ધીમે ધીમે બંધ થઇ જવું-પડી જવું. *To die out,* ધીમે ધીમે મરી પરવારવું.

Die, (ડાઇ) *n.* A small cube used in gaming: પાસો;અક્ષ. 2. Any small cubical body: કોઇ નાનો ઘન પદાર્થ-ચીજ. 3. Hazard; chance: સાહસ; કિસમત; નશીબ. 4. The cubical part of the pedestal: સ્તંભ પરનો ઘનભાગ:ઢાંકો. 5 A stamp for coining: સીક્કો પાડવાની મુદ્રા-બીબું;ઠસ્સો.

Diet (ડાયએટ) *n.* [L. *dœta,* manner of living.] Habitual food; victuals: ખાનપાન;ખાવાનું;ખાવું;ભોજન; આહાર:ભક્ષ્ય;ખોરાક. 2 Choice food: મનગમતું ખાવું-ભોજન-ખોરાક; પથ્ય; યુક્તાહાર. 3. A deliberate convention; a council: મંત્રસભા;સભા;કાઉન્સીલ. *vt.* To cause to eat and drink by prescribed rules: નિયમ સર જમાડવું *vi.* To eat according to prescribed rules. વૈદક નિયમાનુસારે ખાવું-જમવું;ખરી-પરહેજીથી ખાવું પીવું.

Dietetic-cal, (ડાઇએટેટિક્ કૅલ) *a.* Pertaining to diet: પથ્ય પરહેજ સંબંધી; પથ્ય-આહાર સંબંધી-વિષયક.

Differ, ડિફ્ફર) *vi* [L. *dis* & *ferro,* I carry.] To disagree; to be discordant or unlike: જૂદા પડવું;કબૂલ ન કરવું;જેવા-સરખા ન હોવું; પૃથક-ભિન્ન હોવું; તફાવત ફેર હોવો;-માં ફેર પડવો. 2, To be of unlike opinion: -નો વિચાર-અભિપ્રાય જૂદો હોવો;જૂદા વિચાર-મતના હોવું. 3 To be at variance: જૂદા મન-ખટપટ થવી;વાંધો પડવો;મન ઉંચાં હોવાં-થવાં. *vt* To cause to be different or unlike: જેવાં-સરખાં ન થવા દેવું;જૂદા પાડવું;ફેરતફાવત કરાવવો.

Difference, (ડિફ્ફરેન્સ) *n.* Distinction; variation; unlikeness: જૂદાપણું;ફેર; તફાવત;ભિન્નતા; ભિન્નભાવ;ફારફેર;ફરક;જૂનાવિધ;ભેદ. 2. Disagreement in opinion; dissension; quarrel: મતભેદ;મતાંતર; વિરોધ;કલહ; વિવાદ; તકરાર 3. Characteristic quality; mark, of distinction: વિલક્ષણતા; વિશેષતા;વિરોધ; વિપર્યય. 4. Differentia: વિશેષતા. 5. The remainder left after subtracting the one from the other: બાકી;શેષ;અંતર *vt.* To make different; to distinguish: જૂદું પાડવું;ફેર-ભેદ ગણવો.

Different, (ડિફ્ફરેન્ટ) *a.* Distinct; separate: જૂદું જૂદું;જુદું ;અવર;નિરાળું;ન્યારું;પરાયું; અન્ય;વિષમ. 2. Dissimilar partially or totally unlike: મળતું આવે નહિં એવું;જુદું;વિજાતીય;વિલક્ષણ;ભિન્ન;પૃથક; નાના;વિવિધ.

Differentia, (ડિફ્ફરેન્શિઅ) *n.* (*Logic*) *pl.* **differentiœ,** Specific difference: વિશેષ.

Difficult, (ડિફ્ફિકલ્ટ) *a.* [*L. dis* & *facilis,* easy.] Not easy; arduous: સહેલું નહિં એવું; દુર્ઘટ;જબ્બર;ભારે;જડ;ક્લિષ્ટ;કઠણ; અઘરું; ગહન; ગૂઢ; વિકટ; આકરું;મુશ્કેલ. 2. Austere; stubborn: કડક;કષ્ટસાધ્ય; કડક મરજીનું. D. *to attain:* દુર્લભ; દોહલું. *vt.* To render difficult: ગુંચવણ ભરેલું-મુશ્કેલ કરવું-બનાવવું.

Difficulty (ડિફ્ફિકલ્ટિ) *n* Hardness; arduousness : મુશ્કેલપણું;દુર્ઘટપણું-દુર્ઘટતા; કઠિનતા; વિકટપણું; મુશ્કેલી. 2. An obstacle; trouble; an impediment : મૂસીબત; કડાકૂટ; મુશ્કેલી;ગુંચવણ; અટકાવ; હરકત;વિઘ્ન; સંકટ;દુઃખ;નડતર; વિરોધ;કષ્ટ; આપદા; અમરવડ;વિઘ્ન. 3. An objection; a controversy: કજીયો;તકરાર;હરકત; અડચણ;ખોડ;શંકા;આક્ષેપ. Financial embarrassment ભીડ;તંગી;ગુંચવણ.

Diffide, (ડિફ્ફાઇડ) *vi.* [L. *dis* & *fido,* I trust.] To distrust: -માં ભરોસો ન રાખવો-હોવો;-નો અણવિશ્વાસ રાખવો,ની પતિજ ન લાવવી.

Diffidence, (ડિફ્ફિડેન્સ) *n.* Distrust; want of confidence: અવિશ્વાસ; અણપતિ; અપ્રતિશ્વાસ; શંકા; આશંકા;બેતબારી; અપ્રત્યય. 2 Lack of self reliance; bashfulness: આત્મશંકા; શક્તિપણું; શરમાળપણું; શંકા; સંકોચ.

Diffident, (ડિફ્ફિડેન્ટ) *a.* Distrustful: ભરોસો-વિશ્વાસ ન કરે એવું;બે ઇતબારી; શંકાશીલ; શંકા લેનાર. 2. Not self-reliant; timid; bashful: નાહિંમત;આત્મશંકી; પોતાની શક્તિ-યોગ્યતા વિષે શંકિત રહેનાર;અસ્વગુણજ્ઞ;શરમાળ; અધૃષ્ટ.

Diffuse, (ડિફ્ફ્યૂઝ્) *vt.* [L. *dis* & *fundo,* I pour.] To pour out and spread; to scatter: પાથરવું;ફેલાવવું; પ્રસારવું;પસરાવવું;વિસ્તારવું *a.* Poured out; copious; full; prolix: રેડેલું;બહોળું પાથરેલું-પ્રસારેલું; લાંબુ લાંબું;લંબાળવાળુ;વિસ્તીર્ણ;વિસ્તૃત; સવિસ્તર.

Diffusible, (ડિફ્ફ્યૂઝિબલ્) *a.* Liable to be diffused; diffusive: પથરાય-વિસ્તાર કરાય એવું; ફેલાવો કરાય-ફેલાય એવું; વિસ્તાર્ય.

Diffusion (ડિફ્ફ્યૂઝ્હન્) *n.* Dissemination; extension; circulation: પ્રસાર;ફેલાવો;વિસ્તાર;પ્રચાર;અભિવૃદ્ધિ.

Diffusive, (ડિફ્ફ્યૂસિવ્) *a.* Extending; dispersing; copious; diffuse: વ્યાપક; પ્રસરે-ફેલાય એવું; પ્રસરણશીલ. D *charity:* બહોળું દાન.

Dig, (ડિગ્) *vt. imp. & p. p.* **dug.** To open; to loosen: ખોદીને માટી તરીકે ફેંકવું-નાંખવું; ખોદવું;ખણવું; ગોદવું. 2. To excavate: પોલું કરવું;ખોદીને ખાડો કરવું;ખોદવું. 3. To thrust; to poke: આંગળીઓ ઘોચવી;ગોદામારવા. 4. To get by digging: ખોદીને કાઢવું;ખોદીને મેળવવું. *vi.* To work with a spade; to do servile work: કોદાળીથી ખોદવું;મજૂરી કરવી. 2. To take ore from, its bed: તળીઆમાંથી કાચીધાતુ કાઢવી-લાવવી. *To d. through:* ખોદીને રસ્તો કાઢવો કરવો. *n* A thrust: a poke: ધક્કો;હડસેલો; ગોદો.

Digging, (ડિગિન્ગ્) *n.* The act of digging: ખોદીને ખાડો કરવું;ખોદવું તે; ખોદકામ. 2. The place of digging: ખોદવાની જગ્યા-ઠેકાણું.

Digest, (ડિજેસ્ટ્) *vt.* [L. *dis* & *gero,* I bear.] To arrange methodically; to work over and classify: ગોઠવવું;-ની વ્યવસ્થા કરવી-બાંધવી;-ની ગોઠવણ-ણી કરવી;વ્યવસ્થિત રચનામાં લાવવું 2. To turn into chyme: પાચન કરે એવા તત્વમાં ફેરવવું; પચવવું;પાચન કરવું;જેરવવું;પાચન-હજમ કરવું. 3. To bear with patience; to brook. ધીરજથી ખમવું;જીરવવું;નું સહન કરવું;સાંખવું,પી જવું. 4. To get an understanding of; to comprehend: સમજવું; ગ્રહણ કરવું;ગ્રાહ્ય કરવું; પાકું સમજવું; મનન કરવું. 5. To soften by heat and moisture: તાપ અને ભીનાશથી નરમ-સું-

વાળું ક૦.6.To ripen; to mature: પાકું-પરિપક્વ ક૦;પકવવું.7.To quiet or abate:નરમ-શાંત પાડવું; શમાવવું. *vi.*To undergo digestion: પચવું; પાચન-હજમ થવું;જરવું 2. To suppurate:માં પાચ-પરૂ ભરાવું.*n.* (ડાઇજેસ્ટ્) (*a*)That which is digested especially,that which is calssified and arranged:ગોઠવણ; રચના ;સંહિતા;સંહિત ગ્રંથ (*b*) A summary of lwaકાયદાનો ગ્રંથ; કાયદાસંગ્રહ; કલમબંધી.2.The pandects:જસ્ટિનિયને કરાવેલો વ્યવહારશાસ્ત્રસંગ્રહ; (રોમન)વ્યવહારસંહિતા.

Digestible(ડિજેસ્ટિબ્લ્)*a.*Capable of being digested:પચે-હજમ થાય એવું;પાચન થાય એવું;પચનીય.

Digestion,(ડિજેસ્ટ્યૉં-શન્) *n.* The act of digesting; classification: પાક;પરિપાક; પાચન ક૦ તે.2.Conversion of food into chyme:પાચન; પાચનક્રિયા;હજમીઅત 3. Production of pus:પરૂ થવું-તૈયાર થવું તે.*Slowness of* **d**:મંદાગ્નિ;મંદતા.*Organs of* **d**.: પચનેંદ્રિય.

Digestive,(ડિજેસ્ટિવ્)*a.*Causing to digest:producing digestion: પાચનકરવું; પચાવે એવું;પચાવનારું;પાચક;અગ્નિવર્ધક.*n.* (*a*) A substance which promotes suppuration: પરૂ ભરાવનાર પદાર્થ.2. That which aids digestion:પાચક પદાર્થ.

Digit,(ડિજિટ્)*n.*[L.*digitus*, a finger.]A finger or toe:હાથ કે પગની આંગળી.2.A finger's breadth. એક આંગળીની પહોળાઇનું માપ;આંગળ: અંગુલ;પોણો તસુ.3.One of the ten figures or symbols:મિંડાથી માંડીને ૯ સુધીનો કોઇ પણ આંકડો;મૂળ આંકડો. 4.The twelfth part of the diameter of the sun or moon:અંશ.કોણ;ચંદ્રાંશ;ચંદ્રકલા;કળા;રેખા.*vt.* To point at or out with the finger: આંગળીથી બતાવવું-દેખાડવું; ની તરફ આંગળી કરવી.

Dignification, (ડિગ્નિફિકેશન્) *n.* [L*dignus*, worthy and *facio*,I make]The act of dignifying; exaltation: ઉંચે પદે-ચઢાવવું-મ્હોટી પદવી આપવી તે.મ્હોટી પદવી; માનવૃદ્ધિ;પ્રતિષ્ઠા.

Dignified,(ડિગ્નિફાઇડ્) *a* Suited to inspire respect;stately:પ્રૌઢ; ગૌરવવાળું ;શ્રીમંત;ગંભીર. પ્રતાપી; મહેચ્છ;પ્રતિષ્ઠિત; મોભાવાળું ;પ્રૌઢ; આબરૂ પામેલું;મોભા ભારેબોજવાળું; અમીરી.

Dignify,(ડિગ્નિફાઇ) *vt.* To make illustrious;to exalt in rank;to honor:મોટું પ્રતિષ્ઠિત ક૦;મોટે દરજ્જે ચડાવવું;મહત્વ-શોભા આપવી;માન મરતબો આપવો;પ્રૌઢ ક૦;સત્કાર ક૦

Dignitary,(ડિગ્નિટરિ)*n* One who possesses exalted rank:શિષ્ટજન; કુલીન વર્ગ;ઉંચી પદવીનો ધર્માધિકારી.

Dignity,(ડિગ્નિટિ)*n.* True worth: excellence: મ્હોટાઇ; શોભા; માન; પ્રતિષ્ઠા; ગૌરવ; પ્રભુતા; માહાત્મ્ય. 2. Exaltation;high office; preferment:મ્હોટી પદવી; દરજ્જો; મરતબો; મસ્તદ; ઉન્નતિ;ઉત્કર્ષ. 3. Loftiness and grace;impressiveness;stateliness:દબદબો; દાબ; દમામ;પ્રતિષ્ઠા; ગૌરવ;પ્રૌઢતા;ઓજસ્વિતા.4.A dignitray:ધર્મગુરૂ.5. Axiom; maxim: પ્રત્યક્ષ પ્રમાણ;સ્વીકૃતપક્ષ. 6. Elevation;grandeur:પ્રતાપ;પ્રૌઢતા;તેજ.

Digress,(ડિગ્રેસ્)*vi.*[L.*dis* & *gradior*,I step.]To deviate;to swerve:આડે રસ્તે જવું-ઉતરવું;ભટકવું. 2. To turn aside from the right path:આડાજવું-ફાંટવું;ઉતરી પડવું;આડકથા ક૦; મૂળવિષય ઉપર ઉતરી પડવું.

Digression,(ડિગ્રેશન્) *n.* A part of a discourse deviating from the main design: આડકથા; ફાંટો; શાખા;અવાંતરકથા; અપ્રસ્તુત વાર્તા.2. Transgression: સિદ્ધા માર્ગમાંથી આડા જવું તે; વાતચિતમાં આડું ફાટવું તે;ત્યા ત.3.The elongation from the sun:સૂર્યગ્રહની વચ્ચેનું છેટું-અંતર.

Dike,(ડાઇક્)*vi.*To dig:ખોદવું.*n.* A ditch:મોરી;નીક;નિકોરી;ન્હેર; પાણીનો માર્ગ.2.An embankment to prevent inundations: બાંધ; બંધારો; ધરણ;પુસ્તો;સેતુ; સેતુબંધ.*vt.*To surround with a dike:બાંધ બાંધવો. 2To drain with a dike:બાંધવડે પાણી કાઢી નાંખવું; પાણીનો-જવાનો માર્ગ ક૦.

Dilacerate,(ડાઇલૅસ રેટ્)*vt.*[L.*dis* & *lacero*,I tear.] To rend asunder; to tear to pieces:ખેંચી ક૦; ચીરીફાડી નાંખવું.

Dilapidate, (ડિલૅપિડેટ્)*vt* [L.*dis*, & *ladis*,a stone.]To bring into a condition of decay:ભાંગી-તોડી નાંખવું;ખરાબસ્થિતિમાં આણવું-લાવવું; ખંડેર સ્થિતિમાં મૂકવું 2 To diminish by waste;to squander:ઉડાવવું-ગુમાવવું *oi.* To becom decoyed: ભાંગી ટૂટી શ્રીમંત હાલતમાં આવી પડવું.

Dilapidated,(ડિલૅપિડેટેડ્)*a* Decayed;destoryed:ભાંગી-તૂટી પડેલું; નાશ પામેલું;ખંડેર;નાગજ થએલું.

Dilapidation,(ડિલૅપિડેશન્)*n.*(*a*) The act of dilapidating: તોડીભાંગી પાડવું તે.(*b*)The state of being dilapidated: પાયમાલી; પડતી દશા;પરાભવ;ખંડેર.

Dilatable,(ડાઇલૅટેબ્લ્)*a.* Capable of expansion or extension:ઉપસી આવે એવું;પસરી શકે એવું.

Dilatation,(ડાઇલૅટેશન્)*n.*Expansion, augmentation of bulk:ફેલાવો; પ્રસાર; પ્રસરણ; કદનો વધારો; વિસ્તાર; વિકાસ.2. The enlargement of a canal,or other organ:કોઇપણ શિરા કિંવા બીજી ઇંદ્રિયનો વિસ્તાર-ફેલાવો.

Dilate,(ડાઇલેટ્)*vt* [L.*dis* & *latus*, wide.]To expand;to swell:ફૂલાવવું;ઉપસાવવું;પ્રસરાવવું;પ્રસરે એમ ક૦; ફેલાવવું.2.To enlarge upon; to relate at large:વિસ્તાર કરીને બોલવું;વિસ્તારી વર્ણવવું;વિસ્તારપૂર્વક કહેવું. *vi.*To grow wide; to expand: પહોળું થવું;પ્રસરવું;ફેલાવું;ઉછળવું;ઉપસવું. 2.To speak largely and copiously:વિસ્તાર કરીનેબોલવું-વર્ણન ક૦.

Dilation,(ડાઇલેશન્)*n.*[L *dilatio.*] Delay:ઢીલ;વાર.2. Expansion; dilatation: ફેલાવો; પ્રસાર; પ્રસરણ;વિસ્તાર;વિકાસ.

Dilatorinesa(ડીલૅટોરિનેસ)*n.*Lateness;slowness;tardiness:મંદપણું; ધીમાપણું;ધીમાશ; સુસ્તી; સુસ્તાઈ;વિલંબ;કાળક્ષેપ;મંદતા;ઢાઢાપણું; ઢીલાપણું ; ઢીલસૂસ્તીપણું ;લાસરીઆપણું.

Dilatory(ડીલૅટોરિ)*a.*[L *dis* & *latus*, carried.]Delaying; lingering; loitering:ઢીલ-વાર-વિલંબ કરવું. 2. Tardy;slow:ઢીલું;ઢીલસૂસ્તી; વાર લગાડ્યા કરનારૂ;ધીમું;ઢાઢું; ઢીલગાંડું; મંદ; સુસ્ત;લાસરીઢું ;વાર લગાડતું 3. Intended to make delay:ઢીલ કરવા ધારેલું,વાર લાગે એવું;વાર લગાડવાનું.

Dilection(ડાઇલેક્શન્)*n.*[L.*dilecto.*] Love;preference; choice: પ્રીતિ; પસંદગી.

Dilemma,(ડિલેમ્મે)*n.*[L.*dis*,twice & *lemma*,an assumption.] An argument which is equally conclusive:બેઉ તરફથી બરોબર રીતે બાંધી લે એવી તકરાર;ઉભયસંભવ; વિકલ્પ 2. Difficult choise or position: વિટંબના;દુવ્યા;આપદા; ધર્મસંકટ; પેચ.

Dilettante,(ડિલેટૅન્ટે)*n.*One who lov s the fine arts but in a superficial way and without serious purpose.વિદ્યા-કળા-સાહિત્યનો શોખી.

Diligence,(ડિલિજેન્સ્)*n.*[L.*Diligentia*,carefulness.] Sedulousness;assiduous industry;careful attention:મહેનત;ચોકસાઇ; ઉદ્યોગ;પરિશ્રમ;અભ્યાસ; ઉત્સાહ;

આખિબ;આખેબીપણું;તત્પરતા; આક્ષેપ. *To do one's* **d.**, *use* **d.** *give* **d.**, to exert one's self: પોતાની મેળે જતે યત્ન-પ્રયત્ન મહેનત કરવી; ઉદ્યોગ-પરિશ્રમ કરવો.

Diligent,(ડિલિજેન્ટ્) *a.* Careful; painstaking;not nareless:ખંતથી ધ્યાન-લક્ષ આપનારું;બેદરકાર નહિ એવું; ધ્યાન-લક્ષ આપનારું.2.Industrious; assiduous:મહેનતું; ઉદ્યમી; આબેબી; ખંતીલું;તત્પર;ઉદ્યોગી;પરિશ્રમી;આસક્ત.

Diligently(ડિલિજેન્ટ્લિ)*adv.*With industry;not carelessly: ઉદ્યોગ-કાળજીથી;પરિશ્રમથી;મેહેનતથી.

Dill,(ડિલ્)*n.*A pungent and aromatic seed: સુવા;સવા.

Dilli-dally,(ડિલિ-ડૅલિ)*vi.*To loiter or trifle:રસળવું; રમવું; નકામો વખત ગુમાવવો.

Dilucidate,(ડિલ્યૂસિડેટ્)*vi.*[L *dis* & *lucidus*, shining.] To make clear;to elucidate:સાફ-સ્વચ્છ કરવું; ચોખ્ખું કરવું;સ્પષ્ટ-સ્ફુટ કરવું

Diluent,(ડાઇલ્યૂએન્ટ્)*a.*Making thinner,liquid or weaker:વધારે પાતળું-નરમ-પ્રવાહી કરવું; કમજોર-નબળું કરવું.*n.*That which thins or weakens : જે કાંઇ પાતળું નરમ અથવા નબળું-કમજોર કરે-બનાવે છે તે.

Dilute,(ડાઇલ્યૂટ)*vt.*[L.*dis* & *luo*, I wash.]To make more thin or liquid:વધારે પાતળું-પ્રવાહી-નરમ-પોચું કરવું.2.To attenuate;to weaken: બારીક-પાતળું-ઝીણું કરવું; નબળું-કમજોર કરવું;નરમ કરવું; પાણી ભેળવવું; પાણી ભેળવીને તેજ-લાલચ ઓછી કરવી

Dilute-ted,(ડાઇલ્યૂટ્-ડાઇલ્યૂટેડ્)*a.* Thin;reduced in strength: પાતળું;નરમ;કમજોર;નિર્બળ;બળહીન;ફિક્કું.

Dilution,(ડાઇલ્યૂશન્)*n* The act of diluting or the state of being diluted : પાતળું-વધારે નરમ કરવું તે; કમજોર-નિર્બળ કરવું તે;જલમિશ્રણ.

Diluvium,(ડાઇલ્યૂવિઅમ્)*n.*[L.*de* & *lavo*, I wash.] A deposit of superficial sand, pebbles, &c. caused by the sea:દરિયાના પાણીના જોસથી થયેલાઇ આવેલી રેતી-પથ્થર વિગેરે

Dim,(ડિમ્)*a.*Obscure;indisitinct: બળકતું નહિ એવું;ઝાંખું;અસ્પષ્ટ;નિસ્તેજ; ઝળાંય પડતું 2.Of obscure vision: dull of apprehension; of weak perception:ઉપર-ઉપરનું;ઉપરચોટીઉ; સમજે નહિ એવું;મેલું; ઝાંખું; નબળું; બુદ્ધ;મંદ; જડ; મંદદૃષ્ટિ.*vt.* To take away the lustre of; to darken; to dull:-નો પ્રકાશ-તેજ લઈ લેવો-જવું રહે એમ કરવું;ઝાંખું કરવું; સુસ્ત કરવું.2.To darken the senses or understanding of:મતિમંદ કરવું;-ની અક્કલ બ્હેર મારવી.

Dimension,(ડિમેન્શન્) *n. dis* & *metior*, I measure.]Measure in a single line as length,breadth height or thickness;extension; measurement : એક પ્રકારનું માપ, જેવું કે લંબાઇ; પહોળાઇ; ઉંચાઇ; જાડાઇ;વિસ્તાર.2.Reach;scope;importanoe:વિસ્તાર;ફેલાવો;અગત્ય;જરૂરીઆત; ઉપયોગ.3.*pl* Extent;size: કદ;વિસ્તાર;ક્ષેત્રફળ 4.(*Alg*)A literal factor: ઘા પ્રમાણ.

Diminish,(ડિમિનિશ્)*vt.*[L *dis* & *minus*,less.]To lessen;to abate: ઘટાડવું; ઓછું કરવું;નાનું-કમી કરવું.2. To degrade; to abase: ની સત્તા-માન-શોભા ખંડિત કરવું;નબળું પાડવું;માનભંગ કરવું;નમાવવું;ઉતારી પાડવું.3.To make smaller by a half step: મૂર્છના કરતાં વધારે નહાનું-ઓછું લેવું. 4. To take away;to subtract:-માંથી લેવું લેવું; કાપવું; બાદ-ઓછું કરવું *vi.* To become or appear less or smaller:ઓછું વધારે નહાનું થવું-દેખાવું.

Diminution,(ડિમિન્યૂશન્)*n.* The act of making less or the state of being diminished: ઘટાડો;તૂટ; ઘટ;ઉતાર;ક્ષય.2.Degradation;abasement:પાયરી ઉતારવીતે;માન-ખંડન; શોભાખંડન.3. (*Law.*) Omission or defect in a record:ખત-લેખમાં ભૂલ-ઓઢ;કાંઇ લખ્યા વિના રહી જવું તે.

Diminutive, (ડિમિન્યૂટિવ)*a.* Of small size;little : નાના કદનું;ઝીણું; તીક્ષ્ણ; બારિક; નાનું;ક્ષુદ્ર;લઘુ;અલ્પ. 2. Tending to diminish: નાનું-અલ્પ કરવું.3. Expressing diminution: અલ્પાર્થે શૌક.*n.*Something of very small size or value : નાના કદની-નાની-થોડી કિમતની ચીજ.2.A derivative from a noun denoting a small or young object of tqe same kind: અલ્પાર્થ સાધિત નામ.

Dimissory,(ડિમિસ્સોરિ)*a.*[L.*dis*, & *mitto*,I send.]Dismissing to another jurisdiction:પરવાનારૂપ; મોકલી દેવું.2. Granting leave to depart:જવાની રજા આપતુ-આપનારું.

Dimity(ડિમિટિ)*n.*[Gr.*di*,double& *mitos*,a thread.]A kind of cotton cloth:કુમેટી..

Dimly,(ડિમ્લિ)*adv.*Not brightly: or clearly;with imperfect sight અસ્વચ્છ-સાફ નહિ એવી રીતે; ઝાંખું; ઝાંખુઝાંખું; અસ્પષ્ટ રીત્યે.

Dimness,(ડિમ્નેસ્)*n.*Lack of lustre or clearness;dullness; obscurity:અસ્વચ્છતા;અસ્પષ્ટતા; સુસ્તપણું; કમતેજી. 2. Dullness of intellectual perception: મંદબુદ્ધિ; મંદ સમજશક્તિ.

Dimple,(ડિમ્પલ્)*n.*A slight natural depression on the cheek or chain:ગાલ અગર હડપચી ઉપરનો સ્હેજ ખાડો;ખંજન;કપોલભંગ.2. A slight indentation on any surface: કોઇ પણ સપાટી ઉપરનો નાનો ખાડો-કુપિકા *vi.*To form dimples: ખાડો-ખંજન-કુપિકા પડવી.

Din(ડિન્)*n.*A loud stunning voice a clamour:કાન કુટી જાય એવો મોટો અવાજ-શબ્દ;શોર-બકોર; ધડાકો; તડાકો; ફડાકો;શોર.*vt.*To stun with noise; to harass with clamour:અવાજથી કાન ફોડવા;બહેરા કરવું;:શોર બકોર કરીને ગભરાવવું.2.To repeat noisily; to ding.ગડબડ કરીને બોલ બોલ કરવું;કાન ફોડી-ઠોલ વગાડીને કહેવું.

Dine,(ડાઇન્)*vi.*To partake of the principal meal of the day; to take dinner: દહાડાનું મુખ્ય ખાણું ખાવું;ભોજન કરવું;જમવું. *vt.*To give a dinner to; to feed:-ને જમાડવું-ભોજન આપવું-કરાવવું;ખવરાવવું.

Ding,(ડિન્ગ્)*vt.*To cause to sonnd or ring:અવાજ કરાવવો; વગડાવવું. *vi.* To sound,as a bell;to ring:ઘંટની પેઠે અવાજ કરવો;રાગવું. 2. To talk with vehemence;to bluster: મોંટથી બોલવું;ગડબડ કરી કહેવું.

Ding-dong, (ડિન્ગ્ડોન્ગ્) *n.* The sound of bells:ઘંટનો અવાજ; કડીંગ કડીંગ ઘંટાનાદ.

Dingle, (ડિન્ગ્ગલ્) *n.* A narrow dale or valley between hills:ટેકરીઓ વચ્ચેની સાંકડી ખીણ.

Dingy,(ડિન્જિ)*a.*Sullied;of a dark or dusky colour:કાળા-ધૂળના રંગનું; ઝાંખું;મેલું;કળુંદું;કાળું;ઝાંખું.

Dinner,(ડિનર્)*n.* The principal meal of the day:દાહાડાનું મુખ્ય ભોજન;જમણ;મુખ્યભોજન.2.An entertainment;a feast:ખાણું;ઉજાણી,ભોજનસમારંભ;મિજબાની;જલ્કત; જમણવાર.

Dint,(ડિન્ટ્) *n.* A blow; a stroke: ઘા; ઝપાટો; સપાટો. 2. The mark left by a blow:ગોબો;ચોબો; ખાડો; ખોબણ; ખાંચો; ઘા વાગ્યાથી થયેલી નિશાની;ઘા.3.Force;power:બળ;પ્રભાવ; સામર્થ્ય;જોર.By *dint* of, by means of:-ના બળ-જોર થી-પ્રભાવથી; ને લીધે. *vt.* To make a mark of cavity on,by blow:ઘાથી નિશાની કરવી-ખાડો-

ગોબો-બોબાણ-ખાંચો પાડવો.

Diocesan,(ડાયૉસેસૅન્)*a.*Pertaining to a diocese: બિશપ'ની હકુમતને લગતું સંબંધી.*n.*A bishop viewed in relation to his diocese: "બિશપ" નામનો ખ્રિસ્તી ધર્માધિકારી.

Diocese,(ડાયૅસીસ્)*n.* [Gr. *dia* & *oikesis,*residence.]The circuit or extent of a bishop's jurisdiction:પાદરીની હકુમતનો મુલક.

Diorama,(ડાયૅરામે) *n.* A mode of scenic representation: કોઇ ચિત્ર જેવું હોય તેના કરતાં વધારે ભભકાદાર અને સરસ જણાય એવી યુક્તિ.

Dip,(ડિપ્) *vt imp.* & *pp.***dipped or dipt.**]To insert into a fluid and withdraw again;to plunge: પ્રવાહી પદાર્થમાં મૂકીને પાછું લેઇ-એંચીલેવું;બોળવું;ડબોળવું; ઝબોળવું. 2. To immerse for baptism: ખ્રિસ્તિ ધર્મમાં દાખલ થવાને જળ સંસ્કાર-બેપ્ટિઝમને માટે બોળવું-ઝબોળવું.3.To wet; to moisten: ભિનું કર; ભિનાશવાળું કર.4.To plunge or engage thoroughly in any affair: કોઇ કામમાં પૂરેપૂરા ઉતરવું;-માં ખરડાવું;-માં સારી રીતે સામેલ હોવું. 5. To take out:બહાર કાઢી નાંખવું;ખાલી કર;ઉલેચવું. 6. To engage as a pledge; to mortgage ધરાણે-ગીરો-સાનમાં મુકવું;-ના ઉપર બોજો કરવો *vi* To immerse one's self;to sink: પોતાની જાતને બોળવું ડબોળવું; ખુડકી મારવી; ડુબવું.2.To pierce or penetrate; -માં પ્રવેશ કરવો;-નો પાર પામવો; કળી જવું.3.To enter slightly or cursorily:ઉપલક.ઉપલક જોવું;જોઇ નાંખવું; ચંચુ પ્રવેશકર. 4. To incline downward from the plane of the horizon: દ્રષ્ટિ મર્યાદાની નીચે વળવું; નમવું; અસ્ત પામવું; અસ્ત થવું. *n.* The action of dipping or plunging:બુડકી; ડુબકી; નિમજ્જન; ડબકીયું; પ્રવેશ.2.Direction below an horizontal line;slope:દ્રષ્ટિમર્યાદાની નીચેની દિશા તરફ ઉતાર;ઢોળાવ;ગોથુ;ગોથ.

Diphthong(ડિફ્થૉન્ગ્)*n.*[Gr.*dis*& *pthongos,* sound.] Two vowels sounded together in one syllable:સંધિસ્વર;દ્વિસ્વર. *vt.* To pronounce as a diphthong:સંધિસ્વર-દ્વિસ્વરના જેવો ઉચ્ચાર કર.

Diploma, (ડિપ્લોમે) *n. pl.* [Gr. *diploos,*twofold.]A writing conferring some power,privilege, honor,&c: પદવી-અધિકાર દાયક પત્ર; સનદ; પરવાનો; ફરમાન; વિશેષાધિકાર; વિશેષ પ્રતિષ્ઠાપત્ર.

Diplomacy, (ડિપ્લોમૅસિ) *n.* Th science or art of conducting negotiations between nations: એલચીપણું; વકાલત; દૂતત્વ; રાજમામલત, સામ; નીતિ; દૌત્યકર્મ; તહનામું કરવાનું કામ;એલચીનું કામ;તહનામાની મામલત; વિષ્ટિ.2.Skill in securing advantages; tact: કાર્યસિદ્ધિ કરવામાં કુશળતા-ચાલાકી-ખબરદારી; નિપૂણતા; ચાતુર્ય.3.The body of ministers: પ્રધાનો-દૂતો-એલચીઓની મંડળી; રાજદૂતોની મંડળી;રાજદૂતસમૂહ;રાજવકીલો.

Diplomatic-cal(ડિપ્લોમૅટિક્-ડિપ્લોમૅટિકૅલ્)*a.* Conferred by diploma; privileged:સનદી; વિશેષાધિકાર પામેલું; હકનું મળેલું. 2. Consisting of envoys of state:દેશ-રાજના રાજદૂતો-એલચીઓનું.3. Dexterous; artful:ખબરદાર;-કુશળ તાવાળું; નિપુણ;ચતુર;કાર્યદક્ષ.4.Pertaining to diplomatics: દૂતત્વ-સંબંધી;રાજદૂત વિષયક.

Diplomatist, (ડિપ્લોમૅટિસ્ટ્)*n.* A person skilled in diplomacy;a diplomat: એલચીના કામમાં કુશળતા ધરાવનારો;કુશળદૂત; રાજનીતિ કુશળ

Dipper,(ડિપર્) *n.* One who or that which dips:ડુબાવનાર;બોળનાર; 2.A vessel used to dip water or liquor;a ladle.કડછી;કડછો; પળી. The *dipper:*સપ્તઋષિ.

Dipsomania, (ડિપ્સોમેનિઍ) *n.* A morbid craving for alcoholic stimulants:દારૂની અતિશય લત;મદ્ય પાનની અતિલાલસા.

Dire,(ડાઈર્)*a.* [L.*dirus,*terrible:] Dismal;horrible;terrible:ભયાનક; ભયંકર;ઘોર;ઉગ્ર;દારૂણ;નાશકારક.2. Ill-boding; portentous: અરિષ્ટસૂચક; અભદ્રસૂચક; અપશુકનિયું; અમાંગલિક.

Direct,(ડિરેક્ટ્)*a.*[L *dis* & *:rego,*I rule.] Straight; not crooked: સીધું;પાધરું; સરલ; સુલટું; અનુલોમ; 2. Sincere; outspoken: ચોખ્ખા અંતઃકરણનું;ખરા દીલભાવનું.3.Express; immediate;unambiguous: સાફ; સ્પષ્ટ; શંકા ન ઉત્પન્ન થાય એવું; સાક્ષાત. 4.In the line of descent:: પેઢીનું; અનુલોમ.5.(*Astr*)In the direction from west to east: સવળું; રાશીઓના અનુક્રમ પ્રમાણેનું. *vt.* To aim; to point:તાકવું;-નો લક્ષ સાધવો; નિશાન માંડવું-કર.2. To regulate; to govern: ચલાવવું; બંદોબસ્ત રાખવો-કર;કારભારકર-ચલાવવો. 3. To guide રસ્તો બતાવવો;દોરવું;રસ્તે પાડવું.4.To order: હુકમ કર; આજ્ઞા કર; ફરમાવવું; 5.To superscribe:-ઉપર લખવું;સરનામું કર.*vi.*To point out a course; to act as a guide:રસ્તો-માર્ગ બતાવવો;દોરવનાર તરીકે વર્તવું.

Direction,(ડિરેક્શન્)*n.*Guidance; administration: કારભાર; અમલ; વહિવટ;વ્યવસ્થા.2.Order;command હુકમ;આજ્ઞા;શાસન; આદેશ; નિયમ. 3. Superscription;address:સરનામું; પત્તો.4. Line or point of tendency;દિશા;લક્ષ;અભિસંધાન.5. Board of directors: કારભાર ચલાવનારાઓ;નિયંતા; નાયકો.

Directly,(ડિરેક્ટ્લિ)*adv.*In a direct manner; in a straight line or course:સિધુ ને સિધુ;બારોબાર;પાધરું; પાધરદોર. 2. straightway:ત્વરિત; પરભાર્યું; આત્મદ્વારા; પ્રત્યક્ષ; સાક્ષાત્;સ્વતઃ; પાધરું; બારોબાર; પરભારું. 3. Instantly; without delay; immediately: તરતજ; તરત; ઢીલ વિના;લાગલોજ; અવિલંબે; તાબડતોબ. 4. Immediately after; as soon as;when:પાધરું; પાસરું; તરતજ પછી; જેવો;જ્યારે.5.Exactly; just:બરાબર રીતે;આબાદ

Directness(ડિરેક્ટ્નેસ્)*n.*Straightness; straightforwardness; immediateness:પાધરા- સિધાપણું;અવિલંબ;પ્રત્યક્ષતા.

Director,(ડિરેક્ટર્)*n.*A manager or superintendent:ચલાવનાર;ઉપરી; કારભાર કરનાર; અધ્યક્ષ; સુકાનદાર; અધિકારી;મુખ્ય ઉપરી; અધિપતિ;નાયક, નેતા;નિયંતા; વ્યવસ્થાપક; પ્રવર્તક; ડીરેક્ટર. 2. A part of a machine which directs its motion:સૂકાન.

Directorate(ડિરેક્ટૉરેટ્)*n.*A body of directors; the office of director:કારભાર ચલાવનારાઓ;વહીવટ કરનારાઓની પદવી-હોદ્દો;અધિપત્ય;નાયકી.

Directory,(ડિરેક્ટૉરિ)*n.*A collection of directions or ordinancess આજ્ઞાસંગ્રહ-માર્ગોપદેશક-પદ્ધતિગ્રંથ.2. A book containing the name and residences of the inhabitants of a place:કોઈ જગા-શહેરના રહેવાશીઓનાં નામ રહેઠાણ વિગેરેની યાદીનું પુસ્તક; ડાયરેક્ટરી. 3.A body of directors:વહીવટદારો.

Directress,(ડિરેક્ટ્રેસ્) *n.*A female who directs or manages: કારભાર કરનારી-કામ કરનારી સ્ત્રી; વ્યવસ્થાપિકા.

Direful,(ડાઇર્ફુલ્)*a.* Dreadful;terrible; ભયંકર; નાશકારક; ભયવાળું; ભયકરેલું;ભયાનક;ઘોર;દારૂણ.

Dirge,(ડર્જ્)*n.*[L.*dirge.*]A funeral hymn: શોકગીત; મરશિયો; પરજીઓ; રાજીઓ.

Dirk,(ડર્ક)*n* A kind of dagger or poniard:એક જાતની કટારી-ખંજર-જમૈયો.*vt.* To stab with a dagger; to poniard: કટારી-ખંજર ભોકવું-મારવું.*a.*Dark-કાળું;ઝાંખું.

Dirt,(ડર્ટ) *n.* Any foul or filthy substance:મેલ;કચરો;ગંદ;ભળ; કિટ્ટ; ધૂળ;ગિરદ.**2.** Meanness: હલકાપણું; અધમતા;હલકાઈ.*vt.* To make foul; to dirty:ગંદું-કચરાવાળું કરવું;બગાડવું.

Dirtiness,(ડર્ટિનેસ્)*n.*Filthiness; baseness; sordidness: મલિનતા; મલિન-અધમ-હલકા-નીચપણું; હલકાઇ.

Dirty,(ડર્ટિ)*a.* Foul; filthy; not pure: મેલું; ગંદું; કચરાવાળું; મલિન; અસ્વચ્છ.2 Sordid:નીચ;અધમ;હલકું; ખળ;હીણ.**3.**Clouded:ઝાંખું; ઘેરું. *vt.* To foul;to make filthy:ગંદું-મેલું મલિન કરવું.**2.**To tarnish; to sully: ઝાંખું-સામળું કરવું;દૂષણ દેવું.

Disability, (ડિસેબિલિટિ) *n* Incapacity:અશક્ત-નિર્બળપણું;નિર્ગતપણું;શક્તિહીનતા; અશક્તિ; અસામર્થ્ય **2.**Legal incapacity:અયોગ્યતા;નાલાયકપણું;નાલાયકી;અપાત્રતા.

Disable,(ડિસેબલ્) *vt.* To render unable;to make useless:નિર્બળ-શક્તિહીન-અશક્ત કરવું;અસમર્થ કરવું; ગેર ઉપયોગી કરવું.**2.**To deprive of legal right;to render legally incapable: ખરા-યોગ્ય હકવિનાનું કરવું;-ના લાયક-અયોગ્ય-અપાત્ર કરવું.*a.*Lacking ability; unable:વિનાનું;રહિત;અશક્ત; નિર્બળ.

Disabuse,(ડિસ્અૅબ્યૂઝ્)*vt.*To free from mistake;to undeceive:ભૂલ-ભ્રાંતિ કાઢી નાંખવી-ટાળવી દૂર કરવું; ભૂલમાં ભમતા બંધ પાડવું ;-ના કાન ઉઘાડવા **D.***oneself of*:પોતાની ભૂલ-ભ્રાંતિ કાઢી નાંખવી-સુધારવી-જાગવી;આંખ-કાન ઉઘાડવા.

Disadvantage,(ડિસ્અૅડ્વૅન્ટેજ્)*n.* Unfavorable quality,or circumstance: પ્રતિકૂળ વાત; દબાવી બાજુપાસુ. 2. Loss; detriment: અનર્થ; અપકાર;પીડા; બાધા; ગેરફાયદો; ખામી; ટોટો;નુકસાન;ઓટ;હાનિ;અલાભ.

Disadvantageous,(ડિસ્અૅડ્વૅન્ટેજ્અસ્) *a.* Unfavorable to success;inconvenient; prejudicial: નુકસાનકારક;પ્રતિકૂળ; હાનિકારક; અનિષ્ટકારક;અહિતાવહ;વિરોધી.

Disaffect,(ડિસ્અફેક્ટ્) *vt.*To diminish the affection of: to fill with discontent -નો પ્યાર ઘટાડવા; નાખુશ-અસંતુષ્ટ કરવું;-નું મન ફેરવવું . **2.** To disorder;to derange: બગાડવું; ખલેલ પહોંચાડવી;હરકત કરવી; હાનિ કરવી. **3.** To lack affection for; to dislike: નાપસંદ કરવું;થી નાખુશ થવું; નારાજ થવું.

Disaffected,(ડિસ્અૅફેક્ટેડ્) *a.* Disliked; indisposed towards; નારાજ;બેદિલ;બેવફાદાર; અસંતુષ્ટ;નાખુશ; વાંકું;પ્રતિકૂલ.

Disaffection, (ડિસ્અૅફેક્શન્): *n.* Want of affection: unfriendliness:નારાજપણું;ઈતરાજી; અપ્રીતિ; અભાવ;અનાસ્થા;અસંતોષ; બેદિલી; બેવફાદારી:નારાજપણું . 2. Disorder; bad constitution:ગેરબંદોબસ્ત; અંધાધુંધી

Disaffirm(ડિસ્અૅફર્મ)*vi.* To contradict;to deny:-ના સામા પડવું; ના કહેવું ;ના પાડવું .**2.**To refuse to confirm: to annul: રદ્દ-મોકૂફ કરવું; કાઢી નાંખવું ;નામંજુર કરવું;ફેરવવું.

Disagree, (ડિસ્અૅગ્રી) *vi.* Not to agree;to differ;to be at variance:જુદા પડવું ;-ને મળતા ન આવવું ;તફાવત પડવો;ભિન્ન-નિરાળું હોવું ;અંતર-ભેદ-ફેર-તફાવત હોવો. .2. To differ in. opinipn;વિચાર-અભિપ્રાય-મતમાં જુદા પડવું -મળતા ન આવવું ; મતભેદ થવો-પડવો. 3. To be unsuited:-ને લાયક ન આવવું થવું ; સદવું-માફક ન આવવું ; અપથ્ય પડવું ;પ્રતિકૂળ પડવું.

Disagreeable,(ડિસ્અૅગ્રીઅૅબલ્) *n* Not agreeable; contrary; unsuitable:અણગમતું; પ્રતિકૂળ;નાપસંદ; અનિષ્ટ;પસંદ ન પડે એવું ;ઉલટું;બેસ્વાદ; નાલાયક.2.Unpleasant; displeasing:નાપસંદ; અપ્રિય; અરુચિકર.**D.** *to the taste*:જીભને નહિ ભાવતું.

Disagreement,(ડિસ્અૅગ્રીમેન્ટ્)*n.* Dissimilitude;diversity: જુદાપણું ;ભિન્નતા;અંતર;ફેર;ભેદ; તફાવત; વિપરીતતા;વિરોધ.**2.**Difference of opioion: વિચાર-ભેદ; મતભેદ; ભિન્નભાવ **3.** A falling out. difference: ઉંચું મન;અણબનાવ; બેબનાવ; ચકમક; બગાડ;ફાંકૂટ;ખટપટ; વિરોધ; અણરાગ.

Disallow, (ડિસ્અૅલાઉ)*vt.* To refuse to sanction:to disown and reject: નામંજુર કરવું; નિષેધકરું; નાકબૂલ કરવું; બહાલ ન રાખવું; ન આપવું.

Disallowance, (ડિસ્અૅલાઉઅૅન્સ) *n* Rejection; disapprobation: નાપસંદગી;નામંજુરી; નિષેધ;નિવારણ.

Disanimate,(ડિસ્અૅનિમેટ્) *vt.*To deprive of life: મારી નાંખવું. 2. To discourage; to dishearten; નરમ-નાહિંમત કરવું;ઉદાસ-દિલગીર કરવું; -ની હિંમત છોડવવી

Disappear, (ડિસ્અૅપીર્) *vi.* To vanish from the sight: અદૃશ્ય થઈ જવું; દેખાતા બંધ થવું;અદૃશ્ય થવું;ભેમાલુમ-અંતર્ધાન-ગેબ થઈ જવું .**2.** To cease to be or exist:જતા રહેવું. ઉડીજવું;બંધપડવું;ગમીજવું;નાશપામવું .

Disappearance(ડિસ્અૅપીરન્સ્)*n.* Removal from sight;vanishing: લોપ;અદૃશ્યતા;અદર્શન;અંતર્ધાન;નાશ.

Disappoint,(ડિસ્અૅપૉઇન્ટ્)*vt.*To defeat of expectation or hope: આશાભંગ કરવું; નિરાશ-નાઉમેદ કરવું. **2.** To frustrate; to foil: નિષ્ફળ કરવું; -માં ફાવવા ન દેવું;વિફળ કરવું.

Disappointed(ડિસ્અૅપૉઇન્ટેડ્)*a. Sad*;balked:નિરાશ;આશાભંગ;નાશી પાસ; નાઉમેદ. *To be* **d.** *in*:-નાધાર્યા પ્રમાણે ન નીકળવું-નીવડવું;નિષ્ફળ થવું.

Disappointment, (ડિસ્અૅપૉઇન્ટ્મેન્ટ્) *n.* The state of being disappointed; ;frustration: નિરાશા; આશાભંગ;નાઉમેદી; ઉત્સાહભંગ; મનોભંગ.**2.**That which disappoints: નાઉમેદીનું કારણ.

Disapprobation,(ડિસ્અૅપ્રોબેશન્) *n.*The act of disapproving; feeling of censure:નાપસંદગી; ધનકાર;અસ્વીકાર;નિંદા;અપ્રીતિ.

Disapproval,(ડિસ્અૅપ્રુવૅલ્)*n.*Disapprobation; dislike: નાખુશી; નાપસંદગી;અણગમો;ધનકાર; અસ્વીકાર.

Disapprove, (ડિસ્અૅપ્રુવ્) *vt.* To condemn by an act of the judgment: નાપસંદ-નાકબૂલ કરવું; ઓછું-અયોગ્ય છે એમ સમજવું ધારવું.**2.** To decline to sanction: નામંજુર કરવું;રદ્દ કરવું; કબૂલ-માન્ય ના કરવું-રાખવું.

Disarm,(ડિસ્આર્મ્)*vt.*To deprive of arms; to render defenceless: હથિયાર વિનાનું કરવું;-નાં હથિયાર લઇ લેવાં; અશસ્ત્ર-શસ્ત્રહીન કરવું;-ના હાથ પગ ભાંગી નાખવા.2.To render harmless:-નોભય મટાડવો; સમાવવું; ઘાતું પાડવું;શાંત કરવું.

Disarrange,(ડિસ્અૅરેન્જ્)*vt.*To unsettle; to throw out of order: અવ્યવસ્થિત કરવું;-ને અવ્યવસ્થામાં લાવવું; ઉથલપાથલ કરવું; જયરવયર કરવું; અસ્તવ્યસ્ત-સયરવયર કરવું.

Disarrangement,(ડિસ્અૅરેન્જમેન્ટ્)*n.*Confusion; disorder: અવ્યવસ્થા;ઉથલપાથલ;ગેરબંદોબસ્ત.

Disarray, (ડિસ્અૅરે)*vt.*To throw into disorder:ઉથલપાથલ કરવું;અવ્યવસ્થિત કરવું.**2.**To unrobe:-નો પોશાક-કપડાં ઉતારી લેવાં;*n.*Disorder; confusion:ઉથલપાથલ;અવ્યવસ્થા.

Disaster,(ડિઝૅસ્ટર્)*n.* [*dis* & Gr. *aster*, a star.] Misfortune;calamity:આપદ્ વિપત્તિ; દુઃખ; આફત; અનર્થ; ઉપદ્રવ: ઉપાધિ; સંકટ; પીડા; અરિષ્ટ; દુર્ઘા.*vt.* To blast by the

influence of a baleful star:મંગળ-શનિની દૃષ્ટિ જોસારવી.2.To injure: -દુઃખ દેવું;અનર્થ-ઉપદ્રવ-ઉપાધિ કરવી.

Disastrous,(ડિઝૅસ્ટ્રસ)*a*. Unpropitious;ill-boding:અશુભ; અમંગળ; અમાંગલિક;અભદ્ર;પ્રતિકૂળ; અરિષ્ટકારી. 2.Unfortunate,calamitous: આફત-દુઃખ ભરેલું-નું;સંકટ ભરેલું; મુશીબત ભરેલું;અનિષ્ટરૂપ; દારૂણ; ઘોર.

Disavow,(ડિસ્અૅવાઉ)*vt*. To refuse to own;to disclaim;to disown: ના કબૂલ કરવી; ના મુકરજવું; ના પાડવી.2.To deny;to disapprove: કબૂલ ન રાખવું; ના મંજુર રાખવું.

Disavowal,(ડિસ્અૅવાઉઅૅલ્)*n*.Disowning;rejection;denial: નાકબૂલત;ઇનકાર;નકાર.

Disband,(ડિસ્બૅન્ડ)*vt*.To scatter; to disperse;to dismiss from military service:વિખેરી નાંખવું;લશ્કરી નોકરી-ચાકરીમાંથી રજા આપવી-દૂર કરવી. 2.To set free;to divorce:છેડો છુટકો કરવો.*vi*.To become separated or scattered: પડી ભાંગવું; તુટીજવું; વિખરાઇ જવું.

Disbar,(ડિસ્બાર)*vt*.To expel from the bar:-ની સનદ લેઇ-છીનવી લેવી;-ને વકિલાત કરવાની ના પાડવી.

Disbelief,(ડિસ્બીલીફ્)*n*.The act of disbelieving;denial of belief: અણવિશ્વાસ; અણભરોસો; ખોટબારી; અનાસ્થા;અમાન્યતા;અપ્રત્યય.

Disbelieve,(ડિસ્બીલીવ્)*vt*.Not to believe:ન માનવું;અસત્ય માનવું; વિશ્વાસ ન રાખવો;અવિશ્વાસ લાવવો-ધરવો.

Disbeliever,(ડિસ્બીલીવર)*n*.One who disbelieves or refuses belief:ખોટું માનનાર;આકીન ન રાખનાર; નાસ્તિક;ખોટમાન;અવિશ્વાસી.

Disburden, (ડિસ્બર્ડન) *vt*. To unload; to unburden: હલકું કરવું; બોજો દૂર કરવું;ભારમુક્ત કરવું.*vi*.To ease the mind: મનને આનંદિત કરવું;મનને સુખાકારીથવી;ચહેન શાંતા નિરાંત વળવી

Disburse,(ડિસ્બર્સ્) *vt*. [*L.dis & bursa*,a purse.]To pay out;to expend:ખરચવું;ખર્ચે-વ્યયકરવું;અદા કરવું.

Disbursement, (ડિસ્બર્સ્મેન્ટ્)*n*. That which is disbursed or paid ont;sum spent:ખરાબત;ખરચ;વ્યય. *Receipts and d.*: જમાંખર્ચ.

Disc, or **Disk**, (ડિસ્ક) *n*. [L. a quoit.] A flat circular plate or surface:ચકતું;ચકતી;ચંદો.2.The face (of a celestial body):બિંબ. 3.A quoit:ચક્ર;ચક્કર.

Discard, (ડિસ્કર્ડ) *vt*. To throw out of hand:હાથમાંથી નાંખી દેવું-ફેંકી દેવું.2.To discharge:કાઢી મૂકવું; દૂર કરવું;રદ કરવું;3.To reject:કાઢી નાંખવું;કેરે મૂકવું; દૂર કરવું; તુચ્છ ગણવું;

Discern,(ડિસર્ન્) *vt*. [L. *dis & cerno*,I separate.]To discriminate;to distinguish: ઓળખવું; પારખવું.2.To perceive and recognize:જોઇને-દેખીને ઓળખવું-પારખવું. 3.To perceive with the mind:સમજવું;ગ્રહણ કરવું;સમજી જવું; બુદ્ધિવડે પકડી કાઢવું.*vi*. To mark distinction: ભેદ સમજવો-દેખવો-ગણવો.

Discernible,(ડિસ્સર્નિબલ્)*a* Perceptible;distinguishable: બોધી કઢાય એવું ખુલ્લું; સમજાય એવું; દૃશ્ય; દૃષ્ટિગોચર.

Discerning(ડિસ્સર્નિન્ગ્)*a*.Acute; shrewd:વિવેકી;ચતુર; સૂક્ષ્મદર્શી; દીર્ઘ દૃષ્ટિવાળું;વિચારશીલ.

Discernment,(ડિસ્સર્ન્મેન્ટ)*n*.Discrimination; judgment; sagacity:ઓળખી-પારખી કાઢવાની શક્તિ; વિવેક;તીવ્રબુદ્ધિ;પરીક્ષા;બારીક સમજ.

Discerp.(ડિસ્સર્પ્)*vt*.[L *dis & carpio*,I pluck.]To rend ચૂરેચૂરા-કકડેકકડા કરવું;ફાડી નાંખવું. 2. To disunite:જુદું-વિખુટું પાડવું;જોખું કરવું.

Discharge,(ડિસ્ચાર્જ) *vt* [*dis & charge*.]To unload: માલ ખાલી કરવું;-માનો માલ-ભાર-સામાન ઉતારવો; 2.(*a*)To let fly:મારવું;મૂકવું; છોડવું; ફોડવું;(*b*)To fire off;to shoot off:ફોડવું;છોડવું.3.To absolve;to acquit: વાળવું; અદા કરવું;ફેડવું;આપી દેવું; મુક્ત કરવું.4. To dismiss:કાઢી મૂકવું; બરતરફ કરવું; રજા આપવી;માંથી મોકુફ કરવું. 5.To set at liberty: છોડી મૂકવું; નિર્દોષ ઠરાવી છોડી દેવું;છુટું-મોકળુ-મુક્ત કરવું.6.*To take out a burden*: ઉતારવું;કાઢી લેવું;ખાલી કરવું;લઇ લેવું;રદ કરવું;કાઢી નાંખવું;બોજો ઠરાવવું. 8. To perform or execute:કરવું;અમલવું. 9.To send away a creditor satisfied by payment:પતવવું.*vi*. To throw off load or burden; to emit;to give vent: ભાર બોજો ઓછો કરવો-થવો;ખાલી કરવું; વહેવું; છુટવું; -માંથી નીકળવું.*n*.Firing off;explosion;letting off:બહાર;ધડાકો;ભડાકો.2.Acquittance:કારકતી; વિમોચન;છુટકારો;નિકાલ. 3. Fulfilment: પતવણી 4.Dismissal from an office;dismission:બરતરફી; રજા;ખરખરિયું;પાણીચું.5. Liberation:છુટકારો;મોક્ષ.6 Acquittal: છુટકો; છુટકબારો.7.Emission;vent; evacuation:ખાલી થવું તે;ચોખ;દહુરો; ખાર;વેગ;વહન.

Disciple,(ડિસ્સાઇપલ્)*n*.[L.*disco*, I learn.] A scholar;a learner: શિષ્ય;નિશાળીઓ; વિદ્યાર્થી;શાગ્રિર્દ;શાગ્રિત.2.A follower:ચેલો;મતાનુસારી; મુરીદ; મતમાનનાર. *vt*. To teach: શિખવવું;કેળવણી આપવી.2.To make disciples of:-ના મતમાં લેવું-ખેંચવું; સ્વમતાનુસારી કરવું.

Disciplinarian,(ડિસ્સિપ્લિનૅરિઅૅન્)*a*.Pertaining to discipline: કાયદા-બંદોબસ્તનું-ને લગતું-સંબંધી *n*.A severe trainer:બંદોબસ્ત-કાયદા-કાનુનો રાખનાર; જપતો રાખનાર; સુધારણા કરવામાં પ્રવીણ; સખત કબજામાં રહેવાનું શીખવનાર; સખત કવાયત-નિયમ પલાવનાર.

Disciplinary, (ડિસ્સિપ્લિનૅરિ) *a*. Intended for discipline;belonging to a course of training:કેળવણી-બંદોબસ્ત-શિક્ષા-કાયદા-નિયમ સંબંધીનું;-ને લગતું.

Discipline, (ડિસ્સિપ્લિન્)*n*. Education;training: કેળવણી; સુધારણા;સુધારણું;શિક્ષણ; સુશિક્ષણ; શિખવણી.2.Drill:કવાયત 3. Control; habit of obedience:નિયમ; નીતિ; વ્યવસ્થા; બંદોબસ્ત; કાયદો; કાનુ.4. Severe training, corrective of faults: નિયમ; શિક્ષાપદ્ધતિ; સખ્તિ; સખત કેળવણી 5.Punishment;correction: નસિયત:દંડ;સજા;શિક્ષા. 6. Self inflicted & voluntary corporal punishment: નિગ્રહ; દમન; શરીરદંડ;દેહદમન; શરીરતપ. *vt*. To educate;to train: કેળવણી આપવી; શિખવવું;સુધારવું;કેળવવું; શિક્ષણ આપવું.2.To bring under control: બંદોબસ્ત નીતિ-નિયમમાં લાવવું-માં રહેતાં શિખવવું;નિગ્રહ-દમન કરવું.3. To chastise:સજા કરવી;શિક્ષા કરવી;નસિયત આપવી.

Disclaim,(ડિસ્ક્લેમ્)*vt*. To disavow;to disown: હક-દાવો-સંબંધ નથી એમ કહેવું. 2. To deny, as a claim:to refuse:ઇનકાર જવું;કબૂલ ન કરવું.*vi*.To disavow share: ભાગ નાકબૂલ કરવો-રાખવો.

Disclaimer.(ડિસ્ક્લેમર)*n*. One who disclaims or disowns:દાવો હક-સંબંધ નથી એમ કહેનાર. 2. A public disavowal: જાહેર ઇનકાર.

Disclose,(ડિસ્ક્લોઝ્)*vt*.To open: ઉઘાડવું;ફોડવું.2.To uncover: બહાર કાઢવું;ઉઘાડવું; કાઢવું.3 To bring to light: પ્રકાશમાં લાવવું; બતાવવું; દેખાડવું;નજરે પાડવું; જણાવવું;ફોડીદેવું; પ્રગટ કરી દેવું.4.To reveal; to expose: છૂપું હોય તે ખૂલ્લું કરી કહી દેવું;જાહેર

કરવું;ઉઘાડું-બહાર પાડવું;ફોડી દેવું.

Disclosure, (ડિસ્ક્લોઝ્યૂર) *n.* Bringing to light;exposure: પ્રકટી કરણ;ઉઘાડ;પ્રકાશ;પ્રકાશન; નિવેદન; ભેદ.**2** That which is disclosed: કહી દીધેલી વાત;ભોપાળું.

Discolour, (ડિસ્કલર) *vt.* To stain; to tinge:રંગ-વર્ણ-રૂપ બદલી નાંખવું-ફેરવવું;બેરંગ કરવું;કાળું કરવું;મલિન કરવું **2.** To alter the true appearance of:-નું ખરું સ્વરૂપ બદલી નાંખવું;જુદુંરૂપ આપવું.

Discolouration, (ડિસ્કલરેશન) *n.* Alteration of hue or appearance:રૂપ-વર્ણવિકાર; વર્ણવિકૃતિ; મલિનતા.**5** A stain:ડાઘો;ડપકો;છાંટછાંટ.

Discomfit, (ડિસ્કોમ્ફિટ) *vt.* [L. *dis,* & *conficere,* to achieve.] To defeat:હરાવવું;નસાડવું **2.** To balk: to disconcert:-ની યુક્તિ ધૂળ મેળવવી;નિષ્ફળ કરવું;નાહિમ્મત કરવું;-ની ધારણા બરબાદ મેળવવી;ઉદાસ થવું.*a.* Routed; overthrown:નસાડેલું; નસાડી કાઢેલું; પરાજીત.*n.* Rout;overthrow;dejection:કળામણ;નાહિમ્મતી;પરાભવ;પરાજય.

Discomfiture, (ડિસ્કોમ્ફિટ્યૂર) *n.* Rout;defeat; frustration: નાસાનાસ;પરાજય;હાર; આશાભંગ; પરાભવ; નાહિમ્મતી;નિરાશા.

Discomfort, (ડિસ્કમ્ફર્ટ) *n.* Uneasiness;distress;sorrow:બેચેની; હેરાનગતિ;ઘમ્મ;દુઃખ;દિલગીરી;પીડા; કલેશ;શોક;અસ્વસ્થતા;બેકરાર.*vt.* To make uneasy;to pain:બેચેન કરવું, હેરાન કરવું;દુઃખદેવું;ઉદાસ-નાહિમ્મત કરવું;સતાવવું.

Discomfortable, (ડિસ્કમ્ફર્ટબલ) *a.* Causing discomfort; making sad:બેચેન કરતું;દીલગીર કરતું;દુઃખદ; શોકકારક;પીડાકારક.**2.** Unpleasant: અણગમતું; નાપસંદ.

Discompose, (ડિસ્કોમ્પોઝ) *vt.* To disturb;to disorder:અવ્યવસ્થ કરવું; ચોળી નાંખવું; આધુપાછું કરવું; ફેંદી-નાંખવું.**2.** To agitate:સંતાપમાં નાખવું;આકળું કરવું;આકુળવ્યાકુળ કરવું;ખીજવવું;અસ્વસ્થ-વ્યગ્ર-ઉદ્વેગી કરવું.**3.** To put out of place;to discharge: જથરપથર અવળુંસવળું કરી નાંખવું; કાઢી નાખવું;દૂર કરવું.

Discomposure, (ડિસ્કોમ્પોઝ્યૂર) *n.* Disorder; agitation: અકળામણ; સંતાપ;ઉદ્વેગ;આકુળવ્યાકુળતા;અસ્વસ્થતા;વ્યગ્રતા;ક્ષોભ;ડામાડોળ. **2. Discordance:**ગરબડસરબડ;અવ્યવસ્થા.

Disconcert, (ડિસ્કોન્સર્ટ) *vt.* To throw into disorder;to frustrate: નિષ્ફળ કરવું; ધૂળધાની કરવું; ધૂળ મેળવવું;-પાયમાલ કરવું;વાટ ઉઠાવવી.**2.** To discompose:to abash:નું મન અસ્થિર કરવું; ગભરાવવું;દબાવવું;ને ગભરાટ થવો-છૂટવો *n.* Disagreement: અણરાગ;બેરાગ

Disconnect, (ડિસ્કોન્નેક્ટ)*vi* To sever;to separate;to disunite; to disjoin:કાપવું; ભાગ પાડવા;જૂદું-છુટું પાડવું પૃથક-ભિન્ન કરવું;વિખુટું પાડવું.

Disconnection, (ડિસ્કોન્નેકશન) *n.* Separation;want of union: સંબંધનો નાશ-ભંગ;પૃથકતા;વિયોગ.

Disconsolate, (ડિસ્કોન્સોલેટ) *a.* [L. *dis, con* & *solos,* I comfort.] Melancholy;gloomy: દુઃખમાં ડુબેલું;દુઃખી;ઉદાસી;ખિન્ન;દિલગીર; બેદિલ. **2.** Cheerless:ઉદાસી;ગેરઆનંદી.

Discontent, (ડિસ્કોન્ટેન્ટ) *n.* Dissatisfaction:બેદિલી;નારાજી;અપ્રીતિ; અસંતોષ;નાખુશી.*vt.* To dissatisfy: બેચેન કરવું;અસંતુષ્ટ-નારાજ કરવું;બેદિલ કરવું.

Discontented, (ડિસ્કોન્ટેન્ટેડ) *a.* Uneasy in mind; dissatisfied: બેચેન;અસંતોષી;નારાજ;અતૃપ્ત;બેદિલ.

Discontinuance, (ડિસ્કોન્ટિન્યૂઅન્સ) *n.* Interruption; cessation: તકરારબંધી;તૂટ;વિરામ;નિવૃત્તિભંગ;અંતરાય.

Discontinue, (ડિસ્કોન્ટિન્યૂ) *vt.* To cause to cease;to stop;to leave off;to put an end to:બંધ પાડવું-કરાવવું;કાઢી નાંખવું;અટકાવવું;વિરામવું; મોકૂફ રાખવું;તોડવું; ત્યજવું. *vi.* To be broken off: માં તૂટ-થવી-પડવી To be separated;to part: ભાગ થવા;જૂદું થવું-પડવું;અટકવું.

Discord, (ડિસ્કોર્ડ) *n.* [L *dis* & *cor,* the heart.] Strife; disagreement:વિરોધ;ઉચ્ચ મન; કુસંપ;ભેદ;મતભેદ;બેદિલી; અણબનાવ;કજીઓ;અણરાગ. **2.** dissonance: કઠોરતા; બેસુરપણું; કર્કશપણું.*vt.* To jar; not to suit: પ્રતિકુળ થવું-હોવું;અણબનાવ થવો.

Discordance-cy (ડિસ્કોર્ડન્સ ડેન્સિ) *n.* Disagreement;inconsistency: વિરુદ્ધતા; વિરોધ; અણબનાવ; બેદિલી; બેરાગ.

Discordant, (ડિસ્કોર્ડન્ટ) *a.* Disagreeing;opposing; incongruous:ઉલટું,વિષમ;પ્રતિકુળ; પરસ્પર વિરોધી;વિપરીત.**2.** Dissonant; harsh: બેસુર;બદસૂર; કઠોર; કર્કશ.

Discount, (ડિસ્કાઉન્ટ) *n.* [L.*dis,*& *computo,* I reckon.] An allowance made upon an account, debt,demand or price asked: વ્યાજ;વટાવ;છુટ;વળતર. **2.** Payment in advance of interest upon money loaned:મુદતને આગે કાપી લીધેલું હુંડીનાં નાણાંનું વ્યાજ. *True* **d.**ખરું વ્યાજ *At a* **D.**: સરભરથી નીચા ભાવથી.*Bank* **d:**સરાફી વ્યાજ. *vt.* To deduct from an account or debt:છુટ મૂકવી;વ્યાજ કાપી આપવું; વળતર આપવું. **2.** To loan money upon deducting the allowance for interest:વ્યાજ છુટ મૂકીને હુંડીનાં નાણાં આપવાં હુંડી સીકારવી.**3.** To take notice of:-ની દરકાર-સંભાળ ન રાખવી;-ના તરફ ધ્યાન ન આપવું; ગણનામાં ન લેવું;ન લેખવું.

Discountenance, (ડિસ્કાઉન્ટેનન્સ) *vt.* To put to shame; to abash: શરમાવવું; શરમમાં નાંખવું; ગભરાવવું; શરમિંદુ કરવું.**2.** To discourage:-ના હિંમત કરવું;-નું મન ભાગી નાખવું;-ની હિંમત છોડાવવી-મૂકાવવી;દાબવું;ટેકો-સહાય ન આપવી;ચાંપવું;ને દબાણ-ચાંપણ પહોંચાડવી;નાપસંદ કરવું.*n.* Unfriendly regard;cold treatment; disapprobation:ગેરમેહેરબાની; અવકૃપા.

Discourage, (ડિસ્કરેજ) *vt.* To dishearten; to dejects નાહિમ્મત કરવું;-નું વૈર્ય હઠાવી દેવું;-ના હાથ પગભાંગવા;-નું મન ભાંગી નાખવું.**2.** To discountenance: મન ફેરવી નાંખવું;-ને હરકત કરવું;દબાવવું.*n.* Cowardliness: નામર્દાઇ;બીકણપણું.

Discouragement, (ડિસ્કરેજમેન્ટ) *n.* Depression of confidence; dejection:નાહિમ્મત;મનોભંગ; ઉત્સાહભંગ.**2.** Obstacle;determent:અડચણ;અકટાવ;નિવારણ;હરકત.

Discourse, (ડિસ્કોર્સ) *n.* [L. *dis* & *curro,* I run.]Reasoning; range of reasoning faculty: તર્ક; વિચારસંકળના-ક્રમ; ન્યાયવિષય; તર્કવિષય. **2.** Talk;conversation: વાતચિત; સંભાષણ; સંવાદ. **3.** A formal treatise;speech: નિબંધ;પ્રબંધ; ઉપદેશ;ભાષણ;વ્યાખ્યાન;વિવરણરૂપ ગ્રંથ. **4.** Dealing;transaction: વ્યવહાર; કામકાજ.*vi.* To exercise reason: અક્કલ; સમજશક્તિ વાપરવી;-નો ઉપયોગ કરવો.**2.** To expose on'es views;to speak to converse: પોતાના વિચાર જણાવવા; વિસ્તારીને બોલવું;લખવું-વ્યાખ્યાન કરવું.**3.** To treat in writing:લખીને જણાવવું-સમજાવવું.*vt.* To expose in language: જણાવવું;જાહેર કરવું;સ્પષ્ટ રેકુટ કરવું; સમજાવવું.**2.** To utter or give forth: બોલવું;કહેવું.

Discourteous, (ડિસ્કોર્ટિઅસ) *a.* Uncivil;rude;impolite: અસભ્ય; બેઅદબ;નાલાયક;બેઅદબીભરેલું; તોછડું.

Discourtesy, (ડિસ્કોર્ટસિ) *n.* Ill-manners;incivility; rudeness: અસભ્યતા; બેઅદબી;અવિનય; અવિવેક; અપમાન.

Discover,(ડિસ્કવર) To disclose; to make visible;to show:જણાવવું; કહેવું;પ્રકટ જાહેર કરવું;બતાવવું;ખુલ્લું કરવું; ઉઘાડવું. 2. To ascertain; to detect:ખોળી-શોધી કાઢવું; ઠેકાણું-પત્તો-મેળવવો.3.To manifest without design;to show: જણાવવું; દર્શાવવું;દૃષ્ટિગોચર થવું 3.To explore; to examine:શોધવું;તપાસવું.*vt* To show one's self;to appear:દેખાવું;જણાવું;જડવું.

Discovery,(ડિસ્કવરિ)*n*.Exposure to view:showing:પત્તો;ભાગ; શોધ; પ્રકાશન.2.Revelation; disclosure: દર્શન; નિર્ણય; નિરૂપણ; પ્રાપ્તિ. 4. A thing discovered: શોધી-પકડી કાઢેલી ચીજ-વસ્તુ;શોધ.

Discredit,(ડિસ્ક્રેડિટ્)*n*.Ill-repute; reproach:અપકીર્તિ;એબ;કલંક;નામોશી;બદનામી;અપયશ; ઠપકો; બદઆખ. 2.The act of disbelieving or the state of being disbelieved: અવિશ્વાસ; અશ્રદ્ધા.*To fall into* d., મનાવું બંધ થઈ જવું.*vi*.To disbelieve:-ના માનવું.2.To destory confidence or trust in:-નો વિશ્વાસ-શ્રદ્ધા-આકીન-ભરોસો ન રાખવો 3. To bring reproach,upon;to disgrace: નામોશી લગાડવી:-ને બદનામી આપવી.

Discreditable, (ડિસ્ક્રેડિટબલ) *a*. Disgraceful:નામોશી ભરેલું; અપજશિયું;અકીર્તિકર;દૂષણીય.

Discreet, (ડિસ્ક્રીટ્)*a*. [L *dis & cerno*,I separate.]Prudent;cautious;judicious:ઠરેલ;ચતુર; વિચારવંત;ડાહ્યું;વિચક્ષણ; સાવધાન; વિવેકી; સુજ્ઞ;સમજદાર;દાનું;પકવવિચારનું.

Discreetly,(ડિસ્ક્રીટ્લિ)*adv*.Prudently;circumspectly:ડહાપણથી; ચોકસાઇથી;ચતુરાઇથી.

Discrepance·cy, (ડિસ્ક્રેપૅન્સ-ડિસ્ક્રેપૅન્સિ)*n*.Disagreement;inconsistency:વિરોધ; ઉલટાપણું; વિરૂદ્ધતા; અર્થ-વચનવિરોધ;ફેર;અંતર;તફાવત;ફરક.

Discrepant, (ડિસ્ક્રેપૅન્ટ્)*a*. [L.*dis, & crepor*,I sound.]Discordant; disagreeing;different.વિરૂદ્ધ;ઉલટું;જુદું;વિરોધી;અસંગત;પ્રતિકૂળ.

Discretion,ડિસ્ક્રેશન્)*n*. *Sagacity;circumspection;caution*:ચતુરાઇ;પાકી સમજ;પકવવિચાર; ડહાપણ; વિચક્ષણતા;ઠરેલ વિચાર;શીલપડ્યું સારા સાર વિચાર; ચતુર્ભદ્રપણું; પુખ્તાઇ. 2. Unrestrained exercise of choice or will: આપમ્રિયાર; સ્વતંત્રતા;મુખ્તયારી;મુનસરી.3. Discrimination:વિવેક;સદ્ સદ્વિચાર; વિચાર. *To surrender at d* :મીનશરતે શરણ થવું.

Discretional-nary(ડિસ્ક્રેશનૅલ-ડિસ્ક્રેશનરિ)*a*.Unrestrained except by discretion or judgment:પોતાના વિચાર પર રાખેલું; વિચારાધીન; વિવેકાધીન;મુનસરી ઉપર રાખેલું;સોંપેલું.

Discriminate, (ડિસ્ક્રિમિનેટ્) *vt*. [L. *dis & cerno*, I separate.] To separate;to distinguish:છૂટું પાડવું;જૂદું પાડવું; ઓળખી કાઢવું; પરીક્ષા કરવું;પારખવું.*vi*.To distinguish accurately:બારીકાઇથી સમજવું-પારખવું;જૂદું પાડીને ઓળખવું.1.To treat unequally:જૂદું ગણવું;-માં ભેદ-તફાવત-ફેર ગણવો *a*. Distinguished: ઓળખાયેલું;પરખાયેલું;વિવિક્ત;સ્પષ્ટ

Discriminately, (ડિસ્ક્રિમિનેટ્લિ) *adv*.Distinctly:સ્પષ્ટ-ખુલ્લી રીતે-ખરીરીતે

Discrimination,(ડિસ્ક્રિમિનેશન્) *n*. Distinction: બરોબર પરીક્ષા; પિછાન.2. Acute discernment:પરખવાની તીવ્ર શક્તિ;વિવેક;વિચાર;વિચારણા; વિવેકશક્તિ; સારાસારબુદ્ધિ; ઝીણી પરીક્ષા; પરીક્ષાશક્તિ; બુદ્ધિતારતમ્ય;વિવેકબુદ્ધિ.3.*Mark* of distinction:નિશાની-ચિન્હ;લક્ષણ;વિશેષતા.

Discriminative, (ડિસ્ક્રિમિનેટિવ) *a*.Marking a difference;characteristic;distinctive:જૂદું પડી આવે-ઓળખાઇ આવે એવું;જૂદીજ તરેહનું; લાક્ષણિક;ગુણદોષવેત્તા; પરીક્ષક.D.*Providence*: ભેદરાખનાર અનાગત વિધાતા (ઈશ્વર).

Discrown,(ડિસ્ક્રાઉન્)*vi*. To deprive of a crown: મુગટ-તાજરૂપી શોભા વિનાનું કરવું.

Discursive,(ડિસ્કર્સિવ્) *a*. Reasoning;argumentative: તર્ક દોડાવવું;તાર્કિક.2.*Roving*;digressive; desultory: દોડાદોડ કરી મુકનારૂં;અસ્થિર;ચંચળ;વિશાળ;બહુગ્રાહી.

Discus, (ડિસ્કસ) *n*. A circular stone:ગોળપથ્થર.2. A disk: બિંબ ચક્કર;ચકતી.

Discuss,(ડિસ્કસ્)*vt*. [L. *dis & quatio*, I shake.] To disperse; વિખેરવું;છૂટું પાડવું;જૂદું કરવું. 2 *To* shake off;to put away:વેગળું મૂકવું;દૂર કરવું;કાઢી નાંખવું.3. To examine;to debate;to sift:-વિષે વિચાર-વિવાદ-તકરાર કરવું;ચર્ચાવવું;તપાસવું.

Discussion,(ડિસ્કશન્)*n*.Examination:ચર્ચા;વાદવિવાદ;તકરાર;વિચારણા;પરીક્ષા.

Disdain,(ડિસ્ડેન્) *vt*. [L. *dis & dignus*, worthy.] To think unworthy or unbecoming:અયોગ્ય-અણઘટતું ગણવું-ધારવું.2. To scorn; to condemn:હલકું-તુચ્છ ગણવું; ધિક્કારવું;-ની અવજ્ઞા-અવગણના કરવી; તુચ્છકારવું. *n*. A feeling of contempt;scorn:અવજ્ઞા;ધિક્કાર;તિરસ્કાર; તુચ્છકાર; અનાદર; અવગણના.

Disdainful,(ડિસ્ડેન્ફુલ્)*a* Scornful;contemptuous:તિરસ્કાર ભરેલું; ઠીમાઠી;ઉદ્ધત;મગરૂર;રૂઠ્ઠોટાઇ વાળું.

Disdainfully, (ડિસ્ડેન્ફુલ્લિ) *adv*. Contemptuously;with scorn:તિરસ્કાર ભરેલી રીતે; મગરબાઇથી.

Disease,(ડિઝીઝ્)*n*. Uneasiness; trouble:બેચેની;દુઃખ;સંકટ. 2. Malady;sickness;disorder:રોગ; વ્યાધિવિકાર;માંદવાડ;બીમારી;આજાર;પીડા; દરદ;મરજ.*vt*.To afflict;to disquiet; દુઃખ દેવું;બેચેન કરવું.2.To afflict with a malady:માંદા પાડવું.

Diseased,(ડિઝીઝ્ડ્) *a*. Afflicted with disease:આજારી;રોગી; રોગગ્રસ્ત;રોગિષ્ટ;બગડેલું.

Disembark,(ડિસ્એમ્બાર્ક્)*vt*. To put on shore;to land: કિનારાપર-જમિન પર ઉતારવું.*vi*.To leave a ship: વહાણેથી જમિન ઉપર ઉતરવું-આવવું-જવું.

Disembarkation,(ડિસ્એમ્બાર્કેશન્)*n*.The act of disembarking: વહાણ ઉપરથી ઉતરવું ઉતારવું તે.

Disembodied,(ડિસ્એમ્બૉડિડ્)*pp*. *a*.Divested of the body; incorporeal:શરીર-દેહ-કાયા વિનાનું કરેલું; વિદેહી;દેહાતીત;દેહહીન.2.Discharged from military service of array: લશ્કર-લશ્કરી નોકરીમાંથી છુટું થયેલું.

Disembody,(ડિસ્એમ્બૉડિ) *vt*. To divest of the body;to free from the flesh:શરીર-દેહ-કાયા વિનાનું કરવું. 2.*To* discharge from military array:લશ્કરમાંથી છૂટું કરવું.

Disembogue,(ડિસ્એમ્બોગ્) *vt*.[L *dis,in & boca*,monch.] To discharge into an ocean or lake:સમુદ્ર-સરોવરમાં ખાલી કરવું;ને મળે એમ કરવું.

Disembowel, (ડિસએમ્બૉઉએવેલ્) *vt*.To take out of the bowels of:-નાં આંતરડાં કાઢી લવાં-એંચી કાઢવાં.2. To take from the bowels:આંતરડામાંથી અંદરથી બહાર કાઢવું.

Disenchant,(ડિસ્એન્ચૅન્ટ્)*vt*. To deliver from the power of spells or charms:મારેલો મંત્ર પાછો વાળવો;મંત્રનિવારણ કરવું;વાળવું.

Disencumber, (ડિસ્એન્કમ્બર્) *vt*. To disburden:પીડા-હરકતમાંથી મુક્તકરવું;હલકું કરવું;નિર્વિઘ્ન કરવું.

Disendowment,(ડિસ્એન્ડાઉમેન્ટ્) *n*.The act of depriving of an

endowment:નાણાં વગેરેની નિમણૂંક પાળી લેવી તે.

Disengage, (ડિસ્એન્ગેજ) *vt.* To disentangle;to set free;to release: છુટકો કરવો;છુટું-ળ્યું કરવું; મુક્ત મોકળું-નિરાળું કરવું;ખોડવવું; ખસેડવું.

Disengaged, (ડિસ્એન્ગેજડ્) *a.* Being at leisure;released:નવરું; છુટું;ફુરસદવાળું ;ફારગત; નકામું; અવકાશ પામેલું.

Disengagement, (ડિસ્એન્ગેજમેન્ટ્) *n.*The act of setting free; extrication: છુટું-ળ્યું કરે તે;છુટકેલ. 2.The state of being set free: છુટકો;મોક્ષણ.3 Leisure:નવરાશ; ફુરસદ; અવકાશ.

Disentangle, (ડિસ્એન્ટૅન્ગલ્) *vt.* To reduce to orderly arrangement: ગુંચ કાઢવી; છુટકેલવું. 2. To extricate from perplexity; to disembroil;to separate; to set free:મુક્ત કરવું;ખોડવવું;પાડવું; છુટું કરવું; નિકાલ છુટકેલ લાવવો.

Disenthrall, (ડિસ્એન્થ્રોલ્)*vt.* To release from slavery; to give freedom to: ગુલામગીરીમાંથી મુક્ત કરવું; સ્વતંત્રતા બક્ષવી;દાસત્વમાંથી છોડાવવું; સ્વતંત્ર કરવું.

Disenthrone, (ડિસ્એન્થ્રોન્)*vt.*To dethrone:ગાદી ઉપરથી ઉઠાડી મુકવું; પદભ્રષ્ટ કરવું.

Disesteem, (ડિસ્એસ્ટીમ્)*n.*Want of esteem;disfavor;disrepute: બે આબરૂ;ફરકી નજર;ઇતરાજી; અરુચિ; અભાવ;અપમાન; અનાદર. *vt.* To regard with disfavor; to slight: નાપસંદ કરવું; અપમાન કરવું; બે આબરૂ કરવું;અનાદર-અવગણના કરવું;હલકું ગણવું.

Disfavor, (ડિસ્ફેવર)*n.*Disesteem; disregard:નાપસંદગી; અરુચિ; અપ્રીતી;અસંતોષ;અભાવ.2.Displeasure ગેરમહેરબાની;ઇતરાજી;-ના પસંદગી;અવકૃપા.3.Unkindness:અકૃપા; ગેરમહેરબાની.*vt.* To withdraw favor; to regard with disesteem: ઇતરાજીથી જોવું;ગેરમહેરબાની કરવી.

Disfiguration, (ડિસ્ફિગ્યુરેશન્)*n.* Defacement; deformity; dis[illegible]ment: બદસુરતી; બેડોળપણું; વિ[illegible] બદશિકલ; રૂપનાશ;વ્યંગતા.

Dis[illegible]re (ડિસ્ફિગ્યૂર્)*vt.* To mask the fig[illegible]; to deface;to deform: ઘાટ બગા[illegible] બદશિકલ કરવું; બગાડવું; બેડોળ-વિરૂપ કરવું;રૂપનાશ-રૂપભંગ કરવું.

Disfigure[illegible]ent, (ડિસ્ફિગ્યૂર્મેન્ટ્) *n.* The act of disfiguring or the state of [illegible]ng disfigured; deformity:વિ[illegible]ય;વ્યંગતા;બદસુરતી; વિકૃતિ;બદશિકલ. 2.A defacement; a blot: ડાઘ;કલંક;દૂષણ;લાંછન;ખોડ.

Disfranchise, (ડિસ્ફ્રૅન્ચાઇસ્) *vt.* To deprive of a franchise or chartered right:સરકાર તરફથી મળેલો હક લઇ લેવો; બેહક કરવું; સનદ ખૂંચાવી લેવી.

Disgarnish, (ડિસ્ગાર્નિશ્) *vt.* To deprive of ornaments or furniture,to dismantle: શણગાર ઉતારી લેવા સરસામાન લઇ કાઢી લેવો

Disgorge, (ડિસ્ગૉર્જ્) *vt.*[L. *dis & gorge,*the throat.] To eject from the stomach or mouth;to vomit:ઉલટી કરવું;પાછું નાંખવું; ઓકવું; ઓકી કાઢવું.2. To give up;to surrender:આપી દેવું;છોડી દેવું;તાબે કરવું; સ્વાધીન કરવું;પાછું આપવું. *vi.* To vomit forth;to discharge:ઓકી કાઢવું

Disgrace, (ડિસ્ગ્રેસ્) *n.* The condition of being out of favor; disesteem:અપ્રતિષ્ઠા; અપકીર્તિ;અપયશ;ઇતરાજી;અપમાન. 2.Ignominy; infamy;shame : માનભંગ; કજેતી; શરમ;બદબોલ; અપકીર્તિ; બદનામી;નામોશી.3.Cause of shame; great discredit:શરમ લગાડનારી વસ્તુ; નામોશી;કલંક;દૂષણ લાંછન.4.Disfavor: ગેરમહેરબાની. *vt.* To deprive of favor;to dismiss with dishonor આબરૂ લેવી.2.To bring reproach or shame upon; to dishonour: ની બેઆબરૂ-કજેતી કરવું; બેહુરમત કરવું; -નું પાણીઉતારવું.3. To upbraid; to revile: ને દોષ કાઢવો; ઠપકો દેવો;-ની નિંદા બદબોલ કરવું;નું બૂરું બોલવું.

Disgraceful (ડિસ્ગ્રેસ્ફુલ્)*a.*Shameful;dishonorable : શરમ-નામોશી-અપમાન ભરેલું;અપમાનકારક;નિંદ્ય.

Disguise, (ડિસ્ગાઇઝ્)*vt.*[L. *de & guise,*manner.] To change the appearance of;to conceal by an unusual dress: વેષ-ભેખ-સોંગ લેવો; કપટવેષ-કપટરૂપ ધારણ કરવું; નો આકાર બદલવો-બદલી નાંખવો.2.To intoxicate: (દારૂ પાઇને)મસ્ત-છાકટા કરવું. 3 To hide by a counterfeit appearance;to mask:દાબી દેવું; ઢાંકી દેવું; છુપાવવું. *n.* A dress put on for purposes of concealment or of decoption: સોંગ;વેષ;વેષાંતર.2.A false appearance;a counterfeit show:ખોટો દેખાવ; કપટવેષ-રૂપ; છળ. 3 Intoxication: મસ્ત-છાકટાપણું. 4. A masque or masquerade:મુખવટો

Disgust (ડિસ્ગસ્ટ્) *n.* [L. *dis & gustus,*taste]Distaste; dislike; aversion:સુગ;બદરવાદ;ઠંડાપો; ઉદાસ ટો;કંટાળો;અરુચિ.*vt.*To offend the taste of;to provoke disgust or dislike in:સુગ લગાડવી;કંટાળો આપવો; ત્રાસ આપવો;-થી કંટાળવું-કંટાળો ખાવો.

Dish, (ડિશ્)*n.* A broad open vessel,used for serving up food at the table:થાળી; થાળ;તાસેક;તાસક;રકાબી; ટાટ; પાત્ર; ભોજનપાત્ર. 2. The food served in a dish; any particular kind of food: ભાણું; જમણ; આહાર; ભોજન;ખાણું; પકવાન્ન; વાની *A large* d.ટાટ. *A small* d: રકાબી; તાસક. *Delicious* d. કાંઇ સ્વાદિષ્ટ ખાવાનું. *vt To* put in a dish: પિરસવું; રકાબીમાં ખાણું મુકવું. 2. *To* depress in the middle. like a dish : થાળીની પેઠે મધ્યમાંવચ્ચે દબાવવું;ઉંડું કરવું.3. *To* frustate; to beat: નાકામેદ કરવું;નિષ્ફળ કરવું; ને બરના આવવા દેવું;-ને ફાવવા ન દેવું.

Dishabille, (ડિસ્બિલ્)*n.* An undress;deshabille: પોશાક સજ્યા વગરની સ્થિતિ; ઢીલો પોશાક સવારમાં પહેરવાનો એક જાતનો હલકો પોશાક.

Dis-hearten (ડિસ્હાર્ટન્)*vt.*To discourage; to deject: નાહિંમત કરવું; મનભંગ કરવું;-ની હિંમત છોડાવવી-હરાવવી-ભાગી નાંખવી; બેદિલ કરવું; ઠોંસ ભંગ કરવી.

Dishevelled, (ડિશેવેલ્ડ્)*a.*Loose; spread in disorder:છૂટું;વિખરાએલું;લબડતું;લટકતું; જટાપટા.

Dishonest, (ડિસ્ઑનેસ્ટ્)*a.*Wanting in honesty;faithless: અપ્રમાણિક;બદનેયત; હરામી; દગાખોર;બેઇમાન.2.Knavish;fraudulent; unjust: લબાડ;હરામી;શઠ;ધૂર્ત; લુચ્ચું ;ઠગ. 3.Disgraceful;shameful; unchaste:અપવિત્ર;જૂઠું;બેફાટ; જુગાળું.

Dishonestly, (ડિસ્ઑનેસ્ટ્લિ)*adv.* In a dishonest manner: અપ્રમાણિકપણાથી;ગેરવાજબી રીતે.

Dishonesty, (ડિસ્ઑનેસ્ટિ) *n.* Want of honesty;faithlessness: અપ્રમાણિકપણું; દગાખોરી; નિમકહરામી: બેઇમાની; દગલબાજી; બદનેયત. 2. Fraud;treachery:દગો;લુચ્ચાઈ;ઠગાઇ;અનીતિ;કુટિલતા;કપટ.3. Disgrace; unchastity:અપવિત્રતા; છિનાળું;વ્યભિચાર.

Dishonor (ડિસ્ઑનર્)*n.*Reproach; disgrace;shame:અપમાન; બેઆબરૂ;માનભંગ;અપયશ; કલંક; બદ્દો; અપકીર્તિ;શરમ;ગેરઇજ્જત;અપ્રતિષ્ઠા.2. *The* nonpayment or non-acceptance of commercial paper: હુંડી ન સ્વીકારવી તે; અસ્વીકાર.*vt.* *To* stain the character of; to dis-

grace : અપમાન-એ આબરૂ કરવી; ને એબ-ડાઘ-ધોકો-બટ્ટો લગાડવો;-ની અપ્રતિષ્ઠા કરવી; હલકું પાડવું. 2.To violate the chastity of;to debauch:નું પતિવ્રતભંગ કરવું;-ને દૂષિત-ભ્રષ્ટ કરવું;-ની લાજ-આબરૂ-હુરમત લેવી.3. To refuse to accept or pay:લેવાની-કબૂલ કરવાની અથવા આપવાની ના કહેવી; સ્વીકારવાની ના પાડવી.

Dishonorable, (ડિસ્ઍનરેબલ્) *m.* Disgraceful; shameful; base: અપમાન-શરમ ભરેલું; નીચ; હલકું. 2. Wanting in honor:આબરૂ વગરનું; બેઆબરૂ થયેલું;પાજી;અધમ.

Disinclination, (ડિસ્ઇનક્લિનેશન) *n.* Dislike;aversion:કમત;અપ્રીતિ; અરૂચિ;બેરમરજી;અનિચ્છા;વિરાગ.

Disincline, (ડિસ્ઇન્ક્લાઇન્) *vt.* To excite a dislike or aversion in; to indispose;to make unwilling: -નું મન ઉઠાડવું;-ની અપ્રીતિ-અનિચ્છા કરાવવી;-થી મન પાછું હઠાવવું.

Disinfect, (ડિસ્ઇન્ફેક્ટ્) *vt.* To cleanse from infection;to purify from contagious matter: (લાગેલો)ચેપ કાઢવો-સાફ કરવું;દુર્ગંધ કાઢવી.

Disinfectant, (ડિસ્ઇન્ફેક્ટંટ્) *n.* That which disinfects:ચેપ-દુર્ગંધી દૂર કરનાર-દૂર કરવાનું ઓસડ-ઉપાય; દુર્ગંધનાશક ઔષધ;નિઃસંક્રામક પદાર્થ.

Disingenuous, (ડિસઇન્જેન્યૂઅસ્) *a.* Mean; unworthy; not noble: ઉમદું નહિ એવું;નાલાયક;અઘટિત; હલકું;અધમ. 2. Not frank or open; crafty;artful: મેલામનનું;મનમાં પાપ રાખનાર;મેલું;કુડું;કપટી.

Disingenuousness, (ડિસઇન્જેન્યૂઅસ્નેસ્) Unfairness; want of candor;low craft : પાપબુદ્ધિ; કપટ ભાવ;મેલાપણું;વક્રભાવ;મલિનતા.

Disinherit, (ડિસ્ઇન્હેરિટ્) *vt.* To cut off from hereditary right; to deprive of an inheritance:વારસામાંથી બાતલ કરવું;બીનવારસી કરવું.

Disintegrate, (ડિસઇન્ટીગ્રેટ્)*vt* [L *dis & integer,*whole]To reduce to fragments or to powder:ભાગે ભુકા પાડવા;કડકા કરવું;ભૂકો કરવું; ચૂર્ણ કરવું.

Disinter, (ડિસઇન્ટર્) *vt.* To take out of the grave;to dig up:કબરોમાંથી બહાર કાઢવું; ખોદી કાઢવું. 2. To bring out;to unbury:બહાર-અજવાળામાં લાવવું-કાઢવું; પ્રસિદ્ધિમાં લાવવું;દાટેલું ખોદી કાઢવું.

Disinterested, (ડિસઇન્ટરેસ્ટેડ્) *a.* Free from considerations of personal advantage:સ્વાર્થ વિનાનું; નિર્લોભી;નિસ્વાર્થિ;બીનસ્વાર્થિ;બેગરજ; નિષ્કામ;નિસ્પૃહ; ઉદાસીન; નિર્લોભ; અસ્વાર્થિક;બીનમતલબી;નિઃસ્વાર્થ.

Disinterestedness, (ડિસઇન્ટરેસ્ટેડનેસ્) *n.* The quality of being disinterested;impartiality:બેગરજી;બેપરવા;નિર્લોભ બુદ્ધિ;નિષ્કામબુદ્ધિ; નિસ્પૃહતા;અસ્વાર્થ;ત્રાહિત દાવો.

Disinterment, (ડિસઇન્ટર્મેન્ટ્) *n.* Exhumation:જમિનમાંથી બોદી કાઢવું તે;બનિતોદ્ધાર.

Disjoin, (ડિસ્જૉઇન્)*vt.*[L *dis & jungo,*I join.]*To* part;to disunite to separate:છૂટું જૂદું પાડવું;વિયોગ કરવો; સંબંધ તોડવો; વેગળું નિરાળું કરવું.

Disjoint, (ડિસ્જૉઇન્ટ્)*vt.*To dislocate:-ના સાંધા છુટા-જુદા પાડવા;લચકાવવું;મોચવવું;લચકાવી-કરમોડી નાખવું; ઉતારી નાંખવું. 2. *To* separate at junctures.સાંધામાંથી જૂદું-છુટું પાડવું.3. *To* make incoherent : અસંબંધ કરવું. *vi. To* fall in pieces: કકડા થઈ થઈને પડવું.*n.* Difficult situation;dilemma:મુશીબત; અગવડ; સંકટ;બ્રહ્મસંકટ. *a.* Unconnected: જૂદું પડેલું;જુદું;સંબંધ રહિત.

Disjointed, (ડિસ્જૉઇન્ટેડ)*a.* Loose, disconnected:ઉતરી ગયેલું;સાંધામાંથી જૂદું-છુટું પડેલું;અસંબદ્ધ;સ્થાનભ્રષ્ટ.

Disjunct, (ડિસ્જન્કટ્) *a.* [L. *dis & jungo,*I join.]Disjoined;separated:છુટું;અલગ;જૂદું;નિરાળું;ઇલાયદું.

Disjunction, (ડિસ્જન્કશન્) *n.* Disunion;separating:વિયોગ; જુદાઇ;વિરહ.

Disjunctive, (ડિસ્જન્ક્ટિવ્)*a.*Separating; disjoining: છુટું; જૂદું પાડનારું;વિયોગકારી; પક્ષાંતરબોધક. *n.* A disjunctive conjunction:વિરુદ્ધાર્થ-ભિન્નાર્થ વાક્યયોગી.

Disk, (ડિસ્ક્)*n.*[L.*discus,*a quoit] A flat or circular plate : ચપટ ગોળ ચક્કું-ચક્તી. 2. A discus; a quoit:ચક્ર;ચક્કર;બિંબ;મંડળ.3. The face of a celestial body : બિંબ.

Dislike, (ડિસ્લાઇક્)*n.*Displeasure; disapprobation : અપ્રીતિ; અરૂચિ; નાખુશી;અણગમો; અભાવ; નાપસંદગી. 2.Discord;dissension:વિરોધ;ઉંચું મન;અણબનાવ;કુસંપ.*vt.To* have an aversion to; to disapprove of: ના પસંદ કરવું;-ને ન ગમવું 2. *To* displease : નાખુશ-નારાજ કરવું;-નું મન ખાટું કરવું.

Dislocate, (ડિસ્લોકેટ્)*vt.*[L *dis & locus,*a place.] *To* displace; to disjoint: સાંધામાંથી છુટું-જૂદું પાડવું; ઉતારી-મચકોડી-લચકાવી નાંખવું.*a.*Dislocated;ઉતરી ગયેલું;ખસી ગયેલું.

Dislocated,(ડિસ્લોકેટેડ્)*a.*Displaced;disjoined: ખસી ગયેલું; લચકાયેલું;સાંધામાંથી ઉતરેલું.

Dislocation,(ડિસ્લોકેશન્) *n. The* act of displacing or the state of being displaced: મોચ; ઉતરી જવું તે;સંધિભંગ;લચક;કરમોડ.2.Disorder: ગડબડ;અવ્યવસ્થા.

Dislodge,(ડિસ્લૉજ્)*vt.To* remove from a place of quiet or repose: જ્યાં હોય ત્યાંથી ખસેડવું-દૂર કરકાઢવું. 2.*To* drive out from a place of hiding or defence:ભરાઈ-સંતાઇ-રહ્યું હોય તેવી જગ્યામાંથી કાઢી મૂકવું-બહાર કાઢવું-નસાડવું.

Disloyal,(ડિસ્લૉઇઅલ્)*a.*(*a*)Faithless;treacherous:નિમકહરામ; બેઇમાન;બેવફા; અસંતુષ્ટ; અવિશ્વાસુ. (*b*) Faithless to a sovereign: રાજ્યદ્રોહી;બેવફા.

Disloyalty,(ડિસ્લૉઇઅલ્ટિ)*n.*Lack of fidelity; violation of allegiance:બેવફાઇ; નિમકહરામી; રાજદ્રોહ; અસંતોષ;બેઇમાનદારી.

Dismal,(ડિઝ્મૅલ્)*a.*[L.*dies malus,* an evil day.]Gloomy to the eye or ear;cheerless:dull: ઉદાસ;ઝાંખુ; ભયાનક; બીહામણું; ઉદાસીન; અપ્રસન્ન; ઉગ્ર;દારૂણ;ઘોર;સૂનકાર.

Dismantle,(ડિસ્મૅન્ટલ્)*vt.To* deprive of dress;to strip:કપડાં-પોશાક ઉતારી લેવો-લઇલેવો મુંઠાવી લેવો; નાગું કરવું.2.*To* break down: સરંજામ લેઇ લેવો;-નાં રક્ષણનાં સાધન કાઢી લેવાં-તોડી પાડવાં. 3. *To* render useless; to disable:નાલાયક-નકામું-અશક્ત કરવું; શક્તિહીન કરવું.

Dismast,(ડિસ્મૅસ્ટ્)*vt.To* deprive of a mast or masts: (વહાણને) ડોળ-કુવા વિનાનું કરવું-તોડી નાખવા-ઉતારવા.

Dismay,(ડિસ્મે)*vt.*To terrify; to daunt;to appall: દહેશત-બીક બાલવી-દેવી;-હરામઢાવી દેવું;હેબત ખવરાવવી; હબકાવી નાંખવું;-નાં ગાત્ર ઢીલાં કરી નાખવાં; હેબક ખવડાવવી;-નીહીમત છોડાવી દેવી.2. To render lifeless; to disquiet : શાંત-નરમ કરવું; દમ વગરનું કરવું.*vi.*To be disheartened:-ની હિંમત તૂટવી; હબકવું; હરામઢવું; ધીધવાઈ જવું;ગભરાટમાં પડવું.*n.*Overwhelming terror; consternation : ઉદાસપણું;ગભરાટ;હબક; દહેશત; હરામઢાઇ; ધાક;બીક; ભય;ઝડક.

Dismember, (ડિસ્મેમ્બર્) *vt.* To separate the members of; to mutilate:નાં અવયવો છુટાં-જુદાં પાડવાં;છુટું જુદું કરવું;તોડી પાડવું; ખાંડું કરવું.

Dismemberment, (ડિસ્મેમ્બર્મેન્ટ્)

n. Mutilation;division; separation : અવયવ વિયોગ; ભિન્નતા; ભૂદાઇ; અંગચ્છેદ;અવયવચ્છેદ.

Dismiss,(ડિસ્મિસ્) *vt.* [L.*dis* & *mitto*,I send.] To send away; to give leave to go : મોકલી દેવો; જવાની રજા-પરવાનગી આપવી;વિસર્જન-વિદાય-રવાના-બરખાસ્ત ક૦.2.To discard:રજા આપવી;બરતરફ ક૦;ઘેર બેસાડવું; રૂકસદ આપવી;-ની કલમ કાપવી. 3.To lay aside or reject:કાઢી નાંખવું; નામંજુર ક૦;રદ ક૦.

Dismissal,(ડિસ્મિસૅલ્)*n.*Dismission;discharge: રજા;છુટી; બરતરફી; વિસર્જન;વિદાયગિરિ;રૂકસદ.

Dimission,(ડિસ્મિશન્)*n.*Permission to leave;dismissal: જવાની રજા-છુટ;રજા;બરખાસ્તી;છુંદુ. 2. Removal from office;disharge : બરતરફી;વિદાયગીરી;રવાનગી;રૂકસદ. 3. A setting aside;rejection:ના મંજુરી

Dismount, (ડિસ્માઉન્ટ્) *vt.* To bring down from an elevation: ઉંચી જગ્યાપરથી ઉતારવું-ઉતારી પાડવું-નાંખવું 2.To unhorse : ઘોડા ઉપરથી ગબડાવી-હથલાવી પાડવું-પાડી નાંખવું; ઠોળી પાડવું.*vi.* To come down; to descend: નીચે આવવું; ઉતરવું; ઉતરી પડવું.2.To alight from a horse: ઘોડાપરથી ઉતરવું-ઉતરી પડવું-જવું.

Disobedience, (ડિસ્ઑબીડિએન્સ્) *n.* Violation of command or prohibition; neglect or refusal to obey:આજ્ઞાનો ભંગ; આજ્ઞોલ્લંઘન; અમાન્યતા;અવગણના; અનાદર; અવજ્ઞા. *A habit* of d., અણકહ્યાગરાપણું.

Disobedient,(ડિસ્ઑબીડિએન્ટ્)*a.* Neglecting or refusing to obey refractory:અણકહ્યાગરૂ;આજ્ઞા-કહ્યું ન માનનારૂ;બેહુકમી;આડું ચાલનારૂ;હઠીલું.

Disobey, (ડિસ્ઑબે) *vt.* & *vi.* To neglect or refuse to obey; to violate: આજ્ઞા તોડવી; પત ન ક૦; ન માનવું; હુકમ-આજ્ઞા કહ્યું ન ગણકારવું; આજ્ઞાભંગ ક૦;અણકહ્યાગરા થવું.

Disoblige,(ડિસ્ઑબ્લાઇજ્) *vt.* To displease;to offend:આડું લગાડવું; નાખુશ ક૦;-નું મન દુઃખવવું-દુભવવું;-નું મન આડું ક૦;-ની મુરબત ન રાખવી. 2. To release from obligation:બંધન-ફરજમાંથી મુક્ત ક૦-છોડવું;સ્વતંત્ર ક૦.

Disobliging (ડિસ્ઑબ્લાઇજિન્ગ્) *a.*Offensive;displeasing:ઇચ્છા-મરજીથી વિરૂદ્ધ ચાલનારૂ;આડું લગાડવાની ટેવવાળું;અનઉપકારી;બેમુરવત. 2. Unkind;unaccommodating : ઉપકારરહિત;વિરોધી.

Disorder,(ડિસ્ઑર્ડર્)*n.* Irregularity; confusion; disarray:અવ્યવસ્થા; ગેરબંદોબસ્ત; ગરબડસરબડ; ઘોટાળો. 2. Irreguraaity: વ્યવસ્થા-રચના-પદ્ધતિ ન હોવી તે. 3. *Tumult* disturbance: બખેડો; હુલ્લડ; તોફાન. 4.Derangement; disease; sickness:આજાર; વ્યાધિ;દરદ; પીડા; રોગ; માંદગી;-મ દવાડ;વિકાર. *Physical* d.: તબીએતમાં કસર *Mental* d.: બુદ્ધિમાં વિકાર.*vt.To* throw into confusion;to confuse : ગુંચવણ-ગબરાટમાં નાંખવું;ગરબડ કરી નાંખવી.2.Derange-માં વિકાર-કસર ઉત્પન્ન થવી;-માં બિગાડ થવો; ચળાવવું; હથલપાથલ-અવ્યવસ્થા-ઘોટાળો ક૦.

Disordered,(ડિસ્ઑર્ડર્ડ્)*a.* Confused;deranged:ચુંથી નાંખેલું;અવ્યવસ્થિત;કસરવાળું;ખસેલું; ચળેલું; અસ્વસ્થ;વિકારી;આજારી;અભ્રાન્ત.

Disorderly,(ડિસ્ઑર્ડર્લિ) *a.*Disarranged;immethodical:અવ્યવસ્થિત;બંદોબસ્ત વગરનું; નિરંકુશ; ક્રમવગરનું;બેબંધ;બેકેદ; અસ્તવ્યસ્ત; તફરકે થઇ ગયેલું; અવ્યવ. 2. *Tumultuous*: unruly:તોફાની; હુલ્લડી; બખેડા-કજીઆ ખોર;ફિતુરી; બેકેદ.3.Loose; of bad repute: અનાચારી; અનીતિનું; અનાચારનું; વંઠીગયેલું. *adv.* Irregularly; confusedly: ગેરબંદોબસ્તથી; અવ્યવસ્થિત રીતે.

Disorganization,(ડિસ્ઑર્ગેનાઇઝેશન્)*n.* Subversion of order:અવ્યવસ્થા;હલચલપાલટ; હથલપાથલ; બંધારણનાશ.

Disorganize,(ડિસ્ઑર્ગનાઈઝ્)*vt* *To* throw into utter disorder;to disarrange and break up:બંદોબસ્ત તોડવો;બંધારણ તોડવું;હથલપાથલ ક૦.

Disown,(ડિસ્ઑન્)*vt.* *To* refuse to acknowledge;to disavow:પોતાનું નથી એમ કહેવું; અસ્વીકાર ક૦;કબૂલ ન રાખવું;-ના કહેવી;ઇનકાર ક૦

Disparage,(ડિસ્પૅરેજ)*vt.*[L *dis* & *par*,equal.] *To* undervalue; to depreciate: નિંદા કરવી; હલકું-નઠારૂં ઉતરવું-ગણવું; વખોડવું; હીણપત લગાડવી; ધસાતુ બોલવું.

Disparagement, (ડિસ્પૅરેજ્મેન્ટ્) *n.*Marriage with a person of inferior rank or condition: અયોગ્યવિવાહ સંબંધ.2.Diminution of value;disgrace:નામોશી;બેઆબરૂ; નિંદા; શરમ; હીણપત; હીનતા; અવજ્ઞા; તિરસ્કાર;અપ્રતિષ્ઠા;નિંદા;વખોડ.

Disparity,(ડિસ્પૅરિટિ)*n.*[L. *dis* & *par*,equal.][nequality;dissimilitude:ફરક;ફેર; તફાવત; અસમાનતા; વિષમતા.

Dispart,(ડિસ્પાર્ટ્)*vt.*&*vi.* *To* separate;to sever;to rend:ચૂંથી પાડવું;ભાગ પાડવા;કાપવું.

Dispassion,(ડિસ્પૅશન્)*n.* An undisturbed state of the mind; apathy:કંદોમિજાજ;શાંતિ;વિરાગ;અક્રોધ.

Dispassionate,.(ડિસ્પૅશનેટ્)*a.*[L. *dis* & *patior*, I suffer.] Calm; composed; judicial: કંકુ;કંડા મિજાજનું; શાંત; નિષ્ક્રોધ; નિષ્પક્ષપાત; નિસ્પૃહ;નિઃસંગ;વિરક્ત.2. Impartial: નિષ્પક્ષપાત;ઉદાસીન.

Dispatch,(ડિસ્પૅચ્)*vt.* [L. *dis*, & *pedica*, a snare.] *To* send off: મોકલવું;મુદામ પહોંચાડવું-મોકલવું; દોડાવવું.2. *To* put to death; to kill: મારી નાંખવું;સ્વધામ પહોચાડવું. 3. *To* dispose of; to perform:કાઢવું; કરી નાંખવું; આટોપી નાંખવું;-નો નિકાલ કાઢવો;ઉડાવી દેવું.D. *business* : કામનો નિકાલ કાઢવો.4.*To* rid;to free:છુટ્ટુ-મુક્ત ક૦;સ્વતંત્ર ક૦.5.*To* send away hastily: મોકલી દેવું; વિદાય ક૦. *n.* Prompt execution;haste: ઝપાટો; ઝડપ;ચતાળી;નિકાલ; ઉતાવળ. 3. Official message or letter: મુદામ લખાણ-ખત;ખરીતો;સરકારી લખોટો.4;A message sent by telegraph:તાર.

Dispel,(ડિસ્પેલ્)*vt.*[L.*dis* & *pello* I drive.]*To* drive away;to banish: ઉડાવી દેવું;દૂર ક૦;કાઢી મુકવું;હાંકી કાઢવું; દફે ક૦;ટાળવું;મટાડવું.

Dispensable(ડિસ્પેન્સેબ્લ્)*a.*Capable of being dispensed with:-ના વગર ચલાવી શકાય એવું.

Dispensary,(ડિસ્પેન્સરિ)*n.*A place in which medicines are dispensed to the poor:ધર્મનું-ધર્માદા દવાખાનું; ઔષધશાળા. 2. A place in which medicines are prepared: દવાખાનું;ઔષધાલય.

Dispensation, (ડિસ્પેન્સેશન્) *n.* Distribution:વહેંચણી;વાંટણી; વિભાગ.2.A system of divine laws: ઈશ્વરી વ્યવસ્થા-વિધિ-નિયોગ; ઈશ્વરનિયુક્ત વિધિ.3.A permission to do what is forbidden: મારી;છુટ; પરવાનગી;પરવાનો.

Dispense,(ડિસ્પેન્સ્)*vt* [L. *dis* & *pendo*,I weigh.] *To* distribute: વહેંચવું; વહેંચી આપવું;-વાંટવું; વાંટણી ક૦.2.*To* execute; to carry out: અમલમાં આણવું; બજાવવું;કરવું. 3. *To* compensate;to atone for:-નો બદલો-અવેજ અપાવવો;-નું નુકશાન ભરી અપાવવું.4. *To* excuse : છુટ-માફી આપવી.5.*To* suspend the operation of : કોરે-બાજુ ઉપર મુકવું; કોરે

મુકીને ચાલવું.*n.* Dispensation; exemption: માફી;છુટી;પરવાનગી.

Dispenser,(ડિસ્પેન્સર્)*n.*One who dispenses:આપનાર; વહેંચનાર;વાંટનાર;પ્રવર્ત્તક;નિર્વાહક.

Dispeople(ડિસ્પીપલ્)*vt.*to deprive of inhabitants; to depopulate: ઉજ્જડ કર;વસ્તી વગરનું કર;વેરાન કર.

Disperse, (ડિસ્પર્સ્)*vt.*[L. *dis & spargo,*I scatter.] To scatter here and there; to diffuse; to spread : અહિંતાહું વિખેરવું; વિખેરી નાંખવું;છુટું પાડવું; ફેલાવવું;-માં ફેલાવોપ્રસાર કર.2.To cause to vanish or separate:જતા રહે-અદૃશ્ય થાય અથવા જૂદું પડે એમ કર.*vi.* To separate;to vanish : જૂદું પડવું; વેરાઇવિખરાઇ જવું; જતા રહેવું.

Dispersion, (ડિસ્પર્શન) *n.* The state of being scattered:વિખરાઇવેરાઈ-ફેલાઇ જવું તે;છુટું પડવું તે; વિક્ષેપ.2. The separation of light into its different coloured rays: પ્રકાશ-અજવાળાનું કિરણોમાં વિખરાઇછુટા પડવું તે.

Dispirit,(ડિસ્પિરિટ્)*vt.*To deprive of cheerful spirits;to discourage નાહિંમત કર; નું મન ભાંગવું; નિરુત્સાહ કર;હર્ષભંગ કર.

Displace,(ડિસ્પ્લેસ્)*vt.*To remove to pnt out of place: ખસેડવું; લઈ લેવું-જવું;સ્થળાંતર કર; ક્યાંનું ક્યાં મુકવું. 2.To discharge;to depose:દૂર કર; બરતરફ કર.3.To dislodge; to banish: હાંકી કાઢવું; માંથી વેગળું કર.

Displacement, (ડિસ્પ્લેસ્મેન્ટ્)*n.* Removal : સ્થાનનાશ; સ્થાનભ્રંશ; સ્થાનચ્યુતિ. 2. The quantity of water displaced by a ship afloat:પાણીમા વહાણ જેટલું પાણી ખસેડે તેટલું પાણી.

Displant,(ડિસ્પ્લૅન્ટ્)*vt.*To unsettle and take away;to displace ઉખેડી નાંખવું;ઉન્મૂલન કર; ઉચ્છેદવું.2. To strip of what is planted or settled: કાઢી નાંખવું;ઉજ્જડ કર.

Dispiay,(ડિસ્પ્લે)*vt.*[L.*dis &plico,* I fold.]:To unfold; to expand; to spread: ખોલવું; ફેલાવવું; પાથરવું; વિસ્તારવું. 2. To show; to make manifest:બતાવવું; દેખાડવું; દર્શાવવું; પ્રકાશ-પ્રસિદ્ધ કર; ખુલ્લું-સ્પષ્ટ કર;પ્રકટ કર.3.To parade: આડંબર કર.4.To discover;to descry:શોધી કાઢવું;જોંખું દેખાતું હોય તે જોઈ-શોધી કાઢવું.*n.* Exhibition; manifestation: પ્રદર્શન;પ્રકાશન;પ્રકટીકરણ.2. Ostentatious show;parade:ઠાઠ;શોભા;દબદબો દમદમાટ;આડંબર;ડોળ;દમામ;ઠાઠમાઠ.

Displease,(ડિસ્પ્લીઝ) *vt.* To be disagreeable to;to offend;to vex: નાખુશ કર;-ને માઠું લગાડવું;કફા કર;ચીડવવું;નારાજ કર.2.To fail to satisfy; to miss of-ગુમાવવું;પાર ન મુકવું;ખોવું. *vi.*To disgust:કંટાળો ઉપજવો.

Displeasure, (ડિસ્પ્લેઃહ્યૂર) *n.* Dislike;dissatisfaction;disfavor indignation : નાપસંદગી;અપ્રસન્નતા;ગુસ્સો;ખફગી;રૂઠ;રસભું; અવકૃપા;નાખુશી. 2. Offence;injury:-નાખુશીનું કારણ;કરડી નજર;ગેરમહેરબાની;ઇતરાજ; રૂઠ *vt.*To displease:નાખુશ-નારાજ કર

Disposal,(ડિસ્પૉઝલ્)*n.* Arrangement: રચના; ગોઠવણ; ગોઠવણી; યોજના 2. *Regulation;* management:વ્યવસ્થા;બંદોબસ્ત;ધટાવ;કર્ત્તવ્ય; કર્તવ્યતા.3. Bestowal; alienation or parting with:અર્પણ; સમર્પણ; વહેંચણ;દાન;બક્ષિસગિરી.4.Power to dispose of:અખ્તિયાર;અધિકાર;હાથ; સત્તા;વ્યવસ્થાધિકાર;આજ્ઞા.

Dispose, (ડિસ્પૉઝ)*vt.*[L. *dis & pono,*I put.]To arrange; to set in order: ગોઠવવું;-ની વ્યવસ્થા-રચના કર.2.To regulate,to determine: ગોઠવણ કર;ગોઠવવું; નક્કી કર. 3. *To* deal out;to employ; to apply; વહેંચી આપવું;વાપરવું;4. To adapt; to incline the mind of :ઇચ્છા કરાવવી;ના મનનું વલણ કરાવવું; પ્રવર્ત્તાવવું.To *dispose of,* to alienate;to bestow: નું ઠેકાણું-રસ્તો-નિકાલ કર; ની વ્યવસ્થા કર;કાઢી નાંખવું;આપી દેવું; વેચી દેવું; વાપરી નાંખવું. *To* **d.** *of a daughter in marriage* : કન્યાને પરણાવવી. *To* **d.** *of lawsuits* : મુકદ્દમાનો નિકાલ કર. *n.* Disposal; management: રચના;વ્યવસ્થા;ગોઠવણ;યોજના.

Disposition,(ડિસ્પૉઝિયન્)*n.* Application; disposal: વહીવટ;વ્યવસ્થા;ગોઠવણ.2.Arrangement;distribution;order-રચના; ગોઠવણ;ક્રમ; વહેંચણ 3.Propensity;inclination: મન;ઈચ્છા;રૂચિ;ભાવ;વલણ.4. Tendency;nature;quality: ગુણ-ધર્મ;સ્વભાવ. 5. Nature or prevailing spirit;temper of mind:પ્રકૃતિ;તબિયત;મરજી;મિજાજ.6.Mood;humor: વૃત્તિ;ભાવ; છંદ.

Dispossess, (ડિસ્પૉઝેસ્) *vt.* To put out of possession;to dissieze કબજો મુકાવી છોડવી લેવું;છીનવી લેવું.

Dispossession, (ડિસ્પૉઝેશન્) *n.* The act of putting out of possession;the state of being put out of possession:કબજો મુકાવી લઇ લેવું તે;કબજા વિનાનું થવું તે. 2. *To* deprive of real estate:ના પરબ્યા૨ તથા જોય ભાઠાં લેઈ લેવાં; લુંટી લેવું.

Dispraise,(ડિસ્પ્રેઝ)*vt.* To blame: વખોડવું;નિંદા કર;ઠપકો દેવો. *n.* Detraction from praise; blame; censure:અપ્રશંસા;નિંદા;ઠપકો.

Disproof,(ડિસ્પ્રુફ્)*n.*Confutation; refutation:રદીઓ; ખંડન: વિરુદ્ધતા; નિરાકરણ;અનિર્ણય;અપ્રમાણ;નાસાબીતી.

Disproportion, (ડિસ્પ્રોપૉર્શન્) *n.* Want of proportion or symmetry: પ્રમાણ ન હોવું તે; વિગત પ્રમાણ;તફાવત; ન્યૂનાધિકતા; અસમાનતા. 2. Want of adequacy; unsuitableness;disparity: અયોગ્યતા;અપૂર્ણતા;અસમાનતા.

Disproportional-nate,(ડિસ્પ્રોપૉર્શનલ-ડિસ્પ્રોપૉર્શનેટ્) *a. Unequal;* inedequate : પ્રમાણમાં નાના મોટી-વધતુંઓછું;અસમાન;અયોગ્ય;વિષમ.

Disprove, (ડિસ્પ્રૂવ્ *vt.* To prove to be false;to confute:ખોટું-જુઠું બનાવટનું છે એમ સબિત કર. 2. To refute:રદ્દ-બાતલ કર;ખંડન કરવું; તોડવું;બહાલ ન રાખવું.

Disputable,(ડિસ્પ્યૂટબલ)*a.*Controvertible: તકરાર-વાંધો લેવા જેવું;વાદયોગ્ય;વિવાદાસ્પદ. 2. Contentious: હુજ્જતી;તકરારી;માથાફોડિયું;ટંટાખોર.

Disputant, (ડિસ્પ્યૂટન્ટ્) *n.* One who disputes;a controvertist: તકરાર લેનાર; વાદ કરનાર; વાદી; વાદકર્ત્તા;તાર્કિક; નૈયાયિક;હેતુવાદી.

Disputation, (ડિસ્પ્યૂટેશન્) *n.* Controversy in words:વાદવિવાદ; ભાંજગડ.2.A rhetorical exercise in which parties reason:અભ્યાસાર્થવાદ; અભ્યાસવાદ;સંવાદ.

Disputatious, (ડિસ્પ્યૂટેશસ્)*a.* Inclined to dispute;apt to cavil: વાંધાખોર; તકરારી; વાદપ્રિય; કલહશીલ; વિવાદાર્થી;લઢવાડિયું;ટંટાખોર.

Dispute, (ડિસ્પ્યૂટ્)*vt.*[L. *dis & puto,*I reckon.] To discuss; to debate:કજીઓ કર; તકરાર-વાદ લેવો-કરવો.2.To strive or contend:સામે થવું;સામા ભીડવું;મહેનત કર;ઉપક્રમ કર. *vt.*To discuss;to argue: તકરારથી નિર્ણય-નિશ્ચયપર આવવું.2.To strive, or contend about:સામા પડવું-ભીડવું.3. To oppose by argument: દલીલથી સામાથવું-પડવું; તકરાર-વાંધો ઉઠાવવો.4. To struggle against; to resist: ના સામે કજીઓ-લડાઈ કર; કલહ કર;ના સામે થવું. *n.* Discussi-

on;debate;altercation: ભાંજગડ; વિવાદ;વાદ;ઝગડ2.Contest;struggle:કજીઓ;ઝઘડો;લડાઇ;તકરાર;વાંધો; વિખવાદ. *Beyond* d.: indisputably :નિર્વિવાદ.

Disqualification,(ડિસ્ક્વૉલિફિકેશન)*n.*Disability; incompetency: નાલાયકપણું; અયોગ્યતા; અપાત્રતા. 2. Want of qualification:-ના લાયકી.

Disqualify,(ડિસ્ક્વૉલિફાઈ)*vt.* To render unfit;to incapacitate:-ના લાયક-અયોગ્ય અપાત્ર કર 2. To deprive of capacity;to disable: લાયકી-યોગ્યતા વિનાના કર;અશક્ત કર.

Disquiet,(ડિસ્ક્વાઈએટ)*vt.*To make uneasy or restless; to disturb: બેચેન કર; ક્ષોભ ઉદ્વેગ-ઉચાટ-ચિંતામાં નાખવું;નું મન વ્યગ્ર કર. *n. Uneasiness;restlessness;anxiety:* બેચેની;ચિન્તા;ઉચાટ; વ્યગ્રતા; ક્ષોભ; ઉદ્વેગ; અસ્વસ્થપણું;અજંપો. *a.* Deprived of quiet:બેચેન;અસ્વસ્થ;ઉચાટવાળુ;વ્યગ્ર

Disquietude,(ડિસ્ક્વાઇએટ્યૂડ)*n.* Uneasiness;anxiety : બેચેની; ઉચાટ;ક્ષોભ;ઉદ્વેગ;આકુળતા;વ્યગ્રતા;ચિંતા.

Disquisition,(ડિસ્કિવઝિશન)*n.* [L. *dis & quæro*,I seek.]Elaborate essay;dissertation:પ્રબંધ;નિબંધ; નિરૂપણ; વિવેચન; પરીક્ષા; યથાસ્થિત તપાસ.

Disregard,(ડિસ્રીગાર્ડ)*vt.*To pay no heed to;to omit to take notice of:-ન ગણકારવું;ન લેખવવું;અખાડા કર; બેપરવા કર;-ની અવગણના-અનાદર-અવજ્ઞા-બેદરકારી-કર;લેખવું;-નું અપમાન-ઉપેક્ષા કર. *n.* Intentional neglect;want of attention;slight: બેતમા;બેપરવાઇ; અનાદર; ઉપેક્ષા; અપમાન;અવજ્ઞા;અવગણના.

Disrelish,(ડિસ્રેલિશ)*n.*Distaste: dislike: અભાવ;અપ્રીતિ;અરૂચિ; વિરક્તિ,વિરાગ,બદસ્વાદ,કુસ્વાદ, બેસ્વાદ. *vt.* Not to relish;to regard as unpalatable:ન ભાવવું;અપ્રીતિકારી; નગમવું;-ના પસંદ પડવું.2.To deprive of relish:અસ્વાદિષ્ટ કર;બેસ્વાદ કર.

Disreputable,(ડિસ્રેપ્યૂટેબલ) *a.* Shameful;dishonourable: આબરૂ વિનાનું;બેઆબરૂદાર;હલકું; આબરૂ જાય એવું;અપ્રતિષ્ઠિત;અસ ભવિત;લફંગુ;નીચું.

Disrepute,(ડિસ્રેપ્યૂટ)*n.*Loss of reputation;disesteem: માનભંગ; અપકીર્તિ;બેઆબરૂ; નામોશી; બદબોઈ; અપ્રતિષ્ઠા;અપજશ; અપમાન; બદનામી.

Disrespect,(ડિસ્રીસ્પેક્ટ)*n.* Disesteem in civility;discourtesy: બેઅદબી;અપમાન;અનાદર;તિરસ્કાર;અવજ્ઞા; અસત્કાર.*vt.* To show disrespect to;અપમાન-અનાદર કર; બેઆબરૂ-બેઇજ્જત કર; બેઅદબી-નાલાયકી વાપરવી.

Disrespectful,(ડિસ્રીસ્પેક્ટ્ફુલ) *a.* Wanting in respect;uncivil: નીચું; અપમાન ભરેલું;નાલાયક; આમન્યારહિત;અસભ્ય; અમર્યાદ; બેઅદબ.

Disrobe,(ડિસ્રોબ)*vt.*To divest of garments;to undress : લુગડાં વિનાનું કરવું;-ની શોભા હરી લેવી.

Disruption,(ડિસ્રપ્શન)*n.*Breach; rent;dilaceration:તુટ;ભિત્રાડ; ખલેલ;ચીરો;અણબનાવ;ઉંચું દીક્ષ.

Dissatisfaction,(ડિસ્સૅટિસ્ફૅક્શન) *n.*Discontent;displeasure; disapprobation: નાખુશી;અસંતોષ;અપ્રસન્નતા;અતૃપ્તિ;અસમાધાન.

Dissatisfactory,(ડિસ્સૅટિસ્ફૅક્ટોરિ) *a.*Giving discontent; displeasing:અસંતુષ્ટ;નાખુશકરવું;અસંતોષકારી.

Dissatisfy,(ડિસ્સૅટિસ્ફાઈ)*vt.* To displease: અપ્રસન્ન કર; નાખુશ કર. અસંતોષ આપવો.

Dissect,(ડિસ્સેક્ટ) *vt.* [L.*dis & seco*, I cut.] To cut into piece; to anatomize : કકડે કકડા કરવા;અવયવચ્છેદન કર;ચીરવું;નું શરીરચ્છેદન કર.

Dust, (ડસ્ટ) *n.* Powder; finer articles of earth :ગિર્દ;ભૂકો;બારીક રેતી;રજ;ધૂળ;રેણુ;માટી.2.The grave: કબર;ગોર.૩. Gold dust:સોનાની રજધૂળ;hence,(Slang)Money; cash: પૈસો; રોકડ નાણું. 4. The earthly remains of human body once alive:માટી;મટોડી.*To throw* d.*in one's eyes*,to mislead;to deceive: છેતરવું;ઠગવું;-ની આંખોમાં ધૂળ મીઠું નાખવું;-ને આજ જરૂ *To kick up a* d. ધાંધળ તોફાન ઉભું કરવું. *To raise one out of the* d :તણખા જેવો હોય તેને રહેંટો બનાવી દેવો. *vt.* To free from dust:ધૂળ વિનાનું કરવું;ધૂળ સાફ કરવું;ધૂળ ખંખેરવી. 2. To sprinkle with dust:ધૂળ છાંટવી-નાંખવી.3.*To* reduce to a fine powder:બારીક રજ-ચુરણ જેવું કરવું;ઝીણો ભૂકો કરવો.

Duster,(ડસ્ટર)*n* One who dusts: ધૂળ સાફ કરનાર.2.A cloth or brush used for removing dust:ધૂળ સાફ કરવાનું કપડા-બુચડું.2.A sieve:ચાળણી 3.A light overcoat : હલકો બધા પોશાક ઉપર પહેરવાનો મેલખાઉ ડગલો.

Dusty, (ડસ્ટિ)*a* Filled or covered with dust:ધૂળ ભરેલું; ધૂળે ઢંકાઇ ગયેલું,ધૂળમય; ધૂળવાળું; ધૂળના જેવું. 2. Of the colour of the dust:ધૂળના રંગ જેવું;ભોંઠું;મેલું.

Duteous-tiful(ડ્યૂટીઅસ-ડ્યૂટિફુલ) *a.* Performing that which is due(or that which law or justice requires);obedient:આજ્ઞાંકિત; મર્યાદશીળ;સ્વધર્મ પ્રમાણે ચાલનારું;સેવાતત્પર;સ્વધર્માસક્ત. 2 Subservient; obsequious:તાબેદાર; તાબેદારી ઉઠાવનારું; ખુશામતિયું; હાજીહા કરનારું; આજ્ઞાધારક-પાલક.3. Respectful; deferential: મર્યાદશીલ; માન રાખનારું, આમાન્યા રાખે એવું; ફરજ સમજનારું.

Dntiable,(ડ્યૂટિએબલ્)*a.*Subject to the payment of a duty:જકાતી;જકાત લેવા લાયક.

Duty,(ડ્યૂટિ)*n* [L. *debeo*, I owe] That which is due;payment:બદલો;અવેજ.2.Service morally obligatory:obligation:કર્ત્તવ્ય; ફરજ; ધર્મબંધન;કામ;કામગરી.3. Respect; reverence;obedience: મર્યાદા;તાબેદારી;મહાલે;માન; ભક્તિ;આદર;અદબ 4.(*com*) Tax; customs; excise: વેરો;કર;જકાત;દાણ; મહેસુલ; લાગો. 5. Any assigned service or business:કામ;નોકરી;ચાકરી.

Dwarf,(ડ્વોર્ફ્)*n.* A diminutive man: ઠીંગણો-હાનો માણસ; વામનજી. *vt.*To lessen; to make small;to stunt : એ છું-કમી કરવું; હાનું-ટૂંકું કરવું; ઠીંગણું કરવું;વધતું અટકાવવું; થી હિમાજ કુંઠાઈ જવું. *a.* Stunted; dwarfish: ટૂંકું રહી ગયેલું; ગટ્ટી:ઠીંગણું.

Dwarfish, (ડ્વોર્ફિશ) *a.* Like a dwarf;low; very small: વામનજી જેવું-ઠીંગણું;નીચું;ઘણું હાનું;ગટ્ટી.

Dwell,(ડ્વેલ્)*vi.* To inhabit for a time; to live in a place; to reside : અમુક વખત સુધી વસવું-રહેવું; મુકામ રાખવો; નિવાસ કરવો. 3. To abide;to remain, to continue:રહેવું;ટકવું;રહેવાનું જારી રાખવું. *To* d.*in*: ના ઉપર આધાર રાખવો. *To* d. *on or upon*,લંબાવવું;લંબાણ કરવું; વિસ્તારવું; વર્ણન-વિવેચન કરવું; ટાહેલું-તાંડવ કરવું (*b*) પલળી જવું; તલ્લીનમુસ્તાક થઇ જવું..*vt.*To inhabit:રહેવું; વસવું.

Dweller,(ડ્વેલર્)*n.* An inhabitant:વાસી;રહેવાસી;નિવાસી.

Dwelling (ડ્વેલિન્ગ્)*n.*Habitation; abode;domicile: મકાન;રહેઠાણ;ઘર; વાસો;આગાર;ભવન;ગૃહ;રહેવાની જગ્યા.

Dwindle,(ડ્વિન્ડલ્)*vt.*To diminish; to become less: હાનું થવું; ઘટવું;ઓછું થવું;ઉતરતા ગુણનું થવું;ક્ષીણ થવું;ચીમળાઈ જવું *vt.*To make less: ઓછું-હાનું-ક્ષીણ કરવું.2.To break; to disperse:ભાગવું;વિખેરી નાખવું. *n.* Decline;degeneracy: પડતી; ક્ષય; લય;ક્ષીણતા.

Dyad,(ડાઇઍડ્)*n.*A pair;a couple: બે;જોડ;જુગલ;જોમ;યુગ્મ.

Dye,(ડાઇ)*vt.*To stain;to color:રંગવું;ને રંગ દેવો.*n.*Color : રંગ;વર્ણ. 2. Material used for dyeing; a dyestuff: રંગ ચઢાવવાની વસ્તુ; રંગ. 3.A lot:ભવિષ્ય;નશીબ.*To* d.*in the grain*:મૂળપદાર્થ જેમકે રૂ કે ઉનને કાચું રંગવું.

Dyed,(ડાઇડ્)*a.*Colored; tinged: રંગેલું;રંગદાર;રંગવાળું;રંગિન.

Dyeing,(ડાઇઇન્ગ્)*n.* The art of dyeing:રંગવાની કળા.*p.pr.* Coloring;tinging:રંગતા;રંગીને.

Dyer,(ડાઈઅર્)*n.*One whose occupation is to dye cloth: રંગરેજ; રંગારો.

Dying,(ડાઇઇન્ગ્)*a.* Mortal; perishable:નાશવંત;વિનાશી;મર્ત્ય ; મરવું; અનિત્ય2.Pertaining to death or dying:મરણનું-સંબંધી-વખતનું; અંતકાળનું;અંત.*The* d. *hour* : અંતકાળ. *a.*The act of expiring : મરવું તે; દેહત્યાગ.

Dynamics,(ડાઇનૅમિક્સ્)*n. Sing.* The science of moving forces: ગતિશાસ્ત્ર; સારકશક્તિશાસ્ત્ર; ગત્યુત્પાદક શક્તિશાસ્ત્ર.

Dynamite,(ડાઇનૅમાઇટ્)*n.*[Gr.*dynamis*, force.] *An* explosive substance : જોરથી ફુટતી એક સળગી ઉઠનારી ચીજ;ડાઇનૅમી.

Dynast,(ડિનૅસ્ટ્)*n.*A ruler;a govenor:રાજ્યકર્ત્તા;રાજા;હાકેમ;સૂબો.

Dynasty,(ડિનૅસ્ટિ)*n.*[Gr.*dynasta*, a lord.]A race of kings of the same line:એકજ વંશ-કુળના રાજાઓ; રાજવંશપંક્તિ; રાજવંશાવળી; વંશ. 2. Sovereignty;dominion:રાજ્ય;સત્તા;અમલ;હકુમત;સાર્વભૌમ-રાજ્ય.

Dysentery,(ડિસેન્ટેરિ)*n.*[Gr.*dys*, bad & *enteron*, intestines.] *A* disorder of the intestines: પેટીઆળ મરડો;સંગ્રણી;અતિસાર;આમ;આમાંશ;જળશ.

Dyspepsia-sy,(ડિસ્પેપ્સિઅ-ડિસ્પેપ્સિ)*n.*[Gr.*dys* ,bad & *pepto*, I digest.]*A* state of stomach in which its functions are disturbed:અજીર્ણ;અપચો;અગ્નિમાંદ્ય;બદ હજમી;મંદ જઠરાગ્નિ.

Dyspeptic,(ડિસ્પેપ્ટિક્)*a.*Afflicted with or pertaining to dispepsia:જેને અજીર્ણ થયેલું છે એવું;અજીર્ણવાળું-નું-સંબંધી;અજીર્ણ વિકારી-રોગી.

Dysphagy, (ડિસ્ફૅજી)*n.*Difficulty in swallowing : ગળવામા પડતી મુશ્કેલી;ગળે ન ઉતરવું તે.

Dyspnœa,(ડિસ્પ્નીઅ)*n.* [Gr.*dys*, *ill*&*pneo*,I breathe.] *A* difficulty of breathing: શ્વાસાવરોધ.

Dysury,(ડિસ્યૂરિ)*n.* [Gr. *dys*, & *ouron*,urine.]Difficult and painful discharge of urine: પેશાબ કરવાની અડચણ;મૂત્રકૃચ્છ;મૂત્રાવરોધ.

E.

E(ઇ,અ,એ)The second vowel and the fifth letter of the English alphabet : ઇંગ્રેજી મૂળાક્ષરનો બીજો સ્વર અને પાંચમો અક્ષર; ગુજરાતીમાં

એનો ઉચ્ચાર અ, ઇ અથવા એ થાય છે. 2 The third tone in music:સારીગમનો ત્રીજો સૂર. **E.** g. *exempli gratia*:દાખલા તરીકે; જેમકે.

Each,(ઇચ્)*a.*Every one of the two or more individuals: પ્રત્યેક; દરેક;હરેક;એક બીજાને,પરસ્પર.**E** *other*: એક બીજાનું-બીજાને-પરસ્પર;અન્યોઅન્ય.

Eager,(ઇગર્)*a.*[L.*acir*; sharp] sharp;sour;acid:ખાટું.2.Ardent; to pursue;earnest;zealous:હોંશી; આતુર;ઉત્કંઠિત;ઉત્સુક;વ્યગ્ર;તલપી રહેલું. 3.Brittle;inflexible: કડક;બરડ;તકલાદી.4.Keen;severe; પ્રબળ; તીવ્ર; કડક;કરડું; તીક્ષ્ણ.

Eagerly,(ઇગર્લિ)*Adv.*Ardently; earnstly: આતુરતાથી;ઉત્કંઠાથી.

Eagerness,(ઇગર્નેસ્)*n* Earnestness;ardour;zeal;avidity: આતુરતા;ઉત્કંઠા;ઉત્સાહ;વ્યગ્રતા; હવસ; હોંશ.ઉત્સુકતા.

Eagle,(ઇગલ્)*n.* [L. *aquila*, an eagle.]A rapacious bird of the falcon family: ગરૂડપક્ષી; પક્ષીરાજ. 2.A golden coin:દશ ડૉલરની કિંમતનો એક સોનાનો સિક્કો.3.A reading desk: એક જાતની ચોપડી મૂકી વાંચવાનો મેજ.

Eagle-eyed,(ઈગલ્આઇડ્)*a.*Having an acute or piercing sight: તીક્ષ્ણ-બારીક-ઝીણી નજરવાળું.

Eaglet, (ઇગલ્એટ) *n.* A young eagle:ગરૂડનું બચ્ચું.

Ean(ઇન્)*vi.&vt.*To bring forth,as young;to yean:બચ્ચું જણવું;વિઆવું.

Ear,(ઇર્)*n* [L.*audio*,I hear.]The organ of hearing:કાન;કર્ણ 2.The perception of sounds:શ્રવણેંદ્રિય; કાન.3.Attention: કાન; લક્ષ; ધ્યાન. *To give* **e.**: કાન દેવા; સાંભળવું. 4. The spike or head of a plant of Indian corn or other grain containing the kernel: કણસું; મંજરી;ડુંખી;ડુંડું.6.A lug;a handle: હાથો;કડું.*Drum of the* **e.**: કાનનો પડદો.*About the ears*: પાસે;નજીક. *To set by the ears*; અફળાવવું; કુટાવવું;લડાવવું; કજીઓ ટંટો કરાવવો. To *poison one's ears*:ના કાન ભંભેરવા-કુંકવા-ભરવા;-નું જુદું બોલી મન ફેરવવું. *Up to the ears*;deeply absorbed: ગરક થયું ગયેલો;તરબોળ;નખશીખ;ડુબી ગયેલો.*To turn a deaf* **e** *to*, not to listen: ન સાંભળવું; ન ગણકારવું; બહેરા થવું;અખાડા કરવા;કાને હાથ દેવા. *To pull the ears of*:કાન આંબળવા-મરડવા.*To stop the* **e.s.** કાનમાં ડુચો મારવો; કાનમાં પુમડાં ઘાલવાં.

Ear,(ઇર્)*vi.*To put forth the ear in growing;to form ears,as corn : કણસું ફૂટવું;કણસલાં આવવાં. *vt.* To hear:સાંભળવું.[L *aro*,I plow.]To plow;to till: ખેડવું;હળ ફેરવવું

Ear-ache,(ઇરએક્)*n.* Pain in the ear:કર્ણશૂળ;કાનમાં સણકા નાંખવા તે.

Eardrop,(ઇરડ્રોપ્)*n.*An earring or pendant for the ear: કાનની કડી;કુંડળ;ઓરીન્ગ;વિંગળું;કોકરવું;કર્ણફુલ

Earl,(અર્લ્)*n.*A nobleman of England:ઇગ્લાંડ મધ્યે એક અમીરી પદવી; અર્લ.2.A kind of fish: એક જાતની માછલી.

Earldom(અર્લ્ડમ્)*n.*The jurisdiction of an earl:અર્લના તાબાનો મુલક-રાજ્ય-સત્તા.2.*The* dignity,status,or title of an earl:અર્લની પદવી-દરજ્જો મોભો.

Earless,(ઇર્લેસ્)*a.*Without ears; deaf or unwilling to hear: કાન વગરનું;સાંભળવાને નારાજ;મતલબ બહેર

Earliness,(અર્લિનેસ્)*n.* Promptness:ઝડપ;તાકીદ;શીઘ્રતા;ત્વરા; અવિલંબ;શીઘ્રતા:કાહાડો.

Ear lock,(ઇર્લૉક્)*n* A lock or curl of hair near the ear;a love lock: ગુચ્છો;ગુલકું.

Early(અર્લિ)*a.*In good season;prior in time; coming among first acts:વહેલું થયેલું આવેલું-આવનાર;સવેળું;આગોતરું; પૂર્વકાલિક; પ્રાચીન;નૂતન; **E.***days*;નહાનપણ; બાલ્યાવસ્થા. **E.** *age*:બચપણ;નહાનપણ **E.***ages.*: પુરાતન-પ્રાચીન કાળ. **E.** *associations*: નહાનપણ;જુવાનીના સંગની રહેલી અસર.**E.***life*: જુવાની; યુવાવસ્થા. **E.** *dawn*: મોટું મળસકું.*adv.*Soon;betimes:વહેલું;જલદી.

Earn(અર્ન્)*vt* To merit or deserve by labour:કંઈ કરીને યોગ્ય અથવા લાયક થવું;સંપાદન કરવું. 2. To acquire by labour: કમાવું;રળવું;મેળવવું,પ્રાપ્ત કરવું;પેદા-ઉપાર્જન કરવું.

Earn,(અર્ન્)*vi.*To long for;to feel anxiety:આતુરતાથી ઇચ્છવું;ચિન્તાગ્રસ્ત થવું.2.*To* curdle:જામવું;અખરાવું.*n.*An eagle: ગરૂડપક્ષી.

Earnest,(અર્નેસ્ટ્)*n.*Seriousness; reality;ખરાપણું;સત્યભાવ 2.An assurance of intention;a token of what is to come:ચિન્હ;નિશાની; ઇસારો;પગરણ 3 *Something* given by the buyer to the seller, by way of token *to* bind the bargain:બાનું In **e.** (*a*) seriously; ખરા ભાવથી.(b)not in jest: મજાકમશ્કરીમાં નહિ.*a.*Eager to obtain: ઉત્સાહી;ઉત્કંઠિત;આતુર;ઉત્સુક.2.Heart felt,fervent;hearty:ખરાં અંતઃકરણપ્રેરણાનું;દીલોજાનથી;ખરા ભાવથી કરેલું.

Earnestly,(અર્નેસ્ટ્લિ)*adv.*Warmly; eagerly:આતુરતાથી;ખરા મનથી; એકાગ્રતાથી.

Earnestness,(અર્નેસ્ટ્નેસ્)*n.*Ardour;zeal; importunity; seriousness:ઉત્કંઠા;આતુરતા;અતિ અભિલાષા; ખંત.

Earning(અર્નિન્ગ્)*n.*Wages;money-earned:કમાઇ;પેદાશ;ઉપાર્જન.

Ear-pick,(ઇરપિક્)*n*An instrument to clean the ear: કાનખોતરણી.

Ear-piercer,(ઇરપીર્સર્)*n.*A centipede:કાનખજુરો.

Ear ring,(ઇરરિન્ગ્)*n. Ear*-drop; કાનની કડી;કોકરવું; કુંડળ; કર્ણાલંકાર-ભૂષણ;કર્ણફુલ;વાળી;વેાળિયું;એરીંગ;કાંપ.

Ear shot,(ઇરશૉટ્)*n.*Reach of the ear:સંભળાય શકે એટલું છેટું; ધાંટાનો ટપ્પો;કર્ણપથ;શ્રવણગોચર વિષય.

Earth,(અર્થ્)*n* The globe which we inhabit:પૃથ્વી;ભૂગળ; ધરતી;વસુંધરા;ધરણી;વસુધા; મેદિની; અવનિ. 2. The dry land: જમિન;ભૂમિ; ભોંય; ધરતી;3 Soil; the ground: માટી; મટોડી.મૃતિકા.4.A region; a county: દેશ;પ્રદેશ.5. The people on the globe: દુનિયા;જગત;સૃષ્ટિ;ભૂલોક; ઈહલોક.*Conqueror of the* **e**: દિગ્વિજયી.6.A burrow:બોડ.*Alkaline* **e.s**:ખાર.*vt.*To bury;to cover with earth:ભૂમિદાહ કર;દાટવું; ડટાવવું; માટી પુરવી-ઢાંકવી-વાળવી.2.To chase into a burrow or den:બોડ-ગુફામાં પાછળ પડવું-માંથી બહાર કાઢવું.

Earthborn,(અર્થબૉર્ન્)*a.* Born of the earth;human: આ દુનીઆનું; મનુષ્ય જાતનું.2.Relating to earthly objects.ઐહિક વસ્તુનું-સંબંધી;

Earthen,(અર્થન્)*a.*Made of earth or baked clay:માટી-કાદવનું;મૃણ્મય.

Earthenware,(અર્થનવેર્)*n.* Vessels and other utensils made of baked clay:માટીનાં વાસણ.

Earthling,(અર્થલિન્ગ્) *n.*An inhabitant of the earth;a mortal: મૃત્યુ લોકનું મનુષ્ય;માનવી:મર્ત્ય; સંસારમાં બધ્યો આસક્ત થયેલો માણસ.

Earthly,(અર્થ્લિ)*a* Carnal;worldly;pertaining to the earth: દુનીઆનું;સાંસારિક;ભાતિક;ઐહિક 2. Possible;conceivable:જરાપણ;સિદ્ધકૃત. *Made* of earth:માટીનું; મૃણ્મય; દૈહિકશરીરનું; ભૌતિક.

Earth-quake, (અર્થ્-ક્વેક્) *n.* A shaking of the earth: ધરતીકંપ;

ભૂમિકપ;ભૂકપ.

Earth-work,(અર્થ્‌વર્ક્‌)*n*.A for i fication of earth:માટીકામ કોટ. 2. An embankment or construction made of earth:માટીનું પુરાણ-ટેકરો-પુસ્તો;માટીનું કામ.

Earth worm,(અર્થ્‌વર્મ્‌)*n*. The common worm found in the soil without legs: ભૂજંગ;અળસિયું 2.A sordid person;a niggard:કંજુસ.

Earthy,(અર્થિ)*a*.Earthlike:માટીકો જેવું;મૃણ્મય.2.Gross;low;unrefined:નીચ;અધમ;ખુસા જેવું; જંગલી.

Ear-trumpet,(ઇઅર્‌ટ્રમ્પેટ્‌)*n*. An instrument to aid in hearing: બહેરાને કાન આગળ મુકવાનું ભુંગળું.

Ear wax, (ઇઅરવેક્સ્‌)*n*.The cerumen: કાનનો મેલ.

Ear-witness,(ઇઅરવિટ્‌નેસ્‌) *n*. A hearer:કાને-કાન સાંભળનાર;કાને સાંભળેલી વાત કહેનાર સાક્ષી

Ease,(ઈઝ્‌)*n*.Relief;rest;quiet;વિસામો;વિશ્રાન્તિ;કરાર;દમ;કળ; આરામ; ચૈન;વિશ્રામ.2. Tranquility;peace: શાંતતા;સ્વસ્થતા;નિરાંત;સુખ 3. Freedom from constraint; facility; naturalness:સ્વેચ્છાએ;સરળતા;સ્વાભાવિકતા; અનાયાસ.*At ease*,free from pain-trouble કુશળ;સ્વસ્થ;સુખમાં નિરાંતે; સુખપૂર્વક *vt. & vi.* To free from pain;to give rest:આરામ આપવો; ચૈન પાડવું;કાળજી વિગેરે કાઢી નાંખવી;સ્વસ્થ કરવું.2.To mitigate: શાંત કરવું;ઘટાડવું; નરમ પાડવું; કમી-ઓછું કરવું 3.To release from pressure;to move gently:આસ્તેથી ખસેડવું;બાજુ ઓછો કરવો.

Easel,(ઇઝેલ્‌)*n*.A wooden frame serving to hold upright a canvas for the painter's convenience: ચિત્ર કાઢવું વખતે ચિતારાને ચિતરવાનો કાગળ મુકવાનો ઘોડો.

Easeless (ઇઝ્‌લેસ્‌) *a* Wanting ease:બેચેન;અસ્વસ્થ;શાન્તિ વગરનું.

Easement, (ઇઝ્‌મેન્ટ્‌) *n*. That which gives relief;convenience શાંતતા;સુખ;સગવડ; સોઇ.2 A kind of privilege:ઇઝમેંટનો હક;સાધારણ સુખાધિકાર

Easily, (ઇઝિલિ) *adv* Without difficulty;with ease:સહેલાઈથી;સહેજ 2.Without pain,anxiety or disturbance: સુખમાં; નિરાંતે;કરારે; આનંદમાં. 2. Readily; willingly: ખુશીનો સાથે તરત; આનાકાની વગર; સત્વર.4.Smoothly;without discord ધીમે;હળવે

Easiness, (ઇઝીનેસ્‌)*n*.Freedom from distress:આરામ;વિશ્રામ;વિશ્રાંતિ.2.Freedom from difficulty; ease:સહેલાઇ;સરળતા;ઓછો પ્રયાસ.3. Compliance;unconcernedness: હાજી હા કરવાનો સ્વભાવ;નમ્રતા.4.Freedom from effort, constraint or formality:કુદરતી પ્રવાહ; સરળતા સહેલાઈ; ઋજુતા.

East;(ઇઅસ્ટ્‌)*n*.[L.*urere*,to burn.] The point in the heavens where the sun rises:પૂર્વ;ઉગમણી દિશા.2.The eastern parts of the earth:પૂર્વદેશ; પૂર્વતરફના દેશ *a*. Towards the rising sun:પૂર્વ તરફનું; પૂર્વનું;ઉગમણું ;ઉગમણા પાસાનું *vi*.To move towards the east: પૂર્વ તરફ ખસવું.

Easter,(ઇઅસ્ટર્‌)*n*. [A. S. *easter*, feast.]Good friday:ગુડફ્રાઇડે; ખ્રિસ્તના પુનરુત્થાનના સ્મરણને સારૂ કેટલાક ખ્રિસ્તી લોકો જે તહેવાર માને છે તે.

Easterly,(ઇસ્ટર્લિ) *a*. Coming from the east: પૂર્વ તરફથી આવતું. 2 Situated towards the east: પૂર્વનું તરફનું.

Eastern, (ઇસ્ટર્ન્‌) *a*. Situated in the east;oriental: પૂર્વ તરફનું 2.Going towards the east:પૂર્વ તરફ જતુ.

Eastward(ઇસ્ટ્‌વર્ડ્‌)*adv*.Toward the east:પૂર્વ તરફ;ઉગમણા દિશાએ

Easy,(ઇઝિ)*a*. Quick; tranquil: સુખી;સ્વસ્થ;સુખકર;શાંતિ;નિશ્ચિંત;સુગમ.*To be in a* circumstances: ખાવે પીવે સુખી હોવું.2. Affording rest:આરામ આપનાર;શાન્તિકારક; સુખકારક.3.Not difficult;slight:સહેલું;તુચ્છ;સરળ; હલકું કુલ;સુગમ. 4. Furnishing comfort:સોઈદાર. 5. Yielding;ready:રાજી; ગરીબડું;વળકણ 6. Not straitened as to money matters:તંગી વગરનું; ભીડ વગરનો;દ્રવ્યની અનુકુળતાવાળો;પુષ્કળ. *E going*:સરલ;બહુ મહેનત ન કરે એવું.

Eat,(ઈટ્‌)*vt.imp.***ate**,*pp.* **eaten**, [L. *edo*, I eat.] To chew & swallow as food: ખાવું;ભક્ષણ કરવું. 2.*To* corrode as metal by rust: ખાઈ જવું-નાંખવું; ખવાઈ જવું; કોતરી ખાવું *To e.one's words*,થુંકીને ચાટવું; થુંકેલું ગળવું;બોલીને ફરી જવું.*To e.out*: ખાઈને કૃશ કરવું;ફોલી-કોતરી-કોરી ખાવું; ખાઈ ખાઈને ખલાસ કરવું *vi*.To take food;to feed;to board:જમવું.2.To taste or relish:સ્વાદ લાગવો-હોવો-આપવો. To gnaw: કોરવડાવીને માંહે પેસવું-ઉતરવું.

Eatable (ઇટેબલ્‌)*a*. Capable of being eaten;esculent:ખાવા જેવું; ભક્ષ્ય;ભોજ્ય;ભક્ષણીય; જમણ; ભોજન. *n*.Food:ખાવાની વસ્તુ;જમણ; ભોજન.

Eating,(ઇટિંગ્‌)*n*.The act of taking food: જમવું તે; ભોજનક્રિયા. 2. Something fit to be eaten;food: ખોરાક; ખાવાનું ; ખાણું; ખાડું.

Eating-house,(ઇટિન્ગ્‌-હાઉસ્‌)*n*. A restaurant:વીરી;ભડીઆરખાનું;ખાનાવળી.

Eau, (ઓ)*n*. The French word for water used in English in various combination: પાણી-જળ. *E.de* cologne:અસલ કોલાન શહેરમાં બનેલું સુગંધીદાર પાણી;કોલનવાટર.

Eaves,(ઈવ્‌ઝ્‌)*n.pl*.The edges of the roof of a building: છાપરાની પાંખ;નેવ 2.Eyelid or eyelashes: આંખનું પોપચું અગર પાંપણ.

Eavesdrop,(ઈવ્‌ઝ્‌ડ્રોપ્‌)*vi*.To listen secretly what is said in private: બીજાની ગુપ્ત વાત છાનામાના સાંભળવી. *n*.The water falling from the eaves:નેવનાં પાણી. *n*. A secret listener:છુપી રીતે સંતાઈને ગુપ્ત વાત સાંભળનારો.

Ebb,(એબ્‌)*n*.The reflux of the tide:ઓટ;ઉતાર.2.Time of passing away;decline:પડતી; ઉતરતો પાયો; ઉતરતી હાલત;ક્ષય;હાનિ;નાશ;દશા. **E & *flow***,the alternate rise and fall: ચઢતી પડતી;અસ્તોદય;ભરતી ઓટ *vi*.To flow back:ઓટ થવી;ભરતી ઉતરી જવી. 2.To decline:ઉતરતી દશા-હાલત હોવી.

Ebb-tide,(એબ્‌-ટાઇડ્‌)*n*.The reflux of tide water;the retiring tide:ઓટ

Eboney,(એબૅનિ)*n*.[L. *ebenus*.]A species of hard,heavy,durable wood which admits of a fine polish or gloss:અબનુસનું લાકડું.

Ebriety,(ઇબ્રાઇટિ)*n* [L *ebrietas*, intoxicated.] Intoxication by spirituous liquors;inebriety:મદ; મત્તતા; ઉન્માદ;છાકટાપણું.

Ebriosity, (ઇબ્રિઑસિટિ) *n*. [L. *ebriosus*,given to drinking.] Addiction to drink: દારૂ પીવાની લત; નીશાખોરી;દારૂબાજી.

Ebrious,(ઇબ્રિઅસ્‌)*a*.Intoxicated: દારૂડીઓ; પીધેલ;છાકટો; નિશાખોર.

Ebullient, (ઇબ્યૂલિએન્ટ્‌) *a*. [L. *bullio*,I boil.]Boiling over as a liquor;effervescing:ઉકળતું;ઉભરો આવતું; ભોસવાળું

Ebullition, (ઈબ્યૂલિશન) *n*. The operation of boiling: ઉકળવું તે; ભોય.2. Effervescence: ઉભરો. 3.

An exhilaration or outward display of feeling : જોશ;ખુશરસો; હર્ષરો. **E.** *of affection*:ઉમળકો.

Ecaudate,(ઇકૉડેટ્)*a.*[L.*ex*,out of and *cauda*, tail.] Without a tail or spur:પૂંછડી વગરનું;બાંડું.

Eccentric-cal (એક્સેન્ટ્રિક્-કલ્)*a.* [L.*ex* & *centrum*,centre.] Departing from the centre:મધ્યબિંદુમાંથી આઘું જતું; મધ્યબિંદુ ત્યાગી; કેન્દ્ર પરાઙ્મુખ.2.Having the same centre: અસમકેંદ્ર; જેનું મધ્યબિંદુ એક નહિ એવું;વિષમકેન્દ્ર 3.Irregular; odd:વિલક્ષણ;તરેહવાર; વિચિત્ર; લોકાચાર વિરુદ્ધ;ગેઢંગુ

Eccentricity, (એક્સેન્ટ્રિસિટિ) *n.* The state of being eccentric: મધ્યબિંદુત્યાગ. 2. The distance between the centre of an ellipse and its focus:વિષમકેંદ્રતા;ઉત્કેંદ્રતા. 3.Deviation from the customary line of conduct; eddity: વિલક્ષણતા; સામાન્ય વિરોધ; વૈષમ્ય; લોકાચાર વિરોધ;તરેહવારપણું

Ecclesiastic,(એક્લીઝિએસ્ટિક્)*n.* [L *ekklesia*, the church.] A clergyman;a priest:પાદરી;ધર્મોપદેશક. *a.* Pertaining to the church;not secular:ધર્મ સંબંધી; ધાર્મિક;સાંસારિક નહિ એવું.

Ecclesiastical,(એક્લીઝિએસ્ટિકલ્)*a.* Relating to the Government of the church;not secular: ખ્રિસ્તી મંડળી સંબંધી-નું; ખ્રિસ્તીધર્મ સંબંધી;ધાર્મિક.

Eccoprotic,(એક્કોપ્રોટિક્)*n.* [Gr. *ek*,out,&*kopros*, dung.] A mild purgative:સૂક્ષ્મ રેચક ઔષધ.

Echo,(એકો)*n.*[L.*echo*, Gr.*echo*, a sound.] *A* sound reflected to the ear:પડઘો;પ્રતિશબ્દ; પ્રતિધ્વનિ. 2. A nymph regarded as repeating sounds: પ્રતિશબ્દ પાડનારી દેવી 3. Response;answer: પ્રત્યુત્તર; પ્રતિધ્વનિ;જવાબ; હાહા કરી આપેલા ઉત્તર. *vt.*To repeat in sound:- પડઘો પાડવો.2.To repeat with assent; to respond: પ્રતિશબ્દ-ધ્વનિ કરવો; ગજવી મુકવું; પ્રત્યુત્તર આપવો; અનુમોદન આપવું;-નો અંગીકાર કર. *vi.* To resound:ગાજી રહેવું;ધ્વનિ થઈ રહેવો.

Eclat (એક્લા)*n* [L *eclat*, magnificence.] Brilliancy of success; splendour;show: ભભકો;શોભા;આડંબર;પ્રતિષ્ઠા;શોભા;રોનક.2. Demonstration of admiration; applause: શાબાશી; સ્તુતિ; કીર્તિ; પ્રસંશા; જયશબ્દ;ધન્યવાદ;વાહવા;પ્રતિષ્ઠા.

Eclectic,(એક્લેક્ટિક્)*a.*Selecting; choosing from various sources or systems:ચૂંટી કાઢવું;સારૂં અને સંગીન ખોળી કાઢીને ગ્રહણ કરનારું;સારગ્રાહી

Eclipse,(ઇક્લિપ્સ્)*n.* [L. *eclipsis*, an eclipse.]An interception of the light of the sun, moon or other luminous body by the intervention of some other body: ગ્રહણ;ગ્રાસ. **E.** *of the sun or moon*: સૂર્યગ્રહણ;ચંદ્રગ્રહણ. *Total* **e.**: ખગ્રાસ *Duration of an* **e** :.સ્થિતિ;પર્વ;ગ્રહણકાળ *Ingress at an* **e** .: સ્પર્શકાળ;સ્પર્શ. *Annular* **e** : વલયાકાર ગ્રહણ. *Partial* **e.**: ખણ્ડ ગ્રહણ. 2. Obscuration;gloom; darkness: અંધારૂં;તિમિર;ઝાંખાશ;પ્રભા-કાંતિ ક્ષય. *vt.*To cause the obscuration of; to hide:ગ્રસવું.3. To extinguish the beauty,lustre or honor:આભજવું;ઝાંખું પાડવું; નિસ્તેજ-ક્ષય કર. *vi.* To suffer an eclipse:અંજાવું;ઝાંખું પડવું.

Ecliptic, (ઇક્લિપ્ટિક્)*n.* A great circle of the celestial sphere:ક્રાંતિવિમાર્ગ;અયનવૃત્ત;ભૂવૃત્ત.2 A great circle on the terrestrial globe: ક્રાંતિવૃત્ત-મંડળ; અયનવૃત્ત.

Economical,(ઇકોનોમિકૅલ્)*a* [Gr *oikonomikos.*] Domestic; pertaining to household: ઘરના બંદોબસ્તનું વિષે.2. Relating to the adaptation of means to ends:કસરીઉં;કરકસર કરનારૂં.3. Managing with frugality : મિતવ્યયી;કોસરિયું 4.Relating to the science of economics: અર્થશાસ્ત્ર-સંબંધી-વિષયક;અર્થીય.5. Frugal; saving: કરકસરથી-ત્રેવડથી કરેલું;મિતવ્યયી; નીતિનું.

Economics,(ઇકોનોમિક્સ્)*n.* The science of domestic management:ગૃહકાર્યવ્યવસ્થા-રચના-ગોઠવણ. 2.Political economy : અર્થશાસ્ત્ર.

Economist,(ઇકોનોમિસ્ટ્)*n.* One who expends money judiciously & without waste : કરકસરીઓ; નીતિથી ખર્ચ કરનાર.2.One who is conversant with political economy: અર્થશાસ્ત્રજ્ઞ; અર્થશાસ્ત્રી. (*b*)A student of political economy અર્થશાસ્ત્રવિદ્યાર્થી.

Economize, (ઇકોનોમાઇઝ્)*vt.*To use with prudence; to expend with frugality: હાથ રાખી વાપરવું; કરકસરથી વાપરવું-ખર્ચવું;વિચારીને વાપરવું *To* **e** *time*:વખત જાળવીને કાઢવો.

Economy, (ઇકોનોમિ)*n.*[L *œconomia*,L.*oikos*,a house and *nomos*, a law.] The management of domestic affairs:ઘરખરચની વ્યવસ્થા; ઘરનો બંદોબસ્ત; કાર્યનિર્વાહ 2. The pecuniary orderly management of any undertaking,corporation, state or the like: ખેત; ત્રેવડ;કારભાર; વહીવટ; વ્યવસ્થા. *Political* **e.**: અર્થશાસ્ત્ર;રાજનીતિશાસ્ત્ર.3. Thrifty and frugal housekeeping:વિવેકવ્યય;કરકસર; મિતવ્યય;કોસર; નીતિનો ખર્ચ.4. System of rules regulations, rites,and ceremonies:ધર્મવિધિ;નીતિ;વિધિ;વ્યવસ્થા.

Ecstasy,(એક્સ્ટસિ)*n.*[Gr. *ek*, a side and *stasis*, a standing.] Frenzy; madness : તન્મયાવસ્થા; તલ્લીન અવસ્થા; હર્ષોન્માદ; ઉન્માદ. 2. Rapture: અત્યાનંદ;પરમાનંદ;હર્ષ;પ્રમોદ 3 Insanity;madness:ઘેલચ્છા; ઘેલાઈ;ગાંડપણ.*vt* To fill with rapture;to make beside one's self with excitement, joy or grief: અતિખુશી કરવું; આનંદ પમાડવો, ગાંડાતુર કરવું.

Ecstatic,(એક્સ્ટૅટિક્)*a.*Suspending the senses;entrancing:સમાધિસ્થ;તન્મય;તલ્લીન. 2. Rapturous; ખુશખુશ કરવું; અતિશય આનંદ પમાડનાર; પરમાનંદ પ્રદ;મોહક.

Ecumenical,(એક્યૂમેનિકૅલ્)*a.*[L. *œcumenicus*,] General;universal: સામાન્ય સાધારણ; સર્વ સાધારણ; સાર્વજનિક;સર્વજન

Eczema (એક્ઝેમ)*n* [Gr *ek* & *zein*, to boil.]A kind of skin disease: ખરજવું;ખરપસું;ચાદુ.

Edacity,(ઇડૅસિટિ) *n.* Voracity; rapaci y: ખાઉધરાપણું.

Eddy,(એડિ)*n.*A current of air or warer running in a direction contrary to the main current:પાણીનો પાછો મારતો ઓધ. 2. A whirlwind:વમળ;ભમર;આવર્તન; વંટોળીઓ.*vi.* To move as an eddy: વાવંટોળીઓ થવો; વમળમાં પડવું. *vt.* To collect as into an eddy: ચક્રમાં ફેરવવું.

Eden,(ઇડન્)*n.*The garden where Adam and Eve first dwelt; hence a delightful region or residence:ઇદ્રપુરી;સ્વર્ગ;બહેસ્ત. 2. A delightful region:સુખસ્થાન;સુખકારક જગ્યા

Edge,(એજ્)*n.*[L. *aceis*. Gr.*ake*, a point] The thin cutting side of the blade of an instrument:ધાર;અણી.2. Sharpness;severity:તીવ્રતા;તીક્ષ્ણતા;તેજ;પાણી 3.

Margin; brink: કોર;કોરણ; કિનારો; ધાર;ઓઠો;પાળ,તીર;તટ. 4. The early part; beginning: પ્રારંભ; ચારંભાત; સીમા; પ્રાંત. To *be on* e, to be eager or impatient : ઉત્સુક-ઉત્ક ઠિત-આતુર થવું.To *set the teeth on* e., દાંત ખટાઇ-અંબાઇ જવા;-થી ખાટા થઇ જવું. *vt.* To sharpen: ધાર ચડાવવી-કાઢવી.2.To furnish with a border: સંજપ-મગજી-કિનારી-કોર મૂકવી.3.To provoke to action;to incite:ઉશ્કેરવું;પ્રેરવું;ગોદા મારી આગળ કરવું.4. To move by little and little:ધીરેધીરે ખસેડવું-આગળ વધારવું. *vi* To move sideways : બાજુએ રહેવું.2 To sail close to the wind: પવન આવતી દિશા તરફ હંકારવું.

Edged,(એજ્ડ્)*a* Having an edge: sharp:તીક્ષ્ણ કોરવાળું ;ધાર-અણીદાર

Edging (એજ્ઇન્)*n*. That which forms an edge or border:કોર;ઝાલર;સંજપ;મગજી;જુલ; કિનારી.

Edgeless,(એજ્લેસ્)*a*.Not sharp; blunt:બુઠું;ધારહીન;ધારરહિત.

Edge-wise,(એજ્વાઇઝ્) *adv*. In the direction of the edge: ધાર આગળ કરીને;પાસું આગળ કરીને.

Edible,(એડિબલ્)*a*.[L.*edo*,I eat.] Fit to be eaten as food;esculent: ખાવા યોગ્ય; ખાદ્ય; ભક્ષ્ય; ભક્ષણીય. *n*. An eatable: ખાવાની ચીજ.

Edict,(ઈડિક્ટ્)*n*.[L.*e*,out & *dico*, I say.] A public command, or ordinance by sovereign power: હુકમ; રાજાનો હુકમ-આજ્ઞા; આજ્ઞાપત્ર. *The* e.s of *Ashoke*:અશોકની આજ્ઞાઓ.

Edification,(એડિફિકેશન્) *n*. [L. *œdes*,a house and *facio*,I make.] The act of edifying; instruction:જ્ઞાન-પરમાર્થ બુદ્ધિની વૃદ્ધિ;શિક્ષા; તાલીમ; શિક્ષણ. 2. A building or edifice:ઇમારત; મકાન.

Edifice,(એડિફિસ્)*n*.A building; a palace;a statehouse:ઇમારત;હવેલી;મંદિર;રાજમહેલ; ભવન;ગૃહ; ઘર.

Edify,(એડિફાઇ) *vt*. To build; to construct:બાંધવું.2. To instruct and improve in knowledge generally:ઉન્નતિ-ઉત્કર્ષે પહોંચાડવું; નીતિજ્ઞાન આપવું;શિક્ષા આપવી; ઉપદેશ કરવો;-ના સદ્ગુણની વૃદ્ધિ કરવી;-નો સુધારો કરવો. 3.To teach or persuade:સમજાવવું;શિખવવું.

Edifying,(એડિફાઇઇન્ગ્)*a* Instructing : જ્ઞાનવર્ધક; ઉપદેશક; સુધારક; નીતિવર્ધક.

Edit,(એડિટ્)[L.*e*,and *do*,I give] To conduct;to manage: ચલાવવું; બહાર પાડવું;પ્રકટ કરવું; ગ્રંથ-ચોપાનિયું વગેરે છપાવવાના અથવા પ્રગટ કરવાના કામ ઉપર ચોકસાઈ રાખવી; કોઈ પુસ્તક અથવા પત્ર પ્રગટ કરવા સારૂ તેમાંનો વિષય લખી-સુધારી છપાવવું.

Edition,(ઇડિશન્) *n*. The publication of any literary work: ગ્રંથ છપાવી પ્રગટ કરવો તે;પ્રકાશન;રોપણ. 2.The whole number of copies of a work published at once: આવૃત્તિ; પ્રત; છાપ.

Editor,(એડિટર્)*n*.One who edits, and corrects a book;ગ્રંથ પ્રકટ કરવા સારૂ તપાસીને તૈયાર કરનાર; વર્તમાનપત્રનો અધિપતિ;એડિટર;ગ્રંથપ્રકાશક; લેખક.

Editorial(એડિટોરિઅલ્)*a*Pertaining to the editor;written by the editor:વર્તમાનપત્રના અધિપતિ વિષેનું; અધિપતિએ લખેલું *n*. An editorial or leading article;a leader:અધિપતિની કલમથી લખાયેલો વિષય.

Educate,(એડ્યૂકેટ્)*vt*.[L. *e*, out and *duco*,I lead.] To bring up as a child;to instruct;to bring up;to train.કેળવવું;કેળવણી આપવી; શિક્ષણ આપવું; શિખવવું; તાલીમ આપવી; તરબિયત કરવું;-ની મનઃશક્તિ-ગુણ પ્રકાશ-વિકાસ પામે એમ કરવું.

Education,(એડ્યૂકેશન્)*n*.The act of educating or instructing; teaching: વિદ્યા; સાક્ષરતા; અધ્યયન-સંપત્તિ;કેળવણી;શિક્ષા; તાલીમ;શિક્ષણ; વિનય;સંસ્કાર;ઉપદેશ.

Educational, (એડ્યૂકેશનૅલ્) *a*. Pertaining to or derived from education : કેળવણી વિદ્યા સંબંધી; શિક્ષણવિષયક. E. *department*: કેળવણી ખાતું;વિદ્યાશાળા ખાતું.

Educationist-nalist,(એડ્યૂકેશનિસ્ટ્-નૅલિસ્ટ્)*n*.One who is versed in the theories of or who advocates education:કેળવણીની સુધારો થાય છે એવું જેનું મત છે તે.

Educator,(એડ્યૂકેટર્)*n*.One who educates: શિક્ષક;શિખવનાર;પ્રબોધક.

Educe,(ઇડ્યૂસ્)*vt*.[L.*e*, out and *duco*,I lead.]To bring or draw out;to extract:કાઢી લેવું;ખેંચી કાઢવું. *To* e.*good from evil* : ભૂંડામાંથી ભલું કાઢી લેવું.

Eel,(ઇલ્)*n*.[A.S.*al*.]A snake-like fish: આમ માંછલી.

Effable,(એફ્-ફેબલ્)*a*.[L. *ex*, out and *fari*,to speak.] Utterable: બોલાય તેવું;કથનીય;વચનીય;વાચ્ય.

Efface, (એફ્-ફેસ્)*vt*.[L. *ex*, and *facies*,face.] To rub out;to render illegible: ચેરી નાંખવું; ભૂંસવું; છેકવું;છેકી નાંખવું; છેકો મારવો. 2. To remove from the mind;to wear away:મનમાંથી કાઢી નાંખવું; વિસ્મરણ કરવું;ભૂલી જવું.

Effect,(એફ્ફેક્ટ્)*n*.[L.*ex*,and *facio*, I make.] Execution; operation: અમલ;ચલણ.2.Manifestation;expression: નિષ્પત્તિ;સિદ્ધિ;પ્રકાશન 3. Consequence; result; outcome: અસર;કાર્ય;ફળ;પરિણામ. *Cause* & e.: કાર્યકારણ.4.Impression produced: અસર;ગુણ; પ્રભાવ.5.Force;importance;account:જોસ;પ્રયોજન;અર્થ.6. Purpose;general intent:અભિપ્રાય; મતલબ.7.The purport;the sum and substance : તાત્પર્ય; મતલબ; સાર;આશય; હેતુ.8. (*pl.*) Goods; movables;personal state:પુંજી;માલમતા;સરસામાન; અસબાબ;વિભવ;ધન સામગ્રી 6.Reality;fact:વાસ્તવતા;યથાર્થતા. *Of no* e., *or none* e., *to no* e *or without* e , vain; fruitless:નિષ્પ્રયોજન;નિષ્ફળ; વ્યર્થ; ફોકટ. *To give* e. *to*, to carry out in practice:બનાવવું; અમલમાં મૂકવું.*To take* e.(*a*):નો ગુણ લાગવો;-ની અસર થવી (*b*)અમલમાં આવવું. *To take* e. *upon*: લાગુ પડવું. *For* e.; ઝપકો દેખાડવા સારૂ *In* e.: ખરેખરૂં જોતાં;ખરેખર;વસ્તુતઃ*vt*. To produce as a cause or agent;to cause to be: ઉત્પન્ન કરવું;-થી ઉદ્ભવવું-થવું. 2. To bring to pass; to achieve:સાધવું; સંપાદન કરવું;પાર પાડવું; સર સિદ્ધ કરવું.

Effection, (એફ્ફેક્શન્) *n*. Creation;a doing: સૃષ્ટિ;ઉત્પતિ;કર્મ;સાધન; સંપાદન; ઘટના.

Effective, (એફ્ફેક્ટિવ્)*a*. [L. *effectivus*.] Efficient;serviceable; operative:અસરકારક; ગુણકારી; કાર્યસાધક;સંપાદક; રામબાણ; ફળોત્પાદક; ગુણાવહ; કાર્યક્ષમ; ઉપયોગી; કામનું; નોકરી લાયક.*n*.*A* cause: કારણહેતુ.

Effectively,(એફ્-ફેક્ટિવ્લિ) *adv*. With effect;powerfully;thoroughly:અસરકારક રીતે; સજ્જડ.

Effectual,(એફ્ફેક્ટ્યૂઅલ્) *a*. Adequate; operative; efficient:અસરકારક;ઉપયોગી; ગુણાવહ; ફળોત્પાદક; સફળ;કાર્યસાધક;પ્રબળ;સમર્થ;સાર્થક;યોગ્ય.

Effectuate,(એફ્-ફેક્ટ્યૂએટ્)*vt* To bring to pass; to achieve; to fulfil:સંપાદન કરવું;પાર પાડવું;સાધવું.

Effeminacy-tion,(એફ્-ફેમિનેસિ-એફ્-ફેમિનેશન્)*n*.Womanish delicacy; womanish softness or weakness:બાયલાપણું;નામર્દાઇ.

Effeminate(એફ્-ફેમિનેટ્)[L.*ex* &

femina, a woman.] *a.* Weak; womanish: બાયલું; નામર્દ;કન્યારાશી. 2. A womanly or womanlike:સ્ત્રી સરખું;કોમળ; નાજુક; નરમ; સ્ત્રી ધર્મી; જનાની;*vt* To make womanish; to weaken:નામર્દ બાયલા કરવું.*vi.*To grow womanish:નામર્દ-બાયલા થવું.

Effervesce,(એફ્-ફર્વેસ્)*vi.* [L. *ex* out of,and *ferveo*, I boil.] To be in a state of natural ebullition:ઉભરાવું;ખદખદવું;ઉભરો આવવો. 2 To exhibit feelings that can not be repressed or concealed; ઉકળવું; ઉભરાઈ જવું; ન માવું.

Effervescence,(એફ્-ફર્વેસેન્સ) *n.* A kind of natural ebullition: ઉભરો;ઝોસ;જુસ્સો; નાઉપર ફીણ ચડવું તે.

Effervescent, (એફ્-ફર્વેસેન્ટ્) *a.* Gently boiling by means of the disengagement of gas:ઉકળતું;ઉભરાતું;ખદખદતું.

Effete,(એફ્ફિટ્)*a.*[L.*ex*,out of & *foetus*, off-spring] No longer productive;barren:વાંઝીઉં;નિષ્ફળ; વંધ્ય.2.Worn out with age or excessive indulgence:જીર્ણ;શક્તિ-હીન;જર્જર;દુર્બલ;ક્ષીણ;નિઃસત્વ;ખખળી ગયેલું.

Efficacious,(એફ્ફિકેશસ્)*a.*[L *ex* & *facio*,I make.]*Productive of effect; powerful: ગુણ-અસરકારક; રામબાણ;જબરું; કાર્યસાધક; ગુણોત્પાદક. અવ્યર્થ;સફળ; પ્રબળ.

Efficaciously,(એફ્-ફિકેશસ્લિ)*adv* Effectually અસરકારક રીતે;સફળતાથી.

Efficacy,(એફ્-ફિકસિ)*n.*Power to produce effects:સત્તા; અસર;બળ; પ્રભાવ;સામર્થ્ય;ગુણ;તેજ;જોર; કાર્યસિદ્ધિ.

Efficience-y(એફ્ફિશેન્સ્-સિ)*n.*Effectual agency; efficient power: ધારેલી મતલબ પાર પાડવાની શક્તિ; કાર્યસાધકત્વ;કાર્યસિદ્ધિ;ક્ષમતા; કાર્ય યોગ્યતા;કાર્યસિદ્ધિ કરવાનો ગુણ-શક્તિ; કાર્યક્ષમતા;કાર્ય દક્ષતા;હોંશીઆરી.

Efficient,(એફ્ફિશેન્ટ્)*n.*A prime mover:કાર્ય કરાવનાર;હલાવણ કરનાર; પ્રેરક;પ્રવર્તક.*a.* Actively operative; active:ફળદાયક; ગુણકારી; નિપુણ;-વિચક્ષણ;દક્ષ;હોંશીયાર.

Effigy,(એફ્ફિજી)*n.*[L.*ex* & *fingo*, I form.]An imitative figure; portrait:છબી; પ્રતિમા;પુતળું;ભાવવું. મૂર્તિ; પ્રતિરૂપ.2. The front print upon a coin:નાણા ઉપર પાડેલું ડોકું-મુખવટો.*To burn in e.*:કોઈ માણસ ધિક્કાર યોગ્ય અથવા ફાંસી દેવા લાયક છે એમ જણાવવા સારૂ તેનું પુતળું અથવા છબી બાળી મુકવી-ફાંસીએ લટકાવવી.

Effloresce,(એફ્ફ્લોરેસ્)*vi* [L. *ex* out and *flos*,a flower.]To form a mealy powder on the surface of bodies:પદાર્થો ઉપર ભૂકો-ફોટો ચઢવો 2.To become covered with a whitish crust:પર ખાર કુરી નીકળવો:-પર કુચ વળવી.3. To blossom forth:ખીલવું;કુટવું;પ્રફુલ્લ થવું; બહેકવું.

Efflorescence,(એફ્ફ્લોરેસેન્સ્) *n.* The time of flowering:ફુલ ખિલવાની મોસમ;પુષ્પોત્પત્તિકાળ.2.A redness of the skin;eruption:ઓરી; અછબડા.3.(*a*)The formation of the whitish loose powder on the surface of bodies:પદાર્થો ઉપર ચઢેલો ભૂકો; કૂટી નિકળેલો ખાર.

Effluent(એફ્-ફ્લ્યૂએન્ટ્)*a.*[L.*ex* and *fluo*,flow.]Flowing out:વહેતું.*n.*A stream that flows out of another stream or lake:(નદી)-માંથી નીકળતો ફાંટો-શાખા.

Effluvium,(એફ્ફ્લ્યૂવિઅમ્)*n* [L. *ex* out & *fluo*.I flow.]Exhalation perceived by the sense of smell; subtile emanation:બાફ રૂપે ઉડવું તે;વાસ;દુર્ગંધ;ગંધપરમાણું;બદબો.

Efflux,(એફ્ફ્લક્સ્)*n.*Effusion.ઓઘ; નિર્ગમ;નિસ્રાવ.*vi.*To flow forth;to ion out: વહેવું; પ્રવાહ થવો.

Effluxion,(એફ્ફ્લક્શન્)*n.* Effusion:ઓઘ; પ્રવાહ. 2. Effluvium; emanation:નિસાર;નિસ્રાવ;નિર્ગમ;

Effort,(એફ્ફોર્ટ્)*n.*[L.*ex* and *fortis* strong.]An exertion;attempt; endeavor: પ્રયત્ન;મહેનત;કોશીશ;પ્રયાસ;વ્યવસાય; ઉદ્યમ.

Effrontery,(એફ્ફ્રન્ટેરિ)*n.* [L. *ex* and *frontis*.the forehead. Impudence;boldness; assurance; shamelessness: નિર્લજપણું;નફટાઈ;બેહયાઇ;બેશરમ; નઠોરપણું.

Effulgence,(એફ્ફ્લજેન્સ્)*n.* [L.*ex* & *fulgeo*, I shine.] Extreme brilliancy;splendor;અતિશયપ્રકાશ;તેજ;ચળકાટ; શોભા;ઝગેહ;પ્રભા;ધમક.

Effulgent,(એફ્ફ્લજેન્ટ્)*a.*Shining; bright;splendid: પ્રકાશિત;તેજસ્વી; ચળકતું;દીપિવાન; ઉજ્વલ;ઝગેદાર.

Effuse effund, (એફ્ફ્યૂઝ્-એફ્ફન્ડ્) *vt* [L.*ex* out and *fundo*,I pour.] To issue;to spill: ઢોળવું; રેડવું.

Effusion, (એફ્ફ્યૂઝન્) *n.* The act of pouring out:બહાર રેડવું તે; સ્રાવ;પ્રવાહ.2.That which is poured out:જે બહાર રેડાય છે તે; રેડ. 3 Eager welcome:ઘણી માયા ભરેલો આવકાર-સત્કાર.

Effusive.(એફ્-ફ્યૂસિવ)*a* Pouring out largely:પુષ્કળરેડતું;માયા ભરેલું.

Egg (એગ્) *n.* [L.*ovum*.] *The* roundish body laid by the domestic poultry and other birds: ઇંડ;ઇડું;બેદું 2.An ovum;a germ-cell:પેસી;કોષ *vt.* To urge on; to instigate: ઉશ્કેરવું.

Egg plant, (એગ્પ્લૅન્ટ)*n.* A plant bearing an egg-shaped fruit વિલાયતી-વેગણનો છોડવો;વેંગણી;વ ત્યાકી.

Eglantine,(એગ્લૅન્ટાઈન્)*n* [L.*acus*, a pin.]A species of rose: એક જાતનું ગુલાબ.

Egoism,(ઇગોઇઝમ્)*n.*[L *ego*, I.] An excessive love of self;selfishness: અહંકાર;અહંભાવ; અહંમમતા; આપસ્વાર્થીપણું.

Egoist,(ઇગોઇસ્ટ્)*n.*A follower of Descartes;one given to egoism: ડેકાર્તનો ચેલો;અહંવાદી;અહંમાની; એકલપેટો માણસ;અભિમાની.

Egotism(ઇગોટિઝમ્)*n.*Self-praise; self-commendation:હુંપદ; આપવડાઇ,સ્વપ્રસંશા; અહંકાર; આત્મશ્લાઘા-સ્તુતિ;આત્માભિમાન;મમતા; અભિમાન.

Egotist,(ઇગોટિસ્ટ્)*n.* One who speaks much of himself: હુંપદ-પણું;આપવડાઇ; અહંવાદી; બડાઇખોર; બડાઇ હાંકનાર; આત્મશ્લાઘી;અહંકારી.

Egotistic(ઇગોટિસ્ટિક્)*a.*Addicted to egotism:ગર્વિષ્ટ;હુંપદવાળું;અહંવાદી; બડાઇ ખોર-હાંકના;ર;આપ વડાઇ કરનાર.

Egotize,(ઇગોટાઇઝ્)*vi.*To write or talk much of oneself:પોતાને મોઢે પોતાની તારીફ કરવી;આત્મસ્તુતિ કર.

Egregious,(ઇગ્રીજીઅસ્)*a.*[L.*e*,out and *gregis*,herd.] Remarkable; extraordinary: વિપુલ; ન્હોટું;ભારે; જબર;અસાધારણ;અદ્ભુત;વિલક્ષણ.

Egregiously,(ઇગ્રીજીઅસ્લિ) *adv.* Greatly;enormously;shamefully:ઘણું;અત્યંત; અતીવ;બેહદ;ભારે.

Egress,(ઇગ્રેસ)*n.*[L.*ex* and *gradior*, I go.] Departure; the power to leave: બહાર નીકળવું તે; બહિર્ગમન;નિકાલ;નિસાર;નિર્ગમન. 2. The passing off from the sun"s disk:નિષ્ક્રમણ.*vi. To* depart; to leave:બહાર જવું.

Egret,(ઇગ્રેટ્)*n.*An elegant fowl with a white body and a crest on the head: ધોળા રંગના શરીરવાળું બગલું.2.An aigrette:કલગી;તોરા.3.A kind of ape:એકાતનું વાદરૂ.

Eh(એહ) *Interj.* An expression of surprise or inquiry: હેં ! શું છો! શું ? શું કહ્યું ? શું જે ?

Eight,(એટ્)*a.*[L.*octo*.]An island

in a river:નદીનો બેટ. 2. Seven and one:આઠ.*n.* A symbol representing eight units:આઠડો.

Eighteen,(એઈન્)*a.* The sum of ten and eight;a symbol representing eighteen units:અઢાર;૧૮.

Eightfold(એઇટ્ફોલ્ડ)*a* Eight times the number:આઠગણું.

Eighth,(એઇથ્)*a.* The quotient of a unit divided by eight:આઠમું.

Eighty,(એઇટિ)*a* Eight times ten: fourscore: એંસી.

Either,(આઈધર્, ઈધર)*a. & pron,* One of two:બેમાનું એક;એક કે બીજું. 2.Each of two;the one and the other; two:બન્ને; દરેક *Con.* The correlative to *or*:કાંતો.

Ejaculate,(ઇજૅક્યૂલેટ્)*vt* [L *e,* out and *jacio,*I throw.]To eject; to dart:ફેંકવું.2. *To* utter by a brief impulse: ભાર દઇને બોલવું; ઉદ્ગારરૂપ પ્રાર્થના કરવી;ઉદ્ગાર કાઢવો.*vi.*To make short and hasty exclamations: ઉદ્ગાર કાઢવા.

Ejaculation,(ઇજૅક્યૂલેશન્)*n* The uttering of a short,sudden exclamation:ઉદ્ગાર;ઉદ્ગારરૂપ પ્રાર્થના, ઉચ્ચારણ.

Eject, (ઇજેક્ટ્)*vt* [L. *e,* out and *jacio,*I throw.] To throw out; to discharge:બહાર ફેંકવું;કાઢી નાંખવું 2 To drive out;to dismiss:ખસેડી મૂકવું; કાઢી મેલવું; બરતરફ કરવું; હાંકી કાઢવું,પાણીચું આપવું.3 To dispossess of ownership;to cast out: કબ્જો લઇ લેવો; કાઢી મુકવું મેલવું;નો કબ્જો છીનાવી લેવો.

Ejection,(ઇજેક્શન્)*n.* Discharge expulsion: કાઢી મૂકવું તે;નિસ્સારણ; બહિષ્કરણ.2.Dispossession;banishment:બરતરફ કરવું તે;કબ્જો લેઇ લેવો તે. 3. Excretions from the body:વિષ્ટા;મળ.

Ejectment,(ઇજેક્ટમેન્ટ્)*n.*A casting out;ejection: બહિષ્કાર; બહાર કાઢી મૂકવું તે. 2. A legal writ to recover possession of real property: જણોતિયા કિંવા ભાડુત પાસે કબ્જો મુકાવવાની ફરિયાદી.

Eke,(ઈક્)*vt.*[L.*augeo* I increase.] To increase;to augment: વધારવું;વૃદ્ધિ કરવી.2 To add or supply what is deficient:પૂરું પાડવું; ઉમેરવું.*adv.* In addition: વધારામાં અને;વળી બીજું.*n.* An addition: ઉમેરો;વધારો.

Elaborate,(ઇલૅબોરેટ્)*vt.*[L.*e,*out and *labor,*labour.] To produce with labour:મહેનત-કષ્ટથી ઉત્પન્ન-તૈયાર કરવું.2.To improve by successive operations of nature: ઘણા શ્રમથી પૂર્ણ કરવું;મહાશ્રમથી સાધવું. *a.* Finished with labor; studied: શ્રમ-મહેનતથી કીધેલું; બહુ શ્રમસિદ્ધ; શ્રમસાધિત.

Elapse,(ઇલૅપ્સ) *vi.*[L.*e.*out and *lapso,*I fall.]To slip or glide away;to pass away silently:ગુજરવું વહી જવું;વીતવું;પૂરું થવું;જવું;ગુદસ્ત થવું.

Elastic,(ઇલૅસ્ટિક્)*a.* [Gr. *elastos,* beaten out.] Springing back; rebounding: સ્થિતિસ્થાપક કમાનની ખાસિયતનું; પ્રકૃતિપ્રાપક. *Gum* **e,** caoutchouc: કાથો.

Elasticity, (ઇલૅસ્ટિસિટિ)*n.* The quality of being elastic;springiness:સ્થિતિ સ્થાપકતા-પણું 2.Power of resistance to depression:કમાનની ખાસિયત;પ્રકૃતિપ્રાપકતા;વેતસવૃત્તિ.

Elate,(ઇલેટ્)*a.*[L.*ex & latus,*carried]Lifted up;raised; elevated:ફુલેલું;ઉપસેલું;ઉન્નત; ઉચ્ચ થએલું 2.Flushed with confidence;exultant:છકી ચળી ગએલું;ફુલણજી;અભિમાની; હર્ષપ્રફુલ્લિત. *vt.* To raise; to exalt: ચઢાવવું; ફુલાવવું. 2. To make proud: મગરૂર કરવું.

Elation,(ઇલેશન્)*n.*Self-esteem: pride:ફુલાસ; અભિમાન;મગરૂરી.

Elbow,(એલ્બો)*n.* [L. *ulna,* the forearm.] The outer angle made by the arm: કોણી;કૂંચ; કોપરીયું 2.A sudden turn or bend: વાંક.*At the* **e.**,very near;at hand: પાસે;નજદીક; સમીપમાં. *Out at* **e.s.** shabby: ચિંથરિયું; ભિખારી;ગરીબ. *To be up to the* **e.**: ગરક-નિમગ્ન હોવું.*vt.*To push with the elbow:કોણીથી ધકેલવું;કોણીઓ મારીને રસ્તો કરવો.

Elder,(એલ્ડર્)*a.*Older;more aged: વધારે જુનું અથવા ઘરડું;વધારે ઉમરનું. 2.Prior in years;senior;earlier: older:વડિલ;પૂર્વજ;જેઠો;વડું; જ્યેષ્ઠ. *n* A superior in age;a senior:વડિલ;ઉપરી;ગુરજન;પૂજ્ય; વૃદ્ધ માણસ.2 Predecessor:પૂર્વજન; વડિલો;બાપદાદા.

Elderly(એલ્ડર્લિ)*a.*Somewhat old; bordering on old age:ઉત્તર વયનું; ઘરડું થવા આવેલું;વયોગત;પાકી ઉમરનું.

Eldest,(એલ્ડેસ્ટ)*n.*Oldest;longest in duration: રીતું;થયું જ ટકાઉ. 2. Born first;first in origin: પહેલા બોળાનું;પહેલું જન્મેલું; સર્વ કરતાં વડું-જેઠો;જ્યેષ્ઠ.

Elect,(ઇલેક્ટ્)*vt* [L *e,*out and *lego,* I choose.]To pick out;to select; to choose:પસંદ કરવું;ચુંટી-વીણી કાઢવું. 2 To select:મતથી ચૂંટી કાઢવું. 3. To designate; to choose:પસંદ કરવું.*a.*Chosen;taken by preference from among two;appointed: પસંદ કરેલું;ચુનંદા;નિમેલું *Bishop* **e** : નિમાએલો અધ્યક્ષ. *n. One* chosen or set apart: પસંદ કરેલો આદમી; ચુનંદા.2.*pl.* Those who are chosen for salvation:મુક્તિને માટે નિર્માણ થયેલા માણસો;ઇશ્વરના અનુગ્રહિત માણસો.

Election,(ઇલેક્શન્)*n* Choice-selection; પસંદગી;ચુંટણી.2.*The* act of choosing a person to fill an office or employment: નિયોજન; નિમણુંક;ચુંટણી.3.Free will;liberty to choose or act:પસંદ કરવાનો અધિકાર-સત્તા-છુટ 4. Divine choice: ઐશ્વરિ પસંદગી.5.Those who are elected: પસંદ કરેલા માણસ

Electioneer,(ઇલેક્શનીર્)*vi.* To labour to secure the election of a candidate:કોઇને પસંદ કરાવવા ખટપટ-દોડધામ કરવી;કોઇને માટે ચુંટણીના મત મેળવવા મહેનત કરવી.

Elective(ઇલેક્ટિવ્)*a.*Making selection:પસંદ કરવાનું. 2. Pertaining to choice:પસંદગીને લગતું. 3. Dependent on choice: પસંદ કરીને આપેલું; બીજાની પસંદગી પર આધાર રાખતું **E** *affinity* or *attraction*: અમુક પદાર્થો સાથે જોડાવાનું વલણધર્મ. **E.** *franchise;* અમલદાર; કાયદા બાંધનાર ઈ. પસંદ કરવાની સત્તા *An* **e** *monarchy:* જ્યાં રૈયત રાજાને નીમે છે એવું રાજ્ય.

Elector,(ઇલેક્ટર્)*n.*One who elects or has the right of choice:પસંદ કરનાર;ચૂંટનાર.2.A person legally-entitled to vote:મત આપવાને માટે અધિકારવાળો.

Electric·cal,(ઇલેક્ટ્રિક્-કૅલ)*a.* [L. *electrum,* amber.] Pertaining to electricity:વીજળીનું.2. Occassioned by or occassioning electricity:વિજળીથી થયેલું; વિજળી ઉત્પન્ન કરતું 3.Capable of occassioning electrical phenomena:વિદ્યુતોત્પાદક.4. Thrilling; magnetic: સ્તબ્ધ કરી દે તેવું;આશ્ચર્યક. *Electric* current: વિજળીનો ચમકારો-અસર. *Electrical,*a kind of fish: એક જાતની માછલી **E** *light:*વિજળીનો દિવો.

Electrician,(ઇલેક્ટ્રિશિઅન્)*n.* A person who studies electricity: વિજળીના પ્રયોગનો અભ્યાસી. 2. One versed in the science of electricity:વિજળી વિદ્યામાંનિપૂણ;વિદ્યુતવેત્તા.

Electricity, (ઇલેક્ટ્રિસિટિ)*n.* [L. *electrum.*] *A* power in nature exhibiting itself when in disturbed equilibrium:વીજ;વિજળી;વિદ્યુત.2.The science which unfolds the laws of the electric fluid: વિજળીની વિદ્યા;વિદ્યુદ્વિદ્યા. 3. Electrifying energy:આકર્ષણ; એ ચાણ.

Electrify, Electrize, (ઇલેક્ટ્રિફાઈ ઇલેક્ટ્રાઇઝ્)*vt.*To charge with electricity:વીજળીથી ભરવું.2.To give an electric shock to:વીજળીની અસર લગાડવી.3.To surprise,to excite suddenly:એકાએક અતિહેાશ-અત્યુલ્લાસ ઉત્પન્ન કરવું;ઉત્સુક કરવું.*vi.* To become electric:વિજળીવાળું થવું.

Electroplate, (ઇલેક્ટ્રોપ્લેટ્)*vt.*To cover with a coating of gold or silver &c:સેાના રૂપા કે બીજી ધાતુનો વિજળીના પ્રયેાગથી ધાતુ ઉપરએાપ ચઢાવવેા.

Electrum, (ઇલેક્ટ્રમ્)*n. Amber:*કેરએા;તરૂણમણિ 2. *An* alloy of gold and silver : સેાનારૂપાની મિશ્રધાતુ.

Elestuary, (ઇલેક્ટ્યુઅરિ)*n.A* conserve:ઓસડનેા પાક-ચાટેા-ચાટણ.

Eleemosynary, (એલીમોસિનરિ)*a.* [Gr-*eleemosyne,* alms .] Relating to charity or alms giving: ધર્માદા ખાતેનું.2.Given in charity or alms;founded by charity:ધર્માદા ખાતે આપેલું;ધર્માદા;ધર્માર્થે આપેલું.*n.*One who subsists on charity;a dependent : ભિક્ષાથી ગુજરાન ચલાવનાર.

Elegance, (એલીજૅન્સ્)*n.*[L.*lego,*I choose.] The state or quality of being elegant; grace given by art;refinement;fine polish: વિલાસ;લાવણ્ય;લાલિત્ય; સફાઈ; પ્રૌઢતા; કાંતિ;શેાભા;સૌંદર્ય;રૂપ;ખૂબી; ખુબસૂરતી; મેાહાપનું.2.That which is elegant or pleases by its nicety: ખુબસૂરત છે તે;જે પેાતાની ખુબસુરતીથી ખુશી કરે છે તે.E.*of style:* પદલાલિત્ય; ભાષાનું પ્રૌઢપનું.

Elegant, (એલીગૅન્ટ્)*a.* Pleasing, nice;graceful : સુશેાભિત; રૂપવાન; સુંદર;શેાભિતું;ભવ્ય; દીવ્ય; શેાભાયમાન; પ્રૌઢ.2. Exercising a nice choice; sensitive to beauty: રસિક;વિવેકી. 3.Rich in expression; polished (as style): પ્રૌઢ;સાલ કાર;સુરસ;રસિક; રસિલું.

Elegiacal, (એલીજીએકૅલ્) *a.* Pertaining to elegy; elegiac:શેાકમય રેલું; શેાકસૂચક.

Elegy, (એલીજી)*n.*[L. *elegia,* a lament.]A mournful or plaintive poem;a funeral song; શેાકસૂચક કવિતા;શેાકગીત;પરજીએા; મરશીએા; વિલાપગીત.

Element, (એલીમેન્ટ્)*n.*[L.*elementum,*a rudiment.] One of the simplest or essential parts of which anything consists:મૂળ તત્વ;મૂળ;બીજ. 2.One of the ultimate,undecomposable constituents of any kind of matter:તત્વ; ધાતુ.3.One of the ultimate parts which are variously combined in any thing:અવયવ; ભાગ; અંશ; આવશ્યકઅંશ.4. One of the essential ingredient of any mixture: કેાઈ પણ મિશ્રના મુખ્ય ભાગ; તત્વ. 5. One of the necessary values upon which a system of calculations depends:મૂળ;બીજભૂતજ્ઞાન. 6.One of the fundamental sources of activity in nature-કુદરતની ચલનક્રિયાના મૂળભૂત અંશેા પૈકીનું એક. 7.(*pl.*)*Rudiments:*મૂળતત્વ; પીઠિકા 8.(*pl.*)Any outline containing the fundamental ideas of the thing in question: અમુક વિષયની રૂપરેખા. 9 That which ancient philosophy supposed to be simple and undecomposable: પંચમહાભૂત. 10 Hence the state or sphere natural to anything:વિષય;ધામ; સ્થાન;સ્વસ્થાન;આવરણ;મંડળ;પ્રકરણ 11.(*pl.*) The bread and wine used in the Eucharist: (ખ્રિસ્તી) પ્રભુભેાજનમાં રેાટલી અને દ્રાક્ષરસ વપરાય છે તે.*vt.*To compound of elements or first principles: મૂળતત્વેા ભેગાં કરવું.2.To constitute;ભેગું કરવું;-નું બનવું.

Elemental, (એલીમેન્ટૅલ્)*a.*Pertaining to the elements,first principles and primary ingredients:તત્વ-મૂળતત્વ-પીઠિકા સંબંધી-નું; ભૌતિક;પંચભૂતાત્મક; આવિર્ભૌતિક. 2. Rudimentary;elementary: તત્વ સંબંધી-વિષયક;મૂળતત્વ સંબંધી.

Elementary, (એલીમેન્ટરિ)*a.*Primarily constituent;simple:સાદું; એક ભાગવાળું,ભેળ વિનાનું. 2. Rudimental;initial: મૂળતત્વનું; મૂળપીઠિકાનું.3.Pertaining to the natural elements: પંચમહાભૂતવિષયક.

Elephant, (એલિફૅન્ટ્) *n.* [L. *elephantus.*]A quadruped of the tribe of pachyderms; ગજ; હાથી માતંગ;હસ્તી. *Driver of an* e.: મહાવત-હ.E.*in rut* : મદોત્કટ-મદજરતેા માતંગ.2.Ivory: હાથીદાંત. *E's foot yam:*સૂરણની ગાંઠ.

Elephantiasis, (એલિફેન્ટિઅસિસ્) *n.*A disease of tropical climates: પગે ઉતરેલેા રસ;જેથી પગ સુજીને હાથીના પગ જેવા થાય છે તે;ભુડ રેાગ;મૂસલપાદ.

Elephantine, (એલીફૅન્ટાઇન્) *a.* Pertaining to the elephant;huge: હાથીનાજેવું;વધુ રહેાટું;ગંજાવર;કદાવર.

Elevate, (એલી વેટ્)*vt.*[L.*e,*out and *levo,*I lift up.]To raise;to lift up:ઉચકવું;ઉચું કરવું.2. *To* promote રહેાટી પદવીએ-ઉંચે દરજ્જે ચઢાવવું. 3. To animate;to cheer: આનંદિત-ઉલ્લાસિત કરવું;ઉત્તેજન-હિમત-આપવી 4. To ennoble;to dignify: શ્રેષ્ઠ મેાટું કરવું;-ની ઉન્નતિ-ઉત્કર્ષ કરવું;ઉદય કરવું 5.To raise to a higher pitch:ચઢાવવું; ઐંચવું;સાદ ઉંચેા ચઢાવવેા.*a* Raised up;exalted:ઉંચે ચઢાવેલું;ઉન્નત;ઉત્કૃષ્ટ

Elevation, (એલાવેશન્) *n.* Act of raising from a lower state to a higher: ઉત્કર્ષ;ઉન્નતિ,ઉત્થાન,ઉદય. 2 Height exaltation:ઉંચાઇ; ગૌરવ; પ્રૌઢતા;શ્રેષ્ઠતા.3.An elevated plane or station;a hill:ટેકરી; ઉંચાણ. 4. Altitude:ઉંચાઇ; ઉન્નતાંશ

Elevator, (એલી વેટર્)*n* One who or that which raises or lifts: ઉંચે ચઢાવનાર.(*a*) A contrivance for lifting grain,&c,:દાણા વિગેરે ઉંચકવાનેા સંચેા. (*b*) An instrument to raise a depressed portion of a bone:શરીરમાં ઉંડા જતા રહેલા હાડકાને બરેાબર જગ્યાએલાવવાનું ઓજાર-હથિઆર.

Eleven, (ઇલેવન્)*a.* Ten and one added:અગિયાર. *n.* The sum of ten and one:અગિયારનેા.2.The eleven men selected to play:ક્રિકેટની હરીફાઇની રમત-મૅચમાં એક બાજુનાં અગિયાર માણસેા.

Elf, (એલ્ફ્)*n.*[*pl.* **Elves**] An imaginary being: પિશાચ; ભૂત; પ્રેત. 2.A diminutive person;a dwarf: વામનજી; વેંતીઉં માણસ;વેંગણજી. E. *child:*ભૂતેા ભૂકી ગયા હેાય તેવું બાળક. E *fire:*ભૂતના ચાળા *vt* To entangle mischievously: બહુજ ગુંચાવી નાંખવું; કેાકડું ગુચવવું.

Elfin, (એલ્ફિન્)*a.*Relating or pertaining to elves:પિશાચને લગતું *n.* A little elf or urchin:નાનું પિશાચ.

Elicit, (ઇલિસિટ્)*vt.* [L.*e,*out and *lacio,*I entice.] To draw out: કાઢવું;કઢાવવું.*To* e. *an answer:* જવાબ કઢાવવેા.*To* e. *sparks:* તણખા પાડવા.*To* e.*a confession:* કબૂલ

કરાવવું.*a* Drawn out;open: ખોળી કાઢેલું;સત્ય શોધી કાઢેલું.

Elide,(ઇલાઇડ્) *vt.* [L.*e.* out and *lædo*, I strike.] To demolish; to break in pieces: તોડી નાંખવું; ખંડન કરવું. ૨. To cut off as a syllable:પદ કાપી નાંખવું.

Eligible,(એલિજ્‌બલ્) *a.* [L. *lego*, I choose.]Proper to be chosen; legally qualified:પસંદ પડવું;યોગ્ય; લાયક;ઉચિત 2. Desirable; preferable:પસંદ કરવા લાયક;ગ્રહણીય;ગ્રાહ્ય.

Eliminate, (ઇલિમિનેટ્) *vt.* [L.e, out and *limen*, threshold.] To expel;to set at liberty: કાઢી મૂકવું;છુટું મૂકવું;બહાર કાઢવું. 2. To cause to disappear from an equation: સમીકરણમાંથી કોઈ પદ ઉડાડી નાખવું;ઉડાડવું 3. To leave out of consideration વિચારમાંથી પડતું મૂકવું;ન ગણવું 4. To deduce: જુદું કરીને અનુમાન કરવું. 5. To excrete. મળ રૂપે બહાર કાઢવું;અપવું.

Elite,(એલીટ્) *n.*[L. e. and *lego*, I choose.] A choice or select body;the flower:ચુનંદા;શોભા;નાક; અગ્રેસર; સારા સારા લોક;ભૂષણ.

Elixir, (ઇલિક્સર્) *n.* A tincture with more than one base:મિશ્રિત રસાયણ. 2. A liquor for transmuting metals into gold:ધાતુનું સોનું થાય એવો રસ;પારસમણી.3 The refined spirit or quintessence: કસ;સત્વ;અર્ક 4.Any cordial which invigorates: પુષ્ટિકારક ઓસડ;પૈષ્ટિક;તેજોવર્ધન **E** *vitæ* અમૃત; રસાયન.

Elk,(એલ્ક્) *n.*[L.*alces*]A quadruped of the stag kind: એક જાતનું રેહું સાબર.

Ell,(એલ્) *n.*[L.*ulna*,the forearm.] A kind of measure:કાપડ વેરવાનું એક માપ.I*f you give him an inch he will take an* **e.**: જો તમે તેને આંગળી આપશો તો તે પહોંચો કરશે.

Ellipse,(એલિપ્સ્) *n.*[Gr. *ek*, out & *leipo*,I leave.] An ovel figure:દીર્ઘવર્તુલ;અંડાકૃતિ. 2. Omission: પડતો રાખેલો શબ્દ કે શબ્દો; અધ્યાહાર.

Ellipsis,(એલિપ્સિસ્) *n.* [*pl.* **Ellipses,**]Omission; a figure of syntax by which one or more words are omitted: અધ્યાહાર;પદ ન્યૂનતા 2. An ellipse: અંડાકાર; અંડાકૃતિ.

Elliptical, (એલિપ્ટિકલ્)*a.* Pertaining to an ellipse; oblong: અંડાકૃતિનું-સંબંધી. 2. Having a part omitted: જેમાં કંઈ અધ્યાહાર રહેલું હોય એવું. **E.***compasses*; અંડાકૃતિ કાઢવા માટેના કર્કટ;કમ્પાસ.

Elocution,(એલોક્યૂશન્)*n* [L.*e.*out and *loquor*,I speak]. Expression of thought by speech:બોલીને વિચાર બતાવવાની શક્તિ; વાણી; બોલી Manner of speaking,or reading in public:ઢબ;છટા; વાક્‌શક્તિ; વક્તૃત્વ;વાક્‌પટુતા; ઝમેકરાશી; શબ્દચાતુર્ય; ઝમાનદરાઝી; પાંચ માણસમાં બોલવાની ભાષણ કરવાની ઢબ;છટા. 3. Suitable writing or style; eloquent diction:લખાણની-ભાષા શૈલી.

Elocutionist,(એલોક્યૂશનિસ્ટ્) *n.* One who is versed in elocution: a teacher of elocution-છટાદાર બોલનાર-ભાષણ કરનાર-શિક્ષક.

Elongate,(ઇલૉન્ગેટ્) *vi.*[*L .longus*,long] to lengthen;to extend: લંબાવું-લાંબુ કરવું. 2. To remove further off: આઘે ખસેડવું.*vi.*To depart;to recede:છૂટા પડવું;પાછા પડવું ઉડવું.*a.*Elongated:લંબાવેલું;વધારેલું.

Elongation,(ઇલૉન્ગેશન્)*n.* Protraction;extension:લંબાણ;છેટે જવું તે.2.Continuation:અનુસંધાન,સાંકળ;સંકળના 3 Recession; departure;remoteness:અંતર; છેટું; સૂર્ય અને ગ્રહની વચ્ચેનું છેટું.

Elope, (ઇલોપ્) *vt* To run away privately:નીકળી જવું; યાર સાથે જવું રહેવું;નાશી જવું

Eloquence,(એલોક્વેન્સ્)*n* [L*e*,& *loquor*,I speak.] Fluent forcible, elegant, & persuasive speech in public; oratory: ઝમેકરાસી;વક્તાપણું; વક્તૃત્વ; વાક્‌ચાતુર્ય; વાક્‌પટુતા; શબ્દચાતુર્ય; વાચાશક્તિ. 2 That which is eloquently uttered:સુભાષણ.

Eloquent, (એલોક્વેન્ટ્)*a.*Having the power of expressing strong emotions in an elevated and effective manner: વક્તા; સુભાષિત બોલનાર; ભાષણકાર. 2. Containing eloquence:વક્તૃત્વનું;છટાદાર;સુભાષિત

Else,(એલ્સ્)*a. &pron.* [L. *alius*] Other;one or something beside: બીજું;અન્ય.*adv& Conj.* Besides: except that mentioned:બીજું ;સિવાય.2.Otherwise; in the other case: નહિતો; અન્યથા.

Elsewhere,(એલ્સ્વ્હેર્) *adv.* In any other place:કોઇ બીજી જગાએ. 2.In some other place: અન્યત્ર; બીજે કહીં; અન્યસ્થળે.

Elucidate,(ઇલ્યૂસિડેટ્) *vt.*[L.*lucidus*,full of light.]To make clear or manifest;to remove obscurity from; to illustrate: ઉઘાડું-ખુલ્લું-સમજ પડે એવું કરવું;સ્પષ્ટીકરણ કરવું.

Elucidation,(ઇલ્યૂસિડેશન્)*n.*An explanation;an exposition;an illustration:સ્પષ્ટીકરણ;ખુલાસો; વ્યાન; ઉદાહરણ;દાખલો;વ્યાખ્યાન; વિવરણ.

Elucidative(ઇલ્યૂસિડેટિવ્)*a.*Making clear: જેથી સ્પષ્ટ-ખુલ્લું સમજાય-સમજણ પડે એવું.

Elucidator,(ઇલ્યૂસિડેટર્) *n.*One who explains;an expositor:સમજણ પાડનાર; ખુલાસો કરનાર; વ્યાખ્યાનકાર.

Elude,(ઇલ્યૂડ્)*vt.*[L. *e.*, out and *ludo* I play.] To avoid by artifice; to evade;to baffle: ચૂકવવું;ટાળવું;ચોરવવું; નિષ્ફળ કરવું; ઉડાવવું; ફાવવા ન દેવું;-નો પત્તો લાગવા ન દેવો. *To* **e.** *the observation of*: નજર ચોરવવી ચૂકાવવી. 2. To remain unexplained or undiscovered by:-થી ગુપ્ત રહેવું;-નો થાગ-પત્તો નહિ લાગવો.

Elusion,(ઇલ્યૂઝન્)*n.* An escape by artifice;a cheat;a mockery; evasion:કળાઇ;નજરચૂક;છળભેદ;પ્રપંચ;

Elusive-sory,(ઇલ્યૂસિવ્-ઇલ્યૂસોરિ) *a* Evasive;fraudulent;deceitful: ચોરવે ચૂનવે અવું;ઠાઇ ભરેલું ;માયિક.

Elysian,(ઇલિઝિહ્યન્) *a.* [L. *elysium*]Pertaining to an abode of the blessed after death:સ્વર્ગનું;સ્વર્ગીય. 2 Exceedingly delightful;beatific: પરમાનંદકર; અત્યાનંદકારી.

Elysium, (ઇલિઝિહ્યમ્) *n.* A place assigned to happy souls after death:સ્વર્ગ;વૈકુંઠ; ઇંદ્રભુવન-પુરી. 2. Any delightful place: આનંદસ્થાન;સુખસ્થાન.

Emaciate,(ઇમેશિએટ્)*vi.* [L.*e*,out and *macies*,leanness.]To waste away in flesh: સુકવું;કૃશ-ક્ષીણ થવું; ગળાઈ-સુકાઇ-તવાઇ જવું; ઓગળી જવું. *vt.*To waste the flesh and reduce to leanness: થી ગળી-ઓગળી-તવાઇ-સુકાઇ જવું. *a.* Emaciated: ગળી-સુકાઇ-ગયેલું;ક્ષીણ;કૃશ; શુષ્કકાયી.

Emaciation, (ઇમેશિએશન્) *n.* An excessively lean condition: કૃશતા; ક્ષીણતા; શરીરશોષણ.

Emanate,(એમનેટ્)*vi.*[L.*e*, and *mano*, I flow.] To issue forth; to flow out,to spring:નીકળવું;ઉત્પન્ન થવું;-માંથી આવવું-પ્રસરવું; નિસરવું.2.To proceed from;to arise:

ની ઉત્પત્તિ હોવી;વહેવું;ઉદ્ભવવું.

Emanation, (એમનેશન) *n.* The act of flowing as from a fountain:નીકળવું તે; નિઃસરણ 2. Effluence; efflux:ઉત્પત્તિ: ઉદ્ભવ; પ્રભવ; પ્રવૃત્તિ:નીકળનારો પદાર્થ.

Emanative, (એમેનટિવ્) *a.* Issuing forth; emanating : નીકળતું;વહેતું; ઉદ્ભૂત:ઉત્પન્ન:જાત;જન્ય.

Emancipate, (ઇમૅન્સિપેટ્) *vt* [L*e, manus*, the hand, & *capio*, I take.]To set free from servitude or slavery;to liberate: ગુલામગીરી બંધનમાંથી છોડવવું; છુટ્ટું-મોકળું-સ્વતંત્ર કરવું 2. To free from anything which exerts undue or evil influence:માંથી મુક્ત કરવું;દુઃખદાયક સ્થિતિમાંથી છોડવવું 3.To deliver from migratory existence; મુક્તિ-મોક્ષ આપવો; અક્ષય પદ-અવિચળપદે સ્થાપવું *a.*Set at liberty:સ્વતંત્ર કરેલું; મુક્ત.

Emancipation, (ઇમૅન્સિપેશન્) *n.* The act of setting free from slavery;liberation:બંધમોચન; ઉદ્ધાર;છુટકો;છુટકારો;સ્વતંત્રતા.મોક્ષ;મુક્તિ. *Desirous of e.*: મુમુક્ષુ; મોક્ષાર્થી. *Final e.*:મુક્તિ;મોક્ષ.

Emancipator, (ઇમૅન્સિપેટર)*n.*One who liberates from bondage: મુક્ત-છુટકો કરનાર; મોક્ષક.

Emasculate, (ઇમૅસ્કયૂલેટ્)*vt.*[L.*e* & *masculus*, male.]To geld:ખાસી-નપુંસક કરવું. 2.To deprive of masculine strength; to render effeminate:નામર્દ-બાયલું કરવું;પુરૂષત્વ ભાગ કરવું;-નબળું-નિર્વિત્ત-કમજોર કરવું.*a* Deprived of vigour;unmanned:નામર્દ; નપુંસક;નિર્વિત્ત:જનાની:નષ્ટવીર્ય.

Emasculation, (ઇમૅસ્કયૂલેશન્)*n.* Act of depriving virility; castration: ખાસી; વૃષણચ્છેદ. 2.Effeminacy:નામર્દાઇ; બાયલાપણું.

Embalm, (એમ્બામ્)*vt.* To anoint with balm: સડો સુગંધી દ્રવ્ય ભરવાં; -માં મસાલો ભરવો.2.To cherish the memory of:ની યાદગિરી રાખવી.

Embank, (એમ્બેંક્)*vt.*To throw up a bank:રક્ષણાર્થ કિલ્લો કરી-ભરી લેવો; બંધ નાખવો.

Embankment, (એમ્બેંકમેન્ટ્)*n.*A mound raised for protecting against inundation:રેલનું પાણી ખાળવાને બાંધેલો પુરતો;ઝડનાળું;બાંધ પાળ.

Embargo, (એમ્બાર્ગો)*n.*A prohibition to sail: બંદરમાં વહાણ આવવા જવાની મના; બંધી; મના; નિષેધ,બંધ. *vt.*To hinder from sailing out of port:બંદરમાંથી બહાર જતાં અટકાવવું.

Embark, (એમ્બાર્ક્)*vt.* To put on ship-board : વહાણમાં ચઢાવવું-બેસાડવું.2.To engage in any affair: નાખવું;સામેલ કરવું;માં ઝોકાવવું.*vi.* To go on board a ship or vessel: વહાણપર ચઢવું-જવું. 2. To engage in any affair:હાથ ઘાલવો;માથે લેવું માં પડવું;-માં ઝોકાવવું.

Embarkation, (એમ્બાર્કેશન્)*n.* An act of putting or going on board of a vessel: વહાણપર ચઢવું-ચઢાવવું તે:નૌકારોહણ-પ્રવેશન.2.That which is embarked : વહાણ ઉપર ચઢાવી મોકલેલો માલ-માણસ

Embarrass, (એમ્બૅરસ્)*vt.*[L *barra* a bar.] To perplex;to confound: ગુંચવવું;ગુંચવી નાંખવું;ગભરાવવું; સપડાવવું.2.To incumber with debt: નાણાની ભીડ-તંગીમાં હોવું;હાથ ભીડમા આવવો.3.To obstruct:ને બાધ આવવો;અડચણ-હરકત કરવા પ્રતિબંધ કરવો.

Embarrassment, (એમ્બૅરસ્મેન્ટ્) *n.*Perplexity;hindrance;difficulty:ગુંચવણ;ગભરાટ;ગુંચવાડો; વ્યગ્રતા; વ્યાકુળતા;ક્ષોભ; અટચણ;બાધ.2.Difficulties in money matters:ભીડ; તંગી,હાથ સંકડામણમા હોવો તે.

Embassador, (એમ્બૅસડૉર્)A minister sent by one government to another:એલચી;પ્રતિનિધિ;વકિલ.

Embassy, (એમ્બૅસિ)*n* [L.*ambascia.*]The public function of an ambassador;the charge intrusted to a diplomatic officer: વકીલી;એલચીગિરી;વકીલાત. 2. The persons sent as ambassadors:એલચી; વકિલમંડળ. 3. The dwelling or office of an ambassador: વકીલ-એલચીનું ઘર-નો મુકામ-કચેરી.

Embattle, (એમ્બૅટલ્)*vt.*To arrange in order of battle: વ્યૂહ રચવું;વ્યૂહ રચના કરવામાં ગોઠવવું.*vi.* To be ranged in order of battle:સજજ થવું.

Embattled (એમ્બૅટલ્ડ)*a.*Arranged in order of battle:વ્યૂહરચેલું; યુદ્ધ સારૂ હાર દોર ગોઠવેલું 2.Furnished with battlements : મોરચાવાળું.

Embattlement, (એમ્બૅટલમેન્ટ્)*n.* An indented parapet; battlement:કાંગરાદાર છાતીપુર ભિંત દિવાલ. 2.The fortifying of a building or wall by embattlements: એવી દિવાલથી રક્ષણ કરેલો કોટ-કિલ્લો.

Embellish, (એમ્બૅલિશ્) *vt.* [L. *bellus*,pretty.]To make beautiful;to decorate;to adorn:શણગારવું;સુશોભિત કરવું; અલંકૃત કરવું.

Embellishment, (એમ્બૅલિશમેન્ટ્) *n* The act of aborning:શણગારવાનું કામ.2.Decoration;ornament:ઘરેણું ભૂષણ; અલંકાર;મંડન;શણગાર; શોભા.

Embers (એમ્બર્ઝ્)*n*The smouldering remains of a fire;cinders:ચીણગારા:રાખમાંના ચીણા અંગારા;ભુમરેઠ.

Embezzle, (એમ્બેઝલ્)*vt.*To apply to one's private uses by a breach of trust;to misappropriate:ખાઇ જવું;હોંઈયાં કરીજવું ઉચાપત કરી જવું;પચાવી પડવું;ગળી જવું;પચાવી પડવું;ઓળવવું.

Embezzlement, (એમ્બેઝલમેન્ટ્)*n.* Fraudulent appropriation:ઉચાપત:ખાયકી;હરામખોરી;ખાઇકી.

Embitter, (એમ્બિટર્) *vt* To make bitter;to render distressing:કડવું;દુઃખી કરવું;કલેશ કરાવવો .2. To render more violent or malignant:વધુજ ખારીલું કરવું;પ્રકોપાવવું.

Emblazon, (એમ્બ્લેઝન્) *vt.* To set off with ornament:ચમકાર કરવું; શણગારવું; અલંકાર પહેરાવવા. 2 To adorn with ensigns armorial:કુલીનતાના ચિન્હોના ચિત્રથી શણગારવું.

Emblem, (એમ્બ્લેમ્)*n.*[*L em*,and *ballo*, I cast] Inlay; mosaic-work:જડાવ; શોભા; શણગાર. 2. A symbol; a typical designation: સંકેત:નિશાની; ચિન્હ;પ્રતીક;ચિત્ર; સજ્ઞા; લક્ષણ. *vt.* To represent or suggest by similarity of qualities: નિશાની ચિન્હ કરવું.

Emblematical, (એમ્બ્લેમૅટિકૅલ્)*a.* Symbolic:નીશાની ચિન્હનું;લાક્ષણિક. 2. Representing similarity of qualities: લાક્ષણિક; બોધક;સૂચક;સાંકેતિક; જ્ઞાપક;વ્યંજક.

Emblematize, (એમ્બ્લેમૅટાઇઝ્)*vt.* To symbolize :દર્શાવવું;સૂચવવું-દર્શક હોવું.

Embody, (એમ્બૉડિ) *vt.* To form into a body;to make corporeal: દેહી-શરીરી કરવું; સદેહ દેહધારી કરવું; દેહ શરીર આપવું. 2. To form or collect into a body;to concentrate : સંગ્રહ કરવું; એક ઠેકાણે આણવું; એકઠું-મેળું-એકત્ર કરવું; એક તંત્રે લાવીને મુકવું.*vi.*To coalesce: એકઠું થવું.

Embogue, (એમ્બોગ્) *vi.* To discharge, as a river, its waters into the sea or another river: -ને મળવું;-માં ભળી જવું.

Embolden, (એમ્બોલ્ડેન્) *vt* To give boldness or courage to:to encourage:હિમ્મત આપવી; છાતી વાળું કરવું;ધૈર્ય-દિલાસો આપવો;નિર્ભય કરવું.

Embolus, (એમ્બોલસ્)*n.pl.* **emboli.** [L.*embolus.*] Something

inserted or acting in another; that which thrusts or drives;as a piston or a wedge:ચકલી; ફાટો.

Emborder,(એમ્બૉર્ડર)*vt.*To adorn with a border: તોઈ રીત મુકીને શણગારવું; સંભળ-કોર-કિનારી મુકવી.

Embosom,(એમ્બૂઝમ્)*vt.* To cherish;to foster:મનમાં રાખવું;હૃદયે ધારવું.2.To inclose;to shelter closely:ઘેરી લેવું;વચમાં રાખીને રક્ષણ કરવું

Emboss,(એમ્બૉસ્) *vt.* To cover with protuberances,to ornament in relief: ઉપરથી નીકળે એવી આકૃતિ પાડવી;નકશીદાર કરવું. 2. To fashion raised work upon: ઉપર ભાત પાડવી;શોભા કરવી.3 To inclose;to cover સંતાડી રાખવું;ગુપ્ત રાખવું;ઢાંકવું.

Embossment, (એમ્બૉસ્મેન્ટ્) *n.* *A* boss-like prominence;raised work:jut;protuberance:ઉપડતા પણું; બહાર ઉપસેલો ભાગ; ભાત; નકશી ઉપરની આવેલો આકાર.

Embowel, (એમ્બાઉએલ્) *vt.* To remove the bowels of; to free from viscera;to prepare for embalming : મનવરનાં આંતરડાં કાઢવાં. 2 To inurn;to bury a bowel;to shelter with: દાટવું;સંતાડવું.

Embower, (એમ્બાઉઅર્) *vt.* To cover with trees : ના ઉપર મંડપ માંડવો કરવો.

Embrace,(એમ્બ્રેસ્)*vt.*[L.*brachium,*the arm.] To inclose in the arms;to hug:છાતી સરસું ચાંપવું; કોટિ કરવું; બાથમાં લેવું; આલિંગન દેવું કરવું;મેળવું;ભીડવું. 2. To cling to; to cherish; to love : ને વળગી રહેવું; ચહાવું;-પર પ્રીતિ રાખવી. 3. To accept with cordiality; to welcome : ગ્રહણ-પત-અંગીકાર કરવું; સ્વીકારવું; કબૂલ-માન્ય કરવું. 4. To encircle;to encompass: ઘેરવું; ઘેરી લેવું;વિંટાળી દેવું. 5. To comprehend;to include:માં સમાવેશ થવો; માં આવવું-આવી જવું;સમાવવું.*vi.* To join in an embrace: કોટી કરવું;બાથમાં લેવું. *To e.an opportunity:* તક સાધી લેવી. *n.* Pressure to the bosom;hug;a clasp:બાથ;કોટિ;આલિંગન; ભેટો.

Embrasure,(એમ્બ્રેઝહ્યૂર) *n.* *An* embrace: બાથ;આલિંગન;ભેટો;કોટિ 2 *An* opening in a wall through which cannons are pointed:બારોકાર;જંજીરી;તોપની બારી;કાંગરો.

Embrocate,(એમ્બ્રોકેટ્) *vt.* [*Gr. em,*and *brecho,*I wet.]To moisten and rub as a diseased part: ઓસડ લગાડવું-ચોપડવું-ભરવું-માલેષ કરવું;ચોળવું; મસળવું.

Embroider, (એમ્બ્રાઇડર્) *vt.* To cover with ornamental needlework : ઉપર ભરત ભરવું;-વેલ-બુટ્ટા કાઢવા;ચિકન ભરવાં.

Embroidery,(એમ્બ્રૉઇડરિ)*n.* Variegated needlework: ભરત; વેલબુટ્ટા;નકશી કામ;ચિકન;કારચબ.2. The art of embroidering : ભરત કામ; ભરત ભરવાનો હુન્નર-વિદ્યા.

Embroil,(એમ્બ્રૉઇલ્)*vt.*To throw into perplexity;to entangle ;to disturb;to complicate:ગૂંચવણમાં નાખવું;ગુંચવવું; કુટ-તૂટ નાંખવી;અવ્યવસ્થિત કરવું.

Embroilment, (એમ્બ્રાઇલ્મેન્ટ્)*n.* Confusion; disturbance;imbroglio:સંક્ષોભ;આકુળતા;સંભ્રમ;ગુંચવણ.

Embryo, (એમ્બ્રિઓ)*n.*[Gr.*em,*in & *bryo,*I swell.]The first rudiments of an organized being in the womb : તરતનો રહેલો-કાચો-ગર્ભ-હમેલ.2.The part of a seed that forms the future plant:મૂળ બીજ;મૂળાંકુર.3. The beginning of anything:આરંભ;પ્રારંભ;શરૂઆત. *In embryo,*in an undeveloped state:અપરિપક્વ;વર્તમાન; પોતામાં પણ પાર નહિ પડેલું.*a.* Rudimentary;undeveloped:કાચું;અપક્વ; શરૂઆતનું.

Emend,(ઇમેન્ડ્)*vt.*[L.*e,*& *menda,* fault.]To correct:સુધારવું;શુદ્ધકરવું.

Emendation.(ઇમેન્ડેશન્)*n.* The act of altering for the better; correction:ભુલનો સુધારો;ભુલ સુધારવી તે.2 Removal of errors from a document;alteration of a text: ફેરફાર-સુધારો;શુદ્ધિ;શોધન.

Emendator, (ઇમેન્ડેટર્) *n.* One who amends or critically edits: સંશોધક;સુધારનાર;શોધક;દુરસ્તકરનાર.

Emerald,(એમેરલ્ડ્)*n.*[L *emaragdus.*]*A* precious stone of a rich green colour:પાનું;લીલમ;લીલો મણી; મરકત.2.*A* kind of type:એક જાતનું બીજું.*a.*Of a green rich colour: લીલા રંગનું;પાનાના જેવું.

Emerge,(ઇમર્જ્)*vi.*[L.*e,* out & *mergo,*I dip.] To rise out of a fluid;to issue and appear: માંથી નીકળવું;બહાર આવવું;પાછું દેખાવું; ઉપર આવવું-દેખાવું.

Emergence,(ઇમર્જન્સ્)*n.*Coming forth;sudden appearance: બહાર આવવું-માંથી નીકળવું તે;ઉદય 2.*A* sudden occasion: અણધાર્યો ઓચિંતો-અકસ્માત પ્રસંગ-બનાવ. 3.Exigency: જરૂર;અગત્ય;જરૂરી પ્રસંગ;તરતને તરતજ ઉપાય કરવો જોઇએ એવો પ્રસંગ.

Emergency, (ઇમર્જન્સિ) *n.* *An* unforeseen occurence; a sudden occasion :અણધાર્યો બનાવ; દૈવયોગ; ઓચીંતો પ્રસંગ. 2. Pressing necessity;exigency: જરૂર;અગત્ય; સંકટ;આકસ્મિક સમય;વિપત્સમય.

Emergent,(ઇમર્જન્ટ્)*a.* Issuing; coming to light:બહાર આવતું;નીકળતું. 2. Suddenly appearing; urgent : જરૂરનું; અગત્યનું; આકસ્મિક; આવશ્યક.

Emery,(ઇમેરિ)*n.* Corundum intimately blend with oxide of iron: ધાતુને સાફ કરી ઓપ દેવાનો એક ઘણી કઠણ ધાતુનો ભુકો;કુરજનો ભુકો. **E.** *wheel,*કઠણ ધાતુનો ભુકો લગાડેલું પૈડું.

Emetic, (ઇમેટિક્)*a* [Gr. *emeo,* I vomit.]Inducing to vomit:ઉલટી પેદા કરે એવું;વમનકારક;*n.* A medicine which causes vomiting:ઉલટી-વમનનું ઓસડ; વામક.

Emeute, (એમ્યુટ્)*n.* *A* popular rising or uproar:ધુલ્લડ; બખેડો; ફિસાદ; હંગામો.

Emiction,(ઇમિક્શન્)*n.*[L.*e,* out and *mingo,* I make water]The discharging of urine: પેશાબ કરવો-થવો તે.2.Urine: પેશાબ;મૂત્ર.

Emigrant, (એમીગ્રેન્ટ્)*a.*[L. *e,* from and *migro,*I remove.]Pertaining to an emigrant: સ્વદેશ ત્યાગી.2.Removing from one country to another:વિદેશ જામી. *n.* One who removes his habitation:દેશાંતર ગયેલું માણસ.

Emigrate,(એમિગ્રટ્)To remove from one country to another for the purpose of residence: સ્વદેશ છોડી પરદેશ રહેવા જવું; દેશાંતર જવું *a.*Roving;wandering : ભટકતો;રખડતો.

Emigration,(એમિગ્રેશન્)*n* Removal of inhabitants for residence : સ્વદેશ છોડી પરદેશ જવું તે; દેશ ત્યાગ;વિદેશ વાસ.2.*A* body of emigrants:દેશત્યાગકરનારલોકો-પરદેશવાસી.

Eminence,(એમિનેન્સ)*n.* *A* height an elevation:ઉંચાણ;ઉંચી જગા;ઉન્નત ભૂમિ 2. Fame;exaltation; high rank: ચ્હેડાઇ;આબરૂ; ઉત્કર્ષ; ખ્યાતિ ઉન્નતિ;ગૌરવ;પ્રતિષ્ઠા.3.A title given to cardinals:કાર્ડિનલની પદવીના પાદરીના નામ અગાઉ લખવાનો શબ્દ;કાર્ડિનલનો ખેતાબ.

Eminent,(એમિનેન્ટ્)*a.*[L.*eminent,*prominent] High;lofty;pro-

jecting;ઉંચું 2 Exalted in rank; high in office; distinguished: remarkable: પ્રખ્યાત; પ્રસિદ્ધ;મ્હોટી પદ્વિનું;ઉત્કૃષ્ટ;પ્રમુખ;ઉત્તમ;શ્રેષ્ઠ;પ્રધાન.

Eminently,(એમિનેન્ટ્લી)*ad.*In a high degree;conspicuously: ઘણું જ;સવીશે; બધી રીતે.

Emissary,(એમિસ્સરિ)*n.*[L. *e*,out & *mitto*,I send.] A person sent on a mission; a secret agent: દૂત;વાર્તાહર;કાસદ; જાસુસ;ચાર; ગૂઢદૂત. *a.*Exploring;spying:જાસુસનું કામ કરતું;ખોળ કરતું;શોધ કરતું.

Emission,(ઇમિશન્)*n.*[*See emit.*] The act of sending or throwing out:-માંથી નીકળવું-કાઢવું-આવવું તે;ઉત્સર્ગ;ઉદ્ગાર,વિમોચન.2. Discharge:ધાતુસ્રાવ;વીર્યસ્ખલન.

Emit,(ઇમિટ્)*vt.*[L *e*,out and *mitto*,I send.]*To* send forth;to eject:મોકલવું;કાઢવું;-માંથી નીકળવું.2.*To* issue forth:બહાર પાડવું.

Emmet,(એમ્મેટ)*n.*An ant or pismire:કીડી;મંકોડો.

Emolliate,(ઇમૉલ્લિએન્ટ્)*vt.*[L.*e*,& *mollis*,soft.]*To* soften;to effeminate:નરમ-સુંવાળું કર.

Emollient,(ઇમૉલ્લિએન્ટ્)*n* (*med.*) An external application to allay irritation and alleviate inflamatory soreness, swelling and pain:નરમ-પોચું કરનારું;વિલેપન; સ્નેહન *a.*Softening;making supple:નરમ;સુખાવહ;પોચું ;સુંવાળું.

Emolument,(ઇમૉલ્યૂમેન્ટ્)*n.* [L. *e*, & *molior*, I exert myself.] 1. Advantage; compensation; salary:દરમાયો;મુસારો;પગાર; અવેજ; પેદાશ;આવક;પ્રાપ્તિ. 2. Profit: નફો; કાયદો;લાભ;ફળ;હાંસલ;ઉદય.

Emolumental,(ઇમૉલ્યૂમેન્ટેલ્) *a* Yielding profit;useful:લાભકારક; સુંવાળું ; લાભજનક.

Emotion,(ઇમોશન્)*n.*[L. *e*, and *moveo*, I move.) Any excitement of sensibility; feeling; agitation:મનોવિકાર;મનોભાવ;. વિકાર રાગ;ચિત્તક્ષોભ;આકુળતા; આવેગ; ભાવ. E. *of love:* શૃંગારરસ.

Emotional,(ઇમોશનલ્)*v.*Excitable;easily moved; sensational: ઝટ લાગી આવે એવું;તિવ્રલાગણીનું;રસિક.

Empale, (એમ્પેલ્) [L. *em*, and *palus*, pale.] *To* surround with a line of stakes: લાકડાના સળીઆ ભરી લેવા-ની વાડ કરી લેવી. 2.To inclose;to shut in: ગોંધવું; રોકવું;ઘેરી લેવું 3.To put to death by fixing on a stalk: સૂળીએ ચઢાવવું;ફાંસી દેવી;સૂળી દેવું.

Empannel,(એમ્પૅન્નેલ્)*n.* A list of jurors;a panel: જુરરોની યાદી. *vt.*To write down the names of jurors:જુરરોનાં નામની યાદી કરવી.

Emperor,(એમ્પરર્)*n.*[L.*em*,and *paro*,I prepare.]The sovereign or supreme monarch of an empire:બાદશાહ; શહેનશાહ;રાજાધિરાજ; ચક્રવર્તિરાજા;સાર્વભૌમ; મહાલેશ્વર; રાજેન્દ્ર;કૈસર:સમ્રાટ.

Emphasis,(એમ્ફેસિસ્)*n.*[*Gr. emphasis*, a setting forth.] A stress of utterance given to important words: અસર કરે એવો ઉચ્ચાર;શબ્દપર ભાર;જોર;ગુરૂચ્ચારણ.

Emphasize,(એમ્ફેસાઈઝ્) *vt.* To utter with a particular stress; to lay stress upon: શબ્દ-વાક્યપર જોર-ભાર મૂકીને ઉચ્ચારણ કર-બોલવું.

Emphatic-al, (એમ્ફૅટિક્ કૅલ્) *a* Forcible;strong;impressive:જોર-ભારવાળું ;જોર-ભાર મૂકવા યોગ્ય; દૃઢ. 2. Striking the sense:ધ્યાન ખેંચે એવું.

Empire, (એમ્પાઈર્) *n.* [L. *imperium*, command.] Supreme power;sway;dominion: બાદશાહી; શહેનશાહી;બાદશાહની હકુમત; ઐશ્વર્ય; આધિપત્ય 2.The territory of an emperor: બાદશાહત;શહેનશાહત;સામ્રાજ્ય.3.Supreme control;rule: સત્તા;દાબ;રાજ્ય.

Empiric,(એમ્પિરિક્)*a.* [L.*em*, in and *peira*,trial.] Depending upon experience:અનુભવનું; અનુભવસિદ્ધ;અનુભવ ઉપરથી થએલું;શાસ્ત્રવિદ્યા અગર અજમાયશથી થએલું; અનુભવ મૂલક.*n.*One who relies upon practical experience: અનુભવ ઉપર આધાર રાખનાર.2.A quack;a charlatan:ઉંટવૈદુ કરનાર;ઉંટવૈદ્;નીચહકીમ.

Empiricism, (એમ્પિરિસિઝમ્)*n.* Pursuit of knowledge by experiment:અનુભવથી જ્ઞાન મેળવવું તે;વિદ્યા ન ળ તાં એકલા અનુભવ ઉપર આધાર રાખવાની પદ્ધતિ 2 Quackery: ઉંટ વૈદ્.

Employ, (એમ્પ્લૉય)*vt* [L. *in*, and *plico*,I fold]To use; to have in service: વાપરવું; કામમાં લેવું;-નો ઉપયોગ કરવો.2.To make use of for a specific purpose:ખાસ કામમાં લેવું. 3.To occupy:રોકવું; કાઢવું;-માં ગાળવું 4.To keep at work;to give employment to:રોકવું;કામે રાખવું;ચાકરીમાં રાખવું.*To e.one's self:* કામમાં દોવું-રહેવું-પડવું-રોકવું; ગુંથાવું.*n.* Employment;fixed business;service કામ;ધંધો;ઉદ્યોગ;ચાકરી;રોજગાર.

Employee,(એમ્પ્લૉય)*n* One who is employed નોકરીમાં રાખેલું માણસ;નોકર;ચાકર;સેવક.

Employer,(એમ્પ્લૉયઅર્)*n.* One who employs another: નોકર રાખનાર;શેઠ.

Employment,(એમ્પ્લૉયમેન્ટ્) *n.* The act of employing or using: કામમાં લેવું તે 2 Service;business: ઉદ્યોગ;ધંધો;રોજગાર;ચાકરી;કામ;નોકરી.

Emporium,(એમ્પૉરિઅમ્) *n. pl. Emporia* or *Emporiums.* [L. *em & poros*,]A place or extensive commerce;mart:વેપારનું મથક;મુખ્ય બંદર.

Empower,(એમ્પાઉઅર્)*vt.*To give power to;to authorize:સત્તા આપવી;અધિકાર આપવો;મુખત્યાર કર. 2. To give physical force to: શારિરીક બળ આપવું.

Empress,(એમ્પ્રેસ્)*n.* A consort of an emperor:મહારાણી.2.A female sovereign:મહારાણી; માલીકામાજી;ભેત્રમ;સાર્વભૌમરાણી.

Empty,(એમ્પ્ટિ)*a.*Containing nothing;vacant:ખાલી;ઠાલું.2. Destitute of effects,sincerity or sense: વ્યર્થ;પોકળ;ખાલી;અમથુ .3.Hollow: મિથ્યા;ઓઠું;માયિક. 4. Free; clear; void; વિનાનું;રહિત.5. Unfruitful: વાઝીયું; ફળવિનાનું. 6. Destitute of sense or knowledge:જ્ઞાનશૂન્યહિન;મૂર્ખ.7.Unsubstantial: માલતત્વ વગરનું;ઓઠું. *vt.* To exhaust; to make void;to pour out:ખાલી કર;ઠાલવવું.*vi. To* pour or flow out;to discharge itself;ખાલી થવું.

Empty-handed, (એમ્પ્ટિ-હૅન્ડેડ્)*a.* Having nothing in the hands; destitute:ખાલી હાથે.

Empyreal,(એમ્પિરીઅલ્) *a.* [Gr. *empyros*, prepared by fire.] Formed of pure fire or light; અગ્નિ તેજનું બનેલું;અગ્નિમય;તેજોમય.

Empyrean,(એમ્પિરીઅન્)*a.*Empyreal; અગ્નિમય;તેજોમય;અતિસ્વચ્છ. 2. Pertaining to the highest and purest regions of heaven:સત્યલોક સંબંધી-નું;દિવ્ય;અતિશુદ્ધ.*n.*The highest heaven:સત્યલોક.

Emulate,(એમ્યૂલેટ્)*vt.*[L.*æmulor* to make one's self a rival] *To* vie with; to rival:-ની બરોબરી-સરસાસરસી કર.*a.*Striving to excel;ambitious;emulous: સરસાસરસી કરવાને યત્ન કરતું; હોંસાતોંસી ક-

પર ચઢેલું.

Emulation, (એમ્યુલેશન્) *n* The Rivalry; ambition to excel: હરીફાઇ; ચઢસાચઢસી; સ્પર્ધા. 2. Envy: contention: અદેખાઇ; ખાર; લડાઈ; કજીઓ; ટંટો; હોંસાતોંસી.

Emulator, (એમ્યુલેટર્) *n*. One who emulates: a rival; a competitor; સરસાસરી કરનાર; ઇર્ષા રાખનાર; હરીફ.

Emulous (એમ્યૂલસ્) *a*. Desirous to excel another; eager to vie with another: બીજાની સાથે સ્પર્ધા-હરીફાઇ કરવાને ઉત્તેજનાર-ઉત્સુક.

Emulsion, (ઇમલ્શન્) *n*. A soft liquid preparation of a color and consistency resembling milk: દૂધ જેવા દવા; નરમ દવા; પાયસ; બલ્લેહ.

Emulsive, (ઇમલ્સિવ્) *a*. Softening; milk-like: નરમ; દૂધ જેવું. 3. Yielding oil by expression: પીલવાથી તેલ આપવું.

Enable, (એનેબલ્) *vt*. To give strength; to make firm or strong: શક્તિવાન-દૃઢ કરવું. 2. To render competent for; to give legal power: અખત્યાર આપવો; ને માટે લાયક શક્તિવાન કરવું.

Enact, (એનૅક્ટ્) *vt*. To decree; to make into a law: ઠરાવ કરવું; ધારો-કાયદો બાંધવો. 2. To act; to perform; to effect: રચવું; કરવું; સાધવું 3. To represent; to play: કોઇનો વેશ લેવો; ભજવવું. *n*. Purpose; determination: ઠરાવ; વિધિ.

Enactment, (એનૅક્ટ્મેન્ટ્) *n* The passing of a bill into a law: પસાર થઇ કાયદો થયો તે; સ્થાપના. 2. A decree; a law: કાયદો; ધારો; ઠરાવ.

Enamel, (એનૅમેલ્) *a*. Relating to the art of enamelling: મીનાકારીના કામને લગતું. *n*. A substance of the nature of glass: કાચના જેવી એક વસ્તુ; મરકત. 2. A smooth glossy surface, of various colours: મીનો. 3. The smooth hard substance which covers the visible part of a tooth: દાંત ઉપરની લીસી; કઠણ. પોપડી. *vt*. To lay enamel: મીનો ચઢાવવો; ઉપર મીનાકારી કામ કરવું. 2. To form a glossy surface like enamel upon: મીનાવાળી સપાટી બનાવવી. 3. To variegate with colors: ભાતભાતના-ચિત્ર વિચિત્ર રંગો પાડવા-દેવા *vt* To practise the art of enamelling: મીનો ચઢાવવાનો ધંધો કરવું; મીનાકારી કામ કરવું.

Enamour, (એનૅમર્) *vt*. [L *en* and *amo*, I love.] To inflame with love; to captivate: પ્યાર કરવું; મોહી પડવું; આશક પડવું.

Encamp (એનૅક્મ્પ્) *vi*. To form and occupy a camp; to prepare habitations as tents: તંબુ મારવા-તાણવા; મુકામ-પડાવ નાંખવો; છાવણી કરવું.

Encampment. (એનૅક્મ્પ્મેન્ટ્) *n*. An act of pitching tents: તંબુ તાણવાનું કામ. 2. A camp: છાવણી; મુકામ; પડાવ; ઉતારો.

Encase, (એનૅક્સ્) *vt*. To inclose: પેટીમાં નાંખવું; બંધ કરવું.

Enceinte, (આંસૅન્ટ્) *n*. [L. *in* and *cingere*, to gird] A wall or rampart: વાડ; કિલ્લો. *a*. Pregnant; with child મારેવાંસ; ગર્ભવંતી; એંજીવ.

Enchain, (એનચેન્) *vt*. To fasten with chain: સાંકળથી બાંધવું. 2. To hold fast: મજબૂત પકડી-બેસી રાખવું. 3. To connect: ગાંઠવું; જોડવું.

Enchant, (એનચૅન્ટ્) *vt*. [L. *in*, and *canto*, I sing.] To charm by sorcery; to fascinate: મંતરવું; મંતર મારવો; જાદુ વશીકરણ કરવું. 2. To charm: મોહ પમાડવું; મોહિત કરવું; મોહિની નાંખવી-લગાડવી.

Enchanter (એનચૅન્ટર્) *n* A sorcerer; a magician: જાદુગર; ઇલ્મી; જાદુવો.

Enchanting (એનચૅન્ટિંગ્) *a*. Charming; delighting: લગું સુખદાયક; અતિસુંદર; મનમોહન; મોહ પમાડે એવું.

Enchantment, (એનચેન્ટ્મેન્ટ્) *n*. The use of magic arts, spells or charms; incantation: જાદુ; મંતર-મંતર; મેલી વિદ્યા; ઇલ્મ; મોહિની; ઇંદ્રજાલ.

Enchantress, (એનચૅન્ટ્રેસ્) *n*. A sorceress: જાદુ જાણનાર સ્ત્રી; કામણ; a woman who fascinates: અતિશય રૂપવાન સ્ત્રી; મોહિની.

Enchase, (એનચેસ્) *vt* To encircle વીંટી લેવું; જડવું. 2. To adorn with embossed work: મીનાકારી વગેરે ચિત્ર કાઢવા.

Encircle, (એનસર્ક્લ્) *vt*. To surround; to inclose; to embrance: વીંટી લેવું; ઘેરવું; બાથમાં લેવું; ભેટવું; પ્રદક્ષિણા કરવું.

Enclose, (એનક્લોઝ્) *vi*. [L. *in* & *claudo*, I shut.] To inclose; to include: વાડ બાંધવી-કરવું; ઘેરવું 2. To put within a case: પેટીમાં વાલવું-જોડવું 3. To harness: બખ્તર પહેરાવવું 4. To cover with an envelope: પરબીડીયામાં બીડવું-ઘાલી બંધ કરવું.

Enclosure, (એનક્લોઝ્યૂર્) *n* Act of inclosing: બંધ કરવાનું કામ. 2. That which is inclosed; વાડો. 3. A barrier or fence: વાડ; ભીંત.

Encomiast; (એનકોમિએસ્ટ્) *n*. A panegyrist; an eulogist: વખાણનાર; તારીફ કરનાર; પ્રશંસા કરનાર; ઢાજ્હા બોલનાર.

Encomium, (એનકોમિઅમ્) Formal praise; panegyric commendation: વખાણ; તારીફ; સ્તુતિ; પ્રશંસા.

Encompass (એનકમ્પસ્) *vt* To go round; to environ: ઘેરી લેવું; ઘેરો ઘાલવો; વિંટળાવું.

Encore, (આંકોર્) *adv*. or *interj* [L. *in hanchoram*, till this day] Once more; again: ફરીથી પાછું; ફરીથી એકવાર *vt*. To call for a repetition: ફરીથી બોલી જવાને કહેવું

Encounter, (એનકાઉન્ટર્) *n*. [L. *in & contra*, against.] An interview: મેળાપ; મુલાકાત; સમાગમ; મુકાબલો; ભેટ. 2. A battle: સામનો; યુદ્ધાર્થ ભેટ; યુદ્ધ. 3. A sudden accosting: એકાએક-અણચિંતો મુકાબલો-ભેટ-મેળાપ. *vi*. To meet face to face; to fight; to engage in a combat: મળવું; ભેટવું; સામસામા થવું; લઢવું. *vt*. To oppose; to struggle with: સામા થવું; લઢવું. 2. To confront either by chance suddenly or deliberately: દૈવયોગે; ઓચિંતા કે બુદ્ધિપૂર્વક સામસામા થઇ જવું-મળવું-ભેગા થવું. *To encounter obstacles*: ને નડવાથી પડવી; હરકત પડવી-નડવી-થવી.

Encourage, (એનકરેજ્) *vt*. [L. *en & cor*, the heart.] To give courage to; to animate; to incite; to countenance: હિંમત-ધૈર્ય-આશા આપવી; ટેકો આપવો; ઉત્તેજન આપવું.

Encouragement, (એનકરેજ્મેન્ટ્) *n*. The act of giving courage: આશ્વાસન; અનુમોદન; સહાય; આશ્રય; અનુગ્રહ. 2. Support; hope: ટેકો; ઉત્તેજન; દિલાસો; હિંમત.

Encroach, (એનક્રોચ્) *n*. [L. *croc*. a hook.] Encroachment: પગપેસારો. *vi*. To intrude; to trespass: પગપેસારો કરવું; તરફ ખસતા જવું આવવું; ની સીમા દાબવી; દબાણ કરવું; દબાવવું.

Encroachment, (એનક્રોચ્મેન્ટ્) *n*. Unlawful intrusion: પગપેસારો. 2. That which is taken by encroaching on another: પગપેસારો કરીને લઇ લીધેલી ચીજ-કબજો; દબાણ.

Encumber, (એનકમ્બર્) *vt*. [L. *e, cumbrus*, a mass.] To weigh down; to obstruct or embarrass: બોજા-ભારવાથી હરકત-અડચણ કરવું; કબજો કરવું. 2. To load with debt or other legal claims: દેવામાં ડૂબાવી દેવું.

Encumbrance, (એનકમ્બ્રન્સ્) *a*. A burden; a clog; impediment: બોજો; ભાર; વિઘ્ન; પીડા; પ્રતિબંધ; કબજો; અડચણ; લફરું; અંતરાય; રૂણભાર. 2. De-

pendent members of a family: આશ્રિત કુટુંબીઓ;માથે પડેલાં માણસો. (*Law*):બોજો;ગીરો સાન વિગેરેનો મિલકત ઉપર બોજો.

Encyclical(એનસાઇક્લિકૅલ)*a.* Sent to many persons or places:ઘણી જગાએ-ઘણા માણસપર મોકલેલું; સર્વસાધારણ.

Encyclopædia(એન્સાઇક્લોપીડિઅ) *n.*[Gr.*en*,in; *kyclos*, a circle & *pais*,a child]The circle of sciences;a cyclopedia:સર્વવિદ્યાસંગ્રહકોષ;વિદ્યાચક્ર-માળા;વિદ્યાવળી.

End,(એન્ડ)*n.*[A.*S.ende*]Termination;Close:અંત;છેડો;ટોચ;અગ્રભાગ; સીમા; શેઢો;શિખર; પરાકાષ્ટા. 2. The conclusion;consequence:સમાપ્તિ; છેવટ;આખર;છેડો; અંત;અવધિ;પાર.3. Death;destruction:નાશ; વિનાશ; લય.4.*Purpose* in view; aim:અભિપ્રાય;હેતુ;મુરાદ;ઉદ્દેશ; આશય; અર્થ; મતલબ; ધારણા. 5. A. remnant; a fragment: રહેલો કકડો; ટુકડો; શેષ. *Bids and* e.s: ભાતભાતના કટકા;ટુકડા.*To make both* e.s.*meet*:આવકના પ્રમાણમાંજ ખર્ચ રાખવું.*To put an* e.*to*,to destroy:મારી નાંખવું;-નો અંત છેડો લાવવો.*In the* e.,finally: આખરે;છેવટે.*From* e.*to* e.:આરપાર. *vt.*To finish;to terminate:સમાપ્ત-પુરૂ કરવું;આટોપવું.2.To destroy;to put to death:છેડો-અંત લાવવો;નાશ કરવું; મારી નાંખવું.3. To form or be at the end of:-ના અંતે-છેડે હોવું-આવવું. *vi.* To come to the ultimate point;to cease: સમાપ્ત-પુરૂં થવું.

Endanger,(એન્ડેન્જર)*vt.* To put to hazard;to expose to loss:લયજોખમમા નાંખવું 2. To incur the hazard of: જોખમ માથે લેવુ-ખેડવું.

Endear(એન્ડીઅર)*vt.*To make dear: પ્રિય-વહાલું-પ્યારૂં કરવું;વહાલું લગાડવું.2. To raise the price or cost of: કિંમત વધારવી;મોંઘું કરવું.

Endearment, (એન્ડીર્મેન્ટ)*n.*The act of endearing; the state of being endeared:પ્યાર;હેત;વહાલ;લાડ.

Endeavour,(એન્ડેવર)*n.*[L *Debeo*, I owe]An exertion; an effort: પ્રયત્ન;યત્ન;લાગ;ઉદ્યોગ;કોશીશ; મહેનત. *vt.* To attempt to gain; to strive to achieve:યત્ન-ઉદ્યોગ કરવું; અજમાવવું.*vt* To exert one's self: મથવું;યત્ન પ્રયત્ન કરવું.

Endemical,(એન્ડેમિકૅલ)*n.*[Gr.*en* & *demos*,people.] Peculiar to a nation:એક દેશના લોકનું; ખાસ. E. *disease*: કોઇ એક દેશના લોકને થતો ખાસ રોગ;એકજ જગ્યા-મોસમમાં થતો રોગ.

Ending, (એન્ડિન્ગ્) *n.* Termination;death:અંત;પરિણામ;સીમા;આખર;છેડો;નાશ;વિનાશ;મરણ.

Endless, (એન્ડલેસ્)*a.*Perpetual; interminable:અેડા વગરનું;અનંત.2. Infinite;excessive:અપાર; બેસુમાર; બેહદ;અણહદ.3.Unprofitable;fruitless:અફળ;નિષ્ફળ;મિથ્યા;ફોકટ.

Endorse, (એન્ડોર્સ) *vt.* [L. *en*,& *dorsum*,the back]To write something on the back of,as a bill: ની પાછળ લખવું;શેરો કરવો.2*To* sanction;to approve : કબુલ-મંજુર કરવું; અનુમોદન આપવું;પસંદ કરવું.

Endorsement,(એન્ડોર્સમેન્ટ)*n.*The act of endorsing:શેરો કરવો તે;શેરો. 2.The signature of the holder of a bill of exchange written on its back:હુંડીની પાછળ તેના ધરાવનાર-માલિકની સહી-મતુ;સ્વીકાર.3.Sanction:approval:મંજુરી;કબુલાત;અનુમોદન;ટેકો; પસંદગી.

Endow,(એન્ડાઉ)*vt.*[L.*do*,I give.] To settle an income upon; to furnish with a dower: નાણાંની નિમણુક અથવા વર્ષાશન કરી આપવું; સ્ત્રીને-છોકરીને મિલકત આપવી-પહેલું આપવું.2.To indue: સંપન્ન યુક્ત-અન્વિત કરવું;આપવું; બક્ષવું. *Endowed with excellent qualities*: સદ્‌ગુણી; શુભગુણસંપન્ન.

Endowment,(એન્ડાઉમેન્ટ)*n.*The act of settling a fund or permanent provision for the support of any one: આપેલી મિલકત; વર્ષાશન; વૃત્તિ; નિમણુંક. 2. Gift of nature;talents: ઇશ્વરદત્તબક્ષિસ-ગુણ-શક્તિ *Religious* e.: ધર્મદાન;ધર્માદાય.

Endue, (એન્ડ્યૂ) *vt.* To invest; to clothe: ઘરેણાં પહેરવાં-પુરાં પાડવા;આપવું. 2. To supply with;to endow:આપવું;દેવું;યુક્ત કરવું.

Endurable,(એન્ડ્યૂરેબલ્)*a.* Capable of being endured or borne: સહન થાય તેવું;ખમી શકાય તેવું; સહ્ય; સહનીય.

Endurance,(એન્ડ્યૂરેન્સ્) *n.* Duration;continuance: નિભાવ;ટકાવ; સ્થિતિ.2.Sufferance;patience:સહનતા;સહનશીલતા;શક્તિ; ધીરજ;સબૂરી; ધીરજ;ક્ષમા. *Beyond* e.: અસહ્ય.

Endure, (એન્ડ્યૂર) *vt.* [*L. in* & *durus*, hard.] To remain firm under;to undergo: રાખવું;ટકાવી-નભાવી રાખવું.2 To bear with patience;to bear up under:સોસવું; વેઠવું;સાંખી રહેવું;ખમવું;ખમી રહેવું. *vi.* To abide;to last:રહેવું;ટકવું. 2. To suffer: ખમવું;સહન કરવું.

Enduring,(એન્ડ્યૂરિન્ગ્)*a.*Lasting; durable:લાંબી મુદ્દત ચાલે એવું;ટકાઉ; લાંબા વખત સુધી ખમવું-ભોગવવું.

Endwise,(એન્ડ્વાઈઝ)*adv.*On end; erectly: ટટાર;ઉભુ ;સિધું.

Enema(એનેમ)*n* [Gr.*in* & *hiemi*,I send.]An injection,thrown into the rectum as a medicine, or to impart nourishment: દવા કે ખોરાકની ગુદાવાટે મારવામાં આવતી પીચકારી.

Enemy,(એનીમિ)*n.*[L.*in*,not and *amicus*,a friend.]A foe; an adversary:શત્રુ;દુશ્મન;વેરી; રિપુ. *The* e.;*The old* e.the devil: સેતાન.

Energetic-al, (એનર્જેટિક્ કૅલ) *a.* [Gr. *ergon*, work.] Exerting force;operative;active;શક્તિવાન; જબરૂ;દમવાળું;તેજદાર; ચંચળ; ઉદ્યમી. 2.Powerful; efficatious: ઉમંગી; હોંશી;ઉત્સાહી;મહેનતુ; ઉદ્યોગી; શ્રમી.

Energy(એનર્જી)*n.*Internal power; vigor:તાકાદ;બળ;પ્રભાવ;શક્તિ; વીર્ય; દમ;તેજ;ચમક;જોર;સત્વ;કૌવત;જોમ;જોસ. 2.Vigorous or effectual operation: ઉદ્યમ; ઉદ્યોગ; મહેનત; શ્રમ. 3. Life;spirit; emphasis: બોલવામાં જુસ્સો;જીવ;દમ. 4.Efficacy: કામકરવાને માટે શક્તિ;બળશક્તિ.

Enervate,(એનર્વેટ્)*vt.*[L.*e*;out of and *nervus*, a nerve.] To deprive of nerve;to render feeble: નિર્બળ-દુર્બળ-શક્તિહીન-કમજોર-નિવૃત્ત કરવું;વીર્ય-શક્તિ કમી કરવી.*a.*Weakened;weak; without strength: કમજોર;નિર્બળ;દુર્બળ;શિથિલ; હતવીર્ય.

Enfeeble(એન્ફીબ્લ્)*vt.*To render feeble;to weaken: નબળું કમજોર-નિર્બળ-કમજોર કરવું.

Enfeoff,(એન્ફેફ)*vt.*[L.*in*&*feoffare*, to confer a fief on one]To give a fief to;to invest with a fief: જાગીર આપવી.2 To surrender; to give up:તાબે કરવું-ને હવાલે-સ્વાધીન કરવું.

Enforce, (એન્ફોર્સ) *vt.* To force; to compel: જોર જુલમથી-બળાત્કારે-જબરદસ્તીથી કરાવવું; જરૂર પાડવી. 2. To make or gain by force:જોરજુલમ-જબરદસ્તીથી કરવું;પરાણે-બળથી કરવું. 3.To give force to;to urge with energy:ટેકો પુષ્ટિ-જોર આપવું;દ્રઢ કરવું. 4.To put in force;to give effect to:બજાવવું;ચાલુ કરવું; પ્રવર્ત્તાવવું; અમલમાં લાવવું;ચલાવવું.*vi.* To attempt by force: જોર જુલમથી યત્ન કરવું. 2. To prove;to evince:સાબિત કરવું.To

e.entrance:જબરદસ્તીથી ઘુસવું-પેસવું.

Enforcement, (એન્ફૉર્સ્મેન્ટ) *n.* Compulsion; restraint; force: જબરદસ્તી. 2. A giving force to; a putting in execution: અમલ બજાવણી;દ્રઢીકરણ. 3. That which constrains,gives force or effect to: પુષ્ટિ; ટેકો.

Enfranchise, (એન્ફ્રૅન્ચાઈઝ્) *vt.* To set free;to liberate from slavery: મુક્ત કરવું; મુક્ત કરવું; સ્વતંત્ર કરવું; છોડવું.2.To admit to the privileges of a freeman: પરદેશીને કોઈ નગર અથવા મુલકના હક આપીને તેને ત્યાંના રહેવાશી સમાન કરવું.3. To naturalize: રહેવાશી તરીકે માન્ય કરવું.

Engage, (એન્ગેજ્) *vt* [L. *en*, & *gage*, a pledge.]To put under pledge; to bind; to involve: વચનથી બાંધી લેવું; પ્રતિજ્ઞા આપવી; કરાર-બોલી-શરત કરાવવી.2.To gain for service;to enlist: પ્રવૃત્ત કરવું;પ્રેરવું; લેવું; રાખવું; વળગાડવું.3.To gain over;to draw: મનાવી લેવું; આપણે વશ કરવું;-નું મનરંજન કરવું;આકર્ષણ કરવું.4.To occupy;to draw on:કામમાં રોકવું; વળગાડવું;કામે લગાડવું.5.To encounter;to bring to conflict: હલ્લો કરવો;લડાઈ કરવી. *vi.* To become bound:વચનથી બંધાવું; -ને માટે જવાબદાર થવું;કબૂલ થવું; પહોંચવું.2.To embark in a business; to take a part:કામમાં રોકાવું-ગુંથાવું હાથ ઘાલવો.3. To enter into conflict;to join battle:હુમલો કરવો;લડવા માંડવું;લડાઈમાં રોકાવું.

Engaged, (એન્ગેજ્ડ્) *a.* Occupied; employed:રોકાયેલું; મચેલું;કામમાં પડેલું 2.Promised: વચનથી બંધાયેલું; *esp.* betrothed: લગ્નનાં વચન-કોલથી બંધાયેલું;વિવાહ થયેલો હોય એવું;મંદરાયેલું.3 Greatly interested;earnest: અતિ ઉત્સુક;આતુર;ઉત્કંઠિત.4. Involved in a hostile encounter: લડાઈમાં પડેલું-ગુંથાયેલું.

Engagement, (એન્ગેજ્મેન્ટ્) *n.* Promise;obligation: વચન;કરાર; શરત; પ્રતિજ્ઞા;સંકેત;કબૂલાત; ઈકરાર;બોલી. 2. The state of being pledged:બંધન; સંકેત;ઠરાવ.3.Employment:પ્રવૃત્તિ; વ્યાપાર;વ્યવસાય;કામ;ધંધો; ઉદ્યોગ. 4. An action or battle:યુદ્ધ;સંગ્રામ;લડાઈ

Engaging, (એન્ગેજ્ઇન્ગ્) *a.* Pleasing; attractive:મનોહર;હૃદયગ્રાહી; આકર્ષક;મોહક;મનમોહન;રમુજી.

Engender (એન્જેન્ડર્) *vt* [L. *en* & *genero* I beget.] To produce; to procreate:જન્મ આપવો; પેદા કરવું.2. To cause to exist: ઉત્પન્ન કરવું; બનાવવું; કારણભૂત થવું. *vi.* To come into existence: પેદા થવું. 2. To come together; to meet: મળવું; ભેગા થવું;ભેટવું.

Engine (એન્જ્ઇન્) *n.* [L *engenium*, ivention.] A compound machine: યંત્ર; સંચો. 2. An instrument for war or torture:હથિયાર; શસ્ત્ર.3.Means;agent : ઉપકરણ;સાધન;ઉપાય.

Engineer, (એન્જીનીર્) *n.* A person skilled in the principles and practice of engineering:યંત્રવિદ્યા જાણનાર;યંત્રશાસ્ત્રી; ઇજનેર. *civil* e.: નહેર-પુલ રસ્તા વિગેરે કરવામાં માહિતી ધરાવનાર. 2. An engine driver: એન્જીન ચલાવનાર;યંત્ર ચલાવનાર. 3. An efficient manager: નિપુણ-પ્રવીણ પુરૂષ;મુસદ્દી;દીર્ઘદર્શિ. *vt.* To perform the work of an engineer on:ના ઉપર ઈજનેરી અકલથી કામ કરવું. 2.To guide the course of; to manage : યુક્તિ વાપરવી;-થી ચલાવવું-ઠેકાણે પાડવું; સાગોપાગ પાર ઉતારવું.

Engineering (એન્જીનીરિન્ગ્) *n.* The science and the art of utilizing the forces of nature:યંત્રવિદ્યા-સંચો ચલાવવાનો હુન્નર;ઇજનેરી કામ.

Enginery (એન્જીનેરિ) *n.* The act of managing engines or artillery:સંચો-તોપખાનું ચલાવવું તે. 2. Instruments of war:લડાઇનાં હથિયાર; હથિયાર; શસ્ત્ર. 3. Machinary: યુક્તિ;સંચા કામ; યાંત્રિકરચના-ગોઠવણ.

English, (ઇન્ગ્લિશ્) *a.* Belonging to England or to its inhabitants: ઇંગ્લાન્ડ દેશ-અંગ્રેજ લોકનું; ઇંગ્લેજી; અંગ્રેજ. *n.* The people of England: અંગ્રેજ;અંગ્રેજ લોક. 2. The language of England: અંગ્રેજી ભાષા. *vt.* To translate into English; to interpret; to explain : અંગ્રેજીમાં તરજુમો કરવો;સમજાવવું; અર્થ કરવો.

Engorge, (એનગૉર્જ્) *vt* [Fr. *en* & *gorge*, the throat.] To glut; to devour : ગરથી ગરથીને-ઠાંસી ઠાંસીને ખાવું;ગટક કરી જવું;અકરાંતિયાની પેઠે ખાવું.

Engrain, (એન્ગ્રેન્) *vt.* To dye in grain or of a fast color: પાકો રંગ દેવો; કુમાશની ભેરે રંગ ચાળી જાય તેમ કરવું.2. To infuse deeply: મજબૂત ઠસાવવું;દ્રઢીભૂત કરવું.મિશ્રિત કરવું.

Engrave, (એન્ગ્રેવ) *vt.* To cut in;to make an incision:કાપ-ચીરો પાડવો.2.To crave letters,figures or devices upon:અક્ષર ચિત્ર વિગેરે કોતરવું;નકશી કાઢવી;કોરવું.3. To impress deeply:સજ્જડ-મજબુત ઠસાવવું.

Engraver, (એન્ગ્રેવર્) *n.* A sculptor; a carver : કોતરનાર; નકશી પાડનાર; નકશી કામ કરનાર;તક્ષક.

Engraving, (એન્ગ્રેવિન્ગ્) *n.* The art of cutting stone,metals,&c & representing figures thereon: નકશી પાડવાનોહુન્નર;તક્ષણ;મુદ્રા;કોતરેલું પત્તુ-પાનું 3. An impression from an engraved plate;a print:નકશીકામ;કોતરેલી પાટીઉપરથી લીધેલી છાપ.

Engross, (એન્ગ્રોસ્) *vt.* [L.*en*&*gros*, big.]To make thick or large જાડુ-મોટું બનાવવું; કદમાં વધારવું. 2. To copy in a large and fair hand: મોટા અને સારા અક્ષરે લખવું;સાફ નકલ કરવી.3,To seize in the gross; to absorb:-માં ગરક-લીન-તલ્લીન-એકતાન કરવું; એકચિત્ત થઈ જવું. Engrossed: તલ્લિન:નિમગ્ન;તત્પર; ગરક; તન્મય; આસક્ત;પરાયણ.

Engrossing, (એન્ગ્રોસિન્ગ્) *n.* Act of writing in fair characters: મોટા ને સારા અક્ષરે લખવું તે *a.* Absorbing: ગરક-લીન કરે તેવું;ચિત્તાકર્ષક.

Engulf, (એન્ગલ્ફ્) *vt.* To absorb or swallow up as in a gulf:ઝુરાડી દેવું;ગરક કરવું;-માં ઢાટી દેવું.

Enhance, (એન્હૅન્સ્) *vt.* [L. *ante*, before & *altus*,high.] To raise or lift up;to exalt : ઉંચુ કરવું;ચઢાવવું 2.To heighten; to increase; ઘારે-મોટું કરવું;-થી મોટું થવું; વધારવું; વધવું;કિમત ચઢાવવી.*vi.* To swell;to grow large: વધવું;ચઢવું; મોટુ થવું.

Enhancement, (એન્હૅન્સ્મેન્ટ્) *n.* Augmentation;aggravation: બઢતી;વધારો;વૃદ્ધિ.

Enigma, (ઇનિગ્મ) *n. pl.* **Enigmas,** [Gr *ain*,is*somai*,I speak darkly] An obscure question or saying;a puzzle;a riddle : ઉખાણું; કોયડો;સમશ્યા; કૂટાર્થ વાક્ય; ભેદ વચન. 2.An action which cannot be satisfactorily explained: ગૂઢ-ગહન કામ; છૂપો ભેદ.

Enigmatical, (ઇનિગ્મૅટિકૅલ્) *a.* Obscure; puzzling: ઉખાણા-કોયડાનું-વિષે;ગૂઢાર્થક;આર્ભિક;ગુઢ્ય; કૂટાર્થક. E.*speech*:વ્યંગોક્તિ.

Enjoin, (એન્જૉઇન્) *vt.* To command;to direct with authority; to order: અધિકારથી કહેવું; ફરમાવવું; આજ્ઞા-હુકમ કરવો; તાકીદ આપવી. 2. To prohibit;to restrain:કામ બંધ કરવાની તાકીદ આપવી; કાયદાથી મના કરવું. *vi.*To join or unite; ભેગા મળવું.

Enjoinment, (એન્જૉઇન્મેન્ટ્) *n.* Command;authoritative admon-

nition:ફરમાન તારીફ:સજ્જત મનાઈ.

Enjoy,(એન્જૅઈ)*vt.*[L *en& jote* joy] To take pleasnre;to feel with pleasnre:થી ખુશી થવું;થી આનંદ ઉપજવો;અનુભવવું; નું સુખ ભોગવવું 2.To have;to possess and use with satisfaction: ભોગવવું;નો ઉપભોગ-ભોગવટો કરવો;માં મહાલવું 3 To have sexual intercourse with: મૈથુન કરવું; રતિક્રિયા કરવિલાસ માણવો. *vt.* To live in happiness:સુખમાં રહેવું.

Enjoyable,(એન્જૅએબલ્)*a.*Capable of being enjoyed;capable of giving joy: ભોગ્ય;ભોક્તવ્ય;ઉપભોગ્ય; રમ્ય;રમણીય;સુખદ;મનોરમ.

Enjoyment,(એન્જૅમેન્ટ્)*n* Possession & use:કબજો;ભોગવટો;ઉપભોગ; વહિવટ 2 Pleasure; satisfaction; happiness;delight: સુખ; આનંદ; હર્ષ;ગમત;મોજ;સંતોષ;વિષયભોગ; વિષય સુખ વિલાસ.

Enkindle, (એન્કિન્ડલ્)*vt.* To set on fire;to kindle:સળગાવવું;ચેતવવું; દીવાસળી મુકવી.2.To excite:જાગૃત-પ્રદિપ્ત કરવું;સળગાવવું;ઉત્તેજીત કરવું.*To e. the passions:* મનોવિકાર જાગૃત કરવો. *To e.strife:*લડાઈ સળગાવવી.

Enlarge,(એન્લાર્જ)*vt.*To extend: મ્હોટું કરવું;વધારવું;ફેલાવવું; પ્રસારવું; વિસ્તારવું.2.To increase the capacity of;to dilate as with joy or affection:પ્રફુલ્લિત કરવું;ખિલવવું;થી ખીલવું; પ્રફુલ્લિત થવું.3.To set at large; to give freedom to: છૂટ આપવી;રજા આપવી *To e.the heart:* મન ઉદાર-મ્હોટું કરવું.*To e the* mind: બુદ્ધિ વધારવી.*vi.*To grow large; to expand:કદમાં વધવું મ્હોટું થવું.2.To be diffused in writing or speaking to expatiate:વિસ્તારીને બોલવું.

Enlargement.(એન્લાર્જમેન્ટ્)*n.* augmentation;expansion: વૃદ્ધિ; વિસ્તાર;વધારો.2.Extension of the powers of mind;ennoblement: બુદ્ધિની વૃદ્ધિ3.A setting at large; realise from confinement:ગુલામગીરીમાંથી છૂટકારો.4 Expatiation: લંબાણથી કરેલુ વર્ણન;વિસ્તાર.

Enlighten,(એન્લાઇટેન્)*vt.*To supply with light; to illuminate: પ્રકાશ-અજવાળું પાડવું; પ્રકાશિત કરવું; દીપાવવું.2.To inform;to instruct: મોહિત-પ્રબોધિત કરવું; ઉપદેશ કરવો; જ્ઞાન આપવું;સમજાવવું.

Enlightenment,(એન્લાઇટેન્મેન્ટ્) *n.*Act of enlightening, or the state of being enlightened:પ્રકાશ;ઉદ્બોધણ;જ્ઞાનદાન;પ્રબોધન;સંસ્કાર.

Enlist,(એન્લિસ્ટ્)*vt.*To enroll;to register: નોંધવું; નોંધમાં દાખલ કરવો. 2.To engage for military or naval service: લશ્કરી કે દરિઆઇ ચાકરીમાં દાખલ કરવો 3 To secure the support and aid of:-ની સહાયટેકો-દીલસોજી મેળવવી;પક્ષમાં દાખલ-સામેલ કરવો.*vi.*To engage in military or naval service:નામ દાખલ કરાવીને-લશ્કરી કે દરિયાઇ ચાકરીમાં રહેવું. 2 To enter heartily into a cause:ખરા મનથી કોઇપણ કામમાં સામેલ થવું;પ્રવૃત્ત થવું To e.the sympathies:મન તરફેણમાં-પક્ષમાં લેવા; દાખ કરાવવી.

Enlistment,(એન્લિસ્ટ્મેન્ટ્)*n.*The act of enlisting or the state of being enlisted: નોંધ;ફલમબંદી 2.The writing by which a soldier or a sailer is bound:લશ્કરમાં રાખવાનો કરારો; બાવણી.

Enliven,(એન્લાઇવેન્)*vt* To excite: જીવવું સજીવન કરવું; જીવદાન-પ્રાણદાન આપવું;જીવ ઘાલવો.2. To animate: ઉત્સાહ-તેજ જીવ-દમ આણવો;જીવ ઘાલવો;હર્ષ ઉત્પન્ન કરવો;જુસ્સો આપવો; સચેત કરવું.

Enmity,(એન્મિટિ)*n.*[L. *inimicus* unfriendly.]Hostile or unfriendly disposition; aminosity: અદાવત;વૈર;શત્રુભાવ;દુશ્મન ઇ;દ્વેષ;દ્વેષભાવ;વિખવાદ;શત્રુતાઇ.2. Hostility: વિરોધ;વિરુદ્ધતા *Deep and deadly e* ,હાડવેર;ખડાષ્ટક.*At e.*:વિરુદ્ધ;સામુ

Ennoble,(એન્નોબલ્)*vt.*To make noble;to dignify.મ્હોટું કરવું;ઉત્કર્ષ-ઉન્નતિએ લઇ જવું; પ્રતિષ્ઠાએ પહોંચાડવું; મરતબો વધારવો.2 To raise to nobility:અમીર કરવો;ઉમરાવની પદવી આપવી.

Ennoblement,(એન્નોબલ્મેન્ટ્) *n.* The act of making noble or dignifying: ઉત્કર્ષ;ઉન્નતિ;પ્રતિષ્ઠા. :. Excellence; dignity: મ્હોટો;શ્રેષ્ઠતા.

Ennui,(ઍ ન્વી)*n* [L. *in obio,* in hatred.]A feeling or disgust tedium: ઉચાટ; ગ્લાનિ;ધાક; કંટાળો; શ્રમ; થાક

Enormity,(ઇનૉર્મિટિ) *n.* Excessiveness:વધું મ્હોટું થવું તે;અતિશયતા.2-Depravity;an attrocity:મહાપાપ;વકસીર-મહાપાતક;અઘોરપાતક.

Enormous,(ઇનૉર્મસ્)*a.* [L.*e,*out & *norma,* rule] Out of due proportion;inordinate: બેહદ;અપરિમિત્ત 2. Great;huge:વધું મ્હોટું: જબરું;વિશાળ.3 Exceedingly wicked;atrocious:મહાપાતકી; અતિદુષ્ટ.

Enough,(ઈનફ્)*a.*Giving content; sufficient જોઇએ તેટલું: પૂરતું; યોગ્ય. *To be e. and to spare:* જોઇએ તે કરતા કંઇ વધારે હોવું;વધવું;બચવું *adv.* To satisfaction: બસ 2 Fully; quite:પુરું;બસ; બીલકુલ; તદ્દન. *n* A sufficiency: પૂરતાપણું. [*quire.*

Enquire,(એન્ક્વાઇર્)*vi.* See In.

Enrage, (એન્રેજ્)*vt.*To fill with rage;to provoke to madness: ચીડવવું;સંતાપવું;ગુસ્સે કરવું; ખીજવવું.

Enrapture, (એનરૅપ્ટ્યૂર્) *vt.* To enravish: અત્યંત ખુશ કરવું;અત્યાનંદ પમાડવું;આલ્હાદિત કરવો.*To be enraptured:* અત્યંત ખીલવું; અત્યાનંદ પામવું;ખુશ ખુશ થવું;હરખાઇ હરખાઇ જવું

Enravish(એનરૅવિશ્)*vt.* To charm; મસ્ત-ખુશ કરવું;આનંદિત કરવો.

Enravishment,(એનરવિશમેન્ટ્)*n.* Ecstasy;rapture:અતિહર્ષ;ખુશી;પરમાનંદ;સંતોષ.

Enrich,(એન્રિચ્) *vt.* To render opulent: ધનવાન-દ્રવ્યવાન-સધન-તાલેવંત કરવો.2.To fertilize: ખાતર પુરવું;ફળદ્રુપ-ફળવંત કરવો 3. To instruct: જ્ઞાન આપવું-સંપાદન કરાવવું- 4. To adorn:શણગારવું;સુશોભિત કરવો;મનોરંજક કરવો.

Enroll,(એન્રોલ્) *vt.* To record; to leave in writing:નોંધવું;નોંધમાં દાખલ કરવો 2. To envelop; to involve: વિંટાળવું; લીડવું.

Enrollment.(એન્રોલ્મેન્ટ્)*n.* The act of enrolling:નોંધ; કલમબંધ;કલમદરી 2.A register; નોંધ; દફ્તર;રજીસ્ટર

Enroot,(એન્રૂટ્)*vt.* To fix fast:મજબૂત બેસાડવું;રોપવું;ઉંડા મૂળ ઘાલવાં.

Enroute,(એન્રૂટ્) *adv.*Along the way or road:રસ્તે જતાં;આગળ ચાલતાં;રસ્તામાં.

Ens,(એન્સ્)*n.*[L.*ens,*a thing.]Entity;being or existence:હોવાપણું; હયાતિ;અસ્તિત્વ.2.Essence: તત્વ વસ્તુ.2.God:પરમેશ્વર;પરમાત્મા.

Ensample,(એન્સૅમ્પલ્)[L. *exemplus.*]An example;a pattern for imitation:દાદરણ;દાખલો. *vt.* To exemplify: દાખલો આપવો.

Ensconce, (એન્સ્કોન્સ્)*vt.*To protect;to hide securely:બચાવ કરવો; આશરો આપવો.*To be e.d:*સંતાઈ,છાનાં રહેવું;આશ્રય લેઇને રહેવું.

Enseal (એન્સીલ્)*vt* To impress with a seal.મોહોર કરવો;સિક્કો કરવો.

Enseam,(એન્સીમ્)*vt.*To sew up; આડી લેવું;બખીયા દેવા-મારવા;સીવવું.

Ensemble,(એન્સૅમ્બલ્)*n.*[L. *in,*

and *simul*, together.] The whole: આખું; બધું. એમનુંએમ; સમગ્ર દેખાવ-અસર; મામા-ળો-એક દર તુલના.

Enshrine, (એન્શ્રાઇન્) *vi.* To inclose in a shrine or chest; to cherish: પેટીમાં મુકવું; જતનથી સાચવવું; સાચવીસ ભાળીને રાખી મુકવું; -માં મુકવું.

Ensign, (એન્સાઇન્) *n.* [L. *in* & *signum*, mark.] A flag; a standard: a banner: વાવટો; નિશાન; ઝુંડો. 2. A signal to give notice: નિશાન; સંકેત. 3. Sign; symbol: ચિન્હ; લક્ષણ; નિશાની. (*b*) The sign board of an inn: મુસાફર ખાનાનું નામનું પાટીઉ 4. A commissioned officer who carries the flag: નીશાનચી; એન્સેન; વાવટો ઉચકનાર સનદી અમલદાર. *vt.* To designate by an ensign: વાવટાથી ઓળખાવવું. 2. T. To distinguish by a mark or ornament: નિશાની-લક્ષણથી ઓળખવું.

Enslave, (એન્સ્લેવ્) *vt.* To reduce to slavery: ગુંડો-દાસ-ગુલામ કર. 2. To master or overpower: વશ-કબજે રાખવું; આત્મસંયમ કરવું.

Ensnare, (એન્સ્નેર્) *vt.* To entrap: સપડાવવું; જળ-ફાંસામાં પકડવું. 2. To entangle; to inveigle: ફસાવવું; પેચ દાવમા લાવવું.

Ensue, (એન્સ્યૂ) *vt.* [L. *in* and *sequor*, I follow.] To follow; to pursue: પાછળ પડવું જવું. *vi.* To follow or come after; to result from: ઉદ્ભવવું; પરિણામ થવું-હોવું; પછી-પાછળ આવવું; નીકળવું; નીપજવું. *a. Ensuing* પાછળ આવતું; આવતું; હવે પછીનું.

Entail (એન્ટેલ્) *n.* [L. *tailler*, to cut] (*a*) An estate in fee entailed: વંશપરંપરાથી આવેલી મિલ્કત. (*b*) The rule by which the descent is fixed: મિલ્કત વંશપરંપરા આપવાનો નિયમ-સિદ્ધાંત. *vt.* To settle inalienably on a person and his descendant: વંશપરંપરા આપવું. 2. To cut or carve for ornament: શોભાને માટે કોતરકામ કાઢવું. 3. To devolve as a consequence or necessity: ને માથે આવી પડવું; બોજારૂપ થઇ પડવું.

Entangle, (એન્ટૅન્ગ્લ્) *vt.* To twist or interweave: ગુંચવવું; પેચમાં લાવવું. 2. To involve in complications: ગુંચવણમાં નાંખવું; ગોટાળો કર. 3. To perplex; to puzzle: ગભરાવવું; ગુંચવવું; મુંઝવવું.

Entanglement, (એન્ટૅન્ગ્લમેન્ટ્) *n.* Intricacy; perplexity: ગુંચવણ; ફાંસો; જળ; ફાંદો; ગભરાટ; પેચ; ગુંચવાડો. *Wordly* e.: જંજાળ.

Enter, (એન્ટર્) *vt.* [L. *intrare*, to enter.] To come or go into; to penetrate; to pierce: અંદર જવું-આવવું; પ્રવેશ કર; પેસવું; સંચરવું; મળવું; -માં ભળવું 2. *To* join: -માં દાખલ થવું; ભળવું; સામેલ થવું. 3. To engage in: ધંધામાં દાખલ થવું-પેસવું; કામે-વંધે વળગવું-લાગવું; -માં રહેવું. 4. To attain; to begin: માં પડવું-આવવું. 5. To put in; to insert: માંહે મૂકવું-દાખલ કર; ખોસવું; ઘાલવું. 6. To inscribe; to record: નોંધ કર; લખવું; નોંધવું. 7. To put upon record in proper form: રીતસર રજીસ્ટરમાં નોંધ કર. *vi.* To go or come in: અંદર જવું-આવવું. 2. To get within; to share: લાગ લેવો; -માં ઉતરવું-જવું-પ્રવેશ કર 3. To consider attentively: ધ્યાનપૂર્વક વિચારવું; -પર મનન ચિંતન કર. *To* e. *into* (*a*): માંહે પેસવું; દાખલ થવું. (*b*) (as business) દાખલ થવું; કરવા લાગવું. (*c*) -માંહે ઉંડો પ્રવેશ કરી તપાસવું-જોવું. (*a*) અગ્રભૂત હોવું.

Enteralgia, (એન્ટરૅલ્જિઅ) *n.* Pain in the bowels; colic: ચૂંક; આંકડી.

Enteric, (એન્ટરિક્) *a.* Belonging to the intestines: આતરડાની સાથે સંબંધ રાખનારું. E. *fever*, એક જાતનો ઝેરી અને જીવલેણ તાવ.

Enteritis, (એન્ટરિટિસ્) *n.* An inflamation of the intestines: આંતર્વા; આતરડાંનો સોજો.

Enterprise, (એન્ટર્પ્રાઇઝ્) *n* [L. *in* & *prehendo*, I take.] A hazardous attempt; an undertaking; an adventure: સાહસકામ; જોખમ ભરેલું કામ; સાહસ; જોખમ. 2. Eagerness to engage in labour: ઉત્સાહ ધૈર્ય; પ્રવૃત્તિ; ઉદ્યોગ; સાહસવૃત્તિ. *vt.* To undertake; to venture upon: સાહસ કામ કરવાનું માથે લેવું; કામ કરવાને હિમત ધરાવવી. 2. To entertain: આગતાસ્વાગતા કર. *vi.* To undertake anything difficult: કોઇ પણ અઘરું કામ કરવા માથે લેવું.

Enterprising, (એન્ટર્પ્રાઇઝિન્) *a.* Bold to undertake anything difficult: કોઇપણ અઘરું કામ માથે લે એવું. 2. Resolute; prompt: સાહસિક બીડું ઝડપવાને તૈયાર; હિમતવાન; ઉદ્યોગી; વ્યવસાયી; ધીર; ઉત્સાહી; બીડું ઝડપે એવું.

Entertain, (એન્ટર્ટેન્) *vt.* [L. *teneo*, I hold.] To maintain: રાખવું; પોષવું; નિભાવવું. 2. To give hospitable reception and maintenance to: પરોણા ચાકરી કર; આગતાસ્વાગતા કર; આદરસત્કાર કર; મિજબાની-ઉજાણી આપવી. 3 To divert: મનરંજન કર; ખુશ કર. 4. To receive and take into consideration: ઉપર વિચાર કર; ધ્યાનમાં લેવું. 5. To harbour; to cherish: મનમાં રાખવું; ધરાવવું *vi*-To receive guests: પરોણાની આગતાસ્વાગતા કર.

Entertaining, (એન્ટર્ટેનિન્) *a.* Pleasing: ગમતીલું; મનોરંજક; ખુશકારક.

Entertainment, (એન્ટર્ટેન્મેન્ટ્) *n.* The act of receiving as host or of pleasing: આગતાસ્વાગતા; આદરસત્કાર. 2. (*a*) A feast; a hospitable repast: ઉજાણી; જ્યાફત. (*b*) Amusement: ગમત; આનંદ; રંજન; રમૂજ.

Enthrall, (એન્થ્રૉલ્) *vt* To enslave; to inthrall: દાસ-ગુંડો-ગુલામ કરવો.

Enthrone, (એન્થ્રોન્) *vt.* To place on a throne: રાજ્યાસનપર બેસાડવું; તખ્તનશીન કર; રાજ્યાભિષેક કર. 2. To exalt: ઉંચે આસને પદવીએ ચઢાવવું.

Enthronement, (અન્થ્રોન્મેન્ટ્) *n.* The act of enthroning or being enthroned: રાજ્યાભિષેક.

Enthusiasm, (એન્થ્યૂઝિઅઝમ્) *n.* [L. *entheos*, inspired.] Rapture; ecstasy: અત્યાનંદ. 2. An ardent zeal or interest: ઉત્સાહ; ઉત્કંઠતા; ઉન્માદ; આવેશ. આસક્તિ; ઝનુન. Elevation of fancy: ધર્મોન્માદ; અતિશ્રદ્ધોન્માદ; ઝનુન.

Enthusiast, (એન્થ્યૂઝિઅસ્ટ્) *n.* (*a*) A religious maniac; a fanatic: ઝનુની માણસ; શ્રદ્ધોન્મત્ત. (*b*) An ardent and imaginative person; a zealot: બેહદ આતુરતાવાળો માણસ; ગાંડો; ઉત્સાહી; આવેશી.

Enthusiastic-cal, (એન્થ્યૂઝિઅસ્ટિક્ ઍસ્ટિકેલ્) *a.* Zealous in the pursuit of an object: આવેશી; અત્યાતુર; જુસ્સાવાળું; ઉત્સુક; વ્યગ્ર; ઉત્કંઠ; અત્યંત તલપાપડ થઇ રહેવું; અનુરાગયુક્ત.

Entice, (એન્ટાઇસ્) *vt.* [L. *titio*, a firebrand.] *To* draw on; to allure; to incite: લલચાવવું; લોભ-મોહ પમાડવો; ભમાવવું; આકર્ષવું.

Enticement, (એન્ટાઇસ્મેન્ટ્) *n.* Allurement: ફોસલાવણી; છેતરપંડી; ઉશ્કેરણી; આકર્ષણ. 2. Alluring object: મોહની; લોભ; લાલચ; પ્રલોભન.

Entire, (એન્ટાઇર્) *a.* [L. *integer*, whole.] Complete; undivided; not deficient: પૂરું; પૂર્ણ; સંપૂર્ણ; સમસ્ત; અખંડ; બધું; તમામ; તદ્દન; કુલ; સકળ; સમસ્ત; સળંગ. 2. Pure; unqualified: શુદ્ધ; સરળ; નિર્મળ; નરદમ; તદ્દન.

Entirely, (એન્ટાઇર્લિ) *adv.* Wholly; fully: તદ્દન; તમામ; એક; બીલકુલ; નિઃશેષ;

સર્વથા.2 Truly;sincerely:અંતઃકરણથી;સત્યભાવે; સત્યભાવથી.

Entireness,(એન્ટાઇર્નેસ)*n.* Completeness: આખાપણું; સંપૂર્ણતા.2. Honesty : પ્રમાણિકપણું; શુદ્ધહૃદિ. 3. Oneness;unity: એકતા;એકસંપ.

Entirety,(એન્ટાઇર્ટિ)*n.* Completeness:આખાપણું; સંપૂર્ણતા. 2. The whole: આખું;આખી વસ્તુ.

Entitle,(એન્ટાઇટ્લ્)*vt.*[L *in*, and *titulus*, title.] To denominate: ખિતાબ આપવો;નામ-અભિધાન-સંજ્ઞા આપવી.2.To give a claim to:હક-અધિકાર-અખત્યાર આપવો.3.To ascribe: આરોપવું;ઠેરવવું.

Entity,(એન્ટિટિ)*n.* [L. *ens*; *entis*; thing.]A real being;essence;existance:અસ્તિત્વ;વસ્તુ; હયાતિ. *An e.*:વસ્તુ.

Entomb,(એન્ટૂમ્)*vt.*To bury: ઘોરમાં મુકવું;દાટવું;દફન કરવું;ગાડવું;દફનાવવું.

Entomology,(એન્ટોમૉલોજી)*n.*[Gr. *entomon*,an insect.] The science of insects:જીવડાંની વિદ્યા; જીવજંતુવર્ણનશાસ્ત્ર.

Entrails,(એન્ટ્રેલ્સ્)*n.*[L.*intralia* intestines.] Bowels;the guts: આંતરડાં.2 The internal parts:અંદરના ભાગ;અંતર્ભાગ.

Entrance,(એન્ટ્રન્સ્)*n.* [L.*nitro*, I go in.] The act of entering or going in:પ્રવેશ.2.Permission or power to enter: પરવાનગી;જવા આવવાની રજા. 4 The door; gate passage:દરવાજો;માર્ગ;વાટ;દરવાજો;દ્વાર. 4.The commencement;initiation:શરૂઆત;પ્રારંભ; આરંભ; મંડાણ. *vt.*To put into a trance: મૂર્છામાં નાખવું;બેભાન કરવું; બેશુદ્ધિમાં નાંખવું. 2. To put into an ecstasy; to enrapture:અતિશય આનંદ પમાડવો; મોહિત કરી દેવું;અતિ હર્ષિત કરવું.

Entrap, (એન્ટ્રૅપ્)*vt.* To insnare; to tangle : ફાસામાં પકડવું-નાંખવું; સપડાવવું;પેચમાં લેવું.

Entreat,(એન્ટ્રીટ્)*vt.*To beseech; to importune:વિનંતિ-અરજ કરવી;કરગરવું;કાલાવાલા-આજીજી કરવી.2 To pursuade by entreaty : વિનંતિ કરીને સમજાવવું.*vi.*To make an earnest petition or request : ઉત્સુકતાથી વિનંતિ કરવી;પળશી કરવી. *n.* Entreaty: કાલાવાલા;વિનંતિ.

Entreaty,(એન્ટ્રીટિ) *n.* Reception;entertainment:આગતાસ્વાગતા;પરોણાચાકરી. 2. Urgent prayer;pressing solicitation: આગ્રહપૂર્વક પ્રાર્થના-વિનંતિ;આજીજી;કાલાવાલા;પળશી.

Entrust,(એન્ટ્રસ્ટ્)*vt.*To confide to the care of: સોંપવું; સ્વાધીનમાં રાખવું-મુકવું;-ને ભરોસે મુકવું-રાખવું.

Entree, (આન્ટ્રે) *n.* Freedom of access:આવવા જવાનો હક-છૂટ.

Entrepot,(અંત્રેપો) *n.* A store house;a bonded warehouse: વખાર. 2. A sea port through which exports and imports passed: વેપારનું મથક; જ્યાં પરદેશથી માલ આવતો હોય અને બીજે માલ પરદેશ ખાતે ચઢતો હોય એવું બંદર.

Entry,(એન્ટ્રિ) *n.* (*a*) Entrance; ingress:દરવાજો;આવવા જવાનો રસ્તો; દ્વાર;માર્ગ.(*b*)Beginning:પ્રારંભ;પ્રવેશ;શરૂઆત.2. The act of making a record: દફ્તરમાં નોંધવાનું કામ;બારણીથી 3.A vestibule:પરસાળ;ચાલ; ગલી.4.One of the acts essential to complete the offence of burglary and housebreaking:ઘરપ્રવેશ.

Entwine,(એન્ટવાઇન્)*vt.*To twist together:to entangle : વિટાળવું; લપેટવું; વળ દેવો; ગૂંથવું. *vt* To become twisted:વળવું;લપેટાવું;વિંટલાવું

Enucleate,.(ઇન્યૂક્લીએટ)*vt.* [L.*e*, out and *nucleus*, kernel] To uncover:સાફ કરવું;છોલવું.2. To cloar: સ્પષ્ટ-ઉઘાડું કરવું;અજવાળામાં લાવવું.

Enumerate,(ઇન્યૂમેરેટ્) *vt.*[L.*e*. out and *numerus*, number.]To reckon;to recapitulate: ગણવું;ગણત્રી કરવી;ગણીને કહેવું;સુમાર કાઢવો.

Enumeration. (ઇન્યૂમેરેશન્) *n.* Reckoning;counting;computation: ગણત્રી;ગણના;સુમાર.2. A detailed account: વિગતવાર હિસાબ.

Enumerative, (ઇન્યૂમરેટિવ્) *a.* Counting one by one:ગણત્રી કરવું.

Enunciate, (ઇનન્શિએટ્)*vt.*[L*e*, & *nuncio*,I tell.] To proclaim; to declare બોલવું; જાહેર કરવું;પ્રકટ-પ્રસિદ્ધ કરવું;કહી દેખાડવું 2. To pronounce : શુદ્ધ ઉચ્ચાર કરવો; શુદ્ધ-સ્પષ્ટપણે બોલવું.

Enunciation, (ઇનન્શિએશન્) *n.* Open attestation; declaration: બોલવું તે;ઉચ્ચારણ.2. Mode of full and distinct utterance:સ્પષ્ટ ઉચ્ચાર;સ્પષ્ટોચ્ચારણ.3.Statement; announcement: પ્રસિદ્ધિ;પ્રસિદ્ધિકરણ. 4. (*Geom*) The words in which a proposition is expressed:પ્રતિજ્ઞા

Enuresis,(એન્યૂરીસિસ્) *n.* [Gr. *ouron*,urine.] An involuntary discharge of urine: ગફલતીમાં-બેકાબુથી પેશાબ થઇ જવાનો રોગ.

Envelop,(એન્વેલૉપ્)*vt* [L.*volvo*, I roll.]To surround entirely; to wrap up:લપેટી-બીડી દેવું;ઘેરી લેવું.2. To overlay: વેષ્ટન કરવું; આવરણ કરવું; લપેટવું;ઢાંકવું.

Envelope,(એન્વેલૉપ્)*n.* A wrapper;a cover: બીડો;પરબીડિયું;વેષ્ટન; ઢાંકણ;આવરણ;આચ્છાદન; ગલેફ. 2. A mound of earth:માટી-કચરાનો ઢગલો.

Envelopment.(એન્વેલૉપમેન્ટ્) *n.* The act of wrapping : ઢાંકણ કરવાનું કામ.2.An envelope:ઢાંકણ.

Envenom, (એન્વેનોમ્) *vt.* To poison; to taint with venom: ઝેર ઘાલવું;ઝેરી-ઝેરદાર કરવું; ઝેર આપવું-દેવું;-માં ઝેર કરાવવું. 2. To taint with malice: વેરભાવ-અદાવતવાળું કરવું.3. To enrage:ગુસ્સે કરવું. 4. To render hateful:દુશ્મન જેવું-અંટસવાળું કરવું.

Enviable,(એન્વિઅબલ્)*a.* Fitted to excite envy;desirable: ઇર્ષ્યાવાળું ; થવું ઇચ્છવા લાયક; સ્પૃહણીય; સ્પૃહ્ય;ઇર્ષ્યાપાત્ર;કામ્ય.

Enviably,(એન્વિઅબ્લિ *adv.* In an enviable manner: અદેખાઈથી.

Fail,(ફેલ્)*vi.*(L.*fallo,*I deceive.) To become deficient;to be wanting;to be lacking:ખુટી જું; ઓછું થવું;ઘટી પડવું-જવું; સુકાઇ જવું.2. *To* be affected with want;to come short:ઘટવું; નહિ હોવું;ખુટી જવું. 3. *To* decay:ઘટી જવું;ઓછું થઈ જવું; નાશ થવો 4. *To* become weak; (as a patient): અશક્ત-નબળું થવું જવું;ક્ષીણ થઈ જવું; લેવાઇ જવું.5. *To* be extinct;to die;to perish:વિનાશ થવો;જતું રહેવું.6.*To* be deficient in duty;to miss;not to fulfil expectation:ભૂલવું; કર્યાવગર રહેવું;-માં ચૂક-વાંક-દોષ હોવો.7.To be baffled,or frustrated:ફોકટ જવું; પાણીમાં જવું;નિષ્ફળ-વ્યર્થ જવું;ચૂકવું. 8. To err in judgment;to be mistaken:ભૂલ થાપ ખાવી;ચૂકવું. 9. *To* become bankrupt:ખુટવું;પાર પડવું; દેવાળું કાઢવું.*vt.*To desert;to disappoint:છોડી દેવું;રહી જવું;ત્યાગ કરવો; તજી દેવું;નિરાશ કરવો.2.To miss of attaining;to lose:ચૂકવું;ખોવું;નિષ્ફળ જવું.*n.*Failure;fault:તોટો;ખોટ;દોષ. *Without f.,*unfailingly:અચૂક;અવશ્ય

Failing(ફેલિંગ્)*n.*Deficiency;imperfection:ખોટ;ક્ષીણતા;ભૂલ; ખામી. 2.The act of becoming insolvent:દેવાદાર થવું તે.

Failure,(ફેલ્યૂર્)*n.*Failing;deficiency: તોટો; ખોટ; સુકાઇ જવું તે. 2. Omission:તોડવું;નહી પાળવું તે. 3. Want of success:હાર; પરાજય;નિષ્ફળતા.4.Decay; deterioration: નાશ;ક્ષય.5 Bankruptcy:દેવાળું. 6. A slight fault:વાંક;ગુન્હો;ચૂક.

Fain,(ફેન્)*a.* Glad;well-pleased; fond:ખુશ,રાજી;આનંદી.2.Satisfied; contented:સંતુષ્ટ;ધરાયલું.*adv.* Gladly;with joy:ખુશીથી;મઝેથી.

Faint,(ફેન્ટ્)*a.*[L.*fingo,* I feign.] Weak;languid:નરમ;કમજોર;કમકૌવત; મંદ;સુસ્ત;બેશુધ થવા જેવું.2. Lacking distinctness;not bright or forcible:ઝાખું;ફિક્કુ; અસ્પષ્ટ; ખોખરું. 3. Cowardly;dejected:પોચું; બીકણ; બાયલું; રાંક. 4. Performed in a weak manner;slight:અપૂર્ણ;ચોકું; હલકું;જુજ.F. *echo:* ભણકારો. *n.* Swoon: ચકરી-તન્મય; મૂર્છા. *vi.* To grow feeble;to swoon:નબળું-અશક્ત થઇ જવું;ઝોબાઇ જવું. 2. To sink into dejection:હિંમત છોડી દેવી; નિરાશ થવું.3.To vanish:જતું રહેવું; અંતર્ધાન-અદૃશ્ય થઇ જવું.

Faint-hearted(ફેન્ટ્હાર્ટેડ્)*a*Wanting in courage;cowardly;dejected:બાયલું;બીકણ;પોચા હૈયાનું.

Fainting,(ફેન્ટિંગ્)*n.*Syncope or loss of consciousness owing to a sudden arrest of the blood supply to the brain:બેભાનપણું;મૂર્છા.

Faintness,(ફેન્ટનેસ્)*n.*The state of being faint: મૂર્છા; બેભાનપણું. 2.Want of vigour:નબળાઇ;કમજોર; કમકૌવત 3.Feebleness: નિરતેજપણું; ઝાંખ.4.Timorousness;dejection: બીકણપણું;બાયલાપણું;નામર્દાંઇ.

Fair,(ફેર્)*a.*Clear;spotless: ડાઘા વગરનું;ચોખ્ખું;ગોરૂં; ઉજળું;ગૌરવર્ણનું; ગૌર.2.Beautiful:સુંદર;રૂપાળું; રળી-

આમળું;દેખાવડું;કુટડું.3.Free from a dark hue;clear:ગોરું;ઉજળું;સ્વચ્છ. 4. Cloudless:વાદળા વગરનું;ખુલ્લું;નિર્મળ;રળિયામણું.5.Favorable: પૂરનું; અનુકૂળ.6.Free from obstacles; open;direct:હરકત વગરનું ખુલ્લું; સિધું.7.Honest; open; upright: frank:પ્રમાણિક;નેક;ખુલ્લા દિલનું;અદલ; નેક;વ્યાજબી.8.Pleasing; favourable:આનંદી; હિતાવહ; આશા દેતું 9. Legible;distinct(hand writing): સાફ;ચોખ્ખા.10.Untarnished;middling;average:મધ્યમ પંક્તિનો; સામાન્ય; ઠીકાઠીક.*To stand f. to*:ને આશા હોવી;સંભવવું;દેખાવું. *To have a f. view*:ખુલ્લું જોઈ શકવું. **F.***death*: મોતે મરવું તે.**F.***one*,a beauty:રૂપવતિ; સુંદરી;રંભા.**F.***play*, justice: અદલ ઇનસાફ;ન્યાયપક્ષ. *The* **f***sex*, the female sex: સ્ત્રીજાતિ;સ્ત્રીયો. *adv.* (*a*)Clearly;openly;frankly: ચોખ્ખી રીતે;સ્પષ્ટ.(*b*)Civilly;honestly: સભ્યતાથી; પ્રમાણિકપણે **F.** *and square*,justly;honestly: પ્રમાણિક પણે;ન્યાયપક્ષે;અદલરીતિએ.*n.* A fair woman;a sweetheart: સુંદર સ્ત્રી; સુંદરી;પ્રમદા;પ્રિયા 2. Good fortune;good luck:ઉદય;સંપત્તિ *The* **f.**, anything beautiful;women collectively: સુંદર વસ્તુ; સુંદરી; પરી; સ્ત્રીજાત.*To be in a* **fair** *way to*; આશા હોવી;સંભવવું. *n.* [L. *feria*, holidays.]A gathering of buyers or sellers,assembled at a particular place with their merchandise:મેળો;જત્રા. 2. A festival and sale of fancy articles &c., usually for charitable purposes: પ્રદર્શન;સંગ્રહસ્થાન;તમાસો; હાટ.*After the* **f.**,too late: પણજ એડું.

Fairly(ફેર્લિ)*adv.*Honestly;frankly:પ્રમાણિકપણે2. Softly; quietly: શાંતપણે;આસ્તે. 3. Favorably; auspiciously:યોગ્ય રીતે;ઠેકાણે તેમ. 4.Plainly;clearly;fully; distinctly:ખુલ્લી-સાફ-સ્પષ્ટ રીતે.

Fair-minded,(ફેર્‌માઇન્‌ડેડ)*a.*Just; judicial;honest:પ્રમાણિક; ઇન્સાફી; ન્યાયપક્ષી.

Fairness(ફેર્નેસ્)*n.*Honesty;agreeableness;distinctness:પ્રમાણિકપણું અનુકૂળતા;સ્વચ્છતા.

Fair-spoken,(ફેર્‌સ્પોકન્)*a.*Courteous; civil: મીઠું બોલનાર; સભ્ય; સ્પષ્ટવક્તા.

Fair-weather(ફેર્ વેધર્)*a.*Made in pleasant weather or under avourable circumstances:અનુકૂળ ઋતુ-હવામાં કે અનુકૂળ સંજોગોમાં કરાયેલું-થયેલું.2. Appearing only in prosperous circumstances:સુખ કે આબાદીના વખતમાંજ જણાતું.*A f. sailor*:બીન અનુભવી-કાચો ખલાસી-વહાણવટી. **F.** *friend*: સુખનો સોબતી;લીલાવનનો સુડો.

Fair-world,(ફેર્-વર્લ્ડ્)*n.*State of prosperity:સુખસંપત્તિ.

Fairy,(ફેરિ) *n.* An imaginary supernatural being;a fay: વનદેવતા;અપ્સરા;પરી; શાકિણ; રાક્ષસી. 2. An enchantress: મોહજાળમાં નાખે એવી સ્ત્રી.*a.*Of or pertaining to fairies: પરીનું-સંબંધિ. 2. Given by fairies:પરીનું આપેલું;પરીદત્ત.

Faith,(ફેથ્)*n.*[L.*fido*, I trust.] Belief;reliance on testimony: ભરોસો; આકીન; વિશ્વાસ; શ્રદ્ધા; ભાવ; પ્રતબાર2.A system of religious belief of any kind:ધર્મ;પંથ;મત; સંપ્રદાય. 3. Fidelity to one's promises;loyalty:પ્રમાણિકપણું; વફાદારી;સાચવટ4. Promise given; word pledged:વચન;કોલ**F.** *cure*, ઇશ્વર ભક્તિ અને તેના ઉપર આસ્થા રાખી દરદ મટાડવાની રીતિ. *In good f.*,with perfect sincerity: પ્રમાણિકપણે;ચોખ્ખા દીલથી; ખરા ભાવથી; શુદ્ધબુદ્ધિથી. *Interj.* In truth; verily:ખરા ભરોસાથી;ખાત્રી-પૂર્વક.

Faith-breach,(ફેથ્‌બ્રીચ્)*n.*Disloyalty;perfidy:વિશ્વાસઘાત.

Faithful, (ફેથ્‌ફુલ્) *a.* Trusty; honest:વિશ્વાસુ; આસ્તિક; પ્રમાણિક. 2.Loyal:વફાદાર;નિમકહલાલ; ઇમાનદાર.3.Exact; worthy of belief: સાચું;વિશ્વાસ રાખવા યોગ્ય 4. Observant of compacts;true to one's words:વચની; સત્યવાદી; એકવચની;વટવાળું;સત્યવાદી.5. Sincere: નિમકહલાલ;ઇમાની;*as*,*a*,*f*,*wife*: પતિવ્રતા સ્ત્રી **F.** *husband*: એકપત્ની વ્રત પાળનાર પુરૂષ.

Faithfulness, (ફેથ્‌ફુલ્‌નેસ્) *n.* Truth;loyalty:ઇમાન;વફાદારી;વચન.

Faithless,(ફેથ્‌લેસ્)*a.* Not believing:અવિશ્વાસી;નાસ્તિક; ન માનનાર.2. Disloyal: બેઇમાન;દગાખોર; દગલબાજ;બે વચની;બેવફા. 3. Perfidious;inconstant: બેઇમાન; અપતિ-પત્નીવ્રતવાળું; વ્યભિચારી; દગાખોર. 4.Delusive:ભ્રમમાં નાખે એવું; ખોટું દેખાતું.

Faitour,(ફેટૂર્) *n.* [L. *facio*, I make.]A doer or actor;hence,an evil doer:ભુંડું કરનાર;બોટું કરનાર.

Fake,(ફેક્)*n.* A single turn or coil: (દોરડાની) ગુંચળાની એક આંટી. *vt.*To Cheat;to swindle;to rob: ઠગવું;ધૂતવું;ફરેબ દઇ લૂંટી લેવું. 2. To make;to construct: બનાવવું; રચવું;કરવું.

Falcated,(ફૅલ્‌કેટેડ્)*a.*[L.*falx*,*a.* sickle.] Bent like sickle:દાતરડા જેવું વાંકું વળેલું.

Falchion,(ફૉલ્‌ચન્)*n.*[L. *falx*, a sickle.] A broad sword with a slightly curved point: કુંકી ને વાંકી તલવાર;ચમશેર.

Falcon, (ફૉકન્)*n.* [L. *falx*,a sicle.] A hawk: બાજ; શકરો. 2. An ancient form of cannon: અસલની બંદુક;નાની તોપ.

Falconer,(ફૉકનર્) *n.* One who follows the sport of fowling with hawks: બાજ પક્ષીથી શિકાર કરનાર શિકારી.

Faldstool,(ફૉલ્‌ડ્‌સ્ટૂલ્)*n.* A folding stool:પાદરીની ખુરશી;નાનો બાજઠ

Fall,(ફૉલ્)*vi.imp* **fell**,*pp.***fallen**, [L.*fallo*, I deceive.] To descend;to drop;to sink:ખરવું; નીચે પડવું2.To become prostrate; to drop:ઢળી પડવું;પડી જવું-3.*To* empty: -નો સંગમ થવો;ખાલી કે;મળવું.4. To die by violence:પડવું;માર્યા જવું. 5.To die away; to subside:બંધ પડવું;કપાઇ મરવું; નરમ પડવું;પડી જવું. 6.To issue forth into life:જણવું; અવતરવું. 7. To decrease; to be diminished in weight, size value or intensity: ઉતરી જવું;ગ્રમવું 8· To decline in power wealth &c;to become less:પડતી હાલતમાં આવવું;મંદ પડવું. 9. To be destroyed:પાયમાલ થવું; પડવું;દુર્દશા થવી.10. To be worse off than before:પ્રથમના કરતાં અધમ સ્થિતિમા આવવું 11. To assume a look of shame or disappointment: ભોંઠા પડવું;ખીસિયાણા પડવું; હેવાઇ જવું.12. To sink; to languish: નરમ-દીલા થવું;નરમ પડી જવું; શિથિલ થઇ જવું.13.To become: થવું; પડવું. 14.*To* happen;to come to;pass; to terminate:બનવું; પડવું; થવું;-નો છેડો-અંત આવવો.15.To come; to arrive:આવવું. 16. To pass by chance,lot or inheritance:મળવું;-ને પ્રાપ્ત થવું;વારસાતરીકે ઉતરવું;-ના હાથમાં જવું.17. To belong or appertain:-ને માથે આવવું;-નું હોવું.18.To be dropped or uttered carelessly:-માંથી નિકળી જવું;ઉચ્ચાર થઇ જવો. *To f.aboard of*,to strike agai-

not:સામે અથડાવું. *To f. among*: વચમાં આવવું;અનાયાસે આવવું. *To f. astern*,પાછા હઠવું *To f. away*, (*a*) to lose flesh:ઘરવું;કરમાઈ જવું;સુકાઈ જવું;વેવાઇ-તવાઇ જવું.(*b*) To desert allegiance:ફનાખોર થવું;સામા હઠવું-થવું;બંડ મચાવવું (*c*) To renounce the faith: ધર્મભ્રષ્ટ-પતિત થવું. (*d*) To perish;to be lost:માં મળી જવું; નાશ થવું (*e*)To fade: ઉડી જવું; જતાં રહેવું. *To f. back*.(*a*) to give way: પાછા હઠવું; પાછાં પગલાં ભરવાં; વેરાઇ જવું.(*b*)Not to fulfil: ચુકવું; તોડવું; ભંગ કરવું;ન પાળવું. *To f. down*, (*a*) to prostrate one's self in worship:લાંબા થઇ પગે લાગવું;સાષ્ટાંગ કરવું; નમવું. (*b*) To sail towards the mouth of a river:નદીના મુખ તરફ હંકારવું. *To f foul of*,to assault:હુમલો કરવો. *To f. from*, to depart: જૂદા પડવું; તોડવું;-નો ભંગ કરવો. *To f. in*,(*a*)to sink inwards:બેસી જવું; ધસીપડવું;ઘળીજવું.(*b*) To terminate:છેવટ-અંત આવવો;સમાપ્ત-સંપૂર્ણ થવું-નીપૂર્ણાહુતિથવી.To f. *in with*,(*a*) to meet with accidentally:અનાયાસે અચાનક મળવું-ભેગા થવું.(*b*)To concur with: ને મળતા આવવું;-ને પસંદ પડવું-અનુકૂળ હોવું.(*c*)To comply;to yield to:કબુલ કરવું;માન્યકરવું; સંમત થવું;તાબે થવું.*To* **fall** *off*, (*a*)to separate: જૂદા પડવું; ત્યજી દેવું; છોડીને જતા રહેવું. (*b*) To perish:નાશ થવો;ધસાઇ જવું;-નો લોપ થઇજવો; નાબુદ થવું. (*c*) To forsake: તજી દેવું; ધર્મ-મતસન્માર્ગ છોડવો. (*d*) To drop: ખરી પડવું.(*e*)To become less valuable or interesting: રસ-મજા ઘટી જવી;-માં દમ નહિ રહેવો;બગડી જવું. *To* **f.on**,(*a*) to meet with: પર આવી પડવું;મળવું.(*b*)To begin suddenly: એકદમ આર ભ-પ્રારંભ કરવો; મંડવું. (*c*) To assail; to assault: હુમલો કરવો; ધસારો કરવો. To **fall** *out*, (*a*) to quarrel:કજીયો કરવો.(*b*) To happen; to befall:થવું;બનવું;આવી પડવું. *To* **fall** *over*, to revolt: બળવો કરવો; સામા થવું; સામા પક્ષમાં જવું. To **f.** *short*,to be deficient: ખૂટી પડવું; ખાલી થવું;ઘટવું;ખોવાવું.*To* **f.***through*, to fail: નિષ્ફળ-વ્યર્થ જવું; પકી લાગવું; સફ જવું.*To* **f.** *under*, (*a*) to be subjected to.: બીજાના તાબામાં આવવું.(*b*)To come under: માં સમાવેશ થવો. *To* **f.** *upon*, to attack: હુમલો કરવો.(*b*)To attempt to have recourse to: પ્રયાસ કરવો;-નો માર્ગ પકડવો. *To fall asleep*: ઉંઘી જવું. *To* **f.** *sick*: માંદા પડવું *To* **F.** *into a rage*:ગુસ્સે થઈ જવું *vt*. To let fall:પડવા દેવું. 2. To sink; to depress: દબાવી દેવું; નીચું પડવું. 3. To diminish:ઓછું થવું.4. To cut down: કાપી નાખવું. *n*. Descent: ઉતરવું તે;પતન; પાત. 2. The act of dropping:પડવું તે.3.Death; destruction:મોત;નાશ;પાયમાલી;ખરાબી.4.Downfall: પદભ્રષ્ટતા; માનભંગ; પડતી;ખરાબી;નાશ b. Decrease of price:ઘટ;ઉતર;મંદી.6. Decline of sound: નીચુ કરવું તે; ઉતારવું તે. 7. Declivity: ઢોળાવ. 8. Cataract: ધોધવો; ધોધ; પ્રપાત. 9. Autumn: પાનખરઋતુ.10.The first apostacy: આદમનું પાપમાં પડવું તે;પતન.11. Extent of descent: પડવાની ઉંચાઇ. 12. A falling: ઝાપટું; વૃષ્ટિ.

Fallacious,(ફૅલ્લેશસ્)*a*.Fitted to deceive; misleading: ભૂલથાપમાં નાંખે એવું; ફરેબ દેનારું; ન્યાયશાસ્ત્રના નિયમથી ઉલટું;ભ્રાંતિજનક.

Fallacy,(ફૅલ્લેસિ)*n*. [L. *fallacia*, deceit.]False appearance; deception:ભૂલથાપ;ભ્રમણા.2. A sophism:આભાસ; ભ્રમ; ખોટું પ્રમાણ; હેત્વાભાસ.

Fallen(ફૉલન્)*a*.Dropped;degraded;ruined:પતિત; ભ્રષ્ટ;પડેલું; ઉતરેલું.

Fallible,(ફૅલિબ્લ્)*a*.Liable to err deceive or be deceived:ભૂલ કરે એવું-કરવાને પાત્ર-લાયક.

Fallibility,(ફૅલિબિલિટિ)*n*.Liableness to deceive: ભુલમાં પડી શકવું તે;ભ્રાન્તિ.

Falling-sickness(ફૉલિંગ સિકનેસ્) *n*.The epilepsy: ફેફરૂ; વાઇ.

Fallingstar,(ફૉલિંગસ્ટાર)Shooting star:ખરતો તારો.

Fallow, (ફૅલો)*a*. Uncultivated; neglected:ખેડયા વિનાનું; પડતર. 2. Pale red or pale yellow: ઝાંખા રાતા-પીળા રંગનું. *n*. Ploughing of land without sowing it for a season: મોસમને માટે વાવેતર કર્યા વગર જમીનનું કરેલું ખેડાણ; વારોલ;સાખુ રાખેલી જમીન. *vi*. To fade; to become yellow:ઝાંખા-પીળા રંગનું થવું.*vt*. To plough harrow, and break up land: વાવ્યા વગર જમિનમાં હળ ફાંતાળો વિ૦ ફેરવવું અને ઢેપાં ભાગવાં;વાવ્યાવગર જમિનને ખેડી મુકવી.

False,(ફૉલ્સ્)*a*. [L *fallo*, I deceive.] Dishonest: ખોટું; જુઠું; પાયા વગરનું. 2. Perfidious; not faithful: નિમકહરામ; દગાખોર. 3. Not true: અસત્ય; મિથ્યા. 4. Not trustworthy: ભરોસો રાખવા લાયક નહિ. 5.Not original or real: અસલ નહિ; કૃત્રિમ; નકલી. 6. Not in tune:રાગમાં નહી એવું **F.** *weights*: ઓછાં કાટલાં. **F.** *claim*: પાયા વગરનો દાવો. **F.** *hair*:ખોટા વાળ.**F.***pearls*: બનાવટી મોતી. **F.** *modesty*:જરૂર વગરનો-ઢોંગ ભરેલો વિનય. *vt*. To deceive:ઠગવું; છેતરવું. 2. To defeat; to evade: હરાવવુ ; તજવું.

Falsehood, (ફૉલ્સ્હુડ્) *n*.Error; misrepresentation: ભૂલ;ભૂલથાપ; ચૂક 2.A departure from moral integrity;a lie:જૂઠ;ધુર્તાઇ;લબાડી;જૂઠાણું.3.Treachery;deceit: દગો;કપટ; છેતરપંડી. 4. A false appearance;an imposture:ઢોંગ;ખોટો દેખાવ;ડોળ.

Falsely,(ફૉલ્સ્લિ)*adv*. Deceitfully:ગેરવાજબી રીતે;કપટથી.

Falsetto,(ફૉલ્સેટૉ)*n*. [L. *fallo*, I deceive.] A false or artificial voice: ખોટો-કૃત્રિમ અવાજ.

False-heart or hearted,(ફૉલ્સ્હાર્ટેડ્) *a*. Treacherous; perfidious: દગાખોર;બેવચની;બેઇમાની.

Falseness,(ફૉલ્સ્નેસ્)*n*.Unfaithfulness; treachery; કપટ; બેવફાઇ બેઇમાની;લબાડી.

Falsification,(ફૉલ્સિફિકેશન્) *n*. A counterfeiting: ખોટું કરવું તે-પાડવું તે;બનાવટ. 2. Confutation; disproof:સાબિત નહી થવું તે.

Falsifier,(ફૉલ્સિફાઇઅર્)*n*.A liar: સાચી વાતને ખોટી કરનાર; લબાડ.

Falsify,(ફૉલ્સિફાઈ)*vt*.[L. *fallo*,I deceive.] To make false: ખોટું-કૃત્રિમ કરવું.2.To disprove;to prove to be false: ખોટું પાડવું; ખોટું છે એમ સિદ્ધ કરી આપવું.3. To violate (one's word): તોડવું, ખોટું પાડવું. 4.To baffle or escape: નિરાશ કરવું; પાછું હઠાવવું;હરાવવું;ઠગાવવું. 5. To avoid;to defeat:તજવું;દૂર કરવું;હરાવવું.6.To tamper with: બગાડીનેઅંદર કંઇ ઉમેરો કરીને ખોટું બનાવવું કરવું;બગાડવું.7.To counterfeit;to forge: ખોટું-જુઠું-કૃત્રિમ-તરકટી બનાવવું.*vi*.To tell lies:અસત્ય બોલવું.

Falsism,(ફૉલ્સિઝમ્)*n*.That which is evidently false:જુઠાણું.

Falsity,(ફૉલ્સિટિ)*n*.The quality of being false: ખોટાપણું.2.Falsehood;lie:જુઠાણું;અસત્ય;લબાડી.

Falter,(ફૉલ્ટર્)*vi*.[L.*fallo*,I deceive] To hesitate; to fail; to stammer: તોતડું બોલવુ -લથડવુ ;થડકવું. 2.To tremble;to totter:ડો-

લવું;ખુજવું;લથડવું.3.To fail in regularity of exercise:નિયમિત વ્યાયામ કરતાં ચૂકવું 4. To hesitate in purpose or action:ડામાડોળ સ્થિતિમાં હોવું; અસ્થિર બનવું;ડોકાણા વગરનું હોવું.*vt.* To utter in a broken & weak trembling manner: લથડતા લથડતા-તોતડું બોબડું બોલવું. *n.* Feebleness;an uncertain or broken sound: લથડતો તતપપ થઇ જતો અવાજ.

Famble,(ફૅમ્બલ્)*vi.*To stammer: ભાષણમાં અચકાવું;બોલતાં અચકાવું.*n.* A hand:હાથ.

Fame,(ફેમ્)*n.*[L. *fama*, fame.] Public report or rumour:અફવા; વાત;લોકવાયકા.2.Renown:કીર્તિ; પ્રસિદ્ધિ;નામના;નામાંકિતપણું.*vt.* To report widely or honourably:નામના પામવા.2.To make famous:પ્રખ્યાત કરવું

Famed,(ફેમ્ડ)*a.* Famous:પ્રસિદ્ધ; નામાંકિત;પ્રખ્યાત; પંકાએલું; નામીચું

Familiar,(ફૅમિલિઅર)*a.*[L. *familia*,family.]Domestic: ઘરનું; ખાનગી.2.Well versed in:નિપુણ; પ્રવિણ;વાકેફ; જાણ. 3. Well-known: જાણીતું; ઘણા પરિચયવાળું; પરિચિત. 4.Free;unconstrained:હળી ગએલું;છૂટ લેનારું; બરોબારવાળું; વિધિ-વિવેક-વિનય ન પાળનારું. F. *spirit*: બોલાવતાંની સાથે હાજર થનાર ભૂત. *n.* An intimte close companion: જીવન દોસ્તદાર;પરમપ્રિયમિત્ર.

Familiarity,(ફૅમિલિઅરિટિ)*n.*Intimacy:ઘરોબો.2 Freedom from ceremony: હળીમળીને વહેવાર રાખવો તે.3.Unconstrained intercourse:કંઇપણ મલાજો કે વિવેક રાખ્યા વગરનો સંબંધ-પરિચય-વ્યવહાર. 2. (*Pl.*)Liberties:છૂટ-મનક-મરકરી.

Familiarise,(ફૅમિલિઅરાઇઝ્)*vt.*To accustom;to make well-known by practice: માહિતી આપવી;જાણીતા કરવું.2.To make easy by customary use:ને મહાવરા-અભ્યાસથી સહેલું થવું-કરવું.

Familiarly,(ફૅમિલિઅર્લિ)*adv.*Unceremoniously: વિનય-વિવેક વગર; છૂટથી;પરિચયથી; બરોબારી.

Family,(ફૅમિલિ)*n.* [L. *familia*, family.]A household: કુટુંબ; ઘર; ખટલો;પરિવાર; કબીલો; વરબાર. 2. A tribe or race; lineage: વંશ; કુળ; ઓલાદ.3.Genealogy: વંશાવળી; વંશ. 4. Honorable descent: ઉંચુ કુળ;ખાનદાની;કુલીનતા.5. An order or class more comprehensive than a genus:વર્ગ;જાત.6.A group of closely related individuals; સમૂહ;સમુદાય;શાખા. *A f. man*, a man with wife & children: બચ્ચરવાલ માણસ; ગૃહસ્થાશ્રમી પુરૂષ; કચાંપચાંવાળો.*In a f way*, ધરોબાથી,શરમાયા-સંકોચ વગર. *In the f. way*,pregnant: સગર્ભા;ગર્ભવંતી;હમેલદાર-વાળી.F.*priest*:કુળગોર.

Famine, (ફૅમિન્) *n.* [L. *fames*, hunger.]Scarcity of food:દુકાળ; અભાવ;અછત;મોંઘવારી.

Famish,(ફેમિશ્)*vt.*To starve; to destroy with hunger:ભૂખે મારવું; લાંઘણ કરાવવી.2.To exhaust the strength of by hunger:ભુખતરસથી અશક્ત કરી નાંખવું. 3. To constrain by famine:દુકાળથી તાબે કરી લેવું. 4. To cause to suffer extremity by deprivation of anything: સપડાવવું; કપડામાં લઈને પીડવું.*vi.*To die of hunger:ભુખે મરવું

Famishment, (ફૅમિશમેન્ટ્) *n.* Extreme want of sustenance: ભુખમરો;અતિશય ભુખ;અન્ન ઢાંતને વેર.

Famosity,(ફૅમૉસિટિ)*n.*Renown: પ્રખ્યાતિ;ખ્યાતિ; કીર્તિ.

Famous,(ફેમસ્) *a.* [L. *fama*, a fame.]Renowned;celebated: પ્રખ્યાત;નામાંકિત;જાણીતો;વિખ્યાત;મશહુર.

Fan,(ફૅન્)*n.*[L. *vannus*,fan.]An instrument for producing air: પંખો; વીંજણો. 2. An instrument for winnowing grain:સુપડું. 3. Something in the form of a span, when spread: પંખાકાર-પંખા જેવી કંઈ પણ વસ્તુ. *vt.* To move as with a fan: પંખેવતી વા નાંખવો2.To blow on:પર વાવું. 3. To winnow:ઝાડકવું;ઝાડકવું;ઉપણવું. 4. To cool by moving the air with a fan:પંખાવતી વા નાંખી ઠંડું કરવું. 5. To stimulate: ઉશ્કેરણી કરવી;ચળી કરવી;દેવતામાં ઘી હોમવું.

Fanal,(ફૅનલ્)*n.*A light-house:દીવાદાંડી.

Fanatic,(ફનૅટિક્)*a.*Unreasonable; excessively enthusiastic on religious subjects:ધર્મોધ;ઝનુની;ધર્માગ્રહી.*n.*An excessively religious enthusiast:ધર્મોધ; અતિ ધર્માભિમાની પુરૂષ.

Fanatical,(ફનૅટિકૅલ્)*a.*[L.*fanum*, temple.]Excessively enthusiastic:ધર્માન્ધ;માંડા જેવા જોરશાવાળું; ઝનુની; જનૂની માણસ.

Fanaticism,(ફનૅટિસિઝમ્) *n.*Religious frenzy: ધર્માંધપણું; ધર્મનું ઝનુન

Fanciful,(ફૅન્સિફુલ્)*a.*Full of fancy;whimsical:લહેરી; મનમોજી; તરંગી;છંદી 2. Ideal; visionary: કલ્પિત;માનસિક;સ્વપ્નવત્ 3. Curiously shaped:તરેહવાર; વિચિત્ર; વિલક્ષણ;અવનવું.

Fancy,(ફૅન્સ)*n.* [Gr. *phaino*, I show.] Imagination: કલ્પના-તર્ક શક્તિ;ઉઠાવ.*Creation of* f.: માનસસૃષ્ટિ.*Play of* f.:બુદ્ધિવિલાસ.2.Conception:કલ્પના;ધારણા.3 Caprice; whim:તુરંગ;ખ્યાલ;કલ્પના;બુટ્ટો;.ફાંટો; છંદ;લહેર.4. Liking;inclination: મરજી;મન;ખ્યાલ; ચાહના; શોખ; ભાવ. *vt.* To imagine: કલ્પના કરવી; ઉઠાંગ બાંધવો;ધારવું;માનવું.2.To like; to be pleased with:-ને ગમવું; પસંદ પડવું.*vi.*To figure to one's self:-ખ્યાલ બાંધવો;કયાસ કરવો.*a.*Adopted to please the fancy or taste:સુંદર; ખૂબસુરત;સોહામણું;ભાતભાતનું. 2. Extravagant;above real value: વધુ જ કિંમતી;ભારે કિંમતનું F.*goods*: તરેહવાર રંગ અને નમુનાનું કાપડ, કોર, કીત વિ૦.

Fane(ફેન્)*n.*[L.*fanum*,a temple] A temple:દેરૂ;મંદિર;દેવાલય.

Fanfaronade, (ફૅન્ફરોનેડ્)*n.* Ostentation;bluster:ખોટો ભપકો; ડમાક;મગરૂબી;આડંબર.

Fang.(ફૅન્ગ્)*vt.*To seize with the teath; દાંતવતી પકડવું. *n.* A long pointed tooth:મોટો અણીવાળો દાંત, 2.A claw:પંજો.3.Any thing by which hold is taken:પકડ; સાંડસો. 4.The root of the tooth: દાંતની જડ-મૂળ.

Fangle, (ફૅન્ગલ્) *n.* Something new fashioned; ચાઈચાઇ;શોભીતી-દેખાવડી ચીજ.

Fangled,(ફૅન્ગલ્ડ્)*a.* Showy;decorated:ભપકાદાર;દેખાવડું;ઢોંગી.

Fanning-machine, Fanning-mill,(ફૅનિન્ગ્ મૅશિન્; ફૅનિન્ગ્મિલ્) *n.* A machine for separating seed from chaff;a fanner: સુપડું.

Fantastic (ફૅન્ટૅસ્ટિક્) *a.* Imaginary:તુરંગી;કલ્પિત.2. Capricious; અસ્થિર;લહેરી;ખ્યાલી;તરંગી.3.Irregular;wild:અવ્યવસ્થિત; તરેહવાર; વિચિત્ર;અવનવું; વિલક્ષણ. 6. Unreal: ખરૂં નહિ એવું ;માયારૂપ; કૃત્રિમ;ભ્રમણા જેવું.*n.*A fantastic person;a fop: છબછબીલો;લાલા;લાલજી મણીઆર.

Fanatasy,(ફૅન્ટસિ)*n* [*See fancy.*] *vt* To fancy:કલ્પના કરવી.

Fantom,(ફૅન્ટોમ)*n.*[L.*fantasma*. A ghost: ભૂત; પ્રેત;પિશાચ; પડછાયો.

Far,(ફાર્) *a* distant; remote: દૂર;આઘેનું 2. Remote from purpose: કદિ સ્વપ્નેને પણ ન આવે એવું 3.Remote in affection:ઉંચા મનનું;ચંચલ વૃત્તનું-વાળું 4. The more distant of two:(બેમાંથી)વધારે દૂર. By f., by much: ઘણુંજ; બહુ ૦. F. *between*,at long intervals: બહુ અંતરે;વચમાં લાંબો ગાળો પડયા પછી. F *from God*:ઇશ્વરને ન માનતું. *adv.* To a great extent or distance: બહુ;લાંબું;દૂર;આઘે.2.In great part: ઘણુંખરું;ઘણું.3.In a great proportion:ઘણે દરજ્જે;ઘણું વધારે. 4. To a certain point:અમુક હદ સૂધી. *As f.as it goes*:ચાલે ત્યાં સુધી;છે તેટલું તો *How f.*:ક્યાં સૂધી;કેટલું; *so f.*:એટલે તેટલે સુધી. *By far*: ઘણું-બહુ અતિ. *From f.*:દૂરથી-છેટેથી;આઘેથી. F. *off*. ઘણે દૂર. F.*other*:ઘણું જુદું.

Farce,(ફાર્સ્)*n* [L.*farcio*,I stuff,] Ridiculous or empty show: ધતિંગ;તુત. 2. A low style of comedy:હાસ્ય ઉત્પન કરે એવો નાટક આખરે થતો ખેલ;ફારસ;પ્રહસન.

Farce,(ફાર્સ્) *vi*. To stuff with forcemeat: ઠાસી ઠાસીને ભરવું 2 To render fat; જાડું ૫૦. 3. To render pompous:ભપકાદાર ૫૦.

Fare,(ફેર્)*vi*.To go; to travel: જવું;મુસાફરી ૫૦. 2. To be in any state good or bad: ચાલવું;સારી કે નઠારી હાલતમાં હોવું 3. To be entertained at table:જમવું;ખાવું;ભોજન ૫૦.4 To happen well or ill: વિતવું; નીવડે થવી;ગુજરવું. *n*. The price of passage: ભાડું; તુર. 2. Food:અન્ન; જમણ; ખોરાક. 3. Condition or state of things;experience:સમાચાર;અનુભવ.વ4.The person or persons conveyed in a vehicle:વાહનમાં માણસ અથવા માણસોનો જથો.

Farewell,(ફેર્વેલ્)*Interj*. Go well:good bye;adieu:સલામ! આવજો;જઇશું! કલ્યાણ થાઓ; રામરામ *n*.A wish of happiness:આશીર્વાદ.2.Act of departing; leave: ઓલી સલામ;નમસ્કાર.

Far-fetched, (ફાર્ફેચ્ટ્) *a*. Not naturally deduced;strained: તાણીખેંચીને લાવેલું-મેળવેલું2. Brought from far:ઘણે દૂરથી આણેલું.

Farina,(ફરાઇનૅ)*n* [L *far*,a sort of grain.]The flour of any species of corn:કોઈ પણ અનાજનો લોટ.2.The pollen:ફુલમાંનો ઝીણો ભૂકો;પરાગ;કાંજી.

Farinaceous,(ફેરાઇનેશસ્)*a*.Made of flour:આટા-લોટનું. 2. Yielding flour:જેનો લોટ થતો હોય તેવું. 4.Like meal:આટા-લોટના જેવું.

Farm,(ફાર્મ્)*n*.[L.*firmus*, firm.] The rent of land:જમિનની સાથ-ગણોતપટો-પોતું. 2. A leasehold: ગણોતપટાની મુદત 3. The land held under lease & by payment of rent, for the purpose of cultivation:ગણવત કરીને સાથે રાખેલી જમિન.4.Any tract of land devoted to agricultural purposes: ખેતર.5.A district leased out for the collection of government revenues:ઇજારો;કંટ્રાક;પટ્ટો .*vt*. To cultivate land:ખેડવું;જમિન ખેડવી. 2.To lease or let:ઇજારે આપવું;નો ઇજારો આપવો.3.To give up to another as an estate a business &c : ઇજારો આપવો. 4. To take at a certain rent or rate: અમુક ભાડા-દર પ્રમાણે લેવું. *vi* To till the soil:જમીન ખેડવી.

Farmer,(ફાર્મ્ર્)*n*.(*a*)A husbandman:ગણોતિયો;ખેડુત.(*b*) One who collects(taxes or customs)at a certain rate:ઇજારો રાખનાર; ઇજારદાર.(*c*)The lord of the field: જમિનદાર દેશાઇ. (*d*) Tenant: ભાડે રાખનાર.

Farming,(ફાર્મિન્ગ્)*n*.The business of cultivating land: ખેતી; કૃષિ;ખેડવાનું કામ; કૃષિકર્મ. *a*. Pertaining to agriculture: ખેતીવાડીને લગતું-સંબંધી.

Farmyard, (ફાર્મ્યાર્ડ્) *n*. The space inclosed by the farm buildings:ખેતરમાં મકાનની આસપાસની જગ્યા.

Farrago,(ફેરેગો)*n*.[*L.far*,a sort of grain]A medley:સેળભેળ; પંચરસ ખીચડો;પંચમેળ.

Farrand, (ફૅરરૅન્ડ્) *n*. Manner; custom:રિવાજ-ચાલ;રીતભાત;રસમ.

Farrier,(ફૅરિઅર્)*n*. [L *ferrum*, iron,]A shoer of horses: ઘોડાને નાળ જડનારો;નાળબંધ 2. One who professes to cure the diseases of horses;a veterinary surgeon: ઘોડાનો વૈદ્ય;અશ્વવૈદ્ય;શિલોતરી. *vi*. To practise as a farrier:વૈદું ૫૦;નાળબંધનો ધંધો ૫૦.

Farriey,(ફૅરિઅરિ)*n* The act of shoeing horses:નાળબંધી 2. The veterinary:ઘોડાનું વૈદું;અશ્વવૈદક.

Far seeing-sighted, (ફાર્-સીઇંગ્-સાઇટેડ્)*a*.Able to see to a great distance: લાંબે સૂધી જોઇ શકે એવું. 2.Having foresight as regards the future: દીર્ઘદ્રષ્ટિવાળું;દીર્ઘદર્શી; ઝીણું;અંદેશી.

Far-stretched, (ફાર્સ્ટ્રેચ્ડ્) *a*. Stretched beyond ordinary limit:હદ ઉપરાંત તણાયેલું.

Farther, (ફાર્ધર્) *a*. More remote:વધારે દૂર-છેટું 2.Additional; further:વધારાનું; બીજું *adv*. Beyond: વધારે 2. Moreover: વળી. *vi*. To promote; to hold forward:વધારવું;આગળ મદદ ૫૦.

Farthing,(ફાર્ધિંગ્)*n*.The fourth of a penny:બે પાઈનો સિક્કો.2.*Very* small price or value:કોડી; દમડી; દોકડો.3.A division ofland:જમિનનો ભાગ.

Farthingale, (ફાર્ધિંગ્ગેલ્) *n*. A hoop petticoat:ચુરો પીઅન સ્ત્રીને કમર ઢેઠળ રાખવાનો મગરના હાડકાનો પટો.

Fascicle,(ફૅસ્સિકલ્)*n*.[L.*fascis*,a bundle.] A small bundle or collection:ઝુમખું;જુડી;ગોઠડી. 2. A close cluster; ફુલનું ઝુમખું; જથો; ગોટો.

Fascinate,(ફૅસ્સિનેટ્)*vt*.[L. *fascino*,I bewitch] To bewitch; to enchant: મંતર મારવો; જાદુ ૫૦; ભોળવી નાંખવું.2.To charm;to captivate:મોહ પમાડવું;વશ ૫૦-નું ચિત્ત હરણ ૫૦;મોહની લગાડવી.

Fascination, (ફૅસ્સિનેશન્) *n*. Witchcraft:વશીકરણ;કામણ; મોહન. 2. Charm: નજરબંધો; નજર; જાદુ; મંતરમંતર.

Fashion,(ફૅશન્) *n*. [L. *facio*, I make.] The form of anything; workmanship:ઘાટ;ઢબ આકાર;ડોળ. 2 The prevailing mode:રીત; રિવાજ;રૂઢિ;લોકાચાર;સિરસ્તો; રવૈયો 3. Custom; manner: ચાલ; સિરસ્તો; રિવાજ.4.Good breeding;social position: વકર; ભરચોજ; કુલીનતા; તુજનતા;માનમરતબે 5. Genteel society: સભ્ય-સારા-ઉજળા લોક *After a f.*: કટલેક અંશે; થોડું ઘણું *vt*. To form;to mould:ઘડવું;બનાવવું કરવું. 2. To fit;to accommodate:નબાયકયોગ્ય ૫૦ 3 To forge:આકાર આપવો.

Fashionable,(ફૅશનૅબલ્)*a*. Made after the prevailing mode(dress) ચાલુ ઘાટ-તરેહનું; ઘાટદાર; ડોળદાર. 2 Current:ચાલુ;પ્રચલિત;પ્રચારમાં; લોકિક.3.Observant of the fashion (person:)મોહેલ્યા લોકમાં ચાલુ ઢબ-રીત પ્રમાણે પોશાક પહેરનાર ચાલનાર વર્તનાર;વરણાગીઢ;ટાપટીપીલુ.4.Gente-

el; well-bred:સભ્ય;વિનયી; વિવેકી.

Fast,(ફાસ્ટ્)*a.* Firmly fixed; immovable:અચળ;તદ્દન; સજ્જ; સખત; મજબુત 2 *Firm*;strong; impregnable:અજીત;ગહન;દૃઢ;સ્થિર;અચળ 3 Firm in adherence;faithful:વચની;વિશ્વાસુ; વફાદાર; નિમકહલાલ. 4 Sound;deep:ભારે;પાકી;ધાડી; ઘેર. 5 Permanent;durable;lasting:જાયુ; કાયમ;પાકું.6.Extravagant; dissipated:દુરાચરણી;ખોટી હતમાં પડી ગયેલું.7 Tenacious; retentive:ચિવટ.8.Rapid;swift:ઝલદ;તેજ; પાણીદાર **F.** & *loose*,inconstant: કહેવું કઈ અને કરવું કંઈ;અબી બોલ્યા ને અબી ફોક. **F** *by*.પાસે; ઢુંકડું. **F** colour, પાકો રંગ. *vi* To abstain from food;to go hungry: ઉપવાસ કરવો; લાંઘણ;લાંઘણ ખેચવી.2.To practise abstinence as a religious duty: ધર્મની ફરજ તરીકે ઉપવાસ કરવો; રોજા રાખવા. *n.* Abstinence from food:ઉપવાસ;લાંઘણ 2 The time of fasting:ઉપવાસના વખત.3. *Voluntary abstinence from food as a religious duty*:ધર્મની ફરજ તરીકે ખુશીથી નહી ખાવું તે.4.That which fastens: પકડ; આપ *adv.* Fixedly; firmly મજબુતાઈથી; જડ 2. *Quickly*;swiftly:ઝડપથી. **F.** *by* or f. *beside*,close or near to:પાસે; નજીક.

Fast-day, (ફાસ્ટ્ડે)*n.*A day on which fasting is observed:ઉપવાસનો દિવસ.

Fasten, (ફાસ્ન્)*vt.*To make fast; બાંધવું.2.To hold together: જડવું; બેસાડવું;જકડવું.3,To lock: દેવું; બંધ કરવું;-ને આગળો દેવો.*vi.*To clinch;to fix one's self:ભરાઈ-વળગી રહેવું-જવું.

Fastening,(ફાસ્નિંગ્) *n.* Anything that binds & makes fast as a hook &c.બાંધણ;બંધ;પકડ.

Fast-handed, (ફાસ્ટ્-હૅન્ડેડ્) *a.* Covetous; avaricious: મખીચૂસ; ચિંગુસ:બહુમુષ્ટિ;કંજુસ;બખીલ.

Fastidious, (ફાસ્ટિડિઅસ્) *a.*[L. *fastus*, contempt.] Disdainful; squeamish:મિજાજી;ચિપાચિપું; ચિકણું;ચાપલું.

Fast-ness, (ફાસ્ટ્નેસ્)*n.* A fortress:કિલ્લો;કોટ;ગઢ;દુર્ગ.2.Firmness; security:મજબુતાઇ.3.Conciseness of style:રચના કે ઉચ્ચારતમાં સંક્ષેપતા.6. The state of being swift:ઝડપ; ઉતાવળ;ત્વરા.

Fat,(ફૅટ્) *a.* Fleshy;plump: જાડું; માતેલું;પુષ્ટ;ચરબીદાર 2.Coarse;dull; stupid:મોટું;જાડું;ઠોઠ;મૂર્ખ. 3.Producing a large income(place); fertile: ફળદ્રુપ;ઘણી આવકનો વાળુ 4 Rich;fortunate: પૈસાદાર; ભાગ્યશાળી;ગબ્બર;માતબ્બર.5 Fertile;productive:રસાળ;ફળદ્રુપ; રસવાળી. *n.* Tallow:ચરબી. 2. The best productions;the best part:તત્ત્વમાલ; મલાઇ;તોર; ઉત્તમ પાક. 3. A large tub;a vat:મોટું પીપ;ટાકી; કુંડ. 4. A measure of quantity: ઘરવાનું માપ.*vt.* To make fat:જાડું કરવું; પુષ્ટ કરવું *vi.* To grow fat,plump & fleshy: જાડા થવું; પુષ્ટ થવું.

Fatal,(ફૅટ્લ્)*n* [L *fatum*, fate.] Necessary; inevitable:અનિવાર્ય; દૈવાધીન; દૈવવશ.2 Mortal;calamitous: નાશકારક; આફત ભરેલું; મારક; પ્રાણઘાતક;જીવલેણ;ઘાતક.

Fatalism,(ફૅટલિઝમ્)*n.*The doctrine that all things are subject to fate:પ્રારબ્ધવાદ; દૈવવાદ

Fatality,(ફૅટૅલિટિ)*n* Predestination;decree of faith: દૈવાધીનતા; નશીબ;અદૃષ્ટ 2. Tendency to destruction:અનિષ્ટપણું; ઘાતકપણું;3. Accidental death:મરણ; મોત;પ્રાણઘાતક બનાવ; આપઘાત;કમોત.

Fate,(ફેઇટ્) *n.* [L *fatum*, fate.] Inevitable necessity;destiny:નશીબ;પ્રારબ્ધ;કિસ્મત; તકદીર; દૈવ, અદૃષ્ટ.ભાગ્ય 2 Death; destruction: મરણ;મોત;નાશ. 3. Appointed lot; ઋણાનુબંધ;લખ્યાલેખ;વિધાતાનો લેખ. 4.The element of chance in the affairs of life: બનવાકાળ; ચોઘડીઉં;દશા;દહાડો;સિતારો.

Fates,(ફેઇટ્સ્) *n pl.* The three goddesses of faith: વિધાતા; વિધાતા જેવી ત્રણદેવીઓ.

Father,(ફાધર્)*a.*[L. *pater*.] The male parent;generator:બાપ; પિતા.2.A first ancestor: મૂળ પુરૂષ; પૂર્વજ.*pl.*Fathers;ancestors:બાપદાદા;પૂર્વજો.3.An author or founder: કર્તા; સ્થાપનાર; પિતા. 4 The Supreme Being: ઈશ્વર;પિતા.5. A priest:પાદરી.6.A protector; supporter:પાલક; માબાપ;બાપ.7. The title of a senator in ancient Rome: રોમ રાજ્યમાં રાજ્યકારભારી મંડળના સભાસદનો ઇલકાબ. 8. The oldest member of any profession:કોઈ ધંધામાં સૌથી ઘરડો જુનો પુરૂષ.*Adoptive* f., દત્તક કરી લેનાર બાપ. *Putative* f.:લોકમા મનાતો બાપ. **F.** *of lies*, the Devil: સૈતાન. *Natural* f.,the father of an illegitimate child:દાસી પુત્ર-રાંડના પેટના પુત્રનો બાપ; દાસી પુત્રપિતા. *vt.* To adopt:દત્ત કરી લેવું. (*b*) To adopt as one's own;to profess to be the author of:પોતાનું કરેલું છે એમ માનવું-ગણવું.2 To ascribe to one as his production: તું કરેલું છે એમ કહેવું;-પર ઉત્પન્ન કરવાનો આરોપ મુકવો.

Fatherhood, ફાધર્ હુડ્)*n* Paternity:બાપપણું;પિતૃત્વ.

Father-in-law,(ફાધર્ ઇન્-લો) *n.* The father of one's husband or wife: સસરો;શ્વસુર

Father-land (ફા ધર્ લૅન્ડ્)*n.* The native land of one's fathers:બાપ-દાદાનું વતન; સ્વભૂમિ; સ્વદેશ; પિતૃદેશ;માતૃભૂમિ.

Father-less,(ફાધર લેસ્)*a* Destitute of a living father;નબાપું;અનાથ

Fatherly, (ફાધર્લી) *a* Paternal; careful: બાપ જેવું દયાળું; પિતાતુલ્ય 2.Pertaining to father: બાપનું.

Fathom,(ફૅદમ્)*n* [Gr. *petanymi*,I stretch.]A measure of six feet:વામ.2. Depth of intellect; profundity: ગહનતા; પહોંચ; ઉંડી સમજ-અક્કલ.*vt.* To measure by throwing the arms about: હાથ લાંબા કરીને માપવું;બાથમાં લેવું.2. To comprehend; to master: સમજવું;ઉંડા ઉતરવું;-નો પાર-થાગ પામવો;કળવું.

Fathom-less,(ફૅદમ્લેસ્) *a.* Bottomless;immeasurable;incomprehensible: અમાપ-અકળ-અગાધ; અથાગ;અતળ.

Fatigue,(ફૅટીગ્)*n.* [L. *fatigo*, I am weary.] Weariness.થાક;શ્રમ. 2. Labour; toil:શ્રમ; મહેનત; કંટાળો. **F.**duty: આયુધના કામ સિવાય સિપાઇઓને મહેનત લેવી પડે છે તે. *vt.* To harass with toil; to tire: દમ દેવો;સતાવવું; થકવી નાંખવું; અડદાળો કાઢવો;રગડવું.

Fattish,(ફૅટિશ્)*a.*Somewhat fat: સહેજ જાડું.

Fatling, (ફૅટ્લિંગ્)*n.* A lamb or other animal fattened for slaughter:હલવાન;કાપવા સારૂ પુષ્ટ કરેલું મેંઢું.

Fatten,(ફૅટ્ન્) *vt.* To make fat: જાડું કરવું.2. To make fertile and fruitful: ફળદ્રુપ કરવું. *vt.* To grow fat:જાડું થવું.

Fatty,(ફૅટિ)*n.*Greasy;containin fat:ચરબીદાર;ચીકણું,ચરબી વગેરેથી થએલું

Fatuity,(ફૅટ્યૂઇટિ) *n* [L *fatuus*, foolish.]Foolishness;feebleness of intellect:જડબુદ્ધિ;મૂર્ખતા; બુદ્ધિ

Fatuous,(ફૅટ્યૂઅસ્)*a.*[L.*fatuus*

foolish]Silly;stupid:જડ; મૂઢ; ચાળેલ. 2. Illusory; ભ્રમણારૂપ; વાસ્તવિક નહિ એવું; માયારૂપ; કલ્પિત; માયિક:મિથ્યા.

Fault,(ફૉલ્ટ્)*n*[L.*fallo*,I deceive] Defect;want:ખોટ;ખાંપણ;એબ;કસર.2.Blemish;failing: ભૂલ; ચૂક. 3. A slight offence: ચાક;તકસીર; દોષ; ગુન્હો.4.A lost scent:જતી રહેલી વાસ-સોટમ. *To find* f.*with*,to complain:દોષ-દખદો દેવો-મુકવો;-નો વાંક કાઢવો:-નાં ખોતરણાં કાઢવાં;વખોડવું. *vt.* To accuse:ગુન્હો મુકવો *vi*.To fail; to be wrong:નિષ્ફળજવું;ગુન્હો કરવો.

Faultlessness, (ફૉલ્ટ્લેસ્નેસ્) *n.* Freedom from faults: નિર્દોષતા; પૂર્ણતા;નિરપરાધતા.

Faulty,(ફૉલ્ટિ)*a*. Containing defects;imperfect:ખામીવાળું; અપૂર્ણ;દોષવાન. 2. Blamable; worthy of censure:ઠપકાને પાત્ર;નિંદનીય.

Favour (ફેવર્) *n.* [L. *favco*, I favour.]Kindness;friendly disposition:કૃપા;મેહેરબાની;મહેર; માયા. 2.Support;befriending: આશ્રય; ટેકો.3.A kind act: ઉપકાર; આભાર; પાડ;એહસાન. .Lenity; mildness: કૃપા;દયા;નરમાસ.5. A letter: મહેરબાની ભરેલો કાગળ;પત્ર 6. A gift or Present:બક્ષીસ; ભેટ *In* f*avour of*, upon the side of:-ની પક્ષમાં-તરફ *By* f. *of*:-ની રૂબ લેખને A *wedding* f, લગ્નની વિદાયગીરી. *vt* To support; to befriend: કૃપા-મહેરબાની બતાવવી; ની તરફદારી-વગ કરવી. 2 To facilitate: સહેલું સુગમ-સુતર કરવું.3.To resemble in features:નું મ્હોં મળતું આવવું-ના સરખું મ્હોં હોવું

Favorable,(ફેવરબલ્)*a*. Friendly;propitious: માયાળુ; કૃપાળુ;અનુકૂળ;ઉપકારી.2 Advantagoous:લાભ-કૃાયદાકારક; અનુકૂળ; માફક આવે એવું; જોઇએ એવું 3. Beautiful: સુંદર.

Favourableness,(ફેવરબલ્નેસ્) *n.*Kindness;partiality: માયા;કૃપા; પ્રસન્નતા;પક્ષપાત; અનુગ્રહ.

Favoured,(ફેવર્ડ્)*a.pp.*Featured: દેખાવનું;ચહેરાનું. *Well* F. દેખાવડું;કદાવર.*Ill* F.બદસુરત;બદશિકલ; સુકાઈ ગયેલું. 2 Countenanced; aided: -ના ઉપર મહેરબાની થઇ હોય એવું.

Favourite,(ફેવરિટ્)*n*.A person or thing regarded with peculiar favour:ધારું વહાલું;હૈયાનો હાર; માનીતું; મૂછનો બાલ; કોટનું માદરીઉ. *a.* Regarded with particular affection, regard, or preference: વહાલું;માનીતું; લાડકું;પ્રિય; ઇષ્ટ; પસંદ.

Favoritism,(ફેવરિટિઝમ્)*a.*Partiality: પક્ષાપક્ષી; તરફદારી; પક્ષપાત; રાખરખાવટ.

Fawn,(ફૉન્)*n*.[L.*fetus*,progeny] A young deer; a buck or doe of the first year:હરણનું બચ્ચું ; હરણનું એક વરસનું બચ્ચું. 2. The young of an animal:a whelp: પ્રાણીનું બચ્ચું;કુરકુરીઉ;ભોરીકું.3.Mean flattery;sycophancy:.હલકી ખુશામત. *a* Of the color of a fawn: હરણના બચ્ચાના રંગનું. *vi*.To flatter meanly:સાથે ગેલ કરવો; ખુશામતહાજીહા કરવી.

Fawning,(ફૉનિન્ગ્)*a*.Flattering: ખુશામતીઆ; ખુશામત-હાજીહા કરનાર. *n* Flattery:ખુશામત;લાડ;હાજીહા.

Fay,(ફે)*n*.A fairy;an elf:પરી-અપ્સરા. 2 Faith: શ્રદ્ધા.

Feal.(ફીઍલ્)*a*.[L. *fides*, faith] Faithful;loyal: નિમકહલાલ;વફાદાર.

Fealty, (ફીઍલ્ટિ) *n* [L*fidelis*, faithful.]Fidelity to one's lord; loyalty:વફાદારી; નિમકહલાલી; રાજભક્તિ;પ્રભધર્મ.2 Fidelity;constancy:દ્રઢતા;નિમકહલાલી; પતી પત્નીવ્રત.

Fear,(ફીર્)*n*. Apprehension;anxiety;alarm;dread:બીક;ભય;ધાસ્તી; ચિંતા;ડર;ધાક;શોક;ફિકર;કાળજી; અંદેશો; દગદગો.2.Apprehension of incurring God's wrath:પરમેશ્વરનો ગુન્હો પોતાના ઉપર થવાની બીક-ભય ડર.*For fear*, lest: રખેને: બીક-માં *vi* To be afraid of:-થી બીકવું-ડરવું;-ની ધાક ડર લાગવો. 2.To have a reverential awe of:-ને માટે પૂજ્યબુદ્ધિ ધરાવવી.*vi*.To be in apprehension of evil;to be afraid:-થી બીકવું;-નો ડર લાગવો.

Fearful, (ફીર્ફુલ્) *a.* Afraid; frightened:બીકેલું;ભયભિત.2. Inclined to fear;easily frightened;timid: બીકણ-ડરકણ;પોચું; છાતી-હિમત વિનાનું; બાયલું. 3. Caused by or indicating fear:બીકથી થયેલું;બીક દર્શાવનારું; ભયસૂચક. 4. *Terrible*;frightful:ભયંકર;ત્રિયામણું;ભયભિત;વિકાળ; ભયાનક;ઉગ્ર.

Fearfulness,(ફીર્ફુલનેસ્)*n*.The state of being fearful: વિકાળપણું;ભય;નામરદાઇ;ભીતિ;ભીરૂતા.

Fearless, (ફીર્લેસ્)*a*. Free from fear;bold: બહાદુર;છાતીવાળો;નિર્ભય.

Feasibility(ફીઝિબિલિટિ)*n* Practicability: સંભવ; સંભવિતપણું; બની શકવાપણું;શક્યતા;સાધ્યતા.

Feasible,(ફીઝિબલ્)*a*. [L.*facio*,I do.] Capable of being done, executed, or effected; practicable:શક્ય;સંભવિત;બને-બની શકે તેવું.

Feast,(ફીસ્ટ્)*n*.[L.*festus*.joyful.] A festival; a holiday: ઓચ્છવ; સપરમો દહાડો; પર્વ; તહેવાર;રૂડું ટાણું; ઉત્સવ.2.A grand or sumptuous entertainment:મિજબાની; જ્યાફત; ઉજાણી;બાગરી;વરો;જમણ. 3. Something highly agreeable;entertainment:મજા; ગમત; આનંદ; હર્ષ; ઉત્સવ. *vi*. To eat sumptuously: મિજબાની-ઉજાણી જમવું કરવું 2. To be highly gratified or delighted: -તી-ધરાવું ખુશ થવું;સંતોષ પામવો.*vt*. To entertain with sumptuous provisions: ઉજાણી-જમ્ફત-મિજબાની આપવી.2.To delight; to gratify: -થી ઘણો સંતોષ થવો; આનંદ પમાડવું.

Feastful, (ફીસ્ટ-ફુલ્)*a*. Festive; festal;joyful; sumptuous; luxurious:માંગલિક;શુભ;આનંદ ભરેલું.

Feat,(ફીટ્)*n*.[L*facio*,I do.] An act;a deed; an exploit: પરાક્રમ; કામ; વીરકૃત 2 A trick:કસરત; હાથચાલાકીનું કામ;યક્તિ;દાવપેચ.*vt*.To form; to fashion:બનાવવું.*a* Skilful;neat; nice; pretty.ચાલાકી ભરેલું, ચતરાઇનું;સુંદર.

Feather, (ફેધર્) *n.* One of the peculiar dermal appendages of several kinds,belonging to bird:પીછું;પાખ.2 Kind; nature; species:જાત;સ્વભાવ *To be in full feather*,to be in full dress: સોળે શણગાર સજીને-સાથે; પૂરબહાર માં *To be in high feather*, to be in high spirits: આનંદી તથા ખુશ હોવું;સીનાવાળા અને નીરોગી જણાવું. *To show the white feather*, to betray cowardice: નામર્દાઇ બતાવવી. F. *in one's cap*; માન; છોગું આબરૂ;તારીફ.*vt*. To furnish with a feather: પીછાંવાળું કરવું;માં પીછાં ઘાલવાં.2.To fringe:પીછાંથી ઘાલીને-નો ઝાલર કરીને શણગારવું; સુશોભિત કરવું.3.To enrich;to exalt; to benefit:ઉંચી પદવીએ ચઢાવવું; ને ફાયદો કરવો.4 To cover with foliage:પાંદડાથી ઢાકી દેવું. *To* F. *one's nest*: પોતાનું ઘર ભરવું. *vi*. To become feathered: પીછાવાળું થવું-હોવું. 2. To curdle: અખરાઇ જવું; ખડબાબરવાં-થઇને ઉપર તરવું.3. To tread as a cock:કુકડાની પેઠે ચાલવું.

Feathered, (ફેધર્ડ્)*a*. Covered with feathers or wings:પીછાં-પાંખોવાળું.2 Ornamented;fringed: પીછાંઘાલીને સુશોભિત કરેલું-શણગારેલું.

3 Smoothed:સુંવાળું કરેલું. 4 Covered:ઢંકાએલું

Featherless (ફેધરલેસ)*a* Destitute of feathers:પીછા વિનાનું

Feathery, (ફે રિ) *a.* Pertaining to or resembling feathers: પીછાંના જેવું-ને લગતું.

Feature, (ફીચ્યૂર) *n.* [L. *facio*, I make,]The make, form, or outward appearance of a person: ચહેરો;સૂરત;સીકલ.2 A lineament: ચહેરા;ચહેરાનો કોઇ પણ ભાગ; મુખચિન્હ *pl.*The face;the countenance: રૂપરેખા;આકૃતિ;રૂપ; મુખવટો 3. The cast or structure of anything: ભાવ;આકૃતિ;રૂપ. (*b*) Any marked characteristic: ખાસગુણ લક્ષણચિન્હ.

Febriferous,(ફેબ્રિફરસ)*a.*Causing fever:તાવ ઉત્પન્ન કરે એવું.

Febrifuge, (ફેબ્રિફ્યૂજ) *n.* [L. *febris*, fever & *fugo*, I put to flight](*Med*)A medicine serving to mitigate or remove fever:તાવનું ઓસડ;જ્વરારિકુરા.*a* Antifebrile:જ્વરનાશક;જ્વરઘ્ન.

Febrile, (ફીબ્રાઇલ) *a* [L. *febris*, fever.]Pertaining to fever indicating fever,or derived from it:તાવ સંબંધી-ને લગતું; તાવ દર્શાવતું; તાવને લીધે થયેલું.

February, (ફેબ્રુઆરી)*n.*[L.*februa*, purification.]The second month in the year:ખ્રિસ્તી સાલનો બીજો મહિનો;ફેબ્રુઆરિ;માઘમાસ;મહા-ફાગણ.

Feces.(ફીસીઝ)*n Pl.*Dregs; sediment:મેલ;મળ;છાણ; કચરો.

Fecula, (ફેક્યૂલ) *n. pl* **Feculæ** [L.*fœcis*, sediment.] The nutritious part of wheat, starch or farina:કાંજી.

Feculence, (ફેક્યૂલેન્સ) *n.* Muddiness; foulness: ગંદાપણું; નાપાક પણું.2.Sediment;lees;dregs:કચરો;મેલ;કીટું;કૂહો.

Feculent, (ફેક્યૂલેન્ટ)*a.* Muddy; thick;turbid.ગંદું; મેલું ;કાદવ-કચરાવાળું-રગડા જેવું.

Fecund, (ફીકન્ડ)*a.*[L. *fecundus*, fruitful] Fruitful in children; prolific:ફળકુપ; ગર્ભધારણશીલ;ઘણો વિસ્તાર થાય એવું.

Fecundate, (ફીકન્ડેટ) *vt* [L. *fecundus*] To make fruitful or prolific: ગર્ભવંત કરવું.2 (*Biol*) To impregnate:ફળવંત ફળકુપ કરવું.

Fecundity, (ફીકન્ડિટિ) *n.* [L. *fecunditas.*] (*a*) Fruitfulness: ફળકુપપણું. (*b*) The quality in female organism of reproducing rapidly and in great numbers:જલદીથી અને ઘણા જથ્થાબંધ બચ્ચાં થવાં તે. 2. Fertility; richness of invention: પુષ્કળ ઉત્પન્ન કરવાની શક્તિ; ફળદાયકપણું. 3. Richness of invention: સારી યોજક ઉઠાવ શક્તિ.

Fed,(ફેડ)*Imp.*& *p p.* of **Feed**: જમાડ્યું;પાળેલું; પુષ્ટ.

Federal, (ફેડરલ) *a.*[L *fœdus*, league.] (*a*) Pertaining to a league or treaty:કોલકરાર સંબંધીનું;કોલકરારથી મળેલું.(*b*) Constituted by a compact between parties:અરસપરસની કબુલાતથી સ્થાપેલું.2.Friendly or devoted: મિત્ર ભાવ ધરાવનારું; એકસંપી.

Federate,(ફેડરેટ)*a.* [L. *fœdus*, league] United by compact; leagued; confederate:કરારથી જોડાયેલા;એકસંપી,એકસંપીલા.

Federation, (ફેડરેશન) *n.* A league; a confederacy;a federal government;સંપ; એકસંપીરાજ્ય.

Fedity,(ફેડિટિ)*n* [L *fœdus*, foul, filthy.] Turpitude; vileness: હલકાઇ;હલકા-પાજીપણું; નાચપણું.

Fee,(ફી)*n.* Property;possession; tenure:જાગીર; કબજો. 2. Reward, compensation or payment for services;charge;pay;perquisite: દસ્તુરી;ફી;લવાજમ;લાગત;હકસાઇ. 3. A right to the use of a superior's land; a fief: પોતાની ઉપરીની જમીનનો ઉપયોગ કરવાનો હક; જાગીર; વતન;પસાયત **F** *simple*: જે જમિનના ધણીને કુલ અખત્યાર હોય તે; વંશપરંપરા ચાલે એની જમિન; પસાયતુ; વતન; જાગીર. **F** *form*:વકીલ.*Retaining* **f.**: વકીલ બેરિસ્ટર કરતી વખતે પહેલાં આવેલી ફી;બક્ષાનું *vt.* To recompense;hence,to bribe: બક્ષો અવેજ વાળવો;લાંચ આપવી.

Feeble, (ફીબ્લ) *a* [L. *flebilis*, lamentable.] Weak; infirm, debilitated: નબળું;કમજોર; દુર્બળ; અશક્ત;નાકોવત;ટગુમગુ; મુડદાલ;ખખળી ગયેલું; જીર્ણ થઇ ગયેલું. 2. Faint: મંદ; ઝીણું;આછું; હળવું. 3 Slow, not rapid:ધીમું;ધીરે ઉતાવળુ ન હોય તેવું **F** *minded*: થોડી બુદ્ધિનું; અલ્પ બુદ્ધિનું;ઠેકાણા વગરનું; અસ્થિર. *vt.* To make feeble;to enfeeble: નબળું-દુર્બળ-કમજોર કરવું.

Feebleness,(ફીબ્લનેસ)*n.*Debility;infirmity: અશક્તતા; દુર્બળતા; કમજોરી;શક્તિક્ષીણતા.

Feebly,(ફીબ્લિ)*adv* In a feeble manner ધીરે ધીરે; ધીમે;ટગુમગુ.

Feed (ફીડ)*vt.* To give food to; to supply with nourishment: ખવડાવવું;ખાવાનું આપવું; ખોરાક પૂરો પાડવો.2.To satisfy:-ને સંતોષ પમાડવું;-નો આત્મા શાંત કરવો ઠેકાણે પાડવો. 3.To fill the wants of:-ને જે જોઇએ તે આપવું. 4. To nourish (*in general sense*): ને પુષ્ટ ટેકો આધાર આપવો.5.To graze:ચરાવવું 6. To give for food;to furnish for consumption:.ખોરાકને ઠેકાણે તરીકે આપવું.7.To supply to a machine: યંત્રને પૂરું પાડવું. *vi.* To take food; to eat:ખોરાક લેવો; ખાવું ;જમવું. 2. To subsist by eating;to satisfy the appetite(with *on* or *upon*): ખાઇને જીવવું;નિર્વાહ કરવો; ભુખ મટાડવી;તૃપ્ત થવું.3. To be nourished or satisfied:- થી પોષણ થવું-સંતોષ મવો 4.To graze; to pasture: ચરાવવું;ચરવું મુકવું *n.* That which is eaten:દાણ;દાણા;ચંદી;અનાજ. 2. A grazing or pasture ground: ચરવાની જગ્યા-જમીન;ચરો; ગોચર. 3. An allowance of provender given to a horse, cow, etc; a meal:જનાવરને ટેકો આપેલો ખોરાક; લેગાણુ;ચંદી;તોબરો.

Feeder,(ફીડર) *n.* One who, or that which,gives food or supplies nourishment:ખવડાનાર;અન્ન પૂરું પાડનાર 2 One who furnishes incentives;an encourager:ઉશ્કેરનાર;ઉત્તેજક;ઉત્તેજન આપનાર 3. One who eats or feeds:ખાનાર;ગુજરાન કરનાર.4.A tributary:પાણીનો ઝરો-વહેળો; બીજી નદીમાં મળનારી નદી; શાખા.5.A branch railroad,stage line,or the like:રેલવેની શાખા. 6. An auxiliary part of a machine: યંત્ર સાંચાની સહાય કરનારો સહાયકાર ભાગ.7.One that fattens cattle for slaughter: મારી નાંખવાને માટે ઢોરને ખવડાવી પુષ્ટ કરનાર.

Feeding, (ફીડિન્ગ)*n.* The act of eating or of supplying with food: ખાવું તે;ખોરાક પૂરો પાડવો તે.2.That which is eaten; food: ખોરાક. 3. Pasture land: ચરવાની જગા;ચરો. F.*bottle*: ધાવણાં છોકરાંને દુધ પાવાની શીશી.

Feel,(ફીલ)*vt.*[L.*palma*,the palm of the hand.]To perceive by the touch:સ્પર્શ કરવો; અડકવું; હાથ ફેરવી જોવો.2.To touch;to examine by

touching:અડકીને તપાશી જોવું.3.To perceive by the mind;to have a sense of;to experience:લાગવું; જણાવું;-નો અનુભવ થવો;સહેવું.4. To be conscious of;to have an inward persuasion of:-ના જાણીતા-થી જાણીતા હોવું-થવું 5.T perceive, to observe:લાગવું જોવું;તપાસી જોવ *To* **F.** *one's pulse* (*a*):નાડ જોવી (*b*) (*fig* મન જોવું-નો તાર જોવો.*To* **f** *one's way*.ફાંફાં મારવાં; રસ્તો ખોળવો *vi.* To have perception by the touch:ર શું અડકવાથી લાગવું;સ્પર્શજ્ઞાન થવું 2.To have the sensibilities moved or, affected: ને લાગવું; ને દુઃખ લાગવું-થવ.3.To be conscious of;to perceive one's self : અનુભવ થવો; ખાત્રી થવી; પ્રતીતિ થવી. 4. To know with feeling; to be conscious: લાગવાથી જાણવું;-થી જાણીતા હોવું 5.T appear to the touch:સ્પર્શ-થી લાગવું;હાથ ફેરવી જોવાથી જણવું.*To feel after*;to seek; to find:ની શોધ કર;ને ખોળી કાઢવાને તપાસ કર.*n.* Feeling;perception: લાગણી;સ્પર્શ.2.A sensation communicated by touching: સ્પર્શ જન્ય જ્ઞાન;સ્પર્શ.

Feeler,(ફીલર)*n.*One who or that which feels:જેને લાગણી થાય છે તે. 2.An antenna;a palp:જીણા જીવજંતુની મૂછ.3.Something tentative:મન જોવા સારૂ કહેલી વાત.

Feeling,(ફીલિન્ગ્)*a.* Possessing great sensibility; easily affected or moved:કરૂણાળુ; દયાળુ;સહૃદય; કરૂણામય.2. Expressive of great sensibilty: ઘણી લાગણી દર્શાવનારૂ; કરૂણાત્મક;કારૂણિક. *n.* The sense of touch;nervous sensibility to external object:સ્પર્શેન્દ્રિય;સ્પર્શ;બુદ્ધિ;વૃત્તિ;ભાવ. 2. Consciousness: જ્ઞાન;સમાજ;બોધ;સ્પર્શજ્ઞાન-બોધ. 3. The capacity of the soul for emotional states: કરૂણા;દયા;કરૂણાર્દ્રતા;અનુકંપા.4.*E*motion; any mental state whatever:ચિત્ત;મનોધર્મવૃત્તિ;લાગણી.

Feet,(ફીટ્)*n.pl.* See **Foot**,: પગનું બહુવચન;પગો;કુવાનું માપ.

Feign,(ફેન્)*vt* [L.*fingo*,I shape.] To imagine;to invent:કલ્પના કર. કલ્પવું; બનાવટ કર. 2. To pretend: ડોળ લાવવું;ઢોંગ કર;ફેલ કર.3.To dissemble;to conceal:છુપાવવું;બહાનું કાઢવું.

Feigned,(ફેન્ડ્) *a.* Pretended; counterfeit;insincere; false:બનાવટનું;કલ્પિત;ખોટું;કૃત્રિમ;ઢોંગી; ફેલનું.

Feint,(ફેન્ટ્)*a* F igned;counterfeit : કલ્પિત; ખે ટું; કૃત્રિમ. *n.* A pretence;a stratagem; a fetch: બરકટ;કપટ;બાહાનું ડોળ,ઢોં ;છળ;મિષ. 2.A mock blow or attack: ચેચ; ચમક;યુક્તિ;ધાપ *vi.*T make a feint or mock attack:જુઓ ઉપરનો કર.

Felicitate,(ફીલિસિટેટ્)*a.*[L.*felix icis*,happy.]Made very happy: ઘણું સુખી કરેલું.*vt* To make very happy;to delight: ઘણું સુખી કર; ખુશ કર; આનંદ પમાડવું. 2. To express joy or pleasure to;to congratulate: ખુશી બતાવવી; મુબારકબાદી આપવી.

Felicitation,(ફીલિસિટેશન્)*n.* A wishing of joy or happiness; congratulation:ખુશી;સુખ;મુબારકબાદી;અભિનંદન;ધન્યવાદ;કલ્યાણ વચન

Felicitous,(ફીલિસિટસ્)*a.* Happy, prosperous;delightful; skilful: ખુશકારક; ઘણુંજ સુખી થવાય; આબાદ જોઇએ તેવું.

Felicity, (ફીલિસિટિ)*n.* Blessedness;blissfulness: આનંદ;સૌભાગ્ય; કલ્યાણ;પરમાનંદ;સુખોપભોગ. 2. Prosperity; blessing: આબાદી; સુખ: પરમસુખ.3.A pleasing faculty or accomplishment:આનંદકારી વૃત્તિ-ખૂબી-લાયકી-થવાય.

Feline,(ફીલાઇન્)*a.*[L. *feis*, cat.] Catlike : બીલાડીના જેવું-ને લગતું. 2.Sly;stealthy;treacherous:કપટી;દગલબાજનું;લુચ્ચું;ખંધું;પેચવાળું.

Fell,(ફેલ્) *Imp.* of **Fall**.: પડ્યું. *a.* Cruel; barbarous; fierce: savage:જંગલી;ક્રુર; નિર્દય;ઉગ્ર; દારૂણ; ખુની;ઘાતકી.2.Eager; earnest; intent:આતુર;ઉતેજીત; ઉતાવળો; હોંસી. *n.*Gall;anger:પિત્ત; ગુસ્સો. *n.* [L. *pellis*,skin.] A skin or hide of a beast; a pelt: ચામડી-ચું. *n.* A barren or rocky hill:ઉજ્જડ ખડક વાળી ટેકરી.2.A wild field; a moor:જંગલ;વેરાન*vt*.*To* cause to fall; to cut down:પાડવું;પાડી-કાપી નાંખવું.

Fellow,(ફેલો)*n* A companion; comrade; an associate: સોબતી; મિત્ર;સાથી;ગોઠીઓ; ભાઇબંધ. 2. An ignoble or mean person: હલકો-નીચ માણસ;ભામટો; રખડેલ. 3. An equal in power,rank,character, etc:બરોબરીઓ;જોડીઓ; સમોવડીયો; કાંડાવછોડ; ધરકદર. 4. A mate; the male:જોડમાનું એક;જોડ; જોટો. 5. A person;an individual:માણસ; મનુષ્ય;જણ;સખસ.6. A scholar who is appointed to a fellowship: અધ્યયન વૃત્તિવાળો;વિદ્યામંડળીનો સભાસદ;ફેલો.7. A member of a literary or scientific society: વિદ્યામંડળીનો સભ.સદ.*vt* To suit with; to match ને લાય-કર;નીબરોબરી કર.

Fellow-creature,(ફેલો-ક્રીટ્યૂર) *n.*One of the same race or kind; one made by the same Creator: પ્રાણી;મનુષ્ય;સજ્જતીય;જાતી ભાઇ-બંધુ.

Fellow-feeling (ફેલો ફીલિન્ગ્)*n.* Sympathy;a like feeling: બીજાના દુઃખની દાઝ; અનુકંપા; લાગણી. 2.*J* oint interest:જોગો લાભ.

Fellow-ship,(ફેલ્લો શિપ્)*n.* The state or relation of being a fellow or associate:સોબત;સંગત; દોસ્તી;મૈત્રી; સમાગમ. 2. Frequent and familiar intercourse:ઘરોબો-સ સર્ગ;સમાગમ;સહવાસ; પરિચય 3. *P*artnership; companionship: association: પંત્યાળુ ;ભાગીદારી;ભાગ.4 A society;a company: સોબત; ટોળી;મંડળી;કંપની.5.A foundation for the maintenance,on certain conditions, of a scholar: ફેલોની જગા; ફેલોશીપ. 6. The rule for dividing profit and loss among partners:પંત્યાળું. *Food* **F.**: મોજ મિજબાનીમાં સામેલ થવાની ઇચ્છા.

Fellow-student,(ફેલોસ્ટુડેન્ટ) *n.* One who learns with another; સાથે શીખનાર;ગુરૂભાઈ-બંધુ.

Felon,(ફેલોન્)*n.*[L. *fallo*, I deceive.](*Law*)A person who has committed a felony: દેહાંત દંડને પાત્ર ગુન્હેગાર; મહાપરાધી. 2.A person guilty or capable of heinous crime :ઘોરકર્મગુન્હેગાર. 3. A kind of whitlow:એકજાતનું આંટણ; રસોળી-વરસોળી-નચ્છર. *a. Malignant*;fierce;malicious;cruel: traitorous:ક્રૂર;ખારીલું;ઘાતકી; વિશ્વાસઘાતી:દેશ-રાજદ્રોહી.

Felonious,(ફેલોનિઅસ્)*a.* Malignant;malicious;villainous; traitorous;perfidious; મહાપાપી; દુષ્ટ; દ્વેષ-ઇર્ષા ભરેલું;દુરાચારી;પાપિ .

Felony,(ફેલોનિ)*n.pl.***Felonies,** An act on the part of a vassal which cost him his fee by forfeiture: જે ગુન્હાને લીધે નોકરને પોતાના શેઠની મિલ્કત શેઠને પછી સ્વાધીન કરી વી પડેછે તે 2. An offence which occasions total forfeiture of either land, or goods, or both : જમીન જાગીર અને મિલ્કત બેમાંનું એક અથવા બને-

ના ભોગ આપવો પડે એવો ગુન્હો. 3. A heinous crime:મહાપરાધ; મોટો ગુન્હો;ઘોરપાપ;મહાપાતક.

Felt,(ફેલ્ટ) *Imp. & pp a* from **Feel:**લાગેલું;અડેલું; અડકેલું. *n.* [L. *pileus*, a felteap.] A cloth or stuff made of matted fibres of wool: ઉનનું કપડું; બન્નુસ. **F.** *hat:* ઉનના જાડા કપડાની બનાવે ॥ ટોપી.

Female,(ફીમેલ્)*n* [L.*femella*, a young girl] An individual of the sex which conceives and brings forth young:નારી; ઔરત; માદા;સ્ત્રી.2 A pistillate plant: જે ઝાડ-છોડવાને ફુલનો ગર્ભતંતુ હોય તે. *a.*Belonging to the sex,which conceives and gives birth to young;not male: સ્ત્રીજાત સબંધી; સ્ત્રીજાતીય;સ્ત્રીધર્મી;જનાની. 2. Characteristic of woman;feminine; soft:કોમલ;મૃદુ; સુકુમાર; નરમ;નમણુ; નાજુક. **F.** *screw:*માદા.

Feminine, ફેમિનિન્)*a.*[L *femina* woman.] Womanish;womanly: નારી-સ્ત્રી જાતનું-સંબંધી;નારીનું;કન્યાસહજ.2 Having the qualities of a woman બાયલું;કોમલ;મૃદુ;સુકુમાર; નાજુક; નરમ; અબળાજનીનું-ને છાજતું. 3. Having a form belonging more especially to words which are appellations of females:નારી જાતીનું; સ્ત્રી (લિંગ) નું. *n.* A woman:સ્ત્રી;બાયડી. 2. (*Gram*) Any one of those words which are appellations of females: નારી જાતિનો શબ્દ સ્ત્રીલિંગ

Femoral,(ફેમેરલ્)*a* [L *femoris*, thigh.]Pertaining to the femur or thigh:સાથળનું-લગતું;સાંથળનું.

Fen,(ફેન્)*n.* Boggy land; moor; marsh:કળણ;ખારી-ક્ષારવાળી જગા; દલ દલ;ભોયાની જમીન.

Fence, (ફેન્સ) *n.* A defence; a protection;security;shield:બચાવ;રક્ષણ;ઢાલ.2.An inclosure about a field or other place: વાડ;કંડેરો; તટ્ટી.3.A protection on the bolt: કળના ઉપરની ચાપ.4. The art and practice of fencing and sword play:પટા ખેલવાની ચાતુરી;પટ બાજી; hence,skill in debate & repartee : સંવાદ અને સવાલ જવાબ કરવાની ચતુરાઇ;વાકચાતુર્ય.5.A receiver of stolen.goods or a place where they are received : ચોરીનો માલ લેનાર *To be on the* **f.**: તટસ્થ રહેવું; શું બને છે ને ઉભા ઉભા જોયા કરવું. *vt.* To protect;to guard: બચાવ-રક્ષણ કરવું;ને સલામતી આપવી 2.To inclose with a fence or other protection:વાડ બાંધવી; તટ્ટી ભરવી. *vi.* To make a defence; to give protection or security:બચાવ કરવો; રક્ષણ કરવું. 2. To practise the art of attack and defence with the sword:તરવારથી પટા ખેલવા.

Fencer,(ફેન્સર્) *n.* One who fences : પટા ખેલનાર; પટા ખેલવાનું શીખવનાર.

Fencing,(ફેન્સિન્ગ્) *n. The* art or practice of attack and defence with the sword:પટા ખેલવા તે;દંડયુદ્ધ;આયુદ્ધ-શસ્ત્રવિદ્યા. 2. Disputing or debating in a manner resembling the art of fencers:પટાબાજી; ટપ્પા ટપ્પી; વાક્ યુદ્ધ. 3 The materials used for building fences: કંડેરો-વાડ બાંધવાનાં સાહિત્ય-પદાર્થો.4 The aggregate of the fences put up: રક્ષણને માટે બાંધેલી બધી વાડ.

Fend,(ફેન્ડ્)*n.*A fiend:ભૂત; અસુર; શેતાન;જીવનો વેરી.*vt* To keep off; to ward off; to shut out: રોકવું; ખાળવું;અટકાવવું;વચાની દેવું *vi.* To parry;to shift off:અટકાવ કરવો;સામે થવું; બચાવ કરવો;હાકી કાઢવું.

Fender(ફેન્ડર્)*n* (*a*) A screen to prevent coals or sparks of an open fire from escaping to the floor:ચુલાની પાળ.(*b*) A protection for ship's side:વહાણની બાજુ; બીજા બચાવને માટે રાખેલું સાધન..

Fennel (ફેનેલ્) *n* [L. *fœnum*, hay.]A perennial plant:વરિયાળી.

Fenugreek,(ફીન્યૂગ્રીક્)*n.*[L *fanum.*] Bot.) A plant cultivated for its strong-smelling seeds: મેથી.

Feoff, (ફેફ્)*vt* (*Law.*) To invest with a fee or feud; to enfeoff: વંશપર પરાસુધી બક્ષીસ આપવી. *n.* (*Law.*)A fief:જાગીર; વતન.

Feoffment,(ફેફ્મેન્ટ્)*n.* (*a*) The grant of a feud or fee: જાગીરની બક્ષીસ.(*b*)A gift or conveyance in fee of land or other corporeal hereditaments accompanied by actual delivery: વંશપર પરાની કરેલી ઇમારત-જમીનનો કબજો સોંપી દેઇને કરેલી બક્ષીસ 2.The deed by which the corporeal hereditaments are conveyed: જે લખાણ-ખતથી વંશ પરંપરાની કરેલી ઈમારત-જમીનની બક્ષીસ આપવામાં આવે છે તે

Feracious,(ફીરેશસ્)*a.*[L. *fero*,I bear]Fruitful; producing abundantly:ફળવંત;ફળદ્રુપ; જથાબંધ ઉત્પન્ન કરનારું.

Feracity,(ફીરૅસિટિ)*n.* The state of being feracious or fruitful: ફળવંત-ફળદ્રુપપણું;ફળદ્રુપતા.

Ferie,(ફીરિ)*n.*[*L feriæ* holidays.] A holiday:તહેવાર;સપરમો દિવસ.

Ferly,(ફર્લિ)*adv.*Singular; wonderful, extraordinary: અજાયબ જેવું;અચંબો પમ રે એવું.

Ferment, (ફર્મેન્ટ્)*n.* [L *ferro*, I boil.] That which causes fermentation(as yeast, barm or fermenting beer.):જેથી ફીણ-ઉભરો આવે છે તે.2 Intestine motion; heat;tumult;agitation:હુલ્લડ;ગભરાટ;ખુવારસો;ક્ષોભ 3 Fermentation: ઉભરો;ફોલ;ખમીર.*vt* To cause fermentation in;to set in motion: મા ઉભરો થાય-ફાળ આ તેમ કરવું; ઉભરાવવું;ચઢાવવું; ઉશ્કેરણી કરવી *vi* To undergo fermentation:ફીણ-ઉભરો આવવો. 2. To be agitated or excited by violent emotions: વાયરે ચઢવું;ઉશ્કેરાવું; તોફાને ચઢવું; હુલ્લડ થવું.

Fermentation,(ફર્મેન્ટેશન્)*n.*The process of undergoing an effervescent change:ફીણ;ઉભરો;ફોલ. 2.A state of agitation or excitement:ગભરાટ;ઉત્તાપ;વેગ-ઉશ્કેરણી;તોફાન-મસ્તી;દંગો; ફિસાદ. *Vinous* **f.**: દ્રાક્ષરસનો દારૂ બની જવો તે. *Acetous* **f.**:નો સરકો બની જવો તે.

Fermentative,(ફર્મેન્ટેટિવ્) *a.* Causing fermentation;fermenting:ફોલ આણવું;ઉભરો લાવવું.

Fern,(ફર્ન્)*adv* Long ago.ઘણા વખતપર; ઘણો કાળ થયો તે પહેલા. *a.* Ancient;old:અસલી;જુનું *n.* An order of cryptogamous plants: ફોની વનસ્પતિમાં થતો એક રોપો.

Ferocious,(ફીરોશસ્)*a.*[L *ferox*, *ferocis*, fierce.] Fierce; wild; savage;ravenous.ઘાતકી;ક્રૂર;જંગલી; ફાડીખાનારૂં;વિકરાળ;નિર્દય;ઉગ્ર;રૌદ્ર;દારૂણ.2.Ravenous:ફાડી ખાનારૂં હિંસક.

Ferociousness,Ferocity,(ફીરોશસ્નેસ્-ફીરોસિટિ) *n.* Wildness; fierceness;fury;cruelty:ઘાતકીપણું;ક્રૂરતા;જંગલીપણું;વિકરાળપણું;ઉગ્રતા.

Ferret (ફેરેટ્)*n* [L.*fur*, a thief,] An animal of the Weasel family નોળીઓ.*vt.*To search out by patient and sagacious efforts: ધીરજ અને ચાલાકીથી શોધી-ખોળી કાઢવું

Ferric,(ફેરીક્)*a.*Derived from or

containing iron: લોઢામાથી મળેલું; જેમાં લોઢું હોય એવું;લોહજન્ય.

Ferriferous,(ફેરિફેરસ્)*a.* Producing or yielding iron:જેમાંથી લોઢું મળી આવે એવું.

Ferrule,(ફેરૂલ્) *n.* [L. *vivia,*a bracelet.] A ring or cap of metal:કડું;ખોળી;પટો.

Ferry,(ફેરિ)*vt.*To carry or transport over a river,strait,or other narrow water,in a boat: હોડીમાં બેસાડી નદી સામુદ્રધુની અથવા બીજા કોઇ સાંકડા વહેતા પાણીની પાર ઉતારવું-લઇ જવું;તરી પાર કરવું.*vi.*To pass over water in a boat or by a ferry: તરી પાર ઉતરવું *n. pl* **Ferries.** A place where persons or things are carried across river,&c.ઘાટ; ઓવારો.2 A ferry boat;a wherry: નાવ;હોડી; પનાઇ.2 **F.***bridge*: આગગાડીને નદી અથવા અખાત ઉપર થઇને જવાને માટે બાંધેલી હોડીઓ.3. The right of plying a ferry:હોડી ફેરવવાનો હક.

Ferryboat,(ફેરિબોટ્)*n.* A vessel for conveying passengers,merchandise,etc:ઉતારૂઓ,માલ, વિગેરેને ઉતારવાની હોડી;મછવો;પનાઇ.

Ferryman,(ફેરિમન્)*n pl.* **Ferrymen,**One who maintains or attends a ferry:હોડીવાળો; પનાઇવાળો

Fertile,(ફર્ટાઇલ્)*a.*[*L.fero,*I bear] Fruitful; prolific; fecund;productive;inventive:જેમા સારો પાક થાય તેવું;ફળદ્રુપ;આબાદ;ફળવંત; યોજક; શોધક;ચતુર; સધન. 2. Capable of producing fruit:ફળ ઉત્પન્ન કરી શકે એવું.3 Produced in abundance; plenteous;ample:જથાબંધ ઉત્પન્ન કરેલું;પુષ્કળ.

Fertility(ફર્ટિલિટિ)*n.*Fruitfulness productiveness; fecundity:ફળવંતતા;સફળતા;ફળદ્રુપતા; શોધકશક્તિ.

Fertilize,(ફર્ટિલાઇઝ્)*vt.*To make fertile;to enrich;to make fruitful or productive: ફળદ્રુપ-ફળવંત-આબાદ કરવું.2. To fecundate: ગર્ભવંત કરવું.

Fervency(ફર્વેન્સિ)*n.* Ardor; eagerness:તાલ્લીનતા;ઉત્સાહ;આસ્થા;ભાવ;હોંસ;જુસ્સો; આતુરતા; આસક્તિ.

Fervent,(ફર્વન્ટ્) *a* [L *fervo.*I boil]Hot;glowing;boiling: ઉકળતું;ગરમ;બળતું;તપી ગયેલું 2. *Warm* in feeling;earnest,zealous: આતુર;તીખુ; જુસ્સામાં આવેલું; હોંસીલું ઉત્સુક;પ્રચંડ,તીવ્ર;તીક્ષ્ણ;ઉત્કટ; આતુર; ઉત્સાહ ભરેલું.

Fervid,(ફર્વિડ્)*a* [L.*fervo,*I boil.] Very hot;boiling;burning: ઘણું ગરમ;તપી ગએલું;બળતું; ઉકળતું.2. Ardent; vehement; zealous: હોંસવાળું;હોંસીલું;ઉત્સુક;આતુર.

Fervidness,Fervor. (ફર્વિડ્નેસ્ ફર્વર્)*n* [L.*fervor*]Heat;excessive warmth: ઉષ્ણતા; ગરમી. 2. Glowing ardor; passion; holy zeal;earnestness:જુસ્સો-આતુરતા; તીક્ષ્ણતા; ભાવ;ઝનુન; ઉત્સાહ; ઉત્કટતા; વ્યગ્રતા.

Festal-Festive,(ફેસ્ટૅલ્ ફેસ્ટિવ્) *a.* [L.*festum* feast]Festal;joyous; gay;mirthful:ભંગળ;શુભ;ખુશીનુ, ખુશ-આનંદ પમાડે એવું.

Fester, (ફેસ્ટર્) *vi.* To generate pus; to become inflamed and suppurate:દરદ પાકવું; માં પર પેદા થવું. 2.To rankle:પેટમાં બળવા કરવું; ખાર રાખવો *n.*A pustule:પાકેલું ગુમડું.

Festival.(ફેસ્ટિવૅલ્)*a.*[L.*festivus,* festive; gay.] Festive; festal; joyous;mirthful: સપરમા દહાડાનું; ઓચ્છવનું;મંગળ; શુભ; આનંદનું; માંગલિક. *n* A time of feasting or celebration: આનંદનો દિવસ;સપરમો દહાડો;ઉત્સવ;પર્વ.તહેવાર.

Festivity,(ફેસ્ટિવિટિ)*a. Pl.* **Festivities,** Joyfulness; gaiety: આનંદ;હર્ષ;ઉત્સાહ;ખુશી;ભક્તિ;ગમત.2. A festival;a festive celebration: તહેવાર;ઓચ્છવ; સપરમોદિવસ; ટાણું; પર્વ;ઉત્સવ.

Festoon,(ફેસ્ટૂન્) *n.* [L. *festum,* festival.]A garland or wreath hanging in a depending curve: તોરણ;માળા;હાર. 2. A curved ornament consisting of flowers, fruits, and leaves, intermixed or twisted together:વેલ;ખુટ્ટા.*vt.* To form in festoons or to adorn with festoons: તોરણ કરવું-બનાવવું; તોરણ બાંધી શણગારવું.

Fetal, (ફીટૅલ્) *a.* Pertaining to fetus:ગર્ભસ્થાનનું સંબંધી.

Fetation,(ફીટેશન્)*n.* The formation of a fetus in the womb; pregnancy:ગર્ભધારણ;હુમેલ;દહાડા.

Fetch(ફેચ્)*vt.*To bring; to get: જઇને લાવવું; લાવવું; મેળવવું. 2. To sell for: નું ઉપજાવવું;આવવું;કિંમત ઉપજવી.3.To recall from a swoon; to revive;મૂર્છામાથી શુદ્ધિમાં આણવું; લાવવું.4.To reduce;to throw: ફેંકી દેવું,નાખવું. 5. To achieve; to make (as sigh,etc.):નાખવું;મૂકવું. 6.To reach;to arrive at:પહોંચવું; ની પાસે હકારીને જવું *To* f. *out,* to develop:ઉઘાડવું;પ્રસિદ્ધ-સ્પષ્ટ કરવું. *To* f *up,*(*a*)to over-take:પકડી પાડવું. (*b*) To stop suddenly:એકદમ અટકી જવું *vi.* To make headway; to veer:ફરવું;બદલવું; દિશા બદલવી. *To* f *and carry,*to serve obsequiously,as a trained spaniel:ફળવાયલા કુતરાની માફક કામ કરવું. *n.* A trick;an artifice:દાવ;પેચ;કપટ;છળ. 2 The apparition of a living person: જીવતા માણસનું પ્રેત-પડછાયો;ઓળો. **F.***candle:*મૃત્યુસુચક આકાશ-પ્રભા.

Fete,(ફેટ્)*n.* A feat:પરાક્રમ; કસરત; હાથ ચાલાકીનું કામ. 2. A festival: મીજબાની;ઉજાણી.

Fetid,(ફીટિડ્) *a.* [L *fatere,* to stink] Having an offensive smell;stinking;દુર્ગંધવાળુ;ગંધવાળું; દુર્ગંધમય;ગંધાતું;વાસ મારતું.

Fetidness,(ફીટિડ્નેસ્)*n.*The quality or state of being fetid:ગંધ; વાસ;દુર્ગંધ;બદબો.

Fetor,(ફીટર્)*n.*[L.*fetor.*] Stench; fetidness:ગંધ; દુર્ગંધ;બદબો.

Fetter,(ફેટર્)*n.*A chain or shackle for the feet;a bond;a shackle:બેડી;સાકળ;જંજીર;શૃંખલા. 2. A restraint: અંકુશ;દાબ; નિગ્રહ; કાબુ; પાસ;બંધન.*vt.* To put fetters upon; to shackle: to bind:બેડી ઘાલવી; પગે સાકળ જડવી; શૃંખલાબંધન કરવું. 2 To restrain; to confine; to enchain: અટકાવ કરવું;અટકાવવું;રોકવું.

Fetus,(ફીટસ્ *a.Pl.***Fetuses**[L. *fetus,foetus.* a bringing forth; offspring.] The young or embryo of an animal in the womb or in the egg:ગર્ભસ્થાનનું બચ્ચું;ગર્ભ

Feud,(ફ્યૂડ્)*n.*A combination of kindred to avenge injuries or affronts:કરેલી હત્યાનું વેર વાળવા માટે કરેલો એકસંપ.2 A contention or quarrel: કજીઓ; તડ;લડાઇ;કલહ;ખાનાજંગી;રણસંગ્રામ;વિગ્રહ; વિરોધ;યુદ્ધ. *n* [L *feudum.*] (*Law*) A fief; a fee:જાગીર;વતન.

Feudal,(ફ્યૂડૅલ્)*a.*Of,or pertaining to feuds,fiefs or fees:જાગીરવતનને લગતું-સંબંધીનું. 2. Consisting of,or founded upon feuds or fiefs:જાગીર વતનવાળુ;પટાવતી પદ્ધતનું. **F.***lord:* પટાવતી પદ્ધત પ્રમાણે જાગીર આપનાર. **F.***system:* લશ્કરમા ચાકરી કરવા વિગેરે શરતે જાગીર આપવાનો રીવાજ;પટાવતી પદ્ધત.

Feudalism, (ફ્યૂડૅલિઝમ્)*n.* The feudal system;feudal principle

and usages: જાગીરનો પ્રકાર-પદ્ધતિ; પટાવની પદ્ધત.

Feudary,) (ફ્યૂડરિ,ફ્યૂડૅટોરિ) **Feudatory,**) *a.&n pl.* **Feudatories.** A vassal:the tenant of a feud or fief:જમિનદાર;ખેડુત;સાથે રાખનાર;પટાવત; જાગીરદાર; વતનદાર; દેસાઇ.

Fever, (ફીવર્) *n.*[L *febris.*]A diseased state of the system marked by increased heat, acceleration of the pulse,and a general derangement of the functions:તાવ;જ્વર; ખુમાર;તપત; દેહદાહ. *Typhoid* **f.**: સન્નિપાતજ્વર. *Bilious* **f.**:પિત્તજ્વર. *Intermittent* **f**:એકાંતરીઓ તાવ. *Quartan* **f.**: ચોથીઓ તાવ **F** *with ague*: ટહાડીઓ તાવ; હીમજ્વર; શીતજ્વર. *Remittent* **f.**: વિષમજ્વર. *Inflammatory* **f.**: દાહજ્વર. 2. A condition of great excitement:ઝુસ્સો;તાવ;ક્ષોભ, ઉકળાટ; તાપ *vt.*To put into a fever: તાવ આણવો-લાવવો-આવવો.

Feverish, (ફીવરિશ્) *a.* Having a fever:તાવની અસરવાળું;જરા તાવ હોય એવું થી ભરેલું;ધીકડાવાળું. 2.Indicating or pertaining to fever:તાવ દર્શાવનારૂં-સંબંધિ. 3. Hot;sultry: ઉષ્ણ;ઉનું;ગરમ.4.Excited;restless: બેચેનીવાળુ ;ચંચળ.

Feverous, (ફીવરસ્) *a.* Affected with fever; feverish:તાવવાળું; ઉષ્ણ.2.Pertaining to, or having the nature of,fever: તાવને લગતું; ઉષ્ણ;ઉનું.

Few, (ફ્યૂ) *a.* [Gr. *pauvos*,little.] Not many;small, limited,or confined in number:ઘણાજ થોડા; થોડાંજ;થોડાકજ. *A few*,a small number.ઘણા નહિ પણ થોડા; થોડા ઘણું. *In few*,in a few words;briefly: થોડા શબ્દમાં;ટુંકામાં.

Fiat, (ફાઇઍટ્) *n* [L.*facio*,I make] An authoritative command or order;an effectual decree:ફરમાન; હુકમ; આજ્ઞા. 2. A warrant of a judge for certain processes:કોઇ કામને માટે જડજે કાઢેલું વારંટ

Fib (ફિબ્) *n.* A falsehood;a lie:જુઠું; જુઠાણું;ગપાટો;ગપ;ગપાશ.*vi.* To speak falsely:જુઠું બોલવું

Fibre, (ફાઇબર્) *n.*[L *fibra.*]One of the delicate, threadlike portions of which the tissues of plants and animals are in part constituted; filament:રેસો; તાર; તંતુ;ચિરાડ;રસ;જડિયાં. 2. Any fine tender thread, or thread-like substance:દોરો.2. Sinew; strength:ચીવટપણું;બળ;દમ;પાણી.

Fibril, (ફાઇબ્રિલ્) *n.* A small fiber; a fibrille:ઝીણો રેસો.

Fibrine, (ફાઇબ્રિન) *n.* A proteid substance found in blood: જેના તંતુ,માંસ,તથા નસ બનેછે એવો પ્રાણી અને ઝાડ માત્રમાંનો એક પદાર્થ.

Fibrous, (ફાઇબ્રસ્) *a* Containing or consisting of fibers:રેસાદાર-વાળું.

Fickle, (ફિક્લ્) *a* Fixed or firm; liable to change; unstable; inconstant;capricious:લાસરિયું; ચલિત;ચંચલચિત્તવાળું;ચંચળવૃત્તિનું; ઢીલીઢાલમાં ફરી જાય તેવું; અસ્થિર; ચપળ; ચંચળ;ઢંગધડા વગરનું.

Fickleness, (ફિક્લ્નેસ્) *n.* Instability;inconstancy: અસ્થિરપણું; ચલિતપણું;ચંચળપણું;અસ્થિરતા.

Fiction, (ફિક્શન્) *n.*[L. *fictio*, a shaping.] The act of feigning; inventing or imagining :કલ્પના; રચના;સૃષ્ટિ;માનસી સૃષ્ટિ. 2. A fabrication : જોડી કાઢેલી-કલ્પિત-બનાવટની વાત-કથા;ગાથા;કિસ્સો;ગપ્પ ભરી. 3. Fictitious literature, such as novels or romances: બનાવેલા-કલ્પિત ગ્રંથો;નવલકથા;અદ્ભૂત વાર્ત્તા .

Fictitious, (ફિક્ટિશસ્) *a.*Imaginary;not real, counterfeit;false; not genuine:બનાવટી;કલ્પિત;ખોટું; કપટ ભરેલું કૃત્રિમ;અસત્ ;મિથ્યા.

Fiddle, (ફિડલ્) *n.* A violin;a kit: સારંગી;કિનેરી.2. A kind of dock with fiddle-shaped leaves:સારંગીના જેવાં પાદડાવાળા એક ઝાડનો છોડ. **F** *bow*,fiddle stick·સારંગીનો વગાડવાનો ગજ;ચંપોડી. **F.** *Scorched*,the itch:ખસ ખુજલી *vi.* To play on a fiddle:સારંગી વગાડવી.2. To trifle; રમ્યા કરવું;નકામો વખત ગુમાવવો.*vt.* To play (a tune) on a fiddle:સારંગીમાં ગાયન-ગત વગાડવી.

Fiddle-Faddle, (ફિડલ્-ફડલ્) *n.*A trifle;a trifling tale;a nonsense નકામી અર્થ વગરની નિર્માલ્યવસ્તુ-વાત; ટાયલું.*vi.* To talk nonsense: ટાયલું કુટવું.

Fiddler, (ફિડલર્) *n.*One who plays on a fiddle or violin: સારંગી વગાડનાર.2.(*Zool.*) A crab:કરચલો.

Fiddle-stick (ફિડલ્-સ્ટિક્) *n.*A fiddlebow:સારંગીનોગજ-સારિકા;ચંપોડી.

Fiddle-string, (ફિડલ્-સ્ટ્રિન્ગ્) *n.* One of the catgut strings of a fiddle:સારંગીનો તાર-તાંત.

Fidelity, (ફિડેલિટિ) *n.* [L. *fido,* I trust.]Faithfulness;adherence to right:નિમકહલાલી: સાચવટ;ઇમાનદારી; પ્રમાણિકપણું; સત્યતા; સાચો; ભાવ.(*a*)Loyalty:વફાદારી; પ્રજાધર્મ; પ્રભુનિષ્ઠા-ભક્તિ. (*b*)Adherence to the marriage contract: પતિવ્રત; શિયળ;એક પત્નિવ્રત; સાચવટ; સાચાઇ; પ્રમાણિકપણું; સત્યતા. 2. *Veracity*: સાચવટ;સાચાઇ.

Fidget, (ફિજેટ્) *vi.*To move irregularly:ચેન નહિ પડવું;ચળવળવું;ઉચાનીચાં-તલપાપડ થવું.*n. Uneasiness*: બેચેની;ચળવળાટ;ચંચળતા; રઘવાટ-અજંપો. *Pl.* A general nervous restlessness:dysphoria : બેચેની; એક પ્રકારનો રોગ;ઉદ્વેગ.

Fidgety, (ફિજેટિ) *a.*Restless; uneasy:ચળવળતું; બેચેન; તલપાપડ; રવાયું;વળવળતું.

Fiducial, (ફિડ્યૂશૅલ્) *a.*[L. *fides*, faith.]Confident; undoubting; firm:ચોક્કસ;નિર્ભીત; પૂરા ભરોસાવાળું. 2.Having the nature of a trust; fiduciary:પૂર્ણ વિશ્વાસ રાખનાર.

Fiduciary, (ફિડ્યૂશિઍરિ) *a.* Confident;undoubting;faithful;firm : ચોક્કસ;નિર્ભીત; પૂરા ભરોસાવાળું. 2. Holding, held, or founded, in trust:ટ્રસ્ટવાળું *n.* A trustee: જેના ઉપર પૂર્ણ વિશ્વાસ રખાય એવો માણસ. ટ્રસ્ટી; બીજાનીવતી સોંપ્યા કામકરનાર.

Fie, (ફાઇ) *Interj* [*L fi,phy.*]An exclamation denoting contempt or dislike:છી;છ્યા યુ.

Fief (ફીફ્) *n* [*Law.*] A fee;a fend જાગીર;વતન.

Field, (ફીલ્ડ્) *n.*Land suitable for tillage or pasture; cultivated ground;open country:ખેડવા લાયકજમિન;ખુલ્લી જગ્યા-જમિન; મૈદાન. 2.A piece inclosed for tillage or pasture:ખેર 3. (*a*) A place where a battle is fought:રણક્ષેત્રભૂમિ;રણાંગણ;રણ (*b*) A battle: યુદ્ધ; લડાઇ; સંગ્રામ જંગ 4.An open space;an extent; an expanse: અવસર;સ્થાન;વિષય;પ્રસર,ક્ષેત્ર;વર્ગ 5 Province;room:દેશ; વિષય; સ્થળ; ક્ષેત્ર; સિમા;રાજ્ય. *To keep the* **f.**(*a*):લડાઇ જરૂ રાખવી;-ને માટે પથારી કરીને રહેવું. (*b*):પાછું હઠવું નહિ.*vi.* To take the field:લડાઇએ ચડવું;લડાઇ કર. *vt* To stop, catch or throw the ball: દડો અટકાવવો,ઝીલવો વિ૦ કરવું.

Field-book, (ફીલ્ડ્-બુક્) *n.* A book used in surveying fields:જમિન માપની નોંધ બુક;મોજણીની નોંધની ચોપડી

Field-day, (ફીલ્ડ્ ડે) *n.* (*a*) *A* day

in the fields:મેળાનો દિવસ. (*b*) A day when troops are taken into the field for instruction in evolution:રણભૂમિમાં કવાયતનો દિવસ.

Field marshal, (ફીલ્ડમાર્શલ) *n.* An officer of the highest rank in the army: સેનાધિપતિ; લશ્કરમાં સૌથી મોટામાં મોટો અમલદાર.

Field-piece (ફીલ્ડ-પીસ્) *n* A piece of field artillery: નાની-સફરી તોપ.

Field-sports, (ફીલ્ડ-સ્પોર્ટસ્) *n. Pl.* Diversions of the field, as shooting & hunting:મૃગયા;શિકાર.

Field-work, (ફીલ્ડ-વર્ક્) *n. pl.* Any temporary fortification thrown up by an army in a field: લશ્કરે રણભૂમિમાં થોડા વખતને માટે ઉઠાવેલો કિલ્લો.

Fiend, (ફીન્ડ્) *n.* An implacable or malicious foe; an infernal being:ભૂત:અસુર:દાનવ;સેતાન; જીવનો વેરી;રાક્ષસ;વૈતાળ; મુજી;કાફર.

Fiendish, (ફીન્ડિશ્) *a.* Infernal: malignant;devilish;hellish:પિશાચ જેવું;દુષ્ટ;વેરી; આસુરી; દ્વેષી; અતિક્રૂર.

Fierce, (ફીર્સ્) *a.* [L. *ferus*, wild, savage.] Furious; violent; unrestrained:તોફાની;વહ્યું;જુસ્સાભેર; પ્રચંડ 2. Vehement in anger or cruelty;ready to kill or injure; ferocious:જંગલી; ખુની;ભયંકર;વિકરાળ;ક્રૂર;ઘાતકી;ફાડી ખાનારૂં.3. Excessively earnest; eager; ardent: આતુર;ઉત્સુક;જુસ્સાદાર; જલમ; કરડું.

Fiery, (ફાઇઅરિ) *a.* Consisting of, containing,or resembling fire: જેવતાવાળું-જેવું; અગ્નિમય. 2. Vehement;ardent;impetuous: આકરું; ગરમ;કરડું;જલદ;જબરમાન; જુસ્સાદાર. 3.Passionate;easily provoked; irritable: સહેજમાં ગુસ્સે થાય એવું; ક્રોધી;તામસી;ઉગ્ર.4. Unrestrained; fierce;spirited: વહ્યું; જલદ; તીખું; ગરમ;તીક્ષ્ણ;તીવ્ર;કડક;પાણીદાર.

Fife, (ફાઇફ્) *n.* [L.*pipare*,to peep.] A small shrill pipe:મોરલી;બન્સી; વાંસળી; પીપુડી. *vi.* To play on a fife:બનસી-મોરલી વગાડવી.

Fifteen, (ફિફ્ટીન્) *a.* Five and ten; one more than fourteen : પંદર; ૧૫.*n.* The sum of five and ten: ૧૫ ની રકમ.2.A symbol representing fifteen; (as 15 or XV):પંદર આંકડો દર્શાવનારી નિશાની(૧૫.XV).

Fifty, (ફિફ્ટિ) *a* Five times ten:પચાસ. ૫૦. *n. pl.* **Fifties,** The sum of five tens:પચાસની રકમ.2. A symbol representing fifty units : પચાસ એકમ દર્શાવનારી નિશાની-ચિન્હ (૫૦).

Fig, (ફિગ્) *n.* [L.*ficus*,fig.] A small fruit-tree : અંજીરનું ઝાડ. 2. The fruit of a fig tree:અંજીર; ટેટો. 3 A small piece of tobacco: તમાકુનો ટુકડો-કકડો. 4 The value of a fig, practically nothing; a fico (*used in scorn or contempt*): દમડી;કોડી;બદામ;તલ માત્ર.*Indian f. tree*:વડ.*To care a f. for*:-નો હિસાબ ન હોવો;નો ભાવ ન પુછવો;-ને ન ગણવું;-ની લેશ માત્ર દરકાર ન રાખવી. *n.* Dress;array: પોશાક;લુગડાં.

Figent, (ફિજેન્ટ્) *a* Fidgety;restless:ચલિત;ચંચળ;બેચેન.

Fight, (ફાઇટ્) *vi.* To contend for victory;to contend in arms:લડાઇ મચાવવી; યુદ્ધ કરવું; લડવું. 2. To struggle against; to strive;to make resistance:અટકાવવું;અંકાવ કરવું;સામા થવું;આથડવું.*To f. shy*:દુરના દુર રહેવું.*vt.* To carry on,or wage as a conflict:લડવું;લડાઇ મચાવવી-ચલાવવી 2.To contend with in battle;to war against:સાથે લડવું; યુદ્ધ કરવું;લડાઇ ચલાવવી 3. To cause to fight:લડાવવું. To f *it out*: ધારેલી મતલબ પાર પડે ત્યાં સુધી લડવું-આખ્યા રહેવું *n.* A battle; a contest in arms:લડાઇ;યુદ્ધ;સંગ્રામ; જંગ; ઝગડો.2.A struggle or contest of any kind : કોઇ પણ જાતનો કજીયો-ઝગડો.3.Strength or disposition for fighting:લડવાનું બળ-કૌવત શૌર્ય

Fighter, (ફાઇટર્) *n.* One who fights; a combatant;a warrior: લડનાર;લડવૈયો;યોદ્ધો;રણવીર.

Fighting, (ફાઇટિન્ગ્) *a.* Fit for battle:લડાઈ-યુદ્ધને લાયક; લડાયક;લડાઇમાં કામ લાગે એવું 2. Occupied in war;having the scene of a battle:લડાઇમાં રોકાયેલું-કામે લાગેલું; લડાઇનું;લડવાનું.

Figment, (ફિગ્મેન્ટ્) *n.* [L. *fingo*, I form.]An invention;a fiction; કલ્પિત વાત; બનાવટ; રચના; માનસી સૃષ્ટિ;ગાથા;ફિસ્સો;કાદંબરી.

Figurable, (ફિગ્યૂરેબલ) *a.* [L. *figura*, figure.] Capable of being brought to a fixed form or shape:આકાર કરવા લાયક.

Figurate, (ફિગ્યૂરેટ્) *a.* Of a definite form or figure:મૂર્તિમાન; સાકાર. 2. Figurative; metaphorical:અલંકારી;નકલી;લાક્ષણિક.

Figurative, (ફિગ્યૂરેટિવ્) *a* Typical, representative: લાક્ષણિક; અન્યદર્શક;ઉદ્દેશક; ઉપલક્ષિત; સાંકેતિક. 2.Not literal:ઔપચારિક; લાક્ષણિક; અલંકારયુક્ત; અલંકારવાળું 3. Flowery; florid: અલંકારી; અલંકારિક; અલંકાર યુક્ત

Figure, (ફિગ્યૂર્) *vi.* [L. *figura*, a figure.] *a*) To represent by a figure : આકૃતિ છબી-ચિત્ર કાઢવું;-ની પ્રતિમા આળેખવી; ચિતરવું; વિચારવું; ધારવું.(*b*)To shape: નો આકાર કાઢવો;વર્ણવવું;આકૃતિથી બતાવવું. 2. To embellish with designs: વેલ બુટ્ટિ કાઢવી;નકશી કામ કાઢવું;ચિત્ર વિચિત્ર કરવું;શણગારવું;શોભાવવું;-નું ચિન્હ હોવું. 3.To compute: આંકડાથી બતાવવું-દર્શાવવું; ગણવું; ગણત્રી-ગણના કરવી. 4 To signify : અલંકાર આપવો; અલંકારથી દર્શાવવું-જણાવવું. 5. To prefigure;to foreshow: પૂર્વસૂચન-ભવિષ્યસૂચન કરવું; આગળથી જણાવવું; ભવિષ્ય ભાખવું;કલ્પના કરવી *To f. up*, to add : સરવાળો કરવો; ગણત્રી-ગણના કરવી.*vi.* To be distinguished or conspicuous:પ્રખ્યાત થવું; નામ માંડવું; ઓળખાવવું: પ્રતિષ્ઠા આબરૂ કીર્ત્તિ મેળવવી-સ્પાદન કરવું; રાજવું; વિરાજવું. 2.To contrive;to scheme : યુક્તિ કરવી;યોજના કરવી.*n.* Shape; outline appearance:આકાર;આકૃતિ;રૂપ,ડોળ; ઘાટ;મૂર્ત્તિ.2.Image;statue: મૂર્ત્તિ; છબી;ચિત્ર;ભાવવું;પુતળું; પ્રતિમા;બિંબ. 3.A design wrought out in a fabric-બુટ્ટિ;વસ્ત્રબુટ્ટિ;નકશી; ચિત્રકામ; ભાત;ગરેહ;તરાહ;ચિત્ર;આકૃત 5. The appearance or impression made by the conduct or career of a person:છાપ;શોભા;રંગ 6. Magnificence;splendour; show:પ્રતિષ્ઠા; ગૌરવ;પ્રખ્યાતિ;યશ;કીર્ત્તિ;દબદબો; છાપકો.7.A numeral;a digit:વર્ણ;અંક; આંકડો;આંક 8.Value;price: કિમત; મૂલ્ય 9.A type: પ્રતિરૂપ; પ્રતિરૂપક; પ્રતિબિંબ;દર્શકચિન્હ.10. Pictorial language;a trope: અલંકાર; રૂપક; લક્ષણા;ઉપલક્ષણા;ઉપચાર; ઉત્પ્રેક્ષા. 11 The diagram of the aspects of astrological houses;a horoscope: કુંડળી;ગ્રહોના સ્થાનોની કુંડળી; ટપકો. *To cut a f.*, to make a display: રંગ રાખવો; નામ કાઢવું; નામના કરવી.

Figured, (ફિગ્યૂર્ડ્) *a.* Adorned with figure:નકશીદાર;ભુટ્ટાદાર,ભાત પાડેલી. 2.Figurative: અલંકારી;અલંકારિક.

Filament, (ફિલમેન્ટ્) *n* [L. *filum*, thread.]A thread;a fiber:રગ;નસ; દોરો.તંતુ;રેશો;સૂત્ર;તાર;કસર.

Filatory, (ફિલેટોરિ) *n.* [L *filum*, thread]A machine which spins

thread: દોરા કાતવાનો સંચો; રેંટીયો.

Filch, (ફિલ્ચ્-ફિલ્ચ્) *vt.* To steal; to take wrongfully from another;to pilfer: ચૂંટી-ચોરી લેવું; છાનું મારું લઇ જવું.

Filcher,(ફિલ્ચર્) *n.*A thief: ચોર.

File,(ફાઇલ્) *n.*[L *filum*, a thread] An orderly succession; a line; a row:પંક્તિ;શ્રેણી;હાર; આવલી;માળા; (*a*)(*Mil.*)A row of soldiers: સિપાઈઓની હાર.(*b*)An orderly collection of papers:અનુક્રમવાર કાગળો;ફાઇલ;નોંધ;દફ્તર;તુમાર.(*c*) A roll or list:નોંધ;ચોપડી;ફેહરીસ્ત ;પત્રક.(*d*) A thread or wire on which papers are stringed:કાગળ નિયમસર પોરવી મુકવાની દોરી -તાર;આલ્ફો. 2.Course of thought;thread of narration : વિચારશ્રેણી-પરંપરા; સંકળના *Rank and f.*: બરકરી સિપાઇઓની હલ્કી કે આડી હાર; અમલદાર કે આગેવાન સિવાયના બધા સિપાઇઓ. *vt.*To arrange; to place on file: ગોઠવવું;ફાઇલમા નાંખવું; દફ્તરે રાખવું મુકવુ.2 To bring before a court by presenting proper papers in a regular way: કાયદેસર દાખલ કર. 3. (*Law.*) To put upon the files or among the records of the court:ફાઇલે રાખવું.*vi.*(*Mil*) To march in a line: હારબંધ ચાલવું 2 To keep pace: ની સાથે ને સાથે રહેવું *n.* A steel instrument for smoothing metals: કાનસ; રેતડી;જરતરી *vt.*To rule; to polish: કાનસવતે ઘસી સાફ કર.2. To improve:સુધારવું;સંસ્કૃત કર.*vt.*To make foul;to defile:બગાડવું;અપવિત્ર-ભ્રષ્ટ કર.

File-cutter,(ફાઇલ્કટર્)*n.*A maker of files:કાનસ બનાવનાર હુવાર.

File-mot,(ફાઇલ્મોટ્)*n* A yellowish brown colour : પીળાસ પડતો ભુરો રંગ.

Filial,(ફિલિઅલ્)*a.*[L.*filius*,a son and *filia*,a daughter.] Pertaining to a son or daughter:દીકરા-દીકરીનું;પુત્ર યોગ્ય-તુલ્ય;પુત્રીય;પુત્રધર્મક. 2.Bearing the relation of a child છોકરાના સગપણવાળું .**F.***duty* : પુત્રધર્મ;અપત્યધર્મ.**F.***affection*: પિતૃને હ;માતૃનેહ-ભક્તિ.

Filiate,(ફિલિએટ્)*vt.* To adopt as son or daughter : છોકરો-છોકરી દત્તક કરવું.

Filiation,(ફિલિએશન્)*n.* [L.*filius* son.] The relationship of a son or child to a father : પુત્રની બાપ તરફની સગાઈ;પુત્રત્વ; સુતત્વ. 2. Adoption: દત્તક કરવું તે;દત્તવિધાન; પુત્રકરણ 3. The assignment of an illegitimate child to its father: અનૌરસ છોકરું તેના બાપને હવાલે કરવું તે.

Filigree, (ફિલિગ્રી) *n.* A kind of ornamental metallic lace work: સોનારૂપાના તારનું બારીક કામ.

Filing,(ફાઇલિન્ગ્)*n.* A fragment or particle rubbed off by the act of filing:ધાતુનો ચૂરો-ભૂકો-ચૂર્ણ; લોહચૂર્ણ; વરખ.

Fill,(ફિલ્)*n.*A full supply:ભરપુર; સંતોષપુર; યથેચ્છ;તૃપ્તિ; જોઇએ તેટલું. 2.A thill or shaft of a carriage: ગાડીનો પોલ-સાઠકો. *vi* To become full;to have an abundant supply:ભરાઇ જવું;ભરાવવું;પુષ્કળ હોવું. 2 To fill cup for drinking: પીવાને પ્યાલું ભરી આપવું.*vt.*To make full; to occupy the whole capacity of:ભરવું;-મા ભરવું;પરિપૂર્ણ કર; છલકાવી દેવું;છલોછલ ભરવું.2. To supply abundantly:તૃપ્ત કરવું;પુષ્કળ ભરવું. 3. To satisfy:સંતોષ પમાડવો;પેટ ભરીધરાય તેમ ખવાડવું;તૃપ્ત કર 4. To possess and perform the duties of;to occupy:ભોગવવું;લેવું;પર બિરાજવું;-નો હોદ્દો ભોગવવો.5.To supply with an incumbent: પૂરવું; ભરવુ; જગ્યા પુરવી 6 To press and dilate on all sides: થી ઉપસી આવવું *To f.in*,to insert:ગોઠવવું, ભરવુ;દાખલ કર. *To* f. *out*,to make complete:સંપૂર્ણ-પરિપૂર્ણ કર.*To f. up*, to fill to the brim છલોછલ ભરવું, કાંઠા સુધી ભરવુ. (*b*) પુરવું;પુરો નાખવું (*o*)ગુજારવું;કાઢવું;ગાળવું.*vi*. ભરાઈ જવુ; ભરપુર થવું.

Fillet, (ફિલેટ્) *n.* [L. *filum*, a thread.] A band for the hair: ચોટલો બાંધવાનો દોરો; માથાનો દોરો; નાડું;જુડો. 2. The fleshy part of the thigh: થાપો.3. Meat rolled into a stringlike form: દોરીના આકારમાં વાળેલું માસ. 4.(*a*)A ribband: ઝાલર.5.A thin strip or ribbon: પટિ;કોર;કિનારી;રીબીન 6.The thread of a screw:પેચનો વળ. 7. A band of fibers: તંતુઓનો સમૂહ-ગુંચળું-ગુચ્છો.*vt.* To bind with a fillet: નાડાથી બાંધવું;દોરાવતે બાંધવું.

Filling,(ફિલિન્ગ્) *n.* That which fills:ભરવું તે;ભરતી;પૂરવણી; પૂરણી 2. The woof in woven fabrics: વણેલા કાપડનો તાણો.

Fillip,(ફિલિપ્)*n.* A stroke with the finger-nail suddenly let go from the thumb:ટકોરો;ટિપકી. 2. A sudden start or excitement: ઉશ્કેરણી;પ્રલોભન.*vt* To snap with the finger:આંગળી વતી ટકોરો મારવો;અંગુલિ પ્રહાર કર; તડાક અવાજ કર. To incite:ઉત્તેજન આપવું;ભડકાવ કર.

Filly, (ફિલિ) *n.* A young mare:વછેરી;નાની ઘોડી.2.A lively girl:બટકી;છોકરી; ઘોડી; ચંચળ-ચકોર છોડી; છકેલી છોકરી.

Film (ફિલ્મ્) *n.* A thin skin;a pellicle:પોપડી;પડદો; છાલ;કોરોટો. 2. A slender thread;બારીક દોરો; તાંતણો;તાર.*vt.*To cover with a thin skin:પાતળી ચામડીથી ઢાંકવું-મઢી લેવું.

Filter,(ફિલ્ટર્)*n.*A strainer: ગળ્યું ગળણી.*vt.*To purify: ગાળવું, નિતારવું;કપડ છાન કર. *vi.* To percolate: ગળવું;નિતરવું;ટપકવું;ઝમવું;દદડવું.

Filth,(ફિલ્થ્) *n.*Dirt; nastiness: મેલ;કચરો;ગલીચો; મળ;કિટ્ટ. 2. Corruption;pollution: ભ્રષ્ટતા; અપવિત્રતા;અશૌચ: મલિનતા.

Filthiness, (ફિલ્થિનેસ્) *n.* The state of being filthy:ગંદાપણું. 2. Foulness; pollution: ગંદવાડ; નાપાકી;અપવિત્રતા;મલિનતા;ભ્રષ્ટતા.

Filthy,(ફિલ્થિ)*a* Nasty;foul; impure:મેલું;મલિન;મળકટ;અસ્વચ્છ; અશુદ્ધ;નિચ;દુષણીય;ગર્હ્ય.2. Polluted: અપવિત્ર;ભ્રષ્ટ.

Filtrate,(ફિલ્ટ્રેટ્)*vt.* To filter; to defecate:ગાળવું;નિતારવું.

Fimbriate,(ફિમ્બ્રિએટ્)*vt.*To hem; to fringe:આટવું;કોર બાંધવી

Fin,(ફિન્) *n.*An organ of a fish: માછલીનો પાખ.2.A finlike organ: માછલીના પાંખના જેવું અવયવ.(*a*)The hand:હાથ.(*b*)The thin sheet of metal: ધાતુનું પાતળું પતરું; વરખ. 3. End;conclusion;object:હેતુ;કારણ; મતલબ; મુદ્દો. *vi.* To carve or cut up:કાતરવું;કાપવું.

Final,(ફાઇનૅલ્)*a* Last; terminating;ultimate: છેવટનું;છેલ્લું; આખરનું; અંત્ય. Conclusive; decisive: પરિણામક;આખરનું; નિઃસંદેહ; સુનિશ્ચિત **F** *cause*:હેતુ;હેતુ

Finalty,(ફાઇનૅલિટિ)*n* Final state; settlement: છેલ્લી સ્થિતિ; આખેરી; પૂર્ણાહુતિ;પૂર્ણતા;નિર્ણાયકતા; સમાપ્તિ.

Finally, (ફાઇનૅલિ) *adv.* Ultimately;lastly: આખરે; અંતે;છેવટે. 2. Completely:તમામ;નિરોધ;સમૂળું.

Finance,(ફિનૅન્સ્)*n* [L. *financia*, a money payment.] Revenue; public money:રાજની મહેસુલ-વસુલ-જમા-આમદાની-પેદાશ;ઉપજ; આવક.

Financial/ફિનૅન્શૉલ્)*n.*Pertaining to public revenue or finance: વસુલ પ્રકરણનું; મેહેસુલનું.

Financier,(ફિનૅન્સીઇ૨)*n.* A Treasurer: સરકારી મેહેસુલ વસુલ કરનાર; ક્રોશાધ્યક્ષ:ધનાધિકારી.2 A receiver of public money: સરકારી નાણાં લેનાર.3.One who is skilled in financial operations: સરકારી મેહેસુલ વસુલ કરવામાં પ્રવીણ માણસ; નાણાં શાસ્ત્રી.*vi.*To conduct financial operations: મેહેસુલને વહીવટ કર; મહેસુલ વસુલ કર.

Find,(ફાઇન્ડ્)*vt.* To meet with: મળવું;હાથ લાગવું; દૃષ્ટિએ નજરે પડવું; જડવું-જોવું 2. To discover; to experience: જાણવું; જણાવું; માલમ પડવું-ને હાથ લાગવું.3. To come upon by seeking:-નો શોધ-પત્તો લાગવો; જડવું;-ને મળવું.(*a*)To discover by sounding: તાગ લાગવો મેળવવો. (*b*) To discover by experiment or study:અભ્યાસ કિંવા અનુભવથી પ્રાપ્ત કર-જાણવું; ખોળી-શોધી કાઢવું;-ને માલમ પડવું; ખબર થવી.(*c*)To gain as the object of desire:મેળવવું; પ્રાપ્ત કર;-ને મળવું. (*d*) To attain to; to acquire:મળી આવવું;સંપાદન કરવું.4. To establish;to determine as true:નકી રહ્યું કર;ફૈસલો-નિર્ણય કર. 5.To furnish;to supply:પુરૂં પાડવું;આપવું. 6. To feed: ખાવાનું પીવાનું આપવું.*To* f.:પુરૂ પાડવું. *To* f. *one's self.*(*a*)હોવું;તબીયત હોવી. (*b*) છું એમ જાણવું;-ને માલમ પડવું. *To* f. *out,*to detect;to solve: શોધી કાઢવું;ઉકાડું કર;સિદ્ધ કર;સમજવું; ઉકેલવું શોધી કાઢવું.*To* f. *fault with,* to blame:ઠપકો આપવો-દેવો;-ને માથે દોષ મૂકવો *vi.* (*Law.*) To determine an issue of fact: ઠરાવ-નિર્ણય-નિવેડો કર;ઠરાવવું;નિર્ણયપર આવવું.*n.* A discovery of anything valuable:કોઇ કિમતી ચીજની શોધ.

Finding, (ફાઇન્ડિંગ્) *n.* Verdict: ફૈસલો;ઠરાવ; નિવડો; નિર્ણય.2. Support; maintenance; provision: આધાર;ટેકો;પોષણ;ગુજરાન.

Findy,(ફિન્ડિ)*a.*Full;heavy;solid: ભરેલું;ભારે;નકુર;મજબુત;ઘન.

Fine,(ફાઇન્)*a.*[L. *finis* an end] (*a*) Finished; refined:સભ્ય; શિષ્ટ; વિશુદ્ધ;વિમલ;નિર્મળ; ભેગવિનાનું; ચોખ્ખું. (*b*) Excellent; superior; elegant; beautiful: ઉત્કૃષ્ટ; ઉત્તમ; સુંદર;સુભગ;ભેદ્ય;ખાસું;ભલું;મજેદાર;ખૂબીદાર;સરસ;ઉમદા;તોડું. 2. Aiming at show;showy:ઠબકદાર;જબ્બર; શોભાયમાન.3. Delicate; nice; subtle: નાજુક;કોમલ;મૃદુ;બારીક; સૂક્ષ્મ: સુંદર; ખૂબીદાર;માર્મિક.4. Not coarse:પાતળું; બારીક; સૂક્ષ્મ. (*b*) In small particles:ઝીણું; બારીક. (*c*) Light: હલકું;પાતળું. (*d*) Not thick or heavy;slender: પાતળું; ઝીણું. (*e*) Thin;keen:બારીક;તિક્ષ્ણ;5.Noble; amiable:ઉમદા;ઉદાર; શ્રેષ્ઠ. 6. Free from clouds:ચોખ્ખું;નિર્મળ;રળીઆમણું;નિરભ્ર *vt.* To purify; to refine: ગાળીને સાફ કર 2.To adorn: શણગારવું; સુશોભિત કર; શોભાવવું. 3 To make less coarse: ઝોણું ઝીણું-બારીક કર.4.To vary gradually:ધીમે ધીમે બદલાતા જવું. F. *arts:* ઉંચા પ્રકારની કળા-હુન્નર.*n.*[L.*finis*,end] End;termination:આખર; પરિણામ-છેડો;અંત;પાર 2.Mulct: દંડ. *In* f., in conclusion. આખરે;છેવટે; અંતે;-ટુંકામાં;સારાંશ;મતલબ કે.*vt.* To punish by fine;to mulct: દંડ કર; ગુનેગારી લેવી.*vi.*To pay a fine: દંડ ભરવો-આપવો.

Fine-draw,(ફાઇન્-ડ્રૉ)*vt.*To render:બારીકાઈથી સાંધવું;તણવું.

Fine fingered, (ફાઇન્-ફિંગર્ડ્) *a.* Nice in workmanship: કારીગરીમાં સુંદર;નકશીદાર.

Fineless,(ફાઇનલેસ્)*a.*[L. *finis.*] Endless:છેડા વગરનું;અનંત;અપાર.

Fine looking(ફાઇન્-લુકિંગ્)*a*Beautiful:ખૂબસુરત;સુંદર;શોભાયમાન;દેખાવડું.

Finely,(ફાઇન્લિ) *adv.* Beautifully; admirably: સારી રીતે; સુંદર રીતે; સુંદરતાથી.2.Delicately:નાજુકાઇથી;સુક્ષ્મ રીતે.

Fineness,(ફાઇન્નેસ્) *n.* The quality or condition of being fine: બારીકાઇ;નાજુકાઇ;સુક્ષ્મતા. 2. Clearness;purity:ચોખ્ખાઈ;સ્વચ્છતા; ઉમદાપણું.3.*K*eenness:તીક્ષ્ણતા.

Finery, (ફાઇનરિ) *n.* Fineness: beauty:સુંદરતા;શોભા; આડંબર;ટાપટીપ.2. Ornament; decoration; showy clothes: અલંકાર; મંડન; ભૂષણ;નાના ઘરેણાં; ઝપકાદાર પોશાક; ઠસ્સાદાર પોશાક.

Fine-spun,(ફાઇન્સ્પન્)*a.* Woven in small particles:ઝીણું;બારીક.

Finesse, (ફિનેસ્) *n.* Artifice; stratagem;યુક્તિ; પ્રપંચ; દાવપેચ. *vi* To use artifice.પેચ રમવો;યુક્તિ રચવી

Finger,(ફિંગ્ગ૨)*n.*One of the five terminating members of the hand;a digit; આંગળી આંગળું;અંગુલિ.*Fore* f.;તર્જની. *Middle* f.; મધ્ય મા;વચલી આંગળી.*Third* f.*or ring* f.: અનામિકા. *Last* f., *little* f.: ટચલી આંગળી;કનિષ્ઠિકા. 2. A kind of measure: આંગળ. *To have a* f. *in,* to be concerned in:-માં સામેલ હોવું;-માં ચંચુ પ્રવેશ હોવો. *To have at one's ends:* આંગળીને ટેરવે હોવું;નખમાં રમી રહેવું; માં વાકેફગાર હોવું.*vt.*To handle:આંગળીવતી અડકવું;આંગળી અડકાડવી;હાથ અડાડવો-ફેરવવો *To have a f.in:* માં સામેલ હોવું;-માં ચંચુ પ્રવેશ હોવો.2.To perform:વગાડવું. 3 To toy with: રમત કર 4 To pilfer:ચોરવું; છાનુંમાનું લઈ લેવું; કાઢી લેવું. 5. To execute: કરવું;બજાવવું.

Fingered, (ફિંગ્ગર્ડ્)*a.*Having fingers: આંગળાવાળું. 2 Digitate: નાની આંગળીઓ જેવા પાંદડાવાળું.

Finger-post,(ફિંગ્ગર્ પોસ્ટ્) *n.* A guide post bearing an index of the finger:અજાણ્યા માણસોને રસ્તો બતાવવા સારૂ આંગળીની નીશાની વાળો થાંભલો.

Finger-glass,(ફિંગ્ગર્-ગ્લાસ્)*n.*A glass to hold water for the use of the fingers at the dinner table:આંગળા ધોવા સારૂ જમવાના મેજપર મુકેલો પાણીથી ભરેલો કાચનો પ્યાલો.

Finger-stall, (ફિંગ્ગર્-સ્ટૉલ્) *n.*A cover of leather worn by workmen as a protection for the finger:આંગુઠી.

Fingle-fangle, (ફિન્ગ્લ્-ફૅન્ગ્લ્)*n.* A trifle:નજીવી ચીજ.

Finical, (ફિનિકૅલ્) *a.* Overnice; fastidious:અકડબાજ;ટાપટીપિયું.

Finingpot, (ફાઇનિન્ગ્પૉટ્) *n.* A vessel for refining:મળફી.

Finis(ફિનિસ)*n.*An end;conclusion: છેડો;સમાપ્તિ;સિદ્ધિ;પૂર્ણાહુતિ.

Finish,(ફિનિશ્)*vt.* [L *finis,* an end.] To make an end of; to terminate: અંત આખર-પાર લાવવો; છેડો લાવવો;પાર મુકવું.2.To complete; to accomplish: પુરૂં કર;સંપૂર્ણતાએ પહોચાડવું;સિદ્ધ કર; બજાવવું.*n* Completion:સમાપ્તિ;અંત;સિદ્ધિ; નિર્વૃત્તિ. 2.Manner or style of finishing: પૂર્ણ કરવાની રીત-ઢબ છટા, ઢબી સફાઇ; (*b*)The last coat of plaster on a wall;છેલ્લાગારૂં;સાગોળનો હાથ;દીપ.

Finite,(ફાઇનાઇટ્)*a.* Having a limit;bounded:મર્યાદાવાળું ; અંતવાન; સમર્યાદ;પરિમિત;પ્રમેય;સાંત.

Finitely,(ફાઇનાઇટ્લિ)*adv.* With limits:મર્યાદાથી.

Finite-ness,(ફાઈનાઇટ્-નેસ્)*n.*The state of being finite:અંત-હદ હો-

પણું;સાંતતા:સાવધિકત્વ.

Finitude.(ફિનિટ્યૂડ) *a.* Limitation:હદ:મર્યાદા;સીમા;અવધિ.

Finless.(ફિન્લેસ) *a.* Destitute of fins: પાંખ વગરનું; પક્ષહીન.

Finny, (ફિનિ)*a.* Fnquished with fins:પાંખવાળું;સપક્ષ. 2. Abounding in fishes:ઘણી માછલીઓ હોય એવું

Fir,(ફર્)*n.*(*Bot.*)A genus of coniferous trees:દેવદાર;સરોવરનું ઝાડ.

Fire (ફાયર્) *n.* Combustion; the igneous element: દેવતા;અનલ;અગ્નિ;વન્હિ;પાવક;આંચ; દુતાશન; વસ્તેવ; આતેશ.2.Fuel in a state of combustion:બળતું લાકડું.3.A conflagration:લાકે;આગ.4.(*a*) Splendor; brilliancy; luster:ચળકાટ;તેજ; પ્રકાશ.(*b*)A star: તારો 5. Ardour: heat;passion;excessive warmth: જુસ્સો; ઉત્સાહ; આવેશ;તલપ; ગરમી; આંચ;દાહ;ઉકળ; અનુરાગ 6.Torture by burning; severe trial or affliction:પરિતાપ; ભારે દુઃખ 7. The discharge of firearms: તોપનો-ગોળીનો મારા-મારો. 8. Liveliness of imagination or fancy: બુદ્ધિવિલાસ; તર્કાનંદ.F. *alarm:* લાકે લાગે ત્યારે સૂચના આપવાનો સંકેત; તેવી સૂચના આપવાનું યંત્ર-હથિયાર.F. *balloon,*(*a*)ગલ્લારો (*b*) દારૂખાનું ભરીને ઉડાડેલું બલુન.F.*bug,*an incendiary: આગ લગાડનાર;સળગાવી-બાળી મુકનાર. *The sacred.*f., હોમાગ્નિ. *The maintainer of the sacred* f, અગ્નિહોત્રી. *The maintaining of the sacred* f.,અગ્નિહોત્ર *On* f ,(*a*) burning: સળગતું; લાગતું; આગ ચઢી હોય એવું.(*b*)Ardent;passionate; eagar: આવેશી; ઉત્સાહી; તેજી; હોંશી. To *set on* f.,to inflame;to kindle:સળગાવવું; ચેતાવવું; લગાડવું *To take* f., સળગવું;ચેતવું; ગુસ્સે થઇ જવું;તપી જવું; આંચ ચઢી જવી.*vt.* To set on fire: સળગાવવું, ચેતાવવું. 2. To inflame: જોસમાં લાવવું;ઉશ્કેરવું;તપાવવું. 3 To animate:સજીવન કરવું; ઉત્સાહિત કરવું; ઉત્તેજીત કરવું;દીપાવવું.4 To drive by fire:હાકી કાઢવું 5. To discharge firearms: તોપખાનું ફોડવું ઝોડવું. 6 To cauteriz : ડામવું; ડહામ દેવો. 7.To serve or feed the fire of: મા હોમતા નાખીને સળગાવવું-ચેતાવવું 8 To illuminate :પ્રકાશિત કરવું;તેજસ્વી કરવું. *vi.*To take fire:બળી ઉઠવું સળગવું;ચેતવું 2. To be inflamed with passion:જુસ્સો-આવેશ આવવો 3.To discharge firearms: ભાર કરવો-ઝોડવો.*To f.up,* to grow angry:ગુસ્સે થવું;તપી જવું; ચઢી જવું; બળી ઉઠવું;ઘણું અકળાવું.

Fire arm,(ફાયર્આર્મ્)*n.*A weapon which acts by the force of gunpowder: તોપ-બંદુક જેમાં દારૂથી ફોડવામાં આવતાં હથિયાર;અગ્નેયાસ્ત્ર.

Fire-brand,(ફાયર્બ્રેન્ડ્)*n.*A piece of wood kindled or on fire:બળતું લાકડું, અગ્નિ કાષ્ટ.2.An incendiary:કજીઆદલાલ;સળગાવનાર;ચેતાવનાર.

Firebrigade,(ફાયર્બ્રિગેડ્) *n* An organized and trained body of firemen:બંબાવાળાઓ.

Fireclay, (ફાયર્ક્લે)*n.*A kind of clay used in making fire bricks: તાપથી બળી નહિ જાય એવી મટોડી-માટી.

Fire-cock.(ફાયર્કોક્)*n* A cock to let out water for extinguishing fire:આગ ઓલવવાને માટે પાણી જવાની ચકલી

Fire-damp,(ફાયર્-ડૅમ્પ્) *n.*The explosive carburated hydrogen of coal mines:સળગી ઉઠે એવી કોલસાની ખાણમાં ઉત્પન્ન થતી હવા.

Fire-eater,(ફાયર્-ઇટર્)*n.*A fighting character;hotspur:અગ્નિખાઉ લડાયખોર માણસ;લડવાઢીબો;ઝઘડાખોર.

Fire engine,(ફાયર્-એન્જન્)*n.*An hydraulic pump for throwing water to extinguish fires:આગ ઓલવવાનું યંત્ર;બંબો.

Fire fly,(ફાયર્-ફ્લાઇ)*n.*A winged, luminous insect.આગિયો કીડો; આગિયો;પ્રકાશીટ;તમોમણિ.

Fire-guard,(ફાયર્-ગાર્ડ્)*n.* A fender:ચુલાની પાળ.

Fire kiln,(ફાઇર્-કિલ્) *n.*An oven or place for heating any thing: ભઠી.

Fire-lock,(ફાઇર્ લૉક્)*n.*A gunlock:ચકમકવાળી બંદુક,ચાપની બંદુક.

Fire-man,(ફાઇર્મૅન્)*n.*A member of a fire company:આગ ઓલવનારી કંપનીનો માણસ. 2. A man who tends the fires: આગવાળો.

Fire master,(ફાયર્-માસ્ટર્)*n.*An officer of artillery who superintends the composition of fireworks:તોપખાનાનો ઉપરી.

Fire new, (ફાઇર્-ન્યૂ)*a* Bright; quite new:કારે કડકડતું;નવું નક્કોર

Fire office, (ફાયર્-ઑફિસ્)*n.* An office for making insurance against fire:વીમે ઉતારવાની પેઢી.

Fire pan,(ફાઇર્-પૅન્)*n.*A pan for holding fire:સગડી.

Fire place, (ફાયર્-પ્લેસ્) *n.* A place in a house appropriated to the fire: ચુલો; જે જગ્યાએ ઘરમાં દેવતા સળગાવે છે તે.

Fire-proof,(ફાયર્-પ્રફ્)*a.* Incombustible:સળગી ઉઠે નહી તેવું; અગ્નિરોધક;અદાહ્ય.

Fire-side (ફાઇર્-સાઇડ્)*n.*A place near the hearth:દેવતા પાસેની જગા;અગ્નિસ્થાન. 2. Domestic life; home: ખાટલા બેસવાની સાથે રહેવું તે ઘર-સંસાર-ગૃહસુખ; ઘરખટલો.

Fire-stone, (ફાઇર્-સ્ટોન્) *n.* A kind of sandstone:ચકમક.2. Iron pyrites: અગ્નિપત્થર.

Fire tower, (ફાયર્-ટૌઅર્) *n.* A lighthouse:દીવાદાંડી.

Fire wood,(ફાયર્ વૂડ્)*n.*Wood for fuel:ઇંધણ;કાઠી;બળતણ.

Fire-works,(ફાયર્-વર્ક્સ્)*n* Pyrotechnical exhibitions:આતસબાજી;અગ્નિક્રીડા;લંકા.2. Various combustible preparations: દારૂખાનું; દારૂકામ;કુલઝણી;ચંદ્રજ્યોત; મહેતાબ.

Fire worshipper(ફાઇર્-વર્શિપર) *n.*One who worships fire: અગ્નિપૂજક; આતશબેહરામનો ઉપાસક.

Firing,(ફાયરિંગ્) *n* The act of discharging firearms: ગોળીમાર; તોપનો મારા; મારગીરો;ભાર.2.The application of fire: ડહામ.3. Fuel: બળતણ;સર્પિષ્ક;ઈંધણ.

Firkin,(ફર્કિન્) *n.* A measure of capacity being the fourth part of a barrel: બેરલના ચોથા ભાગ જેટલું એક માપ (*b*)માખણનું લાકડાનું પીપ.

Firm.(ફર્મ્)*a.*[L.*Firmus* strong.] Compact;hard;solid:મજબૂત; કઠણ;ગટ્ટ;સખ્ત;દૃઢ;સ્થીર;બારેખમ:જાડું.2 Constant;steady;strong;stable: સ્થિર; ધ્રુવ;અચળ; અડગ;ધીટ; ચિવટ. 3.Solid:નક્કર.4.Determined; resolute:ધીટ;ધીર,નિઃશંક;ધૈર્યવાન,વજ્ર સંકલ્પી. *n.* A commercial house: પેઢી;દુકાન;મંડળી;કમ્પની. *vt* To fix; to settle: નક્કી કરવું. 2. To fix or direct with firmness: દૃઢીભૂત કરવું; સજ્જડ બેસાડવું.

Firmament, (ફર્મમેન્ટ્) *n.* Fixed foundation: મજબુત પાયો. 2. The sky; heavens: આકાશ; ગગન; નભોમંડળ;અંતરીક્ષ,ખગોળ; આસમાન.

Firman,(ફર્મૅન્)*n* A royal order or grant: બાદશાહની સહીવાળો હુકમ;સનંદ;ફરમાન;તાબાહદપત્ર; પરવાનો.

Firmity, (ફર્મિટિ) *n* Strength; firmness:દૃઢતા; જોર;સ્થૈર્ય;ધૃતિ.

Firmly(ફર્મલિ)*adv.*Closely;steadfastly: મજબુતાઇથી; હિંમતથી; દૃઢતાથી;દૃઢનિશ્ચયપૂર્વક; ચિવટથી.

Firmness (ફર્મ્‌નેસ્) *n.* Constancy fixedness; સ્થિરતા; નિશ્ચયપણું; દૃઢતા; ધૈર્ય; ધીરતા; ધારણા; ધીરજ; ધૃતિ; છાતી; હિંમત; હામ; શૌર્ય; દમ; મજબુતી; જોર.

First. (ફર્સ્ટ્) *a.* Foremost: પહેલું; સર્વથી આગળ. 2. Earliest: પહેલું; પ્રથમ; અવલ; અપૂર્વ. 3. Chief: highest; excellent: મુખ્ય; ઉંચુ; શ્રેષ્ઠ; પ્રમુખ; પ્રધાન; અગ્રણી; અગ્રેસર. **F** *floor*: (*a*) જોય તળિયું (*b*) પહેલો માળ. **F.** *fruits*; (*a*) પહેલો ફાલ; પહેલું; નવાન્ન; નવધાન્ય (*b*) The earliest results: પ્રથમ પરિણામ; પ્રત્યક્ષફળ; પરિણામ; પહેલો નફો; આદિફળ. **F.** *water*, the highest quality or purest luster: ઉંચું પાણી; ખરી જાત. *adv.* Before anything else in time, space, rank, &c.: આગળ; પહેલાં; પ્રથમ; પૂર્વે; અગે. *At* **f.**, *at the* **f.** at the beginning or origin: પૂર્વે; અવલ; પ્રથમ.

First-born, (ફર્સ્ટ્ બૉર્ન્) *a* First brought forth; eldest: પહેલું જન્મેલું; મોટું; વડું; જ્યેષ્ઠ; પૂર્વજ; અગ્રજ.

First-class, (ફર્સ્ટ્-ક્લાસ્) *a.* Being of the highest rank: first rate: ઉચ્ચ પદ્ધિનું-સરસ જાતનું; શ્રેષ્ઠ; ઉત્કૃષ્ટ; ઉત્તમ; તોફુ; ધજ; પહેલા નંબરનું.

First-day, (ફર્સ્ટ્-ડે) *n* Sunday: અઠવાડિયાનો પહેલો દીવસ; રવિવાર.

First-floor, (ફર્સ્ટ્-ફ્લોર્) *n.* The first story of a building: પહેલો માળ. [બારોબાર મળેલું

First-hand, (ફર્સ્ટ્-હૅન્ડ્) *a* Direct:

Firstling, (ફર્સ્ટ્લિંગ્) *n.* The first produce or offspring: પહેલા વેતરનું પ્રાણી 2. The thing first thought: પહેલી ધારેલી વસ્તુ.

First-rate (ફર્સ્ટ્-રેટ્) *a* Of the highest excellence: સરસ; ઉત્તમ; શ્રેષ્ઠ; ઉત્કૃષ્ટ; પરમ; ઉત્તમ પ્રતિનું

Firth, (ફર્થ્) *n* An arm of the sea; frith: ખાડી; નાળું.

Fiscal, (ફિસ્કલ્) *a.* [L. *fiscus*, a money basket.] Pertaining to the public treasury or revenue: સરકારી મહેસુલ સંબંધિ; નાણા-ધન સંબંધિ Treasurer. વસુલકોનાર; તીજોરી; ખજાનચી, કીસાદાર. 2 Revenue: મહેસુલ; સરકારી તીજોરી; ખજાનો; નાણું.

Fish, (ફિશ્) *n.* An animal that lives in water: માછલું; મચ્છ; મીન; 2. The flesh of fish: માછલીનું માંસ. 3. A counter used in various games: રમતમાં ગણત્રી કરવાનું ટેબલપાટિયું. 4. *pl.* The twelfth sign of the zodiac; Pisces: મીનરાશી. **F.** *story*: અસંભવિત-ન માની શકાય એવી વાર્તા; ગપ. *vi.* To attempt to catch fish: માછલાં પકડવાનો યત્ન કરવો. 2. To try indirectly to draw forth: યુક્તિથી કઢાવવું-લેવું; -ની કોશીશ કરવી. *vt.* To catch: પકડવું; ઉપર લેઈ લેવું; તાણી કાઢવું. 2. To search by raking: ઘૂળ ધોયાની પેઠે ખોળવું-શોધવું. *Neither* **F.** *nor flesh*: બેમાંથી એકે નહિં; નહિં આ કે નહિં પેલું.

Fisher, Fisherman (ફિશર્-ફિશર્મૅન્) *n.* One whose occupation is to catch fish: માંછી; માછલાં પકડનાર-ઢીમર; ભોઈ.

Fishery, (ફિશરિ) *n.* The business of catching fish: માછીનો ધંધો. 2. A place for catching fish: માછલાં પકડવાની જગો. 3. (*Law.*) The right to take fish at a certain place or in particular waters: અમુક જગ્યા કે દરિયામાંથી માછલી લેવાનો હક.

Fish-fag (ફિશ્ ફૅગ્) *n.* A woman who sells fish: માછણ; માછલાં વેચનારી.

Fish-hook, (ફિશ્ હુક્) *n.* A hook for catching fish: માછલાં પકડવાની આંકડી; ગલ.

Fishy, (ફિશિ) *a.* Fish-like: માછલાં જેવું. 2. Abounding in or filled with fish: મચ્છથી ભરેલું-વાળું. 3 Extravagant; improbable: અતિશય; અસંભવિત.

Fissility, (ફિસ્સિલિટિ) *n.* The quality of being fissile: ચીરાય એવી ગુણવત્તા.

Fissure, (ફિશ્યૂર્) *n.* [L. *findo*, I cleave.] A cleft: તડ; ફાટ; ચીર; ચીરો; છિદ્ર; સાંધ *vt* To cleave; to divide: ચીરવું; ફાડવું; જુદું કરવું; તરડવું.

Fist, (ફિસ્ટ્) *n.* [L. *pugnus*, the fist] The hand closed tightly: મૂઠી; મુષ્ટિ. મુઠ *Blow with the* **f.** મુષ્ટિપ્રહાર ઘાત; ગુદ્દો; ઠોસો; મુક્કો; *Hand over* **f.**, rapidly: જલદીથી; સત્વર; તાવળે *vt.* To strike with the fist: મૂક્કો ઠોસો ગુદ્દો-મારવો.

Fisticuffs, (ફિસ્ટિકફ્સ્) *n.* Boxing: મુક્કા મુકી; ધબ્બાધબ્બી ઠોસાઠોસી; મુષ્ટિયુદ્ધ.

Fistula, (ફિસ્ટ્યૂલ્) *n* [L. *fistula*, a pipe] (*pl.* fistulæ.) A reed: સિસોડી. Hence, a wind-pipe of music: નળી; સીસોડી; વાંસળી. 2. A deep narrow, chronic abcess: ભગંદર; નાસુર.

Fistulate, (ફિસ્ટ્યૂલેટ્) *vi.* To become hollow: પોલું બનવું-થવું. *vt* To make hollow like a pipe: નળી જેવું પોલું કરવું; અખોલ પાડવી.

Fistulous, (ફિસ્ટ્યુલસ્) *a.* Having the form of a fistula: નળી જેવું; ભગંદર-નાસુરવાળું. 2. Hollow: પોલું; પોકળ; આરપાર જણાય એવું.

Fit. (ફિટ્) *a.* [L. *facio*, I make.] Worthy: qualified; competent; suitable: લાયક; યોગ્ય; ઉચિત; જોગ; ઘટિત; અનુરૂપ; યથાયોગ્ય; વિચારત. 2. Prepared; ready: તૈયાર. 3. Convenient; becoming: લાયક; લાજિમ; ઉચિત; બરોબર; યુક્ત; યોગ્ય; તૈયાર. *vt.* To make fit; to render competent: બેસતું-યોગ્ય-અનુરૂપ-અનુકૂળ-લાયક કરવું. 2. To adjust: જોઈએ તેવા આકારમાં લાવવું; જોડવું; સંવાડવું; બરોબર ગોઠવવું-બેસાડવું. 3. To furnish duly: જોઇતી વસ્તુ પુરી પાડવી. 4. To be suitable to: યોગ્ય હોવું; બંધબેસતું આવવું; અનુકૂળ થવું-બેસવું. *To* **f.** *out*, to equip: જોઇતી વસ્તુ આપવી પુરી પાડવી; સજ્જ કરવું. *To* **f.** *up*, to prepare: તૈયાર-તપરાશમાં આવે એવું કરવું; શણગારવું. *vi.* To be proper: ઘટવું; છાજવું; લાયક હોવું. 2. To suit; to be adapted: બેસતું આવવું; આવી રહેવું; બરોબર બેસવું. *n.* Adjustment: બરોબર બંધ બેસતું તે. 2. The coincidence of parts that come in contact: સાંધ. *n* [*L. figo*, I pierce.] A stroke or blow: ઝપાટો; સપાટો; આવેશ; ઘા. 2. A sudden and sharp attack of disease: રોગનો એકાએક ઉપાડ; ઉપયો. 3 A paroxysm: સણકો. 4 A passing humour; vicissitude: તુરંગ; લહેર. 5. A sudden emotion: લાગણી; તરત અસર થવી તે. 6 A song; a strain; a canto: ગીત; સર્ગ; ઢંક. *By fits and starts*, impulsively & irregularly: રહી રહીને; આતરે આતરે; ક્યારે સણકો થઇ થઇને-આવીને; *A* **f.** *of anger*: ક્રોધાવેશ. *A* **f.** *of laughter*: હસાહસ. [pea: ગુવાર; વટાર.

Fitch, (ફિચ્) *n.* A vetch; a chick-

Fitful. (ફિટ્ ફુલ્) *a.* Impulsive and unstable: અસ્થિર; ચપળ; ચંચળ; ચલ; અનિત્ય; રહી-રહીને થાય એવું. 2. Spasmodic: મિનટ; ચંચળ.

Fitly (ફિટ્ લિ) *adv.* Suitably; properly: બરાબર રીતે; દુરસ્ત, ઠીક; યોગ્ય; યથાયોગ્ય.

Fitness, (ફિટ્ નેસ્) *n.* Suitableness; convenience: યોગ્યતા; લાયકા; પાત્રતા; સુયતા; ઔચિત્ય; યોગ; ઉપયોગ.

Fitting (ફિટિન્ગ્) *a.* Suitable; proper: વિચારત; યોગ્ય; લાયક. *n. pl.* Fixtures or apparatus: સંચાના જોડવા-બેસાડવાના જૂદા જૂદા ભાગ-ઉપકરણ.

Fitting up, (ફિટિંગ્ અપ્) *n.* Equipments: જરૂરી આતનો સામાન; સામગ્રી.

Five, (ફાઇવ્) *n.* The sum of four & one: પાચ 2. Symbol representing this number, as. 5. or V: આંકડાની

નિશાની. *Aggregate of* 5. પંચક;પંચક;પાંડવ;કોળિયો.

Fives,(ફાઇવ્ઝ્)*n.* A kind of game: એક જાતની રમત. 2.A kind of disease in horses: ઘોડાઓનો એક જાતનો રોગ.

Five-fold, (ફાઇવ્ફોલ્ડ) *a.* & *adv.* Quintuple;five times repeated: પાંચગણું;પાંચપટ.

Fix,(ફિક્સ્) *vt.*[L.*figo*, I fix.]To establish;to implant;to secure: સ્થાપવું; વાવવું; ઠરાવવું; નિમવું; મુકરર કરવું;દૃઢ કરવું;અચળ કરવું. 2. To hold steadily:સ્થિર કરવું;સ્તંભન કરવું.3. To pierce; to transfix: ઘોંચવું; પરોવવું 4.To arrange;to put in order; to prepare:ગોઠવવું; ઠીકઠાક કરવું; દુરસ્ત કરવું;સમારવું. 5. To determine; to settle:નક્કી કરવું; નિર્ધારવું; ઠેરવવું;*n.*Predicament; dilemma: દુર્ઘટાવસ્થા;બ્રહ્મસંકટ;ધર્મસંકટ; વિટંબના;સપડામણ; સપાટો; *vi.* To settle permanently:સ્થિર થવું;ઠરવું; બેસવું. 2. To congeal:-થી ઠરવું;નક્કર થવું.

Fixed,(ફિક્સ્ટ્)*a.*Settled; established;firm;immovable: સ્થાપિત; પ્રતિષ્ઠિત;વ્યવસ્થિત; દૃઢ;સ્થિર; નિર્મિત; સ્થાવર;કાયમ;સ્તબ્ધ.2 *Stable*; nonvolatile:સ્થાવર; અચળ; નિશ્ચળ; ધ્રુવ F.*air*:ભારે હવા F. *bodies*: ઊડી ન જાય એવા પદાર્થો.

Fixedness, (ફિક્સેડ્નેસ્) *n.* Stability;firmness; સ્થિરતા; મજબુતાઇ;સ્થૈર્ય;સ્તબ્ધતા; કાયમપણું; અડગપણું. 2. Solidity; cohesion of parts: કઠણાઇ; નક્કરપણું; પરમાણુઓનું સ્નેહાકર્ષણ.

Fixity,(ફિક્સિટિ)*n.* Fixedness:અચળતા;સ્થિરપણું;સ્થિરતા;સ્થૈર્ય.

Fixture,(ફિક્સ્ચ્યૂર્)*n.*That which is fixed: જડીત સામાન; સ્થાવર દ્રવ્યમાલ. 2. Fixedness: સ્થિરતા;સ્થૈર્ય; અચળતા.

Fizz,(ફિઝ્)*n.*A hissing sound:ગણગણ;છણછણાટ;ગણગણાટ,

Fizz,**Fizzle**, (ફિઝ્,ફિઝલ્) *vi.*To make a hissing sound: છમકારો થવો; છમ દઈને બોલવું;ગણગણાટ થવો. 2.(*a*)To make a ridiculous failure in an undertaking: કંઇપણ કામમાં હાંસી થાય એવી રીતે નિષ્ફળ જવું. (*b*)To prove a failure;નિષ્ફળ જવું; ગડબડ સડબડ કરવું;ધોબો વાળવો. *n.* A failure or abortive effort;નિષ્ફળ યત્ન પ્રયત્ન

Flabby,(ફ્લૅબિ)*a.*[L.*flap*,a blow] Soft;wanting firmness: પોચું;નરમ;ઢીલું;ઢબરું એવું;ઢબડું.

Flabel,(ફ્લૅબેલ્)*n* [L. *flabrum*, a blast of wind]A fan:પંખો;વિંજણો.

Flabelliform,(ફ્લૅબેલિફ્રૉર્મ્)*n.*Fan-shaped:પંખાના આકારનું.

Flaccid,(ફ્લૅક્સિડ્)*a.* [L. *flaccus*, flabby.] Soft; flabby: અતિ નરમ; પોચું;ઢીલુંઢબ.

Flag,(ફ્લૅગ્)*n.*That which hangs down loosely:લટકનાર;લબડનાર.2. A standard;a banner;an ensign: વાવટો; નિશાન; ધ્વજ; ઝુંડો; પતાકા.3. The bushy tail of a dog:કુતરાની ઝુમ્છાદાર પૂછડી.F. *officers*,the commander of a fleet: કાફલાનો અધિપતિ.*To hang out the white* **flag**, હવે માફ કરો-જવાદો એમ કહેવું; સલાહ કરવી છે એમ દર્શાવવું. *To hang the f. half-mast high, or halfstaff*, શોક-દિલગીરીની નિશાની તરીકે રોળકુવાના મથાળાને ફક્ત અર્ધે સુધી વાવટો ઉડાવો કરવો. *To stripe or lower the f.* શરણ થવાની નિશાની દાખલ વાવટો નીચે ઉતારવો *Yellow f.*,the quarantine flag:ચોપી રોગ દર્શક પીળો વાવટો.*n.*A flat stone used for paving: ચોરસું;ફરસબંધી. *vi.* To be loose:ઢીલું નરમ-શિથિલ પડવું. 2. To droop; to languish: શક્તિહીન-ક્રમ તાકાત-શિથિલ થવું; નરમ પડવું; પડી ભાગવું. 3. To signal to with a flag: વાવટો બતાવી નિશાની કરવી. 4. To furnish or deck out with flags: વાવટાઓથી શણગારવું. 5.To lap with flags or flat stones:ચોરસા જડવાં;ફરસબંદી કરવી.*vi.*To hang loose without stiffness:ઝુલી-લબડી પડવું;ઢીલું પડવું.3.To droop;to grow spiritless: ના હિંમત-શિથિલ થવું; લથડવું.

Flagellate, (ફ્લૅજેલ્લેટ્) *vt.* [L. *flagellum*,whip.]To scourge; to whip:ચાબખા-સાટકા-ફટકા મારવા;સાટમારી કરવી. *a.* Flagelliform: નરમ; ઢીલું; શિથિલ.

Flageolet, (ફ્લૅજેલેટ્)*n.*(*Mus.*) A small wind instrument: એક જાતનું વાંસળી જેવું વાદ્ય.

Flaggy,(ફ્લૅગિ)*a.*Weak; limber; નરમ;ઢીલું.2 Insipid; tasteless: બેસ્વાદ;સ્વાદરહિત.

Flagitious,(ફ્લૅજિશ્યસ્)*a.*[L. *flagito*,I demand hotly.] Disgracefully criminal;atrocious:ઘોર; દારુણ;અતિદુષ્ટ;મહાપાપી; ઉડહડું; ક્રમક્રમાટ વગરનું.2.Guilty of enormous crimes; corrupt; profligate: પાપી;ચાંડાલ;મહાપાપી;અતિદુર્વૃત્ત.

Flag-man,(ફ્લૅગ્-મૅન્)*n.*One who makes signals with flags:વાવટાની નિશાની આપનારો;નિશાનચી

Flagon,(ફ્લૅગૅન્)*n.* A vessel with a narrow mouth used for holding & conveying liquors:સિરોહી; ચંબુ;કુલો;સુરીર.

Flagrance-cy, (ફ્લેગ્રૅન્સ્.ન્સિ) *n.* Atrocity;enormity;excess:મહા પાપીપણું;ઘોરપણું;ઘોરતા;અતિદુષ્ટતા.

Flagrant,(ફ્લેગ્રન્ટ્)*a.*[L. *flagro*,I burn.] Glowing;ardent, burning: દઝદઝતું;તીક્ષ્ણ;તીવ્ર;ચળચળતું;જલદ. 2. Raging:ચાલતું;દારુણ.3. Notorious; enormous;atrocious:ઘોર;અતિદુષ્ટ; અતિનિંદ્ય;દારુણ.

Flagrate,(ફ્લેગ્રેટ્)*vt* [L *flagro*, I burn.]To burn:બાળવું;લગાડવું.

Flag-staff,(ફ્લૅગ્ સ્ટાફ્) *n.* A pole on which flag is hung: ધ્વજનો થાંભલો-કાઠી; ધ્વજદંડ-સ્તંભ.

Flag-stone,(ફ્લૅગ્સ્ટોન્)*n.*A flag stone for pavement: ફરસબંધી કરવાનો ચપટો પથર;ફરસી.

Flail,(ફ્લેલ્)*n.*An instrument for threshing or beating grain from the ear by the hand:જુડું;મુસલું; ઝુડિયું;પ્રાચીન યંત્ર.

Flake(ફ્લેક્)*vt.*To form in to *flakes*: પોપડી બાજવી.*vi.*To peel or scale off:છોલ ઉતારવી.*n.* A film;lamina; layer:કકડો;ટુકડો;ખંડ;કરચ;કણ F. *of snow*,હિમકણ.2.A flash:તણખો;ઝબકો.

Flaky(ફ્લેકિ)*a.*Consisting of flakes or locks ;flake-like:પોપડી કાઢેલું.

Flambeau(ફ્લૅમ્બો)*n.*[L.*flamma*, flame.]A torch:મશાલ;કાકડો.

Flame,(ફ્લેમ્) *n.* [L. *flamma.*]A blaze;a fire:જ્વાળ;જ્વાળા;અગ્નિશિખા; આગ;ભડકો.2. Passion; fervency, glowing imagination:આવેશ; ઉત્સાહ;જોસ;જ્વાળ;ઝુરસો;ઝનુન.3.Warmth of affection; ardor of inclination:કામાવેશ.4.A person beloved; a sweetheart: પ્રિય; પ્રિયા; વહાલો.*vi*.To burn;to blaze:બળવું; ભડકો થવો.*vt.*To kindle; to inflame:સળગાવવું;ઉશ્કેરવું;ઉત્તેજીત કરવું

Flame-colored,(ફ્લેમ્-કલર્ડ્)*a.*Of a bright yellow colour: અગ્નિના રંગનું;ચળકતા રંગનું; અગ્નિવર્ણ.

Flaming,(ફ્લેમિંગ્)Blazing;brilliant:ભડકાવાળું; ઝુરસાવાળું; જ્વલિત;જ્વાજલ્યમાન;દેદીપ્યમાન; જલવલ.

Flamingo,(ફ્લેમિંગો)*n.*A tropical bird:રાજહંસ.

Flamy,(ફ્લેમિ)*a.* Flame-like;blazing ભડકે બળતું;બળતું;જ્વાલામય.

Flank(ફ્લૅન્ક્)*vt.* To stand at the

side of;to border upon : એક બાજુએ રહેવું;હદ બાંધવી;-ની બાજુએ હોવું.2.To attack the flank of:બાજુપર હુમલો કરવો.*vi.* To border; to touch: અડકવું;હદ બાંધવી;-ની આસપાસ આવવું.*n.* The fleshy part of an animal's side between the rib and the hip-કુખ;કમર;કેડ.2.The side of an army; the extreme right or left: લશ્કરની બાજુ;ખાનું; એક જમણી કે ડાબી બાજુ; પડખું.

Flannel,(ફ્લૅનેલ્)*n.*A soft,nappy, woolen cloth: ઉનનું એક જાતનું મુંવાળું કપડું;ફલાલીન;ફલાનલ.

Flap,(ફ્લૅપ)*vt.*[L.*flaccus*,flabby.] To beat with a flap;-to strike: ફફડાવવું;ફટકો મારવો.2.To move as something broad and flap-like: ઝાટકવું;ઉઘાડવું.(*q*)To let fall : ટોપીની કોર નીચી વાળવી-ઉતારવી.To f. *in the mouth*, to taunt: ને ટોણાં-મ્હેણાં દેવાં; ઓઠાં મારવાં; કપકો દેવો. *vi.* To fall and hang like a flap: ઝાલર-જુલની પેઠે લટકવું. 2. To move as wings: પાંખો ફફડાવી. *n.* Any thing broad, hanging, loose and easily moved: ઘેર;લોલક;જુલ; વિંજણો;ચમરી;ચામર.2.A flapping: ફડફડાટ;ઝણકાર.**F.** *of a coat*:યુરોપીઅનના ડગલાની પછવાડેનો ભાગ *The* **F.***of the ear*:કાનની લાળી-બુટ.

Flare,(ફ્લૅર)*vi.*To burn with a waving flame: ભડભડ બળવું; ભભકવું. To spread outward : બહાર ફેલાવું;ખુલવું; ઉઘડવું. 3. To glitter: ભભક મારવી;ચળકવું;દીપવું. To f *up*, to be suddenly excited : એકદમ તપી જવું.*n.* Leaf of lard; કુક્કરની ચરબીનો કઠેરો-કડકો.2.An unsteady broad,offensive light:ભડભડ થતી જવાળા;લાલચિબા.

Flaring,(ફ્લૅરિંગ્) *a.* Glittering; blazing:ચળકતું;ભભકો મારતું.

Flash,(ફ્લૅશ)*vi.* To show a momentary brilliancy:એકાએક ચળકાટ મારવો-થવું તેજ મારવું;ઝબુકવું. 2. To burst forth like a sudden flame; to burst instantly on the sight: એકદમ મનમાં ઉતરી-ઠસી જવું; સ્ફુરવું; ઉત્પન્ન થવું.3. To burst or break forth with a flood of flame and light: એકદમ-જોરથી સળગવું. To f. *in the pan*, to fail or success: નિષ્ફળ જવું;રજક ખાઇ જવી. *vt.* To convey as by a flash:-થી મનમાં એકદમ થવું; સ્ફુરાવવું. 2. To throw up as water, in darting and gleaming jets:પાણી ઉછાળવું.*n.*(*a*) A sudden burst: એકાએક ચળકાટ; ઝબુકો;ચમકારો;ઝબકારો.(*b*)A momentary blaze:ક્ષણીક ભડકો: પ્રકાક પ. 2. A sudden & instantaneous burst of light:સ્ફુરણ;આભાસ;સ્ફુર્તિ.3. An instant; a very brief period: ક્ષણ;પલ;ઘડી;નિમિષ. 4. *A* pool:ખાબોચિયું;વહેળો;નાળું *n.* The slang language of thieves:ચોરોની હલકી બોલી; વૈખરી વાણી. 2. The vulgar tongue:અસભ્ય બોલી.*a* Low and vulgar:નીચું અને અસભ્ય. 2. Showy and counterfeit:ભભકાદાર અને જુઠું;કૃત્રિમ.

Flashy,(ફ્લૅશિ) *a.* Insipid: સ્વાદ વગરનું;અસાર;નિ:સત્વ;નિરસ.2. Showy; gay:ભપકાદાર; આનંદી;ભપકાવાળું; આડંબરી. 3. Dazzling for a moment:ક્ષણિક ચળકતું.4 Fiery;vehement:ઉગ્ર;તામસી;મીજાજી;ગરમ; કડક.

Flask,(ફ્લૅસ્ક)*n.*A kind of bottle: સીસો;બાટલી.2.A portable vessel for gunpowder: બંદુકનો દારૂ ઘાલવાનું હલકું વાસણ-કુંપી.3. A bed in a gun-carriage:તોપની ગાડીનું ખામણું.

Flat,(ફ્લૅટ)*a.*Plane; level; without inclination:સપાટ;સમાન સમ; ઢાળવગરનું;સરખું.*F. roof*: ધાબુ. 2. (*a*)Prostrate: ચપાટ; ચિતોપાટ;ઉંધું પડેલું-સુતેલું. (*b*) Fallen; ruined; level with the ground : જમીન દોસ્ત-ફના ફાતીયા કરેલું. 3 Insipid; stale;tasteless: ઉતરી ગયેલું; સ્વાદ વગરનું;નિ:સત્વ; નિ.સાર; અસાર; અરસિક;નિર્જીવ;ઝાંખું;ફીકુ 4.Depressed; dull:મંદ; બેસી ગયેલું. 5. Positive; absolute:સાફ-ખુલ્લું કહેલું; ચોખ્ખું; માથામાં વાગે તેવું; બાલકુલ. To *fall* **f.**(*fig.*) to prouce no effect: કંઇ અસર ઉત્પન્ન ન કરવી; નકામું જવું. *adv.*Directly; plainly:સાફ ધસીને. *n.*A level surface; a low tract: સપાટી;મેદાન.2. A shoal; a shallow;a strand:છાડું 3.A platform car: લાબી પહોળી ગાડી. 4. A floor or storey in a building : મકાનનો માળ;મેડો.5. A dull fellow:જડસો; ઠઠ્ઠો;બુધો 6 A flat bottomed boat: ચપટા તળીઆની હોડી. *vt.* To make flat;to level:સપાટ કરવું; સરખું-મેદાન કરવું.2 To render dull;to depress: મંદ કરવું;-થી ઓછું થવું; ઉતારી નાખવું. 3.To depress in a musical tone: ગાયનમાં ચઢાવેલો સુર ઉતારી પાડવો-નીચો કરવો *vi.* To become flat:સપાટ થવું.2 To fall from the pitch:રાગ-સુર ઉતરી જવો;ધાટો જાડો થવો-થઇને જવો.To f.*out*:નિરાશ થવું; આશા ભાંગ થવી.

Flatly(ફ્લૅટ્લિ)*adv*Peremptorily; positively;ચોખ્ખી; ધરીને; માથામાં વાગે તેમ.2.Without spirit;dully: હોસ વગર;કમને.

Flatness,(ફ્લૅટ્નેસ)*n.*Levelness: સપાટપણું; સમાનતા. 2. Dullness; insipidity:ફિકાપણું; અસારતા; નિ:સારતા; ઝાંખાપણું. 3 Depression; dejection:હોંસભંગ; નિરૂત્સાહ. 4. Depression of tone: જાડો અથવા બોખરો સ્વર-અવાજ.

Flatten,(ફ્લૅટ્ન)*vt.* To level; to make flat : સપાટ-સરખું-ચપટું કરવું. 2.To bring to the ground : જમીન દોસ્ત કરવું.3 To make insipid: સ્વાદ વગરનું કરવું; નિ:સત્વ કરવું;નિરસ-ફીમ-વગરનું કરવું.*vi.* To become flat: સપાટ-ચપટું-ફીકું થવું;ઉતરી જવું.

Flatter,(ફ્લૅટર)*vt.* To blandish; to cajole:ખુશામત કરવી;ચડાવવું;હાજીહા કરવું.2. To give a too favorable idea of : હોય તે કરતાં વધારે વિચાર ઉત્પન્ન કરાવવો; વખાણીને કે ઉત્તેજન આપીને ઉશ્કેરવું. 3. To please with false hopes: ખોટી આશા આપી ખુશી કરવું;ધવડાવવું To **F.***out*: ફોસલાવીને લેઈ લેવું; પટાવવું. To **F.** *one's self* : અભિમાન રાખવું-ધરાવવું; મનમા ફુલાવું.

Flatterer,(ફ્લૅટરર)*n.*A wheedler: ખુશામત ખોર; હાજીહા કરનાર; હાજીઆ;પ્રિયવાદી;ખુશામતિયો;માખણદાસ.

Flattering,(ફ્લૅટરિંગ્)*a.*Gratifying; agreeable to one's self:ખુશી સંતુષ્ટ કરે એવું;પ્રસન્નામય.

Flattery, (ફ્લૅટરિ)*n.* Adulation; false praise:ચાપલુસી;ખુશામત; હાજીહા;મુખસ્તુતિ; ગાંડુગુલામી; આશધન.

Flatulence-cy,(ફ્લૅટ્યૂલેન્સ્ ન્સિ)*n.* The state of being windy: આમવાયુ; વાયડાપણું; વાત. *Bilious* **f.**: પિત્તવાયુ. **F.** *with heat*:ઉષ્ણવાયુ.

Flatulent,(ફ્લૅટ્યૂલેન્ટ્)*a.*Windy: વાવાળુ-થી ભરેલું. 2. Tending to generate wind in the stomach: વા-વાયુ ઉત્પન્ન કરે એવું;વાયડું.3.Turgid with flatus: વાયુ ભરેલું-ફુલેલું; વાયુલ.4.Puffy;empty; vain:ખાલી-ખમ;ડાળી;ફુલાશ મારતું;દમવગરનું.

Flatus,(ફ્લેટસ્)*n.*[L.*flo*,I flow.] A breath; a puff or wind: શ્વાસ;પવનના ઝપાટો. 2.Flatulence:અજીર્ણ વિકારથી થતો વાયુ.

Flaunt,(ફ્લૉન્ટ્) *n.* Any thing displayed for show: ભપકો; રોફ. *vt.* To display ostentatiously: ઉંચા ઝળીલા થવું; રોફ મારવો. *vi.* To

throw or spread out:to flutter: પાથરવું;વેરવું;ફફડાવવું 2. To carry a saucy appearance: બેમર્યાદ ઉદ્ધત થઈને રહેવું કરવું.

Flavour, (ફ્લેવર્) *n.* [L. *flavus,* yellow.]Smell; fragrance : સોડમ;ખુશબો;વાસ 2. Taste; relish: સ્વાદ;રસ;લહેજત;મજા;રૂચિ.*vt.*To give flavour to:ખુશબોદાર કરવું;વાસ આપવો

Flavorous (ફ્લેવરસ) *a.*Pleasant to the taste;sapid:સુગંધીદાર;સ્વાદીષ્ટ;મજેદાર;રૂચિકર;રસિક.

Flaw, (ફ્લો) *n.*A breach; fissure:તડ; ફાટ;ચીર; ફાડ.2. A sudden burst of wind:પવનનો ઝપાટો-સુસવાટો.3. tumult;quarrel:શોર;ધોંધાટ; ઝઘડો; લડાઇ;કજીયો.4.Defect; fault: ખોડ; દોષ;છિદ્ર;ન્યૂનતા; એબ; ખામી; ખાંપણ *vt.* To make flaws in;to crack: તડપાડવી; ચીરો પાડવો. To break; to make of no effect : નકામું કરી નાંખવું;વચમાં ખલેલ પાડવી.

Flawy (ફ્લોઇ) *a* Broken;defective: ફાટફુટવાળું;ખામીવાળું; સદોષ.

Flax, (ફ્લેક્સ્) *n.A* plant of genus Linum:શણ;લીલી F.*wench,*a prostitute: પાતર;વેશ્યા;ગુણકા;કસબણ.

Flay, (ફ્લે) *vt.*To strip off the skin of an animal:ચામડી ઉતારવી-કાઢવી.

Flea, (ફ્લી) *vt.* To flay : ચામડી-છોડું ઉતારવું.*n.*An insect of the genus Pulex:ચાંચડ.

Flea-bane, (ફ્લીબેન્) *n* (*Bot*) One of various plants, supposed to have efficacy in driving away fleas:કાળી જરી.F.*bite:* ચાંચડ કરડવાથી થએલું ચાકું.

Fleam, (ફ્લીમ્) *n.*(*Surg*) A kind of lancet:એક જાતનું નસ્તર.

Fleck, (ફ્લેક્) *n.*A spot;a speckle: ટપકું;ડાઘો;નિશાની.*vt.*To spot: ડાઘો પાડવો;ટપકું પાડવું;પટા ખેંચવા.

Fleck-less (ફ્લેક્લેસ્) *a.* Without spot or blame:ડાઘા વગરનું; ચોખ્ખું.

Fled, (ફ્લેડ્) *pret.* & *p.p.* of **Flee.** Ran away:નાસી ગયા.

Fledge, (ફ્લેજ્) *a.*Feathered:પીછાંપાંખ આવેલું-ઉડી શકે એવું. *vi.* To furnish with feathers : ને પીછાં આપવાં.2.To furnish with any soft covering : કોઇ સુંવાળું ઢાંકણ આપવું.*vi.*To become fledged:પીછાં ઉગવાં;પાંખ આવવી. *Fledgeling:* તરતની પાંખ આવેલું બચ્ચું.

Flee, (ફ્લી) *vi.*&*vt.*To run rapidly from:નાસવું;નાસીજવું;પલાયન કરી જવું.

Fleece, (ફ્લીસ્) *n* (*a*)The coat of wool that covers a sheep:ઘેટાં ઉપરનો ઉનનો ઓઢો.(*b*)The quantity shorn at one time : એકજ વખતે કાતરેલું ઉન. 2. Any soft wooly covering:કોઇ નરમ ઉન જેવું આચ્છાદનવેષ્ટન પડ *vt.*To deprive of natural covering of wool:ઉન ઉતારી-કાતરી લેવું.2.To strip of money કાતરવું;લુંટી લેવું;મુંડવું;ખંખેરવું;નિચોવી લેવું.3.To furnish with a fleece: ને ઉન હોવું-આવવું. 4. To cover as with a fleece:ઢાંકવું;છાવું.

Fleecy, (ફ્લીસિ) *a.* Covered with, made of,or resembling,a fleece: ઉનથી ભરાયેલું;ઉન જેવું;નરમ.2.Covered with fleece:ઉનથી ઢંકાએલું.

Fleer, (ફ્લીર્) *vi.* To deride; to sneer; to mock:હસી કાઢવું;ઠઠ્ઠા કરવું; મશ્કરી કરવી.2.To leer: સભ્યતાનું ડોળ રાખીને દાંત કાઢવા હસવું;આડી-આડી આંખે જોવું;ખોટું મરડવું.*vt.*To mock; to flout at:મશ્કરી-મજાક કરવી;ની ઠઠ્ઠા કરવી;ને ધિક્કારવું. *n. A* word or look of derision or mockery: મેહેણું; મશ્કરી;મજાક;ઠઠ્ઠો 2. A grin of civility;a leer:તિરસ્કાર;ઉપહાસ;અવજ્ઞા; અવગણના.

Fleet, (ફ્લીટ્) *n A* flood;a bay or estuary;a river:અખાત;નાની નદી; નદી.F.*parson* : મનમાં આનાકાની ન રાખનાર પાદરી.

Fleet, (ફ્લીટ્) *n.*A squadron of ships;a number of ships of war:વહાણનો કાફલો;લડાઇના વહાણનો કાફલો; અરમાર.*a.* Swift in motion; moving with velocity;nimble:જલદ; ઝડપથી ચાલનારું;વેગી; શીઘ્રગામી;વાયુવેગી;વેગવાન;ઝડપી. 2. Light; not penetrating deep:હલકું;છાછરું;ઉંડું નહિ તેવું.*vi.*To fly swiftly;to hasten: ઝડપથી ઉડવું જવું-ચાલવું જતા રહેવું 2.To sail;to float:હંકારવું;ઉપર તરવું.*vt.*To pass over rapidly: ની ઉપરથી જલદી ચાલી જવું.2.To hasten over;to cause to pass in mirth and joy:આનંદમાં ગુમાવવો-ગાળવો.3. To take the cream from: માંથીનાઉપરથી મલાઇ તોરકાઢી લેવી-ઉતારી લેવી.

Fleeting (ફ્લીટિન્ગ્) *a.*Not durable; transient:પળવારનું;ક્ષણિક; ફાની; અસ્થાયી;ચલ;ક્ષણભંગુર;અધ્રુવ.

Fleetly (ફ્લીટ્લિ) *adv.*In a fleeting manner;rapidly: ઝડપથી;જલદીથી; સત્વર;વેગથી.

Fleetness (ફ્લીટ્નેસ્) *n.*Swiftness; velocity;speed:વેગ;જલદપણું;પવનદોડ;અતિવેગત્વરા.

Flesh, (ફ્લેશ્) *n.*The muscles:સ્નાયું; માંસ;રજ્જુ;માંસ.*Dead f.:* મુડદાલ માંસ. 2 Animal food;meat: માંસ;ગોસ્તમાંસી.3.The human body;the corporeal person:પિંડ;શરીર.દેહ;કાયા. 4.The human race; mankind: મનુષ્ય જાત;મનુષ્યમાત્ર. 5. Human nature:મનુષ્યસ્વભાવ-પ્રકૃતિ (*a*) Tenderness of feeling;gentleness: દયા રહેમ નજર. (*b*)Desire for sensual gratification : વિષય બુદ્ધિ; વિષયાસક્તિ;વિષય વાસના.6 Kindred; stock:સગા;સ્નેહી; સંબંધિ; સગું વહાલું;સહોદર. 7. The soft, pulpy substance of fruit:ગર; માવો. *To be one f.*, to be closely muted: એક ગાઢ થઇ જવું; અભિન્ન થવું. *An arm of* F.:મનુષ્યબળ. F.*wound:* હાડકાનું નુકશાન થયા વગરનો વાગેલો જખમ;માંસમાં વાગેલો જખમ.*To* use upon flesh, as a weapon for the first time: પહેલું વહેલું હથિયારને કોઇના શરીરમા ભોકવું-ને લોહી પાડું. 2.To glut;to satiate: સંતોષ પમાડવું;તૃપ્ત કરવું.3.To remove flesh from hides:ચામડા ઉપરથી માંસ કાઢી નાખવું-સોરી લેવું.

Flesh-diet, (ફ્લેશ્ ડાએટ્) *n.*The food of flesh:માંસાહાર.

Fleshiness, (ફ્લેશિનેસ્) *n.*Plumpness; corpulence: શરીરનું ભરાઉપણું;માંસપુષ્ટિ.

Fleshly, (ફ્લેશ્લિ) *a.* Pertaining to the flesh;corporeal: દૈહિક;શારીરિક;માંસને લગતું. 2. Animal; not vegetable:પ્રાણીનું;ભાજીપાલાનું નહિ એવું.3.Human;not spiritual: માણસનું; માનવી; સાંસારિક; દૈહિક. 4. Carnal;lascivious: વિષયવાસનાનું; વિષયી;વિષયા;સક્ત

Fleshy, (ફ્લેશિ) *a.* Full of flesh; plump:માંસપુષ્ટ;માતેલું;જાડું; પુષ્ટ; હૃષ્ટપુષ્ટ;ભરાઉ.2.Human: માણસ જાતનું;ઐહિક.Our fleshy eyes : આપણી લૌકિકઆંખો 3. Composed of firm pulp:માવેદાર;ઘણા માવા-ગરવાળું.

Flexibility, (ફ્લેક્સિબિલિટિ) *n.* Flexibleness;pliancy:વળી શકે એવો ગુણ;નરમાશ;મૃદુતા;કોમળતા;પોચાશ.

Flexible, Flexile ,(ફ્લેક્સિબલ્-ફ્લેક્સાઇલ્) *a.* [L. *flecto,* I bend.] Capable of being bent:pliable વળે એવું;મરડાઈ જાય એવું; મૃદુ; નમ્રશીલ.2. Tractable; manageable; ductile:કેળવી શિખવી શકાય; નરીબ;નરમ સ્વભાવનું;કોમળ;પોચું.

Flexion, (ફ્લેક્શન્) *n.*[L.*flexio.*] The act of flexing or bending: વાળવું-વાંકું કરવું તે;વક્રતા; નમન. 2. A part bent;a fold:ગડ;મરડ;વાંક. 3.

(*Gram.*)Inflection:રૂપ;વિભક્તિ.

Flexure, (ફ્લેક્શ્યૂર્) *n.* The act of flexing or bending: વાળવું તે. 2.A turn;a bend:રાંટ;વાંક;વળ;મરડ.

Flick,(ફ્લિક્)*vt.*To whip lightly; to flap:ધીમે રહીને ઝાપટ મારવી. *n.* A flitch:આથેલાં માંસનો કડકો.

Flicker,(ફ્લિકર્)*vt.* To flutter:વગર ઉડે પાંખ ફફડાવવી. 2. To waver unsteadily: પવનને લીધે ફડફડ-ભગભગ થવું;ઝડપાવવું;હાલવું;ધ્રુજવું. *n.*The sudden and brief increase of brightness: ઝબુકો;ફડફડાટ.2. See *fly* (8)3.Flyer:રેંટિયાની ત્રાક.

Flickering, (ફ્લિકરિન્ગ્)*n.* Fluttering: ઉડ્યા વગર પાંખો ફફડાવવું-હાલવું;ચંચળ;ચલ; અસ્થિર; નેન મારવું; અદા કરવું.

Flight,(ફ્લાઇટ્)*n.*Hasty departure:નાશભાગ;હોડાહોડ;નાસાનાસ; પલાયન.2.The act of flying;mode of flying:ઉડવું-ઉડી જવુંતે; ઉડવાની રીતનતિ3.(*a*)A flock of birds flying in company:સાથે ઉડતું પક્ષીઓનું ટોળું-ઝુંડ-વૃંદ. (*b*) A number of beings passing through air together: હવામા સાથે જતી બીજે પદાર્થ;વરસાદ;વૃષ્ટિ. 4. A series of steps or stairs reaching from one landing to another:જીનો;સીઢી;નિસરણી; દાદર. *To put to* f., *to turn to* f.,હોડાવી-નસાડી મૂકવું; તગેડી મુકવું.

Flightiness,(ફ્લાઇટિનેસ્) *n.* Slight delirium;extreme volatility ચંચળપણું;જલદ-વાયલ-હવેરીપણું.

Flighty,(ફ્લાઇટિ) *a.* Swift;transient:ઝડપવાળું;જલદ; ચંચળ; ચપળ; થોડો વખત ચાલે એવું. 2 Volatile; giddy:હવેરી; તુરંગી; વાયલ; અવ્યવસ્થિતબુદ્ધિનું.

Flimsy,(ફ્લિમ્ઝિ)*a* Weak; feeble; vain;slight:કમજોર;રેઢિયાળ; નિર્જીવ; નજીવું;નિર્બલ; તકલદી;કાગદી; અસાર; ખોટું;મિથ્યા;દમ-માલ વગરનું; નિર્માલ્ય. F. *pretext*: ખોટું બ્હાનું. *n.* Thin or transparent paper: પાતળો અથવા પારદર્શક કાગળ.2.A banknote:પેઢીબેંકની નોટ.

Flinch,(ફ્લિન્ચ)*vi.* To shrink; to wince:હઠી જવું;ધાસ્તીથી પાછું હઠવું; પાછી પાની મારવી;નાહિમત થવું.

Fling,(ફ્લિન્ગ્)*vt.*[L *fligo*, I strike] To hurl; to dart:ફેંકવું; નાંખવું. 2.To shed forth;to scatter:ફેલાવવું; પ્રસરાવવું; ફેંકવું;-માંથી નિકળવું 3.To throw down:પછાડવું; નીચે નાંખી-ફેંકી દેવું; પટકી દેવું. (*b*) To baffle;to defeat:નિષ્ફળ કરવું;હરાવવું. *To f.away*, to reject; to discard: છોડી-મૂકી દેવું;ત્યજવું; વર્જવું. *To f. down*,to ruin: જમીનદોસ્ત કરવું;-નો નાશ કરવો. *To f.in*, not to charge in an account:છોડી દેવું;છૂટ મૂકવી. *To f.off*,(*a*)to baffle in the chase: શિકારમાં નિષ્ફળ કરવું;શિકાર ચુકાવવો. (*b*) To get rid of:-નો ત્યાગ કરવું;ને કાઢી મૂકવું. *To* f. *op:n*: એકદમજોરથી ઉઘાડવું;ઝડપાક દઈને ઉઘાડવું. *To* f. *out*, to utter; જે મોમાં આવે તે કહેવું-બોલવું;ઉચ્ચાર કાઢવો. *To* f. *up*, to abandon: છોડી-મૂકી તજી દેવું. *vi.* To wince;to flounce:આમ તેમ ઉછળવું; પગ પછાડવા-અફાળવા; લાત ફેંકવી;તરફડવું. 2.To utter harsh language; to sneer: જેથી કંઈ લાગણી થાય એમ બોલવું; માર્મિક વચનથી ધિક્કારવું;-નો તિરસ્કાર કરવો.3.To rush: ધમ પછાડા કરવા. *To* f.*out*; to grow unruly or outrageous:વર્તણૂક-ફાટેલ છેલ-જુલમી-ઘોર-નિર્લજ્જ-ઉન્મત્ત થવું.*n.*A throw;a flounce;a kick: ફેંકવું-નાંખવું તે; લાત; પ્રક્ષેપ. 2. A sneer;a sarcasm:માર્મિક વચન;ટોણું; આળ;આક્ષેપ;મ્હેણું; ઠપકો.3. A kind of dance:એક જાતનો નાચ.

Flint,(ફ્લિન્ટ્)*n.*A variety of quartz composed of silica with pieces of iron: ચકમક; અગ્નિપ્રસ્તર.2. A piece of flinty stone: ચકમકનો પથ્થર.*A heart of* f.:વજ્રજેવું કઠણ મન.

Flint-glass, (ફ્લિન્ટ્-ગ્લાસ્) *n.* A very pure and beautiful kind of glass:ઘણો સારૂ અને સુંદર કાચ.

Flinty,(ફ્લિન્ટિ)*a.* Consisting of, or resembling flint: ચકમકવાળો -નો બનેલો-ના જેવો;ચકમકનું; વજ્ર જેવું કઠણ.

Flippancy,(ફ્લિપ્પન્સિ)*n.* Volubility of speech:બોલકણાપણું; મોહોડાની ચપળતા;લાળી-છુટી જીભ; વાક્ ચાપલ્યતા;બટક બોલી.

Flippant,(ફ્લિપ્પન્ટ્)*a.* Talkative: બહુ બોલું; મ્હોડાનું ચપળ; બોલકણું; વાચાળ;છૂટી જીભનું.2. Empty; inconsiderate;pert;petulant:ખાલી;નિસાર;ચપળ;અવિચારી;અવિવેકી; તોછડું; અવિનયનું. *n.* A flippant person: બહુ બોલો-મ્હોડાનો ચપળ છૂટી જીભનો માણસ.

Flippantly,(ફ્લિપ્પન્ટ્લિ) *adv.*Fluently;with ease and volubility of spech:ઘણી ઝડપથી બોલીને; લાંબી જીભે;તડતડ;મડાલડ;વાચાળપણે.

Flirt,(ફ્લર્ટ્)*vt.* To throw with a jerk or quick effort: એકદમ-જુસ્સાથી ફેંકવું; છાંટવું.2. To toss or throw about:આમ તેમ ફેરવવું-હલાવવું *vi.*To play the coquette; to coquet: નખરાં-ચસકા-ચાળા કરવા;નેન મારવી; હાવ-અદા કરવા;-વિલાસ વિભ્રમ-બતાવવો;નેનજરા મારવા;લટકો કરવો. 2. To throw bantering or sarcastic words:માર્મિક વચનો કહેવાં;ટકોર કરવી;ટપ્પો મારવો.*n.*A sudden jerk; a darting motion: હડસેલો; ધક્કો. 2.A coquette;a pert girl:નખરાં ખોર જુવાન સ્ત્રી-છોકરી;વિલાસિની; નાચણ;નખરાંબાજ;નાચણધુવરી.

Flirtation,(ફ્લર્ટેશન્)*n.*A quick, sprightly motion:જલદી અને ચંચળ લીલચાલ;સ્ફુરણ;ઠમકો. 2. Playing at courtship; coquetry: નખરાબાજી;હાવભાવ;નેનજરા;અદા; નખરાં.

Flisk,(ફ્લિસ્ક્)*n.*A caper;a frisk; a whim:લહેર; તુરંગ; છલંગ. *vt.* To frisk;to skip;to caper:નાચવું; ઠેકડો મારી કુદવું.

Flit,(ફ્લિટ્)*vi.* To fly away with rapid motion; to dart along; to fleet: ઝડપથી ઉડી જવું; સડસડાટ નિકળી જવું;દોડવું.2. To flutter; to rove on the wing: પાંખો ફફડવી; આમતેમ ઉડ્યા કરવું;ફફડવું. 3. To remove;to migrate:ખસવું;એકમાંથી બીજમાં જવું;સ્થાનાંતર કરવું; સ્થળ-ઘર બદલવું. 4. To be unstable: અદ્રઢ-અસ્થિર હોવું;ભમવું.*a.* Nimble; quick;swift:ચપળ;ચંચળ;ઉતાવળું.

Flitch,(ફ્લિચ્)*n.*The side of a pig salted and cured: મીઠું દઈને સુકવેલું ડુક્કરના માંસનું પાસું. 2.A slab: વહેરેલા ઝાડની બદારની બાજુનો કડકો.

Flitter,(ફ્લિટર્)*n.*A rag;a tatter; a small piece or fragment:ચીથરૂં;નાનો લુગડાનો કકડો;અંચળો.

Flitting,(ફ્લિટિન્ગ્)*n.* A fluttering:ફડફડાટ. 2. A removal from one habitation to another: સ્થાનાંતર;સ્થળાંતર;વાસફેર.

Flix,(ફ્લિક્સ્)*n.* Down;fur:રૂવાં; રૂવાટાં.2.The flux;dysentry: અતિસાર;મરડો;સંગ્રહણી.

Float,(ફ્લોટ્) *n.* Anything which floats on the surface of a fluid; a raft:જે ચીજ પ્રવાહી પદાર્થની સપાટી ઉપર તરે છે તે;તરાપો;તાણ;તરણી;તરી. 2. An inflated bag or pillow used by persons learning to swim: તરવા શિખનારના કામમા આવતી વા ભરેલી કોથળી;ગુબ્બડું. 3. The flat board of a wheel:પડાનું પાટીડું.4 The act of flowing; flow વહેવું તે;રેલ;પુર 5.A wave:મોજું. 6.

A broad wooden instrument with which masons smooth the plastering on walls: થાપડી; થાપી; મસ્તર. 7. A file: કાનસ; રેતરડી. *vi.* To rest on the surface of any fluid; to swim: કોઇ પ્રવાહિ પદાર્થના સપાટી ઉપર અધર સ્થિર રહેવું; તરવું. 2. To move quietly or gently on the water or in air: પાણી ઉપર અથવા હવામાં શાંત રીતે અથવા ધીમે ધીમે ખસવું-જવું-હાલવું. *vt.* To cause to float: તરાવવું. 2. To inundate; to overflow: જળમય કરવું; ખુરાડી દેવું. 3. To pass over and level the surface of, with a float: થાપડી-થાપી દેવી; મસ્તર ફેરવવું. 4. To support and sustain the credit of: ની આબરૂ-શાખ રાખવી; -નો વટ સાચવવો.

Floatage, (ફ્લોટેજ) *n.* Any thing that floats on the water: પાણી ઉપર તરતી વસ્તુ.

Floating, (ફ્લોટિન્ગ્) *a.* Free or loose: છુટા; હાલે એવા. 2. Not fixed; not funded: ન આવ કરતી; આપલે થતી; રોકી નાખેલી નહિ એવી. 3. Buoyed upon or in a fluid: તરતું.

Float-man, (ફ્લોટ્-મૅન્) *n.* A seaman; a mariner: ખલાસી; તારો; તર.

Flock, (ફ્લૉક) *n.* A company or collection of living creatures: જીવતાં પ્રાણીઓનું ટોળું-ઝુંડ; જુથ; સમૂહ; સઘ; ઓધ. 2. A christian congregation: ખ્રિસ્તિ લોકોનો ધર્મ સમાજ-મંડળી. 3. A lock of wool or hair: ઉન અથવા વાળનો ગુચ્છો. 4 Finely powdered wool or cotton: ભારીક-ઝીણું કરેલું ઉન અથવા રૂ *vi.* To gather in companies or crowds: ટોળાબંધ એકઠા-જમા થવું; ટોળે મળવું. *vt.* To crowd: એકઠું-ટોળે મેળવવું.

Floe, (ફ્લો) *n.* An extensive surface of ice floating in the ocean: સમુદ્રમાં તરતા બરફનો ઢગલો.

Flog, (ફ્લૉગ્) *vt.* To whip; to lash: ચાબુકે મારવું; ફટકા મારવા; ચમકાવવું; ડફણાં મારવા.

Flogging, (ફ્લૉગિન્ગ્) *n.* Beating or striking with a whip: ચાબુકમાર; ફટકા; બાધમાર.

Flood, (ફ્લડ) *n.* A deluge; an inundation: રેલ; પૂર; જળપ્રલય. 2. The flowing in of the tide: ભરતી; વીળ. 3. A great quantity; an overflowing; superabundance: પુષ્કળ પણું; મોટો જથ્થો; રેલછેલ; વરસાદ; વૃષ્ટિ; ઢગ; ગંજ; ઝોળ; લોઢ; ધારા. 4. A great body or stream of any fluid substance: પ્રવાહ; રેલો. 5. Menstrual discharge; menses: રજસ્વળા; રજસ્રાવ: ઓપરી; અટકાવ; દસ્તાન. *to.* To overflow; to inundate: રેલાવું; જળમય કરવું; ગરક કરવું; પલાળી નાખવું. 2. To fill to excess: છલોછલ-ટકોટક ભરી દેવું-નાખવું.

Flood-gate (ફ્લડ્-ગેટ્) *n.* A gate to be opened for letting water flow through or to be shut to prevent it: પાણી આવવું જવું અટકાવવાનો દરવાજો.

Flooding, (ફ્લડિન્ગ્) *n.* An abnormal discharge of blood from the uterus: ગર્ભસ્થાનમાંથી વહેતો અતિશય લોહીનો પ્રવાહ; રક્તસ્રાવ; રેલ. 2. Overflow; inundation: પુર; રેલછેલ.

Floor, (ફ્લૉર) *n.* The bottom or lower part of any room: ભોયતળિયું; ભૂતલ. **F.** *of earth:* જમીન; ભૂમિ; કૃત્રિમ ભૂમિ; મટોડાની ભોંય. **F.** *of chunam:* ગચ્છી; ચુનાગચ્છી. **F.** *of stone:* કરસ; કરસબંધી. *A boarded* **f.:** પાટિયાની-પાટિયા જડેલા હોય એવી ભોય. *A Cow-dung* **f.:** લીંપેલી ભોય; લીંપણ. *A flagged or paved* **f.:** કરસબંધીની ભોંય. 2. A storey: માળ; મેડો; Any platform: કોઇ પાટીઆની-પાટીઆ જડેલી જમીન; ચોતરો. 4. A flat ore body: કાચી ધાતુની સપાટ જમીન. *vt.* To cover or furnish with a floor: પાટીઆં જડવાથી ઢાંકવું; કરસબંધી કરવું. 2. (*a*) To strike down: નિચે પાડવું-નાખવું; પાડી નાંખવું; જમિન ભેરત કરવું (*b*) To put to silence by some conclusive retort: નિરુત્તર કરી દેવું; -ની ફેફરી બંધ કરી દેવી; મ્હોં બંધ કરી દેવું; -ને મહાત કરી દેવો. 3. To finish: પુરું-સમાપ્ત કરવું.

Flooring, (ફ્લૉરિન્ગ્) *n.* Pavement: ઓરડી અથવા ઈમારતનું તળિયું; કરસબંધી; ભોંય. 2. Materials for the construction of floor: ભોયને માટે પાટીઆં વગેરે સામાન.

Flop, (ફ્લૉપ્) *vt.* [*pp.* Flopped.] To strike; to flap: વીંઝવું; પછાડવું; ફફડાવવું. 2. To let down the brim of a hat: ઉભી ટોપીની કોર-કિનારી નીચે ઉતારવી. *vi.* (*a*) To strike about with something broad and flat: ફફડાવવું; ડચડચ અવાજ કરવો. (*b*) To rise and fall: ચઢવું અને ઉતરવું; ઉંચા નીચા થવું.

Flora, (ફ્લૉરે) *n.* [L. *flos,* flower] The goddess of flowers: ફુલની દેવી. 2. (*Bot.*) A description of the complete system of vegetable species: વનસ્પતિ વર્ણન-શાસ્ત્ર.

Floral (ફ્લૉરલ) *a.* [L. *flos,* a flower.] Pertaining to flowers: ફુલ-પુષ્પ સંબધી. 2. Containing a flower: ફુલનું-વાળું.

Florescence, (ફ્લોરેસેન્સ્) *n.* [L. *floresco,* I begin to blossom.] A bursting into flower; a blossoming: ફુલ ખીલવું તે; ફુલો ખીલવાની મોસમ; ફુલનો બાર.

Floriage, (ફ્લૉરિએજ્) *n.* [L. *flos, floris,* flower.] Bloom; blossom: મોહોર; કળી; ફોબત.

Florid, (ફ્લૉરિડ) *d.* [L. *flos, floris,* flower.] Abounding in flowers; flowery: ફુલથી ભરપૂર; ફુલવાળું. 2. Bright in color; of a lively red color: લાલ સુરખીદાર; લાલ સુરખ ખુદ; તેજ-ચળકાટ મારતું. 3. Embellished with flowers of rhetoric: અતિશય અલંકારી-અલંકારયુક્ત; અલંકારિક; ઉજવલ; અલંકૃત.

Floriferous, (ફ્લૉરિફરસ્) *a.* [L. *flos,* & *fero,* I bear.] Producing flowers: પુષ્પાવહ; ફુલ આપતું; પુષ્પોત્પાદક; પુષ્પપ્રદ.

Florin, (ફ્લૉરિન્) *n.* A silver coin worth two shillings: બે શિલિંગની કિંમતનો રૂપાનો સિક્કો.

Florist, (ફ્લૉરિસ્ટ્) *n* [L. *flos,* flower.] One skilled in the cultivation or care of flowers: પુષ્પવિદ્યાજ્ઞ; માળી; બાગબાન. 2. One who writes a flora: વનસ્પતિ વર્ણન લેખક.

Florulent, (ફ્લૉર્યૂલેન્ટ્) *a.* [L. *flos, floris,* flower.] Flowery; blossoming: ફુલવાળું; તું; મોર-કળીવાળું.

Floss, (ફ્લૉસ્) *n* [L. *flos,* flower.] A downy or silken substance: રૂવાં જેવો અથવા રેશમી પદાર્થ **F.** *silk:* રેશમ; રૂવાંદીઘા વગરનું રેશમ.

Flossy, (ફ્લૉસિ) *a.* Pertaining to, made of or resembling floss: રૂવાં અથવા રેશમ જેવા પદાર્થ સંબંધિનું બનાવેલું-ના જેવું; hence, light or downy: હલકું; નરમ; સુંવાળું.

Flotila, (ફ્લોટિલ્લે) *n.* A little fleet, or a fleet of small vessels: નાના વહાણોનો કાફલો; અરમાર.

Flounce (ફ્લાઉન્સ્) *vi.* To flounder: હાથ પગ, શરીર પછાડવું; ધમ પછાડા કરવા; તરફડવું; તરફડિયાં મારવાં. *vi.* To deck with a flounce: સંજાબ મૂકીને સુશોભિત કરવું. *n.* A sudden, jerking motion of the body: આંચકો; ધમપછાડા; પછાડ. 2. An ornamental appendage to the skirt of a lady's dress: સંજાબ; કોર; કિનારી.

Flounder, (ફ્લાઉન્ડર્) *a.* (*Ichth*) A fish: એક જાતની માછલી. 2. A crimp-

ing tool of boot-makers: મોચી-નું ચામડાં ઉપર કાંગરી-ભાત પાડવાનું એક ઓજાર. *vi.* To flounce: હાથપગ અને શરીર અફાળવું-પછાડવું; તરફડિયાં મારવાં; તરફડવું.

Flour, (ફ્લાઉર્) *n.* The finely ground meal of wheat or any other substance: આટો; લોટ; ચૂરો; ભૂકો; ચૂર્ણ. **F.** *boiled:* ખેળ; પુલી; માંડુ. *Gram* **f.:** વેસણ. *Fine wheaten* **f.:** મેદો; સોજી; રવો. *vt.* To grind: દળવું; -નો આટો-લોટ કરવો.

Flourish, (ફ્લરિશ્) *vi.* [L. *floreo,* I bloom.] To grow luxuriantly; to thrive: ઘણું વધવું; ફેલાવું; ફાલવું; પાંખરવું. **2.** To be prosperous; to prosper: આબાદ થવું; સુખી થવું; માન વધવું; ચઢતી થવી; સુખપ્રાપ્તિ થવી; ઉત્કર્ષ-આબાદાની થવી; જામવું. **3.** To use florid language: અલંકારિક ભાષા વાપરવી-લખવી; લંબાણ વિવેચન કરવું. **4.** To make ornamental strokes with the pen: ફાંકા કરવા-કાઢવા. **5** To boast: બડાશ-પતરાજી-શેખી કરવી. *vt.* To develop; to expand: વધારવું; લાંબુ ખેંચવું; વિસ્તારવું; ફેલાવવું. **2.** To ornament; to embellish: શણગારવું; સુશોભિત કરવું. **3.** To adorn with rhetoric figures: અલંકારોક્ત કરવું; -માં અલંકાર વાપરવા, અર્થવાદ કરવો. **4.** To swing about in circles or vibrations; to brandish: આમતેમ-ચકરાવે ફેરવવું; ચમકાવવું; પડ્યા ખેલવા. *n.* A flourishing condition; prosperity: આબાદાની; સમૃદ્ધિ; આબાદી. **2.** Ornament; beauty: શણગાર; શોભા; અલંકાર; આડંબર; ખુબસૂરતી; ભભકો. **3.** Parade of words and figures; show: સરસ ઉભારણ; અલંકારિક ભાષા; અર્થવાદ; ખોટો ડોળ. **4.** A merely decorative figure: મંડન; ભૂષણ; શોભા. **5.** The waving of a weapon or other thing: પટાબાજી; ભ્રમણ. **6** Ornamental strokes with a pen: અક્ષરના લાંબા લાંબા પાંખડાં-ફાંફાં.

Flourishing, (ફ્લરિશિન્ગ્) *a.* Prosperous; ornamented: આબાદી વાળું; સમૃદ્ધ; સુસ્થિત; શ્રીમંત; ગલરૂ; ખાતુ-પીતુ; આબાદ; સંપન્ન; તરવું, ભભકો મારતું.

Flout, (ફ્લાઉટ્) *vt.* To mock or insult; to treat with contempt: અપમાન કરવું; તુચ્છકાર કરવો; તરછોડવું; તોફિટકાર કરવો; ધિક્કારવું. *vi.* To sneer: -ની સાથે ધિક્કારથી-ધિક્કાર ભરેલી રીતે વર્તવું *n.* A mock; an insult: તિરસ્કાર; ધિક્કાર; અપમાન.

Floutingly, (ફ્લાઉટિન્ગ્લિ) *adv.* Insultingly: તિરસ્કાર ભરેલી રીતે; તિરસ્કાર-અપમાનથી; ધિક્કારથી.

Flow, (ફ્લો) *vi.* To move along as a fluid: વહેવું, પ્રસરવું; સરવું; -નો પ્રવાહ-રેલો ચાલવો-નીકળવો. **2.** To become liquid; to melt: પ્રવાહિ થવું; પીગળી જવું; ઓગળવું. **3.** To proceed; to issue forth: થી ઉત્પન્ન થવું; થવું-મળવું; -થી ઉદ્ભવવું; -માંથી પાકવું **4.** To abound; to be copious: ઘણું-પુષ્કળ હોવું. **5.** To hang loose and waving: ઝુલવું; લટકવું; લબડવું; લટકી પડવું **6.** To rise, as the tide: ભરતી આવવી-ચઢવી. **7.** To discharge blood in excess from the uterus: ગર્ભાશય-ગર્ભસ્થાનમાંથી ઘણું લોહી વહી જવું; બહુ રક્તસ્રાવ થવો. **8.** (*a*) To glide along smoothly without harshness: વહ્યાં જવું; નિકળ્યાં જવું (*b*) To be uttered easily: પ્રવાહ-ધારારૂપ ચાલવું-વહેવું; અસ્ખલિત વહેવું; પ્રવાહ ચાલવો. *To* **f.** *off,* to run down: ઓસરી જવું; ઉતરી જવું *To* **f.** *over:* ઉભરાઈ જવું; રેલછેલ થવું. *vt.* To overflow; to inundate; to flood: -ના ઉપર પાણી ફરી વળવું; જળમય થવું; રેલ આવવી. **2.** To cover with varnish: રોગાન-વાર્નિશ ચઢાવવો. *n.* A stream of water or other fluid; a current: પાણીનો ઝરો; પ્રવાહ; રેલો; સેર; ધારા; ઓઘ **2.** A stream or pouring out (*of diction; words*): શબ્દોના રેડ; ભાષણનો વેગ-ઓઘ; વાક્સરણિ ધારા. **3** Abundance; copiousness: પુષ્કળપણું; છત; રેલછેલ; ઓઘ; ઝોળ. **4.** The tidal setting in: ભરતી.

Flower, (ફ્લાઉઅર્) *n.* [L. *flos floris,* a flower.] A bloom or blossom: ફુલ; પુષ્પ; કુસુમ; મોર. **2.** The fairest, freshest, and choicest part of anything: કોઇ પણ ચીજનો સૌથી સારો-શ્રેષ્ઠ અને તાજો ભાગ; નાક; કાળજું; ચુનંદા; ઉત્તમાંશ; સારાંશ; ગર્ભ; દૂધ; ભૂષણ; મંડન; બહાર. **3.** A figure of speech: અલંકારરૂપ. **4.** (*pl.*) Menstrual discharges: ઋતુ; ફુલ; અટકાવ; ઓપડી. **F.** *bed:* ફુલનો ક્યારો. **F.** *bud,* an unopened flower: નહિ ખિલેલું ફુલ; કળી. **F.** *stalk,* the peduncle: ફુલનું દીંડું. *vi.* To blossom; to bloom: ને મોર-ફુલ આવવાં; ફુલવું; વિકાસવું; ખિલવું; પાંખરવું. **2.** To come in the finest or fairest condition: સારી-શ્રેષ્ઠ સ્થિતિમાં હોવું; જુવાનીમાં આવવું; જુવાની ખિલવી. *vt.* To embellish with imitated flowers: બુટ્ટા-ફુલબુટ્ટા કાઢવા.

Flowerage, (ફ્લાઉઅરેજ્) *n.* State of flowers: flowers: ફુલની સ્થિતિ; ફુલો

Floweret, (ફ્લાઉઅરેટ્) *n.* A small flower; a floret: નાનું ફુલ.

Flowering, (ફ્લાઉઅરિન્ગ્) *n.* Blossoming season: ફુલ આવવાની મોસમ.

Flowery, (ફ્લાઉઅરિ) *a.* Full of flowers; abounding in flowers: ફુલ-મોર-વાળું-થી ભરપૂર; પુષ્પમય. **2.** Highly embellished with figurative language: અલંકારી-રિક; અલંકારયુક્ત; અલંકૃત. *The* **f.** *kingdom,* China: ચીન.

Fluctiferous, (ફ્લક્ટિફરસ્) *a.* [L. *fluctus,* wave & *fero,* I produce.] Tending to produce waves: મોજાં ઉત્પન્ન કરે એવું.

Fluctuant, (ફ્લક્ટ્યુઅન્ટ્) *a.* Moving like a wave; wavering: મોજાંની પેઠે હાલતું; અસ્થિર; અદૃઢ; ચંચલ.

Fluctuate, (ફ્લક્ટ્યુએટ્) *vi* [L. *fluo,* I flow.] To move as a wave; to roll hither and thither: મોજાંની પેઠે હાલવું; ઝોલા ખાવા; ફરવું **2.** To be wavering or unsteady; to be irresolute or undetermined: દુઃ નહિ હોવું; સંકલ્પ વિકલ્પ કરવો; બદલાયા કરવું; ઢચુપચુ થયાં કરવું; અનિશ્ચિત હોવું. **3.** To rise and fall: ચઢવું ને ઉતરવું; ચઢ ઉતર થયા કરવી; -થી વધઘટ થયા કરવી. *vt.* To put in motion: મોજાંની પેઠે હલાવવું; ગતિમાં મૂકવું.

Fluctuation, (ફ્લક્ટ્યુએશન્) *n.* Unsteadiness; sudden rise or fall: સંદેહ; ચંચળતા; સંકલ્પવિકલ્પ; અસ્થિરતા; અનિશ્ચય; ચઢઉતર; વધઘટ.

Flue, (ફ્લૂ) *n.* [*fluo,* I flow.] A passage for smoke in a chimney: ધુમાડિયામાં ધુમાડાને જવાનો રસ્તો.

Flue, (ફ્લૂ) *n.* [L *fluo,* I flow.] Light or soft down, fur or hair: હલકાં અથવા નરમ રવાંટાં; વાળ.

Fluency (ફ્લુએન્સિ) *n.* [L *fluentia.*] Readiness of utterance; smoothness: જીભની ચપળતા; શબ્દચાતુરી; વાક્પટુતા; વકતૃત્વ.

Fluent, (ફ્લુએન્ટ્) *a.* [L. *fluens.*] Flowing; gliding; easily moving: વહેતું; પ્રવાહી; સરળ; જલદી સહેલાઈથી ખસે-ચાલે એવું. **2.** Voluble: બોલકું; તેજ ઝબાનવાળું; વાચાળ; ચાલાકી અને સફાઇબંધ-છટાબંધ બોલનાર; પાણીનો પ્રવાહ; ઝરો; વહેળો.

Fluently, (ફ્લુએન્ટલિ) *adv.* In a fluent manner: વગર અટકે; ઝપાટાબંધ; છટાબંધ; ટપટપ; પટપટ.

Fluid, (ફ્લુઇડ્) *a* [L. *fluo,* I flow.] Capable of flowing; liquid or gaseous: વહેતું; પ્રવાહી. *n.* A body whose particles move easily: પ્ર-

વાહી;પ્રવાહી પદાર્થ;રસ.

Fluidity,(ફ્લુઇડિટિ) *n.* A liquid state:પ્રવાહી પદાર્થનો ગુણ;દ્રવતા;પાતળાપણું;દ્રવભાવ.

Fluke,(ફ્લૂક્) *n.*The part of an anchor which fastens the ground;a flook: લંગરનો આંકડો; દાંતો; પાવડો.2.One of the points of a whale's tail:વ્હેલ નામની માછલીની પૂછડીની અણી.Any accidental or unexpected advantage:અનાયાસે થઇ ગયેલો લાભ;સવળો પાસો; દૈવલેગ.

Flume,(ફ્લૂમ્) *n.*[L.*fuo*, I flow.] A stream:પાણીનો ઝરો-વહેળો.

Fluminous, (ફ્લૂમિનસ્) *a.* Pertaining to rivers;abounding in streams:નદી-નાળાં સંબંધિ-વાળું.

Flummery,(ફ્લમ્મેરિ) *n.* A light kind of food:એક જાતનું હલકું ખાજું;ફાંજ2. Empty compliment; mere flattery:ખુશામત;ચાપલુસી.

Flurry,(ફ્લરિ) *n.* A sudden and brief blast or gust:એકદમ આવેલો અને થોડો વખત સુધી રહે એવો પવનનો ઝપાટો-લ્હેર.2.Bustle;commotion;violent agitation: ધામધૂમ; ધિંગાણું; ડામાડોળ; સંભ્રમ; ધાંધલ; આવેગ;વ્યાકુળતા;વ્યગ્રતા;ગરબડ. 3. A light shower accompanied with wind:વાવાઝોડાં સાથ થતું હલકું ઝાપટું.*vt.* To excite: ધાંધળ-ગરબડમાં નાંખવું;ઉશ્કેરવું;વ્યાકુળ-વ્યગ્ર કરવું.

Flush,(ફ્લશ્) *vi.*[L.*flaxus*,a flow.] To flow and spread suddenly;to rush:એકદમ ચઢવું-ચઢી જવું; એકદમ દેખાઇ આવવું;સ્ફુરવું2.To turn red;to blush:લાલ થવું;.ઉપર લાલી-સુરખી આવવી;શરમાવું.3. To shine suddenly;to glow:એકદમ ચળકવું-પ્રકાશિત થવું;ઝળકવું.4.To start up suddenly; to take wing: તરતજ નીકળવું-જવાની તૈયારી કરવી;ઉડવું; ઉડવા માંડવું.*vt.*To put to blush: એકદમ લાલ કરવું;શરમાવવું. 2. To make red or glowing: લાલ અથવા પ્રકાશિત-ચળકતું ઝળકતું કરવું.3.To excite;to animate;to stir.ઉશ્કેરવું;ઉત્તેજીત કરવું; ચઢાવવું 4.To cause to start:ઉરાડવું;ઓડવું. *b.* To wash out by drenching:ખળકાવીને ધોવું; ખળકો કરી સાફ કરવું; ખળકાવવું. *To f. up joints,*to fill them in;to point them level:સાંધા પૂરવા;ટીપ ભરી લેવી.*n.A* sudden flowing;a rush: એકદમ વહેવું તે;ધસી આવવું તે; લોઢ; ભઠ્ઠાર;લ્હેર;વેગ;પ્રવાહ; ધોધ. 2. A rush of blood to the face;a blush; a glow:લાલી; સુરખી. 3. *A* thrill of excitement:સુરખી;ઝુરસ્સો;આવેશ જોમ; ઉભરો;ઉમળકો. 4. A flock of birds suddenly started up: તરતજ ઉરાડેલું-ઉરાડી મૂકેલું પક્ષિઓનું ટોળું.*a.*Full of vigor;fresh;glowing: જુરસાવાળું; લાલી-સુરખીદાર; તેજસ્વી;પ્રૌઢ; તેજમારતું; ચકચકિત. 2. Affluent; liberal; prodigal:ભરપૂર;સમૃદ્ધ;ધન સંપન્ન;ઉદાર;ઉડાઉ.

Fluster,(ફ્લસ્ટર્) *vt.*To make hot & rosy,with drinking:દારૂ પાઇને લાલ ધુમ જેવું કરી નાંખવું; hence, to confuse;to muddle: ગભરાવવું,વ્યાકુળ કરવું. *vi.* To be agitated or confused:ગભરાઈ જવું; ગભરાટ-ક્ષોભમાં પડવું *n.* Heat or glow from drinking: પીવાથી થતી લાલી-લાલાશ. 2.Confused agitation;disorder: ગભરાટ;ઉચ્ચાટ;ક્ષોભ;વ્યગ્રતા; સંભ્રમ.

Flute,(ફ્લ્યૂટ્) *n.*[*L. fluo,*I blow.] 1. A musical wind instrument: વાંસળી;પાવો; મોરલી. 2. (*Arch.*) A channel in a column or pillar: થાંભલામાં ઉપરથી તે હેઠળસુધી કોતરેલી ગોળ ખાંચ;સ્તંભરેખા. 3. A channel or grove made in plaited cloth:ચૂણ; ચૂણ. *vi.* To play on flute: વાંસળી-પાવો-મોરલી વાગવી *vt* To play or sing in a olear note,like that of a flute:વાંસળી-પાવા-મોરલીના રાગની પેઠે-જેવો સ્પષ્ટ રાગ કાઢવો ના પ્રમાણે વગાડવું. 2. To form flutes or channels, as in a column, or in a ruffle:થાંભલામાં ગોળ ખાંચ-સ્તંભ રેખા કાઢવી;-ચૂણ કાઢવી.

Fluted,(ફ્લ્યૂટ્'એડ્) *a.* Thin; fine; flutelike: તીણો;સારો; મોરલી-પાવા-વાંસળીના જેવો. 2. Formed with flutes:સ્તંભ રેખાવાળો;ગોળ ખાંચવાળો.

Flutter,(ફ્લટ્'ટર્) *vi.*To hover:ફફડાવવી.(પાંખો) 2. To move with quick vibrations or undulations: ફડફડ થવું.3. To be in agitation; to be in uncertainty:ગભરામણમાં હોવું;દ્વચુપચુ હોવું;વ્યગ્ર હોવું; સંકલ્પવિકલ્પમાં હોવું; અનિશ્ચિત હોવું. 4. To move about with empty bustle or show: ખાલી-નકામી ધાંધલ કરવી;ફોકટ દોડધામ કરવી.*vt.*To vibrate or move quickly: ફફડાવવું. 2.To throw into confusion: ગભરાવવું; ગભરાટમાં નાંખવું. *n.* The act of fluttering:vibration ફડફડાટ;સ્ફુરણ 2.Confusion; disorder; tumult: ગભરાટ; અવ્યવસ્થા;ગડબડ; સંભ્રમ;વ્યાકુલતા; છત તળે ઉપર થવો તે; વ્યગ્રતા;આવેગ.

Fluvial,Fluviatic,(ફ્લૂવિઅલ્-ફ્લૂવિઅટિક્) *a.* [L. *fluo,* I flow.] Belonging to rivers:નદી સંબંધિ; 2.Growing or living in streams or ponds: ઝરા કે તળાવમાં ઉગતું અથવા રહેતું.

Flux,(ફ્લક્સ્) *n.* [L. *fluo,*I flow.] Quick succession;change: પ્રવાહ. સ્રાવ;ફેરફાર;અનુક્રમ.2. The setting in of the tide toward the shore: કિનારા તરફ ભરતીનું ચઢવું તે; ભરતી. 3. The state of being liquid; fusion:પીગળવું-ગળાવું તે;રસ. 4. (*Chem. & metal.*) Any substance used to promote the fusion of metals:ધાતુ જેથી ઓગળી જાય એવો પદાર્થ-ખાર.5.The discharge of a fluid from the bowels or other part: અતિસાર;મરડો;સ્રાવ; વહેતો પદાર્થ. **F. & reflux:***A bloody* **f.:** લોહી પડવું તે *a.*Flowing;variable: વહેતું;બદલાય એવું; અસ્થિર; ચલિત. *vt.* To cause to melt or become fluid: પીગાળવું; પ્રવાહી કરવું. 2. To salivate;to purge:મોંથી કાઢી નાંખી સાફ કરવું;ઝુલાબ આણવો.

Fluxible,(ફ્લક્સિબલ્)*a.* Capable of being melted or fused:જલદી પીગાળી-ઓગાળી શકાય એવું.

Fluxion,(ફ્લક્શન્)*n.*[L. *fluxia.*] The act of flowing:વહેવું તે; સ્રાવ; પ્રવાહ.2.The matter that flows: પ્રવાહી પદાર્થ.3.A constantly varying indication: વાર વાર-ઘડીએ ઘડીએ બદલાતું ચિન્હ-નિશાની-લક્ષણ. 4. (*Math.*)An increment; a differential:વધારો;વૃદ્ધિ. 5 An excessive flow of blood: રક્તસ્રાવ-ઓધ.

Fluxure,(ફ્લક્શ્યુર્)*n.*[L.*fluxura*, flowing.] Quality of flowing: વહેવાનો-પ્રવાહ ધર્મ-ગુણ. 2. A flowing or fluid matter:વહેતો-પ્રવાહી પદાર્થ;દ્રવદ્રવ્ય.

Fly(ફ્લાઈ)*vi.imp,***flew***.p.p.* **flown** To move in the air,with wings: ઉડવું.2.To float or wave in the air:હવામા ઉડવું; તણાવું;ઉંચુ જવું અથવા હાલવું; ફરફરવું. 3. To pass or be driven rapidly through the air by any impulse:તણાવું; ઉડવું; ઉંચુ જવું;ધસડાવું. 4. To pass or move swiftly; to hasten away; to circulate rapidly:ઉતાવળે જવું; વહી જવું; વીતી જવું;જતું રહેવું; ઉડવું; ધાવું;પ્રસરવું; ઝડપબંધ-સડસડાટ ચાલવું; ફરવું.5.To flee:નાસી જવું;જતું રહેવું; પલાયન કરી જવું; સટકી જવું; ઉડી જવું. 6.To move with violence;to do an act suddenly: જોરથી આવવું.

જવું;-થી થવું; એકદમ-ઓચિંતુ થઈ જવું. 7.To flutter: ઉડવું; ફડફડવું. *To f. around,*to move about in haste: આસપાસ હાંફલા ફાંફલા ફરવું-હાલવું.*To f.at,*to rush on:-ના તરફ ધસી જવું;-ના ઉપર તૂટી પડવું-ધસારો-હલ્લો કરવો. To f *in the face of,*to insult; to resist:અપમાન કરવું;મોઢું લગાડવું;-ના ઉપર ધસારો કરવો;સામું થવું.*To f.open:* એકદમ જોરથી ઉપડવું.To f.,*off,*to depart suddenly:તરતજ છુટા-જુદા પડવું-જવું રહેવું:વિખૂટું થઇ જવું. *To f. on,* to attack:હુમલો-ચઢાઇ કરવી. To *f.out,(a)* to rush out:ધસવું;ધસારો કરવો.*(b)*To burst into a passion: ગુસ્સે થઇ જવું;ચઢી જવું To *let,*f.*(a)* to discharge: ફેંકવું; મારવું; છોડવું. *(b)*To let go suddenly and entirely:બધું તરતજ-એકદમ છોડવું-છોડી દેવું.*vt.*To shun;to avoid:-થી દૂર-આઘું રહેવું; તજવું; ટાળવું; ચુકવું.2. To cause to fly:ઉડાડવું; ચગાવવું. *n* A winged insect:માખી;માક્ષિકા;માંખ. 2.A hook used for fishing:માછલીઓ પકડવાનો આંકડો;હુક;ગલ. 3. A familiar spirit: ડાકણ;પ્રેત; ઝોટ;પિશાચ.4.A parasite:ખુશામત કરી પેટ ભરનાર; હુકડાખાઉ; ભોજનભટ્ટ; પરાન્નભોજી.5.A kind of light carriage for rapid motion:ઝડપથી ચાલે એવી હાડુતી હલકી ગાડી. 6. A part of a flag:વાવટાનો ભાગ;ધ્વજપટ.7.The compass card:દિગ્ચક્ર; જીભ;પાનું. 8. The piece hinged to the needle; a latch: કડી; ચાપ; ઢાપણ. F.*net,* a screen to exclude insects:મચ્છર-દાની F.*paper,*a poisoned paper for killing flies:માંખો મારી નાંખવાનો ઝેરી કાગળ. F.*sheet,* a hand-bill:જાહેર ખબર; હેંડબીલ.*On the* f. still in the air:ઉડતો;અદ્ધર. *Wild* f. વનમક્ષિકા. *a.* Knowing; wide awake:વાકેફ;જાણનાર;માહિતગાર; સાવધ;જાણીતો; સમજી-જતો.

Fly-blow,(ફ્લાઇ-બ્લો) *n.*The egg of a fly: માખીનું ઇંડું. *vt.* To lay eggs upon: ના ઉપર ઇંડાં મૂકવા; બગાડવું;ભ્રષ્ટ કરવું hence,to taint; to contaminate:

Fly-blown,(ફ્લાઇબ્લોન્)*a* Decayed:સડેલું;ગંદું;આસનથી ભરેલું; કોડા પડેલું.

Fly-boat,(ફ્લાઇબોટ્)*n.*[*fly& boat.*] A long, narrow coasting boat: કિનારે કિનારે ચાલતી લાંબી સાંકડી હોડી-મછવો.

Flying,(ફ્લાઇઇંગ્)*a.*Floating in the air:ઉડતું;ફડફડતું. *With f.colors.*ફતેહ મેળવીને-કરીને2.Moving;flighty:ચંચળ સાંચકું;ફરવાને સહેલું; જલદી ઉપાડી શકાય તેવું.

Flying-bridge,(ફ્લાઇન્ગ્-બ્રિજ્) *n.* (*Mil.*) A bridge for crossing rivers in rapid movements: ઉપાડાય;મુકાય એવો પુલ; ચલસેતુ.

Fly-flap,(ફ્લાઇ-ફ્લૅપ્)*n.*An implement for flying flies: ચમરી;ચામર.

Fly-leaf, (ફ્લાઇ લીફ્)*n.*A blank leaf at the beginning or end of a book:ચોપડીની આગળ પાછળ મૂકેલું કોરું પાનું.

Fly-wheel(ફ્લાઇવ્હીલ્)*n.*A wheel in machinary that equalizes its movements: સાંચાની ગતિ સમતોલ રાખનાર ચક્કર;ગતિ ચક્ર.

Fo(ફો)*n.*The Chinese name of Buddha:બુદ્ધના નામદર્શક ચીના લોકોની સંજ્ઞા.

Foal,(ફોલ્)*n.*A colt or filly:વછેરો. F.*teeth,*the first set of teeth of a horse: ઘોડાના પહેલા દાંત *In* f., *With* f.,pregnant:ગાભણી.*vi.* To bring forth as a colt or filly: વછેરો જણવું. *vt.* To bring forth young:વિયાવું;જણવું;વાવું.

Foam,(ફોમ્)*n.*Froth;spume:ફીણ.*vi.*To froth:ફીણ થવું-ચઢવું-વળવું-આવવું. 2. To become filled with foam:ફીણ ભરાવું;વળવું.*vt.*To cause to foam: ફીણ લાવવું-ચઢાવવું; ફીણ ઉભરાવવું.*To f.out,*to throw out with rage:ગુસ્સાથી બબડાટ કાઢવું.

Foamy,(ફોમિ) *a.* Covered with foam;frothy:ફીણવાળું;-થી ઢંકાયેલું.

Fob,(ફૉબ્)*n.* A little pocket for a watch : ઘડિયાળનું ગજવું. *vt.* To beat:મારવું.2.To cheat; to trick: ઠગવું;છેતરવું;ધુતવું; દગો રમવો. *To* f. *off,* to shift off by an artifice: યુક્તિથી ખસેડી મૂકવું;ઉડાવવું.

Fobbing,(ફૉબ્બિન્ગ્)*n.*Treachery; trick:ઠગાઇ;છેતરપીંડી;તકૅટ;કાવાદાવા.

Focus,(ફોકસ્)*n.*[*Lat.pl.***Foci,**L. *focus,*hearth.]A point in which the rays of light meet after being reflected: પ્રતિબિંબ પડ્યા પછી પ્રકાશના કિરણ એકઠા મળે તે બિંદુ; કેંદ્ર,તેજ;કર્ષદેશ; કિરણ સંપાત સ્થાન. 2.A point on the principal axis of a conic section:મધ્ય;કેંદ્ર; નાભી. 3.A central point:મધ્યસ્થળ;મધ્યસ્થાન;મથક;મુખ્ય જગ્યા.*vt.* To bring to a focus:મધ્ય-કેંદ્રમાં લાવવું.

Fodder,(ફૉડર્)*n.* That which is fed out to cattle, horses and sheep:ચારો;ઘાસ.*vt.*To feed with cut grass;to nourish with hay, straw &c.:ચારો ઘાસ નિરવું-નાંખવું.

Foe, (ફો)*n.* One who entertains personal enmity, grudge or hatred against another: દુશ્મન; અરિ;રિપુ;શત્રુ;વેરી.2.An enemy in war;an adversary: સામાવાળો; હરીફ;શત્રુ;દુશ્મન. 3. An opponant: વિપક્ષી;શત્રુ.

Fœtal,(ફીટૅલ્)*a.* Fetal; pertaining to a fetus:ગર્ભસંબંધિ.

Fœtus,(ફીટસ્)*n.*Fetus:ગર્ભ;હમેલ; ગાભ.*Dead* f :મૂઢગર્ભ;નષ્ટગર્ભ.

Fog,(ફૉગ્)*n.*Watery vapor:ધુમસ; દવ;ધુમર.2.A state of mental confusion:વિભ્રમ;ચિત્તભ્રમ;ગભરાટ.

Fog,(ફૉગ્)*n.(a)*A second growth of grass; after grass:બીજી વખતે ઉગેલું ઘાસ; બીજવારિયું ઘાસ.*(b)* Decaying grass:સડતું-કોહવું ઘાસ *vi.* To overcast;to darken:વનઘોર કરવું; ઢાંકી દેવું;અંધારું ઘોર કરવું; કાળું કરવું. 2. To pasture cattle on aftergrass: બીજી વખતે ઉગેલા ઘાસ ઉપર ઢોર ચરાવવાં.

Foggy,(ફૉગિ)*a.* Cloudy; misty: વાદળાંવાળું ; ધુમસભરેલું.2. Dull; obscure:મૂર્ખ;મંદ;ઠોઠ.

Foggy(ફૉગિ)*n.*A dull old fellow: મૂર્ખ-મંદ-ઠોઠ ઘરડો માણસ;ઘરડોગધેડો.

Foible,(ફૉઇબલ્)*a.*Weak;feeble: નબળું;દુબળું ; કમજોરવાળું. *n.*A failing;a weak point;a frailty: કસુર; ખામી;ઐબ;ખોડ;ચુક;છિદ્ર; અપરાધ. 2. The half of a sword blade: તરવારનું અડધું પાનું *One's* f., કોઈની વિશેષ-ખાસ ખોડ.

Foil,(ફૉઇલ્)*vt.*[L.*fouler,*to tread.] To trample: પગથી ચગદવું; ચાંપવું; પગતળે ચગદી નાંખવું.2.To frustrate; to baffle: થકવવું;હરાવવું; નિષ્ફળ-વિફળ કરવું.3.To blunt;to dull;to spoil: ચુકાવવું;ઉડાવવું;વિફળ કરવું; શમાવવું;ન્યૂન કરવું;બુઠું કરવું. *n.*Defeat; frustration:હાર;પરાભવ; ભંગ. 2. A blunt sword:બુઠી તલવાર.3. A track or trail of an animal:પ્રાણીનું પગલું.

Foil,(ફાઇલ્) *n.*[L. *folium.*] A leaf or thin plate of metal: ધાતુનું પતરું;ડાંક;ડોખ;વરખ.Gold f.: સોનાનો વરખ.2.A thin leaf of metal, placed under precious stones: ડાંક;પુર;પુંઠ.3. A thin coat of tin, laid on the back of a looking-glass:આરસીની કલઈ.

Foist,(ફાઇસ્ટ્)*vt.*To interpolate: વગર સત્તાએ ઘુસાડી દેવું; ઉમેરવું; ઘોંચી લાવવું; ચોરીથી-છાનામાના ઘાલવું. *n.* [L. *fustis,* cudgel.] A light & fast sailing ship:એક હલકુ અને જલદીથી હંકારાય એવું વહાણ.2. A fal-

sifier;a sharper:ઠગારાઉ; જુગેરી;જુગટું ખેલનાર;લુચ્ચો;સોદો. 3 A trick or fraud:ઠગો;લુચ્ચાઇ;કપટ.

Foister,(ફૉઇસ્ટર્) *n.*One who inserts without authority: ઘુસાવનાર;ખાલ ઘુસડ કરનાર.

Fold,(ફોલ્ડ) *n.* A part laid over on another part;a doubling; a plait: ગડી;કટ્ટી; પાટલી; થર; પડ. 2. Times or repetitions:પટ;ગણું.3. That which is folded together; embrace:ભેટો;બાથ; આલિંગન;કોટી 4.A sheep-pen:ઘેંટાનો વાડો; નેસડી.5.A limit:હદ;સીમા; મર્યાદા; સિમાડો. 6. A flock of sheep: ઘેંટાનું જુથ;ટોળું;ઝુંડ.(*b*) Hence,the church or a church:ધર્મ; પંથ; ધર્મનો વાડો. *vt.* To lay one part over another part of:-ની-ગડી-કટ્ટી-પાટલી કર. To double or lay together,as arms or hands:(હાથ વગે) અદબ વાળવી. 3. To inclose within fold or plaitings; to envelop; to clasp; to embrace: ચઢાવવું; ના ઉપર કરચોરી વળવી;વાળવું; ખીડવું;આલિંગન દેવું;ભેટવું;બાથ ભીડવી. *To f.the hand:* મુઠી વાળવી. 4. To inclose in a fold,as sheep:ઘેટાંને વાડામાં પૂરવાં-ઘાલવા.5.To wrap up to conceal: ઢાંકવું;છુપાવવું; છાવરવું. *vi.* To become fold or doubled-વળવું.

Foldage,(ફોલ્ડેજ) *n* The right of folding sheep:વાડામા ઘેટા પૂરવાનો હક.

Folder,(ફોલ્ડર)*n.*A knife-like instrument used for folding paper:કાગળ વાળવાનું ચાકા જેવું હથિયાર.

Folding, (ફોલ્ડિંગ) *n.* A fold; a doubling:ગડી;કટ્ટી;પાટલી 2. (*Agr.*) The keeping of sheep on arable land:ખેડવા લાયક જમીન ઉપર ઘેટાં રાખવાં તે.F.*chair*:વળે એવી વાળવાની ખુરસી.

Foliage,(ફોલિએજ)*n.*[L.*folium*, a leaf.]Leaves collectively: પાત્રાં;પાલો;પાંદડાં;પલ્લવ. 2. The representation of leaves, flowers, and branches:ચિતરેલાં પાડેલાં પાંદડાં-ફુલ-વેલ-ડાળીઓ.*vt* To form into the representation of leaves:પાંદડાંનું ચિતરામણ-વેલ પાડવું-કાઢવું.

Foliate,(ફોલિએટ)*vi* [L *folium*, a leaf.] To beat into a leaf or thin plate:ટીપીને પાતળાં પતરાં કર. 2.To spread over with a thin coat of tin:કલઇ કર;ચાટલાને પારો ચઢાવવો.

Folio,(ફોલિઆ)*n. Pl.* **Folios**,[L. *folium*,leaf.]A sheet of paper once-folded:બેવડો વાળેલો કાગળ. 2. (*a*) A book made of sheets of paper each folded once: અક્કેક કાગળનાં બે પાનાં કરીને કરેલી ચોપડી. મ્હોટામાં મ્હોટા કદની ચોપડી. 3. A page in an account book:રોજમેળ, ખાતાવાઇ વગેરે ચોપડાનું પાનું. 4. A leaf of a book or a manuscript: કોઈ છાપેલા કે હસ્ત લિખિત પુસ્તકનું પાનું 5 The page number: પાનાનો આંક 6.A certain number of words:ગણતરીથી શબ્દની અમુક સંખ્યા. *a.* Formed of sheets, so as to make two leaves:બે પાનાં થઇ શકે એવું કાગળનું બનાવેલું. *vt.* To page; to put a serial number on each page:દરેક પાને નંબર-આંક નાંખવો.

Foliole, (ફોલિઓલ) *n.* (*Bot*) A leaflet:નાનું પાનું;પાંતરૂં;પત્તું.

Folk,(ફોક)*n.*People in general: લોક; માણસ; આલમ; જન; જનસમૂહ *Old f.*, વૃદ્ધજન;વડાઓ.

Folk-lore,(ફોક્-લોર)*a* Rural tales or legends: દંતકથા-જ્ઞાન: લૌકિક વાર્તા-જ્ઞાન:લોકગાથા;લૌકિક કથા.

Follow,(ફૉલો)*vt* (*a*)To go or come after;to pursue: અનુસરવું;-ની પાછળ ચાલવું જવું-પડવું-આવવું. (*b*) *To* attend;to accompany:-ની પાછળ પાછળ ચાલવું;-ની હજુર-ખીજમતમા રહેવું. 2. To go in pursuit of; to chase: પાછળ લાગવું;-નો કેડો લેવો. 3.To yield to;to adopt the opinions of:ને તાબે રહેવું;સ્વીકારવું;અનુસરવું;-ને માનવું;-ના પ્રમાણે વર્તવું;-ને માન્ય કર;માનવું; પાળવું;માથે ચઢાવવું. 4 To copy after;to take as an example:દાખલા-દૃષ્ટાંત તરીકે લેવું;-નું અનુકરણ કર;નકલ કર.5.To succeed in order of (*time,rank,or office*) ની પાછળ-પછાડી આવવું-થવું; અનુસરવું. 6. To result from:-થી ઉત્પન્ન થવું; કારણમાંથી કાર્ય થવું-નિપજવું; પરિણામ નીકળવું;-ના ઉપરથી સિદ્ધ-સાબેત થવું. 7 To understand the meaning, connection or force of: સમજવું; ગ્રહણ કર.8 To practise:કરવું; નું કરવું 9. To move in the same direction:-એ ચાલવું; પકડવું.10. To understand: સમજવું. *To f.on*:પ્રયત્ન કર્યા કરવો;ખંત રાખવી. *To f. suit*:આપેલા દાખલા પ્રમાણે ચાલવું-વર્ત્તવું.*To f.up*, to pursue indefatigably:આગ્રહ પૂર્વક-ખંતથી મંડ્યા રહેવું. *vi.* To go or come after: ની પાછળ જવું-ચાલવું-આવવું.

Follower,(ફોલોઅર)*n.*An attendant;a disciple:a retainer:પાછળ લાગનાર; અનુયાયી;ચેલો; શિષ્ય;શાગીર્દ; સાથી:ભક્ત;સોબતી;સંગાથી; અનુગામી; આશ્રિત; પરિજન; સેવક.2. A sweet heart;a beau:પ્યારો;યાર;આશક; રમણ.

Following,(ફોલોઇન્ગ્) *n.* Collection of followers or dependants: અનુયાયી સમૂહ.2.Vocation;profession:ધંધો;રોજગાર.*a.* Succeeding; ensuing:આવતું;બીજું;પછીનું;નીચેનું. *In the following ages*: પછીના જમાનામાં. F.*particulars*: નીચેની હકીકત.

Folly,(ફૉલિ) *n.* [L. *Fol*, a fool] Want of good sense; lenity of mind:બેવકૂફી;મૂર્ખાઇ;નાદાની; મૂર્ખતા મૂઢતા; અજ્ઞાન. 2. A foolish act; a foolery :મૂર્ખાઇ બેવકૂફી ભરેલું કામ; ભૂલ;કુતર્ક;વિતર્ક; કુકલ્પના 3. Scandalous crime;sin: પાપ.

Foment,(ફોમેન્ટ્)*vt.* [L. *foveo*, I warm.] To bathe with warm waters; to apply warm waters to: ઉના પાણી વગેરે પ્રવાહિ પદાર્થથી શેકવું;ધોવું;શેકવું; ઉના પાણીથી નહાવું; ઝારવું.2 To encourage; to instigate: ઉશ્કેરવું; જગાવવું; સળગાવવું; પલિતો મૂકવો;ચેતવવું;સળી કર,

Fomentation. (ફોમેન્ટેશન) *n.* (*Med*) The act of fomenting: શેક;ઝારવું તે. 2. Instigation;encouragement: ઉશ્કેરણી;ઉત્તેજન; મદદ; ઉઠાવણી;સળી;પલિતો;સાસણી.

Fond(ફોન્ડ)*a.*Foolish;silly;weak: મૂર્ખ;બેવકૂફ;મૂઢ;નાદાન.2. Foolishly tender and loving: અતિધેાતાળ; સ્નેહાલ;વત્સલ;પ્રેમાલ;મમતાળુ ;શોખીલું; -ને ગમતું-પસંદપડતું;આસક્ત; રત;અભિલાષી;ઉશ્કી.3.Regarded with excessive affection: અતિશય પ્યારદેતથી ગણેલું.4. Trifling: નજીવું; નકામું.*vt.*To caress; to fondle:લાડલડાવવાં; વહાલથી રમાડવું *vi.* To be fond of; to be in love with:-ના શોખીલા હોવું; ની સાથે પ્યારમાં પડવું.

Fondle,(ફોન્ડલ)*vt* To treat with tenderness; to caress: લાડ કરવાંલડાવવાં;-પ્યારથી રમાડવું;વાત્સલ્ય કર.

Fondler,(ફોન્ડ્લર) *n.* One who fondles:લાડ કરનાર;લાડકો.

Fondling(ફોન્ડ્લિન્ગ્)*n* A caress: લાડ;લાડકોડ;લાલનપાલન;આલિંગન. 2. A foolish creature;a simpleton: બેવકૂફ મૂર્ખ માણસ.3.Thing fondled or caressed: લાડકું-પ્યારું-માણસ ચીજ-પદાર્થ; પ્રેમ; સ્નેહ-ભાજન-પાત્ર;

સ્નેહારૂપદ;સ્નેહભૂમિ.*To be* f. *of*: ને ઘણું ગમવું-પસંદ હોવું;-ને ઘણો શોખ હોવો. *To be excessively* f. *of*: ની લહે લાગવી.

Fondly(ફૉન્ડ્લિ)*adv* Affectionately;tenderly: ઘણી મમતા-હેત-પ્યારથી;લાડથી.

Fondness,(ફૉન્ડ્નેસ)*n.* Doating affection;tender liking: મમતા; ઇચ્છા;અનુરાગ; છંદ: આસક્તિ; પ્યાર; પ્રીતિ;સ્નેહ;વાત્સલ્ય;અભિરુચિ.

Font,(ફૉન્ટ)*n.*[L. *fon*, a spring.] A fountain;a spring:ઝરો; કુંઆરો. *n.*[L.*fundo*, I pour out, cast.] 3. A complete assortment of printing types; a fount:છાપવાનાં બીબાંનો સંપૂર્ણ સટ-જથો;ફાઉન્ટ.

Fontal,(ફૉન્ટલ)*a* [L.*fons*, fountain]Original:મૂળ સંબંધિ;મૂળનું.

Food,(ફૂડ)*n.*Nutriment;aliment: અન્ન;આહાર;ભોજન;ખાવું; ભક્ષ્ય;ખાજ; ધાન.2. Anything that sustains: પોષણ; પોષક દ્રવ્ય. **F.** *& clothing*: ધાન લુગડાં;અન્ન વસ્ત્ર. **F.** *of graminivortes animals*:ચારો.

Fool,(ફૂલ)*n.* An idiot:અક્કલ વિનાનો આદમી-માણસ;મૂર્ખ;બેવકૂફ;ગાંડો 2.A simpleton;a doll:મૂર્ખ;જડ;અબુધ; અબુજ;જડબુદ્ધિનું માણસ; ઠોઠ. 3. A wicked person:પાપી.4. A professional jester or buffoon: મશ્કરો; ભાંડ;તરકટીઓ; લૂહણ; રંગલો; વિદૂષક. *To make a* f.*of*,:બેવકૂફ કરવો-બનાવવું; હસી કાઢવા જેવું જણાય એમ કરવું. *To play the* f.,(*a*)to act the buffoon: મશ્કરી-ટાળ કરવી; વિદૂષક-રંગલાનું કામ કરવું.(*b*)ગાંડાં કાઢવાં.*vi.* To act like a fool;to toy:મૂર્ખની પેઠે વર્તવું-ચાલવું; રમ્યા કરવું;ગાંડાં કાઢવાં.*vt.*To infatuate: બુદ્ધિહીન કરવું; ભોળવવું; મોહિત કરવું. 2. To make a fool of:.બેવકૂફ કરવું;બનાવવું.3.To cheat:ઠગવું;ઉતરવું;ધૂતવું. *To* f.*away*:નકામું કાઢવું;ગાળવું; ઉડાવવું;ગુમાવવું;નકામું વાપરવું.

Foolery,(ફૂલરિ)*n.*The behaviour of a fool;absurdity:મૂર્ખની ચાલ-વર્તણૂક;મૂર્ખાઇ;મૂર્ખતા;વ્યામોહ.2.An act of folly:મૂર્ખાઇ-બેવકૂફી ભરેલું કામ;વિડંબના.

Fool-hardy,(ફૂલહાર્ડિ)*a.* Daring without judgment; foolishly bold:અવિચારથી જોખમ ખેડનાર;ગાંડું; સાહસિક;અતિસાહસિક;પ્રમત્ત.

Foolish,(ફૂલિશ)*a.*Without judgment or discretion;silly; unwise: મૂર્ખ;બેવકૂફ;ગાંડું;દિવાનું;ઘેલું.2.*Exhibiting* a want of discretion:મૂઢ; મૂર્ખ;અબુધ.3.Ridiculous;contemptible:હસવા-ધિક્કારવા જેવું.

Foolishly,(ફૂલિશ્લિ)*adv.*Weakly; unwisely;indiscreetly:મૂર્ખાઇથી; બેવકૂફાઇથી;ગાંડપણે.

Foolishness,(ફૂલિશ્નેસ)*n.*Folly; wont of understanding:બેવકૂફાઇ; ઘેલાપણું;અજ્ઞાન;મૂર્ખતા;મૂઢતા. 2. An absurdity:બેવકૂફી;અવિવેક.

Foolscap,(ફુલ્સ્કૅપ)*n.* A paper, about 16×13 inches: આશરે ૧૬ ઇંચ લાંબો અને ૧૩ ઇંચ પહોળો કાગળ; ફુલ્સકૅપ.

Foot(ફુટ)*n.pl.***Feet,**[L.*pes*,*pedis*] The extremity below the ankle: પગ;પ;ઇ;ચરણ.2.That which corresponds to the foot of a man or an animal:જે માણસ અથવા પ્રાણીના પગના જેવું છે તે;પગ;પાયો.3 The lower part;bottom;foundation:નિચલો ભાગ;તળિયું;પાયો;તળેટી;તલ.4 Basis; plan:ધોરણ;પાયો;મૂળ 5.Rank; footing:દરજ્જો;હોદ્દો.6.A measure consisting of twelve inches:બાર ઇંચનું-તસુનું માપ-પ્રમાણ; ફુટ. 7. The foot soldiers;infantry:પાયદળ;પેદળ. 8. (*Pros.*)A combination of syllables constituting a metrical element of a verse:ચરણ;પદ;ટૂક; પાદ. *By* f.*or on* f., by walking: પગે ચાલીને; ચાલતું *Cubic* f.:ઘનફૂટ. *Square* f.:ચોરસ ફૂટ.*To set on* f., to originate;to begin;ઉભું કરવું;શરૂ-ચાલતું જરી કરવું. *Under* f., at one's mercy: ની મુઠીમાં-ના હાથમાં. *To put one's* f.,*down*, to take a resolute stand:દૃઢ થવું;નિશ્ચય-નિર્ણય કરવો.*To set one on his* f., to assist to start: નું ઠરું ચલાવી-નભાવી આપવું; ધંધે-કામે વળગાડી આપવું. **F.** *iron*; (*a*) ગાડીનું પગથિયું; પાવડો. (*b*)A *fetter* : બેડી **F.** *pavement*, પગ રસ્તો;પગથી.**F.** *post*, a letter carrier on foot:હલકારો. **F.** *race*, a race by persons on foot : પગ દોડની સરત.*vi* To dance; to skip: નાચવું.2.To walk:પગે ચાલવું *vt.* To kick:પગથી મારવું;પાદુ-લાત મારવી. 2. To set on foot; to originate:ઉભું કરવું;ઉઠાવવું;જરી કરવું; પ્રારંભ-મંડાણ-શરૂ કરવું.3.To tread: પગવતે-થી ચગદવું. કચરવું.4.To sum up:સરવાળો-એકઠું કરવું.5.To seize with the talon-પંજામાં પકડી લેવું;પકડીને પગ તળે દાબવું.

Foot-ball,(ફુટ્-બૉલ)*n.*An inflated ball:પવનથી ફુલાવેલા દડો.2.The sport of kicking the foot-ball:દડાને ઠોકર મારી રમવાની રમત; પગબૉલ.

Foot-board,(ફુટ્બૉર્ડ)*n.*The platform for the engineer & fireman of a locomotive: એનજીનના હાંકનાર આગવાળાને પગ મુકીને બેસવાની બેઠક.2. The foot-rest of a coachman's box: ઘોડાગાડીવાળાને પગ મુકવાનું બેઠક નીચેનું પાટીયું. 3. A treadle : પગથી દાબીને ચલાવાનો ભાગ-પંખો-સુપડી.

Foot-boy,(ફુટ્-બૉય)*n.*A menial; a page:ખવાસ;ખીજમતદાર; ચોરિયો.

Foot-hold,(ફુટ્-હોલ્ડ)*n.* That which sustains the feet firmly and prevents them from slipping: સરી નહિ પડે અને મજબુતીથી પગ મુકાય એવો આધાર;આશ્રય-કબજો.

Foothot,(ફુટ્-હૉટ્)*adv.* Immediately:તરતજ;નિમિષમાત્રમાં.

Footing,(ફુટિન્ગ્)*n.* Place for the foot to rest on : પગ મૂકવાની જગ્યા;ટેકો;અવલંબન;આધાર. 2.Firm position;established place; standing; foot-hold:પગપેસારો; પગ; પદ; ટક્કી;પ્રવેશ;પદવી.3. State; relative condition:હાલત;સ્થિતિ; વૃત્તિ; દશા; ભાવ;અવસ્થા;વ્યવસ્થા; બંદોબસ્ત. 4. Tread;step:પગલું. 5. The act of adding up a column of figures: આંકડાઓના કોઠાનો સરવાળો. 6. A plain cotton lace:સાદી સુતરાઉ કોર-પટી.7. The broad foundation or base of a wall:દિવાલ-ભીતનો પહોળો પાયો.

Foot-licker,(ફુટ્-લિકર)*n.*A mean flatterer;a sycophant:ખુશામતીઓ; જોડા ઉંચકનાર;ગાંડ ચુલામી કરનાર.

Foot-man,(ફુટ્-મૅન)*n.pl.* **Footmen.** A soldier who marches and fights on foot:પાયદળમાનો કોઇ એક માણસ 2. A man in waiting;a runner: બારણા આગળ બેસનારો સિપાઇ-પટાવાળો; કિંકર;સેવક;અનુચર;દોડનાર;બેપિયો.

Foot-mark,(ફુટ્-માર્ક)*n.* A footprint;a track:પગલું; પાદચિન્હ; પદપંક્તિ;પાદમુદ્રા;પદાંક;સગડ.

Foot-note,(ફુટ્-નોટ)*n.*A note of reference at the foot of a page: પાના નિચે લખેલી ટીકા;ટીપ;નોટ.

Foot-pad,(ફુટ્-પૅડ)*n.*A highway man or robber on foot:રાહમાર; રસ્તે લુંટનાર;વાટપાડું.

Foot-path,(ફુટ્-પાથ)*n.*A narrow path for pedestrians;a footway પગવાટ;પગથી;પગરવટ;પગ રસ્તો.

Foot-print,(ફુટ્-પ્રિન્ટ)*n.*The impression of the foot;a trace or foot-mark : પગલું; પળની નિશાની;

પાદચિન્હ;પાદપંક્તિ;પાદમુદ્રા.

Foot-soldier, (ફુટ્-સોલ્જર) *n.* (*Mil.*)A soldier that serves on foot:પાયદળ-હરકરી સિપાઇ.

Foot-stall,(ફુટ્-સ્ટોલ્)*n.*The stirrup of a woman's saddle:સ્ત્રીના જનનું પેગડું.2.The plinth or base of a pillar:થાંભલાની બેસણી; કૂંભી.

Foot-step,(ફુટ્-સ્ટેપ્)*n.* (*a*) The mark of the foot; a track:પગની નિશાની;પગલું;પદપંક્તિ. (*b*) Visible sign of a course pursued;token; mark:નિશાની;ચિન્હ;પદ્ધતિ; માર્ગ; પદવી;લક્ષણ;રસ્તો;પગલું.

Foot-stool,(ફુટ્સ્ટૂલ્)*n.* A stool for the feet:પગ મૂકવાનું બાજઠ;પાદપીઠ;માંચી;પાટલો.

Foot-stove,(ફુટ્-સ્ટોવ્)*n.*A contrivance intended to keep the feet warm; a foot warmer: પગ ઉના-ગરમ રાખવાની યુક્તિ-કરામત; પગ ઉના રાખનાર.

Footy,(ફુટિ)*a.* Having settlings: નિચે ઠરેલા કચરાવાળું.2.Poor;mean: ગરીબ;હલકું;નીચ;અધમ;પામર; બાપડું.

Fop,(ફૉપ્)*n.*A gay fellow;a coxcomb: અક્કડબાજ;ફોકરો; વરણાગીઓ; લાલ;છેલ;અલબેલો;છેલછબીલો;દેખી.

Foppery,(ફૉપરિ)*n.* Coxcombry; showy folly:ફોકટ દમામી; અક્કડબાજી;વરણાગી;છેલાઇ;ફોકડાઈ; નખરાંબાજી; દેખી;લાલાઇ.2.Folly;foolery:મૂર્ખાઇ;બેવકૂફાઇ;ગાંડાઈ;ઘેલછા.

Foppish,(ફૉપિશ્)*a.*Dressing in extreme of fashion; affected in manners:ફોકડું; નખરાબાજ-બોર;દેખી;વરણાગિયું;છેલછબીલું;રોફી.

For,(ફૉર્)*prep.*Because;an account of: ના કારણને માટે;કારણથી; નિમિત્તે;માટે;હેતુથી;વાસ્તે. 2. Indicating the remoter and indirect object of an act:ખાતર;માટે;વાસ્તે, અર્થે.3.In behalf of, in favor of; on the side of:સારૂ;કાજે;માટે; પક્ષમાં;તરફેણ-લાભમાં.4. Towards; intending to go to:તરફ;જવાને; ઉદ્દેશીને.5.Instead *of*; in place of: બદલે;સાટે;ઠેકાણે;લધને;સ્થાને.6.In the character of;to be or as being: તરીકે;જેવું;જણીને;જાણીને; વતી; રૂપ;-ના સરખું. 7. Notwithstanding; in spite of:છતાં;ગમે તેમ;પણ;તથાપિ 8. During; through the space or time of:લગી;સૂધી; લગણ; પર્યંત. **F.** *all that*,in spite of: તેમ છતાં પણ; છતાં;તોપણ;ગમે તેવું પણ. **F.***all the world*,wholly; exactly : બરોબર; આબેહુબ;તદન;બિલકુલ;બેક. **F.** *ever*, eternally:હમેશાં;નરંતર;સદા;સર્વદા; સદાકાળ.**F. thy** *or* **Forthy**, on this account: આટલા માટે;આ કારણથી.**For** *my life*,or,**for** *the life of me* : મારો જીવ-જન જાય તોપણ. *Conj* Because;for that: કારણ કે; તે કારણથી.2.Since;because: તેથી; તેથી-કરીને;માટે;તેટલા માટે. **F.** *because*,because:કારણ કે. **F.** *why* (*a*), wherefore:શા માટે;કેમ;શાવાસ્તે; શા કારણથી.(*b*)Because:કારણ કે.*n.*One who takes the affirmative side; હકાર ભણનાર;હા કહેનાર.**The Fors & againsts**, the pros and the cons:લાભાલાભ; કોઇપણ વિષયની તરફેણ તથા વિરુદ્ધનો પક્ષ. *Ch* **f.**: તો કેવું સારૂ (ઈચ્છાદર્શક સર્વનામ.)

Forage, (ફૉરેજ્)*n.*The act of providing food; search for provisions:ઘાસદાણો શોધવો તે; ચારા માટે ભ્રમણ.2. Food of any kind for horses and cattle: ઘોડા અને ઢોરને સારૂ ચારો;ઘાસદાણો;ચારો.*vi.&vt.* To wander in search of food; to strip of provisions: ઘાસ-દાણાની શોધમાં ભટકવું; ઘાસદાણો જોરજુલમથી કઢાવવો. 2. To supply with fodder &c:ઘાસચારો પુરો પાડવો.

Foraminous,(ફૉરૅમિનસ્)*a.*Full of holes;porous:કાણાં કાણાંવાળું છિદ્રદાર.

Foray,(ફૉરે)*n.*A sudden incursion into a country;a raid:પડોશના દેશ ઉપર એકાએક કરેલો હુમલો-હલ્લો;ચઢાઇ.

Forbear(ફૉર્બૅર્)*vi.*To refrain from proceeding;to pause; to delay: બંધ રાખવું-કરવું;વિરામવું;ઉભા રહેવું;દમશ્વાસ ખાવો;ધીરજ ધરવી;અટકવું; થોભવું; ઢીલ કરવિલંબ કરવું 2.To refuse; to decline;to give no heed: ન ગણકારવું;ના કહેવી-પાડવી.3. To control one's self when provoked:ધીરજ ખામોશ પકડવી; ગમ ખાવી. *vt.* To avoid;to abstain from; to give up:થી દૂર રહેવું;નહિં કરવાથી દૂર રહેવું;નહિં કરવું;જોડીત્યજી દેવું. 2. To indulge; to bear with:ક્ષમા કરવું; સહેવું;ગમ ખાવી;ધીરજ પકડવી;દરગુજર કરવું;ખામોશ પકડવી. 3. To cease from bearing : ખમી ન શકવું;ખમવાને અશક્ત હોવું.

Forbearance,(ફૉર્બૅરન્સ્)*n.*Exercise of patience; indulgence; lenity;long suffering:સહનશીલતા; ગમ;ખામોશ;ક્ષમા;શાંતિ;સબુરી;દરગુજર; મારી;નિવૃત્તિ;વિરામ;ત્યાગ;સંયમ;યમ.

Forbearing,(ફૉર્બૅરિંગ્)*P.a* Patient;long-suffering: સહન કરે-ખામોશી રાખે એવું;સહનશીલ;સંયમી.

Forbid,(ફૉર્બિડ્)*vt.*To prohibit;to interdict : નિષેધ-પ્રતિષેધ કરવું; મના કરવું;બંધી કરવું;વર્જીત કરવું;ન કરવાની આજ્ઞા આપવી.2.To command not to enter:માં જવા આવવાની-પેસવાની મના કરવું.3.To hinder;to obstruct: અડચણ-ડખલ કરવું;અટકાવવું; અવરોધ કરવું;હરકત કરવું; નડવું. 4. To accurse; to blast:શાપ દેવો.*vi.*To prevent; to hinder: અટકાવ-હરકત કરવું.

Forbidden,(ફૉર્બિડન્)*a.*Prohibited;hindered:મના કરેલું, ના પાડેલું; નિષિદ્ધ;વર્જીત;મના;નિવારિત.

Forbidding,(ફૉર્બિડિન્ગ્)*p.a.*Repulsive; disagreeable:નાપસંદ; ત્રાસદાયક;અપ્રીતિજનક;અમંગલ.

Force,(ફૉર્સ્)*n.*[L.*fortis*,strong.] (*a*)Active power;vigor;might: બળ;જોર;પ્રભાવ;પરાક્રમ;પ્રતાપ; પ્રાબલ્ય; સામર્થ્ય;શક્તિ;કૌવત.(*b*)Pertinency; validity:શક્તિ;બળ; તાકાદ;ગૌરવ;મગદૂર;પ્રભાવ;પ્રતાપ. 2. Violence: જબરી;જોર;જોરાવરી;બળજોરી;જુલમ; બળાત્કાર;જબરદસ્તી. 3. (*a*) Troops; સૈન્ય; લશ્કર; ફોજ. (*b*) A body of men prepared for action in other ways:ટોળું;જુંડ; સમૂહ.4. *A* waterfall;a cascade: પાણીનો ધોધવો-ધોધ.5.(*a*)Power exercised without law;violence: ગાયકવાડી; નવાબી; રજવાડી; બહાદુરી; ગેરકાયદે. (*b*)Validity;efficacy: જીવ; સિદ્ધિ-ફળ;સામર્થ્ય;દમ.6. An action between two bodies:બળ;શક્તિ; વેગ. *In* **f.**or *of* **f.**; valid:અમલમાં; ચાલતું;જાગતું;જીવંત;વર્તમાન;ચાલુ. *Of* **f.**, of necessity;imperatively:અલબત;બેશક; ખાસુખા. *Vital* **f.**: ચેતન; ચેતનાશક્તિ;જીવન. *vt.* To compel: જબરદસ્તી-જબરીથી કરાવવું; ના ઉપર જુલમ ગુજરવો; ફરજ પાડવી; બળાત્કાર કરવો.2.To impress by force : મનમાં બળાત્કારે ઠસાવવું.3.To ravish; to violate: બળાત્કારે સંભોગ કરવો; ના ઉપર બળાત્કાર ગુજારવો-લાજ લેવી. 4.To capture by assault; to storm : હુમલો-હલ્લો કરીને લેવું. 5. To impel, drive or extort by main force: જબરી-જબરદસ્તીથી કાઢી મૂકવું-હાંકી કાઢવું અથવા પડાવવું; જોરથી આગળ ચલાવવું ધક્કેલવું-તાણવું; ખસેડવું.6. To enforce: અમલમા લાવવું.7.To produce by unnatural effort:બેજેબેજે કરી કાઢવું-લાવવું; મારી મચરડીને કરી-લાવવું.8. To garrison: લશ્કર-સિપાઇઓ પૂરા પાડવા. *vt.* To use violence;to strive: મહા મહેનત કરવી;ભગીરથ પ્રયત્ન કરવો.2.To hesitate: આનાકાની કરવી. *To* **f.** *one's*

way:જોરથી પોતાનો રસ્તો ક૦. *To f. from*: જોરથી લેઇ ખુંચાવી લેવું. *To f. out*:બહાર કાઢવું;ખેંચી કાઢવું. *To f a passage*:જોર જુલમથી અંદર જવું-ઘુસવું

Forced,(ફૉર્સ્ડ્)*a* Done with force જોરજુલમથી કરેલું કૃત્રિમ;ક્લિષ્ટ;અસરળ.

Forceful,(ફૉર્સ્ફુલ્)*a*.Driven with force;forcible : જોરથી મારેલું-ફેંકેલું; જોર-જુસ્સાવાળું;મજબુત;સબળ.

Forceps,(ફૉર્સેપ્સ્)*n*. A pair of pinchers or tongs: ચીપીઓ;સાણસી;ચમટા;સમેણી.

Forcible, (ફૉર્સિબલ્) *a*. Powerful; impressive;influential:સત્તા-જોરવાળું;અસરકારક; જીવવાળું; ભારેબળકટ;પ્રબળ; સબળ-જબરૂ. 2. Violent: impetuous : જુલમ કરનારું; જોસથી આવતું;જર્તુ;ઉગ્ર;તીક્ષ્ણ. 4. Obtained by compulsion : જોરજુલમ-જબરીથી મેળવેલું;સાહસિક;બળજોરીનું.

Forcibly(ફૉર્સિબ્લિ)*adv*.Strongly; powerfully;by violence:જોરજુલમ-જબરદસ્તીથી;બળાત્કારે.

Ford(ફૉર્ડ્)*vt*.To pass through by wading; to wade through : પગે ચાલીને(નદી)પાર જવું-ઉતરવું;ઓળંગવું. *n*. A place in a river where it may be passed by man or beast on foot: ચાલીને જવાય એવો નદીનો ભાગ;પાર;ઉતાર.2.A stream: a current:વહેળો;ઝરો;પ્રવાહ.

Fordable,(ફૉર્ડબલ્)*a*.Capable of being waded or passed through on foot:પાદ હોય એવું; થોડા પાણીવાળું; ઉતરી પાર જઇ શકાય એવું.

Fordry,(ફૉર્ડ્રાઇ)*a*. Entirely dry: તદ્દન-બિલકુલ સુકું.

Fore, (ફૉર્) *a*. Coming first; forward:આગલું;મોખરે આવેલું;પહેલું; અગ્ર;પૂર્વ; અગ્રગામી. 2. Advanced in time;antecedent: પહેલું; પ્રથમ. 3.Advanced in order: ક્રમમાં પહેલું.*F wind*, favourable wind અનુકૂળપવન. **F.** *end*, beginning પ્રારંભ; શરૂઆત; મંડાણ. **F.** *& aft* (see under aft.)*To the* **f**: હયાત; મોજુદ;છતમાં; વર્તમાન; વગર ખરચેલું. *adv*. In advance; at the front: આગળ; પહેલા. *n*. Journey; way રસ્તો;માર્ગ.2.(*a*) The front: અગ્રભાગ.(*b*)The future:ભવિષ્ય;ભાવી.

Fore-arm,(ફૉર્આર્મ્)*vt*. To arm or prepare for attack before the time of need:લઢાઇની આગમચ તૈયારી ક૦.*n*. That part of the arm between the elbow and the wrist:કોણી અને કાંડા વચ્ચેનો ભાગ.

Forebode, (ફૉર્બોડ્) *vt*. To foretell; to prognosticate:આગમચથી જણાવું;દેખાવું; સૂચના થવી; પૂર્વકથન ક૦.2.To augur despondingly: અનિષ્ટ સુચન ક૦.*vi*.To presage; to foretell:ભવિષ્ય કહેવું-ભાખવું; અગમચેતી થવી.*n*.Prophecy;presage:ભવિષ્યકથન; અગમચેતી; અનિષ્ટસુચન-દર્શન;દુર અંદેશો; વર્તારો; પુર્વયોજના.

Forebody,(ફૉર્બૉડિ)*n*.(*Naut*.) The front part of a ship:વહાણનો આગલો ભાગ-છાતી.

Fore-by, (ફૉર્-બાઇ) *Prep*. Near; hardby;fastby:પાસે;લગોલગ;નજીક.

Forecast, (ફૉર્કાસ્ટ્) *vt*. To scheme; to project:આગળથી ગોઠવણી કરી મૂકવી; યુક્તિ-તજવીજ ક૦; પૂર્વયોજના ક૦; આગળથી વર્તવું.2.To foresee : અગાઉ આગળથી વિચાર ક૦; દીર્ઘ દૃષ્ટિ વાપરવી;દુર અંદેશો પહોંચાડવો. *vt*. To contrive beforehand: પહેલેથી-અગાઉથી યુક્તિ-તદબીર-ગોઠવણ ક૦.*n* Previous contrivance or determination : અગાઉ-આગળથી કરેલું ગોઠવણ-તદબીર-યુક્તિ-નિશ્ચય;પૂર્વનિશ્ચર્ય;પૂર્વ કલ્પના; વિવેક.2. Provision;premeditation:આગમચેતી;દુરઅંદેશો;દીર્ઘદૃષ્ટિ; અગમબુદ્ધિ.

Forecastle, (ફૉર્કાસ્લ્)*n*. The part of upper deck of a vessel forward of the foremast: વહાણના આગલા ડેલની આગળનો ઉપલા તુતકનો ભાગ.

Fore-cited,(ફૉર્-સાઇટેડ્)*a*. Cited or quoted before or above:મજકુર;સદરહુ;પૂર્વોક્ત.

Fore-close,(ફૉર્-ક્લોઝ્)*vt*.To stop to prevent;to exclude : બંધ ક૦ અટકાવવું;રદ કરવું.

Foredoom (ફૉર્ડૂમ્)*vt*. To doom beforehand;to predestinate: આગળ-અગાઉથી ઠરાવ-વિચાર નિર્માણ ક૦. *n*.Previous doom or sentence: પહેલેથી ઠરાવી મુકેલો દંડ-શિક્ષાનો હુકમ.

Forefather,(ફૉર્ફાંધર્)*n*.An ancestor:વડીલ;પૂર્વજ.*Pl*.બાપદાદા; પિતરો-વડીલો;ઘરડાઓ.

Forefend,(ફૉર્ફેન્ડ્)*vt*. To hinder;to prohibit:અટકાવવું;ટાળવું. 2. To avert; to prevent the approach of: અવરોધ કરવો; આવતા ખાળવું-અટકાવવું;પાસે આવવા ન દેવું.

Fore-finger,(ફૉર્ફિન્ગર્) *n*. The finger next to the thumb:અંગુઠાની પાસેની આંગળી;તર્જની;પ્રદેશિની.

Fore-foot,(ફૉર્ફુટ્)*n*. One of the anterior feet of a quadruped or multiped: ચોપગાં જનાવરનો આગલો પગ; અગ્રપાદ.

Forego, (ફૉર્ગો)*vt*.[*imp*. **Forewent** *p. p*. **Foregone**,] To quit;to leave:તજ-છોડી-જવા-દેવું.2. To resign; to renounce : ઉપરથી હાથ ઉઠાવવો; દાવો છોડવો; જર્તુ ક૦; નહિ ભોગવવું;-નો ઉપભોગ-ભોગવટો ન કરવાને-નો દાવો નહિ લેવાને કબૂલ ક૦ રાખવું. 3. To go before; to precede: આગળ-અગાડી જવું-આવવું.

Foregoing,(ફૉર્ગોઇન્ગ્)*a*.or *p.p*. Described above or before:આગળ ગુજરેલી-થઈ ગયેલી-વર્ણવેલી;પૂર્વોક્ત.

Forehanded,(ફૉર્હૅન્ડેડ્)*a*. Early;timely:વહેલા; વખતસર;નિયમિત. 2.In easy circumstances: સારી સ્થિતિવાળો;પૈસાના જીવવાળો; ખાતો પીતો;સુખી.

Fore-head,(ફૉર્હેડ્)*n*.The front part of the skull;brow:લલાટ;કપાળ;માથું ;તાલ;ભાળ.2.Aspect; countenance;assurance:ડોળ; મુદ્રા;રૂપ; ખાત્રી.2 Audacity : લટપણું; છાતી; નિર્લજ્જપણું.

Foreign,(ફૉરિન્)*a*.[L. *foras*, out of doors.]Outside; extraneous; separated;alien:વિદેશીય; વિદેશી; પરદેશી; બહારનું; પરાયું; અન્યદેશીય. 2. Not native or belonging to a certain country: પારકું; પરાયું; પરદેશીય. 3. Remote; distant; strange; not appropriate; not congenial:અપ્રસ્તુત;વેગળું ; નિરાળું; ભીન્ન;અપ્રાસંગિક-અસંબદ્ધ;અસદૃશ; જૂદું;નોખું ;ઉલટું;વિરુદ્ધ;પ્રતિકૂળ; અણબનતું.4. Excluded; exiled: બહિષ્કૃત;બહારકાઢેલું;દુર કહેલું.

Foreigner,(ફૉરિનર્)*n*. An alien: પરદેશી; પરમુલકી માણસ; વિદેશી; અન્યદેશીય.

Fore-judge, (ફૉર્જજ્) *vt*. To judge before hearing the facts and proof : પુરાવો સાંભળ્યા વગર વિચાર બાંધવો.

Fore-know,(ફૉર્નો)*vt*. To know beforehand : ભવિષ્યજ્ઞાન થવું;-નો પહેલેથી-અગાઉથી વિચાર કરવો; આગળથી આગમચથી ખબર પડવી.

Fore-knowledge,(ફૉર્નૉલેજ્) *n*. Prescience:ભવિષ્યજ્ઞાન;પૂર્વજ્ઞાન;ભવિષ્યદર્શન;પૂર્વદૃષ્ટિ.

Foreland,(ફૉર્લૅન્ડ્) *n*.A point of land extending into the sea some distance from the line of the shore:ભૂશીર;ભૂશલાકા.

Forelock,(ફૉર્લૉક્)*n*. The lock of hair that grows from the forepart of the head:તાળવા ઉપરનો વાળનો ગુચ્છો; લલાટકેશ; આખરી. *To*

take time or occasion by the forelock : આવેલી તક જવા ન દેવી: તાકડે તક સાધી લેવી.

Fore-man,(ફૉર્‌મૅન્‌)*n.pl.* **Fore-men.** (*a*) The chief man of a jury who acts as their speaker: પંચની સભા; જુરીનો વડો; સરપંચ. (*b*)The chief of a set of hands employed in a shop : મુખ્ય કારભારી;મુકદ્દમ;મુનીમ;દીવાન.

Fore-mast,(ફૉર્‌માસ્ટ્‌)*n.* (*Naut*) The forward mast of a vessel: વહાણનો આગલો ડોલ.

Fore-most,(ફૉર્‌મોસ્ટ્‌)*a.*First in place, rank or dignity : પહેલું ઉત્તમ;આગેવાન;શ્રેષ્ઠ;પ્રધાન;ઉત્કૃષ્ટ; અગ્રેસર;મોખરાનું.2. First in time or place:આગલું;સૌથી આગળનું.

Fore-noon,(ફૉર્‌નૂન્‌)*n.* The first or former part of the day : બપોરની પહેલાંનો-આગમચનો વખત.

Forensic,(ફોરેન્સિક્‌)*a.*[L. *forum*, a market place.] Belonging to the court of judicature or public discussion; rhetorical; argumentative: ઈનસાફ દરબારને લગતું; અદાલતમાં થતું; ન્યાય સભા સંબંધિ-વિષયક; વ્યવહારિક; વ્યવહારનું બદ્ધ. **F.** *disputes*:કોર્ટમાં થતી તકરારો. **F.** *term*:કોર્ટમાં વપરાતો શબ્દ.

Foreordain,(ફૉર્‌ઓર્‌ડેન્‌) *vt* To predestinate:આગળથી ઠેરવી મૂકવું.

Forepart,(ફૉર્‌પાર્ટ્‌) *n.* The part first in time or place;a beginning:આગલો ભાગ; મહોડું; શરૂઆત; મુખભાગ.**F.** *&back part*:આગો પિછો;

Fore-run,(ફૉર્‌રન્‌)*vt.*To run before,to precede:કોઇની આગળ વધવું-દોડવું;ચઢિયાતા થવું.2.To announce; કહેવું;પૂર્વસૂચક કર.

Fore-runner,(ફૉર્‌રનર્‌) *n.* (*a*) Harbinger:પહેલેથી-આગળથી ખબર આપનાર; અગ્રગામી; અગ્રેસર; આગળ મોકલેલો દૂત-એપીઓ. (*b*) A prognostic: આગળથી થતું ચિન્હ નિશાની-શુકન-લક્ષણ. 2.A predecessor; an ancestor:બાપદાદા;પૂર્વજ; વડીલ.

Foresee,(ફૉર્‌સી)*vt.* To know before occurence;to foreknow:બન્યા પહેલાં-આગળથી જાણવું; ભાવિ-ભવિષ્ય જાણવું;.ને આગળથી ખબર પડવી;-સુઝવું.*vi.* To exercise foresight: અગમચેતી વાપરવી.

Foreshow,(ફૉર્‌શૌ)*vt.* To show or exhibit beforehand; to give foreknowledge of: આગળથી દેખા ડવું-કર;જણાવવું; ભવિષ્યની સૂચના આપવી; ભવ્યસૂચન-અગ્રપૂર્વસૂચન કર.

Fore-sight,(ફૉર્‌સાઇટ્‌)*n.*Prescience;foreknowledge : અગમચેતી-બુદ્ધિ; ભવિષ્ય દર્શન. 2. Wise forethought:આગળથી કરેલો ડાહ્યો વિચાર; દીર્ઘદૃષ્ટિ;દૂરદેશો.

Fore-sighted, (ફૉર્‌સાઇટેડ્‌) *a.* Prudent; sagacious : દૂરઅંદેશી; અગમબુદ્ધિવાળું.

Foreskin,(ફૉર્‌સ્કિન્‌)*n.*The prepuce:ઇંદ્રીના કુલની ઉપરનીચામડી-ટોપી; શફ્નાગ્રચર્મ.*To cut the* **f.**: સુન્નત કર.

Forest,(ફૉરેસ્ટ્‌)*n.*[L.*foras*,out of doors;abroad.] An extensive wood:જંગલ;અરણ્ય;વન; વગડો; રાન. 2.A large tract of uncultivated land for field sports:શિકાર કરવાની જગા;અરણ્ય.*vt.* To cover with trees or wood : જંગલ-અરણ્ય-વન-જેવું બનાવવું-કર.*a.*Rustic : જંગલી; રાની; આરણ્યક.

Forestall,(ફૉર્‌સ્ટૉલ્‌)*vt.*1.To take beforehand, or in advance; to anticipate:આગળથી-સમજી જવું. 2. To pre-occupy-પહેલેથી-અગાઉથી કબ જો લેવો-જગ્યા રોકવી.3. To deprive: વિનાનું કર.*To* **f.***the market* : માલ બજારમાં આવતા પહેલા ખરીદ કરી મૂકવો.

Forester,(ફૉરેસ્ટર્‌)*n.* An officer appointed to watch a forest and preserve the game:જંગલ અને તેમાના શિકારનું રક્ષણ કરનાર અમલ-દાર.2.An inhabitant of a forest: જંગલી માણસ.

Foretaste,(ફૉર ટેસ્ટ)*vt.* To have previous enjoyment or experience of something:અગાઉથી કશા-નો ભોગવટો ઉપભોગ-અનુભવ હોવો. 2. To taste before another: બીજાના પહેલા સ્વાદ ચાખવો;વાનગી કાઢવી. *n.* Enjoyment in advance;enticipation;a taste beforehand: અગાઉથી અનુભવ;પૂર્વાનુભવ; વાનગી; પૂર્વ સ્વાદ;પૂર્વભુક્તિ.

Foretell,(ફૉર્‌ટેલ્‌)*vt.&vi.*To predict;to prophesy: ભવિષ્ય કથન;ભાવિકથન કર;ભવિષ્ય ભાખવું.

Foreteller,(ફૉર્‌ટેલર્‌)*n.*One who predicts:ભવિષ્યવેતા;દૈવજ્ઞ;જોષી.

Forethought(ફૉર્‌થૉટ્‌)*n*Premeditation:અગાઉથી કીધેલો વિચાર;પૂર્વ-વિચાર;દીર્ઘદૃષ્ટિ; પૂર્વવિચારણા.2.Provident care;forecast:અગમબુદ્ધિ; દૂરઅંદેશો: અગમચેતી;અગમવિચાર.

Fore-tooth,(ફૉર્‌ટૂથ્‌)*n.pl.* **Fore-teeth,**An incisor:આગલોદાંત:રાજદંત.

For-ever, (ફૉર્‌એવર્‌) *adv.* To eternity;eternally:નિરંતર;હમેશાં; સદોદિત;સદા;સર્વદા;સદાકાળ.

Fore-warn, (ફૉર્‌વૉર્ન્‌) *vt.* To caution in advance;to inform previously:અગાઉથી ખબર આપવી-ચેતવી રાખવું;સૂચના આપવી.

Forfeit,(ફૉર્‌ફિટ્‌)*a.*[L. *foris*, out of doors & *facio*, I do.] Lost or alienated for an offence or crime: અપરાધ-ગુન્હો કરી ખોયેલું.*n.* A misdeed;a crime : ખોટું કામ; ગુન્હો;મહાપરાધ.2. (*a*) thing forfeited: જપ્તકીધેલી-દંડ થયેલી મિલ્કત માલ-ચીજ. (*b*) *A* fine; a penalty: દંડ;ગુન્હેગારી.*vt.* To alienate the right to possess, by some neglect or crime : ભૂલ અથવા અપરાધ કરીને કબજાનો હક ખોવો-ગુમાવવો; દંડાવું;અપરાધને લીધે ગુમાવવું;દંડ કરવું. *vi.*To be guilty of a misdeed; ગુન્હેગાર-અપરાધી થવું-ઠરવું.

Forfeitable,(ફૉર્‌ફિટેબલ્‌)*a.*Liable to be forfeited:ગુમાવવા જોગ; દંડને પાત્ર;જપ્ત કરવા યોગ્ય.

Forfeiture,(ફૉર્‌ફિટ્યૂર્‌)*n.*The act of forfeiting : દંડ આપવો-અપરાધ કરીને કાંઇ ખોવું-ગુમાવવું તે;હાનિ;ભ્રંશ; જપ્તિ. 2. *An* estate forfeited; a fine:જપ્ત કીધેલી મિલકત;દંડ.

Forge,(ફૉર્‌જ્‌)*n.*A furnace where iron is heated and wrought; a smithy:લુહારની ભઠ્ઠી. 2. A workshop:લુહારખાનું; કોડ.*vi.* To commit forgery:ખોટી બનાવટ કર;ખોટો દસ્તાવેજ બનાવવો. *vt.* 1. To form by heating and hammering: તપાવી અને ઠોકીને ઘડવું.2.To produce; to invent;to frame:બનાવવું;પાડવું; ઉપજાવવું; ઘટના કર. 3. To make falsely;to counterfeit : ખોટું બનાવવું-પાડવું-કર, કૃત્રિમ કર; તકેદી કર; બનાવટ કર.

Forger,(ફૉર્‌જર્‌)*n.* A fabricator;a falsifier : ખોટી બનાવટ કરનાર; જુઠા લેખ બનાવનાર.

Forgery, (ફૉર્‌જરિ) *n.* The act of forging or working metal into shape: કોઇ ધાતુનો ઘાટ ઘડવો-બનાવવો તે.2. The act of producing falsely; the act of fraudulently making or altering a writing: ખોટી રીતે બનાવટ કર-બનાવવું તે;ખોટો દસ્તાવેજ બનાવવા-ખોટી સહી કરવાનો અપરાધ; કુટરચના. 3. That which is fabricated or falsely devised:બનાવટી દસ્તાવેજ; બનાવટી લેખ;કપટ;કુટલેખ;જુઠો લેખ.

Forget,(ફૉર્‌ગેટ્‌) *vt. imp.* **forgot, forgat.***p.p.***forgotten,forgot;** To lose the remembrance of;

to cease to have in mind:વિસરી-ભૂલી જવું;યાદ ન રહેવું; ગાફેલ થવું. 2. To slight;to neglect: તુચ્છકારવું; હલકું ગણવું; ના પ્રત્યે બેદરકારી ધરાવવી રાખવી. *To f one's self*, to lose one's dignity or temper: પોતાનું ભાન જતું રહેવું; મર્યાદા ચૂકી જવું;ભાન ભુલીને અણઘટતું કરવું.

Forgetful, (ફૉર્ગેટ્ ફુલ્) *a.* Apt to forget;easily losing remembrance:ભૂલી-વિસરી-જાય એવું; ભૂલકણું;ભૂલણીયું;વિસરણેાળું; ભુલખાઉ. 2. Heedless careless: બેદરકારી; ગફલતી;ગારીલ;પ્રમાદી.

Forgetfulness, (ફૉર્ગેટ્ ફુલ્નેસ્)*n.* The quality of being forgetful: ભૂલી જવાય વિસારો થાય એવેા ગુણ-વલણ;સ્મૃતિલેાપ-નાશ.2 *O*blivion: વિસ્મૃતિ;વિસ્મરણ;મેાહ;ભૂલાવેા; વિસારો. 2.Careless omission, inattention:વિસ્મરણ;ગફલત;પ્રમાદ.

Forgive, (ફૉર્ગિવ્) *vt.* To make over;to resign:આપી દેવું;સેાંપીદેવું; -ને હવાલે-સ્વાધીન કરી દેવું. 2. To pardon;to remit the penalty of:માફ કરવું;મૂકી દેવું3.To absolve; to pardon:માફ કરવું;માફી બક્ષવી-આપવી;ક્ષમા કરવું; દરગુજર કરવું.

Forgiveness, (ફૉર્ગિવ્નેસ્) *n.* Remission:માફી;ક્ષમા;દયા. 2. Disposition to pardon;willingness to forgive: ક્ષમા કરે એવેા સ્વભાવ; ક્ષમાશીલતા;રહેમિયત;દરગુજર.

Forgiving,(ફૉર્ગિવિન્ગ્)Merciful; compassionate:માફ-ક્ષમા કરે એવું; દયાળું;રહેમ નજરવાળું; ક્ષમાશીલ; ક્ષમાવાન;દયાશીલ

Fork, (ફૉર્ક)*n.*[L *furca.*]An instrument,with prongs or tines: કાંટેા;દાંતવાળું હથિયાર; પંજેટી; સળકું. 2.Any thing like a fork in shape at the extremity:છેડે કાંટા જેવેા આકાર હેાય એવી ચીજ-પદાર્થ. 3. A prong;a barbed point:ફાંડેા;માર્ગ; ધારદાર;અણી;કંટક;શૂલ.4 The angle or opening between two branches or limbs:સાંધેા;સંગમ;ફાંટેા.*vi.* To shoot into blades:પાનાંફળ ફુટવા-ઉગવા.2.To divide into two or more branches:એક કરતાં વધારે ફાંટા-રસ્તા પડવા.*vt.*To raise or pitch with a fork:કાંટાવતી ઉંચું કરી ઉથલાવવું.

Forked,(ફૉર્કડ્)*a.* Provided with prongs at the extremity;bifurcated:શાખાદાર;આડું અવળું;વાંકું ચૂકું 2.*A*mbignous;equivocal: દ્વિઅર્થિ;અસ્પષ્ટ;બેવડેા અર્થ થાય એવું.

Forlorn,(ફૉરલૉર્ન્) *a.* Deserted; abandoned;lost:ત્યાગી દીધેલું; ત્યાગ કરેલું;તજી દીધેલું; ખેાવાયેલું; નિર્ધનિયું. 2. Helpless; miserable; destitude:નિરાધાર; નિરાશ્રિત;કંગાલ; અનાથ;દીન;અશરણ;એકલવાયું. F. *hope*: જીવનું જોખમ ખેડવાનું કામ;હુમલેા કરવામાં આગેવાન થવાને-ધસું ભય ભરેલું કામ કરવાને-નીમેલી લશ્કરની ટુકડી.

Form,(ફૉર્મ્)*n.*[L.*forma*, form.] Shape;frame;external appearance:આકાર; આકૃતિ; ઘાટ; ડેાળ; રૂપ; બાંધેા;બાંધણી;વલણ.2 Constitution; arrangement;system:બંધારણ; ધેારણ;માર્ગ;રીત;પ્રકાર;પદ્ધતિ; મંડાણ; તંત્ર રચના;રૂપ;ગેાઠવવાની રીત.3. Fixed way of proceeding; formula established practice:નિયમ;પ્રકાર; રીતિ;ક્રમ;મર્યાદા;ચેત;વિધિ; પદ્ધતિ; વિધાન;સૂત્ર.4. Empty appearance; formality:ખાલી ખેાટેા દેખાવ; વ્યર્થ વિવેક;આડંબર;બાહ્યાચાર; આદરસત્કાર આદરભાવ.5.(*a*) Shapeliness: આકાર;આકૃતિ;બિંબ;રૂપ;ડેાળ (*b*) Elegance;beauty:રૂપ;લાવણ્યતા;સૌંદર્ય;ખુબરૂદતી;શેાભા 6.A shape;an image;a phantom:આકાર;મૂર્તિ; પ્રતિમા; છાયા;આભાસ.7.Model:નમુનેા;દાખલેા 8(*a*)A long seat;a bench:પાટલી; બાંક (*b*)A class:વર્ગ;મંડળ.(*c*) also, rank in society:જનસમાજમાં દરજ્જો;પદવી;ગૌરવ;વજન;વક્કર. 9 The type from which an impression is to be taken, arranged and secured in a chase:ફારમ; ફરમેા. 10.Mode of acting or manifesting to the senses: વર્તવાની રીત-ઢબ;આકાર; આકૃતિ; રૂપાંતર. 21. The boundary line of a material object:રૂપરેષા;રૂપરેખા; ખેાખું. 12. (*gram*)Inflection: રૂપ; રૂપાખ્યાન. 13 The bed of a hare: સસલાને બેસવાની જગ્યા.14.Fitness for any undertaking:ઘટતિ સ્થિતિરૂપ-અવસ્થા.*In due* f. યથાવિધિ; પદ્ધતિવાર; રીતસર.*vt.*To frame;to construct; to make;to fashion:બનાવવું;;રચવું; ઘડવું;બાંધવું;ગેાઠવવું; આકાર-ડેાળ ઘાટ-કાઢવેા;આકૃતિ કરવું-આપવી. 2. To arrange;to adjust:-ની વ્યવસ્થા-ગેાઠવણી-બંદેાબસ્ત કરવું; ગેાઠવવું. 3. To mold by influence;to train:કેળવવું;બનાવવું;સુધારવું. 4. To act as constituent of;to answer for: ચાલવું;હેાવું; થવું;અંગ-અવયવભૂત-બનાવવું.5.To derive by grammatical rules: વ્યાકરણના નિયમ પ્રમાણે રૂપ કરવા-બનાવવા 6. To establish: સ્થાપવું; કરવું; બાંધવું.*vi.* To take a form:-માં ગેાઠવાવું;બનવું;થવું;ઘડાવું.

Formal,(ફૉર્મલ્)*a.*Belonging to the form, shape or frame of a thing:કેાઇ ચીજ-પદાર્થના આકાર-મુરતને લગતું2 Essential; constituent:-નાસ્વરૂપનું;સ્વાભાવિક.F. *cause*: સ્થૂળકારણ.3.Express; according to regular method: નિયમસર-રીતિ પ્રમાણે હેાયતેવું;યથાવિધિ;કાયદેસર; યથામાર્ગ;યથાર્થ;આચારશુદ્ધ.4.Regular;methodical;exact;ceremonious:નિયમિત;નિયમ પ્રમાણે કરેલું; વ્યવહારનું રૂપ; નિયમનિષ્ઠ; આદર સત્કારી; બાહ્યાચારમાં ચેાકસ; સભ્યતાની રીતમાં જચું; રીત પ્રમાણે અતિશય ચાલનારૂં. 5.External:ઉપર ઉપરનું; બહારનું; ઉપલક. F *worship*: બહારની-ખરા અંતઃકરણની નહિ એવી પૂજા. 6. Dependent on form;conventional: રીતિ-રૂઢી-ચાલ-પ્રમાણે થતું;વિધિનુરૂપ.

Formalist,(ફૉર્મલિસ્ટ્)*n.*One having exaggerated regard to rules or established usages: બાહ્યાચારી;ધર્મની ક્રિયા ભાવ વગર પાળનારે માણસ;ધર્મની ક્રિયા પાળવામાં જે બહુ ચુસ્ત હેાય તે

Formality,(ફૉર્મેલિટિ)*n.*The condition or quality of being formal or strictly ceremonious: યથામાર્ગતા;કાયદેસરપણું; યથાર્થતા. 2. Form without substance:બાહ્યોપચાર;આદરેાપચાર-ભક્તિ; સેવા; ધિષ્ટાચાર.3.Ceremony; conventionality:ધર્મ-ક્રિયા;વિધિ;ઉપચાર;રીતિ. 4. Essence: 5. An established order;habitual mode: તત્વ;રીત; પ્રકાર;નિયમ;વિધિ.

Formally,(ફૉર્મલિ)*adv.*Expressly;regularly;ceremoniously: કાયદામુજબ; નિયમસર; યથાવિધિ; નિયમાનુસાર;સભ્યાચાર પૂર્વક.

Formation,(ફૉર્મેશન્)*n.*The act of giving form or shape to; forming:ઉત્પત્તિ;ઉદ્ભવ;વિધાન;કલ્પના;સૃષ્ટિ.2. Structure; construction:રચના;બનાવટ; ઘટના; બનાવવાની રીત.3.(*Geol*)F.Group of strata of one period;(*Mil*)4. An arrangement of troops: લશ્કરની ગેાઠવણી-વ્યવસ્થા-રચના.5.A substance formed or deposited:બનેલેા કે નીચે બેઠેલેા પદાર્થ-થર.

Formative,(ફૉર્મેટિવ્) *n.* That which serves to give form:વ્યુત્પતિ.(*b*)A word formed in accordance with some rule or usage,as from a root:સાધિત શબ્દ.*a.*Giving form;plastic: નવા

ઘાટો બની શકે તેવું;ઘાટ બનાવવા લાયક.2.Derivative:સાધિત; બનેલું; રૂપાન્તરનું.

Former,(ફૉર્મર)*n.* A maker; an author:બનાવનાર;રચનાર:કર્તા. 2. *A* piece of wood used for shaping cartridges and wads:કારતુસ અને બંદુકમાં વાલવાના ડુચાને આકાર આપવાનું લાકડાનું બિબું.*a.* (*a*) Preceding in order of time;prior: આગલું;પહેલું;પૂર્વોક્ત. (*b*) Near the beginning;preceding:આગલું;આગળનું;પહેલા ગણેલું.2.First mentioned:પહેલું;પૂર્વોક્ત.

Formerly,(ફૉર્મર્લિ)*adv* In past time;of old;here to fore:પહેલા;પૂર્વે; અસલ;પૂર્વકાળે.*As f.*યથાપૂર્વ;પૂર્વવત્.

Formication,(ફૉર્મિકેશન્)*n.* [L *formica*,ant.] (*Med*) *A* sensation of body resembling that made by the creeping of ants of the skin:ચૂંટ;ચંચણાટ;ચળવળાટ

Formidable,(ફૉર્મિડેબ્લ્)*a.* [L. *formido*,I fear.]Dreadful;alarming:ભયંકર; બિહામણું; ભય ઉપજને એવું;બીવડાવે એવું; ભયજનક; ભયોત્પાદક;વિકરાળ;ઘોર; ભયાવહ; મન આચકો ખાય એવું.

Formless,(ફૉર્મ્લેસ્)*a.* Shapeless; without a determinate form: બેડોળ;બદશકલ;બદસુરત; અરૂપ; નિરાકાર;અમૂર્ત;આકારશૂન્ય-રહિત.

Formula,(ફૉર્મ્યૂલે)*n.*Lat *pl* **Formulæ**, [L. *forma*, form] *An* established rule: કાયદો;સૂત્ર;નિયમ;વ્યવસ્થા;પદ્ધતિ; રીતિ; વિધિ. 2. *A* written confession of faith:ધર્મ સ્વીકાર-અંગીકાર. 3. *A* rule or principle expressed in algebraic language: કોઇ પણ હિસાબ કરવાની સજ્ઞામાં ગોઠવી મૂકેલી ટુંકી રીત; કુંચી;ઘાત.

Formulary,(ફૉર્મ્યૂલેરિ)*a* Stated prescribed:નિયમિત;રીતિ પ્રમાણે. *n A* book containing stated and prescribed forms:વિધિગ્રંથ; વિધાનમાળા;વિધાનસંગ્રહ;સૂત્રસંગ્રહ.

Fornicate,(ફૉર્નિકેટ્)*vi.* [L. *fornico*,arch.]To commit adultery; to have unlawful sexual intercourse:વ્યભિચાર; છિનાળું; રંડીબાજી: વેશ્યાગમન.

Fornication,(ફૉર્નિકેશન્)*n* The incontinence or lewdness of an unmarried person:કુંવારા સ્ત્રી પુરૂષનું છિનાળું;કન્યાગમન. 2. (*a*) Adultery:રંડીબાજી; બદકર્મ; વ્યભિચાર; છનાળું.(*b*)Incest : બહુ નજીકની સગાઈવાળાં સાથે સંભોગ: ગોત્રગમન. (*c*) Idolatry:મૂર્તિપૂજન સેવા.

Fornicator(ફૉર્નિકેટર્)*n*One who commits lewdness : વ્યભિચારી; છિનાળવો;રંડીબાજ;કન્યા-વેશ્યા-ગામી.

Forsake,(ફૉરસેક)*vt.*To desert;to abandon to leave:ત્યાગ કરવું;તજવું; છોડી દેવું.2.To renounce;to reject: ના પસંદ કરવું;નકાર વાસવો.

Forsooth,(ફૉરસૂથ્)*adv.*In truth; in fact;certainly: ખરેખર; મુકરર; બહુ સારૂં; સત્યમેવ; નક્કિ; બરોબર; હા ત્યારે;બેશક.

Forswear,(ફૉરસ્વેર્)*vt.*To renounce upon oath: સમ-સોગન ખાઈ છોડી દેવું-ત્યાગ કરવું. (*b*) To renounce carelessly: ખરા મનથી-આગ્રહ પૂર્વક ના કહેવું-ત્યજવું. 2. To deny upon oath:સમ ખાઇને લેવાની ના પાડવી-કહેવી. *vi.*To swear falsely:જુઠા સોગન ખાવા

Fort,(ફૉર્ટ્)*n.*[L *fortis*,strong.]A fortress;a fortification:કિલ્લો;ગઢ; કોટ;દુર્ગ. *Wall of a f.*:કિલ્લાની દિવાલ;કોટ.

Forte,(ફૉર્ટ્)*n.*The strong point; that in which one excels:વિશિષ્ટ શ્રેષ્ઠ ગુણ;ભૂષણ;સરસાઇ.2. The stronger part of the blade of a sword: તરવારનું મજબુત અડધું પાનું હાથા તરફનું અડધિયું.

Forth,(ફૉર્થ્)*adv.*Forward:આગળ. 2.Out;બહાર.3.A way;abroad:દૂર: આઘે;કોઇ જગ્યાનીહદ બહાર;-થી માંથી; *And so.*F and so on: અને એ પ્રમાણે;વળી આગળ.*Prep.*Forth from: -માંથી.*n.*A way:રસ્તો;માર્ગ.

Forthcoming, (ફૉર્થ્કમિન્) *a.* Ready to appear;making appearance:દેખાવ આપવું;હાજર;તૈયાર;મોજુદ.

Forthwith,(ફૉર્થ્વિથ્)*adv.*Immediately;without delay:તાબડતોબ; જલદી;સત્વરીજ;તત્ક્ષણ; તરતજ;તત્કાળ.

Fortieth,(ફૉર્ટિએથ્)*a.* Following the thirty-ninth:ચાળીસમું.

Fortification(ફૉર્ટિફિકેશન્)*n.*The act or the art of fortifying to defend a place against attack: કિલ્લા-કોટ બાંધવા તે-બાંધવાની વિદ્યા; તદબંધી;કોટબંધી.2.A castle;a fort: કિલ્લો;કોટ;ગઢ.

Fortify,(ફૉર્ટિફાઇ)*vt.*[L.*fortis* & *facio*, I make.]To strengthen; to confirm:કઠણ-મજબૂત કરવું;દૃઢ સ્થિર-અચળ કરવું.2. To strengthen and secure by forts: કોટ બાંધવો; કોટ-કિલ્લાથી મજબૂત કરવું.*vi.*To raise defensive works: કિલ્લા-કોટ કામ ઉઠાવવું-કરવું.

Fortitude,(ફૉર્ટિટ્યૂડ્)*n.*Power to resist attack;strength:હુમલો અટકાવવાની શક્તિ-બળ-જોર; સાહસ;શૌર્ય; 2. Passive courage; resolute endurance:દૃઢતા;સહનશક્તિ; ધારિષ્ટ; ધૈર્ય;ચારણા;હામ;છાતિ;ધીરતા.

Fortnight,(ફૉર્ટ્નાઈટ્)*n.*The space of fourteen days;two weeks: પખવાડિયું;પક્ષ: બે અઠવાડીઆ;પંદરવડીયું.

Fortress(ફૉર્ટ્રેસ્)*n.* [L. *fortus*, strong]A fort;a castle;a strong hold:કિલ્લો;ગઢ.

Fortuitous,(ફૉર્ટ્યૂઇટસ્)*a.*[L.*fortuitus*,chance.]Happening by chance; coming unexpectedly: દૈવયોગે બનેલું;આકસ્મિક; અણધાર્યું;અણચિંતવ્યું;આગ તુક; દૈવાધીન.

Fortuitousness,**Fortuity**,(ફૉર્ટ્યૂઇટસ્નેસ્-ફૉર્ટ્યુઇટિ)*n.*[L*fortis*, chance.]Accident;chance;casualty:અકસ્માત બનાવ; દૃવયોગ; દૈવઘટના.

Fortunate,(ફૉર્ટ્યૂનેટ્)*a* [L.*fortuna*,fortune] Auspicious:સારા નશીબથી બનેલું-મળેલું; શુભ; આબાદ; મંગળ;શુભકર; શુભાવહ;શ્રેયસ્કર; માંગલિક.2. Lucky:નશીબદાર;ભાગ્યવાન્

Fortunately (ફૉર્ટ્યૂનેટ્લિ) *adv.* Luckily;successfully; happily: સારેચોઘડીએ-ઘડીએ; સારેભાગ્યે નશીબે; દૈવયોગે;સુભાગ્યે.

Fortune,(ફૉર્ટ્યૂન્)*n.*Chance;accident;luck: દૈવ;ભાગ્ય;અકસ્માત.બનાવ.2.Fate;destiny:પ્રારબ્ધ;નશીબ; ભવિષ્ય;ભાગ્ય.3.(*a*) Happy event; success:ફતેહ; બરકત; શુભ; કલ્યાણ; સૌભાગ્ય;પુણ્યોદય;વાસ;યશ.(*b*)Means of living:ગુજરાન;રોજગાર;આજીવિકા. 4.(*a*)Estate;wealth:મિલ્કત; પૈસો; ધન;સંપત્તિ;ઐશ્વર્ય; રિદ્ધિ;લક્ષ્મી;પુંજી; દોલત.(*b*)Great wealth:ઘણી મિલ્કત -દોલત;પુંજી. *Dawn of good f:* ભાગ્યોદય.*Wheel of f.*:દૈવચક્ર; કાળચક્ર; સંસારચક્ર.*A woman's f:* સ્ત્રીને પોતાના બાપની તરફથી મળેલી મિલ્કત-પૈસા.*vt.*To make fortunate :પૈસાદાર-તવંગર કરવું. 2 To presage; to prognosticate: ભવિષ્ય કહેવું-જણાવવું 3.To provide with a fortune; દોલત-પૈસો આપવો.*vi.*To fall out;to happen:બનવું;થવું;આવી પડવું; વીતવું.

Fortune-book,(ફૉર્ટ્યૂન્-બુક્)*n.* A book to be consulted to discover future events:સુકનાવળી.

Fortune-hunter,(ફૉર્ટ્યૂન્-હન્ટર્)*n.A* man who seeks to marry a wealthy woman to enrich himself : તાલેવંત સ્ત્રીને પરણીને શ્રીમંત થવાની ઇચ્છા રાખનાર.

Fortune-teller,(ફૉર્ટ્યૂન્-ટેલર્)*n.*

One who tells or reveals the future events of one's life:ભવિષ્યભાખનાર;દૈવજ્ઞ; જોશી; નજુમી. **F.** *telling*:નજીકમાં લગ્ન એવું કહેવું તે.

Forty,(ફૉર્ટિ)*a.*Four times ten:ચાળીસ; ૪૦. *n.* The sum of forty units:ચાળીસએકમનોસરવાળો. 2. *A* symbol expressing forty units: ચાળીસ એમ દર્શાવનારો અક્ષર-નિશાની.

Forum,(ફૉરમ્)*n.* [L. *foras* out of doors.] *A* market place or public place in Rome:રોમનું બજાર ચૌટું.2. *A* tribunal; a court: ધર્મસાકનીજગ્યા;ન્યાયસભા; અદાલત.

Forward, Forwards,(ફૉર્‍વર્ડ-ફૉર્‍વર્ડઝ્)*adv.* Onward;in front; progressively:આગળ;અગાડી.

Forward, (ફૉર્‍વર્ડ) *a.* Near or at the fore part:આગળનું;અગાડીનું; આગલું.2.Ready;prompt:તૈયાર; તત્પર.3. *A*rdent; eager; earnest; bold:આતુર-હોંસીલું; ઉત્સુક; ઉત્કંઠિત; બહાદુર; ધૃષ્ટ;ઉદ્ધત; સંકોચહીન-રહિત; નિર્લજ;અસભ્ય.4. *A*dvanced beyond the usual degree: વહેલું આવેલું-થયેલું;આકાલિક;અગોતરૂ;અગ્રતર. *vt.* To promote to accelerate; to hasten:ટેકો આપવો;પ્રવર્તાવવું; જલદી વધે ઉગે તેમ કરવું;વૃદ્ધિંગત કરવું;પ્રેરવું. 2.To send forward;to transmit:મોકલવું;પહોંચાડવું.

Forwardness, (ફૉર્‍વર્ડનેસ્)*n.* Promptness; readiness: તત્પરતા; અવિલંબ.2.Eagerness; ardor:ઉત્સુકતા;આતુરતા;ઉત્કંઠા 3. Precocity; prematureness : જલદી-વહેલું થવું-ઉત્પન્ન થવું તે;અગોતર. 4. Boldness; confidence ધૃષ્ટતા;અમર્યાદા; નિર્લજતા;અવિનય;અસભ્યતા.5. *A*dvancem nt:અભિવૃદ્ધિ:વધારો;ઉત્કર્ષ;ઉન્નતિ.

Fossa, (ફૉસે)*A* ditch or moat: ખાઇ;ચર.

Fossil,(ફૉસિલ)*a.*[L.*fossilis*.dug up.] Dug out of the earth: જમીનમાંથી ખોદી કાઢેલો.2 Changed into stone : પથ્થરના રૂપમાં બદલાઈ ગયેલું. *n. A* substance dug out of the earth:જમીનમાંથી ખોદી કાઢેલો પદાર્થ;ધાતુ;ઉપધાતુ; ખનિજ વસ્તુ. 2 The petrified remains of an animal or vegetable found embedded in the strata of the earth's crust:પત્થર થઇ ગએલા હાડકાં;લાકડું; ઇત્યાદિ પદાર્થ જે પૃથ્વીના કેટલાક પડમા હોય છે તે.

Fossilist(ફૉસ્સિલિસ્ટ)*nA* student of fossils;a paleontologist: પત્થર ઇય ગયેલા હાડકાં વિગેરે પારખનાર; ધાતુવાદી;ધાતુવેત્તા;ધાતુવિધાજ્ઞ.

Foster,(ફૉસ્ટર)*vt.*To feed;to support;to bring up: ખવડાવવું;પાલન પોષણ કરવું;ઉછેરવું;પાળવું. 2. To promote;to cherish,to encourage: વધારવું;ઉત્તેજવું;-ની વૃદ્ધિ કરવી;ખીલવવું;-થી મોટું થવું. *vi.* To be nourished or trained up:ઉછેરાવું;પળાવું.

Fosterage, (ફૉસ્ટરેજ્) *n.* The charge of nursing:(બચ્ચાંને)ઉછેરવાની મહેનતની મજુરી.

Foster-brother,(ફૉસ્ટરબ્રધર્)*n. A* male nursed at the same breast:દૂધભાઇ-કોઠાઈભાઇ.

Foster-child,(ફૉસ્ટર-ચાઇલ્ડ)*n. A* child nursed by a woman not the mother,or bred by a man not the father:બીજાની ઉછેરવા રાખેલું પારકું છોકરું;પાળક બચ્ચું.

Foster-daughter,(ફૉસ્ટરડૉટર)*n. A* female foster child:પાલક કન્યા પાળક બેટી-પુત્રી.

Foster-father, (ફૉસ્ટર્-ફાધર્)*n.* One who takes the place of a father in feeding and educating a child:પાળકપિતા;ધર્મપિતા; પ્રતિપાલક.

Foster-mother,(ફૉસ્ટર્-મધર્)*n.* One who takes the place of a mother in the care of a child; a nurse:પાળક મા;આયા; ધાવ; ધાત્રી.

Foster-sister,(ફૉસ્ટર્-સિસ્ટર્)*n.* One not a sister, but brought up as such by the same parent or parents:દૂધબેન.

Foul,(ફાઉલ્)*a.*Filthy; dirty; not clean:મેલું;મલિન;મળકટ;અપવિત્ર; અશુદ્ધ;ગંદુ;અસ્વચ્છ;એઠું ;અજીઠું 2.Obscene or profane:બિભત્સ; ઉઘાડું; ભાંડ;કુત્સિત;ગર્હ્ય;નિંદ્ય.3. Cloudy or rainy;stormy: વાદળ થયું હોય એવું; વરસાદ આવે એવું; વાવાઝોડ હોય એવું 4.Hateful : ધિક્કારવા લાયક; તુચ્છ; દુષ્ટ 5. Not favorable; not fair; contrary: અનુકૂળ ન પડે એવું;ન જોઇએતેવું;સામું;ઉલટું; પ્રતિકૂળ. 6. Dishonest;cheating:ગેરવાજબી; અપ્રામાણિક;છેતરે એવું.7.Entangled : ગુંચવાયેલું.8.Loathsome; disgusting; બહુજ કંટાળો-ધિક્કાર ઉપજે એવું. Full of weeds:નિદામણથી ભરાઇ ગએલું. *10* Not safe for anchorage: જોખમ ભરેલું;નુકસાન કારક.**F.** *means* : કપટ; પ્રબંધ.**F.** *smell*:દુર્ગંધ. *To fall* **f.**,to quarrel:ઉતરી પડવું; કજીઓ-ટંટો-લડાઇ કરવી.*To run or fall . of*; to run against : સામે અથડાવું; સામ સામા અકળાવું.**F.** *play* : ગેરવાજબી હાવ-પેચ;છળ.*vi.*Todefile; to dirty: મેલું-ગંદુ-મલિન-કચરાળું કરવું. **2.** To entangle:ગુંચવણમાં નાંખવું; વિટલાવવું;અડફટમાં આણવું *vi.* To become entangled;to come into collision with something:ગુંચવાવું;ગુંચવણમાં આવી પડવું;કશાસામે અથડાવું: *n.*An entanglement;a collision: અડફટ; અથડાઅથડી.

Foully,(ફાઉલ્લિ) *adv.* Hatefully; shamefully;dishonorably: ધિક્કારપાત્ર-શરમભરેલી રીતે;ગેરવાજબી રીતે.

Foul-mouthed, (ફાઉલ્માઉથ્ડ્)*a.* Using language scurrilous or profane;abusive: ગાળો ભાંડવું-દેવું; કાળજીભિયું;દુર્મુખ;મુખર;ગ્રહોટાનું ઘુંઘટું.

Found, (ફાઉન્ડ્)*vt.* [L. *fundo*, I pour.]To lay the basis of; to establish:નો પાયો નાખવો; બંધાવવું;વસાવવું;સ્થાપવું. 2. To begin to raise;to originate:ઉભું કરવું સ્થાપવા માંડવું;સ્થાપવું;કાઢવું; ઉભું કરવું;-નું મંડાણ કરવું;ના મૂળ પુરૂષ હોવું-થી ચાલું થવું; થાપવું 3. To form by melting a metal:ધાતુ ગાળીને બનાવવું; ઓતવું;બીજું પાડવું *Imp. p. of* Find:માલમપડ્યું; જડ્યું . *vi.* To rest or rely: આધાર-આશરો રાખવો.

Foundation, (ફાઉન્ડેશન્)*n.* The act of founding or establishing સ્થાપવું - ઉભું કરવું તે; નિર્માણ; સ્થાપન;સ્થાપન-ના. 2. Ground work: પાયો;મૂલાધાર;આશ્રય;આધાર.3. Endowment:ધર્માદાન..4.That which is found by endowment : સ્થાપેલો સમાજ. *One on the* **F.**: પાઠશાળા સારૂ એકઠા કરેલા પૈસામાંથી જેને પગાર મળે છે તે.

Founder, (ફાઉન્ડર્) *n.* One who founds; establishes and erects; one who endows: સ્થાપનાર; પ્રતિષ્ઠાપક;સંસ્થાપક;પ્રવર્તક; કર્તા; પ્રયોજક; આચાર્ય;ધર્મસ્થાપક;મૂલપુરૂષ.*n.* One who casts metals into various forms : ધાતુના જૂદાં જૂદાં રૂપ-આકાર બનાવનાર;ઓતનાર.*vi.*[L. *fundus.*] 1.(*Naut*) To be filled with water and sink as a ship: વહાણમાં પાણી ભરાઇને તે ડુબી જવું;તળીએ બેસવું.2.To fall; to stumble and go lame:પડવું; ઠોકર ખાઈને લંગડાવું. 3.To fail;to miscarry:નિષ્ફળ જવું; વ્યર્થ જવું;અધૂરે જવું;નકામું થઇ પડવું.

Foundery,(ફાઉન્ડરિ)*n.* Same as 'foundry':ધાતુ-બીડનું કારખાનું.

Foundling,(ફાઉન્ડલિન્ગ્)*n.A* deserted or exposed infant:માબાપ વગરનું ખોવાઇ ગયેલું છોકરું; અપવિદ્ધ બાળક.

Fount,(ફાઉન્ટ્) *n.* A complete set or assortment of type of a certain kind; a font: એક જાતનાં છાપવાનાં બીબાંનો પુરતો જથ્થો. 2. 2. See **Fountain.**

Fountain,(ફાઉન્ટેન્)*n.* [L *fons, fontis,*a fountain.] *A* spring,or natural source of water:ઝરો. 2 An artificially produced jet or stream of water : ફુવારો; કરંજો; ધારા ચંત્ર 3. Origin; first cause: મૂળ;મૂળ-પહેલું કારણ; યોનિ; હેતું; આદિ કારણ-હેતુ;ખાણ. **F.** *head:* મૂળ;કારણ; મથક;મૂળ;મુખ્ય સ્થાન.

Four,(ફોર્)*a.*[L. *quatuor.*] One more than three, or one less than five;twice two: ચાર; ૪. *n.* The sum of two and two:બે અને બેનો સરવાળો.2. A symbol representing four units: ચાર એકમ દર્શાવનારી નિશાની.*Aggregate of* f.: ચોકડી;ચોકડું. *On all fours* : બંધબેસતું;ઠીકઠીક તેવું; યથાયોગ્ય. *To run on all* f. ૬:હાથ પગ મુકીને ચાલવું.

Four-fold,(ફોર્ફોલ્ડ્)*a.*Four times quadruple:ચારગણું;ચોગણું.*n.*Four times as much;ચારગણું હોવું તે.*vt.* To quadruple:ચો-ચારગણું કરવું.

Four-footed,(ફોર્ફુટેડ્)*a.* Quadruped:ચોપગુ;ચારપગવાળું

Four-score, (ફોર્સ્કોર્) *a.* Four times twenty; eighty: ચાર વીસી; એંસી;૮૦.*n.*Eighty units:એંસી.

Fourteen,(ફોર્ટીન્)*n.*The sum of ten and four: દશ અને ચારનો સરવાળો; ચૌદ.2. symbol representing this number 14 or XIV: ૧૪ની સંખ્યા દર્શાવનારૂં ચિન્હ.*a.*Four and ten more:ચૌદ;૧૪.

Fourth,(ફોર્થ્)*a.*Next following the third *&* preceding the fifth:ચોથું. *n.* One of four equal parts into which one whole is divided:ચોથો ભાગ;ચોથીહ; ચતુર્થાંશ.

Fowl,(ફૌલ્)*n.*Any large edible bird:મોટી જાતનું પક્ષી. 2 A cock or hen:મરઘો;મરઘડી *vi.* To catch or kill wild fowls:જંગલી પક્ષીઓને પકડવાં અથવા મારી નાંખવાં.

Fowler,(ફૌલ્લર્)*n.*A sportsman who pursues wild fowls or takes or kills them for food:પક્ષી પકડનાર;પારધી;વાઘરી;લુબ્ધક.

Fowl-piece,(ફૌલ્પીસ્)*n.*A light gun for shooting fowls or birds; પક્ષીનો શીકાર કરવાની બંદુક.

Fox,(ફૉક્સ્)*n.*An animal of the genus *vulpes:*શિયાળ.2.A sly cunning fellow:ખંધો-લુચ્ચો આદમી-માણસ **F.***evil,* a disease inwhich the hair falls off:વાળ ખરી જવાનો રોગ. **F** *sleep,*pretended sleep જુઠી ઉંઘ; ઉંઘનું ડોળ; કુતરાની ઉંઘ. *vt.* To intoxicate;to stupefy with drink: કેફ-અમલ ચઢાવવો; મસ્ત-છાકટું-ગાંડું કર.2.To repair the feet of boots:બૂટના ઉપરનું ચામડું દુરસ્ત કરવું-બીજું નવું ચઢાવવું. 3. To make sour: ખાટું કર;-ને ખાટું બનાવી દેવું.

Fox-case,(ફૉક્સ્કેસ્)*n.* The skin of a fox શિયાળનું ચામડું.

Foxery,(ફૉક્સરિ)*n* Behaviour like that of a fox: શિયાળના જેવી વર્તણુક;ધૂર્તવેડા;ઠગબાજી.

Fox-hound, (ફૉક્સ્હાઉન્ડ્) *n.* A superior variety of hound for chasing foxes:શિયાળનો શિકાર કરનાર ઉત્તમ જાતનો કુતરો; શિકારી કુતરો.

Foxy,(ફૉક્સિ)*a.*Fox-like in disposition;wily:શિયાળના સ્વભાવ જેવું;લૂચ્ચું;ઠગારૂં;ધૂર્ત. 2. Having the color of a fox:શિયાળના જેવા રંગનું. 3.Sour;unpleasant in taste: ખાટું ખરાબ સ્વાદવાળું;બે સ્વાદ.

Foy,(ફૉય)*n.* Faith; allegiance: આકીન;;રાજનિષ્ઠા;વફાદારી;પ્રેમધર્મ.

Fracas.(ફ્રેકાં)*n.* A noisy quarrel; a disturbance:તોફાન; હુલ્લડ; ગડબડાટ;ધાંધલ;ફિસાદ.

Fracid, (ફ્રૅસિડ્)*a.*[L. *fracidus,* mellow;soft.]Rotten from being too ripe;over-ripe:પાકી સડી ગયેલું; ફદફદી ગયેલું.

Fraction,(ફ્રૅક્શન્)*n.*[L. *frango,* I break.] The act of breaking ભાંગવું-તોડવું તે.2.A portion;a fragment: વિભાગ; અંશ; વહેચણ; કકડો; ભાગ.3.An expression for a definite portion of a unit or magnitude:અપૂર્ણાંક;રાશિભાગ.: *Common or vulgar* f.: વ્યવહારી અપૂર્ણાંક. *Decimal* f: દશાંશ અપૂર્ણાંક. *Improper* f., વિષમઅપૂર્ણાંક. *Proper* f.:સમઅપૂર્ણાંક;ભાગાનુબંધ પૂર્ણાંક.

Fractional,(ફ્રૅક્શનલ્)*a.* Pertaining to factions:અપૂર્ણાંકનું; અપૂર્ણ. Inconsiderable; insignificant: નહિંજ જેવું; જુજ; હિસાબમાં નહિ લેવા જેવું.

Fractious, (ફ્રૅક્શસ્) *a.* Apt to break out into a passion;cross; snappish: ઘડકનું; કજીઆખોર; કજીઆદલાલ;કદહકારી;આડું;તોફાની.

Fracture,(ફ્રૅક્ચર્)*n.*[L.*fractum* I break.]Rupture; breach: ફાટ; ચિરો;ભંગ; તરડ 2. The breaking of a bone: હાડકું ભાગવું તે; અસ્થિભંગ. 3. The appearance of a freshly broken surface, by which its texture is displayed: ફાટ;તુટ. *Comminuted* f: હાડકાંના એક કરતાં અનેક કકડા થયા હોય એવો અસ્થિભંગ. *Simple* f.: બે કકડા થયા હોય એવો અસ્થિભંગ. *Compound* f.:હાડકું ભાગ્યું હોય ત્યાં સૂધી ઉંડે ખૂલ્લો ઘા પડયો હોય એવો અસ્થિભંગ. *vt.*To break;to crack:તોડી નાંખવું; ભાગવું-ના ચુરા-કકડા કરવા;-થી કુટી જવું

Fragile, (ફ્રૅજિલ્)*a.* [L. *fragilis,* frail.] Easily broken; brittle: તકલેદી;નાજુક;બરડ;કાચલું;ભંગુર.

Fragility, (ફ્રૅજિલિટિ) *n.* Brittleness;frailty; frangibility:કાચલાતકલેદી-નાજુકપણું ; ભંગુરતા; બરડપણું.

Fragment,(ફ્રૅગ્મેન્ટ્)*n.*[L.frango I break.] A small detached portion;an imperfect part:કકડો; જૂદો પાડેલો ભાગ;ખંડ;તુકડો;કટકો; ચૂરો 2.A detached portion:જૂદો પડેલો-અધુરો ભાગ.

Fragmentary, (ફ્રૅગ્મેન્ટરિ) *a.* Composed of fragments or broken pieces;broken up:અપૂર્ણ;ખંડ-યુક્ત;ખંડિત; ખંડમટ; કકડાનું બનેલું; કકડાવાળું.

Fragrance,(ફ્રેંગ્રન્સ્)*n.*[L.*fragro,* I smell.]Sweetness of smell;delicately pleasing scent;gratefu odor or perfume: સુગંધ; સુવાસ; પિમળ;ખૂશબો;સુગંધિ;પરિમળ.

Fragrant,(ફ્રેંગ્રન્ટ્) *a.* Sweet of smell;odorous,having an agreeable perfume: ખુશબોદાર; સુવાસિત;સુવાસિક;સુગંધિદાર;પરિમલવિશિષ્ટ.

Frail,(ફ્રેલ્) *a.* Easily broken; fragile;weak in firm;easily destroyed:જલદી ભાગી જાય એવું; નાશ પામે એવું;નાશવંત;અસ્થિર; નબળું; ભંગુર;ક્ષણભંગુર;નાજુક;અશક્ત; દુર્બલ;અનિત્ય.2.*Tender:* પોચા-નરમ હૈયાનું. 3.Weak in resolution;doubtful; liable to err; unchaste:અનિશ્ચિત; અસ્થિર;અધીરૂં;ચળબુદ્ધિનું; સ્ખલનશીલ;ભ્રમશીલ;નાપાક.

Frailness,(ફ્રેલ્નેસ્) **Frailty,**(ફ્રેલ્ટિ)*n.*Frailness;infirmity;weakness or resolution: ભંગુરતા; અશક્તપણું; નિર્બળતા; નબેરતા; અશક્તિ; અશક્તતા;દુર્બળત;દૌર્બલ્ય; અસ્થિરતા. 2.A fault;a foible:ભૂલ; દોષ; ચૂક; સ્ખલ;પ્રમાદ;ખામી;દૂષણ.

Frame,(ફ્રેમ્) *vt.* To construct by fitting & uniting together the several parts of the skelet-

on or any structure:સાંધ બેસાડવી;ચોકઠું જોડવું 2. To originate; to plan;to contrive;to fabricate; to invent:બનાવવું;રચવું; ઉત્પન્ન કર; ઘડવું;ઉઠાવવું; જોડી કાઢવું; બનાવટ કર; કૃત્રિમ કર.3. To adjust; to regulate;to shape;to conform:-ને લાયક-યોગ્ય-પાત્ર કર;-ને અનુસાર-અનુકૂળ કર;પ્રમાણે ચલાવવું;અદલ કર.4. To cause;to bring about;to produce: ઉત્પન્ન કર;ઉપજાવવું;પ્રકટ કર;-થી નિપજવું-થવું.5.To provide with a frame (*as a picture*):-ની આસપાસ ચોકઠું બેસાડવું જડવું.*vi*.To contrive:યુક્તિ કર;-થી કર-રચવું-બનાવવું. 2.To proceed;to go:આગળ વધવું; જવું.*n*.A fabric;a structure: ઝમેલો;પિંજર;ખોખું; ઘટના; આકાર; રૂપ; આકૃતિ.2.Any kind of structure made for admitting,inclosing or supporting things:આધાર;આવરણ;આવેષ્ટન;ચોકઠું;ઘર; ઘોડી; માંચો; માંચડો.3.A stand:ઘોડી;ઘડવચી. 4. A sort of loom: એક જાતની સાળ. 5.The bodily structure;physical constitution: શારીરિક રચના-બાંધણી;કાઠું;બાંધો; શરીર;દેહ.6.Form; constitution; system; scheme: બંધારણ;ઘોરણ;પદ્ધતિ;તંત્ર;રીતિ; રચના. 7.Humor;mood: વૃત્તિ;વલણ;ઇચ્છા; ભાવ;મનોવૃત્તિ;પ્રકૃતિ;સ્વભાવ; મિજાજ. 8.Contrivance:યુક્તિ;કળા;ખુટ્ટો;કરામત;દાવપેચ. *The human f*: મનુષ્ય શરીર *The animal f*: પ્રાણીનું શરીર. *The f. of the universe*:સૃષ્ટિનો ઘાટ

Frame-work,(ફ્રેમ્વર્ક) *n*. The completed work;the constitutional part of any thing:તંત્ર;રચના,ઘાટ;ચોકઠું;ઘર;ખોખું.

Franc,(ફ્રૅન્ક) *n*. A French silver coin worth about 10 pence:આશરે દશ પેન્સની કિંમતનો રૂપાનો એક ફ્રેન્ચ સિક્કો.

Franchise,(ફ્રૅન્ચાઇઝ)*n*.Freedom; liberty:છૂટ;માફી;મુક્તિ;મોચન.2 A particular privilege: ખાસ હક-સ્વહક;અધિકાર;પૌરજનાધિકાર. 3. A right to choose a member for the British Parliament: પાર્લમેન્ટમાં પ્રતિનિધિ ચુંટી મોકલવાનો હક. 4.The part of the country having a franchise: અમુક હક-માફી ભોગવનાર પ્રદેશ.*vt*.To make free;to enfranchise:છુટો કર;માફી બક્ષવી.

Franchisement,(ફ્રૅન્ચાઇઝમેન્ટ)*n*. Release;deliverance; freedom: છુટકો;છુટકારો;બચાવ.

Frangibility,(ફ્રૅન્જિબિલિટિ)*n*. The state of quality of being frangible:જલદી ભાંગી જવાનો ગુણ.

Frank,(ફ્રૅન્ક) *a*. Unbounded by restrictions or l mitations;free: ઉદાર;મફત;પૈસો લીધા વગર. 2. Candid;open:નિષ્કપટી; સાફ-ચોખ્ખાદીલનું; નિખાલસ;ભોળું;સરલ;નિર્મળ મનનું.3. *L*iberal;generous: ઉદાર; નિષ્કપટ; ખુલ્લું.*vt*.To send by public conveyance free of expense: મફત મોકલવું;-ને ખરચ બેસવા ન દેવો.2.To exempt from charge for postage:ટપાલ ખર્ચ માફ કર.3.To put a signature for sending a letter free of expense:ટપાલ ખર્ચ માફ થાય તે માટે સહી કરવી *n*. The privilege of sending letter &c. free of postage: ટીકીટ ચોડયા વગર બીજા કઈ પણ ખરચ વગર કાગળો મોકલવાનો હક.2. The sign or signature on the left side of address:કાગળ વિ૰નું ટપાલ ખર્ચ લેવાનું નથી એમ બતાવનારૂ નિશાન અગર સહી. 2. A European: યુરોપિયન. 3. A French coin;a franc:ફ્રેન્ચસિક્કો

Frankincense,(ફ્રૅન્ક્ઇન્સેન્સ્)*n*. A dry resinous substance: લોબાન;ધૂપ;ચંદ્રસેનીહદ.

Frankly,(ફ્રૅન્ક્લિ)*adv*. Openly; ingenuously; freely: નિષ્કપટાઇથી; સાફદીલથી; સરળતાથી; સ્પષ્ટપણે; શુદ્ધ દીલથી;ખુલ્લી રીતે.

Frankness,(ફ્રૅન્ક્નેસ્)*n* Candor; openness;fairness:ભોળાપણું; સાલસપણું;નિષ્કાપટ્ય;સરળતા.

Frantic,(ફ્રૅન્ટિક)*a*.[Gr. *phrenitikos*, mad.] Mad; raving; ગાંડું; દિવાનું; હાંફળુફાંફળું; વ્યસ્તચિત્ત; બ્હાવરૂં;ઉન્મત્ત;બેબાકળું .2.Noisy; wild; irregular:ગડબડ--ધોંધાટ-ઘેલાઇ ભરેલું.

Franticly,cally,(ફ્રૅન્ટિક્લિ,ફ્રૅન્ટિકૅલ્લિ)*adv*.Madly;distractedly:ગાંડાઇને;ઘેલાપણાથી;ઘેલચ્છાથી;ગાંડાઇથી.

Fraternal,(ફ્રટર્નૅલ) *a*.[L. *frater*, brother.]Brotherly: ભાઇનું સંબંધી;ભાઇના જેવું-સરખું;ભ્રાત્રીય.

Fraternity,(ફ્રટર્નિટિ)*n*.The state of being fraternal or brotherly: ભાઇપણું;ભ્રાતૃભાવ.2. A Company; a brotherhood;a society: મંડળ; સમાજ;બંધુતા-ત્વ;મંડળી;બેરાદરી; સમૂહ.

Fratricidal,(ફ્રૅટ્રિસાઇડૅલ્)*a*. Pertaining to fraticide:ભાઇની હત્યાનું-સંબંધી

Fratricide,(ફ્રૅટ્રિસાઇડ)*n*. [L. *frater & coedo*,I kill.] The crime of murdering a brother: ભાઈનું ખુન કરવાનો ગુન્હો;ભ્રાતૃવધ-હત્યા-ઘાત. 2.One who murders or kills a brother: ભાઇનું ખુન કરનાર-ને મારી નાંખનાર;ભ્રાતૃઘાતક;ઘાતી;હત્યારો.

Fraud,(ફ્રૅાડ)*n* [L.*fraus*,a cheating.] Deceit;trick; stratagem: કપટ;દગો;પ્રપંચ;કૂટ; દંભ; કાવતરૂં; છળભેદ;ઠગબાજી. 2. An intentional perversion of truth: કપટ;કાવતરૂં; ઠગાઇ 3.A trap;a snare:જાળ;માયા.

Fraudulence,(ફ્રૅાડ્યૂલેન્સ્)*n*. Deceitfulness;trickishness: કપટ;ઠગબાજી;પ્રપંચ;ઠગાઇ;દગલબાજી.

Fraudulent, (ફ્રૅાડ્યૂલેન્ટ) *a*. Using fraud; trickish:દગા કાવતરાખોર; દગલબાજ; ઠાઠ;ધૂર્ત; પ્રપંચી. 2. Containing or proceeding from fraud:દગા-કપટ ભરેલું;દગલબાજીનું.

Fraught,(ફ્રૅાટ્) *a*. Freighted; laden; loaded: માલ ભરેલું;માલથી ભરપૂર.2.Filled;stored:ભરેલું;ભરપૂર.*n*.A freight;a cargo: વહાણમાં ભરેલો માલ.*vt* To load;to fill:માલ ભરવો;-થી ભરપુર-ભરેલું કર.

Fray,(ફ્રે)*n*.Broil;contest;combat ટંટો;કજીઓ;લડાઇ;બખેડો;ફિસાદ;દંગો.2. A battle:લડાઇ;યુદ્ધ *vt*.To frighten to terrify: બીવડાવવું;ડર-ભય દેખાડવો બતાવવો.*vt*, To bear the expenses of;to defray:નું ખર્ચ આપવું;આપવું;અદા કર.*vi*.To rub: ઘસાવું;ઘસાવું.

Freak,(ફ્રીક)*n*.A whim or fancy; a capricious prank: તુરંગ; લેહેર; ચસકો;ખ્યાલ;છંદ;વિભ્રમ;વિલાસ; મોજ; ચાળો;વહેમ.*vt*. To variegate; to checker:ચિત્ર-વિચિત્રકર;ખાનાદાર કર.

Freakish,(ફ્રીકિય)*a*. Whimsical: capricious:તુરંગી;લેહેરી; મનમોજી; સ્વચ્છંદી;ચપલ;કામચારી.

Freckle,(ફ્રૅકલ્)*n* A spot of a yellowish color,in the skin:તલ;મસો;લાખુ;ચામડીપર પડેલો પીળાશ પડતો ડાઘ.2.Any small spot:કોઇ જાતનો નહાનો ડાઘો*vt*.To spot: ડાઘ પાડવો.

Free,(ફ્રી)*a*.Not under restraint or control;at liberty: કોઈના કબજામાનહિ એવું;સ્વતંત્ર; મુખત્યાર; છૂટું; સ્વાધીન; અપરાધીન; સ્વેચ્છાચારી. 2. Subject only to fixed laws;enjoying political liberty:સ્થાપિત-અમુક કાયદા પ્રમાણે ચાલવું; સ્વતંત્ર; સ્વેચ્છ;સ્વવશ; અનન્યાધીન. 3, Not confined or imprisoned;released from arrest:કેદમાંથી છોડેલું;છૂટું; મુક્ત;મોકળું .4. Guiltless;innocent: ગુન્હા વિનાનું; નિષ્પાપ; નિરપરાધી. 5. Frank;ingenuous; unreserved: નિષ્કપટમનનું;ભોળું;નિખાલસ;ખુલ્લા

મનનું-દીલનું;મિલનસાર; મલતાવડો. 6. Licentious:મુલાજા વગરનું; અતિશય છુટ દેનાર;નિર્બંધ;બેઅદબ;બેલગામ; બે. ફાઠ;અમર્યાદ.7.Liberal; openhanded:ઉદાર;હાથનું છુટ્ટું; સખી. 8. Not united or combined with anything else:મુક્ત; રહિત;વિનાનું; છુટ્ટું; વેગળું;નિરાળું.9.Exempt;released:-માંથી સ્વતંત્ર છુટ્ટું; મુક્ત; નિરાળું; રહિત.10.Genteel;charming;easy: વિવેકી;શિષ્ટ;સભ્ય; મોહપમાડવું; ખુશકરવું.11.Not obstructed;unrestricted:ખુલ્લું;નિર્બન્ધ;અપ્રતિબંધ; ખુલ્લું; કોઇને સારૂ ખાસ નહિ એવું;સર્વને કરવા-ચલાવવાની રજા હોય એવું;સર્વના કામમાં આવે એવું.12 Gratuitous;spontaneous:ફોગટિયું;મફત;ફોગટ.13. Ready;eager;spirited: તૈયાર; ઉત્સુક; પાણીદાર;ડચકારો કરવાથી તરત ચાલે એવો.13.Having certain privileges:અમુક હક ભોગવનાર. **Free** *city* or **free** *town*: સ્વતંત્રસત્તાક રાજ્ય-રાહેર. **Free** *states*: જેમાં ગુલામગીરી બંધ થઇ છે અથવા જેની અંદર સમૂળગી ગુલામગીરીનો ચાલ નહોતા એવા સંસ્થાનો. **F.** *stuff*,timber free from knots: ગાઠાગાંઠા વગરનું ઇમારતી લાકડું. *To make* **f.** *with*,to take liberties with: ની સાથે છુટલેવી;પોતાને હાથે લેવું,ખાવું વિ૦; જાણે પોતાનું ઘરજ છે એમ જાણવું. **F.** *from*: વગરનું. વિનાનું;નથી એવું. *A* **f.** *school*: જેમાં મફત શીખવતા હોય એવી શાળા. **F.** *land*:મારી જમીન. *vt.* To make free;to set at liberty;to release સ્વતંત્ર-છુટ્ટુ મોકળું કર૦; છુટકારો આપવો;-માંથી મુક્ત કર૦.2.To relieve from the constraint of:ના કબજા-દાબમાંથી મુક્ત-છુટ્ટું કર૦.

Free-agency,(ફ્રી-એજેન્સિ)*n.*The state or the power of choosing or acting freely:સ્વાધીનતા; સ્વતંત્રપણું;સ્વેચ્છા;મુખત્યારી.

Free-booter,(ફ્રી-બૂટર)*n. A* robber:a pillager;a plunderer.લુંટારો;બારવટીઓ.

Freed man, (ફ્રીડમૅન) *n. pl.* **Freed-men**. *A* man who has been a slave,and has been set free: ગુલામગીરીમાથી છોડેલું માણસ.

Freedom,(ફ્રીડમ્)*n.*Liberty; independence:છુટાપણું;સ્વતંત્રતા; છુટ; મુક્તતા;મુખત્યારી.2 Particular privileges; franchises: અમુક હકો; ખાસ હક્ક. 3. Improper familiarity; license:અવિનય; અતિશય છુટ; અમર્યાદા.4.Exemption from necessity in choice & action:નિર્બંધ;મોકલાશ;છુટ. **F.** *of will*: સ્વેચ્છા. 5.Ease;facility:સુગમતા; સરળતા; નિર્બંધતા.6.Frankness;unreservedness: ખુલ્લુમન; નિષ્કપટપણું; ભોળપણ 7.Liberality:ઔદાર્ય;મોટું મન; ઉદારતા;હાતમદીલ.

Free-hand, (ફ્રી હૅન્ડ) *n.* An unrestrained hand or power:મોકળો વગર બંધનનો ઉદાર હાથ-અખત્યાર.

Free-hearted,(ફ્રીહાર્ટેડ)*a.* Open; frank;unreserved: ભોળું;ખુલ્લા-સાફદીલનું;નિષ્કપટી;નિષ્પાપી.

Free-hold, (ફ્રી હૌલ્ડ) *n.* An estate in real property, of inheritance or for life, or the tenure by which it is held:જમીનદારી;વતન;જાગીર.

Free-holder,(ફ્રી હૌલ્ડર) *n.* The possessor of a free-hold: જમીનદાર;જાગીરદાર;વતનદાર,દેશાઇ.

Free-liver,(ફ્રી-લિવર)*n.*One given to indulgence in eating and drinking:પુષ્કળ ખાનાર પીનાર.

Freely,(ફ્રીલિ)*adv.* Abundantly; gratuitously: સ્વતંત્રતાથી; પુરકળ; મફત;બોહોળે હાથે;છૂટથી.

Free-man,(ફ્રી-મૅન્)*n. pl.* **Free-men**, One not a slave or vessal:ગુલામ અથવા તાબાનો ન હોય એવો માણસ.2.One who enjoys peculiar privileges:સ્વતંત્રહક ભોગવનાર માણસ.

Free-mason,(ફ્રી-મેંસન્)*n.*A member of an association or fraternity consisting of persons who are united for social enjoyment and mutual assistance: એક બીજાના સંસર્ગનો લાભ લેવાને અને અરસપરસ સહાય કરવાને મળેલી ગુપ્ત સભા-મંડળીનો સભાસદ.

Free-minded,(ફ્રી-માઇન્ડેડ)*a.*Not perplexed;having a mind free from care:ફિકર વિનાનો;બેફિકરો.

Free-school,(ફ્રી-સ્કૂલ્)*n.*A school free of fees:મફત શિખવાની નિશાળ.

Free-thinker,(ફ્રીથિન્કર)*n.* One who discards revelation;an unbeliever:શાસ્ત્ર, ઇશ્વરપ્રણિત-કે ઇશ્વરોક્ત છે એવું નહિ માનનાર;શાસ્ત્ર દ્વેષી; નાસ્તિક;અનિશ્વરવાદી;ચાર્વાક.

Free-will,(ફ્રી-વિલ્)*n.*A will free from improper coercion or restraint:આપઅખત્યારી; મુખત્યારી; સ્વતંત્ર ઇચ્છા2.Willingness of natural or absolute necessity:આપખુશી;રાજી;ખુશી;આપ ખુશીનું.રાજી ખુશીનું.

Freeze,(ફ્રીઝ્)*vi.*[*imp.* **Froze**,*p. p.* **Frozen**.]1.To become congealed by cold: ઠરી-બંધાઇ જવું; -થિ જવું;દીઝ મીજવું 2. To become chilled with cold:ટાઢથી ઠરી જવું. (*b*)To suffer loss of animation by lack of heat:ટાઢથી થરથરઇ જવું-કોકડું થઇ જવું. *To* **f.** *up*, to become formal and cold in demeanour:-ની પરવા ન રાખવી;-નો સત્કાર ન કરવો *vt.* To congeal;to harden into ice:ઠરી-બંધાઇ જાય તેમ કર૦; બરફજેવું કઠણ કર૦ 2. To give the sensation of cold and shivering to:ટાઢ લાગીને ધ્રુજે તેમ કર૦ *To* **F.** *the blood*.થી કણકણાટ-કમકમાટ થવો. *To be frozen to death*:ટાઢથી મરી જવું.

Freezing-point, (ફ્રીઝિન્ગ્પૉઇન્ટ્) *n.*That degree of a thermometer at which a fluid begins to freeze:ચિતોષ્ણમાપક યંત્રના જે બિંદુએ પ્રવાહિ પ્રદાર્થ ઠરી જાય છે તે.

Gamekeeper,(ગૅમ્કીપર)*n.* One who has the care of the beasts; of chase:શિકારનાં પ્રાણીઓ સાચવનાર.

Gamesome(ગૅમ્સમ)*a.*Gay;sportive;playful: રમતિયાળ;ભોજ; રંગીલું;વિલાસી;વિનોદી;ઉલ્લાસી.

Gamester, (ગૅમ્સ્ટર)*n.*A merry, frolicsome person: રમતિયાળ-ભોજ-રંગીલો માણસ.2.One accustomed to play for money or other stake:પક્કા જુગારી.3. A prostitute; a strumper: છિનાળ; વેશ્યા;પાતર.

Gammer,(ગૅમર)*n.* An old wife or woman:ડોશીમા;બરડાં; માજી.

Gammon,(ગૅમન)*n.*The buttock or thigh of a hog,pickled and dried:ભુંડના કુલાના માંસની આથીને કરેલી સૂકવણી. 2. A certain game with dice: પાસાથી રમવાની એક જાતની રમત.3.Hoax;humbug:અષ્ટપષ્ટ;અંડાગંડા; આંધળાપાટા; ફેલઠગાઈ; કપટ ધૂર્તાઈ.*vt.*To salt and dry in smoke: આથીને સુકવણી કરવી.2. To fasten:બાંધવું.*vt.*To beat or excel in the game of backgammon: દાવની રમતમાં સામાને હરાવવું. 2. To humbug;to impose on;to cajole: ઠગવું;ધૂતવું;છેતરવું;-ને આંધળા પાટા બંધાવવા;-ને ફરેબ દેવો.

Gamut,(ગૅમટ)*n.*[Gr.*gamma & Lat.aut.*] The scale:સારીગમપધની.

Gander, (ગૅન્ડર)*n.* The male of the goose:નરહંસ;કલહંસ;રાજહંસ.

Gang, (ગૅન્ગ્)*vi.*.To go; to walk: જવું;ફરવું;ચાલવું.*n.*A group; a squad: ટોળું;ધાડું;ઘાડ;જુંડ;સંઘ; ગણ. 2. A set: ઓજારોનો સમૂહ; ગણ;સમૂહ.

G.*robbery*:ધાડ;ચોરી;ડાકાયટી.

Gangrene,(ગૅન્ગ્રીન્)*n*.[Gr.*grai-no*,I gnaw.]The first stage of mortification of living flesh:જીવતા પ્રાણીના માંસમાં સળો. *vt*. To mortify:કહોવડાવવું.*vi*.To become putrescent:કહોવું;સળવું;સડવું.

Gangrenous, (ગૅન્ગ્રીનસ્)*a*. Indicating mortification of living flesh:સડાવાળું;સડોલાગેલું;સળેલું.

Gangway, (ગૅન્જ્વે)*n*.A passage or way,into or out of any inclosed space: ઘેરી લીધેલી જગ્યામાંથી જવા આવવાનો રસ્તો. 2. *A* part of the vessel on the pardeck,on each side of the boom: વહાણની તુતક ઉપર ચાલવાનો બાજુનો રસ્તો.

Gantlet,(ગૉન્ટ્લેટ્)*n*.A military punishment: લશ્કરી કાયદા પ્રમાણે કરવાની શિક્ષા.*n*.A glove:હાથનું મોજું.

Gaol,(જૅલ્)*n*.A place of confinement;a jail: કારાગૃહ;કેદખાનું;તુરંગ; બંદીખાનું.

Gaoler,(જૅલર્)*n*.The keeper of a jail:બંદીખાનાનો અધિકારી;દારોગો; જેલર.

Gap,(ગૅપ્)*n*.An opening in any thing made by breaking or parting: બાકું;બાકોરું;ભાકું;ભગદાળું;છીંડું; ફાંડું .2. An opening which implies a breach or defect:ખામી; છિદ્ર;ખોડ; કસુર; તૂટ. 3. A vacant space or time:અવકાશ;ગાળો;અંતર; ભંગ.*To stop a gap*,to repair a defect: ખોડ-ખામી સુધારવી;પુરી લેવું; ઠીકઠાક કરવું.*To stand in a g.*:જોખમમાં રોકું ધરવું.**G.***toothed*. છૂટા દાંતવાળો સાખલો. *vt*. To notch:ચીરા-ખાચ-સળ પાડવા.2.To make an opening in;to breach: માં બાકું-બાકોરું-છિંડું પાડવું.

Gape,(ગેપ્)*vi*. (*a*) To open the mouth wide:જ્હો ફાડવું-પહોળું કરવિકાસવું.(*b*)To yawn: બગાસું ખાવું. (*c*)To gaze or stare in surprise, astonishment or expectation: આશ્ચર્ય-અચંબાથી સડક થઈ જવું. જ્હો પહોળું થઈ જવું-ફાટીજવું; આભા થઈને જોયા રહેવું (*d*)To manifest a desire to injure: ના ઉપર તલપીને બેસવું 3 To open or part widely: પહોળું થવું;-માં ફાટ-ચિરો પાડવા 4. To long, wait eagerly, or cry aloud for something: જ્હો વકાસીને બેસવું;ટાંપવું;-ની રાહ જોઈને-અધિરા થઈને બેસી રહેવું; તલપાપડ થઈ રહેવું;હમટમી રહેવું; ટાંપવું; ટાંપ્યા કરવું *To* **g.***after* or *for*:પાછળ વલખા મારવા,*n*.A yawn:જ્હો વકાસીને બેસવું તે; બગાસું.2.The width of the mouth when opened: જ્હોનો વકાશ-ફેલાર.

Garb,(ગાર્બ)*n*. (*a*) Clothing in general:વસ્ત્ર;લુગડાં.(*b*)The whole dress or suit of clothes worn by any person when indicating rank or office:પોશાક; જલ્લો; લેબાશ (*c*)Costume;fashion: પહેરવેશ; વેશ;પોશાક.2 Looks;fashion or manner,as of speech:દેખાવ; બોલવાની રીત ઢબ;તરાહ;ઢાળ *vt* To clothe;to deck: લુગડાં-પોશાક પહેરાવવો; શણગારવું.

Garbage,(ગાર્બેજ્)*n*. Offal;refuse; animal or vegetable matter from a kitchen: પશુ પ્રાણીનાં આંતરડાં; એઠવાડો;મળ; ઉચ્છિષ્ટ: hence anything worthless;disgusting or loathsome: કંઈપણ નિર્માલ્ય કંટાળો અને ચૂગ આવે એવી ચીજ.*vt*. To strip off the bowels: નાં આંતરડાં બે ચી કાઢવાં.

Garble,(ગાબ્લ્)*vi*.[L *cribrum*, sieve.] To sift or bolt;to separate: ચાળવું;વિણવું; નકામા અથવા જાડા ભાગમાંથી ઝીણો અથવા કિંમતી ભાગ જૂદો પાડવો.2.To pick out such parts of,as may serve the purpose:કોઇવાતના કામ પડતા ભાગ લઈને બાકીના પડતા મુકવા;ચુંટી કાઢવું; પસંદ કરવું.*n*.Refuse; rubbish: કચરો;ધૂળ; 2 *pl*.Impurities separated from spices:મસાલામાંથી જૂદો કાઢેલો કચરો-ધૂળ;ચળામણ; ઝડકામણ;વિણામણ

Garden, (ગાર્ડન્) *n*. A piece of ground appropriated to the cultivation of herbs,fruits,flowers,or vegetables: બાગ;વાડી;વાડિકા;ઉપવન;બગીચો.2. A rich,well cultivated spot or tract of country:દેશનો ફળફૂલ ફળવંત પ્રદેશ; બાગાયતી જમીન.**G.***house*,(*a*) A summer house: બંગલો;ઉષ્ણઋતુગૃહ.(*b*) A privy: વાડો;સંડાસ **g.***plot*,a plot appropriated to a garden: બાગનો તકતો; ક્યારો.**G.** *pot*, a watering pot. (ઝાડને) પાણી પાવાનું વાસણ **g** *stuff*, vegetables raised in a garden:વાડી-બાગમા ઉત્પન્ન થતી શાકભાજી *Kitchen* **g.**, રસોના ઉપયોગને માટે શાકભાજી ભાજીપાલો ઉત્પન્ન કરવામા આવે એવો બાગ *Flower*.**g** ફુલવાડી;ફુલબાગ *A small flower* **g.***near a dwelling*: નજર બાગ **G.***land*. બાગાયત જમીન.*vt* & *vi*.To lay out or cultivate a garden:બાગ કરવો; બાગ બાની કરવી.

Gardener, (ગાર્ડનર્)*n*.One who makes and tends a garden; a horticulturist:બાગબાન;માળી.

Gardening;(ગાર્ડનિન્ગ્) *n*. The art or occupation of laying out and cultivating gardens;horticulture: વાડી વાવવાની કળા-ધંધો; બાગકામ;બાગબાની

Gare,(ગેર્)*n*.Coarse wool on the legs of the sheep:ઘેટાંના પગ ઉપરનું જાડું ઉન.

Gargarize, (ગાર્ગેરાઇઝ્)*vt*.[L.*gargarizare*.]To gargle:કોગળો કરવો.

Gargle, (ગાર્ગ્લ્)*vt*. To wash or rinse,as the mouth or throat: કોગળો કરવો; ખખળાવીને ધોવું-સાફ કરવું; ગગળાવવું.2. To warble; to sing as if gargling: ખંખાળીને ગાવું-બોલવું.*n*.A liquid,as water or some medicated preparation used to cleanse the mouth and throat:કોગળો;કોગળા કરવાનું-ઔષધ.

Garish,(ગેરિશ્)*a*. Showy; dazzling;ostentatious:ચળકદાર; ઝખવી નાંખે એવું;તેજસ્વી; પ્રકાશિત; મનોરંજક;ચિત્તાકર્ષક 2. Gay to extravagance;flighty:અતિ આનંદિ-મોજીલું.

Garland, (ગાર્લન્ડ્)*n*.The crown of a king:રાજનો મુગટ.2.A wreath or chaplet; a cornal: ડાળીઓ ફુલ અથવા પીંછાનો બનાવેલો ગજરો-તોરણ;માળા;હાર; પુષ્પ-પર્ણ માળા; 3. The top;the thing most prized: મથાળું ;ટોચ;શિખર.4.An anthology: કાવ્યસંગ્રહ;ગદ્યપદ્યાવલિ;ગ્રંથમાલા;રત્નાવલિ *vt*.To deck with a garland: ફુલમાળા-હાર પહેરાવવો.

Garlic,(ગાર્લિક્)*n* A plant:લસણ.

Garment;(ગાર્મેન્ટ્)*n*. An article of clothing,as a coat,a gown, etc: પોશાકનું-પહેરવાનું વસ્ત્ર; લુગડાં. **G.***of patches*:કંથા;ગોદડી;ગાભો.

Garner,(ગાર્નર્)*n*.[L. *granum*, grain.]A granary:કોઠાર;કોઠી; ધાન્યાગાર;ધાન્યકોષ.*vt*.To gather for preservation;to store, as in a granary:ભરી મુકવું;કોઠારમાં ભરવું.

Garnish, (ગાર્નિશ્)*vt*.To decorate with ornamental appendages; to set off,to adorn:શણગારવું;સુશોભિત-શોભિવું કરવું;સજવું.2 To furnish to supply: પુરું પાડવું. 2. To fit with fetters: બેડી પહેરાવવી. *n*. Decoration; ornament: શણગાર; શોભા;મંડન;મૂષણ;અલંકાર; સાજ; ઠાઠ. 2.Fetters: સાંકળો; બેડી. Fees:લવાજમ; ફેલગી.

Garniture, (ગાર્નિચ્યૂર્) *n* [Fr. *garniture*.] Embellishment;

furniture; dress: ગણગાર; પોશાક; શોભા;સાજ;ઠાઠ;અલંકાર;મંડન

Garret (ગૅરટ્) *n.* A turret;a watch tower:ટહાનો મિનારો. 2. An attic: છાપરા નીચેનું માળીયું;પાતરીયું.

Garrison.(ગૅરિસન્) *n.*(*a*)A body of troops stationed in a fort or fortified town: કિલ્લા-ગામના રક્ષણ સારૂ રાખેલી ફૌજ;થાણું (*b*) A fortified place,in which troops are quartered for its security:જે જગ્યામાં બચાવને માટે ફૌજ રાખી હોય એવી જબરી જગ્યા;થાણું. *vt.* (*a*) To place troops in; as a fortification,for its defence:કિલ્લામાં રક્ષણને માટે ફૌજ મૂકવી-રાખવી; થાણું મુકવું-બેસારવું.(*b*)To defend by fortresses manned with troops:કિલ્લાઓ-જબરી જગ્યાઓમાં લશ્કરો રાખીને રક્ષણ કરવું.

Garrulity,(ગૅર્યૂલિટિ)*n.*Talkativeness;loquacity: બહુબોલાપણું; વાચાળપણું;બકવા;બટક બોલાપણું.

Garrulous,(ગૅર્યૂલસ્) *a.* [L. *garrio*,I prate.] Talkative; loquacious:બહુબોલું;બહુભાષી;વાચાળ; બકબકીયું;લવલવ કરનારૂં; બટક બોલું; લવરીટાહેલાંબોર. 2. Noisy: મોટા-કઠોર ઘાંટાવાળું; અવાજ-કલાબકોર કરી મૂકતું; ધૂમ મચાવતું;કોલાહોલ કરી મુકે એવું.

Garter,(ગાર્ટર્) *n.* A band used to prevent a stocking from slipping down on the leg: મોજા બંધ;બાંધણું;ગાર્ટર.2.The distinguishing badge of the highest order of knighthood:'નાઇટની' સૌથી ઉંચી પદવી.*vt.* To bind with a garter: મોજા-બંધ બાંધવો 2. To invest with the order of the Garter:'નાઇટ ઑફ ધી ગાર્ટર'નો ખિતાબ આપવો.

Gas,(ગૅસ્) *n.* An aeriform fluid: વાયુરૂપી પદાર્થ ગ્યાસ.2. A complex mixture of gases:વાયુઓની સંયુક્ત મેળવણી-મિશ્રતા. G. *fitter*:ગ્યાસના નળ બેસાડનાર-જોડનાર-સાંધનાર. *Gas generator*, વાયુ ઉત્પાદક યંત્ર. *Gas jet*: સળગે એવા વાયુનો ભડકો. *Gas meter* or *gasometer*: વાયુમાપકયંત્ર.*Gas stove*:રાંધવા અથવા બીજા કામ માટે વાયુરૂપી પદાર્થથી સળગાવેલો ચૂલો-સગડી.*Gas tar*, coal tar:કોલતાર-ડામર g.*trap*,a sewer trap: મોરી-ગટરનું ઢાંકણું g *works*: શહેરમાં દીવા પ્રકટવાની રોશની કરવાની ગ્યાસ-ઉત્પન્ન કરવાનું કારખાનું G.*light*:ગ્યાસની રોશની બત્તીઓ. *Natu al gas*, કુવા વિગેરેમાં ઉત્પન્ન થતો કુદરતી ગ્યાસ.

Gas-conade,(ગૅસ્-કોનેઇ)*a.*Aboasting;bragging:a bravade ફુલાસ; બડાઈ; શેખી; ડફાસ *vi.* To boast; to brag:બડાઈ-ફુલ્લ સ-શેખી મારવી;ડંફાસ હાંકવી.

Gaseous. (ગૅશ્રી અસ્) *a* In the form or of the nature of gas, or of an aeriform fluid: વાયુરૂપી 2. Lacking substance or solidity; tenuous:દ્રવ્ય વગરનું;નિર્માલ્ય;નજીવું.

Gash (ગૅશ્) *vt* To make a gash,or long,deep incision in: ઉંડો ઘા કરવો A deepened long cut;an incission of considerable length & depth:માંસમાં લાગેલો ઉંડો જખમ ઘા.

Gaskins, ગૅસ્કિન્ઝ્ *n. pl.* Loose hose or breeches: ઢીલામોજાં-સુરવાળ.2.Packings of hemp: શણની ગાંસડીઓ.

Gasometry(ગૅઝૉમેટ્રિ)*n.* The art or practice of measuring gases ગ્યાસ માપવાની કળા વિદ્યા.

Gaso-scope, (ગૅસૉ-સ્કોપ્) *n.* An apparatus for detecting the presence of any dangerous gas:કોઇ ભયંકર વાયુ-ગ્યાસ છે કે નહિ તે પારખવાનું યંત્ર.

Gasp, (ગૅસ્પ્) *vi.* To labor for breath; to pant violenty: હાંફી ફાડીને મહા મેહનતે શ્વાસ લેવાને પ્રયત્ન કરવો;-શ્વાસ લેવો; અતિશય હાંફવું; શ્વાસ-ધરેરો ચાલવો.2.To pant with eagerness; to show vehement desire: અતિ તીવ્ર કામના લાલસા બતલાવવી.*vi.*To emit or utter with gasps:હાંફી ફાડીને શ્વાસ લેવાને પ્રયત્ન કરતાં બોલવું. *n.* A labored respiration;a painful catching of the breath:હાંફ;નિશ્વાસ;દમ.*At the last gasp*, at the point of death: અન્તકાળે;પ્રાણાંત સમયે.

Gast,(ગૅસ્ટ્)*vt.*To frighten;to terrify:બીવડાવવું;ભય-બીકમાં નાંખવું.

Gastric,(ગૅસ્ટ્રિક્) *a.*[Gr. *gastros*, stomach.]Of, or pertaining to the stomach: પેટ સંબંધી-નું; જઠર સંબંધિ G.*digestion*:જઠરાગ્નિની પિગાળવાની અસરથી ખોરાકની ચિકાશનું પિગળવું તથા પસરાવવું.G.*juice*: જઠરરસ;જઠરાગ્નિ.

Gastriloquist,(ગૅસ્ટ્રિલોક્વિસ્ટ્)*n.* [Gr. *gastros*,stomach & L.*logi*, to speak.] A ventriloquist: પેટમાંથી બોલનાર-અવાજ કાઢનાર.

Gastronomer. (ગૅસ્ટ્રોનોમર્) *n.* [Gr *g stros* & *nomen* a name.] An epicure: ખાવા પીવાનો શોખી માણસ

Gastronomy, (ગૅસ્ટ્રોનોમિ)*n.* The art or science of good eating: સારૂં ખાનપાન કરવાની વિદ્યા; સ્વાદિષ્ટ ખાનપાનની લત-ટેવ.

Gate,(ગેઇટ્)*n.*A large door or passage: રહેવાનું બારણું-દ્વાર અથવા રસ્તો:દરવાજો;માર્ગ.2 The movable structure of wood or metal to close a passage:દરવાજો;ઝાંપો.3.A door,or valve for stopping the passage of water:બંધાતું પાણીબંધ કરવાનો વાલ્વ બારણું 4 Power; might શક્તિ;બળ;જોર.g *money*, entrance money,: દરવાજામાં પેસવાના પૈસા; દસ્તુરી. g. *tender*:દરવાન *To stand in the g ,or g s*,:મોખરાની અથવા બચાવ થઈ શકે તેવી જગા રોકવી *vt.* To supply with a gate:દરવાજો-બારણું મૂકવું.*n.*A way;a path;road:રસ્તો; માર્ગ 2 Manner; gait: રીત; તરાહ; ઢબ;લઢણ.

Gateway,(ગેઇટ્વે)*n.* A passage through a fence or wall;a gate: દરવાજો;દ્વાર

Gather,(ગૅધર્)*vt.* (*a*)To collect; to muster:એકઠું-ભેગું-ભેગું કરવું; આટોપવું.(*b*)To assemble; to congregate: એકઠા-ભેગા કરવું-મેળવવું. 2. To harvest;to pick off;to pluck: ખળીમાં વાઢીને લાવવું; ચુંટવું; વિણવું. 3. (*a*) To amass; to heap up: જમા કરવું;ભેગું કરવું; સંચય-સંગ્રહ કરવું; સંધરવું;એકઠું કરવું. (*b*) to collect as a harvest:લેવું;વાઢીને ખળીમાં લાવવું. 4. To contract; to compress: સંકડાવવું;સંકોચવું;કરચલી વાળવી;ચીણ પાડવી. 5. To infer;to conclude: અનુમાન-સિદ્ધાંત-તર્ક બાંધવો; સિદ્ધ કરવું; વિચાર કરી-બાંધવો.6.To gain;to win: જીતવું; મેળવવું. *To be g. d to one's people*,or *to one's fathers*.to die: મરી-ગુજરી જવું. *To g. breath*, to get breath:શ્વાસ-લેવો; આરામ લેવો; વિસામો-દમ લેવો-ખાવો.*vi.*To collect; to unite: એકઠાં-ભેગાં થવું-મળવું. 2. To increase:વધારો થવું;વધવું. 3. To come to a head,as a sore and generate pus: પાકીને તેમાં પરૂ લાલું-થવું. *To g.one's self together*: પોતાનું બધું જોર અજમાવવું. *n.* A plait or fold in cloth;a pucker ચીણ;કરચલી.

Gathering, (ગૅધરિન્ગ્) *n.* The act of collecting or bringing together:એકીકરણ;સંચય;સંગ્રહ. 2. (*a*) A crowd;an assembly: ટોળું; ભીડ;ટોળી; મંડળી; જમાવ;સમૂહ; સભા; જનસમૂહ;લોકસંઘ; સભા; મેળાવો. (*b*) A charitable contribution; a

collection: ગ્રીપ; ઉઘરાણું. (*c*) A tumor or boil:ફોલ્લો;ગુમડું;ગડ.

Gaudily,(ગૉડિલિ) *adv* In a gaudy manner:ભભકા ભરેલી રીતે.

Gaudy,(ગૉડિ) *a.* Ostentatiously fine;showy;gay: ભભકાદાર;ભભકાદાર; રંગીલું; દેખાવડું; ઉજવણ; શોભીતું; ચિત્રવિચિત્ર.2.Gay;merry: આનંદી; ખુશી. *n. pl.* **Gaudies,** One of the large beads in the rosary: માળામાંનો મ્હોટો મણકો; મેરૂ. *n.* A feast or festival: ઉજણી; જીયાફત; ઓચ્છવનો-સપરમો-શુભ દિવસ;ઉત્સવ.

Gauge,(ગેજ્) *vt.* To measure or determine with a gauge: નું પરિમાણ-માપ કાઢવું.2. To ascertain the contents or the capacity of:-માં કેટલું છે અથવા કેટલું-માય એમ છે તે કાઢવું;-નું ગજું જોવું-તપાસવું.3. (*Mech.*)To measure the dimensions of:-નો વિસ્તાર માપવો.4.To estimate;to judge of:ગણત્રી કરવી; ગણવું; -નો તોલ-વિચાર બાંધવો;લેખવવું. *n.* A measure; a standard:માપ; ધોરણ; માપું; પરિમાપક. 2. Dimensions; estimate:માપ; અડસટ્ટો; વિસ્તાર; ગણના;તોલ;ગણત્રી.3. A templet, or template: વિસ્તાર કિંવા આકાર માપવાનું માપું.4.The depth to which a vessel sinks in the water:જે ઉંડાઈ સુધી વહાણ પાણીમાં ડુબે છે તે ઉંડાઈ.5. The distance between the rails of a railway:લોઢાની સડકની બે રેલ વચ્ચે-નું અંતર-ગાળો **g.** of a carriage or *car:* પૈડાની વચ્ચેનું અંતર;ગાળો; *Joiner's* **g.**,an instrument used to strike a line parallel to the straight side of a board, &c.: પાવડી; ખસરીઓ; ગરમાઈ.*Rain* **g.**:કોઈ જગ્યાએ કેટલો વરસાદ પડયો તે માપવાનું યંત્ર; વર્ષામાપક યંત્ર. *Salt* **g.** or *brine* **g.**:પાણીમાં કેટલી ખારાશ છે તે દર્શાવનારૂં યંત્ર. *Sea.***g.**: દરિયાની ઉંડાઈ માપવાનું યંત્ર.*Tide* **g.**:ભરતી કેટલે ચઢી છે તે માપવાનું યંત્ર. *Vacuum* **g.**, a species of barometer: એક જાતનું વાયુ ભાર માપક યંત્ર. *Wind* **g.**:કોઈ અમુક જગ્યાએ પવનનું જોર માપવાનું યંત્ર.

Gaunt,(ગૉન્ટ્) *a.* Lean;meager; pinched and grim: દુબળુ થઈ ગયેલું;ચિમળાયેલું;તવાઇ-લેવાઈ ગયેલું

Gauntlet,(ગૉન્ટલેટ્) *n.* A glove of such material that it defends the hand from wounds: હાથને ઘાથી રક્ષણ કરનાર મોજું; દસ્તાન; વજ્રમુઠ.2. A long glove covering the wrist:પહોંચા લગી આવે એવડું હાથનું મોજું. 3.A rope on which clothes are hung for drying:લુગડાં સુકવવાનું દોરડું *To take up the* **g.**,to accept a challenge:બીડું ઝડપવું; યુદ્ધાહ્વાહન સ્વીકારવું. *To throw down the* **g.**, to offer or send a challenge: બીડું ફેંકવું-ફેરવવું;યુદ્ધને માટે આમંત્રણ કરવું.

Gaure,(ગૌર)*vi.*To gaze;to stare: તાકીને-એકી નજરે જોવું;ટગર ટગર જોવું.

Gauze,(ગૉઝ્)*n.*A very thin,transparent stuff: જાળીદારકાપડ; ગાજ; *a.*Thin;light:પાતળું; હલકું; ઝીણું; બારીક.

Gave,(ગેવ્)*Imp.* of **Give,** આપ્યું.

Gave-lock,(ગેવ લૉક્)*n.* A spear or dart;ભાલો. 2. An iron crow: લોઢાની કોશ-પરાઈ.

Gawk,(ગૉક્) *n.* A cuckoo:કોયલ; કોકિલા. 2. A simpleton;a booby: બેવકૂફ-મૂર્ખો માણસ;ઢફ્ફો; ઢોંઢો; ઉલ્લુ; બબુચક;બાઘુક;બોથડ.*vi.*To act like a gawky: બેવકૂફ-મૂર્ખ માણસનો પેઠે વર્તવું.

Gawky,(ગૉકિ)*a.*Foolish and awkward; clumsy; clownish:બેઢંગું; અનાડી.*n.*A gawk:મૂર્ખો;ઉલ્લુ.

Gay,(ગે)*a.*Lively;merry: આનંદી; લહેરી;મોજી;ઉલ્લાસી;ચેની; વિલાસી. 2. Splendid;fine:ભભકાદાર;સુંદર; ડોળદાર.3. Dissipated;lewd: છીનાળવું; વ્યભિચારી;લંપટ. *n.* An ornament: શણગાર;શોભા;અલંકાર;મંડન.

Gayety-Gaiety,(ગેએટિ)*n* Merriment; mirth;merry; delight: આનંદવૃત્તિ; મોજી આનંદીપણું; પ્રમોદ; ઉલ્લાસ; આનંદ; ઉલ્લાસવૃત્તિ; હર્ષ. 2. Finery; show: ડોળદાર; ભભકાદારપણું;આડંબર.

Gayly (ગેલિ)*adv.* Merrily; gleefully:ખુશી ખુશાલીથી; આનંદથી. 2. Splendidly; showily: ભભકાદાર-ડોળદાર રીતે-પણે;ભપકાબંધ.

Gaze,(ગેઝ્)*vi* To fix the eyes in a steady and earnest look: એકી નજરે ટસે જોવું;સ્તબ્ધ દૃષ્ટિએ જોઇ રહેવું. *vt.* To view with attention:ધ્યાન મન દઇને જોવું. A fixed look; a continued look of attention: નિરીક્ષણ;પ્રેક્ષણ; દર્શન; સ્તબ્ધદૃષ્ટિ; એકની એક નજર;એકટસ;અનિમેષ દૃષ્ટિ. 2. The object gazed on: જે વસ્તુના ઉપર એકી નજરે જોવામાં આવે છે તે; દૃષ્ટિપાત્ર.

Gazeful,(ગેઝ્ફુલ્)*a.*Gazing;ટગર ટગર જોઈ રહેનારૂં

Gazette,(ગઝેટ્)*n.*A newspaper: a printed sheet published periodically:વર્તમાનપત્ર; અખબાર; સમાચાર;ગેઝેટ;સરકારી વર્ત્તમાનપત્ર. *vt.* To announce or publish in a gazette:વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરવું.

Gazetteer,(ગઝેટ્ટીર્)*n.* A writer of news: વર્તમાન પત્ર લખનાર.2. A newspaper;a gazette: વર્તમાનપત્ર. 3. A geographical dictionary: શહેર, ગામ વિગેરેનું પત્રક;દેશ વિગેરેના વર્ણનનો ગ્રંથ.

Gear,(ગીર્)*n.*Clothing;garments; ornaments: લુગડાં; ઘરેણાં; શણગાર; અલંકાર; મંડન; સાજ; રાચરચીલું; વસ્ત્ર. 2. Goods;property:સરસામાન; સરંજામ;રાચરચિલું; વસ્તુ.3. The harness of horses or cattle: ઘોડાનો સાજ;જોડવાનો બધો સામાન.4. Warlike accoutrements: લડાઈની સામગ્રી;સર જામ.5.Manner; custom; behaviour:રીત;રઢી; રિવાજ;ચાલ. 6. Affairs;concern:કામકાજ; ધંધો; રોજગાર;કામ.7.(*a*)A toothed wheel: દાંતાવાળું પૈડું (*q*) Engagement of parts with each other:લાગુપણું; સાંધો;સંબંધ.8.Anything worthless; rubbish: નકામી વસ્તુ; કચરો; ક્ષુદ્ર-નજીવી વાત. To throw out of gear: સાંધામાંથી છૂટું પાડવું. *vt.* To dress;to harness:લુગડાં પહેરાવવાં; સાજ ચઢાવવો.2. To provide with gearing: દાંતાવાળું કરવું.*vt.*To be in or come into gear:સંબંધમાં આવવું.

Geese,(ગીસ્)*n.pl.*of **Goose:**હંસો.

Gelatine,or **Gelatin,**(જેલેટિન્)*n.* [L.*gelo,*I congeal.] Animal jelly: સરસ;સરેશ;લાખ;ચીકાશ.

Gelatinous,(જેલેટિનસ્)*a.*Viscous: સરેશના જેવું;ચીકણું.

Geld, (ગેલ્ડ્)*n.*Money; tribute; Compensation: પૈસો: ખંડણી; કર; બદલો.*vt.*To castrate; to emasculate:અંડકાપવા;ખાસી-ખુન્સા કરવું;નામર્દ બનાવવું.2. To deprive of anything essential: કોઈપણ અગત્ય ઉપયોગની ચીજ વિનાનું કરવું;નું સત્વ કાઢી લેવું. 3. To deprive of anything exceptionable: અપવાદવાળી વસ્તુ કાઢી નાખવી;શુદ્ધ કરવું.

Gelding,(ગેલ્ડિન્ગ્)*n.*The act of emasculating: નામરદાઇ; ખાસી.2. A castrated horse:ખાસી ઘોડો.

Gem,(જેમ્)*n.*[L *gemma,* a precious stone.]A bud: કળી 2.A precious stone of any kind;a jewel: મણી;જવાહીર;રત્ન; ઝવેર;નંગ; નગીનો. *String of* **g.** s:મણિમાલા; મણિસર; રત્નમાલ.3.Anything of small size, or expressed within brief limits,which is regarded as a gem

on account of its beauty or value:રત્ન;રત્ન;નાક;મહોરું;તત્વ;સત્ત્વ. *vt.* To forth in the form of buds:કળીઓ ફુટવી.2.To adorn with gems or precious stones:જવાહીરથી શણગારવું;રત્નજડિત કરવું. 3. To embellish:શોભાયમાન કરવું.

Geminal,(જેમિનૅલ્)*n.* [*L. geminus,*twin.]A pair:જોડકું; જોડી; યુગ્મ;યુગલ;જોડું.

Gemination, (જેમિનેશન્) *n.* A doubling;repetition: પુનરાવૃત્તિ.

Gemini,(જેમિનાઇ)*n.pl.*A constellation of zodiac:મિથુન રાશી.

Gemmy, (જેમિ)*a.*Full of gems; glittering like a gem: રત્ન જેવું; રત્નમય;મણિમય.2.Spruce; smart: અલબેલું;ચંચળ;ચાલાક.

Gender,(જેન્ડર્)*n.*[L *genus,* race.] Kind;sort:જાત; ભાત.2.Sex,male or female:પુરૂષ-સ્ત્રી-જાત.3.A classification of nouns:જાતિ;લિંગ.*vt.* To beget;to engender: જન્મ આપવો; પેદા કરવું.*vi* To copulate;to breed: સંભોગ-મૈથુન-અંગ સંગ-રતિક્રિયા કરવી.

Genealogical,(જેનીઍલૅાજિકલ્)*a.* Of or pertaining to genealogy: વંશચરિત્રનું;પેઢી ઉતાર; વંશાવળી-પેઢી. ક્રમ સંબંધીનું. **G.** *tree,* a family lineage:વંશાવળી; પેઢીનામું; વંશાવળીનું ઝાડ.

Genealogist,(જેનીઍલૅાજિસ્ટ્) *n.* One who traces genealogies or the descent of persons or families:વંશાવળી કહેનાર;વહિવંચો.

Genealogy, (જેનીઍલૅાજિ)*n.* [Gr. *genea,*birth & *logos,* discourse.] & A pedigree: વંશચરિત્ર; વંશાવલિવર્ણન;કુલક્રમચરિત્ર; વંશાવળી 2 Lineage: વંશાવળી;પેઢીનામું; વંશક્રમ;કુલક્રમ;પેઢી;વંશ;કુલપરંપરા.

Gene-arch, (જેનીઆર્ક્) *n.* The chief or family or tribe: કોઇપણ કુટુંબ અથવા ટોળીનો આગેવાન-મુખ્ય-વડિલ. [તિ;વર્ણ.

Genera,(જેનરૅ)*n.pl.*of **genus,**જા-

General,(જેનરૅલ્)*a* [L.*generalis.*] Pertaining to a whole class or order: સામાન્ય;સર્વસાધારણ;બધા વિષેનું;જાતિમાત્ર-વિષયક; બધા વિષેનું; સમગ્ર;અવિશેષ; બધાને લાગુ પડે તેવું. 2.Including all particulars: જેની અંદર સઘળી બીનાનો સમાવેશ થયેલો હોય એવું.3. Vague; indefinite: મોહોધમ;અસ્પષ્ટ;અચોકસ;બિનચોકસ; અવિશિષ્ટ. 4. Common to many or the greatest number: સાધારણ; ઘણાખરાનું; સાર્વજનિક. 5. Having a relation to all:સઘળાની સાથે સંબંધ ધરાવનારૂં. 6. For the most part;as a whole: ઘણુંખરૂં; બધું 7.Usual; common: સાધારણ;વ્યવહારિક; હમેશની *Adgutant* **g.**: લશ્કરના સરદારનો મદદગાર-મુખ્ય અમલદાર. *Attorney* **g.** or *solicitor* **g**: સરકારી વકીલ. *British* **g**:લશ્કરની મોટી ટુકડીનો સરદાર*Lieutenant* **g**: નાયબ સેનાધિપતિ. *Major* **g.**:લશ્કરના મોટા ભાગનો સરદાર. *Post master* **g.**:ટપાલ ખાતાનો મુખ્ય અમલદાર.**G.** *court-martial*: લશ્કરી અને દરિયાઇ મોટામાં મોટી ન્યાય સભા-અદાલત.**G.***dealer*: સાધારણ વાપરની સઘળી ચીજોનો વેપારી; પરચુરણ માલનો વેપારી.**G.***hospitals*: યુદ્ધ થતું હોય ત્યાંના દવાખાનામાંથી મોકલેલા માંદા અને ઘાયલ થયેલા માણસો રાખવાનું રચાયેલું દવાખાનું. **G.** *lien*:સામાન્ય હિસાબની બાકી રકમ વસુલ ન થઇ હોય ત્યાં સુધી કોઈ પણ માલ અટકાવવાનો હક.**G.***term*: સામાન્ય સંજ્ઞા-નામ.*n* The whole; the total: સામાન્યઘાત;સકળ; સઘળુ. 2. (*Mil.*)The commander of an army:કોઇ લશ્કર સન્યનો સરદાર કમાન્ડર; સેનાપતિ. 3. (*Mil.*) The roll of the drum which calls the troops to gather:લશ્કર ભેગુ કરવાને વગાડેલું ઢોલ-પડઘમનો ડંકો. 4. The chief of an order of monks: બાવાઓ-સાધુઓમાં શ્રેષ્ટ-નો ઉપરી. 5. The public;the people: લોકો. *In* g.,in the main: for the most part: ઘણું કરી ;સામાન્યરીતે; બહુકરીને;બહુધા.

Generalissimo, (જેનરૅલિસ્સિમો) *n.*The chief commander of an army:અમીરૂલઉમરા;મુખ્ય સેનાધિપતિ

Generality, (જેનરૅલિટિ) *n. Pl.* **Genaralities,** The state of being general:સામાન્યપણું; સામાન્યતા;જાતિસ્વભાવ. 2. That which is general;a vague statement or phrase:સાધારણ ભાવ;અવિશેષતા; મોહોધમ;સામાન્ય વાત 3. The main body the greatest part:ઘણોખરો ભાગ;મુખ્યાંશ;પ્રધાન ભાગ;મોટો ભાગ.

Generalization, (જેનરૅલાઇઝેશન્) *n.*The act of a bringing individuals or particulars under a genus or class: વ્યક્ત પુરૂષોને અથવા ઉપવર્ગોને લગતી વાત આખા અથવા મોટા વર્ગને લાગુ પાડવી તે. 2. *A* general inference: અમુકવાત ઉપરથી કાઢેલી;સામાન્ય અટકળ-અનુમાન.

Generalize, (જેનરૅલાઇઝ્) *vt.* To bring under a genus or genera to view in relation to a genus: સામાન્યરૂપ આપવું;સામાન્ય નિયમમાં લાવવું.2. To use with a more extensive application: બહોળા અર્થમાં વાપરવું; ઘણાને લાગુ પાડવું-કરવું. 3. To derive or deduce(*a general conception,* or a *general principle*) from particulars: સામાન્ય નિયમ-ખ્યાલ કાઢવું. *vi.* To form into a genus:સામાન્ય રૂપ થવું-નિયમમાં આવવું-હોવું.

Generally, (જેનરૅલિ) *adv.* Extensively; commonly: બહોળાપણાથી-પણે;ઘણીવાર; વારંવાર; વિશેષતા; સાધારણ રીત 2. In the main; upon the whole: લગું કરીને;ઘણેખરે ભાગે;સામાન્ય રીતે;ઘણે અંશે; બહુધા;બહુકરીને.3. Collectively: માન્યત; એકઠા;સમસ્ત; ઓઘદર.

Generalship, (જેનરૅલ્શિપ્) *n.* The office of a general:સેનાપતિત્વ; સેનાપતિનો હોદ્દો 2. Military skill in a commander: કમાન્ડરસેનાપતિની લશ્કરી હુંશિયારી; રણકૌશલ્ય;યુદ્ધનૈપુણ્ય. 3. Management; leadership:બ હોશ્યત;આગેવાની.

Generate,(જેન રેટ્)*vt.*[L.*genero,* I beget]To procreate;to beget: ઉત્પન્ન કરવું;જન્મ આપવો;પેદા કરવું;નિપજાવવું;-નો વિસ્તાર કરવો. 2. To cause to be;to bring into life: ઉત્પન્ન-પેદા કરવું;જીંદગી-હયાતીમાં આણવું. 3. To originate: નવું રચવું-પેદા કરવું.

Generation, (જેન રેશન્) *n.* The act of begetting; procreation; as of animals:ઉત્પાદન; જનમ; પ્રસવ;જન્મ 2. Production; formation: ઉત્પત્તિ;પેદાશ;સંભવ; ઉદ્ભવ; પ્રસૂતિ; જનન. 3. Progeny; offspring:ઓલાદ;સંતાન;સંતતિ;વિસ્તાર; વંશ; પ્રજા; વસ્તાર. 4. (*a*) Single step in the succession of natural descent: પેઢી;વંશ;કુલ;ઓલાદ. (*b*)An age:જમાનો;સદી;કાળ.5. Race kind;family:જાત;કુટુંબ; ઓલાદ.

Generative,(જેન રેટિવ્)*a.*Having the power of generating,propagating or producing:ઉત્પાદક;જનક. **G.***organ*:ઉપસ્થ;યોનિ.

Generator, (જેન રેટર્)*n.*One who or that which begets,causes or produces: ઉત્પન્ન કરનાર રું; ઉત્પાદક; જનક;જન્મપ્રેદ;જન્મપ્રદાતા .2. An apparatus in which vapor or gas is formed from a liquid or solid: પ્રવાહિ અથવા નક્કર પદાર્થોમાથી વરાળ અથવા ગ્યાસ ઉત્પન્ન થવાનું યંત્ર.3.(*Mul.*)

The principal sounds મુખ્યસ્વર

Generic, (જેનેરિક્) *a.* [L *genus*, race.]Pertaining to a genus or kind: કોઇ જાતને લગતું;-ર્ન.2.Pertaining or appropriate to large classes: મોટા વર્ગોનું;વિષે ને લાગુ પડે એવું;સામાન્ય;સાધારણ.

Generosity,(જેનરૉસિટિ)*n.* Noble birth: ઉમદા કુટુંબમાં થયેલો જન્મ.2. Noble-mindedness: ઉદારપણું;અમીર સ્વભાવ; મોટું મન; મહાત્મ્ય. 3. Liberality in giving; munificence:આપવામાં ઉદારતા;ઉદાર-સખાવતપણું;ઔદાર્ય;દાનશીલતા

Generous,(જેનરસ્)*a.*[L. *generosus*,of noble birth.]Of honorable birth or origin;high born: ઉમદા કુટુંબમાં જન્મેલું;ઉમદા કુટુંબનું; કુલીન 2.Noble;honorable;magnanimous: ઉમદા;નામીચું;નેક;મ્હોટા મનનું;મહાત્મા; ઉદારચરિત. 3. Open-handed;munificent: સખી;ઘેાતાળ; ઉદાર;દાની;દાતાર;દાનશૂર.4.Abundant; overflowing: પુષ્કળ;ભરપૂર.5. Full of spirit or strength: જલદ.

Generously, (જેનરસલિ)*adv* Nobly;honorably:ઉદારતાથી;મેાકળાહાથે.

Genesis,(જેનેસિસ્)*n* [L. *genus*, race.] Production; formation; origination: ઉત્પત્તિ;પેદાશ.2. The first of the Old Testament:જુના ખ્રિસ્તી શાસ્ત્રનું પહેલું પુસ્તક.

Genet,(જેનેટ્)*n.* One of several species of small carnivora: નેાળીઆની જાતનું જનાવર.2. The fur of the common genet:નેાળીઆની જાતના જનાવરનાં રૂંવાંટાં.

Genial,(જિનિઍલ્)*a.*[L. *genialis*, jovial.]Generative;procreative productive:ઉત્પત્તિ-પાકને પુષ્ટિ આપે એવું;પુષ્ટિકારક;ઉત્પાદક;જનક.2. Jovial; inspiring joy or hapiness: આનંદી;મેાજી; સુખપ્રદ; સુખાવહ; રમ્ય; રમણીય;મનેાહર;રૂચિકર;સુખકર; ઉત્સાહવર્ધક.3.Native; natural: કુદરતી; સ્વાભાવિક;અનુકૂળ

Geniality,(જીનિઍલિટિ)*n.* Sympathetic;cheerfulness;warmth of disposition and manners:આનંદીપણું;ખુશમિજાજ;પ્રસન્નતા;હાસ.

Genii,(જીનિઆઇ)*n.Pl.* of **genius** ભૂત;પલીત;જીન;વિર.

Genital, (જેનિટલ)*n.* [L.*gingo*, I beget.]Pertaining to generation: ઉત્પત્તિ-પેદાશ સંબંધી-નું વિષે; જનન વિષયક; પ્રજોત્પાદન સંબંધી *Pl* The sexual organs;the private parts:જનનેન્દ્રિય;ઉપસ્થ;ગેાનિ.

Genitive,(જેનિટિવ્)*a.*[Gr.*gigno*,I beget.]Of or pertaining to the case which expresses source or possession: છઠ્ઠી વિભક્તિનું-વિષે *n.* The genitive case: છઠ્ઠી વિભક્તિ: ષષ્ઠી;સંબંધ.

Geniture, (જેનિટ્યૂર્)*n.*Generation;birth: જન્મ; સૃષ્ટિ.

Genius (જીનિઅસ્)*n. Pl* **Geniuses.**[L *gigno*,I beget.]A tutelary;deity;a supernatural being; a spirit,good or bad:ભૂત;ભૂત; પિશાચ;વૈતાળ; દેવતા; પ્રેરણા કરનાર; દૈવક; દૈવ.2.The peculiar structure of mind;special taste,inclination or disposition: શક્તિ; કલ્પના;સ્વભાવ;વલણ;મનેાધર્મ;પ્રકૃતિ.3.Peculiar character; animating spirit: વિશેષગુણ-લક્ષણ;વિશેષચિન્હ; વૃત્તિ;સ્વધર્મ.4. Uncommon intellactual power;mental superiority:બુદ્ધિપ્રભાવ-બળ; બુદ્ધિસામર્થ્ય-વૈભવ કલ્પના શક્તિ;વિશેષ બુદ્ધિ-મતિ.5. A man of superior intellactual faculties: બુદ્ધિશાળી પુરૂષ; બુદ્ધિસાગર; ધીમાન; કળાવંત;કાબેલ;શકરો માજ.

Gent,(જેન્ટ્)*a.*[L.*genitus*, born.] Gentle; noble; of noble birth: નમ્ર; ઉદાર; કુલિન 2.Neat; pretty; fine;elegant:.ચેાખ્ખું;સુંદર;ખુબસૂરત; દેખાવડું;કુદડું;શેાભિતું.

Genteel, (જેન્ટીલ્)*a.* Polite;well bred:સુજન;ખાનદાન; સભ્ય; વિવેકી; શિષ્ટ; સુશીલ; આર્ય.2. Elegant in appearance; dress or manner: ખાનદાની જેવું-વાળું;દેખાવડું;સુભગ.

Gentian.(જેન્શિયઍન્)*n.*[L.*gentiana.*]Any one of a genus of herbaceous plants જનસીંગ મૂળ; પાચન કરે એવું મૂળિયું;કરિયાતું.

Gentile, (જેન્ટાઇલ્)*n.*[L *gentilis*, belonging to the same clan or people.]A heathen:મૂર્ત્તિપૂજક *a.* Ethnic; of pagan or heathen people: મૂર્ત્તિપૂજક લેાકનું-સંબંધિ; અન્ય-ભિન્નદેશીય

Gentility, (જેન્ટિલિટિ) *n.* Good extraction;dignity of birth: કુલીનતા; ખાનદાનની-કુલીનની રીતભાત. .Good breeding:સલમનસાઇ; સુશીલતા; સભ્યતા; વિનય; સૈાજન્ય 3 The gentry:મધ્યમસ્થિતિના ગૃહસ્થેા

Gentle (જેન્ટલ)*a.*[L *gens.gentis* tribe.]Well-born: કુલિન; ખાનદાન; કુલવંત;સુલત;સુપાત્ર;આબરૂદાર ઘરનું; આર્ય.2.Mild;meek;amiable;tender: નરમ; સભ્ય; વિવેકી; નમ્ર; મીઠું; કડું; રાંક; ગરીબ. 3. Compellative of respect, consideration, or conciliation:સુજ્ઞ;વિવેકી.4 Quiet and docile;tame;peaceable: ગરીબ;સાલસ;ભલું.5. Soothing; pacific: શાન્તિકારક; કળવું; ધીમું; કેામળ; નરમ;મૃદુ;સૈમ્ય.*n* One well-born; a gentleman: ગૃહસ્થ-સભ્ય વિવેકી માણસ;સજ્જન.*vt.*To make genteel; to ennoble: સભ્ય-વિવેકી બનાવવું. 2. To make kind and docile: ગરીબ-સાલસ બનાવવું કર.

Gentlefolks,(જેન્ટ્લ ફોક્સ્)*n.pl.* Persons of gentle or good family; and breeding:ગૃહસ્થ લેાક;સાધુજન.

Gentleman,(જેન્ટ્લમૅન્)*n.* A man well-born; one of good family:સદ્ગૃહસ્થ; આબરૂદાર માણસ; ખાનદાન માણસ.2.A well-bred man: સભ્ય-વિવેકી પુરૂષ;સુજન; સજ્જન. 3. The servant of a man of rank: અમીર-ઉમરાવનેા ચાકર; અમીરનેા મુનશી-નેાકર.4.A man irrespective of condition (used esp. in the pl.),in addressing men in popular assemblies: ગૃહસ્થેા; આર્યજનેા;સભ્યજનેા;સાહેબેા; ભાઇઓ; બંધુજનેા.**G.usher:** મળવા આવેલા લેાકેાને રાજાની રૂબરૂ લઈ જનાર.

Gentlemanlike-gentlemanly, (જેન્ટ્લમૅનલાઇક્-જેન્ટ્લમૅન્લિ)*a.*Well-behaved;courteous:polite: સભ્ય; ખાનદાનને ઘટે એવું;વિવેકી; લાયકી વાળું;આર્ય;વિનીત;સુશીલ.

Gentleness(જેન્ટ્લનેસ્)*a*Gentility softness of manners; disposition etc;mildness: કુલીનતા;વર્ણશ્રેષ્ઠતા;ભલાઇ;ભલમનસાઇ; ગરીબી;શાંતિ;નરમાશ;મંદી;મૃદુતા;કેામળતા;મંદતા.

Gentlewoman,(જેન્ટ્લ મૅન્)*n.pl.* **Gentlewomen,** A woman of good family or of good breeding: કુલીન-સારા ઘરની-આબરૂદાર સ્ત્રી; કુલવધૂ;કુલાંગના.2. A woman who attends a lady of high rank: ઉમરાવની સ્ત્રીની સહીઅર-દાસી.

Gently,(જેન્ટ્લિ)*adv.*In a gentle manner:નરમાશથી;ધીમે રહીને;ગરીબાઇથી; સાલસાઇથી.

Gentoo, (જેન્ટૂ)*n.pl.***Gentoos,**]A Hindoo:હીંદુસ્તાનનેા રહેવાશી;હીંદુ.

Gentry(જેન્ટ્રિ)*n.*Birth;condition: જન્મ;સ્થિતિ.2.People of education and good breeding: કુલીન જન,વિદ્યિલેાક;આર્યલેાક જન;વચલાવર્ગના લેાકેા; મધ્યમ સ્થિતિના લેાક; ઉમરાવ વર્ગ અને નીચ વર્ગની વચ્ચેના વર્ગના લેાક.3 Courtesy; civility: સભ્યતા;વિવેક;સુજનતા.

Genty, (જેન્ટિ) *a.* Neat; trim: રોળદાર; વાટીલું.

Genu, (જેન્યૂ) *n. Pl.* **Genna,** (*a*) The knee: ઘુંટણ. (*b*) The kneelike bend: ઘુંટણના જેવો વળેલો ભાગ.

Genuine, (જેન્યૂઇન્) *a.* [L *gigno,* I beget] Real; natural; true; pure: ખરૂં; અસલ; ચોખ્ખું; મૂળનું; અકૃત્રિમ; અકલ્પિત; નિષ્કપટ; યથાર્થ; સ્વાભાવિક; શુદ્ધ; અમિશ્રિત.

Genuinely, (જેન્યૂઇનલિ) *adv.* Really; truly: ખરાપણાથી; સચ્ચાઇથી.

Genuineness, (જેન્યૂઇનનેસ્) *n.* Realness; purity: અસલપણું; ચોખાપણું; સત્યતા; યથાર્થતા.

Genus, (જીનસ્) *n. pl.* **Genera,** [Gr *genos.*] (*Logic*) A class of object divided into several subordinate species: જાતિ; વર્ગ; ગણ; પ્રકાર; જાતિપક્ષ.

Geodesy, (જીયૉડેસી) *n.* A science whose object is to measure the earth and its parts on a large scale: ભૂમાનવિદ્યા; પૃથ્વીની આકૃતિ; ક્ષેત્રફળ; દત્વ વિગેરે જાણવાની વિદ્યા.

Geogony, (જીઑગોનિ) *n.* [Gr. *ge* & *gone,* generation.] The branch of science which treats of the motion of the earth: ભૂસ્તરવિદ્યા.

Geographer, (જીઑગ્રૅફર્) *n.* One versed in geogaraphy: ભૂગોળવિદ્યા વેત્તા શાસ્ત્રી.

Geographical, (જીઑગ્રૅફિકૅલ્) *a.* Of or pertaining to geography ભૂગોળવિદ્યા સંબંધિ-વિષયક.

Geography, (જેઑગ્રૅફિ) *n, pl* **geographies.** [Gr. *ge,* the earth & *grapho,* I describe.] The science which treats of the world and its inhabitants: ભૂગોળવિદ્યા. 2 A treatise on this science. ભૂવર્ણન; ભૂગોળ વર્ણન. *Astronomical* or *Mathematical* **g.,** ખગોલ વિષયક; ભૂગોલવિદ્યા *Physical* **g** ,ભૂરચનાશાસ્ત્ર-વિદ્યા. *Political* **g.,** ભૂગોળ; રાજકીય.

Geologist, (જીઑલૉજિસ્ટ્) *n* One versed in the science of geology: ભૂસ્તરશાસ્ત્રી; ક્ષિતિરચનાવેત્તા.

Geology, (જીઑલૉજિ) *n. pl.* **Geologies,** The science which treats of the structure and mineral constitution of the globe: ભૂસ્તરવિદ્યા; ભૂરચનાશાસ્ત્ર; ભૂગળવિદ્યા. 2. A treatise on the science: ભૂસ્તરવર્ણન.

Geomancy, (જીઑમૅન્સિ) *n* [Gr *ge* & *manteia,* divination.] A kind of divination by means of figures or lines: રમલવિદ્યા; ભોંય કે કાગળ ઉપર જંત્ર કાઢી ભવિષ્ય વર્તવું તે.

Geometrical, (જીઑમેટ્રિકૅલ્) *a.* Pertaining to, or according to the rules or principles of geometry: ભૂમિતિ સંબંધી. **G.** *pace,* a measure of five feet: પાંચ ફુટનું માપ. **G.** *progression:* ભૂમિતિ શ્રેઢિ.

Geometrically, (જીઑમેટ્રિકલિ) *adv.* According to the rules or laws of geometry: ભૂમિતિના નિયમ પ્રમાણે.

Geometrician, (જીઑમેટ્રિશૅન્) *n.* One skilled in geometry: ભૂમિતિ જાણનાર; ભૂમિતિશાસ્ત્રી; ભૂમિતિજ્ઞ.

Geometry, (જીઑમેટ્રિ) *n. pl.* **Geometries.** [*Gr. ge,* the earth & *metron,* measure.] The science which treats of the properties and relations of magnitudes: ભૂમિતિ; રેખાગણિત. 2. A treatise, on this science: ભૂમિતિ વર્ણન *Practical* **g** : કર્તવ્યભૂમિતિ.

Geoponics, (જીઑપૉનિક્સ્) *n* [Gr. *ge* & *ponos,* work.] The art of cultivating the earth: જમીન ખેડવાની વિદ્યા; કૃષિવિદ્યા.

George, (જૅર્જ) *n.* A figure of St. George on horseback: ઘોડા પર બેઠેલા સેંટ જૉર્જની આકૃતિ-છબી. 2. A kind of brown loaf: એક જાતનું પાઉં.

Germ, (જર્મ) *n.* [L. *germinis,* sprout; bud.] The earliest form under which an organism appears: ફણગો-અંકુર; કળી; દાણો. 2. Origin: બીજ; મૂળ; યોનિ; પ્રભવ; આદિકારણ; મૂળતત્વ. *vi.* To germinate: પેદા-ઉત્પન્ન કરવું.

German (જર્મન્) *a.* [L *germanus,* full; own] Nearly related: closely akin: અડોને પાસેનું સગું; પાસેની સગાઈવાળું *Cousins* **g.**: મામા ફોઇનાં મસિયાઇ કે પિત્રાઇ ભાઇ બેન. *n.* A native or one of the people of Germany: જર્મનીનો રહેવાશી-વતની; જર્મન 2. The german language: જર્મન ભાષા. 3 (*a*) A round dance: ગોળ નાચ (*b*) A social party at which the german is danced: ગોળ નાચ જેમા રમવામા આવે છે એવી સામાજીક મિજલસ. *a* Of or pertaining to Germany: જર્મનો સંબંધી-ને લગતું. **G.** *bit,* a wood boring tool: લાકડું રાચવાનું-માં કાણું પાડવાનું હથિયાર. **G.** *paste,* a prepared food for caged birds: પંજરાવાળા પક્ષિઓને માટે તૈયાર કરેલો ખોરાક. **G. silver:** જર્મનસીલ્વર; કૃત્રિમ ચાંદી.

Garmane, (જરમેન્) *a* Near; akin: પાસેની સગાઇવાળું. 2. Closely allied; appropriate or fitting વટતું; બેસતું; લાયક; યોગ્ય; અનુકૂળ; બંધબેસતું.

Germinal, (જર્મિનલ્) *a.* Pertaining or belonging to a germ: ફણગા-અંકુર સંબંધિ; બીજભૂત.

Germinate (જર્મિનેટ્) *vt.* To cause to spout: ફણગો ફુટે તેમ કરવું. *vi.* To sprout; to bud: ફણગો-અંકુર ફુટવો; વિકસવું.

Gerund (જેરન્ડ્) *n.* [L. *gero,* I bear.] *Lat gram.*) A kind of verbal noun: ધાતુસાધિત કૃદંતનામ.

Gerundial, (જેરન્ડિઅલ્) *a.* Pertaining to, or resembling a gerund: ધાતુ સાધિત કૃદંતનામ સંબંધી-ના જેવું.

Gery, (જેરિ) *a.* Changeale; fickle: લાસરીલું; ચલીત; અદૃઢ; અસ્થિર.

Gestation, (જેસ્ટેશન્) *n.* [L. *gero,* I bear.] The act of wearing (કપડાં અથવા શણગાર) ધારણ; પરિધાન. 2. Pregnancy: ગર્ભધારણ; ધારણપણું: ગર્ભવહન; સગર્ભા-ભારેવાહીપણું.

Gesticulate, (જેસ્ટિક્યૂલેટ્) *vi.* [L. *gero,* I bear.] To make gestures or motions; to use postures: બોલતી વખતે ચાળા કરવા; અભિનય-અંગવિક્ષેપ-ચેષ્ટા-હાવભાવ કરવા.

Gesticulation, (જેસ્ટિક્યૂલેશન્) *n.* The act of making gestures: અંગચેષ્ટા કરવી તે. 2. A gesture; a motion of the body or limbs in speaking: ચાળા; અંગચેષ્ટા; અભિનય; અંગવિક્ષેપ; હાવભાવ; સંકેત સૂચન. 3. Antic trick: ટોળ; ઠીખળ; નખરાં.

Gesture, (જેસ્ચ્યૂર્) *n.* [L. *gero,* I bear.] Position of the body or limbs; posture: શરીર-અવયવોની સ્થિતિ; અંગસ્થિતિ 2 A motion of the body or limbs expressive of sentiments or passion: અભિનય; અંગવિક્ષેપ; અંગચેષ્ટા; વિલાસ; ચાળા; હાવભાવ; વિભ્રમ. *vt.* To illustrate with gesture: ચાળા-અંગચેષ્ટાથી વર્ણવવું.

Get, (ગેટ્) *n* Fashion; manner; custom: રૂઢી; રીત; રીવાજ. 2 Artifice; contrivance: યુક્તિ; પ્રપંચ; ખેલ; હાવ. *vt* [*Imp* & *p. p.* **Got.**] To procure; to obtain; to acquire: મેળવવું સંપાદન-પ્રાપ્ત કરવું; કમાવું; રળવું; ઉપાર્જન કરવું; ને મળવું. 2. To have: નો કબજામાં હોવું; આવવું; ના પાસે હોવું 3. To beget; to generate: જન્મ આપવો. 4. To learn; to commit to memory: શીખવું, મોઢે-પાઠે કરવું. 5. To induce;

to persuade:લલચાવવું;સમજાવવું.6. To betake;to remove(*in a reflexive use*): ખસેડવું;જતા રહેવું;નાસી જવું.*To g.in*,to cause to enter: અંદર લાવવું-દાખલ કરવું. *To g out*;to extract:બાહાર કાઢવું. *To g. off* to remove: ઉતારવું; દૂર કરવું;ખસેડવું;અળગું કરવું;કાઢવું.*To g. together*, to collect:ભેગું-એકઠું કરવું. *To g.by heart*, to commit to memory: મોઢે-પાઠે કરવું; જીબ્હામે કરવું. *To g. the better of*,to. g.*the best of*, to surpass;to subdue:-થી ચઢીઆતા થવું;પાછળ મુકવું;વશ કરવું.*To.g.favour*:મહેર બાની મેળવવી.*vi*.To gain;to profit;to be increased:મેળવવું;નેમળવું;વધવું. 2.To arrive at;to become:જઇ પહોંચવું;થવું-હોવું *To g at* પહોંચવું; નીપાસે આવવું; મેળવવું; જાણવું. *To get home*:ઘેર પહોંચવું-આવવું.To g.*away* to leave;to escape: તજી દેવું; જતા રહેવું;છોડવું; નાશી જવું. *To g. down*, to descend:ઉતરવું. To g. *along*, (*a*)To make progress: આગળ-ચાલવું-જવું-વધવું;-ની ખબર હોવી; નુ ચાલવું. (*b*)To proceed; to prosper સમૃદ્ધિમા હોવું-આવવું;જીતવું; ફતેહ પામવું.*To g. in*,to enter:અંદર પેસવું જવું-દાખલ થવું.*To g.out*,to escape -માંથી નિકળી-છટકી સટકી-બચી જવું; નાશી જવું.*To g. through*, (*a*) To traverse:ઓળંગવું.(*b*) To finish: પુરું-સમાપ્ત કર. *To g. to*, to arrive at:જઇ પહોંચવું;-એ આવવું. *To g.off*, (*a*) to alight or dismount:ઘોડા ઉપરથી નિચે ઉતરવું; ઉતરવું. (*b*) To escape: બચી જવું; છટકી જવું; ઉગરી જવું;નાસી-નીકળી જવું. g. *ahead*, to prosper: આગળ વધવું; ફતેહ પામવું. To *get asleep*,to fall asleep: ઉંઘી જવું;ઉંઘમા પડવું. To g. *astray*, to wander out of a right way:ખોટે-આડે માર્ગે-રસ્તે ભટકવું-જવું; અવળે રસ્તે જવું.To g.*away with*,to capture;hence to defeat:તાબે કરવું;હરાવવું; પરાજય પમાડવું-કર. To g. *back*,to return:પાછા આવવું; જ્યાંથી નિકળ્યા હોય ત્યાં પાછું જવું. To. g.*beyond*, to exceed: ના કરતાં આગળ જવું-વધવું. To g. *clear*, to be released from: માંથી મુક્ત-છુટા થવું; મોકળા થવું.To g. *drunk*, to become intoxicated:પીધેલ છાકટા થવું To g.*into*, (*a*) to enter: માં જવું-દાખલ થવું. (*b*) To pass into or reach: માં થઇને જવું; પહોંચવું.To g. *loose or free*, to be released from confinement: બંધનમાંથી મુક્ત છુટા થવું; છુટવું. To g. *on*,to proceed;to prosper:આગળ વધવું; સમૃદ્ધિમાં હોવું-આવવું; આબાદ થવું.To g. *over*,(*a*) To pass over or ove come: વશ તાબે કર; જીતવું. (*b*)To recover from, as a calamity:સંકટ-દુઃખમાંથી મુક્ત થવું; સાજા થવું.To g.*up*,(*a*) To rise;to rise, as from a bed,a chair &c.:ઉઠવું;જાગવું.(*b*) To ascend; to climb:-ના ઉપર ચઢવું. To g.*hand*, to gain superiority: ના ઉપર હાથ થવો-હોવો;-ના કરતાં ચઢિયાતા હોવું. To g. *hold of*,to seize;to acquire: પકડવું;ઝાલવું;મેળવવું;પ્રાપ્ત કર. To g. *off from*,to sell; to get rid of: વેચી નાંખવું;કાઢી નાંખવું. To g.*ready*, to prepare: તૈયાર કર;તૈયાર થઇ રહેવું. *To g rid of To G quit of*, to remove: દૂર કર; કષ-પીડા ટાળવાથી મુક્ત-મોકળા થવું.To g *the day*, to win: જીતવું;વિજયી થવું.*To g.wind*, to become known: જાહેર પ્રગટ-પ્રસિદ્ધ થવું;-ની જાણમાં આવવું. *To g., with a child*, to be pregnant:બે જીવ-સગર્ભા થવું-હોવું.*n*. Offspring; progeny: છોકરાં;છૈયા છોકરાં;વસ્તાર.

Getting, (ગેટિન્ગ્) *n*. The act os obtaining or acquiring: મેળવવું-સંપાદન કર તે;સંપાદન.2. Gain; profit: કમાઈ;પ્રાપ્તિ;આમદાની;ઉપાર્જન.

Get-up,(ગેટ્ અપ્)*n*.General com position or structure:સામાન્ય રચના-ઘાટ-બનાવટ.2 Make-up;style of dress, &c.:ઘાટ;ઢાટી; લેબાસ;પહેરવેશ.3.Equipments: સરંજામ.

Gew-gaw(ગ્યૂ-ગૉ)*n*.A showy trifle a toy;a splendid play thing: હલકી કિમતનું ભભકાદાર-કુલફટાકિયું રમકડું *a* Showy:દેખાવડું;ઓઢું.

Gharry,(ગૅરિ) *n*. Any wheeled cart or carriage:કોઇ જાતની ગાડી.

Ghast,(ગૅસ્ટ્)*vt*.To strike aghast; to affright:બીવડાવવું; ચમકાવવું.

Ghastly, (ગૅસ્ટ્લિ) *a*. Deathlike: pale;pallid;dismal:મુડદા જેવું;ફિક્કું; ધોળું ફક;વિવર્ણ.2.Horrible; dreadful;hideous: ભયંકર;કરાલ;વિકટ;ઉગ્ર; ભયાનક;વિકરાળ;બિહામણું.

Ghat-ghaut, (ઘૉટ્) *n*. A pass through a mountain: પર્વતમા કોતરી કાઢેલો રસ્તો;ઘાટ. 2. *A* range of mountains:પર્વતોની હાર; ઘાટ.3 A landing place: ઢળતી ઉતરવાની જગ્યા.

Ghost, (ગોસ્ટ્)*a*. The spirit;the soul of a man;a specter:માણસનો આત્મા;જીવાત્મા.2.The soul or spirit of a deceased person;a specter:પિશાચ;ભૂત;ખવિસ;જીન;પ્રેત. 3. A phantom; a glimmering:અસદ્દભાસ; ઝાંખના. *Holy ghost*. the Holy Spirit: પવિત્રાત્મા; ખ્રિસ્ત મત પ્રમાણે દેવત્રયમાંનો ત્રીજો પુરૂષ. *To give up* or *yield up the ghost, to die;to expire*: મરીજવું; દેહ મૂકવો-છોડવો.

Ghostly,(ગોસ્ટ્લિ)*a*.Relating to the soul;spiritual: જીવ-આત્મા સંબંધી;પારમાર્થિક; આત્મવિષયક. 2. Of or pertaining to apparitions: ભૂત સબંધી; પ્રેતતુલ્ય; ભૂતરૂપ.

Giant, (જાઇઅંન્ટ્)*n*. [L.*gigas*.]A man of extraordinary bulk and stature : દૈત્ય;દાનવ;અસુર;રાખસ; રાક્ષસ.2.A person of extraordinary strength or powers, bodily or intellectual: શરીરકે બુદ્ધિના બળમાં રાક્ષસ જેવો જબરો માણસ. *a* Like a giant: રાક્ષસ જેવું; રાક્ષસી.

Giantess,(જાઇઅંન્ટેસ્)*n*.A woman of extraordinary size:રાક્ષસી; રાક્ષણી; રાક્ષસણી.

Giantlike, (જાઇઅંન્ટ્લાઇક્) *a*. Of unusual size;gigantic;huge:રાક્ષસ શરીરવાળું;કદાવર; વિશાળ; ઝંખવર; જબરજસ્ત.

Giaour,(જાઉર્)*n*.An infidel:ગ્રાસ્ત્રનિંદક;નાસ્તિક.

Gibberish(ગિબ્બરિશ)*n*.Rapid and inarticulate talk; jargon: નહિ સમજ પડે એવી ઉતાવળી બોલી;લવારો; બકબક; બલબલ.

Gibbet, (જિબ્બેટ્) *n*. [L. *gibbus*, hunched.] A kind of gallows: વધસ્તંભ;ફાંસીનું ચોઢવું. 2. The jib: ચારી-ભાર ઉંચકવાના સંચાના જે બહાર નિકળેલા હાથથી ભાર ઉપાડવામાં આવે છે તે. *vt*. To hang and expose on a gibbet:ફાંસી દેવી.2.To expose to infamy; blacken:-નું બદનામ-બેઆબરૂ કર;-ની હાંસી-ફજેતી કર;વગોવવું.

Gibbosity(ગિબ્બૉસિટિ)*n*.The state of being gibbous or gibbose; gibbousness: ઢેકો;ખાંડ;કુબડાપણું.

Gibbous,(ગિબ્બસ્)*a*.Protuberant; convex:બહાર નીકળતું;બાહ્યગોળ;બિંબાકાર.2.Hunshed;humpbacked: ખુંધવાળું.

Gibe,(જાઇબ્)*vi*.To rail; to fleer; to scoff:ગાળ દેવી; હાંસી-મશ્કરી કર; રહેવું મારવું.*vt*. To deride;to scoff at; to mock: મશ્કરી-હાંસી કર;-ની ચેકડી કર.*n*.A scoff;a taunt;a sneer: મશ્કરી;મેહેણું;હાંસી;ચેકડી;મળક; ટોળ.

Giddiness,(ગિડિનેસ્)*n*.The quality or state of being giddy:ફેર; ચક્કર;ધુમરી;તંમર;આંધી; ચાચલ્ય; ચાપલ્ય;ચપળતા

Giddy,(ગિડિ) *a* Light headed; dizzy: ફેર ચક્કર-ભ્રમણવાળું; ચક્કર આવેલું;ફરેલું; વિભ્રાન્ત.2. Promoting or inducing giddiness:ફેર-ચક્કર-તમ્મર આવે-ચઢે તેવું. 3. *Gyratory*; whirling: ગોળ ચક્કરમાં ફરતું. 4. Fickle; wild; thoughtless; heedless:અદૃઢ;ઠેકાણા વગરનું; અવિવેકી; અવિચારી;ગાફેલ; વિચારશુન્ય; તુરંગી; ફલી ગએલું:ચઢાઉ.**G.***height*: ફેર-ચક્કર આવે એટલું ઉંચાણ.*vi*. To reel; to whirl:ફિરકી ઉપર વિંટાળવું;ગોળ ચક્કર માં ફેરવવું.

Gift,(ગિફ્ટ્)*n*.A present; an offering:ઇનામ;બક્ષીસ; નજરાણું. *Charitable* **G**:દાન.2.The act,right, or power of giving or bestowing: આપવાનું-કામ; હક અથવા શક્તિ; દાન;દાનાધિકાર.3 A bribe; anything given to corrupt: લાંચ. 4.A preeminent and special talent or aptitude;faculty:સ્વાભાવિક;બુદ્ધિ; હોંશિયારી; શક્તિ; ગુણ; ઇશ્વરદત્તબુદ્ધિ આપકળા.5.(*Law*) A voluntary transfer of real or personal property,without any consideration:બક્ષિસ.6.Right or power of giving or conferring: આપવાની સત્તા અથવા ગજું-અધિકાર.*vt*.To endow with some power *or* faculty:કાંઇ શક્તિ-બુદ્ધિ આપવી.

Gifted,(ગિફ્ટેડ્)*a* Talented;having any particular power,talent or ability: ખરો બુદ્ધિમાન-શાળી.

Gig,(ગિગ્)*n* A fiddle: સારંગી.*n*.A giglot:રમતિયાળ-રખડેલ છોકરી-છોડી. *n*.A top or whirling:ભમરડો. 2. A light carriage: એક ઘોડાની બે પૈડાની હલકી ગાડી-બગી.3. A long, light row boat: લાંબી હલકી હોડી.

Gigantic, (જાઈગૅન્ટિક્)*a*.[L.*gigat*, giant.] Of extraordinary size: રાક્ષસી;રાક્ષસ જેવું;અતિ મ્હોટા કદવાળું; અતિ મોટું; ગંજાવર. 2. Immense; tremendous: અતિશય;ધ્રુંજ; ભયાનક;મોટું;જબરું;વિલક્ષણ; અજબ જેવું; ઘોર;દારૂણ;મહાભારત;અદ્‌ભૂત.

Giggle, (ગિગલ્)*vi*.To laugh in a light manner: હિહિ-હાહા હસવું. કરવું; ખડખડ હસવું *n*. A kind of laugh:હિહિ હાહા હસવું તે.

Gild, (ગિલ્ડ્)*vt*.To overlay with a thin covering of gold;to cover with a golden color:ઉપર સોનાનું પાતળું પતરૂં ચઢાવવું; સોનાનો ઢોળ ચઢાવવો;સોનેથી રસવું 2.To adorn; to brighten:શણગારવું; ચકચકીત કરવું;ખુશનુમા કરવું; શોભિતું કરવું; તેજસ્વી-પ્રકાશિત કરવું.3.To give a fair but deceptive outward appearance to: ઓપવું;ઉપરથી સારૂં દેખાય તેમ કરવું; ઢાંકવું શોભિતું કરવું. 4.To make red with drinking: દારૂ પાઇને લાલધુમ જેવું કરવું-બનાવવું.

Gilder,(ગિલ્ડર્)*n*.One who gilds: રસણીઓ;રસનાર.

Gilding, (ગિલ્ડિન્ગ્) *n*. The art or practice of overlaying or covering with gold leaf: સોનેથી રસવું તે;સોનાનો ઢોળ;રસાણ; રસણ;ઓપ. 2. Gold in leaf; power of liquid:સોનાનો વરખ ભૂકો કે ઢોળ.

Gill (જિલ્)*n*.An organ for aquatic respiration; a branchia: ચુંઇ; ક્રાસે દ્રિય.2 A wattle: પક્ષીની ચાંચ નિચે લટકતી માંસની ઝુલ; ગલચું.ડી. 3. The flesh under or about the chin: હડપચીની તળેનું અથવા આસપાસનું માંસ.*n*.A leech: જળો. *n*.A narrow valley containing a stream: ઝરાવાળી સાંકડી ખીણ *n*. A young woman; a flirting or wanton girl: જુવાન સ્ત્રી;નખરાંબાર જુવાન સ્ત્રી.2.Malt liquor:જવનો દારૂ.

Gill,(જિલ્)*n*.A measure of capacity,containing one-forth of a pint:એક તરેહનું ઝરતર-માપ.

Gilt,(ગિલ્ટ્)*n*.A female pig when young: જુવાન ડુકરી.*a*.Gilded;covered with gold:રસેલું;ઢોળ ચઢાવેલું. *n*.Gilding: રસાણ; રસણ; ઢોળ. 2. Money: પૈસો દોલત.

Gimcrack,(જીમ્ક્રૅક્)*n*.A toy:રમકડું; પુતળી 2.A gew gaw: હલકી કીમતનું ઝપકદાર રમકડું. A tivial mechanism: સહેજ જુક્તિ; સહેજ જુક્તિવાળું રમકડું.

Gimlet, (જિમ્લેટ્)*n*.A small tool for boring holes: સારડી; ટોપણ; ગીરમીટ.**G***eye*,a squint eye: બાડી-ત્રાંસી આંખ *vt*. To pierce with a gimlet: સારડીથી ચારવું.

Gimp, (ગિમ્પ્)*n*.A kind of trimming:એક જાતની રેશમી ફીત-દોરી-પટી.*vt*.To make or furnish with gimp: દોતા પાડવા-ફીત મુકવી.

Gin(જિન્)*Prep*.Against; towards: સામે;તરફ *Conj*. If: જો. *vi*. *Imp*. **gan***p.p* **gun** or **gan**.To begin: શરૂ કરવું;આરંભવું. *n*. A strong alconolic liquor, distilled from rye and barley: જનદારૂ.*n*. Contrivance;artifice; snare:યુક્તિ;પ્રપંચ;દાવપેચ;જળ; પારા;ફાંસો. 2. A machine for raising or moving heavy weights: મોટા ભાર ચઢાવવાનું-ઉતારવાનું યંત્ર.3.A cotton gin: ચરખો;રૂબોઢવાનો સાંચો;જન. *vt*. To catch in a trap:ફાંસા કંદામાં નાંખવું; પાંજરામાં પકડવું;ફસાવવું.2. To clear of seed by a machine:લોઢવું.

Ginger,(જિન્જર્)*n*.A plant of the genus *Gingiber*:આદુ.*Dry g*.: સુંઠ.

Ginger-bread, (જિન્જર્-બ્રેડ્)*n*.A kind of plain sweetcake seasoned with ginger:આદાનો રસ નાખીને બનાવેલી ગળી રોટલી.

Gingerly, (જિન્જર્લિ)*adv*. Cautiously;timidly;daintily: સંભાળીને;બીકથી બળવીને; સંભાળપૂર્વક; યુક્તિપુર-સર;સાવધાનતાથી; ધીમે ધીમે; ઠળવે રહીને;સફાઇથી.

Gipsy,(જિપ્સિ)*n*. One of a vagabond race: ઠામેઠામ રખડતા લોક પૈકીનું એક.2 The language of these people: એ લોકોની માર્મિક ભાષા.3. A name of slight reproach or banker to a female implying artific or roguishness: લુચ્ચારાંડ;પહોંચેલી. 4. A language used by gipsies:જીપ્સિની ભાષા.

Giraffe(જિરૅફ્)*n*.The camelopard જીરાફ; જરખ.

Gird, (ગર્ડ્)*n*.A twinge; a pang: તીવ્ર વેદના;શૂળ;ચાટકો.2.A gibe. a sneer: મશ્કરી;મેહેણું; કરડાગીનું વચન; મ્હેણું. *vt*. To strike; to smite: મારવું;દુ:ખ દેવું.2.To mock;to gibe: મશ્કરી-મ્હેણું કરવું;મેહેણું મારવું.*vi* To gibe;to sneer: મશ્કરી કરવી; મેહેણું મારવું.*vt*. *Imp*. & *p.p*. **girt**. or **girded**. To encircle or bind with any flexible band: વિંટવું; ફરતું બાંધવું 2.To make fast by binding with a cord,bandage, &c.: બંધ-દોરી-પટાથી કશીને-જકડીને બાંધવું.3.To surround; to encircle: વીંટી-ઘેરીલેવું;-ની આસપાસ ફરી વળવું; ફરી-વિંટાઇવળવું; ઘેરવું. 4. To invest: વિંટાળવું; પહેરાવવું 5. To prepare; to make ready: તૈયારી કરવી;સજ્જ થવું. *To* **g***on*, to put on: પહેરવું;બાંધવું;લટકાવવું.

Girder,(ગર્ડર્)*n*. One who girds; a satirist:ઉપહાર કાવ્ય રચનાર. *n*. A main beam:ધરણ;તુલી;તુલહ;ભારહ;ગરડર

Girdle,(ગર્ડલ્)*n*.A griddle:રોટલી શેકવાની છાબર;તવો; તાવડી; કહાઇ. *n*. A circumference; anencloqure;

a belt:કમરપટો; કંદોરો; કમરબંધ; પહો;મેખલા;કટિબંધ; મંડલ. 2. The zodiac:રાશીચક્ર;મંડલ;ચક્ર.(*b*) Also, the equator: વિષુવવૃત્ત; ભૂમધ્ય રેખા. 3.A thin bed of stone: પથરાનું પાતળું પડ-થર; થર;**g.** *wheel*,ચરખો;રેંટીઓ.*vt.*To bind with a belt; to girl:કમરપટો બાંધવો;પટે વતી કમ્મર બાંધવી.2.To environ: ઘેરો નાંખવો;લપેટવું;ઘેરી લેવું;-ની પાછળ વિંટાઈ વળવું.

Girl,(ગર્લ્)*n.*A young person of either sex;a child: છોકરું. 2. A female child;a young maiden: છોકરી;પોરી;બાલા;કુમારી;કન્યા; યુવતી. 3.A female servant; a maid servant: ચાકરડી;ઝી ચાકર;દાસી.

Girlhood, (ગર્લ્હુડ્)*n.* State or time of being a girl: કુમારીત્વ; બાલ્ય;કૌમાર્ય.

Girlish, (ગર્લિશ્)*a* Like a girl; innocent:કન્યાવત; છોકરીની માફક; નિરપરાધી;કન્યારૂપ.

Girt,(ગર્ટ્)*vt.*To gird.to encircle: બાંધવું;લપેટવું.2.The measure the girth of:-નો પરિઘ-ઘડાઇ માપી જોવી.

Girth,(ગર્થ્)*n.* A strap or band which encircle the body,especially one by which a saddle is fastened upon the back of a horse: પટો; ઘોડાનો તંગ. 2. The measure round the body the cfroumference of anything:ઘેર; ઘેરાવો;ફેર;ફેરાવો.

Gise,(જાઇઝ્)*vt.*To feed or pasture: ખવડાવવું;ચરાવવું.*n.*Manner : રીત.

Gist, (જિસ્ટ્)*n.*[L.*jacio*,I throw.] A resting place: આરામ લેવાની જગ્યા.2.The pith of a matter: મુદ્દાની વાત;મુદ્દો;હાર્દ; પિંડિતાર્થ;નિષ્કર્ષ;ભાવ;મુખ્યવિષય.

Give, (ગિવ્)*vt. Imp.***gave**, *p.p.* **given**. To bestow; to confer; સમર્પવું;દાન કરવું;અર્પણ કરવું; આપી દેવું; આપવું.2.To pay: (પૈસા) આપવા 3. To produce; to emit: ઉત્પન્ન-પેદા કરવું;-માંથી નિકળવું.4.To communicate or announce;to render or utter: આપવું;કહેવું;નિવેદન કરવું; જણાવવું;પ્રદર્શિત કરવું.5.To permit;to allow to license: રજા-છૂટ-પરવાનગી આપવી;-ના જાગ્યમાં હોવું.6. To exhibit as a result;to show:-થી આવવું નિકળવું.7.To devote or apply one's self: પાછળ વળગવું-લાગવું; નીચત પડવી;મંડ્યા રહેવું;-માં પરાયણ થવું. 8.To allow or emit by supposition:ધારવું; ગણવું,લેખવું.9. To attribute;to assign;to adjudge: કારણ જાણવું;નિમવું;કરાવવું.નિર્માણ કરવું. *To* **g** *away*,to transfer:છોડી દેવું; આપી દેવું;બીજાને નામે ચઢાવવું.*To* **g.** *back*;to return:પાછું આપવું.*To* **g.** *the bag* to cheat: ઠેતરવું;જુલાવામાં નાંખવું *To* **g.***birth to*,(*a*)to bear or bring forth,as a child: જન્મ આપવો.(*b*)To originate:થી નવું રચવું બનાવવું;પેદા કરવું.*To chase*: પછવાડે-પાછળ પડવું.*To* **g.***ear to*,to listen: કાન ધરવો;-નું ગણકારવું; નું કહ્યું સાંભળવું,ધ્યાન-લક્ષ દેવું.*To* **g.** *forth*, to public: પ્રકટ-જાહેર-પ્રસિદ્ધ કરવું;કહેવું; જણાવવું.*To* **g.***ground*:to recede: પરથી હાથ ઉઠાવવા; નમતું મુકવું. *To* **g.** *the hand of*: પરણાવવું;-નું લગ્ન કરી આપવું.*To* **g.***in*,(*a*) To abate; to deduct: ઓછું-કમી કરવું;ઘટાડવું; નમ્યું આપવું;નમતું મૂકવું.(*b*)To declare; to make known:જણાવવું;જાહેર કરવું; કબૂલ-માન્ય કરવું;જાણીતું કરવું. *To* **g.***the lie to*,to tell that he lies:તે જુઠો છે-જુઠું બોલે છે એમ કહેવું.*To* **g.***off*,to emit: માંથીઆવવું નિકળવું. *To* **g.***out*, (*a*)to declare: જાહેર કરવું;જણાવવું;પ્રસિદ્ધ કરવું; વાત ચલાવવી.(*b*)To emit: માંથી નિકળવું-આવવું.*To* **g** *over*, (*a*) to quit: છોડી દેવું;વહેવું-રખડવું મુકવું; તજવું;થાકીને મૂકી દેવું.(*b*)To despair of:-ની આશા મૂકવી.*To* **g.** *tongue*, to bark:ભસવું. *To* **g.** *up*, [*a*) to abandon;to surrender: છોડી-મૂકી દેવું;-ને તાબે કરવું. (*q*)To make public; to reveal: જણાવવું; જાહેર કરવું;કહેવું. *To* **g** *one's self up*,to despair: આશા મૂકવી *To* **g** *way*,(*a*)to withdraw;to give place: માર્ગ મૂકવો-આપવો;કોરે ખસવું.(*b*) To yield to force or pressure: બેસી-ધબી જવું; ઢીલી-ભાગી જવું;વશ આધીન થવું.*vt.*To give a gift or gifts:બક્ષીસ આપવી. 2.To relax: બેસી જવું;ઢાબેથી સંકોચાવું;ઉંડું ઉતરી પડવું;કળી જવું. 3. To become soft or moist:નરમ-પોચું અથવા ભીનું થવું.4.To move;to recede: ખસવું; પાછું જવું-હઠવું. 5. To shed tears;to weep:આંસુ પાડવા; રડવું;અશ્રુસ્રાવ કરવો.*To* **g.***in*,to yield; કબૂલ કરવું;નમતી મૂકવી;તાબે-વશ આધીન થવું;અંગીકાર-સ્વીકાર-માન્ય કરવું; *To* **g.** *off*;to cease;to forbear:અટકવું;સહન કરવું.*To* **g.** *out*, to fail;to be exhausted: પોતાનું જોર કાઢી નાંખવું; વાપરવું;આવી રહેવું; થાકી જવું; થકે રહેવું; પૂરું થઇ જવું. *To* **g.** *over*, to desist:અટકવું; બંધ પડવું;મૂકી દેવું; વિરામવું.*To* **g.***up*, to cease from effort;to despair:છોડી-મૂકી દેવું;-થી નાહમ્મેદ થવું;બંધ પડવું;વિરામવું.

Given,(ગિવન્)*a.*Granted;assumed: માની લીધેલું;સ્વિકૃત.2.Disposed inclined: વલણવાળું .3. Stated; fixed: અમુક આપેલું.

Giver,.(ગિવર્)*n. A* bestower; a Grantor:આપનાર-બક્ષનાર;દાતા.

Gives, (જાઇવ્ઝ્) *n. Pl.* Fetters: સાંકળ;બેડી.

Giving, (ગિવિન્ગ્)*n.* The act of bestowing:દાન;અર્પણ;સમર્પણ. 2. a gift;a benediction:આશીર્વાદ;દુવા.

Gizzard, (ગિઝર્)*n.* [L.*gigeria.*] The second,or true muscular stomach of birds,in which the food is crushed and ground:પક્ષીની હોજરી-છાતીમાં ચાવવાનો કોઠો. To *fret the* **g.**;to harass;to worry: કંટાળો આપવો;હેરાન કરવું; થકવવું; પજવવું.

Glacial, (ગ્લેશિઅલ્)*a.*[L.*glacia*, ice.]Frozen:icy: ઠરી ગયેલું;બાકેવાળું-નું.2. (*Chem*) Resembling ice: બરફના જેવું; હિમરૂપ;કાચ જેવું.

Glacier, (ગ્લૅશિઅર્)*n.*[L.*glacies*, ice.]An immense field or steam of ice,formed in the region of perpetual snow: બારેમાસ થયેલા બરફનો ઢગલો;હિમક્ષેત્ર;બરફનો પટ-ઢગ.

Glacious, (ગ્લેશિઅસ્)*a.*Icy: બરફ સંબંધી-નું-ના જેવું;હિમમય;હિમરૂપ.

Glacis,(ગ્લેાસિસ્)*n.*A gentlo slope or a smooth; gently sloping bank:ઉતરતો કીનારો;કરાડો;રેવણી.

Glad, (ગ્લૅડ્)*a.* Pleased; joyous; happy; cheerful: આનંદિત;હર્ષિત; પ્રસન્ન;પ્રમુદિત;રાજી;ખુશી;સુખી; આનંદી. 2.Expressing or exciting joy; આનંદમય;ખુશકારક;હર્ષજનક; આનંદપ્રદ;રળીયામણું.*vt.* To cheer to gladden:રાજી-ખુશી કરવું; આનંદ-હર્ષ પમાડવો.*vi.*To rejoice: ખુશી-રાજી હોવું; આનંદ હર્ષ પામવો.

Gladden, (ગ્લૅડન્) *vt.* To make glad;to cheer;to please:ખુશી-આનંદિત હર્ષિત પ્રસન્ન-રાજી કરવું. *vt.* To become glad;to rejoice: રાજી-ખુશી થવું;આનંદ પામવો.

Glade,(ગ્લેઇડ્)*n.*An open passage through a wood:વન-ઝાડીમાં રસ્તો; વનમાર્ગ;વનમાં ખુલી જગા.

Gladiate,(ગ્લૅડિએટ્)*a.*[L. *gladius*,sword.]Sword-shaped: તરવારના આકારનું.

Gladiator,(ગ્લૅડિએટર્)*n A* sword player: તરવારથી રમનાર. 2. One who engages in any fierce

combat or controversy:કોઇ લડાઇ કે તકરારમાં તત્પર થનાર માણસ-મહા પહેલવાન.

Gladly, (ગ્લૅડ્‌લિ) *adv.* Preferably: પસંદ પડે તેમ. 2. Joyfully; cheerfully; eagerly: આનંદથી; ખુશીથી; આતુરતાથી;આનંદપૂર્વક; પ્રસન્ન ચિત્તથી.

Gladness, (ગ્લૅડનેસ્‌) *n.* Pleasure; cheerfulness:ખુશી; આનંદ; હર્ષ; હરખ;સંતોષ; આહ્લાદ; હલ્લાદ.

Gladsome. (ગ્લૅડ્‌સમ્‌) *a.* Pleased;cheerful:રાજી;ખુશી; આનંદી. 2. Pleasing:આનંદમય; ખુશકારક; હર્ષજનક;રમણીય;રગ્ય.

Glair, (ગ્લૅર્‌) *n.* [L. *clarus*, clear] The white of egg:ઇંડાનો ધોળો ભાગ-સફેતી. 2. Any viscous substance:કોઇ પણ ચીકણો ધોળો પદાર્થ. *vt.* To smear with the white of an egg: ઇંડાના ધોળા ભાગથી ખરચવું. રગદોળવું.

Glamour, (ગ્લેમર્‌) *n.* Illusion: જંત્ર મંત્રથી થતી નજરની ભ્રાન્તિ.2. Witch craft:જાદુ; કલમ; ધંતરમંતર; નજરબંધી;ઇંદ્રજાળ.

Glance, (ગ્લાન્સ્‌) *n.* A sudden flash of light:ઝબુકો;ઝબકારો;ચળકાટ; 2. A quick cast of the eyes;a glimpse: આંખનો પલકારો; આંખ; કટાક્ષ;નેત્રવિશેષ-કટાક્ષ; દ્રષ્ટિક્ષેપ. 3. An incidental thought:અકરમાત વિચાર; સ્ફુરણ; સ્ફુરિત; સુચના; ટીકા. *vi.* To shoot or emit a flash of light; to shine:તેજના કિરણ ફેંકવાનાંખવાં;ચળકવું; ઝબુકો ઝબકારો થવો;પ્રકાશવું. 2.To dart aside: ત્રાસું ઉડી જવું;કતરાતાં જવું. 3. To look with a sudden,rapid cast of the eye: ઉતાવળી નજર-દ્રષ્ટીથી જોવું; આંખ પલકાવવી;કટાક્ષથી જોવું; કટાક્ષ મારવી. 4. To allude;to hint: વિશેષોલવું;લાગ પાડવું; સુચના કર 5. To twinkle: ઝગઝગવું;ઝબકવું;ચળકચળક કર-થવું. *vt.* To shoot or dart suddenly or obliquely:એકદમ-ત્રાંસુ છોડવું.2. To hint at: ના તરફ ઇશારો-આંગળી કર; સહજ નજર કર; ફેરવવી.

Gland-Glandule (ગ્લૅન્ડ્‌-ગ્લૅન્ડ્યૂલ્‌) *n.* [L.*glans*. acorn.] Any small gland for secreting something in the body: રસની શરીરમાં નાની કોથળી;માંસગ્રંથિ; માંસપિંડ.

Glanders, (ગ્લૅન્ડર્ઝ્‌) A highly contagious and very destructive disease of horses, mules,asses,etc:ઘોડા; ખચ્ચર તથા ગધેડાં વિગેરેને થતો એક જાતનો ચેપી રોગ.

Glare, (ગ્લૅર્‌) *vi.* To shine with a bright; dazzling light: ઝગઝગવું. 2.To look with fierce,piercing eyes: ઉગ્ર દૃષ્ટિથી-કરડી નજરે જોવું;ઘુરકાવવું. 3. To be ostentatiously splendid or gay:ઝગઝગાટ રહેવું;ઝળકવું.*vt.*To shoot out, or emit, as a dazzling light:ઝળઝળ કાઢવું-ઉત્પન્ન કર. *n.* A bright dazzling light;splendor: ઝળઝળાટ; ઝળઝળું-અજવાળું તેજ; અતિ પ્રકાશ. 2. A fierce,piercing look or stare: ઘુરકાયું;ઉગ્રદૃષ્ટિ;ક્રોધ દૃષ્ટિ.3. A viscous substance:ધોળો ચીકણો પદાર્થ.

Glaring (ગ્લૅરિન્ગ્‌) *a.* Clear; notorious: ઝળઝળીત; ખુલ્લું; સ્પષ્ટ; દેખીતું; પ્રત્યક્ષ;ચોખ્ખું;હરહકકું;ઉઘાડું.

Glass, (ગ્લાસ્‌) *n.* A hard, brittle, translucent, and commonly transparent substance: કાચ. 2. Any substance having a peculiar glassy appearance:કાચના જેવા આકારનો પદાર્થ 3.(*a*) A looking glass;a mirror: દર્પણ;તકતો;આરસીસો; ચાટલું.(*b*)An hour-glass: રેતીનું ઘડીઆળ;કલાક જાણવાની શીશી;ઘડી.(*c*) A drinking vessel; a tumbler: કાચનો પ્યાલો-પવાલું-જમ; કાચપાત્ર; ગલાસ (*d*)An optical glass;a lense; દર્શકકાચ; દર્શનયંત્ર; દર્શન કાચ. (*e*) A barometer:હવા માપન યંત્ર.(*f*) *pl.*Spectacles;ચશ્મા; ઉપનેત્ર.*Glass work*:કાચ બનાવવાનું કારખાનું. *Musical* g.:જલતરંગ.*vt.*To reflect, as in a mirror;ચાટલા-આરસીમાં પ્રતિબિંબ પડવું.2.To glaze: કાચ જડવો.

Glassy, (ગ્લાસિ) *a.* Made of glass; vitreous:કાચનું બનાવેલું;કાચનું; કાચમય.2. Resembling glass in its properties:ગુણમાં કાચને મળતું; સ્વચ્છ;નિર્મળ;કંચનજેવું. 3. Dull;lack-luster:મંદ;સુસ્ત;ઝાંખું.

Glaverer, (ગ્લૅવરર્‌) *n.* A flatterer: ખુશામતીઓ;ખુશામત ખોર.

Glaze, (ગ્લેઝ્‌) *vt.*To furnish with glass: કાચ બેસાડવો-નાંખવો-જડવો. 2.To render smooth, glass-like or glossy: ઘુંટવું; કાચજેવું લીસું કર; ઓપ દેવો-ઘૂંટો કર, લાખોટવું; ચળકાટ-સફાઇ આપવી.*vi.*To become glazed: કાચથી જડાવું. *n.* Anything used as a coating or color in glazing:ઓપ;રોગાન;ઘૂંટો. 2. A glazing oven:કાચ પકવવાની ભઠ્ઠી.

Glazier, (ગ્લેઝહર્‌) *n.* One whose business is to set glass:કાચ બેસાડનાર-જડનાર.

Glead, (ગ્લીડ્‌) *n.* A live coal:જીવતો કોયલો;અંગારો;ધમધગતો ભાળો.

Gleam, (ગ્લીમ્‌) *n.* A shoot of light;a beam:a ray;a glimpse: તેજનો ઝબુકો; કિરણ; તેજકિરણ; સેર; સ્ફુરણ;લવ;કણ; થોડું જરા. *Not a g. of*:જરા પણ નહિ. 2. Brightness; splendor:ચળકાટ;પ્રકાશ; પ્રભા; કાંતિ; તેજ;ચકચકાટ; ચળકી *vi.* To shoot, or dart,as rays of light:પ્રકાશનાંતેજનાં કિરણો નિકળવાં. 2. To shine; to glitter:ચળકવું; પ્રકાશવું. *vt.* To shoot out:નીકળવું;ફૂટવું;પ્રસરવું.

Gleamy, (ગ્લીમિ) *a.* Darting beams of light;flashing:ચળકતું; પ્રકાશ-તેજનાં કિરણ પ્રસારતું.

Glean, (ગ્લીન્‌) *vt.*To gather after a reaper;to collect in scattered parcels:દાણા વીણવા; દાણે દાણે ભેગું કર.2.To gather from (*a field*) what is left: જે બાકી રહ્યું હોય તે ખેતરમાંથી વીણી લેવું. 3. To collect with patient and minute labour to obtain: અતિશય મહેનતથી-ખંતથી એકઠું કર; મેળવવું; મહા મહેનતે-માથાકુટ કરીને ભેગું કર.*vi.* To gather ears of grain: અનાજના કણસલાં એકઠા કર. 2.To gather anything by degrees:ધીમે ધીમે કાંઇક એકઠું કર.

Gleaner, (ગ્લીનર્‌) *n.* One who gathers afterreapers:પરેલા દાણા વીણી લેનાર. 2. One who gathers slowly with labor:ધીમે ધીમે મહેનતથી એકઠું કરનાર;સંગ્રહ કરનાર.

Glebe, (ગ્લીબ્‌) *n.*[L. *gleba*, clod.] A lump;a clod:ઢોંકરો; ઢેકું;ગચ્છું;મનનું ઉપલું પડ;ભોય. 3. Land belonદાડી.2. Turf; soil;sod:જમીન;જમીનગ to a parish charch:ધર્માદાદેવળની જમીન.

Glee, (ગ્લી) *n.* Music; minstrelsy: ગાયનકળા; ગાવા વગાડવાની કળા.2.*Joy*; gayety;merriment; આનંદ; મોજમજા;ખુશમકકી;ખાવા પીવાની મજા; સહેલ;હર્ષ;હલ્લાસ.

Gleeful, (ગ્લીફુલ્‌) *a.* Merry; gay; joyous: આનંદી; મોજમજા મારનારો; હર્ષિત; હર્ષયુક્ત.

Gleet, (ગ્લીટ) *n.* A transparent mucous discharge from the membranes of the urethra, commonly an effect of gonorrhea:પરમીઓ;મેહવિકાર;પ્રમેહ; મધુમેહ.*vt.*To flow in a thin, limpid humour: પાતળા;સાફ શરીરના રસનું વહેવું-જવું;ઝરવું. 2.To flow slowly, as water:પાણીની પેઠે ધીમે ધીમે વહેવું.

Glen, (ગ્લેન્‌) *n.* A secluded and narrow valley; a dale:ખીણ;ખો.

Glib, (ગ્લિબ્‌) *a* Smooth;slippery:

લીસું; લપસી પડાય એવું.9. Fluent; voluble:બોલકણું; વાચાલ; તેજ ઝબાન વાળું;લબલબ બોલે એવું;ઝટપટ હાલે એવું *n.*A thin lock of hair, hanging over the eyes:લમર. *vt.* To castrate;to geld:નામર્દ કરવું;અંડકોષ કાપવા;ખારસી કરવી.

Glide,(ગ્લાઇડ્)*vi* To move gently and smoothly:હળવે રહીને લપસીજવું;સરી જવું; સરકી જવું; વહી જવું; ધીમે-બેઠે ઘાટે ચાલવું-વહેવું.

Glidingly, (ગ્લાઇડિન્ગ્લિ) *adv.* In a gliding manner: આરતે આરતે; ધીમે ધીમે;હળવે રહીને.

Glim,(ગ્લિમ્)*n.* Brightness;splendor:ચળકાટ;તેજ;ઝબકો.2. A light or candle:દીવો;બત્તી; દીવટ *Douse the glim:* દીવો રાખો કરો.

Glimmer,(ગ્લિમ્મર્) *vi.* To shine faintly;to show a faint; unsteady light: ઝાંખું તેજ આપવું; ઝાંખું બળવું.*n.*A faint, unsteady light or gleam: ઝાંખું તેજ-કિરણ; ગંદું પ્રકાશ;અંધપ્રકાશ.2.Mica:અબરખ.

Glimmering, (ગ્લિમ્મરિન્ગ્) *n.* Faint,unsteady light: ઝાંખું;મંદ તેજ 2. A faint view or idea:અપૂર્ણ વિચાર;સૂચના;ધસારત;આભાસ;ઝાંખી; છાયા;ભાન.

Glimpse,(ગ્લિમ્પ્સ્)*n.* A sudden flash;a transient luster: ક્ષણિક તેજ પ્રકાશ-કિરણ; મંદપ્રકાશ; ઝાંખી. 2. A hurried view:ઉપર ઉપરની નજર-દેખાવ;ઝાંખી; આભાસ;છાયા 3.*A* fain idea:સૂચના;સ્ફુર્તિ;સ્ફુરણ;ધસારત. *vi.* To appear by glimpses: ઝાંખું-જેવું તેવું દેખાવું; રહી રહીને-ઝબુકીને દેખાવું. *vt.*To catch a glimpse of: -નો આભાસ-ઝાંખી લેવી.

Glist,(ગ્લિસ્ટ્)*n.* Mica:અબરખ.

Glisten,(ગ્લિસ્ન્)*vi* To sparkle;to shine:ચળકવું;ચકચકવું;તગતગવું;ઝળકવું; પ્રકાશવું;ઝળકાટ મારવો.

Glister,(ગ્લિસ્ટર્)*vi* To sparkle;to shine;to glitter:ઝગઝગવું; તગતગવું; પ્રકાશવું;ઝગકવું; ચકચકવું. *n.* Glitter; luster:પ્રકાશ; તેજ; ઝગઝગાટ.

Glitter, (ગ્લિટ્ટર્)*vi.* To sparkle with light;to gleam:ઝગઝગવું; ચળકવું;ચળકાટ મારવો; ઝગઝગવું.ચકચકવું; ઝળકવું;તગતગ થવું; ચળકાટ મારવો 2. To be showy, specious or striking:ભપકાદાર-ભોહક હોવું; આંજનાંખે તેવું હોવું.*n.*A bright sparkling light;brilliancy ચળકાટ;તેજ; દીપ્તિ;કાંતિ;ઝગઝગાટ;ચમક;સ્ફુરણ;પ્રકાશ; ઝબક;ઝબકો;લબલબ;અજવાળું.

Gloaming,(ગ્લોમિન્ગ્)*n.*Twilight; dusk:સંધ્યાકાળનું ઝળઝળીયું; ઝળઝળું. 2-Decline:ઉતરતી અવસ્થા;પાછલો પહોર *a.* Melancholy: ઉદાસી.

Globard,(ગ્લોબર્ડ્)*a.*A glow-worm: આગીઓ કીડો.

Globate, (ગ્લોબેટ્) *a* [L. *globus,* ball.]Spherical:ગોળ;ગોળાકાર.

Globe,(ગ્લોબ્)*n.*[L.*globus,* ball.] A ball;a sphere: ગોળો; ઘનવર્તુલ; દડો;પિંડો 2. Anything which is nearly globular in shape: લગભગ ગોળાના આકારની ચીજ. 3. The earth; the terraqueous ball:પૃથ્વીનો ગોળો;પૃથ્વી; ભૂગોળ; ભૂમંડલ;ધરતી. 4 A round model of the world:પૃથ્વીના આકારનો ગોળો.

Gloat, (ગ્લોટ્) *vi.*To look steadfastly: ટકટક જોઇ રહેવું (ધણું કરીને ખોટા અર્થમાં–એટલે કોઇના દુઃખ ઉપર) ખુશી થઈને જોઇ રહેવું-તકાવવું; ટમટમી રહેવું; આંખમાં ઘાલીને જોવું. g.*of the eye:*આંખનો ડોળો.

Globose-Globular,(ગ્લોબોસ્-ગ્લોબ્યુલર્)*a.* [L *globous*] Spherical: ગોળાકાર.ગોળાળ;મંડલાકાર; ગોલાકૃતિનું.

Globule,(ગ્લોબ્યૂલ્)*n.* [L. *globus,* globe]A little globe:નાના ગોળો; ગોળી.2. A little pill:નાની ગોળી.3. A substance closely allied to albumen which forms the main ingredient of the flood: બધા પ્રાણીઓનાં લોહીમાંના નાના ચપટા ગોળાકાર કણ.

Glomerate, (ગ્લોમરેટ્) *a.* [L *glo, mus*] Gathered together in a roundish mass:ગોળ વિટાળેલું;ગુંડાવું-પિલ્લું કરેલું. *vt.* To gather or wind into a ball:ગોળ વીંટાળવું.

Gloom,(ગ્લૂમ્)*n.*Partial or total darkness, obscurity:થોડું કે પૂર્ણ અંધારું;અંધકાર;તિમિર; આંધી. 2. A shady gloomy or dark place or grove: અંધારી-ઉદાસ જગ્યા અથવા ઝાડની ઘટા-કુંજ.3 Melancholy;aspect of sorrow:ઉદાસી;શોક;ખિન્નતા; ગ્લાનિ;ગ્લાનિ *vi* To shine or appear obscurely or imperfectly: અપૂર્ણ-અંધાર જેવું દેખાવું. 2. To become dark or dim: અંધારું-ઝાંખું થવું.*vt* To render gloomy or dark:કાળું-અંધારું કરવું. 2. To make sad or sullen: ઉદાસીત-શોકાતુર કરવું.

Gloomily,(ગ્લૂમિલિ)*adv* In a gloomy manner:ખિન્નગીરીથી;શોકાતુરપણે.

Gloomy,(ગ્લૂમિ) *a.* Dusky; dim; clouded: અંધારું; અંધકારવાળું-મય; ઝાંખું. 2. Melancholy; dejected: ઉદાસ;શોકાતુર;ખીન્ન;ઉદ્વિગ્ન;ગ્લાન.

Gloriation, (ગ્લોરિએશન્) *n.* [L. *gloria,*glory.]Boast;a triumphing:અહંકાર;મગરૂરી-બી.

Gloried, (ગ્લોરીડ્)*a.* Illustrious; honorable;noble:પ્રખ્યાત;નામાંકિત; આબરૂદાર;ઉમદા; પ્રતિષ્ઠિત.

Glorification,(ગ્લોરિફિકેશન્)*n,*[L. *glorificatio*] The act of glorifying or of giving glory to:ગુણવર્ણન;પ્રશંસા; સ્તુતિવાદ; ગુણકીર્તન; યશોગાન.2. The state of being glorified:પરમપદ પ્રાપ્તિ.

Glorify,(ગ્લોરિફાઇ)*vt.* [*Imp.* & *p. p.*glorified.][L.*gloria.*glory & *ficare,*to make.]To confer honor and distinction upon:-ની સ્તુતિ-પ્રશંસા કરવી; બહોમાન-ગૌરવ આપવું; નો મહિમા માનવો;ને માન પ્રતિષ્ઠા આપવી; કીર્તિમાન કરવું.પરમ પદ આપવું; વખાણવું. 2. To acknowledge the excellence of;to give homage to: માન આપવું; ગુણ ગાવા; ભજન-કીર્તન ગાવાં;નાં ગીત ગાવાં.

Glorious,(ગ્લોરિઅસ્)*a.*[L *gloria,* glory.] *P*raiseworthy; noble; splendid; excellent; illustrious સ્તુત્ય;વખાણવા યોગ્ય;વિખ્યાત; ઉમદા; કીર્તિમાન; યશસ્વી; પ્રખ્યાત; તેજસ્વી; ઓજસ્વી; મહાઉજવલ; પ્રતાપી; પ્રતાપશાલી; વિશિષ્ટ; શ્રેષ્ઠ; ઉત્કૃષ્ટ; પરમ. 2. Haughty, boastful; eager for glory or distinction:પ્રખ્યાત થવાને માટે આતુર;મગરૂર-બ; મહિમાવાળું.

Glory,(ગ્લોરિ)*n.*[L. *gloria.*]High reputation; honorable fame; renown:જયશ્રી;તેજ;પ્રતિષ્ઠા;યશ.કીર્તિ; ખ્યાતિ; પ્રતાપ; મહિમા; નામના; માહાત્મ્ય;ગૌરવ;માન; આબરૂ;શોભા; મોભાઇ; સ્તુતિ;વખાણ.2. Excellency; brilliancy; splendour: ખૂબી;મહિમા; નામના; વડાઇ; બ્હોટાઇ. 3. *P*ride; arrogance: મગરૂબી-રી; અહંકાર; અભિમાન; મદ; ગર્વ; બડાઈ; કુલાશ; 4.The presence of the Divine Being;celestial honor; heaven: ઇશ્વર સાન્નિધ્ય;સ્વર્ગનું સુખ;સ્વર્ગ; મોક્ષનિર્વાણ;પરમપદ.*Vain.* g: અભિમાન;પતરાજ;કુલાસ;કુલ ગર્વ; બડાઇ. *vi.* To exult with joy; to rejoice: હરખાવું;આનંદ પામવો; રાજીખુશી થવું. 2. To boast; to be proud:કૂલાઇ-બડાઇ-અહંકાર-ગર્વ માનવું-કરવું; પતરાજી-શેખી કૂલ મારવી.

Gloss, (ગ્લૉસ્) *n.* Brightness; luster;polish:ઓપ; ઓપણી; ઉપરનો ઝકૈદ;સફાઈ; ચળકાટ. 2. *S*uperficial quality or show: ઉપર ઉપરનો ગુણ બહારની ઉતરપટ્ટી અથવા દેખાવ; ટાપ-

દીપ;બાહ્યશોભા-કાંતિ. *vt.* To give a superficial luster or gloss to: ઓપવું;ઓપણી કર. *n.* [L. *glossa*, a difficult word needing or uncommon word requiring explanation:જે શબ્દને માટે કાંઇ સમજુતી જોઇએ એવો બીજી ભાષાનો અથવા અઘરો શબ્દ. 2. An explanatory note or comment:ટીકા;અર્થ; વ્યાખ્યા;ટિપ્પણ;સમજૂતી.3. A false or specious explanation: ખોટી સમજુતી. *vt.* To illustrate: to explain;to annotate: સમજાવવું; સમજુતી આપવી; અર્થ કર. 2. To render plausible: ગળેહ આપવી; ઓપવું;દાપદીપ કર; સારૂં દેખાડવું. *vi* To comment;to explain: સમજાવવું; સમજુતી આપવી; વિવરણ;વ્યાખ્યાની-ટીકા કર. 2. To make sly remarks or insinuations: માર્મિક ટીકા કર;છૂપાં મહેણાં મારવાં.

Glossary (ગ્લૉસરિ) *n. Pl.* **Glossaries**,A dictionary;a vocabulary:ગ્રંથમાંના અપ્રસિદ્ધ શબ્દનો કોષ; શબ્દકોષ;કૂટાર્થ શબ્દકોષ; શબ્દસંગ્રહનિઘંટ;વિશેષાર્થ કોષ;પારિભાષિક કોષ.

Glossiness, (ગ્લૉસિનેસ) *n.* The luster or brightness of a smooth surface:મોહોરો;સફાઈ;ગળેહ;ઓપ.

Glossy,(ગ્લૉસિ) *a.* Smooth and shining: highly polished: ઓપેલું;ચળકતું;સફાઇદાર; ઉજળું; તગતગીત; ચકચકીત;ગળેહદાર; મોહરેદાર;. 2. Specious;plausible: ઉપર ઉપરથી સારૂ દેખાય એવું;દાપદીપવાળું.

Glottis,(ગ્લૉટિસ્)*n.* [Gr. *glottis*, mouth of the windpipe] The opening from the pharanx into the larynx or into the trachea: દમ લેવાની નળી;શ્વાસમાર્ગ;શ્વાસદ્વાર

Glove, (ગ્લવ્)*n.*A cover for the hand,or for the hand and wrist with a separate sheath for each finger: હાથનું મોજું.2.A boxing glove: મુક્કા મુક્કી કરવાનું મોજું. To *be hand and g. with*: ની સાથે નિકટ સબંધ હોવો;સારી ઘરવટ હોવી; To *handle without gloves*, ઉંચે દીલે-ખાટા મનથી વર્તવું.*To take up the* g.: લડવા હા પાડવી; બીડું લેવું *To throw down the* g : લડવા આવવાનું આમંત્રણ કર;લડાઇનું બીડું ફેંકવું. *vt.*To cover with.a glove: મોજું પહેરાવવું.

Glow, (ગ્લો)*vi.* To shine with an intense or white heat;to be incandescent: તપવું; ઝગમગવું. 2. To exhibit a strong, bright color:ખીલવું; ખીલી-દીપી રહેવું; લાલચોળ થવું; રહો લાલ થઈ જવું; રહોએ શેરડા પડવા.3. To burn: બળવું;સળગવું;તપવું;શેકાઈ જવું. 4. To feel the heat of passion:બળવું; જુસ્સો-આવેશ આવવો;-ને ઉભળકા-ઉભરો આવવો.*vt.*To make hot; to flush: તપાવવું;લાલ કર. *n.* White or red heat;incondescence: ઘણી ગરમી; તાપ;દાહ;તેજ;દીપ્તિ.2. Brightness of color; redness:લાલાશ; લાલી; રક્તતા.3.Intense excitement or earnestness: અતિ ઉગ્ર જુસ્સો; ઉગ્રતા;જુસ્સો;જોમ.

Glowing, (ગ્લોઇન્ગ્) *a.* Shining with an intense or white heat; ચકચકીત;ઝગમગતું;પ્રદીપ્ત;જ્વલિત; લાલચોળ.2.Having intense excitement:જોસવાળું ;ઉભરાવાળું; ઉગ્ર;પ્રચંડ.

Glow-worm, (ગ્લો-વર્મ)*n.*(*Zool*) A coleopterous insect of the genus *Lampyris*:આગિયો કીડો.

Gloze, (ગ્લોઝ્)*vi* To flatter; to wheedle;to fawn: ખુશામત-આજીજી કર;મીઠી મીઠી વાતો કર.2.To misinterpret: ખોટોઅર્થ કર; ફોસલાવવું; અવળા પાટા બંધાવવા;પટાવવું. *vt.* To smooth over;to palliate:છાવરવું; સમજાવી વાળવું;-નો ખોટો અર્થ કરવો; ઉપર ઉપરથી સારો જણાય એવો અર્થ કર.*n.*Flattery;adulation: ખુશામત;પ્રશંસા;વખાણ;આજીજી. 2 Specious: ભપકો;દાપદીપ;ઓપ;ગળેહ.

Glue, (ગ્લૂ)*n.*[L *gluo*,I draw together.]A hard;brittle;brownish gelatine,obtained oy boiling the skin,hoofs;etc,of animals: સરેશ *vt.*To join with glue or a viscous substance:સરેશથી જોડવું-ચોડવું-સંધાડવું-ચોંટાડવું

Gluey, (ગ્લૂઇ)*a.*Viscous; glutinous: ચીકણું;ચોંટે તેવું.

Glum,(ગ્લમ્)*n* Sullenness:ઉદાશી; ચાડ,ચિડિયાપણું.*a.* Moody; silent; sullen: ચૂપ;ઉદાશીન;ગ્લાન; ખિન્ન.

Glut, (ગ્લટ્) *vt.* [L. *glutire.*] To gorge: એકદમ ઓહીઆંકરી જવા. 2. To fill to satiety; to satiate; ધરાવી નાંખવું;કંઠ સુધી ભરવું; ઠાંસીને ખાવું;અત્ય તસરવું;ટકોટક ભરવું.*To* g. *the market*: કોઇ પણ જાતનો માલ બજારમા જરુરથી-અતિશય ભરી દેવો .*vt.* To eat gluttonously or to satiety: ધરાઇને ગળાસુધા ખાવું; દાબી ગળાને ખાવું;અકરાતિયા થઇને ખાવું; ગળચવું.*n.*That which is swallowed: એકદમ ઓહીઆ કરી દીધેલું ભક્ષ.2. A full supply;overabundance:રેલછેલ;ઢાંકી;અતિતૃપ્તિ. 3. Something that fills up an opening;a clog: જેથી કોઇ કાણું દરપુરાય તે;અટકાવ. 4. (*a*) A wooden wedge: લાકડાની ફાચર.(*b*) A small piece of brick: ઇંટનો કકડો.

Gluten, (ગ્લૂટેન્) *n.* [L. *glue*] (*Chem.*)The Viscid, tenacious substance which gives cohesiveness to dough: લઉંનું કુંચ;ચીક.

Glutinate, (ગ્લૂટિનેટ્) *vt.* [L. *gluten*,glue.]To unite with glue; to cement:સરેસથી ચોંટાડવું-વળગાડવું.

Glutinous,(ગ્લૂટિનસ્)*a.*Viscous; viscid;adhesive; gluey: ચીકણું; ચીકટું;સ્નિગ્ધ;લસલસાલ.

Glutton, (ગ્લટન્)*n.* [L *gluto.*] A gormandizer: અકરાંતીઉ ;પુષ્કળ ખાનાર;ઐદી; અતિઆહારી-ભક્ષાસુર 2. A carnivorous mammal:એક પ્રકારનું પશુ.*a.*Gluttonous;greedy: અકરાંતીઉ;અતિશય ખાનાર;અતિઆહારી;બહુભોજી;ભક્ષક *vt.*To eat voraciously: અકરાંતી આપણે ખાવું.

Gluttonous,(ગ્લટનસ્)*a.* Eating to excess;voracious:બહુ ખાનારૂં; અત્યાહારી,બહુભક્ષી; અતિભોજી.

Gluttony,(ગ્લટ્નિ)*n. Pl.* **Gluttonies**, Voracity: અકરાંતીઆપણું; અત્યાહાર; અતિભોજન.

Glycerine, (ગ્લિસેરાઇન્) *n.* [*Gr. glukeros*,sweet.] An oily, vescous liquid of a sweetish taste: મધ જેવો જાડો મિઠો પ્રવાહીપદાર્થ; ગ્લીસરાઇન.

Gnarl, (નાર્લ્) *vt.* To growl; to snarl: ગુરગુરવું; ખીજઇને બોલવું.*n.*A twisted knot in wood:ગાંઠ;ગાંઠો.

Gnarled (નાર્લ્ડ)*a.* Knotty; full knots: ગાંઠોગાંઠાવાળું.

Gnash,(નૅશ્)*vt.*To strike together as in anger or pain: દુઃખ અથવા ચીડથી-ખીજથને દાંત પીસવા-કકડાવવા. *vi* To strike the teeth together: દાંત પીસવા-કકડાવવા-કચકચાવવા.

Gnat(નૅટ્) *n.* A blood-sucking dipterous;fly: મચ્છર;ડાંસ.G *strainer*: નળવી બાબતોને માટે ચીકણાવેડા-ચાપાચીપી કરનાર.

Gnatling,(નૅટ્લિન્ગ્) *n.* A small gnat:નાનો મચ્છર;મચ્છરનું બચ્ચું.

Gnaw,(નો)*vt.*To nibble at: દાંતવડે-થી જરાજરા કોતરી-કરડી ખાવું. 2. To bite in agony or rage:દુઃખ-ગુસ્સામાં દાંત પીસવા-કરડવા. 3. To corrode; to fret away: ધીમે ધીમે ખાઇ-ખવાઇ જવું.*vi.*To bite with repeated effort: કરડી-કોતરી ખાવું.

Gnomon,(નોમોન્)*n.*[Gr.*gignosco* to know.] The style or pin, which,by its shadow,shows the hour of the day: કાંટો; શંકુ;ઘડિ.-યંત્રની ઉભી કાતરડી 2.*A* style or column erected perpendicularly to the horizon: કૃષ્ટિ મર્યાદાની ઉપર ઉભી કરેલી ઉંચાઇ.3.The space included between the boundary lines of two similar parallelograms,the one within the other with an angle in common:સમાન્તર બાજુ ચોખુણના બે પૂરક પૅરિપ્લેમેન્ટને એક ચોરસની બનેલી આકૃતિ.

Gnostic,(નૉસ્ટિક્)*n.*[Gr. *gignosco* to know.] One of the so-called philosophers in the ages of Christianity: અદ્વૈત મત માનનારા તત્વ વેત્તાઓનો એક પંથ. *a.* Knowing; shrewd:wise:ચતુર;પહોંચેલો;ચકોર.

Go,(ગો)*vi.*To pass from one place to another;to proceed: જવું;ગતિમાં હોવું;ગમન કરવું.2.To move upon the feet to walk:ચાલવું.3.To pass to circulate:માં ખપવું-ગણવું-ચાલ્યા જવું;મનાવું;લેખાવું;નભ્યા જવું 4.To fare to turn out;to succeed:બનવું;ઉતરવું;થવું;ચાલવું;લાગુ પડવું.5.To tend towards a result:-નું પરિણામ-તરફ વલણ થવું.6.To apply one's self;to undertake: કમ્મર કસવું;માથે લેવું. 7. To be with young;to be pregnant: ને ગર્ભ રહેવો;-ને દહાડા હોવા;ભારેવાયું હોવું.8.To pass away;to depart:જવું;જતા રહેવું. 9.To decline: to die:પાયમાલ-ખરાબ ખસ્ત થઇ જવું;-ના બાર વાગી જવા;મરી જવું;સ્વર્ગવાસી થવું;ગુજરી જવું;રામ શરણ થવું;પડતી થવી 10. To extend: પહોંચવું-જવું 11.To lead:જવું.12.To be going: ની તૈયારીમાં હોવું;-નું કરવું-માં જવું.13. To be current as a phrase or story: રૂઢ હોવું;ચાલવું;હોવું.14.To become:થવું.*To* g.*to show* or *prove*: ઉપરથી નીકળવું-સાબીત થવું.*To* g. *to law*:કોરટે ચઢવું;ફરીયાદ માંડવી.*To* g *to war*:લઢાઇ-વિરોધ કરવો.*To* g *a begging*: તંગીમાં ન હોવું; ખપ ન હોવો; વચ્ચે માથું ઘાલવું.*To go about*, to undertake: માથે લેવું;તૈયારી કરવું;માં જોડાવું-તત્પર થવું-રોકાવું;પાછળ વળગવું-મંડવું.*To go abroad*, (*a*): પરદેશ-વિદેશ જવું;બહારગામ જવું. (*b*) બહાર જવું; જાહેર હોવું; પ્રસિદ્ધ-પ્રકટ થવું; ઉઘાડું પડવું;ચલણમાં હોવું. *To go against*, (*a*)to attack:ના સામે કુચ કરવી;હુમલો કરવો.(*b*)To be disagreeable to: ને અનુકૂળ ન હોવું;-ના વિરોધમાં હોવું. *To go ahead*,(*a*)to go in advance:આગળ જવું.*To go aside*,(*a*)to withdraw;to retire:-માં જવું.(*b*)to err:.ભૂલ-ચુક કરવી; અવળે રસ્તે ચઢવું;થાપ ખાવી. *To go between*,to mediate between: to plander:મધ્યસ્થ થવું-હોવું; વચમાં પડવું;માંજગડ-દલાલી-દલાલું કરવું; કૂટણા થવું;ભડવો કરવો.*To go by*,to omit: કાપીને જવું;મૂકી દેવું;વચ્ચે પડતું મૂકીને જવું;વચ્ચે વહેતું મૂકવું.*To go down*, (*a*)to descend: ઉતરવું;નીચે જવું.(*b*) To go below the horizon:અસ્ત પામવું;ક્ષિતિજમાં નીચે ઉતરવું (*b*) To sink;to founder: ડુબી જવું. *To go for*,(*a*)to go in guest of:-ની તપાસ-શોધમાં હોવું. (*b*) To pass for: તરીકે ચાલવું-ગણાવું-મનાવું;-ના પ્રતિનિધિ થવું; વતીનું થવું-હોવું. (*c*)To favor:-નો પક્ષ-બાજુ લેવી.(*d*)To attack: હુમલો-ચઢાઈ કરવી. (*e*) To sell for:-ને વાસ્તે-લઈને વેચવું;સાટે આપવું. *To go forth*,(*a*) to depart from a place; કોઈ જગ્યાએથી જવું (*b*)To emanate:ઉત્પન્ન થવું;-નીકળવું. *To go in for*(*a*)to favor;-નો પક્ષ લેવો. (*b*)To seek to acquire:-ને મેળવવાનો યત્ન કરવો.(*c*)To compete for: ની સ્પર્ધા કરવી.*To go into or unto*, (*a*)to enter the presence of:-ની રૂબરૂ સમક્ષ-હાજરીમાં જવું. (*b*) To have sexual interconrse with: ની સાથે સંભોગ કરવો;રતિક્રિયા કરવી *To go into*,(*a*)to speak of:-ના વિષે બોલવું.(*b*)To participate in:-માં ભાગ લેવો *To go off*,(*a*)to depart: જવું રહેવું;નાશી જવું; પલાયન કરવું; વેરાઇ જવું.(*b*)To cease:બંધ પડવું;મરી જવું;અટકવું.(*c*)To explode or to be discharged:ઉડવું;ફુટવું;છૂટવું;બાર થવો (*p*)To die: મરી જવું;ગુજરી જવું ગત જવું;સ્વર્ગવાસ કરવો.*To go on all fours*,to correspond exactly, point for point: બરાબર બેસતું-મળતું આવવું;આબેહુબ મળતું આવવું.*To go out*:(*a*)હોલવાઇ બૂઝી જવું; ઘેર જવું જતું રહેવું; મરી જવું. (*b*) to become public: જાહેર-પ્રસિદ્ધ-પ્રગટ થવું. *To go over*, (*a*) to traverse: to cross:ઓળંગવું;પક્ષ બદલવો:સામા પક્ષમાં જવું;સામેપાર જવું. (*b*) To examine;to review: મનન કરવું;મનમાં ઉતારવું;વાંચવું; અભ્યાસ કરવો; તપાસવું; વિચારી જોઇ જોવું.*To go over one's accounts*: પોતાનો હિસાબ-નામું તપાસી જવું.(*c*)To surpass:- થી શ્રેષ્ટ-ચઢીઆતું હોવું.(*d*)To be postponed મુલતવી મોકૂફ-બંધ રહેવું. *To go through*,(*a*)to accomplish:પૂર્ણ-પુરૂં કરવું;પારપાડવું;પાર નીકળી જવું; સિદ્ધ કરવું.(*b*)To suffer: ખમવું; સહન કરવું; સહેવું;વેઠવું; ભોગવવું.(*c*)To exhaust: ખરચી-વાપરી નાંખવું;ઉડાવી દેવું. (*d*) માંથી-થઇને જવું. *To go under*, (*a*) To set આથમવું.(*b*) To be known or recognized by થી ઓળખાવું; કહેવાવું; પ્રસિદ્ધ-જાણીતા થવું.(*c*)To be defeated:હાર ખાવી; હારવું;પરાજય પામવું.*To go up to*,to prove abortive;to fail:નિષ્ફળ જવું; ફોગટ-વ્યર્થ-નકામું હોવું. *To go with*; (*a*)to accompany:નો સંગાથ-સાથ કરવો;-ની સાથે જવું (*b*) To agree with:-ની સાથેના મતને મળતા આવવું; અનુમત થવું. *To go without*, to be destitute of:-ના વિનાના હોવું; વગર ચલાવવું-નભાવવું. **To go wrong**,(*a*)to wander or stray: ભટકવું;રખડવું;આથડવું. (*b*) To depart from virtue: અસત્યે-કુમાર્ગે ચાલવું. (*c*) To happen unfortunately: કમનશીબે બનવું;કમ ભાગ્યે થવું-હોવું. *ot.* To undertake; to bear a part in:માથે લેવું;-માં ભાગ લેવો;સરખા ભાગિયા થવું. 2. To bet or vager:સરત મારવી; હોડ બકવી. *To go halves*: અડધો અડધ વાંટી લેવું.*To go it*,(*a*)to behave in a wild manner:જંગલી રીતે વર્તવું; (*b*)To proceed: આગળ વધવું-જવું. *To go in blind*,(*a*) to act in a rash or reckless manner:બેદરકારથી તમા કીકર વિના વર્તવું-ચાલવું. *To go one's way*,to depart: જવું;જતા રહેવું.*To g.shares with*: ભેરે ભાગે રાખવો.*To g. equal risk*: સરખું જોખમ લેવું.*To go on errand*: ટાંપે જવું.*n.*Act;operation: કામ; કર્મ; વ્યાપાર. 2. A circumstance or occurrence;an incident:બનાવ; વૃત્તાંત;મીના;હકિકત. 3.The fashion or mode: રીત; રીવાજ; પ્રકાર. 4. Noisy merriment: ખુશાલી;હર્ષ; આનંદ.5.Energy; vitality; perseverence:શક્તિ;બળ;તેજ;દમ; જીવ; ખંત;ખમીર; ખમવાની શક્તિ. *No go* a failure:નિષ્ફળતા;હાર.*On the* g., moving about;unsettled:અસ્થિર;ઠેકાણા વગરનું. *Little* g.: પદવીની પરીક્ષાની પહેલી અતરીયાળ પરીક્ષા. *Great* g :પદવીની પરિક્ષા.*G.in*:હુમલો.

Goad,(ગોડ્)*n.*A pointed instrument used to urge on a beast: આર;પરોણો; પરોણી; અંકુશ. *vt.* To prick;to drive with a goad; to urge forward: આર ભોકવી; અંકુશ મારવું; પરોણી વોચવી-ઘાલવી; ગોદીને

આગળ ચલાવવું; ઉરફેરીને-ચઢાવીને-પજવીને-ધકેલીને આગળ ચલાવવું.

Goal,(ગોલ્)*n.*The place at which a race or a journey is to end: મુકામ; મર્યાદા; અવધિ; અંત; અંતસ્થાન; અવસાનભૂમિ. 2. The final purpose or aim:આખર-અંતની ધારણા; ઉદ્દેશ; લક્ષ્ય; સાધ્યવસ્તુ;ચોટ;નિશ્ચાન,આશય; અભિપ્રાય. 3. A base, station,or bound used in various games:સરત દોડવાની હદ.

Goat,(ગોટ્)*n.*[L *aaedus*,a young goat;a kid.]A hollowhorned ruminant of the genus *capra*: બકરો;અજ;બોકડો;(*b*) A brothel: વેશ્યાનું ઘર;ખાંજરૂં.

Goat-herd,(ગોટ્-હર્ડ્)*n.*One who tends goats:ભરવાડ;રબારી;બકરાચારૂ.

Goatish(ગોટિશ્)*a.*Characteristic of a goat;goatlike:બકરાજેવું.

Gob (ગોબ્) *n.*A little mass:નાનો જથ્થો.2 A mouthful: મોંમા માય એટલુ.3.The mouth: મોં;ડાચું; ધુંધું.

Gobble, (ગોબ્લ્) *vt.* & *vi* To swallow or eat hastily or greedily; to gulp:ગપાગપ ખાવું; ભચડભચડ ખાવું.2.To utter like a Turkey cock: તુર્કસ્તાનના મરઘાની પેઠે ગળક ગળકના જેવો અવાજ કર. *n.* A noise in the throat: ગળામાથી કાઢેલો અવાજ.

Go-between, (ગો ખીટ્વીન્)*n.* An intermediate agent;a broker;a procurer:દલાલ;કુટણો-ણી; ભડવો.

Goble,(ગોબ્લેટ્)*n* A kind of cup or drinking vessel:પ્યપાત્ર; પ્યાલો;પવાલું;જામ.

Goblin,G(ગોબ્લિન્)*n.*[Gr. *kobalos*, an impudent rogue.] An evil or mischievous spirit;a frightful phantom:પિશાચ; ભૂત;પ્રેત; વૈતાલ;રાક્ષસ;નિશાચર.G. *all*:ભૂતખાનું.

Go-by, (ગો-બાઇ) *n.* Intentional neglect; a passing without notice;a shifting off:ખડતા કરવું-ઉડાવવું; તે વિદાયગીરી;પાણીચું.

Go-cart,(ગો-કાર્ટ્)*n* A framework moving on casters, designed to support children while learning to walk:નાના બચ્ચાંની ચાલણ ગાડી;પાગળી ગાડી.

God,(ગોડ્)*n.*A divinity;a deity; an idol:દેવ;દેવી;દેવતા;ઇશ્વર; પરમેશ્વર; પ્રભુ. *Dismissal of* **g.** s:દેવો ત્યાપન; દેવતા વિસર્જન. *Inferior* **g.**·ઉપદેવ;ઉપદેવતા.*Local* **g.**:અધિદેવતા ક્ષેત્રપાલ;સ્થલદેવતા. *Tutelar* **g.**:ઈષ્ટદેવ; ઇષ્ટદેવતા; કુળદેવ·દેવી. 2. The supreme being: ઇશ્વર; પરમેશ્વર; પ્રભુ;આદિપુરૂષ; પરમાત્મા;કર્તા; જગત્કર્તા સ્વયંભૂ.G.*of Gods*:દેવાધિદેવ.**God's** *acre*.**God's***field*,a burial place; a churchyard: મુડદાં દાટવાની જગા; સ્મશાન; મશાણ; દખમું; કબરસ્તાન.

God's *house*,(*a*)An almshouse: ધર્મશાળા.(*b*)A church:દેવળ.3. An object of supreme regard; a person or thing deified & honoured as the chief good:પ્રભૂ મૂર્ત્તિ;દેવ;મહાત્મા સાક્ષાત પરમેશ્વર; દેવરૂપ;દેવાંશી.**God's***penny*, earnest penny:બાનાનો પૈસો. *vt.* To treat as a god; to idolize:તન મન ધન દેખવું;દેવ જેવું માનવું.

God-child (ગોડ્-ચાઇલ્ડ્)*n.*A godson or god daughter: ધર્મ પૂત્ર-પૂત્રી;ધર્મ કન્યા-સૂતા.

Goddess,(ગોડેસ્)*n.*A female god: દેવી;માતા.2.A woman ef superior charms or excellence: શ્રેષ્ટ ભાવ-ગુણતાવાળી અથવા ઉત્તમ સ્ત્રી.

God-father(ગોડ્-ફાધર્)*n.*One who becomes sponsor for a child at baptism, and makes himself a surety ror itt Christian training and instruction: ધર્મબાપ-વાલી; ધર્મપિતા;જે પુરૂષ ખ્રિસ્તી બાળકના બાપ્તિસમને વખતે તેની વતી કોલ કરે ને તેને ધર્મનું ભણાવવાનો જુમ્મો માથે રાખે તે ધર્મ પિતા. *vt.* To act as a godfather to:-નાધર્મ પિતા તરીકે વર્તવું

God-head, (ગોડ્હેડ્)*n.* Godship; godhood: ઇશ્વરપણું; દેવત્વ; ઈશ્વરત્વ; ઐશ્વર્ય.2.God;the supreme being: દેવ;પરમેશ્વર;પરમાત્મા.3A goddess:દેવી.

Godless(ગોડ્લેસ્)*a.*Impious;wicked:નાસ્તિક;પાપી;અનીશ્વરવાદી અધર્મી.

God-like, (ગોડ્-લાઇક્)*a.* Divine: ઇશ્વરી;દેવરૂપ-તુલ્ય;દેવોમય; દિવ્ય. Preeminently good:ઉત્તમ;સરસ; શ્રેષ્ટ; અલૌકિક.

Godliness(ગોડ્લિનેસ્)*n.*The state or quality of being godly;piety: ઈશ્વરભક્તિ-નિષ્ઠા-પરાયણતા; પરમાર્થબુદ્ધિ. *Path of* **g.**:ભક્તિમાર્ગ.

Godly, (ગોડ્લિ)*a.* Pious;devout; righteous:ઇશ્વરભક્ત; પવિત્ર; સદાચારી; ભગવતી; ધર્મનિષ્ટ; ધર્મપરાયણ; ધાર્મિક;ઇશ્વરનિષ્ઠા.*adv.*Piously: પવિત્રતાથી;સદાચારથી.

Go-down,(ગો-ડાઉન્) *n.* A warehouse:વખાર;ગોદામ;ગોદી.

God-send,(ગોડ્-સેન્ડ્)*n.*:Something sent by god;an unexpected acquisition or piece of good fortune: ઇશ્વરની અણધારી કૃપા;ઓચિંતો લાભ;ઇશ્વરપ્રસાદ.

God-speed(ગોડ્સ્પીડ્)*n.*Success; prosperous journeying:ફતેહમંદી-નિર્વિઘ્ન પ્રવાસ.*To bid one* **g.** *speed*: ફતેહ પામો એવો કોઇને આશીર્વાદ કહેવો.

Goggle(ગોગ્લ્)*a.F*ull and rolling or staring(*eyes*)આણીગમ તથા પેલીગમ ફરતી.*vi.*To roll the eyes; to stare:આંખ આણીગમ પેલીગમ ફેરવવી. *n.*A strained or affected rolling of the eye:ડોકેરવવા તે.

Goggles,(ગોગલ્ઝ્)*n.pl.*(*a*)A kind of spectacles:એક જાતનાં ડાબલીઆં ચસમાં.(*b*)Any screen or cover for the eyes of horses:ઘોડાની આંધારી.

Going,(ગોઇન્ગ્)*n.*Travelling:મુસાફરી.2.Departure:જવું-ચાલ્યા પડવું તે; ગમન. 3.Pregnancy; childbearing:ગર્ભ;ગર્ભાધાન;ગર્ભકાળ.4.Course of life; doings; ways: હીલચાલ; વલણ;રીત;રસ્તો.

Goitre, (ગોઇટર્) *n.* [L. *guttur*, throat.]An enlargement of the thyroid gland,bronchocele:ગળગંડ;ગળાઉપર રસોળી; વરસોળી; પાકું.

Gold, (ગોલ્ડ્) *n.* A metallic element, constituting the most precious metal used as common commercial medium of exchange:સોનું;સુવર્ણ;કનક;કંચન;હેમ. 2: Money;riches;wealth: પૈસો;દોલત; ધન;પુંજી;દ્રવ્ય. 3. A yello color: પીળોરંગ.4. Something precious or pure: સોનું; દીવો; ધન્ય;અમુલ્ય; સ્વચ્છ વસ્તુ. *Gold diggings*, the place where gold is found by digging:જે જગ્યાએ ખોદવાથી સોનું નિકળે છે તે. *Goldendman* (*a*) A buyer of old gold or jewelry: જુના સોનાના અથવા જવાહીરનો ખરીદનાર. (*b*) A goldsmith's apprentice:શિખાઉ-નવો સોની.(*c*) An rtinerant jeweler:ગામોગામ ફરનાર ઝવેરી.G.*finder* one who empties privies: વાડો-સંડાસ સાફ કરનાર;ભંગીઓ *Gold latten*: સોનાનું પાતળુ પતરૂં.*Gold leaf*. સોનાનો વરખ. *a.* Made of gold or like gold: સોનાનું,સોના જેવું.

Gold-beater,(ગોલ્ડ્-બીટર્)*n.*One who makes extreme thin leaves of gold:સોનાનો વરખ બનાવનાર.

Golden,(ગોલ્ડન્)*a.*Made of gold; consisting of gold:સોનાનું બનાવેલું;સુવર્ણમય;કનકમય. 2. Having the color of gold:સોનેરી;પીળુ .3. Very precious;highly valuable અતિઘણું કીમતી-સારૂં; સોનાના મૂલનું

G.*age*: સતયુગ. *Golden grease*, a bribe લાંચ:દસ્તુરી. *Golden mean*, moderation: વિવેક; મધ્યસ્થપણું; *Golden rule*, (*a*) બીજાઓ આપણી સાથે અમુક રીતે વર્ત્તે તોજ આપણને ગમે તેવીજ રીતે પોતે બીજાઓ સાથે વર્તવાનો નિયમ (*b*) The rule of proportion or rule of three: ત્રૈરાશી.

Gold-finch,(ગોલ્ડ્‌ફિન્ચ્‌)*n*.A kind of bright colored bird:એક જાતનું ચળકતા રંગનું પક્ષી.

Goldsmith,(ગોલ્ડ્‌સ્મિથ્‌)*n*.An artisan who manufactures vessels & ornaments,etc,of gold: સોની.

Golyardeys,(ગોલિઅર્ડિસ્‌) *n*. A buffoon:મશ્કરો;રંગલો;વિદુષક.

Goman,(ગોમૅન્‌)*n*. A husband;a master of a family:ધણી;વર.

Gome,(ગોમ્‌)*n* [L.*homo*,a man.]A man:માણસ.*n*.The black grease on the axle of a cart or wagon wheel:ગાડાના પૈડામાં થતી મળી.

Gondola,(ગોન્ડોલે)*n* [Gr. *kontos*, a pole.] A long narrow boat: એક લાંબી તથા સાંકડી હોડી.2. A flat bottomed boat: માલ લઇ જવા લાવવાની ચપટા તળીઆ વાળી હોડી.

Gone,(ગોન્‌)*p. p*. of **go**: જતું રહેલું; ખોયેલું;નાશ પામેલું:ગત.

Gonorrhœa, (ગોનોરીઅ) *n*. [Gr. *gonos*, semen, & *rheo*, I flow.] (*Med*.) A contagious inflammatory disease of the genito-urinary tract:પરમિયો; પ્રમેહ.

Good,(ગુડ્‌)*a*. [*Compar*. **Better**, *Superl*. **Best**,] Adapted to answer the end designed;useful; fit;excellent;admirable:સારું;બેસતું; મઝેનું;રૂડું; ઉપયોગી; લાયક; ચોખ્ખું; ખાસું;લાખેણું.2. Virtuous; pious; religious: સારું;ભલું; નેક; સત્વશીલ; સત્વસંપન્ન;સાત્વિક;ધાર્મિષ્ટ; ધાર્મિક;સદાચારી;સુજન.3.Kind;benevolent; merciful;polite;gracious:માયાળુ; પરોપકારી; ઉપકારી; દયાળુ; રહેમનજર વાળું. 4. Serviceable; adapted; suitable: ઉપયોગી; સારૂ; લાયક. 5 Clever; skilful; handy: હુંશિયાર; ચતુર;ચાલાક;સરસ;કારીગર.6 Adequate;sufficient:જોઇએ તેવું; વજનદાર; સારું;કસદાર;ચોગ્ય; પાકું; છવદાર; ખબરદાર.7.Real;actual;serious: ખરું; ખરા દીલનું;અંતરનું; વાસ્તવિક. 8. Not small or of no account; considerable:સારું; વ્યવહારિક; મોટું; ઘણું; ઠીક.9. Not deficient; full;complete:પૂરું;બાદ-બોટ વગરનું.10 Fair; honorable:રૂડું; સારું; શુભ; શુદ્ધ;ઇષ્ટ; માંગલિક.*For good* or *for good & all*,fully;truly;finally:પૂરેપૂરું; સંપૂર્ણ; ખરેખર; હમેશને માટે; સામટું *Good folk* or *good people*,fairies: અપ્સરાઓ;વનદેવીઓ; યક્ષોની. *Good for nothing*,useless;worthless: વાપરવાખત જેવું;નકામું; ઉપયોગ વિનાનું; કિંમત વગરનું; નજીવું; માલ-દમ વગરનું; નિર્માલ્ય; નિરૂપયોગી; નિષ્ફળ. *Good speed good luck*:સારું નશીબ;શુભાગ્ય;સુદૈવ. *Good turn*, an act of kindness;a favor:માયા;મહેરબાની; કૃપા.G.*will*, (*a*) benevolence; well-wishing:શુભેચ્છા. (*b*) (*Law*) The custom of any trade or business: કોઇ ધંધો; ધંધાની વરાકી. *To hold* or *stand*,to remain force or effect:અમલમાં રહેવું; એમનું એમ રહેવું; એક સરખી રીતે લાગુ પડવું *To make good*,to fulfil; to indemnify: પાળવું; બજાવવું; સાબેત કરવું; ખોટ પુરી આપવી; ભરી આપવી; મજરે આપવું. G.*day*, g.*morning*, g. *evening*, g.*night*- g. *day*: જુદા જુદાવખતની સલામ. *n*. That which possesses desirable qualities.promotes success,welfare or happiness:સારું; ભલું;રૂડું; સારી;રૂડીવાત;કલ્યાણ;શ્રેય;નેકી. .. Advantage;benefit: ફાયદો;લાભ; ફળ; હિત;ગુણ;ઉપકાર.3.*pl*. Wares; commeditiies:સામાન;જંગમ મિલકત;માલમતા;જણસ. G. s.*train*,a freight train:ભારખાનાની આગગાડી. *Goods car*,a freight car:ભાર ભરવાનું ગાડું.*adv*.Well: ઠીક.*As good as*, in effect; virtually; the same as: વાસ્તવ રીતે;વસ્તુત;તેમજ.*For* g. or *for* g. *and all*:હમેશને વાસ્તે; બેલવેલ્લું;સામટું.

Good-breeding,(ગુડ્‌-બ્રીડિન્ગ્‌) *n*. A polite education:સારી કેળવણી; સજ્જનતા;સૌજન્ય;સભ્યતા;વિનય.સુક્ષિતપણું

Goodby,Goodbye,(ગુડ્‌બાઇ)*n*. or *interj*.Farewell: જતી વખતની સલામ;સાહેબજી;રામરામ;જયજય.

Good-Friday(ગુડ્‌-ફ્રાઇડે) *n*. **See Friday**,

Good-humor, (ગુડ્‌-હ્યુમર) *n*. A cheerful spirit;a good temper: ખુશમિજાજ;ખુશમિજાજ.

Goodliness,(ગુડલિનેસ્‌)*n*. Beauty of form;elegance:ખુબ મસુરતી.

Goodly,(ગુડલિ)*adv*. Excellently: શ્રેષ્ટ-ઉત્તમપણે-રીતે. *a*. Pleasant;agreeable:ખુશ કરે એવું;ખુશકારક;આનંદકારક;મઝાનું; મળતાવડું. 2. Comely; graceful; ખુબસુરત;કુણ્ડું;રૂપાળું. 3. Large considerable:મોટું;ઘણું.

Good-man,(ગુડ્‌-મૅન્‌)*n*,A familiar appellation of civility,equivalent to or "My friend" "Good Sir." "Mister": (માન આપવાનો શબ્દ)ભાઇ;ભલા માણસ.2.A husband; the master of a house or family: ભરથાર;ધણી;માલિક;ઘરવાળો.

Goodness,(ગુડ્‌નેસ્‌)*n*.Excellence kindness;benevolence:ભલાઇ; મેહેરબાની;ખુબી;પરોપકાર.

Good-will,(ગુડ્‌વિલ્‌)*n*. Benevolence;well wishing: શુભેચ્છા;પરોપકારબુદ્ધિ.2.The established custom or popularity of any business or trade: ઘરાકી-વરાગી (વેપારીની.)

Goose,(ગૂસ્‌)*n*. *pl*.**Geese**. [L.*anser*.]Any large web-footed bird: હંસ; હંસણી. 2. Any large bird resembling the common goose હંસની જાતનું મોટું પક્ષી. 3. A silly creature;a simpleton:બેવકૂફ-મૂર્ખ માણસ.*Goose cap*,a silly person: મૂર્ખ-બેવકૂફ માણસ.

Goosberry,(ગુઝબેરી)*n*.The edible berries of a thorny shrub: એક જાતનાં ખાવા લાયક ફળ. 2. A silly; person;a gooscap:મૂર્ખો;ઢઢ્ઢો.

Gordian,(ગૉર્ડિઅન્‌)*a*.Intricate; complicated;inextricable: ગુંચવણ ભરેલું. To cut the g. *knot*:હિમ્મત અને ખૂબ મથીને મુશ્કલી દૂર કરવી.

Gore,(ગૉર્‌) *n*. Dirt; mud: કચરો; કીચડ.2.Thick & clotted blood: બંધાઇ ગયેલું લોહી.3. Blood: લોહી; ખુન. *n*. A wedgeshaped or triangular piece of cloth canvas, etc.2.A small triangular piece of land:જમીનનો એક નાનો ત્રિકોણાકાર કકડો.*vt*.To pierce or wound, as whith a horn; to penetrate with a pointed instrument: શીંગડું-અણીદાર હથીઆર મારવું-ભોંકવું. *vt*.To cut in a triangular shape: ત્રિકોણાકારમાં કાપવું

Gorge,(ગાર્જ્‌)*n*.[L *gurges*,whirlpool.] The throat; the gullet: ગળું;કંઠ.2. A narrow passage or entrance:ખીણ;નેળ;કોતર. 3. The groove of a pulley:ગરગડી-ગરેડીની ખોલણ.*vt*.To swallow:ગળી જવું 2. To glut;to satiate: ગળા નાક સુધી ખાવું; ઓડકારઆવે ત્યાં સુધી ગળચી ગળચીને ખાવું. *vi*.To eat greedily: અકરાંતીયાની પેઠે ખાવું.

Gorgeous,(ગૉર્જ્‌અસ્‌) *a*. Showy; fine;magnificent: ભભકાદાર; શોભા;

ચમાન; વિરાજીત: વિરાજમાન.

Gorget(ગૉર્જેટ્)*n.*A piece of armor defending the throat and the upper part of the breast:કંઠત્રાણ;ગળાનું બખ્તર;એક પ્રકારનું બીજના ચંદ્રના આકારનું છાતી ઉપર પહેરવાનું બખ્તર 2.*A* ruff worn by women: સ્ત્રીઓનું ગળાની આસપાસ બાંધવાનું કપડું.

Gorgon, (ગૉર્ગૉન્)*n.*[Gr.*gorgos*, fierce.]Anything very ugly or horrid:કોઇપણ કદરૂપી વિકરાળ વસ્તુ-રાક્ષસ.*a* Very ugly or terrific: ઘણુંજ કદરૂપું-વિકરાળ.

Gorilla(ગૉરિલ્લે)*n*A large,arboreal,anthropoid ape of West Africa:એક પ્રકારનું પશ્ચિમ આફ્રિકા ખંડમાંનું મોટું જબરું વાંદરું-માંકડું.

Gormand,(ગૉર્મૅન્ડ્)*n.*A greedy or ravenous eater;a luxurious feeder:પુરકળ ખાનાર;ખાઉધર માણસ; અકરાંતીઓ *a.*Gluttonous, voracious: પુરકળ ખાનાર;ખાઉધર.

Gormandize,(ગૉર્મૅન્ડાઇઝ્) *vt.*& *vi.*To eat greedily; to swallow voraciously: અતિ આહાર કરવો.

Gory,(ગૉરિ)*a* Coverd with clotted blood:લોહીબ્યાણ; લોહીથી ખરડાયેલું. 2. Bloody; murderous: ખુની; ઘાતકી.

Gosling, (ગૉસ્લિન્ગ્)*n.*A young goose: હંસનું બચ્ચું.

Gospel(ગૉસ્પેલ્)*n.*A glad tidings; the good news concerning Christ: સુવાર્તા; ક્રાઇસ્ટનું વૃત્તાંત 2.Selection from one of the gospels: ક્રાઈસ્ટના વૃત્તાંતમાં એકમાંની ચુંટણી.3.Anything accepted as infallibly true: કાંઇ ખચિત ખરેજ હોય એમ માનવામાં આવેલું હોય તે; બ્રહ્મવાક્ય; બ્રહ્મસૂત્ર. 4. One of the four narratives of the life and death of Jesus Christ:ઇસુખ્રિસ્તના જન્મ મરણની ચાર વાતમાંનો એક. 5. Any system of religious Doctrine: ધર્મમતદર્શન.6.Any general Doctrine:મત;વાદ;પંથ.*a.* Evangelical:ખ્રિસ્તિશાસ્ત્રના સુવાર્તા નામના ભાગ સંબંધી.*vt.* To instruct in the gospel: ખ્રિસ્તિશાસ્ત્રની સુવાર્તા શીખવવી

Gossamer(ગૉસમર્)*n* Fine spider like threads of any material: ઝીણા કરોળીઆની જળ જેવા તાર-તાંતણા

Gossip,(ગૉસ્સિપ્)*n.*A sponsor;a godfather or a godmother:ધર્મપિતા અથવા મા.2.A friend or comrade; a companion: ભાઇબંધ; દોસ્ત;ગોઠીઓ;સાથી. 3. An idle tattler:ઘેર ઘેર ફરીને નકામી વાતો કરનાર કે ખબર કહેનાર; ગપ્પીદાસ; વાતસુરૂ; વાતોડુ માણસ.4. The tattle of a gossip:નકામી વાતો-ગપ્પો;ગપાટો.*vt.* To stand sponsor to:ના ધર્મપીતા થવું.*vi.* To make merry:ખુશ-આનંદી કરવું.2.To chat;to talk much; બહુવાર લાંબી વાત કરવી;વાતોકરવું.3. To run about and tattle; to tell idle tales: ગપાટા મારવા.

Gossiping, (ગૉસ્સિપિન્ગ્)*n.*Idle talk;gossip: ગપ્પ;ગપાટો.

Got, (ગૉટ્)*Imp.* & *p.p.* of Get, મેળવ્યું;મેળવેલું.

Goth,(ગૉથ્)*n* [L.*Gothi Pl.*) One of an ancient Teutonic race: અસલના ટ્યુટૉનિક લોકો.2. A barbarian;a rude,ignorant person:કોઇ જંગલી માણસ;બબુચક;ભોટ.

Gothic, (ગૉથિક્)*a.*[L.*gothicus*] (*a*)Pertaining to the Goths:ગૉથ લોકો સંબંધી (*b*)Rude;barbarous: જંગલી.(*c*) Devoting a style of architecture with high pointed arches,&c: એક પ્રકારની ઇમારતની એ નામની ઢબ છે તે સંબંધી. (તે ઢબ પ્રમાણે ઉંચી ખુણાદાર કમાનો તથા પાસે પાસે થાંભલા કરવામાં આવે છે.) *n.*The language of the Goths: ગોથ લોકોની ભાષા.

Gouge, (ગાઉજ્)*n.*[LowL.*gubia.*] A Chisel: ફરશી;વિંધણું. 2. *A* groove or cavity scooped out:કોતરી કાઢેલી ઓલણ અથવા પોલાણ.3. Imposition;cheat;fraud:કાવતરું;દગો; છળભેદ;ધૂતારો;ઠગારો. *vt.* To scoop out with a gouge:ફરશી-વિંધણાથી કોરી કાઢવું; કોરવું.2. To cheat in a bargain:વેચવામાં ઠગવું-છેતરવું.

Gourd,(ગૂર્ડ)*n.*[L.*cucurbita*,three celled many seeded fruit, as gourd.] A fleshy, melon, pumpkin,cucumber,etc:દુધી; કાકડી;વિગેરે.2 A deeper or other vessel made from the shell of a gourd: તુમડું; તુમડી; hence, a drinking vessel:જળપાત્ર;કમંડળ.

Gout,(ગાઉટ્)*n.* [L. *gutta*,drop] A drop;a clot: ટપકું;ટીપું બંધાએલું લોહી.2.(*Med.*) A constitutional disease occurring by paroxysms: વાતરોગ;સંધીવા.

Gouty,(ગાઉટિ)*a.* Diseased with gout:સંધીવાના રોગવાળુ .2.Pertaining to the gout:સંધીવા સંબંધી. 3.Boggy:ધાસવાળું;કળાણ હોય એવું

Govern, (ગવર્ન્)*vt.* [L.*guberno*, I govern.]To regulate by authority:રાજ્ય અધિકાર ચલાવવો;હુકમ ચલાવવો.2.To direct; to restrain;to manage:કબજામાં રાખવું; મરજી પ્રમાણે ચલાવવું.3. To require to be in a particular case:(વ્યાકરણમાં)-ના સંબંધમાં (અમુક) વિભક્તિ આવવી.*vi.*To exercise authority;to administer the laws: રાજ કરવું-ચલાવવું; અખત્યાર-સત્તા-હુકમ ચલાવવો.

Governable, (ગવર્ન્બલ્)*a.* Controllable; manageable: રાજસત્તા ચલાવવા લાયક; મરજી પ્રમાણે ચલાવી શકાય તથા દાબમાં રાખી શકાય એવું.

Governess,(ગવર્નેસ્)*n.*A female governor especially one intrusted with the care and instruction of children: બાળશિક્ષક સ્ત્રી.

Governing,(ગવર્નિંગ)*a.*Prevalent; controlling:પ્રાબલ્યવાન; સત્તાવાન;

Government,(ગવર્ન્મેન્ટ)*n.* Control: બંદોબસ્ત;વ્યવસ્થા; અમલ;રાજ્ય અખત્યાર ચલાવવો તે. 3. The mode of governing; the system of: polity in a state: રાજ્યનીતિ-રીતિ-પદ્ધતિ.3. The right or power of governing; authority: રાજ્ય કરવાની સત્તા-હક; અધિકાર; હકુમત. 4. The person or persons authorized to administer the laws: સરકાર;રાજ્ય ચલાવનાર પુરૂષો-શ્રેણી. 5.A state;the body politic governed by one authority: રાજ્ય; સંસ્થાન;સ્વરાજ્યાન.

Governor,(ગવર્ન્ર્)*n.*[L.*gubernator*,a ruler.] One who governs; a chief ruler or magistrate:હાકેમ;રાજ ચલાવનાર; સરસુબો; મુખ્ય રાજ્યાધિકારી.2.A tutor;a guardian: વિદ્યાગુરૂ;અધ્યાપક.3. A pilot: વહાણને હંકારનાર.

Governor-general,(ગવર્નર્-જનરલ્)*n.* A governor who has lieutenant or deputy governors under him: ગવરનર જનરલ; વાઇસરોય;વડો ગવરનર-હાકેમ.

Governorship, (ગવર્નર્શિપ્) *n.* The office of a governor:હાકેમનો હોદ્દો.

Gown,(ગાઉન્)*n.*(*a*)A loose, floping upper germent:ઝભ્ભો; લાંબો ખુલતો ઉપર પહેરવાનો જભ્ભો. (*b*) An official robe: હોદ્દો દર્શાવનારો-જણાવનારો ઝભ્ભો;જભ્ભો.3. Any sort of dress or garb:કોઇ પણ જાતનો પોશાક; ગવન; (અંગ્રેજ સ્ત્રીઓમાં) સૌથી ઉપર પહેરવાનું લુગડું. G.s *man*: જે

ધંધાના લોક લાંબા ઝભ્ભા પહેરે છે તે ધંધાનો માણસ(b)બિન હરકરી પેશો કરનાર

Grab, (ગ્રૅબ)*vt.& vi.* To seize;to snatch;to clutch:પકડવું;ઝરવું. *n.* A sudden grasp or seizure:પકડ. 2.*An* instrument for clutching object for the purpose of raising them: પદાર્થોને ઉંચે ચઢાવવાને માટે તેમને પકડવા-ઝાલવાનું યંત્ર.

Grabble,(ગ્રૅબ્બલ્) *vi.*To grope;to feel with the hands: અંધારામાં ફાંફાં મારવાં; હાથ ફેંફોસી જોવો.2.To lie prostrate on the belly: લાંબા થઈને ઉંધા સુવું.

Grace, (ગ્રેસ્)*n.*[L.*gratia*,favor.] Favor:મહેરબાની;કૃપા; કૃપાદૃષ્ટિ;મહેર. 2.The divine favor towards man; the mercy of God:માણસો ઉપરની પરમેશ્વરની-ઈશ્વરની રેહેમ નજર-કૃપાદૃષ્ટિ. 3.Fortune; luck: નશીબ;ભાગ્ય. 4. Inherent excellence: સ્વાભાવિક અંતરની કુદરતી-ઉત્તમતા;શ્રેષ્ટતા; ભૂષણ; અલંકાર;રત્ન;ગુણ;સુલક્ષણ.5.Beauty: ખુબસુરતી;રૂપાળાપણું; લાવણ્ય.6. The title of a duke or an archbishop:ડ્યૂક નામના અમીરનો કે મુખ્ય ધર્માધ્યક્ષનો ખિતાબ-ઉપનામ. 7. A blessing asked, or thanks rendered,before or after a meal: જમતાં પેહેલા કે પછી ઈશ્વરના પાડની બંદગી;શુકરાના; શુકર. 8. (*pl*) The three sister goddesses in whom beauty was deified:પ્રાચીન યુનાની દંત કથાઓમાં કલ્પેલી ત્રણ ખૂબસુરત અપ્સરાઓ;સૌંદર્યની અધિષ્ટાત્રી દેવીઓ 9.An act or decree of the governing body of an English University: (ઇંગ્લાંડમાં)વિશ્વ વિદ્યાલયના અધિકારીઓનો ઠરાવ-મત. 10. Pardon: માફી. Days of *grace* (*Theol.*),The time of probation: પાપીઓને વિચાર કરવા આપેલી મુદત Day of *grace*(*Com.*), the days immediately following the day when a bill or note becomes due: હુંડી પાકયા પછી (રૂઢી પ્રમાણે આપવાની) મુદત-છૂટના દીવસ. Good *graces*,favor;friendship:મેહેરબાની;કૃપાદૃષ્ટિ;દોસ્તી;મૈત્રી.To do *grace*, to reflect credit upon:નાં વખાણ કરાવવાં; ને શોભાવવું. With a good *grace*,graciously:વાજબી રીતે; રેહેમ કૃપાથી.*vt.*To adorn;to decorate શોભાવવું; દીપાવવું; શણગારવું; સુશોભિત કરવું.2.To dignify or raise with an act of favor; to honor: માનઆબરૂ-શોભા આપવી. 3. To supply with heavenly grace:ઈશ્વરકૃપા કરવી.

Graceful,(ગ્રેસ્ફુલ્) *a.* Elegant; easy;agreeable in appearance; શોભીતું;ખુબસુરત;લાવણ્યતાવાળું.

Graceless, (ગ્રેસ્લેસ્)*a.* (*a*) Departed from or deprived of divine grace;wanting in excellence:ઈશ્વરે વિસારેલું;ખૂબી લાવણ્યતા વગરનું. (*b*) Depraved; corrupt: પાપી;દુષ્ટ;ભ્રષ્ટ;પાતકી;પતિત.

Gracious,(ગ્રેશસ્)*a.* Abounding in grace or mercy; beneficent; merciful: દયાળુ; કૃપાળુ; રેહેમ-નજર-કૃપાદૃષ્ટિવાળું; મેહેરબાન; દયાવંત.2. Graceful;excellent: ખૂબસુરત;મનોહર. 3. Produced by divine grace:ઈશ્વરની કૃપાથી થયેલું-બનેલું.

Graciously, (ગ્રેશસ્લિ)*adv.*In a gracious manner; courteously: રહેમ-કૃપાથી; સારેનશીબે-ભાગ્યે.

Gradation,(ગ્રેડેશન્)*n.*[L.*gradior*,I go.](*a*)The act of progressing by regular steps or orderly: arrangement: ઉત્તરોત્તર-ક્રમ પ્રમાણે ગોઠવવું તે.(*b*)The state of being graded or arranged in ranks: ઉત્તરોત્તર ક્રમ;ચઢ ઉતર રચના.2. Any degree or relative position in an order or series:પાયરી;પદ; પગથિયું;અનુક્રમ.

Grade,(ગ્રેડ્)*n.*[L *gradus*,a step.] *A* step or degree in any series rank,quality,or order: પાયરી;પદવી:દરજ્જો;પગલું; પગથીયું. 2. Deviation from a level surface in an inclined plane: સરખી સપાટી ઉપરથી વાંકી સપાટીમાં જવું તે. *vt.* To arrange in order,steps,or degrees: અનુક્રમ-પદ-પાયરી પ્રમાણે ગોઠવવું.3.To reduce to a level,or to an evenly progressive ascent: બરાબર ઉતરણ કરવું.

Gradient, (ગ્રેડિઅન્ટ)*a* Moving by steps;walking:પગલે પગલે ચાલવું; ચાલતું થતું.2.Rising or descending by regular degrees of inclination:ડગલે ડગલે ચઢતું;ક્રમ પ્રમાણે ચઢતું-ઉતરતું.*n.*The rate of regular ascent or descent in a road:ઢોળાવ; ચઢણ; ચઢાવ.2.*A* portion of a way not level:ઢોળાવ અથવા ચઢવાનો ભાગ.

Gradual,(ગ્રેડ્યૂઅલ્)*a.* Regularly progressive; slow: આસ્તે આસ્તે રફતે રફતે વધતું જતું; ડગલે ડગલે થતું; ક્રમાનુસાર;રફતે રફતે થતું. *n.* *A* service book containing the musical portions of the mass:કિર્તનાળી પ્રાર્થનાપોથી.2. *A* series of steps: પગથિયાં-પગલાં-પાયરીનો ક્રમ.

Gradually,(ગ્રેડ્યૂઅલ્લિ) *adv.* In a gradual manner: આસ્તે આસ્તે; રફતે રફતે.2.In degree: થોડે-કટકેક અંશે-દરજ્જે.

Graduate,(ગ્રેડ્યૂએટ્)*vt.*[L.*gradus*,a step.]To mark with degrees: સરખા અંતરના આંકા-કાપા પાડવા. 3.To admit or elevate to a certain grade or degree: કોઇ અમુક દરજ્જે પાયરીએ ચઢાવવું-2.To prepare gradually: ધીમે ધીમે-આસ્તે આસ્તે તૈયાર-લાયક કરવું-બનાવવું.4 To bring to a certain degree of consistency,by evaporation: બાળી બાળીને અમુક જાડાઇ-ઘટ્ટતાએ ઉપર લાવવું. *vi.*To pass by degrees; to change,gradually:ધીમે ધીમે જવું-બદલાવું. 2.To take a degree in a college or university: વિદ્યાલયમાં ખિતાબ મેળવવો.*n.*One who has received an academical or professional degree:કોઇ વિદ્યા કે કળામાં પદવી-ખિતાબ મેળવનાર;પદધારી; પદવીધર ગ્રેજ્યુએટ.Graduated: અનુક્રમ પ્રમાણે ગોઠવેલું.

Graduated,(ગ્રેડ્યૂએટેડ્)*a.* Marked with or into degree:કાપા પાડેલું 2 (*Zool.*)Tapered: અણીદાર.

Graduator,(ગ્રડ્યૂએટોર્)*n.*Mathematical instrument for graduating or dividing lines into regular intervals: સરખે અંતરે આંકા પાડવાનું હથીઆર.

Graft,(ગ્રૅફ્ટ્)*n.*[L. *graphium*, a pencil.]*A* small shoot or scion of a tree:ઝાડની કલમ.*vt.*To insert a graft in a branch or stem of another tree:કલમ કરવી. 2.To join one thing to another,as if by grafting:બીજાને સાથે સાંધવું-જોડવું-સંયુક્ત કરવું;એક વસ્તુમાં નવી વસ્તુનો પ્રવેશ કરી તેની વૃદ્ધિ કરવી.*vi.*To practise grafting:કલમો કરવી-કરતાં શિખવું.

Grain,(ગ્રેન)*n.*[L.*granus*,grain·] A single small hard seed; a kernel:દાણો;કણ.2.The fruit of certain grasses,which furnish the chief food of man as corn, wheat,rye,&c.: દાણા;ધાન્ય; અનાજ; ધાન.3 Any small,hard particle: દાણો;રજ;કણ.*A g.of sense*: રજ; સમજ.4.The unit of the English system of weights:એક પ્રકારનું સૌથી નાના તોલનું માપ-તોલ;રતી;ચોખો. 5.A reddish dye made from the coccus insect or germs: કીરમજ.5.Texture :બંધારણ; પોત; કુમાસ;ઘટત્વ. 7. The fiber which

Gurgle, (ગર્ગ્લ્)*vi* [L. *gurgulio*, gullet.]To run or flowing a broken,irregular,noisy current.ગળગળ ગળગળ વહેવું.*n.*The act of gurgling;a broken,bubbling voice: અવાજ થવો તે.

Gush, (ગશ્) *vi.* To issue with violence and rapidity;to flow copiously:ખળખળ કરીને બહાર નીકળવું-વહેવું; વેગથી વહેવું;દડદડ નીકળવું. 2.To display enthusiasm in a silly,demonstrative manner: એકદમ-અચાનક છોળાથી કંઇ-હર્ષનો ઉભરો બતાવી દેવો. *vt.* To emit in a copious manner: ધડધડ બહાર નીકળવું તે;પ્રવૃત્તિ;ખળભ.2. Effusive display of sentiment: હર્ષોદ્ગાર.

Gust, (ગસ્ટ્)*n.A* violent blast of wind: પવનનો ઝપાટો-સપાટો. 2. *A* sudden,violent burst of passion: મનનો ઉભરો;ઉદ્ગાર.*n* [L.*gustus.*] The sense of pleasure of tast-

ing;relish:સ્વાદ; રૂચિ. 2. Enjoyment: મઝા;મોજ;આનંદ;ઉપભોગ. 3. Intellectual taste; fancy:શોખ; રૂચિ;અભિરૂચિ;ભાવના;રસ.*vt.*To taste: ચાખવું;-નો સ્વાદ લાગવો.

Gustable, (ગસ્ટેબ્લ્)*a.*Pleasant to the taste;savory:સ્વાદિષ્ટ;લહેજતદાર.

Gusto,(ગસ્ટો)*n.*Relish;taste; fancy:રૂચિ;લહેજત;સ્વાદ;અભિરૂચિ;રસ.

Gut,(ગટ્)*n.A* narrow passage of water:નેહેર;નીક.2. *An* intestine; a bowel:આંતરડું;ઉદર;જઠર.3. One of the prepared entrails of an animal: કોઇ પ્રાણીનાં આંતરડાની બનાવેલી તાંત.4.The sac of silk:રેશમના કીડાના શરીરની રેશમની રસની કોથળી.*vt.*To take out the bowels from:-માંથી આંતરડાં લઈ લેવાં ખેંચી કાઢવાં.2.To plunder:લુંટવું.

Gutta-percha(ગટ્ટે-પર્ચે)*n.*A concrete juice produced by various trees found in the Malayan Archipelago:એક જાતનો ગુંદર.

Gutter,(ગટર્)*n.*[L. *gutta.*] *An* eaves channel;an eaves trough: છાપરાનો નળ-પડનાળ. 2. *A* small channel at the road side or elsewhere to lead off surface water: મોરી;નીક;ગટર.3. *Any* narrow channel or groove: કોરણ;ખોબણ.**G.***snipe:* રખડાઉ;ભટકેલ;ભટકણ; રખડેલ. *vt.* To channel: ગટર-મોરી બનાવવી 2 To supply with a gutter:ગટર-મોરી પૂરી પાડવી.

Guttler,(ગટ્લર્)*n* A glutton:ખાઉધર;અકરાંતિયો, અત્યાહારી.

Guttural, (ગટ્રૅલ્)*a.*[L. *guttur,* throat.]Of, or pertaining to the throat;formed in the throat; કંઠસ્થાની; કંઠસ્થ;કવર્ગનું.*n A* sound formed in the throat: કંઠસ્થાની અવાજ;કંઠ-ગળામાંથી કાઢેલો અવાજ.

Guzzle,(ગઝલ્)*vt. vi.*To eat and drink with haste and greediness:ગટગટ ખાઇ જવું; ગટગટાવી જવું.

Gymnasium, (જિમ્નેઝિઅમ્)*n pl.* **Gymnasiums**. [*Gr. gymnos* naked.] *A* place or building where athletic exercises are performed:કસરતશાળા;તાલીમખાનું; અખાડો; વ્યાયામશાળા-ભૂમિ. 2. A school for higher literature & art:ઉંચા પ્રકારની વિદ્યાશાળા.

Gymnast, (જિમ્નૅસ્ટ્)*n.*One who teaches or practises gymnastic exercises:કસરત માસ્તર;કસરત કરનારો;કસરત શીખવનાર;ઉસ્તાદ; પહેલવાન.

Gymnastic,(જિમ્નૅસ્ટિક્)*a.*Athletic:તાલીમ-કસરત સંબંધી-નું-વિષે; વ્યાયામ સંબંધી.*n.*A gymnast: કસરત માસ્તર-શિખવનાર.

Gymnastics,(જિમ્નૅસ્ટિક્સ્)*n. pl.* Athletic or disciplinary exercises:કસરત-વિદ્યા; વ્યાયામ; વ્યાયામ-વિદ્યા;મલ્લકીડા-કુસ્તિ;તાલીમબાજી.

Gymnosophist, (જીમનોસોફિસ્ટ્) *n.*The name given by the ancient Greeks to those ancient Hindu philosophers who wore little or no clothing:હિંદુસ્તાનના એક પ્રકારના દિગંબર જોગી.

Gyneocracy-Gynocracy,(જિનીઑક્રસિ-જિનૉક્રસિ)*n.* [Gr *gyne,* a woman & *kratos,*power.]Female government;gyneocracy: સ્ત્રિયા-રાજ્ય;સ્ત્રી રાજ્ય.

Gyneceum, (જિનીસીઅમ્)*n.*Female apartments: જનાનખાનું; અંતઃપુર;અંતઃગૃહ.

Gyp,(જઇપ્)*n.*[Gr.*gup,*a vulture.] A college servant:પાઠશાળાના નોકર.

Gypsy,(જિપ્સિ)*n.pl.***Gypsies**.[L. *Aeghyptius.*]One of a vagabond race:એક જાતના રખડાઉ લોક 2. The language used by the gypsies: રખડાઉ લોકોની ભાષા. 3. A dark complexioned person: કાળા ચહેરાનો આદમી.4.A cunning or crafty person:લુચ્ચા-ઠગ માણસ.*a.*Pertaining to,or suitable for, gypsies: રખડાઉ લોકો સંબંધી-નું-ને લાયક-ચોગ્ય. *vt.*To picnic in the woods: જંગલમાં રખડવું.

Gyral,(જાઇરલ્)*a.*Rotating: ગોળ. 2.Whirling: ચક્કરમાં-ફરતું.

Gyration,(જાઇરેશન્)*n.*A circular or spiral motion;rotation: ગોળ ચક્કરમાં ફરવું તે; ચક્રાવો; ચક્રગતિ; ફેરો; ફેરી;આવર્ત્ત;ભ્રમ.

Gyve(જાઇવ્)*n.*A fetter:પગનો બેડી; ચૂંખલા;પાશ;બંધન;ડસકલા; જાંજરા. *vt.* To fetter;to shackle;to chain: પગમાં બેડી નાંખવી-જડવી.

H

H,(એચ્)The eighth letter,represented by હ when aspirated: ઇંગ્રેજી મુળાક્ષરનો આઠમો અક્ષર; એનો ઉચ્ચાર હ્ થાય છે.

Ha,(હા)*interj.* An exclamation denoting surprise,joy or grief: આશ્ચર્ય,આનંદ કે શોક બતાવનાર ઉદ્‌ગાર; હાહા ! વાહવાહ ! અહો !

Haberdasher,(હૅબરડૅશર્)*n.* A seller of small wares such as ribbons,tapes pines,needle and thread:ફીત,દોરી,સોય દોરા વગેરે વેચનાર;સોય-કાંસકીવાળો;ફેરી ઓ;મનોઆર.

Haberdashery, (હૅબરડૅશરી) *n.* The goods and wares sold by a haberdasher:સોય-કાંસકી વાળા નો વેચવાનો સામાન; ફીત; દોરી; ટાંકણીઓ; સોય દોરા વીગેરે જણસો;મનીઆર. 2. Fig;Trifles:માલ-દમ છવ વગરની ચીજો

Habiliment.(હૅબિલિમેન્ટ્)*n.* [L. *habitus,*dress.]A garment; clothing: વસ્ત્ર;લુગડાં; પોશાક; ડ્રેસ;કપડાં.

Habit,(હૅબિટ્)*n.*[L *habeo,*I have.] Physical temperament: પ્રકૃતિ; ગુણ;ખાસિયત;ભાવ; સ્થિતિ;વૃત્તિ; અવસ્થા;દશા;તબિયત.Physical temperament or constitution: શરીરનું કાઠું-બાંધો.2. (*a*) Fixed custom; usage;practice:ટેવ;મહાવરો;આદત; ખો;અભ્યાસ;રાબેતો;વહિવટ; હદ; છંદ; વ્યસન;તલપાહવશ(*c*)Characteristic forms of behaviour:ખાસિયત;સ્વભાવ;આચાર;વ્યવહાર;રીતિ;ક્રમ.2. (*a*) Outward appearance; attire dress: પોશાક;પહેરવેશ;વેશ;ભેખ; લિબાસ.(*b*)A garment: લુગડું;કપડું; વસ્ત્ર;વાગો.(*A lady's* **h.**:અમેજ લોકોનાં બૈરાંને) ઉપરથી પહેરવાનો બેસતો ડગલો.4. The whole appearance and mode of the growth of a plant: વનસ્પતિનો ઢોળ અને ખાસિયત.*vt.*To dress: લુગડાં પહેરવાં. *To* **h.***one's self:* લુગડાં પહેરવાં.

Habitable,(હૅબિટેબલ્)*a.*[L.*habito* I dwell.]Capable of being inhabited or dwelt in: રહેવા-વસવા લાયક;વાસ વસતિયોગ્ય.

Habitant,(હૅબિટેન્ટ્)*n.*An inhabitant;a dweller:રહેવાસી;વસનાર; રહેનાર.

Habitation,(હૅબિટેશન્)*n.*Act or state of dwelling:રહેવું-વસવું તે.2. A place of abode:રહેઠાણ;વાસ;નિવાસ;વસતિ;ગૃહ;ઘર;આવાસ;મુકામ.

Habitual,(હૅબિટ્યૂઅલ્)*a.* Formed or acquired by habit or use:અભ્યાસ જનિત; રહાવરા-આદત-ટેવવાળું. 2.According to habit; customary:આભ્યાસિક;વ્યાવહારિક;સ્વાભાવિક;નિત્યનું;રાબેતાસરનું.

Habitually, (હૅબિટ્યૂઅલિ) *adv.* Customarily: નિત્ય;હમેશ;નિયમસર; યથારીતે;અભ્યાસ-મહાવરો પડી જવાથી.

Habituate, (હૅબિટ્યૂએટ્) *vt.* To accustom;to familiarize: ટેવ-અભ્યાસ-માવરો પાડવો; સહવાસ-મહાવરો પાડવો;-થી ટેવ પાડવી.2. To settle as

an inhabitant in a place: અમુક જગ્યા-રહેઠાણમાં રહેવું-વાસ કરવો. *To h. one's self*: ટેવ પાડવી.

Habituated, (હૅબિટ્યુએટેડ્) *a* Accustomed: ટેવ-અભ્યાસવાળું; ટેવ પડેલું; સહવાસી; પરિચિત.

Habitude (હૅબિટ્યૂડ્) *n.* Established relations: સંબંધ; સગાઈ. 2. Familiarity; frequent intercourse: સહવાસ; સમાગમ; અભ્યાસ; પરિચય. 3. Habit of body or action: ટેવ; અભ્યાસ; મ્હાવરો; રીત; આદત; ખો; રાખેતો; વાહવટ; વલણ; ચારો; રિવાજ.

Hack (હૅક્) *vt.* To notch: આડું અવળું વાંકુચૂકું કાપી મૂકવું; ભેદવું; વિદારવું. 2. To speak with hesitation: ખંચાઈને બોલવું; તોતડું બોલવું 3. To let out for hire: ભાડે આપવું. *vi.* To turn prostitute: વેશ્યા થવું; છિનાળું કરવા માંડવું; દુકાન કાઢીને બેસવું. 2. To live the life of a drudge: વૈતરું કરવું; વૈતરા-મજુરીનો ધંધો કરી ગુજરાન ચલાવવું. 3. To cough faintly: ધીમે ધીમે ઉધરસ ખાવી; ખુંખું કરવું. *n.* A notch: a cut: કાપો; ઘા; કાપ; ભેદ; ચાદ; આડો અવળો કાપ-ઘા-ચીરો. 2. An implement for cutting a notch: કાપો પાડવાનું હથિયાર. 3. A catch in speaking: તોતડાટ. 4. A horse let out for common hire: ભાડુતી ઘોડો. 5. A hackney coach: ભાડુતી ગાડી. 6. A drudge: મજુર; વૈતરો; ભાડુતી કામ કરનાર. 7. A procuress: કુટણી; ભડવી; કુટણ *a.* Hired; hackneyed: ભાડે આણેલું; ભાડુતી; પદોડી નાખેલું.

Hackery, (હૅકરિ) *n.* A street cart in Bengal, drawn by oxen: બળદની ગાડી-ગાડું; બંગાળામાં બળદથી ખેંચાતી ગાડી-ગાડું.

Hackle, Heckle, (હૅકલ્) *n.* A hatchel: સણ સાફ કરવાનું દાંતાવાળું ઓજાર; પંજેડી. 2 Any flimsy substance unspun: વગરતણેલું રેશમ; કાંત્યા વગરનો પદાર્થ. 3. An artificial fly made of feathers: પીંછાની બનાવેલી કૃત્રિમ માંખ. *vt.* To comb as flax or hemp: દાંતાવાળા ઓજારવતી ઠોળીને સાફ કરવું; જાડા સણમાંથી ઝીણું સણ જુદું પાડવું; પંજેઠવું. 2. To tear asunder: તોડી નાંખવું; ના કકડે કકડા કરવું; વિદારવું.

Hackney (હૅકની) *n.* A horse suitable for riding; a pony: સ્વારી કરવા લાયક ઘોડો; ટટ્ટુ. *a.* 2. A hack; a horse kept for hire: ભાડુતી ઘોડો. વાહન; ભાડાનો ઘોડો; ભાડુતી ગાડી ઘોડો. 3 A hireling: a prostitute: વૈતરો; મેહેનતાણું લેઈને કામ કરનાર; કિરબાતી માણસ; કિરબાતીડું; મજુરીઉ; કિરબાતણ; સામાન્ય. *a.* (*a*) Let out for hire: ભાડાનું; ભાડુતી; ભાડુતીઆ 2. Prostitute: પૈસા લઈને ગમે તેવું નીચ-અધમ કામ કરનાર; દુષ્ટ કામ કરતું; કિરબાતી. 3. Much used; trite: સાધારણ થઈ ગયેલું; સાધારણ રીતે વપરાયેલું; જીર્ણ; સર્વ સાધારણ; સાધારણ. *vt.* To devote to common use; to make trite or common place: પદોડવું; પિદોડવું; ઘસી નાંખવું; ચાવી નાંખવું; સાધારણ જુનું કરી નાંખવું. 2. To carry in a hackney coach: ભાડુતી ગાડીમાં લેઈ જવું

Had, (હૅડ્) *Imp. & Past P. of* **have**

Hades, (હેડિઝ્) *n.* The nether world: પાતાળ; અધોલોક-ભુવન.

Haft, (હૅફ્ટ્) *n.* A handle; the hilt: ઓજારને પકડવાનું; પકડ; હાથો; મૂઠ; દસ્તો. *vt.* To set in a haft: હાથો જડવો; હાથામાં બેસાડવું.

Hag, (હૅગ્) *n.* An ugly old woman; a she-monster: ઘરડી બદશિકલ-બિહામણી સ્ત્રી; જક્ષણી; શાકિણી; હેડંબા; ડાકણી; વંતરી. 2. A witch: ડાકણ; ડામણ. 3. A wizard (*obs.*): એલ્મી; ચેટકી; વંતર મંતર જાણનાર; જાદુગર A quagmire: પગ કળી જાય એવી ભીની અને પોચી જમીન. *vt.* To harass, to weary by vexation: હેરાન કરવું; કંટાળો ઉપજાવવો; ચીડવીને કંટાળો ઉપજાવવો: નાહિમ્મત કરી નાંખવું.

Haggard (હૅગાર્ડ્) *a* Wild; disposed to break away from duty: જંગલી; ફરજ બજાવવી મુકી દેવાના વલણવાળું; જંગલી 2. Lean; rugged in features: ઝરડાઈ ગયેલું; ક્ષીણ; ક્ષામ; શુષ્કવદન; આખમાં ખાડા પડી ગયેલું; મડા-મુખ *n.* An untrained hawk, often breaking away or flying off: વગર કેળવાયેલું-પાળ્યા વગરનું બાજપક્ષિ. 2. Anything wild and intractable: જંગલી અને અશિક્ષ્ય કોઇપણ ચીજ યા પ્રાણી. 3. A hag: ડાકણ; ડાકણ; વંતરી; બદશિકલ-ઘરડી-બિહામણી સ્ત્રી.

Haggish, (હૅગિશ્) *a.* Ugly; horrid: ડાકણ જેવું; બિહામણું; ભયંકર; કદરૂપું; બદશિકલ; બેડોળ; ચાડીઆ જેવું.

Haggle, (હેગલ્) *vt* To mangle: આડું અવળું વાંકુચૂંકું કાપી નાંખવું; ટચકા ટચકા મારવા; વિદારવું. *vi* To higgle: ભાવતાલમાં કચાટ-તકરાર-રકઝક-ખેંચાખેંચ કરવું; ભાવમાં રકઝક કરવી

Hagiography, (હૅજિઓગ્રૅફિ) *n.* [Gr *hagios, holy & graphe,* a writing] Sacred writings, the lives of the saints: પવિત્ર ધર્મગ્રંથ-પુસ્તકો; સાધુ પુરૂષોનાં જીવન ચરિત્ર; સંતચરિત્ર.

Hail, (હેલ્) *vt.* To pour down, as hail: કરાની માફક રેડવું. *vi.* To pour down masses of ice or frozen vapors: બરફ પડવો; કરા પડવા-વરસવા. *n.* Frozen rain, or grains and lumps of ice precipitated from the clouds: કરા; મેઘગર્ભ; શિલાવૃષ્ટિ. **H** *stone.* કરાનો ગાંગડો-ગોળો-કકડો. *a.* Healthy; sound: તંદુરસ્ત; આરોગ્ય; નિરોગી; તંદુરસ્તીવાળું.

Hail, (હેલ) *interj* An exclamation usually of respectful salutation: જય જય; નમઃ; સ્વસ્તિ.

Hail, (હેલ) *n.* A wish of health; a salutation: માન-આવકાર; જુહાર કરવાનો શબ્દ; નમસ્કાર. *vt.* To salute: સલામ-નમસ્કાર-જુહાર કરવા-કહેવા; માન-આવકાર આપવો. 2 To name to call: હાક મારવી; ધુમ પાડવી; સાદ દેવો; નામ પાડી બોલાવવું.

Hair, (હેર્) *n.* The collection of filaments growing from the skin: નિમાળા; વાળ; કેશ; રૂંવાં; રૂંવાટી; રોમ. 2. Filament of a plant: કેસર; તંતુ. 3. *A* hair-cloth: નિમાળાનું બનાવેલું લુગડું. 4. **Any** very small distance or degree; hair breadth: દોરાપુર છેટું-અંતર; રેખામાત્ર અંતર. *Braided* **h.**: અંબોડો-વેણી. *To comb one's* **h.**: ચોટલો માથું ચોટલી હોળવી. *To split* **h.s**, to make distinctions of useless nicety: કુથમાથી પોરા કાઢવા; બહુ ડાહ્યા થવું; ઇધિમાંથી મલાઇ કહાડવી. *Not worth a* **h.**, of no value: કોડી બદામ-દમડીની કીમતનું પણ નહી.

Hair's-breadth, (હેર્સ્બ્રેથ્) *a.* Having the breadth of a hair; very narrow: વાળ સાંકડું; સંકડામણમાં આવી પડેલું; દોરાપુર છેટનું, *n. A* very small distance: છેકથેહુ દોરાપુર છેટું; દોરાપુર અંતર; રેખાપુર; કેશભર. *To have a* **h.** *escape*: લંગાબમાં આવતા આવતા મહાકથાવટે બચવું.

Hairy, (હેરિ) *a.* Made of hair; covered with hair; resembling hair: વાળનું; નિમાળાનું બનેલું; કેશનિર્મિત; નિમાળાવાળું; રોમશ; નિમાળા જેવું; નિમાળાને મળતું આવતું.

Halberd (હેલબર્ડ્) *n A* weapon consisting of a wooden shaft by an axe-like instrument: કુહાડી-પરશુ તથા ભાલો એ બેઉના કામમાં આવે એવું અસલનું આયુધ; કુહાડીનો ભાલો.

Halcyon, (હૅલસિઅન્) *n* [L. *halcyon,* or Gr. *hols,* the sea, *kyo,* I conceive.] The king-fisher: એક પક્ષિ; એકલતનું જળચારી પક્ષિ. *a.* Pertain-

ing to,or resembling, the **halcyon**:જળગામી પક્ષી સંબંધી-ને મળતું આવતું.2.Calm;quiet: શાંત; શાંતિનું; નિરૂદ્વેગ;અક્ષુબ્ધ.

Hale,(હેલ્)*a*.Sound;healthy;robust:સારૂ; શરીરે ધરકટ; નિરોગી; આધિવ્યાધિ રહિત; નિરામય; તંદુરસ્ત;આરોગ્ય; રોગવગરનું. *vt.* To pull or draw with force; to haul: જોરથી ખેંચવું; ઘસડવું; ખેંચી વસડી લેઇ જવું; ખેંચી લાવવું.આણવું.

Half,(હાંફ્)*n*. [*Pl.* **Halves**.] One of two equal parts:અધ ભાગ; અડધીઉ;અડધું: અર્ધ; અર્ધાંશ. *In* **h**., in two:નિમોનિમ;અર્દ્ધાઅર્ધ. *Better* **h**., અર્ધાંગના;સ્ત્રી;વહુ; ધર્મપત્ની. *To cry halves*,to claim an equal share equally between two: સરખોભાગ માગવો. *To go halves*, to share equally between two:સરખે ભાગે-હિસ્સે વહેંચી લેવું. **H**. *of a rupee*: અડધો; અધેલી. *One and a* **h**.: દોઢ. *Two and a* **h**.: અઢી. *Three and a* **h**: સાડાત્રણ. *a*. Consisting of a moiety,or half અડધું:નીમે;અર્ધ. 2 Partial;imperfect:અધુરૂં;અપૂર્ણ; અર્ધ;અડધું **H** *dead*: અધમુઉ. **H**. *holiday*: અડધા દહાડાની છુટ્ટી-રજા. **H**. *mature*:અધકચરૂં.**H**. *penny*: બે પૈસાની કિમ્મતનો ઈંગ્લાંડનો એક ત્રિક્કો. (*b*)અડધાપેની જેટલું મુલ-કિમ્મત **H** *way*:અધવચ; અંતરીયાળ *adv*. *In part*; in an equal part:એક સરખે ભાગે;નીમેભાગે.

Half blood,(હાફ્બ્લડ) *n*.Relation between persons born of the same father or of the same mother but not of both:એક મા અગર એક બાપનો સંબંધ; ઓરમાઇ-સા : વહું સગપણ.2 *A* person so related to one another: આવા સગપણવાળું માણસ 3. *A* half breed:મિશ્ર જાતી;વર્ણસંકર

Half brother, (હાંફ્બ્રધર્) *n*. *A* brother by one parent,but not by both:ઓરમાન ભાઇ; સાવકો ભાઇ.

Half caste,(હાંફ્કેસ્ટ્)*n* One born of a Hindoo parent on the one side and of a European on the other:મા અને બાપમાંથી એક હિંદુને બીજું યુરોપીઅન એ રીતે જેનો જન્મ છે તેવોકરૂં-માણસ:વરણસંકર;હાફકાસ્ટ.

Half-cock,(હાંફ્કોક્)*n*.The position of the cock of a gun when retained by the first notch: અડધો વાંદરો-ઘોડો ચઢાવેલી.એકકળ ચઢાવેલી એવી બંદુકની સ્થિતિ.*vt*. To set the cock of at the first notch: બંદુકનો અડધો વાંદરો-કળ ચઢાવવી.

Half-cracked,(હાફ્-ક્રૅક્ડ્)*a*.Half-demented: અડધો ગાંડો-બસેસેલો-ચસકેલો.

Half-hearted,(હાંફ્-હાર્ટેડ્)*a*. Ungenerous;unkind: નીચ મનનો; ઉદાર નહિ એવો 2. Lacking zeal or courage:હોંસ કે હિંમતવિનાનો.

Half moon,(હાફ્મૂન્)*n*.The moon at the quarters, when half of its disk appears illuminated: અર્ધચંદ્ર.2.*Anything* in the shape of a half moon:અર્ધચંદ્રકાર વસ્તુ.

Half-read(હાંફ્-રેડ્)*a*.Superficial; shallow: ઉપરચોટીઆ જ્ઞાનવાળુ; અધર્મજ્ઞાની.

Half-wit, (હાંફ્-વિટ્) *n*. *A* silly person;a dolt:મૂર્ખો;શંખ;ઉલ્લુ;ઢોંઢો

Half witted,(હાંફ્વિટેડ્)*a*.Weak in intellect;silly,foolish:સાડાત્રણ પાયાનું; કમઅક્કલ; નાદાન; બેવકુફ; મૂર્ખ;સાડીત્રણ પાંસળીનું.

Hall,(હૅાલ્)*n*.(*a*)*A* covered room devoted to public business:સાર્વજનીક કામનેસારૂ મુકરર કરેલો મોટો ખંડ.(*b*)*A* large room at the entrance of a house:આગલો ઓરડો; પરશાળ;ખંડ. (*c*) *A* room of audience and justice: કચેરી; દરબાર; ન્યાયસભા;અદાલત;દિવાનખાનું.(*d*) *A* manor house: હોટવાલખાનું (*e*) *A* large edifice belonging to a collegiate institution: પાઠશાળાનું મકાન.(*f*) *A* place of public assembly:સાર્વજનીક ગૃહ.2.*A* college વિદ્યાલય;પાઠશાળા;કૉલેજ.

Halleluiah,**Hallelujah**, (હૅલીલ્યૂયૅ) *n*. & *interj*. Praise ye Jehoyah; praise ye the Lord: ઇશ્વરની સ્તુતી કરો એ અર્થનો ઓલવાનો શબ્દ;વાહ પ્રભુ! યા ખોદા! યા પરવર દિગાર !

Halliard, (હૅલ્યાર્ડ્) *n*. *A* rope or tackle for hoisting or lowering yards or sails: સઢઉપર ખાણ ચઢાવવા ઉતારવાનું દોરડું;કાંડું;આંડા.

Halloo, ! (હૅલ્લૂ)*vi*. To cry out; to call to by name: લલકારવું;બૂમ મારવી-પાડવી; મોટેથી બોલાવવું; સાદો કાઢી બોલાવવું; નામ પાડી બોલાવવું. હાંક મારવી. *vt*. To encourage with shouts:બુમો પાડી હિંમત આપવી-ઉત્તેજન આપવું; બુમો પાડી ઉશ્કેરવું;હુલાવવું. 2. To chase with shouts:નો પાછળ હુલે-હુલે કર. *n*. *A* shout;a call:બૂમ;સામાનું લક્ષ-ધ્યાન ખેંચાય તેવી બુમ-પોકાર. *Interj*. *Ho there*! *he*! an exclamation to encourage one: કોનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે બોલાવો શબ્દ; હે! એ! અલ્યા! હં! લે! આમ જો! લગે;ઓ ઓ.

Hallow,(હૅલ્લો)*vt*.To make holy; to consecrete:પવિત્ર કર;પૂજ્ય ગણવું;પવિત્ર-પૂજ્ય માનવું;ની પ્રતિષ્ઠા કર.

Hallucination,(હૅલ્લ્યૂસિનેશન્)*n*. [L. *hallucinatio*] Error; mistake: ભૂલ;તકસીર,ચૂક; ભ્રાંતિ. 2. *An* error or illusion of sensible perception, occasioned by some bodily disorder:મતિવિભ્રમ; માયા; મોહ;ચિત્તભ્રમ;ભ્રમ;ભ્રમણા;વ્યામોહ. 3. Delusion: ઝાંઝવા;ઉદ્ભ્રાંત.

Halo,(હેલો)*n*.*pl*.**Halos**,[L *halos*, halo.]A circle of light.ચિત્રમાં પ્રભામંડલ;તેજોમંડલ; દીપ્તિ મંડલ; ચક્રમાલા,ચક્રમાલા.2.*A* luminous circle,usually prismatically coloured, round the sun or moon: કિરણમાળા; સૂર્ય અથવા ચંદ્રની આસપાસ ચળકતું ચક્કર;ઝલકતું. 3. *A* coloured circle around a nipple; a nimbus: ધાઇની ડીંટી આસપાસની રંગીનસપાટી; સૂર્ય અથવા ચંદ્રની આસપાસ ચક્કર થાય છે; જ્યકુ ડ.*vt*.or *vi*. To form, or surround with a halo: જળકુંડું બનાવવું; જળકુંડ થવું; પરિવેષ કર-થવો; આસપાસ ચક્કર કર.

Halser,(હૉસર)*n*. *A* hawsern:પાગડ; બેંચવાનું મોટું દોરડું.

Halt,(હૉલ્ટ્)*vi*.To stop in waking or marching:ઉભા રહેવું;પડાવ નાંખવો;અટકવું;બોભવું; ઠરવું; વિરામવું; મુકામ કર;ઢાળો કર.2.To be lame;to limp: લંગડા થવું;ખોડાતાં ચાલવું;લંગડાવું;ખોડાવું. 3 To hesitate: કઈબાત વિશે નિશ્ચય કરવામાં આંચકો ખાવો;અટકી પડવું;વિચાર ઘોળ-થંકામાં રહેવું-પડવું; ઘોળાયા કર. 4. To cause to cease marching: મુકામ કરાવવો; થંભાવવું; અટકાવવું. *a*.Lame:લંગડું; ખોડું. *n*. *A* stop in marching;a stepping: મુકામ;પડાવ; વિશ્રામ. 2. Lameness: લંગડાપણું;ખોડાપણું.

Halter,(હૉલ્ટર્)*n*.One who halts or limps: લંગડાતો-ખોડાતો ચાલનાર; લંગડો.*n*. (*a*) *A* rope for leading a horse:ઘોડાદોર; ઘોડો દોરી લઇ જવાનું દોરડું (*b*)*A* rope for hanging malefactors: ફાંસી દેવાની દોરી.*vt*. To put a halter on:દોરડું બાંધવું; ને દોરડે વતી બાંધવું.

Halve, (હાંવ્)*vt*. To divide into two equal parts:બે સરખા ભાગ કર; અર્ધેઅર્ધ કર;નીમે ભાગ કર.2.To join as timbers: જોડીદેવું; સાલજેસાડવું.

Ham,(હૅમ્)*n.*The hind part of the knee: ઘુંટણનું તળિયું;ઘુંટણની તળેનો ભાગ.2 *(a)*The thigh of any animal: જાંઘ; જાંઘ *(b)* thigh of a pig salted and dried: મીઠું દઈને સુકવેલી ડુક્કરની જાંઘ.

Hame,(હેમ્)*n.*The collar of the horse's neck: ઘોડાનો ગળેબંધ.

Hamlet, (હૅમ્લેટ્) *n* A small village;a little cluster of houses: નાનું ગામ-ગામડું;ખેડું;ગોઠડું;મુવાડું.

Hammer, (હૅમ્મર્)*n* An instrument for driving nails, beating metals &c: હથોડો;હથોડી; મોગરી; મોગર.2 *(a)*The part of a clock; striking upon the bell to indicate the hour:હથોડી;મોગરી;મોગર. *(b)*That part of the arrangements of a piano,striking the wires;to produce the tones:અવાજ થાય તેટલા સારૂ તારને અથડાતો વાદનો ભાગ. *(c)* The outermost of the four small bones of the ear: કાનના ચાર નાનાં હાડકામાંનું સૌથી આગલું હાડકું. *(d)* (*Gun.*) The part of a gunlock which strikes the percussion cap: ઘોડો; કળ *vt.*To beat with a hammer: હથોડાવતી ટીપવું.2. To shape by beating: ટીપીટીપીને કંઈપણ આકાર પાડવો;ઘાટ ઘડવો. 3. To work in mind: મનમા યુક્તિ રચવી; ઘાટ ઉતારવો-બેસાડવો-ઘડ વો. *vi.* To be busy: ઉદ્યોગી હોવું;ઘણા કામમા હોવું. 2.To strike repeated blows:મારવું;ઠોકવું; ટીપવું; કુંદી કરવી; ઘણકારા થવા.*To smooth* **h.**: મઠેરવું. *To* **h.**, *out:* ઘડી કાઢવું.*To bring to the* **h.**: હરાજ કરવું.

Hammok, (હૅમ્મોક)*n.*A kind of hanging bed:ઝોળી; ઝુલતો ખાટલો; ઝુલતી પથારી.

Hamper(હૅમ્પર્)*n.*A large basket for conveying things to marke &c: બજારમા ચીજો લઈ જવાનો મોટી ટોપલી; ટોપલો;ડાલું; છાબડું. *n.* A fetter:બેડી;સાંકળ;શૃંખલા;કડી. *vt.* To put in a hamper: ટોપલીમાં મુકવું.2.To put a fetter on;to insnare; to embarrass:-ના હાથ પગ બાંધી લેવા;ગૂંચવવું; સપાટામાં લેવું; રોકવું;અકળાવવું;ગભરાવવું; બેડી પહેરાવવી;ને ડખલ કરવું.3.To tangle: ગુંચવી નાખવું;ગુંફણી નાંખવું; ને આંટી ખવરાવી દેવી.

Hamstring, (હૅમસ્ટ્રિંગ્) *vt.* To lame or disable by cutting the tendons of the ham: ઘુંટણના તળીઆની નસ કાપી લુલું-લંગડું કર. hence,to incapacitate; to disable: અશક્ત-નબળુ કરી નાંખવું. *n.* One of the tendons of the ham; ઘુંટણના તળીઆની રગ;જાંઘની રગ.

Hand,(હૅન્ડ્) *n.* The outer extremity of the human arm, consisting of the palm and fingers:હાથ;હસ્ત;કર;પાણિ; હસ્તકમલ. 2. That which performs the duty of a human hand: મનુષ્ય જાતના હાથને મળતી આવતી વસ્તુ. (*a*) A limb of certain animals: કેટલાક પ્રાણિઓનું એક અવયવ;હાથ; પગ. (*b*) A pointer of a dial:ઘડીઆળ વિ. નો કાટો.3.Four inches; a palm: ચાર ઇચનું માપ;હથેલી;મુઠ. 4. Side; part: બાજુ;ભાગ;દીશા. 5. Ability; skill:બુદ્ધિ;ચતુરાઇ;હુશિયારી; કુશળતા; હસ્તક્રિયા;ખબરદારી;આવડત.6. Deed; act; manner of performance: કામ;કૃત્ય;કર્મ;કરણ;વિધાન; ક્રિયા; વ્યાપાર 7.An agent;servant; a labourer:મુનીમ;મજુર;ચાકર;જણ;માણસ: આદમી;નોકર.8.and writing:મરોડ; વલણ; લઢણ; અક્ષર; દસ્ત; દસ્તર; દસ્તનો મરોડ hence,signature:સહી; મતુ.9. Possession;control: હાથ; હવાલો;તાબો;કબ્જો; અખ્તિઆર;સ્વાધીનપણું.10.That which may be held in a hand at once:મૂઠો(*a*)The quota of cards received from the dealer: પત્તાનો હાથ; એક જણનો ભાગે આવેલા પત્તા;દાવ. (*b*) A bundle of tobacco leaves tied together: તમાકુનો પડો.11.Marriage contract:લગ્ન; વિવાહ;પાણીગ્રહણ.*At* **h.**, near in time or place: નજીક; પાસ;નજક.*At first* **h.**: માલધણી પાસેથી લીધેલું;નવું નકોર;તાજું.*At second* **h.**:જુનું;વપરાયેલું; ઉતરેલું. *At the* **h.**: *of*:ને હાથે. *Clean* **h.** s, freedom from guilt: પાપ રહિતપણું; નિર્દોષપણું.*From* **h.** to **h.**,હાથોહાથ:**H.** *in* **h** ,(*a*) in union:સંપસ પીને;હળીમળીને;સાથે સાથે;એકઠું. (*b*) *Just*; fair;equitable:વાજબી; નેક;ન્યાયસર; યોગ્ય;લાયક;ઘટતું. **H.** *over* **h, H.** *over fist*;by passing the hands alternately one before or above another: હાથમાં હાથ લઈને-વાળીને (*b*)Rapidly:ઝડપથી;ઉતાવળે; સત્વર; વેગે કરીને; સપાટામાં. **Hands** *off*, keep off: દુરરહો; ખસ; આઘો રહે **H.** to **h.**,in close union:લગોલગ; પાસે પાસે આવી જઈને.**H.** *to mouth* from day to day:રોજ લાવવું ને રોજ ખાવું એ રીતે.*Heavy* **h.**, severity: જુલમ;સખ્તાઇ. *Light* **h.**, gentleness: હલકો હાથ; નમ્રતા. *Off* **h.**or *out of* **h.**,without delay:દીલ વગર;તુરત જ;સત્વર;તાબડતોબ.*Off one's* **h.**:પાસેથી-પારપડી ગએલું. *On* **h.**,in present possession:પોતામાં;સિલકમાં;પાસે.*Right* **h** ,the place of honor power and strength:માન,સત્તા અને બળનું સ્થળ. *Clean* **h.**s: પાપ રહિતપણું; નિર્દોષપણું *To one's* **h.**:તૈયાર થએલું *Heavy* **h.**: જુલમ; સખ્તી;અકરાંચ; કરડાઇ. *To bear a* **h.**,to give help: મદદ આપવી;વારે ઘાયું; જલદી દોડવું. *To be* **h.** *and glove with*,to be intimate and familiar:ગાઢા પરિચયમાં હોવું. *To be on the mending* **h.**, to be improving: સુધરતા જવું; દિવસે દિવસે સુધારા થતા જવી. *To change* **h.**s,to change sides:પક્ષ બદલવો. *To clap the* **h.**s, to express joy ખુશાલી-ખુશી બતાવવી. *To come to* **h.**,to be received:મળવું; પ્રાપ્ત થવું. *To have a* **h.***in*,to have a part or concern in doing: કોઇ કામમાં કંઇ ભાગ હોવો;-માં લાગતું વળગતું હોવું; માં હાથ હોવો;સામેલ હોવું *To have in* **h.**,(*a*)to have in one's power or control:પોતાની .સત્તા અગર કાબુમાં હોવું. (*b*)To be engaged upon or occupied with:માં રોકાયેલા હોવું;-માં ગુંથાવું. *To have or get the upper* **h.**, to get the better of another person:-નો હાથ ઉપર હોવો.*To lay* **h.**s *on*, to seize;to assault:પકડવું;ઝાલવું; પકડી લેવું;લઈ લેવું.*To lend a* **h.**,to give assistance: મદદ-સહાય કર.*To live from* **h.***to mouth*,to obtain food & other necessaries as want compels: રોજ લાવીને રોજ ખાવું.*To put the* **h.***into*, to steal: ચોરવું;-માં હાથ નાખીને લઈ લેવું;હાથ મારવો. *To put the last or finishing* **h.**: *to*,to complete;to perfect:પરિપૂર્ણ કર;સંપૂર્ણ કર; ઓપ દેવો; છેવટનો હાથ દેવો-મારવો.*To set the* **h.** *to*, to undertake: માથે લેવું;માં ઝંપલાવવું;આરંભવું;હાથમાં લેવું. *To wash the* **hands** *of*, to disclaim or renounce interest in:-હાથ ધોઈને બેસવું;પાણી મૂકવું;નું નામ મુકવું. *To shake* **h.**s: સેકીન આપવી કર;હસ્તાલિંગન-હસ્ત ધૂનન કર. *Under the* **h.** *of*:-ની સહી સાથેનું. *Well in* **h.**:તાબે **H.***bag*,a satchel:પાકીટ.**H.** *language*,dactylogy:કરપલ્લવી **H.** *money*,earnest money: બાનું;બા-

નામાં આપેલા પૈસા. **H.** *staff*, a javeline: ભાલો. *vt To give*, pass or transmit with the hand: હાથથી-હાથોહાથ-જતે આપવું. 2. To conduct: લઇ જવું; દોરવું;-માં દોરી જવું. 3. To manage: ચલાવવું. 4. To seize; lay hands on: પકડવું; ઝાલવું; પકડી લેવું. 5 To pledge by the hand: હાથથી વચન આપવું. 6. To furl: ઉડાવવું; ઉરાડવું. *To* **h.** *down*, (*a*) to transmit in succession: પરંપરા ચાલ્યું જાય એમ કરવું; પરંપરા ચલાવવું. *To be handed down*: પરંપરા ચાલ્યું આવવું. *To* **h** *over*, to deliver up: ને સ્વાધીન-હવાલે-તાબે કરવું; સોંપી દેવું.

Hand-bill, (હૅન્ડ્-બિલ્) *n.* A loose printed sheet: જાહેરનામું-ખબર; વિજ્ઞાપના; વિજ્ઞપ્તિ.

Handbook, (હૅન્ડ્બુક્) *n.* A manual, a guide-book for travellers: નાનો ગ્રંથ; લઘુ પુસ્તક; માર્ગપ્રદર્શક; લઘુગ્રંથ.

Hand-breadth, (હૅન્ડ્ બ્રૅડથ્) *n.* A palm; a breadth equal to the breadth of the hand: (ઉંચાઈ માપવામાં) મૂઠ; હથેલી.

Hand-cuff, (હૅન્ડ્-કફ્) *n.* A manacle: હાથકડી; ડસકલા; બેડી; શૃંખલા. (Usually in the pl.) *vt.* To manacle: હાથકડી ઘાલવી-નાંખવી-પહેરવી.

Handful, (હૅન્ડ્-ફુલ્) *n.* As much as the hand will contain: હાથમાં માય તેટલું; મુઠી; મુષ્ટી; મુઠીભર-પુર; પોંચ; મૂઠો; ખોબો; બાચકો; કોળીઉ. 2. A small quantity or number: ગણ્યા ગાંઠ્યા; મુકિભર; સાડાત્રણ.

Handicraft, (હૅન્ડિક્રૅફ્ટ્) *n.* Manual operation; handcraft: હાથનું કામ; હસ્તક્રિયા; હાથકામ; હાથનો હુનર; હાથકસબ.

Handily, (હૅન્ડિલિ) *adv.* In a handy manner: ચતુરાઇ-ચાલાકી-સહેલાઇથી.

Handiness, (હૅન્ડિનેસ્) *n.* Quality or state of being handy: હાથચાલાકી; ચડપ; હથેટી; હસ્તકૌશલ્ય.

Handkerchief, (હૅન્ડ્-કર્ચીફ્) *n* A piece of silk or linen cloth carried about the person to wipe the face or hand: રૂમાલ. 2. A neck cloth: ગળે લપેટવાનો કકડો; ગલપટો.

Handle, (હૅન્ડ્લ્) *vt.* To touch; to feel with the hand: હાથ અડકાડવો; હાથ લગાડવો; હાથમાં લેવું-પકડવું; અડકવું; છેડવું; ભાગવું. 2. To manage skilfully; to wield: સફાઇથી વાપરવું; ખરા ઉપયોગમા લેવું; વાપરવું; મારવું. 3. To accustom to the hand: હાથમાં ઝાલવું; ઝાલતાં શિખવું. 4. To deal with; to practise: વાપરવું; -નો ઉપયોગ કરવો; અજમાવ કરી જોવી. 5. To treat: સાથે ચાલવું-વર્તવું; ની સાથે સારી કે નરતી ચાલ ચલાવવી. 6. To manage: હાથમાં લેવું; કેકાણે -હાથમાં પાડવું; રમાડવું; રસ્તે પાડી દેવું; ઉપર બેલાડીપણું વાપરવું. 7. To discuss; to treat: વાદવિવાદ કરવો; જોવું; વિચારવું; હાથમાં લેવું; છેડવું; ઉકેલવું. *vi.* To use the hands; to act by hands: હાથ વાપરવા; હાથેવતી મહેનત કરવી; હાથવડે મજુરી કરવી. *n.* The part of an instrument, which is held in the hand when used: હાથો; દાંડો; આકડો; મુઠ; દસ્તો; પકડ. 2. A tool: હથીઆર; ઓજાર.

Handloom, (હૅન્ડ્લૂમ્) *n.* A loom used by hands: હાથેવતી કપડું વણવાની સાળ.

Hand-maid, (હૅન્ડ્ મેડ્) *n.* A maid that waits at hand: ખિદમત-હાજર બાશી કરનારી ચાકરડી; દાસી; પરિચારિકા; સેર ધ્રી.

Handmill, (હૅન્ડ્મિલ્) *n.* A mill moved by hands: (હાથે-ઘેર દળવાની) ઘંટી; ચક્કી; ચેપણી.

Hand-saw, (હૅન્ડ્-સૉ) *n.* A saw used with one hand: આરી; આરીઉં; આડીઉં; હાથ કરવત; કરવતી.

Handsel, (હૅન્ડ્સેલ્) *n.* A sale, gift or delivery ihto the hand of another; a first instalment: બોણી; વકરો; મહુરતનું વેચાણ. *vt.* To give a handsel to: પ્રથમ વાર લઇ કરવું; બોણી કરાવવી; મહુર્ત્ત કરવો.

Handsome, (હૅન્ડ્સમ્) *a.* Skilful; ready: ચતુર; તૈયાર; ક્રિયાકુશળ; સગવડતાવાળું; સુઘર; હાથ બેસતું. 2. Agreeable to the eye; comely: કુદરતું; દેખાવડું; મનગમતું; રૂપાળું; સોહામણું; કાંતિવાન; છબીલું; પ્રિય સુરત; ભવ્ય; સુશોભિત; સુંદર; દર્શની; દર્શનીય 3 Marked with propriety and ease; becoming: લાવણ્યતાનું વાળું યુક્ત; લાયક; યોગ્ય; સુંદર. 4. Liberal; ample: સારું; યથેષ્ટ; ભરપટ્ટ; પેટપૂર. 5. Liberal; generous: ઉદાર; મોટા મન-પેટનું.

Hand-spike, (હૅન્ડ્ સ્પાઇક્) *n.* A bar used with the hand as a lever: કેપ્સ્ટાન વિગેરે ઉઠાવવામાં જે લાકડી-સોટો-સાઠીનો કકડો વાપરે છે તે; ઉચ્ચાલક; ઉચ્ચાલન.

Hand-writing, (હૅન્ડ્-રાઇટિંગ્) *n.* The form of writing peculiar to each hand or person; chirography: હરફ; અક્ષર; લેખ 2. That which is written by hand; manuscript: હાથે લખેલું લખાણ; હસ્તલેખ; ખત.

Handy (હૅન્ડિ) *a.* Performed by the hand: હાથે-હાથવતી કરેલું બનાવેલું. 2. Ready; skilful: ચતુર; ક્રિયાકુશળ; નિપુણ; તૈયાર; હાથ ચાલાકીવાળું; ચાલાક; હસ્તપટુ. 3 (*a*) Ready; to the hand: હાથ બેસતું; પાસે. (*b*) Convenient: લાયક; સગવડતાવાળું; સુતર; સગવડ ભરેલું; સુગમ.

Hang, (હૅન્ગ્) *vt.* To suspend: લટકાવવું ટાંગવું; ખીંટીએ વળગાડવું 2. To fasten so as to allow of free motion upon the point of suspension: ચઢાવવું; બાંધવું; ટાંગવું; લટકાવી દેવું. 3. To put to death by suspending by the neck: ફાંસી દેવી; ફાંસીએ ચઢાવવું; લટકાવવું. 4. *To* decorate by hanging pictures: છબીઓ ચોદી-લટકાવી-ટાંગી શોભાયમાન કરવું 5. To droop: લટકવા દેવું; નીચું નમવા દેવું; નમી પડી જવા દેવું; નીચું નમાવવું-ઢાલવું. *vi.* To be suspended; to float: લટકવું; ટંગાવું; લબડવું; ડૂલવું; ઝુલવું. 2. To be fastened so as to allow of free motion on the point of suspension: ચઢેલા હોવું; ફરવું; બંધાયેલા હોવું. 3. To be put to death by suspension from the neck: [*Rare*]: ગળે ફાંસો ખાઇ મરી જવું; ગળે ફાંસી ખાઇને લટકવું *To* **h.** *on one's neck*: કોઇની ડોકે ટંગાવું. 5. To cling; to depend: વળગવું; ટંગાવું; -ને વળગેલા રહેવું; ને આધારે-આશ્રયે રહેવું; પાછળ ફરવું; ઘેર ઠેસીઆં ટુકડા ખાવા. 6. To be a weight; to drag: બોજારૂપ થઇ પડવું; -ભારથઈ પડવો. 6. To impend; to **h.** *over*: ઝઝુમવું; ઝઝુમી રહેવું; ઝુલત રહેવું. 7. To incline: નીચા પડવું; વલણ થવું; -ની તરફ વળવું; -નું વલણ હોવું; નમવું. 8. To be uncertain; to be in suspense: અનિશ્ચીત હોવું; -ને વિષે શક હોવો. 9. To slope down: ઢોળાવ થવો; નીચા ઉતરતું હોવું. 10. To be delayed -ને ઢીલ થવી *To* **h.** *around*: રઝળવું; લટકવું; *To* **h** *back*, to hesitate: આનાકાની કરવી; ખમચાવું; અચકાવું. *To* **h** *on*, to hold fast: મજબૂત પકડવું; ચોટી જવું; -ન છોડવું; ચોટી રહેવું. *To* **h.** *in the balance*: અણીપર આવવું-આવેલા હોવું. *To* **h.** *fire*: અધર લટકતું વગર નિકાલથી રહેવું. *n.* A sharp or steep declivity: ઉંચો ઢોળાવ. 2. Connection; plan: સંબંધ; રચના; તંત; હેરો

Hanger (હૅન્ગર્) *n.* One, who hangs. or causes to be suspended: લટકાવનાર; ટાંગનાર; ફાંસી દેનાર. 2. A short broad sword incurvated towards the point: અણી તરફ વળેલા એક ટુંકી પહોળી તરવાર. 3. A part that sus-

pends a journal box in which the shafting of factories &c., runs:આધેાર-હેન્ગર

Hanger-on (હૅન્ગર-ઑન)*n.* A dependent:આશ્રિત-બીજાને આશરે રહેનાર;બીજાને વળગી રહેનાર;આશ્રાગતીઓ: ખુશામતીઓ; બીજાને ઘેર પડયો પાથર્યો રહેનાર.

Hanging (હૅન્જિન્ગ્)*n.* Death by suspension.ફાંસીથી થતું મેાત 2.That which is hung as lining for a room or wall,as paper &c:દીવાલપર ચેાંટાડવાના કાગળ વીગેરે; ચાલર; પડદા;પીછવાઇ.*a* Deserving death by the halter:ફાંસેા દઇને મારી નાખવા જેવું; ફાંસાને પાત્ર 2. Pendent: લટકતું;લબડતું;બહાર ઝુમી આવતું.

Hang man, (હૅન્ગ્-મૅન્) *n.*[*pl.* **Hangmen.**] One, who hangs another:ફાંસી દેનાર;ચંડાળ.

Hank,(હૅન્ક્ ,*n.*A parcel consisting of two or more skeins of yarn tied together: દેારાની દડીનું પડીકું; ફાળકેા; આંટી;લટ. 2. A rope for fastening a gate: બારણું સજ્જડ કરવાનું દેારડું .3. Hold; influence:હાથ;કાબુ;અમલ;લાગવગ.*vt.* To form into hanks: દડીઓ બનાવવી; આંટીઓ કર.

Hanker, (હૅન્કર)*vi* To desire vehemently:મેળવવાને મનમા બળવું મુ ંઝાવું;જીવ વખરખવા;તલસવું; તરસવું; તૃષ્ણા રાખવી;જીવ તલખેા;જીવ તલપાપડ થઇ રહેવેા,તલખવું;તલપી રહેવું. 2. To form a group;to cluster:ટેાળુ થવું;એકઠ થઇ રહેવું;ઘટા થઇ રહેવી.

Hankering,(હૅન્કરિન્ગ્)*n.*Ardent desire:અતિ ઉત્કઠા; આતુર ઇચ્છા; અતિ લલુતા.

Hap,(હૅપ્)*n.*Chance; accident; fortune;fate:નશીબ;દૈવયેાગ; ઘટના; યદૃચ્છા.*vi* To happen; to befall: બનવું;આચિંતું કંઇપણ થવું; નશીબથી બની બનવું.

Hap-hazard,(હૅપ્ હૅઝર્ડ્)*n.*Chance; accident:કાળયેાગ;યાગ;નશીબ;એકાએકઆવી બનેલા બાના-બનાવ. *At h.*, જેમતેમ;જેમ આવ્યું તેમ;મનમાં આવ્યું તે.

Hapless,(હૅપ્લેસ્)*a.* Unfortunate; unlucky;unhappy: અભાગીઉ; અકર્મી; મનહીમ;ભાગ્યહીન;નિર્ભાગી.

Haply, (હૅપ્લિ) *adv.* by hope or chance; perhaps: કદાચ; કદાચિત; કર્મસંલગ;ભેાગજોગે;દૈવયેાગ.

Happen (હૅપ્ન્) *vi* To come by chance;to fall out:અચાનક-આચિંતા બનાવ બનવેા; આચિંતુ આવી પડવું,બનવું ગુજરવું 3. To take place: બનવું;થવું.*To h on* હાથ લાગવું આવવું.

Happily (હૅપિલિ) *adv.* By good fortune;luckily:નશીબના જોરથી;નશીબે;સુભાગ્યે:સારા નશીબે;દૈવજોગે; કદાચને 2.In a happy manner:આનંદમાં;સુખમાં;સુખે;સુખપૂર્વક.3.Gracefully; with address or dexterity:ખબરદારી;ચતુરાઇથી;સહેલાઈથી.

Happiness, (હૅપિનેસ્) *n.* Bliss; contentment;felicity:ખુશાલી;સુખ: કલ્યાણ; પરમસ તેાષ; કુશળ; ક્ષેમ;હર્ષ; આનંદ.2.Good luck;prosperity: સુભાગ્ય:સારૂં નસીબ;સુકર્મ;સદૈવ.

Happy,(હૅપિ)*a* Fortunate; successful;prosperous; favourable: સુખી;નશીબદાર;નસીબનું બળીઉ;ભાગ્યવાન;કુશળક્ષેમ; સુખદાયક; કલ્યાણકારી; શુભ;મંગલ;ભાગલિક; આનંદમય; કુશળ. 2 Contented; joyous: સુખી; આનંદી;સંતુષ્ટ;સંતેાષી;ખુશી;ભદ્ર; આનંદમય; ખુશ. 3 Dexterous; ready: apt:ખબરદાર;હે શિયાર;ચાલાક; સજ્જડ; સચેાટ;હાજર. **H.** *go:* સરળ; સુખીઆ મિલજાનું;નચિંત સ્વભાવનું.

Harangue,(હૅરૅન્ગ્)*n.* (*a*) A popular oration:ઘણા જણ આગળ કીધેલું ઠીકઠાક-અલંકારયુક્ત ભાષણ: ભાષણ;જાહેરાત ભાષણ. (*b*) Ranting; a noisy speech:ગરબડિયું ભાષણ;દબદબાવાળું શબ્દ આડંબરવાળું ભાષણ.*vi* To make an address or speech to a large assembly: ઘણાં જણ-મેાટી મંડળી ભરાઇ હેાય ત્યા ભાષણ કર.

Harass,(હૅરૅસ્)*vt* .To weary; to fatigue to excess:ની કુસ કાઢી નાખવી;-નેા દમ કાઢી નાખવેા;થાપેાથ કરી નાખવું; પરમ શ્રમિત કર; રગડવું.2. To tease; to perplex: કાયર-બેબાકર કર; -નેા જીવ ખાઇ નાખવેા;સતાપવું;પીડવું; સતાવવું;પજવવું દુઃખ દેવું;દમવું.3. To annoy:અકળાવવું;ખુઆર ખુઆર કર;-ને તેાબા પેાકરાવવા.*n.* Waste;distress: દુઃખ;સંતાપ;હેરાનગતિ;કલેશ;પીડા.

Harassing,(હૅરૅસિન્ગ્)*a.* Annoying:દુઃખદાયક;સંતાપે એવું;તેાબા પેાકરાવે એવું;કલેશાવહ;દુઃખપ્રદ.

Harbinger,(હાર્બિન્જર્)*n.* One who provides lodging: ઉતારાની સવડકરનાર માણસ; સવારી કામદાર. 2. A forerunner;a precursor: ચેાપદાર;સૂચક;આગામિસૂચક; આગળથા ખબર આપનાર;જેનાથી જેથી બનવાની વાત જણાય તે;આગામિસૂચક ચિન્હ.

Harbour,(હાર્બર્)*n* A lodging; a shelter: શરણ;આશ્રય; આશ્રયસ્થલ. 2.A haven or port.બંદર; વહાણને લંગર કરવાની જગ્યા; બારૂ. *vt.* To entertain as a guest;to protect; to shelter:ઘરમાં શરણ રાખવું;આશ્રમ આપવેા.2 To protect,as,a ship from storms: રક્ષણ કર;વહાણને તેાફાનથી બચી જવાને સારૂ લંગર કરવાની જગ્યા આપવી. 3. To foster; to entertain: મનમાં હેાવા દેવું રાખવું; ધારણ કર.*vi.* To lodge or abide for a time;to take shelter:બંદરમાં રહેવું; રહેવું; મુકામ કર;આશ્રય લેવેા;ઉતારેા કર;શરણ લેવું.

Hard,(હાર્ડ્)*a.*Firm;solid; કઠણ;દબાય નહીં એવું;સખત.2. Difficult to penetrate with the understanding:અધરૂં;કઠણ;મુશ્કેલ;દુર્ઘટ;અઘરપણ. 3 Laborious; fatiguing: કઠણ;કંટાળેા આપે તેવું;સંતાપે તેવું.4 Difficult to resist or control: ટક્કર ન ઝીલી શકાય તેવું;દાબમાં ન રખાય તેવું; દુસ્તર.5.Difficult to bear;severe; rigorous:ખમી ન શકાય તેવું; આકરૂં; કરડું;સખ્ત;જુલમી; જુલમગાર; જલમ; ગેરવાજબી.6.Unfeeling: કઠણ; સખ્ત;નિર્દય;દયાહીન;કઠેાર;દુષ્ટ.7. Harsh; stiff;forced:કઠેાર; બેસ્વાદિષ્ટ; અણગમતું.8.Rough;acid: તીખું; ખાટું;કડક; કરડું;ચઢાઉ;જલદ;તીક્ષ્ણ. 9 Not aspirated:અઘેાષ. 10 Wanting softness: કઠેાર;મૃદુ નહિ એવું;કર્ણ કઠેાર. **Hard** *money,* નગદનાણું; નગદી. *adv.* With pressure: with urgency; diligently:એકચિત્તે; દબાણથી;અડીઅડીને; અડી જડીને; કાળજીથી; આતુરતાથી; ઉદ્યમ-ઉમંગથી; ઉદ્યોગથી; ખંતથી 2. With difficulty:મુશ્કેલીથી;ઘણી મહેનતે;મહા મહેનતે;મુસીબતે. 3.Violently;vigorously; rapidly: જોરથી;ખૂબ;જબરે;ખાસ પીને;જલદી;વેગે. 5 Forcibly: જોસથી;જુસ્સાબંધ;ભરપૂર;ખુબ;જબ્બર;બહેાજ.6. Close or near: પાસે;નજીક.**H.** *by,* near by: પાસે;નજદીક;નજીક;છેક પાસે **H.** *up,* hard run;in extremity: તંગીમાં આવી પડેલું;નાણાંની ઓપરીમાં બહુ હેાય એવું;પૈસાની ભીડવાળું

Harden(હાર્ડન્)*vt.*To make hard; to indurate: કઠણ-સખ્ત કર; કઠાઉ બનાવવું; મજબૂત કર.2.To inure;to confirm in obstinacy or impudence: કસવું; કઠણ-રીઢું-ઘડાએલું કર;દૃઢ કર;મજબૂત કર;-નું મન કઠણ બહેરૂ કર;રગડીને કઠણ કર. *vi.*To become hard:કઠણ-સખ્ત થવું. 2. To become confirmed either in a good or bad sense: કસાવું; કઠણ થવું;મન કઠણ થવું;રીઢું-નઠોર થઇ જવું.

Hardened,(હાર્ડન્ડ્)*a.*Made hard; confirmed in vice: કઠણ-સખ્ત-મજબૂત કરેલું;કઠણ;મનનું નઠોર.

Hard-featured, (હાર્ડ-ફીચર્ડ) *a.* Having coarse features: કરડા દેખાવનું:કદરૂપ; જબ્બર.

Hard-fisted, (હાર્ડ્ફિસ્ટેડ) *a* Having hard or strong hands: જેની મુઠી-પંજામાં-હાથમાં જોર છે તેવું;બળકટ પંજાવાળું. 2. Close-fisted; niggardly: કંજુસ; કૃપણ; સુમ; બદ્ધમુષ્ટિ; લોભીયું;મખ્ખીચૂસ;પાજી;કરપી.

Hard-headed, (હાર્ડ-હેડેડ) *a.* Sagacious; shrewd:પહોંચેલું; પાકટ વિચારનું:હોંશિયાર;કાબેલ;નિપુણ.

Hard-hearted, (હાર્ડ્હાર્ટેડ) *a.* Unsympathetic;pitiless:દયા વગરનું;નિર્દય; કઠણ મનનું;દયાહીન.

Hardihood(હાર્ડિહુડ)*n* Boldness; bravery;intrepidity:છાતી;હિંમત; ધૃષ્ટપણું; ધૃષ્ટતા;ધૃતિ; સાહસ; સહનશક્તિ.2.Impudence:નફટપણું; નિર્લજ્જપણું;બેહયાઇ.

Hardiness,(હાર્ડિનેસ્)*n.*Capability of endurance: સહનશક્તિ;ખમવાની શક્તિ.2. Hardihood: છાતી; હિંમત;ધૃષ્ટતા.

Hardly, (હાર્ડ્લિ) *adv.*In a hard manner;with difficulty:મહા મહેનતે; મહાકષ્ટે; બહુ પ્રયાસે; મુસીબતે 2.Unwillingly: નાખુશીથી;-નારાજીથી; ખુશી વગર. 3. Scarcely; not wholly:ભાગ્યે;કદાચિત;જવલ્લે;ક્વચિત્.

Hard-mouthed, (હાર્ડ-માઉથ્ડ)*a.* Not sensible to the bit; not easily governed: લગામની ઝકરને મચક ન આપે-ન માને એવો;તોફાની;બહુ પાણીદાર.

Hardship, (હાર્ડ્શિપ્) *n.* That which is hard to bear; toil;injury injustice:દુઃખ;ક્લેશ;પીડા;કષ્ટ; સંકટ; શ્રમ;બેદ;અન્યાય;જોરજુલમથી;અવઇ લાગવું તે;જુલમ;અવપડતા;વિપત્તિ;વિટંબણા.

Hardware, (હાર્ડ્વેર) *n.* Ware made of metal, as cutlery,kitchen utensils &c:લોઢા વિગેરે ધાતુનો સામાન;ધાતુનાં ઓજાર; ધાતુનાં વાસણ;હથિયારકામ;લોઢાકામ.

Hardy,(હાર્ડિ)*a.*Bold;resolute:નિર્ભય;નિઃશંક; બહાદુર; હિંમતવાન;દૃઢ; છાતીવાળો;ધૃષ્ટ;સાહસિક;શૂરવીર;ધીર. 2. Confident;shameless(*in a bad sense*):નિર્લજ્જ;નઠોર;ઠોઠ; નફટ;બેશરમ. લાજ વગરનું;બેહયા.3.Strong; firm: મજબૂત;દૃઢ;4.Capable of endurance:સહનશક્તિવાળું; ઘડાએલું; રીઢા-ઢાડનું;કસાએલું;સહનશીલ;વજ્રદેહી.

Hare,(હેર)*n.*(*Zool.*)A well-known rodent animal having long hind legs,a short tail and a divided upper lip:સસલું;શશ; શશક.

H.*and hounds*: એક જાતની રમત; દોડપકડની રમત.

Hare-brained,(હેર્બ્રેન્ડ)*a.* Wild; giddy: જંગલી;બેસેલું; ભ્રાંતચિત્ત;ચંચળ બુદ્ધિનું:બ્હાવરું;ચળેલ;રોહલું.

Hare-hearted, (હેર હાર્ટેડ) *a.* Timid: બીકણ;બાયલું;ચોચકણ.

Harem,(હેરેમ્)*n.*The portion of the house allotted to females in Mohammedan families: જનાનખાનું; અંતઃપુર; સ્ત્રી ગૃહ. 2. A seraglio:જનાનો;કબીલો.

Hark,(હાર્ક)*vi.*To listen;to hearken: કાનધરવો;સાંભળવું; ધ્યાન આપવું *To* h.*back.*પ્રથમના વિષય ઉપર પાછું આવવું.

Harl,(હાર્લ્) *n* The filaments of flax: રાણના રેશા.

Harlequin, (હાર્લેક્વિન્)*n. A* buffoon: તરકટિઓ;રંગલો ભાંડ; વૈદાસિક; જોકર; વિદૂષક; મશ્કરો.H. *snake.* રાતા અને કાળા ડાઘાવાળો નાનો ઝેરી સાપ. *vi* To play the droll: તરકટિયાવેડા કરવા;જોકર બનવું.

Harlot,(હાર્લોટ્)*n.* A churl; a common man: સાધારણ માણસ.2 A prostitute:વેશ્યા;છિનાળ; ગુણીકા; પાતર; સામાન્યા; વારાંગના; કિસબણ; રમજની; કચની; પેશેવર.*a.* Wanton; lewd; low:હલકું;નીચ;અધમ;છિનાળવું; વિષયી *vi.* To play the harlot છિનાળનું કામ કરવું;પાતર-કસબાતણનો ધંધો કરવો.

Harlotry,(હાર્લોટ્રિ)*n.*The trade of prostitution: વેશ્યાનો ધંધો;છિનાળ-કીરબાતણનો ધંધો;છિનાળું;પેશેવરી.

Harm,(હાર્મ્)*n.*Injury; hurt:ઇજા; દુઃખ;નુકશાન;હાણ;હાનિ; બગાડ; દોષ; અપરાધ;પાપ;હરકત;પીડા; ઉપદ્રવ; ખરાબી.2.That which causes injury:ઇજા-હાણ-બગાડ જેથી થાય તે;બગાડ નુકસાનકર્ત્તા વસ્તુ-પદાર્થ. *vt.* To hurt;to injure:ઇજા કરવું;ને દુઃખ દેવું; -નું બગાડવું;-ને હાનિ-હાણ-નુકશાન-હરકત પહોંચાડવી.

Harmful(હાર્મ્ફુલ)*a.*Full of harm; injurious: બગાડ નુકશાન હરકત કરે એવું;અપકારક;હિંસક;ઉપદ્રવી.

Harmless,(હાર્મ્લેસ્)*n.*Free.from harm;unhurt: નિરૂપદ્રવી,અહિંસક; અબાધક; અવિકારી; બગાડ ન કરે એવું. 2.Inoffensive; innocent: નિર્દોષ; નિરપરાધ;ગરીબ; સાલસ; રાંકડું; બાપડું;નિર્બાધક.

Harmonic.Harmonical, (હાર્મોનિક્ કૅલ)*a* [L.*harmonicus*, See **harmony.**] Musical; concordant: મળતાસુરનું; એકતાવ; સુરવરનું; સમાન સુરનું;મધુર; મિઠું;ખુશમરજ. **H.** *progression-series:*હરાત્મક શ્રેણી.

Harmonious. (હાર્મોનિઅસ્)*a.*Adapted to each other; symmetrical:અવયવપ્રમાણ; બાંધાર-સાંગ શુદ્ધ; યોગ્ય રચનાનું ; રચના-સ્વારસ્ય વાળું. 2.Living in peace and friendship:સંપીલું;અવિરોધી; અનુકૂળ; અનુરૂપ; એક મનનું; એકદીલનું;એકરાગનું. 3. Agreeably consonant;symphonious:ખુશ લાગે એવા મળતા સ્વરનું; મિઠું;મધુર;સુસ્વરવાળું;સુસ્વર;વિરોધ-વિનાનું.

Harmonium, (હાર્મોનિઅમ્) *n.* A kind of musical instrument: એક જાતનું હાથે વગાડવાનું વિલાતી વાજું વાદ્ય વાદિત્ર.

Harmonize, (હાર્મોનાઇઝ્)*vt.* To agree in sense;to agree in action:મળતું-હળતું-જડતું હોવું; બધબેસતું આવવું;વિરૂદ્ધતા ન હોવી; અકરાગ-તુલ્ય હોવું;એકપણું હોવું 2.To be in peace: સંપીલું હોવું; સંપમા રહેવું. સલાહથી રહેવું.3. To agree in musical effect: સૂર મળવો; સ્વરઐકયતા હોવી; રાગમા મળતા આવવું. એકરાગ-એકતાલ હોવું.*vt* To adjust in fit proportions; to cause to agree: મળતું આવે તેમ કરવું;-નો વિરોધ-વિરૂદ્ધતા કાઢી નાખવી;સદ્રશ કરવું;યોગ્ય પ્રમાણમા ગોઠવવું-રચવું.2 (*Mus.*)To accompany with harmony:રાગ મળવવા-બેસાડવા;સૂર મેળવવા.

Harmonizer, (હાર્મોનાઇઝર્) *n.* On who harmonizes.ગાનાર; રાગ સાથે ગાનાર;સુર મેળવનાર.

Harmony, (હાર્મોનિ)*n.*[Gr.*harmonia,*I fit together.] The just adaptation of parts to each other,in any system:અવયવાનુરાગ; અવયવનું યોગ્ય પ્રમાણ-રચના; રચના; અવયવયોગ્યતા 2 Concord; peace and friendship: મેળ;મેળાપ;બનાવ; સંપ;એકમત;એકદીલ: સલાહ; મળતાપણું;એકતા;અવિરોધ;ઐકય;રાગ 3. (*Mus.*) (*a*)A succession of chords according to the rules of progression:રાગ;સૂરમેળાપ;સુરમેળ; એકતાર; સ્વરમેળ.(*b*,The science, which treats of their construction and progression:સ્વરયોગ;સુરયોગ-વિદ્યા

Harness,(હાર્નેસ્)*n.*Coat of mail; the armor of a horse:કવચ;બખ્તર;લડાઇની વખતે શરીરને ઇજા ન આવે તેટલા માટે ઘોડા કે માણસને પેહેરવાનું બખ્તર. 2. The equipments of a draught horse; tackling: જોડવાના ઘોડાનો સાજ; હાર્નેસ. 3. A

part of a loom:સાળનો એક ભાગ. *vt.* To dress in armor: બખ્તર પહેરાવવું;કવચ-બખ્તર ધારણ કરાવવું. 2 To equip for defence:રક્ષણ-બચાવને માટે સાધન તૈયાર કરવું-પુરું પાડવું; સજ્જ કરવું 3 Tomake ready for draught:(ઘોડાનો)સાજ વાલવો;જોડવા માટે સાજ ઘાલવો.

Harp, (હાર્પ્)*n* [L *harpa.*]A stringed instrument of music: તંબુરાની પેઠે ખાંડું કરી આંગળી ભેરવે વગાડવાનું ઉભેજ વાજંત્ર;તારનું વાજંત્ર; વીણા;સારંગી.2. (*Astron.*) A constellation:lyra નક્ષત્ર. 3. A grain sieve:અનાજની ચાલણી *vi.* To play on a harp: સારંગી-વીણા વગાડવી; તારનું વાજંત્ર વગાડવું. 2. To dwell tediously in speaking or writing (with *on or upon*): તેનું તે-એકજ વાત ગાયાં કરવું;વહાએલું કરવું *vt.* To play upon,as a harp: સારંગી વગાડવી;વાદિત્ર વગાડવું.

Harper,(હાર્પર) *n.* A player on the harp ગવૈયો;સારંગીવાળો.

Harpoon,(હાર્પૂન્)*n.*A spear used to strike and kill a large fish: a harping iron; મોટાં માછલાં મારવાનો ભાલો;ભરત્રી.*vt.* To strike or kill with a harpoon:ભાલાવતી મારવું-પકડવું-મારી નાખવું.

Harpy,(હાર્પિ)*n pl* **Harpies**[L. Gr.L *Harpyia.*] (Myth.) A fabulous winged monster, having the face of a woman, and the body of a vulture: સ્ત્રીનું મોં અને ગીધનું શરીર એવો પાંખોવાળો કલ્પિત રાક્ષસ.2. Plunderer :લૂંટારો; પિંડારો;છીનવી લેનાર પુરૂષ.

Harridan,(હૅરિડન્)*n.* A worn out strumpet;a hag:ઘરડી-બુઢ્ઢી છિનાળ; વૃદ્ધ વેશ્યા.

Harrier,(હૅરિઅર્) *n.* A kind of hound for hunting hares,having an acute sense of smelling: તીવ્ર ઘ્રાણેંદ્રિયવાળો સસલાનો શિકાર કરવાના કામમા લેવાનો કૂતરો.

Harrow,(હૅરો)*n* [L. *hirpex*, harrow.]An instrument of agriculture: કળપવ;કૂળપી; જમીનના ઢેફાં ભાંગવાનું ઓજાર;દાંતાળો; સમાર. *vt.* To break with a harrow:ની કળપણી કાઢવી;માં કળપ ફેરવવો;કળપ વડે ભાંગવું. 2.To tear;to torment: ફાડી નાખવું;ચીરવું; પીડવું. હેરાન કરવું;સતાપવું.

Harry,(હૅરિ)*vt.p.p.***Harried**,To strip;to pillage: લૂંટ્યા લેવું;ઝાડી નાખવું;ઉખેડવું;ઉતારી લેવું.2. To agitate to worry: કદેરવું;હેરાન કરવું; સતાવવું; સંતાપવું;પજવવું.

Harsh (હાર્શ્)*a.*(*a*)Rough to the touch:ખરે એવું;કઠણ;ખડબચડું:કર્કશ. (*b*) Rough to the taste:ખાટું અડચણ અને લૂખું;ત્રાજાં ખુંચે એવું લૂખું; રૂક્ષ (*c*)Rough to the ear: કાન ફાડી નાંખે એવું;કર્ણ કઠોર;કર્કશ.2.Austere;severe:કરડું;નિષ્ઠુર;ઉગ્ર;કઠણ; ખુંખવાતું; કર્કશ;સખ્ત;કઠોર.

Harshness, (હાર્શ્નેસ્) *n.* The quality or state of being harsh ખરા મરજ;સખ્તપણું;કઠોરતા.

Hart,(હાર્ટ્)*n.*A stag:સાબરનો નર; સાબર;મૃગ; હરણ.

Hartshorn, (હાર્ટસ્હૉર્ન્) *n.* The horn of the hart: સાબરનું શીંગડું; સાબરશિંગ. 2 Carbonate of ammonia:કાર્બોનિક એસીડ સાથે ભેળવેલો નવસાગર

Ha-um scarum, (હૅરમ્-સ્કૅરમ્)*a.* Wild;flighty;rash;thoughtless: અવિચારી ઉપમાતી;ઉચ્છૃંખળ;તોફાની.

Harvest,(હાર્વેસ્ટ્)*n* The season of gathering a crop of any kind: કાપણીનો વખત;કાપણી; મોસમ; ફસલ. *Autumnal* **h.**: ખરીફ *Summer* **h**: હરી *Vernal* **h.**: રવી. 2 That which is heaped; the ripe corn and grain: ખેતીનો માલ;તૂલ; પાક. *Autumnal* **h** :ખરીફ. *vernal* **h**: રવી;*summer* **h.**: હરી.3.The product of any labor;gain:ફળ;લાભ. *vt.* To reap or gather, as corn: લણવું;કાપણી કરવું;અનાજ કાપીને ભેગું કરવું:પાક લેવો.

Harvest-home,(હાર્વેસ્ટ્-હોમ્)*n.* The song sung by reapers at the feast made at the gathering of corn: ખેડુતોનો ઓચ્છવ; નવાન્નોત્સવ; ઓચ્છવ વખતે ખેડુતોને ગાવાનું ગીત.2 The time of harvest:કાપણીનો વખત;પાક લેવાનો વખત; મોસમ; ફસલ.

Hash,(હૅશ્)*vt* To chop into small pieces;to mince and mix:ની કચુંબર જીણીજીણી મીં કકડી કરવું.

Hasp,(હૅસ્પ્)*n.*A clasp;a metallic hook for fastening a door:કડી; સાંકળ;આંકડા;ચાપડો; ચપરાશ. 2. A spindle to wind yarn, thread or silk on: તરાક;ત્રાક;ફરકડી. *vt.* To shut or fasten with a hasp:આંકડીવતી બંધ કરવું;ચાપડો લગાડી સજડ કરવું; વાસવું.

Hassock, (હૅસાક્)*a.*A thick mat for kneeling in church: દેવળમાં પ્રાર્થના કરતી વખતે ઘ્રિસ્તી લોકો જે ઉપર ઘુંટણીએ પડે છે તે જાડી સાદડી-ચટાઈ.2.A kind of foot stool:નાનો લગડું જોડેલો બાજઠ.

Haste,(હેસ્ટ્)*n.* Speed; expedition:ઉતાવળ;ઝડપ;વેગ;શીઘ્રતા; તાકીદ; ત્વરા;હોડધામ.2.Hurry; vehemence: ઉતાવળ.*To make* **h.**, to hasten: ઉતાવળ-ઝડપ કરવી.

Hasten, (હેસન્)*vt.*To press; to push on;to hurry: ઉતાવળું થાય એમ કરવું;ઉતાવળથી કરવું:ખેંચી હડસેલી લાવવું;લાવી નાંખવું.*vi.*To be rapid in motion;to go quickly:ઉતાવળ કરવી;ઉતાવળા થવું; ઉતાવળા ચાલવું-જવું; ધાવું;ધાઈ દોડી જવું.

Hastily,(હેસ્ટિલી) *adv.*Speedily; nimbly: ઝડપથી;તાબડતોબ;ચટદેધને. ઉતાવળું ;ઝટદેધને.2 Precipitately; rashly: આંધો મીંચીને;વગરવિચારે.3. Passionately;impatiently: વગર ધીરજે; ગુસ્સામાં; ક્રોધના આવેશમાં

Hasty,(હેસ્ટિ)*a.*Involving haste; done in haste:ઉતાવળિયું;શીઘ્ર; સત્વર-ઉતાવળમાં કરેલું. 2. Hurrying; rash;eager;easily excited:ઉતાવળિયું; ઉત્પાતિયું; ચપલચિયું; સાહસિક; અવિચારી; સહેલાઇથી જરા વારમાં ગુસ્સે થાય એવું. 3. Made without due caution: ચટતી-યોગ્ય-બરોબર સંભાળ-કાળજી લીધા સિવાય કરેલું. 4. Proceeding from,or indicating, a quick temper:તામસી સ્વભાવનું; ગુસ્સો બતાવનારું;જલદ.

Hat,(હૅટ્)*n.*A covering for the head:ઉભી ટોપી.**H.** *block*: જેના ઉપર ટોપીઓ બનાવવામાં આવે છે તે લાકડાનો કકડો;માથું.*To pass the* **h.** *round*: ટોપી ફેરવવી; થાળી ફેરવવી; ટોપી ફેરવીને ભીખ માગવી.

Hat-band, (હૅટ્-બૅન્ડ)*n.*A band round the crown of a hat:ટોપી ઉપર લપેટવાનો પટો.

Hat-box, (હૅટ્બૉક્સ્)*n.*A box for a hat:ટોપી મુકવાની પેટી-દાબડો.

Hatch, (હૅચ) *vt.* To produce young from(*eggs*):સેવવું;સેવવા બેસવું; ઇંડું ફોડી બહાર બચ્ચા કઢાડવા. 2. To contrive or plot: નો ઘાટ રચવો; કહાડવું; ઉભું કરવું;યુક્તિ-રચના વડવી. *vi.*To come forth from the egg: સેવાવું;બચ્ચાનું ઇંડામાંથી બહાર નીકળવું.To spot;to stain:ખરડવું; બગાડવું;-નો ડાઘ પાડવો.*n.* The act of hatching: સેવવું તે;બચ્ચાં કહાડવાં તે. 2.Development;discovery: શોધ 3.A brood:એક સાથે જન્મેલાં-બહાર નીકળેલાં બચ્ચાં; વેતર.

Hatch,(હૅચ્)*a.* A door with an opening over it:બારણા ઉપરની બારી.

2.A frame in a river,for catching fish:માછલાં પકડવાનું ચોકઠું. 3. A bedstead(*Scot.*)ખાટલો.4 (*a*) An opening in the deck of a vessel or floor of a hoistway:તુતક-વહાણના ભંડારની ખાળ; ભંડાર વિગેરેનું બારણું-દ્વાર; ફાલકું.(*b*)A cover or door used in closing such an opening: આવા તૂતકને બંધ કરવાનું બારણું-ઢાંકણ.5.(*Mining.*) An opening into a mine:ખાણનું દ્વાર. 5.A flood gate:ભરતીનાં પાણી આવવાનો દરવાળે માર્ગ.

Hatchel, (હૅચેલ) *n.*A kind of large comb: શણ વિ જવાનો સંચો; એક જાતનો મોટો કાંસકો. *vt.* To draw through the teeth of a hatchel:શણ પિંજવું.2. To tease; to torment:ત્રાસો ઉપજાવવો;હેરાન કરવું.

Hatchet,(હૅચેટ્)*n* A small axe: કુહાડો;નાની ફરસી-ફરશુ; વાંસલો. **H.** *face,*a thin sharp face:તીક્ષ્ણ તિપ્રચહેરો.*To bury the* **h** : to make peace :બધું વિસારે નાખી સલાહ કરવી

Hatchway, (હૅચ્‌વે)*n.* The entrance to a cellar તૂતક-ભંડાર વીગેરેમાં જવાનું બારણું-દ્વાર;ફાલકું.

Hate,(હેટ્)*vt.* To dislike intensely;to detest: ને દુશ્મન દેખવું;-ની ચીઢ હોવી રાખવી;ઉપર વેર દ્વેષ રાખવો; ઉપર ઝાજર ચઢવું;ઉપર અંટસ-ખીનો રાખવો;ધિક્કારવુ નો ધિક્કાર કરવો. 2. To be very unwilling: થી નારાજ-નાખુશ હોવું;-ના પસંદ હોવું;-ને ન ગમવું. 3 To love less:ઓછું ચહાવું; ના ઉપર ઓછો પ્યાર રાખવો.*n.* Intense dislike;hatred: દ્વેષભાવ; ધિક્કાર; દ્વેષ; વેર;ચીઢ;ઝાંઝ;અંટસ;ખીનો;અદાવત્ *Innate or instinctive* **h** : જાતિવેર. *Deadly* **h.**:હાડવેર.

Hateful, (હેટ્‌ફુલ)*a.*Malivolent; malignant: કીનાખોર; અંટસવાળુ; દ્વેષભાવનું;ધિક્કાર ભરેલું 2. Odious: દુશ્મનજેવું;ઝાંઝ છૂટે એવું;દ્વેષપાત્ર; ખળ; ચઢ;દુર્જન; કુટિલ; ધિક્કારવા જોગ.

Hatred, (હેટ્રેડ્)*n.*Strong aversion;intense dislike:દ્વેષભાવ;દાવ; અદાવત;ધિક્કાર;દ્વેષ;વેર;ચીઢ;કીનો.

Hatter,(હૅટર)*n.*One,who makes or sells hats: ટોપીઓ બનાવનાર-વેચનાર અથવા વેચનાર;ટોપીઓવાળો.

Haughtiness,(હોટિનેસ્)*n* Disdain;arrogance: ધિક્કાર; તિરસ્કાર: ગર્વ;દર્પ;મદ;અહંકાર; અભિમાન; માન; નાદ;તોર; મગરૂરી;દિમાગ;આડંબર.

Haughty,(હોટિ ,*a.* [L. *altus,* high.]High;bold: ઉચ્ચ; મોટું. 2. Arrogant;overbearing:અહંકારી; માની;અભિમાની;મગરૂર,;ઉદ્ધત; ઉન્મત્ત; છટેલ; અવિનયી. 3. Indicating haughtiness: અભિમાન મગરૂરી-દિમાગ-ગરૂરી ભરેલું.

Haul,(હોલ્) *vt.* To pull with force;to drag:જોરથી ખેંચવું;ઘસડવું; ખેંચી-ઘસડી લેઈજવું.2 To transport by drawing:ખેંચીને એક જગ્યાએથી બીજી જગ્યાએ લેઈ જવું.*vt.*To change the direction of a ship by hauling the wild:જેથી તરફથી પવન વાતો હોય તેથી તરફ વહાણનું મોં ફેરવવું.2 To pull apart:જૂદી તરફ ખેંચવું; પાછા હઠવું-ખસવું.*To h off,* to withdraw પાછા હઠવું-ખેંચાવું *n* A violent pull આચકો; ખેંચ;આકર્ષણ.2. A Single draught of a net:એક સપાટો.

Haulage, (હોલેજ)*n* Act of hauling:ખેંચી લેઈ જવું *d.* 2. Charge for hauling: ખેંચામણ; મજૂરી ભાડાના પૈસા-નુર;તાણતા-ખેંચતાં પડતું-નો ખર્ચ; ખેતીનો માલ તાણી-વહી લેઈ જવાની વેઠ.

Haunch, (હૉન્શ્)*n* The hip;the hind part:કડ;કમ્મર,;નાંગનો થાપો.

Haunt (હોન્ટ્)*vt.*To frequent;to intrude upon: માં આવજા-રહેઠાણ-બેઠક-વાસ અખાડો-પનરવટ-ઉપદ્રવ હોવો; ના મનમાં હોવું; આવી આવીને હેરાન કરવું.2. To inhabit; to visit as a ghost:માં વસવું:-માં ઘર કરી રહેવું; ભરાઇને-આવી આવીને હેરાન કરી સતાવવું *vt.*To persist in visiting: વારેવારે આવ જા કરવી-મુલાકાત લેવી. *n.* A place to which one frequently resorts: રહેઠાણ; વાસ;આશ્રય; અખાડો; બેઠક;ઠેકાણું

Haunted,(હોન્ટેડ્)*a.*Frequented by a ghost: ભુતોવાળું;ભુતાળવું;પિશાચ સેવિત.

Haut-boy, (હોબૅ ય) *n.* A wind instrument,sounded through, a reed: પીપી;સણાઈ.2. A sort of strawberry: એક જાતનું ફળ.

Haut-boyist, (હોબોઈસ્ટ્) *n.* A player on the haut-boy :પીપી-શરણાઇ વગાડનાર;પીપાવાળો.

Hauteur,(હોટર્)*n.*Pride;arrogance:અભિમાન;મગરૂરી;ગર્વિષ્ટપણું; ગર્વ; દમ;;માન;દર્પ;બિનજર;તોર.

Have,(હૅવ્)*vt.*[*Imp.*& *p.p* **Had.**] To own:કબજામાં હોવું;-ના માલીક હોવું; ના હાથમાં હોવું.2. To possess:-ને હોવું, ને થયેલું આવેલું હોવું.3.To take or accept: લેવું;રાખવું મેળવવું;લેવએ. 4.To get:મેળવવું.5. To desire;to require:ની ઇચ્છા હોવી,-નો ખપ હોવો. 6.To bear:જણવું;-ને અવતરવું.7. To hold regard or esteem પ્રત્યે માન ધરાવવું;માનથી જોવું.8 To cause to go;to take: લઇ જવું: ખમેડવું;પગલે કાઢી મુકવું.9.To be under necessity:કંઈ કરવાની જરૂર હોવી;કંઈ કરવું પડવું.10 To understand:સમજવું; ધ્યાનમાં ઉતરવું:-ના લક્ષ્યમા આવવું 11. To maintain as an opinion:(અભિપ્રાય)ધરાવવો; નો મત હોવો.12 To seize and hold: પકડવું;પકડી રાખવું. *To* **h** *a care:* સંભાળવું;હોશિયાર રહેવું.*To* **h.** *at:* ઉપર હુમલો કરવો *To* **h.**(*a man*)*out,* to engage (*one*) in a duel:દ્વંદ્વયુદ્ધમાં કોઇને ઉતારવું. *To* **h** *it out,*to speak freely:બહાદિલથી બોલવું;બોલી-કહી નાંખવું.*To* **h.** *on,*to wear:પહેરવું;ધારણ કરવું;બજવું

Haven (હેવ્ન્)*n.*A harbor;a port: બંદર; વહાણને લંગર કરવાનું ઠેકાણું; ખુલ્લું-બાંધ્યા વગરનું બંદર;બારે. 2 A shelter:આશ્રયની જગો; આરામ લેવાની જગો;આશ્રય.*vt* To shelter, as in a haven: બંદરમાં લંગર કરવું; લાગરવું;આશ્રય આપવો.

Haversack, (હૅવરસૅક્)*n* A bag for oats:ઓટજાતનું અનાજ લઇ જવાની થેલી;તોબરી.2.A bag in which a soldier carries his rations when on a march:લશ્કરી સીપાઇને કુચ કરતી વેળા ભાથું રાખવાનો તોબરો. 3 A gunner's case or bag to carry cartridges:કારતુસ વિગેરે રાખવાની થેલી.

Having,(હૅવિંગ્)*n.* Possession; goods;estate:માલમત્તા;પુંજી;જર *p a.*Holding;bearing:વાળું; રાખનાર.

Havoc,(હૅવૉક્)*n* Wide destruction;waste:અનર્થ,તોફાન;ઉત્પાત;ઉપદ્રવ;પ્રલય;પાયમાલ;સડાર, ઘાણ; ખરાબી;નસતાનાબૂદ.*vt* To lay waste; to destroy: પાયમાલ કરી ન ખવું; નાખોદ વાળવું,નસ તાનાબૂદ કરી નાખવું; ઘાણ વાળવો.

Haw,(હો)*n* A hedge વાડ.2. The fruit of the hawthorn: હાથોર્ન નામના ઝાડનું ફળ-બીયું.

Haw,(હો)*n.*Hesitation of speech તાડ ટ;ગળચીયું *vi* To speak with hesitation: અચકી અચકીને-તોતડું તોતડું બોલવું;બોલતાં બોલતા અચકા જવું.

Haw,(હો)*vi* To turn to the near side:પાસેના બાજુ તરફ વળવું.*vt* To cause to turn to the near side: પાસેના બાજુ તરફ વાળવું.

Hawk,(હોક્)*n.*One of numerous genera of rapacious birds: શિકારી સિચાણો;બહરો;રથેન.*Hawk-fly (Zool)*

a voracious fly:ઝેરી માંખી. *vi* To catch birds by means *of* hawks trained for the purpose: પાળેલા બાજવડે બીજ પક્ષીઓ પકડવાં; બાજ પાસે શિકાર કરાવવો.2.To make an attack while on the wing; to soar and strike like a hawk: ઉડતાં ઉડતાં હુમલો-હલ્લો કરવો;-ની ઉપર તૂટી પડવું;બાજની પેઠે ઉંચું ઉડવું.

Hawk,(હોક્)*vi*.To clear the throat with an audible sound by forcing an expiratory current of air: કફનો બલખો-ગળફો કાઢવો;ખાકૂ કરવું.*vt*. To raise by hawking, as phlegm: કફનો ગળફો-બળખો કાઢવો. *n*.An effort to force up phlegm from the throat,with noise: કફનો બળખો કઢાડવાનો પ્રયત્ન-કોશીશ. *vt*. *To* offer for sale by outcry in the street : ઘેરઘેર-શેરીએ શેરીએ ફરીને વેચવું;ફેરી ફરીને વેચવું.

Hawk,(હોક્)*n* (*Masonry*.) A small board, with a handle on the under side,to hold mortar: ચૂનાનો કેલ લેવાનું હાથાવાળું પાટિયું. **H**.*boy*.મજૂર;ગારો લાવનારો.

Hawker,(હોકર્)*n*.A peddler: ફેરીઓ; ઘેરઘેર ફરીને વેચનારો. *vi*. To sell goods by outcry in the street:ઘેરઘેર ફરીને વેચવું.*n*.*A* falconer: બાજગીર; બાજ પાસે શિકાર કરાવનાર.

Hawk-eyed,(હૉક્-આઇડ્)*a*.Sharp sighted:ઝીણી-તીક્ષ્ણ નજરવાળું; સૂક્ષ્મ-બારીક નજરવાળું.

Hawse,(હાઉસ્)*n* A hawse holo: કઠી;ગાળો;નાકું.2 (*a*) The distance a head to which the cables usually extend:ઓધાણણીની જગ્યા; ઓધાણણી.(*b*) That part of a vessel's bow in which are the hawse holes for the cables:વહાણના મુડદાના જે ભાગમાં દોરડાંને માટે નાકાં હોય છે તે ભાગ.(*c*)The situation of the cables before a vessel's stem when moored with two anchors,one on the star board, the other on the larboard bow: વહાણની જમણી અને ડાબી બેઉ મુડદેથી લંગર નાંખ્યું હોય ત્યારે મીલની સામાં દોરડાં જે રીતે આવી રહ્યાં હોય તે રીત

Hawser,(હાઉઝર્) *n*.[L. *allus*, high.]A large rope : લંગરનું દોરડું.

Hawthorn,(હોથાર્ન્)*n*. (*Bot*.)A thorny shrub or tree : કાંટાવાળું ઝાડ;કંટાળો;ચેર.

Hay,(હે)*n*.A hedge:વાડ.2.A net set around the haunt of an animal:જળ; પાસ.*vi*. To lay snares for rabbits:સસલાંઓને માટે જળ પાથરવી.

Hay,(હે)*n*.Grass cut and cured for fodder:સુકું ઘાસ ઘાસ.**H**. *cap*, ઘાસની ગંજીનું ઢાંકણ **H**. *fever* : તાવ અને સળેખમ **H**.*knife* : ઘાસ કાપવાનું હથિયાર;હાતકું **H** tea : ઘાસ ઉકાળીને પાડેલો રસ.**H**. *rich*: ઘાસનું લાંબુ ને લાંબુ કુંદલું *vi*. To cut and cure grass for hay:ઘાસ ઘાસ કરવું.

Hay cock,(હેકૉક્) *n*. A conical heap of hay in the field : ચોકઠ આકારની કરેલી ગંજી; ઘાસની ગંજી; ઘાસનું કુંદલું.

Haying, (હેઇંગ્)*n*.The time for storing up hay: ઘાસ ભરી રાખવાનો વખત.

Hay loft(હેલૉફ્ટ્)*n*.A loft for hay: ઘાસ ભરવાનું માળિયું-તૂતક.

Hay mow,(હેમૌ) *n*. A mass of hay laid up in a barn for preservation: ખળીમાં ભરેલો ઘાસનો ઢગલો.2.The place in a bar where hay is deposited: ઘાસ ભરી રાખવાની ખળીમાં જગ્યા.

Haystack,(હેસ્ટૅક્)*n* A conical pile of hay in the open air:ઘાસની ગંજી.

Hazard (હૅઝર્ડ્) *n* A game of chance played with dice:પાસાની રમત.2.The uncertain result or throwing a die; hence,chance; accident: વીમા સરખું-વીમાનું કામ; વિમો;અણધાર્યો બનાવ;દૈવયોગ; દૈવગતિ; દૈવઘટના.3.Risk;danger: નુકસાનનો સંભવ; જોખમ;ચોકો;ખતરો;ભય; સંકટ; સંશય.4.Anything that is risked જોખમમાં નાખેલી વસ્તુ;જોખમ.*To run the* h.,to take the risk: જોખમમાં પડવું. *At the* h.: *of*:-ને જોખમમાં નાખીને; નું-ને જોખમ છતાં.*vt*.To venture;to risk:સંકટ-જોખમમાં નાંખવું;-નું જોખમ વહોરવું; ના જોખમમાં પડવું 2.To venture;to incur,or bring on:જોખમમા પડવાની હિંમત ધરવી *vi*. To expose to chance; to encounter risk.જોખમ વહોરવું-માથે લેવું-ખેડવું; માં પડવું.

Hazardous,(હૅઝર્ડસ્)*a*.Dangerous:જોખમ ભરેલું નધણિયાતું;જોખમવાળું; ને લાગે એવું;સદેહ ભરેલું;દૈવાધીન;દૈવવશ.

Haze,(હેઝ્)*n*. Light vapour or smoke in the air; hence, dimness ધુમસ;ઝાંખ *vi*.To be hazy:ધુમસવાળું થવું.*vt*.To harass by exacting difficult work:કઠણ-અઘરું-અણગમતું કામ પરાણે કરાવીને હેરાન કરવું-ત્રાસ ઉપજાવવા.2 To annoy by playing shameful trick upon: ખરાબ અડપલાં-ઠીખળ કરીને હેરાન કરવું-સતાવવું.

Hazel,(હેઝલ્)*n*.A shrub or small tree bearing a nut containing a kernel of a mild taste:એક જાતનું ઝાડ.*a* Consisting of hazels; derived from the hazel-હેઝલ નામના ઝાડોનું બનેલું. 2. Of a light brown colour: ભૂરા રંગનું;ભુરું.

Hazy,(હેઝિ)*a*.Thick with haze: ધુમસવાળું; ધુંધરીયું ધુંધરવાળું. 2. Obscure;not clear: ગુંચવણ ભરેલું; સાફ નહીં તેવું; અંધારે પડી રહેલું; અસ્પષ્ટ;અવ્યક્ત;ઝાંખું.

He,(હી)*pron*. A pronoun of the masculine gender referring to a specified subject already indicated:તે;પેલો;એ;ઇ;એલ્યો.2.Any one;the man or person : જમે તે પુરૂષ.3.Man;a male:મર્દ;માણસ;નર.

Head,(હેડ્)*n*.Poll;cephalon:માથું; મસ્તક;શીષ;ચિર;ડોકું;મુંડ.2. The uppermost,foremost or most important part of an inanimate object:માથું;અગ્રો;ફળ; પાનું; ટોચ;નાળ; કાપલો;ભાલોડું.3 The place where the head should go:માથું રહે તે સ્થળ -જગો;માથુ ;ઉસીકું.4. The most prominent or important member of any organized body; the chief; the leader:શિરોમણી;મુખ્ય; અગ્રેસર; અગ્રણી;આચાર્ય;સરદાર;અધિપતિ; પતિ; નાયક;શ્રેષ્ઠ;મુખી;મુકદ્દમ;હવાલદાર;જમાદાર;ઉપરી;પ્રધાન;વડો.નાક;આગેવાન.5. The place of honor or command; the front : મુખ્ય-સૌથી અગ્રો જગો; મોખરો.6.Each one among many: જણ;માણસ;માથું.7. The brain;the understanding: મગજ; બેજું; અક્કલ બુદ્ધિ;ધી: શક્તિ;સમજણ;મતિ; મન; જેન. 8.The source; fountain, spring of beginning: મૂળ; પ્રભવ; ઉદ્ભવ; આદિ હેતુ-કારણ. 9. A headland; a promontory:ભૂશિર;ભૂશલાકા.10. A subdivision:પ્રકરણ;ભાગ;વિષય;ભાગ; પેટું 11.(*a*)Culminating point or crisis:પુરબળ-જોર;છેવટ;ટોચ; અવધિ; સીમા;શિખર;પરાકાષ્ઠા.(*b*) Strength; force: બળ;શક્તિ;સામર્થ્ય.12.A head dress:માથા ઢાંકણ; ટોપી;પાઘડી;શિરોવેષ્ટન 13.An ear of wheat, barley &c.:કલુસવું.14 A topic; a theme: બાબત;વિષય;પ્રકરણ. (in accounts:) સદર 15.Place of honour or command;the front : મોખરાની-સહુથી આગળ પડતી-મુખ્ય-સહુથી અગ્રો જગો. *A buck of the first* h.,a male deer

in its fifth year: પાંચ વર્ષનું સાબર. *From* **h** *to foot*, completely: સર્વાંગે; નખશીખ **H.** *& ears*, completely: તદન; છેક; તમામ; બિલકુલ; સંપૂર્ણ રીતે; નખશિખ. **H.** and shoulders: ખેંચીને તાણી તુષીને. (*b*) ઘણું ઘણું તો; બહુ. **H** *money*, a poll tax: માથાવેરો. *Neither* **h.** *nor tail*, neither beginning nor end : ન્હોં માથા વગરનું; ગોળમોળ. **H** *wind* : પ્રતિકૂળ પવન. *Over the* **h.** *of*, beyond the conprehension of: -ની શક્તિ-ગુંજસ બહાર. To *be out of one's* **h.**, to be temporarily insane: થોડા વખતને માટે ગાંડા થવું; હિલાળે ચઢવું; ભેજું ખસવું. To *lay* **h** *s together*, to consult: -ની સલાહ લેવી; -ની સાથે મસલત કરવી; એકઠા મળી વિચાર કરવો; ઘાટ ઉતારવો. To *lose one's* **h.**, to lose presence of mind : સમયસૂચકતા જતી રહેવી; દિગમૂઢ બની જવું; કર્તવ્યશૂન્ય થઇ જવું. To *make* **h.** *or to make* **h.** *against*, to resist with success: -ના સામા માથું ઉચકવું-ઉઠાવવું; -ની સામા થવું. *Over* **h** : માથા ઉપર. To *turn the* **h.**: ચક્કર ફેરવવું. To *give one the* **h.**, *to give* **h.**: અળોડા ઠીલા મૂકવા; લગામ ઢીલી મૂકવી; સરદ મુકવું. *a.* Principal; chief; first: પ્રથમ; મુખ્ય; પ્રધાન; શ્રેષ્ઠ. *vt.* To lead; to direct : આગેવાન-સરદાર-નાયક નેતા હોવું-થવું; મોખરે હોવું. 2. To form a head to: નું માથું કાઢવું. 3. To behead: નું માથું કાપી નાંખવું; નરદન પાડવું; નોશિરચ્છેદ કરવો 4. cut off the top of; to lop off: ઉપરથી ટોચો-માથાં કાપી નાંખવાં. 5. To get in the front of; to oppose: નીસામા થવું; પ્રતિકૂળ થવું. 6. To chock in restraint: દાબ રાખવો. 7. To set on the head: માથા ઉપર બેસાડવું-ઉભું કરવું. *vi.* To originate; to spring: માંથી ઉદ્ભવવું-નીકળવું. 2. To go or point in a certain direction: અમુક દિશા તરફ વળવું. 3. To form a head : ગોટો બંધાવો; માથું-ન્હોં થવું.

Head-ache, (હેડ્-એક્) *n.* Pain in head: માથાનું દરદ-દુખણું; શીરો વેદના.

Head-dress, (હેડ્ ડ્રેસ્) *n.* A covering for the head : પાઘડી; ટોપી; ફેંટો; ફાળિયું.

Heading, (હેડિંગ્) *n.* Formation of a head: ગોટો બંધાવો તે. 2. Title: મથાળું; શહર. 3. Material for the heads of casks: પીપનાં ઢાંકણ જેનાં બન છે તે ચીજ; રીણ.

Head-land, (હેડ્લૅન્ડ્) *n.* A cape: ભૂશીર; ભૂશલાકા. 2. A ridge of unplowed land at the ends of furrows: સેડો; સડેડો.

Head-long, (હેડ્લૉન્ગ્) *adv.* With the head foremost: ઉંધે માથે; અધોમુખ. 2 Rashly: વગર વિચારે; સાહસથી ઝપલાવીને; આગળ પાછળ જોયા વગર 3. Hastily : ઉતાવળ-ઝડપ ત્વરાથી. *a.* Rash : વગર વિચારે; સાહસિક; વિચાર વગરનું; અવિચારી. 2. Steep [*Poetic.*] ઉભું; ઢોળાવવાળું; ઉંચું.

Head-master, (હેડ્-માસ્ટર્) *n.* Chief teacher: વડો મહેનાજ; નાયક ગુરૂ; ઉપરી માસ્તર; હેડમાસ્તર; શાલાધ્યક્ષ.

Head-piece, (હેડ્ પીસ્) *n.* Head: માથું. 2. A cap of defence: રક્ષણ-બચાવને સારૂ ટોપી; શિરસ્ત્રાણ 3. Mental faculty: સમજણ; બુદ્ધિ; મતિ; સમજશક્તિ; ભેજું; માથું.

Head-quarters, (હેડ્ક્વૉર્ટ્ઝ્) *n Pl.* Place of residence of any chief officer; the center of authority: મુખ્ય અધિકારીની રહેઠાણની જગ્યા; મુખ્ય અધિકારીનું સ્થાનક; મથકસ્થાનક.

Headsman, (હેડ્ઝમૅન્) *n* [*Pl. headsmen.*] An executioner, who cuts off heads: માથું કાપનાર; ચંડાળ; શિરચ્છેદ કરનાર; જલ્લાદ.

Headstall, (હેડ્સ્ટૉલ્) *n.* That part of a bridle or halter, which encompasses the head: શિરદામની સરદારી; શિરદોરાલી; સર્દોવાલી.

Headstrong, (હેડ્સ્ટ્રોન્ગ્) *a.* Not easily restrained; obstinate: દાબમાં રખાય નહિ તેવું; જક્કી; હઠીલું; ઉચ્છૃંખલ; પ્રમત્ત; અસ્થિર મનનું; માથાનું ફરેલ; ખોપરીનું ફાટેલ. 2. Proceeding from obstinacy: હઠીલાપણાનું; દુરાગ્રહી

Head-way, (હેડ્વે) *n* Motion ahead (of a ship.): આગળ વધવું તે; આગળ માર્ગ કાપવો તે; વહાણનું આગળ પ્રયાણ.

Heady, (હેડિ) *a.* Wilful: જીદી; ઉદ્ધત: દુર દોરી નહિ રાખનાર. 2. Strong: કેફી; જલદ; આકરૂ.

Heal, (હીલ્) *vt.* To make hale; to restore to health: સારૂ-સાજું કરવું; -ને રોગ મટાડી દેવો; તનદુરસ્ત બનાવવું; તનદુરસ્તીમા લાવવું. 2. To subdue; to cure: (રોગ) મટાડવો-સારો કરવું; રૂઝવવું; -થી રૂઝ આવવી 3. To restore to original purity: પાછું સ્વચ્છ કરવું; નિર્મળ કરવું. 4. To reconcile as, a breach or difference; to free from guilt: સાંધવું; જોડવું; ઠેકાણે લાવવું; ગુન્હામાંથી મુક્ત કરવું. *vi.* To grow sound: તનદુરસ્ત થવું; તનદુરસ્તીમા આવવું; રોગ મટી જવો; રૂઝવું; રૂઝ આવવી

Healing, (હીલિન્ગ્) *a.* Tending to cure; soothing: રોગ દેન વળી જાય એવું; શાંતાવળે એવું; રોગહર; શાંતિકર; શાંતિદ.

Health (હેલ્થ્) *n.* The state of being sound in body mind or soul: તનદુરસ્તી; આરોગ્યતા; સુખાકારી; ખેરીયત; અરોગિતા; આરોગ્ય; અનામય; સ્વસ્થતા; ખુશાલી 2. Feeling of body as respects health: તબિયત; પ્રકૃતિ. 2. A wish of heal h: તનદુરસ્ત રહો એવી ઇચ્છા; સલામતી **H** *officer*, તનદુરસ્તી જાળવવા માટે નિમેલો અધિકારી. To *drink* **h** : સલામતી લેવી ઇચ્છવી

He althful, (હેલ્થ્ ફુલ) *a.* Full of health; healthy કુશળ; નિરામય; વ્યાધિ રહિત; સ્વસ્થ; નિરોગી; નિર્મળું; આરોગ્ય; તનદુરસ્ત; હટ્ટકટ્ટું. 2. Wholesome: ગુણકારી; ફાયદેમંદ; સુખકર; આરોગ્યવર્ધક. 3. Resulting from health : નિરોગીપણાથી; -ને લીધે હોનારૂં-થયેલું.

Healthy, (હેલ્થિ) *a.* Hale; free from disease: નિરોગી; આરોગ્ય; તનદુરસ્ત; રોગ વિનાનું; નિરામય; કુશળ; વ્યાધિ રહિત; કુશપુષ્ટ. 2. Evincing health : આરોગ્યતા દર્શક સૂચક; આરોગ્ય જણાવું. 3. Wholesome; salutary: ગુણકારી; તબિયત સુધારે એવું; આરોગ્ય વર્દ્ધક.

Heap, (હીપ્) *n.* A crowd, a throng: ટોળું; મેદની. 2 A large quantity of things not placed in a pile: ગોઠવીને-ખડકીને નહીં મુકેલી ઘણી વસ્તુઓ. 3. A pile or mass: ઢગ; ઢગલો; ગંજ; રાશી; પુંજ; સંચય; સમૂહ; ઢગલી. *vt.* To lay up; to accumulate: એકઠું કરવું; -નો સંચય-સંગ્રહ કરવું; ભેગું કરવું. 2. To lay in a heap; to pile: નો ઢગ-ઢગલો ઢગલી-ગંજ કરવું; ઢગલો વાળવો; ખડકવું; સીંચવું.

Heapy, (હીપિ) *a.* Lying in heaps: ઢગલામા પડેલું; ઢગલાબંધ; ઢગબંધ.

Hear, (હીર્) *vt.* To perceive by the ear: સાંભળવું; શ્રવણ કરવું; કાને પડવું. 2. To listen to; to heed· to try in a judicial court: સાંભળવું; કાને ધરવું; માનવું; લક્ષ આપી સાંભળવું; કામ-કેસ ચલાવવો; -ની સુનાવણી કરવી; રજુઆત પર લેવું. 3. To attend: હાજર રહેવું. 4. To give attention to, as a teacher or judge: લક્ષ આપવું; સાંભળવું; રજુવાતપર લેવું; ની સુનાવણી કરવી. 5. To listen to and answer favorably: સાંભળવું; કાને ધરવું; મન પર લેવું; માનવું. *vi.* To have the sense of perceiving sonud: સાંભળવાની શક્તિ હોવી. 2 To listen: સાંભળવું; કાને પડવું; લક્ષ પૂર્વક સાંભળવું 3. To be told: મોઢે સાંભળવું; કોઇના કહેવાથી જાણવું-ખબર પડવી To h *well*, to be praised: વખાણ થવા; વખણવું.

Hearer, (હીરર્) *n.* One, who hears;

an auditor: સાંભળનારા; શ્રોતા.

Hearing, (હીરિંગ્) *n.* The faculty by which sound is perceived: સાંભળવાની શક્તિ-ઇંદ્રી; કાન; શ્રવણ શક્તિ; કર્ણ; શ્રવણ; શ્રવણે દ્રિય. 2. Opportunity to be heard : કહેવાની રજા; કહેવા સાંભળવાનો વખત-તક. 3. A session of a court for considering proofs and determining issues: સુનાવણી; રજુઆત. 4. Earshot: સંભળાય એટલું અંતર; શ્રવણપથ; શ્રવણ ગોચર *Hard of* h : થોડું સાંભળે એવું સુનકાર; કાનેઉજર-ઉલડ; ઉંચકાનું. *sharp of* h.: સરવા કાનવાળું *Within* h.: સંભળાય એટલું પાસે એટલે અંતરે.

Hearken, (હાં ન) *vi* To listen; to give heed: સાંભળવું; કાન દઇ સાંભળવું. *vt.* To hear by listening: સાંભળીને ધ્યાનમા લેવું-ઉતારવું. 2. To hear attentively: લક્ષપૂર્વક-ધ્યાન આપીને સાંભળવું.

Hearsay(હીરસે)*n* Report; rumor; common talk : ગપાટો; ધૂમ; વાત; અફવા; જનશ્રુતિ; કર્ણપરંપરા. H *evidence* કંઇ પણ બીના બીજાને મોઢેથી સાંભળેલી હોય તે કહી બતાવવી તે પુરાવો.

Hearse, (હર્સ્) *n.* A framework of wood or metal placed, over the coffin or tomb of a deceased person: લાકડા અગર ધાતુનું ચોકઠું. 2 A grave or tomb [*Archaic.*]. કબર; ઘોર. 3. A carriage for conveying the dead to the grave : મુડદાની ગાડી; શબવાહિની જનાની ગાડી. *vt.* To inclose in a hearse; to entomb: મુડદાને ગાડીમા લાલવું; કબર-ઘોર કર.

Heart, (હાર્ટ્) *n.* A hollow muscular organ: રક્તાશય; હૃદય; હૃદય-કમલ હૃત; હૃદ. 2. The seat of the affections or sensibilities. હૈયું; ચિત્ત; કાળજું; છાતી; મન; દિલ; અંતઃકરણ; પેટ; હૃદયમ (હૃ. 3. (*a*) The part nearest the middle or center; the center of activity: માંહેનો-અંદરનો વચલો-મધ્ય ભાગ; વક્ષઃસ્થળ; આધારભૂત; આંખ; થાંભલો. (*b*) Bore; inner part: જર; ગર્ભ; ભાવો; ગરભ; કાળજું; પોચો; બીચો; અંતર્ભાગ 4. Courage; spirit: હિંમત; ધીરજ, છાતી; ધૈર્ય 5. Power of fertile production: ફળદ્રુપતા; સત્વ; કસ. 6. That which resembles a heart in shape: કાળજાના આકારની આકૃતિ; રક્તાશયનો ઘાટ. 7 One of a series of playing cards, distingished by the figure or figures of heart: લાલ બદામ; કેક. 8. Secret meaning; real intention: ખરો વિચાર; ખુપે અર્થ; મનની વાત-વિચાર; મન. 9. A term of kindly address: દિલબન; યાર; દોસ્ત; હૈયાનો હાર. 10 source of energetic or efficient action: જીવ; ચૈતન; ચલાવનાર; હાથપગ; આંખ; આધારભૂત; થાંભલો. *At* h., at bottom really: ખરે જોતાં; મન જોઇએ તો; ખરેખરે અંદર ખાનેથી. *By* h., in the most thorough manner: પૂર્ણ રીતે; બરોબર રીતે; મોઢે આવડે એવી રીતે; મોઢે; મુખ પાઠ. H.& *soul*, with the utmost earnestness: ખરા અન્તઃકરણથી; ખરાજીગરથી; ઉત્સાહપૂર્વક. *Out of* h. discouraged: નિરાશ; નાહિમ્મદ; આશાભંગ; ખોત્ર. *To break the* h. *of*, (*a*) To bring to despair or hopeless grief: નાહિમ્મદ-નાશી પાસ-આશા ભંગ કર; (*b*) To finish very nearly; લગભગ પૂર્ણ કર; સંપૂર્ણતાએ પહોંચાડવું. *To find in one's* h.: નું મનમરજી થવી *To know by* h.: મોઢે પાઠ હોવું. *To learn or get by* h.: મોઢે પાઠ કરવું *To have at* h., to desire earnestly: ને માટે તલસવું-ઉત્કટ ઇચ્છા કર. *To have in the* h., to purpose : ના મનમા હોવું;-ની મરજી-ઇચ્છા હોવી. *To lose* h , to become discouraged : ના ઉમેદ-ના હિંમત-નાશીપાશ થવું. *To set the* h *at rest*, to put one's self at ease: નિશ્ચિંત-નિરાંતે બેસવું; ઉંચો જીવ કાઢી નાખવો; નીચા જીવે બેસવું; ફિકર-ચિંતા તજવી. *To take to* h., to grieve over: મનમાં રાખવું; સંતાપ કરવો; હૈયે ધરવું *To wear one's* h. *upon one's sleeve*, to expose one's intentions: પોતાના વિચાર બહાર પાડી દેવા-જાહેર કર. *With all one's* h. completely; fully: ખરા અંતઃકરણથી; જીગરથી; તન; બિલકુલ સંપૂર્ણ રીત્યે; *To one's* h.'s *content* : પેટપુર; ધરાઇને; યથેચ્છ; યથેષ્ટ.

Heart-ache(હાર્ટ્-એક્) *n.* Sorrow; anguish of mind: મનની વેદના; દિલગીરી; હૃદય સંતાપ; બળાપો; સંતાપ; શોક.

Heart-break, (હાર્ટ્-બ્રેક્) *n.* Crushing sorrow or grief: અત્યંત શોક-ઉદાસી; પરમખેદ-સંતાપ. *To cry so as to cause* h.: છાતી ફાટ રોવું.

Heart-broken, (હાર્ટ્-બ્રોકન્) *a.* Intensely afflicted or grieved: પરમ-અત્યંત ઉદાસ; શોક ગ્રસ્ત; ખિન્ન; ગમગીન.

Heart-burn, (હાર્ટ્-બર્ન્) *n.* (*Med.*) An uneasy, burning sensation in the stomach : પેટનો વિષમાગ્નિ; દાહ; અમ્લપિત્ત; હૃદ્રોગ

Heart-burning, (હાર્ટ્-બર્નિંગ્) *n.* Heart-burn: તિક્ષ્ણાગ્નિ. 2. Discontent; secret enmity: અસંતોષ; છાનું વેર દાઝ-ઝેર; અંતર્વૈર; પેટનો બળાપો; ધર્ષા.

Heart-felt, (હાર્ટ્-ફેલ્ટ) *a.* Hearty; sincere: ખાગુંજ લાગેલું; આસ્થા-ઉત્સાહવાળું; અતિપ્રિય; વાસ્તવિક; અકૃત્રિમ; ખરું; ખરી લાગણીનું.

Hearth, (હાર્થ્) *n.* The floor of a fireplace: તાપણીની જગા; ચુલડી. 2. Fireside: ઘરબાર. 3. H. *ends*: ભઠ્ઠીમાંથી પવનને સપાટે ઉડેલી સીસાની કરચો H *money*, H. *penny*,: ચુલાદીઠ વેરો; ચૂલાવેરો.

Heartily, (હાર્ટિલિ) *adv.* With all the heart; with sincerity: ખરા મન-જીગર-દીલથી; મનમાં મેલ રાખ્યા વગર; ખરેખર; મન મુકીને; પુરા મનથી 2. With zeal; willingly : ખરા ભાવ-મન-છાતીના જોરથી. ઉતાવળે; આતુરતાથી; ઉમંગથી; ઉત્સાહપૂર્વક *To eat* h., to eat freely and with relish: મન મુકીને પેટ ભરીને-ધરાઇને-સારી પેઠે-યથેષ્ટ ખાવું-જમવું.

Heartiness, (હાર્ટિનેસ) *n.* The quality of being hearty : ખરું દીલ; આસ્થા; ખરોભાવ; ઉત્સાહ; સરળતા.

Heartless, (હાર્ટ્લેસ્) *a.* Without a heart: હૃદયરહિત; હૃદય વગરનું. 2. Spiritless: હિંમત-ધૈર્ય ઉત્સાહ વિનાનું; નિર્વીર્ય; નિસ્તેજ; નિસ્સત્વ; નાહિંમત; હબડવું; નિરાશ. 3. Destitute of feeling; cruel: નિર્દય; કઠણ મન હૈયાનું; ક્રુર; ઘાતકી; હૃદય શૂન્ય.

Heart-piercing, **Heart-rending**, (હાર્ટ્-પીઅર્સિન્ગ્, હાર્ટ્-રેન્ડિંગ્) *a.* Cutting a heart, causing intense grief: હૃદયભેદક-ભેદક; હૃદયવેધક; બહુજ ખેદકારી.

Heart-sick (હાર્ટ્સિક્) *a* Sick at heart: ખિન્ન; કંટાળી ગયેલું; ઉદ્વેગી.

Hearty, (હાર્ટિ) *a.* Warm; bold; zealous; energetic: ખરા મનથી-ઉત્સાહ-ઉમંગથી કરનાર-ચાલનાર; સરળ; નિષ્કપટી; છાતીતોડ; ચાલાક; ઉત્સુક; ઉત્સાહી; ઉલ્લાસી; આતુર; ઉત્સાહવાળું. 2. Sound; firm: મજબૂત; શરીરે દૃઢ; કોવતદાર; વીર્યવાન; તનદુરસ્ત. 3. Rich; abundant : ખૂબ; પેટપૂર; આંખ ઠાઢી થાય એટલું; બહુ; પુષ્કળ

Heat, (હીટ્) *n.* A force in nature which is: recognized in various effects; calorio: અગ્નિ. *Latent* h.: અંતરાગ્નિ; અદૃશ્યતરાગ્નિ. *Sensible* h.: બાહ્યાગ્નિ; પ્રગટાગ્નિ *Gastric* h.: જઠરાગ્નિ 2. The sensation caused by the influence of heat when excessive: આંચ; દાહ; ગરમી; ઉષ્ણતા; તાપ. 3. High temperature : તાપ; ગરમી; ગરમાવો; ચરમાટ; ધુપ; ઉન્હાળો; ઉષ્ણરૂતુ. *Suffocating* h.: લામ; ઉકળાટ.

n.Flush;redness:લાલી;ગરમી 5. A single complete operation of heating,as in a furnace:તાપ;આંચ 6.A single effort:સરતની દોડદમ.7. Rage;vehemence: કટાકટી;તડાતડી; ધડાધડી; આવેશ; તીવ્રતા; ઉગ્રતા. 8. Agitation of mind, exasperation: ઝરસો;ઉશ્કેરાટ,વ્યગ્રતા;ક્રોધ.9. Ardor: fervency:આવેશ;જોશ;ઝરસો; જેહાલત;આલમ.10.Sexual excitement in animals: કામોદ્દીપન; મસ્તી. 11. Fermentation:ઉભરો;ઉકળાટ.vt.To make hot:ગરમ-ઉનું કરવું;તપાવવું; તાપ દેવો; આંચ દેવી 2. To excite; to make feverish: ઉશ્કેરવું;તપાવવું; તપાવી નાંખવું;ઉનું કરવું 3. To rouse to action;to inflame : ઉદ્દીપન-પ્રદીપ્ત-પ્રજ્વલિત કરવું;ઉશ્કેરવું. vi. To grow warm or hot by the action of fire : ઉનું થવું-તપવું; આંચ ગરમાવો આવવો. 2. To grow warm by fermentation: ઉકળાટથી ઉનું થવું.

Heath, (હીથ્) *n.* (*a*) A low shrub with minute evergreen leaves: ઝીણાંપાંદડાવાળો એકનાનો છોડ. 2. *A* place overgrown with heath : નાનાં નાનાં ઝાડોનું વન હોય એવી જગ્યા;હીથોત્રી.**H.** *cock* (*Zool*): the black cock: કાળો મરઘો. **H.** *grass*: ખરો.

Heathen,(હીથન્)*n.*A pagan; an idolator: ખ્રીસ્તી અને મહમદી ધર્મ સિવાયનો બીજો ધર્મ પાળનાર; મૂર્ત્તિપૂજક;બુતપરસ્ત; અસદ્ધર્મી. 2. An irreligious person : નાસ્તિક; કાફર. *The* **h.**: all people except the *Jews*: યાહુદી, ખ્રીસ્તી અને મુસલમાન સિવાયના બીજા લોકો.*a.*Pagan: અસદ્ધર્મનું; મૂર્ત્તિપૂજાનું 2. Barbarous; heathenish:જંગલી;અસુધરેલ; અસભ્ય;અશિષ્ટ.

Heathenish,(હીથનિશ્) *a.* Of *or* pertaining to the heathen: મૂર્ત્તિપૂજક લોકના જેવું 2.Rude;cruel: જંગલી; દુષ્ટ; નિર્દય. 3. Irreligious: ધર્મ વિરુદ્ધ

Heathenism,(હીથનિઝમ્)*n.* Idolatry;paganism : મૂર્ત્તિપૂજા;અસદ્ધર્મ;મૂર્ત્તિઉપાસના;બુતપરસ્તી.2. Rudeness:જંગલીપણું; મૂર્ખાઈ; અજ્ઞાન.

Heating,(હીટિંગ્)*a.*Stimulating :ગરમ-ઉનું કરવું;તપાવવું; ઉશ્કેરવું; ઝરસો ઉપજાવવું;દીપક;ઉત્તેજક.

Heave,(હીવ્)*vt* [*imp.* **Heaved,** *or* **hove** *p.p.***Heaved***or***hove,** formerly. **Hoven.**] To lift; to raise:ઉંચકવું;ઉપાડવું;ઉંચું કરવું. 2. To throw;to cast:ફેંકવું; નાખવું;નાંખી દેવું.3. To force from or into any position;to throw off:કેંકી દેવું; પરાણે નાખવું.અથવા કાઢવું.4. To force from the breast : છાતીમાંથી પરાણે કાઢવું;પરાણે બોલવું 5. To cause to swell or rise:ઉપાડવું; ઉપસાવવું-ફુલાવવું: હરખાઈ જાય એમ કરવું. *To* **h** *a ship down*:હંકાર કરવું *To* **h.***a sigh*: નિસાસો મુકવો.*To* **h.** *about*,to put about suddenly : ઓચિંતા મુકવું-હંકારવું.*To* **h.***in*, to shorten: ટૂંકું કરવું.*To* **h.***the lead*, to take soundings with lead and line: દોરીએ સીસું બાંધીને તાગ કાઢવો.*vi.*To be raised;to rise up ard: ઉપડવું;ઉંચકાવું;ઉંચું-નીચું થવું.*To* **h.** *in sight*: દેખાવું; નજરે પડવું; પહેલવહેલું દેખાવું. 2. To fall with alternate motions,as waves in a heavy sea &c.:વારાફરતી ગતિથી ઉંચું નીચું થવું; ધડકવું (*b*) To labor; to struggle: તરફડીઆં મારવાં; અમુનવું:હારવું. 3 To make an effort to raise anything: કંઈપણ વસ્તુ ઉપાડવા-ઉંચકવાને પ્રયત્ન કરવો.4.To attempt to vomit; to retch: ઓકવાને પ્રયત્ન કરવો; ઉબકાઓડકાર આવવા;નંખાવા જેવું થવું. *To* **h.up**,to vomit: નાખવું;ઓકવું;હલટી થવી *n.* An effort to raise something:કંઈપણ વસ્તુ ઉંચકવાને પ્રયત્ન-કોશીશ.2.A rising;a swell:ઉછાળો; કુદકો;ઉંચું આવવું;નિસાસો; નિશ્વાસ;અમુનવું;હાંફ.

Heaven,(હેવન્)*n.* The sky; the firmament: આકાશ;વાદળ;અંતરિક્ષ; આભ; ગગન; આસ્માન;આકાશ મંડલ; ખગોલ *Voice from* **h** : આકાશવાણી; દેવવાણી.2.The dwelling place of the Deity; the abode of bliss: સુખનું ધામ;સ્વર્ગ,પરલોક; પરમધામ; દિવ્યલોક,દેવલોક; પુણ્યલોક.3. God:પરમેશ્વર;પ્રભુ; ભગવાન; ઈશ્વર. 4. Any place of great comfort; bliss: સુખધામ;સુખ;સુખની કોઇપણ જગ્યા; ઇંદ્રપુરી;બહેસ્ત;જન્નત *The* **h.***of shiva*: કૈલાસ.(*of Vishnu*):વૈકુંઠ (*of Brahama*).બ્રહ્મલોક.(*of Krishna*):ગોલોક

Heavenly,(હેવન્લિ)*a.* Celestial; not earthly : આકાશીય; આકાશનું; ગગનસ્થ;અંતરિક્ષસ્થ: સ્વર્ગીય; દેવલોક વાસી-દિવ્ય; પારલૌકિક.2.Pure; Supremely blessed:પવિત્ર; દિવ્ય; સર્વોત્તમ;સંપૂર્ણ; સર્વોત્કૃષ્ટ; પરમ; ઉત્તમ. *adv* In a manner resembling that of heaven: પરલોક સ્વર્ગના રીતને મળતી આવતી રીતે. 2 By the influence or agency of heaven: ઈશ્વરી-દિવ્યસત્તાથી.

Heavenly-minded (હેવન્લિમાઇન્ડેડ)*a* Godly;pious: પરમાર્થનિષ્ઠ; ધર્મી;ભક્તિવાળું;પરમાર્થિક;પરમાર્થી.

Heaves,(હીવ્ઝ્)*n.* A disease of horses characterized by difficult breathing: ઘોડાથી શ્વાસ લેવાતો નથી તે દરદ;અમુજણ;હાંફ.

Heavily,(હેવિલિ)*adv.*In a heavy manner; with great weight: ભારે; ધ્રુંજ; પુષ્કળ. 2. Slowly and laboriously;sorrowfully : દુઃખે; દુઃખથી;ઉદાસીથી;કષ્ટે; ધીમેધીમે; મહા મહેનતે; મંદતાથી; પરાકાષ્ટાએ.

Heavy,(હેવિ)*a.* (*a*) Lifted with labour;ponderous : ભારે;વજનદાર; (*b*)Large in extent,quantity or effects ભારે;અડાબીડ; ગિચ;ગહન; જબરું;મુશ્કાળધાર;ખૂબ;ભારે પુષ્કળ.2 Oppressive;burdensome;afflictive; ભારે;સખત;દુઃસહ; જુલમી; ખમાય-ઠેકાણે નહિ એવું. 3 Encumbered; burdened:ભારે; બોજાવાળું; બોઝિલ;ઉદાસ;દિલગીર; નાઉમેદ.4.Slow; dull; inactive; inanimate : ભારવાળું; ભારે;સુસ્ત;નિરુત્તેજ;જડ; મંદ; નિર્માલ્ય; કઠણ.5.Strong; violent : મજબુત; ભારે;તોફાની; જબરું; જબરદસ્ત; સખ્ત. 6. Loud;deep: મોટું; ભારે. 7. Dark with clouds; gloomy : ઘનઘોર; દારૂણ 8 Cloggy;clayey: કાદવવાળી; કીચડવાળી;ખાડાખૈલાદાર.9 Not made light ભારે. 10 Not easily digested:પચે નહીં તેવું;દુર્જર;ભારે;હીરાગળ; ગરિષ્ઠ.11 Pregnant [*R*] : ભારેવાઇ; ગર્ભવતી;સગર્ભા;બેબ્બ. 12. Hard to accomplish: ભારે;કઠણ; દુર્ઘટ; નિવેડાય નહિ એવું.13. Not raised as a bread: ચિકણી; ભારે. 14. Having strength as liquor:જોરદાર.

Hebdomadal, (હેબ્ડૉમૅડલ્)*a.* [L. *hebdomadalis*. Gr. *hebdomai*, seven days.]Weekly : સાત સાત દહાડાનું;સાત સાત દહાડે થતું-બનતું;સાપ્તાહિક;દરઅઠવાડિયે થતું; અઠવાડિક.

Hebrew,(હીબ્રુ)*n.*[L.*hebraeus*]An Israelite; a jew: યહુદી. 2. The language of the Hebrews:યાહુદી ભાષા . *a.* Of, or pertaining to the *H*ebrews:યાહુદી લોકનું થી થયેલું;યાહુદી લોકસંબંધી-વિષયક.

Hecatomb(હેકેટૂમ્)*n.*[Gr.*hekaton*, a hundred and *bous*, an ox.]A sacrifice of a hundred oxen or cattle at the same time: શતપશુ યાગ; શતકતુ; શતબલિદાન.**H.***of stain.*મરેલા માણસના ઢુંગર.

Heck, (હેક્)*n.*The latch of a door:બારણાનો ઉઘાળો-આગળી.2.A rack

for cattle to feed at:ઢોરની ગમાણ.3.A lattice work door:જાળીદાર બારણું. 4. A lattice-work contrivance for catching fish:માછલી પકડવાની એક જાળ 5.A winding of a stream: જરાનો વાંક-મરોડ.

Hectic,(હેક્ટિક્)*a.* [Gr.*hectikos.* habitual] Habitual; constitutional: પ્રકૃતિ-બંધારણને લગતું-વિષેનું. 2.In a hectic condition; in a hectic fever;consumptive:ક્ષયજ્વરથી થયેલું; ક્ષયજ્વર સંબંધી; જ્વર સૂચક.*n.*Hectic fever: ક્ષયના રોગથી આવતો તાવ;ક્ષયજ્વર; ક્ષણ્જ્વર. 2.A hectic flush:ક્ષયના રોગની લાલી.

Hector.(હેક્ટર્) *n.*A bully:ધાંધલિયો;તિરસમારખાં; તરવાર બહાદુર;સતાવનાર-છેડનાર;ચીડવનાર .*vt* To threaten;to tease: દમ દેવો;ચીડવવું; સતાવવું;ખીજવવું.2.Annoy:ચીડવવું;ઝાંઝ ચઢાવવી;જીવ ખાવો; સતાવવું.*vi.* To blunster:ધુરપત કરવું;ધાંધલ મચાવવી.

Hedge, (હેજ) *n.* A thicket of bushes:વાડ. *Hedge marriage*, a secret marriage: છુપું લગ્ન. **H.** *writer*,an insignificant writer: અપ્રસિદ્ધ-અધમ લેખક*A* **h.** *hog*: એક જાતની સાહુડી. *vt.* To inclose or separate with a hedge:વાડ કરવું; વાડથી જૂદું પાડવું. 2. To hinder from progres or success:આગળ જતાં અટકાવવું-રોકવું; ખાળવું; અવરોધ કરવું;બંધ કરવું; ઘેરી-આંતરી લેવું. 3. To guard;to protect: રક્ષણ કરવું;સંભાળ લેવી.*vt.*To slink;to shirk obligations: સંતાઇ રહેવું;ભયમાંથી બચવાનો યત્ન કરવો.2. To use reservations and qualifications in one's speech: પોતાના બોલવામાં બારીઓ રાખવી.

Hedge-row,(હેજ્-રો)*n.*A row of shrubs or trees planted for inclosure or separation of fields: બે ખેતર વચ્ચે વાવેલા છોડ;વાડ;આડ.

Heed, (હીડ્)*vt.*To mind;to take notice of;to attend to:ધ્યાન આપવું;ગણકારવું;ગાંઠવું;માનવું;લેખવવું; પત કરવું;ગણવું;સાંભળવું.*vi.* To mind; to consider: ધ્યાન આપવું-દેવું;વિચારવું. *n.*Attention;notice; regard: સંભાળ;કાળજી; ફિકર;દરકાર; ભાન; નજર; હોંશિયારી;સાવચેતી;ચોકસાઇ.*To take* **h.**: ચેતવું; ચેતીને ચાલવું; હોંશિયારી રાખવી.2.Careful consideration; obedient regard: ધ્યાન;લક્ષ; સાવધાનતા;અપેક્ષા.

Heedful,(હીડ્-ફુલ્)*a.* Caution;attentive; vigilant: ખબરદાર;સાવધ; સાવધાન;સાવચેત;હોંશિયાર;ચોકસ.

Heedless.(હીડ્લેસ્)*a.*Inattentive; careless: બેદરકાર; ગાફેલ; પ્રમાદી;ગફલતી;બેફામ;અસાવધ-બેભાન.*To be* **h.**, ન લેખવવું;ચેતવું;ગાંઠવું-ગણકારવું.

Heel,(હીલ્)*vi.*To lean or tip to one side,as a ship:નમવું;વળવું;એક બાજુએ ઝોક ખાઇ જવી.*n.*The hinder part of the feet or shoe: એડી.2.The hinder part of any covering for the feet,as of a shoe, sock,etc:જોડા;મોજા વિગેરેની એડી.3. The latter or remaining part of anything:પાછલો-બાકી રહેલો ભાગ. A protuberance;a knob:બહાર પડતી ગાંઠ.*Neck & heels*, the whole body:આખુ શરીર-અંગ *To be at* the **heels** *of*,to pursue closely: ની લગોલગ પછવાડે જવું; અનુસરવું.ને પગલે-ડગલે હોવું. *To go* **h.s** *over head*, to move in an inconsiderate or rash manner:અવિચારીપણે ચાલવું-વર્તવું.*To have the* **h.s** *of*,to outrun:ની આગળ નીકળી જવું.*To lay by the* **h.s**,to fetter; to shackle:સાંકળ-બેડી જડવી-મારવી; કેદ કરવું.*To show the* **h.s**, to flee; to run from: નાશી-સટકી જવું;પોબારા ગણવા; પલાયન કરી જવું. *To take to the* **h.s**,to flee:નાશી જવું; પલાયન કરી જવું. *To tread upon one's* **h.s**,to follow closely:-ની નજીક-લગોલગ-પછવાડેપછવાડે જવું;-ને અનુસરવું.*vt.*To perform by the use of the heels: એડીથી બજવવું-કરવું.2.To add a heel to:એડી મુકવી-જડવી-કરવું.*vi.*To incline: નમવું; વાંકુ વળવું-થવું.

Heft,(હેફ્ટ્)*n.*Violent strain or exertion: જબરી હીક આવવી તે;જોરથી શ્વાસ ખેંચવો.2. Weight; ponderousness: વજન;ભારેપણું. *vt.* To heave up;to raise aloft:ઉંચું કરવું; ઉંચકવું.2.To prove or try the weight of by raising:ઉંચકીને તેના વજનનો આશરો-અડસટ્ટો કરવો-કાઢવો.

Hegemony,(હેજ્મોનિ)*n.*Leadership;predominance: અગ્રેસરપણું; પ્રાબલ્ય;સામ્રાજ્ય.

Hegira, (હીજિરે)*n.* The flight of Mohammed from Mecca, september 13 A.D.622:મહમદ પેગંબરનું તા. ૧૩ મી સપ્ટેમ્બર સને ૬૨૨ માં મક્કામાંથી પલાયન (તે દિવસથી હીજરી સન ચાલે છે.)

Heifer,(હેફ્ર્)*n.*(*Zool.*)A young cow:વાછરડી;વાછડી;કોડી.

Heighho,(હાઇહો)*n.Interj* An exclamation of surprise,joy,dejection uneasiness, weariness,etc: ઓય;ઓય; ! અહા ! હાય ! હાય !

Height,(હાઇટ્)*n.*The condition of being high; elevated position: ઉચું હોવું તે;ઉચ્ચતા;ઉંચાણ; ઉન્નતિ. 2.Attitude;stature: ઉંચાઇ; ઉંચાપણું.3.Degree of latitude either north or south:ઉત્તર અથવા દક્ષિણ રેખાંશનો અંશ.4.An eminence;a hill or mountain:ડેકરી;ડુંગર; ઉંચાણ.5.Prominence: પ્રસિદ્ધતા;પ્રખ્યાતિ.6.Grade;degree:દરજ્જો;પદ્વિ; પંક્તિ;ક્રમ;અનુક્રમ.7.Utmost degree in extent: ભરપૂર જોર;બહાર; પરાકાષ્ઠા;સિમા;શિખર.**H.** *of*: ભરપૂર જોર; ભરપૂર;ધાડું;ઘણામાં ઘણું.

Heighten,(હાંઇટ્ન્)*vt.* To make high;to elevate:ઉંચું કરવું.2.To advance;to augment: વધારવું; વૃદ્ધિ કરવું.વધારો કરવો.

Heinous, (હીનસ)*a.*Hateful;odious;atrocious:મહાભારત; ઘોર;ઉગ્ર; અતિ દુષ્ટ;દારૂણ; અતિ પાપી; પાપિષ્ટ; અતિનિંદ્ય;પાતકી;દારૂણ.

Heir,(એર્)*n.*[L.*heres.*]One who inherits any property after the death of its owner: વારસ;દાયાદ; વારસદાર.**H.***apparent to the throne*: યુવરાજ; પાટવી કુંવર; ત્રિલાટ. **H.** *apparent*: જેનો વારસો તેના મરણ સિવાય કોઇ કારણથી દુબવાનો નથી તે; અપ્રતિબંધ દાયાદ.*vt.*To inherit; to succeed to: વારસો મળવો.*Heir at law*: કાયદેસર હક ધરાવનાર.**H.** *presumptive*: સંપ્રતિબંધ-દાયાદ.

Heiress,(એરેસ્)*n.*A fomale heir; વારસ;દાયાદા;વારસણ.

Heir-less, (એર્લેસ્)*a.*Destitute of an heir:નવારસી;બીનવારસી.

Heir-loom,(એર્લમ્)*n.*Any piece of personal property descended to the heir: વારસામાં મળેલું શાચરચીલું

Heirship,(એર્શિપ્)*n.* Right of inheriting: વારસાપણાની સ્થિતિ; વારસો;ધનાધિકાર;ઉત્તરાધિકાર.

Held,(હેલ્ડ્)*Imp.*& *p.p.*of **Hold**,: પકડેલું; પકડયું; ધરેલું.

Heliography,(હેલિઑગ્રફિ)*n.* Photography:છબી પાડવાની વિદ્યા.

Helioscope, (હીલિઓસ્કોપ્)*n.* A telescope or instrument for viewing the sun without injury to the eyes: સૂરજ જોવાનું એક દૂરબિન.

Hell,(હેલ્)*n.*The place of the dead or souls after death:મૂએ-

લાં લોકને રહેવાની જગા. 2. The abode of evil spirits; યમલોક;પિતૃલોક;ચંદ્રલોક.(*b*) The regions below: પાતાલ,અધોલોક-ભુવન; નાગલોક. *Descent in to* h.: અધોગતિ.2.(*a*) The place or state of punishment of the wicked after death; the abode of evil spirit: નરક; જનમ;હોજખ;દુર્ગતિ (*b*)Mental torment,anguish:પીડા;વેદના;દુઃખ;સંતાપ.*River of* h.,વૈતરણી.3. (*a*) A dungeon or prison: કેદખાનું;કારાગૃહ.(*b*)A gambling house:જુગારખાનું.*vt.* To overwhelm:દુઃખ-પીડા કરવું.

Hellish,(હેલિશ્)*a.*Infernal;malignant;wicked; diabolical: નરક સંબંધી;મહાદુષ્ટ;નારકી;અતિદુષ્ટ;નિંદ્ય

Helm.(હેલ્મ્)*n.*The apparatus by which a ship is steered: સુકાન. 2.*T*he place of direction or administration: નિયંતાની જગો-પદવી. 3.A guide; a director: દોરી લઈ જનાર;કામ-કારભાર ચલાવનાર; નિયંતા. *vt.*To steer: હંકારવું.

Helmet,(હેલ્મેટ્)*n.* A defensive covering for the head:ટોપ; શીરસ્ત્રાણ.2.A helmet shaped hat: શીરસ્ત્રાણના આકારની ઢબી ટોપી.

Helmsman, (હેલ્મ્ઝમૅન્) *n. pl.* **Helmsmen.**A steersman:સુકાની

Help,(હેલ્પ્)*vt.*To aid; to assist: મદદ આપવી; કુમક-સહાય કરવી. 3. To furnish with the means of deliverance from trouble: સંકટમાંથી છૂટા-મુક્ત થવાનાં સાધન પૂરાં પાડવાં.3.To furnish with relief,as in pain or disease;*to* be of avail against:ને મદદ સહાય કરવી; નું દુઃખ ઓછું કરવું. 4. To change for the better;to remedy: નો ઉપાય-ઈલાજ હોવો;વળવું;ઉપજવું;નિપજવું. 5. To prevent;to hinder:અટકાવવું;રોકવું; હાથ દેવો;ખાળવું.6.To forbear: વગર ચાલવું-રહેવું.7. To wait upon,as the guest at table:જમણ પીરસવા -આપવામાં મદદ કરવી.*To help off,*to assist in removing:ખસેડવામાં મદદ કરવી.*To help on;* to promote by aid: મદદ કરીને ઉતરેરવું.*To help out:* મુશ્કેલીમાંથી મુક્ત કરવાને માટે મદદ કરવી; પસાર કરી દેવું.*To help to,*to supply with:-ને પૂરું પાડવું;આપવું. *To help up,*to help(*one*)to get up:-ને ટેકો દેઈ ઉભું કરવું;ઉઠાડવું.*vi.*To assist:મદદ આપવી; સહાય કરવી.*To help out,* to lend aid:મદદ આપવી.*n.*Aid;assistance: મદદ;સહાયતા.2. Remedy; relief: સહાય; કુમક; ઉપાય; ઇલાજ. 3.A helper:મદદગાર.

Helpful, (હેલ્પ્ફુલ)*a.*Giving aid; assistant;useful:સહાયકારી;મદદગાર; ઉપયોગી;ગુણકારી;ઉપકારી;સહકારી.

Helpless, (હેલ્પ્લેસ્)*a.*Destitute of help or strength;feeble;weak; પરાધીન;અશક્ત;નબળું;પરતંત્ર;બિચારૂં; લાચાર;પરવશ;અનાથ;અશરણ.2.Beyond help; irremediable: નાઇલાજ; નિરૂપાય; બેઇલાજ. 3. Bringing no help;unaiding: મદદ નહિ કરનારૂં.

Helplessness, (હેલ્પ્લેસ્નેસ્) *n.* State of being destitute of help or strength: પરાધીનતા; લાચારી; પરવશતા;પરતંત્રતા;નિરૂપાય.

Helpmate-meet, (હેલ્પમેટ્ હેલ્પ્મીટ્)*a.* A helper; a companion; a wife: મદદ કરનાર સોબતી; સ્ત્રી; બાયડી;બૈરી;પત્ની;સહધર્મિણી

Helter-skelter, (હેલ્ટર્-સ્કેલ્ટર્) *adv.*In hurry and confusion; irregularly:હાંફલાફાંફલાપણાથી; અનિયમીતરીતે;આમ તેમ;નાસતા ભાગતા રઘવીયાં;રઘવાયાં.

Hem,(હેમ્)*pron.*Them: તેમને. *n.* The edge or border of a garment or cloth doubled over and sewed: બેવડી વાળીને સીવી લીધેલી લુગડાની કિનારી-કોરણ; ઓટણ; કોર.2.Border;edge;margin:કોરણ; કિનારો;કાંઠો;છેડો;પાલવ; સંજાપ. *The* h. *of the sea*: દરિયાનો કિનારો. *vt.* To form a hem or border to:-ની કોરણ-ઝુલ કરવું;ઓટવું; સંજાપ બનાવવામાં મુકવા.2. To border or edge: ઘેરી લેવું;-ની આસપાસ આવવું;વિટાળવું. *To hem out,*to shut out:બહાર કાઢી મુકવું-રાખવું;ઘેરવું;ઘેરી લેવું.*n.*An utterance or sound or voice:ખું ખારો. *To* h.*and haw*:ખું ખારો-ખં ખારો-ખ ખાર્યા-કરીને-આંચકો ખાઇ ખાઇને બોલવું.

Hemicrany,(હેમિક્રૅનિ)*n.* Painaffecting half the head:આદાસીસી.

Hemisphere,(હેમિસ્ફીર્)*n.*[Gr. *hemi*,half & *sphere.*]A half sphere: અર્ધગોળ; ગોળાર્ધ.2. Half of the terrestrial globe:અર્ધ પૃથ્વી. 3.The people who inhabit a hemisphere:ગોળાર્ધમાં રહેનારા લોકો.

Hemestich, (હેમિસ્ટિક્)*n.* [Gr. *hemi & stichos*,a line.] Half a poetic verse or line:કવિતાની અરધી લીટી;ન્યૂન ચરણ;અર્ધશ્લોક; અર્ધપાદ;ચરણાર્ધ;પાદાર્ધ;અડધી કડી.

Hemlock, (હેમ્લૉક્)*n.*A poisonous tree'or plant.ઉંદ્રવરણી;ઝેરીરોપો.

Hemorrhage, (હેમોરેજ્)*n.* [Gr. *haima,* blood & *rhegnumi,* I burst through.](*Med.*)Any discharge of blood from the blood vessels:લોહીવા;રક્તસ્રાવ.

Hemorrhoids, (હેમોરૉઇડ્સ્)*n.* [Gr.*haima*& *rheo,*I flow.]Piles; emerods: હરસ;હરસનો રોગ;અર્શ.

Hemp, (હેમ્પ્)*n.* [L. *cannabis.*] (*a*)A plant: શણનો છોડ. (*b*) Cannabis sativa: ભાંગ. H.*tops*:ગાંજો; બુટ્ટી.2.The fibre of the skin or rind of the plant: શણ;સેણ.

Hempen(હેમ્પ્ન્)Made of hemp: શણનું બનાવેલું.H.*cloth*: શણીયું.

Hen,(હેન્)*n.*[L.*cano*,I sing.]The female of the domestic fowl: મરઘી;કુકડી.2.Female of any kind of bird:પક્ષિની માદા;પક્ષિણી;પંખીણી.

Henbane, (હેન્બેન્)*n.* (*Bot.*) A plant:ખુરાસાની અજમો.

Hence,(હેન્સ્) *adv.* From this place;away: અહિંઆંથી; જગાએથી; અહિંઆંથી-હાંથી.2.From this time; in the future:આ વખતથી;ભવિષ્યમાં; હવે પછી.3.From this reason;as an inference or deduction: આ કારણથી;એ ઉપરથી;એને લીધે;આ ઉપરથી.4. From this source or origin:આ-એ-આના ઉપરથી

Hence-forth-forward (હેન્સ્ફૉર્થ્-હેન્સ્ ફૉર્વર્ડ્)*adv.* From this time forward:આજ-હવે પછી;આયંદે;અતઃપર.

Henchman,(હેન્ચમૅન્) *n. pl.*-**men** An attendant; a sevrant;a follower: ખીજમતદાર; ચાકર;અનુયાયી; હજુરીઓ.

Hen-coop,(હેન્ કૂપ્)*n.*A coop or cage for hens:મરઘાનું પાંજરૂં;ખડો.

Hen-hearted;(હેન્હાર્ટેડ્)*a.* Cowardly; timid; chicken-hearted: બીકણ;બાયલો;પોચકણ.

Hen-pecked,(હેન્પેક્ડ્)*a.*One harassed by exercise of authority: સ્ત્રીનોમારેલો-તાબેદાર;સ્ત્રીવશ; બાયલો.

Hen-roost,(હેન્રૂસ્ટ્)*n.* A place where hens roost:મરઘાં વગેરે પાળેલાં પક્ષીનો ખડો.

Hepta-chord,(હેપ્ટ-કૉર્ડ્)*n.*(*a*) A system of seven sounds:સપ્તસ્વર;સારીગમ.(*b*)A lyre with seven chords:સતાર;સાત સુરનું વાદ્યંત્ર.

Heptagon(હેપ્ટગૉન્)*n.*[Gr.*aepta*, seven & *gonia*,an angle.](*Geom*) A plane figure consisting of seven sides and having seven angles:સાત ખુણાની આકૃતિ;સપ્તકોણ.

Heparchy,(હેપ્તાર્કિ)*n.*A govern-

ment by seven persons;also, a country under seven rulers: સપ્ત રાજસત્તાક દેશ; સાત જણનું રાજ્ય; સપ્તરાજ્યસત્તા.

Her,(હર્)*Pron.& a.*The form of the objective and the possessive case of the personal pronoun *she:*તેણીને;તેને;એને;એણીને; તેનું; તેણીનું;એનું;એણીનું.

Herald(હેરલ્ડ)*n.*An officer whose business was to denounce or proclaim war, to challenge to battle,to proclaim peace, and to bear messages from the commander of an army : ઢંઢેરો પીટનાર અધિકારી;રાજદૂત.(*b*)રાજ્યાભિષેક-રાજલગ્ન વિગેરે રાજક્રિયા ઉપર ઉપરીપણાથી નજર રાખનાર તથા ઇંગ્લાંડના અમીરોના આયુધ ચિન્હો નોંધનાર તથા તેનો અર્થ સમજાવનાર અધિકારી;હેરલ્ડ. 2.A proclaimer: જાહેર કરનાર;ઢંઢેરો પીટનાર;નકીબ;બંદિજન;ભાટ;ચારણ. 3. A forerunner:આગળથી ખબર આપનાર;આગમસૂચક.4. Any messenger: સંદેશો લઈ જનાર.*vt.* To proclaim;to foretell: આગળથી ખબર આપવી-કહેવી;ઢંઢેરો પીટવો.

Heraldry,(હેરલ્ડ્રિ)*n.* The art or office of a herald;the art,practice or science of recording genealogies, and blazoning arms of ensigns armorial : ઇંગ્લાંડના હેરલ્ડ અધિકારીનો હોદ્દો-હુનર-વંશાવળીજ્ઞાન.

Herb,(અર્બ્)*n.*[L.*herba.*] *A* plant whose stem does not become woody and permanent,but dies, at least down to the ground: વનસ્પતિ;ઔષધિ. *Herbs & simples:* જડીબુટ્ટી; ઝાડપાલો. *Pot* h.: શાક. 2. Grass herbage:ઘાસ;ભાજીપાલો.

Herbacious,(અર્બેશસ્)*a.*Of or pertaining to the herbs:ઓસડ-ઝાડવાં સંબંધી;ઔષધિ વિષયક;ઔષધીજેવું

Herbage,(અર્બેજ)*n.*Herbs;grass; pasture:ચારો;ચારો;ભાજીપાલો; ઝાડપાલો;ઘાસ; ઝાડવાં.

Herbal,(અર્બેલ્)*a.*Of,or pertaining to the herbs: ઝાડવાં-ભાજીપાલા સંબંધી.*n.*A book containing the names and descriptions of plants :ઔષધ સંગ્રહ; ઔષધિ કલ્પ. 2.A hortus siccus;a herbarium: વનસ્પતિસંગ્રહ.

Herbarium(અર્બેરિઅમ્)*n.*A collection of dried specimens of plants:વનસ્પતિસંગ્રહ.2.A book or case for preserving dried plants: સૂકી વનસ્પતિ જાળવી રાખવાની ચોપડી અથવા પેટી.

Herbivorous,(અર્બિવોરસ્)*a.*Eating plants:વનસ્પતિ ખાનાર-રું.

Herculean,(હર્કયૂલીઅન્)*a.*[L.*hercules,*Hercules.]Very great;difficult or dangerous : મહાકઠણ; મહાભારત;ભારે મહેનતનું; દુઃસાધ્ય;ભગીરથ.**H.***effort:*ભગીરથ પ્રયત્ન.2.Having extraordinary strength or size:અઢાભીડ; જબરું; અતિપ્રબળ. **H.** *limbs:*મોટાં ગાત્રો.

Herd,(હર્ડ્)*n.*A number of beasts assembled together : ટોળું;વૃંદ; જુથ;ટાંડું;ખુંડ;યુથ 2.A crowd of low people;a rabble: હલકા-નીચ લોકનું ટોળું-ઝુંડ.*n.*A herdsman : ભરવાડ; ગોવાળીઓ;ગોવાળ;ગોપાળ.*The vulgar* h.:નીચ લોક.*vt.*To unite or associate in a herd: ટોળાબંધ રહેવું-ફરવું-ચરવું.2.To associate: મળી જવું. 3. To act as a herdsman : ભરવાડનું કામ કરવું. *vt.* To form or put into a herd:ટોળાબંધ કરવું-રાખવું.

Herdsman(હર્ડ્સ્મૅન્)*n.pl.*-**men.** The owner or keeper of a herd or of herds: ભરવાડ; ગોવાળીઓ;ગોવાળ;રબારી.

Here,(હીર્)*adv.*In this place;in the place where the speaker is:અહિંઆં;આ જગાએ;-માં;અહિ;અત્રે. 2.In the present life or state: આલોકમાં;આભવમાં;આ દેહે; અહિંઆ. 3.To or into this place;hither: આ જગ્યાએ;-માં. 4. At this point of time;now: હમણાં;આ વખતે.**H.** *and there:*(*a*): અહીં તહીં;આમતેમ; જેમ તેમ.(*b*) આધુંપાછું;આધુ આધુ; વેરાવું.

Hereabouts,(હીરઅબાઉટસ્) *adv.* About this place; in this vicinity: આટલામાં;આટલા તેટલામાં.

Hereafter, (હીરઅફ્ટર) *adv.* In time to come; in some future time or state: હવે પછી; પરલોકમાં; અતઃપર.*n. A* future existence or state:મુઆપછીની ગતિ;પરલોક;ઉત્તરગતિ.

Hereby,(હીરબાઈ)*adv.* By means of this:આ ઉપરથી;આને લીધે.2.Close by;very near: પાસે; નજીક;બોલબોલ; છેક નિકટ;સમીપ.

Hereditament,(હીરીડિટમેન્ટ)*n.* (*Law.*)Any species of property that may be inherited: વારસાની સ્થાવર જંગમ મિલ્કત;વારસો;રિક્થ.

Hereditary,(હીરેડિટરિ)*a* [L.*heres,* heir.]Descended,or capable of descending, from an ancestor to an heir-at-law:વારસામાં મળેલું; વંશપરંપરાથી મળેલું-પહોંચેલું; વડિલોપાર્જીત;વડિલ પરંપરાગત; દાયપ્રાપ્ત. **H.** *esate:*વતન;જિરાસ.**H.***officer:*વતનદાર.

Here-of,(હીર્-ઑફ્)*adv.* Of this; concerning this;from this;hence: આમાંથી; આનું;આને લગતું.

Heresiarch, (હેરીસિઆર્ક્)*n.*[Gr. *heresy&archos,* chief.] A leader in heresy : પાખંડ મત ચલાવનાર; પાખંડમતાચાર્ય.

Heresy,(હેરેસિ)*n.pl.*-**Heresies.** [Gr.*qaireo,*to take.]An opinion held in opposition to the established or commonly received doctrine:પાખંડમત;કુમાર્ગ;નાસ્તિકતા. 2.Heterodoxy: પાખંડમત-પંથ-ધર્મ; સત્યછાયાના ખરા અર્થથી હલકું મત; પાખંડ-અવિહિત મત;પાખંડી મત;પાખંડ.

Heretic(હેરેટિક્)*n.*[Gr.*hairetikos.*] One who holds to a heresy:પાખંડમત માનનાર; પાખંડી.

Heretical(હેરેટિકૅલ્)*a.*Containing heresy:પાખંડમત સંબંધી-વાળું; પરધર્માવલંબી;ધર્મવિરૂદ્ધ.

Here-to-fore, (હીર્-ટૂ-ફોર્) *adv.* Hitherto;before; in time past: આજદીન સુધી;પહેલાં;આજપર્યંત.

Hereunto,(હીરઅન્ટૂ)*adv.* Upto this;upto this time;hereto: આઉપર;હજી સુધી. [this: આની સાથે.

Herewith,(હીર્ ઉવિથ્)*adv.*With

Heritable,(હેરિટેબ્લ્)*a* Inheritable: વારસામાં મળે એવું;વારસ થવા લાયક;વારસામા ઉતરે એવું.

Heritage,(હેરિટેજ્) *n.* Inheritance:વારસો;દાય.2. The children of God: ઈશ્વરના ભક્ત-સાધુ-સંત-લોક-પુરૂષો; ખ્રિસ્તના વિશ્વાસુઓનું મંડળ.

Hermaphrodite, (હર્મૅફ્રોડાઇટ્) *n.*[*L. hermaphroditus.*] (*Biol.*) An animal uniting both sexes: ઉભયલીંગ-જાતનું પ્રાણી;પુન્સા; હિજડો; પાવૈ;નપુંશક;થર્ડ;ન્યંડળ;ક્રાંતડો.

Hermetic-cal, (હર્મેટિક્ હર્મેટિકૅલ્) *a.* Made perfectly close or air-tight by fusion,so that no gas or spirit can enter or escape: મજબૂત;સજ્જડ;પવન પેસી ન શકે એવું; સજ્જડ;સુદૃઢ.2.Belonging in any way to the beliefs current in the Middle Ages under the name of *Hermes* the Thrice Great: સૃષ્ટિમાં જેટલું છે તે બધાનું કારણ ક્ષાર ગંધક અને પારો છે એમ જે યાજ્ઞનું મત છે તે યાજ્ઞ સંબંધી; વિદ્યુતશાસ્ત્રનું-સંબંધી.

Hermit,(હર્મિટ્)*n.*[Gr. *eremites,* solitary.]A recluse; an anchoret: સન્યાસી; એકાંતવાસી; વાનપ્રસ્થ;

વની;વનવાસી; અરણ્યવાસી; યતિ; તપસ્વી;મુનિ;જોગી;જતિ.

Hermitage, (હર્મિટેજ) *n.* The habitation of a hermit;a secluded residence:આશ્રમ; પર્ણકુટી;ઝુંપડી;મઠ;મઢી;અરણ્યવાસ.

Hernia, (હર્નિઅ)*n pl.* **Hernias.** A protrusion, consisting of an organ or part which has escaped from its natural cavity:આંતરડું ગોળીમાં ઉતર્યાથી થતું દરદ;અંતર્ગળ.

Hero,(હીરો) *n. pl.* **Heroes.** [L. *heros.*] A demigod as Hercules:દેવના અંશવાળો પુરુષ.2. A man of great valor : વીર; પહેલવાન;વીરપુરુષ;ભટ;શુર;રણધીર; દિગ્વિજયી; જવાંમર્દ; જાવનવીર. 3. The principal personage in a poem,story,and the like:નાયક.

Heroic-cal, (હીરોઇક-હીરોઇકૅલ્)*a.* Of, or pertaining to, or like a hero; of the nature of heroes: વીરપુરુષોનું;-ના જેવું;વીર્યવાન;વીરચરિત્ર વિષયક;વીરરસ પ્રધાન. 2. Bold; daring;illustrious:બહાદુર;પ્રખ્યાત; પરાક્રમનું; મોટામનનું; વીર્યશાલી; શૌર્યશાલી; પ્રૌઢ પ્રતાપી; શૌર્યનું. *Heroic poetry,*epic poetry:વીરચરિત્ર કવિતા;વીરરસ કથા.3.Noble : ગ્રહોટા મનઔદાર્યથી ક્રીધેલું; ઔદાર્યાત્મક.

Heroically, (હીરોઇકૅલ્લિ) *adv.* Bravely;boldly: પરાક્રમથી;બહાદુરીથી

Heroine,(હીરોઇન્)*n.*[L.*heroina.*] A woman of an heroic spirit: પરાક્રમી સ્ત્રી; વીરા; વીરાંગના. 2. *A* female hero: નાયકા.

Heroism,(હેરોઇઝમ્)*n.*The qualities characteristic of a hero:અમીરાઇ; શુરવીરપણું;શૂરત્વ; શુરાતન; જવામર્દી;મર્દાઇ;બહાદુરી; પરાક્રમ;શૌર્ય. 2.Magnanimity : મનની ગ્રહોરાઇ; અમીરાઇ;ઔદાર્યાત્મક. [બગલું;કંક;કૌંચ.

Heron (હેરન્)*n.*Any wading bird

Herpes(હર્પીઝ્)*n.*[Gr.*Gerpesu,* to creep.]An eruption of the skin :ખસ;ખુજલી;દાદર;દરાજ;ખરજવું;દદ્રુ.

Herring,(હેરિન્ગ્)*n.*One of various species of fishes : એક જાતની માછલી.

Herself,(હર્સેલ્ફ્) *pron.*An emphasized form of the third person feminine pronoun: તે પોતે (સ્ત્રી.)2.Hence,her own right,or same mind: ભાન; મજજ ઠેકાણે આવવું તે.*By herself,* alone: એકલીએ; જાતે;પોતે;પંડે.

Hesitancy,(હેઝિટૅન્સિ) *n.* Vacillation:વિચારનું ચલિતપણું; અદૃઢતા; શંકિતપણું 2.A stammering:તોતડાટ.

Hesitate,(હેઝિટેટ્)*vi.*[L.*hæsum,* I stick.] To stop or pause respecting decision or action:આંચકો ખાવો; ખમચાવું;અટકવું; આનાકાની કરવી: મનમાં ઢચુપચુ હોવું;હા ના કરવી; સંકલ્પવિકલ્પ કરવો.2. *To* stammer; to falter in speaking:બોલતાં અટકવું;અચકાઈને બોલવું; ગળચીયાં ખાવાં.

Hesitation, (હેઝિટેશન્) *n.* Suspension of opinion or action; doubt;vacillation:આંચકો;ઢચુપચું; આનાકાની;સંશય; શંકા; સંદેહ;સંકલ્પવિકલ્પ; વિતર્ક; શંકિતપણું; દ્વિધાચિત્તપણું;વહેમ.2.A stammering: સ્ખલન;ગદ્ગદવાણી.

Hesperian, (હેસ્પીરિઅન્)*a.* [L. *hesperus,* the evening star.] Western;accidental : પશ્ચિમનું-તરફનું;-માં આવેલું.*n. A* native of a western country: પાશ્ચિમાત્ય.

Heterodox,(હેટેરોડૉક્સ્)*a.* [Gr. *heteros,* another and *doxa,* a notion.]Heretical : પાખંડી; શાસ્ત્ર વિરુદ્ધ; કુમાર્ગી; વામમાર્ગી; અશાસ્ત્રીય. *n.*Persons holding heterodox opinions: પાખંડ મત માનનાર.

Heterodoxy, (હેટેરોડૉક્સિ) *n.* Heresy : પાખંડમત-પંથ-ધર્મ; વામમાર્ગ;વિધર્મ;કુમાર્ગ;કુપંથ.

Heterogeneous,(હેટેરોજીનીઅસ્) *a* [Gr. *heteros & genos,* race.] Differing in kind:વિજાતીય; જૂદી જાતનું;વિગુણ;વિધર્મક;ભિન્ન;વિરુદ્ધ.

Hew,(હ્યૂ)*vt.*1. To cut with an axe;to fell with a sharp instrument:કાપવું; વાઢવું. 2. To form or shape with a sharp instrument: હથિયારથી કોતરી ઘાટ કાઢવો. 3. To cut in pieces;to hack : કકડે કકડા કરવા. *n.* Destruction by cutting down:કાપીને નાશ કરવો તે. *n* Hue; color: રંગ;વર્ણ.2.*S*hape;form:આકાર;આકૃતિ.

Hexagon,(હેક્સૅગોન્)*n.*[Gr. *hex* six& *gonia,*an angle.] A plane figure of six sides and six angles છ ખૂણાવાળી આકૃતિ;પટ્ટકોણાકૃતિ.

Hexameter,(હેક્સૅમેટર)*n.* [Gr. *hex&metron,*a measure.]A verse of six feet:જેમાં છ ચરણ હોય છે એવો છંદ. *a.* Having six metrical feet:છ ચરણવાળું.

Hexangular, (હેક્સૅન્ગ્યુલર્) *a.* Having six angles or corners :છ ખૂણાવાળું.

Hey,(હે)*a.*High:ઉચું. *Interj.* An exclamation of joy,surprise,or encouragement : ખુશાલી-અચંબા અથવા હરકેરણીનો પોકાર;હે !

Hiatus,(હાઇએટસ્)*n. pl.* L. **Hiatus,** E **Hiatuses,** *A* opening;an aperture;a gap;a chasm: કાણું;બાકું;ચીરો;ભંગ;ભેદ; છેદ; ફાંકું. 2. *A* space from which something is wanting:તુટ;ભંગ;ખોટ;ખાલી જગ્યા.

Hibernal,(હાયબર્નલ્)*a.*Wintry; winterish: શિયાળાને લગતું; શિશિરઋતુ સંબંધી;હેમંતિક.

Hibernate, (હાયબર્નેટ્)*vi.* [L. *hibernus,* wintry.] To winter; to pass the season of winter in close quarters:શિયાળો ગાળવો;શિયાળાની ટાઢથી સંતાઇ રહેવું; દબાઇ રહેવું.

Hiccough, Hickup,(હિકપ્) *n.* A modified respiratory movement:વાધણી,હેડકી.*vi.*To have a hiccough or hiccoughs:વાધણી આવવી

Hickory,(હિકૅરિ)*n.* An American tree:અખરોટનું ઝાડ.

Hidden,(હિડન્) *p. p.* & *a* from **Hide.** Concealed; put out of view;secret: સંતાડેલું; છાનું;ગુપ્ત;મનનું;ભીતરનું.

Hide,(હાઇડ્)*vt.*[*Imp.* **Hid,** *p.p.* **Hidden,**To conceal; to secret: સંતાડવું;છુપાવવું.2.To keep secret: છાનું-ગુપ્ત રાખવું;સંતાડવું;ઢાંકવું. 3. To shelter: ભયથી દુર કરવું; આશ્રય આપવો.*To* h.*the face:* મ્હોં છુપાવવું. (*b*) માર્ફ-દરગુજર કરવું.*vi.*To lie concealed;to keep one's self out of view:સંતાઇ જવું.*n.* [L. *scutum,* shield.] 1. The undressed skin of animal: કોઇ પશુની ચામડી; કાચુંસોહાર્યા વગરનું ચામડું;ખાલ. 2. The human skin (*as called in contempt.*) : મનુષ્યની ચામડી. *vt* To flog;to whip:ચાબુક મારવી. H. & *seek* : સંતાકુકડી; ડાહીનો ઘોડો; નાસો ગોસો;ડાહીના ઘોડાની રમત.

Hide-bound,(હાઇડ-બાઉન્ડ્)*a.*Untractble;bigoted : મમતી; હાથમાં ન રહે એવું;જક્કી; દુરાગ્રહી; ધર્માંધ. 2. Niggardly;penurious : કંજુસ;કૃપણ;મખ્ખીચૂસ.2.Obstinate:હઠીલું; આપમતીલું;સાંકડા મનનું.

Hideous,(હિડીઅસ્)*a.*[L.*hispidus,*rough.] Frightful; dreadful to behold: વિકરાળ;કાળરૂપ; બીક લાગે એવું; ભયાનક;બીહામણું. 2. Distressing or offensive to the ear: જે સાંભળવાથી ભય-બીક લાગે એવું;કારમું. 3.Hateful; shocking : ધિક્કારવા લાયક;ત્રાસજનક.

Hie,(હાઇ)*vi.*To hasten;to go in

haste:ઉતાવળ ક૦; દોડવું; દોડતા જવું. આવવું.*n* Haste;diligence:ઉતાવળ; મહેનત;ઉદ્યોગ;ખંત.

Hierarchy,(હાઈઅરૉર્કિ) *n. Pl.* **Hierarchies,**[L.*hieros*,sacred & *arche*,rule.] Dominion or authority in sacred things: ધર્મ સંબંધી મુખ્ય અધિકાર. **2.** A body of ecclesiastical rulers: ધર્માધિકારી મંડળ;આચાર્ય સમૂહ.**3.** A form of government of church: ધર્માધિકારી સત્તા-રાજ્ય. **4.** A rank or order of holy beings:પવિત્ર આત્મા દેવોનો હોદ્દો.

Hieroglyphic, (હાઇઅરોગ્લિફિક્) *n.*A character in picture writing: ચિત્ર પદ્ધતી-લિપિ.**2.**Any unintelligible or illegible character or mark:ન સમજાય એવી લિપિ-નિશાની;ગૂઢાક્ષર;બીનઅક્ષર;સાંકેતિક ચિત્ર. *a.*Emblematic: સાંકેતિક;સંકેતાત્મક. **2.**Not decipherable: ન સમજાય એવું.**H.***obelisk*:જે ઉપર ચિત્રપદ્ધતીમાં લેખ કોતરેલો છે એવો ચાર બાજુનો સ્તંભ. **H.***scrawl*: ન સમજાય એવું અગડમ બગડમ લખાણ.

Higgle,(હિગલ્) *vi.* To hawk or peddle provisions:ફરી ફરીને ખોરાક વેચવો.**2.**To chaffer;to stickle for small advantages in buying and selling:વેચવા સાટવામાં લાવની રકઝક-તકરાર-કરદો-કોપણ ક૦.

Higgler,(હિગ્લર્)*n.*One who higgles:ભાવ ઠરાવનાર;ભાંજગડ કરનાર.

High,(હાઈ)*a.* Having altitude; lofty;tall: ઉચું;ઉન્નત.**2.** Distinguished; remarkable; superior: પ્રખ્યાત;નામાંકિત;અમીરી; ઉત્તમ; શ્રેષ્ટ. (*a*)Preeminent;honorable:ઉચું; મોટું;પ્રૌઢ;મહાન (*b*)Dignified: પ્રશસ્ત; વિખ્યાત;વિશિષ્ટ. (*c*) Of noble birth;illustrious:અમીરી;કુલિન;ઉમરાવનું; ઉમદા; ઉંચું.(*d*) Mighty; powerful;violent:જબરું;સમર્થ;જોરાવર; જબરદસ્ત; બળવાન. (*e*) Very abstract; difficult to comprehend;grand: સમજી ન શકાય એવું; મોટું;ગૂઢ;ગહન.(*f*)Costly;dear in price:મોંઘું;ભારે;ચઢી ગએલું.(*g*) Arrogant;boastful;proud: અભિમાની;મગરૂરી;દમામી.**3.** Possessing a characteristic quality in a supreme or superior degree:પુષ્કળ; ખૂબ;ભર;અત્યંત;બેહદ;ઘણું સખ્ત;તીવ્ર. **4.**(*Mus.*)Acute or sharp: તીક્ષ્ણ; તીવ્ર;ઉંચો;ઉદાત્ત. **H.** *admiral*: વડો દરિયાઇ સેનાપતિ.**H.** *and dry*, out of water: પાણીની બહાર. **H.** *and mighty*,arrogant: મગરૂમ; અભિમાની.**H.** *latitude*(*Geog.*) a latitude remote from the equator: ભૂમધ્યરેખાની દૂરના રેખાંશ.**H.***life*: શ્રીમંતાઇ;અમીરી. **H.** *noon*, ખરા બપોર; મધ્યાન્હ.**H** *time*,(*a*)full time for the occasion:ખરો વખત-લાગ; ખરો તાકડો.(*b*)A time of great excitement and enjoyment: રમત ગમતનો કીંમતીવખત. *High treason*, the highest Civil offence: રાજ્ય વિરૂદ્ધ અપરાધ; રાજદ્રોહ.*To be on a* **h.***horse*,to be on one's dignity: મોટાઇમાંથી હાથ ન કાઢવો. *With a high hand*, (*a*) In force;triumphantly: વિજયથી; બળ સાથે. (*b*) Arbitrarily: જુલમથી; બળાત્કારથી. **H.***colour*: ભપકાદાર રંગ.**H.***tide*: આવી રહેલી ભરતી.**H.***life*:ઠાઠની રહેણી;ડોળ-ઠાઠથી રહેનાર લોકની રહેણી; (*b*) ઉંચા વર્ગના લોક.*On* **h.**:ઉંચે;ઉપરનું *adv.*In a high place; to a great degree;powerfully: ઉંચે; જબરાઇથી.*High and low*, everywhere: દરેક ઠેકાણે.*n.*An elevated place: ઉંચી જગ્યા. **2.** People of high station:ઉંચા દરજ્જાના માણસો *In high and low*, completely; in all respect:પૂર્ણ રીતે;દરેક બાબતે. *On* **h.**,aloft;above:ઉંચે.

High-born,(હાઇબોર્ન્)*a.*Of noble birth:ઉંચા કુળનો;ખાનદાન;કુલીન;જાતવાન;કુલજ; કુળવાન.

High-coloured(હાઇ-કલર્ડ)*a.*Having a strong-glaring colour:ઘેરા બહુ રંગવાળું.**2.** Vivid; exaggerated: આબેહુબ;જુસ્સાદાર; મરીમસાલો ભભરાવેલું;અતિશયોક્તિવાળું.

High-handed,(હાઇ-હૅન્ડેડ્)*a.*Oppressive;arbitrary;violent: જુલમગારીનું;જુલમી;ગાયકવાડી; દંડુકીયું; ઉદ્ધત,ઉચ્છૃંખલ;જબ્બાગીરી;નવાબી.

High-land,(હાઇલૅન્ડ્)*n.* Elevated or mountainous land:પહાડી મૂલક-દેશ;અધિત્યકા.

High-lander, (હાઇલૅન્ડર્)*n.* An inhabitant of a highlands(*Scotland*):સ્કૉટલાંડનો રહેવાશી; પહાડી મુલકમાં વસનાર.

Highly,(હાઇલિ)*adv.* In a high manner;very much:બહુ;અતિ.

High-minded, (હાઇ માઇન્ડેડ્) *a.*Proud;arrogant:અભિમાની;મગરૂર; અહંકારી;દર્પી. **2.**Magnanimous:ઉદાર-મનનું;ઉંચા વિચારનું;મહાત્મા;મહાશય.

Highness,(હાઇનેસ્)*n.*Elevation; loftiness: ઉંચાઈ; ઉંચાણ. **2.** A title of honor given to kings, princes or other persons of rank રાજા,કુમાર અથવા ઉંચા દરજ્જાના માણસોને અપાતો ઈલકાબ;નેકનામદાર.

High-priest,(હાઇપ્રીસ્ટ્)*n.*'(*Eccl.*) A chief priest: મુખ્ય ધર્માધિકારી; વડો દસ્તુર.

High-souled,(હાઇ-સૉલ્ડ્)*a.*Having high or noble spirit: મહાત્મા;મહાશય;મોટા મનનું;ઉચ્ચ ભાવનાવાળું.

High-sounding,(હાઇ-સાઉન્ડિન્ગ) *a.*Pompous;noisy:કેવળ શબ્દ ગૌરવવાળું;દબદબાનું;ભભકાદાર;ભારેખારે.

High-spirited,(હાઇ-સ્પિરિટેડ્)*a.* Haughty;courageous; impetuous: છાતીવાળું;બહાદુર;ઉગ્ર; પાણીદાર; જાગૃત;તીખું.

High-way,(હાઇ-વે)*n.* A main road or thorough fare:શરીઆમ ધોરી રસ્તો;રાજમાર્ગ;આદર્યાહી રસ્તો.

High-way-man, (હાઇ-વે-મૅન્)*n.* Pl.,**Highwaymen,**A high way robber: શરીઆમ રસ્તે લુંટનાર; વાટપાડું;ધાડપાડુ.

High-wrought,(હાઇરૉટ્)*a.*Wrought with fine art or skill: સારૂં બનાવેલું-ઘડેલું-ચત્નપૂર્વક કરેલું.**2.** Worked up to a high degree: ચઢેલું; પ્રકુપિત થએલું.**3.**Agitated: ઉશ્કેરાયેલું;ક્ષોભ પામેલું;તપી-ચઢી ગએલું.

Hilarity,(હિલૅરિટિ)*n.* [L. *hilaritas.*]Boisterous mirth; merriment:jollity:ગમત;ખુશાલા;રંગ;રમુજ;મઝા;આનંદ;ઉલ્લાસ;આલ્હાદ.

Hill,(હિલ્)*n.*[L.*collis.*] An eminence less than a mountain: ટેકરી;નાનો પહાડ;ડુંગરી.**2.** A single cluster or group of plants growing together:એકો ઉગેલો ઝાડનોગુચ્છો. *A* **h.** *fortress*: ડુંગરી કિલ્લો-દુર્ગ. *Ant* **h.**, રાફડો;વલ્મીક.

Hillock,(હિલ્લૉક્)*n.*A small hill: નાનો ડુંગર;ટેકરી;ડુંગરી.

Hilly,(હિલિ)*a.* Abounding with hills: પહાડી; ટેકરી-ડુંગરાવાળું; પર્વતમય.**2.**Lofty: ઉંચું.

Hilt,(હિલ્ટ્) *n. A* handle (of a sword, dagger etc.):હાથો;પકડ;મૂઠ.

Him,(હિમ્)*pron.*The objective case of **he**: તેને;એને.

Himself, (હિમ્સેલ્ફ્) *pron.* An emphasized form of the third person masculine proncun: તે પોતે-જાતે;આપણ;ખુદ;જાતે.**2**One's true or real character:ભાન;ઠેકાણું;શુદ્ધિ.

Hind,(હાઇન્ડ્) *n.* The female of the red door: સાબરી;મૃગલી.*n.* A domestic;a servant: ચાકર નફર. **2.**A peasant;a rustic: ગામડિયો.

*a.*In the rear:પાછલું;પાછળનું;પુઠનું.
Hinder,(હાઇન્ડર્)*a.*Of or belonging to that part or end which is in the rear or which follows: પાછલું·ળનું *vt.* (હિન્ડર્) To check; to retard;to obstruct: રોકવું; અટકાવવું;પકડી રાખવું;ખાળવું; અડચણ·હરકત કરવી;વિઘ્ન નાખવું.2.To prevent; to debar: વાંધો આવવો; બાધ આવવો;પ્રતિબંધ નડવો.*vt* To be a hindrance:અટકાવ·પ્રતિબંધ થવો.
Hinderance-Hindrance (હિન્ડરન્સ હિન્ડ્રન્સ) *n.* The act of hindering: અટકાવ;અવરોધ; હરકત. 2.An impediment:અડચણ;કખલ; ખલલ;અવરોધ;વિઘ્ન; અંતરાય; નડતર; હરકત;વેધ;વાંધો;પ્રતિબંધ;ખલેલ;બાધ.
Hindmost,Hinder most,(હાઇન્ડ્મોસ્ટ્,હાઇન્ડર્·મોસ્ટ્)*a.* Last:સઉથી પાછલું;છેલ્લું.
Hindoo·Hindu, (હિન્દૂ) *n.* A native inhabitant of Hindustan:હિંદુ;આર્ય;ભારતવાસી.
Hinduism,(હિન્દૂઇઝમ્)*n.*The religious doctrines and right of the Hindoos:હિંદુનો ધર્મ.હિંદુધર્મ.
Hinge,(હિન્જ્)*n.* The hook with its eye or the joint on which a door,gate,etc.,turns or swings: નરમાદા;ચક્રિયાર;ભિન્નગરૂ;બરડવું; કડી; આંકડો.2. That on which anything turns or depends:આધાર; મૂળ;પાયો; આધારારૂપદ.*vt.* To furnish with hinges:નરમાદા જડવા. 2.To bend: વાળવું.*vi.* To stand, depend,hang,or turn as on a hinge:·નો આધાર રાખવો.
Hint,(હિન્ટ્)*vt.*To suggest in an indirect manner: ચેતાવવું; સૂચના કરવી;ઇસારો કરવો;સંકેતથી જણાવવું.*vi.*To allude vaguely to something: કશાને ઉદ્દેશીને જણાવવું;દિગ્દર્શન કરાવવું. *n.*A remote allusion;intimation; insinuation:ઇશારો; સૂચના;ઇસારત; અણસારો;સંકેત;સંજ્ઞા;આશય.
Hip,(હિપ્)*n* The haunch; the huckle: કેડ·કમરનું હાડું; કટિ; નિતંબ; જઘન. 2. The external angle formed by the meeting of two sloping sides or skirts of a roof:છાપરાની બે ઢળતી બાજુઓ ભેગી મળીને જે બહારનો ખૂણો કરે છે તે ખૂણો. H.*and loins* કેડ; કટિ તટ·દેશ·ભાગ. H. *bone:* કેડનું હાડકું. *vt.* To dislocate or sprain the hip of: કમર લચકાવવી. 2. To throw (*one's adversary*) over one's hip in wrestling: કુસ્તી લડતાં પોતાના સામેવાળાને પોતાનીકમરપર ચઢાવી ફેંકવો.3.To make with a hip or hips, as a roof: છાપરાના ખૂણા મેળવવા.
Hippodrome,(હિપ્પોડ્રોમ્)*n.*[Gr. *hippos,*a horse & *dromos,* a course.] A place set apart for equestrian and chariot races: રથ-ઘોડા દોડાવવાની સરતોની જગ્યા. 2.An arena for equestrian performances;a circus: ઘોડાની શરતનું કંડાળું.
Hippopotamus, (હિપ્પોપોટૅમસ) *n.*[Gr.*hippos,*a horse and *potamus,*a river.]The river horse: હાથીના જેવું જનવર જળઘોટક;સુસવાટ;ગ્રાહ
Hip-roof,(હિપ્રૂફ્)*a.* A roof having angles: ખુણાવાળું છાપરૂં.
Hire,(હાઇર્)*vt.*To procure (*any chattle or estate*) from another person,for temporary use,for a compensation or equivalent ભાડે કબ્જો રાખવું; ગણોતે-પટે રાખવું. 2. To engage or purchase the service,labor,or interests of)*any one*)for a specific purpose, by payment of wages:ભાડે·રોકે રાખવું 3.To let;to lease:મુદત ઠરાવી ભાડે આપવું.*n.* Wages; rent;pay: ભાડું; મૂલ;મજૂરી;મુસારો;મેનતાણું;વેતન;પગાર.
Hireling,(હાઇર્લિન્ગ્)*n.*A mercenary:મજુર;મજુરિયું;પૈસાનો ગુલામ.
His, (હિઝ્) *pron.* Belonging or pertaining to him:તેનું;પેલાનું. 2. The possessive of *he:*તેનું.
Hiss, (હિસ્) *vt.* To make with the mouth a prolonged sound like that of the letter, 's': ફૂંફાડો કરવો;છણછણ થવું·કરવું.2.To make a similar noise by any means (*arrow.*): સુસવાટે સરર કરવું·ચાલ્યા જવું.*vt.*To condemn or express contempt for by hissing: ફિટકારવું;છિ!છિ! કરવું;ફિટકાર કરવું;ની હે બોલાવવી.2. To utter with a hissing sound: ફુંફાડો મારવો *n.* A token of disapprobation or contempt: ફિટકાર;છિટકાર.2. (*a*).The noise made by a serpent:ફુંફાડો; છણછણાટ.(*b*)The noise made by steam escaping from a narrow orifice: નાના બાકોરામાંથી નીકળતી વખતે વરાળથી થતો અવાજ;સુસવાટો.
Historian, (હિસ્ટોરિઅન્) *n.* A writer of a history;a chronicler: ઇતિહાસ·તવારીખ લખનાર; ઇતિહાસકર્તા;ઇતિહાસકાર.2 One versed or well-informed in history: ઇતિહાસમાં નિપુણ.
Historical,(હિસ્ટોરિકૅલ્)*a.*Of, or pertaining to history, or the record of pass events: ઇતિહાસ સંબંધી;ઐતિહાસિક;ઇતિહાસરૂપ.
History,(હિસ્ટરિ)*n.Pl.***Histories,**[Gr.*historia,*a learning by inquiry.]A narrative;a description;a written record: તવારીખ; ઇતિહાસ; વર્ણન; 2. A true story:બ્યાન; હકીકત;વૃતાન્ત *Natural* h., સૃષ્ટિજન્ય પદાર્થોનું વર્ણન.
Histrionic,(હિસ્ટ્રિઑનિક્)*a.* Theatrical:નાટકના જેવું-વિષયક.
Hit (હીટ્)*Pron.*It:તે.*vt.Imp.&p. p.***Hit,**]To reach with a stroke or blow;to strike: મારવું;ચોટ લાગવી;વેંધવું.2.To attain to; to be comfortable to;to suit:મળવું·માફક·અનુકૂળ આવવું·3.To guess; to be comfortable;to suit:ધારવું; અટકળ બાંધવી; કલ્પના કરવી.4. To take up,or replace by a piece belonging to the opposing player: સામાની સોગઠી મારીને પોતાની મુકવી. *To* h.*the mark,*(fig.):બરાબર લાગુ પડે એવી વાત કહેવી;બરાબર લાગુ પડવું. *To* h. *off:*-નું આબેહુબ ચિત્ર આપવું. *vi.*To strike; to clash (*on or against.*)અફળાવું; ની સામે પછડાવું. 2.To succeed:ફાવવું;પાર પડવું. 3. To suit,to fit:બંધબેસતું·મુલતું;આવવું.*To hit on or upon,*to light upon: સૂઝવું;જડવું;સુઝી આવવું.*n.* A striking against;a stroke that touches anything: ટચકો;ટકોરો.2. A stroke of success in an enterprise:લાગ;ચોટ;જોગ;તાકડો;દાવ;ઘટના.3.A phrase which hits the mark:સચોટ બોલ;ટાણું; વાકપ્રહાર; મોઢે બોલેલો બોલ.4 A striking of the ball:દડાનો ફટકો;પ્રહાર.
Hitch,(હિચ્)*vi.*To unite;to cling: ભેરવાઇ·ગૂંચવાઇ·ફસાઇ પડવું.2To move interruptedly or with halts, jerks or steps:(પગ ભરાઇ જવાથી) ઉછાળા મારતાં મારતાં ચાલવું;ખભચાઇને ટચક-ટચક ચાલવું.3.To hit the legs together in going: જતાં-ચાલતાં પગ ભેગા અથડાવા.*vt.*To hook: ભેરવવું; ગૂંચવી-ફસાવી પાડવું. *To hitch up,*(*a*)to fasten up:બાંધવું.(*b*)To pull or raise with a jerk:આંચકો મારીને ખેંચવું·ઉપર ચઢાવવું.(*c*)To attach,as a horse to a vehicle:ગાડીને ઘોડો જોડવો.*n.*A catch;an entanglement: ફાંસો.2. A stop or sudden halt;a stoppage:આંચકો;

અંતરાય;અડચણ;વિઘ્ન;નડતર;હરકત. 3. A sudden movement or pull; a pull up:આંચકો; ધક્કો.

Hither,(હિધર્)*adv* To this place: અહિં;આ જગ્યાએ.2.To this point, source,design etc:આ કેકાણે;અહિં. *a.*Nearer:આ તરફનું;પાસનું.

Hithermost,(હિધર્મોસ્ટ્)*a.*Nearest on this side:આ રસ્તે છેક પાસેનું

Hitherto,(હિધર્ટૂ) *adv.* To this place;to the prescribed limit: આટલે સુધી.2. Upto this time; as yet:આજલગી;આ વખતલગી.

Hitherward,(હિધર્વર્ડ્)*adv.*Toward this place;hither:આણીગમ-તરફ

Hitter,(હિટર્)*n.*One who hits or strikes:નિશાન તાકનાર;નિશાન બાજ.

Hive,(હાઇવ્)*n.*A box,basket, or structure,for the reception and habitation of a swarm of honey bees:મધમાખીનો કૃત્રિમ માળો.2.The bees of one hive : એક મધપુડાની માખો;મધમાખીઓનું ઝુંડ 3.A place swarming with busy occupants; a crowd:ટોળું. *Pl.* The croup: કુકડીઆખાંસી.

Ho,(હો)*interj.*Halloo ! attend ! કોઇનું લક્ષ પોતાની તરફ ખેચવાને બોલવાનો શબ્દ; અલ્યા એ !;એ ભાઇ !;અરે ઓ ! 2.Stop !;stand still !;hold !: (કોઈ પ્રાણીને ઉભો રાખવાને બોલવાનો શબ્દ) હો !; હો હો !.

Hoar-y, (હોર્-હોરિ) *a.* White or grayish white: ધોળું; આછા ભૂરા રંગનું.2.Gray or white with age: ધોળું ફગ;ધોળું ધોળું;પલિત;સફેત;શ્વેત. 3.Musty;moldy;stale : કુગવાળું; ઉબ ચઢેલું;વાસી.

Hoard,(હોર્ડ્)*n.*A hidden supply; a treasure: સંગ્રહ;સંચય;રાશિ;ગણ; નિધિ;પુંજ;દલ્લો.*vt.*To collect and lay up : સંગ્રહ-સંચય કર; એકઠું કરી રાખવું. *vi.* To lay up a store or hoard as of money: પૈસાનો સંગ્રહ કરી મૂકવો.

Hoar-frost,(હોર્ફ્રોસ્ટ્)*n.* White frost: હીમ;સફેત ઝાકળ-ઓસ.

Hoarse,(હોર્સ્)*a.*Making a rough harsh cry or sound:બોખરું; ભારે ઘાંટાનું;ઠોર.2.Harsh; discordant: બેઠલું; ભારે;બોખરું;પરુષ;ગદ્ગદ.

Hoarsely,(હોર્સ્લિ)*adv.* With a harsh,grating sound or voice: કઠોર-બોખરા ભારે ઘાંટાથી.

Hoax(હોકસ્)*n.A* deceptive trick; a practical joke: ઠગાઇ;મશ્કરી;છળ; ઉતરપિંડી;કપટ;રમુજ;ઢોંગ સોંગ; ધતિંગ; ઠઠ્ઠો.*vt.*To deceive by a story or a trick for sport or mischief; to impose upon sportively:ઠઠ્ઠા મશ્કરી કર;બનાવવું;છેતરવું; ઠગવું; છળકપટ કર.

Hobble,(હોબલ્)*vi.*To walk home bearing chiefly on one leg:લંગડાતા ચાલવું; બોડાવું. 2. To move roughly or irregularly:અનિયમિતપણે લખવું.*vt.*To hopple; to clog: ટાંટીઆ બાંધવા. 2. To perplex; to embarrass: ગુંચવવું; ગભરાટમાં નાખવું.*n.*A limp;a halt: લંગડાની ચાલ;લંગડાટ.2. Difficulty; perplexity:ખેન;મુશીબત; સંકટ; પીડા;કૂટ.

Hobby, Hobbyhorse (હૌબ્બિહૌબ્બિહૌર્સ્) *n. pl.* **Hobbies,** An ambling nag : મજબૂત ટટ્ટુ. 2. A stick often with the head or figure of a horse, on which boys place themselves astride to ride: લાકડીનો ઘોડો.3.A subject or plan upon which one is constantly setting off: વહાલી વાત-વિષય-ખેલ; કીડામૃગ;અભિરુચિ;છંદ;અભિષ્ટ મનોરથ.

Hobgoblin, (હૌબ્ગૌબ્લિન્) *n.* A frightful goblin;an imp;a bugaboo:પિશાચ;ભૂત;ધોધર; રાક્ષસ; વૈતાલ; બાઉ;હાઉ;બ્હાઉ.

Hockey,(હૉકિ)*n.*A game at ball played with a club or stick curved at one end, shinty: ગેંડિદા-દડો.

Hockle,(હૌક્લ્)*vt.*To hamstring; to hock;to hough: ઘુંટણના તળીઆની નસ કાપી લેવું કર.2.To mow, as stubble:કતલ કર;વાઢવું.

Hocus-pocus, (હોકસ્-પોકસ્) *n.* A term used by jugglers in pretending incantations : ધુમંતર; ધંતરમંતર;છાંયું;જંતરમંતર.2. A juggler or trickster: બાજીગર; જાદુગર. 3.A juggler's trick; a cheat:નજરબંધી;ઇંદ્રજાલ; હાથચાલાકી. *vt.* To cheat:નજરબંધી;કર;ભુલાવામાં નાખવું.

Hod,(હૉડ)*n.*A kind of wooden ray : એક જાતની લાકડાની છાજર. 2. coal scuttle:તગારૂં.

Hodge-podge, Hotch-potch, (હૌજ્-પૌજ્ હૌચ્પૌચ્) *n.* Medley: ખીચડી-ડોઇ;પંચમેળ;ગંભૂમેળો;ડબ્બો.

Hoe,(હો)*n.*A tool chiefly for digging up weeds and loosening the earth: કોદાળી; પાવડો. 2. The horned or picked dogfish: એક જાતનું માછલું *vt.*To cut,dig,scrape, turn,arrange or clean, with a hoe:પાવડાથી ખોદવું,કાપવું, ફેરવવું, ગોઠવવું કે સાફ કર. *vi.* To use a hoe: પાવડા-કોદાળીનો ઉપયોગ કર;-ને વાપરવું.

Hog,(હૌગ્)*n.*A quadruped:સુઅર સુકર; ભુંડ; ડુક્કર.(*b*) A castrated boar:ખાસી ડુક્કર.2. A mean,filthy or gluttonous fellow: હલકો-નીચ ગ હો કે ખાઉધર માણસ.2. A young sheep(*that has not been shorn*): નાનું ઘેટું;હલવાન. (*b*) એક વરસનો વાછરડો.4.A broom: એક જાતની સાવરણી.*vi.*To become bent upward in the middle,like a hog's back: ડુક્કર-ભુંડની પીઠની પેઠે વચમાં ઉંચુ વળેલું હોવું.

Hoggish, (હૌગિશ્) *a.* Swinish; gluttonous;filthy; selfish: અકરાતિયું;ગંદુ;એકલપેટું.

Hogshead,(હૌગ્ઝહેડ્)*n.*An English measure of capacity, containing 63 wine gallons:૬૩'ગ્યાલન' દારૂ માય એવડું પીપ.2. A large cask : ઘણો-બેહદ પદાર્થ માય એવડું મોટું પીપ

Hoist,(હૉઇસ્ટ્)*vt.*To raise;to lift; to elevate: ઉંચું ચઢાવવું-કર;ખેંચવું. *n.*The act of hoisting: ઉપર ચઢાવવું તે. (*a*) The perpendicular height of a flag : વાવટાની સિધિ ઉંચાઈ. (*b*) The height of a fore and aft sail next the mas or stay:ડોલ પછીના સઢની ઉંચાઈ. **H. bridge:**એકદમ ઉઠાવી લેવાય એવો પુલ.

Hoity-toity,(હૉઇટિ-ટૉઇટિ)*a.* Thoughtless; giddy; flighty:વાયલ; તુરંગી;ચેહેરી;સ્વચ્છંદી.

Hold,(હોલ્ડ્) *vt.* [*imp.* & *p.p.* **held.**]To sustain; to restrain; to keep in grasp: ઝાલવું; પકડી રાખવું;રહાવું; ગ્રહણ કર;પકડવું. 2. To keep;to defend:રાખી રહેવું;રાખવું;-ના હાથમાં રાખવું; પોતાની પાસેથી જવા ન દેવું.3. To have; to possess; to occupy:ની પાસે-ના કબજામાં હોવું;ઉપર-એ હોવું. 4. To confine; to restrain:કાબુમાં-દાબમાં રાખવું; કબજામાં રાખવું; ઠેકાણે-અંકુશમાં રાખવું; પર લગામ રાખવી;-ના હાથમાંથી જવા ન દેવું.5.To carry on;to continue; to sustain : ચલાવવું; જારી રાખવું-કરવું. 6. To direct and bring about officially; to conduct or preside at: મેળવવું; જારવું;-માં બેસવું. 9. To receive & retain to contain as in a vessel; માવું; સમાવું; માં રહેવું-હોવું. 8. To accept as an opinion; to sustain : રાખી-ચળગી રહેવું;ઉપરહોવું;ચુસ્ત રહેવું.7. To consider; to account; to think; to judge: ગણવું; લેખવું; સમજવું; જા-

ણવું;ધારવું. *To* **h.** *forth*, to offer; to propose:બતાવવું; કહાડવું; ભાષણ કર. (*b*) આગળ મુકવું; કહાડવું. (*c*) જાહેરમાં બોલવું; ભાષણ કર. To **h.** *in*, to restrain; to curb:કબજામાં-વશમાં રાખવું. *To* **h.** *in play*, to keep under control: કબાણ-કાબુ-અંકુશ-કબજામાં રાખવું. *To* **h.** *off*, to keep at a distance: દૂર-આઘે રાખવું. *To* **h.** *one's day*, to keep one's appointment: પોતાનો વાયદો પાળવો. *To* **h.** *one's own*, not to fall off : પાછું ન હઠવું; પોતાની સ્થિતી ટકાવી-નભાવી રાખવી. *To* **h.** *one's piece*, to keep silence: શાંતિ રાખવી;ચૂપકી પકડવી. *To hold out* (*a*) To extend;to offer: આપવું;બતાવવું. (*b*) To continue to do or to suffer;to endure: સહન કર; વેઠવું;સહેવું. *To* hold *up*, (*a*) To raise;to lift: ઉંચું કર; ઉંચકવું. (*b*) To support; to sustain: ટેકો-આધાર આપવો. (*c*) To exhibit; to display: બતાવવું; દર્શાવવું; જણાવવું. *To* **h.** *water*: સંગત-જુલતું-બંધબેસતું-મેળખાતુહોવું *vi*-To stop: ચોભવું;ઉભા રહેવું;અટકવું. 2. To remain unbroken: તૂટ્યા ન થવું-પડવું;ટકી રહેવું;નીભવું. 3. To last: રહેવું;કાયમ જારી રહેવું;ચાલવું. 4. To remain attached; to cleave:વળગી રહેવું;કાયમ રહેવું 5. To refrain:ન કર;બંધ કર. 6. To derive right or title:પહોંચેલું-મળેલું હોવું. *To* **h** *forth*, to harangue : ભાષણ કર; જાહેર બોલવું. *To* **h.** *in*, to restrain;to curb:ખાળવું;અટકાવવું;-બંધ રાખવું. *To* **h.** *together*, to remain in union:જોડાવું;સંધાઈ જવું. *To* **h.** *off*, to keep at a distance: દૂર-વેગળે-આઘા રાખવું. *To* **h.** *on*, to continue;to go on: ચાલવું;ટકવું. *To* **h.** *out*, to last;to endure: ટકવું; નભવું; ખમવું; સહેવું. *To* **h.** *up*, (*a*) To support one's self:હિંમત-ધીરજ રાખવી; ગભરાવું નહિ. (*b*) To stop:ઉભા રહો; ઉભો રહો. (*c*) Not to lose ground:પાછા ન હઠવું. *n.* Seizure;grasp;possession:કબજો;પકડ;પંજો; ગ્રહણ. *To take* **h.**, *lay* **h.**:પકડવું; પકડી લેવું *To take firm* **h.**: જડ બાંધવી;ઘર કર. 2. The authority or ground to take or keep;claim: અખ્તિયાર;હાવો;હક. 3. Binding power and influence: કાબુ; અંકુશ;બંધન; અખ્તિયાર; અધિકાર. 4. Something that may be grasped;means of support: આધાર; આશરો; આશ્રય. 5. A prison; a confinement;a custody: તુરંગ; બંધીખાનું;કેદ;કબજો;હવાલો. 6. A fort; a castle:કિલ્લો;ગઢ 7. The interior cavity of a ship between the floor and the lowerdeck used for the cargo:તુતકની નીચેનો વહાણનો પોલો ભાગ;ભંડાર;ભોંયરું.

Hold-fast, (હોલ્ડ્-ફાસ્ટ્) *n.* A catch; a hook, a clinch: (લોખંડનો) કૂક.

Holding, (હોલ્ડિન્ગ્) *n.* The act or state of grasping or retaining:-પકડ; ગ્રહણ; ધારણ. 2. A tenure; a farm or other estate held of another:સત્તાપ્રકાર;બીજાની પાસેથી મળેલી જમીન-ખેતર. 3. That which holds, binds or influences:સત્તા;હક;કાબુ; બંધન;અખ્તિયાર.

Hole, (હોલ્) *n.* A hollow place or cavity;a perforation; a fissure: કાણું;બાકું;વેહ;છિદ્ર;બાકોરું;ખાડો;ગબાર; ગાબડું;બગદાળું. 2. An excavation in the gound made by an animal:દર;ખો; બખોલ;રાફ;રાફડો. 3. A mean habitation : અંધારી-સાંકડી કોટડી; કોટડું. *vt.* To cut,or bore a hole or holes in: કાણું-બાકોરું-છિદ્ર-શાર પાડવો. 2 To drive into a hole: કાણામાં નાંખવું-ખસેડવું. *vi.* To go or get into a hole:કાણા-દરમાં જવું.

Holiday (હોલિડે) *n* A consecrated day;a religious anniversary:પર્વ; તહેવાર;સપરમો દિવસ; ઉત્સવ; પર્વણી. 2. A day of exemption from labor;a festival day: કોઇ પણ જાતની મહેનતમાંથી મુક્ત રહેવાનો દિવસ; રજા;છૂટી;આનંદ;ઓચ્છવનો-શુભ દિવસ; રૂડું ટાણું. *The holidays*:રજાના દહાડા; નાતાલ અને બેસતા વર્ષની વચ્ચેના દિવસો. *a.* Of or pertaining to a festival;joyous;gay:તહેવાર-સપરમા દિવસનું-સંબંધી;આનંદી.

Holloa-Hollo (હોલ્લો-હાલ્લો) *Interj.* & *n.* Stop;attend; hence,a loud cry or a call to attract attention;a halloo:ઓ ! અહ્યા ! સાંભળો ! *n.* પોકાર;ધુમ. *vi* To call out or exclaim;to halloo:હાંક મારવી;રહો-ટેથી બોલવું.

Hollow (હોલ્લો) *a.* Not solid;excavated in the interior:પોલું;ખોખરું; અસાર;નિઃસાર;નિઃસત્વ; સાકર પીધું. 2. Depressed; concave; sunken: કુબળું થઇ ગયેલું; ચીમડાયેલું. 3. Deep; muffled:ઉંડેલો; ઓખરો. 4. False; deceitful:ઉપર ઉપરનું-બહારનું; ફોગટ; રહેનું;પોલું; પોકળ; ખોટું; ભેલું; પાપિષ્ઠ. **H.** *friend* : રહેનોમીઠો દોસ્ત. **H.** *friendship*:ફોગટ-રહેની દોસ્તી. **H.** *peace*:ઉપર ઉપરની સલાહ. **H.** *heart*: પાપિષ્ઠ-ભેલું મન. *n.* A hole; a cavern; an excavation:પોલાણ;ખાડો;ખાંચ. 2. A concavity; a channel:ખાડો; નીક; નહેર. *vt.* To make hollow; to excavate: બખોલ પાડવી; ખાડો કર. *adv.* Wholly;completely: પૂર્ણ;પૂર્ણરીતે;સંપૂર્ણ રીતે.

Hollowness, (હોલ્લોનેસ્) *n.* State of being hollow:પોલાણ. 2. Insincerity;treachery: ભેલાપણું;ઠગાઇ.

Holly, (હોલિ) *adv.* Wholly:પૂર્ણ-સંપૂર્ણ રીતે. *n.* An ever green tree; બારે દિવસ લીલું રહે એવું ઝાડ.

Holocaust, (હોલોકૉસ્ટ્) *n.* [Gr. *holos*, whole and *kaustos*, burnt.] A burnt offering: હોમ;હવન;બળીદાન. 2. Sacrifice or loss of many lives: ઘણા જીવની કતલ-નુકશાન-ભોગ; ખુનરેજી.

Holy, (હોલિ) *a.* Hallowed;sacred: પવિત્ર;ઇશ્વરાર્પણ;પુણ્ય;વિમલ; નિર્મલ; ધાર્મિક;નિષ્પાપ;વિશુદ્ધ. 2. Pure in heart;godly;pious:પવિત્ર;સાધુ; પુણ્યાત્મા;ધર્માત્મા;પુણ્યશીલ. **H.** *study*, વેદાધ્યયન. Holy *writing* : શ્રુતિ;વેદ; નિગમ. *Holy one*, the Supreme Being: ઇશ્વર-પરમેશ્વર. *Holywar*, a crusade:પાલેસ્ટાઇન લેવા યુરોપના લોકોએ કરેલી ચઢાઇ.

Homage, (હોમેજ્) *n.* [L. *homo*, a man.] Profession of fealty to a sovereign : અધિરાજ-અભિવંદન; માન;સેવા;મુજરો. 2. Respect or reverential regard;deference:નમસ્કાર;પ્રણામ;અભિવંદન;નમન; માન. 3. Reverential worship;devout affection: ભક્તિ;પૂજા;અર્ચન;ઉપાસના; સેવા; ભજન. *The* **h.** *of the Heart*: ભક્તિભાવ. *vt.* To pay reverence to by external action : માન આપવું; નમન કર. 2. To cause to pay homage:અભિવંદન કરાવવું.

Home, (હોમ્) *n.* One's own dwelling place;the house in which one lives:સ્વગ્રહ; ઘર; રહેવાનું ઠેકાણું; નિજગૃહ. 2. One's native land;the place or country in which one dwells:સ્વદેશ;વતન;વિલાયત. 3. The abiding place of the domestic affections : ઘર; કુટુંબકબીલો. 4. Habitation;seat:ઠેકાણું; સ્થાન;ઘર; રહેઠાણ. 5. A place of refuge and rest;an asylum: આશ્રમ;સ્થાન. 6. The grave;the final rest: ગોર;કબર; મશાણ. *To be at* **h.** *on any subject*;to be conversant or familiar with it: નાથી જાણીતા હોવું. *To feel at home*, to be at one's ease:નિશ્ચિંત હોવું;રહેવું. *At* **h.**: ઘેર;

ઘરમાં. *Orphan's* **h.**:અનાથગૃહ; અનાથાશ્રમ. *The* **H.** *government*: વિલાયત સરકાર. **H** *manufacture*: સ્વદેશી બનતર-બનાવટ-માલ. *a.* Domestic;not foreign:ઘરનું;સ્વદેશનું: તળબદ્દ;દેશી;અહીંનું;ગામઠી. **2.** Close; personal; pointed: સખ્ત; કારી; સજ્જડ. *adv.* To one's house or country: ઘેર;પોતાને દેશ. **2.** Close; closely:મુદ્દાસર;કારી; સજ્જડ; નિકટ રીતે. **3.** To the full length:બધો; આખો. *To come home,* to touch or affect personally:જાતને અડવું; લાગવું;ગાંડતળે રેલો આવવો. *To bring* **h.** (as an offence): આગે લગાડવું; પુરેપુરૂં સાબિત કરવું.

Home-bred, (હોમ્બ્રેડ) *a.* Bred at home;domestic;not foreign: ગામઠી;સ્વદેશી;દેશી. **2.** Not polished;rude:સાદું; જંગલી; અણસુધરેલું; અસભ્ય.

Homeless, (હોમ્લેસ) *a.* Destitute of a home:ઘરબાર વિનાનું-રહિત.

Homeliness, (હોમ્લિનેસ) *n.* Domesticity;care of home: ઘર-સ્વદેશની સંભાળ દરકાર. **3.** Familiarity; intimacy: માહીતી;પ્રવીણતા; ઘરોબો. **3.** Plainness;want of elegance or beauty:સાદાઈ; જડાઇ.

Homely, (હોમ્લિ) *a.* Domestic; familiar;intimate: ઘર કામનું;કુટુંબ સંબંધી;ગામઠી;ઘરોબાવાળું. **2.** Plain; rude in appearance;unpolished:સાદું;જાડું પાતળું; વગર ભભકાનું; ડાભળ ભુસિયું. **3.** Uncomely: મધ્યમસાધારણ રૂપનું *adv.* Plainly;rudely;coarsely: સાદાઇથી; ગામઠી રીતે.

Home-made, (હોમ્મેડ) *a* Made at home;of domestic manufacture:ઘરમાં બનાવેલું;દેશી;ગામઠી;ઘરઘુતી

Homeopathy, (હોમીઓપથિ) *n.* [Gr. *homoios,* like and *pathos,* affection.]The art of curing, founded on resemblances: જે પ્રકારનો રોગ તેજ પ્રકારનું ઓસડ વણુ થોડું આપી મટાડવાનું વૈદું એટલે ગરમી ઉપર ગરમ અને શરદી ઉપર શરદ ઔષધ આપવાની વિદ્યા.

Home-sick, (હોમ્સિક) *a.* Pining for home:ઘેર જવા તલપાપડ થએલું.

Home-spun, (હોમ્સ્પન્) *a.* Spun or wrought at home: દેશમાં બનાવેલું;તળબદ્દ;ગામઠી. **2.** Not elegant; rude;coarse: જડસું;જુસું; જાડું પાતળું *n* Cloth made at hose: દેશી કાપડ **2.** An unpolished or rustic person:ગામડીઆ ડુચો;ખાંપો.

Home stead, (હોમ્સ્ટેડ) *n.* The home place:ઘરની જગા;ઘરબાર. **2.** The home or seat of a family; place of origin:મૂળસ્થાનક;મૂળવતન.

Home-ward, (હોમ્વર્ડ) *a.* Being in the direction of home:ઘર-દેશ તરફનું. *adv.* Toward home;in the direction of one's house,town, or country: ઘરતરફ;સ્વદેશ તરફ **H-bound,** going home: ઘેર જતું.

Homicidal, (હોમિસાઇડલ) *a.* Tending to homicide; murderous: ઘાતકી;ખુની;મનુષ્ય વધનું;ખુનનું.

Homicide, (હોમિસાઈડ) *n.* [L. *homo* man & *coedo,* I cut.]The killing of one human being by another:ખુન; મનુષ્યવધ; નરહિંસા; નરવધ. *Felonious* **h.**: શિક્ષણીય મનુષ્યવધ. **2.** One who kills another: a manslayer: ખુન કરનાર; હત્યારો.

Homily, (હોમિલિ) *n.* [Gr. *homos,* the same & *ile,* a company.] A serious discourse:નીતિ નિબંધ ભાષણ;ધર્મવાક્ય.

Homogeneous, (હોમોજીનીઅસ) *a.* [Gr. *homos,* and *genos,* kind.] Of the same kind or nature: સમજાતીય; સમધર્મક: એક જાતીય; સ્વજાતીય;સજાતીય;સધર્મી. **2.** Possessing the same number of factors of a given kind:એકજ જાતના પદવાળું;સમાન પદવાળું.

Homologate, (હોમોલોગેટ) *vt.* [Gr. *homos & logos,* speech.] To approve; to allow; to confirm:મંજૂર-બહાલ કરવું;-ની રજા-પરવાનગી આપવી;કબૂલ કરવું;ચલા-ચાલવા દેવું.

Homologus, (હોમોલોગસ) *a.* [Gr. *homos,* & *logos,* ratio] (*a*) Corresponding in relative position and proportion: સમપ્રમાણ; તુલ્ય પરિણામ;સરખું; સમધર્મી; સમસ્થાની; સમપરિણામ. (*b*) (*Chem.*) Characterized by homology:સમધર્મક;સમાન ગુણ-અંશવાળું. **2.** Resembling in structure: મળતી રચનાનું.

Hone, (હોન્) *vt* To pine; to lament: શોક-ખેદ કરવો. *n* An oilstone: ચપ્પુ વિગેરે ઘસવાની પથરી. *vi.* To sharpen on,or with a hone;to rub on a hone in order to sharpen:ઘસી ધાર કાઢવી

Honest, (ઓનેસ્ટ) *a.* [L. *honoe, honor,* honor.] Decent; honorable;suitable;becoming:આબરૂદાર,લાયક;યોગ્ય. **2** Upright; just; equitable;sincere: નેક; ખરૂં; સત્ય; ઇમાની; ઇમાનદાર; પ્રમાણિક; નિષ્કપટ; નિષ્કપટી; સત્યવાદી; સત્યશીલ; ન્યાયી. **3.** Open;frank: નિષ્કપટ; સાફદીલનું; નિષ્પ્રપંચ;સાફ; ઓલીઉ; ભોળું;ઓલુંદોલું. **4.** Chaste;faithful; virtuous: પવિત્ર;હલાલ; સદ્‌ગુણી; પતિવ્રતા; સદાચરણી. *vt.* To adorn;to grace; to honor:શણગારવું;માન આપવું;લાયક કરવું.

Honestly, (ઓનેસ્ટ્લિ) *adv.* Honorably;decently: આબરૂદારીથી-માં; યોગ્ય રીતે. **2.** In an honest manner:પ્રમાણિકપણાથી;દગા વગરનું; ઈમાનદારીથી-પણે;શુદ્ધ દીલથી;ખલ રાખ્યા વગર.

Honesty, (ઓનેસ્ટિ) *n.* Honor: honorableness; dignity; decency:આબરૂ;આબરૂદારી; હોદ્દો. **2.** Probity;integrity;sincerity: પ્રમાણિકપણું નિષ્કપટ; પરમાર્થબુદ્ધિ; નેકી; ઇમાન;ઇમાનદારી;સરળતા;રૂબાઇ; સાલસાઇ; સાફ દિલ; ભલમનસાઈ; શુદ્ધભાવ. **3.** Chastity; modesty: પતિવ્રતા-સતીપણું;નેકી;પવિત્રાઇ;સાધુપણું;શુદ્ધતા.

Honey, (હની) *n.* A sweet, viscid fluid prepared by bees from flowers: મધ. **2.** That which is sweet or pleasant like honey: મધના જેવો મીઠો અથવા પ્રીયકારક પદાર્થ. **3** A word of endearment: મીઠડો;મીઠડી;મીઠડું. *Honey harvest,* the gathering of honey from hives: મધપુડામાંથી મધ એકઠું કરવું તે. *vi.* To be gentle, agreeable or coaxing: નમ્ર, મળતાવડું અથવા પટામાંયું થવું. *vt.* To make agreeable:મળતાવડું-ગમે તેવું કરવું; ગોળ ગોળ કરી નાંખવું.

Honey-comb, (હનીકોમ્) *n.* A most of hexagonal waxen cells formed by bees, and used by them to hold their honey and their eggs: મધપુડો;મધુકોશ.

Honeyed, (હનીડ) *a.* Covered with honey: મધથી ઢંકાયેલું; મધનું ભળેલું;મધમિશ્રિત. **2.** Sweet:મધુરૂં;મીઠું.

Honey-moon, (હનીમૂન) *n.* The first month after marriage:લગ્ન થયા પછીનો પહેલો મહિનો;આનંદમાસ.

Honey-suckle, (હની-સકલ) *n.* A climbing shrub with beautiful flowers of cream colour:એક જાતનો રળીઆમણો તથા ખુશબોદાર કુલનો વેલો.

Honor, (ઓનર) *n.* [L. *honor, honor.*] Respect; consideration:reverence; veneration:આબરૂ;ઇજ્જત; માન; પ્રતિષ્ઠા; હોદ્દાઇ. **2.** Integrity;uprightness,(*in men*); chastity(*in women*).ઇમાનદારી;પ્રમાણિકપણું; નકી; નેક નૈયત; સતીપણું; પતિવ્રતા. A nice sense of what is just right and true, with

course of life correspondent there to:સારાસાર વિચાર; વિવેકવિવેક. 3. Distinguished position; high rank: પ્રતિષ્ઠા; આબરૂ; હુરમત; ઇજ્જત; મોભો; માતબરી. 4. Fame; reputation; credit:સન્માન;આબરૂ; પ્રખ્યાતિ;યશ;કીર્તિ;પાણી;નામ; માન;પ્રતિષ્ઠા.5.A glory; an excellency; an ornament: અલંકાર;ઘરેણું; આભૂષણ;નાક.6.*pl.*University prizes: પાઠશાળામાં મળતાં ઇનામ; માન. *Affair of* h., a dispute to be decided by a duel, or the duel itself: દ્વંદ્વ યુદ્ધથી નિર્ણય લાવવાની તકરાર.*Maid of* h.,a lady of rank: રાણી સાહેબ જ્યારે લહેરમાં હોય ત્યારે તેમની તહેનાતમાં હાજર રહેનારી કુલીન સ્ત્રી; માન કારિણ. *On one's* h, on the pledge of one's honour:પોતાની ઇજ્જતના સોગન ઉપર. *A word of* h.:કોલ; વચન. A *debt of* h.: સત્યનું દેવું; પોતાની એન-આબરૂ સારૂ આપવાનું દેવું. *To do honors*, to bestow honor, as on a guest: આદર સત્કાર કર; આગતાસ્વાગતા કર; સત્કાર કર. *vt.* (*a*) To regard or treat with honor esteem, or respect: to revere: માન આપવું;ઉપાસવું;-નું માન-અદબ-મર્યાદા રાખવી. (*b*) To worship; to adore: આરાધવું;-ની આરાધના-ઉપાસના કર. 2.To dignify; to ennoble; to exalt: ને હોદ્દે ચઢાવવું;-ને આબરૂ-મોટાઇ આપવી;-ને કીર્તિવંત-નામાંકિત કર.3. (*com.*) To accept and pay when due; શીકારવું;નાણાં આપવાં.

Honorable, (ઑનરેબલ) *a.* Estimable;illustrious:નામીચું; પ્રખ્યાત; પ્રતાપી; વિખ્યાત; સંભાવિત; માતબર; આબરૂદાર-વાળું; પ્રતિષ્ઠિત. 2. High-minded: મોટા મનનું; ઉદાર. 3. Not base;irreproachable; fair:આબરૂ-આબરૂદારીનું; પ્રમાણિક;શુદ્ધ; નિર્મલ; યથાન્યાય;નેક;યથાયોગ્ય.4, Conferring honor, or procured by noble deeds:આબરૂ-માનનું આપનારૂં; કીર્તિપ્રદ;યશસ્કર;માનપ્રદ; પ્રતિષ્ઠિત. 5. Worthy of respect;regarded with esteem: આબરૂદાર;યોગ્ય;માન્ય; માનનીય;પૂજ્ય 6.Performed or accompanied with marks of honor: આબરૂ-માનનાં ચિન્હ-નિશાનીઓવાળું; માનવંત.7.Respectable: સંભાવિત; ઇજ્જતી;આબરૂદાર. 8. An epithet of respect or distinction:નેક નામદાર.

Honorably, (ઑનરેબ્લિ) *adv.* In an honorable manner: આબરૂભેર; આબરૂદારીથી;સન્માન-પ્રતિષ્ઠા પૂર્વક;માનભેર.2. Decently;* becomingly: લાયક-લાજમપણે;લાયકીથી.

Honorarium, (ઑનરેરિઅમ) *n.* A fee offered to professional men for their services:વિદ્વાનધંધાના માણસોને તેમની મહેનતનો અવેજ-ફી;મહેનતાણું;વેતન.

Honoray, (ઑનરેરિ) *a.* Done as a sign or evidence of honor:માન-આબરૂની નિશાની તથા પૂરાવા તરીકે કરેલું 2.Conferring honor: આબરૂ-માનનું;માનસૂચક-પ્રદ; માનદ; યશસ્કર; કીર્તિકર.3.Holding a title or place without rendering service or receiving reward: માન-પ્રતિષ્ઠાને માટે કામ કરનારૂં.

Hood,(હુડ્) *n.* State; condition: સ્થીતિ;હાલત;અવસ્થા.2.A covering or garment for the head: લુગડાનો ટોપ; ફણા;ફેણ. (*a*) A cowl: રોમન કાથલિક સાધુનો ટોપ.(*b*)A covering for the horse's head: ઘોડાનું માથું ઢાંકવાનું લુગડું.(*c*)The top or head of a carriage:ગાડીની છત્રી;ધમણ.(*d*) A chimney top; ધુમાડીઆની ટોપ. (*e*) The top of a pump:બંબાનુ મથાળું.*vt.*To cover with a hood:-ના ઉપર ટોપ ધરવો-ટોપથી ઢાંકવું. 2. To cover;to hide;to blind:ઢાંકવું; સંતાડવું;છુપાવવું;ઢાંકી દેવું.

Hooded,(હુડેડ્) *a.*Having or wearing a hood: ટોપવાળું-પહેરેલું;ફેણવાળું.

Hoodwink(હુડ્ વિન્ક્) *vt.*To blind by covering the eyes: આંખે પાટા-અંધારી બાંધવી. 2. To impose upon: છેતરવું; ઠગવું; ઉંધા-અવળા પાટા બંધાવવા;કુપ્પામાં હાથ મુકાવવો; અવળે અસ્ત્રે મુંડી નાંખવું.

Hoof,(હુફ્) *n.* The horny substance or case that covers or terminates the feet of certain animals: ખરી; ક્ષુર;ચક્ર.2. A beast: ઢોર;ખરીવું *vi.*To walk as cattle: ઢોરનું ચાલવું-જવું-આવવું.2.To be on a tramp: ચાલવું; પગ ચલાવવો. *To shew the doven* h.: પોત પ્રકાશવું; ગુણપર જવું; જાત દેખાડવી.

Hook,(હુક્) *n.* A piece of metal, or other hard material,formed or bent into a curve or at an angle:આંકડી-ડો-હુક;આકર્ષણી;ગલ.2. That part of a hinge which is fixed to a post,and on which a door or gate hangs and turns: નર.3.A sickle;a bill hook:દાતરડું-ડી.4. A snare;a trap: ભળ; પાશ; ફાંસો;ફસવણ 5. A field sown two years in succession:એક પછી એક લાગટ બે વરસ સુધી વાવેલું ખેતર. *By* h.*or by crook*,one way or other; by any means;ગમે તેમ કરીને; જેમ તેમ; કોઇપણ રીતે-પ્રકારે. *Off the hooks*,disturbed:ચુંથી નાંખેલું; અવ્યવસ્થિત; અસ્તવ્યસ્ત. O*n one's own* h., by one's self: પોતાની મેળે-જાતે. *To go off the hooks*,to die: મરી જવું.*vt.*To catch or fasten with a hook or hooks:આંકડી ભેરવવી-જડવી;ગલ નાંખીને પકડવું.(*b*)To entrap; to catch:ભળ ફાંદા ફાંસા પાશમાં નાંખવું.2.To gore: શિંગડીએ ભરવવું.3. To steal: ચોરી કર. *vi.*To bend or curve as a hook: હુક-આંકડીની પેઠે વાળવું.

Hooked, (હુક્ડ્) *a.* Having the form of a hook;curvated: વાળેલું; વાંકું;વાંકડું.2.Provided with a hook or hooks:હુક-આંકડીવાળું;આંકડીદાર.

Hoop, (હૂપ્) *n.* A pliant strip of wood or metal bent in a circular form: પટો;કડું;વાટો; હાંસડી; પાટો-કાંઠલો;ઓળી.2. A ring;a circular band: વીંટી;ચક્કર; ગોળપટો-પાટો-વાટો.3.Crinoline: ચક્કર;ચક્ર. H. *of a sieve*: ચાળણી-હવાલાનો કાંઠો;કાંઠડો; કાંઠલો.A *boy's* h..બપકું; ચક્કર; પૈડું. *vt.* To bind or fasten with hoops: પટા-પાટાથી બાંધવું-મજબૂત-સજ્જ કર.2. To clasp; to surround:-ની આગળ પાછળ ફરી વળવું;-ની આગળ પાછળ ચક્કર કર;વિંટાળવું. *vi.*To utter a loud cry; to shout:મોટો બૂમ-ચીસ-કીકીઆરી પાડવી. 2. To whoop, as in whooping cough:ખુંખું કર. *vt.* To drive or follow with a shout: બૂમ પાડીને હાંકવું-હાંકીકાઢવું;ની પાછળ જવું. 2. To call by a shout: બૂમ પાડીને બોલાવવું.

Hooping-cough,(હુપિન્ગ્કૉફ્) *n.* A cough in which the patient hoops or whoops with a deep inspiration of breath:સસણી; હુમજણ,ઉટાંટીઉ;વાનળી;હમુજણ.

Hoot,(હૂટ્) *vi.* To cry out or shout in contempt: ધિક્કારથી હડધુત કર;ધિક્કારથી બૂમ પાડવી.2.To make the peculiar cry of an owl: ઘુવડની પેઠે બોલવું.*vt.* To assail with contemptuous cries or shouts: હડધુત કરી કાઢવું-કાઢી મૂકવું;ની પછવાડે-પાછળ પાછળ જવું. *n.* A derisive shout or cry: હડહડ; ધુત્કાર; ધિક્કાર.2.The cry of an owl:ઘુવડનું બોલવું બૂમ.

Hop.(હૉપ્)*vi.*To move by successive leaps:કૂદાકૂદ કર;એક પગે કૂદવું.2.

lame;to limp:ખોડીખાવી;લંગડા-લંગડાતા ચાલવું;ખોડી કુદાવવી.*n.* A leap: a jump;a spring:દોડ;કૂદંગ; છલંગ; કૂળ;કુદકો.2.A dance: નાચ.

Hope,(હોપ્)*n.* An expectation of something;confidence; pleasing;expectancy:આશા;મુરાદ; ઉમેદ; ઇચ્છા;આકાંક્ષા; વાંચ્છા; મનોરથ;ભરોસો; આસ્થા;વિશ્વાસ.2.One who or that which gives hope : આશા-ઉમેદ આપનાર;આશ્વાસન;આશારૂપદ. 3. An object of hope: આશા વિષય. To entertain or indulge hope:આશા-ઉમેદ રાખવી.2.To place confidence: ભરોસો-વિશ્વાસ-શ્રદ્ધા-આકીન રાખવું. *vt* To cherish hopes of:-ની આશા રાખવી; આશાબદ્ધ થવું. 2. To expect;to fear:ધારતી-શક હોવો.

Hopeful(હોપ્ફુલ્)*a.*Full of hope; expectant: આશાવાન; ઉમેદવાર-રાખનાર;આશાબદ્ધ;આશાયુક્ત; આશાવિષ્ટ 2.Affording promises of good or of success:ફતેહમંદ થવાની ઉમેદ આપતું;આશાજનક-કારી-પડતું.*To be* h., આશારાખવી;ઉમેદ હોવી.

Hopefully,(હોપ્ફુલ્લિ)*adv.*With hope: આશા-ઉમેદથી;આસ્થાપૂર્વક.

Hopeless,(હોપ્લેસ્)*a.*Destitute of hope;despairing:નિરાશ;નાઉમેદ; નાસીપાસ;આશાભંગ-હીન.2. Desperate:ઉપાયહીન;નિરૂપાય.3. Unhoped for;despaired of: ની આશા ન રાખવામાં આવે એવું.

Hopelessness, (હોપ્લેસનેસ્) *n* State of being destitute of hope or of despairing: નાઉમેદપણું;નિરૂપાયપણું;નિરાશા;નાઉમેદી.

Hopper,(હૉપર્)*n* One who or that which hops:ખોડી ખાનાર.2.A receptacle:ગરણી;ઓરણી. 3.*Pl.* A game: એકપગે ઘોડી કુદાવવાની રમત; સાત સમુદર;સાત સમુદરની રમત. 4. A vessel in which seed corn is carried:બીજ લેઇ જવાનું વાસણ.

Hopple,(હૉપ્લ)*vt.*To hamper:પગ બાંધવા.2. To entangle : ગુંચવણ-સપડામણમાં નાંખવું; સપડાવવું.

Horde, (હોર્ડ્) *n.* A wandering troop or gang : ફરતા લોકનું ટોળું-ધાડું-જથ્થો; ધાડું.

Horizon,(હોરાઇઝ્ઝોન્)*n.*[Gr.*horos* a limit.]The apparent junction of the earth and sky: દૃષ્ટિમર્યાદા. 2.(*a*) A plane tangent to the earth's surface at that place, called the sensible horizon:મંડલ; ઉદયાચલ;અસ્તાચલ.(*b*)A plane parallel to the sensible horizon of a place, called the ratio or celestial horizon : ક્ષિતિજ;દિગંત; દિગ્ચક્ર;દિગ્મંડલ. *Rational celestial* h.:ક્ષિતિજ. *Sensible* h.: આકાશકક્ષા; ઉદયાચળ; અસ્તાચળ. *Plane of* h.: દ્રષ્ટિગોચર.

Horizontal,(હોરિઝોન્ટૅલ્)*a.*Pertaining to or near the horizon: દૃષ્ટિમર્યાદા સંબંધી-નું-ને લગતું-ની પાસેનું. 2. Parallel to the horizon; on a level : દૃષ્ટિમર્યાદાની સમાંતરે; આડું;સમ; સમદિગંત; સપાટીપરનું; સરખું લાંબું;આડું. 3. Measured or contained in a plane of the horizon: દૃષ્ટિમર્યાદાના મેદાનમાં આવી રહેલું-આવેલું.

Horn,(હોર્ન્)*n.*A hard,projecting & usually pointed or gan,growing upon the heads of certain animals:શિંગડું;શિંગડાં;શૃંગ; વિષાણ.2-The antler of a deer:સાબરશીંગ.3. Any natural projection or excrescence from an animal resembling or thought to resemble a horn in substance or form:શિંગડું;મૂળ. 4. Something made of a horn,or in resemblance of a horn: શિંગડાંનો બનાવેલો પદાર્થ; શિંગડાંનાજેવો બનાવેલો પદાર્થ. (*a*)*A* wind instrument of music; રણશિંગું; તુરાઈ; રણશિંગડું. (*b*) A drinking cup or beaker:પીવાનો પ્યાલો (*c*) The pointed beak of an anvil:એરણનો અણીદાર ભાગ(5) The high pommel of a saddle: ખોગીરના હરણાનો ઉંચો મોરવાયો. 6. The extremity or cusp of the moon when crescent-shaped: સિંગ; ચંદ્ર શૃંગ; ચંદ્રાગ્ર; ચંદ્રશિખા 7.Antennæ:ચૂછ. 8. A Powder flask:બંધુકના દારૂની બતક 9. A cornucopia: અખેપાત્ર. *To draw in one's* h.s:નરમ પડવું; કુદાકુદ બંધ પાડવી. H. *of a dilemma*, સપડામણ; સલવામણ. *To hawl in one's* h., to withdraw some arrogant pretention : નરમ પડવું; હેરી ઢીલી મુકવી;કુદાકુદ બંધ પાડવી. *To take a* h.,to take a drink of intoxicating liquor:કેફી દારૂ પીવો;કેફ-નીશો કરવ.*vt.*To furnish with horns; to give the shape of horn to: શિંગડાં આપવાં-વાળું કરવું;-ને શિંગડાંનો આકાર આપવો.

Horn-book,(હોર્ન્બુક્)*n.*The first book for children : આદીમંજરી; પહેલી ચોપડી;પહેલી પોથી;માંગેપિદેશિકા.2.A manual; a handbook:લઘુગ્રંથ;નાની ચોપડી;મૂળતત્વ.

Horned,(હોર્ન્ડ્)*a.*Furnished with a horn or horns: શિંગડાંવાળું; શિંગાળું;શિંગડાં કુટેલું.

Hornet,(હોર્નેટ્)*n.*[L. *crabro.*] A large,strong wasp:મોટો જબરો ભમરો.H. *fly*: એક જાતની ચટકો મારતી મોટી માંખ.

Hornless(હોર્ન્લેસ્)*a.*Having no horn:શિંગડાં વિનાનું-વગરનું.

Horn-mad,(હોર્ન્-મૅડ્) *a.* Quite mad;raving crazy: નશાતાળ ગાંડું-મગજનું ખસેલું;ચસ્કેલ.

Hornpipe,(હોર્ન્ પાઇપ્)*n.*(*a*)An instrument of music: વાજંત્ર;વાજું.(*b*)A lively tune for dancing: નાચતાં ગાવાનો મધુર રાગ.

Horny,(હોર્નિ)*a.*Having horns or hornlike projections: શિંગડાંવાળું; શિંગડાં જેવું-નું;શાડંગી 2.Composed or made of horn: શિંગડાંનું બનાવેલું. 3.Hard;callous:કઠણ;સખત;વજ્ર જેવું.

Horography,(હોરોગ્રૅફિ) *a.* [Gr. *hora*,an hour&*grapho*,I write.] An account of the hours : કાલમાન-વર્ણન.

Horologe,(હોરોલોજ્) *n.*[Gr.*hora*, any limited time & *logos* speech.]A servant who called out the hours:કલાક કેટલા વાગ્યા તે મોટેથી બોલનાર-વગાડનાર ચાકર. 2. A timepiece of any kind : કાલમાનમાપક યંત્ર;ઘંટી;ઘટિકાયંત્ર;ઘડીઆળ.

Horological,(હોરોલોજિકલ)*a.*Relating to a horologe,or to horology: કાળમાપકયંત્ર સંબંધી-નું.

Horoscope(હોરોસ્કોપ)*n* [Gr. *hora* & *scopeo*,I observe.] (*a*)The representation made of the aspect of heavens at the moment of a person's birth:ટપકો;જન્મકુંડળી-પત્રિકા; જન્માક્ષર; ગ્રહકુંડળી. (*b*) The diagram or signs of zodiac: રાશિ ચક્ર;કુંડળી.

Horoscopy, (હોરોસ્કોપિ) *n.* The act or practice of observing the disposition of the stars with a view to predicting events:ગ્રહ ઉપરથીફળ કહેવાની વિદ્યા; ફલાદેશ.2.Aspect of the stars at the time of a person's birth: લગ્ન-જન્મકુંડળી.

Horrible,(હોર્રિબલ્)*a.*Dreadful; terible;hideous: ભયાનક; કમકમાટ ભરેલું;ઘોર; ભયંકર;ઉગ્ર;વિકટ; વિકાળ;ચીતળી ચઢે-કમકમાટો આવે-રૂંવાં ઉભાં થાય-થરથરી છુટે એવું.

Horrid(હૉરિડ)*a.*Rough;rugged: ખડબચડું; ઉચું નીચું. 2. Dreadful; hideous;shocking; hence,very offensive:ભયંકર;વિકાળ; ઘોર; કમકમાટ ઉપજાવે એવું; ત્રાસદાયક; ભયાનક; ભયજનક;ઉગ્ર;દારૂણ.

Horrify(હૉરિફાય)*vt.*To cause to feel horror;to strike or impress with horror:થરથરાવી નાંખવું;ખીચરાવવું;ગાત્ર શિથિલ કરી નાંખવાં; ચીતળી ચઢે-રૂંવાં ઉભાં થાય એમ-એવું કરવું;કમકમાટ આણવો.

Horror,(હૉરર)*n.*[L.*horreo*, I shiver.]A bristling up;a rising into roughness; tumultuous movement: કંપ; ખળભળાટ. 2. A shaking,shivering,or shuddering:થરથરાટ;થરથરી;ધ્રુજારી; કંપારી. 3. A shuddering with terror and detestation: થરથરી; ત્રાસ; ભયકંપ; મહાભય; ચીતળી; કમકમાટ; ફાળ. 4. Gloom;dreariness:ઉદાશીનતા; શોકાતુરપણું. *The* **H.s.**: બહુ મુદત સુધી ઘણું પીવાથી થએલું ચિતભ્રમ-ગાંડપણ.

Horse,(હૉર્સ)*n.*[L.*curro*,I run.] A hoofed quadruped: ઘોડો-ડી-ડું; વાજી;હય;અશ્વ;તુરંગ; તોખાર 2. The male of the genus horse:ઘોડો.3. Mounted soldiery;cavalry:ઘોડાનું લશ્કર; ઘોડેસ્વાર;હયસાદી;સાદી. 4. A frame with legs : ઘોડી-ડો. 5. A frame of timber shaped like a horse:ધારતી લાકડાનો:ઘોડો. *A clothes* **h.**: લુગડાં સુકવાની ઘોડી; ઘડોચી; ડામચીઓ.6.A hobby:મગજનો ફાંટો. **હૅર-તુરંગ**.*Horse breaker or trainer*: ચાબુક સ્વાર. *To look a gift* **h.***in the mouth*:ધર્મની ગાયના દાત જોવા. *To take* **h.**, to set out on horseback: ઘોડો પલાણીને જવું. (*b*) To be covered, as a mare: ઘોડો દેખાડવો.*vt.*To mount on a horse: ઘોડા ઉપર સ્વારી કરવી. 2. To sit as ride of;to bestride;ઘોડો પલાણીને બેસવું.3. To cover,as a mare: ના ઉપર ઘોડો નાંખવો. 4. To take or carry on the back: પીઠ પર લઈ જવું; માથે હોવું.*vi.* To get on horseback: ઘોડા ઉપર બેસવું.

Horse-back, (હૉર્સ-બૅક)*n.* The back of a horse: ઘોડા ઉપર સ્વારી કરવાનું આસન-ઢપ; ઘોડાની પીઠ. *On* **h** (*a*): ઘોડા ઉપર બેઠેલું; અશ્વારૂઢ. (*b*) ઘોડે બેસીને;સ્વાર થઇને;ઘોડા ઉપર-ઉપરથી.

Horse-flesh,(હૉર્સ ફ્લેશ)*n.* The flesh ot a horse :ઘોડાનું માંસ. 2. Horses collectively:ઘોડા.

Horse-guards,(હૉર્સ ગાર્ડઝ)*n.* Horse soldiers employed as guards:ગાડદી; રક્ષકોનું કામ કરનાર પાયગા; ઘોડાનું લશ્કર; સાદી રક્ષી; લશ્કરી ખાતાનું મથક.

Horse-guards(હૉર્સ્-ગાર્ડઝ્)(*Mil*) A body of cavalry: ઘોડેસ્વાર પલટણ-રીજમીટ.

Horse-laugh, (હૉર્સ-લાફ્)*n.*A loud,boisterous laugh;a guffaw: અટ્ટાટહાસ્ય;રોકારા ઠોકારાનું હસવું.

Horse-leech,(હૉર્સ લીચ)*n.*A farrier; a veterinary surgeon: ઘોડાને સારૂં કરનાર-વૈદ્ય;અશ્વવૈદ્ય.

Horseman,(હૉર્શમૅન)*n.pl.***Horsemen**. A military soldier; a cavalryman:સવાર;ઘોડેસવાર;બારગીર 2. One skilled in riding : પાકો ઘોડેબેસનાર-સ્વાર; સ્વાર; કુશલસ્વારવાદી. 3.A horse soldier : ઘોડેસ્વાર સિપાઇ;સવાર;બારગીર.

Horseman-ship, (હાર્સ્મૅનશિપ્) *n.* The act or art of riding; manege:અશ્વારોહણ વિદ્યા;અશ્વવિદ્યા.

Horse-power(હૉર્સ-પાઉઅર)*n.*The power which a horse exerts: ઘોડાનું જોર. 2. (*Mach.*) A unit of power,used in stating the power required to drive machinery: વરાળયંત્રની શક્તિનું પ્રમાણ.

Horse-shoe,(હૉર્સ્-શૂ)*n.*A shoe for horses: ઘોડાની નાળ 2. Anything shaped like a horse shoe: ઘોડાની નાળના આકારની ચીજ.

Horse-whip,(હૉર્સ્ વ્હિપ્)*n.* A whip for hoses: ચાબુક; સાટકો;ચાબખો.*vt.*To flog or chastise with a horsewhip: ચાબુકમારવી-થી સજા કરવી.

Hortation,(હૉર્ટેશન્)*n.*[L. *hortor*,I urge.]Exhortation:બોધ;ઉપદેશ;શિખામણ.

Hortative,(હૉર્ટેટિવ્) *a.*Giving exhortation;advisory: exhortative:બોધરૂપનું; શિખામણરૂપનું; બુદ્ધિવાદક;પ્રબોધક;ઉપદેશક.

Hortatory, (હૉર્ટેટોરિ)*a.*Encouraging; exhortatory: inciting: શિખવણીનું;ઉત્તેજનરૂપ;ઉપદેશક;પ્રબોધક.

Horticultural (હૉર્ટિકલ્ચ્યૂરૅલ્)*a.* Of or pertaining to the culture of gardens : બાગકામ-વિદ્યા સંબંધી; બાગાયતી;માળી વિદ્યા સબંધીનું.

Horticulture,(હૉર્ટિકલ્ચ્યૂર)*n.*[L. *hortus*,garden *cultura*,culture.] The art of cultivating gardens or orchards: બાગ બનાવવાનો-હુન્નરકળા;બાગકામ;બાગાયત;બાગબાની; ઉદ્યાનવિદ્યા-કર્મ.

Hosanna, (હોઝૅન્ન)*n.*A Hebrew exclamation of praise to the Lord or an invocation of blessing:ઈશ્વર સ્તુતિનો શબ્દ;પ્રભુની કૃપા માગવાનો શબ્દ;પાહિમામ.

Hose,(હોઝ)*n.Sing&pl.*Close fitting trousers or breeches:પાયજામો.2 A stocking or stockings: પગનાં મોજાં.3.A flexible pipe:બંબાની સુંઢ,

Hosier,(હોઝિઅર)*n.* One who deals in hose or stocking:મોજાં વાળો;મોજાં વેચનાર.

Hospitable,(હૉસ્પિટૅબલ્) *a.* [L. *hospes*,a guest.] Characterised by hospitality : પરોણાની બરદાશ લેનારૂં;આવકાર ભરેલું;અતિથિપૂજક; આદરસત્કારશીલ.2. Proceeding from kindness and generosity to guests and strangers : આદરસત્કારી;આતિથ્યનું; આગતાસ્વાગતાવાળું; પરોણાગત કરનારૂં. **H.** *treatment*: બરદાશ;મહેમાનગીરી;પરોણાચાકરી.

Hospitably,(હૉસ્પિટૅબ્લિ)*adv.*In a hospitable manner: પરોણાચાકરથી;મેહેમાનદારીથી;સત્કારપૂર્વક.

Hospital,(હૉસ્પિટૅલ્)*n.*[L *hospes*, guest.] A place for shelter of entertainment;an inn:ધર્મશાળા; મુસાફરખાનું. 2. A building in which the sick,injured,or infirm, are received and treated:ઇસ્પીતાલ;દવાખાનું;બીમારખાનું;ઔષધશાળા.

Hospitality,(હૉસ્પિટૅલિટિ)*n.*Reception and entertainment of strangers or guest without reward : આગતા-સ્વાગતા; પરોણાચાકરી; મહેમાનગિરી; આતિથ્ય; અતિસત્કાર-પૂજા-સેવા; આદરસત્કાર; ઉપચાર; બરદાસ્ત;પરોણાગત.

Host,(હોસ્ટ્)*n.*[L. *hosia*, sacrifice.] The consecrated water: પવિત્ર-સંસ્કારી જળ. *n.* [L. *hostes*, enemy.]An army;a number of men gathered for war:ફોજ;લશ્કર; દળ; સેના. 2 Any great number or multitude; a throng : ટોળું; ધાડું;ઝુંડ;ગણ;મેદની.*n.* [L. *hostis*, stranger.] An entertainer; a land lord : યજમાન;આતિથ્યકાર;ઘરધણી; ગૃહી; નિમંત્રકાર; મુસાફરખાનાવાળો;રીશીવાળો.*vi.*To lodge at an inn:ધર્મશાળામાં રહેવું.

Hostage,(હૉસ્ટેજ્)*n.* [L. *hospes*, guest.] *A* person given as a pledge or security for the performance of the conditions of a treaty:સલાહના કોલ પાળવાની ખાત્રી માટે સાનમાં આપેલું માણસ;બાણ.

Hostess, (હૉસ્ટેસ્) *n.* A female host:સ્ત્રી યજમાના. 2. A female innkeeper: ગ્રહસ્વામીની; ઉતારાની ધણી;અતિથ્યકારિણી.

Hostile,(હૉસ્ટાઇલ) *a.* [L. *hostis* enemy] Enemical; unfriendly: વેરી;દ્વેષી;વિપક્ષી;પ્રતિપક્ષી; વિરૂદ્ધ;પ્રતિકૂળ;વિપરીત;વિરોધી. *n.* An enemy: દુશ્મન:શત્રુ; વેરી.

Hostility,(હૉસ્ટિલિટિ)*n pl.* **Hostilities.** Unfriendliness: animosity: શત્રુભાવ-વટ; વેર; વૈરભાવ;વિરોધ; દુશ્મનાવટ; અદાવત; સામીપ્રીત. *Natural* h.,જનતવેર; હાડવેર. 2. A hostile deed, attacks of an enemy:લડાઈ;ચઢાઇ;હુમલો; વિગ્રહ; યુદ્ધ; સંગ્રામ.

Hot,(હૉટ્)*a.* Having much sensible heat;very warm: ગરમ;ઉનું; ધીકતું;ધગધગતું;ખળખળતું; સસડતું; ફરફરતું;ફફળતું. *Boiling* h.: સસડતું; ખળખળતું;કકડતું. *Burning* h.;*scalding* h.::દઝાય એવું;ફફળતું.*Red* h.,ધગધગતું; અગ્નિવર્ણ. 2. Easily excited; passionate;fiery;eager:આકળા સ્વભાવનું;આતુર; જુસ્સાદાર-વાળું;કડક; ગરમ; જલદ;તાઉસ;આકળુ; તિખું;ઉગ્ર;તીવ્ર; તનખ મિજાજ નહેલ. 3.Lustful; lewd; lecherous:લુચ્ચું; લફંગુ; વ્યભિચારી; છિનાળવું.4 Acrid;biting;pungent: તીખટ;તીખું; ગરમ; તમતમું; ધમધમાટ. *In hot water* (*Fig*),in trouble: મહેનત-મુશકેલી-સંકટમાં;આફતમાં.

Hot-bed(હૉટબેડ્)*n.*A glass covered bed heated for bringing forward plants rapidly: ગરમ દેશના છોડ ટાઢાડા દેશમાં ઉછરી આવે અથવા દેશી છોડ વહેલા ઉગે તેને માટે ઘોડાની લાદ વિગેરે ગરમ ખાતર નાંખેલો તથા ઉપર કાચનું આચ્છાદન કીધેલો માંડવો;જલદી ઉછેરવાનો માંડવો.

Hot-brained, (હૉટ્-બ્રેન્ડ્)*a.*Violent;high spirited;irritable;passionate:ગરમ મિજાજનું;ઉગ્ર સ્વભાવનું; ઉદ્ધત મિજાજનું;તાઉસ;કડક; આકળું.

Hotch-potch, (હોચ-પોચ્) *n.* A Mingled mass: એકઠું-સેળભેળ કીધેલું-કરી નાંખેલું કંઇ:ખીચડો;ડખો.

Hotel,(હૉટેલ્)*n.*An inn or public house,of the better class: મુસાફરખાનું;વીશી;ઉતારો; ભોજનગૃહ; હોટલ. 2.In France,a mansion or town residence of a person of rank or wealth: ફ્રાન્સમાં પૈસાદાર માણસનો મહેલ-મકાન.

Hot-headed,(હૉટ્ હેડેડ્)*a.*Fiery; violent;rash;hasty; impetuous: ઉદ્ધત;કડક;જુસ્સાવાળું; ઉતાવળું; અધીરાઇવાળું;ઉગ્ર;ચઢાઉ.

Hotly, (હૉટ્લિ) *adv.* Ardently: vehemently;violently; hastily: જુસ્સાથી; ઉગ્રપણે; ઉતાવળ-અધીરાઇથી. 2.Lustfully: કામીપણે.

Hough,Hock,(હોક્)*n.*The joint in the hind leg of a quadruped: પશુના પાછલા પગના ધૂંટણનો પાછલો ભાગ-સાંધો.

Houdah,(હાઉડો)*n.*A seat or pavilion,generally covered,fastened on the back of an elephant,for the rider or riders:અંબાડી;હોદ્દો.

Hound,(હાઉન્ડ્)*n.*A variety of the domestic dog,usually which hunts the game by scent:શિકારી કુતરો.2 A despicable person:નીચ-હલકો-અધમ માણસ. *To follow the hounds,*to hunt with hounds: શિકારી કુતરાઓને લઇને શિકારે જવું. *vt.* To incite to pursue: છોડી મુકવું;શિકારની પાછળ દોડાવવું;-ની પાછળ મૂકવું.2. To hunt or chase with hound: શિકારી કુતરાઓથી-ને લઇને શિકાર કરવો;શિકાર કરવા ધાવું.

Hour, (આઉર્)*n.* [L. *hora.*] The twenty fourth part of a day;sixty minutes:કલાક; અવર. *Auspicious* h , શુભમુહુત ; શુભ-ધનઘડી-વેળા-કાળ.2.Time of the day: વેળા;કાળ; વખત; કેટલા વાગ્યા તે. 3. Fixed or appointed time; a particular time or occasion: ઠેરવેલો-મુકરર કરેલો વખત *After hours,* after the time appointed for one's regular labor: પોતાની નિયમિત મેહેનતને માટે ઠેરવેલા વખત પછી; વખત પછી; H *plate;* the dial: ચાંદો.*To keep good hours,* to be regular in going to bed early: નિયમિત રીતે વહેલા સૂઇ જવું.

Hour-glass,(આઉર્ ગ્લાસ્)*n.* An instrument for measuring time especially the interval of an hour:ઘડી-કલાકની શીશી;રેતીનું ઘડીઆળ.

Hour-hand,(આઉર્ હૅન્ડ્)*n.* The hand or index which shows the hour on a time piece:અવર કાટો; કલાકનો કાંટો.

Hourly, (આઉર્લિ) *a.* Occurring hour by hour; frequent; continual: કલાક કલાકનું; વાર વારનું; જાયું; ઘડીઘડીનું; હમેશ-નિત્યનું. *adv.* Every hour;frequently: દર ઘડીએ; વારેવારે;કલાક કલાકે;ઘડી ઘડી;હમેશ;નિત્ય.

House, (હાઉસ્) *n.* A dwelling place;a mansion:ઘર;ગૃહ;ધામ;સદન;મંદિર;મકાન; ભવન.A *pleasure* or *summer* h.:બંગલો. *To keep* h.: જુદુ ઘર માંડીને રહેવું.*To keep a good* h.:ઘર સારૂ ચલાવવું:ઘર ચલાવવાની આવડત હોવી.(*b*)ખાવે પીવે-ખવડાવે પીવડાવે ઉંચ નજરા-ઉદાર હોવું. 2.Household affairs; domestic concerns: ઘર સંસાર; ઘરનાં કામકાજ; ઘરકામ; ઘરનો ધંધો.3. Those who dwell in the same house; a household: ઘરનાં માણસો; ઘરકુટુંબ; કબીલો; ઘર; ઘરખટલો;પરિવાર. 4. A family of ancesters,descendents and kindred;a tribe: વંશ; ઓલાદ; કુળ;ઓધ; ખાનદાન.5 A body of men united in a legislative capacity: સભા. *The* h. *of commons*: દિવાનેઆમ. H *of Lords*:દિવાનેખાસ.6.(*Com.*) A firm or commercial establishment: પેઢી;દુકાન;ખાતું.7.A public house:an inn; a hotel: મુસાફરખાનું;ધર્મશાળા.8.(*Astrol.*)A twelfth part of the heavens: ભુવન; ઘર; સ્થાન. 9. A square on a chessboard, regarded as the proper place of a piece:ઘર;સ્થાન.10 An audience:an assembly of hearers: સભા; સાંભળનારા; શ્રોતાજન. *vt.* To take or put into a house;to shelter under a roof; to protect by covering: ઘરમાં રાખવું; રહેવાને ઘર-છાપરૂં આપવું; આશ્રય-આધારો આપવો. 2. To drive to a shelter:ઘરમાં ધાલીદેવું.3.To admit to residence;to harbour: આશરો-આશ્રય આપવો;-ને ઘરમાં ધાલવું.4. To deposit and cover as in the grave:ની કબર કરવી. 5. To stow in a safe place: સહિસલામત જગ્યામાં લંગર કરવું.*vi.* To abide; to dwell; to lodge:રહેવું. 2. To have a position in one of the houses: ભુવન-સ્થાનમાં હોવું.

House-breaker, (હાઉસ્બ્રેકર્) *n.* One who is guilty of the crime of housebreaking: ઘરફોડુ; ઘરમાં ખાતર પાડી ચોરી કરનાર

House breaking, (હાઉસ્બ્રેકિન્ગ્) *n.*The act of breaking open and entering,with a felonious purpose,the dwelling house of another:ઘર ફોડીને ખાતર-ચોરી.

House-dog,(હાઉસ્ડૉગ્)*n.* A dog kept in or about a dwelling house :ઘરમાં પાળેલો કુતરો; ગૃહરક્ષક શ્વાન.

House-hold,(હાઉસ્હોલ્ડ્)*n.*Those who dwell under the same roof and compose a family:ઘરકુટુંબ; કબીલો; ઘરનાં માણસો; પરિવાર; પરિ-

જન.2.A line of ancestry;a race or house:વંશ;ઓલાદ;કુલ.a. Domestic: ઘર કામનું;ઘરવાખરીનું; કુટુંબ સંબંધી;ગામઠી; ઘરગતુ.

House-holder, (હાઉસ હોલ્ડર્) *n.* The master or head of a family; ઘરધણી;ગ્રહસ્થ;કુટુંબીલદાર.

House-keeper, (હાઉસ્કીપર્) *n.* One who occupies a house with his family:a householder: ગ્રહસ્થ;ઘરધણી; ધણીઆણી; ગૃહી; કુટુંબી: ઘરબારી.2.One who does or oversees,the work of keeping house: ઘર ચલાવનાર; ઘરનાં કામકાજ ઉપર નજર રાખનાર 3. A house-dog: ઘરનો પાળેલો કુતરો.

House-keeping, (હાઉસ્કીપિન્ગ્) *n.* The state of occupying a dwelling house as a householder:ગૃહસ્થાશ્રમ; ઘરસંસાર; સંસાર. 2. Management of a house and home affairs: ઘરકામકાજ કરવાં તે; ગૃહવ્યવસ્થા.*a.* Domestic: ઘરકામનું; કુટુંબ સંબંધી;ગામઠી.

House-maid,(હાઉસ્મેઇડ્)*n* A female servant employed to do housework: ઘરમાં કામ કરનારી બૈરીચાકરડી;દાસી.

House-warming(હાઉસ્-વૉર્મિન્ગ્) *n.* An entertainment given when a family enters a new house: વારતુ;ગૃહપ્રવેશ.

House-wife,(હાઉસ્-વાઇફ્)*n.*The wife of a house-holder,the mistress of a family: ગૃહિણી;ગેહિની; ઘરધણીઆણી; શેઠાણી; ગૃહકાર્યકુશલા; ઘર ચલાવનારૂં બૈરૂં.*vt* To manage with skill and economy:ચતુરાઇ અને કરકસરથી ઘરકારભાર ચલાવવો-ઘરકામકાજ કરવું.

House-wright,(હાઉસ્રાઇટ્)*n.*A builder of houses: ગૃહપ્રાસાદી.

Housing,(હાઉઝિન્ગ્) *n.* The act of putting or receiving under shelter:ઘરમાં રાખવું-આશ્રમ આપવો તે. 2. That which shelters or covers: ઘર; આશ્રય.3. A niche of a statue: પુતળુ મુકવાનો દીવાલમાંનો ગોખલો.*n.*A saddlecloth;a horsecloth:ઘાસિયો;ઘોડાનો સાજ.

Hove,(હોવ્) *vi.*& *vt.* To rise; to swell;to heave: સૂજવું;સોજો થવો-ચઢવો.*Imp.*& *p.p.* of **Heave:** ઉંચકયું; ઉપાડયું.

Hovel,(હૉવેલ્)*n.* An open shed for sheltering cattle:ઢોરને રાખવાનું મુંપડું-છાપરી-રૂં; પડાળી. 2. A poor cottage;a hut: મુંપડી-કું;છાપરી-રૂં. *vt.* To put in a hovel; to shelter:છાપરી-મુંપડામાં ઘાલવું-રાખવું.

Hover,(હૉવર્)*n.*A cover;a shelter;protection: ઢોંકણ; આશ્રય;રક્ષણ. *vi.* To hang fluttering in the air,or on the wing: પાંખ ફફડાવ્યાં કરવું;પાંખ ઉપર તોળાઇ રહેવું;ટંગાઈ રહેવું. 2. To hang about; to move to and fro near a place:ફેરી ફર્યા-માર્યા કરવું;ભમ્યા કરવું;ચક્રાકારે-મંડલાકારે ભમવું.

How,(હાઉ) *adv.* In what manner or way; by what means or process:કેમ કરીને;કેમ;શી-કેવી રીતે. 2. To what degree; in what proportion: કેવડું;કેટલું;કેવું. 3. In what state: કઇ સ્થિતિ-દશા-હાલતમાં; કેમ. 4. For what reason; from what cause:શા વાસ્તે;શાથી;શા કારણથી;કેમ. 5. At what price; how dear:શી કિંમતે;કેટલું મોંઘું. **H.***long*: કેટલીવાર;કેટલીવાર સુધી.**H.***much*: કેટલું;કેટલું બધું.

Howbeit,(હાઉબીઇટ્)*conj.*Nevertheless; notwithstanding; although: પણ;એમછતાં;ગમે તેમ હોય તોપણ;તોપણ.

However,(હાઉએવર્) *adv.* 1. In whatever manner, way or degree: ગમે તેમ; તોપણ. 2. At all events; in any case: ગમે તેમ હોય તોપણ; તેછતાં: *conj.* Nevertheless; yet;still: તોપણ;જો કે; એમ છતાં.

Howitzer,(હાઉઇટ્સર્)*n.*A short light canon,used for throwing shells:એક પ્રકારની ટુંકડી ગારે જરેલી તોપ.

Howl(હાઉલ)*vi.*To utter a mournful cry:(કુતરાં અને વરૂની પેઠે)રડવું;રોવું 2.To lament: વિલાપ કરીને રડવું;પોક મુકી ધૂમ પાડી-શોક કરી રડવું;આક્રંદ કરવું. 3.To make a noise like a wild beast:(જંગલી પશુની પેઠે)ધુધવાટો કરવો. *vi.*To utter with outcry:ધૂમ પાડી બોલવું.3.The protracted, mournful cry of a dog or a wolf:પોકાર; ગર્જના;રડવું તે.2 A wail:રૂદન; આક્રંદ.

Howling, (હાઉલિન્ગ્) *a.* Filled with howling beasts;dreary:વાઘ વરૂ વિગેરેના શબ્દથી ગાજી રહેલું;ઘોર.

Howsoever,(હાઉસોએવર્) *adv.*& *conj.* To whatever degree or extent;however:ગમે તેવું-તેટલું; એમ છતાં 2. Although;though: જોકે; તોપણ;ગમેતેમ થાય તો પણ.

Hoy, (હૅઇ) *n.*(*Naut.*) A small coasting vessel: કિનારે ચાલનારૂં નાનું વહાણ.*Interj.*Ho! Halloo!; Stop! અરે! સબૂર! ઓહો!

Hub, (હબ્) *n.* The nave of a wheel: પૈડાની નાઇડી. 2. The hilt of a weapon: ઓજારની મૂઠ. 3. A rough protuberance: ઢેકો-ઢેબો.

Hubble-bubble,(હબ્બલ્-બબ્બલ્) *n.* A tobacco pipe,so arranged that the smoke passes through water,making a bubbling noise whence its name: હોકો;હુક્કો.

Hubbub.(હબ્બબ્)*n.* A loud noise; a tumult;uproar;ઘોંઘાટ; તોફાન;કકલાણ;કોલાહલ;કળકળાટ; સોરબકોર;કલકલાણ;ધુમારોળ;હોહાકાર.

Huddle.(હડ્લ્)*vi.* To crowd together confusedly; to pass or hurry in disorder: ભીડ થવી; સંમિશ્રણ થવું;પડાપડી કરવી.*vt.*To mingle confusedly: ગરબડ સરબડ કરી મુકવી;ઘોટાળો-ઘાલમેલ કરવું;ગુંચવી નાંખવું. 2.To do, make,or put,in haste or roughly:ઉતાવળથી કરવું-મુકવું; ગરબડ ગોટો કરવું; hence, to do imperfectly: જેવું તેવું કરીને ઉંચુ મુકવું; લોચા વાળવા;ગોળો પિંડાળો કરી મુકવો. *To* h *up*: સાંભરેટી-સાંભરી લેવું. *To* h. *together*: ગુચમડો કરવું. *n.* A crowd; tumult; confusion: ટોળું; સમુદાય;ભુંડ,ગડબડાટ; ઘોટાળો; ઘાલમેલ;ગફલત.

Hue, (હ્યૂ) *n* Color or shade of color; tint;dye: રંગ;વર્ણ;છાયા.2.A shouting or vociferation: ધૂમ; પોકાર;હાકોટો; ધૂમાધૂમ; હોકારો; કોલાહલ;કલકલ.

Hued,(હ્યૂડ્)*a.*Having color: રંગીન;રંગદાર-વાળું.

Huff, (હફ્) *vt.* To swell;to enlarge;to puff up: મોટું કરવું;ફુલાવવું. 2.To chide or rebuke with insolence;to bully: ધમકાવવું; લબડધક્કે લેવું. *vi.* To enlarge;to swell up: ફુલવું: મોટું થવું.2. To bluster or swell with anger, pride or arrogance;to storm; to take offence: ચીઢાવું;ગુસ્સે થવું;પતરાજી-શેખી કરવી;રીસાવું; તોફાન કરવું. *n.* A swell of sudden anger or arrogance: રીસ;ગુસ્સો;ક્રોધ;કોપ;રોષ; ચીઢ;ફક્કા મરજી;હતરાજી;રસાવું. 2.A boaster: પતરાજીખોર માણસ. *To take huff,*to take offence: ખોટું-માઠું લગાડવું.

Huffish,(હફિશ્)*a.*Disposed to be blustering or arrogant:ગર્વિષ્ઠ;અભિમાની; ઉન્મત્ત.

Hug,(હગ્)*vi.*To cover;to crouch; to curl up: પગવાળીને બેસવું;ઢબાઇને બેસવું;ઢબાવું.2 To crowd together;to cuddle: ભેગું-એકઠું થવું; ઘુપાઇ-સંતાઇ-લપાઇ જવું. *vt.* To clasp

to the bosom;to embrace: બગલમાં દાબવું;કોટી કરવું;આલિંગન દેવું. 2. To hold fast;to cherish:મજબૂત પકડવું;માયા-હેત દેખાડવું; વ્હાલું-પ્યારું ગણવું;વળગી રહેવું.3 To keep close to:ની પાસે-નજીક જવું. *To* h. *one's self*,to chuckle: હરખાવું;ખુશી થવું; મકલાવું;કુલાટ બતાવવો. *n.* A close embrace or clasping with the arms:દૃઢાલિંગન;આલિંગન;કોટી;બાથ; ગાઢાલિંગન.

Huge,(હ્યૂજ)*n.*Very large;enormous;immense;excessive: મોટું; ઘણું મોટું;ગંજાવર; અડાબીડ;જબરું; વિશાળ;વિપુલ.

Hulk,(હલ્ક)*n.*The body of a ship or decked vessel of any kind:વહાણનું ખોખું;દ્રણૌકા.2. A heavy ship of clumsy build:કદરૂપું ભારે વહાણ.

Hull,(હલ્)*n.*The outer skin of a kernel;the husk:છોડું;છાલ; ઉતરું; ફોતરું;કોશ;આવેષ્ટન. 2. The frame or body of a vessel, exclusive of her masts, yards, sails, and rigging:ડોળ,સઢ,દોરડાં વિગેરે શિવાયનું વહાણનું ખોખું. *vt.* To free from integument:છોલવું;-નું છોડું કાઢવું.

Hum,(હમ્)*vt.*To drone;to murmur;to buzz:ગણગણવું; ગણગણ અવાજ;ગમગમ બોલવું-અવાજ થવો. 2. To make a nasal sound:નાકમાંથી અવાજ કાઢવો;ગુંગું બોલવું.3.To hem: ખંખારવું;હુંકારો ભણવો.4.To express satisfaction by a humming noise:ગણગણતો અવાજકરીને સંતોષ દર્શાવવો.5.To have the sensation of a humming noise:-માં ગમધમ થવું;બ્હેરે થઈ જવું.*vt.* To ring with shut mouth;to mumble: ધીમેથી-મનમાં ગાવું.2.To express satisfaction with by humming:ગણગણ કરીને સંતોષ દર્શાવિવો. 4. To flatter by approving;to impose on; to humbug: ઉધુંચતું સમજાવી ઉતરવું. *n.* A drone; a buzz:ગણગણાટ;ગુંજારવ;ગણગણ;ગુંજન 2. Any inarticulate and buzzing sound; ગણગણતો અવાજ; ગણગણાટ; કલકલ; ઝંકાર.ઉતરપંડી;ઠગાઇ.

Human(હ્યૂમૅન્)*a.*[L.*homo*,man.] Belonging to man or having the qualities of a man: માનુષી; માનવી;પૌરૂષેય; મનુષ્યધર્મી-ધર્મક; માનવીય;મનુષ્યનતીય.**H.***art*: મનુષ્યકળા.

Humane,(હ્યૂમેન્)*a.* Pertaining to man;human: માણસ જાતને લગતું;મનુષ્ય જેવા ગુણનું; માનુષીય; માનવીય;મનુષ્યધર્મક.2.Kind; benevolent:માયાળુ; કૃપાળુ; દયાળુ; દયાવાન: કરૂણાત્મક;પરોપકારશીલ;દયાશીલ.

Humanely,(હ્યૂમૅન્લિ) *adv.*Kindly;benevolently: માયાળુ-દયાળુ પણાથી-પણે;દયા-કરૂણાપૂર્વક.

Humanity, (હ્યૂમૅનિટિ) *n.* The quality of being human: મનુષ્યત્વ-ધર્મ;મનુષ્યતા; માણસાઇ. 2. The human race: માણસવર્ગ-જાત;મનુષ્ય માત્ર; માણસનું જણ્યું કોઇ પણ. 3. Kindness:દયા;રહેમ કરણા;કારૂણ્ય; કૃપા;જનદયા;ભૂતદયા.4. Mental cultivation;liberal education: માણસાઇ;માનસિક ઉન્નતિ ઉત્કર્ષ; ઉત્તમશિક્ષણ-કેળવણી. 5. (*pl.*) Classical literature: સાહિત્ય; સાહિત્યશાસ્ત્ર; અક્ષરવિદ્યા

Humanize, (હ્યૂમૅનાઇઝ્) *vt.* To soften;to refine or civilize: નરમ-કુમળું કરવું;સુધારવું; નિર્દયપણું કાઢી નાંખવું.2.To give a human character or expression to: મનુષ્યવર્તન શિખવવું*vi.*To become civilized;to be ameliorated: સુધરવું; નરમ થવું.

Humanly,(હ્યૂમૅન્લિ) *adv.* In a human manner:માણસની પેઠે; મનુષ્ય જ્ઞાનાનુસાર. 2. Kindly; humanely:માયાળુપણે;દયાળુપણે.

Humble,(હમ્બલ્) *a.* [L.*humus*, the earth.] *N*ear the ground; not high or lofty;unpretending: જમીનની પાસેનું; નીચેનું; હલકું; દીન; ગરીબ; લાયકીનું 2. Lowly; weak; modest:નમ્ર; રાંક; વિનયી; નિરભિમાની;ગરીબસ્વભાવનું;સવિનય.3. Poor: દરિદ્ર;દીન;નિર્ધન.*To eat* h.*pie*;ગરીબ થઇને ખમ્યાં કરવું.*a.*Hornless:શિંગડાં વિનાનું-વગરનું. *vt.* Lower; to abase,to humiliate: નીચું-હલકું પાડવું;તોડવું;આબરૂ-માન ઘટાડવું; અભિમાન ખંડન કરવું. 2. To abase the pride or arrogance of;to reduce the self sufficiency of:નરમ ઘેંસ કરવું;નરમ પાડવું;ગર્વ ઉતારવો;-નો અભિમાન તોડવો;ઝાંખું પાડવું;-નું માન પાડવું.*To* h.*one's self*:નમ્રતા પકડવી; પસ્તાવો કરવો.

Humbly(હમ્બ્લિ)*adv* With humility;lowly:નમ્રતાથી; નિરભિમાનપણે.

Humbug, (હમ્બગ્) *n.* An imposition under fair pretences; a trick by cajolery;a hoax:ભૂલથાપ; આંધળા પાટા; અષ્ટ પષ્ટ;ગષ્ટ પષ્ટ-ઉધુંચતું સમજાવવું તે;ફેલ.2. Cajolery; trickishness:ઉતરપંડી; ઠગબાજી;કપટ,છળ.3.*An* imposter: ઠગ;ઉધુંચતું સમજાવનાર.*vt.*To deceive; to impose on;to cajole: ઉધુંચતું સમજાવી ઉતરવું.

Humdrum,(હમ્ડ્રમ્)*a.* Monotonous;dull:એક સરખા અવાજનું; સુસ્ત;વિરસ;જડ;મંદ.*n.*A dull fellow; a bore:ઢોર જેવું મૂર્ખ માણસ;મૂઢ;આળસુ-સુસ્ત માણસ.

Humid,(હ્યૂમિડ્) *a.* [L.*humere*; *umere*, to be moist.] Damp; moist:હવા-સરદી-ભીનાશવાળું; ભીનું; ચરદ;આલાશીલું;આર્દ્ર;ભેજવાળું.

Humidity,(હ્યૂમીડિટી) *n.* Moisture;dampness:હવા;શરદી; ભીનાશ; આર્દ્રતા;સરસતા;ભેજ;હવાએલાપણું.

Humiliate, (હ્યૂમિલિએટ્) *vt.* [L. *humilis*, humble.] To humble; to mortify:નાક કાપવું;હલકું પાડવું; પાણી ઉતારવું;-ની ફજેતી લૂંટાવવી-કરવી; નીચું જોવડાવવું;-નો ગર્વ હરવો-ઉતારવો -ભાંગવો;માનભંગ કરવો.

Humiliation,(હ્યૂમિલિએશન્) *n.* Abasement of pride; mortification:ફજેતી; માનભંગ; માનહાનિ; ગર્વભંગ;તોલેભંગ;અભિમાનખંડન; નામોશી;હીણપદ;નમ્ર થવું તે;લઘુત્વ સ્વીકાર.

Humility,(હ્યૂમિલિટિ)*n. pl.***Humilities.**Self-absement; humbleness:દીનતા; વિનય; નમ્રવૃત્તિ; નમ્રતા; નિરભિમાન.

Humour,Humor,(હ્યૂમર્)*n.*[L. *humor*,*umor*, moisture.] Moisture:ભીનાશ;હવા;શરદી.2. A vitiated or morbid animal fluid: રસ;ધાતુ;દોષ *The three* h.*s are*: કફ;પિત્ત;વાત.3.Disposition; temper;mood:સ્વભાવ;મિજાજ; પ્રકૃતિ; વૃત્તિ;ભાવ;તબિયત;મરજી; મનોવૃત્તિ;ચિત્તવૃત્તિ.4 *Pl.* Caprices; freaks; whims:કલ્પના;તુરંગ;છંદ;લહેર.*5.* A playful fancy;facetiousness: વિનોદ;હાસ્ય;હાસ્યરસ; ઠઠ્ઠાબાજી; અનુરંજન.*Ill* h :ખોટો-ગંદો મિજાજ.*Out of* h.:નારાજ; નાખુશ; ખિન્ન; શોકાતુર; ઉદાસ.*vt.*To adapt one's self to:-ને બંધ બેસતા-અનુકૂળ થવું. 2. To soothe;to gratify;to please:સાંત્વન કરવું;સંતોષ આપવો;ખુશ કરવું.

Humorist, (હ્યૂમરિસ્ટ્) *n.* One who attributes diseases to the state of the humors:શરીરની ધાતુઓની સ્થિતિ ઉપર રોગોત્પત્તિ માનનાર.2.A whimsical person:છંદી; તુરંગી;લહેરી;મનમોજી; મનસ્વી. 3. A wag;a droll: ટાળીયું; રમુજીમાણસ; નકલી;વિનોદી; રસિક;ઠઠ્ઠેબાજ; ઠઠ્ઠાખોર;

ટોળીખ્યાતી;ટીખળી;મનમોજી.

Humorous,(હ્યૂમરસ્) *a.*[L. *humorosus*, moist.]Moist; humid; watery:ભીનું; ઊનાશ-ભેજવાળું. 2. Irregular;capricious,whimsical: સ્વછંદી;તુરંગી; લહેરી; ઠેકાણા વગરનું; મનમોજી;ધૂની.3. Jocular;exciting laughter;playful:રમુજી; રમુજ ભરેલું; હસાવે એવું;મજાકી;ટોળી;વિનોદી; ઠઠ્ઠા-ખોર;ઠઠ્ઠેબાજ;રસિક;ટીખળી.

Humorsome,(હ્યૂમરસમ્) *a.* Moody;whimsical:capricious: લહેરી;તુરંગી; મનમોજી; વિલક્ષણ; મિજાજી; મનસ્વી.2.Jocose; witty: હસમુખો; ઠઠ્ઠાબાજ;બટકબોલું;ચતુર;ટોળી;રમુજી.

Hump,(હમ્પ્) *n.*A protuberance: ઢેકો.2. A fleshy protuberance on the back of an animal: ઢેકો; ખોપાડું;ખુંધ.

Hump-back,(હમ્પ્બૅક્) *n.* A crooked back;a humped back:ખૂંધો વાંસો-બરડો.2.A hunchback: ખૂંધું માણસ;ખૂંધો.

Hump-backed, (હમ્પ્-બૅક્ડ્) *a* Having a humped back: ખૂંધું; ખુંધ નીકળેલું.

Hunch,(હન્શ્) *n.*A hump; a protuberance:ખુંધ;ઢેકો.2.A lump; a thick piece:લચકો;કકડો;બચકું. 3. A push,or thrust,as with the elbow:કોણીનો ધક્કો-હડસેલો; ગબ્બો. *vt.*To push or jostle with the elbow:કોણીથી ધક્કો મારવો;કોણી મારવી 2.To crook,as the back:ખૂંધ નીકળવી.

Hunch-back,(હન્શ્બૅક્) *n.*A back with a hunch or hump:ખૂંધવાળો બરડો *n.*A hunch backed person: ખૂંધું માણસ;ખૂંધો.

Hunch-backed, (હન્શ્બૅક્ડ્) *a.* Having a humped back:ખૂંધું.

Hundred,(હન્ડ્રેડ્) *n* The product of ten multiplied by ten: સો; શત 2 The division of a country in England:પેટા મહાલ; પેટા ટુકડી *a* Ten times ten; five score:સો.

Hundredth,(હન્ડ્રેડ્થ્) *a.*Coming last of a hundred successive units:સોમો;સોમું.*n.*One of a hundred equal parts:સોમો ભાગ.

Hung (હન્ગ્) *Imp. &p.p.*of**Hang,** લટક્યું;ઝુલ્યું;લટકેલું;ઝુલતું.

Hunger,(હન્ગ્ગર્) *n.* A craving or desire for food: ક્ષુધા;ભૂખ;બુભુક્ષા. 2 Any strong or eager desire: લોભ,ઉતાવળ; ચાહના;લાલસા;ઉગ્રઇચ્છા. *vi.*To feel the craving or uneasiness occasioned by want of food:ક્ષુધા-ભૂખથી પીડિત થવું હોવું; ભૂખ લાગવી; પેટમાં લાહે-જ્વાળા-અગ્નિ ઊઠવો.2.To long: લોભ-ઉતાવળ-લાલસા-સ્પૃહા હોવી-રાખવી.

Hungry,(હન્ગ્રિ) *a.* Feeling hunger;having a keen appetite; having an eager desire: ભૂખ્યું; ક્ષુધાર્ત;ક્ષુધિત;ક્ષુધાયમાન;ક્ષુધાતુર; લોભી;ઉત્કંઠીત;બુભુક્ષિત. 2. Showing hunger; voracious: ભૂખ્યું ભૂખ્યું; ભુખાળવું;ખાઉધરું. 3. Not rich or fertile;poor;barren:ફળવંત-ફળદ્રુપ ન હોય એવું;ઉજ્જડ;નિરસ;ક્ષીણ.

Hunks,(હન્ક્સ્) *n.*A miser;a niggard:કંજુસ;મખીચુસ;કૃપણ.

Hunt,(હન્ટ્) *vt.*To chase:નો શિકાર કરવો.2.To seek;to pursue, to follow:શોધવું; ખોળવું;ઢૂંઢવું;-ની પાછળ પડવું-મંડવું;ખોળી કહાડવું. 3 To drive;to chase: પૂંઠે લાગવું-નાસવું;-ની પાછળ લાગવું;-ની પાછળ મંડવું 4. To use in the chase,as hounds:શિકારમાં ઉપયોગમાં લેવું.5.To traverse in pursuit of game: ના શિકારની શોધમાં ફરવું.*vi.*To follow the chase; to go out in pursuit of game:શિકાર કરવો;મૃગયા રમવા જવું. 2.To seek;to pursue;to search; શોધ કરવું;ખોળવું;ઢૂંઢવું *n.*Chase;pursuit;search:શિકાર;મૃગયા;શોધ; અનુસરણ;અન્વેષણ;આખેડ; પાઠલાગ 2. The game secured in the hunt: મેળવેલો શિકાર. 3. The pack of hounds:શિકારી કુતરાઓનું ટોળું. 4. An association uf huntsmen: શિકારીઓનું ટોળું.

Hunter,(હન્ટર્) *n.* A huntsman: શિકારી;શિકાર કરનાર માણસ; પારધી. 2.*A* hunting dog: શિકારી કુતરો. 3.*A* horse used in the chase: શિકારમાં સ્વારી કરવાનો ઘોડો. 4. *A* watch whose face is protected likes the reverse with a metal case:પાછળ હોય છે તેવીજ રીતે આગલી બાજુએ પણ ઢાંકયું હોય એવી ઘડીયાળ;શિકારની ઘડીઆળ. One who hunts,or seeks after anything: પાછળ પડનાર-મંડનાર;-ને માટે પ્રયાસ કરનાર.

Hunting,(હન્ટિન્ગ્) *n.*The pursuit of game or of wild beasts: શિકાર;મૃગયા.**H.***ground,* a district abounding in game:શિકાર ભૂમિ. **H.***horn*:રણશિંગડું;તુરાઈ.

Huntsman, (હન્ટ્સમૅન્) *n. pl.* **Huntsmen,** One who hunts or practises hunting:શિકારી;શિકાર કરનાર;મૃગયાકાર; શિકારમાજ; પારધી.ચાધ. 2. The person who looks after the hounds: શિકારી કુતરાઓનો ઉપરી ચાકર.

Hurdle,(હર્ડ્લ્) *n. A* movable frame or matted twigs:કેટલું. 2. *An* artificial barrier,over which men or horses leap in a race: વાડ;ટટ્ટી.3.*A* crate or sled: ટાઢું; ત્રાપો *vi.* To cover, or inclose with hurdles:વાડ-ટટ્ટી બાંધવી.

Hurl.(હર્લ્) *vt.* To throw with violence:જોરથી ફેંકવું. 2. To emit or utter with vehemence or impetuosity: આવેશ-જુસ્સાથી બોલવું.*vi.*To perform the act of hurling something:કાંઇ જોરથી ફેંકવું.*n.* Tumult;riot: ગરબડાટ;તોફાન; કોલાહળ;ધોંધાટ;ધાંધલ.

Hurly-burly,(હર્લિ-બર્લિ) *n.* [L. *ululare.*]Tumult; bustle; confusion:તોફાન; ગરબડ; ધામધૂમ;ગડબડાટ;ધમચકડ;ધાંધલ.

Hurrah,Hurrah, (હરાંહુરાં) *Interj.A* word used as a shout of joy,triumph, applause, encouragement,or welcome:ખુશાલીનો પોકાર;જયજયકાર;હુરેનો પોકાર.

Hurricane,(હરિકેન્) *n. A* violent storm characterized by extreme fury:સખત તોફાન; વાવાઝોડું;વાદળ;વાઝોડું;ગાજવીજ.

Hurried, (હરિડ્) *a.* Urged on, going or working at speed: ઉતાવળમાં કરેલું; ઉતાવળીઉં. 2. Done in a hurry; hence, imperfect; careless:ઉતાવળમાં કરી નાખેલું;અપૂર્ણ;અધૂરું;અડધું પડધું;ઉપર ચોટીઉં

Hurriedly,(હરિડ્લિ) *adv.* Hastily:ઉતાવળે;લે દોડ કરીને.

Hurry,(હરિ) *vt.* To hasten; to urge on:ખેંચી હડસેલી જવું; દોડાવી લઈ જવું;ખેંચાવી જવું.2.To impel; to precipitate:દોડાદોડ કરાવવી; ગરબડ ગોટા વાળવા; હડસેલી-ગબડાવી દેવું 3.To cause to be done quickly:જલદીથી-ઉતાવળથી કરાવવું; ત્વરા કરાવવી.*vi.* To move or act with haste: ઝડપ-ઉતાવળ દોડાદોડ કર. *n.* Pressure;urgency; bustle; confusion:ગરબડ;ઉતાવળ;લે દોડ;દોડાદોડ;દોડધામ-આવેગ;ત્વરા;વેગ.

Hurt,(હર્ટ્) *vt.*To do bodily harm to;to wound or bruise painfully:વગાડવું;-થી વાગવું;ઈજા કર. 2. To damage;to harm:નુકસાન કર;ઇરાદ પહોચાડવા; ખરાબ-નુકસાન કર; વગાડવું;ઉપદ્રવ કર.3. To annoy; to grieve:દુઃખ કર;-નું દિલ દુભાવવું;-ને

દુઃખ-માઠું લગાડવું; નાખુશી ક૦. *n.* A wound, bruise, or the like: વાગેલું; ઇજા; જખમ; ઘા; ક્ષત; વ્યથા. 2. Any injury causing pain of mind or conscience; slight: દુઃખ; માઠું; ઇજા. 3. Injury; damage; harm: નુકસાન; હાનિ; હરકત; ખરાબી; નાશ; બિગાડ; ઉપદ્રવ; ધોકો; અપાય; અનિષ્ટ; પીડા; બાધા.

Hurtful, (હર્ટ્‌ફુલ્) *a* Injurious; mischievous: દુઃખ કરે તેવું; નુકસાન ભરેલું; હાનિકારક; અવગુણી; દુષ્ટ; ઉપદ્રવકર્તા; અનિષ્ટકારક; પીડાકર; બાધક. *To be* **h.**, હાનિ નુકસાન ક૦

Hurtfulness, (હર્ટ્‌ફુલનેસ) *n* The state of being injurious or mischievous: નુકસાન; અવગુણ.

Husband, (હઝ્‌બૅન્ડ્) *n* The male head of a household: શેઠ; માલિક; ઘરધણી. 2. A cultivator; a tiller; a husbandman: ખેડુત; ખેતર ખેડનાર. 3. A married man; a man who has a wife: વર; સ્વામી; પતિ; ખાવિંદ; કંથ; ધણી; ભર્ત્તાર; કાંત; વલ્લભ; પ્રાણનાથ. *vt.* To dir ct and manage with frugality: તપાસીને-કરકસરથી-સારામાં સારી રીતે વાપરવું. 2. To cultivate as land; to till (*R.*) ખેડવું. 3. To furnish with a husband (*R.*): કોઇ (છોકરી અથવા સ્ત્રી)ને પરણાવવી.

Husbandman, (હઝ્‌બૅન્ડ્‌મૅન્) *n.* The master of a family: કુટુંબ પાળક. 2. A farmer; a cultivator or tiller of the ground: ખેડુત; કૃષિકાર

Husbandry, (હઝ્‌બૅન્ડ્રિ) *n.* Economy; thrift: ઘરના કામકાજની સંભાળ; કરકસર. 2. Farming: ખેતીવાડી; જીરાયેતકૃષિકર્મ. Good **h.**: ડહાપણથી-કરકસરથી ઘર ચલાવવું તે; ખરચમાં નીતિ.

Hush, (હશ્) *vt.* To still; to calm; to silence : ચુપ-મૂંગુ-છાનું રાખવું. 2. To appease; to soothe: સમાવવું; મટાડવું; શાંત કરવું; ટાળવું; *To hush up,* to suppress : દાબી-દબાવી દેવું; છુપું રાખવું; ટોપલે ઢાંકવું. *vi.* To become or to keep still or quiet: શાંત-ચૂપ મૂગું થવું-રહેવું. *n.* Stillness; silence: ચુપકી; શાંતતા. *a* Silent; quiet : શાંત; મુંગુ; ચૂપાચૂપ; ચૂપ.

Hush money, (હશ્‌મની) *n.* Money paid to secure silence : રહેવું દાબવા આપેલું નાણું; લાંચ; રૂશ્વત.

Husk, (હસ્ક્) *n.* Glume; hull; rind: ઓકું; છાલાં; ફોતરાં; ઊતરાં. *vt* To strip off the external covering or envelope of: નાં ઊપરાં-ઊલાં-ઊતરાં-ફોતરાં કાઢવાં; -ની છાલ કાઢી નાખવી

Huskiness, (હસ્કિનેસ) *n.* The state of being husky: ઓખરાપણું. 2. Roughness of sound; harshness: કર્કશતા; ઓખરાપણું.

Husky, (હસ્કિ) *a.* Consisting of husks, resembling husks: છાલાંવાળું જેવું. *a.* Rough in tone; harsh: કઠોર; ભારે; ઓખરું; કર્કશ; ઉંડું.

Hussar, (હુઝાર્) *n* (*Mil.*) One of the light cavaly : પિસ્તોલ વિગેરે હલકાં હથિયારવાળો સિપાઈ.

Hussy, (હઝિ) *n.* A housewife or housekeeper: ઘરધણીઆણી; ગૃહિણી; ગેહિની; ઘર ચલાવનાર બૈરું. 2. A worthless woman or girl: રાંડ; રંડા; કુટિલા; કુએડ; દુષ્ટ સ્ત્રી.

Hustle, (હસલ્) *vt.* To shake together in confusion; to handle roughly: ધક્કાધક્કી-ભીડ કરવી; બોચું-ગળચી પકડી બહાર કાઢવું; ધક્કા મારવા. *vi.* To push or crowd: ધક્કાધક્કી-ભીડ થવી

Hut, (હટ્) *n.* A small house, hovel or cabin; a mean lodge or dwelling: ઝુંપડી; છાપરી; મઢી; મઢુલી; પર્ણશાલા; પર્ણકુટી. *vt.* & *vi.* To place in huts; to live in huts: છાપરી-ઝુંપડીમાં રહેવું-રાખવું.

Hutch, (હચ્) *n.* A chest, box, coffer, bin, coop, or the like in which things may be stored or animals kept: કોઠાર; ભંડાર; પાંજરું. *vt.* To hoard or lay up: ભંડાર-કોઠારમાં ભરવું; ભરી મુકવું; સંચય-સંગ્રહ કરવો.

Huzza, (હઝ્‌ઝા) *Interj.* A word used as a shout of joy, exultation, approbation or encouragement: જયજય; વાહવા; શાબાશ. *n.* A cheer; a hurrah : શાબાશ; વાહવા; ખુશીનો શબ્દ; જયશબ્દ. *vi.* To shout huzza; to cheer: વાહવા બોલવું; -ની જય બોલાવવી. *vt.* To receive or attend with huzzas: નીસાથે વાહવા બોલતાં ચાલવું.

Hyacinch, (હાયઍસિન્થ્) *n.* [L *hyacinthus,* a kind of flower.] A bulbous plant: એક ગોટાદાર છોડ 2. A red variety of zircon: જવેર.

Hyaline, (હાયઍલિન્) *a.* [Gr. *hyalos,* glass.] Glassy: કાચવાળું-નું જેવું

Hybrid (હાઈ-હિબ્રિડ્) *n.* [E. *hybrida,* hybrid.] An animal or plant produced from the mixture of two species : સંકર-ખચ્ચર-જાતીનું પ્રાણી-છોડ. *a.* Produced from the mixture of two species: વર્ણશંકર; મિશ્રજ; સંકરજાતિનું; મિશ્રજાતીય.

Hydra, (હાઇડ્રા) *n* [Gr. *hydor,* water.] A serpent or monster in the lake of Lerna: લર્ના નામના સરોવરનો સાપ અથવા રાક્ષસ. 2 Any manifold evil: ઘણી જાતનાં દુઃખ; વિટંબના. 3. Name of a constellation: આકાશના (નક્ષત્ર).

Hydrant, (હાઇડ્રન્ટ્) *n.* [Gr *hydor,* water.] A water plug: આગ ઓલવવા સારૂ બંબો; પાણી ચઢાવવાનું યંત્ર.

Hydrargyrum (હાઇડ્રર્જિરમ્) *n.* Quicksilver, mercury: પારો; પારદ.

Hydraulic, (હાઇડ્રૉલિક) *a.* [Gr. *hydor,* water & *aulos,* a pipe.] Of, or pertaining to fluids in motion; conveying or acting by water: વહેતા પાણી અથવા બીજા પ્રવાહિ પદાર્થનું-સંબંધી; ઉદકશાસ્ત્ર સંબંધી.

Hydraulics, (હાઇડ્રૉલિક્સ) *n.* That branch of science which treats of fluids in motion: વહેમાન ઉદકશાસ્ત્ર; ચલજ્જલ વિજ્ઞાન.

Hydrogen, (હાઇડ્રોજન્) (*Chem.*) A gaseous element, colorless, tasteless and odorless; the lightest known substance: ઉદકજનકવાયુ; અંબુતત્વ; અંબુવારિતત્વ; હાઇડ્રોજન.

Hydrography, (હાઇડ્રૉગ્રૅફિ) *n.* The art of measuring and describing the sea, lakes, rivers, and other waters: સમુદ્ર, તળાવ, સરોવર, નદીઓ અને બીજા પાણીના ભાગનો નકશો બનાવવાની વિદ્યા; સમુદ્રવેલાદિ વિવરણ

Hydrology, (હાઇડ્રૉલોજિ) *n.* The science of water, its properties, phenomena, and distribution over the earth's surface. ઉદકશાસ્ત્ર.

Hydromel, (હાઇડ્રોમેલ્) *n.* [Gr. *hydor,* water.] A liquor consisting of honey diluted in water: મધનો દારૂ; મધપાણી.

Hydrometry, (હાઇડ્રૉમેટ્રિ) *n.* The art of determining the specific gravity of liquids: પાણીનું વિશેષ ગુરૂત્વ જાણવાની કળા.

Hydropathy, (હાઇડ્રૉપથિ) *n.* [Gr. *hydor,* water & *pathos,* affection.] The water cure : પાણીથી સારૂકરવાનું વૈદું; જળવૈદક; જલોપચાર; જલપ્રયોગ-ચિકિત્સા.

Hydrophobia, (હાઇડ્રોફોબિઅ) *a.* [Gr. *hydor,* water and *phobos,* fear.] The disease caused by a bite of a rabid creature: હડકાયાપણું; હડકવા; હડકાયું.

Hydropical, (હાઇડ્રોપિકૅલ્) *a.* Dropsical: જલોદરના રોગવાળું.

Hydrostatics, (હાઇડ્રોસ્ટૅટિક્સ્) *n.* That branch of science which treats of the pressure and

equilibrium of non elastic fluid: ઉદ્ગસ્થિતિશાસ્ત્ર;ઉદ્ગસ્થિતિ નિબંધ; સ્થિરપ્રવાહીશાસ્ત્ર; સ્થિરોદકશાસ્ત્ર; સ્થિરજળગણિત.

Hydrous,(હાઇડ્રસ્)*a.* [Gr.*hidor*, water.]Watery:જળમય; પાણી જેવું.

Hyemal,(હાઇધમૅલ્)*a.*[L. *hiems*, winter.] Belonging to winter; શિયાળા સંબંધી-માં કરેલું; શીતકાલીન.

Hyena,(હાઇધનૅ)*n. pl.* **Hyenas.** [L.*hyaena.*] (*Zool.*) Any carnivorous mammal:તરક્ષ;તરસ; દીપડું

Hygeian.(હાઇજીઍન્)*a.*Of,or pertaining to health,or its preservation: આરોગ્યતા સંરક્ષણ સંબંધી.

Hygiene,(હાઇજ્ઈન્)*n.*A system of principles or rules designed for the promotion ofhealth:આરોગ્યતા;સંરક્ષણશાસ્ત્ર.

Hygrometer, (હાઇગ્રૉમેટર્) *n.* [Gr. *hygros*, moist & *metron*, measure.] An instrument for measuring the degree of moisture of the atmosphere: હવામાં ભિનાશ કેટલી છે તે માપવાનું યંત્ર; આર્દ્રતામાનયંત્ર.

Hymen,(હાઇમેન્)*n.* A fabulous deity:લગ્નદેવતા. 2 Marriage: લગ્ન; વિવાહ;લગ્નથી થયેલો સંબંધ. *A* fold of mucous membrane at the orifice of vagina: સ્ત્રીની યોનીના મુખ આગળનો કુમળો પડદો.

Hymeneal, (હાઇમેનીઍલ્)*a.*Of,or pertaining to marriage:લગ્ન વિવાહ સંબંધી; વિવાહ-લગ્ન વિષયક;વૈવાહિક. *n.* A marriage song : લગ્નનું ગીત;મંગલાષ્ટક;વિવાહગીત.

Hymn,(હિમ્)*n* [L. *hymnus.*] A sacred lyric:ભજન;સ્તોત્ર;ગીત;કીર્તન;ગાન;*pr&ct vt &vi.*To praise in song;to sing:ગાવું; કીર્તન-ભજન કરવું.

Hymnology,(હિમૉલૉજી) *n.* The study or composition of hymns: સ્તોત્ર; સ્તોત્રમાળા;સ્તોત્ર રચવાં તે;સ્તોત્ર ગાવા બનાવવાં તે.

Hymnal,(હિમૅલ)*a.*A hymn-book: ભજન-પાર્થનની ચોપડી-પુસ્તક-ગ્રંથ.

Hyperbola, (હાઇપર્બૉલૅ) *n.* A curve formed by a section of a cone: શંકુચ્છેદ ભૂમિતિ;શંકુચ્છેદ; અતિપરવલય.

Hyperbole,(હાઇપર્બૉલી)*n.*[Gr. *hyper*,over & *ballow*, I throw] A statement exaggerated fancifully for effect,અતિશયોક્તિ.

Hyperborean,(હાઇપર્બૉરીઍન્) *a.*[Gr *hyper*, beyond & *boreas*, the north.]Of, or pertaining to the region beyond the North wind: ઉત્તરના પ્રદેશની પેલી પારના પ્રદેશ સંબંધી.2. Northern; very cold;frigid:ઉત્તર તરફનું;ઠાર;શિતળ. *n.* One of the people who lived beyond the North wind: ઉત્તર વાયુના પેલીપારના પ્રદેશનો માણસ. 2 *An* inhabitant of the most northern regions: પૃથ્વિના ઉત્તરમુલકનો રહેવાસી.

Hypercritic-cal,(હાઇપરક્રિટિક્-હાઇપર્ક્રિટિકલ્) *a.* Overcritical: captious : ચીપીચાપીને ખોડ કાઢનાર;છિદ્રાન્વેષી; દોષદૃષ્ટા; ટિકાખોર. 2 Excessively nice or exact: ચોકસ પરીક્ષક;દુરબીનથી પોરા કાઢનાર.

Hyphen,(હાઇફન્)*n.*[Gr. *hypo*, under & *hen*, one.] A mark or short dash:આ-રીતનું નિશાન-ચિન્હ.

Hypochondria, હાઇપોકૉન્ડ્રિઅ)*n.* Melancholy;the blues:ઉદાશી; વિષાદ;ઉદ્વેગ;પિત્તોન્માદ;વાયુકોપ.

Hypochondriac,(હાઇપોકૉન્ડ્રિઍક્)*a.*Of, or pertaining to hypochondria: ઉદાશીનું-સંબંધી. 2.Affected or characterized by hypochondriasis: ઉદાસ; ખેદયુક્ત. *n. A* person affected with hypochondriasis : ઉદાશી માણસ.

Hypochondriacal,(હાઇપોકૉન્ડ્રિઍક્લ્)*a* Hypochondriac:સદા ઉદાસ;ખેદયુક્ત;વિષણ્ણ;ખિન્ન;ઉદાસી.

Hypocrisy, (હિપૉક્રિસિ)*n. pl.* **Hypocrisies.** [Gr. *hypocrisis*, playing a part on the stage,] The art or parctice of a hypocrite:ઢોંગ;દંભ; કરેબ; બકધ્યાન; કપટધર્મ;કાપટ્ય;આડંબર.

Hypocrite,(હિપૉક્રિટ્)*n.* A false pretender to virtue or piety; બગરૂષી;ઢોંગી;વેષધારી;દંભી; બગધ્યાની; કપટી;દાભિક;કપટવેશી;બગભગત.

Hypocritical,(હિપૉક્રિટિકૅલ્)*a.*Of or pertaining to a hypocrite, or to hypocrisy:ઢોંગનું;બગરૂષી જેવું;કેતરવાનું;ઢોંગી;દાભિક;કપટી.

Hypogastrium,(હાઇપૉગૅસ્ટ્રિઅમ્) *n.*[*Gr.hypo & gaster*,the belly.] The lower part of the abdomen: પેડાની નીચેનો ભાગ;બસ્તિ; ઉપસ્થની ઉપરનો ભાગ;પેડું.

Hypostatic,(હાઇપૉસ્ટૅટિક્)*a.*Constitutive or elementary : સંયોજક;મૂળરૂપ;ખુદનું;જાતનું.

Hypotenuse, (હાઇપૉટીન્યૂસ) *n.* [*Gr.upo*,under& *teino*,I stretch out.]The side of a right-angled triangle that is opposite to the right angle:કાટખૂણાની સામેની બાજુ;કર્ણ;શ્રુતિ;શ્રવણ.

Hypothecate,(હાઇપૉથિકેટ્) *vt.* [L.*hypotheca*,pledge.] To pledge without delivery of possession;to mortgage: ધિરણદારને ધીરજ રહે માટે સાનમાં લખવું; ડહપમાં મુકવું; આડમાં લખી આપવું; વગર કબજે ગીરો આપવું;વરાણે મુકવું;સાનગીરો મુકવું.

Hypothesis (હાઇપૉથીસિસ્)*n.Pl.* **Hypotheses.**[Gr. *hypo & tithemi*,I place] A supposition; something not proved but assumed: પૂર્વસિદ્ધાંત;માની લીધેલી વાત;પ્રતિજ્ઞા; સંકેત;કલ્પના; દૃષ્ટિકલ્પના;અટકળ; અનુમાન; સંભાવના; સંમાનિત વિચાર; અનુમાનાશ્રય; સિદ્ધાંતાશ્રય; કલ્પિતાર્થ.2. A tentative theory or supposition: સિદ્ધાંતાશ્રય; અનુમાનાશ્રય.(*b*) (*Geom.*) : પૂર્વસિદ્ધાંત; સિદ્ધાંતાશ્રય.

Hypothetical,(હાઇપૉથેટિકૅલ્) *a.* Characterized by, or of the nature of an hypothesis; conditional:સંમાનિત; માની લીધેલું;અનુમાનિક;કાલ્પનિક;સાંકેતિક;કલ્પિત.

Hyson,(હાઇસૉન્) *n.* A fragrant kind of green tea: એક જાતની ખુશબોદાર લીલી ચાહ.

Hyssop (હિસ્સૉપ્)*n* [Gr.*hyssops*] *A* plant:એકજાતનો ખુશબોદારરોપો;ઝુફો.

Hysteria(હિસ્ટિરિઅ)*n.A* nervous affection, occurring almost exclusively in women,in which the patient becomes the victim of imaginary sensations,and often falls into fits: ચિત્તભ્રમ; અપસ્માર; વાતોન્માદ;હર્ષમૂર્છા;હર્ષમોહ;મોહ.

Hysterical,(હિસ્ટેરિકૅલ્)*a.*[Gr. *hystera*,the womb.] Of,or pertaining to hysteria,convulsive; fitful:ચિત્તભ્રમ થયેલું; ચિત્તભ્રમથી થયેલું;મૂઢ;મુગ્ધ;વાતોન્મત્ત.

Hysterics, (હિસ્ટેરિક્સ) *n. Pl.* Hysteria:ચિત્તભ્રમ;બઈરાંને થતો એક જાતનો રોગ;વાયુગોળો; વાતોન્માદ; હીસ્ટીરીઆ.

I.

I,(આઈ) The ninth letter of the English alphabet represented in *Gujarati* by ઇ.and આઇ;ઇએ મૂળાક્ષરનો નવમો અક્ષર છે અને તે ગુજરાતીમાં ઈ અને આઈથી દર્શાવવામાં આવે છે.2.As a numeral it stands for 'I':સંખ્યામાં તે 'એક'ને માટે વપરાય છે.

I,(આઇ)*Pron.*[L *ego.*] The nominative case of the prounoun of the first person:હું;મેં.

Iambic,(આઇઍમ્બિક)*a.* [L. *iambus.*]Consisting of a short syllable followed by a long one:લઘુ પછવાડે ગુરુ સ્વરવાળું.2. Pertaining to or composed of iambics:લઘુ-ગુરુ સંબંધી.*n.*A foot consisting of two syllables,the first short and the second long: પહેલો લઘુ અને બીજો ગુરુ એવા બે અક્ષરનું ચરણ; લઘુ ગુરુ.2.A verse composed by short and long syllables alternately:વારાફરતી લઘુ અને ગુરુ અક્ષરો આવે એવી કડી. 3. A satirical poem;a lampoon: ઉપહાસક કવિતા સંગ્રહ-કાવ્ય.

Iambus,(આઈઍમ્બસ્)*n.*An iambic:લઘુગુરુ;બે અક્ષરના ચરણમાં પહેલો તાલ વગર અને બીજો તાલ સાથે બોલતો હોય તે.

Ice (આઇસ્)*n.* [L. *oes*, brass.] Water in a solid form:બરફ;બર્ફ. 2.Concreted sugar: ખાંડની ચાસણીનો ઢોળ.3.Ice-cream:દૂધમાં ખાંડ વિગેરે નાંખીને તેને બરફના જોરથી ઠારીને કરેલી મલાઈ; આઇસક્રીમ *To break the ice:*મેદાન મુકવું;રસ્તો પાડવો;પહેલું પગરણ કરવું.*vt.*To convert into ice:-નો બરફ કરવો.3. To freeze: ઠારવું.

Iceberg,(આઇસ્બર્ગ્)*n.* A hill or mountain of ice:બરફનો ડુંગર. 2. A lofty body of floating ice: બરફનો દરીઆમાં તરતો ઢગલો-પહાડ.

Ice-bound.(આઈસ્બાઉન્ડ્) *a.* Totally surround with ice: ચોતરફ બરફથી ઘેરાઇ ગયેલું.

Ice-cream,(આઇસ્ક્રીમ્)*a.*Cream sweetened, flavored, and congealed by a freezing mixture: સાકર નાંખી બરફથી ઠારેલી દૂધની મલાઈ;આઇસક્રીમ.

Ice-field,(આઇસ્-ફીલ્ડ્)*n.*A sheet of ice of a very great extent: બરફનો મોટો લાંબો ડુંગર;હીમક્ષેત્ર.

Ice-house,(આઇસ્હાઉસ્)*n.*A repository for preserving ice during warm weather:ઉનાળામાં બરફ સાચવી રાખવાનું ઘર;બરફની વખાર.

Ichneumon,(ઇક્ન્યૂમોન્)*n.* [Gr. *ichneus*,I hunt after.] A kind of carnivorous mammal:નોળિયાની જાતનું જનાવર;ઇક્ન્યૂમન; ળિયો.

Ichthyology, (ઇક્થિઍલૉજી) *n* [Gr.*ichthus*,a fish & *logos*, discourse.]The science of the classification &c.of fishes: મત્સ્યવિદ્યા-વર્ણન.

Ichthyophagous, (ઇક્થિઑફૅગસ્) *a.*[Gr *ichthus*,fish & *phago*, I eat.]Eating or subsisting on fish:માછલાં ખાઇ જીવનારૂં-નિર્વાહ કરનારૂં:મત્સ્યભક્ષક;મત્સાહારી.

Ichthyosaurus, (ઇક્થિયૉસૉરસ્) *n.*A kind of gigantic extinct marine reptile: (નાશ પામેલી જાતનું)મગર જેવું એક જનાવર.

Icicle,(આઇસિક્લ્)*n.* A pendent conical mass of ice:ઘરના નેવ કે ઝાડની ડાંખળી પરથી લટકતી શંકુઆકારની બરફની કડકી;હિમકણ.

Iciness,(આઇસિનેસ્)*n.*The state of being very cold:શીતલતા.

Icon, (આઇકૉન્)*n.* An image or representation:પ્રતિમા;આકૃતિ; છબી;સ્વરૂપ;મૂર્તિ.

Iconoclasm,(આઇકૉનોક્લૅસ્મ્) *n.* The act of destroying images: મૂર્તિભંગ; પ્રતિમાભંગ;મૂર્તિખંડન-ભંજન.

Iconoclast,(આઇકૉનોક્લૅસ્ટ્)*n.*[Gr. *eikun*,image & *klan*,to break.] A destroyer of images:મૂર્તિભંગ-મૂર્તિનું-મૂર્તિપૂજનનું ખંડન કરનાર.

Iconolater,(આઇકૉનોલૅટર્)*n.*[Gr. One who worships images: મૂર્તિપૂજક સેવક.

Icy,(આઇસિ)*a.*Cold;frosty: હિમમય;બરફવાળું;શીત;ત્યિશિર; ત્યિતળ 2. Chilling;indifferent:સ્નેહ વગરનું; ઘણું ઠંડું ;બેદરકારી;નિરુત્સાહ

Idea,(આઇડીઍ)*n* Mental image: દૃશ્ય પદાર્થની મનકલ્પિત પ્રતિમા; મૂર્તિ;છબી;પ્રતિભાસ;આકાર;જુદો; ભાવના 2.A general notion or conception formed by generalization .વિચાર;ખ્યાલ;જ્ઞાન.3. A thought;a notion: વિચાર; કલ્પના; તર્ક; સંકલ્પ; ભાવના;વાસના.4. A belief;a doctrine;a characteristic principle: મત;અભિપ્રાય;વિચાર;ભાવ.5. Intention;design:હેતુ;આશય;ઇરાદો.6. A rational conception:ભાવ.

Ideal,(આઇડીઍલ્) *n* A mental conception as a standard of perfection;a model of excellence, beauty &c.:મનોરથસૃષ્ટિ.*a.* Intellectual;mental: મનમા કલ્પેલું; મનોગત;માનસિક;મનોમય.2. Fit for a nodel; faultless &c.:નમુનાને યોગ્ય;નમુના રૂપ;ત્રિદોષ; નિર્દોષ; નિષ્કલંક;શુદ્ધ થાર્ય.3.Visionary કલ્પિત;કાલ્પનિક;માનસિક ;મનોહિત.

Idealism,(આઇડીઍલિઝમ્)*n.* The state or quality of being ideal: કાલ્પનિક મનોમય માનસિક હોવા નો ગુણધર્મ-સ્થિતિ 2.Conceptions of the ideal-imagery: માનસસૃષ્ટિ; કલ્પનાસૃષ્ટિ.3.(*Philos*.) The system or theory that denies the existence of material bodies: અવિદ્યા;અવિદ્યાવાદ; અવિદ્યામત; માયા; માયાવાદ;બાહ્યશૂન્યવાદ; ભાવપ્રધાન્યવાદ;અમૂર્તવાદ; સ પૂર્ણ ભાવનાકરવાની શક્તિ.

Idealist, (આઇડીઍલિસ્ટ્) *n.* One who holds the doctrine of idealism:માયાવાદી; અવિદ્યાવાદી; અમૂર્તવાદી;અભ્યવહાર સખસ.

Ideally,(આઇડીઍલ્લિ)*adv.* In an ideal manner:કલ્પનાથી;મનસાપૂર્વક; ભાવનાપૂર્વક.

Idealize, (આઇડીઍલાઇઝ્) *vt.* To make ideal or to give an ideal value to:કલ્પના કરવી;કલ્પિત ગુણધર્મ મુકવા-સ્થાપવા.*vi.* To form ideals: મનોરથસૃષ્ટિ ઉત્પન્ન કરવી.

Idem,(આઇડેમ્)*Pron. or adj.*The same:અજકુર;સદરહુ;પૂર્વજ;પૂર્વોક્ત;એજ

Identical, (આઇડેન્ટિકૅલ્) *a.* [L. *idem*,the same.] The same;the self same;not different:તેજ; એકરૂપ;અનન્ય;અભિન્ન;તન્મય; કેવલ; અનન્યરૂપ; સમાન. 2. Uttering the same truth; tautological: એકજ વાત જણાવનારૂં;સરખું;પુનરુક્તિવાળું.

Identification, (આઇડેન્ટિફિકેશન્) *n.*The act of proving the same: સમીકરણ;એકરૂપતા;સાયુજ્ય; અભિજ્ઞાન.

Identify,(આઇડેન્ટિફાઇ)*vt* [L.*idem* & *facio*,I make.]To make to be the same:એક સમાન-એકરૂપ કરવું; તૂલ્ય-અનન્ય કરવું.2.To ascertain or prove to be the same:તે એજ છે એમ સાબિત કરવું-જણાવવું; ઓળખાવવું. *vi.*To become the same: એકરૂપ-સમાન થવું.*To i. the interest of people with the rulers*: રયત અને શાહ એ બન્નેનો સ્વાર્થ એકજ છે એવું દેખાડવું

Identity,(આઇડેન્ટિટિ)*n.*Sameness: ઐક્ય;અભિન્નભાવ; અકયભાવ; તાદાત્મ્ય; અભેદ;અનન્યતા: અનન્યભાવ; તદ્રુપતા; એકરૂપતા;સામ્યતા. 2. (*Math.*) An indentical equation: સમીકરણ. *Personal i.*:આત્મૈક્ય.

Idiocrasy(ઇડિઑક્રૅસિ) *n.* Peculiarity of constitution:આત્મભાવ;પ્રકૃતિસ્વભાવ;પ્રકૃતિવિશેષ

Ideology,(આઇડીઍલૉજી) *n.* The science of ideas:તર્કશાસ્ત્ર

Ides,(આઇડ્ઝ્)*n.*In ancient Rome the 15th day of March, May ,July,October and 13th of the others:પુરાતન રોમમાં માર્ચ,મે,જુલાઇ

અને ઓકટોબરની પંદરમી અને બીજ માસોની તેરમી તારીખ.

Idiocy(ઇડિઍસિ)*n.*The condition of being an idiot or idiotic; absence of sense or intellect: મૂઢપણું; કમઅકલ-સમજ; જડબુદ્ધિ; મૂર્ખતા;અક્કલતા **I.***by magic*ઉચ્ચાટન.

Idiom,(ઇડિઍમ્)*n.*[Gr.*idios*,one's own.]A peculiar mode of expression:ભાષાની રૂઢી;ભાષાસ પ્રદાય; વાક્સ પ્રદાય.**2.**The peculiar cast of a language:ભાષાની ખાસ ઢબ-ઘાટ;ઘરતલાહ;ભાષારૂઢિ; ભાષાસ પ્રદાય. **3.**Dialect:બોલી;દેશ-પ્રાંત-ઉપભાષા.

Idiomatic-al,(ઇડિઍમૅટિક્-કૅલ્)*a.* Peculiar to the idiom of a language:ભાષાની રૂઢીને લગતું-અનુસરતું.

Idiosyncracy,(ઇડિઍસિન્ક્રૅસિ)*n.* [Gr *idios*,*syn*.and *krasis*, temperament.]Idiocrasy; eccentricity:વિલક્ષણતા; તરેહવાર સ્વભાવ-પ્રકૃતિ;પ્રકૃતિ;સ્વભાવ;વિશેષ પ્રકૃતિ.

Idiot, (ઇડિઍટ્) *n.* [Gr. *idios*, peculiar.]A person in private life:નોકરી હોદ્દા ઉપર નહિ એવો માણસ **2.**An unlearned or ignorant person:અભણ;અજ્ઞ. **3.** A natural fool:જન્મનો મૂર્ખ; જડ-મૂઢ માણસ; વેકલ;બેવકૂફ;ઠઠ્ઠો; ચંખ;ઉલ્લું; અક્કલનો બારદાન;બેલ:બળદીઓ. **4.** A simpleton:ઓલીઓ;ટોડો;ઉલ્લું.

Idiotcy,(ઇડિઍટ્સિ)*n.*State of being an idiot મૂઢતા:મૂર્ખતા.

Idiotical, (ઇડિઍટિક્ કૅલ્)*a* Familiar;plain;simple:સાદું; ભોળું. **2.** Foolish;sottish:મૂર્ખ-મૂઢ માણસના જેવું;જડ;મૂઢ;વિકલબુદ્ધિવાળું.

Idiotism, (ઇડિઍટિઝમ્)*n.* **1.** An idiom: ભાષા સંપ્રદાય-રૂઢી**2.** Idiocy foolishness:જડતા;મૂર્ખતા;મૂઢતા.

Idle,(આઇડ્લ્)*a.*Useless;trifling; vain:નકામું;ફાયદા વગરનું; નજીવું; ઉલ્લું;વ્યર્થ;પોકલ; ખાલી; ફોકટ: નિરર્થક. **2.**Unemployed: નવરાસનું;કુરસદનું **3.**Not employed;inactive:નવરું; નિરૂદ્યોગી; નિરૂદ્યમી; છૂટો; નવપરાગ; પડી રહેલું **4**. Slothful; lazy:સુસ્ત; આળસુ.**5.**Lightheaded; foolish: કમ અકલ-સમજનું;મૂર્ખ. *vt.* To lose or spend time in inaction:વખત નકામો ગુમાવવો-ગાળવો;માંખો મારવી; રસળવું.*vt.*To waste;to consume: આળસ-નવરાશમાં વખત ખોવો-ગુમાવવો;કાળક્ષેપ કરવો.

Idleness,(આઇડ્લ્નેસ્)*n.*Useleseness;trivia ity;lazineas:નિરૂદ્યોગ; આળસ;સુસ્તી;નિરર્થકતા;કાલક્ષેપણ; કાર્યશૂન્યતા.

Idler,(આઈડ્લ્ર)*n.*A lazy person; a sluggard:આળસુ માણસ;કાળક્ષેપક; નવરો.

Idly,(આઈડ્લિ)*adv.*Vainly;lazily: આળસથી;વ્યર્થ;નિરર્થક;વૃથા.

Idol,(આઇડૉલ્)*n.*[Gr.*edio*, I see.] An image;form:મૂર્તિ; પૂતળું. 2. An image of a divinity:દેવમૂર્તિ; દેવ;પ્રતિમા;દેવતા. **3.** A person or thing greatly loved or adored: હૈયાનો હાર; આંખની કીકી; નેત્રમણી; કંઠમણિ;દૈવત;પુતળું; તન મન ને ધન; પૂજ્યપદ.**4.***A* phantom;a fatuity: ભાસ;ઝાંખના;આભાસ. **5.** *A* false notion or conception:ખોટાખ્યાલ; સંભ્રમ;વિભ્રમ

Idolater,(આઇડૉલેટર્)*n.* *A* worshipper of idols:મૂર્તિપૂજક;પ્રતિમાપૂજક-ઉપાસક.**2.***An* adorer: ભક્ત; ભગત.**3.**One that worships as a deity that which is not god:કલ્પિત-મિથ્યા દેવને ભજનાર.

Idolatrous,(આઇડૉલેટ્રસ્)*a.* Consisting in the worship of idols: મૂર્તિ પૂજનનું સંબંધી-વિષે; અતિભાવથી માનેલું **2.**Partaking of reverence: માન-અદબ-સત્કારવાળું;પૂજ્યભાવવાળું.

Idolatry,(આઇડૉલેટ્રિ)*n.*The worship of idols: મૂર્તિપૂજન-સેવા;પ્રતિમાપૂજન સેવા-ઉપાસના;કલ્પિત દેવપૂજન **2.**Excessive attachment to anything:અતિપ્રીતિ-ભક્તિ;ઝનુન.

Idolize,(આઇડૉલાઈઝ્)*vt.*To make an idol of:દેવ જેવું માનવું; તન મન ધન દેખવું.**2** To love to adoration: અતિશય પ્રીતિ-માયા-હેત રાખવું

Idyl (આઇડિલ્)*n.*[Gr.*edios*,an image.]*A* short poem:ટૂંકું ચરણ; ટૂંક; ટૂંકી કવિતા.

I E,(આઇ,ઇ)i.e.[L. *id*,*est*, that is] That is:એટલે.

If (ઇફ્)*conj.*In case that; granting that:જો;અગર. **2.** Whether: અથવા;કે;અથવા નહિ.

Igneous,(ઇગ્નીઅસ્)*a.*Pertaining to fire; resembling fire:અગ્નિનું; અગ્નિમય-વાળું; અગ્નિરૂપ; અગ્નિતુલ્ય.**3.** Produced by action of fire:અગ્નિમાંથી નીકળેલું; અગ્નિમાંથી ઉત્પન્ન થએલું**I.** *rocks* અગ્નિના જોરથી ઓગળીને પાછા ઠરી ગએલા ખડક.

Ignis-fatuus, (ઇગ્નિસ્-ફૅટ્યૂઅસ્) *g.*[L.*ignis*,fire. & *fatuus*, foolish.]Will-o-the wisp:ભૂતના ભડકા; પિશાચદિપિકા;મિથ્યાગ્નિ; મિથ્યા દીપ્તિ. **2.**A misleading influence;a decoy:ભ્રમણા;મોહનળ.

Ignite,(ઇગ્નાઇટ્)*vt.* [L.*ignis*,fire.] To kindle:ચેતવવું;બાળી-સળગાવીમુકવું; સળગાવવું;લગાડવું.*vi.*To take fire; to begin to burn:સળગવું;બળવું;લાગવું.

Ignition,(ઇગ્નિશન્)*n.*The act of setting on fire:બાળવું તે; સળગાવવું તે.**2.**The state of being ignited: દીપન;જ્વલન;દહન.

Ignoble,(ઇગ્નોબલ્) *a.* [L. *in* & *nobilis*,noble.]Not noble; common; humble; plebeian: અકુલિન;નીચાકુળનું;હીનજાતિનું;કમજાત; અનાર્ય;અધમ;ક્ષુદ્ર.**2.** Not honorable, elevated or generous;base:નીચ; હલકું;અધમ; પાજી; પામર; અકીર્તિકર; અપજશનું;નજીવું;નકામું.

Ignobly,(ઇગ્નોબ્લિ)*adv.* Meanly; dishonourably: નીચપણે; અનાર્યપણે;દૌર્જન્યતાથી.

Ignominious,(ઇગ્નોમિનઅસ્) *a.* Infamous; shameful: અપજશનું; શરમ ભરેલું;કલંક કારક; અપયશકર. **2.** despicable:અપયશપાત્ર; ધિક્કારપાત્ર; ધિક્કારવાજોગ.**3** Degrading; humiliating:હલકું પાડવું;અધમ પ્રકારનું

Ignominy,(ઇગ્નોમિનિ)*n.* [L*in* & *nomen*,name.] public disgrace: શરમ;અપમાન;અપકીર્તિ;કલંક; અવજ્ઞા; તિરસ્કાર;ગેરઆબરૂ;ફજેતી.

Ignoramus,(ઇગ્નોરેમસ્)*n.pl* **Ignoramuses;***An* ignorant person;a vain pretender to knowledge:મૂર્ખ માણસ;અજ્ઞ;અભણ; નિરક્ષર;અનક્ષર;શત્રુ;રાંખ.

Ignorance, (ઇગ્નોરૅન્સ) *n.* The want of knowledge in general: અજ્ઞાનતા;મૂર્ખાઇ;અજ્ઞાન;અવિદ્યા;મોહ; નાદાની;ગેરમાહિતી;મૂઢતા;મૂર્ખતા.

Ignorant,(ઇગ્નોરન્ટ્)*a.*Untaught; uninstructed: અજ્ઞાન; અણસમજુ; અભણ;અજ્ઞ;અજ્ઞાની; અક્ષરશૂન્ય; અવિદ્વાન;અપંડિત;મૂર્ખ **2.**Unacquainted;unaware:અજાણ;ગેરમ હિતગીનવાકેફ **3.**Unknown;undiscover d: અજાણ્યું;નિર્બુદ્ધિનું.**4.** Foolish: મૂર્ખ; બેવકૂફ.

Ignore,(ઇગ્નોર્)*v.* [L.*in* & *gnarus*,knowing.]To be ignorant of:અજાણ્યા હોવું.**2.** To throw out as false or ungrounded: બોટુપુરાવા વગરનું કહીને કાઢી નાંખવું-રદ કરવું. **3.**To pay no regard to-ની સામા ન જોવું-આંખ મીચી દેવી;ને ગણવું;ધ્યાનમા ન લેવું;સ્વીકાર ન કરવું;ગળી જવું.

Iguana,(ઇગ્વાન)*n.A* genus of lizards:પાટલાઘોના જાતનું એક જનવર.

Ilk (ઇલ્ક્)*a.*The same: તેનું તે;એનું એ;એજ.

Illiad,(ઇલિઅડ્)*n* [Gr.*iliados*, re-

lating to Ilium.]An epic poem composed by Homer:હોમર નામના પુરાતન ગ્રીક કવિએ રચેલું રામાયણ જેવું વીરચરિત્ર કાવ્ય.

Ill.(ઈલ્)*a* Bad;evil; unfavorable: ખરાબ;નઠારૂં;નરસું;બુરૂ; નઠારૂં;અમંગળ; અશુભ.2 Wicked: wrong: નઠારૂં; ખોટું;ખળ; ખરાબ; દુષ્ટ;પાપી; અયોગ્ય; અણઘટતું-છાજતું;લુચ્ચું.3.Sick: માંદું; દરદી; આજારી; બિમાર; કાયલી. 4. Rude: અસભ્ય;તોછડું;ખોટું; જંગલી; અનાડી 5.Cross: ચીડિયું; તામસી I. *at ease*,uneasy: બેચેન;અસુખી; અસ્વસ્થ I.*breeding*,rudeness: બેઅદબી;અવિનય;દુરાચાર;અસભ્યતા. I.*temper*, anger; moroseness: ગુસ્સો; દિલગીરી; ઉદાસી; ગ્લાન. *n.* Evil of any kind;misfortune;calamity; pain: સંકટ;આફત;દુઃખ.2.Wickedness; depravity: દુષ્ટતા;પાપ. *adv* Badly:weakly:ખરાબ રે તે;જેવું તેવું.

Ill-advised, (ઈલ્-અૅડ્વાઈસેડ્) *a.* Injudicious: કહાપણ વગરનું; વગર વિચારે કરેલું;કુમંત્રિત

Illation,(ઇલ્લેશન)*n.* [L *in & latum*,to bear.] Inference;deduction: તર્ક;અનુમાન;અનુમતિ.

Illative,(ઇલ્લેટિવ્)*a.* Inferential; conclusive: અંત-છેડો આણે એવું. 2. Denoting an inference: તાર્કિક; અનુમાનિક.

Ill-behaved,(ઈલ્-બીહેવ્ડ્)*a.*Of bad conduct: દુરાચારી;ખરાબ ચાલનું;અવિનીત; અસભ્ય; પાપી.

Ill-bred,(ઈલ્બ્રેડ્)*a.*Badly brought up;uncivil: અસભ્ય;જંગલી;બેઅદબ; ઉદ્ધત;દુરાચારી;અશિષ્ટ.

Ill-conducted, (ઇલ્ કૉન્ડક્ટેડ્) *a.* Having bad conduct:ખરાબ આચરણવાળું;દુરાચારી.

Ill-disposed, (ઈલ્-ડિસ્પોઝ્ડ્) *a.* Malicious: ખારીલું;દ્વેષી;માઠા વિચારવાળું.

Ill-favoured,(ઈલ્ ફેવર્ડ્)*a.* Deformed; ugly: કદરૂપુ ;બદસિકલ;બદસુરત.

Illegal,(ઇલ્લીગલ)*a.Un*lawful;illicit: ગેરવાજબ ;ગેરકાયદે;વિરૂદ્ધ;ન્યાયવિરૂદ્ધ,અન્યાયી;અશાસ્ત્ર.

Illegality,(ઇલ્લીગૅલિટિ)*n. Un*lawfulness: અશાસ્ત્રપણું; નિયમ-વ્યવસ્થા-નીતિભંગ;અન્યવસ્થા,અન્યાય;વિધિવિરોધ

Illegalize,(ઇલ્લીગૅલાઇઝ્)*vt.*[L. *in & legalis*,legal.] To render unlawful:ધારા-કાયદા વિરૂદ્ધ ઠરાવવું.

Illegally,(ઇલ્લીગૅલિ)*adv. Un*lawfully:ગેરકાયદે;ગેરવાજબીપણે.

Illegibility,(ઇલ્લેજિબિલિટિ)*n.* The quality of being illegible:અણ્ઉકલપણું;અસ્પષ્ટાક્ષરતા.

Illegible (ઇલ્લેજિબલ)*a.*Incapable of being read;not easily read: ઉકલી ન શકે તેવું;દુર્વાચ્ય; અસ્પષ્ટાક્ષર.

Illegitimacy, (ઇલ્લીજિટિમેસિ) *n.* The state of bastardy: અનૌરસતા;ભેજુનિયાતી;જારજ અવસ્થા

Illegitimate, (ઇલ્લીજિટિમેટ્) *a.* Unlawful;improper: ગેરકાયદેસર; ગેરવાજબી; કાયદાવિરૂદ્ધ; અશાસ્ત્ર 2 Born of wedlock;spurious:રાંડના પેટનું;વ્યભિચારોત્પન્ન; અનૌરસ; જારજ; હરામનું. 3 Illogical: ન્યાય તર્ક શાસ્ત્રના નિયમથી ઉલટું. 4.Not authorized by good usage: સપ્રદાય-રૂઢિ-વિરૂદ્ધ;ચિરસ્તાથી ઉલટું. *vt.* To bastardize: અનૌરસ-ભેજુનિયાત-જારજ છે એવું જાહેર કર-સાબિત કર.

Illegitimately, (ઇલ્લીજિટિમેટ્લિ) *adv.*Unlawfully: ગેરકાયદે; ગેરવાજબીપણે-અશાસ્ત્રપણે.

Ill-fated, (ઇલ્-ફેટેડ્) *a.*Unfortunate: ભાગ્યહીન; કમનશીબ; દુર્ભાગી; મંદભાગી;અભાગીડું;નિર્ભાગી.

Ill-favoured,(ઇલ્-ફેવર્ડ્)*a.* Ugly; deformed;ill looking- કદરૂપુ ; બેડોળ;કુરૂપ;બદશિકલ; વિરૂપ

Illiberal,(ઇલ્લિ મરૅલ્) *a.* [L. *in & liberalis*,liberal.] Base; mean: ઉમદા સ્વભાવનું નહિ તેવું પણ મખીચુસ;હલકું;નિચામનનું. 2 Rude; narrow:જંગલી;અસભ્ય;અશિષ્ટ. 3. Not well authorized or elegant: અપ્રશસ્ત.

Illiberality, (ઇલ્લિબરૅલિટિ)*n.*Narrowness of mind;meannese;parsimony:કૃપણતા;કંજુસાઈ;સાંકડું મન; અનુદારપણું; અપ્રશસ્તપણું; નીચતા; હીનતા; ચીંગુસાઇ

Illiberally(ઇલ્લિબરૅલિ)*adv.* Uncharitably;parsimoniously: કરકસરથી;કંજુસાઈથી;કૃપણતાથી.

Illicit,(ઇલ્લિસિટ્)*a* [L.*in & licere*, to be permitted.] Unlawful; prohibited: કાયદા વિરૂદ્ધ; અઘટિત; ગેરવાજબી; પ્રતિષિદ્ધ; નિષિદ્ધ; અધર્મ્ય; મનાઈ-ધેલું;અનુચિત.

Illimitable, (ઇલ્લિમિટેબલ્) *a.* Incapble of being limited or bound: અપાર;હદવગરનું;બેહદ; અનંત;અમર્યાદ;નિઃસીમ; અણહદ.

Illiteracy,(ઇલ્લિટરેસિ)*n* [L. *in & literatus*, learned.] Want of learning or reading; ignorance: અજ્ઞાનતા; નિરક્ષરતા; અભણપણું. 2. A literary blunder: વિદ્યા સંબંધી ભૂલ ચૂ

Illiterate,(ઇલ્લિટરેટ્) *a.* Ignorant of letters or books: અભણ;અનક્ષર;નિરક્ષર;અશિક્ષિત;ઠોઠ; અવિદ્વાન.

Ill-luck-fortune(ઈલ્ લક્ ફૉર્ચ્યૂન્) *n.*Misfortune:અવદશા; દુર્ભાગ્ય;દુર્દૈવ; મંદભાગ્ય;કમબખ્ત.

Ill-nature,(ઇલ્નેટ્યૂર્) *n.* Bad or wicked disposition: દુષ્ટ સ્વભાવ; દુષ્પ્રકૃતિ;દુષ્ટવૃત્તિ;અસદ્વૃત્તિ.

Ill natured, (ઇલ્નેટ્યૂર્ડ્) *a.* Cross;surly;peevish:ચીડિયું; ખરાબ; દુષ્ટસ્વભાવનું;દુઃશીલ; ખળ.2. Mischievous: તોફાની;મસ્તીખોર.

Illness, (ઇલ્નેસ *n.* Badness; unfavorableness:પ્રતિકૂળતા; વિરૂદ્ધતા. 2.Disease;malady; sickness:બીમારી;રોગ;વ્યાધિ; માંદવાડ; પીડા; દુઃખ; વિકાર.3. Wickedness; iniquity: અપ્રમાણિકપણું;દુષ્ટતા; અધર્મતા.

Illogical, (ઇલ્લૉજ્કલ્) *a.* Contrary to the rules of logic: ન્યાયવિરૂદ્ધ; તર્કશાસ્ત્રના નિયમ વિરૂદ્ધ; અતાર્કિક;અન્યાયાનુસારી,યુક્તિ વિરૂદ્ધ.. 2. Ignorant of the rules of logic: ન્યાયશાસ્ત્રના નિયમ વિષે અજાણ્યું.

Ill-omened,(ઇલ્ઓમેન્ડ્)*a.*Unfortunate: અપસુકનિયું;અમાંગલિક.

Ill-starred,(ઇલ્સ્ટાર્ડ્)*a.*Fated to be unfortunate:ભાગ્યહીન;કમનશીબ.

Ill-timed, (ઇલ્ટાઈમ્ડ) *a.* Done or said at an unsuitable time: કવખતનું;કવેળાનું;અકાલિક; અકાલ.

Ill-treat,(ઇલ્ટ્રીટ્)*vt.*To ill use;to maltreat:ને દુઃખદેવું;પજવવું;હેરાન કર.

Ill-turn,(ઇલ્ટર્ન્)*n.*Loss: અકલ્યાણ; નુકશાન;અપકાર;પાપ;અહિત;દ્રોહ.

Illude. (ઈલ્યૂડ્)*vt*[L.*in & ludo*, I *play*.)To deceive;to mock: ભૂલવવું: ફસાવવું; ઠગવું; ફોદા-ફંદા-જાળમાં નાખવું;ભ્રમિત કર;અવળા પાટા બંધાવવા;ભૂલથાપ દેવી;કુંડામા હાથ મુકાવવા.

Illuminate,(ઇલ્લ્યૂમિનેટ્)*vt.*]L.*in & lumen*, light.] To enlighten;to throw light upon: પ્રકાશ-અજવાળું પાડવું; રોશન કર;જ્ઞાન આપવું.2.To light up as a building; માં રોશની-દીવા કર.3. To explain; to elucidate:-નો ખુલાસો કર;-નું સ્પષ્ટિકરણ કરવું;પ્રબોધિત કર;જ્ઞાન આપવું. 3.To adorn as a book: પુસ્તકને સોનેરી અક્ષર-ચિત્ર વગેરથી શણગારવું; ચિત્રવિચિત્ર કરવું.

Illumination, (ઇલ્લ્યૂમિનેશન્) *n.* The act of illuminating: પ્રકાશન;દીપ્તિ ધુતિ.2. Festive decoration of houses: રોશની;દીપોત્સવ;દીપમાલા-સમૂહ; દીપાવલિ; પ્રકાશ; દીપોત્સાહ.3. Brightness; splendour: પ્રકાશ;ઝળકો;તેજ;દીપ્તિ;પ્રભા.

Illusion, (ઇલ્લ્યૂઝ્હન્) *n.* [L. *illusum*, to illude] A false show; hallucination: પ્રપંચ; મોહ; ભૂલ; ઇંદ્રજાલ. *Philosophical* i. માયા; અવિદ્યા; યોગમાયા. 2. Enchantment; witchery: જંતર મંતર; જાદુ

Illusive-illusory, (ઈલ્લ્યૂસિવ્ ઇલ્લ્યૂસોરિ) *a.* Deceitful; false: માયારૂપ; કપટી; માર્મિક; માયાવી; ઇંદ્રજાલિક; માયાવંત.

Illustrate, (ઇલ્લસ્ટ્રેટ્) *vt.* [L. *lustro* I light up.] To make clear or bright: પ્રકાશિત ચળકતું કરવું. 2. To exhibit distinctly: સ્પષ્ટ ઉઘાડું ખુલ્લું કરવું; વ્યાખ્યાન કરવું 3. To explain; to exemplify: દાખલો-ઉદાહરણ આપી કહેવું-સમજાવવું; પ્રકાશિત કરવું. 4. To adorn with pictures: ચિત્રથી શણગારવું; સુશોભિત કરવું; દીપાવવું. 5. To make illustrious; to glorify: નામાંકિત-પ્રસિદ્ધ-કીર્તિમાન કરવું; પ્રતિષ્ઠિત કરવું.

Illustration, (ઇલ્લસ્ટ્રેશન્) *n.* Explanation; elucidation: સમજુતી; પ્રકારન. 2 The state of being illustrated or glorified: નામાંકિત પણું; પ્રતિષ્ઠિતતા. 3. An example; an illustrative engraving: દાખલો; દ્રષ્ટાંત; ચિત્ર.

Illustrative, (ઇલ્લસ્ટ્રેટિવ્) *a* Exemplifying; explaining: પ્રકાશક; દાખલો આપી સ્પષ્ટ કરનાર.

Illustrious, (ઇલ્લસ્ટ્રિઅસ્) *a.* Luminous; splendid: પ્રકાશક; ચળકાટદાર. 2. Eminent; conspicuous: પ્રખ્યાત; પ્રતાપી; નામીચું; કીર્તિવાન; ઉમદા; યશસ્વી; તેજોમય; નામાંકિત; પંકાયેલું; શ્રીમંત. 3. Brilliant; renowned: પ્રસિદ્ધ; ચળકતું; કીર્તિમાન; તેજવંત; તેજસ્વી; પ્રતિષ્ઠિત; ઉત્તમ; ઉત્કૃષ્ટ.

Ill-will, (ઇલ્-ઉવિલ્) *n.* Enmity; malevolence: દ્વેષ; વૈર; વૈરભાવ; અદાવત.

Image, (ઇમેજ્) *n.* [L. *imitor*, I imitate.] A likeness; a picture; a semblance; an effigy: પ્રતિમા; પુતળું; છબી; ચિતાર; તસવીર. 2. An idol: (પૂજવાની) મૂર્તિ; પ્રતિમા. 3. Show; appearance: દેખાવ; ડોળ; રૂપ; સ્વરૂપ; ઘાટ; છાયા; પ્રતિબિંબ. 4. A conception; an idea: વિચાર; ભાવ; ભાવના; કલ્પના; આભાસ; ક્યાસ; ખ્યાલ; વિચાર; ઉઠંગ. *A molten* i.: ભરતર મૂર્તિ. *A graven* i.: કોતરેલી મૂર્તિ. *vt.* To represent or form an image of: નું રૂપ-સ્વરૂપ રચવું-બાંધવું. 2. To form a likeness of by the fancy કલ્પના-ખ્યાલ કરવો. *To be imaged in:* માં (કશાનું-કોઇનું) પ્રતિબંબ પડવું.

Imagery, (ઇમેજરિ) *n.* Imitation work; images in general: મૂર્તિઓ; પૂતળાં; ચિત્ર સમૂહ; કલ્પના સૃષ્ટિ. 2. *Unreal* show; appearance: ખોટું રૂપ-દેખાવ; ડોળ; આભાસ; આડંબર. 3. False ideas; imaginary phantasms: ભાસ; માનસ-સૃષ્ટિ; કલ્પના-સૃષ્ટિ; આભાસ; અલંકાર; દ્રષ્ટન; ચિતાર

Imaginable, (ઇમૅજ્નેબ્લ્) *a.* Capable of being imagined; conceivable: કલ્પનીય; વિભાવનીય; સંભાવ્ય.

Imaginary, (ઇમૅજ્નરિ) *a.* Existing only in fancy; not real: મનકલ્પિત; અવાસ્તવિક; માનસિક; કલ્પિત; કાલ્પનિક; માયામય; અસત્ય.

Imagination, (ઇમૅજ્નેશન્) *n.* The image-making power: કલ્પનાશક્તિ; તર્ક શક્તિ; કલ્પના. 2. A fancy: કલ્પના; વિચાર; ખ્યાલ; ભાવના; સંકલ્પ; 3. *Contrivance:* યુક્તી-યુક્તિ; જુગતિ; તદ્બીર. 4. A conception; a notion: ખ્યાલ; કયાસ; વિચાર; અટકળ.

Imaginative, (ઇમૅજ્નેટિવ્) *a.* I. Proceeding from imagination: કલ્પિત; કલ્પના બાજ; મન કલ્પિત. 2. Given to imagining: કલ્પક; વિભાવક; કલ્પનાશીલ.

Imagine, (ઇમૅજ્ન *vt* [L. *imago*] To conceive; to produce by the imagination: યોજના-કલ્પના કરવી. 2. To scheme; to devise: યુક્તિ કરવી. 3. To think: ધારવું; વિચારવું; ગણવું; ચિંતવવું; માનવું. *vi.* To conceive; to devise: ખ્યાલ કરવો; ઉઠંગ બાંધવો; યોજના-યુક્તિ કરવી. 2 To think; to suppose: ધારવું; વિચાર કરવો; વિચારવું.

Imbank, (ઇમ્બૅન્ક્) *vt.* To inclose with a bank; to defend by banks: બંધ બાંધવો; ધોરાથી રક્ષણ કરવું; બાંધ-પુરતો બાંધવો.

Imbecile, (ઇમ્બેસિલ્) *a.* [L. *imbecilus*, weak.] Weak; feeble; impotent: અશક્ત; મંદ બુદ્ધિનું; નબળું; કમઅક્કલ; દુર્બલ. I. *in mind:* કમ અક્કલ; મંદ બુદ્ધિનું; નિર્બુદ્ધ.

Imbecility (ઇમ્બેસિલિટિ) *n.* Weakness; feebleness of body or of mind: અશક્તપણું; મંદબુદ્ધિ; દુર્બળતા; દૌર્બલ્ય. *Mental* I.; મંદ-જડ બુદ્ધિ.

Imbed, (ઇમ્બેડ્) *vt* [L. *in* & *bed.*] To sink in a bed: દાટવું; ગાડવું.

Imbibe, (ઇમ્બાઇબ્) *vi.* [L. *in* & *bibo*, I drink.] To drink in; to absorb: પીવું; ચુસી લેવું; શોષવું; -ના ધૂંટડા ભરવા 2. To admit into the mind and retain: મનમાં લેવું-ઉતારવું; ગ્રહણ કરવું; પેટમાં લેવું; સ્વીકારવું. 3. To cause to drink in: પાવું; ચૂસાડીલેવડાવવું. *To* i. *the spirit of:* -ના અંતરગણ ગ્રહણ કરવું; -ના સરખો કોઇને ભાવ થવો.

Imbitter, (ઇમ્બિટ્ટર્) *vt* To make bitter; to render unhappy: કડવું કરવું; દુઃખી કરવું. 2. To exasperate: વધારે તિવ્ર-ઉગ્ર કરવું; વધારવું; -માં ઉમેરો-વૃદ્ધિ કરવું; ઉશ્કેરવું; પ્રદિપ્ત કરવું.

Imbosom, (ઇમ્બુઝમ્) *vt.* To hold in the bosom: ખોળામાં ઢાબવું; વહાલ રાખવું. 2. To inclose in the midst of: વચ્ચોવચ લાવવું.

Imbrue, (ઇમ્બ્રૂ) *vt* To moisten; to soak: પલાળવું; ભીંજવવું; ભિંજ કરવું. 3. To pour out or distil: બહાર કાઢી નાંખવું; ઝરણરૂપે બહાર કાઢવું.

Imbrute, (ઇમ્બ્રૂટ્) *vt.* To reduce to brutality: પશુ જેવું નિર્દય કરવું-થી ક્રૂર કરવું; માન ઘટાડવું.

Imbue, (ઇમ્બ્યૂ) *vt.* [L. *in* & *bibo*, I drink.] To tinge deeply; to dye: ખૂબ ખોળીને રંગવું. 2. To tincture deeply: ભરપૂર-યુક્ત-ગુણમય કરવું; કેળવવું.

Imitable, (ઇમિટેબ્લ્) *a.* Capable or worthy of being copied: નકલ કરવા લાયક; અનુસરણીય; અનુકરણીય; અનુગમનીય; અનુગમ્ય.

Imitate, (ઇમિટેટ્) *vt.* [L. *emo*, I select.] To follow in manners: અનુસરવું; -ની-લઢણ પકડવી; દેખાદેખી કરવું; -નું અનુકરણ કરવું; -ની પ્રમાણે પાલવું. 2. To produce a semblance; to counterfeit: આબેહુબ ઉતારો-નકલ કરવી.

Imitation, (ઇમિટેશન્) *n.* The act of imitating: દેખાદેખી; નકલ; અનુસરણ; અનુકરણ; લઢણ પકડવી તે; નકલ કરવી તે. 2. Likeness; resemblance: નકલ; ઉતારો

Imitative, (ઇમિટેટિવ્) *a* Inclined to imitate; imitating: અનુસરે-લઢણ પરે-દેખાદેખી કરેએવું; અનુકરણશીલ 2 Formed after a model or pattern: -ને-શીનું; નકલ કરવાનું; નમુના પ્રમાણે કીધેલું.

Immaculate, (ઇમ્મૅક્યૂલેટ્) *a* [L. *in* & *macula*, spot.] Spotless; pure: કલંક-ડાઘ વગરનું; નિષ્કલંક; નિર્દોષ; નિર્મલ; વિમલ; શુદ્ધ; પવિત્ર. 2. Limpid: સ્વચ્છ; નિર્મળ; વિમલ.

Immanent, (ઇમ્મેનેન્ટ્) *a.* [L. *in* & *maneo*, I remain.] Internal: સ્વાભાવિક; રહે એવું મૂળનું; અંતર્ભવ; અંતરસ્થ.

Immanuel, (ઇમૅન્યૂએલ્) *n. A* name given to *Jesus:* ઇસુખ્રિસ્તનું એક નામ છે. (*b*) God with us: ઇશ્વર આપણી સાથે.

Immaterial, (ઇમૅટીરિઅલ્) *a.* Corporeal: અમૂર્તિમાન; અદૈહિક; નિરા-

કાર;અમૂર્તતા; અદેહી; અશરીરી; અપ્રાકૃત. 2. Unimportance: ચિંતા કરવા જેવું નહિ;જુજ;હલકું;નજીવું;અપ્રધાન; સાધારણ;નિરર્થક.

Immaterialism,(ઇમ્મૅટીરિઍલિઝ્મ)*n* The doctrine that immaterial substances exist:આત્મવાદ;દેહભિન્નાત્મવાદ;નિરાકારવાદ.

Immaterialist,(ઇમ્મૅટીરિઍલિસ્ટ) *n*. One who believes in immaterialism:આત્મવાદી;નિરાકારવાદી.

Immature,(ઇમ્મૅટ્યૂર)*a*. Unripe; not perfect; unfinished: પાકેલું નહિ;કાચું; કુમળું; અપકવ; અસિદ્ધ. 2. Hasty; premature: ઘણુંજ વેહેલું; અધુરું:અપૂર્ણ;અકાલિક.

Immaturity, (ઇમ્મૅટ્યૂરિટિ)*n*.Unripeness; incompleteness: કાચાપણું;અપૂર્ણતા;અધુરી હાલત; અપરિપાક; અપ્રૌઢતા;અપકવપણું.

Immeasurable, (ઇમ્મેઝ્હર્યૂરબ્લ) *a*.Illimitable:અમાપ-પરિમિત; બેહદ;અનંત;અમેય;સંખ્યાતીત;અસંખ્યાત.

Incomplete, (ઇન્કૉમ્પ્લીટ) *a.* Unfinished;imperfect;defective અધૂરું;અસંપૂર્ણ;ખોડ-ખાંપણવાળું;અપૂર્ણ: અસમાપ્ત;ન્યૂન; હીનાંગ;તૂટક; અંગહીન; ખોડ-ખાંપવાળું. 2. Lacking calyx: ફુલના ડીટાં વિનાનું;પુષ્પાવરણ-વિનાનું

Incompleteness,(ઇન્કૉમ્પ્લીટનેસ) *n.*Imperfectness: defectiveness અસમાપ્તપણું;કસર;ખામી; ખોડ; અપૂર્ણતા;અસિદ્ધિ.

Incomprehensible, (ઇન્કૉમ્પ્રીહેન્સિબલ) *a.*Not capable of being contained within limits: હદ-દાબમાં રહી શકે નહિ તેવું. 2 Inconceivable:ન સમજાય એવું અકળ; ગૂઢ;અજ્ઞેય;દુર્બોધ;અચિંત્ય; અગ્રાહ્ય; ઇંદ્રિયાતીત;ગહન

Incompressible,(ઇન્કૉમ્પ્રેસિબલ) *a.*[L.*in,con & premo*, I press.] Resisting compression:દબાય નહિ એવું;અસંકોચનીય.

Inconceivable, (ઇન્કૉન્સીવેબલ) *a.*Incomprehensible:કલ્પાય નહિ એવું;અતર્ક્ય;ગૂઢ; ગહન;અકળ;અચિંત્ય; અચિંતનીય;અકલ્પનીય.

Inconclusive,(ઇન્કૉન્ક્લ્યૂસિવ) *a* Leading to no conclusion;not settling a point in debate:-થી છેડો ન આવે એવું;અનિશ્ચાયક;અપ્રમાણ; અપ્રમાપક;અનિશ્ચયકારી;અનિશ્ચયાત્મક.

Incongruent, Incongruous, (ઇન્કૉન્ગ્રૂએન્ટ,ઇન્કૉન્ગ્રૂઅસ)*a.*Unsuitable;inconsistent: અયોગ્ય; વિરુદ્ધ;અયુક્ત;અસંગત; અસંભવિત; અસંબદ્ધ;ન જુલતું.

Incongruity,(ઇન્કૉન્ગ્રૂઇટિ) *n.* Inconsistency;impropriety:અયોગ્યતા;વિરુદ્ધતા-અસંગતિ;વિરોધ 2.Want of symmetry: અંગહીનતા.

Inconsequent, (ઇન્કૉન્સીક્વેન્ટ)*a.* Invalid;illogical: આપેલા પ્રમાણમાંથી ન નીકળતું;અસમન્વિત;અનન્વિત; સિદ્ધાંત રહિત; અસંબદ્ધ.2.Inconsistent: પ્રમાણ વિરુદ્ધ.

Inconsiderable,(ઇન્કૉન્સિડરેબલ) *a.*Unimportant; small: ધ્યાનમાં ન લેવા જેવું;ક્ષુલ્લક જેવું;નજીવું;થોડું.

Inconsiderate, (ઇન્કૉન્સિડરેટ)*a.* Hasty; thoughtless; heedless: અવિચારી;અવિવેકી;વિચારશૂન્ય; અસાવધાન.2. Rash: અવિચારી; બીનનું મન ન જુએ એવું.

Inconsiderately,(ઇન્કૉન્સિડરેટલિ) *adv* Carelessly; rashly; imprudently:બેદરકારીથી; વગર વિચારે;સહસા;અવિચાર પૂર્વક;પ્રમાદથી.

Inconsideration,(ઇન્કૉન્સિડરેશન) *n.*Inattention to consequences: અવિવેક;અવિચાર;અવિચારણા.

Inconsistence-cy (ઇન્કૉન્સિસ્ટેન્સ ન્સિ)*n.* Discordance; disagreement:પરસ્પર વિરોધ; વિરુદ્ધતા; વિપરીતતા;અસંગતતા.2. Absurdity in arguments:પૂર્વાપર વિરોધ;અસંદર્ભ; અસમન્વય; વિરોધોક્તિ; વિસંવાદ. 3. Unsteadiness;changeableness: અસ્થિરતા;અદૃઢતા;ફેરફાર.

Inconsistent, (ઇન્કૉન્સિસ્ટેન્ટ) *a.* Discordent; incompatible; incongruous: એક બીજાથી ઉલટું;વિપરીત;વિરોધી;અસંગત; અસંભવિત; વિજાતીય;વિલક્ષણ;અસંબદ્ધ; સંદર્ભવિરુધ; પૂર્વાપરવિરોધી;વિસંવાદી; 2. Fickle; changeable:અદૃઢ;ચંચળ

Inconsolable,(ઇન્કૉન્સૅલેબલ) *a.* Not to be consoled: શાંત થાય નહિ તેવું;અસંતોષણીય; શોકમાં નિમગ્ન; અસાંત્વનીય;શોકાન્વિત;શોકાકુલ.

Inconstancy,(ઇન્કૉન્સ્ટૅન્સિ)*n.* [L. *in,con & sto*, I stand.] Mutability;fickleness: ચંચળતા; ચપળતા;અસ્થિરતા;ચાંચલ્ય; અસ્થૈર્ય.2.Dissimilitude:વિરોધાભાસ.

Inconstant,(ઇન્કૉન્સ્ટૅન્ટ) *a.* Unsteady; fickle;changeable.અસ્થિર;અદૃઢ;ચંચલ;અસ્થાયી.

Incontestable, (ઇન્કૉન્ટેસ્ટેબલ)*a.* Incontrovertible: નિર્વિવાદ;બેતકરાર;અબાધ્ય; નિઃસંદેહ; સુનિશ્ચિત; અવિવાદ્ય;અખંડનીય.

Incontestably, (ઇન્કૉન્ટેસ્ટેબ્લિ) *adv.*Indisputably;indubitably: બીન તકરારે;નિર્વિવાદપણે.

Incontinence-cy, (ઇન્કૉન્ટિનેન્સ-ઇન્કૉન્ટિનેન્સિ) *n.* Indulgence of lust;lewdness: વ્યભિચાર; છિનાળું; અસંયમ;અજીતેંદ્રિયત્વ;લંપટતા.

Incontinent,(ઇન્કૉન્ટિનેન્ટ)*a.* Unchaste;lewd:ઇંદ્રિયવશ;લંપટ;છિનાળવો;વ્યભિચારી; અજીતેંદ્રિય; લંપટ. *n.*One who is unchaste: વ્યભિચારી-છિનાળવો માણસ.

Incontrovertible,(ઇન્કૉન્ટ્રોવર્ટિબલ)*a* Indisputable: તકરાર વિનાનું;નિર્વિવાદ;અખંડનીય;નિઃસંદેહ.

Inconvenience,(ઇન્કૉનવીનિએન્સ) *n.*Unfitness;unsuitableness:અડચણ; અગવડ; ગેરસોઇ; અયોગ્યતા. 2. Disadvantage: નડ;ક્લેશ;અસુખ;ઉપરોધ;પીડા.*vt.*To bring to inconvenience:અડચણ-અગવડમાં નાંખવું.

Inconvenient,(ઇન્કૉન્વીનિએન્ટ)*a.* Unfit;inexpedient: અસુગમ; અસૂતર;કસતર;અયોગ્ય;અનુચિત.2.Incommodious: કષ્ટકારક; અનુપયોગી; વગસોઇ વિનાનું;ક્લેશકર;દુઃખદ;અસુખકર.

Inconvertible,(ઇન્કૉન્વર્ટિબલ)*a.* [L*in,con & verto*,I turn.] Not capable of being changed into something else: ફેરવાય-બદલાય નહિ એવું;-ના નાણાં ન મળે એવું.

Incorporate,(ઇન્કૉર્પોરેટ)*vt.*[L.*in & corpus*,body.]To form into a body;to combine into one mass મેળવી-જોડી નાખવું; એકાકાર કર.2. To embody: શરીરમાં મુકવું;સાકાર કરવું. 3.To unite with a mass already in being:કોઇ હયાત પદાર્થમાં મેળવવું મિશ્ર કરવું.4.To amalgamate: મેળવવું;સંયુક્ત કરવું.5.To form into a legal body:સનદી મંડળી કર;સંસ્થાપન કર.*vi.* To be mixed or blended:જોડાવું;જોડાઇ-ભળી જવું. *a* Not consisting of matter:વિદેહી; અશારીરિક;અશરીરી 2. Associated; mixed:મિશ્ર;સંયુક્ત.

Incorporation,(ઇન્કૉર્પોરેશન) *n.* The act of incorporating:સંયોગ; મેળાપ 2. Mixture; combination: મિશ્રતા;મિશ્રણ;મેળવણી.3. Association;intimate union:સંસર્ગ; સંયોગ;મેળાપ.

Incorporeal,(ઇન્કૉર્પોરીઅલ)*a.*Not consisting of matter:દેહ વિનાનું; નિરાકાર;વિદેહ; અદેહ; અદૈહિક;અનંગ. અશરીરી;અશારીરિક;નિરવયવ.2. Existing only in contemplation; intangible:વિચાર માત્રનું;સ્પર્શાગોચર.

Incorrect(ઇન્કૉરેક્ટ)*a.*Inaccurate; faulty:ચૂકવાળું;નાકુરસ્ત;ગલત; અશુદ્ધ; દોષી; દોષિત; સદોષ. 2. Not in accordance with the truth:ખોટું; અસત્ય;જૂઠું;ગેરરાસ્ત;અયથાર્થ. 3. unbecoming; improper: અનીતિનું; ગેરવાજબી;ગેરવાસ્તવિક.

Incorrectly, (ઇન્કૉરેક્ટલિ) *adv.* Inaccurately; not exactly:ભૂલ-ચૂક કરીને;અશુદ્ધ રાખીને; મિથ્યા;અન્ય-

થા;અયથાર્થતા°;અશુદ્ધતાથી.

Incorrigible,(ઇન્કૉરિજિબલ્)*a* [L. *in & corrigo,* I correct.] Irreclaimable:કદી ન સુધરે તેવું;ન ડેલ;હા થથી ગયેલું;નઠોર;અસાધ્ય;અતિદુષ્ટ.

Incorrupt(ઇન્કોંરપ્ટ્)*n.* Unimpaired;not marred or spoiled: ખરાબ થયેલું બગડેલું નહિ તેવું;અદૂષિત.2 Pure;sound;untainted: સ્વચ્છ;અદોષિત:પ્રમાણિક;પવિત્ર;શુદ્ધ;અભ્રષ્ટ.

Incorruptibility,(ઇન્કૉરપ્ટિબિલિટિ)*n.*Incapability of corruption: અવિકારીપણું;અક્ષયતા;ચોખ્ખાઇ.

Incorruptible, (ઇન્કૉરપ્ટિબલ્)*a.* Incapable of corruption or decay:અક્ષય;અવિનાશી; અવિકાર; અનશ્વર;અજરામર;અવિકારી. 2 Inflexibly just and upright: બગડે નહિલાંચ ન લે તેવું;અદ્દલઇનસાફી;ન્યાયી.

Incorruptibleness Incorruption, (ઇન્કૉરપ્ટિબલ્નેસ્-ઇન્કરપ્શન્) *n.*Absence of corruption:અવિકાર;અનાશ;અવિકૃતિ; વિકારાભાવ;અદૂષ્ટતા;અભ્રષ્ટતા; સ્વચ્છતા; રૂશવતથી ચળે નહિ એવા ગુણ.

Increase,(ઇન્ક્રીસ્) *vi.* [L. *in & cresco,* I grow.]To grow;to augment: ઉગવું; વધવું; વધારો-વૃદ્ધિ થવી; વિસ્તાર પામવો; ચઢવું.2 To be fertile or fruitful:ફળદ્રુપથવું;વંશ વધવો;વધારે થવું 3.To show more of the surface;to wax:ચઢતી કળા થવી *vt.*To extend;to spread: વધારવું; લંબાવવું;ફેલાવવું; ભારે ન્હોટું કર; વૃદ્ધિ કર;ચઢાવવું;પ્રસારવું;વિસ્તારવું.*n.* Augmentation;growth: બઢતી; ચઢતી; અભિવૃદ્ધિ;વધારો;વૃદ્ધિ. 2. Produce; profit:પેદાશ;નફો;લાભ.3. Progeny: સંતતિ;સંતાન;પ્રજા;ઓલાદ; વસ્તાર. 4. Generation:જનન; પ્રજનન.5. The waxing: ચંદ્રની કળા-ચઢતી થાય છે તે સમય;શુદ્દિ.

Incredibility, (ઇન્ક્રેડિબિલિટિ) *n.* The quality of being too extraordinary to admit of belief: અવિશ્વાસ્યતા;અણપતીજ;અવિશ્વાસ.

Incredible,(ઇન્ક્રેડિબલ્)*a* Impossible to be believed;not to be credited:માનવાજોગ નહિ તેવું;બેઇતબારી;અશ્રદ્ધેય;અવિશ્વસનીય;અવિશ્વાસ્ય.

Incredulity,(ઇન્ક્રેડ્યૂલિટિ)*n.* Skepticism; disbelief:અણભરોસો;અવિશ્વાસ;અપતીજ-વિશ્વાસ-શ્રદ્ધા;અભક્તિ.

Incredulous,(ઇન્ક્રેડ્યૂલસ્)*a.*Skeptical:તરત ન માને એવું;અશ્રદ્ધાળુ;અપ્રત્યયી:શંકાશીલ;અશ્રદ્ધાવાન;અવિશ્વાસશીલ.

Increment,(ઇન્ક્રીમેન્ટ્)*n.* Increase; augmentation: વૃદ્ધિ;વધારો; ઉમેરો.2.Produce;production: પેદાશ;ઉપજ;ઉત્પન્ન.

Incriminate,(ઇન્ક્રિમિનેટ્)*vt* [L. *in & crimen,*a crime.] To accuse;to criminate: દોષ-તોહોમત મુકવું;ગુન્હેગાર-દોષવાન ઠરાવવું.

Incrust,(ઈન્ક્રસ્ટ્)*vt* To cover with a crust: થર-પડ ચઢાવવું;પુટ-કવચ ચઢાવવું-દેવું *Incrusted with*:-નો થર-પોપડો આઝેલો.

Incrustation,(ઇન્ક્રસ્ટેશન્)*n.*The act of incrusting: થર ચઢાવવો તે. 2.A crust or coat of anything: થર;પોપડો;પડ.

Incubate,(ઇન્કયૂબેટ્)*vi.* [L.*in & cubo,*I lie down.]To sit, as on eggs: સેવણ બેસવું;(ઇંડાને)સેવવું.

Incubation,(ઇન્કયૂબેશન્)*n.* The hatching of young from eggs: સેવણ.2.*The* maturation of a contagious poison in the animal system:શરીરમાં કોઇ ચેપી રોગના ઝેરનું પ્રસરણ-ફેલાઇ જવું તે.

Incubus, (ઇન્કયૂબસ્)*n.*A demon or fiend:સેતાન;ભૂત; પિશાચ. 2.The nightmare: ઓથાર;નઠારે સ્વપ્નું;અજીર્ણ થવાથી થએલું સ્વપ્નું.

Inculcate,(ઇન્કલ્કેટ્)*vt.* [L.*in & calco,*I tread upon.]To impress by frequent admonitions:(મનમાં)ઉતારવું-ઠસાવવું;નો બોધ કર્યા કર; વારંવાર ઉપદેશ કર.

Inculpable, (ઇન્કલ્પબલ્) *a.* Unblamable; faultless; innocent: નિરપરાધી,નિર્દોષ;અદૂષણીય.

Inculpate,(ઇન્કલ્પેટ્) *vt.* [L. *in, culpa,*a fault.] To blame; ઠપકો દેવો;દોષ મુકવો.2.*To* accuse of crime:ગુન્હેગાર ઠરાવવો.

Inculpatory, (ઇન્કલ્પેટોરિ) *a.* Imputing blame: દોષ મુકનારૂં. 2. Accusatory;criminatory: ગુન્હેગાર દોષિત ઠરાવતું.

Incumbent,(ઇન્કમ્બેન્ટ્)*a.* Lying or resting upon: ઉપર પડેલું-રહેલું; આઢેલતું;આઢેલીને રહેલું; ટેકવતું-ને ટેકે રહેલું.2.Supported; buoyed up: -નું આશ્રિત-અવલંબિત; સુતેલું.3.Resting as duty or obligation:કર્તવ્ય;ફરજ્યાત;આવશ્યક;લાજમ; માથે ચોટેલું;ફરજદારખલ રહેલું *n.* The person who is in present possession of an office:અધિકારી; અમલદાર;સત્તાધારી.I. *of a benefice*: ધર્મની વૃતિ ભોગવનાર;ધર્મવૃતિભોગી.

Incumber, (ઇન્કમ્બર)*vi.* To embarrass:ભારથી અડચણ કર;ગભરાવવું; ગુંચવણમા નાંખવું.

Incur,(ઇન્કર્)*vt.*[L.*in & curro,*I run.]To expose oneself to; to encounter: પાત્ર-યોગ-લાયક થવું; વ્હોરી-તાણી-ખેંચી લેવો.-નો આશ્રય લેવો. 2.To render liable or subject to પાત્ર-યોગ્ય-લાયક કર.

Incurable,(ઇન્કયૂરેબલ્)*a* Beyond the power of skill or medicine: દુસ્તર;અસાધ્ય.Remediless: ઉપાય-ઇલાજવિનાનું; નિરપાય.*n.*A person beyond the reach of cure: સાજુ ન થાય એવું માંદુ માણસ.

Incurious,(ઇન્કયૂરિઅસ્)*a.* Careless;negligent;heedless: જાણવાની ઇચ્છા વિનાનું; જીજ્ઞાસા રહિત;અજીજ્ઞાસ;ગાફેલ;બેદરકાર; અસાવધ.

Incursion,(ઇન્કર્શન્)*n.* A running into;a predatory or harassing inroad: પારકા મૂલકપર સ્વારી કરવી તે; સ્વારી;આક્રમણ. 2. Attack; occurrence: હુમલો;હલો.

Incurve,(ઇન્કર્વ્)*vt.* To bend; to make crooked:મરડવું;વાંકુ કર-વાળવું.

Indebted, (ઇન્ડેટેડ્) *a.* [*L. in & debeo,*I owe.] Placed in debt:દેવદાર;દેવાદાર;કરજદાર;ઋણી.2. Placed under obligation: ઓશિયાળું;આભારી;ઉપકૃત; ઉપકારી;અહેશાન મંદ.

Indebtedness,(ઇન્ડેટેડ્નેસ)*n.*The state of being indebted:કરજદારી;આભારી પણું.

Indecency,(ઇન્ડીસેન્સિ)*n.* Lack of modesty or good manners; obscenity: અસભ્યતા; નિર્લજ્જતા; લજ્જાભાવ; અવિનય; અમર્યાદા. 2. An indecent word, act or like: બિભત્સ-વચન-વર્તણુંક-ચિત્ર; દુર્ભાષણ; ગેર શિષ્ટચાલ;અનીતિ; કુનીતિ;અન્યાય.

Indecent,(ઇન્ડીસેન્ટ્)*a.*Unbecoming;unfit to be seen or heard: નાગુ;ઉઘાડું;બિભત્સ;ભુંડું;નિર્લજ્જ; બેશરમું;લજ્જાહીન-રહિત;અશિષ્ટ;અસભ્ય; અવાચ્ય;નિંદ્ય;અયુક્ત;ભાંડ;અમર્યાદ.

Indecision(ઇન્ડીસિઝન્)*n.*Wavering of mind;irresolution:સંદેહ; શક;અનિર્ણય;અનિશ્ચય; સંશય; વિતર્ક; આશંકા;અધીર;સંકલ્પવિકલ્પ.

Indecisive,(ઇન્ડીસાઇસિવ્)*a.*Not bringing to a final close or ultimate issue:નિકાલ-નિર્ણય થાય નહિ તેવું; અનિશ્ચયાત્મક;અનિર્ણાયક; સંદિગ્ધ. સંવિકલ્પ.*An i. battle*: જેથી નિર્ણય થએલો નહિ એવી લઢાઇ. 2. Vacillating;hesitating:ઢચુપચુ;અસ્થિર; ડામાડોલ.

Indeclinable,(ઇન્ડીક્લાઇનૅબ્લ્)*a.* [L.*in,de & clino,*I bend.] Not varied by terminations: જેને જ-

તી વચન અને વિભક્તિ ન લાગે તેવું;અવિકારી;અવ્યય;અવ્યયરૂપ.

Indecorous,(ઇન્ડીકોરસ્)*a.* Unbecoming:શોભે નહિ તેવું;અનુચિત; અઘટિત;અયોગ્ય;અન્યાયી; અમર્યાદ; વિનય વિરૂદ્ધ; અયુક્ત.

Indecorum, (ઇન્ડીકોરમ્) *n.* Impropriety of behaviour;indecorousness:અવિનય;અસભ્યતા; અમર્યાદા;અનૌચિત્ય.2.An indecorous or unbecoming action:અનુચિતકર્મ; અયોગ્યકામ;અશિષ્ટાચાર;અવિનય.

Indeed,(ઇન્ડીડ્) *adv.* In reality; in truth;in fact:ખરેખર; સત્ય;ખચિત; અવશ્ય; સહી; વાસ્તવિક રીતે તો ખરે;એ ખરે કે.

Indefatigable,(ઇન્ડીફૅટિગેબ્લ્) *a.* Not tired;not yielding to fatigue:ન થાકી જાય એવું; પરિશ્રમી; મહેનતુ;અશ્રમી;અશ્રાંત;અમતલ.

Indefeasible, (ઇન્ડીફીઝિબ્લ્) *a.* Not to be defeated:રદ ન કરી શકાય તેવું;અનિવાર્ય;અખંડનીય.

Indefinable,(ઇન્ડીફાઇનેબ્લ્)*a.*Incapable of being defined: જેની વ્યાખ્યા ન થઇ શકે તેવું; અનિર્વચનીય; અનિર્વાચ્ય;અલક્ષણીય.

Indefinite, (ઇન્ડેફિનિટ્) *a.* Not determined or fixed upon;not precise or certain:અનિયમિત;અનિશ્ચિત:ભોમમ.2. Having no certain limits: બેહદ; બેશુમાર;અથાગ; અમર્યાદ.

Indefinitely, (ઇન્ડેફિનિટલિ) *adv.* Without any settled limitation; not precisely:ધણુંજ;બેહદ;અતિશય.

Indeliberate, (ઇન્ડીલિબરેટ્) *a.* Sudden:પાકો વિચાર કર્યાવગર કીધેલું.

Indelible,(ઇન્ડેલિબ્લ્)*a.* [L.*in* & *deleo*,I delete.]Not to be blotted out:ન જાય-ભુંસાઇ જાય એવું;અક્ષર;શાશ્વત;અક્ષય;વજ્રલેપસરખું; ખુબચોટી ગએલું.2.Not to be annulled:રદ-મોકુફ ન થઇ શકે એવું.

Indelicacy,(ઇન્ડેલિકસિ)*n.* Want of delicacy;rudeness:નઠોરતા;નિર્જજતા;બેમુલાહેજો;ઉધાડાપણું;અસંકોચ; અસભ્યતા.

Indelicate, (ઇન્ડેલિકેટ્)*a.* Indecent;coarse;rude:નફટ; નિર્લજ;અસભ્ય;અશિષ્ટ;અમર્યાદ; નિર્લજ; ઉઘાડુ; નાગુ ;ભાંડ.

Indemnification,(ઇન્ડેમ્નિફિકેશન્)*n.* Reimbursement of loss, damage or penalty: નુકસાન ભરી આપવું તે;હાનિપૂરણ;અપકારશુદ્ધિ.

Indemnify, (ઇન્ડેમ્નફાઇ) *vt.* To secure against loss or damage: નુકશાનથી બચાવવું. 2. To make good;to reimburse:ભરી આપવું;નુકશાન ભરી આપવું;હાનિ-ક્ષતિ પૂરણ કરવું.

Indemnity(ઇન્ડેમ્નિટિ)*n.*Security; insurance;immunity from penalty:સન્ન ન થવાની હામી; જામિનગીરી;નુકશાન ન થવાની હામી *Paper of i.*:નુકસાન-ચિઠ્ઠિ;અભયપત્ર;અદંડપત્ર

Indent,(ઈન્ડેન્ટ્)*vt* [L *in* & *dentis* a tooth.]To notch;to jag:ખાડુ કરવું;ખાણ પાડવી;ખાંચ પાડવી;દાંતા કરવું. 2.To indenture;to apprentice: લેખ-કરાર કરીને કોઇને નોકરીએ કે હુન્નર દ્વાર તરીકે રખાવવો 3 To press in; to impress:દાબીને ખાડો પાડવો. 4. To make an order upon:માલ મંગાવવો;-નું ભરતીઉ મોકલવું. *vi.* To be cut or notched:ખાણ પડવી; ખાંડું થવું.2.To wind in and out:વાકુચૂકું વળવું; સર્પાકાર જવું 3. To bargain or covenant: કરાર-શરત કરવું. *n.*A cut or notch: ખાંચ;ખાણ.2. A stamp;an impression: સિક્કો છાપ 3.An official requisition for supplies:મંગાવેલા માલની યાદી; ભરતિયું *To be indented*:ખાંચ પડવી; ખાડુ થવું.

Indentation, (ઇન્ડેન્ટેશન્) *n.* A cut;a notch: ખાણ;કોરણ;ખાંચ; ખચકો;દાંતો.2.A recess in any border:ખાંચ;ખૂચો;ખાંચખૂંચ.

Indenture, (ઇન્ડેન્ટ્યૂર) *n.* The act of indenting: ખાણ પાડવી તે. 2. A mutual agreement in writing between two or more parties: કરારનામું;નિયમપત્ર: પ્રતિજ્ઞાપત્ર;લખત;ખત *vt.* To bind by indentures:લખત-કરારથી બાંધી લેવું; શિખાઉ રાખવો.

Independence, (ઇન્ડીપેન્ડેન્સ્) *n.* Absence of dependence; self-subsistence or maintenance:સ્વતંત્રતા; આપ અખ્તયારી સ્વાધીનતા; સ્વેચ્છ.ધીનતા;અપરાધીનતા; અપક્ષપાત; ખીનતરફદારી 2. Sufficient means for comfortable livelihood:ધરનું સુખીપણું;ધરની સંપત્તિ; ઘરની સંપન્નતા;પોતાનો ખરચ ચલાવવાની શક્તિ.

Independency, (ઇન્ડીપેન્ડેન્સિ)*n.* Independence: સ્વતંત્રતા; આપઅખત્યારી;સ્વાધીનતા; અપરાધીનતા; સ્વેચ્છાધીનતા:બીનતરફદારી.

Independent, (ઈન્ડીપેન્ડેન્ટ્) *a.* Free:સ્વતંત્ર;સ્વાધીન; સ્વવશ; અપરાધીન;મુખત્યાર;આપવશ; આપ અખ્તિયાર. Affording a comfortable livelihood: સારી રીતે ગુજરાન ચલાવે એવું;સુખથી દહાડા કાઢે અવી ગુંજાસવાળું. 3. Self-directing; not obsequious: સ્વતંત્ર;સ્વેચ્છાચારી;મરજી મુજબ ચાલતું; સ્વમતાનુગામી. 4. Free;easy;bold: સ્વતંત્ર;બહાદુર;ઉઘાડું; ખુલ્લું;ચેનવાળું. 5. Separate from;exclusive:-થી જુદું-છુટું; નિરાળું;વિનાનું;બાતલ કરેલું.

Independently, (ઇન્ડીપેન્ડેન્ટ્લિ) *adv.*Without control: સ્વતંત્રપણે;આપ-અખત્યારી-મરજી મુજબ.

Indescribable,(ઇન્ડીસ્ક્રાઇબેબલ્)*a.* [L.*in de*&*scribo*,I write.] Incapable of being described: બ્યાન કરી-વર્ણવી ન શકાય તેવું; અવાચ્ય; અકથનીય;અવર્ણ્ય;શબ્દાતીત.

Indeterminable,(ઇન્ડીટર્મિનેબલ્) *a.* Impossible to be determined: નિશ્ચિત થવાને અશક્ય; અપ્રમેય;જેનો નિશ્ચય થાય નહિ એવું; અનિશ્ચીત; નિર્ધાર-નક્કી થઇ શકે નહિ એવું. 2.Interminable: અંતવિનાનું; છેડો-અંત ન લાવી શકાય તેવું.

Indeterminate,(ઇન્ડીટર્મિનેટ્)*a.* Uncertain; not precise: ભોમમ; ચોક્કસ ન થયેલું;અનિર્દિષ્ટ; સંદિગ્ધ; સવિકલ્પ.

Indeterminately(ઇન્ડીટર્મિનેટ્લિ) *adv.*Indefinitely; with no precise limits:નક્કી કર્યાવગર;ભોમમપણે.

Indetermination,(ઇન્ડીટર્મિનેશન્)*n* An unsettled or wavering state,as of the mind: અનિશ્ચય; આનાકાની;અનિશ્ચયતા;સંદિગ્ધતા.

Indevotion,(ઇન્ડીવોશન્) *n.* Impiety;irreligion: દુરાચાર;અભક્તિ; અનાસક્તિ;અનિષ્ટા;અશ્રદ્ધા.

Index, (ઇન્ડેક્સ્)*n.*[L. *in* & *dico*, I say.] That which shows or indicates: ચેખાડનાર;દર્શક;સૂચક; પ્રદર્શક.2.That which guides,points out or informs: હાથ; જ્ઞાપક; હાથો;કાંટો.3.A table of references in a book:અનુક્રમણિકા; સાંકળિયું;સૂચિપત્ર;અનુક્રમણિક ;નિર્ઘંટ.4.(*Math*) The exponent or power: ઘાત ચિન્હ.I *finger*: તર્જની.*vt.*To provide with or put in an index: -નું સાંકળીઉં કરવું;ની અનુક્રમણિકા કરવું; અનુક્રમણિકામાં મુકવું-દાખલ કરવું.

Indexterity, (ઇન્ડેક્સટેરિટિ) *n.* Want of readiness in the use of the hands: હાથ ચલાવવાની-વાપરવાની ચાલાકી ન હોવી તે; અદક્ષતા. 2.Clumsiness,awkwardness: બેઢંગાપણું;બેડોળપણું;અનિપુણતા.

Indiaman,(ઇન્ડિઅમૅન્)*n.*A large ship employed in India trade: હિંદુસ્તાનનો વેપાર કરનાર મોટું વહાણ.

Indian, (ઇન્ડિઅન્) *a. (Geol.)* Pertaining to either of the Indies, East or West: પૂર્વ-પશ્ચિમ હિંદુસ્તાનને લગતું; ભારતીય; ભારતદેશીય. 2 Made of maize: મકાઈનું બનાવેલું. *n.* A native of the Indies: આર્ય; હિંદુ; આર્યજન 2. One of the inhabitants of America: અમેરિકાનો રહેવાશી I *berry.* બોર. I *cucumber:* કાકડી. [Maize: મકાઈ.

Indan corn, (ઇન્ડિઅન્ કૉર્ન) *n*

Indian-fig tree (ઇન્ડિઅન્-ફિગ્-ટ્રી) *n.* The banian: વડનું ઝાડ; વડ; વટ વૃક્ષ

India-rubber, (ઇન્ડિઅ-રબ્બર્) *n.* Caoutchouc: રબર

Indicant, (ઇન્ડિકન્ટ) *a.* Serving to point out: સૂચક; દેખાડનારૂં; રીક. *n.* That which points: સૂચક; રીક.

Indicate, (ઈન્ડિકેટ) *vt.* [L. *in & dico,* I say.] To point out; to discover; to show: બતાવવું; જણાવવું; દેખાડવું; દર્શાવવું; સૂચવવું (*b*) લક્ષણથી જણાવવું.

Indication, (ઇન્ડિકેશન) *n.* The act of pointing out: સૂચન; પ્રદર્શન; બોધન; નિર્દેશ. 2. Mark; token; sign; લક્ષણ; ચિન્હ; સૂચના; છાયા; આકાર; ઇશારત; ઇસારો; નિશાની. 3. Discovery made; information : શોધ; ખબર; માહિતી.

Indicative, (ઇન્ડિકેટિવ્) *a* Pointing out; bringing to notice: દેખાડનાર; સૂચક; પ્રદર્શક; બોધક; ઘોતક; રીક; વાચક I. *mood:* નિશ્ચયાર્થ.

Indicator, (ઇન્ડિકેટર્) *n.* That which shows or points : બતાવનાર; દેખાડનાર; હાથો; કાટો; યંત્ર.

Indict (ઇન્ડાઇટ્) *vt.* [L *in & dico,* I say.] To proclaim: જાહેર કરવું. 2. To charge with a crime by the presentment of a grand jury: જ્યૂરીના ઠરાવ પરથી તોહોમત મૂકવું; દોષારોપ કરવો

Indictable, (ઇન્ડાઇટેબલ્) *a* Chargeable with a crime by a grand jury: વડી જુરીના ઠરાવ ઉપરથી દોષારોપ-તહોમત મૂકવા જોગ. *An i offence* વડીજુરીના ઠરાવ ઉપરથી મૂકવા લાયક અપરાધ.

Indictment, (ઇન્ડાઇટ્મેન્ટ્) *n.* The act of indicting: તોહોમત મુકવું તે; તોહોમત 2. A written accusation preferred to a court by a grand jury: તોહોમતનામું; દોષારોપ-પત્ર.

Indifference, (ઇન્ડિફ્રન્સ) *n.* Insignificance : બીનજરૂરી; બીનઅગત્ય; લઘુત્વ. 2. Passableness; mediocrity: સામાન્યતા; મધ્યમતા; ઉદાસીનતા; વૈરાગ્ય; સમતા. 3. Impartiality: સરખી નજર; સમભાવ: અપક્ષપાત; અસંગ; સમાનદૃષ્ટિ; સમદૃષ્ટિ: તટસ્થતા. 4. Unconcernedness: બેપરવાઇ; બેદરકારી: અનાસ્થા-અનુત્સાહ; અનુત્કંઠા; અનિચ્છા: આળસ; અનાદર; અસ્પૃહા; નિસ્પૃહતા; ઉપેક્ષા; પ્રમાદ.

Indifferent, (ઇન્ડિફ્રન્ટ્) *a* Without significance or importance: બીન અગત્યનું; સમાન; સરખું; સામાન્ય; મધ્યમ; તફાવત વગરનું. 2. Passable: સામાન્ય; મધ્યમ; કામ ચલાઉ. 3. Impartial; neutral: મધ્યસ્થ; ઉદાસીન; સમચિત્ત નિસ્પૃહ; તટસ્થ. 4. Unconcerned; inattentive; heedless: બેકીકરે; બેપરવા; બેતમા; નિરુત્સાહ; નિસ્પૃહ; નિરાશ 5 Impartial; disinterested: સરખી નજરનું; અનાસ્થાનું; અપક્ષપાતી; સમભાવવાળું; નિઃસંગ; નિઃસ્પૃહ. *adv.* To a moderate degree; tolerably: બેતમાથી; બેદરકારીથી; કીકારીક

Indifferently, (ઇન્ડિફ્રન્ટ્લિ) *adv.* Tolerably; impartially: બેતમાથી; બેપરવાથી; જોમતેમ; નિષ્પક્ષપાતિપણે.

Indigence, (ઇન્ડિજન્સ) *n.* Penury; poverty: ગરીબાઇ: કંગાળપણું; દલદર; કંગાલીયેત; નિર્ધનતા; દુર્ગતિ.

Indigenous, (ઇન્ડિજેનસ્) *a.* [L. *in & gigno,* I beget.] Born or originating in, as in a place or country: ગામઠી; દેશી; મુલકી; દેશીય; તળબદું; દેશોત્પન્ન 2. Native; not exotic: સ્વભાવજન્ય; પોતાની મેળે ઉગતું. 3. Native; inherent; innate: સહજ; સ્વભાવિક.

Indigent, (ઇન્ડિજન્ટ્) *a.* [L. *in & egeo,* I need.] Needy; poor: ગરીબ; કંગાલ; દરિદ્ર; અનુપપન્ન; દીન; અધમ; મુફલેસ.

Indigestible, (ઇન્ડિજેસ્ટિબલ્) *a.* Not digestible: ન પચે એવું; જડ; અજીર્ણકારક; દુર્જર; હજમ ન થાય એવું. 2. Not to be borne patiently: સાંખી ન શકાય-સહેવાય-જરવાય નહિ એવું.

Indigestion, (ઇન્ડિજેસ્ચન્) *n* Want of due digestion; dyspepsia: અજીર્ણ; બદહજમી; અપચો; મંદાગ્નિ; અજીર્ણતા; બાદી.

Indignant, (ઇન્ડિગ્નન્ટ્) *a.* [L *in & dignus,* worthy.] Wrathful; passionate; irate: ગુસ્સે થયેલું; ક્રોધાયમાન.

Indignation, (ઇન્ડિગ્નેશન્) *n.* Anger mingled with contempt or disgust ક્રોધ; રોષ; કોપ; સંતાપ; ગુસ્સો 2. Punishment: સજા, શિક્ષા.

Indignity (ઇન્ડિગ્નિટિ) *n.* Incivility or injury, accompanied with insult: અપમાન; તિરસ્કાર; ફજેતી; અવજ્ઞા; અનાદર; ઉપેક્ષા; ધિક્કાર.

Indigo, (ઇન્ડિગો) *n.* A blue colouring matter: ગળી; ગુળી *a* Having an indigo color: ગળીના રંગનું-ગળીયેલ.

Indirect, (ઇન્ડિરેક્ટ્) *a.* Not direct; not straight or rectilinear: ફેરવાળું; ફેરાવો પડે એવું; આડું; વાંકું; આડકતરું. 2. By remote means: અવળું; પરોક્ષ; વાકું; આડકતરું. 3. Unfair; dishonest: અપ્રમાણિક; કુટિલ; વક્ર; પરોક્ષ; ગેરરીતિનું. *An i. tax* : માલપર લેવાતો પરોક્ષ કર-જકાત-દાણ. *An i. demonstration:* અન્યદ્વારક સિદ્ધાંત.

Indirectly, (ઇન્ડિરેક્ટ્લિ) *adv.* Obliquely; unfairly: આડેઘતેથી; ગેરરસ્તે; પરોક્ષરીત્યે; અમાર્ગે; ગેરરીત્યે.

Indirectness, (ઇન્ડિરેક્ટનેસ) *n.* Dishonest practices: આડો રસ્તો-ઉપાય.

Indiscernible, (ઇન્ડિસ્સર્નિબલ્) *a.* [L. *in, dis & cerno,* I separate.] Imperceptible: દેખાય નહિ એવું; અદૃશ્ય; ઇંદ્રિયાગોચર; અસ્પષ્ટ; અલક્ષ્ય; અતિસૂક્ષ્મ; અપ્રત્યક્ષ; અવ્યક્ત.

Indiscreet, (ઇન્ડિસ્ક્રીટ્) *a.* Imprudent; inconsiderate: કમઅક્કલ; મૂર્ખ; અવિચારી; વિચારશૂન્ય-રહિત; અવિવેકી; અવિચક્ષણ; અદૂરદર્શી.

Indiscreetly, (ઇન્ડિસ્ક્રીટ્લિ) *adv.* Inconsiderately: અવિચારથી; વગર વિચારે.

Indiscretion, (ઇન્ડિસ્ક્રેશન્) *n.* Want of discretion; imprudence: અવિચાર; પ્રમાદ; અનપેક્ષા; અવિવેક; ઉછાંછળાપણું.

Indiscriminate, (ઇન્ડિસ્ક્રિમિનેટ્) *a.* Undistinguishing; confused: અવિચારી; ભેદ સમજ્યા વગર કરેલું; ભેદ રાખ્યા વગરનું.

Indiscrimination, (ઇન્ડિસ્ક્રિમિનેશન્) *n* Want of discrimination or distinction: અવિવેક; અવિચાર; અવિચારણા; અવિજ્ઞાન.

Indispensable, (ઇન્ડિસ્પેન્સેબલ્) *a.* Impossible to be remitted, omitted or spared; absolutely necessary: જે વગર ચાલે નહિ એવું; અગત્યનું; આવશ્યક; જરૂરી.

Indispensably, (ઇન્ડિસ્પેન્સેબ્લિ) *adv* Necessarily: ન ચાલે તેમ; જરૂર.

Indispose, (ઇન્ડિસ્પોઝ્) *vt.* To render unfit or unsuited: નાલાયક કરવું. 2. To make somewhat ill: કસરાવવું; અસ્વસ્થ કરવું; તબિયત નરમ કરવી; ને બેકરાર હોવો. 3. To disincline: નું મન ફેરવવું; ઉપરથી મન ઉડી જવું; પરાઙ્મુખ-વિમુખ કરવું; ઉલટાવવું. 4. To make unfavourable : પસંદ

ન પડે એવું કરવું;બનાવવું; માફક ન આવે એવું કરવું.

Indisposed,(ઇન્ડિસ્પોઝડ્)*a.* Sick; ill: અસ્વસ્થ;આનરી;માંદુ; બિમાર;બેકરારવાળું.2.*Unwilling*:નાખુશ;નારાજ.

Indisposition,(ઈન્ડિસ્પોઝિશન્)*n.* The condition of wanting affinity : સરખાપણું-મળતાપણું ન હોવું તે.2.Tendency to disease: વિકાર; માંદગી;કસર.3. Aversion; unwillingness:અપ્રીતિ; અનિચ્છા; કંટાળો; નિરુત્સાહ; અનુત્કંઠા; ગેરખુશી; અરુચિ; અસ્પૃહા;વિમુખતા;પ્રતિકૂળતા.

Indisputable (ઇન્ડિસ્પ્યૂટેબ્લ્) *a.* બિનતકરારી;નિર્વિવાદ;વાંધા વગરનું

Indissoluble,(ઇન્ડિસ્સૉલ્યુબલ્)*a.* Not capable of being dissolved, melted or liquified: પીગળે ઓગળે નહિ તેવું;દૃઢ;મક્કમ; અદ્રાવ્ય; અગળ. 2. Firm;stable:નક્કર; અભંગ;દૃઢ; સુદૃઢ; વજ્ર;અભેદ્ય.

Indissolvable, (ઇન્ડિસ્સૉલ્વેબ્લ્) Indissoluble:ન્હું પાડી શકાય નહિ તેવું;અખંડનીય;અભેદ્ય.

Indistinct,(ઇન્ડિસ્ટિન્કટ્) *a.* Not distinct or distinguishable: અભિન્ન;ઓળખાય નહિ તેવું. 2. Obscure;imperfect; faint;અસ્પષ્ટ; બરાબર સમજાય નહિ તેવું; અવ્યક્ત; ઝાંખું;અપ્રત્યક્ષ

Indistinctness, (ઇન્ડિસ્ટિન્કટ્નેસ્)*n* Confusion; uncertainty: અસ્પષ્ટતા; અવ્યક્તતા; અવ્યક્તિ;ગોટાળો. 2 Faintness;dimness:ઝાંખાશ.

Indistinguishable,(ઇન્ડિસ્ટિન્ગ્વિશેબ્લ્)*a.*Unable to be distinguished or separated:ઓળખાય-પરખાય નહિ તેવું;અભિન્ન;અપરિચ્છેદ્ય.

Indite,(ઇન્ડાઇટ્)*vt.*[L.*in* & *dico*, I proclaim.] To dictate what is to be uttered or written: જે કહેવાનું હોય તે જણાવવું; બોલીને લખાવવું.2.To compose; to write: બનાવવું;રચવું;બાંધવું;કરવું;બોલીને લખાવવું.

Inditement,(ઇન્ડાઇટ્મેન્ટ્)*n* The act of inditing : રચવું-બનાવવું તે; મોઢેથી બોલીને લખાવવું તે.

Individual,(ઇન્ડિવિડ્યૂઅલ્)*a.* [L. *in*&*divido*, I divide.] Single; one:જેનો ભાગ ના થઈ શકે એવું; આખું;એક;વ્યક્તિગત.2. Pertaining to only one: ફક્ત એકનેજ લગતું *n.* A human being; a person : મનુષ્ય જાત;જણ;વ્યક્તિ;આસામી; માણસ.

Individualism,(ઇન્ડિવિડ્યૂઅલિઝમ્)*n.*Individuality: એકત્વ; પ્રત્યેકતા.2. Self-interest; selfishness: પોતાની જનતો ફાયદો;એકલપેટાપણું.

Individuality,(ઇન્ડિવિડ્યૂઅલિટિ) *n.*The state of oneness: એકત્વ; પૃથકતા;વ્યક્તિતા. 2. A distinctive character: વ્યક્તિ; ખાસ લક્ષણ ગુણ; વ્યક્ત પુરુષનાં વિશેષ લક્ષણ; વ્યક્ત પૌરુષ;ઓર લક્ષણવાળો પુરુષ.

Individually(ઇન્ડિવિડ્યૂઅલ્લિ)*adv.* To the exclusion of others;separately;by itself:એકએક; પ્રત્યેક; આસામીવાર;પૃથક્ પૃથક્.

Indivisible,(ઇન્ડિવિઝિબલ્)*a.*Not divisible; not separable into part: જેના ભાગ થાય નહિ એવું; અવિભાજ્ય; અભેદ્ય 2. Not capable of exact division: બરોબર ભાગ ન થઇ શકે તેવું.

Indocile,(ઇન્ડોસાઇલ્) *a.* Dull in intellect; unteachable: ન શિખે એવું;અશિક્ષ્ય શિક્ષણીય;સ્વચ્છંદી;અદામ્ય

Indoctrinate,(ઇન્ડૉક્ટ્રિનેટ્)*vt.*[L. *in* & *doctrina*, doctrine.] To furnish the doctrines or principles of:મૂળતત્વ શિખવવા;ઉપદેશ કરવો.

Indolence,(ઇન્ડોલેન્સ્)*n.*Exemption from distress or toil:પેહેનત દુઃખમાંથી મુક્તતા 2.Indisposition; sloth;inactivity:આળસ; સુસ્તી;અવ્યવસાય; નિરુદ્યમ; મંદતા;કાર્યવિમુખતા

Indolent,(ઇન્ડોલેન્ટ્)*a.* [L. *in* & *doleo*, I feel pain.] Exempt from trouble: દુઃખ-સંકટથી મુક્ત. 2 Lazy;inactive: આળસુ;સુસ્ત; એદી; નિરુદ્યમી;જડ;નિરુત્સાહ;કાર્યવિમુખ.

Indolently,(ઇન્ડોલેન્ટ્લિ)*adv.*Lazily.સુસ્તીથી;આલસ્યપૂર્વક.

Indomitable,(ઇન્ડોમિટેબલ્)*a.*[L. *in*&*domo*, I tame.] Untamable: invincible. વશ ન થાય તેવું; અજીત.

Indoor,(ઈન્ડોર્)*a.* Done within doors;domestic: ઘરની અંદર કરેલું; ઘરગત.I *relief* : ગરીબાશ્રમમા રાખી દુઃખનિવારણ કરવું તે.

Indorse-Endorse,(ઇન્ડૉર્સ્-એન્ડૉર્સ્)*vt.* [L. *in* & *dorsum*, the back.] To put on the back of: પીઠ ઉપર મુકવું. 2. To write upon the back of a letter: ની પાછળ લખવું;શેરો કરવો. 3. To guarantee the fulfilment of : કરી આપવાની જમિનગીરી આપવી. 4. To sanction; to support : અનુમોદન આપવું; ટેકો આપવો;માન્ય કરવું; સ્વીકારવું; સીકારીને અપાવવું.

Indorsee,(ઈન્ડૉર્સી)*n.*The person to whom a bill is indorsed:જેના ઉપર હુંડી લખી હોય તે માણસ.

Indortsemen, (ઇન્ડૉર્સ્મેન્ટ્) *n.* The act of writing on the back of:ની પાછળ-પીઠ ઉપર લખવું તે; શેરો;સહી. 2. Sanction or support given:કબૂલાત;સ્વીકાર; અનુમોદન;ટેકો.

Indorser,(ઇન્ડૉર્સર્)*n.*The person who indorses: શીકાર ધારનાર-કરનાર;હુંડી વગેરેની પાછળ સહી કરનાર.

Indubitable (ઇન્ડ્યુબિટેબ્લ્) *a* [L. *in* & *dubito*,I doubt.] A thing not admitting of doubt: ખચિત; નક્કી;નિઃસંદેહ;નિઃસંશય;નિશ્ચયાત્મક.

Indubitably,(ઇન્ડ્યુબિટેબ્લિ)*adv.* Undoubtedly: ખરેખર;બેશક

Induce,(ઇન્ય્યૂસ્)*vt* [L.*in* & *duco*, I lead.] To introduce: દોરી લઇ જવું; દાખલ કરવું.2. To prevail on; to incite:લલચાવવું; ઉશ્કેરવું; સમજાવવું; આકર્ષવું; પ્રેરવું.3.To effect; to cause:ઉત્પન્ન કરવું;-થી આવવું;થવું. 4. To conclude as an inference: બધી બાબતો ઉપરથી અનુમાન કાઢવું.

Inducement,(ઇન્ડ્યૂસ્મેન્ટ્) *n. n* Reason;a motive: લાલચ;ઉત્તેજન; પ્રયોજન.2.*A* leading to :સબબ,કારણ;હેતુ;નિમિત્ત;મતલબ.

Inducible,(ઇન્ડ્યૂસિબલ્)*a* Capable of being induced : લલચાવા જેવું; લલચાય એવું; લાલચુ.2. Derivable; inferable: અનુમાન કાઢવા જેગ.

Induct,(ઈન્ડક્ટ્)*vt.* To bring in; to introduce:દાખલ કરવું.2. To introduce:વિધિપૂર્વક સ્થાપવું; અધિકારપદ્વી ઉપર બેસાડવું.

Inductile,(ઇન્ડક્ટાઇલ્)*a.*Not ductile:કઠણ;તાર ન ખેંચાય તેવું.

Inductilty,(ઈન્ડક્ટિલિટિ) *n* The quality of being inductile: અવળકણપણું; તાર ન ખેંચાય એવો ગુણ.

Induction,(ઇન્દક્શન્)*n.*Entrance; commencement: શરૂઆત; પ્રારંભ; ઉપક્રમ.2 An introduction:સાધારણ વાતનો નિશ્ચય કરવા સારૂ વિશેષ વાતનો પેહેલો વિચાર કરવો તે; અનુમાન 3.The act of reasoning from a part to a whole:વિશેષ વાત ઉપરથી સાધારણ વાતનું અનુમાન 4. The introduction of a clergyman into a benifice : અધિકાર-પદવિપર સ્થાપના;સંસ્કારપૂર્વક સ્થાપના; યથાવિધિ સ્થાપના 5 *A* conclusion drawn from a process of induction: અનુમાન;સિદ્ધાંત.

Inductive (ઇન્ડક્ટિવ્)*a. Persuasive* tempting:સમજાવતું;લલચાવતું. 2.Tending to induce or cause: પ્રવર્તક.3.Leading to inferences: અનુમાનિક; વિશેષ વાત ઉપરથી સાધારણ વાત તારવી કાઢનાર.4.Operating

by induction:અનુમાનજન્ય.

Indue, (ઇન્ડ્યૂ)*vt.* To put on; to draw on: પહેરવું; ધારણ કર. 2. To invest;to endow: આપવું; દેવું.

Indulge, (ઇન્ડલ્જ્) *vt.* [L. *in & dulcis*,sweet.](*a*) To give way to;not oppose or restrain: અટકાવવું નહિ;પૂરું પાડવું;મના ન કરવી; રોકવું નહિ; તૃપ્ત કરવું. (*b*) To give free course to;to give oneself up to: રન-છૂટ આપવી;-માં પરાયણ-ગ્રસ્ત થવું.2.To grant as by favor: મહેરબાની દાખલ આપવું;અનુગ્રહ કર. 3.To humour;to gratify in general: લાડ લડાવવા;ખુશ કરવું.*vi.*To gratify one's desire: ઇચ્છા-કામના તૃપ્ત-સંપૂર્ણ કર;ઇચ્છા મુજબ વર્તવું.

Indulgence(ઇન્ડલ્જેન્સ્)*n*Forbearance of restraint or control: અનિયમ;અસંયમ; અનિગ્રહ; આસક્તિ; છૂટ; લાલન; લાડકોડ;લાડ.2 Favour granted;gratification:મહેરબાની; કૃપા;અનુગ્રહ;બક્ષીસ; પ્રસાર.3. Absolution from sin: પાપમાંથી મુક્તિ.

Indulgent,(ઇન્ડલ્જેન્ટ્)*a.*Compliant;humorous;mild; favorable; not severe:લાડ લડાવનાર; કોડ પૂરા પાડનાર;માયાળુ; ક્ષમાશીલ;પ્રેમી;દયાળુ.

Indurate,(ઇન્ડ્યૂરેટ્) *vi.* [L. *in & durus*,hard.]To grow hard:કઠણ થવું *vt.*To make hard: કઠણ કરવું. 2.To make unfeeling: નું મન કઠણ કરવું;નિર્દય કરવું;વજ્ર હૈયાનું કર. *a.* Hardened;not soft:કઠણ કરેલું. 2. Unfeeling:કઠોર;નિર્દય; ક્રૂર.

Induration,(ઇન્ડ્યૂરેશન્) *n.* The act of hardening:કઠણ કરવું તે. 2. The state of being hard: કઠણ થવું તે; ઘનતા;કાઠિન્ય;કઠણાશ.3 Obduracy;stiffness: કઠોરતા;નિર્દયતા;છાતીની કઠોરતા.

Indus(ઇન્ડસ્)*n*The river Sindhu: સિંધુ નદી;અટક.

Industrial(ઇન્ડસ્ટ્રિઅલ્)*a*Pertaining to the arts & product of industry: હુન્નર-કારીગરી-કળા સંબંધી-વિષયક 2. Concerning those employed in manual labour and their wages: મજુરો તેમજ તેમના રોજ-પગાર સંબંધી.

Industrious,(ઇન્ડસ્ટ્રિઅસ્)*a.* [L. *in & struo*,I fabricate.]Characterized by diligence;assiduous કામ-અભ્યાસમાં ઉદ્યોગી-મહેનતુ-પરિશ્રમી;ઉદ્યોગશીલ-પરાયણ.

Industriously(ઇન્ડસ્ટ્રિઅસ્લિ)*adv.* With habitual diligence:હમેશના અભ્યાસ-મહેનતથી; ઉદ્યોગપૂર્વક;પરિશ્રમપૂર્વક.2.Diligently;with care: ઉદ્યમથી;સંભાળથી;પાછળ પડીને.

Industry,(ઇન્ડસ્ટ્રિ)*n.*Steady attention to business;assiduity: labor;laboriousness:ઉદ્યોગ;મહેનત;પરિશ્રમ;ઉદ્યમ; અભ્યાસ; કાર્ય પ્રવૃત્તિ; વ્યવસાય.2.Any department or branch of arts: હુન્નર;કારીગરી.

Inebriate, (ઇનઇબ્રિએટ્)*vt.*[L.*in & ebrio*, I make drunk.] To intoxicate: નિશો ચઢાવવો;છાકટું-કેફી કરવું.2.To stupefy:બેશુદ્ધ-બેભાન કર. *vi.* To become intoxicated: છાકટા બની જવું.*a.* Drunk; intoxicated:પીયેલ;કેફી;ઉન્મત્ત; છાકટું.*n.* A habitual drunkard:દારૂડીઓ;દારૂબાજ.

Inebriation Inebriety,(ઇનઇબ્રિએશન્-ઈનઇબ્રાઇટિ)*n* Drunkenness: કેફ-ઉન્માદ;છાકટાપણું;મદ; અમલ.

Inedited,(ઇનએડિટેડ્)*a. U*npublished: પ્રસિદ્ધ નહિ કરેલું;વગર છાપેલું;અપ્રસિદ્ધ.

Ineffable,(ઇનએફ્ફેબલ્)*a.*[L.*in & fari*, I speak.] Unspeakable; unutterable: કહેવાય-વર્ણવાય નહિ એવું;અવર્ણનીય; અવાચ્ય; અનિવેચનીય;અકથનીય;અવર્ણ્ય;શબ્દાતીત.

Ineffaceable, (ઇનએફ્ફેસેબલ્) *a.* Incapable of being effaced:ભુસાય નહિ-ચહેરાય નહિ તેવું.

Ineffective Ineffectual, Inefficatious,(ઇનએફ્ફેક્ટિવ્,ઇનએફ્ફેક્ટ્યૂએલ્, ઇનએફ્ફિકેશસ્) *a.* Inefficient;useless;weak: નિરૂપયોગી; વ્યર્થ નિષ્ફળ;નિરર્થક; નિર્બલ; અસમર્થ; નિષ્પ્રભાવ;અગુણકારી.

Inefficacy,Inefficiency,(ઇનએફ્ફિકેસિ-ઇનએફ્ફિશેન્સિ)*n.* Inefficiency;failure of effect:નિરૂપયોગ;અપ્રભાવ;અશક્તિ; અસામર્થ્ય; શક્તિહીનતા;વ્યર્થતા; ગુણરહિતપણું; અસાધકપણું.

Inefficient, (ઇનએફ્ફિશેન્ટ્) *a.* Inefficatious;incompetent;વ્યર્થ નિરૂપયોગી;અયોગ્ય;અકાર્યસાધક; અસાધક;અકારજ; અકારક; ધારેલું કામ પાર પાડવાને અશક્ત;કામ ન કરી શકે એવું.

Inelegance, (ઇનએલીગેન્સ્) *n.* Want of beauty,polish or ornament:અસુંદરતા; બેડોળપણું; અલાવણ્યતા;અશોભા;વિશોભા;અચારુતા.

Inelegant,(ઇનએલીગેન્ટ્)*a.* Deficient in beauty, polish, ornament,&c.:અશોભિત;બેડોળ; શોભારહિત;બેઢબ;અશોભ ત.

Ineligibility,(ઇનએલિજીબિલિટિ)*n.* Incapacity of being elected; ચૂંટી કઢાવવાને નાલાયકી-અયોગ્યતા.

Ineligible,(ઇનએલિજીબલ્)*a.* Not worthy to be chosen;not expedient:પસંદ નહિ કરાય એવું; અયોગ્ય; નાલાયક.

Inept.(ઇનેપ્ટ્)*a.*[L. *in & aptus*, apt.]Unfit;unsuitable: અયોગ્ય; અનુચિત;નાલાયક.2.Foolish; silly: મૂર્ખ;બેવકૂફ.અણઘડ.

Inequality(ઇનઈક્વૉલિટિ)*n.*Diversity: ભિન્નતા;ફેર;તફાવત;ભેદ;અસમતા; અસમાનતા; વિષમતા 2. Unevenness;want of levelness: ઉંચાનિચાપણું;ખરબચડાપણું 3. Inadequacy;incompetency:અસમતા;અપૂર્ણતા;અયોગ્યતા.4. Variableness; inconstancy; unsteadiness: અસ્થિરતા; અદૃઢતા.

Inequitable, (ઇનઇક્વિટેબલ્) *a.* Not equitable;unjust: અન્યાયી; ગેરવાજબી;અપ્રામાણિક;અયથાર્થ.

Inert, (ઇનર્ટ્)*a.*[L *in& ars*,art.] Destitute of motion: જડ;શિથિલ; અચેતન 2. Dull; sluggish:સુસ્ત;જડ; મંદ બુદ્ધિનું. 3. Powerless for an effect:અસર નહિ કરે એવું;ચેષ્ટાહીન.

Inertia,(ઇનર્શિઅ)*n.*That property of matter by which it tends when at rest to remain so and when in motion to continue in motion:જડતા; જડય; જડત્વ. 3 Inertness;indisposition to move: અચેષ્ટા;અચેતનતા.4. Sluggishness: અચેતનતા;જડતા;જડપણું.

Inertness,(ઇનર્ટનેસ્)*n.* Want of activity:આળસ;સુસ્તી; મંદતા; અચેષ્ટા;જડતા; અચેતનતા.2 Absence of self motion: શિથિલતા.

Inesculent(ઇનએસ્કયૂલેન્ટ્)*a.*Unfit to be eaten:અખાદ્ય;અભોજ્ય,અભક્ષ્ય.

Inestimable, (ઇનએસ્ટિમેબલ્) *a.* Incapable of being estimated or computed; above all price: ગણાય નહિ એટલું; અસંખ્ય; અમૂલ્ય; બેકિમતી;અમોલ;અત્યુત્કૃષ્ટ.

Inevitable, (ઇનએવિટેબલ્)*a.*[L. *in,e* and *vito*,I shun]Unavoidable:ટળાય-દૂર કરાય નહિ તેવું; આવશ્યક;અનિવાર્ય;અટળ.

Inexact,(ઇનએગ્ઝૅક્ટ્)*a.* Not precisely correct.ભૂલ ભરેલું;બીનચોકસ; બરાબર નહિ એવું.

Inexactness(ઇનએગ્ઝૅક્ટ્નેસ્)*n.* Incorrectness:ના દુરસ્તી;બીનચોકસી.

Inexcusable, (ઇનએક્સ્કયૂઝેબલ્)*a.* Not admitting excuse or justification: માફ કરવાને-થવાને અયોગ્ય; અક્ષમ્ય;નિરુત્તર.

Inexertion,(ઇનએગ્ઝર્શન્)*n.*Want

of effort;defect of action:પેહેનત ન કરવી તે;અપરિશ્રમ;આળસ;સુસ્તી.

Inexhausted,(ઇન્એગ્ઝૅ હૉસ્ટેડ) *a.* Not emptied; not spent: ખાલી નહિ થયેલું;નહિ થાકેલું

Inexhaustible, (ઇન્એગ્ઝૉસ્ટિબલ) *a.*[L.*in,ex* & *haurio*, I draw.] Unfailing:અખૂટ; બેસુમાર; અપાર; અનંત;અથાગ.

Inexistent,(ઇન્એગ્ઝિસ્ટેન્ટ) Not having being: હયાતીમાં ન હોય તેવું; અસત; અવિદ્યમાન. 2. Existing in something else: બીજમાં હયાત હોય તેવું;અવર્તમાન:અપ્રસિદ્ધ.

Inexorable,(ઇન્એક્સૉરેબલ)*a.*[L *oro*,I speak.] Unyielding; inflexible;implacable:કઠણ; વજ્ર હૈયાનું;નિર્દય; કઠોર; પાષાણ હૃદયી; હઠે ડગે નહિ એવું.

Inexpedience-cy,(ઇન્એક્સપીડિએન્સ-ન્સિ) *n.* Want of fitness; impropriety: અયોગ્યતા; અનુચિતતા; બેસુમારાસબપણું અનૌચિત્ય; અકર્તવ્યતા;નાલાયકી.

Inexpedient,(ઇન્એક્સ્પીડિએન્ટ્) *a.*Unfit;improper: injudicious: અયોગ્ય;અનુચિત; અકાર્ય; બેસુમારાસબ; નાલાયક.

Inexperience,(ઇન્એક્સપીરિએન્સ્) *n.*[L.*in* & *experior*,I try.] Absence of experience or experimental knowledge: અજાણપણું; બીનવાકેફગારી;ગેરમાહિતી;બીન અનુભવ;કચાશ;અપ્રવીણતા;અનુભવ.

Inexperienced, (ઇન્એક્સપીરિએન્સ્ડ)*a.*Not having experience; unskilled:અજાણ;અનુભવ વગરનું;બીનઅનુભવી;ગેરમાહિત;હેઠ્ઠું;કાચું.

Inexpert,(ઇન્એક્સપર્ટ્)*a* Not skilled;destitute of knowledge: અનાડી;અકુશળ;અણકસબી: અચતુર; અડાણી.

Inexpiable,(ઇન્એક્સપિએબ્લ્) *a.* Admitting of no atonement or satisfaction:અક્ષમ્ય;જેનું પ્રાયશ્ચિત નથી એવું; પ્રાયશ્ચિતથી ધોવાય-ટળે વારણ થઈ શકે નહિ એવું. 2. Implacable;relentless: દૃઢ;કઠણ;હઠ્ઠડતું; જબરૂ.

Inexplicable,(ઇન્એક્સ્પ્લિકેબલ્) *a.*Not explainable: સમજાવાય નહિ એવું;ગૂઢ;ગહન;દુર્ભેદ્ય;દુર્ગમ

Inexpressible, (ઇન્એક્સપ્રેસિબલ્) *a.*Unspeakable:અકથનીય; અકથ્ય; અનિર્વચનીય; અનિવેદનીય.

Inexpressive, (ઇન્એક્સપ્રેસિવ્)*a* Dull;unintelligent.જડ;સુસ્ત;બધુચક જેવું;નિસ્તેજ;અદશેક; અસૂચક.

Inextricable,(ઇન્એક્સટ્રિકેબલ્)*a.* Not capable of being united or disentangled: ગુંચવણમાંથી કઢાય નહિ એવું;અમોચનીય;દુસ્તર. I *confusion*: જે ગુચવણનો છેડો નિકળે નહીં તે.

Ineye,(ઇન્આઇ)*vt.* To inoculate as a tree or plant by the insertion of a bud: કલમ કરવી;એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાડવી.

Infallibility, (ઇન્ફૅલિબિલિટિ) *n.* Inerrability અચૂકપાનું; સંદેહ ન હોવો તે;અભ્રાંતિત્વ; અભ્રાંતિ; નિર્ભ્રાન્તપણું.

Infallible,(ઇન્ફૅલિબલ્)*a.* Unerring; nerrable: ભૂલ વગરનું; અવ્યર્થ; નિશ્ચિત;નિર્ભ્રાંત.2. Certain: નિશ્ચિત; અસ્ખલનશીલ;સચોટ.

Infallibly, (ઇન્ફૅલિબ્લિ)*adv.*Certainly;unfailably: ખચીતજ; નક્કી; અચૂક;નિશ્ચે;નિઃસંદેહ; નિઃસંશય. *In certain*: ખચીતજ

Infamous,(ઇન્ફૅમસ્)*a.* [L. *in* & *fama*,fame.]Odious; shameful; base:બદનામીવાળું: ફજેત થયેલું; બેઆબરૂનું;અપકીર્તિ ભરેલું;બદનામ-અપયશકર; અપકીર્તિકાર;અતિદુષ્ટ; નિંદ્ય; લાજવા જેવું ૨.Branded with infamy:ડામીસ. 3. Deserving detestation:અતિનિંદ્ય; અતિ તિરસ્કારપાત્ર.4.Unlucky; perilous-dangerous:ધાસ્તી-જોખમ ભરેલું;ઘોર;કુકર્મી.

Infamy,(ઇન્ફૅમિ)*n* Loss of reputation; public disgrace: અપકીર્તિ; અપજશ;અપ્રતિષ્ઠા;બદનામ; કલંક; બેઆબરૂ;બદનક્ષી;બેઇજ્જત.

Infancy,(ઇન્ફૅન્સિ) *n.* The first part of life: બાલ્યાવસ્થા;બાળપણ; બચપણ;અજ્ઞાનપણ; કાચીવય; સગીરપણું. 2.The first age of anything: આરંભ;શરૂઆત.3. Nonage:minority:પુરી ઉમ્મર ન હોવી તે;સગીરપણું.

Infant,(ઇન્ફૅન્ટ્)*n.*[L.*in* & *fari*, to speak.] A child; a young babe:બાળક;છોકરૂં;બચ્ચું 2.A person not of full age; a minor: સગીર; કાચી વયનું માણસ. *a* Tender; not mature:કાચું ;અપરિપક્વ.

Infanticide,(ઇન્ફૅન્ટિ-સાઇડ્)*n.*[L. *in fari*,and *cædo*,I kill] Murder of a newly born child;child murder:તરતજ જન્મેલા બાળનું ખૂન; બાળહત્યા.2 A slayer of infants: બાળકોને મારનાર;ખૂની;હત્યારો.

Infantile,(ઇન્ફૅન્ટાઇલ્)*a.*Pertaining to the first period of life: બાળદશાનું;બચગીનું;બચપણનું.

Infantine,(ઇન્ફૅન્ટાઇન્)*a.*Pertaining to infants or young children:બાળક સરખું;બાળકનું;છોકરવાદીનું.

Infantry,(ઇન્ફૅન્ટ્રિ)*n* A body of children: છોકરાનો જથો-સંખ્યા. 2. Foot-soldiers:પાયદળ;પગે ચાલનારૂં લશ્કર;પેદળ;શીરબંધી

Infatuate,(ઇન્ફૅચ્યુએટ્)*vt.*[L.*in* & *fatuus*,foolish.] To make foolish:બુદ્ધિહીન કરવું;ગાંડુ ઘેલું કરવું; મસ્તઉન્મત કરવું.2. To inspire with a foolish & extravagant passion: બેકી લત-ફંદમા નાંખવું;મોહિત કરવું.*To be or become infatuated with*: મોહિત થવું;મોહ પામવું.

Infatuation, (ઇન્ફૅચ્યુએશન) *n.* ઘેલા-ગાંડાપણ;ઉન્મતપણું ; મૂર્ખાઇ. 2. The state of being infatuated; folly: મોહ;જડતા;મૂર્ખતા;મૂઢતા.

Infeasible, (ઇન્ફીસિબ્લ્) *a.* Impracticable:અશક્ય;ન થઈ શકે તેવું.

Infect,(ઇન્ફેક્ટ્)*vt.*[L.*in* & *facio*, I make.] To taint with pestilential or noxious effluvium tending to produce a disease: ચેપ લગાડવો;રોગી કરવું. 2. To taint with noxious matter:ખરાબ વસ્તુજ ભરવી-લગાડવી.3.To corrupt: બગાડવું;ખરાબ કરવું.

Infection,(ઇન્ફેક્શન્) *n.* A pervailing disease;an epidemic:ફેલાતો-પથરાતો રોગ; ચેપીરોગ.2.That which corrupts morally:સોબતની અસર;સંગતિ-સંસર્ગ દોષ.3 Contamination:આમડછેટ;વટાળ.4. Influence:સત્તા;જોર.

Infectious, (ઇન્ફેક્શસ્) *a.* Pestilential:રોડવું;ચેપી.2 Corrupting; vitiating: સોબતાઈથી બીજાને લાગે એવું; દેખાદેખી જલદી થાય એવું. જલદીથી ફેલાય-પ્રસરાય એવું.

Infecund(ઇન્ફેકન્ડ્)*a.*Not producing young;barren:વાંઝીયું;અફળવાન

Infecundity,(ઇન્ફેકન્ડિટિ)*n.* Unfruitfulness; barrenness: વાંઝીઆપણું;અફળતા;વંધ્યત્વ.

Infelicity,(ઇન્ફીલિસિટિ) *n.* Unhappiness;misery:કમનશીબ;દુઃખ. 2 Unfortunate state: કમ નશીબ-દુઃખી હાલત.

Infer, (ઇન્ફર્) *vt.* [L.*in* & *fero*, I bring]To bring on;to induce: લલચાવવું 2.To imply: અનુમાન તર્ક કરવો;અટકળ બાંધવી;સિદ્ધ કરવું. 3. To offer;to produce:આપવું;ઉત્પન્ન કરવું 4 To show;to prove: સાબિત કરવું.

Inferable, (ઇન્ફર્રેબલ્)*a.*Capable of being inferred or deduced from premises: ટકળ-અનુમાન કર-

વા જોગ;અનુમેય;તર્કસાધ્ય.

Inference,(ઇન્ફરેન્સ) *n.* The act of inferring:અનુમાન;તર્ક 2 A conclusion;a deduction:કયાસ;અટકળ.

Inferential, (ઈન્ફરેન્શિઅલ) *a.* Deduced or deducible by inference:અટકળે નક્કી કરેલું;અનુમાનસિદ્ધ.

Inferior, (ઇન્ફીરિઅર) *a.* [L. *inferus*,low.]Lower in place,rank, excellence, or value; subordinate:નીચેનું; ઉતરતા દરજ્જાનું; હાથનીચેનું;નીચું;હીન; ગૌણ; પ્રધાન; અમુખ્ય. 2. (*a*) Between the earth and the sun:પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું. (*b*) Below the horizon : દૃષ્ટિમર્યાદાની નીચે. 3. *Growing* below some other organ: કોઇ બીજા અવયવ નીચે ઉગતું-થતું; 4. Poor; mediocre: ઉતરતું;હલકું;નીચું;હીન; ગૌણ;અપ્રધાન; અમુખ્ય;ઉતરતું; ઓછી અગત્યનું. *n.* A person lower in state or rank than another: બીજા કરતા નાની પદવીવાળો માણસ.

Inferiority,(ઇન્ફીરિઑરિટિ) *n.* A lower state or condition:ઉતરતો દરજ્જો;નીચાપણું;ગૌણતા.

Infernal, (ઇન્ફર્નલ્) *a.* Pertaining to the lower regions: નીચલા-નીચેના પ્રદેશોને લગતું.2. Hellish; diabolical:નર્કવાસી;અતિદુષ્ટ; અઘોર; ઘાતકી;નિર્દય.*n.*An inhabitant of hell or of the lower regions:નર્કનો-નીચલા પ્રદેશનો રહેવાસી.

Infertile,(ઇન્ફરટાઇલ્)*a.*Unfruitful:barren:અફળદ્રુપ;અફળવંત;ઉજ્જડ.

Infest, (ઇન્ફેસ્ટ) *vt.*[L. *in&fendo*, I offend.]To disturb;to harass: ઘણા થઇને ઇજા-તસ્દી આપવી;દુઃખ દેવું; *a.*Hurtful;harassing: તસ્દી આપતું;દુઃખ દેતું.

Infestivity (ઇન્ફેસ્ટિવિટિ)*n.*Want of cheerfulness,or mirth: ગમગીની;નાખુશી;દુઃખીપણું.

Infidel,(ઇન્ફિડેલ્)*a.*[L.*in& fides*, faith.] *Unbelieving* : શાસ્ત્રનિંદક; નાસ્તિક.*n* (*a*) A heathen; a freethinker:કાફર;સ્વેચ્છ;મૂર્તિપૂજક;અશ્રદ્ધી.(*b*)A Mohammedan:મુસલમાન.

Infidelity,(ઇન્ફિડેલિટિ) *n* Want of faith or belief : બેઇમાની;અવિશ્વાસ;નાસ્તિકપણું. 2. Disbelief of the divine origin of Christianity: ખ્રીસ્ત શાસ્ત્ર-ધર્મપર અવિશ્વાસ. 3.A violation of the marriage covenant by adultery : અપાતિવ્રત્ય;જારકર્મ; છિનાળું. 4. Deceit; treachery:વિશ્વાસઘાત;દગો; કપટ;બેઇમાની

Infiltrate,(ઇન્ફિલ્ટ્રેટ)*vt.*To enter by penetrating the interstices of a substance:માં ઝમવું-પચવું ઉતરવું.

Infinite,(ઇન્ફિનિટ્)*a. Unlimited* in time or space : વખત-જગામાં બેહદ-અપાર; બેસુમાર; અસંખ્ય 2. Perfect;boundless.અખંડ:અનંત; સંપૂર્ણ;પૂર્ણ.3.Very great;extensive: ઘણું જ રહેતું; વિશાળ. *n.* Infinity: બેહદ-અપારપણું.

Infinitely,(ઇન્ફિનિટ્લિ)*adv.*Without bounds:અપાર-બેસુમારપણે.

Infinitesimal,(ઇન્ફિનિટેસિમલ્)*a.* Infinitely small : ઘણું જ રહેતું; અતિસૂક્ષ્મ.*n.* That which is less than any assignable quantity: મુકરર રકમ કરતાં ઓછી રકમ.

Infinitive,(ઇન્ફિનિટિવ્)*a* Unlimited;unrestricted:બેહદ;અપાર.I *mood*:સામાન્યરૂપ;નિશ્ચયાર્થ.

Infinitude, (ઇન્ફિનિટ્યૂડ) *n.* Infiniteness:અપારપણું; બેહદપણું. 2. Immensity; greatness : મોટાઇ; અનંતતા. 3. Boundless number: ગણાય નહિ એટલી મોટી રકમ.

Infinity,(ઇન્ફિનિટિ)*n* Boundlessness: અપાર બેહદપણું.2. *Unlimited* energy or excellence: ઘણો જ ઉત્સાહ;શ્રેષ્ઠતા; અપારશક્તિ.3. Great multitude: મોટી સંખ્યા; જથ્થો; સમૂહ *An i.of trouble*:અપારશ્રમ.

Infirm,(ઇન્ફર્મ્)*a* Weak;feeble:અશક્ત.દુબળું;ખમતીધર; નાતવાન. 2. Irresolute : મનનું અદૃઢ-અસ્થિર ચંચળ. 3. Not solid or stable : ડગમગતું; હાલીગયેલું.

Infirmary,(ઇન્ફર્મરિ)*n.*A hospital or place where the infirm or sick are lodged and nursed.રોગી-દરદીને રાખવાની જગા; રોગીશાળા.

Infirmity,(ઇન્ફર્મિટિ)*n.*The state of being infirm;a disease: અશક્તતા;રોગ.2.Weakness;foible;defect:અશક્તિ,ખોડ; ખામી;દોષ;ચુક.

Infix,(ઇન્ફિક્સ્)*vt* To fix by piercing or thrusting in:ખોસવું;ઘાલવું. 2.To set in; to implant or fix: જડવું; બેસાડવું; રોપવું; મનમાં ઠસાવવું-ઉતારવું.

Inflame,(ઇન્ફ્લેમ્) *vt.* [L. *in & flamma*, flame.] To kindle: સળગાવવું;ચેતવવું. 2. To excite to an unnatural action or heat: પ્રજ્વલિત કરવું. 3. To excite or increase (*passion*, &c.) જાગૃત કરવું; જોર-જોશમાં આણવું; વધારવું.4. To provoke;to irritate: ખીજવવું; ચીડવવું. 5. To produce morbid heat:લાલ ચોળ કરવું.6. To exaggerate વધારવું;વધારીને વર્ણવવું કેહેવું.

Inflammable(ઇન્ફ્લૅમ્મલ્)*a.*Easily e kindled;combustible:સહેજ સળગી ઉઠે એવું;જવાલા ગ્રાહી; શીઘ્રદાહી. 2 Exc table;irritable: ચીઢી જાય જરસે થઇ જાય એવું;દાઝી.

Inflammation, (ઇન્ફ્લૅમેશન્) *n.* The act of setting on fire:સળગાવવું તે.2.Redness & swelling attended with heat & pain: તણાટ;બેચારો;સોજો તે.3.Heat;passion: ઝુસ્સો;જોશ;ઉશ્કેરણી.

Inflammatory, (ઇન્ફ્લૅમેટોરિ) *a.* Tending to excite heat or inflammation:દાહક; આગ ઉઠાડે એવું. 2.Accompanied with the excitement of arterial action:દાહયુક્ત ભરેલું.3 Seditious:ગુસ્સોવધારે એવું; રીતર ભંડ ઉઠાવે એવું.

Inflate,(ઇન્ફ્લેટ્)*vt.*[L.*in & flo*, I blow] To blow into: પવનથી ફુલીને ફુલાવવું. 2. To swell;to puff up:પવનથી ફુલાવવું; ચઢાવવું. 3. To cause to be extended:હદ વધારાવવી વધારાવવું;ફેલાવરાવવું.

Inflation, (ઇન્ફ્લેશન્) *n.*The act of inflating;ફુંકીને ફુલાવવું તે.2.Distention:ફુલાવો; તસતસાટ. 3. Conceit:પતરાજ 4. Undue increase: ગેરવાજબી વધારો;આવનો અતિશય વધારો.

Inflect (ઇન્ફ્લેક્ટ્) *vt.* [*in & flecto*, I bend.]To bend; to turn from a direct line:વાળવું;વાંકુ કરવું;નમાવવું. 2.(*Gram*). To vary a noun in its terminations:વિભક્તિ લગાડવી; રૂપાખ્યાન કરવા. 3. To modulate, as the voice:સ્વર-ઉંચો નીચો કરવો.

Inflection, (ઇન્ફ્લેક્શન્) *n.* The act of inflecting: વાળવું તે. 2. A bend;a fold:વળ.3.A modulation of the voice:સ્વરભેદ.4 The variation of nouns,&c,and verbs by conjugation:વિભક્તિના રૂપાખ્યાન.

Inflexibility,(ઇન્ફ્લેક્સિબિલિટિ)*n.* Unyielding stiffness: ન મરડાય અવી સ્થિતિ.2 Steadfastness;resoluteness:અડગતા;દૃઢતા;નિશ્ચયપણું;અચલિતપણું;ટેક;આગ્રહ;બેહોસાજદ.

Inflexible,(ઇન્ફ્લેક્સિબલ્)*a.*Firm: મરડાય-વળાય નહિ એવું. 2. Firm in purpose;not to be changed:દૃઢ; આગ્રહી; નિર્ધારપર;ડગે નહિ એવું. 3. Unalterable:બદલાય નહિ એવું; જીદ્દી.

Inflict,(ઇન્ફ્લિક્ટ્)*vt.*[L.*in &fligo*, I strike.]To lay;to impose:બેસાડવી(સજા);દેવું;કરવું. *To i.a speech on an audience*: સભાને ભાષણ કરીને દુઃખ દેવું.

Infliction, (ઇન્ફ્લિક્શન્) *n.* The act of inflicting or imposing: દેવું તે;ભોગવાવવું તે 2.Punishment: દુઃખ;શિક્ષા;નસિયત.

Inflorescence, (ઇન્ફ્લોરેસેન્સ્) *n.* A flowering; the unfolding of blossoms:ફુલ ખીલવા આવવા તે. 2. The axis on which all the buds flower:જે દાંડી ઉપર ફુલની કળીઓ થાય છે તે.

Influence, (ઇન્ફ્લ્યૂએન્સ્) *n.*[L *in* & *fluo*,I flow.]A flowing in or upon;influx:અંદર વહેવું તે; અંતઃપ્રવાહ૪. Ability to move or effect:થતી અસર;અસર. *supposed* i. *of the planets:* ગ્રહભાવ-દશા 3. Power or authority arising from excellence of character, station, wealth and the like: વગ;વજન;વસીલો;ભારબોજ; ચલણ;લાગવગ; ઓળખાણ પિછાન.*vt.*To move; to persuade;to lead;to direct: અસર કરવી; સમજાવવું;થી અસર થવી મનવાળવું.*To exert one's* i. *with,* વગ લગાડવો. *To have* i. *on:* અસર કરવી. To *have* i.*with,* ને (કોઇની સાથે)સારૂં હોવું;આગળ વગ-વજન-ચલણ હોવું.

Influential, (ઇન્ફ્લ્યૂએન્શ્લ્) *a.* Exerting influence or power by invisible operation: વજનદાર; ભારબોજવાળું;મરતબાવાળું;રસ્કરવાળું.

Influenza,(ઇન્ફ્લ્યૂએન્ઝા)*n.* (*Med*) A violent form of catarrh,which occurs with great suddenness:સલેખમ;રસપૂણી;રસ.

Influx, (ઇન્ફ્લક્સ્)*n.* The act of flowing in: અંદર વહેવું તે;અંતઃપ્રવાહ.2. Infusion;intromission:મનમાં ઉતારવું ઠસાવવું તે.3 A coming in abundance.પુષ્કળ આવવું તે; ભરતી. I. *of strangers:* પરદેશીઓની ભરતી.4.Influence;power:સત્તા; જોર.

Infold, (ઇન્ફોલ્ડ્)*vt.* To wrap up; to inclose; to involve; વિંટાળવું; લપેટવું.2.To embrace:ભેટવું;આલિંગન કરવું;કોટી કરવી;બાથમા લેવું.

Inform,(ઇન્ફોર્મ્)*vt.*[L.*in*& *forma*, shape.] To give form or shape to:ને આકાર આપવો; દેખાડવું.2. To animate;to give life: સજીવન-સચેતન કરવું.3 To make known to; to advise: ખબર આપવી; જણાવવું; કહેવું;માહિત કરવું. *vi.* To take form; to appear:દેખાવું;જણાવું.2.To give information: ખબર કહેવી. To i. *against:*-ઉપરાવની ખબર કરવી-આપવી.

Informal, (ઇન્ફોર્મલ્)*a.* Not in the regular form;without ceremony:વિધિ-નિયમ-રીતિ વિરૂદ્ધ.

Informality,(ઇન્ફોર્મલિટિ)*n.*Want of regular or customary form: રીત શિરસ્તા મુજબ નહેવું તે;અવિધિ.

Informant, (ઇન્ફોર્મન્ટ્)*n.* One who informs:ખબર આપનાર; જણાવનાર;તહેામત મુકનાર.

Information,(ઇન્ફોર્મેશન્)*n.* The act of informing:ખબર; વર્તમાન; બાતમી; સૂચના; સમાચાર. 2. Intelligence; knowledge derived from reading, observation or instruction જ્ઞાન.

Informer,(ઇન્ફોર્મર) *n.* One who informs, or gives intelligence: ખબર આપનાર-કહેનાર.2. One who communicates to a magistrate a knowledge of the violations of law:મેજીસ્ટ્રેટને ગુન્હાની ખબર આપનાર; બાતમીદાર;ચાડીયો.

Infraction,(ઇન્ફ્રેક્શન્)*n.*[L.*in* & *frango*,I break.] Breach; violation:ઉલ્લંઘન;ભંગ.

Infrangible,(ઇન્ફ્રેન્જબ્લ્) *a.* Not capable of being broken into parts:અભંગ;અમાજ્ય; ભગાય નહિ એવું 2.Not to be violated: ઉલ્લંઘન કરવાનું નહિ એવું;તોડાય નહિ એવું.

Infrequency,(ઇન્ફ્રીક્વેન્સિ)*n.* Uncommonness; rareness: વિરલાપણું;નવાઇ;વિરલતા.

Infrequent, (ઇન્ફ્રીક્વેન્ટ્)*a.* Rare; uncommon:નવાઇરૂપ;અવનવું.

Infringe,(ઇન્ફ્રિન્જ્) *vt.*[L. *in* & *frango*, I break] To break, as contracts:કોન્ટ્રેક્ટભાગવો; કરાર-વચન તોડવું;ઉલ્લંઘન કરવું. 3. To destroy or hinder: નાશ કરવો; અટકાવવું. *vi.* To injure;to offend : તોડવું; ભંગ કરવું.2.To encroach; to trespass: પ્રવેશ કરવું;દબાવવું;પચાવી પડવું.

Infringement, (ઇન્ફ્રિન્જમેન્ટ્)*n.* Breach; violation: ઉલ્લંઘન; ભંગ.

Infuriate,(ઇન્ફ્યૂરિએટ્)*a.*[L.*in* & *furo*,I rave.] Enraged; mad: ક્રોધાંધ;ગુસ્સે થયેલું;માતેલું. *vt.* To render furious or mad: ચીડવવું; ક્રોધ ચઢાવવો;હરાયું કરવું.

Infuse,(ઇન્ફ્યૂઝ)*vt.*[L.*in* & *fundo*, I pour.] To pour in: રેડવું;ઓતવું. 2.To inspire; to inspirit or animate : હિમ્મત આપવી; ઉશ્કેરવું. 3.To steep in liquor without boiling: પલાળવું;ભિજવવું; બોળી મુકવું. 4.To introduce : અંદર મુકવું;મનમાં ઉતારવું-ઠસાવવું. 5. To make an infusion: કાવો-ક્વાથ કરવો. *n.* Infusion: ચાહ;કાવો.

Infusion, (ઇન્ફ્યૂઝન્) *n.* The act of infusing or pouring an in: રેડવું તે; મનમાં ઠસાવવું-ઉતારવું તે. 2. Suggestion: સૂચના;ઇરખાસ્ત.3.(*a*) The process of steeping an insoluble substance in water in order to extract its virtues:કોઇ પીગળે નહિ એવા પદાર્થનો રસ-ગુણ કાઢી લેવાને તેને પાણીમાં બોળવાની રીત. (*b*) The liquid obtained by this process:આ રીતથી મેળવેલો-નીકળેલો પદાર્થ;કાવો; ક્વાથ; પલાળીને કાઢેલો રસ.

Infusoria,(ઇન્ફ્યૂસોરિઅ) *n.* Animals found in water and other liquids : પાણીમાં રહેનાર બહુ બારીક જીવડાં-જીવ-જીવાત;પોરા.

Ingathering,(ઇન્ગૅથરિન્ગ્)*n* Harvest:કાપણીની મોસમ;કાપણી

Ingenerate,(ઇન્જેનેરેટ્)*n.*Inborn; innate; inbred: કુદરતિ; સ્વાભાવિક. *vt.*To generate or produce within:અંદર પેદા કરવું.

Ingenious,(ઇન્જીનિઅસ્)*a.*[L *in* & *gigno*, I beget.] Skilful or prompt to invent : શોધી કાઢવાને ચતુર,કલ્પક; યોજક; યુક્તિમાન; કસબી; કરામતવાળું; વિચક્ષણ; અકલમંદ. 2. *Pertaining* to genius or ingenuity:કરામત યુક્તિ ભરેલું. 3.Witty;welformed : રસિક; ખૂબીનું. 4. Mental;intellectual : બુદ્ધિનું;મનનું;માનસિક.

Ingenuity, (ઇન્જેન્યૂઇટિ)*n.* Ingeniousness;skill:શોધકબુદ્ધી;ચતુરાઇ. 2 Curiousness in design : કરામત.3 Openness of heart : અંતઃકરણ ખુલ્લુ હોવું તે;ભોળપણ.

Ingenuous,(ઇન્જેન્યૂઅસ્)*a.* Freeborn; of honourable extraction: કુલીન;ખાનદાન;ઉંચા કુળનું.2. Noble; generous:ઉદાર;રહેાટા મનનું.3.Open frank: નિષ્કપટ;ખુલ્લા મનનું;ભોળુ ; નિખાલસ.

Ingenuously, (ઇન્જેન્યૂઅસ્લિ)*adv* Openly;fairly; candidly:નિખાલસપણે;ખુલ્લાદિલથી; મન ખોલીને.

Ingenuousness, (ઇન્જેન્યૂઅસ્નેસ્) *n.*Openness of heart;frankness: નિખાલસપણું;ભોળપણ.

Ingot, (ઇન્ગોટ્)*n.* [L. *ingotus*, a mass of gold or silver in the manner of a tongue.] That in which metal is cast; a mold: જેની અંદર ધાતુનો રસ રેડવામાં આવે છે તે;બીબું. 2. A mass or wedge of gold,silver or any other me-

tal: સોનું રૂપું ઇત્યાદુની લગડી-ઇટ-ગઠ્ઠો.

Ingraft, (ઇન્ગ્રૅફ્ટ્) *vt.* To insert, as a scion of one tree into another for prolongation : ઝાડની ડાળી કાપી મેળવી દેવી; કલમ કરવી. 2. To fix deep: દૃઢ કરવું; બેસાડવું; ઉંડું જડી બેસાડવું.

Ingrain, (ઇન્ગ્રેન્) *vt.* To dye with grain: ઘેરા લાલ રંગથી રંગવું. 2. To dye defore manufacture: વણ્યા વિનાના માલને રંગવો. 3. To saturate: to infix deeply: ખરડવું; સજ્જડ ઠસાવવું. *a.* Dyed with grain : ઘેરા લાલ રંગથી રંગેલું. 2. Dyed in the grain: વણ્યા વિનાના માલને રંગેલું.

Ingrate, (ઇન્ગ્રેટ્) *a.* Ungrateful: હૃણહરામ; કૃતઘ્ન. *n.* An ungrateful person: કૃતઘ્ની-હૃણહરામી માણસ.

Ingrateful, (ઇન્ગ્રેટફુલ્) *a.* Ungrateful; thankless : નિમકહરામ; હૃણહરામ. 2 Distasteful; unpleasant to the sense: અપ્રિય; અણગમતું.

Ingratiate, (ઇન્ગ્રેશિએટ્) *vt.* [L. *in & gratia,* favor.] To bring into favor; to insinuate: કૃપા-મેહેરબાની સંપાદન કરવી; વહાલા થવું. 2. To recommend; to render easy: ભલામણ કરવી; સેહેલું કરવું.

Ingratitude, (ઇન્ગ્રૅટિટ્યૂડ્) *n.* Unthankfulness: કૃતઘ્નતા; નિમકહરામી.

Ingredient, (ઇન્ગ્રીડિએન્ટ્) *n.* [L. *in & gradior,* I go.] An element: અંશ; ભાગ; અવયવભૂત; વસ્તુ; અંગ.

Ingress, (ઇન્ગ્રેસ્) *n.* [L. *in & gradior,* I enter.] Entrance : પ્રવેશ. 2. Power or liberty of enterance or access: અંદર જવાની છૂટ; પ્રવેશ-સત્તા-અધિકાર. 3. The entrance of the moon into the shadow of the earth: સંક્રાન્તિ; વેધ.

Ingression, (ઇન્ગ્રેશન્) *n.* The act of entering; entrance: પ્રવેશ.

Ingulf, (ઇન્ગલ્ફ્) *vt.* To swallow up in a vast, deep gulf or whirlpool: -માં ગરક કરવું; બૂડાડી દેવું. 2. To cast into a gulf: અખાતમાં પડવું-જવું.

Ingurgitate, (ઇન્ગર્જીટેટ્) *vt.* [L. *in & gurges,* gulf.] To swallow in great quantity: એકદમ બહુજ પીવું; ગટગટાવી જવું. 2. To ingulf: ગરક કરવું; બૂડાડી દેવું.

Inhabit, (ઇન્હૅબિટ્) *vi.* [L. *in & habito,* I dwell.] To live or dwell in; to occupy : -માં રહેવું-વસવું-વાસ કરવો. *vi.* To dwell; to abide: રહેવું-વસવું.

Inhabitable, (ઇન્હૅબિટેબલ્) *a.* Capable of being inhabited; habitable: રહેવા-વસવા જોગ; વાસ્તવ્ય. 2 [L. *in* not & *habeo,* I have.] Not habitable; not suitable to be inhabited : રહેવા-વસવા જોગ નહિ એવું.

Inhabitant, (ઇન્હૅબિટેન્ટ્) *n.* One who dwells or resides permanently in a place, or who has a fixed residence: કાયદેસર વાસ-રહેઠાણ કરનાર; વાસી; ચર; વતની; રહેનાર; રહેવાસી. 2. *of water:* જળચર.

Inhabitation, (ઇન્હૅબિટેશન્) *n.* The act of inhabiting: રહેવું-વસવું તે. 2. Abode; place of dwelling: રહેવાની જગા; મુકામ; વાસ; રહેઠાણ. 3. Population: લોકો; લોકોનો જથ્થો.

Inhale, (ઇન્હેલ્) *vt.* [L *in & halo,* I breathe.] To inspire : શ્વાસ-દમ લેવો; શ્વાસ-દમ ભરે લેવું.

Inharmonious, (ઇન્હૉર્મોનિઅસ્) *a.* Unmusical; discordant: બેતાલ; બેસુર; અપસ્વર; મેલાપ હોય નહિ એવું; સંબંધ વગરનું.

Inhere, (ઇન્હીર્) *vi.* [L. *in & haereo* I stick.] To be fixed or permanently incorporated: વળગી-ચોંટી રહેવું.

Inherent, (ઇન્હીરેન્ટ્) *a.* Existing in something: ચોંટી-વળગી રહે એવું. 2. Innate: મૂળનું; સ્વાભાવિક; કુદરતિ

Inherit, (ઇન્હેરિટ્) *vt.* [L. *hœres,* an heir.] To take by inheritance વારસ થવું; વારસો પામવો-મળવો; -ના વારસામાં મળવું. 2. To have by nature: માં જન્મથી આવવું; -ને મળવું. 3. To possess; to own: કબજામાં આવવું.

Inheritable, (ઇન્હેરિટેબલ્) *a.* Transmissible or descendible: વારસામાં-વારસાના કાયદાથી મળે એવું. 2. Capable of being transmitted from the parent to the child: માબાપથી-ઘરડાવરડાથી આવી શકે એવું. 3. Capable of succeeding to; વારસ થવાજોગ.

Inheritance, (ઇન્હેરિટેન્સ્) *n.* An estate derived from an ancestor to an heir in course of law: વારસો; વેતન 2. That which is derived by an heir from an ancestor: વારસો; વારસાના હકથી મળવું તે. 3. Possession; ownership: મેળવેલી મિલકત-કબજો. 4. A valuable blessing: સારી સુખસંપત્તિ.

Inheritor, (ઇન્હેરિટર્) *n.* An heir: વારસાનો અધિકાર; વારસ.

Inheritrix, (ઇન્હેરિટ્રિક્સ) *n.* An heiress: સ્ત્રી વારસ.

Inhibit, (ઇન્હિબિટ્) *vt.* [L. *in & habeo,* I hold.] To check; to repress; to hinder: અટકાવવું; અટકાવ કરવો. 2. To forbid; to prohibit: મના કરવી; નિષેધ કરવો.

Inhibition, (ઇન્હિબિશન્) *n.* The act of inhibiting; restraint: અટકાવ; પ્રતિબંધ; અવરોધ 2. Prohibition: મના; નિષેધ; અટકાવ.

Inhospitable, (ઇન્હૉસ્પિટેબલ્) *a.* Not favorable to strangers : પરોણા ચાકરી કરે નહિ એવું. *An i. village:* કુગ્રામ.

Inhospitality, (ઇન્હૉસ્પિટૅલિટિ) *n.* Inhospitableness: પરોણાની બરદાસ-ચાકરી-પરોણાગત ન કરવી તે.

Inhuman, (ઇન્હ્યૂમૅન્) *a.* [L. *in & hunmanus,* humane.] Cruel; savage; unfeeling: ઘાતકી; જંગલી; દયા વિનાનું; ક્રૂર; નિર્દય. 2. Attended with cruelty: ઘાતકી; જંગલી; નિષ્ઠુર.

Inhumanity, (ઇન્હ્યૂમૅનિટિ) *n.* Cruelty; barbarousness : ઘાતકીપણું; જંગલમ; ક્રૂરતા; નિર્દયતા.

Inhumanly, (ઇન્હ્યૂમૅન્લિ) *adv.* Cruelly; barbarously: ઘાતકીપણાથી.

Inhume, (ઇન્હ્યૂમ્) *vt.* To bury; to inter: જમીનમા પૂરવું દાટવું.

Inimical, (ઇનિમિકૅલ્) *a.* [L. *in & amicus,* a friend.] unfriendly: વેરી; દ્વેષી. 2. Adverse; repugnant: હલકું; પ્રતિકૂળ; વિરુદ્ધ; નુકસાનકારક.

Inimitable, (ઇનિમિટેબલ્) *a.* surpassing imitation: જેની નકલ થાય નહિ એવું; અનુકરણ નહિ એવું; જેનાજેવું બીજું કોઇ ન હોય એવું; અનુપમ; અપ્રતિમ.

Iniquitous, (ઇનિક્વિટસ્) *a.* [L. *in & æquus,* equal.] Unjust; wicked: અન્યાયવું; દુષ્ટ; હરામનું; ગેરવ્યાજબી; અધર્મનું.

Iniquity, (ઇનિક્વિટિ) *n.* Want of rectitude; wickedness : અન્યાય; અધર્મ; અપ્રમાણિકપણું; દુષ્ટતા. 2. A sin or crime: અપરાધ; પાપ; દોષ.

Initial, (ઇનિશૅલ્) *a.* [L. *in & eo,* I go] Incipient; commencing: પ્રથમ; પેહેલું; આરંભનું; આદિ. 2. Standing at the head: શરૂઆતમાં-પેહેલું આવેલું. *n.* The first letter of a word: કોઇ શબ્દનો પેહેલો અક્ષર; આદ્યાક્ષર. *vt.* To mark with an initial: નામના પેહેલા અક્ષર લખીને સહી કરવી.

Initiate, (ઇનિશિએટ્) *vt.* To begin: થી આરંભ કરવો. 2. To instruct in the rudiments or principles: to teach: મૂળતત્વ-મૂળ પીઠિકા શિખવવી; શિખવવું. 3. To introduce in to society; to admit: દિક્ષા આપવી; કોઇ પંથમા દાખલ કરવું; કોઇ મંડળીમાં દાખલ કરવું. 4. To acquaint with.

શિખવવું;જણાવવું;જાણીતું કરવું.

Initiation,(ઇનિશિએશન્) *n.* The act or process of initiating:પ્રથમ પ્રવેશ.2. Mode or entrance into an organized body: કોઇને દીક્ષા-ઉપદેશ આપી પંથ-મંડળીમાં દાખલ કરવું તે;શીખવવું-જણાવવું તે.

Initiative,(ઇનિશિએટિવ્) *n.* Ant)ntroductory step or movemen આરંભ;શરૂઆત.2. To right of introducing a new measure or law : નવો કાયદો-ધારો ચાલુ કરવાનો હક-સત્તા-શક્તિ. *To take the* i.: પહેલ કાઢવી; આરંભ કરવો.*a.* Inceptive; initiatory:પ્રથમનું; પેહેલું; પ્રથમ પ્રવેશ-કરાવવું,

Inject,(ઇન્જેક્ટ્)*vt.*[L.*in & jacio*, I throw.] To throw in; to dart in:અંદર નાંખવું-ઘાલવું; નાંખવું; ફેંકવું; પીચકારી મારવી. *To* i. *with a syringe*:પિચકારીમારવી;પિચકારીથી ઘાલવું.

Injection,(ઇન્જેક્શન્)*n.* The act of throwing in:અંદર નાખવું-ઘાલવું તે.2.A medicine to be injected: પિચકારી મારીને શરીરમાં નાંખવાનું ઓસડ.3.The cold water thrown out to produce a vacuum:ખાલી જગા કરવાને કાઢી નાંખેલું ટાઢું પાણી. I.*condenser*,a vessel in which steam is condensed:વરાળઠંડી કરવાનું વાસણ.

Injudicious, (ઇનજ્યુડિશસ્) *a.* [L. *in & judico*, I judge.] Void of judgment;unwise : અવિચારી; અવિવેકી;ડાહ્યું નહિ; અણસમજુ. Not according to sound judgment: અવિચારનું;બે સમજથી કરેલું;અનુચિત.

Injunction,(ઇન્જન્ક્શન્)*n* [L.*in & jungo*, I join.] The act of commanding:હુકમ કરવો તે. 2. An order;a command;a precept:આજ્ઞા;હુકમ;ફરમાન;આદેશ. 3. A writ granted by a court of equity, requiring to do or to refrain from doing;certain acts : તાકીદપત્ર;ચિઠ્ઠી; મનાઈ હુકમ. *Letter* of i, same as.3.

Injure,(ઇન્જર્)*vt.*[L. *in & jus*, right.](*a*)To do harm to;to hurt નુકસાન કરવું;ઇજા-હાનિ કરવી; બગાડવું;ખરાબ કરવું.(*b*) To hurt or wound,as the person:ઘા પાડવો;ઘાયલ કરવું. (*c*)*To* slander or impair, as reputation:આબરૂને બટ્ટો-ઓખમ લગાડવું. (*d*) To diminish, as happiness:સુખ ઓછું કરવું.(*e*)To grieve; to annoy: મન દુખાવવું; ખોટું માઠું લગાડવું.*To* i *the reputation*: આબરૂને-બટ્ટો-ઓખમ લગાડવું; નામ બુરાડવું; આબરૂ-હુરમત લેવી.*To* i *the feelings*: મન દુખાવવું;ખોટું-માઠું લગાડવું.*To* i. *the mind* : બુદ્ધિ મનશક્તિ મંદ કરવી; બુદ્ધિ ભ્રંશ કરવી. *To* i. *a good cause*: સારે કામ બગાડવું; સારા કામમાં નુકસાન કરવું.*To have a hair injured* : નો વાળ વાંકો થવો.

Injurious,(ઇન્જ્યૂરિઅસ્) *a.* Not just;wrongful:હકને નુકસાન પહોંચાડનારું;ગેરકાયદેસર.2. Hurtful; harmful; baneful : દુઃખકારક; અપકાર કરનારું; નુકશાન કરનારું; અન્યાયકારી; અહિતકારક;ઘાતકી;હાનિકારક.3. Detractory:બટ્ટો લગાડનારું.

Injuriously,(ઇન્જ્યૂરિઅસ્લિ)*adv.* Wrongfully;hurtfully:નુકસાનથી.

Injury,(ઇન્જ્યૂરિ)*n.* Mischief;detriment;damage;harm : અન્યાય; અપરાધ; અપકાર; ઉપદ્રવ; હાનિ; ઇજા; ખરાબી;નાશ;નુકશાન;ઘોકો.

Injustice,(ઇન્જસ્ટિસ્)*n.*[L. *in & jus*, right.] Iniquity;wrong;unfairness:અન્યાય; ગેરઇનસાફ; અધર્મ; 2.A sin;a crime:ખોટું કામ;અધમકર્મ; પાપ;દુષ્કૃત્ય;ઉપદ્રવ;હેરાનગતિ; અન્યાય.

Ink,(ઇન્ક્) *n.* A colored fluid usually black:શાહ;રૂશનાઇ. 2. A pigment : (ચિતાર-રંગારાનો) રંગ. *sympathetic* i:અદ્રશ્યશાહ.

Inkhorn-stand-bottle,(ઇન્ક્હૉર્ન્-સ્ટૅન્ડ્-બૉટ્લ્) *n.* An inkstand: ખડિયો;દવાત..2.portable case for ink,pens &c: સાહી પેનવિગેરે રાખવાની હલકી ડાબડી.

Inkle,(ઇન્ક્લ્) *n.* A linen tape: પાટી પહોળી રીત.

Inkling,(ઇન્ક્લિન્ગ્)*n.* Hint; an intimation : સૂચના; ઇશારત; ભાસ; વાસ;ગંધ;ઇચ્છા;વલણ.

Inland,(ઇન્લૅન્ડ્)*a.*Interior; remote from the sea:અંદરના ભાગનું;ભૂમધ્ય; દરીઆથીદૂર હોય એવું;મધ્ય દેશસ્થ 2. Domestic: દેશી;દેશનું; મુલ્કી; અવિદેશીય;તળબદું.*n.* The interior part of a country:દેશની અંદરનોભાગ.

Inlay,(ઇન્લે)*n.* Matter or pieces of wood,ivory &c.: હાથીદાંત-લાકડાના કડકા વિગેરે; લાકડાપર હાથી દાંતનું જડેલું કામ;જડાવ કામ.*vt.* To lay within:જડવું;બેસાડવું;અંદર મુકવું.

Inlet,(ઇન્લેટ્)*n.*Place of ingress; entrance:રસ્તો;વાટ;માર્ગ;દ્વાર. 2. A bay or recess:ખાડી.

Inmate, (ઇન્મેટ) *n* A fellow-lodger:(એક ઘર)માં રહેનાર;સાથે રહેનાર;સહવાસી સહસ્થાયી 2. One received into a hospital or prison: તુરંગ હસ્પિતાલ વગેરેમાં રહેનાર. *a.*Admitted,as a dweller: રહેનાર તરીકે અંદર પેસવા દેવામાં આવેલો.

Inmost, (ઇન્મોસ્ટ્) *a.* Deepest within:બધુંજ અંદરહોય એવું.

Inn,(ઇન્)*n.* Residence;abode: રેહેઠાણ;આશરાની જગા. 2. A tavern; a public house;a hotel: વિશી;મુસાફર લોકોને ઉતરવાની જગા; સરાઇ; ઉતારો.3. A residence of a noble man or distinguished person: ઉમદા-પ્રખ્યાત માણસનું રહેવાનું ઠેકાણું. **Inns,** *of court*: કાયદાની-ધર્મશાસ્ત્રની-શાળાઓ.*vi* To lodge:રેહેવું.*vt.*To shelter:આશરો-ઠેકો આપવો. 2. To afford lodging and entertainment to: રેહેઠાણ આપવું અને આગતાસ્વાગતા કરવી.

Inn-keeper,(ઇન્કીપર્)*n.* An innholder:વિશીવાળો; મુસાફરખાનાવાળો.

Innate,(ઇનેટ્)*a.*[L. *in & natus*, born.] Inborn; native; natural: જન્મનું; અતર્જાત; કુદરતી; સહજ; નિજ; સ્વાભાવિક;સ્વભાવસિદ્ધ. 2. Derived from the constitution of the intellect:બુદ્ધીથી-અક્કલથી થયેલું.

Innateness, (ઇનેટ્નેસ્) *n.* The quality of being innate: સ્વાભાવિકપણું;અંતર્ભાવ.

Innavigable,(ઇન્નૅવિગેબ્લ્)*a* Impassable by ships or vessels: વહાણથી જવાય અવાય નહિ એવું.

Inner,(ઇનર્) *a.* Interior; internal:અંદરની બાજુનું;અંદરનું;અંતર્સ્થિત;ગર્ભસ્થ.2. Obscure; not easily discovered:અંતરનું;ગૂઢ; આંતર.

Innermost, (ઇનર્મોસ્ટ્)*a.* Farthest inward:સૌથી અંદરના ભાગનું

Inning,(ઇનિન્ગ્) *n.* The ingathering of grain : કાપણીની મોસમ;કાપણી.2 The time or turn for taking the bat: દડાની રમતમાં ગેડીથી ખેલવાની વારી. 3. The turn or time of a person or party in power : જેનું બળ ચલણ હોય તેનો વારો-વખત-લાગ.*pl.*Lands recovered from the sea:દરિયાનુંભાઠું ખાજણ.

Innocence-cy,(ઇન્નેસેન્સ્-ન્સિ)*n.* Freedom from that which is harmful;innocuousness; harmlessness : નિષ્કપટપણું; નિરપરાધીપણું.2.Freedom from guilt;purity of heart: દોષ-અપરાધ હીનતા; દોષપાકી;નિષ્કલંકતા;નિર્દોષિતા; નિષ્કપટ. 3. Ingenousness; imbecility; artlessness:નિષ્કાપટ્ય; સરળતા;ગરીબી; સાલસાઇ.

Innocent,(ઇન્નોસેન્ટ્)*a.*[L. *in &*

noceo,I hurt.]Innoxious; harmless:નિરપકારી; નિરપદ્રવી; અવિકારી; નિર્વિકારી;અબાધક; સાત્વિક.2.Guiltless;pure;upright:નિષ્પાપ; નિરપરાધી;નિર્દોષ;નિષ્કલંક;નિર્મલ;પાક; દોષરહિત-શૂન્ય.3.Free from the guilt of a praticular crime:નિર્દોષ.4. Lawful; permitted:ઉચિત;કાયદાસર;વાજબી.5. Not contraband: બંધી-મના કરેલી નહિ એવું.6.Simple; artless foolish:ગરીબ;બાપડુ; નિષ્કપટ,દિલપાક;સાલસ;નિષ્કારણ.*n*.An innocent person: નિરપરાધી માણસ.

Innocently,(ઇન્નોસેન્ટ્‌લિ)*adv*.In an innocent manner;harmlessly:નિર્દોષપણે;નિરપરાધીપણે

Innocuous,(ઇન્નૉક્યૂઅસ)*a*.Harmless;safe;innocent: નિરપકારી; અહિંસક;અવિકારી;નિર્વિકારી.

Innovate,(ઇન્નોવેટ્‌)*vt*. [L.*in* & *novo*,I make new.] To change or alter by introducing something new: નવીરીત-ચાલ દાખલ કરીને ફેરવી નાંખવું; નવીરીત ચાલુ કરવી; પરિપાઠાંતર-રીત્યંતર કરવું.2 To bring in as new: નૂતનતા તરીકે પ્રવર્ત્તાવવું; નવો માર્ગ પાડવો-કરવો.*vi*. To introduce novelties: ધારાથી ઉલટું કંઈ નવું દાખલ કરવું;રૂઢિમા ફેરફાર કરવો.

Innovation,(ઇન્નોવેશન) *n*. The act of innovating:નૂતન માર્ગ પ્રવર્ત્તન; નવાચારસ્થાપન. 2. A change effected by innovating:નવીરીત; નવો ચાલ;નવો માર્ગ:નૂતન રીતિ-પદ્ધતિ; ધારામાં કીધેલો ફેરફાર.

Innovator,(ઇન્નોવેટર)*n*.One who innovates: નવો;ધારો ચાલુ કરનાર; નવિન સંપ્રદાય પ્રવર્ત્તક;મતાંતર સ્થાપક.

Innuendo,(ઇન્યૂએન્ડો)*n*.[L.*in* & *nuo*,I nod.] An oblique hint:આડી વાત કરીને કરેલી ઈશારત; વ્યંગોક્તિ; વક્રોક્તિ; અન્યોક્તિ;ટોક;ઠોક

Innumerable, ઇન્યૂમરેબ્લ્‌) *a*. Countless;numberless:ગણાય નહિ તેટલું; અગણિત; અગણ્ય; અસંખ્યાત; અસંખ્ય. 2. Of infinitely great number:બેસુમાર; અનંત; કોટ્યવધિ

Innutrition,(ઇન્ન્યૂટ્રિશન્‌)*n*Failure of nourishment:અપોષણ;અપુષ્ટિ.

Innutricious,(ઇન્ન્યૂટ્રિશસ્‌)*a*.Not supplying nourishment;innutritive:અપોષક;અપોષ્ટિક;અપુષ્ટિકર.

Inoculate,(ઇન્ઑક્યૂલેટ્‌)*vt*.[L.*in* & *oculus*, an eye.] To bud:એક ઝાડની કળી બીજા ઝાડ ઉપર ઉગાડવી; કલમ કરવી.2.To insert a foreign bud into:એક ઝાડની કલમ બીજા ઝાડમાં દાખલ કરીને તેમાં ઉગાડવી.3. To communicate a disease by inserting infectious matter:શરીરમાં ચેપ ઘાલીને રોગ કરવો;ચેપ ચઢાવવો;રસી મુકવા.I.*with the matter of small pox*: શીતળા-સૈયડ-બળીઆ કાઢવા-ઢોકવા.*vt* To graft by inserting bud: કલમ કરવી.2.To vaccinate:ચેપ ઘાલીને રોગી કરવો.

Inoculation, (ઇન્ઑક્યૂલેશન્‌) *n*. The act or art of inoculating: એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાડવી તે; સંચારણ.2.The act of communicating a disease by inserting infectious matter:રસી મુકવી તે;ચેપ ચઢાવવો તે.

Inoculator,(ઇન્ઑક્યૂલેટર્‌)*n*.One who propagates plants or diseases by inoculation: એક ઝાડની કળી બીજા ઝાડપર ઉગાવનાર; બળીઆ-શીતળા કાઢનાર;ચેપ ચઢાવનાર;રસી મુકનાર.

Inodorous,(ઇન્ઓડરસ્‌)*a*.Wanting scent;scentless: વાસ-ગંધ રહિત-વિનાનું;નિર્ગંધ;ગંધહીન

Inoffensive(ઇન્ઑફેન્સિવ્‌)*a*Giving no offence or uneasiness: ગરીબ; બાપડુ;રાંક; અદ્વેષી; અહિંસક; સાલસ.2.Harmless;doing no injury or mischief: નુકસાન ન કરતું; અવિકારી;નિરપદ્રવી;અબાધક;નિરપકારી.

Inofficial(ઇન્ઑફિશ્યલ્‌)*a*Not proceeding from the proper office; વગર અધિકારે આપેલું-કરેલું;અનધિકારિક.

Inofficious,(ઇન્ઑફિશસ્‌)*a*.Not attentive: ધ્યાન ન આપતું; બેદરકાર. 2. Contrary to natural duty; unkind:નિર્દય;માયાળુ નહિ એવું

Inoperative, (ઇન્ઑપેરેટિવ્‌) *a*. Not active;producing no effect નિરપયોગી;નિષ્ફળ;અગુણકારી;લાગુ પડે નહિ એવું;અસાર્થક; વ્યર્થ; વગર અમલનું

Inopportune,(ઇન્ઑપોર્ટ્યૂન્‌)*a*. Unseasonable in time: અનધિક, કવેળા-કમોસમનું;અયોગ્ય;અનળ; અપ્રાસંગિક.

Inordinate,(ઇન્ઑર્ડિનેટ્‌)*a*.Disorderly;excessive: અપરિમિત;બેસુમાર;અત્યંત;અમર્યાદ.

Inordinately, ઇન્ઓર્ડિનેટ્‌લિ) *adv*.Excessively: બેસુમારપણે.

Inorganic,(ઇન્ઑર્ગેનિક્‌)*a*. Lifeless;inanimate:જડ: નિર્જીવ;ચૈતન્ય રહિત;જીવસાધન રહિત-શૂન્ય.

Inquest,(ઇન્ક્વેસ્ટ્‌) *n*. Inquiry quest;search:તપાસ; શોધ; ચોકશી; વ્યવહારદર્શન.2.(*a*)*Judicial* inquiry; official examination: સરકારના માણસથી થયેલી તપાસ-ચોકસી-તલાસ-શોધ-પંચાત.(*b*)A jury,particularly a Coroner's jury:એકાએક મરણ થયું હોય તેનું કારણ શોધી કાઢવા જે પંચ બેસે છે તે;જ્યુરી: પંચાતનામું.

Inquietude, (ઇન્ક્વાએટ્યૂડ્‌) *n*. Restlessness;disquietude;અસમાધાત;બેઆરામી;બેચેનેની; અશાન્તિ; અવસ્થતા;ઉદ્વેગ;આકુલતા.

Inquire,(ઇન્ક્વાઇર્‌)*vi*. [L. *in* & *quoero*,I seek.]To ask a question or questions:પુછવું;સવાલ કરવો; પ્રશ્ન કરવો.2.To make investigation:તજવિજ-તપાસ-તલાસ કરવી;ખબર પુછવી-કહાડવી.*To* i.*into*:તપાસ-શોધ તજવીજ કરવી.*To* i.*for*: ખબર-અંતર પુછવી; સમાચાર પુછવા; તપાસ-તજવીજ કરવી. *vt*.To ask about; to seek by asking:-ને વિષે પુછવું.2. To call or name:નામ પુછવું.

Inquirer,(ઇન્ક્વાઇરર્‌)*n*.An investigator: પ્રષ્ટા;પૃચ્છક;જીજ્ઞાસુ; પરીક્ષક; નિરપક;પુછનાર;શોધક; ખબર કાઢનાર.

Inquiry, (ઈન્ક્વાઈરિ) *n*, Interrogation: તપાસ; તજવિજ; પુછપરછ શોધ.2.Research;investigation: તજવિજ;ચોકસી;પુછપરછ;તપાસ;તલાસ શોધ;સમીક્ષા;જીજ્ઞાસા; પરીક્ષા; નિર્ણય; ચર્ચા;નિશ્ચય;વિવેચન.3.A question; a query: સવાલ;પૃચ્છા;પ્રશ્ન.*Friendly* i. *respecting health*: ખબર અંતર પુછવી તે.*spirit of* i.જ્ઞાનેચ્છા.

Inquisition, (ઇન્ક્વિઝિશન્‌) *n*. Inquiry; examination: તપાસ;તલાસ;પરીક્ષણ;ચોકસી;સરકારી શોધ. 5. A judicial inquiry: સરકારના-માણસથી થયેલી તપાસ-ચોકસાઇ. (*b*) રોમન કેથોલિક ધર્મ માનનારા કેટલાક દેશોમાં તે ધર્મથી ઉલટું મત રાખનારા માણસોની તપાસ કરી શિક્ષા દેનારી સભા અથવા કોર્ટ.

Inquisitional,(ઇન્ક્વિઝિશૅનલ્‌)*a*. Making inquiry: તજવીજ કરતું. 2.Pertaining to,or of the inquisition:તજવિજને લગતું;ચોકસીનું.

Inquisitive(ઇન્ક્વિઝિટિવ)*a* Given to research: શોધક; ચોકસીદાર;વિચક્ષણ;બહુશોધી;ચોકસી કરે એવું: જીજ્ઞાસુ;નવું જાણવાની ઇચ્છા રાખનાર. *n*. One curious in research: તપાસ કરનાર;શોધક સ્વભાવનું.

Inquisitiveness,(ઇન્ક્વિઝિટિવ્‌નેસ્‌) *n*.The disposition to obtain information by questions:તજવિજ; શોધ;શોધકબુદ્ધિ;જીજ્ઞાસા.

Inquisitor,(ઇન્ક્વિઝિટર્‌)*n*. One whose official duty is to inquire and examine: સરકારી શોધ-તપાસ કરનાર.2.One fond of asking questions:શોધક; જીજ્ઞાસુ;પરીક્ષક;વિચારક.

Inroad, (ઇન્રોડ્) *n.* Attack; encorachment: હુમલો; ચઢાઇ; ઘેરાઇ; સ્વારી; ધાડ; હુમલો; ત્રાપ. (*b*) હદ ઓલી પારકી મીલકતમાં જવું તે. *vt.* To make inroad into; invade: ચઢાઇ-હુમલો કરવો.

Insalubrious, (ઇન્સૅલ્યૂબ્રિઅસ) *a.* Unfavorable to health; unwholesome: આરોગ્ય રાખે નહિ એવું; રોગકારક; રોગજનક; અતિકારી; વ્યાધિકર; અવગુણકારક.

Insalubrity, (ઇન્સૅલ્યૂબ્રિટિ) *n.* Unhealthfulness; unwholesomeness આરોગ્યતામાં નુકસાન કરે એવો ગુણ; રોગજનકત્વ.

Insalutary, (ઇન્સૅલ્યૂટરિ) *a.* Not favorable to health; unwholesome: તનદુરસ્તી-આરોગ્ય રાખે નહિ એવું; રોગકારક; વ્યાધિકર. 2. Productive of evil: દુઃખ ઉત્પન્ન કરનારું; દુઃખો ઉપાદક.

Insane, (ઇન્સેન્) *a.* Mad: ગાંડું; ઘેલું; દિવાનું; ઉન્મત્ત; ઉન્માદી; ભ્રાંતચિત્ત. 2. Chimerical; unpractical: ગાંડું; અવિચારી; વિચાર વગરનું; દીર્ઘદૃષ્ટિ વાપર્યા વગરનું; ચલબાઇનું

Insanely, (ઇન્સેન્લિ) *adv.* Without reason; madly; foolishly: ચલબાથી; ચળેલા મનથી.

Insanity, (ઇન્સૅનિટિ) *n.* Unsoundness of mind; madness: ચલબા; ગાંડાઇ; દિવાનાપણું; ઘેલાઈ; ઉન્માદ; ઉન્મત્તવાયુ; ઉન્મત્તતા; બુદ્ધિભ્રંશ; ચિત્તભ્રમ.

Insatiable, (ઇન્સેશિઅબ્લ્) *a.* Very greedy: સંતોષ પામે નહિ એવું; અસંતોષી; અતિલોભી; વખવખીયું.

Insatiableness-Insatiety (ઇન્સેશિઅબલ્નેસ, ઇન્સેશાઇટિ) *n.* Insatiability: અહુ ખાઉધરપણું; અતિલોભ; વખવખ-ખાટ.

Insatiate, (ઇન્સેશિઅટ્) *a.* Insatiable: તૃપ્ત ન થાય તેવું; અસંતોષી; અતિલોભી.

Inscribe (ઇન્સ્ક્રાઇબ્) *vt.* [L. *in & scribo,* I write.] To write or engrave; to imprint: ઉપર લખવું; કોતરવું; છાપવું; ખોદવું. 2. To make with letters or words: વર્ણાંકિત-શબ્દાંકિત કરવું. 3. To commend to by a short address: અર્પણ નજર કરવું. 4. To imprint deeply; to impress: ઠસાવવું; ઉતારવું. 5. To draw within: આકૃતિની અંદર દોરવું; કાઢવું.

Inscription (ઇન્સ્ક્રિપ્શન્) *n.* The act of inscribing: લખવું; કોતરવું તે. 2. Anything engraved on a solid substance for preservation or a public inspection: કોતરેલો લેખ; પાષાણલેખ; શિલાલેખ; મુદ્રિતલેખ. 3. An address, or dedication of a book to a person: નજર કરવાનું વાક્ય; અર્પણપત્રિકા. *I. stone:* શિલા લેખ.

Inscrutable, (ઇન્સ્ક્રૂટેબ્લ્) *a.* [L. *in scrutor,* I search into.] Unsearchable; obscure; incomprehensible: અકળ; અગમ; અતર્ક્ય; દુર્જ્ઞેય; ગહન; અગાધ; અચિંત્ય; ગૂઢ

Insect, (ઇન્સેક્ટ્) *n.* An articulate animal: જીવડું; જીવજંતુ; કીડો; જીવાત. 2. Any trivial or contemptible person: ધિક્કારવા લાયક માણસ; પામરજન.

Insectivora, (ઇન્સેક્ટિવૉરે) *n.* Insectivorus animals: કીડા ખાનાર પ્રાણી; કીટ; ભક્ષક.

Insectivorous, (ઇન્સેક્ટિવૉરસ્) *a.* Subsisting on insects: જીવડા ખાઇને જીવતું; કીટ ભક્ષક.

Insecure, (ઇન્સીક્યૂર્) *a.* I Not secure or safe: સંશય; ભરેલું; સંશયાત્મક; જોખમી; સભય. 2. Unsafe: તુકસાની લાગે તેવું; જોખમ ભરેલું; ભયયુક્ત; ભયાન્વિત; બેસલામત.

Insecurity, (ઇન્સીક્યૂરિટિ) *n.* Danger; hazard: જોખમ; ધોકો; ભય. 2. Want of confidence in safety: સલામતી બાબત શક-ધાસ્તી; સભયતા; ભયશંકા; ભો; ધોકો સચંકતા; ભયસંશય-સંભવ.

Insensibility, (ઇન્સેન્સિબિલિટિ) *n.* Unconciousness; torpor: બેભાનપણું; બેશુદ્ધિ; અશુદ્ધિ; શૂન્યતા; મૂર્છા; અચેતના; અજ્ઞાન. 2. Dullness; stupidity: રાગભાવહીનતા; દયાહીનતા; જડતા; સુસ્તી; જડપણું; બેવકુફાઇ.

Insensible, (ઇન્સેન્સિબ્લ્) *a.* Destitute of the power of feeling or perceiving: બેભાન; બેશુદ્ધ; અચેતન; બેહોશ; શુદ્ધિ-બુદ્ધિહીન. 2. *A* pathetic; unconcerned; indifferent અનાણ; અગ્રાહક; અવગુણગ્રાહક; ગુણગ્રાહક; નિર્દય; દયાહીન; જડ; મૂઢ; મૂર્ખ. 3. Imperceptible; slow; gradual: અગોચર; ઇંદ્રિયાગોચર; અદૃશ્ય; ધીમું. 4. Meaningless: અર્થ રહિત; સમજણ વગરનું-અનભિજ્ઞ.

Insensibly, (ઇન્સેન્સિબ્લિ) *adv* Imperceptibly; gradually: ન જણાય તેમ ધીમે ધીમે; રફતે; હળવે હળવે.

Inseparable, (ઇન્સેપરેબ્લ્) *a.* Incapable of being separated or disjoined: જૂદું પડાય નહિ એવું; અવિયોજ્ય; અભેદ્ય; સમવાયી; નિત્યસંબંધી.

Insert, (ઇન્સર્ટ્) *vt.* [L. *in & sero,* I join.] To bring into; to put or thrust in: અંદર ખોસવું; ઘાલવું-મુકવું દાખલ કરવું; સમાવેશ-પ્રવેશ કરવો.

Insertion, (ઇન્સર્શન્) *n.* The act of inserting: દાખલ કરવું-તે; નિવેશન; પ્રવેશન. 2. The mode or place of inserting: અંદર દાખલ કરવાની-મુકવાની રીત-જગ્યા. 3. That which is set in, as lace: ફીત; દોર.

Inside, (ઇન્સાઇડ્) *a.* Contained; interior; અંદરનું; માહેનું. *n.* The part within; content: અંદરનો ભાગ-ચીજ; અંતર્ગત; અભ્યંતર; અંતર્ભૌમ; ગર્ભ. 2. (*Pl.*) The entrails; bowels: આંતરડાં. 3. Private thought and feelings: હૃદય-અંતરની વાર્તા; અંતર્ભાવ. *prep. & adv.* Within the sides of; contained within: માહે; અંદરની બાજુએ; અંદર. *To turn i. out:* સવળાનું અવળું કરવું.

Insidious, (ઇન્સિડિઅસ્) *a.* [*in & sedeo,* I sit.] Deceitful; sly: દગાખોર; કપટી; દગલબાજ; કાવતરાખોર; લુચ્ચું; પેચી. 2. Intending to entrap: ફસાવે એવું.

Insidiousness, (ઇન્સિડિઅસનેસ) *n.* Treachery: કપટીપણું; દગલબાજી; કપટ; પ્રપંચ; કાવાદાવા.

Insight, (ઇન્સાઇટ્) *n.* Introspection; thorough knowledge or skill: પૂર્ણજ્ઞાન; પ્રવેશ; ખરી માહિતી. 2. Penetration; discernment: ખરોખર અવલોકન કરવાની શક્તિ; નિરીક્ષણ.

Insignia, (ઇન્સિગ્નિઅ) *n.* [L. *in & signum,* mark.] Distinguishing marks of honour; badges; tokens: માનની નિશાની; અધિકારનું ચિન્હ-લક્ષણ; ચાંદ. 2. Marks; signs: ચિન્હ; લક્ષણ. *I. of royalty:* રાજચિન્હ.

Insignificance-cy, (ઇન્સિગ્નિફિકૅન્સ્) *n.* Want of significance or meaning: અર્થહીનતા અર્થાભાવ; અર્થ શૂન્યતા. 2. Want of force or effect; unimportance: અનગળતા; અગારવ. 3. Meanness; want of influence or standing: હલકાઇ; નીચપણું; લઘુતા-લઘુત્વ; ક્ષુદ્રતા; તુચ્છતા.

Insignificant, (ઇન્સિગ્નિફિકૅન્ટ) *a.* Not significant; destitude of meaning: અર્થ વગરનું: અર્થહીન. 2. Unimportant: નજીવું; નકામું; નિઃસત્વ; નિરર્થક; નર્યું; ક્ષુલ્લક. 3. Mean: અધમ; નીચ; હલકું; તુચ્છ; ક્ષુદ્ર.

Insincere, (ઇન્સિન્સીર્) *a.* Not sincere; dissembling: કપટી; ઠોંચી; ઉપર ઉપરનું; ખરા અંતઃકરણનું નહિ એવું; પેટમાં પડદાવાળું; કૃત્રિમ; ભાવ વગરનું. 2. Deceitful; hypocritical; false: કપટ ભરેલું; બોટું; કુટિલ; માયિક.

Insincerely, (ઇન્સિન્સીરલિ) *adv.* Without sincerity; hypocritically: દગાથી; કપટથી.

Insincerity, (ઇન્સિન્સેરિટિ) *n.*

Hypocrisy; deceitfulness: ઢંગો; કપટ;કૃત્રિમતા; જુઠાણું; ઢોંગ; કાપટ્ય; દંભ;માયા;કુટિલતા; દ્વિર્ભાવ.

Insinuate,(ઇન્સિન્યૂએટ્)*vt.*[L.*in & sinus,* a bend or curve.] To introduce gently; to wind in: ધીરે રહીને-ધીરેધીરે-યુક્તિથી. પેસાડવું અંદર ખોસવું-ઘાલવું. 2. To infuse gently;to instill : ધીરેધીરે મનમાં ઘાલવું-ભરવું.3.To hint;to suggest: સૂચના આપવી;ઇશારો-અણસારો કરવો; વક્રોક્તિ કરવી.4.To push or work one's self into favor;to ingratiate: ની મરજી સંપાદન કરવી-મેળવવી;પેટમાં પેસીજવું; પ્યાર મેળવવો; પ્રીતિ સંપાદન કરવી. *vi.* To wind or flaw in: ધીરે ધીરે યુક્તિથી પેસવું-ઘાલવું.2. To ingratiate one's self: પેટમાં પેસવું;પ્રીતિસંપાદન કરવી. *To i. itself*: ધીરે રહીને-યુક્તિથી પેસવું.

Insinuating, (ઇન્સિન્યૂએટિન્ગ) *a.* Tending to enter gently; insensibly winning favor and confidence:યુક્તિથી કૃપા મેળવનાર; પેટમાં પેસીજનાર;મેળવી લેનારૂ;મનોહારી.

Insinuation, (ઇન્સિન્યૂએશન્) *n.* A creeping or winding in;a flowing in crevices : ધીરેધીરે પેસાડવું-પેસવું તે. 2. The act of gaining favor: કૃપા મેળવી તે.3.The act or power of stealing on the affections:વશીકરણ; પેટમાં પેશી જવાનો-વશ કરવાનો ગુણ.4. A hint; a suggestion : વક્રોક્તિથી-મરડમાં બોલીને કરેલી સૂચના; વ્યંગોક્તિ;ટકોર;ક્ત; કટાક્ષ; નોક;ઠોક; વળમાં-વાંકામાં બોલવું તે.

Insipid,(ઇન્સિપિડ્) *a.* [L. *in & sapio,* I taste.] Destitute of taste;vapid: સ્વાદરહિત; ફીકું;ભોળું: લુખ્ખુ. 2. Wanting spirit; dull: વિરસ;અરસિક;નિરસ; અસાર; નિઃસાર; નિઃસત્વ.

Insipidity, (ઇન્સિપિડિટિ) *n.* Tastelessness;vapidity : સ્વાદ રહીનતા.2.Dullness; flatness:વિરસતા;અરસિકતા;અસારતા.

Insist,(ઇન્સિસ્ટ્)*vt.*[L.*in & sisto,* I stand.]To stand or rest on; to find support: આધાર-ટેકો લેવો-ખોળવો.2. To dwell on; to urge; આગ્રહ-હઠ-જીદ કરવી; નો આગ્રહ હોવો.

Insnare,(ઇન્સ્નેર્) *vt.* To catch in a snare;to entrap:ફસાવવું;ફાંસાફાંદામાં નાંખવું; જાલબદ્ધ-પાશબદ્ધ કર. 2.To involve in difficulties:યુક્તિથી પકડવું;ગુંચવણમાં નાંખવું; સપડાવવું; *To be insnared* : ફસાઇ જવું; ફાંસામાં પડવું;સપડાવું.

Insobriety,(ઇન્સોબ્રાઇએ ટ) *n.* Intemperance;drunkenness: છાકટા-પીધેલપણું;કેફ.

Insociable, (ઇન્સોસિઅબલ્) *a.* Incapable of being joined or connected: જોડાય-સંધાય નહિ એવું. 2. Disinclined to social intercourse; taciturn: મુખડું; છેક થોડું બોલવું; સંસર્ગવિમુખ; અનડું; એકમાર્ગી; એકાંતવાસી.

Insolate,(ઇન્સોલેટ્)*vt.*[L.*in& sol,* the sun.] To dry in the sun's rays;to expose to the heat of the sun: તડકે મુકવું; સૂરજની ગરમીથી તૈયાર કરવું.

Insolence, (ઇન્સોલેન્સ્) *n.* Pride or haughtiness;impudence:મગરૂબી;અહંકાર;દર્પ;ગર્વ;અભિમાન; ઉદ્ધતાઇ; ઉન્માદ;બિનજ.2.Insolent treatment; insult: અપમાન; બેઅદબી; ગેરઆબરૂ;અવિનય;ધૃષ્ટતા;

Insole,(ઇન્સોલ્)*n.*The inside sole of a boot or shoe; also, a thin strip of leather,&c. placed inside it:સુખતળી.

Insolent,(ઇન્સોલેન્ટ્)*a.* [L. *in,* & *soleo,*I am wont.] Unusual : રીત-શીરસ્તાથી ઉલટું; અસાધારણ. 2. Proud & haughty, with contempt of others:મગરૂર;ગર્વિષ્ઠ;ઉન્મત્ત; ઉદ્ધત;મસ્ત;ચઢેલ;નિર્લજ્જ;અમર્યાદ;ફાટેલ. ધૃષ્ટ.3. Proceeding from insolence: મગરૂરીનું; મગરૂરી ભરેલું; ઢંઢાઈ ભરેલું-નું.

Insolubility, (ઇન્સોલ્યૂબિલિટિ) *n.* The quality of not being soluble,or dissolvable:ઓગળે પીગળે નહિ એવો ગુણ; અદ્રાવ્યતા; અલેદ્યતા; કઠણાશ.

Insoluble, (ઇન્સોલ્યૂબલ્) *a.* Incapable of being dissolved:ઓગળે-પીગળે નહિ એવું; અદ્રાવ્ય; અગળ; જડ;કઠણ. 2. Insolvable : સમજાવાય નહિ એવું;અઘરૂં;ગુઢ; ગુહ્ય.અકલ; અગમ્ય.

Insolvable,(ઇન્સોલ્વેબલ્) *a.* Not capable of solution or explication: સમજાવી શકાય નહિ એવું; કઠણ; અઘરૂં.2.Incapable of being paid: ન આપી શકાય એવું.3.Inextricable: છૂટું કરાય નહિ એવું.

Insolvency,(ઇન્સોલ્વેન્સિ) *n.* The condition of one who is unable to pay his debts: નાદારી; નાદારપણું;દેવાળું;નિર્ધનતા; ઘાહ. 2. Insufficiency to discharge all debts: દેવું;નિર્ધનતા;અશક્તિ.

Insolvent,(ઇન્સોલ્વેન્ટ્)*a.* (*a*)Unable to pay one's debts as they fall due:નાદાર; દેવાળીઓ; નિર્ધન; દેવાળું કાઢનાર;દેવાદાર. (*b*) Insufficient to discharge all debts: દેવું વાળવાને પૈસા વિનાનું. *n.* One who is unable to pay his debts: દેવાળીઓ;દેવાળું કાઢનાર;નાદાર.

Insomnia,(ઇન્સોમ્નિઅ)*n.* Sleeplessness:ઉંઘ ન આવે એવોરોગ;અનિદ્રા.

In-so-much, (ઇન સો-મચ્)*adv.*So, to such a degree;in such wise: એટલે સૂધી કે; અહીં સૂધી કે; લગી કે.

Insooth(ઇન્સૂથ્)*adv.*In truth;truly;Indeed:ખરી-સાચી રીતે;ખરેખર.

Inspect, (ઇન્સ્પેક્ટ્)*vt.* [L. *in & specio,*I look.] To look upon: જોવું;તપાસવું; શોધન કરવું; પરીક્ષા કર; ઝીણું તપાસવું 2.To view and examine officially : હોદ્દા-અધિકારની રૂએ તપાસવું-પરીક્ષા લેવી; તપાસણી કર લેવી;દેખરેખ રાખવી;જોવું.

Inspection,(ઇન્સ્પેક્શન્)*n.*Watch official view: તપાસ; ચોકસી; શોધ; નિરીક્ષા; નિરીક્ષણ; દર્શન. 2. Superintendence: દેખરેખ; નીઘેબાની; તપાસ;ચોકસી.

Inspector,(ઇન્સ્પેક્ટર્)*n* One who ispects,views or oversees; superintendent: તપાસનાર;પરિક્ષા લેનાર;"ઇન્સ્પેક્ટર" તપાસણીકામદાર; અમીન;અધ્યક્ષ; અધિકારી; કાર્યદક્ષ; કર્માધિકારી;કાર્યાધીશ.

Inspiration, (ઇન્સ્પિરેશન્)*n.* [L. *in & spiro* I breathe.] Inhalation: શ્વસન;.શ્વાસ; દમ; શ્વાસોચ્છ્વાસ. 2.The act or power of exercising an elevating or stimulating influence;the result of such influence: અવભાસ; જનન; ઉત્પાદન; શ્વાસોશ્વાસની ક્રિયા. 3. A miraculous influence to receive & communicate divine truth: ઇશ્વર પ્રેરણા સૂચના-પ્રબોધ;ઈશ્વરપ્રેરિત જ્ઞાન.

Inspire,(ઇન્સ્પાઇર્) *vi.* To draw in breath;to inhale: શ્વાસ લેવો. 2. To breathe;to blow gently:શ્વાસ કાઢવો-લેવો;ધીમેધીમે ફુંકવું. *vt.* To breathe into:ફુંકવું.2. To infuse by breathing : ધીમેધીમે મનમાં ઉતારવું;ઠસાવવું.3. To instill;to communicate to the spirit:ઇશ્વરી પ્રેરણા કરવી. 4. To fill with what animates;enlivens or exalts: ધૈર્ય ઉત્સાહ આપવો; આશા-જોશ-હોંશ-હિમ્મત-ઉત્તેજન આપવું; પ્રેરવું. 5. To inhale; શ્વાસ લેવો

Inspired,(ઇન્સ્પાઇર્ડ્)*a.*Breathed in,inhaled: શ્વાસ-દમથી લીધેલું. 2. Given by divine inspiration

help : ઈશ્વર પ્રબોધિત-પ્રેરિત; પવિત્ર; સંચારિત.3.Animated: આશ્વાસિત; ઉત્તેજીત;પ્રોત્સાહિત.I. *scripture*: ઈશ્વરોક્ત શાસ્ત્ર.

Inspirit,(ઈન્સ્પિરિટ્) *vt.*To enliven; to animate;to vigorate : ઉત્તેજન આપવું;ઉશ્કેરવું;ધૈર્ય આપવો;ઉત્સુક કરવો.

Inspissate,(ઇન્સ્પિસેટ્) *vt.* [L. *in* & *spissus*,thick.]To thicken,as fluids;to bring to greater consistence: જાડું-ઘટ્ટ કરવું; બંધાઈ જાય તેમ કરવું. *a.* Thick; inspissated: જાડું;ઘટ્ટ.

Instability,(ઇન્સ્ટબિલિટિ) *n.* Inconstancy;fickleness; mutability:અસ્થિરતા; ચલિતપણું; અસ્થૈર્ય; અધૈર્ય; ચંચલતા;અનિત્યતા.2. Insecurity; precariousness : ડામાડોળપણું; અદૃઢતા;ડગડગતાપણું.

Instable,(ઇન્સ્ટેબલ્)*a.*[L.*in* & *sto* I stand.]Unstable: અસ્થિર; ચંચલ;અનિત્ય.

Install,(ઇન્સ્ટોલ્) *vt.* To set in a seat; to give a place to:જગાએ બેસાડવું;જગા આપવી. 2. To set or instate in an office rank or order: પદવીપર ક્રિયા કરીને બેસાડવું; બેસાડવું; સત્કારપૂર્વક સ્થાપવું;અભિષેક કરવો.

Installation,(ઇન્સ્ટૉલશન્)*n.*The act of giving possession of an office,rank or order:રાજ્યાભિષેક;પદસ્થાપના;પટ્ટાભિષેક; પદાભિષેક. 2. Institution : સ્થાપના;પ્રતિષ્ઠા; પ્રતિષ્ઠાપન.

Instalment,(ઇન્સ્ટોલ્મેન્ટ્)*n.* The act of giving possession of an office: વિધિ-સંસ્કારપૂર્વક સ્થાપના. 2 The seat in which one is placed: જે ઠેકાણે કોઇની સ્થાપના કરવામાં-બેસાડવામાં આવે છે તે.3 A part of a sum of money paid or to be paid at a particular period: હપ્તો;ખાંધું;કિસ્ત. I. *of a payment to govt*: કિસ્ત. *Agreement to lay by* i.s: હપ્તા-બાંધાબંધી.

Instance,(ઇન્સ્ટન્સ્)*n.*[L.in &*sto* I stand.] Urgency; solicitation; application: કાલાવાલા; આગ્રહ;વિનંતિ;પ્રાર્થના;પ્રેરણા;સૂચના. 2. Impelling motive : ઉશ્કેરનારો હેતુ;સ્થળ; વિષય;સ્થાન.3.Occurrence; occasion: પ્રસંગ;સમય;અવસર; કાળ; વેળા. 4.An example:દાખલો; દૃષ્ટાંત; નિદર્શન;ઉદાહરણ ઉ. *Process* of a suit: મુકદમો-અરજી કરવાની રીત *In the first* i :પ્રથમ;પહેલાં;પહેલું તો. *Court of first* i.:મુળ દાવો સાંભળનાર અદાલત.*vt.*To mention as an example: નું ઉદાહરણ આપવું. *vt.* To find or seek illustration : ઉદાહરણ મળી શોધી કાઢવું.

Instant,(ઇન્સ્ટન્ટ્)*n.*A moment: ક્ષણ;પળ;પલક;નિમિષ;ઘડી.2. A particular time:કાળ;વખત; વેળા. 3 A day of the present or current month: ચાલતા માસની તારીખ-દિવસ *a.*Pressing; urgent; earnest: અગ્રાહી; તત્પર; અતિયાચક-પ્રાર્થના; તાત્કાલિક; અગત્યનું; ધગધગ જરૂરનું. 2. Immediate : તરતજ-લાગતું થનારું; શીઘ્ર;તાત્કાળિક; તાકીદનું. 3. Making no delay;quick: ઉતાવળું; જલદીનું; તાકીદનું.4.*Present*;current : ચાલતું;વર્તમાન.*The first* i.:ચાલતા માસની પહેલી તારીખ.*Every* i: ક્ષણેક્ષણે; પળે પળે.*At that* i.: તેજ વેળા; તત્કાળ. *Go this* i.: અત્ર ઘડી જા. *In an* i.: પળવારમાં.

Instantaneous,(ઇન્સ્ટન્ટેનીઅસ્) *a.*[L. *instans.*] Done in an instant;acting without any perceptible succession:કંઇવાર લાગ્યા વગરનું; લાગતુંજ થાય એવું; ક્ષણસ્થાયી;તાત્કાલિક;ક્ષણિક.

Instantaneously, (ઇન્સ્ટન્ટેનીઅસ્લિ) *adv.* In an instant; in a moment : એક ક્ષણ-પળમાં; જોતજોતામાં;ઝપટ;પળકારામાં

Instantly,(ઇન્સ્ટન્ટ્લિ)*adv.*In an instant manner; immediately: તરતજ;તેજ ઘડીએ;લાગલુજ;જોતજોતામાં. 2.Earnestly: આગ્રહથી;તત્પર;રહીને; આગ્રહપૂર્વક.

Instead, (ઇન્સ્ટેડ્) *adv.* In the place or room:બદલે; વતી; જગાએ; ઠેકાણે:-ની બરોબર

Insteep,(ઇન્સ્ટીપ્)*vt.*To soak; to drench:પલાળવું;ઝબોળવું; બોળવું.

Instigate,(ઇન્સ્ટિગેટ્)*vt* [L.*in* & *stigo*,to prick.]To goad or urge forward;to provoke: ઉશ્કેરણી-શિખવણી આપવી;ઉશ્કેરવું;વળી કરવું; પ્રેરવું.

Instigation, (ઇન્સ્ટિગેશન્)*n.*Incitement or impulse to evil:શિખવણી;ઉશ્કેરણી; પ્રેરણા;શાળી; ઉત્તેજન.

Instigator, (ઇન્સ્ટિગેટર્) *n.* A tempter: ઉશ્કેરણી આપનાર;શાળી કરનાર;પ્રોત્સાહક; પ્રવર્ત્તક; ઉત્તેજન; પ્રેરક.

Instill,(ઇન્સ્ટિલ્)*vt.*[L.*in*& *stillo*, I drop.]To drop in; to pour in by drops: ટીપું ટીપું કરીને રેડવું-ઘાલવું.2. To infuse slowy or by degrees:ધીરેધીરે મનમાં ઘાલવું-ભરવું;ઉતારવું.

Instinct (ઇન્સ્ટિન્ક્ટ્)*n.* [L *instinctus*,inwardly moved.] Inward impulse: અંતર્જ્ઞાન; સહજજ્ઞાન;સ્વાભાવિક બુદ્ધિ; પ્રેરણાબુદ્ધિ;પશુબુદ્ધિ;અંતઃપ્રેરણા.

Instinctive, (ઇન્સ્ટિન્ક્ટિવ્) *a.* Determined by natural propensity: પ્રેરણાબુદ્ધિનું; સ્વાભાવિક; પ્રકૃતિસિદ્ધ;સ્વભાવ પ્રેરિત;સહજ.

Institute,(ઇન્સ્ટિટ્યૂટ્) *vt.* [L. *in* & *statuo*, I set.] To set up; to establish: બાંધવું; ઠરાવવું; ઘડવું;ઉભું કરવું;નિમવું. 2. To originate & establish;to found: સ્થાપન કરવું;સ્થાપવું.3. To begin;to commence: માંડવું; શરૂ-ચાલુ-પ્રવૃત્ત કરવું; પ્રારંભ-ઉપક્રમ કરવો.4.To educate;to instruct: તત્વ-મૂળતત્વ શિખવવા;થી વાકેફ કરવો. *n.*Institution : સંસ્થાપન; સ્થાપન;વિધાન. 2. An established law, habit or custom: ધારો;નિયમ;નેમ; કાયદો;વિધાન;રીત;વિધિ; વ્યવસ્થા; સ્થિતિ;નિયમ.3. An elementary and necessary principle: ધારો; શાસ્ત્ર; સંહિતા;શાસ્ત્રવિધાન-મર્યાદા; સૂત્ર. *Religious* i.s:ધર્મશાસ્ત્ર.I s *of Manu*: મનુસંહિતા;માનવશાસ્ત્ર; મનુ-સ્મૃતિ-શાસ્ત્ર;મનુના ધારા. I.s *of law*:કાયદા સંગ્રહ પુસ્તક 4 An institution; a college:શાળા;સમાજ;સભા; વિદ્યાજ્ઞાન વર્ધક-શોધક મંડળી.

Institution, (ઇન્સ્ટિટ્યૂશન્) *n.* Establishment;foundation:સ્થાપના;સ્થાપન;સંસ્થાપના; પ્રવર્તન; ધર્મપ્રતિષ્ઠા.(*b*)Instruction;education: કેળવણી-શિક્ષણ.2.(*a*)An established custom or order;enactment; ordinance : વિધિ;રીતિ; માર્ગ;ધારો; કાયદો;નિયમ;કાનુન;રૂઢિ;રસમ (*b*) An organized society;an establishment;a foundation : શાળા;સભા; મંદિર;સમાજ; આલય; સંસ્થા; સ્થાપિત મંડળી-સભા;ખાતું;કારખાનું. *Religious* i.:ધર્મ સંસ્થા-શાલા. *Educational* i.:વિદ્યાલય; જ્ઞાન મંદિર *Literary* i., વિદ્યોત્તેજક મંડળી. *A charitable* i., ધર્માદાન કરવા વિષે ઉભી થએલી મંડળી.

Institutional,(ઇન્સ્ટિટ્યૂશનૅલ્) *a* Instituted by authority; અધિકારથી સ્થાપેલું. 2. Elementary; rudimental: તત્વ-મૂળતત્વનું.

Instruct, (ઇન્સ્ટ્રક્ટ્) *vt.*[L. *in* & *struo*,I build.]To form; to prepare: નિયમમાં મુકવું; બનાવવું; તૈયાર કરવું.2.(*a*)To enlighten; to teach: શિખવવું; કેળવણી આપવી; બોધ-ઉપદેશ કરવો-કહેવું; તાલીમ આપવી. (*b*) To direct;to command: આજ્ઞા કરવી; હુકમ આપવો; રસ્તો બતાવવો; સૂચના કરવી.*To* inform: ખબર કહેવાય-કરવી; માહિત કરવી.

Instruction, (ઇન્સ્ટ્રક્શન) *n.* Information:કેળવણી; શિક્ષા; શિક્ષણ; અધ્યાપન.શ્રાસન;બોધ 2. (*a*) Precepts; information; teachings: હિતવાદ;હિતબોધ; બોધ; ઉપદેશ; વિધિ; નિયમ;સૂત્ર.(*b*) Order; command: આજ્ઞા,હુકમ;આદેશ;શાસન;આપેલીમાહિતિ

Instructive, (ઇન્સ્ટ્રક્ટિવ્) *a.* Serving to instruct or inform;conveying knowledge:જ્ઞાનદાયક; બોધકારક; શિખામણ મળે એવું; બોધક; ઉપદેશક;બોધાવહ,જ્ઞાનોત્પાદક.

Instructor, (ઇન્સ્ટ્રક્ટર્) *n.* A teacher:શિક્ષક;ગુરૂ;ઉપદેશક;અધ્યાપક; ઉપાધ્યાય;ઉપદેશકર્તા.

Instrument, (ઇન્સ્ટ્રયૂમેન્ટ્) *n.* [L. *in & struo,* I build] A tool; an utensil;an implement: સાધન; કર્મસાધન;કરણ;ઉપકરણ; યંત્ર; ઉપસ્કર; દ્રવ્ય;હથિયાર;ઓજાર;શાસ્ત્ર-રાચ. 2. A musical instrument:વાજીંત્ર;વાદ્ય; વાજું .3 (*Law*)A deed,contract or writing:લેખ;ખત;દસ્તાવેજ;લખત; પત્ર;પટ્ટો.4.A medium;a means; an agent:કાર્યકર્તા; કાર્ય-સાધક; પ્રયોજ્ય;નિમિત્ત;નિમિત્તકરણ;સાધન;કારણ

Instrumental, (ઇન્સ્ટ્રયૂમેન્મેલ) *a.* Conductive; helpful: કાર્યસાધક; કારણભૂત; સાધનભૂત; સહકારી; સાધક; પ્રયોજક.I.*case:*તૃતીયા;ત્રીજી વિભક્તિ.

Instrumentality, (ઇન્સ્ટ્રયૂમેન્ટૅલિટિ)*n.* Agency:સાધકપણું; મારફત;હસ્તક કરણત્વ. *Through the* i. *of:* મારફત;વડે;હસ્તક;થી.

Insubmission, (ઇન્સબ્મિશન્) *n.* Want of submission;disobedience:શરણ-તાબે ન થવું તે;ઉદ્ધાઇ;શીરજોરી.

Insubordinate, (ઇન્સબૉર્ડિનેટ)*a.* Not submissive;rebellious:બેહુકમી;સીરજોર; માથાનો ફરેલ; અવિનીત; બે કાયદે;બે લગામ.

Insubordination, (ઇન્સબૉર્ડિનેશન્)*n.* Disorder; disobedience to lawful authorities:સીરજોરી; બેહુકમપણું;અવિનય; અગૌણતા; આજ્ઞાભંગ; બેકાયદેપણું.

Insufferable, (ઇન્સફ્ફરેબલ્)*n.* Insupportable; unendurable; intolerable:સહન થાય નહિ-સંખાય નહિ એવું;અસહ્ય;અસહનીય;દુઃસહ.2. Detestable:ધિક્કારવા જોગ.ત્યાજ્ય;તુચ્છ.

Insufficiency, (ઇન્સફિશ્યિએન્સિ)*n.* Deficiency;inadequateness:કસર; અપ્રૂરાપણું ;ન્યૂનતા;ખામી; અપર્યાપ્તિ; હીનતા.2. Inability; incapacity; અયોગ્યતા;નાલાયકી;અનૌચિત્ય

Insufficient, (ઇન્સફિશેન્ટ્) *a.* Not sufficient; inadequate:કસરવાળું;અધુરું;અલ્પ;અયથેષ્ટ; અપૂર્ણ;ન્યૂન;ખુટતું;ઓછું.2.Unfit:નાલાયક;અયોગ્ય;અનુચિત.

Insular, (ઇન્સ્યૂલર્)*a.* [L. *insula,* an island.]Belonging to an isle; surround by water:દ્વિપ રૂપ; બેટ સંબંધી;પાણીથી વિંટાએલું-ઘેરાએલું.

Insulate, (ઇન્સ્યૂલેટ્)*vt.* To make an isle of:નો દ્વિપ બનાવવો 2. To isolate:અળગું-વેગળું મુકવું; કોઇ સાથે સંબંધ રહે નહિ એવી રીતે મુકવું.

Insulated, (ઇન્સ્યૂલેટેડ્) *a* Standing by itself: પોતાની મેળે-એકલું ઉભું રહે એવું;તુટક;નિરાળું;અલગ; છૂટું છવાયું 2.Separated:જૂદું પાડેલું.

Insult, (ઇન્સલ્ટ્)*n* [L.*in & salio,* I leap.]The act of leaping on: ઉપર કૂદવું-કૂદીપડવુંતે.2.Gross abuse: act or speech of contempt: અપમાન; અનાદર; ગેરઆબરૂ; નિંદા; બેઅદબી; અવજ્ઞા; માનભંગ: તિરસ્કાર. *vt.*To leap on:કૂદી પડવું. 2. To abuse:-નું માનભંગ-અવજ્ઞા-તિરસ્કાર અપમાન કરવું;-ની ગેરઆબરૂ-બેઅદબી કરવી *vt.*To leap or jump: કૂદવું; કૂદકો-ઠેકડોમારવો.2.To behave with: insolence:બેઅદબીથી વર્તવું ચાલવું.

Insulting, (ઇન્સલ્ટિન્ગ્)*a.*Containing or conveying gross abuse: અપમાન ભરેલું-કારક; ગેરઆબરૂ થાય એવું;નિર્ભર્ત્સક;નિંદક.

Insuperable, (ઇન્સ્યૂપરેબલ્)*a.*[L. *in & supero,*I pass over.] Not superable;insurmountable: ઓળંગાય નહિ એવું; જેને લિધે કોઇ કામ બને નહિ એવું;અજેય; અજીત; અલંઘનીય;દુસ્તર;અનિવાર્ય;દુર્જય;મુશ્કેલ.

Insupportable, (ઇન્સપ્પોર્ટેબલ્) *n.* Incapable of being borne; insufferable: ઉંચકાય નહિ એવું; સેહેવાય નહિ એવું;અસહ્ય;અસહનીય; દુઃસહ;અતિકઠિન

Insuppressible, (ઇન્સપ્પ્રેસિબલ્) *a.*Not to be concealed: દાબી-છાનું ન રખાય એવું;અનિવાર્ય.

Insurance, (ઇન્સ્યૂરૅન્સ્) *n.* The act of insuring against loss or damage:વીમો.2.Premium paid for insuring property or life વીમો ઉતરાવવાને-યાપણ મુકવાને માટે પહેલેથી આપેલું વ્યાજ. I.*broker,* વીમાદલાલ;I.*company,* વિમા કમ્પની-મંડળી.I.*policy,* વિમો ઉતાર્યાનું સર્ટીરીકેટ.

Insure, (ઇન્સ્યૂર્) *vt.* To make sure or secure:ખચીત નક્કી કર 2. To secure against possible loss: વિમો ઉતારવો કર*vt.*To underwrite to make insurance:વીમો ઉતારવો.

Insurer (ઇન્સ્યૂરર્)*n.*One who insures;an underwriter:વીમો ઉતારનાર;વીમાવાળો

Insurgent, (ઇન્સર્જેન્ટ્)*a.*[L.*in & surgo,*I rise.]Rising in opposition;rebellious:બળવા બોર;બંડ ઉઠાવનાર.*n.*A rebel: બળવાબોર-બંડબોર ફીતુરી-માણસ

Insurmountable, (ઇન્સર્માઉન્ટેબલ્) *a.*Insuperable: ઓળંગી ન શકાય એવું;દુસ્તર;દુરતિક્રમ;અલંઘ્ય;દુર્જય.

Insurrection, (ઇન્સરેક્શન્)*n.* A rebellion;a revolt:બંડ; બળવો;ઉંગો;ફિતુર;રાજ્ય વિરૂદ્ધનો ઉઠાવ; રાજદ્રોહ;રાજવિદ્રોહ;ઉપદ્રવ.

Insurrectionary, (ઇન્સરેક્શનરિ) *a.*Rebellious;seditious: બળવાનું-સંબંધી;રાજવિરૂદ્ધ-વિપરીત.

Insusceptible, (ઇન્સસેપ્ટિબલ્) *a.*Not susceptible; not capable of being moved:અસર થાય નહિ એવું;-ને થાય લાગે નહિ એવું; અચાહક; અવિકારી.

Intact, (ઇન્ટૅક્ટ્)*a.*Untouched;uninjured;undefiled:અનામત; અલગ; ઉંચું;જેમનું તેમ;અણિશુદ્ધ.

Intaglio, (ઇન્ટૅલ્યો) *n.* [L .*in & tanglio,*to cut.] A cutting or engraving a stone or gem in which a finger is cut:જેના ઉપર ચિત્ર કાઢયું હોય એવો કિમતી પથરો.

Intangible, (ઇન્ટૅન્જીબલ્)*a.* [L.*in & tango,*I touch.]Not tangible અસ્પર્શ્ય;અસ્પર્શનીય;સ્પર્શાગોચર.

Integral, (ઇન્ટીગ્રેલ્)*a.* Complete uninjured; whole: આખુ ; અખંડ; પૂર્ણ;સમગ્ર; અભિન્ન; સાંગ. 2. Pertaining to a whole number: આખી સંખ્યાને લગતું; પૂર્ણક;પૂર્ણકારક. *n.*A whole;an entire thing:આખી ચીજ-રકમ-પૂર્ણાક.

Integer, (ઇન્ટીજર્)*n.*[L. *integer* untouched.]A complete entity; a whole number:પૂર્ણ સંખ્યા;પૂર્ણાક.

Integrate, (ઇન્ટીગ્રેટ્)*vt.*To renew; to restore: આખું-પૂરૂંકરવું. 2. To give the sum or total: સરવાળો કરવો.3.To find the integral of: પૂર્ણાક શોધી કાઢવો.

Integrity (ઇન્ટેગ્રિટિ)*n.*Wholeness; entireness; unbroken state:પૂર્ણતા;અખંડતા;અભિન્નભાવ;અભેદ; સાંગતા.2. Moral soundness; honesty:પ્રમાણિકપણું; સરળતા; વિમળતા; સાચવટ;નેકી;સત્ય.3.Surity: શુદ્ધતા; ચોખ્ખાઇ.

Integument, (ઇન્ટેમ્યૂમેન્ટ્)*n.*[L.*in*

& *tego*, I cover.] A covering which invests the body: ઢાંકણ; આવરણ; પડ, પડદો; પોપડો; વેષ્ટન; કોષ; આચ્છાદન; ચામડી; ખાલ.

Intellect, (ઇન્ટેલેક્ટ્) *n.* [L. *intelligo*, I understand.] The faculty of the human soul, the power to judge and comprehend: મન; બુદ્ધિ; અક્કલ; મતિ; ચેતના; વિચારશક્તિ; જ્ઞાનેંદ્રિય. *Retentive* i. ધારણ બુદ્ધિ

Intellective, (ઇન્ટલ્લેક્ટિવ્) *a.* Intellectual. માનસિક; બુદ્ધિવિષયક; બુદ્ધિજન્ય. 2. Intelligent; rational: બુદ્ધિશાળી; ધીમાન; બુદ્ધિવિશિષ્ટ; જ્ઞાનશક્તિવાળું.

Intellectual, (ઇન્ટલ્લેક્ટ્યૂએલ) *a.* Belonging to the intellect; mental: બુદ્ધિનું; બુદ્ધિવિષયક; મનનું; માનસિક. 2. Formed by and existing for the intellect alone: મનમાં આવેલું; કાલ્પનિક; બુદ્ધિગમ્ય; મનોગમ્ય; મનોગત; બુદ્ધિથી જણાયેલું-કલ્પેલું. 3. Having the power of understanding: બુદ્ધિવાન; અક્કલવાન; બુદ્ધિવિશિષ્ટ; જ્ઞાનશક્તિ સંપન્ન.

Intellectually (ઇન્ટેલ્લેક્ટ્યૂઅલ્લિ) *adv.* By means of the understanding: કલ્પનાથી; બુદ્ધિ-અક્કલથી

Intelligence, (ઇન્ટેલ્લિજેન્સ્) *n.* The act of knowing: જાણવું તે. 2. Understanding; readiness of comprehension; skill: બુદ્ધિ-ચાતુર્ય; ચતુરાઈ, બુદ્ધિ; મતિ; જ્ઞાન; સમજ. 3. Notice; news; advice; information: ખબર; સમાચાર; બાતમી; વાર્તા; સૂચના; વર્તમાન. 4. Acquaintance; intercourse: ઘરોબો; પરિચય; ઓળખાણ 5. An intelligent being: જ્ઞાની પ્રાણી.

Intelligent, (ઇન્ટેલ્લિજેન્ટ્) *a.* Endowed with the faculty to understanding or reason: સમજશક્તિવાળું 2. Well-informed; knowing; sensible; skilled: સજ્ઞાન; બુદ્ધિ સંપન્ન; સુજાણ; જાણું; ચતુર; કુશળ; નિપુણ; સમજદાર; જ્ઞાની; બુદ્ધિમાન; મતિમાન; ખબરદાર; સુજ્ઞ; હોંશીઆર. 3. Cognizant; understanding: સજાણ; સમજુ; જાણીતું

Intelligential, (ઇન્ટેલ્લિજેન્શેલ્) *a.* Intellectual: અક્કલ-બુદ્ધિ સંબંધી; બુદ્ધિનું; બુદ્ધિગમ્ય. 2. Consisting of unbodied mind: મનનું; ચિદાત્મક; ચિન્મય; ચિદ્રુપ.

Intelligible, (ઇન્ટેલ્લિજ્જિબલ્) *a.* Capable of being understood or comprehended: સમજાય તેવું; સ્પષ્ટ; સુગમ; બુદ્ધિ-જ્ઞાનગમ્ય; બુદ્ધિગ્રાહ્ય; જ્ઞેય

Intemperance (ઇન્ટેમ્પરન્સ્) *n.* [L. *in & temperance.*] Excess in any kind of action of indulgence: અતિશયતા; અમર્યાદા; પરાકાષ્ટા; અસંયમ; અનિગ્રહ; અજીતેંદ્રિયત્વ; અતિભોજન; અમિતાહાર; અતિમક્ષણ અપરિમિતભોગ. 2. Habitual or excessive indulgence in alcoholic liquors: અતિપાન; પાનપ્રસક્તિ; ખૂબ દારૂ ઢાંસવો તે; અતિમદ્યપાન.

Intemperate, (ઇન્ટેમ્પરેટ્) *a.* Immoderate: અતિશય કરનાર; અતિભોગી. 2 Excessive; ungovernable: વણુંજ; દાબમાં રાખી શકાય નહિ એવું; અતિમર્યાદ; બેસુમાર; બેહદ; અમર્યાદ. 3 Addicted to an excessive use of spirituous liquors: દારૂ ઘણો પીવાની ટેવવળો છાકટો; પ્યાઉધર; અપરિમિતભોગી વિહારી. I. *in eating*: ઘણું ખાનાર; અત્યાહારી; અમિતાહારી. I *inking*: ઘણો દારૂ પીનાર છાકટો; કેફી.

Intend, (ઇન્ટેન્ડ્) *vt.* [L. *in & tendo*, I stretch.] To strain; to extent: લંબાવવું; ફેલાવવું; પસરાવવું 2. To mean; to design; to purpose: ધારવું; ઇરાદો; મનસુબો વેત કરવો-હોવો. 3. To apply with energy: ઉદ્યમ ચંચળાઇથી લાગુ પાડવું-મંડ્યા રહેવું; ધ્યાન આપવું. 4. To fashion; to conceive: બનાવવું; કરવું; મનમાં યોજવું. *vi.* To stretch forward; to extend: લંબાવું; ફેલાવું. 2. To have a design; to purpose: ધારવું; ઈરાદો મનસુબો-હોવો.

Intended, (ઇન્ટેન્ડેડ્) *a.* Purposed; designed: આગળથી ધારી મુકેલું 2. Betrothed; affianced: વિવાહ થયો હોય એવું; અદરાયલું

Intense, (ઇન્ટેન્સ્) *a.* I Stretched; tightly drawn; strict: ઘણું મજબૂત કરેલ; સખ્ત; પ્રબળ. 2. (*a*) Ardent; fervent: ઘણું; ભારે. (*b*) Keen; biting; અતિ સખ્ત; કડકડતું; ગાઢ. (*c*) Vehement; earnest: દીક્ષ્ણ; તીવ્ર; પ્રચંડ. (*d*) Severe; violent: ભારે; જબર; અતિશય; પ્રબળ; પુર. I. *application*: ઘણું ધ્યાન. I. *heat*: ઘણી ગરમી. I. *suffering*: ભારે દુઃખ.

Intensely, (ઇન્ટેન્સ્લિ) *adv.* To an extreme degree: ઘણું; અતિશય. 2. Attentively: ઘણા ધ્યાનથી; આતુરતાથી.

Intenseness, (ઇન્ટેન્સ્નેસ્) *n.* Intensity: અતિશય-બેહદપણું; ચંડતા; તીવ્રતા; પરાકાષ્ટા, અત્યંતતા.

Intensify, (ઇન્ટેન્સિફાઈ) *vt.* To act with increasing power or energy; to render more intense: વધારે કરવું; વધારવું; ઘણું જબરું કરવું.

Intensity, (ઇન્ટેન્સિટિ) *n.* Intenseness; extreme degree: ઘણું જ હોવું તે; ચંડતા; તીવ્રતા; અત્યંતતા; પરાકાષ્ટા.

2. Effectiveness: અસર; પરિણામ.

Intensive, (ઇન્ટેન્સિવ્) *a.* Stretched: તસતસતું; ઘણું. 2 Intent; assiduous: લાગુ રહેનાર; ખંતીલું.

Intent, (ઇન્ટેન્ટ્) *a.* Fixed closely; anxiously diligent: એકાગ્રચિત્ત; એકનિષ્ઠ; -માં લીન-ગરક; આસક્ત; તત્પર; નિષ્ટ; પરાયણ. 2. Closely, directed; bent: વલણ હોયએવું *To all i.s and purposes.* n. Design; purpose: અભિપ્રાય; આશય; હેતુ; મુરાદ; મનસુબો; ઇરાદો; મતલબ.

Intention, (ઇન્ટેન્શન્) *n.* Closeness of application; earnestness: એકાગ્રતા; વિચાર. 2. The fixed direction of the mind: મનસુબો; ઇરાદો; અભિપ્રાય; આશય; ઉદ્દેશ; હેતુ; સંકલ્પ; ઇચ્છા; ભાવ. 3. End; aim; design: કાર્ય; પ્રયોજન; અર્થ. *First* i. an idea or image: વિચાર; ધારણા; પ્રતિમા.

Intentional, (ઇન્ટેન્શનૅલ્) *a.* Intended; designed: જાણી જોઇને કરેલું; જાણીજુજીને કરેલું.

Intentionally, (ઇન્ટેન્શનૅલ્લિ) *adv.* With intention; of purpose: જાણી જોઇને; સમજીને; જાણીજુજીને; બુદ્ધિપૂર્વક.

Intently, (ઇન્ટેન્ટ્લિ) *adv.* In an intent manner; eagerly: એક ચિત્તે; તાકી રહીને.

Intentness, (ઇન્ટેન્ટ્નેસ્) *n.* Close application: એકાગ્રતા; એકનિષ્ઠા; નિષ્ઠા; આસક્તિ; અનન્યવૃત્તિ.

Inter, (ઇન્ટર્) *vt.* [L *.in & terra*, the earth.] To bury; to inhume: દાટવું; ગાડવું; ભૂમિસંસ્કાર કરવો

Interact, (ઇન્ટરૅક્ટ્) *n.* A short act or piece between others: ઉપઅંક; નાટકના અંકોમાંનો પેટાઅંક. Intermediate time: વચલો-મધ્યનો વખત-કાળ.

Intercalar-y (ઇન્ટર્કૅલર્-ઈન્ટર્કૅલરિ) *a.* Inserted in the midst of others: વચમાં વધતું આણેલું; અધિક. 2. Additional; supernumerary: વધારાનું.

Intercalate, (ઈન્ટર્કૅલેટ્) *vt.* [L. *inter & calo*, I call.] To insert as a day or other portion of time in a calendar: પંચાંગમાં માસ-દિવસ લેવો-આણવો; અધિકમાસ-મળમાસ લેવો-ઘાલવો.

Intercede, (ઇન્ટર્સીડ્) *vt.* [L. *inter & cedo*, I go.] To intervene: વચ્ચે થવું-પડવું. 2. (*a*) To interpose; to mediate: વચ્ચે પડી સમાધાન કરવું; સમજાવવું; મધ્યસ્થ થવું. (*b*) To plead in favor of one: બીજાને સારૂ મારી માગવી; પ્રાર્થના-સ્તુતીકરવી; બીજાને સારૂ

બે વાત કહેવી.

Intercedent, (ઇન્ટર્સીડેન્ટ) *a.* Mediating:વચમાં પડી સમાધાન કરવું.

Intercept, (ઇન્ટર્સેપ્ટ્) *vt* [L.*inter & capio,*I take.]To stop on its passage; to seize on by the way:રસ્તામાં-વાટમાં અટકાવી લેવું;અટકાવવું.2.To stop: આગળ વધતાં-જતાં અટકાવવું;-ને આવતું અટકાવવું;ખાળવું 3.To cut off: જવા-આવવા દેવાનો વેહેવાર-બંધ કરવો-તોડવો.

Intercession, (ઇન્ટર્સેશન્) *n.*Interposition;mediation: વચ્ચે પડવું તે; મધ્યસ્થપણું. 2. Prayer or solicitation in favor of: પરાર્થ પ્રાર્થના.

Intercessor, (ઇન્ટર્સેસર) *n.* One who pleads in behalf of another mediator:વચ્ચે પડનાર; મધ્યસ્થ; પરાર્થે પ્રાર્થના કરનાર.2. A bishop: પાદરી;ધર્મગુરૂ.

Intercessory, (ઇન્ટર્સેસોરિ)*a.* Interceding:મધ્યસ્થપણાયુક્ત-થી કરેલું.

Interchange, (ઇંટર્ચેન્જ્)*vt.* To exchange;to reciprocate:અદલબદલ કરવું; અરસપરસ લેવું ને આપવું. 2.To cause to follow or to alternate: પાછળ એક પછી એક આવે એમ કરવું.*n.*Exchange: અદલાબદલી; આપલે; વિનિમય;દાન પ્રતિદાન; અદલબદલ કરવાનો વેહેવાર.2.Barter;commerce: વેહેપાર;રોજગાર;આપ લે. (*b*) એકપછી એક આવવું તે.

Interchangeable,(ઇન્ટર્ચેન્જેબ્લ્) *a.*Admitting of exchange: અદલબદલ કરાય એવું. 2. Following each other in alternate succession:એક પછી એક આવતું.

Intercommunication, (ઇન્ટર્કોમ્મ્યૂનિકેશન્) *n.* Mutual communication: અરસ પરસનો વહેવાર; સંન્યવહાર;અંતર્વ્યવહાર.

Intercostal, (ઇન્ટરકોસ્ટેલ) *a.* Lying between the ribs:પાંસળી વચ્ચેનું.

Intercourse (ઇન્ટર્કોર્સ્)*n.* [L. *inter & curro,*I run.](*a*) Communication;commerce: વહેવાર; વહિવટ;સ સર્ગ.(*b*)Association; communion: મિલાવડો; બેસવા ઉઠવા ખાવા પીવા વિગેનો વહેવાર;અવરજવર; મરોબો; મરવટ.I. *with the world* સંસાર વહેવાર. *Social* i.: મિલાવડો; બેસવા ઉઠવા ખાવા પીવા વગેરેનો વહેવાર *Familiar* i.: મરવટ;મરોબો;પરિચય.I. *of the sexes*:સ્ત્રીપુરૂષ સંભોગ. પરિચય;સ ગ;સમાગમ;સંગતિ.

Interdict (ઇન્ટર્ડિક્ટ)*vt.*[L.*inter & dico,*I say.]1.To forbid: મના કરવી;વારવું;નિષેધ કરવો.2.To cut off from communion with a church: ખ્રિસ્તી મંડળીના સંસર્ગમાંથી બાતલ કરવું. *n.*Prohibition:મના; મનાઇ; નિષેધ; નિવારણ;બાધા;નિષેધનો હુકમ.

Interdiction, (ઇન્ટર્ડિક્શન્) *n.* Prohibition: inhibition; curse: શ્રાપ;શાપ;નિષેધ;પ્રતિષેધ;મનાઈ

Interdictory, (ઇન્ટર્ડિક્ટોરિ) *a.* Having the design or power prohibit: મનાઇવાળું; નિષેધનું;નિષેધક;નિવારક;નિષેધકારક-રૂપ.

Interest,(ઇન્ટરેસ્ટ્)*vt.*[L. *inter & esse,*to be.]1.To engage the attention of;to awaken interest in;to excite emotion or passion in behalf of a person or a thing: મન-ચિત્ત-લક્ષ્ય ખેંચવું-વેધવું; આસ્થા ઉત્પન્ન કરવું;-નું મન અનુરંજન કરવું;-નું મન આકર્ષવું;-માં જીવ લાલવો;ધ્યાન ખેંચવું.2.To affect; to concern; to excite:માં સ્વાર્થ-લાભ હોવો;-માં લાગતું વળગતું હોવું;-માં હાથ હોવો;અસર કરવી;-માં સામેલ હોવું. 2. To cause or permit to share: ભાગ-પાંતી અંશ આપવો-લેવો-દેવો.*n.* Concern; sympathy;regard: કાળજી;આસ્થા; અનુકંપા;દરકાર; ભાવ; રસ; મનોહરતા; કરૂણારસ;દીલસોજી;લેવાદેવા.2.Share; portion;part: હિસ્સો; ભાગ; પાંતી; અંશ.3.Advantage;-good;profit: હિત;અર્થ;ગુણ;લાભ;ફાયદો;-કલ્યાણ;આદર;સ્નેહ;રાગ;અનુરાગ; રૂપૂહા.4 Premium paid for the use of money: વ્યાજ.5.Regard to private profit: સ્વાર્થ; પોતીકી મતલબ;સ્વાર્થ દૃષ્ટિ. 6. Connection with great persons: વશિલો;વગ; વગવશિલો. *Compound* i.:ચક્રવૃદ્ધિ-દિવાળી બાકી વ્યાજ; ખાંચાનું વ્યાજ. *Simple* i., સાદું-સુદેવ્યાજ.

Interested,(ઇન્ટરેસ્ટેડ્)*a.*Having an interest;liable to be affected: લાભ-નુકસાનમાં ભાગીદાર;આસ્થિક; ભાગીદાર;સંબંધી; અનુરક્ત; પક્ષપાતી; સંગી;આસક્ત;સ્વાર્થપર; સ્વાર્થદર્શી; તત્પર;સ્વાર્થી;મતલબીઓ.

Interesting, (ઇન્ટરેસ્ટિન્ગ્)*a.* Engaging the attention or curiosity: મનોરંજક; ખુશકારક; દીલ પસંદ; વિનોદી;મનોહર;સરસ; હૃદયહારી-પ્રાહી.

Interfere,(ઇન્ફીર્)*vt.*[L. *inter & fero,*I strike.]To come in collision: એકબીજાને આડે આવવું;નડવું; સામસામા આવી જવું;-ને કચલ કરવી. 2. To intermeddle; to interpose: વચ્ચે પડવું;હાથ-માથું લાલવું.

Interference,(ઇન્ટર્ફીરન્સ્)*n.*Intermeddling;interposition:મધ્યસ્થપણું;ચર્ચા;નિરૂપણ 2 Collision; clashing: એકબીજાને નડવું તે;સમાધાત;અથડામથડી.

Interim,(ઇન્ટેરિમ્)*n.*[L.*intrim.*] The mean time: વચમાંનો કાળ; અરસો;મધ્યકાળ; અંતર્ગતકાલ. *In the* i.:એટલામાં; એ સરસામાં;એ દરમિયાન; વચગાળામાં

Interior,(ઇન્ટીરિઅર્)*a.*[L.*interior-nus.*]Internal; inner: અંદરનું;માંહેનું;અંતસ્થ;અંતર્ગત; અંતર્ભૂત; અંતર્વર્તી.2.Inland: જમીન-ભૂમીમાં-અંદરથી ઘેરાયેલું. *n.* 1. The internal part of a thing; inside: અંદરની બાજુ;અંતર્ભાવ;ઉદર;ગર્ભ;અભ્યંતર 2. The inland part of a country, state or kingdom: દેશની અંદરનો ભાગ;મધ્ય દેશ;અંતર્ભાગ 3 The home department:જે ઠેકાણે આખા મુલકનાં કામકાજ કરવામાં આવતાં હોય તે જગા;વિલાયત સરકાર.

Interjacent,(ઇન્ટર્જેસેન્ટ્)*a* [L. *inter & jacio,* I lie.] Intervening:વચ્ચે આવેલું:મધ્યસ્થિત;મધ્યવર્તી.

Interject,(ઇન્ટર્જેક્ટ્)*vt.*[L.*inter & jacio,*I throw.] To insert: વચ્ચે નાંખવું-મુકવું.

Interjection,(ઈન્ટર્જેક્શન્) *n.* The act of throwing between: વચ્ચે નાંખવું-મુકવું તે; મધ્યક્ષેપ; મધ્યક્ષેપણ. 2.A word in speaking or writing,thrown in between words to express some emotion or passion:કેવળ પ્રયોગી અવ્યય;ઉદ્ગાર.

Interlace,(ઇન્ટરલેસ્)*vt.*:To intermix:ભેળવવું;ભેળી દેવું;સેળભેળ કરવું;જડવું;મિશ્રિત કરવું;કુલ ગુંથણીદ કરવું.

Interlapse, (ઇન્ટરલેપ્સ્) *n.* The lapse or flow of time between two events:બે બનાવની વચમાંનો વખત.

Interlard, (ઇન્ટરલાર્ડ્)*vt.*To diversify by mixture;to interpose; to insert between:-માં વચ્ચે મુકીને વિચિત્ર કરવું;-માં-મધ્યે-વચ્ચે મુકવું. *To be interlarded with:* માં વચ્ચે આવવું.

Interleaf, (ઇન્ટર્લીફ્)*n.* A leaf inserted between two leaves; a blank leaf inserted:ચોપડીમાંના બબે પાનાની વચમાં ધાલેલું અકેક કોરૂ પાનું.

Lay,(લે)*a.* [L.*laicus.*] Pertaining to the laity,as distinct from the clergy:સંસારી.2.Not educated;ignorant:અજ્ઞાની;અજ્ઞાન;અજાણ. 3.Unprofessional:કોઇ અમુક ધંધામાં પ્રવિણ હોય તે સિવાયના બીજા સાધારણ લોકમાંનું. *n.* The laity; the common people: સંસારી લોક;સાધારણ લોકો.2.A meadow: ઘાસવાળી જમીન;બીડ.3.Faith; creed: ધર્મ;મત-પંથ;ધંધો.4. *A* law: કાયદો; કાનુન;નિયમ.5. An obligation; a vow:સોગન;બંધન;વચન. 6.*A* song; a ballad:ગાણું;ગીત;ચીજ.7. *A* melody:ગાન;ગાયન.*vt.* To put down; to deposit: મુકવું-ના ઉપર પડવું; બેસાડવું; બેસાડી દેવું.8.To place in position:મુકવું; ગોઠવવું;ગોઠવીને મુકવું; સ્થાપવું;ચણવું-ના ઉપર નાંખવું. 3. To prepare: રચવું;બનાવવું;તૈયાર કરવું; પાથરવું.4.To spread on a surface: લગાવવું;દેવું.5.To calm; to allay: ટાઢું પાડવું; નરમ પાડવું; શાંત કરવું. 6.To cause to lie dead or dying: મારી પાડવું; સુવાડી દેવું; ભોંય ભેગા કરી નાંખવું.7.To stake:-ની હોડ-સરત બકવી-કરવી. *8.* To bring forth and deposit:મુકવું;જણવું. 9. To apply;to put:અડકાવવું;લગાવવું-વતી ગાલવું. 10. To impose: મુકવું; બેસાડવું;નાંખવું.11. To impute; to charge: તહોમત-આરોપ મુકવો. 12. To impose as a duty: નાખવું; મુકવું;ચઢાવવું;બેસાડવું.13. To present or offer:આગળ મુકવું-ધરવું;રજુ કરવું. 14.To state;to allege:બતાવવું; કહેવું.15.To point;to aim: ધારવું; તાકવું.16.To cause to disappear: કાઢાડવું. *To* l. *aside*: આઘું-કોરે-બાજુએ પડવું મુકવું;કાઢી નાંખવું; મુકી દેવું. *To* l.*bare*,to make bare: ઉઘાડું મુકવું; ઉઘાડું કરવું.*To* l. *before*, to present to:-ને આપવું; જાહેર-રજુ કરવું; બતાવવું;આગળ;મુકવું. *To* l.*by*,(*a*) to save:બચાવવું; સંગ્રહ-સંચય કરવું-ધરવું.(*b*)To discard: ત્યજી દેવું;-નું અપમાન કરવું.(*clothes*) ઉતારવું; ઉતારી મુકવું.*To* l.*by the heels*, to put in prison: કેદ-બંધીખાનામાં પુરવું. *To* l.*down*, (*a*) to stake as a wager: શરત-હોડ બકવી. (*b*) To yield;to surrender: છોડી દેવું; મૂકી દેવું;શરણ થવું.(*c*) પ્રતિપાદન કરવું; સ્થાપવું.(*d*) કાઢવું;આલેખવું (*e*)આડમાં-હડફમાં મુકવું.*To* l *hands on*,to seize: ગાલવું;પકડવું.*To lay violent hands on one's self*, to injure one's self:આપઘાત કરવો.*To* l. *heads together*,to consult: મસલત કરવી; મરવરત કરવી;સલાહ લેવી. *To* l. *hold of*, to catch:પકડવું;ગાલવું.*To* l. *in*, to provide: પુરૂં પાડવું; સંગ્રહ કરી રાખવો.(*b*)(as a claim): દાખલ કરવો; કરવો.*To* l *on*,to apply with force મારવું;ગાપટવું;લગાવવું.*To* l. *over*, to spread over: (ઢાળ) ચઢાવવો; ઢાંકવું; ઢાંકવું;પર લેપ કરવો. *To* lay out, (*a*) to expend:ખરચવું.(*b*)To display; to discover:જણાવવું;પ્રકટ-જાહેર કરવું. (*c*)To arrange: ગોઠવવું;-ની ગોઠવણ-વ્યવસ્થા-રચના કરવી.*To* l.*open*: ખુલ્લું કરવું;બહાર-ઉઘાડું-પ્રગટ-જાહેર પાડવું. *To* l. *one's self down*, *To* l. to (*a*)To impute: ના ઉપર દોષ-આરોપ મુકવો(*b*)To apply with vigor: ઉ-

ત્સાહ-ખંતથી મંડવું-કામે લાગવું. *To l. to heart*, to feel deeply : અંતઃકરણમાં લાગવું. *To l. siege to*:-ને ઘેરો ઘાલવો. *To l. under an obligation*: ઉપર ઉપકાર કરવો;-ને ઉપકાર કરવો. *To l. under*, to subject:-ને ઉપકાર કરવો. *To l. up*, to store: ભરી રાખવું;સંગ્રહ-સંચય કરવો. *To l. waste*, to destroy:પાયમાલ ઉજ્જડ-વેરાન-તારાજ કરવું. *vi.* To produce and deposit as eggs:મુકવાં.2.To take a position:આગળ ચાલવું.3.To lay a wager: સરત-હોડ કરવી *To l for*, to prepare:તૈયાર થવું. *To l. on*, to strike:મારવું. *To l. out*, to purpose; to plan: ની ગોઠવણ કરવી;ઠરાવવું. *n.* A stratum:પડ;થર.2.A wager:સરત;હોડ.3.A price or profit : ફાયદો.4.A measure of yarn:તાણાનું માપ.5.A plan;scheme:યુક્તિ.

Layer, (લેંઅર્) *n.*One who lays: મુકનાર. 2. A bed : પડ; થર. 3. A shoot of a plant: ચાંપ;ફણગો; ડાખા; વડવાઇ.

Layman, (લેમેન્) *n.* One of the laity: સંસારી લોકમાંનું એક 2.A lay figure: માણસનું પુતળું.

Lazar, (લાઝાર) *n.*A person infected with a filthy-disease; leper: રગતપીતીઉ;ગળતકૃષ્ટી.

Lazaretto, Lazaret, (લૅઝરેટો, લૅઝરેટ્) *n.*A public hospital for persons affected with contagious diseases : ચેપી રોગના દરદીઓને રાખવાની ઇસ્પીતાલ-દવાખાનું.

Lazarhouse, (લાઝાર્હાઉસ્) *n.* A hospital for a quarantine:પીતી-આવિગેરેની ઇસ્પિતાળ.

Lazily, (લેંઝિલિ) *adv.* In a lazy manner: સુસ્ત-આળસુપણાથી.

Laziness (લેંઝિનેસ્) *n* Indolence સુસ્તી-ધીમાપણું;હાડકાંનું ભાગેલપણું;સુસ્તી.

Lazy, (લેંઝિ) *a.* [L. *laxus*, lax.] Averse to labor;idle: ખોટું: હાડસાગું;આળસુ.2.Inactive;slow; sluggish: ચાલાક નહીં તે; ધીમું; મંદ. 3. Wicked;vicious: ખરાબ; લંપટ.

Lea, ley, (લી) *n.* A measure of yarn: દોરા-તારનું માપ.2.*A* meadow: ચરો;બીડ;ગૌચરણી.

Lead, (લેડ્) *n.* One of the elements, having a bright, bluish colour: સીસું. 2. An article made of lead: છાપરે જડવાનાં પતરાં. 3. A small cylinder of black lead used in pencils:પેનસીલની અંદરનું સીસું. 4. A thin strip of type metal, used to separate lines of type in printing: છાપવામાં ગોઠવેલાં બીજાંની હારને છુટી પાડવામાં વપરાતી ધાતુની ચીપ.5.A plummel: (ખલાસીનો) મરમ; લંબક. *Black l.*, graphite;plumbago: પેનસીલ અને જે તે કોયલો. *Lead colour*: ઘેરો ભૂરો રંગ.*To cast, or heave the l.*; to cast the sounding lead for ascertaining the depth of the water: પાણીની ઉંડાઇ તપાસવાને તાગ નાંખવો. *Red l.*:સીંદુર.*vt.* To cover or fill with lead : ઉપર સીસું ચડાવવું. 2 To place leads between the lines of: બીજાંની ગોઠવેલી હાર છુટી પાડવાને તેની વચ્ચે સીસાંની ચીપો મુકવી.

Lead, (લીડ્) *vt.* To guide or conduct with the hand : દોરવું; દોરી લેઇ જવું;હાથ પકડીને લઇ જવું. 2. To guide in a certain course or to a certain place:કોઈ રસ્તે અગર કોઇ જગાએ દોરીજવું. To instruct; to direct: શિક્ષણ-તાલીમ આપવી; રસ્તો-માર્ગ દર્શાવવો.3.To have direction or charge of:ચલાવવું; સત્તામાં-કબજામાં રાખવું;ના ઉપરી હોવું. 4. To go in advance;to precede : ની આગળ જવું.5 To induce; to entice: લલચાવવું.6. To conduct oneself in: ખેંચાવું; દોરાવું. 7. To begin a game: રમત શરૂ કરવી;ની પહેલી ઉતર હોવી. *To lead astray*, to guide in a wrong way:આડો-ખોટો રસ્તો બતાવવો;આડે-ખોટે રસ્તે ચઢાવવું;કુમાર્ગે દોરવું. *To take the l.*: આગેવાન થવું. *vi.*To guide:દોરવું.2.To reach to a certain place:અમુક જગાએ જવું;-થી થઇને જવાવું હોવું. *To lead off* or *out*, to begin: ચાલવા માંડવું;શરૂ કરવું. *n.* Guidance;direction: સરદારી;આગેવાની;પહેલ.2.Advance position: મોખરો;પહેલ.3. Right of playing first in a game:પહેલી ઉતર.4.An open way in an ice field,બરફના ઢગલામાંનો ઉઘાડો રસ્તો.

Leaden, (લેડન્)*a.* Made of lead: સીસાનું 2. Like lead in color: સીસાના રંગ જેવું. 3. Heavy; dull: આળસુ;સુસ્ત.

Leader, (લીડર) *n.* A guider; a conductor:અગેસર; દોરનાર. Especially(*a*)one who goes first: પહેલો જનાર. (*b*) A chief; a commander:સરદાર;અગેસર;સેનાપતિ;નાયક;આગેવાન.(*c*)A horse placed in advance of others:બીજા ઘોડાઓથી આગળ જોડેલો ઘોડો. (*d*) A pipe for conducting rain water from a roof to a cistern or to the ground:છાપરાં ઉપરથી નીચે જમીનમાં કે ટાંકીમાં પાણી લઇ જવાને મુકેલો નળ.2. The first or principal editorial article in a newspaper : કોઇ પણ ન્યુસપેપરમાંનું મુખ્ય-અધિપતિ તરફનું લખાણ.3.A type having a dot or short row of dots upon its face: જેની ઉપર બીજું ટપકું કે ટપકાંની હાર હોય એવું બીજું.

Leadership, (લીડર્શિપ) *n.* The office of a leadee:સરદારી;આગેવાની;અગેસરપણું;નાયકપણું.

Leading, (લીડિંગ્) *a.* Guiding; directing: મુખ્ય;મોટામાંમોટું;પ્રધાન. *L. question* : કેવો જવાબ આપવો તે નીકળી આવે એવો સવાલ; સૂચક સવાલ-પ્રશ્ન. *n.* The act of guiding: દોરવાની રીત.2.Hint;example: મદદ દાખલો; ઉદાહરણ; સૂચન.

Leaf, (લીફ્) *n. pl.* **leaves.** One of the parts of a plant:પાદડું;પર્ણ; પત્ર; પાન.2. A special organ of vegetation in the form of a lateral out-growth from the stem: પાંતરી;પાંખડી;પાદડી. 3. Something which is like a leaf in being wide and thin and having a flat surface: પડ. 4. A part of a book containing two pages on its opposite sides: પાનું; પત્ર. 6. Movable side of a table: પડ;પડખું;ખાનું.7.Thin plates: વરખ. *To turn over a new leaf*, to make a radical change for the better in one's way of living or doing: નવેસરથી બધો ફેરફાર કરી નાંખવો; નવીજ પાયડી બાંધવી.*To take a l. out of any one's books*: કોઇને અનુસરવા માંડવું; અનુસરવું. *vi.* To produce leaves:-ને પતરાં આવવાં; પલ્લવિત થવું.

Leafless, (લીફ્લેસ્) *a.* Having no leaves or foliage:બોડું;પાંદડાં વગરનું;નિષ્પત્ર; પર્ણશૂન્ય-રહિત.

Leaflet, (લીફ્લેટ્) *n A* small leaf: નાનું પાતરું; પાંદડી; લઘુ-અલ્પપર્ણી. 2. One of the divisions of a compound leaf: પાનાનો એક ભાગ. 3.A leaflike organ or part:નાનું પાનું. 4.A little printed leaf or tract: નાનું ચોપાનીઉં.

Leafy, (લીફિ) *a.* Full of leaves: પાંદડાથી ભરપૂર. 2. Consisting of leaves: પાંદડાંવાળું;પર્ણમય.

League, (લીગ્) *n.* [L. *ligo*, I bind.] A measure of length or distance:છેટાનું માપ;આઠમાઈલ. 2.A stone erected near a public road to mark the distance: અંતરની નિ-

થાનીને માટે ઉભો કાટેલો પત્થર. 3. An alliance of two or more nations or persons: બે પ્રબ અથવા માણસોનો સંપ; એકઠો; રાજ્યૈક્ય-પ્રજૈક્ય. *Offensive* l., દમનૈક્ય *Defensive* l.: રક્ષણૈક્ય. *A wicked* l: ચોરૈક્ય. *vi.* To unite in a league: એકઠો-સંપ કરવો. *vt.* To combine: જોડાવું, ભેગા મળી જવું.

Leak,(લીક્) *n.* A crack; a crevice: તડ;ફાટ;ચિર;છિદ્ર;વેહ;ગાબડું. 2. The entrance or escape of a fluid through a crack: ગાબડાંમાંથી પાણીનું પેસવું કે નીકળવું તે. The oozing out of a liquid:ઝળવું-ચૂવું તે; ઝરણ. *To spring a* l., to begin to let in water: માં પાણી પેસવા માંડવું;માં કાણું-ગાબડું પડવું. *vi.* To let water or other fluid in or out through a hole: પાણી અગર બીજ પ્રવાહી પદાર્થનું અંદર અગર બહાર જવું. 2. To enter or escape: અંદર પેસવું અગર બહાર જતા રહેવું. To l. *out*, to be divulged; gradually: ધીમે ધીમે બહાર પડવું; ફુટવું પ્રસિદ્ધ થવું; ઉઘાડું પડવું. *vt.* To permit to enter or escape through a leak: બાકામાંથી આવવા કે જવા દેવું.

Leakage,(લીકિજ્) *n.* Leaking: ઝરી જએલું પાણી;ઝરણ; ગળાણ. 2. An allowance of a certain rate per cent for the leaking of casks: ઝરવાથી થતા નુકસાન બદલ પટની કપાત-છૂટ.

Leaky,(લીકિ) *a.* Permitting water or other fluid to leak in or out ફાટ-ગાબડું પડેલું;ચુવું; ગળવું; કાણું. 2. Apt to disclose secrets: છાની વાત ઉઘાડી કરે તેવું;પેટમાં ન રાખે એવું

Lean,(લીન્) *vt* [L *clino*, I bend.] To conceal: સંતાડવું. 2. To incline, deviate from a vertical position: વાળવું;વાંકુ વાળવું *vi.* To incline, to deviate from a vertical position: વાંકા વળવું;નમવું; ઝોકખાવો. 2. To incline in opinion or desire: નું વલણ-રુખ હોવી. 3. To rely or rest for support: અઢેલવું;અઢિત્રવું. *a.* Wanting flesh; thin: પાતળું; નબળું; ક્ષિણ; કૃશ. 2. Slender; barren: નાજુક;નબળું.

Leanness, (લીન્નેસ્) *n.* The condition of being lean: શરીરનું એકવડાપણું; કૃશતા;કૃશાંગ.

Leap,(લીપ્) *n.* A basket: ટોપલી. *vi.* To jump. કૂદવું;છલંગ મારવી. 2. To spring or move suddenly; to bound: કુદી પડવું. *vt.* To pass over by a leap: કુદીને જવું; ઓળંગવું. 2. To cover: (પશુઓમાં) સંભોગ કરવો. 3. To cause *to* leap: કુદાવવું; કુદાવી જવું. To l. *over*: કુદી ઓળંગી જવું. *n.* A jump, a spring: કૂદવું તે; છલંગ; કુદકો; ઠેકડો; ભુશકો. 2. Copulation with a female beast: જનાવરી સાથેનો સંભોગ.

Leap-year,(લીપ્યિઅર્) *n.* A year containing 366 days: ૩૬૬ દીવસનું વરસ; દર ચોથું વરસ. 2. Every year whose number is exactly divisible by four: વરસના આંકને ચારે ભાગતાં શેષ કંઇ ન રહે તે વરસ.

Learn,(લર્ન્) *vt.* To gain knowledge; to fix in the mind: ભણવું; ચિત્રવું;નો અભ્યાસ કરવો; તૈયાર કરવો. 2. To teach; to communicate: ચિત્રવવું. *vi.* To receive instruction: ચિત્રવું;જ્ઞાન મેળવવું;ભણવું;શિખી જવું. 2. To take pattern of: (કોઇ)નાથી શીખવું-નોદાખલો લેવો-લેઇ શીખવું. To learn by rote or heart: સમજ્યા વગર બોલી બોલીને મોઢે ગોખી ગોખીને કરવું;પોપટીઉ કરીને ભરડી જવું.

Learned,(લર્નેડ્) *a.* Pertaining to learning; well informed: વિદ્યા સંબંધી; વિદ્વાન્; વિદ્વત; આલિમ. 2. Well-versed: જાણનાર;કુશળ;પ્રવીણ; વાકેફ. *The learned*, learned men: પંડિત;વિદ્વજ્જન.

Learnedly, (લર્નેડ્લિ) *adv.* In a learned manner: જ્ઞાનથી;વિદ્વતાથી.

Learner,(લર્નર્) *n.* A scholar: ભણનાર;નિશાળીઓ;શિખનાર.

Learning,(લર્નિન્ગ્) *n.* The acquisition of knowledge or skill: વિદ્યા;જ્ઞાન. 2. Literature; science: વિદ્યાજ્ઞાન;પંડિતાઇ;પાંડિત્ય;વિદ્વતા.

Lease,(લીસ્) *vi.* To glean: કાપણી કર્યા પછી જે બાકી રહ્યું હોય તે ફાંફાં મારવાં કરવો. *vt.* To let: મુદત બાંધી ભાડે-ગણોતે-પટે આપવું. 2. To hold under a lease; to take a lease of: ભાડે લેવું;ભાડે રાખવું. *n.* A demise or letting of lands: મુદત બાંધી ગણોતે આપવું તે. 2. The contract for such letting: ગણવત. 3. Any tenure by grant or permission; allotted time: ગણોત;પટો.

Leasehold, (લીસ્હોલ્ડ્) *a.* Held by lease: મુદતની સરતથી ભાડે-ગણોતે પટે રાખેલું. *n.* Tenure of lease: ગણોતનો ભોગવટો.

Leash,(લીશ્) *n.* [*laxus*, loose.] *A* thong of leather by which a falconer holds his hawk: બાજને અગર કુતરાને બાંધવાની વાધરી-દોરી. 2. *A* tierce: three: ત્રિપૂટિ. *vt.* To tie together; to hold: દોરીથી બાંધવું.

Least,(લીસ્ટ્) *a* Shortest; lowest; most unimportant: નાહાનામાં નાનું;ઉતરતું નાનું;અત્યલ્પ. *In least, or in the* l.: જરાપણ;લગાર પણ.

Leather,(લેધર્) *n.* Dressed hides: કેળવેલાં પાકાં ચામડાં-ચર્મ. 2. The skin: ચામડી. *t.* To bend as with a thong of leather: મારવું. *a.* Made of leather: ચામડાનું.

Leather-dresser,(લેધર્-ડ્રેસર્) *n.* One who dresses leather: ચમાર; ખાલપો;ચામડીયો.

Leathern(લેધર્ન્) *a.* Made of leather; consisting of leather: ચામડાનું.

Leave, (લીવ્) *vi.* To send out leaves: પાનાં ફુટવાં. 2. To depart: જૂદા પડવું. 3. To cease; to desist આધા રહેવું;દૂર રહેવું;છોડી દેવું. *vt.* To go away from; to depart from: થી છુટા પડવું. 2. To let or remain unremoved or undone: રહેવા દેવું. 3. To cease from; to abstain from: થી આધા-દૂર રહેવું 4. To desist; to abandon: ત્યાગ કરવું; છોડી દેવું;નો ત્યાગ-પરિત્યાગ કરવો. 5. *To* let be or do without interference: અડચણ ન કરવી;ન છેડવું; રહેવા દેવું. 6: To put; to place; to deposit: મુકવું;રાખવું. 7. To bequeath: પાછળ મુકી જવું. To *leave alone*: એમને એમ રહેવા દેવું; ન છેડવું. To *leave off*, to desist from: થી આધા-દૂર રહેવું. (*b*) To cease wearing or using: ન પહેરવું;ઉતારી નાંખવું (*c*) To forsake: તજી દેવું;છોડી દેવું. To *leave to one's self*, to let one be alone: એકા મુકવું;ને છેડવું. To l. *out*: કાઢી નાંખી રહેવા-મૂકવા દેવું;પડતું મુકવું *n.* Liberty; allowance; permission: રજા; છુટ; આજ્ઞા;પરવાનગી. L *of absence*: રજા. To *take* l.: જવું;રજા-આજ્ઞા લેવી. To *beg* l: રજા-આજ્ઞા માગવી.

Leaven,(લેવન્) *n* [L *lenamen*, alleviation.] *A*ny substance that produces fermentation: ખીરૂ આથવાનું આખરણ; ખીરૂ; ખમીર; ઉભરો. 2. Anything that makes a general change good or bad: ઘણો ફેર-ગુણાંતર કરે એવી મેળવણી. *vt.* To cause to ferment: આથવું;ખીરૂ ચઢે તેમ કરવું. 2. To imbue; to vitiate: બગાડવું;ખરાબ કરવું.

Leavings, (લીવિંગ્સ્) *n.* Things left; relics: રહેલી નિશાની. 2 Refuse: ટાળ ટોળનું;કચરો;છાંડ્યું;અજ્ઞું.

Lecher,(લેચર્) *n.* A man given to

lewdness:છિનાળવો; રંડીબાજ; સ્ત્રીલંપટ;બહારવટો.*vi.*To practise lewdness: છિનાળું કરવું.

Lecherous(લેચરસ)*a*Like a lecher;lustful:રંડીબાજ;કામી;છિનાળવું;લંપટ.

Lechery,(લેચરિ) *n.* Lewdness: રંડીબાજી;બહાર લડાઈ.2. Selfish pleasure;delight:ધનબાજી;ઠીંડાનંદ.

Lectionary,(લેક્શનેરી)*n.A* collection of scriptures to be read during divine service: ઈશ્વરની ભક્તિમાં વાંચવાને માટે ખ્રિસ્તી શાસ્ત્રમાંથી કાઢેલાં વાકયોનો સંગ્રહ;વાચન સંગ્રહ

Lecture,(લેક્ચ્યૂર)*n.* [L. *lectum,* read.]The act of reading: પાઠ; વાંચન.2. *A* Discourse on any subject:બીજાને શિખવાને માટે લખેલું લખાણ;કીધેલું ભાષણ;ઉપદેશ;વ્યાખ્યાન; વકતૃત્વ; પાઠ વાંચન; આખ્યાન. 3. *A* reprimand or formal reproach ઠપકો;વચનનો માર-પ્રહાર; ઠોક. *vi* To read or deliver a lecture to: ભાષણ આપવું-કરવું. 2. To reprove formally and with authority: રીતસર ઠપકો દેવો.*vi.*To deliver a lecture: ભાષણ આપવું-કરવું.

Lecturer,(લેક્ચ્યૂરર્)*n.* One who lectures: પાઠ કહેનાર-આપનાર; પાઠક; ભાષણકર્ત્તા;અધ્યાપક.

Led,(લેડ્)*imp.* & *p.p.*of **lead:**લઈ ગયેલું ગયું.

Ledge,(લેજ્)*n.A* shelf on which articles may be laid: છાજલી;પાટલી;અભરાઈ.2. *A* shelf or ridge of rock: કોર; કડાણ;કરેઢી; પાળી.3.A layer or stratum:થર;પડ.

Ledger(લેજર્)*n.A* book in which a summary of accounts is laid up or preserved:ખાતાવહી.

Lee, (લી)*n.*[L.*levo,*I lift up.]Sediment:કચરો;થરો;રગડો.2.That part of the hemisphere(as one stands on ship board) toward which the wind blows: જેણીગમનો પવન વાતો હોય તેની સામેની દિશા.3.*A* sheltered place; a shelter; a protection: આશરાની જગ્યા; આશ્રય સ્થાન. *The* l.*side of* a ship: વહાણની જે બાજુને પવન ન લાગતો હોય તે બાજુ. *Under the* l. *of*:ના ઓથામાં; જેણી ગમનો પવન વાતો હોય તેની સામાની બાજુ. L. *way:* પવન સામી બાજુએ જવાથી પકડેલો આડકતરો માર્ગ. *To make up* l.: નકામા ગએલા વખતનું સાટું વાળવું;ચઢી ગએલું કામ આટોપવું.

Leech, (લીચ્)*n.* The border or edge at the side of a sail: સઢની બાજુની કિનારી. 2. *A* physician or surgeon:ડાક્તર.3.*Any* one of numerous genera and species of annulose worms: જળો.*vt.* To treat as a surgeon: દવા કરવી. 2. To bleed by the use of leeches: જળો વળગાડી લોહી કાઢવું;જળો મુકાવવી.

Leer.(લીર્)*n.*To learn:શિખવું.2.To entice with a leer:કટાક્ષ મારી લલચાવવું.*vi.*To look with a leer:કટાક્ષ ફેંકવો.*n.An* oven in which glassware is annealed: કાચનાં વાસણ પકવવાની ભઠ્ઠી.2.The cheek: ગાલ. 3.*A*spect,complexion: નજર; ચહેરો;આકૃતિ; ડોળ; મુખમુદ્રા. 4. *An* indirect glance of the eye,conveying a sinister suggestion: આડી-આડી નજર;કટાક્ષ.*a.* (*a*) Empty of contents: ખાલી. (*b*) Destitute of a rider: સવાર વિનાનું. (*c*) Wanting sense: trifling: અકલ વિનાનું-નકામું;અર્થહીન.

Lees (લીઝ્)*n pl* Dregs:કચરો; મેલ કીટ્ટ.2 *A* leash: દોરી.

Lee ward,(લીવર્ડ્)*a.* Pertaining to the side toward which the wind blows:પવનની દિશા તરફનું.

Left,(લેફ્ટ્)*imp.* & *p.p.*of **leave:** મુકયું;છોડયું. *a.* Opposed to right when used in reference to part of the body: ડાબું;વામ;સવ્ય; ડાબી ગમનું.*n.*That part of surrounding space toward which the left side of one's body is turned: ડાબી બાજુ-અંગ-પાસુ.

Left-handed,(લેફ્ટ્હૅન્ડેડ્)*a.*Having the left hand or arm strong or and more dexterous than the right: વાણી ચપળતાથી ડાબે હાથે કામ કરવું;ડાબોડિયું. 2. Clumsy; awkward;unlucky:અણઘડ;ઐઢંગુ; કઢંગુ;કથોલું;કમનશીબ.L. *marriage,* a morganatic marriage:ઉંચ કુળનો વર અને નીચ કુળની સ્ત્રીનું લગ્ન.

Leg,(લેગ્)*n.A* limb:પગ 2. That which resembles a leg in form or use: પગના જેવું હથિયાર; પાયો. 3.The part of any articles of clothing which covers the legs: મોજું; પાયચો.4.*A* bow: નમન. *vt.* To use as a leg: પગ તરીકે વાપરવું.*To stand on one's own legs,* to be independent: સ્વતંત્ર હોવું; પોતાને જોરે ઝઝુમવું; પોતાના બાહુબળ ઉપર આધાર રાખવો. *To feel one's* l.s.: ચાલતાં ડોલતાં શીખવું. *To give a* l. *to*:ઘોડે ચઢતાં હાથ આપવો.

Legacy(લેગસિ)*n.*[L.*lego,*I appoint by last will.]*A* gift of property by will:વારસનામાંથી-વસીયતનામાથી મળેલો વારસો. 2. A commission: સોંપણ;જવાબદારી.3.Things obtained by a will:વારસામાં આવેલી વસ્તુ.

Legal,(લીગૅલ)*a.*[L.*lex,legis,*law.] Created by law:કાયદાસર; કાયદાનું. 2.According to the law of works: કાયદેસર; વ્યવહારશાસ્ત્રાનુસાર. 3. Governed by the rules of law: કાયદા પ્રમાણે. 4. According to Mosaic law or dispensation: આચરણ-કર્મ-માર્ગનું-પ્રમાણેનું.(*b*)(*Pers.*) સત્કર્મ કુકર્મ પ્રમાણે સ્વર્ગ મળે છે કેવળ ઈશ્વર કૃપાથી નહિ એમ માનનાર; આચરણ કર્મ માર્ગી.

Legality,(લીગૅલિટિ)*n.* The state or quality of being legal: કાયદા પ્રમાણે હોવું તે;કાયદેસરપણું.2. A conformity to and resting upon the letter of the law; કાયદેસર હોવું તે:આચરણ-કર્મ માર્ગનિષ્ઠા.

Legalize,(લીગૅલાઇઝ્)*vt.*To make legal: કાયદેસર ગણાય એમ કરવું; કાયદાનો આધાર આપવો.2.To interpret or apply in a legal spirit:આચારકર્મ માર્ગનો વિચાર લાગુ પાડવો.

Legally, (લીગૅલિ)*adv.*In a legal manner:કાયદા પ્રમાણે;કાયદેસર.

Legate,(લેગેટ્)*n.*[L *lego,* I send.] An ambassador or envoy:વકીલ; એલચી;દૂત.2.An ecclesiastic: ધર્મદૂત;પોપનોએલચી.

Legatee,(લેગૅટી)*n.* One to whom a legacy is bequeathed: વારસ.

Legation,(લીગેશન)*n.*.The sending forth or commissioning one person to act for another: વતિનું કામ કરવાને મોકલવું તે. Legate or Envoy:મુખ્ય વકીલ;દૂતવર્ગ.The place or residence of a legate: એલચીને રહેવાનું ઠેકાણું.

Legator,(લીગેટર્)*n.* [L. *lego.*] A testator: વસિયતનામું કરી આપનાર; વારસો સોંપનાર.

Legend,(લેજેન્ડ્)*n.* [L. *legendus,* to be read.] That which is appointed to be read:ખ્રીસ્તીધર્મ પાળનારા પુરાતનકાળના સંતોની કથા.2. A story respecting saints: સંતોની કથા.3.Any wonderful story coming down from the past;a fable: અદ્‌ભુત દંતકથા;કિસ્સો;ગાથા; લોકવાર્તા; પુરાતની રસવાળી કથા.4. An inscription, motto or title: હેવાલ; કહાણી;કહેવત;લેખ

Legendary,(લેજેન્ડરિ) *n.* A book of legends: કથાની ચોપડી. 2. One who relates legends: કથા કહેનાર;

વ્યાસ;પુરાણી;કથાલક્ષ. *a.* Pertaining to legends or consisting of legends:અદ્ભુત કથારૂપ.

Legerdemain,(લેજર્ડમેન્) *n.* Sleight of hand; any artful deception:હાથચાલાકી; ઇંદ્રજાલ; હાથચાલાકીનો ખેલ;નજરબંધી:હસ્તલાઘવ-પટુતા.

Legibility, (લેજિબિલિટિ) *n.* The quality of being legible:વંચાયકહેવાય તેવું હોય તે;સ્ફુટતા;સ્પષ્ટતા.

Legible,(લેજિબલ્)*a.*[L.*legere*, to read.] Capable of being read; plain:સમજાય તેવું; વંચાય તેવું; સ્ફુટ. 2.Capable of being discovered or understood by apparent marks: સમજાય તેવું;વર્તાય એવું; સાફ લખેલું;સ્પષ્ટ;સ્ફુટ.

Legibly,(લેજિબ્લિ)*adv.*In a legible manner:સાફ લખેલે તેમ;સ્પષ્ટ.

Legion,(લીજન્)*n* [L. *legere*, to gather.] A body of foot soldiers and cavalry,consisting of different numbers at different periods from about 4,000 to about 6,000 men:૪૦૦૦ થી ૬૦૦૦ માણસનું લશ્કર.2.A military force; an army:લશ્કર;ફોજ;સેના.3 A great number;a multitude:ઢગલો ઢગલા; જથાબંધ;સંઘ;સમૂહ;સમુદાય;વૃંદ.

Legionary,(લીજનેરી)*n.A* soldier of a legion:રોમન પાયદળનો સીપાઇ. *a.* Relating to or consisting of a legion or legions: લીજનનું; લીજન વિષે 2.Containing a great number:જેમાં ઘ્હોટી સંખ્યા હોય એવું.

Legislate, (લેજિસ્લેટ્) *vi.* [L.*lex*, law & *latus*, carried.]To make or enact a law or laws:કાયદા બનાવવા-રચવા;ધારા બાંધવા

Legislation, (લેજિસ્લેશન્)*n.* The act of legislating; preparation and enactment of land: કાયદા કરવા તે;રાજ્યનિયમ-રચના;સ્થાપના.

Legislative(લેજિસ્લેટિવ્)*a*Making or having the power to make a law or laws: કાયદા કરનારૂં-બનાવનારૂં.2.Pertaining to the making of laws;suitable to legislation: કાયદા બનાવવા સંબંધી.

Legislator,(લેજિસ્લેટર્)*n.* A lawgiver: કાયદા કરનાર-બનાવનાર; રાજ્યનિયમકાર;ધારાશાસ્ત્રી.

Legislature (લેજિસ્લેચ્યૂર્)*n.* The body of persons in a state or kingdom invested with power to make and repeal laws: રાજ્યનિયમકાર સભા;ધારાસભા;ધારામંડળ.

Legitimacy,(લેજિટિમસિ)*n.* The state or quality of being legitimate or in confirmity with law: ખરાપણું; હકદારી; ઔરસપણું. 2. Genuinness;state of being genuine:વાસ્તવિકપણું;શુદ્ધતા. 3. Observance of natural sequence: સ્વભાવિકપણું; પ્રકૃતિ સિદ્ધતા; અનુલતત્વ.

Legitimate,(લેજિટિમેટ્)*a.*[L.*legitimus*, legitimate.] Accordant with law:કાયદેસર;સશાસ્ત્ર. 2. Lawfully begotten;born in wedlock પરણીઅતનું; ઔરસ. 3. Authorised; real;genuine:ખરેખરૂં; વાસ્તવિક; શુદ્ધ; વાજબી. 4. Confirming to known principles or accepted rules:ખરૂં;નિયમસર.5.Reasonable સ્વાભાવિક; સ્વભાવ-પ્રકૃતિસિદ્ધ. *vt.* To make valid: કાયદેસર ખરૂં કરાવવું.

Legume,(લેગ્યૂમ્)*n.* [*legumen.*] *A* pod;શીંગ;કૂળી;સિંબી.2.*Pl.*Pulse: શીંગમાં થનારૂં દ્વીદલ-અન્ન;કઠોળ;ચૈષ્ય-*Edible* l.:અન્ન;કઠોળ.

Leguminous,(લેગ્યૂમિનસ્)*a.*Pertaining to pulse; consisting of pulse; દ્વિદલ-શૈષ્ય અન્નનું;કઠોળનું.

Leisure,(લીઝ્યૂર્ લેઝ્યૂર્) *n.* [L. *licere*, to be permitted.] Freedom from occupation or business; vacant time:નવરાશ; કુરસદ; અવકાશ. 2. Time at one's command; convenience: નવરાશનો વખત;સુખ;સગવડ. *a.* Unemployed: નવરાનું;નવરૂં. *At leisure*: નવરૂં; કુરસદમા ધીમે ધીમે;નવરાસે;કુરસદે.

Leisurely,(લીઝ્યૂર્લિ)*a.* Taking abundant time: ધીમું; મહાલતું; અસ્તાઇનું. *adv.*In a leisurely manner: ધીમે ધીમે; આસ્તે; ઠરીને; નિરાંતે; ઠંડેપેટે;કરારે.

Lemma,(લેમ્મ) *n. pl* **lemmata** [L. *lemma.*] *A* preliminary or auxiliary proposition demonstrated:પૂર્વ-લઘુ-ઉપયોગી-નિયોજનીય સિદ્ધાંત.

Lemon, (લેમોન્) *n. An* oval or roundish fruit resembling the orange and containing a pulp usually intensely acid: ખાટું લીંબુ; નિંબુ. 2. The tree which bears lemons:લીંબવૃક્ષ; લીંબોઇ.L. *grass*:લીલી ચાહ.

Lemonade,(લેમોનેડ્)*n* [*L. Limonade.*]*A* beverage consisting of lemon juice mixed with water and sweetened:લીંબુનું સરબત.

Lend,(લેન્ડ્)*vt.imp &p. p.* **Lent** To grant the temporary use of: વાપરવા આપવું. 2. To allow the possession and use of, on condition of the return of an equivalent in kind: ધીરવું; હાથ ઉછીનું આપવું; વ્યાજે આપવું. 3. To afford: આપવું;કરવું. 4. To let for hire on compensation: ભાડે અગર બદલે આપવું. *To lend a hand*, મદદ આપવી. *To lend an ear or one's ears*: કાન દેવા-ધરવા; ધ્યાનપૂર્વક સાંભળવું;ધ્યાન દેવું.5.To devote: અર્પણ કરવું;બેસવું-ઘુસવું આવવું.

Lender,(લેન્ડર્)*n.*One who lends; નાણાં ધીરનાર; શાહુકાર; નાણું વ્યાજે ફેરવનાર;વ્યાજનું ધંધો કરનાર.

Length, (લેંગ્થ્) *n.* The longest or longer dimension of any object,in distinction from *breadth* or *width*;extent of anything from end to end: લંબાઇ; લંબાણ; લંબ;લક્ષ. 2. *A* portion of space or of time considered as measured by its length: લંબાણ; 3. Extent,duration: લંબાણ; વખત; કાળ;આયુષ્ય;આવરદા;અવધિ 4.Detail or ampification:વિસ્તાર.5.Distance:છેટું.*At length*,: પુરેપુરૂં; આખું; છેવટે;આખરે; અન્તે લંબાણ; વિસ્તારથી. *vt.*To lengthen:લંબાવવું;લંબાણ કરવું.

Lengthen,(લેંગ્થન્)*vt.*To extend in length: લાંબુ કરવું;-ની લંબાઇ વધારવી *vi.*To become longer:વધવું.

Lengthwise,lengthways,(લેંગ્થ્વાઇઝ્,લેંગ્થ્વેઝ્) *adv.* In the direction of the length: લાંબુ; લાંબુ ને લાંબુ ; લંબાઇમાં.

Lengthy(લેંગ્થિ)*a.*Having length; not brief:લાંબુ;બહુ લાંબુ.

Lenient,Lenitive,(લીનિએન્ટ્ લિનિટિવ્)*a.*[L. *lenire*,to assuage.] Relaxing;softening: કોમળ.*n.* 2.Mild;merciful:દયાળુ; ક્ષમા; કૃપણ્ય; દયાર્દ્ર; કૃપાળુ; રહેમીઅતવાળું. *n.*An emollient;ટાઢક વળે તેવું;શામક;શાંતિદ;શાંતિકર.

Lenity,Leniency, (લેનિટિ-લીનિએન્સિ)*n.*[L *lenis*,soft] Mildness of temper:નરમાશ; કુમલાશ; દયાભાવ; કોમળતા; રહેમદીલી; ક્ષમા; દયા; કૃપા; સૌમ્યતા.

Lens,(લેન્સ્)*n.*[*lens,lentis*, a lentil.]*A* piece of glass: કાચ;દૂરદર્શક કાચ; દૂરબીનનો-રૂપભેદક રૂપદર્શકકાચ; દર્શકાચ. *Plano concave* l.: એકાન્તર ગોળ.*Double concave* l.:દ્વયન્તર ગોળ. *Plano convex* l.:એકબહિ ગોળ. *Double convex* l: દ્વિબહિ ગોળ. *Meniscus* l.: તરણી ચંદ્રાકાર ગોળ. *Concave convex* l.,અંતર્બાહ્ય ગોળ.

Convex l.:બહિર્ગોળકાચ.*concave* l.: અંતર્ગોળ કાચ.*A crystal* l.: સૂર્યકાંત.

Lent,(લેન્ટ્)*imp.*and *p.p* of **lend**: ઉધાર આપેલું; ધીરેલું. *n.* A fast of forty days:ઈસુખ્રિસ્તના પુનરુત્થાનના અંગેનો ૪૦ દહાડાનો અપવાસ.*a.*Slow; mild;gentle: ધીમું;નરમ.

Lentigo,(લેન્ટિગો)*n.*[L.*lantis*, lentil.]A freckly eruption on the skin:ચામડીપર થતો રોગ.

Lentil,(લેન્ટિલ્)*n.* [L. *lenticula*, dim.] A leguminous plant of the genus Ervum of small size: મસુરની દાળ;મસુર.

Leo,(લીઓ)*n.* The lion, the 5th, sign of the zodiac:સિંહ;સિંહરાશી

Leonine,(લીઓનાઇન્)*a.*[L*leonis*, lion.] Pertaining to the lion: સિંહનું અથવા સિંહના જેવું; સિંહશીલ;સિંહધર્મી.

Leopard,(લેપાર્ડ્)*n.*A large savage,carnivorous mammal: કુતરીઓ વાઘ;ચિત્તો;ચિતરો.

Leper,(લેપર્)*n.* A person affected with leprosy: કોઢીઓ; કોઢીઅણુ;રગતપીતીઓ;કુષ્ઠી;કુષ્ઠિની.

Leprosy,(લેપ્રોસિ)*n.*A cutaneous disease which first appears as reddish,shining, slightly prominant spots with spreading edges.કોઢ; કોષ્ઠ; રક્તપિત. *Black or Arabian.* l.: કૃષ્ણ કુષ્ઠ; રક્તપીત. *A wasting* l.:ગલત્કુષ્ઠ. *White* l.:ધોળોકોઢ.

Leprous,(લેપ્રસ્)*a.*[L. *lepra*, leprosy.]Infected with leprosy: કોઢ થયેલું;કોઢિયું.

Lesion,(લીઝન્) *n.* [L. *laesum*, to hurt.]A hurt;an injury: ઈજા-નુકસાન;હાનિ;ખલેલ;અપકાર;પીડા.

Less,(લેસ્)*conj.*Unless:શિવાય. *a.* Smaller;inferior : નાહાનું; ઓછું; ઉતરતું;કમ;ઓછું.*adv.* In a smaller or lower degree: ઓછું; નહાનું. *n.* A smaller portion or quantity: થોડો ભાગ.2.The inferior, smaller or younger:હલકો;નહાનો.*vt.*To make less;to lessen:ઓછું કરવું;ઘટાડવું

Lessee(લેસ્સી)*n*A person to whom a lease is given:મુદતની સરતથીપટે ગણોતે રાખનાર;મુદતીભાડુત;ગણવતદાર; પટેદાર.

Lessen,(લેસન્)*vt.*To make less; to reduce;to lower: ઓછું-કમી-ન્યૂન કરવું;ઘટાડવું; નાહાનું-ટુંકું કરવું. *vi.* To decrease;to be diminished: નરમ-હલકું નબળું-લુલ્લ પડવું; ઓછું થવું; ઘટવું.

Lesson,(લેસન્) *n.* [L. *legere* to read.] 1. Anything recited or read to a teacher by a pupil or learner:પાઠ;ધડો;સબક. 2. That which is learned or taught by an express effort:ભણતર;તાલીમ; કેળવણી;શિક્ષા;ઉપદેશ;બોધ;ધડો. 3. A severe lecture;reproof:ઠપકો;ઠોક; સખત બોલ;નચિંત;વેણ. 4. An exercise;a study: શિખામણ; શિક્ષા; બોધ.*vt.*To teach; to instruct: શિખવવું;ભણાવવું.

Lessor,(લેસોર)*n.*One who leases: the person who lets to farm: ધરનોધણી;જમીનનો માલિકદાર.

Lest,(લેસ્ટ્)*conj.*For that: રખેને; માટે.*vt.*To listen: સાંભળવું *n.*Lust; desire;pleasure: ઇચ્છા;ગમત; વિષય ભોગ.*a* Last;least:છેવટ;થોડું.

Let,(લેટ્)*vt.*To permit:દેવું;-ને રજા-પરવાનગી આપવી.2. To hinder; to oppose:હરકત કરવી; સામા થવું;ડખલ કરવી;અટકાવવું 3.To leave;to relinquish;to abandon: છોડી દેવું; ત્યજી દેવું.4. *To* consider;to think: વિચારવું.5.To cause;to make : ફરજ પાડવી;કરવા દેવું.6. To rent;to hire out: ભાડે-કિરાયે આપવું.7. To give or grant, as a work, privilege or contract: નીમી આપવું; બક્ષીસ તરીકે આપવું.*To* l. *alone* : ન છેડવું-બોલાવવું;નામ ન દેવું; જવા દેવું;-ન સતાવવું; ન વતાવવું. *To* l. *down.* (*a*) to lower: નીચુ-પાડવું;હલકુ પાડવું;ઉતરવા દેવું;ઉતારવું;ફોસવું.(*b*)To soften: નરમ-પોચું રાખવું. *To let drive or fly*,to discharge with violence: મુકવું;મારવું;છોડવું.*To* l. *loose*,to permit to wander at large: છૂટું-રખડતું અથડાતું વહેતું મુકવું.*To let off*, to discharge; to release: મુકવું; છોડવું;મારવું;જવા દેવું;મુક્ત કર; માફ કર. *To let out*,to allow to go forth: છોડવું;છૂટું કર;જવા દેવું.(*b*)To extend or loosen;to enlarge:ઉકેલવું;પહોળુ કર;પાથરવું.(*c*)To lease:ભાડેઆપવું.(*b*) To divulge : ઉઘાડું-બહાર પાડવું. *vi.*To forbear: ખમવું;સહન કર. 2. To be let: ભાડે અપાવું;-ની સાથ આવવી-ઉપજવી.*A house* to l.:ભાડે આપવાનુંઘર. To l.*on*,to tell: કહેવું. *To* l.*up*, to become less severe: નરમ પડવું;શમી જવું;ટાઢું પડવું. *n.* Hindrance;obstacle;delay:હેલો; હરકત;અટકાવ;વિઘ્ન;નડતર; ખલેલ.

Lethargic·al, (લેથાર્જ્ક-કૅલ્) *a.* Pertaining to; affected with or resembling lethargy; dull:અધોરી;ભારે ઉઘણશી;સુસ્ત;બેભાન; ગાફીલ.

Lethargy,(લેથાર્જિ) *n.* Morbid drowsiness:અધોરીપણું;સુસ્તી;અતિ નિદ્રા.2.A state of inaction or indifernce:છેક બેભાની;જડત્વ;સુસ્તી.

Lethe,(લીથી)*n.*Death: મોત. 2. A river of Hades whose waters when drunk caused forgetfulness of the past:જેનું પાણી પીવાથી સર્વ ભૂતવાર્તા ભૂલી જવાય એવી નદી.3. Forgetfulness:વિસ્મૃતિ;ભૂલાવો.

Letter,(લેટર)*n.*[L.*litera*, a letter.]One who lets or permits :ભાડે આપનાર.2.One who retards or hinders:હરકત કરનાર.3.A first element of written language: અક્ષર;વર્ણ;હરફ;માતૃકા;મૂળાક્ષર.*Compound* l.: જોડાક્ષર; સયુક્તાક્ષર. 4. An epistle: લેખ; પત્રિકા;પત્ર;કાગળ; લખેલો અથવા છાપેલો પત્ર. By l.:પત્ર દ્વારા.*Letters patent*: સનંદ.**L.s** *of administration* : વસીયતનામું કર્યા વગર મરનાર માણસની માલમતાનો વહિવટ કરવાનું અખ્તિયાર નામું. **L.** *of advice*: કાગળ; બાતમી; પત્ર 5. A writing;an inscription:લખાણ.6. Literal meaning : વાચ્યાર્થ;શબ્દાર્થ; અક્ષરાર્થ.7. A single type: બીજું: અક્ષર મુદ્રા. 8.*pl.*Learning : વિદ્યા; જ્ઞાન;પંડિતાઇ;વિદ્વતા;પાંડિત્ય; કેળવણી. 9.*pl.*A letter:પત્ર;કાગળ;ખત. *Dead letter*:ન ઘણીઆતો કાગળ. (*b*) Obsolete;no longer in use:મૃત;નહિ વપરાતું. *Letter carrier.*: બેપીઓ; ટપાલવાળો. *vt.* To impress with letters;to mark with letters:ઉપર-અક્ષર પાડવા-છાપવા.

Letter-press,(લેટર્-પ્રેસ્)*n.*Print; letters and words impressed on paper or other material types: બીબાવતી છાપેલીવાત-વર્ણન-હકિકત.

Lettered,(લેટર્ડ્)*a.*Literate;educated: ભણેલું; વિદ્વાન; પંડિત; સાક્ષર. 2. Pertaining to learning or literature:વિદ્યાસંબંધી.3.Printed: છાપેલું;મુદ્રાંકિત.

Leucorrhœa,(લ્યુકોરીઅ))*n.*A discharge of a white,yellowish or greenish,viscid, mucus among females;the whites : સ્ત્રીને ધાતનું જવું;શ્વેતપ્રદર.

Levant,(લેવૅન્ટ્)*a.*Rising or having risen from rest:ઉઠતું; બેઠું થતું. 2. Eastern: પૂર્વ તરફનું.*n.* The country washed by the eastern part of the Mediterranean and its contiguous water:ભૂમધ્ય સમુદ્રના પૂર્વ તરફના દેશો. *vi.* To run away from one's debt: દેવામાંથી

છટકી જવું-નાસી જવું;પલાયન કરી જવું.

Levee,(લેવી)*n*.[L *levo*, I raise.] The act of rising: ઉઠવું તે. 2. A morning assembly or reception of visitors : દરબાર; સભા; કચેરી. (મોટા પુરૂષ પાસે ભેગા કરી લે તેવી) મુલાકાત;મુજરો;મેળાવડો. 3. An embankment to prevent inundation:માટીનું બાંધકામ.

Level,(લેવેલ્)*n*.[L.*libella*,level.] *A* line or surface to which at every point,a vertical or plumb line is perpendicular:સરખી જમીન;સમભૂમિ;સમદેશ;સમસ્થળ. *Above the* l.*of*.થી ઉંચું. *Below the* l. *of* થી નીચું. 2. Horizontal line or plane:સપાટી. 3. A certain position,rank, standard or degree: ધોરણ;ધોરો; ક્યાસ; દરજ્જો; મરતબો.4. *A* uniform or average height:સરખી ઉંચાઇ.5.*An* instrument by which to find out a horizontal line: સાધની; ઓળંબો; સપાટી નક્કી કરવાનું ઓજાર *Artillery foot* l.:ધોણીઓ કાટખુણો. 6. State of equality:બરોબરી; સમાનતા; તુલના.To *set on a* l.: સરખું કર. 7. Line of aim;vision: લક્ષ્ય;ધોરણ; સંધાન;લક્ષ્યસૂત્ર.8. Rule; plan: ખેત; નિયમ;નેમ.*Carpenter's* l.: કાટખુણો. *Mason's* l.:સાધની;ઓળંબો.*a*.Even; flat:સપાટ;સરખું;સમાન.2.Horizontal:સિધો.3.Of the same height: સરખું ઉંચું; બરોબર એક હારમાં આવી રહેલું.4.Direct;clear; open:સ્વચ્છ; ખુલ્લું; સીધું. 5. Well balanced; just;steady:નિષ્પક્ષપાતી; અદલ;સરખું;સમાન.*vt*. To make level; to make horizontal: સરખું સાફ-બરાબર સમું કર.2.To bring to a lower level;to overthrow: નીચે ફેંકી દેવું; જમીન દોસ્ત-મેદાન-સપાટ કર. 3. To bring to a common level or plain in respect of rank,condition,&c.: નીચું પાડવું. 4.To aim: -નો લક્ષ સાધવો;તાકવું; ધારજવું; બરાબર રાખવું-ગોઠવવું-નું સાધન કરવું. 5. To adjust or adapt to a certain level: ને ચ્વતું અગર અનુસરતું આવે તેમ કર.*vi*.To be level; to suit: સરખા થવું 2. To aim a gun: લક્ષ સાધવો-રાખવો.

Levelling,(લેવેલિંગ્)*n*.The act or operation of making level:સપાટ સરખું કરવાનું કામ 2.The art or operation of using a levelling instrument: સમીકરણ;જમીન વિગેરે સરખી કરવાની અથવા તેનીઉંચાઇ નીચાઇ માપવાની કળા.

Lever,(લીવર્)*a*.[L.*levis*,light in weight.]More agreeable; more pleasing: વધારે મળતું-ફાવતું; વધારે ખુશકારક. *adv*.Rather : જરા વધારે. *n*.*A* rigid piece which is capable of turning about one point, or axis and in which are two or more other points when forces are applied:ઉચ્ચાલન; ભાર ઉંચકવા બસેડવાની સોગઠી-સેટો;ઉચ્ચાલન. 2. *A* bar: ટેકો.

Leverage,(લીવરેજ)*n*.The mechanical power gained by the use of the lever:ઉચ્ચાલન લાભ; ઉચ્ચાલન વાપરવાથી થએલો ફાયદો.2. *A* mechanism to gain leverage:ઉચ્ચાલનથી લાભ મેળવવાની યંત્ર રચના

Leveret,(લેવરેટ્)*n*[L.*lepus*.] *A* hare in the first year of its age: એક વરસની અંદરની વયનું સસલાનુંબચ્ચું

Leviable,(લેવિએબલ્)*a*.Fit to be levied:વસુલ કરાય તેવું;ઉઘરાવવા યોગ્ય.

Levigate,(લેવિગેટ્)*a*.[L.*levigo*, I lighten.]*A*lleviated: ઝીણું-બારીક કરેલું.2.Made smooth:લીસું-સુંવાળું કરેલું.*vt*.To free from grit : ઝીણું કરવું;બારીક કર;છુંદવું.2. To mix thoroughly: બરાબર મેળવી દેવું. 3. To polish: ચળકતું-ઝગેહદાર કરવું. 4. To make smooth in action:સુવાળું-રહેલું કર.

Levity,(લેવિટિ)*n*.[L.*levis*,light in weight.] *Q*uality of weighing less than something else of equal birth:છાલકાઇ;લઘુતા;છિછલ્લાઇ; ગાંભીર્યરહિતપણું;ભગુડિયાપણું. 2. Trifling gayety : ઉદ્ધતાઈ; ગૌરવહીનતા; લઘુત્વ; લાઘવ;હલકાઇ; છોકરવાદી;નાદાની. 3. Lack of steadiness; fickleness : અસ્થિરતા;ચપળતા; ઉચક્કાઇ; ઉદ્ધતાઇ;અવિચાર.

Levy,(લેવિ)*n*. The act of levying or collecting by authority: ઉઘરાત;વસુલાત;વસુલ.2.That which is levied:એકઠું કરેલું લશ્કર-ફોજ;સૈન્ય 3. The taking of property on executions to satisfy judgments: ઉઘરાવેલું નાણું.*vt*.To raise: ઉઠાવવું. 2.To collect:એકઠું કરવું.3.To exact by authority:વસુલ કર;ઉઘરાવવું. 4. To gather:એકઠું કરવું.5.To make; to construct:બાંધવું;રચવું; ચણવું;ઇમારત ઉઠાવવી.To l. *war*: હથીયારથી લઢાઇ કર.L.*in mass*: આખા દેશના સઘળા પુરૂષોને લઢાઈ સારૂ ભેગા કરવા તે.*vi*.To seize property : મિલકત જપ્ત કરવી.

Lewd,(લ્યૂડ્)*a*.Not clerical;laical: સંસારી. 3. Belonging to the lower classes;vicious:નીચ; અધમ; હલકીવર્ણનું;દુરાચારી. 3. Dissolute; lustful:લંપટ; બદફેલ; દુષ્ટ; કામઠીકુટું; સ્ત્રીલંપટ;કામી; છિનાળવું.4. Suiting or proceeding from lustfulness: કામીપણાનું;બદચાલનું;કામી.

Lewdness,(લ્યૂડનેસ્)*n*. Lustfulness; licentiousness : વ્યભિચાર; સ્ત્રિલંપટતા; કામાસક્તિ; કામબુદ્ધિ;દુષ્કર્માણ;બદકર્મ;બદફેલી.

Lexical,(લેક્સિકલ્)*a*. Pertaining to a lexicon: શબ્દકોશ સંબંધી.

Lexicographer,(લેક્સિકૉગ્રફર્) *n*. The author or compiler of a dictionary: શબ્દકોશ બનાવનાર-રચનાર;કોષકાર;કોશકર્તા.

Lexicographical(લેક્સિકૉગ્રફિકલ્) *a*.Pertaining to or according to lexicography: કોશ રચના સંબંધી-પ્રમાણે.

Lexicography, (લેક્સિકૉગ્રફિ) *n*. [Gr. *lexicon* & *grapho*, I write.] The principles which are applied in making dictionaries: કોશરચના;શબ્દકોશ કરણ.

Lexicon,(લેક્સિકૉન્)*n*.*A* vocabulary of words;a dictionary:કોશ; શબ્દસંગ્રહ;નિઘંટ;શબ્દાર્થ કોશ;કરહંગ.

Liable, (લાઅેબલ્)*a*. [L. *ligo*, I bind.] Responsible : જવાબદાર; જુમેદાર;પાત્ર.2 Exposed to a certain contingency:કંઇ થાય-કરે એવું;વશ;આધીન;યોગ્ય-શીલ. L *to err*: ભુલ કરે તેવું; ભૂલને પાત્ર;સ્ખલનશીલ.

Liability, (લાઅેબિલિટિ) *n*. The state of being liable: જવાબદારી; જુમ્માદારી. 2. That which one is under obligation to pay: ધર્મતા; આધીનપણું; શીલતા; પાત્રતા; જોખમદારી. 3. *pl*. The sum of one's pecuniary obligations; debts: દેવું;કરજ.

Liar, (લાઇઅર) *n*. *A* person who knowingly utters falsehood:જુઠો;લબાડ; અસત્યવાદી;મિથ્યાભાષી.

Libation,(લાઇબેશન્)*n*.[L.*libatio*.] The act of pouring a liquid or liquor:સિંચણ;તર્પણ; તર્પણદ્રવ્ય; તર્પણોદક.

Libel,(લાઇબેલ્)*n* [L.*libellue*,a little book.]*A* brief writing of any kind:કોઇ પણ જાતનું ટુંક લખાણ. 2. *A*ny defamatory writing: નિંદાલેખ;અપવાદલેખ; અપવાદ પત્ર લેખ;નિંદાપત્ર;પ્રતિષ્ઠા હારી લેખ-ચિત્ર; બદનક્ષી. 3. *A* malicious publication:

કોઇને બદ્દેરમાં હલકા પાડવાને છાપેલું અગર લખેલું લખાણ. 4. The crime of issuing a malicious defamatory publication:બેઇની આબરૂ લેવાનો ગુન્હો.*vt.*To defame or expose to public hatred:ની ગેરઆબરૂ કરવી;-ની આબરૂને નુકશાન પહોંચાડવું ની કંઇ લખી-છાપી આબરૂ લેવી.-ની આબરૂ લેવાનું લખાણ કર; બદનક્ષી કર. 2.To proceed against by filing a libel:લાયબલની ફરિયાદ માંડવી. *vi.* To spread defamation:ગેરઆબરૂ થવી.

Libelous,(લાઇબેલસ્)*a.* Containing or involving a libel; defamatory:આબરૂ લેવાનું;પ્રતિષ્ઠાહારી.

Liberal,(લિબરૅલ્)*a.*[L.*liber*,free.] 1.Free by birth; refined; noble; free:કુલીન;વંશજ;સુજ્ઞત; ઉદાર; ચક્રવર્તી દરજ્જાનું; ઉચ્ચ પંક્તિનું;પ્રૌઢ, 2. Generous;bounteous: ઉદાર; ખોતાળ; દાતા;વ્યયશીલ;ખર્ચાળ.3.Bountiful; ample;profuse:વધું; બહુ; ઓહોળું; પરિપૂર્ણ;વિપુલ;પુષ્કળ 4. Not strict; free:અસરદાર: નહિ તંગ; બહોળું. 5. Not selfish;enlarged in spirit: બિનસ્વાર્થી;ઉચ્ચ પંક્તિનું. 6. Free to excess;licentious:મન મુજબી આચાર; મરજી મુજબ ચાલનાર; લફંગ; બેફૈદ; બેતાલ;અવિનિત;નિતિભાહ.7.Independent in opinion: સ્વતંત્ર વિચારનું. L.*arts*:ઉચ્ચ શિલ્પશાસ્ત્ર-ચિત્ર. *n.* A reformer: સુધારો કરનાર; સુધારાનો અગ્રેસર.

Liberality,(લિબરૅલિટિ)*n.* Liberal disposition;generosity: ઉદારતા; ઔદાર્ય;વ્યયબુદ્ધિ; સખીપણું; સખાવત પ્રૌઢતા;છુટ.2.A gift;a gratuity:ઉદારપણાનુ કામ;મોટું મન; દાનેસરીપણું

Liberalize,(લિબરૅલાઈઝ્) *vt.* To make liberal:મોટું-ઉચ્ચ-ઉદાર કરવું.

Liberally, (લિબરૅલિ) *adv.* In a liberal manner:ઉદારતાથી.

Liberate,(લિબરૅટ) *vt.* [L. *liber*, free.]To free;to disengage; કેદમાંથી છોડવું;છુટું મુકવું;સ્વતંત્ર કરવું.

Liberation,(લિબરૅશન્)*n.*The state of liberating or the state of being liberated:છુટકારો; મોક્ષ; મુક્તિ;ઉદ્ધાર.

Liberator,(લિબરૅટર્)*n.A* deliverer:કેદમાથી છોડવનાર; છુટકારો કરનાર.

Libertine(લિબર્ટાઇન્)*n.*[L. *liber*, free.]A free man:મનમુખ્તીઆરીથી ચાલનાર;નિરંકુશ;બેફૈદ 2. A rake; a debauchee:રંડીબાજ; સોદો; લુચ્ચો; ઈસ્કબાજ;ધરડી;વ્યસની;;બહાર વટું. *a*-Uncontrolled:નિરંકુશ;બેલગામ. 2. Dissolute, profligate: રંડીબાજ; વિષયાશક્ત;સોદું;લુચ્ચું;બદફૈલ.

Libertinism (લિબર્ટિનિઝમ્) *n.* Licentiousness of opinion or practice: નિરંકુશપણું;બેફૈદપણું. 2. Lewdness:બદચાલ-ફૈલી;વિષયાસક્તપણું

Liberty,(લિબર્ટિ)*n.*Freedom:છુટ; સ્વતંત્રતા;સ્વાધીનતા;સ્વાતંત્ર્ય.2.Freedom from imprisonment: કેદખાનામાંથી છુટકારો.2. Leave, permission granted:રજા; છુટ્ટી; આજ્ઞા; પરવાનગી.4.Privilege;exemption: મારી;સ્વતંત્રતા;હક;છુટ; વિરહ; અભાવ; શૂન્યતા.5.A privilege in violation of the laws of etiquette or propriety:બેઅદબી; અમર્યાદા; નાલાયકી; છુટ; અવિવેક. 6. The power of choice: આપમુખ્તીઆરપણું; સ્વેચ્છા; સ્વકામ;સ્વરુચિ.*At liberty,*(*a*): સ્વતંત્ર; છુટો.(*b*) At leisure: ફુરસદની વખતે.*Civil liberty,* or *Political* l.,રાજ્ય સ્વાતંત્ર્ય. *Moral* l., ઇચ્છા સ્વાતંત્ર્ય. *Religious* l.,ધર્મ.સ્વાતંત્ર્ય. L.*of the press*:છાપવાની છુટ; મુદ્રાંકન સ્વાતંત્ર્ય.

Libidinous,(લિબિડિનસ્) *a.* Sensual;lascivous:ઈસ્કબાજ; કામી; વંઠેલ;વિષયાસક્ત;લંપટ.

Libra,(લાઇબ્રા)*n.pl.*libræ, [L.the balance.]The 7th sign in zodiac which the sun enters at the autumnal equinox in *Septe*mber:તોળા;તોળા-તુલા રાશિ.

Librarian, (લાઇબ્રૅરિઅન્) *n* One who has the care or charge of a library: કીતાબખાના-પુસ્તકશાળાનો અધિપતી; લાઇબ્રેરિઅન્. :2. One who copies manuscript books: ઉતારો કરનાર;લૈયો.

Library,(લાઇબ્રૅરિ)*n.* [L. *liber*, a book.] A considerable collection of books kept for use: પુસ્તકશાળા;કીતાબખાનું; લાયબ્રેરી; પુસ્તક સંગ્રહ;પુસ્તકાલય;પુસ્તક ભંડાર. 2. A building appropriated for holding such a collection of books: કીતાબખાનું;પુસ્તકશાળા;પુસ્તકાલય.

Libratory, (લાઇબ્રૅટોરિ)*a.*Balancing:ત્રાજવાની સમતોલ થઈ જવું.

License-ce-(લાઇસેન્સ્)*n.*[L.*liceo* I am permitted.] Authority or liberty given to do or forbear any act:રજા;પરવાનગી; હુકમ; આજ્ઞા. 2.The document granting such permission:સનંદ; પરવાનો; લેસન. 3 Excess of liberty; disregard of law:અનિયંત્રણ, મર્યાદાતિક્રમ; વ્યતિક્રમ;નિરંકુશતા.4.That deviation from strict fact,form or rule in which an artist or writer indulges, છુટ; સ્વતંત્રતા; નિરંકુશતા. *vt.*To give license to : સનંદ-પરવાનો આપવો.

Licensed,(લાઇસેન્સ્ડ)*a.* Having a license;permitted by license: પરવાનો મળેલો હોય એવું;સનંદ-આપેલું; પરવાનાવાળું.

Licensee,(લાઇસેન્સી)*n.*The person to whom a license is granted:લેસનદાર;ઇનરદાર; પરવાનાદાર.

Licentiate,(લાઇસેન્શિએટ્)*n.* [L. *licentire*,to allow to do any thing.]One who has a license to exercise a profession:સનંદી; સનંદવાળો .2. A friar authorized to receive confession and grant absolution in all places independently of the local clergy: સઘળા ઠેકાણાનાં ગુન્હાઓ સાંભળી માફી બક્ષનાર ધર્મગુરૂ. 3. One who acts or takes liberty without restraint or liberty: નિરંકુશ; અમર્યાદ.*vt.*To give a license to: સનંદ આપવી;પરવાનો આપવો.

Licentious,(લાઇસેન્શ્યસ્) *a.* [L. *licentiosus.*]Excessive; abusive of freedom: અમર્યાદ; હદથી બાદ;વિશેષ;બેબંધ;બેફૈદ; ઉદ્ધત; નિરંકુશ; મનસ્વી;સ્વચ્છંદી;અનાચારી; ઉચ્છૃંખલ;ઉછાછણું;બહુ છુટ લેનાર 2. Lawless; immoral:વહી ગએલું;વંઠેલું;સોદું; લુચ્ચું;બેબંધ;લંપટ;વ્યભિચારી;કામાસક્ત; દુરાચારી;વિષયાસક્ત;બદફૈલ.

Licentiousness,(લાઇસેન્શસનેસ્) *n.*Lewdness; immorality: નિરંકુશતા;અનાચાર; વ્યભિચાર; ભ્રષ્ટાચાર;દુરાચાર;બદફૈલી;બેઢંગ.

Licit,(લિસિટ્)*a.*Lawful;allowable: કાયદાસર.

Lick,(લિક્)*vt.* [L. *ling* lick.] To lap:ચાટવું. *To* l.*the dust*, to fawn in battle:યુદ્ધમા પડવું;માર્યા જવું;ધૂળ ચાટવી.*To* l.*the spittle of*,to fawn upon:લાડ કરવાં;લાડવું; ગાંડ ગુલામી કર.*To* l *up*:ખાઇ-ઝટાટી જવું.To l. *into shape*:આકારમાં આણવું *n.* A stroke of the tongue in licking .ચાટવાથી જીભનો જે ઘસારો પડે તે.2.A quick and careless application of anything: લપલપાટ; ઘસડપટ્ટી; લોચા લાપશી.3 *A* place where salt is found on the surface of the earth & to which wild animals resort to lick it up: ક્ષારવાળી જમીન.4.*A* slap;a quick stoke: તમાચો;ધોલ.*vt.*To strike with re-

peated blows for punishment: ઝાડવું;ઝાપટવું;ઠંદી કરવી.

Lickerish(લિકરિશ)*a.*Eager;greedy:આતુર;લોભી;ઉત્કંઠિત.2. Tempting the appetite;dainty:સ્વાદિષ્ટ.મિષ્ટ.3.Lustful:ભોગોત્સુક.

Licorice,(લિકૉરિસ્)*n.A* plant of the genus, the root of which abounds with a sweet juice and is much used in demulcent compositions:જેઠીમધનું ઝાડ-મૂળીઉં. 2. The extract from the licorice: જેઠીમધનો શરેા-માવેા.

Lid,(લિડ્)*n* That which covers the opening of a vessel or box: ઢાંકણું;આવરણ;આચ્છાદન; પડળ; પટલ. 2.The cover of an eye;an eyelid:આંખનું પોપચું.

Lie,(લાઇ)*n.A* falsehood:જુઠ;જુઠાણું અસત્ય;મિથ્યા ભાષણ-વચન.2.*A* fable જોડી કહાડેલી વાત. 3. *Anything* which disappoints or misleads: છેતરનાર અગર નિરાશ કરનાર વસ્તુ, *To give the* l.*to*;જૂઠનેા આરેાપ મુકવેા;જૂઠું પાડવું;જૂઠુ છે એમ આળ મુકવી.*vi.*To utter falehood: છેતરવાના ઈરાદાથી જૂઠું કહેવું.2. To rest on a bed:સુંવું;આડા પડવું-થવું;સુતેલા હેાવું.3.To be situated: હેાવું; આવેલા હેાવું;આવી રહેવું; આવવું. 4. To abide;to remain for a longer or shorter time: પડી રહેવું; આવી પડવું;આવી રહેવું.5. To be or exist in:-માં હેાવું 6.To lodge or sleep:મુકામ-પડાવ કરવેા;રહેવું;સૂઈ રહેવું 7. To be still or quiet:શાંત રહેવું 8. To be sustainable:થાય એમ હેાવું.*To* l. *at the door of*, to be imputable to:-ને માથે પડવું-આવવું. *To lie at the heart*,to be an object of affection:પ્યારૂ-વહાલું હેાવું. *To lie at the mercy of*,to be in the power of:-ના સત્તામાં હેાવું;-ના હાથમાં આવી પડવું.*To* l.*by*,(*a*) to remain with:પાસે-નજદીક હેાવું. (*b*) To rest:વિશ્રામ લેવેા;વિસામેા ખાવેા. *To lie in*,to be in childbed:સુવાવડમાં હેાવું;બાળક અવતરવું. *To lie in one*,to be in the power of: ના હાથમાં હેાવું;-નું હેાવું. *To lie in the way*,to be an obstacle: નડવું; હરકત કરવી;ડખ્ખલ-ઊભ કરવું. *To* l. *on or upon*,to depend on:-ના ઉપર આધાર રાખવેા *To* l.*in wait*, લાગ જોવતા સુધી સંતાઇ રહેવું;તાકીને બેસી-રહેવું *To* l.*on hand*, to remain unsold:ની પાસે હેાવું; શીલક હેાવી. *To lie over*,(*a*)to be postponed: મુલતવી રહેવું;બાકી રહેવું.(*b*)To remain unpaid:ચર્યા વગર-બાકી રહેવું.*To* l. *to*,to stop or delay:ઢીલ કરવી. *To lie under*,to be subject to: ભેાગવવું;-માં હેાવું.*To lie with*,to lodge or sleep with:સાથે સુવું.(*b*)-નું કામ હેાવું.*To* l.*hard or heavy on*:.થી દબાઇ જવું;-ને ભારે પડવું.

Lief,(લીફ્)*a.* Loved;dear: વહાલું; પ્યારૂં.*adv.* Willingly: ખુશીથી;રાજીથઇને

Liege,(લીજ્)*a.*[L.*liege*, unlimited.]Sovereign;independent: ઉપરી; સત્તાધીશ;સત્તાધારી; સત્તાવાન. 2. Serving an independent sovereign or master:તાબેદાર;હુકમી સેવાધર્મ;સ્વામિભક્ત.3. Full; perfect; complete:પુરે પુરૂં.*n. A* free and independent person: સ્વતંત્ર માણસ;પ્રભુ;સ્વામી;ઈશ્વર;ધણી;જાગીરદાર.

Lien(લાઇ લિએન્)*n.*[L.*lego*,I bind.] *A* legal claim:ખરેા હક; કાયદેસર દાવેા;અટકાવી રાખવાનેા હક.

Lieu,(લ્યુ)*n.* Place; room: બદલેા; ઠેકાણું.*In* l.*of*:-નેબદલે;-નો જગોએ.

Lieutenancy, (લેફ્ટેનન્સિ)*n.*The office,rank or commission of a lieutenant: પ્રતિનીધીપણું; પ્રતિનિધિત્વ;નાયબ-દીપુટીપણું.2. The body of lieutenants or subordinates: નાયબ પ્રતિનીધીઓ.

Lieutenant,(લેફ્ટેનન્ટ્)*n.* An officer who supplies the place of a superior in his absence:પ્રતિનીધી;ડીપેાટી. 2. *A* commissioned officer in the army next below a captain:કપ્તાનના હાથ નીચેનેા અધિકારી.*Lord* l.:રાજપ્રતિનિધિ.

Life,(લાઇફ્) *n.* (*a*) The state of being which begins with generation,birth or germination and ends with death: જીવ;પ્રાણ; ચેતના;ચૈતન્ય; જીંદગી; હયાતિ; જીવિત; જીવન;જીવનશક્તિ;પ્રાણધારણ.(*b*) The time during which this state continues: જન્મ; જન્મારેા; અવતાર; જીવ;જીંદગી;જીંદગાની; આવરદા; આયુષ્ય;આવખું.2.Of human beings: the union of the soul and body ચેતના;ચૈતન્ય. 3. The potential principle or force; vital force or principal:ચેતન;જીવન શક્તિ;જીવ;પ્રાણ;જીવિત;દમ; જીવાત્મા; પ્રાણાત્મા; ઓજ.4.The potential or animating principle:હયાતિ; જીવીત. 5. Human affairs:સ્થિતિ; રીતિ; આચાર;વ્યવહાર;રહેણી; આચરણ; જીવન; ચાલ;વર્તણુક;પ્રવૃત્તિ; રીતિ; ચેષ્ટિત; અવસ્થા;દશા;વૃત્તિ;ભાવ.(*a*)Lives, considered collectively: ચરિત; ચરિત્ર;જીવનવૃત્તાન્ત; ચરિત્રરચના-કથન. 6. *Animation*;spirit:ઉત્સાહ; વીર્ય; તેજ;સત્વ;રસ;દમ; માલ;દવૈત; પાણી; જુસ્સેા.7.*A* person;a living being માણસ;જીવ.8.*An* essential constituent of life:લેાહી; સારભૂત; મૂળવસ્તુ.9.*A* history of the acts and events of a life: ચરિત્ર; આખ્યાન; જીવન ચરિત્ર; જીંદગીનું વૃત્તાંત. 10. Enjoyment in the right use to the powers:સુખ; બ્રહ્માનંદ; ઈશ્વર કૃપાનું-સુખ. 11. *Something* dear to one:જીંદગી; જીવડેા; પ્રાણ; જીવ; પ્રાણ જીવન 12. Social state: વડી પંક્તિ; સ્થિતિ.*High* l.: ઉંચી-વડી જીંદગી.13.Human affairs: દુનિયાદારીના ખટલેા; સંસાર; સંસારકાર્ય. *To the* l.:ઉભહુ;આખેહુબ;બરેાબર.*To lose one's life*,to die:મરી જવું.

Life-blood,(લાઇફ્બ્લડ્) *n.* The blood necessary to life:જીંદગીને જરૂરનું લેાહી.2.That which gives strength and energy: પ્રાણ; જીવ; જીવન.

Life-boat,(લાઇફ્બોટ્)*n. A* strong buoyant boat especially designed for saving the lives of shipwrecked people: ડૂબતા માણસને બચાવવાની હેાડી.

Life-guard,(લાઇફ્ગાર્ડ્) *n.A* man kept to guard the person of a king:રાજાના રક્ષણ સારૂ રાખેલેા સિપાઇ;શરીરરક્ષક

Life-interest,(લાઇફ્-ઇન્ટરેસ્ટ્) *n. An* estate or interest which lasts during one's life: હયાતી સુધીનેા હક; હયાતી સુધીનેા તાહયાત હક; આ જીવિતારા.

Lifeless,(લાઇફ્લેસ્)*a.* Dead: જીવ વિનાનું; પ્રાણરહિત; મરી ગએલું.2. Inanimate:નિર્જીવ; અચેતન; જડ. 3. Torpid:ટાઢું;નરમ; નિઃસાર; નિઃસત્વ; વિરસ;નિર્જીવ;નિસ્તેજ;દમવિનાનું; જીવ વિનાનું.

Life-like,(લાઇફ્લાઇક્)*a.* Like a living person:જાણે જીવતું માણસ હેાય એવું; જાણે હમણાં બેાલશે એવું; આબેહુબ.

Life-long,(લાઇફ્-લૉંગ્)*a.* Lasting through life:જીંદગી પર્યંતનું.

Life size,(લાઇફ્-સાઇઝ્)*a* Similar in size to the object represented:પુરા કદનું.

Life-time, (લાઇફ્ ટાઇમ્) *n.* The time that life continues: આયુષ્ય;આવરદા;જીંદગી; જીવિતકાળ.

Lift(લિફ્ટ્)*n.*The sky;the atmos-

phere:આધાર; નભોમંડળ. *vt.* To raise:ઉચકવું; ઉપાડવું; ઉઠાવવું; ઉંચું કરવું.1.To bear;to support: મદદ કરવી.3.To exalt: ઉંચું ચડાવવું;-ની ઉન્નતિ કરવી; ઉન્નત સ્થિતિએ લઇ જવું. 4.To collect, as moneys due: ઉઘરાણી વસુલ કરવી; ઉઘરાણી સંકેલવી. 5.To steal:ચોરવું.*To lift up the eyes*,to look up:ઉંચું જોવું. *To lift up the hand against*, to rebel against:-ના સામું બંડ ઉઠાવવું. *To lift up the heel against*:-ની અવગણના કરવી;તરછોડી કાઢવું. *To give a l*:મદદ-સહાય કરવી;હાથ આપવો. *vi.* To try to raise something:ઉઠાવવાને મહેનત કરવી.2.To raise:ઉંચું થવું;ઉઠવું.*n.*Act of lifting:ઉંચકવાની રીત. 2.The space or distance through which anything is lifted: છેટું 3.Help:મદદ 4.That by means of which a person or thing lifts:ઉંચું કરવાનું સાધન; ઉચ્ચાલન. 5.A rise:ઉચાઇ.6. A lift gate; a gate that is opened by lifting: ઉંચા કરીને ઉઘાડવાનો દરવાજો.

Ligament,(લિગૅમેન્ટ)*n.*[L.*ligo*, I bind.]Anything that ties or unites one thing to another: એક વસ્તુને બીજી વસ્તુ સાથે જોડનાર; પાટો; બંધન. 2. The membrane connecting the movable bones: જોષે વતી શરીરમાં એક હાડકું બીજા હાડકા જોડે બંધાએલું રહે છે એવો ધોળો-ચિકણો પદાર્થ;હાડકાનું બાંધણ;આસ્થિબંધન

Ligate,(લિગેટ) *vt.* To bandage: પાટો મારવો બાંધવો.

Ligation,(લિગેશન્) *n.* [L *ligo*, I bind]The act of binding: બાંધવું તે.2.That which binds; bond: બંધારણ;બંધન;સંબંધ;બંધ.

Ligature,(લિગૅચ્યુર) *n.* The act of binding:બાંધવું તે.2.A bind or bandage:બંધ; પાટો;બંધારણ. 3. A thread or string for tying the blood vessels to prevent hemorrhage: નસ-રક્તવાહીની માંથી વહેતું લોહીબંધ કરવાને બાંધવાની દોરી. (*b*)A thread or wire used to remove tumors:ગાંઠ વરસોળી કાઢી નાંખવાની દોરી કે તાર.4.Stiffness: ગંઠાઈ જવું તે;બંધન;બંધ.

Light,(લાઇટ્)*n.*[L.*luceo*,1 shine.] 1.That agent, force, or action in nature by the operation of which upon the organs of sight objects are rendered visible: અજવાળું;તેજ;જ્યોતિ;જ્યોત; કાંતિ; પ્રભા;રોશની;ઉજાશ;ઉજેસ;પ્રકાશ.2. That which furnishes light: અજવાળું આપનાર;દીપક;ભાનુ; દીપ;દીવો; ચિરાગ; ઉજેરો;પ્રકાશ; ભારકર; પ્રભાકર. 3. The dawn of day:અરુણોદય;પ્રભાત;દહાડો 4.The brightness of the eye: આંખનું તેજ.5.The medium through which light is admitted: અજવાળું આવવાની જગા;અજવાળિયું . 6.Life;existence:હયાતી;જન્મ 7. Open view; publicity: છતાપણું; પ્રસિદ્ધિ; પ્રખ્યાતિ; પ્રકાશતા. 8. The power of perception by vision: તેજ; પ્રકાશ; દૃષ્ટિ. 9. Knowledge; enlightenment: સમજ; સમજણ; વિશેષ જ્ઞાન;ખુલાસો;જ્ઞાન;. પ્રકાશ; બોધ. 10.Prosperity; happiness; joy; felicity:ચડતીનો વખત; આબાદી; ખુલંદી.11.Point of view: અજવાળું; દૃષ્ટિ;લક્ષ્ય;દૃષ્ટિસૂત્ર;વિચાર; દર્શન સ્થાન; લક્ષ્ય દ્રક્‌સૂત્ર.12 A model or example:સૂચન;દર્શન;દાખલો;દીપક;ભાનુ; દિવો;ઝવેર;નંગ;મોહરું;નાક. *To bring to* l.,to cause to be disclosed: ખુલ્લું-ઉઘાડું થવું;પ્રસિદ્ધ-પ્રકાશ થવું.*To see the* l.,to come into notice: બહાર આવવું; પ્રસિદ્ધ થવું; અવતરવું; *From the* l.*of utility*: ઉપયોગ દૃષ્ટિથી જોતાં.*vt.*To candle: સળગાવવું;બાળવું;પ્રગટવું.2. To give light to: અજવાળું પાડવું; રોશની કરવી; ઉજસ કરવું-પાડવો. 3. To attend or conduct with a light : રસ્તો બતાવવાને દીવો લેઇને જવું. *vi* To take fire:બળવું;સળગવું. 2. To receive light:માં અજવાળું થઇ રહેવું. *a.*Having light:અજવાળાવાળું. 2. White or whitish: ખુલ્લો ઓછો; બહુ ઘેરો ન હોય એવો. Having little weight: વજનવિનાનું; હલકું; હળવું.2.Not burdensome:સુખવાહ્ય 3.Not severe or difficult:સુગમ; અવિષમ;અકઠિન;સહેલું 4. Easy to be digested:હલકું;પચે;એવું.5. Not heavily armed:છડું;છડું છાટ;નાનાં શસ્ત્ર રાખનાર.6. Active; nimble: ચપળ;ચાલાક;ચંચળ; અસ્થિર 7. Not heavily burdened: હલકું લીધેલું 8.Slight; not important: નજીવું; તુચ્છ;ક્ષુદ્ર;નાનું;હલકું. 9.Well leavened:ખમીર બરોબર ચઢ્યું હોય એવું; હલકું;10.Not dense: ઘોડું; અલ્પ; ઓછું; પાતળું.11.Moderate: કમળું; મધુરું;મંદ.12.Delicate;કુમળું;મધુરું; મેદ;રૂલા.13.Unsteady;unsettled અસ્થિર;ઢચપડાવિનાનું; ડામાડોળ. 14. Trifling;gay:નજીવું;અલ્પ.15. Dizzy;giddy:ઢંગ વગરનું;ખસેલું;ચસકેલું. 16.Unchaste:સોડું;છટેલ.L. *eater* અલ્પાહારી.L. *infantry*: ઉતાવળથી રીતસર અને માપસર પગલાં ભરીને ચાલવાને કવાયત કરાવેલું પાયદળ *To make light of*, to disregard: નજીવું ગણવું;-ન ગણવું.*To set light by*, to despise: તુચ્છ ગણવું-લેખામાં ન ગણવું.*adv.*Lightly;cheaply:હલકી રીતે.*vi.*To dismount: નીચે ઉતરવું. 2.To feel light:હલકું થવું. 3. To descend from flight and rest: ઉડતાં ઉડતાં નીચે આવીને બેસવું. 4. (With *on* or *upon*)To fall: નીચે પડવું.5.To happen:બનવું; થવું;આવી બનવું;દૈવયોગે બનવું.

Lightarmed, (લાઇટ્આર્મ્ડ્) *a.* Armed with light weapons:હલકાંશસ્ત્ર બાંધેલું-સજેલું;લઘુશસ્ત્રવાળું.

Lighten,(લાઇટન્)*vi.*To descend; to light:નીચે ઉતરવું. 2. To flash: અજવાળાનો ઝબૂકો થવો;ઝટ અજવાળું પ્રગટ થવું;ચમકારો થવો. 3. To brighten;to clear,as the sky:ઉઘાડ થવો;વાદળાંખસી જવાં.*vt.*1.To light; to illuminate: અજવાળું કરવું;-માં દિવા કરવા;રોશની કરવી.2. To illuminate with knowledge: જ્ઞાન આપવું; પ્રકાશિત ઉન્નવલિત કરવું.3.To flash out:દેવતાની પેઠે એકદમ નીકળવું;ઝબુકવું.4.To free from trouble and fill with joy: ખુશી કરવું; આનંદિત-હર્ષિત કરવું 5.To reduce in weight:ભાર ઓછો કરવો.6. To alleviate:નરમ પાડવું;ઓછું કરવું.

Lighter, (લાઇટર્) *n* One who lights:દીવા કરનાર.2.A large boat: હોડી મછવો.

Lighterman, (લાઇટર્મૅન્) *n.* A person who manages a lighter: મછવાવાળો માણસ.

Lightfingered, (લાઇટ્ફિંગર્ડ્) *a.* Pilfering:હાથનું ચોર;હાથનો ચાલાક; પરેલું ચડપ ઉપાડી લે એવું;હાથનું ચોર.

Light-footed(લાઇટ્-ફુટેડ્)*a*Active પવન વેગી;ચાલાક.

Light headed,(લાઇટ્હેડેડ્) *a.* 1. Disordered in the head;dizzy: વાએલું;ચળેલ;ચસકેલ;બેબુદ્ધ; બેહોશ;બેસાવધ.2.Fickle;unsteady: વિચાર વગરનું; બેભાન; અસ્થિર; ચપલમતિનું; ઠેકાણા વગરનું.

Light-hearted, (લાઇટ્હાર્ટેડ્) *a.* Free from grief;gay:આનંદી; ખુશમિજાજ;ઉલ્લાસી;પ્રફુલ્લચિત્તનું; નિશ્ચિંત.

Light-house,(લાઈટ્હાઉસ્) *n.* A building with a light as a guide to mariners at night:દીવાદાંડી.

Lightly,(લાઇટ્લી) *adv.* 1. With little weight:સહેજે ભાર મુકીને; હ-

હલકે પગે.હાગે.2.Swiftly;nimbly:ઝડપથી;ત્વરાથી;ઉતાવળથી.3. Without deep impression: ઉંડું ઉતર્યા વગર; ઉપલક.4.In a small degree:ઘણું જ ધીમેથી;થોડે અંશે.5.Easily; readily:સહેલાઇથી; તરત જ. 6. Without reason or for reasons of little weight: અમસ્થા;નિરર્થક;નકામું;ફોકટ; કારણ વગર;નિષ્કારણ; નિષ્પ્રયોજન; વિનાપ્રયોજન; અમથાં;કારણ રહિત; નકામું. 7.Commonly: સાધારણ રીતે. 8. Cheerfully:ખુશીથી;આનંદથી;હર્ષપૂર્વક.9.Without heed or care: બેફિકરાઇથી;ધૃષ્ટતાથી; નધરોળપણાથી.

Light-minded,(લાઇટ્‌માઇન્‌ડેડ્‌) *a.* Unsteady;unsettled:જેનું મન સ્થીર નહીં એવું;અસ્થીર; ઢગ વીનાનું.

Lightning,(લાઈટ્‌નિંગ્‌) *n.*A discharge of atmospheric electricity:વીજળી;વિદ્યુત્‌;તડિત્‌.2.The act of making bright: ઉજ્વલ કરવું તે; પ્રકાશ કરવો તે.

Lights,(લાઇટ્‌સ્‌)*n.*The lungs of an animal or birds:ફેફસાં.

Lightsome,(લાઇટ્‌સમ્‌)*a* Having light:પ્રકાશીત;અજવાળા વાળું.2.Gay; cheering:આનંદી;ઉલ્લાસી; પ્રફુલ્લિત;ખુશ.

Like,(લાઇક્‌)*a* Resembling;similar;alike:જેવું;સરખું; સમાન;બરોબર; તેવુંજ;તેટલુંજ;મળતું;વત્‌.2. Equal or nearly equal:સરખું;સમાન; તુલ્ય; સદૃશ 3.Probable;likely:હોય એવું; સંભવિત;બનવાજોગ 4. Inclined towards;disposed to:તરફ વળેલું;ઇચ્છાતુર;ઇચ્છા હોય એવું;વલણશીલ.*n.* An exact resemblance;a copy: આબેહુબ નકલ;તાદૃષ્ય છબી; પ્રતિમાનો અવતાર.2.A liking; a preference; (usually,in the *pl.*):પસંદગી.*adv.* In a manner like that of: પેઠે; માફક;જેવું.2.In a like or similar manner:પેઠે; જેવું;એજ-એક્જ રીતે.3. Likely;probably:ઘણું ખરૂં; ઘણું કરીને;સોયરા.*vt.*To please;to suit: ખુશી કરવું;માફક આવવું.2.To approve:પસંદ કરવું.3.To liken;to compare:સરખાવવું;મુકાબલો કરવો. *vi.* To choose:પસંદ કરવું.2.To look:દેખાવું.

Likehood,(લાઇક્‌હુડ્‌)*n.* Likelihood:લાગવું-રવરૂપ દેખાવું તે;સંભવ;જોગ.

Likelihood,(લાઇક્‌લિહુડ્‌)*n.* Appearance:show: દેખાવ; ડોળ. 2. Likeness;resemblance:સરખાવટ; મળતાપણું;સમાનતા. 3. Probability:સંભવ;શક્યતા.

Likely,(લાઈક્‌લી) *adv.* In all probab.lity:ઘણું કરી; સોયરા. *a.* Probable;credible:માનવા જેવું; બની નવા-થવાજોગ.2, Having probability:સંભવિત.3.Similar:જેવું; સમાન;સદૃશ.4.Good looking:દેખાવડું.

Liken,(લાઇકન્‌) *vt.* To allege or think to be like.સરખું જેવું ગણવું; અનુરૂપ ગણવું કરવું; સરખાવવું; સરખાવી જોવું.2.To make or cause to be like:ની ઉપમા આપવી;મુકાબલો કરવો.

Likeness,(લાઇક્‌નેસ્‌) *n.* Resemblance;similarity:સમાનતા; મળતા પણું;સદૃશતા;તુલના; આભાસ; સમરૂપતા.2.Appearance of form:સરખાપણું;રૂપ;સ્વરૂપ; આકાર; આકૃતિ; ડોળ 3.*A* portrait છબી;ચિત્ર; પ્રતિમા; તસ્વિર.4 *A* comparison; parable: ઉપમા.

Likewise, (લાઇક્‌વાઈઝ્‌) *adv.* In like manner;also:તેમજ;તેવી રીતે; પણ;ઓ;એ.

Liking,(લાઇકિંગ્‌)*ppr,n.*Suiting: the state of being pleasing:ઇચ્છા;મરજી;રૂચિ;અભિરૂચિ; પ્રીતિ;શોખ; ભાવ;ગમત.2. *A*ppearance; look; figure દેખાવ; પ્રકૃતિ; તબિયત. *To one's* l.:ગમવું;ભાવવું.

Lily,(લિલિ)*n.A* plant or flower: કમળકુલનો છોડ;કમળ;કુમુદ;પદ્મ.

Limb,(લિમ્‌) *n. A* large branch: ડાળની ડાળી.2.*An* arm or a leg of a human being: મનુષ્ય જાતનો હાથ પગ;અવયવ; ગાત્ર.2.*A* thing or person regarded as a part or member of, or attached to, something else: અંગ;ગાત્ર;અવયવ. 4.*An* elementary piece of a mechanism of a lock:તાળાની અંદરનું ચક્કર.*Limb of the law:* કાયદા શાસ્ત્રી;વકીલ;ધારાનો હિમાયતી. *vt.* To supply with limbs: સાધન પુરાં પાડવાં.2.To dismember: જૂદા પાડવું;અપંગ કરવું.

Limbo,(લિમ્બો)*n.* [L. *limbus,* border.] *An* extramundane region where certain classes of souls were supposed to await the judgment:નરક લોક જેવો એક કલ્પીત દેશ.2.*A* prison: કેદખાનું. 3. The abode of those who have had no opportunity to accept Christ,of the souls of the pious who died before the time of Christ, and of the souls of unbaptized infants: ઈસુ ખ્રિસ્ત જનમતાં સુધીના પુન્યવાન પુરૂષોને મરી ગયા પછી રહેવાની જગો. 4. *A* place where things are thrown aside:વસ્તુઓ નાંખી મુકવાની જગો

Lime,(લાઇમ્‌)*n.A* thong by which a dog is led; a leash:કુતરાંને બાંધવાની વાધરી-દોરી. 2. The linden tree: આસ્કક લીંબુનું ઝાડ.3.A fruit allied to the lemon: આસ્કક લીંબુ.4 Birdlime; પક્ષી પકડવાને ઝાડની ડાળીઓએ લગાડવાનો ચીકણો પદાર્થ.5.Oxide of calcium: ચુનો.**L.** *obtained from shells:* છીપીઆ ચુનો.*vt.*To smear with a viscous substance: ચીકણો પદાર્થ ચોપડવો. 2.To entangle:ફાંસામાં નાંખવું. 8. To tread with lime:ચુનો લગાડવો.

Lime-burner, (લાઈમ્‌-બર્નર્‌) *n.* One who burns lime-stone to make lime: ચુનારો;ચુનો પકવનાર.

Limekiln, (લાઇમ્‌કિલ્‌)*n A* kiln or furnace in which lime-stones or shells are reduced to lime: ચુનો પકવવાની ભઠ્ઠી.

Lime-quarry, (લાઇમ્‌ ક્વૉરી)*n.A* mine of calcium carbonate:ચુનાની ખાણ.

Lime-stone(લાઇમ્‌-સ્ટોન્‌)*n.A* rock consiting of calcium carbonate:ચુનાનો પથ્થર.

Limit,(લિમિટ્‌)*n.*[L. *limes, limitis,*limit.]The border; the edge:હદ; સીમા;મર્યાદા.2. The space or thing defined by limit: હદ; સીમા.3.That which terminates a period of time: અવધ;અવધિ;વેળા;મર્યાદા.4.*A* restriction;check: હાળ;બંધ;બંધન;મર્યાદા.5.*A* determining feature: લાક્ષણિક ચિન્હ. *vt.*To apply a limit to: હદ બાંધવી. 2.To restrain: બાંધી લેવું-રાખવું; ના હાથ પગ બાંધી દેવા; રોકી દેવું.

False limit, આડો આંક.

Limitable, (લિમિટેબલ્‌)*a.*Capable of being limited: જેની હદ-સીમા થઈ શકે તેવું.

Limitation, (લિમિટેશન્‌)*n.* The act of limiting:હદ બાંધવી તે. 2. A restriction: બંધન.3. Limited time withih which something is to be done:અમુક વખત; હદ; મર્યાદા;મુદત.4.*A* certain period limited by statute after which the claimant shall not enforce claim by suit: ફરિયાદીની-દાવાની મુદત.*Barred by* l.:મુદતનો બાધ હોય એ;મુદત વીતી ગયા પછીનું.

Limited,(લિમિટેડ્‌)*a* Restricted, confined within limits: ટુંક;થોડું; નિયમિત;સમર્યાદ;સાવધિક.

Limitless, (લિમિટ્‌લેસ)*a.*Having no limits:બેહદ;અનંત;અપાર;બેસુમાર.

Limn,(લિમ્‌) *vt.* [L.*illuminare,*

to paint.] To draw; to paint: ચિત્ર પાડવું;ચિતરવું. 2. To illumine books:ચોપડીપર ચિત્રપાડવું.

Limner,(લિમ્નર્)*n.A* painter;an artist: ચિતારો;ચિત્ર કાઢનાર; ચિત્રકાર.

Limp, (લિમ્પ્) To halt;to walk lamely:ખોડંગાવું; લંગડા ચાલવું; લંધાવું *n.*A halt: લેંહેક; લંગડાવું તે. *a.* Placid: પોચું; અતી નરમ. 2. Lacking stiffness: પોચું;ઢીલું.

Limpid, (લિમ્પિડ્)Clear : સ્વચ્છ; નીતર્યું;પારદર્શક;નિર્મળ;કાચ સરખું.

Limpingly, (લિમ્પિંગ્લિ) *adv.* In a limping manner: ખોડંગતાં ખોડંગતાં.

Limy,(લાઇમિ) *a.* Consisting of lime : ચૂનાવાળું; ચુનાનું; ચૂનાળ. 2. Resembling lime: ચૂના જેવું. 3. Containing lime: ચીકણું.

Linch-pin, (લિન્શ્પિન્)*n.* A pin used to prevent the wheel-vehicle from sliding off the axle tree: પૈડાની ખીલી;સુણ;ખીંટો.

Line,(લાઇન્)*n.*Flax;linen:શણ. 2. Longer and larger fibre of flax: રેશમનો લાંબો દોરો-તાંતણો. *vt.* To cover the inner surface of: અસ્તર કરવું. 2.To fill: ભરવું. 3. To strengthen: મજબુત કરવું. 4. To impregnate:ગાભણી કરવી;છાંટવું *n.* (*a*) A linen thread or string: શણની દોરી-રસ્સી.(*b*)A rope;a hawser:દોરડું;વરેડું.2. Any long mark લીંટી;લીસોટો-રેખા;છેકો. 3.A route; a road: માર્ગ; રસ્તો.4. Direction બાજુ;દિશા;માર્ગ 5.A row of letters હાર;ઓળ;પંક્તિ;સફ; લીંટી. 6. Note: ચીઠ્ઠી;સતર;બે આંકડા;કાગળ. 7.A verse પાદ;ટુકડો;પાયો; ચરણ. 8. Coarse of conduct or policy:ધોરણ; પદ્ધતિ; માર્ગ;રીતિ;વ્યવહાર;ખાસું; કસબ; હુન્નર; કામ; ધંધો. 9. That which has length but not breadth or thickness:લીંટી; રેશા; રેખા. 10. The outline; bounndary: હદ; સીમા;મર્યાદા.12. Characteristic mark: રેખા;રેખાવદન રેખા; મુખરેખા; લક્ષણ; ચિન્હ.12.Figure; feature : ચહેરો; આકાર;આકૃતિ;રૂપ. 13. A straight row: સીધીહાર;પંક્તિ;ઓળ; શ્રેણી; પંગત.14.Family or race:ઓલાદ;વંશ;પેઢી; વંશાવલી; વંશ પરંપરા. (*a*) Circle of longitude or latitude વૃત-અક્ષાંશ કે રેખાંશવૃત્ત. (*b*) The equator: વિષુવવૃત્ત.16. A long or narrow ribbon of steel:ફીતપટી; ટેપ. 17. A measuring line or cord:માપવાની દોરી. 18. Relative position:વ્યવસ્થા;ઠેકાણું;અંધ;લેન; સમસ્થિતિ. 19. Rail road:લોખંડની સડક. 20 A series of public conveyances,steamers &c:ફરતી આવજા કરતી આગબોટો કે ગાડીઓ. 21 Infantry:પાયદળ.22$\frac{1}{12}$of an inch: એક ઇંચનો$\frac{1}{12}$ ભાગ.*On the* l.,on the level of the eye of the spectator: દર્શકની સિધી લીટીમાં. *To cross the* l.,to cross the equator:વિષુવૃત્ત ઓળંગવું.*Right or straight* l.: સીધી લીટી;ઋજુરેખા. *A horizontal* l.:આડી લીટી. L *of battle*: વ્યૂહ;સાધારણ ઢંગનુ વ્યુહ.L *of life*:આયુષ્ય રેખા. *Ship of the* l.or *of the battle*:વ્યૂહમાં ઉભું રહેવા લાયક વહાણ;વ્યૂહનૌકા. *vt.*To mark with a line or lines: લીટીદોરવી. 2. To delineate, to portrait: આલેખવું;ચિતરવું; રૂપ રેખા દોરવી 3.To form into a line: વ્યૂહમાં ગોઠવવું;વ્યૂહ રચના કરવી.

Lineage,(લિનીએજ્) *n.* [L. *linea*, line]Progeny;race: વંશ; કુળ; વંશાવળિ;વંશપરંપરા;ઓલાદ.

Lineal, (લિનીઅલ્) *a.*[L. *linea*, line.]Hereditary;derived from ancestors:વંશપરંપરા ચાલતું આવેલું; પરંપરાગત; ક્રમપ્રાપ્ત. 2. Inheriting by direct descent:બરોબર વંશજ હોવાને લીધે વારસ થતું.3.Composed of lines:લીટીનું વાળું .4.Portaining to a line;linear:લીટીનું;રેખારૂપ-મય.

Lineament,(લિનીએમેન્ટ્) *n.*[L. *linea*,line.]Feature;form;mark: રહેનો રીઢો; શીકલ;ઘાટ; લક્ષણ; અંગલક્ષણ;ચિન્હ;મુખાકૃતિ.

Linear,(લિનીઅર્)*a.*[L *linea*,line.] Pertaining to a line;consisting of lines: લીટી સંબંધી;-નું પંક્તિમય; રેખારૂપ-મય.2.Like a line;narrow: લીટી જેવું;સાંકડું.

Lineation, (લિનીએશન્) *n.* [L. *lineatus*,the drawing of a line.] Delineation;a line:ચિત્ર;આલેખન.

Linen,(લિનેન્) *a.* Made of linen: શણનું. Resembling linen cloth: white:શણને મળતું; ધોળું. *n.* Flax: શણ;સણ. Thread or colth made of flax: શણનું લુગડું. 3.Underclothing;shirt: શણવસ્ત્ર; અંદર પહેરવાની બંડી.

Linendraper,(લિનેનડ્રેપર)*n.*One who trades in linen: શણના કાપડનો વેપારી.

Lines,(લાઈન્સ્)*n.*A camp:છાવણી.

Linger,(લિંગર્)*vi.*To delay; to loiter:ઢીલ કરવી,ઉભા રહેવું; જતાં વાર લગાડવી;વિલંબ કરવો;ગળણેપ કરવો; આળસ્ય કરવું;-ના પગ ન ઉપડવા. *vt.*To protract;to draw out:કંઈ કરવામાં વાર લગાડવી;ઘોળાવ્યાં કરવું.2.To spend or pass in a lingering manner: ગુંચવાયા કરવું; રીબાયાં-સડયાં કરવું.

Lingering,(લિંગરિંગ્)*a.*Delaying પહોંચાડ;વિલંબી; મંદાયમાન. 2. Remaining long; Protracted: લાંબુ; લાંબી પથારીનું;ચિરસ્થાયી.

Linget (લિન્ગેટ્)*n.*[L *lingua*,tongue.]An ingot:ધાતુની લગડી;ધાતુપિંડ

Lingo,(લિંગો)*n.*[L.*lingua*,tongue Language;tongue;બોલી;ભાષા; જબાન.

Lingual, (લિંગ્વલ)*a.* [L. *lingua*, tongue.]Pertaining to the tongue :જીભનું;મોનું; જીભમાંથી ઉચ્ચારાય તેવું. *n.*A consonant sounded by the aid of the tongue:મૂર્ધન્યઅક્ષરાની; (વ્યંજન)મૂર્ધન્ય.

Linguist,(લિંગ્વિસ્ટ્)*n.*[L.*lingua*, tongue.]A master of the use of the language;a talker:ભાષાનો ઉપયોગ કરી જાણનાર.2.A person skilled in languages: અનેક ભાષા જાણનાર; ભાષા પ્રવીણ; ભાષાશાસ્ત્રી; બહુ ભાષાજ્ઞ.

Liniment,(લિનિમેન્ટ્)*n* [L.*linere* to besmear.]Soft ointment:ચોપડવાનું ઓસડ;લેપ.

Liniment, (લિનિમેન્ટ્)*n.* A kind of thin ointment: લેપ; મલમ; ચોપડવાનું ઓસડ.

Lining,(લાઇનિંગ્) *n.* The act of one who lines: અસ્તર કરનાર-લીંટી દોરનારનું કામ. 2. That which covers the inner surface of anything:અસ્તર;પડ;માંહેથી ચોંટેલું-દીધેલું કાંઇ

Link(લિંક્)*n.A* torch made of tow and pitch:શણ અને તારની બનેલી મશાલ.2 *A* single ring or division of a chain:કડી;અંકોડો.3.*A* tie; a bond:સંયોગ;સંબંધ;અન્વય; સંદર્ભ. 4.*A* fixed frame; a rod : જોડનાર વસ્તુ 5.*A*ny intermediate rod or piece for transmitting force or motion:વળગણ,જોડલા;આંકડો;જોડનાર વસ્તુ. 6. *A* bond of affinity: આકર્ષણ સંબંધ.*vt* To connect;to join: જોડવું;વળગાડવું. *vi.*To be connected:જોડાવું;વળગવું.

Linseed,(લિનસીડ્)*n.* The seeds of flax from which linseed oil is obtained:અળસીના બીયાં;અળશી.

Lint,(લિન્ટ્)*n.*[L *linteum*,linen.] Flax : અળસીનો છોડ. 2. *S*craped linen : પોચું શણનું લુગડું; ઘા ઉપર બાંધવાનું કપડું.

Lintel,(લિન્ટેલ્)*n.*[L.*limes*, limit. *A* horizontal member spanning

an opening and carrying superincumbent weight by means of its strength in resisting crosswise fracture:ઓતરંગ.

Lion,(લાઇઅૅન્)*n.A* furious animal:સીંહ; કેસરી; મૃગરાજ; મૃગપતિ; પંચાનન.2 *A* sign and constellation:સિંહરાશી.**L.'s** *share* : મ્હોટો ભાગ;શ્રેષ્ઠાંશ.

Lioness,(લાઇઅૅનેસ્)*n.A* female lion:સિંહની માદા; સિંહણ. 2. *An* object of curiosity: કૌતુક-નવાઇની જોવા જેવી વસ્તુ.

Lion-like,(લાઇઅૅન્લાઇક)*a.*Brave as a lion:હિંમતવાળો;જબરો માણસ.

Lip,(લિપ્)*n.*[L.*labium*,lip.]One of the two fleshy folds which surround the orifice of the mouth in man and in many other animals:હોઠ;અધર;ઓષ્ટ.2.*An* edge of an opening:કાનો;કોર.3.The sharp cutting edge on the end of an auger:શાઈડીની અણી *vt.*To touch with lips:અડ્ચી કર;હોઠથી અડવું. 2. To utter;to speak: બોલવું.3. To clip;to trim:કાતરવું;છાંટી નાખવું.

Lip-devotion, (લિપ્ડીવોશન્) *n.* Devotion without the performance of acts: માત્ર મોઢાની ભક્તિ.

Lip-labour,(લિપ્લેબર)*n.*Speech: માત્ર મોઢાની મહેનત.

Lipothymy,(લિપૉથિમિ)*n. A* fainting;a swoon: મૂર્છા;બેશુદ્ધિ;અજ્ઞાન.

Lippitude,(લિપિટ્યૂડ્)*n.*[L. *lippus*, blear-eyed.] Soreness of eyes;bleariedness : આંખેથી પાણી ગળીને આંખ પડવી તે;આંખ.

Liquefaction,(લિક્વીફૅક્શન્) *n.* The act or operation of making or becoming liquid:પીગળાવાની અથવા પીગળવાની રીત;દ્રવીકરણ; ગળવું તે.2.The state of being liquid:પીગળતી સ્થિતિ;દ્રાવિતાવસ્થા.

Liquefy,(લિક્વીફાઇ)*vt.*To dissolve રસ કર;પીગાળવું. *vi. To* become liquid:પીગળવું;ગળવું;ઓગળવું.

Liquescent,(લિક્વેસેન્ટ્)*a.*Melting ગળતું;ગળાતું;ઓગળે એવું.

Liquid,(લિક્વિડ)*a.*[L.*liquere*, to be fluid] Not solid; fluid: રેલો ચાલે તેવું;પ્રવાહી;પાણી જેવું;દ્રવ; દ્રવિત; ગલિત.2. Being in such a state that the component parts move freely among themselves ગલીત;પ્રવાહી.3.Flowing smoothly ધીમે ધીમે વહેતું. 4. Pronounced without any harshness: ખડકાયા વગર બીજા સાથે મળી જનાર અક્ષર.5. Fluid and transparent : પ્રવાહી અને પારદર્શક.6.Clear:સ્વચ્છ;નિર્મળ. *n.*Any substance in the state of liquidity:પ્રવાહી પદાર્થ રસ.

Liquidate, (લિક્વિડેટ્)*vt.*[*liquidus*,clear.] To make the amount of (indebtedness) clear and certain : દેવાની રકમનો આંકડો ચોખ્ખો કરવો-ઠરાવવો.2. To ascertain the amount of and apply assets toward the discharge of indebtedness : દેવાની રકમ નક્કી કરીને તે પેટે મિલકત-પુંજી હોય તે આપી દેવી; હિસાબ નક્કી કરવો; ફરચા માં વેચ જવું; આટોપવું;સંકેલવું. 3. To discharge: ફરચો કાઢવો; આપી દેવું; પતાવી દેવું 4.*To* make clear and intelligible : ચોખ્ખું કરવું. 5. To make liquid:ઓગાળવું.

Liquidation,(લિક્વિડેશન્)*n.*The state of being liquidated:ફરચો; નિકાલ;ફે સલો; પતાવટ; ઝાડ બાકી; બે બાકી.

Liquidator,(લિક્વિડેટર્) *n.* One who liquidates:ફરચો કરનાર.

Liquor, (લિકર) *n.*[L. *liquico*, I melt.]Any liquid substance: પ્રવાહી પદાર્થ; રસ; પાણી. 2. Spirituous fluid: અર્ક;દારૂ;મદિરા;સુરા;મદ્ય; આસવ;શરાબ.

Liquorice,(લિકરિસ)*n A* kind of tree:જેઠીમધનું ઝાડ;જેઠીમધ.

Lisp,(લિસ્પ્) *vi.* To pronounce the sibilant letter's' imperfectly:'એસ'નો ત્રુટક ઉચ્ચાર કર; ભગ્નદંતોચ્ચારણ કર. 2.To mispronounce અશુદ્ધ બોલવું. 3.To speak hesitatingly with a low voice : બીતા બીતા બોલવું; અચકાઇને બોલવું. *vt.* To express by the means of simple language : દ્રુકામાં સમજાવવું.2.To utter timidly : બીતા બીતા બોલવું.*n.* The habit or act of lisping:બીતા બીતા બોલવાની ટેવ.

List,(લિસ્ટ્)*n.*[L.*lictium*,thread,] *A* line enclosing the extremity of a piece of ground; hence in the *pl.the* ground inclosed for a race or combat: રંગભુમિ; રણાંગણ;અખાડો;અગાડ. *vt.* To enclose for combat: લડાઇને માટે ઘેરી લેવું. 2 To listen to: ધ્યાનદઇ સાંભળવું. *vi.*To attend: ધ્યાન દેવું; મનપર લેવું. 3.To desire;to choose: ઇચ્છા કર. 3.To lean:નીચા નમવું.*n.* Inclination; desire:ઇચ્છા;મરજી;વલણ;સ્પૃહા;મન.2. *An* inclination to one side:વલણ. 3. *A* strip of cloth: ચીથરાની કોર; પટી. 4. *A* limit or boundary: હદ;કાંઠો;કિનારો; છેડો. 5. The ear:કાન.6. *A* stripe:પટો;સોળ.7. *A* roll or catalogue: ટીપ;ચાદી; નોંધ; ફેરિસ્ત.*8.A* fillet: વાળ બાંધવાનો ચુડો. 9 A narrow strip of wood : લાકડાની પાતળી ચીપ. *To snter the* l.: યુદ્ધ આપવું; લડવા તૈયાર થવું.*vt.*To sew together : શીવવું. 2.To cover with list : લુગડાના કડકા ચોડવા. 3. To enroll:થાદી કર. 4.To engage : દાખલ કર. 5. To cut away a narrow strip: પટી કાપી નાંખવી.*vi.*To enlist : નોકરીમાં દાખલ થવું.

Listel,(લિસ્ટેલ્)*n.* A fillet:ઝાલર.

Listen,(લિસન્)*vi.*To give close attention with the purpose of hearing;to attend: સાંભળવું; શ્રવણ કર;કાન દેવા;લક્ષ આપવું. 2. To give heed;to obey:સાંભળવું; માનવું;મનપર લેવું.*vt.*To attend to: ની ઉપર લક્ષ આપવું.

Listless,(લિસ્ટ્લેસ)*a.*Indifferent; heedless:હોંશ વિનાનું; બેદીલ; મનવગરનું; ઉદાસ;ઉદાસીન;નિસ્પૃહ; સુસ્ત.

Litany,(લિટૅનિ)*n.A* solemn form of supplication in the public worship: પ્રાર્થના;બ હગી.2.A prayer book: પ્રાર્થના પોથી.

Literal, (લિટરૅલ્) *a.* [*litera*, a letter.] Real; not figurative or metaphorical:અક્ષરેઅક્ષર;શબ્દે શબ્દ;મૂલાર્થક; મુખ્યાર્થક; શાબ્દ; છુટું. 2. Following the letter or exact words;not free:મૂળ અર્થ પ્રમાણેનું; મૂલ શબ્દાનુસારી; યથાશબ્દ; મૂલપદાનુસારી.3. Consisting of letters: અક્ષરી;અક્ષરમય;વર્ણમય.4.*Unimaginary* : ખરૂં; અકલ્પિત. *n.* Literal meaning: મૂળઅર્થ;શબ્દાર્થ.

Literally,(લિટરૅલિ)*adv. Accord*ing to the primary and natural import of words : ખરૂં જોતાં; અર્થાત; વાસ્તવિક રીતે જોતાં. 2.Word by word:શબ્દેશબ્દ લઇને;અક્ષરશ:.

Literary(લિટરૅરિ)*a.*[L.*litera*,a letter.] Pertaining to letters or literature : અક્ષર વિદ્યાનું;અક્ષર સંબંધી; વિદ્યાવિષયક; વિદ્યાસંબંધી. 2. *Pertaining* to learned man:વિદ્વાન સંબંધી;વિદ્યાસંપન્ન. 3; Versed in literature:વિદ્યામાં પ્રવીણ;વિદ્યાનુરાગી;વિદ્યાન્યસની;સાક્ષર;વિદ્વાન.

Literate,(લિટરેટ્)*a.*Learned;lettered:ભણેલ; વિદ્વાન;સાક્ષર; વિદ્યાસંપન્ન;પંડિત;વિદ્વજ્જન. *n.* One having education but without de-

gree:વિદ્વાન માણસ.2. A literary man:પંડિત;સાક્ષર.

Literati,(લિટરેરૅટાઈ)*n pl.* Learned or literary men:પંડિતમંડળ;સાક્ષ-સ્વર્ગ;વિદ્વદ્‌બૃંદ;પંડિત વર્ગ-ગણ.

Literature,(લિટરૅચ્યૂર) *n.* [L.*litera,*a letter.]1.Learning: અક્ષર વિદ્યા-શાસ્ત્ર. 2. The collective body of literary productions: સાહિત્ય;ગ્રંથો;પુસ્તકો;શાસ્ત્રસમૂહ; પુસ્તકસમુદાય 3. Belles letters: સાહિત્યના ગ્રંથો.

Lithograph,(લિથોગ્રૅફ)*n.*A point made by lithography:શિલાછાપ.

Lithographic-al, (લિથોગ્રૅફિક-કૅલ) *a.*Pertaining to lithography: શિલાછાપની વિદ્યાનું.2.Printed from stone:શિલાછાપથી છાપેલું.

Lithography, (લિથૉગ્રફિ) [Gr. *lithos,*a stone, and *grnpho,* I write.]*n.* The art or process of producing printed impressions from stone:શિલાછાપવિદ્યા;શિલાછાપ; શિલાલેખનવિધિ.

Lithotomy,(લિથૉટોમિ)*n.*[Gr. *lithos & temno I cut.*]The operation,art,or practise of cutting for stone in the bladder: પથરી કાઢવાનો હુન્નર.

Litigant,(લિટિજૅન્ટ)*n.* A person engaged in a lawsuit: મુકદમો લઢનાર.*a.* Disposed to litigate: ટંટાખોર;વિવાદાર્થી; તકરારી; લડાઈ-કજીઆ-ખોર; લડાયક; મુકદમે બાજ. 2. Contending in law: લડનાર; મુકદમો લડનાર;મુકદમાનું.

Litigate, (લિટિગેટ્) *vt.* To contest in law:લઢવું;વિષે સરકાર-દરબાર ચઢવું *vt.* To carry on a suit by judicial process:દાવો કરવો; ફરીઆદ કરવી.

Litigation (લિટિગેશન)*n.*[L.*lis,litis,*dispute.]A suit at law, a judicial contest:દાવો; મુકદમો; સરકાર-દરબારમાં લઢાઈ-કજીઓ.

Litter,(લિટર્)*n.*[L.*lectus,*couch.] I.Vehiculary bed:ડોળી; માંદો. 2. Straw scattered on a floor as bedding for animals to rest on: જનાવરોની બાસની પથારી-બીછાનું; તૃણશય્યા3. Scattered rubbish: વેરછેર;પથારો; ડાકડમાળ; ખટારો; અટારો;ભભેડું.4.Disorder:પથારો; અસ્તવ્યસ્તતા.5.The young brought forth at one time:એકી વખતનું વેતર-જણતર; બચ્ચાં L. *finger:* ટચલી આંગળી;કનિષ્ઠિકા.L. *go,*:વચ્ચ-ગાળેની પરીક્ષા; છમાસિ પરીક્ષા. L. *one,*young children: બચ્ચાં;છોકરાં છૈયાં;બાળગોપાલ. *vt.* To supply with litter:માટે પથાણું પાથરવું. 2. To put into a confused condition:અવ્યવસ્થિત કરી મુકવું; પથારો કરી મુકવો.3.To give birth to:જન્મ આપવો;જણવું;સુવું.

Little,(લિટલ્) *a.* Small in size; not big:નાહાનું;થોડું; કકડો; ટુકડું; લઘુ;ક્ષુદ્ર.2.Brief:ટુકું.3.Not much: જરા;લગીર;સહેજ. 4. Small in dignity:હલકા દરજ્જાનું;હલકું;ક્ષુલ્લક; ક્ષુદ્ર. 5.Not strong:weak:નબળું; થોડું; રહેજસાજ. 6. Narrow; shallow; mean;illiberal:નીચ; સાંકડું; છાછરું. *A* 1. (*a*) થોડું એક;લગારેક; જરાએક. (*b*) થોડી-જરાવાર;જરા; લગાર.*n.* A small quantity: કંઇક; થોડું એક; અલ્પમાત્ર.2.A small degree: થોડો અંશ;અલ્પાંશ.*adv.*Slightly;:somewhat:જરા એક;જરાક;કિંચિત;થોડું ક.

Liturgy,(લિટર્જિ) *n.* [Gr. *leitos,* public & *ergon,*work.]A formulary,for public prayer or devotion:ભજનપદ્ધતિ;સમાજ પ્રાર્થના પદ્ધતિ;પ્રાર્થનામાર્ગ;ભક્તિમાર્ગ.

Live,(લિવ્)*vi.*To have life:જીવવું; જીવતા હોવું2.To pass one's time: રહેવું;દહાડો કાઢવો;દિવસ નિર્ગમન કરવું 3.To dwell;to reside:રહેવું;વસવું; રહેનાર-વાસી-બાશિંદા હોવું.4.To exist;to remain:હયાત હોવું;રહેવું; ટકવું; કાયમ રહેવું;પહોંચવું;ચાલવું; નભવું.2.To be in a state of happiness:સુખ ચેનમાંહોવું-રહેવું6 To feed;to subsist:ખાવું;ખાઇને રહેવું; જીવવું;પર ગુજરાન ચલાવવું.7.To have a spiritual existence:ઈશ્વરી હયાતી હોવી.8. To be maintained in life:ગુજરાન ચલાવવું;ઉદરપોષણ કરવું; ઉદર-નિર્વાહ કરવું; ગુજરો કરવું;ઉપજીવિકા ચલાવવી; પેટ ભરવું.9.To outlast danger: ભયમાંથી દૂર રહેવું;બચીજવું;ટકવું.*To* 1. *with* (*a*)to dwell with:એકઠા રહેવું.(*b*) To have intercourse with:ધણીધણીઆણી થઈને રહેવું; મૈથુન કરવું; રતિક્રિયા કરવી.*To* 1. *down:* આચરણ-જીવનથી જુદું પાડવું; ભુલાવવું. *vt* To pass;to maintain: ગુજારવું;કહાડવું; પસાર કરવું;નિર્ગમન કરવું. *a.* (લાઇવ્) Having life;alive:સજીવ;પ્રાણધારી; જીવતું.2.Burning: બળતું;જીવતું;પ્રજ્વલતું;સળગતું. 3. Active:ચાલાક. 4. Vivid:ચકચકીત;ભલકતું.5. Having motion:ઝડપવાળું;ચાલનારું;ચલાવનારું

Livecoal(લાઇવ્કોલ્)*n.*Fire;burning coal:અંગારો; સળગતો-જીવતો-બળતો કોયલો.

Livelihood,(લાઇવ્લિહુડ્)*n* Support of life;maintenance: ગુજરાન;આજીવિકા;ઉપજીવિકા.પોષણ; ગુજરો; ઉદરનિર્વાહ;જીવન;પ્રાણધારણ; અન્નોદક; જીવનોપાય;જીવનસાધન 2.Liveliness: ચપળતા.*To take away the* 1.*of:*-ના પેટ ઉપર પગ દેવો;-ના ભાણામાં ધૂળ નાંખવી.

Liveliness,(લાઇવ્લિનેસ્)*n.* Sprightliness;spirit: હોંશીઆરી; ચપળતા;આનંદવૃત્તિ;ઉલ્લાસવૃત્તિ.2. An appearance of life: જીવરૂપ;ચૈતન્ય 3. Activity:ચાલાકી.4. Effervescence(of liquors):ઉભરો;ફીણ.

Lively,(લાઇવ્લિ)*a.*Living: ચપળ; સતેજ.2. Brisk; active: હુશિયાર; ખબરદાર;ચાલાક;જાગૃત.3 Airy; gay: હસમુખ ;આનંદી;ઉલ્લાસી; રંગી; ખુશમિજાજ.4.Representing life: આબેહુબ;પ્રતિરૂપ 5.Bright; vivid: તેજસ્વી;ભલકાવાળું;ઝગેહદાર. *adv.* In a brisk manner:જાગૃતપણે; સત્વર; ઝપટ.

Liver,(લિવર્) *n.* One who lives: જીવનાર.2.A dweller: રહેનાર; વસનાર;વાસી 3 A very large glandular and vascular organ in visceral cavity of all vertebrates:કાળજું;કલેજું;પિત્તાશય;યકૃત. *Fast* 1.,ઉડાઉ;શોખીન;છેલ;લાલ.*Free* 1.; *good* 1.,ખાવાનો શોખિન; ખાનાર પીનાર.*Loose* 1.,લાલાસાહેબ; છેલછબીલા.

Livery,(લિવરિ)*n.*[L. *libero,*I set free.] The act of delivering possession of lands: જમીનનો કબજો છોડા વવાનું કામ.2. Deliverance:છૂટકારો. 3 (*a*) The uniform clothing issued by feudal superiors to their retainers:ઉમરાવોના નોકરોનો પોશાક;લિબાસ. (*b*) The whole body or company of persons wearing such a garb:એક પોશાકવાળી આખી મંડળી-સમાજ. (*c*) A ration:ખોરાક;સીધું. L. *stable:* અશ્વશાળા;અશ્વપોષણશાળા.

Liveryman,(લિવરિમૅન્) *n.* One who wears a livery:અમુક પોશાક પહેરનાર નોકર.2.A free man of the city, in London, who, having paid certain fees,is entitled to wear the distinguished dress: લંડન શહેરમાં અમુક રી ભરીને અમુક જાતનો પોશાક પહેરવાને હકદાર માણસ.3.One who keeps a livery stable:ભાડે આપવાના ઘોડા રાખનાર.

Lives,(લાઈવ્ઝ્)*n.pl.*of **life:** જન્મચરિત્રો-વૃત્તાંત.

Livestock,(લાઈવ્સ્ટૉક્)*n.*Stock of

living beings:પશુપ્રાણ;જીવતીપૂંજી.

Livid,(લિવિડ્)*a*. [L *livere*, to be black and blue.]Black and blue: કાળુ ને આથમાની;મીસાના રંગ જેવું.

Living,(લિવિંગ્) *a*. Having life: જીવતું;પ્રાણધારી;જીવવંત;સજીવ; જીવદાર; સપ્રાણ;પ્રાણમય;જીવમય. 2. Active; lively:ચાલાક;હુંશિયાર; ખબરદાર. 3. Running;flowing:જીવવંત;વર્તમાન; વિદ્યમાન: રેલાતું; વહેતું. 4. Producing life, action, animation or vigor: ચલાવનારૂં; ચૈતન્યભૂત; જીવદાર;સુદૃઢ.5. Ignited; burning: બળતું;જીવતું;ધગધગતું. 6. Immortal; standing:અજર; અમર; અવિનાશી; અક્ષય;અનશ્વર.*n*. Life; existence: હયાતી;જીવન;પ્રાણધારણ 2. Manner of life:વર્તન;રીતિ;વૃત્ત. 3. Sustenance;estate:ઉપજવિકા; જીવન;વૃત્તિ; આજવિકા.4 Power of continuing life; જીવનગાળો; જીવતર;ગુજરો; ઉદરનિર્વાહ.5. The Benefice of a clergyman:પાદરીની વૃત્તિ;ધર્મદાય.

Lizard,(લિઝર્ડ્) *n*. Any one of the numerous species of reptiles ગરોળી;સરડો;કાચ ડો;કાંકીડો 2. A piece of rope:દોરડું.

Llama,(લૅમા *n*.A south American rnminant allied to the camels, but much smaller and without a hump:દક્ષિણ અમેરીકામાં થતું ઉંટને મળતું એક જનાવર.

Lo,(લો)*interj* Look;see; behold:જો જુઓ;જો વારૂ;એં ! જો જો !

Load,(લોડ્)*n*.A burden: (ભરેલો) ભાર,બોજો;ભારણ;ભાર. 2. Lading: ભાર;હેલ;ભારો. 3. That which oppresses or grieves:ભાર; બોજો;પીડા;સંકટ;દુઃખ;કષ્ટ. 4. A particular measure for certain articles: ઘાસનો ભાર;હેલ.5. The charge of a firearm:બંદુકમાં ભરેલો દારૂ ગોળો; ભાર.*vt*. To lay a burden on:લાદવું; ભાર ભરવો. 2. To adulterate or drug:ભેગ કરવો 3. To magnetize: લોહચૂંબક લગાડવું. 4. To weigh down; to encumber:માં ગડબી ગડબીને-ઠાંસી ઠાંસીને ભરવું.

Loader,(લોડર્)*n*.One who loads: હેલકરી;મજુર;વૈતરો;લોદર.

Loading,(લોડિંગ્)*n*.The act of putting a load on: ભાર-માલ ભરવો તે-ભરવાનું કામ.2.Cargo:ભાર;માલ

Loadstar,(લોડસ્ટાર્)*n* A guiding star;esp.,polestar:ધ્રુવનો તારો

Loadstone,(લોડસ્ટોન્)*n*.A piece of magnetic iron ore possessing polarity like a magnetic needle: લોહચુંબક;અયસ્કાંત.

Loaf,(લોફ્)*n*. *pl* **loaves**, Any thick lump mass or cake:રોટલો; પાઉં તીકડ;ચાપડું;બાટી **L**.*of sugar*: ખાંડની ચાસણીનો ગઠ્ઠ;પતાસું. *vi*. To spend time in idleness: રખડવું; આળસમાં વખત કાઢવો ગાળવો.

Loafer,(લોફર્)*n*.One who loafs: રખડેલ માણસ;નીચમાણસ;ડાંડીઓ.

Loam,(લોમ્)*n*. A kind of soil: ભઠરી જમીન માટોડી-માટી.2. A mixture of sand and other materials used for making large castings:મોટાં બીડ બનાવવાની રેતી અને ધાતુની મેળવણી.

Loan,(લોન્)*n*.A lending; permission to use:ધીર;આપ; દે. 2. That which one lends or borrows:ધીરેલું;કરજે આપેલું;કર્જ;રૂણ.*vt*. To lend:ધીરવું;ઉછીનું આપવું.

Loath,(લોથ્)*a*.Hateful; odious: ધિક્કારપાત્ર 2. Unwilling; averse: નારાજ;નાખુશ;વિમુખ;વિરક્ત;દુર્મના.

Loathe,(લોધ્)*vt*.To feel extreme disgust at: અભાવ-અરૂચી હોવી; અભિલાષા-ચીતરી હોવી. 2. To dislike greatly:નું મોં ન ગમવું; ઉપર અરૂચી હોવી;-નો કંટાળો આવવો;-થી ત્રાસવું; -પર ચીઢ આવવી;ઓકારી-બકારી આવવી.

Loathing,(લોધિંગ્)*n*. Extreme disgust;aversion:અરૂચિ;અભાવ.

Loathsome,(લોધ્સમ્)*a*. Exciting disgust; disgusting: અભાવ થાય એવું;કંટાળો ભરેલું;કુત્સિત;બીભત્સ; અરૂચિકર;અપૂગા આવે એવું.

Lobby, (લૉબિ) *n* [L. *laubia*, a covered portico fit for walking] A passage or hall of communication:ઓરડામાં જવાની ખુલ્લી જગા; ચાલ; ચાલી; ઓસરી; રવેશી. 2. That part of a hall of legislation,not appropriated for the use of the official assembly:ધારાસભાનો નહિ વપરાતો ખંડ.

Lobby-member, (લૅબિમેમ્બર્) *n*.A member of the legislative body:રાજ્યની ધારામંડળીમાનો એક.

Lobe,(લોબ્)*n*.A rounded division of a leaf:પતરાનો ગોળ ભાગ. 2.A round projecting part of an organ:અવયવ-કેફસા-કાળજાનો ભાગ. **L** *of the ear*:કાનની બુટ લાળી.

Lobster,(લૉબ્સ્ટર્)*n*.A large imacrurous crustacean used as food ખરચલો;કાળુ માછલી;પુછડીયો કાચબો.

Local,(લાકૅલ્)*a* [L.*locus*, place] Pertaining to a particular place: કોઇ અમુક જગ્યાનું;સ્થાનિક;દેશ સંબંધી; સ્થાનીય; એક દેશીય. **L**. *affection*: સ્થાનીક વ્યાધિ.*n A* trade for the accommodation of certain district:દેશના અમુક ભાગની સગવડ માટે રાખેલી આગગાડી 2. *An* item of news relating to the place where a paper is published:સ્થાનિક ખબરો;શહેર સમાચાર;ગામખાર્તા;ગામ ગપાટા.

Locality,(લોકૅલિટિ)*n* *The* state of belonging to a definite place નિયમિત વાસ દેશસબંધ; સ્થાન સંબંધ 2.Position; situation: જગો; સ્થાન;પ્રદેશ;સ્થળ;લત્તો;જગ્યા; ભાગ. 3. Limitation to a country,district or place:હદ્દો.

Localize,(લોકૅલાઇઝ્)*vt*. To fix in or to assign to a definite place: વિશેષ સ્થાનિક કરવું.

Locate,(લોકેટ્)*vt*.[L.*locus*,place.] To place:મુકવું;રાખવું. 2. To define the limits of:ની જગો નકી કરવી.*vi*.To settle: રહેવું.

Location,(લોકેશન્) *n*. The act or process of locating:મુકવું-રાખવું તે2. Situation; place: કેકાણું; જગ્યા;સ્થાન;રહેઠાણ. 3. *A* tract of land designated in place:સ્થાનક.

Locative,(લોકેટિવ્)*a*.Indicating place:સ્થળ વાચક;સ્થળાર્થક. *n*. The locative case:સાતમી વિભક્તિ.

Loch,(લોક્)*n*.*A* lake: સરોવર. 2. **A** lambative:ચાટવાનું ઓસડ;ચાટો.

Lock,(લોક્)*n*.*A* tuft of hair:ગુચ્છો; ઝુલ્ફા.2.*Anything* that fastens: કળ;તાળું;કુલ્લ;ચાંપ.3 *A* place from which egress is prevented:જ્યાંથી રસ્તો બંધ થાય છે તે જગા. 4. The barrier or works which confine the water of a stream:પાણી રોધી રાખવાને બનાવેલી ભીત 5 *An* inclosure in a canal with gates: ઉંચી નીચી કરવાને નહેરમા બનાવેલી દરવાજાવાળી ભીત.6.That part of a firearm by which the charge is exploded:ઘોડો;ચાંપ 7.*A* grapple in wrestling:બીડ;લીડા; બાથંબાથા;દાવ;ડાવ.**L**. *up*: કાચુ કેદખાનું; કાચા કેદીને રાખવાની જગ્યા. **L**. *jaw*: કાચું બીડાઇ-બેંચાઇ જવું તે. *Curly* **l**.s:ઝુલ્ફા;રોગા ઝુલ્ફ; વાંકડીઆ વાળ. *vt*.To fasten with a lock:તાળું દેવું. 2.To prevent egress to:રસ્તો બંધ કરવો.3.To fasten in or out with a lock:તાળું મારીને બંધ કરવું.(*b*)To shut in or out:બંધ રાખવું છુપાવી રાખવું. 4 *To* link together:જોગું જોડી દેવું. *vi*.*To* become fast:મજબૂત થવું.

Lockage,(લોકેજ)*n*.Materials fo

locks in canal : નહેરમાં પાણી ખાળી રાખવાના કોટ બનાવવાનો સામાન. 2. Toll paid for passing the locks of a canal: ખાડીમા થઇ જવા આવવા માટેનો વેરો-કર.

Locker,(લૉકર)*n.*Any closed place that may be locked:બંડાર;ગોલક.

Locket,(લૉકેટ)*n.*A small lock:નાનું તાળું ;ખીલી પંખીઆરૂ.2.A little case for holding a miniature or lock of hair: સોનાની નાની ડાબડી;લાકીટ.

Locksmith,(લૉકસ્મિથ્)*n.*An artificer whose occupation is to make locks:તાળું બનાવનાર; લુહાર.

Lock-up, (લૉકઅપ) *n.*A watch-house:ચોકી;પહેરો;કેદ.

Locomotion,(લોકોમોશન) *n.* [L. *locus*,place *& motio,* motion.] The act of moving from place to place:હીલચાલ;સ્થલાંતર ગમન. 2. The power of moving : હાલવા ચાલવાની શક્તિ;ચલન શક્તિ.

Locomotive,(લોકોમોટિવ્)*a.*Moving from place to place: જંગમ. 2. *Used* in producing motion: ચર *n.A* locomotive engine:આગગાડી ચલાવનારૂં યંત્ર;વરાળયંત્ર;ચાલકયંત્ર

Locum-tenens,(લોકમ્ટીનેન્ઝ)*n.* One who acts for another:અવેજી;આસીસ્ટંટ.

Locust,(લોકસ્ટ્)*n.*[L.*locus*,grasshopper.] *A* long winged insect:તીડ;ચલ ભા.2. The locust tree; એક જાતનું ઝાડ.

Locution,(લોકયુશન)*n.* [L.*loquor,* I speak.]Speech;discourse:ભાષણ;વાણી;ગિરા.

Lodge,(લૉજ)*n* [L.*laubia*,porch.] A hut; a rude cabin:છાપરી;છાપરૂ; ઝુંપડું; ડેલી; જંગલી.૨.A collection of objects lodged together:ભેગી આવેલી જથાબંધ વસ્તુઓ. 3. A den or cave:ગુફા;બોડ.4.The meeting room of an association : સભાનો ઓરડો;મંડળી મળવાની જગ્યા.5.Hence,the regularly constituted body of members meeting there:સમૂહ;સમુદાય; સમાજ;સભા; મિલાવડો.*vi.*To rest;to stay; to abide: રહેવું;હોવું.2. To fall or lie down: પડવું.3.To come to rest: મુકામ કરવો;પડાવ કર; વિરામવું. *To* 1. *for a night* : રાતવાસો કર-રહેવું. *To* 1. *a complaint*: ફરીઆદ કર;ફરીઆદ નોંધાવવી *vt.*To give shelter: આશરો આપવો;ઉતારો આપવો;રાખવું; સંતાડવું; લપવા દેવું. 2. To drive to shelter: હાંકી કાઢવું.3.To deposit for keeping:રાખવું;મુકી છોડવું. 4. To cause to stop or rest in: લગાડવું; સચોટ મારવું-લગાવવું-ચોભાવવું.*To lodge an information,*to enter a formal complaint:રીતસર ફરીઆદ નોંધાવવી.

Lodger,(લૉજર)*n.*One who lodges: બીજાને ત્યાં અગર વીશીમાં રહેનાર; પાહુત;ઉતારૂ.

Lodging,(લૉજિંગ્)*n.* The act of one who,or that which lodges વાસ; ઉતારો; નિવાસ; આવાસ. 2. A place of rest:ઉતરવાની જગો;બીજાના ઘરમાં રાખેલા ઓરડા. 3. A harbour;cover:વાસો; આશ્રયસ્થાન.

Lodgment,(લૉજમેન્ટ્)*n.*The act of lodging : સંસ્થાપન; સંસ્થાપના. 2.A room:કોટડી.3. The occupation and holding of a position: સ્થિતિ;નિવેશન;સમાવાસ;સંસ્થિતિ.

Loft,(લૉફ્ટ)*n.* (*a*) *An* elevation: ઉંચી જગા.(*b*) A gallery : કાતરીયું. માળિયો-માળીઉં; (*c*) *A* story: મેડો; માળ; તબક;ઝરખો; ઝોખ. *a.* Lofty; proud:ઉંચું;ઉન્નત;પ્રૌઢ;રહોટું.

Loftiness,(લૉફ્ટિનેસ)*n.*The state of being lofty : ઉંચાઇ; ઉન્નતિ;પ્રૌઢતા;ધીરતા; મહત્વ; ઉત્કર્ષ; માંડાત્મ્ય;આટોપ;દર્પ;ગર્વ;અભિમાન

Lofty,(લૉફ્ટિ)*a.* Lifted high up: towering:ઉંચું ;પ્રૌઢ;ઉન્નત;ઉચ્ચ;ધીર; ગંભીર.2 Elevated; exalted;noble; stately: પ્રશસ્ત;પ્રૌઢ;ઉદ્ધત; ગર્વોદ્ધત; ગૌરવવાળું;અભિમાનનું ; દાસિક.

Log,(લૉગ્)*n.*A Hebrew measure of liquids: યાહુદી લોકનું એક પ્રવાહી માપ.2.A bulky piece of wood: ઢીમચું; ઢીમચું; ગચિયું; ગાંઠ. 3. The record of the rate of a ship's daily progress: વહાણ રોજ કેટલી મજલ ચાલ્યું તે વિગેરેની નોંધ. 4. A record and tabulated statement of the work done by an engine: વરાળયંત્રે કેટલું કામ કર્યું તેની નોંધની ચોપડી;(b)નૌકાનિર્માપકયંત્ર. L.*book:* વહાણ રોજ કેટલી મજલ ચાલ્યું તે નોંધવાની ચોપડી. *vt.* To enter in a ship's log book : વહાણની નોંધપુકમાં નોંધવું L.*line* : વહાણમાં પાણીની ઉંડાઈ માપવાની દોરી. L *wood:* એક જાતનું રંગવાળું લાકડું; પતંગનું લાકડું. *vi* To engage in the business of cutting logs for timber:લાકડાં કાપવાના કામમાં રોકાવું.2.To move to and fro: આમ તેમ ફરવું.

Logarithm, (લોગેરિધ્મ્) *n.* The power to which another given number must be raised in order that it may equal the former number:લાગ્રતમ;ઘાતાંક ગણન.

Loggerhead, (લૉગરહેડ) *n.* A blockhead;a dunce: ઠોઠ;જડબુદ્ધિ; મૂર્ખ;જડબુદ્ધિ.2 A spherical mass of iron with a long handle used to heat tar : ડામરને તપાવવાનો લોખંડનો ગોળ ગોળીઓ.3.A very large marine turtle:મોટો દરિયાઇ કાચબો. *To be at loggerheads,*to quarrel: ધપાધપી-મારામારી કરવી; માર મારા પર આવવું

Logic,(લૉજિક્)*a.*[Gr.*logos*,reason] The science or art of exact reasoning:ન્યાયશાસ્ત્ર; તર્કશાસ્ત્ર;તર્ક; ન્યાય.2. A treatise on logic: તર્કશાસ્ત્રનો ગ્રંથ

Logical,(લૉજિકૅલ્)*a.*Pertaining to logic;used in logic:ન્યાયશાસ્ત્રનું;તર્કવિદ્યાવિષયક;તાર્કિક.2. According to the rules of logic : ન્યાયશાસ્ત્ર પ્રમાણેનું; ન્યાયશાસ્ત્ર તર્કશાસ્ત્ર સમ્મત; ન્યાયશાસ્ત્રસિદ્ધ; સયુક્તિ કૃત. 3.Skilled in logic : ન્યાયશાસ્ત્ર કુશળ-પ્રવીણ;તર્કબાજ.

Logician, (લૉજિશૅન્) *n.* A person skilled in logic: નૈયાયિક;ન્યાય-તર્કશાસ્ત્રી;તાર્કિક; તર્કબાજ.

Loin,(લૉઇન્)*n.*[L. *lumbus,* loin.] That part of a human being or quadruped, which extends on either side of the spinal column between the hip bone and the false ribs:કમર;કટી;મધ્યાંગ;કટિદેશ.

Loiter,(લૉઇટર) *vi.* To delay; to linger:વાર-ઢીલ લગાડવી; રઝળતા જવું; રસળવું;વિલંબ કર.2. To wander as a vagrant:રઝળવું;ભટકવું; રખડવું.

Loll,(લૉલ્)*vi.*To recline;to lean: સુએ બેસવું-પડવું; લાંબા થઈને પડી રહેવું;સુખાળા થઇ પડીરહેવું.2. To hang extended from the mouth: બહાર નીકળવું,લબડવું.

Lone,(લૉન્) *n.* A lane: ગલી. *a.* Being by one's self: એકલું; એકજ; નિર્જન 2 Single;unmarried:કુંવારૂં,છડું.3.Being by itself: એકાકી; એકલું; એકલવાયું; નિરાધાર; અનાથ;અસહાય 4. Solitary : એકાંતવાસી; નિર્જન;વિજન.

Loneliness, (લૉન્લિનેસ્)*n.*Solitude;seclusion: એકાંતવાસ;નિર્જનતા 2 The state of being unfrequented by human being: બીઆબાન જંગલ;ઉજડવેરાન.3 Love of retirement:એકાંતપ્રીતિ;વૈરાગ્ય.

Lonely, (લૉન્લિ) *a* Solitary; retired : એકાંત;નિર્જન વિજન; બીયાબાન.2. Forsaken: એકલું પડી ગએલું;

નિરાધાર; અનાથ; એકલવાયું; એકલું. 3. Lonesone : છડું; ઉદાસી; ઘેર. 4. Addicted to loneliness : એકલ સુકું;એકલું રહેવાને જેને ગમતુંહોય એવું.

Lonesome, (લૌન્સમ્)*a* Secluded from society;solitary:જ્યાં માણસનું પગલું નહીં એવું ઉજડ; નિર્જન; નિરાનંદ;ઘેર.2. Conscious of, and somewhat depressed by solitude:ઉદાસ;દાઝણ; એકલવાયું.

Long,(લૉન્ગ્)*a.* [L.*longus.*] Extended;protracted:લાંબુ; દીર્ઘ; વિસ્તીર્ણ. 2. Extended in time or drawn out:ઘણીવારનું;લાંબી મુદતનું; ઘણા દહાડા પહોંચે એવું; પહોંચેલું. 3. Slow in passing : ધીમું; ઠંડું 4. Distant in time:આઘું;દૂર;દીર્ઘકાલી 5.*Of* a specified length:લાંબુ;લંબાઇમાં.6 Extensive: દીર્ઘ; બહુ પહોંચે એવું.7-*Prolonged:* દીર્ઘ; ગુરૂ. 8 Slow in coming : દીર્ઘ સૂત્રી; વાર લગાડનાર;ધીમું *In the* l *run,* પરિણામે;અંતે;આખરે;છેવટે. *To have a* l. *head,* to have a far-seeing mind:ની દીર્ઘ દૃષ્ટિ હોવી.*The* l. & *short of it,*the sum and substance of it: તેનો ટુંકમાં સાર-મુદ્દોમતલબ.L. *dozen:* તેર. *adv.* To a great extent in space : લાંબે સુધી. 2. To a great extent in time: ઘણા દહાડા સુધી; બહુવાર સુધી. 3.At a point of duration far distant either prior or posterior:ઘણા દહાડા ઉપર;ઘણે દહાડે 4.Through the whole extent:આખું;બધું.*All night* l.:આખીરાત;આખીરાત સુધી-પર્યંત.*As* l *as* : જ્યાં સુધી-લગી; જેટલીવાર.*Ere* l.:થોડી વારમાં;બહુવાર ન લાગતાં.L. *ago:* ઘણા દહાડા ઉપર. *How* l.: કહાં-કેટલે સુધી. *prep.* By means *of;* by the fault of: થી; વડે. *vi.* To wish for something with eagerness:આતુરતાથી ઇચ્છવું; ટાંપી રહેવું;આશા બાંધી બેસવું; નેમાટે વખવખવું;-માટે તલપાપડ થવું;-ની સ્પૃહા કરવી;ટમટમી રહેવું. 2. To belong:તાબે-નું હોવું.

Longeared(લૉન્ગ્ઇઅર્ડ્)*a* Having long ears:લાંબા કાનવાળું;લંબકર્ણ.

Longer,(લૉન્ગર્)*n.*One who longs for anything:કંઇ વસ્તુની ઇચ્છા રાખનાર.*a.*More long:વધારે લાંબુ.

Longeval, (લૉન્જ્વૅલ્) *a.* Long lived:ચીરંજીવી;દીર્ઘાયુ;આયુષ્માન.

Longevity,(લૉન્જેવિટિ)*n.*[L*long,* &*aevum,*an age.]Length of life: દીર્ઘાયુષ્ય;ચિરંજીવત્વ;લાંબો આવરદા.

Longheaded,(લૉન્ગ્હેડેડ્)*a.*Having usual foresight : વિશાળ-તીવ્ર બુદ્ધિનું;બુદ્ધિમાન; દીર્ઘસંધાની; નિપુણ મતિવાળું;દીર્ઘદૃષ્ટિવાળું.

Longing, (લૉન્ગિંગ્)*n An* eager desire;an earnest wish:આતુર ઇચ્છા;આશા;ભૂખ; અતિસ્પૃહા-વાંછા; અત્યાકાંક્ષા;ઉત્કંઠા;લાલસા; સ્પૃહા; તૃષ્ણા; આકાંક્ષા;હોહદ.

Longitude(લૉન્જિટ્યુડ્)*n.*Length; રેખાંશ;લંબાઈ.2. The arc or position of the equator intersected between the meridian of a given place and the meridian of some other place from which longitude is reckoned.રેખાંશ વૃત્ત;યામ્યોત્તરવૃત્ત.3. Celestial longitude: ભોગ. *In meridian of* l.: રેખાંશવૃત્ત.

Longitudinal,(લૉન્જ્ટ્યુડિનૅલ્)*a.* Extending in length; running lengthwise: લાંબુનેલાંબુ; લંબાઇમાં

Long-lived,(લૉન્ગ લિવ્ડ્)*a.* Having a long life: દીર્ઘાયુષી; લાંબો વખત જીવનારૂં. 2. Lasting long: લાંબો વખત રહે એવું;લાંબી મુદતનું;જીવું.

Long-sighted, (લૉન્ગ્-સાઇટેડ્)*a* Able to see greatly distant objects:ઘણી દૂરથી વસ્તુ જોઈ શકે એવું.2. Hence,sagacious; far-seeing:દૂરદેશી;દીર્ઘદૃષ્ટિવાન;દીર્ઘદર્શિ.

Longsuffering,(લૉન્ગ્સફરિંગ્)*a. Patient;* not easily provoked: ખામોશવાળું; ધીરજવાન. *n.* Long patience of offence :ખમોશ;ક્ષમા; તિતિક્ષા.

Longwinded, (લૉન્ગ્વિન્ડેડ્) *a* Long breathed;hence,tediously long in speaking:લાંબુ લાંબુ-લંબાવીને કહેનાર.

Long-wise, (લૉન્ગ્વાઇઝ્) *adv.* Lengthwise:લાંબુને લાંબુ;લંબાઈમાં.

Look,(લુક્)*vi.* 1. To direct the eyes toward an object: જોવું; નિહાળવું; અવલોકવું; વિલોકવું; દૃષ્ટિ કરવી;નજર કરવી.2.To consider; to examine:લક્ષમાં-ધ્યાનમાં લેવું;જોવું; વિચારવું;તપાસવું.3.To seem or appear: દેખાવું; જણાવું; માલૂમ પડવું. 4. To face;to front : સામા-સન્મુખ આવી રહેવું. 5. To show one's self in looking: જોવું;નજર કરવી. 6. To expect: આશા રાખવી; બીક-ધાસ્તી-ભય રાખવો.*To* l.*about* one, to be on the watch:સાવધ રહેવું.*To* l.*after* (*a*) to attend to :ની સંભાળ દેખરેખ રાખવી;-નું જતન કરવું; સંભાળવું. (*b*)To search : શોધવું; ખોળવું. To l. *black,*to frown:ગુસ્સે થવું;ચીઢાવું; આંખો કાતરવી. *To* l. *for* (*a*) to expect:આશા રાખવી.(*b*)To search for; to seek for : શોધવું; ખોળવું. To l. *into,* to inspect closely: તપાસી તપાસીને-મન ઘાલીને જોવું. To l.*on,*(*a*) to regard : માનવું; ગણવું;ધારવું. (*b*) To a mere spectator:તટસ્થ રહેવું;દ્રષ્ટા તરીકે રહેવું;જોયા કરવું;તમાસો જોવો.To l *out* to be on the watch:ચોકી કરવું;તપાસ-ચોકી રાખવી.To l.*through,*to see through ની અંદરથી જોવું;-માં અક્કલ પેસવી; તપાસવું; અવલોકવું; સમજી-પકડી લેવું. To l.*to*(*a*)to watch:જોયાં કરવું;ઉપર નજર રાખવી;તપાસવું; સંભાળવું;ની સંભાળ-બરદાસ્ત રાખવી.(*b*) To expect to receive from: પાસેથી મળવાની આશા રાખવી.*To* l. *up,* to search for by looking : જોઇ જોઇને શોધીખોળી કાઢવું.*To* l.*up to,*to respect માન આપવું;માનની નજરે જોવું. To l. *down on* or *upon*: ન ગણકારવું;ની દરકાર ન રાખવી;ન લેખવવું; તુચ્છકારવું. To l.*over* : તપાસવું; જોવું; નજર તળે કાઢવું.*vt.*To look at: ની સામા જોવું. 2 To seek:શોધવું. 3. To expect: આશા રાખવી. 4. *To* influence, overawe or tubdue by looks નજરથી તાબે કરી લેવું;એ આંખની શરમને લીધે દબાવવું-શરમાવવું. *To* l *for,* to seek for: ની શોધ-ખોળમાં રહેવું-હોવું.*n* A glance-નજર;દૃષ્ટિ; અવલોકન;અણસારો.2.Expression of eyes &face:ચહેરો;મુખમુદ્રા;સુરત;રૂપ;સ્વરૂપ; મુખ;વદન.3. Appearance;aspect: દેખાવ;ઘાટ;ડોળ;આકૃતિ;આકાર;રૂપ;છાયા.

Looking-glass,(લુકિંગ્ગ્લાસ્) *n.* A mirror: આઇનો; આરસી; દર્પણ; ચાટલું;ખાંચ.

Look-out,(લુક્-આઉટ્)*n.A* careful looking:નજરે;સંભાળ;ચોકસી; દેખરેખ. 2.Duty of care; responsibility: કામ;ફરજ;કર્તવ્ય.3.A person engaged in watching : સંભાળ-દેખરેખ રાખનાર; ચોકીદાર.

Loom, (લૂમ્)*n.* A machine for interweaving yarn threads into a fabric : સાળ; લૂગડાં વણવાનો સંચો.*vi.* To appear enlarged: વધારે દેખાવું; હોય તે કરતાં મોટું દેખાવું. 2. To rise and to be eminent: ઝળકી નીકળવું.

Loon,(લૂન્) *n.* A sorry fellow; a rogue: હરામખોર; હરામજાદું; હરામ ચરકાવાળું.

Loop, (લૂપ્)*n.* A fold of a thread: ગાળો;ફાંસો;બળ.2.*A* loop-hole :બાકું;છિદ્ર;બારોબાર.

Loophole,(લૂપ્‌હોલ્‌) *n.* *A* small opening in the walls of a fortification:બારૂ;બારી;મોર્ચ.2. A hole that gives a passage:છીંડું; નેળ. L.*f r escape*:નાસા બારી

Loose,(લૂસ્‌)*a.* Unbound;untied: બાંધેલું નહિ એવું;છુટું.2. Free from constraint:છુટું 3. Not tight or close:ઢીલું; ખીનતંગ; ખુલ્લું. 4. Not dense:ઝીણવાન;જાડા પોતનું.5. Vague:અસ્પષ્ટ;અચોક્કસ;દ્વિઅર્થિ.6.Not strict in matters of morality: ફાવતું; છુટું રહેવાય તેવું. 7. Unconnected: જથર પથર;અહિંતહિં;ધદરતીદર;ઠેકાણાં વગરનું. 8. Not costive: નરમ;કબજ નહિ એવું 9. Dissolute; unchaste: લફંગુ;લપટ;સોડું;લુચ્ચુ; ઇન્દ્રી;રંડીબાજ;બદફેલ;છટેલ. 10. Containing or consisting of obscene or unchaste language: અનીતિનું; અનીતિમય; બિભત્સ; શૃંગારરસ પ્રધાન. *To break* l.: છુટા થવું;સાકળદોરડું વિ૰ તોડીને નાસવું. *To let* l., to set at liberty: છોડી મુકવું;દેવું; *vt.*To free from restraint: છુટું કરવું;છોડી મુકવું. *n.* Freedom from restraint : છુટ; રજા.*vt.* To untie or unbind : છોડવું; ખોલવું. 2. To release: છોડી મુકવું. 3. To relax; to loosen: નરમ-ઢીલું કરવું. 4. To sail : હંકારવું; છોડવું. *vi.* To set sail:હંકારવું.

Loosely,(લૂસ્‌લિ)*adv.* In a loose manner:લપટપણાથી.2. Without confinement:છુટું. 3. Carelessly: બેફિકરાઇથી;હોંશ રાખ્યા વગર;ભાનવગર.

Loosen,(લૂસન્‌)*vt.*To make loose :નરમ-ઢીલું કરવું. 2. To free from restraint:મોકળુ કરવું.3.To remove costiveness:ઝાડાનો કબજો નરમ કરવો.

Looseness,(લૂસનેસ્‌)*n.*The state or condition of being loose: ઢીલાપણું;વ્યભિચાર;રંડીબાજી;લંપટાઇ.

Loot, (લૂટ્‌)*vt.* To plunder:લૂટવું.*n.* A plunder;a booty:લૂટ.

Lop,(લૉપ્‌)*n.*A flea:ચાંચડ.*vt.* To hang downward : નીચે નમવું. *vt.* To cut off:કાપી-છાંટી નાંખવું; તાછવું; છાંટવું;ડાળવું;ઝારવું.

Lopping,(લૉપિંગ્‌) *n.* A cutting off:ઝુકો;ડાળાં;ખેરો;ઝાંખરાં;ઝારણ;ભોડાં.

Loquacious, (લોંકવેશસ્‌) *a.* [L. *loquor*, I speak.] Talkative; garrulous:બહુ બોલો; વાતોડીઓ. 2. Apt to blab and disclose secrets લવલવીડું;બહુ ભાષી;વાચાળ;ભરભરીયું; બોલકણું.

Loquacity,(લોંકવૅસિટિ)*n.*1.Talkativeness: વાચાળપણું. 2. Loquaciousness:લવરી;બકબકાટ.

Lord(લૉર્ડ્‌)*n.*A hump-backed person: ખુંધવાળો માણસ; ખુંધો. 2. A ruler;a master:ધણી; માલિક.3. A titled nobleman:અમીર; ઉમરાવ.4. A husband:ધણી;વર; કંથ; પતિ;સ્વામી;નાથ.5. The male owner of a feudal land: જમીનનો માલિક;જિરાસીયો. 6. The Supreme Being: ઇશ્વર;પ્રભુ.L.*s Temporal* : ઇંગ્લાંડના અમીરો. *The L's Day*; Sunday: રવિવાર. *vt.* To invest with the dignity:સત્તા આપવી. 2. To rule or preside over as a lord:ઉમરાવની પેઠે હુકમ બજાવવો; શેઠ થઇને બેસવું; દાબદુ રાખવું; દાબ્યા કરવાનું કરવું; હુકમ બજાવ્યા કરવો; શેઠાઇ-હાકેમી કરવી. To l. *over*;To l. *it over*, same as. 2. *vi.* To domineer.અમલ કરવો.

Lordlike,(લૉર્ડ્‌લાઇક્‌)*a* Befitting or like a lord: ઉમરાવ લાયક; અમીરી.2.Haughty;proud;arrogant ઇમાકી;અભિમાની;મિજાજી;ઉદ્ધત.

Lordly,(લૉર્ડ્‌લિ)*a.*Suitable for a lord; noble: ઉમદા; અમીરને લાયકનું. Hence,noble; dignified:ભવ્ય;વિશાળ;ભારે;ગૌરવવાન.2.Proud:મગરૂબ; અવિ૰. *adv.* In a lordly manner: ઉમરાવની પેઠે

Lordship,(લૉર્ડ્‌શિપ્‌)*n.*The state or condition of being lord:અમીરપણું.2.*P*ower;authority : સત્તા; સાહેબી 3.Domain : અમીરનો મુલક.

Lore,(લૉર્‌)*n.*The space between the eye and bill : આંખ ને ચાંચની વચ્ચેનો ભાગ.2.Learning : વિદ્યા;હુન્નર.3.Advice;counsel:શિખામણ; બોધ.4.Workmanship:કીસબ;કારીગરી.

Lorication,(લૉરિકેશન્‌) *n.* The act of loricating:ઢોળ ચઢાવવો તે; પતરે મઢવું તે.

Lorn,(લૉર્ન્‌)*a.* Lost;undone:ખુવું-અખડાઇ પડેલું; આવી બનેલું. 2. Forsaken;abandoned: નિરાધાર; બેકલવાયું;તજ્યેલું.

Lose,(લુઝ્‌)*vt. imp.& p.p.* **Lost**, To part with unintentionally: ખોવું;ગુમાવવું. 2.To cease to have: નું જવું-જવું રહેવું;-થી બોવાવું. 3. To waste;to squander: બોઇ-કાઢી-ગાળી-ગુમાવી નાંખવું. 4. To wander from;to go astray from:ખુલા પડવું; ચુકવું.5.To ruin; to destroy: નાશ કરવું.6.To be deprived of the view of : દેખાતા બંધ થવું;-ની નજર તળેથી જતા રહેવું.7.To fail to obtain or enjoy:ન મળવું;નું જવું;હારવું ;બોઇ બેસવું; હારી જવું.To l. *ground*, to fall behind:પાછા પડવું.To l. *heart*, to lose courage:ના હિંમત થવું.To l.*one's head*, to be thrown off one's balance:ગભરાઈ જવું;ભાન ખૂલવું;મગજ ઠેકાણે ન રહેવું.To *lose one's self*-નું ભાન ન રહેવું. To l. *sight of*, to forget: ખુલથાપ થવી;વિસારવું.To l.*favour* : ઉપરથી મહેરબાની ઉતરીઉઠી જવી.To l.*one's way*: ખુલા પડવું;રસ્તો ખુલવો.*vi.*To suffer loss: ખોખમ ખમવું;વેઠવું.

Loss(લૉસ્‌)*n.*Failure,destruction :ખોખમ;ક્ષતિ;નાશ;હાનિ;ખરાબી;નુકસાની;ઘોકો;ખત્તો; છક્કડ; વિનાશ. 2 The state of losing: નુકસાન. 3. That which is lost:ખોટ;ટોટો;અલાભ.4. Failure to gain or win:નિષ્ફળતા; પરાભવ; હાર; પરાજય.5.Killed, wounded and captured persons: મરાયલા, જખમીથયેલા અને પકડાયેલા માણસો; નુકસાની; ખરાબી; પાયમાલી. To *be at a* l.,to be puzzled : ગભરાઈ જવું;સમજ ન પડવી; ગુંચવાવું; મુંઝાવું.L. *of time*: કાળક્ષેપ; વિલંબ. *Profit & l.*: નફો ટોટો.

Lost,(લૉસ્ટ્‌)*a.* Missing:ખોવાયેલું; નષ્ટ.2.*P*arted with: જુદું પડેલું;ગત; વીત.3.Not gained or won: નિષ્ફળ થયેલું. 4. Thrown away : ગુમાવેલું; ખોયેલું;ગયેલું 5.*P*erplexed : ગભરાયેલું; ભુલું પડેલું.6. Ruined or destroyed-નાશ પામેલું; ભ્રષ્ટ; પતિત;હાડ ગયેલું.7. Not perceptible to the senses-અદૃષ્ય;અગોચર.8. Occupied under the influence of something: પરાયણ;ગ્રસ્ત. L. *to shame*: કેવળ નિર્લજ્જ;નઠોર;નફટ; બેહયા.

Lot,(લૉટ્‌)*n.*Accident;chance:દયા; ભાગ્ય;નશીબ;કિસમત;દૈવયોગ;અકરમાત બનાવ. 2. Anything used in determining a question by chance: ચીઠ્ઠી; રમવાનો-રમતનો પાસો. 3. The part or fate which falls to one:ભવિષ્ય;ભાગ્ય; નશીબ; પાનું; ભોકતૃત્વ.4. A separate portion: વળ ;ટુકડી; ભાગ;ગઠ્ઠો;વડ; બંત; ઘોકડી; જથ્થો;ઝુંડ;મંડળ;ટોળી;વાનું.(b) (*pl.*) a large quantity or number: ઘોકેઘોક; ટોળેટોળાં; ઢગલે ઢગલા; ધાડાંને ધાડાં.5. A distinct portion of land: કિત્તો;લત્તો; ટુકડી. 6. A prize in a lottery: સોરઠીનું ઇનામ;સોરઠી. To *cast in one's* l.*with*,to share the fortunes of: ના નશીબમાં ભાગ લેવો ની સાથે પાનું પડવું-પડેલું હોવું. To *cast* l.s,to use a die: પાસો નાંખવો.To *draw* l. s, to determine

an event:ચીઠી કાઢવી. To *pay scot & l.*,to pay taxes according to one's ability : યથાશક્તિ કર ભરવો. *vt.* To allot;to sort:ભાગ પાડવા;વિભાગ કરવા;-ની આશા રાખવી.

Lotion,(લોંશન)*n.*[L.*lotis*,I wash.] Washing specially of the skin for the purpose of rendering it fair : શોભીતી કરવા ચામડી ધોઇને સાફ કરવી તે.2. A liquid for bathing the skin: ઓસડનું પાણી.

Lottery, (લૅટરિ)*n.*A scheme for the distribution of prizes by lot or chance:સોરટી;સુરતી; સોરતી. 2. Allotment; thing alloted: ભાગ;અંશ.

Lotus,(લોટસ)*n.* (*a*) A name of several kinds of water lilies: કમળ;પદ્મ; અરવિંદ; પંકજ. *White* l: પોયણું (*b*)The tree : નલિની;કમલિની;કુમુદિની;પોયણું.

Loud,(લાઉડ)*a* [L.*laus*, praise.] Noisy:મોટું;અવાજી; ઉચ્ચ; ભારે. 2. Clamorous:ધોંધાટી; ઘુમ પાડતું. 3. Urgent;emphatic જરૂરનું;અગત્યનું. 4.Ostentatious : આડંબરી; ધ્યાન ખેચે એવું.*A* l. *speaker*: રહેટે રહેટે શબ્દે બોલનાર To *be* l. *in one's praises* : કોઇનાં ભાર મૂકી મૂકીને વખાણ કરવાં. *adv.* Loudly : મોટેથી ઘુમ પાડીને.

Loudly,(લાઉડ્‌લિ)*adv.* In a loud manner: મોટેથી;ઘુમ પાડીને; તાણીને; મોટા અવાજે.

Nice,(નાઇસ્)*a.*[L.*ne*,not & *scio*, I know.] Foolish;silly; simple; ignorant:મૂર્ખ; બેવકૂફ;સાદું; ભોળું; અજ્ઞાન; અલબ્યું 2.Unimportant; trivial: અગત્ય-લેખા વિનાનું; નકામું; નજીવું; જુજ.3.Hard to please or satisfy;fastidious in some matters:બહુજ ચિકણું; ચાપાચીપીયું. 4. Delicate;dainty:સ્વાદિષ્ટ;લેહેજતદાર; રૂચિકર;ચોખ્ખું;શુદ્ધ. 5. Apprehending slight differences or delicate distinctions: બારીક; તિક્ષ્ણ; ઝીણું.6 Exact,fine; finished : પૂર્ણ ચોકસ; બરાબર બારીક. 7. Pleasing; delightful;good: ખુશ કરે એવું;ભરેલું; આન દમય;સુંદર;સરસ;બેસ; મજેનું.

Nicely,(નાઇસ્લિ)*adv.* In a nice manner : સારી-સુંદરરીતે; બારીકાઇ-ચોકસાઈથી;સંભાળથી.

Nicety,(નાઇસેટિ)*n.*The quality or state of beiug nice: સુંદરતા; બારીકાઇ.2.Delicacy or exactness of observation:ખંતબોરપણું; ઝીણી-બારીક નજર-લાગણી; બારીકી. 3. A minute distinction: ઝીણો બારીક ભેદ-ફરક.

Niche,(નિચ્)*n.*A cavity,hollow or recess,generally within the thickness of a wall:બારણા વગરનું તાક;ભિંતમાંનો ગોખલો

Nick, (નિક્)*n.* An evil spirit of the waters:જળપ્રેત ભૂત. A notch cut in something:નીક;ચીરો;ખાચ; ખોસણ;કાપ.2.[L.*nico*,to beckon.] The exact point or critical moment:અણીનો-બારીક વખત;ખરો તાકરો લાગ;ઐન.*vt.*To make nick or nicks in;to notch:ચીરો-ખાંચ-કાપ પાડવા 2.To mar;to deface: બગાડવું;ખરાબ કરવું;છુંદવું;બેડોળ કરવું;આકૃતિ બગાડવી.3.To tally with:-ની સાથે બેસતું-મળતું આવવું.4. To strike at the precise point or time:બરોબર લાગુ પડે એમ અથવા એવે વખતે કહેવું-કરવું.*vt.*To nickname: મશ્કરીના નામથી બોલાવવું.

Nick-nack, (નિક્-નૅક્) *n.* Small wares; trifles; baubles: આચરકુચર; હલકો સામાન; કચરો.

Nick-name, (નિક્ નેમ્) *n.* A name given in contempt or sportive familiarity : ચીડ-મશ્કરીનું તિરસ્કારયુક્ત નામ; ખીજનું પાડેલું નામ. *vt.* To give a nickname to: મશ્કરીનું નામ આપવું-નિંદાના નામથી બોલાવવું.

Nictate, (નિક્ટેટ્) *vi.* [L. *nico*, to beckon.] To wink; to nictitate: આંખની ઇશારત કરવી; આંખ મચકાવવી.

Niece, (નીસ્) *n* [L. *neptis*, a granddaughter.] A daughter of one's brother or sister or of one's brother-in-law or sister-in law: ભત્રીજી; ભાણી.

Niggard, (નિગર્ડ્) *n.* A miser: કૃપણ; કંજુસ માણસ; બખીલ મખ્ખીચુસ માણસ. *a.* Miserly; stingy: કંજુસ; કૃપણ; કરકસરથી ચાલનાર; કરકસરિયું; મખ્ખીચુસ; બખીલ.

Niggardly, (નિગર્ડલિ) *a.* Stingy: કંજુસ; કૃપણ; મખ્ખીચૂસ. *adv.* In a niggard manner : કંજુસાઇથી; બખીલાઇથી; બખીલપણે.

Nigh, (નાઇ) *a.* Not distant or remote in place or time; near: પાસેનું; નજીકનું. 2. Closely allied; intimate : નિકટનું; ઘનિષ્ઠ; ઘાડા સંબંધવાળું. *adv.* In a situation near in place or time; near: પાસે-નજીક. 2. Almost; nearly: લગભગ; છેક; ઘણું કરીને. *vt.* & *vi.* To approach; to come near : જઈ પહોંચવું; પકડી પાડવું; નજીક આવવું. *prep.* Near to: ની પાસે; નજીક.

Night, (નાઇટ્) *n.* [L. *nox*, night] The time from sunset to sunrise: રજની; નિશા; રાત; રાત્રી; રાત્ર. 2. (*a*) Darkness; obscurity: ગુપ્તપણું; અંધકાર; અંધારૂં. (*b*) Intellectual and moral darkness: અજ્ઞાન; અંધારૂં. (*c*) The period after the close of life; death: મરણ; મોત; કાળ; અંતકાળ. (*d*) State of affliction; adversity: આફત; વિપત્તિ; પડતિ; સંકટ; દુર્ભાગ્ય-દુઃખ-શોકનો કાળ. **N.** *blindness*, રતાંધળાપણું. **N.** *crow*, ઘુવડ. **N.** *glass*: રાત્રીએ જોઇ શકાય એવો કાચ. **N.** *hag* રાત્રે ભટકતી ડાકણ. **N.** *snap*: રાત્રે ચોરી કરનાર. **N.** *walker*, (*a*) ઉંઘમાં ચાલનાર. (*b*) દુષ્ટ વિચારથી રાત્રીએ ભટકનાર. **N.** *cap*: રાત્રે પહેરવાની ટોપી. *To* **n.**: આજરાત્રે; આજની રાત; આરાત. *Day and* **n.**: અહોરાત્ર; અહર્નિશ; અહોનિશ; હરઘડીયે; નિત્યદિન. *To sit up at* **n.**: જાગરણ-ઉજાગરે કરવો.

Night-dress, (નાઇટ્ ડ્રેસ્) *n.* A night gown: રાત્રે પહેરી સુવાનાં કપડાં-લુગડાં-વસ્ત્ર.

Night eyed, (નાઇટ્ આઇડ્) *a.* Sharp eyed: રાત્રે જોઈ શકે એવું; તિક્ષ્ણ આંખોવાળું; બારીક નજર-દૃષ્ટિવાળું.

Night-fall, (નાઇટ્ ફૉલ્) *n.* The close of the day: સમીસાંજ; સંધ્યાકાળ; દિવા વખત; સાયંકાળ; દિનાન્ત.

Nightingale, (નાઇટિન્ગેલ્) *n.* A small, plain, brown and gray European song bird : રાત્રે સુંદર સ્વરથી ગાનાર પક્ષી. *The Indian* **n.**: બુલબુલ પક્ષી

Nightly, (નાઇટ્લિ) *a.* Of or pertaining to the night or to every night; happening or done by night or every night : રાતની વખતનું; રાતનું; દરેક રાત્રે થતું. *adv.* At night; every night: રાત્રે; દરેક રાત્રે

Night-man, (નાઇટ્ મૅન્) *n.* One whose business is to empty privies by night: રાત્રે વાડો ખાલી કરનાર-વાળનાર; ઢેડીઓ; ભંગીઓ.

Night-mare, (નાઇટ્ મેર્) *n.* A fiend or incubus formerly supposed to cause trouble in sleep: ખરાબ સ્વપ્નું; ઓથાર; સમણું; સોણું. 2. Any overwhelming, oppressive or stupfeying influence: ગભરાટમાં નાંખે એવી કોઇ પ્રકારની અસર-સત્તા

Night-shade, (નાઇટ્ શેડ્) *n* (*Bot*) A common name of many species of the genus *Solanum*: કાટારીંગણી; બોયરીંગણી.

Night-soil, (નાઇટ્ સૉઈલ્) *n.* The contents of privies: સંડાસમાંથી કાઢેલું મળમૂત્ર-ગર્દ; વિષ્ટા.

Night-watch, (નાઇટ્ વૉચ્) *n.* A period in the night, as distinguished by the change of watch પોર; પ્રહર. 2. *A* watch or guard: રાતની ચોકી કરનાર-પહેરો ભરનાર. 3. Time of watch during the night: રાતનો પોહોરો-ચોકી.

Nihilism, (નાઇહિલિઝમ્) *n.* [L. *nihil*, nothing.] Nothingness; nihility: નહિપણું; નાસ્તિત્વ; શૂન્યતા 2. The doctrine that nothing can be known: સર્વ અજ્ઞેયું છે એવો મત; શૂન્યવાદ; નાસ્તિપણું; શૂન્યતા.

Nihilist, (નાઇહિલિસ્ટ્) *n.* One who advocates the doctrine of nihilism: રાજ્યધર્મ ને માલ મિલ્કત નાશ કરવાનો વિચાર-મત પ્રવર્તાવનારનો પક્ષ કરનાર; શૂન્યવાદી.

Nihility, (નાઇહિલિટિ) *n.* Nothingness; a state of being nothing: નાસ્તિત્વ; અભાવ; નહિપણું; શૂન્યતા.

Nimble, (નિમ્બલ્) *a.* Lively: ચપળ; ચંચળ-ચાલાક; હોંશિયાર; કુરતું.

Nimbose, (નિમ્બોસ્) *a* [L. *nimbus*, cloud.] Cloudy; stormy; tempestuous: વાદળાવાળું; ધમધોર; તોફાની; ધાધલિયું

Nimbus, (નિમ્બસ્) *n. pl.* **Nimbi.** [*Fine arts.*] A halo: કિરણ-આભામાળા. 2 A rain cloud: વાદળ; વર્ષાદનું વાદળ.

Nincompoop, (નિન્કોમ્પૂપ્) *n.* A simpleton: મૂર્ખ; અનાડી; ઢોંડો; હેમકુ; બેવકુફ.

Nine, (નાઇન્) *a* [L *novem.*] Eight and one more; one less than ten: નવ; ૯. Nine units or objects: નવ એકમ અથવા પદાર્થ. 2. A symbol representing nine units as 9, IX:: નવ એકમ દર્શાવનારી નિશાની-અક્ષર. *The Nine*, the nine Muses: નવકાવ્ય-સાહિત્ય દેવી-દેવતા.

Nine-fold, (નાઇન્ ફોલ્ડ્) *a.* Nine times repeated : નવપટ ગણું.

Nine pins, (નાઇન્પિન્સ્) *n* A kind of game : લાકડાની નવ ખુંટી સપાટી ઉપર બેસાડીને તેઓને પાડી નાંખવાને માટે તેઓની ગમ લાકડાનો દડો ફેંકવાની રમત; નાઇન પીન્સ.

Nine-teen, (નાઇન્ટીન્) *a.* Nine and ten; eighteen and one more: ઓગણીસ; ૧૯. *n.* The sum of nine and ten : નવ અને દસનો સરવાળો; ઓગણીસ એકમ અથવા પદાર્થ.

Ninety, (નાઇન્ટિ) *a.* Nine times ten; eighty nine and one more: નેવું; ૯૦. *n.* Ninety units or objects: નેવું એકમ-પદાર્થ. 2. A symbol representing ninety units, as 90 or XC.: નેવું એકમ દર્શાવનારો અક્ષર-નિશાની.

Ninny, (નિનિ) *n. pl.* **Ninnies,** A fool; a simpleton: બેવકુફ બોળો; બોબલું.

Ninth, (નાઇન્થ્) *a.* Coming after eight others: નવમું. *n.* One of nine equal parts of a thing: કોઇ વસ્તુના નવ સરખા ભાગમાંનો એક ભાગ.

Nip, (નિપ્) *n.* A sip or small draught: આચમન; નાનો ઘૂંટડો. *vt.* To pinch; to close in upon: નેચિમટી ખણવી; ચુંટી દેવી-આમળવી. 2. To clip: ચુંટી નાંખવું; છેડેથી કાપી નાંખવું; બોડું કરવું; છાંટી કાઢવું. 3. To check the growth or vigor of; to destroy: ઉગતું અટકાવવું; નાશ કરવો-ખાળી નાંખવું. 4. To taunt: મેહેણાં મારવાં; કડવા વચન કહેવાં; મૂળ બાળવું. *To* **n.** *in the bud* : કુતાજ-રાત્રે થતાજ-ઉગતાજ-મૂળમાંથીજ નાશ કરવું. **n.** A pinching ; ચીમટી; ચોંટી; ચુંટલો; ચુંટી.

2. A pinch with the nails or teeth:ચુંટી;ચમટી;ચમટો;બચકું;ડાચું. 3. A killing of the ends of plants by frost : ઝાકળથી ઊગતી ડાચ-મોગરો બળી જવો તે;હીમ પડવું તે 4. A biting sarcasm; a taunt: મેહેણું;કડવાં વચન;વેધક-માર્મિક શબ્દ.

Nippers, (નિપર્સ્) *n. pl.* Small pincers for holding breaking or cutting: નાના ચિપિયા-ચિમટા.

Nipple,(નિપ્લ્)*n.*A teat; a pap; the mammilla: સ્તન-ધાઇનું ડોચકું; ડીંટડી;કુચાગ્ર;સ્તનાગ્ર. 2. Any small projection or article in which there is an orifice for discharging fluid or for other purposes: પ્રવાહી પદાર્થ ચુસવાનું યંત્ર-સીસી.

Nit,(નિટ્)*n.*The egg of a louse or other small insect:જૂનાં ઇંડાં;લીખ.

Nitid,(નિટિડ્)*a.*[L *nitere.*]Bright ;shining : ચળકતું; ઝળકતું; પ્રકાશિત; તેજોમય. 2.Gay;fine : ખુશ મિજાજ; આનંદી;ઉમેદી;રમુજી.

Nitrate,(નાઇટ્રેટ્)*n (Chem.)*A salt of nitric acid : કોઇ મુખ્યતત્વ સાથે નાઇટ્રિક ઍસીડ મળવાથી થતો ખાર **N** *of potash:* જવખાર.

Nitre,(નાઇટર્)*n.* Potassium nitrate,saltpetre:સુરોખાર.

Nitric-acid, (નાઇટ્રિક્ઍસિડ્)*n.*A liquid obtained by distilling a nitrate with sulphuric acid: સુરાખારનો તેજાબ.

Nitrogen,(નાઇટ્રોજેન્)*n* [L. *nitron,* nitre& *gen,*to produce.] A colorless gaseous non-metallic element:નાઇટરોજન વાયુ-હવા.

Nitrous,(નાઇટ્રસ)*a.*Of the quality of nitre:સુરાખારનો ગુણ ધરાવતું-વાળું.

No,(નો)*a.* Not any;not one;none: કોઇ નહિ;એકે નહિ;સમુળગું નહિ.*adv.* Nay not;not at all:ના;નહિ.*n. pl.* **Noes.**A denial : નકાર; ના. 2. A negative vote:નકારનો મત.**No** *one:* કોઈ નહિ.**n.** *matter:* કંઇ ચીજ નહિ **n.** *where:* કોઇ પણ ઠેકાણે નહિ; ક્યાં-કેમે નહિ.**N.** *way, ways wise* : કોઇ પણ પ્રકારે-રીતે નહિ;ગમે તેમ હોય તોએ નહિ

Noachian,(નોએકિઅન્)*a.* Pertaining to the datuarch Noah: નુહાનું ના વખતનું.

Nobility, (નોબિલિટિ) *n.* Superiority of mind or character; eminence: મહાત્મા થવાનો ગુણ; પ્રૌઢતા;મોટાઈ; ઔદાર્ય;શ્રીમંતી;બહાદુરી; મહિમા;ઉત્કર્ષ ઉન્નતિ;પ્રતિષ્ઠા;વિખ્યાતિ; પ્રતાપ;ઐશ્વર્ય;વિભૂતિ. 2. The state of being of high rank or noble birth;antiquity of family: અમીરાઇ;ખાનદાની; બુનીઆદી; કુલીનપણું. 3.Those who are noble; the peerage: અમીર ઉમરાવ; ઉમદાલોકો; મોટા લોક. 4. The dignity of a nebleman:અમીરાઇ; અમીરનો જે કારભાર દરજ્જો-ઠાઠ હોય તે.**N.** *of soul:* મહાત્માપણું.

Noble,(નોબલ્)*a* [L.*nobilis,* noble.]Exated;magnanimous : મહાત્મા;ઉમદા; પ્રૌઢ; જેહોદ્દે; ઉદાર;સખી; ઉત્કૃષ્ટ;તોકું;ચઢ્ઢ;શ્રેષ્ઠ;મુજરગ; ઉત્તમ;વિશિષ્ટ; પ્રખ્યાત; પ્રતાપી; તેજસ્વી. 2. Grand;splendid:ભપકાદાર;શોભાયમાન;મહત્ય;ઉમદા; તોફા.3.Of exalted rank;highborn;અમીરમાંનું; ખાનદાન;કુલીન;રાજમાન્ય; નામદાર; શ્રીમંત; અલિજહા; આલીશા; મહાશય. *n* A nobleman;a peer:ઉમરાવ; અમીર. 2.A gold coin: સોનાનો સિક્કો. *vt.* To ennoble: ઉદાર-સખી બનાવવું-કરવું.

Nobleman,(નોબલ્મૅન્)*n.*A noble; a peer:ઉમરાવ; અમીર; સરદાર;મોટા દરજ્જાનો પુરૂષ.

Nobleness, (નોબલ્નેસ્)*n.* Greatness;dignity;magnanimity: કુલીનતા;મોટાઈ;શ્રેષ્ઠતા; પ્રભાવ; વૈભવ-પ્રતાપ;ઉત્કર્ષ;ઉન્નતિ;મહિમા.

Noblesse,(નોબ્લેસ્;) *n.* Dignity; greatness:કુલીનતા;મહોટાઇ.2. The nobility:અમીર;ઉમરાવ.

Nobly, (નોબ્લિ) *adv.* Of noble extraction: ઉમદા કુટુંબમાં જન્મેલું. 2.In a noble manner: ઉમદા રીતે. 3.Splendidly;magnificently:સપકાબંધ રીતે;ભપકાથી.

No-body, (નોબૉડિ) *n. pl.* **No-bodies,**No person;no one; not any body:એકકે નહિ; કોઈ નહિ. 2. (*Hence*) A person of no influence or importance : નકામો-કશા હિસાબ-લેખામાં નહિએવો માણસ.

Nocent,(નોસેન્ટ્) *a.* [L *noceo,*I hurt.] Hurtful; noxious:ઈજા કરનારે;દુઃખદાયક;નુકશાનકારક.2.Guilty: અપરાધી;ગુન્હેગાર.

Noctambulist,(નોક્ટૅમ્બ્યુલિસ્ટ્) *n.*A somnabulist : નિદ્રામાં ચાલનારો માણસ;નિશાચર.

Nocturn, (નોક્ટર્ન્) *n.* An act of religious service by night:રાત્રે કીર્તન-ભજન-ગાયન કરવું તે.

Nocturnal (નોક્ટર્ન્લ્)*a.*[L.*nox,* night.] *Of,* done or occurring in the night: રાત્રે થએલું-કીધેલું-બનેલું; રાતનું.**N.** *assault:* રાત્રે કીધેલો હુમલો.2. Having a habit of seeking food or moving about at night: રાત્રે ખોરાક શોધવાની અથવા ભટકવાની ટેવવાળું.

Nocuous, (નોક્યુઅસ્)*a.*[L.*noceo,* I hurt.]Hurtfull;noxious:ઇજા કરનારું; દુઃખદાયક.

Nod,(નોડ્)*vt* To bend or incline the upper part with a quick motion: (ઉપલો ભાગ) ઝટકવો-ડોલ્યા કરવો. 2. To make a motion of assent,of salutation or of drowsiness,with the head:ડોકી હલાવવી-ધુણાવવી; સલામ કરવી; હા પાડવી; હાનીમાફક ડોકી હલાવવી; ઝોકું ખાવું. 3.To be drowsy or dull; to be careless: ડોલા ખાવા;ઝોકા ખાવા;ઉંઘમય થવું;અસાવધ રહેવું.*vt.*To make a motion of assent or of salutation:માથું હલાવવું-ડોલાવવું;હા;પાડવી;સલામ કરવી. 2. To signify by a nod : ડોકું હલાવી-ને કબૂલ રાખવું; સમ્મતિ જણાવવી. 3. To cause to bend:વળાવવું. *n.* A drooping or bending forward of the upper part or top of anything : ડોલું; ઝોકું; ઝોખું. 2. A quick forward motion of the head: પ્રણામ;સલામ;સંકેત;ઇશારો;સાન. *The land of* **n.**sleep:ઉંઘ.

Noddle,(નોડલ્)*n.* The head:મસ્તક;ઢોચકું;માથું; શીર; ડોકું. 2. The back part of the neck or head: માથાનો-ગળાનો પાછલો ભાગ;ગરદન;ઓચી

Noddy, (નોડિ)*n pl.***Noddies.** A kind of sea bird: (સહેલાઇથી પકડાય એવું) દરીઆઇ પક્ષી. 2 An old game at cards : પત્તાં રમવાની અસલી-જુની રમત.3.A simpleton; a fool:મૂર્ખ;ઐવકૂફ. 4. An inverted pendulum: ઉંધું લોલન.

Node,(નોડ્) *n* [L *nodus.*] A knot;a protuberance;a swelling: ઢેકો;ગાંઠ;ડઅ;ગઠ્ઠો;પિંડ 2. (*a*) One of the two points where the orbit of a planet or comet, intersects the ecliptic: જે બિંદુમાં કક્ષા ક્રાંતિવૃતને છેદે છે તે બિંદુ;ઉપચ્છેદ. (*b*)The joint of a stem:થડની ગાંઠ. (*c*) The knot, intrigue or plot of a piece:ગુંચ; વાર્તાની ગાંઠ-ખૂબિ. *Ascending* **n** , રાહુ. *Descending* **n** ,કેતુ.

Nodule, (નોડ્યૂલ્)*n.* [L. *nodus* knot.] A round mass of irregular shape; a little knot or lump:નાની ગાંઠ;અનિયમિત ગોળાકૃતિ.

Noise, (નોઇઝ્)*n.* [L. *nausea,* sea sickness.]Sound of anykind

અવાજ;શબ્દ;ધ્વનિ;નાદ. 2. Clamor; din:શોર;શોરબકોર;કોલાહલ; કલાહોલ; ઘોંઘાટ;પોકાર;ગરબડ; ધાંધલ; કચ; કચકચ;કચકચાટ;ધૂમ.3. Loud, continuous talk;rumor;report:ચરચા;વાત;ગામગપાટા; લોકવાર્તા; પોકાર; ગરબડાટ.*To make a* **n.***in the world*: નામનો ડંકો વગાડવો-વાગવો;નામ-કિર્તી ગાજવી.*To make a* **n.***about*: ધુમાટો-ઘોંઘાટ પોકાર-હોકાર કરવો; ધૂમ પાડવી. *vi.*To sound; to make a noise: અવાજ-શબ્દ-નાદ થવો.*vt.*To spread by rumor or report: ગવાવું; ડંકો વગાડવો; જગત્‌ની બત્રીશીએ ચઢાવવું. 2.To disturb with noise:અવાજ-ઘોંઘાટથી-કરીને હેરાન કરવું.

Noiseless,(નૉઇઝ્‌લેસ્‌)*a.*Without noise;silent:અવાજ વગરનું;છાનું;નિઃશબ્દ;નિર્ઘોષ.

Noisily,(નૉઇઝિલિ)*adv.*In a noisy manner:મોટો અવાજ-ઘોંઘાટ કરીને-થી.

Noisesome,(નૉઇસમ્‌)*a.*Noxious to health;hurtful;mischievous: નુકશાન કર્તા; અપકારક;અનિષ્ટકારક-બાધક;મારક;ક્ષયકર.2. Disgusting; fetid:કંટાળો ભરેલું;દુર્ગંધવાળું;દુષ્ટ.

Noisy,(નૉઇઝિ)*a.*Making a loud noise;vociferous;turbulent:મ્હોટો નાદ-શબ્દ કરનાર;ઘોંઘાટવાળું-કરનાર; ગડબડીલું. 2.Full of noise:ધીંધીંચાઢી વસ્તીવાળું;ધાંધલિયું [માણું;મરતક.

Nole-Noll(નોલ્‌-નૉલ્લ)*n.*The head

Nomad,(નૉમૅડ્‌) *n.* [Gr. *nomos*, pasture.]One of a race or tribe that has fixed no location but wanders from place to place in search of pasture or game: પશુઓને લઇ ચારાને શિકારને માટે રખડનાર-ફરનાર ટોળી. *a.* Roving; nomadic:ભટકતી;ફરનારી.

Nomadic,(નૉમૅડિક્‌) *a.* Wandering;pastoral:જનવરો ઉછેરી તથા ચરાવીને પોત.નો નિર્વાહ કરનાર.

Nomenclature,(નૉમેન્‌ક્લેટ્યૂર્‌)*n.* [L. *nomen, & calo*, I call.] A name:નામ.2. A vocabulary,dictionary or glossary:શબ્દકોષ; શબ્દમાળા;નિઘંટ. 3. The technical names used in any particular branch of science or art:પરિભાષા;પારિભાષિક શબ્દ.

Nominal,(નૉમિનૅલ્‌)*a* [L.*nomen*, name.] Of or pertaining to a name : નામ સંબંધી-નું વિષે; નામ વિષયક.2. Existing in name only; not real : કેવળ નામનું; નામનું; માત્ર-ફક્ત નામનું; ખોટું નામધારી. *n.* A verb formed from a noun: નામમાંથી બનેલું ક્રિયાપદ.2. A name; an appellation:નામ;હૂંકું નામ.

Nominalist,(નૉમિનૅલિસ્ટ્‌)*n.*One of a sect of philosophers who hold the doctrine that general terms have no corresponding reality either in or out of the mind being mere words: સામાન્ય નામ કોઈ ખોજાહ ચીજોનાં નામ નથી પણ કેવળ મનની કલ્પના દર્શક શબ્દો છે એવું મત રાખનર ફિલસુફ.

Nominally, (નૉમિનૅલિ) *adv.* By name;in name only;not in reality:નામનુંજ;ફક્ત નામથી.

Nominate,(નૉમિનેટ્‌)*vt.* [L. *nomen*, name.] To mention by name;to name: નામ બોલીને વર્ણવવું; નામદેવું;નામ ઉચ્ચારવું.2.To call; to entitle:બોલાવવું ખિતાબ આપવો. 3. To state : વર્ણવવું;વર્ણન-બ્યાન કરવું. 4.To appoint : નિમવું; નામ લખીને મુકરર કરવું-ની નિમણુંક કર.ઠેરવવું.

Nomination,(નૉમિનેશન્‌)*n.* The act or power of nominating:નિમવું તે;નિમવાની સત્તા-અધિકાર; નિયોગ;નિયોજન; નિયોજનાધિકાર. 2. The denomination;name:નામ;સંજ્ઞા.

Nominative,(નૉમિનેટિવ્‌)*a.* [L. *nominativus*, belonging to a name.]Giving a name;naming; designating:નામ આપતું. *n.* That case or form of a noun which stands as the subject of a finite verb નામની પહેલી વિભક્તિ; પ્રથમા;કર્તા;કર્તૃવાચક.

Nominee,(નૉમિની)*n.* A person named or designated, by another,to any office,duty,or position:ઠરાવેલો નિમેલો માણસ;નિયુક્ત

Non,(નૉન્‌)*a.*No;not:અ;ન;અન વિ૦

Non-acceptance, (નૉન્‌-એક્સેપ્ટન્સ્‌)*n.* A neglect or refusal to accept:ન લેવું તે;અસ્વીકાર.

Non-age,(નૉન્‌ એજ્‌)*n.*Legal immaturity;minority: બાળપણ;બાલ્યાવસ્થા;સગીરવય;બાલદશા.

Non-appearance, (નૉન્‌-અપીરન્સ્‌) *n.* Default of appearance; failure to appear: ગેરહાજરી; અવિદ્યમાનતા;અદર્શન.

Nonce,(નૉન્સ્‌)*n.* One or single occasion: એકજ પ્રસંગ-સમય-વખત.

Nonchalance,(નૉન્શેલન્સ્‌)*a.*Indifference;carelessness;coolness: બેદરકારી;બેફિકરાઇ;બેદીલી;બેપરવાઈ.

Non-commissioned,(નાનકમિશન્ડ્‌)*a.* Not having a commission: સનંદવગરનું; બીનસનંદી; પરવાના વિનાનું.**N.***officer*: લેફ્‌ટેનંટની પદવીથી નીચી પદવીનો અમલદાર.

Non compos,(નૉન્‌કૉમ્પૉસ્‌)*a.* Not of sound mind:ગાંડું;ખસેલું;ચળેલું; ઘેલેલું;દીવાનું.*n.*An idiot;a lunatic ગાંડો;દિવાનો;ખસેલો;ઘેલો.

Non-conformity(નૉન્‌-કૉન્ફૉર્મિટિ) *n.*Neglect or failure of conformity:અનનુરોધ;વિરોધ.

Non-delivery,(નૉન્‌ડિલિવરિ)*n* A neglect or failure of delivery: અસમર્પણ;હવાલે ન કરવું તે.

Non-descript, (નૉન્‌-ડીસ્ક્રિપ્ટ્‌) *a.* Novel:નૂતન;નવિન;તરેહવાર;વિલક્ષણ; અડબંગ.

None,(નન્‌) *a.* No one;not one; not anything:એકપણ-કોઇ-લગાર પણ નહિ.2.No;not any:નહિ;કોઈ નહિ.

Non-entity,(નૉન્‌-એન્ટિટિ)*n.*Non-existence; the negation of being:નહિપણું;નાસ્તિત્વ; અભાવ;અસંભવ 2.A thing not exisiting:અવિદ્યમાન વસ્તુ;ન હોય તેવી વસ્તુ;શૂન્ય; અવસ્તુ 3. A person or thing of little or no account: નકામો-કમબોજવગરનો માણસ-વસ્તુ.

Non-essential,(નૉન્‌ એસ્સેન્શૅલ્‌) *a.*Not essential : કોઇ કામ માટે અગત્યનું નહિ એવું; અનાવશ્યક; બીન જરૂરી.

Non-existence (નૉન્‌ એક્ઝિસ્ટેન્સ્‌) *n.*Absence of existence: ન હોવું તે;હયાતીમાં ન હોવું તે;અભાવ; શૂન્યતા; અસંભવ. 2. A thing that has no existence:અવિદ્યમાન વસ્તુ;શૂન્ય.

Non-juror, (નૉન્‌જ્યૂરર) *n.*One of the clergy in England and Scotland who would not swear allegiance to William & Mary in 1688: ઇંગ્લાંડમા૧૬૮૮ની સાલમાં રાજ્યની ક્રાંતિપાયલ થઇ હતી તે વેળાએ જેઓને ગાદી મળી હતી તેઓ વીલીયમ અને મેરી અમારા રાજા છે એવું સમ ખાઈને કબૂલ ન કરનાર.

Non-observance,(નૉન્‌-ઑબ્ઝર્વન્સ્‌)*n.*Neglect or failure to observe or to fulfil : નહિ પાળવું તે; ધારા ન પાળવા તે;અપાલન.

Non-pareil,(નૉન્‌-પૅરેલ્‌)*n.* Something of unequalled excellence :અપ્રતિમ;અનુપમ;અદ્વિતીય. *a.*[L.*par* equal.] Having no equal; peerless:અપ્રતિમ.

Non-payment, (નૉન્‌-પેમેન્ટ્‌) *n.* Neglect or failure to pay:નાણાં-પૈસા ન ભરવા તે.

Non-plus,(નૉન્‌-પ્લસ્‌)*n.*[L. *non*, not & *plus*,more.] Insuperable

difficulty;puzzle:ગુંચવાડો;ગબડાટ; પેચ;ઘોળ;મોહ;ગુંચવણ.*vt.* To confuse;to puzzle,to confound: ગુંચવાડા-ગબડાટમાં નાંખવું; નિરુત્તર કરી દેવું;ને હ્યાત કરી દેવું.

Nonresidence,(નૉન્-રેઝિડેન્સ્) *n.* The state or condition of being non-resident : કોઈ અધિકારી યા જમિનદારનું પોતાના હોદ્દાવાળી યા માલીકીની જમીનમાં ન રહેવું તે.

Non-resident,(નૉન્-રેઝિડેન્ટ્) *a.* Not residing in a particular place or on one's own estate: પોતાની જાગીરપર અથવા કોઇ અમુક જગાએ ન રહેનાર;અવાસી.

Non-sense,(નૉન્-સેન્સ્)*n.* That which is not sense or has no sense:મુર્ખાઈ ભરેલી-અર્થ વિનાની વાત; નિરર્થક અનર્થક લાપણ-પ્રલાપ.

Non-sensical, (નૉન્-સેન્સિકૅલ્)*a.* Absurd;foolish: નિરર્થક; અર્થહીન-શૂન્ય;અયથાર્થ; અયોગ્ય; નકામું; ખાલી; અગડંબગડં;મૂર્ખાઇનું.

Non-suit,(નૉન્-સ્યૂટ્)*n.* (*Law.*)A stopping of the suit:દાવો નહિ ચલાવવો તે; દાવો નહિ ચાલે એવો ઠરાવ. *vt.* To determine that a plaintiff has lost his suit by default વાદીની ગફલતને લીધે તેનો દાવો નહિ ચાલવાનો ઠરાવ કરવો.

Noodle,(નૂડ્લ)*n.* A blockhead;a stupid person;a ninny:બેવકુફ;મૂર્ખ;ઠોઠો;અબુધ.[ખૂણો;કોણ;ખુણ;દિશા.

Nook,(નુક)*n.*A corner;a recess:

Noon-Noonday,(નૂન્-નૂન્ડે)*n.*[L. *nona*,the ninth hour.]The midday:મધ્યાન્હકાળ;બપોર. The highest point;culmination: શિરોબિંદુ; પરાકાષ્ટા; ટોચ,શિખર; ઉંચી ઉન્નત સ્થિતિ.*At* **n.**:બપોરે;બપોરી વખત. *a.* Occurring at midday; meridional:બપોરનું;મધ્યાન્હકાળનું.

Noose,(નૂસ્)*n.*[L.*nodus.*]A running knot,or loop, which binds the closer the more it is drawn: ગાળો;સરતા ગાંઠ;ફાંસો; આંટો. *vi.*To tie in a noose;to entrap;to insnare:ફાંસામાં લાવવું-પકડવું;ફાંસવું.

Nor,(નૉર્)*conj.*A negative connective or particle:અને નહિ;કે નહિ

Normal,(નૉર્મલ્)*a.* [L. *norma*, rule.] According to the established form,rule or principle; regular;natural:નિયમિત; ધારા પ્રમાણેનું; મૂળ વિદ્યા સંબંધી; માનસર; મેળ બંધારણ-પ્રકૃતિ પ્રમાણેનું.2.(*Geom*) Perpendicular;forming a right angle: લમ્બ 3. Original; exact; typical:મૂળ; અસલ ઠરાવેલા ધોરણ મુજબ; બરાબર. 4. Instructing in the art of teaching (a school): મહેતાજી-બાળ શિક્ષકોને ધંધો શીખવવાનું.**N.** *school*, a school for the training of teachers:શિક્ષકોતૈયાર કરવાની નિશાળ.*n.* (*Geom.*) Any perpendicular:કોઇ લીટી.

Norman,(નૉર્મન્)*a.*Of or pertaining to Normandy or to the Normans: નૉર્મન્ડિ અથવા નૉર્મન લોકો સંબંધી-નું-વિષે.*n.*A native or inhabitant of Normandy:નૉર્મન્ડિનો રહેવાસી વતની;નૉર્મન.

North,(નૉર્થ્)*n.*[A.S. *noro.*] The direction opposite the south: ઉત્તર;ઉત્તર દિશા. 2. The northern section of a country:ઉત્તરમાં આવેલો દેશ-મુલક. *a.* Lying towards the north:ઉત્તરસ્થ; ઉત્તર દિશાનું-માં આવેલું-તરફનું.**N.***pole* : ઉત્તર ધ્રુવ. *vi.* To turn or move toward the **n.**: ઉત્તર તરફ જવું-ખસવું. *adv.* Northward:ઉત્તર તરફ.

North-east,(નૉર્થ્-ઈસ્ટ્) *n.* The point between the north and east at an equal distance form each: ઇશાન દિશા-ખૂણો; ઇશાન કોણ. *a.*Of or pertaining to the north east:ઇશાન કોણ દિશાનું.

North-easterly,(નૉર્થ્ઇસ્ટર્લિ) *a.* Pertaining to the north-east: ઇશાન દિશા-કોણનું-તરફનું.

Northerly-ern,(નૉર્થરલિ-નોર્ધર્ન્) *a.*Of,or pertaining to the north ;towards the north: ઉત્તર દિશાનું-તરફનું-સંબધી-થી આવતું;ઉતરાદુ.

Northing,(નૉર્થિન્ગ્)*a.*Distance northward from any point of departure or of reckoning,measured on a meridian:કોઇ બિંદુમાથી ઉત્તર તરફ-યામ્યોત્તરવૃત્ત ઉપર મપાતું અંતર. 2. The distance of any heavenly body from the equator northward:ઉત્તરાયણ.

North star,(નૉર્થ્સ્ટાર) *n.* The north polar star :ધ્રુવનો તારો.

Northward,(નૉર્થ્વર્ડ્) *adv.* Toward the north : ઉત્તર બાજુ-તરફ.

North-west,(નૉર્થ્વેસ્ટ્)*n.* The point in the horizon between the north and west,and equally distant from each: વાયવ્યકોણ. *a.* Pertaining to north-west; coming from the northwest: વાયવ્યકોણનું-સંબંધી-માંથી આવતું.

North wind(નૉર્થ્-વિન્ડ્)*n.*Wind blowing from the north : ઉત્તર-માંથી વાતો પવન;ઉત્તરવાયુ.

Nose,(નોઝ્)*n* [L. *nasus.*] Olfactory organ: ઘ્રાણેંદ્રિ; નાસિકા;નાક; નાસા;ઘ્રાણ.2.The power of smelling:વાસ-સોડમ લેવાની શક્તિ.Hence, scent : વાસ; સોડમ. 3. A snout: કોઇ પદાર્થનો અણીવાળો છેડો-નાળચું. *Nose of wax*(*fig.*)a person who is pliant and easily influenced નમ્ર અને તાબામાં લઈ શકાય એવો માણસ;ભોળો માણસ;ગાંડ વગરનો ઢોળવો. *To lead by the* **n.**,to lead blindly:સામાને ચૂંકે ચાં કરવા ન દેવું; પોતાની મરજી પ્રમાણેજ તેને ચલાવવો. *To be led by the* **n.**: વગર વિચારે કહ્યામાં રહેવું; આંખ મિંચીને પછવાડે ચાલવું;બેદરકારીથી જવું.*To put one's* **n.***out of joint* : કોઈનું માન મોડવું-પાડવું;નું અભિમાન-ગર્વ ઉતારવો;નો સ્નેહ તોડાવવો. *To thrust one's* **n** *into*, to meddle officiously in:વગરબોલાવ્યે વચ્ચે માથું ઘાલવું;ઘુસવું;વચ્ચેપડવું;ગોલવ્યા થવું. *Under the* **n.** *of*, under the supervision of:ની દેખરેખ નીચે. *To wipe one's* **n.** *of*, to deprive of;to rob ને વિનાનું કરવું-ઝીનવી-લેવું.*To turn up the* **n.** *at*: ને તુચ્છ માનવું;ને બેવકુફી ભરેલી મગરૂરી દેખાડવી.*To blow the* **n**:નાક નસીકવું;લીંટ કાઢવું. *One that speaks through his* **n.**: ગુંગુંકું. *Having the* **n.** *cut*:નકટું *Bridge of the* **n.**: નાકની દાંડી *vt.*To smell; to scent: સુંઘવું; સોડવું; ની સોડમ-સુગંધ આવવી. (*b*) To track; to trace out: ખોળી પકડી કાઢવું. 2. To interfere with; to treat insolently:ની વચમાં પડવું;-ની સાથે બે અદબથી વર્તવું. 3.To pronounce with a nasal twang : નાકમાં બણબણવું-બોલવું. *vi.* To smell;to scent: વાસ-સોડમ આવવી. 2. To pry officiously into what does not concern: મા માથું ઘાલવું;વગર કામે માંહે ઘુસવું.

Nose-bag,(નોઝ્-બૅગ્)*n.*A bag in which food for a horse, ox, or the like,may be fastened under the nose by a string passing over the head:તોબરો.

Nose-gay;(નોઝ્ગે)*n.*A bouquet;a posy:ફુલનો ગુમખો-ગુચ્છો-ગોટો-તોરો; છડી;કલગી.

Noseless,(નોઝ્લેસ્)*a* Destitute of a nose:નાક વિનાનું;ચીબું; બુચીઉ.

Nose-ring,(નોઝ્-રિન્ગ્)*n.* A ring to be worn on the nose: નથ; નથડી;નાકની વાળી;વિંટલી.

Nosology(નોસૉલૅાજિ)*n.*[Gr.*nosos*,

a disease & *logos*, discourse.] A systematic arrangement of disease:રોગવર્ગી કરણ. 2. That branch of medical science which treats of diseases,or of the classification of diseases: રોગનિદાનશાસ્ત્ર;રોગવર્ગ કરણવિદ્યા.

Nostril, (નૉસ્ટ્રિલ્) *n.* One of the external openings of the nose: નસકોરું;નાસિકા.2.Perception; insight;acuteness:સમજણ; બુદ્ધિ;અક્કલ;સમજણશક્તિ.*Cartilage* of *the* n.: નાકનો પડદો. *To dilate the* n.: નસકોરાં ફુલાવવાં.

Nostrum,(નૉસ્ટ્રમ્)*n.*[*Neut.sing.* of L. *noster*,ours.]A quack medicine:બુટ્ટી;જડીબુટ્ટી; ગમ ઔષધ.2.Any device proposed by a charlaton:કંઇ વૈદનો ઉપાય-પ્રયોગ.

Not,(નૉટ્)*adv.* A word used to express negation, denial or refusal:નથી;નહિ;ન;માં;ના.

Notable,(નોટેબલ્) *a.* [**L.** *nota*, mark.]Capable of being noted: plain;evident: ધ્યાનમાં રાખવા લાયક;સ્પષ્ટ;ખુલ્લું.2.Remarkable; memorable;distinguished: સ્મરણીય;પ્રખ્યાત;વિખ્યાત; નામનાદુ; પ્રસિદ્ધ; નામાંકિત;મશહુર; નામ કાઢેલું. *n.* A person: મહાન-મોટો-આબરૂદાર-નામાંકિત પુરૂષ

Notary,(નોટેરિ)*n* An officer authorised to certify deeds,contracts &c: કરાર નામા-કબાલા ખત વગેરે કાગળપર સહી સીક્કો સાક્ષ કરનાર વકીલ; લેખક. *Apostolical* n., the official who despatches the order of the Pope: પોપના હુકમ અમલમાં લાવનાર અધિકારી.

Notation,(નોટેશન્)*n.*The act of recording anything by marks, figures,or characters:આંકડા-અંક માંડવો તે.2.The system of figures,letters and signs used in arithmetic and algebra to express number quantity or operations:સંખ્યા લેખન; આંકડો; અંક; પરિમાણ;સંખ્યા.2 Literal or etymological significations: અક્ષર કે ધાતુ ઉપરથી લાધેલો ભાવાર્થ.

Notch,(નોચ્)*n.*A hollow cut in anything;a nick:ચીરો;ખાંચ; ખોડ. 2.A narrow passage between two elevations; a deep, close pass: ખીણ.*vt.* 1. To indent:-માં ચીરા-ખાંચ-સળ પાડવા.

Note,(નોટ્)*vt.* To butt; to push with the horns : શિંગડાથી ધક્કો મારવો-ખસેડવું. *n.* [L. *notum*, to know.] 1. A visible sign; a character; a distinctive mark or feature: નિશાન;નિશાની; ચિન્હ; લક્ષણ;ખૂણ.2. A sign or token, proving or giving evidence: સાબેતી;પુરાવો.3 (*a*)A brief remark; a marginal explanation: પાનાના હાંશિયાપર લખેલો ખુલાસો; નોંધ; નોટ; ટિપ્પણ.(*b*)Annotation;comment: ટીકા; ભાષ્ય; વ્યાખ્યા; ખુલાસો.4. A memorandum; a minute: યાદી; નોંધ;ટપકાવેલી યાદ; ટીપણ; ટાંચણ. 5. *pl.* A writing intended to be used in speaking: લખી રાખેલા મુદ્દા;ટાંચણ;સ્મરણ નોંધ.6. A billet: ચબ્બો; ચીઠ્ઠી; નોટ.7. A written or printed paper acknowledging a debt, and promising payment:વ્યાજુ ચીઠ્ઠી;નોટ. 8. A musical sound;a tone;a tune: વાજંત્રનો અવાજ;સૂર; સ્વર. (*a*) A key of the piano or organ: વાજંત્રની વગાડવાની કળ-કૂંચી.9. Observation; notice;heed:ધ્યાન; લક્ષ; દરકાર;ગણના. 10. Information; intelligence: ખબર;સૂચના; બાતમી;જાણ. Reputation;distinction: પ્રતિષ્ઠા; આબરૂ; માન;મરતબો;ખ્યાતિ; કીર્તિ; યશ; ભારબોજ;ગૌરવ;મહિમા. *Note of hand*, a promissory note:હસ્તાવેજ;ખત; ચબ્બો;કર્જ ખત;વ્યાજુ ચીઠ્ઠી;વાયદા ચીઠ્ઠી પ્રોમીસરી નોટ.*vt.*1.To remark; to heed; to attend to:ધ્યાન-લક્ષ આપવું;ધ્યાનમાં લેવું-રાખવું 2. To make a memorandum of:-ની નોંધ-યાદી-ટિપ્પણ કરવું.3.To brand; ડામ્બો દેવો.4.To designate:દેખાડવું;નિશાની લક્ષણ દેવું.5. To annotate:ટીકા-વ્યાખ્યા-ખુલાસો લખવો-કરવો. 6. To set down in musical character:રાગસૂરમાં ઉતારવું-લખવું.

Note-book,(નોટ્-બુક્)*n* A book in which notes or memorandums are written: સ્મરણ પોથી-ચોપડી; નોટબુક. 2.A book:ચોપડી.

Noted, (નોટેડ્) *a.* Well known; eminent;celebrated; નામીચું;વિખ્યાત;પ્રસિદ્ધ;મશહુર; જાણીતું; પ્રખ્યાત; નજરે ચઢેલું.

Nothing,(નથિન્ગ્) *n.* Not any thing:બીજું કશું નહિ;કાંઇ નહિ. 2. Nonexistence;absence of being: અનહયાતી;શૂન્યતા; અભાવ; અનસ્તિત્વ. Doctrine of nothingness: શૂન્યવાદ. 3. Trifle: નકામી-નજીવી-હલકી ચીજ-પદાર્થ.4. A cipher; naught: મીંડું;પુંજ;શૂન્ય.*For* n.: મફત;ફોગટ; અમસ્તું;વ્યર્થ.*Good for* n.,useless: નકામું;નાખી દેવાનું.*To come to* n.: નષ્ટ થવું; નાશ પામવું; નાશ થવું;બરબાદ જવું.*To hang upon* n.: અધર રાખવું.*To have or possess* n.:-ની પાસે કંઇ નહિ હોવું;તદ્દન નિર્ધન હોવું. *To make* n.:તૃણવત-ઘાસના તરખલા જેવું માનવું-ગણવું **N.** *at all*: કંઈ નહિ; જરા પણ નહિ; તલમાત્ર જેટલું-પુરું-જાર નહિ.**N.***work*: કાંઇ કિંમતનું નહિ-નથી. *adv.* In no degree; not at all: જરાકે-સમુળગું નહિ;બિલકુલ નહિ.

Notice,(નોટિસ્) *n.* [L. *notum*, know.] Observation by the senses or intellect;cognizance; note: અવલોકન; દૃષ્ટિ; નજર; તપાસ; ધ્યાન; લક્ષ;ભાન. 2. Intelligence: બાતમી;ખબર;સૂચના.3.An announcement:જાહેરખબર; નોટીસ;પ્રસિદ્ધિપત્ર;વિજ્ઞાપના; વિજ્ઞપ્તિ; સૂચિપત્ર;હાંડી; ઢંઢેરો.4.Attention; civility; respectful treatment: આદરસત્કાર; સન્માન;સંભાવના; આદરમાન. *vt.* To observe;to see;to mark;to heed: અવલોકન કરવું;જોવું;લક્ષમાં લેવું; ધ્યાનલક્ષ આપવું-દેવું. 2. To make comments on:પર ટીકા કરવી;કોઇ બાબતપર લખવું-બોલવું-વાત ચલાવવી-કાઢવી. 3. 3.To treat with attention and civility: માન-પ્રતિષ્ઠા આપવી;-ની સાથે માનપુરઃસર વર્તવું; કોઇ આપવું-દેવું; દરકાર કરવી.

Noticeable(નોટિસેબલ્)*a.*Worthy of notice; conspicuous: લક્ષ-ધ્યાન આપવા લાયક-યોગ્ય.

Notification,(નોટિફિકેશન્)*n.*The act of making known: વિજ્ઞપ્તિ; સૂચના.2.Notice given in words or writing: ઢંઢેરો;હાંડી; ધડી પીટવી તે.3 An advertisement: જાહેર નામું ખબર;સૂચનાપત્ર;વિજ્ઞાપના;સૂચના.

Notify, (નોટિફાઇ) *vt.* [L. *notus*, known.]To make known;to publish:વિદિત-જાહેર કરવું;જણાવવું; પ્રસિદ્ધ કરવું;મશહુર કરવું.2.To inform by notice;to apprise:ખબર-સૂચના આપવી-કરવું;સૂચવવું;ખબર-બાતમી આપવી.

Notion,(નોશન્) *n.* [L *nosco*, I know.]An idea;a conception: વિચાર;ધારણા;કલ્પના; તર્ક; ભાસ;ભાવના.3.A sentiment; an opinion: અભિપ્રાય;આશય;મત; બુદ્ધિ;વિચાર. 3. sense;mind:અક્કલ;મન; સમજણશક્તિ. 4. Inclination;intention;disposition:મનોદય;આશય;હેતુ; મનનું વલણ.

Notional,(નોશનૅલ્)*a.* Expressing abstract conception: કલ્પિત;મનમાં ધારેલું;મનોગત. 2. Visionary;

existing in idea only:ફક્ત વિચારમાં રહેલું;ખોટું;કાલ્પનિક. 3. Whimsical;fanciful:તુરંગી;ખ્યાલી;તરંગ બાજ

Notoriety, (નોટોરાઇટિ) *n.* The quality or condition of being notorious:બદનામ;બૂરું નામ;કુકીર્તિ; અપકીર્તિ;ખુમારી;ઢંઢેરો;લૌકિક ખ્યાતિ; લૌકિક કુખ્યાતિ.

Notorious, (નોટોરિઅસ્) *a.* Manifest to the world;evident:નામ કાઢેલું;પ્રખ્યાત;ઉઘાડું;ખુલ્લું; પ્રસિદ્ધ; જાહેર;મશહૂર;લોકપ્રસિદ્ધ.

Not-with standing, (નોટ્વિથ-સ્ટૅન્ડિન્ગ્) *prep.* In spite of:-થી તરફથી અડચણ-હરકત સિવાય-વિના; છતાં;તથાપિ. *adv. or conj.* Nevertheless;however;although:તથાપિ;તેમ છતાં પણ;પરંતુ.

Nought, (નૉટ્) *n.* Naught:કંઈ નહિ તે. To set *at* n.:તુચ્છ માનવું-ગણવું-શીખવું;ધિક્કારવું;અવગણના કરવી.

Noun, (નાઉન્) *n.* [L. *nomenn*, ame.] *A* substantive: નામ; સંજ્ઞા; સંકેત શબ્દ. **N.** *of action*: કારક. **N.** *of agency*: કર્તૃવાચ્ય. *Animate* n.: પ્રાણિવાચક નામ. *Abstract* n.: ભાવ વાચક નામ. *Collective* n.: સંઘવાચક નામ. *Passive* n.: કર્મવાચક;સંપ્રદાન-વાચ્ય. *Verbal* n.:ક્રિયાવાચક નામ.

Nourish, (નરિશ) *vt.* [L. *nutrio*, I nourish.] To feel and cause to grow;to furnish with nutriment:ખવરાવીને મોટા કરવું; પોષણ કરવું;પરવરી કરવું. 2. To support: to maintain: આધાર આપવો;-નું પ્રતિપાલન કરવું;પાલણ પોષણ કરવું;રાખવું;-નું ગુજરાન ચલાવવું. 3. To encourage: to foster:ઉત્તેજન આપવું; પુષ્ટિ-ટેકો આપવો. 4. To cherish;to comfort: દિલાસો-સુખ આપવું. 5. To educate; to promote the growth of attainments:કેળવણી આપવી;-ની વૃદ્ધિ કરવી. To promote growth:સારી રીતે ઉછરી-ઉધરી આવવું નીકળવું.

Nourishing, (નરિશિન્ગ્) *a.* Nutritious:પુષ્ટિકારક;ધાતુપુષ્ટ;પૌષ્ટિક.

Nourishment, (નરિશ્મેન્ટ્) *n.* 1. Nutrition:પાલન; પાલન પોષણ;પરવરતી;ભરણ. 2. Nutriment;food:આહાર;ખોરાકી;ખાવાપીવાનું; જીવન સાધન 3. Instruction:પુષ્ટિ આપનારી કેળવણી

Nous, (નાઉસ્) *n.* [Gr. *nous*, mind.] Intellect;understanding;talent: અક્કલ;બુદ્ધિ;સમજશક્તિ

Novel, (નૉવેલ્) *a.* [L *novus*, new.] *N*ot ancient;new;unusual: નવું; હાલનું;નવલ;અપૂર્વ; વિલક્ષણ; અદ્‌ભુત; અલૌકિક; ઉલટાસ્થિરસ્તાનું. Hence, unusual; strange: અવનવું;વિચિત્ર; તરેહવાર;વિલક્ષણ *n.* 1. A novelty: નવીચીજ;નવાપણું. 2. *pl.* News; fresh tidings:ખબર;તરતની બાતમી. 2. A fictitious tale or narrative: કલ્પિત કથા-વાત; ઉપાખ્યાન; આખ્યાન; કાદંબરી;નવલકથા.

Novelist, (નૉવેલિસ્ટ્) *n.* An innovator;an asserter of novelty:નવો ધારો ચાલુ કરનાર. 2. A writer of novels:કલ્પિત વાત-આખ્યાન-કથા-બનાવનાર.લખનાર;નવલ કથાકાર.

Novelty, (નૉવેલ્ટિ) *n. pl.* **Novelties,** 1. Newness:નવી વાત;નવાપણું અપૂર્વતા;અલૌકિકપણું;નવીનતા. 2. A new or strange thing: નવી અજાયબ જેવી વસ્તુ-વાત-કૌતુક; નવાઇ; આશ્ચર્ય;વિલક્ષણતા.

November, (નોવેમ્બર્) *n.* [L. *novem*, nine.] The eleventh month of the year, containing thirty days:આંગ્રેજી વર્ષનો અગીઆરમો માસ મહિનો;નવેમ્બર.

Novice, (નૉવિસ્) *n.* [L. *novus*, new.] 1. A beginner;a tyro:શિખાઉ,નવો નિશાળીઓ; ઉમેદવાર; નવો અભ્યાસી. 2. One newly received into the church: ધર્મમાં તરત દાખલ થયેલો પુરુષ; નવો ખ્રિસ્તિ થયેલો માણસ. (*b*) ઉમેદવાર; અજમાયશ ઉપર રાખેલો શખસ. *Ever a* n.; રોજનવો; લગને લગને કુંવારો.

Novitiate, (નોવિશિએટ્) *n.* State of being a novice: શિખાઉપણું; અણવાકેફ ગારી. 2. Time of probation: ઉમેદવારીનો વખત;અજમાયશનો વખત. 3. A novice:શિખાઉ.

Now, (નાઉ) *adv* [L. *nunc*, now.] At this moment; instantly: હમણાં; આ વખતે. 2. Very lately;not long ago:થોડું થયું;થોડા વખતપર;હાલ; હમણા 3. In present circumstances:હાલ;આવીસ્થિતિમાં;આવું છે ત્યારે. આ ઉપરથી;4. At that time: તે વખતે; તે સમયે;હવે 5. At one time at another time:એક વખતે-બીજી વખતે;ઘડીમાં ઘડીમાં. *From* n.: અત:પર;આયંદે,હવે-અત્યાર આજ પછી *Till* n.: આજ લગી સુધી-પર્યંત; અદ્યાપિ-હજીલગી. *Now and again*: વારંવાર; ઘડીએ પલકે. *Now and now*:ફરીફરીને *Now and then*:વખત બે વખત;અંતરે અંતરે. *a.* Present: હાલનું The present time or moment: વર્તમાનકાળ;આ વખત.પળ.

Now a-days (નાઉ-અૅ-ડેઝ્) *adv.* In these days;at the present time: હાલનાવખતમા;આ કાળે;આજકાલ.

Nowise, (નૉઉ-વાઇઝ્) *adv.* Not in any manner or degree; in noway;noways:જમે તેમ હોય તોએ નહિ;કોઇપણ રીતે નહિ.

Noxious, (નૉક્શસ્) *a.* [L. *noxa*, harm.] Hurtful; harmful; injurious: નુકસાન-ઇજા-અહિતકારક; દુઃખદાયક;કષ્ટપ્રદ;દુષ્ટ;બાધક;રોગ કારક.

Nozzle, (નૉઝલ્) *n.* (*a*) The nose; the snout:નાક;જનવરનું લાંબું મ્હોંડું;ડાચું. (*b*) The projecting vent of anything:નાળચું. 2. A short tube:ટૂંકી નળી.

Nubile, (ન્યૂબાઇલ્) *a.* [L. *nubere*, to marry.] Marriageable:વિવાહ યોગ્ય

Nucleus ન્યૂક્લીઅસ્) *n. pl* A kernel:મર્મ;મધ્યભાગ. 2 (*Astron*) The body or the head of a comet: ધૂમકેતુનું માથું.

Nude, (ન્યૂડ્) *a.* [L. *nudus.*] Bare; naked;unclothed:નગ્ન,નાગું; ઉઘાડું; કપડાં-વસ્ત્ર વિનાનું. 2. (*Law*) Without consideration; void: વિચાર વિનાનું-રહિત; ફોકટ; વિનાનું; નિરર્થક; મહો બદલા વગરનું;પોકળ;ખાતલ.

Nudge, (નજ્) *vt.* To touch gently; with the elbow:જણાવવા-ચેતાવવાને વાસ્તે કોણીથી ધીમે રહીને-આસ્તેથી અડકવું-સ્પર્શ કરવો *n* A gentle push or jog,as with the elbow: જણાવવા-ચેતાવવાને વાસ્તે કોણીથી મારેલો ધીમો હડસેલો-ધક્કો.

Nudity (ન્યૂડિટિ) *n.* Nakedness: નગ્નતા;નગ્નપણું. 2. That which is naked;naked part: ખુલ્લો-નગ્નભાગ.

Nugatory, (ન્યૂગેટોરિ) *n.* [L. *nugao*, jests.] Trifling;vain; insignificant:નકામું;હલકું;નજીવું; નિરર્થક; વ્યર્થ; ફોકટ;નિષ્ફળ; અમસ્તુ. 2. Inoperative;ineffectual:બિન અસર કારક; અસર ન કરે એવું;પોકળ,નિરર્થક.

Nugget, (નગેટ્) *n* A lump;a mass of a precious metal:કિંમતી ધાતુનો ગોળો-લગડી-લઠ્ઠો-પાટ.

Nuisance, (ન્યૂસન્સ) *n.* [L. *nocio*, I hurt.] That which annoys and gives trouble or vexation;that which is offensive or noxious: ઉપદ્રવકારક વસ્તુ;ગંદકી; ઉપાધિ; પીડા; કંટાળો ઉપજાવનારી-અપકારક વસ્તુ-બલા. *To abate a* n.,ગંદકી દૂર કરવી.

Null, (નલ્) *a.* [L. *ne*, not & *ullus*, any.] Invalid;void: પોકળ;રદ;નકામું; વ્યર્થ;નિરર્થક;રદ્દેખાતલ. 2 Blunt: બુઠ્ઠું; દીનાપણા વગરનું. *n.* Something that has no force or meaning: અસર અથવા અર્થવિનાની વસ્તુ. 2. A cipher;a zero: મીંડું; પુંજ;શૂન્ય;ચ

કરવું:નકામું.

Nullify,(નલિફાઇ) *vt.* [L. *nuelus,* none & *facio,*I make.]To make void;to render invalid: ભંગ-રદ કરવું;ખંડન કરવું;નકામું કરવું;ભંગ ક૦.

Nullity,(નલિટિ)) *n* [L. *nullus,* none.] Nothingness; the state of being null: અભાવ;નાસ્તિત્વ;નહીં પણું;રદવસ્તુ.2. Nonexistence: અભાવ;શૂન્યતા.

Numb,(નમ્) *a.* Benumbed; insensible: બેહેર મારી ગયેલું;જડ;સુનું; બેહેરું;બેશુદ્ધ;મુડદાલ;જીવું.2.Producing numbness: બેશુદ્ધિ ઉત્પન્ન કરનારું;જડ-સુનું કરનારું.*vt.* To benumb; to stupify: જડ ક૦;સુસ્ત-અચેતન કરવું.*vt.*To become numb:બેશુદ્ધ-જડ થવું;સુનકાર મારી જવું;રહી જવું; બહેર-મારી-ખાઇ જવું.

Number,(નમ્બર્)*n.* [L. *numerus*]A unit or an aggregate of units: અંક;આંક;સંખ્યા. *Even* n.: સમસંખ્યા.*Odd* n.:વિષમસંખ્યા. *Ordinal* n.; ક્રમવાચક સંખ્યા; ૧ લું; ૨ જું-૩ જું ઇત્યાદિ.*Table of* n.: સંખ્યાનો કોઠો-નું કોષ્ટક. *Rational* n.: જેનું મુળ(વર્ગ,ઘન વિગેરે) શેષ રહ્યા શિવાય નીકળે તે સંખ્યા. *Irrational* n.: જે સંખ્યાનું મૂળ કાઢતાં શેષ રહે છે તે સંખ્યા.*Whole* n :પૂર્ણાંક. *Prime* n.: જે સંખ્યા એક વગર બીજી સંખ્યાથી વિશેષ ભંગાતી નથી તે સંખ્યા. N. *one:*પોતાનો પંડ-ભત. 2. A multitude;many: ઘણાં; ઘણા ખરા; મ્હોટી સંખ્યા; પુષ્કળ; મોટો ભાગ. 3. A numeral:નંબર;આંકડો; આંક; સંખ્યા; રકમ.4.Poetry;verse:કવિતા;પદબંધ; માત્રા;છંદ;વૃત.5.(*Gram.*) The distinction of objects, as one or more than one: વચન. 6. Numerical value: આંક; સંખ્યા. *vt.* To count;to reckon;to enumerate ગણવું;ગણત્રી ક૦ 2.To give or apply a number or numbers to: આંકડો લખવો-માંડવો.3.To amount to;contain: માંહેલું-ની બરોબર થવું.

Numberless,(નમ્બરલેસ્)*a.*Innumerable;countless: અસંખ્ય;બેસુમાર;અગણિત;અસંખ્યાત;અમાપ.

Numerable,(ન્યૂમરેબ્લ્)*a.*[L.*numerus,*numbered.] Capable of being numbered or amounted: જે ગણાય-ગણી શકાય તેવું; ગણનીય.

Numeral, (ન્યૂમરૅલ) *n.* A figure or character expressing a number:આંક; સંખ્યા; અંક. 2. A word expressing a number: આંક-સંખ્યા દર્શાવનારો શબ્દ.*a.* Of, or pertaining to a number:સંખ્યા-આંક-અંકનું સંબંધી; સંખ્યાત્મક-વિષયક.

Numeration,(ન્યૂમરેશન્)*n.*The act or art of numbering:આંકડા માંડવા તે. 2. The act or art of reading numbers: આંકડા વાંચવા તે:સંખ્યા વાંચન.

Numerator,(ન્યૂમરેટર્) *n.* One who numbers: નંબર-સંખ્યા ગણનાર.2.The term in a fraction which indicates the number of fractional unite that are taken અપૂર્ણાંક ઉપરનો આંકડો; અ શ.

Numerical, (ન્યૂમેરિકૅલ્) *a.* Belonging to number; denoting number: સંખ્યામાનું; સંખ્યા સંબંધી-નું;સંખ્યા-સૂચક-વિષયક;સંખ્યારૂપે; અંકાત્મક. 2. Identical: અભેદ;એકરૂપ; અનન્ય.

Numerous, (ન્યુમરસ્)*a.* Being many: બહુ;પુષ્કળ;ઘણું;અત્યંત મોટી સંખ્યાનું 2.Melodious; musical: રસીલું;સુસ્વર;મીઠું; મધુર.

Numismatics,(ન્યૂમિસ્મૅટિકસ્)*n.* The science of coins and medals શિક્કા શાસ્ત્રની વિદ્યા;મુદ્રાવિદ્યા.

Num skull,(નમ્ સ્કલ્)*n.*A dunce; a dolt;a stupid fellow: અડબંગ; જડસો;ઢ;બુધો; ઉલ્લું;બોથડ.

Nun,(નન્)*n.*[L.*nonna,* nun.] A woman devoted to a religious life,who lives in a convent:મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી-ઓરત; મઠવાસિની;બ્રહ્મચારિણી; વૈરાગણ; તપસ્વિની 2. (*Zool.*) A white variety of domestic pigeons:ધોળા કબૂતર.

Nuncio,(નન્શિઓ)*n.pl.* **Nuncios** [L.*nuntius,* messenger.] A messenger:ખબરસુસ;દૂત.2. The permanent official representative of the pope at a foreign court or seat of government: પોપ તરફનો પરરાજ્યમાં રાખેલો એલચી-રાજદૂત.

Nuncupative,(નન્કયૂપેટિવ્)*a.* [L. *nomen,*a name& *capio,*I take.] Publicly or solemnly declaratory: સર્વને જણાવતું 2. Nominal; નામનું;ફક્ત નામનુંજ. 3. Oral; not written: મોઢેનું ;મુખ જબાનીનું; લખેલું નહિ તેવું. N.*will* or *testament:* સાક્ષીઓ આગળ-ની રબર મોઢાનું કરેલું વસિયતનામું.

Nunnery,(નનેરિ)*n.*[L.*nonna,* a nun.]A house in which nuns reside:કુંવારી સ્ત્રીઓનું ઘર-આશ્રમ-મઠ.

Nuptial (નપ્શૅલ્) *a.* [L. *nubo,* I marry.] Of or pertaining to marriage:શાદી-વિવાહ-લગ્નનું-સંબંધી;વિવાહ સંબંધી; વૈવાહિક. *n. pl.* Marriage;wedding: શાદી;વિવાહ; લગ્ન;નેકાહ.

Nurse,(નર્સ્) *n.* [L. *nutrio,* I nourish.] One who nourishes: પાલન પોષણ કરનાર. (*b*) A woman who has the care of young children:બાળકોને સંભાળનારી સ્ત્રી-બાયડી;આયા;ધાવ;ધાત્રી;ઉપમાતા.(*b*) One, who has the care of the sick or infirm: આજારીની માવજત કરનાર સ્ત્રી; પ્રતિપાલક;પાલનકર્ત્તા *To put to nurse,*or *to put out to nurse,* (બાળકને) ધવાડવાને માટે મૂકવું-રાખવું. *Wet* n.:ધાવ.*Dry* n.: બાળકને વગર ધવડાવે ઉછેરનાર સ્ત્રી-આયા;માંદાની ચાકરી કરનાર.*vt.* To nourish; to foster: પાલન પોષણ ક૦. (*a*) *To* suckle;to feed and tend as an infant:ધવાડવું; બરદાશ રાખવી અને ખવાડવું; દૂધ પાવું (*b*)To take care of or tend,as a sick person or an invalid:રોગી-બિમાર માણસની ચાકરી-સેવા-માવજત ક૦.2.To bring up;to foster: ઉછેરવું; પાલન પોષણ ક૦.3.To caress;to fondle:લાડ ક૦; લાડ લડાવવાં;વહાલ ક૦;પ્રીતિ બતાવવી.

Nursery,(નર્સેરિ)*n pl.*The act of nursing:પાલન પોષણ કરવું તે.2.(*a*) The place in a house appropriated to the care of children: છોકરાંની સંભાળ રાખવાનો ઓરડો-જગ્યા; બાલગૃહ.(*b*)A plantation of young trees: ઝાડના રોપા ઉછેરવાની જગા.(*c*) The place where anything is fostered and growth promoted:જ્યાં વૃદ્ધિ થાય છે તે જગો;અભિવૃદ્ધિસ્થાન;પોષણ સ્થાન.

Nursling,(નર્સ્લિન્ગ્)*n.*An infant; a fondling: નાનું ધાવણું છોકરું.

Nurture,(નર્ટ્યૂર્)*n.*[L *nutrio,* I nourish.] Tender care; education;training: બરોબર સંભાળ;ઉપદેશ; કેળવણી.2.Food; diet: આહાર; ભક્ષ; પોષણ;ખોરાક;અન્ન.*vt.*To feed; to nourish:પાલણ પોષણ ક૦;ખવરાવવું; પરવરી ક૦ 2.To educate; to bring or train up: કેળવણી આપવી;શિખવવું.

Nut,(નટ્)*n.*The fruit consisting of a hard shell inclosing a kernel: કાચલાથી ઢંકાયેલું ગરભવાળું ફળ. 2.A perforated block,provided with a female screw thread: આંટાવાળી પેચની ચાકી; માદા. *vi.*To gather nuts: ફળ એકઠાં કરવાં.

Nut-cracker,(નટ્-ક્રૅકર્)*n.*An instrument for cracking nuts:સુડી;સુડો

Nut-gall,(નટ્-ગૉલ્)*n.*A more or less round gall resembling a nut: માર્યું;માજુફળ.

Nut-meg (નટ્-મેગ્)*n*(*Bot*) The kernel of the fruit of nutmeg tree: જાયફળ.

Nutriment(ન્યૂટ્રિમેન્ટ)*n.*[L *nutrio*,I nourish.]Food: ખોરાક-આહાર; ખાવા પીવાનુ પોષણ; જીવન. 2. *Nourishment*: ગુણની વૃદ્ધિ કરનાર વસ્તુ;પૌષ્ટિક પદાર્થ-વસ્તુ;ધાતુપુષ્ટ ગુણ.

Nutrimental,(ન્યૂટ્રિમેન્ટૅલ્)*a.*Nutritious: ધાતુપૂષ્ટ; પુષ્ટિકારક; પૌષ્ટિક; ધાતુપોષક;બલવર્ધક.

Nutrition,(ન્યૂટ્રિશન્)*n.*Nourishment: પૌષ્ટિક ગુણ-પદાર્થ-વસ્તુ. *a.* That which nourishes; nutriment: ખાવા પીવાનું;ખોરાક;આહાર.

Nutritious tive,(ન્યૂટ્રિશસ્ ટિવ્)*a.* Nourishing;promoting growth or preventing decay;alimental: પુષ્ટિકારક;ધાતુપુષ્ટ;કૌવત આપનાર.

Nut-shell,(નટ્-શેલ્)*n.*The shell in which the kernel of a nutis inclosed:કોચલું;કાચલું;છોટલું;છોડું 2. A thing of little value: નકામી-નજીવી ચીજ. *To be or lie in a n*, કામમાં આવી જવું;સ્હેજે હોવું.

Nuxvomica,(નક્સ્વૉમિકૅ)[L.*nux*, nut *vomere*,to vomit.] The seeds of nuxvomica from which deadly poisons are obtained: ઝેરકચોલું; કચુરો;ઝેર કચુરો.

Nuzzle(નઝલ્)*vt.*To nurse;to foster: પાળવું; પોષણ કરવું.2.To house as in nest: માળામાં ઘર કરીને રહેવું.*vi.*To work with the nose: નાકલીટી ખેંચવી.2.To go with head poised like a swine and with nose down:ના નીચું કરીને જવું. 3. To hide the head:માથું સંતાડવું. 4.To loiter;to idle: ભટકવું;વખત ખોવો-ગુમાવવો;રઝળવું.

Nymph,(નિમ્ફ્)*n.*[L.*nympha*, a bride.]A goddess of the mountains,forests, meadows or waters:પર્વત અથવા પાણીની દેવી;વનદેવી; જળદેવી;પરી;યક્ષિણી 2.A lovely girl;a maiden;a damsel:સુંદર સ્ત્રી; કુમરીકા;બાલા;યવતિ:સન્નારી;સુંદરી.

Nympha,(નિમ્ફે)*n.pl.***Nymphæ**. The pupa of an insect:કોઇ જીવજંતુની ત્રીજી અવસ્થા. 2. *Pl.* Two folds of mucous membrane within the labia,at the opening of vulva: કોશેટો.

O.

O (ઑ)The fifteenth letter of the English alphabet:અંગ્રેજી મુળાક્ષરનો પંદરમો અક્ષર.2.It anciently represented 11,with a dash over it(ō),11000:પહેલાં તે ૧૧ ના અર્થમાં વપરાતો હતો.તેના ઉપર એક આડી લીટી કરવાથી તેનો આંક ૧૧૦૦૦ થતો. (*b*) આયર્લાંડ દેશના લોકના કુળનામમાં એ અક્ષર નો અર્થ 'પુત્ર''જ''સુત'વગેરેથી દેખાડી શકાય.*n pl O's or oes.*1.The letter o: ઓવર્ણ 2.A circle:વર્તુલ; ગોળ.*a.*One:એક.*Interj.*An exclamation used in calling or directly addressing a person or personified object:અરે ! ઓ ! અરે અરે ! અહો! રેહો ! હોહો;હાય હાય !

Oaf,(ઑફ્)*n.*Originally,an elf's child;a changeling left by fairies or goblins:એક છોકરાને લઈ જઈને તેને બદલે વનદેવીઓએ મુકેલું બીજું છોકરું. Hence, a simpleton; an idiot:મૂર્ખ; જડબુદ્ધિનો માણસ; ઠોઠ;ઢઠો;ઢોંડો;બુડથલ. [મૂર્ખ;કમઅક્કલ.

Oafish,(ઑફિશ્)*a.*Foolish:જડબુદ્ધિ;

Oak,(ઑક્)*n.* Any tree or shrub of the genus *Quercus*:ઓકના નામનું ઝાડ જે વિલાયતમાં મુખ્ય ઈમારતી છે તે. 2.The strong wood or timber the oak: ઓક નામના ઝાડનું લાકડું. *Indian oak*, the teak tree: સાગનું ઝાડ. *To sport one's o.* મળવા આવનારને પોતે ઘેર નથી એમ આગલું બારણું વાસી રાખીને જણાવવું.

Oaken,(ઑકન્)*a.*Made or consisting of oaks or of the wood of oaks:ઓકનું-ઓકના લાકડાનું બનાવેલું.

Oakum,(ઑકમ્)*n.*The material obtained by untwisting and picking into loose fiber old hemp ropes: જુનાં દોરડાં કે તેના કકડાને છુટેલી કરેલા છુંછા-કુચા. *White o.*:વગર ડામરના દોરડાના કુચા-છુંછા.

Oaky,(ઑકિ)*a.*Resembling oak; strong:ઓકના જેવું-મજબૂત-સખત.

Oar,(ઑર્)*n.*An implement for impelling a boat: ચાટવો;હલ્લેસું. 2.An oarsman; a rower: ચાટવું;હલ્લેસું ફેરવનાર-મારનાર. *To lie on one's oars*, to be idle; to rest:કોઇપણ જાતનું કામ કરતાં અટકવું;થાક-વિસામો ખાવો; નવરા બેસવું. *To put in one's o.*, to give aid or advice:મદદ અથવા સલાહ આપવી *vt.& vi.* To row: હલ્લેસાં મારવાં.

Oarsman,(ઑર્ઝ્મૅન્)*n.* One who uses,or is skilled in the use of, an oar;a rower: હલ્લેસાં મારનાર; ખલાસી;નાવિક.

Oasis,(ઑએસિસ્)*n. pl.* **Oases**. [Gr *oasis*]A fertile or green spot in a waste or desert: રણમાં કે ઉજ્જડ મેદાનમાં ફળદ્રુપ જગ્યા; ચાદ્વલસ્થ;રમ્યસ્થાન;ઓલવણ

Oat, (ઑટ્)*n.*A wellknown cereal grass and its edible grain: એક પ્રકારનું જવની જાતનું અનાજ. 2. A musical pipe made of oat straw:ઓટના તણખલાંનું બનાવેલું વાજંત્ર. *To feel one's o s*, અહંકારી-ગર્વિષ્ટ હોવું.*To sow one's wild oats*,to indugle in youthful dissipation: જુવાનીની મોજમજામાં ઝોકાવવું;બદફેલીમાં પડવું; રમણે ચઢવું;લાલાઇ કરવી.*Wild o.s*:બદફેલી.

Oaten, (ઑટ્ન્)*a.* Consisting of an oat straw or stem: ઓટનાં તરખલાં અથવા થડવાળું. 2 Made of oatmeal: "ઓટ" નામના 'અનાજના લોટની બનાવેલી.

Oath,(ઑથ્)*n.*A solemn affirmation or declaration: સમ; સોગન; આણ;શપથ;વચન;કસમ;પ્રતિજ્ઞા.2. An appeal to a superior sanction: સોગન;સ્હેજ વાતમાં ધર્મ કે દેવના અમથા સોગન. *To administer an o.*: સોગન દેવા-ખવડાવવા.*To take an o.*:સોગન લેવા-ખાવા.

Oatmeal,(ઑટ્મીલ્)*n.*Meal made of oats:'ઓટસ્' નામના અનાજનું ખાણું

Obduracy,(ઑબ્ડ્યૂરૅસિ)*n.* Invincible hardness of the heart;obstinacy: અતિઆગ્રહ;કઠોરપણું; હઠીલાઈ;કઠોરતા;વિમુખતા;જીદ.

Obdurate,(ઑબ્ડ્યૂરેટ્) *a.*[L *ob* & *durus*.hard.]Unyielding; hard-hearted; stubbornly wicked:કઠોર હૈયાનું;અતિ હઠીલું; દુરાગ્રહી; પાપાગ્રહી;જીદ્દી;બહેર ખાઇ-મારી ગયેલા હૈયાનું.2.Hard;rough; harsh: કઠણ; કઠોર;ઘોષ.

Obedience,(ઑબીડિએન્સ્)*n.*Subjection to rightful restraint or control: તાબેદારી;આજ્ઞા પાલન; હુકમ બરદારી 2.Dutifulness: આજ્ઞાકિતપણું;મર્યાદશીળતા; આજ્ઞાનુવર્તન; આજ્ઞાનુસરણ;આજ્ઞા પાલન; કહ્યામરાપણું. 3. (*Eccl.*)A body of adherents: સાગ્રીતો;ચેલા;અનુયાયી.

Obedient, (ઑબીડિએન્ટ્)*a.*[L.*obedio*,I obey.]Willing to obey; snbmissive to restraint,control or command:તાબેદાર;કહ્યામરું; આજ્ઞાધીન;આજ્ઞાકિત; આજ્ઞાનુસારી; વશવર્તી;સેવક.

Obediently,(ઓબીડિએન્ટ્‌લિ)*adv.* In an obedient manner; with obedience:આજ્ઞાધીનતાથી;આજ્ઞાથી-આજ્ઞાનુસાર.

Obeisance, (ઓબેસૅન્સ્‌) *n.* Obedience : આજ્ઞાધીનતા; તાબેદારી. 2. Homage;a bow;a courtesy:માનસહિત પ્રમાણ; નમન; નમસ્કાર; સલામ; પ્રણતિ; વંદન; અભિવંદન. *Profound* O.:સાષ્ટાંગ નમસ્કાર.

Obelisk,(ઑબેલિસ્ક)*n.*[Gr *obelos*, a pointed pillar.] An upright, four-sided pillar : ચાર પાસાંવાળો ઉભો સ્તંભ; ગિનારો. 2. (*Print.*) A mark of reference (†) : આડું(†) ચિન્હ;કટાર;ખુણ.*vt.* To mark with an obelisk:કટાર-ખુણની નિશાની કર.

Obese, (ઑબીસ્‌)*a.*[L.*ob* & *edo*, I eat.]Excessively corpulent; fat; fleshy:બહુ પુષ્ટ શરીરવાળું;જાડું; ધીંગુ;માતું;રૂષ્ટપુષ્ટ;ભરેલા શરીરનું.

Obesity,(ઑબીસિટિ)*n.*Corpulency શરીરનું બહુ ભારેપાનું; જાડા જોલપણું; પુષ્ટતા;પુષ્ટિ;મેદોવૃદ્ધિ;રૂષ્ટપુષ્ટપણું.

Obey,(ઑબે)*vt.* [L. *ob* & *audio*, I hear.]To yield submission to; to comply with the orders of: ની આજ્ઞા-હુકમ ઉઠાવવો-માનવો; ના હુકમમાં રહેવું;-નું કહ્યું માનવું;સાંભળવું;-ની મરજી ઉઠાવવી;-ની તાબેદારી કર. 2. To submit to the authority of; to be ruled by:ને તાબે-આધીન રહેવું;-ની સત્તા-અધિકાર-હુકમત માનવી; માનવું;માથે ચઢાવવું. 3. To yield to the impulse power,or operation of: પત કરવું;ગાંઠવું;માનવું;પાળવું;પ્રમાણે ચાલવું.To yield to the control of; માનવું; બદવું; ગાંઠવું; પત કરવું; પ્રમાણે ચાલવું.*vi.*To give obedience: નો હુકમ માન્ય કર.

Obfuscate,(ઑબ્‌ફસ્કેટ્‌)*vt.*[L. *of* & *fuseo* I make dark.] To darken or confuse: ભુલાવામાં-ગુચવણમાં નાંખવું; (ઉપર) અન્ધ પછેડો નાંખવો-વાળવો;ગુંચવવું.

Obit,(ઑબિટ્‌)*n.*[L.*ob* & *eo*,I go.] Death;decease: મોત; મરણ.2. A funeral solemnity or office;obsequies : મૃત્યુ-મરણ સંસ્કાર-વિધિ; ઉત્તરક્રિયા;અંત્યેષ્ટિ.3.A service for the soul of a deceased person on the anniversary of the day of his death: સંવત્સરિક શ્રાદ્ધ; વરસીને દહાડે ગત થએલા મનુષ્યના લાભને સારૂ કરેલું ભજન-પુજા *Post* O.:મરણ પછી

Obituary, (ઑબિટ્યૂઅરિ)*a.* Of, or pertaining to the death of a person: કોઇપણ મનુષ્યના મોત-મરણ સંબંધી નું-વિષે *n.pl.* An account of a deceased person : માણસના મરણની ખબર તથા તે વિષે કેટલીક હકિકત: મૃતવર્ણન.A list of the dead:મર્ણ્યમોતની નોંધ-રજીસ્ટર:મૃતસંખ્યા પત્રક.

Object,(ઑબ્‌જેક્ટ્‌)*vt.*[L *ob* & *jacio*, I throw.] To set before or against;to oppose: ના સામું મુકવું-કહેવું-ની વિરૂદ્ધ આણવું-લાવવું; સામું-વિરૂદ્ધ થવું-બતલાવવું;તકરાર-હરકત-વાંધો લેવો. 2. To offer in opposition: સામું કહેવું; ઉપર તહોમત-આળ મુકવું. પર આક્ષેપ કર;અપવાદ મુકવો. *vi.* To make opposition in words or argument : સામે વાંધો-તકરાર-અડચણ ઉઠાવવી;-નાંખ્યુલ કર;અસ્વીકાર કર. *n.* Something visible or tangible: વસ્તુયોજ;વિષય;દ્રવ્ય;પદાર્થ; પાત્ર; ભોજન;સ્થાન;ભૂમિ.2.End;aim; motive:ઉદ્દેશ; હેતુ; લક્ષ્ય; મનોરથ; નિમિત્ત; કારણ; પ્રયોજન;કાર્ય;આશય;મતલબ. 3. Sight;show;appearance;aspect: દેખાવ,દૃશ્ય પદાર્થ 4.*A* word;phrase or clause towards which an action is directed: કર્મ. O *lesson*; ચિત્ર દર્શનથી શિખવવામાં આવતો પાઠ; પદાર્થ પાઠ.*Private* O :સ્વાર્થ; સ્વસાધન *That has accomplished his* O.: કૃત કૃત્ય;કૃતાર્થ. *Highest* O.: પરમાર્થ O.*of dispute*: વિવાદ વિષય. O.*of hearing*.શ્રુતિ વિષય.*a.*Opposed;presented in opposition: વિરૂદ્ધ; ઉપર આરોપ-આળ મુકેલું. *An* O. *of sense* : ઇંદ્રિય ગોચર વસ્તુ. O. *of dislike* : અભાવનું પાત્ર-સ્થાન; અભાવની વસ્તુ O.*of favour*: કૃપાપાત્ર.

Objection, (ઑબ્‌જેક્શન્‌) *n.* Adverse reason or argument; obstacle;impediment: વાંધો;સામીતકરાર,હરકત;અપવાદ;વિરોધ; શંકા; આક્ષેપ;દોષ; પ્રતિબંધ; પ્રત્યવાય.

Objectionable,(ઑબ્‌જેક્શનૅબલ્‌) *a.*Liable to objection;offensive વાંધો-અડચણ હરકત ઉઠાવવા જેવું;બાધ્ય; સદોષ;બાધક;વર્જ્ય;વાંધા ભરેલું.

Objective,(ઑબ્‌જેક્ટિવ્‌) *a.* Pertaining to an object:પદાર્થ-વિષય-વસ્તુ સંબંધી નું-વિષે. 2. Outward; external;extrinic :બહારનું; મનની બહારનું વિષયાશ્રિત; વિષયાત્મક; પદાર્થ નિષ્ઠ. 3. Pertaining to the case which follows a transitive verb or a preposition:કર્મ સંબંધી;કર્મ વિષયક. *n.* The objective case: બીજી વિભક્તિ; કર્મ 2. An object glass:દર્શન યંત્રોમાં જોવાના પદાર્થ જણી મુકવાનો કાચ. 3. Aim; object: આદરેલી જન્યા-વસ્તુ;નિશાન; લક્ષ્ય.

Objector,(ઑબ્‌જેક્ટર)*n.*One who objects:સામી તકરાર કરનાર.

Objuration,(ઑબ્‌જ્યૂરેશન્‌)*n.* [L. *objuro*,I bind by oath.]A binding by oath : સોગન-સમ પ્રતિજ્ઞાથી બંધાવું તે;સોગન ખવડાવવા તે.

Objurgation, (ઑબ્‌જર્ગેશન્‌)*n.* [L.*objuro*, I chide.] Reproof: ઠપકો;નિંદા-આક્ષેપ.

Oblate,(ઑબ્લેટ્‌)*a*[L. *ob&latus*, borne.] (*Geom.*) Flattened or depressed at the poles: બે છેડે ચપટું-બેઠેલું.2.Offered up;dedicated: આપેલું;અર્પણ કરેલું.

Oblation (ઑબ્લેશન્‌) *n.* The act of offering: આપવું-અર્પણ કરવું તે;અર્પણ 2.An offering; a sacrifice: બલિદાન;ભોગ; બલિ;આહુતિ;દેવોપહાર O.*of catables*:નૈવેદ્ય. O.*to all deities*: વૈશ્વદેવ.

Obligate, (ઑબ્લિગેટ્‌)*vt.*[L. *ob* & *ligo*, I bind.]To bring or place under obligation:બાંધી લેવું;એહસાનમાં રાખવું;બંધનમાં આણવું 2. To compel:ફરજ-જરૂર પાડવી.

Obligation,(ઑબ્લિગેશન્‌) *n.*The act of obligating: બાંધી લેવું-એહસાનમા રાખવું તે;પ્રતિજ્ઞા; વાયદો; નિયમ. 2. The binding power of a promise,contract, oath, or vow or of law: બંધકત્વ; બંધન; આવશ્યકતા;કર્ત્તવ્યતા;ભાર;ઋણ;બંધ.3.External duties imposed by law,promise or contract: ફરજ;કર્તવ્ય;કામ. 4.The state of being obligated or bound:સપાડું; એહસાન; આભાર; ઉપકાર;અનુગ્રહ; પાડ. A bond containing a penalty in case of failure:ફરજીઉ ખત;ફરજ,ઋણ;ફરજ.

Obligatory,(ઑબ્લિગેટોરિ)*a.*Binding in law or conscience;imposing duty or obligation:નું બંધન હોય તેવું; બંધક; આવશ્યક; ફરજીયાત; બંધનકારક.

Oblige,(ઑબ્લાઇજ્‌)*vt.*[L.*ob* &*ligo*, I bind]To attach,as by a bond :થી બંધાવું.2. To put under obligation; to do or forbear something : કંઇ કામ કરવા અગર ન કરવા જરૂર-ફરજ પાડવી.3. To do a favor to;to gratify;to please:(ઉપર)એહસાન-આભાર કરવો; સપાડું-પાડ ચઢાવવો;ઉપકાર કર.

Obligee,(ઑબ્લાઇજી)*n.* The person to whom another is bound :;રાર લખી લેનાર-લખાવી લેનાર.

Obliging,(ઑબ્લાઇજિન્‌ગ્‌)*a.*Civil; courteous;kind : ઉપકારશીલ; આ-

બાર કરે તેવું; ઉપકારી; પરોપકારી;સારૂં કરી જાણે એવું.

Oblique (ઑબ્લીક્) *a.*[L.*oblique*, obliqne.] Slanting; inclined: આડું;ત્રાંસ;વાંકું;તિરકસ:વક્ર. 2. Disingenuous;underhand;perverse; sinister:મેલા મનનું;કપટી; મનમાં પાપ રાખનારૂં;છાનું;ગુપ્ત;કપટ ભરેલું. 3 Not direct in descent;collateral:બાજુનુ;શાખા સંબંધીનું;આડું; વાંકુંચુંકું; પડખાનું.**O.** *speech*:વક્રોક્તિ,ઉપરોધ વચન.**O.** *angle*: કાટખૂણા કરતાં મોટો કિવા નાનો ખૂણો.**O.** *case* (*Gram.*) any case except the nominative : પહેલી વિભક્તિ શિવાયની બીજી કોઇ પણ વિભક્તિ; કારક; કારકવિભક્તિ. *vi.* To deviate from a perpendicular line : આડુ-ત્રાંસુ જવું. 2 (*Mil.*) To march in a direction oblique to the line of the column:લશ્કરની હારની સિધિ લીટીમાં નહિ પણ ત્રાંસી કૂચ કરવી.

Obliquity, (ઑબ્લિક્વિટિ) *n.pl.***Obliquities**, Deviation from a right line;divergence :વાંકા-આડા-ત્રાંસાપણું;વક્રત્વ;વક્રતા; વાંક. **O.** *of sight*, વક્રદૃષ્ટિ; દૃષ્ટિવક્રતા. 2. Deviation from ordinary rules;irregularity : નિયમભંગ; નિયમ વિરૂદ્ધતા,આડાઇ;વાંકું ચાલવું-ચાલવું તે,અસદાચાર; અસદાચરણ.

Obliterate,(ઑબ્લિટરેટ્) *vt.* [L. *ob & litera*,a letter.] To erase: to blot out:ભુંશી-છેકીને કાઢી નાંખવું; ચહેરી નાંખવું;કરાડી નાંખવું;ઘસીને કાઢી નાંખવું. 2.To wear out:ઘસી નાંખવું; -થી ઘસાઈ જવું રહેવું *a.*Scarcely distinct. ભાગ્યે દેખાય એવું.

Obliteration, (ઑબ્લિટરેશન્) *n.* Effacement;erasement : છેકી-ચેહેરી-ભુંસીકાઢી નાંખવું તે;છેકાઇ-ચેહેરાઇ જવું તે;લોપ;હુચ્છેદ;ઉન્મૂલન;વિનાશ.

Oblivion(ઑબ્લિવિઅન્)*n* Forgetfulness: ભુલાવો; વિસારો; વિસ્મૃતિ; વિસ્મરણ.**2.** Official ignoring of offences;amnesty;general pardon:ગુન્હા માત્રની માફી

Oblivious,(ઑબ્લિવિઅસ્)*a.* Promoting oblivion; causing forgetfulness : ભુલાવો-વિસારે કરાવે એવું; વિસ્મૃતિકારક-જનક; વિસ્મારક. 2. Forgetful: ભૂલકણું,વિસ્મરણશીલ.

Oblong,(ઑબ્લૅન્ગ્)*a.*[L *ob& longus*,long.] Having greater length than breadth:લંબચોરસ;લાંબુ *n* A rectangular figure longer than it is broad: લંબચોરસ આકૃતિ;દીર્ઘચોરસ.

Obloquy,(ઑબ્લૉક્વી)*n.*[L. *ob & loquor* I speak.] Defamatory language;blame: અપવાદ; નિંદા;બદબોઇ; ભુંડું બોલવું તે. 2 Cause of reproach;disgrace : ઠપકાનું કારણ; ગેરઆબરૂ:નામોશી.

Obnoxious,(ઑબ્નૉક્શસ્) *a.* [L. *ob & noxius*,hurtful.] ઘેાગ્ય;પાત્ર; વશ;આધીન 2 blamewothy : ઠપકા લાયક;દોષ લગાડવા જેવું;દોષપાત્ર;શિક્ષાયેાગ્ય; દંડપાત્ર; દુષણ લગાડવા જેવું. 3. Offensive;odious;hateful: અળખામણું;અપ્રિય; ધિક્કારવા લાયક; ભુંડું; અનિષ્ટ;નિંદ્ય;અણગમતું.

Obscene,(ઑબ્સીન્)*a.*[L.*obscenus*,filthy.]Offensive to chastity or modesty: impure:બીભત્સ; ભુંડું;ભુંડાળું;નિર્લજ્જ;ફટાણું;બેફાટ **2.**Foul; filthy: ગંદુ;મેલું;મલીન.3 Inauspicious;ill-omened: અશુભ; અમંગળ; નિષિદ્ધ;અભદ્ર;અમાંગલિક.

Obsceneness obscenity,(ઑબ્સીન્નેસ્ ઑબ્સેનિટિ) *n.* Impure language or acts;moral impurity;lewdness: ફટાણું; નિર્લજ્જપણું; બેફાટપણું;ભુંડાળા બોલ; દુર્ભાષણ; બદફેલી;બિભત્સપણું.

Obscure,(ઑબ્સ્કયૂર્)*a.*[L *obscurus*,dark.] Destitute of light; dusky;dim: અંધારાવાળું; નિસ્તેજ; અસ્પષ્ટ;મલિન;ઝાંખું. 2 Hidden;retired.ખૂણે પડેલું-છુપું;ઓતાડું.3.Not noticeable;humble;mean: અપ્રસિદ્ધ;અવિખ્યાત;હલકું.4.Not clear or legible;not easily understood અસ્પષ્ટ; અવ્યક્ત; સહેલાઇથી સમજાય નહિ એવું;દુર્બોધ; દુર્ગમ્ય;ગૂઢાર્થી;ગૂઢ;ગહન;કિલષ્ટ;વિષમ;અવ્યક્ત 5. Imperfect:ઉપર ઉપરનું-ઉપરચોટિયું; અપૂર્ણ; જેવું તેવું.*vt.*To make less visible, intelligible, legible, glorious, beautiful,or illustrious:સંતાડવું; છુપાવવું;સમજાય-વંચાય નહિ એવું કરવું; પ્રકાશ તેજ કમી કરવું; અપ્રસિદ્ધ-ઝાંખું કરવું; અસ્પષ્ટ કરવું. 2. To conceal: છુપાવવું; સંતાડવું. *vi.* To conceal one's self;to hide : સંતાવું;છુપાવું.

Obscurity,(ઑબ્સ્કયૂરિટિ)*a.* Darkness;privacy;inconspicuousness ;unintelligibleness;uncertainty ;gloom;dimness: નિસ્તેજપણું; અંધકાર; દુર્ગમ્યપણું; એકાંતપણું; ઓતાડાપણું;અચોકસાઈ;ગૂઢતા;નહનતા; દુર્બોધપણું;અસ્પષ્ટતા;અપ્રસિદ્ધિ; અવિખ્યાતિ. ન્યૂનપ્રતિષ્ઠા;ખરીબાબ;અતિનમ્રતા.

Obsecration, (ઑબ્સી ક્રેશન્) *n.* Supplicatio n: વિનતિ આજીજી;પ્રાર્થના;કાલાવાલા.

Obsequies,(ઑબ્સીક્વીઝ્)*n.pl.* of **Obsequy**, [L. *obsequiæ*, *pl.* funeral rites.]The last duty or service to a person, rendered after his death: ઉત્તરક્રિયા;ઔર્ધ્વદૈહિક ક્રિયા; અંત્યેષ્ટિ; કર્મીતર; મૃત્યુ-પ્રેતસંસ્કાર.

Obsequious,(ઑબ્સીક્વિઅસ) *a.* [L *ob & sequor*, I follow.] Compliant;devoted: હાજીહા કરનાર. 2. Cringing: fawning : ખુશામતિયું; વશવર્તી;અતિમરજી ઉઠાવનાર. 3. Of, or pertaining to obsequies:મૃત્યુ સંસ્કાર સંબંધી-નું-વિષે;ઔર્ધ્વદૈહિક.

Obsequiously, (ઑબ્સીક્વિઅસ્લિ) *adv.*In an obsequious manner હાજીહા કરીને; ખુશામતથી. 2. In a manner appropriate to obsequies:મૃત્યુ સંસ્કારમાં જોઇએ તેવું.

Observance,(ઑબ્ઝર્વન્સ્)*n.*The act of observing; a heeding or keeping with care; performance:પાળવું તે; નિરીક્ષણ; અવલોકન; ધારણ;દૃષ્ટિ; નજર; પાલન; સેવન; આચરણ; વિધાન;અનુષ્ઠાન;ઉપચાર; બહારનેા ઉપચાર.2 (*a*)A form; a practice; a rite;a custom: આચાર;વ્યવહાર;રીતિ;ઉપચાર.(*b*)Religious rites:વ્રત; નિયમ;વિધિ; અનુષ્ઠાન: વ્રત-ક્રિયા પાળવી તે. 3. Servile attention, sycophancy: ખુશામત.

Observant,(ઑબ્ઝર્વન્ટ્)*a.* Watchful: લક્ષ દઇને-બારીકાઇથી નીહાળીને જોનાર; અવલોકન કરનાર; નજર બાજ; નિરીક્ષક; પ્રેક્ષક. 2 Submissively attentive; grateful; obedient: આજ્ઞાધીન;કહ્યું કરનાર; વશ્ય; વશ; આધીન; કહ્યાગરૂં;આજ્ઞાપાલક.*n.*One who observes forms and rules:વિધિનિયમને પાળનાર-પ્રમાણે ચાલનાર 2. A sycophantic servant: ખુશામતિયેા ચાકર.

Observation(ઑબ્ઝર્વેશન્)*n.*The act or the faculty of observing or taking notice:અવલોકન;નિરીક્ષા; અવલોકનશક્તિ;નિરૂપણ; અવેક્ષા;આલોચન;તપાસણી.2.Conclusion: judgment:વિચાર;અનુમાન;લક્ષ; ધ્યાન; ધારણ.3.A remark : ટીકા; ટીપ; ટીકાનું ભાષણ;વચન;ઉક્તિ;વાક્ય;કથા ઉપર બોલવું-લખવું તે. 4. Adherence in practice; observance: પાલન;સેવન;ધારણ;આચરણ.

Observatory, (ઑબ્ઝર્વેટરિ)*n.*A place or building for making observations on the heavenly bodies:સૃષ્ટિજન્યવસ્તુ ઓનું અવલોકન કરવાનું મકાન.**2.**A building fitted

with instruments for making systematic observation of any particular class or series of natural phenomena:તારાગણવેધ-ગૃહ;વેધશાળા.

Observe,(ઑબ્ઝર્વ્) *vt.*[L.*ob&servo*,I keep.]To heed;to obey; to comply with: પાળવું; માનવું;આચરવું; અનુસરવું; પાલન ક૦. 2. To see; to perceive:નિહાળીને જોવું; અવલોકન ક૦; ચિત્તદઈને તપાસવું; વર્તવું; તપાસવું.3.To utter as a remark:બોલવું;કહેવું; ટીકા ક૦. *vi.* To take notice;to attend:જોવું;લક્ષ-ધ્યાન આપવું. To comment : ટીકા ક૦; કહેવું-બોલવું.

Observer,(ઑબ્ઝર્વર્)*n.* One engaged in,or trained to habits of,close and exact observation: one who observes or pays attention to anything : સૃષ્ટિજન્ય વસ્તુઓનું અવલોકન કરવામા કુશળ માણસ ;અવલોકન-બારીક તપાસ કરનાર;પ્રેક્ષક.2. One who conforms to any thing in practice:પાળનાર;માનનાર

Obsess, (ઑબ્સેસ્)*vt.*[L.*ob&sedeo*, I sit.]To besiege;to beset:ઘેરવું; ઘેરી લેવું; આતરવું.

Obsolescent,(ઑબ્સોલેસેન્ટ્)*a.*[L. *ob&soleo*,I use.] Going out of use; becoming obsolete; passing into desuetude : અપ્રચલિત; દહાડેદહાડે વાપરવ્યવહારમાંથી નીકળી ગએલું;રૂઢિભ્રષ્ટ; અપ્રચલિત.

Obsolete, (ઑબ્સોલીટ્)*a.*No longer in use; gone into disuse; neglected:રૂઢીભ્રષ્ટ;ઉપયોગમાંથી નીકળી ગયેલું;રદ; ગેરચાલું. 2. Obscure; rudimental; abortive : નિસ્તેજ; અંધારાવાળું; મૂળતત્વ સંબંધી;મૂળનું; ફોગટ;નિરર્થક *vi.*રૂઢીભ્રષ્ટ થવું; ઉપયોગમાંથી નીકળી જવું.

Obsoleteness:(ઑબ્સોલીટ્નેસ્)*n.* A state of desuetude : ઉપયોગ-રૂઢી વાપરમાંથી નીકળી ગયેલું તે;લોપ; અપ્રચાર; અસ્થિતિ.2. Indistinctness; want of development : અપ્રકાશ; અપ્રાદુર્ભાવ.

Obstacle,(ઑબ્સ્ટકૂલ)*n.*[L. *ob & sto*,I stand.]A hindrance;an obstruction:અડચણ;હરકત;નડતર;આડ; ખલેલ;બાધ;વિઘ્ન; પ્રતિબંધ; અંતરાય.

Obstetric-al, (ઑબ્સ્ટેટ્રિક્-ઑબ્સ્ટેટ્રિકૅલ્)*a.*[L. *ob,*& *sto,*I stand.] Of or pertaining to the delivery of women in childbed : ઠાઈ-સોયણીના ધંધા સંબંધી; પ્રસવ વિદ્યાનું;ગર્ભ મોચન સંબંધી; પ્રસવકર્મનું.

Obstetrics, (ઑબ્સ્ટેટ્રિક્સ)*n.*The science of midwifery:ગર્ભમોચન વિદ્યા-શાસ્ત્ર; પ્રસવકર્મ; સુયાણી-ઠુયાણીનું કામ.

Obstinacy,(ઑબ્સ્ટિનસિ) *n.* Unyielding disposition;stubbornness;persistency; contumacy: આડાઇ;જીદ;હઠ; જક; આગ્રહ; કદાગ્રહ; મમત;હઠીલાઇ.2.The state of being difficult to remedy, or subdue: દુઃસાધ્યપણું;દુર્નિવાર્યપણું ; અકણપણું.

Obstinate,(ઑબ્સ્ટિનેટ્)*a.*[L.*ob & sto*,I stand.]Persistent;stubborn;pertinacious: દુરાગ્રહી; મમતી; હઠીલું;જીદી; આડું ; જક્કી; અડિઅલ. 2. Not yielding; not easily subdued or removed:દુઃસાધ્ય;દુર્નિવાર્ય;પર કર્યું હોય તેવું

Obstinately,(ઑબ્સ્ટિનેટ્લિ) *adv.* Stubbornly : હઠીલાઈથી;મમતીપણે.

Obstreperous,(ઑબ્સ્ટ્રેપેરસ)*a.*[L. *ob & strepero*,I make a noise.] Clamorous; noisy; vociferous: શોરબકોર-ચોકાર ઘોંઘાટ કરી મુકનાર ધાંધલિયું;ખખાળિયું;કલબલીયું.

Obstruct,(ઑબ્સ્ટ્રક્ટ્)*vt.*[L *ob & struo*, I pile up.] To block up; to stop or close, as a way or passage: બંધ કરવું; રોકવું; રૂંધવું;અવરોધ-વિરોધ ક૦; વારવું; વિઘ્ન નાંખવું; વચ્ચે અડચણ નાંખની.2. To hinder from passing:ની આડેઆવવું; હરકત-હરખલ-અડચણ કરવી;અટકાવવું.

Obstruction(ઑબ્સ્ટ્રક્શન્)*n* The act of obstructing or state of being obstructed : અટકાવ;રોધન; વારણ; પ્રતિબંધન. 2. An obstacle; an impediment; a hindrance: હરકત;અડચણ; વિઘ્ન; અંતરાય; નડ,નડતર;અવરોધ;પ્રતિબંધ;નડાવ.

Obstructive,(ઑબ્સ્ટ્રક્ટિવ્)*a.*Presenting obstacles; hindering; causing impediment : અડચણકારક-કરે તેવું;પ્રતિબંધક; બાધક; રોધક.

Obtain,(ઑબ્ટેન્)*vt.*[*L.ob& teneo*, I hold.]To hold;to keep;to possess:પકડવું; રાખવું;-ની પાસે હોવું. 2. To procure;to acquire.મેળવવું;-ને મળવું;સંપાદન કરવું;પ્રાપ્ત કરવું *oi.* To subsist;to prevail: ચાલવું; હોવું; પ્રવર્તવું;પ્રવૃત્તિહોવી-થવી; રૂઢ-મોજૂદ હોવું. અમલમાં હોવું. 2.To succeed.ફાવવું ફતવું;ફતેહ મેળવવી.

Obtainable,(ઑબ્ટેનબ્લ)*a.*Capable of being obtained:મળવા જોગ; મળે તેવું;લભ્ય:પ્રાપ્ય. *Easily o* :સુલભ. *Hardly o* :દુષ્પ્રાપ્ય; દુર્લભ.

Obtend,(ઑબ્ટેન્ડ્)*vt.* To oppose: નાસામા થવું હોવું આવવું. 2. To pretend:ખોટો ડોળ-બહાનું બતાવવું.

Obtest,(ઑબ્ટેસ્ટ)*vt* [L *ob & testus*. a witness.]To call to witness; સાક્ષી-પુરવાને સાક્ષી તરીકે બોલાવવું. આજીજી-કાલાવાલા વિનંતિ ક૦.

Obtrude,(ઑબ્ટ્રૂડ્)*vt.* [L *ob & trudo*,I thrust]To thrust impertinently;to present without warrant or solicitation:વગર બોલાવે કે માગે લાવીને મુકવું; ઘુસવું;ઘુસીને આવવું 2.To urge unduly or against the will : અતિશય આગ્રહથી આપવા માંડવું.*vi.*To intrude:ઘુસવું; ઘુસી આવવું. [obtrudes ઘોલિઅો.

Ootruder,(ઑબ્ટ્રૂડર્)*n* One who

Obtrusion,(ઑબ્ટ્રૂઝન્)*n.*The act of obtruding;a thrusting upon others by force or unsolicited: વચ્ચે લાવવું-ઘુસવું તે;અણબોલાવે આગળ પડે એવું.

Obtrusive,(ઑબ્ટ્રૂસિવ્)*a.*Forward pushing;intrusive: માથાં મારનારું; ઘુસે તેવું;ધૃષ્ટ ઘુસણિયું;અણબોલાવે આગળ પડે એવું.

Obtund,(ઑબ્ટન્ડ્)*vt.*[L *ob & tundo*,I strike.]To dull;to blunt; to deaden; to quell : નરમ પાડવું; મંદ જડ બૂઠું-બહેરું ક૦;બાકું ક૦.

Obtuse,(ઑબ્ટ્યૂસ્)*a* [L.*ob&tundo*, I strike.] Not pointed: પહોળું; વિષમ.**O** *angle*: પહોળો ખૂણો;વિષમકોણ.2.Dull;stupid:મંદ;જડ; સ્થૂળ; મૂઢ;જડબુદ્ધિનું.3. Deadened:ઢળવો; ધીમો;બહેરો;બોખરો.

Obumbrate,(ઑબમ્બ્રેટ્)*vt* [L *ob & umbra*,shade.] To shade; to darken;to cloud: છાયો-છાંયડો કરવો;અંધારું કરવું.

Obverse,(ઑબ્વર્સ્) *a.* [L. *ob & verto*, I turn.]Having the base or end narrower than the top: ઉપસેલું; બહાર પડતું દેખાતું; શિક્કાવાળું.*n.* The face of a coin which has the principal image or inscription upon it:શિક્કાની માથાવાળીબાજુ. 2. Anything necessarily involved in or answering to, another:અગ્રભાગ; મુખ્ય ભાગ.

Obvert,(ઑબ્વર્ટ્)*vt* [L.*ob & verto* I turn.] To turn toward : તરફ-બાજુએ-ભણી-ગમ ફેરવવું.

Obviate (ઑબ્વિએટ્)*vt.*[L. *ob & via*,way.]To meet in the way: માર્ગમાં-રસ્તામાં મળવું.2. To anticipate; to prevent by interception:ટાળવું;આગળથી દૂર રાખવું;નિવારવું;વારવું;ચૂકવવું. *To o.a difficulty*: અડચણ ટાળવી.

Obvious,(ઑબ્વિઅસ્)*a.*[L.*ob&via* way.]Opposing; fronting : સામે થતું;વિરુદ્ધ.2.Subject; open;liable પાત્ર;યોગ્ય;ઘાયકજોગ.**O.** *to dispute*: તકરાર થવા જોગ 3. Plain; evident; apparent: સાફ; ખુલ્લું; પ્રત્યક્ષ; સ્પષ્ટ; ઉઘાડું;સુગમ-દેખીતું

Oviously, (ઑબ્વિઅસ્લિ) *adv.* Plainly : ખુલ્લી-દેખીતી-ચોખ્ખી રીતે.

Occasion, (ઑક્કેઝહન્) *n.* [L. *ob & cado,*I fall.] Occurrence;incident:બનાવ;ઘટના; બીના; પ્રાસંગિક બનાવ.2. A favourable opportunity;convenience: ફાવતો પ્રસંગ; અવસર;સંધિ;તાકડો;ટાણું;સગવડ; લાગ; સમય; અવકાશ 3 Accidental or incidental cause : નિમિત્તકારણ; નિમિત્ત;પ્રયોજન; પ્રસંગ; હેતુ; બીજ;ઉપાધિ. 4 Need; exigency; necessity:જરૂર;ગરજ;પ્રયોજન; કામ; દરકાર; ઉપયોગ કારણ.5 A motive; a persuasion: હેતુ; મિષ. *vt.* To cause; to produce; to induce: નું કારણ ભૂત થવું; કરવું; ઉત્પન્ન કરવું; કરાવવું;-થી થવું;પ્રયોજન-કારણનિમિત્ત થવું.

Occasional,(ઑક્કેઝહનૅલ્) *a.* Occurring at times; incidental:કોઇ કોઇ વારનું-થતું; અનિત્ય; આગંતુક; પ્રસંગોપાત 2.Produced by accident:અચાનક બનાવથી બનતું-થતું; નૈમિત્તિક;પ્રાસંગિક;પ્રસંગપ્રાપ્ત.

Occasionally,(ઑક્કેઝહનૅલિ) *adv.* On occasion;not regularly: કેટલીકવાર;પ્રસંગેપ્રસંગે; ક્વચિત્; પ્રસંગવશાત્ ;કદાપિ;કવચિત્ ;પ્રસંગાનુસાર.

Occasive,(ઑક્કેઝિવ્)*a.*[L.*occasus,* a going down, setting of the heavenly bodies.] Of or pertaining to the setting sun: western : આથમતા સૂર્યનું-સંબંધી-વિષે; પશ્ચિમનું;પાશ્ચાત્ય.

Occident,(ઑક્સિડેન્ટ્)*n.*[L*ob & cado,*I fall.] That part of the earth towards the sunset; the west:પશ્ચિમ ભાગ;આથમણી દિશા.

Occidental,(ઑક્સિડેન્ટૅલ્)*a* Situated in the west;western:આથમણું;પશ્ચિમનું-તરફનું;આથમણી; પાશ્ચિમાત્ય;પાશ્ચાત્ય.

Occipital(ઑક્સિપિટૅલ્)*a.*Pertaining to occiput : માથાના-ખોપરીના પાછલા ભાગસંબંધીનું.

Occiput,(ઑક્સિપટ્)*n* [L. *ob & caput,*the head.] The back or posterior part of the head or skull: માથાનો પાછલો ભાગ;શિરપૃષ્ઠ.

Occult, (ઑક્કલ્ટ્)*a.*[L.*ob& celo,*I conceal.]Invisible; secret; concealed:અપ્રસિદ્ધ;છાનું; ઢંકાયેલું; ગૂઢાર્થક;ગહન.**O.** *sciences*: જાદુઇ-ગુપ્ત વિદ્યા; કપટ ચાતુરી; ઠગવાની વિદ્યાઓ-ફળજ્યોતિષ;કીમીઓ; મેલી વિદ્યાઓ. *vt.* To eclipse;to hide from sight: અપ્રસિદ્ધ-છાનું-ગુપ્ત રાખવું.

Occultation, (ઑક્કલ્ટેશન્) *n.* The hiding of a heavenly body from sight by the intervention of some other of the heavenly bodies:સમાગમ;આચ્છાદન; ગ્રાસ;યુતિ.2.The state of being occult: ગુપ્તી ભવન-કરણ.

Occupancy,(ઑક્કયૂપૅન્સિ)*n.*Possession;occupation:ભોગવટો;વહિવટ;કબજો;કબજા-ભોગવટાનો હક. *Title by* **O.**:કબજા-ભોગવટાનો હક. (as applied to arable land):ખેડ હક.

Occuppant,(ઑક્કયૂપૅન્ટ્) *n.* One who occupies or takes possession: કબજો કરનાર; કબજેદાર; ભોક્તા; ભોગી; અધિકારી. 2 A prostitute: છિનાળ;વેશ્યા;પાતર.

Occupation, (ઑક્કયૂપેશન્) *n.* Possession;use;tenure:કબજો,ભોગવટો;વહીઆવટ;વહિવટ.2. Employment;vocation; calling; trade: ધંધો; રોજગાર;ઉદ્યમ.વ્યાપાર; અભ્યાસ; ઉદ્યોગ;કામ;પેશો; વૃત્તિ; આજીવિકા.

Occupier,(ઑક્કયૂપાઇઅર્)*n.* One who occupies or has possession: કબજો કરનાર. 2. A tradesman: વેપારી;કારીગર;ધંધાધારી.

Occupy, (ઑક્કયૂપાઇ)*vt.* [L.*ob & capio,* I take.] To take or hold possession of;to possess : કબજો કરવો-લેવો;હાથ કબજ કરવું; કબજા-ભોગવટામાં રાખવું;ઉપભોગ કર.2.To take up the room or space of;to cover or fill: રોકવું; રૂંધવું;-થી રોકવું. 3. To employ;to busy;to engage the service of: કામે વળગાડવું; રોકવું. 4. To do business in;to busy one's self with:કામે વળગવું; ગુંથાયા રહેવું; કામમાં લાગેલા હોવું;-માં ગ્રસ્ત-પરાયણ થવું-રોકાવું. 5. To use;to expend: ખરચવું;વાપરવું;-નો ઉપયોગ કર.*vi.*To hold possession : નો કબજો હોવો. 2.To follow business:કામે ગુંથાયા રહેવું;કામમાં લાગેલા હોવું; વ્યાપાર-વ્યવસાય-ધંધો-રોજગાર-ઉદ્યમ કર.

Occur,(ઑક્કર્)*vt.*[L.*ob & curro,*I run.]To meet;to clash:મળવું;સાથે અથડાવું.2.To go in order to meet ;to make reply: મળવાને માટે જવું; જવાબ આપવો.3. To be found or met with; to present itself; to take place: નજરે પડવું; જડવું; હોવું; જોવામાં આવવું;થવું;મળવું;માં કોઇ કોઇ ઠેકાણે દીઠામાં આવવું-માં હોવું. 4. To suggest itself: સુઝી આવવું; સુઝવું સ્ફુરવું;ધ્યાન-મગજ-મનમાં આવવું.

Occurrence (ઑક્કરેન્સ્)*n.*A coming or happening:સુઝી આવવું તે; બની આવવું તે;ઘટના.2. Any incident or event:કોઇ બનાવ; વાત;વૃત્તાંત;બિના;સંભવ.

Ocean,(ઑશન્)*n.*[Gr.*okeanos,*the ocean,or the deity of the ocean.] The sea;the great sea:દરિયો;સમુદ્ર;સાગર; મહાર્ણવ; મહોદધિ;સિંધુ. 2.One of the large bodies of of water into which the great ocean is regarded as divided: મહાસાગર. 3. An immense expanse: દરિયો;સાગર; નિધિ; રાશિ. *a.* Of or pertaining to the main or great sea: દરિયાનું; મહાસાગરનું-સંબંધી-વિષે;સમુદ્રીય.

Oceanic, (ઑશીઍનિક) *a.* Of, or pertaining to the ocean: સમુદ્રનું-વિષે-સંબંધી;સમુદ્રીય. 2. Found or formed in ocean or high seas: મહાસમુદ્રમાં થતું-નિપજતું-મળતું.

Ocher,Ochre, (ઑકર્)*n.*[Gr.*ochros,*pale.]An impure earthy ore of iron or ferriginous clay:એક જાત ની લોહમય-પીળી માટી;ગેરૂ

Octachord,(ઑકટેકૉર્ડ્)*n.*[Gr.*okta* eight & *chorde,* string.] An instrument of eight strings:આઠ તારનું વાજું વાદ્ય.

Octagon, (ઑકટગૉન્)*n.*[Gr.*okto* eight & *gonia,* an angle.] A plane figure of eight sides and eight angles: અષ્ટકોણ. 2. Any structure or place with eight sides or angles: અષ્ટકોણાકૃતિ. *Regular* **O.**:સમબાજુ અષ્ટકોણ.

Octagonal, (ઑકટગૉનૅલ્)*a.* Having eight sides and eight angles: અષ્ટકોણના આકારનું.

Octahedron, (ઑકટહેડ્રોન્)*n.*[Gr. *okto,* eight & *hedra,* a side.] A solid bounded by eight faces: આઠ બાજુવાળી ઘનઆકૃતિ.

Octangular,(ઑકટૅન્ગ્યૂલર્)*n.*[Gr. *okto,* eight & *angulus* angle.] Eightangled:અષ્ટકોણનુ ;અષ્ટકોણાકારનું

Octavo,(ઑકટેવો)*n. pl.***Octavos.** A book composed of sheets each of which is folded into eight leaves : એક તાનાં આઠપાનાં કરીને બાંધેલી ચોપડી; અષ્ટપત્રી; અષ્ટપત્રીકાની ચોપડી.

Octennial,(ઑકટેનિઍલ્)*a.*[L.*oc-*

*to,*eight & *annus,* year.]Happening every eighth year:આઠ આઠ વરસે-વર્ષ આવતું; અષ્ટવર્ષસ્થાયી.

October, (ઑક્ટોબર)*n.*[L. *octo,* eight.]The tenth month of the year containing thirty one days: અંગ્રેજી વર્ષનો દશમો માસ. આસો-કારતક;ઑક્ટોબર. 2. A kind of ale: એક પ્રકારનો દારૂ.

Octogenarian, (ઑક્ટોજેનેરિઅન્) *n.*[L *octogeni,*eighty.]A person eighty years, or more,of age: એંશી અથવા વધારે વર્ષનો માણસ.

O troi, (ઑક્ટ્રૉઇ)*n.*[L.*auctor,* an author.] A privile e granted by the sovereign authority,as the exclusive right to a trade; a concession:રાજાએ આપેલો હક 2. A tax levied in money or kind at the gate of a city:દરવાજે-બાગેળે લેવાતું હાંસલ-જકાત-વેરો;નાકાવેરો

Ocular,(ઑક્યૂલર્)*a* [L.*oculus,*the eye.]Dependi g on,or perceived by the eye;received by actual sight: આંખે-નજરે જોયેલું ચાક્ષુષી;પ્રત્યક્ષ **O.***proof:* પ્રત્યક્ષ પુરાવો.**O.** *evidence:* દર્શનિક પુરાવો.

Oculist,(ઑક્યૂલિસ્ટ્)*n.*[L.*oculus,* the eye] One skilled in treating diseases of the eye: આંખનો વૈદ્;નેત્રવૈદ્.

Odd,(ઑડ્) *a. W*ithout a mate; unmatched;single:વિખુટું;ઇલાયદું ; જૂદું;નોખું ;એકલું;જોડ વગરનું .2. *N*ot divisible by two without a remainder:બેથી ન ભગાય તેવું; વિષમ; એકી.*Game of* **O.** *&even:* એકી બેકી 3 Extra:વધારાનું; કીરકુળ;થોડા વધારે. 4.Remaining over; unconnected:કુટકળ; પરચુરણ; બાકી રહેલું. 5. Unusual; singular; peculiar; unique;strange:વિલક્ષણ;કઢંગુ ;તરેહવાર;અદ્ભુત; વિચિત્ર;ઓર;અપૂર્વ.**O.** *times:*અનિયમિત વખત; કોઈ કોઈ વાર.

Oddity,(ઑડિટિ) *n.* Singularity; queerness;peculiarity: વિલક્ષણતા;તરેહવારપણું;કઢંગાપણું; અપૂર્વતા; વિચિત્રતા;વૈલક્ષણ્ય;કૌતુક.

Oddness,(ઑડ્નેસ્)*n.* The state of being odd, or not even: એકોપણું.2.Singularity;strangeness; કઢંગાપણું ; તરેહવારપણું; વિલક્ષણતા; અપૂર્વતા; વિચિત્રતા.

Odds,(ઑડ્ઝ્)*n Sing&pl* Inequality; advantage; superiority: તફાવત; અધિક્ય; શ્રેષ્ઠતા; વિશેષતા; ન્યૂનાધિક; વિષમતા; ચઢિયાતાપણું 2. Quarrel;dispute;debate; strife: તકરાર;કજીઓ;ટંટો. 3. Probability: સંભવ.*At* **O.**:ઉલટા સુલટી;સામસામા; વિરૂદ્ધ; લઢાઇ કરીને; સામાસામી થએલા; કજીઆમાં.*It is odds,* it is probable: તે સંભવિત છે *Odds and ends,* remnants;refuse: કડકા;ચર-પચર; પરચૂરણ;કીરકુલ;આચરકુચર.

Ode,(ઑડ્)*n.*[L*ode,* Gr *ode* fr. *aeide* to sing.] A lyric poem: ગાયન; ગીતકાવ્ય; કવિત; ગજલ; ટપ્પો; ટૂંકું ઉચ્ચસ્વરનું કાવ્ય.

Odious,(ઑડિઅસ્)*a.* [L. *odium,* hatred.] Hateful; deserving or receiving hatred:તિરસ્કાર-ધિક્કાર ફીટકાર કરવા જોગ; દ્વેષ પાત્ર; દ્વેષપોષ્ય;નિંદ્ય 2.Offensive:દ્વેષોત્પાદક;દ્વેષ જનક;દ્વેષાવહ;અળખામણું;ભુંડું ; નઠારું.

Odium,(ઑડિઅમ્)*n.* [L. *odio,* I hate.] Hatred;dislike: તિરસ્કાર; ફીટકાર;દ્વેષ;અપ્રીતિ 2 Offensiveness નિંદા;અપવાદ;અપ્રીતિ.

Odorating,(ઑડોરેટિન્ગ્)*a.*Diffusing odor or scent;fragrant:સુગંધ ફેલાવતું;સુગંધવાળું;સુગંધમય;સુવાસિક.

Odoriferous,(ઑડોરિફેરસ્)*a.*[L. *odor* odor & *ferro,*I bear.]Perfumed;fragrant : સુગંધવાળું ;સુવાસિત;ખુશબોદાર;મહેકવાળું; સોડમવાળું ; સુગંધવાહક.

Odorous,(ઑડોરસ)*a.* Fragrant: સુવાસિત;ખુશબોદાર;સુગંધદાર; સુગંધી.

Odour,Odor,(ઑડોર્)*n.*[L.*odor,* a smell] Any smell, whether fragrant or offensive;scent;perfume: વાસ;ગંધ;સોડ; સોડમ; સુગંધ; ખુશબો.*To be in bad odor:*-ની કફા હોવી.

Œcumenical, (એકયૂમેનિકૅલ્) *a.* Ecumenical; general: સામાન્ય; સાર્વજનિક;સર્વ સાધારણ; સર્વજન.

Of,(ઑવ્)*prep.*[L *ab*] *In a general sense,* from; out from; proceeding from;belonging to;relating to; concerning:-નો-ના-નીનું; માંનું;માંથી.2. About; concerning;relating:વિષે;સંબંધી; બાબત; નું નો-ની.3.Denoting the agent; by:એ;એ કરીને;વડે;થી 4.During; in the course of:-માં; દરમ્યાન; નો. 5. Indicating origin or source: નું;નો;-ના; થી; માંથી; પાસેથી;-થી ઉત્પન્ન થએલું. 6. Concerning: વિશે; સંબંધી;બાબત;નું-ની-નો.7.Denoting distance from:થી. 8. Denoting cause.થી-ને લીધે.**Of** *consequence,* of importance, value or influence : ગૌરવવાન; મહત્તાનું; અગત્યનું; વજનદાર.**Of** *late,*recently:હમણાંજ; હાલ.**Of** *old,*formerly: પહેલાં; અસલના વખતમાં. **Of** *one's self,*without help: પોતાની મેળે; માંઈની મદદ શિવાય;આપોઆપ; સ્વેચ્છાથી.

Off, (ઑફ્)*adv.*Denoting distance or separation: આઘે; વેગળે;દૂર. 2 Not on or towards, away: આડું.**O.** *or on:*આમકે આમ; લાભમાં કે વિરૂદ્ધ.*From* **O.,O.** *from:*આઘે;દૂર.**O.** *and on,*now and then; occasionally: વારંવાર; વખતોવખત; વારેવડીએ **O** *hand:* વગર તૈયારીનું; અગાળથી તૈયારી કે અભ્યાસ સિવાય; શીઘ્ર; તાત્કાલીકનું. *To come* **o** (*a*) બચી જવું; ઉગરી-નાશી-છટકી જવું. (*b*) છેવટ સફળ-નિષ્ફળ થવું;નું ઉઘડવું. (*c*) થવું;બનવું.*To go* **o.**(*a*) જવું; જતું રહેવું. (*b*) કુટીને-છોડીને જતા રહેવું. (*c*) છુટું;કુટવું *To be* **o** , to depart; to escape: જતા રહેવું; નાશી જવું. *To get* **o** (*a*)to utter;to discharge: બોલવું;ઉચ્ચારવું;કરવું.(*b*)To escape: જતા રહેવું;નાશી જવું; પલાયન કરવું. *To take* **o.**, to mimic or personate: નો વેશ ધરવો;.ના ચાળા પાડવા. (*b*) લઈ ઉપાડી લેવું.(*c*) ઉતારવું. *To be* **o.** *one's legs:* ઉભા ન રહેવું;બેસવું; સુવું. *To be well* **o.**,to be in good condition:સારી સ્થિતિમાં હોવું;સુખી હોવું;ખાતાપિતા હોવું. *To be ill* **o.**, to be in poor condition: ગરીબ-કંગાલ સ્થિતિમાં હોવું. *Interj.* Away; begone: જા !ચાલ ! ટળ ! મરા ! દીસતો રહે *I'rep* Not on;away from: ખસેલું; ઉપર નહિ રહેલું; બહાર. *To be* **o.** *one's food,*to have no appetite: ભૂખ-ખાવાની તૃષ્ણા નહિ હોવી; ખાવાની રૂચિ નહિ હોવી. *a.* On the farther side;most distant: પેલી બાજુ તરફનું;પેલું. **O.** *side,*: હાંકી વખતે જમણી બાજુ.

Offal, (ઑફ્લ્) *n* The rejected or waste parts of a butchered animal: કાપી નાખેલા પ્રાણીના શરીરમાંના કામમા ન આવે એવા નઠારા ભાગ 2 A dead body;carrion: કોહેલું માસ.3.Refuse;rubbish: કચરો;અડવાડ;પુંજો;ઉચ્છિષ્ટ.

Offence, (ઑફ્ફેન્સ્) *n.* [L. *ob & fendo,* I dash.] A crime or a sin;an affront or an injury:અપરાધ;ગુન્હો; અન્યાય;દોષ; પાપ; તકસીર; વાંક;નુકસાન.2.Anger;displeasure: નાખુશી; ઇતરાજ; કફામરજી; ગેરમરજી; ચીઢ; અવકૃપા.3.A cause or occasion of stumbling or of sin:ભૂલ; ઠોકર; ભૂલથાપ;સ્ખલન. *To take* **o.,** ગુસ્સે થવું; ખોટું લગાડવું; ને માઠું-ખોટું

લાગવું. *To give* o.: નાખુશ કરવું ઓઠું-માઠું લગાડવું; નું મન દુઃખવવું. *Weapons of* o.: ચઢાઇ-હલ્લો કરવાનાં કે મારવાનાં શસ્ત્ર.

Offend, (ઑફૅન્ડ્) *vt.* To strike against;to attack;to assail:હલ્લો-હુમલો ચઢાઇ કરવી.2 To displease: to make angry;to affront:નાખુશ કરવું; ગુસ્સે કરવું; માઠું લગાડવું. 3. To harm;to pain;to annoy : દુઃખ કે ઠાળો-ત્રાસ ઉપજવવો; દુઃખવવું; દુભવવું. 4.To violate;to sin against:તોડવું;-ના પ્રમાણે ન ચાલવું વર્તવું. 5. To cause to sin or to fall: પાપ કરાવવું. *vi.* To commit a crime; to stumble;to sin: અપરાધ-વાંક-ગુન્હો તકસીર કરવું.2. To displease: ઓઠું-માઠું લગાડવું;ને ન ગમવું; નાપસંદ કરવું. 3.To be caused to stumble:ઠોકર ખાવી-વાગવી;આડું જવું; ભુલ ખાવી.*To* o. *against:*ના તકસીર વાંકમાં આવવું; (as rules):તોડવું;નો ભંગ કરવું.

Offender, (ઑફૅન્ડર્) *n.*One who offends;a wrong doer : અપરાધી; ગુનેગાર,તકસિરવાન માણસ.

Offensive, (ઑફૅન્સિવ્) *a.* Giving offence;displeasing; annoying: ગુસ્સો ઉપજવે-આણે તેવું;માઠું-ઓઠું લાગે તેવું; કોપજનક; વિરુદ્ધ. 2 Disagreeable;revolting;noxious : બદકૂર; ઓઠું;દુઃખ કરનાર;ન ગમે તેવું; અપ્રિય; અનિષ્ટાવહ; અહિતકારક; અપકારક. 3. Making the first attack;assailant;aggressive: પહેલો હુમલો-ચઢાઇ કરનાર; લઢાઈનું મૂળ; લડાઇ જગાવનાર. Hence,used in attacking:હુમલો કરવાનું. O.*smell:* દુર્ગન્ધ. O.*taste* :બદ-રવાદ O. *league* : હુમલો કરવા તથા પરસ્પર સહાય કરવા માટે બાંધેલી ગાઠ. *n.*Aggressive attitude; the act of the attacking party:હુમલો કરવાની સ્થિતિ;લડાઇમા પહલું પગલુ. *To act on the* o , to be the attacking party : લડાઇ જગાવવી; લડાઇનું મૂળ રોપવું.

Offer, (ઑફર્) *vt* [L.*ob*& *fero,* bear] To immolate; to sacrifice; to present in prayer or devotion: અર્પણ કરવું;નિવેદન કરવું; હોમવું; બલિદાન આપવું,અર્પવું;સમર્પવું; યજ્ઞ કરવું. 2. To present for acceptance or rejection: અંગીકાર કરવાને અથવા નાપસંદ કરવાને રહો આગળ ધરવું;આપવા માંડવું; રજુ-હાજર કરવું 3 To proffer; to suggest:બતલાવવું; કરવાનું બતલાવવું-કહેવું;સૂચવવું;દરખાસ્ત કરવું 4. To attempt;to undertake : યત્ન કરવું; માથે લેવું;મનપર ધરવું.5. To bid, as a pricer,reward or wages:આપવા માંડવું; આપવાનું કહેવું 6 To put in opposition to; to threaten: ના સામે મુકવું;બીવડાવવું;ટક્કર લેવી; સામા થવું; બતલાવવું.*vi.* To present itself;to be at hand:આવવું; જણાવું. 2.To make an attempt:યત્ન કરવું; પ્રયત્ન પ્રયાસ કરવું; અજમાયશ કરવું. 3. To declare a willingness: ખુશી બતલાવવી; કહેવું.*n.*A proffer;a first advance : કહેણ; માગણી; માગ : માગ; અર્પણ;નિવેદન;બલિ 2. That which is offered;a bid:આપવાની-કરવાની કહેલી વાત-વસ્તુ;માગણી;માગુ .3 Attempt;endeavour:યત્ન;અજમાયશ; પ્રયાસ;ઉદ્યમ;પ્રયત્ન;કોશીસ.

Offering, (ઑફરિન્ગ્)*n.* A proffering.અર્પણ;નિવેદન;નૈવેદ; કહેણ; માગણી.2.A sacrifice; an oblation: અર્પણ;આહુતિ; બલિદાન; બલિ; નૈવેદ્ય; હવિ;હવિર્ધાન;અર્ઘ્ય;ચઢાવેલો ભોગ. 3. A sum of money offered,as in church service:નજર; ભેટ; ધર્માદા કરેલી રકમ.

Office, (ઑફિસ્)*n* [L.*ob*& *facio,* I do.] Customary duty, or a duty that arises from the relations of man to man:બીજાનું કરવાનું કામ; કૃત્ય; ફરજ; કર્તવ્ય; સેવા; કર્મ; વ્યાપાર; વૃત્તિ; પ્રવૃત્તિ;ક્રિયા;કાર્ય;કર્મ.2. A position of trust or authority:અધિકાર,હોદ્દો;પદ્વી; સત્તા; હકુમત; અધિકારપદ.3. function: કામ;કર્તવ્ય; ફરજ; ધર્મ 4. A place of public business:કચેરી; આરીસ;દિવાનખાનું; દફતર ખાનું; કામ કરવાને બેસવાની જગ્યા. 5. Any prescribed religious service:ક્રિયા;વિધિ;અમુક વિધાન; વિધિસંગ્રહ 6.(*pl.*)Apartment for domestics : ચાકર માણસને કામ કરવાના ઓરડા;રસોડાં, ડહેલા વગેરે. *Good* o : ઉપકાર;અનુગ્રહ;સુકૃત; હીત. *Ill* o..અપકાર;અપક્રિયા; અનિષ્ટ. *Permanent* o.:કાયમ જગા. *Hereditary public* o.:વતન.

Office-bearer, (ઑફિસ્બૅઅર્) *n.*An officer: અધિકારી; કામદાર; અમલદાર; સત્તાધારી.

Officer (ઑફિસર્) *n.*One who holds an office: કામદાર; અધિકારી; હોદ્દેદાર; અમલદાર. *Hereditary* o : વતનદાર. 2.A commissioned officer:સનદી અમલદાર;અધિકારી; લશ્કરી અમલદાર. *vt.* To appoint officers over:ઉપર અધિકારીઓ-અમલદાર ઠરાવવા-નિમવા.

Official (ઑફિશૅલ્)*a.* Of or pertaining to an office :અધિકાર-ને લગતું-સંબંધી; અધિકાર વિષયક.2.Made by virtue of authority: અધિકારસત્તા રૂપે કરેલું; સરકારી. 3. Appointed to be used in medicine: દવામાં વાપરવાને માટે ઠરાવેલું. 4 Discharging an office or function: કામ કરતું; ફરજ બજાવતું-અદા કરતું. *n.* subordinate executive office or attendant : દાબાનો નોકર કામદાર-અધિકારી;અમલદાર.

Officially, (ઑફિશૅલિ)*adv.*By the proper office; by virtue of the proper authority : કામદાર-અધિકારીની તરફથી;હોદ્દા-અધિકારની રૂપે.

Officiate, (ઑફિશિએટ્)*vt.*To transact the business of an office: બીજાને બદલે કામ બજાવવું કરવું ચલાવવું; બદલીનું કામ કરવું. *vi.* To discharge or perform as an official duty: કામ કરવું બજાવવું-ચલાવવું.

Officious, (ઑફિશસ્)*a.*Pertaining to duty: કામ-ફરજ સંબંધી-નું. 2.Disposed to serve; kind; obliging.માયાળુ; ઉપકારી; ઉપકાર કર્તા; મહેરબાન.3 Meddlesome : પારકાના કામમાં માથું ઘાલનાર; ઘુસણિયું; હોઠડાહું;પારકાના કામમા અમથો પડનાર

Officiousness, (ઑફિશરનેસ) *n.* Improper forwardness; meddlesomeness : જેમાં તેમાં વગર બોલાવે માથાં મારવાની ટેવ; હોઠડહાપણ.

Officinal, (ઑફિસિનૅલ્)*a.*Belonging to or used in a shop: દુકાનના કામનું;ઓસડ બનાવવામાં કામે લાગવું-ઉપયોગી. 2. Denoting an approved medicine kept prepared by apothecaries:ઓસડ બનાવવામાં કામે લાગવું ઉપયોગી. *n.* Approved medicine sold by apothecaries: ગાંધીની દુકાને મળતી દવા-કરીઆણું-ઓસડ-વસાણું.

Offing (ઑફિન્ગ્)*n.*That part of the sea a a good distance form the shore,or where there is deep water ar d no need of a pilot: કિનારાથી આઘેનો ભરદરિયો.

Offscouring, (ઑફ્સ્કાઉરિન્ગ્) *n.* Refuse;rejected matter: ઐઠવાડ;નકામી ચીજ;કચરો;ઉતાર;ઉકરડો.

Offset, (ઑફસેટ્)*n.*A short prostrate shoot which takes root and produces a tuft of leaves, etc.: ઝવેરા; ફણગો;ફાટો; અંકુર. 2. A set off:સામું વેહેંચું-દાવો;સાટે આપેલી ચીજ;દાપુ;મજરે આપેલું;મજરે આપવાનું. 3.A spur from a range of hills: ડુંગરાઓની ઓળની એક શાખા-ફાટો. *vt.* To set off;to place over against;to balance:વળતર દાખલ મુકવું.

2.To form an offset in,as in a wall,rod,etc.:ખાંપો કરવો; શાખા-ફાંડો રાખવો.

Off-shoot,(ઑફ્‌શૂટ્) *n.*That which shoots off or separated from a main stem, channel, family, race etc:આડી ફૂટેલી શાખા;ફાંટો; ફણગો:અંકુર.

Off-spring,(ઑફ્‌સ્પ્રિન્ગ્) *n.* Generation;production:પેદા-ઉત્પન્ન કરવું તે.2.A child or children: સંતાન; સંતતિ;પ્રજા;છોકરું; બચ્ચું;વંશ;ઓલાદ.3.Origin; family: કુળ; કુટુંબ; વંશ;ઓલાદ.

Oft,Often,(ઑફ્‌ટ્-ઑફ્‌ન્) *adv.*Frequently;many times:ઘણી-બહુવાર; વાર વાર;વારેઘડીએ;અનેકવાર;ફરીફરીને. *a* Frequent:વાર વાર-બહુવારનું;ફરીનું.

Oftentimes, (ઑફ્‌ટાઇમઝ્) *adv.* Frequently; many times;often: વાર વાર;ફરીફરીને; વારેઘડીએ; બહુવાર; વારેવારે;ઘડીએ ઘડીએ;ઘણીવાર.

Ogle,(ઑગ્લ્) *vt* [L.*oculus*,the eye] To view or look at with side glances:આંખ મારવી;આડું-આડું જોવું; કટાક્ષે જોવું. *n* An amorous side glance or look : આડી નજર; ત્રાસુ જોવું તે;નેત્રકટાક્ષ;કટાક્ષદર્શન.

Oh,(ઓ) *Intej.* An exclamation expressing various emotions, according to the tone or manner:રે ! હેા !અરેઅરે! અરે !હાય ! હાય !

Ogre,(ઑગર્) *n.* An imaginary monster or hideous giant of fairy tales:મનુષ્ય ભક્ષી રાક્ષસ-દૈત્ય.

Oil,(ઑઇલ્) *n.*[L.*oleum*.]Any one of a great variety of unctuous combustible substances, not miscible with water:તેલ;ભીનું તેલ. *To burn the midnight* **O.**, મેાડી રાત સુધી દીવો બાળી અભ્યાસ કરવો -કામ કરવું.*To pour* **O.** *on burning fire*:બળતામા ઘી હેામવું.**O.***mill*, ઘાણી.*Castor* **O.**: એરંડિયું. **O.** *cake*: ખોળ.*Seasamum* **O.**: તેલ;ભીનું તેલ. *Linseed* **O.**: અળસીનું તેલ. *Essential* **O** : ઉડી જાય એવું તેલ. *vt.* To smear or rub over with oil:ઉપર તેલ ચોપડવું-ઘસવું-મર્દન કરવું-લગાડવું-વહાવું-ચોળવું. 2. To lubricate with oil:-મા તેલ પુરવું;ઉંજવું.

Oil-cloth,(ઑઇલ્-ક્લૉથ્) *n* Cloth treated with oil or paint,and used for making garments, covering floors,etc: રોગાન અથવા તેલ ચોપડેલું લૂગડું;મીણીઉ;તેલકાપડ;મીણકાપડ

Oilman, ઑઇલ્‌મૅન્) *n.pl.* **Oilmen.** One who deals in oils: વાણી;તેલી;તેલ વેચનાર:તેલપરનાર:ઉંજનાર.

Oil-painting,(ઑઇલ્ પેન્ટિન્ગ્) *n.* The art of painting in oil colors:તેલમાં રંગ વાટીને રંગવાની કળા.2.Any kind of painting of which the pigments are originally ground in oil :તેલમાં રંગ વાટીને તે વડે ચિત્રેલું ચિત્રકામ.

Oily,(ઑઇલિ) *a.*Consisting of oil; unctuous: તેલમય વાળું;ચીકણું;સુવાળું;લીસું.2.Resembling oil:તેલના જેવેા.3.Supple; compliant; insinuating:વિવેકી;સભ્ય;સારૂં લગાડે તેવું; ખુશામતિયું 4.Fat:જાડું ;પુષ્ટ.

Oint,(ઑઇન્ટ્) *vt.*[L.*ungo*, to smear.]To anoint: તેલ લગાડવું-ઘસવું-ચોપડવું;ચોળવું મસળવું; લેપ કરવો.

Ointment,(ઑઇન્ટ્‌મેન્ટ્) *n.*An unguent:મલમ;લેપ;મર્દન દ્રવ્ય; લેપન;ઉટાવું;અંજન.

Old,(ઑલ્ડ્) *a.*[L.*alere*,to nourish.] Not young;advanced in years or life:ઘરડું;વૃદ્ધ;બૂઢું; બુજર્ગ; વયોવૃદ્ધ;અવસ્થાએ પહોંચેલું; જઈફ. 2 Formerly existing; not modern; original: પ્રાચીન;આગળનું; જુનું; પુરાણું;અસલી;પુરાતન. 4. Continued in life;advanced in the course of existence: ઉમ્મર-વર્ષનું.5.Long practised;experienced;cunning: જુનેા;રીઢેા;પક્કો; પાવરધેા. 6. Worn out; past usefulness: ઉતરેલું; ઘસાઇ ગયેલું;જીર્ણ;જુનું;જીર્ણ થયેલું. **O.** *nick*, **o.***scratch*,the devil: ભૂત; પ્રેત;પિશાચ.**O.***school*,: જૂનેા મત;જૂનેા અસલી વિચાર. *Of* **o.**,ઘણા દીવસનું; આગળના વખતથી; અગાઉ.

Olden,(ઑલ્ડન્) *a.* Old; ancient: જૂનું;પ્રાચીન; પુરાતન; અસલ-અગાઉનું. *vi.*To grow old:જૂનું-ઘરડું થવું.

Old-fashioned, (ઑલ્ડ્-ફૅશન્ડ્) *a.* Adhering to old customs of ideas:જૂના ચાલ-વિચારને અનુસરતું; જૂની ઢબનું;જુના વિચારનું.

Oldness, ઑલ્ડ્‌નેસ્) *n.* Old age: ઘડપણ;જઇફી;વૃદ્ધાવસ્થા;જરા.

Old-wife,(ઑલ્ડ્-વાઇફ્) *n.*A brating old woman: વાતસુરી ડોસી; વાતગરી-વાતોડી ડોશી;બકબકીઅણ ડોશી.

Oleaginous (ઑલીઅજિનસ્) *a.*[L. *oted*, ovile.]*Oily*;unctuous:સુંવાળું ;ચીકણું;તેલમય.

Oleander,(ઑલીઅૅન્ડર્) *n.* An ever green shrub with lance-shaped leathery leaves and red flowers:પ્રતિહાસ નામનેા ફુલનેા છોડ.

Olfactory,(ઑલ્ફૅક્ટોરિ) *a.*[L.*olere*, to have a smell & *facio*,I make.] Of,or pertaining to or connected with,the sense of smell:સુંઘવાનું: સુંઘવાની ઇંદ્રીવાળું નું-સંબંધી. *n.* The sense of smell:ઘ્રાણેન્દ્રિય.

Olibanum,(ઑલિબૅનમ્) *n* A kind of gum:લેાબાન

Oligarchy,(ઑલિગાર્કિ) *n pl.***Oligarchies.** [Gr. *oligos*, few & *arche*,rule.]A form or government in which the supreme power is placed in the hands of a few persons: થેાડા માણસના હાથમાં રાજ્યનેા અધિકાર આપવાની રીત;અલ્પજન સત્તા-પ્રભુત્વ.

Olio,(ઑલિઓ) *n* [L. *olla*, a pot; dish]A dish of stewed meat of different kinds:ઘીમે તાપે ઉકાળેલું જૂદી જૂદી જાતનું માંસ પીરસેલી થાળી.2.A mixture;a medley: ભેળસેળ;ખીચડેા;સેળભેળ.

Olive, (ઑલિવ્) *n.* [L. *oliva*.] A tree:જીતવૃક્ષ;જીતફળ2.The color of the olive: જીતફળના જેવેા રંગ; બદામી રંગ. *a.*Of a peculiar dark brownish,or tawny green: બદામીરંગનું.

Omelet,(ઑમેલેટ્) *n.* A pan-cake chiefly of eggs beaten up with flour and fried in a pen: ઇંડાં ને બીજા વસાણાની બનાવેલી રેાટલી.

Omen,(ઑમેન્) *n.* [L. *oris*, the mouth.] A foretoken; a forboding;a prognostic; a presage; an augury:ભવિષ્યનું લક્ષણ ચિન્હ;શુકન;શુભાશુભ લક્ષણ;ભાવિસૂચક ચિન્હ;પૂર્વલક્ષણ.*Evil or ill* **o.**: અપશુકન;અવચિન્હ; ખેાટી શુકન *Good* **o.**:શુભ; મંગળ;માંગલિક.*vt.* To predict; to augur: ભવિષ્ય બાંધી કહેવું; શુકન કરવા;સૂચવવું.

Ominous, (ઑમિનસ્) *a.* Foreboding evil;inauspicious: માઠું; અભદ્ર; અપશુકનનું-અશુભસૂચક; અમાંગલિક;માઠું.2.Significant;portentous:શુભસૂચક;મંગલકારી;શાકુનિક.

Omission(ઑમિશન્) *n.* The act of omitting; neglect; failure: ભૂલચૂક;વર્જન;ત્યાગ; લેાપ; ગફલત;કસુર. 2.That which is omitted:મૂકીદીધેલેા અંશ-ભાગ વાત.

Omit(ઑમિટ્) *vt.*[*L.mitto*,I send. To let go;to leave out;to drop કાઢી-મુકી દેવું;વર્જવું;રહેવા દેવું. 2. To pass by;to neglect:કસુર ભૂલથી ન કરવું;બાકી મુકવું;ચૂકવું;વિસરવું.

Omnibus,(ઑમ્નિબસ્) *n.* [L. *omnis*,all.] A long four-wheeled carriage,having seats for many

men:ઘણાં માણસો બેસી શકે એવી ચા-રપૈડાંની લાંબી ગાડી;આમનીબસ.

Omnipotence,(ઑમ્નિપૉટેન્સ) *n.* Almighty power; one who is omnipotent;the deity:સર્વ શક્તિમાન ઈશ્વર;પરમેશ્વર; સર્વ-અનંત-અપાર-શક્તિ.2.Unlimited power of a particular kind: સર્વ-અનંત-અપાર-શક્તિ;અપરંપાર સામર્થ્ય

Omnipotent, (ઑમ્નિપૉટેન્ટ્) *a.* All-powerful,almighty: સર્વશક્તિમાન.2.Having unlimited power of a particular kind: કોઇ અમુક જાતની અનંત-સર્વશક્તિવાળો; અપાર-શક્તિ વિશિષ્ટ. *The* **O**. the Almighty;God:પરમેશ્વર; ઈશ્વર; પ્રભુ.

Omnipresence,(ઑમ્નિપ્રેઝેન્સ)*n.* Presence in every place at the same time; universal presence; ubiquity: સર્વવ્યાપકતા;સર્વવ્યાપીપણું;વિશ્વવ્યાપ્તિ.

Omnipresent, (ઑમ્નિપ્રેઝેન્ટ્) *a.* Present in all places at the sametime;ubiquitous: સર્વવ્યાપક-વ્યાપી; સર્વગત; સર્વાત્મક; વિશ્વવ્યાપી; સર્વભાવી.

Omniscient,(ઑમ્નિસ્શિએન્ટ્)*a* [L. *omni & scio*,I know.] Having universal knowledge;knowing all things:ત્રિકાલજ્ઞ; સર્વસાક્ષી;સર્વજ્ઞ; સર્વદર્શી; સર્વવેત્તા; ત્રિકાલદર્શી.

Omniscience,(ઑમ્નિસાઈએન્સ)*n.* Knowledge of all things: સર્વજ્ઞતા;સર્વસાક્ષિત્વ; ત્રિકાલજ્ઞાન.

Omnivorous,(ઑમ્નિવૉરસ)*a.* [L. *omnis*,all & *voro*,I eat greedily.]All-devouring: બધું ખાનારું; સર્વભક્ષ;સર્વભક્ષક જે છ.

On,(ઑન્)*prep.*[Gr.*ana* up, on] At,or in contact with the surface or upper part of a thing: ઉપર;પર 2.To or against the surface of: ઉપર;પર;ઉપરનું 3 By means of;with:થી;ઉપર;પર. 4. At or near;adjacent to:તરફ;ઉપર;એ. 5. In addition to; beside: ઉપર; તે ઉપરાંત;વળી.6.At or in the time of;during: એ;માં.7. At the time of: ની વખતે;એ. 8. Toward; for: તરફ;-ને વાસ્તે;-ની ઉપર 9. At the peril of:ને સટ્ટે-જોખમે.10. In consequence of: એટલે; ત્યારે;પછી 11. Concerning;about: વિશે; બાબત. **On** *the alert*: જાગતું; ચાલાક; જાગત. ચારબાક **On** *fire*: બળતું;લાગતું; બળી ગયેલું;ક્રોધાયમાન.**On** *a sudden*: એકાએક;એકદમ;અણચિંતયું; ઓચિંતું; અજાનક.**O.** *high*: ઉચે;ઉપ;ઉપરનુ . **O't** or **o.**it: તેનં. **O.** *the wing*: ઉડતું; જતું;ચાલતું; અગીયારા ગણતું: ગચ્છંતી કરવું *And so* **o.**: ઇત્યાદિ *adv.* Forward, in progress; onward આગળ. **2** Forward in succession:ક્રમમાં આગળ.2.In continuance;without ceasing : અટકયા-બંધ પડ્યા સિવાય;આગળ. 4.Adhering;not off:આધે નહિ;પાસે *He* is *neither* **on** *nor off* : તે ઢંગધડા વગરનો છે; નું ઠેકાણું નથી.5.Attached to the body:પહેરેલું.In progress; proceeding: ચાલતી-તું.

Onanism,(ઑનૅનઝમ્)*n.*Self-pollution:હસ્તક્રિયા;હાથરસ;કુટેવ;મુષ્ટિકર્મ

Once.(ઉવન્સ)*adv.*For one time: એકવાર ફેરો-વખત; દાન. 2. At some one period of time : ઘણા વખત-દિવસ ઉપર; પૂર્વે; આગળ; ઘણા દહાડા ઉપર;પહેલાં. 3. At any one time: ગમે તે વખતે. 4. Immediately; without delay: એકદમ;તાબડતોબ; તરતજ;લાગલું;સત્વર; જલદી. *This* **o** આ-આટલી ફેરો-વારો-ફેરી. *At* **o.**:તેજ વખત;તરત; તાબડતોબ; એકદમ તાકીદથી; લાગલું.**O.** *and again*: વારંવાર; ફરીફરીને.

One,(ઉવન્) *a.* [L. *unus.*] Not multifold;single;individual: એક 2.Certain: નામનો એક-કોઇ (માણસ. *Great* **o.**:મોટા પુરુષો.3. Pointing out contrast: સરખાવો દર્શાવવું; સરખું 4. Closely bound together;united:એકરૂપ; એકસંપી; એક ગાંઠવાળું. 5 Single in kind; the same; common: એકજ; એકજાતનું;એકનુંએક;એકજવખતનું. 4. Single;unmarried : કુંવારો;એકલો;છડો. *All* **o**,of the same nature: એકજાતનું.**O** *day*,(*a*) on a certain day:એક દિવસે. (*b*) Referring to future time day: કોઇ દિવસે દહાડે. **O.***eyed*: શુક્રાચાર્ય; કાણો. **O.** *s ory*: એક માળિયું *Every* **o**: દરેક-દરેક-પ્રત્યેક જણ.*Such a* **o.**: ફલાણો;અમુક. **O.***'s self*:પોતે;જાતે; પોતે. **O'***s own*: પોતાનું;સ્વીય;આત્મીય;નિજ.**O.** *sided*: એક પક્ષીય; એક તરફી;એક દેશીય. **O.** *another*:કંઇ કંઈ;કોઇ કોઇ. *Any* **o.**, *some* **o.**:કોઈ **O.***by* **o.**: એકએક. **O.** *another* : આમણ માણસ; એક બીજાને; અરસપરસ;પરસ્પર *n.*A single unit: એક 2.A symbol representing a unit: એક દર્શાવનારી નિશાની. 3. A single person or thing : એક માણસ-ચીજ. *At* **o.**, in agreement: સલાહ-સંપમા; એક વિચારમાં. *Ever in* **o.**,always:હમેશાં; સેજ; નિરંતર. *vt.*To unite;to assimilate:જોડવું; એક કરવું.

Oneness(ઉવન્નેસ)*n.*Individuality;unity:એકત્વ;એકપણું;એકભાવ;અદ્વૈત; અભેદ; અવિશેષ.

Onerous,(ઑનરસ્)*a.*[L *onus*, a load;burden.]Burdensome; oppressive:ભુલમવાળું;ભારે;દુઃસહ.

Onesided,(ઉવન્સાઇડેડ)*a.*Partial; unjust;unfair: એક તરફી;એક પક્ષી; અપ્રમાણિક; એક દેશીય. 2. Growing on one side of a stem:ઘડની એક બાજુએ ઉગતું

Onion,(અન્યન્)*n.*(*Bot.*)A liliaceous plant of the genus *Allium*: ડુંગળી;પ્યાજ;કાંદો;રાજગરી; કુમતાવળી.

Only,(ઑનલિ)*a.*One alone;single એકજ;એકલો.2. Alone in its class; by itself:એકલું;એકનું એક; કેવળ. 3. Preeminent;chief:મુખ્ય; સર્વોપરી. *adv.*Simply:માત્ર;જ;કેવળ; ફક્ત;શુદ્ધ. 2.Solely; wholly; exclusively: તદન;છેક 3.Singly;without more: એકનું એક;ફક્ત;માત્ર.4.Particularly: ખાસ-મુખ્યત્વે કરીને *prep.* Save or except:સિવાય;વિના.

Onset, (ઑન્સેટ્) *n* An attack; an assault: હુમલો; હલ્લો; ધસારો; હલ્લો; ચઢાઈ. 2. *A* setting about; a beginning: શરૂઆત આરંભ; પ્રારંભ; ઉપક્રમ. 3 Anything set on,or added *as an ornament*: અલંકાર; શોભા. *vt* To assault; to set upon: હુમલો હલ્લો ચઢાઇ કરવી. 2. To set about;to begin: શરૂઆત-પ્રારંભ-ઉપક્રમ-આરંભ કરવો.

Onslaught,(ઑનસ્લૉટ્)*n.*An attack;an onset: હલ્લો; હુમલો;ચઢાઇ; 2. A bloody fray or battle: લોહી લવાણ લઢાઇ-ચઢાઇ.

Ontology,(ઑન્ટૉલૅજિ)*n.*That department of the science of metaphysics which investigates and explains the nature and essential properties and relations of all beings:પ્રાણી-ભૂત માત્ર વિચાર; સત્વમાત્ર વિચાર; સત્વવિદ્યા;સત્વશાસ્ત્ર.

Ontological,(ઑન્ટૉલૉજ્કૅલ)*a.*Of or pertaining to ontology: પ્રાણી માત્ર-ભૂતમાત્રનાવિચાર સંબંધી **O.** *proof* ભૂતમાત્ર પ્રાપ્ય સિદ્ધતા; નિરનુભવ પ્રાપ્ય સિદ્ધતા.

Onus (ઑનસ્)*n.*A burden;an obligation: ભાર બોજો;જુમ્મો. **O.***probandi*, the burden of proof. સાબીત કરવાનો પુરાવાનો જુમ્મો-બોજો.

Onward,(ઑન્વર્ડ્)*a.*Moving in

a-forward direction; forward: આગળ; આગળ ચાલેલું-ચાલતું. 2. Advanced: અમગામી [ward: આગળ.

Onwards, (ઑન્ વર્ડ્ઝ) *adv* On-

Onyx (ઑનિક્સ) *n.*[Gr.*onyx*, a claw.] Chalicedony in parallel layers or different shades of color:શિવધાતુ;ગોમેદ.

Ooze,(ઉઝ્) *n.*[L.*udus*,wet.] Soft mud or slime:ચળી જાય એવી લીસી માટી;કાદવ;કાંપ.2.Soft flow;spring: ઝરો.*vi.*To flow gently : ધીમે ધીમે વહેવું;ઝરવું;ઝમવું;ગળવું;નિતરવું. 2. To leak (out) or escape slowly: ધીમે રહીને વહી જવું;જરી રહેવું.

Opacity, (ઑપૅસિટિ) *n.* Want of transparency; opaqueness: અપારદર્શકપણું. 2. Obscurity; want of clearness:નિસ્તેજપણું; નિષ્પ્રભતા;પ્રભાન્યૂનતા;અસ્વચ્છતા.

Opacous, (ઑપૅકસ્)*a.*[L *opacus.*] Opaque:અપારદર્શક; પ્રકાશરોધક;દૃષ્ટિરોધક;કિરણ પ્રતિબંધક; અસ્વચ્છ.

Opal,(ઑપૅલ્) *n* [L. *opalus.*] A mineral consisting like quartz of silica:અદલાયા કરે એવા રંગનું ઝવેર:ક્ષીર સ્ફટીક;લસણિયો.

Opaque,(ઑપેક્)*a.*[*Gr. epi*,upon & *skia*, shadow.] Impervious to the rays of light;not transparent: અપારદર્શક;તેજ-કિરણ-પ્રકાશ પ્રતિબંધક. 2 Obscure; not clear: નિસ્તેજ;તેજ હીન-વગરનું.

Open,(આપન્) *a.* Not shut up: not closed: ખુલ્લું;ઉઘાડું;મોકળું: વિસ્તૃત. *Also*, figuratively; ready to see or hear: જોવા કે સાંભળવાને તૈયાર-તત્પર. 2. *Not* private; unrestricted to use: પ્રતિબંધ રહિત-શૂન્ય;નિર્બંધ. 3.Accessible : આવી જઇ શકાય એવું;ગમ્ય. 4. Extended; ઉઘાડું;ખુલ્લું;ખિલેલું;વિકસિત; પ્રફુલ્લ. 5. (*a*) Frank; sincere; generous; liberal; bounteous : ખુલ્લા દિલનું; ખરા ભાવનું;નિષ્કપટી; ભોળું; ઉદાર;સખી;ઉમરાવ;મ્હોટા મનનું (*b*)Revealed; apparent:ઉઘાડું;ખુલ્લું; પ્રસિદ્ધ;પ્રગટ; સ્પષ્ટ;સાફ; ચોખ્ખું. 6. *Not* frosty; inclement;mild:બરફની હરકત વિનાનું;બંધાઈ ન ગએલું.7.*Not* settled or adjusted;not decided or determined:બાકી; બાંડી નહિ વાળેલું; ચાલુ;ઉભું 8 Free; disengaged: ખાલી;નવરું;નહીં રોકાયલું ; બીન રોજગારી.9. Free to be discussed: વાદ-વિવાદ કરી શકાય તેવું; વાદ ગ્રસ્ત .10. Easily enunciated;(vowel:)ઉદાત્ત. *Wide o* :ઉઘાડું ફયાક;નરાતાળઉઘાડું; પહોળું ફક *In o.*: ખુલ્લી-ઉઘાડી રીતે; ઉઘાડે છોગે ફાંકે;મેદાનમાં;ખુલ્લી જગ્યામાં. *In o. day*: ધોળે દહાડે. *n.* Open space;open ocean;open water: ખુલ્લીજગ્યા; ખુલ્લો દરિયો-સમુદ્ર-પાણી. *vt.*To unlose; to unbar: ઉઘાડવું; ઉઘાડું-ખુલ્લું-મોકળું કરવું.ખોલવું;ફોડવું; ચીરવું; ચીરો-ફાટ પાડવી; કાપવું. 2. To spread;to expand:લંબાવવું;વસ્તારવું;મોકળુ કરવું. 3. To spread; to reveal;to expand: ખુલ્લું કરી બતાવવું;દેખાડવું; સમજાવવું;સ્પષ્ટ કરવું; મનની-પેટની હૈયાની વાત કહેવી; મન મોકળું કરવું 4. To make known; to discover : જણીતું કરવું-શોધી કાઢવું. 5. To enter upon; to begin: શરૂ કરવું;આરંભવું; માંડવું; પ્રારંભ-ઉપક્રમ કરવું.6.To loosen or make less compact: છૂટું કરવું; પીંજવું. *To o. up*,to lay open;to discover:ઉઘાડું મુકવું;શોધી કાઢવું; સ્પષ્ટ કરવું. *vi* To unclose;to be parted: ઉઘડવું;ખુલવું;ઉઘાડું થવું;સ્પષ્ટ થવું. 2. To expand;to spread out:દેખાવું;ફેલાવું; દૃષ્ટિએ પડવું. 3. To begin;to commence:શરૂ થવું;-નો આરંભ-પ્રારંભ-શરૂઆત થવી *vt.To o up*:ખુલ્લું ઉઘાડું કરીને દેખાડવું. *To o. to view*: દેખાડવું. *Opening ceremony of a building*: વાસ્તુ.

Open-handed, (ઑપન્ હૅન્ડેડ) *a.* Generous; liberal; munificent: ઉદાર;ઘોતાળ; હાથનું છૂટું; સખી હાથનું મોકળુ છૂટા-મોકળા હાથનું;મુક્ત હસ્ત

Open hearted,(ઑપન્-હાર્ટેડ) *a* Candid;frank;generous:નિખાલસ; નિષ્કપટી,ભોળું;મોકળામનનું;સાફ દીલનું.

Opening, (ઑપનિન્ગ્) *n.* A beginning; commencement : શરૂઆત;આરંભ; પ્રારંભ; ઉપક્રમ; મંડાણ. 2 A breach;an aperture;a hole: બાકું ;બાકોરું; કાણું,ચિરો;છિદ્ર;વહેર;મુખ; દ્વાર;બારું 3.A vacant place; an opportunity:ખાલી જગ્યા;તક; અવકાશ;તાકડો;પ્રસંગ.

Openly,(ઑપન્લિ) *adv.* Publicly; without secrecy:છડેચોક;જાહેર રીતે; ઉઘાડે છોગે;સૌના દેખતાં;ધોળેદહાડે. 2. Plainly; evidently : ખુલ્લાદિલથી; ખુલ્લી-સ્પષ્ટ રીતે;ઉઘાડી રીતે.

Openness,(ઑપન્નેસ્)*n.*The quality or state of being open: નિષ્કપટી-નીખાલસપણું; ખુલ્લું દીલ; ખુલ્લા-ઉઘાડાપણું; સ્પષ્ટતા; પ્રસિદ્ધિ; પ્રસિદ્ધતા; સરળતા;ખુલ્લાસો;ઉદારપણું

Opera,(ઑપેરા)*n* [L *Opus.*work.] A drama,either tragic or comic of which music forms an essential part : સંગીત નાટક. 2. A play set to music:ગાયનમાં ઉતારીને કરેલું નાટક.3.A house where operas are exhibited:સંગીત નાટકગૃહ

Opera-glass,(ઑપેરગ્લાસ) *n.* A short telescope with concave eye lenses of low power;a lorgnette: સંગીતગૃહમાં તમાસો જોવાસારૂ જે નળીનું ટુંકું દૂરબીન.

Operate,(ઑપરેટ્)*vi.* [L. *opus*, work.] To perform a work or labor;to act : બળ વાપરી ક્રિયા કરવી;ચાલવું;વર્તવું; કાર્ય-કૃતિ ચેષ્ટા-વ્યાપાર કરવો. 2 To produce an appropriate physical effect:ખાસ શારીરિક અસર ઉત્પન્ન કરવી; ગુણ દાખવવો;ધારેલો ગુણ-અસર જણાવી લાગુ પડવું.3. To act or produce effect on the mind.મન ઉપર અસર કરવી. 4.To perform some manual act upon a human body in a methodical manner: વાઢકાપ કરવી; શસ્ત્રોપચાર કરવા; કાપવું; ચીરવું. *vt.* To produce an effect;to cause: ઉત્પન્નકરવું-થી થવું; કરવું. 2. To put into operation;to work:કામ કરવું.

Operation,(ઑપરેશન્)*n.*Agency ક્રિયા;વ્યાપાર;કૃતિ;પ્રવૃત્તિ,કર્તવ્ય; ઉદ્યોગ; પ્રયત્ન;કારણ;સાધન.2. The method of working;mode of action: ગુણ; અસર.3.That which is operated or accomplished:કૃત્ય;કર્મ;કામ;કાર્ય; ચેષ્ટિત;ઉક્ત. 4.Effect produced; influence:ચલણ;અસર ગુણ.5 Surgical action of the human body વાઢ-કાપ; શસ્ત્રક્રિયા; શસ્ત્રોપચાર. *Mental o* :મનોવ્યાપાર;યુદ્ધ વારે કરેલું કામ

Operative,(ઑપરેટિવ્)*a.*Active in the production of effects:ક્રિયાજનક;પ્રયોજક; પ્રવર્ત્તક; કાર્યસાધક. 2. Efficacious: ગુણકારી;ગુણાવહ;પ્રબળ; અસરકારક.3.Consisting of an operation:વાઢકાપવાળું. *n* A skilled artisan: કારીગર;કર્મકાર;શિલ્પકાર.

Operator,(ઑપરેટર્)*n.*One who or that which operates or produces an effect : ક્રિયાકારક-જનક; કારક;પ્રવર્ત્તક;કર્ત્તા. 2. (*Surg.*) One who performs some act upon the human body by means of the hand,or with instruments: શસ્ત્ર વૈદ્ય; વાઢકુટી ઓ.3.A speculator: સટ્ટો કરનાર વેપારી;સટોરીઓ.

Operose,(ઑપરોસ્) *a.* [L. *opus*, work.]Requiring labour; tedious;wearisome: કંટાળા ભરેલું; અતિશય મહેનત ગ્રસનારું ; માથાકૂટવાળું ; થકવે તેવું;શ્રમસાધ્ય;કષ્ટસાધ્ય.

Ophiology,(ઑફિઑલૉજી)*n* [Gr. *ophis,*& *logos,* a speech.] That part of natural history which treats of serpents:સર્પ-સાપનું જ્યાન-વર્ણન;સર્પવિદ્યા.

Ophthalmia,(આફ્થૅલ્મિઅ)*n.*[*Gr. ophthalmos,*the eye.] An inflammation of the membranes or coats of the eye or the eye-ball.આંખનો મરજ; નેત્ર-ચક્ષુરોગ.

Ophthalmic,(ઑફ્થૅલ્મિક)*a* Ocular: આખ-નેત્રના મરજનું વિષે સંબંધી;નેત્રસંબંધી;ચાક્ષુષ.

Ophthalmy (ઑફ્થૅલ્મિ)*n.* Ophthalmia:આંખનો રોગ; નેત્રમરજ-રોગ.

Opiate(ઑપિએટ્)*n.*Any medicine that contains opium:અફીણવાળું ઔષધ. 2. Anything which induces rest; that which quiets uneasiness: ઉંઘ આવે એવું ઓસડ: બેચેની શાંત કરનારું ઔષધ; નિદ્રાજનક ઔષધ;ઉપશમન.*a.*Inducing sleep: નિદ્રા આવે એવું; નિદ્રાવહ; નિદ્રાજનક; ઘેન આણે એવું.*vt* To put to sleep: ઉંઘાડવું;નિદ્રા આણવી.

Opine,(ઑપાઇન)*vt* [L.*opinor,*to suppose.]To judge;to suppose; to think:ધારવું;વિચારવું;તર્ક કરવો-ને લાગવું

Opinion,(ઑપિન્યૉન્) *n.* Settled judgment in regard to any point of knowledge or action: મત;પક્ષ; અભિપ્રાય; વિચાર; તર્ક; મતિ; બુદ્ધિ; આશય 2 Estimation: વિચાર;તોલ;જ્ઞાન;-યાસ,ભાવ; મત; અભિપ્રાય. 3.Consideration; reputation;fame; public esteem: માન; આબરૂ;પ્રજ્ઞત;કીર્તિ;જશ. The formal decision of a judge : ન્યાયાધિશનો ઠરાવ-અભિપ્રાય *To be of* o ,to think; to judge : ને લાગવું; ધારવું; વિચારવું. *To hold* o *with,* to agree with : ને મળતા આવવું. *Difference of* o : મતભેદ. *Public* o.,લોકમત;જનમત;લોકવાયકા. *Regard to public* o.: લોકલજ્જા; જનલજ્જા; લોકભય.*vt* To opine:ને લાગવું;ધારવું.

Opinionative,(ઑપિન્યૉનૅટિવ્)*a* Unduly attached to one's opinions;stubborn:આપ મતિયું;હઠી: જક્કી; પોતાનુંજ મત ખરૂં છે એમ સમજી તેને વળગી રહેનાર.

Opium,(ઑપિઅમ્)*n* [Gr. *opion.* poppy juice](*Chem*) The inspissated juice of white poppy: અફીમ;અફીણ. O *joint,* ચકુડ ખાન.

Opponent,(ઑપ્પૌનન્ટ્)*a.* [L. *ob.* & *pono,* I place]Adverse; antagonistic! વિરૂદ્ધ; વિપરીત; વિરોધી; વિમુખ; પ્રતિકૂળ; વિરૂદ્ધ; પ્રતિપક્ષી *n.* An adversary;an antagonist; a foe: વેરી;દુશ્મન;પ્રતિપક્ષી. 2. One who opposes in disputation:પ્રતિપક્ષી; સામાવાળીઉ; પ્રતિવાદી; પૂર્વ પક્ષી;વાદી

Opportune, (ઑપૉર્ટ્યૂન્)*a.* [L.*ob* & *portus,* port] Seasonable; timely:વખતસર;ખરા ટાકડા-સંધીનું; સમયોચિત;કાલયોગ્ય;પ્રસંગોચિત..

Opportunely,(ઑપૉર્ટ્યૂન્લિ)*adv* At seasonable time:ખરે ટાકડે;તકોતક;જેવી જોઇએ તેવી રીતે; યથાવસરે; પ્રાપ્તકાલે

Opportunity,(ઑપૉર્ટ્યૂનિટિ) *n.* Suitable occasion; chance:તાકડો;તક;સંધિ;લાગ; અવસર; પ્રસંગ; વેળા; અવકાશ 2. Convenience of situation; fitness:લાયકી;યોગ્યતા; સાધન;ઉપાય:સોઇ.

Oppose, (ઑપ્પોઝ્)*vt.* [L. *ob* & *pono,*I place.] To set opposite; to exhibit: સામું ધરવું-મુકવું.2. To set against: વિરૂદ્ધ કરવું-મુકવું;આડું-પ્રતિકૂળ આણવું. 3. To resist; to withstand:ના સામે થવું-પડવું; વારવું; નિવારવું;ના ઉલટું પડવું. 4 To compete with; to strive against: સામા થઇ અટકાવવું;ચાલવા ન દેવું *vi.* To be set opposite : સામે મુકાવું. 2 To act in opposition:સામે-વિપક્ષ થવું 3. To make objection: વાદવિવાદમાં હરકત લેવી: ઉલટો પક્ષ લેવો;વાંધો ઉઠાવવો વિરૂદ્ધ થવું

Opposite (ઑપ્પૉઝિટ્) *a.* Placed over against; facing: સામું સન્મુખ;સામે;અભિમુખ 2. Other: બીજું; અન્ય;ઉલટું;ઇતર;પર;અપર.3 Inconsistent; contrary: વિપરીત;વિરૂદ્ધ; ઉલટું;સામું પ્રતિકૂલ;વિરોધી; પ્રતિરોધી 4.Set over against each other: એક બીજની સામેનું. *n.* An opponent;an antagonist: શત્રુ; દુશ્મન; સામાવાળીઉ 2. That which is opposed or contrary: ઉલટી વાત;વિપક્ષ; પ્રતિપક્ષ; વિપર્યય; વિપરીત વસ્તુ; અડચણ; હરકત

Opposition,(ઑપ્પોઝિશન્)*n.* Resistance: પ્રતિકાર; પ્રતિક્રિયા; વારણ; નિવારણ; અવરોધ; અટકાવ; પ્રતિરોધ; પ્રતિષેધ;પ્રતિકૂળતા;વિપરીતતા; પ્રતિબંધ. 2.The state of being placed over against:સામાપણું; સન્મુખતા; અભિમુખતા 3 Repugnance; antipathy:વિરોધ;જન્મ ર; સહજવૈર; વિરૂદ્ધ ભાવ;દ્વેષભાવ. 4.The aggregate of persons or things opposing: પ્રતિપક્ષિ મંડળ;વિરોધી જનસમૂહ.(*b*) પાર્લામેન્ટ સભામાં મંત્રીના પક્ષથી વિરૂદ્ધ પક્ષવાળાનું મંડળ. 5 Contrariety: વિપર્યય;વિપક્ષતા.

Oppress, (ઑપ્પ્રેસ્) *vt* [L. *ob* & *premo,*I press] To impose excessive burden upon: પીડવું; અતિશય-બહુ દુઃખદેવું; રોકડ-જુલમનો અતિશય ભાર મુકી પીડવું;જુલમ ગુજારવો. 2.To put down; to crush out; to suppress: સમાવવો;બિસાડી દેવો. 3. To produce a sensation of weight in body : પેટમાં ભારેશ્ય લાગવું;પથ્થર જેવું પડવું.

Oppression, (ઑપ્પ્રેશન્) *n.* The act of oppressing or state of being oppressed: જબરદસ્તી;જોરજુલમ;જબરાઇ;દુઃખ;પીડા; કષ્ટ; જુલમ;અતિ સખતી કરવી તે.2.Injustice;cruelty; tyranny:અન્યાય;અધર્મ; ક્રૂરતા; જુલમ;સખ્તી.3.Depression;dullness: ઉદાસી; મંદમતી; જડપણું; ઉદાસપણું; સુસ્તી;શીથિલતા; આળસ.

Oppressive,(ઑપ્પ્રેસિવ્) *a.* Unjustly severe,rigorous,or harsh :જુલમી;જબરાઇનું;જબરદસ્ત;ત્રાસદાયક; ઉપદ્રવકારક; ત્રાસક; પીડાકારી: જુલમ ભરેલું.2.Tyrannical: જુલમી;જુલમગાર;ઉપદ્રવી.3.Heavy;overpowering:ભારે;અતિશય;જબર.

Oppressor, (ઑપ્પ્રેસર્) *n.* One who harasses others with unjust laws:દુઃખ દેનાર; જુલમ કરનાર; પ્રજાપીડક નિષ્ઠુર;ઉપદ્રવકર્તા

Opprobrious, (ઑપ્પ્રૌબ્રિઅસ્) *a.* [L.*ob* & *probrum,* reproach.] Reproachful; scurrilous: નિંદક; બદનામી તિરસ્કાર ભરેલું; નિંદાત્મક; અપવાદક; નિંદાસૂચક. 2 Despised; rendered hateful: ધિક્કારવા લાયક; તિરસ્કારને પાત્ર;ગુચ્છ,નિન્દ્ય O.*words:* નિંદાનું ભાષણ.

Opprobrium, (ઑપ્પ્રૌબ્રિઅમ્) *n.* Disgrace ;infamy; abusive language:ધિક્કાર;ધિક્કિટ;ધુંડારા;ધિક્કાર; નિંદા;અપવાદ;અવજ્ઞા; તિરસ્કાર.

Oppugn,(ઑપ્પન્) *vt.* [L. *ob* & *pugno,*I fight.]To oppose; to resist:ની સામે ટક્કર લેવી;-ના સામું થવું;દુશ્મનો-હરીફો કરવા.

Optative,(ઑપ્ટેટિવ્)*a.* [L.*opto,* I wish.]Expressing desire or wish : ઇચ્છાદર્શક-સૂચક; ઈચ્છાર્થક. *n.* The optative mood:શુભાશુભેચ્છાર્થ

Optic,(ઑપ્ટિક્)*n.*[L *oculus,*eye.] An eye: આંખ; ચ. 2. An eyeglass: ચશ્માં;ચશ્મું;ઉપનેત્ર.

Optical,(ઑપ્ટિકૅલ્)*a.* Of or pertaining to vision or sight,ocu-

lar: દૃષ્ટિ-નજરનું-સંબંધી-વિષે; દૃષ્ટિ-વિષયક;ચાક્ષુષ.2 Relating to the science of optics: દર્શનશાસ્ત્રનું-સંબંધી-વિષે.

Optician, (ઑપ્ટિશૅન્) *n.* One who deals in optical glasses and instruments: દર્શનયંત્ર બનાવનાર-વેચનાર. 2. One skilled in optics: દૃક્શાસ્ત્રી;દૃક્શાસ્ત્રજ્ઞ.

Optics,(ઑપ્ટિક્સ)*n.* That branch of physical science which treats of the nature and properties of light:દર્શનવિદ્યા-શાસ્ત્ર;દૃક્શાસ્ત્ર-વિદ્યા.

Optimism,(ઑપ્ટિમિઝમ્) *n.* The doctrine that every thing in the universe is ordered for the best:સૃષ્ટિમાં જે જે છે કે બને છે તે બધું સારા વાસ્તે છે એવું મત; ઉત્તમતા; શ્રેષ્ઠતા.2. A disposition to take the most hopeful view:આશાજનક દૃષ્ટિથી જોવાનું વલણ; સદાશા; સર્વ શુભવાદ.

Optimist, (ઑપ્ટિમિસ્ટ્) *n.* (*Metaph.*) One who holds the opinion that all events are ordered for the best: જગતમાં જે જે બને છે તે સારા વાસ્તે છે એવું મત ધરાવનાર; સર્વ શુભવાદી. 2. One who looks on the bright side of things, or takes hopeful views:સારો અર્થ-ગુણ-ભાવ લેનાર.

Option,(ઑપ્શન્) *n.* [L. *opto,* I wish.]The right of choice:પસંદ કરવાનો હક-છૂટ અધિકાર; વિકલ્પ. 2. Choice: પસંદગી;મરજી; ખુશી. 3. A wishing;a wish: મરજી;ઇચ્છા;રાજીખુશી; અભિરુચિ.

Optional, (ઑપ્શનૅલ્)*a.* Involving an option;left to one's discretion or choice;not compulsory: ખુશી પર રાખેલું; ઇચ્છાપર આધાર રાખતું;વિકલ્પક;ઐચ્છિક.

Opulence, (ઑપ્યૂલેન્સ) *n.* [*ops,* power,wealth.]Wealth; riches; affluence: માતબરી;તાલેવરી;પૈસો;દોલત;ધન;સંપત્તિ; દ્રવ્ય; લક્ષ્મી; ઐશ્વર્ય; વિભવ;સમૃદ્ધિ.

Opulent,(ઑપ્યૂલેન્ટ્)*a.* Wealthy; rich;affluent: તાલેવંત; માતબર; ધનવાન;પૈસાદાર;શ્રિમંત;ધનાઢ્ય;તવંગર.

Or,(ઑર્)*conj.* A particle that marks an alternative:કે;યા; અથવા;અગર; કિંવા;નહિતર;નહિતો. *prep. & adv.*Ere;before;sooner than: પહેલાં;પ્રથમ;નાકરતાં વહેલું

Oracle, (ઑરૅકલ્) *n.* [L. *oro,* I speak.]The answer of a god or some person reputed to be a god:આધેલા પ્રશ્નનો દેવે અથવા દેવ પુરૂષે આપેલો ઉત્તર. 2.A deity who was supposed to give the answer:આધેલા પ્રશ્નનો જવાબ આપનાર દેવરૂપ પુરૂષ.3 (*Pl.*) The revelations or messages delivered by *God* to the prophets: ઈશ્વર પાસથી ધર્મ ગુરૂ પાસે આવેલો સંદેશો;દૈવવાણી;આકાશવાણી.4 The entire sacred scriptures:ખ્રિસ્તી ધર્મશાસ્ત્ર. 5 A wise sentence or decision of great authority:આપ્તવચન;પ્રમાણ.6 The place where an answer is given by a reputed god: જે જગ્યાએ આધેલા પ્રશ્નનો દેવ અથવા દેવ પુરૂષ ઉત્તર આપે તે. 7 The most holy place in the Jewish temple: યાહુદી લોકના મંદીરમા સૌથી પવિત્ર જગ્યા ઘ. To utter oracles:દૈવ આકાશવાણી થવી.

Oracular,(ઑરૅક્યૂલર્)*a.*Pertaining to an oracle:uttering oracles:આધેલા પ્રશ્નના દેવે આપેલા ઉત્તર સંબંધી-નું-વિષે; પ્રશ્નનો ઉત્તર કહેનાર. 2. Resembling an oracle in some way આકારરૂપી;દ્વીઅર્થી; ગંભીરતાવાળું ;દૈવવાણીનું.

Oral,(ઑરલ્)*a.*[L *oris,*the mouth] Spoken, not written: verbal: મુખ જુબાનીનું; મોઢાનું; અલિખિત. 2. Of or pertaining to the mouth:મ્હોં સંબંધીનું-વિષે.

Orally,(ઑરલિ)*adv.*In oral manner:મુખ જુબાનીથી; મોઢેથી 2 By, with,or in the mouth: મોઢેથી.

Orange,(ઑરૅન્જ્)*n.* [L *aurum,* gold.]The fruit of a tree:નારંગી. 2. The tree of an orange: નારંગીનું ઝાડ. 3. The color of an orange: નારંગી રંગ *a.*Of the color of an orange: નારંગી યા નારંગીના રંગનું.

Orangery,(ઑરેન્જરિ)*n.*A plantation of orange trees: નારંગીનો કયારો-બાગ-કિલ્લો.

Orang-outang,(ઑરૅન્ગુટૅન્ગ)*n.*(*Zool*)An arboreal anthropoid ape: પુછડાં વગરનો વાંદરો;ઉરાંગઉટાંગ-વાંદરૂં.

Oration,(ઓરેશન)*n.*[L.*oro,*I speak.]An elaborate discourse;speech:ઘણી મેહેનત લઇ કરેલું વાકય; ચાતુરીવાળું ભાષણ; છટાદાર ભાષણ; વાકપ્રબંધ *vi.*To deliver an oration: છટાદાર ભાષણ કરવું.

Orator,(ઑરેટર)*n.*A public speaker;one who is eloquent:છટાદાર ભાષણ કરતા-વક્તા; સભા પંડિત; સભાવક્તા.

Oratorial ical(ઑરેટૉરિઍલ્ કૅલ્)*a.* Characterized by oratory; rhetorical: છટાદાર; વાકચાતુરીવાળું; વાકચાતુર્યમય;આલંકાર; અલંકારિક.

Oratorio,(ઑરેટૉરિઓ)*n.*A sacred story set to music:ખ્રિસ્તીધર્મ પુસ્તકમાંના વિષય સંબંધી બનાવેલું સુરતાલવાળું ગાન ૨. A religious house: મંદિર; પુજાગૃહ.

Oratory,(ઑરેટરિ)*n.pl* **Oratories** A place of orisons or prayer:ધરમાં પૂજાનું મંદીર; ભજનાલય, પૂજાગૃહ; પ્રાર્થના સેવામંદિર.2. The exercise of rhetorical skill in oral discourse; eloquence: શબ્દ વાકય ચાતુ : સભાપાંડિત્ય વકતૃત્વ.

Orb ઑર્બ)*n* [L.*orbus,*destitute.] A blank window: ખાલી બારી. 2. [L *orbis,* circle.] A spherical body;a globe: ગોળો; મંડળ; બિંબ; વર્તુલ 3.A circle;an orbit: વર્તુલ; કક્ષા;ફેરી.4 A revolving circular body;a wheel:ગોળ ફરતા પદાર્થ; પૈડું 6.The eye:આંખનો ડોળો.7.A body of soldiers drawn up in a circle: ચક્રવ્યૂહ; ચકરાવો; ચક્કર. *vt.* To form into a circle: ગોળ બનાવવું. 2.To surround; to inclose: ઘેરી લેવું;-માં રાખવું. *vi.* To become round like an orb:ગોળ થવું.

Orbate(ઑર્બેટ્)*a.*[L.*orbus,*bereaved of parents or children]Bereaved;fatherless; childless:છોનારી લીધેલું; મૃત્યુથી મિત્રનો વિયોગ થયેલું;બાપ-છોકરાં-પુત્ર પુત્રી વિનાનું.

Orbed-Orbicular,(ઑર્બ્ડ્-ઑર્બિક્યુલર્)*a.*Spherical;circular: ગોળાકાર;ગોળ;વર્તુલાકાર.

Orbit,(ઑર્બિટ)*n* [L *orbis,* a circle.]The path described by a heavenly body in its periodical revolution around another body: ગ્રહપથ;કક્ષા;ફેરી;ગ્રહમાર્ગ;મંડલ *Apex of an o.*:ઉચ્च. *Apsis of an o.*:મંદોચ્च.2. The cavity of the skull in which the eye and its appendages are situated:ડોળો;ચક્ષુગોળ.

Orchard,(ઑર્ચર્ડ)*n.*A garden:બાગ; બગીચો;વાડી;ફળવાડિકા.2.An inclosure containing fruit trees:ફળવાડી; ફળવૃક્ષવાટિકા;ઉપવન;વાટિકા.

Orchestra,(ઑરકેસ્ટ્રે)*n.*[Gr. *orchesmai,*to dance]The space in a theatre between the stage and the audience:નાટકગૃહમાં રંગભૂમિ અને શ્રોતાસ્થાન વચ્ચેની જગ્યા. 2.The space appropriated to a band: વાજંત્રભૂમિ-સ્થળ; નગારખાનું;

નોબતખાનું.3.A band of musicians:વાજાં મંડળ;ગવૈયા 4. *The instruments* employed by a band: વાજાંમંડળનાં વાજાંત્રો.

Ordain(ઑર્ડેન)*vt* [L.*ordo*,order] To regulate;to establish: નિયમધારા પ્રમાણે ગોઠવવું; સ્થાપવું; નિમવું; વ્યવસ્થા પૂર્વક ગોઠવવું-મુકવું.2.To constitute;to decree: હુકમ-કાયદો-નિયમ કરવો;ઠરાવવું;નિર્માણ કરવું3. To appoint:નિમવું;ઠરાવવું; અધિકારપર નિમવું;-નિમણોક કરવી 4.To invest with sacerdotal functions:(ખ્રિસ્તી)ધર્માધિકારીની દિક્ષા આપવી. *Ordained by the shastras*:શાસ્ત્રોક્ત;શાસ્ત્રનિર્દિષ્ટ શાસ્ત્ર વિહિત-રમૃત

Ordeal,(ઑર્ડીઅલ્)*n*.An ancient form of test to determine guilt or innocence,by appealing to a supernatural decision: દીવ્ય; દૈવ્ય પરીક્ષા;પ્રમાણ. 2 Any severe trial or test:અગ્નીપરિક્ષા;કસોટી.

Order,(ઑર્ડર્)*n* [L *ordo*, order.] A regular arrangement;method: system: પદ્ધતિ;વ્યવસ્થા;ક્રમ;અનુક્રમ; વેત;પ્રણાલિકા;પરંપરા;રચના; રીતિ. *Inverted or retrograde* **O.**:વ્યતિક્રમ; વ્યુત્ક્રમ,વિપર્યય;વિપર્યાસ.**O.** *of battle* વ્યૂહ;સૈન્ય રચના. 2. A normal, correct, or fit condition: સારી સ્થિતિ;વ્યવસ્થા;બંદોબસ્ત; નિયમ. 3. Usage;fashion:પદ્ધતિ;રીત; રિવાજ; માર્ગ; આચાર; નિયમ. 4. Freedom from disturbance;public quiet: શાંતિ;સુલેહ;બંદોબસ્ત. 5.A rule or regulation made by competent authority: કાયદો;ધારો;કાનુન;નિયમ. 6.A command;a mandate: આજ્ઞા;હુકમ; ફરમાશ; ફરમાન; વરધી 7. A commission: વરધી;ખબર;હુકમ; ફરમાશ; માગણી; આડત; કામ. 8. A rank; a row; a grade: ગણ; પ્રકાર પંક્તિ; કોટિ; વર્ગ.Also, a distinct character,kind or sort:પ્રકાર;જાત; પ્રતિ.9. A body of religious persons: આશ્રમ;માર્ગ;પંથ;ગણ; મંડળી; અખાડો.10.Distinction;rank:પદવી; પદ;ખીતાબ. *General* **O.**s :લશ્કર ઉપર સેનાધિપતિના હુકમ;સદરહુકમ. In **order** *to*, for the purpose of;as means to: ને વાસ્તે-કાજે સારૂ **O.** *of the day*: અમુક દિવસે કરવાનું ઠરાવેલું અમુક કામ. *Out of* **O** : અવ્યવસ્થિત; શિથિલ;વિષિલ;સપરપયર;જપરપયર; બગડેલું વકરેલું *Indirect* **O.**: અનુલોમ. *Contrary to natural* **O.**: પ્રતિલોમ.*To take* **O** *for*,to take charge of:-નો વહિવટ કરવો. *In good* **O.**: સારી હાલતમાં;સુવ્યવસ્થિત;વ્યવસ્થિત; સારૂ.**O.***in council*:ખાસ મંત્રી-મંડળની સલાહથી રાજાએ કરેલો હુકમ. *Made to* **O.**:ફરમાશથી;ખાસ ફરમાયથી બનાવેલું. *Standing* **O.** s: કાયમના નિયમ-હુકમ.*To put in* **O.**: વ્યવસ્થિત કરવું;ક્રમ પ્રમાણે રીતસર ગોઠવવું-ચલાવવું;-ની વ્યવસ્થા કરવી. *vt*. To put in order;to direct: ક્રમ પ્રમાણે-રીતસર ગોઠવવું;બંદોબસ્ત કરવો; યોજના કરવું;-ની વ્યવસ્થા કરવી.To give an order to;to command: હુકમ કરવો;આજ્ઞા કરવી.3.To give an order for:-ને માટે હુકમ કરવો;વરધી મોકલવી; મંગાવવું.4.To admit to holy orders: ધર્મગુરૂનું પદ-દીક્ષા આપવી *vt*.To give orders;to issue command:હુકમ-આજ્ઞા કરવી;ફરમાવવું.

Orderly,(ઑર્ડર્લિ)*a*.Conformed to order; regular: યથાક્રમ; ક્રમશુદ્ધ; ઠીક ઠીક; વ્યવસ્થિત. 2. Obedient; not unruly: કહ્યામરૂં; તોફાની નહીં એવું;તાબેદાર;આજ્ઞાધિન; નિયમ-રીતસર ચાલનાર.3.Well-regulated: વ્યવસ્થિત4.Being on duty; keeping order:.કામ ઉપરનો (અધિકારી.) **O.***of ficer or an* **o**.,the officer of the day:અમુક દિવસ માટેનો ઉપરી અધિકારી *adv* Regularly: નિયમ પ્રમાણે; નિયમિત રીતે; રીતસર; યથાક્રમ. *n*. A non commissioned officer, or soldier who attends a superior officer to carry his orders,or to render other service: મોટા અમલદાર ના હુકમો અમલમાં લાવવા માટે સાથે રહેલો બીન સનંદી અમલદાર,અર્દલી.2 A street sweeper (*Eng*): પોળોનું વાળીકુંચી વાળનાર;ભંગીઓ.

Ordinal,(ઑર્ડિનૅલ્)*a*.[L.*ordo*,order.]Indicating order or succession: ક્રમવાચક-વાચ્ય; સંખ્યા પૂર્ત્યર્થ; ક્રમસૂચક.2 Of or pertaining to an order: ક્રમ-સંખ્યાનું-સંબંધી-વિષે. *n*. A word or number denoting order: ક્રમવાચક સંખ્યા;ક્રમાંક.

Ordinance,(ઑર્ડિનૅન્સ્)*n* Orderly arrangement:ધારા પ્રમાણેની વિધિ; વ્યવસ્થા;નિયમ; ધારો;ક્રમ.2.An edict or decree:ધારો;કાનુન;દસ્તુર; નિયમ. 3. An established ceremony: સ્થાપિત ક્રિયા; નિયમપૂર્વક વિધિ; શાસ્ત્રમર્યાદા;વિધિ;અનુષ્ઠાન;સંસ્કાર;કર્મ;ક્રિયા. 4.Rank;order;station:પદવી;હોદ્દો.

Ordinarily(ઑર્ડિનૅરિલિ)*adv*.As a rule;commonly;usually સાધારણ રીતે;સહજ કરીને.

Ordinary,(ઑર્ડિનરિ) *a*. Settled; regular: વહિવટ-ચાલ-દસ્તુર-રીત પ્રમાણે-મુજબ;રીત્યનુસાર. 2 Common; customary:નૈમત્તિક; સાધારણ; વ્યાવહારિક;પ્રચલિત; પ્રસિદ્ધ; લોકપ્રસિદ્ધ. 3. Of common rank;quality: સાધારણ;મધ્યમ;સામાન્ય.4. Inferior; of little merit: કનિષ્ઠ; ઉતરતું; ગૌણ. Plain: સાધારણ; વ્યવહારિકું; બહુ કુદરતું નહિ તેમ;બહુ કદરૂપું નહિ તેવું. *n*. An ecclesiastical judge:ધર્મ બાબતના મકદ્દમા ચૂકવનાર અધિકારી. 2. Anything which is in ordinary or common use: સાધારણ વાપરઉપયોગ ખપની ચીજ. 3. A dining room where there is a fixed price for a meal:જે વિશીમાં એકવારના જમણની કિમત ઠરાવેલી હોય તેવી વીશી-ખાનાવાળી. 2. A meal in an ordinary: એવી વીશીમાં એકવારનું ભોજન-જમણ. *In* **O.**: નેમચુંકી; હમેશ કામ કરનાર;કાયમનું

Ordinate, (ઑર્ડિનેટ્)*a*. Well-ordered;regular;methodical: સ્થિરસ્થા-વહિવટ પ્રમાણે;નિયમસર.

Ordination, (ઑર્ડિનેશન્)*n*. The act of ordaining:સ્થાપના;સ્થાપન; વિધાન. 2. The state of being ordained, appointed etc: વ્યવસ્થિત-સ્થાપિતપણું; યોજના; નિયોજન. 3.The conferring of holy orders ધર્માધિકારદીક્ષા. 4. Arrangement; order: ગોઠવણી; નિયમ; વ્યવસ્થા. 5. Tendency: વળણ;ઝોક.

Ordnance,(ઑર્ડનૅન્સ્)*n*.[L.*Ordo*, to ordain.] Cannon; artillery: તોપખાનું;તોપો;મોટાં અગ્નિશસ્ત્ર.

Ordure,(ઑર્ડ્યુર્) *n*. [L.*horridus*, horrid.]Dung; excrement; feces:અથાર; લીંડી;વિષ્ટા; નરક; છાણ. 2. Defect;imperfection: કસુર;ખોડ; ખાપણ;ખામી;ઐબ.

Ore,(ઑર્)*n*.Honor;grace;mercy; માન;મહેરબાની; દયા; રહેમ નજર. *n*. [L. *oes*, brass.] A native form of a metal, whether free and uncombined: અશુદ્ધ-અધોધિત ધાતુ; કાચી ધાતુ.2.Metal: ધાતુ.

Organ,(ઑર્ગૅન્)*n*.[Gr.*ergo*,I do work.]An instrument or medium by which some important action is performed: સાધન;કારણ;કર્મસાધન.2. A natural part or structure in an animal or a plant: ઇંદ્રિય; સાધન; દ્વાર. 3. A component part: મુખ્યભાગ. 4. *A* medium of communication between one person or body and another: સાધન;માર્ગ;દ્વાર; મુખ. 5. A wind instrument: વાજું;વાદ્ય.

O.s *of respiration* : શ્વાસેન્દ્રિય. **O.s** *of perception and sensation*:જ્ઞાનેન્દ્રિય **O.s** *of motion*:સ્નાયુ;માંસના તંતુ. **O.** *of smelling*: ઘ્રાણેન્દ્રિય **O.***of speech*: વાગિન્દ્રિય. **O.** *of vision*: ચક્ષુરિન્દ્રિય.**O** *of hearing*: શ્રોત્રેન્દ્રિય.

Organic-al, (ઑર્ગૅનિક્ ઑર્ગૅનિકૅલ્) *a.* Of or pertaining to an organ;consisting of organs: ઇંદ્રિય સંબંધી-નું-વિષે-લગતું; કર્મસાધનમત; કર્મ-સાધનરૂપ; સેન્દ્રિય; જીવનસાધનનું ને લગતું વિષેનું; ઇંદ્રિયવાન; ઇંદ્રિય સંપન્ન;ઇંદ્રિયવિશિષ્ટ. 2. Instrumental: ઉપકરણ-સાધનભૂત.3.Produced by the organs:ઇંદ્રિયજનિત; ઇંદ્રિયોત્પન્ન.**O.***bodies* : સેન્દ્રિય-સાગ પદાર્થ; સાવયવ (પ્રાણી તથા ઝાડ).

Organism, (ઑર્ગૅનિઝમ્)*n.*Organic structure;organization: અવયવ રચના-ઘટના; ઇંદ્રિયસંવ્યવસ્થા. 2. A living body: જીવનસાધન વિશિષ્ટ વસ્તુ;સેન્દ્રિય સાવયવ પ્રાણી પદાર્થ.

Organist(ઑર્ગૅનિસ્ટ્)*n.*(*Mus.*) One who plays on the organ: વાજું વગાડનારો;વાજંત્રી.

Organization,(ઑર્ગૅનાઈઝેશન્)*n.* The act of organing : ઇંદ્રિયવાન કરવું તે;ઇંદ્રિયવિશિષ્ટકરણ; નિર્માણસૃષ્ટિ. 2.An organism:રચના; યોજના; બંદોબસ્ત,વ્યવસ્થા;વિધાન;સંધાન.

Organize,(ઑર્ગૅનાઈઝ્)*vt.*To furnish with organs: ઇંદ્રિયવાન કરવું; જીવન સાધન આપવું; ઇંદ્રિયસંપન્ન-કર્મ સાધનસંપન્ન કરવું.2.To systematize: યોજના કરી રચવું; વ્યવસ્થા-બેત-બંદોબસ્ત કરવી;ઘટના કરવી.

Orgasm,(ઑર્ગૅઝમ્)*n.* Eager action or excitement; erethism: જોસ;જુસ્સો;અતિ આવેગ;ક્ષોભ;આવેગ.

Orgies,(ઑર્જીઝ્)*n.pl* [Gr. *orgia*, secret rites.]A sacrifice accompanied by certain ceremonies: કેટલીક ક્રિયા કરીને ભોગ આપવો તે. 2. Drunken revelry;a carouse:અતિશય દારૂ પીને મોજ-મસ્તી કરવી તે; પ્રહર્ષ;પ્રમોદ;રાત્રયુત્સવ.

Oriel,(ઑરિઍલ્)*n.* [L. *auriolum* a porch.]A sort of recess:ઝરૂખો; ગોખ.2. (*Arch*) A bay window: દિવાલબહાર પડતી બારી.

Orient, (ઑરિઍન્ટ્)*a.*[L.*oriri*, to rise.] Rising as the sun: ઊગતું; ઉદય થતું-પામતું; ઉદયમાન; ઉગ્રતું. 2. Eastern;oriental: પૂર્વ ખંડ-દેશનું; પૂર્વીનું; ઊગમણું; પૂર્વાન્ય. 3. Bright; lustrous; pure;perfect:ઉજ્જ્વલ; તેજદાર;ઉંચી જાતનું;ચકચકિત;પાણીદાર; ચળકતું.*n.*The east:પૂર્વદિશા. 2.The countries of Asia or the East:ઊગમણા-એશિઆના અથવા પૂર્વના દેશો.

Oriental,(ઑરિઍન્ટૅલ્)*a.*Eastern: ઊગમણું; પૂર્વનું તરફનું; પૂર્વદેશીય; પૂર્વદેશસ્થ;પૂર્વાત્ય. *n.* A native of the orient;an Asiatic: પૂર્વદેશનો રહેવાસી;પૂર્વદેશવાસી.

Orientalist, (આરિઍન્ટૅલિસ્ટ્) *n.* An inhabitant of the Eastern parts of the wolrd : પૂર્વદેશનો વાસી. 2. One versed in Eastern languages; literature etc.: પૂર્વદેશની ભાષાઓ તથા વિદ્યામાં પ્રવિણ પુરૂષ;પંડિત;પૂર્વ દેશીયભાષાજ્ઞ;પૂર્વ વિદ્યાજ્ઞ

Orifice,(ઑરિફિસ)*n.*[L. *os, oris*, a mouth & *facio*, I make.] A mouth or aperture;an opening: વેહ;બાકું;રહો;કાણું;મોકોરૂં;મુખ;દ્વાર;છિદ્ર.

Oriflamme,(ઑરિફ્લેમ્) *n.* The ancient royal standard of France:પૂર્વે ફ્રાન્સ દેશના રાજાઓનો વાવટો-નિશાન

Origin,(ઑરિજિન્)*n.*[L. *orior*, I rise, become visible.]The beginning;birth- પ્રારંભ; મૂળ,શરૂઆત;આરંભ;જન્મ;ઉત્પત્તિ; ઉપક્રમ;ઉદ્ભવ; સંભવ;આદિ;યોનિ. 2. The spring; the cause;the occasion: નિમિત્ત; કારણ; બીજ; હેતુ; આદિકારણ; ઉત્પત્તિસ્થાન;પ્રયોજક;ઘર;ઝરો; ખાણ.

Original, (ઑરિજનલ્) *a* First in order; primitive; primary; pristine:મૂળ ઉત્પત્તિનું ને લગતું;મૂળ; અસલ. 2. Now;fresh; genuine: નવું;તાજું;તર્તનું. 3. Inventive: નવું શોધી કાઢે તેવું; અપૂર્વકલ્પક; અપૂર્વયોજક;સ્વત: કલ્પક; શોધક. 4. Before unused or unknown; new:અજાણ્યું;નવું; અપૂર્વ; અપૂર્વસિદ્ધ **O** *sin* પ્રકૃતિક-સ્વાભાવજ પાપ; બાપા આદમનું પાપ. *n.* Origin; commencement;source: મૂળ પ્રારંભ;આરંભ;મૂળ; બીજ; આદિ કારણ; હેતુ; નિમિત્ત. 2. Archetype; first copy: મૂળ અસલગ્રંથ;મૂળપ્રત:અસલપ્રત 3.An original thinker or writer: નવું લખનાર;કલ્પનાથી લખનાર.

Originality (ઑરિજિનૅલિટિ) *n.* The quality or state of being original:અસલપણું;કલ્પનાશક્તિ.અપૂર્વ કલ્પના સામર્થ્ય; આપૂર્વતા; અપૂર્વ યોજક બુદ્ધિ.

Originally, (ઑરિજિનૅલિ) *adv.* Primarily:મૂળ વખતમાં; મૂળ રીતે; મૂળથી 2 *At* first; at the origin: અસલ; પહેલાં;શરૂઆતમાં.

Originate, (ઑરિજિનેટ્) *vt.* To cause to be;to bring into existence:નવું કરવું પેદા કરવું; કાઢવું; ઉત્પન્ન કરવું;પ્રારંભ કરવું;ઉપક્રમ કરવો.*vi.* To have origin or beginning:ઉત્પન્ન થવું; પ્રથમ નીકળવું; ઉપસ્થિત-શરૂ ચાલુ-પ્રવૃત્ત થવું; પ્રારંભ-ઉપક્રમ થવો.

Originator, (ઑરિજિનેટર્)*n* One who originates:ઉત્પન્ન-શરૂ કરનાર; પ્રવર્ત્તક;ઉત્પાદક;યોજક;આરંભક; કલ્પક.

Orion, (ઑરિઍન્)*n.*[Gr.*orion*,a mythological hunter.] A large and bright constellation on the equator : મૃગશીર્ષનક્ષત્ર.

Orison,(ઑરિઝૅન્)*n.*[L. *oratis*, prayer.] A prayer; a supplication: વિનંતી; કાલાવાલા; આજીજી; પ્રાર્થના; સ્તુતિ.

Ormolu, (ઑર્મોલૂ) *n.* A kind of alloy resembling gold: સોના જેવા રંગનું પીળ.

Ornament,(ઑર્નમેન્ટ્)*n* [L.*orno*, I deck.]Embellishment;decoration; adornment: શણગાર; શોભા; ભૂષણ;અલંકાર; મંડન; આભરણ; તિલક; દાગીનો;ઘરેણું.*vt.*To adorn;to deck; to embellish:ધરેણાં પહેરાવવાં;શણગારવું; શોભાવવું; મંડિત કરવું; અલંકારભૂષણ પહેરાવવાં.

Ornamental, (ઑર્નમેન્ટલ્) *a.* Beautifying; embellishing: શોભાને તેવું; શોભાકારક; શોભાપ્રદ; શોભાજનક-દાયક,વિભૂષક; સુશોભિત.

Ornamentation,(ઑર્નમેન્ટેશન્) *n.*The act of ornamention: શોભાવવું-શણગારવું તે. 2. An ornament:આભૂષણ;અલંકાર;ઘરેણું;મંડન.

Ornate,(ઑર્નેટ્) *a.* [L. *orno*, I adorn.]Adorned; decorated;beautiful:શણગારેલું;સુંદર;ખૂબ સુરત;વિચિત્ર;શોભિત;વિભૂષિત;મંડિત; અલંકૃત. *vt* To adorn:શણગારવું;શોભાવવું.

Ornithology,(ઑર્નિથૉલૉજિ)*n.*[L. *ornithos*, a bird & *logos*, discourse.] That branch of zoology which treats of the natural history of birds and their classification : પક્ષિવર્ણન વિદ્યા. 2. A treatise or book on this subject: પક્ષિવિદ્યા-વર્ણનની ચોપડી.

Orphan,(ઑર્ફન્)*n* [L.*orbus*,bereft.]A child bereaved of father or mother,or of both:બાપ કે બાપ,કે માબાપ વિનાનું છોકરૂં;અનાથ;માતૃ પિતૃ રહિત-શૂન્ય.*a* Bereaved of parents or of one parent: નબાપું; નમાયું; અનાથ;માબાપ વગરનું.*vt.*To deprive of parents:માબાપ વિનાનું કરવું.

Orphanage(ઑર્ફનેજ્)*n*The state

of being an orphan;orphanhood: નબાપા-નમાયાપણું; માતૃ પિતૃ હીનતા; અનાથતા. 2. An institution or asylum for the care of orphans: અનાથ રક્ષક ગૃહ;અનાથાશ્રમ;અનાથાલય

Orpiment,(ઑર્પિમેન્ટ્)*n* [L. *aurum,*gold & *pigmentum,* pigment.]Arsenic sesquisulphide: હરતાલ,હડતાલ.*Red* o.: રક્તધાતુ.

Orrery, (ઑરરિ)An instrument for illustrating the movements of the heavenly bodies: ગ્રહમંડળ;ગતિસૂચક યંત્ર.

Orthodox,(ઑર્થોડૉક્સ્)*a.*[Gr. *orthos,* right &*doxa,* an opinion.] Sound in opinion or doctrine, esp.,religious:ધર્મમાં દૃઢ; સન્માર્ગી; ખરો; યથાશાસ્ત્ર.2. *Approved* conventional: રીત રૂઢી પ્રમાણે થતું; શાસ્ત્રીય;શાસ્ત્રસમંત;ધર્મ પરાયણ.

Orthodoxy,(ઑર્થોડૉક્સિ)*n*Soundness of faith:ખરો માર્ગ;દક્ષિણમાર્ગ-આચાર.2.Consonance to genuine scriptural doctrines:યથાશાસ્ત્રતા; શાસ્ત્રમાર્ગાવલંબન.

Orthoepy,(ઑર્થોએપિ)*n.*[Gr. *orthos,*right & *epos,*a word.]Correct pronunciation: શુદ્ધ ઉચ્ચાર વિદ્યા; શુદ્ધ ઉચ્ચાર; શુદ્ધોચ્ચારણ.

Orthographical,(ઑર્થોગ્રૅફિકલ્) *a.*Of or pertaining to right spelling:શુદ્ધ લખવા-લેખન સંબંધી-નું.2. Of or pertaining to right lines or right angles:સીધી લીટીઓ અથવા કાટખૂણા સંબંધીનું.

Orthography,(ઑર્થૉગ્રફિ)*n.* [Gr. *orthos,*right,& *grapho,*I write.] The art or practice of writing words with correct spelling:શુદ્ધ જોડણી;શુદ્ધ લેખન વિદ્યા;વર્ણન્યાસ; વર્ણ વિન્યાસ શાસ્ત્ર વિચાર.2.The part of grammer which treats of the letters, and part of the art of spelling correctly:વર્ણવિચાર;શબ્દ વન્યાસ.

Oscillate,(ઑસિલ્લેટ્)*vi.*[L.*oscillum,* a swing.] To swing; to sway:ઝોલાં ખાવાં;ઝુલવું;આમતેમ ચાલવું.2.To vary or fluctuate between fixed limits: અમુકહદ વચ્ચે વધવું-ઘટવું;-ની વધઘટ -ચઢઉતર થયા કરવું.(*b*) To act in a fickle manner:ડામાડોલ થયા કરવું; એક વિચાર ન રાખવો;ઢંગધડા વગરના હોવું.

Oscillation, (ઑસ્સિલ્લેશન) *n.* A swinging or moving backward and forward;vibration:ઝોલાં ખાવાં તે;ઝોલવું તે;ઝોલું;આંદોલન. 2. Fluctuation; variation : વધઘટ ચઢઉતર;અતાગત;ડામાડોળપણું.

Osier,(ઑઝિઅર)*n.*[L. *vitex.*]' A kind of willow:ટોપલા-લીએ બનાવવાનું એક જાતનું નેતર-વેતસ.*a.* Made of osiers:એક જાતના નેતરનું બનાવેલું.

Ossification(ઑસ્સિફિકેશન)*n*Formation into bone: નું હાડકું થવું તે; અસ્થિભવન;અસ્થિભાવ.

Ossify,(ઑસ્સિફાઇ) *vt.(Physiol.)* To form into bone : નું હાડકું બનાવવું; પોચી વસ્તુને હાડકા જેવી કઠ 2.To harden: કઠણ કરવું.*To o.the heart:*હૈયું કઠણ કરવું. *vi* To become bone:નું હાડકું થવું-બનવું.

Ossivorous, (ઑસ્સિવોરસ્)*a.*[L. *ossis,* bone & *voro,* I devour.] Feeding on bones;eating bones હાડકાં ખાનારું-ખાતું;હાડભક્ષી.

Ostensible, (ઑસ્ટેન્સિબલ્)*n.* [L. *ob* & *tendo,* I stretch.] Capable of being shown; proper or intended to be shown: બતાવવા લાયક-યોગ્ય.2.Shown; exhibited; declared;apparent:બતાવેલું; કહેલું; દેખીતું;પ્રસિદ્ધ,પ્રકટ; પ્રત્યક્ષ.

Ostensibly,(ઑસ્ટેન્સિબ્લિ) *adv.* Avowedly;professedly; apparently:ઉઘાડું;ખુલ્લું;ઉપરથી.

Ostentation,(ઑસ્ટેન્ટેશન્)*n.* [L. *ostendo,*I show.] Unnecessary show;pretentious parade: ડોળ;ઢોંગ; રોપ; આડંબર; દમામ; દંભ;સોગ.2.A show:તમાસો;દેખાવ.

Ostentatious,(ઑસ્ટેન્ટેશસ્)Pretentious;boastful:ઢોંગી;ડોળ ડમાક વાળું;બડકદાર; દંભી; દમામી; આડંબર યુક્ત,આડંબરી;દાંભિક.

Osteology, (ઑસ્ટીઑલૉજિ)*n.*The science which treats of the bones:અસ્થિ શાસ્ત્ર-વિદ્યા.

Ostiary,(ઑસ્ટિઅરિ)*n.pl.*[L *ostium,*door;entrance.]The mouth of a river: નદીનું રહેવાનું મુખ.

Ostracize,(ઑસ્ટ્રેસાઇઝ્)*vt.* [Gr. *Antiq.*]To banish by a popular voice,as at Athens:લોકમતે દેશનિકાલ કરવું.2.To banish from society:વ્યવહાર-દેશબહારદઈ કાઢી મુકવું.

Ostrich,(ઑસ્ટ્રિચ્)*n.*[L.*avis,*bird & *struthio,*ostrich.] A kind of large bird: શતમૃગ.

Other,(અધર્)*conj.* Either:બેમાંનું એક.*Pron* & *a.*Not the same,not identical;second of the two:અન્ય; બીજું;બીજી.2. Opposite:પેલી તરફનું; સામું.3. Alternate; second: એક મુકીને બીજું.4.Left as opposed to right:ડાબું.*The* o. *world:* પરલોક. *The* o.*day:*તે દહાડે;તિ દહાડે.*Every* o *day:*એકાંતરે.*adv.*Otherwise: બીજી-જૂદી-અન્ય રીતે.

Otherwise,(અધરવાઇઝ્)*adv* In different manner; differently: બીજી-જૂદી રીતે. 2. In othe respects:બીજી બાબતો. 3 In different circumstances;under other conditions: નહિતર;નહિતો. [અન્તર.

Ottar,Otto,(આટ્ટર;ઑટ્ટો)*n.*Attar;

Otter,(ઑટર્)*n.*[Ar.*otor.*] Any carnivorous animal: જળબિલાડી.

Ottoman,(ઑટ્ટમૅન્)*a.*Of or pertaining to the Turks: તુર્ક લોકો સંબંધી-નું. O *power:* તુર્કી સત્તા. *n. pl.***Ottomans,**A Turk: તુર્ક.2.A stuffed seat with a back:બાઠી-વાળી બેઠક;ગાદલું.

Ouch, (આઉચ્)*n.*A socket or bezel holding a precious stone: અંગુઠી-વીંટીનું ખામણું-ઘર.

Ought,(ઑટ્)*n.*&*adv.Imp,* & *pp.* or auxiliary (see,**owe.**)

Ounce,(આઉન્સ્)*n.*[L.*uncia,* the twelfth.] A weight the sixteenth part of a pound avoirdupois,and containing 437½ grains:આઉંસ;અર્ધટાંક;અષેાળ.2. (*Troy Weight*)The twelfth part of a troy pound: આઉંસ;અર્ધટાંક 3. A small portion;a bit:નાનો ભાગ;કકડો;કડકો.

Our,Ours, (ઑઅર્-ઑઅર્સ્) *Possessive pron.* of or pertaining to us; belonging to us: અમારું; આપણું.

Ourself-selves, (ઑઅર્સેલ્ફ્-ઑઅર્સેલ્વ્ઝ્)*Pron.* An emphasized form of the pronoun of the first person plural: અમે પોતે જાતે; આપણે જાતે-ખુદ.

Oust,(આઉસ્ટ્)*vt.* To take away; to remove:લઈ-ખસેડી લેવું. 2 To eject;to turn out:કાઢી મેલવું;કાઢવું.

Out,(આઉટ્) *adv* Away; abroad; off;not in;from home: બહાર; બહાર ગએલું. 2. In a state of freedom,openness,disclosure, etc: તાણીને મોટેથી;બહાર પડેલું. 3.To the end;completely: પૂર્ણ રીતે; પુરેપુરું; બરોબર.4. In a state of lessened want or deprivation : તંગી તુકસાનમાં;નિરાળું;ખરચ થએલું;-ને ઓટ-ગએલી.5. In error or mistake; in a wrong or incorrect position or opinion: ભૂલ-ચૂકમાં (*b*) In a puzzle : ગુંચવાઇ-ગભરાઇગએલું.(*c*) With clothes:ઘસાઇ ફાટેલું

હોવાથી-નું શરીર દેખાવું. 6. Not in office: બરતરફ થએલું; પદ ભ્રષ્ટ. 7. Not in work: નવરું;દૂર થએલું; બિન રોજગાર.8.To the end: આખર છેવટસુધી-પર્યંત;બધું;આખું. 9. Not in the hand of the owner: પારકાને ત્યાં ગણેતે-સાનમાં-ગિરાઇ મુકેલું. 10. Away: જા;જાઓ;ચાલચાલ. *Out and out*:નદાવે;પૂર્ણરીતે;બીલકુલ (*a*) *adv*. Completely;wholly: પૂર્ણ-સંપૂર્ણરીતે;સંપૂર્ણ;ઠેક,બીલકુલ.(*b*)*adj*. Absolute:પાકો;હડહડતો. **O** *of*:માંથી.**O.** *of excess*,excessively: અતિશય; ઘણું; બેહદ.**O.** *of character*, improper: નાલાયક;અઘટિત; અયોગ્ય; ગેરવાજબી. **O.** *of date*,not timely: જૂનું; અસલનું; પુરાણું. **O.** *of door*, **o.** *of doors*,into the open air: ઘર બહાર;ખુલ્લી હવામાં. **O.** *of fashion*: વાપરમાંથી કે રીતમાંથી દૂર થએલું;-માંથી -ની બહાર ગએલું.**O** *of favor*,under displeasure: મહેરબાનીથી ઉતરેલું **O.** *of hand*, immediately: તરતજ; તત્કાળ;તેજ સમયે-વખતે; ટપ દઇને; તત્ક્ષણ. **O.** *of one's head*:ભ્રમ;ચસકેલું. **O.** *of order*, disarranged: અવ્યવસ્થિત;નિયમ-વ્યવસ્થાથી ઉલટું-વિરુદ્ધ; **O.** *of place*: કઠેકાણે; કઠેકાણાનું;અવખતનું;અયોગ્ય. **O** *of print*, not in market: ન મળે તેવું (પુસ્તક); જેની બધી પ્રત ખપી ગયેલી હોય તેવું. **O** *of the question*: બીનતકરારી; અપ્રસ્તુત. **O** *of reach*, inaccessible: પહોંચ ઉપરાંત; મેળવી ન શકાય તેવું. **O.** *of season*, untimely; inopportune: બેવખત-કઠહાડાનું; કવેળા.**O.** *of sorts*, unsatisfied;unwell;unhappy:કસેજ;બગડેલું; અસુખી **O.***of sight*: અગોચર;નહિં દેખાય એવું.**O.***of taste*: રૂચિવગરનું; નિર્વાક. **O** *of hearing*: ન સાંભળે તેવું દૂર; આધું.**O.***of breath*:દમ ભરાઈ ગએલું. **O.***of hope*:નિરાશ.**O** *of brain*:બગડેલું;કસુય;વકળીગએલું **O.***of tune*: અવ્યવસ્થિત;સથરપથર. **O.** *upon you*: જાઓજાઓ;ચાલો ચાલો.**O.***of temper*, angry:ગુસ્સે થએલું.**O.***of time*, not in proper time: બેવખત;કવેળા.**O.** *of tune*, discordant:બેતાલ. **O.** *of use*, obsolete: વાપરમાંથી ગયેલું; નહીં વપરાતું.**O.** *of the way*, (*a*) secluded:એક બાજુએ; એકાંતે;નોખું; ઈલાયદું;દૂર;આધું.(*b*)Improper: ગેરવાજબી;બોટું. *To put* **o** *,of the way*, to kill: મારી નાંખવું;નાશ કરવું.*n.*One who,or that which is out:જે બહાર ગએલું હોય તે-બહાર હોય તે. 2. A nook or corner: ખૂણો; બોચરો.

As,*in&out***s**: ગલીગુંચી; બધી વાત. *vt.*To eject; to expel: કાઢી મુકવું; બહાર મોકલવું.2.To make known: જણીતું કરવું;જાહેર કરવું.3 To dispose of; to sell: વેચવું.*vi.* To come or go out:બહાર જવું-આવવું. *Interj.* Begone;away;off: દૂરજા; જા; જાવ; ચાલ;ચાલચાલ.

Out-balance,(આઉટ્-બૅલંન્સ્)*vt.* To outweigh: તોલમાં વધતું થવું-હોવું; ઉપયોગ-ભાર-વજન કિમ્મતમાં વધારે થવું-હોવું.

Out bid,(આઉટ્બિડ્)*vt.Imp* **Outbid** or **outbade** *p.p* **Outbid, outbidden**.To exceed or surpass in bidding: લીલામ હરાજીમાં વધવું; મોટી માગણી કરવી; કરતાં વધારે મૂલ આપવા માંડવું.

Out brave,(આઉટ્બ્રેવ્)*vt.*To defy with superior courage or audacity: બહુ હિંમત કે ઉદ્ધતાઈથી સામા થવું-આવી જાઓ એમ કહેવું 2. To excel in magnificence: બબકામાં ચઢીઆતું-શેરને માથે સવાશેર થવું.

Out-break burst,(આઉટબ્રેક્-આઉટબર્સ્ટ્)*n.*Eruption;insurrection: ઉભરો;પ્રાદુર્ભાવ;ઉદય-ઉદ્ભેદ;ઉદ્ગમ.

Out cast,(આઉટ્-કાસ્ટ્)*a.*Cast out; degraded: બહાર કાઢી મુકેલું;બહિષ્કૃત;પતિત;ભ્રષ્ટ; નાતબહાર; જાતિબાહ્ય. *n.* A degraded person: દેશ નિકાલ કરેલો-બહાર કાઢી મુકેલો પુરૂષ; પતિતભ્રષ્ટ પુરૂષ;ચાંડાલ; હીનજાતિ. 2. A quarrel; a contention: કજીઓ; ટંટો;રકઝક.

Out come,(આઉટ્-કમ્)*n.*Issue;result;consequence;upshot:ફળ;પરિણામ; ઉત્પન્ન.

Outcry,(આઉટ્ક્રાઇ) *n.* A vehement or loud cry;clamor:પોકાર; ધૂમ;શોર;ધુમાટ;ગોધાટ; કોલાહલ; શોરબકોર;ધૂમમાણ.

Out do,(આઉટ્-ડૂ)*vt.Imp.***Outdid**, *p.p.***Out-done**.To excel;to surpass:પાછું પાડવું;હઠાવવું;ચઢીઆતા થવું.

Out-door,(આઉટ્ ડોર્)*a.*Being or done in the open air: બહારનું; ઘર બહારનું.

Outer,(આઉટર્)*a.* Being on the outside;external:બહારનું;બાહ્ય;ઉપરનું

Outermost,(આઉટર્મોસ્ટ્)*a.*Farthest;outward:સૌથી બહારનું.

Out-fit,(આઉટ્-ફિટ્)*n.*A fitting out or equipment as of a ship for a voyage:મુસાફરી-સફરની સઘળી સામગ્રી-સાહિત્ય;પ્રવાસ સાહિત્ય;ઉપકરણ.

Outflank,(આઉટ્ફ્લૅન્ક્)*vt.*To go beyond the flank or side:-ની બાજુએથી આગળ વધવું-નીકળવું.2. To get the better of: શત્રુની ફોજની બાજુએ પોતાની ફોજને વધારીને શત્રુને થાપ દેવી;શત્રુ ઉપર ફાવી જવું;ફાવી જવું.

Out-general,(આઉટ્-જેનરલ્)*vt.*To gain advantage over by superior military skill:સામાવાળાપર ફાવવું; સેનાપતિના કામમાં ચઢીઆતા હોવું.

Out go,(આઉટ્-ગો)*vt.*To surpass; to outdo: પાછળ પાડવું;હઠાવવું;ચઢીઆતા થવું.2.To circumvent, to overreach: ને પહોંચવું.*n.*Outlay; expenditure:ખરચખૂટણ.

Out grow,(આઉટ્ ગ્રો)*vt imp* **Outgrew**,*p.p* **Outgrown**, To surpass in growing;to grow more than:ઉગીને ફાલીને વધી જવું. 2. To grow out of or away from; to grow too large:અતિશય મોટા થવું.

Outhouse,(આઉટ્હાઉસ્)*n.*An outbulding:ઘરની પાસે ઘરના કબજાની નાની ઓરડી;ઉપગૃહ;પરશાળ;રવેશી.

Out landish, (આઉટ્-લૅન્ડિશ્) *a.* Foreign;not native: પરદેશી; વિજાતીય.2.Strange;rude; uncouth; clownish: વિચિત્ર; વિલક્ષણ; તરેવાર; ઓર;ગ્રામ્ય; અસભ્ય;જંગલી.

Out-last,(આઉટ્-લાસ્ટ્)*vt.*To outlive:લાંબી મુદત સુધી ચાલવું-ટકવું.

Outlaw,(આઉટ્લો)*n.*A person excluded from the benefit of the law, or deprived of its protection:બારવટિયો; વ્યવહાર બહિષ્કૃત. *vt.*To declare to be an outlaw: રાજ્યના રક્ષણમાંથી કાઢી મુકવું. 2. To remove from legal jurisdiction or enforcement: ન્યાયરક્ષણથી બાતલ કરવું.

Outlawry,(આઉટ્લોરિ) *n.pl.***Outlawries**,The act of outlawing; બહિષ્કાર;રાજરક્ષણ બહિષ્કાર 2. The state of being an outlaw:બારવટું

Outlay,(આઉટ્લે)*vt.*To lay out;to spread out:પાથરવું;મુકવું *n* A laying out or expending:ખરચવું તે; માંડની;પસારો.2 Expending: ખર્ચ; આગળથી કાઢેલી-ખરચેલી રકમ;વ્યય.

Outlet, (આઉટ્લેટ્)*n.* An exit;a vent:બહાર જવાનોમાર્ગ; નીકાલ;દ્વાર; માર્ગ;મુખ;બારૂ.

Outline,(આઉટ્લાઇન્)*n.*The exterior line;contour:હદ; સીમાની રેખા;-આકૃતિ; મર્યાદા રેખા;બાહ્યરેખા;રૂપરેખા.2.A sketch; ટોહોળિયું; ઓછું; સાર;ખરડા.3. A preliminary or general indication: ખરડો; સાર; અસૂક્ષ્મ વિચાર. *vt.* To draw the outline of: બહારની આકૃતિ-બોચું.

રેખા-કાઢવી. 2. To sketch out or indicate as by an outline: ખરડો-ખોખું કાઢવું.

Out-live,(આઉટ્-લિવ્)*vt.* To live beyond or longer than;to survive: થી વધારે જીવવું,-ના મુઆ-ગત થયા પછી રહેવું જીવવું.

Out-look,(આઉટ્-લુક્)*vt.* To face down;to outstare:રોકું કાઢીને ચાટરાહ જોવી.2.To inspect thoroughly;to select: બારીકાઇથી જોવું તપાસવું; પસંદ કરવું; ચુંટી કાઢવું. *n.* Watch: તપાસ; અવેક્ષણ; અપેક્ષા. 2. One who looks out: બહાર જોનાર; તપાસ રાખનાર.3.Scope of vision; sight;appearance:દેખાવ; દૃષ્ટિ;નજર.

Out-lying,(આઉટ્-લાઇઅન્ગ) *a.* Exterior;remote; detached: બહારનું;આઘું ;વેગળું ; છેવાડું; મુખ્ય સ્થળથી વેગળું.2.Being on frontier: સીમાડાનું;સરહદી;બહારનું;છેવાડું.

Outmanœuvre,(આઉટ્-મેન્યુવર) *vt* To surpass in manœuvre: લશ્કરને પેચથી ચાલ ચલાવવામાં ચડવું; -ઠેકાવવું;કોરે મૂકવું.

Outmost,(આઉટ્મોસ્ટ્)*a.*Farthest; outward:થકું દૂરનું;છેટેનું.

Outnumber,(આઉટ્-નમ્બર્)*vt.*To exceed in number:સંખ્યામાં અધિક ચઢીઆતા હોવું-થવું;વધારે થવું-હોવું.

Out of-the-way,(આઉટ્-ઑવ્-ધી-વે)*a.* Improper; unusual: વિષય બહારનું; નવાઈનું;અસાધારણ.

Out-post,(આઉટ્-પોસ્ટ્)*n* (*a*) A post or station at a distance from the main body of an army for observation of the enemy: શત્રુની હીલચાલ જોવાને માટે ફોજના મુખ્ય ભાગથી થોડે છેટે કરેલો મુકામ-થાનું;પડાવ.(*b*) The troops placed at such a distance: મુખ્ય ભાગથી થોડે છેટે રાખેલી થાણામાંની ટુકડી.

Out-pour,(આઉટ્-પોર્)*vt.*To pour out:પુષ્કળ નાખવું;પાડવું; રેડવું. *n.* A free discharge:વહેવું તે;ઉત્સર્ગ.

Out-pouring, (આઉટ્ પૅ રિન્ગ્)*n.* A flowing out;a free discharge: ખુબ રેડવું તે; વર્ષણ ઉત્સર્ગ.

Outrage,(આઉટ્ રેજ્) *n.* Excessive abuse; wanton mischief; gross injury:મોટો જુલમ;માઠાનર્થ; અન્યાય;ઉપદ્રવ;નજબ;અનર્થ,કેર,ઉત્પાત;જબરદસ્તી; બળાત્કાર. 2. Excess; luxury:અતિશયપણું;મોજમજા.*vt.* To commit outrage upon; to subject to outrage: ના ઉપર મોટો જુલમ કરવો; ઠેકાણાના શબ્દથી અપમાન કરવું.3.To violate:બળાત્કાર ગુજારવો. *vi.*To act outrageously: જૂલમી-પણે વર્તવું.To o.*decency*: જોતાં-સાંભળતાં શરમ લાગે એવું કરવું; બળાત્કાર કરવો;બાજ પાડવી.

Outrageous,(આઉટ્ રેજસ)*a.* Exceeding the limits of decency; furious;violent; atrocious: લાજ વગરનું;ઉન્મત્ત;મહાન;ઘણું મોટું; મહા પાપ ભરેલું;જુલમી; રાક્ષસી; સાહસિક; દારૂણ;ઘોર;ઉગ્ર

Outre,(ઉત્રે) *a.* Beyond what is customary or proper: અસાધારણ; વિચિત્ર;તરેહવાર;વિલક્ષણ;અલૌકિક.

Outreach, (આઉટ્-રીચ્) *vt.* To reach beyond: મારી-રસ્તો ભૂલવો; ફસાવવું;થકવવું;મુંડવું;ખુતવું.

Out-ride,(આઉટ્-રાઇડ્)*vt.*To ride beyond or faster than: ઝટપથી ઘોડો દોડાવવો-ચલાવવો.

Out-rider, (આ ઉટ્-રાઇડર) *n.* One who rides along with a carriage: ગાડીની જોડે બીજમતમાં રહેનાર સવાર.

Out right,(આઉટ્-રાઇટ્)*adv* Immediately; without delay; at once: તત્ક્ષણ; તરતજ; એકદમ; તત્કાળ; રોકડું;ઉભેડભે;ચાલતજ. 2. Completely:પૂરેપુરૂં;સંપૂર્ણ;સમૂળગું;સામટું.

Out-run,(આઉટ્-રન્)*vt Imp* **Outran,***p.p.* **Outrun**. To out strip; to go beyond: દોડવામાં પાછળ મુકવું;હંફાવવું;અતિક્રમણ કરવું.

Out-set,(આઉટ્ સેટ્)*n.*A setting out;starting,or beginning: શરૂઆત;મંડાણ;પ્રારંભ;ઉપક્રમ;મૂળમંડાણ

Out-shine, (આઉટ્-શાઈન્) *vi.* To shine forth:ચળકવું; તપવું; ઝિણ પાડવા*vt.*To excel in splendor:-થી વધારે ચળકવું-શોભવું;ને ઝિંકું પાડવું.

Out-side, (આઉટ્-સાઇડ્) *n.* The exterior:કોઇ ચીજનો ઉપરનો-બહારનો ભાગ; બહિર્ભાગ. 2. The outer side: બહારની બાજુ; બહિર પ્રદેશ. 3. The utmost: અત્યંત;સીમા; આખર; અન્ત *a* External;exterior:ઉપરનું; બહારનું;બાહ્ય 2.Reaching the farthest limit:આખરનું;અંતનું;છેવટનું.

Outsider,(આઉટ્-સાઇડર્)*n.* One disconnected in interest or feeling:પરાયો; પારકો; બહારનો માણસ; અંદરખાને સામેલ ન હોય એવો માણસ.

Out-skirt,(આઉટ્ સ્કર્ટ્)*n.*A part remote from the centre;border: પરું;કૂંગીડું;મુંબાહું;સિમાડો;હદ;છેડો;અંત.

Out-spread,(આઉટ્-સ્પ્રેડ્)*vt.* To spread out; to expand: ફેલાવવું; ખુલ્લું કરવું;વિસ્તારવું.

Out-standing,(આઉટ્સ્ટેન્ડિન્ગ્)*a.* Undischarged;uncollected;not paid:પત્યા વગર-બાકી રહેલું; બહાર નીકળેલું; ઉભું O.*balance of dues*: ઉઘરાણી.

Outstrip,(આઉટ્-સ્ટ્રિપ્)*vt* To out run;to leave behind:પાછળ મૂકવું; પાછળ પાડવું;-થી આગળ નીકળવું.

Outvie,(આઉટ્વાઇ)*vt.* To go beyond in vying with:-થી ચઢવું;હંફાવવું;કોરે મુકવું;-થી સરસ ચઢીઆતા હોવું.

Outvote,(આઉટ્વોટ્)*vt.*To defeat by a greater number of votes: વધારે મતથી જીતવું;હરાવવું;-ના કરતાં વધારે મત હોવાં.

Outward,(આઉટ્ વર્ડ્)*n.* External;exterior:બાહ્ય;ઉપરનું.2.*Manifest*;public: દેખીતું;ખુલ્લું; પ્રસિદ્ધ.3. Foreign: પરદેશનું; અન્યદેશીય. 4. Tending to the out side: બહારની બાજુનું.

Outwardly,(આઉટ્ વર્ડ્લિ) *adv.* Externally:બહારથી;ઉપરથી ;ઉપર.

Out-weigh, (આઉટ્ વે)*vt.*To exceed in weight or value: ઉપરોગી-ભાર વજન-તોલમાં વધારે હોવું-થવું.

Outwit,(આઉટ્ઉવિટ્)*vt.*To surpass by superior ingenuity: કોઇના માથાનું નીકળવું;વધારે ચતુરાઈથી ફસાવવું;છેતરવું;ઘાપ મારવી.

Outwork, (આઉટ્-ઉવર્ક્) *vt.* To work more or faster than:ના કરતાં વધારે-ઉતાવળથી કામ કરવું. *n.* A minor defence constructed beyond the main body of a work: બહારનો કિલ્લો.

Oval,(આવૅલ્) *a* [L.*ovum*,an egg.] Having the figure of an egg: અંડાકાર;અંડાકૃતિ;ઇંડાકારનું. 2. Of, or pertaining to eggs: ઇંડાં સંબંધી-નું *n.*A body or figure in the shape of an egg, or an ellipse:ઇંડાકૃતિ;અંડાકૃતિ.

Ovary,(ઑવૅરિ)*n.*[L *ovum*, egg.] (*Bot.*)That part of the pistil which contains the seed: ગર્ભાશય;બીજાશય;અંડાશય;કુલ.

Ovation (ઑવેશન્)*n* [L.*ovo*,I exalt.]A lesser kind of triumph allowed to a commander for an easy,bloodless victory: નાનો જયકરી આવતાર સેનાપતિને આપેલું માન 2.An expression of popular homage: લોક સન્માન.

Oven,(અવ્ન) *n* A place arched over with brick or stone work and used for baking, heating or drying:ભઠ્ઠી; ચૂલો; ચૂલ.?. Baking plate: તવો; ઢોઢી.

Over,(ઑવર્)*prep.*[L *super.*] Above or higher than: થી ઉપર; પર;-ની ઉપર.2.Across; from side to side of:ઉપર થઇને-થી.3 Hither and thither upon: ઉપર;ઉપર બધે. 4.Above (*denoting superiority*): ઉપર; નાકરતાં. 5. Above in authority or station:ઉપર;-માં ઉપરી દાખલ.6.Across or during the time of;from beginning to end of:-ની શરૂઆત-આરંભથી તે અંત સુધી.7. Above top of: ઉપર ફરી વળેલું;ઉપર;ફરીવળીને.8.An excess of; in addition to;more than:ના કરતાં વધારે.9. In spite of;notwithstanding: છતાં*Over head and ears*,completely; wholly: પૂર્ણ રીતે;નખશીખ;તરબોળ. *adv.* Across; crosswise:એક છેડાથી બીજા છેડા સુધી: આરપાર.**2.**From one person or place to another:હાથોહાથ.3.From inside to outside,above or across the brim:ઠોઠાઠ;છલકાતું.4. Superfluously: ઉપર; વધતું; વધારે. 5. At an end; completely:પૂર્ણ રીતે;સંપૂર્ણ;પાર 6.**Over** the surface:ઉપર; ઉપર બધે.7.With care,over sight or concern: વાસ્તે; માટે ઉપર. **O.** *night*:આખી રાત;રાત.From side to side: એક છેડાથી બીજા છેડા સુધી;આરપાર.*To keep overnight*:આખી રાત રાખવું;રાત રાખવું.*To be o.*: પુરું-બંધ થવું-નો પાર આવવો;થઈ રહેવું.*To give o.*: મૂકી દેવું; છોડી દેવું;-ની આશા મૂકવી. *To throw o*,*to desert*: ફેંકી-નાંખી દેવું; પડતું વેતું-જતું મૂકવું. *All o.*, (*a*) upon all parts; completely: સઘળા ભાગ ઉપર પૂર્ણ રીતે. (b) at an end:છેડે;આખરે **O** *again*,once more; afresh; anew: ફરીફરીને;એકવાર વધારે; પાછું; બીજીવાર. **O.***against*, opposite; in front: સામું;સન્મુખ;ના સામે **O.***and above*, besides: વળી;એ શિવાય,આટલા બધા છતાં,ઉપરાંત;વધારામાં **O.** *and over*, repeatedly: ફરીફરીને; વારંવાર *To throw o.*,to abandon;to betray: તજી દેવું;છોડી મેલવું;છોડીદેવું;ફસાવવું.**O.***als*: સૌથી ઉપર પહેરવાનો ઢીલો પાયજામો;સુરવાળ.

Overact,(ઑવર્ઍક્ટ્)*vt.*To exaggerate in acting:નાટકનો ભાગ અતિશયોક્તિ કરીને ભજવવો; હદ ઉપરાંત નકામા ચાળા કરવા.*vi* To act more than is necessary:હદ ઉપરાંત કરી દેવું;હદ બહાર જવું.

Overarm,(ઑવર્આર્મ્) *a.* Done with the arm raised over the shoulder:ખભા ઉપરથી હાથ વીંઝીને નાખેલું

Over-awe, (ઑવર્ઓ)*vt.*To awe exceedingly;to subjugate or restrain by awe or great fear: ધાકથી હલાવવું;ગીવરાવી નાંખવું; દાબ-ધાક બેસ રંગો:દબાવવું,ભયગ્રસ્ત કરવું.

Over-balance,(ઑવર્બૅલન્સ્) *vt.* To outweigh:થી વજન-તોલ-ભારબોજ-અગત્યતામાં વધારે થવું-હોવું;-થી ભારે થવું.2.To cause to lose equilibrium: સમતોલતા ખોવી; ઉથલાવી-ઉલ્લાવીનાખવું.*n.*Excess of weight or value:વધારો; વધારાનું તોલ-વજન કિંમત.

Over-bear,(ઑવર્-બૅર્)*vt.*To overcome; to suppress: દાબી નાંખવું; જોરથી ન ચાલવા દેવું.2.To overcome by insolence: ઉદ્ધતાઇથી દાબી નાંખવું ન ચાલવા દેવું

Overbearing,(ઑવર્ બૅરિન્) *a.* Subduing;repressing:દાબી નાંખનું;તાબે કરવું.2 Arrogant; tyrannical;dictatorial;insolent:.મીજાજી; અપમાન કરે તેવું;જુલમી; મિજબજું;નરઠોડ કલાસ ભરેલું,ઉદ્ધત; દોડ; લાંઠ; ગર્વિષ્ઠ,અક્કડ.

Over-board(ઑવર્-બૉર્ડ્)*adv*Over the side of a ship: વહાણમાં-ઉપરથી;વહાણની બાજુએથી.

Over-burden (ઑવર્-બર્ડ્ન્)*vt.*To load with too great weight or too much care,etc: હદ ઉપરાંત-ગજા ઉપરાંત લાદવું.

Over-cast,(ઑવર્-કાસ્ટ્)*vt.*To cloud;to darken:આચ્છાદન કરવું;ઘનઘોર કરવું;ઘેરવું.2.To compute or rate too high: ઘણી મોટી ગણત્રી કરવી. 3. (*Sewing.*)To take long, loose stitches over to prevent raveling:લાંબા અને મોટા મોટા ટેમા દેવા; દોરાવવું; ફાંટવું.*a* Clouded: ઘેરાએલું; છવાએલું; અંધારાયેલું.

Over-charge, (ઑવર્-ચાર્જ્)*vt.*To charge or load too heavily:ઉપર ઘણો ભાર મુકવો-ભરવો.2.To fill too full:અતિશય-ખીચો ખીચ-ઠોકોઠક ભરવું; ઠાંસી ઠાંસીને-છલોછળ-ભરપુર અતિશય ભરવું.3. To charge beyond a fair rate or price: ના કરતાં વધારે મૂલ્ય-ભાવ કિંમત કહેવી-માંડવી4. To exaggerate:વધારીને-મરચું મીઠું ભભરાવીને કહેવું; અતિશયોક્તિ કરવું.*vi.* To make excessive charges: વધારે કિંમત ભાવ-લખવો-માંડવો.*n.* An excessive load or burden:વધારે ભાર-બોજો. 2. An excessive charge in an account:વધારે લખેલી-માંડેલી રકમ.

Over-come,(ઑવર્કમ્)*vt.*To conquer;to subdue:પાર પાડવું; જીતવું વશ-તાબે કરવું; ફાવવું; પરાજય-પરાભવ કરવું.2.To reduce to distress:વ્યાકૂલ કરવું;ગ્રસ્ત કરવું;ખીન્ન કરવું. 3. To come or pass over: ના ઉપર થઇને જવું-પાથરવું.*vi.*To be victorious: ફતેમંદ થવું-હોવું.*To be o. with grief*: શોકગ્રસ્ત-વશ-મગ્ન થવું.

Over-do,(ઑવર્ ડૂ)*vt imp.***Over-did,***p.p.***Over-done,** To exaggerate;to carry too far: ઘણું-અતિશય કરવું.2. To fatigue; to exhaust: થકવી નાંખવું;શ્રમિત કરવું; વિખેરી નાંખવું 3.To surpass; to excel: શ્રેષ્ઠ ના કરતાં ચઢિયાતા થવું.4.To cook too much: વધારે રાંધી-બાફી-શેકી-નાંખવું;અમિપાક કરવો.

Over-dose,(ઑવરડોઝ)*n.* An excessive dose:ઘણી મોટી ફાકી-પાન.

Over-draw,(ઑવર્-ડ્રે) *vt. Imp.* **Overdrew,***p p.***Overdrawn,**To exaggerate:રજનું ગજ કરવું-મીઠું મરચું ભભરાવવું; અતિશયે ક્તિ કરવો. To make drafts upon or against, in excess of the proper amount or limit: પોતાના જમે હોય તેથી અધિક ઉપાડકરવો.

Over-estimate,(ઑવર્-એસ્ટિમેટ્) *vt.*To over value:ઘણો ઉંચો અડસટ્ટો-ગણના કરવી;અતિ ગણના કરવી. *n.* An estimate that is too high: ઘણો ઉંચો અડસટ્ટો-ગણના;અતિગણના.

Over-feed(ઑવર્ ફીડ્)*vt &vi Imp.* & *p p.***Overfed,**To feed to excess; to surfeit: ઠાંસીને અતિશય ખવરાવવું;ગળચવું;ગળચાવવું.

Over-flow,(ઑવર્ ફ્લો)*vt.*To spread over; to overwhelm:ઉપર પાથરવું; ઢંકી નાંખવું-ઉપર ફરી વળવું. **2.** To flow over the brim of:છલકાઇ જવું;જળમય કરવું;ઉપરથી વહેવું કે ઢળીજવું. *vi.*To run over the bound:હદઉપરાંત જવું.2 To be superabundant; to abound: અતિશય-જોઇએ તે કરતાં વધારે હોવું.*n.*An inundation: પૂર; રેલ;રેલછેલ 2. A superfluous portion:વધારાનો ભાગ;રેલછેલ;અતિશય ભાગ.

Over-grow,(ઑવર ગ્રો) *vt. Imp.* **Overgrew,***p.p.* **Overgrown,** To grow over: ઝાડ-પાનથી ઢંકાઇ જવું;વધારે ફાલી જવું. *vi.* To grow beyond the natural size:કુદરતી હદ કરતાં વધારે ઉગવું.

Over grown,(ઑવર્-ગ્રોન્)*a.*Covered with growth of herbage: ઝાડ પાનથી ઢંકાઇ-વધારે ફાલી ગયેલું; બહુ મોટું-અતિશય ફાલીગએલું.

Over-hang,(ઓવર્-હૅન્ગ્)*vt. Imp. & pp.* **Overhung,** To impend ઉપર ઝુલી રહેવું;લટકવું-ના ઉપર ઝમુ-મી રહેવું;લબડવું.2. To hang over: બહાર-ઊપર નીકળતું હોવું; ઉપસવું. *vi.* To jut over: બહાર-ઊપરનીકળતું-પડતું હોવું.*n* A projection: આગળ પડતોભાગ;છજ્જું;ગોખ;કઠેરો.

Over-haul,(ઓવર્-હોલ્) *vt.* To examine thoroughly:દુરસ્ત કરવા-ને સારી પેઠે તપાસવું; ખુબ બારીકીથી બધેથી તપાસી લેવું.2. To overtake: પકડી પાડવું.*n.* A strict examination: બારીક તપાસ;સૂક્ષ્મ પરીક્ષા.

Over-head,(ઓવર્-હેડ્) *adv.* Aloft; above;in the zenith:માથા ઉપર;ઉચે.

Over-hear(ઓવર્-હીર્) *vt.*To hear by accident or artifice: વેગળેથી છાનામાના સાંભળવું; બોલનારના અનજાણતાં તેનું બોલ્યું સાંભળવું.

Over-joy,(ઓવર જૉય) *vt.* To gratify extremely:અત્યાનંદીતકરવું;ખુશી ખુશી કરવું.*n.* Excessive joy; transport:વણીજ ખુશી; અત્યાનંદ; પરમાન દ;પ્રહર્ષ.**O-ed,** અતિશય રાજીખુશી થઇ ગએલું-કરેલું; બહુ હરખાએલું; ખુશખુશ થઇ ગએલું;રાજીરાજી થએલું.

Over-land,(ઓવર્-લૅન્ડ્) *a.* Being or accomplished over the land: જમીન ઉપરની;જમીનની;ખુસ્કી.

Over-lay,(ઓવર્લે) *vt.Imp.&pp.* **Overlaid.**To cover; to press excessively upon:મઢવું;ચઢાવવું;ઉપર ચઢાવવું.2. To smother with a close covering, or by lying upon: ઢાંકપિછોડો કરીને ગુંગળાવી નાંખવું *n.*A covering:પડ;ઢાંકણ;ગલેફ.

Over-leap,(ઓવર્-લીપ્) *vt.*To leap over or across:ઉપર કૂદી જવું.

Overload-lade,(ઓવર્લોડ્ ઓવર્-લેડ્) *vt.*To load or fill to excess: ઉપર વધુ ભાર-બોજો નાંખવો-ભરવો.*n.* An excessive load:વધુ ભાર-બોજો

Over-look,(ઓવર્-લુક્(*vt.*To look or view from a higher position: ઉંચી જગ્યાએથી જોવું-તપાસવું. (*b*) To afford an elevated prospect: ઉપરથી દેખાવું-નજર પડવી 2 To watch over:તપાસ રાખવી; છાનું માનું-છુપી રીતે જોવું; અવલોકવું; ચોકસી કરવી. 3. To inspect: સારી પેઠે તપાસીને જોવું;નિરખીને જોવું. 4. To look upon with an evil eye;to fascinate:ના ઉપર કુદૃષ્ટિથી જોવું;વશ કરવું કે.(*a*) To miss or omit in looking.ઊપર નજર ન રાખવી:જોવામાં મુકી દેવું. (*b*)To excuse: આંખ આડા કાન કરવા;અખાડા કરવા;જોવું ન જાણું કરવું;સામું ન જોવું.

Overlying (ઓવર્-લાઇઅન્ગ્) *a.* Lying over or upon something: ઉપર પડેલું-રહેલું;ઊપરનું.

Over-match,(ઓવર્મૅચ્) *vt.*To be more than equal to or match for;to vanquish:બીજા કરતાં વધારે શક્તિમાન થવું; જીતવું; વશ વર્તાવવું. 2. To marry (*one*)to a superior: વધારે કુળવાનસાથે પરણાવવું.

Over-morrow, (ઓવર્-મોરો) *n.* The day after or following tomorrow:પરમદહાડે;ત્રીજે દહાડે.

Over-pass,(ઓવર્-પાસ)*vt* Imp. & *p.p.***Over-passed,** or **Overpast.**To cross: ઓળંગવું;-થી આગે જવું2.To omit;to disregard; to over-look: મુકી દેવું;-ની દરકાર ન રાખવી;જોયું ન જોયું કરવું.3. To surpass;to excel: શ્રીયઢિયાતા-શ્રેષ્ટ થવું.

Over-plus,(ઓવર્ પ્લસ્)*n.* [*Over* & L. *plus*,more]Surplus: વધારાનો-ફાલતુ ભાગ;વધારો;ફાજલ;ફાલતું.

Over-poise (ઓવર્-પૉઇઝ) *vt.* To outweigh;to overbalance:વધારે વજન થવું;ઘડો કરવું. *n* Preponderant weight; a counterbalance: ભારતી-વધારે વજન;ઘડો.

Over-power, (ઓવર્-પાઉઅર્)*vt.* To cause to yield;to subdue:ન ખમાય એવું જોર કરવું; જોર બળ-પરાક્રમ ચલાવવું;અતિશય બળ કરી વશ-તાબે કરવું;હરાવવું;નો પરાજય કરવો; વ્યાકુલ કરવું.*n.*A dominating power: અતિશય બળ-શક્તિ.

Over-rate,(ઓવર્ રેટ્)*vt.* To rate or value too highly: અતિશય ગણવું;ઉંચી કિંમત ગણવી

Over reach,(ઓવર્-રીચ્)*vt.&vi.* To reach above or beyond in any direction:કોઇપણ દિશામાં આઘે દૂર જતા રહેવું2 To outwit; to cheat:ફસાવવું;ઠગવું;છેતરવું;મૂરખું.

Over-rule, (ઓવર્-રૂલ્)*vt.*To rule over;to govern or determine by superior authority: વધારે બળથી વશ કરવું રાખવું; નું ચાલવા ન દેવું-ના ઉપર સત્તા-અધિકાર ચલાવવો. 2. To rule or determine in a contrary way; to decide against ઊલટી રીતે હુકમ ચલાવવો;-ના વિરૂદ્ધ ઠરાવ કરવો.3 (*Law.*)To supersede, reject,annul,or rule against:નામંજુર-રદ ગણવું-કરવું.

Over rnn.(ઓવર્ રન્)*vt.&vi, Imp.* **Overran,***p. p.* **Overrun.** To run over,to spread over in excess: ઉપર બધે ફરીવળવું પથરાવું;વ્યાપિ જવું;આચ્છાદિત કરવું; પ્રસરવું; ફેલાવું. 2. To exceed in distance or speed in running: દોડવામાં આગળ નીકળવું-પાછળપાડવું.2.To go beyond:-થી આઘે જવું. 4. To abuse or oppress,as if by treading upon:ઊપર પગ દઇને-કચરીને-ના ઊપર જૂલમ કરવો-ને દુઃખ દેવું.

Oversee(ઓવર્સી)*vt.Imp* **Oversaw,***p.p* **Overseen.**To superintend;to watch over: ઉપર દેખરેખ નજર નિઘેબાની તપાસ રાખવી; ચોકસી કરવી રાખવી 2 To omit or neglect seeing: જોવાનું ભૂલી જવું;ન જોવું *vi.* To be deceived: ઠગાઈ જવું;છેતરાવું.

Overseer,(ઓવર્સીર્)*n.*One who oversees; a superintendent; a supervisor: દેખરેખ-તપાસ-ચોકસી રાખનાર;દરોગો;અધિક્ષતા;અધ્યક્ષ.

Over-set, (ઓવર્સેટ્)*vt.Imp.& p. p.***Overset.** To upset: ઉધું વાળવું-નાંખવું.2.To subvert; to overthrow:પરાજય કરવો.3. To fill too full:છલોછલ-ટકોટક ભરવું. *vi.* To be upset:ઊધું વળી જવું.

Over-shade, (ઓવર્શેડ્) *vt.* To cover with shade: છાંયડો-પડછાયો પાડવો;અંધારાવાળું કરવું-બનાવવું.

Over-shadow,(ઓવર્શૅડો) *vt.* To obscure: ઉપરછાયો-પડછાયો--અંધારૂં પાડવું.2.To cover with a superior influence: -નોઅચાવ સંરક્ષણ કરવું; ની સંભાળ લેવી.

Over shoot (ઓવરશૂટ્) *vt. imp. & p. p.* **Overshot.** To shoot over or beyond:નિશાન-ચોટથી આગળ જવું.2.To pass swifty over; to fly beyond:-ના ઉપર થઇને જલદીથી જવું;ઉપરથી બહાર પડી જવું. 3. To exceed:ધાર્યા કરતાં વધારે બોલવું-કહેવું-કરવું. *To o one's self:* સાબિત કરી શકાય તે કરતાં વધારે કહેવું-બોલવું-હામ ધરવી.

Over sight, (ઓવર્સાઇટ્)*n.*Watchful care;general supervision: નિઘેબાની; દેખરેખ; નજર;ચોકસી; તપાસ.2.An omission;an error: ભૂલચાપ; ચૂક,ભૂલ; નજરચૂક;દૃષ્ટિદોષ;ભૂલાવો;ભ્રાન્તિ;ભ્રમ.

Over sprea l, (ઓવર્સ્પ્રેડ્) *vt.* [*Imp.& p.p.***Overspread.**] To spread over;to cover:ઉપર ફરી વળવું;ઢાંકવું.*vi. To* be spread or scattered over: ઉપર ફરી વળવું પથરાવું.

Over state, (ઓવર્-સ્ટેટ્) *vt.* To exaggerate: માં વધારો કરીને-મરચું મીઠું ભભરાવવું; અતિશયોક્તિ કરી કહેવું.

Over-step(ઓવર્-સ્ટેપ્)*vt.*To transgress:-થી આગળ વધવું; આગળ પગલું ભરવું;નું ઊલ્લંઘન કરવું;-થી આગળ વધવું.

Over-stock,(ઓવર્-સ્ટૉક)*vt.* To fill too full;to supply in excess:જરૂર-કરતાં વધારે લાવવું-રાખવું; ભરચક ખડકવું-ભરવું,ખપ કરતાંવધારે માલ ભરવો *n.*Stock in excess:વધારેનો માલ.

Over-strain,(ઓવર્-સ્ટ્રેન્)*vt.&vi.* To stretch or strain too much: વધુપ્રયાસ-યત્ન કરવો;ધ્રુ ખેંચવું;ફસડું.

Overt(ઓવર્ટ્)*a.*[L.*aperio,*I open.] Public; apparent; manifest:ખુલ્લું-ઉઘાડું;દેખીતું;સ્પષ્ટ; પ્રસિદ્ધ;જાહેર.

Over-take,(ઓવર્ ટેક્)*vt.*[*Imp.* **Overtook,** *p.p.* **Overtaken.**] To catch up with : પકડી પાડવું. 2.To surprise; to capture : ઉપર ઓચિંતા આવી પડવું.

Over-task(ઓવર્-ટાસ્ક્)*vt.*To task too heavily : ગજા ઉપરાંત મહેનત કરાવવી;અધિક કામ બતાવવું;આપવું.

Over-tax,(ઓવર્-ટૅક્સ)*vt.* To tax or to task too heavily : શક્તિ ઉપરાંત વેરોલેવો-કામ કરાવવું.

Over-throw,(ઓવર્-થ્રો)*vt.*[*Imp.* **Overthrew.***p.p.***Overthrown**,] To throw over;to overturn; to upset:ઉથલાવી નાખવું;પાડી નાખવું;ઊંધું પાડવું-વાળવું. 2. To subvert; to defeat;*to* destroy: જીતવું; પરાભવ-પરાજય કરવું;હરાવવું;નો નાશ-ભંગ કરવો.*n.* Ruin:ક્ષય;નાશ;પરાજય; પરાભવ; હાર.

Overtime,(ઓવર્-ટાઇમ્)*n.*Time beyond,or in excess of,a limit: ઠરાવેલ્હરતાં વધારાનો વખત.

Overtop,(ઓવર્ટૉપ્)*vt* To exceed in height:-નીઉંચાય-માથા ઉપર જવું; ઉંચાણમાં વધી જવું.2.To transgress: થી આગે દૂર જવું. 3. To *obscure;* to make of less importance: થોડી અગત્યતાનું બનાવવું;-થી સરસ-ચઢિયાતા થવું-હઠાવવું. 4. To excel: હઠાવવું;કોરે મુકવું;;-થી ચઢવું; થી સરસ-ચઢિયાતા નીકળવું.

Overture,(ઓવર્ટ્યૂર્)*n.*An opening or aperture;a recess: બાકું; બાકોરું;કાણું 2.Disclosure; revelation:ઉઘાડું-ખુલ્લું કરવું તે.3 A proposal; an offer :દરખાસ્ત; ભાંજગડ; થયેલી વાત;કહેણ;માંગણી.4. (Mus.) A piece introductory to a greater piece or ballet:પ્રારંભવિષયગાન

Overturn, (ઓવર્ટર્ન્)*vt.*To overset:ઉંધું નાખવું-પાડવું. 2. To subvert;to destroy: નો નાશ કરવો; ઉંધું વાળવું.3. To overpower; to conquer:જીતવું;નો પરાજય કરવો.

Over weening,(ઓવર્વીનિન્ગ્)*a* Arrogant; presumptuous; conceited : અતિશય મગરૂબ-અભિમાની. *n.*Conceit;arrogance:મગરૂબી;અભિમાન;અહંકાર;ગર્વ.

Over-weigh, (ઓવર્-વે) *vt.* To overbalance:તોલ-વજનમાં વધારવું વધારે થવું.

Over-whelm,(ઓવર્-વ્હેલ્મ્)*vt.* To submerge;to ingulf; to crush; to bury : માંહે બુડાડી-ડબાડી નાંખવું; ગ્રસ્ત-ગર્ક-મગ્ન કરી નાંખવું; કચરી-દાબી નાંખવું 2.To impend over threateningly: દમડાવવું-ધૂરકાયાં કરવું; ડોળા કાઢવા.3. To cause to surround: વિંટલાવવું; લપેટવું. To *be* **o. ed.** *with:*માં ડુબી જવું.

Over-wise,(ઓવર્વાઇઝ)*a.* Too wise:અતિશય વધુજ ડાહ્યો; દેઢડાહ્યો.

Over-work,(ઓવર્ વર્ક્)*vt* [*Imp* & *p p,* **Overworked** or **overwrought,**]To work beyond the strength;to tire excessively શક્તિ-ગજા ઉપરાંત કામ કરાવવું;અતિશય થકવી નાંખવું;બહુ વતરૂ કરાવવું. 2. To crowd with labour: વધુ કામ ભેગું કરવું.3. To decorate all over: સઘળું સુશોભિત કરવું. *vi.* To work beyond one's strength: શક્તિ ગજાઉપરાંત મહેનત-કામકરવું. *n.* Work in excess of the usual time:વખતઉપરાંત કરાવેલું કામ; વૈતરૂ;મહેનત; શ્રમ.[ped: ઇંડા જેવું; ઇંડાકારનું-ઇંડાકાર.

Oviform,(ઓવિફૉર્મ્)*a.* Egg shaped.

Oviparous (ઓવિપૅરસ્) *a.* [L. *ovum,*an an egg and *paro,*I bring forth.] Producing young from eggs:અંડજ;અંડજનક; અંડોત્પન્ન; ઇંડા મૂકે એવા.

Ovoviviparous,(ઓવોવિવિપૅરસ્) *a.*Producing eggs which hatched in the body of the parent: અંડજનક તો ખરાં પણ ઇંડાને શરીરમાં સેવે એવું સેવનારૂ.

Owe,(ઓ) *vt. Imp.* & *pp* **owed, ought,** (*obs.*) To possess; to have;to own: નો પાસે હોવું. 2. To be indebted or obliged for:ના કરજદાર હોવું;ને દેવું હોવું. 3 To be indebted to:-ના આભારી હોવું. 4. To have or be under an obligation to (*restore, pay, etc.*) કરવાની ફરજ હોવી

Owing, (ઓઇન્ગ્)*p.p.* & *a.* Due: માગત ; દેવા; લેણા.2. Ascribable with to): ને લીધે થયેલું; ના પ્રતાપથી-એ કરીને-ના કારણ-હેતુથી.

Owl,(આઉલ્)*n.* [L*ialula,* anow] Any species of raptorial birds: ઘુડ; ઘુવડ. *vi.* To pry about; to prowl: શિકાર શોધતા ફરવું. 2. To carry on any contraband trade; કોઇ પણ જાતનો મનાઇ-બંધીના માલનો વેપાર કરવો હાણ ચોરીનો-થી વેપાર કરવો. [ઘુવડનું બચ્ચું.

Owlet,(આઉલેટ્)*n.* A small owl;

Own,(ઓન્)*vt.*To grant; to acknowledge;to confess: નો સ્વીકાર કરવો;ખરૂં છે એમ માનવું; કબુલ કરવું; માથે લેવું.*a.*Belonging to; peculiar: પોતીકું; જાતનું; સ્વકીય; નિજ; પોતાનું; ખુદનું.*One's* **o** : પોતાનું;પોતીકું; ખુદનું.*To hold one's* **o.**. પોતાની વાતમુકામ તકરાર-ધંધો વગેરે ટકાવી રાખવો;ટક્કર ઝીલવી.*vt.*To hold as property;to be the proprietor or possessor of: ના માલિક-ધણી હોવું. થવું; ના ધણીપણા-કબજામાં હોવું.

Owner,(ઓનર્)*n.*A rightful proprietor:માલેક; માલધણી; ધણી; પતિ; સ્વામી;ખાવિંદ;સત્તાધીશ;સત્તાધારી.

Ownership,(ઓનર્શિપ્) *n* Exclusive right of possession;proprietorship: માલીક; ધણીપણું; સ્વામિત્વ;સત્તા;અધિકાર.

Ox, (ઑક્સ્)*n pl.***Oxen,**The male of bovine quadrupeds:બળદ;બૈલ; વૃષભ*A dwarfish* **o.**:બેલું.

Oxide,Oxyde,(ઑક્સાઇડ્) *n.* A binary compound of oxygen with an atom or radical: ઓક્સિજન સાથે કોઇ પણ પદાર્થ મળીથયેલો મિશ્ર પદાર્થ.

Oxidize,(ઑક્સિડાઇઝ્)*vt.* (*Chem*) To combine with oxygen: કટાવું; કાટ ચઢવો;કટાઇ જવું;પ્રાણવાયુ નોરેમેળવવું.

Oxygen,(ઑક્સિજેન્)*n.*[Gr.*oxus,* acid & *gennao,* I produce.] A colorless,tasteless,gaseous element:આક્સિજન; પ્રાણવાયુ.

Oxygenate,(ઑક્સિજેનેટ્)*vt.* To oxidize.પ્રાણવાયુમાંએકું મિશ્ર કરવું.

Oxygenous,(ઑક્સિજેનસ્)*a.*Oxygenic:પ્રાણવાયુ સંબંધી-નું.

Oyer, (ઑયર્)*n.*[L. *audio,*I hear.] A hearing in law court;an assize:કચેરીમાં કામચાલે તે; મુકરર્દમાની સુનાવણી.(*b*) પ્રતિવાદી લેખ વાંચી સંભળાવવાનું માગે તે.

Oyster,(ઑઇસ્ટર્)*n.*[Gr. *oeteon,* bone.]Any marine bivalve mollusk of the genus Ostrea: એક જાતની માંછલી;કાણું.

Ozone(ઓઝોન્)*n.*[Gr.*oze,*I smell.] A colorless gaseous substance: એક જાતનો વાતાવરણમાં થતો વાયુ;

ઠરી ગયેલો પ્રાણવાયુ.

P.

P,(પી)The sixteenth letter of the English alphabet:અંગ્રેજી મૂળાક્ષરનો સોળમો અક્ષર. It is expressed in Gujarati by પ્.

Pa,(પે) *n.* A shortened form of Papa:બાપા;બાવા;કાકા;મોટાભાઈ.

Pabular-lous,(પૅબ્યૂલર્-લસ્)*a.*[L. *pasco*, I feed.] Pertaining to food:ખોરાકનું-સંબંધી;પૈષ્ટિક.

Pabulum,(પૅબ્યુલમ્)*n.* [L *pasco*, I pasture.]Food; nourishment: પોષણની વસ્તુ; પોષણ અન્ન; ભોજન; આહાર;ખાદ્ય;પૈષ્ટિકદ્રવ્ય

Pace,(પેસ)*n.*[L *passus*, a step.] *A* step:ડગલું;કદમ;પગલું;ચરણન્યાસ; પદન્યાસ.2.The length of a step in walking or marching : ડેંધું; કદમ.3.Gait;walk: ચાલ;ગમન;ગતિ; વેગ;ગતિ વેગ.4. A gait: ચાલ; ગતિ; ઠીંડછા.5. A kind of fast amble; a rack:રવાલ;ચાલ.6. *A* platform: વેદિ;ઉચાણ ઓઠક. *To keep or hold* p.*with*,to keep up with: પાછળ ન પડી જવું;સાથેનેસાથે ચાલવું; લગોલગ રહેવું. *To quicken one's* p.: પગ-ઉઠાવવા;ઉતાવળી ચાલે ચાલવું.*vi.*To go; to walk: જવું;ચાલવું.2 To proceed; to pass on:ચાલ્યા જવું;ધીમા-લટકતા-હળવી ચાલે ચાલવું. 3. *To* move quickly by lifting the legs on the same side together: રવાલમાં જવું.4.To pass away;to die: જતા રહેવું;મરી જવું.*vt.*To move slowly over: સાધારણ ચાલે ચાલવું;ધીમા-ડોલતાં-લટકતાં ચાલવું.

Pacer,(પેસર્)*n.*One who or that which paces:સારો ચાલનારો ઘોડો.

Pacha,(પાશા)*n.*The king of Turkey:તુર્ક લોકોનો પાદશાહ;પ્રતિનિધિ.

Pacific,(પૅસિફિક્)*a* [L.*pax*,peace & *facio*,I make.] Pertaining to peace;calm: સલાહ કરવા-સમાધાની રાખવા-રી ભરજ્વાળું; શામોપચારક; શામકારી; શાંત;સાંત્વન કારી; સાંત્વશીલ; ઠાંડુ;સંધિશીલ.

Pacification,(પૅસિફિકેશન્)*n* The act or process of pacifying; reconciliation: સમજાવવું-સમાવવું તે; શાંતિકરણ; સંધિકરણ; સાંત્વન; શમન; ક્રોધહરણ;શાંતિ;સલાહ;સંધિ; મેળાપ.

Pacificator,(પૅસિફિકેટર્) *n.* A peace maker: સલાહ સમાધાની કરાવનાર;સંધિકર્ત્તા,વિગ્રહનાશક.

Pacify,(પૅસિફાઇ)*vt* [L.*pax*, *pacis*; peace.]To calm;to still;to quiet સમજાવવું,શાંત ઠંડું પાડવું; ક્લેશ મટાડવો; સમાધાની કરવી, સાંત્વન કરનો ક્રોધ-સંતાપ મટાડવો. 2. To restore peace to:માં શાંતિ-સમાધાની કરાવવી:-નું શામન કરવું.

Pack,(પૅક્)*n.* A pact: કોલકરાર. 2. A load for an animal;a bale:ગાંસડી; પોટલું;ભાર;બચકી;બચકો;બિંદડી;પોટલો;ગાંસડો. 3. A multitude; a burden: ગણ;સંઘ;સમૂહ;વૃંદ;વર્ગ. 4.(*a*)A full set of playing cards રમવાનાં પાનાં; ગડ્ડી; પાનાનો સટ. (*b*)A number of hounds or dogs કૂતરાનું ટોળું;જુથ; યૂથ. (*c*) A gang: મંડળ;મંડળી;ચોકડી;ટોળું;ચ ડાળચોકડી. 4. *An* envelope or wrapping: ઢાંકણું.5.A loose,lewd or worthless person:લુચ્ચો-સોદો માણસ.6.A burdensome load: ભાર: ડુંગર p *thread*:સુતળી.*vt* To make a pack of:બાંધવું;ગાંસડી બાંધવી;ગેક કરવી; સીકડીને બાંધવું.2.To fill closely: જકડીને બાંધવું; ઠાંસી ઠાંસીને ભરવું; ખીચોખીચ ભરવું;દાબીને-દડીને ભરવું. 3 To sort and arrange in a place so as to secure the game unfairly: ગંજીફાનાં પાનાં લુચ્ચાઇથી ચીપવાં. 4. To bring together: ભેગું-એકઠું કરવું; પક્ષપાત-તરફદારી કરે તેવામાણસો નીમવા-પસંદ કરવું.5.To plot : કાવતરું કરવું;દગો રમવો.6. To load with a pack:ભરાભર,ભાર લાદવો; ઉપર ભાર ભરવો. 7. To cause to go (with *off*):કાઢવું; કાઢી મુકવું; રસ્તો કપાવવો; મોકલવું;ચટાળવું;ઉતાવળે વિદાય કરવું. 8. To transport in a pack: ગાંસડી-પોટલી બાંધીને મોકલવું. 9. To envelop in a wet or dry sheet:ઢાંકણ-આચ્છાદન કરવું.10. To compose by iniquitous collusion(Jury &c.): ગે પક્ષપાત કરે-તરફદારી રાખે-પક્ષ એવે એવાં માણસ નીમવાં-પસંદ કરવાં-રાખવા *vi.*To make up packs:ગાંસડીઓ બાંધવી.2. To become compressed:દબાઇ જવું. 3. To gather in flocks or schools:ટોળાબંધ ભેગા થવું;જમા થવું;એકઠા થવું.4.To depart in haste: જલદી જવું; જતા રહેવું; રસ્તો કાપવો. 5. To make air tight by stuffing:હવા ન જાય એવું કરવું-ભનાવવું. *To* p *off* : કાઢવું;કાઢી મુકવું,વિદાય કરવું; વળાવવું; રસ્તો કે-કાપે એમ કરવું;ઉચાળા ભરાવવા.

Package,(પૅકેજ)*n.* Act or process of packing: બાંધણ કામ 2. A packet;a bale: ગાંસડી;દાગીનો. 3. A charge made for packing goods બાંધામણી.

Pack-cloth,(પૅક્-ક્લૉથ્)*n.*,A piece of cloth used in packing goods માલ બાંધવાનું કપડું; બાંધણ;કવાણ.

Packet,(પકેટ)*n.*[L. *paccus.*] *A* small pack;a little bundle:પોટલી;બચકી; ગાંસડી;લખોટો; પાકિટ.2.A vessel employed by government to convey mails: ડાકનું વહાણ-નાવડી.P.*for letters*:પરબી.ડું,લખોટો. P. *bullock*: પોઠી; પોઠીઓ. *vt.* To make up into a bundle : ગાંસડી બાંધવી.3.To send in a packet: મોકલવું;બિંદડી-લખોટો-પાકીટ કરી મોકલવું

Pack-horse,(પૅક્હૉર્સ)*n.*A horse used in carrying goods:ભાર બરદારી ઘોડો;ભારવાહ [ફેરી ઓ; છાબડીવાળો.

Pack-man,(પૅક્-મન્)*n.*A peddler

Pack-saddle, (પૅક્ સૅડ્લ)*n.*A saddle for loaded animals: પલાણ; પોઠ; ખોગીર; ખુણ;કાઠડું;લગડું.

Pact-paction,(પૅક્ટ્ પૅક્શન્)*n.* [L *paciscor*,to fix.] An agreement; a compact:કોલકરાર;કોલ;કરાર;ખોલી; સંકેત;ઠોઠ.

Pad,(પૅડ્)*n.*A foot path; a road: રસ્તો;પગથી;પગવાટ.2.An easy paced horse:ધીમો ચાલતો ઘોડો. 3. A robber that infests the road on foot:લુંટારો;વાટપાડું.4.The act of robbing on the high-way:લૂટફાટ. *vt.*To travel upon foot:પગે ચાલવું. 2.To stuff;to furnish with a pad: ભરવું-ભરીનેશીવવું; ગાદી જડવી. *vi.* To travel heavily or slowly:હળવે-ધીમે ચાલવું.2.To rob on foot: પગે ચાલતાલુંટવું.3.To wear a path by walking:ચાલી ચાલીને રસ્તો વાળી. ઘસી નાંખવો. *n.* **A** soft or small cushion:ગાદી; ગદેલું; તકીઓ; ગાદલું; ખોગીર; દલ્લી. 2. A cushion used as a saddle without a tree:ગાદીઓ;ગાદી-ખોગીર. 3. A floating leaf of a water lily or similar plant: કમળનું પાણી ઉપર તરતું પાંદડું.4. A quantity of blotting paper or writing paper:શાહીચુસ કાગળની કે લખવાના કાગળની થોકડી.

Padder, (પૅડર્) *n.* One who or that which pads:પગે ચાલનાર;વટેમાર્ગુ 2. A highway man;a foot-pad:લુંટારૂ-ધાડ-વાટપાડું.

Paddle(પૅડ્લ્)*vi*To use the hands or fingers in taming; to make caressing strokes:ગમતમાં હાથનો ઉપયોગ કરવો.2.To dabble in water with hands or feet : પાણીમાં હાથ પગ અફાળવા;છબછબ કરવું. *vt.* To pat

or strike amorously or gently; થાબડવું. 2. To propel with a paddle: હલેસાં મારવાં. 3. To pad; to tread upon: ઉપર ચાલવું. *n.* An implement with a broad blade which is used without a fixed fulcrum in propelling and steering canoes and boats: હલેસું; ચાટવો. 2. A paddleshaped implement for mixing: ચાટવો; તાવેતો.

Paddock,(પૅડૉક) *n.* A toad or frog: દેડકો. 2. A small inclosure or park for sporting: રમવાનો અખાડો. 3. A small inclosure for pasture: ઢોરને ચરવાનો વાડો.

Paddy,(પૅડી) *n,* Unhusked rice: ડાંગર; ભાત; સાલ.

Padlock,(પૅડલૉક્) *n.* A portable lock: તાળું; કુલુપ. 2 A curb; a restraint: અંકુશ; દાબ; દબાણ. *vt.* To shut; to stop: બંધ કરવું; તાળું વાસવું; અડકાવવું.

Pœan,(પીઍન્) *n.*[L. *pæan*, physician of the gods.] Any loud and joyous song; a song of triumph: ફતેહનું ગીત; જયગીત; જયગાન; ધોળ.

Pagan, (પેગન્) *n.* [L. *pagus*, a village.]An idolater; a heathen; જંગલી; મૂર્તિપૂજક; અસદ્ધર્મી. *a.* Pertaining to pagans: જંગલી; મૂર્તિ. પૂજનું.

Paganism,(પેગનિઝમ) *n.* Heathenism: મૂર્તિપૂજા; અસદ્ધર્મ; અસદ્ધર્મવલંબન; અસદ્ધર્મસેવન; જંગલીમૂર્તિ પૂજા.

Paganize(પેગનાઇઝ્) *vt.* To convert to paganism: મૂર્તિપૂજક કરવું *vi.* To behave like pagans: મૂર્તિપૂજક માફક વર્તવું.

Page,(પેજ્) *n* [L *pais*, a child] A serving boy: નોકર; ખીદમતદાર; ખવાસ; હજુરીઓ; પરિચારક. 2. A boy child: ચાકર; પોરીઓ. 3. A contrivance: યુક્તિ; ગોઠવણ. 4. One side of a leaf of a book: પાનું; પાસું; પૃષ્ઠ. 5. A record, a writing: લખાણ; નોંધ. *vt.* To attend as a page: નોકર તરીકે વર્તવું. 2. To mark or number the pages of a book; પાનાંનો નંબર લખવો.

Pageant,(પૅજન્ટ) *n.* [*Gr. pegma*, a stage.] A theatrical exhibition; a spectacle: તમાસો; ખેલ. 2. A spectacle or display: તમાસો; આડંબર; રોબ. *a.* Of the nature of a pageant: ભભકાદાર; દમદમાટ કરવું. *vt.* To represent; to mimic: તમાસો કરવો, ચાળા કરવા.

Pageantry,(પૅજન્ટ્રિ) *n.* Spectacular quality; splendor: ઠાઠ; દમદમો; ધામધુમ; રોબાબ; રોબ; ઠાઠમાઠ; આડંબર.

Pagoda, (પગોડ) *n.* A religious temple or tower-like building: દેવળ; દેરૂ; દેવાલય; દેવમંદિર. 3. An idol: મૂર્તિ.

Pail,(પેલ્) *n.* A vessel of wood or tin; a bucket: તાંબડી; ચટલોઇ; દોલ; પીપ.

Pain,(પેન્) *n.* [L. *pœna*, punishment.] Punishment suffered or denounced; penalty: સજા; શિક્ષા દંડ. 2. Bodily distress: પીડા; કષ્ટ; વ્યથા; વ્યાધિ; શરીર પીડા; દરદ; વેદના; પીડા; દુઃખ. 3 *pl.* The throes or travil of child birth: પ્રસવ-પ્રસૂતિ વેદના; વેણ; પ્રસવવ્યથા. 4. Mental distress; grief; anxiety: ફિકર; ચિંતા; આધિ; ઉદ્વેગ; ખેદ; દુઃખ; સંતાપ. 4 (*Pl*-form) Labor; effort: મહેનત; શ્રમ; તસ્દી; પરિશ્રમ; આયાસ. *vt.* To punish: સજા-શિક્ષા કરવી; દુઃખ દેવું. 2. To torment; to grieve: દુઃખદેવું; દરદ કરવું; પીડા-વ્યથા કરવી; થી દુઃખ-દરદ થવું. 3. To distress; to grieve: પીડા કરવી; સંતાપવું; -નું મન દુઃખવવું; -ને માઠું લગાડવું.

Painful,(પેન્ફુલ્) *a.* Full of pains; afflictive: દુઃખદ; દુઃખવાળું-ભરેલું; દુઃખપદ; દુઃખકારક-દાયક; કલેશકારક; કષ્ટકર; શ્રમકર. 2 Difficult: કપરું; કષ્ટસાધ્ય; અઘરું; કઠણ; દુષ્કર. 3. Careful; industrious; સાવધ; ઉદ્યોગી. 4. Causing mental pain: સંતાપજનક; આધક; સંતાપક. *To be* p.:-થી દુઃખ-સંતાપ લાગવો-થવો.

Painstaking,(પેન્સ્ટેકિંગ્) *a.* Diligent; faithful; attentive: મહેનતું; ઉદ્યોગી; વ્યવસાયી; દત્ત તોડીને કામ કરનાર. *n.* Carefulness and fidelity in performance: દત્ત તોડીને કરેલું કામ.

Paint,(પેન્ટ્) *vt* [L. *picto*, paint.] To cover with coloring matter; to apply paint to: રંગવું; રંગ દેવો; ચિતરવું; ચિત્ર કાઢવું-પાડવું. 2. To color; to adorn with color: રંગથી ભભકાદાર કરવું. 3. To portray with paint: રંગ પૂરવો; ચિત્ર કાઢવું. 4. To describe vividly: વર્ણવવું; વર્ણન કરવું. *vi.* To practise the art of painting: રંગતા શીખવું. 2. To color one's face: મોએ રંગ ચોપડવો-લગાડવો. *n.* A coloring substance; રંગ.

Painter,(પેન્ટર) *n.* [L. *panther*, a hunting net.] A rope at the bow of a boat, used to fasten it to anything: વહાણ બાંધવાનું છેડે લગાડેલું દોરડું. 2. The panther: ચીત્રો વાઘ. 3. One who paints: રંગારો; ચિતારો; રંગચિત્ર કાઢનાર; ચિત્રકાર; ચિત્રકર્મા; ચિત્રલેખક; રંગરેજ; વર્ણનકર્તા.

Painting,(પેન્ટિંગ્) *n.* The act of laying on or adorning with paints: રંગકામ. (*b*) રંગ પુરેલું-રંગિત ચિત્ર; છબી; તસવીર. 2. The work of the painter: રંગારા-ચીતારાનું કામ ચિત્રક્રિયા; ચિત્રકળા-વિદ્યા. 3. Vivid representation in words: ધ્યાન; વર્ણન; આલેખન.

Pair,p(પેર) *n.*[L. *par*, equal.]A set: જોડ; જોડું; જોડી; જોડો; જોટો; યુગલ; યુગ્મ; જુગલ. 2. Two things of a kind: એક જાતની બે વસ્તુ. 3. Two of a sort; a poke: યુગલ; યુગ્મ. 4. A married couple; a man & wife જોડું; વહુવર; દંપતી; ધણીધણીયાણી; નરમાદા; જયાપતિ. *vi.* To match: જોડું બાંધવું-બંધાવું. 2. To suit; to fit: જોડ હોવી; સાથે બેસવું; મળતું-બેસતું-બંધબેસતું આવવું *vt.* To unite in couples to form a pair of: બબેની જોડ બાંધવી-બંધાવવી. 2. To unite as correspondent: સાથે બેસાડવું-મૂકવું; મળતું-હળતું આવે એમ કરવું; જોડે કરવું. 3. To couple: નરમાદાનું જોડું કરવું. *To* p. *off* પાર્લમેંટ વગેરે કાયદો કરનારી સભાના બે વિરુદ્ધ મતના સભાસદે મત ન આપવાના હેતુથી એક ગાંડ કરી સભામાં મત ન આપવો.

Palace, (પૅલેસ્) *n.* The residence of a sovereign; મહેલ; રાજમહેલ; રાજમંદિર-ભુવન. 2. Loosely, any unusually magnificent or stately house: હવેલી; મંદીર; મોટું મકાન.

Paladin,(પૅલડિન્) *n.* [*L Palatinus*, an officer of the palace.] A knight arrant: શુરાતન બતાવવા સંકટ ખોળતો અમીર-શુરવીર.

Palanquin-keen, (પૅલન્કીન્) *n.* An inclosed carriage or litter, borne on the shoulders of men: પાલખી; શિબિકા; રથાનો; તરવાન; તાવદાન. P. *bearer*: ખોઇ; હમાલ; વાહક.

Palatable,(પૅલટેબલ્) *a.* Savory; Pleasing; સ્વાદિષ્ટ; મોંને લાગે એવું; રુચિકર; મનોહર; હેજ્જતદાર; મિષ્ટ; રસદાર.

Palatal,(પૅલટલ્) *a.* Pertaining to the palate; palantine: તાલવ્ય; તાલુસંબંધી. 2. Uttered by the aid of the palate: તાલુસ્થાની; તાલવ્ય. *n.* A sound uttered by the aid of the palate: તાલુસ્થાની-તાલવ્ય અક્ષર-સ્વર.

Palate,(પૅલેટ) *n.* [*L. palatum.*] The roof of the mouth: તાળવું; તાલુ. 2. Relish: taste: સ્વાદ; મન; રૂચિ; હેજ્જત. 3. Mental relish; intellectual taste: રૂચિ; અરૂચિ.

Pleasing to the p.:રસઇંદ્રિને ગમતું; ભાવતું;સ્વાદુ.*Being of nice* p.:સાકડા ગળાનું;સ્વાદીયું.*vt.* To perceive by the taste:સ્વાદથી ઓળખવું.

Palatial, (પૅલેશૅલ્) *a.* [*palatium,* palace.]Pertaining to a palace; royal;magnificent: રાજમંદીરનુંજેવું; ભારે મોટું;રાજાના જેવો અધિકાર ધરાવનાર-બાદશાહી હકનું.2. Palatal palantine: તાલુસ્થાની. *n.* palatel letter:તાલુસ્થાની અક્ષર.

Palatine,(પૅલટિન્) *n.* A noble invested with royal privileges: રાજાના જેવો અધિકાર ધરાવનાર-બાદશાહી હક-અધિકારવાળો ઠાકોર-અમીર.

Palaver,(પલૅવર્) *n.*[*L.parabola,* a comparison.] Idle talk; conversation: ઉડાવવાની-નકામી વાત; ભાષણ; લવરી.2.A talk;a debate: વાદ;સંવાદ;વાત;ચર્ચા.*vi.* To talk idly;to employ flattery:ખુશામતકરવી.

Pale,(પેલ્) *a.*[*palleo,*I look pale] Not ruddy; wanting in colour: ઝાંખું;ધોળુ ફક;વિવર્ણ;ફિક્કુ;નિસ્તેજ.2. Dim:ઝાંખુ;ઝાંખવિનાનું; નિસ્તેજ;નિષ્પ્રભ;મંદ.*vi.*To turn pale;to lose colour or lustre:-નું મોં ઉતરી જવું; -નું ધોળી ઉડીજવું.ઝાંખા ફિક્કા પડી જવું; ઓઢીવા પડવું.*vt.*To make pale:ઝાંખું -નિસ્તેજ કરવું;નો રંગ ઉડાડી દેવો. *n.* Paleness;pallor: ફિક્કાસ. 2. [L. *palus,*a stake.]A pointed stake or slat; a picket:ગરજો;અણીદાર ખુંટો;સોટાકા,કડકા;અણીદાર પાતીકુ-પટવાસો.3. A boundary; a limit; a fence:સીમા;પાદ;અવધ.4.A limited place,an inclosure: વાડો; મર્યાદા,મીતદહ 5.A stripe or band બંધ-પટ્ટો;પટ્ટા. *vt.*To encircle; to fence off:વાડ-હદ કરવી.

Paleness, (પેલ્નસ્) *n.* Lack of color,want of ruddiness કાંતિકાંતિ પડવું;વિવર્ણતા;નૂતપ્રભા કાંતિ; ફિક્કાસ.

Paleography, (પેલીઑગ્રફિ) *n.* Ancient writings: બહી જતપ્રકાશીન લેખ-દસ્તાવેજ.2 The study of ancient inscriptions and modes of writing: જુના લેખનો અભ્યાસ. The art of reading ancient inscriptions:પુરાતનલેખ કંડારવા વિદ્યા.

Paleology,(પેલીઑલૉજી)*n.*A discourse of antiquities; archæology:પ્રાચીન વૃત્તાંત ગ્રંથ;પુરાણ; પ્રાચીનવૃત્તાંત વિદ્યા. 2. A treatise on antiquities: પ્રાચીન વૃત્તાંત-વસ્તુનો ગ્રંથ-પુરાણ.

Paleontology,(પેલીઑન્ટૉલૉજી)*n.* The science of ancient beings; પ્રાચીન પ્રાણિવિદ્યા;પુરાતન કાળનાં પ્રાણીઓ તથા વનસ્પતિઓની વિદ્યા;મૃતાસ્થિ વિદ્યા શાસ્ત્ર;લુપ્ત પ્રાણી વિદ્યા.

Paleous,(પેલીઅસ્) *a.* [*L. palia,* chaff]Chaffy;like chaff:ફોતરાંવાળુ

Palestra,(પૅલેસ્ટ્રૅ)*n.* A place for exercise:તાલીમખાનું;અખાડો.

Palette,(પૅલેટ્)*n.*A thin oval or square board or tablet: ચિતારાની રંગપાટી;વર્ણપત્ર;રંગનું પાટિયું.

Palfrey,(પૉલફ્રી)*n.*[Gr.*para,*along & L.*veredus,* a post horse.] A saddle horse for the road: સવારીનો ઘોડો.2.A small saddle horse for ladies:બૈરાને બેસવા લાયક નાનો ઘોડો;ગટ્ટુ;ટટ્ટુ;અસીલ ઘોડો.

Palindrome, (પેલિન્ડ્રોમ્) *n.* A word,a verse or a sentence that reads the same either backward or forwards: પહેલાંથી અને છેડેથી જેમ વાંચીએ તેમ તેનું તેજ થાય એવું વાક્ય અથવા શબ્દ અથવા કવિત અનુલોમ વિલોમ વાક્ય-શબ્દ.

Paling(પેલિંગ્)*n.*Pales,in general; a limit: લક્કડકોટ;કડેરો;ચીપબંધી.

Palisade,(પૅલિસેડ્)*n.*[L.*palus,* a stake]A strong stake:ટટ્ટી.2.Any fence made of pales or sharp stakes:કડેરો;ગરજકોટ.*vt.*To surround with palisades:કડેરો;કરીવેવો.

Pall,(પૉલ્)*n.*[L *palla,* robe.] An outer garment; a cloak:ઢીલો ઝભ્ભો;કફન.2.A large cloth, esp,a heavy black cloth thrown over a coffin at a funeral: મુડદાપરની ચાદર કફનના જેવું કાળુ લુગડું P. *bearers*:સ્મશાન દાટવાને લેઇ જાય ત્યારે શબ વહનની જોડે ચાલનાર લોકો *vt.* To cloak.ઝભ્ભા કરવા.2.To dull; to weaken.નરમ કરવું;કેફારો જવું,નાબી રસકસ કેડીજવા;મોળું પડી જવું; મા નબળુ થવું ન લાગવું; વિરસ લાગવું 3. To satiate; to cloy: ગમી ચુકી ધરાવું. કંટાળીને ભરવું;નાચવું.*vi.*To become dull; to lose strength: અંદરથી રસ-કસ જતો રહેવો;બૂબી ન રહેવી.

Palladium(પૅલેડિઅમ્)*n.*Safeguard:બચવાનું ઠેકાણું;રક્ષણ રક્ષણ; રક્ષણકાર;રક્ષક;રક્ષાદાયક દવા;રક્ષણસ્થાન.

Pallet,(પૅલેટ્)*n.*[L *palea,* chaff.] A bed of straw, ઘાસનું સુવાનું પાથરણું;ગાભો;ગોદડા;કુચો.2(*a*) A wooden implemant used by potters;કુંભારનુ ટપટપીયુ-થાબડી.(*b*)A potter's wheel.કુંભારનો ચાક.3.A cup containing three ounces: ત્રણ ઔંસમાય એવો પ્યાલો-વાટકા-કટોરો.

Palliate,(પૅલિએટ્) *a.* [*L.pallium.* a cloak.]Covered with a mantle;hidden: ઝભ્ભાથી ઢંકાયલું; ગુપ્ત; ઢંકાયેલું 2.Eased; alleviated: શાંત થયેલું;ટાઢું પડેલું. *vt.* To cover up; to hide:-નું સ્વરૂપઢાંકવું; સંતાડવું· છુપાવવું નહાનું બતાવવું. 2. To cover with excuses: છાવરવું; હલકું ગણાવા કારણ બતાવવું;-નેમાટે દલીલ બતાવવીકાઢવી.2.To reduce in violence; -નું જોર નરમ પાડવું; ઘટાડવું; હઠાડવું.

Palliation,(પૅલિએશન્)*n.* Excuse: છાવરવું તે; બહાનું; મિષ. 2. Mitigation: સુંવાણ; ઘટાડો;ઉપશમન; શમન; શાંતિ. 3. Disguise: વેશ.

Palliative,(પૅલિએટિવ્)*a.* Serving to palliate;serving to extenuate or mitigate:-નું સ્વરૂપ નહાનું- હલકું ગણવા જેવું;-નું જોર નરમ પાડે એવું;શાંતિપ્રદ;શામક.*n.*A palliative agent જોર નરમ પડેએવું કંઈ દોષ શમન;શૂલઘ્ન.

Pallid,(પૅલિડ્)*a.*[L.*palleo,* I look pale.]Pale;deficient in colorફીકું; ઝાંખું;ધોળુ ફક;નિસ્તેજ;વિવર્ણ.2. Pale: છેક ફીકકું; ઝાંખુ; ધોકું.

Pallor,(પૅલૉર્)*n* [L.*palleo,* I look pale.]Paleness; want of color: ઝાંખાપણું; ધોળુ ફક; વિવર્ણતા.

Palm,(પામ્)*n* [L.*palma*] The inner and somewhat concave part of the hand between the bases of the fingers & the wrest: હથેલી;કરતળ;પંજો;કેદસ્ત.2.A lineal measure;a hand: મુઠ 3. A metal lic disk, attached to a strap and worn on the palm of the hand: બરોબર સીધી રાખવા માટે હથેલીએ બાંધેલો ધાતુનો ચકતો. 4. Any endogenous tree of the order *Palmoe*: તાડ; નાળીયેરી; ખજુરી. *The areca* p.:સોપારીનુ ઝાડ. 5.A branch or leaf of the palm: તાડપત્ર. 6 Victory;triumph:ફતેહ;જય;વિજય; પરિક્રતા.7.A token of superiority or triumph: ચઢતા હોવાની નિશાની સાબિતી; શ્રેષ્ઠતા;જયનું ચિન્હ-પ્રમાણ. *The cocoa* p: નાળીએરી. *The date* p: ખજૂરી. *The halmyra* p: તાડ. *Palma Christi*:દિવેલીનો પર ડો. *vt.* To handle: પકડવું ; ઝાલવું હાથમાંલેવું;હાથ-નું ડીમાંસ તાડવું.સંતાડવું-સંતાડી રાખવું.2.To juggle: મુઠીમાં સંતાડવું. 3.To put by unfair means: દગલબાજી-ઠગબાજી કરવી; માથેમારવું;ઓરાવવું;છેતરીનેઆપવું.

Palmer,(પામર્) *n.* A wandering religious votary: યાત્રાળુ 2. One who cheats: ઠગારો; લુચ્ચો; ધૂતારો.

Palmister, (પૉમ્સ્ટર્) *n.* One

who practises palmistry:હાથ જોનાર;હાથલેહને નશીબ કહેનાર: સામુદ્રિક.

Palmistry,(પૅલ્મિસ્ટ્રી)*n.* The art or practice of divining or telling fortune: સામુદ્રિકશાસ્ત્રવિદ્યા; રેખાશાસ્ત્ર. 2. A dexterous use or trick of the hand: હાથ ચાલાકી.

Palmy, (પૉમ) *a* Derived from palms:તાડ-ખજુરીનુ 2 Flourishing;prosperous: આબાદીવાળું;ચઢતી કળાનું: આબાદ:સમૃદ્ધ; વિભવવાન.

Palmyra, (પૅલ્માઇરે)*n* A species of palm having a straight, upright trunk: તાડ; તાળ.

Palpable, (પૅલ્પબલ) *a.* [*palpo,* stroke.] Perceptible by the touch: લાગે એવું: સ્પર્શેન્દ્રિયથી જ્ઞાન થાય એવું, સ્પર્શનીય: સ્પર્શગોચર. 2. Plain;distinct: ખુલ્લું ઉઘાડું; સ્પષ્ટ; પ્રત્યક્ષ; દેખાતું.

Palpitate,(પૅલ્પિટેટ્)*vi* [L. *pulpo,* I feel] To throb; to flutter: ધબ કરવું; ધડક ધડક થવું

Palpitation, (પૅલ્પિટેશન) *n.* A rapid pulsation; a throbbing: જબરો ધબકારો;ધડકાટ;કંપ; સ્ફુરણ.

Palsy,(પૉલ્ઝી)*n* [Gr.*para* & *lyso,* to lose.]Paralysis complete or partial: લકવો; ગાત્રસ્તંભ; પક્ષાઘાત; કોઇઅંગનું બહેર મારી જવું. ખુડા પડી જવું તે. *Shaking* p.: કંપવાયુ;કંપ;કંપવાત.*vt.*To affect with palsy; to paralyze: પક્ષઘાત થવો;અંગનું બહેર મારી જવું; જડત્વ; જડતા.

Paltry,(પૉલ્ટ્રિ)*a* Mean;vile;worthless:)નજીવું;તુચ્છ;હલકું;અધમ;બ્યસાર; ક્ષુદ્ર;જુજ;નાદાન.

Pamper, (પૅમ્પર્) *vt.* To feed to the full;to glut: ધરવવું;તૃપ્ત પુષ્ટ કરવું;યથેચ્છ ખવરાવવું. 2.To gratify inordinately;to indulge to excess. લાડ પૂરાં કરવાં;તૃપ્ત કરવું.

Pamphlet (પૅમ્ફ્લેટ્) *n.* [L *papyrus.*paper] A writing; a book ચોપાનીયું-ચોપડી. 2. a small book consisting of a few sheets of printed paper, stiched together: શીવેલું ચોપાનીયું;

Pan,(પૅન્) *n.* A part; a portion: ભાગ.2.The betel leaf: પાન: નાગરવેલનુ પાન3. A leaf of gold or silver:સોનારૂપાનું પાનું;વરખ. 4.A shallow, open dish or vessel:તાસળુ ;પેગ્રો. 5.A closed v ssel for boiling or evaporation: પેગ્રી;કડાઇ;તાવડી લોઢીયું.6 The part of a flintlock બંદૂક નાકાન 7 The skull; the upper part of the head: લક્કુ;ખોપરી.8 A recess or bed for the leaf: a hinge: ખોભણ. 9. A natural basin, containing salt or fresh water:તળ; ક્યારો;પટ. *To flashin the* p, to fail of success હાર ખાવી:નિષ્ફળથવું;રજકે ખાઇ જવી. *Asalt* p.મીઠાનેઅગર.*vt.* To unite; to join:મેગું કરવું; એક કરવું. 2.To separate:જુદું પાડવું. *vi.* To yield gold in: સોનું ઉપજવું; સોનાનાં પતરાં કરવું.2.To result; to develop: પરીણામ આવવું;-નોઅંત આવવો.

Panacea, (પૅનસીયે)*n.* [Gr. *pan,* all, & *akeomai,* I heal.] A universal medicine:દુઃખ માત્ર મટાડે એવી દવા;સર્વોષધી ચૂર્ણ,સર્વરોગ ચિંતામણિ;સર્વ વ્યાધિહર.2.The herb allheal: તાંબાની બાબ-માત્રા.

Panacratic,(પૅનક્રૅટિક)*a.* Athletic: તાલમબાજ;મલ્લ: કસરતી.

Pancreas,(પૅન્ક્રીયૅસ્)*n.*The sweetbread: ખાધેલું પચાવી નાખે એવો રસ ઉત્પન્ન કરનાર ગાંઠ; જરચનિનો.

Pandect, (પૅનડેક્ટ્) *n.* [Gr *pas, pan,* all & *dechomai,* to receive.]A treatise which comprehends the whole of any science: જેની અંદર આખી વિદ્યા સમજાવેલી હોય તે ચોપડી ગ્રંથ; વિદ્યા સંગ્રહ. 2. *Pl.*The digest or abridgment, of the decisions, writings, and opinions of the old Roman jurists: રોમન વ્યવહાર શાસ્ત્રસંગ્રહ;વ્યવહાર સંહિતા.

Pandemonium, (પૅન્ડીમોનિઅમ્) *n.* The hall or council chamber of demons or evil spirits: ભૂતસભા; જનમહેલ. 2. An utterly lawless riotous place: અવ્યવસ્થિત-વ્યાંધળિયાસ્થળ;ચંડાળચોકડી.

Pander, (પૅન્ડર) *n* A male bawd; a procurer:ભટવો;કૂટણો.*vt.*To play the pander for:ભટવાઈ કરવી.

Pane, (પેન્) *n.* The narrow edge of a hammer head; હથોડીની સાકડી કોર.2.A division; a patch:ભાગ. 3. One of the openings in a slashed garment ફાટ;કાણું ;ચકોરૂ.4 A compartment of a surface: ખાનું;સપાટી;પેલ.5.The glass in one compartment of a window slash: કાચની તકતી.

Panegyric,(પૅનીજિરિક્) *n.* [Gr. *pan,* all&*ageiro,* I assemble.] Encomium: laudation: વખાણ;તારીફ:સ્તુતિ:પ્રશંસા;ગુણકીર્તન. *a.* Containing praise:વખાણ-તારીફભરેલું.

Panegyris ,(પૅનીજિરિસ્) *n.*An eulogist. સ્તુતિપાઠ;બંદિજન;ગુણગાનાર.

Panegyrize,(પૅનીજિરાઇઝ્) *vt.* To eulogize:-નાં વખાણ કરવા; ના ગુણ ગાવા-સ્તુતિ-પ્રશંસા કરવી.

Panel,(પૅનેલ્) *n.* A sunken compartment with raised margins, molded or otherwise: બારી બારણાંનાં ચોકઠામાં ખોભણ કાઢી તેમાં જડેલું પાટીઉ:તકતી.2. (*a*) A schedule containing the names of persons summoned as jurors: જુરીના નામની ટીપનું પત્રક. (*b*) The whole jury: જ્યુરી સમસ્ત:પંચસમસ્ત.3One of the faces of a hewn stone: ઘડેલા પથ્થરની એક બાજુ. 4. A slab or plank of wood: ઝીણિ કાઢેલું લાકડાનું પાટિયું.5.A heap or dressed ore :તૈયારી કરેલી કાચી ધાતુનો ઢગલો. P. *saw* a hand saw with fine teeth: ઝીણા-તીણા દાંતાવાળી હાથઆરી. *vt.* To form in or with panels: તકતીઓ મુકવી.

Pang,(પૅન્ગ)*n.*[L *pungo,* I prick.] A sudden: and transitory agony a throe: તીવ્રદુઃખ;કળ;વેણ;વેગ;વેદના ઝટકો; મહાવ્યથા;ચટ;અતિવેદના.*vt.*To torment: વેદના કરવી;દુઃખ દઇદું.

Panic,(પૅનિક્)*n.* [L. *panicum.*] A panic grass: એક જાતનો છોડવો. 2. A sudden fright, terror:ફેબક;ધ્રાસકો;ગરેડો;ફાળ;ઠપકો,આપધાક. 2. A sudden widespread fright: આપધાક;એકાએકલાગેલી બીક;ત્રાસ.

Panel,(પૅનેલ્)*n.* A kind of rustic saddle: ખોગીર. 2. The stomach of a hawk;બાજનું પેટ.

Pannier, (પૅનિઅર્) *n.* [L. *panarium,*a bread basket.]A bread basket; ટોપલી; કંડીયો;દાબડો; લુગડું. 2.A shield or basket work formerly used by archers as shelter from the enemy's missiles:ઢાલ.3.A table waiter at the Inns of Court, London: હજુરીઓ.

Panoply,(પૅનોપ્લિ)*n* A full suit of defensive armour; સંપૂર્ણ રક્ષણ:પૂર્ણ કવચ.

Panorama,(પૅનોરામે)*n.*[*Gr. Pan,* all, *khorao,* I see] A complete view in every direction; પૂર્ણ દેખાવ;પૂર્ણ દર્શન.2.A picture representing a view of objects in every direction as from a central point: કોઈચિત્રનોબધરાબરદેખાવ; સર્વદિગ્દર્શકચિત્ર;સર્વદૃશ્ય;મહાદૃશ્યચિત્ર.

Panoramic(પૅનોરૅમિક્) *a.* Like a panorama: પૂર્ણ દેખાવ સંબંધી; વિહંગમ સંબંધી.

Pant,(પૅન્ટ)*vi.*To breathe quickly or in a labored manner;to gasp: ઝડપથી શ્વાસ લેવો;હાંફવું;હાંફીજવું;ફેફે કરવું. 2.To long eagerly;to desire earnestly;આતુરતાથી ઈચ્છા કરવી;જીવ તલપ વલપ; સતવતળ; થવો; ટાંપી રહેવું; ટમટમી રહેવું;તલપાપડ થવું;ઝંખવું 3.To palpitate: ધબકવું; ધડકવું; ફરફરવું.4. To sigh;to flattar; to languish: ડસકાં ભરવાં; નિરાશા મુકવા. *vt.* To gasp out:ઝડપથી શ્વાસ લેવો; હાંફવું.2.To long for;to be eager after:આતુરતાથી ઇચ્છવું;જીવ તલવલવો.*n.* A quick breathing:ઝડપી શ્વાસ;ઉતાવળો શ્વાસ 2. A violent palpitation of the heart:હૃદયમાંજબરો ધબકારો;કંપ;ફફરવું.

Pantalets, (પૅન્ટલેટ્સ) *n.* One of the legs of the loose drawers: ચોરણો;લેંઘો

Pantloon, (પૅન્ટૂન) *n.* A ridiculous character:હાસ્યોત્પાદક પાત્ર; મશ્કરો;ભાંડ. 2. A bifurcated garmment for a man:ઈજાર;ચોરણો; પાયજામો.3.In recent times, same as trousers:સુરવાળ;પાટલુન..

Pantheism, (પૅન્થીઝમ્) *n.* Cosmotheism: આખું વિશ્વ એજ ઈશ્વર એવો મત;જગદીશ્વર મતવાદ; અદ્વૈતમત; અદ્વૈતવાદ.

Pantheist,(પૅન્થીસ્ટ)*n.* [Gr. *pan,* all &*Theos,*god].One who holds to pantheism: જગદીશ્વર; મતાશ્રીવાદી; અદ્વૈતવાદી અભેદવાદી.

Pantheon,(પૅન્થીઅૉન્)*n.*[Gr.*pan,* all,& *theos,* god.] A temple dedicated to all thegods: સઘળા દેવોનું મંદીર-સમાજ;સર્વ દેવાલય. 2. The collective gods of a people: દેવકોટિ; જનકોટિ.

Panther, (પૅન્થર્) *n.* [Gr. *pan,*all & *ther,* a wild beast] A large-dark,colored leopard: ચિતરો વાઘ; ચિત્તો-વાઘ; દીપડો.

Pantograph,(પૅન્ટોગ્રેફ્) *n.* An instrument for copying plans, maps and other drawings: ચિત્રની નકલ કરવાનું યંત્ર.

Pantology,(પૅન્ટૉલૉજી)*n* [Gr. *pas,* all & *logos,* discourse.] A work of universal information: સર્વ સમાચાર સંગ્રહ-ગ્રંથ.

Pantomime,(પૅન્ટોમાઈમ્) *n.* [Gr. *pas,* all & *mimos* an imitator.] A universal mimic; an actor who assumes many parts: ચાળા ભતવીનાટકકરનાર; બહુવેષધારી; મૂકનટ. 2. One who acts his part by gesticulation: મુંગાં મુંગાં ચાળા કરનાર;મુગ્ધનર્તક; મૂકનટ. 3. A dramatic representation by actors who use only dumb show: મુંગાં મુંગાં ચાળા ભતવીને કરેલું નાટક; મુગ્ધનાટય; મુગ્ધાભિનય; મૂકનાટય.

Pantry(પૅન્ટ્રિ)*n* [L. *panis,* bread An apartment or closet in which bread and other provisions are kept;ખાદ્યશાલા; અન્નકોષ; ભક્ષ્યાગાર; સાંતનો ઓરડો-ડી; સીધું રાખવાનો ઓરડો-કોઠાર; રસોઈનાં વાસણ ઉટકવા-માંજવાનો ઓરડો.

Pap, (પૅપ્) *n.* A nipple; a teat: ડીટડી;સ્તનમુખ; કુચ; ડીચી; સ્તનાગ્ર. 2 A rounded nipple like hill: ડીંટડી જેવેાટેકરો-રી. 3.A soft food for infants: નાનાછોકરાંમાટેપલાળેલો પોઓ ખોરાક. 4. The pulp of fruit: ફળનો ગરમાવો. *vt.* To feed with pap: ધવડાવવું.

Papa,(પૅપા) *n.* [*papa*] A child's word for father: બાપા;બાવા; બાવાજી;બાપુ.

Papacy (પેપેસિ) *n* [L. *papa,* a father.]The office and dignity of the pope: પોપનું આચાર્યપદ. 2. The succession of popes: પોપનો વર્ગ;પોપ પરંપરા.3.The Roman Catholic religion: રોમનકેથોલીક ધર્મ. P,*jurisdiction:* પોપની હકુમત અમલ-અધિકાર.

Papal,(પેપૅલ)*a.* [L.*papa,* bishop.] Pertaining to the Pope of Rome: પોપ સંબંધી.

Papavarous,પૅપવેરસ્) *a.* Pertaining to the poppy: ખસખસનાજેવું.

Paper, (પેપર્) *n.* [L. *papyrus.* an Egyptian reed.] A substance in the form of thin sheets of leaves intended to be written or printed on:કાગળ;પત્ર. 2.A piece of such substance: કાગળનો કટકો. 3. A document; a writing:લેખ;નિબંધ:પત્ર;ખત; દસ્તાવેજ.4.A newspaper;a journal: વર્ત્તમાનપત્ર;અખબાર.5.Notes;bills of exchange: ચીઠ્ઠી;હુંડી:સરકારી જામીનગીરીનો કાગળ. 6. Decorated hangings or covetings for walls: ચોંઢવાના કાગળ; રંગીન-સચિત્ર કાગળ 7.Free passes: મફતની ટીકીટો 8. *kite:*પતંગનો;પતંગ. P.*money:*સરકારી હુંડી-નોટ.P *wall:*કાગળની-વેળું, ની નામની ભીત. *Waste.* p. paper thrown aside as useless: નકામા રદ્દી કાગળ;કુરજી કાગળ.*a.*Pertaining to paper; made of paper: કાગળનું. 2.Udsubstantial: દમ-માલ-જીવ વગરનું; નિર્માલ્ય; પોચું. *vt.* To cover with paper:-ની ભીંતે કાગળ મઢવા-ચોંઢવા. 2. To fold or inclose in paper: કાગળમાં ખીડવું-વીંટવું; લપેટવું. 3. To put on paper: લખી રાખવું; કાગળે લખી રાખવું; નોંધ રાખવી; દાખલો રાખવો.

Papilionaceous,(પૅપિલિઅૉનેશસ) *a.* Resembling the butterfly: પતંગિયા જેવું.

Papillary-ous, (પૅપિલૅરિ-લસ) *a.* [L *papilla,* a nipple.] Pertaining to or resembling,a papilla: ડીચકી-ડીંટડી જેવું. 2.Covered with small eminences: કરમડું.3. Warty (the skin): કુણગીકુણગી; ઝીણીઝીણી ફોલ્લીવાળું; કૃણગીવાળું; ખીલથી ભરાઇ ગએલું:કુણગીવાળું.

Papist(પેપિસ્ટ્)*n* A Roman Catholic:પોપને માનનાર.

Pappous, (પૅપસ્) *a.*[Gr. *pappos,* the down of certain plants.] Furnished with a pappus: રૂંવાળું;નરમ:રૂવાંવાળું. [ફસભરેલું;નરમ.

Pappy, (પૅપિ) *a.*Like pap; soft:

Papyrus,(પૅપિરસ્)*n. pl.*Papyri. The material upon which the ancient Egyptians wrote: તાડપત્ર.2.A manuscript written on papyrus: તાડપત્ર લેખ.

Par,(પૉર્)*prep.*By; with: થી; સાથે. *n.*Equal value: સરખી કિમ્મત-મૂલ્ય;સરભર ભાવ. 2. quality of condition or circumstances: સરખાપણું;સમતા; બરાબરી; સમભાવ;સમાનતા.*Above* p. at a premium: વધારે કિમ્મતથી; ચઢતા ભાવથી. *Below* p, at a discount: ઓછી કિમતે; વટાવ કાપીને.*At* p.: સરભર. *On a* p.બરોબર; સરખુ; સમાન.

Parable,(પૅરેબલ્)*a.*[Gr. *para,* beside & *ball o,*to throw.]Procurable: મેળવી શકાય એવું. *n.* A comparision;a similitude: દૃષ્ટાંત; દૃષ્ટાંતરૂપી શિખામણ-કથા; નીતિદર્શન; ઉપમા;નિદર્શન;મુકાબલો; સરખામણી. *vt.* To represent by parable:શિખામણથી બનાવવું;દૃષ્ટાંત ઉપમા આપવી.

Parabola,(પૅરૅબૉલૅ)*n pl.*,Parabolas. A kind of curve:શંકુ આકૃતિ પરવલય; સમકલ.

Parabolic, (પૅરૅબૉલિક્) *a.* Allegorical: નીતિ દર્શનનું; દૃષ્ટાંતરૂપ; રૂપક; રૂપ. 2. Having the form of a parabola; શંકુ આકૃતિનું; બાણાકાર.

Parachute, (પૅરશૂટ્) *n* .A contrivance in the form of an umbrella for making a descent from

a balloon: વિમાનમાંથી હેઠે ઉતરવામાં વપરાતી છત્રી.

Parade,(પૅરે ડ્) *n.*[L. *paro*, to set in order.] The ground where a military display is held or where troops are drilled: કવાયતની જગો;રંગભૂમિ 2. A review of troops:કવાયત;પરેડ 3. Pompous show;formal display:બેટસાઇ;આડંબર;ઠાઠમાઠ;ડોળ;દમદબો;ભભકો;રોફ. 4.A show;a spectacle: ભપકો; દેખાવ;વરઘોડો; સ્વારી. 5. A public walk: a promenade: જાહેર ફરવા-રહેવા કરવા જવાની જગ્યા; કવાયતની જગો; રંગભૂમિ. *vt.* To exhibit in a showy manner: ભપકા-ઠાઠ બતાવવો.2.To marshal:-કવાયત કરાવવી. *vi.* To make an exhibition:બેટસાઈ બતાવવી; રોફથી-ઈતરાઇને ચાલવું 2.To assemble in military order:કવાયત માટે એકઠાં થવું. *To make a* p. *of*:-ની બેટસાઈ બતાવવી

Paradise,(પૅરડાઇસ) *n.* [Gr.*paradeisos*,a park.] The garden of Eden,in which Adam and Eve were placed after their creation: ઇડનની વાડી;ઈડન બાગ.2.The abode of sanctified souls after death: વૈકુંઠ;સ્વર્ગ;બેહસ્ત. 3. A place of bliss:આનંદધામ;સુખધામ;સુખલોક; ઇંદ્રપુરી;બાગેબેહસ્ત. 4. A churchyard or cemetery: કબરસ્તાન; મશાણ.*vt.*To entrance;to bewitch: -ને મોહ-મોહિની લગાડવી-વા મનનું આકર્ષણ કરવું.

Paradox,(પૅરડૉક્સ્) *n.* [Gr. *para*. against & *doxa*, opinion.] A tenet contrary to the received opinion:કુનીઆથી ઉલટો વિચાર-મત; વિપરિત વિચાર;અયુક્તાભાસ;અસત્યાભાસ;કોહડો.

Paradoxical, (પૅરડૉક્સિકૅલ્) *a.* Of the nature of a paradox:વિપરીત;કોહડા જેવું. 2. Inclined to paradoxes: અવળું જ દેખનારું; વિપરીત વિચારદર્શિ.

Paragon, (પૅરગૉન્) *n.* A match; an equal:સાથી;બરોબરીઓ;:સમોવડિઓ; કાંટાવળોડ. 2. Rivalry;competition:સરસાઇ;હરીફાઇ.3.A model;a pattern:નમુનો;મોહરો,કિત્તો;માસલો;શિરોમણી;શિરતાજ;સરદાર.

Paragraph,(પૅરગ્રફ્) *n.* [Gr.*para*, beside & *grapho*, I write.] A marginal mark or note: માર્જીનમાં કરેલી નિશાની-ટિકા. 2. A distinct part of a discourse or writing: કલમ; પરિચ્છેદ; પેરેગ્રાફ; ફકરો. 3. A brief composition complete in one typographical section:પરિચ્છેદ; લેખ; ખંડ.*vt.* To divide into paragraphs: કલમો પાડવી 2.To express in the compass of a paragraph:એક લેખ ખંડમાં આશય જણાવી દેવો.

Parallax,(પૅરલૅક્સ્)*n.* (*Astr.*) The distance between the apparent and the real place of a star or other celestial object:દૃક્‌સૂત્ર અને ગર્ભસૂત્રની વચ્ચેનો અંતર;લંબન.

Parallel,(પૅરલેલ્)*a.*[Gr. *para*, beside,& *allelon*,of one another.] Extended in the same direction,and in all parts equally distant: સમાંતર; સરલ સમાંતર. 2 Having the same direction or tendency;running side by side સાથેને સાથે મળતું-પ્રમાણે-ને મળતું રહેનારું;સમાંતર. 3. Like;similar: મળતું;સરખું ;સમાન;સમ;તુલ્ય; સમભાવ. *n.* A line which throughout its whole extent,is equidistant from another line: સમાંતર લીટી. 2. Direction conformable to that of another line: એકલીટીના અનુરૂપ બીજી લીટી-રેખા. 3. Resemblance;similarity:સમતા;સમાનતા. 4.A comparison made: મુકાબલો. 5.A counterpart:જોડો;નમુનો;અડધિયું; બદલો. 6. One of the imaginary circles on the surface of the earth, parallel to the equator,marking the latitude. અક્ષાંશ;અક્ષવૃત. *Without* p.: બે બદલ;અનુપમ;અપ્રતિમ.*vt* To place or set so as to be parallel: સમાંતર કરવું-રાખવું.2.To make to conform to something else in character motive,aim or the like: અનુરૂપ બનેસ્તુ કરવું-બનાવવું. 3. To equal; to match:બરોબરી કરવી. 4.*To* produce or adduce as a parallel: નમુના-જોડ તરીકે બતાવવું-હાજર કરવું. *vi.*To be parallel;to correspond બરાબર થવું;મળતા આવવું.

Parallelism,(પૅરલેલિઝ્મ્)*n.*The quality or state of being parallel:સમાંતરપણું;સમાંતરભાવ. 2.Resemblance;similarity: મળતાપણું ;સમાનતા;તુલના;સમભાવ.

Parallelogram, (પૅરલેલોગ્રૅમ્)*n.* A right lined quadrilateral figure,whose opposite sides are parallel;and consequently equal:સમાંતરબાજુ ચોખુણ; સમાન્તરભુજ;દીર્ઘ ચતુરસ્ર;સમાનાન્તર ચતુર્ભુજ.

Parallelopiped, (પૅરલેલોપાઇપ્ડ્) *n.*[Gr.*parallelos*. parallel, *epi*, on. & *pedon*. the ground.] A solid, the faces on which are six parallelograms: સમખાત.

Paralogy.(પરલૉજી) *n.* False reasoning: ખોટી તકરાર: આભાસ; સિદ્ધતા-અર્થાભાસ-પક્ષાભાસ.

Paralysis,(પૅરલિસિસ) *n.* [Gr. *para* & *lyso*,to loose]Palsy:લકવો;પક્ષાઘાત;અર્દ્ધાંગવાયુ;જડું પડી જવું તે;બહેર મારી જવું તે.

Paralytic,(પૅરલિટિક્) *a.* Pertaining to paralysis:મરી ગએલું; જડું પડી ગયેલું.2. Affected with paralysis: પક્ષઘાતવાળું; લકવો થયો હોય એવું;માત્ર જરતા થઇ ગએલી એવું.

Paralyze,(પૅરલાઇઝ્)*vt* To affect or strike with paralysis:જડું પડી જવું;બહેર મારી જવું;-થી મરી જવું. 2. To unnerve; to destory or impair the energy of: સુવાડી દેવું; નબળું-નિર્બળ કરી દેવું;સ્તબ્ધ કરી દેવું; સજ્જડ કરી નાખવું.

Paramount,(પૅરમાઉન્ટ્)*a.* Having the highest rank: superior to oll others:સાથી વધારેમોટું; શ્રેષ્ઠ;સર્વોપરી; ઉંચું. *n.* The highest or chief:મુખ્ય સરદાર.

Paramour, (પૅરમૂર)*n.* A lover of either sex;a wooer: યાર;રાખ;જાર. (*b*)(Female)અંગવસ્ત્રિ;રાખ;જારિણી;રાંડ

Parapet,(પૅરપેટ્)*n.*[L.*parare*, to propare.]A low wall:નીચી ભીંત. 2 A wall;a rampart:પેરો; વંડો.

Paraphernalia, Parapherna, (પૅરફ્રનૅલિઅ-પૅરફ્રર્નૅ)*n.pl.* Something reserved to a wife,over & above her dowery:કન્યાદાનમાં મળેલા ધન ઉપરાંતની સ્ત્રીની કંઇ પણ મિલ્કત. સ્ત્રીધન.2.Appendages;ornaments: લુગડાં અને ઘરેણા;આભૂષણો.

Paraphrase,(પૅરફ્રેઝ્)*n.*[Gr. *para*, beside & *phrazo*, to speak.] A restatement of a text,passage, or work expressing the meaning of the original in another form:વિવરણ;વ્યાખ્યાન; વ્યાન;ટીકા. *vt.*To translate with latitude: -નું વિવરણ કરવું. *vi.* To make a paraphrase:વિવરણ-અન્વય કરવો.

Paraphrast,(પૅરફ્રસ્ટ્) *n.* A paraphraser: વિવરણકાર; વ્યાખ્યાનકાર; વ્યાખ્યાતા.

Paraquito,(પૅરકિટો)*n.* A kind of parrot:શુક;પોપટની જાતનું પક્ષી.

Parasite,(પૅરસાઇટ્)*n.* [Gr. *para*, & *siteo*,to feed.] A hanger-on;

a toady:ટકરાખાઉ;ભોજનભટ;પરાન્નોપજીવી;પરભાગ્યોપજીવી;પરજીવી ખુશામતીઓ;હાજીહા કરનાર. 2. (Bot) A plant growing upon and nourished by the juices of another: પરજીવી;પરદેહોદ્ભવ ગુલ્મ-લતા-વેલો-ઘો;કાંસ્યા-ચાટવેલો 3 (Entom) An animal which lives on another: પરદેહોપજીવી;રુધિરાદ;સંસ્તવિનુ પ્રાણી; પરમાંસાચાટુ.

Parasitical,(પરસિટિકૅલ) *a.* [L. *parasiticus*]Fawning for food: ટુકડાખોર-ખાઉ. 2. Pertaining to parasites:પરદેહોદ્ભવ. 3. Living on another: પરદેહોપજીવી; વાંધા જેવું;કાંસ્યાચાટુ.

Parasol,(પરસૉલ) *n* [Gr. *para*. against & *sol*, the sun.] A kind of small umbrella used by women as a protection from the sun:યુરોપિયન સ્ત્રીને ઓઢવાની છત્રી. *vt.*To shade as with parasol:છત્રથી છાયો કરવો.

Parboil,(પાર્બૉઇલ્) *vt.* [L *pars*, part & *bullire*, to boil.] To boil or cook thoroughly:બરાબર રાંધવું-ઉકાળવું 2 To boil in part: અર્ધું પક્વ કાચું પાકું બાફવું-ચઢવવું.

Parcel,(પાર્સેલ)*n* [L.*pars*,a part.] A portion:a part:a piece:ભાગ;ખંડ;ટુકડો-વિભાગ-અંશ 2. A collection; a group:ઢગલો:જથ્થો થોક: સમૂહ. 3. A bundle:a package:બિડકી;ગાંસડી પોટલી;પચરકી-પોટકું;બચકું. *vt.* To divide and distribute by parts or portions: ટુકડા કરીને વહેંચવું;થી વહેંચાઇજવું: ભાગ પડી જવા;વહેંચવું. To add a parcel or item to; to itemize:ટુકડો ઉમેરવો.2. To make up into a parcel: પારસલ કરવું. *a.* In part;ભાગમાં.

Parcenary,(પાર્સિનરિ)*n.* Co-heirship: એકદાયભોજિત્વ; વારસામાં ભાગીઆપણું;મઝીઆરો; એકદયભોજીત્વ; સહદાયાદત્વ;અવિભક્તદાયોપભોગ.

Parcener,(પાર્સિનર)*n.* [L. *partitio*,a division.] A co-heir: એકત્ર વારસ;સરખા હિસ્સેદાર.

Parch,(પાર્ચ્) *vt.* To burn the surface of;to scorch:ભુંજવું;શેકવું; દઝાડવું.2. To dry to extremity; to shrivel with heat:સૂકવવું;ચણવવુ ;દઝાડવુ ;ઝઝાવવું.*vi* To become scorched or superficially burnt: ભુંજાવું;શેકાવું;ચવાણું;દઝડવું ; ઝઝાવું

Parchment, (પાર્ચમેન્ટ્) *n.* [L. *charta*, paper] The skin of a lamb,sheep; goat &c., prepared for writing on:ચર્મપત્ર; લખવાના કામમાં આવે તેવું કમાવેલું ઘેટાનું ચામડું.

Pard,(પાર્ડ્)*n.* [L. *pardus*. leopard.]A leopard;a panther:ચિત્તો;ખડિયો વાઘ.

Pardon,(પાર્ડન્)*n.*[L.*per*,& *dono*, I give.]Forgiveness: માફી;ક્ષમા: માફ. 2. An official warrant of remission of penalty: દંડ.ગુન્હાનું માફીપત્ર 3.The state of being forgiven:માફી.*vt* To free from penalty: સજામાંથી મુક્ત કરવું. 2 To forgive:-ને માફ કરવું: ખૂકી-જવા દેવું; છોડવું 3.To refrain from exacting as a penalty:સજા તરીકે વસુલ કરતાં બંધ રહેવું.4. To give leave to:રજા આપવી.

Pardonable,(પાર્ડનબ્લ્)*a.* Admitting of pardon;venial;excusable: માફ-ક્ષમા કરવા જેવું; ક્ષમા પાત્ર.યોગ્ય.

Pare,(પૅર)*vt* [L.*paro*,I prepare.] To cut off;to shave off:છોલવું;તરાશવું; તાછવું;છોડવું. 2. To remove; to separate:છોલવું;નખ લેવો;ઉતારવું. 3. To reduce; to lessen: તાસવું; ઓછું કરવું;ક્રાંતરતા-કમી કરતા જવું.

Pareegoric,(પૅરિગૉરિક્)*a.* [Gr. *para*,beside & *agora*,an assembly.]Mitigating;assuaging pain શામક;દુઃખશામક.*n.*A medicine that mitigates pain:દુઃખશામક ઓસડ.

Parent, (પૅરન્ટ્) *n.* [*L. pareo*, I bring forth]A father or mother;બાપ અગર મા 2.Cause;source,author.મૂળ કારણ;જનક;હેતુ; કર્તા; ઉત્પાદક.

Parentage, (પૅરન્ટેજ્)*n.* Descent from parents;extraction; birth: કુળ;ખાનદાન;માબાપ;ઉત્પતિ; ઓલાદ; બુનીયાત.*Of noble* p;કુલીન;ખાનદાન

Parental,(પૅરેન્ટલ્)*a.*[*L. parentalis.*] Pertaining to a parent: માતા પિતા સંબંધી.2. Tender; devoted;વહાલનુ ભરેલું.

Parenthesis,(પૅરેન્થીસિસ્)*n.*[Gr. *para*,beside,& *tithemai*,to put.] *pl.* Parenthises, A word, phrase or sentence, by way of comment or explanation:કોઈ વાક્યના કોઇ અંગનો અર્થ વધારે ખુલ્લો સમજાવવા માટે ટીકારૂપે આપેલો શબ્દ-વાક્ય;ઉપન્યાસ;પ્રક્ષેપક.2.One of the curved ( ) lines which inclose a parenthetic word or phrase: ઉપન્યાસ ચિન્હ;કૌસ.

Parenthetic,(પૅરેન્થેટિક્)*a.* Of the nature of a parenthesis: ઉપન્યસ્ત;પ્રક્ષિપ્ત કૌસમાનું. 2. Using or containing parentheses:કૌસવાળું.

Parentless(પૅરેન્ટલેસ્)*a*Deprived of parents:માબાપ વિનાનું;અનાથ.

Parget,(પાર્જેટ્) *vt.* [*L. paries*, a well] To plaster: ફરસણ'ધી કરવી; પલાસ્તર કરવું. 2. To paint; રંગવું. *vi.*To lay on a plaster:ફરસણ'ધી કરવી:સાગોળ દેવો. 2. To paint as the face:રંગ દેવો; ચિતરવું *n.* Plaster:સાગોળ; સીમેંટ.2 Paint for the face:સફેદો.

Parhelion, (પાર્હીલિઅૉન્) *n. pl.* Parhelia,[*L.palelion*]A mock sun appearing in the form of a bright light:બનાવટી-ખોટો સુરજ.

Pariah,(પૅરિઅૅ) *n.* One of the aboriginal people of southern India of very low grade:હીંદુમાં હલકામાં હલકી જાત;નીચવર્ણ; ચેડ;ભંગી;અંત્યજ;તનામો;અતિશૂદ્ર;નીચવર્ણનો માણસ.2.An outcast: નાત બાહાર મુકેલો માણસ.

Parietal,(પૅરિએટલ્) *a.*Pertaining to a wall:ભીત દિવાલનું. P. *bones*: ખોપરીનાં બે બાજુનાં હાડકાં.

Paring,(પૅરિંગ્) *n.* The act of cutting off the surface of anything: છોલણી; તાસની 2. That which is pared off:છોતરૂં,છોલું.

Parish, (પૅરિશ્)*n.* [Gr. *para*, & *oikos*,a house.] That circuit of ground committed to the charge of one person or vicar:વિલાયતના "પારિસ" નામના ધર્માધિકારીની સત્તા નીચેનો ભાગ "પારિશ"

Parisian,(પરિસિઅૅન્)*n.*A native or inhabitant of *Paris*: પારિસ શહેરનો રહેવાશી.

Parity,(પૅરિટિ)*n.*[*L.paris*; equal.] The quality or condition of being equal or equivalent; equality:સમાનતા;સરખાપણું.

Park (પાર્ક્)*n.*[*L parcus*,a fence.] A piece of ground inclosed, and stored with beasts of the chase:શિકાર કરવાનું વન; મૃગયાવન. 2. A tract of ground kept in its natural state about or adjacent to a residence: ફરવા હરવાની જગો;વિહારભૂમિ;સ્થાન;બાગ.3. A piece of ground in or near a city:રમવાની જગો સ્થાન.4.A space occupied by the animals, wagons, pontoons and materials of all kinds: તોપખાનું.*vt.* To inclose in a park: બાગ કરવો.2.To bring together in a park: બાગમાં એકઠું કરવું.

Parlance,(પાર્લન્સ)*n.* Discourse; talk: વાતચીત; સંભાષણ; વાત; ગોષ્ઠી. *In common* p.: સાધારણ વાતચીત બોલીમાં.

Parley,(પાર્લી)*n.* [L. *parabola,* a comparison.] Mutual discourse discussion: વાતચીત; મસલત. To beat a *parley,* to beat a drum: ઢોલ વગાડવું *vi.* To confer with another; to discuss: વાતચીત કરવી;બોલવું.2. To confer with an enemy:દુશ્મન-શત્રુ જોડે સલાહ કરવા માટે વાતચીત કરવી;સલાહની ભાંજગડ કરવી.

Parliament,(પાર્લિઅમેન્ટ) *n.* [L. *parlamentum,* conferenoe.] A discussion; a conference:વાતચીત;મસલત;ગોકતેગો.2. A formal conference on public affairs: સભા;મંડળી 3. The assembly of the three states of the United Kingdom of Great Britain and Ireland: વિલાયતની મોટી રાજસભા-સમાજ;પાર્લામેન્ટ; પ્રતિનિધિસભા. 4. Ginger bread:સુંઠની ચાનકી.

Parliamentarian,(પાર્લિઅમેન્ટેરિઅન્)*a.* Pertaining to parliament:સભા સંબંધીનું.*n.* One versed in the rules and usages of Parliament:મંત્રી સભાના પક્ષનું માણસ.

Parliamentary,(પાર્લિઅમન્ટરિ) *a.* Pertaining to Parliment; મંત્રી સભાની રીત પ્રમાણેનું.2. Done by Parliment:મંત્રી સભાનું કીધેલું-બનાવેલું. 3. According to the rules aad usages of Parliament. મંત્રી સભાની રીત પ્રમાણેનું.સભ્ય;શિષ્ટ

Parlour,(પાર્લર) *n* A room for business or social coversation for the reception of guests: બેસવા ઉઠવાનો ઓરડો;બેઠક;દિવાનખાનું; કચેરી બેઠક ના ઓરડી-પરસાળ.

Parchial, (પેરોકિઅલ) *a.* Of or pertaining to a parish: પારિશનું માનું .2 Confined within narrow limits:ટુંકી નજરનું -સાંકડા મનનું.

Parody,(પેરડિ) *n.*Burlesque:મૂળ કાવ્યમાં થોડો ફેરફાર કરી:તેમાં નવો હાસ્યરસ આણ્યો હોય એવું કાવ્ય; વિનોદાર્થ અનુકરણનું કાવ્ય.

Parole,(પરોલ,*n.*A word an utterance:બોલી;વચન. 2 A word of promise: વચન; કોલ;પ્રતિજ્ઞા. 3. A watch word given only to office of guards: પહેરાવાળાઓનો સંકેત *vt.* To set at liberty on parole: જુબાની ઉપર છૂટો મુકવો *a.*Oral:મ્હોનું; મ્હોનુ મ્હોકું;મુખજુબાનીનું

Paronomasia, (પેરોનોમેઝિઅ) *n.* [Gr.*para,*&*onoma,* a name.] A play upon words; a "figure by which the same word is used in different senses: શ્લેષ;વિરોધાભાસ; વાક્ચાતુર્ય.

Paroquet,(પેરોકેટ્)*n.* A parrot: પોપટ જાતનું પક્ષી;સુંડો.

Paroxysm,(પેરોકિસઝમ્) *n* [Gr. *para*&*oxys,* sharp.]The fit, attack &c. of a disease that occurs at intervals:જબરો ઉઠાવ; રોગનો ઉપાડ-ઉછાળો-વીળ;આવેશ.2.Any sudden and violent emotion; a fit:વીળ; આવેશ;ઝોક;ઠહારૂ;ઝોક.

Parricidal,(પેરિસાઈડૅલ્) *a.* [L.] Guilty of parricide: બાપની હત્યા કરનારૂ;પિતૃઘાતક.

Parricide,(પેરિસાઈડ્)*n.* [L.*pater,* father, *cedo,*to kill.] Properly, one who murders one's own father:બાપની હત્યા કરનાર; પિતૃહા; પિતૃઘ્ન.2. The act or crime of murdering one's own father: બાપની હત્યા;પિતૃહત્યા.

Parrot,(પેરોટ્) *n.* One who prepares anything without understanding: સમજ્યા વગર મોઢે કરનાર.2. A kind of bird:પોપટ;શુક; કીર. *vt.*To repeat by rote, as a parrot; પોપટની પેઠે ગોખી મોઢે કરવું; પોપટીઉ કરવું;ભરટી નાંખવું.

Parry,(પૅરિ) *vt.* [L. *paro,*to get ready.]To ward off,to stop: ચૂકાવવું;છટકાવવું;અટકાવવું. 2. To avoid to evade:.ઉડાવવું;તજવું; છોડી દેવું;થી છટકવું.*vi.* To ward off:ઉડાવવું;ટાળવું નિવારવું.

Parse,(પાર્સ)*vt* [L *pars,* a part.] To resolve into its elements,to analyse: નું-વ્યાકરણ પદચ્છેદ-પદભંજન કરવું.

Parsimonious, (પાર્સિમોનિઅસ્) *a.*Exhibiting parsimony; niggaruly: કંજુસ; મખ્ખીચુસ; બખીલ; સૂમ; કરપી; કૃપણ;અતિશય કસરીઉ ; નિરસ.

Parsimony,(પાર્સિમોનિ)*n* [L *par. eo,*I spare]Closeness in the expenditure of money, niggardliness: કંજુસાઇ;બખીલાઈ; સૂમવેડા.

Parsley, (પાર્સ્લી)*n.* [Gr.*petra* a rock,& *selinon,*a kind of parslev] An aromatic umbelliferous herb:કુદી;કુદીનો.

Parson,(પાર્સન્)*n.* [L.*persona,* a person.]A clergyman;પાદરી;ધર્મ ઉપદેશ કરનાર;ધર્મોપદેશક;ગામેટ; ગામગોર.

Parsonage,(પાર્સનેજ્) *n.* The benefice of a parish; "પાર્સન"-ગામકૂટ કનીવૃતિ.

Part,(પાર્ટ્)*n.* [L *pars.*] One of the portions equal or unequal, into which anything is divided: ભાગ;અંશ.2.An equal constituent; portion:ભાગ;અંશ;દીસ્સો;વાંટો. 3 One of the opposing parties or sides:સામાવાળીઓ;પ્રતિપક્ષી. 4. *Part* and parcel: અંગ; ભાગ. 5. Talents and qualities: પાણી; શક્તિ;બુદ્ધિ;ગુણ;અંધેરાત: દૈવત: અક્કલ 6. (*pl.*)Quarter;region: ભાગ; દિશા; કોઠાનું.મુલક.7.Share: ભાગ; ભાગનુ-ભાગે આવેલું-મળેલું કાંઇ.8.Concern: લેવા દેવા; સંબંધ; નિસ્બત; હાથ. 9. Side:પક્ષ;બાજુ.10.Allotted duty: ફરજ;ધર્મ. 11.Character:વેશ.સ્વરૂપ (નાટકનો)*vt.*To divide; to sever: જૂદું છુટું પાડવું;ભાંગવું. 2. To allot, to share: વહેંચણ કરવી; ભાગ પાડવા. 3 To sunder: છુટું પાડવું;જુદું-આઘું કરવું.4. To hold apart; to stand between: છૂટું પાડવું, વેરી નાંખવું-મારવું.5. To separate by a process of extraction:જૂદું પાડવું. 6. To leave; to quit: છોડી-તજી દેવું. *For the most* p., generally: બહુધા;ઘણું-વિશેષ કરીને. *In good* p., favorably:મૈત્રી ભાવે.*In* p., partly:બોહુંક.P.,& *parcel.,* an essential constituent:એક મહત્વની બેફાટ. P *of speech*:વ્યાકરણ. To *take* p.: *in.*:-માં હોવું-માં સામેલ હોવું. *For my* p.:મારે મટે પુછોતો. *To take one's* p.:કોઇની તરફ થવું કોઇના પક્ષ લેવો, *In good* p..:ખુશી પ્રસન્ન થઇને સારી સમજથી.*In ill* p.: નાખુશ-અપ્રસન્ન થઇને;બોલી સમજથી.*vi.* To break: ભાગવું;જુદું-છુટું પડવું તૂટવું 2. To go away:to depart:જતા રહેવું;જૂદા પડવું;આઘા-વેગળા-અળગા રહેવું. 3. To perform an act of parting: જૂદા પડવાનું કરવું;એકે આમ અને એકે આમ જવું;-ના વિયોગ થવો.4. To have a a part: to partake: ભાગ લેવો.*adv.* partly: બોહુંક.

Partake,(પાર્ટેક)*vi.imp.* & *p p.* Partook;Partaken To take a part; to share: ભાગ લેવો;ભાગિયા થવું.2.to have something of the nature &c :ભાગ હોવો-નો કંઇ અંશમાં સ્વભાવ-ગુણ પોતાનામાં હોવો. *vt.* To partake of;--નો ભાગ લેવો.2.To admit to a share: ભાગ લેવરાવવો. 3 To distribute: વહેંચવું.

Partaker, (પાર્ટેકર) *n.* One who

takes a part:ભાગલેનાર;ભાગિયો. 2. An accomplice:મળતિયો;સાથી;સોબતી.

Parterre,(પાર્ટેર્)*n.*[L. *terra*,the earth.]An ornamental arrangement of beds in which flowers are cultivated: ફુલબાગ-ફુલવાડીના કટકા-કયારા. 2. The pit of a French theatre: ફ્રાન્સ દેશમાં નાટક ગૃહમાં નાટક પાસેની બેઠકો.

Partial, (પાર્શલ્) *a.* [*partis*, a part.]Pertaining to a part; not total; થોડા ભાગનું;એકદેશી;કંઈ; થોડું. 2.Biased: પક્ષપાતી;એકતરફી.3. Foolishly fond: એક તરફ તાણનારું; મહેરબાની રાખનારૂ.4.Pertaining to a subordinate portion; અંદર-નિચેનું; પેટાનું. 5. Having a predilection for:વલણ ભાવવાળું; પ્રવૃત્ત; પ્રવૃતિવાળું. *To be* p.to.: ને ગમવું-દાઝવું -મોહ-મમતા-મન-ચિત્તવૃતિ હોવી; પ્રવૃત્ત રહેવું-હોવું. *To be* p: પક્ષ કરવો -હોવો;-નું તાણવું;વખારે મહેરબાની રાખવી,

Partiality, (પાર્શિઍલિટિ) *n.* The quality or state of being partial: પક્ષપાત;તરફદારી.2. A predilection to one thing rather than to others: મમતા;મોહ; શોખ; મહેરબાની; ગમવું તે.

Partially, (પાર્શલિ) *adv.* In part;not totally: થોડું;છેક; કેવળ નહિ 2.પક્ષ-પાત-મહેરબાનીથી;-ની રાહે.

Participant,(પાર્ટિસિપન્ટ્)*a.*Sharing;having a share: પક્ષ-ભાગ લેનું.*n.*A participator; a partaker: ભાગલેનાર;સોબતી.

Participate, (પાર્ટિસિપેટ્) *a.* [L. *pars*,part&*capio*, I take.] Acting in common; participating: સાથી;-માં ભાગ લેનાર;સાધારણ રીતે વર્ત્તનાર.*v.i.* To take a part;to partake:સામેલ-ભાગીઆ થવું. *vt.* To partake of; to share in:-માં-નો. ભાગ હિસ્સો લેવો રાખવો.

Participation,(પાર્ટિસિપેશન્) *n.* The act or state of sharing in common with others: ભાગ લેવો-સામિલ થવું તે.2.Distribution:વહેંચણ;ભાગ.3. Community; fellowship:સમવર્ગ;નાતો;એ ઢબ

Participle,(પાર્ટિસિપ્લ્)*n.*[L.*participeps*,sharing.]A part of speech partaking of the nature of both the verb and adjective. કૃદંત.

Particle,(પાર્ટિકલ્) *n.* [L. *partis*, a part] A morsel; an atom; a jot:કણો;રજ; રજ. 2. Any very small part;the smallest portion રજકણ; અણું; છાંટો; લેશ; લવ;લવલેશ-3.A crumb:અણું;લેશ.4.A subordinate word;that is never inflected:અવ્યય.

Particular,(પાર્ટિક્યૂલર્) *a.* Sole; single:અમુક;ફલાણું; ચોકસ. 2. Not general;not common: કોઈ એક-જણ-વસ્તુ બાબતનું;ખાસ: વિશેષ. 3. Separate; distinct; important: ખાસ;અગત્યનું;ભેદદર્શક;જુદું જ; અમુક; વિશિષ્ટ.4.Minute;precise: બારીક; ચોકસ; બારીક; ઝીણુંઝીણું જોનાર. 5. Limited:સમર્યાદ;થોડાક. 6. Forming a part :of a genus: વિશેષ 7.Nice: ઠીકઠાકીઢ;ખાંચવાળું; ચોકસ ચટ્ટવાળું;ચિન્યુ-ચુપિલુ સીવાળું. *n.* A separate or distinct member of a class or part of a whole:એક ભાગ. 2. Special or personal peculiarity, trait or character; individuality: બાબત; વિગત. *In* p.:વિશેષે કરીને,

Particularity, (પાર્ટિક્યૂલૅરિટિ) *n.* The state or quality of being particular; distinctiveness: અસામન્યતા; વિશેષપણું-તા. 2. That which is particular:જુદાપણું;અમુકતા;ખાસ રીતે વિશેષ લક્ષણ;તપશીલ; વિગત.

Particularize,(પાર્ટિક્યૂલરાઇઝ્)*vt.* To mention particularly: ઝીણી ઝીણી બધીજ વાતનું વર્ણન કરવું; વિગતવાર કહેવું-નો અવચ્છેદ કરવો.*vi.*To mention;to give minute details: ઝીણીઝીણી બધીજ વાત ઉપર ધ્યાન આપવું.

Particularly,(પાર્ટિક્યૂલર્લિ) *adv* In a particular manner; expressly:ખાસ જુદું પાડીને;ઠેકારીને; સ્પષ્ટ રીતે.2. In an especial manner;વિશેષ;વિશેષે કરીને;ખાસ. 3. In detail:તપશીલવાર; ઝીણી વિગતથી

Parting, (પાર્ટિંગ્) *n.* The act of parting:છુટું પડવું તે 2.A.separation; a leave-taking: વિયોગ; વિરહ.3.The separation and determination of alloys: મિશ્ર ધાતુઓનું પૃથક્કરણ:તેજનમથા સોના ચાંદીને જુદા કરવા તે.4.A joint or fissure, as in a coal seam:ફાડ;તડ;ચીરો *a.* Given at parting:જતી-જુદાં પડતી વેળાનું;જતા જતાકહેલું-કરેલું. *A p. of the ways*;રસ્તા ફંટાવાની જગ્યા.

Partisan,(પાર્ટિઝૅન્)*n.* Anadherent to a party or faction:તરફનું-પક્ષનું માણસ;પક્ષધારી,તરફદાર;ભાડપરી.2. The commander of a body of detachad light troops: હલકરનો ઉપરી.3. A staff; truncheon:ભાલો;છડી..*a*Adherent to a party:પક્ષનું ;વળગી રહેનાર:પક્ષાવલંબી.

Partisanship; (પાર્ટિઝૅન્શિપ્) *n.* The state of being a partisan or adherent to a party: પક્ષપાત; પક્ષાવલંબન;પક્ષધારણ;તરફદારી; પક્ષને વળગેલા હોવું તે.

Partition, (પાર્ટિશન્) *n.* Division:ભાગ.2. Separating boundary:આંતરો;પડદો ભીત.3.An apartment:ખંડ; ઓરડો. 4.The severance of common or undivided interest, particularly in real estate:વહેંચણ;વિભાગ;5. A score: કાપો. *vi* To divide into parts ભાગ પાડવા;-નીવહેંચણી કરવી.2.To divide into distinct parts by lines,&c: આંતરા-ખંડ-ઓરડા કરવા;આંતરો ભાંગવો.

Partitive,(પાર્ટિટિવ્)*a.*Denoting a part:ભાગ બતાવનું;ભાગ પાડવું;ભાગદર્શક.

Partly,(પાર્ટ્લિ)*adv.* In part; not wholly:થોડું ક;થોડું ઘણું;કિંચિત.

Partner,(પાર્ટ્નર્)*n.*A partaker: ભાગીદાર; ભાગીયેણ; અનુસંગી; સાથી; સોબતી;ગોઠીઓત્સંગી;ભિડું;ભિડલું;ભિડલુ;સાથે નાચનાર;સહનર્ત્તક-કી.(*a*) *A* husband or a wife: ધણી કે ધણી આણી;વરવહુ-દંપતીમાંનું એક.(*b*)One who shares as a member of a partnership: પંત્યાળો; ભાગીદાર; હિસ્સેદાર;પાંતીદાર 2.An associate in any business: ભાગિયો, સંગી; પાંતીદાર.*vt.*To associate; to join: સામેલ થવું;ભાગીઆ થવું.

Partnership, (પાર્ટ્નરશિપ્) *n.* The state or condition of being a partner:ભાગીદારી;પાંતીદારી;પંત્યાળું;ભાગીયા-સંગીપણું.2. A division or sharing among partners:joint possession:પંતિયાળુ ;ભાગિયું;અવિભક્તતા;મળ્યાઘરે;સહીયારે 3.An alliance of an undertaking or a business on joint account: ભાગીદારોની મંડળી;કમ્પની,પેઢી; મળ્યાની દુકાન.

Partridge, (પાર્ટ્રિજ્)*n* Any one of the numerous species of small gallinaceous birds:તીતર; તેતર.*The francoline* p.: તિત્તર; કપિંજલ.*Night* p.,હકકોઢ.

Parturient,(પાર્ટ્યૂરિઅન્ટ્)*a.* [*L. pareo*,I bring forth.] Bringing forth;fruitful: જણવું;વિયાતું;પ્રસવતુ; પ્રસવોન્મુખ;જણવાની તૈયારીમા.

Parturition,(પાર્ટ્યૂરિશન્)*n.* [*L. parturitio.*] Delivery: પ્રસવ; પ્રસૂતિ;સૂવાવડ.2.Birth:પ્રસવ;જનન; જન્મ:જણવું તે.

Party,(પાર્ટિ)*n.* *A* part or por

tion: ભાગ. 2. *A* number of persons united in opinion or action: ટુકડી;ટોળી પક્ષ;તડ;મંડળી;મંડળ; સંપ.3 *A* part of a larger body: પાર્ટ ટુકડી.4. *A* select company: બેઠક;મિજલસ; પાર્ટી;ખાણું;જમણવાર. 5.One concerned or interested in an affair:-માં રહેનાર: સામીલ રહેનાર;ભાગીદાર; અરજી;મળતીઓ; અનુસગી સદ્દારી. 6. The plaintiff or the defendant in a lawsuit; a litigant: પક્ષકાર, વાદી અથવા પ્રતિવાદી પ્રતિપક્ષી. 7. Cause; side; interest: તરફેણ; પક્ષ; બાજુ; તરફ; તડ *Both* p. પક્ષમારો. *A* person: આશામી;શાખ્સ,ધણી.P *spirit*: પક્ષપાત. *Of one's* p.:સ્વપક્ષપાતવાલ જી; સ્વપક્ષપાતી.p. *spirit*: પક્ષાભિમાન; પક્ષના મમત. *A dinner* p.: જમવાનુ;જમણવાર;ખાણું. *To be a* p.*to*: -માં હોવું; -માં શામિલ થવુ-હાથ-અગ હોવું.

Party-coloured, (પાર્ટિકલર્ડ) *a.* Colored with different colours: રંગબેરગી;પચરગી;નવરગી;ચિત્રવિચિત્ર;તાનારગી.*A* p.*horse*:અબલક ઘોડો.

Party-wall,(પાર્ટિવૉલ્) *n.A* wall between two houses:બે ઘર વચ્ચેનો કરો-આતરા-ભીત.

Pasquinade, (પૅસ્કિનેડ્) *n. A* lampoon નિદા-ઉપહાસ લેખ;અનિતી-અનાચારની ફીચેલી બરાબ; અનીતિ ઉપર પાડેલો ઠોક;અનાચાર પ્રકાશ.*vt.*To lampoon:નિદા કરવુ; ઉપહાસ લેખ કરવો.

Pass,(પાસ્)*vn.*[*L passus*, a step.] To go,to move: જવું;ચાલવું; ગમન કરવુ;ચાલ્યા જવું;નીકળવું;નીકળીને-નીકળી જવું.2 To change;to undergo transition:-નું થવું; ફેરો-ટળી બદલાઇ જવું.3. To vanish;to die: જતા રહેવું;ગત થવું; પસાર થઈ જવું; અળપાઇ જવું;મરી જવું.4.To happen; to come;to occur:બનવું;થવું; આવી પડવું. 5.To elapse;to be spent: ગાળવું; ખર્ચાવું;ગુજરવું;વ્યતીત થવુ; પસાર થવું. 6.To go from one person to another,to circulate:એકથી બીજા માણસ પાસે જવું-ચાલવું; નખવું;નભવું;નણાવુ; નખ્યા જવું. 7. To be enacted:પસાર થવું;મજુર-બહાલ થવું. 8. To go through any inspection or test successfully: કસોટીમા દઇ-પસાર-પાસ થવું.9. To continue;to live long: ઠકવું;નભવું;ચાલવું; જીવવું. 10. To go unheeded or neglected:ચાલ્યા-ગએલા જવું; જવાદેવું. 11. To surpass:કાઢની આગળ થઈ જવું; મર્યાદા વટાવવી;અતિ થઇ જવું(*b*)ચીરીને-આળંગીને ઉપર થઇને જવું. 12. To thrust:ઘોચવું;ખોસવું-ખાલવું.13. *To* happen:બનવું;થવું 14 To do well enough,to answer કામ ચાલે એટલા-એસા-હોવું-પાસ-પસાર્થ કરવું; ઠરવું: નભવું *To let* p.:જવા જવા દેવું; ગઇ ગરી કરવુ;દરગુજર કરવું *To* p *away* to disappear: જતા રહેવું;મરી જવું; નાશ પામવું *To* p.*into*, to change by a gradual transition:બદલાવું; થઇ જવું. *To* p. *on*, to proceed; આગળ ચાલ્યા જવું વધવું *To* p *on or upon*,to happen to. આવી બનવું; -ને લાગુ થવું;પસ્થસર કરવું;વિતવું ગુજરવું. *To*p.*off*,to go away:જવું; જતા રહેવું;અટકવું; બધ પડવું; વિરામવું *To* p.*over* to go from one side to the other બીજે તરફની બીજી તરફ જવું; પસાર કરવો ઓળ ઘવું.*vt* (*a*)To go by, beyond,over &c :-ની થઇને જવું;પાર કરવી જવું;ઉતરવું.(*b*)To spend,to live through:કાઢવું: ગાળવું; ગુજારવું; વ્યતીત કરવું;પસાર કરવું;નિર્વાહન કરવું. (*c*) To omit attention to;to disregard:ધ્યાનમા લીધા વગર ચાલવું; પડતું મુકવું;મુકી દેવું; રહેવા દેવું; ન ગણકારવું; પરવા ન કરવી;રહેવા દેવું.(*d*)To surpass; to excel:ચઢીઆતા થવું;-પર ટપી જવું; કરતા ઉત્તમ નિવડવું;-ના કરતાં વધવું. (*e*)To go successfully through: -મા થઇને ફતેહમદ થીવી જવું;પસાર થવું, પાસ થવું;મજુર-બહાલ થવું 2 (*a*) To send,to transmit;to hand: ચલાવવું આપવું પહોચાડવું;મોકલવું; વારસા મા આપવું(*b*) To utter,to pronounce: બોલવું; ઉચ્ચારવું; કહેવું; આપવું; કહી સંભળાવવું; શિક્ષા-સજા કરવી-ફરમાવવી.(*c*)To finish:પુરું કરવું;સમાપ્ત-સંપૂર્ણ કરવું.(*b*)To cause to advance;to carry on:ચલાવવું;પસાર કરવું. (*c*) To put in circulation:ચલણમા મુકવું;ચલાવવું.3.To omit from the bowels:બહાર કાઢવું;ખાલી કરવું.4. To make a thrust: ઘોચવું; ખોસવું. 5. To cause to go or move:ફેરવવું; ફેરવી જવું.6.To send:મોકલવું: મોકલી દેવું;રવાને કરવું.7.To make over:ચલાવવું;આપવું;પહોચાડવું;પહોચતુ કરવું.8. To utter:આપવું;કહેવું; મ્હોમાથી કાઢવું;ઉચ્ચારવું.(*b*)આપવું;કહી સભળાવવું. (*c*)સોપવું; બાવું.(*d*)પરીક્ષામા ઉતારવું.(*e*) મજુર કરવું;બહે-કબૂલ રાખવું;પસદ કરવું. (*f*)કાઢવું;કરવું; પસાર-મજુર કરવું.*To* p. *away*,to spend: ખરચી દેવું;ગુમાવવું. *To* p.*by*,to neglect; બૂતી જવું;ગફલત-કસુર કરવી. (*b*) To excuse;to overlook:-નુ કરવું;માફ કરવું; બાબ-બાડા કાન કરવા,દર જવી કરવું.*To* p.*over*; to overlook:બાબ બાડા ગણ કરવા; બાબા કરવું: કરવું;ગજર કરવું:-ને કહેવું;ન જણાવવું;ગપચાવી દેવું *To* p.*off*, to impose fraudulently:-ના તરીકે પસાર થવું આપવું હસેલું-હડસેલી-ધકેલી દેવું *To* p *on* or *upon*, to palm off.ઠોકી બેસાડવું; ઉતરવું; અડાવી દેવું;ચુસાડી દેવું. *n.* A *defile*; a ford:ઘાટો-દુર્ઘટ રસ્તો; ઘાટ; વિકટ માર્ગ;બીણ;નેળ 2.A thrust or push ધા-ફટકા;પ્રહાર;તાડન;ધક્કો;આંચકો. 3. A movement of the hand over or along anything:હિલચાલ;હાથની ફેરણી 4 State of things; condition:હાલત;સ્થિતિ દશા;અવસ્થા.5. Permission to pass: પરવાનો;પાસ; રવાનો;રાજીદપ;મ દ જવા આવવા દેવાના હુકમ 6.A thrust; a sally of wit:ટિખળ,ટકાર; મશ્કરી;કટાક્ષ 7 An embarassing situation:વિટ બના; દુર્ઘટ સ્થિતિ.*A* p *of arms*:લડીને પસાર કરવાનું-ઓળ ઘવાનું નાકુ *To bring to* p.:નિપજાવવું-થી થવું-નિપજવું માથી નીકળવું. *To come to* p.:બનવું થવું.

Passable,(પાસેબ્લ્) *a.* Capable of being passed. જવાય ઉતરાય-જાય એવું;ગમ્ય;સુગમ; હોડી-વહાણ ચાલે ફરે એવું.2. Current: ચલાય-ચાલે એવું; ચલણી;3.Admissible; moderate:. ચાલ્યુ-નિભ્યુ જાય એવું-ખમું;ક્ષમાયલાક

Passage, (પૅસેજ્) *n.* The act of passing; જવું-આવવું-ચઢવું-ઉતરવું-ઊતરવુ-પડવું-ચઢેવું તે.2 Travel; conveyance:પ્રવાસ;મુસાફરી; માર્ગ;રસ્તો; વાટ જવા આવવાના રસ્તો. 3. Fare: ભાડુ,હાસલ.4.Death: મોત,મરણ; મૃત્યુ.5.Road,way. રસ્તો;માર્ગ;ગલી; વાટ.6 A continuous course,progress:ચાલુ રસ્તો રિવાજ રીત; પરપરા;ગત 7 An incident: વૃત્તાન્ત;વૃત્ત; બનાવ;બિના.8.A paragraph:ફકરો; ઇતખાણ; અવતરણ; કલમ; પેરગ્રાફ. 9. Currency: ચલણ 10. A journey by sea:સમુદ્રયાન સફર. 11. Right or liberty of passing: જવાનો હકરવન-પરવાનગી-છૂટ.12. An encounter at arms:સામસામું થવું તે;ઝપાઝપી;મુખભેડો; સામાનો મેળો. *Birds. of* p: પાનખર બેસે ત્યાર દક્ષિણ દેશો માજનારા તથા વસત બેસે ત્યારે પાછા ઉત્તરદેશમા આવનારા પક્ષી; વસતા ગાની;આગતુક.P *of the sun or a planet from one sign into another*.સક્રાત;સક્રાત.P. *of the sun through zodiac*:સક્રમ;સક્રમણ.

Pass-book,(પાસ્બુક્) *n.*A book in which a trader enters articles bought on credit and the passes or sends it to the purchaser:

ખાતાની ચોપડી-ખાતાવહી;ખાતું;જમાવહી
Passenger,(પૅસેન્જર) *n.* A wayfarer:રસ્તે જનાર. 2. A traveller by some established conveyance:ઉતારૂ;મુસાફર.
Passerby,(પાસરબાઇ)*n.*One who goes by; a passer: પંથી; વટેમાર્ગુ; રસ્તે જનાર.
Passing,(પૅસિંગ્) *n.* The act of one who,or that which passes: જવું-આવવું તે. *a.* Relating to the act of passing or going:departing:જવા આવવા સંબંધી 2 Exceeding;surpassing: અતિશય; અત્યંત; શ્રેષ્ઠ;ઉત્તમ:વિશેષ;બહુજ; ઘણું જ.
Passim,(પૅસિમ્)*adv.* Everywhere: જ્યાં ત્યાં;બધે ઠેકાણે;સર્વત્ર.
Passion,(પૅશન્)*n* [L. *pastus*, to suffer.] A suffering:દુઃખ. 2. A passive condition: સહન;કર્મપાત્રતા;કર્માશ્રયત્વ; ક્રિયાસાહત્વ. 3 Capacity of being affected by external agents: સુખદુઃખ યોગ્યતા. 4. Violent emotion of the mind: મનોવિકાર; ભાવ; મનોધર્મ;મનોવિકૃતિ; રાગ;વિષયચાહ: મનોવૃત્તિ. (*a*) Mental commotion; ક્ષોભ; મનસ તાપ: મનઃસંતાપ:ક્યા કુલતા.(*b*) Anger;rage: ક્રોધ;કોપ; રોષ;ક્રોધાવેશ.ઝનુન; જુસ્સો જોશ;ઉભરો. *To fly into a* p.:-નો પિત્તો ઉછળી જવો;તપી જવું(*c*) Zeal; ardour;eagerness: ઉત્સાહ; આસક્તિ:ઉત્કંઠા:ઉત્સુકતા (*d*)An extreme or inordinate desire: છંદ; નાદ; હઠ;હવસ;ચડસ;લત (*e*) Love: કામ; મદન;કામવિકાર; અભિલાષ:મોહ: પ્રીતિ હઠ; આસક્તિ. 5. Disorder of the mind;madness: ઘેલાઇ; ઘેલચ્છા;ગાંડપણ.*A.p*:મનોવિકાર. *The* ps:મનોવિકારમાત્ર. *To fly into a* p.:રાતાપીળા ધૂંઆકુંઆ થઈ જવું; પીત્તો ઉછળવો;તપી જવું. *vt.* To give a passionate character to: ઉશ્કેરવું;ગુસ્સે કરવું.*vi.* To suffer pain or sorrow:દુઃખી થવું.
Passionate (પૅશનેટ) *a.* Capable or susceptible of passion;easily moved or excited: તામસી;ઝનુની; આકળું; કોપિષ્ટ:ક્રોધી;જલદ;કટક; તમોગુણી. 2. Characterized by passion;expressing passion: મોહ-આસક્તિવાળું;આસક્ત; અનુરાગી;કામી.
Passionless,(પૅશન્લેસ) *a.* Void of passion;calm: ઠંડા-શાંત સ્વભાવવાળું:વિરાગી;રાગરહિત;વિરક્તતા; સૌમ્ય સ્વભાવ-પ્રકૃતિનું.
Passive,(પૅસિવ્) *a.* [*L.patior*, I suffer.] Not active, but acted upon;suffering or receiving impression:નિષ્ક્રિયાપાર;નિષ્ક્રિય; કર્માધાર; કર્માશ્રય; અપવર્તક;સહિષ્ણું.2. Patient; not opposing.કોઇ જે કઇ કરે તે મુંગે મુંગે ખમ્યાં કરનાર; શાંકડું; ગરીબડું;સાલસ:સહનશીલ-ધર્મક; ક્રિયા સાર-ક્ષમ; વ્યાપારક્ષમ;નિષ્ક્રિય.3.Inactive; inert:મુંગું;લાગે નહીં એવું.P. *verb* or p. *voice*:સહ્યભેદ કે સહ્યભેદ ક્રિયાપદ.
Passively,(પૅસિવ્લિ)*adv.*Inertly; ચુંકે ચાં કર્યા વિના;મુંગેમોઢેઃછાનામાના; 2.As a passive verb:સહ્યભેદ ક્રિયાપદજેવું; સહ્યભેદમાં.
Passiveness,(પૅસિવ્નેસ્)*n.* Submission:ધીરજ;સહનશીલતા; સહનધર્મ:અનિવારક ભાવ;કર્મપાત્રતા;કર્માશ્રયતા.
Passport,(પાસપૉર્ટ્)*n* Permission to pass: પરવાનો; રવાચિઠ્ઠી; સનંદ; ઓળખાણનામું.2.A document carried by neutral merchant vessels in time of war to certify their nationality and protect them:ઓળખાણનામું; ઓળખનામાની સનંદ; ચોકખનામું; સનંદ હેરી. 3. A safeconduct:રખવાળુ ;રખાવું.
Past,(પાસ્ટ્) *a.* Elapsed; ended; spent; ગએલું; ગાળેલું; ભૂત;પૂર્વ; ગુજરી ગએલું. *n.*A former time;a state of things gone by: ગુજરેલી વાત-વખત-પૂર્વકાળ. *prep.* Beyond in position or degree;farther than; આગળ.2.Beyond in time; after: પછી;મુદ્દતને આગળ.3. Above; exceeding:-ની ઉપર. *adv.* By; beyond;થી;પેલી તરફ.(*b*) (*fig*):રહિત; શૂન્ય; અતીત. P *remedy*: નિરૂપાય. *Half* p.*one*: દોઢોડ. *Half* p.*two*; અઢી. *Half* p. three; સહાડાત્રણ.
Paste,(પસ્ટ્) *n.*[*L.pasco*, I feed.] A soft composition, as of flour moistened with water or milk: શીરો;મલીદો;રવો;લાપસી.2 Pastry; dough: પૂરણ ભરવાની-વણેલ્વાની કણેક. 3. A kind of cement:લાહી; ખેળ.4.A soft confection made of the inspissated juice of fruit &c: ફળના રસની મિઠાઇ; પાક; જેલી; મુરબ્બો; પનો. *vt.* To fasten:ચોડાવું; ચોટાડવું;ચીટકાવવું;વળગાડવું.
Pasteboard, (પસ્ટ્બૉર્ડ્) *n.* A stiff thick kind of paper board formed of several single sheets: પુઠાનો કાગળ; દોપિસ્તું; પુષ્ઠિપાટ 2: A molding board:આડણી
Pastille,(પૅસ્ટીલ્) *n* [*L pastus*, food] A small cone or mass made of a paste of gum:અગરબત્તી.2 An aromatic medicated lozenge:પીપરમીંટના જેવી ટીકડી.
Pastime, (પસ્ટાઇમ્) *n.* Short amusement: diversion:રમત;ગમત; ખેલ;લીલા;વિનોદ;ક્રીડા;વિહાર. *vi.* To sport:ગમત-ખેલ કરવો.
Pastor,(પૅસ્ટૉર્)*n.*L.*pasco*, I feed] A shepherd:ભરવાડ ગોવાળ; આહીર-ગોપ 2.A guardian a keeper:આચાર્ય;ધર્મોપદેશક;વાલી;રક્ષક; ઉપદેશક; પાદરી.
Pastorage,(પૅસ્ટૉરેજ્)*n.*The office, jurisdiction,or duty of a pastor: ગુરૂ-પાસ્ટરની ફરજ-કામ.
Pastoral,(પૅસ્ટૉરલ્) *a.* Pertaining to shepherds: ગોવાળીઆને લગતું-ના જેવું. 2. Relating to the care of souls or to the pastor: of a church:ખ્રીસ્તી દેવ કે પાસ્ટરનું; ધર્મોપદેશક વિષયક A canto relating to rural life:ગામડિયા જીંદગીના વિષયવાળું સંગીત.3.A letter of a pastor to his charge:આચાર્યે પોતાના તાબામા લખેલો પત્ર.
Pastorate,(પસ્ટૉરેટ્) *n* The office ot a pastor:ખ્રિસ્તી પાદરીનું પદ 2. The time during which one has been a prior:ખ્રિસ્તી પાદરીપટ ઉપર રહેવાની મુદત. The whole body of pastors: ખ્રિસ્તી પાદરીમંડળ-સમસ્ત.
Pastry,(પૅસ્ટ્રિ)*n.* The place where pastry is made:મીઠાઈની દુકાન; કંદોઇઆળ. 2. Articles of food made of paste:ઘેબ મીઠાઇ-સુખડી.
Pasturable,(પૅસ્ટ્યરેબલ્)*a.*Fit fo pasture.ચરવા લાયક;ચરવા જેવું.
Pasturage, (પસ્ટ્યૂરેજ્) *n.* Grazing ground:pasture; ઢોરને ચરવાની જગા;ચરો;ગોચરણ;ગોચર.2.Grass growing for feed;grazing:ઘાસ; ચારો ;ચાર;ચરવાનું ઘાસ.
Pasture,(પૅસ્ટ્યૂર)*n.* [L. *pasco*, feed.] Food,nourishment: ખોરાક;ચારો; ચાર; ચરીખાવાનું ઘાસ. 2. The food of cattle.ઘાસ;ચારો. 3. Grass land for cattle: ચરવાની જગા;ચરો; ગોચર. *vt.* To feed:ચરાવવું.*vi.*To graze:ચરવું.
Pat,(પૅટ્)*vt.* To strike lightly; to tap: ધીમેહાથે ઠોકવું; થાબડવું *n.* A tap:થપડાક;તબડાક;થાબડી; લપડાક:ટપલી.2.A small mass:ગોળો;પિંડો. *a.*Fit;timely.ચોગ્ય,લાયક
Patch,(પૅચ્)*n* A piece of cloth, or other suitable material: થીંગડું.2.A small piece of anything used to repair a breach:થીગડું; ગાબડું.3.A piece of greased cloth or leather used as wrapping

for a rifle ball, to make it fit the bore: પરી; પટ્ટો; રેતમી મલમલનો ઝીણો કટકો 4 A tract; a plot: જમીનનો કકડો; ટુકડો. 5. A rogue; a ninny: લુચ્ચો માણસ; શઠ; ખળ. *vt.* To mend by sewing on a piece or pieces of cloth, leather or the like: થીગડું દેવું. 2. To mend with pieces: જડવું; સાંધામુંધીવાળું કરવું;થાગડથીગડ કરવું;અટાપટાદાર કરવું. 3.To adorn as the face, with patch:ચહેરા ઢાંકવો.

Patchwork,(પૅચ્‌વર્ક્) *n.*Work composed of pieces sewed together: જૂદા જૂદા આકારના કકડા બધા પટાઓ એકઠા સાથે સીવીને બનાવેલો ઘાટ; ડોળ વિનાનું કામ; થાગડથીગડકામ.

Pate, (પેટ્) *n* A pie: બાનાનો પદાર્થ; પકવી;પુ.વ.3.The head of a person: માથાનું કાંકરું;ડોકવું;ડોકવું; નાળીએર;ગોટો. 3.The skin of a calf's head. વાછરડા ની માથાની ચામડી

Paten, (પૅટન્) *n.* [L. *patina*, a pan. A flat plate: છીછરી રકાબી. 2.The plate on which the consecrated bread is placed in the Eucharist: બાજઠ; પ્રભુભાજન મુકવાનો બાજઠ.

Patent,(પેટન્ટ્) *a.* [L. *pateo*, I am open] Open; evident: ઉઘાડું; ખુલ્લું; સ્પષ્ટ; વ્યક્ત;જાહેર; પ્રગટ.2.Open to public perusal:સનદી; ફરમાનનું;કાઢેલું.3 Patented: સનદી; જે રાખવા વેચવા પરવાનો મળ્યો હોય એવું. *n.* A letter patent or letters patent: સનદી કાગળ.2. The right or privilege; સનદ;પરવાનો;ફરમાન.

Patentee,(પેટન્ટી) *n* One to whom a grant is made: સનંદદાર.

Paterfamilias, (પેટરફૅમિલિઅસ્) *n pl* Patresfamilias.[L.*pater*, father.] The head of a family: કુટુંબવડીલ-વાળી; કુટુંબી.

Paternal, (પેટર્નલ્)*a.*[L. *pater*, a father.] Fatherly: બાપ-પિતાનું;પિતૃવ્ય 2.Received or derived from a father: વંશપરંપરા ચાલ્યું આવેલું; વડિલોપાર્જીત; વંશપરંપરાનું.

Paternity, (પટર્નિટિ) *n.* Family headship; fatherhood: બાપપણું ; પિતૃભાવ;પિતૃત્વ;પિતૃસંબંધ; જનકપણું. 2.Origin;authorship: મૂળ;કર્તાપણું

Path, (પાથ્) *n* A foot-way: પગથી; વાટ;પગરસ્તો; માર્ગ. A way; a route: રસ્તો;માર્ગ;પદ્ધતિ. 3. Course of action:વર્તણુંક;આચરણ; કરણી A *right* p.:સન્માર્ગ. *vt.* To make a path in: રસ્તો કરવો.*vi.*To walk or go:ચાલવું;જવું

Pathetic-cal, (પથેટિક્ કૅલ્) *a.* [Gr. *pathos*, suffering] Passionate: ચિત્તવૃત્તિ આર્દ્ર થાય એવું. 2. Moving the tender emotions: મન પીગળી જાય એવું;રસિક;કરૂણાજનક; કરૂણોત્પાદક; કરૂણામય; વેધક; મનોવેધક; ચિત્તમોહક. ચિત્તવૃત્તિ આર્દ્ર થાય એવું: હૃદયાર્દ્રકારી.

Pathless,(પાથ્‌લેસ્) *a.* Having no beaten path or way: દુર્ગમ; અપથ; નિષ્પથ.

Pathology (પથૉલૉજિ)*n.*The science which treats of diseases, their nature, causes, progress, symptoms, &c.: રોગની પરીક્ષાનુંરોગનિદાનશાસ્ત્ર, નિદાન; વૈદ્યકશાસ્ત્ર.

Pathos,(પેથૉસ્) *n.* That quality or property of anything which touches the feelings or excites motions; feeling; passion: કરૂણા; દયા;લાગણી;કરૂણારસ,રસ;ભાવોત્પાદકતા.

Pathway,(પાથ્‌વે) *n.* A foot-path; beaten track: રસ્તો;વાટ; માર્ગ.

Patience,(પેશન્સ્)*a.* [L. *patior*,I suffer.]The power of suffering with fortitude*t* સહનશીલપણું-તા; સહનશક્તિ; ક્ષમા,ક્ષાંતિ; સહિષ્ણુતા;દુઃખ ક્ષમતા 2.Forbearance;sufference. ક્ષમા; બામાસ;ધીરજ;ધીરત્વ.3. Perseverance: ધીરજ;સબુરી;ધૈર્ય; ખંત;

Patient,(પેશન્ટ્) *a.* [L. *patior*, I suffer.] Having the quality of enduring: દુઃખ બમનાર-દુઃખક્ષમ; સહનશીલ. 2. Long suffering: બામોસવાળું; ક્ષમી; ક્ષમાવાન. 3. Persevering,calmly diligent: બત્તીલું. 4,Not overeager; composed: ધૈર્યવાન;ધીર; શાંત; શાંતવૃ; ધીમું; આતુર ન પડનાર બધુ ક. Forbearing: ક્ષમાવાન.*n.* One who, or that which, is passively affected: ક્રિયાવહ; બાપાત્રક્ષમ; કર્મવિષય 2. A person under medical treatment: રોગી, દર્દી,બાનરો,મરાડ. *vt.* To compose; to calm: ધીરજ બમવી; શાંત રહેવું, શાંત રાખવી.

Patiently,(પેશન્ટ્‌લિ, *adv.* In a patient manner: બમબાઇને; ધીરજથી,ક્ષમાપૂર્વક.

Patriarch, (પટ્રિઆર્ક્) *n* [Gr. *pater*, a father & *arche*, rule.] The father and ruler of a family;one who governs the family: કુલપતિ;વડીલ,મૂળ બાદિપુરૂષ વૃદ્ધપિતા.2 A venerable old man મોટા કાકા;બાવા-બાપાજી; બાપા;દાદા;વડેરો.

Patrician, (પટ્રિશન્) *a.* [L. *patres*, fathers] Pertaining to the Roman paters or senators: અમીરનું;કુલીન;આર્ય. 2. Noble;not plebeian:અમીરી;ઉમરાવી.*n.*A member of any of the families constituting the *populus Romonus*: રોમનો પ્રાચીન આર્ય. 2. A nobleman: અમીર; ઉમરાવ; કુલીન; આર્યપુરૂષ.

Patricide, (પૅટ્રિસાઇડ્) *n.* [L *pater*,father & *coedo*, I kill.] The murderer of his father: પિતૃદ્રોહી; બાપહત્યારો;પિતૃઘ્ન;પિતૃઘાતક. 2.The crime of one who murders his father:બાપને મારવાનો ગુન્હો;પિતૃઘાત.

Patrimonial (પૅટ્રિમોનિઅલ્) *a.* Pertaining to a patrimony: વારસા-વરાડાથી પહોંચેલું-વડ પરંપરા પ્રાપ્ત;વતની;વતન સંબંધી.

Patrimony,(પૅટ્રિમોનિ)*n.*[L.*pater*, father.] A right or estate inherited from one's father:વારસો; વતનવાડી; વતન; બરાસ; વડપરંપરા પ્રાપ્તહક.

Patriot, (પેટ્રિઅટ્) *n.* One who loves his country:સ્વદેશાભક્ત; સ્વદેશાભિમાની; સ્વદેશહિતકારી; સ્વદેશ હિતેચ્છુ.*a.*Becoming to a patriot: સ્વદેશ ભક્તનું -સ્વદેશ ભક્તના જેવું.

Patriotic,(પેટ્રિઅૉટિક્) *a.*Inspired or actuated by love of one's country:સ્વદેશાભિમાની,સ્વદેશભક્તિમાન.

Patriotical,(પેટ્રિઅૉટિકલ્)*a.* That pertains to a patriot: પોતાના દેશના ઉદ્ધારનાર; સ્વદેશભક્ત.

Patriotism,(પેટ્રિઅટિઝમ્)*n.*Love of country. સ્વદેશાભિમાન; સ્વદેશપ્રીતિ;સ્વદેશભક્તિ;સ્વદેશોદ્ધારકતા;સ્વદેશાદ્ધારના;સ્વદેશવત્સલતા વાત્સલ્ય.

Patristic,(પેટ્રિસ્ટિક્)*a.* Pertaining to the fathers of the Christian church: ક્રિસ્તી ધર્મના મુખ્ય પ્રાચીન ગ્રંથકારોનું.

Patrol, (પટ્રોલ્) *vi.*To go the rounds along a chain of sentinels: રોન ફરવી. *vt.*To go the rounds of: બાર રોન ફરવી. *n.* Going of the rounds; રોન.2.The guard or men who go the rounds: રોનવાળા;ચોકીવાળા;ચોકિયાત;પેરેગીર;રખેા;રોનવાળો.

Patron, (પેટ્રન્) *n.* [L. *pater*, a father] One who protects; a defender. બાશ્રય બાપનાર;રક્ષણ કરનાર;બાશ્રયદાતા; બાડી; પોષિંદો;પોષક; પાલક; મદદગાર; પક્ષકારી; હિમાયતી; ઓથ; શરણ; મુરબ્બી.2.A furtherer a promoter: મુરબ્બી; પોષિંદો;ગુણગ્રાહી.3.A guardian saint; બધિષ્ઠાતા-રક્ષક-સંત. 4. One who has the

right of appointing to any office or living in the church: ખ્રિસ્તીઓમાં પાદરીની જગ્યા આપવાનો જેને હક હોય તેવો પુરૂષ. 5. Captain of a small ship in the mediterrenean: ભૂમધ્ય સમુદ્રમાં નાના ઉતારૂ વહાણનો નાખુદા. P. *saint or deity*: ઇષ્ટદેવ. *vt.* To be a patron of; to favor:-ને આશ્રય આપવો. *a* Doing the duty of a patron; tutelary: મુરબ્બીગીરી કરનાર.

Patronage, (પૅટ્રનેજ્) *n.* Special countenance or support: રક્ષાય; વસીલો; હિમાયત; મદદગારી; પાલન; આશ્રય; આધાર; વગ; શિફારસ; મુરબ્બીગિરી; અનુગ્રહ; ઉપકાર. 2. Business, custom: વેપાર; ગુણગ્રહણ. 3. Guardianship as of a saint: રખેવાળી; સંરક્ષણ; પાલકતા 4. The right of nomination to political office: રાજકીય પદ્રોએ નિમવાનો હક્ક-અધિકાર. (*b*) પાદરી નીમવાનો હક્ક. *vt.* To act as a patron of:-નું સંરક્ષણ કરવું.

Patroness, (પૅટ્રનેસ્) *n.* A female patron; પોષિંદી; આશ્રય આપનારી. 2. A female guardian saint; ઇષ્ટદેવી

Patronize, (પૅટ્રનાઇઝ્) *vt.* To support: મદદ કરવી; આશ્રય આપવો; ની હિમાયત કરવી; નું પાલન પોષણ કરવું. 2 To trade customarily:-ની સાથે રાયતળ બાંધવી, હમેશના ઘરાક થઇને આશરા આપવો 3. To assume the air of a patron -ની મુરબ્બીગીરી કરવી; -ના બાપ-મુરબ્બી થઇ બેસવું.

Patronymic, (પૅટ્રોનિમિક) *a.* Derived from the name of a father or ancestor: બાપ અથવા બીજા પૂર્વજના નામ ઉપરથી પાડેલું. *n.* A name taken from one's father or ancestor: બીજા પૂર્વજ અગર બાપના નામ ઉપરથી તત મળતું પાડવું છોકરા-છોકરીનું નામ; અપત્યવાચક નામ. પિતૃનામ

Patten, (પૅટેન) *n.* [Lat *pateo*, I tread.] A wooden shoe: પગની પાવડી; ખડાઉ; ચાખડા; પાદુકા. 2 A stilt: થાનલાના તળે ઘટ બેસાણી કુબી.

Patter, (પૅટર) *vt.* To mutter; to mumble: ધીમધીમે બોલવું; ગણગણવું; બબડવું. 2. To chatter; to harangue: ચપચપ બોલવું *vt.* To spatter; to sprinkle: છાંટવું. 2. To mutter as prayers: બોલવું. બડબડવું. *n.* A quick succession of sounds: છટછટાટ; તડતડાટ. 2. Glib & rapid speech: કલબલ ઘબલ.

Pattern, (પૅટર્ન) *n.* An archetype; an exemplary: નમુનો; અસલ; કિત્તો: મૂળ; અસલપ્રત. 2 A sample; an example: નમુનો; વાનગી. 3 Stuff sufficient for a garment: પોશાકને માટે પૂરતું લુગડું. 4. Style of decoration; design; તરાહ; ઘાટ; ઢબ; પ્રકાર; નમુનો. 5. A model; a copy: નમુનો; 6. Anything cut or formed to serve as a guide to cutting or forming objects: નમુનો; ઓઠું; બીજું; ઘરમો *vt.* To make or design by, form after something that serves as pattern: નમુના પ્રમાણે કરવું. 2. To serve as pattern: નમુનો થવો-તરીકે ચાલવું-કામ આવવું.

Paucity, (પૉસિટિ) *n* [L. *paucus*, few] Smallness: ઓછાપણું; અલ્પતા. 2. Smallness of quantity: અલ્પતા; ન્યૂનતા; કમીપણું.

Paunch (પૉન્સ) *n.* The belly: પેટ તથા પેટના આંતરડાં; પેટનો ભાગ; પેટ; ઉદર. 2. The first stomach of ruminating animals: વાગોળનારાં પશુઓનું પહેલું પેટ.

Pauper, (પૉપર) *n.* A poor person: ભુખમરતું-બિચારી-ગરીબ માણસ; નાદાર; ભુખડી બારસ; સદાવર્ત લેનાર; રોટલાના ફુખી માણસ; ભિક્ષોપજીવી; દરીદ્રી-નાદાર-લાચાર માણસ. *In forma pauperis*: નાદારીમાં; નાદાર તરીકે.

Pauperism, (પૉપરિઝમ) *n.* The state of being a pauper: ભુખે મરતાપણું; ભિક્ષાવૃત્તિ; નાદારી; દળદર; ભિક્ષોપજીવીત.

Pause, (પૉઝ) *n.* [Gr *pana*, I stop] Interruption; suspension; cessation તુટક; તહકુબી વિરામ; થોક; વિસામો, વિશ્રામ. 2 Hesitation; doubt: અચકા; વિચાર; સંકા; દુંધા; સંકલ્પવિકલ્પ; ધોળ ઇ. Brief arrest or suspension of voice: સાસ; અવધાન; વ્યવધાન; વિરામ. (*b*) Mark of such a p.: વિરામાચ્હ; વિરતિ; વિરામ. 4. A punctuation point. વિરામ; વિરામ ચિન્હ. *vi.* To wait; to rest: થોભવું-વા બીજું. To cease: અટકવું; જરા બંધ રહવું. થોભવું; વિશ્રામ-વિરામ લેવા. 3. To hesitate, to delay: વિચારમાં પડવું; અચકાવું; ધોળમાં પડવું;-ને સંકલ્પવિકલ્પ થવો. 4. To stop in order to consider: વિચારી જોવું; વિચારવું. *vt.* To cause to stop or rest: ઉભા રાખવું; થોભાવવું; અટકાવવું. *Int.* રાખો; રાખ.

Pave, (પેવ) *n.* [Gr. *paio*, I strike.] The pavement: ફરસબંધી. *vt.* To lay or cover with stones; to floor with brick: ઉપર પથ્થર જડવા; ફરસબંધી કરવું; ચોરસ જાજડવા. 2. To make smooth, sate and easy: સહેલું કરી આપવું; જલદી આવે એમ કરવું: વાટ-રસ્તો પાડવો; નો માર્ગ-રસ્તો ખુલ્લો-મોકળો કરવો.

Pavement, (પેવમેન્ટ) *n* A paved road: ફરસબંધી; ચીરાબ ધી. *vt* To furnish with a pavement: ફરસબંધી કરવું.

Pavilion, (પૅવિલિયૉન) *n.* [L. *pavilio*, a butterfly.] A large tent; a marquee: તંબુ; મંડપ; માંડવો 2. A single body or mass of building મકાન; હવેલી; બંગલી. 3. The auricle of the ear: કાનનો બહારનો ભાગ. 4. A covering; a canopy: છત્રી; છત્રાકાર; આવેષ્ટન. 5. The sky: આકાશ; નભ; ગગન *vt* To furnish or cover with a tent or tents: તંબુ દોકવો

Paw, (પો) *n.* [L. *pes*, foot.] The foot of a quadruped having claws, as the lion: પંજો. 2. The hand: હાથ. *vi.* To draw the forefoot along the ground: ખણવું; પગથી ખોતરવું. *vt.* To pass the paw over: ટાપ મારવી.

Pawn, (પૉન) *n.* [*pes*, *pedis*, a foot.] A man or piece of the lowest rank: પ્યાદું. 2. A pledge: ધરેણે-સાનમા મુકેલી જણસ; ગિરોમાલ-નિક્ષેપ; પણ; હોટ. 3. State of being pledged: ધરેણે-ગીરો મુકેલું હોવું તે. 4. A stake hazarded in a wager: હોટમા મુકેલી જણસ. *At p. in p.*: ધરેણે ગીરો-સાનમા મુકેલું. (*b*) પણ-હોટમા મુકેલું. *Checkmate with a p*: પ્યાદીમાત. *vt* To give or deposit in pledge; to pledge: ગીરો-ધરેણે-સાનમા મુકવું. 2. To wager to hazard. હોટમા મુકવું.

Pawn-broker, (પૉનબ્રોકર) *n.* One who makes a business of lending money on the security of personal property pledged in his keeping: માલધરેણે રાખી પૈસા ધીરનાર.

Pawnee, (પૉનિ) *n.* One to whom a pledge is delivered as security: સાન ગીરો રાખનાર.

Pay, (પે) *vt imp.& p.p.* paid [L. *paco*, I appease.] To recompense; to compensate; to remunerate; to requite:-ને પગાર દરમાયા-રોજ-મજુરી-સાલીયાણાના પૈસા આપવા; -ની કિમત-મૂલ્ય પાઇસા-દામ આપવું; ને અવેજ આપવો. 2. To reward; to punish: બદલો આપવો; સજા કરવી; -ને જોઇ લેવું; -ની ખબર લેવી; ની પૂજા કરવી. 3. To discharge as a debt, demand

or obligation:-નું કરજ-ઋણ-માગતું આપવું;દેવું આપવું: દેવું ફેડવું-વાળવું.અદા કરવું;ભરવું;આપવું.4.To discharge as a duty:ફરજ બજાવવી;કર્તવ્ય કરવું બજાવવું.5.To give or offer:આપવું. *To* p.*off*,(*a*) to make compensation to and discharge:-નું દેવું વાળવું;ફેડવું ચુકતું કરી આપવું-ચૂકવી દેવું; પતાવી દેવું.(*b*)To revenge upon: વેર વાળવું:-નું વેર લેવું; ઉપર બદલો વાળવો લેવો.*To* p. *a debt of kindness*.to compensate: ઉપકારનો બદલો વાળવો.*To* p.*one's duty*: માન આપવું ;-ની તાબેદારી ઉઠાવવી. *To* p. *out*, to slacken: છોડવું; મુકવું; સરવું મુકવું-સરકાવવું.*vi* To give recompense:બદલો આપવો. 2. To make or secure suitabe return for expense: નુકશાન ભરી આપવું; ઈંડ ભોગવવો. ગુન્હેગારી આપવી-ભોગવવી. 3 To be profitable: પાલવવું *n.* Satisfaction:સંતોષ 2. Compensation;recompense; hire: બદલો; ભાડું ;પગાર-મુસારો;વતન *Daily* p: રોજ,રોળ.*Monthly* p: મહિનો;દરમાયો. *Yearly* p.:વર્ષ;સાલિયાણું; સાલિયું;વર્ષાશન

Payable,(પેંએબલ્)*a.* Suitable to be paid;justly due: આપી શકાય તેવું મુકલું;મુદત થયેલું P.*at sight*: પહોંચ્યા પછી ત્રણ દહાડાની મુદતે પાકતું. P.*on demand*:દરતમુદતની (હુંડી).

Payee(પેંઈ)*n.*The person to whom money is to be paid:પૈસા લેનાર વગે.

Pay-master,(પેમાસ્ટર)*n.*A master who pays:પગાર આપનાર-પગાર કરનાર.2.An office in the army or the navy whose duty is to pay the soldiers: બક્ષી, લશ્કરમાં પગાર કરનાર અધિકારી.

Payment, (પેંમંન્ટ્) *n.*The act of paying or giving compensation:પગાર-નાણું આપવું તે. 2 That which is paid;return: પગાર;બદલો; સાટું ; અવેજ.3 Punishment; chastisement.કંડ;શિક્ષા;સજા;નશીયત.

Pea,(પી)*n.*A plant and its fruit: વટાણો.(*b*)વટાણાનો છોડ.

Peace,(પીસ્) *n* [L. *pax*, *pacis*, *peace*.]Calm;repose: શાંતિ;સુલેહ; મુલાકાત 2 Public quiet:સલાહ,સલૂક; શાન્તિ; સંપ; અમનચમન;સુલેહ; તહ;સંધિ;ઐક્ય. 3 Tranquility of mind:ચેન; સ્વસ્થતા; સમાધાન; સમાધાની;નિર્દ્વેન;નિરાત;કલેટાટ;લોહી;સુખ સમાધાન.3 Harmony:બનાવ;મેળાપ; મુલાકાત; સંધિ; યુદ્ધાભાવ. *To hold one's* p.to be silent:ચૂપ-મુગા-છાના રહેવું;મુનિવ્રત લેવું: પેટમાં સમાવવું; ગળી જવું.P.& *prosperity*: આબાદાની;આબાદી.P.& & *war*:સંધિવિગ્રહ. *Breach of the* p.: સુલેહનો ભંગ. *Justice of the* p.: સુલેહનો અમલદાર. *To make one's* p.*with*, to reconcile one with:-ની સાથે સલાહ કરવું;સમાધાન કરવું. *To be sworn of the* p :સુલેહ રાખવાના સોગન ખાવા-પ્રતિજ્ઞા લેવી; શાંતિ-સલાહના શપથ લેવા.*vt*.To be silent,to stop: છાના-ચૂપ રહેવું;મૌનગૃહણ કરવું.

Peaceable,(પીસેબલ્)*a*.Tranquil, quiet:સલાહ-શાંતિનું ;સ્વસ્થ; નિષ્કંટક-નિરૂપદ્રવી;શાંત;થંડું ;ગરીબ;સાલસ;શાંતિપ્રિય;કલહભીરૂ.

Peaceably, (પીસેબ્લિ) *adv.* In a peaceful manner:સલાહસંપથી.

Peace-officer, (પીસ્ઑસિર)*n.* A civil officer whose duty it is to preserve the public peace, to prevent riots:સુલેહનો અમલદાર.

Peacock,(પીકૉક્)*n.*A kind of bird: મોર;શિખંડી; મયૂર. *Crest of a* p.: મયૂરશિખા;કલગી.P.*hen* ઢેલ.

Peak,(પીક્)*n.*A point; the sharp end of anything that terminates in a point: અણી;અગ્ર;ટોચ; અગ્રભાગ.2.The top of a hill: ટોચ;શિખર;ટુક.*vi*.To rise or extend into a peak:ટોચ-શિખર થવું.2. To acquire sharpness of figure: અણી નીકળવી.3.To pay; to peep slyly:ડોકિયા કરવું; ઝુમવું- *vt* To raise to a position perpendicular or more nearly so:ઉભું-ઉદ્ધ સિધું કરવું

Peal,(પીલ્)*n.*A small salmon; a grilse: નાની માછલી. *vi* To appeal: અરજ કરવી.*n.*A loud sound or a succession of loud sounds: કડાકા; ધડાકા; ભડાકા; હોકારા; ધ્વનિ; ઘહાટો ઉપરા છાપરા થતો અવાજ 2 A set of bells tuned to each other according to the diatonic scale:વાદ્ય;નાદ; ઘંટાવાલાનો નાદ-સુર. *vi*. To utter or give out loud sounds:મોટો અવાજ કરવો; મોટો-ગંભીર ઘોષ-નાદ કરવો 2. To resound; to echo: પડઘો પડવો. *vt*.To noise abroad: મોટેથી અવાજ કરવો; મોટા અવાજથી કહેવું-બોલવું .

Pear,(પીર્)*n.*[L.*pirum*]The fleshy pome, or fruit, of a rosaceous tree: ગમફળ; ગમ . *Prickly* p.ફાફડીયો થોર.

Pearl,(પર્લ્)*n.*[L. *pirula*, a pearl] A fringe or border; કિનાર;કોર;હદ. *vi*. To fringe;to border: કોર બાંધવી.*n.* A shelly concretion; usually rounded,and having a brilliant luster: મોતી; મૌક્તિક;મુક્તાફળ.2. Something resembling a pearl: મોતીના જેવી વસ્તુ; નગીનો.3. Nacre, or mother-of-pearl:મોતીની છીપ. 4. A whitish speck or film on the eye:મોતીયો;મોતીઓ.5.A size of type immediately above diamond: એક જાતના છાપવાના બીજા-અક્ષર.*a*. Pertaining to pearl or pearls:મોતી સંબંધી-નું . *vt*. To set or adorn with pearls: મોતીથી શણગારવું. 2. To cause to resemble pearls: મોતીને મળતું આવે એમ કરવું. *vi*. To resemble pearl: મોતીને મળવું. 2. *To* dive or hunt for pearls:મોતીને માટે ડુબકી મારવી. 3. *To* set with pearls:મોતીથી જડવું.

Pearloyster,(પર્લૉઈસ્ટર્) *n.* Any one of several species of large tropical marine bivalve molluks:જેમા મોતી પાકે છે તે છીપ; ફાલુ માછલા;શુક્ત.

Peary, (પર્લિ) *a.* Containing pearls; yielding pearls: મોતીનું ;મૌક્તિકમય. 2. Clear; pure: મોતીના દાણા જેવું;ચોખ્ખું ;મૌક્તિકવત;નિતર્યો-સ્વચ્છ પાણીનું .

Peasant,(પેઝંન્ટ્) *n.* [L *pagus*, a village] A countryman;a rustic:ખેડુત,કૃષીવલ;ગામડિયા,ગામી. 2. A clown: રાંક્યો; ગામડીયો; ગમાર;દેહુકાની.*a*. Rustic; rural: ગામડિયું; ગમાર;ગ્રામ્ય;દેહુકાની.

Peasantry,(પેઝંન્ટ્રિ) *n.*The body of rustics: ગામના લોક;ખેડુતો;કૃષીબી. 2. Rusticity,coarseness: ગ્રામ્યતા; ગામડિયાપણું;ગમારપણું.

Peat, (પીટ્) *n.* Decayed vegetable matter like turf cut out of loggy places and when dried used for fuel:દલદલીયાળી જમીનમાં ઉગતુ વનસ્પતિ જે સુકાયા પછી બળતણ તરીકે વાપરવામા આવે છે. 2. A piece of such a fuel:એવા બળતણનું ચોરસું.

Pebble,(પેબલ્)*n.*[*L. papula*, pimple.]A small roundish stone: કાંકરો;પથરો;મરડીયા કાંકર.2. *Transparent* and colorless rock crystal:અરસ્માનો પારદર્શક પથ્થર.

Peccable, (પેકબલ્)*a.* [*L. pecco*, to do amiss.]*Liable* to sin:પાપાધીન;પાપવશ;જેને હાથે પાપ થાય એવું.

Peccadillo,(પેકડિલો)*n.* [*L.pecca*

tum,sin] A slight trespass or offence:અલ્પદોષ-ગુન્હો-અપરાધ;ક્ષુદ્ર અપરાધ;નાના કસુર.

Peccancy,(પેકંન્સિ)*n*.The quality or state of being peccant: બગાડ; વિકાર;વિકૃતિ. 2. A sin;an offence: અપરાધ;ગુન્હો;દોષ;તકસીર.

Peccant,(પેકંન્ટ્) *a*. [L *pecco*, to miss]Sinning; criminal: અપરાધી;પાપ કરનાર;પાપી.2. Morbid;corrupt:બગડેલું; વિકાર પામેલું; વકરલું.3. Wrong;defective; faulty. ખોટું; ખોટ-ગુન્હાવાળું ;દૂષિત;દોષયુક્ત; પતિત.

Peck,(પેક્)*n*. The fourth part of a bushel:બુશલના ચોથે ભાગ. 2 A great deal;a large quantity:ઘણો ભાગ.*vt*.To strike with the beak. ચાંચ મારવી-ઘાંચવી-મારવી ..To strike with a pointed instrument: અણી ઘાંચવા-ઘાલવી.3. To bite; to cut:કરડવું;ખાવું.*vi*. To make strokes with beak: ચાંચવતી મારવું.2. To pick up food with the beak: ચાંચવતી વીણીને ખાવું;ચાંચે ચરવું. *To p.at*, to carp at:ચાંચે ટકોરો મારવો કરવો;ખોતરણા કાઢવા;નાના છિદ્રો જોવા-છિદ્રાન્વેષણ કરવું. *n* A quick, sharp stroke, as with the beak: ચાંચ મારવાથી થતો ટકોરો.

Pectoral,(પેક્ટોરૅલ્)*a*. [*L. pectus*, breast] Relating to breast or chest:છાતીનું ને લગતું;ઉર સંબંધી,વક્ષ સંબંધી. *n*. A medicine for the chest:છાતીના રોગોને સારા કરવાનું ઔસડ 2.An armour for the chest: છાતી ઉપર રાખવાનું બખતર 3A dress for the chest: છાતી ઉપર રાખવાનું વસ્ત્ર;વક્ષત્રાણ.

Peculate, (પેક્યુલેટ્) *a* [L *pectus*, the breast.] Pertaining to the breast or chest:છાતીનું-ને લગતું 2. Relating to,or good for, diseases of the chest or lungs:ઉર સંબંધી;ફેફસાંનું. *n* A covering for the breast:છાતીનું કવચ-બખ્તર. 2. A breast plate:છાતીનું ઢાંકણું.3 A medicine for diseases of the chest organs: છાતીના રોગો સારા કરવાની દવા;ફેફસાંનું ઔષધ.

Peculate, (પેક્યૂલેટ્) *vt*. [*L. peculium*,private property.] To embezzle: ખાઈ જવું; પચાવી પડવું;ઠગજન કરીજવું; હરામખોરી કરવી; ઓઘયા કરી જવું; ઉચાપત કરવી.

Peculation, (પેક્યૂલેશન્) *n*. Embezzlement:ઉચાપત,ચોરી;હરામખોરી.

Peculiar,(પીક્યૂલિઅર્)*a*.[*L peculium*, one's own property.] One's own;belonging solely to an individual: પોતીકું; આત્મીય; સ્વીય;ખાસ;અસાધારણ,વિશિષ્ટ.2 Particular;individual.વિશેષ.3. Usual;singular:તરેહવાર; વિલક્ષણ;વિચિત્ર *n* A prorogative.વિશેષગુણ;ખાસિયત

Peculiarity, (પીક્યૂલિઅરિટિ) *n*. Singularity: તરેહવારપણું ; વિલક્ષણતા. That which is peculiar: તાસીર;ખાસિયત; ખવાસ; વિશેષ-ગુણ-લક્ષણ.3 Exclusive possession or right:ખાસપણું.

Pecuniary,(પીક્યૂનિઅરિ) *a*. [*L. pecunia*, money.] Monetary પૈસા-નાણા-ધનનું. 2 Consisting of money:પૈસામયનું;દ્રવ્યાત્મક.

Pedagogue,(પેડગૉગ્)*n*.[Gr.*pais*, a child &*ago*,I do.]A slave who led his master's children to school and had the charge of them: છોકરાંને નિશાળે મુકવા જનાર નોકર.2. A teacher of children: મહેતાજી;શિક્ષક;પંડયા; પંડજી. 3. A pedant:મહેતાજીપણું કર્યા-બતાવ્યા કરવાની ટેવવાળું માણસ; બધાંનો મહેતાજી થઈ બેસનાર.

Pedant,(પેડંન્ટ્ ,*n*.One who makes a vain display of learning: મિથ્યા પંડિત;વિદ્યાદાહ્લિક; વિદ્વત્તાનું ડોળ રાખનાર; મિથ્યાપંડિત; વિદ્વત્તાનો બેટ-સાઇ બતાવનાર.

Pedantic, (પેડંન્ટિક્) *a*. Pertaining to a pedant; ostentatious of learning:મિથ્યા પંડિતનું ના જેવું; અમથું ડહોળું ડહોળું.

Pedantry,(પેડંન્ટ્રિ)*n*.Vain ostentation of learning: વિદ્યાની બતરાજી-બેટસાઈ; વિદ્યાદાહ્લિત્વ; પાંડિત્યદર્પ; મિથ્યાપાંડિત્ય.

Peddle,(પેડલ્ ,*vi*.To travel about with wares for sale: વેચવા સેરીએ સેરીએ ફરીને માલ વેચવો;ફેરીયાનો ધંધો કરવો.2.To piddle: રમવું; અમથી રમત કરવી.*vt*.To hawk:વેર વેર ફરીને વેચવું;ફેરિયાનો ધંધો કરવો.

Peddler,(પેડલર્) *n*. A travelling trader:ફેરી ફરીનેમાલવેચનાર;ફેરિયો-એજુ.

Peddling,(પેડ્લિંગ્)*a*. Petty; insignificant: નજીવું,થોડું;ક્ષુદ્ર.

Pedestal,(પેડેસ્ટલ્) *n*. [*L pedis*, foot.] The base or foot of a column, statue, vase, lamp or the like: બેઠણી; પાયો; તળપટ-વટ; સ્તંભપદ;પીડ;પદવી;ચાડું ;કુંભી,સ્તંભપદ.

Pedestrian,(પેડસ્ટ્રિઅન્)*a*. Going on foot; performed on foot: પગે ચાલનાર; પગનું ચાલતો જનાર. *n*. A walker;a foot traveller:પગે ચાલીને જનાર;પદાતિ;પગપાળો;પાડેપેદલ.

Pedestrianism,(પેડેસ્ટ્રિઅનિઝમ્) *n*. Travel on foot: પગની મુસાફરી; પાળાનું કામ;પગે ચાલવું તે

Pedigree,(પેડિગ્રી)*n*. Descent;lineage:વંશ;પેઢી; કુળ;ઓલાદ.2.A record of the lineage or strain of an animal:વંશ;ઓલાદ;પેઢીપત્રક; વંશાવળી;વંશચરિત્ર;પેઢીનું ઝાડ.

Pedobaptist,(પેડોબૅપ્ટિસ્ટ્) *n*.[Gr. *pais*,a child and *baptizo*,I baptize.] One who believes in infant baptism:નાના છોકરાને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપવી-જલસંસ્કાર કરવો એવું માનનાર; નાનાં છોકરાં ને બાપ્તિસ્મ આપવાનો મતવાળું માણસ.

Peel,(પીલ્ ,*n*,[Gr. *pella*, a skin] A small tower, fort or castle: કિલ્લો,કોટ;ગઢ 2.A spadelike implement, variously used,as for removing loaves of bread from a baker's oven:તાવેતો;તાવેતા જેવી પાવડી. *vt*. To plunder; to rob: લૂંટવું,લુંટી લેવું 2. To strip off the skin; to flay: છોલવું;-ની છાલ-છોલ ઉતારવી.ઉખેડવા.*vi* To lose the skin bark or rind.છોલાવું;-ની છાલ ઉતરવા-ઉખડવા.*n*. The skin or rind: છાલ;છોલ,છોડા.

Peep,(પીપ્)*vi*.[*L. pipo*, I chirp] To cry;to cheep:(મરઘીનું) બોલવું. 2. To begin to appear: દેખાવા માંડવું;દેખા દેવી;પ્રથમદર્શન કરાવવું.3: To look cautiously or slyly:ચોરીથી-છાનામાના જોવું ;ડોકિયાં કરવું; તાકવું.*n*.First out-look or appearance: છાના પ્રથમ દર્શન; પૂર્વદર્શન *P. of day*. અરુણોદય. 2. A sly look.ડોકીયું.*P.hole*. બારણાથી જોવાને એવું બાકું કાણું-ફાટફાટ.

Peer,(પીર્)*vi*.[*L.paro*, I appear] To appear; દેખાવું;દેખા દેવી. 3. To look narrowly:to peep: છાનામાના જોવું ; ડોકિયાં કરવાં. 3. To assume to be equal: સરખા દેખાવું ;મરોમરી આવું ઢોંગ ચાલવું.*n* A companion;a mate;જોટો;જોટી;સંઘાતઘાટ;સંબંધદર, સમપદસ્થ જોટ. 2.A comrade;a companion:સોબતી;મિત્ર;સાથી, જોટીદાર; સંગાથી,સાથેનો માણસ.3. A nobleman:ઉમરાવ; અમીર;રાજ્યજન- આર્ય પુરુષ.*vt*. To make equal in rank: સરખા કરવા-બનાવવા.

Peerage,(પીરિજ્,*n*. The rank of a peer:અમીરનો દરજ્જો-ઠેકાણું; આર્યપદવી.2.The nobility: અમીરો; ઉમરાવવર્ગ.ઉમરાવોનું;અમીરવર્ગ;આર્યવર્ગ.

Peeress,(પીરસ)*n*. The wife of a

peer: અમીરની બહિયાણી;કુલીન સ્ત્રી; અમીરાણી;ઠકરાણી;ઠકરાણાં;કુલીન સ્ત્રી.

Peerless (પીરલેસ) *a.* Matchless: ઉત્તમ;અનુપમ-અદ્વિતીય; અપ્રતિમ; સર્વોત્તમ;સર્વોત્કૃષ્ટ;બેનમુન; જેની જોડ ન હોય એવું.

Peevish, (પીવિશ્) *a.* Querulous: petulant: જરા જરામાં ચીઢાઇ જાય એવું; ખુંચવાતું: ભિનજી;ચીઢિયું: રીસાળ; 2.Expressing fretfulness and discontent: આડું; વાંકું; ખુંચવાતારીસાળપણાનું; ચીઢિયું: કલહપ્રિય. 3. Silly;childish: ભિનજરૂ ભરેલું; નાદાની ભરેલું;છોકરવાદ.

Peevishness, (પીવિશ્નેસ) *n.* Sourness of temper.રીસાળપણું;ચીઢીઆપણું;ચીઢ;આડાઇ;રીસ;નાદાની.

Peg, (પેગ્) *n.* [Gr. *pegnnmai*, to fix.] Small pointed piece of wood: ખીલી; મેખ; ખીટી 2 (*a*) A wooden pin or nail:લાકડાની ખીલી ખુટી;ખૂંટો;ચાવી.(*b*)Hence. a support: કારણ;બહાનું;આધાર; ટેકો.3.A step;a degree:પાયરી;પદ-ક્રમ. પગથિયું *vt.*To put pegs into; to confine:-મા ખીલા મારવી;જડવું.2. To score with a peg; as points in the game: ખીલી ઠોકી નિશાની કરવી *To come down a* p. :એક પાયરી ઉતરવું. *To take down a* p.: એક પાયરી નીચે ઉતારવું.

Pelf, (પેલ્ફ) *n.* Money; riches; gain (generally ill-gotten):પૈસો; હરામનો પૈસો:પુંજી;ધન; અધર્મોપાર્જિતદ્રવ્ય;અધર્મનોપૈસો.રિઝક, હુન્નરનો માલ; હરામનો માલ-પૈસો.

Pelisse, (પેલીસ) *n.* [L. *pellis*. a skin.]A lady's outer garment made of silk:સ્ત્રીનો રેશમી કબજો-પોલકા-કુ.

Pell, (પેલ્) *vt.* To pelt; to knock about: ફેંકવું; ઠોકવું. *n.*A skin or hide;a pelt: ચામડું. 2. A roll of parchment: લખવાના કામમા આવે એવું ચર્મપત્ર.

Pellet, (પેલેટ્) *n.* [L. *pila*; a ball.]A little ball.નાનોદડો;ગૂટિકા; ગોળી.2. A bullet:ગોળી;કરો. *vt.* To form into small balls.નાનીગોળીઓ બનાવવી.

Pellicle, (પેલિકલ) *n.* (L. *pellis*,a skin.]A thin skin : પાતળી ચામડી;છોલ;કોશેટો;પટ.૪. A thin film: છારી;પોપડી: બખોટી.

Pellitory, (પેલિટોરિ) *n.* [L *paries*, *parietis*, a wall.] The common name of the several species of the genus *Paricturin*, અકલગરો-કરો.

Pell-mell, (પેલ્મેલ) *ado.* In utter confusion: with confused violence: ભળસેળ;અબ્રગબડ; સેમસેમ; ગરબડસરબડ;રઘવાયું;આંકું ફાંકું.

Pellucid, (પેલ્યૂસિડ્) *a.* [L *per*, through & *lucidus*, shining.] Transparent; clear નીતર્યું; સ્વચ્છ; નિર્મળ;વિમલ;શુદ્ધ;પારદર્શક; કંચનજેવું.

Pelt, (પેલ્ટ) *n.* [Gr.*pella*, a hide] The skin of a beast with the hair on: નિમાળા સાથેનું કાચું-ચામડું; ખોળ; શાલ; કમાવ્યા વગરનું ચામડું.2. The human skin: માણસની ચામડી. *vt.* 1. To strike with something thrown: કંઇ ફેંકીને મારવું. 2 To throw: ફેંકવું. *vt.* To throw missiles મારવું; છુટું મારવું;શસ્ત્ર ફેંકવું. 2 To throw out words: બોલ મારવા. *n.* A blow or stroke:છુટો માર;પ્રહાર; આઘાત

Pelvis, (પેલ્વિસ) *n.* [L.]The pelvic arch: અસ્તિ;અસ્તિપ્રદેશ; શરીરના જે નીચલા ભાગની માંડે મૂત્રેન્દ્રિય તથા પ્રજનેંદ્રિય હોય છે તે ભાગ.

Pen, (પેન્) *n.* [L *penna*, Gr. *petomai*, to fly.]A feather: પીંછું.3. A wing:પ ખ.3 An instrament used for writing with ink: કલમ; લખણી;લેખણ. 4.A writer or his style: લેખક-અથવા લેખકની કલમ; લેખન કળા-ઇબારત; શૈલી. *Errors of the* p: હસ્તદોષ. 5. The male *of* the domestic swan: નરહંસ. *vt.* To indicate; to compose: લખવું;નવું રચીને લખવું.2.To shut in; to inclose: ઘાલવું; ઘોંચી; રાખવું; વાડામા પૂરવું; ઠબામા ઘાલવું. *n.* A small inclosure: નાનો બંબાડો; ખરો;વાડો,ઠબો.

Penal, (પીનલ્) 1. [L.*poena* punishment.] Enacting or threatening punishment: ફોજદારી; નિષેધક; સજા-દંડ શિક્ષાનું; ફોજદારી કાયદો. 2. Incurring punishment: subject to a penalty; શિક્ષાનેપાત્ર; શિક્ષાયોગ્ય; દંડાર્હ; દંડનીય. P. *servitude*: દેશનિકાલને બદલે આપેલી સખ્ત મજુરીની કેદ. P.*code*: ફોજદારી કાયદો. P *laws*: ફોજદારી કાયદા;શિક્ષાના કાયદા નિષેધક વ્યવહારશાસ્ત્ર; દંડનીતિ. P. *sufferings*:સજા હાથલ વેઠવા પડેલાં દુઃખ.

Penalty, (પેનલ્ટિ) *n.* Punishment for crime: સજા-દંડ; શિક્ષા; નસીયત. 2 Forfeiture: જુર્માનો; દંડ

Penance (પેનન્સ) *n.* [L *poenitentia*, repentance.]Repentance: પશ્ચાત્તાપ.2.Pain, sorrow; દુઃખ-દિલગીરી; શોક.3.A means of repairing a sin committed and obtaining pardon for it:પ્રાયશ્ચિત્ત;તપશ્ચર્યા;પ્રાયશ્ચિત્તકર્મ;તપ. *vt.* To punish:પ્રાયશ્ચિત્ત કરાવવું-કરવું;શિક્ષા કરવી.

Pencil, (પેનસિલ) *n.* [L. *pendeo*, I hang.]A small, fine brush of hair.કુચડો;પીંછી:કલમ.2.A slender cylinder or strip of black lead-colored chalk, slate &c:સીસાપેન, પેનસીલ; સુખડ પેન: સીસપેન. 3.An artist's ability or peculiar manner: ચિતારની હુન્નરી-ખુબી-ચતુરાઈ-કલમ-હાથ *vt.* To write or make with a pencil.ચિતરવું;પેન્સીલથીલખવું.

Pendant, (પેન્ડંટ્) *n.* (*a*) Something which hangs or depends; something suspended: લટકતી ચીજ;ઝુલતી વસ્તુ;લટકણિયું;ઝુમખું (*b*)A hanging appendage of an ornamental character: હીરો; કાપ; કોકરું;ઝુલર;ઝોળિયું;કુંડલ (*c*) An appendix or addition: હમેરો;વધારો; પૂરવણી. પરિશિષ્ટ.2.A hanging ornament on roofs:ચોલક, પાદરી; કાનનું ઘરેણું;કાકરવું;ભરવાડુકાપ:વાળી તનોડા, 3.A counter-part: બીજોભાગ-પાસું; અડચિયું. 4 A pendulum:લોલક.

Pendency, (પેન્ડેન્સિ) *n.* The quality or state of being pendent: ઠચું પચું ઉચાટ.૩ Suspense: બંધ પડવું તે;ઝુલ;ગડકુચી.

Pendent, (પેન્ડન્ટ્) *a.* [L.*pendio*, I hang.] Suspended; depending: ઝુલતું; લટકતું; આલંબી; લંબમાન. 2. Projecting:ઝુલ્યા કરતું;ઝુલતું.

Pending, (પેન્ડિંગ્) *a.* In suspense: ચાલતું; બાકી. *To be* p. ચાલવું. *prep*, During:ચાલે ત્યાં સુધી.

Pendulous, (પેન્ડ્યૂલસ્) *a.* [L.*pendeo*,hang:] Depending; hanging: લબડતું;લટકતું;લંબમાન;ઝુલતું. 2. Unstable;doubtful; અસ્થિર.અહડ; ચળ;હાલણ ડોલણ;રાકવાનુ .3 Inclined or hanging downward:લબડતું.

Penddulum, (પેનડ્યૂલમ્) *n.* [L. *pendulus*, hanging.] A body so suspended from a fixed point as to swing freely to and fro: (ઘડીઆળ વિગરેમા વપરાતું) લોલક.

Penetrability, (પેનીટ્રેબિલિટિ) *n.* The quality of being penetrable: પ્રવેશતા;પ્રવેશનિયતા; મેળતા;પ્રવેશ સાહજત્વ.

Penetrable, (પેનીટ્રેબલ) *a.* Capable of being penetrated or entered: પેસે એવું; મેળ: વેધ્ય; પ્રવેશમાં અસર થાય એવું; વેધનીય; પ્રવેશનીય;

ભેદાવું *To be p:*ભેદાવું;ઉપરઅસરથવી

Penetrate,(પેનીટ્રેટ્) *vt.* [L. *penetro*, I penetrate.] To enter into;to make way into: માં અંદર પેસવું-જવું;-માં પ્રવેશ કરવો; અંદર દાખલ કરવું;ખોસવું. 2 To make sensible; to move deeply ભેદવું,અસર કરવી 3 To comprehend, to understand: ઊંડે ઉતરવું;સમજવું;મર્મ-ભેદ-મર્મ ગ્રહણ કરવો-માં પેસવું;-ના મર્મ જાણવું;-માં પ્રવેશ કરવો. *vi.* To pass: to make way: -માં-અંદર પેસવું જવું; પ્રવેશ કરવો.

Penetration, (પેનીટ્રેશન્) *n.* The act or process of penetrating piercing or entering;ભેદ; વેધન. પ્રવેશન: 2. Acuteness; insight; sagacity: sharp discernment; તીક્ષ્ણબુદ્ધિ-તીવ્રતા; ગ્રહણશક્તિ; કુશાગ્ર-ઝીણબુદ્ધિ *A man of p.*:મર્મજ્ઞ, માર્મિક ૩.Comprehension: અર્થ ભેદ.

Penetrating, (પેનીટ્રેટિંગ્) *a* Having the power of entering sharp: પ્રવેશક ભેદી;વેધી;ભેદક;આપક; તીવ્ર. 2 Acute; sagacious: મર્મજ્ઞ; મર્મવેધી.

Peninsula,(પેનિન્સ્યૂલે) *n.* [L. *aecne*,almost & *insula* an island] A portion of land nearly surrounded by water:દ્વીપકલ્પ; દ્વીપ.

Peninsular,(પેનિન્સ્યૂલર્) *a.* Pertaining to a peninsula: દ્વીપકલ્પનું;દ્વીપકલ્પના આકારનું; દ્વીપકલ્પ વિષય-સંબંધી;દ્વીપકલ્પરૂપ;દ્વીપકલ્પરૂપ.

Penitence,(પેનિટેન્સ્) *n.* [L. *penitentia*.]Sorrow for sins, repentance; contrition: પશ્ચાત્તાપ; અનુતાપ;પરિતાપ;પશ્ચાત્તાપબુદ્ધિ

Penitent,(પેનિટેન્ટ્) *a* [L. *paniteo*, I cause to repent] Repentant; contrite: પશ્ચાત્તાપયુક્ત: પાપકૃત્યને માટે ઊંડે ખેદ થાય છે એવું; અનુતાપી. One who repents of sin: પાપને માટે પશ્ચાત્તાપ કરનાર. *To be p.*:ને પશ્ચાત્તાપ-અનુતાપ થવો.

Penitential, (પેનિટેન્શ્યલ્) *a.* Pertaining to penitence or to penance: પશ્ચાત્તાપ-થી થયેલું પશ્ચાત્તાપસૂચક-ભેદક-દર્શક; અનુતાપજનિત.

Penitentiary,(પેનિટેન્શરિ) *n.* One who prescribes the rules and measures of penance: અનુતાપના વિધિ નિયમો ઠરાવનાર; પ્રાયશ્ચિત્ત વિધાયક.2 One who does penance: પશ્ચાત્તાપ કરનાર 3. A small building in a monastry where penitents confessed: પશ્ચાત્તાપીઓને પોતાના પાપની કબૂલ કરવાનો મઠમાનો એક નાનો ઓરડો 4 A house of correction in which offenders are confined for punishment: શાસન ગૃહ-કારાગૃહ; દુરસ્ત. *a.* Regarding penitence. પ્રાયશ્ચિતનું સંબંધી 3. Expressive of penitence: પશ્ચાત્તાપદર્શક પસ્તાનું પસ્તાવો બતાવનારું

Pen-knife,(પેન્-નાઈફ્) *n. pl.* Pen-knives,A small pocket knife: કલમ ચરવાનું ચપ્પુ;છરી; ચાકુ.

Penman,(પેન્મન્) *n. pl.* Penmen One who uses the pen; a writer: લહીઓ ; લખનાર 2.An author;a composer: ગ્રંથકાર; લેખક; ગ્રંથકર્તા.

Penman ship, (પેન્મન્-શિપ્) *n.* The use of the art writing: લખવાનોકલમ;લેખન વિદ્યા-કળા કૌશલ્ય.

Pennant, (પેનન્ટ્) *n.*[L *penna*, feather.]A small flag; a pennon: વાવટો;ધ્વજ નિશાન;પતાકા.

Pennate,(પેનેટ્) *a.* [L. *pinnatus*, feathered]Winged; plume-shaped:પાંખવાળું ;સપક્ષ;પક્ષયુક્ત.

Penniless,(પેનિલેસ્) *a.* Destitute of money;poor: નિર્ધન;ગરીબ;કંગાલ;દમડી-કોડી વગરનું.

Penny,(પેનિ) *n. p.* Pennies or Pence. An English coin, formerly of copper, now of bronze: એક આનાની બરાબરનો એક વિલાયતી સિક્કો; પેની.2.Any small sum; a groat: દોકડો;કોડી;દમડી ટકો.3 Money in general: પૈસો;દામ.To turn an honest p.: સન્માર્ગથીપૈસો કમાવું પેદા કરવું.

Penny-weight,(પેનિવેઈટ્) *n.* A troy weight containg twenty-four grains: એ નામનું એક ઇંગ્લેન્ડનું તોલ; પેનીવેટ.

Penny-wise,(પેનિ-વાઈઝ્) *a.* Wise only for small matters: કોડી માટે રૂપીઆનો ગોટો ખમે એવું; કોડી ડહાપણ કરનાર. P.& *pound foolish*: ખાળે ડુચા ને દરવાજા ઉઘાડા.

Pensile, (પેનસાઇલ્) *a.* Hanging; suspended: લટકતું; લબડતું;ઝુલી રહેલું;લબમાન.

Pension,(પેન્શન્) *n.* [L. *pen lo*, I weigh.] A payment; a tribute: કર;ખંડણી;ભરપાઈ.2.A stated allowance to a person in consideration of past services:પેન્શન; ભેટો પગાર;ભેળી નિમણૂંક. *vt.*To grant a pension to:ને પેન્શન આપવું ભેટો પગાર આપવો;-ની સરકાર તરફથી પરવરશ થવી.

Pensioner, (પેન્શનર્) *n.* One in receipt of a pension;dependent; ભેટો પગાર મેળવનાર;પેન્શનર આસામદાર.

Pensive (પેન્સિવ્) *a.* [*L penso*,I ponder.] Thoughtful;sober sad: ઉંડા વિચારમાં પડી ગયેલું ;ઉંડાણી-ઉંડા-ધ્યાનમાં;ચિંતાતુર;દિલગીર ;ઉદાસ; ચિંતા-ધ્યાનપરાયણ 2. Suggesting thoughtfulness with sadness: ચિંતા-સૂચક-ભેદક.

Pentagon,(પેન્ટેગૉન *n* [Gr. *pente*, five & *gonia*,an angle] A figure having five angles and five sides: પાંચ ખૂણા ધરાવનાર કૃતિ પંચકોણ-પંચાસ્ર.

Pentagonal (પેન્ટૅગૉનલ્) *a.* Having five corners or angles:પાંચ ખૂણાનું પંચકોણાકૃતિવાળું.

Pentahedron, (પેન્ટહીડ્રૉન્) *n.* A solid figure having five sides: પાંચ સરખી બાજુની આકૃતિ.

Pentameter (પેન્ટૅમેટર્) *n.*A verse of five feet: પંચચરણ-પાંચપદીકવિતા.

Pentateuch,(પેન્ટેટ્યૂક્) *n.*A name used to denote the first five books of the Old Testament: જૂનો કરાર; ખ્રિસ્તી પુરાતન ધર્મપુસ્તકના પહેલા પાંચ ભાગ.

Pentecost(પેન્ટીકૉસ્ટ્) *n.*A Jewish festival held on the fiftieth day after the pass over: યાહુદી લોકોના તેમના પાસ્ખાપર્વથી પચાસમે દિવસે થતા ઓચ્છવ-ઉત્સવ. 2. The festival of *white suntide*: ખ્રિસ્તસપ્તાહ એ નામનો ખ્રિસ્તીઓનો ઉત્સવ;ખ્રિસ્તમરણ બાદ પચાસમે દિવસે ખ્રિસ્તમંડળ વિષે પવિત્રાત્માએ પ્રવેશ કીધો માન છે તે દીવસ.

Pentecostal,(પેન્ટીકૉસ્ટૅલ્) *a* Pertaining to the descent of the holy ghost: પવિત્ર આત્માએ ખ્રિસ્ત મંડળ વિષે પ્રવેશ કીધો માને છે તે બનાવનું-ના જેવું ત પ્રસંગનું.

Penthouse,(પેન્ટ્હાઉસ્) *n.*A shed sloping from the main building:પડાળી;ઓસરી, રવેશી; પડાળી; વાછંટીઓ ; શાહુમાન.

Pentroof,(પેટ્રૂફ્) *n* A roof having one slope: એક પાસવું ઢળિયું.

Penultimate, (પેનલ્ટિમેટ્) *a.* Last but one: કથ્ય.*n.* The penult: ઉપાંત્યાક્ષર.

Penumbra,(પનમ્બ્રે *n.*[*L. pene*, almost & *umbra*, shade.] An incomplete or partial shadow: અધો ઓળો; અપૂર્ણ છાયા; મંદ છાયા; અલ્પાભાસ. 2. The shadow cast, in an eclipse: ઝાંખો પડતો-પડતી છાયા; ગ્રાસ.

Penurious,(પેન્યૂરિઅસ્) *a* Sordid; stingy: કંજુસ;કૃપણ; ચિમડ; કંજુસ.

2. Not bountiful; scanty: અડધું; અડધુ પડધું; અપૂરું. 3 Destitute of money પૈસા વિનાનું; નિર્ધન.

Penury (પેન્યૂરિ) *n* [L. *penuria*, Gr. *peni*, poverty.] Want; privation in ligance, extreme poverty: દરિદ્રાવસ્થા; દરિદ્રતા; અછત; ગરીબાઈ; ટોટો; ખૂબ કે અભાવ; તંગી.

Peon, (પીઅૅન્) *n.* A foot soldier; an office attendant. સિપાઈ; ચોકીદારી પટાવાળે. 2. A lay laborer: a servant: મજૂર; નોકર; પૈસારો.

People (પીપ્લ્) *n* L *populus*.] A community; a nation: લોક; કોમ; પ્રજા. 2. Persons folk: લોક; જન; બીજા દુનિયા. 3. The masses of community: લોક; મંડળી; બહુજન; જનતા; કિરકો વર્ગ; ગણ. 4. (*a*) Family; kindred relations. કુટુંબ; સગા. (*b*) Followers: માણસો; અનુયાયીઓ; સેવકગણ. *vt.* To populate. વસ્તી કરાવવી

Pepper, (પેપર્ *m.* [L. *piper*.] An aromatic condiment; મરી મરચું. 2. Any plant of the genus *capsicum*, and its fruit. મરચી; મરચાનો ઝાડ *vt.* To sprinkle with pepper: ઉપર મરી મરચું ભભરાવવું. 3. To pelt; to cover with shot: ગોળી મારવી; ગોળીનો વરસાદ વરસાવવો. *vi.* To fire numerous shots: ગોળીનો વરસાદ વરસાવવો-મારો ચલાવવો:-ને ગોળી મારી ચારણી જેવું કરી નાખવું.

Peppermint, (પેપર્મિન્ટ) *n.* An aromatic and pungent plant of the genus *mentha*: મરીફુદીનો 2. A volatile oil distilled from the fresh herb: મરી-ફુદીનાનો અર્ક; પીપરમીંટનો અરક.

Peppery, (પેપરિ) *a* Hot tempered; passionate: તીખું તમતમ; તમતમું; મિજાજી; તિખમારમા. ઝાઝો; કડક; ભહેલ; જરાજારમાં મરચા લાગે એવું.

Peptic, (પેપ્ટિક્) *a* [Gr. *pepto*, I cook] Digestive: પાચક; હજમ થાય એવું; આમપેચક; આમપેચક; દીપક. 3. Able to digest: હજમ કરવાને શક્તિવાન *n.* An agent that promotes digestion. હજમી ત્રીજ; જેથી ખાધું પચે એવી ચીજ 2 The digestive organs, જઠર; પાચક ઇંદ્રિયો.

Per, (પર્) *prep*, Through; by means of; by; for; for each: જોડે સાથે; મારફતે; દ્વારા; દ્વાર; પ્રતિ; દીઠ P. *annum*: વરસે; પ્રતિવર્ષ P *centum*, p. *cent*; દર સેકડે. P. *man*: માણસ-માથાદીઠ; જણદીઠ. P. *mensem*: દરમહિને; પ્રતિમાસે.

Peradventure, (પરઅૅડ્વેન્ચ્યૂર્) *adv.* By chance perhaps: કદાપિ; યોગાનુયોગે: કદાચિત: એમ બને કે. *n.* Chance: ભાગ્ય; નશીબ; પ્રારબ્ધ. 2. Doubt: શંકા: શક.

Perambulate (પરઅૅમ્બ્યુલેટ્) *vt.* [L *per*, through & *ambulo* I walk.] To walk through or over: ફરી વળવું: તપાસ કરી સારૂ ફરવું: નું પરિક્રમણની પરિક્રમા કરવી. *vi.* To walk about; to ramble. આમતેમ ફરવું ભટકવું.

Perambulation, (પરઅૅમ્બ્યુલેશન્) *n.* Traversing: પરિભ્રમણ; ફેરો; પરિક્રમણ; પર્યટન. 2 An annual survey of boundaries: હદની તપાણી

Perambulator, (પરઅૅમ્બ્યુલેટર્) *n.* A light carriage for a child: નહાના છોકરાને બેસવાની કેરાગાડી-ધકાગાડી; બાબાગાડી

Perceivable, (પર્સીવ્મબ્લ્) *a* Perceptible: માલમ પડે એવું, ઇંદ્રિયગોચર; દૃશ્ય.

Perceive, (પર્સીવ્) *vt.* [L. *per*, & *capio*, I take] To obtain knowledge of through the senses: -ને જાણવું-માલમ પડવું લાગવું; -ને જ્ઞાન થવું. 2. To see; to remark; to discern: સમજવું-ન લાગવું,-ને પ્રતીત થવું-ના મન-ધ્યાન-લક્ષમા આવવું-ઉતરવું 3. To be affected or influenced by: -ના ધ્યાનમા-લક્ષમા આવવું-ઉતરવું; -ને જ્ઞાન-ભાન-ભાસ થવો.

Percentage, (પર્સેન્ટેજ્) *n.* [L *per* & *centum*, a hundred.] A certain rate per cent; the allowance, duty, rate of interest, discount or commission on hundred: પેકડે કટકું તે; પેકડા ઉપરનુ લવાજમ-દલાલી-હસ્તુરી; સંકડાનુ પ્રમાણ.

Perceptible, (પર્સેપ્ટિબ્લ્) *a.* Discernible; perceivable: સમજી શકાય એવું-માલમ પડે એવું; વેદ્ય; પ્રત્યક્ષ; દૃષ્ટિગોચર; ઇંદ્રિયગોચર; જ્ઞાત; સુસ્પષ્ટ.

Perception, (પર્સેપ્શન્) *n.* [L. *per capio*.] Apprehension: જાણવું-જાણવું તે; જ્ઞાન. 2 The faculty of perceiving. જ્ઞાનશક્તિ; સમજ; ઇંદ્રિયશક્તિ, ગ્રહણ; બોધ; અનુભવ; જ્ઞાન તે. 3 Sensation; sensibility: સંજ્ઞા; ભાસ. 4. An idea; a notion; વિચાર.

Perceptive, (પર્સેપ્ટિવ્) *a.* Gifted with a faculty of perceiving: સમજવાની-જાણવાની શક્તિવાળુ-નુ સમજી.

Perch, (પર્ચ્) *n.* A measure of length: લંબાઈનું એકમાપ; ૬ ફૂટ. 2. A roost: પક્ષીઓને ઉડતા આવીને બેસવાનો કીધેલો વાસ; આડવાસ; વાસદૃષ્ટિ. *vi* To sit or roost on a perch: (પક્ષી એ કોઈ જડિત પદાર્થ ઉપર આવી) બેસવું; વાસો કરવો. *vt* To place as on a perch: બેસાડવું; મૂકવું; વાસો કરાવવો.

Percha nce. (પરચૅન્સ) *adv.* Perhaps: કદાપિ; દૈવયોગે; કદાચિત્.

Percipient, (પર્સિપિએન્ટ્) *a.* [L. *percipio.*] Perceiving: સમજનારૂ; સમજુ; જ્ઞાનવાન.

Percolate, (પર્કોલેટ્) *vt* [L. *per* through & *colo*, I strain.] To filter; to strain: ગાળવું; છણવું. *vi.* To filter: ગળવું; ઝરવું; ઝમવું; ઝરવું; ગળાઇને પડવું.

Percolation, (પરકોલેશન્) *n.* [L. *percolation.*] Filtration; straining: ગાળવું છણવું તે; ગળત.

Percussion, (પરકશન્) *n.* [L. *per*, *quatio*, I shake] Collision; સામસામા અથડાવું તે; ટક્કર; આઘાત. 2. The effect of violent collision; vibratory shock: ટક્કરથી વાગેલો આચકો. 3. (*Med.*) The tapping upon the body to find the condition of an internal organ by the sounds: (રોગપરીક્ષા સારૂ) છાતી-પેટ-પડેલુ ઠોકી જોવું-ઉપર ટકોરી મારી જોવું તે P *cap.* (બંદુકની) ટોપી. P *lock*: ટોપી ચડાવવાની સાંકળી કઠે બેસે મૂકવાની ફાટ.

Perdition, (પર્ડિશન્) *n.* [L. *per*, & *do*, to give.] Entire loss; utter distruction; ruin: નાશ; સર્વનાશ; અધોગતિ; દુર્ગતિ; અધોગમન; નરકવાસ; અસદ્ગતિ.

Perdu-perdue, (પર્યૂ) *n.* [L. *perdo*, I lose.] One placed on watch or in ambush: છાનો માનો ભરાઈ બેઠો માણસ; પહેરેગીર; ચોકીદાર. 2. Lost to view; close: સંતાઈ-ભરાઇ રહેવું; છાનું; ગૂપ્ત; ગુપ્ત. Reckless; hopeless: કાળજું કોરે મૂકી ફરનારું; ધૃષ્ટ.

Peregrination, (પેરેગ્રિનેશન્) *n.* A travelling from one country to another; a wandering: મુસાફરી; દેશાટન; પ્રવાસ; પરિભ્રમણ; વિદેશવાસ.

Peremptorily, (પેરમ્પ્ટોરિલિ) *adv.* In a peremptory manner; absolutely: તાકીદથી; તાબડતોબ.

Peremptory, (પેરમ્પ્ટોરિ) *a.* [L. *per* & *emo*, to take.] Decisive; final; absolute; conclusive: છેલ્લો; જડબેસલાક; નિર્ધારનો કરી રાખ્યો તેવું; માનવુજ પડે એવું, પોતાનું ધારેલું 2. Positive in opinion; decided; dictatorial: સમજુ; જડબેસલાક; રૂપિયા;

સાફ;ચોકખું.3.Firmly determined ઉલ્લે નક્કી થયેલું; નિર્ણીત;ધીટ; નિશ્ચયરૂપ;અતિદૃઢ.

Perennial,(પેરેનિઅ્લ) *a.* [L. *per*, through & *annus*, a year.] Lasting through the year: વર્ષસ્થાયી; બારમાસી. 2. Perpetual; unceasing:નમ્યુ;નિત્ય;નિરંતર; સતત; અવિરત.3.Continuing more than two years: બે વરસ ઉપરાંત ચાલે એવું. P.*existence*: કાયમજીંદગી.

Perfect,(પરફેક્ટ)*a.*[L.*per* & *facio* I make] Complete;full: પૂર્ણ;પરિપૂર્ણ;સ પૂર્ણ;પૂરેપૂરૂં;ભરપૂર:પૂરૂ; સિદ્ધ; તૈયાર 2. Not defective or redundant: અવ્યંગ; અન્યૂન; અક્ષત;અખંડ 3.Having all the properties or qualities requisite to its nature &kind:સર્વોત્કૃષ્ટ; સર્વગુણસંપન્ન; પારંગત;સંપન્ન;પરિપક્વ;પૂર્ણ;પક્વ;નિપુણ; પ્રવીણ; કુશલ; ઉત્તમ. 4. Without error;mature;whole; pure: ખોડખાંપણવિનાનું;દોષ રહિત;નિર્દોષ;પરિપૂર્ણ;સર્વાંગશુદ્ધ;સાંગ;સકળ;અશેષ;સમગ્ર; સમરત.5.Certain;sure:નક્કી; નિશ્ચિત;ખાતર જમાવાળું. *n* The perfect tense or a form in that tense: પૂર્ણ-ભૂતવર્ત્તમાનકાળ અગર પૂર્ણ-ભૂતવર્ત્તમાનકાળનું રૂપ. *vt.* To make perfect;to finish: કાંઇ ખોડ-દોષ ન રહે એવું કરવું; સંપૂર્ણ-પરિપૂર્ણ કરવું; પ્રવીણ-નિપુણ તૈયાર-સિદ્ધ કરવું.

Perfection, (પરફેક્શન્)*n.* Entire development;maturity:પૂર્ણ કળા;પરિપૂર્ણતા;સર્વસિદ્ધ;સિદ્ધાવસ્થા; પૂર્ણદશા;પૂર્ણાવસ્થા;સર્વોત્કૃષ્ટતા;સાંગતા; વિપાક;સર્વાંગ શુદ્ધતા.2.Ideal faultlessness: પ્રવીણતા; નૈપુણ્ય; કૌશલ્ય; ખૂબી; ગુણ.

Perfidious,(પરફિડિઅસ)*a.*Treacherous; faithless: કપટી; વિશ્વાસઘાતી; નિમકહરામ;બેઇમાન;વિશ્વાસઘાતક;ફાંસીયો;દગલબાજ;બેકોલ; બેવચની 2. Involving, or charcterized by,perfidy:બેવફા; કપટી;કુડ કુત્રિમ; લબાડ;રાજદ્રોહી.

Perfidy,(પર્ફિડિ)*n* [L.*per* & *fides*, faith]Faithlessness:કપટ; ચોટ્ટાઈ; બેવચની;બેઇમાની;લબાડી; વિશ્વાસઘાત; દગો;કાપટ્ય;દગલબાજી;નિમકહરામી.

Perforate,(પરફોરેટ્) *vt.*[L. *per*, through & *foro*,I bore.]To bore through; to pierce:-માં કાણું-બાકું-છિદ્ર-વેધ પાડવું; ભોકવું; વિંધવું;-માં સાર પાડવો; શારવું-કોચવું. *a.*Pierced with a hole or holes or with pores: કાણું-બાકું પડેલું; કાણાંવાળું; સછિદ્ર;વિદ્ધ.

Perforation,(પરફોરેશન્)*n.* The act of perforating: કાણાં પાડવાં તે; વેધન. 2.A hole made by boring or piercing: કાણું; બાકું; છિદ્ર; ભેદ; શાર;ભેદો.

Perforce,(પરફોર્સ્)*adv.*By force; at any rate: જોરજુલમથી; બળાત્કારથી;જબરાઇથી;ગમે તે પ્રકારે;ગમેતેમ કરીને.*t.*To force;to compel: જબરજસ્તી પાડવી; ફરજ પાડવી; જોર જુલમ કરવું

Perform,(પરફોર્મ્) *vt.* [L. *per* & *formo*, I form thoroughly.] To execute; to do: કરવું;પાર મુકવું;સંપૂર્ણ કરવું;પુરૂં-સિદ્ધ કરવું;સાધવું; સંપાદન કરવું.2. To discharge;to fulfil: બજાવવું;પૂર્ણ કરવું; પાળવું; ચાલવું; અમલ કરવો.મુકવું.3.To act;to play: લેવું;ભજવવું.*vi.*To act a part:બજાવવું; વગાડવું;ગાવું; નાચવું.

Performable,(પરફોર્મબલ)*a* Practicable: બજાવવા-કરવા લાયક; આચરણીય; સંપાદનીય.

Performance,(પરફોર્મન્સ)*n.* Accomplishment: સંપાદન; સાધન; કરણ;વિધાન; અનુષ્ઠાન; આચરણ;નિર્વાહ;આચરણ.2. An achievement; a deed;an act;a feat:કામ;કાર્ય; કર્મ; ક્રિયા,કૃતિ;વ્યાપાર; ચેષ્ટા; બજવણી;અભિનય;ચેષ્ટિત;પ્રવૃત્તિ;પ્રયોગ;નાટક;ખેલ; કસરત; રમત; તમાશો.

Performer,(પર્ફોર્મર)*n.* One who performs, accomplishes or fulfils:વગાડનાર; બજાવનાર;ગાનાર;નાચનાર;નિર્વાહક;નેતા;સાધક;કારક;સંપાદક; કર્તા; વેશ ભજવનાર; નટ-નટી.

Perfume, (પરફ્યૂમ)*vt.*[L. *per* & *fumus*, smoke.] To fill or impregnate with a perfume; to scent:મિઠી વાસ-સુગંધીવાળુ કરવું; સુવાસિત કરવું;-માં ખુશબો કરવી. *n.* The scent; fragrance: સુગંધી; સુવાસ; ખુશબો;પરિમલ;મીઠી વાસ.2.A substance that emits an agreeable odor: સુગંધી પદાર્થ; સુગંધી દ્રવ્ય; સુવાસિક દ્રવ્ય.

Perfumery, (પરફ્યૂમરિ) *n.* Perfumes in general: સુગંધીના પદાર્થો;સુગંધીઓ;સુગંધી દ્રવ્યો.2.Manufacture of p.:સુગંધી પદાર્થો બનાવવાતે.

Perfunctory,(પરફન્ક્ટોરિ)*a.* [L. *per*&*fungo*,I discharge.] Done merely to get rid of a duty; characterized by indifference: માથા ઉતરાવ્યું-ણા સરખું; અધમણીયો ઓરસ્યા સરખું; વેઠીયાવાડ. 2. Mechanical; listless;careless: બેદરકારી;નિરૂત્સાહ-પ્રમત્ત;અનુદ્યોગી.

Perhaps,(પરહૅપ્સ)*adv.*By chance; perchance: કદાપિ; કદાચિત.

Peri(પેરિ)A prefix used to signify *around*, *by*,*near*, *over*, *beyond*, or to give an intensive sense: આસપાસથી,પાસે,ઉપર, ઉપરાંત વિગેરે અર્થ દર્શક ઉપસર્ગ.

Pericardium,(પેરિકાર્ડિઅમ્) *n.* (*Anat.*) The bag or sack composed of two layers which surrounds the heart:હૃદયકોશ; રક્તાશયની આગળ પાછળ વિંટાએલી ચામડી; રક્તાશયાવરણ.

Perigee,(પેરિજી)*n.*[Gr.*peri*, & *ge*, the earth.]That point in the orbit of the moon which is nearest to the earth:ચંદ્રની કક્ષાનો પૃથ્વીની પાસેમા પાસેનો ભાગ; નીચસ્થાન.

Perihelion, (પેરિહીલિઅન્)*n. pl.* Perhelia. [Gr. *peri*,& *helios*, the sun.] That point of the orbit of a planet or comet which is nearest to the sun:મહ કે કેતુની કક્ષાનો સૂર્યની પાસેમા પાસેનો ભાગ; અર્કનીચ; પર્યર્ક.

Peril, (પેરિલ્)*n.* [L. *peri culum* danger.] Danger; risk;hazard jeopardy:જોખમ; પ્રત્યક્ષહાનિ; ધોકો; ભય;શંકા;સંદેહ;સંશય;નુકસાન.*vt.*To hazard,to risk:ખુલ્લા જોખમ-નુકસાનમા નાખવું; હાનિમા ઝોકાવવુ . *vi.*To bein danger; જોખમમાં પડવું; ભયમાં હોવું.

Perilous,(પેરિલસ્)*a.*Dangerous; hazardous;જોખમ ભરેલું; હાનિકારક; જોખમી;ભયાન્વિત,સભય; પ્રત્યક્ષ હાનિકારક.2.Daring;reckless:હાનિકારક; જીવનુ જોખમ થાય-નીકળે એવું.

Perimeter,(પેરિમેટર)*n.*The outer boundary of a body or figure or the sum of all the sides:આકૃતિ મર્યાદા;પરિમિતિ;પરિમાણ;સીમાસૂત્ર.

Period,(પીરિઅડ્)*n.* [L.*periodus*. Gr *peri*, round & *hodos*, a way] A portion of time as limited and determined by some recurring phenomenon, as by the completion of a revolution of one of the heavenly bodies: ભાગ;વખત;કાળ; સમય 2. (*a*) A time;a cycle; an age;an epoch;કાળ વર્ષચક્ર ગણ;સમય;કાળમાન; કાલપરિમાણ; વર્ષગણ સંવત્સર ચક્ર;ગણ. (*b*)Term; length of duration.મુદત; વાયદો; અવધિ;કાળમર્યાદા;અવસ્થા;દશા.P. *of life* વય;વયોવસ્થા.*Last.*p.;અંત્યાવસ્થા. 3. One of the great divisions of geological time; કાળ; મુદત.4.An end;a conclusion; છે-

વટ;અંત.આખેરી;કાળ; અવધિ; આખર; અવસાન;વિરામ.5.A complete sentence,from one full stop to another:વાકય;પૂર્ણ વિરતિ;ફક્કિકા.6.The punctuation point that marks the end of a complete sentence or of an abreviated word:વિરામ ચિન્હ; પૂર્ણ વિરામ. 7.A complete musical sentence: ગાયનનું વાકય ચરણ;ટેક.*vt.* To put an and to:છેડો લાવવો;અંત આણવો. (*Math*)*vi.* To come to a period. આખર આવવી; અંત થવો.

Periodical (પીરિઅૉડિકૅલ્) *a.* Pertaining to periods: કાળનું;વખતનું; મુદતી.2.Performed in a period, or regular revolution: નિયમિતવખતે થતું;પરિવર્તનાત્મક;પરિવર્તનવિષયક;પરિવર્તાત્મક.3 Recurring; returning regularly:અમુક વખતે આવતું; નિયત-નિયમિત: કાલિક; સામયિક. *n.*A magazine or publication which appears at stated intervals:વર્તમાન પત્ર;ચોપાનિયું.

Peripatetic,(પેરિપેટેટિક્) *a.* Walking about:આમતેમ ફરતું.2.Of or pertaining to the philosophy or Aristotle: આરિસ્ટોટલના મતનું-સંબંધીનુંવિષેનું *n* A follower or an admirer of the philosophy of Arisrotle:આરિસ્ટોટલના તત્વશાસ્ત્રને વળગી રહેનાર-માનનાર; આરિસ્ટોટલ મતાશ્રયી(એથેન્સમાં લાઈસી અમનામની જગોમાં ફરતા ફરતાં તે જ્ઞાન આપતો તેથી.)

Periphery,(પેરિફરી)*n.n.*[*Gr peri, &pharo,* to carry] The surface: કોઇપણ ચીજની સપાટી. 2. The circumference of a circle;ellipse or other figure:પરિધિ;ઘેરાવ;ઘેરાવો.

Periphrase,(પેરિફ્રેઝ્)*n.* [*Gr.peri, & phrazo,* I speak]. A roundabout way of speaking;circumlocution:લાંબુ વ્યાન કરીને સમજાવવું તે,વાગ્વિસ્તર;ઘોડા શબ્દે ચાલે ત્યા ઘણા શબ્દો બોલવા તે;દીર્ઘોક્તિ;બહુકિત; લંબોક્તિ; પર્યુક્તિ. *vt.* To express by periphrase:લાંબુ વ્યાન કરીને સમજાવવું.

Periphrastic,(પેરિફ્રૅસ્ટિક્)*a.* Expressed in more words than are necessary: ઘોડા શબ્દે ચાલેલ્યા ઘણા શબ્દો બોલે,એવું-દીર્ઘોક્તિવાળું.

Peripneumony,(પેરિન્યુમોનિ) *n.* [Gr *peri,pneo,*to breathe]Pneumonia:ફેફસાનો સોજો;સુજારો.

Perish,(પેરિશ્)*vi.*[*L. per & eo,* I go.] (*a*) *To* be lost; to die: નાશ પામી જવું;મરી ઉપડી જવું; જતા રહેવું; નો અંત આવવો;-નો વિનાશ થવો; સર્વ કાલિક નરકવાસનો દંડ ભોગવવો.(*b*) To weather;to waste away:ક્ષયલય પામવું કરમાઈ જવું;સુકાઈ જવું;ચિમળાઈ જવું.*vt.* To cause to perish: મારી નાંખવું.

Perishable,(પેરિશેબલ્)*a.* Liable to perish;subject to decay: નાશ પામે જાય એવું;નાશવાન;વિનાશી; નાશવંત;નશ્વર;ભંગુર; ક્ષણભંગુર; ક્ષણિક; વહેવું ઉતરી-બગડી જાય એવું.

Perispheric,(પેરિસ્ફેરિક્)*a.* Exactly sperical; globular: બોળ દડાના આકારનું.

Periwig,(પેરિવિગ્)*n.*[*Gr. purros* red,fr *pur,*fire.] A headdress of false hair;a wig: નિમાળાની ટોપી (તાલની એબ ઢાંકવાની.)*vi.* To dress with a periwig: નિમાળાની ટોપી પહેરવી.

Periwinkle,(પેરિવિંકલ્) *n.* [L. *pinna,*a kind of mussel.] Any small marine gastropod shell of the genus Littorina: બાગડા ઘાટી સીપમા રહેનારૂં એક જીવડું; બાગડીઆ ગોકળ ગાય.

Perjure,(પર્જ્યૂર્) *vt.* [L *per,* through, over. & *juro* I swear] To forswear;to corrupt: જુઠા સોગન કસમ ખાવા; જુઠા સોગનના ગુનામાં આવવું.2.To make a false oath to; to deceive by oaths: પ્રતિજ્ઞા ભંગ કરવી.*n.*A perjured person: જુઠા સોગન ખાનાર.

Perjury,(પર્જ્યૂરિ)*n.*False swearing: ખોટા સોગન-ખાટી પ્રતિજ્ઞાનો ગુન્હો. 2. A wilfully false statement in a fact material to the issue: જુઠ્ઠા સમ; મિથ્યા સોગન;સમતોટવા તે;પ્રતિજ્ઞા.

Perk,(પર્ક્) *vt.* To make trim or smart;to erect: માન ગુમાનમા જવું. તોરમા રહેવું; ન રા કરવું. To exalt one's self; to bear one's self lofty: તોરમાં રહેવું; અક્કડ રહેવું;મિજાજમા આવવું.2.To peer: ઊંચુ જોઇને ચાલવું *a.*Smart:trim, vain:ચબળ;જલ્પત;અહંકારી; મગરૂબ.

Permanence·cy, (પર્મનન્સ-નિસ) *n.* Duration: દીર્ઘતા; કાયમપણું; જુદ્દાકીદારાવ;શાશ્વતા;ચિરતા; સ્થાયીત્વ.

Permanent,(પર્મનન્ટ્)*a.*[L. *per & maneo,* I remain.] Durable; fixed,stable. બારદાર; જાડુ; નિશ્ચળ; સ્થિર;સ્થાયી; ચિરસ્થાયી; નિત્ય; કાયમ; અચળ;ટુપ;અક્ષય.

Permeable,(પર્મીઅબલ્)*a* Yielding passage;passable: જેમા આરપાર ઉતરે એવું;ભેદનગમ્ય;વ્યાપ્ય;ભેદ્ય.

Permeate,(પર્મીએટ)*vt.* [L *her & meo,*I go.]To pass through the pores or interstices of: કશામાં આરપાર ઉતરી જવું; પ્રવેશવું. 2. To enter and spread through; to pervade: આરપાર નીકળવું-જવું;ઝરવું; ઝમવું;પ્રસરી જવું;વ્યાપવું.

Permeation,(પર્મીએશન્) *n.* The act of permeating,passing through, the pores or interstices of any substance: વ્યાપ્તિ; પ્રવેશ; ભેદન; વ્યાપન;ભેળાઇ-મળી જાય એવું; નીકળવું-ઝમવું-ઝરવું તે.

Permissible, (પર્મિસિબલ્) *a.* Allowable: રજા-છૂટ આપી શકાય એવું;અનુજ્ઞેય;પરવાનગીજોગ;ધર્મ્ય;ન્યાય; ગ્રાહ્ય થવા જેવા જેવું.

Permission,(પર્માશન્)*n.*Formal, consent;leave;-license: પરવાનગી રજા;છૂટ;આજ્ઞા;અનુજ્ઞા;અનુમતિ-મોહન; મુખ્તારિઅત.

Permissive,(પર્મિસિવ્)*a.*Permitting;granting leave: રજા છૂટ આપવાનું-આપનારૂં;અનુજ્ઞાપ્રદ.

Permit,(પર્મિટ્)[L *per & mitto,*I send.]To consent to;to tolerate: પરવાનગી-રજા-છૂટ આપવી; અનુમતિ-સંમતિ આપવી-અનુમોદન કરવું. 2. To grant leave; to give leave: રજા આપવી.3.To give over;to resign; to leave:છોડી-તજી દેવું.*vt.*To allow: પરવાનગી આપવી.*n.*Leave;permission:રજા;પરવાનો;પરવાનગી ચિઠ્ઠી; ખાસ કાની માલ લેવા જવા માટેનો પરવાનો.

Permutation, (પરમ્યૂટેશન્)*n.* Interchange:અદલાબદલો;સાટું; વિનિમય;આપ-લે ફેરફાર.2. The arrangement of any determinate number of things:અદલાબદલી-સાટું.3.Barter; exchange:સાટું;બદલો;અવેજ.

Permute, (પર્મ્યૂટ્)*vt.* [*L. per & muto,*I change.] To interchange: સાટું બદલો કરવા.2.To exchange; to barter:અદલો-ફેરફાર કરવો;અદલાબદલી-સાટું કરવું.

Pernicious,(પર્નિશસ્)*a.*[*L. per, & neco,*to kill.] Very mischievous;baleful: ખરાબ કરનારૂં; હાનિકારક;અપકારક;અપકારી; અહિતકારક;દુષ્ટ. 2.Quick:ઝપાટુ,ઝલદ.

Peroration, (પેરોરેશન)*n.* [*L. peroro;* I speak.] The concluding part of an oration: ભાષણનો આખરનો ભાગ; કથોપસંહાર; અંતભાગ;ભાષણોપસંહાર.

Perpendicular, (પરપેન્ડિકયૂલર્) *a* [*L. per;* & *pendeo,* I hang.] Exactly upright or vertical:પા-

ધરૂ દોર;સિંધુ ;ઉભુ ટટાર.2.At right angles to a given line or surface: જેથી કાટ ખૂણા થાય એવું; લંબ; સમકોણ પાડી-ગા મા. *n.* A line at right angles to the place of the horizon: પાંધરીદોર લીટી.2. A line or plane falling at right angles on another line:લંબ;લંબરેખા.

Perpendicularity, (પરપેન્ડિક્યૂલૅરિટિ)*n.*The quality or state of being perpendicular: લંબતા; ઉભાઇ;ઉભ;સિધાઇ;સરળતા;સારલ.

Perpetrate,(પરપીટ્રેટ્)*vt.*[*L.per & petro,*to execute.]To do or perform;to execute:કરવું-નું ઘોર કર્મ કરવું.

Perpetration, (પરપીટ્રેશન)*n.* A doing:ઘોર કર્મ કરવું તે 2 An evil action:ઘોરકર્મ દુષ્કર્મ; કર્મણ્યકર્મ.

Perpetrator,(પરપીટ્રેટૅર્) *n.* An offender;a criminal for a high offence કરનાર (ગુનો-ઘોર કમ વગેરે); અપરાધી;ગુનેગાર.

Perpetual,(પરપેટ્યૂઅૅલ્)*a.*[*L.Per* and *peto,*I go towards.] Never-ceasing; everlasting; continuous:અખંડ;નવું;હમેશનું ; નિત્ય; નિરંતર;શાશ્વત;સતત;અનંત; અખંડ; અવિરત;ચિરસ્થાયી;નિત્યસ્થાયી.

Perpetually, (પરપેટ્યૂઅૅલ્લિ) *adv.* Constantly:નિરંતર;હમેશ;નિત્ય; સર્વકાલ;યાવત્ ચ દ્રદ્વિવાકર;સદા;સર્વદા.

Perpetuate, (પરપેટ્યૂએટ્)*vt.* To eternize:હમેશ કાયમ રહે તેમ કરવું; ચિરકાળ સ્થાપવું;સદોદિત રાખવું ; ચિરસ્થાયીત્વ આપવું ;શાશ્વત-ચિરસ્થાયી કરવું. *a* Made perpetual: કાયમ રહે એવું કરવું.

Perpetuity,(પરપેટ્યૂઇટિ) *n.* The quality or state of being perpetual:અચળપણું ;નિત્યતા;સ્થિરતા; નિરંતર સ્થિતિ; સ્થિર સ્થિતિ, અવિચ્છેદ; અવિરામ; સનાતનતા.2. Something that is perpetual: અનંતતા; ચિરસ્થાયિત્વ.3. Endless time: અનંતકાળ.4.A duration without limitations as to time: ઘણોજ લાંબો વખત; યાવચ્ચંદ્રદિવાકર. *An estate in p.*: યાવત્ચંદ્રદિવા કરૌ વ રામા રહે અવી મિલ્કત.

Perplex,(પરપ્લેક્સ્)*vt.* [*L. per & plecto,* I twist.] *To* involve; to entangle: ગુંચવવું; ગુચવી નાખવું; સમજણ ન પડે એવું કરવું. 2. *To* embarrass;to puzzle: ગુચવવું :અકળામણમા નાખવું ;મોહ-સભ્રમમા નાંખવું ; -યા નિકાલ ન સૂઝવો,-થી ગુચવાવું . 3. *To* plague;to vex: ગભરાવવું ;અકળાવું;આકુલ કરવું. *a.* Intricate difficult:અઘરું.

Perplexing,(પેરપ્લેક્સિંગ્)*a.* Embarrassing:puzzling: ગુંચવણ ભરેલું;ગભરાવનું મોહક:ભ્રાંતિજનક.

Perplexity,(પરપ્લેક્સિટિ,*n.* Doubt, embarrassment: ગુચવણ; પંચાત; આંટીઘૂંમોહ; સંભ્રમ: વ્યગ્રતા; ચિત્તવિક્ષેપ;રા રાય;સંદેહ;સપડામણ; અમૂઝણ;અકળામણ.

Perquisite (પરક્વિઝિટ્)*n.* [L. *per & quæro,* I seek] Something gained from a place over and above the ordinary salary:પગાર ઉપરાંત મળેલું લવાજમ: અધિક લાભ દસ્તુરી; ન્ખડા;હકસાઈ;આગંતુક લાભ.

Persecute, (પર્સીક્યૂટ્)*vt.* [*L per & sequor,* I follow.] *To* pursue in a manner to injure; to harass:પુઠ લેવી;-ને હેરાન કરવું;-નો કડો-પુઠ લેવી;-ને ઈજા-દુઃખ ઉપદ્રવ કરવું;પીડવું; સતાવવું;નો જીવ ખાવો;ને ઝોડ થઇન વળગવું.

Persecution, (પર્સીક્યૂશન્) *n.* The act of persecuting: જુલમ: પીડન;ઉપદ્રવ;સતાવણી;અવકળા. 2. A carrying on; prosecution: બજવણા,ચલાવણી.

Persecutor,(પર્સીક્યૂટૅર્) *n.* One who persecutes or harasses:પાછળ મંડનાર,સતાવનાર, દુઃખ દેનાર;બાધક;ઉપદ્રવકારી.

Perseverance, (પર્સીવીરન્સ્) *n.* Continued pursuit: ખંત;ઉદ્યોગ; આગ્રહ;દીર્ઘ પ્રયત્ન;ધૈર્ય;ધૃતિ. 2. Discrimination:વિચાર;વિવેક.

Persevere, (પર્સીવીઅર્) *vi.* [*L. per & severus,*stern.] *To* persist in any business: ખંત-ઉમંગ રાખવો; આગ્રહપૂર્વક મંડવું; ખંતથી કામ કરવું; સ્થિર-ધારણ્રહેવું,મંડ્યા-મચ્યા રહેવું;ખામચુ થવું.

Persevering,(પર્સીવીરિન્ગ્)*a.* Persistent:ખંતીલું ;સદાગ્રહી;ઉદ્યમી,વ્યવસાયી,પ્રયત્નવાન;ખામચુ

Persian,(પર્શિઅન્) *a.* Pertaining to Persia.ઇરાનનું ;ઇરાની,*n.* A native of Persia: ઇરાની. 3. The language spoken in Persia: ફારસી-ભાષા.P.*wheel:* રહેંટ;રહાટ; ઘટમાળ;અરઘટ્ટઘટિકા.

Persist,(પર્સિસ્ટ્)*vi.*[*L. per& sisto* I stand.] *To* stand firm; to be fixed;to stay:કર્યાજ કરવું;વળગી રહેવું; આગ્રહ લેવો-પકડવો-ધરવો; જીદ-હઠ કરવી,આગ્રહ-મમત કરવું,લેવી.

Persistence-cy, (પર્સીસ્ટૅન્સ્-ન્સિ) *n.*The quality or state of being persistent, staying quality; આગ્રહ;હઠ-જિદ;મમત.2. The continuan ce of an effect after the cause હઠીલાપણું;દુરાગ્રહ જીદીપણું.

Persistent, (પર્સિસ્ટૅન્ટ્)*a.*Inclined to persist; having staying qualities:આગ્રહી;જીદ્દી.2.Remaining beyond the period permanent:હમેશ રહેનારૂં ઝાઝું-નું.

Person, (પર્સૉન્) *n.* [L *per,* through,& *sono,* I sound.] A character or part: રૂપ વેશ;મૂર્તિ; આકાર;સ્વરૂપ;દેહ.2.Body;ontward appearance:બદન;રૂપ;કાયા:તનુ;ગાત્ર; શરીર,દેહ;અંગ.3. A moral agent, a human being: માણસ:જણ; વ્યક્તિ;પુરૂષ;નર;આશામી;સખ્સ.4 One; a man:માણસ;ગૃહસ્થ;કોઈ.5.A parson;a parish priest: પાદરી ધર્મોપદેશક. 6 A shoot or bud of a plant:કળી . (*Gram*) A distinction in form according as the subject of the verb is the person speaking spoken to or spoken of:પુરૂષ વ્યાકરણમા *First-second-third* p.:પ્રથમ-દ્વિતી -તૃતીય પુરૂષ.*In* p, by *one's* self:જાતે;પંડે; આપોઆપ.*In* p. *of,* in the place of:acting for:ને બદલે-ઠેકાણે.*vt* To personify:રૂપ આપવું.

Personable,(પર્સૉનબ્લ)*a.* Graceful;comely:દેખાવડું ;રૂપાળું ;સ્વરૂપવાન;આકાર શુદ્ધ.

Personage,(પર્સૉનિજ્) *n.* Form or appearance of a person:માણસનો દેખાવ.2. A notable or distinguished person:નામીચુ માણસ; ગૃહસ્થ;શ્રેષ્ઠજન;મહાજન;સંમાનિત પુરૂષ.

Personal, (પર્સૉનલ)*a* [L.*Personalis.*] Pertaining to human beings as distinct from things: માણસ-મનુષ્યનું;પુરૂષવાચક;પૌરૂષેય. 2. Pertaining to a particular person:જાત-પોતાનું;ખાસ;પ્રત્યક્ષ સંબંધી; આંગિક; સ્વકૃત 3. *Pertaining* to the external appearonce.શરીર-કાયાનું;દેહિક;કાયિક;આકારનું 4. Done in person, without the intervention of another: જાત-ખુદનું કરેલું;પ્રત્યક્ષ;અપરોક્ષ;સ્વ; નિજ.5. Relating to an individual:આંગિક. જાતપરનું. 6. Denoting person: પુરૂષ;પુરૂષવાચક. P. *estate,property:*જંગમમિલ્કત. P. *graces:* શરીર લાવણ્ય P.*union:* શરીરસંબંધ. P. *experience:* સ્વાનુભવ.*n.* A movable;a chattel:જંગમ મિલ્કત.

Personage,(પર્સૉનેજ્)*n.*Person of rank:માંડ-નામીચું માણસ; સંભાવિત

પુરૂષ

Personality, (પર્સનૅલિટિ) *n.* Individuality: પોતાપણું; વિશેષજનત્વ: વ્યક્તિ,2 Something said or written which refers to the person, conduct etc, of some individual: કોઇ ઉપર ઇતરી પડીને જે કંઇ કહેલું લખેલું તે;ઉદ્ધિ શ્યનિ દા-વચન-વાણી; મર્મ ભાષણ.

Personalty, (પર્સનૅલ્ટિ) *n.* The state of being a person: માણસાઇ 2.Personal property: જંગલમિલ્કત.

Personate, (પર્સનેટ્) *vt.* [L. *per sonare,* to cry out]To extol; to praise: વખાણવું;-ની સ્તુતિ કરવી. 2. counterfeit: ડોળ ધાલવે ઢોંગ કરવો; -નો વેષધારણ કરવો 3 To set forth in an unreal character;to disguise. વેશ લેવા; ઢોંગ કરવો. 4. To personify; to describe: રૂપ આપવું.-નું સ્વરૂપ આપવું. *vi.* To play or assume a character: અમુકના વેષ-સોંગ લેવો ભજવવો.

Personation ,(પર્સનેશન) *n.* The act of personating or of counterfeiting the person or character of another: વેશધારણ; તાદાત્મ ગ્રહણ ;તાદાત્મ ધારણ રૂપધારણ.

Personification, (પર્સોનિફિકેશન) *n.* Impersonation. ચૈતન્યવરૂપક ચેતન ધર્મારોપ; સજીવારોપણ; મનુષ્ય ગુણારોપ,*of virtue:* સાક્ષાત-મૂર્તિમાન-ધર્મ.

Personify, (પર્સોનિફાઇ) *vt.* To regard as a person:માણસરૂપ આપવું. ચેતનત્વ-ચેતનભાવઆપવો;ચેતન ધર્મ આપવુ

Personnel, (પર્સોનલ) *n.* The body of persons employed in some public service:કોઇ સાર્વજનિક ખાતામા કામે લાગલા માણસો.

Perspective, (પર્સ્પેક્ટિવ્) *a.* [L. *per&specto,* I look.] Of or pertaining to the science of vision. દૃષ્ટિવિજ્ઞાન સંબંધી-વિષયક. 3. Pertaining to the art,or in accordance with the laws, of perspective: દૂર દૂરના ચિત્ર વિદ્યા વિષયક-સંબંધી. *n.*A glass through which objects are viewed: આરપાર દેખાય એવો કાચ; ફળીત. 2.A view: દેખાવ;ચિત્ર 3 A drawing in linear perspective: આભાસયુક્ત ચિત્ર પાડવાની વિદ્યા.

Perspicacity, (પર્સ્પિકૅસિટિ) *n.* Acute discernment: તીક્ષ્ણ નજર; તીવ્રબુદ્ધિ-સમજ; તીવ્રદૃષ્ટિ;શીઘ્ર દૃષ્ટિ; બુદ્ધિકૌશલ્ય;કુશાગ્ર બુદ્ધિ.

Perspicuity, (પર્સ્પ્યુઇટિ) *n.* The quality or state of being transparent: પારદર્શકપણું;નિર્મળતા; સ્વચ્છતા.2 The quality of being perspicuous of the understanding: સ્પષ્ટતા;સરળતા;સુબોધતા; સુવ્યક્તતા.3.Sagacity:તીક્ષ્ણનજર;દીર્ઘદૃષ્ટિ

Perspicuous, (પર્સ્પિક્યૂઅસ) *a.* Capable of being seen through પારદર્શક;નિર્મળ;સ્વચ્છ 2. Clear to the understnding: સ્પષ્ટ; સરળ; સુબોધક; સુવ્યક્ત.

Perspirable, (પર્સ્પિરેબલ) *a.* Emitting perspiration: પરસેવોછુટેતેવું.

Perspiration, (પર્સ્પિરેશન) *n.* The act or process of perspiring:પરસેવો થવો તે.2.Sweat: પરસેવો,પસીનો;સ્વેદ;ઘામ; સ્વેદસ્રાવ.

Perspire. (પર્સ્પાઇર્) *vi.* [L. *per & spiro* I breathe through.] To excrete matter through the skin. પરસેવો-થવો નીકળવો સ્વેદસ્રાવ થવો . .To exude through the pores of the skin: રોમ કૂપમાં નીકલવું *rt To* sweat: પરસેવો થવો-નીકળવો.

Persuade, (પર્સ્વેડ્) *vt* [L. *per & suadeo,* I advise.]To influence: સમજાવવું; સંમત કરાવવું;-ની મરજી થાય એમ કરવું. 3 To try to influence: સમજાવવાને પ્રયત્ન કરવો. 3. To cause to believe: મનાવવું;-ના મનમાં ઠસાવવું-ઉતારવું-આણવું;-ની ખાતરી-ખાતર જમા કરવી. 4 To advise;to recommend: સમજાવવું; ભલામણ કરવી. *To be* p-ed: સમજાવાસમજવું; માનવું; ધારવું-ના વિચાર, મનમા આવવું; મન સાથે સમજવું. *vi.* To use persuasion to plead. સમજાવવું.

Persuasion, (પર્સ્વેઝન) *n.* The act of persuading. કબૂલ કરાવવું, પ્રભાવન; નિયોજન.3. The state of being convinced: સંતોષ નિવૃત્તિ; નિર્ણય;નિશ્ચય; સંપ્રત્યય. 3 A creed or belief: મત;માર્ગ;સંપ્રદાય; આસ્થા ; ભરોસો.4.That which persuades. સમજણ; પ્રતીતિ; કબૂલ.

Persuasive, (પર્સ્વેસિવ્) *a.* Tending to persuade; having the power of perauading: મન વશ થવાનાર;મન વશ કરી લે એવું;પ્રવર્તક; પ્રભાવક;પ્રત્યયકારી;સંપ્રત્યયોત્પાદી; સચોટ.

Pert, (પર્ટ્) *a.* Open; evident; apert ખુલ્લું,ઉઘાડું ;સ્પષ્ટ.2. Lively; brisk; smart:ચપળ;ચબરાક 3 Saucy; bold; બરડ;તોછડું ;ધૃષ્ટ;અવિનીત

Pertain, (પર્ટેન્) *vi.* [L. *per & teneo* I hold.] To belong:-માં-નું હોવું. 2.To have relation or reference to something: કશાનું હોવું; કશાણરાખવું નિમિત્ત-સંબંધ રાખવો.

Pertaining (પર્ટેનિંગ્) *a* Belonging to: લગતું; સંબંધી; વિષયક; નિસબતનું.

Pertinacious, (પર્ટિનેશસ) *a.* [L. *per & tenax* tenacious.] Holding to any opinion or purpose with obstinacy આગ્રહપૂર્વક:મમતીલું;હઠીલું જીદી; દૃઢાગ્રહી જક્કી 2 Resolute constant: steady: ધીર; દૃઢ; ખામચ ;સ્થિર;અચળ;અડગ.

Pertinacity, (પર્ટિનૅસિટિ) *n* Obstinacy perseverance: હઠ,મમત; જિદ્દ દૃઢાગ્રહ;ધૈર્ય;ખંત;આગ્રહ.

Pertinence cy, (પર્ટિનન્સ નિસ) *n.* Fitness; oppositeness; suitableness પ્રસંગોપાતતા; યુક્તતા;યોગ્યતા; ઉપપત્તિ. પ્રસ્તુતાનુસાર; બરાબર હોવાપણું; નિસબત; મુનાસબપણું

Pertinent, (પર્ટિનન્ટ્) *a.*[*L. per & teneo,* I hold.]Material: relevent બરાબર સબબ રાખતું;જોવું જોઇએ તેવું; પ્રસંગિક, પ્રસંગાનુસારી. પ્રસંગોપાત્ત; યથાયોગ્ય;બરાબર હોવાપણું;મુકામસર; પ્રસંગોચિત 3.Regarding; લગતું; મુકામપર વિષયક;સબંધી

Perturbate, (પર્ટરબેટ્) *vt.*[*L. per & turba,*an uproar.] To perturb: કાયર કરવું; સંતાપ કરાવવો;આકુલ વ્યગ્ર કરવું;સંતાપવું ક્ષોભ કરવો. *a.* Perturbed; agitated કાયર થએલું.ડરકેરાયલું; ક્ષુબ્ધ વ્યાકુલ;રોહળાએલું; વ્યગ્ર; આકુલ; ઉદ્વિગ્ન;સંતપ્ત.

Perturbation, (પર્ટરબેશન્) *n.* Agitation of mind: વ્યાકુલતા; ગભરાટ,ક્ષોભ,વ્યામોહ, ઉદ્વેગ, આકુલતા; સંતાપ, વ્યગ્રતા.

Perusal (પેરુઝ્લ્) *n* [*L. per & use,* to use] The act of carefully viewing or examining: જોવું તે, તપાસવું તે.2 The act of reading: વાચન,અધ્યયન,પઠન; પારાયણ

Peruse, (પેરૂઝ્) *vt.* To observe; to examine with care:જોવું; તપાસવું કરવું.To read through; to read carefully: ધ્યાન દેઈ વાચવું; લક્ષથી વાચવું; પઠન કરવું;પારાયણ કરવું; વાંચીને ધ્યાનમા લેવું.

Pervade, (પર્વેડ્) *vi*[*L.per & vado* to go.]To permeate: બધે ફેલાવું. 2 To spread through the whole extent of: બધે પસરીજવું; સર્વવ્યાપક-વ્યાપ્ત હોવું.

Pervasive, (પર્વેસિવ્) *a.* Tending to pervade: સઘળી જગાએ પસરી જાય એવું;વ્યાપક; સર્વવ્યાપી;વ્યાપકગુણધર્મી.

Perverse, (પર્વર્સ્) *a.*[*L.per &verto,* I turn]Turned aside; વાંકું,અવ;

ળું:વક્ર-ઉંધું:કુટિલ;પ્રતિકૂળ;પ્રતિલોમ;વિપરીત. 2.Stubborn: મમતી; હુજતી; જીદ્દી;જક્કી;દુરાગ્રહી;આડું:અડીયલ; ખેનજેવું:સામાને પજવવાના સ્વભાવવાળુ.

Perversion,(પવર્શન્)*n.*A turning from truth or right; change to something worse: વિકાર; વિકૃતિ; વિક્રિયા;વિપર્યય;દુષણ.વિપરીતતા; વાંકા ચાલવું તે;ફરી જવું તે;અવળુ ચાલવું તે; ભ્રંશ;બુદ્ધિ ફરી જવી-અવળી ચાલવી તે. મરડી મચેડીને ફોરવેલો ખોટોઅર્થ; દુર્બુદ્ધિ થવી તે; ભ્રષ્ટતા.

Perversity,(પર્વર્સીટિ) *n.* [*L. perversitas*]The quality or state of being perverse: વાંકાપણું; આડાપણું;કુટિલતા; વક્રભાવ; વિપર્યય.

Pervert,(પર્વર્ટ્)*vt.*[*L.per & verto*, I turf)To divert: ફેરવવું; ફેરવી નાંખવું,-થી ફરીજવું,બદલવું;અવળુ ચાલવું. 2.To corrupt: બગાડવું;ફેરવવું;અવળે રસ્તે ચઢાવવું;કુમાર્ગેપ્રવર્તાવવું; અન્યથાવિપરીત કરવું;-નેભ્રષ્ટકરવું;-ને કુબુદ્ધિ આપવી-થી કોઇને કુબુદ્ધિ થવી;-ને દુર્બુદ્ધિ કરાવવી.3.To misapply; to misinterpret· મરડી મચડીને અર્થ કરવું;ઉલટો અર્થ કરવું; ખોટો-અવળો અર્થ કરવો;*vi.*To take the wrong course: આડે રસ્તે જવું.*n.* One who has been perverted:વટલેલું;ભ્રષ્ટ થએલ માણસ.

Pervious, (પર્વિઅસ્)*a.* [*L. per & via*, a way.] Admitting passage: પ્રવેશ્ય; ભેદકારક્ય;ભેદનીય; ભેદ્ય; જેમાથી જઈ શકાય એવું.2. Capable of being penetrated or seen through: અરોધક; પેસાડે-દાખલ કરે એવું. 3. Capable of pervading: વ્યાપક. 4.Open: ખુલ્લું;સ્પષ્ટ; ઉઘાડું.

Pessimism, (પેસિમિઝમ્) *n.* The doctrine that on the whole the word is bad rather than good; an oppressing view of life બધુ ખોટું થવાનું છે એવું મત;અનર્થવાદ;અશુભવાદ; નીરાશાવાદ-મત; અનિષ્ટવાદી.

Pessimist, (પેસિમિસ્ટ્) *n.* One who advocated the doctrine of pessimism: મિથ્યા માયામતવાદી; દુનીઆમા દુઃખ સિવાય બીજુ કંઈજ નથી એવો મત ધરાવનાર; નિરાશાવાદી; અનર્થવાદી;અશુભદર્શી-વાદી;અનિષ્ટવાદી.

Peste,(પેસ્ટ્)*n.*[*L. pestis*,a plague] A pestilence; the plague: મરકી, મહામારી.પીડા,રોગ.2. A nuisance: કાળ,ઉપાધિ,વ્યાધિ,કષ્ટ;રોગ;ઉત્પાત;બલા.

Pester,(પેસ્ટર્)*vt.*[*L.pestis*, a plague.] To trouble; to disturb: હેરાનગતિ કરવું;ગોદપરોણા કરવું; પજવવું; સંતાપવું;સતાવવું,-થી હેરાન થવું.

Pest-house, (પેસ્ટ્હાઉસ્) *n.* A house or hospital for persons infected with pestilential disease: સક્રમીમારખાનું; રોગીખાનું.

Pestiferous, (પેસ્ટિફરસ્) *a.* [L. *pestis & fero*, I bear.] Pestilential,noxious to health: બગાડીવંઢારી નાખે એવું;બાધક;દૂષક; અનિષ્ટકારક;અપકારક;રોગીષ્ટ;રોગકારી; પ્રાણહારી.2.Vicious;destructive:દુઃખદાઇ;નુકસાન કરે એવું;વિનાશક;ઉપદ્રવી; પ્રાણહારી-નાશક;દુષ્ટ;હાનિકારક;નિતિભ્રષ્ટ કે અવનીત કરે એવું.

Pestilence, (પેસ્ટિલેન્સ્) *n.* [L. *pestis*, a plague.] The disease known as the plague: રોગ;મરકી; મહામારી; ચાળો. 2.That which is pestilent;noxious or pernicious to the moral character of great numbers:પાપ;સળો;કુટ.

Pestle, (પેસલ્) *n.* [*penso*, to beat.]An implement for pounding & breaking substances in a mortar: મુસળી;પરાર;દસ્તો.સાંબેલું;ઉખળું:કુંદુ . 2. A constable's or baliff's staff: દંડો. *vt.* To use pestle: મુસળીવતી ખાંડવું.

Pet, (પેટ્) *n.* A cade lamb: પાળેલું ઘેટું.2.A fondling; a darling; a favourite child: લાડકું ; માણકું; પ્રીતિપાત્ર;પ્રેમાસ્પદ. 3 Temporary peevishness:વાંધો;કકું;વચકો; માઠું લાગવું; માનવું તે *a* Petted;admired: લાડ લડાવેલું;લાડકું;વહાલું; પ્રિય; લાડકું ; લાડકવાયુ. *vt.* To fondle; to indulge: લાડ લડાવવું.*vi.* To be in a pet. લાડમા હોવું.

Petal,(પેટૅલ્)*n* One of the leaves of the corolla, or the colored leaves of a flower: પાંખડી;પાતરી; પાદડી;પુષ્પદલ.

Petiole,(પેટિઓલ્)*n.* [L, *petiolus*, a little foot.] A leafstalk: કુલ કે પાતરાનું ડીંટું 2.A stalk or peduncle: ડીંટું. (હલકું;નીચ;ક્ષુદ્ર.

Petit,(પેટિટ્)*a.*Small; little:: નાનું;

Petition, (પીટિશન્)*n* [L. *peto*, I seek.] A prayer; a supplication: અરજ;વિનતી;પ્રાર્થના;દરખાસ્ત; વિજ્ઞપ્તિ.2 A formal written request:અરજ;વિનતિપત્ર;યાદી;અર્જદાસ્ત. *vt.* To solicit; to entreat: અરજ કરવી;-ને અરજી કરવી.*vi.* To make a petition: અરજી કરવી

Petitioner,(પીટિશનર્)*n.* One who presents a petition: અરજદાર;વિનતિપત્ર લખનાર;અરજીવાળો;વિનતિકારક.

Petrescent,(પીટ્રેસેન્ટ્)*a.*[L.*petra*, a rock.]Petrifying;converting into stone: પથ્થર થનારૂં; પથ્થરરૂપ થતું.

Petrifaction,(પેટ્રિફૅક્શન્) *n.* The process of petrifying, or changing into stone: પથ્થર-પાષાણવત થઈ જવાની ક્રિયા. 2. The state or condition of being petrified: પથ્થરવત્ થવાની સ્થિતિ-દશા.3 Hardness;obduracy:કઠણતા;કઠણાશ.

Petrify, (પેટ્રિફાઈ) *vt.* [*L. petra*, a rock.]To convert into stone or stony substance: વનસ્પતિ પદાર્થને પથ્થર-પાષાણ કરી નાખવો. 2. To stupefy;to paralyze:પથ્થર-પાષાણ જેવું સખ્ત-કઠણ-કઠોર કરી નાંખવુ. *vi.*To become stone: પથ્થર જેવું સખ્ત થવું. 2. To become stony: પથ્થર-પાષાણવત થવું.

Petroleum, (પેટ્રોલીઅમ્) *n.* [*L. petra*,a rock & *oleum*,oil.] Rock oil;mineral oil; natural oil:પાલ; શિલારસ; ધાસતેલ; ભૂમિતેલ.

Petticoat,(પેટિકોટ્)*n.*A loose under-garment of women: ઘાઘરો; ચણીઓ;hence,a woman: સ્ત્રી; બાયડી.

Pettifogger,(પેટિફોગર્)*n.* A lawyer who deals in petty cases; an inferior lawyer:મુખ્તાર વકીલ; નજીવા કજીઆ ચલાવનાર;રંજીપેજી વકીલ;કજીઆ દલાલ વકીલ.

Pettish, (પેટિશ્) *a.* Fretful; peevish: વાંધાખોર;રીસાળ;. ચીઢિયું.

Petty,(પેટિ) *a* [*L. petilus*, thin.] Little; trifling: નાનું; નજીવું; ક્ષુદ્ર;અલ્પ;ક્ષુદ્ર;ક્ષુલ્લક;રંજીપેજી;ભૂખડું.

Petulance cy, (પેટ્યૂલૅન્સ્-ન્સિ) *n.* [*L. petulantia.*] Pettishness; temporary peevishness: રીસાળપણું;ચીઢ;ટપી પડવાનો સ્વભાવ; ઝાઝ; ઝનુન;ચીઢ.

Petulant, (પેટ્યૂલન્ટ્) *n.* Capriciously fretful;irritable ચાંડી;ઝનુની;ગુસ્સાવાળુ;ચિડીયુ; ચીડિયું.

Pew,(પ્યૂ)*n.*[*L.pes*, foot.]One of the compartments in a church: ખ્રિસ્તી દેવલેમા એક જનની આસપાસ કઠેરાવાળી બેસવાની પાટલી.2. *A* pen; a sheepfold: ઘેટાનો વાડો. *vt.* To furnish with-pews: બેઠકો કર.

Pewit, (પીઉવિટ્) *n* The lepwing: ટીટોડું-ડી;ટિટિભ.

Pewter,(પ્યૂટર્)*n.* A hard, tough but easily fusible, alloy, originally consisting of tin with a little lead: જસત. 2. *U*tensils made of pewter: જસતના વાસણ.

Phaeton,(ફેએટન્)*n.*A four wheeled carriage: ચારપૈડાંની ગાડી;ચારઃ;

રથ;ફેલીન; ફાલ્ઝિન.

Phalanx,(ફૅલૅન્ગ્સ્)*n.* Body or troops in close arraya:ફોજની એક જાતની રચના;ઘનવ્યૂહ;ગાઢવ્યૂહ.

Phantasm(ફૅન્ટઝમ્)*n.*[Gr.*phano*, I shine.]A phantom: a dream: જંખના;માયા;મનોરથ સૃષ્ટિ:અસદ્‌ભાસ;અવસ્તુ આભાસ; ખરીરીતે જે વસ્તુ નથી તેનો આભાસ 2.A fancy;a notion:કલ્પના;વિચાર;આભાસ;છાયા;ભાસ.

Phantastic,(ફૅન્ટૅસ્ટિક્)*a.* Wrong; fanciful:ખોટું;કલ્પિત; ચોકળ; શુષ્ક.

Phantasy,(ફૅન્ટસિ)*n.*A phantom; a fancy: મરજી;કલ્પનાશક્તિ; તુરંગ.

Phantom,(ફૅન્ટમ્) *n.* [L. *phantasme*]A spirit; a spectre: ભૂત; પિશાચ;ભુતયોનિનું પ્રાણી.2.An ideal image:આભાસ;માયા;કલ્પના;જંખના; મનોરથ સૃષ્ટી.

Pharisee(ફૅરિસી)*n.*One of a religious school among the Jews marked by their strict observance of the law and religious ordinances: યાહૂદી લોકોમાં ધર્માચાર ઉપર ઘણોજ આગ્રહ બતાવનાર અને પવિત્રતાનું ભારે ડોળ રાખનાર એક પંથમાંનું માણસ;ફારિસી.

Pharisaic-al, (ફૅરિસેઇક-ઍલ્) *a.* see: ફારિસીના જેવું-ને મળતું; ધર્મઠગ. (*a*) ફારિસિનું-સ્હોય; ધર્મ ઠગણનું.

Pharmaceutic cal,(ફાર્મસૂટિક્ ફૅલ્)*a.* Pertaining to the knowledge or act of pharmacy:ઔસડ સંબંધીનું;ઔષધકરણ વિદ્યા સંબંધી.

Pharmacopœia,(ફાર્મકોપીઅ)*n.* A book or treatise describing the drugs, preparations &c., used in medicine:જૂદી જૂદી જાતના ઔસડ કરવા બાબતનો ગ્રંથ; ઔષધ ક્રિયાકલ્પ.2.A chemical laboratory: ઔષધ બનાવવાનું કારખાનું.

Pharmacy,(ફાર્મસિ)*n.*[Gr, *pharmakon*,a drug,]The act or practice of preparing and preserving drugs, and of compounding and dispensing medicines: ઔષધક્રિયા; ઔષધકૃતિ; ઔષધ કરણ વિદ્યા.2.A drug store:ઔસડો તૈયાર કરવા વિગેરેનું મકાન; ઔષધ ક્રિયાશાળા.

Pharos,(ફેરોસ્)*n.* [L.] A lighthouse or beacon for the guidance of seamen: દીવાદાંડી.

Phase,Phasis,(ફેઝ્)(ફેઈસ્) *n.* [Gr. *phamomai*, to appear.] That which is exhibited to the eye: દર્શન; દેખાવ.2. Any appearance or aspect of an object of mental apprehension or view: દૃષ્ટિ;ભાવ. 3.A particular appearance or state in a regularly recurring cycle of changes:કળા; કલા.P.*of the moon*: ચંદ્રકલા ભેદ.

Pheasant, (ફેઝન્ટ્)*n.* A kind of gallinaceous bird:એક જાતનું પક્ષી; તુર્કી કોકસી મુરઘો.

Phenix,(ફીનિક્સ્)*n.*A bird fabled to exist single,to be consumed by fire by its own act and to rise again from its ashes:એક કલ્પિત પક્ષી; ફીનીક્સ પક્ષી.2.A southern constellation:દક્ષિણ તરફનો તારાનું ઝુમખું.3.A person of singular beauty:અપ્સરા:પરી; કામદેવ.

Phenomenon,(ફીનૉમેનન્)*n.*[Gr. *phelinomai*,to appear.] An appearance;anything visible:દૃશ્યમાન;દેખાતી કોઇપણ ચીજ;દૃષ્ટિવિષય;દર્શન; દૃષ્ટિ વિષય;આવિર્ભાવ.2.That which strikes one as strange: ચમત્કાર; ઉત્પાત.A *striking* p.: ચમત્કાર; અદ્‌ભૂતબાત;ચમત્કારી પુરૂષ.*A portentous or ominous* p.: ઉત્પાત.

Phenomenal,(ફીનૉમેનલ્)*a.* Of or pertaining to a phemonenon: દૃશ્યમાનનું-સંબંધી-વિષયક. 2.Wonderful:ચમત્કારી;અદ્‌ભુત;આશ્ચર્યકારક;કૌતુક જેવું.

Phial,(ફાઇઍલ્) *n.* [L. *phiala*, a board. Gr. *pino*, to drink.] A glass vessel or bottle;a vial:પવાલી;શીશી;કુપ્પી.*vt.* To put or keep in a phial:શીશીમાં ભરવું.

Philanthropical(ફિલન્થ્રૉપિક્) *a.* Doing good to others; benevolent:પરગજુ;પરદુઃખભંજન-ભીજ;લોકોપકારી; સર્વેજન હિતેચ્છુ.

Philanthropist,(ફીલૅન્થ્રૉપિસ્ટ્)*n.* One who loves mankind:પરોપકારી;પરગજુ માણસ;જનહિતેચ્છુ;વિશ્વમિત્ર;જનપ્રિય;જગદુત્સલ;પરોપકાર શૂર; જગમિત્ર;જગન્મિત્ર.

Philanthropy,(ફીલૅન્થ્રૉપિ)*n.*[Gr. *philos*,loved,& *anthropos*.man.] Love to mankind; universal good will: પરદુઃખભંજનપણું-બુદ્ધિ: લોકોપકાર-પરોપકાર ધર્મબુદ્ધિ; જનપ્રીતિ;વિશ્વપ્રીતિ; ભૂત દયા.

Phil-harmonic,(ફિલ્હારમૉનિક્) *a.* Loving music:ગાયન-રાગ ઉપર પ્રિતિ રાખનારૂ;ગાનપ્રિય.

Philippic(ફિલિપ્પીક્)*n.*[L, *philippicus*,belonging to Philip.]Any discourse or declamation abounding in acrimonious invective:કપકાનું વાક્ય-લેખ ભાષણ;નિંદાત્મકભાષણ લેખપ્રબંધ:બિભર્ત્સનાનું વાક્ય.

Philological. (ફિલૉલૉજિકૅલ) *a.* Of or pertaning to philology: ભાષા-શબ્દ શાસ્ત્ર-ભાષા તત્વશોધન સંબંધી-વિષયક.

Philologist,(ફિલૉલૉજિસ્ટ્)*n.*One versed in philology:વૈયાકરણી;ભાષાશાસ્ત્રી,શબ્દશાસ્ત્રવેત્તા;ભાષા તત્વશોધક;વાદ્‌મયશાસ્ત્રી.

Philology,(ફિલૉલૉજિ) *n.* [Gr. *philos*, loving & *lego*, I gather.] Criticism; grammatical learning:ભાષા વિવેક; શબ્દશાસ્ત્ર; શબ્દશાસન વિદ્યા; શબ્દવ્યુત્પતિશાસ્ત્ર-વિદ્યા; વા-શાસ્ત્ર;ભાષાતત્વશાસ્ત્ર.

Philosopher,(ફિલૉસૉફર્)*n* [L *philosophus*] One who philosophizes:તત્વશોધક 2 One who reduces the principles of philosophy to practice in the conduct of life:તત્વજ્ઞાની;ફિલસુફ;તત્વવિદ્; પંડિત;જ્ઞાનનિષ્ઠ; તત્વવિચારક તાર્કિક,તત્વ-મર્મશાસ્ત્ર.3.An alchemist: કિમિયાગર P. *s. stone*: પારસમણી; સ્પર્શમણી.

Philosophical(ફિલૉસૉફિકૅલ્) [L. *philosophicus.*] Pertaining to philosophy;rational; wise; temperate: દાર્શનિક તત્વજ્ઞાન સંબંધી-નું ફિલસુફીનું-વિવેક ભરેલું;ડહેલ;તત્વજ્ઞાનપર;વિદ્યાપર;શાણું,ડાહ્યું;પુરૂ દાનાઇવાળું.

Philosophise,(ફિલૉસૉફાઇઝ્) *vi.* To reason like a philosopher; to form philosophic theories: તત્વવિવેક દૃષ્ટિએ જોવું;ફિલસુફની નજરે જોવું;તત્વ વિવેકીનું કામ કરવું તત્વવિવેકી હોવું-થવું તત્વનિરૂપણ કરવાનો પ્રયત્ન કરવો.

Philosophy, (ફિલૉસૉફિ) *n.* [Gr. *philos*,loving&*sophia*, wisdom.] The love of wisdom; the knowledge of phenomena: તત્વજ્ઞાન; વિજ્ઞાન;તત્વ શાસ્ત્ર.2. A particular philosophical system or theory: વિદ્યા;શાસ્ત્ર;દર્શન.*Six systems of*p.: ષટ્‌દર્શન.3.Practical wisdom:fortitude:વિવેક; ધૈર્ય; શાણપણ,શાન્તિ;શાંતતા.4. Reasoning: વિજ્ઞાન; વિવેક; તત્વવિવેક;ઉપપત્તિ. 5.A treatise on philosophy:વિદ્યાશાસ્ત્ર. *Moral* p.: નીતિશાસ્ત્ર.

Philter,(ફિલ્ટર્) *n.* [L. *phileo*, to love.] A potion or charm intended to excite the passion of love:ટુચકો;કામણ; મંત્રૌષધ; મોહિની, વશીકરણ ચૂર્ણ *vt.* To mix with a love potion:વશ થાય એવો પીવાનો પદાર્થ ભેળવવો.2. To excite to love or sexual desire:પ્યાર ઉત્પ-

ન્ત કરવો. મોમોનેજક કરવું:પાનો ચઢાવવો;ને વશ કે ;ઉપર વશીકરણ ચલાવવું; ઉ ર કામણ કર.

Phiz,(ફિઝ)*n.*The face or visage: મોઢું:ચહેરો;દેખાવ;મટાપ્રસ્ત; શિકલ

Phlebotomy (ફ્લીબૉટમિ)*n.* [*Gr. phlebos* a vein & *temno*, I cut.] The act or practice of opening a vein for letting out blood venesection: નસ ખોલવાનો ધ ો: રક્તમોક્ષણસ્રાવ: શિરાવિમોક.

Phlegm,(ફ્લેમ)*n* [L. *phlego*. I burn] One of the four humors of which the ancients supposed the blood to be composed: રસ કફ.2 Viscid mucus secreted in abnormal quantity in the respiratory and digestive passages કફ;શ્લેષ્મ;અજીર્ણ;અપચો 3 Dullness: આળસ;જડતા;જડ પેદાકૃત્ય કું.

Phlegmatic,(ફ્લેગ્મૅટિક)*a.* Watery:પાણીરૂપ-સબંધી-જેવું.2.Abounding in phlegm:રસ કફ-શ્લેષ્મનું; શ્લેષ્મિક 3 Causing phlegm રસ-કફ-શ્લેષ્માનું; રસ થાય એવું; કફજન્ય.4. Dull;heavy: ઠોઠ; જડ; બેદર્દી;મંદ; શીત:બઠર.

Phonetics,(ફોનેટિક્સ)*n.*[*Gr. phone* sound.] The doctrine or science of sounds: વાણીસના કંઠમાંથી નીકળતા અવાજનું શાસ્ત્ર ધ્વનિશાસ્ત્ર-વિદ્યા; સ્વરશાસ્ત્ર; શબ્દશાસ્ત્ર; શબ્દવિજ્ઞાન શાસ્ત્ર. 2. The art of representing vocal sounds by signs and written characters: સ્વરશાસ્ત્ર.

Phonography,(ફોનૉગ્રફિ) *n.* [Gr. *phone*,sound & *grapho*, I write]A description of the laws of the human voice: માણસના કંઠમાંથી નીકળતા સ્વરો વિષેના નિયમનું શાસ્ત્ર; સ્વર નિયમશાસ્ત્ર. 2. A representation of sounds by distinctive characters: સંકેતલહ્યાપિ.

Phonology, (ફોનૉલૉજિ)*n.* [Gr. *phone*,sound&*logos* discourse] The science or doctrine of the elementary sounds uttered by the human voice in speech:સ્વર નિયમ વિદ્યા-શાસ્ત્ર; સંકેતલીપિ.

Phosphoric (ફૉસ્ફરિક)*a.*Pertaining to phosphorus; ફાસ્ફરસનું-ને મળતું.

Phosphorus,(ફૉસ્ફરસ)*n.pl.* A phosphori.[Gr. *phos*, light & *phero*, I bring.] The morning star: ગોધિય પહેલા દેખાતો શુક્રનો તારો.2.A poisonous nonmetallic element of the nitrogen group: એક જાતનો પીળાશ પડતો પદાર્થ:ફાસ્ફરસ તેજોત્પાદકતત્વ

Photograph (ફોટોગ્રૅફ)*n.*A picture *or* likeness obtained by photography ફોટોગ્રફ:છબી તસ્વીર યા ચિત્ર *vt.*To take a likeness of by means of photography: ફોટો ગ્રફ લેવો-પાડવો-નો ફોટોગ્રાફ પાડવો.*vi.* To practise photography:છબી પાડવાનો ધંધો કર.

Photographer[ફોટૉગ્રફર કિસ્ટ્] *n.*One who practises in photography ફોટોગ્રફર છબી-તસ્વીર પાડનાર યા ચિત્રકાર

Photography, (ફોટૉગ્રફિ) *n.* [Gr. *phos*, light & *grapho*, I delineate]The science which relates to the action of light on sensitive bodies in the production of pictures: રસાયનના અજવાળાની અસરથી ચિત્ર છબી પાડવાનો હુન્નર ૮ The art or process of producing pictures by this action of light:ચિત્ર-ચિત્રકળા-કર્મ.

Phrase, (ફ્રેઝ) *n.*[Gr *phrasis*,fr. *phrazo*, to speak] A brief expression: વાક્યનો ભાગ-કે ો; વાક્ય ખંડ:ફકરો:રૂપવાક્ય 2 A short pithy expression નાનું વાક્ય કહેવત: કે ી; કહાણી; ઉક્તિ; વચન; ઘણું બોલાનું રૂઢ વાક્ય. 3 A mode or form of speech:બોલવાની રીત-ઢબ-છટા.*vt* To call;to style:શબ્દમાં સમજાવવું *vi.* To use proffer or fine phrases: બરાબર અને સારા વાક્ય વાપરવા.

Phraseology, (ફ્રેઝીઑલૉજિ) *n.* [Gr. *phrasis* & *logos*, a word.] Manner of expression style: બોલવાની રીત; વાક્યરચના-બંધ;ભાષા, સરણી;વાક્પ્રકાર; વાક્યવ્યાપાર વ્યવહાર. 2.A collection of phrases:શબ્દો; ઉચ્ચારત;પરિભાષા; વાક્યબંધ; સમૂહ.

Phrenetic, (ફ્રેનેટિક)*a.* [L.*phreneticus* Delirious; frantic. ઘેલું; ઉન્મત્ત:દિવાનું;ગાંડું. *n.*One who is phrenetic:ઘેલો:દિવાનો.

Phrenology,(ફ્રીનૉલૉજિ) *n.* [Gr. *phrenos*,the mind & *logos*, discourse]The science of the special functions of the several parts of the brain:મસ્તિષ્કશાસ્ત્ર.2 The physiological hypothesis of Gall, that the mental faculties,and traits of character are shown on the surface of the head or skull: ખોપરી-મગજશાસ્ત્ર; કપાલ શાસ્ત્ર;ચિત્તવૃત્તિના ચહેરાનુંદ્રા પરથી થયા જવાના સાધનરૂપી અંગો મગજમા છે એમ બતાવનારૂ શાસ્ત્ર-મસ્તક સામુદ્રિક.

Phrensy,(ફ્રૅન્સિ)*n* Violent and irrational excitement; delirium: ઉન્માદ; ચિત્તવિભ્રમ:આવેશ ઝનૂન.*vt.* To render frantic:ઉન્માદ-ઝનૂની કર.

Phthisic.Phthisis,(ટિઝિક-થાઇસિસ)*n* [Gr *phthino*.] decay.]A wasting or consumption of the tissues.ક્ષય;શ્વાસાવરોધ;ક્ષય; ખાંસ;ખૈ ાસ્કમ.

Phylactery, (ફિલૅક્ટરિ)*n.* [Gr. *phylasso*,to watch.] Any charm or amulet worn as preservative from danger or disease: મંત્રેલું માદલિયું તાવીજ.(b)બહુદી ભક્તો ચિસ્તી પુરાતન સ્થાપનાના પહેલા પાચ સ્તંભોમાનુ વચન ચર્મપત્રના કકડા ઉપર લખી કપાળ વિગેરે જગોએ ચર્મચિન્હ દાખલ બંધાતા તે:બહુદી જંત્ર.

Physic, (ફિઝિક્)*n.* [L. *physica*, Gr. *phyo*, to bring forth] The act of healing diseases: વૈદું; વૈદક; ચિકિત્સા, ઉપચાર: વૈદ્યકિય. 2 A medicine: ઓસડ; દવા. 3. A medicine that purges:ઝુલાવનું ઓસડ:રેચ;ઝુલાવ 4. A physician વૈદ્ય. ps.(*pl.*) The science of natural objects:પ્રકૃતિ વિષેક વિજ્ઞાન; પદાર્થ-જડપદાર્થ વિષેક વિજ્ઞાન;ભૌતિક વિજ્ઞાન. *vt.*To treat with medicine:ઓસડ આપવું;-નું ઓસડ કર.2. To heal,to cure. સારૂ કર.

Physical,(ફિઝિકૅલ)*a.*Pertaining to nature:પ્રાકૃતિક; ભૌતિક. 2. Pertaining to physics or natural philosophy:પદાર્થનું વિષેનું .3.Cognizable by the senses;external: ઇંદ્રિયોથી જણાય જ્ઞાન થાય અવું; સાકાર;સ્થૂળ;કાયિક;દૈહિક;જડ.4. Pertaining to the art of medicine: દવા સંબંધી; ઔષધ સંબંધી P.*strength*:શારીરબળ. P. *science*: પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર.*Physical point*: પ્રકૃતિ;બિંદુ P.*sciences*:જડ પદાર્થો વિષેના-સંબંધના પ્રાકૃતિક શાસ્ત્રો P *astronomy*:પ્રાકૃતિક ખગોળવિદ્યા.P *geography* પ્રાકૃતિક ભૂગોળવિદ્યા. P. *optics* પ્રાકૃતિક દૃષ્ટિ શાસ્ત્ર.

Physically,(ફિઝિકૅલિ) *adv.* In a physical manner: કુદરત પ્રમાણે.2. According to the rules of medicine: દવાના ધારા પ્રમાણે.

Physician, (ફિઝિશન્) *n.*A person skilled in physic.વૈદ્ય; ચિકિત્સક;હકીમ;ત બીબ ઔષધ 2.One who ministers to moral diseases: અનીતિના ઉપાયો કરનાર; બદ્ધ;દાનો ડાહ્યો.

Physiognomist, (ફિઝિઑનૉમિ-

ર)n. One skillsd in physiognomy: મુખસામુદ્રિક જાણનાર;મુખસામુદ્રિક;મુખલક્ષણવેત્તા.

Physiognomy, (ફિઝિઍગ્નોમિ)n. [Gr. *physis,*& *gnomai*, to know.] The art and science of discovering the predominant temper, and other characteristic qualities of the mind by the features of the face:ચહેરા ઉપરથી સ્વભાવની પરીક્ષાકરવાનીવિદ્યા;વદન લક્ષણ નિરૂપણ; મુખસામુદ્રિક. 2. The face or countenance: ચહેરો;મ્હોનો આકાર;શિકલ; વદન;આકૃતિ; સુરત; આકાર.3.The art of telling fortunes by inspection of the features: ચહેરોજોઇનેમનવિષેકહેવાનીવિદ્યા.

Physiologist, (ફિઝિઑલૉજિસ્ટ) n. One who is versed in the science of physiology: સર્વેન્દ્રિયશાસ્ત્રજ્ઞ;પ્રાણીધર્મગુણવિદ્યાવેત્તા;સર્વેન્દ્રિયશાસ્ત્રકુશળ;શરીર વ્યાપારશાસ્ત્રી; પ્રાણીશાસ્ત્રી;સર્વેન્દ્રિયશાસ્ત્રકાર.

Physiology,(ફિઝિઍલૉજિ)n. The science which treats of the phenomena of living organisms: પ્રાણી તથા વનસ્પતિ ગુણધર્મ શાસ્ત્ર; પ્રાણીધર્મ ગુણ વિદ્યા-જ્ઞાનશાસ્ત્ર.2 A treatise on physiology: પ્રાણિગુણધર્મ વિદ્યાવર્ણન.*Mental* p : માનસેન્દ્રિયશાસ્ત્ર.

Physique, (ફિઝીક્) n. The natural constitution, of a person: શરીરનુંબ ંધારણ-બાંધો;કાઠું ;કાંડો.

Pianist, (પિઍનિસ્ટ્) n. A skilled pertormer on the piano: પીઆનો વગાડવામા કુશળ માણસ.

Piano-forte,(પિઍનોફૉર્ટે) n. [*L. fortis.*] A well-knowu musical instrument,struck by hammers moved by keys: એક જાતનું વાજીત્ર;પીયાનો;વાલની પેટી.

Piazza, (પિઍ-ઝ્ઝ) n. [*L. plated,* street] An open square in a European town;a portico: મહેરામ તથા શોભતા થાંભલા પર મુકેલા હોય એવી ચાલ-ચોક.

Pick,(પીક્)*vb.* To throw; to pitch; નાખવું,ફેંકવું ફેરવું 2.To pierce; to peck at: મારવું,ચાંચવું; ખોતરવું; ચાંચ મારવી,ચંચુપ્રહાર કરવો; કાપી નાખવું. 3 To separate or open by means of a sharp point or points: પીજરવું,છૂટું કરવું; ટુંપવું. 4 To open as by a wire; લગી-ખીલાથીકાઢવું 5. To pluck.તોડવું,ચુંટવું,વીણવું; ટુંપવું. 6.To remove, with the fingers, or teeth:.ખોતરવું.7.To choose; to select: પસંદ કરવું;શોધી કાઢવું.8 To take up; to collect:અહિંતહિંથી એકઠું કરવું;ભેગુ કરવું;વીણવું.6. To trim: કાતરવું *To* p. *off,* to pluck: ચુંટવું; તોડવું.*To* p.*out*, to mark out.શોધી પકડી કાઢવું: ટાળી-વીણી કાઢવું. *To,* p.*a quarrel*: ઇરાદાથી લડાઇ કરવી; લડાઈ વ્હોરી લેવી;કજીયો વ્હોરવો,કજીયા દલાલ થવું;કજળતી કોટે બાંધવી; આવ પડેલાસણ લઢીએ વાળી વાત કરવી.*To* p. *a hole in one's coat*: કોઇનાં છિદ્ર જોવાં;છિદ્રોન્વેષા થવું; કોઇના દુષણ જોવા ના બોતરણા કાઢવા. *vi.* To nibble: ચગળવું; ચગળી ચગળીને ખાવું; ચગળવું. 2. To select something with care:સંભાળથી કંઈ પસંદ કરવું 3. To steal; to pilfer: ચોરવું.*To* p. *up,* to improve by degrees:ધીમે ધીમે સુધરવું; ઠેકાણેઆવવું;થાળે પડતા જવું. *n.* A sharp pointed tool for picking: તીણી અણીવાળું ઓજાર; દાંત બોતરણી.*Tooth* p.: દાંત બોતરવાની સળી.2.A pike or spike:આર; અણી.3 Choice; right of selection: પસંદગી; પસંદ કરવાનો હક, 4 That which would be picked or chosen first:ચૂંટ દા;નાકું;ઉત્તમવસ્તુ.

Pica, (પાઇકે) *n.* A printing type having six lines in an inch:એક જાતના ટાઇપ;જેની એક ઇંચમાં છ લીટી આવે છે.

Pick-axe, (પિક્ઍક્સ) *n* A pick with a point at one end, a transverse edge or blade at the other, and a handle inserted at the middle: તીકમ; ચાંચવો, કોદાળી.

Picked,(પિક્ડ) *a.* Done or made as with a pointed tool: બોદેલું;કોતરેલું; બાંધેલું.2.Nice; careful:સુંદર

Picket,(પિકટ્) *n.* A stake sharpened or pointed:ખુંટો;બરન્ડો;કાકરા. 2.A pointed pale: કાકરું અણીવાળુ પાલીક.3.A military punishment:એક લશ્કરી સજા રીત શિક્ષા4. A small detachment of troops: ટુકડી.*vt* To fortify with pointed stakes: અણીવાળા ખીલાથી મજબુત કરવું.2.To inclose or fence with pickets: ખીલાની વાડબાંધી કરવી. 3. To guard:રક્ષણકરવું,તપાસમાટે ચોકી બેસાડવી.

Picking, (પિકિંગ્) *n.* The first picking: પહેલી વીણી-કાલ. *Ps and stealings* કાઢવેલો અને ચોરેલો માલ.

Pickle, (પિકલ્) *n.* A solution of salt and water;brine: માછલી,માંસ વિ૦ રાખી મુકવા કરેલું મીઠાનુ પાણી.2.Any article of food which has been preserved in brine or in vinegar: સરકામાં રાખી મુકેલો ખોરાક. 3. Fruit or vegetable preserved:અથાણું;અાચાર; સંધાણું. 4.Vinegar for preserving vegetables:આથવાનો-અથાણાનો સરકો; આથણું. 5. A state of difficulty or disorder; પંજેલાટ;આપદા;મુસીબત;ગિરફતારી;વિટંબના,ગરબડ *Native* p.or *picking materials*: અથાણાનો મસાલો; સંભાર. *To take the* p.:અથાણું-માં આથો પડવો. *vt.* To treat with some kind of pickle અથાણું કરવું નાખવું-ભરવું-મીઠાના પાણીમાં નાંખવું.2.To give an antique appearance to:જુનું-જાંખું દેખાડવું.

Pick-lock, (પિકલૉક્) *n.* An instrument for picking locks:તાળાં ઉઘાડવાની સળી-ખીલો.2.A thief: તાળા ઉઘાડું;ચોર.

Pickpenny,(પિકપેનિ)n.A miser: કંજુસ;કૃપણ;સૂમ;મખ્ખીચૂસ;બખીલ.

Pick-pocket,(પિક્-પૉકટ્) *n.* One who steals purses or other articles from pocket:ગજવાં-ખીસ્સા ચોર;ગંઠિચ્છેદ; ગજવાં-ખીસ્સા કાતરૂ.

Pick-thank, (પિક થેન્ક્) *n.* An officious person who does what he is not desired to do in order to gain favor:માથામારૂ;ખુશામતીયો

Picnic,(પિક્નિક્) *n.*An entertainment at which each person contributed some dish to a comman table(usually,in the open air):મિજબાની;વનભોજન;ઉજાણી;જાફત.

Pictorial,(પિક્ટોરિઍલ્)*a.* [L. *pictor,*a painter.] Illustrated by pictures; forming pictures: ચિત્રનું;ચિત્ર વિષયક;ચિત્રથી શણગારેલું;ચિત્રવાળુ;ચિત્ર કાઢીને સમજાવેલું; સચિત્ર; ચિત્રયુક્ત-લિખિત સ્વરૂપ કહ્યા કરે એવું.

Picture,(પિક્ટ્યૂર્) *n.* [L. *picto,*I paint.]The art of painting: ચિતાર;ચિત્રકામ.2. A representation of anything: તસવીર;છબી;ચિત્ર;આલેખ્ય;નકશો.3.An image or a resemblance:ચિત્ર;પ્રતિમા;વર્ણવેલું સ્વરૂપ *In* p:ચિતરવું.*vt.*To delineate; tc represent:ચિત્ર પાડવું;છબી કાઢવી.

Picturesque,(પિક્ટ્યૂરેસ્ક્) *a.* Vivid graphic:કાઢીને આખે વળગે એવું; મનોહર;લલિત;વિચિત્ર;આબેહુબ; ખુશનુમા;પરમસુંદર;ચિત્રમય.

Pie,(પાઇ)*n.* [Gr. *pesso,* to cook,] An article of food consisting of paste baked with something in it or under it:પુરણપૂરી;ખાવાનોપદાર્થ,

2.The service book:ભજન પોથી; પ્રાર્થના માળા.3.Type confusedly, mixed: ન ઓળખાય એમ મિશ્રિત થયેલા બીજાના અક્ષર.

Piebald, (પાઇબોલ્ડ) *a.* Having spots and patches of black and white colors: પચરંગી; કાબરચીતરું; રંગબેરંગી;અબલખ. 2. Mixed: ભેળસેળ થએલું.

Piece,(પીસ્)*n.*[*L. petium,* a piece.] A part; a portion: કકડો-ડી; ટુકડો;ખંડ;અંશ.2. A definite portion or quantity as of goods or work:કટકો;ભાગ;રેન્જે.3 (*a*) A literary composition: કોઇ વિદ્વતા ભરેલું કામ-કૃતિ.(*b*) A musket, gun or cannon:તોપ;બંદુક. (*c*)A coin: એક;શિક્કો-મુદ્રિકા.(*d*)A fact;an item: હકિકત;બીના; વાર્તા. 4. An individual:માણસ. 5. A patch: થીગળું; થીગડું;સાંધેલું-જોડેલું-કાંધેલું કાંઈ;સાંધણ. 6.A pawn:મોહરું;નંગ. *Of a p.*, of the same sort; like: જેવું;સદૃશ; એક જાત-રૂપ-સદૃશ;તદ્વત્.*Of one p.*: સળંગ;અખંડ. *To give a p of one's mind,*to speak plainly:ચોખે ચોખ્ખુ-તડ ને ફડ કહી દેવું;મોં ઉપર ખુલ્લું ચોઢવું.P. *work*:ઉદ્દડ-ઉચક કામ. P. *goods*: માલના તાકા. *To break to p.s*: ભાંગી નાંખવું; ભાગી જવું; ના કૂટ-ચાડીયા ઉડાવી દેવા-ઉડી જવા;માગીને ભુકેભુકા-ચુરેચુરા કરી નાખવા-થઇ જવા; *To fall in pieces*: છુટી-તુટીને વેરાઈ જવું. (*b*) ખળ ગુગળ અરધુ ખેરણ થઈ જવું-ના સાધા અંગ છૂટા પડી જવા.*vt.* To patch:થીગડું દેવું. 2. To unite; to join: સાંધવુ-જોડવું. *vi.* To fit together; to join:જોડાવું.

Piecemeal,(પીસ્મીલ્)*adv* In pieces;in parts: કકડે કકડા. 2. Piece by piece:કકડે કકડે;થોડેથોડે.

Pied,(પાઈડ્)*a.*Party-colored;spotted:ભુટ્ટાભુટ્ટાવાળું;ભુટ્ટાદાર.

Pier,(પીઅર)*n.* [L. *petra* a rock.] Any detached mass of masonry: કમાન-મહેરાબને ટેકાવાર મુકેલો પથ્થરનો થાલ્લો; પાયાનું ૪૧ ન. 3. A projecting wharf or landing place:ઠક્કો;બુરજો;બાવ.

Pierce,(પીઅર્સ)*vt.* [L *per* & *tyndo,* I beat.] To thrust into or penetrate with a pointed instrument: ભોકવું; ઘોચવું: કોચવું; વીંધવું; ટાચવું;મા ભાકી દેવું.2. To enter:-મા પેસી-ઘુસી જવું; પકડી કાઢવું; સમજી લેવું.3.To affect deeply:કલેજું ભેદવું-ભેદાવું;-નામર્મ ભેદવા; હૃદયને અસર કરવી.*vi.*To enter;to penetrate; પેસવું;ઘુસીજવું.

Piercing,(પીર્સિંગ્)*a.*Perforating; penetrating;keen: તીક્ષ્ણ;જલદ:કડક;ઉગ્ર;ચણચણાટ લાગે-ચચળે એવું.

Piety,(પાઈએટિ)*n.* [L.*pius,*pious.] Veneration of the Supreme Being and love of His character: ભક્તિ:ભક્તિભાવ;ઇશ્વરભક્તિ;ધર્મ પરાયણ બુદ્ધિ;ધર્મશીલતા;ઇશ્વરભક્તિ; ઇશ્વરનિષ્ઠતા;ભગવદ્ભક્તિત;પ્રભુ આસક્તિ ધર્મિષ્ઠપણુ. 2. Love and duty towards parents:પિતૃમાતૃભક્તિ.

Pig,(પિગ્)*n.* The young one of swine; a hog: ભુંટ-ડુક્કરનું બચ્ચું; ડુક્કર.2 A mass of ore:કાચી ધાતુનો ઢાળ ચોરસુ-પાટલો-ગઠ્ઠો.3. One who is hoggish:લાલચુ-લોભી માણસ. *vt.* To bring forth to farrow:વિયાવું; જણવું. 2. To live together like hogs:ભુંડની પેઠે ભેગા રહેવું.

Pigeon,(પિજ્ન્) *n.* [L. *pipio,* I pip, chirp,] Any bird of the order Columba: કબુતર.P *English*:ચીનમા રહેનારા અંગ્રેજ અને અમેરિકનો ત્યાના દેશી વેપારીઓ સાથે અંગ્રેજી ભાષાની જે જાતની અને ચોર બેસિયા અંગ્રેજ બોલી બોલે છે તે. *vt.* To pluck; to fleece: છેતરી-ચૂતી-મેતરી જવું;સવાસી જવુ,ચીરવું; કાતરવુ.

Pigeon-hearted,(પિજ્ન્-હાર્ટેડ્)*a.* Timid;easily frightened: બાયલું; બીકણ;પોચકણ;ઢીલું.

Piggery,(પિગ્ગરી) } *n.* An inclo-
Pigsty,(પિગ્સ્ટાઇ) } sure for swine:ડુક્કરને રાખવાનો વાડો.

Piggin,(પિગિન્)*n.*A small wooden pail or tub: લાકડાનો નાનો ડોઈ-ઓ,ડોયલી.

Pig-headed, (પિગ્-હેડેડ્) *a.* Having a head like a pig;perverse: હઠ કરનારું;કદરૂપા માથાવાળુ ;જીદ્દી.

Pigmean,(પિગ્મીઅન્) *a.* Short; not tall:ઠીંગુ;વામનજી જેવું.

Pigment,(પિગ્મન્ટ્)*n.* [L. *pingo,* to paint.] Any material from which a dye, a paint or the like, may be prepared: ચિતારાનો રંગ. 2. Wine flavoured with spices and honey:-મસાલાદાર દારૂ અર્ક.

Pigmy,(પિગ્મિ)*n.*A short man: ઠીંગણુ માણસ;વામનજી;વહેંતીઉ માણસ

Pike,(પાઈક્) *n.* [L. *spic,*a point.] A foot soldier's weapon, consisting of a long wooden shaft or staff:ભાલો.2.A pointed head or spike:અરછી;બરછો. 3 A pointed or peaked hill:શિખરવાળા ટેકરી. 4. A large haycock: મોટી ઘાસની ગંજી. 5. A turnpike: નાકુ; નાકા કરવાળે.

Pilaster,(પિલૅસ્ટર્) *n.* [L.*pila,* a pillar.] An upright architectural member right-angled in plan:ચોરસ થાંભલો.

Pile,(પાઇલ્) *n* [L *pilus,*hair.]A hair:વાળ.2 A covering of hair: વાળ અગર રૂવાંનું ઢાંકણુ.3. The head of an arrow:તીરનું માથું.4 A large stake of timber, pointed and driven into the earth: ખીલો;થાંભલો ટેકો. 6 [*L. pila,* a pillar]A mass of things heaped together:ઢગલો;ગંજ;સમૂહ,ગંજ;ચોકી. 7. A funeral pile:ચિતા;ચે ઠ.A large building: ઈમારત; હવેલી. 9 (*pl*) Hemoraholds:હરસ;મસા;અર્શ; મૂલ ગુદારોગ;બવાસીર.*Bleeding* p.:દૂઝતો હરસ. *Blind* p.:કોરો હરસ. *vt.* To drive piles into:થાંભલા-ખૂટા ઠોકવા. 2. To lay or throw into a pile:સિંચવું;ગંજ વાળવો.3.To cover with heaps:ઢગલા કરવા.

Pilfer,(પિલ્ફર્)*vi.* [*L. pilare,* to plunder]To steal in small quantities or articles of small value: હલકી ચોરી કરવું;હાથના લપટા થવું;ચીલાડાના ચોર થવું.*vt*-To filch; ચોરવું; ગજવામા મુકવું.

Pilferer, (પિલ્ફરર) *n.* One who pilfers;નાની ચોરી કરનાર.

Pilgrim,(પિલ્ગ્રિમ્)*n* [*L peregrinus,* a foreigner.] A wayfarer; a wanderer;a traveller; યાત્રાળુ; જાત્રાળુ ;મુસાફર; યાત્રક. 2 One who travels for to visit some holy place: જાત્રાળુ; યાત્રિક; હાજી;હજ કરનાર.*a.*Pertaining to a pilgrim: જાત્રાળુ સંબંધી.*vi.* To journey; to wander;ફરવું;ભટકવું.

Pilgrimage,(પિલ્ગ્રામેજ્) *n.* The journey of a pilgrim: જાત્રાળુની મુસાફરી.2 *A* journey to a shrine or other sacred place:જાત્રા.*Place of p.*:જાત્રા;-યાત્રા;-હજ કરવાનું ઠેકાણું તીર્થ ક્ષેત્ર.

Pill, (પિલ્)*n.* The peel or skin: ચામડી;છાલ;વચ્ચા.2 [*L., ball,*aball.] *A* medicine in the for of a little ball:ગોળી. *vt.* To be peeled:ચામડી-વચ્ચા ઉખડી-ઉપડી જવી.*vt* [*L pilare,* to plunder] To deprive of hair;વાલ પાડવી. 2.To peel,--ની છાલ ચામડી ઉતારવી 3 To rob;to plunder;ચોરવું;લુંટવું; છીનવી-લૂંટા લેવું.

Pillage,(પિલ્લેજ) *n.* [*L pilar,* to

plunder.] Robbery: લુટ;લુંટફાટ; લુંટાલુંટ.2. That which is taken from another by open force: લુંટનો માલ: લુંટ.vt To plunder;to spoil:લુંટવું;ખુંચવી-છિનવીલેવું.

Pillar,(પિલ્લર)*n* [L.*pila*, a pillar.] A pile;a column·થાંભલો;ટેકણ. 2. A supporter or main stay: રવાંભ;ટેકણ.

Pillion,(પિલ્યોન્)*n*. [L *pellis*.] A panel or cushion;saddle:ઘોડા ઉપર સ્ત્રીઓને બેસવાની ગાદી.

Pillory, (પિલ્લોરિ) *n*. [L.*pila*, a pillar.] A frame of adjustable boards erected on a post and having holes through which the head and hands of an offender were thrust so as to be exposed in front of it: ફજેતીનું લાકડું;અપમાન સ્તંભ

Pillow, (પિલ્લો)*n*. [*L. pulvinus*.] Anything used to support the head of a person when reposing:તકીઓ;ઓસીકું.P.*case*;p.*slip*: તકિયાનો ગિલાફ;ગલેફ.vt.To support: -ની તળે તકીઓ મુકવો.

Pilot,(પાઇલોટ્)*n*. One employed to steer a vessel:બંદર વિગેરે અધરી જગોએ સુકાનીનું કામ કરનાર; નાવિક; કર્ણધાર.2.A helmsman: મહેનતાણું લઇને લાયક અને હુંશીઆર સુકાનીનું કામ કરનાર.3.A guide: વળાવો;ભોમિઓ; સાથી;માર્ગ પ્રદર્શક;તારો;તાર;તુમડું.*vt*. To direct the course of: અધરી જગોએથી રસ્તે પાડી આપવું;-ને માર્ગ બતાવવો.2. To guide: દોરવું; રસ્તો કાઢી આપવો;ચીલે-રસ્તે પાડવું.

Pilotage,(પાઇલિટેજ્)*n* The skill of a pilot:સુકાનીની આવડ.2.The act of piloting:સુકાનીપણું કરવું તે. 3. The wages or fees of pilots:સુકાનીનું લવાજમ.

Pimp,(પિમ્પ) *n*. A procurer; a pander:ભડવાઇ કરનાર;ભડવો; કુટણો; *vi*.To pander: કુટણાઇ કરવું;દલાલી કરવી.

Pimple,(પિંપલ્) *n*. [*L. papula*, pimple.] Any small acuminated elevation of the cuticle:ખીલ. 2.A swelling or protuberance like a pimple: ફોલ્લો.

Pin,(પિન્)*vt*.[L. *penna*,a feater.] To inclose;to confine:ગોંધવું;ગોંધી રાખવું.2. To fasten with a pin: ટાંકણી ઘાલવી-ખોસવી. *n*.A peg; a bolt:નવુડી;ચાવી;ખીલી;મેખ; ખુટો, 3. A small pointed and headed piece of brass or other wire: ટાંકણી;ટાંચણી. 4.A peg in musical instruments: વાજાની કળ: ખીંટી, ચાવી.5.The bull's eye: the centre:મધ્ય બિંદુ;વૃત્તિ·મિલન·ભાવ. 6. A trifle:વેશ.7. A mood: મીજાજ. *To care a p*:વેશ-તરણા રતીસાર દરકાર રાખવી.*A.linch p*.:પૈડાની ખીલી. *To p.leaves together*:પત્રાવળી સીવવી P *cushion*: ટાંકણીયો ખોસી મૂકવાની ગદેલી-ગાદલી P-*money*:(પોતાની ધર્મપત્નિયાણી ને આપેલી-ને માટે નીમેલી) હાથ ખરચી.

Pincers,(પિન્અર્સ્)*n* An instrument for griping & drawing nails &c:માંકણી; ચીપિયા; ચિમટો: સાણસો:'શમેણી.

Pinch,(પિંશ્) *vt*. To press hard or squeeze between the ends of the fingers between teeth or claws:ચીમટીદેવી;-થી ચમડી આવવી: ચુંટી ખણવી.2. To seize; to grip: કરડવું.3. To plait: ચચકુ ભરવું;દાંત બેસાડવા.4. To straiten: to distress:તાણ-ભીડ પડાવવી: મુશીબત અડચણ-અગવડમાં આવવું:-થી હેરાન થવું. *vt*. To compress:દબાવું;ચગદાવું;સંકોચાવાવું;નું દબાણ લાગવું.2. To take hold:પકડવું.3. *To* spare: બચાવવું; કંજુસાઇ કરવી;ઘણી કસરકસ. લાલચુ-લોભી થવું.*n*.A nip:ચુંટી.2.Any very small quantity: ચપટી.3. *Pain*; pang:દુઃખ;દરદ;અડચણ;સંકટ; સંકષ્ટ *To p.the belly*:પેટ બાળવું.*To know where the shot pinches*: કોઇના દુખની વાતની જાણ થવી.*As a p*:આણીવેળાએ;ઓપટી-ની વખતે;ખરી અડચણની વખતે.

Pinch-beck,(પિંશ-બેક્)*n*.An alloy of copper and zinc resembling gold:ત્રાંબા ને જસતની મેળવણીપીળાશવાલી ધાતુ; વિલાયતી સોનું.

Pine,(પાઇન્)*n* [*L. pinus*, a pine tree.] Any tree of the coniferous genus *Pinus*:વિલાયતી સરળ. 2.The wood of the pine tree:પાઇનનું લાકડું.3.A pineapple:અનન્નાસ. *vt*.[*L.poena*,penalty.] To inflict pain upon:પીડા કરવી;થી મુઝાવવું. 2 To grieve or mourn for:પીડાવું; દુઃખી થવું.*vi*.To suffer: દુઃખી થવું 2.*To* languish:ઝુરવું;ગળતા જવું,-નો શોચ કરવો.3. *To* waste away with longing for something:-ને માટે કષ્ટાવું-તલપવું-પીડાવું.

Pine-apple,(પાઇન્ઍપ્લ્) *n*.A tropical plant:also,its fruit:અનન્નાસ.

Pinion,(પિન્યોન્)*n*· [*L·pinna*, a feather-]A feather;a quill:પાંખ; પીંછું.2.A wing:પાંખ.3 A fetter for the arm:હાથની બેડી.4.A cog-wheel with a small number of teeth or leaves:દાંતાવાળું ચક્ર- 5-A band for the arm:(હાથ બાંધવાના બંધ)*vt* To bind or confine the wings of:-ની પાંખ બાંધવી. 2. *To* disable by cutting off the pinion joint·પાંખનો સાંધો કાપીને શક્તિહીન કરવું.3. *To* restrain as a person, by binding the arms:બાંધી લેવું: મુશ્કેબાંધવું; મસ્કા રાટ કરવી, ચતર્ભુજ કરવું.4. *To* confine to bind·બાંધવું;ગોંધવું·પૂરવું.

Pink,(પિંક્) *n*. A vessel with a very narrow stern: પાછલો ભાગ સાંકડોહોય એવું વહાણ 2 A name given to several plants of the genus *Dianthus*, and to their flowers:ઝાડ તથા ફૂલનું નામ 3 A color resulting from the combination of a pure vivid red with more or less white:ગુલાબી રંગ 4.Anything supremely excellent:અવધિ;ચરમ:સીમા:પરાકાષ્ઠા; હદ:શિખર:ટોચ *vi*. *To* wink: આંખ મલકાવવી-પલકાવવી. *vt*. *To* pierce with small holes:કાણા પાડવા. 2. *To* stab:ભોકવું: અણીવાળું હથિયાર ખોસી ઘાલવું.*a* Half-shut:અર્ધું બંધ. 2.Resembling the garden pink in color:ગુલાબી.

Pinnace,(પિનેસ)*n* A small vessel; બેડાલનું નાનું વહાણ.2.A boat rowed with oars:મછવો.

Pinnacle,(પિનેકલ્)*n*.[*L. pinna*, a pinnacle]A top;a spire:શિખર: કળસ.2.A lofty peak; a pointed summit: અભિદાર શિખર-ટોચ. *vt*, *To* build or furnish with a pinnacle:ટોચ-શિખરવાળું કરવું.

Pint,(પાઇન્ટ)*n*.[L *pingo*, I paint] *A* measure equal to half a quart: અડધા ક્વાર્ટનું માપ:અડધીકું;અડધીકું.

Pioneer, (પાઇઅનીઅર્) *n* [*L. pes*, foot.] *A* soldier detailed or employed to form roads, dig trenches and make bridges, as an army advances: લશ્કરને માટે રસ્તો તૈયાર કરવા આગળથી જનાર. One who goes in advance:પહેલ કાઢનાર;અગ્રેસર.

Pious,(પાઇઅસ્)*a*.[L *pius*,] Dutiful;religious,devout,godly: ઇશ્વરનિષ્ઠ;ભક્તિવાન;ધાર્મિક;ધર્મી;ધર્મિષ્ઠ; ઇશ્વર પરાયણ;પરમાર્થી;પારમાર્થિક; દેવ ભક્તિનિષ્ઠ;ભજનશીલ,ભક્ત. *Ap man*: ભક્ત.

Pipe,(પાઇપ્)*n*. [*L pipo*,I chirp]

A wind instrument of music: વાંસળી;વેણુ;પાવો;બંસી;મુરલી. *A p. made of leaves*: પીપુડી: પીપી. 2. Any long hollow tube:નળી; ભુંગળી;નળ.3 A small bowl with a hollow stem: ચૂંગી; હુક્કીયું; હાંખી ચલમ;પાઈપ.4.The wind pipe: શ્વાની નળી.5.An elongated body or vein of ore:ધાતુની સેર-નળી 6.A whistle:સીસોટી.7.A cask of wine 140 gallons: ૧૪૦ ગેલન માપ એવું પીપ.*vi*.To play a pipe: વાંસળી વગાડવી.2.To call by means of signals on pipe:સીસોટીથી નિસાની કરી બોલાવવું.3 To whistle: સીસોટી વગાડવી.*vt*.To perform as a tune:વાંસળીમાં રાગ વગાડવો.2.To call or direct as a crew:ખલાસીને બોલાવવો.

Pipe-clay,(પાઇપ્-ક્લે) *n*. A plastic,unctuous clay of a grayish white color:ધોળી માટોડી; ખડી ભૂતડો *vt*.To whiten or clean with pipe clay:ખડીથી ધોળવું.2.To clear off:પતાવી દેવું;નીકાલ કરી નાખવો.

Piping,(પાઇપિંગ્) *a*.Making a hissing sound:ખખળતું;ફફળતું;સસડતું. P.*hot*:ઉનું; ઝસડતું.(*b*)સુવેહના ગીત. વાજું-નું.

Piper,(પાઈપર્)*n*. One who plays on a pipe:વાંસળી-મોરલી વગાડનાર. *To pay the* p.:ખરચ વેઠવું,જે માગ્યું થાય તે આપવું.

Pipkin, (પિપકિન્) *n*. (dimin of pipe) A small earthen boiler: ઉકાળવાનું માટીનું હાંલ્લું.

Piquancy,(પીકેન્સિ)*n*.The quality or state of being piquant: ઝાટકો.કડવાટ; ચણચણાટ; ઝમઝમાટ; તમતમાટ;ઝટાકો.

Piquant,(પીકેન્ટ્)*a*. (See Pick.) Sharp;tart; pungent: ઝાટકો લાગે એવું;ઝમઝમાટ;મરચાં લાગે એવું;તીખુ; તમતમું;ઝાટકો; મરચાં;માઠું લાગે એવું; ઝાંઝ ચઢે એવું;કડવું.

Pique,(પીક્) *n*. A cotton fabric, figured in the loom: સાળમાં વણાતાં ભાત પાડી હોય તેવું સુતરાઉ કાપડ.2.*A* feeling of hurt; stinging vexation;ઝાટકો;ચટકો;અમળાટ; કડવાશ;તીખાશ.3. Keenly felt desire:ઇચ્છા;હાલસા;ઉત્કંઠા; સ્પૃહા. *vt*. *To* offend; to excite to anger: માઠું-મરચાં લગાડવાં.2.To stimulate; to prick:-ને ચટકો લગાડવો;-નું માથું ફેરવવું.3.*To* pride or value:અભિમીન રાખવું-ધરાવવું;બેડસાઇ ઠોકવી; બડાઈ હાંકવી-બતાવવી.૦ *To* cause annoyance or irritation:માઠું લાગવું.

Piracy, (પાઇરસિ)*n*. The act or crime of a pirate:ચાંચીઆનું કામ-ધંધો.2. Robbery on the high seas:મરદરિયેવહાણ લુંટવાનો ગુન્હો.

Pirate,(પાઇરેટ્)*n*. [L. *pirata*; Gr. *peirao*.I try.] A robber on the high seas:ચાંચિયો;પૌલિદ 2. An armed ship or vessel which sails without a legal commission for the purpose of plundering other vessels on the high seas: વહાણ લુંટનારૂં ચાંચિયાનું વહાણ. 3. One who intrigues the law of copyright; રજા વગર બીજાનું બનાવેલું પુસ્તક છપાવનાર; બીજાના ગ્રંથ ઉપરથી ચોરી કરી ગ્રંથ બનાવનાર.*vi*. To play the pirate; ચાંચિયોનો ધંધો કર.*vt*. To publish,as books or writings without the permission of the author: બનાવનારની રજા સિવાય કોઇ પુસ્તક છપાવવું.

Piratical,(પાઇરેટિકલ્)*a*.Pertaining to a pirate:ચાંચિયાનું કામ કરનાર;ચાંચિયાનું.

Pirouette,(પિરૂએટ્) *n*. A wheeling about; the whirling about of a horse on the same ground: ઘોડાનું ગોળ ફરવું તે; મંડળ કાઢવો.

Piscator,(પિસ્કેટોર્) *n*.A fisherman;an angler:માછલાંપકડનાર; માછી.

Pisces,(પિસીઝ્)*n* [L *piscis*.a fish] The twelfth sign of the zodiac: બારમી રાશી;મીન.

Piscine,(પિસ્સાઇન્)*a* Of or pertaining to fishes:માછલીનું;માછલ્ય.

Pish,(પિશ્) *interj*. An exclamation of contempt:છટ; છીટ; છી.*vi*. To express contempt: ધિક્કાર બતાવવો;છેડ ધૂત કર.

Piss,(પિસ્)*vt*.To discharge urine: મેશાબ કરવો.*n*.Urine: પેશાબ;મૂત્ર.

Pistachio,(પિસ્ટેશિઓ)*n* [L *pistacium*.] The nut of the *Pistacia vera*:પસ્તુ;એક જાતનો મેવો;પીસ્તા.

Pistil,(પિસ્ટિલ્) *n*. [*L. pinso*; to pound.]The seed-bearing organ of a flower:ફુલનો ગર્ભવંતુ;કેસર.

Pistol,(પિસ્ટોલ્)*n*. The smallest firearm: પિસ્તોલ. *vi*. To shoot with a pistol:પિસ્તોલ મારવી.

Piston,(પિસ્ટોન્)*n* [*L. pinso*, I pound.]A sliding piece which either is moved by, or moves against fluid pressure;બંબા વિગેરે યંત્રોમાં પાણી ખેંચીને લેવા તથા હડસેલી બહાર કાઢવાને અંદરથી જે નક્કર ઘટ્ટો હોય છે તે;ડટ્ટો.

Pit,(પિટ્)*n* [L. *puteus*, a well.] *A* large cavity or hole in the ground:ખાડો 2.An abyss or gulf:ઊંડો-ખાડો.3.A pit fall: ખાડો-કાંદો. 4 A depression or hollow in the surface of the human body: ખાડો:ખાંચ;ઓભણ.5 That part of a theatre, on the floor of the house below the level of the stage and behind the orchestra નાટકશાળમાં ઉતરતા વર્ગના તમાસગીરોને સારૂ નીમેલી જગા. 6 An inclosed area into which game cock, dogs and other animals are brought to fight: અખાડો;ખાડો; સાટમારીની જગ્યા: અખાડ. 7. (*Fig*.) Hell: નરક (*b*) ઘોર કબર. *vt*. To place or put into a pit or hole: ખાડામાં મુકવું.2.To mark with little hollows:ખોભા પાડવા.

Pita-pat,(પિટ્અપટ્) *n*. *A* light, repeated sound: ધ્રીમો વારે વારે થતો અવાજ.*adv*.In a flutter: ધબકધબક.

Pitch,(પિચ્)*n*. [L. *pix*.] *A* thick black lustrous and sticky substance obtained by boiling down tar:(વહાણનો) તાર; એક જાતનો ગમ-ર.*vt*. To cover over: ઢાંકવું. 2. *To* blacken:કાળું કર. 3, *To* hurt;to toss:ફેંકવું; નાખવું. 4. *To* thrust or plant in the ground as stakes or poles;મારવો;ઠોકવો; બેસાડવું;જડવું.5. *To* set face,or pave with rubble or undressed stones: પથ્થર જડવા.6, *To* fix or set the tone of:સૂર બેસાડવો. . *To* set or fix as a price or value: કિમ્મત ઠરાવવી.*vi*. *To* fix or place a tent or temporary habitaion: તંબુ ઠોકવો.2. *To* light;to settle:ઠરવું;જપવું.3. *To* fix one's choice: પસંદ કર.4 *To* plunge or fall: ડુબવું.પડવું.*n*.*A* throw;a toss: નાખ; ફેંકવું તે; ખખ.ટ.2. *A* point or peak: શિખર;ટોચ;*Highest* p..ટોચ;શિખર. *Lowest* p.*of abject fortune*: પરિકમબખ્તિ.3.Height:ઉંચાઈ;કદ;ટોચ; શિખર.4. *A* descent;a fall: ઉતાર; પતન.5. *The* point where a declivity begins:ઢોળાવ-ઢાળ; ઉતાર. ૬. *The* distance from centre to centre of any two adjoaent teeth of gearing:બે દાંતા વચ્ચેનું છેટું-અંતર;ગાળો.

Pitcher, (પિચર્) *n*. One who pitches anything:કાંઈ ઠોકનાર. 2. *A* wind-mouthed,deep vessel

for holding liquids with a spont; નાળચાવાળો ઘડો; કરવડો:ચંબુ:કમંડી.

Pitch-fork,(પિચ્ફૉર્ક)*n* A fork or farming utensil used in pitching hay, sheaves of grain: પરોઠી;કાંટો;સુળ.*vt.*To pitch or throw with or as with.a pitch fork:પરોઠી મારવી; ઠોકી બેસાડવું.

Piteous,(પિટિઅસ્)*a* Pious; devout: દયાળુ. 2 Tender: compassionate: દયાળ; દયાવત-શીલ; કૃપાળુ; કરુણ;કરુણામય;કરુણાર્દ્ર દયાન્વિત; દયાસંપન્ન;દીન.3.Miserable sad: ગરીબ દુઃખનુ ,દયા કરુણા યોગ્ય. 4.Mean: pitiful:હલકો:ક્ષુદ્ર:ક્ષુદ્રાત્મા:કૃપણ.

Pith, (પિથ્)*n.* Marrow:મજ્જા; કરખી:ગર્ભ;ગર;મગજ;માવો;મેદ. 2.The spongy interior substance of a feather: પીંછાની અંદરનો પદાર્થ; ગર.3 Force, vigor; importance: બળ;શક્તિ;સાર:સારાંશ;રસ;તત્વ;તત્વાર્થ;તત્વમાલ:તેજ જીવ:દમ:રસ; ઉત્સાહ.

Pithless,(પિથ્લેસ્)*a.* Destitute of pith, or strength:feeble:સત્વસાર રહિત;નિર્બલ્ય;નિઃસત્વ;અસાર; નિર્જીવ;નિસ્તેજ; પોકળ; રસ-કસ વિનાનુ.

Pith ,(પિથિ)*a.* Consisting wholly or in part of pith:કરદાર,સત્વપૂર્ણ;ગર્ભવાળુ;થોડામાં ઘણો અર્થ રહ્યો હોય એવું; મર્મવાળુ (*pers.*) થોડામા ઘણું કહેનાર. 2. Forceful; cogent: જીવદાર;સસત્વ;રસ ભરેલું; સપ્રભાવ; તેજસ્વી; કસદાર.

Pitiable,(પિટિઅબલ્)*a.*Miserable; lamentable:દયાપાત્ર;દુઃખી; દયાયોગ્ય; કરુણાયોગ્ય-દયાભાજન;કરુણ;દીન.

Pitiful,(પિટિફુલ્)*a* Full of pity: tender-hearted:કૃપાળુ;દયાળુ, દયાવાન;દયાવત;દયાશીલ દયામય; સદય; કરુણ; કારુણિક;કરુણામય; દીન. 2.Piteous: દયાયોગ્ય; દયાપાત્ર; દયામણું. 3. Miserable;paltry: હલકું;ક્ષુદ્ર;ક્ષુદ્રક.

Pitiless, (પિટિલેસ્)*a.* Destitute of pity;hard-hearted:નિર્દય; દયાશૂન્ય;ક્રૂર;દયારહિત; નિષ્ઠુર; કઠોર

Pittance,(પિટ્ંસ્)*n* [L. *pitantia* food in general.] An allowance of food bestowed in charity:ભાથુ;ભથ્થુ; કકડો રોટલો; સિદુ; શેર સિધુ;કકડો રોટલો.2.A meagre portion,quantity or allowance: an inconsiderable salary or compensation:નાનો હલકો પગાર-મહેનતાણું, અલ્પાંશ. 3. A charity gift: દાન;ખેરાત.P.*of learning:*અલ્પવિદ્યા.

Pituite,(પિટ્યૂઆઇટ્)*n.*[L *pituita*, phlegm:]Mucus; phlegm: બળગમ; કફ; બળખો; ગળફો.

Pi y,(પિટિ) *n* [L. *pietas*, piety.] Piety: ભક્તિ;શુદ્ધતા 2 Fellow-feeling:compassion; commiseration: દયા;કરુણા:અનુકંપા:કૃપા;રહેમ:લાગણી 3 A thing to be regretted:અફસોસની વાત:દયાનુંકારણ: દુઃખહેતુ *vt* To feel pity:દયા લાવવી;દયાળુ થવું 2. To move to pity દયા આણવી *vi.*To show pity:દયા બતાવવી

Pivot, (પિવૉટ્) *n.* [L *pilus*, a stake.]A fixed pin or short axis, on the end of which a wheel or other body turns:ખીલી; ધરી; કાંટો; *ભર* 2. The end of a shaft or arbor which rests and turns in a support: સાલ.3 A turning point or condition: આધાર; મુખ્ય વિષય.P.*of a handmill:* ખીલ;ખીલડો. P. *of a watch* સાલ.

Placable,(પ્લૅકબલ્)*a* [L. *placo*,I quiet.] Ready or willing to be pacified.willing to forgive: જેનો રોષ-ગુસ્સો એવું: વશક; શાંતનીય, ક્ષમાપની.આરાધનીય સુખારાધ્ય; વળકણ; આરાધ્ય.

Placard,(પ્લૅકાર્ડ્) *n.* [Gr. *plax*, *plakes*,anything flat & broad] A public proclamation: જાહેર ખબર 2 A license:જાહેરનામું;પરવાનગી,મંજુરી.3 A poster:લખેલો અગર છાપેલો ખબરપત્ર. *vt.* To post placards upon or within: જાહેર ખબર ચોટવી. 2. To announce by placards:જાહેર ખબરથી ઢંઢેરો પીટાવવો

Place,(પ્લેસ્)*n* [L.*platea*,a street] Any portion of space; site ground;spot:ચોક;ચોમાન.2. An open space: મેદાન; ચોગાન, પાધર. 3. A dwelling; a mansion; a village, town or city:સ્થળ; દેરા,ઘર; મકાન; ડામ;ઠેકાણું;ગામ,કસબો;જગા; જગો;રાહેર;સ્થાન.4 (*a*)Rank;degree:જગો; પદ;દરજ્જો;પાયરી.(*b*)Social rank or position: પંક્તિ; સ્થિતિ; પાયરી.(*c*) Official station; occupation; calling: પદવી; અધિકાર જગો; ધંધો; પેશા.5. Vacated space;room: જગો;ઠેકાણું ;અદલો.6.Position in the heavens as of a heavenly body: સ્થિતિ;સ્થાન.7.Stead: જગો; ઠેકાણું . *In* p timely: વખતસર; સવળા. *In one's place:*કોઇની જગોએ;કોઇને બદલે *In the first* p : પહેલું એક. *In the second place:* બીજુ એક. *Out of place:* કવેળાનુ ;અયોગ્ય; કજગ્યાનું. *Out of* p., inappropriate: અનુચિત; કવેળા; અપ્રસ્તુત. *To give* p., to yield:ને જગો આપવી; ખશીજવું ને તાબે વશ-આધીન થવું *To take* p., (*a*)to occur બન વું;થવું (*b*)To take precedence: બદલે આવવું-થવું. *To take the* p *of*, to be substituted for:-ને બદલે આવવું P.*of residence:* નિવાસ સ્થાન.*vt* To assign a place to:ને આપવું. 2. To put or set in a particular rank,office or position.: મુકવું નામવું:નિમવું સ્થાપવું 3. To invest:to loan: રોકવું મુકવું 4 To set:to fix:નક્કી કરવું મુકવું 5. To attribute; to ascribe: લગાડવું;-ને લાગુ પાડવું.

Placeman,(પ્લેસમૅન)*n* One who holds or occupies a place:પરગારી કામદાર-અધિકારી-અમલદાર:હોદ્દેદાર.

Placid,(પ્લૅસિડ્)*a* [L. *placeo*, I please] Pleased; contented શાંત; સૌમ્ય; સંતુષ્ટ વિનયી- પ્રસન્ન: અવ્યગ્ર.

Placidity (પ્લૅસિડિટિ)*n.*The quality or state of being placid: સંતોષીપણુ : શાંતતા; સૌમ્યતા; શાંતિ; ક્રોધાભાવ: અવ્યગ્રતા અક્ષોભ.

Plagiarise,(પ્લેજિઅરાઇઝ્) *vt* To steal or purloin from the writings of another: લખાણ કે ભાષણ ચોરી લેવી:કાવ્યચોરી કરવી.*vi.*To commit plagiarism લખાણની ચોરી કરવી.

Plagiarist-ry,(પ્લેજિઅરિસ્ટ્-રિ *n.* [L.*plaga*, a snare.]One who plagiarizes or purloins the words, the writings or ideas of another & passes them off as his own: બીજાના લખાણમાંથી ઉતારોકરીલઇ પોતાનાલખાણ તરીકેખપાવનાર;કાવ્યચોર; શબ્દચોર; લખાણ-લેખભારત ચોર.

Plague,(પ્લેગ)*n.*[L *plaga*,a blow. A blow:a calamity: અરિષ્ટ અનર્થ; પીડા; વ્યાધિ; બલા:ઉપાધિ;કંટક;કાંટો; બખેડા; આફત;નજર;કોર;જબરી; ખેત; સાલ;સંતાપ;માઠાપીડા;શૂળ; ઉપદ્રવ.2. An acute malignant contagious fever: મરકી; મહામારી.*vt.* To infect or afflict with disease: ઉપર નજર નાખવી;મરકીથી પીડવું.2. To vex:to tease: દુઃખ દેવું;ચીડવવું; સંતાપમા નાખવું,સંતાપવું;ઇજા-ઉપદ્રવ કરવો;તસ્દી આપવી;માથાફોડ કરવી.*To be* p.: જંજાળમા પડવું, માથાફોડ કરવી.

Plaid, (પ્લૅડ્) *n.* [L *pellis*, a skin] A rectangular garment: ઉનનો પચરંગી પાઘડા-દુપટ્ટો; પિછોડી.

Plain,(પ્લેન્) *vi* [L. *planus*, flat.] To lament:શોક કરવો *vt.* To lament; to mourn over: શોક-દિલગીરી કરવી; બળાપો કાઢવો *a.*Flat level,smooth:સમ; સમતળ;સપાટ;સરસ.2.Open,equal; clear;ખુલ્લું;ઉઘાડું ;સાફ;સમજાય તેવું;

પ્રકટ;પ્રસિદ્ધ;પ્રત્યક્ષ.3.Evident,manifest;unmistakable:સુબોધ:અગૂઢ;ઉઘાડું:ખુલ્લું:સ્પષ્ટ.4(*a*)Void of extraneous beauty or ornament;not rich:simple: સાદું: અનલંકૃત; અમૂષિત;નિરલંકાર;નિર્ભૂષણ.(*b*) Simple; natural: સાદું: ભોળું;સિધું;સાધારણ; સામાન્ય.(*c*)Candid: artless: સરલ; નિષ્કપટ;કપટ-માયાહીન; અકૃત્રિમ. (*d*) void of beauty:કૂટકું નહિએવું; સાધારણ રૂપનું.5Frank, open: ખુલ્લું; સાફદીલ; નિખાલસ; સ્પષ્ટવક્તા. *adv.* In a plain manner: સ્પષ્ટ રીતે.*n.* Level land:મેદાન. 2 A field or battle:રણ; રણભૂમિ. *vt.* To plane or level:સ્પષ્ટ-સરખું કરવું.2 To explain: ખોખ્યું કરવું; સમજાવવું.

Plain-dealing. (પ્લેન્-ડીલિંગ) *a.* Artless; સિધું-ભલું;નિખાલસ, સાધુ *n.* artlessness:સુધાઈ; ભલમનસાઇ; નિખાલસપણું.

Plain-hearted. (પ્લેન્-હાર્ટેડ) *a.* Frank;sincere: ખરાદીલ-અંતઃકરણનું: ભોળું નિખાલસ; નિષ્કપટ.

Plain-spoken, (પ્લેન્-સ્પોકન્) *a.* Spoken with plain unreserved sincerity: સાફ;ખુલ્લું ;સ્પષ્ટ: કોઇનું મોં રાખીને વાત નહિ કરનારું.

Plaint,(પ્લેન્ટ)[L.*plango*, I beat] Lamentation, complaint: રોવું. દુઃખ રોવું તે,ફરિયાદ.2. An accusation, protest or account of an injury: ફરિયાદી;અરજી;દાવા અરજી.

Plaintiff, (પ્લેન્ટિફ) *n.* One who commences a personal action or suit to obtain a remedy for an injury to his rights:ફરિયાદી;વાદી

Plaintive,(પ્લેન્ટિવ) *a.* Repining, complaining: ફરિયાદી કરતું. 2 Mournful; sad:શોકાતુર;ઉદાસી.

Plait,(પ્લૅટ) *n.* [L.*pleo*, I fold.] A flat fold: પાટલી;ચપૂ; ચીણ;કરી 2.A braid:વેણી;નિશી.*vt.* To fold, to plat: કરી કરવી; પાટલી વાળવી; ની સાંકડી ગડી વાળવી. 2. To braid, to plat: ગૂંથવું.

Plan, (પ્લૅન્)*n.*[*L.planus*, flat,] A draught or form: નમુનો;નકશો;ભોંઆલેખન;ચિત્રલેખન. 2. A scheme devised, a project: રચના; યુક્તિ; તદબીર;પ્રયોગ; કલ્પના; વ્યવસ્થા;ઘાટ; ગોઠવણ;યોજના. 3.A method, a custom:ઘાટ;રીત;પ્રકાર.*vt.* To devise; યુક્તિ રચવા-ગોઠવણ કરવી.

Plane,(પ્લેન્)*a.* [*L.planus*,plain.] Even;level: સપાટ; સમાન, સરખું; સમત ,*n.*A p. *angle*:સમતલ કોણ. **P.*geometry***:સમતળભૂમિતી.*A surface real or imaginary in which, if any two points are taken, the straight line which joins them lies wholly in that surface:* સમતલ: ચિત્રતલ.2. An ideal surface:કલ્પનિક સપાટી-ભૂમિકા 3. A tool for smoothing boards or other surfaces of wood,for forming moldings,&c: રંધો; રંદો. *vt.* To make smooth,to level:સરખું-સપાટ-સમાન કરવું; રંદો મારવો. 2.To efface or remove:કાઢી નાંખવું;સાફ કરવું; સરળ-અદૃશ્ય કરવું.

Planet,(પ્લૅનેટ્)*n.* [Gr *planao*, I wander.]A celestial body which revolves about the sun in an orbit of moderate degree of eccentricity:ગ્રહ.ખેચર.*An auspicious or good* p.: શુભગ્રહ; સુગ્રહ; સૌમ્યગ્રહ. *An inauspicious or bad* p.:કુગ્રહ; પાપગ્રહ; નડતરગ્રહ. *Propitiation of the* ps: ગ્રહ શાંતિ.2.A star,as influencing the fate of men: માણસના નશીબનો ગ્રહભાવ: તારો.

Planetary,(પ્લૅનેટરિ)*a.* Pertaining to the planets:ગ્રહ સંબંધીનું,ગ્રહનું; ગ્રહવિષયક; ગ્રહમય. 2. Consisting of planets: ગ્રહનું .3. Under the dominion or influence of a planet: ગ્રહની સત્તાનું. 4 Caused by planets: ગ્રહથી થએલું. 5. Erratic; revolving: ફરતું. P.*conjunction*: સંગમ.P.*malignity*:સંક્રાંત;સંક્રાંતિ. P.*influence*:ગ્રહભાવ.P.*days*. વાર.

Plank,(પ્લૅન્ક્) *n.* [L. *planca*, Gr. *plax*, any thing flat & broad.] A broad piece of sawed timber: પાટિયું; તક્તપોશી. 2. That which supports or upholds:આધાર; આશ્રય; સાધન. 3. One of the separate articles in a declaration of the principles of a party or cause:અંગ;અવયવ; ટોળી-પક્ષના નામનું એ, ચોરસ-અંગ. *vt.* To cover or lay with planks:પાટિયા જડવા., તક્તપોશી-તક્તેબંધી કરવી. 2. To lay down,as on a plan: પાટિયું કરવા મુકવું-ચરી દેવું.

Plant, (પ્લૅન્ટ્)*n* [L. *planta*, a sprout.]A vegetable:રોપો;ઝાડવો; ઝાડ;ઔષધિ;વનસ્પતિ; લતા; વૃ.ઢ.(*a*) A bush or young tree: ઝાડવું; રોપો.(*b*)A stick or staff:દાંડો;દંડો; લાકડી;થડ.3.The sole of foot:પગનું તળિયું. 4.A plan;an artifice:યુક્તિ; ઘાટ; રચના ગોઠવણ. 5 Tools or materials of any trade or business: ધંધારોજગારનાં ઓજાર તથા સામાન વિગેરે. *vt.* To put in the ground and cover as seed for growth: વાવવું; રોપવું. 2 To set in the ground for growth: રોપવું.3 To generate:-નું મૂળ નાંખવું; નું બીજ રોપવું.4.To settle: to establish: વસાવવું; સ્થાપવું. 5. To introduce and establish the principles or seeds of: સ્થાપવું; પ્રવર્તાવવું. 6. To set firmly: મજબૂત ઠોકવું;રોપવું માંડવું. *vi.* To perform the act of planting:રોપવું.

Plantain. (પ્લૅનટેન્) *n* A tree-like perennial herb of tropical regions:કેળ; કદળી.2. The fruit of this plant: કેળું બનાના.

Plantation (પ્લૅન્ટેશન)*n.*[L.*planto* to set.] The act or practice of planting:વાવણી;રોપણી; વાવેતર.2. The place planted:વાડી; બાગ;વાવેતર;વાટિકા; ઉપવન.2.An original settlement in a new country; colony: નવું સંસ્થાન; થાણું.

Planter. (પ્લૅન્ટર) *n.* One who plants: વાવનાર; રોપનાર; વસાવનાર. 2.One who owns or cultivates: વાડીનો ધણી-માલિક; ફેરાક વતનદાર.

Plash, (પ્લૅશ્) *n.* A small pool of standing water; ખાબોચિયું;ખાબડું;ડેબર.2.A dash of water.આસ્ફાલન;જળછંટકારો;છબછબાટ.*vt.*To dabble water: પાણીમાં છબછબ કરવું. *vt.* To splash,as water: પાણી ઉછાળવું.2. To sprinkle with coloring matter:રંગ છાંટવો. 3. To cut partly, or to bend and intertwine the branches of:ની શાખાઓ કાપી નાંખવી; છાંટવી.

Plasm,(પ્લૅઝમ્) *n.* [L. *plasma*, anything formed or molded.] Mold in which anything is cast:ધાતુની ઢાળવો પાડવાનું બીબું.

Plaster,(પ્લૅસ્ટ્ર)*n.*[*Gr,en,&plasso* to form.] An external application prepared for use by spreading it on linen, leather, silk or other material: મલમ; લેપ.2. A composition of lime, water and sand used for coating walls સલ્લો;મુલમો;કેલ;પ્લાસ્ટર;સાજીખાર.*Ap*:ગો;પટ્ટો;આરબી.3. Calcined gypsum or plaster of Paris: પાટો બાંધવા માટે અથવા કાચની સાથે ધાતુ સાધવાના કામમા વપરાતો સફેદ ભૂકો-ચૂર્ણ.*vt.*To cover with a plaster; પટ્ટા મારવી; આરબી મારવી. 2. To overlay with plaster:સલ્લો દેવો;

પલાસ્તર ક૦. 3, To smooth over: ને આગળી-પટ્ટી મારવી-મુકવી.

Plastic,(પ્લૅસ્ટિક્) *a.* [L. *plasticus*] Having the power to give form or fashion to a mass of matter: નવા નવા ઘાટો બનાવી શકે એવું; આકારદ;કલ્પક;રૂપ દેનારૂં.2. Capable of being molded or formed as clay: ઘાટ બનાવા લાયક; નમ્ય; વાળી શકાય એવું.

Plat,(પ્લૅટ્) *vt.*[Gr. *platys*, broad.] To braid; to plait: ગુંથવું; વણવું કહી-ઘડી પાડવી-વાળવી.2. To layout in plaits:-ના કકડા ક૦. *n* Work done by platting:કહી; ઘડી; વેણી. 4.A small piece of grouud:જમીનનો કકડો-ટુકડો; ક્ષેતો.3. The flat or broad side of a sword: તરવારની પહોળી બાજુ.4 A design;a map; a plan: નકશો; ચિત્ર; આલેખન. *a.* Plain;flat:સરખું;સપાટ.

Plate,(પ્લેટ્) *n* (See, Plat.)A flat piece of metal:પહોળુ ચપટ્ટ પતરૂં. 2.Metallic armor composed of broad pieces: પતરાનું બખતર. 3. Domestic vessels and utensils wrought in gold or silver:સોનારૂપાના વાસણ-રકેબી વિગેરે 4 A small shallow and usually circular vessel of metal or wood, or of earth:વિલાયતીયાળી; રકાબી;પાત્ર; તટ;ભોજનપાત્ર; તાટલી; ચીનાઇ રકાબી; 5 A piece ot silver money: રૂપાનાણું.6. (*a*)Apiece of metal on which anything is engraved for the purpose of being printed:છાપ;ચિત્ર;છાપો;લેખ.(*b*)An impression from the engraved metal:છાપ; ચિત્ર.7.A horizontal timber: ભોભ. 8. A prize given to the winner in a contest: ઈનામ.*vt* To cover with gold:-નો ઢોળ ચઢાવવો;-થી મઢવું.2 To adorn with plates of metal: ઓપદાર પતરૂં જડી સુશોભિત ક૦; પતરૂં મઢવું; સાંધવું.3. To cover with plates of metal: બખતર પહેરાવવું. 4. To beat into thin, flat pieces; પાતળા પહોળા પતરા ઘડવા; ટીપીટીપીને પતરાં કે વરખ બનાવવા. 5To calender:ઘુંટીને સફાઈ-ચલેહ-ચળકાટઆણવો.

Plateau,(પ્લૅટો)*n.*A flat surface; a table-land:ઉંચાણ પ્રદેશ; ઉચ્ચસમભૂદેશ;ઉચ્ચદેશ.2 An ornamental dish for the table:ચિત્રવાળી રકાબી.

Platform,(પ્લૅટ્-ફૉર્મ્) *n.* A plat;a plan:સપાટી ઉપર કાઢેલો નકશો; સમતલ ચિત્ર.2 A place laid out after a model:નમુના પ્રમાણે બનાવેલી જગો.3.A landing;a dais;a standing place:ચોરો;ચોતરો;પ્લેટફૉર્મ;મંડપ;વેદી;લાકડાનો ઉંચો બાજઠ;પરસાર; ઓટલો.4.A declared policy or system:યોજના;વેત;ધાર.5.The aggregate of principles avowed by a party:કોઇ પક્ષના મતનો સમૂહ; ધોરણ સમસ્ત; ધોરણ. *vt.* To place on a platform: પાટિયાં જડેલી જમીન ઉપર મુકવું.2.To form a plan of:યોજના કરવી-ઘડવી-ઉઠાવવી.

Platina,platinum(પ્લૅટિનૅ-પ્લૅટિનમ્)*n.*A kind of metal like silver:રૂપાના જેવી એક ધાતુ;નવિન ધાતુ.

Platonic,(પ્લૅટૉનિક્) *a.* [L. *platonicus.*]Pertaining to plato, or his philosophy, school or opinion: પ્લેટોનું-નામત-શાખાનું-વિષયક. 2.Pure;nonsexual: વિષયભાવરહિત;નિષ્કામ;નિર્વિકાર;શુદ્ધ; પાક;નેક. P. *love*:વિષયભાવ રહિત;સ્ત્રી પુરૂષની અન્યોન્ય કેવળ શુધ્ધસત્વપ્રીતિ;નિર્વિકારનિસ્કામપ્રેમ.*n.*A follower of Plato: પ્લેટોના મત પ્રમાણે ચાલનાર; પ્લેટોનો અનુયાયી.

Platonism,(પ્લૅટૉનિઝમ્) *n* The plilosophic opinions of Plato: પ્લેટોનો મત-જ્ઞાનમાળા.

Pltonist(પ્લૅટૉનિસ્ટ્)*n.*A follower of Plato: પ્લેટોનો મત માનનાર;પ્લેટો મતશ્રયી.

Platoon,(પ્લૅટૂન્)*n* A number of recruits assembled for exercise: શિખાઉ નવા સિપાહીઓનું ટોળું. 2. A small number of soldiers in a hollow square to strengthen the angles of a longer formation:એ લાંબા માપ એટલા લશ્કરી સિપાહીઓની ટુકડી,પલ્ટન.

Platter,(પ્લૅટર્)*n.*One who plats or braids: વણનાર;કહી કરનાર.૩ A large plate or shallow dish:મોટી ચિનાઈ રકાબી;કથરોટ;પાત્ર;થાળી;પરાત.

Plaudit,(પ્લૉડિટ્)*n.*[L. *plaudo*, I praise.]A mark or expression of applause:શાબાશી;વખાણ; વાહવા પ્રશંસા;ધન્યવાદ;જયધ્વાય.

Plausibility, (પ્લૉઝ-બિલિટિ) *n.* An appearance of being right or worthy ot approval: ઉપરથી ખરૂં લાગે અવું હોવું તે;સત્યાભાસ.

Plausibl,(પ્લૉઝબલ્)*a.*[L *plaudo*, I applaud] Praise worthy; ready:વખાણવા લાયક;સ્તુત્ય; પ્રશંસનીય.2 Specious;apparently right સાભળતા ખરૂં લાગે એવું પ્રમાણાભાસાત્મક;સત્ય ભાષાભાસ ખરૂં; વાજબીવિક ક૦.

3. *Using* specious arguments or discourse: ડાહ્યો; હુંશીઆર; ચાલાક; વાચાળ; ડાહી ડાહી વાતો કરનાર; સત્યભાસભાષી.

Play,(પ્લે)*vi.*To frolic, to sport; રમવું;ખેલવું; ગમત ક૦; ક્રીડા-લીલા ક૦. 2.To trifle,to be careless:અવિચાર-ઉદ્ધતાઈથી વર્ત્તવું;બેદરકારી રાખવી કંઇ ગળવવા કરવાના વિચાર ન ક૦. 3 To take part in a game, to gamble:રમવું;દાવ ખેલવો-રમવો; જુગટું રમવું.4 To perform on an instrument of music: વગાડવું; બજાવવું. 5.To act, to behave:ચાલવું;વર્તવું.6.To move in any manner: રમી-નાચી-કુદીરહેવું;વહેવું;ગતિ ક૦; ચાલવું;ફરવું;ધુમવું.7.To move gayly: ખુશીથી ફરવું.8.To act on the stage વેશ લેવો-લઇને રમવું; વેશધારી થવું-હોવું.૯. (*Meech.*)To operate:ચાલવું; ફરવું;ધમવું; ધુમવું; પોતાનું કામ-વ્યાપાર ક૦. ચલાવવો. *To play into another's hand;* બીજા નચાવે તેમ નાચવું;કોઈનુ રકમડું થવું.*To* p. *upon words;* શબ્દ વિનોદ ક૦; દ્વિઅર્થી બોલવું.*To* p. *off*, to affect, to feign: ઢોંગ ક૦;છળ પ્રપંચ રમવો.*To* p.*upon* (*a*) to deceive: છેતરવું; ભુલવવું;-ને ભ્રમમાં નાંખવું..(*b*)To use in a droll manner: રમુજ ક૦; શબ્દ વિનોદ ક૦. *To* p.*false:* ઢગો દેવો;-ની સાથે ઢગો રમવો; પ્રપંચ ખેલવો.*vt.* To put in action or motion: ચલાવવું;ભરી૬૦; ચલાવી-ધમાવી-ધુમાવી મુકવુ. 2. To perform music upon: વાવું;વ ગાડવું બજાવવું.3. To perform as a piece of music on an instrument: વગાડવું. 4. બનાવવું; બજાવવું; વાપરવું; કામે લગાડવુ ;ભેડાવવું;નચાવી મુકવું.5. (*a*)To act or perform:કરવુ ;ખેલવું; ભજવવું વેશ ભજવવો.(*b*)To behave like: ની માફક વર્તવું;-ની ચાલ ચલાવવી;-નીગત ક૦.રમવી;થવુ ;બનવુ 6. To engage in or go through with as a contest for amusement: રમત ખેલ ક૦. 7. To keep in play: રમાડવું.*To* p. *off*, to display; to show:બતાવવુ ;જણાવવુ ;વાપરવુ ;કરી બતાવવું.*To* p.*one's cards*, to contrive: યુક્તક૦;-ના ઉપાયો યોજવા.*n.* Amusement,sport, frolic; gambols, કીડા; ભોજ; વિલા; વિલાસ; વિનોદ;રમત;ખેલ;ગેલ;તાન.2.A game ખેલ. 3. The act or practice of contending for victory: અક્ષક્રીડાદ્યુત;જુગટું ;4.Action; use; exercise practice: વ્યાપાર.વ્યવહાર;

કૃતિ;ક્રિયાચેષ્ટિત: વૃત્તિ; આચરણ; રીત; ચાલ 5 A dramatic composition: નાટક. 6. The representation of a comedy: દેખાવ; નાટકપ્રયોગ; ખેલ; 7. (*a*)Movement, motion:ગતિ;ચલન;સરણ.(*b*)Room for motion:અવકાશ; છૂટ; અવસર. 8. Liberty of acting, scope: કંઇ કરવાની છૂટ-રસ્તો-લાગ;છૂટી દોરી;મોકળાશ.P.*actor* નાટકનું પાત્ર.P.*debt*: ઋણકારનું દેવું .*A p. upon word*: શબ્દ વિનાદ;વાક્યચાતુરી.*To bring into* p: વાપરવું ; નો ઉપયોગ કર.*To hold in* p. to keep occupied:રોકાયેલા રાખવું ;વપરાશ ન રહેવા દેવું ; કામમા ન કાઢવાં રાખવું . *Fair* p. justice;equity. ન્યાય;ઇનસાફ;બહુધા વાજબી રીત, બહેવારની રીતથી ચાલવું તે;બહેવારની રીત;બહેવાર; વાજબી કરણી *Foul p.*.અન્યાય,અધર્મ;પાપાચરણ,ગેરવર્તન;ઇનાફ;ઉંધા;ગેરવાજબી રીત ચાલવું તે.

Player,(પ્લેઅર) *n.*One who plays: રમનાર.2.One who plays at any game:રમનાર; બાજી. 3.A dramatic actor: નટ;નટી;પાત્ર. 4.One who plays on an instrument: બજાવનાર.5.A gambler જુગારી.

Play fellow,(પ્લેફેલ્લો)*n.*A companion in amusements or sports સાથેરમનાર;સાથી,સંગાતી,મીત્ર,ગોઠીઓ.

Playful,(પ્લેફુલ)*a.* Sportive; frolicsome,humorous, merry: બહાદી, રમતિયાળ,ખિલાડુ,વિનોદી; કોડાસક્ત, મોજી,રમતિયાળ,લહરી,તુરંગી,રમુજી,ઠોળી.

Playfulness, (પ્લેફુલનસ) *n.* The state of being playful: રમતિયાળપણું,કોડા-બાજી, કોડાસક્તિ.

Play-house,(પ્લે-હાઉસ)*n.*A building used for dramatic exhibition:નાટકશાળા-ગૃહ. 2. A house for children to play in: બાળકોને રમવાનું ઘર, પુતળાશાળા.

Plea,(પ્લી)*n.*[L. *placeo*, I please That which is alleged by a party in support of its cause જવાબ,રદીઓ; ઉત્તરવાદ, ઉત્તર. 2 A cause in court. મુકિદમો. 3. That which is alleged or pleaded હકીકત, તકરાર, સમય, કારણ બહાનું 4 *A false* ખોટું બહાનું. An urgent prayer: કાલાવાલા; અરજ.

Plead, (પ્લીડ)*vt.*[L. *lacium*, an opinion]To argue in support of a claim: લડવું ; દાવોરવો ખરો પક્ષકારીને.બોલવું .2 To present an answer,by allegation of fact to the declaration of a plaintiff હકીકતવાર જવાબ કરવો. *vt.* To argue at the bar: વકીલાત કરવી; વકીલ થઇને બોલવું-લડવું. 2. To answer to an indictment: જવાબમાં કહેવું બતાવવું.3. To offer in excuse:નું કારણ-સબબ બતાવવો; નિમિત્ત-બહાનું બતાવવું.

Pleader, (પ્લીડર) *n.* One who pleads; anadvocate: પક્ષ કરનાર, 2. One who draws up or forms pleas:વકીલ;ઉત્તરવાદી;મુખ્તયાર.

Pleadings, (પ્લીડિંગ્સ) *n.* The mutual pleas and replies of the plaintiff and defendant: પક્ષકારોની તકરાર;ઉત્તરવાદ;હેતુવાદ.

Pleasant, (પ્લેઝંન્ટ) *a.* Pleasing, agreeable:ખુશ લાગેએવું: આનંદકારી; સુખાવહ;સુખપદ;સુખકર;રમ્ય;રમણીય; મનોહર.2 Cheerful; gay: દિલ ખુશ; થઈ જાય એવું; આનંદી;રમુજી;ખુશ મિજાજી;હસોલા.P.*to the taste*: સ્વાદ. *n.*A wit,a buffoon: મશ્કરો,ટોળી; રમકડો;વિદુષક.

Pleasantly,(પ્લેઝંન્ટલિ)*adv.* In a pleasant manner: સંતોષ-આનંદથી; મનરંજન થાય તેવી રીતે;ખુશ રહ્યા-આનંદ પૂર્વક.

Pleasantry,(પ્લેઝંન્ટ્રિ) *n* Cheerfulness; gayety; merriment; a jocose remark: રમુજ;મજાક;ઠીકળ; મશ્કરી;ટોળ;ઠઠ્ઠોબાજી;હાસ્યવિનોદ;વિનોદવાક્ય;તમ્ર ભાષણ.

Please,(પ્લીઝ)*vt.*[L.*placo*,I please.] To gratify. to content; to satisfy: સુખ આનંદ-સંતોષ-હર્ષ આપવા-કરવું; સંતોષવું; મન-ચિત્ત ખુશ કરવું; તોષવું; રિઝવું; રંજન કરવું;-થી આનંદ પામવા; સારૂ લાગવું; સમાધાન-સંતોષ કરવું,તૃપ્ત કરવું,થી તૃપ્ત થવું;ને રૂચવું-પસંદ પડવું-ગમવું; ખુશી કરવું;ખુશ થવું. 2. To have pleasure in; to choose;to wish;to desire;to will: મરજીમાં આવવું; પસંદ પડવું;ગમવું;-ને રૂચવું;ખરૂ લાગવું.3 To seem good to:-ને ઠીક લાગવું-રૂચવું; જી ધ્યાન-નિધા-મરજીમા આવવું.*To* p.*the palate*: સ્વાદમા સારૂ લગાડવું;ગમવું;સ્વાદવાનું.*vi.* To afford pleasure; ખુશી લાવી; ચાહવું; નમ. મરજીમા આવવું; ગમવું 2. To have pleasure, to condescend; મહેરબાની-કૃપા કરવી.

Pleasing, (પ્લીઝિંગ) *a.* Giving pleasure;agreeable. ખુશ લાગે એવું; સુખાવહ,રૂચકર;મનોરંજક; સુખપ્રદ; સુખકર;સંતોષપ્રદ,હર્ષપ્રદ; રૂચકર,પ્રિય, રમ્ય;રમણીયું,મનોહર.P.*to the palate*:સુસ્વાદ,રૂચિકર.

Pleasurable,(પ્લેઝ્યૂરબલ્)*a.*Able to give pleasure;delightful,gratifying:મજા લાગે પડે એવું; દિલ ખુશ થાય એવું.

Pleasure,(પ્લેઝ્યૂર)*n.* Agreeable sensation or emotion: ખુશી;આનંદ;સંતોષ;મજા;સુખ;હર્ષ;મોજ; ખુશાલી;તુષ્ટિ; ઉલ્લાસ, પ્રીતિ; પ્રમોદ.રમત,2(*a*) Amusement,sport: રમત, ગમત;ક્રીડા;રમુજ.(*b*)Sensual gratification: વિષય ભોગ;વિલાસ,ઐશારામ; વિષયાનુરાગ;ચેન;ચેનબાજી;ઇશકબાજી.3.Will; choice,wish: મરજી;રૂચિ; અભિલાષ, છંદ, મનોરથ; ઇચ્છા, ખુશી. 4 That which pleases,favor:કૃપા;મહેરબાની;અનુગ્રહ.*At.*p ,સ્વેચ્છાનુસાર; મરજી મુજબ;ખુશા હોય ત રીતે-વખતે.*vt.*To give or afford pleasure to:ખુશી કરવું;આનંદ પમાડવો.

Plebeian,(પ્લેબીઅન્)*a.*[L.*plebis*, the common people] Pertaining to the common people: મધ્યમ-હલકી વર્ગના લોકનું; અનાર્ય,અકુલીન. *n.*One of the common people: મધ્યમ હલકાવર્ગનું માણસ. *Roman* p.:રોમન અનાર્યો.

Pledge,(પ્લેજ) *n.* [D. *proebeo*, I profter.] (*a*) The transfer of possession of personal property from a debtor to a creditor as security for a debtor engagement. ગીરો. (*b*) The contract created between the debtor & the creditor by a thing being so deposited. ગીરાકરાર; ધરણાબા સંબંધ.(*c*) A pawn: ધરણ-ગીરા-ગીરવે મુકવા જ ગમ મિલ્કત;ગીરામાલ; લાન મિલ્કત 2. A bail; a surety: હાજમાન;જમાન.3 A hypothecration without transfer: લાગ.4.A guarantee: બાતરી; પતીજ; ભરોસો. પ્રતીતિ;હકડપ.. 5*Promise* or agreement by which one binds one's self to do, or to refrain from doing something: વચન;પ્રતિજ્ઞા;પણ. 6 A toast,a health:આરોગ્યાવહ;સલામતી.બીજાનું નામલેઇ;(દારૂ) પીવા માં દારૂ લાસ્ત;તેવારાતે દારૂ પીવા તે *To take a* p.: આભવચન આપવું; કોલ આપવો.*To put in* p.: જમાનહાજમાન તરીકે રાખવું *To put in* p,:ધરણ ગીરા મુકવું.*vt.* To deposit in pledge: ધરણ મુકવું.2.To guarantee;to engage.--ની બાતરી કરી આપવી;-નુ વચન પાળવું.3.To secure performance of,by a pledge:પ્રતિજ્ઞા કોલ વચન આપવું,પણ લેવું 4.*To* bind by promise: વચનથી બાંધવું.

Pledget,(પ્લેજ્ઇટ)*n.*A pad of lint cotton &c.as for a wound sore

ઠેર:ઝુમડાં-પા ઉપર મુકવાની પડી.

Pleiad-ades,(પ્લાઇઅૅડ્-ડ્ઝ્)*n.(pl.)* (*Astron*) A group of seven or more stars in the shoulder of the constellation of Taurus: કૃતિકા નક્ષત્ર.

Plenary,(પ્લીનરિ) *a.* [L. *plenus*, full.]Full; entire: પૂરેપૂરું; સંપૂર્ણ; બધું;સ્વતંત્ર;સદર:કુલ.*n.*Decisive procedure:સંપૂર્ણ-ભરપૂર રીત.P.*license*:સદરપરવાનગી.P. *indulgence of the Pope*:પોપે આપેલી પૂરેપુરી છુટ-માફી.

Plenipotent,(પ્લેનિપોટેન્ટ્)*a.* [L. *plenus*, full.] Possessing full power:કુલ અખ્તિયારનું;પૂર્ણશક્તિયુક્ત

Plenipotentiary(પ્લેનિપોટેન્શિઅૅરિ)*n.*An ambassador or envoy to a foreign court with full power: કુલ મુખત્યાર;એલચી;કુલ અખ્તિયારી. *a.*Conferring or giving full powers:સંપૂર્ણ સત્તા આપી શકે એવું;સંપૂર્ણ સતાવાન; કુલ અખત્યારી-અખત્યારનું;કુલકુલ્લા.

Plenitude, (પ્લેનિટ્યૂડ્) *n.* [L *plenus*,full.] Fullness; completeness:પુષ્કળતા;ભરપૂરપણું;પૂર્ણતા; ભરસમૃદ્ધિ;ઉત્કર્ષ;વિપુલતા;મફલ્લે હોવું તે.

Plenteous,(પ્લેન્ટીઅસ્) *a.* Abundant;copious:બહુ; ભરપૂર;વિપુલ;સમૃદ્ધ;પુષ્કળ;ભરપટ્ટે;મફલ્લે; ભસક; મનમાનતું.2.Fruitful;productive:ફળદ્રુપ;આબાદ.3. Abounding; rich: પુષ્કળ;સમૃદ્ધ.

Plentiful,(પ્લેન્ટિફુલ) *a.*Copious; abundant:પુષ્કળ;બહુ;ભરપટ્ટેમફલ્લે; ભસક;મનમાનતું.2.Fruitful: આબાદ; લીલા લહેરનું;મનમાનતું. 2. *Lavish*: બહુ;ઘણું.

Plenty,(પ્લેન્ટિ)*n.*[L.*plenus*, full]. Full supply;sufficiency;abundance: મનમાન્યું; વિપુલતા;પુષ્કળતા;સમૃદ્ધિ;સુકાળ;સગાળ; લીલાલ્હેર; રેલછેલ; આબાદી.P.*of corn*:પુષ્કળ દાણો. *a.* Plentiful;abundant: ઘણું;બહુ;પુષ્કળ;વિપુલ;ભરપૂર;મફલ્લે;ભસક.

Pleonasm,(પ્લીઑનૅઝમ્) *n.* [Gr. *pleon*,full.]Redundancy of language in speaking or writing: બોલવા લખવામાં જરૂર કરતાં વધારે શબ્દો વાપરવા તે;શબ્દાતિરેક; બહુલક્ષરતા;અક્ષરાધિક્ય.

Plethoric,(પ્લેથૉરિક્) *a.* Having a full habit of body:કસદાર અતિપૂર;રેલાતું;ઘોહીવાળું;લોહીઆળ; લોહી પ્રકોપવાળું-સૂચક.

Pleurisy,(પ્લ્યૂરિસિ)*n.*[Gr.*pleura*, the rib.] An inflammation of the pleura usually accompanied with fever:છાતીની અંદર લાહે બળવી તે:ઉરોચ્છદ.વસોમહ;ફેફસાંના પડનો સોજો.

Pliability,(પ્લાઇઅૅબિલિટિ)*n* Flexibility: વાળીએ તેમવળે એવો ગુણ; નરમપણું;મૃદુતા; નરમાશ.

Pliable,(પ્લાઇઅંબલ્) *a.* Flexible; supple:વળી શકે એવું;નરમ.2 Flexible in disposition: સમજી જાય એવું;મૃદુ;નમનશીલ:શિથિલ;અદૂઠ; ક્ષમાવ્યું ભમી જાય એવું;ભાગૂરિયું.

Pliancy,(પ્લાઇઅન્સિ)*a*,The quality or state of being pliant in any sense:નરમપણું;મૃદુતા; નરમાશ.

Pliant,(પ્લાઇઅૅન્ટ્)*a.* Capable of bending·limber: વળાય એવું નરમ. 2. Favourable to pliancy: અદૂઠ; ઢંગવિનાનું:શિથિલ;આની-ચવ વિનાનું.

Pliers. (પ્લાઇઅર્સ્) *n.* A kind of small pincers with long jaws: પકડ:એક જાતનો ચિપિયો;ચીમટો.

Plight,(પ્લાઇટ્)*vt.* [*L. plectere.*] To braid;to fold: ગડી-કલ્લી વાળવી; ચીણ પાડવી.2. To pledge:વચન આપવું;પ્રતિજ્ઞા કરવી;નીબ્દાય ધરી-ખાતરી આપવી.3.To promise:to engage: આપવું;વચને બંધાવું; વિવાહ ક૦. *n* Fet work:જળીકામ;ગડી: કલ્લી.2. A gaze;a pledge:a security: વચન; પ્રતિજ્ઞા; પ્રતિજ્ઞાવિષય;ખાતરી કરી આપવાને મેદાન મૂકેલી-આપેલી વાત-વસ્તુ-હડપ.3. Condition;state: અવસ્થા; દશા;ગતિ;માઠીદશા;હેરાનગતિ;ગત;દુર્દશા.

Plinth,(પ્લિન્થ્)*n.* (*Archit.*) The square at the bottom of the base of a column:ક્રાન્નેસ;કુલી. 2 The projecting band at the bottom of a wall:વાટો (*b*)પરથાર

Plod,(પ્લૉડ્)*vi.* To travel slowly but steadily; to trudge:ધીમેધીમે-રગસરગસ-ચાલ્યાજ જવું; ક્ર્યા ક૦; પથ કાપવો.2 To toil; to drudge:વૈતરું કર્યા જ ક૦;કષ્ટ-શ્રમક૦;મહેનત કર્યા જવી.

Plot,(પ્લૉટ્)*n.*A small extent of ground;a plat:ખેતરનો ટુકડો; કિત્તો; ટુકડો.2 A plantation laid out: વાવેતર.3.A plant or draught of a field:ખેતરનો નકશો. 4 A conspiracy;an intrigue: કાવતરૂ; મોટો ઠગો;કુટ;કૂંઢ;ફાદો;કારસ્થાન;. કૂ૰ પ્રબંધ. 5. A share in such a plot:કાવતરામાં ભાગ. 6 Contrivance:યુક્તિ.7 A plan;a purpose:યુક્તિ;મસલત;કલ્પના;મનસુબો;ઉપાય;સંકલ્પ;પ્રયોગ. 8 The story of a play;યોખડું ;અંધારણ;વસ્તુ;સ વિધાનક;સંકળના;કથા. *vt.* To make a plot or plan of:કાવતરૂં ક૦;કુમાંડ રચવું.2.To plan:યુક્તિ કરચવી;ઠગો-પ્રપંચ ક૦; કુમાંડ ક૦,તરકટ ક૦.2 To contrive aplan: યુક્તિ શોધી કાઢવી: તજવીજ-મસલત ક૦.

Plotting,(પ્લૉટિંગ્)*n.*The act of a plot:કારસ્થાન.*a.* Conspiring: ધાટઠગો-તરકટ-કાવતરાં કર્યાં-રચ્યાં કરનાર.

Plough,(પ્લાઉ)*n.* A well-known implement,for turning up the soil to prepare it for bearing crops: હળ; હેલ: સાંતી;સાંતરડું. 2. Agriculture:ખેતીવાડી;કૃષિકર્મ.3 A corucate of land; જમીનનો કકડો; કિત્તો.4 *A* joiner's plane for meking grooves:ખાંચોપાડવાનો ઘંઘો; દરાજ.*vt.*To till with a plow:ખેડવું; -માં હળ-હેાળ ફેરવવું. 2. To furrow: ચાસવું:-ચાસપાડવા.3. To trim off the edges of:કાતરવું. 4 To cut a groove:ખાંચ પાડવી.

Plough-land,(પ્લાઉલૅન્ડ્)*n.* Land that is plowed: ખેડેલી ચાસેલી જમીન. 2 The quantity of land allotted for the work of one plow; ખેડવા લાયક જમીન; કિત્તો:ખેડવી શેાય.

Plough-man,(પ્લાઉમૅન્) *n.* One who plows:હળ ફેરવનાર;ખેડુત;કૃષિવલ.2 A rustic:ગામડિયો.

Plough-share,(પ્લાઉશૅર્) *n.* The share of a plow or :that part which cuts the slice of earth: હેાળનું ચવડું-ફેાર.

Plow,(પ્લાઉ)*n.*See Plough.

Pluck,(પ્લક્)*vt.*To pull;to draw: ખેંચવું;તાણવું; આંચકેા મારવા.2. (*a*) To pull with sudden force: આંચકેા મારવેા;ટૂંપવું;ખેંચીને કાઢવું; તાણવું; ટૂંપી કાઢવું;(*b*)To gathor; to pick: ખેંચવું;તાડવું; ચૂંટવું. 3 To strip of,or as of, feathers: આંચકેા મારી કાઢવું; ઉખેડી નાંખવું;-નાં પીંછાં ખેંચી કાઢવાં;ખેાડું ક૦; મુડવું;ધૂતી લેવું;-નું પાણી ક૦.4.To reject at an examination for degress:કાઢી નાંખવું:-નાપાસ કરવું; ઉડાવી દેવું.*vi.* To make a motion, of pulling or twitching: આંચકેા મારવેા. *To* p *away*: ઉખેડી-ઉખરડી કાઢવું. *To* p.or p.*up courage*: હીમ્મત પકડવી-પકડી લેવી *To* p.*down*, to pull down:તેાડવું;તેાડી પાડવું;જમ્મ ક૦; વિનાશ ક૦; ધૂળધાણી ક૦. *To* p.*up*,to tear up by the roots: જડમૂળથી ઉખેડી નાખવું;-નેા નાશ ક૦; નિર્વંશ ક૦;-નેા ઉચ્છેદ કાઢવેા;-નું સત્યાનાશ વાળવેા.(*b*)*To* gather up; to summon:ભેગું ક૦;ચરવું;લાવવું.*n.* A pull;a twitch: આંચકેા; ધક્કો; હેલેા. 2. *The* heart, liver and lights of an animal:પ્રાણીનું હૃદય; પિત્તા-

રાય વિગેરે. 2 Spirit;courage: હિમ્મત;છાતી:પાણી;દમ; શૌર્ય-ત્વ; સત્વ; પૌરૂષ;ઉત્સાહ.

Plug,(પ્લગ્)*n.*Any piece of wood or metal used to stop a hole:ડાટો; ડુંચો;ડટ્ટો;પુમડું.2. A flat oblong cake of pressed tobacco: તમાકુનો પડો.*vt.*To stop with a plug:ડાટો દેવો;ડુંચોમારવો;પુમડું ઘાલવું.

Plum,(પ્લમ્)*n.*[*L.prunum.*]The edible drupoceous fruit of the *Prunus domestica*, and of several other species of *Prunus*: આલુ 2. A grape dried in the sun:સુકીદ્રાક્ષ.3 A handsome fortune:સારી મિલ્કત. 4 The person possessing it: સારી મિલ્કતવાળો માણસ;ધનાઢય;લક્ષાધિપતિ.5.A kind of play:એક પ્રકારની રમત.

Plumage,(પ્લ્યૂમેજ્)*n.*The entire clothing of feathers of a bird*t* પીછાં;કલગી.

Plumb,(પ્લમ્)*n.* [L. *plumbum*, lead.] A little moss or weight of lead; a plument: કલીઆનો ઓળંબો.P.*line(a)*,a plummet: ઓળંબાની દોરી. (*b*) A line directed to the centre of gravity of the earth:પૃથ્વીના ગુરૂત્વમધ્ય બિંદુતરફની લીટી.*a.* Perpendicular; vertical: ઉભું;સિધું; ઓળંબામાં;લંબ લીટીમાં. *adv* In a plumb direction: ઉભી સિધી લીટીમાં. *vt.* To cause to be perperndicular:ઓળંબામાં આણવું. 2 *To* sound with a plumb or plummet: તાગવતી દરિયાની ઉંડાઈ જોવી-માપવી. 3. *To* examine by tests;to fathom;to test:-ની પરીક્ષા કર;-ની કસોટી કાઢવી.

Plumbago,(પ્લમ્બેગો)*n.* [*L.plumbum*,lead.]Graphite: એક પ્રકારની ધાતુ,પ્લમ્બેગો.2. A genus of herbaceous plants;leadwort: ચિત્રક; ચિત્રમૂળ.

Plumber, (પ્લમર્) *n.* One who works in lead:સીસાનું કામ કરનાર, સિસાગર;સિસાધડો.

Plume,(પ્લ્યૂમ્)*n.*[*L. pluma*, the downy part of a feather.] A feather:પીછું;પીંછ;પર.2. An ornamental tuft of feathers: પીંછાનો ગુચ્છો. 3. A feather worn as an ornament: શોભા તરીકે પહેરેલું પીછું; કલગી;તોરો;શિખા. 4. A token of honor: નામની નિશાની. *vt.* To pick and adjust the plumes of; -ના પીછા સમારવાં. 2 *To* pluck, to stip: -નાં પીછાં ઉખેડી નાંખવાં; પીછાં ખેંચી કાઢવાં;ખેડું કર. 3. To adorn with feathers:પીંછાથી શણગારવું.4. To pride: પતરાજી-શેખી કર;ફુલાસ મારવી;ડંફાસહાંકવી;બેડસાઇબતાવવી.

Plummet, (પ્લમેટ્) *n.* A small plume:ઓળંબો; પાણીની ઉંડાઇ માપવાનું હથિયાર.

Plump,(પ્લમ્પ્)*a.* Full;fleshy;fat: ભરેલું;ગોળમટોળ;હૃષ્ટપુષ્ટ;તાજું; વટાણાદડિંગા-ભરીસી ગ સરખું. 2.Unqualified (a lie):હદહડતું;ઉઘાડું;સ્હેરસ્હરિયાન *n.*A knot;a group:જુથ;વૃંદ; સંઘ;જત્થો;ઘટા.*vi.*To grow plump; to swell out: ઉપરસી આવવું; ફુલવું; નીકળી આવવું. 2. To drop or fall suddenly or heavily: ધમ-ધડિમધબાક દઈ-લઈને પડવું.3 To give (a vote), as a plumper: બે માણસ ચૂંટાતા હોય ત્યારે એક ચૂંટાય એટલા માટે મત આપવો.*vt.* To fill out or support: ફુલવવું;-નો આધાર-આશ્રય દેકો આપવો.2.To cast all at-once: ધબાક-ધબ ધડિમ દઈને નાંખવું; પડવા દેવું 3.To give,as a plumper: એક-નાજ લાભમાં મત આપવો.4.To make fat:જાડું કરવું;ફુલાવવું;પ્રસરાવવું.

Plunder,(પ્લંડર્)*vt.* To spoil; to strip;to rob:લુંટવું;લેઈ લેવું; વસ્ત્ર લોચેન કર;નાગા બાવળિયા સરખું કર. 2. To take by piilage:લુંટી લેઇ જવું. *n.*Robbery: લુંટ;અપહરણ;મુંડન.3. Pillage;spoil:લુંટેલો માલ.

Plunderer,(પ્લંડરર્)*n.* One who pillages:લૂંટારો;પીંઢારો; અપહારક.

Plunge,(પ્લન્જ્) *vt.* [L. *plumbum*, lead.]To immerse;to thrust:ઝબ દઈને બોળવું; ડબોળવું;ઝબોળવું; ખોસવું; ભોકવું;ઘોચવું;ઘાલવું;ઝંપલાવવું;ઝોરવું; ઝોકાવીને પડવું. 2. To baptize by immersion: સિંચન કરી જળસંસ્કાર આપવો.*vi.*To dive or rush in:ઝબ દઈને પેસી જવું;-માં ઝોકાવવું;-માં પડતું મુકવું;ઝુબકી મારવી. 2.To pitch or threw one's self headlong or violently forward: એકદમ આગળ ધસવું;ઝંપલાવવું; ઝોકાવવું.3. To bet heavily and with seeming recklessness on a race or other contest:વગર વિચારે શરત હોડમાં ઘુસવું-ઝંપલાવીને પડવું. 4. To pitch suddenly forward and to throw up the hind legs: (ઘોડાનું) ઝાડ થવું; આગળ ધસી એકદમ પાછલા પગ ઉંચા કરવા; પાછલા પગ ઉછાલવા. *n.* The act of thrusting into: a dive:ઝુબકી;ઝુડકી;ગોથું; જજ્જન;નિમજ્જન.2. A desperate act: સાહસ કામ. *The p. of a kite*:પતંગની ગોથ,

Pluperfect.(પ્લ્યપરફેક્ટ)*a.*[*L.plus* more&*perfectus*, perfect.] More than perfect; past perfect: પુર્ણ ત્રિત્વભૂત-ક્રિદ્.

Plural,(પ્લ્યરેલ)*a.*[L. *plus*, *pluris* more.]Designating two or more એક કરતાં વધારે:અનેક.*n* The plural number; a word in the plural form:અનેક વચન:બહુવચનનો શબ્દ.

Plurality,(પ્લ્યૂરૅલિટિ)*n.*The state of being plural: અનેકતા; બહુત્વ; અનેકત્વ; બહુતા. 2. A majority: ઘણો-મોટો ભાગ: અંશ. 3. Holding of more than one benefice at one time: એકી વખતે એક પાદરી ઘણી જગાઓની નીમણુંક ભોગવે તે.

Plus,(પ્લસ)*a.*[L. more.] Mere; positive:વત્તા. 2.Real; actual: બરાબર;ખરૂં; વાસ્તવિક;સત્ય. 3 (*Alg.*) The affirmative quantity: ધન.

Plush,(પ્લશ્)*n.* A kind of cloth: એક જાતનું વિલાયતી કાપડ જેની એક બાજુ રૂંવાટીવાળી હોય છે."પ્લશ"

Pluto, (પ્લ્યૂટો) *n* The dark and gloomy god of the lower world: યમરાજા.

Plutus,(પ્લ્યૂટસ) *n.* The son of Jason & Ceres & the God of wealth:કુબેર ભંડારી.

Pluvial,(પ્લ્યૂવિઅલ્)*n.*[L.*pluvia*, rain.] A priesi's robe:પાદરીનો ઝભો-ડગલો.*a.* Pertaining to rain: ભીનું;વરસાદવાળું;વરસાદથી થયેલું.

Pluviameter, Pluvicmeter, (પ્લ્યૂવિઅૅમિટર-પ્લ્યૂવિઓમિટર) *n.* [L. *pluvia*, rain & *meter*] A rain gauge:વરસાદ માપવાનું યંત્ર; વૃષ્ટિમાપક યંત્ર;વૃષ્ટિમાનયંત્ર.

Ply,(પ્લાઇ)*vt.imp.&p.p.*Plied,[*L. plico*,I fold.] To bend: વાળવું; 2. To urge importunately; મંડવું:-નો જીવ ખાવો-ખાયાં કર;-ને ઝોડ થઇને વળગવું;ચોટવું.3. To employ diligently:કર્યા જવું વા કર્યા જવું;ખેડવું; -ની પાછળ મંડ્યા રહેવું. 4. To urge persistently to accept:ઘણા આગ્રહથી લેવરાવવું-કબુલ કરાવવું-આપવું. *vi.* To bend:વાંકે થવું.2.To work diligently and steadily: બરાબર રીતે કામ કર્યા જવું-મંડ્યું.3.To beat: મારીજ જવું. *n.* A fold;a plait:ઘડી; કલ્લી;પડ.2.Bent;turn;વલણ.

Pneumatic,(ન્યૂમૅટિક્)*a*[*Gr. pneuma*, wind.] Gaseous: વાયુનું-ના જેવું;વાતરૂપ-મય. 2. Pertaining to air:વાયુ જેવા પદાર્થનું; વાયુ સંબંધી-વિષયક.3.Moved by the pressure or flow of air:વાયુ બળથી ચાલતું.

Pneumatics,(ન્યૂમૅટિક્સ)*n.* That branch of science which treats of the mechanical properties of air and other elastic fluids: વાતશાસ્ત્ર;વાયુવિદ્યા; વાયુશાસ્ત્ર.

Pneumatology,(ન્યૂમૅટૉલૉજી) *n.* Pneumates: વાતશાસ્ત્ર. 2. (*Phil.*) That branch which treats of spirits or the mind: ઈશ્વર તથા દેવદૂતો અને માણસોએ મનીચિત્શક્તિ વિષેનું શાસ્ત્ર; ચિત્શક્તિ શાસ્ત્ર.

Pneumonia, Pneumonitis,(ન્યૂમોનિઅ-ન્યૂમોનાઇટિસ્) *n.* Inflammation of the lungs:ફેફસાનો સોજો-દાહ; કફ જ્વર; ત્રિદોષ.

Pneumonic, (ન્યૂમૉનિક્) *a.*Of or pertaining to the lungs: ફેફસાનું; ફેફસાં સંબંધી-વિષેનું.

Poach,(પૉચ્)*vt.*To cook as eggs, by breaking them into boiling water:હલાવીને ઇંડું કરવું-રાંધવું;ઘીમી આંચે સીજવવું.2.To rob of game: ઉડાવવું;ગજવામાં ઘાલી લઈ જવું;ચોરવા માટે પેસવું. *vt.*To steal or pocket game:; ચોરી લઈ જવું; ચોરવા પેસવું. *vt.* To stab,to pierce: ભોકવું; ઘાલવું; ઘોચવું. 2. To force or drive into any thing: ઠોકી ઘાલવું. 3.To make soft or muddy by trampling: ચગદીને નરમ કરવું.

Poacher,(પોચર્) *n.* One who steals or poaches game:મૃગચોર; ઉઠાઉગીર; ચોર. [પોચું; ભીનું.

Poachy,(પૉચિ) *a.* Wet and soft:

Pock,(પૉક્) *n.* A pustule raised on the surface of the body in variolous and vaccine diseases: અછબડા-સીતળાનો ફોલ્લો-ઠાણો.

Pocket,(પૉકિટ્) *n* A bag or pouch: ગજવું; ખીસું; કોથળી; ગુજી. *A secret* p.:ચોર ગજવું. *To pay out of one's* p.:ગાઠથી-પદરથી-પોતાની પાસેથી આપવું.P.*money*: હાથ ખરચી.2. One of several bags attached to a billiard table: ખાનું.3. A large bag or sack used in packing various articles:કોથળો.4 A hole or space covered by a movable piece of board: ખાનું. P *mover*: હાથ ખર્ચી; ગજવા ખર્ચી.*vt.* To put or conceal in the pocket: ગજવામા મુકવું;ઘાલવું;સંતાડવું;છુપાવવું. 2. To take clandestinely: ચોરવું; નો હાથ મારવો;હરી-ચોરી લેવું; છાનુમાનું લઈ લવું;ઉઠાવવું;ઉડાવવું. *To* p.*an insult*; મુંગ મોઢે અપમાન સહન કરવું.

Pocket-book, (પૉકિટ્બુક્) *n.* A small book for carrying papers, money, &c, in the pocket: ગજવામાં રહે એવી ચોપડી;ખલેચી

Pod, (પૉડ્) *n.*A bag;a pouch:કોથળી.2.A capsule of a plant:શીંગ;ફળી. *vi.* To swell; to fill:ઉપસી આવવું; ભરાવું.

Podagric-cal,(પૉડગ્રિક્-કૅલ્)*a.*[Gr. *podos,* foot & *agra,* catching.] Gouty: સંધિવાવાળું. 2. Afflicted with gout: વાતરોગી.

Poem, (પોએમ્) *n.* [Gr. *poieo,* I make.]A metrical composition: પદ;કાવ્ય;કવિતા;કવન.2.A composition of which the language is highly imaginative or impassioned: કાવ્યપ્રબંધ.

Poesy,(પોઇસિ)*n.* [L.*poesis.*]The art of composing poems: કાવ્યકવિતા શક્તિ; કવિતા;કાવ્ય;કાવ્ય વિદ્યા; કાવ્ય રચના. 2.Poetry: કવિતા-કાવ્ય.

Poet,(પોએટ્) *n.*[Gr.*poieo,*I make. One skilled in making poetry; author of a poem:કાવ્ય કરનાર;કવિ; કાવ્યકર્ત્તા; કાવ્યકાર; શાહીર. *A ready* p.:શીઘ્રકવિ.

Poetaster,(પોએટૅસ્ટર્) *n.*A pelly poet: ટોપચી કવિ; નોકણો; નેડું.

Poetical,(પોએટિકૅલ્) *a.*[L. *poeticus.*] Pertaining to poetry: કાવ્ય સંબંધી વિષયક. 2. Expressed in metrical torm:કવિતારૂપ; કાવ્યરૂપ;કવિતામય;પદ્યરૂપ;રસૌકબદ્ધ;રસિક. Possessing the peculiar beauties of poetry:કાવ્યાંશી; કવિતામય; કાવ્યસૌંદર્ય ગાભીર્ય-પરિપાકનું ભરેલું.

Poet-laureate,(પોએટ્ લૉરિએટ્) *n.* A royal poet:રાજકવિ; દરબારી કવિ.

Poetise, (પોએટાઇઝ્) *vt.* To compose verse:કવિતા બનાવવી; કવિ થવું; પદ્યમા લખવું.

Poetry, (પોએટ્રિ) *n.* The art of apprehending and interpreting ideas by the faculty of imagination:પદ્ય;કવિતા;કાવ્ય;ચિત્ત. 2. imaginative composition: કાવ્યોક્તિ; કાવ્યતામય વિચાર; કાવ્યસૌંદર્ય-ગાભીર્ય; પરિપાક.

Poignancy,(પૉઇનૅન્સિ) *n.* The quality or state of being poignant:વક્રતા; તીક્ષ્ણતા; તીવ્રતા; અતિતીક્ષ્ણપણું.

Poignant,(પૉઇનૅન્ટ્) *a.*(L.*pungo,* I prick.] Pricking; sharp: ટાંકો લાગે એવું;અતિતીક્ષ્ણ.2.Pointed; keen:તીક્ષ્ણ;દુઃખ કરતું; મર્મ ભેદક;ભેદકતાપૂર્વક.

Point,(પૉઇન્ટ્) *n.* [L. *pungo,* I prick.] That which pricks or pierces: અણી;અગ્ર; ધાર.2.An instrument which pricks as a sort of needle: ટાંકણું. 3. A small promontory or cape:ભૂશિર; ભૂશલાકા;અણી;ઉપભૂશીર.4.A prick:બિંદુ. 5. An indefinitely small space:અણી જેટલી જગો; બિંદુ; સોયની અણી જેટલું કાણું; છિદ્ર. 6. (*a*) A moment; an instant: અણું ભાગ; ક્ષણ;પળ.(*b*)Verge:તૈયારી;અંત; અવધિ.7. (*a*) A mark of punctuation:બિંદુ;વિરામ; ચિન્હ; પૂર્ણવિરામ. (*b*)An end or conclusion: અંત; છેડો;પરિણામ. 8.(*a*)Degree; step: દરજ્જો-પગલું;અંશ; પાયરી.(*b*) Position or condition attained:સ્થાન;સ્થળ; પદ; દરજ્જો. 9. A silent feature; a characteristic; a peculiarity:લક્ષણ;ચિન્હ; વિશેષ ચિન્હ; વિશેષગુણ. 10.The essential matter:પકડેલી વાત;વિષય;પ્રસંગ; અસ્તાવ; દલીલ;મુદ્દા;મતલબ;લક્ષ્ય.11.A trifle; a punctillo:નજીવીવાત; બારીકી.12. One of the several different parts of the escutcheon: ઢાલનો એક ભાગ.13.(*a*) One of the points of the compass:દિશા. (b) The difference between two points of the compass: દિશાના બે ભાગ વચ્ચેનું અંતર.14.A string or lace used to tie together certain parts of the dress:દોરા;રીત. 15. A tyne or snag of an antler: કાળિયારનું શિંગડું. 15. Sting; wit; moral:ટોક; ખૂબી;ચોટ;મર્મ;મરાડ;દશ; રમ;રહસ્ય.17.Aim;object:મુદ્દા;લક્ષ્ય; ધારેલું કામ; મતલબ. 18. A single part of a question:મુદ્દો;વાત; બાબત.19.Marks:ગુણ. *At all* p. s.in every particular: દરેક વાત; દરેક રીતે. *At* p.*in* p., or *on the* p. on the verge;about.તૈયારીમા; અણી પર. *To carry* or *gain one's* p.to accomplish one's object: ધારેલી મતલબ હાસલ કરવું; ફાવવું; કામ ધાર્યું ઉતારવું. *To make a* p. *of*,:-ને ખરખર મહત્વનુ ગણવું-માનવું-લેખવવું. *To strain a* p.,:મર્યાદા મુકવી;વટાવવી. P.*at issue*: વિવાદ વસ્તુ-વિષય. *Solstitial* p.: અયનબિંદુ. *Cardinal* p.:ચતુર્દિશા. *Points of the compass*: દિશા. P. *of view*: જોવા-વિચારવાની રીત દૃષ્ટિસ્થલબિંદુ; લક્ષ્યદૃક્સૂત્ર. *Vowel* ps:સ્વર ચિન્હો. *vt.* To sharpen:ની અણી કાઢવી. 2. To aim;ધારવું; તાકવું;મારવું; ગોઠવવું; નિશાન માડવું;-ના લક્ષ્ય કરવું.3.To direct the attention or notice of:-નું

ધ્યાન લગાડવું-ખેંચવું. 4. To supply with punctuation marks: માં વિરામ ચિન્હ મુકવાં. 5.To mark with vowel points:સ્વર ચિન્હ મુકવાં.6.To give particular prominence to: બતાવવું;-ની દૃષ્ટિએ પાડવું;દર્શાવવું.7.To indicate or discover by a fixed look,as game: નજરથી શોધી કાઢવું. 8.To file the joints of with mortar:ના સાંધા પુરવા. *vi.* To direct the point of something:આંગળી બતાવવી. 2.To indicate the presence of game by a fixed and steady look:દૃષ્ટિ તાકી રાખીને બતાવવું. 3.To approximate to the surface:ઘ્હોં ફેરવું; ની-અણી થવી.

Point-blank,(પૉઇન્ટ્-બ્લૅન્ક)*a* Direct;plain: સિધું; સચોટ; રામબાણ; પાધરું; સામે મોઢેનું; ખુલ્લું; સ્પષ્ટ *adv.* In a point-blank manner: સામે મોઢ; ખુલ્લે ખુલ્લું; માથામાં વાગે એમ.

Pointed,(પૉઇન્ટેડ)*a*.Sharp:અણીવાળું;અણીઆળું;અણીદાર;ધારદાર;તીક્ષ્ણ.2. Terse: સચોટ; મર્મનું ભરેલું; માર્મિક.

Pointedly,(પૉઇન્ટેડ્લિ)*adv*.With lively turns of thought or expression: દરા મરોડ પકડીને.2.With direct assertion: ચોખાળીને; સાફ; વિવક્ષાપૂર્વક.

Pointer, (પૉઇન્ટર) *n.* One who points:બતાવનાર.(*a*) The hand of a time-piece:ઘડીઆળનો કાંટો. (*b*) એક જાતનો શિકારી કૂતરો.3.A stick for map pointing: નકશો બતાવવા માટેની લાકડી; "પાઇન્ટર".

Pointless,(પૉઈન્ટ્લેસ)*a*.Having no point;blunt:બુઠ્ઠું;અણી વિનાનું; ધાર રહિત-વગરનું; રસહીન; અપ્રસ્તુત; તીવ્રતા-સૂક્ષ્મતા વગરનું.

Pointsman, (પૉઈન્ટ્સ્મૅન) *n.* A person in charge of railroad points or switches: સાંધાવાળો.

Poise,(પૉઈઝ્)*n*.[L.*pensum*,a portion weighed out.] Weight; gravity: ભાર; વજન; તોલ.2. The weight or mass of metal:કાટલું; ન; જોખું.3.Equipoise;balance ોલપણું; સમતુલના ખડો.4.That h causes a balance: સમતોlament? *p.* સમતોલ.*vt.*To balance: કલગી;તોરો;શિરપેચ. 2. To hold in equilibrium: વધવા ન pick and adj જવા ન દેવું; સમતોલ-રાના પીછા સમારવાં. માં રાખવું.3.To counstip: નાં પીછાં કુ ર રાખવું. ખડો કર. ું;જોખી જોવું.*vi*.To hang in equilibrium:સમતોલ થવું.

Poison, (પૉઈઝન્) *n.* [L. *potio*,a drink.]Any agent which,when introduced into the animal organism, is capable of producing a morbid, noxious or deadly effect upon it. ઝેર;વિષ;વિષ; ગર; ગરલ;હલાહલ; જંગમ વિષ. *Mineral* p.:સ્થાવર વિષ.2.That which taints or destroys moral purity or health: બગાડ-નુકસાન કરનાર પદાર્થ-વસ્તુ;વિષ; દોષ પેસાડનાર વસ્તુ. *vt.*To put poison upon or into: ઝેર ઘાલવું;ભેળવવું.2. To kill by poison: ઝેર દઇ મારી નાંખવું; વિષપ્રયોગ કરવો.3. To taint;to corrupt: બગાડવું; દોષ લગાડવો; ભ્રષ્ટ-દુષ્ટ-ખરાબ કરવું. *vi.* To act as, or convey, a poison: ઝેર થઇ જવું;ઝેરી થવું.*To* p.*one's ears.*: ના કાન ભંભેરવા;-ને ભણાવી મુકવું; કોઇના કાન ફુંકવા;કોઇને ભંભેરવું;ભણાવવું.

Poisonous,(પૉઇઝનસ્)*a*.Baneful: ઝેરી;હાનિકારક;વિષરૂપ;વિષમય;વિષધર્મક.

Poke,(પૉક્)*n*.A kind of herb:એક જાતનું ઝાડ.2.A bag;a sack:કોથળી; કોથળો; થેલો; થેલી; ગજવું.3.A long; wide sleeve: ઝભાની બોય. *vt.* To thrust or push against or into with anything pointed: ભય દઇને મારવું; ભચકારવું; ધોચવું; ભોકવું.2.To thrust with the horns: શીંગડા મારવાં.2.To put a poke on:ઘોડામા હરો પહેરાવવો;હેડ ઘાલવી.4.To search for with a long instrument: ફંફોસવું;ફંફોસીને જોવું-શોધવું.*To buy a pig in a* p.:આંધળા થઇને વેચાતું લેવું.To p.*fun*,*to* joke: મશ્કરી કરવી. To p.*fun*, *at*,to make a butt of: -ને બનાવવો;-ની મશ્કરી કરવી.*n*.A thrust;a jog: આચકો;ધક્કો.2.A lazy person: આળસુ માણસ. 3.A contrivance to prevent an animal from leaping or breaking through fences:હરો;હેડ;ડેરો;કાષ્ટબંધ.

Poker,(પૉકર્)*n*.One who pokes: ખોસનાર;ઠેલનાર.2.A poking stick: દેવતા ખોરવાની લાકડી-ગજ.*n*.A game at cards: પત્તાની રમત.

Polar,(પૉલર્)*a*.Pertaining to one of the poles of the earth or of a sphere: ધ્રુવનું-પાસેનું.

Polarity,(પૉલેરિટિ)*n*. The state of having two poles: ધ્રુવત્વ.2.A condition in certain bodies according to which their properties arrange themselves so as to have opposite powers in opposite directions:-ની તરફ ફરી જવાનો ગુણ; ધ્રુવોનું ગમનશીલતા.

Polarisation, (પૉલેરિઝેશન્) *n.* A particular modification of the rays of light by the action of certain medial surfaces so that they connot be reflected or refracted again in certain directions; ધ્રુવાનુગામિકરણ; ધ્રુવાનુગામિત્વ; ધ્રુવી ભુવન.

Polarise, (પૉલેરાઇઝ્)*vt.*To give polarity to:ધ્રુવત્વ સૂજવાનો ગુણ આપવો; ધ્રુવાનુગામી કરવું.

Pole,(પૉલ્)*n*.A native of Poland: પોલંડનો રહેવાસી.*n*. [L. *pango*, I make fast.]A long,slender piece of wood:લાકડાનો લાંબો પાતળો કકડો; દંડ;સોટો;વાંસ-કાઠી; દાંડો;લાકડી;ચોળ. (*a*)A carriage pole: ગાડાનો દાંડો; ઇંધ;પોલ;ધુરા.(*b*) A flag pole: વાવટાની લાકડી; વાંસળી. 2.A measuring stick:સાડા પાંચ વારનું માપ.*vt.* To furnish with poles for support:ટેકાને માટે થાંભલા મુકવા.2. To convey on poles:દાંડા ઉપર મુકી લઇ જવું .3.To impel by a pole,as a boat:વાંસવતે ધકેલવું.4. To stir as molten glass, with a pole: હલાવવું. *n.* Either extremity of an axis of a sphere:ધ્રુવ.2.The firmament:આકાશ. P.*cat*: એક જાતનું ચોપગુ શિકારી જનાવર.

Pole axe,(પૉલ્ઍક્સ્)*n*.A kind of battle-axe with a long handle: ફરશી;કુહાડો; પરશુ.

Polemic·al, (પૉલેમિક્·કૅલ્)*a*. Of or pertaining to controversy: તકરારી-તકરાર-વાદ-વિવાદનું રૂપ Disputatious: તકરારી; વિવાદાત્મક; વાદકુશલ;વાદપ્રિય.*n*. One who writes in support of one opinion in opposition to another: પ્રતિપક્ષ લઇને લખનાર વિવાદકુશળ.2.A polemic argument: તકરાર.

Pole-star,(પૉલ્સ્ટાર્) *n.* Polaris or the north star:ધ્રુવનો તારો;નક્ષત્ર નેમિ;જ્યોતિસ્થ.2.A guide or director:દોરનાર;ભોમિયો;નેતા; માર્ગપ્રદર્શક.

Police, (પૉલીસ્) *n.* [L. *polita*. Gr. *polis*, a citizen.]A judicial and executive system,for the government of a city: ગામ-શહેર બંદોબસ્ત; નગર વ્યવસ્થા; શહેરનું પોલીસખાતું. 2. That which concerns the order of the community: નગર-દેશ વ્યવસ્થા સંબંધી વાત-વસ્તુ;રાજ્યવ્યવસ્થા.3.The organized body of civil officers in a city:પોલીસ;નગરપાલો.4.Militia-

ry police: લશ્કરી પોલીસ-ખાતું પોલીસ.P.*station*: ચોકી.*vt.* To keep in order by police:સીપાઇથી બંદોબસ્ત રાખવો.2.To make clean: ચોખ્ખું કરવું; સ્વચ્છ કરવું.

Police-magistrate,(પોલીસ્મૅજિસ્ટ્રેટ) *n.* A judge of a police-court: ફોજદારી જડજ; ન્યાયાધિશ.

Policeman, (પોલીસ્મૅન) *n.* A member of a body of police: પોલીસનું માણસ-સિપાઈ-પટાવાળો.

Policy, (પૉલિસિ) *n.* [L. *policia.*] The settled method by which the government and affairs of a nation are administered: રાજ્ય ચલાવવાની રીત; રાજનીતિ-પદ્ધતિ; નીતિ; રાજશાસન માર્ગ. 2. System of management;course:કોઈ કામકારખાનું ચલાવવાની રીત; રાજ્યધારણ-ધારણ-તંત્ર-પદ્ધતિ-વ્યવહારનીતિ. 3. Administration based on temporal interest: નીતિચાતુર્ય;રાજ્યશાસન કૌશલ્ય;યુક્તિ;પેચ.4.Worldly wisdom; cunning; stratagem: યુક્તિ;વ્યવહાર; ઉપાય;પ્રયોગ;રીતિ. 5. Wisdom; wit; sagacity: ચતુરાઈ; વ્યવહારયુક્તિ; વ્યવહારચાતુર્ય-કૌશલ્ય-નીતિ; મકર; કુનીયાદારીની સમજ. 6. Motive; object: ઇરાદો;હેતુ;મતલબ; આશય.7.[L.*pollex*, thumb.] The writing or instrument in which a contract of insurance is embodied: વિમાનોકરાર; પોલાસી;વિમાખત.P.*holder*: વિમો ઉતરાવનાર.*Valued* p.: જે કરાર નામામા વિમો ઉતારેલી મિલ્કત જણાવી હોય તે કરારનામું. *vt.*To regulate by laws: કાયદા પ્રમાણે કામ ચલાવવું.

Polish, (પૉલિશ્) *vt.* [L. *pvlio*, I smooth.]To make smooth and glossy:સાફ અને ઝાકઝમાળ કરવું;માંજવું;ઓપવું;ઓપ ચડાવવું;પાલીસ કરવું. સાજવું;સિકલ કરવું.2. To refine: સંસ્કૃત કરવું;સુધારવું; સારૂ કરવું; ભભકાદાર-રોનકદાર કરવું.*vi.*To become smooth: સુંવાળું થવું.*n.* A gloss; a lustre: શોભા; સફાઈ; ચકચકાટ; મોહરો .2. Anything used to produce a gloss:ઓપ; ઝગેડ; ચળકાટ; સિકલ.3. Refinement; elegance of manners;સંસ્કારસભ્યતા;શિષ્ટતા;સૌજન્ય; શિષ્ટાચાર સંપન્નતા;પસંદ પડેએવી ભભકા-છટા-રોનક.

Polished,(પૉલિશ્ડ) *a.* Polite; refined:ભભકા-છટા-રોનકદાર; સફાઈદાર; ઓપેલું;ઉજવલિત;ઉતેજીત;શિષ્ટ;સંસ્કૃત; સંસ્કારી;સભ્ય;વિનીત.

Polite, (પૉલાઇટ્) *a.* [L. *polio*, polish.] Well-bred; courteous; complaisant;civil: વિનયી; વિનયશીળ;સભ્ય;શિષ્ટ;શિષ્ટાચાર સંપન્ન;અદબી;સુશીલ;સત્કારી; આદરશીલ; સૌજન્યવાળું;લાયક.

Politely, (પૉલા-ઇટ્લિ) *adv.* In a polished manner: સભ્યતા-વિનય; પૂર્વક; શિષ્ટસંપ્રદાયાનુસાર. 2. In a polite manner: સભ્યતાપૂર્વક.

Polite-ness,(પૉલાઇટ્નેસ્)*n.*High finish;smoothness: સફાઇ;ચળકાટ. 2. Urbanity; courteous behaviour;co...plaisance:સભ્યતા;શિષ્ટતા; વિનયવિવેક; સુશીલતા;શિષ્ટાચાર; રીતરવેશ;લાયકાત.

Politic,(પૉલિટિક્) *a.* [L. *policicus*, political.]Pertaining to the polity;political: રાજકીય;રાજનીતિ સંબંધી-વિષયક.2.Well-devised: ચતુર; સુઘટિત;સુનીત.3.Ingenious in devising and advancing a system or government: રાજનીતિકુશળ;રાજનીતિજ્ઞ; નીતિનિપુણ-ચતુર-કુશળ-દક્ષ. 4.Wise; prudent; sagacious: વ્યવહારદક્ષ;વિચક્ષણ;ડાહ્યું;દાનું;વ્યવહારનીતિનિપુણ;પકવ;પાકું ;કુશળ;ચતુર;નિપુણ. 5.Cunning;skilful: કારસ્થાની; કવાયતી; મતલબી; પઢેાચેલું;પેચી. *n.* A politician:રાજનીતિમા કુશળ માણસ; રાજનીતિજ્ઞ.

Political,(પૉલિટિકૅલ્) *a.* Having a settled system of administration:રાજ્યકીય.2. Relating to affairs of state: રાજકીય; રાજપ્રકરણી; રાજનીતિ સબંધી વિષયક; રાજ્યકાર ભાર-કાર્ય સબંધી. 3. Pertaining to a party in the state: રાજ્યના પક્ષ સબંધી. 4. Politic;wise:ડાહ્યું; વિચક્ષણ; દક્ષ; નિપુણ.P. *affairs*:રાજ્યકાર્ય,રાજકારભાર.P.*sciences*: રાજનીતિશાસ્ત્ર. P.*economy*: અર્થશાસ્ત્ર; અર્થવિજ્ઞાન.P.*rights*:રાજ્યાધિકાર. P. *institution*:રાજ્યતંત્ર.P. *agent*:રાજ્યકાર્ય વાસ્તેરાખેલેાવકીલ.P.*geography*:રાજ્યવિષયકભૂગોળવિદ્યા.

Politician, (પૉલિટિશન્) *n.* One devoted to politics; a statesman: રાજનીતિમા પ્રવીણ માણસ; રાજનીતિનિપુણ-કુશળ;વિદ્વાન; રાજ્યનીતિ નિપુણ;નીતિજ્ઞ.2. One primarily devoted to his own advancement in public office: ખટપટિયો; ધાટીલેા;કારસ્થાની;કૂટિયાળ; મકરબાજ. પેચી;કવાયતી.*a.* Cunning; politic: ધૂર્ત્તો;પેાચેલેા;ખટપટીઓ.

Politics,(પૉલિટિક્સ્) *n.* The science of government: રાજનીતિશાસ્ત્ર; રાજનીતિ; રાજ્યશાસનવિદ્યા. 2. The management of a political party: રાજખટલેા-ખટપટ;રાજ્યપ્રકરણ;રાજ્યવિષયક:રાજ્ય વ્યવહાર.

Polity,(પૉલિટિ)*n.* [L.*polia.*] The form or constitution of the civil government of a nation: કોઇ રાજ્યનું બંધારણ;રાજનીતિ-રીતિ-વ્યવસ્થા સ્વરૂપ.2 *Policy*; art: રીત; વ્યવસ્થા;નીતિ;વિધિ.

Poll,(પોલ્)*n* A parrot: પોપટ.*n.* The head: માથું;મસ્તક;શીર્ષ.2. A list or register of heads: અસામીવાર યાદિ; નામાવળિ. 3. *The* register of the names of electors: ચૂંટણીમાં મત આપનારનીયાદી.4.The casting of the votes of registered elector: ચુંટણી. 5. *pl.* The place where the votes are cast: મત લેવાની જગા.6.The broad end of a hammer: હથેાડીનેા જાડી બાજુનેા ભાગ. *vt.* To remove the poll or head of:ડોચ છેડા કાપી નાખવા;ટાળવું;સેારવું;છાંટવું;ઝારવુ .2. To cut:કાતરવું; કાપવું.3. To plunder; to strip:લુંટવું;લેઇ લેવું.4.*To* impose tax upon:કર-વેરેા નાખવેા. 5. *To* pay as one's personal tax:પેાતાનેા કર આપવેા. 6. *To* enroll:આસામીવાર યાદીમા નામ લખવુ -નામ ચઢાવવું.7.*To* register or deposit, as a vote:મત નોંધવા. 8. To receive as votes:-ને મત મળવા.

Pollard,(પૉલર્ડ્)*n.*(*a*)A stag that has cast its antlers: શિંગડા ખરી પડેલું સાબર.(*b*)A hornless animal: શિંગડાવિનાનુ પ્રાણી.*vt.* To lop the tops of:ડાચેા કાપવી;-ના છેડા-અણી છેદવા-કાપવા.

Pollen,(પૉલેન્)*n.*[*L.pollen*, fine flour.] Fine bran or flour: ઝીણેા લેાટ-ચૂર્ણ;ભૂકેા;પુલું;ભુસું. 2.*The* fecundating dustlike-cells of the anthers of flowers: ફુલનેા ભુકેા-અણીદારપરાગ; રેણું;પુષ્પ-જ.

Poll-tax,(પૉલ્ટૅક્સ્)*n.*A tax levied by the hand or poll: જીઓ; માથાદીઠ લેવાતેા વેરેા-કર;માથા વેરેા.

Polluto,(પૉલ્લ્યૂટ્)*vt* [*L. polluo*,I defile] *To* defile;to soil;to taint: બગાડવું; મેલું-ગંદુ-મલિન-અપવિત્ર-ભ્રષ્ટ કરવું;વટાળવુ ;ભ ખળાવવુ .2.*To* debauch; to dishonour: બગાડવુ ;-ની કાયાભ્રષ્ટ કરવું ;ભ્રષ્ટ-ખરાબ કરવું;-ના સતીત્વનેા નાશ કરવું;-ની આબરૂ-ઇજ્જત લેવી.3.*To* render ceremonially unclean: અપવિત્ર-ભ્રષ્ટ-નાપાક કરવું. *To* p. *oneself*: કોઇની સાથે બગડવુ .*a.*Polluted; બગડેલેા;ભ્રષ્ટ;પતિત;અપવિત્ર; નિર્માલ્ય.

Pollution, (પૉલ્લ્યૂશન્) *n.* Defilement; impurity: ભગાડ; વટાળ; વટળવું; ભેળવાવું; અભડાવું તે, ભ્રષ્टता; અપવિત્रता; ભ્રષ્टीકरण; અપવિત્रीકरण; દૂષण; મલિનता; મળ; કલંક; અશૌચ. 2. *The* emmission of semen or sperm, at other times than in sexual intercourse: સ્વપ્નદોષ; સ્વપ્નામા વીર્યપાત-સ્ખલન

Poltroon, (પૉલ્ટ્રૂન્) *n.* A dastard; a craven: હીનજોડ; ભાયલો; નામર્દ; ડરકણ; પોતિયા જેવું. 2. Base; vile; હલકું અધમ, નીચ; ક્ષુદ્ર.

Polyandry, (પૉલિઍન્ડ્રિ) *n.* [Gr. *polys*, many & *audr os*, man.] *The* possession by a woman of more than one husband at the same time: એકજ વખતે કોઇ ઔરતે ઘણા ઘણા પરણવાનો ચાલ; બહુ ભર્તૃધારણ; અનેક સ્વામિત્વ; અનેક ભર્તૃત્વ.

Polygamist, (પૉલિગૅમિસ્ટ્) *n.* One having husbands or wives more than one: અનેક પત્નીક; અનેક ભર્તૃકા; અનેક ભાર્ય.

Polygamy, (પૉલિગૅમિ) *n.* [Gr. *polys*, many & *gamos*, marriage.] *The* having of a plurality of wives or husbands at the same time: એક કરતા વધારે જોડ વર પરણવાનો ચાલ; અનેક સહચરત્વ; અનેક ભાર્યત્વ; અનેકપત્નીત્વ-અનેક ભા પરિણય.

Poly-glot, (પૉલિ-ગ્લૉટ્) *a.* Made up of several languages: ઘણી ભાષામય; ઘણી ભાષાનું. 2. Versed in many languages: બહુભાષી; અનેક ભાષા પ્રવીણ. *n.* One who speaks several languages: બહુ ભાષા બોલનાર. 2. A book containing several versions of the same text: બહુ ભાષામ ક

Polygon, (પૉલિગૉન્) *n.* [Gr. *polys*, many & *gonia*, angle.] A plane figure having many angles, and consequently many sides: બહુ કોણ; અનેક કોણ: બહુ ખૂજ; બહુ કોણાકૃતિ; અનેકકોણાકૃતિ.

Polyhedron, (પૉલિહીડ્રૉન્) *n.* Gr. *Polys* many & *hedra* a side] A solid body with many bases or sides: બહુ કૂલક; બહુ બાજુ ઘન; (*Opt.*) બહુ પલવાળો ત્રાંસ ગોળ કાચ

Polypus, (પૉલિપસ્) *n.* A tumor usually with a narrow base, somewhat resembling a pear: અનેકપાય; બહુમૂલ.

Polysyllable, (પૉલિસિલ્લૅબલ્) *n.* A word of many syllables: બહુ સ્વરવાળો શબ્દ; બહવક્षર; બહુવર્ણી-બહુ સ્વર શબ્દ.

Polytheism, (પૉલિથીઝમ્) *n.* [Gr. *polys*, & *theos*, god.] The doctrine or belief in a plurality of gods: ઘણા દેવ છે એવો મત; બહુ દેવવાદ-મત; અનેક દેવવાદ; બહિશ્ચર.

Polytheist, (પૉલિથીસ્ટ્) *n.* A believer in many gods: અનેક ઘણા દેવ છે કે અનેક-ઘણા દેવોને જગત ચલાવવા વિષે કર્તૃત્વ છે એમ માનનાર, બહુ દેવવાદી; બહુ દેવ-મતાશ્રયી.

Poly-theistic, (પૉલાથીસ્ટિક્) *a* Of or pertaining to the doctrine of plurality of gods: દેવ અનેક-ઘણા છે એવું અથવા સૃષ્टિચલાવવા વિષે અનેક દેવોને કર્તૃત્વ છે એવું; ઘણા દેવનું.

Pomatum, (પૉમેટમ્) *n.* A perfumed composition; chiefly used in dressing the hair: એકજાતનો માથામા ઘાલવાનો ખુશબોદાર પદાર્થ; પોમેટમ. *vt.* To dress with pomatum; ખુશબોદાર પદાર્થ ઘાલવો.

Pomegranate, (પૉમ્ગ્રૅનટ્) *n.* [L *pomum*. a fruit & *granum*, a grain.] The fruit of the tree *Punicagranatum*: દાડમ, અનાર.

Pommel, (પમલ્) *n.* A knob; a ball: મોનરા; મોરવાયા; ગુલ્મ, પિંડ. *vt.* To beat soundly: મારવું; કૂટવું; મેથી પાક જમાડવો; કૂટવું; આદમપાક આપવો; ઝૂડવું.

Pommellion, (પમેલિઍન્) *n.* The cascabe or hindmost knob, of a cannon: તોપનો મોનરો.

Pomp, (પૉમ્પ્) *n.* [Gr. *pompa*, I send] A pageant; an ostentatious procession: સમાર જયાત્રા; વરઘોડો; ધામધુમવાળી સ્વારી. 2. Parade; display: દમદમાટ; ઠાઠમાઠ; ધામધુમ; ડોળ; આડંબર; ભપકા; શોભા; દમામ; દબદબો; પ્રતાપ; ઐશ્વર્ય. *vt.* To make a pompous display: ભપકો; ઠાઠ કરવો.

Pomposity, (પૉમ્પૉસિટિ) *n.* The quality or state of being pompous: ઠાઠમાઠ; ડોળ; દંભ; દમામ; બેડસાઠ; રોબ; બડાશ; પતરાજી.

Pompous, (પૉમ્પસ્) *a.* Stately; magnificent; દબદબાવાળું, મહા પ્રતાપ. 2. Pretentious; boastful; પતરાજીભરેલું; રાબી ખાર, બડાશબોર, હાલિક.

Pond, (પૉન્ડ્) *n.* A body of water naturally or artificially confined and usually of less extent than a lake; તલાવ; કુંડ; તડાગ; હોજ; જળાશય; પલ્વલ. *vt.* To make into a pond; તળાવ બાંધવું. 2. To ponder: મનમા તોલવું; વિચારવું.

Ponder, (પૉન્ડર્) *vt.* [L. *pondeo*, I weigh.] To weigh: તોળવું. 3. To weigh in the mind: મનમા તોળવું; -નો વિચાર ખ્યાલ કરવો, ચિંતન-મનન કરવું; દરીઆફ્ત કરવી. *vi.* To think; to muse: વિચાર કરવો.

Ponderable, (પૉન્ડરબલ્) *a.* Capable of being weighed: તોળાય એવું, ચિંત્ય; ચિંતનીય; તોલ્ય.

Ponderous, (પૉન્ડરસ્) *a.* [L. *pondus*, a weight.] Very heavy; weighty: ભારેસલ. 3. Important; forcible: જેની સામે ટકાય નહિ એવું; જબરું. 3. Heavy; dull: ભારે, સુસ્त; જડ.

Poniard, (પૉન્યાર્ડ્) *n.* [L. *plungo*, to prick.] A kind of dagger: નાનીકટાર; ખંજર; શૂલ. *vt.* To pierce with a poniard: કટારમારવી-મોકવી.

Pontiff, (પાન્ટિફ્) *n.* [L. *pono*, *pontis*; a bridge.] A high priest: ધર્મનો અધિકારી-પોપ; વડો ધર્મગુરુ.

Pontifical, (પૉન્ટિફિકલ્) *a.* Of or belonging to a pontiff or bishop; મોટા ધર્માધિકારી-પોપનું. 2. splendid; magnificent: ભવ્ય; પ્રૌઢ, ભભકાદાર. *n.* An office book of ecclisiastical ceremonies proper to a bishop; ખ્રિસ્ત ધર્મની ક્રિયાવિધિનુ પુસ્તક.

Pontificate, (પૉન્ટિફિકેટ્) *n.* The state of a high priest: પોપની પદવી. 2. The term of office of a pontiff: પોપગીરો; પોપની રાજ્ય સત્તાનો કાળ. *vi.* To perform the duty of a pontiff: પોપનુ કામ કરવું.

Pontoon, (પૉન્ટૂન્) *n.* [L. *pons*, *pontis*, a bridge.] A wooden flat-bottomed boat, a metallic cylinder, or a frame covered with canvas, India rubber &c. forming a portable float, used in building bridges quickly for the passage of troops: લશ્કરને તાબડતોબ જવા સારૂ જેના ઉપર કાચા પુલ બાંધે છે તે હોડા. 2. A low, flat vessel: હલકા હોડા.

Pony, (પૉનિ) *n.* A small horse: ટટ્ટુ; બટ્ટુ; નાનાઘોડો; ટટ્ટવાળું. 2. A key or translation used to avoid study in getting lesson: કુંચી. 3. Twenty five pounds sterling: ૨૫ પાઉંડ.

Poodle, (પૂડલ) *n.* A breed of dogs having curly hair, and often showing remarkable intelligence in the performance of tricks: ખોળામાંરમાડવાનો નાનો કુતરો.

Pooh, (પૂ) *interj.* Fish ! nonsense! an expression of scorn; છટ્; છીટ્.

Pool, (પૂલ્) *n.* A reservoir for water; ખાડો ખાબોચિયું; જળાશય. 2. A small body of standing water; સ્થિર

પાણીનો એક ખારો;ખાબોચીયું;ઉલેચ.n. The stake played for in certain games of cards, billiards &c:રમતમાં મુકેલી સરત.2. A game at billiards: બીલીઅર્ડ રમત.vt.To put together: ભેગું કરવું. vi To combine with others:મળી જવું.

Poop (પૂપ્)vi. To make a noise: અવાજ કરવો. n. [L. *puppis.*] A deck raised above the afterpart of a vessel: વહાણના સુકાનવાળા ભાગમાં કલમીના ડેક સૂધી જે તુતક હોય છે તે.

Poor, (પૂર)a. [L. *pauper*, poor.] Destitute of property; needy, ind gent:ગરીબ;નિર્દ્રવ્ય;નિર્ધન;કંગાલ;દીન;ધનહીન;દરિદ્ર.2. So completely destitute of property as to be entitled to maintenance from the public:ભુખે મરતું;દરિદ્રી;નાદાર;ભુખડુ બારસ;ભિક્ષોપજીવી 3.(*a*)Wanting in fat;lean;meager:દુબળું;દુર્બળ;કંગાલ;મુદ્દલ.(*b*)Wanting in strength;feeble;dejected: નબળું;નરમ;પોચું;સત્વ-બળહીણ.(*c*)Of little value;shabby,mean: તુચ્છ;અધમ;નબળું;હલકુ;કૃપણ;માલ દવાઈ;ટુંક લાંબોપીયા-હલકુ;નિર્માલ;નબળું. (*d*)Barren;sterile:રૂક્ષ;રસહીન,અસાર;અસમીચીન;ઉજ્જડ;રસવિનાનું;વાંઝિયું.(*e*)Destitute of beauty, fitness or merit:રૂપરોશન રહિત;નમાલું નિર્જીવ;નિર્માલ્ય;દમ-માલ-ખૂબી વિનાનું.(*f*)Unfavourable; unfortunate; uncomfortable: પ્રતિકૂળ;ખરાબ;બેચેન.(*g*) Inadequate;insufficient:અયોગ્ય;નકામું;ફોકટ;નબળું;લૂલું. 4. Worthy of pity or sympathy:બાપડું;બિચારૂં;રાંકડું.5. Meek:ગરીબ;સાલસ.P.*man's treacle*: લસણ. *The* p.the indigent: ગરીબ ગુરબાં;દીન;દુર્બળ;અનાથલોક.P. *fare*: નબળું-લુખુપાખુ-આકસ-પાકસ ખાવાનું.

Poor-box, (પૂર-બૉક્સ)n.A receptacle in which money given for the poor is placed:ભીખનો ગલ્લો-પેટી.

Poor-house,(પૂર-હાઉસ)n.A dwelling house for a number of paupers maintained at public expense:અનાથાશ્રમ;ધર્મશાળા;દરિદ્રાલય;દરિદ્રગૃહ;કંગાલશાળા;ગરીબશાળા.

Poorly, (પૂર્લિ) *adv.* In a poor manner: ગરીબાઈથી;નિર્ધનતાથી. 2. Indifferently: નબળું;બહુ લાસ વગર;રડતેખડતે.3.Meanly: નબળી રીતે; નિષ્ફળ;વ્યર્થ.

Poorness, (પૂરનેસ)n.The state or quality of being poor:નિર્ધનતા;કંગાલિયત;નિર્ધનાવસ્થા;દરિદ્રતા.

Pop,(પૉપ્)n.A small,sharp,quick explosive sound or report: ફટ્ ફટને થયેલો અવાજ.2.An unintoxicating beverage which expels the cork with a pop from the bottle containing it: ઉપાડતી વખતે બુચનો ફટ ફટને અવાજ થાય એવો કેફ વગરનો પીવાનો પદાર્થ. P. *gun*: છોકરાંને રમવાની બંદુક;ફટક નળી. *vi.* To make a pop or sharp sound: ફટ્ અવાજ કરવો.2.To dart:એકદમ ધસવું;ઝડપ દઈને પેસવું-દાખલ થવું.3. To burst open with a pop when heated over a fire:ફુલવું;તડતડ થવું.*vt.*To thrust suddenly: ચડપ-દઈને ઘાલવું-મુકવું-ખોસવું.(*b*) ફુટે એમ કરવું;ફોડવા માટે તૈયાર કરવું. *To* p *the question*: હું મારી સાથે લગ્ન કર એવી સ્ત્રીને માગણી કરવી.

Pope,(પોપ્)n.[L. *papa*, father.] Any ecclesiastic,*esp.* a bishop: ધર્માધિકારી; પાદરી. 2. The bishop or Rome:રોમન કેથોલિક ધર્મનો ઉપરી પાદરી;પોપ 3.A parish priest: દેવળનો ધર્માચાર્ય.4.A fish.માછલું.

Popedom,(પોપડમ્) n The place, office or dignity of the pope: પોપની પદવી.2. The jurisdiction: પોપનો મૂલક.

Popinjay,(પૉપિન્જે)n [L *gallus*, cock] The green wood pecker;a parrot:પોપટ;શુક.2.A trifling chattering fop:ફુલફટાકિયો; વરણાગિયો;વાલ;બાંકરાવ; છેલ; લાલાલોક;સાનશો ગતિયો.

Popler,(પૉપ્લર)n.A kind of fruit tree:એક જાતનું વિલાયતી તથા દુર્લ ઝાડ.

Poppy,(પૉપિ) n. [L *papaver.*] Any plant of the genus *Papaver*: ખસખસ; ખસખસનો છોડવા.P. *seeds*:ખસખસના દાણા.

Populace, (પૉપ્યૂલેસ)n.[L *populus.*] The common people; the vulgar:લોક; પ્રજા; સામાન્ય લોક સાધારણ અભણ લોક;પ્રકૃતિ.

Popular,(પૉપ્યૂલર્)a.[L.*populus*, people.]Pertaining to the common people:લોક-પ્રજાનું.2. Familiar;plain: સરળ;સુગમ;સુબોધ;લોકોપયોગી;સુગમ.3.Ordinary; inferior;common; cheap:સાધારણ; સામાન્ય;લોકમાં પસરેલું;લોકમાં પચાર પામેલું. 4. Beloved by the people; લોકને વહાલું-ગમતું;લોકપ્રિય; સર્વપ્રિય; જનપ્રિય. 5. Prevailing among the people; લોકમાં પ્રચાર પામેલ; લોકસિદ્ધ; લોકસંમત; બહુમત.P.*accusation*: લોકાપવાદ;જનાપવાદ. P. *story*: જનકથા; લોકકથા; દંતકથા P. *usage* or *practices*: કુલાચાર;લોકાચાર; લોકમર્યાદા-રીતિ; જનરીતિ; લોકવ્યવહાર P *opinion*: લોક-વાયકા-વાણી *To make one's self* p.:કોઇએ લોકની પ્રીતિ મેળવવી.

Popularity, (પૉપ્યૂલૅરિટિ) *n.* The quality or state of being popular:લોકનું રાજીપણું.2. The state of being adapted or pleasing to common people: રાજીપણું; લોકપ્રિયતા,જનપ્રિયતા;જનપ્રીતિ. 3 Something which obtains the favor of the vulgar: પ્રીતિ; પ્રિયતા. 4. Public sentiment: લોકની મરજી; જનરૂચિ;-લોકમત.

Popularly, (પૉપ્યૂલર્લિ) *adv.* In a popular manner: લોકો રાજી થાય એવી રીતે; લોક રંજનાર્થે; સામાન્યતા; સાધારણ લોક સમજ એવી રીતે; લોક પ્રિય રીતે.

Populate,(પૉપ્યૂલેટ)a. [L. *populus*, people.] Populous: વસ્તીવાળુ *vt.* To furnish with inhabitants; to people: વસાવવું; વસ્તી કરવી.

Population, (પૉપ્યૂલેશન) *n.* The act of populating: વસવું તે.2. The whole number of people:લોક;વસ્તી;જન;પ્રજા;પ્રજાસંખ્યા; લોકસમસ્ત.

Populous,(પૉપ્યૂલસ)a.[L. *populus*,people.] Abounding in people:વસ્તીવાળુ;આબાદ;આબાદાન;ઘાડી વસ્તીવાળુ 2.Popular;famous: નામીચો;વખણાયલો.3.Common; vulgar: સામાન્ય: સાધારણ.

Porcelain,(પૉર્સિલેન) *n.* [L. *porcus*, pig.] A fine translucent kind of earthenware, made first in China & Japan: ચિનાઈ કામ-વાસણ.P.*clay*: ચિનાઈ માટોડી.

Porch,(પૉર્ચ્)n.[L.*porta*, a gate.]A covered and inclosed entrance to a building: બારણા આગળની પરસાળ-ઓસરી-અડાળી;દિવડી;ડ્રારમ કપ. 2.A portico: રંગમ કપ; સભામ કપ.

Porcine,(પૉર્સાઇન) *a.* Pertaining to the pigs:સુવર-ડુક્કર-ભુંડ સંબંધી.

Porcupine, (પૉર્કયૂપાઇન) *n.* [L. *porcus* & *spina*, a thorn.], Any Old World rodent of the genus *Hystrix* having the back covered with long, sharp,erectile spines or quills sometimes a foot long: સાહુડી. *A.* p.s.: *quill*: સીસોળીયું.

Pore,(પૉર)n.[L.*porus*.]One of the

minute orifices in an animal or vegetable membrane:ચામડીનું છિદ્ર રોમકુપ;રંધ્ર.2.A minute opening or passage way: છિદ્ર:સૂક્ષ્મરંધ્ર;રૂપિકી. *vi.* To fix the attention: એકી નજરે જોવું-પર ધ્યાન-લક્ષ આપવું; -માં પરાયણ મગ્ન થઇ જવું.

Pork,(પૉર્ક્)*n.*[L *porcus*,hog.]The flesh of swine fresh or salted, used for food ડુક્કરનું માંસ-ગોશ.

Porosity(પૉરૉસિટિ)*n.*The quality or state of being porous:રોમકુપવત્વ;સાવકાશ:છિદ્રતા;સરંધ્રતા-પણું.

Porous,(પૉરસ્) *a.* Full of pores: છિદ્રમય કાણાંવાળું; છિદ્રવાન; રોમકુપવાન;સછિદ્ર.

Porphyry,(પૉર્ફિરિ)*n.*[L.*porphyrites.*] A term used some what loosely to designate a rock consisting of a fine grained base through which crystals are disseminated: એક જાતનો ખૂબસુરત આરસપાહાણ;પાણી ખડક; સંગેસુમાક.

Porpois),(પૉરપૉસ)*n.* A genus of Cetecea in the family *Delphinidea*: બીજાં માછલાં ખાઈને રહેનારું એકમોટું માછલું;દરિયાઇડુક્કર;સુસરમત્સ્ય

Porridge,(પૉરિજ્) *n.* [L. *porrus*; leek.]A food made by boiling some leguminous substance:વિલાયતી કાંજી:રાબડી;ઘેંસ;ભડકું;રાબ.

Poringer,(પૅરિંજર)*n.* A porridge dish: વાડકો;કટોરો; પ્યાલો.

Port,(પૉર્ટ્)*n.*.[L.*portus.*] A dark red or purple astringent wine made in Portugal:પોર્ટુગાલમા થતા પોર્ટ જાતનો દારૂ. A harbour:બંદર 2.A harbor where vessels are admitted to discharge and receive cargoes:ગોદી;બારું.*n.*A gate: a door:દરવાજો;બારણું. 2 An opening in the side of a vessel:બારું. 3.A passage way in a machine: કાણું;માર્ગ;નળી.*vt.*[L. *porto*, I carry]To carry; to bear. ફેરવવું;લઇ જવું.2.To throw,as a musket:મારી રૂપ આડી બંદુક રાખવી.*n.* Carriage; demeanor:department; bearing: બાની;ઢબ-આકાર;ઢોળ-ઢબછબ;રૂપ: મુદ્રા; 2.The l board side: ડાબુ જુડડું.

Portable, (પૉરટેબલ્) *a.* Easily transported: સહેલાઇથી લેઇ જવાય એવું; સુખવાહ્ય; સુવાહ્ય.

Portage,(પૉરટેજ્)*n.* A porthole: નળીદ્વાર;માર્ગ.2. A sailor's wages: મજુરી.3 The act of carrying:લઇ જવાનું કામ. 4. The price of carriage: મજુરી;વૈતરું;હેલ.

Portal.(પાસ્ટૅલ્)*n.* [*porta*, a gate.] A door or gate: બારી;દરવાજો.દ્વાર; ખડકી.2.The lesser gate:નાનીબારી.

Portend,(પૉર્ટેન્ડ્) *vt.* [*pro* & *tendo*, I stretch.]To foreshow: આગળથી બતાવવું-સૂચવવું જણાવવું: અગ્રસૂચન-પૂર્વસૂચન કરવું-શુકન-બતાવવા.

Portent, (પૉર્ટેન્ટ્) *n.* That which portends, *esp.* that which portends evil: અપશુકન;અપમાન:અગ્રચિન્હ;અવલક્ષણ:અરિષ્ટ; અશુભલક્ષણ; ઉત્પાત:કલક્ષણ;પૂર્વચિન્હલક્ષણ;દુશ્ચિન્હ; દુ:નિમિત.

Portentous (પૉર્ટેન્ટસ) *a.* Of the nature of a portent: માઠું થવાની સૂચના કરનારું-અશિષ્ટમૂચક-અભદ્રસૂચક: અનિષ્ટ-ઉત્પાત સૂચક.2. Monstrous; wonderful: અદ્‌ભુત-વિલક્ષણ:રાક્ષસી ગંજાવર; અદાણી:; અદ્‌ભુત.

Porter,(પૉર્ટર)*n.*[L.*porta* a gate.] A door keeper: દરવાન:દ્વારપાલ:દેવડીવાળો:પ્રતિહારી 2.A carrier:વૈતરો:ભારવાહ:મજુર; હેલકારી.3. A bar of iron at the end of which a forging is made:લોખંડનોગજ-સળીઓ.

Porterage,(પૉર્ટરેજ્)*n.* The work of a porter: લેઈ જવા લાવવાની મજુરી:વૈતરું.3.Money paid for the carriage of burdens: લાવવા લઇ જવાનીમજુરી:વૈતરું;હેલ.

Portfolio,(પૉર્ટફૉલિઓ)*n.*A portable case for holding loose papers,prints,&c.: કાગળવિગેરે રાખવાનું ખાનદાન;તોરદાન:ખોસ્તાન.2. The office of a minister of state:રાજ્યકારભારીનું પદ-જગ્યા.

Port-hole,(પૉર્ટ્‌હોલ્)*n.*An embrasure in a ship's side: બારી;જંગી (*b*)વહાણમાંનો તોપનો મારો.

Portico,(પૉર્ટિકો)*n.* [L. *portieus.*] A colonnade or covered ambulatory: મંડપ; દરવાજાના ઉપરના ધાબાતળેનો ભાગ:ચાલ;રવેશી; પોરટિકો.

Portion (પૉર્શન્) *n.* [L. *partis*, a part.] That which is divided off or separated: ખંડ;વિભાગ;ભાગ. 2.A part considered by itself: ભાગ;હિસ્સો.3.Share; fate; allotment: વાટો; હેચણ; ભાગ; અંશ.4. An inheri ance: વારસો;રિક્થભાગ; રિક્થાંશ; દ્રવ્યાંશ. 5. A wife's fortune;a dowry: સાસરવારસો;સ્ત્રીધન; કન્યાધન; ભાર્યાંશ. *vt.* To parcel, to distribute:-ના ભાગ કરવહેંચવું; વારસો આપવો.2.To endow :with a portion of inheritance: વારસો આપવો.

Portly,(પૉર્ટ્‌લિ)*a.* Of a noble appearance; imposing: ભવ્ય:પ્રભાવશુરત:ઉદાત્ત;ધીર:ભવ્યમૂર્તિ. 2. Bulky; corpulent:ઢબલુ;હૃષ્ટપુષ્ટ;સ્થુલ;ઢબકું; ફેદલ;અલફરખે.

Portmanteau, (પૉર્ટ્‌મૅન્ટો) *n.* A bag or case of leather for carrying wearing apparel: લુગડાં કપડાં રાખવાનો ફોથળો-ખરેચી;પાકીટ.

Portrait,(પૉરટ્રેટ્)*n* The likeness of a person painted, drawn or engraved:તસબીર;છબી;ચિત્ર;પ્રતિમા. 2.Any graphic or vivid delineation or description of a person: આબેહુબ-ધ્યાન:વર્ણન; આલેખ્ય.*vt.*To portray;to draw: છબી-તસવીર કાઢવી.

Portraiture,(પૉરટ્રેચર્) *n.*A portrait;a likeness: છબી:ચિત્ર; તસ્વીર પ્રતિમા.:2. Pictures collectively: છબીઓ:ચિત્રો. 3. The art of making portraits: છબી બનાવવા-કહાડવાનો હુન્નર-કળા.4.The art of giving a vivid or graphic description: ચિત્ર વિદ્યા; શબ્દાલંકારથી આબેહુબ વર્ણન કરવાની કળા.

Portray,(પૉર્ટ્રે)*vt.*[L.*pro* & *traho.* I draw.] To paint or draw the likeness of:-ની છબી કાઢવી. 2. To describe in words:ધ્યાન કર;વર્ણન નિરૂપણ કર; વર્ણવવું.

Pose,(પોઝ)*n.*[L. *pausa*,a pause.] A cold in the head: શરદી;સલેખમ. 2.The position of a person: માણસની શરીરસ્થિતિ. *vt.* To place in an attitude or fixed position for the sake of effect:ઠીકઠાક કરીને ગોઠવવું-બેસાડવું *vt.* To interrogate; to question: પૂછવું;સવાલ કર.2. To bring to stand: જવાબ દેતાં બંધ પડે એમ કર;પૂછી પૂછીને અકળાવવું; ની ફેરી બંધ કરી દેવી.3 To put in an attitude:-નો ડોળ-વેશ કર.

Poser,(પોઝર)*n.*One who or that which poses: આકરા સવાલ કરી મુંચવનાર. 2. A difficult question: આકરો સવાલ; અઘરો સવાલ.

Position,(પૉઝિશન્)*n.* [L. *pono*, I put.] Attitude;condition: સ્થિતિ;સ્થાન;અંગસ્થિતિ;અવસ્થા;દશા;ભાવ;વૃત્તિ.3.Site; place; station:હોવાનીજગો-ઠેકાણું;સ્થળ; સ્થિતિ; સ્થાન. 3 A proposition;a thesis:પૂર્વપક્ષ; પક્ષ;પ્રતિજ્ઞા;પ્રમેય;હેતુ; ફકફિકા.4. (*a*) Relative place or standing: યોગ્યતા;પ્રતિષ્ઠા;ગૌરવ;મોભો; સ્થિતિ. (*b*) Office;post:કરજ્જો;પદવી; સ્થાન; પદ. 5.The method of finding the value of an unknown quantity.

by assuming one or more values:ક્ષુદ્રરાશિ. *Single* p: એકવડી-એકધા ક્ષુદ્રરાશિ. *Double* p.: બેવડી દ્વિધા ક્ષુદ્ર રાશિ. 6. *vt.* To place:જગા બતાવવી·મુકવું.

Positive,(પૉઝિટિવ્)*a.*[L. *positivus.*] Real actual:ખરેખરું;વાસ્તવિક: સાક્ષાત.2.Absolute: આન્તુ-બાન્તુનીબ-નિશ્ચિત વાત ઉપર આધાર ન રાખવું: નક્કી: ખચિત: સ્વત:સિદ્ધ: આત્મજન્ત; આત્મોત્પન્ન. 3. Definitely laid down:સ્પષ્ટ· ખુલ્લેખુલ્લુ·ચોખ્ખુ; ખચિત.4 Not admitting of any doubt; not speculative; decisive: indisputable· નક્કી· નિર્ભિત; ચોક્કસ:સંશય-શંકા રહિત:નિશ્ચિત; નિર્દિષ્ટ.5 Certain. confident;dogmatic:માનવું પડે એવું;ખાતરીનું: સાફ; સ્પષ્ટ; નક્કી· નિ:સંશય; નિ·સંદેહ: નિર્ભ્રાંત:મતાભિમાની· સતાગ્રહી. 6 Full of confidence:બેધડક·હમેશાંજ છાતી ઠોકીબોલનાર-કહેનાર ભખનાર.(assertions)નિ:શંક; બેધડક· છાતીઠોક; દૃઢીભૂત.P.*degree* અન્યોન્યાપેક્ષ·રૂપ. P *quantity* ધન:ધનપદ.P-*sign*: વત્તાનું ચિન્હ.*n.*Reality:સત્યતા·યથાર્થતા.

Positively,(પૉઝિટિવ્લિ)*adv.*Absolutely: સ્પષ્ટ રીતે: ખચિત: પુરતી રીતે;સાક્ષાત·અક્ષરશ:નક્કી;સત્યરીતે.

Possess પૉઝેસ)*vt* [L.*possideo.* I have.] To occupy in person: હાથમાં કબજા હવાલા-વહિવટ-ઉપભોગ. માહોવું.- 2. To own: to have:-નું હોવું;-ના ધણી-માલેકહોવું;ભોગવવું; અનુભવવું;-નું આસ્પદ-પાત્ર હોવું. 3. To gain;to seize:મેળવવું:પકડવું· સાધવું; સિદ્ધ કર. 4.(*a*)To enter into and influence:-માં ભરાવવું;-ને આવવું;-ને વળગવું;-માં ભૂત ભરાવું;-માં સંચાર-પ્રવેશ. (*b*)To control the will of:-ને વશ આધીન થવું;-થી તણાઇ બેચાઇ; બ્હેવાઇ જવું;વશ કર.5. To put in possession:આપવું;ધણી-માલેક બનાવવું;નેઃસ્વાધીન કર. *To* p, *one self*: લેવું;લેઈ લેવું;કબજામાં હોવું.

Possession, (પૉઝેશન્) *n.* The act or state of possessing: કબજો. 2. Ownership: માલેકી; હવાલો; વહિવટ;ઉપભોગ.3.The thing possessd: માલ; વિત્ત; વિભવ;દ્રવ્ય; મિલકત;તાબાનો મુલક; સંસ્થાન. 4. Madness;frenzy:આડુ; ભૂતસંચાર; ઝોડ; ઝડફ;નડતર;વળગણ; પીડા;બાધ;ગાંડછા. *vt* To invest with property: વહીવટ-ભોગવટો કરવો.

Possessive,(પૉઝેસિવ્)*a.*Pertaining to possession:સંબંધક; સંબંધવાચક.*n.*The possessive case; ષષ્ઠિ સંબંધ-વિભક્તિ 2. A possessive pronoun·સંબંધકસર્વનામ.

Possessor,(પૉઝેસર) *n.* One who possesses.ભોક્તા; સ્વામી: અધિકારી; કબજેદાર:વહીવટદાર.

Posset (પૉસેટ્)*n.* A diefetic preparation made by curdling milk with some acidulous liquor: દુધમાં દ્રાક્ષ રસ કે બીજે કોઇ એવો પદાર્થ નાંખીને ફોવેલું પી·જું·દુધનું શરબત.

Possibility,(પૉસિબિલિટિ)*n.* The quality or state of being possible; A contingency: શક્યતા: સંભવ:સંભાવ્યકલ્પનિ; ઘટના: સંગતિ; બની શકે એવી વાત.

Possible,(પૉસિબલ્)*a.* [L. *potis,* able&*esse.*to be.] Able to happen;capable of being done:બનવાજોગ;બની શકે એવું; શક્ય;સાધ્ય; સંભાવ્ય P.*to be done* કરણીય; સાધ્ય. *As far as* p યથાશક્તિ;બનતા સુધી.

Possibly, (પૉસિબ્લિ) *adv.* In a possible manner: by possible means:કદાચિત;કદાપિ:કદાચ.

Post (પૉસ્ટ્)[L *post* behind.] A prefix signifying,back,after:પછાડી-પછીના અર્થમાં વપરાતો શબ્દ.*n.* [*L. pono,*I place.] A billiar: થાંભલો:સ્તંભ;ટેકો.2 The door-post બારણાની શાખ *n.* (*a*) Station: મુકામ;થાણું .(*b*)A military station: લશ્કરી થાનું-ચોકી. 2. A postman: ડાગવાળો,બેપીઓ.3.The post office;the mail:ડાગ; ટપાલ. *Hence,* the carriage conveying the mail: ડાગગાડી.4. Speed, like that of a messenger: ડાગવાળાના જેવી ઝડપ-વેગ-ઉતાવળ. 5. One who has charge of a station *esp. of* a postal station: પોષ્ટ માસ્તર.7. A station,office or position of service, trust &c.: સ્થાન; પદ; અધિકાર: નિયોગ;પદવી;હોદ્દો P *boy*: ડાગ લેઈ જનાર લાવનાર;ડાગવાળો;ટપાલી બો.P *haste*:ડાગ-ચોકી;મજલદર મજલ; મુકામ કર્યા વગર;દોડતાં; રાતોરાત ચાલીને. P. *horse*: ડાગનો-ડાગ ચોકી રાખેલ ઘોડો. P. *paid*: ટિકીટ ચ્હોડેલું;ડાગખરચ આપેલું. *To ride* p., દાબડતોબ-દોડતાં-સવેગ જવું-મજલ કર. *To travel.* p. to travel, as a post does, by relays of horse:થોડે થોડે અંતરે ઘોડાનો બંદોબસ્ત રાખી મુસાફરી કર; ઝડપથી જવું-ફરવું. To attach to a post;to to placard ચોટાડવું;લગાડવું;મારવું 2 To hold up to public blame: ઉઘાડું પાડવું-કરવું-ને ફજેત કર.વગોવવું;ચકટે ચકટે ચઢાવવું.2. To enter on a list: નામ દાખલ કરવું-નોંધવું.4 To set;to place:મુકવું; બેસાડવું;રાખવું.5.To carry, as an account from the journal to the ledger;ખતવવું;હિસાબ-નામું ખતવવું 6 To mail:ડાગળ ટપાલમાં નાંખવો 7 To inform:ખબર કર-કહેવી: વાકેફ કર,સારી પેઠે માહીતગાર કર *To* p.*off,*to put off: ઢીલ કરવી. *i.* To travel with post horses: *fig* to travel in haste:ડાગ ઘોડાથી જવું-ચાલવું;ઝડપથી·જવું.2. *To* rise and sink in *the* saddle:બ્રહ્મ બ્રહ્મ કર; ઘોડો રવાલ જતો હોય તે વખતે જીન ઉપર ઉંચા નીચા થવું. *ad.* With great rapidity: ઉતાવળે-ત્રુ દોડતું:વેદોટ કરતાં;ધાટ ધાટ કરતા. (*b*) ડાગ ચોકી ઘોડા-ટપ્પા રાખીને મજલ દર મજલ.

Postage,(પૉસ્ટેજ્) *n.* The price established by law to be paid for the conveyance of letter or other mailable matter by a public post:ડાગ-ટપાલ ખરચ-લવાજમ.P *stamp*:ડાગની ટિકીટ.

Postal(પૉસ્ટૅલ્)*a.* Belonging to the post office or mail service: ટપાલ સંબંધીનું;ડાગનું-

Post-chaise,(પૅસ્ટ્ શૅઇઝ્)*n.*A carriage for the mail:ટપાલની ગાડી.

Post-date, (પૉસ્ટ્-ડેટ્) *vt.* To date after the real time: પાછળની તારીખ નાંખવી. To affix the date to after the event: કશુ બન્યા પછીથી તારીખ લખવી.*n.* A date put to a bill of exchange later than it was actually made: પાછલી તારીખ.

Post-diluvian,(પૉસ્ટ્-ડિલ્યૂવિઅન્) *a.* Being or happening after the flood in Noah's days: નોહાના વખતની જગરેલ પછીનું.*n.* One who lived after the flood: જગરેલ-પ્રલય પછી જીવનાર;જગરેલ પછીનું માણસ.

Poster,(પૉસ્ટર) *n.* A large bill or placard intended to be posted in public places: જાહેરનામું 2. One who posts bills: જાહેરનામું ઓડનાર.3.One who travels expeditionsly;a courier:ડાગવાળાની પેઠે ઝડપથી દોડનાર-ચાલનાર;બેપીઓ. 2. A post horse:ડાગનો ઘોડો.

Posterior,(પૉસ્ટીરિઅૉર્) *a.* [L. *posterus,* coming after.] Later in time;(opposed to *prior*) પછીના વખત-જમાનાનું; પશ્ચાત-ઉત્તર-અપર કાલીન; ઉત્તર; અપર; અવર. 2. Situated behind;hinder;(oppos-

ed to *anterior*): પાછલું;પાછળનું.

Posteriors,(પાસ્ટિરિઅર્સ્)*n.*The hinder parts, as of an animal's body:ગાંડ;નિતંબ ખગડા;ગુદા;ગુદમૈથુન.

Posterity,(પૉસ્ટેરિટિ)*n.*[*posteritas*] Descendants:વંશજો: પ્રજા; સંતાન; સંતતિ;પુત્ર પૌત્રાદિક.2.Future times succeeding generations: આવતો ભવિષ્યનો વખત;પછીની પ્રજા.

Postern,(પૉસ્ટર્ન્) *n.* [L.*posterus*, coming after.] A back door: પાછલું-ચોર છાનું બારણું.2.A subterraneous passage:જમીનની અંદરનું છાનું બારણું-રસ્તો;મોચરું. *a* Back; private:પાછલું;છાનું;છુપું;ચોર.

Posthumous,(પૉસ્ટ્યૂમસ્) *a.* [L *post*,after,&*humus*, ihe ground Born,after, the death of the father,or taken from the dead body of the mother: બાપ મુઆ પછી જન્મેલું;આધાનનું સગર્ભા મરી ગએલી સ્ત્રીને ચીરીને કાઢેલું:મૃત્યુત્તરજાત. 3.Published after the death of the author:ગ્રંથકાર મરી ગયા પછી પ્રગટ કીધેલું-છાપેલું બહાર પાડેલું. (b) (*fame*):મૂઆ પછી ચાલ્યા કરતુ-કીર્તિલું.

Postillion,(પૉસ્ટિલિઅન્)*n.* One who rides and guides the first pair of horses of a coach or post chaise:પહેલી ઘોડાની જોડ હાંકનાર.

Post-man,(પૉસ્ટ્મૅન)*a.* A post-or courier:ટપાલ; ડાગ-વાળો-લઈ જનાર લાવનાર;હુલકારો;ટપાલી.

Post-mark,(પાસ્ટ્-માર્ક્) *n.* The stamp of a post office on a letter, giving the place and date of mailing & of arrival: ટપાલ ઑફીસની કાગળો ઉપર મારેલી છાપ.

Post-master, (પૉસ્ટમાસ્ટર્) *n.* One who has charge of a station of travellers:ચોકીદાર;થાણાવાળો.2 One who has charge of a post office,and the distribution and forwarding of mails: ટપાલ ખાતાનો ઉપરી અધિકારી;ટપાલ માસ્તર.

Post-meridian, (પૉસ્ટ્મેરિડિઅન્) *a* (Abbrev.P.M.)L *post*, after & *meridianus*.] Coming after the sun has passed the meridian બપોર મધ્યાન્હ પછીનું;નમતા પહોરનું; અપરાન્હનું;અપરાન્હિક. 2. Belonging to the after portion of life: અડધી જી ઢળી પછીનું;ઉત્તરવયનું; વૃદ્ધાવસ્થાનું.

Post-mortem,(પૉસ્ટ્મૉર્ટેમ્)*a.*After death:મુઆ પછીનું;મરણોત્તર.

Post-office,(પૉસ્ટ્ઑફિસ્) *n.* A place appointed for attending to all business connected with the mail:ટપાલ ઑફીસ.

Postpone,(પૉસ્ટ્પૉન્) *vt.*[L.*post*-after & *pono*, I place.] To defer to a future or later time; to put off:મુલતવી રાખવું; વિચારપર રાખવું;બાકી રાખવું.2.To place after behind,or below something, in respect to precedence,value&c. પાછળ મુકવું;પછી રાખવું;કતરતું ગણવું.

Postponement,(પૉસ્ટ્પૉન્મેન્ટ્)*n.* A temporary delay: વ્યાક્ષેપ; વિલંબ;ઢીલ.

Post-script,(પૉસ્ટ્સ્ક્રિપ્ટ્)*n* (Abbrev P.S.) [L. *post* & *scribo*, I write.]A paragraph added to a letter after it is concluded and signed by the writer: પુનર્લેખ:તાત્પર્યલમ;અનુલેખ.

Postulate,(પૉસ્ટ્યૂલેટ્)*n.*[L. *postulo*, I demand.] Something demanded.કલ્પના;પરિગ્રહ;સમાનિત્ત પૂર્વપક્ષ.2.(*Geo.*)The enunciation of a selfevident problem in distinction from an axiom: સ્વીકૃતપક્ષ; ગૃહીતપદ; અબાધ્યાપક્રમ. *n.* Postulated:ધારેલું;કલ્પિત. *vt.* To beg or assume without proof: ધારવું;અનુમાન કરવું;પરિગ્રહણ કરવું. :2. To assume:ધારણ કરવું; લેવું. 3 To solicit:માગવું;અરજ કરવું;વિનતિ કરવી.

Postulation,(પૉસ્ટ્યૂલેશન્)*n.*The act of postulating; suit; cause: ધારણા;અરજ;દાવો.

Posture, [પૉસ્ટ્યૂર્]*n.* (*L.pono*, I place.) The position of the body: શરીરનુ વલણ;સ્થિતિ;અવિન્યાસ 2. Place;position:જગા;ઠેકાણું;આસન; બંધ. 3. Disposition; mood: ઢંગ; ઠેકાણ;પ્રકૃતિ.*vt.* To place in a particular position: બરાબર ઠેકાણામાં મુકવું.

Posy,(પૉઝિ) *n.* A brief poetical sentiment: (વીંટી વિ૰ ઉપર લખેલો) લેખ;કહેતી.2.A flower;a nosegay: ફુલનો તોરો;ગોટો;પુષ્પગુચ્છ;ફલગી.

Pot,(પૉટ્)*n.*A metallic or earthen vessel:માટી કે ધાતુનું પાત્ર-વાસણ.2 An earthen or peweter cup for liquors:દારૂ પીવાનો ગ્લાસ-પ્યાલું. 3. A potful: વાસણ-પાત્રમાં માય એટલું. 4. A chimney pot:ચીમની ઉપર ઢાંકવાનું વાસણ.5.A crucible:ધાતુ વિ૰ ગાળવાની કુલડી.*To go to* p.,to become refuse:પાયમાલ થવું;રદ પડવું; ચુલામાં જવું;બળવું;ગાળવા નં ખાવું. P. & *pans*: વાસણકુસણ. P. *companion*:પાનમિત્ર;સહપાયી. *vt.* (*a*) To preserve seasoned in pots;વાસણમાં રાખી મુકવું;આથેલું વાસણમાં ભરવું.(*b*)To set or cover in pots: કુંડા-પાત્રમાં રાખવું;વાવવું-રોપવું. P. *bellied*: પેકની ફુંદવાળું ફુંદાળું-ફુંદાળુ,ફાંદવાળુ :ગાગર જેવા પેટવાળું;તુંદિલ.

Potable,(પૉટેબ્લ) *a.* [L *poto*, I drink.]Fit to be drunk,drinkable:પીવા લાયક-સરખું;પાનયોગ્ય; પેય. *n.*A potable liquid:પીવાનો પદાર્થ.

Potash,(પૉટશ્)*n.* The hydroxide of potassium:એક જાતનો ખાર-ક્ષાર.

Potation,(પોટેશન્)*n.*(L.*poto*, I drink]The act of drinking:પીવું તે 2. A draught:ચુ કડો.3. A drinking bout: પીવાનો ચુંકડો; કેટલાએક જણ સાથે પીએ તે;પીવાનીએપ.4 Beverage:પાન: શરબત;પેજુ.

Potato,(પોટેટો)*n.*A kind of fruit & its plants: બટાકા-ટા;પટાટા. 3. The sweet potato:સકરકંદ;સકરીકંદ.

Potency,(પોટેન્સિ) *n.* [*L potens*, potent.]Energy;capability: અકરા બળવાન-મજબુતપણું;બળ; પ્રતાપ; સામર્થ્ય;શક્તિ;સત્વ.

Potent,(પોટેન્ટ્)*a.*[*L.posse*, to be able.]Powerful; forcible: efficacious:આકરું;તેજ;જબરદસ્ત,જલમ;ગુણકારી; રામબાણ;આબાદ;મુજરદ.2. Mighty; influential;બળવાન; સમર્થ; પ્રતાપી; સપ્રભાવ; દિગ્જય જેવું; જબરદસ્ત 3. Having great influence: મજબૂત; બળવાન;જબ્બેસલાક.

Potentate,(પોટેન્ટેટ્)*n.*[*L.potento* I exercise power.] One who is potent;a prince:પ્રતાપી-સમર્થ રાજા-અધિરાજ-બાદશાહ; સુલતાન-નવાબ.

Potential,(પોટેન્શૅલ્)*a* Being potent;influential:સંભવિત;સંભાવ્ય; ભાવી;ભવિષ્યનું.2.Existing in possibility:શક્યરૂપ;હોઇ શકે એવું. P. *mood*:શક્યાર્થ;શક્યબોધ. Anything that may be possible: શક્ય હોય તે.2.The energy of an electrical charge measured by its power to do work:વિજળીનો વેગ-શક્તિ

Pot-herb,(પૉટ્અર્બ્)*n.*Any plant, the leaves of which are boiled for food:શાકભાજી;તરકારી.

Pot-house,(પૉટ્-હાઉસ્) *n.*An ale house;liquor shop: દારૂનું પીઠું.

Pot-hook,(પૉટ્હુક્)*n.* A hook hung in a chimney for supporting a pot:દેવતા ઉપર તપાવવાનાં વાસણ લટકાવવાની કુક-કડી;આંકડી.

Potion,(પોશન્)*n.*[*L.voto*,I drink] A dose:a draught: ચુંટડો;પીવાનું ઓસડ;કવાથ *vt.*To drug:ઓસડ પીવું.

Pottage,(પૉટેજ)*n.*A kind of food made by boiling vegetabls or meat in water: શાક અગર રાંધેલું માંસ;વિલાયતી ડખું;કઢી;શોરવો.

Potter,(પૉટર)*n.*One whose occupation is to make earthen vessels:પ્રજાપતિ; ઓઝો;કુંભાર.2- One who hawks crockery or earthen ware: ચિનાઇ-માટીનાં વાસણ વેચવા ફરનાર. *vi.* To busy one's self with trifles: નકામી મહેનત કરવી; રમત કરવી.2To walk lazily;to saunter:ધીમેધીમેથી ચાલવું;રઝળવું, રખડવું. *vt.*To poke;to dush: ગોદા મારવા; ભોકવું;હડસેલવું.

Pottery,(પૉટરિ) *n.* The vessels made by potters: માટીનાં વાસણ. 2.The place where earthen vessels are made: કુંભાર જ્યાં વાસણ બનાવે છે તે જગા.

Pouch,(પાઉચ્)*n.A* small bag:ખલેચી,થેલી;કોથળી;પીશવી;ચાટવી; તોબરી. P. *for money*: નાણાંની થેલી. *A shot* p.:તોસ્તાન 2. (*a*) A protuberant belly:પેટની ફાંદ.(*b*)(*Zool*) A sac or bag for carrying food for young:(પ્રાણીઓની) બચ્ચાં માટે ખોરાક ભરી રાખવાની કોથળી (*c*) (*Med,*) Sac containing fluid: રસની કોથળી. *vt.* To put into a pouch:ખલેચીમા મુકવું.2. To swallow:ગળી જવું;3. To pout:મોં ચઢાવવું;મોં મચકોડવું.4.To pocket:ખિસ્સા મા-ગજવામા નાંખવું.

Pou-chong,(પૂ-શૉન્ગ્)*n.* A superior kind of souchong tea: એક જાતની ઉત્તમ કાળી ચાહ.

Poulterer,(પૉલ્ટરર્)*n.* One who deals in poultry:મરઘા વેચનાર-વાળો.

Poultice,(પૉલ્ટિસ્)*n.* [*L. poltis,* athick pap.]*A* soft composition as of bread:પોટીસ. *vt.* To apply a poultice to: પોટીસ લગાડવી-મારવી-બાંધવી.

Poultry,(પૉલ્ટ્રિ) *n.* [*L. pullus,* a chicken.]Domestic fowls reared for the table:મરઘાં કુકડાં.

Pounce,(પાઉન્સ્) *n.* [*L. pumex,* pumice.] *A* fine powder: રજ; વિલાયતી રજી. 2. Charcoal dust: કોયલા વિ-નો ભૂકો.*vt.* To sprinkle or rub with pounce: રેતી નાંખવી. P.*ox*:રેતહાની;રતિયું.*n.*[*L. pungo,* I prick.] *The* claw of a bird:પંજો;નોર.2.A punch or stamp:(શિક્કો વિ-પાડવાનું)બીબું;છાપ.3. Cloth worked in eyelet holes: મોટી જાળીવાળું કપડું. 4. The striking or seizing with a claw: તડાપ-ઝડપ-તલપ.*vi.* To strike or seize with the talons:નોર મારવા; પંજાથી પકડવું.2.To perforate;to punch:કાણાં પાડવાં.To seize with the claws (with *on* or *upon*): ઝડપ મારીને પકડવું;તડાપ તલપ મારવી.

Ponnd,(પાઉન્ડ) *vt.* To strike repeatedly with some heavy instrument:કુટવું;ખાંડવું; છુંદવું; કચરવું; વાટવું;છડવું .2.To comminute and pulverize by beating: લસોટવું; વાટવું. *vi.*To strike heavy blows: કચરવું;મારવું .2. To make ajarring noise:સણસણ અવાજ કરવો; ગગડાટ કરવો. *n.A* pinfold: રખડતા ઢોરને પુરવાનો ડબો.2.A kind of knot for catching fish:માછલા પકડવાની જાળ.*vt.*To confine in:કોયવું ; ડબામાં પૂરવું . *n.* [*L. pondus,* weight.] A certain specified weight (*a*) (અનાજ વિ-તોળવાનો) સોળ આઉન્સ અથવા ૭૦૦૦ ગ્રેનનો પાઉન્ડ. (*Av.*): સુરતીસવાસેરને અઢી પૈસાભારનો રતલ; લગભગ ૩૬૫ા તોલાનો રતલ. (*b*)(સોનુરૂપ તોળવાનો) બાર આઉન્સ કે ૫૭૬૦ ગ્રેનનો'પાઉન્ડ'(*Troy*): રૂા તોલાનો રતલ.2. A coin of twenty shillings: વિસ શિલિંગની કિંમતનો વિલાયતી સિક્કો;પાઉન્ડ.

Poundage, (પાઉન્ડેજ્) *n.* A commission: લવાજમ;દસ્તુરી; દર-પાઉન્ડે આપવાની છુટ. 2. A subsidy of twelve pence in the pound, formerly granted to the crown on all goods exported; or imported: નાકુ; માલ ઉપરની એક શિલિંગની જકાત. *vt.* To collect, as poundage:લવાજમ ઉઘરાવવું ; વસુલ કરવું. *n.* Confinement of cattle in a public pound: ઢોરને ડબામાં પૂરવા તે.2.A charge paid for the release of impounded cattle: પૂરેલાં ઢોરને છોડાવી મુકતા-લેવાતી ફી દંડ.

Pounder, (પાઉન્ડર્) *n.* One who or that which pounds as a stamp in an ore mill:છાપ;ચોકકુ . 2.An instrument used for pounding:સાંબેલું;મુસળી, મુદગર; દસ્તો, પરાળ-ગત્તા. 3. One who earns by pounds: પાઉન્ડનો કમાઉ;-પાઉન્ડનો આવક વાળો માણસ. (weight):પાઉન્ડી;પાઉન્ડીયા;રતલીયા. *A six* p: છ પાઉન્ડીયા તોપ;જેમાં છ પાઉન્ડના વજનનો ગોળો રહે એવી તોપ.

Pour,(પૉર્)*vi.* To pore: એકી નજરે જોયા કરવું.*vt.* To cause to flow in a stream:રેડવું;ધારા કરવી; ધધુડો કરવો.2 To send forth from,as in a stream:ખુલ્લું-મોકળું મુકવું;જોશભેર કાઢવું; ઉભરો કાઢવો. 3. To discharge uninterruptedly: સતત વહેવું;રેલું;રેલું-ધારા ચલાવવી.*vi.* flow pass or issue in a stream; to fall continuously & abundantly: પુષ્કળ-જથાબંધ-બેસુમાર વહેવું-નીકળવું; ઝડીબંધ-મુસળધાર પડવું;-ની નદી ચાલવી; ખળખળ-લગભગ નીકળવું. *n.* A stream;a flood:બેસતમ-પુષ્કળ વહેવું તે; રેલછેલ. *To* p. *out one's fury upon another*: કોઇના ઉપર ઉતરી પડવું ;કડાકી કરવી; કોઇને સપાટામાં લેઈ લેવો;કોઇની ચોકડી ધોવી-બંબેરવું.

Pout,(પાઉટ્)*vi.* To look sullen:મોં ફફડાવવું ;મચકોડવું;નાહમેહ દેખાવું; મ્હોં મરડવું.2. *To* protrude (lips &c.) ફરકવું.*n.* A sullen protusion of the lips:ઉદાસી દેખાવ;હોઠ ફફડાવવા તે

Poverty,(પૉવર્ટિ) *n.* [L. *pauper,* poor.] Indigence; need: પૈસાની ગરીબાઈ;દરિદ્રતા; નિર્ધનતા; દુર્ગતિ;દરિદ્રાવસ્થા.2.Any deficiency of elements or resources that are needed or desired:ન્યૂનતા;ખોટ;ટોટો;અછત; નિર્માલ્યતા; નિર્માલ્યપણું . P. *of ideas*:નિર્માલ્ય વિચાર.

Powder,(પાઉડર્) *n.* [*L. pulvis,* dust.] Dust: ચુરો ભૂકો; વિષ. 2. (Gunpowder:બંદુકનો દારૂ; P.*flask*: દારૂ ભરવાની બંદુક.P. *horn*: દારૂ ભરવાની સીંગ ધડી;દારૂની સુરાહી,શીંગડું .P. *mill*: બંદુકનોદારૂ બનાવવાનો સંચો. *vt.*To comminute; to pulverize -નો ભૂકો કરવો.2. To sprinkle with powder:ઉપર ભૂકો લગાડવો-ભભરાવવો.3.To sprinkle with salt:મીઠું દેવું-ભભરાવવું-નાખવું *vi.* To be reduced to powder:ભૂકો થવો;પિસાવું;લોટથવો.

Powdery, (પાઉડરિ) *a.* Easily crumbling to pieces: જરામાંભૂકો થઇ જાય એવું;ભભર. 2. Sprinkled with powder;dusty: ભૂકો ભભરાવેલું.3.Resembling powder: ભૂકા જેવું;ભૂકાવાળું ;ચૂર્ણમય.

Power,(પાઉઅર્)*n.* [L. *posse, potesse,* to be able.] *Potency;* might:શક્તિ;ક્રિયાશક્તિ; સત્તા; સામર્થ્ય.2.Ability; strength: force or energy in action:જોર; બળ;પ્રતાપ; ગુણ;તેજ;મરજાદી; સામાર્થ્ય; ક્ષમતા; તાકાદ.3 Susceptibility: શક્તિ;દ્રવ્ય શક્તિ 4.Sway; dominion; command:સત્તા;હકુમત્ત;પશુત્વ; પ્રભાવ;બળ; અધિકાર; અખ્તિયાર; અમલ.5. A government which exercises

control;સરદાર;રાજ્ય; અધિપતિ-અધીશ;પ્રભુ;હાકેમ.*Hence*,a superhuman agent;a spirit;a divinity: દેવાંશ-સુરાંશ; શક્તિ-બળ; દેવત.6. An army or navy:(ખુશ્કિ કે દરીનું) લશ્કર; જમીન ઉપરનું કે દરીઆઇ સૈન્ય. 7. A large quantity; a great number:સમુહ;જથો;ઢગલો 8.(*Mech*) (*a*)The rate at which mechanical energy is exerted or mechanical work performed: જોર; બળ;શક્તિ.(*b*) A mechanical agent યાત્રિકબળ-શક્તિ. (*Math*)The product arising from the multiplication ot a number into itself:ઘાત.10. (*Metaph.*) Mental or moral ability to act:ગુણ;શક્તિ; અક્કલ-બુદ્ધિ 11.Vested authority to act:આપેલો અધિકાર.(*Physics*) ગુણ;શક્તિ. (*Optics*) Magnifying strength:ખુલ્લી આખ દેખાય તે કરતાં વધારે જણાય અવી શક્તિ-ગુણનું પ્રમાણ; પાણો.P.*of attorney*. મુખત્યાર-અધિકારનામું પત્ર. *Water* p.; વારિબળ.*Horse* p.અશ્વબળ.P.*loom*:કાઇયાત્રિક શક્તિવડે ચાલતા સુગડા વણવાનો સાચો;યંત્રબળથી ચાલતી સાળ.*In the* p.*of*:વશ;આધીન;હાથમા; કબજામા.

Powerful,(પાઉઅર્‌ફુલ્‌)*a*.Full of power;mighty,efficacious: જોરાવર;બળકટ;બળવાન; મજબૂત; બલવાન્‌; બલિન્‌;સબળ;જબરૂ;પ્રબળ;બલાઢય.P. *light*:ઉગ્ર-પ્રચંડ-આકરૂ-કરડુ તેજ. P. *lenses*:તેજ-પાણીદાર કાચ.2.Large; capacious: વિશાળ;મોટું.

Powerless,(પાઉઅર્‌લેસ્‌)*a*.Destitute of power, force or energy: અશક્ત;દુર્બળ;નિર્બળ;શક્તિહિન; અસમર્થ;અક્ષમ;અબળ.

Pox,(પૉક્સ)*n*.A disease characterized by pustules or eruptions of any kind: શીતળા;ટાકી; ફાલ્લા;ઉપદ્રશ.*vt*.To infect with the pox or syphilis: બળિયા કાકા નીકળવા; ચાદીના રોગ થવો;ગરમી થવી.

Practicable,(પ્રૅક્‌ટિકબલ્‌) *a*. [Gr. *prasso*,I do.]That may be practised or performed: બની બનવા-અમલમા આવવાજોગું; સાધ્ય; સંભાવ્ય; શક્ય;સાધ્ય;વ્યવહાર્ય.2.Capable of being used;passable (weapon): ફેરવવા-વાપરી શકાય એવું;(-road):જઇ-આવી શકાય એવું;ગમ્ય;ગમનીય.

Practical,(પ્રક્‌ટિકૅલ્‌)*a*.[Gr.*prasso*, I do.]Pertaining to practice or action:દુનિયામા કામ લાગે એવું;પ્રયોજન્ય;વ્યવહારોપયોગી;કામનું ; ઉપયોગી. 2.Capable of being turned to use or account: ઉપયોગી;ઉપયોગ. કૃતિમાં આવે-લેવાય એવું.3.Evincing practice or skill: અનુભવ;સિદ્ધ;અનુભવી;વ્યવહારકુશળ.4.Derived from practice:અભ્યાસ-સિદ્ધ;અનુભવથી મેળવેલું;અનુભવસિદ્ધ.P.*teacher*: અનુભવી-વ્યવહારી શિક્ષક.

Practically,(પ્રૅક્‌ટિકૅલિ) *adv* In a practical way: અભ્યાસથી; કાર્યત; વસ્તુત:.2.By means of practice or use: વહેવારોપયોગી રીતિથી–અનુભવથી.3.In practice or use: ઉપયોગમાં;ચાલતું;વપરાતું.

Practice,(પ્રૅક્‌ટિસ્‌)*n*.Gr. *prasso*, I do.]Usage;habit;custom: મહાવરો;ટેવ;ચાલ;અભ્યાસ;સ પ્રદાય;આચાર; માર્ગ;પદ્ધતિ;વૃત્તિ;આદત;પરિપાટી; રીતિ. 2.Customary or constant use: હમેશનો ઉપયોગ;પ્રકૃતિ-પ્રચાર;વ્યવહાર; વહીવટ. 3. Expertness: ચાલાકી; હોશિયારી;ચપળતા. 4. Actual performance: કૃતિ; આચાર; કર્મ; કૃતિ; સિદ્ધ અનુભવ;વ્યાપાર;કરણ;વિધાન;અનુષ્ઠાન. 5. Systematic exercise for instruction or discipline: માહાવરો;અભ્યાસ;પ્રવૃત્તિ;પ્રચાર; ક્રિયાપ્રબંધ.6. *Professional* business: ધંધોકરવો તે; વ્યવહાર;નિયોગ. P.*of medicine*:વૈદ્યક્રિયા-ઉપચાર;ચિકિત્સા; ઉપક્રમ.P.*of law*: વકીલાત; વકીલના ધંધો. 7. Art; stratagem; blot (usually in bad sense): હુંશીઆરી; ચાલાકી; યુક્તિ; કાવતરૂ; પ્રપંચ. 8. An easy and concise method of applying the rules of arithmetic to questions which occur in trade and business: પાટીના હિસાબ;પાટી.9. The form, manner and order of conducting and carrying on suits and prosecutions through their various stages:દસ્તુર;વહિવટ,ચિરસ્તો, રીવાજ; રવૈશ; રીત. *vt*. To make a practice of:મહાવરા-ટેવ પાડવી; હર વખત આચરવું-વાપરવું; હમેશ આચર્યા કરવું-અભ્યાસ રાખવો.2.To exercise as a profession: ધંધો-રોજગાર ચલાવવો-કરવો.3. To exercise one's self in, for instruction: મહાવરો રાખવા;શિખવું,અભ્યાસ કરવો 4.To execute;to carry out: બજાવવું;કરવું;-નો અમલ કરવો 5.To make use of;to employ: રોકવું ;કામે લગાડવું; નો પાસે કરાવવું.6.To train:--ની ટેવ-અભ્યાસ-મહાવરો રાખવા;કળવવું. *vi*. To perform certain acts frequently or customarily: અમુક કામ કરવું;અભ્યાસ-મહાવરો રાખવો; રમવું.2. To learn by practice: મહાવરાથી શિખવું;ટેવ પાડવી.3.To try artifices or stratagems:છળ પ્રપંચ-યુક્તિ કરવું; કપટ કરવું; પેચ રમવો. 4. *To* apply theoretical science or knowledge:પ્રયોગ કરવો

Practised, (પ્રૅક્‌ટિસ્‌ડ્‌)*a*. Skilled through practice: ખૂબ ઘડાએલું ; બહોળા અભ્યાસ-મહાવરાવાળું ; વહેવું; પુર વહેવું.P.*speaker*: ભાષણ કરવામા પુર વહેયો,વક્તા.

Practitioner,(પ્રૅક્‌ટિશનર)*n*. One who is engaged in the actual use or exercise of any art:પ્રયોગ કરનાર;વ્યવસાયી;વ્યાપારી;વૃત્તક *Legal* p.:વકીલ;મુખત્યાર.*Medical* p: ડાક્તર; વૈદ;હકીમ,ચિકિત્સક.2.A sly or artful person:હુશિયાર માણસ; કપટી; પ્રપંચી,બળ;તરકટી.

Pragmatic-cal, (પ્રૅગ્‌મૅટિક્‌-કૅલ્‌)*a*. [L.*praymaticus*, busy.] Practical; material: અનુભવાવત્ત; ખાસ; કામકાજનુ-સબંધી.2 Busy; officious;meddlesome:નાયનારૂ, દાહોડાદાબુ; અતિશય-બાબુ કામું થનાર. 3. Philosophical:તત્વદર્શી;છટાદાર;જડ પદાર્થ સબંધી. *n*. One skilled in affairs.વ્યાપાર કુશળ;પોતાના ધંધામા હોશિયાર.2.A solemn public ordinance or decree:આજ્ઞા;હુકમ;ઠરાવ

Prairie, (પ્રેરિ) *n* An extensive meadow or tract of land, level or rolling without trees and covered with tall coarse grass: ઘાસના મોટા વીસ્તાર બોટ-મહાન.

Praise,(પ્રેઝ્‌)*vt*.[L.*pretium*,price.] To commend; to applaud. વખાણવું;વખાણ કરવું;સ્તુત-પ્રસંશા કરવું.2. To extol in words or song;to magnify: ના ગુણ ગાવા;સ્તુતી કરવી;-ને શાબાશી આપવી;-ની તારીફ કરવી. 3. To value:કિમત કરવી-ઠરાવવી, મુલવવું *n*. Laudation;approbation: વખાણ; તારીફ;પ્રસંશા;શાબાશ. 2. Worship: સ્તુત;પ્રાર્થના.3. The object,ground or reason of praise:સ્તુતિનુ કારણ-વિષય;આસ્પદ.

Praiseworthy,(પ્રેઝ્‌વર્થિ)*a* Worthy of applause: વખાણવા લાયક; સ્તુત કરવા યોગ્ય; સ્તુતિપાત્ર; શ્લાઘ્ય; સ્તુત્ય;પ્રસંશનીય.

Prance,(પ્રૅન્સ્‌) *vi*. To spring or bound as a horse:કુદવું;થબકવું; ઝાડ થવું.2. To ride on a prancing horse:ઠેકતા ઘોડા ઉપર સ્વારી કરવી.3. To walk about in a pompous manner:ભપકાબંધ ચાલવું.

Prank,(પ્રૅન્ક્‌) *vt*.To adorn in a

showy manner:દેખાવડું કરવું. *vi.* To make ostentatious show: દીપવું;શોભવું; નખરાં કરવાં;છાતી કાઢી ડમક ડમક ચાલવું;ડોળ;આડંબરથી ચાલવું. *n.* A gay or sportive action: મર્કટચેષ્ટા;ચાળા;ચસકા; નખરાં:મર્કટચેષ્ટા; અટપલું; અટકચાળું *a.* Full of tricks: ચાળા ચસકા કરતું-વાળું.

Prate,(પ્રેટ્) *vi.* To speak foolishly; to babble:બકબકાટ-લવરી કરવી. *vt.* To chatter;બકવું;લવવું. *n.* Trifling talk: લવરી;લવારા;બકવાટ;લવલવ;લવારો.

Prater,(પ્રેટર) *n.* One who prates: લવરીબાર;બકબકીયા; બકવાદીયા

Prattle(પ્રૅટ્લ્) *vi.* To tale much and idly;to prate: લવારા કરવો. *vt.* To babble:બકબક કરવું *n.* Trifling tatter:લવારો;બકબક;લવલવ;લવરી;બકવાટ.

Pravity, (પ્રૅવિટિ) *n.* [L. *pravus,* crooked.]Degeneracy; corruption.દુષ્ટપણું;ભ્રષ્ટતા,બિગાડ;વિકાર.

Prawn,(પ્રૉન્) *n* A small edible crustacean like the shrimp: કાચબા તથા કરચલાની જેવી ચામડીવાળું ખાવામાં ઘણું સ્વાદીષ્ટ પ્રાણી.

Pray,(પ્રે) *vi* [L.*precor,*to ask.] (*a*) To make request with earnestness: કાલાવાલા કરવા; આજીજી કરવી; વિનવવું;કરગરવું;આતુરતાથી વિનંતી કરવી. (*b*) Specifically to address the Supreme Being with adoration,&c: ઈશ્વર સ્તુતિ-આરાધના કરવી; પ્રાર્થના-પ્રાર્થના કરવી; સ્મરવું. *vt.* To entreat; to implore:-ને કરગરી કહેવું; -ને વિનંતિ કરવી. 2.To ask earnestly for:આતુરતાથી વિનંતી કરવી-કાલાવાલા કરવા. 3.To effect by praying: પ્રાર્થના કરી મેળવવું-માગી લેવું. *To pray for:* -ને માટે ઈશ્વર પાસે માગવું;-ને વાસ્તેના હુકમો પ્રાર્થના કરવી;માગવું;કરગરીને માગવું.

Prayer,(પ્રેઅર્) *n.*One who prays: ભક્તિ-અરજ કરનાર. 2. Earnest request:કાલાવાલા;આજીજી; અરજ;પ્રાર્થના; સ્તુતિ; કરગરાટ; આતુર વિનંતી. 3. The act of addressing; supplication to a divinity:વિનતી;પ્રાર્થના;દાદ;અપેક્ષા,આરાધના;ઉપાસના. 4. The form of words used in praying.પ્રાર્થના; ભક્તિ.

Prayer-book, (પ્રેઅર્-બુક્) *n.* A book containing devotion at prayers: ઈશ્વર પ્રાર્થનામાળા; ભજન-કિર્તન-પોથી.

Prayerful,(પ્રેઅર્ફુલ્) *a.*Full of or given to prayer; devotional:ઈશ્વર પ્રાર્થના કરવા ઉપર આસક્તિવાળું; પ્રાર્થનાનિષ્ઠ; ભક્તયાસક્ત.

Prayerless,(પ્રેઅરલેસ્) *a.*Without or not using prayer: જાણી જોઈને હમેશ ઈશ્વરપ્રાર્થના નહિ કરનારું; બાધલ; નાસ્તિક.

Preach,(પ્રીચ્) *vi.*[L. *pro,* before & *dico,* I proclaim.] To proclaim or publish tidings: ખબર આપવી-પ્રસિદ્ધ કરવું. 2.To give serious advice on morals: ધર્મ-નીતિ વચન કહેવાં; ધર્મનો ઉપદેશ-બોધ કરવો. *vt.* To proclaim public discourse:ધર્મકથનમા કહેવું.2.To inculcate in public discourse: કહેવું; બોધ આપવો.3.To deliver: કરવું; આપવું; કહેવું.4 To teach by preaching: બોધ-ઉપદેશ કરવો. 5. To advise earnestly: આગ્રહપૂર્વક સમજાવવું-કહેવું. *n.* A religious discourse: ધર્મબોધ-જ્ઞાન; ઉપદેશ.

Preacher, (પ્રીચર્) *n.* One who preaches: ધર્મોપદેશક; આચાર્ય;ધર્મ કહેનાર. 2. One who inculcates anything with earnestness: ઉપદેશ બોધકર્ત્તા.

Preadamite, (પ્રીઍડમાઇટ્) *n.* An inhabitant of the earth before Adam: આદમની પહેલા પૃથ્વી ઉપર હોનાર-રહેનાર. 2. One who holds that men existed before Adam: આદમ પહેલા માણસ હતા એવું માનનાર *a.* Living or in existence before Adam:આદમ આદમની પહેલની વસ્તીનુ-સબંધી.

Preamble,(પ્રીઍમ્બલ્) *n.*[L. *pro,* before & *ambulo,* I walk.] (*a*) An introductory portion: પ્રસ્તાવના;ઉપોદ્ઘાત. esp, (*b*)the introductory part of a statute which states the reason & intent of the law; કાયદો બનાવવાનું કારણ-હેતુ જેમા કહેલો હોય છે તે ભાગ;ઉદ્દેશ ભાગ; ઉદ્દેશ.

Prebend,(પ્રીબેન્ડ્) *n.*[L.*proe,* before & *habeo,* I have.] A payment or stipend:લવાજમ; વર્ષાસન. પગાર.2.A prebendary:દેવળનું; લવાજમ લેનાર; પગારદાર પાદરી.

Precarious, (પ્રિકેરિઅસ્) *a.* [L *precor,* I pray.] Depending on the will of another:પરાધીન;પરાયત્ત,અસ્વતંત્ર.2.Held by a doubtful tenure; uncertain: અનિશ્ચિત; અશાશ્વત;સંદિગ્ધ;અસ્થિર;અધ્રુવ.

Precative-tory,(પ્રૅકેટીવ્-ટોરિ) *a.* Suppliant, beseeching: પ્રાર્થનારૂપ;વિનતિ કરતું; યાચક; વિનવ્યર્થ;આશીર્વાચક.

Precaution,(પ્રીકૉશન્) *n.*[L.*proe* before & *caveo,*I am on my guard.] Previous caution or care: આગળથી રાખેલી હોશિયારી-સાવચેતીપણું; આગમચેતી. 2.A precautionary act:આગળથી હોશિયારી રાખીને કીધેલો ઉપાય;પૂર્વોપાય;ચોકસાઈ; પરવી; પૂર્વોપધાન.*To take* p *against:*સામે પાળ બાંધવી-બાંધી મુકવી; તૈયારી કરી મુકવી.*vt.*To warn or caution beforehand:આગળથી હોશિયાર રાખવું -સાવચેતી આપવી. 2. To take precaution against: હોશિયારીથી ઉપાય કરવો; તૈયાર રહેવું.

Precautionary, (પ્રીકૉશનરિ) *a.* Pertaining to precaution: આગમચેતીપણાનું; પૂર્વોપાયરૂપ.

Precautious,(પ્રીકૉશસ્) *a.*Taking or using precaution:પુરતો ઉપાય કરતું લેતુ; સાવચેત; સાવચેતી.

Precede,(પ્રીસીડ્) *vt.* [L *pro,* before & *cedo,*I go.] To go before in order of time:આગળ-પહેલા જવું-હોવું-થવું-બનવુ-જવુ-આવવુ. 2.To go before in place, rank or importance:-ના કરતા ચઢિયાતા હોવુ. 3.To cause to be preceded. પહેલા મુકવુ-જણાવવુ.

Precedence-cy,(પ્રાસીડેન્સ્-સિ) *n.* The act or state of preceding or going before in order of time: પહેલા આગળ હોવું તે;અગ્રગમન;અગ્રવર્તિત્વ;પૂર્વગમન;પુરઃસરણ;પૂર્વ અસ્તિત્વ;ભૂતત્વ,ગમન. 2. Superior rank: પેહલો હક; અગ્રસ્થાનાધિકાર; અગ્રપદ; અગ્રગણ્યતા;અગ્રમાન્યતા;અગ્રસ્થાનીતા.

Precedent, (પ્રાસીડન્ટ્) *a.* Going before; anterior: આગલું; પહેલાનું; પૂર્વ;આગળનું; પૂર્વોપાયી.*n.*An authoritative example: આગળનો દાખલો;ઉદાહરણ;આદર્શ;પ્રમાણ;દૃષ્ટાન્ત.2. A token;a sign:નિશાની; ચિન્હ.3. A rough draught of a writing which precedes a finished copy: નકલ; ખરડો; મુસદ્દો. 4. A judicial decision which serves as a rule for future determination in similar cases: પ્રમાણ આધારભૂત ફેસલો; પૂર્વદૃષ્ટાન્ત.

Preceding, (પ્રાસીડિન્ગ્) *n.* An tecedent; previous;former: આગલું,આગળનું;પૂર્વનું; ઉપર જણાવેલું.

Precept,(પ્રીસેપ્ટ્) *n.*[L.*proe* before & *capeo,* I take.] An injunction;a rule:હુકમ;આજ્ઞા;નિયોગ; આદેશ;અનુજ્ઞા.2.A command in writing: આજ્ઞા હુકમપત્ર નીતિશાસન. *vt.* To teach by precepts: ઉપદેશ દઈ શિખવવું.

Preceptive, (પ્રીસેપ્ટિવ્) *a.* Con-

taining or giving precepts; of the nature of precepts: જેમાં હુકમ-આજ્ઞા લખેલી છે એવું;આજ્ઞારૂપ;નિયામક; વિધિરૂપ.

Preceptor,(પ્રીસેપ્ટર)*n.*A teacher; an instructor:ઉપદેશક;ગુરૂ;આચાર્ય.

Precession;(પ્રીસેશન્)*n.* [L. *præ & cedo* I go.] The act of going before:ગતિ;આગળ જવું તે; અગ્રગતિ; અયનાંશ.

Precinct,(પ્રીસિંક્ટ) *n.* [L. *præ*, before & *cingo*, I gird.] A boundary; a confine: હદ; સીમા; પરિસીમા; સિમાડો. 2. A district within certain boundaries: અમુક હદની અંદરનું ગામ. 3.A parish territory attached to a church, and taxed for its support: દેવસ્થાનની જમીન.

Precious, (પ્રેશસ્)*a.* [L. *pretium* price.] Of great price; costly: ભારે કિમતનું; કિમતી; અમૂલ્ય;ઉત્કૃષ્ટ; મોધું;માહામૂલ્ય. 2.Dear; beloved: પ્યારૂ;વ્હાલું; લાડકું. 3. Particular; overnice:ખારું; ચબરાક; ચતુર; ઘણું કિમતી;અમૂલ્ય;અપૂર્વ.P.*metals*:કિમતી ધાતુ(સોનું-રૂપું.)P.*stone*;a gem a jewel: મણી; રત્ન;ઝવેર;જવાહીર.

Precipice, (પ્રેસિપિસ્) *n.*[L. *præ*, before & *caput*, the head.] A sudden or headlong fall: એકદમ પડવું તે. 2.A headlong steep: ટેકરો;કરાડ; કઠણ;

Precipitan.ce-cy(પ્રીસિપિટૅન્સ્-સિ) *n.* Headlong hurry; precipitation: ઉતાવળ;લેદોડ;ધાડધાડ; સાહસ; અતિશય ઉતાવળ; ધાઈ.

Precipitant,(પ્રીસિપિટૅન્ટ્) *a.* Falling headlong; rushing swiftly:હુડાહુડનું;એકદમ આંખ મીચીને;સાહસિક.2.Hasty; sudden: ધસમસ્યું; લેદોડ કરવું.

Precipitate, (પ્રીસિપિટેટ્) *a.* [L. *præceps*, headlong.] Overhasty; rash: બહુ ઉતાવળુ ;ઉદ્ધત; ઝોકાવનારૂ; ઝંપલાવનારૂ;સાહસિક; કાચાવિચારનું.2. Hurried: ઉતાવળુ ;વગર વિચારે આંધળિયા કરનારૂ:ધાડાધાડ કરનારૂ; ઉતાવળીયુ. 2.Head long:ઉંધે માથે.4.Ending in death:મરણાન્ત મોત થાય એવું. *vt.* To throw h eadlong:ઉંધે માથે નાખવું;ઢોળી-હડસેલી પાડવું;2.To urge with violence:ધડધડાવીને લાવી-કરી નાખવું-આર ભી નાખવું;ઝોકાવી દેવું. 3. To separate from a solution: જાદું પાડવું;તળિયે બેસાડવું;નીચે-તળીયે બેસે એમ કરવું;-થી તળિયે બેસવું.*n.* To fall headlong: ઉંધે માથે પડવું. 2. To hasten without preparation:તૈયારી થયા વિના ઉતાવળ કરવી. 3. To separate from a solution: તળિયે બેસવું-નીચે ઉતરી પડવું; ઠરવું. *n.* The part of a solution falling or cansing to fall to the bottom: તળે બેઠેલો ભાગ.*To be p.in*:ધાડધાડ કરીને કરવું;માં ઝંપલાવીને પડવું;માં અતિશય ઉતાવળ કરવી.

Precipitant,(પ્રીસિપિટૅન્ટ્)*a.* Hasty: ધસભર્યું; ધડાધડ લે દોડ કરવું. 2. Rashly hurried or hasty: હુડાહુડનું; એકદમ આંખ મીચીને આંધળા થઇને છેક વગર વિચારે ફાંકેલું ઉઠાવેલું; એકદમ વગર વિચાર્યું P.ly *ad*:એકસંભેર; હુડાહુડ કરીને કરવું; છેક વગર વિચારે.

Precipitately, (પ્રીસિપિટેટલિ) *ad.* Hastily;hurriedly:ઝંપલાવીને; ધાડધાડ-ઉતાવળ કરીને;ઉતાવળિયાપણાથી.

Precipitation,(પ્રીસિપિટેશન્) *n.* The act of precipitating:ઉંધે માથે ઢોળી પાડવુ તે;ગબડાવી પાડવું તે.2. Falling with violence and rapidity: ધડધડ-ધબડાવીને પડવુ તે. 3. Great hurry: ઘણીજ ઉતાવળ; ધાડાધાડ;લેદોડ;ધાઇ.

Precipitous,(પ્રીસિપિટસ્)*a.*Steep: ઉભુ ;સિધું;ઉભુ ને ઉભુ .2.Headlong: ઉંધે માથે.3 Hasty:.ઉતાવળીઆ-ઝાઉસપણાનું;સાહસિક;ઉતાવળિયુ;ઝાઉસપણાનું.

Precise(પ્રીસાઇસ્)*a.*[L.*præ*&*cædo* I cut.]Definite:ચોકસી;પુરૂ;ચોકસાઇ ફાંકેલું;યથાર્થ;નિર્દિષ્ટ;વિશેષ; ખાસ. 2. Very nice or exact:ચાપલુંસી ખોર; ચિપાશિલું;ચિંગું.

Precisely, (પ્રીસાઇસલિ) *adv.* In a precise manner:ચોકસ રીતે; કેવળ; ખાસ; બરોબર.

Precision,(પ્રીસિઝન)*n* Exactness; accuracy:ચોકસપણું;નિર્દેશ; સુક્ષ્મતા અક્કતા; યથાર્થતા.

Preclude,(પ્રીક્લ્યૂડ્) *vt.* [L. *præ* before, & *claudo*, I shut] To stop;to impede:ખાળવું; હરકત કરવી; પથરા નાંખવા.2.To render ineffectual:ને પ્રતિબંધ થવો; બાધ નડવો. ને કશાથી બાધ-અવરોધ થવો.

Preclusion,(પ્રીક્લ્યૂઝન્)*n.* A shutting out:અટકાવ; રોધ; નિરોધ; પ્રતિબંધ;નિષેધ;પ્રતિષેધ; અવરોધ.

Precocious, (પ્રીકોશસ્) *a.* [L. *præ* & *coquo*, I cook.] Ripe or mature before the proper time: વહેલું પાકેલું; મ્હોટું થઇ ગયેલું; અકાલ ફુલિત-વૃદ્ધ. 2. Developed more than is usual at a given time: બાળક છતાં પાકી સમજણનું;અકાલપક્વ; બાળપ્રૌઢ.

Precocity,(પ્રીકૉસિટિ)*n.*Untimely ripeness:અકાલ વૃદ્ધિ;પ્રૌઢતા;બાલપ્રૌઢિ;અકાલપક્વતા.

Precognition, (પ્રીકૉગ્નિશન્) *n.* [L. *proe, con* & *noseo*, I know.] Previous cognition: આગલી માહિતી; પુર્વજ્ઞાન-બોધ

Preconceive,(પ્રીકૉન્સીવ્) *vt.* [L. *proe* & *conceive.*]To form a previous notion or idea of: આગળથી ધારી મૂકવું-મત બાંધવો.

Preconception,(પ્રીકૉન્સેપ્શન્)*n.* The act of preconceiving: પૂર્વ કલ્પના;અગમચેતી;પૂર્વધારણા.પૂર્વ સંકેત; પૂર્વઘટના.

Preconcert, (પ્રીકૉન્સર્ટ્)*vt.* To settle by previous agreement: પહેલેથી આગળથી મસલત-વિચાર કરવો;પ્રથમથી નક્કી કરી મુકવું.*n* Some thing concerted beforehand; અગાઉથી ગોઠવેલી ધારણા; સંકેત.

Preconcerted, (પ્રીકૉન્સર્ટેડ) *a.* settled or arranged beforehand આગળથી ઠરાવેલું-ગોઠવેલું-આગળથી સંતલસ-મસલત કરી કરેલું; પૂર્વયોજીત.

Precursor,(પ્રીકર્સર્) *n.* [L. *proe*, before & *curro*, I run.] A forerunner;a harbinger:ચોપદાર; પૂર્વ સૂચના-ચિન્હ;નિમિત્ત; પૂર્વગ; અગ્રેસર; અગ્રયાયિ; આગામિસૂચક.

Precursory,(પ્રીકર્સોરિ) *a.* Preceding as a precursor or harbinger:આગળથી જણાતું; ચિન્હરૂપ.*n.*An introduction: પ્રારંભ; પ્રસ્તાવના;ઉપોદ્ઘાત.

Predatory,(પ્રીડટોરિ)*a.* [L. *præda*, prey.] Plundering; pillaging: લુંટફાટ કરનારૂ;લુંટતુ ફરનારૂ. 2. Hungry; ravenous: ભૂખ્યું. 3.Living by preying upon other animals: શિકાર કરીને જીવનાર-ઉપર રહેનારૂ.

Pedecessor,(પ્રીડિસેસર્) *n.* [L. *præ*,before,*de cedo*; I go.] One who withdraws from the province he has governed;one who precedes: પેહેલા થઇ ગએલો-માજીઅધિકારી;પૂર્વગામી; પૂર્વાધિકારી.

Predestine-nate, (પ્રીડેસ્ટિન-નેટ્) *a.* [L. *præ*, before & *destino*, I determine.] Fore-ordained; fated:આગળ થી ઠરવેલું નીમેલું;પૂર્વનિર્મિત. *vt.* To predetermine; આગળથી ઠરવી-નીમી મુકવું.

Prepestinarian,(પ્રીડેસ્ટિનેરિઅન્) *n.* One who holds the doctrine of predestination: દૃવવાદી; નિર્માણવાદી;બનનાર વસ્તુ માત્ર ઇશ્વરે આગ-

ળથી નિર્માણ કરી મૂકી છે એમ માનનાર
Predestination, (પ્રીડેસ્ટિનેશન્). *n.* The act of predestinating: પૂર્વ નિમિતિ કરણ.2.The purpose of God from eternity respecting all events:ઇશ્વરનું આગળથી કીધેલું નિર્માણ;દૈવવાદ; દૈવપરતા;દૈષ્ટિકતા. *The doctrine of* P.: પ્રારબ્ધવાદ: નિર્માણવાદ.

Predetermination, (પ્રીડીટર્મિનેશન્)*n.* The act of previous determination:પૂર્વનિશ્ચય સંકલ્પ.

Predetermine, (પ્રીડીટર્મિન) *vt.* [*proe & determine* which see.] To determine beforehand: આગળથી નિશ્ચય કરવો-કરી મુકવો 2. To doom by previous decree: આગળથી સર્જી-ધારી પ્રારબ્ધમાં લખી મુકવું.*vi.*To determine beforehand: પહેલાથી નક્કી થવું હોવું.

Predicable,(પ્રેડિકેબલ્)*a.*Affirmable,attributable:છે એમ કહી શકાય એવું:વિધાન યોગ્ય;વિધેય.*n.* Anything that can be predicated of another: one of the five attributes:પદાર્થ ;ગુણ.

Predicament,(પ્રીડિકેમેન્ટ્)*n.* (*a*) Condition;particular situation or state: પદાર્થ ;વર્ગ ; ગતિ; અવસ્થા; દશા;વૃતિ;ભાવ,(*b*) An unfortunate or trying position:દુર્ધર અવસ્થા; કષ્ટાવસ્થા;સ્થિતિ;વિટ બણા;દુઃખ;પીડા; સંકટ;આપદા;હાલ.

Predicate,(પ્રેડિકેટ્)*vt.*[L.*proe & dico,* I publish.] To assert; to belong to something;to affirm: કોઇને વિષે કાંઇ છે એમ કહેવું;-નું વિધાન કરવું.2.To found;to base:-ના આધાર હોવું-થવું.*vi.*To affirm somthing of another thing: બીજી વિશે કાંઇ કહેવું-નક્કી કરવું.*n.* That which is affirmed of the subject: વિધેય; વાચ્ય;વિશેષણ. 2. The word or words in a proposition which express what is affirmed of the subject:વિશેષક;વાચ્ય;ક્રિયાપદ;વાચ્યપદ.

Predication,(પ્રેડિકેશન્)*n.* Affirmation:નિધાન;નિર્દેશ;અભિધાન; વિધાન.2.Preaching:ઉપદેશ.

Predict,(પ્રીડિક્ટ્) *vt* [L *proe,* before & *dico,*I say.]To foretell;to prophesy:નું ભવિષ્ય ભાખવું;કહેવું.*n.* A prediction:ભાવિકથન;ભવિષ્ય કથન.

Prediction,(પ્રીડિક્શન્) *n.*(*a*) The act of foretelling:ભાવિકથન;સમાદેશ:ભવિષ્યવાદ (*b*)Prophecy: ભાખેલું વર્તેલું ભવિસ્ય-ભાવિ;ભવિશ્ય.

Predictive, (પ્રીડિક્ટિવ્) *a.* Foretelling:prophetic:અગમસૂચક; ભવિષ્ય કહેનારૂં-ભાખનારૂં.

Predilection,(પ્રીડિલેક્શન્)*n.* [L. *proe,de & lego,*I choose.]Partiality:આગળથીલાગી ગએલો ભાવ;પ્રીતિ; પૂર્વસ્નેહ-અનુરાગ-પક્ષપાત;મનનો ઓક.

Predispose,(પ્રીડિસ્પોઝ્)*vt.* (*proe, dispose.*)To dispose or incline beforehand:-નું આગળથી વલણ કરાવવું-વૃતિ કે.વી થવી.2.To give a tendency to: આગળથી તૈયારી કરી મુકવી;-માં આગળથી ઘર થઈ રહેવું;-માં આગળથી ઘર કરી આપવું-મૂકવું.

Predisposition, (પ્રીડિસ્પોઝિશન્) *n* Previous inclination; predilection:આગળથી થએલી વૃત્તિ, ચિત્તવૃત્તિ;પ્રવૃત્તિ;વિકૃતિ;યોગ્યતા. 2. Susceptibility:પ્રબોધ;અનુરાગ.

Predominance-y, (પ્રીડોમિનેન્સ્-ન્સિ)*n* Ascendency;prevalence: પ્રાધાન્ય;પ્રબળતા;પ્રાબલ્ય;પ્રભાવ.

Predominant, (પ્રીડોમિનેન્ટ્) *a.* Prevailing:જોમ પર આવેલું; વિશેષ પ્રાબલ્યવાન;પ્રબળતા;વિશિષ્ટ; અધિક; બીજાથી આગળ પડતું; ચઢીઆતું;પ્રાધાન્ય.

Predominate,(પ્રીડોમિનેટ્) *vi*[L. *proe,*& *dominus,* a ruler.] To prevail: to rule:પ્રબળ હોવું;બળ પામવું;નું જોર બળ-પ્રબળ હોવું. *vt.* To rule over;to overpower: બીજાથી સરસ ચઢીઆતા થવું ના ઉપર સત્તા ચલાવવી.

Pre-eminence, (પ્રીએમિનેન્સ્)*n.* Superiority in prominence: શ્રેષ્ઠતા;સર્વોપરીપણું;ઉત્કર્ષ;ઉત્તમતા;સર્વોત્કૃષ્ટતા;પ્રકર્ષ.

Pre-eminent,(પ્રીએમિનેન્ટ્) *a.* [L. *proe,*& *mineo,* I jut out.] Eminent above others;superior in excellence:શ્રેષ્ઠ; મુખ્ય;સર્વોપરી; પ્રધાન;પ્રમુખ પરમ;ઉત્તમ;વિશિષ્ટ;સર્વોત્કૃષ્ટ.

Pre-emption,(પ્રી-એમશન્) *n.* [L. *proe & emo,*I buy.]The act or right of purchasing before others:વેચાતું લેવાનો સૌથી પહેલો હક; પૂર્વક્રિયાધિકાર;અગ્રક્રયાધિકાર.

Pre-engage (પ્રી-એન્ગેજ્) *vt.* To engage by previous contract: આગળથી વચને બાંધી લેવું.-2. To attach or occupy previously:-ની પહેલાંથી આસક્તિ કરાવવી;-થી પહેલાંથી આસક્ત-આકૃષ્ટ ચિત્ત હોવું-થવું.

Pre-engagement, (પ્રી-એન્ગેજ્મેન્ટ્)*n.* Prior engagement, obligation or attachment: અગાઉથી કરેલી બોલી-સંકેત; પૂર્વ સંકેત-પ્રતિજ્ઞા; પહેલાની આસક્તિ;આકૃષ્ટ ચિત્તતા.

Pre-exist,(પ્રીએગ્ઝિસ્ટ્)*vi.* To exist previously to exist before something else:કોઇથી પહેલાં હૈયાત હોવું.

Pre-existence, (પ્રી-એગ્ઝિસ્ટેન્સ) *n.* Previous existence: પહેલાંથી હોવું તે;કોઇ કથાની પહેલાંનું હોવાપણું -અસ્તિત્વ;પ્રાગ્ભાવ.

Pre-existent, (પ્રીએગ્ઝિસ્ટેન્ટ્) *a.* Existent or existing beforehand:પહેલાંથી-કોઇ કથાની પહેલાં હોનારૂં: પૂર્વભાવી.

Preface (પ્રેફેસ)*n.*[L. *proe&fatus* to speak.] A poem; an introduction:દિબાચો;પ્રસ્તાવના; ઉપોદ્ઘાત.2. The prelude or introduction to the canon of the Mass: ઉપોદ્ઘાત *vt.* To give a preface to:પ્રસ્તાવના લખવી-કરવી.*vi.*To make a preface:પ્રસ્તાવના લખવી.

Pre-fatory(પ્રેફેટરિ)*a.*Pertaining to a preface, introductory to a book:પ્રસ્તાવના રૂપ.

Prefect,(પ્રીફેક્ટ્)*n.*[L.*proe,* before & *facio,* I make.] A Roman officer who controlled a particular command:રોમન લોકમા કોઈ ખાતાનો અધિકારી.2.A superintendent of a department who has control of its police establishment:સુબો;સરદાર; અધ્યક્ષ "પ્રીફેક્ટ" 3.A title of certain dignities bslow the rank of a bishop:બીશપની નિચેના અધિકારી.

Prefecture, (પ્રીફેક્ટ્યૂર) *n.* The office or the jurisdiction of a prefect: સૂબાગિરી;સરદારી;પ્રીફેક્ટગીરી;સૂબા-પ્રીફેક્ટની હકૂમત.

Prefer,(પ્રીફર્)*vt.*[L.*proe,*before & *fero,*I bear.] To carry or bring forward: આગળ ધરવું રજુકરવું;વિદિત કરવું;નિવેદન કરવું. 2. To outrank; to surpass:--થી ચઢિયાતા-શ્રેષ્ઠ હોવું; -થી ઉત્તમ હોવું.3.To raise;to exalt; to promote:-ને ચઢાવવું; ને ઉપરની જગો પદવી આપવી; બનાવવો. 4. To choose rather: (often followed by *to,before* or *above*):વધારે પસંદ કરવું;-ને વધારે ગમતું-પસંદ પડવું-રુચવું; પહેલ આપવી.

Preferable,(પ્રેફરેબલ્)*a.* Worthy to be preferred;more desirable: વધારે પસંદ કરવા જેવું;વધારે ગમે પસંદ પડે-રુચે એવું;વરીયસ;શ્રેયસ;ગ્રેહતર.

Preference,(પ્રેફરેન્સ્) *n.* Prediliection;choice: વધારે પસંદ કરવું તે; અભિરૂચી; અધિકાનુરાગ; પસંદગી.

Preferment,(પ્રીફર્મેન્ટ્) *n* The act of choosing: મોટો દરજ્જો આપવો-ને મોટે દરજ્જે ચઢાવવું તે.2. Pro-

motion: દરજે ચઢવું-ચઢ્યું તે; ચઢતિ: ઉન્નતિ;પદોત્કર્ષ;પ્રતિપત્તિ.3. A position of honour: મોટી જગેા-દરજ્જાે-પદવી;પ્રતિષ્ઠાપદ;ગૌરવાસ્પદ.

Prefigure,(પ્રીફીગ્યૂર) *vt.* To represent beforehand; to suggest by former types or figures:-નું આગળથી બતાવવું;ટાઇપ-ચિન્હ-સ્વરૂપથી -નું સ્વરૂપ આગળથી જણાવવું.

Prefigurative, (પ્રીફિગ્યૂરેટિવ્) *a.* Representing beforehand: આગળથી ચિન્હ ટાઇપ-સ્વરૂપ બતાવી આપે જણાવી આપે એવું.

Prefix,(પ્રીફિક્સ)*vt.* [L.*prae*,& *figo* I fix.] To put before:આગળ-આરંભી મુકવું-જોડવું-લગાડવું:ઉપસર્ગ લગાડવેા.2.To set or appoint before hand:પહેલેથી નક્કી કરવું-નિમવું. *n.* That which is prefixed:ઉપસર્ગ.

Pregnancy, (પ્રગ્નંન્સિ) *n.* The condition of being pregnant: ગર્ભાવસ્થા;ગાભણપણું;દહાડા;હમેલ; સીમન્ત;ગર્ભ;ભારેવાયાપણું. 2. The quality of being heavy with important contents:ગૌરવ;બાહુલ્ય.

Pregnant, (પ્રેગ્નંન્ટ) *a.* [L. *proe gen*,to beget.] Being with young, as a female: દહાડાવાળું; ભારે વાઇ;ગર્ભવતી;ભેાંયરવાળું;સગર્ભા; હમેલ રહેલું;સસત્વા;ગર્ભિણી નિષેચિત.*a.* Heavy with important contents: જેમાથી ઘણું અને ઘણા પરિણામેા નિપજે એવું વજનદાર;ગૌરવવાળું.3.Full of promise:ભરપૂર;સારી આશા આપવું ભારે; માતબર; સંપૂર્ણ પુરભરેલું.P.*events*: ભાર બતાવેા P. *mare*: સામર. *n.* A pregnant woman:ગર્ભવતી સ્ત્રી. *a.* Yielding;willing:આપનું;આજ્ઞાવર્તી; મનવાળું.

Prehensile,(પ્રીહેન્સાઇલ્) *a.*[L *prehendo*,I lay hold of.] Adapted to seize or grasp;seizing: પકડી ઝાલી શકે એવું.

Prejudge,(પ્રીજજ્)*vt.* [*L. proe* & *judico*,[judge] To judge before hearing to decide by anticipation: પૂછપરછ-તપાસ કીધા વિના નિવેડેા-ઠરાવ કરવેા;કાચે પાયે વિચાર-મત બાંધવેા.

Prejudice,(પ્રેજ્યુડિસ્)*n.* [*L. proe* before & *judicium* judgment Foresight: આગળથી કરેલેા વિચાર અગમચેતી.2.An opinion formed without due examination: આગળથી પુરી તપાસ કર્યા વિના કેાઇના વિરુદ્ધ બંધાઇ ગએલેા વિચાર-અસિપ્રાયમત;દુરાગ્રહ; વક્રિભાવ; અરૂચિ. 3. A bias on the part of judge, jury or witness:-પક્ષપાત:સંગ.4. Hurt; mischief:injury:નાશ-ક્ષતિ; અપાય; નુકશાન:બ્બલલ-હરકત;પીડા:વિરોધ;ઉપદ્રવ.*vt.*To bias the mind of by hasty & incorrect notion (*in favour*):-ના મનમાં નઠારેા વિચાર-બરાબરીલાવી-બંધાવી દેવેા. (*against*): ના મનમાં માંડા પ્રતિકૂળ વિચાર-અપ્રૂયા-ચઢેમ-અભાવ લાવવેા બેસાડવેા:-ને બીજી વિરુદ્ધ ચઢેમાવવું 2.To injure: to impair:ધેાકેા લગાડવેા; હરકત પહેાંચાડવી-નું બરાબર-નુકશાન કરવું.

Prejudicial, (પ્રેજ્યુડિશૅલ્) *a.* [L. *proejudicialis*, belonging to a preceding judgement.] Biased by preindices: નુકશાન કરે એવું;વધેમાવવું.2.Hurtful;injurious: હાની નુકશાન કારક:અપકારક:ક્ષતિકારક.

Prelate,(પ્રેલૅટ્) *n.*[L *proe*&*latus* carried.] A clergyman of a superior order: અધ્યક્ષ:ધર્માધ્યક્ષ. *vi* To act as a prelate: અધ્યક્ષનું કામ કરવું.

Prelection,(પ્રીલેકશન્) *n* [L.*proe* &*lego*, I gather.] A lecture or discourse read in public: જાહેર વાંચેલું ભાષણ;પાઠ;પાઠક.

Preliminary,(પ્રીલિમિનરિ)*n* That which precedes the main discourse or work:પહેલાં કરવાનું કામ; પ્રસ્તાવના;ઉપન્યાસ;પ્રારંભ;પૂર્વાંગ; પૂર્વવિષય.*a.* Introductory; previous: આગાઉ કરવાનું;પ્રાથમિક:પૂર્વાંગરૂપ;પૂર્વ; આદિ;પ્રથમનુ યારૂખાનુ .P.*observations*: પ્રાસ્તાવિક; વિવેચન; પરિભાષા; પારીભાવિક કથન.

Prelude,(પ્રલ્યૂડ્) *n.* [L. *pre*, before & *ludo* Iplay]An introductory performance preceding and preparing for the principal matter:(પૂર્વાંઙ્ગ:પૂર્વાંધાન:પૂર્વરંગ; ઉપક્રમ; પૂર્વલક્ષણ;ચિન્હ.નિશાની. *Dramatic* p: પ્રસ્તાવના. *vi.* To play an introduction: શરૂઆતનું ગાયન કરવું. *vt.* To introduce with a previous performance:પ્રથમ દર્શન કરાવવું આરંભ કરવું.

Premature,[પ્રીમૅટ્યૂર્]*a.* [L. *pre.* & *maturus*, ripe] Ripe before the proper time:અગાઉ પકવ;પહેલું પાકેલું.2. Adopted too soon; too early:કાચા દહાડાનું; અકાળિક; અપૂર્ણકાલિક; P.*death*: અકાળમૃત્યુ. P. *birth*:કસૂવાવડ.3. Received without due authentication or evidence;ખાત્રી વિનાનું ;કાચું;ઉડતું; ઉઠગ; આધાર વિનાનું કરાવવા કરીને કરેલું.

Premeditate,(પ્રીમેડિટેટ્) *vt.* [L. *proe.*& *meditor*. I meditate]To think on and resolve in the mind beforehand:મનમાં આગળથી ગોઠવી રાખવું:નું આગળથી મનન કરવું; પૂર્વરચના-યેાજના કરવી. પાકેા વિચાર કરવેા *vi.*To think beforehand: પહેલાંથી વિચાર કરવેા:પૂર્વસંકલ્પ કરવેા.*a.* Deliberate: વિચાર કરી ઘાટ ગોઠવી પાકે પાયે કરેલું:આકૈતિક;પૂર્વકલ્પિત; પૂર્વયેાજનપૂર્વરચિત.

Premeditated, (પ્રીમેડિટેટેડ્) *a.* Prearranged previously thought of:આગળથી વિચાર કરીને-પાયેા રચીને-ઘાટ ગોઠવીને-બુદ્ધિ પૂર્વક કીધેલું.

Premeditation,(પ્રીમેડિટેશન્) *n.* The act of meditating beforehand: આગળથી ગોઠવેલી યેાજના;પૂર્વસંકલ્પ;પૂર્વવિચાર; પર્યાલેાચના;પૂર્વચિંતન;પર્વયેાજના; બુદ્ધિપૂર્વક રચના-પૂર્વાનુસંધાન.

Premier,(પ્રીમિઅર)*a.* [*L.primus*, the first] First;chief: પ્રમુખ: પ્રધાન;મુખ્ય;વડું. 2. Most ancient: જુનું;સૌથી પહેલાંનું. *n* The first minister of state: મુખ્ય પ્રધાન-વજીર;મુખ્યમંત્રિ;પ્રધાન; સચિવ;અમાત્ય; વજીર;કુલમુલ્ક.

Premiership, (પ્રીમિઅરશિપ્)*n.* The office of the premier:પ્રધાનની જગેા-હેાદ્દો પદવી પ્રધાનપદ વિરી.

Premillennial (પ્રીમિલનિઍલ્)*a.* Of or pertaining to the times before the millennium: પ્રસ્તિ લેાકેાના આવનાર સતયુગ પહેલાનું; જે હજાર વર્ષ દરમિયાનમાં સેતાન કેદજ થઇ આ લેાકમાં સત્યનીતિ અને ધર્મ વ્યાપી રહેશે એમ ધાર્યું છે તે હજાર વર્ષ પહેલાનું.

Premise,(પ્રેમિસ્)*n* [L *proe*, before & *mitto*, I send.] A proposition antecedently supposed or proved: આગળથી કહેલું-લખી મુકવું તે.2.[*Logic.*] Either of the first two propositions of a syllogism, from which the conclusion is drawn:સાધન:પૂર્વપક્ષ;આદ્યપક્ષ:પ્રતિજ્ઞા. *Major* p. પૂર્વપ્રધાન સાધન.*Minor* p.:ગૌણ-અપર સાધન. 3.(*pl*) A piece of real estate; building & its a junots: મકાન અને તેની હદ: ઘર અને તેના આજુનેા ભાગ;ઘરવાડેા.

Premise,(પ્રોમાઇઝ્) *vt* To send before the time:આગળથી મેાકલવું. 2. To set forth beforehand:આગળથી લખવું-લખી મુકવું-કહેવું-કહી મુકવું;પ્રારંભ કથન કરવું. *vi.* To make a premise: જે કહ્યા કબુલ રાખ્યા વિના આગળ તકરાર ચાલેજ નહીં એવી વાત

આગળથી મુકવી:સાધનરૂપે ક્ષુલ્લ રાખવું.

Premium,(પ્રીમિઅમ્)*n.* [L. *proe,* before *emo,* I take. : A reward; a bounty: ઇનામ; બક્ષિસ.2.Something offered or given for the loan of money; bonus:નાણાં પીરવા બદલ આપવાને કહેલો કે આપેલો (વ્યાજ ઉપરાંતનો)અવેજ-મંડામણ. 3. A sum of money paid to underwriters for insurance: વિમો ઉતરાવનારે આપવાનો હપ્તો;"પ્રીમિઅમ" સલામતીની રકમ; સલામતી.4.A sum in advance of the nominal value of anything:ઉપર ભાવ ચઢાવો; મનોતિ.

Premonish, (પ્રીમૉનિશ્) *vt.* [L. *proe,* & *moneo,* I remind.] To admonish beforehand: ને આગળથી ચેતવવું-સૂચના-ખબર કરવી.

Premonition, (પ્રીમૉનિશ્ચૅન્) *n.* Admonition given beforehand: આગળથી મળેલી ચેતવણી-સૂચના; પહેલાંથી પડેલી ખબર; પૂર્વ સૂચના.

Premonitory, (પ્રીમૉનિટૅરિ) *a.* Giving previous warning: પૂર્વ-આગમ સૂચક; પૂર્વ પ્રબોધક; સૂચક.

Prenotion,(પ્રીનોશન્)*n.*Previous thought: પૂર્વજ્ઞાન; પૂર્વવિચાર.

Prentice,(પ્રેન્ટિસ્)*n.*An apprentice:શિખાઉ; સાગ્રીત; હમેદવાર.

Preoccupation, (પ્રીઑક્ક્યૂપેશન્ *n.* Prepossession: અગાઉથી કરેલો કબજો;ભોગવટો; પૂર્વક્રમ;પૂર્વભોગ-ધારણ. 2. Prejudice:-માં-મનમાં આગળથી કાંઈ વિચાર પેસી જવો તે;આગળથી બંધાઈ ગએલું મનનું વલણ-વિચાર; (મન સાથે કશામાં)આગળથી હરકત લાગવી તે.

Preoccupy,(પ્રીઑક્ક્યૂપાઇ) *vt.* [L. *proe, ob,* & *capio,* I take] To take possession of before another: આગળથી કબજો-ભોગવટો કરી લેવો. 2. To prepossess:-ના મનમાં આગળથી કોઈ વિચાર બેસાડી દેવો.

Preordain,(પ્રીઑર્ડેન્) *vt.* To ordain beforehand; to foreordain: આગળથી મુકરર કરવું નિર્મી રાખવું; પૂર્વવિધાન-પૂર્વસ્થાપના કરવી.

Prepaid,(પ્રીપેડ્)*a.* Paid off;given beforehand: આગળથી આપેલું ચુકવેલું-ભરેલું.

Preparation, (પ્રેપરેશન્) *n.* Previous arrangement or adaptation;a making ready: તૈયારી; સંજોગ;તજવીજ;યોજના; સાધન; વિધાન 2.Readiness;fitness: કમ્મર કસીને તૈયાર હોઈને બેસવું તે; કમરબંધી તૈયારી;સજ્જતા.3. A preparatory act: આગળથી કીધેલો ઉપાય-સામગ્રી;સંવિધાન;સિદ્ધિ;તજવીજ; બંદોબસ્ત;પેરવી; ગોઠવણી. 4. (*a*) A combination: મેળવણી; મિશ્રણ. Any medicinal substance fitted for use: તયાર કરેલું;ઔષધ;પાક;રસાયણ.5 Qualification; accomplishment: ખાસિયત;ગુણ;લાયકી.

Preparative, (પ્રીપૅરેટિવ્)*a.* Tending to prepare,ready; preparatory:તૈયાર-લાયક;યોગ્ય;સજ્જ થઈ રહેવાય-કરે એવું ; યોગ્યતા કારક-જનક *n.* That which prepares: જેથી તૈયાર થઈ જવાય રહેવાય એવું કંઈ;સિદ્ધતાજનક વિષય-કૃત્ય. 2. That which is done in the way of preparation: તૈયાર થવાનું સાધન; તૈયારી.

Preparatory,(પ્રીપૅરેટરિ)*a.* Introductory: પ્રથમ;આદ્ય; ઉપક્રમિક.

Prepare,(પ્રીપેર્)*vt.*[L. *proe &para,*I get ready.]To make ready: તૈયાર યોગ્ય કામમાં લેવા જેવું સજ્જ કરી મુકવું.2.To get ready:મેળવી મુકવું; તૈયાર કરી રાખવું; ગોઠવણ-પેરવી કરી મુકવી;બંદોબસ્ત-વ્યવસ્થા કરવી; સજ્જ કરી રાખવું ની સામગ્રી-સાહિત્ય તૈયાર રાખવું .3 To make all things ready: તૈયારી કરી રાખવી;સજ્જ કરી મુકવું.*To be prepared:* તૈયાર-હોશિયાર-સજ્જ રહેવું;કમ્મર બાંધીને બેસવું-બેઠેલા હોવું.

Prepay, (પ્રીપે) *vt.* To pay in advance or beforehand: આગળથી આપવું-ભરી દેવું.

Prepense,(પ્રીપેન્સ્)*vt.*[L. *proe* & *pendo,* I weigh.] To weigh or consider beforehand: આગળથી વિચાર-તોલ કરવો.*vi.* To deliberate beforehand: પહેલાંથી વિચાર કરવો; સંકેત કરવો.*a.* Preconceived; aforethought (usually placed after the word it qualifies): અગાઉથી વિચાર કરીને કરેલું;ગોઠવી રાખેલું.*n.* A *malice* p.:આગળથી યોજેલી દ્વેષબુદ્ધિ; દ્રોહચિંતા.

Prepondorance-ration, (પ્રીપૉન્ડરૅન્સ્-રેશન્) *n.* The quality or state of being preponderant: વધારે-ભાર-વજન;પ્રબળ; અતિરેક;ગૌરવ; પ્રાધાન્ય; પ્રધાનતા.

Preponderant, (પ્રીપૉન્ડરૅન્ટ્) *a.* Outweighing; overpowering: વધારે ભારે; પ્રબળ;પ્રધાન;વધારે વજનદાર-જબ્બર-બળવાન.

Preponderate, (પ્રીપૉન્ડરેટ્) *vt.* [L.*proe,*before& *pondus,*weight.] To out-weigh; to overbalance: વધારે ભારે થવું;તોલમાં વધવું;નમવું.2. To overpower by stronger influence or moral power: વધારે વજનદાર હોવું-થવું-પ્રબળ-પ્રાધાન્ય હોવું. 3. To incline; વધારે જોર પકડવું;-નું મન-વલણ કરાવવું. *vi.* To exceed in weight: વજનમાં વધવું.

Preposition, (પ્રેપૉઝિશન્) *n.* [L. *proe,*before & *pono,* I put.] A word employed to connect a noun or pronoun, in an adjectival sense with some other word: શબ્દયોગી અવ્યય; નામયોગી અવ્યય;ઉપસર્ગ.2.A proposition; a discourse: ખુલાસો; દરખાસ્ત.

Prepossess,(પ્રીપૉઝેસ્)*vt.*To take previous possession of: આગળથી ભોગવટો કબજો લેવો-દેવો. 2. To preoccupy as the mind or heart:-ના મનમાં પહેલાંથી અસર કરવી-આગળથી સારો વિચાર પેસી જવો;-ના મનમાં આગળથી વસી જવું;-ને ભાવી-ગમી જવું; ના મનમાં સારો વિચાર પેસાડી દેવો.

Prepossessing,(પ્રી-પૉઝેસિંગ્) *a.* Producing a good impression upon the mind:ગમી-વહાલું લાગી-વશી-રૂચી-ભાવી જવું.

Prepossession, (પ્રીપૉઝેશન્) *n.* Prior possession: પહેલો ભોગવટો કબજો. 2. Previous impression; bias:પહેલેથી ચોંટી ગયેલો ભાવ; બરોબર જોયા વગર બંધાયેલો વિચાર-આસ્થા-રૂચી;પક્ષપાત.

Preposterous,(પ્રીપૉસ્ટરસ્)*a.* [L. *proe* before & *posterus,* coming after.] Having that first which ought to be last:જેમાં પહેલું છેલ્લું હોવું જોઇએ પણ પહેલું છે તેવું;વિપરીત;વિપરીતતાનું;ક્રમિક.2.Perverted: ઊંધું ઉંધાણું;કેવળ-હડહડતી મુર્ખાઈ ભરેલું; અસંગત;અનુપપન્ન; અસંબદ્ધ;અનર્થક;ઉલટું; વિપરીત.

Prepotency, (પ્રીપોટેન્સિ)*n.* The quality or condition of being prepotent:શ્રેષ્ઠતા; ચઢીઆતા-પણું.

Prerequisite,(પ્રીરેક્વિઝિટ્)*a.*Previously required: પહેલેથી જરૂરનું; પૂર્વાપેક્ષિત;પૂર્વાકાંક્ષિત;જે પહેલાંથી કરવાની જરૂર છે એવું;પૂર્વાવશ્યક.*n.*Something previously required: આગળથી જેની જરૂર-ખપ પડે એવી ચીજ; પૂર્વાકાંક્ષા;જરૂરની સામગ્રી.

Prerogative, (પ્રીરૉગેટિવ્)*n.* [L. *proe,*before & *rogo,* I ask.] An exclusive or peculiar privilege: ખાસ હક;વિશેષ સત્તા-અધિકાર.2 Precedence:અસાધારણ; વિશેષાધિકાર.

Presage,(પ્રીસેજ્) *vt.* [L. *proe,* & *sagio,* I perceive acutely.] To foreknow: આગળથી જાણવું; ભાસવું ખબર પડવી.2.To foretell: ભવિષ્ય

કહેવું-ભાળવું.*vi.* To form or utter a prediction:નું ભાવિ-પૂર્વ ચિન્હ હોવું. *n.* An omen;an augury:કંઈ ભાવિ નિશાની-ચિન્હ; શુભ-ચિન્હ; પૂર્વલક્ષણ. 2.Foreknowledge:અગમજ્ઞા ; આમ થશે એમ મનમાં ઉઠેલો દુર્વિચાર.

Presbyter, (પ્રેસબિટર) *n.* [Gr. *presbys*, old.] An elder in the early Christian church: ખ્રિસ્તિ દેવળનો વડીલ. 2. One ordained to the second order in the ministry. "ડીકન"થી ચઢતા અને "બીશપ" થી ઉતરતા એવા બીજા દરજ્જાનો પાદરી.3.A member of a presbytery: પાદરી મંડળનો માણસ. 4. A presbyterian: પાદરી.

Presbyterian, (પ્રેસબિટીરિઅન્) *a.* Pertaining to a presbyter:ખ્રિસ્તી વડીલો સંબંધી. *n.* A member of the Presbyterian church:ખ્રિસ્તિ વડીલોની સત્તાવાળા ખ્રિસ્તી મંડળમાંનો એક માણસ. P.*ordination*: ખ્રિસ્તી વડીલ સભાએ કરેલી (ઉપદેશકની) નીમણૂક.P.*church*: જેમાં ધર્મનું કામ ચલાવવા વિષે વડીલોની સત્તા છે એવું ખ્રિસ્તી મંડળ.P.*church government*: ધર્મનું કામ ચલાવવાની ખ્રિસ્તી વડીલ સત્તાક વ્યવસ્થા.

Prescience,(પ્રીશિએન્સ્)*n.* Knowledge of events before they take place:ભાવિજ્ઞાન;પૂર્વજ્ઞાન;અગમબુદ્ધિ; ભવિષ્યદર્શન-જ્ઞાન.

Prescient,(પ્રીશિએન્ટ્)*a.* [L. *proe*, & *scio*,I know.] Fore-knowing: foreseeing: બનનાર વસ્તુ આગળથી સમજનાર-જાણનાર; ભાવિજ્ઞાની; અનાગતવેદિ; ભવિષ્યદર્શી.

Prescribe,(પ્રીસ્કાઈબ્)*vt* [L *prue*; & *scribo*, I write.] To dictate; to appoint;to direct: ધોરણ બતાવવું-કહેવું; શિખવવું; હુકમ કરવો-આપવો; આજ્ઞા કરવી. 2. To direct, as a remedy to be used by a patient: બતાવવું;કહેવું;આપવું;ઔસડની યાદ - ખબરી; ઉપચાર બતાવવો-કહેવો. *vi.* To give directions: (ચાલવાનો) રસ્તો-ધોરણ રીત બતાવવી-કહેવી.3.To give medical directions: ઔસડ લખી આપવું-બતાવવું.

Prescription, (પ્રીસ્ક્રિપ્શન્) *a.* Direction;precept:નિર્દેશ; આદેશ; વિધાન.2.A medical recipe: આપેલું-કહેલું ઔસડ; ઉપચાર-ઔષધવિધિ; ચિકિત્સાવિધિ.3.The claim of title to a thing by virtue of immemorial use & enjoyment: ઘણા વર્ષના-લાબી મુદતના કબજા-ભોગવટાથી મેળવેલો હક;ઘણો લાંબો ભોગવટો જુનો વહિવટ-ચાલ; ચિરકાલભોગ.

Prescriptive, (પ્રીસ્ક્રિપ્ટિવ્) *a.* (*Law.*)Consisting in, or acquired by immemorial use and enjoyment: કાયદામાં કહેલી મુદત ઉપરાંતના ઘણા વરસના કબજા-ભોગવટાથી સંપાદન કરેલું-મેળવેલું, અનાદિ પરંપરાશ્રયી; ચિરકાલભોગાશ્રયી.

Presence, (પ્રેઝેન્સ્) *n.* The state of being present: મોજુદી; હાજરી;પ્રત્યક્ષતા; સમક્ષતા; વિદ્યમાનતા;સન્નિધિ; ઉપસ્થિતિ રૂબરૂપણું. 2. The place in which one is present: રૂબરૂપણું;સમીપતા; સમક્ષતા.3 Neighbourhood to the person of one of superior rank: હજુર; બીજરાત. 4. Person; personality: હજુર;બૂદ. 5. Noble company: ઉમરાવોની ટોળી; અમીરઉમરાવ મંડળ 6 *Port*;air;mien:આકૃતિ; રૂપ;ચેહેરો; મુદ્રા,થર્યા.P.*chamber or* p *room*, દિવાનખાનું;દરબારશાળા.P. *of mind*: સમયસૂચકતા; ફામ; ભાન, સાવચિત્તિ; હેડભાન;અન્યમનતા.*In one's* p :કોઇના દેખતા-રૂબરૂ-સમક્ષ-મ્હોં આગળ.

Present,(પ્રેઝેન્ટ્)*a.*[L *proe*, before, & *esse*, to be.] Being at hand; within reach or call: હાજર;મોજુદ રૂબરૂ; પ્રસ્તુત;પુરસ્કૃત;વિદ્યમાન; પ્રત્યક્ષ; અપરોક્ષ.2.Now existing; begun but not ended:હમણાંનું;હાલનું; વિદ્યમાન; આધુનિક;સાંપ્રત કાળનું; વર્તમાન; ચાલુ;ચાલતું.(*b*)Now in view: ચાલતું;હાથમાં લીધેલું; ઉપાડેલું; ઉપસ્થિત થયેલું;પ્રસ્તુત.3. Instant;immediate:તરતનું;તાત્કાલિક, અવિલંબિત. 4. Ready: પ્રત્યક્ષ; હાજર હજુર.5.Favourably attentive: હાજર. *n.* Present time; the time being: ચાલતો-વર્તમાન વખત-કાળ.2. (*pl.*) Present letters or instrument: લેખ; દસ્તાવેજ.૩.A present tense or form of the verb denoting present tense:વર્તમાન-કાળ.*At.* p. *now*: હાલ. *For the* p., for the time being: હાલતો; થોડો વખત;હમણાંતો.*In* p ,at once:એકદમ;તરત. *vt.* (પ્રીઝેન્ટ્) I To introduce formally. કોઇની રૂબરૂ કે હજુરમાં તેડી લાવવું-રજુ કરવું; રજુ-હાજર કરવું;ઓળખાણ કરાવવી.2.To exhibit or offer to view; મો-આંખ આગળ મુકવું-ધરવું;નજરે પાડવું; આપવું; કહેવું;જણાવવું;દર્શાવવું;બતાવવું.3. To deliver; to make over:હાથમા આપવું;સોપી દેવું;આપી દેવું;સ્વાધીન કરવું; અર્પવું;સમર્પવું;અર્પણ-સમર્પણ કરવું.4.To bestow;to confer:-ની ભેટ કરવી; બક્ષવું; નજર કરવું. 5. To endow;to bestow a gift upon:બક્ષીસ આપવું; આપી દેવું.6.(*a*) To nominate to an ecclesiastical benefice:-ને કોઇ અમુક વૃત્તિઉપર નીમવું-ધર્માધિકાર સોપવો.(*b*) To lay before a public body for consideration: રજુ કરવું; આપવું;ગુજરવું.(*c*) To lay before a court as an object of inquiry: તપાસ માટે રજુ કરવું.(*d*) To aim, point,or direct,as a weapon:-ની સામે ધરવું-તાકવું-નિશાન માંડવું. *To* p. *arms*: માન આપવા સારૂ બંદુક પોતાની આગળ ઉભી મૂકવી-ધરવી. *vi.* To appear at the mouth of the uterus so as to be perceptible to the finger in vaginal examination: ગર્ભાશયમાં આગળી નાંખી જાણી શકાય એવી રીતે અવતરતા બાળકનો કંઇ ભાગ કમળ બહાર નીકળવો. *n.* A gift; a donative:ભેટ; ઉપહાર; બક્ષીસ.

Presentable,(પ્રીઝેન્ટેબ્લ્) *a.* (*a*) Capable or admitting of being presented:કોઇની રૂબરૂ હજુરમા તેડી જવા જેવું-લાયક;પાચ જણમા જવા આવવા લાયક. (*b*) Fitted to be presented or introduced: ને નિવેદન કરવા-મતાવવા-કહેવા લાયક; દર્શનીય. (*c*) ભેટ-નજર કરવા લાયક; ભેટ-નજરાણામાં આપવા લાયક.2. Admtting of the presentation of a clergyman:વૃત્તિ કરાવી આપવા-અપાવવાની અધ્યક્ષને ભલામણ કરાવા લાયક.

Presentaneous,(પ્રેઝેન્ટેનીઅસ્)*a.* Ready;quick:જલદ;તરત અસર કરે એવું.

Presentation,(પ્રેઝેન્ટેશન્) *n.* A setting forth;an offering: નિવેદન;પ્રતિપાદન;અર્પણ;ગુજરણી.2. Exhibition; show; appearance: પ્રદર્શન;દેખાવ;દેખાડ.3. A present;a gift: ભેટ;બક્ષીસ; દાન.૪.The right of presenting a clergyman: (પાદરીની) વૃત્તિ અપાવવાનો હક.5. The appearance of a particular part of the fetus at the superior pelvic strait during labour:બૈરૂં કષ્ટનું હોય તે વખત ગર્ભદ્વારને સંબંધે બાળક રહેલાં-પડેલાં હોવું તે-બાળકની સ્થિતિ. *Cross* p.. બાડ પડી ગએલા હોવું તે;વક્ર સ્થિતિ.

Presentiment, (પ્રીસેન્ટિમેન્ટ્) *n.* [L.*proe*;& *sentio*,I feel.](*a*)Previous sentiment; previous apprehension;આમ થશે એમ આગળથી મનમા આવી ગએલ વિચાર-વાત;પૂર્વ ભાવના-કલ્પના. (*b*) Anticipation of evil; foreboding: દુઃખકર-માઠી વાત મનમા આવવી આગળથી જણાવી

તે;અનર્થભાન.

Presently, (પ્રેઝન્ટ્લિ) *adv.* At present;now:તત્કાળ; હમણાં; તરતજ;સાપ્રત;અત્યુના;અત્રઘડી;અત્તરઘડી. 2.At once; forthwith: એકદમ; તત્ક્ષણ;સત્વ;તાબડતોબ;સત્વર; જલદી.

Presentment, (પ્રીઝેન્ટ્મેન્ટ્)*n.*The act of presenting: ધરવું-રજુ કરવું તે. 2. Appearance; exhibition: દેખાવ;ચિતાર.3 The notice taken by a grand jury of any offence from their own knowledge or observation: જ્યુરી-પંચે નજરે જોએલા ગુન્હાનું કામ ચલાવવું તે.

Preservation, (પ્રીઝર્વેશન્)*n.*Security;safely:બચાવ;રક્ષણ;જતન;પાલન; સંરક્ષણ;બગડયા વિનાનો સારા રહેવું તે.

Preservative, (પ્રીઝર્વેટિવ્) *a.* Having the power of preserving:કોહે-બગડે નહીં એવું; જળવાય-રક્ષણ બચાવ થાય એવું; રક્ષણ કર્તા-કારી; તારક;રક્ષણ સાધક. *n.* That which preserves;a preservative agent રક્ષક;પાલક;બચાવ-રક્ષણ કરનાર; બચાવ-રક્ષણનો ઉપાય;રક્ષણ સાધન-ઠેલ.જ.

Preserve, (પ્રીઝર્વ્)*vt.* [L.*prove* before & *servo* I serve.] To guard or defend from evil: બચાવવું-જાળવવું;ઉગારવું;-નું જતન રક્ષણ કરવું;ની સંભાળ રાખવી.2. To save from decay by the use of some presarvative substance: બગડવા ન દેવું;મીઠું દઈ જાળવી રાખવું;અથાણું કરવું:મુરબ્બો કરવો.3.To keep intact; to maintain throughout: ઠેકાણે રાખવું;ઠેઠ સુધી સંભાળી-જાળવી રાખવું; રાખવું;જાળવવું.*Top.game*: શિકારનો નાશ ન કરવો.*vi* To make preserves: અથાણું;મુરબ્બો કરવો.2.To protect game for purposes of sport:ખેલ જમત માટે શિકારનું રક્ષણ કરવું.*n*(*Pl.*)-That which is preserved:મુરબ્બો-અથાણું .2.A place in which game fish&c.are reserved: વાડો.

Preserver, (પ્રીઝર્વર્)*n.* One who, or that which, preserves from destruction : બચાવનાર; તારનાર; તારક;રક્ષક;પાલક;સંરક્ષક;ત્રાતા.2.One who makes preserves of fruit: અથાણું -મુરબ્બો રાખનાર-કરનાર.3. A game-keeper:શિકારી પ્રાણીને રાખી મૂકનાર.

Preside, (પ્રીઝાઇડ્)*vi.* [L.*Proe*, be fore & *sedeo*,I sit.] To occupy the place of authority:સરદારીનું-પ્રમુખનું કામ કરવું; ઉપદેષ્ટા; અધ્યક્ષ-અધિપતિ હોવું-બનવું.2. To watch over:દેખરેખ રાખવી. નાયકી-સરદારી કરવી;ઉપદેષ્ટા હોવું;નું કામ કરવું.

Presidency, (પ્રેઝિડેન્સિ)*n.*(*a*) The function or condition of one who presides:પ્રમુખતા; સરદારીની; અધ્યક્ષતા;અધિષ્ઠાન;અધિકાર; દેખરેખ; નિયંતૃત્વ.2. The office of a president:રાજ્ય નિયંતા-પ્રેસીડન્ટપણું . 3. The term during which a president holds his office: પ્રમુખની કારકિર્દિનો કારભાર.4 One of the three great divisions of British India:બંગાળા,મદ્રાસ કે મુંબાઇ ઇલાકો ગવરનરના તાબાના મુલક;ઇલાકો.

President, (પ્રેઝિડેન્ટ્)*n.* The presiding officer :પ્રમુખ; અધ્યક્ષ; નિયંતા;અધીશ;અધિપતિ;અધિષ્ઠાતા;પ્રભુ; સભાપતિ;નાયક.

Presidentship, (પ્રેઝિડેન્ટ્શિપ્) *n.* The office or the term of office of a president: રાજ્યનાયકી; પ્રમુખપણું; પ્રમુખતા; સરદારીનો; નિયંતૃત્વ; અધ્યક્ષપણું: પ્રમુખની કારકિર્દિ; અધ્યક્ષતા;રાજ્યનાયક-પ્રેસીડન્ટપણું.

Presidential, (પ્રેઝડેન્શલ્)*a.*Presiding or watching over: પ્રમુખ-અધિષ્ઠાતાનું કામ કરનાર.2.Pertaining to a president: પ્રમુખ-અધ્યક્ષનું .As.p.*chair*: પ્રમુખની ખુરશી.

Press, (પ્રેસ્)*vt.*To force into service,*esp.* noval service; to impress:સરકારી કામ ફરજીયાત કરી તરીના લશ્કરમા લડવા પકડી જવું;ભેડ પકડવું.*n.* A commission to force men into public service; particularly into the navy:સરકારી કામ ફરજીયાતે કરી તરીના લશ્કરમા લડવા માણસો પકડવા સોંપવું કામ-કમીશન.*vt.* [L.*premo*, I press.] To bear upon;to squeeze: દાબવું;ચાંપવું;ચગદવું; ખીલવું;કાસવું,ચપડવું; ભેંડા કે ઠામુકો ભાર આવવો.2. To squeeze:દાબવું; નીચોવવું; મચડવું; ચાંપવું; પીલવું;પીલીન તેલ કે કંઈ કાઢવું. 3. (*a*)To squeeze in or with suitable instruments or apparatus: સાચાથી-બીજા હથિયારથી દાબીને નાનું કરવું-લાંબું કરવું;સંકોચવું;સંઘટ્ટ કરવું; ચપડવું .(*b*)Press by ironing: અસ્ત્રીથી સુંવાળું-લીસું કરવું.4. To embrace closely;to hug: (છાતી સરસું) દાબવું ;ચાંપવું ;ભેરવવું ભેટવું; આલિંગન કરવું.5 To oppress; to bear hard upon:દુઃખ દેવું;હેરાન કરવું;કનડવું -પીડવું ;વ્યથા કરવી.6.To straiten;to distress:પીડાવું ;સપડાવું ; અકળાવું ;-થી ભીડાઇ જવું ,દુઃખી થવું ; ભીડમા આવી પડવું .7.To constrain;to force; to compel;ધણી સત્તા ચાપરવી;દાબમાં કબજામાં રાખવું;ફરજ પાડવી. 8. To enforce,urge or inculcate with earnestness or importunity: ને ભીડ ઘાલવી;વળગવું ;આગ્રહ હઠ કરવી સાથે અજીત થવું મનાવવું ;મનમાં ઠસાવવું -ખોસવું;આતુરતાથી મનાવવા માગવું ;આગળ ધરવું ;બજીદ થઈને આવવું; ગળે ઘાલવું ;ચોરવું .9.To drive with violence:to hurry;to urge on: જોરથી આગળ કરવું ; ઠેલવું ; દાબીને-ચાંપીને હાંકવું -આગળ લેવું ;સપડાવવું ;સપાટામા લેવું, ઉપર ઘાઇ-તડબી પાડવી. *vi.* To exert pressure: દબાણ-તેજ-બળ કરી પાર જવું; હડસોલા ચાલ્યા જવું -આવવું .2.To crowd;to throng to encroach: ઘેરવું ; વીંટાઈ વળવું ; સપડાવું ;-ની ઉપર પડવું ;ભીડ કરવી;ચગદવું ; ઠામુકો જોરદબાણ આવવું .3.To urge with vehemence or importunity;to exert a strong or compelling influence: બળ કરીને આવવું ; આગ્રહ કરવો; વળગી પડવું ; વધારે અસર કરવી-સત્તા ચલાવવી. (*b*) થી ઘેરાઇ-સપડાઈ જવું-થી સપાટામા આવવું. *n.*(*a*) An apparatus by which any substance is pressed: દાબવાનો સંચો;ચપડવા-દાબી લીસું કરવાનો સંચો-યંત્ર;ચાપ.(*b*)Sometimes, the place or building containing a press or presses: એવો સંચો-યંત્ર રાખવાનું સ્થળ-આલય.2.Specially, printing press: છાપવાનો સંચો-યંત્ર;મુદ્રાયંત્ર;પ્રેસ.3. (*a*) The art or business of printing and publishing:છાપવાનું કામ-કળા.Itsnce,printed publications,more especially,newspapers:છાપું ; છાપેલ;મુદ્રાંકિત લેખ;વર્તમાન પત્રો. (*b*) છાપખાનું ;મુદ્રાલય.*Liberty of the p.*:છાપવાની છૂટ;મુદ્રાંકન સ્વાતંત્ર્ય. 4. An upright case for the safe keeping of articles: કબાટ;બારિયું.કોઠાળ 5. Urgent demands of business; urgency:ભીડ;ઉતાવળ; ધાંધલ;મારો;તડામાર;ધમાલ.6.A throng: ભીડ;ભીડાભીડ;ઠેલો;ઠાઠો;ઠઠ.

Pressing, (પ્રેસિંગ્)*a.* Urgent; exacting: અગત્યવાળું; આગ્રહ ભરેલું; તાકીદનું;અત્યવશ્યક;હડહડતું; અગત્યનું; આવશ્યક;લીલું; ભીડાઇ-દાબડાઈ જવાય એવું.2.Importunate: વળગનારું; વળગીને ભીડ ઘાલીને-અજીત થઈને-લાધણું ઘાલીને બસનાર-બેઠેલું ;અકળાવનારું; અતિ આગ્રહી;વળગવા-વળગીને;બસવાનું; બેઠા જેવું;આગ્રહ-હઠ આજીજીનું ભરેલું.

Pressman, (પ્રેસમન્) *n.* One who works at a printing press: છાપખાના ઉપર કામ કરનાર;વળગણના તાબે

પ ઉપર છાપો ઉતારનાર;"પ્રેસમેન. 2. A journalist: to a report: છાપાવાળો;વર્તમાન પત્રકાર;ખબરપત્રી;ચર્ચાપત્રી; અખબાર; નવેશ. 3 One of the commission forcing men into naval service: તરીના લશ્કરમાં રાખવા સારૂ માણસો પકડી લાવનારી ટુકડીમાંનું માણસ.

Pressure, (પ્રેશર) *n.* Compression:દાબવું-ચાપવું-લીસું કરવું તે;દબાણ,ભાર.2. A constraining force of any kind:દાબ;દાબણ;-નું જોર.3 Affliction;distress:ભાર;માર;પીડા; બાધા;કલેશ.4. Urgency: ધસારૂ કામ. 5.Impression;stamp:છાપ.6.The action of a force against some obstacle: પ્રતિકારક બળને દાબનારૂં-બળપ્રયોગ-બળ.

Press-work, (પ્રેસ્-વર્ક્) *n.* The art of printing from the surface of type:છાપો ઉતારવાનું કામ;મુદ્રાંકનકાર્ય.

Prestige, (પ્રેસ્ટિજ્) *n,* [L.*praestigium,* a delusion] Delusion: trick:માયા;ઇંદ્રજાળ. 2. (*a*) Influence derived from past success. પ્રતિષ્ઠા;બેસાડેલી છાપ;ગારવતા; મોભો; આબરૂ.(*b*)*F*orce or charm derived from ackowledged character:આગલા દાખલા ઉપરથી કાર્યસિદ્ધિવિષે બાંધેલા હિમત-ધારણા-આશા

Presto, (પ્રેસ્ટો) *adv,* [L.*Proe & sto,* I stand.] Quickly;in haste: જલદી;વહેલા;એકદમ;સત્વર;ઉતાવળા; ઝટપટથી

Presumable, (પ્રીઝ્યૂમેબલ્) *a.* Such as may be presumed or supposed to be true: અનુમાન લઇ જવા યોગ્ય;અનુમેય;સિદ્ધવત ગણવા જેવું;માની સમજી-ધારી લેવા લાયક.

Presume, (પ્રીઝ્યૂમ્) *vi.*[L.*proe, & sumo,* I take.] To suppose or assume something to be true: પુરાવા વગર-સંભવ ઉપરથી ખરૂં માનવું;ધારવું;માનવું;માની લેવું;ધારી લેવું. 2. To venture beyond license; to take liberties:મર્યાદા મુકીને ચાલવું-બોલવું; આગળ વધીને કરવું;સાહસ કરવું;શેખી-અહંકાર-અભિમાન કરવું. To assume or take beforehand:માનવું;ગણવું:અનુમાન કરવું;ધારીમુકવું;કલ્પના રાખવું;તર્ક કરવું;3.To infer:અનુમાન કરવું-કરી લેવું; ધારવું (કંઈપણ) કલ્પના રાખવી.

Presuming, (પ્રીઝ્યૂમિંગ્) *a.* Confident; arrogant: હદપાર જનાર; મર્યાદા મુકી ચાલનાર;અભિમાની;ઠંકોરાઈ રાખનાર;શુષ્કાભિમાની.

Presumption. (પ્રીઝમ્પ્શન્) *n.* The act of presuming or believing upon probable evidence: અનુમાન;તર્ક;કલ્પના; અનુમાન ગુમાન લેઇ જવું તે. 2. Ground for presuming;strong probability:સંભાવના અનુમાન-ગુમાન લઇ જવાનો આધાર-કારણ;સબબ;સંભવ;ધારણા;માત્ર મનને પર્યાપ્તિ થાય પણ પ્રત્યક્ષ નહિ એવો પુરાવો.3.That which is presumed or assumed:બાંધેલું-લઈ ગએલું અનુમાન તર્ક;આનુષંગિક;અનુમીત.4. Act of venturing beyond due bounds;arrogance;effrontery: હદ મર્યાદા; મુકી ચલાવેલી અયોગ્ય વર્ત્તણુંક-વિચાર;દર્પ;અહંકાર;રોખી;ફાંકો; તોર; અભિમાન;અહંકાર;શુષ્કાભિમાન.*Ground for* p.મુદ્દો.P.*of law* (*Law*): a postulate applied in advance to all cases of a particular class; કાયદાએ કરેલું અનુમાન.

Presumptive, (પ્રીઝમ્પ્ટિવ્) *a.* Grounded on probable evidence probable:અનુમાનઉપરથી થઇલ કરેલું-માનેલું-ને આધારે કબુલ રાખેલું;અનુમાનસિદ્ધ;અનુમાનાશ્રયી; સંભાવિત;અનુમાનિક;તર્કવલંબી.2.Arrogant:prerumptuous:અભિમાની; તોરી; ફાંકો રાખનાર.P.*evidence:*ખુદ મુદ્દાની વાતનો નહિ પણ તે મુદ્દાની વાતની સાથે વળગેલી આજુબાજુની હકીકતો ઉપરથી મળી આવેલો પુરાવો;અનુસંગી પુરાવો-પ્રમાણ.P.*heir:*જે કોઇ વધારે પાસેના સગાનો જન્મ થાય તો જેના વારસાનો હક ફરે તે;સંપ્રતિજ્ઞ વંદાયાદ.

Presumptuous, (પ્રીઝમ્પ્ટ્યૂઅસ) *a.* Arrogant:insolent:નાલાયક; બેઅદબ;ગુમાની;મર્યાદા મુકી ચાલનાર;ઠીમાકી;અહંકારી;બહુ તોરવાળું.2. Founded on presumption: અનુમાનના આધારે કહેલું.3.Wilful: માથાના છેક જ ફરેલ થઈને કીધેલું;નાલાયક;બેઅદબ; બેમર્યાદ દાટ વાળવા જેવું;છોકરાદાવા પૂર્વક.4.Done with bold design &c.માથાના છેક જ ફરેલ થઇને કરેલું ;દાટ વાળવા જેવું ;જુલમ ખતમનું ;ઇશ્વરને વિસારેલાના જેવું.

Presuppose, (પ્રીસપોઝ્) *vt.* To suppose beforehand: અગાઉથી કલ્પના કરવી;પૂર્વભાવના-કલ્પનાકરવી;માની લેવું ;ગ્રહણ કરી લેવું.

Pretence, (પ્રીટેન્સ્)*n,* Assumption pretension: હક રાખવો તે; ખોટું બ્હાનું બનાવવું તે;છળ.2.False show; simulation; બ્હાનું ;ડોળ;ઢોંગ;નિમિત્ત; મિષ.3. False, deceptive argument or reason: નિમિત્ત; મિથ્યાહેતુ;મસ;મખોતર.

Pretend, (પ્રીટેન્ડ્) *vt.* [L.*prae,* before & *tendo,* I stretch.]To lay a claim to:નો હક-દાવો કરવું;-નું અભિમાન ધરાવવું. 3. To exhibit as a veil for something hidden: ઢોંગ કરવો;ડોળ ધાલવો-બતાવવો.3.To feign: નું ડોળ કરવું-બતાવવું; જુઠું કહેવું. 4.To intend; to design;to plot: કારીગર કરવું;પ્રપંચ-કાવતરૂં કરવું. *vi.* To allege a title:હક-દાવો કરવો-રાખવો;કહેવું;-નું અભિમાન ધરાવવું; અભિમાનથી ખોટી સમજથી કહેતાં ફરવું;-નો અહંકાર કરવું;-નો દાવો બેડસાલ કરવું;-ની ફોકીયત-ડફર હાંકવી; છાંઠવું;-નો ડીમાગ કરવો-રાખવો-ધરાવવો.2. *To* feign; to show:ડોળ-ઢોંગ કરવો.

Pretended, (પ્રીટેન્ડેડ્) *a.* Unreal: false:ખોટું ;ઢોકો બેસાડેલું; કૃત્રીમ.

Pretender, (પ્રીટેન્ડર્)*n.* One who lays claim; a claimant; હક-દાવો કરનાર-ધરાવનાર.2. One who pretends or simulates: ઢોંગી; ખોટો ડંભ-ડોળ રાખનાર;વેષધારી.

Pretension, (પ્રીટેન્શન્)*n.*The act of pretending or laying claim: હક-દાવો બાંધવો રાખવો તે.2.A claim made whether true or false: કીધેલો હક-દાવો;બેડસાલ રાખવી તે; અભિયોગ;ઈલ્લાખોર;સ્વામિત્વવાદ; સ્વાર્થવાદ. (*b*)બેડસાલ ;ફોકીયત;ડફર;છાંટ.

Pretentious, (પ્રીટેન્શસ્)*a.*Full of pretension:assuming; બેડસાલ કરનાર;ડોળી;ઢોંગી;ડોળવાળું.

Preterit, (પ્રેટરિટ્) *n.* [L. *proeter,* beyond & *eo,* I go] The preterit tense:ભૂતકાળ;પુર્ણ ભૂતકાળ.

Pretermit, (પ્રીટ્મિટ્) *ut.*[L.*proeter* beyond & *mitto,* I send.] To omit:પડતું મુકવું;ઓડાઢેવું; ને લેખવું.

Preternatural, (પ્રીટર્નેચ્યરૅલ્) *n.* Strange;irregular; uncommon: અદ્ભુત;નુદીજ તરેહનું; વિલક્ષણ; સ્વભાવિક નિયમ બાહાર.

Preterperfect, (પ્રીટર્પર્ફેક્ટ્)*a.* & *n* Old name of the tense also called preterit:સંપૂર્ણ ભૂતકાળ.

Pretext, (પ્રીટેક્સ્ટ્)*n* [*L. proe,* before & *texo,* I weave.]Pretence; disguise:પાપ હેતુ છુપાવવાનો ઓઢવેલો ઘાટ;બહાનું ;ઢોંગ;મિષ;નિમિત્ત.

Pretty (પ્રિટિ)*adv.*In some degree; moderately: થોડું ઘણું ; કંઈએક.*a.* Pleasing by delicacy; having slight beauty:સારૂં;દેખીતું;ચારૂ; સુંદર દેખાવડું ; દર્શનીય; રૂપાળું ; નાજુક.2. Moderately large;considerable; ઠીક;વધારે; મૂલ્ય 3.Affectedly nice; foppish:ઠીકઠાકિયું;બ્હાનું સરખું;નાજુકું;ટાપટીપીકું ;વરલાજનેયું. 4. Mean; contemptible: હલકું ; ધિક્કારવા લા-

ચક; ખાસું; બહુ મરેલું-સારસ.

Prevail,(પ્રીવે'લ)*vi.*[L. *proe*, before & *valeo*, *I* am strong.]To overcome;to gain the advantage:ફાવવું;નું જોર ચાલવું;જય પામવો;જોર કે -પર પ્રાબલ્ય-પ્રાધાન્ય મેળવવું. 2. To be in force;to have effect: ચાલવું; બહુપ્રકાર હોવો; ચાલુ અમલનાં હોવું; લાગુ થવું-પડવું;-ની અસર-ગુણ-ફળ થવું;સફળ થવું.3. To persuade or induce (with *on*,*upon*,*or with*): મનાવવું;મન વાળી લેવું;-ના ઉપર ફાવવું; -ને સમજાવવું;-ના કહેવાની અસર થવી.

Prevailing-lent, (પ્રીવે'લિ ગ્-લેન્ટ્) *a.* Efficacious; persuasive: લાગુ થઈ ગએલું જતું; જેનો ગુણ-અસર થયા વિના રહે નહિ એવું;ગુણકારી;ગુણકારક; આબાદ;રામબાણ.2.*Prevalent*;most general:ચાલતું; પ્રસરતું;પ્રચાર પામતું; પ્રબળ; પ્રચલ; પ્રવૃત્ત; ચાલુ; સાધારણ. 3.Gaining advantage: જય પામનારૂ;જય પામે એવું પ્રબળ;બળ જોર પકડનારૂ-પકડે એવું.

Prevalence,(પ્રે'વલેન્સ્)*n.*The condition of being prevalent;wide extension:પ્રબળ; ફેલાવો.પ્રચાર;પ્રવૃત્તિ;પ્રચલન;પ્રાબલ્ય; પ્રબળતા; પ્રાધાન્ય; જોર;આધિક્ય;પસારો.

Prevalent,(પ્રે'વલેન્ટ્)*a.Prevailing* predominent; successful: ચાલું; બળ જોર પકડનારૂ:પ્રબળ;પ્રાધાન્ય-અસરકારક; ગુણકારી. 2.Most generally received: બહુ લોકના મનમાં આવેલું; બહુ જણે સ્વિકારેલુ ;સર્વ માન્ય.

Prevalently,(પ્રે'વલેન્ટ્લિ) *adv.* In a prevalent manner: પ્રબળ રીતે; પ્રચારથી.

Prevaricate, (પ્રીવે'રિકેટ્)*vi.* [L. *proe*, before & *varico*, *I* straddle.]To shuffle;to quibble: આડા ફાટવું;ચોતળાં મારવાં;ગુલાટ મારવી; લપડવું ઉડવા ઉડવીના જવાબ દેવા.2.To collude:-ની સાથે મળી જવું. 3. To undertake a thing falsely and deceitfully,with the purpose of defeating or destroying it: કંઈ પણ વાત નાશદ કરવા-ને માટે ખોટી લેવી-દેવી લેવી.

Prevarication,(પ્રીવે'રિકેશન્)*n.* A deviation from the truth and fair dealing: જવાબ દેવામાં આડું ફાટવું તે;વાકછળ; અર્થવૈકલ્ય;જોર ખોટી; આડો જવાબ.2.A secret abuse in the exercise of a public office: જાહેરમાં નાલાયકી-ગેરવર્તણુક.

Prevaricator(પ્રીવે'રિકેટર્)*n.* One who prevaricates: ચોતળા મારનાર; જવાબમાં આડો ફાટનાર; ફીનવાદી;ઉડાવવાના જવાબ દેનાર;ચોતળાં મારનાર. 2.A sham dealer:કુટીલ જનાર;તરકટ કરનાર. 3. One who betrays or abuses a trust:છેહ દેનાર; વિશ્વાસઘાત કરનાર; વિશ્વાસઘાતી.

Prevent,(પ્રીવે'ન્ટ્)*vt* [L. *proe* & *venio*, I come.] To hinder; to intercept, to stop: અડચણ કરવી; રોકવું; અટકાવવું; પ્રતિબંધ કરવો; બિલકુલ બંધ કરવો;થવા જ ન દેવું;નિવારવું. *vi.*To come befor the usual time અમુક વખત પહેલાં આવવું;વખતે થવું.

Prevention,(પ્રીવે'ન્શન્)*n.*The act of going before:અટકાવ; પ્રતિબંધ; પ્રતિકાર;નિરોધ;વ્યાઘાત; નિવારણ;વારણ.2.Anticipation: આશા; અગમચેતી.3.Prejudice;prepossession: -ની તરફેણમાં હોવું તે;-ના લાભમાં ઉતરવું તે.

Preventive, (પ્રીવે'ન્ટિવ્) *a.* Tending to defeat,or obviating: થાય જ-બનેજ નહિ એવું;ફરીથી બનવા નહી એવું;પ્રતિબંધક;બાધક;રોધક;નિવારક;નિરોધક.*n* (*a*)That which prevents; નુકસાન વિ૰ થાય નહિ એવો ઈલાજ-ઉપાય;પ્રતિરોધક-રોધકદવા. (*b*) Something to prevent disease: રોગ બનવા નહીં એવું ઓસડ;વારણ;નિવારણ.

Previous,(પ્રીવિઅસ્)*a.* [L. *proe*, before & *via*, the way.] Antecedent;prior: પૂર્વનું; પહેલાનું;આગળ થયેલું-બનેલું;ભૂત;ગત; અતીત.

Previously,(પ્રીવિઅસ્લિ)*adv.*Beforehand:આગાઉથી;અગાઉ; પૂર્વે.

Prevision, (પ્રીવિઝન) *n.* Foresight;foreknowledge: અગમચેતી; આગળથી જાણવું તે; અગ્રનિરૂપણ દૃષ્ટિ.

Prey,(પ્રે)*n.* [L. *proeda*, the property taken in war.]Spoil;booty લુંટ.2. That which is seized by animals:શિકાર;પારધ;ભક્ષ.3.Ravage:ભક્ષ. *Beasts of* p.: શિકારી જનવર-ફાડી ખાનાર પ્રાણી. *vi.* To take booty:લુંટવું;ઝડપી લુંટી લેવું. *To* p.*on* or *upon*, (*a*)to take prey from; to pillage:લુંટવું; ધાડ પાડવી. (*b*)To seize as prey: શિકાર પકડવો, ઝડપ મારવી. *To be a* p.*to ills*: આફતના ફેરામા પડવું.

Price, (પ્રાઈસ્) *n.* [L. *pretium.*] Cost: કિંમત;મૂલ્ય;દામ;પૈસા;મૂલ.2. Value:કિંમત;દર;ભાવ;નિરખ.3.Reward:બદલો;અવેજ.*vt.* To pay the price of: કિંમત આપવી. 2.To set a price of:કિંમત ઠરાવવી;મૂલવવું.3. To ask the price of:-ની કિંમત માગવી-પુછવી.*Market* p:બજાર ભાવ. *P. current.*, p.*list* (માલ-હુંડી-ગોળી વગેરેના) ચાલતા ભાવની યાદી.

Priceless, (પ્રાઇસ્લેસ્)*a.*Invaluable:જેનું મૂલ્ય ન થઈ શકે એવું;અમૂલ્ય.

Prick,(પ્રીક્)*n.* A goad;a point; a skewer:સરાક;ફાંસ;અણી;શલ્ય; કાંટો; આર.2.A sharp, stinging point; remorse:ચટકો;ખટકો;ખટખટ;ખરખરો;તીવ્રવ્યથા; આર્તક; શૂળ;સાલ; ચણચણાટ; કાંટો; કટક.3.A puncture; a point:ભોંકે; કાણું;શાર; છિદ્ર. 4. A small roll:ગડિયું;ગડો; પડો.A p.*of spun yarn*:કોડડી, P. *of tobacco*: તમાકુનું ગડિયું-પડો. *vt.* To drive a fine point into: ગોચવું; ભોંકવું;ખોસવું; વિંધવું;-માં કાણું-ભોંકે-કાણું પાડવું. 2.To fix by the point;ખોસવું; ચોંચવું;ખોસી દેવું; ગોદાવટવું; ગોદા મારવા; ધાલવું.3.To mark: નિશાન કરવું-રાખવું.4 To trace or form by pricking:ટપકાંટપકાં પાડી દોરવું-આકારવું. 5.(*a*)To spur;to goad:(પરોણીની) આર મારવી-ભોંકવી;ગોદા મારવા-ઉશ્કેરવા.(*b*)To incite;to urge on:ઉશ્કેરવું;આગળ કરવું.6 To sting,as with remorse:ખટકો ચટકો લગાડવો;શારવું; ચચણાવું; ખૂબ વગાડવું.7.To make sharp; to erect into a point: ટટ્ટાર કરવું;ઉભું કરવું.8. To render acid or pungent: ખાટું તીખું કરવું; ખમચમાટ વાળ ઉભા કરે તેવું કરવું. 9. To dress;to prink:શણગારવું; સજવું, 10. (*Naut.*) (*a*) To run a middle seam through as the cloth of a sail:ખીલવું;દોરો ભરવો;ફાંકી લેવું; દોરાટવું.(*b*) To tract on a chart, as a ship's course:વહાણના રસ્તાનો નકશો કાઢવો-દોરવો. *vi.* To be punctured: ને દરદ થવું;કળતર થવું. 2. To spur onward; to ride on horseback: સ્વારી કરીને જવું ; ઘોડા ઉપર જવું .3.To turn out sour:ખાટું થઈ જવું ; બગડી જવું .4. To aim at a point:નિશાન તાકવું.*To* p. *the ears*:કાનટોકવા.*To be* p.*ed with*:-ને સાલવું;ખટકવું;ખુંચવું;ખખરવું.

Prickle,(પ્રિકલ્)*n.*A little prick a small sharp point: કાંટો; કટક. 2.*A* kind of willow basket: એ જાતની વાસની ટોપલી. *vt.*To prick slightly: હળવે-ધીમે ચોંચવું;-પર શૂળ માફક અસર કરવી.

Prickly,(પ્રિકિલ)*a.* Full of sharp points:કાંટાવાળું.P *pear*(Bot.), a name given to several plants of the cactaceous genus *Opuntia*:ફાફડાથોર; થોરી-યુફોર.

Pride,(પ્રાઇડ્)*n.*A small European lamprey:એક જાતની માછલી n Th

quality or state of being proud; inordinate self-esteem: અહંકાર; ગર્વ;અભિમાન;દર્પ;દિમાગ;મદ;દમ;તોર; આટોપ;મગરૂરી;મસ્તી; પરાજ્ઞ;દંભ;ઉન્માદ.2.Lofty self-respect;noble self-esteem (*in good sense*): સદભિમાન;યોગ્યાભિમાન;અભિમાન;ઉચ્ચાભિમાન;*National* p.:દેશાભિમાન.3. Haughty bearing and conduct; disdain: તિરસ્કાર; ધિક્કાર.4. That of which one is proud:કંઈ વસ્તુનો અભિમાન-મોટાઇ,અભિમાન કરવાની વસ્તુ-સ્થાન.5.Show:glory:ભપકા;ઠાઠ. 6.Highest pitch;loftiness; prime:પુર બહાર;સંપૂર્ણતા,7 Consciousness of power;mettle: પાણી; તેજ;ખમી.*vt.*To rate highly: મોટાઈ માનવી-મારવી.

Priest,(પ્રીસ્ટ્)*n.* (See, **Presbyter.**) A presbyter or elder; a minister: બિશપથી ઉતરતા અને ડીકનથી ચઢતા દરજ્જાનો પાદરી;"પ્રીસ્ટ" 2. One who officiates at the altar: યજ્ઞ સંબંધીનું કામ કરનાર; હોતા;યાજ્ઞિક; પુજારી;ઉપાધ્યાય;યાજક. A *family* p.: કુલાચાર્ય;ગોર; પુરોહિત; પંડોરો. *A Hindu or Bharat* p: બ્રાહ્મણ;પુજારો-પુજારી.P.*craft*: ધર્માધિકારીઓની ચુત્યાક-પ્રપંચ; ધર્મકાપટ્ય.*vt.*To ordain as priest:આચાર્યગોર-ધર્માધ્યક્ષની દીક્ષા આપવી

Priestess,(પ્રીસ્ટેસ્) *n.* A female priest:ધર્મ સંબંધનું કર્મકાંડ કરનાર, કરાવનાર સ્ત્રી; પુજારણ.

Priesthood, (પ્રીસ્ટ્હુડ્) *a.* The office or character of a priest: ધર્માધિકારીપણું; ધર્માધિકારીની પદવી; પુરોહિતવૃત્તિ; ઉપાધ્યાયપદ. 2. The order for priests: ધર્માધિકારીઓ.

Priestly,(પ્રીસ્ટ્લિ)*a.* Pertaining to a priest; sacerdotal: અર્ચારૂપ જેનું;યાજ્ઞકિય; પુરોહિતનું-સંબંધી.

Prig,(પ્રિગ્) *vi.* To haggle about the price of a commodity: માલની કિંમત ઠરાવવામા રકઝક કરવી. *vt.* To cheapen: સોદો કરવો. 2 To filch or steal.ચોરવું ચોરી કરવું;ચોરી કરવું.*n* A pert, conceite fellow:અહંકારી તોછડો-દાંભિક માણસ. 2 A thief: ચોર.

Priggish,(પ્રિગિશ્) *a.* Like a prig; conceited:તોછડું;ફાટેલ;બનાવટિ;દાંભિક.

Prim,(પ્રિમ્)*a.* [L. *primus*, first.] Formal; precise:યથાવિધિ ચાલનાર;સિધું; મરિ ફરેલ;ચાપચુપિડું;ફીણું;ચાપચુપ.*vt.*To deck with great nicety;to prink:શણગારવું.*vi.*To dress or act smartly: ઠસ્સાદાર થવું.

Primacy,(પ્રાઇમસિ)*n.*[L. *primus*, first.] The state or condition of being prime or first, as in time, place rank &c.:શ્રેષ્ઠતા; પરમતા;ઉત્તમતા;મુખ્યપણું.2.The office or rank of a primate:મુખ્ય ધર્માધ્યક્ષની જગો-કારકીર્દી.

Primary,(પ્રાઇમરિ)*a.* [L. *primus*, first.] Primitive; original: આદ્ય; આદિ; મૂળ: પ્રથમ; પેહેલું.2.First in order,as being preparatory to something higher: પહેલા પગથીઆ જેવું;આરંભ કરનારું;મૂળ;શરૂઆતનું; આરંભનું; પ્રાથમિક.P. *schools*: મૂળ શરૂઆત કરતી નિશાળો-વિદ્યાવર્ગો. 3. Chief;principal: મુખ્ય; પ્રધાન; વિશેષ.P.*planets*:પ્રધાન-મુખ્ય ગ્રહો. 4. Earliest formed; fundamental: પહેલું થયેલું; મૂળનું.*n.* That which stands first in order, rank or importance: પેહેલા દરજ્જાનું બનતી વસ્તુ.2.A primary meeting: મૂળ સભા.3.A primary planet:મુખ્ય ગ્રહ.

Prime,(પ્રાઇમ્)*n.* [*primus*, first.] First in order of time;original: મૂળનું; પહેલાંનું;જુનું; આદિકાળનું. 2. First in rank;degree,·authority &c.:પહેલા વર્ગ-દરજ્જા-પાયરી નું;પહેલું; મુખ્ય;પ્રધાન 3. First in excellence:પહેલા નંબરનું;સરસ; ઉત્તમ;શ્રેષ્ઠ; ઉત્કૃષ્ટ; પરમ;ઉમદા;અસલ; બેસ;નંબર.4. Early blooming:ખીલવું; પ્રથમાવસ્થાનું.5.Lustful; lewd;lecherous: છિનાળનું; કાછડી છુટું; લંપટ; સોકડ.P. *factor*, મુહાક-અન્વય પાડી ન શકાય એવું પદ.P.*meridian*, મુખ્ય યામ્યોત્તર રેષા. P.*minister*, મુખ્ય-વડો પ્રધાન(વિશેષે, ઇંગ્લાંડનો) P. *number*, મુળાંક; શુદ્ધાંક; અવયવ ન પાડી શકાય એવો આંકડો; જેવા કે ૫,૭,૧૧ વિ. P. *vertical*: પુર્વાપરરેષા. *n.* (*a*) The first part:કંડિકા;આરંભ; પ્રથમાવસ્થા.*Hence*,the dawn;the spring: પ્રાત:કાળ; મળસકું; વસંતઋતુ.2. The spring of life;youth:જોમન;ભરજુવાની,યૌવન;મર-મરપુર જુવાની:*Hence*, full health,sereugth or beauty; perfection: પૂર્ણ આરોગ્યતા-કૌવત-સૌન્દર્ય;ખૂબ મુરતી;પૂર બહાર; પૂર્ણકળા. 3. The best part; the most excellent portion:સારામાં સારા-ઉત્તમ ભાગ;તત્વમાલ;ઉત્તમ.ત્વ; નંબર.4. The morning:મળસકું;પ્રાત:કાળ; સૂર્યોદયકાળ. P. *of the moon*: મીજનો ચંદ્રમા.P.*of youth*: મર-મરપુર જુવાની. *vt.* To apply priming to as a cannon: બંદુકમાં રંજક મુકવી. 2.To lay the first color as in painting: રંગનો પેહેલો હાથ લગાડવો. 3. To prepare; to instruct before hand: તૈયાર કરવું; અગાવથી-શિખવી મુકવું.4.To trim, as trees:કાતરવું;છાંટવું-છાંટી નાખવું. *vi.* To be renewed: ફરી થવું-ઉઠવું. 2. To serve as priming for the charge of a gun: બંદુકની ટોટી-નળમાંરીનું કામ સારવું.

Primer,(પ્રાઇમર્) *n.* An instrument or device for priming: તોટી;રંજક;નળમાંરી.*a.*First; original: પહેલું; મૂળનું .*n.*A small prayer book:પ્રાર્થના પોથી.A reading or spelling book for a beginner: પહેલી ચોપડી; "પ્રાઇમર";બાળપોથી;પ્રથમ પોથી.

Primeval,(પ્રાઇમીવૅલ્) *a.* [L. *primus*, first & *ævum*, an age.] Pristine;original: અસલનું ;આરંભકાળનું; અસલી વખતનું.

Priming,(પ્રાઇમિંગ્)*n.* The powder used to communicate fire to a charge of gun powder:રંજક;નળમાંરી;તોટીનો દારૂ.2 The first coating of color,size or the like, laid on canvas:કંતવાસ કે બીજી વસ્તુ ઉપર રંગનો પેહેલો હાથ.

Primitial,(પ્રિમિશૅલ)*a* Primitive: પહેલાનું ;શરૂઆતનું ;મૂળનું.

Primitive, (પ્રિમિટિવ્)*a.* [L. *primus*,the first.]First; primeval: આરંભ-શીરનું ;આદિકાળનું ; અસલનું.2. Old-fashioned: અસલની રીત-રીવાજ પ્રમાણે ચાલનારું;અસલી;અસલી ઢબનું. 3.Original;radical:સ્વત:સિદ્ધ;મૂળ. A, p. *verb*: ધાતુ.P.*colours*, primary colonrs:મૂળ રંગ (રાતો;પીળો અને વાદળી.) *n.* An original or primary word (opposed to *derivative*): શિદ્ધ-મૂળ શબ્દ.

Primogenial,(પ્રાઇમોજેનિઅૅલ્)*a.* [L. *primus*, & *geno*, I beget.] First born;original: પહેલું જન્મેલું; પેહેલા બોળાનું; પ્રથમ બનેલું-ઉદ્ભવેલું.

Primogeniture, (પ્રાઇમોજેનિટ્યૂર) *n.* The state of being the first born of the same parents: જ્યેષ્ઠત્વ;વડીલપણું; જેટપણું;જ્યેષ્ઠત્વ તા.2. The exclusive right of inheritance which belongs to the eldest son:વડીલ હક; જ્યેષ્ઠ પુત્રને બાકી બારસો બધી સ્થાવર મીલકતનો વારસો આપવાની રીત.

Primordial,(પ્રાઇમૉર્ડિઅૅલ્)*a.* [L. *primus*,first &*orior*, I begin.] First in order;primary;of earliest origin: અસલ બનાવનું; આદિકાળનું મૂળનું,અસલનું;પ્રાચીન.

primrose,(પ્રિમ્રોઝ્) *n.* (*a*) An

early flowering plant of the genus Primula, of which there are several species, as, red, white-yellow flowered: ગુલાબનો છોડ.

Prince, (પ્રિન્સ) *n.* [L. *primus*, first & *capio*, I take] A sovereign; a monarch: શાહ; બાદશાહ; રાજાધિરાજ; અધિરાજ; છત્રપતિ, ભૂપાલ; નૃપતિ. 2. The son of a king: રાજપુત્ર-કુમાર; યુવરાજ; શાહજાદો; કુંવર; રાજકુંવર. *Merchant* p: વેપારીમાં સર્વોપારી; સર્વથી મોટો વેપારી. P. *of Wales*: વિલાયતનો યુવરાજ-વિલાયત. 3. A title belonging to persons of high rank; differing in different countries: અમીર; ઉમરાવને અપાતો ઈલકાબ 4. The chief of any body of men: કોઇપણ મંડલનો ઉપરી-શ્રેષ્ઠજન-ચઢિયાતો પુરૂષ; નગરશેઠ; શિરોમણી; અમેસર; ગ્રહોરૂ; વર્ય. P. *Albert coat*: બેવડા અસ્તરનો કોટ. P's *metal*: કાંસું. *vi.* To play the prince: શાહજાદાનો વેષ ધરવો.

Princedom (પ્રિન્સડમ્) *n.* The jurisdiction, or estate of a prince: શાહજાદાનો મુલક; રાજ્ય; રાષ્ટ્ર.

Princely, (પ્રિન્સ્લિ) *a.* Relating to a prince; regal: રાજનું; રાજકીય. 2. Grand; august: magnificent: પ્રતાપ-વૈભવશાળી; ઐશ્વર્યવાન; રાજવંશી જેવું. *adv.* In a princely manner: રાજની પેઠે; -ના જેવા દબદબાથી.

Princess, (પ્રિન્સેસ) *n.* A female prince: (રાજ કરનાર) રાણી; રાજ્ઞી. 2. The daughter of a sovereign: કુંવરી; રાજપુત્રી શાહજાદી; કુમારી: રાજકુંવરી; રાજકુમારી 3. The consort of a prince: રાણી; રાજપત્ની.

Principal, (પ્રિન્સિપૅલ) *a.* Most important; chief; main: મોટું; મુખ્ય; પ્રધાન; શ્રેષ્ઠ; વિશિષ્ટ; વર્ય; વરેણ્ય; અગ્રણી; ધુર ધર. 2. Princely: રાજકીય. *n.* A leader or a chief; આગેવાન; સરદાર; અધ્યક્ષ; અધિપતિ: નાયક. 2. (*a*) The chief actor in a crime: ગુન્હો કરનાર; મુખ્ય; સાક્ષાત ગુન્હેગાર. (*b*) A chief obligor; promisor or debtor: કરાર લખી આપનાર. (*c*) One who employs another to act for him, as distinguished from an *agent*: શેઠ; માલિક; ધણી; મૂળધણી (*d*) A head of a school or college: શાલાધ્યક્ષ; મોટી વિદ્યાશાળા-પાઠશાળાનો મુખ્ય અધિકારી. 3. A thing of chief or prime importance: (*a*) A capital sum of money placed out at interest; મુડી; જ્યાજે મુકેલી રકમ; મુદ્દલ; થાપણ. (*b*) The construction which gives shape & strength to a roof: (છાપરાનું) કાઠમાળ; ભારોટિયા. (*e*) An heir-loom; a mortuary; વારસામાં મળેલું રાચ રચીલું.

Principality, (પ્રિન્સિપૅલિટિ) *n.* Sovereignty; supreme power: મહાપ્રતાપી રાજ્ય; રાજ્ય; રાજ-સાર્વભૌમ્યતા. 2. A prince: શાહજાદો; બાદશાહ. 3. The territory of a prince: શાહજાદાનો મુલક; રાજ; રાષ્ટ્ર; પ્રદેશ; મંડલિકનું રાજ્ય-મુલક; ઉપરાજ્યાઠકરાત.

Principally, (પ્રિન્સિપૅલ્લિ) *adv.* In a principal manner; primarily: મુખ્યત્વે-વિશેષે કરીને; ઘણું કરીને.

Principia, (પ્રિન્સિપિઅ) *n. pl.* First principles; elements; મુખ્યનિયમો ઘોરી નીયમો.

Principle, (પ્રિન્સિપલ્) *n.* [L. *principium*, beginning.] Beginning: પ્રારંભ; શરૂઆત; મૂળ. 2. (*a*) Origin: કારણ; મૂળ; આદિ હેતુ; શક્તિ. (*b*) A fundamental substance; or origin; ultimate cause: સત્તા; કારણ; બીજ; બીજત્વ; પ્રયોજન; હેતુ દૈવત; મૂળદ્રવ્ય. 3. An original faculty: શક્તિ; ગુણ; ધર્મ; સ્વાભાવ; ભાવ; આત્મીય શક્તિ; પારૂતશક્તિ. 4. A fundamental truth; a maxim; an axiom: નિયમ; વિધિ; સૂત્ર; તત્વરૂપ વિચાર; પ્રત્યક્ષ પ્રમાણ વચન; વિચાર સૂત્રનો પાયો-મૂળતત્વ; મૂળવિચાર. 5. A settled rule of action; a governing law of conduct: વર્તવાનું મન સાથે બાંધી મુકેલું ધોરણ; નીતિ; રીતિ; માર્ગ; પદ્ધતિ વર્તનનીતિ. 6. (*Chem*) Any original inherent; constituent which characterizes a substance: સત્વ; કસ; *vt.* To equip with principles: અમુક ધોરણ-નિયમ પાળવા.

Prink, (પ્રિંક્) *vi.* To dress or adjust one's self for show: સારા કપડાં પહેરી ભપકો મારવો. *vt.* To dress up: ભભકાબંધ સજવું. શણગારવું.

Print, (પ્રિન્ટ) *vt.* [L. *premo*, I press.] (*a*) To fix or impress into or upon something, as a stamp: છાપવું; છાપમારવી. (*b*) (-mark) :-નો આકાર-છાપ-પાડવી; નિશાની કરવું; પાડવું. (*c*) (-an idea): -નામનમાં ઠસાવું; -ની છાપ પાડવી; -નો ચોખ્ખો-આકાર પાડવો. 2. To stamp something in or upon: દબાવું; ઠોકવું; છાપ પાડવી; મન ઉપર છાપ પ. ી; ઠસાવવું. 3. To strike off an impression of, from type &c: છાપવું. 4. To impress with colored figures: છાપવું; ઠોકવું; છાપ મારવી-પાડવા-ઉપર છાપો મારવો-લેવો-ઉતારવો. 5. To take (a copy, a postive picture, &c.) from (a negative picture, &c.): છાપ લેવી; છબી પાડવી. P-*ed. goods*: છાપેલું કપડું; છીંટ. *vi.* To practise the art of typography: છાપવાનો ધંધો કરવો. 2. To publish a book: ચોપડી છપાવવી. *n.* A mark made by impression: પડેલી નિશાની-આકાર-છાપ. P. *of a wheel*- ચીલો. P. *of a tooth*: (પડી રહેલો) દાંત. P. *of the foot*: પગલું. 3 A stamp for molding an ornamental design upon an object: બીબું; છાપ; મુદ્રા; સીક્કો. 4. That which receives an impression as from a stamp: છાપેલી વસ્તુ. 5. Printed letters: છાપ; છાપેલા અક્ષર. (*a*) An impression taken from anything: છાપ. (*b*) A printed publication, esp, a newspaper or other periodical: વર્તમાનપત્ર. (*c*) A printed cloth esp., calico: છાપેલું કપડું; છીંટ; ડેકડેકો. (*d*) A photographic copy, or positive picture; ઉતારેલી છબી-ચિત્ર. નકશો; છાપેલું ચિત્ર. 6. A core print: બીબામાં ઉતારેલી છાપ. *In* p, (*a*) in a priuted form: છાપેલું. (*b*) To the letter; with accurateness: અરોબર; આબેહુબ. *Out of p.*: આવૃત્તિ ભંગ થઈ ચુકયું હોવું. ભગ્નાવૃત્તિ. *To appear in p*: છપાવું. *Butter* p.: માખણના લેદા ઉપર છાપ મારવાનું બીબું.

Printer, (પ્રિન્ટર) *n.* (*a*) One who prints: છાપનાર; છીપા-ભાવસાર. (*b*) A compositor; a type-setter: અક્ષર-ટાઇપ ગોઠવનાર; "કમ્પોઝ" કરનાર.

Printing, (પ્રિન્ટિંગ્) *n* The act or practice of impressing letters &c; છાપવાની-મુદ્રાંકન-કળા-નું કામ-ધંધો.

Prior, (પ્રાઇઅર) *a.* [L. *prior*; former.] Former; previous: પહેલું; આગલું; અગાઉનું; આગળ થઈ ગયેલું; આગળનું; પૂર્વ; આદિ; પ્રાક્. P. *existence*: પૂર્વ જન્મ.

Priority, (પ્રાઇઑરિટિ) *n.* The state of being prior or antecedent in time: અગ્રતા; આગ્રતા; પહેલાપણું; પૂર્વતા; પ્રથમતા; પ્રાક્ત્વ ટે. Superior rank: precedence: ઉંચી પદવી; શ્રેષ્ઠતા; શ્રેષ્ઠપદ; મતબારી.

Priory, (પ્રાઇઑરિ) *n.* A religious house presided over by a prior: વિહાર; આશ્રમ; ઉપમઠ.

Prism, (પ્રિઝમ્) *n.* [Gr. *prio*, I saw.] A solid whose bases or ends are any similar, equal and parallel plane figures and whose sides

are parallelograms:સમપાદધન.2. A transparent body, with usually three rectangular plane faces or sides and two equal and parallel triangular ends or bases: જેમાંથી તરેહ તરેહના રંગો દેખાય છે તે પાસા;ત્રિપાર્શ્વ કાચ; દમ્બત.

Prismatic,(પ્રિઝમૅટિક્) *a.* Resembling or pertaining to a prism: સમપાદધન-ત્રિપાર્શ્વ કાચનું-ના જેવું.2 Formed by a prism: પાસામાંથી દેખાતું.P.*compass*: દૂરની ચીજ જોવા માટે જેમાં દૂરબીન હોય એવું "કમ્પાસ"

Prison,(પ્રિઝ્ન્)*n.*[L.*prehendo*, I lay hold of]A place where persons are confined or restrained of personal liberty: બંધીખાનું; અટકાવ;પ્રતિબંધ.2.A building for the safe custody or confinement of criminals and others committed by lawful authority:કારાગૃહ;-કેદ-બંદીખાનું *vi.*(*a*]To imprison;to confine: કેદકરવું;બંધીખાને નાખવું.(*b*) To restrain (together]from liberty:અટકાવ;પ્રતિબંધકરવું;ગુમ રાખવું.3.To bind:બાંધવું.

Prisoner,(પ્રિઝ્નર્)*n.*One who is confined in a prison:કેદી,બંધીવાન.2. (*a*) A person under arrest:કેદી,તહોમતવાળો;ગુન્હેગાર.(*b*) A captive: મરજીવિરુદ્ધ જેને અટકાવ્યો હોય એવો માણસ;યુદ્ધ-લડાઇમા પકડાયેલો માણસ.

Pristine,(પ્રિસ્ટાઇન્)*a.* Original: primitive:આરંભ કાળનું; અસલનું; પ્રાચીન:પુરાણ.

Prithee,(પ્રિધી)*interj.* A corruption of pray thee.હું (આજીજી) પૂછું છઉં કે.

Privacy,(પ્રિવૅસિ)*n.* The state of being in retirement from the company of others:પડદેપોથી;એકાંતવાસ;વિજન. 2. A place of seclusion from company:solitude: એકાંત જગો;રહેઠાણ;રહેવાનું નિર્જનસ્થાન; એકાંતવાસ.3. Concealment of what is said or done:ગુપ્તતા;ગુપચુપ;રહસ્ય. 4.A secret: છાની-ગુપ્ત-બાનગી વાત.

Private, (પ્રાઇવૅટ્) *a.* [L. *privus*, separate.]Personal;one's own: બાનગી;ખાસ;ખુદ-પોતાનું;સ્વ; આત્મીય.2.Lonely;solitary: બાનગી;એકાંત;છાનું;પડદેપોથા;વિવિક્ત;નિર્જન; વિજન.P.*apartment*: બંદ;પુર.3. Not invested with or engaged in public office or employment: સરકારી કામમાં નહીં પડેલું-અમલદાર નહીં પણવતું;બાનગી;બીન હોદ્દેદાર;અનધિકારી;સરકારી-સાર્વજનિક કામ નહિ કરવા.4.Not open;secret: ગુપ્ત;છાનું;ગુઢ,અપકટ.P. *understanding*: અંદર અંદરની સમજ.P.*parts*: ગુહ્ય સ્થાન;ઉપસ્થ.*w.*A secret message: છાનો ગુપ્ત સંદેશો.3. Personal interest:પોતાનો લાભ-ફાયદો. 3. Retirement: એકાંતવાસ; નિર્જનતા. 4. One not invested with a public office:બાનગી નોકર;અનધિકારી;સત્તા-અમલ વગરનો માણસ;પ્રેવટ.5.A common soldier: (લશ્કરી) સિપાઈ; સૈનિક.6.(*Pl.*) The private parts: the genitals: ગુહ્યાંગ;ઉપસ્થ.'*In* p secretly:બાનગીમાં;બાનગી રીતે; છાનું;છાનાં;છાનામાના;ગુપચુપ.P. *negotiations*:છાની બાજીપડ.*n.* A common soldier: (લશ્કરી)સામાન્યસૈનિક સિપાઇ;સિપાઈ.

Privateer,(પ્રાઇવટીર્)*n.*An armed private vessel which bears the commission of the sovereign power to ornise against the enemy: લડાઈની વખતે શત્રુના વેપારને હરકત કરવાને યુદ્ધ સામગ્રી સાથે ફેરવ્યા કરવાની સરકાર તરફથી રજા મળેલું બાનગી વહાણ.2.The commander of a privateer: એવા વહાણનો નાયક-અધિપતી-ના ખુદા.*vi.* To ornise in a privateer: એવા વહાણમાં સમુદ્રમાં ફર્યા કરવું.

Privately, (પ્રાઇવૅટ્લિ) *adv.* Not open:છાનામાના;ગુપચુપ;કોઇને ખબર ન પડે તેમ;છૂપી-બાનગી રીતે.2.Personally;not officially:બાનગી રીતે; જાતને સંબંધે;ખાસ.*To be benefited* p:બાનગી લાભ થવો.

Privation,(પ્રાઇવૅશન્)*n.* The act of taking away:લઇ ખુંચી-ઝીનવી લેવું તે..2.Distitution;need: સુખસાધનલોપ; અનવસ્ત્ર હાનિ;આહારાભાવ; વિપદ;સાંસા;હલાકી;તંગી;સુખ વસ્તુની નાસ્તિ;દરિદ્રતા;કષ્ટ. 3.Absence; negation;અભાવ;નાસ્તિ;ક્ષય;લોપ;નાશ.

Privative,(પ્રિવૅટિવ્) *a.* Causing privation:તંગી પડે એવું;ખુંચી-ઝીનવી લેનારું;હાનિકર.2 Not positive: અભાવ રૂપ;પરોક્ષ;અસાક્ષાત્રૂપ.3 Implying privation or negation: applied to such prefixes & affixes as.un; non;less: અભાવ-નાસ્તિત્વ સૂચક.*n.* A private prefix or suffix:અભાવ-નાસ્તિત્વસૂચક ઉપસર્ગ-પ્રત્યય.

Privilege,(પ્રિવિલૅજ્) *n.* [L. *privus*,private&*lex*, *lex*, *leyis* law.] A peculiar benefit or favor: પ્રાપ્તાધિકાર;ખાસ હક;વિશેષાધિકાર. *Writ of* p. (*law*), દીવાની કેદીને છોડી મુકવાનો આજ્ઞાપત્ર.*vt.* To authorize:બાતલ રાખવું-કરવું;મુક્ત કરવું; છૂટ આપવી *To* p. *witnesses from arrest*:સાક્ષીઓને કેદ પકડવાથી મુક્ત કરવા.2.To exempt; to deliver:-ને માફી આપવી;ક્ષમા કરવી;ભય-દુઃખમાંથી બચાવવું;છોડાવવું.

Privileged,(પ્રિવિલેજ્ડ્)*a.* Invested with a previlege:માફી બક્ષેલું; બાતલ કરેલું. P. *communication*, કથન કરનારની મરજી વિરુદ્ધ જે વાત પ્રગટ-જાહેર ન કરાય તે જેની કે અસીલે પોતાના વકીલને દીધેલી વાત-હકીકત. P.*witnesses*: પોતાના બંધા પરત્વે કંઇ મળેલી હકીકત છુપી રાખવાનો હક છે એવા સાક્ષીઓ.

Privity,(પ્રિવિટિ)*n* Privacy; secrecy;confidence: ગુપચુપી; છુપાપણું;વિશ્વાસ.2.Private knowledge સંસર્ગમાહિતગારી;અંદરખાનેનું જાણપણું;દખલગિરી.3.A private matter:છાનીવાત.4.The genitals: ગુપ્તસ્થાન;ઇન્દ્રિ;ગુહ્યાંગ;અંગ; કાયા; શરીર. 5. A bond of union between parties: સહકારીતા;સહાયતા;ક્રયવહાની દૃષ્ટિએ સંબંધ.

Privy,(પ્રિવિ)*a.* Not public: private:બાનગી;છુપું.2.Secret;clandestine:છાનું;છુપું;ચોરીનું .3 Private; not open to the public:ગુહ્ય;બાનગી.4 Privately knowing: અંદર બાનેથી વાકેફ-જાણ;છાનીવાતથી જાણીતું કીધેલું;ભેદુ;જાણભેદુ;અમાત્ય;મંત્રી. P. *Councilor*;ગૂઢ; સમાસદ. P. *council*:બાસ મંત્રી સભા. P. *purse*: રાજની બાનગી વપરાશ માટે જુદા રાખેલાં નાણાં.P.*seal* or *signet*, (*a*) રાજાએ પોતે આપેલાં બક્ષીસ પત્રો વિ૦ ઉપર મારવાનો સિલ.(*b*): રાજ્યનો મુખ્ય વ. હિવટદાર નેતા મંત્રી.*n.*A partaker: ભાગીદાર.2. A necessary house: જાજરૂ;સંડાસ;વાસ્તે-ગોઠી ગો.

Prize,(પ્રાઇઝ્)*n* [L.*prehendo*, I seize]A thing seized by force or superior power: બળ-સત્તાથી કંઇ પકડેલી વસ્તુ.2.(*a*)(*Law*, anything captured by a belligerent using the rights of war;esp., property captured at sea, as a vessel: યુદ્ધોપકરણ; હુંડ; યુદ્ધાર્જિત વસ્તુ વિશેષે કરીને વહાણ.(*b*) An honor or reward striven for in a competitive contest: પારિતોષિક; ઇનામ;સરપાવ;ઉપાયન.*n.*Possession held or in prospect: પોતાની પાસેનો અમુલ્ય પદાર્થ;રત્ન. 4. A con-

test for a reward; competition: સ્પર્ધાજીય; પણ; પણ; ઇનામ મેળવવાની સ્પર્ધા.5.A lever; a pry:તુલાયંત્ર;ઉત્તોલનદંડ; દાંડી. *To make* p. *of*, to capture: પકડવું. *vt.* To move with a lever;to force up or open: તોડી નાંખવું;ખામીને ખોલવું. *vt.* To price;to appraise: કિંમત ઠરાવવી-કરવી;મૂલ કરવું; આંકવું-અજ કિંમતી ગણવું; ઘણું માન આપવું; પૂજ્ય માનવું.*n.* Estimation; valuation: કિંમત;ગણત્રી;મૂલ્ય.

Prize-fighter, (પ્રાઇઝ્-ફાઇટર) *n.* One who fights in public for a reward: કોઇ શરતના પણને માટે લડનાર;પણી મલ્લ.

Pro-and-con.(પ્રો-એન્ડ્-કૉન્) *adv.* For and against:વિરુદ્ધાવિરુદ્ધ; વિધિ નિષેધપક્ષો.

Pros-and-cons,(પ્રોઝ્-એન્ડ્-કૉન્સ) *n.* The argument: or reasons on either side:વિરુદ્ધાવિરુદ્ધ; બેઉપક્ષકોટિ;લાભાલાભ.

Probability,(પ્રૉબબિલિટિ)*n.* Likelihood: સંભવ;સંભવિતપણું; સંભાવ્યતા.2. That which is or appears probable:સંભવિત વાત. 3. Likelihood of the occurrence of any event in the doctrine of chances:સંખ્યા પ્રમાણ. *In all p:*ઘણે-અમને પૂરો ભરોસો કે પૂરો સંભવ છે કે.

Probable, (પ્રૉબબ્લ)*a* [L.*probo*,I prove]Capable of being proved: બનવા- હોવા-થવા જેવું; સંભવિત.2.Having more evidence for than against: શક્ય: સંભવ્ય. 3. Rendering probable: સંભાવિત સાનુમાનિક. P. *evidence*: સંભાવિત પુરાવો. *To be* p:સંભવવું. *The* p: શક્યતા;સંભાવ્ય.

Probably,(પ્રૉબબ્લિ)*adv.* In likelihood:મુખ્યત્વે કરીને;સોવસા; બહુધા; સંભવ જોતાં:નવાઇ વસા.

Probate,(પ્રોબેટ્) *n.* [L. *probo.*I prove.]Proof:સાબિતી.2. Official proof:*etp* , the proof before a competent officer that an instrument purporting to be a will or testament of a person deceased is indeed his lawful act: વસિયતનામાના ખરાપણા વિષેનો પુરાવો;મૃત્યુલેખ પ્રમાણ.*a.* Of or belonging to a probate or court of probate:મૃત્યુલેખ પ્રમાણ કે તેને લગતી કોરટસંબંધી. *vt.* To obtain the official approval of a will of testament: વસિયતનામાના ખરાપણાનું કોરટનું અધિકૃતપણું મેળવવું.

Probation,(પ્રોબેશન્)*n.* The act of proving;proof:સાબિતી 2. Any proceeding designed to ascertain truth, to determine character,&c;trial:પરીક્ષા;કસોટી; અજમાએશ.

Probationary,(પ્રોબેશનરિ)*a.*Serving for trial:અજમાએશી;કામ વર્તાવ્યાની કસોટી કરવા આપેલું.

Probationer,(પ્રોબેશનર)*n* One who is undergoing probation; a novice:અજમાયશ ઉપર રાખેલું માણસ;પરીક્ષ્યમાણ (for proof or trial.

Probative,(પ્રોબેટિવ્) *a.* Serving

Probe,(પ્રોબ્)*vt.*[L *probo*, I try] To examine as, a wound, an ulcer,&c., with a probe:-માં સળી નાંખી જોવું-તપાસવું. 2. To search to the bottom: બારીકાઈથી તપાસવું; પડતાળી પડતાળીને જોવું. *n.* An instrument for examining the depth or other circumstances of a wound, ulcer &c.: સળી;ઇશલાકા;એષણી.

Probity,(પ્રોબિટિ)*n.* [L. *probus*, good]Honesty;uprightness: ચોખ્ખી દાનત; નેકી; પ્રમાણિકપણું; શુચિતા;દાક્ષિણ્ય;નેકનયત;સત્યતા.

Problem,(પ્રૉબ્લેમ્ *n.*[Gr *pro*, & *hallo*,I cast.] (*a*) A question; a proposed solution; પ્રશ્ન; સવાલ; વિવાદવિષય;પ્રમેય;સાધ્ય. *Hence*, (*b*) a matter difficult of solution: a doubtful case:શક ભરેલી તકરારી વાત-હકિકત;સંદિગ્ધ વિષય-પ્રશ્ન.2. Any thing which is required to be done:કૃત્ય;ઉપપાદ્ય. 3. A proposition in which something is required to be done: કૃત્ય; ઉપપાદ્યવસ્તુ.

Problematic-cal,(પ્રૉબ્લેમૅટિક્-કલ્) *a* Having the nature of a problem;uncertain: અનિશ્ચિત; સંદેહ ભરેલું;સંદિગ્ધ;અવિકલ્પ;વૈકલ્પિક.

Proboscis,(પ્રોબૉસિસ્)*n.*[Gr.*pro*, & *bosko*, L *pasko*, 1 feed.] A hollow organ or tube attached to the head of various animals: a trunk:(હાથી જેવાંની)સુંઢ;શુંડા

Procedure,(પ્રોસીડ્યૂર્)*n.* (*a*) The act of proceeding;progress: ચાલ;ગતિ;કૃતિ;આચાર;વિધાન. (*b*) Operation; conduct: કામ ચલાવવાની રીત;વહીવટ,ક્રમ;સંપ્રદાય; પદ્ધતિ; આચાર;આચરણ;કરણી;સરણી.2. A step taken;a proceeding: (કીરેલું-ચલવેલું) કામ. *Code of criminal* p.: ફોજદારી વહિવટનો કાયદો.

Proceed,(પ્રોસીડ્)*vi.*[*pro*,forward & *cedo*, I go.] To advance; to continue or renew motion begun: આગળ ચાલવું-જવું-ચાલ્યા કરવું. ચાલવું-વધવું.2.To pass from one point,topic or stage,to another: આગળ ચલાવવું-કહેવું; કહ્યા કરવું.3. To issue forth;to come from: નીકળવું;પ્રવર્તવું;આવવું;થવું;ઉત્પન્ન થવું. 4.(*a*) To act by method: ચાલવા-ઉતરવા-અનુક્રમે ચાલ્યા જવું;-આવવું. પાયરી-પર પાયરી ચાલ્યા જવું;-આવવું. (*b*)To begin & carry on a series of acts or measures: (કંઇ) કૃત્ય આરંભીને કર્યે-ચલાવ્યા જવું;-માં આગળ પ્રવર્તવું;5 To take place: થવું;બનવું;જોવું 6.To operate:અમલ થવો;લાગુ થવું-કરવું.*To* p. *with* ચલાવવું;ચાલવું. *To* p.*with a case*: મુકદમો ચલાવવો. *To* p *against*:ફરિયાદ કરવી;સરકાર-દરબાર આગળ. *n. pl.* Money brought in by some piece of business: કોઇ પણ ધંધો કરી તે મેળવેલો પૈસો;નફો;વેચાણ;વકરો ઉપજ-પેદાશ.

Proceeding,(પ્રોસીડિંગ્) *n.* (*a*) The act of one who proceeds: વર્તણુંક;રામ;ગતિ;ગમન;ચાલ(*b*) Progress or movement from one gress or movement from one thing to another;a measure or step taken in course of business: a transaction;course: કામ; કર્મ;ક્રિયા;ચાલ;વહિવટ;વ્યવહાર;આચરણ;રીતિ;માર્ગ;સંપ્રદાય 2.The course of precedure in the prosecution of an action at law: ચાલતું આખું કામ;કામના કાગળો.*a.*Arising issuing;emanating:ઉત્પન્ન;ઉદ્ભવતું;જન્મ પામતું;કારણ-નિમિત્તરૂપ.

Process,(પ્રોસેસ્) *n.* Progress, procedure;advance:ગતિ;ગમન; ક્રમ;ગત.P.*of time*: કાળક્રમ; કાળગતિ. 2.Regular proceeding;progressing act or transaction: ક્રિયા; વિધી;કાર્ય ક્રમ;રીતિ;ચારો; પદ્ધતિ; સંસ્કાર;પ્રયોગ;માર્ગ 3 A narrative: વાર્તા;વૃત્તાન્ત;હકીકત; બીના. 4. Any marked prominence or projecting part,especially,of a bone: હાડકાનો ડેકો. 5, (*a*) The whole course of proceedings in a cause real or personal:વ્યવહાર; વ્યવહાર માર્ગ;ચાલેલું આખું કામ;કેસ; મુકદ્દમો. (*b*)The means used for bringing the defendant into court to answer to the action: પ્રતિવા-

દિને બોલાવવા સમન;પ્રોસેસ; કામગીરી; તાકીદપત્ર;કામગીરી;બજવણી;હુકમ. *In* p. begun & not completed: ચાલતું;થતું;વર્તમાન;ચાલુ. *Direct* p: અન્વયક્રિયા. *In verse* p.: વિલોમક્રિયા.

Procession,(પ્રોસેશન્) *n.* Regular progress;course: ગતિ;પ્રસ્થાન; પ્રકૃતિ.2.A retinue; a ceremonious train:સવારી;યાત્રા;પ્રયાણ.3 An orderly and ceremonial progress of persons:વરઘોડો;સરઘસ;સામૂહિક. *Marriage* p: વરઘોડો; સરઘસ; *vt.*To ascertoin:નક્કી કરવું;-ની હદ-મર્યાદા-સીમા બાંધવી-આંકવી. *vi.* To march in procession:વરઘોડામાં જવું.

Processional,(પ્રોસેશનૅલ)*a.*Pertaining to a procession: વરઘોડા સવારી સંબંધી-યાત્રારૂપ. *n.* A service book relating to ecclesiastical processions: પ્રાર્થનાપોથી. 2. A hymn, or other selection sung during a church procession:ગીત;ગાયન;સ્તોત્ર;ભજન.

Proclaim (પ્રોક્લેમ્) *vt.* [L. *pro*, forth & *clamo*, I call aloud.] To declare;to publish abroad;to promulgate:જાહેર-પ્રસિદ્ધ-પ્રકટ કરવું; ઢોળી વગાડીને કહેવું;ઢંઢેરો દાંડી પીટવી; પ્રકાશ કરવો.ગાઈ વગાડીને સંભળાવવું-જણાવવું.2. To outlaw by public proclamation: દાંડી પીટીને રાજ્ય રક્ષણમાંથી કાઢી મુકવું.

Proclaimer, (પ્રોક્લેમર) *n.* One who proclaims:ઢંઢેરો-દાંડી-ઢોળી પીટનાર;ઘોષક;પ્રખ્યાપક;પ્રસિદ્ધ કરનાર.

Proclamation, (પ્રોક્લૅમેશન્) *n.* Publication; official or general notice:દાંડી;ઢંઢેરો ઘોષણા.2. A published ordinance: જાહેરનામું;પ્રસિદ્ધિપત્ર.

Proclivity,(પ્રોક્લિવિટિ)*n.*Proneness; inclination; propensiry: tendency:મનનું વલણ;વૃત્તિ;બુદ્ધિ.2. Facility; readiness; aptitude: વૃત્તિપ્રાવણ્ય; ચટપટાઈ; હથોટિ; હોંશિયારી;ચપળતા;ચાલાકી.

Pro-consul,(પ્રોકૉન્સલ્)*n.*A. Roman authority of a consul without his office: રોમન લોકોના "કૉન્સલ"અધિકારીનું કામ કરનાર; "પ્રોકૉન્સલ્" 2. The governor of a province: તાબાના મુલકનો-ઈલાકાનો સુબો:રોમન ગવર્નર.

Pro-consular,(પ્રોકૉન્સ્યૂલર્)*a.* Of or pertaining to,or under government of a pro-consul: પ્રોકૉનસલનુ-વિષયક; પ્રોકૉન્સલના તાબાનું-ની સત્તા નીચેનું.

Procrastinate,'(પ્રોક્રૅસ્ટિનેટ્) *vt.* [L. *pro*.forward& *cras* to-morrow.]To postpone;to delay; to defer:વખત ગાળવો; દહાડા ભાગવા; વાર લગાડવી;વિલંબ કરવો; મુલતવી રાખવું;કાળક્ષેપ કરવો:ઉપેક્ષા કરવી; લંબાવવું; ઓળેનાખવું;આગળ ધકેલવું. *vi.*To delay;to be dilatory: આજકાલ કર્યા કરવું;વાર લગાડ્યા કરવી;ઢીલ કર્યા કરવી.

Procrastination,(પ્રોક્રૅસ્ટિનેસન્) *n.* Delay;dilatoriness: લાસરીઆપણું;ઢીલ;વિલંબ;કાળક્ષેપ-હરણ; આજકાલ;ધકેલપટ્ટી;મુલતવી રાખવાની કટેવ.

Procrastinator,(પ્રોક્રૅસ્ટિનેટર્) *n.* One who procrastinates: લાસરિયું માણસ;દીર્ઘસૂત્રી;આજકાલ કરનાર; મુલતવી રાખનાર

Procreate,(પ્રોક્રીએટ્) *vt* [L *pro*, forth & *creo*,I create.] To generate and produce; to beget:-ને જન્મ આપવો; ઉત્પન્ન કરવું;-ની ઉત્પત્તિ કરવું;જન્માવવું;નું પ્રજનન કરવું.

Procreation,(પ્રોક્રીએશન્)*n.*The act of begetting, generation & production of young: જનન; ઉત્પાદન;ઉત્પત્તિ;પ્રજોત્પત્તિ;; પ્રજોત્પાદન; પ્રસવ;પ્રસૂતિ;પ્રજન.

Procreative,(પ્રોક્રીએટીવ્)*a.* Generative:છોકરાં ઉત્પન્ન કરે એવું;પ્રજનન શક્તિવાળું;ઉત્પાદક;સાધક.

Procreator,(પ્રોક્રીએટર)*n* A father or sire;a generator: બાપ; પિતા; ઉત્પન્નકર્તા.

Proctor,(પ્રૉક્ટૉર્)*n.*[L.*pro*,&*caro* I take care of.]Attorney;agent: વકીલ;પ્રતિનિધિ;મુખત્યાર.2.A beggar:ભિખારી;ભિક્ષુક.3. An official in the English universities who attends to the morals of the students and enforces university ragulations: વિદ્યાર્થીઓની વર્તણુંક ઉપર દેખરેખ રાખનાર અધિકારી.*vt.*To act as a proctor toward:વકીલાત કરવી.

Procurable,(પ્રોક્યૂરેબલ્)a. Capable of being procured; obtainable:મળી શકે એવું;લભ્ય;પ્રાપ્ય;પ્રાપ્તવ્ય.

Procuration,(પ્રોક્યૂરેશન્)*n.* Procurement:સંપાદન.2. The management of another's affairs: કોઇની વતીનું કામ કરવું તે;મુખ્ત્યારી. 3. The instrument by which a person is empowered to transact the affairs of another: મુખ્ત્યારી; અવેજીપણું; પ્રતિનિધિત્વ. (*b*) મુખત્યાર પત્ર.

Procurator, (પ્રોક્યૂરેટર) *n.* An agent;a proc tor: આડતીઓ; પ્રતિનિધિ;કારી;મુનીમ;મુખત્યાર.2A governor of a province under the emperor:પ્રધાન;દિવાન;હાકેમ;સુબો.

Procure,(પ્રોક્યૂર્)*vt.*[L.*pro* forth & *curo*, I take care.] To bring into possession;to gain;to get: મેળવવું;લેવું;મેળવી લેઇ મુકવું; પ્રાપ્ત કરવું; સંપાદન કરવું:પેદા કરવું;-ને અપાવવું. 2. To effect;to cause: કરવું;આણવું; સાંધવું;બને-થાય એમ કરવું;-નો ઘાટ ઘડવો;થી થવું.3.To solicit;to entreat: વિનતિ-આજીજી પ્રાર્થના કરવી. 4. To bring;to attract:લાવવું; ખેંચી લાવવું.5.To obtain for illicit intercourse: બૈરી લાવી આપવી. કૂટણાપણું-દલાલું કરવું. *vi.* To pimp: ભડવાઈ કરવી;કૂટણાપણું કરવું

Procurment, (પ્રોક્યૂર્મેન્ટ્)*n.*Obtainment; attainment: સંપાદન પ્રાપ્તિ;લાભ.2 Management;agency: કારભાર;મુનીમગીરી;રાજ્ય.

Procurer, (પ્રોક્યૂરર) *n.* One who procures or obtains: પ્રાપક; સંપાદક;મેળવી આપનાર; સંપાદન કર્તા. 2 A pimp;a pan'er: કૂટણો; ભડવો;દલાલ.

Procuress,(પ્રોક્યૂરેસ)*n.*A. female procurer:કૂટણી ભડવણ;દૂતિ;બાવી દલાલ.

Prodigal, (પ્રૉડિગલ્) *a.* [L *pro*, forth & ago,I drive.] Given to extravagant expenditure;lavish; wasteful;extravagant: મુક્તહસ્ત; બહુવ્યયી;ઉત્સર્ગી; અતિ વ્યયશીલ; અતિત્યાગી;છક ઉડાઉ;ઘોતાળ; છૂટા-પોલા હાથનું ફજદંડ. *To be* p *of strength to secure an object*:ધારેલું પાર પાડવાને જાત શરીર ધૂળધાણી કરી નાંખવું. *n.*One who expends money extravagantly:ઉડાઉ;ઘોતાળ માણસ.

Prodigality,(પ્રૉડિગૅલિટિ) *n.* Profusion;waste; excessive liberality; અતિશય ઉદારપણું; ઘોતાળપણું; અતિઉદારતા;ઉફાંદ;વ્યય;બુદ્ધિ;છક ઉડાઉપણું;લાકાલાકી;બહુસખીપણું;અતિઉદારતા.

Prodigious, (પ્રોડિજસ) *a.* [L. *prodigium*, a prodigy.] Marvelous;wonderful:વિલક્ષણ; વિચિત્ર;ચમત્કારી;અદ્‌ભુત;આશ્ચર્યકારક; અપૂર્વ.2.Vast;huge immense;very great:બેહદ;બેસુમાર;વિશાળ; ગંજાવર; રાક્ષસી;અડાબીડ;જબ્બર;દિગ્ગજ જેવું.

Prodigy, (પ્રૉડિજી) *n.* A portent; something extraordinary: ઉત્પાદન;અદ્‌ભુત-અપૂર્વ વસ્તુ-વિષય;મહાશ્ચર્ય. 2. A marvel:ભંડાર;સમુદ્ર; અદ્‌ભુત શક્તિ ધરાવનાર મનુષ્ય 3.An abnormal development; a monster: રાક્ષસ;દૈત્ય;અસુર.

Produce, (પ્રોડ્યૂસ્) *vt.* [L. *pro*-forth & *duco*, I lead.] To exhibit; to bring forward; to show: દેખાડવું; દૃષ્ટિએ પાડવું; હાજર-રજુ કરવું; બહાર લાવવું; આગળ ધરવું; રૂબરૂ કરવું. લાવવું; પ્રત્યક્ષ-પ્રસિદ્ધ ઉઘાડું કરવું. 2. To bear; to generate; to yield; to furnish: આપવું; -માં નિપજવું. પેદા થવું; ઉદ્ભવવું; પાક થવો, ઉપજવું; માં ઉપજવું -પાકવું; ઉત્પન્ન કરવું; આપવું; જણવું. 3. To cause to happen; to originate: માથી ઉપજવું -નીકળવું; ઉત્પન્ન કરવું; નિપજાવવું; પ્રકટાવવું. 4. To make; to manufacture: બનાવવું; કરવું; ઘડવું; -માથી બનાવવું. 5. To yield; to gain: ઉત્પન્ન કરવું; આપવું; લાવવું; -થી ઉપજવું; -માથી નીકળવું. 6. To draw out; to lengthen; to prolong: વધારવું, ફેલાવવું; લંબાવવું. 7. To extend વધારવું; વિસ્તારવું; લંબાવવું. *vi.* To yield appropriate offspring: નિપજવું; પરિણામ થવું-આવવું; પાક થવો-નિપજવો-ઉત્પન્ન થવો; નિકાસ થવી. *n.* (*a*) Product; yield; proceeds; result of labour: ઉત્પન્ન; નિષ્પન્ન; પેદાશ; ફળ; ઉત્પત્તિ; લાભ; પ્રસવ, (*b*) Agricultural products: ઉપજ; નિપજ; પાક; નિકાસ.

Product, (પ્રૉડક્ટ્) *n.* Production; fruit; result; effect, consequence: ઉત્પન્ન; ઉત્પતિ; ઉપજ; પેદાશ; સામાન; માલ; જણસ; ફળ; પરિણામ; લાભ; ઉત્તરફળ; કૃત્ય; કૃતિ. 2. The number resulting from the multiplication of two or more quantities: ગુણોત્તર; ગુણકાર; ફળ; ઘાત; ગુણનફળ. *vt* To produce: ઉત્પન્ન કરવું; વધારવું. 2. To extend: વધારવું.

Production, (પ્રૉડક્શન્) *n.* The act of producing. ઉત્પાદન; નિષ્પાદન; ઉદ્ભાવન; 2. Produce; fruit: ઉત્પત્તિ; નિષ્પત્તિ, પેદાશ, જન્મ; ઉદ્ભવ; સંભવ; વ્યુત્પત્તિ; ઉત્પન્ન; ઉપજ; નિપજ; ફળ; પેદાશ; કૃત્ય; કૃતિ, નિર્માણ; સૃષ્ટિ.

Productive, (પ્રૉડક્ટિવ્) *a.* Yielding or furnishing results: ફળ મળે એવું; ફલદાયક; ફલપ્રદ; પ્રાપ્તિકારકઉદાયક. 2. Bringing into being; producing; originative: ઉત્પાદક; નિષ્પાદક ઉત્પત્તિ ઉદ્ભવકારક, ઉત્પન્ન કરનારું. 3. Fertile; profitable: માતબર; ફલદાયક; ફલપ્રદ; લાભકારી; બહુફળ; રસાળ; કસવાળું; ફળદ્રુપ.

Proem, (પ્રોએમ્) *n.* [Gr. *pro, oimos*, way] Preface; introduction: પ્રસ્તાવના; સૂચના, ઉપોદ્ઘાત; પરિભાષા વાકું. મુખ. *vt.* To preface: પ્રસ્તાવના લખવી.

Profanation, (પ્રૉફનેશન્) *n.* Desecration; too familiar treatment of what is sacred: ભ્રષ્ટીકરણ; અપવિત્રકરણ: દૂષણ. 2. The act of treating with abuse: નિંદા; ઉલ્લેખન.

Profane, (પ્રૉફેન્) *a.* [L. *pro*, before & *fanum*, a temple.] (*a*) Unconsecrated: અપવિત્ર; અશુચિ; ધર્મ પ્રકરણથી નિરાળું-વેગળું; અશુદ્ધ; અપુણ્ય. (*b*) Secular: પ્રાપંચિક; વ્યવહારિક; લૌકિક; સાંસારિક. 2. Unclean; impure; polluted: નાસ્તિકપણાનું; ભ્રષ્ટ; દૂષિત; અધાર્મિક. 3. Irreverent; impious; blasphemous; ungodly: ઈશ્વરદ્વેષી; ધર્મનિંદક; ધર્મદ્વેષી; નાસ્તિક; દેવદ્વેષી; દેવનિંદાત્મક. *vt.* To pollute: અપવિત્ર કરવું; ભ્રષ્ટ-દૂષિત કરવું; અભડાવવું; 2. To debase: નિંદવું; તિરસ્કાર કરવો; અપમાન-અનાદર નિંદા કરવી.

Profanity-neness (પ્રૉફેનિટિ-પ્રૉફેન્નેસ્) *n.* Irreverence; blasphemy: ધર્મનિંદા: ઈશ્વરનિંદા દ્વેષ; ધર્મ-ઈશ્વર અવજ્ઞા; દેવનિંદા; ધર્મનિંદાબુદ્ધિ.

Profess, (પ્રૉફેસ્) *vt* [L. *pro*, before & *fatio*, I confess.] To avow; to acknowledge; to confess: છચોકસ જણાવવું; અંગીકાર કરવું; સ્વીકારવું; પ્રસિદ્ધ કથન કરવું; પ્રતિજ્ઞા કરવી; પ્રતિજ્ઞા પૂર્વક કહેવું. 2. To set up a claim to; to make pretence to: કહેવું; -નુ કહેવું-નો હક-દાવો ધરાવવો; પોતાનું છે એમ કહેવું. 3. To proclaim one's self versed in: -માં પંડિત-પ્રવીણ કહેવડાવવું; -નાઆચાર્ય બનવું; -નો ડોળ ધંધો ઉદ્યોગ-વ્યવહાર કરવો. *vi.* To confess: કબુલ કરવું; અંગીકાર-સ્વીકાર કરવો.

Professedly, (પ્રૉફેસેડ્લિ) *adv.* By profession: પ્રતિજ્ઞાપૂર્વક; ખુલ્લી રીતે; બાબુમા; ઉઘાડું કહીને; કબુલ કરીને.

Profession, (પ્રૉફેશન્) *n* Open declaration; public avowal: પ્રસિદ્ધકથન; ઉદ્ગાર; પ્રકાશવચન; ખ્યાપન. 2. An avowal; a claim: અંગીકાર; સ્વીકાર; વચન; કબૂલ; બોલી; ઉદ્ગાર. 3 Calling; vocation; employment; ધંધો; રોજગાર; પેશો; વૃત્તિ; કસબ; કુળોગ; વ્યવહાર; ઉપજીવિકા, વેપાર; આજીવિકા. *The learned* p. s: ધર્મશાસ્ત્ર તથા વ્યવહાર અને વૈદકશાસ્ત્ર, વિદ્વદ્વૃત્તિ. 4. The collective body of persons engaged in a calling: એક ધંધામા પડેલા બધા માણસો.

Professional, (પ્રૉફેશનલ્) *a.* Pertaining to a profession; conforming to the rules or standards of a profession; following a profession: વૃત્તિવિષયક; ધંધો લઇ બેઠેલું; વ્યવસાયી; ધંધા-વૃત્તિનું-સંબંધી. 2. Engaged in by professionals: ધંધાદારી; રોજગારી; ઉદ્યોગી; વૃત્તિમાન; ધંધાને અંગે કરેલું. *n* A person who prosecutes anything professionally: ધંધો કરનાર; ધંધા તરીકે કરનાર.

Professor, (પ્રૉફેસર) *n.* One who professes his sentiments: ખુલ્લી રીતે બોલનાર; ખ્યાપક; પ્રકાશક. 2. One who professes or publicly teaches science: ગુરૂ; આચાર્ય; પાઠક; અધ્યાપક; વિદ્યા; ગુરૂ; ઉસ્તાદ; ભટ્ટ; શિક્ષાગુરૂ.

Professorship, (પ્રૉફેસરશિપ્) *n.* The office or position of a professor: આચાર્યની પદવી; આચાર્યત્વ; ગુરૂત્વ; પાઠકત્વ; અધ્યાપકની પદવી; આચાર્યત્વ; વિદ્યાગુરૂત્વ.

Proffer, (પ્રૉફર્) *vt.* [L. *pro*, forward & *fero*, I bring] To offer for acceptance: આપવા માંડવું. 2. To undertake or propose: કરવાનું કહેવું; હરબ્બાસ્ત કરવું. *n.* An offer made: a tender: કહેણ; વચન; નિવેદન; પ્રાર્થના. 2 Essay; attempt: યત્ન; પ્રયત્ન; પ્રવૃત્તિ; ઉદ્યમ.

Proficience-cy, (પ્રૉફિશિએન્સ્-ન્સિ) *n.* Progress in knowledge; improvement; adeptness: હોંશીઆરી ખબરદારી; પ્રવીણતા; નિપુણતા; કૌશલ્ય; કાબેલીયતપણું; ઉસ્તાદી; આવડ.

Proficient, (પ્રૉફિશિએન્ટ્) *n.* [L. *pro* before & *facio*, I make.] An expert; an adept: કાબેલ-પ્રવીણ-નિપુણ માણસ; ઉસ્તાદ. *a.* Versed; adept: કાબેલ; પ્રવીણ; કુશળ; નિપુણ; વિચક્ષણ; પારંગત; માહિતગાર; વિશારદ; હોંશીયાર; સુજાણ.

Profile, (પ્રૉફાઇલ્) *n.* [L. *pro*, before & *filum*, a thread.] *a* An outline or contour: રૂપરેખા; રૂપરેખા. 2. The side face or half face: બાકીનું બાજુ જણાય એવી છબી; અર્ધ મુખદર્શન; પાર્શ્વચિત્ર. *vt.* To draw the outline of: છબી કાઢવી. 2. To shape the outline of an object: ઢાળવું કરવું; -ની રૂપરેખા કરવી.

Profit, (પ્રૉફિટ્) *n.* [L *pro* & *factus* progress.] Acquisition beyond expenditure; pecuniary gain in any transaction or occupation; emolument: કમાઇ; આવક; ઉત્પન્ન; ઉપજ; નફો; લાભ. 2. A vail; gain; benefit: ફાંદો; કલ્યાણ; ઉપકાર; ઠામલ; ફાયદો; ફળ, લાભ P. & *loss*: નફો-ટોટો; લાભાલાભ. *vt.* To be good to; to help on; to avail; to aid: ફાયદો કરવો; મદદ થવી, -નું સારૂ-કલ્યાણ-હિત કરવું. *vi.* To gain; to advance: ફાયદો થવો, લાભ કરવું, ડોકાદય અધિક થવું ગુણવર્ધન થવું; -ને ગુણ થવો. 2. To be

of use or advantage: કામ લાગવું; ફળ થવું;-ને લાભ કરવો;કામમાં આવવું; ઉપયોગી-હિતાવહ-હિતકારક થવું

Profitable,(પ્રૉફિટ્‌ઍબલ)*a.*Gainful, lucrative;useful; helpful; beneficial:ફાયદેમંદ;ફિકિરાયતી;લાભપ્રદ;ફલાવહ;હિતકર;હિતાવહ;હિતપ્રદ; ઉપયોગી; હિતકારક;લાભકારી.

Profitless,(પ્રૉફિટ્‌લેસ્)*a.*Without profit;unprofitable: બિન ફાયદાનું; ફાયદાવિનાનું;નિષ્ફળ;વ્યર્થ;નિરર્થક;અફળ; હલકાણ વગરનું.

Profligacy,(પ્રૉફ્લિગેસિ)*n.*A vicious course of life;dissoluteness: છેક હદ્દ ગાઈ;સ્વૈરાચાર;દુરાચાર; ભ્રષ્ટતા;લુચ્ચાઈ; બદફેલી; ભ્રષ્ટાચરણ

Profligate,(પ્રૉફ્લિગેટ્)*a.*[L.*pro*,& *flago*,I strike.]Beaten;conquered:પરાજીત;હારેલું; જીતાયેલું.2.Dissolute;openly or shamelessly immoral or vicious:દુરાચારી,વ્યસની; વિષયાશક્ત;દુરાચરણી;ભ્રષ્ટાચારી; બદફેલ; ફાટેલું. *n.* A dissolute person: દુરાચારી માણસ;લંપટ;વ્યસની;વિષયા; છેક હદ્દ ગુજારનાર. *vt.*To draw away; to overcome:કાઢી મુકવું; જીતવું.

Profound, (પ્રૉફાઉન્ડ્)*a.*[L. *pro*, before & *fundus*, the bottom.] Deep: ઘણું ઉંડું; અગાધ; ઘન;ગંભીર. 2.Intellectually deep: ભારે; ઘણું; ગહન;ગૂઢ;ગૂઢાર્થી;ગંભીર;પ્રવીણ; નિપુણ; નિષ્ણાત; પારગત. 3.Far reaching; pervading; overmastering:ઘણું ઉંડું;અત્યંત;ભર;ગાઢ;ગહન;ઐહદ; પરમ. *n.*The deep;the sea:સમુદ્ર; દરિયા; સાગર;મહાસાગર.2.An abyss: ખરો; ઉંડો ખાડો. *vt.* To cause to sink deeply: ઉંડાવી દેવું; ખુડાડી દેવું.*vi.* To dive deeply: ઉંડા ઉતરવું;-માં પ્રવેશ કરવો. [See Profundity.]

Profoundness,(પ્રૉફાઉન્ડ્‌નસ્) *n.*

Profundity, (પ્રૉફન્ડિટિ) *n.* The state of being profound; depth of place,knowledge,feeling &c: ઘણી ઉંડાઈ; ગંભીરતા;ગાંભીર્ય;અગાધતા; ગહનતા; ગૂઢતા;ઘણી બારીકી;પ્રવીણતા; પ્રાવીણ્ય.

Profuse,(પ્રૉફ્યૂસ્)*a.*[L.*pro*, forth & *fundo*, I pour.] Bountiful; exceedingly liberal: બહોળું વાપરનાર-આપનાર;સમૃદ્ધ; સખી; દાતાર; ફોરા હાથનું.2.Prodigal;excessive; lavish:ઉડાઉપણાનું,અતિવ્યયી; ઉડાઉ; ઘોતાળ; બહે જવાનું-જવા જેવું. *vt.* To pour out;to lavish: ઉડાવવું; ઉડાવવું;બહોળે-છૂટે હાથ વાપરવું.

Profusely, (પ્રૉફ્યૂસ્લિ)*adv.*In a profuse manner: ઘોતાળપણાથી; ઉદાર હાથે;મનસ્વીરીત્યે;પુષ્કળ;મનમાન્યું.

Profusion-seness,(પ્રૉફ્યૂઝન્-પ્રૉફ્યૂસ્નેસ્)*n.* The act of one who is profuse: છેક ઉડાઉપણું; ઉડાંદ;અતિવ્યય; ઘોતાળપણું .2. Abundance; lavish supply:પુષ્કલતા; રેલછેલ ભરચક; લેલુટ; સમૃદ્ધિ; છાળ.

Progenitor,(પ્રૅજેનિટર્)*n.*[L. *pro*, forth & *gigno*, *I* beget]A forefather:કુળપુરૂષ;વડીલ; પૂર્વજ; પિતા; પ્રજાપતિ.

Progeny,(પ્રૉજેનિ)*n.*Children;offspring:સંતાન; પ્રજા;ઔલાદ; સંતતિવાડીવિસ્તાર; છૈયાછોકરા; બાળગોપાળ.

Prognosis,(પ્રૉગ્નોસિસ્)*n.*[Gr.*progignosko*, *I* know.] The act or art of foretelling the course and termination of disease: ચિકિત્સા પરિભાષા.

Prognostic,(પ્રૉગ્નૉસ્ટિક્)*a.* Foreshowing; aiding in prognosis: ભવિષ્યસૂચક; પૂર્વસૂચક; ઉદ્‌બોધક.*n.* (*a*) An indication, a sign; an omen:પૂર્વચિન્હ; પૂર્વલક્ષણ;નિશાની; ભાવિચિન્હ (*b*) A foretelling; a prediction:ભવિષ્ય; ભાખી.

Prognosticate,(પ્રૉગ્નૉસ્ટિકેટ્) *vt.* To prophesy; to predict; to foreshow:ભવિષ્ય સૂચવવું-કહેવું;પૂર્વસૂચન-ભવિષ્યસૂચન કરવું; ભાવી જણાવવું;નું લક્ષણ-પૂર્વરૂપ હોવું.

Programme,(પ્રૉગ્રૅમ્) *n.* [L. *pro* & *grapho*, I write.] A scheme; a prospectus:યોજના; પૂર્વલેખ; સૂચિપત્ર; કાર્યક્રમ;વ્યવસ્થાપત્રા.

Progress,(પ્રૉગ્રેસ્)*n.*[L.*pro*, forward & *gradior*, I step] A proceeding onward; an advance: પ્રવૃદ્ધિ;ઉત્કર્ષ;વૃદ્ધિ;ઉન્નતિ; પ્રગતિ;અગમન (*a*) Passage;course: ગમન; ગતિ;યાત્રા; પ્રસ્થાન.(*b*) Increase: વધારો.વૃદ્ધિ,વિવર્ધન; સંવર્ધન; સંવૃદ્ધિ; પ્રાપ્તિ; વિદ્યાભિનિવેશ; અભ્યાસ.*c.* A journey of state; a circuit: પ્રવાસ.*In* p.:ચાલવું;વર્તમાન; થવું;ઉભું; ચાલું. *vi.* To advance; to go on: આગળ વધવું,જવું,આગળ ચાલવું; ચ્હોટો થવું;વધારે વધવું.*2.* To make improvement:સુધરવા જવું *vt.* To make progress in:સુધારો કરવો;-માં વૃદ્ધિ-વધારો કરવો.

Progression,(પ્રૉગ્રેશન્)*n.*Motion forward. ગતિ; ગત; ગમન; સંચાર; યાત્રા.*2.* Course; passage:ક્રમ; કાલક્રમ.3.Regular or proportional advance in increase or decrease of numbers:શ્રેઢી;શ્રેણી; વ્યવહાર. 4. A regular succession of tunes or chords: રાગ. *Arithmetical* p ગણિશ્રેઢી. *Geometrical* p.ભૂમિતિશ્રેઢી. *Harmonic* p.અંશશ્રેઢી.

Progressive, (પ્રૉગ્રેસિવ્) *a*, Increasing;advancing: આગળ વધતું જતું;ઉત્તરોત્તર વર્દ્ધમાન અધિકાધિક; પુરોગામિ; અનુક્રમિક.2. Improving: સુધરતું જતું;ચઢતું જતું; વર્ધમાન; ચઢતી કળાનું.

Prohibit,(પ્રૉહિબિટ્) *vt.* [L. *pro*, forth & *habeo*, I have.] To forbid by authority; to interdict: મનાઇ કરવી; બંધી કરવી; નિષેધ-પ્રતિષેધ કરવો.2.To hinder;to prevent:હરકત કરવી;નડવું; અટકાવવું;-ના ખલલ કરવો.

Prohibition,(પ્રૉહિબિશન્) *n.* Interdict:બંધી; મનાઈ; નિષેધ; પ્રતિષેધ;નિરોધ; રોકાણ;નિવારણ;.અટકાવ; હરકત; નડતર.

Prohibitive-tory, (પ્રૉહિબિટિવ-પ્રૉહિબિટૉરિ) *a.* Tending to prohibit;forbidding: હરકત થાય એવું; નિષેધક;નિવારક;નિષેધી;-નિષેધાર્થક;નિષેધવાચી;પ્રતિષેધરૂપ;અવરોધ થાય એવું.

Project,(પ્રૉજેક્ટ્)*n.* [L. *pro*, forward & *jacio*, I throw.]A plan: a scheme;a design: નવો મોટો વિચાર;યુક્તિ;ઉપાય;તજવીજ;હાથ;ઘાટ;અખતરો; કલ્પના;પ્રયોગ. *b.* An ideal scheme.શેખસલ્લાસાઈ વિચાર; તુરંગ; અભિપ્રાય;આશય;ખુટ્ટો;તુક્કો. *vt.* To shoot forth:પાડવું ;નાખવું;ફેંકવું. 2. To devise; to scheme:-ને વિષે વિચાર કરવો; યુક્તિ રચી કાઢવી; યોજવું ;કલ્પના-યોજના કરવી; ચિતરવું. 3. To draw or exhibit as the form of anything:આળે ખવું;આકાર વું ;દોરવું;ચિતરવું;ડોળવું કાઢવું.*vi.* To shoot forward.આગળ નીકળવું;ફુટવું; આગળ નીકળી;બહાર-આગળ નીકળી આવવું. 2. To form a project:યુક્તિ રચવા; કલ્પના કરવી.

Projectile,(પ્રૉજેક્ટાઇલ્)*n.* A body projected, or impelled forward by force:દૂરવધી શસ્ત્ર; ફેંકવું હથિયાર. *a.* Projecting or impelling forward:ફેંકનાર;દૂરવધી; પ્રક્ષેપણીય. 2. Impelled forward: આગળ ધકેલાયેલું;પ્રેરિત;પ્રેક્ષિત.

Projection,(પ્રૉજેક્શન્) *n.* The act of throwing or shooting forward:પ્રક્ષેપ.*2.*A jutting out:બહાર કે આસપાસ ભાગ;પ્રલંબતા;રૂંવ ;કાગરા; ટેકો;ઘાટ;આકાર;પ્રતિમા. 3. Design; plan:નકશા;ઘાટ; યોજના;આલેખન.

Projector, (પ્રૉજક્ટર્) *n.* One who projects a scheme or design યોજક;કલ્પક;યોજના કલ્પના કર્તા કારક;

ચિંતક.2,One who forms fanciful schemes: શેખચલ્લી; તુરંગબાજ; તુક્કો;બુઠ્ઠો ઉઠાવનાર.

Projecture,(પ્રોજેક્ટ્યૂર્)*n.* A jutting out beyond a surface:બહાર નીકળેલો ભાગ કે જ;ફાંગરો;અણી;ઠેકો.

Prolapsus,(પ્રોલેપ્સસ્)*n.*(*Med*)A falling down or out, of some part of the body from the position which it generally occupies:ભ્રંશ;શરીરના કોઇ ભાગનું પોતાની ખરી(હમેશની)જગોએથી ખસી જવું તે.P *of the rectum*:શિરાભ્રંશ. P. *of the uterus*:ગર્ભાશય ભ્રંશ;યોન્યર્શ.

Prolation,(પ્રોલેશન્)*n.*Utterance; pronunciation:ઉચ્ચાર.2. Delay: ઢીલ;વિલંબ;વાર.

Prolegomenon, (પ્રોલીગોમીનોન્) *n.pl.*Prolegomena. [Gr. *pro*, & *legō*, I say]Preliminary remark or observation:મૂળ પીઠીકા; પ્રસ્તાવના; ઉપોદ્ઘાત.

Proleptic-cal,(પ્રોલપ્ટિક્-કૅલ્) *a.* Anticipative: અગમચેતીનું;આગળથી ધારેલું; દીર્ઘદૃષ્ટિનુ . 2. Previous: અગાઉનું; પહેલાનું.

Prolific, (પ્રોલિફિક)*a.* [L. probs, offspring & facio,I make.] Generative; fruitful; productive: છોકરા-બચ્ચા જણવાની શક્તિવાળું; પ્રસવશીલ; બહુફલ; ફલોત્પાદક: ફલદાયક; સંતાનોત્પાદક;ફળવાન;બહુપ્રસુ.2.Fruitful of results;active:તર્કબાજ;બહુ તાર્કિક; તર્કવાન; બહુ ઉત્પન્ન કરે એવું.

Prolix,(પ્રોલિક્સ)*a.*[L.*pro*&*laxus* wide.] Extending to a great length:ઘણું લાંબુ ;વિસ્તૃત,લાંબુલાંબું; લંબાણીયું; ઉતાવળી; પુનરુક્તિ ભરેલું ;ઝ. Tedious;wearisome:કંટાળા ભરેલું; લાંબુલાંબું;ટાહલું કરનાર;પીંજણ પીંજનારું.

Prolixity,(પ્રોલિક્સાટિ)*n.* Minute detail:great length:ઘણું લંબાણ; દીર્ઘસૂત્રતા; અતિ વિસ્તાર; બાહ્ય પ્રપંચ; મિથ્યાલંબાણ;તુંબાનીપણું .

Prolocutor,(પ્રોલોક્યૂટર્)*n.*[L.*pro*, & *loquor*, I speak.] One who speaks for another:બીજાવતી બોલનાર.ઋ.The presiding officer of a convocation:સભાપતિ;અધ્યક્ષ.

Prologue, (પ્રોલૉગ્) *n.* [Gr. *pro* & *legō*,I speak.]The pretace to a discourse, poem or performance:પ્રસ્તાવના;પ્રવેશક;નાદી; પૂર્વરંગ. 2.One who delivers a prologue: નાદીકર;નાદીવાદી. *vt.*To introduce with a formal preface: પ્રવેશક-પ્રસ્તાવના બોલીને પ્રારંભ કરવો

Prolong,(પ્રોલૉગ્)*vt.*[L.*pro*,forth & *longus*, long.] To extend in space or length:લંબાવવું;લાંબુ કરવું; વધારવું;પહોચાડવું-પહોચાડયા કરવું.2. To continue;to extend the duration of:લંબી રાખવું; વધારે વખત રહેવા-ટકવા-જીવવા દેવું.3.To put off; to postpone: મુદત નાંખવી;મુલતવી રાખવું;લંબાવવું;ઝોળે-લાબી મુદત નાખવું.

Prolongation(પ્રોલૉંગેશન)*n.*Extension;protraction: વિસ્તાર;વૃદ્ધિ; લંબીકરણ.2.That which forms an additional length:વધારો.

Promenade, (પ્રૉમીનેડ્) *n.* [L. *promino*, I drive forward.] A walk for pleasure: હવા ખાવાની-ચાલવાની કસરત; રહેલ; સેર: વિહાર; વ્યાયામ;ચક્રમવિહાર.2.A place for walking:હવા ખાવાની જગા; વિહારસ્થાન.*vt.*To walk for pleasure: સહેલ કરવી;ફરવા-હવા ખાવા જવું .

Prominence,(પ્રૉમિનેન્સ્)*n.* Conspicuousness: પ્રસિદ્ધિ; પ્રસિદ્ધતા; મુખ્યતા; પ્રાધાન્ય; વિશિષ્ટતા; શ્રેષ્ઠતા; ઉત્કર્ષ ઉન્નતતા.2 A protuberance: ઉન્નતતા:ઉપડતી જગા-પ્રદેશ-ભાગ; ટેકરો;ઉંચવટો.

Prominent,(પ્રૉમિનેન્ટ્)*a.* [L. *pro* & *mineo*, I jut.] Protuberant; jutting:આગળ પડતું;ઉપડતું;ઉપસેલું; ઉન્નત.2.Conspicuous; distinctly manifest:પ્રકટ;પ્રસિદ્ધ;તરત નજરે પડે એવું.ઝ.Eminent: પ્રસિદ્ધ;મુખ્ય;પ્રધાન;શ્રેષ્ઠ;વિશિષ્ટ;મોખરાનું .

Promiscuous,(પ્રૉમિસ્કયૂઅસ્) *a.* [*L.pro* before & *misceo*, I mix.] Mingled; confused: અનુક્રમ વિનાનું; ગોળમેળ; નિર્વિશેષ; એક સામટું: અસ્તવ્યસ્ત.ર.Common; indiscriminate:વ્યવસ્થા વગરનુ; અવ્યવસ્થિત;અસંબદ્ધ;ક્રમવિચારરહિત.

Pulverize,(પલ્વરાઇઝ્)*vt.* [L. *pulvis*, dust.] To reduce to fine powder: ઝીણો ભૂકો કરવો; ચૂર્ણ કરવું. *vi.*To become reduced to powder: ઝીણો ભૂકો થવો.

Pump,(પમ્પ્) *n.*A low shoe with a thin sole:હલકો જોડો.*n.* An hydraulic machine, variously constructed for raising fluids; બંબો;જળયંત્ર.*Air p.*કોઇ વસ્તુમાંની હવા કઢાડી નાંખવાનું યંત્ર;વાતા ર્ક્યંત્ર;વાતશોષકયંત્ર;વાયુરેચકયંત્ર. *Chain p:* સાંકળથી પાણી ચડાવવાનો બંબો.યંત્ર.*Forcing p:* બંબો.*vt.* To raise with a pump:બંબાથી ચડાવવું. 2. To draw water from :-માંથી પાણી કાઢવું.3.To draw out or obtain (as secrets or money):જાણવું ; લેવું;-નું મન જાણી લેવું .*vi.*To work a pump:બંબો ચલાવવો.

Pumpkin,(પમ્પ્કિન્) *n.* A well-known trailing plant and its fruit:કોળાની-કુષ્માંડની વેલ;કુષ્માંડ *Long white p*:દૂધી;દૂધીનો વેલો.

Pun,(પન્)*vt.*To pound: ખાંડવું; ભૂકો કરવો. *n.* A play on words which have the same sound but different meanings; a quibble: શબ્દશ્લેષ;શ્લેષ; શ્લેષોક્તિ; શબ્દવિનોદ. *vi.*To make puns; to play upon words:દ્વિઅર્થી શબ્દકહેવો; શબ્દ વિનોદ કરવો; શ્લેષોક્તિ કરવી. *vt.* To persuade or affect by a pun:શ્લેષોક્તિથી સમજાવવું;કામ સાધી લેવું.

Punch, (પન્ચ્) *n.* A beverage, compossed or distilled liquor, water, sugar; and the juice of lemon with spice or mint: પંચામૃત;ઘીસાકરનો રાબડા.*n.*The buffoon or harequin of a puppet show: પુતળાની રમતમાનો રાંકોવિદૂષક.*n.*A short,fat, fellow:ઠીંગણો અને જાડો પુરુષ.૩. One of a breed of large heavy draught horses: એક જાતનો ઠલ્લાદાર ભારે એંચનારો ઘોડો. 3. A tool either blunt or hollow and sharp edged for stamping or perforating: ઠપ્પો-થાપ પાડવા માટેનું કાણું પાડવાનું-ઘોંચવાનું. P. *pliers*: પકડવેચું.*vt.*[L.*pungor*, I prick] To thurst against:મા ઘોંચવું; ઠેસો મારવો.*n.* A tool, usually of steel variously shaped at one end for different uses and either solid for stamping or hollow & sharp edged for cutting out blanks:ઠપ્પો પાડવાનું ઓજાર;વેધ; પંચ. 2.Aprop:વાંસડો;ટેકો;આધાર. *vt.*To perforate or stamp with an instrument by pressure: ઓજારથી કાણું-ઠપ્પો પાડવો,વેધ પાડવું;પંચ કરવું.

Puncheon,(પન્શન્) *n.* [L. *punctio*, a pricking.] A figured stamp, die or punch, used by goldsmiths,cutlers&c.: ઓજાર;ખીલો.2.A shortpost:ટોચકું;ખીલો.3. A cask containing sometimes 84,sometimes 120 gallons: ૮૪ કે ૧૨૦ ગેલનનું માપ;પીપ.

Punctilio, (પંક્ટિલિઓ) *n.* [L. *punctum*, point.] Particularity or exactness in forms: સૂક્ષ્મવર્તન નીતિ;વિનયવર્તન રીતિની સૂક્ષ્મતા; ઝીણવટ;વર્ત્તનાચાર; સૂક્ષ્મતા; અદબઅદાબના બારીક રીત.

Punctilious, (પંક્ટિલિઅસ) *a.* Precise, exact in the smallest particulars: આદરમાનની બાબતમાં ધ્યાન આપનાર; બાહ્યરીતાચારનિષ્ઠ; સૂક્ષ્મ સત્કારદર્શી;ઝીણું ચિકણું; દૂધમાંથી પોરા કાઢે એવું; ચાલવા કરવામા સીધુ-ચોપાસીધું;સૂક્ષ્મવિનય વર્તન નીતિ પાળનાર-થી ચાલનાર;સૂક્ષ્મવર્ત્તનાચાર નિષ્ઠ.

Punctio, (પંક્ટો)*n.* A nice point of form or ceremony: સૂક્ષ્મ વર્ત્તનનીતિ.

Punctual,(પંક્ટ્યૂઅલ્)*a.*[I .*punctum*, point.] Limited to a point;unextended: વેળાસર; મુદત ચૂકયા ન દેનાર;સમય રક્ષક-નિષ્ઠ; સામયિક;સમય વેધી;સમય સેવી-સાવધ; બરોબર વખતે-જનાર-ચાલનાર-કરનાર.2. Precise:બરાબર; ચોકસ; સમય વેધી-સેવી;ચોકસ.૩.Done at a regular time:વાયદા પ્રમાણે-બરાબર વખતે કરેલું-આપેલું.

Punctuality, (પંક્ટ્યૂઅલિટિ) *n.* The state of being punctual: કાલપાલન;સમય સેવન;સમયસેવા; નિયમપરાયણ:સાવધપર;સમયાનુવર્ત્તન.

Punctuate, (પંક્ટ્યૂએટ્) *vt.* To mark with points: વિરામચિન્હ-વિરતિ ચિહ્નો-મુકવા.

Punctuation, (પંક્ટ્યૂએશન્) *n.* The act or art of punctuating or pointing a writing, or discourse:વિરામચિન્હ;વિરત્વકરન; વિરામ-વિરતિ ચિહ્ન માંડવા તે; વિરામ ચિહ્ન માંડવાની કળા.

Puncture, (પંક્ટ્યૂર) *n.* [L *pungo*,I prick.] A small hole made:કાણું;છીદ્ર;ભેદ;ભોકે; ચીર; દાંત; ડંખ; કાંબેરાની ટી.*vt.*To prick: કાણું પાડવું;કરડવું;ડંખવું.

Pungency, (પંજેન્સિ) *n.* Sharpness; keenness: તીક્ષ્ણતા; તીવ્રતા; તીખાશ;પ્રખરતા;ઉગ્રતા; ચંડતા; કટુતા; નાકમા બળતરા બળે એવો ગુણ; હલેલ ફાડપણું.

Pungent,(પંજેન્ટ્) *a.* [L. *pungo*, I prick.]Prinking;biting; acrid: તીવ્ર;તીક્ષ્ણ;તીખુ ; ચમચમાટ.૪.Painful;severe: કલેજે કાણું પડે એવું; તીવ્ર;મરચાંલગાડે એવું;મર્મ ભેદી; મર્મવેધી;કડવું.3.Hard and sharp: તીખું,

તીવ્ર;ઉગ્ર; કઠોર; કહેની કાડ.

Punic, (પ્યૂનિક્) *a.* Pertaining to or like the ancient Carthaginians:અસલના કાર્થેજીનીયન લોકો-નું-ના જેવું.2. Faithless; treacherous; deceitful: નિમકહરામ-ખાય તેનું ખોદે એવું;દગલબાજ-ચોકાઈ ભરપંડીનું-નું ભરેલું-વાળુ

Punish, (પનિશ્)*vt.* [L. *poena*, penalty.] To impose a penalty upon: સજા શિક્ષા કરવી; નસિયત આપવી કરવું.2.To inflict a penalty for upon the offender:ને માટે સજા કરવી; નસિયત-શાસન આપવું-દંડવું. 3. To injure. as by beating: ને શાસન આપવું; શિક્ષા કરવું; મારવું.

Punishable,(પનિશ્ઍબલ્) *a.* Capable of being punished by law or right:શિક્ષા પાત્ર;દંડનીય; દંડાર્હ; તાડનીય;શિક્ષણીય;શિક્ષાર્હ; શાસનીય.

Punishment,(પનિશ્મેન્ટ્) *n* The act of punishing: શાસન;તાડન.2. Any pain inflicted on a person because of a crime: શિક્ષા;દંડ;સજા;શાસન;તાડન;નસિયત.3 A penalty inflicted by a court of justice: શિક્ષા:સજા.*Capital* p.:દેહાંતદંડ; પ્રાણાંત દંડ;ફાંસીની સજા.*Corporal* p.: દેહદંડન; શરીરદંડ.

Punitive,(પ્યૂનિટિવ્) *a.* Pertaining to punishment; involving or afflicting punishment: દંડ આપનારું; શિક્ષાનું;દંડવિષયક સંબંધી; દંડ કાયદા મુકેલું કરેલું.

Punster,(પન્સ્ટર)*n.* A quibler: શબ્દની રમૂજ કરનાર; ન્યૂનવક્તા-વાદી; વાગ્વિનોદી; શબ્દશ્લેષકાર.

Puny,(પ્યૂનિ)*a.*Inferior;petty:P. નબળું;દુબળું;નાનું;ક્ષુદ્ર;પામર;હલકું;અલ્પ.*n.*A youth;a novice;જુવાનીઓ.

Pup,(પપ્)*n.* [L. *pupus*, a child.] A puppy:કુરકુરીડું; બોદીલું. *vi.* To bring forth whelps: બોદીલાં-કુરકુરીઆં જણવાં-આવવા.

Pupil,(પ્યૂપિલ)*n.* [L. *pupilla*, the pupil of the eye.]The aperture in the iris: આંખની કીકી-પૂતળી-તારો;કનીનિકા.*n* [L.*pupus*, boy] A scholar; a disciple: શિષ્ય; નિશાળીઓ; ચેલો; વિદ્યાર્થી. 2. A person under a guardian;a ward:વાલીના હાથનીચે મુકેલું માણસ; સગીર.

Pupilage,(પ્યૂપિલેજ્)*n.* The state of being a pupil: શિષ્યતા; નિશાળીઆપણું;શિષ્યદશાત્વ;શિષ્યાવસ્થા.

Pupilary,(પ્યૂપિલેરિ) *a.* Pertaining to a pupil or ward:ચેલા-શિષ્યને લગતું. 2. Pertaining to the pupil of the eye: આંખની કીકીતારાને લગતું.

Puppet,(પપેટ્)*n.*[L. *pupa*,a gir.] A small image in the human form;a doll:ઢીંગલું;પૂતળું; ઢીંગલી.2. A wooden actor in a play:આવલું; પૂતળું; કળા સુત્રની પૂતળી 3. A tool;one controlled in his action by the will of another:નું રમકડું;પૂતળું; સાધન.4. The upright support for the bearing of the spindle in a lathe: સંધાડાની ત્રાકનો સીધો ટેકો P.*show*: પુતળાં નીરમત નાચ-તમાશો.

Puppy,(પપિ)*n.*[*pupa*, doll.] The young of a canine animal:કુરકુરીડું;બોદીલું 2.A name of contemptuous reproach for a conceited and impertinent person: બેડસાધવાળું માણસ; અતિશે હલકી બુદ્ધિનું-તોરવાળું માણસ;બચ્ચાજી, બચ્ચારામ; જે કશી ગણતિમાં નહિં છતાં બેડસાઈવાળું હોય અથવા જે પોતાની યોગ્યતા એટલે કદર જે ભુલી જાય કે કુરકુરીઆની પેઠે બીજાને વળગ્યાં કરે તેને તિરસ્કારમાં કહેવાનો શબ્દ. *vi.* To bring forth whelp:કુરકુરીઆને જન્મઆપવો-જણવું.

Puppism,(પપિઝમ્)*n.* Extreme meanness; affection or impudence:બેડસાઇ;હલકી બુદ્ધિ;તોર;ઉદ્ધતાઈ

Purblind,(પર્બ્લાઇન્ડ્)*a.*Dim sighted; seeing obscurely: મંદદૃષ્ટિનું ઝાંખુ દેખનાર;પાસે હોય તોજ ઝાંખુ દેખનારું;આંધળું;ધુંધળું; ટુંકી નજરવાળું.

Purchase,(પર્ચેસ્)*vt.*To gain;to acquire;પ્રાપ્ત કરવું;સંપાદન કરવું;મેળવવું; લાભવું;-થી મળવું-સંપાદન કરવું;-ની પ્રાપ્તિ થવી 2.To buy for a price: વેચાતું લેવું;ખરીદવું; ખરીદ કરવું.3.To obtain by any outlay,as of labor:સંપાદન કરવું;ને પ્રાપ્ત થવું;આકું આપવું;તરફ એંચી લાવવું.*vi.* To strive:યત્ન-પ્રયત્ન-પ્રયાસ કરવું.2.To acquire wealth or property: પૈસો મળવો;-ને પ્રાપ્તી થવી; સંપાદન કરવું; મળવું; પ્રાપ્ત થવું *n.* The act of seeking anything: સંપાદન;પ્રાપ્તી;લબ્ધિ; ગ્રહણ;ગ્રાહ;સંપાદિત વસ્તુ.2.The act of seeking and acquiring property: લાભલબ્ધિ 3. Buying for money: ખરીદી;ક્રય;ખરીદ.4.Property;possession:માલ; મિલકત; સોદો; ખરીદી.5. That which is obtained for a price in money or its equivalent:ખરીદી,વેચાણ 6.Any mechanical hold: બહારથી લાગેલું જોર; ટેકો; લાગ.

Purchaser,(પર્ચેસર)*n.*One who purchases: ખરાક;ખરીદનાર.2.One who acquires an estate in lands by his own act:સ્વોપાર્જીત કરનાર.

Pure, (પ્યૂર્) *a.* [L. *purus*, pure.] Clean;clear; more; simple; unmixed:સાફ;સ્વચ્છ;નિર્મળ;નિતર;ભેળભેળવિનાનું;ચોખ્ખું;શુદ્ધ;વિશુદ્ધ;વિમલ; કેવળ; એકલું; નર્યું. 2.(*a*)Free from moral defilement or guilt:પવિત્ર; શુદ્ધ;નિર્દોષ;નિષ્કલંક; નિષ્પાપ; વિશુદ્ધ; શુદ્ધ સત્ત્વ;શુદ્ધાત્મા;સાધુ;સાત્વિક;પાક; કેવળ નેક.(*b*)Innocent; guileless; chaste:ચોખ્ખું;પવિત્ર;શુદ્ધ;શુચિ;પાક, પાકસાફ; સતી;સાધ્વી; અક્ષતયોનિ. 3. Genuine; perfect:શુદ્ધ; ખરૂ; સત્ય; કેવળ;યથાર્થ;વાસ્તવિક;નિર્વિકાર; અપશબ્દ રહિત શૂન્ય વિનાનું; અપભ્રંશ શબ્દો જેમાં ભળ્યા ન હોય એવું અસલ;ચોખ્ખું;અદૂષિત;નિષ્પાપ;શુદ્ધબુદ્ધનું; પેટમાં પાપ રાખ્યા વગરનું.4. Fitted for holy services:શુદ્ધ;પવિત્ર;અદૂષિત.P. *Mathematics*: ગણિતશાસ્ત્રનો તે ભાગ કે જેમાં તે શાસ્ત્રના બીજરૂપ નિયમોનો વ્યવહારોપયોગી વાતમા કિંવા બીજ શાસ્ત્રોનો શોધ વિષે નિયોગ કરીવેલો હોતો નથી પણ જેમાં તે બીજરૂપ નિયમોનોજ માત્ર વિચાર હોય છે તે;ગણિત બીજશાસ્ત્ર; શુદ્ધ ગણિત.

Purely, (પ્યૂરલિ) *ad.* Without blemish! wholly; entirely: એકલું;માત્ર;કેવળ;દોષ રહિતપણે શુદ્ધતાથી.

Purgation,(પરગેશન્)*n.* A purging:ઝુલાબ-રેચ આપવો.2.A clearing away of impurities: પાપદોષ નિવારણ;નિર્દોષી કરણ.

Purgative, (પર્ગેટિવ્) *a.* Having the power or quality of purging;cathartic:ઝુલાબ લાગે એવું; રેચક; શોધક; સારક. *n.* A purging medicine:ઝુલાબ;રેચ, વિરેચન.

Purge,(પર્જ્)*vt.*[L *purus*, pure, & *ago*,I make.]To cleanse, clear or purify:માંથી કચરો કાઢી નાંખવો; શુદ્ધસ્વચ્છ કરવું;ચોખ્ખું ચટ કરવું.2. To operate on as a cathartic medicine:.ને ઝુલાબ લાગવો-આપવો;મળશુદ્ધિ કરવું;ને રેચ આપવો;-થી રેચ થવો-લાગવો-આવવો;પેટ આવવું-છુટવું.3.To clarify:સાફ કરવું;ગાળવું;સ્વચ્છ કરવું. 4. To clear of sediment: કચરો કાઢી સાફ કરવું. 5. To clear from guilt or from moral or ceremonial defilement:નિર્દોષ કરવું; મોળું કરવું; નિર્દોષ ઠેરવવું.*vi.*To become pure: ચોખ્ખું થવું.2.To produce frequent evacuation from the intestines:ઝુલાબ લાગવો;પેટ આવવાં; ઝાડા થવા. *n.*The act of purging:

ઝાડાળ લાગે તે;ઝાડાળ;રેચ. 2. That which purges; a cathartic: ઝાડાળ:રેચ.

Purging,(પર્જિન્ગ્)*n* The act of cleansing:શુદ્ધિકરણ.2. Diarrhœa: અતિસાર;સંગ્રહણી; મોરચી; ઝાડો થવો તે;રેચ;ઝાડો;અધ્યામણ.

Purification, (પ્યુરિફિકેશન્) *n.* The act of purifying: વિશુદ્ધીકરણ;વિમલીકરણ 2,The operation of cleansing ceremonially: શોધન; શુદ્ધીકરણ;શુધ્યિ;સંશુધ્યિ; પ્રક્ષાલન;માર્જન;શુદ્ધ પાવન કરવું તે.3.A cleansing from guilt: નિર્દોષ ઠ૦ તે; નિર્દોષીકરણ.

Purificatory, (પ્યુરિફિકેટોરિ) *a.* Serving or tending to purify; purificative:શોધક; વિશોધક; સંશોધક; માલપર્ક્ષક; પવિત્રારક; પાવન; પાપવિનાશી.

Purify,(પ્યુરિફાઇ) *vi.* [L. *purus*, pure & *facio*,I make.] To make pure;શોધ્યું-સ્વચ્છ ઠ૦;કોઇ પ્રયોગથી સુધારવું-સમારવું-ચોખું-સ્વચ્છ ઠ૦;શોધવું;-નું શોધન ઠ૦; મેલ કાઢી નાંખવો; -નો મળ સાફ ઠ૦.2. To free from guilt or moral defilement: ગુન્હામાથી નિર્દોષ ઠ૦; શુધ્ધ નિર્મલ-પાપ રહિત ઠ૦.(*a*) To free from ceremonial or legal defilement:-ની શુધ્ધિ ઠ૦: શુદ્ધ પવિત્ર ઠ૦; ગુન્હામાંથી મુક્ત-નિર્દો ઠ૦. (*b*) To free from barbarism; પરભાષાના શબ્દ કાઢી નાંખી સ્વચ્છ ઠ૦;શોધવું;-નું શોધન ઠ૦; સંસ્કૃત ઠ૦.*vi.* To grow pure: નિર્મલ-ચોખ્ખું થવું.

Purist,(પ્યુરિસ્ટ્) *n.* One who is excessively pure or nice in the choice of words: બોલવા લખવામાં વાણીદોષ ન આવવા દેવા વિષે અતિશય ચિંતુ-ચીપાસીલ માણસ;વાકશુદ્ધિપ્રેમી.

Puritan,(પ્યુરિટન્) *n.* One who opposed traditional and formal usages,and advocated simpler forms of faith and worship:એવું બાઇબલમાં કહેલું માનનાર માણસ,એવું બાઇબલમાં જ કહેલું માનવું અને ધર્મપ્રિરતે તથા તેના પ્રેરિતોએ આચરેલા આચાર પાળવા અને તેના આધાર વિના ગુન્હાઓના રાજ સ્થાપિત(ધર્મ)શક્તિનો પ્રકાર ન માનવો એવો ૧૭ મા સૈકામાં મત ધરાવનાર-માણસ-પંથી. 2. One who is scrupulous and strict in his religious life:પોતાનોધર્મ ચૂસ્તપણે પાળનાર પ્યુરીટન. *a.* Pertaining to the Puritans:પ્યુરિટન સંબંધી.

Puritanic-al,(પ્યુરિટેનિક્;કૅલ્) *a.* *Like* a puritan; rigid: exact: પ્યુરિટનના જેવું;બહુ ચોળી ચોળીને ચાલનાર;નીચું;બહુ સંભાળીને ચાલનાર.

Purity, (પ્યુરિટિ) *n.* [L. *purus*, pure.]The condition of being pure:સ્વચ્છતા;નિર્મળતા; ચોખવટ;શુધ્ધતા.(*a*) Freedom from foreign admixture:નિર્ભિકારતા;શુધ્ધતા;શુધ્ધ સત્વતા;સાચુતા. (*b*) Cleanness: શુધ્ધતા;પાકસાફી.(*c*)Innocence; chastity:નિષ્પાપતા;નિર્દોષતા;પાકદીલી;નેકી,ચોખ્ખાઇ;પવિત્રતા;પાકસારી; શીળ; શિયળવ્રત (*d*) Freedom from improper motives:શુધ્ધ વિચાર; કેવળ શુધ્ધબુધ્ધિતા;નિષ્પાપતા; સાધુતા,નિર્વિકારતા (*e*)Freedom from foreign idioms or improper words or phrases:ભાષા શુધ્ધી;શુધ્ધ ભાવા.

Purl,(પર્લ્) *vt.* To decorate with fringe or embroidery:ભરતથી સુંદર કરવું-શણગારવું. *n.* An embroidered and puckered border:ભરતભરેલી તોઇ ફીત.*vi.*To run swiftly round:ખળખળ કરવું; ખળખળ કરતાં વહેવું-વહ્યાજવું.2. To curf;to mantle:ભમરા આવવા-વળવા; પાણીની વમળઆવવી;કુંડાળા ઉપરા ઉપરી આવવા;લહેર થવી;ઉછળવું.*n.* An eddy; a ripple:ભમરો.આવર્ત્ત.2.A gentle murmur:ખળખળાટ.3.Malt liquor medicated or spiced:જવનો મસાલાદાર દારૂ.

Purlieu.(પર્લ્યૂ)*n.* The borders or environs of any place: (કોઇ જગાનો)આજુ બાજુનો છેડા છેડા ઉપરનો ભાગ-લતા;પ્રાંતભાગ.

Purling,(પર્લિન્ગ્)*n.*Ripplinn:ખળખળાટ-ટો

Purloin,(પર્લોઇન)*vt.*To take by theft; to steal: to filch:-નો હાથ મારવો;છાનામાનાં ચોરવું.*vi.*To practise theft:હાથ મારવો ફેરવવો-ચોરવું.

Purple,(પર્પ્લ્) *n* [L.*Purpura*, purple] A color formed by a combination of the primary colors,red and bue: જાંબુડો રંગ; નારંગીમાની;નીલ લોહિત; આબા રાહી. 2.(*a*) Cloth dyed a purple color,or a garment of such color: જાંબુડા રંગનોલાલભોરકામો-પોશાક. (*b*) The purple robe or mantle worn by Roman Emperors: રોમન શહેનશાહોનો ડગલો. 3. (*a*) Imperial sovereignty; royal rank, dignity or favoar:શહેનશાહત;બાદશાહી;રાજ્યાધિકાર; રાજપદવી મહત્તા; રાજસત્તા.(*b*) Great wealth;exalted station:શ્રીમંતાઇ; ઉચ્ચ-સ્થિતિ-પંક્તિ.4. Any species of large butterflies usually marked with purple: પતંગિયું.5. A disease of wheat: ગેરૂ; ઘઉંનો રંગ. 6. Cardinalate: કાર્ડિનલ નામવાળા પાદરીનું પદ. *a.* Exhibiting the color called purple;of a deep red color:જાંબુડો રંગ બતાવતું; ધૂમ્ર;ધૂમલ;જાંબુડીઉ .2.Regal:બાદશાહી;રાજકીય;શ્રીમંતાઇનું. 3. Bloody: લોહી જેવું; લોહીવર્ણું. *vt.* To make purple:જાંબુઆ રંગનું કરવું. 2. *To* be clad in purple: જાંબુડાં લુગડાં પહેરવા.*vi.* To grow purple:જાંબુઆ રંગનું થઇ જવું.

Purport, (પર્પોર્ટ્) *n.* [L. *pro*, & *porto*,I bear.]Meaning;import: tenor:મતલબ;અભિપ્રાય;આશય; ભાવ; ખુલાશો;તાત્પર્ય;હાલ્લ;આશય; ભાવાર્થ; અર્થ .2.Disguise; covering: ઢાકણ; આચ્છાદન;વેશ;રૂપ.*vt.* To intend to mean;to signify: મતલબ-સારહોવો; આશય હોવો;-નો-ભાવ-ભાવાર્થ હોવો; ઇરાદા રાખવો-હોવો.

Purpose,(પર્પસ્)*n.*[L*pro*,before &*pono*,I place.]Plan; intention; view;aim; design: ધારણા; વિચાર; મતલબ;ઇરાદો;ઉદ્દેશ;અર્થ,હેતુ;અભિપ્રાય; આશય;સંકલ્પ;તાત્પર્ય;ઈચ્છા; આકાંક્ષા. 2.Proposal to another: દરખાસ્ત. 3.Example;instance:દાખલો;અર્થ. *In.*p, *of* p, *on* p,intentionally: આગળથી વિચાર કરીને-રાખીને; જાણી જોઇને;જાણીબુઝીને.*For this* p.:આટલા માટે;આ કારણને માટે. *To no* p: વૃથા;વ્યર્થ; નિરર્થક. *vt.*To design;to resolve:વિચાર કરવો રાખવો;ધારવું; ના વિચાર હોવો; સંકલ્પ ઠ૦. *vi.* To discourse:વિચાર હોવો.

Purposeless,(પર્પસ્લેસ્) *a.*Having no purpose or result;objectless:નિરર્થક;નકામું;મતલબ વિનાનું.

Purposely(પર્પસ્લિ)*adv* With purpose or design:જાણી જોઇને બુઝીને; ઇચ્છાપૂર્વક;બુધ્દિપૂર્વ૦;મુદ્દા૦;ખામુખા.

Purr, (પર્)*vi.* & *vt.* murmur as a cat:મિયાઉ મિયાઉ કરવું.*n.* The low murmuring sound made by a cat:ધીમો અવાજ;ઘ્યાઉં; ઘ્યાઉં.

Purse,(પર્સ્)*n.*(*a*)A small bag:રાટવો;કોથળી;થેલી;વાસળી.(*b*)A wallet; a pocket-book:પાકીટ;થેલી;ઝોળી.2. A treasury;finances:ખજાનો; ધનકોનસ;તીજોરી. *n.* A sum of money offered as a prize:ઇનામના પૈસા.4. A specific sum of money:નાણાની અમુક સંખ્યા.*Light or empty* p, poverty;ખાલીખીસ્સું; નિર્ધનતા; ગરી-

ળી. *Long or heavy* p. wealth: સમૃદ્ધિ;રિદ્ધિસિદ્ધિ;ધન;દોલત; પૈસો ટકો. *vt.* To put into a purse: કોથળીથેલી-વાટવામાં મુકવું-ભરવું. 2. To contract; to knit: ચઢાવવું;કુટિલ કરવું. *vi.* To steal purses: ચોરવું;મારવો.

Purse-proud, (પર્સ્પ્રૌડ) *a.* Affected with purse pride: પૈસાના મદવાળું મનઘત્ત;ધનોન્મત્ત;વિત્તગર્વિત.

Purser, (પર્સર્) *n.* A commissioned officer in the navy who had charge of the provisions; clothing, and public moneys on shipboard: વહાણમાં માણસોનો પગાર કરનાર;બક્ષી;જકારી. 2. A clerk on steam passenger vessels whose duty it is to keep the accounts of the vessels: વહાણમાંનો હિસાબી કારકુન. 3. Any paymaster: પગાર માસ્તર.

Pursuance, (પર્સ્યૂઅન્સ્) *n* A following out or after: ચલાવ્યા જવું તે;અનુવર્તન;અનુગમન. 2. Consequence: અનુસરણ;અનુગમન. *In* p. *of* in accordance with: મુજબ; પ્રમાણે;અનુસાર-નેલીધે;સ પાદનાર્થે.

Pursuant, (પર્સ્યૂઅન્ટ્) *n.* Acting in consequence; agreeable; conformable: અનુસરતું; અનુસારી; પ્રમાણેનું;અનુવર્તી;અનુરોધી;અનુરૂપ.

Pursue, (પર્સ્યૂ) *vt.* [L. *pro,* forward & *sequor,* I follow-] To follow with a view to overtake; to follow eagrly; to chase: -ની પાછળ લાગવું-પડવું.મંડવું;અનુગમન કરવું;-નું અનુધાવન કરવું. 2. To seek: મેળવવાનો ઉદ્યોગ કરવો; પ્રયત્ન-યત્ન ચલાવવો-કરવો;અનુસંધાન-લાગ ચલાવવો:-ની પાછળ મંડવું 3. To follow; to go in: પકડીને ચાલ્યાં જવું;-ના પગલે પગલે ચાલવું;સેવવું;ગ્રહણ કરવું;અજમાવવું; આચરવું. 4. To prosecute; to be engaged in: ચલાવ્યાં જવું;ચલાવવું; જારી રાખવું. 5 To imitate: કોઇને પગલે પગલે ચાલવું;કોઇ કરે તેમ કરવું;અનુકરણ કરવું;-ને અનુસરવું. 6. To persecute: ને હેરાન કરવું;-ની પુંઠ કે પીછો લેવો. *vi.* To follow: પાછળ જવું. 2 To continue: જારી રાખવું; આગળ ચલાવવું; ચાલ્યા જવું.

Pursuit, (પર્સ્યૂટ્) *n.* (*a*) The act of following or going after: અનુધાવન. (*b*) Chase; prosecution: પુંઠ;કેડો;પાછલાગ;અનુસરણ;અનુગમન; અન્વેષણ; માર્ગણ. 2. A following with a view to reach; endeavour to attain or gain: મેળવવાનો ઉદ્યોગ;પ્રયત્ન અનુષ્ઠાન;આચરણ;પ્રવર્તન; વર્તન;પ્રવૃત્તિ 3. Course of business: ઉદ્યમ;વ્યવસાય;ઉદ્યોગ;આરંભ. 4. Prosecution: કામ ચલાવ્યાં જવું તે; ચલાવણી. *In* p. *of* (*a*) પાછળ-પછવાડે લાગેલું-મંડેલું. (*b*) મેળવવાને-સંપાદન કરવાને માટે.

Pursuivant, (પર્સ્વિવન્ટ્) *a.* An attendant or follower: હજુરિયો; ચાકર; પરિચારક. 2. A state messenger: સરકારી-બાદશાહી જાસૂસ;દૂત; રાજદૂત 3. An attendant on the heralds: (ઇંગ્લાંડના "હેરલ્ડ" અધિકારીનો) અનુચર.

Pursy, (પર્સિ) *a.* Short breathed; breathing hard: જેના શ્વાસોચ્છ્વાસ ઝડપથી ચાલતા હોય એવું;દમ ભરાઇ ગએલું;દમ ભરેલું હાંફતું. હુંફાચૌસવાળું.

Purtenance, (પર્ટીનન્સ્) *n.* [L. *ad, per,* & *teneo,* I hold.] The heart liver & lungs of an animal: જનવરનાં હૃદય,કલેજું અને ફેફસાં.

Purulence, (પ્યૂર્યૂલેન્સ્) *n.* (*a*) The quality or state of being purulent: પરૂ પરૂ થવું-ભરાવું તે. (*b*) The pus itself: પરૂ પાચ.

Purulent, (પ્યૂર્યૂલેન્ટ્) *a.* Consisting of, full of or assembling pus or matter: પરૂ-પાચના જેવું; પરૂરૂપ.

Purvey, (પર્વે) *vt.* [L. *pro,* & *video* I see.] To furnish with provisions: ખોરાક સામાન પુરો પાડવો; સુખવસ્તુ પૂરી પાડવી; આગળથી મેળવી આપવું. 2. To procure: મેળવવું;સંપાદન-પ્રાપ્ત કરવું; આણવું; લાવવું. *vi.* To purchase provisions: ખોરાક વેચાતો લેવો. 2. To pander: દુષ્ટ કામનાની સિદ્ધિ કરાવી આપવી

Purveyance, (પર્વેઅન્સ્) *n.* Foresight; preparation; management: વ્યવસ્થા; તૈયારી; ગોઠવણ. 2. Food; provisions: ખોરાકી; સીધું સામાન; ભોજન સામગ્રી.

Purveyor, (પર્વેયર્) *n.* A caterer: ભોજન સામગ્રી પુરી પાડનાર.

Purview, (પર્વ્યૂ) *n.* The body of a statute: કાયદાનું પેટું;કાયદાનો પૂર્ણ ઉદ્દેશ. 2. Limit of authority; scope; extent: સત્તા;હકુમત; સત્તાની મર્યાદા હદ;કબજો;સપાટો.

Pus, (પસ્) *n.* The yellowish white opaque creamy matter produced by the process of suppuration: (ગુમડાં વિગેરેમાંનું) પરૂ;પાચ; પૂય.

Push, (પુશ્) *n.vt.* [L. *pello,* I push.] To drive or impel by pressure: હડસેલવું; ધકેલવું;ઠેલવું; સરકાવવું; ધક્કો દેવો-મારવો. 2. To thrust the points of the horns against; to gore: શિંગડે ચઢાવવું;શિંગડું-મૂકણીયું મારવું. 3. To press or urge forward; to drive: ધકાવવું;ઝોકાવવું; પ્રસારવું; આગળ પ્રેરવું;ગોદવું;ગોદાટવું;ધકેલ્યાં-ઠેલ્યાં-દોડાવ્યાં જવું; દોડાવી લેઈ જવું. 4. To perplex: દુઃખદેવું;સતાવવું;પજવવું;અકળાવવું;હેરાન કરવું 5. To importune; to tease: -ને વલગવું;-નો જીવ ખાવો; -ને કરગરવું;-ને શરમમાં નાખ્યા કરવું 6. To prosecute energetically: ધમધોકાર ચલાવવું. *To* p *down*: હડસેલી-ધકેલી પાડવું. To p. *with a sword*: હુલ મારવી કરવું. *vi.* To make a thrust: ગોદો મારવો;ધક્કો દેવો. 2. To make an advance, attack or effort: ધસારો-હલ્લો-કરવો;ધસવું;આગળ ઝોકાવવું; યાહોમ કરવું; આંધળીયાં કરવું;ધુસી જવું. 3. To burst out: એકદમ નીકળવું;ફુટવું;ખીલવું. To p. *in or on*: ધુસવું;ધુસી જવું; ધસારાબેર દોડયાં ચાલ્યા જવું. *n.* A thrust with a pointed instrument: ગોદો;ધકેલો; પ્રેરણ.2. A shove: હડસેલો ઠોસો;ઠેસ; ધક્કો;વેગ.3. An effort, an assault or attack: ધસારો;હલ્લો; સપાટો;પ્રયત્ન;પ્રહાર.4 Aggressive energy: ચાલાકી;પક્કાઈ;હોંશિયારી; સાહસ;આગળ ધસવાનો ગુણ; ધુસણીયાપણું; માથા મારૂંપણું;પોતાનો ગમેતેમ કરી માર્ગ કરવાની હિમ્મત.

Pushing, (પુશિંગ્) *a* Driving; energetic; જબરી છાતીવાળું; ઉદ્યમી; ઉદ્યોગી;સાહસશીલ;સાહસી; કાર્યસાધક; આગળ પડનાર; ચંચળ; પહોંચેલ; પક્કું 2. Forward: officious: ધાલમેલીકું;માથા મારનારું;ધુસણીકું;પોતાનો માર્ગ કરે એવું.

Pusillanimity, (પ્યૂસિલનિમિટિ) *n.* Weakness of spirit. timidity: cowardliness: બીકણપણું; નામર્દાઇ; શૌર્યહીનતા;ભીરૂતા;કાપુરૂષ્ય;છોકરીપણું;પચકપણું.

Pusillanimous, (પ્યૂસિલનિમસ્) *a.* [L. *pusillus,* very little & *animus,* the mind.] Spiritless; cowardly: બીકણ; બાયલો; કૃપણ;નામર્દ;હીજડું; કમજનરનું; હીન પરાક્રમી; પોચું;પોચકણ; પચક. 2. Evincing weakness and want of courage; feeble: નરમ; પોચું;હૃદયબળ વગરનું;;ઢીલું

Puss, (પુસ્) *n.* A fondling name for a cat: બિલાડીબાઇ; મની; મીનીબાઇ.2. A hare: સસલું; શશક.

Pustule, (પસ્ટ્યૂલ્) *n.* A vesicle or an elevation of the cuticle with an inflamed base, containing pus: (પરવાળો.) ફોલ્લો-ફોલ્લી;ગડેલો; ગુમડો.

Put, (પુટ્) *n.* [L. *pono,* I put.] A pit;

ખાડો.n.A rustic:a clown:ગામડી-ઓ;રોંચો;રાંભો;ગણ્ઓ; ડૂચો; કાછડીઓ ડોદાળ.*ot.* To impel; to thrust; to push:ચલાવવું;ધકેલવું;પ્રેરવું.2. To set;to place;to lay:મુકવું; પુરવું;રાખવું;રેડવું;નાખવું.3. To assign; to attribute: કરવી-મુકવી; લાગુ પાડવી. 4.To lay down;to give up: છોડી દેવું;ત્યજવું; અર્પણ કર.5.To offer;to state: બતાવવું જણાવવું દર્શાવવું. Hence;fig.,to suppose; to assume:ધારવું; માની લેવું;સમજવું. 6. To incite: જરૂર પાડવી; ઉશ્કેરવું; પ્રેરવું.7. To throw with a pushing motion:ફેંકી દેવું.P *case*,suppose the case to be:જોએમ હોય તો;ધારો કે. *To* p.*about*,to turn or change the course of:ફેરવવું નું ફોબદલવું-ફેરવવું;રસ્તો બદલવો. *To* p. *away*, (*a*)to renounce; to discard; to expel:ખરોડવું;કાઢવું: દૂર આધુ કર:કાઢી મુકવું; ને રજા આપવી; ટાળવું.(*b*) To divorce: છૂટા છેડા તલાક-ફારગતિ આપવી;છોડવું;છાંડવું.*To* p. *back* (*a*) to put backward: પાછુ હડેલવું-ધકેલવું. *Hence*, to hinder;to delay: વાર લગાડવી; ઢીલ કર:હરકત કર; અટકાવવું; રોકવું.(*b*) To refuse:-ના પાડવું;-ના કહેવું.(*c*)ઘડીઆળનો કાંટો પાછો મુ:વો-ફેરવવો.*To* p.*by*,(*a*)to turn,set,or thrust aside: પાછું ફેરવવું-વાળવું;હડાડવું; ધક્કે ચડાવવું;ખોળે નાંખવું.(*b*) *To* lay aside; to store up: ઉંચુ-કારે મુકવું;સંગ્રહ-સંચય કર;ભરી રાખવું; રાખી મુકવું;(*b*)ઉડાડવું.*To* p *down*, (*a*)to deposit:મુકવું;મુકીદેવું.(*b*)To lower;to diminish: ઉતારવું; ઘટાડવું; કમી-ઓછું કર;હાળી;નાંખવું; બેસાડી-સમાવી દેવુ ;હોલવી નાંખવું ;ઝાંખુ પાડવું (*c*) To suppress; to abolish; બેસાડી-દાબી દેવુ -નાંખવુ ; બંધ કર.(*d*) To subscribe:લખવું ટાંકી:ટાંચી લેવું. To p, *forth*, (*a*)to thrust out: લંબાવવું;આગળ ધરવું ;બહાર કાઢવું;લાંબુ કરવું ; ઉપર આવવું -બેસવુ -ફુટવુ .(*b*)To make manifest;to develop;also to bring into action;to exert: દેખાડવું;-માં દેખાવું;જણાવવું; બોલવવું; બતાવવું;કાઢવું;વાપરવું.(*c*)To propose as a question:કાઢવું;પુછવું. (*d*) To publish: પ્રકટ-પ્રસિદ્ધ કર;બહાર પાડવું.To p.*forward*,(*a*)to advance: to promote:ચઢાવવું ;વધારવું;-ની ઉન્નતિ કર;આગળ પાડવુ ;ઘડીઆળનો કાંટો આગળ ફેરવવો. To p. *in* (*a*) to insert:મુકી-ઘાલી દેવું;દાખલ કરી દેવું. (*c*) To place in due form: કાયદેસર રજુ કર; કોરટના દફ્તરે મુકવું. To p.*in mind*,to remind: યાદ દેવડાવવું. To p. *in practice*: સિદ્ધ અનુભવમાં કે અમલમાં લાવવું. To p. *in fear*:બીહવડાવવું:-ને બીહીક ઘાલવી-પેસાડવી-દેખાડવી To p. *off* (*a*) to lay aside:બાજુએ મુકવું;ઉતારવું;દૂર કાઢવું-કર. (*b*) To turn aside: to elude; to disappoint: to frustrate:to baffle:હાંકી-નાશીપાસ કર; નિષ્ફળ કર;ઉમેદ કર: ઉડાવવું. (*c*) To delay:te postpone:to defer: ઢીલ કરવી,મુલતવી રાખવું:લાંબુ-આધું નાંખવું: આગળ કરવાનું રાખવું *(d)* To get rid of:--નો નાશ કર;ઠેકાણે કરી દેવું:વાપરી દેવું;ચલાવી દેવું;માથે મારવું. *To* p *on*-*upon* (*a*)to assume: ધારવું;ધારણ કર:-નો વેશ લેવો; નું રૂપ લેવું;કોઈનું રૂપ સ્વરૂપ પકડવું; પહેરવું; ધારવું (*b*) To charge upon:--ના ઉપર નાંખવું-મકવું -દેવું -ઉપર ઢોળી દેવું.(*c*) To promote: વધારવું;વધારો-વૃદ્ધિ કર.(*d*) To impose:ઉપર નાંખવું: મુકવું;બેસારવું: ઘાલવું (*e*) To apply: લગાડવું. (*f*) To deceive છેતરવું;ઠગવું.*To* p.*out*. (*a*) to eject:કાઢવું;કાઢી નાંખવું-મુકવું:ઠોળી દેવું: હાંકી મુકવું.(*b*)To shoot: ફુટવું; બહાર નીકળવું-આવવું; ખીલવું (*c*) To extinguish:ઓલવી-છોંટી-બુઝાવી નાંખવું; ગુલ-રાજ જેર-રાણો કર. (*d*) To place at interest: વ્યાજે મુકવું-આપવુ .(*e*) To displease;to vex:ગુસ્સે કર;ચીડવવું;નાખુશ-નારાજ કર.(*f*)To confuse; to disconcert: -ને ભુંડા પાડી દેવું;ગભરાવી નાખવું;ગભરાવવું;ચીડવવું;ગુસ્સે-નાખુશી કર;-ને ગાંઈ કરી દેવું; ને ગભરાવી દેવું (*g*)(eyes)ફોડી નાંખવું. (*h*) to dislocate:--થી ખસી-ઉતરી જવું;ઉતારી નાંખવું(હાડકું.)*Top over*, (*a*)to place in authority over: અધિકાર આપવો;-નો સરકાર નિમવો; ઉપરી બનાવવું.(*b*)To refer: સોંપવું;-ને હવાલે કર:સબંધ ધરાવવો. (*c*) To defer:ઢીલ કર;મુલતવી રાખવું; પરબારી રાખવું.(*d*)To transfer across: પાર ઉતારવું;પેલેપાર લઇ જવું. *To put the hand to* (*a*):પકડવું;લેવુ ;ઝાલવું; હાથમાંલેવું;સહાવું;(b(*To* begin: હાથમાં લેવું; માંડવું; કરવા માંડવું. (*c*) to seize as in theft; હાથ અરકાડવો-લગાડવો:ચોરવાની દાનતથી લેવું. *To* p.*to*(*a*):ઉમેરવું,મેળવવું. (*b*) *To* expose: કર્યા ઉપર રાખવું:-માં રાખવું-નાખવું; મૂકવું. *To* p.*to a stand*,to stop: અટકાવી પાડવું; થોભાવવું; બંધ પાડવું કર.*To* p. *to bed*,(*a*)to place in bed:સુવાડવું.(*b*)To deliver in, or to make ready for,childbirth: જણાવવું:જણાવનાને ખાટલો તૈયાર કરવો.*To* p.*to death*, to kill: મારી નાંખવું;રામશરણ કર-પહોંચાડવું;ગમે કર. *To put together*: જોડી-ભેળી દેવું; એક કર.(*b*)સાથે મળીને વિચાર કર;મનસુબો કર.*To* p.*to it*,to distress;to perplex· સંકટમાં નાંખવું;દુઃખ આપવું-વિટંબણામાં નાંખવું. *To* p. *to rights*,to arrange in proper order: બરાબર ગોઠવવું ઠીકઠાક કર; વ્યવસ્થિત કર.*To* p. *to the sword*: તરવારે કાપી નાંખવું *To* p. *to on trial*, to bring to a test: ઠીનસાફ તજવીજપર લેવું;-ની અજમાયશ કર: તપાસવું;-નો તપાસ કર; ની કસોટી કાઢવી.*To* p. *to use*: કામ-ઉપયોગમાં લેવું. To p. *trust in*, to confide in: ઉપર વિશ્વાસ રાખવો-મુકવો.-પરશ્રધ્ધા મુકવી-રાખવી.To p *up* (*a*) to overlook; not to punish or resent: ખમવું; સહન કર:મનપર ન લેવું;ભલી જવું.(*b*) To send forth· આગળ મુકવું-ધરવું-કર.(*c*)To hoard:ભેગુ એકઠું કર;ઉધરાવવું.(*d*) To place out of sight: ઉંચે ઠેકાણે મુકવું; કોરે મુકવું (*e*) To raise;to erect;to bnild: બાંધવું;તૈયાર કર,ઉભુ કર (*f*)To lodge:મુકામ કર; ઉતરવું:-ને પોતાના ઘરમાં ઉતારો આપવો;-ને ઉતારવું. To p. *a question*: સવાલ-કાઢવો-પુછવો-કરવો. *vi.* To go or move: જવું;ફરવું; હાલવું; વાવું.2. To steer; to go: હંકારવું; જવું; વળવું; ઉતરવું. To p. *about*: બીજી તરફ જવું-વળવું.To p *back*, to return: પાછુ ફરવું. To p *forth*,(*a*) to shoot,bud or germinate:ફુટવુ ;બહાર નીકળવું;ઉપર આવવું દેખવું. (*b*) To leave a port or haven: બંદરમાથી નીકળવું. To p. *in*, to enter a harbour: બંદરમાં પેસવું-દાખલ થવું. To p. *in for*, (*a*) to make a request or claim:--ને માટે હક-દાવો કર;-ની માગણી કર. (*b*) *To* go into covert: સંતાઈ-ભરાઇ પેસવું;દર-ઘરમાં પેસી જવું (*c*) ઉમેદવાર હોવુ;ઉમેદવારી બતાવવી *To* p.*off*, to go away:જતા રહેવું ;છોડીને જવું.*To* p *on*,to hasten motion: ઉતાવળ કર;ઝડપ વધારવી; ખુબ-જોરથી-ઉતાવળે હાંકી જવું. *To* p.*over*,to sail over: હંકારવું.*To* p.*to sea*, to set sail; to begin a voyage:દરિયાની મુસાફરી શરૂ કર;દરિયાની સફરે જવું; સમુદ્રયાન આરંભવું.*Top up*,to lodge; to take lodging:.-માં ઉતારો-પડાવ-મુકામ કર;-માં ઉતરવું. To p. *up*, *with*, (*a*) to overlook or suffer without recompense: ખમવું;સહન-દરગુજર-જવું કર.(*b*)To endure:

ખમવું; સહન ક૦. *n.* An action; a movement;a thrust:હડસેલો; ધક્કો; આંચકો; હેલો.2. A certain game at cards: પાનાની એક રમત.

Putative,(પ્યૂટેટિવ્)*a.* [L. *puto*, I reckon.] Supposed; reputed:લોકોમાં મનાતું;જન પ્રસિદ્ધ;અભિમત.

Putid,(પ્યૂટિડ્)*a.* Rotten; base:અધમ;નીચ;હલકું;ક્ષુદ્ર;ગ ધાતું.

Putrefaction, (પ્યૂટ્રીફૅકશન્) *n.* The process of putrefying: સડી જવું તે.2.(*a*)The condition of being putrefied:સડો; કહોવાણ; સડો; દુર્ગંધતા.(*b*) That which is putrefied:કહોવાઈ ગયેલો પદાર્થ.

Putrefy,(પ્યૂટ્રીફાઇ)*vt.* [L. *putris*, rotten & *facio*, I make.] To render putrid; to cause to rot: કહોવરાવી સડાવી નાંખવું; કહોવડાવવું. 2.To corrupt: to make foul:બગાડવું; મલિન-મેલું ક૦. 3. To make morbid.સડાવવું; પડાવવું.*vi.*To rot: કોહોવાઈ-કોઈ જવું;સડીગ ધાઈ ઉઠવું.

Putrescent, (પ્યૂટ્રેસેન્ટ) *a.* [L. *putris*,rotten.]Becoming putrid or ro ten:કોહી સડી જવું.

Putrid,(પ્યૂટ્રિડ્)*a.* [L. *putris*, rotten.]Rotten: સડેલું; કોહી ગએલું 2. Indicating a decaved state of matter:કોહી ગએલું બતાવવું;ગંધાતું.

Putridity,(પ્યૂટ્રિડિટિ)*n.* The quality or state of being putrid:સડો;કહોવાણ-ટ.

Putty,(પટિ) *n.* A kind of thick paste:કાચ બેસાડવાની લાપી. *vt.* To cement with putty:લાપી ચોડવી.

Puzzle, (પઝલ્) *n.* Something which perplexes: સામાને ગુચવનાર વસ્તુ વિષય;સમસ્યા;કરામત;કુટ.2. Perplexity:ગુચવણ; મોહ,વ્યામોહ; ભ્રાંતિ; સભ્રમ; વ્યાકુલતા; વ્યગ્રતા *vt.* To confuse; to perplex; to embarrass:ગુચવવું; -ને ગુચવણ-અમુઝણમા નાખવું;-ને ભ્રમમા નાખવું. 2.To make intricate:-ને ગુંચવાડામાં નાંખવું.3.To solve by ingenuity as a puzzle (followed by *out*): ગુચવાડો દૂર કરવો;કોયડો ઉકેલવો, સમસ્યા ઉકેલવી.*vi* To be bewildered: ગુચવાડામાં પડવું; ભ્રમિત-ચકિત થવું.2.To work, as at a puzzle: સમસ્યા-કોયડો ઉકેલવો.

Pygmy,(પિગ્મિ)*n.*One of a fabulous race of dwarfs who waged war with the cranes and were destroyed:વામનજ.2. A short,insignificant person:વેતિયુ માણસ; ઠીંગણો.

Pyramid, (પિરૅમિડ્) *n.* A solid body standing on a triangular, square and terminating in a point at the top: જેનું તળીયું ત્રણ ખુણિયા કે સમચોરસ અથવા ચાર કરતા વધારે ખૂણાનું હોય અને જેની ઉપલી ટોચ અણીવાલા હોય એવો નક્કર પદાર્થ; સૂચી.2. (His) the pyramids or great monuments of Egypt: ઉપર કહ્યો તેવા આકારની ઇમારત; મિસરી મિનારો; પિરમિડ.

Pyramidal-dical, (પિરૅમિડૅલ્-ડિકૅલ્)*a.*Pertaining to a pyramid: મિનારા સંબંધી;સૂચ્યાકાર;શિખરી.

Pyre,(પાઇર્)*n.* [Gr.*pur*, fire.] A funeral pile:ચિતા; ચેહ.

Pyrites,(પાઇરાઇટીઝ્) *n.*A name given to a number of metallic minerals:અગ્નિપાષાણ;સુવર્ણ મુખી; સુવર્ણમાક્ષિક;લોહાદુ કે તામ્ર અથવા કાંબોલ્ટ નામના કે નિકલ નામની ધાતુ સાથે મળવાથી થએલો ધાતુ જેવો દેખાતો ધોળો કે પીળો ઝગઝગાટ મારતો પદાર્થ;અગ્નિપાષાણ.

Pyrology, (પાઇરૉલૉજિ) *n.* That branch of pysical science which treats of the properties or effects of heat:ઉષ્ણતા શાસ્ત્ર.

Pyromancy,(પાઇરોમૅન્સિ) *n.* Divination by means of fire: અગ્નિ ઉપરથી ભવિષ્ય કહેવાની વિદ્યા.

Pyrom ter, (પાઇરૉમેટર્) *n.* An instrument used for measuring the expansion of solid bodies by heat.નક્કર પદાર્થના અગ્નિથી થએલા વિસ્તાર માપવાનું યંત્ર. 2. An instrument for measuring degrees of that above those indicated by the mercurial thermometer:ઉષ્ણતામાપક યંત્ર.

Pyrotechnics,(પાઇરોટૅકનિક્સ્)*n.* The use and application of fire in science and the arts: આતસબાજી;અગ્નિક્રીડાશાસ્ત્ર; આતસબાજી બનાવવાના હુન્નર. *a.* Pertaining to the art and use of fire works: આતસબાજીનું-વિશે;આતશબાજી બનાવવાના હુન્નરનું.

Pyrotechnist, (પાઇરૉટૅકનિસ્ટ્)*n.* One who makes fire works:આતશબાજી બનાવનાર,હારફટકો.

Pyrronism,(પિરૉનિઝમ)*n.* Skepticism.જ્ઞાન માત્ર તદ્દન્ન છે એવું મત-વાદ;નાસ્તિકમત;તદ્દન-સ્વરાય રાખવાતે.

Pyx,(પિક્સ્)*n.*[L.*pix*, *pyxis*,a box The box,case, vase or tabernacle in which the host is reserved:પુસ્તક રાખવાની પેટી. 2. A box used in the British mint as a place of deposit for certain sample coins: ટંકશાળમા નમુનાના સિક્કા રાખવાની પેટી. *vt.* To test as to weight and fineness, as the coins deposited in the pyx: વજન-તોલ બરાબર છે કે નહિ તેની અજમાયશ ક૦.

Q.

Q. The seventeeth letter of the English alphabet: ઇંગ્રેજી મૂળાક્ષરનો સતરમો અક્ષર; એનો ગુજરાતી ઉચ્ચાર 'કવ' અગર 'ક' થાય છે; એની સંખ્યા. Q=500 $\overline{Q}$=500000.

Quack, (ક્વૅક્) *vi.* To utter a sound like the cry of a duck: બતકની માફક બોલવું. 2. To boast; to make vain pretentions: પતરાજી ક૦;ડોળ ધાલવો;ઢોંગ ક૦.3. To act the part of a quack:ઉંટવૈદ્ય થવું *n.* The cry of a quack: બતકનું બોલવું.2.An empiric:નીમ હકીમ;પહાડી વૈદ્ય;આખ કાનના વૈદ્ય;ઉંટવૈદ. 3.One who boastfully pretends to skill;a charlatan:ડોળી;ઢોંગિ;ઢોંગી. *a.*Pertaining to quacks or used in quackery:ઉંટવૈદું; ઉંટવૈદના કામમા આવે એવું.

Quackery,(ક્વૅકરિ) *n.* False pretentions to any art:empiricism: ઉંટવૈદું; વિદ્યાના ડોળ; નીમહકીમી (મિથ્યાભિમાન.

Quadrangle, (ક્વૉડ્રૅન્ગ્લ્) *n.* [L. *quatuor*, four & *angulus*, an angle.] A plane having four angles, and consequently four sides:ચાર ખુણાવાળી આકૃતિ; ચોખુણ આકૃતિ;ચતુષ્કોણ;ચતુરસ્ર.2.A square or quadrangular space o. inclosure.ચોક;ચોરસ વાડો.

Quadrangular, (ક્વૉડ્રૅન્ગ્યુલર્) *a.* Having four angles and consequently four sides: ચાખુણ;ચોરસ;ચોખ ખુણ;ચતુરસ્ર.

Quadrant, (ક્વૉડ્રન્ટ્) *n.* [L. *quadrans*,*-antis*, a fourth part.] The fourth part:ચોથા ભાગ.2.The quarter of a circle: વર્તુળ-ગોળનો ચોથાભાગ,તિજ્યા;પદ;પા ગોળ;૯૦ અંશ. 3.An instrument for measuring altitudes:આકાશના તારા વિગેરની ઉંચાઈ માપવાનું યંત્ર; સૂર્યચંત્ર;તુરીયયંત્ર.

Quadrat,(ક્વૉડ્રૅટ્) *n.* A block of type metal lower than the letters: અક્ષરોની વચમા ભરવાને માટે

અક્ષરના કરતાં ઉતરતા કદનું બીજું ટંકોત્કીરણ.
Quadrate,(ક્વૉંડ્રેટ્) *a.* [L.*quadro*, I make square.] Square; having four equal sides:ચોખ્ખું; ચોરસ.2.Produced by multiplying a number by itself: વર્ગીય; વર્ગનું. 3.Even;balanced; equal; exact: સમાન;સરખું;તુલ્ય; બરોબર. 4.Suited; correspondent: મળતું આવતું; બંધબેસતું;લાગું પડતું;જુગતું. *n.*A square:ચાર ખુણાળી આકૃતિ;ચોખુણ;ચોરસ. 2.An aspect of the heavenl ybodies:ગ્રહ ની ગતીમાંથી અમુકસ્થિતિ-દેખાવ. *vt.* To suit;to correspond: મળતું - બંધબેસતું આવતું;લાગુ પડવું.
Quadratic, (ક્વૉંડ્રૅટિક્) *a.* Of or pertaining to a square; square: ચોરસ-સંબંધી. 2.Tetragonal: ચોખ્ખું;ચોખણ ઢું.ઠ.Pertaining to terms of the second degree:વર્ગ-વર્ગાત્મક. Q.*equations*:વર્ગાત્મક સમીકરણ.
Quadrature, (ક્વૉંડ્રૅટ્યૂર્) *n.* A squaring: કોઇ એક આકૃતિનું ક્ષેત્રફળની બરાબરચોરસ કરવું તે; વૃતપાદ. Q.*of the circle*:વર્તુલની બરાબર ચોરસ કરવુ તે.
Quadrannial,(ક્વૉંડ્રૅનિઍલ્)*a.*[L. *quatuor*, four & *annus*,a year.] Comprising four years: ચાર વરસનું; ચારવાર્ષિક. 2. Occurring once in four years: ચાર ચાર વરસે આવતુ ;ચાતાહી;ચાતુરાબ્દિક.
Quadrilateral,(ક્વૉંડ્રૅટરૅલ્) *a.* [L.*quatuor*, four & *latus*, a side] Having four sides, and consequently four angles: ચાર બાજુ-વાળું;ચોખુણ;ચતુર્ભુજ. *n.* A plane figure having four sides and consequently four angles: ચાર બાજુ-વાળો આકૃતિ;ચોખુણઆકૃતિ;ચોગાન
Quadrille,(ક્વાંડ્રિલ્)*n.*[L.*quadro*, a square.] A dance having five figures in common time, four couples of dancers being in each set:એક પ્રકારના નાચ ગીત. ૪.A kind of play at cards: એક જાતની પાનાની રમત.
Quadroon, (ક્વૉંડ્રૂન્) *n.* The off spring of a mulatto and a white person.જેના બાપ ગોરા અને મા મ્યુલાટ્ટો હોય તે માણસ.
Quadrumana, (ક્વૉંડ્રૂમૅનૅ) *n.* An order of mammalia having four hands or feet: ચાર હાથ અથવા પગવાળા પ્રાણી;વાંદરાનીજાત.
Quadrumanous ,(ક્વૉંડ્રૂમનસ્) *a.* Having four hands:ચાર હાથવાળું.
Quadruped, (ક્વૉંડ્રૂપેડ્) *a.* [L. *quatuor* four & pes *pedis*,a foot] Having four feet: ચાર પગવાળું; ચતુષ્પાદ; ચોપાયું. *n.* An animal having four feet:ચોપગું;પશુ;ઢોર; ચોપગુ પ્રાણી.
Quadruple,(ક્વૉંડ્રૂપપ્લ્) *a.* Fourfold:ચારગણું;ચોગણું; ચારપુટ-પટ *n.* Four times the sum: ચારગણી રકમ.*vt.*To multiply by four: ચોગણું-ચારગણું કરવું.*vi.* To be multiplied by four:ચોગણું હોવું-થવું.
Quadruplicate, (ક્વૉંડ્રૂપ્લિકેટ્) *vt.* [L. *quadruplex*, four-fold.] To make fourfold: ચારગણું-ચોગણું કરવું. *a.* Fourfold; doubled twice: ચાર ગણી-વાર. *n.* One of four corresponding things: ચાર સરખીવસ્તુઓમાંની એક.
Quaff,(ક્વાફ્)*vt.*[Ger. *kuo*, I hold,] To drink with relish: ગટગટ પીવું; ઠાસી જવું;ગટગટાવીજવું.*vi.*To drink largely:ઠાસી જવું.
Quaggy,(ક્વૅગિ) *a.* Of the nature of a quagmire:પગ પેસી જાય એવું, નરમ;પાચું;કાદવ-કાંપવાળું.
Quagmire,(ક્વૅગમાઇર્)*n.* [*Quake*, & *mire*.]Marsh;swamp: પગ પેસી જાય એવી પોચી જમીન; કીચડ-કાદવની જમીન.
Quail, (ક્વેલ્) *vi.* (*a*) To die; to perish:મરી જવું;નાશ પામવું. (*b*)To fade;to wither: કરમાઇ સુકાઇ જવું; ગ્લાન થઇ જવું.૪ To become quelled;to give way;to shrink: આશા ભાંગી યવું; બીવું; નાકમેદ થવું;થરથરવું; કંપવું;હિંમત હારવી;-ને થરાટ-કંપારી વછૂટવા.*vt.* To crush; to subdue: કચરી નાખવું;તાબે કરવું; નાસીપાસ-નાકમેદ કરવું;હિંમત ભાંગી નાખવી *vt.*To curdle:જામી-ઠરી જવું;-બરાબર જવું. *n.* Any gallinaceous bird: લાવરી પક્ષી. ૪. A prostitute: વેશ્યા; રાંડ; કસબણ; પાતર.
Quaint, (ક્વેન્ટ્) *a* [L. *cognitus*, known.](*a*) Prudent; wise:ડાહ્યું; વિચક્ષણ. (*b*) Crafty; artful:ચતુર; પેચી;પહોંચેલું; ચતુર; વિદગ્ધ. 2. Elegant,graceful:સુંદર; ચતુર; શોભિતુ.ઠ. Affected; odd; whimsical;antique; singular: વિચિત્ર;વિલક્ષણ;તરહવાર;બાર;બાડ.
Quake, (ક્વેક્) *vi.* To shudder; to tremble:કંપવું;ધ્રુજવું;-ને ધ્રૂજારી આવવી;થરથરવું.૪.To shake: હાલવું; કંપવું;કંપવું.*vt.* To cause to quake: ધ્રુજાવવું. *n.* A shudder; a quivering:ધ્રુજારી;કંપારી;થરથરાટ;કંપ.
Quaker,(ક્વેક્ર્)*n.* One who quakes:ધ્રુજનાર;કાંપનાર. 2. One of a religious sect founded by George Fox:ખ્રિસ્તી પંથના માણસો જે ફ્રેંડ કરીને કહે છે તેમાંનો એક.
Quaking,(ક્વેકિંગ્)*n.*A trembling કંપારી;ધ્રુજારી;ધ્રુજારી.
Qualification, (ક્વૉલિફિકેશન્) *n.* The act of qualifying: યોગ્ય-લાયકપાત્ર કરવું તે. 2. Any natural endowment or any acquirement requisite capacity ot possession:ગુણ;લાયકી; યોગ્યતા; કાર્યક્ષમતા; પાત્રતા.3. Modification; restriction: મર્યાદા; પરિચ્છેદ; પરિમાણ. 4. Abatement; diminution: વધઘટ; ફેરફેર;ફેરફાર;અર્થભેદ;ટપારો.
Qual.fied, (ક્વૉલિફાઇડ્)*a.* Fitted by accomplishments: ગુણ-લાયકીવાળું ;યોગ્ય;સમર્થ ;ગુણોપેત; ગુણસંપન્ન; કાર્યક્ષમ.2. Modified: limited: હદ બાંધેલું ;સમર્યાદ; પરિચ્છન્ન; મર્યાદિત; સંકોચિત.
Qualify,(ક્વૉલિફાઇ)*vt.* [L. *qualis*, of what kind & *facio*,I make.] To fit;to make capable;to supply with legal power or capacity:યોગ્યતાગુણ-લાયકી આપવી; ગુણ વિશિષ્ટ-ગુણી કરવું;અધિકાર આપવો;-થી જે અધિકાર થવા યોગ્ય-લાયક કરવું;-થી યોગ્ય-લાયક થવું .2 *To* vary;to regulate;to modulate: ખાસ ગુણ મુકવો; સ્વરભેદ કરવું;તાલ પર આણવું; સુધારવું;માફકસર કરવું.3. *To* restrict; to modify;to restrain:ફેરફાર કરવું; હદ બાંધવી;સમર્યાદકરવું; મર્યાદા બાંધવી. 4.*To* soften;to abate; to diminish:કમી-ઓછુ કરવું; નરમ પાડવું-કરવું;-નું બળ-જોર ઘટાડવું; શાંત કરવું. 5. *To* smoothe:to cure:શાંત કરવું;-નું સમાધાન કરવું.*vi. Tr* be qualified:લાયકયોગ્ય થવું;-ની લાયકી-યોગ્યતા મેળવવી.2.*To* obtain legal power:લાયકસર સત્તા અધિકાર હોવો મળવો-પ્રાપ્ત કરવું.
Qualitative,(ક્વૉલિટેટિવ્) *a.* Relative to quality: ગુણવિષે; ગુણસંબંધી.૪. (*Chem.*) Determining the nature of the components: ગુણનું-સંબંધી-ગુણ પ્રમાણે કરેલું-કાઢેલું ગણવું;જે જુદી જુદી વસ્તુઓથી કઇ ચીજ બનલા હોય તે ચીજના ગુણ તપાસે એવું-તપાસવાનું-માટેનું.
Quality,(ક્વૉલિટિ) *n.* [L. *qualis*, how constituted.] Character; sort;rank:ગુણ;ધર્મ;જાત; ખાસીયત; પ્રકાર; ભાવ; સ્વભાવ; પ્રકૃતિ; સ્વરૂપ; લક્ષણ; વિશેષભાવ; થકિત..૪. Profession; occupation: assumed or

asserted rank: ખંધો; હોદ્દો. 3. Peculiar power, capacity or virtue; distinctive trait: ખાસીઓટાપણું; સ્વારા નરસાપણું; સદ્‌સદ્‌ભાવ; ગુણાવગુણ; ગુણાગુણ; શક્તિ; ખાસીઅત; ગુણ. 4 Accomplishment; required trait; requisite: પ્રાપ્તિ: સદ્‌ગુણ. 5. Superior birth; high rank: મોટી પદવી; પ્રતિષ્ઠા; ગૌરવ; ઉત્કૃષ્ટ પદ; કુલીનતા; પદપ્રેષ્ટતા. 6. Virtue: શક્તિ; અસર કરવાની શક્તિ. *Persons of high* q.: મ્હોટા લોક; કુલીન માણસ. *Good* q: સદ્‌ગુણ ગુણ; સદ્‌ભાવ. *Bad* q: દુર્ગુણ-અવગુણ. *Essential or inherent* q.: અનુગતધર્મ; વસ્તુશક્તિ.

Qualm, (ક્વૉમ્) *n.* Sickness; death: રોગ; મ દવાડ; મૃત્યુ. 2. An agony: દુઃખ; વેદના. 3. A sudden sensation of nausea: ઉલટી; ઉછાળો; બકારી; ઓકારી 4. Uneasiness of conscience; compunction: બળાપો; દિલગીરી; અણચણાટ; ખરખરો.

Quandary, (ક્વૉન્ડેરિ) *n.* Doubt; uncertainty: ગુચવણ; સ દેહ; વિચાર; વિચારણા; પંચાત; અમુઝણ; ગંઠા.

Quantitative, (ક્વાન્ટિટેટિવ્) *a.* Relative to quantity; determining the quantity of components: પરિણામ વાચક નું-સંબંધી પરિમાણ પ્રમાણે ગણેલું-કરેલું-કાઢેલું; પરિમાણ નક્કી કરવા માટેનું.

Quantity, (ક્વૉન્ટિટિ) *n.* [L. *quantus*, how great.] Greatness; determinate or comparative dimensions; measure; amount: bulk; extent; size: પરિણામ; પ્રમાણ; માન; પરિમિતિ; માત્રા; અંશ; ભાગ; જથ્થો. 2. That which can be increased: રકમ; રૂપ; રાશી. 3. A large portion; a sum; bulk: ઘણું ઘણું; પુંજ; ઓઘ; સંચય; સંગ્રહ; રાશિ; ઢગલો; ઢગ. 4. The relative duration of a tone: માત્રા, *Negative* q ક્ષય-ઋણરાશિ; ઓછાની નિશાનીવાળું. *Positive* q.; ધનરાશી; વત્તાની નીશાનીવાળું.

Quantum, (ક્વૉન્ટમ્) *n.* Quantity; amount: રકમ; માત્રા; પરિમાણ; જથ્થો; ઇયત્તા; ક્રિયત્તા; કેટલાપણું. 2. (*Math.*) A definite portion of a manifoldness; limited by a mark or by a boundary: અમુક કલ્પિત ભાગ-અંશ.

Quarantine, (ક્વૉરેન્ટાઇન્) *n.* [L. *quattuor*, four.] A space of forty days: ચાળીસ દીવસની મુદત 2. (*a*) The term of forty days during which a ship arriving in port, and suspected of being infected with a malignant contagious disease is obliged to forbear all-intercourse with the shore: કોઇ દુરથી આવેલા વહાણમા ચેપી રોગ હશે એવો વહેમ હોવાથી તે વહાણવાળાને ચાલીસ દહાડાની મુદત સૂધી કિનારાની સાથે કંઇ વહેવાર રાખ્યા વિના અલગ રહેવું પડે છે તે મુદત. (*c*) Such restraint of intercourse: ગમનાગમન-સંસર્ગનિષેધ. (*c*) The place where prohibited ships are stationed: અટકાવેલા વહાણ રાખ્યા હોયતે સ્થળ-જગા; કેવારેન ટાઇન. Q *flag*: વહાણમાં ચેપી રોગ છે એમ જણાવવાને માટે ચઢાવેલો પીળો વાવટો. *vt.* To compel to remain at a distance: આઘે રહેવાની જરૂર-ફરજ પાડવી.

Quarrel, (ક્વૉરેલ્) *n.* [L. *quadrus* square.] An arrow for a cross-bow: કામઠાનું તીર. 2 Any small square; ચોરસું; ચોખુણ વસ્તુ. 3. A glazier's diamond: કાચ બેસાડનારની હીરાકણી. 4. A four-sided cutting tool or chisel having a diamond-shaped end: ચાર મ્હોનું વિંધણું. *n.* [L. *queror*. I complain] A difference; a disagreement; a breach of concord, amity or obligation; a falling out; a brawl; an altercation: અણબનાવ; વાંધ; કુટ; મૈત્રીભંગ; ભિગાડ; કલહ; વિવાદ; વાંધો હરકત; તકરાર ઝઘડો; ટંટો; લડાઈ; બખેડો; કંકાસ; ઓલાચાલી. 2. Cause of dispute; લડાઈનું કારણ; કલહબીજ. Earnest desire; આતુરતા; આકાંક્ષા; ઉત્કંઠા. To pick a q.: લડાઈ શોધવી, લડાઇ વેચાતી લેવી-વહોરવી. *vi.* To have a difference, to fall out: બે બનાવ; અણ બનાવ હોવો; વચ્ચે તૂટ હોવી-થવી. 2. To contend; to fight: લડવું; કજીઓ-ટંટો કર, કલહ કર; ભાંડવું; ઝઘડવું ઝગડો કર. 3 To find fault; to cavil: નિંદા-ભદ્રગોષ્ઠ કરવી; વખોડવું; દોષમુકવો; ને નિંદવું; પરઆક્ષેપ કર *vt.* To quarrel with: -ની સાથે લડવુ -લડાઇ કર 2. To compel by a quarrel: લડાઈથી જરૂર પાડવી.

Quarrelsome, (ક્વૉરેલ્સમ્) *a.* Easily irritated; irascible: કજીઆ ખોર; ટંટાખોર; કલહકારી; ટંટિયાજ.

Quarry, (ક્વૉરિ) *a.* Quadrate; square; ચારસ; ચોખંડું. *n* A part of the hounds: શિકારનાં આતરડા વિ. 2. The object of the chase: શિકાર; શકારએ મારેલો શિકાર. *vt.* To prey શિકાર કર. *n.* A place where stone is taken from the sock; a stone pit: પથ્થરની ખાળ; પાષાણ સ્થાન-ખાણ. *vt.* To dig from a quarry: ખોદી કાઢવું.

Quart, (ક્વૉર્ટ) *n.* [L. *quartus*, the fourth.] The fourth part: ચોથોભાગ; ચતુર્થાંશ. 2. A region or the earth: ભૂમિ; પ્રદેશ *n.* A measure of capacity, both in dry and in liquid measure; માપ; ક્વાર્ટ; બશેર. 2. A vessel or measure containing a quart: બશેરનુ માપ.

Quartan, (ક્વૉર્ટન્) *a.* [L. *quartus*, the fourth.] Pertaining to the fourth: ચાર ચાર દીવસનું; ચોથિયો. *n.* An intermittent fever which returns every fourth day, reckoning inclusively: ચોથિયો તાવ. 2. A measure, the fourth part of some other measure: બીજા માપનું; ચોથિયું માપ.

Quarter, (ક્વૉર્ટર) *n.* [L. *quartus*, the fourth.] One of four equal parts into which any thing is divided: ચોથો ભાગ; પા; પાવ; ચતુર્થાંશ. Q. *of a rupee*: પાવલી. *a.* The fourth of a hundred-weight: હંડરવેઇટનો ચોથો ભાગ: ૨૮ પાઉન્ડ. (*b*) The fourth of a ton in weight: ટનનો ચોથો ભાગ; ૮ બુશલ. (*c*) The fourth part of a ton in weight: ચંદ્રની ગતિ ક્રમનો ચોથો ભાગ; ૩૧॥ દિવસ. (*d*) That part on either side of a horse's hoof between the toe & the heel: ઘોડાની ખરીમા અંગુઠા અને એડીની વચ્ચેનો ભાગ. (*e*) A term of study in a college: અધ્યયન સમય; માસત્રય; ત્રિમાસ-સી. (*g*) The after-part of a vessel's side: વહાણનો પાછલો ભાગ. (*i*) A cardinal point; a direction: દિશા; દિગ્. (*j*) A territory; a region: દેશ, પ્રદેશ; સ્થાન; દિગન્ત; દિગ્‌ભાગ. (*k*) A division of town, city or country: વાસ; વાડો; વસ્તિ; મહોલ્લો; લત્તો; જલ્લો; પરૂ; કળિયુ. (*l*) A small upright timber post: થ.ભ્રો; ટેકો; લાકો. 2. Proper station: specific place; assigned, position: સ્થળ; ઠામ; મુકામ; આસન; જગો. (*a*) *pl.* A station at which officers & men are posted in battle: રણક્ષેત્ર યુદ્ધસ્થળ. (*b*) Place of lodging or temporary residence; shelter; entertainment: રહેઠાણ; મુકામ; પડાવ; ઉતારો. (*c*) *pl.* A place of lodging for soldiers or officers: મુકામ; નિવાસસ્થાન. (*d*) Treatment shown by an enemy; mercy; the act of sparing the life of a conque-

red enemy:દયા-જીવત-પ્રાણદાન; કૃપા (e)પશુના મડદાનો ચોથો ભાગ 3. Friendship;amity; concrd: ભાઈબંધી;મિત્રાચારી;ભાઇચારો: મેળ; બનાવ; બેસતી;દોસ્તી. *To keep* q , to be on good terms with:-ની સાથે દોસ્તી હોવી-મેળ-હોવો. *To give or spow* q..જીવતદાન આપવું. *To ask* q:શરણ જવું;જીવતદાન માગવું. *Close* qs.:બાથ-બાથા;હાથોહાથ;ગળગા વળગી. *Head* qs .સેનાધિપતિનો-સદર મુકામ. *From all* qs:ચોમેર; ચારે બાજુએથી. *vt.* To divide into four equal parts; ચાર સરખા ભાગ કર. 2.To divide: ભાગ પાડવા;-ના ભાગ-વિભાગ વહેંચણી-વાટણી કર. 3. To furnish with shelter: મુકામ-પડાવ આપવો;ઉતરવાની જગા આપવી; ઉતારવું; મુકવું-રાખવું. 4.To furnish as a portion: ભાગ આપવો. *vi.*To lodge: ઉતરવું; મુકામ કર-રાખવો. *vt* To drive a carriage so as to prevent the wheels from going into the ruts:ગાડીનાં પૈડાં ચીલામાં ન આવે એવી રીતે ગાડી હાંકવી.

Quarter-deck, (ક્વૉર્ટર્-ડેક્) *n.* That part of the upper deck abaft the mainmast, including the poop deck when there is one:વહાણના ડબુસા તરફનું ઉપર.

Quarterly, (ક્વૉર્ટલિ) *adv.* By quarters: ત્રણ ત્રણ માસે; ત્રણ માસે થતું.2.In quarters: ત્રણ ત્રણ માસે. *a.* Containing or consisting of a fourth part:ચોથા ભાગ હોય તેનું; ત્રિમાસિક. *n.* A periodical work published once a quarter: ત્રિમાસિક ચોપાનિયું-પુસ્તક-વર્તમાનપત્ર.

Quarter-master,(ક્વૉર્ટર્-માસ્ટર્) *n.* An officer whose duty is to provide quarters for a regiment:સિપાહીઓના મુકામ અને ખાવા પીવા વગેરેનો બંદોબસ્ત રાખનાર અમલદાર.

Quartette,(ક્વૉર્ટેટ્) *n.* A stanza of four lines: ચોપાઇ; ચાર લીટીનું કડવું-પદ.

Quarto,(ક્વૉર્ટો) *a.* [L. *quartus* the fourth.]Having four leaves to the sheet. એક તાવના ચાર પાનાવાળું-નું; ચતુષ્પત્રા. *n.* A book of the size of the fourth of a sheet or printing paper:એક તાવના ચાર પાના કર્યાથી થયલા ચોપડી.

Quartz,(ક્વૉર્ટ્સ) *n.* A form of silica: કાચમણી;ચકમક. *Milky* q.: દૂધ જેવો.

Quash, (ક્વૉશ્) *vt.* [L. *cassus*, empty.] To make void;to annul: રદ કર;-ના મંજુર-બાતલ કર. *vt,* To crush: ખુંદી કચરી નાંખવું. 2. To subdue: નરમ પાડવું;દાબી દેવું;બેસાડી દેવું; બંધ પાડવું; ડોલવવું *vi.* To be shaken with noise:ભચકાવું;અથડાવું.

Quasi,(ક્વેસાઇ)As if: as though: જાણે કે.

Quassation, (ક્વૅસેશન્) *n.* [L. *quasso*, I shake.] The act of shaking or the state of being shaken:આચકો;ધ્રુજારો;ધક્કો;હડસેલો.

Quassia,(ક્વૅસિઅ)*n.* The wood of several tropical American trees:એ નામનું એક જાતનું લાકડું (દવામા વપરાતું.)

Quaternion,(ક્વૅટર્નિઅન્) *n.* [L. *quaterni*,four each.] The number four: ચાર. 2. A set of four persons:ચાર માણસની ટોળી; ચોકડું; ચોખળુ. 3. A word of four syllables:ચાર સ્વરનો શબ્દ.

Quaver,(ક્વેવર્) *vi.* To tremble: થરથરવું;ધ્રુજવું. 2. To shake the voice:ધ્રુજતો અવાજ કાઢવો; થડકવું; ફાટવું.*vt.* To utter with quavers: લડેકાવાને ગાવું.*n.*A shake,or rapid and tremulous vibration,of the voice, or of an instrument of music:ધ્રુજતો સૂર-અવાજ;થડકાટ;સ્વરભંગ;કંપસ્વર. *To execute* a q.: લડેકાવવું;થડકાવવું.

Quay(કી)*n.*Amole,bank or wharf formed toward the sea or at the side of a harbor: બંદર; ડક્કો; ઘાટ;આરો;ઓવારો. *vt.* To furnish with quays:બંદર-ડક્કો કરવો.

Queen,(ક્વીન્)*n.*A woman;a girl: સ્ત્રી;છોડી.2.A love woman;a slut: ખરાબ;લુચ્ચી-અધમ-નીચ સ્ત્રી.

Queasy,(ક્વીઝિ) *a.* Sick at the stomach;inclined to vomit: ઉબકીના રોગવાળુ;ઓકારી થતી-હોય એવું. 2.Delicate:નાજુક;અનિશ્ચિત.

Queen,(ક્વીન્) *n.* The wife of a king:રાણી;રાજ પત્ની; રાજની વહુ. 2. A female monarch.રાજ ચલાવનાર સ્ત્રી;રાણી,રાજકર્તા.3.A woman eminent in power or attractions: રત્ન,નાક:સરદાર;મુખ્ય.4.The fertile female of social bees, ants and termites: મધનાખી-કીડી રાણી. 5. (*Chess*)The most powerful and, except the king, the most important piece in a set of chessmen:વજીર પ્રધાન; ફરજી. 6.A playing card bearing the picture of a queen:રમવાના પાનામાંના રાણી રાણીનું પત્તુ.Q.*consort*:રાજ કર્તા રાજાની રાણી.Q.*dowager*: રાજની વિધવા રાણી. Q.*mother*: રાજમાતા. Q. *regent*: પોતાનાજ હકથી રાજ્ય ચલાવનાર રાણી. *vi.* To act part of a queen:રાણી-નીપેઠે ચાલવું-વર્તવું.

Queenly,(ક્વીન્લિ)*a.*Like, becoming,or suitable to a queen:રાણી યોગ્ય;રાણી જેવું-ને લાયક-છાજતું.

Queen'smetal,(ક્વીન્-મેટલ્)*n.*An alloy of tin with a slight admixture of antimony, bismuth & lead or copper:કલઇ.

Queer,(ક્વીર) *a.* [L. *torquio*, I twist.]Old;singular:નરેહવાર; વિલક્ષણ;વિચિત્ર;અદ્ભુત. 2. Mysterious:છાનું;ગુપ્ત.*n.*Counterfeit money:બોગસ નાણા સિક્કા.

Quell,(ક્વેલ્)*vi.* To die:મરવું.2. To yield:તાબે થવું. *vt.* To quiet; to pacify:થી શાંત થવું-કર; નરમ પાડવું; બંધ પાડવું;ઠંડુ પાડવું. 3. To kill: મારી નાખવું. To subdue; to put down: તાબે કર; બેસાડી દેવું; ડોલવવું હરાવીને જેર કર.*n* Murder:ખુન;વધ.

Quench,(ક્વેન્ચ્)*vt.*To extinguish; to overwhelm:હોલવવું; બુઝાવવુ ;ગરેા ગુલ કર.2. To cool suddenly: શાંત પાડવું,મટાડવું;દાબવું; છિપાવવું;શમાવવુ *vi.* To go out:જતુ રહેવું;હોલવાઇ જવું.

Quenchless,(ક્વેન્ચ્લેસ્) *a.* That cannot be extinguished: irrepressible: હોલવાય-નરમ પડે-ભાંગે નહિ એવું;છીપે નહિ એવું.

Querist,(ક્વીરિસ્ટ્)*n.*One who inquires or asks questions: પુછપરછ કરનાર;સવાલ પુછનાર;પૃચ્છક; પૃષ્ટા.

Querulous,(ક્વેર્યૂલસ્) *a.*[L. *quero*,I complain.] Quarrelsome: લડવાડિયું;વાંધા બોર.2 Apt to find fault;disposed to murmur: બબડવું; કચવવું; રડગાયું; રડયા કરવું. 3. Fretful. expressing complaint: રડવું;કચવવું;ચીડિયું.

Query,(ક્વીરિ) *n.* [L. *quæro*, I seek.]A question: પ્રશ્ન, સવાલ. 2. A doubt: સંદેહ;શંકા;શક. 3.An interrogation point:સવાલ-પ્રશ્ન ચિન્હ. *vt.* To ask questions: સવાલ પૂછવા.2. To have a doubt: સંદેહ-શંકા-શક હોવા. *vt.* To put questions about.ને માટે પૂછવું; પૂછપરછ કર;-ની તપાસ કર. 2. To address questions to:સવાલ મુકવા-પૂછવા; પ્રશ્ન પૂછવા.3.To doubt of:-ના સંદેહ-સંશય રાખવો.

Quest,(ક્વસ્ટ્)*n.*Search; attempt to find or obtain:શોધ; તલાસ;ત-

પાસ; ખોળ; અન્વેષણ. 2. Request, solicitation; desire: ઈચ્છા; વિનંતિ; પ્રાર્થના; ખેંચ. 3. Those who make search or inquiry; શોધનાર; તપાસ કરનાર. 4. Inquest; jury of inquest: તપાસ; તપાસ કરનાર પંચ. *vt.* To search; to examine: શોધવું; પરિક્ષા કર. *vi.* To go on a quest; to beg: શોધ કરવી; માગવું; ભીખ માગવી.

Remove,(રીમૂવ્)*vt.* [L. *re* & *moveo*. I move.) To displace: ખસેડવું બદલવું -સ્થાન સ્થળ બદલવું; સ્થાનાંતર સ્થલાંતર કરવું;સ્થાન ભ્રષ્ટ કરવું;ટાળવું;ખસેડવું.2 To cease to be; to take away:મટાડવું;દૂર કરવું; કાઢી નાંખવું;-થી છૂટું કરવું;વારવું;નિવારવું;હરવું (*b*) :To banish; to destroy; to kill:કાઢી મુકવું;નાશ કરવો;મારી નાંખવું; નો અંત આણવો.3.To dismiss: કાઢી મુકવું:બરતરફ કરવું;રજા આપવી,કામગિરી પરથી મોકૂફ કરવો.*vi.*To change place in any manner:ખસવું; ખસી જવું;સ્થલાંતર કરવું.*n.*A removal: સ્થલાંતર;સ્થાનભેદ; સ્થલભેદ. 2. The transfer of one's business:ફેરફાર; સ્થાનફેર.3.Distance;step;degree; stage:પદ;અંતર;પગલું;પાયરી; પગથિયું. 4.Interval:આંતરો;ગાળો;છેટું .

Remunerate,(રીમ્યૂનરેટ્) (L. *re* & *munus*, a gift] To recompense;to requite:-નો બદલો-અવેજ આપવો-વાળી-વળવો;ને નુકશાન ભરી આપવું;-ને મહેનત મજુરી આપવી.

Remuneration, (રીમ્યૂનરેશન્) *n.* That which is given to remunerate:બદલો;પ્રતિકૂળ;અવેજ;મજુરી;કૂળ.

Remunerative,(રીમ્યૂનરેટિવ્) *a.* Affording remuneration:બદલો; અવેજ;પ્રતિકૂળ-મહેનત મળે-આપે એવું; કૂળદાયક;કૂળપ્રદ;કાયદાકારક.

Renual,(રીનૅલ્)*a.*(L.*ren*,*renes* the kidneys.)Pertaining to the kidneys:મુત્રપિંડ સંબંધી,ગુર્દાનું.

Renard,(રેનાર્ડ્)*n.*A fox:શિયાળ;કોલું.

Renascence, Renaissance, (રીનેસન્સ,રીનેસન્સ્,)*n* A new birth નવો-પુનર્જન્મ;પુનર્જીવન.

Rencounter, (રેકાઉન્ટર્) *vt.* To meet unexpectedly: એકદમ-ઓચીંતા મળવું; અચુકાયાં ભેગા થવું .2. To attack hand to hand:બાથંબાથ લડવું.*vi.* To come in collision: સામસામા અથડાવું. *n.* A meeting of two persons or bodies: ભેટ; મુલાકાત;સામસામા મળવું તે;સામસામી ભેટો.2.A casual combat or action: ઓચીંતી થતીમારામારી; અણધારી લડાઇ-યુદ્ધ.

Rend,(રેન્ડ)*vt.imp.*& *p. p.* Rent To split; to burst: ફાડવું ;ચીરવું ;વાડવું;વિદારવું;ભેદવું;ફાડી-તોડી-ચીરી નાંખવું.2 To take away by force: જોર જુલમથી ઝુંટવી લેવું; બળાત્કારથી લઈ લેવું.*vi.*To be rent;to become parted: ફાટી જવું; જૂદું પડવું;ભેદાઈ જવું. *To r. the heart*:પસ્તાવો કરવો.

Render,(રેન્-ડર)*n.* One who rends: ફાડનાર;ચીરનાર.*vt.* [L. *re* & *do*, I give.]To return;to restore: પાછું આપવું દેવું;અદા કરવું.2.To inflict,as a retribution: વાળવું; લેવું. 3. To give up; to yield:છોડી દેવું; આપી દેવું;-ને સ્વાધીન કરવું.4.To furnish;to contribute:પૂરું પાડવું; આપવું; થશ પડવું.5 To state;to deliver:આપવું; દેવું;કહેવું;કહી બતાવવું.6. To cause to be:કરવું;બનાવવું;-થી થવું-થઇ પડવું. 7. To translate:તરજુમો કરવો; ભાષાંતર કરવું; અન્ય ભાષામાં લાવવું. 8. To set forth:બતાવવું-આગળ મુકવું; જાહેર-બહાર-કરવું ગાઇ બતાવવું;ગાનમાં ઉતારવું.9.To plaster:થાપણી દેવી;પ્લાસ્તર કરવું.*vi.*To give an account: હિસાબ આપવો;ખુલાસો કરવો 2. To pass to run:જવું;આવવું 3.To yield or give way:ઢળી જાણી જવું. *To r. back*: પાછું આપવું;સ્વાધીન કરવું.*n.*A return: બદલો.2.An account given;હિસાબ

Rendering,(રેન્ડરિંગ્)*n.* The act of one who renders:ભાષાંતર કરનારનું કામ.(*a*)A version; translation:તરજુમો;ભાષાંતર.(*b*)The presentation,expression or interpretation of an idea,theme or part:સમજુતી.(*b*)The art of laying the first coat of plaster on brickwork or stone work:સાગોળ ચુનો ચઢાવવોતે (*d*)The coat of plaster thus laid on:ટીપ;લેપ; પ્લાસ્તર.

Rendezvous,(રેન્ડેવૂ)*n.*.A place appointed for a meeting, or at which persons customarily meet:જ્યાં એકઠા થવાનો ઠરાવ હોય તે ઠેકાણું;મુકામ;સ્થળ;સ્થાન.2.The appointed place for troops: ફોજનો નીમેલો મુકામ. 3. A meeting by appointment: સંકેત સ્થાન; સંકેત સ્થળ;સમાગમ સ્થાન.4.Retreat; refuge:આશ્રયસ્થળ.*vi.* To assemble or meet at a particular place: અમુક જગાએ એકઠા થવું;મેળા થવું;સંકેત સ્થાને મળવું.*vt.* To bring together at a certain place: અમુક જગાએ એકઠા કરવા-મેળા કરવા.

Rendition,(રેન્ડિશન્)*n* [L *renditio*.]The act of rendering :ગાયન કરવું;-ને સ્વાધીન કરી દેવું તે:પાછું આપવું તે.2.Translation;version;

ભાષાંતર;તરજુમો. 3. Reproducing as a character:ભજવણી;અભિનય. 4 Reproducing as a musical passage:ગાનમાં ઉતારવું તે.

Renegade-do,(રેનીગેઇ-ડો)*n.*[L.*re*, & *nego*, I deny.] One faithless to principle or party:પોતાનો ધર્મ પક્ષ છોડનાર; સ્વપક્ષત્યાગી. (*a*) An apostate from Christianity or from any of the faith: દુષ્ટ માણસ; સદ્ધર્મત્યાગી. (*b*)One who deserts from a military or naval post: સ્વધર્મત્યાગી; રજા વગર ચાકરી છોડી જતો રહેલો માણસ. (*c*) A common vagabond:રખડેલ,રખડાઉ; લુચ્ચુ-લફંગુ માણસ.

Renew,(રીન્યૂ)*vt.*To give new life to;to reestablish; to recreate: તાજું કરવું;ફરી બાંધવું ;સમારવું ;યથાસ્થિત કરવું;જીર્ણોદ્ધાર કરવો. 2. To continue in force;to make again: જારી રાખવું;પુનઃ કરવું;ફરીથી કરી આપવું; પુનઃસ્થાપના કરવી. 3. To begin again: પુનઃ-ફરીથી આરંભ કરવું; આપવું-કહેવું. (*T'heol*)નવું કરવું;કોઇ માણસને ધર્મિષ્ટ બનાવી નવે અવતારે આવ્યા હોય તેમ કરવું;નવી મતિ આપવી; દ્વેષ કાઢી નાંખીને મનમાં ઇશ્વર તરફ પ્રેમ ઠસાવવો. *To* r. *a bond*: ખત બદલવું. *To r. one's youth*:પાછા જુવાન થઇ જવું. *To* r *one's strength*:-નું બળ તાજું થવું 4.To repeat: ફરીથી બોલવું. *vi.* To become new: નવું થવું.

Renewable,(રીન્યૂએબલ્) *a.* That can be renewed:પાછું ફેરવી શકાય તેવું; નવું કરી શકાય તેવું.

Renewal,**renovation**,(રીન્યૂએલ્-રેનોવેશન),*n.* The act of renewing or the state of being renewed: નવીકરણ;જીર્ણોદ્ધાર;પુનઃકરણ.

Renewed,(રીન્યૂડ્) *a.* New; done again:નવું;તાજું-ફરીથી થયેલું; નવીન. *With* a r.*vigour*:નવા બળથી.

Renitent,(રેનિટેન્ટ્)*a.*[L.*re*,&*niti*, to struggle.] Acting against impulse by elastic force:સામું થતું. 2.Persistently opposed:દુરાગ્રહી.

Rennet,(રેન્નેટ્) *n.* A prepared
Runnet(રન્નેટ્) inner membrane of a calf's stomach used to coagulate milk: વાછરડાના પેટની ભીતરનો (દુધ જમાવવાને સારૂ કમાવેલો) પડદો;દુધ જમાવવાનું આખરણ.

Renounce,(રીનાઉન્સ્)*vt.* [L.*re*, & *nuntio*,I announce.]To declare against;to reject or decline formally;to disclaim: કબૂલ ન કરવું; ન માનવું;અસ્વીકાર કરવો.2.To disown to dismiss: નાકબૂલ કરવું;ન માનવું; પરથી હાથ ઉઠાવવો; માથે લેવાની ના કહેવી-પાડવી-ત્યજવું-નો ત્યાગ કરવો;વર્જવું.*vi.*To make renunciation:અસ્વીકાર કરવો;ના કબૂલકરવી;વર્જવું;ત્યાગ કરવો. 2. *To* decline formally:ના પાડવી.

Renouncement,(રીનાઉન્સ્મેન્ટ્)*n.* Renunciation: ત્યાગ; અસ્વીકાર; અનંગીકાર.પરીત્યાગ;ઉત્સર્ગ.

Renovate, (રેનોવેટ્) *vt.* [L *re*, & *novo*, I make new.] *To* make over again;to renew:સમારવું; ફરીથી બાંધવું;નવું કરી આપવું.

Renown,(રીનાઉન્)*n.*Fame; celebrity:નામ;કીર્તિ;યશ;ખ્યાતિ;વિખ્યાતિ;પ્રસિદ્ધિ.2.Report of nobleness; praise:નામદારી; પ્રસિદ્ધિ;તારીફ. *vt.* To make famous:વિખ્યાતી નામના કરવી;આબરૂ વધારવી.

Renowned,(રીનાઉન્ડ્)*a.* Famous; eminent:નામીચું;પ્રસિદ્ધ; નામાંકિત-કીર્તિમાન; નામદારી-નદુ;જગપ્રસિદ્ધ;વિખ્યાત;પ્રખ્યાત;પ્રસિદ્ધ;પંકાયેલું;જગજાહેર

Rent,(રેન્ટ્)*vi. imp. and p. p. of* Rend.ફાડ્યું; ચીર્યું; વિદાર્યું. *n.* An opening made by rending; a tear: ચીરો; ફાટ; ધા; ઝટકો. 2. A schism;a rupture of harmony: તુટ;ફાટફુટ;કુસંપ;ભેખનાવ.*n.*[L *reddo*, I give up.]Income: ઉપજ;ઉત્પન્ન;આવક;વસૂલ.2.Pay; reward: બદલો;ભાગ.3. A certain periodical profit, whether in money, provisions, chattels, or labor, issuing out of lands and tenements in payment for the use: ગણોત;ભાડું ;ખારો;કિરાયું;વસુલ;મહેસુલ; સાંય;ભરવું.*vt* To lease:ગણોતે-ભાડે-સાથે આપવું;સાંયવું.2.To take and hold under an agreement to pay rent:ગણોતે-ભાડે રાખવું-લેવું.*vi.* To be leased:ગણોતે-કિરાયાની-આમદાનીની યાદ;તેહસીલની ચોપડી યાદ.

Rental,(રેન્ટલ્) *n.* [L.*renta*,] A rent roll: ગણોત-સાંય; આમદાનીની યાદ;તેહસીલની ચોપડી;વસુલ બાકીની-યાદ;જમાબંધી.2.A sum total of rents.ભાડું;સાંય; કુલજમા જમાબંધી.

Renunciation, (રીનન્સિએશન્)*n.* [L.*re* & *nuntio*,I tell.] Disavowal:abjuration;denial:ત્યાગ;ઇન્કાર;અસ્વીકાર;અનંગીકાર;પરિત્યાગ;વર્તન.

Reorganization, (રીઓર્ગેનાઈઝેશન્)*n.*The act of reorganizing; a reorganized existence: ફરીથી કરેલી ગોઠજના-રચના-વ્યવસ્થા; ગોઠવણ.

Reorganize,(રીઓર્ગેનાઇઝ્)*vt.*&*i* To organize again or anew:નવેસરથી ગોઠવવું-રચવું-વ્યવસ્થા કરવી.

Repair,(રીપેર્)*vi.*[L.*re* & *patria*, one's native country.] To return:પાછા જવું-આવવું.2.To go;to resort:જવું ;આવવું કરવું; આવવું જવું. *n.* The act of repairing or resorting to a place: ગમન;આવાગમન.2.A haunt;a resort:જવા આવવાનું સ્થળ;ખેડક *vt.*[L. *re* & paro, *I* get ready.]To restore;to mend: સમરાવવું ;સમારવું;સુધારવું;-ની મરામત કરાવવી;ટાપટીપ કરાવવી; ઠીકઠાક-દુરસ્ત કરવું;જીર્ણોદ્ધાર કરવો.2.To make amends for, as for an injury, by an equivalent: ભરી આપવું; ભરવું ; ભરી દેવું.*n.* Supply of loss; reparation:મરામત; સુધારો; સમરામણી;જીર્ણોદ્ધાર.

Reparable (રીપૅરેબલ્) *n.* That may be repaired:સમરાવી શકાય-ની મરામત કરાય એવું; પુરૂ કરી ભરી શકાય એવું.

Reparation(રપૅરેશન્)*n.* The act of renewing:મરામત;સુધારો.2. Amends;satisfaction: indemnity; ક્ષતિપૂરણ;સાટું;બદલો;અવેજ;નુકસાન.

Repartee,(રપૉર્ટી) *n.* [L. *re*, & *pars.partis*, a part] A smart, ready and witty reply: હાજર જવાબ;ચટ અને ચતુરાઇથી આપેલો ઉત્તર; જવાબ; સગયોચિત ઉત્તર; જવાબ સરસકલિત.*vt.*To make smart and witty replies:હાજર આપવા-કરવા.

Repast,(રીપાસ્ટ્)*n.*[L.*re*& *pasco*, *I* feed again] The act of taking food:જમવું-ખાવું તે;ભોજન;અશન.2.A meal:જમણ;આહાર;અન્ન; ખાવું-ભોજન;ખોરાક;ભક્ષ્ય *Slight* r.:નાસ્તો;હાજરી;કાચુ-કારૂ *vt.* To feast: ખારાતું આપવું;જમાડવું;ખવરાવવું.

Repay,(રીપે)*vt. imp* & *p. p.* Repaid, To pay back; to refund: પાછું આપવું;અદા કરવું;ફેડવું; વાળવું; વળત કરવું.2 To recompence: બદલો સાટું-અવેજ વાળવો;વાળી આપવું;પ્રતિફળ આપવું;-નો બદલો મળવો. 3. To pay anew or a second time,as a debt:આપી દેવું;ભરવું

Repayment, (રીપેમેન્ટ્) *n.* The money or other thing repaid:મજરે-પાછું આપેલું નાણું;પ્રતિદાન.

Repeal,(રીપીલ્)*vt.* [L.*re* & *appello*, I call upon.]To recall; to summon again:ફરીથી બોલાવવું. 2. To rescind or abrogate by authority:રદ્દ-બાતલ કરવું;કાઢી નાંખવું. 3.To suppress;to repel: દબાવવું.

હાંકી કાઢવું; થમાવી દેવું. *n.* Recall, as from exile: પાછું બોલાવવું તે. 2. Revocation; abrogation: રદ કર તે; વિલોપ.

Repeat,(રીપીટ્)*vt.*[I. *re & peto*, I seek.] To go over again; to recite:મોઢે કરેલું બોલવું-ભણવું;ગોખવું; કથન કર;પુનરાવૃત્તિ કર.2. To repay or refund:પાછું ભરવું-દેવું-આપી દેવું. *n.*The act of repeating; repetition:પુનરુક્તિ; પુનર્વચન-કથન; આવૃત્તિ. 2. That which is repeated: જે ફરી કહેવાયું હોય તે

Repeated,(રીપીટિડ્)*a.*Done again; ફરી ફરીને-ફરીથી-પુનઃકરેલું. *To make r. attempts*: ફરી ફરીને યત્ન કર.

Repeatedly,(રીપીટ્ડ્લિ)*ad* Frequently; done again and again: વારંવાર;પુનઃપુનઃ;ફરી ફરીને;ઘડી ઘડી; વારે ઘડીએ; ઉપરાઉપરી.

Repeater,(રીપીટર્) *n.* One who or that which repeats: વાર વાર-ફરી ફરીને કરનાર. 2.A decimal in which the same figure or figures are continually repeated: પુનરાવર્તક. 3. A watch that strikes again the previous hour at the touch of a spring: વાગતું ઘડીયાળ.

Repel,(રીપેલ્)*vt.*[L. *re & pello*, I drive.] To drive back; to force to return; પાછું હઠાવવું-હાંકી કાઢવું; આગળ વધવા નહીં દેવું;વારવું;નિવારવું. 2.To resist or oppose effectually:.અટકાવવું;-નો અટકાવ કરવો; સામું થવું:-નો રદીઓ-હરીલ આપવી;સામી ત. કરાર-હરકત લેવી. *vi.* To act with force in opposition to force impressed; to exercise repulsion: સામું જોર-બળ વાપરવું.

Repellent, (રીપેલન્ટ્) *a.* Driving back: પાછું હઠાવનાર-હાંકી કાઢનાર; આગળ વધવા નહીં દેનાર;વારણ;નિવારણ.*n.* That which repels: પાછો હઠાવનાર; હાંકી કાઢનાર;નિવારક; પ્રતિસારક.2.A remedy to repel from a tumefied part the fluids which render it tumid:સુજેલા ભાગમાથી પાચ-પરૂ બેસી કાઢે એવુ ઔષધ-ઉપચાર-ઉપાય-પ્રતિકાર. 3. A kind of waterproof cloth: પાણીથી ન પલળે પાણી તેમા ન ઉતરે એવુ લુગડું.

Repefit,(રીપેન્ટ્)*a.*[L.*re & poeniteo*, I maka to repent.] *vi. To* feel pain,sorrow or regret,for what one has done or omitted to do: પશ્ચાત્તાપ કરવો; પસ્તાવું; ખેદ પામવો; પસ્તાવો કર;દિલગીર થવું;અરેરે શિવ ! શિવ ! કર.2.*To* change the mind or the course of conduct,on account of regret or dissatisfaction:મન-બુદ્ધિ ફેરવવી 3.*To* cease to love and practise sin: પાપનો -ને માટે પશ્ચાત્તાપ-પસ્તાવો કરવો-ધિક્કારવા જવું. *vt. To* feel pain on account of:-નો પશ્ચાત્તાપ કરવો. 2. To feel sorrow or regret:દિલગીર થવું;ખેદ પામવો.3.To cause to have sorrow or regret.દિલગીર કર; ખેદ પમાડવું; પશ્ચાતાપ કરાવવો.

Repentance,(રીપેન્ટન્સ્) *n.* The state of being penitent; sorrow for what one has done or omitted to do: પશ્ચાત્તાપ; પસ્તાવો; અનુતાપ;જ્ઞાનબોધ;અનુશય;મનસ્તાપ-પશ્ચાત્તાપ બુદ્ધિ; અનુશોક; અનુશોચન.

Repentant, (રીપેન્ટન્ટ્) *a. P*enitent;sorry for sin: પશ્ચાત્તાપી; અનુશયી; દિલગીર; ખિન્ન; અનુતાપી. 2. Expressing or showing sorrow for sin: દિલગીરી સૂચક-દેખાડનારનુ પ્રશ્ચાત્તાપ યુક્ત-મય. *n.* One who repents:પશ્ચાત્તાપ કરનાર.

Repercussion,(રીપીર્કશન્)*n.*The act of driving back;reflection; reverberation: હઠાવ કાઢવું તે;પ્રતિસારણ;પ્રતિઘાત;પ્રતિપતન. 2. Rapid reiteration of the same sound; એકજ સૂરનો જેવો-ઉતારવો અવાજ.3. The subsidence of a tumor or eruption :by the action of a repellent: પાચ કાઢવાના પ્રતિકારથી સોજાનુ શમન-બેસી જવું તે.

Repertory,(રેપર્ટોરિ)*a.* [L.*re*, & *pario*, I bring forth.] A place in which things are disposed in an orderly manner, so that they can be easily found:મુકેલી ચીજો તરત જોઈએ ત્યારે હાથમાં આવે એવી જગ્યા.2.A treasury,a magazine;a storehouse: કોઠાર; વખાર; ભંડાર; ખજાનો.

Repetition,(રેપીટિશન્)*n.* [*L. re, & peto*, I seek.] The act of repeating;reiteration:ફરીથી કર તે; પુનર્વચન;પુનરુક્તિ;પુનરાવૃત્તિ-વર્તન;પુનઃ કથન; આવૃત્ત. 2. Recital from memory: મોઢે બોલી જવું તે; પઠન. 3.(*Mus.*) The act of repeating: એકજ ગાયન બીજી કે વધારે વાર ગાવું. બોલવું તે. 4.Repeating the same word: આવર્તન;દ્વિરુક્તિ; પુનરુક્તિ.

Repine,(રીપાઈન્)*vi.* To fail; to wave: નિષ્ફળ થવું;ક્ષીણ થવું; દુઃખવું.2. To continue pining;to indulge, in envy or complaint; to murmur:મનમાં બળ્યા કર; બુરવું; બળવું; અસંતોષ માનવો;ખેદ પીડા-સંતાપ પામવો;બબડવું;કકળવું;કકળાટ કરવો; ખિજ્યા કર;ચીડયા કર;રીસે બળવું;બુરવું.*n.* Mortification: દુઃખ;અસંતોષ; કકલાટ;મનોવ્યથા; શોક.

Replace, (રીપ્લેસ્) *vi.* To place again: જ્યાં પહેલા હતું ત્યાં મુકવું;પૂર્વ સ્થિતિમાં આણવું-મૂકવું.2.To refund; to repay: પાછું આપવું;ભરી દેવું;અદા કર;ફેડવું; વાળી દેવું 3.To supply or substitute an equivalent for: -ની જગામા બીજું નવું મુકવું. 4. To take the place of;to supply the want of:-ની ખોટ પૂરી પાડવી;-ની જગ્યા પુરવી;કામ સારવું;જરુર પુરી પાડવી.

Replant,(રીપ્લેન્ટ્) *vt.* To plant again: નવેસરથી વાવવું-રોપવું.

Replenish,(રીપ્લેનિશ્)*vt.* [L. *plenus*,full] To fill again;to stock anew:ફરીથી-પાછું ભરવું 2. Hence, to fill completely:પૂરપુરું ભરવું-કરવું. *vi.* To become full:ભરપુર થવું.

Replete,(રીપ્લીટ્)*a.*[L *re & pleo*, I fill.]Filled again; fully charged ભરપૂર;ભરેલું;પૂર્ણ;પરિપૂર્ણ;આઢય;મય. *vt.* To fill completely, or to satisfy:બરાબર ભરવું; ગળા સુધી ભરવું.

Repletion, (રીપ્લીશન્) *n.* Superabundant fullness:પરિપૂર્ણતા;પૂર્ણતા; પર્યાપ્ત-ભરેલું-ભરપૂર હોવું તે. 2. Fullness of blood; plethora: રક્તવૃદ્ધિ; રક્તબાહુલ્ય.

Repletive,(રીપ્લીટિવ્)*a.* Tending to make replete; filling: ભરેલું; ભરપૂર થવું.

Replevin, (રીપ્લેવિન્) *n.* A personal action which lies to recover possession of goods and chattels wrongly taken or detained: ખોટા હાથે લઈને કબજે રાખેલા માલને માટે કરેલા ફરિયાદ.2.The writ by which goods and chattels are replevied જપ્ત કરેલા માલ વસુલ કરી લેવાનું હુકમનામું *vt.* To replevy:-ની ઉપર છોડવું

Replication(રેપ્લિકેશન્)*n.* [L. *re & plico*, I fold] An answer; a reply.પ્રત્યુત્તર;જવાબ. 2.The reply of the plaintiff, in matters of fact, to the defendant's plea: વાદીનો જવાબ;પડઘો; પ્રતિધ્વનિ.4. A repetiton; a copy: ઉતારો; નકલ.

Reply,(રીપ્લાઇ)*vi.imp.& p.p.*Replied. [L. *re & plico*, I fold.] To answer:જવાબ આપવો-દેવો;ઉત્તર વાળવો;પ્રત્યુત્તર કર. 2.To answer a defendant's plea: પ્રતિવાદીએ આ-

પેલા જવાબનો વાદીએ પ્રત્યુત્તર વાળવો; ૨૬ જવાબ આપવો. 3.To do something in return for something done: કંઈ કર્યું હોય તેના બદલામાં કંઈ કરવું.*vt.*To return for an answer: જવાબ વાળવો.*n.pl.*Replies. An answer:જવાબ;પ્રત્યુત્તર;ઉત્તર;પ્રતિવચન

Report,(રીપોર્ટ્)*vt.*[L. *re* & *porto*, I carry.] To refer: હકીકત કહેવી-લખવી;-ને જાળવવું;ખબર કરવી;જાહેર-જાણ કરવું;નિવેદન કરવું.2 To bring back as an answer:ખબર કહેવી; જણાવવું. રીપોર્ટ કરવું.3.To give an account of; to relate:-નું બ્યાન કરવું; હેવાલ આપવો;-નું વર્ણન કરવું;અકૃવા ચલાવવી; ઉઠાવવી.4.To give an official account or statement of:અધિકારની રૂએ હેવાલ આપવો; જાહેર કરવું. 5. To echo: પડઘો પડવો; પ્રતિધ્વનિ થવો. 6. To return or present as the result of an examination or consideration of any matter officially referred: કરેલી તપાસનો રીપોર્ટ કરવો 7.To write an account of for publication as in a newspaper: છાપાને માટે હેવાલ લખવો.8. To make a statement of the conduct of,especially in an unfavourable sense:ના (ખરાબ) વર્તનને માટે લખાણ કરવું.9. To lay a charge against: વિષે ફરીઆદ-રીપોર્ટ કરવો. *To be r.ed*: અકૃવા હોવી-ઉડવી. *To be well.r.ed of*:-ની સારી-સુકીર્તિ હોવી.*vi.*To make a report or response, in respect of a matter inquired of,a duty enjoined or information expected: બીનાનો હેવાલ આપવો; હકીકત કહી જવી;રીપોર્ટ કરવું.2.To furnish in writing an account of a speech, the proceedings at a meeting, the particulars of an occurrence,for publication:છાપામાં લખવા માટે ભાષણનો હેવાલ લખી આપવો.*n.* That which is reported: હેવાલ;હકીકત;આપેલી ખબર-જાહેરાત.(*a*) An account or statement of the results of examination or inquiry made by request or direction: કરેલી તપાસનો રીપોર્ટ-હકીકત.(*b*)A rumour:અકૃવા; ઉડતી ખબર;વાતવાયકા; જનવાદ;ગપ;વાતચર્ચા; ગામચર્ચા.(*c*) Sound;noise: અવાજ; શબ્દ-ધડાકો;ભડાકો;ભાર;ધ્વનિ;નાદ.(*p*) An official statement of facts verbal or written:અધિકારની રૂએ આપેલો હેવાલ;કેફીયત;નિવેદન.(*e*)An account or statement of a judicial opinion or decision: ફેસલો;નિવેડો;ચૂકાદો;નિવેડાપત્ર.(*f*) A sketch of a speech: ભાષણની ટુંક નોંધ. (*g*) Fame, reputation: નામ;કીર્તિ;ખ્યાતિ; આબરૂ.*Good* r.: સુકીર્તિ;સદ્નામ;નામ.*Evil* r.: ગેરઆબરૂ; અપકીર્તિ; કુકીર્તિ.*To spread a* r. ઢંઢેરો પીટવો; અકૃવા ઉડાવવી.

Reporter,(રીપોર્ટર્) *n.* One who reports:ખબર આપનાર; બાતમીદાર; (*a*) An officer or person who makes authorized statements of law, proceeding and decisions, or of legislative debates: બાતમી આપનાર અમલદાર;વૃત્તાંત નિવેદી.(*b*)One who reports speeches; the proceedings of public meetings, news, &c.for the newspapers:વાર્ત્તિક;રિપોર્ટર;અખબારને વેશ

Repose,(રીપોઝ્)*vt* [L *re* & *pono*, I put]To lay down; to lodge: મુકવું; ધરવું. 2.To lay at rest; to rest;આરામ-વિસામો લેવો;પડવું;વિશ્રામ લેવો.3.To set;to intrust; મુકવું; રાખવું;વિશ્વાસ-ધરવો-રાખવો. *vi.* To lie at rest;to rest:આરામ લેવો;વિસામો કરવો;પડવું;પોઢવું;લાંબા થવું;આડા થવું;આડા પડવું-લંબાવું. 2.To remain or abide restfully without anxiety or alarm:મુકવું;રહેવું,આધાર-આશ્રય-વિશ્વાસ રાખવો-મુકવો. 3. To lie;to be supported: પડી રહેવું;ના ઉપર હોવું *n.*Sleep;rest;quiet: આરામ;વિશ્રામ;નિવૃત્તિ;વિશ્રાંતી; વિસામો. 2.Rest of mind: સાવધાન;ચેન;શાંતતા; શાંતિ. 3.Rest; a pause: આરામ; વિરામ.

Reposit,(રીપોઝિટ્)*vt.*[L.*re* & *pono*,I put] To place; to store:ભંડારમાં ભરવું;રક્ષણ-જતનને માટે ભરવું.

Repository,(રીપોઝિટોરિ)*n.*A place where things are or may be reposited:ભંડાર;ભંડાર;કોઠાર;નિધાન.

Reprehend, (રેપ્રીહેન્ડ્) *vt.* [L. *re* & *prehendo*, I lay hold of] To chide;to blame: ઠપકો દેવો;ખીજવું; -ને માથે દોષ મૂકવો;-ની ખોડ કાઢવી; ને ધમકાવવું.

Reprehensible,(રેપ્રીહેન્સિબલ્) *a.* Capable; blamable: ઠપકા લાયક-ચોગ્ય;દોષપાત્ર;નિંદ્ય;ગર્હિત;દૂષણીય.

Reprehension, (રેપ્રીહેન્શન્) *n.* Reproof; censure;blame:દોષ;આરોપ; નિંદા; દૂષણ; ઠપકો.

Represent(રપ્રીઝેન્ટ) *vt.* [L. *re* & *presento*, I place before.] To present again;to typify: બતાવવું; દેખાડવું;દર્શાવવું-ની નીશાની હોવી. 2. To delineate:આલેખવું; ચિતરવું. 3. To personate: નો સોંગ-વેષ ધારણ કરવો-લેવો. 4. To stand in place of;to supply the place of:-ની તરફથી હોવું;-ની જગાએ ઉભા રહેવું; નું સ્થાન લેવું;પ્રતિનિધિ હોવું-થવું. 5. To show;to set forth; to deseribe: વર્ણવવું;નિરૂપણ કરવું;-નું બ્યાન કરવું;નિવેદન કરવું;દેખાડવું;જણાવવું;બતાવવું; વિષે કહેવું;જાણ કરવું. 6.To serve as a sign or symbol of:નિશાની-ચિન્હથી દર્શાવવું-ની નિશાની હોવી.

Representation,(રેપ્રીઝેન્ટેશન્) *n.* The act of representing, in any sense of the verb: દર્શન; વર્ણન;આલેખન;નમુનો.2.That which represents: વર્ણન.(*a*)A likeness, a picture, or a model:પ્રતિમા;મૂર્તિ;તસ્વીર; આકૃતિ;છબી; આવલું; પ્રતિબિંબ;ચિત્ર; પૂતળું;દર્શક વસ્તુ. (*b*) A dramatic performance: નવો વેશ-સોંગ; અભિનય; નવું રૂપ ધારણ.(*c*) A description; a statement: વર્ણન; બ્યાન; હકીકત;વૃત્તાંત; હેવાલ. (*d*)The body of those who act as representatives of a community: વકિલ;પ્રતિનિધિ.(*e*) Any collateral statement of fact: વિનતિ; અરજ; વિજ્ઞાપના;વિજ્ઞપ્તિ; યાદી. R.*against*: ગિલ્લો;આળ;તોહોમત;ફરીયાદ ઉડાવી તે.

Representative, (રેપ્રીઝેન્ટેટિવ્) *a.* Fitted to represent; exhibiting a similitude:સાદૃશિક;દર્શક; દૃષ્ટાંતરૂપ; દૃષ્ટાંતિક; લાક્ષણિક 2.Bearing the character or power of another: પ્રતિનિધિરૂપ; વકિલ લાયક. 3.Conducted by persons chosen to represent,or act as the deputies for, the people:પ્રતિનિધિ; વિશિષ્ટ.*n.* One who or that which represents:દર્શક; મૂર્તિ.2.An agent who supplies the place of another, or others,being invested with his or their authority: પ્રતિનિધિ; વકિલ.3. One who represents or stands in the place of, another: વકીલ; પ્રતિરૂપ; મુખ્તયાર. *Legal* r.: વારસ વકીલ.

Repress,(રીપ્રેસ્) *vt.*[L.*re* & *premo*, I press.] To press again:ફરી દબાવવું-દાબવું. *vt.*To quell; to subdue;to crush down:ગેસાડી; દેવું; સમાવવું;દાબી દેવું. 2. To check; to restrain: દાબ-પાકમાં રાખવું;-નો નિયમ નિગ્રહ-સંયમ રાખવો; ઉપર અંકુસ-અઠકાવ રાખવો;-ને બંધનમાં રાખવું. *n.*The act of repressing:નિરોધ; નિગ્રહ; દાબ; અંકુશ.

Repressive,(રીપ્રેસિવ્) *a.* Having power to repress: દાબમાં રાખે-બેસાડી દે એવું;નિરોધી;નિગ્રહકારી;દાબનું.

Reprieve, (રીપ્રીવ્)*vt.*[L.*reprobo*, *I* reject.]To delay the punishment of;to suspend the execution of sentence on;to give a respite to:-ની શિક્ષામાં વિલંબ કરવો; શિક્ષા કરવી મુલતવી રાખવી;શિક્ષા કરવામાં તહકુબી રાખવી.2. To relieve for a time:-માથી થોડા વખત સુધી છુટું-મોકળું-મુક્ત કરવું; વિસામો-વિશ્રામ આપવો; થોડીવાર મટે તેમ કરવું. *n.* A temporary suspension of the execution ot a sentence, especially, of a sentence of death; દેહાંત દંડની શિક્ષા મુલતવી રાખવી તે; શિક્ષા વિલંબન; દંડનવિલંબન; શિક્ષાની તહકુબી.2.*I*nterval of ease or relief: થોડીવારનો છુટકારો-આરામ; વિસામો;વિશ્રામ;વિશ્રાન્તિ.

Reprimand,(રેપ્રિમાન્ડ્)*n* [L*re* & *premo*,*I* press.]Severe or formal reproof;reprehension: ઠપકો; દોષ; શબ્દમાર; નિંદા; વાગ્દંડ. *vt.* To reprove severely; to reprehend: ઠપકો-દોષ દેવો;ધમકાવવું; દબડાવવું; ધમકી આપવી; શબ્દમાર-વાગ્દંડ આપવો;અટાવવો;-ની ધૂળ કાઢી નાખવી.

Reprint, (રીપ્રિન્ટ્) *vt.* To print again:ફરીથી છાપવું.2. To renew the impression of:ફરીથી નવી આકૃતિ કાઢવી.*n.* A second or a new impression or edition of any printed work:ચોપડીની બીજી-નવી આવૃત્તિ-છાપણી.

Reprisal,(રીપ્રાઈઝ્લ)*n.*[L.*re*& *prehando*, *I* seize.]The act of taking from an enemy by way of retaliation:શત્રુ પે જે કાંઈ લીધું હોય તેના બદલામાં શત્રુનું કાંઈ પકડી લાવવું તે; પ્રત્યહરણ; પ્રત્યપહાર; પ્રત્યપહાર.2 Anything taken from an enemy in retaliation: દુશ્મનની પાસેથી વેરના બદલામા લીધેલી વસ્તુ. 3.Any act of retaliation:-નો બદલો-વેર વાળવું તે;વેર; બદલો; પ્રતિપીડન;સાટું.

Reproach, (રીપ્રોચ્)*vt* [L *re*, & *prope*, near.] To come back to as a matter of blame;to disgrace -ને એબ-અટ્ટો-નામોશી લગાડવી; કલંકિત-દૂષિત કરવું;-ને બદનામ કરવું;આળ ચઢાવવું.2. To attribute blame to; to upbraid:આરોપ મુકવો;ઠપકો દેવો -ની નિંદા કરવી;-નો તિરસ્કાર કરીને-ધિક્કારીને ઠપકો દેવો; ધૂતકારી કાઢવું. *n.* **Abusive reflection; invective; contumely; opprobrium:** ઠપકો; નિંદા;અપવાદ;દૂષણ,તિરસ્કાર; ધિક્કાર. 2.Shame;disgrace: બદનામી;અપમાન;અપકીર્તિ;કલંક;એબ;આળ;આરોપ: બટ્ટો.3.Scorn;derision: નિંદાપાત્રતા ઠપકો.

Reproachful,(રીપ્રોચ્ફુલ) *a* Upbraiding;abusive: તિરસ્કાર સહિત ઠપકાનું;નિંદા ભરેલું;નિંદાનું ; નિંદાત્મક; નિંદારૂપ.2. Shameful;base:નિંદાલેાગ;લજ્જાજનક ;નીચ;નિંદ્ય;ગર્હ્ય;ગર્હણીય;વજ્જાપદ;અપકીર્તિ ભરેલું.

Reprobate,(રીપ્રોબેટ્) *a.* [L.*re* & *probo*, I disapprove.]Not enduring proof or trial;disallowed: પરીક્ષા થએથી ખોટું નીકળેલું; નાપસંદ કરેલું;નકામું ગણી કાઢેલું; નકારેલું. 2. Abandoned to punishment;depraved:પાપમાં ગરક થઇ ગએલું;વહીબેહેકી ગએલું;દુરાચારી; વંડીગએલું; પાપાત્મા;દુરાત્મા. 3. Pertaining to one who is given up to wickedness:દુષ્ટ;નિંદ્ય;ગર્હ્ય; દુરાચારી; પાપમય;પાપીષ્ટ.*n.*One morally abandoned and lost: વહી-વંઠી-બહેકી-ગએલું માણસ.*vt.*To disallow;to condemn as unworthy: ઘણું ખોટું માનવું;ના પાડવી;અમાન્ય કરવું;ધિક્કારવું; તિરસ્કાર કરવું;-ને દૂષણ દેવું; અતિ નાપસંદ કરવું.

Reproduce,(રીપ્રોડ્યૂસ્)*vt.* To produce again:નવેસર-ફરીથી પેદા ઉત્પન્ન કરવું(*a*)To bring forward again: ફરીથી આગળ આણવું; ભજવી બતાવવું. (*b*)To cause to exist again:ફરીથી ઉપાડવું.(*c*)To produce again:ફરીથી ઉત્પન્ન કરવું.(*d*)To portray: છબી પાડવી-ચિતરી દેખાડવું.

Reproof,(રીપ્રુફ્) *n.* Refutation; confutation:રદીઓ; ખંડન: દલીલ. An expression of blame or censure; reproach: નિંદાવાક્ય;વચન; શબ્દપ્રહાર;માર;ખોલ;મેણું;વાગ્દંડ;ઠપકો,ખોલ મારવા-સંભળાવવા તે.

Reproval,(રીપ્રૂવલ્)*n.*Reproof: ઠપકો;નિંદા;શબ્દપ્રહાર-માર; ખોલ;મેણું.

Reprove,(રીપ્રૂવ્)*vt.* To convince ખાત્રી કરી આપવી;-ની પ્રતીતિ આપવી. 2.To disprove;to refute: ખંડન કરવું.-નો રદીઓ આપવો;ખોટું પાડવું.3. To chide;to censure: ઠપકો દેવો; -નો દોષ કાઢવો-ઉપર દોષ મુકવો;વાગ્દંડ આપવો; ધમકાવવું. 4. To express disapprobation of:-ની ખોડ કાઢવી;-ને માટે વઢવું;પ્રત્યે અસંતોષ જણાવવો;નાપસંદગી બતાવવી.

Reptile,(રેપ્ટાઇલ્)*a.* [L. *repo*, I creep,] Creeping; moving on the belly:પેટ ઘસડીને ચાલનારું;-પગા નાના પગે ચાલવું.2. Low; vulgar: નીચ;અધમ;ક્ષુદ્ર;પાજી;હલકું;પામર. *n.* An animal that crawls,or moves on its belly:પેટે ચાલનારું પ્રાણી: સાપ;ગરોળી વિ૰;કૃમિ.2.A grevelling or very mean person: નીચ-અધમ-હલકો માણસ.

Republic,(રીપબ્લિક્)*n* [L.*res*, a thing; a state & *publicus*, belongiug to the people.] Common weal: સાર્વજનિક હિત. 2. A commonwealth: પ્રજાસત્તાક રાજ્ય; લોકસત્તાત્મક રાજ્ય; લોકાધિપત્ય; પ્રજાતંત્ર.R. *of letters*:સાક્ષરમંડળ.

Republican (રીપબ્લિકન્) *a.* Of or pertaining to a republic: પ્રજાસત્તાક રાજ્યનું; લોકાધિપત્યનું-સંબંધી; પ્રજાતંત્રવિષયક. 2. Consonant with the principles of a republic.પ્રજાસત્તાક રાજ્યના ધારા પ્રમાણેનું; લોકમતાનુસારી.*n.*One who favors or prefers a republican form of government: પ્રજાસત્તાક રાજ્ય પસંદ કરે-પડે તે માણસ.2.A member of the republican party: પ્રજાસત્તાક રાજ્યની મંડળીનો માણસ;પ્રજાપ્રભુત્વ પક્ષાવલંબી.

Republicanism,(રીપબ્લિકનિઝમ્) *n.* The principles of republican government: પ્રજાસત્તાક પદ્ધતિ.2.Attachment to republican government: પ્રજાસત્તાકરાજ્ય પસંદ કરવું-પડવું તે;પ્રજાસત્તાક મતનો વાદ.

Republish,(રીપબ્લિશ્)*vt.* To publish anew:ફરીથી છપાવી પ્રસિદ્ધ કરવું.

Repudiate,(રીપ્યૂડિએટ્)*vt.*[L. *re* & *pudo*,I am ashamed]To cast off; to eject:-પરથી હાથ ઉઠાવવો;છોડી દેવું;તજવું; ત્યજવું;નકાર વાસવા;વિષે છુટ્ટી પડવું.2.To divorce,put away or discard as a wife,or a woman one who has promised to marry:છેડો ફાડવો-ફાડી આપવો,તલાક આપવો; છુટાછેડા કરવા;વિવાહ સંબંધનો ત્યાગ કરવો; ના કહેવું;કહીને વચની ફરી જવું.3.To refuse to acknowledge or to pay:નાકબૂલ કરવું;આપવાની ના કહેવી ના પાડવી;નકાર વાસવો.

Repudiation, (રીપ્યૂડિએશન્) *n.* The act of repudiating, or the state of being repudiated: હાથ ઉઠાવવો તે;તલાકતામું;અસ્વીકાર; પ્રત્યાદેશ;પરિત્યાગ;વિવાહ સંબંધ ત્યાગ.

Repugnance-cy,(રીપગ્નન્સ્-ન્સિ) *n.*[L.*re*& *pugno*, I fight.]Opposition;contrariety:વિરોધ; પ્રતિકૂળતા; વિરુદ્ધપણું;વિપરીતતા;વિરોધાભાવ. 2.

Aversion; reluctance: નાખુશી; અણગમો;અનિચ્છા.વિરાગ;કંટાળો;ત્રાસ; સંકટ;વિમુખતા.

Repugnant, (રીપગ્નૅન્ટ્) *a. Hostile;contrary;* inconsistent; offensive: પ્રતિકૂળ; સામું;ઉલટું;વિરુદ્ધ; વાંકુ ;વિપરીત;વિરોધી;નારાજી; નાખુશ; વિમુખ.

Repulse,(રીપલ્સ્)*vt.*[L,*re,* & *pello, I* drive.] To repel; to drive back:સામા થઈને અટકાવવું;પાછું હડાવવું-કાઢવું 2. To reject; to send away:ના પાડી;કાઢી મુકવું. *n.* the act of repelling or driving back:નિ:સારણ,પ્રતિઘાત-પરાજય;ભંગ;હડસેલો; ઠેલો પાછું હડવું તે.2. Refusal;denial;failure:સામો અટકાવ; નડતર;નકાર. *To meet with a* r. પાછા હડવું-પડવું.

Repulsion, (રીપલ્શ્યૉન્) *n.* The action by which bodies or their particles repel each other: પ્રતિસારક શક્તિ-ગુણ;પ્રત્યાકર્ષણ;અપકર્ષણ.

Repulsive-sory(રીપલ્સિવ્-સોરિ) *a.*Serving,or able to repulse: પ્રતિસારક,નિવારક; પ્રતિસારી; પ્રતિઘાતક;પ્રત્યાકર્ષક.2.Forbidding; cold; offensive:ઉમળાયાવગરનુ ;અપ્રીતિજનક;ગમે નહિ એવું; ત્રાસજનક; અપ્રિય: બીભત્સ;નિંદ્ય;નિ:સનેહ;અતડું.

Reputable,(રેપ્યૂટેબલ્) *a.* Honorable;respectable; praiseworthy: આબરૂદાર; પ્રતિષ્ઠિત; હુરમતદાર; શિષ્ટ; શહાલેગ:માતબર;સંભાવિત; માનનીય; માન આબરૂનુ જાળવું;માનયુક્ત;સંભાવ્ય; કીર્તિપ્રદ-માનપ્રદ;માનદાયક.

Reputation, (રેપ્યૂટેશન્) *n.* Repute, the character attributed to a person:કીર્તિ;પ્રસિદ્ધિ;ખ્યાતિ;યશ;પ્રતિષ્ઠા;ગૌરવ;ઇજ્જત;વકર.2. The character imputed to a person in the community in which he lives:-ઇજ્જત;આબરૂ;નામ.3.Good reputation; public esteeming; good name: સારી આબરૂ; હુરમત; માન;શાખ;આટ,ભરમ;ઇજ્જત;નામ;સન્માન.4.Account;value:હિસાબ;કિંમત.

Repute,(રીપ્યૂટ)*vt.* [L. *re,*& *puto,* I reckon.]To hold;to think:ગણવું;માનવું;લેખવું,સમજવું.*n.* Established opinion; public estimate. માન;આબરૂ.2.Good character or reputation: કીર્ત્તિ;ઇજ્જત;આબરૂ;શાખ; હુરમત;ખ્યાતિ;ગૌરવ;પ્રતિષ્ઠા. *Old* r.: પુરાતન કાળથી રાખેલો મત.*Good* r:. સુકીર્ત્તિ;સારૂ નામ;શાખ.*Ill* r :અપકીર્ત્તિ;દુકીર્ત્તિ;ખોટીશાખ;બદનામ.

Reputed,(રીપ્યૂટેડ્)*a.* Honorable: કીર્ત્તિવાન;ગણેલું;અભિમત;જગપ્રસિદ્ધ.

Request,(રીક્વેસ્ટ્) *n.* [L. *re* & *quœro,* I seek] Solicitation; prayer;petition: પ્રાર્થના; વિનંતિ; વિજ્ઞાપના;એહતેમાસ;અરજ; દરખાસ્ત; ભલામણ;યાચના.2. That which is asked for: માગેલી વસ્તુ-ચીજ;માગ; માગણું;ઇચ્છા.3. Demand: માગણી; ખપ; આકાંક્ષા; તલપ; અભિલાષ. *vt.* To ask for;to solicit: માગવું;ઇચ્છા કરવું;પ્રાર્થના કરવી.2.To address with a request:વિનંતિ અરજ કરવી.*To be in* r:માગે-ભાવ પુછે એવું હોવું;-નોખપમાગ-હોવી.

Requiem, (રીક્વિએમ્) *n.* [*re* & *quies,* rest.] A mass said or sung for the purpose of a departed soug:મૃત્યુ પામેલાને માટે બલીદાની;મૃતની શાંતિ માટેનુ ગાયન.Rest; quiet;peace:શાંતિ;ચૈન;સમાધાન.

Require,(રીક્વાઇર્) *vt.* [L. *re* & *quoero,*I seek.]To demand; to exact:માગવું:સત્તાના હકથી કહેવું ;આજ્ઞા કરવું;હુકમ ફરમાવવો; ઉઘરાવવું.2. To need: જરૂરીઆત હોવી; જરૂર પડવી; એહતમાસ કરવું-ની તંગી-ખપ હોવો; જરૂરી-દરકાર હોવી. 3. To request: પૂછવું,માગવું.4.To call to account for: પુછવું;માગવું.5.To avenge: નુકશાનનો બદલો લેવો

Requirement, (રીક્વાઇર્મેન્ટ્) *n* Demand:સત્તા-હકની માગણી.ફરમાવેલુ હોયતે; ફરજ,કર્તવ્ય;ફરમાન.2.An essential condition;a need: અપેક્ષા;ગરજ;જરૂરી;દરકાર;અગત્ય

Requisite,(રેક્વિઝિટ્)*n.* Something indispensable: જરૂર-અગત્યનુ ; હોય તે;જરૂરની-અગત્યની ચીજ; અવશ્યકવસ્તુ;દ્રવ્ય.*a.*Necessary, indispensable:જરૂરનું;અગત્યનુ ;આવશ્યક; અપેક્ષિત.

Requisition,(રેક્વિઝિશન્) *n* [:L. *requisitio,* a searching.] The act of requiring as of right: માગણી,દાવો કરવો તે;અરજી. (*a*) A formal demand made by one state upon another for the surrender of a fugitive from justice: માગણું; કેદી સોંપવાની માગણી, ધાસદાણાની માગણી (*b*) A notarial demand of a debt: ઉઘરાણી. 2. That which is required by authority:દાવો.3.An invitation; નોતરૂ;આમંત્રણ.

Requital,(રીક્વાઇર્ટલ્)*n.* The act of requiting: good or bad return:(*in a good sense*) compensation:recompense: (*in a bad sense*) retaliation; retribution: વેર વાળવું તે;પ્રતિદંડ;અવેજ;બંગ; બદલો;સાટું;પ્રતિકૃત;પ્રતિકર્મ;સજા.

Rescind,(રીસિન્ડ્)*vt.* [L. *re,* & *scindo,* I cut.] To cut off; to annul:રદ-બાતલ-મોકુફ કરવું.2.To repeal:રદ કરવું;તામુદ કરવું.

Rescission,(રીસિઝન્)*n.* The act of rescinding: રદ્દ;વિલોપ.

Rescript,(રીસ્કિપ્ટ્)*n* (*a*) The answer of an emperor when formally consulted by particular persons or some difficult question: કોઇ કાયદાસર સવાલનો બાદશાહે આપેલો જવાબ-ઉત્તર.(*b*)An edict;a decree:રાજાજ્ઞા ;રાજાનો હુકમ; આજ્ઞાપત્ર;ફરમાન;પરવાનો;રાજ આજ્ઞા. 2. The official written answer of the Pope: કોઇ કાયદા સબંધી કે ની તે સબંધી સવાલનો પોપે આપેલો જવાબ-ઉત્તર.3.A counterpart:સામું અડધિયું-પાખિયું.

Rescue,(રસ્કયૂ)*vt.*[L.*re, ex &quatio,* I shake.] To free or deliver from any confinement,violence danger or evil:છોડવવું;છોડવું; બચાવવું મુકત-માનમુક્ત કરવું;તારવું;ઉદ્ધારવું, -નો બચાવ-છુટકારો કરવો.*n.*The act of rescuing;liberation:છુટકારો; મુક્તતા; બચાવ;રક્ષણ;તારણ;ઉદ્ધાર;મોક્ષ. 2. (L*aw.*) The forcible liberation of a person from an arrest or imprisonment:કોઇ પણ માણસને કેદમાંથી જબરજસ્તીથી મુક્ત કરતે;જોર જુલમથી છુટકારો-બચાવ; કાયદાસર પકડાયેલી ચીજને કાયદા વિરૂદ્ધ પાછી જોર જુલમથી છોડાવી લેવી તે.

Research,(રાસર્ચ્)*vt.* To search again,to examine anew: ફરીથી શોધવું,ફરીવા ધાસવું. *n.* Diligent inquiry or examination in seeking facts or principles:શોધ;સંશોધન;તપાસ;ખોજ; તપાસ; અન્વેષણ; જીજ્ઞાસા;માર્ગણ.*vt.*To seek diligently.મહેનતથી શોધવું;સંશોધન કરવું.

Resemblance, (રીઝેમ્બ્લન્સ્) *n.* Similitude,similarity; likeness: સરખા-મળતાપણું ;સાદૃશ્ય;સામ્યૅ; સામ્ય;ઉપમા;છાયા; સરખાવટ. 2. A representation;a likeness: પ્રતિરૂપ; પ્રતિબિંબ; પ્રતિનિધિ; નિસબત; ઉપમા; પ્રતિમા.3.A comparison; a simile: ઉપમા;સાદૃશ્ય;બાદકાર.4. Probability:સંભાવના;સંભાવના.

Resemble,(રીઝેમ્બ્લ્)*vt.* [*L.re,* & *similis,*similar.] To be like or similar to:-ના જેવું-સરખું હોવું-થવું-નીકળવું;મળતા આવવું.2. To liken;to

compare: સરખાવવું;-ની ઉપમા તુલના-બરાબરી આપવી. 5. To counterfeit; to imitate:-ની નકલ કરવી; જુદો ઢોંગ કરવો. 4. To cause to imitate or be like: નકલ કરાવવી.

Resent, (રીઝેન્ટ્) *vt.* [L. *re* & *sentio*, *I* feel.] To be sensible of; to feel: લાગવું. (*a*) *In a good sense.* to take well: સારૂં લાગવું. (*b*) *In a bad sense*, to take ill: માઠું લાગવું; નાખુશી-અણખુશી બતાવવી; બુરૂં માનવું. 2. To recognize; to perceive by smelling: સુંઘીને વાસથી પારખવું; સુંઘી જોવું. *vi.* To feel resentment: ગુસ્સો લાગવો-ચઢવો; ગુસ્સે થવું; ક્રોધે ભરાવું. 2. To smell; to savor: સુગંધી આવવી.

Resentful, (રીઝેન્ટ્ફુલ) *a.* Irritable: ખીજવાઈ જાય એવું; ચિડિયું; તામસી, ક્રોધી; ગરમ મિજાજ

Resentment, (રીઝેન્ટ્મેન્ટ્) *n. In a good sense*, satisfaction, gratitude; સંતોષ; કૃપા; મહેરબાની; ઉપકાર. 2. *In a bad sense*, anger; displeasure; indignation: ક્રોધ; ત્રાસ; રોષ; રીસ; મરજી; રાગ: દ્વેષ; સંતાપ; ઇતરાજી.

Reservation (રેઝર્વેશન્) *n* The act of reserving or keeping back; reserve: રાખી મૂકવું-મૂકી છોડવું તે; ગોપન. 2. Something withheld, either not expressed or disclosed: દાબી રાખેલી-ઉંચી મૂકેલી વસ્તુ ચીજ. (*Law*) proviso: ખુલી-જાહેર જવાય તેવું વાક્ય-બારી. *Mental* r.: મનમાં પાપ રાખીને કહેવું; કપટસાદ આપવી. *To speak without* r.: મોકળે મને બોલવું; પેટ ખોલીને બોલવું. 3. A tract of the public land reserved for some special use: અમુક ઉપયોગને માટે રાખેલી જમીન.

Reserve, (રીઝર્વ્) *vt.* [L. *re* & *servo*, 1 keep.] To keep back; to retain; રાખવું; પેટમાં રાખવું; ભંડાર નહીં કાઢવું. 2. To keep in store for future or special use: ભવિષ્યના અગર અમુક ઉપયોગને માટે રાખી મૂકવું; ધરાયદું રાખવું 3. To make an exception of; to except: -નો અપવાદ કરવો; બાતલ કરવું. *n.* The act of reserving: રાખી-મૂકી છોડવું તે. 2. That which is reserved: રાખી મૂકેલી વસ્તુ; કશા માટે રાખેલો-ઉંચો મૂકેલો પદાર્થ; શિલક; પોતુ. 3. Exception: અપવાદ. 4. Backwardness; caution in personal behaviour: લાજ; પડદો; ખચકો; સંકોચ; અલ્પભાષણ; નિગ્રહ; નિરોધ; ડાચકાઇ; ડાચકાપણું; આરેખ મપણું. 5. A track of land reserved for a particular purpose: અમુક કારણ માટે રાખી મુકેલી જમીન. 6. A body of troops in the rear of an army, drawn up for battle, reserved to support the other lines as occasion may require: કાલતું રાખી મુકવું સૈન્ય ફોજ. 7. Funds kept on hand to meet liabilities: ભાગવું; પતવવાને માટે રાખી મુકેલો અવેજ; અનામત રાખેલો અવેજ.

Reserved, (રીઝર્વ્ડ) *a.* Kept for future or special use, or for an exigency: અમુક ઉપયોગ માટે રાખી મુકવું; ધરાયદું. 2. Not free or frank: શરમાળ; મોકળા મનનું નહીં; સંકોચશીલ; અલ્પભાષી; ડાચકું; ગંભીર; મનમાં પડદો રાખવું; મનમેલું.

Reservoir, (રેઝર્વ્વોર્) *n.* [L. *re*, & *servo*, I keep] A place where anything is kept in store: ટાંકું; ટાકો; તલાવ; કુંડ; હોજ; જળાશય. 2. A small intercellular space; ઝરો: કુંડ.

Reside, (રીઝાઇડ્) *vi.* [L. *re.* & *sedeo*, 1 sit.] To dwell permanently or for a considerable time: રહેવું; વાસ કરવો; -ના વાસી-વતની થવું; વસવું. 2. To have a seat or fixed position; to inhere: વાસ કરવો; રહેવું. 3. To sink; to settle: બેસવું; ઠરવું; તળીએ જવું.

Residence, (રેઝિડેન્સ્) *n.* The act or fact of residing in a place for some continuance of time: સ્થિતિ; વસ્તિ; અધિષ્ઠાન; વાસ; નિવાસ. 2. An abode; a dwelling or habitation: મકાન; ઘર; રહેઠાણ; રહેવાની જગ્યા; વાસસ્થાન; વાસ; નિવાસ; ગૃહ; આશ્રયસ્થાન; આવાસ; રેરો; મુકામ; ભુવન. 3. Refuse; residuum: કચરો; પૂને; અવશેષ

Residency, (રેઝિડેન્સિ) *n.* Residence: રહેઠાણ; વાસ; સ્થાન. 2. A political agency at a native court in British India, held by an officer styled the Resident: રેસીડન્ટને રહેવાની જગ્યા.

Resident, (રેઝીડેન્ટ્) *a.* Dwelling or having an abode, in a place for a continued length of time: રહેનાર; વાસી; નિવાસી; સ્થાયી રહેવાસી. 2. Fixed, certain: નક્કી; નિશ્ચિત; કાયમ; સ્થાયી. *n.* One who resides or dwells in a place for some time: વસનાર; રહેવાસી. 2. A diplomatic representative who resides at a certain court: પારકા દેશોના દરબારમાં સરકાર તરફથી રાખેલો વકીલ; રેસીડેન્ટ.

Residual, (રીઝિડ્યુઅલ્) *a.* Pertaining to a residue; remaining after a part is taken: કાઢ્યા પછી બાકી રહેવું; અવશિષ્ટ. *n.* The difference of the results obtained by observation, and by computation from a formula: શેષ; અવશેષ.

Residenter, (રેઝિડેન્ટર્) *n.* Same as *Resident*.

Residuary, (રીઝિડ્યુઅરિ) *a.* Consisting of residue: બાકી રહેલા સંબંધી; શેષ-અવશેષ સંબંધી. R. *legate*: કરજ વિ૦ બાદ કર્યા પછી બાકી રહેલી જંગમ માલ મિલકતનો વારસ. R. *clause*, વસિયતનામાની જે કલમમાં બાકી રહેલી મિલકતની વ્યવસ્થા કરી હોય તે કલમ.

Residue, (રેઝિડ્યૂ) *n.* [L. *residuum*, residue.] Remnant; remainder: બાકી; શેષ; સિલક; અવશેષ; શેષ; જમા. 2. That part af a testator's estate which is not disposed of in his will by particular and special legacies and devises, which remains after payment of debts and legacies: દેવું; ભાગ વિગેરે પતી દેતાં બાકી રહ્યા છતા અમુક કે ચોકસ ભાગ પાડી ભાગીદારોને વસિયતનામામા વહેંચણ ન કરી આપી હોય એવો વસિયતનામું કરનારની મિલકતનો ભાગ. 3. An atom or group regarded as a portion of molecule: અણું અગરઅણુઓનો સમૂહ.

Resign, (રીસાઇન્) *vt.* [L. *re* & *signum*, a mark.] To affix one's signature to, a second time; to sign again: ફરીથી સહી કરવી. *vt.* (રીઝાઇન્) To give up; to yield: ને તાબે થવું; કબજે થવું; વશ-આધીન થવું; ત્યજવું; -નો ત્યાગ કરવો; ઉત્સર્ગ કરવું; -નું પાણી જવા મુકવું. 2. To relinquish; to abandon: છોડવું; -નું રાજીનામું આપવું; -નો હાથો છોડવો; પરથી હાથ ઉઠાવવો; પોતાનું નથી એમ કહેવું. 3. To commit to the care of: સોંપવું; -ને સ્વાધીન કરવું; હવાલે કરવું; અર્પવું; સમર્પવું. *To r. one's judgment*: પોતાની સમજ છોડીને બીજાનું કહ્યું માનવું. *To r. to one's fate*: જે થાય તે થાઓ એમ કહીને નશીબને આધીન થવું; નસીબ ઉપર છોડી રાખવી.

Resignation, (રેઝિગ્નેશન્) *n.* Surrender; abandonment; abdication: ઉત્સર્ગ; ઉત્સર્જન, ત્યાગ; પરિત્યાગ; રાજીનામું; અર્પણ. 2. Patient submission: unresisting acquiescence: સંતોષવૃત્તિ; તિતિક્ષા; સંતોષભાવના.

Resigned, (રીઝાઇન્ડ્) *a.* Calmly

submissive: ક્ષમારૂપ;બધાણે નહિ એવું શાંતિથી ખમી રહે એવું. R. *to the will of God*: ઈશ્વરની મરજીને તાબેદાર; ઈશ્વરેચ્છાધીન.

Resignment,(રીઝાઈન્મેન્ટ્)*n.* The act of resigning: હાથ ઉઠાવવો તે; ત્યાગ; ઉત્સર્ગ; પરિત્યાગ.

Resilience,(રીઝિલિએન્સ્)*n.*[L. *re & salio*, I leap.] The act of resiling, springing back, or rebounding: પ્રત્યાઘાત; ઉછાળો; ઉલટ.

Resin,(રેઝિન્)*n.*[Gr. *rheo*,I flow.] Any one of a class of yellowish brown solid inflammable substances of vegetable origin, which are nonconductor of electricity: રાળ; ખીજોરો; રાજન.

Resinous,(રેઝિનસ્)*a.*Having the quality of or resembling resin: રાળના ગુણ-ધર્મવાળું-ના જેવું.

Resist,(રીઝિસ્ટ્)*vt.* [L.*re* & *sisto*, I stand.] To withstand; to obstruct:-ની સામા થવું; આડા પડવું; પ્રતિકૂળ હોવું.2 To strive against; to oppose:-ના સામા થવું;ખાળવું;તરફડિયાં મારવાં-અટકાવ કરવો;-ના સામાં પ્રયાસ-પ્રયત્ન કરવો. 3.To counteract, as a force, by inertia or reaction: સામાબળથી ખાળવું; વારવું; નિવારવું. *vi.*To make opposition:અટકાવ કરવો.

Resistance,(રીઝિસ્ટન્સ્)*n.* Opposition,passive or active:અટકાવ; વિરોધ;પ્રતિરોધ;પ્રતિબંધ;ખાળો; આડ. 2.The quality of not yielding to force or external pressure: નડતર; પ્રતિરોધ. 3. The means or method of resisting: આડ; આડખીલી;પ્રતિબંધ; નડતર;ટક્કર;ડફણ;વિઘ્ન.

Resisting,(રીઝિસ્ટિન્ગ્)*a.*Making resistance; opposing: અટકાવનારું; હરકત કરનારું; વિરોધી; પ્રતિબંધક. R. *medium*: પ્રતિરોધી મધ્યસ્થાન.

Resistless,(રીઝિસ્ટલેસ્)*a.*Irresistible:અટકાવ નહિ થઇ શકે એવું; સામે નહિ રહી શકાય એવું-અટકાવી નહિ શકાય તેવું; અનિવાર્ય.

Resoluble,(રીઝોલ્યૂબલ્)*a.* Resolvable;soluble:ઓગાળે એવું;ભાગે એવું; દ્રવ્ય; દ્રાવણીય.

Resolute,(રેઝ્ઝોલ્યૂટ્) *a.* [*L. re, & solvo*,I lose.] (*a*) Determined; resolved: દૃઢ; ફરે નહીં એવું અડગ; વજ્ર સંકલ્પી; આગ્રહી; નિગ્રહી;દમદાર. (*b*) Bold;firm:બહાદુર; હિમ્મતવાન; ધીરજવાન.2 Sure: satisfied: નક્કી; સંતોષકારક;દૃઢતા ભરેલું; દૃઢતાદર્શક.*n.* One who is resolute: દૃઢ માણસ; સાહસિક.

Resolution,(રેઝોલ્યૂશન) *n.* The act,operation, or process of resolving: પૃથક્કરણ; વિવેચન; છોડવવું તે.2.Relaxation: શિથિલતા. 3.Steadiness; constancy; firmness: દૃઢતા;દમ;ધૈર્ય;આગ્રહ;ધીરતા; હિમ્મત; અડગપણું;ધારણા.4.A settled purpose; determination: નિશ્ચય; નિર્ણય;સંકલ્પ;મનસુબો;ઠરાવ; કરાર; મત. *Firm* r.: વજ્રસંકલ્પ. *Government* r. સરકારનો ઠરાવ. 5. Conviction; assurance:ખાતરી;ખાતરજમા; પ્રતીતિ;ભરોસો.6.The act of solution: સમીકરણનો જવાબ કાઢવો તે.

Resolvable,(રીઝોલ્વેબલ્) *a.* Admitting of being resolved; admitting solution: મૂળતત્વનું પૃથક્કરણ થાય એવું.

Resolve, (રીઝોલ્વ્) *vt.* [*L. re, & solvo*, I loosen.] (*a*)To separate the component parts of:મૂળતત્વો જૂદાં પાડવાં;મૂળતત્વ શોધન કરવું. (*b*) To melt;to dissolve:ગાળવું;પિંગાળવું. 2. To make clear or certain;to disentangle;. to clear up; to dispel:છોડવું;ઉકેલવું; સ્પષ્ટ કરવું; ફેરવું;-નો ભેદ જણાવવો; શક-સંદેહ ભાગવો; ટાળવું; દૂર-વેગળું કરવું; સમાધાન કરવું. 3.To convince;to assure; to make certain: ખાતરી-ખાતરજમા રાખવી;નક્કી માનવું; ખાતરી કરવું.4 To fix;to settle:નક્કી કરવું;નિશ્ચય-નિર્ણય-ઠરાવ કરવો. 5. To decide by a formal vote: સમ્મતિ આપી નક્કી કરવું; ઠરાવ કરવું; નિર્ણયપર આવવું. 6. To change or convert to resolution or formal vote:ઠરાવ કરી ફેરફાર કરવો. 7.To solve as a problem:-નો જવાબ શોધી કાઢવો;છોડવવું. 8.To disperse or scatter: વીખેરી નાંખવું;વેરી નાંખવું-ઓગાળી દેવું. *To be resolved of*:-ની ખાતરી કરી આપવી; ને ખચીત જણાવવું.*vi.* To undergo resolution:-નું પૃથક્કરણ થવું .2.To dissolve; to melt:ઓગળવું; પિગળવું. 3.To be settled in opinion: વિચાર-મતમાં નક્કી થવું;-ની ખાત્રી થવી. 4. To make a decision;to determine after reflection:નિર્ણય-નિશ્ચયપર આવવું;-નો સંકલ્પ કરવો. *n.* Resolution; solution: પૃથક્કરણ; વિવેચન; સ્પષ્ટીકરણ. 2.Determination;a resolution: નિર્ણય; નિશ્ચય; સંકલ્પ; ઠરાવ.

Resolvent,(રીઝોલ્વેન્ટ્)*a* Having power to resolve: છુટું પાડે તેવું; ગાળનારું; દ્રાવક. *n.* That which has the power of resolving:છુટું પાડનાર;દ્રાવક. 2.That which has power to disperse inflammatory or other tumors:ગુમડું-સોજો વિગેરે વેરી નાંખનાર ઔષધ.

Resonance,(રેઝોનન્સ્) *n.* [*L. re & sono*, I sound] A prolongation or increase of any sound: પ્રતિધ્વનિ; ધ્વનન-શબ્દ; પડઘો; પડઘો પડવો થવો તે.

Resonant,(રેઝોનન્ટ્) *a.* Resounding; echoing back: પ્રતિધ્વનિ-પડઘા પાડવું; પ્રતિશબ્દ કરવું.

Resort,(રીઝોર્ટ્)*vi.*[*L.re & sortis*, lot.] *To* go; to repair:-ની પાસે જવું-આવી જવું;-ને આશ્રયે જવું; આલંબન કરવું.2.*To* fall back:પાછા પડવું;-ને પાછા મળવું;-ની પાસે પાછા જવું.3.*To* have recourse; to apply:-નો આશ્રય-આશરો પકડવો;-ની મદદ લેવી; ઉપાય કરવો; સેવવું. *n. The* act of visiting or seeking: જવું તે;સેવન. 2. A place of frequent assembly:જવા આવવાની-ભેસવા ઉઠવાની જગા;ભેઠક;મુકામ;વારેવારે એકઠા થવાની જગ્યા.3.Resource; refuge: આખરનો ઉપાય;ઇલાજ; આશ્રય;શરણ. 4.Active movement: ચઢતી; ઉન્નતાવસ્થા. *Last* r. (*a*) ધૂટકાનો છેલ્લો ઉપાય; નિદાનનો આખરનો ઉપાય-ઇલાજ.(*b*) છેલ્લી ઇનસાફની કોરટ-દરબાર.

Resound,(રીઝાઉન્ડ્)*vt.* To sound again or anew: ફરીથી સંભળાવવું. *vi.* [*L. re & sono,* sound.] *To* sound loudly: મોટેથી અવાજ થવો-થયા કરવો.2. *To* be filled with sound;to ring:ગાજી ઉઠવું-રહેવું; ગાજવું;-નો ઘોષ થવો.3.*To* be echoed: -માથી શબ્દ-ધ્વનિ થવો-ઉઠવો.4. *To* be mentioned much and loudly: ઘણું પ્રસરવું; બહોળો ફેલાવો થવો;-ની ઘણી ઘણી વાતો થવી-ચાલવી. 2. *To* echo:ધ્વનિ થવો;-માં પડઘો પડવો.*vt,* To echo:પ્રતિશબ્દ-ધ્વનિ કરવો.2.*To* spread the fame of:-ની નામના ઠેરઠેર-ઠામ ઠામ થવી-પ્રસરાવ જવી. *n.* Return of sound;echo: પ્રતિશબ્દ; ધ્વનિ;પડઘો.

Resource,(રીસોર્સ્) *n.* [*L. re & surgo*,I rise.]Resort;expedient: યુક્તિ;તદબીર;ઈલાજ;ઉપાય;સાધન;આશરો;ઇલમ;હુન્નર;ગતિ; ઉકેલ; અવલંબન. 2.*pl.* Funds; available means; pecuniary means: પુંજી; સંપત્તિ; જીવ; વિત્ત; સાધન; વિભવ; દ્રવ્યસાધન; ધન. *Having no* r.: નિરૂપાય.*Last* r. See **Last Resort.**

Resourceful,(રીસોર્સ્ફુલ્)*a.* સમર્થ સૂચક; ઉકેલવાળું.

Respect,(રીસ્પેક્ટ્)*vt.*[*L.re & specio,*I look at.] To take notice of;to heed:ધ્યાનમાં લેવું;-ની દરકાર રાખવી; ગણવું; જોવું. 2. To consider worthy of esteem; to regard with honour: માન આપવું; આદર-માન-સન્માન રાખવું; પૂજ્ય-સન્માન્ય-માનવું-ગણવું;આમરૂ આપવી 3.To look toward:-તા અભિમુખ-સન્મુખ-હોવું; -તા રહેવા તરફ હોવું. 4 To regard; to consider: સન્માન રાખવું; ગણવું. 5.To have regard to: ને લાગવું; -ની સાથે સંબંધ રાખવો-ધરાવવો; સંબંધ-ઘોરણ રહેવું;-ને લાગુ હોવું-પડવું. *To* r.*the person:* પક્ષપાત કરવો; ભેદ-ભિન્ન ભાવ રાખવો;તરફ કરવી. *n.* The giving particular consideration to;care;caution:સંભાળ;કાળજી;સાવચેતી; ધ્યાન;લક્ષ,મન; ચિત. 2. Esteem:regard;honour: માન;સન્માન;આદર;સત્કાર;પૂજ્યભાવ; પૂજ્યબુદ્ધિ;અદબ;મુરવત-મર્યાદા; આબરૂ;ઇજ્જત. *To have* r.*to:*-નો અંગીકાર કરવો. R. *of persons:* ભેદ-દૃષ્ટિ-ભાવ; ભિન્નભાવ. 3.*pl.* An expression of respect or deference,regards: પ્રણામ; નમસ્કાર;સલામ;રામરામ;જયગુરૂ;જય શ્રી કૃષ્ણ;મુજરો;અભિવંદન. 4. Reputation;repute:કીર્તિ; ખ્યાતિ; સંભાવના.5.Relation: regard:સંબંધ;ઉદ્દેશ;ગોરણ;અપેક્ષા 6. Particular; point of view:વિષય;બાબત; પ્રકરણ. 7.Consideration; motive: કારણ; હેતુ;મુદ્દો;સબબ. *With* r.*to,*in relation to:વિષે; ઉદ્દેશીને; સંબંધી. *To pay one's* r.s *to:* સલામ કરવી;દર્શન કરવાં;મુજરો કરવો.

Respectability, (રીસ્પેક્ટેબિલિટિ) *n.*The state of being respectable;the state which deserves respect: આબરૂ; ઇજ્જત; યોગ્યતા; સંભાવ્યતા;હુરમત;માન્યતા; ગૌરવ; માન; પ્રતિષ્ઠા; વકર.

Respectable, (રીસ્પેક્ટેબલ્) *a.* Worthy of respect; deserving regard;of good repute:આબરૂદાર; ઇજ્જતદાર;સંમાન્ય;પૂજ્ય;સંભાવિત; પ્રતિષ્ઠિત;માતબર; આર્ય;ઇજ્જતદાર;આબરૂ ને યોગ્ય.2. Moderate in degree of excellence or in number: ઠીક;સારૂં;મધ્યમ;સામાન્ય ચાલે તેટલું;વ્યવહારિક.

Respectful,(રીસ્પેક્ટ્ફુલ)*a.* Marked or characterized by respect: મર્યાદાશીલ-ભરેલું;અદબવાળું; સમર્યાદ; અદબસર;આદરશીલ;માનપુરઃસર;આદર ભાવવાળું.

Respecting, (રીસ્પેક્ટિંગ્) *prep.* With regard or relation to: regarding:વિષે;બાબે;સંબંધી; ઉદ્દેશીને.

Respective,(રીસ્પેક્ટિવ્)*a.* Wary; considerate:સાવચેત; સાવધ;ચાલાક;ચાક;ઝીણું. 2. Looking toward: relative:સાપેક્ષ; અસંબંધ; અકેવળ; અન્ય સંબંધી.3 Particular; own: પોતપોતાનું;આપ આપણું;સ્વ; ખુદનું; ખાસ;જેનુંતેનું;સૌસૌનું. 4.Respectful;regardful:મર્યાદાશીલ;અદબવાળું.

Respectively,(રીસ્પેક્ટિવ્લિ) *adv.* As relating to each: દરેકને લગતું; પોતપોતાને;અનુક્રમે.2.Not absolutely:અકેવલતાથી;અપેક્ષતાથી.3.Partially:પક્ષપાતથી. 4. *With* respect: માનપુરઃસર.

Respiration, (રેસ્પરેશન્) *n.* The act of respiring or breathing again:શ્વાસ; શ્વાસોચ્છવાસ; પ્રાણ.2.Relief from toil: આરામ,વિરામ;વિસામો;વિશ્રાન્તિ.3. Interval: અવકાશ;વિલંબ.

Respiratory,(રીસ્પાઇરેટરિ) *a.* Of or pertaining to respiration; serving for respiration: શ્વાસોશ્વાસ સંબંધી.R.*organs:* શ્વાસેન્દ્રિય.

Respire,(રીસ્પાઇર્) *vi.* [*L re, & spiro,* I breathe] To take breath again:ફરીથી શ્વાસ લેવો. 2. To breathe: શ્વાસોશ્વાસ લેવો. *vt.* To breathe in and out: શ્વાસ લેવો અને કાઢવો; શ્વાસોશ્વાસ ચલાવવો. 2.To breathe out:બહાર કાઢવું.

Respite,(રેસ્પિટ્)*n.* [L. *respectus,* respect] Putting off of that which was appointed; a postponement or delay:ઢીલ; વિલંબ; વાર;મોકુફી.2. Pause; interval of rest;delay:ઢીલ;વિસામો;વિશ્રામ; અવકાશ;છુટકારો;દેહાંત શિક્ષાની તહકુબી. 3. Temporary suspension of the execution of; a capital offender;reprieve: દેહાંત શિક્ષા-થોડા વખત માટે મુલતવી રાખવી તે-ની તહકુબી-મહેતલ મુદત *vt.* (*a*) To delay: ઢીલ-વિલંબ કરવા મુલતવી રાખવું. (*b*) To keep back from execution: દેહાંત શિક્ષા મુલતવી રાખવી. (*c*) To relieve by a pause or interval of rest:-ને વિશ્રામ વિરામ-વિસામો આપવો. (*d*) (*Jury*) કોરટમાં હાજર થવાની થોડા વખતની તહકુબી આપવી.

Resplendent,(રીસ્પ્લેન્ડેન્ટ્) *a.* [*L. re& splendio, I* shine.] Shining with brilliant luster;very bright: પ્રકાશિત;તેજસ્વી;ચકચકીત;દેદીપ્યમાન; તેજવાન;તેજોમય;પ્રભાશમાન; ઉજ્જ્વલ; ઝીલિમાન;ઝગઝગ્યમાન;

Respond,(રીસ્પૉન્ડ્) *vi.* [*L, re & spondeo,*I promise solemnly.] To answer;to reply: જવાબ ઉત્તર વાળવો;-ને પ્રત્યુત્તર આપવો.2 To correspond;to suit:-ની જોડે મળતું આવવું; બંધ બેસતું-અનુકૂળ-માફક આવવું. 3.To be answerable: જવાબદાર થવું ગણવું .6.To make a liturgical response:સામુ કરી બતાવવું.*vt.* To answer;to reply:જવાબ-ઉત્તર મળવો.3.To correspond to:ને મળતા આવવું;-ને અનુરૂપ હોવું;માફક-અનુકૂળ-આવવું .*n* An answer:જવાબ;ઉત્તર.

Respondent,(રીસ્પૉન્ડેન્ટ્) *a.* Answering;according: અનુરૂપ; અનુકૂળ;પ્રમાણેનું;બંધ બેસતું. *n.* One who responds:સામો જવાબ આપનાર.(*a*) One who answers in certain suits.પ્રતિવાદી-પક્ષી;જવાબદાર;પ્રતિવાદી.

Response, (રીસ્પૉન્સ્) *n.* [*L. respondeo.*] The act of responding:ઉત્તર આપવો તે.2 An answer or reply;જવાબ;ઉત્તર; પ્રત્યુત્તર. (*a*) Reply to an objection: જવાબ; પ્રતિવાદ;સમાધાન.(*b*) ખ્રિસ્તી ભજનમાં ઉપાધ્યાયના ભણ્યા પછી લોક જે ઉત્તરવાક્ય કહે છે તે ઉત્તરવાક્ય;આતરો. (*c*) સામું કરી બતાવવું તે.

Responsibility(રીસ્પૉન્સિબિલિટિ) *n* The state of being responsible:જવાબદારી;જોખમદારી;જુમ્મેદારી; જુમ્મો,જોખમ 2. That for which any one is responsible or accountable: ભાર; બોજો; જવાબદારી; જોખમ. 3. Ability to answer in payment;means of paying: જવાબદારી;જોખમ;જુમ્મો.

Responsible, (રીસ્પૉન્સિબલ્) *a.* Liable to respond;accountable: answerable:જવાબદાર;જુમ્મેદાર;જોખમદાર.2.Able to respond or answer for one's conduct and obligation; trustworthy: માથે લીધું હોય તે અદા કરી-વાળી શકે એવું,વિશ્વાસુ;ધુરંધર.3. Involving responsibility:જવાબદારીવાળું; જોખમ ભરેલું; જુમ્મેદારીનું.

Responsions,(રીસ્પૉન્સ્યૉન્સ્)*n-pl.* The first of the three examinations for the B.A. degree at Oxford:ઑક્સફર્ડના વિદ્યાલયમાં પહેલી ત્રણ પરીક્ષા પહેલાં આપવાની પરીક્ષા.

Responsive, (રીસ્પૉન્સિવ્)*a.* That responds: જવાબ દેનાર-દેવાવાળું; ઉત્તરદાયી.2.Correspondent: મળતું; અનુરૂપ; અનુકૂળ;માફક યોગ્ય;સંવાદી. 3.Responsible: જવાબદાર.

Rest,(રેસ્ટ્)*vt.*[*L.re,*& *sto,*I stand]

To arrest:કેદ કરવું;પકડવું.*n.* A state of quiet or repose; tranquility: વિસામો;નિરાંત; વિશ્રામ; વિશ્રાંતિ વિરામ; સ્થિરતા; નિશ્ચલતા; આશ્વાસ્યેસ. 2. Peace;security: શાંતિ; સમાધાન; સુખચૈન;સુખ;સ્વસ્થતા.3 (*a*) Sleep: slumber:ઉંઘ;નિદ્રાવસ્થા;નિદ્રાવશતા. (*b*)Hence,death: મરણ;મોત;મૃત્યુ. 4. *T*hat on which anything rests:ટેકો;અવલંબન:આધાર;લાગ;ઘોડો. 5.A place where one may rest, either temporarily,as in an inn, or permanently,as in an abode: વિસામાની જગા;વિસામો;આશ્રયસ્થાન; વિશ્રાંતિસ્થાન;ઉતારો.6.A short pause in reading verse:યતિ; વિરામસ્થળ; અવસાન.R.*house*, a caravansary; મુસાફરખાનું;સરાઇ.*To set up one's* r.,to have a settled determination: નક્કી ઠરાવ-નિશ્ચય હોવો. *vi.* To cease from action;to desist from labour;પરવારવું;આરામ-વિસામો લેવો;થાક ખાવો; વિશ્રાંતિ લેવી 2. *T*o be free from whatever wearies;to be quiet or still: કામમાંથી મોકળા થવું;આરામ લેવો;સ્વસ્થ-સુખી-શાંત હોવું.3. To lie;to repose: આરામ કરવો; અમથા-જરા સૂવું; આડા થવું.(*b*) To cease from motion: અટકવું; થોભવું; સ્થિર થવું. 4. To stand firm:ઉપર ટકાવ કરવાનો આધાર-આશ્રય હોવો.(*a*)To sleep: ઉંઘવું. (*b*) To be dead: મરી જવું 5 *T*o trust;to rely;વિશ્વાસ રાખવો-મૂકવો; ભરોંસો રાખવો.6. To be satisfied: to acquiesce:-ને તાબે-વશ-આધીન રહેવું;-થી સંતોષ માનવો. *To* r. *on*, to depend upon:-પર આધાર રાખવો;-ના હાથમાં-ની મરજી પર હોવું. *vt* To quiet: શાંત કરવું; શમાવવું. ઠેકાણે લાવવું: સ્વસ્થ કરવું. 2. *T*o cause to lean:આધાર રાખવો;અઢેલવું;આડગિરું.*n.* Remainder; residue: શેષ; અવશેષ;બાકીનું.Those not included in a proposition;others: બાકીના;બીજા;અવર; અન્ય;ઇત્યાદિ;વિગેરે. 2.A surplus held as a reserved fund by a bank to equalize its dividends: વધારે-ઉપલકની-ઉપર ટપકેની રકમ.

Restaurant,(રેસ્ટોરૅન્ટ્)*n* An eating house:પોચાખાનું;રોશી;મોજનગૃહ.

Restitution,(રેસ્ટિટ્યૂશન્) *n.* [L. *re* & *statuo*, *I* cause to stand.] The act of restoring any thing to its rightful owner:પ્રતિદાન;પાછું આવવું તે.2.Compensation: બદલો 3.*T*he act of returning to former states:મૂળ સ્થિતિમાં પાછું જવું તે;સ્વસ્થિતિ પ્રાપ્તિ. R.*of all things*: જગતનું પુનઃસ્થાપન.

Restive,(રેસ્ટિવ્)*a.* Unwilling to go on;stubborn: હઠીલું; દુરાગ્રહી; અડીએલ;હઠ લેઇને આગળ ન ચાલે એવું. 2.Refractory:દાંડિયું; શિરજોર; દાબ અંકુશ ન ખમે એવું.3. Uneasy;restless:અશાંત;મસ્તીખોર;ઉદ્ધત; ચપળ;જંપીને ઉભુ ન રહે એવું;હાલ હાલ કરેએવું.

Restless,(રેસ્ટ્લેસ્)*a.*Never resting;uneasy: બેચૈન,અસ્વસ્થ;બે ઠરાર. શાંતિરહિત-શૂન્ય;અશાંત.2.Eager for change; discontented: બેચૈની-વાળું નિરાશ થયેલું: અજંપામાં કાઢેલું; વ્યગ્ર;વ્યાકુલ; ઉદ્વિગ્ન; ઉદ્વેગી; શાંત-તૃપ્ત નહિ થયું.3.Deprived of rest or sleep: ઉંઘ વગરનું; નિદ્રાહીન-રહિત. 4.Passed in unquietness: બેચૈનીમાં ગુજરેલું;વ્યાકુલ;બેચૈની ભરેલું;તાલાવેલીનું;ટળવળાટ-બેચૈનીવાળું.

Restoration,(રેસ્ટોરેશન્) *n.* Renewal:પુનઃસ્થાપન;ઉદ્ધાર; જીર્ણોદ્ધાર; પ્રતિદાન;ફરીથી સ્થાપન કરવું તે; મુક્તિ. 2.Recovery of health:ફેરઆરામ; તબીયતનો સુધારો.

Restorative, (રીસ્ટોરૅટિવ્) *a.* Of or pertaining to restoration; having power to restore:પૂર્વસ્થિતિમા આણનારું;અભિવર્ધન; બલવર્ધન; વાજીકરણ; તેજોદાયક. *n* Something which serves to restore: તેજવર્ધક-પુષ્ટિકારક ઔષધ;બળવર્ધન;વાજીકરણ.

Restore (રીસ્ટોર્) *vt.* [Gr *stauros*,r stake.]*T*o store again: પાછું આપવું; પ્રતિદાન કરવું. ને ફરીથીઆપવું-અપાવવું.*vt.T*o renew;to recover:પહેલા સ્થિતિમાં આણવું; સુધારવું;-નો જીર્ણોદ્ધાર કરવું;પૂર્વસ્થિતિપર લાવવું;પુનઃસ્થાપન કરવું. 2. *T*o bring back to the owner;to replace.–માં ફરીથી મુકવું, ને ફરીથી આપવું;પાછું આપવું-સોંપવું.3.*T*o renew: પાછું આપવું;પુનઃસ્થાપન કરવું 4. *T*o give in place of,or as satisfaction for:ને બદલે બદલામા-અવેજમાં આપવું; ને સાટે આપવું 5.*T*o make good:બદલો વાળવો ભરી આપવું;સમારવું;મરામત કરાવવી;ફરીથી બાંધવું 6.*T*o cure:સાજું-અરોગ્ય કરવું;મટાડવું;ફરીથી જીવ આણવો-જીવવું કરવું.

Restrain, (રીસ્ટ્રેન્) *vt.* [L. *re* & *stringo*, I draw tight.] *T*o hold back;to check, to curb:હાથમાં રાખવું; અટકાવવું; બાળવું; નિયમ નિગ્રહ-સંયમ કરવું;નિરોધ-અવરોધ કરવું.-અંકુશમાં રાખવું; બેચી પકડવું. 2. *T*o draw back tightly:રોકવું;બેચી પકડવું-રાખવું.3.To abridge:-નું છીનવી-લઈ લેવું; ટકાવી રાખવું; ટુંકું-ઓછું કરી નાંખવું.4.To limit;to confine; હદ બાંધી આપવી;હદ બાંધવી. 5. To withhold;to forbear:કબજે રાખવું; ન કરવું. *To* r.*prayer*: પ્રાર્થના ન કરવી.

Restraint,(રીસ્ટ્રેન્ટ્) *n.* Hindrance of the will,or of any action, physical or mental: અટકાવ;નિરોધ;દાબ;બાળો.2.The state of being restrained;દાબ;અંકુશ: મના; નિગ્રહ;નિયમ;લગામ; સ્વતંત્રતા:છૂટ છીનવી-લેઈ લેવી તે.3.Limitation; restriction: બંધન;મર્યાદાહદ; *Self* r. આત્મસંયમ;દમન;મન મારવું તે. *To feel under* r.;--ને સંકોચ લાગવો.

Restrict,(રીસ્ટ્રિક્ટ્) *a.* [L. *re*, & *stringo*,I draw tight.] Restricted:બાંધેલું;બંધન કરેલું. *vt.*To limit: -ની મર્યાદા કરવી;-નું ધોરણ બાંધવું; રાખવું-સંકોચવું.

Restriction,(રીસ્ટ્રિક્શન્) *n.* The act of restricting:નિરોધ; અવરોધ;બંધી;નિબંધ;નિયમ;પરહેજી;કરી. 2. Limitation; restraint: હદ; બંધી; મર્યાદા;બંધન;સીમા;અવધી. *Without* r.;નિરંકુશ:બેલગામ.

Restrictive,(રીસ્ટ્રિક્ટિવ્)*a.* Serving to restrict; limiting: દાબ-અટકાવ કરે એવું;નિયામક;મર્યાદા બાંધનાર;મનાઈ કરતું.2. Astringent or styptic in effect: બંધક; અવરોધક; પ્રતિબંધક.

Result,(રીઝલ્ટ્)*vi.* [*L.re*, & *salio*, *I* leap.] To leap back;to rebound:પાછું કુદવું.2.To come out; to terminate:--થી નીકળવું; નિપજવું;-નું પરિણામ-છેવટ આવવું.3.To proceed, as a consequence from facts:--માંથી ઉપજવું-નિપજવું;ઉત્પન્ન થવું;ઉદ્ભવવું;જન્મ પામવું. *n.* Consequence; effect:અર્થ;ગુણ;સિદ્ધિ;છેવટ;પરિણામ; ફળ.2.The decision or determination of a council;a decree:ધટિતાર્થ;સિદ્ધાંત;નિશ્ચિતાર્થ.

Resultant,(રીઝલ્ટૅન્ટ્) *a.* Resulting or issuing from a combination;બેઅથવા વધારે બળ સાથે મળવાથી ઉત્પન્ન થનાર; *n.* (*mech*) A force issuing a result of two or more forces:બે અથવા વધારે બળની અસર બરાબર હોય એવું બળ-જોર; ફળીભૂત બળ;લબ્ધબળ; લબ્ધ.

Resumable,(રીઝ્યૂમૅબલ્)*a.*[L.*re*, & *sumo*, I take.]Capable of or admitting of being resumed: પાછું લેવાય;લઇ લેવાય-એવું;પાછું લેવા જોગ-લાયક;પ્રત્યાહાર યોગ્ય.

Resume,(રાઝ્યૂમ્) *vt.* [*L. re, & sumo*, I take.] To take back: પાછું લેવું.*To r. one's seat*:પાછું ફરીથી બેસવું 2.To enter upon or take up again:ફરીથી ધરવું કરવું.3.To recommence:પુનઃ-ફરીથી આરંભવું-શરૂ કરવું.*n.*A condensed statement; an abridgement: સંક્ષેપ; સાર; ઉપસંહાર;સારાંશ.

Resumption,(રાઝમ્પ્શન્) *n* The act of resuming:પાછું લેવું તે; પુનર્ગ્રહણ;પ્રત્યાહાર. પુનરુદ્ધાર.

Resupinate,(રાઝ્યુપાઇનેટ્) *n.* [*L re & supinus*, Supine.] Lying on back;supine.બેદરકાર Heedless,careless:આળસુ;સુસ્ત;બેદરકાર;ગાફેલ.

Resurrect,(રેઝરરેક્ટ્) *vt.* To take from the grave;to disinter:કબરમાંથી કાઢવું; બહાર કાઢવું. 2. To resuscitate; to restore to life: સજીવન કરવું,ફરીથી જીવતું કરવું.

Resurrection,(રેઝરરેક્શન્) *n.*[L. *re &surgo*, I rise.] A rising again; the resumation of vigor, ફરીથી ઉદ્ભવ-જોર પાછું મેળવવું તે.2.*Especially*,the resumption of life by the dead: મુએલા જીવું; જીવતા થવું તે;મૃતોત્થાન,પુનરુજ્જીવન; કયામત.3.Future state:મોક્ષ;ગતિ; અભ્યાવસ્થા.

Resuscitate,(રાસસિટેટ્) *a.* [*L. re & suscum*, upwards & *cieo*, I make to go.] Restored to life: ફરીથી સજીવન થયેલું-જીવતું.*vt* To recover or restore from apparent death:ફરીથી-પુનઃ સજીવન-જીવતું કરવું; ચેતવું;તાજું કરવું;-નાં ઝેર ઘાલવાં *vi.* To revive:ફરીથી જીવતું થવું.

Resuscitation, (રીસસિટેશન્) *n.* The act of resuscitating, or state of being resuscitated: પુનરુજ્જીવન;સજીવન;પ્રાણસંચાર; ઉત્થાપન.

Retail,(રીટેલ્) *n.*The sale of commodities in small quantities or parcels: છૂટથી વેચાણ.*a.* Engaged in retailing commodities:પરચૂરણ-છૂટક વેપારનાર; પરચૂરણી.*As,a r. grocer*:પરચૂરણી ગોળી.*vt.* To sell in small quantities:પરચૂરણ-છૂટક-ટુકડા-વેચવું; થોડું થોડું કરીને વેચવું.2. *To* sell at second hand:એકવાર વાપરેલો માલ વેચવો.3.*To* distribute in small portions:થોડે થોડે વહેંચવું: આપવું. *To r. a scandal*: ચાડીચુગલી ખાવી; ગપ ઉડાડવી.*By r.*:છિદ્રકાળ; પરચૂરણ; ટુકડા.

Retailer,(રીટેલર્) *n.* One who retails anything: પરચૂરણ-છૂટક-થોડું થોડું કરીને વેચનાર;ગપ ઉડાવનાર.

Retain,(રીટેન્) *vt* [*L.re & teneo*, I hold.] *To* continue to hold; to keep in possession:રાખવું; કબજામાં રાખવું;ગ્રહણ કરવું; ધરવું;રાખી મૂકવું; જતું ન કરવું, રાખવું 2. *To* keep in pay ;to hire:નોકર-પગાર-મુકરર આપી રાખવું; ચાકરીમાં રાખવું; રોકવું; કોઈ આવી રાખવું-કામે લગાડવું.3. *To* restrain, to prevent: અટકાવવું. *vi To* belong;to pertain: નો હોવામાં હોવું,-ને વિષે-અંગેની હોવું.2.*To* keep: to continue:રહેવું-ચાલુ ખરા રહેવું; ઠરવું.

Retainer, (રીટેનર્) *n.* One who or that which retains: રખનાર.2. An attendant;an adherent:હજુરિયો; ખાનગતદાર;ચાકર; સેવક;આશ્રિત.3.*Hence*, a servant,not a domestic,but occasionally attending and wearing his masters livery: આશ્રિત, અનુયાયી, અનુચર; રસાલદાર;સેવક.4.A fee paid to engage lawyer or counsellor: વકીલ વગેરેની ફી; બંધાનું.*Body of r.s*:પરિવાર-આશ્રિત; સેવકવર્ગ-મંડળ.

Retake,(રીટેક્)*vt.* To take or receive again: ફરીથી લેવું-મેળવવું-સ્વાધીન-પ્રાપ્ત કરવું. 2. *To* recapture: ફરીથી પકડવું-કબજે-કબજામાં લેવું.

Retaliate,(રીટૅલિએટ્)*vt & vi.* [L *re & talio*,like for like.]*To* repay or requite; to return evil for (evil);-ના બદલો-વેર વાળવું;બદલો બદલો કરવો આપવો,વૈર પ્રતિક્રિયા કરવી.

Retaliation,(રીટૅલિએશન્) *n.* Retribution,the return of evil for evil:વેર વાળવું-લેવું તે;વૈરનિર્યાતન;વૈર-પ્રતિક્રિયા;પ્રતિકૃત્ય;પ્રતિકર્મ;પ્રતિક્રિયા.*In r.*:-નેબદલે;નાબદલામાં;સાટામાં;અરજ્મા

Retard,(રીટાર્ડ્)*vt.*[L.*re & tardus*, slow.]*To* continue to hinder; to prevent from progress:અટકાવવું;મંદ-ધીમું પાડવું;મંદગતિ-ધીમું કરવું;-નો વેગ ખાળો કરવો-પાછું પાડવું-હઠાવવું.2.*To* put of, to postpone:વાર કરવું;ઢીલ-વિલંબ કરવું,ને વાર લાગવી;મોડું થવું;વ્યાક્ષેપ પડવો;ચી-બેલ બો પડવો-પડે તેમ કરવું.*vi.To* stay back:પાછા રહેવું;અટકવું.*n.* Retardation delay: નિરોધ;પ્રતિબંધ; વાર;ઢીલ; વિલંબ.

Retch(રચ્)*vi.* *To* make an effort to vomit:ઉલટી કરવી; ઓકવું; ઉલટીના ઉછાળા આવવા:બકારો ખાવી. *vt.* & *vi To* care for;to heed:-ની દરકાર રાખવી;ધ્યાન-લક્ષ આપવું-દેવું.

Retention,(રીટેન્શન્)*n.* [L. *re & teneo*,*I* hold]*The* act of retaining of the state of being retained:રાખવું-રખાતે.2. *The* powr of retaining;retentiveness:. ધારણા શક્તિ;ધારણા; ગ્રહણ-સામર્થ્ય. 3. That which contains something: પેટી;પાત્ર.4.Restraint: reserve: અંકુશ;દાબ;અટકાવ;પ્રતિબંધ;અવરોધ. 5.Place custody or confinement;બંધીખાનું;જેલ.6.A lien: હક; ખાસ હક.

Retentive,(રીટેન્ટિવ્) *a.* Having power to retain:ધારણ શક્તિવાળું; દૃઢ; સમાવી રાખે તેવું,ધારણશક્તિવિશિષ્ટ; ગ્રાહી;ભૂલે નહિ એવું.*Ar faculty*: ધારણાશક્તિ;ગ્રહણ-સામર્થ્ય.

Retentiveness-cy,(રીટેન્સિવ્નસ્-રીટેન્સિનસિ) *n.*Uncommunicativeness :ચૂપકી; મૌન;ગુપ્તતા;છુપું ચૂપકીયું રાખવું તે.

Reticular,(રાટિક્યૂલર્)*a.* [*L. rete*, a net] Irving the form of a net or network; netform: જાળીદારવાળું ;જાળી;જાલરૂપ.

Reticulated (રાટિક્યૂલેટેડ્) *a.* Netted;Having the form of net work:જાળીદાર કામ જેવું;જાળીદાર; જાળીનું; જાળીવાળું. R. *work*; ચોરસ પથ્થરના ખુણાઓ સાથે જોડાજોડ રાખીને ચણવું કામ.

Reticulation (રેટિક્યૂલેશન્) *n.* Network; an organization resembling a net:જાળીદાર-વાળું કામ-જાળીકામ.

Retina,(રેટિન)*n.*[*L.rete*, a net.] The delicate membrane by which the back part of the globe of the eye is lined:આંખની કીકી;નેત્રદર્પણ;આંખનો પડદો.

Retinue(રેટિન્યૂ)*n.* [L. *re, & teneo*,I hold.]The body of retainers who follow a prince or other distinguished person; a train of attendants;a suite:ચાકર;નફર; સવારી;બદલો, પરિજન;પરિવાર; અનુયાયી વર્ગ,રસાલો,કાફલામ;*Light r.*:હળવાસવારી.

Retire,(રીટાઇર્) *vt.*[L.*re*,& *traho*, I draw.]To withdraw; to take away:જવું;લઈ જવું.2. To take up and pay:-ને વેરને તેના પૈસા-નાણા આપવા,પાછું બેવી લેવું.3. To cause to retire: ઘેર બેસાડવું-મોકલવું;પેન્શન આપવું *vi.* To go back or return;to keep aloof: પાછું જવું; દૂર વેગળા રહેવું :હઠવું;સંસાર ત્યાગ કરવો; સંસાર ત્યજવો-ભાંડવો; એકાંત સેવન કરવું 2.To retreat from action or danger:જવું;પાછું જવું; હઠવું.3 To

withdraw from a public station or business: સરકારી કામ મુકી બેસવું. 4. To recede;to fall or bend back:પાછું હઠવું જવું. 5 To go to bed:સૂવા જવું; સૂઈ રહેવું. *To r.into privacy*: સંસાર-છોડવો-ત્યાગ કરવો; એકાંતવાસ કરવો વાનપ્રસ્થ થવું; સાર્વજનિક કામ મુકી દેવું; ઘેર બેસવું. *n.* The act of re ir ng or the state of being retired: પાછું હઠવું જવું તે.

Retired,(રીટાઇર્ડ) *a* Private; secluded;quiet: ખાનગી; એકાંતવાસી; એકાંત;છાનું; ચૂપ; વિજન; નિર્જન. 2. Withdrawn from active duty or business:સરકારી કામમુકી ઘેર બેઠેલું; ત્યક્તાધિકારી.*A.r. person*:સંન્યાસી; મુક્તસંગ; સંસાર ત્યા કરીને બેઠેલો માણસ;વાનપ્રસ્થાશ્રમી.

Retirement, (રીટાર્મેન્ટ) *n.* Withdrawal;seclusion:અપસરણ; એકાંતવાસ;વૈરાગ; અધિકાર-કાર્ય ત્યાગ; વિવિક્તસેવન;સંન્યાસ.2.A place of seclusion or privacy;a private abode : એકાંતસ્થાન રહેઠાણ-વાસની જગા;નિર્જનસ્થાન.

Retiring,(રીટાઇરિન્ગ) *a* Reserved;shy:લજ્જાયુક્ત;મર્યાદાવાળું;અદૃશ્ય વાળું;સંકોચાતું ફરનારું: સંકોચવૃત્તિવાળું ;શરમાળ;એકમાર્ગી.

Retort,(રીટૉર્ટ)*vt.* [*L. re & torqueo*,I twist] To bend or curve back;પાછું વાળવું . 2 To throw back;to reflect: પાછું ફેંકવું.3. To return, as an argument, accusation, censure; etc: ઉલટાવીને-ઉલટું-સામું-વિરુદ્ધ કહેવું -બોલવું; પ્રતિક્ષેપ કરવો;ઉથલો વાળવો.*vi.*To return an argument or a charge; to make a severe reply: સામું વિરુદ્ધ બોલવું ;કરડો-સખ્ત જવાબદેવો-વાળવો; ઉલટાવીને બોલ કહેવા. *n.* A quick and witty or severe response: ઉલટાવીને કહેલા બોલ પ્રત્યુત્તર; ફેર જવાબ; ઉલટો-સામો આપેલો જવાબ.2.A vessel in which substances are subjected to distillation or decomposition by heat.વાંકી નળીવાળું યંત્ર-વાસણ;રસાયણી નળી;વક્રનળી

Retouch,. (રીટચ્) *vt.* To touch again, or rework, in order to improve; to revise: નવો ફેરફાર કરી સુધારવું ;ફરીથી કરી જવું.

Retrace, (રીટ્રેસ્) *vt* To trace back, as a line:-નું મૂળ શોધવું. 2. To go over again in a reverse direction: પાછા ફરીને જવું; આવેલે રસ્તે પાછા જવું;તે ને તે રસ્તે પાછા જવું-આવવું.3.To draw again: ફરીથી કાઢવું -ચિતરવું: ફરીથી આલેખન કરવું

Retract,(રીટ્રેક્ટ્)*vt.*[*L.re& traho*, I draw.]To draw back;to draw up or shorten:પાછું ખેંચી લેવું;ટુંકું કરવું;અંદર પાછું પેસાડી દેવું. 2. *To* recall;to disavow:બોલેલું પાછું ખેંચી લેવું-રદ કરવું;ઉથલાવવું;ફરી જવું;ઉથલી ખાવી.3 *To* take back,as a grant of favor previously bestowed: આપેલી બક્ષિસ પાછી લેવી. *vi. To* draw back:પાછા ખેંચવા-ખેંચી લેવાં; ટુંકા કરવા. 2.*To* take back what has been said:(બોલેલું) બોલ પાછો લેવો;બોલેલું રદ કરવું;ઉથલાવવું;ફરી જવું

Retractable,(રીટ્રેક્ટેબ્લ્)*a.* Capable of being retracted; retractile:બોલેલું રદ કરી શકાય તેવું

Retraction, (રીટ્રેકશન) *n* The act of retracting or drawing back:પાછું ખેંચવું તે. 2 Declaration of change of opinion;recantation:પાછો ઈનકાર કરવો તે;ફરિયાદી-દાર,પ્રત્યાખ્યાપન.

Retreat,(રીટ્રીટ્)*n.* [*L re & traho*, I draw.] The act of retiring or withdrawing one's self: અપસરણ;પરાવર્તન;પરાવૃત્તિ.2.A place of safety;a refuge; an asylum: એકાંતવાસ;આશ્રમ; આશરો;શરણ; આશ્રમસ્થાન; એકાંતસ્થાન. 3. (*a*) The retiring of an army from the face of an enemy: શત્રુ આગળથી પાછુ હઠવું તે;પલાયન;અપસરણ. (*b*) A signal given in the army for retiring from action: લડતા અટકવાને માટે લશ્કર--નૌકાસૈન્યમાં કરેલી નિશાની. *To beat a r.*: પોબારા ગણવા.*vi. To* make a retreat; to withdraw:પાછું હઠવું જવું;અપસરણ કરવું.

Retrench,(રીટ્રેન્ચ્) *vt. To* cut off;to pare away:કાપી નાંખવું; છાંટી નાંખવું;ખાંટવું; કાપવું.2. *To* lessen;to abridge; to curtail: ઓછું-ટુંકું-કમી કરવું; ઘટાડવું; કમી કરી ગુજરાન ચલાવવું;થોડા ખરચે નભાવવું. 3. *To* confine: to restrict;to limit:-નીહદ બાંધવી. 4. *To* furnish with a retrechment:.કોટની અંદર કોટ ઉભો કરવો.*vi* To cut down living expenses:ગુજરાન ચલાવવાનું ખરચ ઓછું-કમી કરવું;ખર્ચ ઘટાડી નાંખવું;ખર્ચમા કાપકુપ કરી નાંખવી.

Rtrenchmont, (રીટ્રેન્ચ્મેન્ટ્) *n.* The act or process of retrenching:ખંડન;વ્યવચ્છેદ;કાપકુપ;છાંટ;કાટકસર;કરકસર.2.(*Fort*) A work constructed within another, to prolong defence of the position when the enemy has gained possession of the outer work:જ્યારે શત્રુએ બહારનો કોટ જીતી લીધો હોય ત્યારે બચાવ માટે બાંધેલા બહારના કોટની અંદરનો કોટ.

Retribute,(રીટ્રિબ્યૂટ્)*vt.* [*L re & tribuo*,I bestow.]To pay back; to give in return;to requite:બદલો વાળવો;પરતારવાં આપવું.

Retribution,(રેટ્રિબ્યૂશન્) *n.*Repayment:બદલો;અવેજ;ફળ; પ્રતિફળ; પ્રતિક્રિયા;પ્રતિકાર.2. Return suitable to the merits or desserts of, as an action: કામ કર્યા પ્રમાણે મળેલો બદલો; નવીપા, શિક્ષા; બદલો; શાસન;કર્મફળ.

Retributive,(રીટ્રિબ્યૂટિવ્) *a.* Of, or pertaining to retribution; involving retribution or repayment: કામ પ્રમાણે ફળ મળે તેનું;પ્રતિફળપ્રદ;પ્રતિફળદાયક;પ્રતિકારી.

Retrieve, (રીટ્રીવ્) *vt.* To find again; to recover; to regain: પાછું મેળવવું-પ્રાપ્ત કરવું;સંપાદન કરવું;-નો ઉદ્ધાર કરવો.2. To recall; to bring back: પાછું બોલાવવું-લાવવું; ઠેકાણે લાવવું;-ની ફરી ચડતી થાય એમ કરવું.3. To remedy the evil consequences; to repair as a loss or damage:નુકશાન દોટો ભરી આપવો; ભરીઆપવું *n.* A seeking again; a discovery: પાછું ખોળી કાઢવું તે;શોધી કાઢવું તે;પુનઃપ્રાપ્તિ.

Retriever, (રીટ્રીવર) *n.* A dog trained to find and fetch game that has been shot: મારેલો શિકાર વિગેરે જેરવલ્લે પડેલી ચીજ શોધીને લાવે એવો કૂતરો.

Retrocede,(રેટ્રોસીડ્)*vt.*[*L retro, & cedo*,I go.]To cede or grant back: પાછું મંજુર કરવું; પાછું આપવું.

Retrocession, (રીટ્રોસેશન) *n.* The act of retroceding: પાછું જવું; પાછું આપવું તે

Retrograde,(રીટ્રોગ્રેડ્)*a.*[*L. retro*, back & *gradus*, a step.] (*Astron.*)Apparently moving backward(*that is from east to west, as a planet*): દેખીતું પાછું (પૂર્વથી પશ્ચિમ તરફ)જવું;પછવાતિનું;પછ; વક્રગામી.2.Having backward course: contrary: વાંકુ; ઉલટું; પ્રતીપગામી વિપરીત;પ્રતિકૂળ;પ્રતિલોમ. 3. Declining from a better to a worse state:ઉતરતી હાલતનું;અપકર્ષનું; વિપ

રિત ગતિનું; પ્રતીપ. *vt.* To go in a backward direction: પાછું જવું. 2 Hence to decline from a better to a worse condition:--ની પડતી દશા-હાલત-સ્થિતિ આવવી-થવી.

Retrogression, (રીટ્રોગ્રેશન્) *n.* Retrogradation: પ્રતિપગમન;વિપરીતગમન-ગતિ;પક્ષ ગતિ.

Retrogressive, (રીટ્રોગ્રેસિવ્) *a.* Going or moving backward: declining from a better to a worse state: પાછું જતું;પક્ષ;પ્રતીપગામી.

Retrospect-t'on, (રીટ્રોસ્પેક્ટ્-રીટ્રોસ્પેકશન્) *n.* The act or the faculty,of looking back on things past;view or contemplation of the past: ગઈ ગુજરી વાતનો વિચાર; સિંહાવલોકન; અનુદર્શન; ગતાવલોકન; ગતકાલાવલોકન;પશ્ચાદ્દર્શન.

Retrospective,(રીટ્રોસ્પેક્ટિવ્) *a.* Looking backward; contemplating things past: પાછળ જોતું; ગઇ ગુજરી વાતનો વિચાર કરતું; અનુદર્શી;ગતાવલોકી.2.Retroactive: ગતકાલાપેક્ષી;ગતકાલાપેક્ષક;ગતકાલસાપેક્ષ.

Return,(રીટર્ન્) *vt.* & *vi* To turn again:પાછું ફરવું.*vi.*To turn back; to go or come again to the same place or condition: પાછા ફરીને આવવું જવું-થવું; મૂળ હોય તેમા પાછું મળી જવું;જોગા ભળી જવું થવું. 2. To come back or bring again; to appear again: પાછું આવવું,ફરીથી આર ભાવું-દેખાવું;ફરીથી દૃષ્ટિએ પડવું:ફરીથી આરભ થવો; ફરીને તેજ વિષય ઉપર બોલવુ .3. To speak in answer;to reply: જવાબ દેવો-આપવો;-નો પ્રત્યુત્તર આપવો ઉત્તર વાળવો. 4.To revert:-ને પાછું મળવુ;-ના કબજા-સ્વાધીનમા આવવું. 5. To go back in thought, narration or argument: પાછો વિચાર-તકરાર કરવો, -પર આવવું :-નું શું થયું તે તરફ વિચાર-કરવો.*vt.*To bring, carry, send, or turn back:પાછું આપવુ-આણી આપવું-મોકલવા દેવુ-લાવવુ-લવાવે કરવુ-લઈ જવું .2.To repay: પાછું મજરે આપવું; વાળવું;પાછું ભરી દેવુ ; ફેડવું . 3. To give in recompense;to requite: બદલામા-સાટામાં આપવુ;-નો બદલો આપવો;જવાબ વાળવો-આપવો-દેવો; ઉત્તર વાળવો. 5. To retort; to throw back: પાછું વાળવું;--પ્રતિઆક્ષેપ કરવો. 6.To report,or bring back and make know: પાછું લાવીને આણીને જણીતું કરવું;-ની ખબર આપવી. 7. To report officially by a list or statement:-ની યાદ-પત્રક કરીને મોકલવું;-ની ખબર આપવી; બહાર પાડવું; જણાવવું.(*b*) બન્દવવા આપેલી કામગીરી પાછી મોકલવી. 8. Hence, to elect according to the official report of the election officers: ચૂંટી કાઢનાર અમલદારોએ કરેલા રીતસર રીપોર્ટ મુજબ ચૂંટી કાઢવું ; ચૂંટીને મોકલવું.9 To bring or send back to tribunal:જ્યાથી નીમ્યું હોય ત્યાં પાછું મોકલવુ .10.To send: મોકલવું. *n.* The coming back to the same place: પુનરાગમન; પ્રત્યાગમન; પુનરાવૃત્તિ; પરાવર્તન;પ્રતિગમન.2. Restitution; repayment; requital; બદલો;અવેજ,પ્રતિદાન;પ્રતિકાર. 3. (*a*) A payment,a remittance: આપવુ તે;બદલો; અવેજ. (*b*) An answer: જવાબ; ઉત્તર; પ્રત્યુત્તર. (*c*) An account,or formal report: હિસાબ; તકતા;હકીકતનામું;રીટર્ન;પત્રક;યાદી;નિવેદન (*a*) Profit or advantage.ફાયદા;ઉત્પન્ન; ફેા;હાસલ,લાભ;કદર: પેદાશ;મળતર;વળતર;કાયદો;પ્રાપ્તિ. 4. A day in bank;પ્રતિવાદીએ કોર્ટમાં હાજર થવાનો દિવસ.6. An official report,account or statement:યાદી; પત્રક;નોધ.

Returnable,(રીટર્નેબલ્)*a.* (*Law.*) *L*egally requiring to be returned:કાયદા પ્રમાણે પાછું મોકલવુ -આપવું -આપી દેવું જોઇએ તેવું

Reunion,(રીયૂનિયન્) *n.* Second union,union formed anew after separation;secession,or discord: પુનર્યોગ;પુનઃસયોગ; પુન;સમાગમ; પુનઃસધાન; ફરીથી મિલાપ થવો તે. 2. An assembly of persons who have been separated: મિત્રમંડળ; મિત્રોની સભા-બેઠક;મિત્રસમાગમ

Reunite,(રીયૂનાઇટ્) *vt.* & *vi.* To unite again,to join after separation or variance:ફરી મેળવી દેવું; મેળીદેવું;સલાહ કરાવવી;ફરીમેળ કરાવવો.

Reveal,(રીવીલ્) *vt.* [L. *re*& *velum*, a veil.] To make known; to unveil;to disclose: ઉઘાડું કરવું; પડદો ખોલવો; જાહેર કરવું; પ્રકટ-પ્રસિદ્ધ કરવું;-નો પ્રકાશ-પ્રસિદ્ધ કરવું;જણાવવું. 2. *Specifically*, to communicate (that which could not be known or discovered without divine or supernatural instruction or agency):પ્રકારાવું; પ્રેરવું; પ્રકટ કરવું. *a.* R.*science*:ઇશ્વરોક્તશાસ્ત્ર. *n.* A revealing;a disclosure: પ્રકટીકરણ; સ્પષ્ટીકરણ.2.The jamb;the whole thickness of the wall: ભીતનો ઓસાર.

Revealer,(રીવીલર્)*n.*One who,or that which reveals: પ્રસિદ્ધ-પ્રગટ-ઉઘાડું જાહેર કરનાર;જણાવનાર;કહેનાર; પ્રકાશક;ભેદક.

Reveille,(રેવેલ્યે)*n.*The sound of the drum or bugle at daybreak to awaken soldiers: સિપાઇઓને જગાડવાને સવારમાં જે પડઘમ-રણસીંગડાનો અવાજ કરવામાં આવે છે તે.

Revel,(રેવેલ્)*n.*A feast with loose and noisy jollity;a carousal:મીજબાની (મદ્યપાનની); પાનમહોત્સવ; શોરબકોર અને ધમાચકડી સાથે કરેલી મિજબાની.*vi.*To feast in a riotous manner:to make merry:મોજ મારવી;ધૂમ મચાવવી;અહાર ઉડાવવો ધમાચકડી કરવી.2.To move playfully; to indulge without restraint: ખાઇપીને મસ્તી કરવી;ખૂબ ધૂમવું.

Revelation,(રેવીલેશન્) *n.* The act of revealing or disclosing: પ્રગટીકરણ,સ્પષ્ટીકરણ;પ્રકાશન; વિવરણ. 2.That which is revealed;જાહેર-પ્રગટ-પ્રસિદ્ધ કરેલી વાત;પ્રકાશ;પ્રસિદ્ધિ. 3The bible:ઈશ્વરોક્ત-બાઇબલ; ખ્રીસ્તિ ધર્મશાસ્ત્ર.

Revelry,(રેવેલ્રિ) *n.* Noisy festivity;reveling: ચેનચાળા; ખુશાલી; ધામધુમ;ધમાચકડી;પાનમહોત્સવ.

Revenge,(રીવન્જ્) *vt.* To inflict harm in return for, as an injury, insult, etc; to avenge: ને સારૂ વેર-બદલો વાળવો; દાવવાળવો-લેવો.2 To wreak vengeance for maliciously: ડંશ વાળવો; ખુનસથી વેર લેવું. *vi.* To take vengeance: વેર લેવું *n.* Vengeance; retaliation:વેર;ખાર;બદલો;દ્વેષ;ઝેર;કીનો;વૈરશુદ્ધિ;અદાવત;ડંશ.2. The disposition to revenge. વેર લે-ખાર-દ્વેષ રાખે એવો સ્વભાવ

Revengeful,(રીવેન્જફુલ્)*a.* Vindictive;malicious;wreaking revenge:વરી,કીનાખોર;કપટી; ખારીલું; ઝેરીલું;અદાખોર;ડંશીલું;ખુનસી: હસદખોર; અદાવતી-કીના વેરનું ભરેલું.

Revenue,(રેવીન્યૂ)*n.*[*L.re* & *venio*, I come.] The annual rents, profits interest. or issues of any species of property;income: વાર્ષિક ઉપજ-પેદાશ-આયપત; આવક; મહેસુલ.*Arrears* of r.:બુદસ્ત બાકી; વસુલ બાકી;બાકી. *Balance due of the* r.:વસુલબાકી. *Fixed and regular.*r.એકરમા; જમાબંધી-વસુલ. *Collection of* r.:કમાવિસી;તેડુસીલ. *Collector of the* r. *of a Taluka*: કમાવિસદાર; મામલતદાર; તેડુસીલદાર.

Extra r.:ખેરી જમાં;સિવાય ઉપજ. *Remission of* r.:છૂટ. R. *Survey*: પાહાણી ફરવું તે; જમાનની ચોકસી કરવી તે. *Settlement of* r: જમાબંધી. 2. Return; reward: પ્રતિફળ; બદલો; ઇનામ. 3. The annual yield of taxes,excise, customs, duties, rents, etc.: જમા; જમાબંધી; જમા: વસુલ; મહેસુલ;વસુલાત.

Reverberant,(રીવર્બરન્ટ)*a.*Having the quality of reverberation. પ્રતિધ્વનિ થતો;ગાજી રહેતું;પ્રતિક્ષેપી.

Reverberate,(રીવર્બરેટ)*a*[*L. re,* & *verber,*a lash] Reverberant: પ્રતિધ્વનિ થતું, ગાજી રહેતું.2. Driven back,as sound; reflected: પડઘો પાડેલું.*vt.* To echo, as sound; to reflect: પડઘો પાડવો-પ્રતિધ્વનિ-પ્રતિશબ્દ કરવો પ્રતિઘાત-પડઘાત કરવો; પ્રતિબિંબ પાડવું; પ્રતિક્ષેપ કરવો. 2. To send or force back: પાછું મોકલવું-કાઢવું;ગોટાવું.3.To fuse by reverberated heat:ધોટાય એવો તાપ કરીને ગાળવું.*vi.* To resound;to echo: પડઘો પડવો,ગાજી ઉઠવું, ધુમી રહેવું.2. To be driven back; to be reflected: પાછું હઠવું;-નું પ્રતિબિંબ પડવું.

Reverberation,(રીવર્બરેશન) *n.* The act of reflecting light or reechoing sound: પ્રતિશબ્દ;પડઘો; પ્રતિધ્વનિ;પ્રતિઘાત;પ્રતિનાદ;પ્રતિપ્રક્ષેપ.

Revere,(રીવીર)*vt.* [*L.re* & *vereor* I feel awe]To venerate; to reverence;to adore. નમસ્કાર કરવો; માન આપવું-રાખવું; પૂજ્ય-શ્રેષ્ઠ ગણવું; ઉપાસવું,આદર-માન રાખવું-આપવું-નો સત્કાર કરવો;વંદન કરવું;-ને વડીલદાખલ ગણવું; પૂજવું;-ની મુરબત-હુરમત રાખવી;-ને નમવું.

Reverence,(રેવેરેન્સ)*n.* The disposition to revere; veneration, profound respect & esteem mingled with fear & affection: પૂજ્યબુદ્ધિ;શ્રદ્ધા;માન;આદર; સત્કાર; આદરબુદ્ધિ;ઉપાસનાબુદ્ધિ;ઉપાસ્યબુદ્ધિ; ભાવ; અદબ;ભક્તિ.2.A token of respect or veneration; an obeisance. પ્રણામ;સલામ;નમસ્કાર; પ્રણિપાત; અભિવંદન; આલવાદન. 3. Reverend character; dignity; state: હોદ્દો; પદવિ; સ્થિતિ; દરજ્જો. *To do* r., to show reverence or honour: to perform an act of reverence: માન આપવું; ને નમસ્કાર પ્રણામ કરવો. *vt.*To treat with reverence; to venerate:માન આપવું; પૂજ્ય ગણવું.

Reverend,(રેવેરેન્ડ)*a.*Worthy of reverence;venerable:પૂજ્ય;માન્ય; પૂજનીય;ઉપાસ્ય;માનનીય;અર્ચનીય.*A* r.*gentleman*: પૂજ્ય પુરૂષ (એ પાદરીને લગારે છે)

Reverent,(રેવેરેન્ટ)*a.*Submissive; humble;respectful: નમ્ર; શ્રદ્ધાળુ; શ્રદ્ધાવાન;વંદનશીલ;આદરશીલ; તાબેદાર; મર્યાદ લ;ભક્તિમાન.2.Expressing reverence, veneration or submission:નમ્ર;માન ભરેલું;સત્કારનું.

Reverential,(રેવેરેન્શૅલ) *a.* Proceeding from reverence; reverent:માનથી થતું-દર્શાવનારું; પૂજ્ય; આદરયુક્ત;શ્રદ્ધાળુ;વંદનશીલ.

Reverie,Revery,(રેવેરિ) *n. pl.* Reverees.Deep musing; day dream: ધ્યાન; ચિંતન;ભાવના. 2. A vision: અવસ્થા રહિત-અતિ મનસ્વી કલ્પનાઓ;બુદ્ધિ વિલાસ.

Reversal,(રીવર્સૅલ)*n.* Intended to reverse:રદ કરવાનું ફેરવવાનું. *n.* The act of reversing: ફેરફાર;પરાવર્તન; .રાવૃત્તિ.

Reverse,(રીવર્સ)*a.*[*L.re* & *verto,* I turn.]Turned backward; hence, opposite or contrary in kind:ઉલટું;વિપરીત,વિલોમ;પ્રતિલોમ;વિરૂદ્ધ;અપસવ્ય.2. Turned upside down, greatly disturbed:ઉંધુ વાળી નાખેલું;દારૂણ.*n.* That which appears or is presented when any thing,is turned contrary to its natural direction: બીજી બાજુ;પૃષ્ઠ ભાગ.2.A contrary;an opposite. પ્રતિ ઉલટો-સામો પક્ષ,વિપક્ષ;પ્રતિપક્ષ. 3.(*a*)Complete change; reversal પૂર્ણ-તદન ફેર-ફેરફાર;ફેરફ; પારણામ વિપરિણામ.(*b*) Misfortune;a defect;a defeat:વિકાર;વિપર્યય; ફેરફાર; ઉતરતી દશા; પરાભવ; વિપત્તિ,પડતી દશા;હાર. 4.The back side:ઉંધી અવળી-પાછળની બાજુ.*The* r.*of a coin*:સિક્કાની જે બાજુ ઉપર રાજાની છાપ નથી હોતી તે બાજુ-ઉલટીબાજુ.*vt.* To turn back to cause to face in a contrary direction:ઉંધુ વાળવું;ઉલટાવવું; ઉપરની બાજુ તળ-નીચે આણવી;ઉલટા સુલટી કરવું.૫.To recall: પાછું આવે તેમ કરવું; પાછું બોલાવવું; તાબુ કરવું. 3. To change totally; to alter to the opposite: તદન ફેરવી નાખવું-ફેરફાર કરવું;વિપરીત કરી નાખવું;ઉલટું-ઉંધુ જ કરી નાખવું.4.To invert:ઉંધુ વાળવું; ઉપલો ભાગ નીચે ને નીચલો ભાગ ઉપર એમ કરવું.5.To overthrow; to subvert:ઉંધુ વાળવું;ધૂળધાણીકરી નાંખવું; નખ્ખોદ વાલવું.6.To make void:ફેરવવું:રદ કરવું; ઉથલાવી-ઉલટાવી નાખવું; ઉલટાવવું;બદલાવવું.*vi.*To return; to revert:પાછું આવવું.2. To become, or be reversed:ઉલટું-વિપરીત થવું.

Reversible,(રીવર્સિબલ)*a.* Capable of being reversed: ઉલટાવી-શકાય તેવું;પરાવર્ત્ય.

Reversion,(રીવર્શન)*n.* [*L. re.* & *verto,* I turn] The act of returning or coming back;a return:પાછું આવવું તે; પુનરાગમન; પરાવર્તન.2.T. at which reverts or returns;residue: પાછું આવનાર;બાકી રહેલો;ભાગ;શેષ; શિલક. 3. (*Law*) The returning of an estate to the granter or his heirs, by operation of law: પહેલા આપનારની પાસે અથવા તેના વારસ પાસે મિલકતનું પાછું જવું તે 4. Hence, a right to future possession or enjoyment: ભોગવટો કરનારના મરણ પછી મળવાનો હક; વારસો મેળવવાનો પહેલો અધિકાર;ઉત્તરાધિકાર.

Reversionary, (રીવર્શનરિ) *a.* (*Law.*)Of or pertaining to a reversion;involving a reversion: હવે પછી ભોગવટો કરવાનું-સબંધી;ઉત્તરભોગ્ય;અન્યભોગોત્તર પ્રાપ્ત,શેષ ભોગનું R.*right*,શેષ ભોગાધિકાર.

Reversioner,(રીવર્શનર)*n.*(*Law*) One who has a reversion,or who is entitled to tenements,after a particular estate granted is terminated: ઉત્તરાધિકારી; હાલનો ભોગવટો કરી ગયા પછી જેના મિલકત લેવાનો હક હોય તે.

Revert,(રીવર્ટ)*vt.*[*L.re* & *verto,* I turn.] To turn back or to the contrary,to reverse: પાછું-ઉલટું ફેરવવું.2.To throw back;to reflect: પાછું ફેંકવું-નાંખવું;પ્રતિબિંબ પાડવું;પરાવર્ત્ત કરવું.૩.To change back: પાછું બદલવું ફેરવવું.*vi* To return;to come back:પાછું આવવું ફરવું.2.To return to the proprietor after the termination of a particular estate granted by him: માલિકને પાછું મળવું-પ્રાપ્ત થવું.3.(*Riol*) To return, wholly or in part,towards some pre-existent form: પહેલા હતું તે સ્થિતિ-રૂપમા આવવું.

Revertible,(રીવર્ટિબલ)*a.*Capable of,or admitting of,reverting,or being reverted:પાછું આવે એવું.

Revest,(રીવેસ્ટ)*vt.*[*L.re* & *vestis,* a garment,]To clothe again;to robe: ફરીથી કપડા-લુગડાં પહેરવાં. 2. To vest again with possession or office:ફરી તો સત્તા-અધિકાર આપવો.

Review,(રીવ્યૂ)*vt.*To view or see

again;to look back on:પાછું ફરીથી જોવું;ફરી તપાસકરવું;અન્વવલોકન કરવું;પશ્ચાદ્દર્શનકરવું;અનુદૃષ્ટિ નાંખવી.2.(*a*)To reconsider;to revise;as a manuscript: ફરીથી જોઇ જવું-વિચાર કરવો-તપાસવું.(*b*)To go over with critical examination:-ની બરોબર-બારીકચોકસી-તપાસ કરવી;-ના ગુણદોષ કાઢવા; ગુણદોષ વિચારવા-નું; પુસ્તક પરીક્ષા કરવી;-ના ગુણદોષનું વિવેચન કરવું. (*c*) To make a formal or official examination of the state of,as troops,and the like: લશ્કરની તપાસ કરવી (*d*) (*Law*) To re-examine judicially: કજીયાદલાર ફરી તપાસકરવો.3.To retrace;to go over again: પાછું પગલે પગલે જવું; પાછું જવું.*vi.*To look back; to make a review: પાછું તપાસવું-જોવું-ચોકસી કરવી.*n.* [L *re*, & *video*, I see] A retrospective survey;re-examination: પુનરવલોકન; સિંહાવલોકન; પશ્ચાદ્દર્શન; અનુદર્શન; અનુદૃષ્ટિ.2.An examination with a view to amendment or improvement; revision: બીજીવારની તપાસ-ચોકસી; પુનર્વિચાર; તપાસ. 2. A criticism, critique: ગુણદોષવિવેચન; ગુણાગુણ વિચાર;ગ્રંથાવલોકન.4.A periodical containing critical, essays upon matters of interest:ગુણદોષનું વિવેચનકરનાર ચોપાનિયું; ટિકાકાર. 5.An inspection of troops: તપાસણી; રીવ્યુ. 6. The judicial examination of the proceedings of a lower court by a higher:one tribunal કોરટના કામોની ઉપલી કોર્ટ કરેલી તપાસણી.

Reviewer,(રીવ્યૂઅર)*n.* One who reviews or re-examines; an inspector: ગુણદોષવિવેચક; પુસ્તકટીકાકાર; ગુણદોષવિવેચક પુરૂષ; અવલોકન કર્તા.

Revile,(રીવાઇલ્)*vt.* &*vi.* [L. *re* & *vilis*,vile.]To reproach: નકામોનિંદા કરવી;ગાળ દેવી;આક્ષેપ-અપવાદ મુકવા; ભાંડવું; ભુંડું બોલવું.

Reviler, (રીવાઇલર્) *n.* One who reviles: ભુંડું બોલનાર; ગાળ દેનાર; ભાંડનાર;નિંદક; અપવાદક.

Revisal-sion, (રીવાઇઝ્-રીવિઝન્) *n.*The act of revising & re-examining for correction and improvement.તપાસણી;શોધન; તપાસ; શુદ્ધિ;સંશોધન;પુનઃપરીક્ષાદર્શન; પુનરાવૃત્તિ.

Revise,(રીવાઇઝ્)*vt.*[L.*re* & *viaeo* I see.]To reexamine;to review; to look over with care for correction: ફરીથીતપાસવું;ભૂલચૂક કાઢવી; શોધવું;શુદ્ધકરવું;દોષ કાઢી નાંખવા.2.To review,alter and amend: ફરીથી જોઇ જવું;ફેરફાર કરવા.અને સુધારવું;-ના સુધારો વધારો કરવો. *n.* Review; a revision; તપાસ; ચોકસી; તપાસણી; ફરી ભણીજવુંતે;પુનરાવર્તન.શુદ્ધિ,શોધન.

Revival,(રીવાઇવૅલ્)*n* The act of reviving or the state of being revived પુનર્જીવન; પ્રતિજ્ઞાન (*a*) Renewed attention to letters or literature: પુનરોદ્ધાર; પુનઃ પ્રવૃત્તિ;પુનઃસ્થિતિ (*b*)Renewed performance of or in something, as drama: નાટક ફરીથી ભજવી જવું તે.(*c*)A period of religious awaking; special religious interest: ધર્મસંજ્ઞાન;ઉદ્ધાર.(*d*)Reanimation from a state of languor or depression:સંજ્ઞા;પ્રાપ્તિ;ચેતનાલાભ; પ્રબોધ,ચેતન્ય; તેજ;હોંશીયારીમા લાવવું તે;તાજુ થવું-કરવુ તે. (*e*) Renewed pursuit or cultivation (*in trade etc.*)પુનરૂત્થાપન;-નો ફરી ફેલાવો થવો તે R *of religion*:ઘણું માણસ ધર્મ સંબંધી આતુર થવું જવું તે; ધર્મસંજ્ઞાન;ધર્મસંસ્થાપના.

Revivify,(રીવાઇવ્)*vi* [L.*re*, & *vivo*, I live]To return to life;to recover life or strength:સજ્ઞાન થવું, બળ-જોર પાછું મેળવવું, ચેતના-શુદ્ધિમાં આવવું;જીવનપ્રાપ્તિ કરવી.2 Hence,to recover from a state of depression,obscurity or neglect:સારી દશામાંઆવવું;-નીવૃદ્ધિ થવી; -નો ફરીથી ફેલાવો થવો; પ્રકાશ પામવું;-નો પ્રચાર થવો *vt.*To restore or bring again to life; to reanimate ફરીથી જીવન-જીવવું-સચેતન કરવું;ફરીથી જીવ આણવો.2.To raise from languor or depression. ને ઉત્તેજન-ઉત્સાહી મત-તરીકો આપવો; ફેલાવો આપવો. 3.To renew in mind or memory,to reawaken: યાદ કરાવવું;ફરીથી-નવે થી યાદ કરવું, તાજુ કરવું.

Revivicate-vify, (રીવાઇવૅફ્-રીવિફાય)*vt.* To revive;to restore to life: તાજુ કરવું-ચેતન-જીવન સંચરન કરવું.

Revocable,(રેવોકબ્લ્) *a.*[L. *re* & *voco*, I call.] Capable of being revoked: ફેરવી-રદ કરી શકાય-થઇ શકે તેવું પાછું લેઇ લેવાય એવું.

Revocation, (રેવોકેશન્) *n.* The act of calling back or the state of being recalled: પાછું બોલાવવું-તેડાવવું તે;પાછું લેવું તે.2.Repeal;reversal: ફેરવવું-તોડવું-પાયમાલ-રદ કરવું તે; ખંડન.

Revoke,(રીવોક)*vt* [L. *re* & *voco*, I call.]To call or bring back: to recall: ફરીથી બોલાવવું-લાવવું. 2. To repeal;to rescind;to cancel: રદ-બાતલ કરવું; તોડવું; ફેરવવું;-નું ખંડન કરવું; ભંગ કરવું. 3. To hold back; to restrain: કબજા-કાબુમાં રાખવું. 4 To draw back; to withdraw: પાછું બેંચીલેવું લેવું.5.To call back to mind; to recollect: યાદ કરવું; યાદ લાવવું;ફરીથી સ્મરણ કરવું.

Revolt,(રીવૉલ્ટ્)*vi.*[L *re* & *volvo*, I roll]To turn away; to abandon or reject something: ફરી જવું;સામે ઉઠવું-ઉલટવું.2.To renounce allegiance or subjection; to rebel: ફીતુર-બંડ-બળવો-દંગો કરવો-ઉઠાવવો; પ્રજાધર્મ છોડી દેવો; રાજદ્રોહ કરવો; ઉલ્લંઘન કરવું. 4.To be disgusted or grossly offended: ઉછાળો આવવો; -થી કંટાળો ચઢવો-આવવો;ને ક્રમક્રમાટ ઉપજવો;ક્રમક્રમે આવવી. *vt.*To put to flight:પાછુ ફેરવવું; નસાડી મુકવું.2. To do violence to; to shock:-થી કંટાળો થવો-આવવો-કંટાળવું;-ને ક્રમક્રમાટ ઉપજાવવો. To r. *from God*: ઈશ્વરથી વિમુખ થવું-ની સેવાથી ભ્રષ્ટ થવું તે.*n.*Rebellion:પ્રજાધર્મત્યાગ; ફીતુર; સ્વપક્ષત્યાગ; બંડ; બળવો;રાજદ્રોહ. 2. A revolter:ફીતુર-બંડ-બળવો કરનાર.

Revolting,(રીવૉલ્ટિન્ગ્) *a.* Causing abhorrence; loathsome; કંટાળો ક્રમમાટ ઘૂટે એવું; બીભત્સ; ત્રાસદાયક જનક;ધિક્કારી.

Revolution,(રેવોલ્યૂશન્) *n.* Rotation;ચક્રગતિ; પરિક્રમણ; ભ્રમણ;ભ્રાંતિ;પરિવર્તન;આવૃત્તિ; આવર્તન. 2. Rolling back; return: આસપાસ-ની ગતિનું ફરવું તે; ગતિ. 3. The space measured by the regular return of a revolving body: પરિવર્ત્તન;પરાવૃત્તિ;ભ્રમણ.4 (*Astro.*) The motion of any body;કોઇપણ ગ્રહ કે તારાની ગતિ-ભ્રમણ.5.(*Geom*) The motion of a point,line or surface about a point; પરિભ્રમણ-વર્તન;આવર્તન.6.A total or radical change; જડમૂળથી કરેલો ફેરફાર;તદ્દન ફેરફાર; ઉથલપાથલ; મોટો ફેરફાર; પરિવર્ત્તન; નવું જુનું; ક્રાન્તિ. 7. A fundamental change in political organization; રાજ્યની ઉથલપાથલ; રાજ્યક્રાંતિ; રાજ્યપરિવર્ત્તન.

Revolutionary,(રેવોલ્યૂશનરિ) *a.* Of or pertaining to a revolution in government:રાજ્યમા ઉથલપાથલ-ફેરફારસંબંધી વેળા-સમયી-થવાને મા-

ટે થાય તેવું;રાજ્યપરિવર્તનસંબંધી-વિપ્લવક; ઉથલપાથલ કરે એવું:-થી ઉથલપાથલ થાય એ!; જડમૂળથી ફેરફાર કરે એવું.n.A revolutionist: રાજ્યમાં બંડ-ઉથલપાથલ કરનાર.

Revolutionize, (રેવોલ્યૂશનાઇઝ્) *vt.*To change completely as by revolution:ઉથલપાથલ કરવું:-નું-માં ઉથલપાથલ કરવું; તદ્દન ફેરફાર કરવો; નવા સરખું બનાવી દેવું:-થી બધું નવાજેવું:થવું.

Revolve,(રવૉલ્વ્)*vi.*[L, *re* & *volvo*,I roll.] To rotate: ફરવું; પરિભ્રમણ-પરિક્રમતિ કરવું; પ્રદક્ષિણા કરવી. 2. *To* move in a curve path round a centre:-આસપાસ ફરવું; -ની પ્રદક્ષિણા કરવી;ભ્રમણ કરવું. 3. *To* pass in cycles:ગત થવું:જવું; પસાર થવું. 4.*To* return;to pass: પાછું ફરવું-આવવું. *To r. in the mind:* મનમાં ઘોળવા-ઘેળાયા કરવું.*vt. To* cause to turn, as on an axis: ફેરવવું.2.*To* reflect repeatedly upon: મનની સાથે વિચારવું;-પર વિચાર કર્યા કરવો;વિચાર-વમળપર ચઢવું.

Revolver,(રીવૉલ્વર્)*n. One* who or that which revolves: પરિભ્રમણ કરનાર;ફરનાર.2.A kind of fire-arm;a repeater: વખારે નળીયોવાળી અનેએકજ નાળચાપરથી બહુ-ઘા કરે તેવી બંદુક.

Revulsion,(રવલ્શન્)*n.* [L *re* & *vello, I* pull.] A withdrawal: પાછું ફરવું તે,એકદમ છોડીને જતારહેવું તે.2.A sudden reaction; a sudden and complete change:એકાએક ફેરફાર;વિરાગ;વિરક્તિ;એકદમ મનોભાવ ફરી જવો તે.

Reward,(રીવૉર્ડ્)*vt.* To give in return;to recompense;to repay: -નેપાછું-બદલે-બદલામાં આપવું;-નું ફળ-ના બદલાનું પ્રતિફળ આપવું;ઇનામ-બક્ષીસ-પારિતોષિક આપવું.*n.* Regard; respect;consideration: માન; આબરૂ;દરકાર.2.Recompense; requital:ઇનામ;બદલો; અવેજ,સાટું;ફળ; બક્ષીસ; પારિતોષિક. 3. Hence, the fruit of one's labor or works: પ્રતિફળ;બદલો.4.A bribe:લાંચ; રૂશવત.5. Punishment: દુષ્કર્મનો બદલો;નરકી તનશિક્ષા:પ્રતિફળ.

Reynard,(રેનાર્ડ્) *n.* An appellation applied after the manner of a proper name to the fox:લોંકડી; શિયાળ; કોલુડિયાળનું.

Rhapsodical, (રૅપ્સૉડિકલ્) *a.* Of or pertaining to rhapsody;confused; unconnected: સંબંધવગરનું-વિસંગત;અસંબદ્ધ;અખંડ.

Rhapsodist, (રૅપ્સોડિસ્ટ્) *n.* Anciently one who recited or composed a rhapsody: સંબંધ વગર લખાયું-ગાયું કુટનાર-રચનાર-ગાનાર: અસંબદ્ધગાયી.2. Hence, one who writes or sings poems for a livelihood: ગુજરાનને માટે અસંબદ્ધ ભાષણ કવિતા કરનાર; ભાટ; ગરજીમક્ત; કવિતા લિખારાઓને પેટ ભરનાર.

Rhapsody, (રૅપ્સોડિ)*n.pl* **Rhapsodies,** [Gr. *rhapsodia*, I sew & *ode*,a song] A recitation or song of a rhapsodist: સંબંધ વગરનું ગાયન-ગાયન. 2. Rambling composition: તુક્કા ભાષણ-લખાણ: અસંબંધ પ્રબંધ-વગરનું ટુકડિયકાવ્ય; અસંબદ્ધ કવિતા.

Rhetoric,(રેટરિક્)*n.*[Gr. *rheo* I speak.] The art of composition,oratory; the art of speaking with propriety, elegance & force: સુભાષિત ભાષણ કરવાની ગદ્ય લેખનવિદ્યા;ભાષણ;અલંકારશાસ્ત્ર; સાહિત્યશાસ્ત્ર; અલંકારવિદ્યા;મનોહર-સમજાવટની યુક્તિ 2 Hence, artificial eloquence: છટાદાર ભાષણ; કૃત્રિમ વક્તૃત્વ; અલંકાર વક્તૃત્વ વિદ્યા-કળા.

Rhetorical, (રેટૉરિકલ્) *a* Pertaining to rhetoric; oratorical: ભાષણ કરવાની કળાનું-સંબંધી; આલંકારિક; અલંકારયુક્ત; અલંકારરૂપ; વાગ્મય.

Rhetorician, (રેટૉરિશન્) *n.* One well versed in the rules and principles of rhetoric: અલંકારશાસ્ત્ર જાણનાર-અલંકારશાસ્ત્રી, અલંકારી;અલંકારશાસ્ત્રજ્ઞ-વેત્તા.2.A teacher of rhetoric:ભાષણ કરવાની વિદ્યા શિખવનાર અધ્યાપક. 3. An orator: ભાષણકર્તા;પ્રવક્તા;વક્તા.

Rheum, (રૂમ્) *n* The mucous discharge from the lungs or nostrils caused by cold: નાક વિગેરેમાંથી પાણી જેવો રસ પડયા કરે એવો સરદીથી થતો વિકાર; રસપાણી;સરેખમ;શ્લેષ્મ 2 The matter discharged in rheum:રસ;પાણી;સરેખમી પડતું પાણી.

Rheumatic, (રૂમૅટિક્) *a.* Derived from or having the character of rheum: સળેખમી થતું;સળેખમ જેવું. (*Med.*) Pertaining to rheumatism; causing rheumatism: સંધિવાને લગતું-નું-સંબંધી; વાતરોગ સંબંધી-વિષયક; વાતરોગી;રોગનું; વાતગ્રસ્ત;વાયુગ્રસ્ત R. *fever*:વાતજ્વર. *n.* One affected with rheumatism: જેને સંધિવા થયો હોયતે માણસ.

Rheumatism, (રૂમૅટિઝમ) *n.* (*Med.*) A general disease characterised by painful, often multiple,local inflammations, usually affecting the joints and the muscles: વાતરોગ; સંધિવા; કળતર; વાતુર્યા.*Chronic* r.: આમવાયુ.

Rhinoceros, (રહનૉસેરૉસ્)*n.* [Gr. *ris, rinos*, the nose & *keras*, a horn.]Any pachyderm belonging to the genera *Rhenoceros*: ગેંડો;ગેંડી.

Rhombus, (રૉમ્બસ્) *n.* [L.] An equilateral parallelogram or a quadrilateral figure whose side are equal and the opposite sides parallel:જેની ચારે બાજુઓ બરાબર છે પણ ખૂણાઓ કાટખૂણા નથી એવી ચતુષ્કોણાકૃતિ;ષટરજ્જુ;વિષમ ચતુરસ્ર.

Rhomboid,(રૉમ્બૉઇડ્)*n.*[Gr.*rhom-bos,* & *eidos*, shape.] (*Geom.*) An oblique angled parallelogram like rhomb but having only the opposite sides equal, the length and width being different: જેની સામસામેની બાજુઓ બરાબર છે પણ ખૂણા બરાબર નથી એવી ચતુષ્કોણાકૃતિ;વિષમદીર્ઘચતુરસ્ર.

Rhubarb, (રૂબાર્બ્) *n.* The name of several large perennial herbs of the genus *Rheum*, and order *Polygonaceæ*: રેવચિની-ના છોડવાઓ.2. The root of several species of *Rheum* used much as a cathartic medicine: રેવચિ; રોઈમાસ;રેવાચિની;રૂબાર્બ નામની ઔષધિ.

Rhyme, (રાઇમ્) *n.* [Gr. *rhythmos*, rhythm.]Poetry; a composition in verse;harmony of language: કવિતા;કાવ્ય;કવન;પદ્ય.2. (*pros*) Correspondence of the sound: અનુપ્રાસ; પ્રાસ; કાફિયો મળતો આવવો તે. 3.A couplet; a poem containing rhymes: ચમક-શબ્દ-દુહો-શ્લોક. 4.A word answering in sound to another word: અનુપ્રાસ; કાફીયો મળતો આવો તે; પ્રાસનો શબ્દ. *vi.*To make rhymes of verses: કવિતા કરવી-રચવી;કવન કરવું;પદ્ય બનાવવું-રચવું 2. To accord in rhyme or sound: યમક અનુપ્રાસ મળવા-મળતા આવવા; અનુપ્રાસ-પ્રાસ કાફીયો આવવો.To put into rhyme: કવિતા છંદબદ્ધ કરવું.3.To influence by rhyme:અનુપ્રાસયુક્ત કરવું.

Rhymer-ster, (રાઇમર-રાઇમસ્ટર્) *n.* A poetaster: નજીવી કવિતા રચનાર;જોડણ જોડું; ચોપાઈ ભટ.

Rhythm, (રિધમ્) *n.* [Gr. *rheo*,I

flow.] In the widest sense, a dividing into short portions by regular succession of motions, impulses, sounds, accents, etc, producing an agreeable effect as in music, poetry, the dance or the like:તાલ; લય; ઝાંઝમક. 2. Movement and musical time with periodical recurrence of accents:તાલ;તાલબદ્ધતા; લય; ઠેકો.

Rib,(રિબ્)*n.* One of the curved bones attached to the vertebral column and supporting the lateral walls of the thorax: પાસળી, પાસળુ. *The* r.s પિંજર; હાડપિંજર.2.(*a*)One of the timbers or bars of iron or steel, that branch outward and upward from the keel, to support the skin or planking: વહાણની બાજુઓ મજબુત કરવાને વાકું જડેલું લાકડું.(*b*) A ridge,fin,or wing,to strengthen or stiffen it:કશાનું પાસુ-પાંજરું; ચાપડો;પાટો. (*c*)One of the rods on which the cover of an umbrella is extended:છત્રીના દાંડો: સળી; સળીઓ. (*d*) A prominent line or ridge as in cloth:કાર; દોરી; નખી. 3. The chief nerve or one of the chief nerves of a leaf: પાનનોદાંડો-ડી-નસ; પોલિંદુ; રેખા. 4. A wife:સ્ત્રી; પત્નિ;વહુ.*vt.* To furnish with ribs:નખી મુકવી. 2.To inclose as with ribs and protect; to shut in:-મા ઘાલવું-ખોસવું.

Ribald,(રિબૅલ્ડ્)*n.*A low, vulgar, brutal, foul mouthed wretch; lewd fellow:મોંઢાનું છૂટું નાગી-ઠબાડી બોલી બોલનાર;મોંડ;ફાટેલ; અસભ્યભાષો; દુર્મુખ માણસ; ભુંડુ;હલકુ-ઠાઠ-નીચ બોલનાર. *a.* Low; mean; base; filthy: હલકું; મોંઢાનું છુટું; ભાંઠ;ફાટેલું; નાગુ.

Ribaldry,(રિબૅલ્ડ્રિ)*n.*Low,vulgar language; indecency; lewdness: નાગું-હલકુ-ઉઘાડું-ભાંડ ભાષણ; અસભ્ય ભાષણ; દુરુક્તિ; નાગાઇ; ભાંડવેડા.

Ribbon Riband, (રિબૅન્)*n.* A fillet or narrow woven fabric: ફીત;કોર;પટી; પટ્ટબંધ; પટો; રીબન. 2.A narrow strip or shred: સાંકડી પટી.3.Rib-band: વહાણની બાજુનાં લાકડાં મજબુત રાખવાને માટે આડો જડેલો ખૂટો. 4. *pl.* Driving reins: લગામ. *vt* To adorn with, ribbons: કોર-ફીત મુકી થી શણગારવું શોભાવવું.

Rice, (રાઇસ્)*n.*[*Lorysa.*](*Bot.*)A well-known cereal grass and its seed: ચોખા; ભાત: ડાંગેર-*Parched* r. ખમરા. R.*gruel*: પેજ; કાંજી; ઓસામણ. *Unboiled* r. *without the husk*: ચોખા. *Boiled* r. ભાત-કુરુ. *Ear of* r: કણીR *Pounder* ગોયો. R *pressed flat*: પૌંઆ વા. R *straw*: પરાળ R. *plant in the seedplot*: ધરૂ; દરૂ.

Rich,(રિચ્)*a.*[*L rex,regis,*a king.] Wealthy; opulent; affluent: શ્રીમત; તાલેવંત; પૈસાદાર; ધનવાન-વત; ધનાઢય;શ્રીમાત: દોલત વાન ખોળો; દ્રવ્યવાન; ગબ્બર; માતબર; તવંગર. 2. Abundant;bountiful; copious: ધણું;પુષ્કળ; ભરપુર; ભરેલું વાળુ ;અતિશય. 3. Productive or fertile; fruitful રસાળ;ફળવંત;ફળદ્રુપ; માતબર;સત્વવાન; ઉપજાવનારી. 4.Highly valued; precious;costly: કિંમતી; ભારે; ઘણું મોધુ ;અમૂલ્ય;ઉત્કૃષ્ટ.5. Abounding in agreeable or nutritive qualities: સ્વાદિષ્ટ;ભાત ભાતના મશાલાવાળા ખોજનવાળુ ;રસભર્યું; મશાલેદાર, લહેજતદાર; મિઠું. 6. Not faint or delicate·vivid: ઝમક-તેજ મારતું;ચળકતું; ઉત્તમ; સુપકાર; સુંદર. 7. Full of sweet and harmonious sounds:મધુર;સુરદાર. 8.Abounding in beauty;gorgeous: ખૂબીખૂબસૂરતીવાળું;ખૂબસૂરત; રમણીય; મનોહર. 9. Exciting amusement; entertaining: ગમત કરાવતું ખુશ કરાવે એવી-એવું;રમત ભરેલું આનંદકારક. *A* r. *ore*:જેમા ઘણી ધાતુ હોય એવી અશોધિત ધાતુ *Pastures* r. *in flocks*: જેમાં ઘણા ચેરા બકરાં ચરે છે એવા બીડ. *A* r. *treasury*: જેમા પુષ્કળ દ્રવ્ય છે એવો ભંડાર R *in blessing*:આશીર્વાદ ભરેલું.*A* r *landscape*: સુંદર-મનોહર દેખાવવાળી દૃશ્યભૂમિ *God is* r.*in mercy*: ઇશ્વર દયાનો સાગર છે. *A* r. *odour*:ઘણી સુંદર વાસ. *A* r. *crop*: પુષ્કળ-ઘણા સારા પાક. *A* r. *picture*: સુંદર રંગદાર ચિત્ર-છબી R. *diet*: પુષ્ટિકારક જમણ.*A* r. *dish*: લેજતદાર-મશાલાદાર-મીઠાવાળુ પકવાન-ખાદ્ય.R. *by birth*: ગર્ભ શ્રીમંત. *To get* r. તાલેવંત થવું. *vt* To enrich: પૈસાદાર-દોલતવાન-ધનવાન તાલેવંત કરવું *The* r:તાલેવંત-શ્રીમંતવર્ગ.

Riches, (રિચેઝ) *n pl.* Wealth; opulence;affluence:સંપત્તિ;દ્રવ્યની; માલમતા,પૈસો;દોલત;પુંજી;અર્થ ;વિભવ; વિત્ત; દ્રવ્ય; ધન. *Puffed up by* r. માલમત્તા;ધનમત્ત;ગર્વયુક્ત R *acquired by unrighteousness*: પાપધન.

Richly, (રિચ્લિ) *adv.* In a rich manner:ભભકાથી;સારી શોભીતી-કિમતી રીતે; અતિશયું; પૂરતી રીતે; ખરેખર; બિલકુલ.

Richness,(રિચ્નેસ્)*n.* The quality or state of being rich (*as in any sense of the adjective*): તાલેવંતપણું; રસાળપણું; પુષ્કળપણું;ધનાઢયતા; સંપીકતા; સધનતા; અતિશોભા;પ્રતાપ બાહુલ્ય; સમૃદ્ધિ; સંપત; મિષ્ટતા; મધુરતા.

Rick,(રિક્)*n.* A stack or pile, as of grain, straw, or hay: ઢગ; ગંજ;અંબાર;ઢગલો.*vt* To heap up in ricks:ઢગ-ગંજ-અંબાર-ઢગલો કરવું;કુદવું.

Rickety (રિકેટિ)*a.* Feeble; unsteady: નબળું; ખખળી ગયેલું;સાંધા નરમ-નબળા થઇ ગએલા હોય એવું; દોદળું.

Rid,(રિદ્)*Imp.* & *p p* of **ride**, *vt.* ઘોડાપર સ્વારી કરી-કરેલી. *vt* To save; to rescue;to deliver:બચાવવું;છોડવવું; છૂટું-મોકળું કરવું. 2. To free; to clear:કાઢીને સાફ કરી મૂકવું-કાઢવું દૂર કરવું;કાઢવું,પીડા કાઢવી.3.To drive away; to make away with; to destroy: કાઢી મૂકવું; નાશ કરવું;-નું કીડ કાઢી નાખવું;નિર્મૂળ કરવું.4 To get over;to dispose of;to finish: પૂર્ણ-પૂરું કરવું;પતાવું;કાપવું; વટાવવું.*a.* Free: clear: મોકળું; છુટું.To *be* r. *of*,to be free or delivered from: થી મુક્ત-છૂટા થવું;-માંથીની પીડાથી છૂટવું;કાસળ-ગાંસ-બલા કાઢવી To *get* r. *of*,to free one's self from:-થી પોતાની જાતને મુક્ત-છૂટા-સ્વતંત્ર કરવું; -ને રસ્તો પકડાવવો-આપવો; ટાળવું; દૂર કરવું; પોતે મુક્ત થવું.

Riddance,(રિડ્ન્સ્) *n.* Deliverance;a cleansing up or out:છૂટકારો; સાફ કરી નાખવું તે.2.Freedom; escape:આઝાદી છુટકારો;બચાવ; મુક્તિ; મોક્ષ; ઉદ્ધાર *A good* r: તે ગયું એ ટલે પીડા ગઇ. [રી કરેલું.

Ridden,(રિડ્ન્)*p.p.* Of **ride**: સ્વા-

Riddle,(રિડ્લ્) *n.* A sieve with coarse meshes: મોટા વેહવાળી ચાલણી. *vt.* To pass through a riddle: જાડા વેહની ચાળણી-થી ચાળવું; છારા યુક્ત ચાળીને જુદાં પાડવાં.2.To make many holes in:-માં ઘણાં કાણાં-સાર-વેહ પાડવા. *n. So*mething proposed to be solved by guessing or conjecture; a puzzling question; an enigma: ઉખાણું;કમરયા;કોયડો; ઉખાણું; કૂટાર્થ વાત. 2. Any thing puzzling; કોયડો;કૂટ;માયાફોડ; કડાકૂટ. To *find out a* r.: કોયડો ઉકેલવું-ઉકેલવું-ઉકલવું-કહેવું.*vt.* To explain;to solve:

to unriddle: સમજાવવું; ઉકેલવું; ઉખાણો છોડવો. *vt.* To speak ambiguously: બે અર્થ થાય એમ બોલવું; કૂટાર્થી-દ્વિઅર્થી બોલવું.

Ride,(રાઇડ્) *vi.* [*imp.* rode·rid· *pp.*ridden.] [L.*raeda*, a chariot.] To be carried on the back of an animal,as a horse:ઘોડા અથવા બીજા કોઈ વાહનપર બેસીને જવું. સ્વારી કરવી;સવાર થવું.2.To be borne in a carriage: ગાડીમાં બેસીને જવું. 3.To float,to lie: તરવું; તરતુ રહેવું. 4.To be supported in motion: to rest:આરામ લેવો;આધાર રાખવો; -ના આધારે રહેવું. 5. To support a rider, as a horse;to move under the saddle:ચાલવું;હાલવું.To r. *out* (*a*)to go upon a military expedition: લશ્કરી સ્વારીએ જવું.(*b*)To ride in the open air: ખુલ્લી હવામાં ઘોડે બેસી ફરવા જવું. *vt.* To sit on so as to be carried:-પર બેસવું; પર સ્વારી કરવી; સ્વાર થવું.2. To domineer over:-ના ઉપર હુકમ અમલ-ચલાવવો;-ને વશ વર્ત્તાવવું;-ને આધીન-વસ-રાખવું.3. To convey,as by riding: સ્વારી કરીને લઇ જવું.4 To overlap (*each other*, said of bones or fractured fragments:)-ઉપર ચઢી જવું.To r.*a. hobby*: મનગમતા ચેષ્ટાવાતનો વિષય હોવો.To r. *over*: ઘોડો દોડાવી ચલાવીને તેના પગ નીચે કચરી નાંખવું;-પર ઘોડો ફેરવી વાળવો. *Priest ridden*:ગોરને વશ. *n.* The act of riding; an excursion on horse back or in a vehicle: ઘોડા-ગાડી વિગેરે ઉપર બેસીને મારેલો ફેરો;સપાટો; સેલ;ફેરો;સવારી.2.A saddle horse: સ્વારીનો ઘોડો.3.A road made for riding:ઘોડા ઉપર બેસીને જવાનો રસ્તો-વાટ; ઘોડાવાટ-હોડ.

Rider,(રાઇડર્)*n.*One who or that which rides: સવારી કરનાર. 2. A commercial traveller: વેપારો; મુસાફર. 3. One who breaks or manages a horse:ઘોડાને કેળવનાર; હવાલદાર.4. Something extra or burdensome ;that is imposed; an addition or amendment to a manuscript or other document: ખત-લેખ કે દસ્તાવેજને છેડે ઉમેરેલું વાક્ય; કલમ; અનુસંધાન;પૂરવણી; વધારો; સાંપણ; પરિશિષ્ટ. 5. A problem of more than usual difficulty added to another on an examination paper: પરીક્ષાના સવાલ પત્રકમાં એકના એક સવાલમાં મુકેલું વધારે અઘરૂં કૂટ-સિદ્ધાંત.6.A robber:લૂટારો; ચોર; ધાડપાડુ.

Ridge,(રિજ્) *n.* The back or top of the back; a crest: પીઠ; પીઠનો ઉપલો ભાગ.2 A range of hills or mountains: ડુંગરો-પર્વતોની હારશાળ.3.A raised line or strip as of ground or on the surface of cloth metal, bone &c: બે ચાસ વચ્ચેની ઉપસેલી જમીન; શેરડો; ઉમરો; ઉચાણ; કરચલી; કરચોલી.4.The intersection of two surfaces forming a salient angle: છાપરાનો મોભ-ટોચ. R *tiles*: થાપા-મોભારીઆં. *vt.*To form a ridge of; to make into a ridge: ટેકરા-ડુંગરાની હાર બનાવવી. 2. To form into ridges with the plow: ચાસ પાડીને આસપાસની જમીન ઉચી કરવી; શેરડો પાડવો. 3. To wrinkle: કરચલી પાડવી.

Ridiculе,(રિડિક્યૂલ્)*n.*[L. *ridiculum*, a jest.] An object of sport or laughter; a laughing stock or laughing matter: હાસ્યજનક પદાર્થ-વસ્તુ; ઉપહાસાસ્પદ;ઉપહાસ વિષય.2 Banter; derision; પરિહાસ; અવજ્ઞા;ટેચ;હાંસી;ઠઠ્ઠો;મશ્કરી;ઉપહાસ; મજાક.*vt.*To laugh at mockingly or disparagingly: ની મશ્કરી-હાંસી ઠઠ્ઠો-મજાક કરવું;-ને હસી કાઢવું; ઉપહાસ કરવું; મજાક કરવી.

Ridiculous,(રિડિક્યૂલસ્)*a.* Fitted to excite ridicule; absurd and laughable:હસી કાઢવા જોગ;હાસ્યજનક; હાસ્યોત્પાદક. 2. Involving or expressing ridicule: હાંસીદર્શક; હાસી ભરેલું; મસ્કરીવાળુ.

Ridiculously,(રિડિક્યૂલસ્લિ) *adv.* In a manner to excite laughter: હાસ્યજનક-ઉપહાસોત્પાદક રીતે

Riding,(રાઇડિન્ગ્) *a.* Employed to travel,travelling:મુસાફરી કરતો-કરનારો. 3. Used for riding on: સ્વારી કરવાનું;સ્વાર થવાનો.3.Devoted to riding: સ્વારીના કામમાં વપરાતું-વપરાયું. R.*master*: અશ્વારોહક; અશ્વારોહણ શિક્ષક. *n.* The act, or state of one who rides: સ્વારી, અશ્વારોહણ.2. A festival procession: વરઘોડો.3 A district in charge of an excise officer: જકાતી અમલદારના તાબાનો મૂલક.

Rife,(રાઇફ્)*a.*Prevalent; abounding:ઘણો જોરથી ચાલતું-ફેલાતું; પ્રચલિત.2.Active;nimble: શક્તિવાન; ચપળ;ચાલાક;ચપળ.

Riffraff,(રિફ્ રૅફ્)n.Sweepings; refuse; the lowest order of society: કચરો;પૂંજો;કીડું,ધાંધીમોચી; કોળી-કંકાળી;કાળિયો; નીચવર્ણ; વસવાયાં;હલકા લોક.

Rifle,(રાઈફ્લ્) *vt.* To seize and bear away by force to snatch away; to carry off:-લઈ જવું;નું હરણ કરવું, ખૂંચાવી લેવું 2.To strip;to rob;to pillage:લૂંટવું;લૂટી લેવું; પરથી ઉતારી લેવું. *vi* To commit robbery:ચોરી-લૂટ કરવી.*n.*A gun,the inside of whose barrel is grooved with spiral channels:પેચની બંદુક.*pl* (*Mil.*) A body of soldiers armed with rifles: પેચની બંદુકોવાળા સિપાહીઓ.*vt.*2 To groove;to channel:કોરણ-ખોબણ પાડવી.2.To whet with a rifle: લાકડાનો કટકો ઘસીને ધાર કાઢવી-ચકાસવી

Rift,(રિફ્ટ્) *n.* A cleft; a fissure: ચીરો;ફાડ;તરડ; સાધ;છિદ્ર.2.A shallow place in a stream; a ford: નદીમાં છાછરા પાણીવાળી જગા; આરો. *vt.*To cleave;to rive;to split: ચીરવું-ફાડ પાડવી. *vi* To burst open; to split:ઉઘાડું-ખુલ્લું થવું; ફાટ પડવી. 2. To belch: જોરબંધ નીકળવું.

Round,(રાઉન્ડ્)*vt.&vi.*To whisper: કાનમા કહેવું; ફુક મારવી. *a.*[L *rota* wheel.]Spherical;circular: ગોળ; વર્તુલાકાર;ચક્રાકાર;ગોળાકાર;ગોળા સરખુ;મંડલાકાર; કંકણાકાર. 2.Having the form of a cylinder; cylindrical:નળીના-ભૂંગળીના આકારનું;દીર્ઘવર્તુળાકારનું. 3. Having a curved outline or form: ચક્રાકારનું; મહેરાબદાર.4.Full; complete; not broken (*said of numbers*): પૂરૂં; આખું; જેને છેડે બીજું આવે એવું 5. Not inconsiderable; large:મોટું; ભારે;જબરૂં; બહુબોલે-મોકળે મને આવેલું; ઉદાર.6.Uttered or emitted with a full tone (*as a voice*): પૂર્ણજેટલો કઠાય તેટલો સાદ કાઢીને બોલેલું. 7.(*Phonetics*)Modified,a vowel; labial; labialised; rounded ઓષ્ઠસ્થાની. 8. Outspoken; plain and direct, unqualified સરળ;સ્પષ્ટ;સ્પષ્ટ;ખુલ્લું.9.Finished; polished: અલંકૃત; સરળ.10. Fair;just (*applied to conduct*): પ્રમાણિક,ન્યાયી;અદલ;સ્પષ્ટ;ન્યાયી. R.*room*:પહેલી કાચે સાદી કરી તે ન જણાય તેટલા માટે ગોળાકારમા સાદીઓ કરેલા હોય એવી અરજ,-વિનતિ પત્ર વિગેરે. *A* r.*number*:જેને અંતે મીંડું આવે તેવી સંખ્યા; બુદી-ગોળ-શૂન્યાંત સંખ્યા. (*b*) છેક મોટી સંખ્યા. *At a* r. *rate*: ઝડપથી ત્વરાથી-ઉતાવળે. *A* r. *hand*: ગોળ અને બરાબર લખાણ. *To bring up with a* r. *turn*, to stop abruptly:એકાએક-અધવચ અટકવું. *n.* Anything round, as a circle,a globe,a ring:વર્તુલ;ચક્કર; ગોળ; મંડલ;કુંડાળુ. 2. A series of like events recurring in continuance: પરિવર્ત્તન; આવૃત્તિ; પર્યાય. 3.A course of action or conduct:ફેરો;આંટો;આવર્ત્તન.4.A series of duties or tasks which must be performed in turn:ક્રમ; વારો. 5.A circular dance:ગોળ ચક્કરમાં થતો નાચ.6.Rotation,as in office; succession:ક્રમ;વારો; પાળી.7. The step of a ladder; a rundle or rung:સીડી-નીસરણીનું પગથિયું. 8.A circuit; a beat: આંટો; ચક્કર; ફેરો; રોન. 9. (*Mil.*) (*a*) A walk performed by a guard or an officer round the rampart of a garrison,or among sentinels for inspection:રોન.10.A bout: બેપ; ફેરો;વખત; ઝપાઝપી.11. An assembly;a group:ટોળી; સમુદાય; મંડળી. 12.A volley or general discharge of fire arms: સામટી બંદુક ફોડવી-છોડવી તે; સામટો બાર. R. *of applause*:જે આખી સભા-મંડળી કહે-કરે-આપે તે શાબાશી-વાહવા. *adv.* On all sides; around: બધી બાજુએ;આસપાસ;-ચોતરફ; ચોદીશ;ગોળ ચક્કર;સઘળી બાજુએથી; ચોતરફથી.2. Circularly: ગોળ; ચક્રાકારે. 2. In circumference: ઘેરાવા-પરિધમાં. 4. By or in a circuit; back to the starting point:ફરીને;ચક્કર-ચક્કરાવો ખાઇને.5. Through a circle as of friends or houses: સઘળા ભાઇબંધોમા અથવા ઘેરવેર; બધે. 7. Roundly; fully;vigorously: પૂર્ણ રીતે;જોસમર., *All* r.;in every direction: સઘળે; સઘળી ગમ-બાજુએ દિશામાં;ચોતરફ. *All-round*, of general capacity: દરેકબાબતમા જાણીતું-માહિતગાર;બધુ કામ કરી શકે તેવું;'સબ બંદરકા બેપારી'જેવું.*To bring one* r. (*a*) to cause one to change his opinions or line of conduct:કોઇ પોતાના વિચાર બદલે-બદલી નાંખે તેમ કરવું; ઠેકાણે લાવવું; વિચાર-મત ફેરવી નાખવું (*b*)To restore one to health:તંદુરસ્ત કરવું;-ની તબીયત-પ્રકૃતિ ઠેકાણે લાવવી. *To turn* r.: (*fig*):પક્ષ-મત બદલવું-ફેરી જવું કરવું.*To go* r: ફેરો ખાઇને જવું; ફેરવત રસ્તે જવું *The whole year* r. આખું માસ. *To look* r.: બેબાકળા કે ગભરાઇને ચોમેર જોવું.*To come* r.: પાછું ઠેકાણે આવવું.*To come or get* r.*one*:આજીજી કરીને-કાલીને છેતરીને કોઇના ઉપર ફરેબ મોકલીને કાઢવું;પેટમા ભરાવું; ફોસલાવવું.*Prep*,Around;about: આસપાસ;ચોતરફ-ની સઘળી બાજુએ;સઘળે ઠેકાણે R.*about*: આશરે;સુમારે; લગભગ;અડસટ્ટે.*vt.*To give a round or convex figure to:ગોળ વર્તુલાકાર આપવો;ગોળ કરવું.2.To surround;

to encircle:-ની આસપાસ ફરી વળવું; -ને ઘેરી લેવું; વિંટલાઈ વળવું-જવું. 3. To complete: પૂર્ણ-પૂરૂ કર. 4. To go about;-ની પ્રદક્ષિણા કર. *vi.* To grow round or full:ગોળ-પૂર્ણ થવું; પુષ્ટ-તૈયાર સિદ્ધ-થવું. 2. T go round,as a guard: ચોકી કર; રોણ ફરવું.3.To go or turn round:-ની આગળ પાછળ-આસપાસ ફરવું;ગોળ ફરવું; ચકરચકર ફરવું. *To r.periods:* વાકયો સરળ કરીને બોલવાં-લખવાં.

Roundabout, (રાઉન્ડઅૅબાઉટ્) *a.* Going round;indirect: ફેરાવાળું; આડું;વક;ફેરાવાનું;આડકતરૂ;ફેરવાળું;કુટિલ.2. Encircling; comprehensive:વીંટાએલું;આસપાસનું સમગ્ર શકાય તેવું;ચોખ્ખું; સ્પષ્ટ; ગ્રહણ કરી શકાય તેવું 3.Ample:વિશાળ; મ્હોટું; બહોળું;વિસ્તારવાળું.*n.* A horizontal wheel or frame; a merry-go-round: ચકડોળ. 2. A dance performed in a circle: ચક્રાકારે કરેલો નાચ.3.A short,close jacket:કુંકુતંબ બહન.

Roundelay, (રાઉન્ડીલે) *n.* A rondeau: ટેકવાળી કવિતા; એક જાતનો સ-દૈયો. 2 (*Mus.*) (*a*) A tune in which a simple strain is often repeated: એકસૂર. (*b*)A dance in a circle: ચક્કરમાં કરેલો નાચ.3. A. roundel: ગોળાકાર ચીજ-પદાર્થ; ગોળ આકૃતિ.

Round-head, (રાઉન્ડહેડ્) *n.* A. puritan: ગોળ માથાનો-માથાનો વાળ કપાવી નાખેલો પ્યુરિટન મત માનનાર પુરૂષ

Round-house, (રાઉન્ડ્-હાઉસ) A constable's prison: કોન્સ્ટેબલનુ રાત્રે પકડેલા માણસોને પૂરવાનુ બંધીખાનુ;ચોકી;કાટડી. 2. A cabin or the quarter deck: વહાણના ડુતકની પાછળનો ઓરડો.

Roundly, (રાઉન્ડ્લિ) *adv.* In a round form or manner: ગોળ-ચક્રાકાર રીતે રૂપે 2.Openly;boldy: ખુલ્લી રીતે, બહાદુરીથી;બેધડક; ચોખ્ખી રીતે; સાફ;દબદાવીને.3.Briskly,withspeed: ચપળતાથી;ઝડપ-વગથી. 4. Completely;in earnest: પૂર્ણ રીતે આતુરતાથી; ખરા મનથી;સારા રીતે; કચકચાવીને. 5.Comprehensively;generlly: એક દર,અડસટ્ટ; સાધારણ રીતે; લગભગ.

Roundness, (રાઉન્ડ્નેસ્) *n.* The quality or state of being round in shape:વર્તુલતા;ગોળત્વ.2.Fullnes; smoothness;plainness: પૂર્ણતા.3. Openness; plainness; boldness: ખુલ્લાપણું; સ્પષ્ટતા; બહાદુરી; ધૃષ્ટતા.

Round-robin,(રાઉન્ડ્રોબિન્)*n.* A name given to a protest signed by a number of persons in a circular form so that no one shall be obliged to head the list: જેના ઉપર સહી કરનારાઓનાં નામ કુંડાળામા લખેલા હોય એવી અરજી.(આગેવાન કોણ છે તે માલમ નહિ પડે તે માટે નામો તે રીતે લખે છે.)

Rouse,(રાઉઝ્)*vt* &*t.* To pull or haul strongly anfl all together, as upon a rope, without the assistance of mechanical appliances:એકદમ દોરડાથી ખેંચી પકડવું. *n.*A bumper in honor of a toast or health: તંદુરસ્તી ઇચ્છીને લીધેલો ભરપૂર દારૂનો પ્યાલો. 2. A festival; a drinking frolic: તે; પાનોત્સવ.*vt.* To cause to start from a convert or lurking place: કોઈ પશુને તેની રહેવાની જગ્યામાંથી હાકી કાઢવું-ઉડાડવું; જગાડવું. 2. To wake from sleep or repose: જગાડવું;જાગૃત કર; સૂતા ઉડાડવું. 3. To excite: ઉશ્કેરવું; ઉત્તેજીત કર;-થી ઉશ્કેરાવું-ઉત્તેજીત થવું.4. To put in motion;to agitate:ગતિમા મૂકવું; હલાવવું; ખળભળાવવું;-મા તોફાન મચાવવું: ક્ષોભિત કર 4. To raise; to make erect:ઉભુ-ઉંચું કર. *vi.* To get or start up; to rise: ઉઠવું ઉભા થવું.2. To awake from sleep or repose: જાગૃત થવું;સૂતા ઉઠવું; જાગવું.3.To be excited:ઉશ્કેરાવું. *To r oneself:* ઉઠવું; જાગવું,જાગૃત થવું-હોવું.

Rout,(રાઉટ્)*vi.*To roar;to bellow, to snore loudly:ઘૂમ પાડવી; ગર્જના કર; આરડવું. *n.* A shouting; noise; clamor; disturbance; tumult:ઘૂમ; ચીસ;કીકીઆરી; હુલ્લડ.*vt.* To furrow: કારણ-ખોદણ પાડવી. *To* r. *out,*(*a*)to discover;to find શોધવું;-ને જડવુ હાથ લાગવું.

Rout,(રાઉટ્)*n* [L.*rumpo,*I break] A troop;a throng;જુથ;યાદુ;ટોળી; મડળી;જમાવ.2.A disorderly mob: તોફાની હલકા લોકોની ટોળી,લૂંટારાની-હુલ્લડી ટોળી 3. The state of being disorganised and thrown into confusion.ભંગાણ; હાર; નાસભાગ;સૈન્યભગ; નાસાનાસ;ગબડાણી.4. A disturbance of the peace: સુલેહભંગ *To put to* r. ને હરાવવું;-ને પરાજય પમાડવું;-ને નસાડવું;-માં ભંગાણ પડાવવું. *vt.* To break the ranks of, as troops and put to flight in disorder; to put to rout: હરાવીને વિખેરી નાંખવું;-માં ભંગાણ પડાવવું; વેરણછેરણ કરી નાંખવું.

Route,(રૂટ્)*n* [L.*rumpo,* I break] A passing; a course; a road or path:રસ્તો;રાહ;વાટ,માર્ગ. R.*by land:* સ્થળમાર્ગ; ખુશકીનો રસ્તો. R *by water:*જળમાર્ગ; તરીનો રસ્તો. *In* r: રસ્તામાં.

Routine, (રૂટીન્) *n.* A course of business or official duties regularly or frequently returning: નિત્યનું કામ-પાઠ-ક્રમ; પરિપાટ;દરરોજ કરવાનું કામ.2.Any regular course of action or procedure rigidly adhered to by the mere force of habit:અભ્યાસ;પર્યાય. *Daily* r.: દિનક્રમ;દૈનિક કાર્યપરંપરા. R. *work:* નિત્યકર્મ.

Rove,(રોવ્)*vt.* To draw through an eye or aperture: નાકા-વહેમાં પરોવવું દાખલ કર. 2. To draw out into flakes:કાંતવું. 3.To twist slightly:થોડું થોડું વાળવું; આમળવું.*n.* A roll or sliver of wool or cotton:સુતર અથવા ઉનની પુણી.*vi.*To practise robbery on the seas: દરિયા-સમુદ્રમા જતાં માણસો-વહાણને લૂંટવાં;ચાંચિયાનો ધંધો કર.2 To wander: to ramble: ભટકવું; રખડવું; ફરવું; પર્યટણ-પરિભ્રમણ કર. *vt.* To wander over or through; ભટકવું; રખડવું. 2. To plow in ridges by turning the earth of two furrows together:-પર ચાસ પાડવા. *n.*The act of wandering,a ramble:રખડપટ્ટી;પરિભ્રમણ.

Rover,(રોવર્)*n.* One who practises robbery on the seas;a pirate:ચાંચિયો;વાટપાડુ.2.A wanderer,a rambler: ભટકનાર; રખડનાર. 3. Hence, a fickle, inconstant person: અસ્થિર-ઠેકાણા-ઢગપડા વગરનું માણસ. 4.*pl.*Casual marks at uncertain distances: નિશાન-નેમ વગરની તાકણી.

Row(રાઉ) *n.* A noisy, turbulent quarrel or disturbance;a brawl: કજીઓ; ટંટો;લડાઈ;તોફાન; શોરબકોર; ફિસાદ.*n.*(રો)A line;a rank a file: ઓળ; હાર; લહાર-માળા; સેર; પગત; પંક્તિ.*In* r.s: હારોહાર;હારબંધ.*vt* [L.*renus,*oar.] To propel with oars: હલેસા મારીને આગળ ચલાવવું.2.To transport in a boat propelled with oars: હલેસાંથી ચલાવાતી હોડીમાં બેસાડી લઇ જવું.*vi.*To use the oar.હલેસું મારવું.*To pick up a* r: તોફાન કર.-ઉઠાવવું.

Rowdy,(રાઉડિ)*n* A ruffianly fellow: બળવા-હુલ્લ-ખોર-હુલ્લડી-તોફાની માણસ;સેતાનનું ખોળીઉ .*a.* Disreputable;blackguardly:વ ડેલ; તોફાની; સેતાન;ફાટેલું ;વડીગયેલું.

Row·r,(રોઅર)*n.* One who rows: હલેસા મારનાર;હલેસાં મારે તે.

Rowel,(રોઉવેલ્) *n.* The little wheel of a spur:એડીમાં જે ફાંસવાળું ચક્કર હોય તે;કાંટો; મમરેજ; મમરેજનું ચક્કર. 2.A little wheel or ring on horses bits· ઘોડાની લગામની ચપટી કડી.

Royal,(રૉઇઅલ્)*a.*[L. *rex*,a king.] Kingly;regal:રાજનું ;રાજકીય;શહેનશાહી;બાદશાહી 2.Noble;generous: princely:ઉદાર;મ૦ય;ઉમદા;અલિજહાન; રાજાને છાજે એવું;રાજોચિત; રાજયોગ્ય; પાદશાહી.3.Under the patronage of royalty;holding a character granted by the sovereign: રાજબાદશાહના આશ્રયવાળુ. R. *metal*: સોનું.R.*academy*: રાજાશ્રયની શિલ્પશાળા.R *attendent*:રાજસેવક. R. *city*:રાજધાની.R.*dignity*: રાજપ્રતાપ. R.*insignia*:રાજલક્ષણ;રાજચિન્હ R *mansion*:રાજઘર;રાજવાડો; રાજમ દિર-મહેલ.R.*signet* or *seal*: રાજમુદ્રા. *n.* Printing and writing papers of particular sizes:રોયલ; અમુક મોટી તકતીના કાગળ 2.One of the upper or distal branches of an antler: સાબરના શિંગડાની ઉપરની શાખા.3.A small mortar: નાનો ખલ.

Royalist,(રૉઇઅલિસ્ટ્)*n.* One attached to monarchical government:રાજની તરફનું માણસ;રાજપક્ષી; રાજનો પક્ષધરનાર;રાજભિમાની પુરૂષ.

Royalty,(રૉઇઅલ્ટિ)*n pl* Royalties. Kingship; sovereignty: બાદશાહી;રાજત્વ;પ્રભુત્વ; રાજ્યાધિકાર; રાજપદ.2.The person of a king or sovereign;majesty: રાજા;બાદશાહ;નૃપ.3.An emblem of royalty:રાજચિન્હ.4.Kingliness; spirit of regal authority: ઐશ્વર્ય;પ્રભુત્વ; નૃપત્વ.5.Domain;province: રાજ્ય; અધિકાર; સત્તા; હકુમત. 6. Imperiality: રાજભાગ; રાજહક; નજરાણો.7.A share of the product or profit:પેદાશ-નફાનો ભાગ. A tax paid for the use of a patent:પેટન્ટની કે સનદી જણસના ઉપયોગ સારૂ આપેલુ ભાડુ-વેરો-કર-રકમ.

Rub,(રબ્)*vt.* To subject (*a body*) to the action of something moving over its surface with pressure and friction:ઘસવું;ઘર્ષણ કર;ચોળવું;મસળવું.2.To chafe; ઘસડવું.3 To cause (*a body*)to move with pressure and friction along a surface:--ના ઉપર લગાડવું-ઘસવું;લઇજવું;ફરસી નાંખવું;ફેરવું. 4. To smear;ચોપડવું;લગાડવું; ચોળવું; મર્દન કર;ખરડવું;રગડવું. 5. To polish; to brighten;to cleanse: માંજીને સાફ કર;ઝલેહ આણવી;ચકચકિત કર;સાફ કર. ઓપ ચઢાવવો. *To* r. *down* (*a*) to clean by rubbing: ઘસીને સાફ કરવું;ખરેરો કર;મસળવું; ચોળવું.(*b*) To reduce by rubbing:ઘસીનેઓછું-કમી કર.*To* r.*off*,to separate by friction:ઘસીને કાઢી નાખવુ -જૂદું પાડવું.*To* r.*out*,to erase:કાઢી છેકી-ભૂંસી નાંખવું; -નોકચ્છેદકર. *To* r.*up*.(*a*)to polish: -પર ઝલેહ-ઓપ આપવો;ઉજાળુ-ચળકતું-સાફ કર (*b*)To excite: ઉશ્કેરવું; જાગૃત કર; તાજુ કર;ઉત્તેજન આપવું. *vi.* To grate,to chafe: ઘસાઇને જવું;ઘસાવું;લાગવું.2.To fret;to chafe:ઘસાવું;ઊશ્કેરાવું.3. To move or pass with difficulty: મુશ્કેલીથી જવું-ખસવું; પરાણે-મહા મુસીબતે-મહા મહેનતે પસાર થવું-જવું;-માંથી પાર પડવું. *n.* Friction:ઘસારો;ઘર્ષણ;મર્દન. 2. Hindrance: obstruction: હરકત; વાંધો;ખલેલ;વિઘ્ન;આડ;નડતર; નડ;અડચણ.3.Unevenness (*of ground*): અસમાનતા 4.Sarcasm; joke: મ્હેણું;મશ્કરી;ટોળ. 5. Imperfection; failing;fault: દોષ; અપરાધ; ગુન્હો; વાંક;ચૂક.6. A chance: અકસ્માત;ભાગ્ય.7.A whetstone: ધાર ચઢાવવાની પથરી;સરાણ.

Rubber,(રબર) *n.* (*a*) An instrument or thing used in rubbing, polishing or cleansing: ઘસવાનુ-ઓપ ચઢાવવાનુ અથવા સાફ કરવાનુ હથિયાર-ચીજ.(*b*)A coarse file:જાડી કાનસ.(*c*) A whetstone: ધાર ચઢાવવાની પથરી;સરાણ (*d*)An eraser: રબર. (*e*) Something that chafes or annoys: દુઃખ લગાડનાર. (*f*)Hence,a sarcasm: મ્હેણું,ટોળ; મશ્કરી;ટપો.2. India rubber;caoutchouc:રબર.

Rubbish (રબિશ્)*n.*Trash; ruins; debris:કચરો; પુ ના;કસ્તર; છારૂ; મેલ; મલ;નિ:સાર વસ્તુ.2.Mingled-mass: ભેગા-ભેગ.R.*and filth as heaped or lying*:કચરોડો.

Rubble,(રબલ્) *n.* Water-worn or rough broken stones,broken bricks, etc.: પાણીના ઘસારા લાગી ઘસાઇ ગયેલા પથ્થર;રોડા. 2. Rough stone as it comes from the quarry:ઘડ્યા વગરનો ખાણમાંથી આવેલો પથ્થર.

Rubicon,(રૂબિકોન્)*n.* A river in Central Italy forming the boundary in the Republican period of Roman history between the province of Falia Cisalpine and Italia proper: ગાલદેશના આલ્પસપર્વતની દક્ષિણ ગમના ભાગની અને ઈટાલી દેશની વચ્ચેની એક નહાની સરખી નદી *To pass the* r.: પાછું પગલું નહિ ભરાય એવું કામ કરવાને માથે લેવું.

Ruble, (રૂબલ્) *n.* The unit of monetary value in Russia:રૂસિઆમાં ચાલતો સિક્કો; રૂબલ; સોનાનો રૂબલ ૭૭ સેન્ટની કિમતનો અને રૂપાનો રૂબલ ૬૦ સેન્ટની કિમતનો હોય છે.

Rub-stone,(રબ્સ્ટોન્) *n.* A whetstone:ધાર ચ ાવવાની પથરી; સરાણ.

Rubric,(રૂબ્રિક્)*n.* The directions for the service in office books formerly in red letters: ખ્રિસ્તી ભક્તિની ચોપડીમાં ભજન સબધી જે આજ્ઞાઓ છે તે (એ અસલ રાતા અક્ષરે છાપતા.)2.A guiding rule: વિધિવાક્ય;આજ્ઞાવિધિ.

Ruby,(રૂબિ) *n.* [*L.rubeus*, red.] (*Min.*) A precious stone of a carmine red color, sometimes verging to violet: માણેક;લાલ પદમરાગ;શોણરત્ન.2.The color of a ruby;a red tint; લાલ રંગ;રાતાશ;સુરખી.3.That which has color of a ruby (*as red wine*);a red carbuncle:માણેકનાજેવા રંગવાળો પદાર્થ; લાલ ગાંઠ. 4. A kind of type: એક જાતનાં છાપવાના બીબાં.*a* Ruby colored;red:લાલ; રતાશ પડતું,રક્તવર્ણી. *tt* To redden. લાલ-રાતું કર.

Ruck,(રક્)*vt.*& *vi.* To draw out wrinkles or unsightly fold; to crease; કરચલી વાળવી વળી. *n.* A wrinkle or crease: કરચલી;વળ;પડ. *vi.*To cover; to sit; as a hen on eggs: સેવવું. *n* A heap; a rick: ઢગલો;ઢગ;ગંજ.

Ructation,(રક્ટેશન્)*n.* [L. *ructo*, I belch.] The act of belching wind:વાછૂટ,ઓડકાર.

Rudder,(રડર્)*n.*A riddle or sieve ચારણી. *n.* The mechanical appliance, by means of which a vessel is guided or steered when in motion: સુકાન. 2. *Fig.* That which resembles a rudder as a guide or governor: લગામ; નિયંતાનુ સાધન; દોરી; સુકાન;

Ruddy,(રડિ)*a.*Of a red color,red or reddish:લાલ;રાતું; રાતાશ પડતું. 2.Of a livly fresh color: લાલ-રતાશ પડતુ; સુરખીદાર. To make ruddy:લાલ-રાતું કરવું.

Rude,(રૂડ) *a.* [L. *rudis.*] Unpolished;raw: અણઘડ;મુદ્દર નહિ ઘડેલું; સફાઇ વગરનું.2. (*a*) Not smoothed or polished: સફાઇ વગરનું. (*b*) Ignorant; raw; unskillful; બીન અનુભવી;કાચું;અનાડી;અણકિસબી; અજ્ઞાન;જંગલી;અસભ્ય; તોછડું; બેઅદબ અમર્યાદ;ઉદ્ધત; અશિષ્ટ; અનાર્ય;નિર્જંગ. (*c*) Violent; tumultuous; inclement:ધુધવાટ-ધુધુકરતું;કડકડતો; સખ્ત; તોફાની.(*d*) Fierce; bloody;impetuous:જંગલી;રાની; અભણ;ક્રૂર;લોહીલુહાણ; પ્રબળ; જબરજસ્ત; જંગડૂ. (*e*) Not complete; inelegant (*as language,etc.*)બેઢંગુ;ઢંગઢાળ વિનાનું. અસંસ્કૃત;અશિષ્ટ;ગ્રામ્ય. *A r. word:* ઠેંકારો.

Rudely, (રૂડ્‌લિ) *adv.* Uncivilly; ignorantly;fiercely: અસભ્યતાથી; અજ્ઞાનતાથી;જંગલીપણે;બેઢંગી-કઢંગી રીતે

Rudeness,(રૂડ્‌નેસ્)*n.*Ignorance: fierceness; inelegance: જંગલીપણું;અસભ્યતા;તોછડાઇ;અવિનય; અમર્યાદા;અનાર્યતા.

Rudiment,(રૂડિમેન્ટ્)*a.* [L. *rudis,* ignorant.]The principle which lies at the bottom of any development:મૂળતત્વ;પ્રારંભ;મૂલાંશ; બીજ;મૂળ 2.A first step: આરંભ;મૂળ પીઠિકા;ઉપક્રમ;પ્રથમ તત્વ 3. An imperfect organ or one which is never fully developed:અપૂર્ણ અંગ-ભાગ.*vt.*To instruct in the rudiments:મૂળતત્વ શિખવવા.

Rudimental-ry,(રૂડિમેન્ટ્લ્-રિ) *a.* Elementary; initial: મૂળારંભનું; પ્રાથમિક;આદિમાં; મૂળનું.

Rue,(રૂ) *n.* [L. *ruta.*] Herb of grace:સીતાબ;બાલ્ગી;બક્ષી; ભરમી. 2. *Fig* Bitterness;grief;regret:શોક; પસ્તાવો;દિલગીરી; પશ્ચાત્તાપ. *vt.* To lament;to grieve for or over: પસ્તાવું;અફસોસ કરવું;રડવું.2.To afflict:દુઃખ દેવું;દુઃખવવું;-ને શોક-દિલગીરી કરાવવી.3.To get released from: -થી મુક્ત-છૂટા થવું.*vi.*To have compassion: દયા આવવી હોવી. 2. To feel sorrow and regret:દુઃખ લાગવું;દિલગીરી થવી;પસ્તાવો કરવો.*n.*Sorrow;repentance: દિલગીરી;પસ્તાવો; પશ્ચાત્તાપ.

Rueful,(રૂ‍ફુલ્) *a* Woeful;mournful;sorrowful;પસ્તાવો,શોક-દિલગીરી ભરેલું; દ્રિન્ન;શોકાતુર.2. Expressing sorrow:શોકસૂચક;રોવું;રડવું.

Ruff,(રફ્) *n.* A muslin or linen collar: મસલીનનો ગળપટ્ટો;કોલર. 2. An exhibition of pride or haughtiness:મગરૂરી; ગુમાન; અહંકાર; તોર: ઠમામ. 3. A wanton or tumultuous procedure of conduct; અસ્વસ્થતા; વ્યગ્રતા;સંભ્રમ;પ્રકોપ. *vt.* To ruffle;to disorder; અવ્યવસ્થિત કરવું; ખળભળાવી નાંખવું; હલાવી મૂકવું; વ્યાકુલ-વ્યગ્ર કરવું.2. To beat with the ruff or ruffle, as a drum: ધીમેધીમે વગાડવું.

Rufflan, (રફ્‌ફિઅન્) *n.* A pimp; a pander;also,a paramour; ભડવો; કૂટણિયો;રમણ;વલ્લભ;પ્યારો. 2. A cutthroat:ઘાતકી;ખુની;ગળાકાપુ; ગળારેંસનાર; આતતાયી; કર્મચંડાળ; દુષ્ટ; *a.*Brutal;cruel:ઘાતકી;ખુની;ક્રૂર. *vi.* To play the ruffian: ઘાતકી-ખુની; ક્રૂરકર્મ કરવું.

Ruffianism,(રફ્‌ફિઅનિઝમ્) *n.*Ruffianly qualities: ઘોરકર્મ કરવાં તે; ખુનીપણું ;ક્રૂરતા;ઘાતકીપણું.

Ruffle,(રફ્‌લ્)*vt.*To make into a ruff;to wrinkle: કરચલી પાડવી-વાળવી.2.To furnish ruffles: ઝુલાદાના અમુક ભાગની કોરે ઝુલ-કરચલા-ચીણ મુકવી.3.To disturb the surface of:હલાવી મૂકવું; ખળભળાવવું; ડોહોળી નાંખવું;ક્ષોભિત કરવું.4. To erect in a ruff as feathers:ઉંચા-ઉભાં કરવું.5.To beat with auff.or ruffle as a drum: ધીમે ધીમે વગાડવું. 6.To discompose;to disturb: અસ્વસ્થ; વ્યાકુલ-વ્યગ્ર કરવું; સખળડખળ કરવું;ઉદ્વિગ્ન-આકુલ કરવું. 7. To throw into disorder or confusiou: ગબડાટમાં નાંખવું: અનિયમિત-અવ્યવસ્થિત કરી દેવું.*To r. the feathers of,*to irritate: ગુસ્સે કરવું;ચીડવવું;ખીજવવું;પજવવું; સતાવવું. *vi.*To grow rough or boisterous: જંગલી તોફાની થવું; ધાંધલધમાલવાળી કરવી.2. To become disordered; to flutter: સખળડખળ થવું; અવ્યવસ્થિત થવું.3 To be in contention! -ની સાથે લડાઈ-કજીઓ-ટંટો હોવો. 4. To put on airs; to swagger:-નું ડોળ-દમામ રાખવો;-માં ધુમવું. *n.* A frill:ઝુલાદાની ચીણવાળી ચીપ.2.Disturbance;agitation; commotion: ડોહોળાઇ ગયેલો દેખાવ.ઉર્મિ; કરોચળીઓ.(*of the mind,etc.*): અસ્વસ્થતા;વ્યગ્રતા;સંતાપ;ક્ષોભ;ઉદ્વેગ.

Ruffled,(રફ્‌ફ્‌લ્ડ્)*a.* Agitated; disturbed:ક્ષોભિત;ખળભળાએલુ ;વ્યગ્ર.2. Frilled:કરચલીવાળી ચીપ જોડેલી હોય એવું.

Rug,(રગ્) *n.* A kind of coarse, heavy frieze, used for garments:કામળો;બનાત. 2. A piece of thick, nappy fabric, commonly made of wool:કંબર; બનુસ;રગ્ગ. *vt.* To plunder;to tear:લૂંટવું;ફાડી-ચીરી નાંખવું.

Ruga,(રૂગ્ગ)*n. pl.* Rugæ [L.] A wrinkle;a fold:કરચલી;ચીપ;ચીણ.

Rugged,(રગેડ્)*a.* Uneven;rough: ખડબચડું; ખાડાખૈયાવાળું; ઢેકાઢૈયાવાળું;વિષમ;ઉંચુનીચું.2. Not neat; irregular;uneven: અનિયમિત; ઢંગઢાળવિનાનું;વિખરાયું;પથરાયું;3.Rough with bristles or hair; shaggy: ગુચ્છાદાર;વાળ-નિમાળાવાળું-થી ભરેલું. 4.Harsh; hard; austere (*temper, etc*)ક્રમ;નિર્દય; ચિડીયું; તામસી; કરડું ; આકરું;મર્યા ચઢેલ હોયએવું; કંટાયું;કડવું.5 ,Stormy; turbulent; rude: તોફાની;જંગલી; ધાંધલિયું;મસ્તીખોર;હેરાનકર્તા. 6. Rough to the ear;harsh (*as, style, sound,etc.*) કઠોર; કાનને;અપ્રિય; કર્કશ. 7. Sour; surly;wrinkled (*looks etc.*).કરચલીવાળું; બેડોળ; ભવાંચઢાવેલું. કટાયું.8 Violent;rude:અસભ્ય;જંગલી;અમર્યાદ.

Rugose,Rugous, (રૂગોસ્) *a.*[L. *raga* a wrinkle.]Wrinkled: કરચલીથી ભરેલું; કરચલીવાળી હોય તેવું; કરચલીવાળું.

Ruin,(રૂઇન્)*n.*[L *ruo,*I fall] Fall: નિપતન;પતન.2.Destruction;overthrow:નાશ;ખરાબી;પાયમાલી; નિકંદન;હાનિ;સત્યાનાશ; નખોદ; પરાભવ; પડતી;ચુળથાણું;બેહાનબેહાન. 3 That which is fallen down and become worthless from injury or decay (*in pl.*): ખંડેર; પડી ગયેલાં ઘર વિગેરે-નાં ખંડિયેર. 4. The state of being decayed, or of having become ruined or worthless:પાયમાલી;ખરાબી;છિન્નતા; બિસ્માર હાલત. 5.That which promotes injury, decay or destruction: નાશ-ખરાબીનું કારણ; અનિષ્ટ; અપાય;અનર્થ.*vt.* To cause to fall to pieces and decay: નાશ-પાયમાલ કરવું;-ને જમીનદોસ્ત કરવું;માટી-તોડી નાંખવું.(*b*)To bring to destruction:-નો છેડો-અંત લાવવો;-નો નાશ કરવો; બંધ કરવું;થી બગાડવું; બગાડવું. (*c*) To bring to poverty or bankruptcy: ને ભિખારી કરવું;ભીખ માગતું કરવું; પાયમાલ કરવું;-નું સત્યાનાશ-નખોદ વાલ્યું.-વાળવું;-ને ખરાબખસ્તા કરી નાંખવું.(*d*)To impair seriously: બુરૂ

મેળવવું; નિષ્ફળ-વૃદ્ધ-વ્યર્થ ક૦. (e)To overthrow:ઉથલ-પાથલ ક૦;-નો નાશ ક૦;તોડવું; ઉંધું વાળવું;ઉંધુંચતું ક૦.vi. To fall to ruins;to go to ruin: નાશ થવું; -ની પાયમાલી થવી.

Ruinous,(રૂઇનસ્) *a.* Destructive; baneful;pernicious: નાશકારક;ખરાબ કરે એવું; નાશવહ 2. Ruined; dilapidated:ક્ષીણ;જીર્ણ;ખંડેર-બિસ્માર હાલતમાં;પાયમાલીનું;ભાંગીતુટી ગએલું.

Rule,(રૂલ્)*n* [L. *rego*, I rule.] A regulation;a prescription;a precept:કાયદો;નિયમ; ધારો;ફાનૂન; રિવાજ;શિરસ્તો;પ્રમાણ;ધોરણ; પરિમાણ;માપ.2.Hence,(*a*) uniform or established course of things; કાયદો; નિયમ-ધારો,રિવાજ;ક્રમ;પ્રવાહ;વ્યવસ્થા; વિધિ;મર્યાદા. (*b*) Systematic method or practice: ન્યાય; માર્ગ; નિયમ; રીત;રિવાજ.(*c*) Behaviour: વર્તન;વર્તણૂક; આચરણ;ચાલચલગત.3. Government; sway; authority; administration of law; empire: રાજ્ય: સત્તા; અમલ; અધિકાર; પ્રભુત્વ; ઐશ્વર્ય;રાજપાલન;આધિપત્ય;હકૂમત.4. (*Law.*) An ordor regulating the practice of the courts:કોર્ટનું કામકાજ ચલાવવા સંબંધી કરેલો નિયમ. 5.A determinate method prescribed for performing any operation and producing a certain result: રીત;નિયમ;કુંચી.6. (*Gram*) A general principle of the formation or use of words, or a concise statement thereof;નિયમ; રીત. 7. (*a*) A straight strip of wood, metal &c.: આંકણી; રેલર;રેખાટણી.(*b*)A measuring instrument: થોડી લંબાઇ માપવાનું માપ;પાસે રાખવાનો વાળી શકાય એવો કુટ.R.*of three*(*Arith.*),proportion: ત્રિરાશિ; ત્રૈરાશક. *Double* r. *of three*: પંચરાશી;બહુરાશિ. R.*of judicature*: વ્યવહાર વિધિ-માર્ગ.R. *of three inverse*:વ્યસ્ત ત્રિરાશી. *To lay down* r.s.*for*:-ને માટે નિયમ બાંધવા. *According* to r.:નિયમ પ્રમાણે;યથાવિધિ.R.*of* action:કરણીનું ધોરણ.R. *of thumb*:અનુભવ-સાધારણ બુદ્ધિનો નિયમ-રીત.*vt* To govern; to manage: ઉપર હુકમ ચલાવવો; રાજ ક૦-ચલાવવું; અધિકાર ચલાવવો;-પર સત્તા ચલાવવી-રાખવી;વ્યવસ્થા-બંદોબસ્ત-વહિવટ ક૦; ચલાવવું;-ના પર અંકુશ-દાબ રાખવો. 2. To control or direct by influonce,counsel or persuation;to guide: (*used chiefly in the passive*):-થી દોરાવું-ચાલવું;-ના કહ્યા પ્રમાણે વર્તવું. 3.To establish or settle by,or as by,a rule:નિયમ-ધારાથી મુકરર-નક્કી ક૦-ઠેરવવું. 4. (*Law.*)To require or command by rule: કાયદારૂપે હુકમ-ઠરાવ ક૦.5. To mark with lines made with a pen,pencil etc:આંકવું; ઉપર લીટી દોરવી;રેખાટવું.*vi.* To exercise supreme authority: કુલ અખત્યાર-અમલ-અધિકાર ચલાવવો-હોવો. 2.To decide an incidental point; to enter a rule: ઠરાવવું; નિશ્ચય ક૦;-નો ઠરાવ ક૦.

Ruler,(રૂલર્)*n.* A governor: અમલ કરનાર-ચલાવનાર;રાજા;બાદશાહ;સરકાર; ધણી;હાકેમ;શાસક; પાલક; અધિપતિ; સ્વામી; પ્રભુ; નિયંતા.2.A straight or curved strip of wood,metal, etc: આંકણી;રેલર;રેલ; રેખાટણી.R.*of the universe*:જગન્નિયન્તા;ઈશ્વર;પ્રભુ.

Ruling,(રૂલિંગ્)*a.* Predominant; chief;reigning:પ્રબળ; પ્રાણહ્યવાન; અધિષ્ઠાતા;અગ્રેસર;આગેવાન;રાજ્ય કરતું. 2.For the use of marking with lines:આંકવાનું; દોરવાનું; લીટીઓ દોરવાનું.*n.*The act of one who rules: રાજ્ય કરવું તે. Also, ruled lines: આંકેલી-દોરેલી લીટીઓ. 2. An oral decision or rule of a judge or court: જજ કે કોરર્ટનો મોઢે કરેલો ઠરાવ-નિર્ણય-નિકાલ-ફેંસલો.

Rum,(રમ્)*n.*A kind of intoxicating liquor distilled from cane juice or molasses: શેરડીનો રસ કે ગોળમાંથી ગાળેલો એક જાતનો કેફી દારૂ. *a.* Old-fashioned; queer; odd: વિલક્ષણ; અજબ તરેહનું ; તરેહવાર.*n.* A queer or odd person or thing: અજબ તરેહનો-તરેહવાર-વિલક્ષણ-માણસ.

Rumble,(રમ્બ્લ્) *vi.* To make a low,heavy, continued sound:ગર્જના થવી;ગર્જવું;ગડગડવું;-નો ગરગડાટ-ઘોષ-થવો;ગુરગુર થવું.2.To murmur; to ripple: ધુમ્મુ-ખળખળ અવાજ ક૦. *n.*A noisy report; a rumor: ગપ; ગપાટો. 2.A confused noise:ગરગડાટ; ઘરઘડાટ;ઘોષ: ગર્જના;ઘોંઘાટ.

Ruminant,(રૂમિનન્ટ્) *a.* (*Zool.*) Chewing the cud: વાગોળનારૂં;વાગોળ કાઢનારૂં. *n.* (*Zool.*) A ruminant animal:વાગોળનારૂં,પ્રાણી.

Ruminate,(રૂમિનેટ્) *vi.* & *vi.* [L. *ruman*, throat.] To chew the cud:વાગોળવું.2.(*Fig.*) To ponder; to reflect;to muse:વિચાર ક૦;ઘારવું;-પર મનન-ચિંતન ક૦;-પર ઉંડો વિચાર ક૦.

Rumination, (રૂમિનેશન્) *n.* The act or habit of chewing the cud: વાગોળવું તે; વાગોળવાની ટેવ; વાગોળ; વાગોળવાની ખાસીયત-ગુણ-શક્તિ. 2. Deliberate meditation or retlection: ફરીફરીને કરેલો વિચાર; ચિંતન; મનન;નિદિધ્યાસન 3.(*Physiol.*)The regurgitation of food from the stomach after it has been swallowed:વાગોળવાને માટે પેટમાંથી ખોરાક પાછો કાઢવો તે;વાગોળેલું-પાછું મોમાં લાવી વાગોળવું તે; વાગોળ.

Rummage,(રમેજ) *n.* (*Naut.*) A place or room for the stowage of cargo in a ship:વહાણમાં માલ ભરવાની જગા.2.A searching carefully by looking into every corner,and by turning things over સૂક્ષ્મ અન્વેષણ; બારીક ખોળ તપાસ. *vt.* (*Naut.*) To stow closely,to pack: માલને માટે વહાણમાં જગ્યા ક૦;ભચડીને માલ ભરવો.2.To search or examine thoroughly: વસ્તુઓ ફેરવતાં જવું અને તપાસતા જવું; ઉથલ-પાથલ-તળે ઉપર કરીને તપાસ ક૦. *vi.* To search a place narrowly: બારીકાઇથી તપાસ-શોધ ક૦-ઝાડો લેવો; સૂક્ષ્મ રીતે ખોળ ક૦.

Rumour,(રૂમર્) *n.* [L. *rumor*, common talk.] (*a*)A flying or popular report; the common talk: લોક વાર્તા;લોકવાયકા; ગામગપાટો;ગપાટો;ગપ; અફવા; જનશ્રુતિ; વાત; ખબર;લોક ઉડતી ખબર;(*b*)Public fame:notoriety:ખ્યાતિ;કીર્તિ;પ્રખ્યાતિ; નામના. 2. A current story passing form one person to another:ગપાટો;ગપ;અફવા;ઉડતી ખબર-બાતમી.*vt.* To report by rumor; to tell: ગપ-અફવા ચલાવવી. *To be r.ed*: ગપ-અફવા ઉડવી-ચાલવી.

Rump,(રમ્પ્)*n.* The buttock or buttocks:ગાડું;કુલો; ઢગરો; ધગડો.2. The hind or tail end; a remnant: પૃષ્ઠભાગ; પશ્ચાદ્‌ભાગ.

Rumple,(રમ્પલ્)*vt.*&*vi.*To make uneven; to wrinkle; to crumple: કરચલી વાળવી-વળવી-પાડવી. *n.* A fold or plait;a wrinkle: કરચલી;ચીણ;ચીપ;પડ;પળ; સળ.

Rumpled,(રમ્પલ્ડ્)*a.* wrinkled; crumpled:કરચલી પાડેલું-વાળેલું; ચોળેલું; ચુંથેલું.

Rumpus,(રમ્પસ્)*n.*Adisturbance: ધોધાટ;કળાહોર શોરબકોર;ગરબડ;તોફાન; હુલ્લડ

Run,(રન્)*vi.* [L.*orior*, I rise] (*a*) To move, proceed,advance, pass or go,etc swiftly or with quick

motion: ઉતાવળે ચાલવું-ફરવું; દોડવું; ધાવું. (*b*) To flow; to glide: વહેવું; પસરવું; ઉતાવળી ચાલે ચાલવું. 2. (*a*) To go swiftly. દોડવું; ધાવું-દોડતા જવું-આવવું; ઉતાવળે-જલદીથી જવું; દોટ-હડી મારવી. (*b*) To flee, as from fear or danger: નાસવું; નાસી જવું; પલાયન કરવું; પળવું. (*c*) To depart secretly: છાનામાના-છૂપી રીતે જતા રહેવું; સટકી-છટકી જવું. (*d*) To become a candidate: ને માટે ઉમેદવાર થવું. (*e*) To come into a certain condition: કોઈ અમુક સ્થિતિમાં આવવું-પડવું; માં ઉતરવું; ઉદ્દોરવું. (*f*) To proceed: આગળ વધવું-ચાલવું; માં પ્રવૃત્ત થવું. (*g*) To pass or go quickly in thought or conversation: વિચાર-તરંગમાં ઉતરવું; ઊભરાવું. (*h*) To discuss (with *on*): વાદવિવાદ કરવો. ના વિચાર કરવો. 3. (*a*) To course: વહેવું; વહી જવું; ફરી જવું; થઈ જવું. (*b*) To extend; to spread: લંબાવું; ફેલાવું-પ્રસરવું; ફેલાઈ જવું. (*c*) To become fluid: to melt: પ્રવાહી થવું; ઓગળવું; પીગળવું; પાણી થવું. (*d*) To turn as a wheel: ફરવું. (*e*) To travel; to make progress: મુસાફરી કરવી. (*f*) To extend; to reach: લંબાવું; પહોંચવું; સૂધી જવું; પ્રસરવું. (*g*) To ply: સૂધી-ચક્રમા જવું આવવું જવું કરવું. (*h*) To proceed; to pass: પસાર થવું; ઉતાવળે જવું-વહેવું; દોડવું (*i*) To be kept in action or motion: ગતિમાં હોવું; ચાલવું. (*j*) To have a course or direction: એક દિશાથી બીજી દિશા સૂધી જવું-પહોંચવું-હોવું. (*k*) To be in form thus, as a combination of words: પ્રમાણે હોવું-પ્રવૃત્ત હોવું. (*l*) To be popularly known: પ્રખ્યાત-નામાંકિત હોવું; પંકાવું; જાણીતા હોવું. (*m*) To have growth or development: ઉગીને-વૃદ્ધિ થઈને થઈ જવું; પ્રકટ થઈ જવું; મોટા થવું. (*n*) To incline: થઈ જવું; બની જવું; પરથી ઉતરી પડવું; નું વલણ હોવું. (*o*) To unite: એક રસ થઈ જવું; મળી જવું; એકઠા-મિશ્ર થવું; ભળી જવું. (*p*) To be attached; to follow: ની સાથે સાથે જવું. અમલમાં રહેવું-હોવું. (*q*) To hold good: થી ચાલવું; ની મુદત હોવી. (*r*) To discharge pus or other matter: માંથી પરૂ વહેવું-નીકળવું. (*s*) To steal away: પોબારા-અગીયારા ગણવા. (*t*) To be in force: ચાલુ અમલમાં હોવું; જારી હોવું. (*u*) To flee: નાસવું; નાસી જવું; પલાયન કરવું. 4. To move rapidly in a gait: રવાલે ચાલવું. *To r. after*, to pursue: ની પછવાડે પડવું-લાગવું-મંડવું; પાછળ પાછળ જવું-ખોળવું; શોધવું; તપાસ કરવી. *To r away*, to flee: નાસી-સટકી જવું; ગાયબ થવું. *To r. away with*, (*a*) to convey away hurriedly: ઉતાવળ જલદીથી લઈ જવું. સટકી જવું; નાસી જવું-ની ઊણી જવું કાઢી જવું; ચાર થઈને સ્ત્રીને સાથે લઈને નાસવું. (*b*) To drag rapidly and in violence: ઉતાવળ અને જોરથી ખેંચી જવું; ઘસડી જવું, લઈ ને નાખવું. *To r. against*: અફળાવું; અથડાવું *To r. down*, (*a*) to cease to work: કામ બંધ પાડવું. અટકી પડવું; વિરામવું (*b*) To decline in condition: ખખળી જવું; નરમ-શિથિલ થઈ જવું; ની માંદ-નબળી સ્થિતિ આવવી. *To r. in or into*, (*a*) to enter: માં પેસવું-દાખલ થવું; માં પ્રવેશ કરવો; (*b*) To come in collision with: ના સંબંધમાં આવવું; ની સાથે અથડાવું. *To r. in trust*, to run in debt; to get on credit: દેવું કરવું કરજ કરવું; *To r. in with*, to comply: ની સાથે, ના મતને મળતા આવવું; અનુમત-સંમત થવું. *To r. into an error*: ભૂલમાં પડવું; ભૂલવું. *To r in confusion*: ગમરાવું; ગભરાટમાં પડવું. *To r. in debt*: કરજદાર થઈ જવું. *To r. in sin*: પાપમાં પડવું. *To r. in method*: ગોઠવવું; ચલાવવું; કરવું. *To run for*: ઉમેદવાર હોવું. *To r. mad*: ગાંડા થવું; ની પાછળ ભમવું-ઝઘડવું. *To r. on*, (*a*) to be continued: ચાલી-ચાલું રહેવું. (*b*) To talk incessantly: વાત કર્યા જ કરવું (*c*) To continue a course: કોઈ પણ ધંધો-માર્ગ જારી રાખવો. *To r. out*, (*a*) to come to an end; to expire: અંત-છેડો આવવો; પૂરું થવું; ની મુદત થઈ રહેવી. (*b*) To extend; to spread: લંબાવું; ફેલાવું. (*c*) To expatiate: લંબાવીને-તપસીલવાર-વિસ્તારપૂર્વક કહેવું. (*d*) To become poor: ખાલી થઈ જવું; માં ખટકો-તંગી દેખા આવવો; ગરીબ થવું; આવી રહેવું. *To r. over*, (*a*) to overflow: રેલપૂર આવવું; ઉભરાઈ જવું; ઉભરાવું; છલકાવું. (*b*) To go over or examine: ફરીથી જોઈ જવું; તપાસવું. *To r. riot*, to go to excess: હદપાર જવું; મર્યાદા સીમા-હદ વટાવવી. *To r. through*, (*a*) to go through hastily (a book) ઉતાવળ-જલદીથી નજર ફેરવી જવી-જોઈ જવું; ઉથલાવી જવું-નાખવું. (*b*) To spend wastefully: નકામું-ફોગટ ગુમાવવું; ઉડાવી-ગુમાવી-ખરચી દેવું. *To r. to seed*, to cease growing કામ અટકવું-બંધ પડવું-ના પૂરા બની જવા; મૂળે સડો લાગવો; બેકાર થઈ જવું; થઈ જવું. *To r. up*, to rise; to grow: વધવું; ચડી જવું. *To r. with*, (*a*) to be drenched with, as that streams flow: નરબોળ થઈ જવું; ની નદી વહેવી. *To r. counter*: ની વિરુદ્ધ-પ્રતિકૂળ-ઉલટું હોવું *To run high*: અતિ મૂલ્ય હોવું થવું. *To r. after* (*a*) પછવાડે લાગવું-મંડવું; ની ઠંડ જેવી મેળવવાનો પ્રયત્ન કરવો; શોધ કરવી. *To r. at*: એ ઉપર ધસવું-દોડવું. *To r. in*: ને મળવા જવું. *To r. on*; ચાલુ હોવું; રહેવું, (*b*) વાત ચલાવવા કરવી, લંબાવી ચાલવી. (*c*) માર્ગે ચાલ્યા કરવું. (*d*) હસ્યા-કાઢવું. *To r over* (*a*): ઉભરાઈ જવું; ઘણું ભરાવાથી છલકાવું-ઉપર થઈને જવું રહેવું-વહી જવું (*b*) ઉપર ઉપર જોઈ જવું (*c*) જવું. *vt.* To cause to run; દોડાવવું. 2 To pursue in thought: વિચાર કરતાં અનુસરવું; વિચારમાં પાછળ જવું. 3. To thrust (*as a sword*) ભોકવું; મારવું; ઘોંચવું; ખોસવું; ચલાવવું. 4. To drive or force (*as a ship*.) હંકારવું; ચલાવવું; લાવી જવા દેવું; લઈ જવું; ચલાવવું. 5. To shape; to fuse; to mold (*as bullets*): ઢાળવું; પીગાળવું; ઢાળવું; ગાળવું. 6. To mark out; to indicate; to determine: દર્શાવવું; ની મર્યાદા બાંધવી; લીટી દોરવી; નક્કી કરવું. 7. To smuggle: દાણચોરી કરવી; છાનુંમાનું લઈ આવવું; નાકું વટાવી દેવું-ચોરાવવું. 8. To go through or accomplish by running (*as a race*): દોડીને જીતવું-મેળવવું. 9. To cause to stand as a candidate for an office: ઉમેદવાર ઉભો કરવો. 10. To encounter or incur, as a danger or risk: માથે લેવું-ઓઢી લેવું-ખેંચી લેવું. 11. To venture; to risk: જોખમમાં નાખવું-મૂકવું-પલાવવું-નશીબ અજમાવવું. 12. To discharge; to emit: બહાર કાઢવું માંથી નીકળવું-ગળવું-ઝરવું. 13. To be charged with or to contain much of, while flowing: થી વહેવું; ની નદી-નીક ચાલવી. 14. To conduct; to manage: ચલાવવું; રાખવું; માંડવું. 15. To tease with sarcasms and ridicule: મશ્કરી દ્વારા ની અનહાંસી કરીને ચીડવવું-ચીરવું. 16. To cause to ply: ફેરવું; ચલાવવું. 17. To cause to pass: જવા તેમ કરવું; સરકાવવું; મૂકવું; પસારવું. To r. *down*, (*a*) To run against and sink (*as a vessel*): ને અફળાવી ધુરાડી નાખવું-દેવું; સાથે અથડાઈને બુડી જવું (*b*) To crush, to overthrow; કેવું નાખવું-પાડવું; નો પરાજય-પરાજય કરવો. (*c*) To disparage, to traduce: માં એબ-દોષ કાઢવો; નું ઘસાતું બોલવું; માં

દૂષણ કાઢવું. (*d*) થાકે ત્યાં સૂંડી પુઠે લાગવું; પછાડી લાગીને થકવવું-હંફાવવું. *To* r. *hard*, (*a*) to press in competition: હરીફાઇમાં બહુ મુશ્કેલીથી-મહા મહેનતે આગળ પડવા દેવું. (*b*)To urge or press importunately: માથું મારી આગળ પડવું.ધુસવું. (*c*) To banter severely:-ને સખ્ત બનાવવું;-ની સખ્ત ઠેકડી કરવી. *To* r.*off*,to cause to flow away: વહેવરાવી દેવું;વહીજવા દેવું. *To* r *out*, (*a*) to thrust or push out; to extend: લંબાવવું;ફેલાવવું;વિસ્તારવું. (*b*) To waste; to exhaust: ખરચી-ચુમારી નાખવું; ઉડાવી-ફના કરી દેવું. *To* r. *over*: જલદી-ઉતાવળે કહી ગણાવી જવું. *To* r *the chances, or one's chances*, to encounter all the risks of a certain course:ભેખમ હોરવું;નશીબ અજમાવવું ઝોકારવું. *To* r.*throuyh*,to transfix: to pierce: ભોકવું; મારવું; વોચવું. *To* r. *up*, (*a*) to thrust up: ખોસવું;ઠોકવું; ભોકવું. (*b*) To increase:વધારવું; ઉમેરવું.*n*. The act of running: દોડ; ગબડી; ધાવન; પલાયન; દોટ; હડી. 2. A small stream; a brook: ઝરો; વેહળોક. 3. That which runs or flows in course of a certain operation: પ્રવાહ;ખપ;ખપત.4.A course;a series: અનુક્રમ; ક્રમ;માળા;ફેરો;શ્રેણી; પરંપરા; ગતિ;માર્ગ.5.Currency;popularity: પ્રચાર; ફેલાવો;રૂઢિ;પ્રસિદ્ધિ. 6. A range or extent of ground for feeding stock: ચરવાની જગો; ચહેરો. 7 (*a*) The aftermost part of a vessel's hull: વહાણનો છેલ્લામાં છેલો ભાગ-હેરો.(*b*)The distance sailed by a ship: વહાણે હંકારેલું અંતર-છેડું;પહાણનીએપ-ફેરો.(*c*) A voyage: સફર-મુસાફરી; જલયાત્રા; સમુદ્રપર્યટન. 8.A pleasure excursion; a trip: રહેલ;સફર; આંટો. 9. The greatest degree of swiftness in marching:દોડ;ઉતાવળી ચાલ. *In cricket*, a passing from one wicket to the other by which one point is scored: દડાની રમતમાં એક વીકેટથી બીજી વીકેટ સુધીની દોડ; ફેરો;રન; દોટ; દોરેલો આંટો. 11. A pair or set of millstones: ઘંટીના પડ. *At or in the long* r., in the final result; at the end; finally:પરિણામે;છેવટે;અંતે;આખરે. *The common* r.,*etc.*, ordinary persons:સાધારણ લોકો; સામાન્ય લોકો.*a*. Melted: પીગાળેલું; ઓગાળેલું; તવાયલું; તાવેલું. 2. Smuggled: દાણ ચોરીનું;દાણ ચોરેલું-ચોરી કરેલું.

Rungate, (રનગેટ્) *n*. A fugitive: a vagabond;a renegade: નાશી જનાર;પલાયનકરનાર;યુદ્ધત્યાગી;રણવિમુખ

Runaway, (રનઅૅવે) *n*. A fugitive: નાશીજનાર;પલાયન કરનાર; યુદ્ધત્યાગી.2.The act of running away:નાશી સરકી જવુંતે;પલાયન;દોડ.*a*. Run away: નાશી ગએલું 2. Accomplished by elopement, or during flight: નાશી જઇને કરેલું.

Rundel, (રન્ડેલ્) *n*.A small stream a runlet: નાનો ઝરો; વહેળો. *n*. A circle: ચક્ર.વર્તુલ;ગોળ ચક્કર.

Runlet, (રન્લેટ્)*n*. A streamlet; a brook: નહાનોઝરો-વહેળિયું.

Runnel (રનેલ્) *n*. A rivulet; or small brook:નાનું;વહેળિયું;નાની નદી.

Runner,(રનર્)*n*. A racer: દોડનાર; નાસનાર; ધાનાર. 2. A detective: ખુફીપોલીસ.3. A messenger: જાસુસ;કાસદ ખોપીઓ; હલકારો. 4. A smuggler: દાણ ચોરી કરનાર. 5. A slender trailing branch: વેલો.6. The rotating stone of a set of millstones:ઘંટીનું ફરતું પડ;ઉપલું પડ.

Running, (રનિન્ગ્) *a*. Moving or advancing by running:દોડતો; નાસતો. (*a*)Having a running gait દોડવું; ઝડપથી ચાલવું. (*b*) Trained and kept for running races; દોડવાની શરતોને માટે શિખવી રાખેલું. 2 Successive: એક પછીએક આવતું; લાગલાગટ;લગોલગ;સામટું; ઉપરાઉપરી; એકીવારનું .3. Flowing;;easy; cursive: જલદીથી ચાલતો;ઝડપતાળુ. 4. Continuous: જરી; વારવારની; ઉપરાઉપર.5. Extending by a slender climbing or trailing stem: વેલા જેવું લાંબુ પ્રસરતું. 6. Discharging pus: વહેતું;પરૂ ઝીકતું હોય એવું. *A* r. *hand*: ચાલતી કલમે લખેલા અક્ષર-મરોડ.*n*.The act of one who or that which runs: દોડ. 2.That which runs or flows: ઝીકળતી-ટપકતી-વહેતી-ઝરતી ચીજ. 3. The discharge from an ulcer on other sore: પરૂ ઝીકળવું-વહેવું તે.

Rupee,(રૂપી)*n*. A silver coin and money of account, in the East Indies: રૂપિયો; રૂપયો. *A half* r: અધેલી;અડધો; ફાદીયું.*A quarter* r. પાવલી; પાવલું; સળી. *A* r's *weight* રૂપીયાભાર.

Ruption, (રપ્શન્)*n*. [L. *rumpo*,I break.]A breach; rupture:તુટ;ભંગાણ;ભાગવું તે;ભેદ; ભંગ.

Rupture,(રપ્ચૂર્)*n*.[L. *rumpo*. I break.] The act of breaking apart or separating; the state of being broken asunder: ફાટ પડવી તે;ફાટ;ભંગ;તુટ;ભંગાણ;ત્રાગાર. 2. Breach of peace; interruption of friendly relations: અણબનાવ; તુટ;સ્નેહભંગ;સુસ્નેહભંગ; કજીઓ;કુસંપ; અણબનાવ;બિગાડ;કુટ.3. Hernia:અંતર્ભંગ;અંત્રભંગ;આંતરગાંઠ;અંત્રવૃદ્ધિ.4. A bursting open,as of a steam boiler,in a less sudden manner than by explosion:સ્ફોટન.*vt* To break;to burst: ભાંગવું;તોડવું; તુટવું. પાડવું-કરવું; ફોડવું. 2. To produce a hernia in:-માં અંતર્ભંગ થવો. *vi*. To suffer a breach:-માં તુટ-ભંગ થવો;-વચ્ચે અણબનાવ થવો દેવો.

Rural,(રૂરલ્)*a*. [L. *rus*, the country.] Rustic: ખેડ-ગામડાનું-સંબંધી-ને લાયક-અનુસરતું ; ગ્રામ્ય. 2. Of or pertaining to agriculture: ખેતીવાડીનું-સંબંધી-વિષે;કૃષિકર્મનું

Ruse,(રૂસ્)*n*.[L.*Recuso*,I refuse.] An artifice;trick stratagem;wile fraud;deceit: કાવાદાવા; યુક્તિ; પેચ; પ્રપંચ;કાવતરૂં;વિક્રમ; છળકપટ.

Rush,(રશ્)*n*.[L *ruscum*, butcher's broom]A plant growing in wet ground:ઓકળનો છોડ;સરખડ; નાજર મોથ.2.The merest trifle; a straw:તણખલું;કુડી બદામ; રજ; કણ. *Not worth a* r. કુડી બદામનું પણ નહિ. *vi*. To move forward with impetuosity, violence and haste: ઝપાટા-સપાટાબંધ ચાલવું જવું ગતિ કરવી; ધસવું; ઉપર કૂદી પડવું-વસારો કરવો.ધસવું *vt*.To hurry forward: આગળ દોડાવવું-ચલાવવું. R. *at, on or upon*: ઉપર તૂટી પડવું; વસારો કરવો ધસવું.*n*.A violent motion or course:વસારો આગળ વધવાનો ઝપાટો સપાટો;મહાવેગ;આવેગ. 2.Great activity with pressure: ભોંસ; ભાર;ઝપાટો;તડામારી;કામનું દબાણ; ચળી માગ;તેજીની ખપત

Rusk,(રસ્ક)*n*. A kind of bread: એક જાતની હલકી રોટલી. 2. Hard bread for stores:રાખી મુકવાને સારી પેઠે શેકીને કઠણ કરેલી રોટલાના કટકા.

Russet,(રસેટ્)*a*. [L.*russus*, red.] Of a reddish brown color: રાતા ભૂરારંગનું;રાતુ ભૂરું; કપિશ.2.Coarse: homespun: rustic: જાડું ; ગામઠિયું; અણઘડ; અણકસમી. *n* A russet color: રાતો-ભૂરોરંગ. 2. Cloth or clothing of a russet color:રાતાભૂરા રંગનુ લુગડું-કપડું.3.A country

dress:જંગલી ગામડિયો પોશાક. 4. An apple, or a pear of a russet color:રાતા ભૂરા રંગનું શેબફળ અથવા જંભફળ.

Russian, (રશિઅન્) *a.* Of or pertaining to Russia, its inhabitants, or language:રૂશિઆ, ત્યાંના રહેવાશીઓ, અથવા ત્યાંની ભાષા સંબંધી-વિષે નું; રૂશિઅન. *n* A native or inhabitant of Russia; રૂશિઆનો વતની-રહેવાશી; રૂશિઆની ભાષા; રૂશિઅન માણસ.

Rust, (રસ્ટ્) *n.* The reddish yellow coating formed on iron when exposed to moist air: કાટ; મળ; મંડૂર R. *of copper*: જંગાલ; મૌરથ્ય. 2. A minute mold or fungus: બાંદરાપરના ઝીણા તંતુ. 3. That which resembles rust in appearance or effects: ડુગ. R. *in wheat*: ગેરૂ. *vi.* To be or become oxidized: કાટ થવો-વળવો-ચઢવો; કટાવું. 2. To acquire a rusty appearance (*as plants*): કાટના જેવો દેખાવ થવો. 3. *Fig.* To become dull or impaired by inaction: નકામું રહી બગડી જવું; કટાઇ જવું; સડવું. *vt* To affect with rust of any kind: કાટવાળું કરવું; પર કાટ ચઢાવવો; કટાઇ જવું. 2. *Fig.* To impair by time and inactivity: ને કટાવા દેવું-સડવા દેવું.

Rustic, (રસ્ટિક્) *a.* [L. *rus*, the country.] Rural: ગામડા સંબંધીનું-વિષે; ગ્રામ્ય. 2. Rude; awkward; unpolished. જંગલી; બરાબર; અસભ્ય; અશિષ્ટ; અવિનીત; અનાડી; અણઘટ. 3. Coarse; plain; simple: સાદું; જાડું; ડોબાડમાક વગરનું; ભભકા વગરનું. 4. Simple; artless: ભોળું; ગમાર; નિખાલસ; નિષ્કપટી; સાદું. *n.* A clown: ગામડિયો; ગમાર; ગ્રામ્ય; કૃષીવલ.

Rusticate, (રસ્ટિકેટ્) *vi.* To ruralize: ગામડામા રહેવું; ગ્રામવાસ કરવો. *vt.* To banish or send away temporarily; to impose rustication on: ને અમુક વખત સુધી કાઢી મૂકવું; અમુક મુદતને માટે અટકાવવું; પ્રતિબંધ કરવો; ને કરવા-ભણવા માથી અમુક વખત સુધી કાઢી મુ૦.

Rusticity, (રસ્ટિસિટિ) *n.* Rudeness; simplicity; artlessness; જંગલીપણું; ગ્રામ્યતા; અશિષ્ટતા; અસભ્યતા; ભોળાપણું.

Rustle, (રસલ્) *vi.* To make a quick succession of small sounds: ખડખડવું; ખણખણવું. 2 To strive to succeed: જીતવા-પેરા મેળવવાનો યત્ન કરવો. *vt.* To cause to rustle: ખડખડાવવું. *n.* A quick succession or confusion of small sounds: ખણખણાટ.

Rustling, (રસ્લિન્ગ્) *n.* Rustle: ખણખણાટ; ખડખડાટ. *a.* Making a quick succession of small sounds: ખખડતું; ખણખણતું: મર્મર શબ્દ કરતું.

Rusty, (રસ્ટિ) *a.* Covered or affected with rust: કાટ ચઢેલું; કટાઈ ગયેલું: કાટ ખાઈ ગયેલું. 2. Impared by inaction, disuse or neglect: કટાઇને-ખવાઈ ગયેલું; પડ્યું પડ્યું બગડી ગયેલું. 3 Surly; morose; sullen: કટાણું; ચીડિયું; તોખરા જેવા મોંવાળું. 4. Rust colored; dark: કાટના રંગનું; કાળું. 5. Stained; filthy: ડાઘાવાળું: મલિન; મેલું.

Rut, (રટ્) *n.* [L. *rugitus*, a roaring.] Sexual desire of deer, cattle, & various other mammals; heat: જનાવરોમાં ઉદ્ભવેલો કામ; વિષયેચ્છા-મદ. 2 Roaring as of waves; rote: મોજાંનો ગડગડાટ-અથડાવાથી થતો અવાજ. *vi.* To have a strong sexual impulse at the reproductive period: વેતરે આવવું. *vt* To cover in copulation: મૈથુન કરવું: ના ઉપર નાંખવું. *n.* A groove in which anything runs: ઘરેડનો ચાસો. (ગાડાનો) ચીલો; ઘરેડી. *vi* To make a rut or ruts in: ઘરેડમાં ચાસો-ચીલો પાડવો-કરવો. (*b*) વેતરે આવવું; ને કામાવિર્ભાવ થવો.

Ruth, (રૂથ્) *n* A sorrow for the misery of another; pity; tenderness: કૃપા; દયા: કરૂણા; રહેમ. 2. Misery; distress: દુ:ખ; આપત્તિ; વિપત્તિ.

Ruthless, (રૂથલેસ્) *a.* Having no ruth, cruel; pitiless: કઠોર; નિર્દય; દયાહીન-વિનાનું; વજ્રછાતીનું; નિર્કરૂણ; ક્રૂર.

Ruttish, (રટિશ્) *a.* Lustful; libidinous; salacious: કામી; વ્યભિચારી; કામાંધ; ઉન્મત્ત.

Rye, (રાઇ) *n.* A grain yielded by a hardy cereal grass: એક પ્રકારનું અનાજ; જવ. 2. A disease in a hawk: બાજ પક્ષીનો રોગ.

Ryot, (રાઇઓટ્) *n.* A peasant or the cultivator of the soil: ખેડુત; પ્રજા; રૈયત; કૃષીવલ; વ્રાલ.

S.

S. (એસ) The nineteenth letter of the English Alphabet, and is a consonant. It has two principal sounds as in '-his' and 'wise': અંગ્રેજી મૂળાક્ષરનો ૧૯મો અક્ષર તથા વ્યંજન છે; તેના મુખ્ય ઉચ્ચાર બે છે "સ" & "ઝ". 2. The suffix used to form the plural of most words: ઘણાશબ્દો: બહુવચન કરવાને વપરાતો પ્રત્યય. 3 The suffix used to form the third person singular indicative of English verbs: ઇંગ્રેજી ક્રિયાપદનું વિજ પુરૂષના એકવચનાર્થ સૂચક ક્રિયાપદ બનાવવાના કામમાં આવતો પ્રત્યય.

Sabaoth, (સબેઓથ્) *n. pl.* Armies: hosts: લશ્કર: ઝૂંડ; ધાડું: જથ્થો; ટોળું.

Sabbath, (સૅબથ્) *n.* (*a*) A season or day of rest: થાક-વિશ્રામ ખાવાનો કાળ-દિવસ; વિશ્રામદિવસ. (*b*) One day in seven appointed for rest or worship: સાતદિવસમાં એક છટ્ટી-વિશ્રામ-ધર્મનો દિવસ-એક દહાડો; રવિવાર 2. The seventh year observed as one of rest and festival: ઉત્સવ અને વિશ્રામ પાળવાનું સાતમું વર્ષ. 3. A time of rest or repose: પાકી; અણોન્તે: હરતાલ; વિસામાનો દિવસ. *A. s. day's journey*: આશરે એક મૈલ. S. *breaker*: વિશ્રામ વારનો અણોન્તે-પાકી નહિ પાળનાર.

Sabbatarian, (સબેટેરિઅન્) *n.* A very strict observer of the sabbath: રવિવારને દિવસે ચુસ્ત રીતે પાકી પાળનાર. 2. One who observes the seventh day of the sabbath: સાત દિવસમાનો ધર્મનો દિવસ રવિવાર પાળનાર.

Sable, (સેબલ્) *n.* A carnivorous animal of the weasel family: નોળીઆની જાતનું પ્રાણી. 2. The fur of the sable: નોળીઆની જાતના પ્રાણીનાં રૂવાં-રૂવાટાં. 3. A mourning garment; a funeral robe: શોકમાં પહેરવાનું કપડું-લુગડાં. *a.* Dark; black: કાળું; શ્યામળું; શ્યામ; કૃષ્ણ; કૃષ્ણમુખ. *vt.* To render sable or dark: કાળું શ્યામળું કરવું-બનાવવું

Sabre, (સેબર્) *n* A cavalry sword: પહોળી જાડાઈવાળી વાંકી તરવાર-શમશેર; વક્રખડ્ગ; અશ્વારોહમાં ઘોડેસ્વારની તલવાર. S. *tache*: ઘોડેસ્વારનો સરદાર ડાબે પાસે તલવાર સાથે જે ચામડાની કોથળી બાંધી રાખે છે તે. *vt.* To strike cut; or kill with a sabre: વાંકી તલવારથી મારવું-ઘાકરવો-કાપવું-મારીનાંખવું

Sac, (સૅક) *n.* *See* Sack: પ્રાણીઓના શરીરમાની રસની કોથળી.

Saccharine, (સૅક્કરાઈન્) *n.* [L. *saccharon*, sugar.] Of, or pertaining to sugar, producing sugar; sweet: ખાંડ-સાકરનું-વાળું-ઉત્પન્ન કરનારૂં; ગળ્યું; શર્કરા ધર્મક-ગુણક; શર્કરા સંબંધી-વિષયક; મિષ્ટ; મધુર. S.

taste: ખાંડનો સ્વાદ.

Sacerdotal,(સૅસરડોટૅલ્)*a*. [L.*sacer*, sacred, holy.] Relating to the priesthood; priestly: બ્રાહ્મણ સંબંધી; પુરોહિત-પાદરી સંબંધી; યજ્ઞકર્મનું;યાજકસંબંધી-વિષયક; યાજ્ઞિક; સંબંધી-વિષયક. S. *order among the Hindoos*: બ્રાહ્મણ S. *order among the Parsis*:મોબેદ-દસ્તુર-વર્ગ.

Sacerdotalism, (સૅસરડોટૅલિઝમ્) *n*. The styles spirit &c of the priesthood: ગોર-યાજ્ઞિક-પાદરીઓની મતિ-રીતિ લક્ષણ. 2. Devotion to the interests of priesthood: ગોર પાદરી-ધર્મક્રિયા કરાવનાર લોકના પક્ષની બેચ-આગ્રહ;તેમના ઉપર મમતા.

Sachel,(સૅચેલ્)*n*.A small bag:નાની કોથળી;દફતર,થેલી;જુગદાન.

Sack,(સૅક)*n*. [L. *saccus*.] A large pouch:ઓરો;કોથળો;કોથળી; ગુણ; થેલો 2.An outer garment with sleeves,worn by women:બાયડીઓને પહેરવાનુ ઉપરણાનુ ઉપરનુ બાંધોવાળું; કપડુ-કાપડું-વસ્ત્ર.4. A sack; coat: એક જાતનો કોટ. 5. A measure of varying capacity: કોથલા પુર;કોથળો; કોથળામા માય એટલું એક જાતનું માપ.*vt*,To put in a sack;to bag: કોથળા-બીમા મૂકવુ -ઘાલવું-ભરવું. 2.To bear or carry in a sack upon the back or the shoulders:પીઠ અથવા ખભા ઉપર કોથળો લઇ જવો. *n*. The pillage;plunder:લૂટ;અપહરણ; બેદાનમેદાન. *vt* To plunder or pillage:લુંટ કર-લુટફાટ કર,બેદાનમેદાન કર.

Sack-cloth,(સૅક્-ક્લૉથ્)*n*. Coarse cloth: ગુણપાટ;તાટ; ટાટ; કતાન. 2. Coarse cloth formerly worn in mourning or penance: શોક-સંતાપના લુગડાં.

Sacking,(સૅકિન્ગ્) *n*. [L. *saccus*, sack,bag.] Stout, coarse cloth, of which sacks, bags, etc, are made:ગુણપાટ;તાટ;કાચ-ખાટલા ઉપર જડવાનું તાટ.

Sacrament,(સૅક્રમેન્ટ્)*n*. [L.*sacer*, sacred] (*a*) An oath of allegiance taken by Roman soldiers; રોમના લશ્કરીયાઓએ લીધેલા રાજ ભક્ત-વફાદાર રહેવાના સોગન-સમ. (*b*) A solemn religious ceremony: સંસ્કાર;ધર્મવિધિ.(*c*)A solemn oath-taking;an oath:પ્રતિજ્ઞા; કસમ;સમ; સોગન.2.A sacred thing;a mystery:પવિત્ર ચીજ-પદાર્થ; ભુરો ભેદ.3. (*Theol.*) The eucharist; the Lord's supper: પ્રભુ ભોજન નામનો સંસ્કાર.*vt*. To bind by an oath: સોગનથી બાંધવું.

Sacramental, (સૅક્રમેન્ટૅલ્) *a* Of or pertaining to a sacrament: પવિત્ર સંસ્કારનું-સંબંધી-વિષે;સંસ્કાર વિષયક-સંબંધી;સંસ્કાર રૂપ 2.Bound by a sacrament:પવિત્ર સંસ્કાર-વિધિથી બંધાયેલા; વિધિબદ્ધ.

Sacred,(સેક્રેડ્)*a*.[L *sacrer*,sacred.] Consecrated; not profane or common; made holy: પ્રતિષ્ઠાપિત કરેલું;દેવાર્પિત; ધર્મનિમિત્ત કરેલું,પુણ્ય; પવિત્ર.2. Not secular; religious: પારલૌકિક; અસાસારિક;ધાર્મિક;ઈશ્વરી; વૈદિક;પારમાર્થિક.3.Venerable:માન આપવા જોગ; પૂજ્ય;પવિત્ર;પૂજનીય; સન્માન્ય. 4.,Inviolable: અલંઘ્ય;અલંઘનીય; નહિ તોડવા-ભ્રષ્ટ કરવા જેવું;અભેદ્ય;અવધ્ય.5. Dedicated; devoted (with *to*): અર્પણ કરેલું; નિર્માણ; સુપ્રતિષ્ઠિત; અર્પિત. 6. Accursed; baleful:નારકારક;દુઃખદાયક.S.*spot*: ક્ષેત્ર; પુણ્યસ્થાન; તીર્થ; પુણ્યક્ષેત્ર. S. *groove*:પુણ્યવન; તપોવન. S. *writing*:વેદ;નિગમ,શ્રુતિ,ઈશ્વરોક્તશાસ્ત્ર.S. *service*:પૂજા;ઈશ્વરસેવા. *The* s. writings: ઈશ્વરોક્ત શાસ્ત્ર. S. *history*: ધર્મનો ઇતિહાસ. S. *music*: ભજનકીર્તન.7.Dedicated:નું;અર્પિત;અર્પણ કરેલુ-નિર્માણ.*A temple* B.*to Mars*: કાર્તિક સ્વામીનુ મંદિર.S.to *Shiva*: શિવાલય. S Solemnly devoted or doomed:નિર્માણ કરેલું; શાપિત.

Sacredness, (સેક્રેડ્નેસ્) *n*. Extreme reverence; inviolability. પવિત્રતા; પૂજ્યતા; ઈશ્વરી સંબંધ. 2. Inviolableness: અલંઘ્ય અલંઘનીયપણું; અમાંધ્યતા.

Sacrifice,(સૅક્રિફાઇસ)*n*. [L. *sacer*, sacred & *facio*, I make.] Consecretary rite: પરમેશ્વર કે દેવ ને બળીદાન આપવું-અર્પવું,તે;યજ્ઞ કરવો તે; ત્યાગ;હોમ;હવન,યજ્ઞ 2.An immolated victim:બળીદાન;બલાવેલી-અર્પેલી વધેરેલી વસ્તુ; આહુતિ.3. Destruction or surrender of anything for the sake of something else: પરિત્યાગ; ભોગ; ઉત્સર્ગ; નુકશાન;સમર્પણ;આહુતિ;ભોગ;મુકી દેવુ તે;ખોવું તે; નુકશાન ખાટ વેઠી તે.4 A sale at a price less than the cost or the actual value: ખરીદ કે પડેલી કિમત કરતાં ઓછી કિમતે કરેલું વેચાણ.*vt*.To consecrate to a divinity by way of expiation; to immolate on an altar:બલાવવું;અર્પવું;અર્પણ કર; બલિદાન કર-આપવું.2.To devote with loss or suffering;to destroy or give up for the sake of obtaining something:ખોવું;મૂકી દેવું; જવા દેવું; ખર્ચવું;ગુમાવવું-નો ભોગ આપવો. 3.To destroy;to kill:મારી નાંખવું; -નો વધ કર; જબે કર; વધેરવું. *vi*. To offer sacrifice:બળિદાન-ભોગ આપવો.

Sacrificer,(સૅક્રિફાઇસર્) *n*. One who sacrifices; યજમાન; યાજ્ઞિક.

Sacrificial,(સૅક્રિફિશૅલ્)*a*. Of, or pertaining to sacrifice: યજ્ઞસંબંધી-નુ ;યાજ્ઞિક; યજ્ઞવિષયક.S *grass*, દર્ભ-કુશ S *thread*: યજ્ઞોપવિત;જનોઇ. S.*pit*:યજ્ઞકુંડ.S.*fire*:હોમાગ્નિ. S *alter*: યજ્ઞકુંડ

Sacrilege,(સૅક્રિલેજ્) *n*. [L *sacre*, sacred & *lego*,I gather.] The sin or crime of violating, profaning sacred thing: પવિત્ર વસ્તુ ભ્રષ્ટ કરવાનો અપરાધ;ધર્મદાયની ચોરી;દેવસ્વાપહરણ;દેવતા-પુજ્યવસ્તુ દૂષણ;ધર્મલોપન;ધર્મ લોપ.

Sacrilegious, (સૅક્રિલીજસ્) *a*. Polluted with sacrilege;profane; impious: અપવિત્ર; દુષ્કર્મી; દેવનિંદા કરનાર; પાપી; પુણ્યદ્રવ્યદ્વેષી;અધર્મી.

Sacristan,(સૅક્રિસ્ટન્)*n*.An officer in the church who has the charge of the sacred *vessels* and other moveables;a sexton: ખ્રિસ્તી દેવળમાં વાસણ વિગેરે જરુર નિકત સાચવનાર અધિકારી; ખ્રિસ્તી દેવળનો કિલ્લેદાર.

Sacristy,(સેક્રિસ્ટિ) *n*. An apartment in a church where the sacred utensils &c., are kept: ખ્રિસ્તી દેવળમાં પૂજના વાસણ લુગડાં રાખવાની ઓરડી.

Sad,(સૅડ્) *a*. [*sat*, *satis*, enough.] Satisfied;weary; tired:નો કંટાળો લાગે ન ગમે તેવું;-થી વરાઈ ગયેલું; શ્રમ. 2. Heavy ;weighty; ponderous: ભાર વજનદાર.3.Dull;grave;dark; somber: ઘેરું;ઘેરાવા પડતો;ઉદાસીન. 4.Serious ,grave; steadfast;gloomy:ગંભીર;ધારેલમ 5 Downcast;gloomy mournful:ઉદાસી ;ઉદાસ;શોકનું;શોકાતુર;કારી ઘાયેલું સ્વજન;વિષાદ;શોકાકુલ; ઉદ્વિગ્ન;ખીન્ન,ઉદાસી;ઉદાસીન; ગમગીન; દુઃખીઆર. 6 Affective; causing sorrow:શોક આકારક;દુઃખી, દુઃખનુ; શોચનીય;વાસવદ્ધ; દુઃખદ;કલેવર-માંદું;અનિષ્ટ;વાસ્ય;દુઃખપ્રદ 7.Bad; naughty; troublesome:દુષ્ટ ,તોફાની; નઠારું;વાહાત;મસ્તીખોર; લાડીકું .*vt*. To make sorrowful; to sadden: દિલગીર-શોકાતુર કર; વિષાદ-સ્વજન-ગમગીન કર.

Sadden,(સૅડ્ન્)*vt*. To make sad: દેવાસ-શોકાતુર-દિલગીર-ગમગીન-સ્વજન

ખિન્ન કરવું;ગંભીર કરવું;-થી ઉદાસ થવું.vi To become sad; શોકાતુર થવું;દિલગીર-ગમગીન થવું.

Saddle,(સૅડ્લ્)*n.*[L.*sedeo*, I sit.] A seat for a rider: ઘોડેસવાર; જીન; ઘોડા ઉપર બેસવાનો સામાન.2.A padded part of a harness worn on a horse's back:ઘોડાને ગાડીમાં જોડતી વખતે તેની પીઠકપર જે નાનું જીન તંગ સાથે બાંધવામાં આવે છે તે. 4. The threshold of a door: ઉમરો. 5.Any thing like a saddle, as a saddle of mutton,veal or venision: મારેલા ઘેટા, હરણ વિગેરેની કરોડ અને આજુબાજુનાં પાંસળાં તથા પીઠ સહિત જોડવો માંસનો કટકો. *A wooden* S. *frame* કાઠડો. S.*tree*: પલાણ. *vt.*To put a saddle upon;to equip for riding: જીન માંડવું બાંધવું-સજવું; ઘોડાપર સામાન માંડવો.2.To load:-ના ઉપર બોજો-ભાર મૂકવો;-ને માથે નાખવું. S. *backed*: નીચો વાંસો ને ઉંચી ગરદન વાળુ; જીનના આકારનું.

Saddle-bags: (સૅડ્લબૅગ્સ્) *n. pl.* Bags usually of leather,united by straps or a band ઘોડા ઉપર બે તરફ એકેક નાંખવાની ચામડાની કોથળી.

Saddle-bow,(સૅડલ્-બૌ) *n.* The bow or arch in the front part of a saddle or the pieces which form the front:ભોર; ખોગિરનો આગળો કમાનદાર ભાગ.

Saddle-cloth,(સૅડ્લ-ક્લૉથ) *n.* A housing:જીનપોશ;ઘાશીઓ;ઢળી.

Saddle-girth, (સેડ્લ્-ગર્થ્) *n.* A band passing round the body of a horse to hold the saddle in its place:તંગ; પટો: કમરબંધ.

Saddle-horse,(સેડલ્-હૉર્સ્) *n.* A horse suitable or trained for riding with a saddle;સવારીનો ઘોડો

bondage:ચાકરી;દાસત્વ; ગુલામી;પરાધીનતા;બંધન;સેવાધર્મ;કિંકરભાવ.(2)Servants (*collectively*), ચાકરો;નોકરો;ચાકરનકર;સેવકગણ-વર્ગ. 3. A right whereby one thing is subject to another thing or person for use or convenience: ગૌણ ઉપભોગ પ્રકાર. 3.Compulsory labour:બળાત્કારનું વૈતરું;વેઠ. *Penal* s.: સક્ત મજુરીની સજા.

Seame,(સે-સૅમ) *n.* [*L.sesamum.*] Either of two annual herbaceous plants of the genus *Sesamum*:તલ;તિલ.*Open* s.:તાલીજ-મંત્ર.

Session,(સેશન્) *n.*[*L.sedeo,*1 sit.] The act of sitting or the state of being seated.બેસણી;આસન. 2. The actual sitting of a court, council,legislature,etc. for the transaction of business: દરબાર; સભાનીબેઠક;સેશન.3.The time,period or term during which a court council,legislature; etc., meet daily for business:સભા મળવાનો વખત; બેઠક; જ્યા સુધી મંડળી સભા વિગેર નિયમસર મળ્યા જાય તે; બેઠકની મુદત-કાળ.*Court of s.*:ફોજદારી કારટ.

Set,(સેટ્) *vt.* [*imp.* & *p. p.* Set,] To cause to sit; to put;to fix: મૂકવું;બેસાડવું,ગોઠવવું; સ્થાપવું; માંડવું; સ્થાપન કરવું,-નજરે આપવા;ચોઢવું;આધાર રાખવું.2.Hence to attach or affix(*something*) to something else, or in or upon a certain place: વળગાડવું; મૂકવું;-પરબસાડવું; ચોઢવું;રાખવું.3.To cause to be:અમુક સ્થિતિ-દશામા મૂકવું-લાવવું;-કરવું.4. To fix firmly,to make fast,permanent,or stable: દૃઢ-સ્થિર-જરૂર-નિશ્ચિત કરવું. (*a*)To obstruct:to occasion difficulty to: to embarrass:ગુંચવવું;ગુંચવાડવું,ગુંચવણમા નાખવું; મુંજવવું;સપડાવવું.(*b*) To fix beforehand: to determine; to render stiff;મૂકવું;ચોઢવું; રાખવું;જરૂર દૃઢ-સ્થિર-બંધ (નિશ્ચિત કરવું.(*c*) To plant:રોપવું; વાવવું;દાટવું;ધાલવું; ખાસવું;લગાડવું. *To s a tree*:ઝાડ રોપવું-વાવવું. (*d*) *To* curdle:આંબરવું;મળાવવું;જમાવવું; ઠારવું.(*e*) To fix a gem: જડવું;બેસાડવું. 5. To adjust; to regulate; to adapt:પ્રમાણે ચલાવવું-કરવું; બરાબર ઠીકઠાક કરવું; ગોઠવવું; *specifically*, To prepare (*a razor*,&c);ધાર ચઢાવવી;ઘસીને તૈયાર કરવું. (*b*) To spread (*as a sail*):ઉકેલવું; પસારવું; ચઢાવવું. (*c*)To give a pitch to(*as a tune*) (ગાયનમા)ઉઠાવવું; બેસાડવું. (*d*) To replace (*as a fractured bone*: (હાડકું) ચઢાવવું-બેસાડવું; જોડવું;ઠેકાણે લાવવું. (*e*) To lower in to place and fix solidly,as the blocks of cut stone in a structure:બેસાડવું;ચોટવું;ગોઠવવું; જડીવેવું 6 To wager;to risk: સરત મારવી; જોખમમા નાખવું; માથે ભય વ્હોરી લેવો. 7. To fit with music;to adapt for singing:(ગાયનમાં)ઉતારવું;બેસાડવું.૩. To determine;to appoint;to assign: નીમવું;ઠરાવવું;નક્કી કરવું;ઠેરવવું.9.To adorn with something infixed or affixed;to stud: જડીત કરવું; જડીત કામથી શોભાવવું;દીપાવવું;-માં જડવું;મઢવું;સુશોભિત કરવું.10.To value; to rate (with *at*):ગણવું;લેખવવું;માનવું;ધારવું.11 To point out the seat or position of (*birds or other game*):-ની જગા બતાવવી: ના ઉપર ઠોટવું-ઠોડી મૂકવું. 12. To assign:આપવું;મુકરર કરવું;ઠેરવવું;બેસારવું.13.To suit;to become: દેખાવું; લાવવું;જણાવું; બેસવું. 14. To compose: કમ્પોઝ કરવું; નિયમ પ્રમાણે ગોઠવવું.*To s.about*,to begin: માંડવું; આરંભવું;શરૂ કરવું. *To s.against*, (*a*) to oppose:સામું મૂકવું; લાવવું; આડું ધરવું-મુકવું. (*b*) To set in comparison with: પડખે મૂકવું; ની મૂકાબલો કરવું. *To s a going*, to cause to move:ચાલુ કરવું;હલાવવું; ઉઠાવવું. *To s. apart*, to separate from the rest;to reserve: જૂદું કાઢવું-મૂકવું-રાખવું;વેગળું કાઢી મુકવું ;નાખુ રાખી મૂકવું.*To.s.aside*, (*a*) to omit; to neglect;to annul:કાર મૂકવું;એક બાજુએ રાખવું;ન ગણકારવું; ન લેખવું; રદ બાતલ કરવું.(*b*)To set apart:to reserve: જૂદું મૂકવું;રાખી મૂકવું;નોખું-જૂદું કાઢવું.*To s. at defiance*, to defy:પડ ન કરવું; તુચ્છ ગણવું;ન ગણકારવું.*To S.at ease*,to quiet: નિરાંત વાળવી; નિશ્ચન્ત-સ્વસ્થ કરવું; જીવ હેઠો બેસારવો; નું સમાધાન કરવું *To s at naught*, to undervalue; to condemn:ન ગણકારવું; તુચ્છકારવું,ન લેખવવું;પડ ન કરવું.*To s.a trap;snare* or *gin*,to lay a plan;to deceive & draw another into one's power:કપટજાળ પાથરવી;કાવતરું રચવું.*To s.at work*, or *To s.to work* (*a*)to cause to enter on work or action:કામે વળગાડવું ;પાસે કામ કરાવવું.(*b*) To apply one's self: કરવા મંડવું -લાગવું ;મંડી પડવું.*To s. before*;(*b*)to exhibit: દેખાડવું ;દર્શાવવું;બતાવવું.(*b*)To offer to:આગળ ધરવું મૂકવું; પસંદ કરવાને આગળ મૂકવું-ધરવું. *To s.by*, (*a*) to set apart or on one side, to reject: જૂદું મૂકવું; કોરે મૂકી દેવું; ન પસાર-નામંજુર કરવું.(*b*) To attach the value of (*anything*) to: લેખવવું; ગણવું; માનવું.*To s. case*, to suppose; to assume: ધારવું; માની લેવું. *To s. down*, (*a*) to register: લખી લેવું; માંડવું; કરવું; નોંધવું. (*b*) To fix; to ordain:નિર્ણય-નક્કી-નિયમિત કરવું;-સ્થાપવું;બાંધવું. (*c*)To humiliate: નું નાક કાપવું;હલકું પાડવું; પાણી ઉતારવું. *To s. eyes on*, to see: જોવું; નજર નાખવું; નિહાળવું દેખવું. *To s.fire to* or *To s. on fire*,to communicate fire to: -ને સળગાવવું;સળગાવી મૂકવું; લગાડવું, લગાડી મૂકવું; દેવતા મૂકવો. (*Fig*) To inflame,to irritate:-નું ચસકો ચડાવવો;ચીડવવું. *To s. forth*, (*a*) to manifest; to exhibit;to display: બતલાવવું;દર્શાવવું;જણાવવું;પ્રસિદ્ધ કરવું; પ્રકટ કરવું-જાહેર કરવું; ફેલાવવું;લખી માંડી બતાવવું (*b*)To send out,મોકલવું;તૈયાર કરીને મોકલવું. *To s forward*, (*a*)to cause to advance: આગળ વધે તેમ કરવું; આગળ ચલાવવું-ચાલવું. (*b*)To pro note: ચલાવવું;ની ઉન્નતિ-પ્રગતિ કરવું.*To S.free*, to liberate; to emancipate:બંધીખાનામાંથી છોડવવું-છોડવું; મુક્ત કરવું;છોડી મૂકવું; છૂટું મૂકવું-કરવું.મોકળું કરવું.*To s.in.* to begin:શરૂ કરવું.આરંભવું;બેસવું;શરૂ માંડ કરવી. *To s.of*,to value;to set by: કિંમત કરવી; કદ જાણવું,ગણવું; લેખવવું. To s. *off* (*a*) to separate from a whole, to portion off: જૂદું-નોખું-નિરાળું પાડવું રાખવું-કાઢવું.(*b*)To adorn;to decorate: શોભાવવું;દીપાવવું; સુશોભિત કરવું; શણગારવું. (*c*) To give a flattering description of:-નું વધારી વર્ણન કરવું;-નું ઘણું સરસ વિવેચન કરવું. *To s.off against*, to place against as an equivalent;સામો અવેજ આપવો-વાપરવા-દેખાડવો-મનરંજન,માનવા.*To s. on or upon* (*a*)to incite: ઉશ્કેરવું;ચઢાવવું,આગળી-ચાળી-કરવી (*b*) To employ (*as, in a task*):વળગાડવું; બેસાડવું; કામે લગાડવું, ચોંટાડવું.(*c*)To fix upon; to attach strongly to: નિરંતર રાખવું; ચોંટવું; રાખવું; બેસારવું;સ્થિત કરવું;ચાલવું.*To s. on fire*: ચેતવવું; લગાડવું, સળગાવવું; પ્રદિપ્ત કરવું;ને આગ લગાડવી. *To s.on foot*,to start:શરૂ કરવું;ચલાવવું; ઉભું કરવું,ચાલુ કરવું,માંડવું. *To s. out*, (*a*) to assign; to allot: નક્કી-નિર્ણય કરવું;જૂદું કાઢવું ; કાઢી મૂકવું. (*b*) To

publish, as a proclamation: જાહેર-પ્રગટ-પ્રસિદ્ધ કરવું. (c) To adorn; to embellish: શણગારવું; દીપાવવું; શોભાવવું. (e) To show to prove: બતાવવું, સાબિત કરી આપવું. (f) To state at large: વિગતવાર કહેવું-બતાવવું; વિસ્તાર પૂર્વક કહેવું; અથેતિ કહેવું. (g) To mark as boundaries: -ના હદ નિશાન કરવાં;-ના ખૂંટ નક્કી કર. (h) To equip: તૈયાર-સજ્જ કરી મોકલવું. *To* S. *over*, (a) to appoint or constitute as supervisor, inspector or ruler: ના ઉપરી-રક્ષક-પરીક્ષક ઠરાવવું-નેમવું, નીચેવાની-તપાસ રાખનાર તરીકે મૂકવું. (b) To assign, to convey: મુકરર કરવું; વેચાતું આપવું;-ને સોંપવું-સ્વાધીન-હવાલે કર. *To* S. *right*, to correct, to put in order: ઠીક કર;સુધારવું; દુરસ્ત કર; ઠેકાણે લાવવું. *To* S. *store by*, to consider valuable: કિમતી ભારે ગણવું; મૂલ્યવાન્ ધારવું. *To* S. *to*, to attach to: ઉપર લગાડવું-કર-મારવું. *To* S. *up*, (a) to erect; to raise: ઉભું-ઉંચું કર;બાંધવું, ચણવું;સ્થાપવું-માંડવું. (b) To exalt: ઉંચે દરજ્જે-પદવી સત્તાએ ચઢાવવું;-ની પદવૃદ્ધિ કર. (c) To found: સ્થાપવું, માંડવું;કાઢવું. (d) To enable to commence a new business: નવા ધંધામાં વળગાડવું-નાખવું-રસ્તે પાડવું. (e) To place in view: દેખાય તેવું મૂકવું-રાખવું-કર; ઓઢવું. (f) To advance: ઉડાવવું;કાઢવું;ચલાવવું.-નો પ્રચાર કર;આગળ ધરવું; પ્રવર્તાવવું. (h) To raise from depression: તારવું; ખાતું પીતું કર;ઠેકાણે લાવી દેવું. (i) To utter loudly: બૂમ પાડીને-તાણીને-ઘ્હોટેથી બોલવું. (j) To put in type: કમપોઝ કર, -ના બીબાં ગોઠવવા. *To* S. *an example*: દાખલો આપવો;દાખલો બેસાડવો. *To* S. *lessons*: પાઠ કરવા-આપવા. *vi.* To pass below the horizon; to go down, to decline: અસ્તે પામવું;આથમવું;ડુબવું. 2. To fit music to words: બરાબર ગાયન ઉતારવું. 3. To plant: વાવવું; રોપવું. 4. To begin to germinate or form; to strike root: બરોબર ચોંટી જવું;-ના મૂળ બાઝવા; ફણગા ફુટવા વગેરે. 5. To be fastened: -ની સાથ મજબૂત બંધાયલું હોવું; જકડાઈ-ભીંડાઈ ઘ્હોટી જવું. 6. To congeal; to solidify;જામવું; ઠરી જવું;બંધાવું;અબરાઇ જવું;ણ બાઇ જવું. 7. To flow, to move on; to tend: વહેવું;-ની તરફ વલણ હોવું. 8. To begin to move; to start (now followed by *out*): ચાલવા-માંથી નીકળવું,-નીકળીને બહાર જવું;પ્રસ્થાન કર;તરફ પ્રયાણ કર. 9. To indicate the position of game (*said of dogs*): શિકારનું સ્થળ સૂચવવું-બતાવવું. *Also*, to hunt game by the aid of a setter: શિકાર સૂચવનાર કૂતરાની સહાયતાથી શિકાર કર. 10. To apply one's self; to undertake earnestly: મચવું;મંડવું; લાગવું; આગ્રહપૂર્વક હાથમાં લેવું. 11. To fit or suit one; to sit: બંધ બેસવું-બરાબર આવવું; બેસવું. *To* S. *about*, to commence; to begin: શરૂ કર; માંડવું;નો આરંભ પ્રારંભ થવો;આર ભવું. *To* S *forth*, to begin a journey: મુસાફરી કર;શરૂ કર;મુસાફરીએ ઉપડવું; આગળ ચાલવું-આગળ વધવું. *To* S *in*, (a) to begin: શરૂ કર;માંડવું; બેસવું;-નો પ્રારંભ થવો (b) To become established: સ્થપાવું; ઠેકાણે-પર ઠીકજવું. (c) To flow toward the shore: કિનારા તરફ વહેવું *To* S. *off*. (a) to start: બહાર જવા-નીકળવું-ઉપડવું; ચાલી નીકળવું. *To* S. *on or upon*, (a) to begin: શરૂ કર;માંડવું;આર ભવું;પ્રારંભવું (b) To assault: હુમલો-ચઢાઈ કર;ઉપર ધસી આવવું-ટુટી પડવું. *To* S *out*, to begin a journey or course: નીકળવું; મુસાફરીએ જવું;મંડવું;શરૂ કર;માંડે- પહેલું પડવું. *To* S. *to*, to apply one's self to: પાછા મચવું-મંડવું;લાગવું. *To* S *up*. (a) to begin business, or a scheme of life: ધંધો માંડવો;વળગવું. (b) To profess openly: -નો ઉઘાડો ડોળ ઘાલવો;-નો પક્ષ લેવો. *a* Immovable: rigid: ખસે નહિ એવું: મજબૂત; ચોટી રહેવું-સ્થિર;સ્તબ્ધ;સજ્જડ. 2. Firm; obstinate: દૃઢ,સ્થિર;નિશ્ચિત; આગ્રહી. 3 Regular uniform; formal: નિયમિત; નિયમસર; રીતસર; રીત પડી ગયેલું;રૂઢ;યથાવિધિપૂર્વક કરેલું-ગોઠવેલું. 4. Established, preserved: સ્થાપિત; ચાલતું,પ્રચલિત; કાયદા કાનુન પ્રમાણેનું;તૈયારી કરી રાખેલું. 5. Arranged; adapted: ગોઠવેલું; લાયક કરેલું-અનુકૂળ. 6. Fixed: સ્થિર;નિશ્ચિત. *s. speech*: આગળથી તયાર કરી રાખેલું ભાષણ. *n.* The act of setting: descent: આથમવું-અસ્તપામવું તે; સૂર્યઅસ્ત. 2. (a) A young plant for growth: વાવવા નાનોછોડવો; રોપો. (b) A wager; a stake: સરત;હોડ. (c) A kind of punch: એક જાતની વેણું.પંચ. 3. An assortment; a suit, સટ;જોડ;વર્ગ;પ્રત;પ્રજ; જાતિ;ણ; સંઘ; સમૂહ;શ્રેણી. 4. A group; a clique: જુથ;મંડળ;ટોળું;સંઘ;કુંડ;જમાત; ચોકડી;જથ્થો. 5. Direction or course: દિશા;માર્ગ;રસ્તો;ઓધ;પ્રવાહ; ગતિ. 6. Attitude: ઢોકું;વળણ. *Dead* S. (a) A deadlock: ઓળગી ન શકાય-દૂર કરી ન શકાય એવી અડચણ-વિઘ્ન-પ્રતિબંધ;સ્તબ્ધપણું-સ્તબ્ધતા. (b) A determined onset: જુસ્સા ભરેલો હુમલો; આગ્રહપૂર્વક કરેલો ધસારો. *To be at a dead* S.: આગળ વધાય નહિ એવી સ્થિતિમાં આવવું હોવું. *To make a dead* S. *on*: પર જુસ્સાથી હુમલો કર. *A* S. *of vessels arranged conically*: ઉતરાણ-ઉતરેડ.

Set back, (સેટ્-બૅક) *n.* A check; a repulse; a reverse: હાર;પરાભવ; મંડાતાં;અવળા પંચ;પાછા હડાવવું તે.

Set-down, (સેટ્ડાઉન્) *n.* The humbling of a person by a retort or reproof: મર્મવેધી વચન કે ઠપકાથી કોઈ માણસને ચાટપાટી દેવી તે; માનભંગ; માનખંડન; પાણી ઉતાર.

Set off, (સેટ્-ઑફ્) *n.* An offset: સામો પડઘો. 2. A decoration; an ornament: અલંકાર;શણગાર; આભૂષણ. 3. A cross demand; a counter claim: સામોદાવો;મજરે આપવાની બીના.

Seton, (સીટૉન્) *n.* [L. *seta*, a thick; stiff hair.] A few silk thick, or horsehairs, or a trip of linen or the like: પોત;કાકડો;વાટ;પત્તી.

Settee, (સેટ્ઠી) *n.* A long seat with a back: તારવાળું; પીઠવાળું આસન.

Setter, (સેટ્ટર્) *n.* One who, or that which sets: બેસાડનાર; પ્રતિષ્ઠાપક. 2. A hunting dog of a special kind: એક જાતનો શિકારી કુતરો. 3. One who hunts victims for sharpers: ધુતારા-લુચ્ચાઓને ભોગ બોળી આપનારે-શોધનાર; 4. An adornment; a decoration. (with *off*.): શણગાર;અલંકાર;આભૂષણ.

Settle, (સેટ્ટલ્) *vt.* (a) To establish: to fix: દૃઢ બેસાડવું; ઠેરવવું; સ્થિર કર નક્કી-ખરું કર. (b) To establish in life: રોજગારે-ચાકરીએ વળગાડવું; રસ્તે પાડવું-નાંખવું; ઠામ-ઠાર-ઠેકાણું પાડવું. (b) To establish in situation: ઠામ પાડીરાખવું;રહેવાનું ઠામ પાડવું. 2. To establish in the pastoral office: કોઈ દેવળના અધ્યક્ષ તરીકે નિમવું. 3. To still; to calm; નરમ શાંત-સ્વસ્થ પાડવું-કર; ઠેકાણે લાવવું. 4. To render pure or clear: નિતરેલું-સ્વચ્છ-નિર્મળ-ચોખ્ખું કર;કરવા દેવું; કચરો નીચે બેસાડવો. 5. To restore or bring to a smooth, dry, or passable condition: જવાય અવાય તેવું કર. 6. To lower: તળે-નીચે બેસાડવું. 7. To

determine; to compose; to quiet:-નો નિર્ણય-ઠરાવ ક૦; ફેંસલો-નિવેડો ક૦;નક્કી કરવું; સ્વસ્થ ક૦; સમાધાન ક૦. 9.To make up; to compose;to pacify: પતાવવું;-નો નિકાલ કાઢવો-કરવો;સમાધાન ક૦; નિશ્ચય-નિર્ણય બનાવવું. 9. To adjust as accounts;to balance:પતવવું; ચૂકતું કરવું; ફારગત ક૦;-નિકાલ-તોડ કાઢવો;હિસાબ નક્કી-ચોખ્ખો ક૦;નક્કી કરવું; સમજવું.10.Hence to pay: આપવું-ના નાણાં આપ વા.11. To colonize: to people:-માં વાસ કરાવવો;વસાવવું; -માં વસતી કરવી. *To s.on or upon*, to assure to:-ને ફરી ઠરાવી નક્કી કરી-આપવું. *vi.* To become fixed or permanent: દૃઢ થવું; કાયમ સ્થિર પક્કુ થવું; ઠરવું, ઠરી ઠામ બેસવું; ઠામ-પડવું.2. To fix one's residence: ઘર માંડીને-ઠાર પડીને રહેવું; વસવું; ઘર કરીને રહેવું. 3. To enter into the married state: ગૃહસ્થાશ્રમ માંડીને રહેવું-માંડવો; ઘરમાંડવું; ઘરસંસાર માંડવો. 4. To be established in a profession: ધંધામાં જમી જવું. 5. To become firm, dry and hard: દૃઢ સૂકું-કઠણ થવું;જમવું.ધંધાને કઠણ થવું; પાકુ થવું.6. To become clear after being turbid or obscure: નિર્મળ-નીતરું થવું;ઠરવું;નિચે બેસવું. 7. To sink to the bottom: તળિએ-નીચે બેસવું-જમવું-ઠરવું ઉતરવું 8. To sink gradually to a lower level (પાયાનું) નીચે બેસી જવું-ઠળી જવું. 9. To become calm; to cease from agitation: સ્વસ્થ-શાંત થવું. 10. To adjust differences or accounts: હિસાબ ક૦ સમજવો;-નો નિકાલ તોડ કાઢવો સમજવું; સમાધાન-પતવણી ક૦. 11. To make a jointure for a wife: પોતાની સ્ત્રીને માટે કોઈ જાતની જવાબ કરી આપવી;સ્ત્રીધન તરીકેઆપવું.

Settlement, (સેટલ્મેન્ટ) *n.* The act of settling, or the state of being settled:વસતિ; વાસ; નિવાસ. (*a*)Establishment in life, business; condition etc: ધંધે-રસ્તે-રોજગારે પડવું-મા જમી જવું તે.(*b*)The act of being peopled: વસાવવું-વસવું તે; વસાત-નિવાસ. (*c*) Adjustment:સ્થાપન;સ્થાપના; ઠરાવ; નિયમ; તોડ;નિકાલ નિર્ણય; ફડચો; ફેંસલો.(*d*) Disposition of property:મિલકતની વ્યવસ્થા-ગોઠવણ.2. That which settles, specifically: (*a*) Sediment; lees; dregs: કચરો; મેલ; નિતરણ. (*b*) A colony newly established: નવું થાણું-વાસ-વસતી વસાત;સંસ્થાન:વસતિ;અધિવાસ.(*c*) A jointure made to a woman at her marriage: કન્યાને તેના લગ્ન વખતે કરી આપેલી આવક: જવાબ;ગુલક; સ્ત્રીધન;પલ્લું S A settled place of abode; residence: કાયમ રહેઠાણ; ઠામ; કાયદેસર ગણવાનું રહેઠાણ; વાસ; નિવાસ.

Settler,(સેટલ્લર) *n.* One who settles or becomes, fixed: વસનાર. 2. A colonist;a planter: વસતિવાસ કરનાર; વસનાર.

Settlings (સેટ્લિન્ગ્ઝ) *n.pl.* Lees; dregs;sediment: નીચે ઠરેલો-બેઠેલો કચરો મેલ; કસ્તર; કિટ્ટ.

Seven, (સેવેન્)*n.*[*L. septem.*] One more than six;six and one added: સાત. *n.* The number greater by one than six: seven units or objects:સાત-નું;સાત;સાતનું જુથ. 2.A symbol representing seven units,as 7,or VII:સાત એકમ દર્શાવનારું ચિન્હ જેવું કે ૭

Seven-fold, (સેવેન્-ફોલ્ડ) *a.* Repeated seven times: સાતગણું-પટ;સાતપુટ. *adv.* Seven times as much or as often:સાતવાર-ગણું.

Seventeen, (સેવેન્ટીન્) *a.* One more than sixteen; ten and seven added: સત્તર; ૧૭. *n.* The sum of ten and seven: ૧૭ની રકમ; સમૂહ.2. A symbol denoting seventeen units, as 17, or XVII:સત્તર એકમ દર્શાવનારું ચિન્હ-નિશાની જેવી કે ૧૭.

Seventeenth,(સેવેન્ટીન્થ્) *a.* Next in order after the sixteenth; coming after seventeen others: સત્તરમું 2. Being one of seventeen equal parts into which anything is divided: સત્તરમા ભાગનું. *n* The next in order after the sixteenth:સત્તરમુ.

Seventh, (સેવન્થ્)*a.*Next after sixth: સાતમુ. *n.* One of seven equal parts:સાતમો અંશ-ભાગ.

Seventieth, (સેવેન્ટિએથ્)*a.* Next in order after the sixtyninth: સિત્તેરમુ .2.Being one of seventy equal parts: સિત્તેરમા ભાગનુ . *n.* One next in order after the sixty-ninth: સિત્તેરમુ .

Seventy, સેવેન્ટિ)*a.* Seven times ten; one more than sixty-nine: સિત્તેર.*pl.* Seventies. The sum of seven times ten: સિત્તેરની સંખ્યા રકમ. 2. A symbol representing seventy units as 70, or lxx.: સિત્તેર એકમ દર્શાવનારું ચિન્હ નિશાની;જેવી કે ૭૦.

Sever (સેવર્)*vt* [*L. separo*,I separate.]To divide;to part in any way:કાપી જુદું કરવું-પાડવું. 2 To divide into parts; to disjoin: કાપીને જુદું કરવું;ભાગ કરવું;થી જુદું-નોખું પાડવું. 3. To keep distinct; to except; to exempt: જુદું નોખું રાખવું;છૂટું કરવું; બાતલ કરવું.4. To disunite; to disconnect: છૂટું-જુદું-નોખું કરવું.*vi.*To be parted or rent asunder; to be separated: ફાટવું; ફાટીને-કપાઈને જુદું પડવું;ચિરાઈ જવું. 2.To disinguish: ઓળખવું.

Several,(સેવરલ)*a.*[*L. separo*, I separate.] Separate; distinct, single:જુદું છૂટું,નોખું ;વિલક્ષણ જુદું,એકનું;આગવું;અમુક 2 Diverse; different;various:જુદું જુદું;ભિન્નભિન્ન. 2. Diverse; sundry; more than two but not very many:કેટલાક; કેટલાંક;અનેક.*adv.* By itself:severally:જુદું જુદું ;એકએક *n* An item; a detail;an individual: પ્રત્યેક; દરેક; પૃથક વસ્તુ; આસામી;વ્યક્તિ 2.Persons or objects more than two but not very many:કેટલાક માણસો-ચીજો-પદાર્થો ૩.Inclosure:વાડો; બાંધેલી જગ્યા.*A joint and* s.*bond*: ભિન્નભિન્ન એકાકીબંધ ખત.

Severally,(સેવરલ્લિ) *adv* Separately; individually: જુદું જુદું; એકએક;પૃથકપૃથક;નિરાળું;આસામીવાર.

Sevarality(સેવરલિટિ્)*n.*A holding by individual right: આગવાપણું; જેમાં બીજા કોઈના ભાગ કે લેવા દેવા ન હોય તેવી સ્થિતિ.

Severance, (સેવરન્સ્) *n.* Partition;separation:અલગપણું; જુદાઈ; વિયોગ; વિચ્છેદ; પૃથક્કરણ.

Severe, (સીવીર્) *n.* [*L.severus*, severe.] Sedate;grave; austere: ગંભીર;કરડું ;કઠોર; કઠણ. 2. Harsh; rigorous:આકરું; સખ્ત;જબર; કઠોર; નિષ્ઠુર. 3. Exactly confirmed to a standard;strict: શણગાર-અલંકાર રહિત તાત્પર્ય સર;સાદું;રૂક્ષ. 4. Sharp; afflicting;distressing: દુઃસહ;સખત; તીવ્ર;કટકડી;જબર.5 Exact; critical;rigorous:કઠણ;સખત.

Severity,(સીવેરિટિ) *n pl.* Severities. The quality or state of being severe: સખ્તઉગ્ર કઠોરપણું. (*a*) Extreme strictness;rigor; harshness: સખ્તાઈ;કરડાકી; તીવ્રતા; દુઃસહપણું;ઉગ્રતા.(*b*)Extremity,inclemency:ઉગ્રતા; દુઃસહપણું; તીવ્રતા; પ્રખરતા.

(c) Cruel treatment; sharpness of punishment:નિર્દયપણું;સખ્તાઈ; અતિદંડ;જલીમપણું. (d) Exactness; rigorousness: સખ્તપણું; કઠીણાઇ; અતિશય ચોકસપણું.

Sew,(સ્યૂ) *vt.* To follow;to pursue: -ની પછવાડે પછવાડે-પાછળ પાછળ-પુંઠે પુંઠે-પેડે પેડે જવું. *n.* Juice:gravy; seasoned dish: રસ;છોખટ; મસાલાદાર-ધમધમાટ વાની. *vt.*(સૌ) *p.p* Sewed rarely Sewn] [L.*suo*, I sew.] To unite or fasten together by stitches:સીવવું;સાંધવું.2. To close or stop by sewing: (often with *up*):શીવીને બંધ કર;શીવી-સાંધી લેવું; ટાંકી લેવું.3.To inclose by sewing: શીવીને બંધ કર.

Sewage, (સ્યૂએજ્) *n* The contents of a sewer or drain: મોરી-ગટરનું પાણી-કચરો.2. Sewerage: ગટરદામ: ભેલું પાણી લેઇ જવાની નીકો-મોરીઓ

Sewer,(સ્યૂઅર) *n.* [L. *ex*, out & *aqua*, water.] A drain or passage to carry off water and filth under ground:મોરી; ગટર;નળ;નીક

Sewing, (સૌઇન્ગ) *n* The act or occupation of one who sews:શીવવાનો ધંધો-રોજગાર;સીવણ.2.That which is sewed with the needle: શિવેલી ચીજ-પદાર્થ: સીવણદામ; સીવણ. **Sewing** *machine*: શિવવાનો સંચો.

Sex, (સેક્સ)*n.* [L. *seco*, I cut.] The physical difference between male and female:લિંગ,લિંગભેદ;જાતિ:જનત;વર્ગ;સ્ત્રીપુરૂષભેદ. *The* **s.**, the female sex; women, in general:સ્ત્રીવર્ગ;અબળાજાતિ. *Hard or stern* **s.**,the male sex; men generally:પુરૂષ વર્ગ;મરદ જાત;ભાયડા.

Sexagenarian, (સેક્સજેનેરિઅન્) *n.*A person who is sixty years old: સાઠ વરસનું માણસ.

Sexagenary, (સેક્સજેનરિ) *a.* [L. *sexageni*, sixty each.] Pertaining to,or designating the number sixty;sixty years old.સાઠની સંખ્યા-આંકડા સંબંધી-નું-વિષે-દર્શાવનારૂં;સાઠ વરસની ઉમરનું *n.* Sexagenarian: સાઠ વર્ષનો વૃદ્ધ માણસ.

Sexennial,(સેક્સેન્નિઅલ્) *a* [L.*sex*, & *annus*, a year.] Lasting six years, or happening once in six years:છ વરસ ચાલે એવું; છ છ વરસે આવતું-થતું બનતું;ષટ્‌વાર્ષિક *n.*A sexennial event: છછ વરસે બનતો બનાવ.

Sextant,(સેક્સ્ટંન્ટ્)*n.*[L. *sex*, six] (*Math*) The six part of a circle:વર્તુલનો ષષ્ઠાંસ; વૃત્તષષ્ઠાંશ.2 An instument for measuring angular distances between objects:પદાર્થો વચ્ચેના કોણ અંતર માપવાનુ યંત્ર.ગ્રહયંત્ર; ષષ્ઠાંશયંત્ર.

Sexton, (સેક્સટન) *n.* An under officer of a church:ખ્રિસ્ત દેવળમાં દેવળની, અને પરચુરણ વાસણ કુસણ, જગ્યા, જમા અથવા પોશાક વિગેરેની ખબર રાખનાર તથા કબર ખોદવા અને ઘંટ વગાડવાનું કામ કરનાર માણસ.

Sextuple, (સેક્સ્ટ્યુપલ)*a.* [L.*sextus*,six'th.] Six times as much: sixfold;છગણું; છ પટ.2. Divisible by six:છએ-છ થી ભાગી શકાય તેવું.

Sexual, (સેક્સ્યુઅલ)*a* [L. *sexus*, sex.] Of or pertaining to sex distinguishing sex: (સ્ત્રી પુરૂષની) જાતિ સંબંધી-નું વિષે-સ્ત્રી પુરૂષના ગુહ્યાંગ સંબંધી-નું-વિષે **S** *intercourse*:મૈથુન;સંગમ;સંગ;સંભોગ.

Shabbiness, (શૅબિનેસ) *n.* The quality or state of being shabby:કૃપણતા;જીર્ણતા;મલિનતા;અધમતા; હલકવાહી.

Shabby, (શૅબિ)*a.* Torn or worn to rags;poor:mean; ragged:ફાટું તુટું;ફાટેલું તુટેલું. ચિંથરેહાલ;જૂનું; પુરાણું;ભિખારી;હલકું;મલિન. 2 Clothed with ragged, much worn, or soiled garments: ચિંથરેહાલ; ચીથરીહ .3.Mean;paltry; despicable: નીચ; તુચ્છ; ધિક્કારવા લાયક; અધમ; પાજી-કૃપણ; હલકટ.

Shackle,(શૅકલ)*n.*[Generally used in the plural.]A gyve;a fetter; બેડી;બેડ;સાંકળી; ઝાંઝરીઆં;બંધન; ફાંસલા;પાશ. 2. Hence, that which checks or prevents free action: ડખલ; કનડ વિઘ્ન;આડ;અડચણ; બંધન; અંતરાય. 3. A fetterlike band worn as an ornament: સાકળના જેવું પહેરવાનુ ઘરેણું : સાકળું : ટોડો. 4. A clevis:આંકડો; ખીલીપસીયારૂ. (*b*) દાળાનુ પાખીડું. 5.A link for connecting railroad cars: આગગાડીઓ જોડવાનો આંકડો-કૂકસાંકળ.*vt* To fetter; to chain: ના હાથ પગ બાંધવા; ને હાથકડી કર; બેડી ઘાલવી; ને ડેડમા નાખવું-પૂરવું 2. To impede; to cumber:-ને અડચણ-કરવી, રોકવું;-ને વિઘ્ન ડખલ કર. 3. To join by a link or chain, as railroad cars: આગગાડીઓ જોડવાને સાકળ કુક નાંખવી-મેરવવી

Shade,(શેડ્) *n.*Comparative obscurity owing to interception or interruptio[illegible] rays f light:છાયા; છાંયડો; ઓળો. 2. De[illegible]ness: obscurity: અંધારૂં; અં[illegible]ર; તિમિર.3.An obscure place; ence,a seclude[illegible] retreat:એકાંત જગ્યા; ઘટા.4. A screen: protection shelter;cover:રક્ષણ-પરદો; આશ્રય. આશરો:રક્ષણ; છાયા:ઓડું 5.Shadow: પડછાયો;ઓળો. પ્રતિચ્છાયા; પ્રતિબિંબ 6.A spirit; a ghost: મએલા માણસનો જીવ. પ્રેત; આભાસ; જીન ભૂત 7 The darker portion of a picture: ચિત્રનો ઝાંખો-છાયાવાળા ભાગ: છાયા.8 Degree or variation of color:રંગનો મન ફેરપાસ-અંશ: છાયા. 9.A minute difference or variation મનફેર તફાવત;છાયા; સુક્ષ્મભેદ; સ્વરૂપાંતર *vt* To shelter or screen by intercepting the rays of light:ઉપર ઓઢું ઓળો-પરદો નાંખવો-કર;ઓથા-ઓળામા મૂકવું-રાખવું;પડછાયો છ ઓઢો કર 2 To shelter;to protect;to hide:રક્ષણ કર-રાંકવું. બચાવવું;ઢાંકવું-સંતાડવું 3. To obscure: ઉપર અંધારૂં ઓઢું -ઓળો નાંખવો-ઢાંકવું કર-પાડવું; અંધકાર કર 4. To paint in obscure colors: ઘેરા-કાંબા રંગે રંગવું-ચિતરવું. ઘેરૂં કર 5. To mark with gradations of light or color:ચઢતા ઉતરતા રંગ પાડવા;ક્રમ ભાગ પાડવા.6 To present the shadowy or obscure:ઝાંખો-ઓળો આકૃતિ દર્શાવવી બતાવવી; બતાવવું; દર્શાવવું *The shades* પ્રેતભૂમિ.

Shading,(શેડિંગ્)*n.*The effect of light and shade in a picture: ચિત્રમા ચઢતા ઉતરતા રંગ જે રીતે પડે તે

Shadow, (શેડો) *n.* Shade within defined limits; obscurity or depr vation of light:પડછાયો-ઓળો; છાયો.2 Darkness; obscurity:અંધારૂં;અંધકાર; તિમિર 3. A shaded place:shelter; protection:છાંયડાવાળી જગ્યા;એકાંત જગ્યા; બચાવ:આશ્રય;આશરો;રક્ષણ:છાંયરો-ઓઢું.4.A reflected image: પ્રતિબિંબ; પ્રતિરૂપ; પ્રતિમૂર્તિ:પડછો; પડછાયો. પ્રતિમા.5. An inseparable companion: પડછાયા;સાથી;અનુયાયી:પુછડું : હમેશનો સહચર. 6. A spirit a ghost; a phantom:પ્રેત;જીન ભૂત;પિશાચ;ઓળો. ઓળો.7.Adumbration; indistinct image:આભાસ; આછી અાછી છાયા; ભ્રમ;ઝાંખો પ્રકાશ:ભ્રાન્તિ. 8. A small degree;a shade:સૂક્ષ્મ ભાગ;લેશ. 9. An uninvited guest coming with one who is invited: નોતરીયાની સાથે આવનાર ગેરહેઓ S. *of death*:ઘોર અંધકાર; મોતની વેળા;ભાર

સંકટ.*vt.*To cut off light from;to throw a shadow upon:-ઉપર છાયો-છાયડો કર.2.To conceal to hide: છુપાવવું; ઢાકવું;સંતાડવું. 3.To protect: રક્ષણ પૂરું પાડવું;-નો બચાવ કર.4. To shade:ચહેરા ઉતરતો રંગ કર-પૂરવો; આભાસ આપવો. 5. To represent faintly or imperfectly: જણાવવું; આભાસ બતાવવો; અપૂર્ણ દર્શાવવું;-ના રૂપમા દેખાડવું-આણવું.(*b*) To paint in obscure colours: ઝાંખા રંગથી ચીતરવું-રંગવું;આછુ ચિત્ર આપવું.6.To cloud;to darken: અંધારૂં કર;ઉદાસીન કર. 7. To follow closely:-ની પાછળ પાછળ જવું-ચાલવું;-ની પૂઠ લેવી.

Shadowy, (શૅડોઈ) *a* Full of shade or shadows: છાયા થાય એવું; છાયાવાળુ .છાયામય;શિતળ.2. Dark; obscure;gloomy;dim: ઘોર;અંધકારવાળુ ; ઝાંખુ ; ઝાંખાશુ ; અનણ્યું. 3, Not bright by luminous: ઝાંખુ ; મંદ;આછું;તેજ કે ગરમી વગરનું.4.Faintly representative: આભાસદર્શક. 5.Unsubstantial: unreal: અવાસ્તવિક;કલ્પિત;ભ્રમ ભરેલું. આભાસમય; અસાર:મિથ્યા;છાયાત્મક છાયારૂપ.

Shady,(શૅડિ)*a.* Overspread with shade;causing shade: છાયા-છાંયડા-વાળુ ;ઘણી છાયા હોય એવું.2 Sheltered from the glare of light or sultry heat.તેજ કે ગરમી વગરનું રહિત-થી રક્ષણ પાયેલું;ઠારું ; છાયાવાળુ; શિતળ 3.Of or pertaining to shade or darkness: છાયા અથવા અંધારા સંબંધી-નુ લગ. 4.Equivocal; dubious or corrupt: શક ભરેલું; શકમંદ,દ્વિઅર્થી;કપટકારક.*To keep* S., to stay in concealment: સંતાઈ-ભરાઈ રહેવું.

Shaft,(શૉફ્ટ)*n.*[L *scapus,* a stoff] (*a*)The slender, smooth stem of an arrow: તીરનું સોટું. (*b*) An arrow:તીર;બાણ.2.(*a*) The long handle of a spear or similar weapon:ભાલા અથવા બીજા કોઈ શસ્ત્રનો લાંબો દાંડો-દંડો. *a*)The weapon itself: ભાલા વિગેરે જેનું દુચિયાર, 3.(*a*)The trunk, stem or stalk of a plant: ઝાડનું થડ; ધડ; દાંડો. (*b*) The stem of a feather: પિંછાની કરોડ;પીછાના થોડા.(*c*) The pole or tongue of a vehicle: ગાડાની ઉંચ; ઘોંસરિયા કુ સરી;ગાડુ ઢસરી (*d*) The handle of an instrument. દાંડો; મુઠ. (*e*)A Maypole: ઝંડા.(*f*)The part of a column between the base and capital: કુંભીથી સરણાભરણા સુધીનો થાંભલાનો ભાગ. S. *of a chimney*:ધૂમાડીઆનો છાપરાથી ઉપરનો ભાગ. 4 A humming bird:એક જાતનુ ગણગણનું પક્ષી 5. A well-like excavation in the earth: પૃથ્વીમાં કુવાના જેવું પોલાણ; કુવો. 6. A long passage for the admission or outlet of air:હવા આવવાને માટે રાખેલો માર્ગ.

Shaggy, (શૅગિ) *a* Rough with long hair or wool: બરછટ-જાડા-ગુચ્છાવાળા વાળવાળુ .2. Rough; rugged jaggy:ખડબચડુ ;બરછટ;રૂક્ષ.

Shake,(શેક) *vt.* [*imp.* Shook, *p. p.* Shaken,] To make to tremble or shiver; to agitate: હલાવવું;હલાવીનાખવું; ધ્રુજવું; ડોલાવવું;કંપાવવું.2 To move from firmness,to cause to waver:ડગમગાવવું ડગડાવવું; ડામાડોળ કર; ડોલાવવું; ડગાવવું;ની દૃઢતા ડગાવવી 3. To give a tremulous tone to: to trill: અવાજ થરડાવવો. 4. To move or remove by agitating,to rid one's self of:હલાવીને ખસેડવું;ઝાટકી નાખવું;ખંખેરી નાખવું;કાઢી નાખ ;દૂર કર; ત્યજવું. 5. To tremble; to shiver; to totter:હાલવું;ડોલવું; ઝોકા ખાવા; કાંપવું.ડગવું,ડગમગવું; ધ્રુજવું; કંપવું;ધ્રુણવું;થરથરવું To S.*hands,*to perform the customary act of civility by clasping and moving hands. હાથ મેળવીને સલામ કર;સમાધાન થવું એમ દર્શાવવા હાથ મેળવવો. 6. To s. off: ખંખેરી નાખવું; ખંખેરવું. *To* S. *hands with*:સલામ કરી વિખૂટું પડવું *vi.*To move: હાલવું 2. To shiver: ધ્રુજવું;ધ્રુણવું;કાંપવું.3.To totter:ડગવું; ડોલવું;ડગમગવું. *n.* A trembling; quaking or shivering: agitation:કંપારા,ધ્રુજારી;થરથરાટ;કંપ; ડગડગાટ;ડગમગ.2.A fissure or crack in timber,caused by its being dried too suddenly: ઇમારતી લાકડું ઘણીજ જલદીથી સૂકાઇ જવાથી તેમાં પડેલો ચીરો-ફાટ.3.A fissure in rock or earth:ફાટ;ચીરા;ચીરોડો.The *shaker*,the fever & ague. તાવનો ધ્રુજારો,ધ્રુજારી આવે એવો ટાઢીયો તાવ

Shaky (શેકિ)*a.*Shaking or trembling ધ્રુજતું;કાંપતુ.2.Full of cracks ચીરા ચીરાવાળું-ફાટેલું.ઉ. Tottering; unsound: ડગમગતું ડોલતુ;નબળું; અસ્થિર;સખળડખળ;ડામાડોળ.

Shall,(શૅલ્)*vt.*& *auxiliary.* [*imp.* **Should,**] To owe; to be under obligation for:-ના આભારી હોવું. 2.To be obliged;must જોઇએ. ઉ. As an auxiliary, *shall* indicates a duty or necessity whose obligation is derived from the person speaking; Thus in the second and third persons *shall* expresses a command,a threat, or a promise: સહાયકારક ક્રિયાપદ તરીકે બીજા અને ત્રીજા પુરૂષમાં 'શેલ' હુકમ મરજી-આજ્ઞા બતલાવે છે.In the first person shall only expresses, the future action: 'શૅલ' પહેલા પુરૂષમા માત્ર ભવિષ્ય બતલાવે છે.

Shallow,(શૅલો)*a.*Not deep;sheal: છબછબીઉ ; ઉતરૂ ; છાછરૂં; છાલકુ. 2. Deep in tone: ઠુસ્સા સાદવાળું. 3. Ignorant; simple; superficial: ઉપરઉપરટપકેનું;અલ્પજ્ઞ;છાછરૂં; છાલકુ. *n.* A shoal; a flat: છાછરા પાણીની જગ્યા; ભાઠું. *vt.* To make shallow:છાછરૂં કર; *vi.* To become shallow:છાછરૂં થવું.

Shallow-brained,(શૅલો-બ્રેન્ડ્) *a.* Of weak intellect; foolish: જડ બુદ્ધિનું;મોળાગ્ર બુદ્ધિનું;મૂર્ખ;જડ; જડસું;બુદ્ધિનુ-અક્કલનુ બારદાન.

Shallow-hearted, (શૅલો-હાર્ટેડ્) *a.*Incapable of deep feeling:ઉંડુ લાગે નહિ એવું;ખેતમા;બેદરકાર.

Shalt,(શૅલ્ટ્) *2nd per, sing. of* Shall:શૅલ'નો બીજો પુરૂષ એક વચન.

Sham,(શૅમ્) *n.* A delusion; imposture,humbug:ઠગાઇ; છેતરપાજી;પ્રપંચ,ઢોંગ;વરા;દંભ;નિમિત્ત; છળ; ધતિંગ.2.A false front,or removable ornamental covering: બનાવટી-બાદલું ઘરેણું.3.An impostor:ઠગારો ધૂતારો *Pillow* S.: ઉશીકાનુ અસ્તર; ગલેફ.*a.*False; counterfeit; pretended; unreal: બોટું; માણમાણનું; દેખાડવાનું ; બનાવટી.*vt.* To trick; to cheat; to deceive: ઠગવું;છેતરવું;પ્રપંચ રચવો-કર;માથે મારવું,ઠગીને આપવું-દેખાડવું 2. To imitate; to ape; to feign: -ની નકલ ઢોંગ-વેષ કર;-ની પેઠે કર;-ના ચાળા પાડવા. *To* S. *Abram,* or *Abraham,* to feign sickness: માંદા-બંદરી છે એમ દેખાડવું-જણાવવું; મંદવાડનો ઢોંગ કર.

Shamble,(શૅમ્બ્લ્)*n.*[L.*scamnum,* a bench;stool.]A layer of ore: કાચી ધાતુનો થર.2.*pl.* A place where butcher's meat is sold:ખાટકીવાડો;ખાટકી બજાર;કસાઇ ખાટકો.3. *pl.*A place for slaughtering animals for meat: કસાઇ ખાનું ; કતલખાનું . *vi.* To walk awkwardly and unsteadily,to shuffle along; લથડાતા પગે ચાલવું;બેદરકારીથી ચાલવું.

Shame,(શેમ્) *n.* A painful sensation excited by a consciousness of guilt, or impropriety: લજ્જા;લાજ;શરમ;અરે;સ કોચ 2. Dishonor;ignominy; contempt: અપકીર્તિ;અપ્રતિષ્ઠા;માનભંગ; કલ ક; તિરસ્કાર; ધિક્કાર; બેઆબરૂ; અપમાન. 3. The cause or reason of shame; disgrace: એબ-લાજ-શરમની વાત-કારણ;શરમ; લજ્જાકારણ-હેતુ-લજ્જારૂપ-૪.4.The private parts: ગુપ્તો ભાગ; ગુહ્યાંગ. *To put to* s. to humiliate:to disgrace: શરમાવવું;ઠેકાને પેટ ઘાલવું; નીચું ઘલાવવું. *What a s.*:આ કેવી શરમની વાતછે. *For s.*:શરમ છે તને-તમને; શરમાઓ;નીચું ઘાલો. *To put to s.* લાજ લગાડવી;શરમાવવું; નીચું ઘલાવવું. *vt.* To put to shame: શરમાવવું;લજ્જાવવુ ;ઓશિયાળુ કર; નીચુ જોવડાવવું ઘલાવવુ .2.To dishonor, to disgrace:-ની બેઆબરૂ અપકીર્તિ કર; -ને એબ લગાડવી; કલ કિત કર.3. To deride:-ની મશ્કરી-મજાક કર;-ની હાસી કર. *ri.* To feel shame:શરમાવું; શરમ-લાજ લાગવી.

Shame-faced, (શેમ્ફેસ્ડ) *a.* Diffident; bashful; modest: શરમાળ; શરમાઉ;લાજાળુ ;સ કોચશીલ 2. Indecent:બેશરમ;અમર્યાદ; નિર્લજ.

Shameful,(શેમ્ફુલ્) *a.* Bringing shame or disgrace;disgraceful: શરમભરેલું; લાજ લાગવા જેવુ ; લાજવા જેવુ ;નિ દાપ્રદ;;લજ્જાવહ.2.Indecent: બેશરમ;નિર્લજ;અમર્યાદ;અશિષ્ટ;લજ્જા-પ્રદ:અપકીર્તિકર;નાગુ;બીભત્સ.

Shameless,(શેમ્લેસ્)*a.* Wanting modesty:શરમ વિનાનુ ;અસભ્ય: ધૃષ્ટ; નિર્લજ;બિભત્સ;નફટ 2.Indecent.બેશરમ; અમર્યાદ; ભાઠ; લજ્જાહીન-રહિત; બિભત્સ.

Shampoo, (શમ્પૂ) *vt.* To press ; knead the whole surface of the body of a person:દીલ ચાંપવું; ચપી કર-કરાવવી;ચુ દવું,મસાળવું; રગડવું, પોલીસ કર;દાબવું દબાવવું.2.To wash thoroughly and rub the head of a person with the fingers:હાથવતે કોઇ માણસને નવડાવીને તેનુ માથુ માળવુ-સાફ કર.

Shank,(શેન્ક્)*n* (*a*) The shin: ઢીચણથી પૂરી લબીનુ પગનુ હાડકુ ; નળો. (*b*)The whole leg:પગ.2.Handle: હાથો; દાડો. 3. A large ladle for molten metal: ગાળેલી ધાતુ ઝાલવાનો મોટો ડચ્ચો. 4 *pl.* Flat nosed pliers:ચપટી અણીવાળો ચીમટો. To ride S.'s *mare*,to walk: પગેચાલીને જવુ ;ચાલવું; પગપાળા જવું.

Shanker,(શૅન્કર્) *n* See Chancre:ચાંદી;ટાંકી. [મરડી.

Shanty (શૅન્ટિ)*n.*A cottage: ઝુંપડી

Shape,(શેપ્)*vi.*[*p.p.* Shaped, or Shapen,] To form:to create; *especially*, to mold or make into a particular form: બનાવવું; ઉત્પન્ન કરવું;-નો ઘાટ કરવો-આપવો-ઘડવો-બનાવવો;-નો ડોળ-ઘાટ કાઢવો; ઘડવું.2.To regulate:to adjust; to direct: ચલાવવું;-ની વ્યવસ્થા-રચના કર;કરવું,વર્તાવવું;-ના અનુરૂપ કર.3.To image;to conceive: કલ્પવું;ધારવું; -નું અનુમાન કર;મનમાં કલ્પના કરવી-ધારવી;-ની ઘટના રચવી;ઉભુ કર;પ્રેકટવું. 4.To prepare;to plan;to arrange તૈયાર કરવું;ગોઠવવું; રચવું.*vi.*To suit: ગોઠવું; લાયક હોવું-થવું; અનુકૂળ થવું-આવવું,બ ધબેસવુ થવું; બરાબર આવવું. *n.*Make;figure; form; guise;ઘાટ;રૂપ;આકાર;આકૃતિ; ડોળ. 2. A figure;an appearance:આકૃતિ; વરદ; સત્કાર;મૂર્તિ.૩. A model; a pattern;a mold: નમુના. 4. Form of embodiment,in words: રૂપ;સ્વરૂપ.5. Dress for disguise; guise: વેશ;વેશના પોશાક.

Shapeless,(શેપ્લેસ્) *a.*Destitute of regular form; misshapen: બેડોળ;બદશિકલ; કદરૂપુ ;બેઢબ;વિરૂપઅમૂર્ત;આકાર-શૂન્ય-રહિત; નિરાકાર.

Shapely,(શેપ્લિ) *a.* Well-formed; comely;symmetrical: ઘાટદાર; ડોળદાર;રૂપાળુ ;રૂપવાન;સુદર; અવયવ શુદ્ધ;આકારશુદ્ધ;દબાવદુ ;રૂપાશુદ્ધ.

Share,(શેર્) *n.* A ploughshare: હોળનુ ચવડુ ;હળની કોશ;ફળ.2. The part which opens the ground for the reception of the seed, in a machine for sowing seed: બીઆવ્યી વાવતી વખતે હળના જે ભાગ જમીન પોલી કરે છે તે ભાગ;છેડ. 2. A part; a division; a portion: અમુક જથ્થો-ભાગ; અશ; વેરા. 3. An allotment; a dividend: વાટી;હિસ્સો,ભાગ;ફાળો;રાર,વિભાગ,વાટો; વાટણી. 4. One of a certain number of equal portions into which any property is divided: વાટો; હિસ્સો. 5. The pubes; the share-bone.પેરી હાડકું. *To go* S.s, to partake:-મા ભાગ લેવો;-મા એક સરખી લેવા દવા-નિરણત હોવી.*vt.* To divide: વહેચી લેવું;-ના હિસ્સા કર. 2. To take and possess in common:-મા(-નો)ભાગ હોવા;સહ ઉપભોગ કર;-ની જડે માનવુ.૩. To cut; to shear,to divide: કાપવુ;ભાગ કર-પાડવા.*ri.*To have a part;to receive a portion:--નો ભાગ હોવો-મેળવવો.

Share-broker,(શેર-બ્રોકર) *n.* A broker who deals in railway or other shares and securities:રેલવેના અગર બીજા કોઇ પણ શેરોનો દલાલ;શેરદલાલ.

Share-holder,(શેર હોલ્ડર)*n.*One who holds or owns a share or shares in a joint fund or property:ભાગીઓ; ભાગીદાર; હિસ્સેદાર; પાતિદાર;વિભાગી;શેરહોલ્ડર.

Shark,(શાર્ક્)*n.* [L. *carcharus*, a kind of dogfish.] Any one of numerous species of elasmobranch fishes of the order Plagiostomi: એક જાતની માછલી; મગર મચ્છ;શાર્ક.2,A rapacious, artful person a sharper:ધૂર્ત;ધૂતારો; ઠગ; લુચ્ચો;બળ.3.Trickery;fraud:છળ; કપટ;છેતરપ ડી;છેતરવાની યુક્તિ.*vt.* To pick or gather indiscriminately or covertly: ગમેતેમ-આડા અવળું વીણવું.*vi* To swindle: ઠગવું;ધૂતવું; છેતરવુ .

Sharp, (શાર્પ્) *a.* Not blunt or dull; keen: ઝીણુ;ધારીક; તેજવાળુ; પાણીદાર; ધાર-અણીદાર-વાળુ ; તીક્ષ્ણ. 2. Terminating in a point or edge, poaked or ridged; અણી ધારવાળુ-દાર; તીક્ષ્ણ. ૩. To the taste or smell; pungent; acid; sour:તમતમાટવાવાળુ ;ઝાટકો લાગે અવું તીવ્ર;ખાટુ ;કડક;લાય બળે અવું,ણ હુ ખાટુ . 4. High in pitch, route:ઉચુ ;તીણુ ;ઉદાત્ત. 5. Keen; severe, distressing: તીવ્ર;દુ:સહ; સહન ન થઇ શકે તેવું;તીક્ષ્ણ.6 Biting;sarcastic: severe;cruel;harsh: કરડુ ;મર્મભેદક; કઠોર; કડક;વેધક, તીક્ષ્ણ; હાડોહાડ લાગેએવું;સખ્ત;માર્મિક. 7. Sagacious; clever:ઝીણુ ;સૂક્ષ્મ;તીક્ષ્ણ;ધારીક; હોશિયાર;ચતુર;નિપુણ; તકેબાજ; ચાલાક; ચ ચળ;કાગડો.૪.Eager in pursuit; impatient for gratification: ભુખ્યુ ,જલ દ;કડકડતુ;તલપા રહવું.૯.Fierce;ardent,fiery. ગુસ્સાદાર; તા રું;જબરૂ.10.Close and exacting in dealing,shrewd:પક્કુ ,ધારીક બુદ્ધિવાળુ; પોચવું.11.Aspirated.મહા પ્રાણુ;ઠોર અઘાપ.*adv.*Piercingly;eagerly:લાગે; અવું;આતુરતાથા,તીવ્રતાથા.2. Precisely,exactly: ચોકસ રીતે; ટંકોટક; બરાબર સખતાઇથા;ધારીનઈથી. *Look s.*,alert.ધ્યાન આપો; ચ ચળ થાઓ; ઉતાવો; જડપ કરો;ચાલો;જટ કરો. *n.* A sharp tool or weapon:અણી-ધારદાર-વાળુ હથિયાર-શસ્ત્ર. 2. A sharp

tone or note: ઉદાત્ત સૂર.3 A portion of a stream where the water runs rapidly: પાણી ઘણા જોરથી-ઝડપથી વહેતું હોય એવો વહેવાનો ભાગ.4. A sewing needle with a very slender point: ઘણીજ ઝીણી-તીણી શીવવાની સોય.5. An expert: નિપુણ; ચતુર કાબેલ S. *Practice*: પોચેલાના જેવો ગેરવાજબી વહેવાર; ફરેબ; પેચ. *vt.* To sharpen: ધાર કાઢવી; ઝીણું-બારીક કરવું; બનાવવું. 2. To raise above the proper pitch: સૂર ઉંચો ખેંચવો. *vi.* To act the sharper: વેપાર ધંધામાં કોટા બાજી વાપરવી; છક્કા પંજા રમવા; ઠગવું; છેતરવું; લૂંટવું. 2. To sing above the proper pitch: સૂર ઉંચો ચઢાવવો-ખેંચવો; કપાળી સૂર કાઢવા.

Sharpen, (શાર્પ્ન) *vt* (*a*) To give a keen edge, or fine point to. તીક્ષ્ણ-બારીક-તીવ્ર કરવું; ધાર ચઢાવવી-કાઢવી; તીણું-ઝીણું કરવું. (*b*) To render more quick or acute in perception: સતેજ કરવું; લાગ-જણાય-તેવું કરવું. (*c*) To make more eager: વધાર પ્રાદમ-ઉત્તેજીત કરવું; સતેજ કરવું; ઉશ્કેરવું. (*d*) To make more pungent or intense: વધારવું; તીક્ષ્ણ તીવ્ર-કડક-ગમતમું કરવું; (*e*) To make biting or severe: હાડોહાડ લાગે એવું-કરડું-સખત કરવું; માર્મિક-મર્મ ભરેલું કરવું (*f*) To make more shrill or piercing, તીણું કરવું; કાન ફોડી નાખે એવું તીણું કરવું. (*g*) To make sour: ખાટું કરવું. (*h*) (*Mus.*) To apply a sharp to: રાગ ઉંચો ચઢાવવો.

Sharper, (શાર્પ્ર) *n.* A swindler. છક્કે-બાજ; પંજેબાજ, લુચ્ચો; સોદા, ધૂતારો; ઠોગો; ધૂર્ત; પ્રપંચી.

Sharpness, (શાર્પ્નેસ) *n.* Keenness acuteness: બારીકાઈ; તીવ્રપણું; તીક્ષ્ણપણું; તીવ્રતા; ઝીણી; તેજ; ધાર; હોંશીઆરી; ચતુરાઈ; તીક્ષ્ણતા; તડાકો.

Sharp-est, (શાર્પ્-સેદ) *a.* Affected by keen hunger; ravenous: તલપી રહેલું; અતિ આતુર; ખાઉખાઉ કરતું; અતિ ઉત્સુક; ભૂખ્યું ડાંસ; સુધાતુર.

Sharp-shooter, (શાર્પ્ શૂટર) *n.* A good marksman: ધાર્યું નિશાન-બોટ મારનાર; તીર દાજ; લક્ષવેધી; સચોટ નિશાનદાર; તાકાડીયું.

Sharp-sighted, (શાર્પ્-સાઇટેડ) *a.* Having quick, acute sight: નજરબાજ, તીક્ષ્ણ દૃષ્ટિવાળું; ક્ષુરાગ્ર બુદ્ધિનું.

Sharp-witted, (શાર્પ્-વિટેડ) *a.* Having an acute or nicely discerning mind: તેજ અક્કલ-હોંશ જવાબીવાળું; હોંશજવાબા; તીક્ષ્ણબુદ્ધિ-ક્ષુરાગ્રબુદ્ધિવાળું.

Shatter, (શૅટર) *vt* To dash, burst, or part violently in fragments: છિન્નભિન્ન કરી નાંખવું; કકડેકકડા કરી નાખવા; -ના ખુર્દા કરવા; એકદમ ચકચકાણ-ચૂરેચૂરા કરી નાંખવા; ભાંગી નાખવું; વિદારવું. 2 To disorder; to derange; -ની હાંજળી ખસેડવી; ગાંડા-દિવાના કરવું; ધૂળધાણી કરવું; -નો નાશ કરવો; સખલડખલ કરી નાંખવું. 3. To scatter about: આમતેમ પાથરવું-વેરવું. *vi.* To be broken into fragments: ચકચકાણ વળવો; -ના ચૂરેચૂરા થઈ જવા-થવા; -ના કકડેકકડા થઇ જવા. *n.* A fragment of anything shattered કકડો; ચૂરો; કકડી; ભાંગ; ખંડ.

Shave, (શેવ્) *vt.* [*p.p.* Shaved, *or* Shaven.] [L. *scabo*, I save] To cut or pare off from the surface of a body with a razor or other edged instrument: ને મુંડવું; ખોટવું; વટું કરવું; -ની હજામત કરવી, ક્ષૌર કરવું. 2 To cut off thin slices; to cut in thin slices: -ની પાતળી ચીપો-ચીરીઓ ઉતારવી કાઢવી. 3. To make bare or smooth by cutting off closely the surface, or surface covering. છોલવું; સાફ કરવું; તાછવું; -મુંડા નાખવું. 4 To pass close to, or touch lightly in passing: -ની પાસે-લગોલગ થઇને જવું; ને વટાઇને જવું. 5 To strip; to plunder; to fleece: લુંટવી લૂંટી-પડાવી લેવું; -ને ખંખેરવું; ઠગવું, ચુંથવું; -ને મુંડવું. *vi.* To use a razor: મુંડવું, હજામત-વટું કરવું. 2. To practice extortion; to cheat: છેતરવું ધૂતવું; કસાન સોદા કરવું; ઠગવું. *n.* A thin slice; a shaving: છોલ; કરચ; કાતરી; તાસના કકડા; પાતળો કાપચો. 2 The operation of cutting: હજામત; વટું, મુંડન. 3. An exorbitant discount on a note: હુંડીનો હદ ઉપરાંતનો વટાવ.

Shaveling, (શેવ્લિન્ગ્) *n.* A man shaved; hence; a monk, or other religious man (*used in contempt*): જેને હજામત કરાવવામા આવી હોય એવો માણસ, મુંડીઓ; બાવડા; જતિ.

Shaving, (શેવિન્ગ્) *n.* The act of one who, or that which shaves: હજામત, મુંડન; ક્ષૌર, છોલવા, છોલ, છોલ.

Shawl, (શાલ્) *n.* A square or oblong cloth of wool, cotton or other textile or netted fabric: દોશાલો; શાલ. *vt.* To wrap in a shawl: શાલ-દુશાલામા લપેટવું-વિંટવું.

She, (શી) *pron* This or that female; the woman understood or referred to: તે બૈ; તેણી. 2. A woman; a female: સ્ત્રી; નારી; બાયડી; ઓરત.

Sheaf, (શીફ્) *n. pl.* Sheaves A bundle of grain or straw: પૂળો; પૂળી. 2. (*a*) A collection of things bound together: ભારો; ભારોટો; ગુચ્છો. (*b*) An apparatus for raising heavy weights: ભારે વજન ઉંચકવાનું યંત્ર. 3. The bed piece of a machine tool: કાપવા યંત્રના નીચેના ભાગ; બેસણી.

Shear, (શીઅર્) *vt.* [*imp.* Sheared, *or* Shore *p.p.* Sheared *or* Shorn.] To cut, clip, or sever anything from with shears or a like instrument: કાતરવું; કાપવું; છાંટવું. 2. To cut off; to clip (*something*) from a surface: -ના ઉપરથી કાતરવું (*Sheep*)-નું ઉન-વાળ કાતરી લેવા; ઉપરથી વાળ-ઉન કાપી કાતરી નાંખવું. 3. To reap, as grain: દાણા લણવા-કાપી લેવા; લણણી કાપણી કરવી. 4. To deprive of property; to fleece: લૂંટી લેવું; પધરી લેવું; -ની મિલ્કત લઈ લેવી; ચોરવું; કાતરી લેવું; નિચોવવું; ખંખેરવું; ચાવું. 5. To shape in by a shear: -ના આકારમા છોલીને ફેરફાર કરવો. *n.* A pair of shears: કાતર. 2. A shearing: કાતરણી; છાંટણી, વર્ત્તન; વપન. *vi* To deviate: રસ્તો મુકી આડે રસ્તે જવું-ફાંટવું, ભૂલવું, ભમવું.

Shearer, (શીઅર્ર) *n.* One who shears: કાતરનાર; હજામ. 2. A reaper (*Scot.*) લણનાર; અનાજ કાપી લેનાર.

Shearing, (શીઅરિન્ગ્) *n.* The act or operation of clipping with shears: કાતરવું તે. 2. The product of the act: કાતરામણું; કાતરણું; છાંટણી; વર્ત્તન; છેદન, છાંટ. 3. The act or operation of reaping (*Scot.*): કાપણી, લણ ણ.

Shears, (શીઅર્ઝ) *n. pl.* A cutting instrument: કાતર; કાતરાનો ઢાંચો. 2 (*a*) Anything in the form of shears. કાતરના આકારની ચીજ. (*b*) An apparatus for raising heavy weights: ભારે વજન ઉંચકવાનું યંત્ર. 3. The bed piece of a machine tool: કાપવા યંત્રના નીચેના ભાગ; બેસણી.

Sheath, (શીથ્) *n.* A scabbard: મ્યાન; મેંણ; તરવાનું ઘર; ગલેફ, કોશ. 2. Any sheathlike covering, organ or part: મ્યાનના જેવું ઢાંકણ; રક્ષણ-બચાવનું ઢાંકણ; આવરણ; આચ્છાદન; આવરક, આધાર.

Sheathe, (શીધ) *vt.* To put into a sheathe, case or scabbard: મ્યાન કરવું, મ્યાનમા ઘાલવું. 2. To fit or furnish, as with a sheath: ઉપર મ્યાન-ઘર કરવું-જડવું; નું ઢાંકણ કરવું-બેસારવું. 3. To case or cover with something which protects, as win boards, sheets of metal and the like: મઢવું; જડવું; પતરા-પાટિયા જડવું.

વાં; અસ્તર નાખવું-લગાવવું; ઢાંકણ ક૦. દેવું-લગાવવું. 4 To obtund or blunt: બુઠ્ઠુ ક૦;જડ ક૦;મંદ ક૦;ધીમું-નરમ પાડવું. *To s. the sword*: સલાહ-શાંતિ ક૦;સાથે સમાધાન ક૦; લડાઇ બંધ ક૦;વેરભાવ મૂકી દેવો

Sheathing, (શીધિંગ) *n.* That which sheathes: મઢાણ;મઢેલાં પત્રાં; ઢાંકણ;અસ્તર.

Shed, (શેડ્) *n.* An outbuilding; a hut:ઝુંપડી;છાપરી;ઢાળિયું પડાળી; ઓસરી;મઢુલી;મરડી;માડવી:s *for cattle.* કોઠી;કોઠ.[*imp.& p.p.* Shed.] [L. *scindo*,I cleave,cut.]To separate to divide:જુદું પાડવું;ભાગપાડવા.2. To emit; to diffuse: બહાર કાઢવું; કાઢવું:-માંથી નીકળવું-પસરવું; નાખવું : ફેંકવું :પ્રસારવું;-નું ખરી-પડી-ખરી જવું. 3.To let fall to throw off: પડવા દેવું';-ઉતારવું ; ખેરવવું. 4. To cause to flow off without penetrating:અંદર દાખલ થયા-પેઠા વિના વહી જવું.-પરથી ખરી પડવું. 5. To sprinkle,to intersperse:-માં છાંટ હોવી -વિખરાયલા હોવું , નું મિશ્રણ હોવું . *vi.* To fall in drops; to pour: ટપકા રૂપે પડવું; વહેવું; ટપકવું; ખરવું;-ના ટપકાં પડવા.2.To throw off a covering or envelope: પડ-ઢાંકણ ખરી પડવું નીકળી જવું. *n* A parting; a separation,a division:જુદાઇ;જુદું પડવું;વિયોગ: ભિન્નતા. 2. The act of shedding or spilling(*as blood-shed*).સ્રાવ.

Sheen, (શીન્) *vi.* To shine; to glisten (*Poet.c*): ચળકવું; પ્રકાશવું ; શોભવું દીપવું. *n.* Brightness; splendor;glitter:ચળકાટ; પ્રકાશ; ભપકો;શોભા;પ્રભા.

Sheep, (શીપ્)*n. Sing & pl.* Any one of several species of ruminants of the genus *ovis*: ઘાટું; ઘેટું;ભેડું,ભેંડ.2 A weak, bashful, silly fellow:નબળો, શરમાળ, મૂર્ખ માણસ. 3. *pl Fig.* The people of God.ભનુષ્ય; માણસ જાત; ~ દમ જાત. S. *run*,:ઘેટાંઓને ચરવાનું મોકળું ચોગાન;ઘેટાંઓના રહેરો.S. *pox*,:ઘેટાંઓમાં થતા ઓલાતનો એપો રોગ S. *walk*; a pasture for s. *eep*: ઘેટાંમાટે રહેરો

Sheep cot-fold, (શીપ્કોટ્-શીપફોલ્ડ) *n.* A pen; a fold: ભેડ-ઘેટાં રાખવાનો વાડો નરાડો;ભેંપશાલા.

Sheep-headed, (શીપ્-હેડેડ્) Silly, stupid:મૂર્ખ;ઠોઠો,જડસો.

Sheepish,(શીપિશ્) *a.* Of or pertaining to a sheep: ભેંડા-ઘેટા સંબંધનું-નવું.2.Bashful; timorous to excess:બકરી જેવું;ગરીબ-શરમાળ; બીકણ;દમ વગરનું ;નમ્ર: રાંકડું; લાળગું; નિસ્તેજ; નષ્ટવીર્ય .3.Foolishly diffident:બીનનું કર્યું કરનાર;ગાંડરા જેવું

Sheep's-eye,(શીપ્સ્આઇ)*n.* A loving glance:આખનો ચાળો; નેત્રકટાક્ષ.

Sheer, (શીર્) *a.* Bright; clear: pure;unmixed:ચળકતું;સ્વચ્છ; નિર્મળ;ચોખ્ખું .2. Very thin or transparent: ઘણું પાતળું અથવા પારદર્શક; બારીક; ઝીણા પોત-કુમાશનું. 3. Obvious;simple;mere: શુદ્ધ;સ્પષ્ટ; ખુલ્લું;ઉઘાડું ;તદ્દન;કેવળ;હડહડતું; માત્ર. 4. Straight up; perpendicular: ઉભી; ઉભા ઢોળાવવાળી *adv.* Clean, quite at once:છેક; બીલકુલ; એકદમ. *rt.* To shear: કાતરવું. *vi* To turn aside,to swear:કોરે ખસવું; ઠોલવું : આઘા પાછા થઇ જવું; આડું વળવું ફંટાઈ જવું-વળી જવું જતા રહેવું *To s. off*,to move away: ખસી જવું; દૂર જતા રહેવું ;આડા ફંટાવું -વળી જવું.*To s np*,to approach obliquely: વાંકી-ત્રાંસી રીતે પહોંચવું; આડકતરા પહોંચવું *n.* A turn or change in a course:ગતિમાંના ફેર; ગતિ-માર્ગમાં ફેરફાર-વલણ-વાંક.2.*pl.*Shear: કાતર.

Sheet,(શીટ્ *n.* (*a*) A broad piece of cloth:ચાદર;ચોફાળ;ચલાકા; પલંગપોશ.(*b*)A broad piece of paper: (કાગળનો)તાવ;તાર.Hence;a letter; a newspaper:પત્ર; વર્તમાનપત્ર; અખબાર.(*c*) A single signature of a book or a pamphlet:પાનું; પત્ર; ચોપડાના પાના.In,*pl*.The book itself:ચોપડી. (*d*) A plate;a leaf:પતરૂં;પાનું;વરખ.(*e*)A braod expanse of water:પાણીનો પહોળો પટ;જલસપાત (*f*)A sail.સઢ (*g*) (*Geol*). An extensive bed of an eruptive rock:બીજ જાતના-પડો વચ્ચેનો ખડકનો મોટો થર-પટ. 2.(*a*)A rope or chain which regulates the angle of adjustment of a sale in relation to the wind:સઢનાં દોરડા s.*in the wind*, half drunk: અડધે પીધેલ-ચઢેલો; અર્દ્ધ નિશામા. *Both* s.s. *in the wind*, very drunk: ઘણોજ પી લેલા-ચઢી ગયેલો; નિશામા ચકચૂર-બે ધડ; ટે ;ઇ કું.*In* s s. lying flat or expanded: સપાટ; લાબુને લાબું;વિસ્તૃત.*vt.* To wrap in, or cover with a sheet: ચાદરમા લપેટવું-વિંટાળવું. 2. To expand,as a sheet:ચાદરની માફક પાથરવું,વિસ્તરવું: બિછાવવું.

Sheet-anchor, (શીટ્ અંન્કર) *n.* A large anchor: મોટું લંગર. 2. The best hope or refuge: છેલ્લો-મુખ્ય આધાર; છેલ્લો આધાર.

Sh ik,(શીક) *n.* The head of an Arab family, or of a clan or a tribe: શેખ.

Shekel,(શેકલ્)*n* [Heb. *shakal*, to weigh.] An ancient weight and coin used by the Jews: એકનતનું યાહુદી લોકનું વજન-કાટલું-સિક્કો.2. A jocose term for *money*: વસું; ધોળીદાસ;જર;રહેટો પરમેશ્વર.

Shelf,(શેલ્ફ) *n. pl* Shelves. A flat tablet or ledge of any material set horizontally at a distance from the floor,to hold objects of use or ornament:છાજલી;છાજ;અભરાઇ;અવરાઈ 2.A sand bank in the sea, or a rock or ledge of rocks:દરીના ખડકો-ખરાબાભાડુ .૩. A flat; projecting layer of rock: ખડકની સપાટી બહાર નીકળેલું થર. *To lay on the s.*, to lay aside as unnecessary or useless; to dismiss.નકામુ અથવા કામ વગરનું ગણીને કાર મૂકવું; ઉંચુ મૂકવું; આઘું મૂકવું; કાઢી મૂકવું.

Shell,(શેલ) *n.* (*a*) The covering or outside part of a nut: કાચલી; કાચલું છોડું;ખપોટી.(*b*)A pod:શિંગ; કૂણી (*c*) The hard covering of an egg: ઇંડાનો કઠણ ઉપલો ભાગ; અંડકોશ (*d*) Any mollusk having a covering.-વાળું,રા બ;છીપ; કવચ; કચકડો,કાચા જે ા પ્રાણીઓનું આવરણ. (*e*) The hard calcareous or chitinous external covering of mollusks:છીપ;રંપ; શંખ;શુક્તિ 2. A hollow projectile of various shapes: છરાનો ગોળો; ગરમછાટ. 3. The case which holds the powder, or charge of powder and shot: બંદુકનો દારૂ; છરા કિંગેર ભરવાની પેટી. 4. A frame-work:ઓખું; ચોકઠું . 5. An instrument of music: વાજું; વાદ્ય ત્ર; તંબુરો. 6.*pl.* The husks of cocoa seeds: છોડા,છોતરાં. કોતરાં.S *button*,a button made of shell:છીપનું બટન. S. *fish*: છીપ છીપમા રહેનારી માછલી.*vt.* To strip or break off the shell of:-ની કાચલી ફોડવી;-ને ફોડવું-ભાગવું; -ના છોડા કાઢવા. 2. To separate the kernels of from the cob, ear, oa husk: કણસલાં અથવા છોડાંમાંથી ગર્ભ જૂદો પાડવો,ઉપર વું.3.To bombard: ઉપર છરાવાળા ગોળા મારવા નાખવા;ઉપર ગોળાનો મારોચલાવવો. *To s, out*, to distribute freely;

છૂટે હાથે વહેંચવું; બહોળે હાથે વાપરવું-વહે ચવું-ઉડાવવું:વાપરવું : આપવું *vt.* To fall off,as a shell: ખરી પડવું. 2. To fall out of the pod: સિંગ વિ૦ માંથી નીકળી-ખરી પડવું. 3. To be disengaged from the ear or husk: કણસલા-ડોડાં-છાલામાંથી છૂટું-વિખૂટા પડી જવું.

Shellac,(શેલૅક)*n See the note under 2nd Lac* લખના બત્રીસા:લાખ.

Shelter,(શેલ્ટર)*n.* A protection, a screen;આશ્રય ઓઠું : છાયો: ઓથો; રક્ષણ બચાવ;શરણ;છત્ર.2.A guardian;a defender બચાવનાર-કરનાર; રક્ષણ કરનાર;રક્ષક,વાલી 3. Protection; security· આશ્રય; આશરો;રક્ષણ;બચાવ. *vt.* To shield;to protect:-નું રક્ષણ બચાવ કરવું;બચાવવું,-ને આશ્રય આપવો. 2. To screen or cover from notice;to disguise: સંતાડવું છુપાવવું .3 To betake to cover, or to a safe place (*used reflexively*): આશ્રય આપવો; સહિસલામત જગ્યામા મૂકવું; નો આશ્રય-ઓથ લેવી;-ની ઓથે જવું. *vi.* To take shelter: રક્ષણ-બચાવ થવો; આશ્રય લેવો;ઓથ આશ્રય ઓઠું લેવું.

Shelterless,(શેલ્ટરલેસ)*a.*Destitute of shelter or protection: નિરાધાર; નિરાશ્રિત; વિસામા વગરનું; અશરણ;નિરાલંબ.

Shelve,(શેલ્વ)*vt.*To furnish with shelves:છાજલી છાજલી-ઓ૦માં અભરાઈ મૂકવી-બેસાડવી-જડવી.2.To place on a shelf: છાજલી ઉપર મૂકવું. Hence; to put aside:કોરે મૂકવું-ઉપર મૂકવું.*vi.*To incline gradually:ઢળવું-ઢોળાવવાળું હોવું;ઢળવું;નમવું હોવું.

Shelving,(શેલ્વિન્ગ) *a.* Sloping gradually;inclining: ઢળતું,ઢોળાવવાળું. *n.* The act of fitting up shelves: છાજલીઓ બેસાડવી તે. 2. Putting off or aside: કોર-વિસારે નાખવું તે.3 Shelves:છાજલીઓ. 4. A bank:દરિયા વિગેરે કિનારે રેતીના ઢગ-ખડક.

Shepherd,(શેપર્ડ)*n.* A man employed in tending,feeding,and guarding sheep: ભરવાડ; રબારી; મેષપાલ;મેષપાલક 2.The pastor of a church: દેવળનો ધર્મોપદેશક-ગુરૂ 3.A swain; ગામડીઓ S's *crook*: છેડે આકડીવાળી ભરવાડના ડાગ.*vt.* To tend as a shepherd: ભરવાડ-રબારીનુ કામ કરવું.

Shepherdess, (શેપર્ડેસ) *n.* A woman who tends sheep: ભરવાડણ;રબારણ

Sherbet,(શર્બેટ)*n.* A refreshing [drink:શરબત.

Sherd,(શર્ડ)*n.*A fragment: કકડો; ટુકડો,અશકલખંડ.

Sheriff.(શેરિફ)*n.*The chief officer of a shire or county: નાજર; નાજર;શેરીફ; આખા પ્રગણાનો નાજર; બજવણી કામદાર.

Sherry,(શેરિ)*n.* A Spanish light colored dry wine:એક જાતનો સ્પેનનો શરદી ન કરે એવો દારૂ.

Shew, શો)*rt.*& *i.* See **Show,***n.* Show:દેખાવ.

Shibboleth.(શિબૉલેથ) *n.* The criterion or watch word of a party: એ તરફના-પક્ષના લોકને પારખવાનું ચિન્હ-પરીક્ષા.(*b*)એ શબ્દના ઉચ્ચાર ઉપરથી બાહ્યદી લોક માણસ પોતાનામાંથી કઇ જાતનો છે તેનું પારખું.

Shied,(શીલ્ડ)*n.*A broad piece of defensive armor carried on the arm: ઢાલ. 2. Defence; shelter; protection:આશ્રય;બચાવ- ક્ષણ . One who protects or defends: બચાવ રક્ષણ કરનાર; રક્ષક; રક્ષણકર્ત્તા; શરણ; ઓથ;ઢાલ; છત્ર.4 (*Her.*) The escutcheon or field on which are placed the bearings in coats of arms:ઢાલના ઉપર ચઢેલાં ચિન્હો *vt* To cover from danger; to defend: બચાવ-રક્ષણ કરવું-ને સંભાળવું.2.To ward off: દૂર-આઘે છેટે રાખવું 3.To avert, as a misfortune: દુઃખ અટકાવવું-બચાવવું;નિર્મૂલ્ય-સ્થાનમા રહેવું.

Slip,(સ્લિપ્) *vi.imp.& pp.* slipped, To slide:ઉપર લપસી-સરી-ખસી જવું; લપસવું;સરકવું.2.To slide; not to tread firmly:ખસવું;લપસવું;સરવું.3 To move or fly (*out of place*): to shoot with *off, out,* &c: ખસી જવું; છટકી જવુ. 4. To depart, withdraw, enter, appear, intrude or escape as if by siding: જવું: નજર ચૂકથી આવવું;થવું;અચાનકજવું;દાખલ પડું; છાનામાના જતા રહેવું;સટકી જવું. 5. To err:ચૂકવું: ભુલવું;ભૂલ કરી ગોયું બાવું; સહેજ ચૂક કર. *To let* s., છોડવું; જવા દેવું.*vt* To cause to move smoothly and quickly: ખસેડવું: સરકાવવું; છાના માના ચઢવું-નાખવું.2 To omit: ચૂકવું: ભૂલવું; જવા દેવું 3. To cut:to take off કાપી નાખવું;લપસવું.4 To let loose in pursuit of game,as a grey hound:છોડવું;છૂટું મુકવું; જવા દેવું;-ઉપર છોડવું. 5. To cause to slip or slide off,or out of place:ચઢી નાખવું.6. To slink: બધુ કે અવેર-ર જવું;ન વ જવું 7. To throw off:કાઢી નાખવું; ફી છૂટી જવું. 8.To cut slips from: માંથી કલમ કાપલી કાપવી. *To s a cable:*લ ગરનું દોરડું છોડવું-કાઢી મૂકવું: છૂટું કર: સરકાવવું.*To s on,*to put on in haste or loosely:ઉતાવળે-વહેલા વહેલા પહેરી લેવું.*n.* The act of slipping: લપસવું તે;પતન;સ્ખલન. 2 An unintentional error or fault:નજરચૂક;સરતચૂક;ગોયું; સ્ખલન-દોષ: અપરાધ 3.A cutting:કાપેલ સે ી-ડાળ; કલમ;શાખા.4.A strip: નાનો કકડો; ખંડ; પેખડ; શિલા. 5 A leash or string by which a dog is held. કુતરાને પકડવાની દોરી-વાઢ 6. A secret desertion: છટકી જવુ તે પલાયન,ચૂકીને-મૂકીને નાસી જવુ તે.7.(*a*) child's pinafore: બચ્ચાઓને પહેરવાનો ઝભ્ભો.(*b*) A loose garment worn by a woman:ઉપર પેરવાનો બૈરાનો ખુરખો-ખુલતો જબ્બો. (*c*) An outside covering or case: પેકેટ; ઢાકણ; આચ્છાદન. (*d*) The slip or sheath of a sword and the like તરવારનુ ચ્યાન.૩. Potter's clay in a very liquid state:કુંભારનો ગારો. ૯. A particular quantity of yarn.સુતરનો અમુક જથ્થા. 10. An opening or space for vessels to lie in a dock: ગોદીમા વહાણને રહેવાની જગ્યા-સ્થળ *A s. of bamboo:* કામડુ વાસની ચીપ: ખપાટીક. *A s. land.*ચીલઝડો. 11. A narrow passage between building: ઘરોની વચ્ચેનો રસ્તો;ગલી *To give one the* s., to elude one:કોઇથી છટકી સરકી-નાસીજવું

Slip-knot,(સ્લિપ્ નૉટ્) *n.* A knot which slips along the rope or line around which it is made: સરકીયું;સરકા ગાઠ.

Slipper, (સ્લિપર્) *n.*One who or that which slips: લપસનાર. ૨. A kind of light shoe which may be slipped on with ease, and worn in undress: સપાટ; સ્લીપર; તરત વલાય-પહાય એવા જોડા 3. A kind of apron or pinafore for children: છોકરાને પહેરવાનો જબ્બો 4 A kind of brake or shoe for a wagon wheel: ગાડાના પૈડાનુ અટકાણ.*a* Slippery:ચકચકાટ;અસ્થિર

Slippery,(સ્લિપરિ) *a.*Smooth: તરત લપસી-સરી જવાય તેવું 2 Not affording firm ground for confidence,કરી જવા-સરી-સરકી જવાય તેવું 3 Not easily held ઢાવમા ન રહી લપસી જાય એવું 4. Liable to slip, સરી-લપસી જાય એવું. 5 Unstable: અસ્થિર ચંચળ;ગે ફરવેવું ચલાયમાન;ચલવલ ચંચલ સ્વભાવ;ચલાયમાન. 6. Uncertain in effect:અ ત કરનારી તેવું;સ્ખલનશીલ.7.Wanton; unchaste. અશ્લીલ ચાલનુ;પાપી.ન કેહલ;લચ્ચુ લ ચ;વિષયી.

Slip-shod,(સ્લિપ્ શૉડ્) *a.* Wearing shoes or slippers down at the heel:સપાટની પેઠે ને ઢાલેરાવર; ખરા ચડાવ્યા વગર ને પહેરવામા;ખરા વગર 2 Careless in dress,manners,style etc.: જબર પથર;ઢંગધડા વગરનું;કરી ગમા-ગમ્મારામ. બેદરકર ઢબ વગનુ.

Slip-Slop, (સ્લિપ્-સ્લૉપ્) *n* Weak, poor,or that liquor- ઉતરતી જાતનો પેજ વગરનો દારૂ 2.Weak, profitless discourse or writing:ઢબ-છબ-માલ વગરનુ-નિર્માલ્ય લખાણ-ઉચ્ચારણ.

Slit,(સ્લિટ્) *vt. imp. & p p* slit, or slitted. To cut lengthwise: તીન લાબ કાપા કર. 2. To make a long fissure in or upon.- ઉપર બો ચીરા-ફાડ-કાપ કરવા. ચીરવું.૩. To cut:to sever:કાપવુ ફાડવું;ચીર j. *n.* A long cut a narrow opening. લાબો ચારા-ફાડ-કાપ.

Sliver,(સ્લિવર્) *vt.* To cut or divide into long, thin pieces, or into very small pieces: પાતળા કે પણ ઝીણા કકડા કરવા.*n.*A long piece cut or rent off:કકડો 2.A strand or slendar roll,of cotton or other fibre in a loose,untwisted state: પુણી ચીદરડો-કાપલો.3.*pl.*Bait made of pieces of small fish.નાના માછલાના કટકાનો ગલ-ભક્ષ્ય.

Sloat,(સ્લોટ્) *n.*A narrow piece of timber which holds together large pieces:ટેકણને માટે આડો જડેલો લાકડાનો કકડો;લાકેડો.

Sloop,(સ્લૂપ્) *n.* A vessel having one mast and a fore-and aft rig: એક સઢવાળુ એક જાતનુ વહાણ જહાજ.

Slop,(સ્લૉપ્) *n.* Water or other liquid carelessly spilled or thrown about as upon a table or a floor; a puddle. ઢોળાયેલું પાણી; મેલા પદા-પરદાયલા પાણીનુ બાબોચિયુ મેલી જડેલી પરદાયલી જગ્યા 2. Mean and weak drink or liquid food:હલકી જાતનો પારાનો પ્રવાહી પદાર્થ ખોરાક,ભક્ષ્ય.૩ *pl.* Dirty water: મેલું કચરાવાળું પાણી *vt. imp & p.p.* Slopped. To spill:ઢોળવું.2 To spill liquid upon;ઉપર પ્રવાહી પદાર્થ ઢોળવા. 3. To form with a slope:ઢાળ કર;ઢાળ પડ;—ઢાળું કર. *vi.* To overflow or be spilled;as a liquid,by the motion of the vessel containing it: ઢોળાઈ છલકાઈ જવું 2. To be sloping:ઢાળવાળું હોવું.*n.* Any kind of outer garment. એક જાતના ઉપર પહેરવાનો કપડા. 2 A loose lower garment; loose breeches: મોટો ચોરણો-ચુરવાળ *s pl.*ready made clothes: તૈયાર કપડા.

Slope,(સ્લોપ્) *n.* An oblique direction.ઢાળ ઢોળાવ;કેડાર;પ્રવણભૂમિ; ઢાળી જગા 2 Any ground whose surface forms an angle with the plane of the horizon:ઢાળવાળી જગા,ઢલવાણ.*a.*Sloping: ઢાળ પડતુ; ઉતરતુ, ઢળતુ. *adv.* In a sloping manner:ઢાળ પડતી રીતે.*vt.* To form with a slope:ઢાળ કર;ઢળતું કર. *vi.* To take an oblique direction: ઢાળ પડતુ-ઉતરતુ હોવું; ઢળતુ હોવું.2. To depart: ખસી પડવું.

Sloping,(સ્લોપિન્) *a.* Oblique; slanting:ઢાળવાળુ;ઉતરતું,ઢાળ પડતુ.

Sloppy,(સ્લૉપિ) *a.* Muddy; plashy; કાદવવાળું;ભીનું;કચરાવાળુ;મલિન; મેલું;ગંદુ.

Sloth (સ્લોથ્) *n.* Slowness: tardiness:ધીમારા; ઠંડારા; થાયા પાયું. 2. Laziness,idleness: આળસ; સુસ્તી; પ્રમાદ,અદીપણું.*n.*A kind of sluggish arbor meal animal:એક જા-

તનું મંદ જનવર. *vi.* To be idle આળસુ-સુસ્ત હોવું-થવું.

Slothful,(સ્લૌથ્‌ફુલ) *a.* Addicted to sloth;inactive;sluggish;indolent:સુસ્ત;મંદ; ઐદી: પ્રમાદી.

Slouch,(સ્લાઉચ્‌) *n.* A drooping attitude:માથું નીચું ઘાલવું તે.2. An awkward,heavy, clownish fellow:બુસો;રોંઘો;ગમાર; ગામડીયો. *vi.* To droop as the head: નીચું ઘાલવું-રાખવું.2.To walk in a clumsy lazy manner: સુસ્તાઇથી ચાલવું;અનાડી ચાલે ચાલવું. *vt.* To depress: નીચું દાબવું-ઘાલવું.

Slough,(સ્લફ્‌)*n.* A place of deep mud or mire: ઉંડો કાદવ કાપવાળી જગ્યા; ઉંડો કાદવ-કાપવાળુ. 2. A wet place;a swale: ભીની જગા *n.* (સ્લાઉ) The cast off skin, of a serpent or of some similar animal:સાપની ઉતારેલી કાંચળી. 2.The dead mass separating from a foul sore: ગુમડાંપરનું મરેલું-સડેલું મુડદાલ-નકામું માંસ. *vi.* (*Med.*) To form a slough:કાંચળી જેવું-થવું.

Sloughy,(સ્લફી)*a* Miry:કાદવના ખાડાવાળુ;કાદવ-કાપવાળુ.

Sloven,(સ્લવન્‌)*n.* A man or boy negligent of neatness and order:ગંદો-ગોબો માણસ પહેરવા ઓઢવામાં ઢંગ ન રાખે એવો માણસ.

Slovenly,(સ્લવન્‌લિ) *a* Having the habits of a sloven:ગંદો;કુડો; મેલો;મલિન.2. Lacking neatness and order:ગંદું; મેલું; મેલુંઘેલું; ઢંગ-સંભાળવરનું; અવ્યવસ્થિત. *adv.* In a slovenly manner:ગંદી-ગોબી રીતે

Slow,(સ્લો)*a.* Not swift: ધીમું; હળવું;મંદ;ધીમે ધીમે ચલું; સારવું. ધાયું. 2.Late; gradual: મોડું; ધીમેધીમે. 3.Not ready;sluggish ધીમું;મંદ ચકોર-ચબરાક નહિ હોય એવું.4.Tardy; inactive; not hasty: સુસ્ત ધીમું; ઠંડું;ટાઢું;વિચારશીલ;તરત ન કરે તેવું. 5. Behind in time: મોડું; પાછળ; વખતસર નહીં તેવું. 6. Dull: અક્કલ વગરનો;સુસ્ત;ઠંડું,ધીમું; જડ; મંદબુદ્ધિનું;જડું. *adv.*Slowly: ધીમેથી *vt.* To retard;to delay ધીમે કરવી. *vi* To go slower:ધીમેધીમે જવું; ધીમું પડીને ચાલવું-જવું.

Slowness,(સ્લોંનેસ્‌)*n.*The quality or state of being slow: ધીમાશ;ઠંડાશ;આસ્તાપણું;મંદતા;મંદ ચાલ;મંદબુદ્ધિ;જડતા;વિલંબ;દીર્ઘસૂત્રતા

Sludge,(સ્લજ્‌)*n.*Mud;mire: કાદવ; કીચડ 2.Small floating piece of ice:બરફનો નાનો તરતો કટકો-ગચીડ.

Slug,(સ્લગ્‌) *n.* A drone; a slow, lazy fellow: આળસુ માણસ 2. A hindrance: હરકત;અટચણ;નડતર;ટંચણ વિઘ્ન. 3. Any one of numerous species of terrestrial pulmonate molluska:ગોકળ ગાય. 4: Any smooth,soft larva of a sawfly or moth which creeps like a mollusk:ગોકળ ગાય જેવું પેટે ચાલનાર પ્રાણી 5 A scip that sails slowly.ધીમે ચલનાર વહાણ;6. An irregularly shaped piece of metal, used as a missile for a gun:બંદુકમાં નાખવાનો નાનો કકડો.*vt.*To move slowly:ધીમે ધીમે જવું.*vt.*To make sluggish:આળસુ કરવું; પ્રમાદી બનાવવું *vt.* To load with a slug or slugs.સીસા-લોઢાના કકડા ભરવા. 2.To strike heavily: જોરથી મારવું પછાડવું.

Slug-a-bed,(સ્લગ્‌ગાબેડ્‌) *n.* A person habitually lazy, idle and inactive:સુસ્ત આળસુ માણસ; પ્રમાદી; આળસુ સુસ્ત;ઐદી.

Sluggish, (સ્લગિશ્‌) *a.* Slothful; dull;inactive:આળસુ;મંદ; ઐદી; પ્રમાદી.2.Slow.ધીમુ : થયું ઠંડું; ટાઢું 3.Having no power to move one's self or itself.જડ; મંદ;સુસ્ત. 4.Dull;stupid;simple: આળસુ;બેવકૂફ;સાદુ જડ;મંદ.

Sluice,(સ્લ્યૂસ્‌) *n.* An artificial passage for water:પાણી જવા આવવાનો દરવાજો આરણ. 2. An opening or channel through which anything flows: બારું; રસ્તો;માર્ગ; દ્વાર.3.The stream flowing through a flood gate:મરતીના દરવાજામાંથી પાણીનો વહેતો ઝરો પ્રવાહ. *vt.* To emit by,or as by flood gates: રીળવું.2. To wet copiously, as by opening a sluice: દરવાજો ઉઘાડી પાણી લાવી પુષ્કળ લદબદ-પાણી પાણી કરવું; પાણીથી રેલાઇ જાય એમ કરવું.

Slum,(સ્લમ્‌)*n.* A foul back street or a poor,degraded and often vicious population:નીચ;હલકી અને ઘણીવાર વસ્તીનો લત્તો મહોલ્લો-શેરી-પોળ

Slumber,(સ્લમ્બર્‌) *vi.* To sleep: to doze:ઉંઘવું;પાસું મરડવું;ઝોકાં મારવાં ખાવાં; સહેજ ઉંઘવું.2 To be in a state of negligence, sloth,or inactivity: ઉંઘવું : તરફ લક્ષ-ધ્યાન જરા ન કરવું-ન આપવું; પ્રમાદ કરવું;ભૂલમાં હોવું-થવું.*vt.*To lay to sleep: ઉંઘાડવું. 2 To stun: બેહુંદું કરી નાખવું :બેહોશ કરવું.*n* Light repose: ઉંઘ;આરામ; ઝોકું;સુખનિદ્રા;જરા આરામ.

Slur,(સ્લર્‌) *vt.* To soil;to contaminate;to disgrace: કાદવ-કલંક-ઐબ લગાડવો;મલિન-દૂષિત કરવું; કલંકિત કરવું; ઐબ આબરૂ કરવું;બટ્ટો લગાડવો;આળ ચઢાવવું.2.To disparage;to traduce: ઉપર આરોપ-બોટું કલંક મૂકવું;વગોવવું; ઘસાતું બોલવું.3. To disguise; to conceal: છુપાવવું; સંતાડવું:-પર ઢાંક પીછોડો કરવો 4. To pronounce indistinctly: અસ્પષ્ટ રીતે ઉચ્ચાર કરવો;પૂરું ન ઉચ્ચારવું. *n.* A mark or stain;a stigma;disgrace: ડાઘ; કલંક; ઐબ; દૂષણ; કાળીમા; ઓછાપણું; બટ્ટો; આળ; દોષ; ખોડ. 2. A trick played upon a person; an imposition:કોઇ પણ માણસ ઉપર કરેલું કપટ;કળ;પ્રપંચ.

Slush,(સ્લશ્‌) *n* Soft mud: કાદવ; કાંપ; કચરો.2.A mixture of snow and water:બરફ અને પાણીનું મિશ્રણ. 3.A soft mixture of grease and other materials.(*used for lubrication*):ઉંજણને માટે ચરબી તથા બીજા પદાર્થનું મિશ્રણ.4.The refuse,grease and fat collected in cooking: રાંધવામાં કાઢી નાંખી ઓઢી કરેલી નકામી ચરબી 5.Melting snow: પીગળતો ઓગળતો બરફ. *vt.*To smear with slush or grease: ચરબી લગાવવી.2.To paint with a mixture of white lead and lime: સફેદો અને ચૂનાનું મિશ્રણ લગાડવું.

Slushy, (સ્લશિ) *a.* Of or resembling mud; muddy: કાદવ-કચરાવાળું-જેવું-નું.

Slut,(સ્લટ્‌) *n.* A slattern: ગંદી-કુવડ સ્ત્રી બાયડી;કુવેડ.2. A servant girl;a drudge: સ્ત્રી ચાકર; ચાકરડી. 3.A bitch:કુતરી.

Sluttish,(સ્લટિશ્‌)*a.* Like a slut; untidy:disorderly. ગંદું-કુઅડ.

Sly, (સ્લાઈ) *a.* Nimble; skilful; knowing;ચપળ;ચતુર;નિપુણ; કુશળ; જાણીતું.2. Wily:પકડું;પેચવાળું;પ્રપંચી; પેચવાળું;ખંદાઇનું; કાવેબાજ; મતલબી; ધૂર્ત;ખંદું.3.Done with and marked by, artful & dexterous secrecy;subtle:પકડાય-ખંદાઇનું; પ્રપંચનું;પેચવાળું;યુક્તિથીકરેલું.4. Slight; thin:પાતળું .*By the* S. *or on* the S.,છુપી રીતે;છાનામાના *adv* Slyly: છુપી રીતે;નજર ચૂકવીને.

Sly-boots,(સ્લાઇબુટ્‌સ્‌) *n.* A humorous appellation for a sly, cunning,or waggish person: હુન્નરબાજ-ખંદુ-પકડું માણસ;શઠ;ખળ.

Slyness,(સ્લાઇનેસ્‌)*n.* The quality or state of being sly:હુન્નરબાઈ

પ્રપંચ;પક્કાઇ;ખંધાઇ;ધૂર્તપણું;છળ;કપટ;ધૂર્તતા;માયા;પેચ;યુક્તિ.

Smack,(સ્મૅક્) *n.* Taste or flavor; સ્વાદ;સુસ્વાદ;ગંધ;આસ્વાદ;વાસ. 2.A small quantity: થોડો જથો; થોડું ક; અલ્પ.3.A loud kiss;a buss: બચી કરતી વખતનો બચકારો. 4. A quick sharp noise (*as of the lips*): બચકારો. (*as of a whip*)' સડાકો 5.A quick,smart blow:ચોટ; લપડાક;લાપટ;ઝાપટ; થપ્પડ; છક્કડ; ધબ્બો; સપાટો. *n* A generic name for small decked or half decked coasters: એક જાતનું નઙાનું વહાણ. *vi.* To be tinctured with ny particular taste: સ્વાદવાળુ હોવું-મા વાસ-સ્વાદ હોવો.2. To have or exhibit indication of the presence of any character or quality:-મા ચિન્હ-ભાસ-નિશાન-પાસ હોવો-દેખાવો.3.To buss: ઓઠેથી બચકારીને બચી કરવી; સરાબ્દ ચુંબન કરવું. *vi.* To kiss with a sharp noise; to buss: બચી કરવી; બચકારી ને બચી કરવી.2.To make a noise with, as the lips:બચકારવું;બચબચ બોલાવવું; સડાકો મારવો. 3. To crack: સડાકો બોલાવવો; સડાકાથી અવાજ કરવો.

Smacking,(સ્મૅકિંગ્) *n.* A sharp quick noise; a snack: બચકારો; સડાકો.*a.* Making a sharp brisk noise:સુસવાટો કરતું.

Small, (સ્મૉલ્) *n.* Diminutive; not much:નાનું;થોડું; અલ્પ; લઘુ. 2. Unimportant; trivial: નજીવું; નકામું;તુચ્છ; ક્ષુદ્ર; સહેજ; નાનું. 3. Not large minded:હલકું;નીચ મનનું;ઠુંઠા મનનું; ઠુંઠા પેટનું; સાંકડા મનનું. 4. Short:ટુંકું;થોડું; જરીક 5. Weak; slender:ઝીણું;નબળું; તીણું; જાડું ન હોય તેવું.*Great and s* ,નહાના મોટા. S.*talk*, chitchat: ગપ્પા; તડાકા. S. *arms*:નાના હથિયાર. *adv.* In or to a small extent, quantity or degree;little:થોડું ક. 2. Not loudly; timidly: ધીમેથી; બીહી બીહીને. *n.* The small or the slender part of a thing: કોઇ પણ ચીજનો નાનો અગર ઠુંઠો ભાગ.2.*pl* Small clothes: સુરવાળ; તંગીઓ. 3.The 'little go' or previous examination: પહેલી માટેની પહેલી પરીક્ષા.

Small-clothes,(સ્મૉલ્-ક્લોધ્ઝ્) *n. pl.* Breeches:સુરવાળ;તંગીઓ.

Small-pox,(સ્મૉલ્-પૉક્સ્)*n.*A contagious, constitutional, febrile disease characterized by a peculiar, pustular eruption; variola:શીતળા;બળીઆ;સૈયટ; માતાદેવી.

Smart, (સ્માર્ટ્)*vi.* [L. *mordeo*, I bite]To feel a lively, pungent local pain:-ને લાય બળવી;-ને ચણચણવું; ચરચરવું; બળવું. 2. To feel a pungent pain of mind; to suffer:-ને દુઃખ લાગવું-ખેદ પામવો-પવો;વેઠવું;સહેવું;મનમા ઘણું દુઃખ થવું. 3.To be punished: વેઠવું; સહેવું; શિક્ષા-સજા વળવી-થવી. *vt.* To cause to smart in:-મા દુઃખ કરવું.*n.* A quick pungent lively pain: ચરચરાટ; અગન;બળતરા;વલવાય; ચણચણાટ; ચૂભ. 2.Pungent grief:તીવ્ર મનનું દુઃખ; શોક; ખેદ; ઉદ્વેગ; સંતાપ; વ્યથા. 3. A dandy.ઢલ;ફક્કડ;લાલા.*a.* Pungent; pricking:તીખું;ચમચમાટ; ચમચમાટ; તડતડાટ; ઝણઝણાટ ઉપજાવે તેવું. 2. Keen; severe: આકરું; ભારીક; તીવ્ર; કડક; ઉગ્ર; તીક્ષ્ણ. 3. Vigorous; sharp; severe: ઉતાવળુ;તડાવાળુ; સપાટાબંધ.4. Active,sharp;clever:ચકોર; હોંશિયાર; ચાલાક;ચબળ;ચતુર. 5.Efficient;brilliant.પ્રકાશિત; ચળકતું; ચમકતું; દિપતું. 6. Marked by shrewdness; vivacious,witty: મારીકીવાળું;મૂસીદાર; રોનકું;-રસિક; માર્મિક;ટોળ મશ્કરી ભર્યું સરસ 7. Pretentious; showy: ડાપકા-દેખાવવાળુ ફક્કડ-ઝકઝમાટ. છેલ્લ આડંબર યુક્ત.8.Brisk;fresh: તાજું સપાટા બંધ.

Smartness, (સ્માર્ટ્નેસ્) *n.* The quality or state of being smart: સિતાપો;સફાઇ;ચબરાકી; હોંશીઆરી; ચપળતા;તીવ્રતા; તીક્ષ્ણતા; ચમચમતા; શોભ ;નેક;ખૂબી, નોકદારી

Smash, (સ્મૅશ્) *vt.* To dash to pieces;to crush: કચ્ચરઘાણ કરી નાખવું;ચૂરી નાખવું;ચુરચુરા કરી નાખવું-ઘઈ જવું. *n* A breaking or dashing to pieces;utter destruction: ચૂરચૂરા-કકડેકકડા કરી નાખવા તે; કચ્ચરઘાણ;નાશ;સંપૂર્ણ નાશ.2 Bankruptcy:દેવાળુ નાદારી.

Smatter,(સ્મૅટર) *vi.&vi* To bable; to chatter:વગર જાણે બકવું; બરડવું; લવરું;બકબકવું; બફા મારી-કરી જવું. 2. To have a slight or superficial knowledge of anything;; કાંઇપણ ચીજનુ ઉપરચોટીયું જ્ઞાન હોવું *n.* Superfi ial knowledge: ઉપર ચોટીયું જ્ઞાન;માંડ જ્ઞાન.

Smatterer,(સ્મૅટરર્) *n* One who has only a slight knowledge; a sciolist; ઉપરચોટીયા જ્ઞાનવાળો-જાણનાર;ઉપરચોટીયો, ચંચુપ્રવેશી.

Smattering,(સ્મૅટરિંગ્)*n.*A slight superficial knowledge of some thing; sciolism: ઉપરચોટિયું જ્ઞાન-જાણ-માહીતી;અપંડિત્ય;બાંડુજ્ઞાન.

Smear,(સ્મીર્) *vt* To overspread with anything unctuous, viscous or a 'hesive;to daub:ચોપડવું;લગાડવું; લપેટવું; ખરડવું; લેપવું;-નો લેપ કરવો 2.To contaminate; to stain morally: કલંક ઐબ-ડાઘ-દૂષણ લગાડવું; કલંકિત કરવું. *n.* A fat oily substance; ointment: તેલ; મલમ; અંજન; ડાઘ. 2. A blot or blotch; a stain: ડાઘ;ઐબ;કલંક;દૂષણ.

Smell,(સ્મેલ્)*vt.imp.&p.p.* **Smelt.** To perceive by the organs of smell; to obtain the scent of: સુંઘવું;-ની વાસ-સોડમ લેવી. 2. To detect or perceive as if by the sense of smell,to scent out (often with *out*):શોધી કાઢવું;ખોળી કાઢવું; વાસથી જાણવું; જાણી લેવું. 3. To give heed to: ધ્યાન-લક્ષ્ય આપવું. *To s. a rat*,to have reason for suspicion: વહેમનું કારણ હોવું; વહેમ લાવવા-કરવા-શંકાને દેહદી નજરે જોવું. *To s. out*: તુરાઇથી ખોળી કાઢવું; જાણવું; જાણી લેવું. *vi.* To have an oder or smell (often followed by *of*): વાસ-ગંધ આવવી. 2. To savor;વાસ લેવી;-ના વાસ-વાસ હોવા. 3 To exercise the sense of smell: સુંઘવું; સોઢવું;-ની સોડમ-સુગંધ લેવી. 4. To exercise sagacity:ચતુરાઇ વાપરવી. 5.To smack of:-ના જેવું લાગવું-ના વાસ-વાસ હોવો. *n.* The sense or faculty by which certain qualities or bodies are perceived through the instrumentality of the olfactory nerves:સુંઘવાની ઇંદ્રિય;નાક; ઘ્રાણેંદ્રો.2 Odor scent; perfume:ગંધ; વાસ; બો; સુવાસ સુગંધ; સુંવાસ. *Good s*:સુવાસ; સુગંધ;નવેક; સોડમ; સુવાસ.*Bad s*:દુર્ગંધ; દુર્ગંધ; ગંધ.

Smelt,(સ્મૅલ્ટ્)*imp.&p.p.*of **Smell** સુંઘ્યું;સુંઘવું; વાસ લેવી. *n.* A kind of fish:વાસ્તાની માછલી 2.A gull; a simpleton: મોળો માણસ; ભૂખો; ડોબું;કેલું *vt.* To melt or fuse as ore:ધાતુ ખાણમાંથી કરવી,-નો રસ કરવો ધાતુ-માંથી;શોધવું.

Smicker, (સ્મિકર્) *vi.* To smirk: વિષય વાસનાથી જોવું. *a.* Amorous; gay:આનંદી,રાપટીયું; શોખી; કામી; વિલાસી;ઠેરકી.

Smile,(સ્માઇલ્) *vi.* [L. *miror*, I wonder] To laugh silently: જરા હસવું;મુખ મલકાવું;મંદમંદ હસવું;ગાલમા હસવું;મો મલકાવવું 2. To sneer;

તુચ્છકારવું; હસી કાઢવું. 3. To look gay and joyous: રમણીય-મનોહર-ખુશકારક હોવું. ફુલવું; ખીલવું. 4 To favor; to countenance:-ઉપર તુષ્માન થવું;-ઉપર મહેરબાની કરવી;-પર પ્રસન્ન થવું. *vt.* To express by a smile મોં મલકાવીને હસીને જણાવવું દર્શાવવું-બતાવવું. *n.* The act of smiling: મોં મલકાવું-હસવું તે 2. An expression of countenance expressing slight contempt: મોંના મલકાટ;હાસી;તિરસ્કાર સ્મિત;મશ્કરી;મશ્કરાપણું. 3. Favour; propitiousness: કૃપા;મહેરબાની;મહેર;અનુગ્રહ. 4 Gay or joyous appearance: મનોહર દેખાવ;રમણીય શોભા.

Smirk,(સ્મર્ક)*vt.* To simper: ઢોંગ-ડોળ કરી ઘણી મહેરબાની દેખાડવી. *n.* A forced or affected smile; a simper:ઢોંગ અથવા ડોળથી હસવું તે. *a.*Smart; spruce; affected: ટાપ-ટીપીયું ઢોંગ-ડોળવાળું;કૃત્રિમ.

Smite,(સ્માઇટ)*vt. imp.* Smote, *p.*Smitten,To strike; to inflict a blow upon within the hand, મારવું;-પર પ્રહાર કરવા; ઠોકવું 2. To cause to strike: મરાવવું. 3. To destroy the life of by beating; to kill.મારી નાખવું 4 To put to rout in battle: હરાવવું;-નો પરાજય પરાભવ કરવો.5.To blast:પાડી નાખવું; ઝુડીને પાડી નાખવું;નાશ કરવો. 6. To afflict,to punish:દુઃખ દેવું. શિક્ષા-શાસન કરવું. 7. To strike or affect with passion, as love or fear: મોહ પમાડવું; મોહિત-લુબ્ધ-આસક્ત કરવું; ભયભીત કરી નાખવું બીવડાવી નાખવું *To s.off*,to cut off: કાપી નાખવું.*vi.*To strike; to beat: મારવું. *n.*A blow:ઘા;પ્રહાર.

Smitten,(સ્મિટન્)*a.*Beaten:મારેલું; મારી નાખેલું.2.Affected with love passion or fear: મોહિત થઇ ગયેલું; મોહનું માર્યું. S. *with love*: પ્રીતિમાં ગરક થઇ ગયેલું S. *with fear*:ભયભીત-બાવરૂ થઈ ગયેલું.

Smith,(સ્મિથ) *vt.* To beat into shape;to forge: ઘડવું.*n.*One who forges with the hammer, one who works in metals: ઘણથી ઘડનાર.*Iron*,s:લુહાર.*Gold*,s.સોની. *Silver*-s:રૂપુ ઘડનાર; રૂપાગરા. *Copper* s:તણસારા.

Smithy, (સ્મિથ) *n.* A smithery: લુહાર; સોની-તણસારાની દુકાન-કારખાનું;કોર.

Smock, (સ્મૉક) *n.* A woman's under-garment; a shift: સ્ત્રીઓના અંદર પહેરવાનું લુગડું.2. A blouse: શણનો ડગલો *a.* Pertaining to a smock:સ્ત્રીના લુગડા સંબંધી.

Smock-frock, (સ્મૉક-ફ્રૉક) *n.* A coarse frock,or shirt,worn over the other dress: જાડે શણનો બીજા લુગડા ઉપર પહેરવાનો જબ્બો-કુરતો.

Smoke, (સ્મોક) *n.* The visible exhalation,vapor,or substance that escapes,or is expelled from a burning body:ધુંવાડો;ધુમો;ધુણી; ધૂમ્ર;ધૂમ.2. Vapor;mist:ધુમાડા જેવો પદાર્થ.વરાળ.3 Anything unsubstantial,as idle talk:નકામ. વસ્તુ; ધુમાડો નકામી વાત;ભાલ વગરની વાત. 4.The act of smoking,esp., of smoking tobacco: તમાકુની-કરે પીવું તે;કુણી,ધૂમ્રપાન.*vi* To emit smoke:-માંથી ધુમો નીકળવો.2. toburn to rage:બળવું;ગુસ્સે કરવો; ચીડવું. 3 To raise a dust or smoke by rapid motion: ઝડપથી ચાલવાથી ધુળ ઉડવા. 4. To draw in to the mouth the smoke of tobacco: બીડી-પીવી;કુવું દમ ખેંચવા. 5. To suspect: ને હેમ આવવો. 6. To raise dust.ધૂળ ઉરાડવી 7.To burn બળવું.8.To emit smoke below: ધૂમાડા નીચેથી કાઢવો *vt.* To apply smoke to;to hang in smoke: ધૂમાડો દેવો; ધૂમાડાના સંસર્ગમાં રાખવું; ધૂમ્રવાવવું ; ધુણાવવું. 2. To fill or scent with smoke:ધુમાડાના પાશ દેવો;ધુમ્રવાવવું ધુણી દેવી 3.To smell out; શોધી કાઢવું,ખોળી કાઢવું.4. To ridicule to the face:-ના પર દેખતાં મશ્કરી કરવી,-ને બનાવવું.5. To inhale and puff out the smoke of,as tobacco:બીડી પીને ધૂમાડો કાઢવો. *To s.out*;ધૂમાડો કરી કાઢી મુકવું.

Smoker. (સ્મોકર) *n.* One who dries or preserves by smoke:ધૂમાડાથી સુકવનાર.2.One who smokes tobacco or the like: તમાકુ-બીડી-હુક્કો પીનાર કુંકનાર.

Smoky, (સ્મોકિ) *a.* Emitting smoke; fumid; ધૂમાળુ; ગોટાળું. 2. Having the appearance or nature of smoke:ધુમાડા જેવું;ધુમ્રમય; ધુમવાળું. 3 Filled with smoke; thick.ધૂમાડાવાળું; ના જેવું જાડું.4. Subject to be filled with smoke ધૂમાડો ભરાઇ જોઇએ તેવું બનું.5.Tarnished with smoke: ધુમાડો લાગેલું ; થી કાળું થઈ ગયેલું. 6.Suspicious:વહેમી,શંકાશીલ.

Smolder,(સ્મોલ્ડર) *vt.* To waste away by a slow and suppressed combustion:ધીમેધીમે(બળવાથી) નાશ પામવું.2.To burn inwardly: અંદર ખાનેથી સળગવું, ધુંધવાવું.*vt* To suffocate:ગુંગળાવવું ,ગળાવી નાખવું. *n.*Smoke:ધુણી;ધૂમાડો.

Smooth,(સ્મુધ)*a.*Not rough: સુંવાળુ ; લીસું, સફાઇવાળું . 2. Evenly spread or arranged: સરખી રીતે ઓળેલું;ગોઠવેલું; વ્યવસ્થિત; હેલાહરકત વગરનું;વગરહરકતનું.3.Gently flowing;moving equally: શાન્ત;સરળ; અક્ષુબ્ધ;પ્રસન્ન;નિર્વાત; વગર તોફાની; સ્થિર;ધ્રામું; બેઠાધાટનું. 4. Uttered without check or hesitation; fluent: અટકયા શિવાય બોલાતું: સરળ;નિર્બાધ. 5. Bland; mild:મીઠું; ધીમું; નરમ; બળકા ગાઢા વગરનું *adv* Smoothly.ધીમેથી. *n.* The smooth part of anything:કાંઇપણ ચીજનો લીસો ભાગ. *vt.* (*a*) To free from obstruction;to make easy: અડચણ કાઢી નાખવી; વિઘ્ન અંતરાય દુર કરવું; સહેલું કરવું કરવું. (*b*) To free from harshness:મીઠું -મધુર-સુસ્વર કરવું.(*c*) *To* palliate;to soften:ઢાંકવું; છુપાવવું; છાવરવું (*d*) *To* give a smooth or calm appearance to: ધીમું-વાત છે એમ જણાવવું-નરમ પાડવું. (*e*) *To* regulate; to ease: નીરાતે ચલાવવું. [smooth:લીસું કરવું.

Smoothen,(સ્મુધન) *vt.* To make

Smooth-iron,(સ્મુધ્આયન્)*n.* An instrument for ironing:ઇસ્ત્રી;ઈસ્ત્રી.

Smoothly, (સ્મુધ્લિ) *adv.* In a smooth manner:વગર હરકતે;ધીમેથી; સુસ્વરથી; નિર્વાધ્ન; અનાયાસે.

Smoothness,(સ્મુધ્નેસ્) *n.* The quality or state of being smooth: સુંવાળાશ; મીઠી બોલી;નરમાશ; મૃદુતા.

Smooth-tongued, (સ્મુધ્-ટંગ્ડ) *a.* Plausible;flattering: મીઠું બોલું; ખુશામતીયું; હાજીહા કરનાર; મીઠી છબવાળુ .

Smother,(સ્મુધર્)*vt.* To destroy the life of by suffocation; to deprive of the air necessary for life:ગુંગળાવીને-શ્વાસ રૂંધાને મારી નાખવું.ગુંગળાવું.2 *To* suffle: ગુંગળાઇ-કજળાઈ જાય તેમ કરવું,પજવીવી નાખવું.3.*To* suppress,to conceal: છુપાવવું;દાબી રાખવું,ઢાંકવું;ઢાંકી રાખવું. *vi.To* be suffocated or stifled: ગુંગળાવું; રૂંધાવું;-થી ગુંગળાઇ જવું. 2. *To* smoulder:પજવી-કજળી જવું 3. *To* suppress:ગુંગળાવું;દાબી રાખવું. *n.* Stifling smoke; thick dust:ગુંગળાવા નાખે એવી ધૂમાડી-રજ-

જેમુ-ઝેમુ.

Smoulder,(સ્મોલ્ડર્) *vi.* To burn slowly or without vent: ધુમાવું; ગુંગળાવું; બળવું; કજળવું;કજળાવું; કજળાઇ જવું; ધુંધવાવું.

Smouldering, (સ્મોલ્ડરિંગ્) *a.* Burning slowl, without sufficient air:કજળાઈ જવું; ધુમાઈ જવું; ધુમાવું, અતડીલી.

Smuggle, (સ્મગ્લ્) *vt.*To import or export secretly contrary to law:જકાત-દાણ ચોરવું; દાણચોરી કર. 2.To convey or introduce clandestinely: છુપી રીતે-ખાનગી રીતે લઇ જવું-દાખલ કરવું; છાનામાના લાવવું-લઈ જવું;ચોરીથી દાખલ કરવું-લાવવું *vi.* To import or export in violation of the custom laws: જકાત દાણ ચોરવું;દાણ ચોરી કરીને અંદર લાવવું અગર બહાર લઇ જવું.

Smuggler,(સ્મગ્લર્) *n.* One who smuggles:જકાત-દાણ ચોરનાર.2 A vessel employed in smuggling: દાણચોરી કરનાર વહાણ.

Smuggling (સ્મગ્લિંગ્) *n.* The offence o importation or exportation secretly contrary to the law: જકાત-દાણચોરી.

Smut,(સ્મટ્) *n.* Foul matter like soot or coal-dust: મેશ;કાજળ;કોયલાની ભૂકી; કોયલાનો ડાઘ.2. Bad,soft coal containing much earthy matter:ઘણી માટીવાળો પોચો કોયલો. 3.An affection of cereal grains producing a smelling which is at length resolved into a powdery,sooty mass: કુગ; ઉબ.4.Obscene language; ribaldry: બેકાર-નિર્લજ્જ ભાષણ-ઓલી; કટાણા;બદસુખન. *vt.*To stain or mark with smut: કાળું કરવું;ડાઘ પાડવો;મેશનો ડાઘ પાડવો. 2. To taint with mildews, as grain:-થી-ને લીધે અનાજ ઉપર કુગ-ઉબચઢવી.૩.To blacken; to tarnish: કાળુ-ચુમાડાવાળુ કર; કલંકિત-એબવાળુ કર;દૂષિત કર.*vi.*To gather smut; to become smutted: મેશ એકઠી થવી;મેશવાળુ થવું.2.To crock: સાફ કરી નાખવું.

Smutty, (સ્મટિ) *a.* Soiled with smut;smutted; કોયલા-કાજળ-મેશવાળુ;-ના ડાઘવાળુ .2.Tainted with mildew:કુગવાળું ચઢેલું.3 Obscene: કટાણું; નિર્લજ્જ;બદ ડાળુ ; બેકાર, બીભત્સ.

Snack, (સ્નૅક્) *n.*A share; a part; a portion:હીસ્સો;ભાગ;વાંટો;ફાળો.2. A slight hasty repast: ઉતાવળો-જરા નાસ્તો.*To go snacks*:ભાગ-હિસ્સો પડાવવો-લેવો.

Snaffle,(સ્નૅફ્લ્) *n.* A kind of bridle bit: પાતળી કડીવાળી લગામ. *vt.* To bridle:-ના મોમાં લગામ ઘાલવી; -ને લગામ ચઢાવવી.

Snag, (સ્નૅગ્) *n.* A tree lying in water so as to prevent navigation:નદીમા દટાઇ રહેલું ઝાડનું થડ (જેનાથી વહાણ-હોડીના ફરવામા અડચણ પડે.) 2. A projecting tooth or stump: ઝાડની કાપેલી ડાળનો ઠુંઠો-ઠોચો-કોપરો.*vt.*To clear from snags: ઝાડના ડાળા-ગાંઠો-સોરવી-ઝારવી.

Snaggy,(સ્નૅગિ) *a.* Full of snags; abounding with knots:ગાંઠો ગાંઠોવાળુ ઠેકાવાળુ .2.Cross;ill-tempered: આડુ ;ખરાબ મિજાજ-સ્વભાવનું.

Snail,(સ્નેલ્) *n* Any one of numerous species of terrestrial air breathing gasteropods:ગોકળગાય. 2 A drove,a slow moving person or thing:ઢીલી-ઢાળસુ-થાંયુ માણસ.3.A tortoise;a testudo: કાચબો.

Snake,(સ્નેક્) *n.* An ophidian; a serpent:સાપ;સર્પ; અહિ ભુજંગ:વ્યાલ; ભોરિંગ; નાગ,વિષધર;મણીધર; ફણીધર. *Black hooded* s.: ફેણવાળો કાળો નાગ. S.*charmer*:વાદી,નાડી. *vt.*To drag or draw, as a snake from a hole: કાણા-દર- ફાડામાથી સાપને ખેંચી કાઢવો-બહાર કાઢવો..2 To wind round spirally:-ના ઉપર ગાળ વિંટાળવું.*vi.* To crawl like a snake: સાપના પેઠે ચાલવું; પેટ ચાલવું.

Snaky, (સ્નેકી) *a.* Resembling a snake; serpentine: સાપના જેવું ને મળતુ 2.Sly;cunning; deceitful: ખેપુ; લુચ્ચુ;કપટી; કાવતરાબાજ; કાવાકાવી. 3. Covered with,or having, serpents: સાપથી ભરેલું.

Snap, (સ્નૅપ્) *vt.* To break at once;એકદમ તડાક-તડ દઈને ભાગવું; કટ ઉડાવી દેવું.2. To strike,to hit, or to shut with a sharp sound:સડાક દઈને મારવું-વાસવું-ભટકાવવું. ૩. To bite or seize suddenly,:*especially* with the teeth: એકદમ બચકું-ચેહોડુ લેવું-ભરવું; કરડવું. 4. To break upon suddenly with sharp angry words:એકદમ ના ઉપર ગુસ્સાથી ઉતરી પડવું-ધમકાવવું;-ની ઝડતી લઇ નાખવા-ને અડાવવું; સારો પેઠે ખખેરવુ ઝોલવું;-ને ઉતરડ લેવુ.5. To crack:ના સડાકા બોલાવવા; ચપટીઓ વગાડવી; ચપટીઓ-તડાકા બોલાવવા. *To s. off*:એકદમ ભાગી નાખવુ. (*b*) એકદમ કરડી ખાવુ.*To s. one short*: એકદમ ઉતારી પાડવું-લઇ મૂકવું-ખખેરવું; ધમકાવી-ધમકી લેવું; ધમકાવવું.

vi To break short: વચ્ચેથી ભાંગી-તુટી જવું; તુટી જવું. 2. To give forth or produce a sharp cracking noise: કડકડ બોલવું. 3. To make an effort to bite: કરડવા જવું-આવવું. 4. To utter sharp, harsh angry words:ધમકાવવું ખિજવું:-ની ઝડતી લેવી; ખખેરવું; ઉતારી પાડવું. *n.* A sudden breaking or rupture of any substance એકદમ તુટ-ભાગી જવું તે 2. A sudden eager bite: એકદમ ભરેલું બચકું;ચેહોડું 3. A sudden sharp motion or blow as with the fingers: આંગળી-આંગુઠા ની ચપટી; ટચાકો. 4. A sharp abrupt sound as that made by the crack of a whip સાટકાનો ફડાકો.5 A greedy fellow: અતિશ ની માણસ.૬ A small catch or fastening h ld or closed by means of a spring: નાની કડી મધ; ચાંપ. 7. Briskness, vigour: ચાલાકી; ચપળતા;જોસ. ૩. A scrap; a fragment:કકડા,ટુકડો; બચકું.

Snappish, (સ્નૅપિશ્) *a.* Eager to bite:કરડવા જાય તવું કરડકું.2. Tart; peevish.ચીડીયું;કર્કશ; વાચાખાર; ઉતરી પડે એવું.

Snap-shot, (સ્નૅપ-શૉટ્) *n.* An instantaneous photograph: ફોટોગ્રાફથી તત્ક્ષણમા લાધેલા છબી (*b*) જરાવાર ગોળીના ટપકામા રહે તેવા જનવરને મારલો બહાર.

Snare, (સ્નેર્) *n* A trap;a gin:જાળ; ફાંદો;પાશ.2.Hence anything by which one is entangled and brought into trouble ફાંદો; જાળ; ફાંસો;પાશ. 3. The gut or string stretched across the lower end of a drum: ઢોલના નીચા ઉંડા તરફ બાંધેલા તાંત-દોરી.*vt.* To insnare;to entangle:જાળ ના-ફાંદામા-ફાંસામા નાખવું;ફસાવવું;સપડાવવું; પાશમા નાંખવું; જાળથી પકડવું.

Snarl,(સ્નાર્લ્) *vt.* To form raised-work upon the outer surface: ઉપસણી કામ કર; ઉપસાવવું. *vt.* To entangle;to complicate: ગુંચવવું; ગુંચવાડા કર.2 To embarrass; to insnare: ગુંચવણ-અમુઝણમા નાખવું; ફસાવવુ ; જાળપાશમાં નાખવું. *n.* A knot or complication of hair, thread or the like, difficult to disentangle: ગાઠ; ગુંચ. *vi.* To growl, as an angry or surly dog:ઘુરકવું;ઘુરઘુર કર.2. To talk in rude, surly terms; બબડવું-ગણગણવું-અવિવેકથી-રીસથી બોલવું. *n.* A

growl:ઘુરકવું તે; ઘુરઘુરાટ; બડબડાટ.
Snarling,(સ્નાર્લિન્ગ્) *n.* Talking in rude,surly terms:બડબડાટ;અવિવેકી બોલ. *a.* ઘુરકાયું. Growling: ઘૂરકવું;-ઘૂરકાટ કરતુ.
Snatch, (સ્નૅચ) *vt.* To take or seize hastily abruptly,or without permission or ceremony: ખુંચવી-ઝુંટાવી-પડાવી લેવું; એકદમ ખેંચી લેવું.2. To rap: ખુંચાવી લઇ જવું. *vi.* To attempt to seize something suddenly: એકદમ ખુંચાવી ઝુંટી લેવા-પડાવી લેવાનું કરવું; ઝડપ-તલપ મારવી;-પર તલપવું. *n.* A hasty catching or seizing: એકદમ ખુંચવવા-ઝુંટી લેવા—પડાવી લેવાનું કરવું તે;ત્રાપ;ઝુંટ; ઝુંટ.2. A short period of vigorous action:થોડાજ વખતનું તડામાર-ધમધોકાર કામ. 3.A broken part: એક નાનો કકડો-ભાગ.
Sneak, (સ્નીક્) *vi.* To creep or steal (*away or about*) privately છાનામાના-સંતાઇને નીચી-નાસી જવું;-માંથી સટકી જવું-જતા રહેવું. 2. To act in a stealthy and cowardly manner:ટેક મૂકીને-નીચપણાથી વર્ત્તવું-કરવું;હાજીહા કરવું.*vt.*To hide,esp..in a mean or cowardly manner:બીકથી-બાયલાપણાથી સંતાઇ-ભરાઇ પેસવું; *n.* A mean, sneaking fellow: નીચ-હલકટ-ટેક મૂકીને વર્તે એવું માણસ.
Sneaking, (સ્નીકિન્ગ્) *a.* Underhand;mean; crouching: નીચ; ટેક મૂકીને ચાલનાર; હાજી હા કરનાર; નીચ; તુચ્છ; અધમ; બીકણ;બાયલું; પોચકણ.
Sneakingly,(સ્નીકિન્ગ્લિ)*adv.* In a mean manner:હલકાઇથી; ખંદાઇથી.
Sneer,(સ્નીર્) *vi.* To show contempt by turning up the nose, or by a particular facial expression: નાક ઉંચું કરીને કે બીજી રીતે મોંદાથી તિરસ્કાર-ધિક્કાર-તુચ્છકાર-અપમાન કરવું; નસકોરા ફુલાવી ધિક્કાર જણાવવો;મોં-નાક ચઢાવવું. 2. To insinuate contempt by a covert expression: માર્મિક વચનથી ઉતારી પાડવું-તરછોડવું-ધિક્કારવું; મેણાં ટોણાં મારવાં.*vt.* To utter with a sneer: ધિક્કાર-ફીટકાર-તુચ્છકારથી બોલવું. 2 To treat with sneers:-ને મેણાં-ટોણાં મારવાં;મર્મવચન કહેવા. *n.* The act of sneering:હાસી કરવું;તે;આક્ષેપ 2.A smile,grin or contortion of the face, indicative of contempt: તિરસ્કાર-અપમાન-તુચ્છકાર-હાંસી કરવાને કરેલું રહેણ-ચહેરો;અપમાન; ધિક્કાર;ઉપહાસ;હાંસી;મરકાટ.
Sneeze,(સ્નીઝ્)*vi.*To emit air chiefly through the nose, audibly and violenty: છીંકવું; છીંક ખાવી-આવવી.*n.* A sudden and violent ejection of air with an audible sound chiefly through the nose:છીંક.
Snell,(સ્નેલ્)*a.*Brisk; active: ચંચળ;ચપળ;ચટપટીયું. *n.* A short line of horsehair gut &c: માછલી પકડવાની લાળી દોરી સાથે બાંધેલો ઘોડાનો વાળ-કે તાંત.
Sniff,(સ્નિફ્)*vi.* To draw air audibly up the nose: નસકોરાં બોલે એ રીતે શ્વાસ લેવો; નાક માર્ગે સંભળાય તેવી રીતે શ્વાસ લેવો;નસકોરા બોલાવવા. *vt.* To draw in with the breath through the nose:નાક માર્ગે શ્વાસ જોરે લેવું-ખેંચવું.2.To scent: સુંઘવું. *n.* The act of sniffing: નાક માર્ગે શ્વાસ લેવો તે.2. A rapid inspiratory act:પ્રાણાયામ; પૂરક.
Snip,(સ્નિપ્)*vt.*To cut off at once with shears or scissors; to nip: કાપી નાંખવું;વેતરી નાખવું;છાટી નાખવું; કાપવું;છાટવું.*n*,A single cut.કાપલો; છાટ.2. A small shred; a bit cut off:કાપેલો કકડો. 3. A share, a snack: ભાગ.4.A tailor: દરજી.
Snip-Snap,(સ્નિપ્-સ્નૅપ્)*a.*Quick; sharp:જલદ;કડક;તીવ્ર; મર્મવેધી.
Snipe,(સ્નાઇપ્)*n.* The name of a kind of bird: એક જાતનું સારસું.2. *A* fool;a simpleton:મૂર્ખ;ઢબ્બુ ખ.
Snivel, (સ્નિવેલ્) *vi.* To run at the nose; to make a snuffling noise:-ને નાકે લીટ વહેવી-આવવી-નીકળવી. 2. To cry or whine with snuffling, as children: છોકરાની પેઠે ઉંઆ ઉંઆં કરીને રડવું.*n.* Mucus from the nose;snot: લીંટ.
Snob,(સ્નૉબ્)*n.* A vulgar person who affects to be better,richer, or more fashionable, than he really is:પોતે પૈસાદાર-શ્રીમંત છે એવું ડોળ ધરનાર હલકો માણસ; મોટા લોકમાં મહોબત છે એવો ઢોંગ કરનાર હલકો માણસ; મોટાનો બરોબરી કરનાર. 2.A townsman: ગામનો રહીશ ઇ. A journeyman shoemaker: ફેરીઓ મોચી.
Snore,(સ્નોર્)*vt.* To breathe with a rough hoarse, nasal voice in sleep:ઉંઘતા નસકોરાં બોલાવવા; ઘોરવું.*n.*A harsh, nasal noise made in sleep: ઉંઘમાં નસકોરા બોલે તે.
Snort,(સ્નૉર્ટ્)*vt.* To force the air with violence through the nose નાકવાટે શ્વાસ લઈ(ઘોડાની પેઠે)સુસવાટો કરવો-ઘોરવું;હાંફવું;ફરફરાટ કરવો.2.To snore:ઘોરવું.3.To laugh out loudly: મોંદેથી હસવું; ખડખડ હસવું.
Snot,(સ્નૉટ્)*n.* Mucus secreted in or discharged from the nose:લીંટ 2.A mean,insignificant fellow: હલકો-અધમ-ક્ષુદ્ર માણસ.*vt.*To blow, wipe or clear as the nose: નાક સાફ કરવું;નસોકવું; નાક છિનકારવું.
Snotty,(સ્નૉટિ)*a*-Foul with sont; dirty: લીંટવાળું;ગંદું;કુવડ; મલિન.
Snout,(સ્નાઉટ્)*n.* The long, projecting nose of a beast, as of swipe:જનવરનું મોં-લાંબુ-લાબું નાક; નાળચું. 2. The nose of a man: (તિરસ્કારમા) માણસનું નાક. 3. The nozzle of a pipe,hose, etc, &c.: નાળચું; પોલા ભુંગળીનો-નળીનો છેડો. *vt.* To furnish with a nozzle: નાળચું-મોહું બેસાડવું.
Snow,(સ્નો)*n* [L. *nix, nivis,* to snow,] Watery particles congealed into white or transparent crystals or flakes in the air and falling to the earth: હીમ;બરફ.2.*Fig.* Something like snow.બરફ જેવા સફેત પદાર્થ.S.*ball*: બરફના ગોળા-લાડુ.S.*line*: પર્વત ઉપર નિરંતર હિમ હોય છે તે હિમની મર્યાદા;હિમરેખા.S.*storm*:બરફના વરસાદ અને વાવંટોળ.S. *white*:બરફ જેવું;સફેદ; ધોળું. *vi.* To fall in or as snow. બરફ પડવા; હીમ પડવુ-વરસવું.*vt.* To scatter like snow: બરફના માફક પાથરવું.
Snow-drift,(સ્નો-ડ્રિફ્ટ)*n.*A bank of drifted snow: પવનથી ધસડાઇ આવેલા હીમના ઢગલા.
Snow-slip,(સ્નો-સ્લિપ્)*n.* A large mass or avalanche of snow which slips down the side of a mountain,&c.:બરફની મોટી ભખડ-શિલા.
Snowy,(સ્નોઇ)*a.*White like snow: બરફ જેવું સફેત.2. Abounding with snow:બરફથી ઢંકાઇ ગયેલું;બરફથી ભરપૂર;બરફવાળું;હિમમય.3. *Fig* Pure; unblemished: ચોખ્ખુ, ડાઘાડુંથી વિનાનું;હીમવર્ણું.
Snub,(સ્નબ્)*vt.*To sob with convulsions: ડુસ્કે ડુસ્કે શરીર ડસકા લેવા. *vt.*To nip:છેડા-અણી કાપી નાખવા; છેડો ભાગી નાખવો.2.To reprimand ઠપકો આપવો; ઉતારી પાડવું; ધમકાવવું; ઇબડાવવુ; ઝાટકવુ; ખખેરવું. 3. To slight designedly:જાણી જોઈને તરછોડવું-અવગણના-અવજ્ઞા--અપમાન કરવું. *n.* A knot;a snag: ગાંઠ; ઠેકો. 2.A

check or rebuke:ઠપકો: ધમકી.

Snub-nosed.(સ્નબ-નોઝ્ડ)*a.* Having a short, flat nose, slightly turned up:ચીબું :બુચું; ચપટા નાકનું.

Snuff,(સ્નફ)*n.*The part of a candle wick charred by the flame, whether burning or not: (દીવાબતીનો)મોગરો;ગુલ.*vt.* To crop the snuff of, as a candle:-નો મોગરો કાપવો. *vt.* To draw in; to sniff: શ્વાસમાં લેવું;-નો શ્વાસ લેવો; સુંઘવું. 2. To scent: સૂંઘવું. *vi.* To inhale air through the nose with violence જોરથી ને સૂસવાટથી શ્વારા લેવો. 2. To turn up the nose and inhale the air: રોશો ભરાવું;નસકોરાં ચઢાવવાં;ગુસ્સે થવું.S. *at:* રોસે ભરાવું.*To* s. *out:*ઠોલવી નાંખવું; રાજ કo.*n.* The act of snuffing: સુંઘવું તે;સુંઘણી. 2.Pulverized tobacco, *etc.*, prepared to be taken into the nose:તપખીર; છી કણી; સુંઘવાની તમાકુ. 3 Resentment, displeasure, or contempt expressed by a snuffing of the nose: નસકોરાં ચઢાવી જણાવેલો ગુસ્સો. *To take it in* s., to be angry: ગુસ્સે થવું;અપમાન લેવું; ખોટું-માઠું લાગવું. *Up to* s., knowing; acute: છેતરાય નહિ એવું;ચકોર;પકકું; ગાજ્યું ન જાય એવું.

Snuffers, (સ્નફર્સ) *n.* A kind of scissors: દીવાનો મોગરો કાપની કાતર.

Snuffle, સ્નફલ્) *vi.* To speak through the nose; to breathe through the nose: નાકમાં-ગુ ગણ્યું બોલવું;નાકવાટે જોરથી શ્વાસ લેવો કાઢવો. *n.* The act of snuffing: ગુંગણ્યું બોલવું તે.2. An affected nasal twang: ધારણ કરેલો ગુ ગણો ઉચ્ચારનાળચું.

Snug, (સ્નગ્) *a.* Close & warm: લપાઇ-દબાઈ-ટ્રંટીઆવાળી રહેવું; સૂતેલું;સ્વસ્થ;સુસ્થિત.2.Close;concealed: છુપાયેલું;લપાયેલું;છુપું ; સુગુપ્ત; સુરક્ષિત;સંતાએલું; ગુપ્ત. 3. Compact, convenient and comfortable: ચોખ્ખું; સગવડવાળું ;સુખકર;સુંખાવહ; દુઃખ;બેશ.*A* s.*field:* સગવડવાળુ -બેશ ખેતર. *vi.* To lie close; to snuggle:છુપાઈ-સંતાઈ રહેવું; લપાઇને સૂવું. *vt.* To place snugly: ચોખ્ખી રીતે મુકવું; બરોબર-સારી રીતે મુકવું.

Snuggle,(સ્નગ્ગલ્) *vi.* To nestle: ચંપાઈને પાસે સુવું.

Snugly.(સ્નગ્લિ) *adv.* In a snug manner; closely;safely: છેક પાસે સુઈને; નિર્ભયપણે; સુખપૂર્વક.

So,(સો) *adv.* In that manner or degree: એવું; તેવું; આવું; એવી રીતે; એમ; આટલું; તેટલું; એટલું.2.In like manner or degree;thus:તેમ; તેવું; આમ;આ પ્રમાણે. 3. In such manner; to such degree: આટલો બધો:એ પ્રમાણે; આવો. 4. Very; in a high degree: ઘણો; બહુ; એટલું બધું.5. In the same manner as has been stated or suggested: એ પ્રમાણે; એમ; એવું; તેવું.6.Therefore:તેથી;તેને લીધે;તેટલા માટે; કારણ કે.7.It is well;let it be as it is: ઠીક; એમ. 8.Well;the fact being as stated: વારૂ ત્યારે;ઠીક; એટલે;એમ છે ત્યારે.9.Thereabouts: આશરે;લગભગ;જેટલું.S. *far,*આટલે-એટલે સૂધી; એ બાબતમાં S.*froth,*એજ પ્રમાણે આગળ; અને એ પ્રમાણે. *And* s.*forth:* ઈત્યાદિ વિગેરે.S.*much:* એટલું એ સરખોએ.S. *and* s : ફલાણો; અમુક. *A week or so:* આશરે એક અઠવાડીઉં S. *long as:*જ્યાં સૂધી ત્યા સૂધી. S. *called:* કહેવાતું એવા નામવાળુ ; એવા ખોટા નામવાળું. *So,*so,(*a*)well,well ઠીક;ઠીક,(*b*)Passably:જેવું: તેવું: એવું જ તો: ઠીકઠીક; સમા-પ્રમાણે સારૂ; જેવું તેવું.S.*that,*કે એટલે કે. S.*then,* ત્યારે; તેટલા માટે;ને;અગર જો.*conj.* Provided that; on condition that: જો;અગર જો.

Soak,(સોક)*vt.* To steep: પાણીમાં ઝબોળવું-પલાળવું-ઝબોળું-ઝબોળી-પલાળી-બોળી મુકવું. 2. To drench; to wet thoroughly: બધું ભીંજવીને-પલાળીને માંહે ઉતારવું-પલાળવું; તરબોળ કરવું. 3. To draw in by the pores, or through small passages. છિદ્રવાટે સોષી લેવું; ચૂસી લેવું. 4.To absorb;to drain: સોષી લેવું; ખાલી કરવું.*vi.* To lie steeping in water or other liquid: પલળવું; ઝબોળ્યું-બોળ્યા રહેવું.2 To enter by pores:છિદ્રવાટે પેસવું;ઝરીને માંહે જવું; સોસાવું: માંહે મરવું.3. To drink in temperately or gluttonously:ખૂબ પિવું;ઢીંચવું:ઠાંસવું; અતિશય દારૂ પીવો.

Soaker, (સોકર)*n.* One who or that which,soaks: પલાળનાર; ભીંજવનાર.2. A hard drinker: ખૂબ-દારૂ-પીનાર; છાકટો; દારૂડીઓ.

Soap,(સોપ્)*n.*A substance which dissolves in water, thus forming a lather,and is used as a cleansing agent: સાબુ.S.*nut:*બરૂ બટુ. S. *boiler:*સાબુ બનાવનાર. *vt.*To rub or wash over with soap:સાબુ લગાડવો-ચોપડવો;સાબુથી ધોવું.2.To flatter:ની ખુશામત કરવી; -નાં બણગાં ફુકવાં.

Soapy, (સોપિ) *a.* Resembling soap, soft and smooth:સાબુ જેવું. નરમ અને લીસું. 2. Smeared with soap:સાબુ લગાવેલું (big) soft and smooth like soap: લીસુ-માખણ જેવું લીસું; ચુંવાળુ માખણ જેવું.

Sear,(સીઅર)*vi.*[L. *ex,* out & *aura,* the air.] To fly aloft,as a bird: ઉંચે ઉડવું; ઉડીને ઉંચે ચઢવું. 2. To rise in thought, spirits or imagination: વિચારમાં ઉંડા ઉતરવું;ઉંચી કલ્પના-ઉત્પ્રેક્ષા કરવી; ઉંચી અભિલાષા-ભાવના રાખવી કo. *n.* The act of soaring:ઉંચે ઉડવું તે; ઉર્ધ્વગમન; ઉર્ધ્વારોહણ.

Sob,(સોબ્)*vt.*To soak:ગરક થવું. *vi* To sigh with tears, and with a convulsive drawing in of the breath: ડસકાં-ડચકા ખાવા; ઉંડા ડસકાં ખાઇને નિસાસો મૂકવો; ગદ્ગદ કે ડેડસ્કડસક રડવું.*n.* The act of sobbing:ડસકું ;ડચકું.2. Any sorrowful cry or sound: શોકનો અવાજ-ગળગળો સ્વર.

Sobbing,(સોબિંગ્)*n.* A series of short.convulsive in spirations: ડસકું.

Sober, (સોબર્) *a.* Temperate in the use of spirituous liquors: દારૂ પીવામાં મધ્યમ-વહેવારીકો-મિતપાની;મિતાહારી 2. Not intoxicated or excited by spirituous liquors:સાવધ;અમત્ત;સાવચેત;પીધેલ ન હોય તેવું. 3. Self-possessed: ડાહ્યું;શાંત; ધીરૂં; ગંભીર; ઠાવકું; સાવધ; સ્વસ્થ; ઠરેલ;ઠંડા વિચારવાળું;વિચારશીલ;વિચારવત.4. Not proceeding from or attended with passion: ઠંડુ;શાંત;સ્થિર; ગંભીર; પ્રશમ્ત; સ્વસ્થ; સાવધ: રીતસર.4. Solemn; grave: ગંભીર;ભારિભમ;સ્વસ્થ;પરિમિત.*vt* To make sober: દારૂના અમલથી મુક્ત-સ્વસ્થ કo-થી સાવધ-ઠંડુ થવું. *vi.* To become sober:અમલથી મુક્ત-સ્વસ્થ-સાવધ થવું;શુદ્ધિ-ભાનમા આવવું;અમલ-કેફ ઉતરવો.

Soberly,(સોબર્લિ)*adv.*Coolly;calmly:મન ઠેકાણે રાખીને; સાવધપણે; ઠંડાશથી;ગંભીરાઈથી;સવિવેક; ધીમાશથી; વિચારથી.*a.* Grave; serious; sad: ગંભીર; દિલગીર.

Sober-minded,(સોબર-માઇન્ડેડ) *a.* Having a temper habitually sober: ઠરેલ;મન-વિચાર-મગજ મનનું; ગંભીર;ઠાવકુ ;ઉચ્છૃંખળ નહિ એવું;ઠરેલ.

Sobriety,(સોબ્રાઇટિ)*n* [L. *sobrietas.*] Habitual soberness of

temperance as to the use of spirituous liquors:દારૂ પીવામાં નીતિ; મિતપાન; સંયમ; નિગ્રહ: અમત્તતા. 2. Calmness: ઠરાશ; પુખ્તાઇ:ધીમાશ: ધીરતા; વિચારશીલતા; સુવિચાર: ઠરેલપણું 3. Seriousness: ગંભીરપણું: ભારેખમપણું;ગાંભીર્ય.

Sobriquet, (સૌબ્રીકે) *n.* A nickname: ચીડખીજ-મશ્કરીનું નામ; ઉપનામ.

Sociability, (સોશિઅબિલિટિ) *n* The quality of being sociable; sociableness: મળતાવડાપણું; મિલનસારપણું; મિલનસારી

Sociable, (સોશિઅબલ) *a* [L. *socio*, I associate] Associable: સંગ કરવા યોગ્ય.2. Fond of companions:social મિલનસાર; માણસનું ભૂખ્યું, મળતાવડું મેળાપી; હળીમળી જાય એવું 3 Ready to converse; not reserved વાતચીતમા સામેલ થાય તેવું સુખ હોય તેવું બોલવે ચાલવે સારું;મિલનસાર મળતાવડું 4 Affording opportunities for conversation: વાતચીત પોતાની સાથે કરવા દે એવું ચર્ચા ચલાવનારું:મસલત કરનારું; વાતચીત કરવાની: મેળાવડાની. 5. No longer hostile;friendly:સ્નેહબુદ્ધિવાળું; સખપનું. *n.* A gathering of people for social purposes: જનસમાજ; લોકસમાજ.

Sociableness,(સૌશિઅબ્લનેસ) *n.* The quality of being sociable: મળતાવડાપણું મિલનસારપણું; ભલનસાઇ; સ્નેહબુધ્ધિ; શુશીલતા.

Social (સોશિઅલ) *a.* [L *socius*, a companion] Pertaining to society: સંસાર-દુનિયાનું-સંબંધી-વિષે; સામાજીક;સાસરિક;વ્યવહારિક. 2.Companionable: મિલનસાર;માયાળુ; મળતાવડું 3. Consisting in union or mutual intercourse:વાતચિતનું મળવા બેસવાનું; સંસર્ગ સમરૂપ-આત્મક. S.*science*, sociology: જનસમાજ વ્યવહાર શાસ્ત્ર વિદ્યા; સંસારવ્યવહાર; સામાજીકવિદ્યા શાસ્ત્ર S *pleasures*: દુનીયાસંસારના ઉપભોગ. S. *happiness*: સંસારનું દુનિયાનું સુખ.

Socialism, (સોશિઅલિઝમ) *n.* A theory or system of social reform which contemplates a complete reconstruction of society: સામાન્ય સ્વામિત્વ; દુનિઆના બધા લાભનો મજબુતારો ઉપભોગ.

Socialist, (સોશિઅલિસ્ટ) *n.* One who advocates or practises the doctrines of socialism. સામાન્ય સ્વામિત્વનો મત ધરાવનાર; સામાન્યસ્વામિત્વવાદી.

Society,(સોસાએટિ) *n pl.* Societies. [L *socius*, a companion.] Fellowship;company: મંડળી; ટોળી;સંઘ; સમાગમ: મેળાપ.2. Connection:partnership:સબંધ; ભાગ.3. A number of persons associated for any temporary or permanant object; a social union: મંડળી: ટોળી; સંઘ; સમાગમ: સમાજ; પંક્તિ 4.The persons collectively considered, who live in any region or at any period: દુનિયા: સંસાર:વ્યવહાર;લોક-જનસમૂહ-સમાજ: લોક:પંચ:મહાજન: જનમંડળ: જનતા. 5 The more cultivated portion of any community:કોઇ પણ લોકના સારા-ઉંચા-ઉજળા માણસ.

Sociology, (સોશિઓલોજી) *n.* The science that treats of man as a social being: જનસમાજશાસ્ત્ર.

Sock (સૉક) *n* A plowshare: ચવડું. *n.*[L *soccus*,a kind of low heeled light shoe] A knit or woven covering for the foot and lower leg: પગનું નાનું મોજું 2. A warm inner sole for a shoe:જોડાની અંદરની તળી મુખતળી. 3. A comedy: હાસ્ય નાટક: હાસ્ય રસ નાટક. *n.* A plough share: હળનું ચવડું-ફાશ.

Sock dolager,(સોક ડોલેજર) *n* A settler; a poser: નિકાલ-અંત લાવનાર વાંધો પતાવી નાખનાર

Socket,(સૉકે) *n* [L. *soccus.*] An opening into which anything is fitted: ખાનું;ઘર; ખામણું; બાકોરું; ગોખલો;આધાર:પાત્ર.

Sod,(સૉડ) *n.* The rock dove: જંગલી કબુતર.*n.* Turf;sward:જમીનનું ઉપલું પડ: જેમાં ઘાસની જડ ચોંટેલી હોય છે તેટલું જમીનનું પડ.*vt.*To turf -ના ઉપર ખોદીને મટોડી નાંખવી.

Soda, (સૌડ) *n.* [L *solidus*, solid.] (*Chem*) (*a*) Sodium oxide of hydroxide: સોડાનામનો ક્ષાર. (*b*) Sodium carbonate or bicarbonate:પાપડીઓ ખાર;ખારો;સોરો *Impure carbonate of* s: સાજીખાર. S. *water*: સાદોવોદર.

Sodality,(સોડલિટિ) *n* [L. *sodalis*, a comrade.] A fellowship or fraternity ભાઇબંધી દોસ્તી સોબત. 2.A lay association for devotion or for charitable purposes: મહાજન; મંડળ.

Sodium (સોડિઅમ) *n* A common metallic element of the alkali group, એક જાતનું ધાતુમય તત્વ.

Sodomite,(સોડોમાઇટ) *n.* An inhabitant of Sodom: બાઈબલમાં આવતા)સોદામ દેશનો રહીશ. 2.One guilty of sodomy: ગુદમૈથુન કર્તા; સૃષ્ટિક્રમ વિરૂદ્ધ-મૈથુન કરનાર.

Sodomy,(સોડોમિ) *n.*Carnal copulation in a manner against nature;buggery.ગુદામ બાજી; સૃષ્ટિક્રમવિરૂદ્ધ કોઈ પણ પ્રકારનું મૈથુન; ગુદામૈથુન.

Sofa,(સોફ) *n.* A long seat, usually with a cushioned bottom, back and ends:લાંબો ગાદીવાળો બેસવાનો કોચ: લાંબી માંચી; સોફા.

Soft, (સૉફ્ટ) *a.* Easily yielding to pressure:નરમ,પોચું.2.Smooth; delicate;fine: સુંવાળું; નાજુક; મૃદુ; મુલાયમ;લીસું.3.Agreeable to feel, taste,or inhale મૃદુ: મધુર; સુસ્વર. 4.Not harsh or offensive to the sight:ખુશકારક;મનોહર;રમણીય; મૃદુ; મધુર; સુસ્વર: મનોરંજક. 5 Gentle and pleasing to the ear; flowing: નરમ; ધીમું મંજુલ; નાજુક; ફાવતું.6 Gentle;kind: નરમ; પોચુ ,સૌમ્ય.7. Mild;courteous;kind: નરમ; માયાળું.*n.* Effeminate: બાયલું; નિર્બળ;નામર્દ;દમ-હોંસ વગરનું: ઢીલું; પોચું; કોમળ. 9. Gentle in action; easy.ધીમું;સહેલું.10.Weak in character:પોચું; નરમ. 11. Somewhat weak in intellect.મૂઢ; ઠૂંઠું; ધીમું 12.Quiet:નિરાંતનું; મીઠું. 13. Applied to palatal, a sibilant or a dental consonant: ઘોષ. 14. Not tinged with salts: મીઠું; હલકું;ખાર વગરનું. S *sawder*: ખુશામત;ખોટી સ્તુતિ. *n* A soft or foolish person:બેવકૂફ માણસ; ઠૂંઠો;ઉલ્લુ;ગોલ. *adv.*Softly;gently: ધીમેથી; નરમાશથી.*interj* Be quiet: hold; stop: રહો;મુંગા રહો; થોભો;ઉભા રહો.

Soften,(સૉફ્ન) *vt.*To make soft or more soft: નરમ-પોચું ઢીલું કરવું-પાડવું;-થી નરમ વિ૦ થવું (*a*) To render less hard:હલકું-નરમ કરવું પાડવું .(*b*) To mollify:પિગળાવું; ઓગાળવું; જરા નરમ કરવું. (*c*)To palliate:છાનરવું; ઓછું કરીને દેખાડવું (*d*)To compose; to mitigate:નરમ-હલકું કરવું-પાડવું; સ્વસ્થ કરવું ;શાંત પાડવું. (*e*)To make calm and placid: શાંત સ્વસ્થ કરવું. (*f*) To make less glaring; to tone down: આકું-ઝાંખું પાડવું કરવું. (*h*)To make tender: બાયલું-નામરદ-નિર્બળ કરવું; દયાર્દ્ર કરવું; કોમળ કરવું; મૃદુ-મઢું-નબુર કરવું. *vi.* To become

soft or softened: નરમ-પોચુ થવું. 2.To become less rude: સુધરવું; નરમ પડવું 3 To relent: પીગળવું; ને દયા આવવી;દયાર્દ્ર થવું.4. To become mere mild: નરમ-સાંસ્વું પડવું;સૌમ્ય થવું.

Soft-hearted,(સૉફ્ટ-હાર્ટેડ)*a.* Gentle;meek:દયાળુ;રાંક;ગરીબ; સાલસ.

Softness,(સૉફ્ટનેસ)*n.*The state or quality of being soft:નરમાશ; પોચાસ;સુંવાળાશ;મૃદુતા;કોમળતા; કાચલાપણું. 2. Agreeableness (*of manner*): મનોરંજકપણું; મનોહરતા; ખુશકારકપણું;મીઠાશ;મૃદુતા. 3. Mildness:નરમાશ; ધીમાશ; સાંસ્વાઈ;અશીળપણું.4. Effeminacy: બાયલાપણું -નામર્દપણું.5.Timorousness; બીકણપણું.

Soil,(સૉઇલ) *vt.*[L.of *satur*,sated.] To feed,as cattle or horses, in the barn or an inclosure: ખેતર-વાડામાં ચરાવવું.*n.*The upper stratum of the earth:પૃથ્વીનું ઉપરનું પડ-જમીન; ભોય; ધરતી; માટી. 2. Land: દેશ; મુલક. 3. Dung:ખાતર. *Black s*:કાળી જમીન; માળીઆત જમીન *Gray s*:ગોરાડુ જમીન. *Rocky s* ,ખરાબો. *vt.*To enrich with soil or muck:-માં ખાતર પૂરવું.*To take s.* to take shelter or refuge:આશરો લેવો; ભરાઇ જવું-બેસવું. *vt.* To foul;to dirty:ડાઘા પાડવા; મેલું કરવું; બગાડવું 2. To tarnish; to sully: કલંકિત કરવું;-પર ડાઘ લગાડવો. *vi.*To become soiled:મેલું થવું. *n.* That which soils or pollutes:ડાઘ;મેલ; કલંક;દૂષણ.

Soiree,(સ્વોરે)*n.*[L. *serus*, late.] An evening party:સંધ્યાકાળ પછીનો મેળાવડો-મિજલસ.

Sojourn,(સૉજર્ન)*vi.*[L.*sub*,under & *diurnus*, belonging to the day.]To dwell for a time;to delay: થોડો કાળ મુસાફર તરીકે રહેવું; વાસો-ઉતારો-મુકામ કરવો;પડાવ નાખવો; રહીજવું-પડવું; થોભીજવું. *n.*A temporary residence; as that of a traveller in a foreign land:થોડા વખતને વાસ્તે વાસ-મુકામ; મુસાફર તરીકે ઉતારો-વાસ-મુકામ-પ્રવાસ.

Sojourner,(સૉજર્નર)*n.*One who sojourns:મુસાફર;પ્રવાસી.

Solace,(સૉલેસ)*n.* [L.*eolour*,comfort.] Comfort in grief;relief consolation: શોકમા દિલાસો-હિમ્મત; સમાધન કરવાનો ઉપાય; સાત્વન; આશ્વાસન;વિનોદ; કલેશશાન્તિ,મનવાળવાનું કારણ-ઠેકાણું. 2. Rest: relaxation: સુખ;આરામ; વિશ્રાન્તિ.*vt* To comfort; to console: દિલાસો-હિમ્મત આપી મનનું સમાધાન કરવું;ધીરજ આપવી;સાંત્વન-આશ્વાસન કરવું.2. To allay;to soothe: ઘટાડવું; નરમ-ધીમું પાડવું;ઓછું કરવું. *vi.* To take comfort:દિલાસો લેવો; હિમ્મત રાખવી; ધીરજ ધરવી.

Solar,(સૉલર)*n.*[L.*sol*, the sun] A loft or upper chamber;a garret room; છેલ્લો માળ; મહુલી. *a.* Pertaining to the sun; proceeding from the sun: સૂર્યનું-વિષેનુ; સૌર.2.Measnred by the progress or revolution of the ecliptic: સૌર;સૂર્યમાન.3.Produced by the action of the sun: સૂર્યના તાપથી ઉત્પન્ન થએલું-બનેલું-બાઝેલું.S *dynasty*:સૂર્યવંશ. *The s system*: સૂર્યને લગતી ગ્રહરચના; સૂર્યમંડળ.s. *light*: સૂર્યનું તેજ S.*year*:સૌર-સૂર્યમાનવર્ષ.

Solder, Soder,(સૉલ્ડર સૉડર) *n.* [L.*solido*,I fasten.]A metal or matallic alloy used when melted for uniting adjacent matallic edges or surfaces: સાળણ;રાય-રેણ *vt.*To unite by metallic alloy: સાળણ-રાયથી સાધવું. 2 To mend; to patch up: ઠીંગડા દેવા; ઠીકઠાક કરવું;દુરસ્તકરવું;જેમ તેમ કરીને ઉભું કરવું.

Soldier,(સૉલ્જર) *n.* [L. *soldus*, military pay]One who serves in an army: લશ્કરી સિપાઇ; સૈનિક; શસ્ત્રધર.2.A private in military service:લશ્કરમા શીપાઇની જગા ઉપરનો સૈનિક; સિપાઇ; સોલ્જર; સોજર. 3.A brave warrior: શૂરોસિપાઇ; જોદ્ધો;ભટ;શુરવીર;વીરો; પહેલવાન. *vi.* To serve as a soldier:લશ્કરી સિપાઇની નોકરી કરવી.

Soldier-like-ly,(સૉલ્જર્-લાઇક્-લી)*a* Soldierly:સિપાઇગીરીને યોગ્ય; સિપાઇગીરીનું;શૂરપણાનું;શુર;સૈનિકયોગ્ય.

Soldiery,(સૉલ્જરિ)*n* A body of soldiers;the military: સિપાઇ સમસ્ત,સિપાઈ મંડળ;લશ્કર: સેના; બલ. 2.Military service: સિપાઇની નોકરી.*Irregulars* ;શિરસિંદી;દી દી.

Sole,(સૉલ) *n.* [L. *Solea*, *solum*, ground.](*a*)Any one of several species of flat fishes: એક જાતની ચપટી માછલી.*n* The bottom of the foot,પગનુ તળિયું.2. The bottom of a shoe:જોડાનુ તળીયું .3.The bottom or lower part of anything:કોઇપણ વસ્તુનુ તળિયું; પાયો; આધાર.(*a*) (*Agric*) The bottom of the body of a plow:હળની નીચેનો ભાગ. (*b*) (*Far.*)The horny substance under a horse's foot, which protects the more tender parts: ખરી. (*c*) (*Gort.*) The bottom of an embrasure:તોપની બારી-જગીનું તળિયું. *vt.* To furnish with a sole: જોડાનું તળિયું કરવું-બેસાડવું-મુકવું *a.* Being or acting without another;single: એકલું; એકનું એક;એકજ;અનન્ય; માત્ર એક;કેવળ. 2.Single;unmarried: કુવારું;રાંડ.

Solecism,(સૉલેસિઝ્મ)*n.* [L.*Soli*, a town of Cilicia.] An impropriety or incongruity of language in the combination of words or parts of a sentence: ખોટો-અશુદ્ધ-અસંગત પ્રયોગ-વચન-શબ્દ-વાક્ય;અપપ્રયોગ;અશુદ્ધ પ્રયોગ.2. Any inconsistency, unfitness. absurdity or impropriety, as in dee ls or manners: મોટી ભૂલ-ચૂક;અસંગતા;ગેરવર્તન; અસભ્યવર્તન.

Solely,(સૉલ્લિ)*adv.*Singly;alone, only:એકલું;માત્ર;ફક્ત;કેવળ.

Solemn,(સૉલેમ્)*a.* [L. *sollus*, all & *annus*, a year.] Sacred: ધર્મસંબંધી;ધર્મનું;પુણ્ય; પવિત્ર 2. Festive;festal:શુભ;માંગલિક; ઉત્સવ સંબંધી-નું;આનદનુ .3.Stately;grand: રહોદુ;જગી; ભારે. 4. Fitted to awaken or express serious reflections; grave: ગંભીર; ભારે; મર્મનુ; ઉંડુ ;દઢ.5.Real;earnest:ખરું; દઢ.6. Affectedly grave or serious:ભારેખમપણાનો ડોળ કરનાર;દંભી; દાભિક;આડંબર યુક્ત.7. Ceremonious:રીતિપ્રમાણે કરેલું; વિધિપૂર્વક;યથાવિધિયુક્ત.S affirmation: સત્ય પ્રતિજ્ઞા;પ્રતિજ્ઞા.

Solemnity,(સોલેમ્નિટિ)*n* A rite or ceremony performed with religious reverence: ધર્મસંસ્કાર-ધર્મવિધિ-સંસ્કાર ક્રિયા;પુણ્યક્રિયા;વિધિ; સમારંભ.2.Gravity; seriousness; impressiveness: ગંભીરપણું;ભારેખમપણું;ગાભીર્ય;ગુરૂત્વ;ગૌરવ.3.Mock gravity:આડંબર;દંભ; ઓઢુ ગંભીરપણું; ડોળ.4 Solemn state or feeling;awe or reverence: સાનંદાશ્ચર્ય; ભય તથા માન; માનનીયતા. 5. Formality:વિધિ;સંસ્કાર;રીત.

Solemnize,(સૉલેમ્નાઇઝ્) *vt.* To perform with solemn or ritual ceremonies,or according to legal forms: વિધિ-સંસ્કાર-રીત પ્રમાણે-યથાવિધિ-સમારંભથી પરિપૂર્ણ કરવું; યથાવિધિ-યથાશાસ્ત્ર કરવું. 2.To dig-

nify or honour by ceremonies: પ્રસિદ્ધ-પ્રખ્યાત કરવું; સમારંભથી-ધામધૂમથી કરવું. 3. To make grave, serious and reverential: ગંભીર કરવું; ગાંભીર્ય ઉત્પન્ન કરવું;-માં ખરો ભાવ-ગંભીરતા આણવી.

Solemnly, (સૉલેમ્લિ) *ad.* In a solemn manner; with ceremony: ગંભીરતાથી; ખરાભાવથી; યથાવિધિથી; ગંભીરમનથી. [અનન્યતા; એકલાપણું.

Soleness, (સૉલનેસ) *n.* Singleness:

Solicit, (સૉલિસિટ) *vt.* [L. *sollus*, whole & *citum*, I agitate.] To make petition to apply to for obtaining something: અરજ-વિનતિ કરવું; પાસે માગવું; આજીજી કરી-કરગરીને માગવું. 2. To seek; to plead for: વાસ્તે અરજ-વિનતિ કરવું; માગવું; યાચવું. 3. To summon; to invite: બોલાવવું; આમંત્રણ કરવું; વાસ્તે અરજ-વિનતિ કરવું: માગવું. 4. To plead: વકિલાત કરવી. 5. To disturb: to disquiet: વ્યગ્ર-ઉંચું કરવું. 6. To try to obtain: મેળવવાનો પ્રયત્ન કરવો. 7. (*Law*) (*a*) *To* incite to commit a felony: ઘોર અપરાધ કરવાને ચઢાવવું-ઉશ્કેરવું. (*b*) To endeavour to bias by a bribe: રૂશવત આપી મેળવી લેવા પ્રયત્ન કરવો.

Solicitation, (સૉલિસિટેશન) *n.* Earnest request: અરજ; વિનતિ; વિજ્ઞાપના; યાચના; પ્રાર્થના; આજીજી સાથેનું માગણું. 2. Excitement; invitation: ઉશ્કેરણી; આમંત્રણ; ઉત્કંઠા.

Solicitor, (સૉલિસિટર) *n.* One who solicits: પક્ષ કરી બોલનાર. 2. (*Law*) An attorney or advocate: વકીલ; સોલીસીટર; મુકદ્દમો તૈયાર કરનાર વકીલ.

Solicitous, (સૉલિસિટસ) *a.* Concerned; anxious: આતુર; ઉત્સુક; ઉત્તેજનર; ફિકરમંદ; કાળજીવાળું; વ્યગ્ર; ચિંતાગ્રસ્ત

Solicitude, (સૉલિસિટ્યૂડ) *n.* The state of being solicitous; anxiety: ચિંતા; કાળજી; ફિકર; બેપ; ખંત; પરવા; વ્યગ્રતા; ઉદ્વેગ.

Solid, (સૉલિડ) *a.* [L. *solidus*, solid.] Hard; firm; compact: નક્કર; કઠણ; સંગીન; ધટ્ટ; ઘન; જડ. 2 Not hollow; full of matter: નક્કર; સંગીત; અશૂન્ય; ઘન. 3. Cubic: ઘન. 4. Strong; stable: દૃઢ; મજબૂત; જબરૂ; અડગ; સજ્જડ. 5. Substantial; weighty; firm; just: genuine; valid: પાકું; ખરું; સંગીન; નક્કર; વાજબી; પરિપક્વ; વાસ્તવિક; પુરવું; જીવદાર; સાબૂત. 6. Sound; not weakly: સખત; મજબૂત; નક્કર; જબ્બર; દૃઢ. 7 (*Metaph*) Impenetrable: અભેદ્ય. *n* A substance that is held in a fiexd form by cohesion among its particles: નક્કર-કઠણ પદાર્થ. 2. A magnitude which has length, breadth, and thickness: ઘનાકૃતિ; ઘન.

Solidarity, (સૉલિડૅરિટિ) *n.* A consolidation or oneness of interest: ઐક્ય; એકભાવ.

Solidify, (સૉલિડિફાઇ) *vt.* To make compact: કઠણ-નક્કર-સંગીન કરવું. *vi.* To become solid: નક્કર-કઠણ થવું.

Solidity, (સૉલિડિટિ) *n.* Density compactness; fullness, strength: soundness, hardness: નક્કર-ધટ્ટપણું; કઠિણપણું; ઘનતા; ગર્ભપૂર્ણતા; ખશૂન્યતા; ધટ્ટતા; કાઠિન્ય; દૃઢતા. 2. Moral firmness; soundess; validity; truth: દૃઢપણું; સાચાઈ વાસ્તવિકતા; સંગીનપણું; વાજબીપણું. 3 Volume: ઘનત્વ; ઘનફળ.

Soliloquize, (સૉલિલોક્વાઇઝ) *vi.* To utter a soliloquy; to talk to one's self: પોતાના મન સાથે બોલવું.

Soliloquy, (સૉલિલોક્વી) *n.* [L *solus*, alone & *loquor*, I speak.] The act of talking to one's self; monologue: આત્મભાષણ; આત્મગત ભાષણ; સ્વગતભાષણ-લેખ.

Solitaire, (સૉલિટેર) *n.* A recluse; a hermit: એકાંતવાસી માણસ; વૈરાગી; સાધુ; સંન્યાસી. 2. A single diamond in a setting: ખામણામાંનો એકજ હીરો. 3 A game which one person can play alone: એક માણસ એકલું રહી રમી શકે એવી રમત. 4. An ornament: ગળાનું એક પ્રકારનું ઘરેણું.

Solitary, (સૉલિટૅરિ) *a.* [L. *solus*, alone.] Single; alone; lonely: એકજ; એકનોએક; માત્ર એક; એકાંતસેવી એકાંતવાસી; નિઃસંગ; એકાકી. 2. Performed, passed or endured; alone: એકાંતવાસી; એકલું; છડું; એકાકી. 3. Retired; lonely: એકાંત; નિર્જન. 4. Still; silent; deserted: નિર્જન; વિવિક્ત; શાંત. hence gloomy; dismal: ઉદાસ; ઉદાસીન; શોકાતુર; શોકકારક-જનક; અંધાર; ગમગીનભાન; ઉજડ-સૂનકાર જેવું; શોકકારક; શાંત. 5. Single; sole: માત્ર એક. *n.* A hermit; a recluse: સન્યાસી; એકાંતવાસી; વૈરાગી.

Solitude, (સૉલિટ્યૂડ) *n.* [L. *solus*, alone.] A lonely life: loneliness: એકલાપણું; એકાંતપણું; એકાંતવાસ. 2. Destitution of company; seclusion: નિર્જનતા; નિઃસંગતા; એકલવાયાપણું; વિજનતા. 3. A desert: અરણ્ય; જંગલ; રાન; વન; એકાંત જગા.

Solo, (સૉલો) *n. pl.* Solos, [L. *sclus*, alone.] A tune, air, strain, or a piece, played by a single person on an instrument or sung by a single voice: એક માણસે ગાયેલો રાહ.

Solstice, (સૉલ્સ્ટિસ) *n.* [L. *sole*, the sun & *sisto*, I cause to sand.] A stopping or standing still of the sun: અયનાન્ત. 2. (*a*) The point in the ecliptic at which the sun is farthest from the equator, north or south: અયન; અયનકાલ; અયન; સંક્રાંતિ; કાળ. *Summer* s.; કર્કસંક્રાન્તિ; *Winter* s.: મકરસંક્રાંતિ; ઉત્તરાયણ.

Solstitial, (સૉલ્સ્ટિશૅલ) *a.* Of or pertaining to a solstice; અયનનું-સંબંધી. 3. Happening at a solstice: ઉત્તરાયણ-દક્ષિણાયનનું-સંબંધી.

Solubility, (સૉલ્યૂબિલિટિ) *n.* The quality or condition, or degree of being soluble or solvable: પ્રવાહી પદાર્થમાં આગળવાનો ગુણ; દ્રવતા; દ્રાવણીયતા. 2 The tendency to separate readily into parts by spurious articulations: દ્રાવણશકયતા; ગલનીયતા.

Soluble, (સૉલ્યૂબલ) *a.* [L *solvo*, I loosen.] Susceptible of being dissolved in a fluid: પ્રવાહી પદાર્થમાં આગળે-પાગળે એવું; દ્રાવ્ય; ગાળ. 2. Susceptible of being solved: દ્રાવણશકય. 3. Relaxed; open or readily opened: ખુલ્લું; ઝટ ઉઘડે એવું.

Solution, (સૉલ્યૂશન) *n.* Disruption; breach; ભંગ; ઓગળું-પીગળવું તે; ગલન. 2. Explanation; clearing up: ખુલાસો; સમાધાન; નિરાકરણ; નિકાલ; ફેડચો; વિવરણ; વાખ્યા; વ્યાખ્યાન. 3. Resolution; disintegration: પૃથક્કરણ; વિભાગ; વિચ્છેદ. 4. The act or process by which a body is absorbed into a liquid: વિલયન; દ્રાવણ. 5. Release; discharge: છૂટકો; છૂટકારો; મોક્ષ. 6. (*a*) The termination of a disease: રોગનો અંત-છેડો. (*b*) A crisis: ખરખરી અણી-સાંધ-પ્રસંગ. (*c*) A liquid medicine or preparation, in which the solid ingredients are wholly soluble: મિશ્રણ; મિશ્ર; યોગ.

Solve, (સૉલ્વ) *vt.* [L. *solvo*, I loosen.] To explain to unfold: ઉકેલવું; છોડવવું; નું સમાધાન-નિરાકરણ કરવું; સમીકરણ છોડવવું; સંશય છેદવો; ફેડવું; -નો ખુલાસો કરવો. *n.* A solution; an explanation: ખુલાસો; સમાધાન.

Solvency, (સૉલ્વન્સિ) *n.* The quality or state of being solvent: ફારપણું; કરજ ફેડવાની શક્તિ.

Solvent, (સૉલ્વેન્ટ્) *a.* Having the power of dissolving: બીજા પદાર્થને પીગાળે તેવું;-જેમાં બીજો પદાર્થ ઓગળે તેવું; દ્રાવક. 2. Able or sufficient to part all just debts: કરજ ફેડી શકે એટલા જીવવાળું; સમૃદ્ધ; સધન; કરજ ફીટે એટલું. *n.* A substance suitable for, or employed in solution, or in dissolving some thing: બીજા પદાર્થને ઓગાળે તેવો પ્રવાહી પદાર્થ; દ્રાવક; દ્રવ્ય રસ. 2. That which solves: શંકા દૂર કરે એવું; ભેદ-મર્મ દૂર કરે એવું.

Sombre, (સૉમ્બર્) *vt.* [L. *sub*, & *umbra*, shade.] To make dark or shady: ઝાંખુ-કાળું-ઉદાસ-શોકકારક કરવું. *n.* Gloom; obscurity: અંધારું; શોક; ઉદાસગીરી. *a.* Dull; dusky; dark: કાળું; ઘોર; શ્યામ; મલિન; ઝાંખું. 2. Sad; grave: ઉદાસ; શોકાતુર; ગંભીર; ઘોર; ખીન્ન.

Sombrous, (સૉમ્બ્રસ્) *a.* Somber; gloomy: ઝાંખું; ઘેરું; કાળું; ઉદાસ; શોકકારક; ગંભીર; ઘોર.

Some, (સમ્) *a.* Consisting of a greater or less portion or sum: કેટલાએક; કેટલાક; થોડાક; કોઇ; કેટલીએક; કેટલુ ક; થોડું ક; કંઈ; કંઇક. 2. One; a certain. કોઇ; કોઇએક; કોઇક. 3. Not much; a little. કટલેક દરજ્જે; થોડું; રહેજ; કંઈ. 4. About; near; more or less: આશરે; સુમારે. 5. Considerable in number or quantity: ઘણું; ઘણુ. 6. Certain: અમુક. 7. *A* part; a portion: કેટલાક; થોડાક. *To* S. *extent*: કટલેક દરજ્જે-અંશે.

Some-body, (સમ્બૉદિ) *n.* A person unknown: એકજણ; એક માણસ; કોઇએક; કોઇ માણસ; કોઈક. 2 A person of consideration of importance: કંઇકભાર-વજ્ઞર વાળો માણસ; ગણતરીમા-લેખામા લેવા લાયક માણસ.

Some-how, (સમ્-હાઉ) *adv.* By some means: ગમે તેમ કરીને; કોઇપણ રીતે. S. *or other*: કોઇપણ રીતે.

Somerset-Somersault, (સમર્-સટ્-સમર્સૉલ્ટ્) *n.* [L. *supra*, over & *saltus*, a leap.] A leap in which a person turns his heels over his head and light upon his feet: ગોઠિ મહું; ગોથું.

Something, (સમથિંગ) *n.* Anything unknown, undetermined, or not specifically designated: કંઇ વાત-ચીજ. 2. A part; a little: કંઈક; થોડું ક. 3. A person or thing of importance: કોઇ માણસ અગર વસ્તુ.

Sometime, (સમ્ટાઇમ્) *adv.* Once; formerly: એક વખતે; અગાઉ; કોઇકાળે. 2. Now and then; sometimes: કોઇ વખત; કોઈવેળા; કોઇવાર. 3. Hereafter: આગળ ઉપર; કોઇ વખત.

Sometimes, (સમ્ટાઇમ્સ્) *adv.* Formerly; sometime: અગાઉ; કોઈ વખત. 2. At times; not always: વારેવારે; કોઇકોઇવેળા.

Somewhat, (સમ્વૉટ્) *n.* More or less; something: કંઇક; થોડું ક; કઇએક. 2. Somebody: કોઇ માણસ. *adv.* In some degree or measure: કેટલુંક; કેટલુંએક; કંઇક; થોડું ક; જરાક.

Somewhere, (સમ્વેર્) *adv.* In some place unknown or not specified: કોઈ ઠેકાણે; કંઇ; કહીં.

Somnambulism, (સૉમ્નૅમ્બ્યુલિઝમ્) *n.* Noctamoulism: ઉંઘમા ને ઉંઘમાં પણ જાગૃત સ્થિતિની પેઠે કામ કરવું તે; સ્વપ્નચાર; નિદ્રાભ્રમણ.

Somnabulist, (સૉમ્નેબ્યુલિસ્ટ્) *n.* A sleep-walker: ઉંઘમા ને ઉંઘમાં ચાલનાર.

Somniferous; Somnific, (સૉમ્નિફરસ્-સૉમ્નિફિક્) *a.* [L. *somnus*, sleep & *fero*, I bring.] Soporific; dormitive: ઉંઘ લાવનાર; નિદ્રાજનક.

Somniloquism, (સૉમ્નિલૉક્વિઝમ્) *n.* Somniloquy: ઉંઘમા વાતો કરવાની ટેવ-આદત; નિદ્રાલાપ; નિદ્રાજાપણ.

Somniloquist, (સૉમ્નિલૉક્વિસ્ટ્) *n.* One who talks in his sleep: ઉંઘમા વાતો કરનાર; નિદ્રાલાપી; નિદ્રાભાષી; ઉંઘમાં લવરી કરનાર.

Somnolent, (સૉમ્નોલેન્ટ્) *a.* [L. *somnus*, sleep.] Sleepy; drowsy; ઉંઘ્યા ઘરાયલું; ભાર થયેલુ; નિદ્રાળુ.

Son, (સન્) *n.* A male child; the male issue or offspring: પુત્ર; છોકરા; દીકરા; પોરીયો; બેટા; આત્મજ; તનુજ; તનય. 2. A male descendant (*however distant*): છોકરો; વંશજ. 3. Any young male person spoken of as a child; an adopted male child: દીકરા; છોકરા; પોરાયા. 4. A native or inhabitant of some specified place: વતની; રહોશ; છોકરા; પુત્ર. *The* S. ઇસુખ્રિસ્ત.

Sond, Sonde, (સૉન્ડ્-સૉન્ડ) *n. vt.* A message or messenger: સંદેશો; કહેણ; દૂત; જાસુસ. 2. An affliction or trial: દુઃખ; સંકટ; અજમાયશ; કસોટી; વિપત્તિ; હાળ.

Song, (સૉન્ગ્) *n.* That which is sung or uttered with musical modulations of the voice: અવાજ; ધ્વનિ; રવ; ગુંજારવ. 2. A lyrical poem adapted to vocal music; a ballad: ગીત; ગાયન; સંગીત; ગાન. 3. Any poetical strain; a poem: કવિતા; ગીત. 4. Poetry; verse: કવિતા; કાવ્ય. 5. A trifle: નકામી-નજીવી વાત; જુજ; કોડી; દમડી. 6. An object of derision: હાસ્યાસ્પદ; હસી કાઢવાની વાત. *Old* S., a trifle: નજીવી-જુજ વાત; મૂલ-દમ-માલ વગરની વાત-વસ્તુ.

Songster, (સૉન્ગ્સ્ટર્) *n.* One who sings; one skilled in singing: ગાનાર; ગવૈયો; ગાયક.

Sohgstress, (સૉન્ગ્સ્ટ્રેસ્) *n.* A woman who sings: ગાનારી સ્ત્રી; ગવૈયણ; કિન્નરાતણ; રામજણી. Also a female singing bird: ગાનારી માદા.

Son-in-law (સન્-ઇન-લૉ) *n. pl.* **Sons-in-law.** The husband of one's daughter: જમાઇ; જમાતા; જમાત્ર. S. *living at his father-in-law's house*: ઘરજમાઇ.

Sonnet, (સૉનેટ્) *n.* [L. *sonus*, a sound.] A short poem: નાનો કવિતા સંગ્રહ; નાનું પદ્ય-કાવ્ય; કાવ્યખંડ. 2. A poem of fourteen lines: ચૌદ લીટીનો એક છંદ; ખ્યાલ; ટપ્પો.

Sonorus, (સૉનોરસ્) [L. *sonus*, a sound.] Giving sound when struck; resonant: રણકાદાર; રણકાઅવાજ નીકળે એવું; મધુર; મંજુલ. 2. Loud sounding; giving a clear or loud sound: ઉંચા ને સ્પષ્ટ ઉંચા અવાજવાળું; સ્પષ્ટ; વ્યક્ત; પરિસ્ફુટ; બુલંદ. 3. Vocal; sonant: ઉચ્ચ; ઉંચું; મુખર; શબ્દકર; ધ્વનકર. *A* S. *voice*: ઉંચા સ્પષ્ટ સૂર-ધાટો; બુલંદ અવાજ.

Soon, (સૂન્) *adv.* In a short time; shortly after any time specified or supposed: થોડી વારમા; જલદી; જલદીથી; સત્વર; ત્વરાથી; વહેલું. 2. Without the usual delay; early: વહેલું. 3. Promptly; readily; quickly; easily: તરતજ; સહેલથી; જલદીથી; રહેલાઇથી; વગર મહેનતે. 4. Readily; willingly: ખુશીથી-રાજીથી. *As* S. *as, or So* S *as*, વારનેજ; તરતજ; તત્કાળ. S. *at*, as soon as. જેમ બને તેમ જલદીથી; જેવો-તેવો; વેતજ. *Sooner or later*, ભાવિષ્યમા કોઇ અમુક વખતે; વહેલા મોડા; ગમેત્યારે. 5. Speedy; quick: ઝડપવાળુ વગી.

Soot, (સૂટ્) *n.* [AS. *bot.*] A black substance formed by combustion: મેશ; કાજળ; મશી. *vt.* To cover or dress with soot: મેશ-કાજળવાળું કરવું. *a.* Sweet: મિઠું; મધુર.

Sooth, (સૂધ્) *n.* Truth: સત્ય; સાચું; ખરૂ. *In* S.: ખરેખર; ખરે; સાચું-ખરૂં

કહું-પછી તો.

Soothe. (સૂધ્) *vt.* [L. *suavis*, sweet] To assent to as true: સાચું-ખરું હોવાથી હા પાડવી-કબૂલ કરાખવું. 2. To comply with; to flatter: સમ્મતિ આપવી; હા પાડવી; અનુમતિ આપવી; ખુશામત કરવી; લાડ-મીઠી વાતથી ખુશ કરવું. 3. To assuage; to mollify; to calm: શાંત-ઠંડું કરવું-નરમ પાડવું; દિલાસો આપવો; ધાનું રાખવું; શાંત-પ્રસન્ન કરવું; -ના મનનું સાત્વન-ને ખુશ કરવું.

Soothing, (સૂધિન્ગ્) *a.* & *n.* From Soothe. *v.*: શાંતિ પમાડે એવું; ખુશામતિયું; શાંતિકર; શાંતિપ્રદ; શાંતિજનક; તાપહર; તાપહારી; ઉપશામક.

Soothsay, (સૂધ્સે) *vi.* To foretell; to predict: ભવિષ્ય કહેવું-સૂચવવું-દર્શાવવું; ભવિષ્ય કથન કરવું. *n.* A proverb; a prophecy: કહેવત; ભવિષ્ય; ભવિષ્યકથન. 2. Omen; portent: શુકન; ભવિષ્ય; શુભાશુભકથન.

Sooth-sayer, (સૂધ્-સેયર્) *n.* A prognosticator: ભવિષ્યવેત્તા; જોષી; દૈવજ્ઞ; ભવિષ્યવક્તા.

Sooty, (સુટિ) *a.* Of or pertaining to soot; producing soot: મેશ કાજળનું-સંબંધી-પેદા કરતું. 2. Fuliginous; dusky; dark: કાળું; મેશ જેવું-વાળું.

Sop, (સૉપ્) *n.* Any thing steeped, or dipped and softened in any liquid: પ્રવાહી પદાર્થમાં બોળી-પલાળી મુકેલો પદાર્થ; પિઠ; અન્ન. 2. Anything given to pacify: ઠંડું પાડવાને શાંત કરવાને આપેલી વસ્તુ. 3. Anything of little or no value: નજીવી-નકામી ચીજ. *vt.* To steep or dip in any liquid: કોઇ પ્રવાહી પદાર્થમાં બોળવું-પલાળવું.

Sophism, (સૉફિઝ્મ્) *n.* [Gr. *sophos*, wise.] The doctrine or mode of reasoning practised by a sophist; hence; any fallacy designed to deceive: આભાસ; ખરી દેખાતી ખોટી તકરાર; હેત્વાભાસ; યુક્ત્યાભાસ; સિદ્ધાંતાભાસ; વાક્છલ.

Sophist, (સૉફિસ્ટ્) *n.* One of a class of men who taught eloquence, philosophy, and politics in ancient Greece: અસલ ગ્રીસ-દેશમાં અમુક તત્ત્વવેત્તાઓના વર્ગમાંનો પુરૂષ. Hence, an imposter in argument; a captious or fallacious reasoner: આભાસવાદી; મિથ્યાસિદ્ધાંત કરનાર; સિદ્ધાંતાભાસવાદી; તાર્કિક; ચાર્વાક.

Sophister, (સૉફિસ્ટર્) *n.* A sophist: આભાસવાદી; તાર્કિક; મિથ્યા સિદ્ધાંત કરનાર; આભાસવાદી. (*b*) વિદ્યાલયતના વિદ્યાલય i બીજા વરસનો વિદ્યાર્થી. *vt.* To maintain by sophistry, or by a fallacious argument: મિથ્યા સિદ્ધાંત કરવો.

Sophistical, (સૉફિસ્ટિકૅલ્) *a* Fallaciously subtle; not sound: આભાસરૂપ; ખોટું; આભાસાત્મક.

Sophisticate, (સૉફિસ્ટિકેટ્) *vt.* To adulterate; to damage; to pervert: ભેળવાળું કરવું; બગાડવું; ખરાબ કરવું; ખોટું કરવું; ખોટા ભેળ કે મળવાળું કરવું. *a.* Adulterated: બગડેલું; મિશ્રિત; ભેળવાળું.

Sophistry, (સૉફિસ્ટ્રિ) *n.* The art or process of reasoning; logic: આભાસ-ભ્રમયુક્ત તર્ક; ખોટો તર્ક. Fallacious reasoning: આભાસ; સિદ્ધાંતાભાસ; સત્યાભાસ; વાક્છલ.

Soporiferous, Soporific, (સૉપોરિફેરસ-સૉપોરિફિક) *a.* [L. *sopor*, a heavy sleep & *fero*, I bring.] Causing sleep; somniferous: ઉંઘ લાવનારું-આણે તેવું; નિદ્રાજનક; બહુ ઘેન લાવે તેવું; નિદ્રાકારક.

Sorcerer, (સૉર્સરર્) *n.* A conjurer: a magician: ઇન્દ્રજાળી; જાદુગર; છુમંતર-જાદુ જાણનારો; ઐંદ્રજાલિક; ચેટકવાળો.

Sorcerous, (સૉર્સરસ્) *a.* Of or pertaining to sorcery: જાદુનું-જાદુને સંબંધી; જાદુવાળું, જાદુ; ઇંદ્રજાલવાળું.

Sorcery, (સૉર્સરિ) *n. pl* Sorceries. [L *sors*, *sortis*, a lot.] Magic; necromancy; witchcraft; enchantment: જાદુ; વશમંત્ર; ઇંદ્રજાલ; જાદુ; ચેટક; કામણ; વીરવિદ્યા; માયા; ઇંદ્રજાલ.

Sordid, (સૉર્ડિડ્) *a* [L. *sordeo*, I am filthy.] Filthy; foul; dirty: કચરાવાળું; મલિન; મેલું; ગંદું. 2. Vile; base; gross: નીચ; તુચ્છ; અધમ; દુષ્ટ; હલકું; પાજી; પામર. 3. Niggardly: અતિ લોભી; કૃપણ; બખીલ; કંજુસ; મખ્ખીચૂસ.

Sore, (સૉર) *a.* Inflamed; painful: સ્પર્શ કરવાથી દુઃખ થાય એવું; આતુર; સુજેલું. 2. Sensitive; very susceptible of irritation: તરત ખીજવાય ચીડાય એવું; દુઃખી. 3. Severe; afflictive; distressing (*as disease*): સખત; દુઃખકારક; ભારે પીડાકારક; ભારે; જબરું; કડેરામાર. 4. Criminal; wrong; evil: ખોટું. *S. throat* pharyingitis: ચોરીઆ. *A s. calamity*: ભારે સંકટ. *n.* A painful or diseased place, such as an ulcer or a boil: દુખાતી જગા; સોજો; ગુમડું; જખમ; ક્ષત; વ્રણ; આળી જગા; ચાંદું. *adv.* Grief; affliction; difficulty: મર્મ; મર્મસ્થાન; દુઃખરાક; આપદા; મુશ્કેલી; અડચણ; મુશીબત; સંકટ. *adv.* With pain; grievously: દુઃખ થાય એવી રીતે-બહુ. 2. Greatly; violently; deeply: બહુ; બહુ ઉંડું; ભારે; જબરું.

Sorely, (સૉર્લિ) *adv.* Grievously; painfully: દુઃખકારક રીતે; દુઃખ થાય તેવી રીતે; ભારે; બહુ.

Soreness, (સૉર્નેસ્) *n.* Tenderness; painfulness: દુઃખદાયકપણું; તીવ્રપણું; મર્મભેદી દુઃખ.

Sorosis, (સૉરોસિસ્) *n.* An association of women: સ્ત્રીઓની કલબ-મંડળી; સ્ત્રી-મહિલાસમાજ; મહિલામંડળ.

Sorrel, (સૉરેલ્) *a.* Of a yellowish or reddish brown color: બદામી રંગનું. *n.* A yellowish or reddish brown color: બદામી-કુમેદીરંગ; કુમેદ. *n.* One of various plants having a sour juice: ખાટા રસવાળી એક જાતની ભાજી.

Sorrily, (સૉરિલિ) *adv.* In a sorry manner; poorly: હલકી રીતે; સારી રીતે નહિ; કરીબાઇ-નિર્ધનતાથી; પાજીપણાથી; જેવું તેવું.

Sorrow, (સૉરો) *n.* Regret; unhappiness; sadness: અફસોસ; દિલગીરી; ખેદ; ખટાપો; સંતાપ; આધિ; વ્યથા; ખેદ; શોક; અફસોસ. *vi.* To grieve; to be sorry: દિલગીર-શોકાતુર થવું; શોક-ખેદ કરવો; દુઃખાવું; જીવબાળવો; બળાપો થવો; ખિન્ન થવું; દુઃખ કરવું.

Sorrowful, (સૉરોફુલ્) *a* Sad; dejected; distressed: શોકાતુર; દુઃખી, ઉદાસી; દિલગીર; ખિન્ન; શોકાર્ત્ત; ઉદ્વિગ્ન; ગ્લાન; દીન. 2. Mournful; lamentable; grievous: દુઃખદાયક; શોક-દિલગીરી લાગે તેવું; શોચનીય; દુઃખાવહ. 3. Expressing grief: શોક-દિલગીરી-દુઃખવાળું યુક્ત-નું; દુઃખીઆરૂ

Sorry, (સૉરિ) *a.* Feeling regret: દિલગીર; નાખુશ; દુઃખી; ખિન્ન; અફસોસી. 2. Dismal; gloomy; mournful: ખેદયુક્ત-લાગે તેવું; દુઃખી. 3. Poor; mean; worthless: હલકું; નજીવું; તુચ્છ; નીચું; ભિખારી; નાદાન; દીન. [lot; નસીબ; ભાગ્ય.

Sor, (સૉર્) *n. pl.* Sortes. [L.]

Sort, (સૉર્ટ્) *n.* [L. *sors*, *sortis*, a lot.] Chance; lot; destiny: નસીબ; ભાગ્ય. *n.* A kind or species; a class or order: જાત; પ્રકાર; પડ; વળ; તરાહ; તરા; તર; જાતિ. 2. Manner: રીત; તરાહ; પ્રકાર. 3. Rank: સાધારણ સ્થિતિ; દરજ્જો; પદવી; અંશ. 4. A chance group; a troop: ટોળું; સમૂહ; જથો; જાત; ક્રમ. 5. A pair; a set; a suit: જોડું; જોડકું. 6. *Out of* s.s; out of order; disturbed: અવ્યવસ્થ; અવ્યવસ્થિત; અવ્યવ્રત. Hence, (colloq) ill: vexed; disturbed: ઉચાટ મન હોય

એવું;બેચેન;જીવને ઠીક ન હોય એવું. *Of first s.*:અંધલ; પહેલા નંબરનું;તોફ; ધજ. *vt.* To separate and place in distinct classes or divisions: જાત પ્રમાણે જૂદું કાઢવું;-ના વડ ક૦; તફા પાડવા.2. To reduce to order from a confused state: વ્યવસ્થામાં લાવવું; ઠીકઠાક ક૦. 3. To conjoin:જોડવું,વર્ગવાર એકઠું મુકવું.4. To select:વીણી કાઢવું; ચૂંટવું; પસંદ ક૦;નિવેડો કાઢવું.5. To confirm; to adapt; -ને અનુકૂળ ક૦; પ્રમાણે થવું;ને બેસતું-માફક ક૦.*vi.* To agree: મળી જવું; જોડાઇ-સંધાઇ જવું. 2. To suit; to harmonize: બેસતું-માફક-બંધ બેસતુ આવવું;મળતું આવવું.3.To consort:સોબત-સંગત ક૦; મળવું 4. To issue: નું ફળ-પરિણામ નિપજવું. *But of sorts*:બેમિસલ; અવ્યવસ્થિત; સ્હેજ માંદું;બેચેન.

Sortie,(સૉર્ટિ)*n.*[*L.surgo*, I raise up or rise up.]A sally: ઘેરાયલી જગામાંથી ઘેરો ઘાલનારે એકદમ કરેલો છાપો-ધસારો.

So,So,(સો સો)*a.* Middling; tolerable; indifferent:ધ્યું સારૂ નહિ તેમ ખોટું પણ નહિ તેવું; વચલા વાધાનુંવઢનું;મધ્યમ સ્થિતિનું;ઠીકઠાક.

Sot,(સૉટ્) *n.* [Low L. *sottus.*] A stupid person; a blockhead; a dolt:મૂર્ખ માણસ;બેવકૂફ માણસ;ઢોડો; જડ.2.A habitual drunkard: દારૂડિયો;પીયેલ;છાકટો;કેફી; અમલી; નિશાખોર;મદ્યપી;દારૂબાજ. *a.* Foolish; stupid;dull:મૂર્ખ;બેવકૂફ;જડ;ઢોડો.

Sottish,(સૉટિશ)*a.* Doltish; very foolish;drunken:મૂર્ખ;બેવકુફ;પીયેલુ;છાકટુ ;દારૂડિયું;પાનાસક્ત;મ દોન્મત્ત.

Sou, (સૂ) *n.* A French copper coin:ફ્રાન્સદેશનો એક જાતનો ત્રાંબાનો સિક્કો-પૈસો.*Not a s.*: પાઇ પણ નહિ.

Soul,(સોલ્) *n.* [L. *sœculum*, an age,] The spiritual, rational and immortal part in man: ચૈતન્ય;આત્મા;જીવાત્મા; અંતર્યામી. Sometimes,the intellect only; the understanding: બુદ્ધિ; મતિ; હૃદય; મન;ચિત્ત.2.The seat of real life or vitality;the source of action: મર્મસ્થાન,જીવ;પ્રાણ;ચેતન;જીવન; સાર; તત્વ;તન્માત્ર.3. The leader:the inspirer; the moving spirit; the heart:દોરનાર;અંતઃકરણ; હૃદય; કર્ત્તા-ચેતન; જીવ; પ્રેરક; આત્મા. 4. Energy; courage; spirit: હામ; વીર્ય; બળ;તેજ;ઉત્સાહ;ઉમળકા;ઉલટ;હોંસ.5. A human being;a person: આદમી;માણસ;મનુષ્ય;જીવ;જીવડો; આત્મા. 6.A pure or disembodied spirit:વિદેહી આત્મા; પ્રેતાત્મા; દેવતા;મહાત્મા.7. The essence:સાર; સત્વ; તત્વ;હીર; તત્વાંશ. *The universal s*:પરમાત્મા;પરબ્રહ્મ. *Poor s* : વિચારો.*Good s.*:ભલો આદમી.*S stirring* ચ્યાટાં ઉભાં થાય તેવું S. *bell*, મરણ ઘંટ *ve.* To indue with a soul: -માં જીવ મૂકવો;ને જીવ આવવો;સજીવન ક૦.

Soulless,(સૌલ્લેસ્)*a.* Mean;spiritless:નીચું;અધમ;હલકું;અધમાત્મા.

Sound,(સાઉન્ડ્)*a.* Whole; unbroken;unharmed;free from flaw, defect or decay: આખું; અખંડ; સાબુત; અક્ષિણ્ણ; ખોડખાપણ-ખામી-વિનાનું;સાફ;નિર્દોષ.2.Healthy: તંદુરસ્ત,નિરોગી;સાબુત;સાજું; ખેમકુશળ; વ્યાધિ રહિત;અવિકૃત;પાકું .3. Firm: strong;safe:દૃઢ;મજબૂત;સલામત. 4. Correct;right;honest:true: ભૂલચૂક વિનાનું-રહિત;ખરૂં;યથાશાસ્ત્ર; શુદ્ધ; સાચું;પરિપક્વ;સંગીન. 5. Supported by justice; not fallacious: ન્યાયાનુસાર;સપ્રમાણ;યુક્તિસિદ્ધ; સયુક્તિક;નિર્દોષ; સકારણ; સંગીન; વજનદાર.6.Heavy;laid on with force: જોરથી મારવું;ભાર;તીક્ષ્ણ;તીવ્ર;અતિ. 7. Undisturbed; profound; deep: ઘોર;ભર; ગાઢ; ઘસઘસાટ. 8. Legal, valid: ખરૂ;કાયદાસર;વાજબી; યથાન્યાય.S.*principle*: ન્યાયસર ધોરણ-માર્ગ.*adv.*Soundly: સારો પેઠે; ખૂબ *n.*A narrow passage of water, or a strait between the mainland and an island: સાંકડી ખાડી; સામુદ્રધુનિ. *vt.* To measure the depth of, to fathom:-ની ઉંડાઇ-ઉંડાણ માપવું;-નો તાગ કાઢવો; ઠોરીઓળ બાવતી ઉંડાઇ માપવી. 2. To examine,to test, to prove:તપાસવું;તપાસી જોવું;પરીક્ષા ક૦;-નું પાણીનું મન જોવું;-ના પેટનો મર્મ લેવા;દાણો ચાંપી જોવો-નો તાગ-કાઢવા. 3. To examine with a sound: આંગળી ઠોકી-ટકોરો મારી જોઇને તપાસવું.*vi.* To ascertain the depth:-ની ઉંડાઇ માપવી-કાઢવા; -નો તાગ કાઢવો.

Sound,(સાઉન્ડ્)*n* [L *sonus.*] Noise;report: અવાજ; શબ્દ; ઘાંય; નાદ; ધ્વનિ;સ્વર.2. The occasion of sound:અવાજની વખત.3.Empty noise: ખાલી અવાજ-વાણી;ઉપર ઉપરનો શબ્દ;ધ્વનિ;બકબકાટ;લવારો;ધાંધલ; ગડબડાટ. *Deep s.*: ગંભીરનાદ-અવાજ. *Confused s.*:કલકલ;કોલાહલ-ધોધાટ. *S.of merriment & joy*: કલ્લોલ. *A humming s.*:ગુંજારવ.*vi*-*To* make a noise;to utter a voice: શબ્દનાદ-ધ્વનિ-અવાજ-રટન ક૦;વાગવું. 2. To convey intelligence by sound:-નો અવાજ થવો-નીકળવો;-માંથી ઉદ્ભવવું-નીકળવું;ગાજીઉઠવું.3.To seem; to appear: દેખાવું; જણાવું; લાગવું; જણાઇ આવવું.*To s in or into*, to tend to;to partake of the nature of:-ને મળતું બેસતું આવવું;-ના જેવું હોવું.*vt.* To play on:વગાડવું;સુરસ્વર કાઢવો;-નો અવાજ ક૦;-નો પડઘો પાડવો.2. To cause to exist as a sound:સુર-સ્વર કાઢવો.3. To order, direct or indicate by a sound: વગાડી-અવાજ કરીને ચેતવવું-હુકમ આપવો 4.To publish or proclaim: ગાઈ બજાવીને સિદ્ધ ક૦;-નો ડંકા વગાડવો;પ્રસિદ્ધ ક૦;ગાવું;ઘોષ ક૦;પ્રકાશ-પ્રકટ ક૦.5. To examine the condition of (*any thing*)by causing the same to emit sounds and noting their character: વગાડી જોવું;અખડાવી જોવું;ઠોકી જોવું. 6. To signify;to import,to denote: જણાવવું;જાહેર ક૦;પ્રસિદ્ધ ક૦;ગાવું.

Sounding,(સાઉન્ડિંગ્)*n* Capable of making a sound:અવાજ-રણકા નીકળે-વાગે એવું. 2.Making a magnificient sound: ઠાઠથી વાગતું; અવાજ કરતું-નીકળતું;સારો અવાજવાળુ. S.*board*:અવાજ પસરીને આવે સાંભળી શકાય માટે વાજીત્રને જરૂરનું પાતળું પાટિયું-પતરૂ; તાદકારી પટ (*b*) (ખ્રિસ્ત દેવળના ઉપદેશકના ઉંચા) આસન ઉપર ચોઢેલું પાટીયું.

Soundings,(સાઉન્ડિંગ્ઝ્) *n.* Any place or part of the ocean or other water where a sounding line will reach the bottom: પાણી મપાય અવો દરિયાનો છાજરો ભાગ.

Soundly,(સાઉન્ડ્લિ)*adv.* In a sound manner:યથા યોગ્ય;સારી પેઠે.

Soup,(સુપ્)*n.* A strong broth:માંસ વિગેરના રસેા;સેરવેા. *vt.*To sup or swallow: ખાવું;પી જવું;ગટગટાવી જવું. *vi* To breathe out: શ્વાસ બહાર કાઢવો.*vt.*To sweep:વાળવું;પુંજો કાઢવો;સાફ ક૦;ઝાડુ કાઢવું.

Sour,(સાઉર્)*a.*Acid,tart: ખાટું;આંબટ;અમ્બ.2.Turned (*as milk*)ખાટું થઇ ગએલું; મળી ગયલું; ફાટી ગયેલુ; અખરાઇ-જામી ગયલું.3.Morose;peevish; cross: રિસાળ; ચીઢિયું; ઝાંઝી; વાંકુ;મિજાજી; વહરીલ. 4. Afflictive; painful:દુઃખકારક;શોકકારક; શોકજનક;દુઃખપ્રદ.5. Cold and unproductive:ઠંડી અને અફળદ્રુપ; ઉજ્જડ; નિરસ;વાઝુડી. *n.* A sour or acid substance:ખાટો પદાર્થ. *To s.hap-*

piness: સુખમાં ભંગાણ ક૦. *vt.* To cause to become sour: ખાટું થાય તેમ ક૦; આખરવું; જમાવી દેવું; ખાટું ક૦. 2. To make cold and unproductive, as soil: ઠંડી અને અફળદ્રુપ ક૦. 3. To make unhappy, uneasy or less agreeable: ભંગાણ ક૦; -માં ખટકો પેસાડવો. 4. To cause or permit to become harsh or unkindly: કડક ક૦; નઠોર-નિષ્ઠુર ક૦; ખાટું ક૦; ઉગ્ર ક૦. *vi.* To become sour: ખાટું થવું; ખટવાઈ જવું; અખરાઇ-જામી જવું. 2. To *become peevish*; ચીડીઉ-રીસાળ-મિજાજી થવું.

Source, (સૌર્સ્) *n.* [L. *surgo*, I lift or raise up.] The act of rising; a rise; an ascent: મૂળ; ઉદ્ભવ; ઉદ્ગમ. 2. A spring; a fountain; ઝરો. 3. The first cause: મૂળ કારણ; ઘર; ખાણ, ઉત્પત્તિસ્થાન; બીજ; મૂળ; યોનિ; હેતુ; કારણ.

Souse, (સાઉસ્) *n.* Pickle made with salt: મિઠા સાથે કરેલું અથાણું બોળ; કેરી. 2. Something kept or steeped in pickle; આથી મૂકેલો પદાર્થ. 3. The ear: કાન. 4. A dripping: ઝબોળવું તે; બુડકી મારવી તે; બોળવું તે. *vt.* To pickle: અથાણું નાખવું ૮. To plunge or immerse into water or any liquid: પાણી અથવા બીજા કોઈ પ્રવાહી પદાર્થમા બોળવું. ૩. To wet thoroughly: બધું સઘળું ભીજવવું-લીનું ક૦. *vi.* To fall suddenly: એકદમ ધુ સવું-પડવું-ઝડપવું; -પરતાપ-તલપ મારવી.

South, (સાઉથ્) *n.* That one of the four cardinal points directly opposite to the north: દક્ષિણ; દક્ષિણ દિશા. 2. The southern section of a country: દેશનો દક્ષિણ ભાગ. ૩. The wind from the south: દક્ષિણમ.થી વહાતો-દખણાતો પવન. *a.* Lying toward the south દક્ષિણમા આવેલુ; -પડેલું. *adv.* Southward: દક્ષિણ તરફ-ગમ-ભણી. 2. From the south: દક્ષિણમા. *vi.* To turn or move toward the south: દક્ષિણ તરફ વળવું જવુ. 2. To come to the meridian: યામ્યોત્તરવૃત્તે આવવુ.

South-east, (સાઉથ્-ઇસ્ટ્) *n.* The point of the compass equally distant from the south and the east: અગ્નિકોણ; અગ્નેયી દિશા. *a.* Of or pertaining to the south east: અગ્નિકોણ-દિશાનું.

Southern-ly, (સધર્ન્-સધર્નલિ) *a.* Of or pertaining to the south; situated or proceeding toward the south: દક્ષિણ-દિશાનું-સબંધીમાં આવેલુ -ની તરફ જતું; સવ્ય; દાક્ષિણાત્ય

Southing, (સાઉધિન્ગ્) *n.* Tendency or progress southward: દક્ષિણ તરફનું વલણ-તરફ જવું તે. The time in which the moon, or other heavenly body, passes the meridian of a place: દક્ષિણાયન. 3. South inclination: દક્ષિણ ઉન્નતાંશ.

Southward, (સાઉથ્-ઉવોર્ડ્) *adv.* Toward the south: દક્ષિણ તરફ-ગમ-ભણી. *a.* Toward the south: દક્ષિણ તરફનું. *n.* The southern regions or countries: દક્ષિણમા આવેલા દેશો; દક્ષિણ દિશા-દેશ.

Southwest, (સાઉથ્-ઉવેસ્ટ્) *n.* The point of the compass equally distant from the south and the west: નૈઋત્ય કોણ. *a.* Pertaining to or in the direction of, the southwest; નૈઋત્ય કોણ તરફનું.

South-western, South-westerly, [See] South-west, *a.*

Souvenir (સુવેનીર્ or સૂવ્નીર્) *n.* [*L. sub* & *venio*, I come.] A remembrance; a memento; a keepsake: યાદગિરીની ચીજ; સંભારણું; યાદગિરી; બોળખ; સ્મરણચિન્હ.

Sovereign, (સૉવરિન્) *a.* [L. *super*, above.] Supreme or highest in power; chief: મુખ્ય; શ્રેષ્ઠ; સર્વોપરિ; પ્રધાન. 2. Independent of, and unlimited by any other: સ્વતંત્ર; અમર્યાદિત. 3. Princely; royal: બાદશાહી; શાહેનશાહી; રાજદરબારી; રાજકીય. (*as influence*) 4. Predominant; paramount: સર્વોપરી; પરમ; પ્રબળ; શ્રેષ્ઠ; સર્વથી ભારે-ઉંચું-ઘણું. 5. Effectual; controlling: રામબાણ; સર્વોત્કૃષ્ટ; ગુણકારી; આબાદ; પરમ; ગુણાવહ. *n.* The person, body, or state in which authority is vested; *especially*, in a monarchy, a king, queen, or emperor: અધિરાજ; રાજા; રાજ્યાધિકારી; રાજકર્તા; મહારાજા; સત્તાધીશ; સર્વાધિકારી; અધીશ્વર; આધિપતિ. 2. A gold coin of Great Britain: આશરે દસ રૂપિયાની કિંમતના ગ્રેટબ્રિટનના સોનાનો સિક્કો-નાણું; સુવર્ણમુદ્રા.

Sovereignty, (સૉવરિન્ટિ) *n. pl.* Sovereignties. Dominion; sway; supremacy; independence: મુખ્ય અધિકાર; સત્તા; સર્વાધિકાર; અમલ; પ્રભુત્વ; રાજ્ય; આધિપત્ય; સામ્રાજ્ય.

Sow, (સૌ) *vt.* To sew: સીવવુ; સાધવું.

Sow, (સાઉ.) *n.* [L. *sus*, a sow] The female of swine, or of the hog kind: ડુકરી; ભુંડણી-ણ. 2. A sow bug: માંકણી. 3. (*Metal*) (*a*) A channel or runner which receives the molten metal: ગાળેલી ધાતુ બીજા તરફ લઈ જવાને માટે રાખેલી નળી-નીક નહેર. (*b*) The bar of metal which remains in such a runner: એવી નળીમા રહેલો ધાતુનો સળીયો. (*c*) A salamander: ભઠ્ઠામા ધાતુનો બાઝી ગયેલો ગઠ્ઠો. *vt.* (સૌ) (*a*) To scatter as seed upon the earth: જમીન ઉપર બી વેરવાં; વાવવું:-નું વાવેતર-વાવણું ક૦; બીજારોપણ ક૦; ઓરવું; વાવવું. (*b*) To spread abroad; to propagate: ફેલાવવું; પાથરવું; -નું મૂળ ઘાલવું-રોપવું; પ્રેરવું. 2. To scatter seed upon, in, or over: ઉપર પાથરવું-વેરવું-છાટવું. *vi.* To scatter seed for growth and the production of a crop: વાવવું; વેરવું; પ્હેરવું.

Sowing, (સૌઇન્ગ્) *n.* The act of scattering seeds upon the earth: વાવેતર; વાવણી; પેરણી; બીજારોપણ; બીજરોપ.

Spa, (સ્પૌ) *n* A place where there is a mineral spring of water: પૃથ્વીમાં ખનીજ પદાર્થના મિશ્રણવાળો ઝરો.

Space, (સ્પેસ્) *n.* [L. *spatium*, space.] That which makes extended objects conceivable and possible: અવકાશ; દેશ; આકાશ; શૂન્ય; નભોમંડલ; અંતરીક્ષ. 2. Place, having more or less extension; room: માર્ગ-સ્થળ; અવકાશ; જગ્યા; અવસર; સ્થાન; ભૂમિ; દિશા. 3. Distance from one thing to another: અંતર; પલ્લો; લંબાણ; ટપ્પો. 4. Quantity of time; duration: વખત; કાળ; મુદત; અવધિ. 5. A short time; a while (*it*): થોડો વખત; પળ; ક્ષણ. 6. (*Print.*) (*a*) A small piece of metal cast lower than a face type, so as not to receive the ink in printing: છાપેલી ચોપડીઓમા લીટીઓ કે શબ્દ વચ્ચે મુકેલો માર્જા-જગ્યા; 'સ્પેસ' (*b*) The distance or interval between words or letters in the lines: શબ્દ કે અક્ષર વચ્ચે રાખેલો લાગ-જગા. (*c*) ભાગ રાખવા માટેનું બીબું. 7. Walk; track; path; course: રસ્તો; માર્ગ; પગલું; ચાલ. *vt.* To walk; to rove: ભટકવું; રખડવું; ફરવું; રઝળવું.

Spacious, (સ્પેશસ્) *a.* Extending far and wide; vast in extent: વિસ્તારવાળું; વિપુલ; ખુલ્લા સાવાર. 2. Capacious; roomy: ઉચું; લાંબુ અને

પહોળું;વિસ્તીર્ણ;વિસ્તૃત.વિશાળ;વિપુલ.

Spade, (સ્પેડ્) *n* A hart or stag three years old: ત્રણ વરસની ઉમરની સાબરી કે સાબર.૪.A castrated man or beast: જેના આંડવા કાપી નાખ્યા હોય એવું માણસ-પ્રાણી; ખસી માણસ અગર-પ્રાણી. *n.* [L. *spatha*, a spatula.] An implement for digging or cutting the ground,with a handle:કોદાળી. ૪.One of that suit of cards each of which bears one or more figures resembling a spade: રમવાના પાનામાં કાળી બદામ; જુઓ *To call a* s. *a* s.: કાણાને કાણુ કહવું-તડને ફડ કહી દેવું; જેવું હોય તેવું મોઢેમોઢ કહેવું.

Span,(સ્પૅન્)*n.*Nine inches; eighth of a fathom: વેંત; બિઘ્ઘસ; નવઇંચ; પોણો ફુટ. ૨. Hence a small space or a brief portion of time: ઘણી ટુંકી મુદત; અવધિ. 3. A pair of horses or other animals driven together,esp, of one color, form & action: એકજ રૂપરંગ, ઘાટ અને ગુણનાં સાથે જોડેલા જનવરનું જોડું;જોડ.4. The spread of an arch between its abutment: કમાનના બે બાજુના ટેકા વચ્ચેનો ઓસાર-ગાળો-વિસ્તાર;પહોળાણ. *v.* To measure by the span of the hand: વેંતથી ભરવું-માપવું. 2. To reach from one side of to the other: ઉપર પસારવું-ઉભું કરવું 3. To tetter, as a horse; to hobble: ઘોડાને પગે દોરડાથી બાંધવો.

Spangle, (સ્પૅન્ગલ્) *n.* A small plate or boss of shining metal: તારા-તપકી;ઠઠોરી;દીકડી;ગોખરૂ; વાટકી. 2. Any little thing that sparkles:નાની ચળકતી ચીજ-પદાર્થ.*vt.*To set or sprinkle with, or as with spangles: તારાટપકી ઠઠોરી વિગેરેથી શોભાયમાન કરવું.*vi.*To glisten; to glitter: ચળકવું; ચકચકવું.

Spaniard,(સ્પૅન્યર્ડ્)*n.*A native or inhabitant of Spain: સ્પેનનો રહેનારી વતની.

Spaniel, (સ્પૅન્યેલ્) *n* One of a breed of small dogs having long and thick hair and large drooping ears: એક પ્રકારનો લાંબા અને જાડા વાળ અને કાનવાળો કુતરો. 2.A cringing, fawning person: ખુશામતીયું માણસ *a.*Cringing: ખુશામતીયું;મસકો લગાડે એવું.

Spanish, (સ્પૅનિશ્) *a.* Of or pertaining to Spain or the Spaniards: સ્પેન અથવા ત્યાંના રહેવાસીઓ સંબંધી-નું વિષે *n.* The language of Spain: સ્પેન દેશની ભાષા-બોલી.

Span-new, (સ્પૅન્ ન્યૂ) *a.* Quite new;brand-new; firenew: નવુંનકોર; તાજું ; કોરૂં કડકડતું.

Spar, (સ્પાર્)*n.* An old name for nonmetallic mineral: ધોળો-સફેત સુરમો. *n* A general term for any round piece of timber used as a mast,yard, boom, or gaff:વહાણનો ડોલ ઇ૦; સોટો;લાકડાનો થેકડો.2.A piece of timber: સાગના લાકડાનો કડકો. 3. The bar of a gate or door:દરવાજાનો સળીઓ; આડ; ભુંગળ. *vt.* To bolt; to bar: આડ દેવી;વાસવું,બંધ કરવું.2.To supply or equip with spars, as a vessel:વહાણને ડોળ પૂરા પાડવા. *vi.* To strike with the feet or spurs as cocks do:પગવતી મારવું. 2.To use the fists and arms scientifically in attack or defence: મુક્કા મારી કરવું; મુક્કાબાજી કરવી;મુષ્ટિયુદ્ધ કરવું.3.To wrangle:બોલાચાલી રકઝક કરવી; હુંકારા ટુંકારા કરવા; તડાતડી-હુજત કરવી.*n.* A contest; a sparring or boxing: મુક્કામારીની લડાઇ.

Spare,(સ્પેર્)*vt.*To retain or keep unused; to save: કરકસર કરવી;બચાવવું;સંચય કરવું;રાખી મુકવું; ઉગારવું; કોતાઈ કરવું;કસરથી વાપરવું 2.To forbear: માફ કરવું;રહેવા દેવું;મુકી છોડવું; રાખી મુકવું;બસ કરવું;દૂર રાખવું. 3. To show mercy to; જીવ અથવા સન્માથી બચાવવું-ઉગારવું-કાઢવું-ક્ષમા કરવું;-ની તરફ દયા બતાવવી-આણવી;રહેમ નજરે જોવું. 4. To save or gain, as by frugality: કરકસરથી ઉગારવું-કાઢવું;બચાવવું. 5. To do without; to give up; to part with:-ના વિના ચલાવવું-ચલાવી દેવું-ચાલવું; આપી દેવું;-થી જૂદા પડવું. *To* s.*one's self.* (*a*) to act with reserve: અદબથી-સન્માનથી વર્તવું. (*b*) To save one's self labor, punishment or blame: અંગ ચોરવું; જીવ ચોરવો. *vi.* To be frugal: કરકસરીઆ થવું; કસર કરવી;કસરથી વાપરવું; કસરથી રહેવું. 2.To use mercy or forbearance:-ના ઉપર દયા આણવી;રહેમ નજરે જોવું; ક્ષમા કરવી. 3.To desist;to stop; to restrain: અટકવું;બંધ પડવું-રહેવું;જવાદેવું-ન કરવું; બંધ કરવું;રાખી મૂકવું.*a.*Scanty: ઓછું; થોડું ; કમી: જાડું પાતળું . 2. Frugal; parsimonious: કરકસરીયું; કોસરીયું; કૃપણ 3.Superfluous: ફાલતું; ફાજલ; વધારાનું;અધિક;પુરસદનું;નવરાશનું. 4. Held in reserve:રાખી મુકેલું; જરૂર વખતે વાપરવાનું 5 Lean; meager thin:દુબળું;કૃશ;નિર્માંસ:શુષ્ક; સુકલકડી.6.Slow: મંદ;ધીમું. *n.* Moderation;restraint:બચાવવું તે.2.Parsimony; frugal use: કરકસર; કોસર; મિતવ્યય.3.A placket:બાકોરૂં; કાણું.

Sparing,(સ્પેરિન્ગ્) *a.* Spare; saving;frugal;merciful:બચાવતું; કરકસરીયું;દયાવંત-વાન;થોડું ; પરિમિત.S. *of speech*: જોખીને બોલનાર.

Sparingly,(સ્પેરિંગ્લિ) *adv* Parsimoniously:કરકસરથી; કંજુસાઈથી.

Spark, (સ્પાર્ક્) *n.* [L. *spargo*, I sprinkle] A small particle of fire or ignited substance which is emitted by a body in cumbustion:તણખો;ચણગારો;ચણગી; વિસ્ફુલ્લિંગ.2. A sparkle:જ્વાલાનો થોડી વારનો તેજસ્વી પદાર્થ. 3. A feeble germ; an elementary principle: ચણગારી; બીજ;કણગો;રજ; કણ;કણિકા; લવલેશ;અણુ;અંશ.*A* s. *of knowledge*: જ્ઞાનનો લેશ. *Vital* s.: જીવરૂપી ચણગારી. *n. A* brisk showy gay man:છેલ;કડક; લાલાજી.2 A lover; a beau; યાર; પ્રેમ; રમણ. *vi.* To sparkle: ચળકવું; ઝગઝગવું; લકલકવું; સ્ફુરવું; પ્રકાશવું.

Sparkish,(સ્પાર્કિશ્)*a.* Airy; gay; તણખાના જેવું; આનંદી. 2. Showy; fine:ઘરકી;આનંદી;છેલ; લાલા.

Sparkle(સ્પાર્ક્લ)*n.*A little spark; a scintillation: તણખો; ચીણગારી. 2.Brilliancy; luster: પ્રકાશ; ચળકાટ; તેજ. *vi.* To emit spark -માથી તણખા નીકળવા ઉડવા. 2. To glisten,to flash: ચળકવું;ચમકવું; નેજનો ભભુકો થવો.3.To effervesce: ખદબદવું;ઉકળવું; ઉભરો આવવો;-માંથી રહતી વખતે ફીણ નીકળવું.*vt.*To emit inthe form of sparks· તણખાના આકારમાં-રૂપમાં નીકળવું;ઝરવું. *vt.* To disperse: વિખરાઇ છૂટા પડી જવું.

Sparkling,(સ્પાર્ક્લિન્ગ્)*a.*Glittering;brilliant; lively (*as, wino, eyes,etc.*):ચળકતું;પ્રકાશતું;ચકોર; ઝગઝગતું;લખલખીત; તગતગીત; પાણીદાર; ફીણવાળું

Sparrow,(સ્પૅરો)*n.* One of many species of small singing birds: ચકલી; ચકો; ચટક.

Sparse,(સ્પાર્સ્) *a* [L. *spargo*, I scatter.] Thinly scattered; set or planted here and there:આંહે આંહે પાથરેલું-વેરેલું;વાવેલું;વિરલ;અભ્રવ;આછું; વેરાલું; થોડું . ૨.Scattered

વિખરાયવું. *vt.* To scatter; to disperse:વિખેરવું;વેરવું.

Spasm,(સ્પૅઝ્મ્)*n.*[Gr *spasmos*, a cramp.] An involuntary and unnatural contraction of one or more muscles or muscular fibres:તાણ;ખેંચ;ગોળો, આંકડી; ગેટલો. 2. A sudden, violent, and temporary effort or emotion: આંચકો;આક્ષેપ;આવેશ;પ્રયત્ન; એકાએક તોરથી કરેલો નિષ્ફળ પ્રયત્ન.

Spasmodic,(સ્પૅઝ્મૉડિક્) *a.* Of or pertaining to spasm; તાણવાળું -સંબંધી.2.Convulsive: આક્ષેપક; આંકડીવાળું. 3.Soon relaxed: થોડી વારમાં નરમ પડી જાય તેવું.

Spatter,(સ્પૅટર)*vt.* To mark wet or foul spots upon by shrinkling:ઉપર છાંટા પાડવા-ઉરાડવા;છાંટવું. 2.To distribute by sprinkling; to sprinkle aronnd (*as blood*): આસપાસ છાંટવું.3. To defame;to soil: કલંક લગાડવું;-ની ગેરઆબરૂ-બદનામી કરવું; કલંકિત કરવું;-ને કલંકિત દૂષણ લગાડવું ri. To sputter: થૂંક ઉરાડવું.

Spatula,(સ્પૅટ્યૂલ)*n.*[L. *spatha*, a spatula.]An implement shaped like a knife,flat.and somewhat flexible:મલમ પાયરવાનો ચપ્પુ;પાતળા પહોળા પાનાની છરી.

Spavin (સ્પૅવિન્)*n.*(*Far.*) A disease of horses characterized by bony swelling. ઘોડાના પગના સાંધા ઉપરનો સોજો-ગાંઠ-ખોતરો.

Spawn,(સ્પૉન્)*vt.&vi.* [L. *expendo*, I spread.] To produce or deposit(*eggs.*)as.fishes or frogs do: (ઇંડા) મુકવાં-મારવાં.2.To bring forth;to generate:જણવું;જન્મ આપવો.*n.*The ova or eggs of fishes, oysters, and other aquatic animals: દેડકી-માછલીના ઇંડા 2. Any product or offspring:ઓલાદ;વંશ બચ્ચું. [fish:માછલાંની માદા; માછલી.

Spawner,(સ્પૉનર) *n* The female

Speak,(સ્પીક્)*vi.* To utter words or articulate sounds as human being:બોલવું;ઉચ્ચાર કરવું;વદવું; ઉચ્ચારવું;ભાષણ-કથન કરવું. 2. To express opinions;to say; to converse: કહેવું;બોલવું,વાત કરવી; કચરવું-કહેવું.3 To utter a speech,discourse,or harangue:સભામાં બોલવું,ભાષણ કરવું;વાદ કરવું.4.To discourse: to tell: કહેવું; કહી-લખી બતાવવું.5.To give sound; to sound: અવાજ કરાવવો; બોલાવવું; ખખડાવવું. *To* s.*of*,to make mention of:-નું વર્ણન-બ્યાન કરવું; ને વિશે બોલવું; વર્ણવવું. *To* s.*well for*, to commend; to be favourable to, -ને અનુકૂળ-અનુસરતા હોવું-ની પ્રશંસા-વખાણ કરવું. *To* s.*with*,to converse with:-ની જોડે વાત કરવું.*vt.* To pronounce:બોલવું; ઉચ્ચારવું; કહેવું; કથન કરવું.2. To say; to tell:બોલવું; કહેવું. 3.To pracloim:જાહેર-જાણીતું-પ્રસિદ્ધ-પ્રકટ કરવું. 4. To talk in: બોલવું. 5.To address; to accost:-ની જોડે બોલવું;-ની સાથે વાત કરવી-ને કહેવું.

Speaker,(સ્પીકર્)*n.*:(*a*) One who utters or pronounces a discourse: બોલનાર; વક્તા; ભાષણકર્તા. (b) A chairman:પ્રમુખ;અધિપતી;મુખ;દ્વાર.

Speaking,(સ્પીકિંગ્) *a.* Uttering speech: બોલવું; બોલે એવું; બોલનારું. 2.Hence,capable of speech;life-like: જાણે હમણાં બોલશે એવું; આબેહુબ;જીવતું;તાદૃશ. S.*trumpet*: દૂરથી વાત કરવાની ભુંગળી. *On* s. *terms*; to be slightly acquainted:-સાહેબ સલામ ના વહેવારમા હોય તેવું.

Spear, (સ્પીર્) *n.* [L *sparus.*] A long pointed weapon; a lance: ભાલો.2.*Fig.* A spearman: ભાલાવાળો-માણસ 3. A sharp-pointed instrument with barbs: માછલાં વિગેરે પ્રાણીના શરીરમાં બોકવાનું અણીદાર હથિયાર. 4. A spire: ઘાસનું તરણું-તણખલું.5. The feather of a horse: ઘોડાના શરીરપર ઉગતો વાળનો ગુચ્છો.S *foot*,ઘોડાનો પાછલો પગ. S.*hand*,જમણો હાથ. S. *side*; the male line of a family:કોઇ કુટુંબના પુરૂષો. *vt.* To pierce with a spear: ભાલો ભોગવો-ખોસવો; ભાલો મારીને મારી નાંખવું. *vi.* To shoot into a long stem:-ના લાંબા કણગા ફુટવા.

Spearman(સ્પીર્મૅન્)*n.pl* **Spearmen.**One who is armed with a spear:ભાલો રાખનાર; ભાલાવાળો; ભાલેદાર.

Special,(સ્પૅશલ્)*a.* [L. *species*, a particular sort.]Of or pertaining to a species: અમુક જાતિ વિષેનું-સંબંધી; જાતિ વાચક; જાતીય. 2. Particular; peculiar; uncommon: વિશેષ;વિશિષ્ટ;ખાસ,મુદ્દામ; અસાધારણ;અદ્‌ભુત;વિલક્ષણ.3.Appropriate: અમુક; ખાસ; મુદ્દામ. 4. Limited in range:ખાસ; પારિભાષિક. 5. Chief in excellence: ઉત્તમતા-શ્રેષ્ઠતામાં મુખ્ય; શ્રેષ્ઠ; મુખ્ય. *Special partner*,a limited partner: અમુક રકમ સુધીના નુકસાનમાં ભાગીદાર. S.*pleading*: નવી તકરાર (b) ખાસ ફરીદ. *n.* A particular: બાબત. 2. One appointed for a special service or occasion: અમુક કારણ-કામને માટે નિમેલો માણસ.

Specialist, (સ્પેશલિસ્ટ્) *n.* One who devotes himself to some speciality:કોઇ અમુક વિષયનો ખાસ રીતેજ અભ્યાસ કરનાર; અમુક બાબતમાં ઘણોજ કાબેલ નિપુણ પુરૂષ.

Speciality, (સ્પેશિઍલિટિ) *n. pl.* **Specialities** A particularity:અમુકબાબત;ખાસીયત;વિશેષ ધર્મ; વિશિષ્ટતા.2. See **Specialty**. 3. An object of special attention; a specialty:વિશેષવિષય-ગુણ;સરસાઇ-ખૂબીની બાબત; વિશેષતા.

Specially, (સ્પેશલિ) *adv.* Particularly; especially: મુખ્યત્વે કરીને વિશેષે કરીને; વિશેષ. 2.For a particular purpose:મુદ્દામ; ખાસ; વિશેષ કામસર.

Specialty,(સ્પેશૅલ્ટિ)*n. pl.***Specialties.** Particularity: અમુક બાબત.2. A particular or peculiar case:વિશેષધર્મ;વિશિષ્ટતા. 3.A contract or obligation under seal: મહોર સાથેનો કરાર.4.A speciality: ખાસીયત. [ey: નગદી; રોકડ અવેજ.

Specie,(સ્પીશિ)*n.*Coin;hard mon-

Species,(સ્પીશીઝ્) *n. Sing & pl.* Visible or sensible presentation;appearance:દેખાવ;આકાર. 2. A group of individuals agreeing in common attributes, and designated by a common name: પ્રકાર;જાતિ; વર્ગ.3. A more or less permanent group of existing things or beings:વર્ગ; પ્રકાર; જાતિ. 4.A sort;a kind:a variety:વરાહ; પ્રકાર;જાત; ભેદ; વિશેષ. 5.Coin; specie: નગદી; રોકડ અવેજ 6.A public spectacle or exhibition:તમાસો;ખેલ.

Specific,(સ્પેસિફિક્) *a.* [L. *species*, a particular sort or kind&*facio*, I make.] Of or pertaining to a species; characterizing or constituting a species: અસાધારણ; અમુક;જાતિવિશિષ્ટ; વિશેષ; અસામાન્ય; જાતિ વ્યક્તિગત 2. Defiite; limited;precise: નિયમિત; અમુક; ખાસ; ચોક્કસ.3. Preventing or curing disease by a peculiar adaption: અવશ્ય ગુણકારી;આબાદ;અચૂક સંધાની; રામબાણ.S.*character*: જાતિ વિશિષ્ટ લક્ષણ-ગુણ. S.*gravity*: વિશિષ્ટ-વિશેષ ગુરૂત્વ. *n.* A specific remedy: રામબાણ ઉપાય. 3. Any thing having peculiar adaption to

the purpose to which it is applied:ખાસીયત;વિશેષ ગુણ-લક્ષણ.

Specifically, (સ્પેસિફિકલિ) *adv.* In a specific manner:નિયમિત-ચોકસ રીતે;યથાર્થતિ;જાતિના ગુણ પ્રમાણે.

Specification, (સ્પેસિફિકેશન્) *n.* The act of specifying or determining by a mark or limit; notation of limits: હદ બતલાવવી તે 3.Particular mention:વિશેષહકીકત બતાવવી તે; વિગત કરી બતાવવી તે.3.A written statement containing a minute description: વિગતવાર લખેલી વિશેષ-ખાસ હકીકત; વિશેષકથન-વર્ણન;તપસીલવાર યાદી-ટાંચણ.

Specify, (સ્પેસિફાઇ) *vt.* To mention or name as a particular thing: ધ્યાન કરવું;બતલાવવું; વિશેષ વર્ણન કરવું; નામ દેવું-દેખાડવું;નિર્દિષ્ટ કરવું.

Specimen, (સ્પેસિમેન્) *n.* [L. *specio*, I look.] A sample;model; pattern નમુનો;વાનગી;માસલો;પ્રતિમા;પ્રતિરૂપ.

Specious, (સ્પીશસ:) *a.* [L. *specio*, I look.] Pleasing in form or look; showy:દેખીતું સારું;દેખાવડું .2.Plausible:ઉપરથી દેખીતું સત્ય સાબીત-ખરું; સત્યાભાસનું;સત્યસદૃશ;સત્ય-ભાસાત્મક.

Speck, (સ્પેક્) *n.* A spot; a stain;a blemish:ડાઘો;કબકો;ચાંદુ; ચાઠું;ચિન્હ; બિંદુ;ડાઘ;કલંક:કુલ.2. A very small thing;a particle; a mite: ઘણીજ નહાની વસ્તુ-પદાર્થ; રજ; કણ;લેશ.3.A small etheostomoid fish: એક જાતની નાની માછલી. *vt.* To cause the presence of specks upon or in: ઉપર અથવા-માં ટાંકા પાડવા.

Speckle, (સ્પેકલ્) *n.* A little speck or spot: નાનો ડાઘો-ટપકું; છાંટ. *vt.* To mark with small spots: નાના ડાઘા પાડવા.

Speckled, (સ્પેકલ્ડ્) *a.* Marked or variegated with small spots of a different color:જૂદા જૂદા રંગના છાંટા-છાંટવાળું.

Spectacle, (સ્પેક્ટૅકલ્) *n.* [L. *specto*, I look.] A show; a pageant; તમાસો;ખેલ; દેખાવ; દૃશ્ય;કૌતુક; ચમત્કાર; પ્રદર્શન. 2. A spy-glass; a looking glass:જોવાનો કાચ; તકતો. 3. *pl.* An optical instrument consisting of two lenses set in a light frame, and worn to assist sight: ચશ્મા;ઉપનેત્ર.

Spectator, (સ્પેક્ટેટર્) *n.* A beholder: તમાસગીર-જોનાર;પ્રેક્ષક; દૃષ્ટા; સામાજીક.

Specter, Spectre, (સ્પેક્ટર્) *n.* [L. *specio*, I look.] An apparition; a ghost;a phantom:ભૂત;પ્રેત; શેતાન; પિશાચ;છાયા; વેતાલ.

Spectral, (સ્પેક્ટ્રલ્) *a.* Relating to or like a spectre: ભૂત-પિશાચનું-ના જેવું.

Spectrum, (સ્પેક્ટ્રમ્) *n.* (*Opt*) The several colored and other rays of which light is composed:અજવાળાનાં રંગબેરંગી કિરણો;વિચ્છિન્નકિરણ. 2. A luminous appearance, or an image seen after the eye has been exposed to a strong light: કરડા અજવાળા તરફ આંખ રાખી મૂકવાથી દેખાતો તેજસ્વી દેખાવ કે આભાસ. *Solar* s: સુરજના કિરણને બંધારમાંથી અંધારી જગ્યામાં રાખવાથી પડદા ઉપર પડેલો આકાર.S. *analysis*: આત્મપ્રકાશિત અથવા બળતા પદાર્થના કિરણને ત્રણ પાસાના બીલોરમાંથી અંધારી જગ્યામાં રાખવાથી જે જૂદા જૂદા રંગની લીટીઓ પડેલી દેખાય છે તે લીટીઓના સ્થિતિ ઉપરથી તે પદાર્થો શાનાશાના બનેલા છે તે જાણવાની વિદ્યા-કળા.

Spectroscope, (સ્પેક્ટ્રોસ્કોપ્) *n.* An instrument for forming and examining spectra of luminous body: રશ્મિવર્ણદર્શક યંત્ર.

Speculate, (સ્પેક્યૂલેટ્) *vi.* [L. *spa, cula*, a look out.] To meditate; to contemplate; to theorise:વિચાર-તર્ક-કલ્પના કરવી-ચલાવવી. 2. To purchase with the expectation of a contingent advance in value, and a consequent sale at a profit: સટ્ટો કરવો;વાયદાનો વેપાર -સોદો કરવો. *vi* To consider attentively:ધ્યાનપૂર્વક વિચાર કરવો.

Speculation, (સ્પેક્યૂલેશન્) *n.* (*a*) Examination by the eye;view: આંખથી જોવું તે;દેખાવ.(*b*) Contemplation; intellectual examination:વિચાર;તર્ક; મનન. (*c*)The act or process of reasoning *a priori* from premises given or assumed: વિમર્શ, તર્ક; વિચાર. (*d*) (*Com.*)A trading on anticipated fluctuations in price: સટ્ટાવાયદાનો વેપાર;સટ્ટો;વાયદો. (*e*) Any business venture involving unusual risks, with a chance for large profits:સટ્ટો;સટ્ટા-વાયદાની લેવડદેવડ.2.Notion;conjecture: વિચાર;કલ્પના; અટકળ;તર્ક; અનુમાન; અંદાજ.

Speculative, (સ્પેક્યૂલેટિવ્) *a.* Given to speculation, contemplative: તર્કબાજ;વિચાર-ધ્યાન-મનનશીલ; સટ્ટાખોર. 2. Ideal; theoretical: કાલ્પનિક; માનસિક;અવ્યવહારિક.

Speculator, (સ્પેક્યૂલેટર્) *n* (*a*) An observer;a contemplator:જોનાર; વિચાર-તર્ક કરનાર. (*b*) A theorist: તર્ક-કલ્પના કરનાર. (*c*) (*Com*) One who engages in speculatian: સટ્ટો કરનાર;સટ્ટાખોર વેપારી; સટોરીઓ.

Speculum, (સ્પેક્યૂલમ્) *n.* *pl.* L. Specula. E. Speculums,[L. *specio*,I see.]A mirror or looking glass: ચાટલું; આરસી; આરસા; દર્પણ;ખાપ.2.A reflector of polished metal: ઓપેલો ધાતુનો આરસો-આદર્શ.

Speech, (સ્પીચ્) *n.* The power of speaking: વાચા; વાણી; બોલો. 2. Language; conversation: ભાષા; વાતચિત;વાગ્વ્યાપાર; શબ્દવ્યાપાર. 3. A tongue;a dialect: ભાષા; બોલી; જબાન.4.Talk;mention; common saying:વાત;વાતચિત; વર્ણન.5.Oration;harangue:ભાષણ;વક્તૃત્વ.*Elegance of* s.:શબ્દ લાલિત્ય.*Bad* s.: દુર્ભાષણ;કુવચન.*Goddess of* s.:સરસ્વતી.*Maiden* s.: પહેલી વારનું ભાષણ.

Speechify, (સ્પીચીફાઇ) *vi.* To make a speech: ભાષણ કરવું.

Speechless, (સ્પીચ્લેસ્) *a.* Destitute or deprived of the faculty of speech:વાચા વિનાનું;વાચાહીન-રહિત; અવાચક.2. Dumb; mute; silent:મુગું;છાનું;નિરુત્તર; અનુત્તર.

Speed, (સ્પીડ્) *n.* Favorable issue:success:સફળતા; સિદ્ધિ.2.Velocity;rapidity; dispatch: ઉતાવળ; ઝડપ;ત્વરા;વેગ; ગતિ; તાકીદ. 3. One who or that which causes or promotes speed or success:ગતિ-ફતેહમાં વધારો કરનાર.*Good* s.good speed;prosperity:સફળતા;આબાદી; ફતેહ;સિદ્ધિ;નિર્વિઘ્ન-પ્રવાસ.*vi.*To go; to fare:જવું.2.To fare:-ના હાલ-દશા-વલે થવી હોવી;-ને વીતવું.3. To have success;to prosper:પાર પડવું;ફતેહ-સિદ્ધિ મેળવવી. 4. To make haste; to move with celerity: ઉતાવળ-જલદી-ઝડપ કરવી; દોડાવવું; ઉતાવળ કરાવવી.5.To be expedient: કાર્ય સાધક હોવું.*vt.*To aid; to favor:ને મદદ સહાય કરવી.2. To cause to make haste; to dispatch with celerity:ઉતાવળ-ઝડપ કરાવવી; જલદીથી મોકલવું. 3. To expedite:-નો જલદીથી છેડો-અંત લાવવો; જલદી પૂરું કરવું-પાર મૂકવું. 4. To put an end to; to ruin:-નો જલદીથી નાશ કરવો-અંત આ-

ખર–આણવેા-છેડેા;પૂરૂં કરવું.5.To wish success or good fortnne to in any undertaking:-નું શુભ-સારૂં ઇચ્છવું;-ની કૃતેહ ઇચ્છવી.

Speedily, (સ્પીડિલિ) *adv.* In a speedy manner: જલદીથી,ઉતાવળથી; ઝડપથી;વેગથી;તાબડતેાબ; સ્પષ્ટ.

Speedy,(સ્પીડિ) *a.* Quick; hasty; nimble;swift: ઉતાવળું;વેગવાળું;ચાલાક;ચપળ; ઝડપવાળું; સત્વર.

Spell,(સ્પેલ્)*n.*A spelk or splinter:ખપાટિયું; પખવારું; ચીપટ. *vt.* To relieve:-ની જગ્યાએ થેાડા વખત સુધી આવવું:-ને મુક્ત કરવા:-વારેા બદલાવવેા. *n.* The relief of one person by another in any piece of work or watching:કેાઈ પણ કામમાં બીજાની જગ્યાએ થેાડા વખત સુધી આવીને તેને છૂટેા કરવે તે; વારેા બદલવેા તે. 2. The time during which one person or gang works until relieved:વારેા;વખત;પાળી; વારી.

Spell,(સ્પેલ) *n.* A story; a tale; વાત;વાર્તા. 2. Any charm; an incantation:મંત્ર;મેાહણી;મેાહકતા;આકર્ષણ;ટુચકેા.*vt.*[*imp*, & *p.p.* **Spelled,**or **Spelt.**]To tell;to relate; to teach:કહેવું;વર્ણવવું;શિખવવું.2 To fascinate; to charm: મંત્ર-મેાહણી કરવી-લગાડવી-મારવી.3.To constitute; to measure: માપવું; માપ કરવું.4.To tell or name in their proper order the letters of,as a word:ની જોડણી કરવી-કહેવી. *To* **s.** *out*: ખેાળી શેાધી કાઢવું. *vi.* To form words with letters: જોડણી પ્રમાણે શબ્દ લખ્યા-કરવા;જોડણી કરવું.2.To study by noticing characters:-ના ચિન્હ-લક્ષણ જોઇને શિખવું;અક્ષર-વર્ણથી શિખવું.

Spell-bound, (સ્પેલ્-બાઉન્ડ) *a.* Bound by,a spell: મંત્રથી બાંધેલું; અંજાઇ ગયેલું.બંધાઇ ગયેલું; સ્તબ્ધ.

Spelling,(સ્પેલિન્ગ્)*n.*Formation of words by letters;orthography: જોડણી;વર્ણ રચના;પદાક્ષર.**S.***book*:જોડણી શિખવવાની ચેાપડી; લિપિપ્રારા.

Spelter,(સ્પેલ્ટર)*n.* Zinc: જસત.

Spencer,(સ્પેન્સર)*n.*One who has the care of buttery:કેાઠારી; અન્ન ચેાળાની દેખરેખ રાખનાર.*n.*A short jacket: નહાની બંડી-બદન-કુરતું.

Spend,(સ્પેન્ડ) *vt.* [*imp.* & *p. p.* **Spent,**] [*L. expendo,* ' weigh out.]To dispose of;to part with: વાપરવું; કાઢવું; ખરચવું; વાવરવું. 2.To bestow; to employ (often with *on or upon.*)વાપરવું;ખરચવું.3. To consume;to waste; to exhaust: ઉડાવવું; ગુમાવવું; ખરચી-વાપરી દેવું-નાંખવું.4.To pass as time;to suffer to pass away: વખત ગુમાવવેા-નકામેા ગાળવેા ગુજરવું;ટાળવું;કાઢવું. 5. To waste;to wear away:-નું બળ-જોર નીકળી જવું; બળ ખપાવી-વાપરી નાંખવું.6.To exhaust: ખાલી કરવું;વાવરી નાંખવું; ખપાવી નાંખવું;-થી ખપી જવું; કાઢી ચૂકવું;-નું નીકળી ચૂકવું. *vi.* To spend money or any other possession: વાપરી-ગુમાવી-ખરચી નાંખવું.2.To waste or wear away; to lose force or strength: બળ જવું રહેવું-નીકળી જવું-નાશ પામવું-ખરચાઈ વવરાઈ જવું.3.To be diffused; to spread: ફેલાવું; પથરાવું.

Spend-thrift, (સ્પેન્ડ્-થ્રિફ્ટ્) *n.*A prodigal:ઉડાઉ માણસ; કુલક્ષણી. *a.* Prodigal;extravagant:ઉડાઉ; બહુ ખરચનાર-વાપરનાર.

Sperm, (સ્પર્મ્) *n.* [L *sperma.*] The male fecundating fluid; semen:ધાતુ;મની;બીજ;વીર્ય *n.* Spermaceti: મગરમચ્છના માથામાંનું તેલ. *n.* spawn:દેડકા-માછલાંનાં ઇંડાં.

Spermaceti,(સ્પર્મસીટિ) *n.* [L. *sperma,*sperm& *ceti,* any large sea animal.]'A white waxy substance: એક પ્રકારની મીણબત્તી બનાવવાની મગરમચ્છની ચરબી.

Spermatic,(સ્પર્મૅટિક્)*a.*Ofor perthining to semen: ધાતુ-રેતસ સંબંધી; બીજવાળું.

Spermatorrhœa,(સ્પર્મટોરીઅ)*n.* Abnormally involuntary emission of the semen without copulation: સંભેાગ કર્યા વગર વિર્ય ખાલી થવાનેા રેાગ; વિર્યસ્ખલન; વીર્યસ્રાવ.

Spew,(સ્પ્યૂ)*vt.*[L. *spuo,*I vomit.) To vomit:ઉલટી કરવી; ઓકવું. 2. To cast forth with abhorrence or disgust; to eject: કંટાળા-ધિક્કારથી નાંખી-ફેંકી દેવું;-ના સ્વિકારવું. *vi.* To vomit:ઉલટી કરવી;નાંખવું;ઓકવું; ઓકી નાંખવું. 2. To eject seed, as wet land swollen with frost: બહાર કાઢવું;કપસાવી કાઢવું.*n.*Vomit: ઉલટી; નાંખ; ઓકારી; વમન.

Sphere,(સ્ફીર્)*n.* A body or space contained under a single surface, which in every part is equally distant from a point within called its *centre*: ગેાળ; ગેાળાકૃતિ;ગેાળેા; મંડલ;વર્તુલ.2 Any globe or globular body: કેાઈપણ ગેાળાકાર પદાર્થ;સૂર્ય મંડળનેા કેાઈ ગેાળેા 3. The apparent surface of the heavens: આકાશની દેખીતી-અહારની સપાટી;ગગન;નભેામંડળ; આકાશ;આકાશમંડલ. 4. Compass; province;employment: વિષય; પ્રકરણ; ઇલાકેા; અમલ; ટપેા;અધિકાર; કામ.5. Rank; order of society: social position:અવસ્થા;દશા;સ્થિતિ;પાયરી; દરજ્જેા;ક્રમ. An orbit, as of a star; a socket: તારાની કક્ષા. *Armillary* **s.**: ખગેાળ. *vt* To place in a sphere;to insphere.ગેાળામાં મૂકવું. 2. To form into roundness: ગેાળ-ગેાળાકાર બનાવવું.

Spherical,(સ્ફેરિકલ્)*a.* Globular; orbicular:ગેાળાકાર;ગેાળાકૃતિનું; ગેાળ. 2. Of or pertaining to a sphere: ગેાળા સંબંધી-નું-વિષે; વર્તુલ સંબંધી;ગેાલીય. 3. Of or pertaining to the heavenly orbs; આકાશમાંના ગેાળા; ગ્રહ સંબંધી-નું-વિષે.

Sphericity,(સ્ફેરિસિટિ)*n.* Roundness;ગેાળાઈ;ગેાળાકૃતિ;ગેાળાકાર; ગેાળત્વ,વર્તુલત્વ.

Spherics,(સ્ફેરિક્સ્)*n.*The science of the properties and reletions of circles, figures, and other magnitudes of a sphere produced by planes intersecting it:ગેાળશાસ્ત્ર; ગેાલવિદ્યા.

Spheroid,(સ્ફીરૉઇડ્)*n.* [L. *sphaeroides,* ball-like.] A body or figure approaching to a sphere, but not perfectly spherical: ગેાળકલ્પ આકૃતિ; ગેાલસદૃશ આકૃતિ. *Oblate* **s.**:ચપ્પટ ગેાળ;પ્રથમાણ્ડ ગેાળ. *Prolate* **s.**:અંડગેાળ; દ્વિતિયાંડ ગેાળ.

Spheroidal,(સ્ફીરૉઇડલ્)*a.*Having the form of a spheriod:ગેાળકલ્પ; ગેાળપ્રાય; ગેાળસદૃશ.

Spherule, (સ્ફીર્યૂલ્) *n.* A little sphere or spherical body: નાનેા ગેાળેા; ગેાળી;લઘુગેાળ.

Sphinx,(સ્ફિન્ક્સ્)*n.*A monster of Greek mythology with head of woman and the body of a lioness: એક પ્રકારનેા કલ્પિત રાક્ષસ (તેનું મ્હેાં છાતી સ્ત્રી જેવાંને નીચેનેા ભાગ સિંહ જેવેા કલ્પેલેા હતેા.)

Spice,(સ્પાઇસ્)*n.* [L. *species,*'species, kind.] Species; kind:જાત. 2. A vegetable production of many kinds,fragrant or aromatic, and pungent to the taste: મસાલાની ચીજ-વસ્તુ-જણસ; ગરમ મસાલેા,તેમનેા.3.A slight flavoring; a relish: જરા સ્વાદ; સ્વાદ,વાસ,ફેાર; મરી મસાલેા.4. A small quantity: થેાડું; જરીક; ચપટી. *vt.* To season with spice or as with spice:

મશાલેદાર-વાળુ બનાવવું. 2. To fill or impregnate with the odor of spices:-માં મશાલો ભભરાવવો;-ને મશાલેથી ભરવું; ખુશબોદાર-સુગંધીદાર કરવું. 3.To render nice or dainty; hence, to render scrupulous: સંભાળવાળું કરવું; ખમચાતું-આંચકો ખાતું કરવું.

Spicery, (સ્પાઇસરિ) *n.* Spice in general: મશાલા માત્ર; મશાલા; તેનાં. 2. A repository of spice: મશાલા રાખવાની જગા-વખાર.

Spick,(સ્પિક્) *n.* A spike or nail: ખીલો. S. *and span,* quite new: તાજું;નવુંનકોર; કોરુંકટ્ટ'તું.

Spicular,(સ્પિકયૂલર્)*a.*[L. *speciolum,*a dart]Resembling a dart: અણીદાર;તીક્ષ્ણ-તીણી અણીદાર-વાળું.

Spicy,(સ્પાઇસિ)*a.* Fragrant; aromatic: મશાલાદાર; ખમખમાટવાળું .2. Producing or abounding with spices: મશાલો ઉત્પન્ન કરતું-માં ઘણો હોય તેવું. 3. Piquant; pungent; racy:ઝમઝમાટ;તમતમાટ-તીણું; મશાલેદાર;મિષ્ટ; સુરસ.

Spider, (સ્પાઈડર્) *n.* Any one of numerous species of arachnids કરોળીઓ;અષ્ટપાદ;કોષકાર.2.An iron pan with a long handle: પેણી; તાવડી; કઢાઈ. 3. A trevet to support pans or pots over a fire: ચૂલા ઉપર મૂકવાની ઘોડી-ટેકણ.

Spigot,(સ્પિગૉટ્)*n.* A pin or peg used to stop the vent in a cask: નાની ગાબડી; પીપનો ડાટો.

Spike,(સ્પાઈક્)*n.*[L. *spica,*a point (*a*) A sort of very large nail: એક જાતનો મોટો ખીલો; ખીંટો; મેખ; શૂળ;રાકુ.(*b*) A piece of pointed iron: આર; આરી. 2. An ear of corn or grain: કણસલું; ડુંડું.3. A kind of flower cluster: ફણગો;ફુલનો ગુચ્છો. *vt.* To fasten with spikes: લાંબા ખીલા ઠોકીને મજબુત કરવું-જડી લેવું; મજબૂત બેસાડવું. 2. To set or furnish with spikes: ખીલા જડવા-બેસાડવા.3. To fix on a spike (R): ખીલાને વળગાડવું-બેરવું. 4. To stop the vent of by driving a spike, into it: ગાબડી મારીને મ્હોં બંધ કરવું.

Spikenard, (સ્પાઈક્નાર્ડ્) *n.* An aromatic plant: જટામાંસીનો રોપો;જટામાંસી; જટિલા.2.A fragrant essential oil: સુગંધીદાર તેલ;નાર્દ.

Spile,(સ્પાઇલ્)*n.* A small peg or wooden pin,used to stop a vent, as in a cask:પીપનો ડાટો.2.A small tube or spout inserted in a tree for conducting sap: ઝાડમાંથી રસ ખેંચી લેવાને મુકેલી નળી. 3. A pile: કોઠેરો. *vt.*To supply with a spile or spigot:-નો ડાટો બનાવવો-કરવો-ને બેસાડવો.

Spill, (સ્પિલ્) *n.* A bit of wood split off; a splinter: ચીરો; ચીપટ. 2.A slender piece of anything: કોઈપણ ચીજનો પાતળો કકડો (*a*) A spile:ડાટો. (*b*) A metallic rod or pin: ધાતુનો સળીઓ-ખીલી. (*c*) A small roll of paper or slip of wood: કાગળની વાળેલી ખીલી અથવા લાકડાની ચીપ. 3. A little sum of money: પૈસાની નાની-જૂજ રકમ. *vt.* To decorate or cover with slender pieces of wood,metal,ivory, etc: હાથીદાંત; ધાતુ કે લાકડાની ચીપો જડવી-બેસાડવી. *vt.* To destroy; to kill: નાશ કરવો; મારી નાંખવું;-નો અંત આણવો.2. To mar, to injure; to deface: બગાડવું;-ને નુકસાન કરવું; કદરૂપું કરવું 3. To lose or suffer to be scattered:ઢોળાવા દેવું;વેરાવા દેવું;ઢોળાવું; વેરવું 4. To shed or suffer to be shed: કાઢવું; પાડવું. *vi.* To be destroyed,ruined or wasted: નાશ પામવું થવું.2. To be shed; to run over: ઢોળાવું; વેરાવું; ઢળવું.

Spin,(સ્પિન્)*vt.*[*imp.*&*p.p* Spun.] To draw out and twist into threads: કાંતવું;-નો દોરો-તાંતણો કાઢવો-વણવો. 2. To extend to a great length:અતિશય તાણી તાણીને લંબાવવું; વાર લગાડીને કાઢવું; લંબાવીને પંજણ કરવું; ઢાહેવું કુટવું. 3 To protract;to spend by delays: ગુમાવવું;રસળીને પૂરું કરવું.4. To whirl; to twirl: ચકર ચકર ફેરવવું; ફેરવવું; પરિભ્રમણ કરવું. 5. To shape, as malleable sheet metal, into a hollow form: ઉતારવું; ચાક ઉપર ઉતારવું *To* S.*a yarn*: લાંબી જેડી કાઢેલી વાત કહેવી; ગપ્પા હાંકવાં. *vi.* To practise spinning: કાંતવું;તાર-દોરો-કાઢવો.2.To whirl:ચકર ચકર ફરવું.3 To stream or issuse in a thread or a small current or jet: ઝીણી ધારે વહેવું 4.To move swiftly: ઉતાવળ-જલ્દીથી જવું; સરરર કરતાં ચાલ્યા-નીકળી જવું. *n.* The act of spinning:ખરખર-કરેડાટ ચાલ્યા જવું તે.2.Velocity of rotation about some specified axis:વેગ;ગતિ.

Spinach-Spinage,(સ્પિનેજ્)*n.* A kind of esculent vegetable:એક જાતની ભાજી.

Spinal.(સ્પાઇનૅલ્)*a* [L *spina,* the spine.]Rachidian;vertebral: વાંસની કરોડ સંબંધી-નું-વિષે; પૃષ્ઠવંશ વિષયક.2. Of or pertaining to a spine or spines: કાંટા-કંટક-પાંસળાં સંબંધી,

Spindle, (સ્પિન્ડ્લ્) *n.*The long round,slender rod or pin in spinning wheels by which the thread is twisted:તરાક; ત્રાક; રપીન્ડલ. 2. An axis:આરી; આસ; આક.3. The fusee of a watch:ઘડિયાળની કમાનની ઘરી-દાંડી.4.A long and slender stalk resembling a spindle: ત્રાકને મળતો લાંબો પાતળો દાંડો.S.*side* the female side in descent; in the female line: માતૃપક્ષ તરફથી; મા તરફનું.S.*of a vane:*પવનની દીશા સૂચક યંત્ર જે દાંડી ઉપર ફરે તે દાંડી.*ui.* To shoot or grow into a long, slender stalk or body: પાતળું અને લાંબું થવું.

Spindle-Shanks,(સ્પિન્ડલ્શૅન્ક્સ્) *n.*A person with slender shanks or legs:લાંબા-પાતળા પગવાળો માણસ; દીર્ઘ જંઘી. *Spindle shanked:* લાંબા પાતળા પગવાળું;લાંબટંગુ.

Spine,(સ્પાઇન્) *n.* [L. *spina,* a thorn.] A sharp appendage to any pari of a plant;a thorn:ઝાડનો કાંટો. 2. A rigid and sharp projection upon any part of an animal:પ્રાણીના શરીરપરનો ઢેકો. 3.The backbone,or spinal column, of an animal:કરોડ;બરડાનું હાડકું;પૃષ્ઠવંશ.

Spinner,(સ્પિનર્)*n.* A spinning machine: કાંતનાર; કાંતવાનો સંચો; રેંટીઓ.2.A spider:કરોળીઓ.

Spinning,(સ્પિનિન્ગ્)*a.*&*n.*From spin:સૂતર કાંતનારું-વાનું;સૂતર કાંતવું તે.

Spinning-jenny,(સ્પિનિન્ગ્જેનિ)*n.* A machine for spinning wool or cotton:કાંતવાનો સંચો.

Spinning-wheel,(સ્પિનિન્ગ્હ્વીલ્) *n* A machine for spinning yarn or thread:રેંટીઓ;ચરખો.

Spinous-spiny,(સ્પાઇનસ્-સ્પાઇનિ) *a.*Spinose;thorny: કાંટાવાળું; સકંટક.2.Spinelike:કાંટા જેવું-ના આકારનું.3.Abounding with difficulties or annoyances: માથાકુટીયું; જેમાં બહુ કડાકુટ પડે એવું.

Spinster,(સ્પિન્સ્ટર્)*n.* A woman who spins or whose occupation is to spin:રેંટીઓ કાંતનારી સ્ત્રી-બાયડી.2.A man who spins:કાંતનાર-માણસ.3.An unmarried or single

woman: નહિ પરણેલી-કુંવારી સ્ત્રી; અવિવાહિતા; અવિવાહિત સ્ત્રી. 4. A woman of evil life and character:ખરાબ-બદચાલની સ્ત્રી.

Spiral,(સ્પાઇરલ્) *a.* Winding or circling round a centre or pole and gradually receding from it:સર્પાકાર;ચક્રાકાર. 2. *W*inding like the thread of a screw;helical: પેચ-ઇસ્ક્રુના જેવું;ભમરીઆ કુવા જેવું; સર્પિલ.

Spire,(સ્પાઇર્)*vi.*[L. *spiro*, I breathe.]To breathe: શ્વાસ લેવો-ખેંચવો.*n.*A slender stalk or blade in vegetation: ઘાસની પાંદડી-પાન. 2.The tapering past of a steeple,or the steeple itself: અણીદાર-વાળો ભિનારો-શિખર;શૃંગ. 3. A tube or fuse for communicating fire to the charge in blasing:અગ્નિ પહોંચાડવાની નળી; જોત; અગ્નિશિખા.4.The summit: શિખર; ટોચ;મથાળું;પરાકાષ્ઠા;અણીદાર શિખર. *vi.*To shoot forth, or up in, as if in a spire: ફાંટા ફુટવા. *n.* [L. *spira*,coil.] A spiral; a curl;a whirl;twist:વળ;વાંક;આવર્ત્તન.

Spirit, (સ્પિરિટ્) *n.* [L. *spiro*, I breathe.](*a*) Air set in motion by breathing;breath: શ્વાસ. (*b*) Life itslf:જીવ;પ્રાણ; ચૈતન્ય; આત્મા જીવાત્મા.2.A rough breathing; an aspirate as the letter *h*;મહાપ્રાણી વર્ણ-અક્ષર.3.Life or living substance;vital essence, force or energy:જીવ;ચૈતન્ય;પ્રાણ. 4. The soul:જીવાત્મા; દેહી;ક્ષેત્રજ્ઞ;આત્મા.5.A disembodied soul:પ્રેતાત્મા; વિદેહી-આત્મા.6. (*a*) An apparition: a spectre; a ghost: ભૂત; પિશાચ; જીન;પ્રેત;છાયા.(*b*)A fairy;a sprite; an elf:વનદેવતા;રાક્ષસી. 7. Ardor: જોશ;ઉત્સાહ;જોમ; પાણી; હિંમત; દમ; ઉત્સાહ; ધર્ય. 8. One who is vivacious or lively:ચપળ-ચકોર-ચાલક પુરૂષ-માણસ.9. Temper or disposition of mind;mental condition or disposition:મનની સ્થિતિ; મિજાજ;ભાવ;પ્રકૃતિભાવ; તબીય; બુદ્ધિ; મન;વૃત્તિ;મરજી;ચિત્ત; મન; શીલ. 10. Intent;real meaning:ભાવાર્થ;ભાવ;અર્થ;આશય;તાત્પર્ય;ઉદ્દેશ;હાર્દ;હેતુ; મુદ્દો.11.Tenuous, volatile, airy or vapory substance, possessed of active qualities:વાયુરૂપી પદાર્થ. 12. Alcohol, often in the *pl*: દારૂ:મદ્ય;આસવ;સુરા;મદિરા; 13. *pl.* Rum,whisky, brandy, gin,and other distil led liquors:ગાળેલા દારૂ જેવા કે રમ;વ્હિસ્કી, બ્રૅન્ડિ, જીન વિગેરે અર્ક;આસવ;કસદાર -જલદદારૂ.14. Essential portion;lift;virtue; goodness:અર્ક; સત્વ; સત્વાંશ; તત્વાંશ; સારાંશ;સાર;દમ; રહસ્ય; કસ;જીવ;તેજ: ઓજ;વીર્ય; પ્રભાવ. 15.Any one of the four substances, sulphur, sal ammoniac, quicksilver or arsenic:ગંધક, નવસાર, પારો અગર સોમલ પૈકીની એક જણસ. 16. An airy substance:વાયુરૂપી પદાર્થ. S. or *The* s. (*Theol.*) the Holy Ghost:પવિત્રાત્મા.*Rectified* s.: મદ્યાર્ક. *Spirits of wine*: શુદ્ધ અર્ક. *Animal* s.s. (*a*)લોહીનુ ચૈતન. (*b*) હોંશીયારી ચાલાકી.*Proof* s: મદ અર્ક.S.*of the times*: કાળધર્મ;જમાનો. *vt.* To excite; to encourage; to inspirit: ઉશ્કેરવું; હિંમત આપવી;-ને વેગ આપવો.2. To convey rapidly and secretly or mysteriously: છાનામાના ઉતાવળથી લેઇ જવું;પકડી જવું;ગેબ કરવું.

Spirited (સ્પિરિટેડ્) *a.* Animated or possessed by a spirit: ભૂત-આવ્યું-પિશાચથી ઉશ્કેરાવું હોય એવું, 2.Animated; full of vigor or life:જોરસાદાર;હિંમતવાળો; પાણીદાર; તલ્લક;કડક;પ્રકુલ્લ;તેજસ્વી.

Spirit-lamp,(સ્પિરિટ્લૅમ્પ્)*n* (*Art*) A lamp in which alcohol or methylated spirit is burned: તેજાબથી બળતો દીવો.

Spiritless, (સ્પિરિટ્લેસ્) *a.*Destitute of spirit;dejected; depressed: ઉદાસ; બેહોશ જણાવું હોય તેવું; આનંદ ઉત્સાહ વગરનું. 2. Wanting life courage or fire:નાહિંમત;જોસ ન હોય તેવું;નિસ્તેજ;નિર્વીર્ય;નીરસ; દમવગરનું.3. Extinct;dead: મુએલું;નિર્જીવ.

Spirit-level, (સ્પિરિટ-લેવલ્) *n.*A level bottle: સપાટો જાણવાનુ-નક્કી કરવાનુ, અરકની ભરેલી નળીવાળું એક પ્રકારનું યંત્ર.

Spiritual, (સ્પિરિટ્યૂઅલ્) *a.* Not material; incorporeal: પ્રાણરૂપી; આત્મા રૂપી; જીવરૂપી; પરમ; અમૂર્ત; નિરાકાર; આત્મસ્વરૂપ; આત્મિક; આધ્યાત્મિક.2. Mental; intellectual: બુદ્ધિનું; માનસિક; મનનું; આધ્યાત્મિક; 3.Of or pertaining to the moral feelings or state of the soul: નો ભાવ-આત્મા સંબંધીનું-વિષે. 4. Pure;holy;divine: આમુષ્મિક; પરલૌકિક;પારમાર્થિક આત્માના મોક્ષ સંબંધી.5.Not temporal; જ્ઞાનમાર્ગનું; નિવૃત્તિ માર્ગ વિષયક; જ્ઞાન માર્ગ સંબંધી-વિષયક;ધાર્મિક;ધર્મ પ્રકરણનું;અધ્યાત્મિક; અસંસારી; અલૌકિક. *n.* A spiritual function, office or affair:ધાર્મિક કર્ત્તવ્ય-કામ.

Spiritualism. (સ્પિરિટ્યૂઅલિઝમ્) *n.* The quality or state of being spiritual:ધાર્મિક હોવાપણું. 2.The doctrine in opposition to the materialists, that all which exists,is spirit, or soul: આત્મા શિવાય બીજું કાંઇ નથી એવો મતવાદ;બ્રહ્મવાદ;અદ્વૈતવાદ.ચૈતન્યવાદ. 3. A belief that departed spirits hold intercourse with mortals by means of physical phenomena: વિદેહી આત્મા; આત્માનો સંસર્ગ રાખી કાંઇ દ્રષ્ય ચમત્કારો કરેછે એવોમત;ભૂતપિશાચમત્ર વિદ્યા.

Spirirualist,(સ્પિરિટ્યૂઅલિસ્ટ્) *n.* An eccelesiastic: ધર્મોપદેશક; આત્મજ્ઞાનવેત્તા.2.One who maintains the doctrine of spiritualism:આત્મા શિવાય બીજું કાંઇ નથી એવું માનનાર;આત્મવાદી;બ્રહ્મવાદી. 3. One who believes in direct intercourse with departed spirits વિદેહી આત્માનો સંસર્ગ માનનાર;ભૂતપિશાચ છે એવું માનનાર.

Spirituality, (સ્પિરિટ્યૂઅલિટિ) *n.* Incorporeality; heavenly-mindedness:પ્રાણ-આત્મા-જીવરૂપ રૂપી હોવું તે;અધિદૈવકપણું ;આત્મરૂપ;પરમાત્મનિષ્ઠા;આત્મસ્વરૂપતા સ્વરૂપતા; નિરાકારતા; અમૂર્તતા; પારમાર્થિકતા. 2.That which belongs to the church: ધર્મની બાબત;પરમાર્થ સંબંધીતા. 3. An ecclesiastical body: પાદરીઓનો સમૂહ.

Spirituous, (સ્પિરિટ્યૂઅસ્) *a.* Ethereal:immaterial; spiritual, pure:શ્વેતાભ્ય ; સ્વચ્છ; અમૂર્ત. 2.Alcoholic; ardent: જલદી; તીવ્ર તેજ નિશો ચઢાવનારૂ; અર્ક તેજાબવાળું. 3. Lively;gay; vivid;airy: આનંદી; ખુશમીજાજ;ચંચળ. 4. Possessing the qualities of a spirit: વિદેહી; આત્મરૂપી.

Spirt; See **Spurt.**

Spissated,(સ્પિસ્સેટેડ્)*a.* [L.*Spissus* thick.] Inspissated; thickened:જાડું રગડ; ઠરી ગએલું; બંધાઈ-ધક્ક થઈ ગયલું.

Spit,(સ્પીટ્) *n.* A long,slender, pointed rod: (માંસ) (સેકવાનો)એક જાતનો લાંબો અણીદાર લોઢાનો સળીઓસીક.2.A small point of land running in to the sea:દરિયામાંજતું લાંબુ

સાંકડું ભૂશિખર.3. The depth to which a spade goes in digging; a spade;a spadeful:ખોદવામાં કોદાળી પડેલે ખચકે જ્યાંસુધી-જેટલી ઉંડી જાય છે તે ઉંડાણ;કોદાળીપુર;*vt.* [*imp.* & *p. p.* **Spit.**] To thrust a spit through;to fix upon a spit:ખોકવું;ખોસવું.2.To spade,to dig: ખોદવું.*vi.*To eject from the mouth; to throw out,as saliva or other matter,from the mouth: કોગળો કરવો;થૂંકવું;પીચકારી મારવી 2.To eject; to belch;to throw out:બહાર કાઢવું; કાઢી નાખવું;નાખી કાઢવું.ઓડકાર ખાવો. *n.*Spittle;saliva;sputum:થૂંક; લાળ.*vi.*To throw out saliva from the mouth: થૂંકવું 2 To rain or snow slightly, or with sprinkles:છાંટાછાંટા રૂપે વરસવું; ઝરમર ઝરમર વરસવું. *To* s.*on or upon*,to insult grossly:-નું અપમાન-તિરસ્કાર કરવું;-ના ઉપર-થૂંકવું-થુથુ કરવું.

Spit-box,Spitoon; (સ્પિટ્‌બૉક્સ, સ્પિટ્‌હૂન) *n.* A vessel to receive spittle:પીકદાની:થૂંકદાન; પિચકદાની.

Spite,(સ્પાઇટ્‌)*n.* Grudge;rancor; despite:દ્વેષ;ખાર;અદેખસ;અદાવત;ઝેર; કીનો; ખુનસ; ચટસ;ડાહ-દ્રોહ;ઈર્ષ્યા.2. Vexation; chagrin: સંતાપ; ઉદ્વેગ; દિલગીરી. *In* s. *of*, not withstanding:છતાં પણ;-નું ચાલવા ન દેઈને.*To owe one a* s.:-ના ઉપર નજીવી બાબત માટે ખાર રાખવો;-પર-દ્વેષ-અદેખસ-ઝેર રાખવું.*vt* To be angry at;to hate:-ના ઉપર ગુસ્સે થવું; ધિક્કારવું;-નો તિરસ્કાર કરવો. 2. To treat maliciously;to try to injure or thwart: ખારીલી રીતે વર્તવું;-ને ઇજા કરવાનો યત્ન કરવો: ઉપર ખાર-વેર કાઢવું.

Spitefnl(સ્પાઇટ્‌-ફુલ્‌) *a.*Malignant malicious: કીનાખોર; દ્વેષી; ખારીલું; ઝેરીલું;ડંસીલું;ચટશી;દ્રોહી.

Spittle,(સ્પિટ્‌લ્‌)*n.* A small sort of spade; એક જાતની નાની કોદાળી. 2.Saliva;spit:થૂંક;લાળ;લટ.

Splash,(સ્પૅશ્‌)*vt.*To plash:પાણી-કાદવ વિગેરેના છાંટા ઉરાડવા 2. To wet:ભીનું કરવું;ભીજવવું *vi* To strike and dash about water, mud, etc:પાણી કાદવ વિગેરે સાથે અફાળવું. *n.* Water, or water and dirt, thrown upon anything: છાંટા ઉરાડેલું પાણી-અથવા કાદવ;કશાઉપર નાખેલું પાણી કે મેલું પાણી. 2.A noise made by striking upon or in a liquid:છાંટા ઉરાડવાથી થતો અવાજ;અફળાટન;અફળાટ;છબછબાટ 3. A daub:ખાપુ;ડાઘ.

Splash-board, (સ્પૅશ્‌-બૉર્ડ્‌)*n.*A board in the front part of a vehicle,to prevent splashing by mud or water: ગાડીમાં છાંટા નહિ ઉડવા માટે રાખેલું પાટિયું-પંખો-પડદો.

Splashy.(સ્પૅશિ)*a.*Full of dirty water:wet and muddy: કચરા-કાદવવાળું;મલિન;મેલું;કચરાવાળું.

Splay-foot,(સ્પ્લે-ફુટ્‌)*n.pl.*Splay-feet, A flat foot:ચપટા તળીઆવાળો પગ;પહોળો પગ.

Spleen,(સ્પ્લીન્‌)*n.*[Gr. *splen*, the milt or spleen.] The milt: પાણ્યરી;બરોળ; તલ્લી; તાપાતલ્લી; પ્લીહા. 2.Anger; ill humor; malice:ગુસ્સો;ચીઢ;રોસ;દ્વેષ.3.Fit or anger; choler:પીત્ત;પિત્તોશ;તામસ; ક્રોધ. 4. A fit; a freak; a whim: જુસ્સો; તુરંગ;લહેર.5.:Melancholy: ઉદાસી; ખિન્નતા;દિલગીરી;વિષણ્ણતા;ચિત્ત ઉદાસ રહે એવો રોગ. *vt.* To dislike: નાપસંદ કરવું;ધિક્કારવું.

Spleeny, (સ્પ્લીનિ) *a.* Irritable; peevish;fretful: ચીડાઈ જાય તેવું; ચીડિયું; રીસાળ; વાયાખોર. 2. Melancholy:ઉદાસી.

Splendent,(સ્પ્લેન્ડેન્ટ્‌)*a.* [L.*splendeo*, I shine.] Shining; glossy; lustrous: ચળકતું;પ્રકાશિત; ઝગઝગતું. 2.Illustrious:પ્રખ્યાત; નામચું.

Splendid,(સ્પ્લેન્ડિડ્‌) *a.* Shining; very bright:પ્રકાશિત; ચકચકિત;ચકચકાટ;ઝળકતું;ચળકતું;તેજસ્વી; તેજોમય. 2. Showy; magnificent; pompous:ભભકાદાર;દેખાવડું;સુશોભિત; ડોળદાર;રોનકદાર; શોભાયમાન; શોભિતું; ભવ્ય;ઉમદા.3.Illustrious;brilliant; famous:નામચું;પ્રસિદ્ધ; જાણવાજોગ; પ્રખ્યાત;શ્રેષ્ઠ; પરમ.

Splendidly.(સ્પ્લેન્ડિડ્‌લિ)*adv.* In a splendid manner; magnificently:ભભકાબંધરીતે;સુશોભિતપણે;સરસ.

Splendour,(સ્પ્લેન્ડાર્‌)*n.*Brilliant luster;brilliancy:પ્રકાશ; તેજ; ચળકાટ;ચકચકાટ;ઝગઝગાટ; પ્રભા;શોભા;કાંતિ;છબી.2. Magnificence; pomp: parade:શોભા;ઠાઠમાઠ; ભપકો; વૈભવ; શોભા. 3.Brilliancy; glory:નામિચાપણું;પ્રખ્યાતિ;મશહુરતા; જાહોજલાલી;પ્રતાપ;વિભૂતિ.

Splenetic,(સ્પ્લેનેટિક્‌) *a.* Malicious; peevish: રોશી; ચીઢિયું; ચીડાઇ જાય તેવું;ગુસ્સાખોર; ગુસ્સાભરેલું; રોશ ભરેલું;ઉદાસીનો રોગ થયેલું.*n.*A person affected with spleen: ચીઢિયો-ચીડાઇજાય એવો માણસ; જેની બરોળ સૂણી હોય એવો દરદી.

Splice,(સ્પ્લાઇસ્‌)*vt.* To unite, as two ropes,or parts of a rope,by a particular manner of interweaving the strand: દોરડાની ગાંઠ દીધા વગર સાંધવું;છેડા વણીને જોડવું;સાંધવું.2.To unite,as spars, timbers, rails,etc:બે છેડા ઉપર પાટી-ચાપડો-પાટો જડીને સાંધવું.3. To unite in marriage:પરણાવવું;સાદી કરાવવી.

Splint-er,(સ્પ્લિન્ટ્‌-સ્પ્લિન્ટર્‌) *n.* A splinter:ફાટ-ચીર પાડેલો કકડો;ઝીણી ફાટ.2.A thin piece of wood used to keep in place,a broken bone when set: ભાંગેલા ઉતરેલા હાડકાને ચઢાવીને તેની ઉપર બાંધવાનું પાટિયું-કામઠું-ચીપ. 3.A splint bone. ઉતરી ગયેલું-ભાંગેલું હાડકું.*vt.*To splinter; to shiver:ચીરવું;ફાડવું;-ની ચીપો ઉતારવી;ચીરીને પાણી ફાડો કરવું;પાતળી ચીરો કરવું.2.To fasten. or confine with splints,as a broken limb: ખપાટિયાવતી-ચીમાંધવું;ખપાટીયાંબાંધવાં.

Split,(સ્પ્લિટ્‌) *vt.* [*imp.* & *p. p.* **Split,**]To rive;to cleave:ના ચીરા-ફાડા.કરવું;ચીરવું; ફાડવું;વિદારવું;-ના ભાગ કરવું.2.To rend: to tear asunder: ફાડી-ચીરીને જૂદું પાડવું.3.To divide or break up into parts or divisions: as by discord:-માં કુસંપ પડું ખીજરાપવું;ભાઈ ૨ ટોળાં પાડી કરાવવો,--માં મેદ-કલહ કરાવવો;-માં ફાંટા-કુસંપ-ફાટફુટ કરાવવી.4. To divide or separate into components: મિશ્ર કરેલા ભાગ જૂદા પાડવા. *vi.* To be rent;to burst:ફાટવું;ચીરાવું;-માં ચીરો-ફાટ પડવી.2. To be broken; to be dashed to pieces:ભાગી જવું; ભાંગીને કકડેકકડા થઈ જવા;-ના ચૂરેચુરા થઈ જવા 3. To separate into parties or factions: કુસંપ-ફાટફુટ થવાથી ભાગ ટોળીઓ--પક્ષ બંધાવા;--માં કલહ-કુસંપ પેસવો;તડ-તરા પાડવા બંધાવા.4. To burst with laughter:હસી હસીને પેટ દુઃખવા આવવું આંતરડા ઉપર આવી જવા.5. To divulge a secret; to betray confidence:વિશ્વાસઘાતથવો-કરવો;કાંઇની છાની વાતઉઘાડવી.*n.*A crack,rent,or longitudinal fissure:ચીરા;ફાટ,તડ;ભંગ;છેદ;છિદ્ર;ચીર. 2. A breach or separation,as in a political party:ફાટફુટ;પક્ષ;કુસંપ;ભાગ;તડ 3. A splinter;a fragment: કકડો;ટુકડો;ખંડ; ભાગ.4.One of the sections of a skin:ચામડાની પાતળી વાધરી. *To* s *hairs*: બારીક ભેદ કરવા; ઝીણુંપીંજણ કરવું.*a* Divided; cleft: ભાગેલું;ફાડેલું.

Spoil,(સ્પૉઇલ્‌)*vt.* [L. *spolio*, I

spoil.]To plunder;to rob:લૂંટવું; -નું લૂંટી-હરી-ઝૂંનવી લેવું.2.To take by force: ઝુંટાવી-ઝૂંનવી લેવું; પડાવી લેવું.3.To corrupt;to vitiate: બગાડવું;ખરાબ-નાશ કરવું;દૂષિત કરવું. 4. To ruin;to destroy:બગાડીને ખરાબ કરવું;નકામું કરવું;ખરાબ કરવું;-માં વિકાર-વિકૃતિ કરવી. *vi.* To practise plunder or robbery:લૂંટ કરવું;લૂંટવું.2.To decay: બગડવું; ખરાબ થવું-સડી-કોહી જવું.*n.*Pillage; booty.જોર-જુલમથી મેળવેલી વસ્તુ;લૂંટ;લિકાર;લુમકો;દ્રવ્યો.2.That which is gained by strength or effort: બળ-શક્તિથી મેળવેલી વસ્તુ; પ્રાપ્તિ. 3. Robbery; waste.લૂંટ;લૂંટફાટ;બરબાદ;ચોરી. 5. Corruption;cause of corruption; બીગાડ;બી ગાડવું કારણ; ખરાબી. પાપ-માર્ગ;સળો.6 The slough,or cast skin of a serpent or other animal:સાપની કાંચળી.

Spoiler,(સ્પૉઇલર્) *n.* A plunderer;a robber: લૂંટારો; ચોર.2. One who corrupts,mars, or renders useless:બિ ગાડનાર કરનાર;નાશકરનાર.

Spoke,(સ્પોક્) *imp.* of **Speak,** (which see.) *n.* The radius or ray of a wheel:દાંતો;રવો;આરો 2. A projecting handle of a steering wheel: ચક્કર-પૈડાનો હાથો. 3. A rung,or round of a ladder: પગથિયું 4.A contrivance for fastening the wheel of a vehicle to prevent it from turning in going down a hill:ડોળાવ ઉતરતી વખતે પૈડાને ફરી જતું અટકાવવા ની કળી ચાપ-આડ. *To put a s.in one's wheel:* કોઈના કામ ચોજવામાં ખલેલ-વિઘ્ન કરવું;વહેતી નીક પગ દેવો; હરકત કરવી; કામ વાધવું. *vt.* To furnish with spokes,as a wheel: ચક્કરને દાંતા-આરા કરવા-બેસાડવા.

Spokesman.(સ્પોક્સમૅન્) *n. pl.* **Spokesmen,**One who speaks for another: કોઇની વતી બોલનાર હાર;મુખ;વક્તા,મુખદ્વાર.

Spoliate,(સ્પૌલિએટ્)*vt.* & *vi.* [L. *spolio,* I spoil.] To plunder;to pillage;to dispoil.to rob: લૂંટફાટ કરવી,લૂંટવું;ચોરી કરવી.

Spoliation,(સ્પૌલિએશન્)*n.* Robbery:ચોરી;લૂંટફાટ.2. Robbery or plunder in war: લડાઇમાં લૂંટફાટ.3 Injury done to a document: ચેરચેરા; છેકછેકા; લખ્યા દસ્તાવેજમાં કરેલો ફેરફાર-ચોટાળો.

Spondaic,(સ્પૉન્ડેઇક્) *a.* Consisting of spondees:બેગુરુ અક્ષરનાગણ સંબંધી;-નું-વિષે. 2. Containing spondees in excess:બે ગુરુ અક્ષર વધારે હોય એવું.

Spondee,(સ્પૉન્ડી)*n.*[L.*spondeus.*] A poetic foot of two long syllables:બે ગુરુ અક્ષરનો ગણ.

Sponge,(સ્પન્જ્) *n.*[*L. spongia.*] The elastic fibrous skeleton of many species of horny,spongiæ:વાદળી.2.A parasite,a sponger: ખુશામત કરીને બીજાના રોટલા ખાનાર;પરાન્નપુષ્ટ; પરપિંડ ખાનાર;હરામખોર;બેઠાખાઉ. 3. Any sponge-like substance:કોઇ વાદળીના જેવો પદાર્થ. Iron from the puddling furnace, in a pasty condition: લોઢાનો ગાળેલો રસ. 4. A mop for cleaning the bore of a cannon after a discharge: તોપ છોડ્યા પછી તેની નળી સાફ કરવાનો કુચડો. *To throw up the s.*,to acknowledge a defeat; હાર કબૂલ કરવી;પોતે હાર્યા એમ કબૂલ કરવું;નમ્યું આપવું; શરણ થઈ જવું. *vt.* To cleanse or wipe with a sponge: વાદળીથી સાફ કરવું-ધોવું-લૂંછવું.2.To efface:લૂંછી નાખવું;ભૂંસી નાખવું; કાઢી નાંખવું; ઘસી નાખવું. 3. To deprive of something by imposition: ઠગાઇ કરીને કોઇનું કાંઇ લઈ લેવું; છેતરીને વિત્ત હરી લેવું.4.To get by imposition or mean arts without cost: ધૂની ખાવું;પડાવી લેવું-ખાવું.*vi.*To suck in or imbibe as a sponge: ચૂસી-શોષી લેવું;પી જવું. 2. To gain by mean arts:કપટ-તરકટથી મેળવવું-સંપાદન કરવું;ધૂની ખાવું;-ને પડાવી-ફેંદાસો ખાવું;-નું પાણી કરવું.

Sponge-cake, (સ્પન્જ-કેક્) *n.* A kind of sweet cake which is light and spongy: એક જાતની ગળી રોટલી;પુડો;માલપુવો.

Sponger,(સ્પન્જર્) *n.* One who sponges or uses a sponge:વાદળી લગાડનાર; વાદળીનો ઉપયોગ કરનાર. 2. One employed in gathering sponges:વાદળીઓ એકઠી કરવાને રાખેલો માણસ.3.A hanger-on: ધૂતારો;હરામખાઉ;ખુશામતીયો; પરાન્નપુષ્ટ.

Spongy,(સ્પન્જિ)*a.* Soft and full of cavities પોચું; કુચરી વાળું. 2. *Wet*-drenched: ભીનું; ભીનાશવાળું. 3. Like a sponge:વાદળી જેવું;પાણી ચૂસે એવું.

Sponsal,(સ્પૅન્સૅલ્)*a.*[L. *spondeo,* I betrothe.] Sponsal: વિવાહ લગ્ન સંબંધી-વિષેનું.

Sponsor,(સ્પૉન્સૉર્) *n.* [L. *spondeo,*I engage myself.] A surety:જમીન;હામી.2.A godfather or godmother:ધર્મપિતા; ધર્મમાતા.

Spontaneous, (સ્પૉન્ટેનીઅસ્) *a.* [L. *sponte,* of free will.] Proceeding from natural feeling, temperament, or disposition: સ્વાભાવિક;સહજ ઉત્પન્ન-પોતાની મેળે થયેલું;આપો આપનું. 2. Proceeding from,or acting by internal impulse, energy, or natural law, without external force:સ્વયંજાત; સ્વતઃસિદ્ધ; સ્વેચ્છાનુરૂપ. 3.Produced without being planted or with out human labor: વાવ્યા વિનાય ઉત્પન્ન થયેલું; જંગલી.

Spontaneously, (સ્પૉન્ટેનઅસલિ) *ad.* In a spontaneous manner: આપોઆપ; પોતાની મેળે;સહજ; કોઈના કહ્યા કર્યા વગર;પોતાની ખુશીથી.

Spontaneity,(સ્પૉન્ટેનીટિ) *n.* The state or quality of being spontaneous:આપખુશી; સ્વસંતોષ; આપોઆપપણું;સ્વતોભાવિતા;સહજતા.

Spontoon,(સ્પૉન્ટૂન્)*n.* A kind of half pike,or halberd:અડધો ભાલો.

Spool,(સ્પૂલ્) *n* A piece of cane or reed with a knot at each end: ફિરકી; ફીરકી. *vt.* To wind on a spool or spools: ફીરકીપર લપેટવું-વિંટવું

Spoon,(સ્પૂન્) *n.* An implement consisting of a small bowl with a handle used in preparing and eating food:ચમચો; કડછી-પળી. 2. Anything which resembles a spoon in shape: ચમચાના આકારની વસ્તુ:પળી.4.A simpleton, a spooney: ભોળો માણસ; મુર્ખ-જડ મનુષ્ય.*vt.*To take up in,or as in, a spoon; ચમચામા લેવું. *vi* To act with demonstrative or foolish fondness,as one in love: પ્રીતિની ઘેલચ્છા-ગાંડાઇથી વર્તવું;પ્રેમાધ્યર્થજવું.

Spoonful,(સ્પૂન્ફુલ્)*n pl.* **Spoonfuls,** The quantity which a spoon contains, or is able to contain:ચમચો;ચમચાપુર; ચમચામા માય તેટલું. 2. A small quantity: થોડો જથો; થોડું શેર; થોડું. *In or by s.s:*ચમચા ભરીને.

Spoon-meat, (સ્પૂન્-મીટ્) *n.* Liquidfood:ચમચાવતી ખાવાનો ખોરાક; નરમરસાદાર-ઢીલું ખાણું.

Spora dic-al, (સ્પૉરેડિક્-કૅલ્) *a.* Separate; single: કોઇ કોઈવાર થતું; વિરલું;જૂજું;વેરાતું;લુકછુપાયું.

Sport,(સ્પૉર્ટ્)*n.*Pastime; amuse-

ment: ગમત; મજા; વિહાર; વિલાસ; ખેલ;રમત;ક્રીડા;લીલા; તમાસો; મોજ 2 Mock;mockery; derision: મશ્કરી; હાસ્ય;ઉપહાસ;વિડંબના; મશ્કરી; ઠઠ્ઠા. 3.A toy: રમકડું. 4. Idle jingle: શબ્દવિનોદ;પરિહાસ; શબ્દલાલિત્ય;પદલાલિત્ય,ટોળ;ટીખળ; ફારસ. 5 Diversion of the field:શિકાર; મૃગયા. 6. A sportsman;a gambler: રમનાર; શિકારી,પારધી. *vi.*To play; to frolic;to wanton: ગમત-મજા-રમત કરવી; ખેલ વિહાર-વિલાસ;કરવું; રમવું; ખેલવું;ક્રીડા કરવી.2.To practise idle diversions of the field or the turf: શિકાર કરવા જવું; શિકારે જવું; મૃગયા રમવા જવું.3.To trifle: મશ્કરી-મજાક સમજવી.*vt.* To divert;to amuse; to make merry: ગમત-રમત-મજા-મશ્કરી કરવી;રમવું;ખેલવું;ક્રીડા કરવી;શિકાર કરવો; શિકાર રમવા જવું. 2. To represent by any kind of play: કોઈ પણ જાતની રમતથી દેખાડવું--દર્શાવવું -બતાવવું. 3.To exhibit, or bring out, in public:દેખાડતા ફરવું;બધે લઈને ફરવું.

Sportful, (સ્પૉર્ટ્‌ફુલ્) *a.* Merry; playful;wanton.ગમતી;રમુજી ખુશમિજાજી;રમતીયાળ; આનંદી;રમતિયાળ;ક્રીડાશીલ;વિલાસી; વિહારી; વિહારપ્રિય; ખિલાડી; મોજી.

Sporting,(સ્પૉર્ટિંગ્) *a.*Of, pertaining to,or engaging in sport or sports:રમતિયાળ;રમતીયું; ગમતિયાળ; શિકાર કરનાર.S.*man*, s. *character* શિકારી.

Sportive,(સ્પૉર્ટિવ્) *a.* Gay;frolicsome playful;merry:મોજી; આનંદી;રમતિયાળ;ક્રીડાશીલ;વિલાસી; વિહારી; વિહારપ્રિય; ખિલાડી; મોજી.

Sports man, (સ્પૉર્ટ્‌સ્મૅન્) *n. pl.* One who pursues the sports of the field:શિકારી;પારધી;વ્યાધ.

Spot, (સ્પૉટ્) *n.* A blot; a place discolored:ડાઘ; ધાબું; ચાઠું; બિંદુ; અંક;લાંછન;કલંક;ચિન્હ; લક્ષણ.2.Disgrace; reproach; blemish: કલંક; ડાઘ;એબ;ખામી; દૂષણ; ખોટ; બટ્ટો. 3. A small part of a different color from the main part: છાંટ; ટપકું;ધાબું; ભાત; ડાઘ. 4. A small extent of space; a place; any particular place:સ્થાન; જગા;સ્થળ; સ્થાન; પ્રદેશ,ભૂમિ;ક્ષેત્ર;આસપદ; ઠેકાણું. 5.*pl.* Commodities: વેપારની જણસો. *On the* s, immediately before moving: ત્યાંના ત્યાંજ; તેજ ઠેકાણે; ઉભેડભે. *vt.* To stain: ઉપર ડાઘ પાડવો-છાંટા પાડવા;-ઉપર ભાત-ટપકા પાડવા. 2. To recognize:ઓળખી કાઢવું. 3. To stain; to blemish:-નેરાધ-કલંક-એબ લગાડવી. *vi.* To become stained with spots ઉપર ડાઘ પડવા;ડાઘાડાઘાવાળું થવું.

Spotless, (સ્પૉટ્‌લેસ) *a.* Without spot;free from reproach or impurity:ડાઘ વગરનું;નિષ્કલંક; નિષ્પાપ; નિર્દોષ;દોષહીન-રહિત;નિર્મલ; બીનએબ.

Spotted,(સ્પૉટિડ્) *a.* Marked with; spots:છાંટ-ટપકાવાળું;ખરડાયેલું.

Spousal, (સ્પાઉઝ્લ) *a.*Nuptial; matrimonial; conjugal; bridal: વિવાહ-લગ્ન-સાદી સંબંધી-વિષે-નું *n.* Marriage:લગ્ન;વિવાહ; સાદી.

Spouse,(સ્પાઉઝ્) *n.* [L. *sponsum*, to promise solemnly.] A married person;husband or wife:પરણેલું માણસ; વહુ કે વર. 2.A bridegroom or husband: વરરાજા;ધણી; વર; ભર્તા; પતિ. *vt.*To woo; to espouse:પરણાવવું; લગ્ન-સાદી કરાવવી.

Spout, (સ્પાઉટ્) *vi.* To eject in a jet: ફુંકારીને બહાર કાઢવું; કોમળો કરીને બહાર કાઢવું. 2. To recite in an oratorical or pompous manner: ધાણી ફુટતી હોય તેમ તડતડ અલંકારયુક્ત ભાષણ કરવું. (*b*) To throw out in speech: ભાષણમાં કરીને માહેથી માહ કહી દેવું 3. To pawn; to pledge: ગીરો-ધરાણે મૂકવું;ગીરવી મૂકવું. *vi.* To issue with violence, or in a jet:દદૂડા-ચોધબંધ બહાર નીકળવું; ભળભળ નીકળવું. 2. To eject water or liquid in a jet:ધસી આવવું. 3. To utter a speech in a pompous manner: ભભકાબંધ ભાષણ કરવું.*n.*A tube;a pipe: પરનાળ; નળી;તોટી; ઝારી;નાળવું; નાળચું. 2. A trough for conducting grain, flour,etc,into a receptacle: દાણા લોટ વિગેરે લઈ જવાનો ટોપલો-ડાલો-દગારૂ. 3. A discharge or jet of water or other liquid: પાણીનો પ્રવાહ વેગ-દદૂડો-ચોધવેગ.

Sprain,(સ્પ્રેન્)*vt.* [L.*ex* & *premo*, I press]To weaken,as a joint, muscle, etc.; to overstrain, or stretch injuriously, but without luxation: મરડાઇ-લચકાઇ જાય તેવું કરવું; લલચાવવું; કરમોડ ખવરાવવો. (*Passive*)મોચાવું; લચકાવું; કરમોડાવું; મોચ-કરમોડ-લચક ખાવી. *n.* The act or result of spraining:મોચ; કરમોડ; લચક.

Spraints,(સ્પ્રેન્ટ્સ્)*n.pl.*The dung of an otter:જળબિલાડીની લીંડાર.

Sprawl,(સ્પ્રૉલ્)*vi.*To lie with the limbs stretched out ungracefully:હાથપગ પ્રસારી લાંબા થઇને સૂવું; સૂઇને લોટવું. 2. To spread irregularly: આમતેમ ફેલાવવું;વાંકુચુંકું ઉગવું-પ્રસરવું. 3. To scramble in creeping: પેટે ચાલવામાં ટેકા દેતા ચાલવું; સૂતા સૂતા ખસવું ચાલવું.

Spray,(સ્પ્રે) *n* A small shoot or branch; a twig: ડાળી; ફણગો; છોડ; શાખા;ઝીણી રણગી. 2.A collective body of small branches: નાની નાની ડાળીઓનો સમુદાય. *n.* Water flying in small drops or particles.પાણીના ઉડતા છાંટા;તુષાર;શીકર; વાછંટ 2.(*Med.*) (*a*) A jet of fine medicated vapor: ઓસડના ગુણ આપેલી વરાળનો ભભુકો *vt* To let fall in the form of spray: વાછંટ પાડવી-ઉડાડવી 2. To throw spray upon: છાંટા ઉરાડવા.

Spread,(સ્પ્રેડ્) *vt* [*imp.* & *p. p.* Spread.] To open; to unfurl લંબાવવું; ફેલાવવું; પ્રસારવું; ઉઘાડવું; પાથરવું; બીછાવવું; ચડાવવું; તાણવું; ઉભું કરવું.2.To extend so as to cover something:કંઇ પણ ઢંકાય તેવી રીતે લંબાવવું-વિસ્તારવું;-નો ફેલાવ-પ્રસાર કરવો.3. To divulge: બહાર પાડવું; પ્રસિદ્ધ કરવું;ફેલાવવું;પ્રસારવું; ચલાવવું; ઉડાવવું. 4.To propagate:-નો ફેલાવો કરવો; ઘણાને થાય-અસર કરે તેમ કરવું.5.To diffuse, as emanations; to emit; ઠેલાવવું; લંબાવવું.6.To strew: વેરવું;નાખવું; પૂરવું.7. To prepare: તૈયાર કરવું; બનાવવું; પીરસવું; પીરસીને તૈયાર કરવું.*vt.* To expand: લંબાવું; ફેલાવું.2. To be extended by drawing or beating: ખેંચીનેટીપીને લંબાવવું. 3. To be made known more extensively: ફેલાવું; પ્રસરવું; ઉડવું;બહાર પડવું; ઉઘાડું થવું; પ્રસિદ્ધ-પ્રકટ છપાઇ ચલું.4 To be propagrted from one to another: લંબાવું; ફેલાવું; પ્રસરવું;-ને ચઢવું. *n.* Extent;compass: વિસ્તાર; ફેલાવો; પસારો; લંબાવ. 2 Expansions of parts: વિસ્તાર; પસારો.3. A cloth used as a cover for a table or a bed:ચાદર; લાકડાનું લુગડું ; પાથરણું; ઢાકણ.4.A feast:મિજબાની; જયાફત; ઉજાણી.5. An unlimited expanse of discontinuous points: વિસ્તાર;પ્રપંચ.

Spree,(સ્પ્રી)*n.*A merry frolic;*esp.*a carousal:મજા; ગમત;મોજશોખ; દારૂ પીવાની મજા;પાનોત્સવ; દારૂ ઢીંચણીજી.

Sprig,(સ્પ્રિગ્)*n* A small shoot or twig of a tree or other plant;a spray:નાની ડાળી;ડાંખળી;શાખા;પલ્લવ.

2.A youth;a lad:છોકરો;પોરીયો 3. A brad or nail without a head: માથા વિનાનો ખીલો;જડ: તુરાઇ.*vt* To mark or adorn with the representation of small branches: ડાળીઓનું ભરત કાઢવું.

Spright (સ્પ્રાઇટ્) *n.* Spirit; mind: soul:જીવ;આત્મા.2.An apparition: a ghost: ભૂત; પિશાચ;પ્રેત:જીન.3.A kind of short arrow: એક જાતનું ટૂંકું તીર *vt.*To haunt,as a spright: ભૂતની માફક ભમવું-જ આવ કર; પેખવું.

Sprightly-Sprightful,(સ્પ્રાઇટ્લિ સ્પ્રાઇટ્ ફુલ્) *a.*Earnest;vivacious: lively: ચબળ; ચપળ;આનંદી મોજી; ઉત્સાહી પ્રકૃતિ;ખુશમિજાજ;હવાસી.

Sprightfulness,(સ્પ્રાઇટ્-ફુલ્નેસ) *n.*Briskness; vivacity; gayety: ચકોરપણું; ચંચળતા; આનંદ; મોજ; આનંદવૃત્તિ-ઉલ્લાસ.

Spring,(સ્પ્રિન્ગ્)*vi* [*imp.*Sprang or Sprung.*p.p.* Sprung.] To leap; to jump: કૂદકો-ફલંગ-ઠલંગ-થેકડો મારવો ઉડવું;કુદવું; ફાળ મારવી.2. To dart; to shoot: જોરથી નીકળવું; એકદમ ધસવું-આવવું;એકદમ ઉભું થવું; પ્રકાશવું. 3. To start or rise suddenly: એકદમ નીકળી-ધસી આવવું; એકદમ નીકળવું-ઉપડવું; ચમકી ઉઠવું-નાસવું. 4 To fly back: પાછું વળવું; ઠેકાણે-અસલ સ્થિતિએ આવવું. 5. To become warped: આડું થવું; મરડાઈ જવું. 6. To emerge: કુટી નીકળવું; ફુટવું; ફુટીને આવવું:-નો અંકુર ફુટવો-નીકળવો; ઉછરવું; નીકળવું-ઉપરવું; ઉદય પામવો-થવો; ઉગવું; દેખાવું. 7. To result; to issue or proceed: નીપજવું; જન્મ પામવું; ઉત્પન્ન થવું; ઉપજવું; ઉદ્ભવવું;-ના વંશજ કુલજ-કુટુંબદ્ભવ હોવું-થવું;-થી ઉતરી આવવું,માંથી વેહેવુ-વહી નીકળવું. 8. To thrive; to prosper:ઉગવું;-ની ચડતી-બઢતી થવી;આબાદ થવુ-પામવુ. *To s.at*: ઉપર કુદી આવવું *To s. forth*: નવુરસાથી-જોરથી એકદમ બહાર નીકળી આવવું. *To s. in*, to enter in haste: એકદમ ધસી આવવું; ઉતાવળે અંદર આવવું-દાખલ થવું. *To spring on or upon*, to assault: ઉપર હુમલો હલ્લો કર; તુટી પડવું. *vt.* To cause to spring up: ઉડાડવું; ચમનાવીને-ભડકાવીને સતાવવી જગ્યામાંથી બહાર કાઢવું. 2. To produce or disclose suddenly or unexpectedly: એકદમ-બોચિંતુ બહાર આણવું-ઉત્પન્ન-ઉભું કર; પ્રકટાવવું. 3. To explode: પ્રગટવુ ; ફોડવું.4. To crack or split: ચીરવું; ફાડવું;હચડચાવી નાંખવું; ઢીલું-હાલવું કર. 5. To cause to close suddenly: ભટકાવવું; ચાંપથી વાસી દેવું; એકદમ બંધ કરવું;વાસવું. 6. To bend by force: જોરથી-બળ કરીને વાળવું. 7. To pass over by leaping:કૂદવું; કુદી-ઓળંગી જવુ; છલંગ મારીને ઓળંગવું. 8. To produce quickly:ઝટદઇને કર; એકદમ પેદા જવું; ઘડવું; ઉઠાવવું. *To s. a fence*:વાડ કુદવી કે કુદી ઓળંગી જવી. *To s.a rattle*:સીસોટી વગાડવી *To s.a leal*:કાબૂ પડવા માંડવું. *n.* A leap;a bound;a jump:કુદકો; ઠેકડો; છલંગ;ફલંગ;કુદકારો;ફાળ.2. A flying back: પાછું કુદવું-હઠવું તે; ઠેકાણે આવવું તે.3 Elastic power or force: સ્થિતિસ્થાપકપણું; સ્થિતિસ્થાપકત્વતા. 4 An elastic body of any kind: કોઇ પણ જાતનો સ્થિતિસ્થાપક પદાર્થ;કમાન.5.A natural fountain: ખાણ;મૂળ;ઝરો;પાણીનો ઝરો.6.Cause: origin; motive:કારણ;મૂળ; હેતુ; ઉપજ;ઉદ્ગમ;પ્રભવ; ઉદ્ભવ 7. (*a*) A race;lineage:વંશ;પેઢી;કુળ; ઓલાદ. (*b*) A youth: જુવાન માણસ; જુવાનીયો; યુવાન. (*c*) A shoot; a young tree: ફણગો; નાનું ઝાડ; છોડવો;પીલો. 8. The vernal season: વસંતઋતુ; વસંત; વસંતકાલ સમય. 9. Early portion;first stage: પહેલવહેલો ભાગ; પ્રથમ ભાગ; આરંભકાળ; પૂર્વકાળ.10 (*Naut.*) A crack or fissure in a mast:વહાણના ડોલમાં પડેલી ફાટ ચીરો. S. *tide*: પૂર્ણિમાની ભારે ભરતી; જુવાળ. (b)વસંતઋતુ; વસંતકાળ.

Spring-carriage, (સ્પ્રિન્ગ્-કૅરિજ્) *n.* A carriage with a spring:કમાનવાળી ગાડી.

Springe,(સ્પ્રિન્જ્)*n.*A gin;a snare: ફાંસો;જાળ; ફાંદો; પાશ. *vt.* To catch in a spring: જાળમાં પકડવું-ફસાવવું. *vt.*To sprinkle:છાંટવું;વિખેરવું; વેરવું.

Spring-head, (સ્પ્રિન્ગ્-હેડ્) *n.* A fountain or source:મુખ્યઝરો; મૂળ: ખાણ;પ્રભવસ્થાન;ઘોનિ;આદિકારણ.

Springiness,(સ્પ્રિન્ગિનેસ્) *n.*The state or quality of being springy:સ્થિતિ-સ્થાપકતા-પણું.

Spring-time,(સ્પ્રિન્ગ્-ટાઇમ્)*n.*The season of spring; springtide: વસંતકાળ;વસંતઋતુ.

Springy,(સ્પ્રિન્ગિ)*a.*Elastic: કમાન જેવું; સ્થિતિસ્થાપક હલકું; ચપળ. 2. Wet;spongy:ભીનું;જોજવાળ.

Sprinkle,(સ્પ્રિન્કલ્) *v.* To scatter in small drops or particles, as water, seed, etc:છાંટવું;વેરવું;છારાવવું.2.To besprinkle:ઉપર છાંટવું-વેરવું;-ઉપર પાથરવું. 3 To baptize by the application of a few drops:-ને જળ સંસ્કાર કર; જલસિંચન કર. 4.To cleanse:to purify: ચોખ્ખું-સ્વચ્છ-શુદ્ધ-નિર્મલ કર. *vi.* To scatter a liquid or any fine substance:ઝીણું ઝીણું છાંટવું; ઝરવું. 2. To rain moderately:ફરફર વરસવું; ઝરમર ઝરમર વરસવું.3.To fly or be scattered in small drops or particles:વિખરાવું *n.* A small quantity scattered: વિખેરાયેલા પદાર્થનો થોડો જથો. 2.A sprinkler: છાંટવાનું વાસણ;ઝારો.

Sprinkling,(સ્પ્રિન્કલ્ન્) *n.* The act of one who or that which sprinkles:સિંચન; પ્રોક્ષણ; અવસેક; છાંટવું-વેરવું-મમરાવવું તે. 2 A small quantity falling in distinct drops or particles:થે ડા છાંટા; ફરફર;ઝરમર;છિપછાંટ Hence,a mode, rate number or quantity distributed like separate drops: થોડું;વિરલ.

Sprite,(સ્પ્રાઇટ્)*n.* A spirit, a shade:ભૂત:પ્રેત; પિશાચ. 2.An elf; a fairy:પરી;સુંદર સ્ત્રી; વનદેવી. 3.The green wood-necker, or vaffle: લીલું લક્કડખોદ પક્ષી

Sprout, (સ્પ્રાઉટ્) *vi.* To shoot as the seed of a plant: ફણગો શણગો-અંકુર-પીલો ફુટવો; ઉગી નીકળવુ .2. To shoot into ramifications: ના ફાંટા ફુટવા:-ની શાખા ફુટવી.*vt.*To cause to sprout: ફણગો કુટે તેમ કર;ઉગાડવું.2.To deprive of sprouts:-ના અંકુર-પીલા ચૂંટી લેવા કાપી નાંખવા.*n.*The shoot of a plant: ફણગો,શણગો;અંકુર;મંજરી; માંજર;પીલો;પલ્લવ.

Spruce, (સ્પ્રુસ્) *n.* Any coniferous tree: એક જાતનું ઝાડ. 2. The wood or timber of the spruce tree:ઉપર કહેલા ઝાડનું લાકડું; ઈમારતી લાકડું .3.Prussian leather;pruce: પ્રશિઆ દેશનું ચામડું .*a.* Neat without elegance or dignity: ટાપટીપિયું;ટાપણી;ચાપચીપિયું; વરણાગીયું દેખાવડું .2.Sprightly; dashing: અલબેલું;ચકોર; ચંચળ;ચપળ;આનંદી;મોજી.

Spunge,(સ્પન્જ્)*n.*A sponge:વાદળી.

Spunk,(સ્પન્ક્)*n.* Wood that readily takes fire; touchwood: જલદીથી સળગે એવું લાકડું; સુંક સળગેલું લાકડું .2.Spirit;mettle; pluck: પાણી;દમ;હિમ્મત,ધૈર્ય;જુસ્સો

Spur, (સ્પર્) *n.* An implement

secured to the heel, or above the heel, of a horseman to urge the horse by its pressure: મમરેજ; એડી; કાંટો. 2. An incitement: ઉત્તેજન પ્રોત્સાહન; ઉત્સાહ હેતુ-કારણ; પ્રેરણા; ઉત્તેજક; પ્રેરણા કરનાર વસ્તુ; ઉત્તેજન. 2. Something that projects; a snag: ટોચ; અણી: દટાઇ રહેલા ઝાડની અણી. 4. Any stiff, sharp spine: મરઘાં જેવાં પ્રાણીની ધુંટી પાછળનો નખ-નખી. 5. One of the large or principal roots of a tree: ઝાડનું સૌથી મોટામાં મોટું મૂળયું. 6. A mountain that shoots from any other mountain: પર્વતની શાખા-ફાંટો-ઓળ. 7. A spiked iron: બલ્લાસીઓના બુટનાં તળીઆ ઉપર જડવામાં આવતી ચૂકરેખ-મેખ. 8. The short wooden buttress of a post: થાંભલાની ટુંકી લાકડાની કુંભી. 9 A wall that crosses a part of a rampart and loins to an inner wall: કિલ્લાની દીવાલને વટાવીને અંદરની દીવાલને મળતી ભીંત. S *of a cock*: મરઘાની ધુંટી પાછળનો લાંબો નખ-નખી. S. *of a mountain*: પર્વતનો ફાંટો. *On the* S. *of the moment*: વગર વિચાર્યે; આંધળીયાં કરીને; આંખો મીચીને; તત્ક્ષણે; તાબડતોબ; તક જાળવીને; તકે સૂઝયું તે કરીને; તક ઉપર; પ્રસંગ વશાત્. *To put* S.s *to a horse*: ઘોડાને એડી મારી દોડાવવો. *vi.* To prick with spurs; to urge or goad: એડી મારવી; એડી મારી ઉતાવળું ચલાવવું. 2. To incite; to stimulate; to impel: ઉશ્કેરવું; પ્રેરવું; ઉત્તેજન આપવું: આગળ ચલાવવું; પ્રેરણા કરવી. 3. To put spurs on: --ને એડી ઘોડવી-લગાડવી *vi.* To hasten: પોતાના ઘોડાને એડી મારી ચલાવવું; ઉતાવળ કરવી; ત્વરા-ઝડપ ચલાવવી. 2. To press forward in any pursuit: કોઈ પણ કામની પાછળ ખાઈ પીને મચવું.

Spur-g ll (સ્પરગૉલ્) *n.* A place galled or excoriated by much using of the spur: ઘણીવાર મમરેજ મારવાથી પડેલું ચાઠું-ચકામું. *vt.* To wound with a spur: એડી મારીને ઘા પાડવો.

Spurious, (સ્પ્યૂરિઅસ્) *a.* [L. *spurius*, not genuine.] Not genuine; false; adulterate: બનાવટી; ખોટું; તકેદી; કલ્પિત: મિથ્યા; નકલી; કૃત્રિમ. 2. Not legitimate; bastard: રાંડના પેટનું; રાખેલીનું; હરામજાદું; જારજ; વ્યભિચારોત્પન્ન. કમજાત.

Spurn, (સ્પર્ન્) *vt.* To kick: લાત મારવી; પાદપ્રહાર કરવો; લાત મારીને પાછું કાઢવું. 2. To reject with disdain: ધિક્કારવું; તુચ્છકારવું; ધૂતકારવું: -નો તિરસ્કાર કરવો; અવગણના કરવી; તરછોડી કાઢવું; તરછોડવું. *vi.* To kick or toss up the heels: પગ ઉંચા કરવા-ઉછાળવા; લાત મારવી; લાતો નાંખવી. 2. To manifest disdain in rejecting anything: તિરસ્કાર કરી અંગીકાર ન કરવો; ના પાડવી; ફિટકાર દેવો. *n.* A kick; a blow with the foot: લાત; પાદપ્રહાર; તિરસ્કાર; અનંગીકાર; ધિક્કાર; ફિટકાર.

Spurt, (સ્પર્ટ્) *vi.* To rush from a confined place in a small stream or jet; to spirt: જોરથી દડદડી થઈ બહાર નીકળવું; દદડવું; નહેવું. *vt.* To throw out as liquid, in a stream or jet: દડદડીની ધારે બહાર કાઢવું; ફોગળો કરવો. *n.* A jet: દડદડી; દડદડો; ધાર. 2 A shoot; a bud: કૂણો; કળી; અંકુર; પીલો. 3. A sudden outbreak: ભભુકો; ભભુસ્સો; આવેગ. 4. A sudden & energetic effort: મહાપ્રયત્ન; જબ્બર-સ-નો; પ્રયત્ન.

Sputter, (સ્પટર) *vi.* To spit: થુંકવું; થુંક ઉડાડવું. 2. To utter words hastily and indistinctly: બહુ ઉતાવળું અને અસ્પષ્ટ બોલવું; થુંક ઉડે તેમ બોલવું. 3. To throw out anything: તતડવું; તડતડાવવું: -ના તણખા ઉડવા. *vi.* To utter hastily and confusedly: ઉતાવળથી અને ગરબડ ગોટા કરીને બોલવું. *n.* Confused and hasty speech: ઉતાવળથી અને ગરબડ ગોટા કરી મુકીને કરેલું ભાષણ-બોલ.

Spy, (સ્પાઇ) *vt.* [L. *specio*, I see] To gain sight of; to espy; to see: જોવું; દેખવું; નિહાળવું; -સંતાએલું શોધી કાઢવું; દૂરથી નજર-દૃષ્ટિએ-પડવું; નજરમા આવવું; હડીએ ચઢવું. 2. To discover by close search or examination: બારીક તપાસથી શોધી-ખોળી કાઢવું; ભેદ કાઢવું. 3. To explore: બાતમીદાર તરીકે શોધી-જોઈ કાઢવું; નિરખવું; તપાસ-તલાસ કરવી. *vi.* To search narrowly; to scrutinize: બારીકાઇથી તપાસ-શોધ કરવી; તપાસવું: નિરીક્ષણ કરવું. *n. pl* Spies. One who keeps a constant watch of the conduct of others: બાતમીદાર; ગુપ્તદૂત. 2. A person sent in an enemy's camp, to inspect his works, ascertain his strength, movements, or designs: ગુપ્તદૂત; ચાર; ગૂઢપુરૂષ. S. *glass*: નાનુ દૂરબીન.

Squab, (સ્કવૉબ્) *a.* Fat: thick; plump: જાડું; માંસલું; હૃસ્વસ્થૂલ. 2. Unfeathered: પીછાં આવ્યા વિનાનું. *n.* A nestling of a pigeon or other similar bird: પીછાં વગરના કબૂતરનું તરત જન્મેલું બચ્ચું. 2. A person of a short: fat figure: જાડો ઠીંગણો-ગટ્ટી માણસ; વામનજી. 3. A thickly stuffed cushion: જાડું ઉસીકું-ગદેલું. Also a sofa: કોચ-સોફા. *adv.* With a heavy fall; plump: ધબ દઇને; ધબાક દઇને; ધબોધબ. *vi.* To strike at one dash, or with a heavy stroke: એકદમ પછાડવું; અફળાવું.

Squabble, (સ્કવૉબ્લ્) *vi.* To scuffle; to struggle; to quarrel: લડાઇ-કજીઓ. ૨કજક-ટંટો-બખેડો-તાણાતાણી કરવી. To debate peevishly; to dispute: ઝઘડાઝઘડી તકરાર-બોલાચાલી-વાદ કરવો; વાદ વિવાદ કરવો. *vt.* To disarrange: અવ્યવસ્થિત કરવું; ગુંચવારી માંડવી - સખળ ડખળ કરી નાંખવું. *n.* A scuffle; a brawl: કજીઓ; લડાઈ; બોલાચાલી; ઝઘડાઝડી: તાણાતાણ; કલહ; બે ચાર બે ચ.

Squad, (સ્કવૉડ્) *n.* [L. *ex* & *quadra*, a square.] A small party of men assembled for drill, inspection, or other purposes: કવાયત; દેખરેખ અથવા બીજા કોઈ કામોને માટે ભેગી થયેલી ટુકડી. 2. Any small party: કોઇપણ નાની ટુકડી-ટોળી.

Squadron, (સ્કવૉડ્રન્) *n.* A body of troops drawn up in a square or rectangular form: ચોરસ આકારમાં ઉભી કરેલી લશ્કરની ટુકડી. 2. A body of cavalry comprising two companies or troops: જેમાં બે ટુકડીઓ ભેગી હોય એવું ઘોડેસ્વાર લશ્કર; અશ્વદળ; વ્યૂહ. 3. A detachment of vessels: નૌકાસમૂહ; અમૂક કામ વાસ્તે રાખેલી વહાણની ટુકડી.

Squalid, (સ્કવૉલિડ્) *a.* [L. *squalere*, to be foul or filthy.] Foul; filthy ગંદું; ગંદુ; કચરાળુ; મેલું; મલિન; અધમ.

Squall, (સ્કવૉલ્) *n.* A sudden and violent gust of wind: એકદમ ચઢી આવેલો વાવ ટોળ; પવનનું તોફાન. *vi.* To cry out: to cry or scream violently: ચીસ-બુમાટો-બરાડો પાડવો. *n.* A loud scream; a harsh cry: બુમ; ચીસ; બરાડો; કરાડો; કારમો સાદ; ચીચીઆરી.

Squally, (સ્કવૉલિ) *a.* Abounding with squalls; gusty: વાવ ટોળીઆવાળું; તોફાની; હેકળી. 2. Interrupted by unproductive spots: જેની અંદર અફળદ્રુપ જમીનના કકડાઓ આવેલા હોય એવું. 3. Not uniform, faulty: એક સરખું નહોય તેવું, ખડબચડું.

Squalor, (સ્કવૉલર્) *n.* [L. *squalere*, to be foul or filthy.] Foulness;

filthiness;squalidity: ગંદવાડ; મલિનતા;મેલા-ગંદાપણું.

Squander,(સ્કવૉન્ડર)*vt* To scatter;to disperse: વિખેરવું; છુટું છુટું કરવું;વિખેરી નાંખવું. 2. To spend lavishly or profusely: ઉડાવી દેવું; ગુમાવી દેવું;ખરચી નાખવું; ભોર મૂકવું. *vi.* To spend lavishly; to be wasteful:ઉડાઉ-ખરચાળ હોવું-થવું;ઉડાવી દેવું;ગુમાવવું.2. To wander at random:ભટકવું; રખડવું; રઝળવું. *n.* Waste:ઉફાંઢ;અપવ્યય;ફેનાફાતિયા.

Squanderer, (સ્કવૉન્ડરર)*n.* One who squanders:ઉડાઉ; ખરચી દેનાર;ઉડાવી દેનાર-નાંખનાર; ધોતાળ.

Square,(સ્કવૅર) *n* [L *ex & quadrus,* a square.] (*a*) (*Geom.*) The corner,or angle,of a figure: કોઇ આકૃતિનો ખૂણો.(*b*)A parallelo gram having four equal sides and four right angles:સમચોરસ; ચોરસ;ચોખંડી આકૃતિ; ચોરસ;સમચતુષ્કોણ. 2. (*a*) Asquare piece or fragment: ચોરસ-ચોખંડો કકડો;તકતી; ચોસલું. (*b*) A pane of glass: તખતો;કાચ.(*c*) (*Print.*)A certain number of lines,nearly square: લગભગ ચોરસ આકૃતિમાં ગોઠવેલી કેટલીક લીટીઓ; ચોકડી.3. An area of four sides:ચોક;ચોગાન;ચોગટ; આંગણું.4.An instrument having at least one right angle and two or more straight edges:સુતારનો કાટખૂણો.5. Hence,a pattern or rule: નમુનો. 6.The product of a number or quantity multiplied by itself:વર્ગ;દ્વિઘાત.7.Regularity;rule: નિયમિતપણું; પ્રમાણ; સારખાપણું.8.A squadron: લડાઇના વહાણનો કાફલો;વ્યૂહ;સૈન્ય;દળ.9. *Fig.* The relation of harmony;equality:એકરાગ;રાગ;સંપ;સમાનતા; બરોબરી 10.A quarrel: કજીઓ,ટંટો;ઝઘડો;લડાઇ.11.The front of a woman's dress over the bosom: સ્ત્રીના પોશાકનો છાતીપરનો ભાગ;કાંચળીની કોટોરી.12.A square body of troops: પાયદળની ચોરસ રચના કરવી તે; ચોરસ વ્યૂહ; ચોરસ આકારમાં ઉભા રાખેલા સિપાઈઓનો સમૂહ. *On the* s,ઉઘાડી બજારની રીતે; પ્રમાણિક રીતે. *To be on* s. *with:* બરોબર હોવું; વચ્ચેનો હિસાબ બરોબર હોવો. *To break* s.s:રૂઢિથી ઉલટું ચાલવું.To *be all* s. s,to be all settled:નિકાલ થઇ જવો; પતી જવું;ચોખ્ખું થઈ જવું. *To be at* s.:-ની સાથે અણરાગ અણબનાવ હોવો; -ની સાથે લડાઇમાં હોવું *To break no* s.s,-ને માઠું-ખોટું ન લગાડવું;-નું મન ન દુઃખવવું.*a.*Having four equal sides and four right angles. સમચોરસ;ચોખંડું;ચોરસ;સમચતુરસ્ર.2. Forming a right angle: કાટખૂણાવાળું-કાટખૂણ.3.True;just: બરોબર; વાજબી;અદલ; ખરું;સાચું પ્રમાણિક. 4. Fair;exact:અદલ;પ્રમાણિક; ન્યાયનું; વાજબી.5. Even; leaving no balance;બરોબર;ચૂકતું ;માંડી વાળેલું;સરભર;તેવું તેવું -માગતું લહેણું ન રહે એવું.6 Hearty;vigorous:અંતઃકરણનું જુસ્સાવાળું ;જબરું;પુષ્કળ;પેટ ભરીને;અકરાતિયું. S *root:* વર્ગ મૂળ. To *get* s.*with,*to pay off:આપી દેવું; વાળી દેવું ; ચૂકતે હિસાબ કરી દેવું; ચૂકવી દેવું. *vt.* To form with four equal sides and four right angles:ચોરસ-ચોખૂણ કરવું. 2. To form with right anglet and straight lines, or flat snrfaces:સીધી લીટી અને કાટખૂણાવાળું કરવું;સીધું કરવું.3. To reduce to any given measure or standard: મેળવવું;બરાબર કરવું-લાવવું.4.To adjust; to regulate:કરવું;સુધારવું;દુરસ્ત કરવું; ઠીકઠાક કરવું;ચલાવવું .5. To balance: પતાવવું;ચૂકવવું; બરોબર કરવું-કરી મૂકવું; ચૂકતે હિસાબે કરવું;માંડી વાળવું. 6. To multiply by itself:-નો વર્ગ કરવો.7 To place at right angles with the keels:-નું કાટખૂણે મુકવું. *vi.* To suit;to fit:-ને માફક બેસતું-બંધ બેસતું-અનુસરતું હોવું-થવું;અનુકૂળ થવું. 2. To go to opposite sides;to quarrel:લડાઇ-કજીઓ ટંટો કરવો; અણરાગ-બેઅનાવ થવો.3. To take a boxing attitude:મુક્કી મારવા હાથ ઉગામવો. Tos.*the yards*: કુવા જેવડે ઉભું રાખવું.To s.*the circle*: ગોળની બરોબર ચોરસ માન-માપ કાઢવું;ને બને તેવું કરવા મથવું.

Square-rigged, (સ્કવૅર-રિગ્ડ) *a.* Having the sails extended upon yards suspended horizontally by the middle, as distinguished from fore and aft sails: જેના શઢ આડા લાકડાથી ચઢાવાય તેવું.

Square-sail,(સ્કવૅર-સેલ)*n.*A four sided sail extended upon a yard suspended by the middle:એક પ્રકારનો ચોખંડો સઢ.

Squash,(સ્કવૉશ)*vt.*To crush: કચરી નાંખવું;ચાટી;છુંદીનેચુનડી કરવું; લસોટી લોંદો બનાવવો-કરવો. *n.* Something soft and easily crushed: નરમ અને જલદી કચરાય એવો પદાર્થ-વસ્તુ. 2. Something unripe or soft:કાચો અથવા નરમ પદાર્થ.3. A sudden fall of a heavy, soft body:કોઇ ભારે, પોચા પદાર્થનું એકદમ પડવું તે;ચૂર્ણન;સંમર્દન.

Squat, (સ્કવૉટ) *vi.* To sit down upon the hams or heels: પલાંઠી વાળી બેસવું ; ચપટ બેસવું.2.To sit close to the ground; to cower: ઢીંચણ વાળીને ભરાઈ નેબેસવું; ગપાઈ-ગુપાઇને-સંકોચાઇને બેસવું. 3.To settle on another's land without title: પરાયી જમીન બથાવી તે ઉપર વસવું. 4. To settle on public lands: સાર્વજનિક જમિન ઉપર જઇ વસવું.*vt.*To bruise or make flat by a fall:પડવાથી ચગદાવું-ચચરાવું.*a.* Cowering; crouching: લપાઈ-ગુપાઈ-સંકોઇ બેઠેલું. 2. Short and thick: ટુંકુ ને જાડું ; ચપટું. *n.* The posture of one that sits on his heels or hams, or close to the ground: પલાંઠી. 2.A sudden or crushing fall: એકદમ-કચરાઇ જાય એવી રીતે પડવું તે.3.*A* small vein of ore:કાચી ધાતુની શેર.

Squatter, (સ્કવૉટર)*n.* One who squats: પલાંઠી વાળી લપાઇ બેસનાર. 2.One who settles unlawfully upon land without a title:જમીન બથાવી-પચાવી પાડનાર; ઉપર બેસનાર.

Squeak, (સ્કવીક) *vi.* To utter a sharp,sprill cry: ચૂંચૂં-ચીચીં કરવું; તીણો અવાજ કરવો;ચીપ પાડવી; બોલવું. 2.To speak;to confess: બોલી દેવું; કબૂલ કરવું.*n.A* sharp,shrill cry:ચુંચુ;ચીસ;ચી ચીં;-તીણો અવાજ.

Squeal,(સ્કવીલ્) *vi.* To cry with a sharp shrill prolonged sound: લાંબો તીણો અવાજ કરવો. 2. To turn informer;to betray a sacret: ચાડી ખાવી;-ની છાની વાત ઉઘાડી કરવી; નો વિશ્વાસઘાત કરવો. *n* A shrill sharp somewhat prolonged cry: લાંબો તીણો અવાજ;કીકીઆરી.

Squeamish, (સ્કવીમિશ્) *a.* Having a stomach that is easily turned or nuseated: સહેજમાં ઉલટી ઉછાળો આવે એવા પેટવાળું;સાંકડા ગળાવાળું. 2. Fastidious; easily disgusted ભિન્નજી; ચિપાસિયું; અતિશય ચીકણું; ચીકણું; સહેજમા નાખુશ થાય-કંટાળે એવું.

Squeeze,(સ્કવીઝ)*vt.* To compress: બે પદાર્થોની વચ્ચે દાબવું; નીચોવવું; આમળવું;દબાવવું;ખીલવું. 2.To harass to crush:ઉપર જુલમ ગુજારવો;-ને હેરાન કરવું;-ને તારવું;પજવવું; ને હેરાનગતી પહોંચાડવી.3. To force, or cause to pass by compression: નીચોવી-

દબાવીને કાઢવું; પીલવું. *vi.* To press; to urge one's way by pressing: દાબવું; દાણી-ધક્કા મારી પોતાનો રસ્તો કરવો;ભીડમાં આગળ જવું;કોણી મારી ચગદાઈ-ભચડાઇને રસ્તો કરવો. *To s. out:* નીચોવી દબાવી કાઢી નાંખવું-કાઢવું. *To s. through:* માંથી દબાઇ-ચંપાઇ ને જવું. *n.* Compression between bodies;pressure: દબાવવું તે; ચંપાણ;નિષ્કર્ષ.

Squib,(સ્કિબ્) *n.* A little pipe or hollow cylinder of paper, filled with powder or combustible matter:ફટાકો; ટેટો; ફટાકીયો; પલીતો;જમગીરી.2.A kind of slow match or safety fuse: થોડીવારે સળગેએવી દીવાસળી.3.A petty lampoon: નિંદાત્મક લેખ; નિંદાનું જુજ લખાણ.4.A writer of lampoons: નિંદાનું જુજ લખાણ લખનાર; નિંદા લેખ કરનાર. *vi.*To contend in petty disputes: નિંદાનું જુજ લખાણ લખીને તકરાર કરવી; અદાવતું;ઉતરી પડવું; તેરીમેરી ઉપર આવી જવું.

Squill,(સ્કિલ્) *n* [L. *squilla.*] An European balbous plant: રાની કાંદો;જંગલી કાંદો-પ્યાજ.2.A squilla: એક જાતનું જનવર.

Squint,(સ્કિન્ટ્) *n.* Looking oblique:ત્રાંસું; આડું;વક્ર; બાકું; બાકીઉ. 2. Looking askance:બાકું; માલું; માલખું. *vt.*To see or look obliquely: ત્રાંસું-આડું જોવું; બાકી નજરે જોવું 2 To be cross-eyed: બાકું-માલું-માલખું જોવું. 3.To run obliquely:ઢાળ પડતું-ઉતરતું હોવું;વક્ર હોવું; આડું ફાટવું .*vt.*To turn to an oblique position:ત્રાંસુ જોવું;બાકું-માલું કરવું;વક્ર દૃષ્ટિ કરવી.2 To cause to look with noncoincident optic axes: બાકી-ત્રાંસી નજરે જોવું. *n.* The act or habit of squinting: ત્રાંસુ-આડું જોવું તે-જોવાની ટેવ.2. A want of coincidence of the eyes: બાકી-માલખી નજર;વક્રદૃષ્ટિ.

Squint-eyed, (સ્કિન્ટ્-આઇડ્) *a.* Crosseyed:બાકું;માલું;વક્ર; દૃષ્ટિવાળું; માલખું .2.Malignant: બાકું જોનાર; ખારીલું;ઝેરીલું.

Squire, (સ્કવાઇર્) *n.* A square; a measure; a rule: કાટખૂણો. *n.* A shield-bearer or armor-bearer who attended a knight:'નાઇટ'ના ઢાલ ઉપાડવાળો માણસની સાથે રહેનારો ઢાલ અથવા બખ્તરવાળો માણસ; સ્કવાયર. 2.*A* title of dignity next in degree below knight: સાહેબ; મહેરબાન; શેઠ; નામદાર. 3.*A* male attendant on a lady: બીજમતદાર; રાજાનો હજુરીઓ; ખાસદાર; સન્નારી સેવા બજાવનાર આશુક નર.4.*A* title of office and courtesy·માનયુક્ત ઇલકાબ;જેકનામ; રાજ્યમાન રાજેશ્રી;સાહેબ બહાદુર.*vt.* To attend as a squire:સ્કવાયર તરીકે સાથે રહેવું.

Squirrel, (સ્કિવરેલ્)*n.* [Gr. *skia,* shade, & *oura,* tail.] Any one of numerous species of small rodents belonging to the genus *Sciurus:*ખીસકોલી; ખીસોડી.

Squirt,(સ્કવર્ટ્)*vt.*To drive or eject in a stream out of a narrow pipe or orifice:-ની પીચકારી છોડવી-મારવી; જોરથી દદુડી કાઢવી. *vi.*To be thrown out or ejected in a rapid stream from a narrow orifice: દદુડી નીકળવી-થવી-હોવી. 2. Hence, to throw out or utter words rapidly;to prate: ઉતાવળ-જલદીથી બોલવું;પતરાજી કરવી;લપલપ બોલવું; લવારો-પટપટારો કરવો.*n.* An instrument from which a liquid is ejected in a small stream with force:પીચકારી.2.A jet:દદુડાનો ઉતાવળો જોરો-વહેણીક-ધાર-દદુડી; પિચકારી.

Stab, (સ્ટૅબ્) *vt.* To pierce with a pointed weapon: ઘોંચવું; ભોંકવું; ભોંકીને ઘાયલ કરવું;ખોસી ઘાલવું 2.*Fig.* To injure secretly or by malicious falsehood or slander:-ને દુષ્ટ ભાવથી નુકશાન કરવા કરવું;-ને કલંક દૂષણ-એબ-બટ્ટો લગાડવો.3.To wound mortally:ભોંકીને મરણ તોલ ઘાયલ કરવા ઘોંચીને મારી નાંખવું. *vi.* To thrust with a pionted weapon: ભોંકવું; ઘોંચવું;મારવું;ઘાલવું; પેસાડી દેવું.2. To wound, or pain, as if with a pointed instrument: અણીવાળા હથિયાર મારફત ભોંકવું-થી ઘાયલ કરવું;-ના મર્મ ભેદવા.*To s.at:* ઉગામવું; મારવા જવું. A thrust of a pointed weapon:અણિદાર હથિયાર ઘોંચવું-મારવું તે.2. A wound with a sharp pointed weapon:અણીદાર હથિયારનો ઘા-જખમ. 3. An injury inflicted covertly or suddenly: કલંક; બટ્ટો,એબ;દૂષણ.

Stabliment,(સ્ટૅબ્લિમિલમેન્ટ્)*n.* [L. *stabilis.*] Firm support; establishment: પક્કો આધાર-આશરો.

Stability, (સ્ટૅબિલિટિ) *n.* Steadiness; stableness, firmness·દૃઢતા; સ્થૈર્ય;મજબૂતી; સ્થિરતા.2.Firmness of resolution or purpose:નિશ્ચય; આગ્રહ;ધૈર્ય;દૃઢ ઠરાવ. 3.Fixedness; જડતા.

Stable,(સ્ટેબલ્) *a.* Firmly established;fixed:દૃઢ; સ્થાયી; કાયમ;મજબૂત;બલકટ;સાબુત; ધ્રુવ; અચળ; સ્થાવર. 2. Steady in purpose; firm in resolution: દૃઢ મનનું; આગ્રહી; ધીરૂં.3.Durable;firm:કાયમ; સ્થિર; ટકાઉ;સ્થાયી;ધ્રુવ.*vt.*To fix;to establish:દૃઢ-કાયમ-સ્થાયી-મજબૂત કરવું.

Stable,(સ્ટેબલ્)*n.*[L.*sto,*I stand.] A building or apartment with stalls for horses:તબેલો; ડહેલું;પાગા;ઘોડસાળ;અશ્વશાળા.*Augean Ss:* ઘણા કાળના એકઠા થએલા ગલીકુંચીના ઉકરડા. *vt.* To put or keep in a stable:તબેલામાં મૂકવું-રાખવું. *vi.* To dwell or lodge in a stable: તબેલામાં રહેવું.

Stable-boy, (સ્ટેબલ્ બૉઇ) *n.* A groom;a hostler: રાવત;ઘોડાનો ચરવાદાર;અશ્વપાલ;ઘોડાવાળો.

Stack, (સ્ટૅક્) *n.* A large pile of hay grain or straw: ગંજી; ઢગલો; ગંજ:રાશિ;સંચય;ઓધરો;ઓધવું કુદવું. 2.A pile of poles of wood,indefinite in quantity:લાકડાનો મોટો જથ્થો ઓધરી;ચાકી. 3. A pile of wood containing 108 cubic feet:એકસો અને આઠ ઘનફુટનો લાકડાનો ઢગલો.4. A pipe, for smoke: ધુમાડિયું.*vt.* To lay in a conical or other pile; to make into a large pile: ખડકવું; ગંજ-ઢગલો કરવું;-ની ગંજી સાંચવી-ખડકવી; ઓધરો કરવો.

Stack-yard,(સ્ટૅક્-યાર્ડ)*n. A* yard or inclosure for stacks of hay or grain:ગંજી ખડકવાનો વાડો-વંડો.

Staddle, (સ્ટૅડ્લ્) *n.* A staff; a prop:a crutch;a cane:લાકડી;ટેકો; સોટી.2.The frame of a stack of hay or grain: ડુંડા;ઘાસ અગર અનાજ કાપી લીધા પછી રહેલા ડુંડા. 3. A row of dried or drying hay: સૂકા-સૂકાતા ઘાસની હાર. 4.A small tree of any kind:નાનું ઝાડ. *vt.*To leave the staddles of:-ના ડુંડા-ડુંડા રહેવા દેવા-પડતા મૂકવા-રાખવા.2. To form into staddles, as hay: ની પુળીઓ કરવી;નીગંજી ગોઠવવી-ખડકવી.

Staff,(સ્ટૅફ્)*n.pl* **Staves,** A long piece of wood;a stick: લાકડી; ડંગોરો;ડાંગ; દંડુકો; ડફૂંડું; ડમડું. 2. A stick carried in the hand for support or defence by a person walking:ચાલતી વખતે આધાર માટે રાખેલી લાકડી. (*b*) A support that props or upholds:આલંબન;આધાર;આશ્રય;ટેકો.3.An ensign-

of authority:છડી;રાજદંડ;વેત્ર. 4.A pole upon which a flag is supported and displayed: વાંસી. 5. The round of a ladder (R): પગથિયું. 6. A stanza; a stave:ખેત; શ્લોક.7. The five lines and the staces on which music is written: પાંચ લીંટી અને તેની વચ્ચેની સંગીત લખેલી જગા. 8. (*Mil.*) An establishment of officer in various department:સેનાપતિ લશ્કરની ટુકડી કે લશ્કરના અંગનાં માણસો. 9. Hence, a body of assistants serving to carry into effect the plans of a superintendent or manager:કામદાર મંડળ-વર્ગ-ગણ; અધિકારી ગણ-મંડળ-સમુદાય.

Stag, (સ્ટૅગ્) *n.* The male of a deer:સાબર;હરણ મૃગ. 2.A colt or filly:વાછરડો અથવા વાછરડી. Also, a romping girl: નખરાંખોર-બાજ છોડી;નાચણ. 3. A castrated bull: ખાસી કરેલો આખલો-સાંઢીઓ-ગોધો.4. (*a*) An out side irregular dealer in stocks: સટ્ટાવાળાઓના મંડળમાં નહિ હોવા છતા સટ્ટો કરનાર; શેર વગેરેનો વેપારી નહિ હોવા છતાં સટ્ટો કરનાર.વ (*Com.*)To act as a"stag" or irregular in stocks:નવા શેરો લઇને નફો ખાઈ વેચી નાંખવાનો સટ્ટાનો ધંધો કર. *vt.* To watch:તપાસ-ચોકસી રાખવી.

Stage, (સ્ટેજ્)*n.* [L. *sto,*I stand.] A floor or story of a house:મેડી; માળ-માળો.2.A scoffold:પાલખ;માચડો; ઉંચું માળિયું. 3. An elevated platform on which an orator may speak, or a play be performed:ભાષણ કરવાની કે ખેલ ભજવી બતાવવાની ઉંચી બેઠક-સ્થાન. 4. A platform often floating and serving as a kind of wharf:બંદરનો તરતો ડક્કો. 5. The theatre; the playhouse:રંગભૂમિ;નાટ્યશાળા; ભૂમિકા;નાટ્યસ્થળ. Hence drama: નાટક.6.The scene of any noted action or career: રંગભૂમિ; સ્થળ; મેદાન. 7. A stage house; a station: અટકવાનું-ઉતારો કરવાનું ઠેકાણું; મુકામ;પડાવ; પડાવ કરવાની જગા; વિસામા-ઢાળાની જગ્યા; ઉતારો; વિસામો. 8. A degree of advancement in a journey: ટપ્પો; મજલ. 9.A degree of advancement in any pursuit: અમુક સ્થિતિ-હાલત; પદ;સ્થાન;વૃત્તિ; દશા;અવસ્થા; આશ્રમ; તબક્કો.10. A stage coach;an omnibus: બંધ ઘોડાગાડી. 11. (*Bio.*) One of serveral marked phases of periods in the development and growth of many animals and plants:ક્રમ;પાયરી; ભૂમિકા. *vt.* To exhibit upon the stage; to display publicly: રંગ-ભૂમિ ઉપર ખેલ કરી ભજવી બતાવવો.

Stage-coach, (સ્ટેજ્-કોચ્) *n.* A coach that runs regularly from one stage, station, or place to another: ઉતારૂઓની ઘોડાગાડી; ડાકની ગાડી.

Stage-play,(સ્ટેજ્-પ્લે)*n.* A dramatic or theatrical entertainment:નાટક; ખેલ.

Stage-player,(સ્ટેજ્-પ્લેયર્)*n.*An actor on the stage: નટ; નાટકમાં વેષધારી; પાત્ર; ખેલ ભજવનાર.

Stager, (સ્ટેજર્) *n.* A person of experience:જ્ઞાનવૃદ્ધ; અનુભવી; ખડતલ.2.A horse in drawing a stage:ડાગગાડી-ખેંચનાર ઘોડો.

Stagger, (સ્ટૅગર્)*vi.* To sway; to reel or totter: લથડવું; ગોથાં-લથડીઆં ખાવાં;સ્ખલિત થવું;ભમરી આવવી; ડગમગવું. 2. To fail;to begin to give way: ડગવું; પાછું હઠવા માંડવું; હઠવું; નિષ્ફળ જવું. 3. To hesitate: ડગમગવું; ઢચુપચુ હોવું; ડામાડોળ થવું; શંકલ્પ-વિકલ્પ થવો;આનાકાની કર.*vt.* To cause to reel or totter: ભમાવવું;લથડીઉં ખવાડવું; ચક્કર આણવાં;લથડાવવું.2. To make to hesitate: મનમા શંકા આણવી; અશક્તિમાન કર; શંકા-વિકલ્પ ઉત્પન્ન કર; ઢચુપચુ-આનાકાની કરાવવી; ડગમગાવવું-થી ખ મચાવવું.*n.*A reeling motion;a vertigo; લથડીઉં ; સ્ખલન. 2.*pl.* A disease of horses and other animals attended by reeling: ઘોડાને અથવા બીજા પ્રાણીઓને થતો વાઈનો રોગ; મીણો;ભમરી. 3.*pl.* Bewilderment;perplexity: ગુચવણ; ગભરાટ;શંકા; વિકલ્પ. (b) ઘોડાને થતી વાયુ. *Stomach* s.s, આફરો.

Stagnant,(સ્ટૅગ્નંટ્) *a.* [L. *stagnum*, a piece of standing water.]Impure or foul from want of motion:બાંધ્યું;બંધ; સ્થિર; ભરાઈ રહેલું;બંધેર.2.Not active or brisk, dull:ધીમું;મંદ;શિથિલ;માઠું;જડ;સુસ્ત; મંદીવાળું.

Stagnate,(સ્ટૅગ્નેટ્)*vi.*[L. *stagnum* a piece of standing water.] To cease to flow;to be motionless: સ્થિર રહેવું;રહેવું બંધ પડવું;ઉભું રહેવું; -ની ગતિ-પ્રવાહ બંધ થવા. To become foul by want of motion બંધ હોવાથી બગડી-ગંધાઇ ઉઠવું 2. To become dull or inactive: ધીમું-મંદ પડવું-થવું;શિથિલ-સુસ્ત થવું;--ની મંદી થવી. *a.* Stagnant: સ્થિર; મેલું; નલિન;અંધેર.

Stagnation, (સ્ટૅગ્નેશન્)*n.* Cessation of flowing or circulation: બાંધ્યું-સ્થિર રહેવું તે; ગતિનો અભાવ; અપ્રવાહ. 2. The state of being dull:મંદપણું;મંદતા;મંદી;શિથિલતા.

Staid,(સ્ટેડ્) *imp.*& *p.p.*of Stay, થોભ્યું; રહ્યું;થોભેલું; રહેલું. *a.* Grave; sober,steady:ગંભીરતાવાળું; ગંભીર; શાણું; પુખ્ત;સ્થિર; ધીર.

Stain,(સ્ટેન્)*vt.* To make foul, to spot: ડાઘ-ડપકો પાડવો-બગાડવો-થી ખરડવું-બગાડવું; મલિન-મેલું કર.2.To dye: રંગવું;-ને રંગ કર.-દેવો 3. To bring reproach on; to tarnish: -ને કલંક-ઐબ-દૂષણ-લાંછન-ડાઘ- ધામોશી-બટ્ટો લગાડવો; કલંકિત-દૂષિત કર.4. To cause to seem inferior or solid by comparison:-થી ઉતરતું-નીચા દરજ્જાનું દેખાય તેમ કર.*Stained glass* રંગીત ચિત્રવાળો કાચ. *vi.* To grow dim: ડાઘ લાગવો; ઝાંખું થવું. *n.* A spot:ડાઘ; ચાઠું; ચિન્હ; ડપકો.2. A natural spot or color different from the ground: જમિનથી જૂદા રંગનો કુદરતી ડાઘ;ભાત;તરાહ.3.Taint of guilt;reproach;tarnish: ઐબ; કલંક; બટ્ટો; દૂષણ; ડાઘ; લાંછન; ડપકો; ખોડ; નામોશી; કાળી ટીલી.4. Cause of reproach; shame: કલંક-બટ્ટાનું કારણ; શરમ. 5. Tinge: રંગ; પાસ; ખવાસ; પાણી;ખમીર; ઢીર.

Stainless,(સ્ટેન્લેસ્) *a.* Immaculate:નિર્દોષ;શુદ્ધ;ડાઘ વગરનું; નિષ્કલંક; નિર્મળ;કલંક લાંછનહીન;પ્રીતઐબ.

Stair, (સ્ટેર્) *n.* One step of a series for ascending or descending to a different level: પગથિયું;ફાડીઉ. 2.A series of steps; દાદર;નિસરણી;સીડી;જીનો. *Flight of* s.s:જીનો;સીઢી,દાદર;નિસરણી. *Below* s:નીચે;ઉંડળ.*ult* s.:ઉપર મેડે;માળપર.

Stair-case,(સ્ટેર્-કેસ્) *n.*A flight of stairs with their supporting framework, casing, balusters, etc:દાદર; નિસરણી; સીડી;જીનો.

Stake,(સ્ટેક્)*n.* A pointed piece of wood to be driven into the ground: અણીવાળી લાકડી-ખુંટી; લાકડાની મેખ; ખીલો; ખીંટો;શૂળ. 2. A stick inserted upright in a loop,eye,or mortise: ગાડાનું આડું. 3. (*a*) The piece of wood to which a martyr was affixed to

be burned:સ્વમતાર્થે પ્રાણ ત્યાગ કરનારને બાળી મુકવા જે લાકડા સાથે બાંધે છે તે લાકડું. (*b*) Martyrdom by fire:ધર્મને માટે અગ્નિમાં પ્રાણ આપવાતે. 4. A small anvil:નાની એરણ. 5. That which is laid down as a wager; a pledge: સરત-હોડમાં મૂકેલી વસ્તુ-પદાર્થ. *To be at* s: જોખમમાં હોવું;ઉપર-એન ઉપર આવી-આવેલી હોવી. *vt.* To fasten, support, or defend with stakes: ખીલા-ખીંટા-મેખથી જડવું; ખીંટીએ ટાંગવું.2.To mark the limits of by stakes: લાકડાની ખુંટીઓ ઠોકીને હદ બાંધવી-કરવી.3. To wager; to pledge:હોડ-સરતમાં મુકવું; હારવા-જીતવા-દાવમાં મુકવું. 4. To pierce or wound with a stake; લાકડાની ખુંટી ભોકવી-થી ઘાયલ કરવું.

Stalactite, (સ્ટૅલૅક્ટાઇટ્) *n.* A pendent cone or cylinder of calcium carbonate: શંકુ આકારનું ઝરતું સફેતાનું ગચ્ચું-ગુચ્છું.

Stalagmite,(સ્ટૅલૅગ્માઇટ્)*n.* A deposit more or less resembling an inverted stalactite, formed by calcareous water drooping on the floors of caverns:કુહરોના ઝરવાથી ભોંય ઉપર બંધાયેલું ઉંધું પડછાંટ.

Stale, (સ્ટેલ્)*n.* [L.*stilus*, stake.] The stock or handle of anything:કોઈ પણ પદાર્થનો હાથો-દાંડો. *a.* Vapid or tasteless from age: બેસ્વાદ,વાસી;ઉતરી ગયેલું; ઠાંઢું; શિથુ ; જીનું ;નીરસ;નિ:સત્વ; પુરાણું; જીર્ણ. 2. Not new; not freshly made: વાસી;ઠાંઢું. 3. Worn out; decayed: બગડી ગયેલું;કૂટી ગયલું; ઘસાઈ-પીસાઈ ગયેલું;જુવાનીના સર્વ ચિન્હ જતાં રહ્યાં છે એવું 4.Trite; common:સાધારણ;જીનું; રસ-મઝા વિનાનું-રહિત;જીર્ણ; પુરાણું; ચવાઇ ગયલું. *vt.* To make vapid or tasteless; to destroy the life, beauty or use of:વાશી જીર્ણ કરવું; ઠાંઢું કરવું;નિસ્વાદ નિરસ-નિ:સત્વ કરવું. *vi.* To make water; to discharge urine: મૂતરવું; પેશાબ કરવો. *n.* That which is stale or worn out by long keeping, or by use: ઘણા વખત સુધી પડી રહેલો પદાર્થ-વસ્તુ.2. A prostitute; પાતર; ફીસબણ-વેશ્યા. 3. Urin, *esp.* that of beasts:પશુઓનું મૂતર. *n.* A decoy; a stool pigeon: પક્ષીનું ડોળીયું;જડ પદાર્થનું બનાવેલું કબૂતર. 2.A stalking horse: શિકાર કરવા સંતાઇ રહેવાનો ઘોડો અગર ઘોડાની આકૃતિ. 3 (*Chess.*)A stalemate: શહમાત.

4.A laughing-stock;a dupe: હાસ્યાસ્પદ;મોળો;ભોળવાયું માણસ.

Stalk,(સ્ટોક્) *a.*(*a*) The stem or main axis of a plant:શાખો; થડ; રાડું; થડીયું. (*b*) The petiole, pedicel, or peduncle, of a plant: ડીટું;ડીચકું;પેશી;ડોકો;કાંડીયું. 2. That which resembles the stalk of a plant:થડ. 3. One of the two upright pieces of a ladder: નિસરણીના બે ઉભા કડ્ડામાંનો એક. *vi.* To walk slowly and cautiously; to walk in a stealthy, noiseless manner: ધીમે ધીમે સાવચેતીથી જવું; ચોરની પેઠે જવું. 2. To proceed under cover:છુપી રીતે જવું; લપાઇને ચાલવું. 3.To walk with high and proud steps: ઠમકાથી ચાલવું; મ્હોટા ડોળથી છાતી કાઢી મ્હોટી મ્હોટી ફલંગે ચાલવું. *vt.*To approach under cover of a screen, or by stealth:-ની પાસે છાનામાના-ચોરીથી આવવું-જવું. *Deer s.ing:*મારવા માટે ચોરીથી હરણ પાસે જવું તે.*n.*A high proud, stately step or walk: ઠમકો;હુ સગતિ;ગજગતિ.

Stalking-horse, (સ્ટોકિન્ગ્-હૉર્સ્)*n* A horse behind which a hunter conceals himself from the game he is aiming at: પ્રાણીનો શિકાર કરવાને માટે પારધી જે ઘોડાની પાછળ સંતાઇ રહેછે તે ઘોડો અગર તેની (ઘોડાની) આકૃતિ. 2. A mask; a pretence:બહાનું;મિષ; નિમિત્ત; ઠાળ; મુખવટો;છળ;કપટ;પેચ

Stall, (સ્ટૉલ્)*n.* A stand; a station:a fixed spot:ઉભા રહેવાની જગા;કાહોડ.2.A stable; a place for cattle: તબેલો; ઢોર બાંધવાની જગા; કોહોડ;ગમાણ;રહેવું. 2. A small apartment or shed in which merchadise is exposed for sale: માલ વેચવાની નાની દુકાન-હાટ-બેઠક. 4. A bench or table on which some articles of merchandise are exposed for sale: જેના ઉપર મુકીને માલ વેચવામા આવે છે તે પાટલો-બાંક. 5. A seat in the chair of a church:મોટા ધર્મોપદેશનું આસન-બેઠક. 6. A seat with arms or otherwise partly inclosed, as distinguished from the benches, sofas, etc.: નાટકમાં એક પ્રકારની બેઠક *vt.* To put in a stall or stable: તબેલામા બાંધવું-મુકવું. 2. To fatten:જાડું કરવું; રૂષ્ટપુષ્ટ કરવું; માતેલું કરવું. 3. To install: વિધિપૂર્વક નિમવું;-પર બેસારવું;-નો અધિકાર સોંપવો.4.To plunge into mire or snow: કાદવ અથવા બરફમાં લપટાઇ રહેવું;-ચ્હોટી-કળી જવું;સજ્જડ કરી નાખવું.5. To forestall; to anticipate:ભવિષ્ય કથન કરવું;આગળથી જાણવું કહેવું.6. To keep secret: છુપુ છાનું ગુપ્ત રાખવું;-માં દાટી રાખવું-મુકવું. *vi.* To dwell:રહેવું;વસવું. 2. To kennel,as dogs:ખટારામા બાંડામાં રાખવું. 3.To stick fast: કાદવ અથવા બરફમાં મજબૂત-સજ્જડ ચોટી કળી જવું; લપટાઇ જવું; સજ્જડ લઈ જવું.

Stallion, (સ્ટૅલ્યન્) *n.* A male; horse not castrated;a male horse kept for breeding: ઓલાદ-વધારવાને રાખેલો ઘોડો:વાલી ઘોડો.

Stalwart,(સ્ટૅલ્વર્ટ્)*a.*Brave;bold strong;daring: જબરું;હિમ્મતવાળુ ; બહાદુર;જુસ્સાદાર;જોસદાર;જવાં-મર્દ.હઠ્ઠુ.

Stamen, (સ્ટેમૅન્) *n. pl.* E Stamens; L. Stamina. [L. *stamen*,the warp.] A thread: દોરો; દાતણો.2. *pl.* Stamens, rarely Stamina,The male organ of flowers:ફુલમાં નરતંતુ; કેસર; ઉપકેસર;ફુલના તંતુ.

Stamin,(સ્ટૅમિન્)*n.* [L. *stamen*, thread.]A kind of woollen cloth એકાતનું ઉનનું કપડું-ફુગડું.

Stamina, Stamen, (સ્ટૅમિનૅ) *n. pl.*The fixed or firm part of a body;power of endurance;back bone; vigor: આધાર બલસાધન;બળહેતુ સારસત્વ;તેજ;દમ;છત્વ;કેસ, પાણી;બહુબળ.

Stammer,(સ્ટૅમર્)*vi.* To hesitate or falter in speaking; to stutter:તોતડું બોલવું;જીભ અટકવી;અથકાતાં-ખમચાતા બોલવું. *vt.* To utter imperfectly:અચકાતાં-ખમચાતા ખમચામા બોલવું; જીભ અટકતું બોલવું. *n.*Defective utterance; a stutter:સ્ખલન;અસ્પષ્ટવાણી.

Stammering,(સ્ટૅમરિન્) *a.* Apt to stammer; atuttering: તોતડું તોતડું બોલે એવું બોલનારું.

Stamp,(સ્ટૅમ્પ્)*vt.*To strike, beat or press forcibly with the bottom of the foot, or by thrusting the foot down ward. ઠોકવું; પછાડવું;અફાળવું.2.To bring down (*the fool*) forcibly on the ground or floor.પગ ઠોકવો. 3. To crush;to pulverize: ચગદી કચરી નાંખવું;ભૂકો ચૂરો કરવો.4.To impress with some mark or figure: સિક્કો-બિલ્લો-છાપ પાડવું; મુદ્રાંકિત કરવું; છાપ મારવી; છાપવું મ્હોર મારવી. 5.

To impress; to imprint: ઠસાવવું; કાળજા મનમાં કોરવું-ઉતારવું;-ની છાપ બેસારવી. 6. To mint; to coin: શિક્કો પાડવો. 7. To put a stamp on, ટીકીટ ચોટવી; સ્ટેમ્પ લગાડવો. *To s. out,* to extinguish: ઠંડું પાડવું; બેસારી દેવું: સમાવી દેવું. *vi.* To straike to beat; to crush: મારવું; ઠોકવું; ચગદી નાંખવું. 2. To strike the foot forcibly downward: પગ બોચ ઉપર જોરથી પછાડવો-ઠોકવો. *n.* The act of stamping, as with foot: પાદઘાત-પ્રહાર; પગ પછાડવો તે; પગ ઠોકવો તે. 2. An instrument for making impressions on other bodies, as a die: છાપ; ઠોકાર; શિક્કો; મુદ્રા; બીબું. 3. A mark imprinted; an impression: પડેલી-પાડેલી છાપ; મુદ્રા. 4. A thing stamped: છાપ મારેલી ચીજ-પદાર્થ. 5. A cut; a plate: છાપ ચિત્ર; બિબું. 6 An official mark: સરકારી છાપ; મહોર; શિક્કો. 7. Hence, a stamped or printed device, issued by the government: સ્ટેમ્પનો છાપનો કાગળ; સ્ટાંપની સરકારી ટીકીટ. 8. A character or reputation; current value; authority: છાપ; સાખ; લક્ષણ; ગુણ. 9. Make, cast; form; character: ઘાટ; તરેહ; આકાર; ચિન્હ; રૂપ; લક્ષણ; નમુનો; મુદ્રા; પ્રકાર. 10. A kind of heavy hammer: એક જાતનો ભારે હથોડો; ખાંડણીયું; સાંબેલું. 11. A halfpenny: ચારપાઈ. 12. *pl.* Money, *esp.* paper money: પૈસા; નોટ.

Stampede, (સ્ટૅમ્પીડ) *n.* A wild, headlong scamper, or running away, of number of animals: ભડકવાથી જનાવરોના ટોળાંઓનું એકદમ નાસવું તે. Hence, any sudden flight or dispersion: એકાએક લાગેલી બીકથી નાસાનાસ; પલાયન; નાસભાગ. *vi.* To run away in a panic: એકદમ બીકથી નાસી જવું; ભડકીને એકદમ નાસવું. *vt.* To disperse by causing sudden flight: બીવડાવીને એકદમ નસાડી મુકવું-વિખેરી નાંખવું.

Stanch, Staunch, (સ્ટાંચ્) *vi.* [L. *stagno,* I become stagnant] To check: લોહી વહેતું બંધ પાડવું-કરવું; -નો પ્રવાહ અટકાવવો; થંભાવવું; ચોભાવવું 2 Ts extinguish; to quench as fire or thirst: ઓલવવું; બુઝાવવું; છાંટવું છાંટીનાખવું, છીપાવવું; મટાડવું. *vi* To cease as the flowing of blood: લોહીનું વહેતાં બંધ પડવું-અટકવું. *n.* That which stanches or checks: અટકાવનાર; બંધ કરનાર-પાડનાર. 2. A flood gate by which water is accumulated: વધારે પાણી દાખલ કરવાનો દરવાજો-માર્ગ. *a.* Strong and tight; sound; firm: મજબૂત; નક્કર; કઠણ; સંગીન. 2. Firm in principle; constant and zealous; loyal; hearty: ખરૂં; આગ્રહી; દૃઢ; સ્થિર; ધીર; વફાદાર; હાર્દિક. 3. Close; secret; private: છાનું; ઢબૂકું; ગુપ્ત. *vt.* To prop: મજબૂત-નક્કર બનાવવું.

Stanchion, (સ્ટૅન્શોન્) *n.* [L. *sto,* I stand.] A prop or support: ટેકો; આધાર; નાનો થાંભલો-ટેકો. 2. A vertical bar for confining cattle in a stall: આડ.

Stand, (સ્ટૅન્ડ) *vi.* [L. *sto,* I stand.] (*a*) To be supported on the feet in an erect or nearly erect position: ઉભું રહેવું; હોવું; ખડું રહેવું. (*b*) To continue upright in a certain locality: કોઈપણ રીતે ઉભું રહેવું; આવેલું હોવું; આવી રહેવું. 2. To be situated or located: આવેલું હોવું; હોવું; આવી રહેવું. 3. To stop, to pause: અટકવું; બંધ પડવું; ઉભા રહેવું; થોભવું; વિરામવું; ઠરવું; ઠેરવું 4. (*a*) To be permanent; to endure; to last: ટકી રહેવું-હોવું; ટકવું; નભવું; ચાલવું; સ્થિર રહેવું. (*b*) To find endurance, strength or resources: સ્થિર થઈ રહેવું; દૃઢ રહેવું; અડગ રહેવું. 5. To maintain one's ground; to be acquitted: to be safe: ઉભા આબરૂએ રહેવું; નિર્દોષ ઠરવું; ક્ષેમ કુશળ રહેવું; ઉભા રહેવું; સાબીત સલામત રહેવું-નીકળવું; તરવું. 6. To take a position in resistance or opposition: દૃઢ-સ્થિર-કાયમ રહેવું-હોવું; -ના સામું ટકાવી-ટકી રહેવું. 7. To maintain moral rectitude; to keep from falling into error or vice: સન્માર્ગમા રહેવું; નિર્દોષ-શુદ્ધ રહેવું, નિરપરાધી-નિષ્પાપ રહેવું; પાપાચરણમાં ન પડવું; સ્થાપિતનિયમને વળગી રહેવું. 8. To have or maintain a position, order or rank: આવવું; હોવું; ઘરાવવું. 9. To be; to consist: -માં સત્વ હોવું; -માં હલેવું હોવું; -નું હોવું; -મા આવી રહેવું. 10. To agree; to accord: -ની સાથે મળતા આવવું; અનુસરવું; -ને અનુરૂપ-છાજે તેવું હોવું. 11. To hold a course at sea: હંકારવું; જવું. 12. To offer one's self, or to be offered, as a candidate: પોતે ઉમેદવાર થવું-હોવું; -ના ઉમેદવાર-પ્રતિનિધી તરીકે ઉભા રહેવું. 13. To stagnrte; to be motionless: સ્થિર થઇ જવું-રહેવું; ભાંયું રહેવું. સ્તબ્ધ થઇ રહેવું; થંભી રહેવું; જીદ્ધ રહેવું. 14. To measure when erect on the foot: જ્યારે ઉભુ હોય ત્યારે માપ હોવું-મપાવું 15. To abide; continue in force: અમલમા રહેવું; કાયમ-ચાલુ રહેવું-હોવું; હોય તેવું રહેવું. *To s. against,* to resist: -ના સામું થવું; -ની વિરૂદ્ધ પડવું. 16. To persevere: આગ્રહથી વળગી રહેવું. 17. To insist: -ની હઠ-આગ્રહ કરવો. *To s. by.* (*a*) To be near: પાસે-જોડે-હાજર હોવું; -ના દક્ષા હોવું, -પાસે ઉભા રહેવું. (*b*) To be aside: બાજુએ રહેવું; નહિ ગણકારવું; કોરે રહેવું. (*c*) To maintain; to defend: બચાવ-રક્ષણ કરવું; મદદ આપવી; -નો પક્ષ ન છોડી દેવો; -ને મદદ-સહાય કરવી; -ને ઝાલી-વળગી રહેવું. (*d*) To be supported by: -નો ટેકો મળવો, -ના આધારે રહેવું. To s. *fast,* to be immovable: દૃઢ-સ્થિર-અચળ-અડગ રહેવું; ન ડગવું. To s. *firmly on,* to be satisfied or convinced: -ની ખાત્રી-પ્રતીતિ થવી-હોવી; -ને ખાતરજમા-ખાતર નિશા હોવી. To s. *for,* (*a*) to support; to maintain: -ને મદદ-આધાર આશ્રય ટેકો આપવો; -ની બાજુ પક્ષમાં હોવું-રહેવું. (*b*) To be in the place of: -ની વતી ઉમેદવાર હોવું; -ના બદલે ઠેકાણે-વતી કેવું રહેવું. To s. *in,* to cost: ખર્ચ પડવું-લાગવું; ખર્ચાઈ જવું; ખપી જવું; કામ આવવું; બેસવું. To s. *in hand.* to be serviceable or advantageous: ઉપયોગી-કામના-ખપના હોવું. To s. *one in:* બેસવું; ખરચપડવો-લાગવો. To s. *off.* (*a*) to keep at a distance: દૂર-અળગું-વેગળું-અલગ-રહેવું (*b*) Not to comply: ન સ્વીકારવું. (*c*) To keep at a distance: -ની સાથે વ્યવહાર ન રાખવો; -થી દૂર-અળગા રહેવું. To s. *off and on,* to remain near a coast: કિનારા પાસે રહેવું. To s. *out,* (*a*) to project: બહાર નીકળી ધસી આવવું. (*b*) To persist in opposition or resistance: ટક્કર ઝીલવી-ઝીલવી; તાબે-શરણ ન થવું; નમ્યું ન આપવું પાછા ન હઠવું; પછાત ન પડવું સામા અડયા રહેવું. To s. *to,* (*a*) to ply; to urge: જોરે લાગ્યા રહેવું; ચલાવવું; -થી મંડવું. (*b*) To remain fixed in a purpose or opinion. -ને વળગ્યા રહેવું; ઝાલી-પકડી રહેવું. (*c*) To abide by; to adhere to: સ્વીકારવું; મંજૂર-માન્ય રાખવું; પાળવું; કબૂલ રાખવું; -ને વળગી રહેવું; -ન તોડવું. (*d*) Not to yield: પકડી રહેવું; છોડી ન દેવું. (*e*) To be consistent with: મળતું-અનુસરતું હોવું; અનુકૂળ-અનુરૂપ-હોવું. (*f*) To support; to uphold: ટેકો-આધાર મદદ-આશ્રય આપવો. To s. *to-*

gether: બેસતું-જમતું-મળતું હોવું. *To s. to sea*: કિનારાથી આઘું હંકારવું-ચલાવવું;ભરદરિયે પડવું. *To s.under*, to undergo; to withstand: ભોગવવું; સોસવું;-ઉપર ગુજરવું; સહન કરવું; ખમવું. *To s.up.* (*a*) to be on the feet:ઉભા થવું-હોવું-રહેવું.(*b*)To arise in order to speak or act:બોલવાને માટે ઉભા થવું.(*c*)To rise and stand on end, as hair: રૂવાંટાં-વાળ ઉભા થવા.(*d*)To contend: સામા થવું; લડાઈ-તકરાર કરવી. *To s.up for*,to defend;to justify:-નો બચાવ કરવો;પક્ષ ખેંચવો;-ની તરફથી ઉભા રહેવું-બોલવું. *To s. upon*, (*a*) to concern; to interest:-ના સબંધી હોવું;-લાગતું વળગતું હોવું.(*b*) To value; to esteem:-થી કુલાવું;શેખી કરવી;ગણવું; માનવું; લેખવવું.(*c*) To attach much importance to:ઉપર જોર કરવું; જોર કરીને બોલવું;આગ્રહ પૂર્વક કરવા કહેવું;ને ઘણું અગત્યનું ધારવું-ગણવું. (*d*) To attack:હુમલો કરવો; ચઢાઈ કરવી. *To s. with*, to be consistent with:-ને અનુસરતું-અનુકુળ-અનુસાર-મુજબ મળતું હોવું-આવવું. *vt.* To endure; to sustain:સાંખવું;વેઠવું;સહન કરવું;ખમવું; ઝરવવું.2.To resist without yielding or seceding; to withstand: આગળ ટકવું-નમવું; સામે થવું;સહેવું. 3. To abide by; to submit to; to suffer: માથે ચઢાવવું; માન્ય-મંજૂર રાખવું; ને તાબે-શરણ થવું. 4. To set upright;to cause to stand: ઉભું મુકવું-રાખવું. 5. To pay for:ને માટે આપવું-ભરવું;નું ખર્ચ વેઠવું-હોરવું. *To s.fire*: ડર્યા વગર રાતુનો દારૂ ગોળીનો મારે ખમવો-સહન કરવો. *To s. one's ground*, to maintain one's position:અડગ રહેવું; ટકી રહેવું બાથ ભીડવી;ટક્કર ઝીલવી. *To s it* (*a*) કૈવું કરવું રાખી વેઠવું.(*b*) પોતાની સ્થિતિ-કે હાલું કાયમ રાખવું. *To s. in good stead*:અણી વેળાએ ખરા કામમાં આવવું. *To s a trial*: પોતાના ઉપર કામ ચાલવું.*n.*The act of standing:ઉભા રહેવું તે.2.A step or halt for the purpose of defence, resistance or opposition: બચાવ કરવાને અર્થે અથવા સામા થવાને માટે અટકવું-થોભવું તે;ગતિસ્થંભ;ગતિરોધ;સ્થિરગતિ. 3.A place or post where one stands:ઉભા રહેવાની જગા;સ્થાન; મુકામ; અખાડો. 4. A station in a city or town where carriages or wagons stand for hire:જે કે. હાણે ભાડુતી ગાડીઓ કે ગાડાં છૂટતા-ઉભા રહેતાં હોય તે જગા.5.A raised platform or station:ઉંચી બેઠક; માંડવો;માંચો.6.(*a*)A small table:નાનો મેજ.(*b*) Something on or in which anything may be laid, hung or placed upright: ખીંટી; છાજલી;માચી;ચોકી; ચાકી; પાટલી; પાત્ર; આધાર;ભોજન.*A s. for a candle*: મીણબત્તી નીશામાઈ; શમેદાન; ઈસ્ટાન્ડ. 7.The place where a witness stands to testify in court: કોર્ટમાં સાક્ષીને ઉભા રહેવાનું પાંજરૂ. 8. The situation of a shop, store, hotel, etc: સ્થાન; સ્થિતિ; બેઠક.9. Rank,post;station:પદવી; દરજ્જો; હોદ્દો; સ્થિતિ; દશા. 10. A state of perplexity or embarrassment: ગુંચવણ;ગભરાટ;ગભરામણ; સંકડામણ; રઘવાટામણ; મુશીબત; પંચાત; આપદા; વિટંબણા. 11. A young tree: નાનું ઝાડ-વૃક્ષ. *To be at a s.*,to be stationary or motionless: અચકવું; ખમચાવું;અટકવું ;થોભવું .Hence, to be perplexed:ગુંચવાવું ;ગુંચવણ અ મુશ્કેલી-વિટંબણામાં પડવું ;સલવાવું;રહેવાવું; ઓભાવું.

Standard,(સ્ટૅન્ડર્ડ) *n.* [L. *ex* & *tendo*, I spread out.] A flag; colors;a banner:વાવટો;ઝુંડો;નિશાન;પતાકા. 2. The original specimen weight or measure sanctioned by government:સરકારે નક્કી કરેલું તોલ અથવા માપનું પ્રમાણ-ધોરણ;ધરો.3.Criterion:ધોરણ; ધોરી વસ્તુ માન; સૂત્ર;વિધિ; નિયમ. 4.The proportion of weights of fine metal and alloy established by authority: ચલણના શિક્કામાં સરકાર નક્કી કરેલી ચોખ્ખી અને મિશ્ર ધાતુ 5 (*Hort.*)*A* tree: એક જાતનું ઝાડ. 6. An upright support, as one of the poles of a scaffold: પાલકને જે વાંસડા ઉપર ઉભી કરી હોય તેમાનો ઉપલો વાસ; ઉપલો મોભ. 7. An inverted knee timber: તૂતક ઉપર અતું મુકેલું લાકડું. 8. The sheth of a plow:હળનું ચવડ .9.A large drinking cup:દારૂ પીવાનો મોટો પ્યાલો. 10. A grade of classification in English elementary schools: ધોરણ;વર્ગ.*a.* Being,affording, or according with, a standard for comparision and judgment: પ્રમાણભૂત; વજનદાર; આધાર ભૂત. 2. Hence, having a recognized and permanent value: પ્રમાણ-ભૂત; વજનદાર; વિશ્વાસ રાખવા લાયક; પ્રતિષ્ઠિત; શિષ્ટ.

Standard-bearer, (સ્ટૅન્ડર્ડ-બેરર) *n.*An officer of an army,company, or troop, who bears a standard: નિશાન-ઝંડો-વાવટો ઉંચકનાર; નિશાનદાર 2. The leader of any organization: નાયક; સરદાર; અધિપતિ; આગેવાન; અગ્રેસર.

Standing,(સ્ટૅન્ડિન્ગ) *a.* Remaining erect:ઉભું રહેલું;ઉભું;ખડું; કાપી નહિ નાંખ્યું હોય એવું. 2. Stagnant: સ્થિર;બાંધ્યું;બંધેર.3.Not transitory lasting: કાયમ;પાકું;ટકાઉ; જાય નહિ એવું નિત્યસ્થાયી.4.Settled; established by law; permanent: મુકરર કરેલા;સ્થાપિત;ચાલુ;કાયમ;રૂઢ;ઉભુ પ્રસિદ્ધ: સ્થિત. 5. Not movable; fixed: ખસેડાય નહિ એવું; કાયમ.*n.* Stand: સ્થાન;સ્થિતિ;અવસ્થાન.2.Duration; continuance:ટકાવ;નિભાવ; અવધિ; મુદત;કાળ. 3. Place to stand in; station;stand:ઉભા રહેવાની જગ્યા; સ્થિતિ. 4. Condition in society; relative position: સ્થિતિ; માન; પ્રતિષ્ઠા; પદવી; મરતબો;દરજ્જો; હાલત. *Of long s*: ચિરસ્થાયી; દીર્ઘ કાલીન.

Standish (સ્ટૅન્ડિશ) *a.*A stand, or case,for pen and ink:દવાત;કલમદાન

Stand point, (સ્ટૅન્ડ્-પૉઇન્ટ)*n.* A basis or fundamental principle: મુકરર કરેલું બિંદુ અથવા જગ્યા; વિચાર;નજર;સમજ;દૃષ્ટિ; હેતુ; ભાવ.

Standstill,(સ્ટૅન્ડ્સ્ટિલ્)*n.*A stop; a state of rest:ઉભા રહેવું-થોભવું તે; સ્થિર રહેવું તે;ગતિસ્થંભ; ગતિરોધ. *To come to a s.*:ઉભું-અટ્યું રહેવું.

Stannary,(સ્ટૅનરિ)*a* [L *stannum*, tin.] Of or pertaining to tin mines: કલાઈની ખાણો સબંધી-નું-વિષે. *n.* A tin mine;tin work:કલાઈની ખાણ; કલાઈ કામ.

Stanza,(સ્ટૅન્ઝ)*n.*[*L.sto*, I stand.] A part of a poem: ખંત;શ્લોક; કડવું કે;કડી;ચરણ.2. A room or chamber: ઓરડી; ઓરડો.

Staple,(સ્ટેપ્લ્)*n.*A settled mart; an emporium:વેપારનું મથક; બજાર; પેઠ;જંજ. 2. Place of supply; source;fountain head:મથક;મુખ્ય સ્થલ;જન્મભૂમિ;મૂળ.3. The principal commodity of traffic in a market: વેપારનો મુખ્ય માલ-જણસ-વસ્તુ-મુખ્ય વિષય બાબત; પ્રધાન વસ્તુ; પદાર્થ.5.Raw material:કાચો માલ. 6.The fibre of wool,cotton flax or tha like:ઉન રૂ, શણ વિગેરેનો તાંણો-તાર-દોરો. 7. A loop of iron, or a bar or wire:ખોદાનો ગાળો-નકૂચા-કડી. 8.(*a*) A shaft: થડ; દારો. (*b*)A small pit:નાનો ખાડો. 9. A

district granted to an abbey: દેવળને અર્પણ કરેલો પ્રાંત. *a.* Pertaining to commodities: માલ-વેપારની જણસ સંબંધી-નંવિષે. 2. Established in commerce; settled: ચોરી; મુખ્ય; પ્રધાન; મોટો; ચાલતો. 3. Marketable: વેચવા લાયક. 4 Principal; chief: મુખ્ય; મોટી; પ્રધાન. *As trade* ચોરી વેપાર. S. *commodities*: વેપારની મુખ્યે જણસ. *ut.* To sort according to its stable: -ના તારા-દોરા પ્રમાણે ભાગ પાડવા-ગોઠવવું.

Star, (સ્ટાર) *n.* [L. *stella, a star.*] One of the innumerable luminous bodies seen in the heavens: તારો. 2. The polestar; the north star: ઉત્તર ધ્રુવ: ધ્રુવનો તારો. 3. A planet supposed to influence one's destiny: ગ્રહ; સતારો 4. That which resembles the figure of a star: ચાંદ; ચંદ્ર; ચાંદુ; લાખ; તારા ટપકી; ટિકડી: ફટોરી. 5. An asterisk [*thus**] ટુકડી; ચોકુલી; તારા જેવી આવી *; નિશાની. 6. *A* composition of combustible matter: તારા નીકળે એવી હવાઇ સતારો. 7. A person of brilliant and attractive qualities: ગુણવાળો-દીપે એવો પુરૂષ; દીવો; હીરો; મણી; ભૂષણ. The *stars*: તારા મંડળ; નક્ષત્ર મંડળ; નક્ષત્ર ગણ. *Shooting* S.: ઉલ્કા. S. *conner*: ખગોળવેત્તા; જોશી; નજુમી. *vt.* To set or adorn with stars; to bespangle (*as a roce*) તારા-દીપકીઓ ચોઢવી. *vi.* To be brilliant or prominent: પ્રકાશિત તેજસ્વી હોવું; દીપવું.

Star-board, (સ્ટાર્બોર્ડ) *n.* That side of a vessel which is on the right hand of a person who stands on board facing the bow: ના સન્મુખ ઉભા રહેનાર માણસની જમણી તરફની બાજુ: જમણું બુડદ-ગોસ. *a.* Pertaining to the right hand side of a ship: વહાણની જમણી બાજુનું-સંબંધી-વિષે. *vi.* To put to the right side of a vessel: વહાણની જમણી બાજુએ મુકવું

Starch, (સ્ટાર્ચ) *n* widely diffused vegetable substance: કાજી; આર; ખેળ; કલેપ. 2. A stiff manner: અક્કડપણું; અક્કડાઈ; અતડાપણું; અકડાર. *vt.* To stiffen with starch: આર દેવો.

Starched, (સ્ટાર્ચ્ડ) *a.* Stiffened with starch: આર દીધેલું-ચઢાવેલું. 2. Precise; formal: અતડું; અક્કડ.

Starchy, (સ્ટાર્ચિ) *n.* Stiff; precise: અક્કડ; ચિપાસિયું; ચોકસ. 2. Consisting of starch: આરભર્યું; આર દીધેલું; આર ચઢાવેલું.

Stare, (સ્ટેર) *vi.* To gaze: તાકીને-ટકટકીને જોવું-તાકીને જોઈ રહેવું નજર માંડીને જોવું; ડોળા કાઢવા. 2. To be very conspicuous on account of size, prominence; color or brilliancy: દીપી-ઓપી-પ્રકાશી નીકળવું; ઝગઝગવું; આગળ પડવું. 3. To stand out: to project: બહાર પડવું-નીકળવું. *vt.* To look earnestly at; to gaze at: સામું ટગર ટગર જોવું-જોઈ રહેવું ટગમગ જોવું *To* s. *in the face*: આંખ આગળ ઝહોં ખાતાળ હોવું; પ્રત્યક્ષ હોવું. *n.* A fixed look with eye wide-open: અનિમેષદૃષ્ટિ; અનિમેષા અવલોકન; સ્થિરદૃષ્ટિ; અનન્યદૃષ્ટિ; ટકટક જોઈ રહેવું તે.

Star-gazer, (સ્ટાર્-ગેઝર) *n.* One who gazes at the stars; an astronomer: જોષી; ખગોળ વેત્તા. 2. A kind of fish: એક જાતની માછલી.

Stark, (સ્ટાર્ક) *a.* I. Stiff; rigid: અક્કડ-મજબૂત; સખત. 2 Full, entire: પૂર્ણ; બધું; આખું; તદન; કેવળ-છેક. 3. Strong; powerful: મજબૂત; જબરૂ; શક્તિવાન; કડક; આકરૂં; કસદાર 4. Severe; fierce: સખત: કૂર; દારૂણ; ભારે; ફક્ત; કેવળ; શુદ્ધ; તદન; હદ્દપાર થયું. *adv.* Wholly; entirely: બિલકુલ: કેવળ; બધું; આખું; તદન; હદ્દપાર થયું. S. *naked*; સાફ નાગુ; નાગુંપગ્ત.

Star-light, (સ્ટાર્-લાઈટ) *n.* The light given by the stars: તારાનું અજવાળું-ઝળકાટ. *a.* Lighted by the stars: તારાના પ્રકાશવાળું.

Starred, (સ્ટાર્ડ) *a* Studded with stars: તારા ટપકીઓ-ટીલડીઓ જડેલું. 2. Influenced in fortune by the stars: ગ્રહ સતારાની ભાગ્યદશા ઉપર અસર થઈ હોય એવું.

Starry, (સ્ટાર્રિ) *a.* Abounding with stars: તારાવાળું-થી ભરપુર; નક્ષત્રમય; તારામય. 2. Consisting of stars; stellar: તારાનું-સંબંધી. 3. Sparkling: તારાના જેવું ચળકતું; પ્રકાશિત. 4. Stellate: તારાઓની માફક હારબંધ ગોઠવેલું.

Start, (સ્ટાર્ટ) *vi.* To leap; to jump કુદવું; ચેકડો મારવો. 2. To move suddenly, as with a spring or leap from surprise, pain, etc: ચમકવું; ચમકીને ઉઠવું-કુદવું-હઠવું. 3. To set out; to begin: નીકળવું; પ્રસ્થાન કરવું; રવાના થવું કુચ કરવી; ચાલવા માંડવું; જવા નીકળવું; ઉપડવું. 4. To become somewhat displaced or loosened: ખસી જવું; ખસવું; નરમ પડી જવું. *To* S. *after*, to pursue: ની પાછળ લાગવું; -નો કેડો લેવો. *To* S. *against*, as candidate: ની સીમા ઉમેદવાર થવું; -ના સામા પડવું. *To* S. *for*: ને વાસ્તે ઉમેદવાર હોવું થવું. *To* S. *up*, (*a*) to rise suddenly: ચમકી-ઝબકો ઉઠવું. (*b*) To come suddenly into notice or importance: એકદમ નજરે ચઢવું; એકદમ પ્રખ્યાતિ-અજવાળામાં આવવું. *vt* To alarm; to rouse: ભટકવું; ચમકાવવું; ઝબકાવવું; એકદમ ઉઠાડવું-ચલાવવું. 2. To originate; to invent: આણવું; ઉભું કરવું; ઉઠાવવું; ઉપજાવવું; ઉત્પન્ન કરવું; રચવું કરવું; આણવું કહપવું; યોજવું 3. To cause to move, or act: ચલાવવું; ગતિમા મુકવું 4. To move suddenly from its place or position: ઉતારી નાંખવું; ખસેડવું; ખસેડી નાંખવું હલાવવું 5. To pour out; to empty: ઠાળી દેવું-નાખવું; ખાલી કરવું; બહાર વહેવરાવી દેવું. 6. To devise: શોધી કાઢવું; કાઢવું; યોજવું; ઉઠાવવું. S. *ing point post*: નીકળવાની-પ્રારંભ કરવાની જગા. *n.* A sudden spring or motion: ચમક; ચમકારો; ચમકાટ; સ્ફુરણ; એકદમ મારેલો કુદકો; છલંગ. 2. A convulsive motion, twitch, or spasm: ખેંચાણ; આચકી; તાણ 3. A sudden, unexpected movement a sally: આવેશ; ઝુસ્સો ઝપાટો; તુરંગ; લહેર. 4. The beginning; the outset: પ્રસ્થાન; ઉપક્રમ; પ્રચાર શરૂઆત; આરંભ; મંડાણ. *At a* S., at once: એકદમ. *To get or have, the* S. to begin before another: બીજા પહેલા શરૂ-આરંભ કરવો; -ની અગાડી ઉપડવું-નીકળવું; બીજા કરતા છેતી જવું. *n.* A tail or anything projecting like a tail: પૂંછડી અથવા પૂછડીના જેવો બહાર નીકળતો ચાજ. 2. The handle or tail, of a plow: હળનો હાથો.

Startle, (સ્ટાર્ટલ્) *vi.* To start: ચમકવું; ભડકવું; ઝબકવું; એકદમ પાછા હઠવું સ કાચ પામવો-સકોચાવું; આંચકો ખાવો. *vt.* To alarm; to surprise: ભડકાવવું; ચમકાવવું; આશ્ચર્ય પમાડવું; ચકિત કે આંચકો-ધક્કો પહોંચાડવો. 2. To deter; to cause to deviate: આડે માર્ગે જાય તેમ કરવું; આડે માર્ગે લઈ જવું-દોરવું. *n.* A sudden motion or shock caused by an unexpected alarm, surprise or apprehension of danger: ચમક; ઝબક; ઘડૂંગ; ધક્કો; ઝડક.

Start-up, (સ્ટાર્ટ્-અપ્) *n* An upstart: જે એકદમ જાહેર થાય છે તે આજકાલનુ શ્રીમંત થયેલું માણસ; નવો શ્રીમંત 2 *A* kind of rustic shoe: એક જાતનો જોડાળ-ગામડિયો જોડો.

Starvation, (સ્ટાર્વેશન) *n.* The

act of starving or the state of being starved:ભૂખમરો; અપવાસ; આહારાભાવ;અન્ન અને દાતનેવેર; ભુખે મરવું; મારવું તે.

Starve, (સ્ટાર્વ્) *vi.* To die; to perish:મરીજવું; મરવું; પ્રાણ છોડવા. 2.To perish with hunger: ભૂખ-ક્ષુધાથી રીબાઇને મરવુ-રીબાવુ; ભૂખે મરતા હોવું;-ને ખાવા પીવા ન મળવું; અન્ન અને દાતને વેર હોવું.3.To perish or die with cold: ટાઢથી કુંવાઇને-ઠરીને મરી જવું. To be in want of anything necessry: -ની ખોટ પડવી;તોટો પડવો-લાગવો.*vt.* To destroy with cold: ટાઢથી કુંઠવારીને મારી નાખવું ;નાશ પમાડવુ .2.To kill with hunger: ભૂખે મારી નાંખવું. 3. To distress, or subdue by famine:ભૂખે મારીને જીતવું-વશ કર; ભૂખથી પીડીને આધીન-તાબે કર. 4. To destroy by want of any kind:કોઇપણ જાતની તંગીને લીધે નાશ કર-પમાડવું; મુકરી નાંખવું. 5. To disable: નિર્બળ-અશક્તિવાન-શક્તિ-હીન-રહિતકર; કમજોર-અળહીન કર.

Starveling,(સ્ટાર્વ્લિન્ગ્) *n.* One who,or that which, pines from lack of food,or nutriment: ભૂખે મરતુપાણી-પદાર્થ-વિગેર.*a.* Hungry: ભૂખે મરેલું;ક્ષુધાતુર;ક્ષુધાપિડિત;ભુખડી બારશ.

State,(સ્ટેટ્) *n.* [L.*sto,* I stand.] The cricumstances or condition of a being or thing at any given time.સ્થિતિ; અવસ્થા; દશા; હાલ હવાલ;ગતિ;ભાવ;વૃત્તિ; હાલત. 2. Rank;condition;quality: દરજ્જો; પદ;પદવી;સ્થિતિ. 3. Condition of prosperity or grandeur; social importance:આબાદસ્થિતિ;આબાદા-ની; રિદ્ધિસિદ્ધિ; મોમો; મરતબો;માન-આબરૂ; પ્રતિષ્ઠા. 4. Appearance of grandeur or dignity;pomp: રોબ-ળ;ઠાઠમાઠ;ઐશ્વર્ય;પ્રભાવ;પ્રતાપ; વૈભવ; વિભૂતિ;દામદમામ; આડંબર:ઠસ્સો; ડામ-ડમાક;દમદમાટ. 5. A seat of dig-nity: ઘણીજ કપકાવાળી બેઠક-સ્થાન-આસન.6.Estate; possession: મિ-લકત;રાજ;જાગીર. 7. A person of high rank: અમીર;ઉમરાવ. 8. Any body of men united by profes-sion, or constituting a com-munity of a particular char-acter: મંડળ; લોક. 9. The princi-pal persons in a government: રાજ્યના મુખ્ય માણસ; કારભારીન કલ. 10. The bodies that consti-tute the legislature of a coun-try:કાયદા કરનાર મંડળ; ધારાસભા.11. A form of government which is not monarchical: પ્રજા-સત્તાક રાજ્ય; પ્રજાગણરાજ્ય. 12. A political body,or body politic; a nation:રાજ્ય; સંસ્થાન; પ્રજા. 13. In the United states, one of the commonwealths, or bodies politic:યુનાઇટેડ સ્ટેટ્સનું પ્રજાસત્તાક સંસ્થાન.14.Height; aim: પરાકાષ્ઠા અવધિ;શિખર;ટોચ. S *carriage:*સર-કાર;સવારીની ગાડી-રથ. S. *prison:* સાર્વજનિક કેદખાનું. S.*affairs:* રાજ-કાર્ય;રાજકાજ; રાજકારભાર; રાજમામ-લાનું કામકાજ. S *counsel:* રાજ કાર્યસ્થાન. S. *papers:* સરકારના-રાજ-મામલાસંબંધી કાગળપત્ર. S. *trial:* રાજદ્રોહના અપરાધની ચોકશી *a.* Stately:શોભા ભરેલું;મોહું; શોભાય-માન; પ્રૌઢ. 2. Belonging to the state or body politic: રાજ્ય-સં-સ્થાન સંબંધીનું-વિષે; સરકારી; જાહેર. *vt.*To set;to settle;to establish: નક્કી-મુકરર કર; સ્થાપવું. 2.To nar-rate;to recite: વર્ણન-બ્યાન કર; મ-જકુર-હકીકત-વર્તમાન કર;વિગતવાર કહેવું.

State-craft, (સ્ટેટ્-ક્રૅફ્ટ્) *n.* State manage:me.at; statesmanship: રાજ ચલાવવાની યુક્તિ; રાજ્યકૌશલ્ય-ખટપટ-પ્રપંચ;રાજ્યકારભાર.

Stated,(સ્ટેટેડ્) *a.* Established; fixed;સ્થાપિત; મુકરર કરેલું; અમુક; નિમેલું;ઠરાવેલું.2.Recurring at re-gular times;not occasional: અ-મુક વખતે થતું-બનતું;પ્રસંગોપાત.

Stately,(સ્ટેટ્લિ)*a.*Lofty; majes-tic;graud:પ્રૌઢ;ઠાઠ; દામવાળું; મોહું; ઉચું;ભવ્ય;ડોળદાર: આડંબરયુક્ત; ઠાઠ-વાળુ.*adv.* Majestically; loftily: પ્રૌઢરીત્યે;ઠાઠદાથી;ઘણું ઉંચે.

Statement, (સ્ટેટ્મેન્ટ્) *n.* The act of stating reciting or pre-senting,orally or on paper:કથ-ન;નિવેદન.2.A narrative; a recital:હકીકત;બીના,હેવાલ; વર્ણન; વાત; કેફિયત;કલમબંદી,મજકુર.

State-room, (સ્ટેટ્-રૂમ્) *n* A magnificent room in a palace or great: house: મહેલ અથવા કોઇ હવેલીનો કોઈ ભાગ;વિભાગ;દિવાનખાનું; દરબારગૃહ.2.A small apartment for lodging or sleeping in the cabin:વહાણમાં એક ઓરડો.

Statesman,Statist, (સ્ટેટ્સ્મૅન્) *n pl.***Statesmen,** A man ver-sed in public affairs and in the principles and art of gove-rnment:રાજનીતિમાં કુશળ પુરૂષ; રાજ નીતિજ્ઞ; રાજનીતિ વિશારદ; રાજકાર્ય ધુરંધર.2. One occupied with the affairs of government, and in-fluential in shaping its policy: રાજદરબારી પુરૂષ; દરબારીયો; રાજ કારભારી; રાજમંત્રિ. 3. A small landholder:થોડી જમીન વાળો માણસ;નાનો દેશાઇ.

Statesman-like, (સ્ટેટ્સમૅન્-લાઇક્) *a.*Having the manner or wis-dom of statesman: becoming a statesman:ડહાપણ ભરેલું; રાજકાર-ભારીનેયોગ્ય-ને ઘટે છાજે એવું દૂરદર્શિતા-ળું;દૂર દેશી; ડહાપણ-વિવેક ભરેલું. વિ-ચિક્ષણ.

Statesmanship, (સ્ટેટ્સમૅન્શિપ્) *n.*The qualifications, duties,or employments of a statesman: રાજકૌશલ્ય;રાજદરબારી કારભાર; કામ-કાજ;રાજનીતિ;રાજકારભાર; બુદ્ધિબળ

Statics,(સ્ટૅટિક્સ્)*n* That branch of mechanics which treats of the equilibrium of forces or relates to bodies as held at rest by the forces acting on them:પદાર્થસ્થિતિ વિદ્યા,ગુરૂત્વવિદ્યા.

Station,(સ્ટેશન્)*n.*[*L.sto,*I stand) Attitude or pose in standing: ઉભું રહેવુંતે;ઠેમ;સ્થિતિ. 2. A state of standing or of rest; equili-brium:સમતોલન;સ્તંભન; સમતુલતા. 3.(*a*) A regular stopping place in a stage road or route; a place where railroad trains regulary come to a stand:મુ-કામ;સ્થાન; સ્ટેશન. (*b*) The head-quarters of the police force of any precinct: થાનું; ચોકી;ગોટ; ચબુતરો;દેવડી.(*c*)A place to which ships may resort and anchor safely:વહાણને લંગર કરવાની જગ્યા; બોદી 4. Post assigned, office; employment: નીમેલું કામ;હોદ્દો; જગા;અમલ; અધિકાર. 5. Situation; position;location: સ્થિતિ; હાલત; સ્થાન;પદ;અવસ્થાન;સ્થળ; આસપદ. 6. State;rank;social status: દરજ્જો; પદવી; હાલતસ્થિતિ; અવસ્થા; મરતબો; દશા.S.*house:*પોલીસચોકી-ગોટ; થાનું. *A s. for hack carriages:*નાકું.*ut* To place;to set: બેસાડવું; મૂકવું; રા-ખવું; નિમવું.

Stationary, (સ્ટેશનરિ) *a.* Not moving;stable;fixed:સ્થિર;સ્થાવર; બેઠું;અજંગમ;કાયમ;અચળ; હાલે નહિ તેવું.2.Not growing wiser: grea-ter,or better:હોય તેવું ને તેવું; અવ-ર્ધમાન. 3. Appearing to be at

rest:સ્થિર હોય તેમ દેખાતું;ગતિ રહિત.*n. pl.* **Stationaries**,One who, or that which is stationary: જે કાયમ છે તે; સ્થિર-સ્થાવર-કાયમ-અચળ માણસ-વસ્તુ પદાર્થ.

Stationer,(સ્ટેશનર) *n.* A bookseller or publisher: ચોપડીઓ વેચનાર અથવા બહાર પાડનાર.2 One who sells paper,pens,quills,inkstands,pencils etc.: કાગળ, કલમ-ખડીઆ;સીસાપેનવિ૰વેચનાર; કાગદી.

Stationery,(સ્ટેશનેરિ)*n.* The articles usually sold by stationers:કાગળ,કલમ, શાહી વિ૰ લખવાનો સામાન;લેખન સામગ્રી-સાહિત્ય.*a* Belonging to,or sold by,a stationer:કાગળ, કલમ, શાહિ વિ૰ વેચનાર સંબંધી-નું-થીવેચાતું.

Statistical (સ્ટેટિસ્ટિક્-કૃઍલ) *a.* Pertaining to or containing statistics:લેાકેાની સ્થિતિ ઉદ્યમ વગેરે સંબંધી.

Statistics,(સ્ટેટિસ્ટિક્સ) *n.* The science which has to do with the collection and classification of certain facts,respecting the condition of the people in a state: દેજ સ્થિતિ વિદ્યા દેશાવસ્થા; દેશસ્થિતિ રીતિનું પ્રકરણ;ગણુવી;ગણના; જ્ઞાન.

Statuary,(સ્ટેટ્યૂઍરિ)*n. pl.* **Statuaries**,[L.*statua*, statue] One who practises the art of making statues:પૂતળું કેાતરનાર;મૂર્તિકાર. 2,A branch of sculpture: પૂતળું કેાતરવાની કળા; મૂર્તિવિધાન-કરણ. 3. A collection of statues:પૂતળાંનેા સંગ્રહ;મૂર્તિઓનેા સમૂહ.

Statue.(સ્ટેટ્યૂ)*n.*[L *sto*, I stand] The likeness of a living being sculptured in some solid substance;an image: પૂતળું; પ્રતિમા; આવલું;મૂર્તિ.2.A portrait:છબી. *vt.* To form a statue of:-નું પૂતળું-આવલું-પ્રતિમા બનાવવી-કરવી.

Statuette,(સ્ટેટ્યૂએટ્) *n.* A small statue:નહાનું પુતળું; પૂતળી

Stature,.(સ્ટેટ્યૂર્) *n.* [L. *statura* an upright posture.] The natural height of an animal body: માણસના શરીરની ઉ ચાઇ-કાઠું-કદ;આકૃતિ;આકાર;પ્રમાણ;બાંધેા.

Status,(સ્ટેટસ્)*n.*[L.] State;condition;position of affairs: હાલત; સ્થિતિ;અવસ્થા;દશા;પદવી; દરજ્જો; મરતબેા S in quo, S. quo, જેની એ હાલતમાં; એમને એમજ.

Statute,(સ્ટેટ્યૂટ્)*n.*[L. *sto*,I stand] A positive law; the written will of the legislature:લેખીત કાયદેા-ધારેા-કાનુન;નિયમ; વિધાન.2. An act of a corporation or its founder intended as a permanent rule or law: નિયમ; ધારેા;ઠરાવ. 3. A assemblage of farming servants for the purpose of being hired: ભાડે રાખવાના ખેડૂતેાનેા સમુદાય.

Statutory,(સ્ટેટ્યૂટેરિ)*a.* Enacted by statute,depending on statute for its authority: કાયદા પ્રમાણે થયેલું; કાયદાનું; લખીત કાયદાનું; નિયમ સ્થાપિત.

Stave,(સ્ટેવ્) *n.* One of a number of narrow strips of wood or narrow iron plates:સાંકડી પાતળી લાકડીની અથવા લેાઢાની ચીપ-પટી-પાટીક;પાટી;પટેા. 2. One of the cylindrical bars of a lantern wheel;one of the bars or rounds of a ladder: ચક્કરનેા ગેાળ સરીઓ; બુસેા;લાકેા.3.A stanza;કડવું;પદ. 4. The staff: જેમાં ગાયનના સુરમ ડાય છે તે પાંચલીટીઓ;ગાયનનેા કેાઠેા. *vt.* To break a hole in; to burst: માં-કાણું પાડવું.2To push, as with a staff; (with *off*): દૂર વેગળું કર; આગળ ખસેડવું-ધકેલવું. 2. To drive away: આગળ ધકેલવું;હાંખુ નાંખવું;ધકકે ચઢાવવું. 4.To suffer, or cause to be lost by breaking the cask:પીપ ભાગી નાંખીને સઘળું ઢેાળાઇ જવા દેવું-જતા રહેવા-વહી જવા દેવું.5 To furnish with staves or rundles: બુસા-લાકેા બેસાડવા.6. To render impervious or solid by driving with a calking iron:મજબૂત-ધટ્ટ-ઘન કર. *vi.* To dash into fragments:કેાઇપણ ચીજના સામે સાથે-અફળાઇને કકડે કકડા-ચૂરેચૂરા થઇ જવા.

Stay,(સ્ટે)*n* A large strong rope, employed to support a mast; વેલ ટકાવી રાખવાનું જાડું મજબૂત દેારડું.*vt.* To prop;to support:અટકાવવું;ઉભું રાખવું;થંભાવવું; બંધ-મુલતવી રાખવું; ટેકાવી રાખવું; ટેકેા દેવેા; ટેકાવવું;ટકાવી રાખવું.2.To support from sinking; to sustain with strength: બળ-જોવત-જોર આપવું કરવું 3. To endure; to support: સહન કર-થવું;ખમવું; સાંખી રહેવું. 4. To withhold;to restrain;to stop; to hold:અટકાવવું;પકડી રાખવું; બંધ રાખવું;ખાળવું;થેાભાવવું;થંભાવવું.5.To hinder;to delay:અટકાવવું; ઢીલ કર; ખાળવું;રેાકવું;પાછું રાખવુ .6.To remain for the purpose of:to wait for:-ને માટે વાટ-રાહ જોવી;થેાભવું;રેાકાવું.7.To cause to cease:to put an end to: અટકે બંધ પડે તેમ કર; -નેા છેડેા-અંક આણવેા;અટકાવવું.8.To fasten or secure with stays:નકુચાઓથી બંધ-સજ્જડ કર. *vi.* To remain;to stop:અટકવું ;ઠરવું ; રહેવું; ;થેાભવું;ઉભા રહેવું;રેાકાવું.2.To continue in a state: કેાઇ અમુક સ્થિતિમાં રહેવું-રહ્યા કર;ચાલવું;ટકવું; જરી-ટકી રહેવું.3. To wait;to attend; વાટ-રાહ જોવી;થેાભવું;ખેાટી થવું; ઉભા રહેવું. 4. To nwell; to tarry; to linger:વાર લગાડવી;રહેવું મુકામવાસ કર; ઠરવું.5.To rest; to rely; to staud:-નેા આધાર-વિશ્વાસ-ભરેસેા રાખવેા;-ના આધારે રહેવું. 6. To come to an end;to cease:છેડેા-અંત આવવેા;અટકવું;બંધ પડવું;પુરે થવું.7. To hold out in a race or other contest:ટકવું; નમવું; ચાલવું. *n.* A suppor:ટેકેા;આધાર;અવલંબન; આશ્રય 2 *pl.* Bodice. એક પ્રકારની કાંચળી-ચેાળી-કમખેા.3.Sojourn· મુકામ;ટકાવ;પડાવ;નિવાસ; થંભવું રહેવું-તે. 4. Cessation of motion; stand; stop:સ્થિતિ;અવસ્થાન. 5. Hindrance; check:અટકાવ; પ્રતિબંધ; નિરેાધ; ગતિરેાધ. 6. Restraint of passion; caution: શાંતતા; શાંતિ; અટકાવ;ધીમાશ:નરમાશ.

Stay-lace,(સ્ટે-લેસ્)*n.*A lace for fastening stays:કાંચળી-ચેાળીનીરીત.

Stead,(સ્ટેડ્)*n.* Place or spot in general:જગ્યા;ઠેકાણું;સ્થાન;સ્થળ; ભૂમિ.2.A bedstead (*R*):ખાટલેા; પલંગ;ઢેાલીઓ.3.A farmhouse and offices: ખેડુતનું ખેતરમાંનું ઘર તથા ખેતી કામ *In* s. *of*, in place of:-ને ઠેકાણે-બદલે;-ની જગ્યાએ. *A bed* s.: ખાટલેા; ઢેાલીઓ; પલંગ.*A home* s: ઘરની જગ્યા;ગમાણ; ઘર. *To stand in* s:-ને કામમાં-ખપમાં-ઉપયેાગમાં આવવું; ફાયદેા કર. *vt.* To help; to support:મદદ-સહાય કર;ટેકેા આપવેા. 2.To fill the place of:-ની જગ્યાએ આવવું;-ની જગા રેાકવી.

Steadfast, (સ્ટેડ્-ફાસ્ટ્) *a.* Fast fixed;firm:સ્થિર;અચળ;દૃઢ; સજ્જડ. 2. Constant; firm; resolute: દૃઢ નિશ્ચયવાળું;ડગે નહિ એવું;દૃઢ;ધીર;એકતંત્રી;અડગ.

Steadfastly,(સ્ટેડ્ફાસ્ટ્લિ)*adv.*In a steadfast manner;firmly:દૃઢતાથી;આગ્રહથી;એક નિશ્ચયથી; અડગપણે. *Gazing* s.:ટકટક જોઇ રહેવું.

Steadily,(સ્ટેડિલિ)*adv.* In a ste-

ady manner:દૃઢતાથી;એક નિશ્ચયથી.

Steady, (સ્ટેડિ) *a.* Fixed; firm: સ્થિર; અચળ;દૃઢ; સજ્જડ. 2. A resolute:દૃઢ;દૃઢ-ચળે નહિ એવું; સ્થિરાત્મા;અક્ષુબ્ધ; સ્થિરમતિવાળો; એક ધોરણી 3.Regular;constant:નિયમિત; એક સરખું; નિરંતર; અસ્ખલિત; ન્યાયુ. *A steady market:* ટકેલું બજાર. *vt.* To support; to make constant, regular, or resolute:ટેરવી રાખવું; દૃઢ રાખવું;સ્થિર કરવું;રાખવું; સ્થિરતાપર આણવું; દૃઢ કરવું. *vi.* To become steady:દૃઢ-સ્થિર-અચળ થવું-ટોરવું.

Steal,(સ્ટીલ્) *n* A handle:હાથો. *vt.* To take and carry away, feloniously:ચોરવું;-ની ચોરી કરવું;ચોરીથી-છાનામાના લઇ-સંતાડી જવું; ઉસ્કરવું; ઉસ્કરવું.2.To withdraw or convey clandestinely (*reflexive*): છાનામાના લઇને જતા રહેવું; ન જાણે તેમ લઇ લેવું-પ્રવેશ કરવો. 3. To gain by insinuating arts or covert means.ચોરવું;ઉસ્કરવું;ઉઘરી લેવું.4.To gain into one's power gradually and by imperceptible degrees (with *away*): ઉસ્કરવું; ખેંચવું -માંથી લઇ લેવું. *To s. a march*:--ને ધોખા મારવો; છાનામાના ફાવી જવું-પર હાથ મેળવવો. *vi.* To practise, or be guilty of theft:ચોરવું;તસ્કરવું; ચોરી કરવી.2. To withdraw, or pass privily; છાનામાના જતા રહેવું પસાર થઇ જવું.

Stealing,Stealth, (સ્ટીલિન્ગ-સ્ટેલ્થ્) *n* Theft;ચોરી;સ્તેય;ચૌરકર્મ;હરામ ચોરી. 2. The thing stolen: ચોરાયલી વસ્તુ;પદાર્થ; ચોરીની માલ. 3 A secret procedure:ચોરીકળ; ગૂઢકર્મ.

Stealthy, (સ્ટેલ્થિ) *a.* Done by stealth;secret; furtive;sly: ચોરીથી કરેલું;ચોરીનું;છાનું;છુપું; ગુપ્ત;ગૂઢ.

Steam, (સ્ટીમ્) *n.* Water in the state of vapor:બાફ;ઉષ્મ.2 Visible vapor:વરાળ;બાષ્પ.3. Any exhalation: કોઇ પણ જાતની ઉઠતી હવા. S. *boiler*: વરાળ ઉત્પન્ન કરવાની કઢાઇ-ચરૂ;વાસણ-બાઇલર: મોટો દેગ. *vi.* To emit steam or vapor: વરાળ બાફ બહાર કાઢવી.2. To rise in vapor: વરાળને રૂપે ઉઠવું-ઉડી જવું.3. To move or travel by the agency of steam: વરાળથી ગતિ થવી; વરાળની સહાયતાથી ચાલવું-મુસાફરી કરવી 4. To generate steam: વરાળ કાઢવી-બનાવવી.*vt.*To exhale:-માંથી નીકળવું. 2. To expose to the action of steam:બાફ દેવો;બાફ દઇને રાખવું.

Steam-boat,(સ્ટીમ્-બોટ્) *n.* A boat of vessel propelled by steam power:આગબોટ;અગ્નિબોટ;બાષ્પનૌકા.

Steam-engine, (સ્ટીમ્-એન્જન્) *n.* An engine moved by steam: વરાળયંત્ર;બાષ્પયંત્ર.

Steamer, (સ્ટીમર્) *n.* A vessel propelled by steam: આગબોટ; બાષ્પનૌકા.2.A steam fire engine: વરાળયંત્ર. 3. A road locomotive for use on common roads: રસ્તા ઉપર ફેરવવાનું વરાળયંત્ર.

Steam-ship, } same as **Steamer Steam**
Steam-packet, }
Steam-vessel, } tug, (સ્ટિમ-ટગ્) *n.* A small steam-vessel used in towing ships; આગ બોટ ખેંચવાની આગબોટ.

Steamy,(સ્ટીમિ)*a.*Full of steam; vaporous;mistry:વરાળ-બાફ જેવું;વરાળનું-વાળું;સબાષ્પ.

Steed, (સ્ટીડ્) *n.* A horse, or a war horse: ઘોડો; ઘણા પાણી વાળો ઘોડો;લડાઇ નો ઘોડો;તુરંગ;વાજી;હય.

Steel,(સ્ટીલ્)*n.A* variety of iron intermediate in properties between wrought iron and cast iron:બનાવેલ;પોલાદ; ખરૂ લોઢું ; તીખું લોઢું;ખરો;ફરાસી 2.An instrument or implement made of steel: પોલાદનું બનાવેલું ઓજાર -હથિયાર-શસ્ત્ર.(*a*) *A* weapon as a sword, dagger, &c.:તરવાર,કટાર. (*b*).A piece of steel for striking sparks from flint: ચકમકમાંથી દેવતા કઢાવવાનો પોલાદનો ટુકડો 3.Anything of extreme hardness:વજ્ર,લોઢું ; અતિશય કઠણ વસ્તુ. 4.A chalybeate medicine: લોહમિશ્રા દવા; લોઢું મરમ; મડૂર.5.An instrument of steel for sharpening knives on: ચપ્પુને ધાર ચઢાવવાનું બનાવેલું ઓજાર.*Hearts of s.*: વજ્ર જેવા કાળજા. *vt.* To overlay, point or edge with steel:ઉપર પોલાદ ચઢાવવું; પોલાદની ધાર કરવી;પોલાદની અણી કરવી 2 To make inobdurate or hard: કઠણ-મજબૂત કરવું;વજ્ર કરવું; નિર્દય કઠોર કરવું.3 *To* cause to resemble steel:પોલાદને મળતું બનાવવું કરવું; વજ્ર જેવું કઠણ કરવું.

Steel-yard,(સ્ટીલ્-યાર્ડ્)*n A* form of balance in which the body to be weighed is suspended from the shorter arm of a lever: કંપાસુ;તોળવાનો એક કાટો.

Steep,(સ્ટીપ્)*a.*Bright; glittering: ચળકતું;પ્રકાશિત;તેજસ્વી.*vt. To* soak in a liquid;to macerate:બોળવું; પલાળવું;ડૂબવું; બોળવું; બોળી રાખવું; તરબોળ કરવું. *vi.* To undergo the process of soaking in liquid: બોળવું; ડૂબવું; બોળાવું. *n.* Something steeped: પલાળેલો -બોળેલો પદાર્થ. *a.* Precipitous: ઉભું; ઉભા ચઢાવ-ઢોળાવવાળું; ઢાળ વગરનું. 2. Lofty; elevated; difficult of access:ઘણું ઉચ્ચ;વિકટ;દુર્ધટ; અસુગમ. 3.Excessive:ઘણીજ;ભારે.*n.A* precipitous place, hill, mountain-etc:ઉભો ચઢાવ-ટેકરી-ડુંગર;ઘાટો; ઘાટ.

Steeple,(સ્ટીપ્લ્) *n.*A spire; the whole of spire form:શૃંગ; શિખર; મિનારો;ઘુમટ;દેરડો.

Steer,(સ્ટીઅર્)*n.*[L. *taurus*,a bull.] A young male of the ox kind.વાછડો;બોચો *vt.*To castrate:ખાસી કરવો.

Steer,(સ્ટીઅર્)*vt.* To direct the course;to govern;to guide:(વહાણ) હંકારવું;ચલાવવું.*vi.*To direct a vessel in its course:વહાણ ચલાવવું-હંકારવું.2.To be directed and governed:ચાલવું. 3. To conduct one's self:વર્તવું; ચાલવું; ઉપાય-તજવીજ કરવી; વાટ-માર્ગ-રસ્તો લેવો-પકડવા-ગ્રહવો.

Steersman,(સ્ટીઅર્સ્મન્)*n.* One who steers; helmsman of a vessel: સુકાન ફેરવનાર;સુકાની;કર્ણધાર;નાવિક.

Steller,(સ્ટેલર્) *a.* [*L. stella*, a star.]Of or pertaining to stars: તારાનો-તારા સંબંધીનું-વિષ. 2. Full of stars;starry:તારાથી ભરપૂર-વાળું.

Stem,(સ્ટેમ્)*n.* The main stock; the part which supports the branches, or the head or top: ઝાડ;મુખ્ય ભાગ;થડ.2.A little branch; a peduncle; pedicel, or petiole:ડાળખું -ડી;દંડી.3. The stock of a family; a race or generation of progenitors:વંશ,થડ.4.A brach of a family: વંશ; કુટુંબની શાખા.5.The bow:વહાણનો આગલો ભાગ.6. An advanced or leading position,the lookout: મોખરો;મોખરાનો ભાગ. 7. Anything resembling a stem or stalk: નળી,મોવરો 8.The ne;base: મૂળ;મૂળરૂપ. *vt.* To remove the stem or stems from:-નાં થડ કાઢી-ઉખેડી નાખવા. 2. To ram, as clay,into a blasting hole: ભરવું; પૂરવું.*vt.* To stop or check the flow of,as a current:-ની ગતિ અટકાવવી-રોકવી; ખાળવું;અવરોધ કરવો;સામે પાણીએ-સામે અડાર-ઉભા જવું.*vi.* To remove forward against an oobstacle: અડચણ-વિઘ્ન-અડચણની સામે જઇને પ્રયત્ન.

Stench,(સ્ટેન્શ્)*n.*A smell;an odor: ગંધ;વાસ.2.An ill smell;an offensive odor:દુર્ગંધ;બદબો; નઠારી વાસ. *vt.* To cause to emit a disagreeable smell: બદબો-દુર્ગંધ કેરવી-કાઢવી;ગંધ-વાસ મારવી.

Stencil,(સ્ટેન્સિલ્)*n.*[L. *scintilla*, A thin plate of metal, leather, or other material, used in painting,marking,etc.: ચિતારા-છીપા વગેરેનું બીજું. *vt.*To form or print by means of a stencil: બીબાંથી બનાવવું-રંગવું-છાપવું.

Stenographer, (સ્ટેનૉગ્રફર) *n.* Writer of shorthand: સંક્ષેપમાં ટંકમાં લખનાર.

Stenography,(સ્ટેનૉગ્રફિ) *n.* [Gr. *stenos*,narrow & *grapho*, I write.]The art of writing in shorthand;shorthand: ટુંક-સંક્ષેપમાં લખવાની કળા-હુન્નર; સંક્ષિપ્તાક્ષરલિપિ; સંક્ષિપ્તાક્ષર લેખન વિદ્યા;સંક્ષિપ્ત લેખન.

Stentorian,(સ્ટેન્ટોરિઅૅન્) *a.* [L. *stentoreus.*] Extremely loud; powerful:મોટા ઘાંટા-અવાજ-સાદવાળું;મોટું;જબરું;ઉંચું.2. Capable of making loud sound:તાણીને ઘાંટો કાઢી શકે એવું;જોરદાર ઘાંટાવાળું.

Stretch,(સ્ટ્રેચ્)*vt.* To reach out; to extend; to put forth: ખેંચીને લંબાવવું;લાંબુ કરવું; તાણવું; વિસ્તારવું.2. To draw out to the full length: લાંબુ કરવું; તાણવું; ખેંચીને લંબાવવું. 3. To spread; to expand: ફેલાવવું; ખેંચીને-પસારીને લાંબુ કરવું; પહોળું કરવું; પસારવું. 4. To tighten; to distend forcibly:તંગ-સખત કરવું; ખેંચવું:તાણ કરવું. 5. To draw or pull out to greater length; to strain:ખેંચવું; બળ કરવું-વાપરવું. 6. To exaggerate; to extend too far: તાણીતુષીને લાંબુ-મોટું કરવું;-ની અતિશયોક્તિ કરવી; વિસ્તારને વાત કરવી; તાણીતુષીને લાંબું કરવું. *vi.* To spread;

to reach:લાંબું થવું;લ બાવું;લાળા થ-ઇને પડવું. વચ્ચે આવા રહેવું; ખેંચાવું; તણ ું;ફેલાવું; પ્રસરવું. 2. To extend or spread one's self or one's limb: પોતાની મેળે લ બાવું; હાથપગ લાંબા કર; ચિત્તિ થઇને પડવું. 3. To be extended, or to bear extention without breaking:ખેંચાવું; તણાવું. 4. To exaggerate: વધારીને તાણી-તુવાને-ન્હોડુ કર;અતિશયોક્તિ કર;-મા મીડુ મરચું ભભરાવવું; વધારીને વાત કર.5. To sail by the wind under press of canvas: રાઢના વેગ પ્રમાણે હંકારવું-ચલવું. *n.* Reach: effort; struggle; strain: ભાર-તેસ ભરેલો પ્રયત્ન;દમ;પ્રસાર; પ્રસરણ; વિસ્તાર;પ્રયત્ન;પ્રયાસ,ઉદ્યમ.2. A continuous space of time: ગેરા; વિષય; સમય. 3. The extent to which anything may be stretched: વિસ્તાર,ફેલાવ,ફેલાવ,;ની ક્યુક્તિ. 4.Course:direction:માર્ગ;દિશા;બાજુ; ફેલાવ. *At a s* :એક તરફે;એકી ટસે;એકધારે.

Stretcher,(સ્ટ્રેચર્) *n.*One who or that which stretches. ખેચનાર; લાબુકનાર 2. A litter or frame used for carrying disabled, wounded or dead persons: અશક્ત, ઘાયલ થયલા કે મૂએલા માણસને લઇ જવાની ખાટલા-ડાડી. 3. A lie: જૂઠ,લબાડી.

Strew,(સ્ટ્રૂ) [L. *sterno*, I spread.] To scatter, to spread by scattering:ભભરાવવું;પાથરવું; વેરવું; છૂટું છૂટું નાખવું,-પર ઘટાવવું. 2 To cover, or lie upon by having been scattered: ઉપર વેરીને ઢાકો નાખવું;-પર-પાથરવું;-નું ઢાકણ-આચ્છાદન કર 3 To disseminate: ફેલાવવું; પ્રસરાવવું;ચલાવવું.

Stricken,(સ્ટ્રિકન્) *p p &a*Struck: smitten; wounded: ઘાયલ; વાગેલું હોય એવું 2. Worn out; far gone; advanced:જીર્ણ થયલુ ;અતિવૃદ્ધ.

Strict,(સ્ટ્રિક્ટ્) *a.* [L. *stringo*, I draw tight.] Drawn close tight: ધ્રુજ ખેચલુ -તબત-મજબૂત; ચોપેલું; તગ; દૃઢ; તદ્દાસલું. 2. Tense; not relaxed:તગ;તતસતલુ;ખેચાયેલુ ;ઢીલુ ન હોય એવું.3. Accurate; precise: બરાબર ચોકસ; ધ્રુજ ચોકસ; ધ્રુજ ફિકર ભરેલું;બારીક.4.Severe:અતિશય ચોકસ;આકરૂ;નિર્દય;નિષ્ઠુર;કઠોર;તીક્ષ્ણ; તીવ્ર.5.Rigidly interpreted: અક્ષરશ:કરેલું,ચોકસે ચોકસ;સ કાચલું;રાબ્દેશબ્દ. 6. Upright or straight and narrow:લ બુ ;કટાર.

Strictness,(સ્ટ્રિક્ટ્નેસ્) *n.*Quality or state of being strict: ચુસ્તપણું;કઠોરતા; ચોકસાઇ; ચોકસપણું; કઠિનતા;સુક્ષ્મતા;કડકપણું.

Stricture,(સ્ટ્રિક્ટ્યૂર્) *n* [L. *stringo*, I draw tight] Strictness: સખ્તાઇ; ચોકસાઈ. 2. A glance; a touch;નજર;દૃષ્ટિ;સ્પર્શ.3 A touch of adverse criticism; censure: સખત ટીકા,ટીકા;નિંદા;કપકો; આક્ષેપ. 4.A localized morbid contraction of any passage of the body શરીરના અમુક ભાગનું ગ ઠાઈ જવું-જકડ પડી જવું તે;ગાઠ;મૂત્રગ થિ.

Stride,(સ્ટ્રાઇડ્) *vi* [*imp.* Strode, *p.p.*Stridden] To walk with long steps.મોટી ફલ ગા-ડગલા મરવા-ભરીને ચાલવું.2. To straddle: પગ પહોળા રાખીને ઉભા રહેવું; પલાણવું; ઓળગવું. 3. To straddle; to bestride: પગ પહોળા કરીને ઉભા રહેવું; પલાણવું *n.* A long step:ફલ ગ; મોટુ ડગલુ ,છલ ગ.

Strife,(સ્ટ્રાઇફ્) *n* Earnest endeavour.પ્રયાસ, પ્રયત્ન, આતુર યત્ન. 2. Contest of emulation. લડાઈ,ચડસાચડસી;હરીફાઈ,સ્પર્ધા; પ્રતિસ્પર્ધા. 3.Altercation; fight; battle; લડાઈ;ઝઘડો;કલહ;વિગ્રહ;વિરોધ,ઝઘડ; ટંટો;જીયા; તકરાર 5. Occasion of contest: લડાઈ-ઝઘડાનું કારણ; કલહ બીજ;કલહ-કુતુ.

Strike,(સ્ટ્રાઇક્) *vt.* [L. *stringo*, I touch lightly.] To smite; to give a blow to: મારવું; વગાડવું;લગાવવું,ઘા કર;પ્રહાર કર; ઘાકર્ણ;ઠોકવું.2. To dash against: -ની સામે અથડાવું; અફળાવું;-ની સાથે પછાડવું; વાગવું.3. To cast:ઘા મારવો-કરવું -સો-વક્કા મારી હડસેલવું-ખસેડવું. 4. To stamp or impress with a stroke;to coin (*as dollars*); છાપવું;પાડવું; બીજાની છાપ મારવી. 5. To thrust in: નાખવું; ઘાલવું;કોતરવું;પેસારવું; ચોટાડવું. 6. To punish; to afflict;to smite: સજા કર;મારવું, દુ:ખ દેવું,પીડવું. 7. To notify by audible strokes:સભળાય એવી રીતે વગાડવું; વગાડીને જણાવવું; વગાડવું; મા-વાગવું.૮. To lower: નીચે ઉતારવું પાડવું,ઉતારવું; કાઢી-લેવું લેવું; નીચુ નમાવવું. 9.To impress strongly: ઉપર ચોટાડવું-ઠસાવવું-ઠસારીને બેસાડવું;ઉપર અસર કર; ઉપજાવવું; ઉત્પન્ન કર;સ્થાપ્ય કરી દેવું 10. To affect in some particular manner by a sudden impression or impulse: લાગવું;જણાવવું;દિસવું;ભાસવું;-પર અસર કર;ને સ્પર્શવું.11.To cause or produce by a stroke(*as light*): સળગાવવું; પેટાવવું;ઉપજાવવું; એકદમ કર; કરીનાખવું.12 To cause to ignite. સળગાવવું.પેટવવું.13. To smake and ratify: પાકું-પક્કી કર; બરોબર કરી દેવું. 14. To take forcibly or fraudlently: જૂલમથી લેવું-પડાવવું; કપટથી પડાવવું ખેંચી લવું. 15. To level,as a measure of grain: કાના બરોબર કર: ઉપરથી ઝાલી નાખવું. 16. To hit upon or light upon suddenly: નજર-દૃષ્ટિએ પડવું; જણાવવું; ભાસવું. 17. To make a demand upon: નુ ઉછીનું લેવું,-નું દેવું કર; 18. To stroke or pass lightly,to wave; અડકાડવું;અફાડવું; થાપડવું;વગાડવું. 19. To advance; to cause to go forward. આગળ વધવું-જવું. ૨૦. To glance upon: ઉપર નજર-દૃષ્ટિ-અડકાવું જવું. *To s. an account*: બાકી કાઢવો; હિસાબ સમજવો. To s.*a lead*,to find a vein of ore:ધાતુની ધાતુની સેર શોધી કાઢવી. To s. *hands with*, (*a*) to shake hands with:-ની સાથે હાથ લલામી કર (*b*) To agree with:-ની સાથે કરાર-ઠરાવ બાધવા કર.To s. *off*(*a*) to erase from an account; to deduct: કાઢી-નાખવું; બાદ-કમી કર;કડાવી દેવું, છેકી-ચેરી-ભૂસી નાખવું. છેકવું; છેકા-દવા.(*b*) To impress,to print છાપવું;છાપી કઢવું. To *strike out*, (*a*) to force out:કાઢીને સામા અથડાવીને કાઢવું ;પાડવું.(*b*) To erase,to efface; કાઢી નાખવું; ભૂસી નાખવું; છેકા નાખવું; પર છેકા-ચેરો મૂકવો છેકવું.(*c*) To devise: to contrive: યોજવું;ચારવું ;નવુ ચલાવવું; ઉપજાવવું. To s *sail*:સઢ ઉતારવો. *To* s. *up*, (*a*)to cause to sound: વગાડવું; વગાડવા માડવું (*b*)To begin to sing or play:ગાવા-વગાડવા માડવું. *To* s. *work*,to quit work; to go on a strike;કામ છોડી દેવું; હડતાળ પાડવી; અગૂઠો પાડવો. *vi.* To move; to advance: આગળ વધવું-જવું ચાલવું;-મા પેસવું-પ્રવેશ કર; ઘુસવું. 2. To give blows: ઝપાટા-ઘા મારવો; લગાવવું; ફટકાવવું. ૩. To hit; to clash:વાગવું; ;પછડાવું, અથડાવું; ઠોકવું;અફળાવું. 4. To be struck: to sound: વાગવું;-ના અવાજ-લાઇ થવો; વાજવું. 5. To make an attack,to aim a blow: હુમલો-હલ્લો કર;-પર નિશાન તાકવું-મારવું; તાકીને ઘા મારવો.6. To touch: અડકવું.7.To run upon a rock;to be stranded (*as a ship*): ફિનારા.

ખડકપર ચઢી જવું. ક. *To* dart; to penetrate: ઝપાઝપી કરવું;-મા વાગવું-પેસવું;-ના પ્રવેશ ક૦; ટકરવું. 9. *To* break forth;to commence suddenly:એકદમ શરૂ ક૦;એકદમ શરૂઆત પ્રારંભ થવો. 10. *To* lower, as a flag:નિશાન-વાવટો નીચો ઉતારવો. 11. *To* quit work in order to impel an increase or prevent a reduction of wages; હડતાળ પાડવી. એકઠા કરી નામ કપર ન જવું; આબરૂ વાપરવી; મદદ ક૦. 12. To become attached to something વળગેલા હોવું;-ને ચોંટી રહેવું. 13. To steal money: પૈસા-વાણ ચોરવા. 14. To penetrate: ભોંકવું;-મા વાગવું. *To s. at*, to aim a blow at.-ના ઉપર ઘા તાકવો;-પર નજરાત તાકવું ન જવું *To s. for*. એકદમ ઉપડવું-નીકળવું. *To s. home*: બરોબર ચોટ લગાડવી,બરાબર અનુભવ વાપ ક૦; ધારેલી અસર ક૦. *To s. in*,(*a*)to enter suddenly: એકદમ પેસવું;-દાખલ થવું; પ્રવેશ ક૦;ઘુસવું. (*b*) To disappear from the surface (*as an eruptive disease*): શરીરમા કેરી પડવું; જવું.(*c*) To interpose; to interrupt:વચ્ચે આવું;આડે આવવું. *To s. in, with*,to suit itself to: પ્રમાણે ચાલવું-અનુસરવું;-ને મળતું આવવું;-ને પગલે ડગલે ચાલવું *To s. out*, (*a*)to start:માંડવું;શરૂ ક૦;આરંભ જવું ફટાવું;ચાલવું,આડે માર્ગે જવું (*b*) To strike with full force: હાથ તેટલા જોરથી મારવું *To s. up*, to commence to play: માવા વગાડવા માંડવું;આરંભવું; શરૂ ક૦. *n*. The act of striking: મારવું ઠોકવું તે; પ્રહાર ક૦તે.2.A stricklc:ઝાપ;ઝાપણી.3.A bushel;four pecks:બુશલ;ચાર પેક. 4.An old measure of four bushels: ચાર બુશલનું જુનું માપ. 5. Excellency or quality:ઉત્તમતા ઉત્કૃષ્ટતા; શ્રેષ્ઠતા. 6. The act of quitting work: કારીગરની હડતાળ-બંધી

Striking, (સ્ટ્રાઇકિન્ગ્) *a*. Surprising,forcible; impressive; very noticeable.આશ્ચર્ય પમાડે એવું;અસરકારક;જોરદાર;આબેહુબ; ચમત્કારિક;ચમત્કારી;અદ્ભુત;ચિત્તાકર્ષક.

String,(સ્ટ્રીન્ગ્) *n*. [L. *stringo* I draw tight.] A cord, larger than a rope:દોરો;દોરી; રસી;તંતુ; રજ્જુ;નાડું.2.(*a*) A thread or cord on which a number of objects or parts are strung or arranged:દોરો;લટ;સેર;હારની દોર. (*b*) A succession;a concatenation; a chain:હાર;પરંપરા;શ્રેણી;માળા; ઓળ; લંબરપંક્તિ; સંદર્ભ; સંકળા. 3. A strip, as of leather, by which the covers of a book are held together: ચામડાની પટી-પટો; બંધ. 4. (*a*) The cord of a musical instrument: વાજાં ત્રનો તાર દોરી-તાંત.(*b*)(*pl.*)The stringed instrument:તારવાળું વાજું. 5. The line or cord of a bow: કામઠાની દોરી; પણછ; તાંત;મૌર્વી; જ્યા. 6. A fibre, as of a plant:રેસો; તાણો. 7. A nerve or tendon of an animal body:પ્રાણીના શરીરના તંતુ ઠ. The tough fibrous substance that unites the values of the pericarp of leguminous plants: છોડા;ઝાંખરા;ફોતરા;છોલ.*vt*. To furnish with strings: તારવાળું ક૦;-ને તાર બાંધવા-ચઢાવવા. 2. To put in tune the strings of:-ના તાર-સૂર મેળવવા. 3. To put on a string; to file (*as beads*): પરોવવું; સદર્ભ રચના ક૦. 4. To make tense; to strengthen: તંગ-સખત-તાટ ક૦;મજબૂત ક૦; ખેંચવું. 5. To deprive of strings: છોલવું; ફોતરું;-ના છોતરાં-ફોતરા કાઢી લેવા.

Stringed, (સ્ટ્રિન્ગ્ડ્) *a*. Having strings:તંતુયુક્ત;તાર વિશિષ્ટ;તારવાળું (વાજું).2.Produced by strings: તારથી ઉત્પન્ન થયું.

Stringency. (સ્ટ્રિન્જેન્સિ) *n*. The quality or state of severe pressure: સખત-કડકપણું; નિષ્ઠુરતા;અંધન;અનિષ્ટ દબાણ.

Stringent,(સ્ટ્રિન્જન્ટ્) *a*. Rigid; severe;restrictive: બંધનકારક; સખત;નિષ્ઠુર કડક; ઉગ્ર.

Stringy,(સ્ટ્રિન્ગ્) *a*. Fibrous; filamentous: તંતુમય; સૂત્રમય;રેસાવાળું, 2.Ropy; viscid;gluey: જેના રેસા નીકળી શકે તેવું.

Strip,(સ્ટ્રિપ્) *vt* To destitute to bereave;to make destitute; to peel:નિરાધી લેવું; વિનાનું રહિત ક૦ છોલવી-ખૂંચારી લેવું; કાઢી લેવું; ઉતારવું; ઉતારી લેવું; વિવસ્ત્ર-વસ્ત્રહીન; ક૦; ઉતારી લેવું; ઉઘેડી નાખવું. 2. To divest of clothing; to uncover: નગ્ન-નાગું ક૦;કાઢવું; ખોલવું; ઉઘાડવું; વેગળું-નિરાળું-રહિત ક૦. 3. To dismantle: ઉતારી લેવું; વિનાનું વિહીન ક૦. 4. To pare off the surface of, as land in strips: જમીન સરખી ક૦. 5. To deprive of all milk: to milk dry (*as a cow*): -નું બધું દૂધ કાઢી દોહી લેવું; નિચોવીને કાઢી લેવું. 6. To pass to outstrip: ને વટાવી જવું-પાછળ મૂકવું;-થી આગળ વધી જવું.7.To wrest away: ઉતારી લેવું;ઉતારવું;કાઢી નાખવું;-માંથી ખસેડવું; દૂર ક૦.8. *vi*.To undress: નગ્ન નાગું ક૦;હીન-રહિત ક૦; ઉતારી લેવું; કાઢી નાખવું. 2. To fail in the thread:પેચ ન પેસવો-દીપોપડવો *n*. A narrow piece,or one comparatively long: કકડો; ચીંદરડી; પટો; પટી 2. A trough for washing ore:ધોવી ધાતુ પોવાનું કુંડું.

Stripe, સ્ટ્રાઇપ્) *n*. A line,or long narrow division of anything of a different color or structure from the ground; જમિનથી જૂદા રંગ આકારના પટો;પટી;રેખા.2.A pattern produced by arranging the warp threads in sets of alternating colors: અટાપટાદાર નમુનો. 3.A strip or long, narrow piece attached to something of a different color:કોર; ફીત; કિનારી;મગજી.4. A stroke, or blow made with a whip, rod, etc: ઝપાટો,ફટકા;સાટકા. 5. A long narrow discoloration of the skin made by the blow of a lash, rod or the like: સોળ; સળ; સાર 6.(*a*)Color indicating a party or faction: પક્ષ દર્શાવનારો રંગ.(*b*) Distinguishing characteristic; sign;likeness; sort: લક્ષણ; ચિન્હ; વાનરૂપ;જાત;પ્રકાર.*vt*. To variegate with stripes:જૂદા જૂદા રંગના થીગડા જોડવા; અટાપટાદારક૦;-કેપર પટા પાડવા-ક૦. 2. To strike; to lash (*it*):ચાબૂક વિગેરે-થી મારવું-ફટકારવું.

Striped, (સ્ટ્રાઇપ્ડ્) *a*. Streaked: પટાપટી ચપટા પટાવાળું;અટાપટાદાર.

Stripling, (સ્ટ્રિપ્લિન્ગ્) *n* A lad: છોકરો;બાળક;કુંવર;રાજકુમાર;અર્ભક; જુવાનીયો;પોરિયો;પોટ્ટો.

Stripping,(સ્ટ્રિપિન્ગ્) *n*.The act of one who strips: ખુંચવી-ઉતારી લેવું તે.3.*pl*.The last milk drawn from a cow at a milking: ગાયને દોહતી વખતે કાઢેલું છેલ્લા વખતનું દૂધ.

Strive,(સ્ટ્રિવ્) *vi*. To use exertions to labor hard: યત્ન કોશીશ ક૦;ઘણી મારે મહેનત ક૦;માથાકૂટ ક૦; ઉદ્યોગ-પ્રયત્ન-પ્રયાસ આયાસ ક૦; શ્રમ ક૦;ભગીરથ પ્રયત્ન૦.2.To contend: to contest: લડવું સામું થવું; ઝઘડો-વિરોધ૦. 3.To vie; to compete: હોંસાતોંસી ક૦;હરીફાઇ ક૦; બરોબરી સ્પર્ધા ક૦.*n*.An effort: યત્ન; કોશીશ

પ્રયત્ન.2.Strife;contention:કજીઓ; ટંટો-લઢાઇ;ઝઘડો;કલહ;વિરોધ.

Stoke, (સ્ટ્રોક્) *n.* A blow; a hit; a knock; *e p.*, a violent or hostile attack:ઝપાટો;ધા;ધક્કો; ઠોક; ફટકો;ઝટકો;ચોટ; ભારે હુમલો; પ્રહાર 2. Injury or affliction; soreness: ઇજા;સંકટ;પીડા;ઘા.3.The striking of the clock to tell the hour: ઘડીયાળનો રણકો-અવાજ-ટકોરો. 4. A stroking: ધીમેથી સ્પર્શ કરવો-અડકવું તે;છાપ; થાપડ; ઠોક. 5 A mark or dash in writing or printing a line:છેકો;ચેરો; લીટો. 6. An addition or amendment to a written composition,a touch:લખાણમાં કાંઈ ઉમેરવું-સુધારવું તે;છેવટનો હાથ. 7.A sudden attack of disease; a fatal attack,a severe disaster: ઝપાટો; સપાટો; ઉપરો; ગજબ; ચોટ; ઠોકર;ઘા;ધક્કો;ધોકો;ઝકડ;ઠેસ; ફટકો.8 A throb or beat,as of the heart: હૈયાનો ધબકારો ધમક. 9. One of a series of beats or movements against a resisting medicine: ઝપાટો;સપાટો. (*Rowing*) (*a*) The rate of succession of stroke: હલેસાનો ઉતાવળો માર;ઝપાટો. 10.A powerful or sudden effort by which something is done, produced, or accomplished: એકદમ કરેલો-જુસ્સા ભરેલો યત્ન; હાથ: હાથકસબ;હથોટી;ખેલ;દાવ;કરસાદી; છાપ.11. (*Mach.*) (*a*) The movement in either direction of the piston plunger:ફેરો; એકવાર કામ. (*b*) The entire distance passed through: અંતર;ટપ્પો.12 Power, influence: શક્તિ;બળ;જોર;અસ્સા. 13. Appetite: રૂચિ;ક્ષુધા; ભૂખ. *vt.* [*imp.* & *p. p.* **Stroked.**]To strike: મારવું;ફટકારવું 2.To caress;to soothe: પંપાળવું;હાથ ફેરવવો;થાબડવું;વહાલ કરવું.3 To make smooth by rubbing: ઘસીને લીસું-સાફ કરવું. 4. To give a finely fluted surface to: મઠારવું;ઓપવું.

Stroll, (સ્ટ્રોલ્) *vi.*To wander on foot;to ramble idly or leisurely;to rove: રઝળવું; રખડવું; ભટકવું; સહેલ કરવી;ભ્રમણ કરવું;રમતા ફરવું. *n.* A wandering on foot;a ramble: રખેડી;ભ્રમણ;સહેલ;રખડપટ્ટી; વેહાર;સહેલ કરવી તે.

Strong, (સ્ટ્રોન્ગ્)*a.*Vigorous:જબરૂ; બળકટ;પહેલવાન;બળવાન;બળિષ્ઠ;મજબૂત; જોરાવર. 2.Firm,hale; sound,robust:દૃઢ;તંદુરસ્ત;મજબૂત;મક્કમ; સંગીન; સમર્થ.3 Solid; tough:મજબૂત; લઢ, નક્કર; દૃઢ: જબરૂ; જોરાવર; બળિષ્ઠ. 4. Powerful શક્તિવાન: બળવાન-વાળું; જબર; પરાક્રમી: પ્રતાપી. 5. Having great wealth, means or resources: ઘણી દોલત-સાધનવાળું; જબરૂ; સમૃદ્ધ. 6.Violent; forcible; impetuous: ભારે; પ્રચંડ; ઘણા જોસવાળું; જબરૂ; ઉગ્ર. 7. Adapted to make a deep impression on the mind; cogent: અસરકારક: વજનદાર; સબળ; મજબૂત; સંગીન; જોસદાર. 8. Ardent; eager; zealous: આતુર; દૃઢ;ખરાદિલનું;ચૂસ્ત; ઝનુની. 10.Having virtues of great efficacy: કસદાર; ઘણું અસરકારક:દૃઢ; ગુણકારી; ભારે જલદ;ગુણવાન;ગુણકારક. 11.Full of spirit; intoxicating: ઘણી કેફવાળું ;માદક;કેફી;કેફદાર.12.Affecting any sense powerfully:કોઇપણ ઇંદ્રિને ઘણું અસર કરતું,કરનું ; જલદ દ;ચમત્કારવાળું. 13. Well established firm:સ્થાપિત;પ્રબળ;જબરૂ.14.Vehement;earnest; ardent: આતુર;હોંશીલું;ઉગ્ર; પ્રચંડ 15. Vigorous; affective; forcible.બળવાન; અસરકારક;બળિષ્ઠ.

Strong-hold, (સ્ટ્રોન્ગ્-હોલ્ડ્)*n.* A fastness;a fortified place;a place of security:ગઢ;કિલ્લો;દુર્ગ;કોટ.

Strongly,(સ્ટ્રોન્ગ્લ્) *adv* In a strong manner: powerfully; firmly;vehemently:બળ-મજબૂતીથી; ઘણાજ જોર હોસ-દૃઢતા આતુરતાથી.

Strong-minded, (સ્ટ્રોન્ગ્-માઈન્ડેડ્) *a.*Having a vigorous mind. મજબૂત,દૃઢમનનું;સ્થિરમનનું;ધીર;મર્દ.

Strop, (સ્ટ્રોપ્)*n.* A strap: ટપટપી; ટાપલીપિયું. *vt.* To draw over, or rub upon,a strap with a view to sharpen .ટપટપિયા ઉપર ઘસીને ધાર ચઢાવવી.*n.* A piece or rope spliced into a circular wreath, and put round a block for it:ગાળો, ફાસો.

Structure,(સ્ટ્રક્ચર્)*n.*[L *struo*, I pile up.]Construction: બાંધણી; સંસ્થાન. 2.Manner of building; make;form.બાંધવાની રીત; ઘાટ;બંધારણ; આકાર, રૂપ; રચના; બાંધો. 3. Agreement of organs or of constituent particles; in a substance or body: રચના; વ્યવસ્થા. 4. Manner of organization: રચના; નિર્માણ;વિધાન.5.A building: ઈમારત,ઇમારો;મકાન;મ દિર;મઢ.

Struggle,(સ્ટ્રગ્લ્) *vi.* To strive, to make efforts, with a twisting, or with contortion of the body: તરફડીયા મારવા. 2. To use great efforts: અતિશય પ્રયત્ન-મહેનત કરવી; ધમપછાડા કરવા; અપતીયાં કરવાં; ધરતી આગ કરવી;ફાંફા મારવા-માથાકૂટ કરવી. 3.To be in agony: તરફડવું. *n.* A violent effort with contortions of the body: તરફડાટ;તરફડીઆ;ખરા જોસનો પ્રયત્ન; માથાકૂટ. 2.Great labour:માથાકૂટ;પ્રયાસ; પ્રયત્ન. 3.Contest;contention;strife:લડાઇ; કજીઓ; વઢવાટ;કલહ;યુદ્ધ; વિવાદ; દ્વંદ્વ. S. *for existence*:જીવન પ્રયાસ.

Strumpet, (સ્ટ્રમ્પેટ્)*n.* [L.*stuprum*,debauchery.]A prostitute: a harlot:કિસબણ; રંડી; વેશ્યા;પાતર; રંડા;છિનાળ. *a.* Of or pertaining to a strumpet: કિસબણ-રંડી-પાતર સબંધી-વિષે-નું.*vt.*To debauch: બદકર્મ કરવું; છિનાળું કરવું To slander:-ની બદબોઇ-નિંદા કરવી;-નું બૂરું બોલવું.

Strut(સ્ટ્રટ્) *vi To* swell;to bulge out:ઉભરાવું,ઉપરાવું.ફુલવું 2 *To* walk with a lofty, gait, and erect head:ડરસામાં ઠમકાથી ચાલવું; નખરા કરવા.*n.*A pompous walk: ઠરકો;ઠમકો;નખરા;આડંબર ભરેલી ચાલ.2.A brace subjected to compressive stress:ચાપ:દબાણ *vt. To* hold apart:દૂર રાખવું; નોખું-નિરાળું-જુદું-અલગ રાખવું.

Strychnine,(સ્ટ્રિકનાઈન્)*n* A very poisonous alkaloid resembling brucine.ઝેરઓલાનું તત્વ.

Stub, (સ્ટબ્) *n.* The stump of a tree:ઝાડનું મૂળ--ઠું; થડ; બાપો;ઠું ઠું. 2. A log; a block: લાકડાનો કકડો-ગચ્ચું.3. The short blunt part of anything: કાંઈ પણ ચીજનો ટુંકો-બુઠ્ઠો ભાગ;ઠુંઠો 4. The part of a leaf left in a check book, after a check is torn out: આખેયું-દુંડી ફાડી લીધા પછી રહેલો ભાગ.5. A pen with a short, blunt nib: ટુંકી બુઠ્ઠી ઝીભવાળી કલમ. *vt.* To extirpate-નાં મૂળ ઉખેડી નાંખવાં;-નું નિકંદન કાઢવું. 2. To remove stubs from:-માંથી-મૂળ મૂળિયા કાઢી નાંખવા દૂર કરવા. 3.To strike, as the toes: ઠેસ મારવી;પગે ચઢાવવું.

Stubble,(સ્ટબ્લ્) *n.* [L. *stipula*, stubble.] The stumps of wheat rye,barley, oats,or buck wheat left in the ground:અનાજ વિ૦ નાં મોય ઉપર રહેલા કરબ-ખૂપા-રાડા-ઠુંઠા.

Stubborn,(સ્ટબ્બોર્ન્)*a.* Stiff; unbending;unyielding;persistent; retractory;harsh; obstinate: અક્કડ;નવેનહિ-એવું; મમતી; હઠીલું; જીદી;

જક્કી;આગ્રહી આડું;દુરાગ્રહી; અવિચલ.

Stubbornness,(સ્ટબ્બર્નનેસ્) *n* The state of being stubborn હુજ્જત;હઠ;મમત;આગ્રહ જીદ; ચઠ; જક; દુરાગ્રહ આડાઈ.

Stubby, (સ્ટબિ) *a*. Abounding with stubs:ઠુંઠાં રાખ-કરાવવાળું. 2 Short and strong:ટુંકું ને મજબૂત.

Stucco, સ્ટકો) *n*. *pl*. Stuccoes. Plaster of any kind used as a coating for walls: ભીંતો સાગોવાળ, ચૂનાનો ગીલાવો. 2. Work made of stucco;stuccowork: ભીંતો સાગોવાળથી કરેલું કામ-નકશી *vt*. To overlay or decorate with stucco: ભીંતો સાગોવાળનો લેપ કરવો.

Stucɛ-up.(સ્ટક્-અપ્) *a* Conceited; vain;arrogant: અક્કડ કારી; અભિમાની;મગરૂમ-ગર્વિષ્ઠ;અક્કડ.

Stud, (સ્ટડ્) *n*. A collection of breeding horses and mares or the place where they are kept ઘોડા અને ઘોડીઓ અથવા તેમને રાખવાની જગા;અશ્વશાલા. *n*. A stem-a trunk: થડ; થડિયું. 2. An upright scantling:ખીલો;મેખ. 3.An ornamental knob: શોભાયમાન ખીલી; ગુલમેખ. 4. An ornamental button of various forms:હાથ વગેરેના કોલરનું બોરીયું; બટન. 5 (*a*) A short rob or pin: ટુંકા સળીઓ ટાંકણી.*vt*. To adorn with shining stud or knobs. શોભીતા કોબાવાળા ખીલાથી શણગારવું-દીપાવવું; શોભાવવું. 2.To set with detached ornaments or prominent objects to set thickly:-થી ભરી-ઢાકી દેવું; બબે જડી દેવું ;જડિત કરવું.

Student,(સ્ટ્યુડેન્ટ્) *n*. [L *studeo*,I study.] A learner; a pupil; a scholar:શિક્ષનાર;અભ્યાસી; વિદ્યાર્થિ,વિદ્વાન.2. One who studies and examines in any way. કોઈ પણ રીતે ભણીને તપાસ કરનાર, અભ્યાસ કરનાર;અભ્યાસ કરનાર; અભ્યાસી. 3.A man devoted to books: વિદ્યાર્થી; વિદ્યાનો વ્યસની પુરૂષ.

Studied,(સ્ટડિડ્) *a*. Closely examined; made the subject of study; well considered: તૈયાર કરેલું; અભ્યાસિત. 2. Well versed in any branch or learning;learned નિપુણ;કુશળ;પ્રવિણ;સાક્ષર.3. Premeditated; designed: આગળથી ધારીને-ભણીગણીને કરેલું;પૂર્વસંકલ્પિત;પૂર્વરચિત; રચણવાળું.

Studio, સ્ટ્યુડિઓ) *n*. *pl*. Studios. The working room of an artist; કિસબી કારીગરની દુકાન; ચિત્રકાર-શિલ્પીની કાર્યશાળા.

Studious, (સ્ટ્યુડિઅસ્) *a*. Given to study:ભણેલો; વિદ્યાભ્યાસી; અધ્યયન પરાયણ આસક્ત; અધ્યયનશીલ, અભ્યાસી; જ્ઞાનુ; વિદ્યાભ્યસની. 2. Contemplative: વિચારવાનશીલ; ધ્યાની. 3.કાળજી; બારીકું; તત્પર; ઉદ્યમી,પ્રયત્નશીલ; આસક્ત; કાળજીવાળું; ઉત્સુક. 4. Deliberate: ભણી તેમને-બુદ્ધીને-પાકા વિચારથી કરેલું;વિચારસિદ્ધ;પૂર્વ સંકલ્પિત-ઠરેલ; વિચારપૂર્વક સવિચાર. 5. Favorable to study; Favorable to study: વિદ્યાભ્યાસને લાયક-અનુસરતું-અનુકૂળ.

Study, (સ્ટડિ)*n pl* Studies,[L *studeo*,' study] Application of mind to books, arts or science: વિદ્યાભ્યાસ; અભ્યાસ; અધ્યયન; પઠન; શિક્ષણ. 2. Mental occupation; meditation; contemplation: વિચાર;ચિંતન;ધ્યાન;વક્ષ; કલ્પના; મનન 3. Any particular branch of learning that is studied: અભ્યાસ-ભણવાનું-અધ્યયનનો વિષય પાઠ;અભ્યાસક્રમ; અધ્યયન; અભ્યાસ. 4 An apartment devoted to study or to literary work: અભ્યાસ કરવાની ઓરડી-કોટડી; અધ્યયનગૃહ. 5.A piece for special practice: ખાસ મહાવર માટે તૈયાર કરેલું ગાયન-ચિત્ર. *vt*.To muse; to ponder:વિચાર-મનન-વિચાર કરવો;મનમાં ઘોળવું; ધ્યાનમાં લેવું 2.To apply the mind to books or learning:ભણવું;શિખવું; અભ્યાસ કરવો;અધ્યયન કરવું. 3. To endeavour diligently: ધારીને કરવું; ચિંતવું કરવો;તત્પર થવું પ્રયત્ન કરવો; ઉત્સુક રહેવું. *vt*. To apply to the mind to.ચિંતવું, ભણવું;-નું અધ્યયન કરવું;-નો અભ્યાસ કરવો. 2. To consider attentively, to examine closely:-નું ચિંતન-મનન કરવું; બારીકાઈથી તપાસવું;-નું અવલોકન કરવું;બારીકીથી તપાસીને શીખવું 3 To form or arrange by previous thought:આગળથી વિચાર કરીને-ધારીને ગોઠવી મુકવું;મોઢે કરવું;-ની યોજના-રચના પ્રથમથી તૈયાર કરી રાખવી. 4. To make an object of study; to aim at sedulously, to devote one's thoughts to:ઇચ્છવું; ઇચ્છું;-પર નજર રાખવી;-નો અભ્યાસ કરવો; ચિંતવું. નો વિચાર રાખવો;પાછળ મંડવું.

Stuff, (સ્ટ) *n*. Material which is to be worked up in any process of manufacture: કાચો માલ; ઉપાદાન;દ્રવ્ય, વસ્તુ;સામાન,પ્રકૃતિ;પદાર્થ. 2. Essence:અર્ક;સત્વ;દમ;હીર; ઝવેરાત; પાણી.માલ;જર.3.Woven material not made into garments; fabric of any kind: લુગડું;કાપડ; વસ્ત્ર;પટ. 4. Furniture; goods: સરસામાન; માલ,સરંજામ;રાચરચીલું; ગૃહ; સામગ્રી; વાણ કુસવ. 5 A medicine or mixture;a potion: ઓસડ; દવા. 6. (*a*)Refuse or worthless matter: કચરો,કુડો;રદ્દો;અકરાંતિયા પુતે. (*b*) Nonsense; trash:લવારો; બકવા.7. Paper stock ground ready for use: કાગળ બનાવવાનો તૈયાર કરેલો ભુકો. *vt*. To fill by crowding ઠાંસીને ઠાંસીને ભરીને ભરવું; બીજો બીજ ભરવું;-પર ભરાવ જવું. 2.To press; to block:દાબવું, ભરવું ; ઠાલવું. 3.To fill by being pressed or packed into,દબાવીને-ચંપાવી ભરવું. 4.To fill with a seasoning composition of bread,meat,condiments, etc.:-માં મરી મસાલા સારો પેઠે ભરવા -દેવા. 5. To obstruct as any of the organs:બંધ કરવું જવું;ભરાઈ જવું; -નો બંધાપાર મટી બંધ પડી જવા. 6.To fill the skin of,for the purpose of preserving as a specimen.-ના બાગિયા-ચામડીમાં મસાલો ભરવો. 7.To form or fashion by packing with the necessary material:જોઇતો સામાન-દ્રવ્ય ભરીને અમુક કદ-આકાર કરવો-બનાવવો. 8.To crowd with facts; to cram the mind of:મન-મગજ બીજો બીજ ભરી દેવું ;-માં બાતો ભરી દેવા.9.To put fraudulent votes into: જૂઠા-બોટા મત નાખવા.*vi*. To feed gluttonously; to cram:અકરાંતીયે ખાવું; ગળા સૂધી ભરીને ખાવું .

Stuffing,(સ્ટફિન્ગ્) *n*.That which is used for filling anything.(નાકે) ભરવા વી વસ્તુ; પૂરણ; ભરણ. 2.Any seasoning preparation used to stuff meat:મસાલો;પૂરણ; મસાલ;માંસને સ્વાદ કરવાનો મસાલો.

Stultify,(સ્ટલ્ટિફાઇ)*vt*. [L.*stultus*. foolish & *facio*, I make.] To make foolish;to make a fool of: -ને બેવકૂફ બનાવવો; બેવકૂફ જણાય તેમ કરવું;-ને મૂર્ખ બનાવવા;-નો મૂર્ખ બનાવવો. To regard as a fool(R): મૂર્ખ બેવકૂફ તરીકે ગણવું-માનવું.*To s. oneself*: બેવકૂફ બનવું; બેવકૂફ જણાવું. 2. To allege or prove to be of unsound mind:દિવાનું-ગાંડુ સાબિત કરવું-કરી આપવું.

Stumble,(સ્ટમ્બ્લ્)*vi*. To stagger because of a false step.ઠોકર ખાવી; લથડવું; સ્ખલિત થવું; લથડિયું

આવવું;ગોથું ખાવું.2.To walk in an unsteady or clumsy manner લથડતા ચાલવું;ડોલતાં ડોલતાં ચાલવું. 3 To fall into a crime or in an error:to err:ભૂલ-ચૂકમાં પડવું;પાપી થવું;પાપમાં પડવું;ભૂલવું;ગોથું ખાવું;થાપ ખાઈ જવી 4.To fall on;to light by chance: -ને અકસ્માત-અણધાર્યું મળવું-જડવું બેસવું. *To s.on or upon*:-ને અકસ્માત-અણધાર્યું મળવું;જડવું.*vt.* To cause to stumble or trip: લથડાવવું;ગોથું-ઠોકર ખવરાવવી;-ને ઠોકર ઠેસે ચઢાવવું 2.To mislead; to confound;to perplex:ગભરાવવું; ગભરામણમાં-અમઝગમાં નાંખવું; ગુચવવું; ભૂલવવું; ચૂકવવું ગોથું ખવરાવવું. *n.* A trip in walking or running: ઠોકર;ઠેસ;ગોથું; અટખડીકે. 2.A blunder;a failure;a fall from rectitude: ભૂલચૂક; સ્ખલન; છક્કડ; ગોથું; થાપ;ઠોકર.

Stumbling-block-stone, (સ્ટમ્બ્લિન્ગ્-બ્લૉક્ સ્ટોન્) *n.*Any cause of stumbling,perplexity or error: ગોથું ખવડાવનાર-ખાવાનું કારણ; ઠોકાવું;સ્ખલનવિષય;પ્રાપ્તિવિઘ્ન.

Stump,(સ્ટમ્પ્) *n.*The stub: ઝાડનું રહેલું થડ-કરછો-ડું ડું-સાઠેા-રાડું;ખાંપો. 2.A stub:ડું ડું.3 *pl.*The legs:પગ; પાયા. 4 (*Cricket.*) One of the three pointed rods stuck in the ground to form a wicket and support the bails:ક્રિકેટની રમતમાં જમિનમાં ધાલેલી લાકડી-સળીઓ.5 A short; thick roll of leather or paper: કાગળ અગર ચામડાનો ડું કોનડો કુચો.6.A pin or projection in a lock;a fence:અટકણ;ચાંપ.*vt.* To cut off a part of:to reduce to a stump:ડું ડું કરવું;ખું ડું કરવું,કરછારાડાં-સાંઠા રહે તેમ કાપી નાખવું.2. To stub: પાડી નાંખવું; ઢોળી પાડવું; ઠેસ મારવી;પગે ચઢાવવું 3 (*a*) To challenge: બોલાવવું; આવી જા એમ કહેવું; લડવા-સામા આવવા આમંત્રણ કરવું. (*b*) To nonplus: ગભરાટ-ગુંચવણ-ગુંચવાડા-અમુઝણમાં નાખવું.4.To travel over, delivering speeches for electioneering purposes: પોતાને લોક સભાસદ માટે પસંદ કરે એવી આશાથી ભાષણો કરતા ફરવું. 3 To put out of play by knocking off the bail:લાકડીઓ પરની માકડી-ચકલીઓ પાડી નાંખીને બેટવાળાનો દાવ પુરો કરવો. *To s.at*,to go afoot;hence,to run away:to escape: નાસી જવું; સટકી જવું; પલાયન કરી જવું *vi.* To walk clumsily:ધબધબ ડીંડવું-ચાલવું.

Stumpy,(સ્ટમ્પિ) *a.* Hard;strong: કઠણ;મજબૂત; જબરું.2. Short and thick: ઠેકુ અને જાડું;ધીંગું;ડફ્ફલ;ઠબ્બલ.

Stun,(સ્ટન્) *vt.* To make senseless or dizzy by violence:બેભાન-બેહોસ-અચેત-બેશુદ્ધ કરવું;-ને બડેરૂં-ડું બનાવી દેવું; બહેર મારી જાય એમ કરવું. 2. To overpower one's sense of hearing: બહેરું કરવું;કાનના પડદા ફોડી નાંખવા.3.To astonish;to overpower: બેબાકળું કરવું; અચંબો પમાડવો; છક્ક કરી નાંખવું; ચકિત કરી દેવું. *n.* The condition of being stunned: બેભાન;બેહોશી; અચેતન.

Stung,(સ્ટન્ગ્) *imp & p.p.*of *sting*, ડંખ માર્યો-મારેલું.

Stunt,(સ્ટન્ટ્) *vt* To stint;to dwarf: ઠેકું થવા ન દેવું;વધવા ન દેવું; વૃદ્ધિ પામતા અટકાવવું;-થી ઠીંગરાઇ-હીમાઈ-ગંડાઇ જવું *n.*A check in growth; a stunted animal or thing:વધવા ન દેવું તે; ઠીંગરું હાડ; હીમાઈ-ઠીંગરાઈ ગયેલું પ્રાણી-પદાર્થ; ઠીંગરું;વામનજી.

Stunted,(સ્ટન્ટેડ્) *a.*Dwarfed: ઠીંગરાઇ ગયેલું; ઠીંગરું; પૂરેપૂરું નહિ વધેલું; હિમાઇ ગયેલું;ગટ્ટો રહી ગયેલું.

Stupe,(સ્ટ્યૂપ્) *n.*[L.*stuppa*, tow.] Cloth or flax dipped in warm water or medicaments: દવા કે પાણીમાં બોળીને ઘા અગર સોજા ઉપર મુકેલું કપડું -રાણ. *vt.* To foment with a stupe: લુગડું પાણીમાં બોળીને શેક કરવો; પોતાથી શેક કરવો. *n.*A stupid person:મૂર્ખ -બેવકુફ માણસ; જડસો.

Stupefaction, (સ્ટ્યૂપીફૅક્શન્) *n.* The act of stupefying or the state of being stupefied: બેભાની;બેશુદ્ધી;જડતા;જડત્વ;બેહોશ;બ્યામોહ; બહાવરાપણું;બેહોશ થું.

Stupefy,(સ્ટ્યૂપિફાઇ) *vt* [L *stupeo*, I am stupefied and *facio*, I make.]To make stupid:to make dull;to make torpid: જડ ભારે-બેભાન-બેશુદ્ધ કરવું;-બનાવવું; ઇંદ્રિયસ્તબ્ધ કરવું;બહાવરું કરવું;2. To deprive of material mobility:જડ-અચેતન કરવું.

Stupendous,(સ્ટ્યૂપેન્ડસ્) *a.* [L. *stupeo*,I am astonished at] Astonishing;wonderful;amazing: અનુપમ જેવું,અચંબો પમાડે એવું; અતિશય મોટું;અદ્‌ભુત; આશ્ચર્યકારક;વિસ્મય કારક-જનક;છક્ક-દંગ કરી નાંખે તેવું.

Stupid,(સ્ટ્યૂપિડ્) *a* Very dull;insensible;senseless;heavy; sluggish: જડી અક્કલ-બુદ્ધિવાળું; મૂર્ખ; બેવકુફ;જડ;ઠોઠ; મતિમંદ, અણસમજુ; મૂઢ;અભૂજ;અજ્ઞાની;બુદ્ધિહીન-રહિત.

Stupidity, (સ્ટ્યૂપિડિટિ) *n.* Insensibility; sluggishness: નાદાની; જડપણું;મંદબુદ્ધિ; જડબુદ્ધિ; મંદમતિ; મૂર્ખતા;અજ્ઞાન;મૂઢતા;બેવકુફી 2. Stupor;astonishment: અચંબો;જડતા; બેભાનપણું.

Stupor, (સ્ટ્યૂપર્) *n.*[L. *stupeo*, I am struck senseless.] Suppression of sense or feeling;lethargy:બેદરકારપણું;બેહોશી,બેબુદ્ધિ; બેભાનપણું;મોહ;વ્યામોહ;સ્તબ્ધ.

Sturdy,(સ્ટર્ડિ) *a.* Foolishly obstinate or resolute; unfeeling; stern:હઠીલો; જબ્બો;ખુન્સા જેવો હઠીલો; જીદ્દી;દુરાગ્રહી.2.Resolute;(in a good sense) of firm unyielding quality:પ્રબળ;આગ્રહી;દૃઢ.3. Strong;violent; મજબુત; જબરું; જબર; જોરાવર;બળવાન;દૃઢ.4. Stiff; stout; strong: દૃઢ; જબરું; મજબૂત; ધીંગું; કઠણ;ખાડું.

Stutter,(સ્ટટ્ટર્) *vt.&i.* [L. *tundo*, I thrust.]To hesitate or stumble in uttering words;to stammer:જીભ અટકવી;તોતડું બોલવું;તોતડાવું *n.* The act of stuttering: તોતડાટ.2. A stammerer: તોતડો; તોતડીયા.

Sty,(સ્ટાઇ) *n.pl.* **Sties.** A pen or inclosure for swine: ડુક્કરોને રાખવાનો વાડો--ડુક્કરખાનું.2. A place for bestial debauchery: પશુની પેઠે વિષયમાં ગરક રહેવાનું-સ્થાન-સ્થળ. *vt.*To shut up as in a sty:વાડામાં (ડુક્કરને) પૂરવું-ગોંધવું.*vi.* To soar;to ascend;to mount: ઉંચે-ઉપર ચઢવું. *n* An inflamed boil,on the edge of the eyelid:આંજણી;આંજરણી.

Stygian,(સ્ટિજ્જિઅન્) *a.* [L. *styx.*] (*a*)Of or pertaining to the river Styx:નરકમાંની વૈતરણી નદીનું-સ્વર્ગ-પૃથ્વી-વિષે.(*b*)Hence, hellish; infernal:નારકીય;નર્કીલોકનું.

Style,(સ્ટાઈલ્) *n* [L *stilus*, a writing instrument.] An instrument used by the ancients in writing on tablets covered with wax:મીણ ચોપડેલી તકતી ઉપર લખવાની લેખણ;વતરણું;સલાકા. 3.(*a*) A pen;an author's pen: કલમ;લેખણ. (*b*) A sharp pointed tool used in engraving; a graver: કોતરવાનાં કામમાં વાપરવાનો સોયો;ટાંકણું.(*c*) Akind of blunt-pointed surgical instrument:વાઢ કાપના પ્રયોગમાં કામ લાગતું બુઠું ઓજાર. (*d*) The pin or gnomon of a

dial:ચંદ્રાનો કાંટો;શંકુ. 3. Mode of expressing thought in language; rhetorical expression: ભાષાશૈલી;ઉચ્ચારત;બોલવાની અથવા લખવાની ઘાટી-ઢબ; છટા; લેખનપદ્ધતિ; બાની;વાણી.4. Mode of presentation, especially in music or any of the fine arts: ગાવા-કવિતાની સરણી;ઘાટી; ઢબ. 5. Fashion; manner which is deemed elegant & appropriate:ચાલ;રીત; ઘાટી;ઢબ;રીતિ;પ્રકાર; પદ્ધતિ;વૃત્તિ; ધારા; છટા,ભાત;ડોળ; ધટાવ.6. The title; mode of address: કિતાબ;ખિતાબ; ઇલ્કાબ; નામ; સંજ્ઞા; ખ્યાતિ. *vt.* To entitle;to adnominate: કિતાબ-નામ આપવું;-નું નામ કહેવું-બોલવું;પાડવું;-નું નામ પાડવું.

Stylish,(સ્ટાઇલિશ્) *a.* Highly fashionable; modish: તીમારદાર; રોફબંધ;સભ્યકારકર; ફેશનદાર.

Styptic,(સ્ટાપ્ટિક્) *a.* Producing contraction; stopping bleeding; astringent:ચોહી વહેતું બંધ કરે એવું; રક્તાવરોધી;રક્તનિરોધક.*n.* Astyptic medicine:ચોહી બંધ કરનાર ઔષધ.

Styx,(સ્ટાઇક્સ્)*n.* The principal river of the lower world:વૈતરણી.

Suability,(સ્યૂએબિલિટિ) *n.*Liability to be sued:દાવો થઇ શકે એવી જોખમદારી.

Suasion,(સ્વેઇઝન્) *n.*[L. *suadio,* I advise.]The act of persuading persuasion:સમજાવટી;નિશ્ચય; ખાતરી.

Suavity,(સ્વેવિટિ)*n.* [L.*suavitas.*] Sweetness to the taste: સ્વાદિષ્ટપણું ;મિઠાશ;મધુરતા.2. Agreeableness; pleasantness; urbanity; softness: મનોરંજકપણું; ખુશકારકપણું;નરમાશ;માધુર્ય;મધુરતા;માર્દવ.

Sub-agency, (સબ્-એજેન્સિ) *n.* A subordinate agency: હાથ નીચેનો કારભાર-આડત;પટઆડત.

Subaltern,(સબ્ઓલ્ટર્ન્)*a.* [L.*sub,* under&*alter,*the one; the other of two.] Subordinate; inferior: હાથ નીચેનું ;ગૌણ;તાબાનું; ઉતરતા દરજ્જાનું .2.(*Logic*)The intermediate genera and species between the highest genus and the lowest species:મધ્યનું ;વચ્ચેનું ;ગૌણ. *n.*A person holding a subordinate position; હાથ નીચેનો અમલદાર-કારભારી.2. A subaltern proposition:ગૌણસિદ્ધાંત.

Sub-committee, (સબ્-કમિટિ) An under-committee: પેટા મંડળી; ઉપસભા;સબ-કમિટિ; પેટાકમિટિ.

Sub-contractor, (સબ્-કૉન્ટ્રૅક્ટર) *n.* One who takes a portion of a contract from the principal contractor પેટા ઇજારદાર-પેટાકંત્રાટી

Subdivide,(સબ્ડિવાઇડ્)*vt.* [L.*sub & divido,*I divide.]To part into smaller divisions: ભાગના ભાગ કરવા; પેટાભાગ-વિભાગ-નહાના ભાગ કરવા; કકડેકકડા કરવા.*vi.*To be or become subdivided:નાનાવિભાગ-નાનાભાગ થવા

Subdivision, (સબ્ડિવિઝન્) *n.* A part of a thing made by subdividing:ભાગનો ભાગ; વિભાગ; નહાનો-પેટાભાગ; ઉપાય; અવયવ; ઉપશાખા;પ્રતિશાખા.

Subdue,(સબ્ડ્યૂ)*vt* [L.*sub,* under &*duco,* I lead.] To bring under,to reduce under dominion; to vanquish: જીતવું:-નો પરાજય કરવો;દબાવવું; વશ-સ્વાધીન કરવું; હુકમ-અમલ-તાબામાં લાવવું; સર કરવું;જેર કરવું. 2.To crush:દબાવીને છેક બેઠીન કરવું 3.To destroy the force of; to overcome:મટાડવું;કાઢવું; ગમાવવું;હઠાવવું.4.To render submissive; to tame:તાબે રહેતાં શિખવવું;કેળવવું; વશ કરવું;પલોટવું. 5. To overcome, as by persuasion or other mild means:જીતી લેવું; મન ફેરવવું-વાળવું; વશ કરવું;હરીલેવું;દબાવવું.6. To melt; to soften: પીગાળવું; નરમ-શાંત-નમ્ર કરવું;કૂણું-શાંત કરવું. 7.To make mellow;to break,as land: નરમ-પોચું કરવું;ખેડ કરીને સુધારવું. 8. To tone down: ઓછું કરવું;-નું તેજ ઘટાડવું;-ની જોરેહ ઓછી કરવી.

Subjacent,(સબ્જેસેન્ટ્)*a.* [L. *sub,* under & *jaceo,*I throw.]Lying under or below: નીચે-તળે-પડેલું-આવેલું.2 Being in a lower situation:નીચેનું; તળેનું; હેઠનું ;અધોવર્તી.

Subject,(સબ્જેક્ટ્)*a* [L.*sub,* under & *jaceo.* I throw.] Placed or situated under;lying below:-નીચેનું;તળેનું ;હેઠનું;અધોવર્તી;અધ:સ્થિત. 2.Placed under the power of another:-ને તાબે હોય એવું; તાબાનું. 3.Exposed;liable;prone:-માં ઉપર પડે-થઇ શકે એવું;વશ્ય;આધીન; યોગ્ય; જોગ. 4. Obedient; submissive: તાબાનું ;-નું કહ્યું માને એવું;નમ્ર;તાબેદાર; વશ;હુકમી;આધીન:આજ્ઞાંકિત; પરાધીન; પરતંત્ર.S.*matter:* વિષય. *n.* That which is placed under the authority, dominion, control, etc: બીજાના તાબા-હુકમ-સત્તા નીચે રહેલો પદાર્થ વિષય.2. One who is under the authority of a ruler and is governed by his laws: પ્રજા;રૈયત.3. That which is subjected to any physical operation or process: અધિષ્ઠાન; પાત્ર; ભાજન.4.That which is brought under thought or examination:વિષય;બાબત; પ્રસ્તાવ; પ્રતિપાદ્ય; પ્રકરણ; મજકૂર; મજમૂન; વૃત્તાંત. 5.The hero of a piece;the chief character:પુરૂષ;પ્રધાન પુરૂષ; પ્રધાન; નાયક;ખ્યા પુરૂષ. 6. The theme of a proposition or discourse: સાધ્ય;કર્તા.7.Substance;substratum: પદાર્થ;આસ્પદ; ભૂમિ;અધિકરણ સ્થાન; અધિષ્ઠાન;આધાર; આશ્રય; ભાજન. 8. The mind;the thinking agent or principal;the ego:મન; હૃદય.9. (Gram.)કર્તા.(Log):પ્રતિપાદ્ય;સાધ્ય. (Hypnotism):વિષેય.10.A dead body for dissection:કાપવાનું મુડદું.*vt.*To make sudject;to subordinate;to subdue:તાબે-વશ કરવું;જીતવું;આધીન કરવું; જેર કરવું.2 To expose;to make obnoxious or liable: પાત્ર કરવું;જોગ-લાયક કરવું. 3. To submit; to make accountable:જવાબ;દાર કરવું;-ની આગળ મુકવું.4.To make subservient: તાબે-નમ્ર કરવું. 5. To cause to undergo:લગાડવું;કરવું.

Subjection, (સબ્જેક્શન્) *n.* The act of subjecting or subduing: તાબે-વશ કરવું તે; વશીકરણ. 2. The state of being subject,or under the power, control, etc.,of another:તાબે-આધીન-વશ રહેવું તે;આધીનતા; પરતંત્રતા; હુકમદારી; તાબેદારી;પરાધીનતા;પરવશતા.S. *of women:*સ્ત્રીઓનું પરાધીનપણું .S.*to laws* કાયદાને આધીન રહેવું તે.

Subjective,(સબ્જેક્ટિવ્) *a.* Of or pertaining to a subject: બાબત-વિષય સંબંધિ-નું-વિષે; અધિષ્ઠાનનિષ્ઠ. 2.Relating to the mind:માનસિક.

Subjoin,(સબ્જૉઇન્)*vt.* [L. *sub & jungo,*I join.] To annex;to append:વધારવું;જોડવું; પાછળથી બોલવું; સાંધવું;તળે લગાડવું; પરિશિષ્ટ તરીકે મૂકવું;સંધાડવું.

Subjugate,(સબ્જ્યૂગેટ્)*vt.* [L. *sub & jungum,*a yoke.] To subdue and bring under the yoke of power or dominion;to vanquish: દબાવીને-વશ કરવું;તાબે-આધીન કરવું; સર કરવું;તાબા-અમલ-હુકમમાં લાવવું.

Subjugation,(સબ્જ્યૂગેશન્)*n.* The act of subjugating or the state of being subjugated: તાબે-વશ કરવું-થવું તે;દમ;દમન; જય; પરાભવ;

નિયમ;નિગ્રહ.

Subjunctive, (સબ્જન્ક્ટિવ્) *a.* Subjoined or added to something before said or written: સંકેતરૂપ.**S.***mood*:સંકેતવાચક-અર્થ;સંશયાર્થ.*n.*(*Gram.*)The subjunctive mood:સંકેત વાચક-અર્થ;સંશયાર્થ (ભેદ)

Sublet, (સબ્લેટ્) *vt.* To underlet; to lease:આડભાડે આપવું.

Sublimate, (સબ્લિમેટ્) *vt.*[L.*sublimis*,high.] To bring by heat in the state of vapour,which,on coolling returns again to the solid state: (પાકું ઠારવા) વરાળના રૂપમાં આણવું.2. To heighten; to elevate:ઉંચી પદવીએ પહોંચાડવું; ઉંચે ચઢાવવું;ઉન્નત-શ્રેષ્ઠ કરવું; ઉચ્ચ ભાવને પહોંચાડવું. *n.* (*Chem.*) A product obtained by sublimation: વરાળના રૂપમાં આણીને પાછી ઠારેલી ચીજ; રસકપૂર. *a.* Brought into a state of vapor by heat; તાપ લગાડીને વરાળરૂપમાં આણેલું.

Sublime, (સબ્લાઇમ્) *a.* [L *sublimit*, exalted.] Litted up; uplifted;lofty:ઉંચું;ધ્રુંઉંચું; ઉન્નત. 2.Eminent: પ્રખ્યાત; વિશિષ્ટ; પ્રતાપી;નામાંકિત. 3.Dignified; grand; solemn:ઉમદા;ઉચ્ચ; ઉદારશીલ; ઉન્નત; પ્રૌઢ;પ્રગલ્ભ;પ્રશસ્ત;ઉત્કૃષ્ટ.4.Elevated by joy; elate: ધ્રુંહરખાએલું–હર્ષ પામેલું; હર્ષિત; આનંદિત.5.Haughty;proud:મગરૂબ-ર;અભિમાની;ગર્વિષ્ટ અહંકારી.*n* (*a*) A grand or lofty style in speaking or writing: પ્રૌઢતા;પ્રૌઢ છટા. (*b*) That which is grand in nature or art:ઉન્નતતા; ગૌરવ;પ્રભાવ.*vt.* To raise on high: ઉંચે-ઉંચું ચઢાવવું;ઉન્નતિને પમાડવું. 2. (*Chem.*) To distil off, and condense in solid form:ની વરાળ કરીને ઠારવા દેવું. Hence, to purify: શુદ્ધ-સ્વચ્છ કરવું.3.To exalt; to improve, to purify:ઉંચે ચઢાવવું; સુધારવું;સ્વચ્છ ચોખ્ખું કરવું. 4.To dignify, to ennoble: શોભા-પ્રતિષ્ઠા-ગૌરવ આપવું; પ્રતિષ્ઠિત કરવું; શ્રેષ્ઠોત્કૃષ્ટ કરવું.

Sublimity, (સબ્લિમિટિ) *n.* The quality or state of being sublime:ઉંચાપણું;ઉદારતા;ઉન્નતવૃત્તિ;પ્રૌઢતા;પ્રશસ્તતા;ઉન્નતિ;અત્યુત્કર્ષ; ગૌરવ.

Sublunary,Sub-lunar, (સબ્લ્યૂનરિ) *a.* Situated beneath the moon;terrestrial;earthly: ચંદ્રની નીચેનું;ભૂલોકનું;પૃથ્વી ઉપરનું; અહિંનું; સાંસારિક;ઐહિક.

Submarine,(સબ્મરીન્) *a.* Being, noting or growing under water in the sea: સમુદ્ર તળેનું–તળે ઉગેલું; સમુદ્રતલસ્થ. **S.** *mine*: દરિયાના પાણીમાં ગોઠવી રાખેલી સુરંગ. *n.* A submarine plant or animal: સમુદ્ર તળે ઉગતું ઝાડ-રહેનારૂં પ્રાણી.

Submerge,(સબ્મર્જ્) *vt.* [L. *sub* & *mergo*, plunge.] To put under water:બોળવું; ઝબોળવું બુડાડવું; પાણીમાં મૂકવું;મજ્જન-નિમજ્જન કરવું. 2. To inundate;to drown:પુર આવવું ડુબાવવું.*vi.*To plunge into water or other fluid: બોળવું; ડબોળવું; ઝબોળવું-માં ડુબકી મારવી;ડુબી;બુડી જવું.

Submersion, (સબ્મર્શન્) *n* The act of plunging under water or of drowning:ડુબાવવું-ઝબોળવું તે;મજ્જન; નિમજ્જન. 2. The state of being put under water or other fluid:બોળાવું-ડુબવું બુડવું તે.

Submission, (સબ્મિશન્) *n.* Obedience; compliance:શરણ-વશ થવું તે,આધીનતા;હુકમ બજાવદારી;આજ્ઞા પાલન;આજ્ઞાસેવન. 2.Meekness; resignation:આધીનતા;નમ્રતા; ક્ષમા; ક્ષાંતિ;તાબેદારપણું. 3. Confession of error or fault: ભૂલ-ચૂક ગુન્હો-વાંક કબૂલ કરવો તેની કબૂલાત; દોષ-ખલન-અપરાધ સ્વીકાર.

Submissive,(સબ્મિસિવ્) *a.* Yielding;obedient; humble: આધીન; આજ્ઞાધીન;નમ્ર;દીન;વશવર્તી આજ્ઞાનુવર્તી; તાબેદાર; આજ્ઞાકિત; વિનયી; નમન શીલ.2. Expressing submission: આધીનતા-તાબેદારી દર્શાવનારું,જણાવનારૂં

Submissively,(સબ્મિસિવ્લિ) *adv.* Obediently; humbly: તાબેદારી-આધીનતાથી;દીનતાપૂર્વક;નમ્રતાપૂર્વક.

Submit, (સબ્મિટ્) *vt.* [L. *sub* & *mitto*,I send.]2.To lay down; to lower:નીચે મૂકવું-ઉતારવું. 3.To put or place under: ની નીચે-તળે મૂકવું. 4.To yield, resign or surrender to power,will or authority(with the reflexive pronoun): ને આધીન-વશ રહેવું;-ની આજ્ઞા-હુકમ-સત્તામાં રહેવું;-ને શરણે-તાબે થવું. 5.To leave to the discretion or judgment of another or others; to refer: વિચાર-કે સલાહ માટે કોઈના તરફ મોકલવું-ના અખાડી ધરવું;-ને સોંપવું;નિર્ણય માટે મૂકવું.*To* **S.** *as an application* અરજ કરવી.*vi.* To give up resistance;to surrender: દબાઈ જવું; નમવું; પત કરવું; આધીન-આજ્ઞાધીન-વશ-શરણ-તાબે થવું હોવું-રહેવું; માનવું;શરણાગત થવું. 2.To be subject; to acquiesce:બીજાના આગળ નમવું; બીજાનું કહ્યું માથે ચઢાવવું-માનવું;-ના તાબામાં રહેવું;-ની આજ્ઞા પાલન-આજ્ઞાનુસાર કરવું.3.To be submissive or resigned; to yield without murmuring: બબડયા-આનાકાની કર્યા વિના તાબે-વશ થવું-હોવું-રહેવું સહન કરવું; ખમવું 4. To state respectfully: નમ્રતાથી કહેવું-નિવેદન કરવું.

Submultiple, (સબ્મલ્ટિપલ્) *n.* (*Math.*) A number or quantity which is contained in another an exact number of times or is an aliquot part of it:દ્રઢભાજક; નીરોપ ભાજક.*a.* Of or pertaining to a submultiple: દ્રઢભાજક સંબંધી-નું-વિષે.

Subordinate,(સબ્ઑર્ડિનેટ્) *a.* [L. *sub* & *ordino*, I arrange.] Holding a lower or inferior position;નીચા-હલકા-ઉતરતા દરજ્જા-પદવી-પ્રકાર જાતનું;આધીન; તાબેદાર; તાબાનું; ગૌણ;અપ્રધાન.2.Inferior in order, nature, dignity, power, importance,etc :હલકું ; ઉતરતું; હુકમી; આજ્ઞાંકિત. *n.* One who stands in order of rank below another: ઉતરતા દરજ્જાનો-તાબેદાર-હાથ નીચેનો તાબાનો માણસ. *vt.* To place in a lower order or class; to make or consider as of less value: નીચા હલકા-ઉતરતા દરજ્જા પ્રકારનું કરવું-ગણવું;ઓછા મહત્વનું ગણવું-જોખવું-માનવું; ગૌણ-અપ્રધાન ગણવું. 2. To subject or subdue: તાબામાં-આધીનતામાં-કબ્જામાં લાવવું-રાખવું; વશ-કાબુમાં રાખવું.

Subordination,(સબ્ઑર્ડિનેશન્) *n.* The act of subordinating or subjecting:-ને તાબે-વશ-આધીન કરવું તે.2. Inferiority of rank or dignity;subjection:તાબેદારી, હલકી સ્થિતિ;તાબાની પદવી;પરાધીનતા; પરવશતા; પરતંત્રતા;આધીનતા;વશતા. 3. Place of inferior rank: નિચલા દરજ્જાની જગા;ગૌણતા;અપ્રધાનતા.

Suborn,(સબ્ઑર્ન્) *vt.*[L. *sub*, & *orno*, I furnish.] To procure or use to take a false oath a mounting to perjury: કોઇને ઉપરથી ખોટી સાક્ષી આપવી-આપવા લાવવું. 2. To instigate: લાંચ આપી છાના માના-છૂપી રીતે-તરકટથી બનાવટી ખોટું ઉભું કરવું;છૂપી રીતે ઉશ્કેરવું.

Suborner,(સબ્ઑર્નર્) *n.* One who procures another to take a false oath:કોઇના પર ખોટી સાક્ષી આપનાર.

Subpœna,(સબ્પીન્) *n.* [L. *sub*, & *pœna*, punishment.] A writ commanding the attendance

in court, as a witness, of a person on whom it is served, under a penalty: સમન; કોરટનું તેડું; સાક્ષી સમન; આવાહન પત્ર. *vt.* To serve with a writ of subpœna: સમન પ-ઠોચાડવો; સાક્ષી સમન કરી બોલાવવો

Subscribe, (સબ્સ્કાઇબ્) *vt.* [L. *sub, & scribo,* I write.] To write underneath; to sign one's name: નીચે લખવું; ઉપર પોતાની સહી ક૦. 2. To sign with one's own hand; to give consent to: ઉપર સહી-હસ્તાક્ષર-હાથ ફરક્ત-મતુ ક૦; કબૂલ-મ-ન્જુર ક૦. 3. To attest by writing one's name beneath: ઉપર સહી ક૦. 4. To promise to give by writing one's name with the amount: (દીપમાં) ભરવું-મૂકવું 5. To yield; to surrender: સહી કરીને આપી દેવું; -ને સોંપી દેવું. 6. To publish: જાહેર-ખુલ્લું-પ્રસિદ્ધ-પ્રકટ ક૦; ઉઘાડું કહેવું. *vi.* To sign one's name to a letter or other document: સહી-મતુ ક૦. 2. To give assent to something written, by signing one's name: સહી કરીને કબૂલ ક૦-મંજૂર રાખવું. સ્વીકારવું. 3. To become surety (with *for*): ના જામિન થવું. 4. To yield: પોતાની ભૂલ કબૂલ ક૦. 5. To enter one's name for a newspaper, book, etc. ના ઘરાક થવું; ગ્રાહક થવું; ઘરાકમા નામ લખાવવું.

Subscriber, (સબ્સ્કાઇબર્) *n.* One who subcribes: કબૂલ કરનાર-રાખ-નાર; સહી કરનાર; દીપમાં ભરનાર. 2. One who enters his name for a paper, book, etc: ઘરાકમાં નામ ઘલાવનાર; ગ્રાહક

Subscription, (સબ્સ્ક્રિક્પ્શન્) *n.* The act of subscribing: નીચે લખવું; સહી કરવી તે. 2. (*a*) A paper to which a signature is attached: સહી-મતુ કરેલો કાગળ-પત્ર. (*b*) The signature attached to a paper: સહી; મતુ. (*c*) Consent or attestation by underwriting the name: સહી; અનુમતિ; મંજૂરી; કબૂલત. (*d*) The sum subscribed: લવાજમ; દીપ; ઉઘરાણું; દીપમા ભરેલી રકમ. 3. Submission; obedience: તાબેદારી; આધીનતા.

Subsequent, (સબ્સીક્વેન્ટ) *a.* [L. *sub* & *sequor,* I follow.] Following in time: પાછળનુ ; પશ્ચાત્કાલીન. 2. Succeeding: પછીનું; પાછળથી થયેલું; ઉત્તર; પશ્ચાત્; ઉત્તરગામી; અનુગામી.

Subsequently (સબ્સીક્વેન્ટ્લિ) *adv.* Afterwards: પાછળથી; પછી; અનન્તરે.

Subserve, (સબ્સર્વ્) *vt.* [L. *sub & servo,* I serve.] To help forward; to promote:—માં મદદ-સહાયતા ક૦; કામ ક૦-સાધવા કામ લાગવું; સાધવુ ; સારવું; વધારવું. *vi.* To be subservient or subordinate: તાબેદારીનું ના હાથ નીચેનું-તાબાનું કામ ક૦

Subservient, (સબ્સર્વિએન્ટ્) *a.* Subordinate: ઉપયોગી; મદદગાર; સાધનભૂત; કામનું; ખપનું; સહાયભૂત; સહાયકારી; ઉપયુક્ત; આધીન; વશ.

Subside, (સબ્સાઇડ્) *vt.* [L. *sub & sideo,* I sit.] To sink or fall to the bottom: તળીએ નીચે બેસવું-હુખવું; ઠરવું; જામવું; નીચે સ્થિર થવું. 2. To tend downward; to become lower: નીચે ઉતરવું; ઢળવું; નમવું; ઢાળ પડવુ; ઉતરવુ ; ઓસરવું; બેસી જવુ. 3. To cease to rage; to abate: શાંત-નરમ પડવું; ગુસ્સો શમવો; ધીમું પડવું-થવું; ઉતરી જવું; શાન્ત થવું.

Subsidiary, (સબ્સિડિએરિ) *a.* Assisting; auxiliary; helping; tributary: સહાયકારી-દારક; પુષ્ટિ-મદદ કરનાર-આપનાર; સહાયભૂત; સહકારી; અનુકૂળ; મદદગાર. 2. Constituting a subsidy: વધારાનુ; પૂર્ણિ. *n.* An assistant; an auxiliary: સહાય-મદદ કરનાર-ગાર; કુમકે આવનાર

Subsidise (સબ્સિડાઇઝ્) *vt* To furnish with a subsidy, grant or regular allowance: મદદ માટેના પૈસા-ધન આપવું 2. To purchase the aid of, to buy over: પૈસા આપી સાહાય મદદ લેવી.

Subsidy, (સબ્સિડિ) *n* [L. *subsideo,* I lie in wait] Support: aid: મદદ; ટેકો; સહાય; આશ્રય; નાણાની મદદ. 2. A sum of money paid by one sovereign or nation to another to purchase the co-operation: કોઈ રાજાએ અથવા પ્રજાએ બીજાને નાણારૂપે આપેલી મદદ; ધનરૂપ સહાય; પૈસાની કુમક; ખંડણી. 3. A subvention: કોઇ ઉપાડેલા કામમા સરકારે આપેલી નાણાની રકમ. (*b*) મદદમાં લશ્કર લેવાને માટે એક રાજવા બીજાએ બીજાને આપેલા પૈસા.

Subsist, (સાબ્સિસ્ટ્) *vi.* [L. *sub & sisto,* I stand.] To be; to have existence; to inhere: હોવું; હયાતીમા હોવું. 2. To continue; to retain a certain state: કાયમ-બરી રહેવું-રાખવું; ચાલવુ -ટકવું; નભવું. 3. To be supported; to live: -નુ ખોરાક અને કપડાથી ભરણ પોષણ થવુ ; -નો નિભાવ હોવો. ગુજરાન-ગુજરો-નિવોડ ક૦; રહેવું.

vt. To feed; to maintain: ખવરા-વવું; ભરણ પોષણ ક૦; પોષવું ; સંભાળવું; પાલનપોષણ ક૦, -નો નિર્વાહ ચલાવવો.

Subsistence, (સબ્સિસ્ટન્સ્) *n.* Real being; existence: હોવું-રહેવું તે; સ્થિતિ; અસ્તિત્વ. 2. Inherency હયાતિ; ભાર. 3. Livelihood; provisions; means of support: ગુજરાન; નિર્વાહ; ગુજરો: ગુજરાન-નિર્વાહનું સાધન, ખોરાક; ઉદર નિર્વાહ-પોષણ; ઉપજીવિકા; ખોરાકી પોષાકી; વૃત્તિ.

Subsoil, (સબ્સોઇલ્) *n.* The bed or stratum, of earth which lies immediately beneath the surface soil: સપાટી અને તળીઆ વચ્ચેની જમિન. *vt.* To turn up the subsoil of:—ની સપાટી અને તળીઆ વચ્ચેની જમિન ખોદીને તળે ઉપર ક૦. *a.* Under ground: જમિન નીચેનું.

Substance, (સબ્સ્ટન્સ્) *n.* [L. *sub & sto,* I stand.] Nature; real or existing essence: વસ્તુ; પદાર્થ; દ્રવ્ય; તત્વ; તત્વાર્થ. 2. The main part; essential import; purport: તાત્પર્ય; સાર; ભાવ; સારાંશ; ગર્ભ; તત્વાર્થ; સત્વ; તત્વ; મતલબ ભાવાર્થ. 3. Body; matter: વસ્તુ; પદાર્થ; ચીજ; દ્રવ્ય. 4. Estate; property; resources: પુંજી; નિલકત; જીવ; અભેજ; વિત્ત, વિભવ; વૈભવ; સંપત્તિ; ધન; દ્રવ્યો. *vt.* To make rich:—ને માલ-મિલકત પુંજી આપવી; પૈસાદાર-તાલેવંત-તવંગર ક૦-બનાવવુ .

Substantial, (સબ્સ્ટૅન્શૅલ્) *a.* Real: સત્વ; મૂર્તિમંત; ખરેખર જીવતું-હયાત; ખરેખરું; પાકું; વાસ્તવિક. 2. Not illusive; real: વાસ્તવિક; બળવાન; ખરેખરું; પાકુ ; ખરું; યથાર્થ; સત્ય; વાસ્તવ. 3. Corporeal; material: પદાર્થમય; પંચભૂતાત્મક; ભૌતિક; સદ્રવ્ય; દ્રવ્યમય. 4. Strong; stout; solid: નક્કર; જબરું; મજબૂત; પાકું; ભારે; મોટું; સંગીન; ઘટ્ટ; ધીગું. 5. Moderately wealthy: ખાતુંપીતું; સાધારણ પૈસાવાળુ ; બે પૈસાની પુંજી-જવાળું; સંપન; ધનવાન; ગબરું.

Substantially, (સબ્સ્ટૅન્શૅલિ) *adv.* In substance; essentially: ખરી વાસ્તવિક રીતે; મજબૂતાઈથી; પાકી રીતે; સંગીનપણે; વસ્તુતઃ; અર્થતઃ; તત્વતઃ ઘણે અંશે.

Substantials, (સબ્સ્ટૅન્શૅલ્સ્) *n. pl.* Essential parts: તત્વ; સત્વ; સાર; ભાગ.

Substantiate, (સબ્સ્ટૅન્શિએટ્) *vt.* To make to exist; to make real: હયાતીમા હોય આવે તેમ ક૦; ખરું ક૦; અસ્તિત્વમા લાવવું. 2. To verify: પુરા-વાથી ખરું સાબિત-કરી આપવું; પ્રતિપા-દન-સમર્થન ક૦; સત્ય ક૦.

Substantive, (સબ્સ્ટૅન્ટિવ્)*n*. Betokening or expressing existence:હયાતી દર્શાવનારૂં-જણાવનારૂં;અસ્તિત્વ બતાવનારૂં. 2. Independent: પોતાનાજ પર આધાર રાખનું; સ્વતંત્ર; ગૌણ નહિ તેવું; પ્રધાન.3.Enduring; solid;firm;સ્થીર,ચારસવિક; જબ્બર; મજબૂત;પાકું. 4.Ertaining to or constituting, the essential part or principles:મુખ્ય ભાગ-સત્વ-તત્વ સંબંધી નું-વાળું;સત્વવાચી.*n*.(*Gram*.) A noun or name:નામ; વિષય.

Substitute, (સબ્સ્ટિટ્યૂટ)*n* [L. *sub*,& *statuo*,I place.] One who or that which, is substituted or put in the place of another:અવેજમાં-બદલે મૂકેલું વસ્તુ;અવેજ; પ્રતિનિધિ; બીજું-કદપ; અનુકલ્પ; પ્રતિપુરૂષ; આદેશ સ્થાનાપન્ન.*vt*.To exchange બીજાને કે બીજાને-બદલે-અવેજ મૂકવું; બદલાએ મૂકવું; જગા-સ્થાને મુકવું; પ્રતિનિધિ નીમવો-આપવો.

Substitution, (સબ્સ્ટિટ્યૂશન્) *n*. The act of substituting or putting one person or thing in the place of another: અવેજ; બદલો; અદલાબદલો.2. The state of being substituted for another: બીજાને બદલે અવેજમાં મૂકાવું તે; અદલબદલ. 3. The office or authority of one acting for another: અવેજ; પ્રતિનિધિપદ. 4. Metathesis: અક્ષરવર્ણવિપર્યય.

Substract,(સબ્સ્ટ્રૅક્ટ્) *vt*. [L *sub*, & *traho*,I draw.] To substract, to withdraw:બાદ બાકી કરવું; પાછું બે થવું,લઈ લેવું;કમી-ન્યૂન કરવું.

Substratum, (સબ્સ્ટ્રેટમ્)*n. pl*. Substrata. [L. *sub* & *sterno*, I strew.] The subsoil:નીચેનું પડ-થર;બીજું નીચેનું પડ.2.Substance: પદાર્થ,અધિકરણ;આધાર;સ્થાન;આશ્રય; મૂળ;પાયો;બીજ.

Subtenant, (સબ્ટેનન્ટ્) *n*. An undertenant:પેટા-આડ ભાડુત.

Subtend, (સબ્ટેન્ડ્) *vt*. [L. *sub* & *tendo*,I stretch.] To extend under,or be opposite to:-નીચેથી ખેંચાવું-થવું-આવવું, બરાબર સામું સામું થવું.

Subterfuge, (સબ્સ્ટરફ્યૂજ્)*n*. [L. *subter*,undr & *fugeo*, I flee.] A shift;an evasion:પ્રપંચ,યુક્તિ; ઓઠું;પેચ;બહેદ;છળ;બનાવટ.

Subterranean,(સબ્ટેરેનીઅન્) *a*. [L.*sub* & *terra*, earth.] Situated within the earth, or under ground:ભોંયમાનું;જમિનની તળેનું તળે આવેલું;ગૂઢ.S.*cavity*:ભોંયરૂં. S. *passage*:સુરંગ;ગૂઢમાર્ગ.

Subtile, (સબ્ટિલ્)*n*. Thin; not dense or gross:પાતળું; બારીક; સૂક્ષ્મ;ઝીણું.2.Nice; fine: બારીકીવાળું; નાજુક;બારીક;ઝીણું . 3. Acute;piercing:તીક્ષ્ણ;તીવ્ર;સખ્ત; મર્મભેદી; ઘણું વાગે તેવું; અતિશય. 4. Delicate; refined; subtle: બારીક; તીવ્ર બુદ્ધિવાળું;તીવ્ર;ચતુર. 5. Sly;artful;cunning:બદું; પ્રપંચી; તીવ્ર; ધૂર્ત;ચાલાક;પેચી;યુક્તિવાળું. [tilty.

Subtility,(સબ્ટિલિટિ)*n*.See Sub-

Subtilize, (સબ્ટિલાઈઝ્) *vt*. To make fine or thin: પાતળું-ઝીણું-બારીક કરવું.2.To refine;to spin into niceties:સૂક્ષ્મ કરવું;સૂક્ષ્મ શોધન કરવું.

Subtilty, (સબ્ટિલ્ટિ)*n*. Thinness: fineness:પાતળાપણું;નાજુકાઈ;બારીકાઈ;ઝીણાશ;સૂક્ષ્મતા. 2.Refineness; extreme acuteness:સૂક્ષ્મતા; બારીકપણું .3. Cunning;skill; craft:ચાલાકી;ઠગાઈ;કપટ;ચાતુરી. 4.Artifice; guile;a trick;subtlety:યુક્તિ; પ્રપંચ;કપટ;દાવ;પેચ;મર્મ;પ્રપંચીપણું

Subtle,(સટલ્) *a*. [L.*sub*, & *texo*,I weave.] Artful; cunning: બદું; પકડું;પેચવાળું;ચુંચું;ચાલાક. 2 Crafty; treacherous:કપટી; પ્રપંચી; પેચી;કાવાદાવાવાળું . 3. Refined; insinuating; penetrative:સૂક્ષ્મદર્શી; ચતુર; વિદગ્ધ;માર્મિક;મર્મ ભરેલું;સૂક્ષ્મ બુદ્ધિવાળું.(*b*) Allusive: ગહન; અતિગૂઢ; ભ્રમ-કારી;મોહકારી. 4.Smooth and deceptive: ઉપરથી સારૂં પણ છેતરે તેવું;પ્રપંચી.

Subtlety, (સટલ્ટિ)*n*. Cunning; craftiness;artfulness: બદાઈ;પકાઈ;પ્રપંચ;દાવ;પેચ; ચાતુરી. 2 Nicety of discrimination:સૂક્ષ્મ વિચાર;સૂક્ષ્મબુદ્ધિ;કુશાગ્રબુદ્ધિ;કુશાગ્રપણું.3.Something that is sly,or delusive: માયા

Subtract, (સબ્ટ્રૅક્ટ્) *vt*. [L. *sub* & *traho*, I draw]To deduct: બાદ-કમી ઓછું કરવું;કાઢવું;ઘટાડવું;-માંથી લેઈ લેવું.

Subtraction, (સબ્ટ્રૅક્શન્)*n*. The act or operation of subtracting or taking away a part: બાદ-કમી ઓછું કરવું તે; વિયોગ. 2.(*Math*.) The taking of a lesser number or quantity from a greater of the same kind or denomination: બાદબાકી.

Subtrahend, (સબ્ટ્રૅહેન્ડ્) *n*. The sum or number to be subtracted,or taken from another:બાદ-કમી કરવાની રકમ;બાદ.

Suburb(સબર્બ્) *n*. [L.*sub* & *urbs* a city.] Any outlying part of a city or town:બહારકોર; પરૂં;ફળિયું;પેટા ગામ. 2. The confines; the environment:હદ;સીમા;મર્યાદા; પ્રાંત.S.*roister*:ભટકેલું;ટુકડા ખાઉ.

Trifling, (ટ્રાઇફ્લિન્ગ્) *a.* Trival: થોડાકિ મતનું: જીવું.નકામું;હલકું; માલ; વગરનું;જુજ.ક્ષુલ્લક; ક્ષુદ્ર;અલ્પ; સ્વલ્પ; નિરર્થક;તુચ્છ.

Triform, (ટ્રાઇફોર્મ્) *a.* Having a triple form or character: ત્રણ રૂપ-આકારનું;ત્રિવિધ.

Trig,(ટ્રિગ્)*vt.*To fill;to stuff:ભરવું; દબડવું;દાબીને ભરવું *a* Full: ભરેલું;ભરપૂર *vt.*To scotch;to skid: પૈડાને છેક નિચે કઈ મૂકીને અટકાવવું;-ની જોડે-સાથે બાંધવું; આડ દેવી. *n.* A skotch; a skid: અટકણ; આડ.

Trigger, (ટ્રિગર) *n.* A catch to hold the wheel of a carriage on a declivity: ઢોળાવ ઉતરતાં ગાડીનું પૈહુ એકદમ ઉતરી ન પડે તેમાટે મૂકેલી ચાપ.2.That part ot a lock which is moved by the finger to release the cock and discharge the piece:બ દુકની ચાંપ-ઘોડો-ઘાંદરો.

Trigonal, (ટ્રાઇગોનૅલ્) *a*, Triangular: ત્રણ ખુણાવાળું; ત્રિકોણ.

Trigonometrical, (ટ્રિગોનોમેટ્રિકૅલ્) *a.* Of or pertaining to trigonometry: ત્રિકોણ મિતિ સંબંધી વિષે;-ના નિયમ પ્રમાણે કરેલું.

Trigonometry, (ટ્રિગોનોમેટ્રિ) *n.* [Gr.*trigonon*,a triangle.] That branch of mathematics which treats of the relation of the sides and angles of triangles: ત્રિકોણમિતિ.2 A treatise on this science: ત્રિકોણમિતિનો ગ્રંથ.

Trihedral, (ટ્રાઇહીડ્રૅલ્) *a.* Having three sides: ત્રણ બાજુવાળું.

Trihedron, (ટ્રાઇહીડ્રોન્) *n.* [Gr. *tres*,three & *hedra*,side.]A figure having three sides: ત્રિકોણાકૃતિ.

Trilateral,(ટ્રાઇલૅટરલ્)*a.* [L. *tri* & *latus*,side.] Having three sides: ત્રિભુજ;ત્રણબાજુવાળું-નું;ત્રયસ્ર;ત્રિપાર્શ્વ.

Trilingual,(ટ્રાઇલિ-ગ્વલ-વૅલ્) *a* [L. *tri* & *lingua*, togue.] Containing or consisting of three languages: ત્રણ ભાષામાં લખેલું-માંનું-નું;ત્રિભાષ;ત્રિભાષિક.

Trilitteral, (ટ્રાઇલિટરલ્) *a.* Conisting of three letters; trigrammic; ત્રણઅક્ષરનું;ત્રયક્ષર.*n.* A trilliteral word:ત્રણ અક્ષરનો શબ્દ.

Trill,(ટ્રિલ્)*vt.*To trickle: ટપકવું; ઝરવું.*vt.*To twirl: ગોળ-ચક્કરમાં ફેરવું; ચકરડી ખાવી. *vt.* To utter as, or with, a trill: તરરર-થરરર ગાવું; કરાહથી ગાવું.*vi.* To play or sing in tremulous vibrations of sounds: -માં ધ્રુજતા ગાયનનો અવાજ થવો;-માં કવાલ થવી *n.* A sound of consonantal character: વ્યંજનનો જેવો અવાજ.2. A shake or quaver of the voice in singing or of the sound of an instrument: કવાલ.

Trillion,(ટ્રિલિઅન્)*n.*The number produced by involving a million to the third power, or the number represented by a unit with eighteen ciphers annexed: એકડા પર અઢાર મીંડાં જેટલી સંખ્યા:દશપરાર્ધ; પ્રયુતધન. *Hundred* t. અક્ષૌહિણી.

Trim,(ટ્રિમ્)*vt.* To adjust: કોઈ પણ કામમાટે નિયમસર મૂકવું; ઠીક કરવું; સંકારવું. 2. To dress;to decorate;to adorn: શણગારવું; બનાવવું ઠણવવું; શોભાવવું;ઠીકઠાક-ઘાટીલુ કરવું.3. To clid or lop; to curtail:કાપવું;કાતરવું; છાંતવું;કાપીદુ કુ કરવું;કાતરવું; ઝારવું; ટાળવું; સોરવું; મોગરો-ગુલ કાતરવી;પામતું કરવું; ચાક-ભગડું-જીવડું કરવું. 4. To make smooth: છોલવું; લીસું-સાફ-પાલીસ કરવું; રંધો મારીને સાફ કરવું. 5.(*a*) To adjust: મઠેરવું; માલ બરોબર ગોઠવીને સારી રીતે વહાણને ભરદરિયે મુસાફરી કરવા તૈયાર કરવું.(*b*) To arrange in due order for sailing: સઢ જેમ જોઇએ તેમ રાખવા. 6.To rebuke;to reprove: ઠપકો-ધમકી દેવી-આપવી; ધમકાવવું;દબડાવવું.7.To beat:મારવું; ઠોકવું.*To* t.*up*, to dress: નિયમમા મૂકવું-ગોઠવવું; ઠીકઠાક કરવું; સારૂ દેખાય-એમ ઘાલવું;પહેરાવવું;બાંધવું.*n.* Dress; gear;ornaments: પોશાક; શણગાર; સાજ;ભૂષણ;સજવાના વસ્ત્ર. 2.Order; disposition; condition: નિયમ; સ્થિતિ;વ્યવસ્થા;રચના;અવસ્થા;દશા;સજેલા તયૈાર હોવું તે; હાલ. 3. The lighter woodwork in the interior of a building:મકાનની અંદરનું હલકુ લક્કડ કામ.4. The state of a ship as to sailing qualities: વહાણની રજેની તયૈારી કરેલી હોય એવી સ્થિતિ.*a.*Firm; compact; snug;neat;fair; ઠીકઠાક;-ઠાકિયું;બેસતું; ટોળદાર;ઘાટીલુ ;સુઘડ.

Trimmer, (ટ્રિમર્) *n.* One who trims, arranges, fits, or ornaments: ગોઠવનાર; શણગારનાર.2. A time-server: તાલ-રંગ જોઈને ચાલનાર; વખત જોઈને વાત કરનાર; એક પગ દહી માં ને એક પગ દૂધમા રાખનાર.3. An instrument with which trimming is done: કાતર; કાતરણી. 4. A beam: મોભ.

Trimming,(ટ્રિમિન્ગ્)*n.* The act of one who trims:છાંટ;કાતરણી.3.

That which serves to trim, make right or fitting, adjust, ornament, or the like: સંજામ; મગજી; ફીત; તોઇ; ઢિંગારી; જરી; ઝરો; કોરપાલવ; છોગું. 3. The act of reprimanding or chastising: ઠપકો; ધમકી.

Trimness, (ટ્રિમ્નેસ્) *n.* Orderliness; snugness; neatness: સાફસુફ-ઠીકઠાક-નિયમિતપણું; ખુબી; સુઘડતા.

Trinal, Taine, (ટ્રાઇનૅલ્ ટ્રેઇન્) *a.* Thaee: old: ત્રમણું; ત્રણગણું; ત્રિપુટ.

Trinitarian, (ટ્રિનિટેરિઅન્) *n* One who knows the doctrine of the Trinity: પિતા પુત્ર અને પવિત્રાત્મા એ ત્રણેને મળીને એક ઈશ્વર છે એવો મત ધરાવનાર.

Trinity, (ટ્રિનિટિ) *n.* [L. *trini*, three each.] The union of three persons (*the Father, the Son, and Holy Ghost*) in one Godhead: પિતા, પુત્ર અને પવિત્રાત્મા એ ત્રણે મળીને થયેલો એક ઈશ્વર; ઐક્યતા; વ્યક્તિ ત્રયાત્મક દેવતા; ત્રયેકત્વ 2. Any symbol of the Trinity employed in Christian art: મૂર્તિ ત્રય; ત્રીકમ.

Trinket, (ટ્રિન્કેટ્) *v.* A knife; a cutting tool: ચપ્પુ; ચાકુ; કાપવાનું હથિયાર. 2. A small ornament: નાનું ઘરેણું; દાગીનો; વસ 3. A trifle; a toy: થોડા-જુજ કિંમતની વસ્તુ; નજીવી વસ્તુ-પદાર્થ; રમકડું. 4. The highest sail of the ship: વહાણનો સૌથી ઉંચામાં ઉંચો શઢ. *vi.* To court favour; to intrigue: મહેબાની મેળવવા પ્રયત્ન કરવો; ધાલમેલ કરવો.

Trinomial, (ટ્રાઇનોમિઅલ) *n.* A quantity consisting of three terms: ત્રણ પદની રકમ; ત્રિપદી સંખ્યા. *a.* Consisting of three term ત્રણપદની રકમ; ત્રિપદી સંખ્યા; ત્રિયુકપદ.

Trinominal, (ટ્રાઇનોમિનૅલ્) *n & a.* A Trinomiol: ત્રણ પદની સંખ્યા; ત્રણપદવાળું; ત્રિપદી.

Trio, (ટ્રાઇઓ) *n.* [L. *tres, tria*, three.] A set of three, three united; સાથે કામ કરનાર કે રહેનાર ત્રણ જણ; તેખડું, તેખલ; ત્રય, ત્રિપુટિ. 2. (*a*) A composition for three voices or three instruments: ત્રણ જણે ગાવાનું ગાણું; ગાનત્રયી

Trip, (ટ્રિપ્) *vi* To skip: to move the feet nimbly: થનથન-નાચતા ચાલવું; હલકાં જલદીથી ઉપડતા પગલાંથી ચાલવું-ચાલ્યા જવું. 2. To make a brief journey or pleasure excursion: ટુંકી મુસાફરી કરવી; આંટો-ચક્કર-ફેરો ખાવો; સ્હેલવા એ જવું; સફર-સ્હેલ મારી આવવી. 3. To take a quick step: લથડવું; -નો પગ ચૂકવો; ને ઠોકર લાગવી; ઠોકર ખાવી 4. To err; to mistake; to fall: ભૂલ-ગોથું ખાવું; ચૂકવું; ચૂકી જવું; ચૂકીને ચાલવું; ભૂલવું; ભૂલથાપ ખાવી; વળગી જવું; લપટાઈ જવું; લોચા વાળવા. *vt.* To cause to stumble: ને ડેસ મારીને પાડી નાંખવું; ઠોકર ખવડાવવી; -ને આંટી મારીને પાડી નાંખવું; -ને ભૂલ ખાતા પકડવું. 2. To obstruct; to cause to fail: ને અટચણ-હરકત કરવી; નિષ્ફળ કરવું; -ને ચૂવાડી દેવું; -માં વિઘ્ન નાખવું. 3. To raise as anchor from the bottom: -ને તળીએથી લંગર ઉપાડી લેઇ લેવું. 4. To release set free, or let fall: ભાર અથવા દબાવેલી ચાંપને ખસેડવી-છૂટી કરવી; સરકાવવી. *n.* A skip: થનથન નાચવું તે; થેપ; ઠોક. 2 A brief or rapid journey; an excursion: આંટો; ચક્કર; ફેરો; ખેપ; ભ્રમણ; પર્યટન; સહેલ વા; સહેલ. *To take a t to a place*: કોઈ જગોએ ઉભા ઉભા જઈ આવવું-આવીજવું તે. 3. A stumble, a misstep; a loss of footing: ઠોકર; લથડિયું; અડબડિયું; ગોથું; સ્ખલન; ડેસ. *Fig*: An error; a mistake: ભૂલ; ચૂક; ગોથું, સ્ખલન; ક્ષોપ. 4. A small piece; a bit: કકડો; ટુકડો. 5. A stroke or catch by which a wrestler causes his antagonist to lose footing: દાવ; ડાવ; નિવર્તન. 6. A herd or flock, as of sheep, goats, etc: ટોળું; ઝુંડ. 7. A troop of men; a host: લશ્કર; ટુકડી.

Tripartite, (ટ્રાઇપાર્ટાઇટ્) *a.* [L. *tri.* & *pars, partis*, a part.] Divided into three parts; triparted: ત્રિભાગ; ત્રિખંડ; ત્રિપુટ. 2. Having corresponding parts or copies: ત્રિનેટ; 3. Made between three parties: ત્રણપક્ષ વચ્ચે કરેલું; ત્રિપક્ષી; ત્રયી.

Tripartition, (ટ્રાઇપાર્ટીશન) *n.* A division by threes, or into three parts: ત્રણવર્ગ; ત્રણભાગ.

Tripe, (ટ્રાઇપ્) *n.* The entrails generally: આંતરડા. 2. Parts of the compound stomach of a rumi nant: પેટ; હોજરી; વાગોળનારાં પ્રાણીઓનું મોટું પેટ-પહેલું પેટ.

Triphthoug, (ટ્રિફ્થૉન્ગ્) *n.* A trigraph: ત્રણ સ્વર સાથે આવ્યાથી બનેલો એક ઉચ્ચાર

Triple, (ટ્રિપલ) *a.* [*L tri & plus*] Consisting of three united; threefold: ત્રણ જોડાઈને થયેલું; ત્રણગું. ત્રિગુણાત્મક; ત્રેવડું; તમણું; ત્રણપટ-ગણું; તમણું; તેવડું. 2. Three times repeated; trieble: ત્રણગણું; ત્રિપુટ; ત્રમણું. 3. One of three; thred: ત્રણમાનું એક; ત્રીજું, T. *crown*: ત્રિપુટ મુગટ-મુકુટ. T. *stars*: ત્રણ તારાનો ઝુમખો. *vt.* To make threefold; to treble: ત્રણગણું-વણપટકું.

Triplet, (ટ્રિપ્લેટ્) *n.* A collection or combination of three of a kind, three united: ત્રણનો જથો; એક જાતની ત્રણ વસ્તુ. 2. Three verses rhyming together: સરખા અનુપ્રાસવાળી ત્રણલી ટી-ટું ક; ત્રિપાદ 4. *pl.* Three children or offsprings born at one birth: એકજ વખતે જન્મેલાં ત્રણ છોકરાં-બચ્ચાં.

Triplicate, (ટ્રિપ્લિકેટ્) *a.* (L. *tri & plico*, I fold.) Threefold; tripled: ત્રિગુણ; ત્રેવડું; તેવડું; ત્રિપટ કરેલું. *n* A third thing corresponding to two others of the same kind: એકજ જાતની ત્રિજી વસ્તુ.

Tripod, (ટ્રાઇપૉડ્) *n.* [Gr. *tri & pous, podos*, foot] Any utensil or vessel, or a stool table, etc, supported on three feet: ત્રિપાઇ; ત્રણપાયાનીબેઠક-આસન. 2. A three legged frame or stand: ત્રણ પાયાનું ચોકઠું-ઘોડી.

Tripping, (ટ્રિપિન્ગ્) *a.* Quick; nimble: ભોય પગ ન અડે તેમ જલદીથી ચાલનારું. 2. Trippant: આગલો જમણો પગ ઉંચો રાખેલો હોય એવું. *n.* The act of one who or that which trips: ભોય પગ ન અડે તેવી રીતે ચાલવું તે. 2. A light dance: હલકો નાચ.

Trisect, (ટ્રાઇસેક્ટ્) *vt.* To cut or divide into three parts: -ના ત્રણ ભાગ કરી-પાડવા. 2 To cut or divide into three equal parts: ત્રિભાજવું; ત્રિભાગવું.

Trisection, (ટ્રાઇસેક્શન્) *n.* The divison of a thing into three parts: ત્રણકટકા ભાગ. *Specifically.* (*Geom.*) The division of an angle into three eqal parts: કોણ-ખુણાના ત્રણ સરખા ભાગ કરવા તે.

Tristful, (ટ્રિસ્ટ્ફુલ) *a.* Sad; sorrowful: દિલગીર; ઉદાસ-ઉદાસીન; ગંભીર; ખિન્ન; શોકાતુર.

Trisyliable, (ટ્રિસિલૅબલ) *n. A* word consisting of, three syllables only; ત્રણપદનો-ત્રયક્ષરી શબ્દ; ત્રી સ્વર; ત્રણવડનો શબ્દ.

Trite, (ટ્રાઇટ્) *a.* [L. *tereo*, I rub.] Worn out; common; stale: ચૂંથાઇ ગયેલું; જૂનું; સાધારણ; જીર્ણ; સુપ્રસિદ્ધ; ઉ-

ખિન્ન;એહું";ચવાઈ ગયેલું.

Tritheism,(ટ્રાઇથીઇઝ્મ્) *n.* The opinion or doctrine that the Father Son and Holy Spirit are three distinct Gods: ત્રિદેવ મતવાદ;દેવત્રયવાદ;દેવત્રયમત.

Tritheist,(ટ્રાઇથીસ્ટ્) *n.* One who believes in Tritheism: ત્રૈકતા-માંના ત્રણ પુરૂષો-પિતા-પુત્ર-અને પવિત્રાત્મા મળીને એકજ ઇશ્વર નહિ, પણ ત્રણ દેવ છે એવો મત ધરાવનાર;ત્રિદેવવાદી.

Triton,(ટ્રાઈ ટૌન્)*n.* A fabled demi-god:ઉપલો ભાગ માણસનો અને નીચલો માછલાનો એવા આકારનો પ્રાચીન ગ્રીક લોકોનો દરીઆઈ દેવ.

Triturable,(ટ્રિટ્યૂરેબલ્) *a.* Capable of being triturated: જેનો અતિશય ઝીણો ભૂકો થઇ શકે એવું.

Triturate,(ટ્રિટ્યૂરેટ્)*vt.* [L.*tereo*, I rub.]To rub, grind, bruise,or thrash:ઘસવું;દળવું; વાટવું; ઝીણું કર. 2.To rub or grind to a very fine or impalpable powder: અતિશય પરત વું;બલકર;બારીક ચૂર્ણ કર;લસોટવું.

Trituration,(ટ્રિટ્યૂરેશન્)*n.* The act of reducing to a finer or impalpable powder by grinding, rubbing,etc.:દળી-વાટીને ઝીણું મેંદા જેવું કર તે;સંઘર્ષ;સંઘર્ષણ.

Triumph,(ટ્રાઇઅમ્ફ્) *n* [L. *triumphus.*]A magnificent and imposing ceremonial performed in honor of a general who had gained a decisive victory over a foreign enemy:કોઇ સરદાર પરદેશી દુશ્મન સાથે જીત મેળવીને આવે ત્યારે તેને માન આપવાને કરેલો સમારંભ; વિજયસમારંભ; જયોત્સવ. 2. A pompous exhibition; a stately show or pageant:ભપકાબંધ કરેલો સમારંભ;બાદશાહી ભપકો;જયયાત્રા,વિજયયાત્રા.3 A state of joy or exultation for success; વિજયાનંદ; વિજયહર્ષ; વિજયોલ્લાસ; જય જય; જે જેકાર:આનંદ હેતુ.4. Victory, conquest:ફતેહ;જય;જીત; વિજય. 5 A trump card:હુકમનું પત્તું. *vi.* To rejoice over success: જયોત્સવ-જયસમારંભ કર; જીત-ફતેહને લીધે ખુશી થવું-આનંદ પામવો; મહાલવું; ખુશ ખુશ થઇ જવું;કિલ્લોલવું. 2.To obtain victory:જીત-ફતેહ મેળવવી;વિજય મેળવવો; વિજયી થવું-નિવડવું;-નો જય થવો.3.To be prosperous; to flourish: આબાદ થવું-નો ચઢતો દહાડો થવો;ધમચેકારે ચાલવું.4. To play a trump card:હુકમ ઉતારવો. *vt.* To conquer:-નાં ઉપર જીત-જય મેળવવો; જીતવું.

Triumphal,(ટ્રાઇઅમ્ફૅલ્)*a.*Used in a trumph:વિજય સમારંભ સંબંધી--વિષેનું; જયવિષયક; જયોત્સવ વિષયક. 2.Expressive of joy for success: જયહર્ષ બતાવનારું-સૂચક. 3. Victorious:જય-જીત પામેલું; વિજયી; વિજયનું સંબંધી.*n* A token of victory: જીત-ફતેહ-જયની નિશાની-ચિન્હ.

Triumphant,(ટ્રાઇઅમ્ફૅન્ટ્)*a.* Exultant:જય-હર્ષ પૂર્ણ-નિર્ભર;જયજયકાર કરતું.2 Celebrating victory; expressive of joy for success: જયહર્ષ બતાવનારૂં-સૂચક; જયાનંદી; જયહર્ષ.3. Victorious:જીત-જય પામેલું;જયશાલી;જેતા; વિજયી; જયવાન; :જયવંત;જયી 4. Triumphal: જીત-જય-વિજય સંબંધી-નું-વિષે.

Triumvir,(ટ્રાઇઅમ્વર્)*n.*[L *tres*] Three men united in public office or authority: ત્રણ સાથે રાજ કરનારાઓમાંનો એક;રાજત્રિકમંમાંનોએક

Triumvirate, (ટ્રાઇઅમ્વરેટ્) *n.* Government by three in coalition or association:ત્રણ સાથે રાજ કરનારાઓનું રાજ્ય;ત્રિજન સત્તાક રાજ્ય;ત્રિજનરાજ્ય. 2. A coalition or association of three in office or authority:ત્રણ સાથે રાજ કરનારા;રાજત્રિક.

Triune,(ટ્રાઇયૂન્)*a.*[*Tri*&L.*unus*, one.] Being three in one: ત્રૈકરૂપ;ત્રણ મળી એક મૂર્તિ.

Trivet,(ટ્રિવેટ્)*n.*[*L.tri* & *pes-pedis*,foot.] A three-legged stool table or other support: તિરપાઇ; ત્રણપાયાની માચી-બેસણી.2. A weaver's knife:વણકરનુ ચાકુ. T.*table*; ત્રણ પાયાનો મેજ.

Trivial, (ટ્રિવિઅલ્)*a.* [*tri* & *via*, way.) Common: બધે ઠેકાણે મળી આવે એવું;સાધારણ; સામાન્ય.2. Ordinary trifling;vulgar: નકામું;નજીવું;હલકું;તુચ્છ; ક્ષુદ્ર; ક્ષુલ્લક. 3. Of little worth or importance.અનઅગત્યનું;નજીવું; દમ-માલ વિસાત વગરનું.4. Of or pertaining to the trivium:તીરપાઇનું-સંબંધી-વિષે.

Triviality,(ટ્રિવિઅલિટિ) *n.*Trivialness:નજીવાપણું; ક્ષુદ્રતા; ક્ષુલ્લકતા. 2. A trifle:નજીવી-માલ-દમ વગરની વાત-બાબત-કામ

Tri-weekly,(ટ્રાઇવીકિલિ) *a.* Occuring or appearing thrice a week: અઠવાડિયામા ત્રણવાર થતું-નીકળતું..*adv.*Three times a week: અઠવાડિયામા ત્રણવાર.*n.*A triweekly publication: અઠવાડિયામા ત્રણ વખત પ્રગટ થતું પત્ર-છાપાનિયું.

Trochee,(ટ્રોકી)*n.* [Gr. *trecho*, I run.]A foot of two syllabes, the first long and the second short:ગુરૂ લઘુ પદ;પહેલો ગુરૂ અને પછી લઘુ હોય એવા અક્ષરોનું પદ;ગલ;ત્રલપદ.

Trod,(ટ્રૉડ્)*imp & pp. of* **Tread:** ખુંદ્યું;ઠચરેલું. [ખુંદેલું;ઠચરેલું.

Trodden,(ટ્રૉડન્)*p.p* of **Tread:**

Trojan,(ટ્રોજન્) *a.* Pertaining to ancient Troy or its inhabitants:પ્રાચિન ટ્રોય શહેર કે તેના રહેવાશીનુ સંબંધી-વિષયક *n.* A native of Troy:ટ્રોયનો વતની રહેવાશી.

Troll,(ટ્રોલ્)*vt.* To roll; to turn: ફેરવવું;ઘબડાવવું; ઘણી ઝડપથી ફેરવવું; ઘુમાવવું.To circulate as a vessel in drinking: દારૂ પીવામા વાસણ એક બીજાને પહોંચાડવું 2. To sing loudly or freely: મ્હેટે ઘાટે-ઘાટો પાડીને ગાવું-બોલવું.3. To allure.લલચાવવુ;ફસાવવું; પ્રલોભન કર.4. To fish in to catch fish from: -માંથી માછલી પકડવાને પ્રયત્ન કર.*vi.*To roll; to run about: ગબડવું;દોડવા કર. ગબડ્યા કર. 2. To move rapidly;to wag: ઝડપ-જલદી જવું.3.To take part in trolling a song:મ્હેટે ઘાટેથી ગાયન ગાવું. 4. To fish with a rod whose line runs on a reel:દોરી ફરકડીપર હોય એવી લાકડીથી માછલા મારવા. 5. To stroll: રસળવું; ભટકવું;આમ તેમ આથડવું-ફરવું. *n.* The act of moving round; routine: ગોળ ફરવું. ગબડવું તે. 2. A song in succession:જે ગીતના ભાગ અનુક્રમમા ગવાય છે તે 3.A trolley:નાની માડી;લહારી.

Trollop,(ટ્રૉલ્લૅપ્)*n* An idle untidy woman a slattern,a whore: વહુલી; સાવાહુલી; વેશ્યા; નગરનવાની; ગામનવાની, ઝાંપરી; જારપપરયણ; કુઅડ;વલકુડી;વેરવા;છિનાળ;રંડા;રાંડ; કુતરી.

Tromp,(ટ્રોમ્પ્)*n* A blowing apparatus:ભઠ્ઠી ફુંકવાનુ ધમણ જેવુ યંત્ર-સાધન.

Troop,(ટ્રૂપ્) *n.* A collection of people;a company;a multitude: ટોળું;ઝુંડ;ટોળાકુ;ફોજ; મંડળી; જમાવ; સમુદાય;સમૂહ;સંઘ;ટોળું;પોઠ. 2.Soldiers collectively;an army: સિપાઈઓ;પેદાદલ;સૈન્ય;સેના;લશ્કર; ફોજ. 3 (*Mil*) A small body of cavalry, light horse, or dragoons: ઘોડેસ્વારની-બખ્તરબંધ ટુકડી-પલટન; રસાલો;પાયગા.ક.A troupe: નટ લોકોનુ ટોળું;તાયફો. *vi.* To move in

numbers: ટોળાં-ધાડાંબંધ જવું-ચાલવું 2. To march on; to go forward in haste:આગળ કુચ કરવી;જલદી-ઉતાવળથી આગળ જવું-વધવું.

Trooper,(ટ્રૂપર્)*n.*A soldier in a body of cavalry;a cavalryman: ઘોડેસ્વાર,ઘોડેસ્વાર લશ્કરમાનો સિપાઇ

Trope,(ટ્રોપ્)*n.* (*a*) The use of a word or expression in a different sense from that which properly belongs to it:મૂળ અર્થમાંથી બીજા અર્થમાં વાપરેલા શબ્દ;અર્થાંતરારોપ.(*b*) The word or expression so used:એવા રીતે વાપરેલો શબ્દ;લાક્ષણિક શબ્દ-વાક્ય.

Trophy,(ટ્રોફિ)*n.*[*Gr trepo,*I turn.] A sign or memorial of a victory raised on the field of battle: યુદ્ધમાં જીત-ફતેહની દાખલ ઉભી કરેલી નિશાની;જયચિન્હ;જયસ્મારક.2. The representation of such a memorial as on a medal: ઉપર કાઢેલા ઢગલા-નુ શિલા કે ચાદ આદી ઉપર કાઢેલું ચિત્ર-ચિન્હ. 3. Anything taken from an enemy and preserved as a memorial of victory, as arms,flags,etc.: શસ્ત્ર,વાવટા વિગેર જે કાંઇ દુશ્મન પાસેથી લઇ લેઇને જયની નિશાની દાખલ રાખી મૂકેલુ હોય તે-તેનો દાખલો. 4. Any evidence or memorial of victory or conquest:જીત-જયની નિશાની-પુરાવો.

Tropic,(ટ્રોપિક્)*n.* [L.*tropicus,* of or belonging to a turn] One of the two small circles of the celestial sphere:દક્ષિણોત્તરાયણ વૃત્ત;અયનાંત;અયનસીમા; અયનવૃત્ત. T. *of cancer*: કર્કવૃત્ત. T. *of Capricorn*: મકરવૃત્ત.2. *pl* The region lying between the parallels of latitude: ઉષ્ણકટિબંધ; ઉષ્ણદેશ; ક્રાંતિવલય;ક્રાંતિમંડલ; કર્ક અને મકરવૃત્તની વચ્ચેનો દેશ.

Tropic,Tropical(ટ્રોપિક્-ટ્રોપિકૅલ્) *a.*Of, or pertaining to, the tropics.ઉષ્ણ કટિબંધનું-સંબંધી;દક્ષિણોત્તર; સીમાતર્ગત;ક્રાંતિવૃત્તવિષયક.2 Figurative;metaphorical:રૂપક; લાક્ષણિક

Trot,(ટ્રોટ્) *vt.* To proceed by a certain gait peculiar to quadrupeds;to ride or drive at a trot: ખદડુક ખદડુક,ખુદ-ખુદ ચાલવું;દબાડ દબાડ ચાલવું.2.To run;to jog;to hurry: દોડદેડ કરી મૂકવી;ઉતાવળ-ઝડપ કરવી; ઝપટિયા-વઝોટિયા મારવા.*vt.*To cause to move as a horse or other animal, in the pace called a pace of a horse or other quadruped:ખદડુક ખદડુક ચાલવું તે-રવાલ-દુડકી.2.A jogging pace: ઘણી ઝડપ-ઉતાવળનું પગલું.3. One who trots:a child;a woman :દબાડ દબાડ ચાલનાર;છોકરું;બાયડી.

Troth,(ટ્રોથ્); *n.* Belief;faith;fidelity:આકીન;નિમકહલાલી; વફાદારી;ભરોસો;વચન;પ્રતિજ્ઞા; કોલ. 2. Truth: verity; veracity: સત્યતા; સાચાઇ; સાચવટ.2.Betrothal;વિવાહ;સગાઇ. *In* t.:ખરૂ જોતાં;ખરેખર.

Trotter,(ટ્રોટર્)*n.*One that trots: ખુદ્યુદ્ ખદડુક-ખદડુક રવાલમાં ચાલનારૂ પશુ-જનાવર.2.The foot of an animal:પ્રાણીનો પગ-પાય.

Trottingly,(ટ્રોટાન્ગ્લિ)*a* [Walking in a trottering manner: દડુકદડુક; ખરડુક-ખદડુક;રવાલમા ને રવાલમા.

Trouble,(ટ્રબ્લ્) *vt.* [R.*turbo,* I disturb] To disturb; to agitate:-મા ગભરાટ કરાવવો;ખળભળાવવું;-મા ખળભળાટ કેમા કરવું.2. To distress; to fret;to vex;દુઃખી કરવું;પજવવું;-ને કલેશ કરાવવો; સતાવવું; દુઃખદેવુ; કષ્ટ-શ્રમ આપવો; સંતાપવું. 3. To give occasion for labor to:-ને મહનત કરવાની તક આપવી;તસ્દી-શ્રમ આપવો *To t.one's self*: મહનત લેવી;શરીરને તસ્દી આપવી; હાડકુ મોડવું-હલાવવું. *n.*Dark;gloomy: ગભરાટવાળુ ;ઉદાસી. *n.* Agitation; uneasiness; vexation:ગભરાટ; ઉચાટ; અકળામણ; પટપટી;સંતાપ;બેચેની; વ્યગ્રતા; ઉદ્વેગ; હરાનગત.2.That which afflicts: સંતાપ; પીડા;આપદા;; ઉપદ્રવ; જંજાળ; ઉપાધિ;ત્રાસ;માથાકુટ સે કટ,કચાટ;કષ્ટ ઠક; શલ્ય.3. Affliction; calamity: દુઃખ;પીડા;શ્રમ;કલેશ;કષ્ટ, સંકટ; સંતાપ;વિપત્ત;આપદા;આપત્ત;દુર્દશા;કષ્ટાવસ્થા. *To get in* to t., ઘટ બણામુશીબતમા આવી પડવુ.

Troubler,(ટ્રબ્લર્) *n.* A disturber: ગભરાટ કરાવનાર;દુઃખ દેનાર, હેરાન કરનાર.

Troublesome,(ટ્રબ્લસમ્)*a.*Vexatious; burdensome; wearisome: હેરાન કરનારૂ,દુઃખદાઇ;મહા મહનતનુ; અડચણ કરનારૂ; પજવનારૂ; દુઃખદાયક; ઉપદ્રવી; દુઃખાવહ; કલેશાવહ; કષ્ટાવહ; શ્રમાવહ;કાલકષ્ટ;કટાકુટિયુ; કચાટીયું; માથાકુટીયુ.*To be* t.:દુઃખ દેવું;જીવ ખાઇ નાખવા;હેરાન કરવું; દુઃખકારો,સંતાપકારી,કલેશકારો;દુઃખદાયક અકળાવે એવા હોવું;જીવ ખાઇ નાખે એવા હોવું.

Troublous,(ટ્રબ્લસ્)*a* Full of trouble;causing trouble:દુઃખદાયક; સંકટ ભરેલું;ખડતર;નષ્ટ;નઠારૂ.

Trough,(ટ્રૉફ્)*n.* A long, hollow; vessel; a long tray:થાળી; કથરોટ; પરાત;દ્રોણ.(for dogs and cattle) ચાટ.2.Any channal,receptacle, or depression:પાણીની પરનાળ; જલનો;હવાડો-ડી T.*of the sea*:દરિયાના બે મોજની વચ્ચેની બખોલ; મ્હોડાની બખોલ. T. *for storing water for cattle*:હવાડો.

Trousers,(ટ્રાઉઝર્સ્) *n.*'*pl.* A garment, worn by men and boys, extending from the waist to the knee:ચોરણો; પાયજામો; લેંઘો; સુરવાળ;ઇજાર;પાટલુંન;લેંઘી.

Trousseau,(ટ્રૂસો)*n.* The collective lighter equipments or outfit of a bride,including,clothes, jewelry and the like: પરણનારી ઓરતનો હલકો સામાન-સાજ.

Trout,(ટ્રાઉટ્)*n.* [L. *truota.*] A kind of fish:(તીક્ષ્ણ દાત વાળી)એક જાતની મીઠા પાણીની માછલી.

Trowel,(ટ્રાઉએલ્) *n* [L. *trua,* a ladle.]A mason's tool: કડિયાનો લેવો-થાપી-કણી. 2. A gardener's tool:બાગવાનનું ઓજાર;ખરપડી.

Troy-weight,(ટ્રૉઇ-ઉવેટ્) *n.* A weight by which gold and silves,are weighed:સોનુંરૂપુ તથા ઝવેર વિગેરે તોળવાનુ તોલ.

Truant,(ટ્રૂઅન્ટ્)*n.* An idler;a loiterer; a shirk:આળસુ છોકરો;રખડેલ-ભટકેલ; ગપોલીઆખોર છોકરો. *a.* Loitering;idle:આળસુ;કામનુ ચોર; હાડકાનું હરામ.*To play* t., to loiter: ગપોલીઆ કરવા-કરતા ફરવા. *vi* To idle away times: વખત ગુમાવવો-નકામો ગાળવો;આળસુની પેઠે વર્તવું.

Truce, (ટ્રૂસ્) *n.* An armistice: થોડા દહાડા સારૂ કરેલા સલાહ; યુદ્ધ વિશ્રામ નિવૃત્તિ. 2.Temporary cessation;short quiet: વિરામ;અટકાવ,થોડીવાર સારૂ કંઈબંધ રાખવું-રહેવું તે-ન કરવું તે; અવહાર.

Truck,(ટ્રક્)*n.* [L *trochus,* an iron hoop.] A small wheel, as of a vehicle:ગાડાનુ નહાનુ પૈડું .2.A low wheeled carriage: નીચા પૈડાની ગાડી.3 (*a*)A small wooden cap at the summit of a flagstaff:વાવટાના દંડ ઉપર મૂકવા નાની લાકડાની ટોપી-ટોડી.(*b*) A small piece of wood: લાકડાનો નાનો કકડો. A freight car:ભાર ખેંચી જવાની ગાડૂી-ગાડી;ભારગાડી.*vt.*To transport on a truck:નીચા પૈડાની ગાડીમા મૂકીને લઇ જવું.*vt &vi.* To exchange: to barter:સાટું-બદલો કરવો;વેપાર કરવો;

સાટાપાટી ક૦. *n.* Exchange of commodities:barter: સાટું; બદલો; વિનિમય.2.Small commodities: નાની વેપારની જણસો.3.The practice of paying wages in goods instead of money:પગાર દાખલ પૈસાને બદલે માલ આપવો તે.

Truncklo (ટ્રંકલ્)*n.*A small wheel or caster:નહાનુ પૈડું.*vi.* To submit;to creep: બીજાની મરજી સાચવવી;હાજી હા ક૦;દબેલ હોય એમ ખુશામત ક૦.

Truckle-bed,(ટ્રકલ્ બેડ્) *n* A trundle-bed:મોટા ઢોલિયાની નીચે હડસેલી મૂકાય એવો ચારે પાયાને પૈડાં જડેલો નાનો ઢોલિયો-પલંગ.

Truculence-cy,(ટ્રકયૂલેન્સ-ન્સિ)*n.* Savageness of manners;ferociousness:જંગલીપણું; વિકાળતા; ક્રુરતા;પ્રાણઘાતકતા.

Truculent,(ટ્રકયૂલેન્ટ્)*a.* [L. *truculentus*, wild.]Fierce;savage; ferocious: ક્રુર;જંગલી;ભયંકર;વિકાળ; બિહામણું; નિર્દય;નિષ્ઠુર.3.Cruel;destructive: ક્રૂર;પ્રાણઘાતક;નાશકારક.

Trudge,(ટ્રજ્)*vi.*To jog along; to move wearily:પગ ઘસડતાં ઘસડતાં ચાલવુ ;ધીમેધીમે ચાલવું;હરિવું; રગસીઆ ચાલે ચાલવુ.

True,(ટ્રૂ)*a.* Correct;not false or erroneous:વાસ્તવિક:સાચું;સત્ય;ખરું; ભૂલચૂક વિનાનુ;યથાર્થ; જેવું હોય તેવું. 2.Exact:accurate: ખરું; અસલપ્રમાણે;યથાપ્રત; બરાબર;શુદ્ધ;તાદૃષ્ય;આબેહુબ.3. Unwavering; faithful; loyal:દગો-કપટ ન કરે એવું; ડગે ચળે ખસે નહિ એવું;સાચું;ખરું; એકનિષ્ઠ;ઇમાનદાર; પ્રમાણિક; નિમકહલાલ; એકખાની:સત્યશીલ.4 Actual;genuine; pure;real: બતાવવાનું નહિ એવું;સાચું; ખરું;વાસ્તવિક T *to one's word or promise*:વચની; એકવચની; સત્યપ્રતિજ્ઞા *A wife* t.*to her husband*: પોતાના ધણી પ્રત્યેનો ધર્મ બરાબર પાળનાર સ્ત્રી; સ્વામીનિષ્ઠ-પ્રતિવ્રતા બૈરૂ A *subject* t. *to his sovereign*: વફાદાર રૈયત;રાજભક્ત-રાજનિષ્ઠ પ્રજા T. *love*:સાચો એક નિષ્ઠ-નિશ્ચલ પ્રેમ. T. *time (astron)*: ગર્ભકાળ. *adv.* In accordance with truth; truly: ખરેખર-સત્ય રીતે;ખરું;વાજબી બરાબર.

True-blue,(ટ્રૂબ્લ્યૂ) *a.* Of inflexible honesty and fidelity:ગમે તેમ થાય તોપણ ડગે નહિ તેવું; પ્રમાણિક; પ્રતિષ્ઠિત.*n.*A person of inflexible integrity: પ્રમાણિક પ્રતિષ્ઠિત માણસ.

True-hearted,(ટ્રૂહાર્ટેડ્) *a.* Of a faithful heart;honest;sincere:પ્રમાણિક; પ્રતિષ્ઠિત;સત્યવ્રત;સાફ દિલનું.

True-penny,(ટ્રૂપેની)*n.*An honest fellow:પ્રમાણિક માણસ.

Truism,(ટ્રૂઇઝમ્)*n* An undoubted or self-evident truth: ખુલ્લી દેખીતી ખરી બાબત-વાત; સ્વતઃસિદ્ધ વચન-પ્રમાણ;સ્વતઃપ્રમાણ વાક્ય વચન; સ્વીકૃતપક્ષ.

Trull,(ટ્રૂલ્)*n.*A drab;a strumpet; a harlot:પાતર;વરયા; છિનાળ; માલજાદી; પુંશ્ચલી.2.A girl;a wench:કન્યા;તરૂણી;છોકરી;છટૅલ;છોડી.

Truly,(ટ્રૂલિ)*adv.* In a true manner;in agreement with fact:ખરેખર રીતે;જેવું છે તેવું ખરેખરૂં; સાચેસાચું ;યથાર્થ;વાસ્તવિકપણે.2 Exactly: justly;precisely:બરોબર; ચોકસાઈથી;વાજબી રીતે;યથાર્થ.4.Sincerely; honestly;faithfully: ખરૂં; સાચું; ખરેખરૂં; સાચેસાચું; સાચા મન અને નિષ્ઠાથી.4 Legally; legitimately: કાયદેસર-ખરી રીતે.5 In fact;in reality;in truth: ખરૂં જોતાં; ખરેખર.

Trump,(ટ્રમ્પ) *n.* [*triumpho*, I triumph.]A wind instrument of music: રણશિંગુ; રણશિંગડું *vi* To blow a trumpet; રણશિંગુ વગાડવું-ફુકવું.*n. A* winning card: પાનાની રમતમાં હુકમનું પાનુ. 2.*An* old game at cards: પત્તાની અસલી રમત.3. *A* good fellow; an excellent person:સારો-ભલો-ઉત્તમ માણસ.*vi.* To play a trump card when one of another suit has been led: જ્યારે હુકમ સિવાયનું કોઇ પત્તું પડે ત્યારે તેના ઉપર હુકમનું પત્તું નાંખવુ;રંગ ન હોય ત્યારે તે રંગ ઉપર હુકમ મારવો-રંગ કાપવો.*vt.*To impose with a trump card: હુકમનું પત્તું મારીને હાથ લેવો. *vt.* To impose upon;to deceive:ઠગવું;છેતરવુ ;ધૂતવુ.2.To impose unfairly:ને આંજી જવું;ધૂતી જવું. *To t up a charge against a person*: કોઈ ઉપર તરકટ ક૦,કે તરકટી કે ખોટું કામ ઉઠાવવું.

Trumpery(ટ્રમ્પરિ) *n.* Deceit; fraud;કપટ;છળ;દગો.2. Worthless but showy matter:નિર્માલ્ય સામાન;નકામો માલ;અસાર વસ્તુ.3. Rubbish:કચરપચ્ચર જેવો-ઉતરેલો-ભાગો તૂટો સામાન; તકલેટી સામાન; બાદલો સામાન.*a.*Worthless or deceptive in character:અસાર;નિર્માલ્ય.

Trumpet,(ટ્રમ્પેટ્)*n.A* wind instrument:તુરાઇ; રણશિંગુ-શીંગડું. 2. *A* trumpeter-રણશિંગડું વગાડનાર-ફુંકનાર 3. One who praises, or propagates praises:વખાણ કરનાર-નાર.*An ear* t.:બહેરાની ભુંગળી-શીંગડું.*A sheaking* t.: હોય તે કરતાં શબ્દો મ્હોંટેથી સંભળાય એવું શીંગડું. *vt.*To proclaim:-નો ઢંઢેરા-દાંડી પીટવી;-ના ગુણ ગાવા;-નાં વખાણ ક૦; ના બણગા ફુકવા.*vi.*To utter a trump like cry: રણશિંગાના અવાજ જેવી બૂમ પાડવી.

Trumpeter,(ટ્રમ્પેટર્)*n.* One who sounds a trumpet: રણશિંગુ-તુરાઇ વગાડનાર- ફુંકનાર-વાળી-દાંડી પીટનાર. 2. One who proclaims,publishes, or denounces: ગુણ વખાણ કરનાર-ગાનાર;જાહેરાત કરનાર.3 A kind of bird:એક જાતનુ પક્ષી.

Trumpet-tongued, (ટ્રમ્પેટ્-ટન્ડ્) *a* Having a powerful far reaching voice or speech:મ્હોટા અવાજ-ઘાટવાળુ,હોકર જેવુ ;જીભ સલકણી ન રહેતા હોકારાહોકાર કર્યા કરે એવું-એવાઆકારનુ .

Truncate,(ટ્રન્કેટ્)*vt.* [L. *truncus*, maimed.] To cut off; to lop; to maim: કાપી-કાતરી-સોરી નાંખવું. *a.* Appearing as if cut off at the tip;છેડેથી કાપી નાખ્યું હોય એવું દેખાવું જુચ્ચુ;જુઠું.

Truncation, (ટ્રન્કેશન્) *n* The act of lopping or cuttig off: કાપી-કાતરી નાંખવું તે.

Truncheon,(ટ્રન્શન્) *n.*[L. *thyrsus*, a stalk.] A short staff; a cudgel:ડંડુકો;ડંગોરો;ગદા.2.A baton or military staff:દંડ;રાજદંડ. 3.A stout stem: મજબૂત;થડ.

Trundle,(ટ્રન્ડલ્)*n.*A round body; a little wheel:ગોળાકૃતિ;નહાનું પૈડું. 2.A truck:(બેડવાની)ગાડી; કોઠાડું. 3.A rolling motion:ગબડતી-ગોળચક્કર ગતિ.*vt.*To roll (*a thing*) on little wheels: કોઇ પણ ચીજને નહાનાં પડાં ઉપર ગબડાવવી.2.To roll, or go by revolving,as a loop: ગબડવું;ફરવીનમય એમ ક૦.*vi.*To go or move on small wheels નહાના પૈડાંપર ચાલવુ-હાલવું.2.To cause to roll, or revolve:ગબડાવવું;ગોળ ફરે તેમ ક૦.

Trunk,(ટ્રન્ક્)*n.* [*L.truncus*, mutilated.]Stock stalk: થડ. 2. The body of an animal, apart from the head and limbs:ધડ.3. The main body of anything: કોઈપણ ચીજનો મુખ્ય ભાગ. 4.That part of a pilaster which is between the base and the capital: તળઘટ અને મથોટીની વચ્ચેનો ભાગ.5. The

thorax;the trunous: ધાંડી;કંઠનાળ. 6.(*a*)The proboscis of an elephant:હાથીની સૂંઢ; શુંડા. (*b*) The proboscis of an insect; જંતુની સુંઢ.7.A box or chest:પેટી; કંડીઓ;ચામડાનું પેટ ફુલાવીયું.*vt.* To curtail:કાપી કાતરી નાખવું.

Truunion,(ટ્રનિયન્)*n.*One of the knobs on each side of a gun on which it rests on the carriage;બાદલની તોપનો ઠેબુંમોઢેમ

Truss,(ટ્રસ્)*n.*[L.*thyrsus*,stalk] A bundle;a package: ભારો;ગાંસડો;પોટલો;પ્રપંચ. 2 A part of a woman's dress, a stomacher: સ્ત્રીના પોશાકનો એક ભાગનું નામ છે.3 (*Surg.*)A bandage or apparatus used in cases of hernia:હરડીને બાંધવાનો પટો-સાંધો-કબજા જંતર; ગાત્રબંધન-બંધ 4.A tuft of flowers: ફુલોનો ગુચ્છા. (*b*) બખ્તર નીચે પહેરવાની રૂની મરસી ઢાલ.5. The rope or iron used to keep the centre of a yard to the mast: ડોલ સદૈ રાખવા માટે રાખેલું દોરડું અગર સળીઓ.(*b*)પોટી બાંધને તે ઉપર પારણું.*vt.*To bind ar pack close: મજબૂત-કઠણ બાંધવું.2.To take fast hold of;to seize and hold firmly: મજબૂતાઇથી પકડવું-ઝાલી રાખવું; જકડીને બાંધવું.3. To strengthen or stiffen, as beam or girder: મજબુત દઢ-સજ્જ કરવું. 4. To hang: ફાંસીદેવી,લટકાવવું.

Trust,(ટ્રસ્ટ્) *n.* Confidence; reliance: પતિજ; ભરોસો; વિશ્વાસ; ઈતબાર;આધાર;નિષ્ઠા;પ્રત્યય. 2 Credit given: ધીર; પતીજ; ઉધાર આપવું તે. 3.Assured anticipation; hope, belief: પાકી આશા; ખાતરજમા; ખાત્રી; વિશ્વાસ; ઉમેદ.4. Charge, deposit: સોપવું કાંઇ;વિશ્વાસિત વસ્તુ. 5. Responsible charge or office: જવાબદારીનો હુદ્દો;જવાબો;હુદ્દેદારી હોદ્દો;મુકામ. 6. Ground of reliance: વિશ્વાસમૂમિ; વિશ્વાસસ્થલ; વિશ્વાસસ્થાન; વિશ્વાસપાત્ર; વિશ્વાસમાજન. 7 An estate devised or granted in confidence:બીજને અર્થે રાખેલી મિલકત;'ટ્રસ્ટ'નાવહિવટની મિલકત; વિશ્વાસની સુપરત; ટ્રસ્ટ. *a* Held in trust:વિશ્વાસ-ભરોસામ. મુકેલું સેપેલું ટ્રસ્ટમા રાખેલું *vi.* 4. To place confidence in;to rely on: નો વિશ્વાસ ભરોસો-ઈતબાર કરવો-રાખવો. 2. To credit;to believe: ની વાત-નું કહ્યું ખરૂં માનવું;ખરૂં માનવું. 3. To believe: માનવું; આશા-ઉમેદ રાખવી; વિશ્વાસ-ભરોસો હોવો. 4. To show confidence in a person by trusting (*him*) with something:-ના હવાલા હુકમમાં આપવું;-નો વિશ્વાસ રાખી સોપવું;-ના ઉપર ભરોસો રાખવો.5. *T.* intrust: સોપવું; હવાલામાં આપવું;-ના હુકમમાં આપવું.6.To sell;to give upon credit:ને ઉધાર આપવું;ધીરવું; ને નામે લખવું-માંડવું.7 To risk; to venture confidenty:હિમત ચલાવવી; બેધડક (કંઇ) થવા દેવું. *vi.* To confide:-નો વિશ્વાસ ભરોસો રાખવો.2.To be confident, as of something future; to hope: (કશા વિષે) ખાતરી વિશ્વાસ-ભરોસો હોવો.3 To give credit: ઉધાર આપવું;ધીરવું;-ને નામે લખવું-માંડવું. *To t. in*:-ના ઉપર ભરોસો-વિશ્વાસ રાખવો. -નાકહેવા કરવા ઉપર આધાર-ભરોસો વિશ્વાસ રાખવો.

Trustee,(ટ્રસ્ટી)*n.*One who is entrusted with property for the benefit of another:બીજાએ સોપવાથી તેની મિલકતનો વહિવટ કરનાર; સુપ્રદાર;ટ્રસ્ટી;હુદ્દેદાર.*vt.*:To commit to the care of a trustee: ટ્રસ્ટીને સોપવું.2.To attach in the interest of the creditor: લેણદારને માટે ટાચમાં લેવું.

Trustful,(ટ્રસ્ટ્ફુલ્) *a.* Full of trust;trusting: ભરોસો રાખનું; રાખનારૂં-રાખે એવું.2.Faithful;trustworthy:ભરોસાદાર;વિશ્વાસુ;વિશ્વાસપાત્ર.

Trust-worthy,(ટ્રસ્ટ્વર્ધિ)*a.*Worthy of trust or confidence:ભરોસો-વિશ્વાસ રાખવા લાયક યોગ્ય; ભરોસાનો;વિશ્વાસુ;વિશ્વાસપાત્ર;ઇમાની.

Trusty, (ટ્રસ્ટિ) *a.* Trustworthy; reliable:ભરોસો વિશ્વાસ રાખવા લાયક;વિશ્વાસુ;વિશ્વાસપાત્ર;વિશ્વાસ્ય; ઈતબારી,ઇમાનદાર.2.Strong;firm:મજબૂત દઢ;બડગ;પાકી પાની ન કાઢે એવું; ટાર્ય-ફોગટ પાણીમાં ન જાય એવું. અપ્રતિકૃત ગતિવાળું.

Truth,(ટ્રૂથ્)*n.* (*a*) Conformity to fact or reality:ખરાપણું;સાચાઈ;વાસ્તવિકપણું;સત્યતા.(*b*) Conformity to rule;exactness:બારીકાઇ; યથાર્થતા.(*c*)Fidelity;faithfulness: નિમકહલાલી;પ્રમાણિકતા; સત્યશીલતા; ઇમાનદારી;નિષ્ઠતા; એકનિષ્ઠતા. (*d*) Freedom from falsehood; veracity: સાચવટ; સત્ય-સત્યવાદીપણું-તા. 2.Fact; verity: સાચું-ખરૂં શું છે તે, ખરી-સાચી હકીકત.3.A trueshing a verified fact:સાચી-ખરી-સત્યવાત; સત્ય.5.True religion: ખરો ધર્મ; ઈશ્વરી નિયમ;સિદ્ધ-સાચેસ્ત-નિશ્ચિત નિયમ. *A man of t.* સાચું-સત્યવાદી માણસ. *In t*,in reality:in fact:ખરેખર;સાચે;ખરેપુછો તો.*vt.*To declare: ખરૂં છે એમ નક્કી કરવું.

Truthful,(ટ્રૂથ્ફુલ્)*a.* Veracious;reliable:સાચેસાચું;ખરૂં;વિશ્વાસ રાખવા લાયક;ભરોસાદાર; સત્યવાદી; પ્રમાણિક;સત્યવક્તા;જેમાં કઈ અસત્ય વાત નહિ એવું.

Try,(ટ્રાઈ)*vt.* [L. *tero*, I rub.] To winnow;to sift.ચીણી કાઢવું;ચાળી કાઢવું;ઉપણી-ઝાડણી કાઢવું .2. To purity or refine, as metals: શોધવું;-ને ઓગાળી-ગાળી શુદ્ધ-સ્વચ્છ કરવું.3.To prove; to test: પ્રયોગ-અજમાયશ કરી સાબિત કરવું; સાબેતી-પારખું કરવું;અજમાયશ કરી જોવી. 4. To subject to severe trial:ની કસોટી કાઢવી;કસવું;-ની પરીક્ષા કરી જોવી.5. To experiment with; to test by use:-નો ઉપયોગ કરીને પારખુ જોવું;તાણી જોવું;અજમાવી જોવું.6 To strain; to suoject to excessive tests: ખેચવું; તાણવું; થકવવું;-ને જોર પાડવું; જોર કરી વાપરવું 7. To examine or investigate judicially:-ની ગુપાસ-તજવીજ ચલાવવી-કરવું;મુકદમો ચલાવવો. 8. To settle; to decide: નક્કી કરવું; પતાવવું;-નો નિવેડો-ફેસલો કરવો.9.To experience: અનુભવ લઈ જોવો;-નો અનુભવ લેવો;-નો સ્વાદ ચાખી જોવો. 10 To essay; to attempt: to endeavour: પ્રયત્ન-યત્ન કરવો; કરી જોવું *To t.on* (garment): પહેરી જોવું; પરોવી જોવું.*To t. out*:પરિશ્રમ નીવડે ત્યા સુધી કર્યા જવું. *To t. the eyes*: આંખો તાણવી-તાડવી-બેચવી પડે એવાં હોવું;આખ તકાવવી. *vi.* To exert strength; to endavour: બળ-જોર વાપરવું;યત્ન કરવો.2. To do: to fare,હવી-ખપવું. *n.* A screen, or sieve for grain; ઝારી; ચાલણી; ચાલણો;ખેરો.2. Attempt; experiment;trial;યત્ન;પ્રયોગ; અજમાયશ; કસોટી;કસ;પરીક્ષા.*a.*Select; excellent; choice: ઉત્તમ; ઉત્તમ; ચૂન દા; ચૂંટી કાઢેલું.

Try-square,(ટ્રાઇ-સ્કવૅર્) *n.* An instrument of carpenters to lay off right angles for testing whether work is square: કામ ચોરસ છે કે નહી તે તપાસી જોવાનો સુતારનો કાઠખૂણો-ખૂ.

Tub, (ટબ્) *n.* An open wooden vessel formed with staves, bottom,and hoods:લાકડાનું કૂંડું;પીપ; ટબ.2.The quantity which a tub contains: પીપ-ટબમાં જેટલું માય તે.

પીપપૂર.3.Any structure shaped like a tub: પીપના આકારનેા પદાર્થ-વસ્તુ.4.A small cask:નહાનું પીપ. 5. A box or bucket in which coal or ore is sent up;a shaft: ડોલ;ડોપલી; પાંડું *vt.* To plant or set in a tub:પીપમા રોપવું. *vi.* To bathe: પીપમા નહાવું.

Tube,(ટ્યૂબ્)*n.*[L. *tuba*, a trumpet.] A pipe:નળ-નળી ભૂંગળું.2. A telescope:દૂરબિન. 3. A vessel in animal bodies or plants,which conveys a fluid or other substance: જેમાંથી શરીરના કે ઝાડના રસેા આવજા કરે છે તે રગ-નસ; વાહિની શિરા.*vt.*To furnish with a tube: ને નળી બેસાડવી.

Tuber,(ટ્યૂબર્)*n.*A fleshy, rounded stem or root: કંદ મૂળનેા ગાંઠેા.2. A tuberosity; a tubercle: ગુમડું;ગડ;ફોલ્લેા.

Tubercle,(ટ્યૂબર્કલ્)*n.*[L.*tuber.*] A small knoblike prominence or excrescence:ગાંઠ;ગાઠેા;ગડગૂમડું; ફોલ્લેા.2. *A* small mass or aggregation of morbid matter: ગાંઠ; રસેાળી;સૂક્ષ્મમણ;ગ્રંથિ.

Tuberous,(ટ્યૂબરસ્) *a.* Covered with knobby, prominences; knobbed:કંદના જેવું-વાળું.2.Resembling a tuber:ગાંઠાગાંઠાવાળું; કંદજેવું.

Tubercular, (ટ્યૂબેરક્યૂલર્) *a.* Of or resembling to a tubercle: ગાઠેા-ફોલ્લા રસેાળીનું-વાળું-જેવું

Tuberculosis, (ટ્યૂબેરક્યૂલોસિસ્) *n* A specific infective disease: ક્ષય;શરીરના કોઈપણ અવયવમાં ગાંઠા-ગાંઠા થવાથી થએલેા રેાગ.

Tubular,(ટ્યૂબ્યૂલર્)*a.*[L. *tubus,*a tube.] Having the form of a tube or pipe;fistular: નળ-નળીના જેવું-ના આકારનું. *A t. bridge:* આ પારથી પેલેપાર સુધી જેની માંહે થઈને જવાય એવું મેાટું લેાઢાનું ભૂંગળું આડુ મુકી કરેલેા પુલ.

Tubule,(ટ્યૂબ્યૂલ્)*n.*[L. *tubus,* a tube.] A small pipe or fistular body; a little tube: નાની ભૂંગળી -નળ. 2. A minute tube: નસ; રગ; નળી;નલિકા.

Tubulous,(ટ્યૂબ્યૂલસ્) *n.* Resembling,or in the form of a tube: નળીના આકારનું; ઢાંડીવાળું. 2. Containing or consisting of small tubes:નાની નાની-બારીક નળીએાવાળું.

Tuck,(ટક્)*n.*Touchstone: કસેાટી-કાઢવાનેા પથ્થર.*n* A long, narrow sword: સાંકડી લાંબીતરવાર. *n.* The beat of a drum:ઢેાલનેા અવાજ. *vt.* To draw up; to shorten: ઢુંકું કર;વાળી ચઢાવી દેવું. 2. To make a tuck or tucks in: નેા આંતરસ્યેા ભરવેા.3. To put within: દબાવવું; દાબવું;ઘાલી દેવું; સંકેલીને નાનું કર. 4. To strike;to drum: ઢેાલ વગાડવું-ઠેાકવું.*vi.* To contract: દબાઈ જવું; સંકેાચાવું.*n.* A plait:આંતરસ્યેા; દબાવેલું લુગડું; આંતસીવેા. 2. A small net for taking fish from a large one: મેાટી જાળીમાંથી માછલીને બહાર કાઢવાની નાની જાળ. 3. A pull; a lugging: ખેંચવું; તાણવું તે.4.Food; sweetmeats: પકવાન; મિઠાઈ; મિષ્ટાન

Tucker,(ટકર્)*n.*One who or that which tucks:થકવનાર;હેરાન કરનાર; કટાળેા આપનાર. 2. A narrow piece of linen or the like, folded across the breast:કાંચળી; કમખેા;ચેાળી; કંચુકી.

Tuesday,(ટ્યૂઝ્ડે)*n.*The third day of the week,following Monday and preceding Wednesday: મંગળવાર;ભૌમવાર;ભેામવાર.

Tuft, (ટફ્ટ્)*n.*A waving or bending and spreading cluster: ગુચ્છેા;ઝુમખેા;કલગી; લૂમ;સમુદાય. 2. A cluster;a clump: ઝુંડ;સ્તબક;ગેાટેા. 3. A nobleman or person of quality:ઉમદા માણસ.*vt.* To separate into tufts: ની જૂદી જૂદી કલગીઓ-ગુચ્છા કર. 2. To adorn with tufts:ગુચ્છાથી શણગારવું.*vi.*To grow in tuft or tufts:ઝુંડ-ગેાટા માંધ ઉગવું.

Tug,(ટગ્)*vt.*[L. *duco,*I lead.] To haul along, to tow: ઘણા બળથી ઘસડી ખેંચી લેઇ જવું-લાવવું. 2. To pull;to pluck:ખેંચવું;ખેંચીને તેાડવું *vi.*To pull with great effort: ઘણા જોર-બળથી ખેંચવું.2. To labor; to struggle: મહેનત કર;યત્ન કર; અવતીઆં-ફાંફાં મારવાં. *n.* A pull with the utmost effort: ઘણા જોર બળથી મારેલેા આંચકેા; ઝટકા. 2. A sort of vehicle for conveying heavy timber: ભારે લાકડાં લઇ જવાની એક જાતગાડી. 3. A small powerful steamboat used to tow vessels: વહાણેા ખેંચી લઈ જવાની વરાળયંત્રવાળી હેાડી.4. A brace or drawing of a harness:પટેા;તંત્ર.5.An iron hook of a hoisting tub: લેાઢાનેા આંકડેા.T.*of war:*ખેંચાખેંચની રમત.

Tuition, (ટ્યૂશન્) *n.* [L.*tuitio,* protection.] Guardianship: રખેવાળી; વાલીપણું. 2. Instruction: શિખવણી; શિક્ષણ; વિદ્યોપદેશ; અધ્યાપન;તાલીમ. 3. The price or payment for instruction: ભણાવવાનું લવાજમ;ભણામણ;શિક્ષણ ફી-નેા પગાર.

Tulip, (ટ્યૂલિપ્) *n.*Any plant of the liliaceous genus *Tulipa:* એક જાતનેા સુશેાભિત છેાડવેા.

Tumble,(ટમ્બલ્)*vi.*To roll over, or to and fro; to throw one's self about: આમતેમ આળેાટવું-ગબડવું; ગેાથું ખાવું; લેાચવું;લેાટવું 2. To roll down;to fall suddenly and violently:ગબડી-ઢળી-પડી પડવું. 3. To perform the feats of an acrobat: મેારચાલ વિગેરે-રમત મલ્લ કળા કર; જૂદી જૂદી રીતે અંગવાળી કસરત કર.*vt.*To turn over: ઉથલાવવું;પાડી નાંખવું; ઢેાળી-ગબડાવી પાડવું. 2. To disturb;to rumple:ગુંદી ચુંથી-ફેંદી નાંખવું *To t.down:*પાડી નાંખવું;ગબડાવી પાડવું.*To t.out:*ગબડાવીને લાવવું-લઇ જવું *n.*A fall:ગેાથું;ગબડી.

Tumbler, (ટમ્બ્લર્)*n.* One who tumbles;an acrobat:મલ્લ; મલ્લાણિયેા;નટ; બજાણીયેા. 2. A movable obstruction in a lock: તાળામાં ખસી શકે એવી આડ. 3.A piece attached to, *or* forming part of, the hammer of a gunlock:બંદુકના વાંદરાનેા એક ભાગ. 4. A drinking glass:કાચનું પવાલું; ટમલર; લાંબુ પવાલું. 5. A kind of pigeon: એક જાતનું કબુતર;લેાટણ.

Tumbrel, (ટમ્બ્રેલ્) *n.*A cucking stool:ભાજડ.2.A rough cart:ગાડું. 3.A cart with two wheels for conveying the tools of pioneers artillery stores &c: લશ્કરનેા સામાન લેઇજવાનું ગાડું. 4. A kind of basket or cage: એક જાતની ટેાપલી અથવા પાંજરૂં.

Tumefaction,(ટ્યૂમીફૅક્શન્) *n.* A swelling:સૂજવું તે;સેાજો.

Tumid,(ટ્યૂમિડ્)*a* Swelled:સૂજેલું; સૂજી ગયેલું;સુણી ગએલું. 2. Protuberant: સપાટીથી ઉચું થતું-ચઢતું;ઉપસતું; ઢેકાવાળું. 3. Pompous; puffy; bombastic:ખેાટા ભભકાવાળું; શબ્દ ગૌરવવાળું; ડેાળી; આડંબરવાળું; અમયુ મેાટું મેાટું.

Tumor, (ટ્યૂમર્) *n.* [L. *tumo,* I swell.] A morbid swelling, prominence or growth,on any part of the body: ગેાઠ;ગુમડું;ગાઠ; વરસાળી;રસેાળી;કુમ્મલ 2. Affected pomp;bombast: ખેાટેા-ડેાળ બહાર ભભકેા;ડેાળ;આડંબર.

Tumult, (ટ્યૂમલ્ટ્)*n.* [L. *tumo,* I swell.] The commotion or a-

gitation of a multitude; hurly burly;noisy confusion:ખળભળાટ; ગરબડાટ; બખેડો;હુલ્લડ; સોરબકોર; ધાંધલ;ધમાચકડી; ધમસાણ; કળાહોર;તોફાન;ફિસાદ.2. Violent commotion or agitation, with confusion of sounds: આકુળવ્યાકુળતા; ભારે જોર; વ્યગ્રતા; પરમવ્યાકુળતા; અકળામણ. 3. Irregular or confused motion; agitation: ગભરાટ; ગરબડાટ; વ્યગ્રતા; ક્ષોભ;ઉચાટ.

Tumultuary-Tumultuous,(ટ્યૂમલ્ટ્યૂઅરિ-ટ્યૂમલ્ટ્યૂઅસ્)*a.*Turbulent;confused: ગરબડાટ ભરેલું;અવ્યવસ્થિત: છેક જ બંદોબસ્ત વગરનું; ઢીલ્યું;તોફાન કરે એવું; ફીસાદી.2.Restless; agitated; noisy: શોરબકોર-તોફાન-ગરબડાટવાળું: વ્યગ્રઅસ્થિર. 3. Disturbed:મારે જોસપર આવી ગયેલું; ગભરાટમાં પડેલું; ક્ષોભ પામેલ. 4. Violent: જબરું;ગડબડાટ કરાવે એવું.

Tun, (ટન્)*n.*A large cask;a wine cask: મ્હોટું; દારૂનું પીપ. 2. A fermenting vat: મહુડાં કહોવડાવવાનું પીપ. a. A certain measure for liquids: દારૂ તથા પ્રવાહી વિગેરેનું અમુક માપ.4. (*Com.*) A weight of 2 240,pounds;a ton: ૨૨૪૦ પાંડનું વજન-તોલ.5. An indefinite large quantity: મોટો ઢગલો; ઉકરડો; ગંજ. 6. A drunkard: છાકટો; દારૂડીયો; મદ્યપી. *vt.* To put into tnns or casks:મોટા પીપમાં ભરવું.

Tunable,(ટ્યૂનેબલ્)*a.*Harmonious musical: સુર-તાલવાળું; સુરવર; મધુર; કર્ણપ્રિય;કાનને પ્રિય લાગે એવું.

Tune, (ટ્યૂન્)*n.*A sound;a tone; a note:અવાજ;ધાટો. 3.(*a*) A melody; an air: રાગ. (*b*) The state of giving the proper sounds; just intonation: સુરમાં ઠેકાણે-મુકામસર હોવું; (સુરનો) મેળ મુકામ. 3. Order; harmony; concord; right mood: રંગ;મેળ; બહાલ;મીજાજ; મીસલ; ખુશમિજાજ.*vt.* To harmonize;to correct the tone of: નો સુર મેળવવો-લગાવવો;સુરમાં લાવવું. 2.To give tone to;to make harmonious: વીર-તાલબદ્ધ કર. 3. To sing with melody or harmony: સુરવર-સુર સાથે ગાવું;ગાવું.4.To put in a proper state or disposition: બરોબર ગોઠવવું; ઠીકઠાક કર; ખુશમિજાજ કર. *vi* To form accordant musical sounds:-ના રાગ પ્રમાણે ગાવું-રાગ કાઢવો. 2. To hum: ગણગણ કર;બબડવું;મનમાં રાગડા તાણવા.

Tuneful,(ટ્યૂન્ફુલ્)*n.*Harmonious; melodious;musical: સુરવર; મધુર; રાગ-તાલવાળું.

Tuner,(ટ્યૂનર્)*n.*One who tunes: વાજંત્રના સુર મેળવી તાર ચઢાવનાર.

Tunick,(ટ્યૂનિક્) *n.* [L. *tunica*] An undergarment worn by the ancient:અસલના રોમન લોકોમાં અંદર-નીચે પહેરવાની સદ્દી.2. Any similar garment worn by ancient or oriental peoples: અસલના અગર પૂર્વના લોકોનું પહેરવાનું પહેરણ જેવું કપડું; બંડી;ફરતું; એક તરેહનું ફરે ગુલ. 3. A natural covering; an integument: પડ;થર; ઢાંકણ. આચ્છાદન;વેષ્ટન.

Tunnel (ટનેલ્)*n.*A funnel: ગલણી નાળચુ.2. A flux,a funnel: ધુમાડિયાનું મ્હોડું. 3. An artificial passage or archway for conducting canals or railroads under elevated ground: ખોદી કાઢેલો રસ્તો; સુરંગ; સબંગ; બોયરૂ; ભાઠામાં પાડેલો માર્ગ. *vt.* To form into a tunnel or funnel: ની ગલણી-સુરંગ કરવી-પાડવી. 2. To make an opening or a passage way, through or under: કોરી-ખોદી રસ્તો કાઢવો-સુરંગ કાઢવી.

Turban,(ટરબૅન્)*n.* A headdress worn by men: પાગડી;પાઘડી;શિરોવેષ્ટન; ફાળીયું; પટકુલ;મંદીલ;ફેંટો. 2.A kind of headdress worn by women: સ્ત્રીઓનેમાથે પેરવાનું લુગડું.

Turbid,(ટર્બિડ્)*a.* [L. *turba*, tumult.] Muddy; not clear: રગડા જેવું;મેલું;ડોહવાએલું; અલિન; ગંદું;કચરાવાળું .2.*Disturbed*; disordered: અનિયમીત;માં ગરબડ ગોટો થયો હોય એવું;અવ્યવસ્થિત.

Turbulence-cy, (ટબ્યૂલેન્સ-ન્સિ) *n.*Tumult; disorder; agitation: બંડ;બખેડો;હુલ્લડ;દંગો;ફિસાદ.

Turbulent,(ટબ્યૂલેન્ટ્)*a.*[L.*turba*, disorder.] Disturbed; tumultuous;agitated: ખળભળી ગયેલું;તોફાન ઉપર ચઢેલું:તોફાની. 2 Restless; unquiet; refractory: બખેડા-દંગા-હુલ્લડખોર-કરનારૂં; તોફાની; ફિતુરી. 3. Disturbing;exciting:તોફાન ઉત્પન્ન કરે એવું;ઉશ્કેરણી આપનારૂં;ફિતુરી.

Tureen(ટ્યૂરીન્)*n.*[L. *terra*,earth] A large,deep vessel for holding soup or other liquid fluid, at the table: રોરવો અથવા બીજો કોઇ પ્રવાહિ પદાર્થ મુકવા-રાખવાનું મોટું; ઉંડું વાસણ;ગરમું.

Turf,(ટર્ફ્)*n.*Sward;sod:જ્યાં જડીજડિયાં ઉગી નીકળેલાં-હોય એવી જોય; જડીવાળી ધરતી ઢેકું; જડી. 2. Peat: છાલાં; છોડાં; બુકરી; સલેબડાં; ઉપણું; બાળવાનો પદાર્થ. *n.* Race-course; horse racing: ઘોડાની શરત દોડાવવાની જગ્યા; ઘોડાદોડ. *vt.* To cover with turf or sward: જડી-જડિયાંવાળી માટીથી ઢાંકવું.

Turfy,(ટર્ફિ)*a.*Abounding or covered with turf:મૂળિયાં સુધ્ધાંત માટીના ઢેફાવાળું. 2. Having the nature or appearance of turf:મૂળિયાં સુધ્ધાંત માટીના ઢેફાના જેવા આકારનું.3 Of or pertaining to the turf or horse racing: ઘોડાની શરત કરવાની જગ્યાનું-સંબંધી-વિષે.

Turgent,(ટર્જન્ટ્)*a.* [L. *turgeo*, I swell.] Swelling: ઉપસેલું; સુજેલું; સોજે ચઢેલું.2.Bombastic; pompous: ભપકા-ડોળવાળું; આડંબર યુક્ત.

Turgid,(ટર્જિડ્) *a.* [L. *turgeo*, I swell.]Swelled; swollen; inflated: સૂજેલું;સૂઝેલું;ઉપસેલું.2.Bombastic; pompous: મ્હોટા મ્હોટા શબ્દ વાપરેલું હોય એવું; ખોટા ભપકાવાળું; આડંબર યુક્ત.

Turgidity,(ટર્જિડિટિ)*n.*The quality or state of being turgid: કેવળ શબ્દ ગૌરવ;ખોટો ભપકો;આડંબર.

Turkey(ટર્કી)*n.*An empire in the south-east of Europe and southwest of Asia:તુર્કસ્તાન. *n.* (*Zool.*) Any large American gallinaceous bird: એક જાતનું અમેરિકાનું મરઘા-મોર જેવું પક્ષી; તર્કી;(નર) તર્કો *T. red*: લાલ મજીઠીઆ રંગનું; લાલ-બુંદ સરખું;પાકા કસુંબી.

Turkois, (ટર્કોઇઝ્)*n.* & *a.* Turquoise:બુરા રંગનું એક જાતનું ઝવેર; પીરોજ રંગનું.

Turmeric, (ટર્મેરિક્) *n.* An East Indian plant:હરીદ્રા; હળદ; હળદર. *a* Of or pertaining to turmeric: હળદનું-સંબંધી-વિષે.

Turmoil, (ટરમૉઇલ્)*n.* Trouble; disturbance: મહેનત; શ્રમ; ખટપટ; સંતાપ;લાલમેલ;જંજાળ;કડાકૂટ;લફરૂં;ખેદ. રમખાણ; ધીંગાણું; બખેડો; કલહ; કજીઓ-ટંટો.*vt.* To disquiet; to worry: સંતાપવું; બેચેન કર. *vi.* To be disquieted or confused: સંતાપ-પરિતાપ થવો;અકળાવું.

Turn,(ટર્ન્)*vt* [L.*tornus*,a lathe,] To cause to revolve: ને ચક્રગતિ આપવી; ગોળ ફેરવવું; ચકર ચકર ફેરવવું; ફેરવ્યા કર; પરિભ્રમણ કર. 2. To reverse the position of:ઉલટાવવું;ઉથલોવેવો; ઉથલાવવું;અવળું કર; ઉધું-અવળું કર. 3. To deflect; to direct

otherwise: ફેરવવું; વાળવું; તરફ ઉપર લઇ જવું-કરવું.4.To transfer; to apply;to devote: બદલીને કરી નાંખવું; ફેરવીને બીજું રૂપ આપવું 5.To alter; to metamorphose; to convert; to transform (often with to or *into*): નું બનાવવું-કરવું.-નું કરી નાંખવું.બનાવી દેવું. 6. To form in a lathe; to shape or fashion: ઘડવું;બનાવવું; સંધાડે-ચરખે ઉતારવું;-નો ડોળ કાઢવો. 7. To mold;to shape; to adapt: ઘાટ પાડવો;તૈયાર કરવું; ઘડવું;યોગ્ય કરવું. 8. *Specifically*, (*a*) to translate; to construe:નો તરજુમો ભાષાંતર કરવું.(*b*)To make acid or sour;to ferment(*as milk*):ખાટું કરી નાંખવું; આખરવું; અખરાઇ-બંધાઇ જવું. (*c*) To sicken;to nauseate: ઉલટી ઉછાળો આણવો;-નો જીવ ફરવો.

To t. *adrift*, to cast off: ની કાળજી-ફિકરચિંતા-દરકાર ન રાખવી;-ને વહેતું-પડતું મૂકવું.*To* t.*aside*,to avert: અટકાવવું;ખાળવું; વારવું;ટાળવું. *To* t. *away* (*a*) To dismiss from service: to discard: નોકરીમાંથી કાઢી મુકવું;બંબેરી મુકવું; પાણીચું-શ્રીફળ આપવું.(*b*)To repel:હાંકી કાઢવું; કાઢી મુકવું;અટકાવવું;ખાળી રાખવું; વારવું; ટાળવું.*To* t. *back*, to return:પાછું આપવું;પાછું મોકલવું; પાછું કાઢવું.*To* t. *in* (*a*)to fold or double under: માંહેથી-નીચે તરફ વાળવું-દાબવું; અંદર દાબી લેવું. (*b*)To direct inwards: માંહે વાલી દેવું;વાળવું.(*c*)To contribute;to deliver up:આપવું;-માં ભરવું *to* t. *off*,(*a*) to dismiss contemptuously: ઢેંફરી-ધૂત્કારી કાઢવું; ધમકાવી કાઢવું; હડધૂત કરવું. (*b*) To reduce:ઓછું કરવું;-નું કરી નાખવું.(*c*) To divert: ઉપરથી ખસેડવું; દૂર કરવું.

To be t.ed *off*:ઉપર ચાલવું-વધવું;ચાલેલા વધેલા હોવું.*To* t.*on*,to give passage to (*as a stem*.):ને રસ્તો આપવો વહેવા દેવું; આવવા દેવું.*To* t.*one's coat*: સામા પક્ષમાં જવું; પક્ષ બદલવો. *To* t.*out*,(*a*) to expel: હાંકી કાઢવું; કાઢી મુકવું; કકડતે હાથે કાઢી મુકવું. (*b*)To put to pasture(*as cattle*): ચરવા છોડી મુકવું. (*c*) To produce ઉત્પન્ન કરવું; બહાર કાઢવું (*b*) To reverse:ઉલટાવવું; ઉથલાવવું; અવળું-સવળું કરવું. *To* t. *over*, (*a*) to overset: ફેરવવું;ઊંધું વાળવું. (*b*) To transfer:ને વેચી દેવું.*To* t.*the back*, to flee; to retreat: પુઠ દેખાડવી; નાસવું; નાસી જવું. *To* t. *the back on* or *upon*, to treat with contempt:તુચ્છકારી-છીછકારી કાઢવું; રહેવા ફેરવી નાખવું. *To* t. *the corner*, to pass the critical stage: મુળનું વિઘ્ન સોયે જવું; અણી ચૂકયો સોવર્ષ જીવવું. (*b*)રસ્તામાં ખાંચો વીંટાવીને જવું. *To* t. *the die* or *dice*,to change fortune:પાસો ફરી જવો-સવળો પડવો. *To* t. *down*: વાળી-ઓવડવાળી દેવું. *To* t. *the flank*: પાછળથી ફરી વળીને પુઠેથી હુમલો કરવો. *To* t. *in*: વાળવું; દાબવું. *To* t.*in the mind*, (મનમાં) ઘુંટવું; ઘોળવું; વિષે મનન કરવું. *To* t. *over*: ફેરવવું; ને ચક્કર દેવું (*b*) ફેરવવું; ઉથલાવવું, ફેરવી જવું;જોઇ જવું *To* t. *the head or brain*: માથું-મગજ ફેરવી નાંખવું (કસાથી) ફરી જવું; -નો મગજ ફુમરાવી નાંખવો;-નો મગજ ખસી જાય તેમ કરવું;-થી મગજ ખસવો. *To* t. *a penny*: કમાઈ કરવી-વધારવી. *To* t. *the stomach of*, to nauseate; to sicken: જીવ ફરે-ઉથલાય-ઉછાળો આવે એમ કરવું; માંદું પાડવું. *To* t. *the tables*, to reverse the chances or conditions of success or superiority:-નું નસીબ ફેરવવું *To* t. *to*: શોધવું; શોધતાં ફરવું; પુછતાં જવું; નો આશ્રય પકડવો. *To* t. *to advantage*,to make advantageous:-થી લાભ મળે એમ કરવું;-નો લાભ લેવો. *To* t. *up*. (*a*) to bring from beneath to the surface:તળે ઉપર કરવું; ઉથલાવવું. (*b*) To give an upward curve to; to tilt:ઊંચું ચઢાવવું;ફુલાવવું. *To* t.*upon*, to resort:- ના ગળામાં ઘાલવું. ભેરવવું. *To* t *upside down*, to throw into disorder: ગબડાટમાં નાખવું; અવ્યવસ્થામા આવી પડવું;ગુંચવી નાંખવું. *vi*. To move round; to have a circular motion:ગોળ ફરવું;વળવું;ફરી જવું;ભ્રમણ કરવું.2. Hence, to hinge; to depend: ઉપર આધાર રાખવો;-ના આધારે રહેવું; અવલંબવું.3. To result or terminate;to eventuate:-માંથી પરિણામ નીકળવું-થવું; ઉદ્ભવવું; ઉપજવું; વહેવું; થવું; બનવું.4. To be transferred: ફંટાવું;ઉપરથી ખસવું; ફંટાઇ-ખસીને જવું;-થી દૂર જવું-ખસવું. 5. To be changed, altered or transferred; to become transmuted:- રૂપનું બદલાઇ જવું;-માંથી પરિણામ થવું; નું થવું બનવું.યઇ જવું;બદલાઇ જવું. 6. To undergo the process of turning on a lathe (*as ivory*): સંધાડે-ચરખે ઉતારવું;ઉતરવું 7. (*a*) To become acid: ખાટું થવું; અખરાવું; બંધાઈ જવું, (*b*) To become giddy:-ને ચક્કરી આવી;ભમી જવું; માથું ફરવું. (*c*) To be nauseated: જીવ ફરવો-ચુંથાવો; ઉલટી-ઉબકો-ઉછાળો આવવો.(*d*) To become inclined in the other direction:બીજી બાજુએ નમવું;નીચું જવું.8.To be directed otherwise: ફંટાવું; ઉપરથી ખસવું; ફંટાઇ ખસીને જવું;બીજી કોર ઉપર ચાલવું-ઉતરી પડવું-જવું.*To* t.*about*,to face to another quarter: ફરી જવું;રહેંણ-પુંઠ ફેરવી નાંખવું. *To* t. *against*,to become hostile to:-ની સાથે દુશ્મનાવટ કરવું;-ના વેરી-દુશ્મન થવું. *To* t *aside* or away, (*a*) to turn from the right course:આડે રસ્તે જવું;આડું જવું;અવળા ફંટાવું. (*b*) To depart: જતા રહેવું; ખસી જવું. (*c*) To avert one's face: આડું જોવું; રહેંણ ફેરવી દેવું.*To* t.*back*;to retrace one's steps: પોતાને પગલે પગલે પાછા જવું; પાછા ફરવું. *To* t. *in*. (*a*)to bend inwards: અંદર વાળવું -દાબવું.(*b*) To enter for lodgings or entertainment: રેહેઠાણને માટે અથવા ગમતને માટે-માં પેસવું-દાખલ થવું.(*c*)To go to bed:સૂઇ જવું; શયન કરવું.*To* t.*off* (a course &c): ફંટાવું; વળવું; ફંટાઇ-વળી જવું *To* t.*out*, (*a*) to move from its place as a bone: ઉતરી-ખસી જવું.(*b*)To bend or point outward (*as a toe*:) બહાર વળવું-નીકળવું.(*c*)To rise from bed:પથારીમાંથી ઉઠવું. (*d*) To come abroad;to appear: દેખાવું; જણાવું. (*e*)To issue: નીકળવું; થવું; ઉદ્ભવવું. *To* t.*over*,to roll;to tumble:ગબડવું;ફરવું *To*.t *to*,refer to:નો આશ્રય -આધાર ધરવો-પકડવો-લેવો;-ને વળગવું. *To* t.*to account, profit, advantage, or the like*: ફાયદા-નફાકારક થવું; કામ-ઉપયોગમાં આવવું; ઉપયોગી થઇ પડવું.*To* t.*round*:ફરીને રહેંણ ફેરવીને સામા ઉભા રહેવું-બેસવું; વિચાર ફેરવી સામી બાજુ જવું *To* t. *under*: નીચેથી-તળેથી વળવું; બેવડ વળી જવું. *To* t.*up*, (*a*) to bend or be doubled,upward:વળવું;બેવડ વળી જવું. (*b*)to appear;to occur; to happen: દેખાવું;બનવું;થવું; નિપજવું; નજરે પડવું. *To* t.*on or upon*: ઉતરી પડવું; સામું રહેંણએ મારવું. *n*. Revolution: ફેરો;ચક્કર;આંટો;પેચ; આવર્તન; આવૃતિ;ભ્રમણ; ફેર. *To* t. પુરેપુરૂ 2. Alteration; vicissitude (*as of the tide*):ફેરફાર; વલણ; ભેદ;ફેર; વૃત્તિ; દશા; ફેર; ભાવ; વિચિત્રતા;વૈચિત્ર્યવિકાર 3.A winding; a bend, a meander: વાંક; વલણ; ઝોક. 4. A short walk;a stroll:ફેરો;આંટો;ચક્કર;રપેટો;

ફેરો;ફેરી. 5. Successive course; appropriate time;due chance: લાગ;યોગ;વારો;ફેરો;પાળી;ખેપ;વેળા. 6. Incidental or opportune deed or office: બદલો; અવેજ. 7. Occasion;purpose;exigence:કામ;ગરજ; સગવડ;પ્રસંગ; તાકડો; અવસર; સમય; કાળ;ટાંચ.8.Form;cast; shape: સ્વરૂપ;આકાર; તરેહ; ઘાટણ; વલણ; બાની; મોડ;મરોડ; ઝોક; ડોળ. 9. A change of condition:વિકાર;રૂપ;ઉથલો;નઠારો ફેરફાર; બીગાડો. 10. A round of a rope or cord:આંટો.11.A pit sunk in some part of a drift: ખાણમાં પાડેલો ખાડો.12.Monthly courses; menses:અટકાવ;ઓપડી *A good* t.: ઉપકાર. *Ill* t.: અપકાર; અનિષ્ટ;માઠું; બુરું. *By* t.(*a*) One after another; alternately:એક પછી બીજો; વારા ફરતી.(*b*)At intervals;આંતરે આંતરે; વખતે વખતે; ગાળે ગાળે. *In* t: વારા ફરતી; વારો આવ્યો હોય ત્યારે. *To take* t.s, to alternate: એક પછી બીજું આવવું; ફેરબદલ કરવું *To take one's* t.પોતાનો વારો કરવો; પોતાનો વારો આવે ત્યારે કંઈ કરવું. T. *screw* a screw driver:ઈરસ્કું બેસાડવાનું ઓજાર; ચાવી; ચેચીયું.

Turn-coat,(ટર્નકોટ)*n.*A renegade ;an apostate: પોતાનો પક્ષ-વિચાર મુકી દેનાર; સ્વપક્ષત્યાગી; પાછડી પાછી ફેરવી બેસનાર.

Turner, (ટર્નર)*n.*A person who practises athletic or gymnastic exercises:કસરતી;પહેલવાન; મલ્લ. *n.* One whose occupation is to form articles with a lathe:ખરાદી; સંધાડીઓ; સરાણીઓ 2. A tumbler:બાટણ કબૂતર.

Turning,(ટર્નિન્ગ)*n.* A winding; a flexure,a meander:વાંક;ફંટો. 3. An angle or corner,as of a road રસ્તાનો ખૂણો વાંક; ખાંચો. 4. Deviation from the way or proper course: ખરે રસ્તેથી આડું જવું તે; વિમાર્ગે ગમન.4.Turnery: ઉતાર;સંઘાડા ઉપર ઉતરેલી ચીજો. 5. *pl.* The pieces or chips: કકડા; ચીપો;સંઘેડા ઉપર ઉતારેલી ચીજનો વહેર;વરખ; ભૂકા.

Turning-point,(ટર્નિન્ગ-પૉઈન્ટ) *n.* The point upon which a question turns and which decides a case: મુદ્દો; મૂળ મુદ્દાની વાત-બાબત જેના ઉપર કોઇ વાત-કિસ્સો આધાર રાખતો હોય એવી વાત.

Turnip, (ટર્નિપ) *n.* [L. *napus*] The edible,fleshy roundish, or somewhat conical, root of a cruciferous plant: એક જાતના કંદનો ગોળવો-ગોટ;શલગમ.

Turnkey,(ટર્નકી)*n.*A warder: કેદખાનાનો કીવિદાર.2.An instrument with a hinged claw:હાલેચ.વે એવા પંજાવાળું દાંત ખેંચી કાઢવાનું ઓજાર.

Turn out,(ટર્ન-આઉટ)*n.*A strike: હડતાલ;પાકી;એક સંપ.2. Equipage: સરંજામ; સરંજામ. 3 The net quantity of produce yielded: ઉતરેલો કુલ પાક;ઉત્પન્ન.

Turn over, (ટર્ન ઑવર) *n.* The total amount of sales in a business for a specified time:નાણાંની ઉથલપાથલ; અમુક મુદતની અંદર થએલું કુલ વેચાણ.

Turnpike,(ટર્નપાઇક)*n.* A turnstile:ખોડીબારૂ.2. A tollgate: નાકું લેવાનો દરવાજો;નાકું;નાકાં દરવાજો.3. A turnpike road: નાકાં બેસાડેલાં હોય એવો રસ્તો. 4. A winding stairway; મરોડાકાર દાદર ઉપર ચઢવાનો રસ્તો-દાદરાબારી.

Turnspit, (ટર્નસ્પિટ)*n.* One who turns a spit: હાંડી હાંડીયોયો;માંસ ભુંજીઓ; સીક ઉથલાવ્યા કરનાર. 2. (*Zool.*)A small breed of dogs: એક જાતનો નહાનો કૂતરો.

Turnstile,(ટર્નસ્ટાઇલ)*n.* A turnpike: ખોડીબારૂ.2. A similar arrangement for registering the number of persons passing through a gate way, doorway, or the like:કેટલાં માણસો ગયાં આવ્યાં તેનો હિસાબ રાખવા કરેલી તેવીજ ગોઠવણ;આરા સાંચો.

Turpentine,(ટર્પન્ટાઇન)*n.*A semi fluid or fluid oleoresin,primarily the exudation of the terebinth, or turpentine tree:ટર્પન્ટાઇન તેલ;નખતેલ.

Turpitude,(ટર્પિટ્યૂડ)*n.*[L.*turpis* foul.] Shameful wickedness; depravity: પાજીપણું; દુરાચાર; નીચપણું; દુષ્ટતા;દોષ; દુર્બુદ્ધિ;; પાપબુદ્ધિ.

Turquoise,(ટર્કોઇઝ)*n.* A calaite: ભૂરા રંગનું એક જાતનું ઝવેર; પીરોજ.*a.* Having light blue color: ભૂરા રંગનું.

Turret,(ટરેટ)*n.*[L.*turris*,a tower.]A little tower: કિલ્લાપરના મિનારો; કંગુરો; શિરો ગૃહ; પ્રાસાદ-શૃંગ-શિખર.2.A movable building of a square form:ચોકસ આકારની ખસેડી શકાય એવી ઇમારત.3. The elevated central portion of the roof of a passenger car:રેલવેની ઉતારૂ ગાડીના મથાળાનો ઉંચો ભાગ.

Turtle,(ટર્ટલ)*n.* Any one of the numerous species of Testudinata:કાચબો;કૂર્મ;કચ્છ;કાસવ.

Turtle-dove, (ટર્ટલ-ડવ) *n.* Any one of numerous species of pigeons:વિલાયતી હોલો-કબૂતર.

Turtle-shell,(ટર્ટલ-શેલ) *n.* The turtle cowrie:કચકડું રો.

Tush, Tut, (ટશ્-ટટ્) *interj.* An exclamation indicating check rebuke, or contempt:છિ! છિ! છિ! *n.*A tusk: લાંબો અણીદાર દાંત.

Tusk,(ટસ્ક) *n* One of the elongated incisor or canine teeth of the wild boar,elephant,etc: દાઢ;મોટો દાંત;દંતુશળ.2. A plough share: હળની કોશ. *vi* To bare or gnash the teeth:દાંત ખુલ્લા કરવા.કચડવા-ચકચાવવા;દાંતીઆ કરવા.

Tutelage,(ટ્યૂટેલેજ)*n* [L. *tutus*, I defend] Guardianship; protection: વાલીપણું; રક્ષણ; દેખરેખ; નિભેબાની; સાચવવું તે.2.The state of being under a guardian:સગીરી;રક્ષણીયત્વ;બાલ્યાવસ્થા.

Tutelar-ry(ટ્યૂટેલર્-લેરિ) *a.* [L. *tutela.*](Guardian;protecting: રક્ષણકારી;રક્ષણ કરનારૂ;રક્ષક;પાલક.

Tutor, (ટ્યૂટર) *n.*[L. *tutor*, I defend.](*a*)A treasurer;a keeper: ખજનચી.(*b*)A guardian: વાલી. (*c*) A private or public teacher: ખાનગી-સામાન્ય મહેતાજી શિક્ષક-ભણાવનાર;ગુરૂ;અધ્યાપક. (*d*) One who hears the lessons of and examines the students: ઉપગુરૂ; ઉપાધ્યાય; મુરીદ. *vt.* To teach; to instruct:શિખવવું;-ને શિક્ષણ આપવું;ના વાલી હોવું; વિદ્યા શિખવવી; ભણાવવું; ભણાવી રાખવું; શીખવવું.2. To play the tutor toward: મહેતાજીપણું કે ખાડવું; ઉપર સખ્તાઇ વાપરવી.

Tutorage,(ટ્યૂટરેજ)*n.*Tutorship; guardianship:રક્ષક;વાલીપણું.

Tutoress(ટ્યૂટરેસ્)*n.*An instructress: શિખવનારી-ભણાવનારી-સ્ત્રી; મહેતીજી;સ્ત્રીશિક્ષક.

Twaddle, (ટ્વૉડલ્) *vi. & vt.* To prate;to prattle: મનશક્તિ નબળી થઇ ગયેલી હોય તેની પેઠે બોલવું; ગાંડાની પેઠે લવવું;લવરી-લવારો કરવો.

Twain,(ટ્વેન)*a.& n.*Two:બે(ભાગ) *In twains*, in halves; in two parts:બે ભાગમાં.

Twang,(ટ્વૅન્ગ)*vi.&vt.* To sound with a quick, harsh noise:નો રણકારો-ટંકાર થવો-કરવો.*n.* A harsh, quick sound: રણકારો; ટણકારો; ટં

કાર. 2. A kind of nasal sound: એક જાતનો નાકમાંનો સાદ;ગુંજણાટ; ગણગણાટ.

Twattle, (ટ્વૉટ્લ્)*vi.* To prate; to gabble:લવરી કરવી;લવવું; બકવું. *vi.* To pet:લાડ લડાવવું. *n.* Idle talk twaddle:લવરી;બકવા;બકવાટ.

Tweak,(ટ્વીક્) *vt.* To pinch and pull with a sudden jerk and twist:-મચડવું; મરડવું. *n.* A sharp pinch or jerk;a twist or twitch થોડો ધક્કો-હડસેલો;ચૂંટ. 2. Trouble: distress: મહેનત; હૈરાનગતિ;દુઃખ. 3. A prostitute:પાતર; વેશ્યા; ગણિકા.

Tweed,(ટ્વીડ્)*n.* A soft and flexible fabric:હલકી બનાવટનું ઉનનું રંગીન કાપડ.

Tweedle,(ટ્વીડ્લ્) *vt.*To handle lightly: ધીમે રહીને વાપરવું-ખરચવું. To coax;to allure:લલચાવવું; પટાવવું; ફોસલાવીને ભોળવવું-સીસામાં ઉતારવું.2.To twist:વાળવું;આમળવું.

Tweezers,(ટ્વીઝર્સ્)*n. pl.* Small pinchers used to pluck out hair, and for other purposes: વાળ ચુંટવાનો નાનો ચીપિયો;ચીમટો

Twelfth, (ટ્વેલ્ફથ્)*a.* Coming after eleven others:બારમું.2. Constituting or being one of twelve equal parts, into which anything is divided:બારાંશ. *n.* The quotient of a unit divided by twelve: બારમો ભાગ; દ્વાદશાંશ. 2. The next in order after the eleventh: બારમું.

Twelve,(ટ્વેલ્વ્)*a.*One more than eleven; two and ten;a dozen: બાર.*n.*Twelve units or objects; a dozen:દ્વાદશ; બાર; ડજન. 2. A symbol representing twelve units:બારની સંખ્યા-આંક.

Twentieth,(ટ્વેન્ટિએથ્)*a.* Coming after nineteen others:વીસમું. *n.* The quotient of a unit divided by twenty: વીસાંશ; વિંશત્યંશ. 2. One coming after nineteen others:વીસમું. 3. The next in order after the nineteenth: વીસમું.

Twenty, (ટ્વેન્ટિ) *a.* One more than nineteen; twice ten: વીસ; કોડી 2. An indefinite number more or less than twenty: વીસ કરતા વધારે અથવા ઓછી અનિયમીત રકમ;દસવીસ;પંદરવીસ. *n.* A score: વીસની સંખ્યા;કોડી. 2.A symbol representing twenty units: વીસનો આંકડો.

Twice,(ટ્વાઇસ્)*adv.* Two times; once and again: બે વાર-વખત. 2. Doubly;in twofold quantity or degree: બમણું;બેવડું;દુપટ.

Twig,(ટ્વિગ્)*vi.*To twist:વાળવું.*vt.* To understand; to comprehend: સમજવું;લક્ષમાં આવવું;ધ્યાનમાં ઉતરવું. 2.To perceive; to discover:જોવું; નજરમાં લેવું. *n.* A small shoot or branch of a tree or other plant ઝાડની નાની ડાંખળી-ડાળી; પાંખીડ-ઉપશાખા.

Twilight, (ટ્વાઇલાઇટ્) *n.* Crepuscular light: ઝળઝળું;રહ્યો ચૂઝવું-મળગુંગળું અજવાળું ; સંધ્યા. 2. A faint light:ઝાંખો પ્રકાશ *a.* Seen or done by twilight : ઝળઝળાથી દેખાયલું કરેલું. 2.Shaded; obscure: છાયાવાળું;ગુપ્ત;ઢાંકયું.

Twill, (ટ્વિલ્)*vt.* To weave, as cloth,so as to produce the appearance of diagonal lines or ribs on the surface: સળીઓ પાડેલી જણાય એમ વણવું. *n.* An appearance of diagonal lines or ribs produced in textile fabrics વણેલા કપડામાં સળીઓ પાડેલી દેખાવી તે.2. A fabric woven with a twill: પાંસળી-સળીદાર કપડું.

Twin(ટ્વિન્)*a.* Being one of two born at a birth:બે જોડે જન્મેલા હોય તે માનું જોડકું 2 Being one of a pair much resembling one another: એક બીજાને ઘણીજ મળતી આવતી બે ચીજોમાંનું એક હોય એવું; એકજ મગની ફાડ.*n.* One of two produced at a birth:સાથે જન્મેલા બેમાંનું એક;જોડ;જોડકું,જોડવાનું એક.2.*pl.* (*Astron*) Gemini:મિથુન રાશી. 3 A person or thing that colsely resembles another: એકજ મગની ફાડ. *vi.* To bring forth twins: જોડ-જોડકું જણવું. 2. To be born at the same time:એકજ વખતે-જન્મે જન્મવું. *vt.* To cause to be twins, or like twins in any way : કોઇ પણ રીતે જોડવું-જોડકા જેવું બનાવવું. 2.To divide :- બે ભાગ પાડવા-કરવા. *vi.*To depart from a place or thing : કોઈ જગ્યા અથવા વસ્તુ મુકીને જવું.

Twine,(ટ્વાઇન્)*n.*A twist;a convolution: વળ;આમળો; પેચ. 2. A small cord or twine : વણેલી દોરી; સુતળી. 3.The act of twining or winding round : વળ-આમળો ચઢાવવો તે.T. *reeler*: ફરકડી; રૂયુલ. *vt.* To twist together; to wreathe: વણવું;માગવું. 2. To wind, as one thread around another: વિંટાળી લેવું. 3 To embrace; to entwine: ને વિંટળાઇ વસવું;-ની આસપાસ ફરી વળવું. 4 To change the direction of:-ની દિશા બદલવી. 5. To mingle;to mix:ભેગું-મિશ્રિત કરવું. *vi.* To mutually mix together: વિંટાવું; વિંટાઇ જવું; ગુંફેદાઇ-ગુંચવાઇ જવું;લપેટાવું.2 To wind; to bend; to meander: વળવું;આગળથી વાંકા થવું;આડા અવળા જવું.3.To revolve: ની આસપાસ ફરવું; નું પરિભ્રમણ કરવું. 4. To climb spirally: ગોળ ફરતાં ઉંચે ચઢવું

Twinge, (ટ્વિન્જ્) *vt.* To pull with a twitch;to pinch; to tweak; પકડીને-આમળીને ખેંચવું. 2. To affect with sharp,sudden pain: ચટકવું;ચટકો દેવો ચટકો લાગે-ચૂળ નાંખે એમ કરવું. *vi.* To have a sudden, sharplocal pain, like a twitch: ચટકો લાગવો;ને ચૂળ-ચસકો-ચસક આવવી.*n.* A pinch; a tweak;a twitch:વળ.આમળો.2 A sudden,sharp pain:ચૂળ;તાલ;વેદના;ચસકો;ચસક;હીક

Twinkle,(ટ્વિન્ક્લ્)*vi* To blind; to wink: આંખના પલકારા મારવા આંખ મીચવી ઉઘાડવી-મારવી. 2. To sparkle: ચમકવું; ચમકારો-ઝબકારો થવો; ચળકાટ થવો; ચળક ચળક કરવું. *n.* A wink or sparkle of the eye: આંખનો પલકારો; નિમિષ. 2. A brief flash or gleam: થોડો વખત રહે એવો ચમકારો;ઝબકારો; ઝમક.3.A moment: આંખનો પલકારો મરાય એટલો વખત;પળ;ઘડી;ક્ષણ.

Twinkling, (ટ્વિન્ક્લિન્ગ્) *n.* A wink:આંખનો પલકારો; નિમિષ. 2. A sparkling:ચળકાટ;ચમકારો;ઝમકારો; ઝબકો.3.The time of a wink; a moment: આંખનો પલકારો મરાય તેટલોવખત;પળ; નિમિષોન્મેષ;નિમિષમાત્ર; ક્ષણ;પલક.

Twirl,(ટ્વર્લ્)*vt.*To move or turn round rapidly;to whirl round: ચક્કર-ચાકપર ચઢાવવું-ફેરવવું. *vi.* To revolve with rapidity: ચક્કર-ચાકપર ચઢવું; ચકર ચકર ફરવું; ચાક ચઢવું. *n.*A whirl or whirling:ચક્કર-ચાકપર ચઢાવવું તે; ચાક. 2 A twist; a convolution:વળ-આમળો

Twist,(ટ્વિસ્ટ્)*vt.* To contort;to writhe: આમળવું;મરડવું;-ને વળ-આમળા દેવા ચઢાવવા.2. To turn from the true form or meaning; to pervert:-નો મરડી-મચડીને ઉંધો-અવળો અર્થ કરવો. 3. To wreathe; to

encircle: ની આસપાસ વિંટાળવું; લપેટવું;-ની આસપાસ વિંટળાઇ વળવું-જવું-વીંટલાઇ-લપેટાઇ જવું.4. To wind into;to insinuate:-માં પેસી-ઘુસી જવું.5.To unite by winding one thread,strand or other flexible substance,round another:વણવું; ભાગવું;દોરો તાંતણો ૬૦; કાંતવું. 6 To wreathe; to make up: તૈયાર ૬૦; બનાવવું; વણી કાઢવું; ગોઠી કાઢવું; ઉભુ કરવું. *vi.* 1. To be contorted; to wreathe: વળવું; વળાવું-ઝમળાવું;-ને વળ-આમળા ચઢવા. 2. To follow a a helical or spiral course;to be in the form of a helix:ગોળ ઝમળાતા-પેચની માફક ફરવું-જવું. *n.* A contortion;a flexure:વળ;આમળો; પેચ.2.The form given in twisting: વળ-આમળો ચઢાવ્યાથી થયેલો આકાર; વળ; આમળો; પેચ. (*a*) A kind of closely twisted strong sewing silk: ભરત ભરવાની રેશમની આટી-દોરી. (*b*) A kind of cotton yarn of several varieties: જાત જાતનું રૂનુ સુતર.(*c*) A roll,of twisted; dough baked:ચોપડું;બે પડી રોટલી. (*d*) A little twisted roll of tobacco: તમાકુની ગોટી-નુગડીઉ. 4. A twig: ડાળી;ડાંખળી;શાખા.

Twit, (ટિવટ્) *vt.* To revile;to reproach;to upbraid; to taunt:-ને કશાનું ન્હેણું મારવું;ને ન્હોચે મારવું; ગુન્હો-વાંક-દુઃખ યાદ દેવડાવીને દમવું રડાવવું;પીડવું.

Twitch, (ટિવચ્) *vt* To snatch: ઝુંટી લેવું;જોરથી આંચકો-અછાટ મારીને ખેંચી લેવું;ઝટકવું;છટકાવવું; ઝુંટાવવું. *n* A pull with a jerk:આંચકો;અછાટ. 2.A simple muscular contraction: ખેંચાવો;મૂળ;કળતર;ખેંચ;હીક.

Twitter, (ટિવટર્) *vt.* To make a succession of small; tremulous intermitted noises: ચીંચીં-કિલબિલ કિલબિલ ૬૦;ચકચક ૬૦. 2. To titter;to giggle: ઠીઠી હસવું; ઠીઠીયે ૬૦.3.To be excited or agitated ઉશ્કેરાવું; ધુવાપુવા થવું-વ્યગ્ર થવું. *vt.* To utter with a twitter: કલબલ કલબલ બોલવું.*n.* A small, tremulous intermitted noise, as that made by a swallow: ચલિયાની બોલી;ચીંચી; ચકચક;ચકચકાર; કિલબિલ. 2.A titter;a giggle:ઠીઠી-ઠીઠીઠીઠી હસવું તે;ઠિઠિયો. 3.A slight trembling or agitation of the nerves: કંપ;ધ્રુજારી;ચમક.

Two,(ટૂ)*a* [L *duo.*]One and one; twice one:બે;દ્વી. *One or t.* ત્રેક બે; એકાદ બે. *n.* The sum of one and one; two units, or objects: બે. 2 A symbol representing two units: બેનો આંકડો; બગડો. *In t.* in two parts: બે ભાગમાં;બદું.

Twofold,(ટૂફોલ્ડ)*a.*Double; duplicate: બમણું; બેવડું;દુપટ;દ્વિગુણ.*adv.* In a double degree,doubly:બેગણું

Two-handed,(ટૂ-હૅન્ડેડ) *a.* Having two hands: બે હાથ-જુજવાળું; દ્વિભુજ. 2. Used with both hands બે હાથથી વપરાય એવું વપરાતું. 2. Ambidextrous:બન્ને હાથ સારી રીત્યે વાપરી શકે તેવું

Tying,(ટાઇગ્)*p.pr.*of**Tie,** બાંધતો; બાંધીને.2.*n* The act or process of washing ores in a buddle: લાકડાના ચોરસ માંચડામાં અશુદ્ધ ધાતુઓ ધોવી તે.

Tymbal,(ટિમ્બૅલ્) *n* A kind of kettle drum. એક જાતનું નગારૂં.

Tympan,(ટિમ્પૅન્)*n.* [L. *timpanum,*a kettle drum.] A drum: ઢોલ 2. A panel; a tympanum: પાટિયું;તકતી.

Tympanum, (ટિમ્પૅનમ્)*n.*[L.*tympanum.*] (*a*)The ear drum, or middle ear:કાનનો પડદો. (*b*) A chamber in the anterior part of the syrinx of birds: પક્ષીઓની અંદરનો પડદો. 2. A drum-shaped wheel with spirally curved partitions:ઢોલના આકારનું દોરા પાડેલા પડદાવાળું પૈડું.

Type,(ટાઇપ્)[L.*typus,* a figure.] Stamp;impressed sign;emblem (કથાની)છાપ; નિશાની;ચિન્હ.2. Style; semblance: ઢબ; દેખાવ; રૂપ; લક્ષણ. 3.A token;a sign;a symbol : નમુનો; પ્રત; પૂર્વસ્વરૂપ; પ્રતિબિંબ;દર્શક ચિન્હ.4. (*a*) A general form or structure common to a number of individuals: પ્રકાર;જાતિ;ભાવના; સ્વરૂપ;પ્રતિમા;-નો અવતાર.(*b*) The design on the face of a medal or a coin: છાપ;નમુનો; પ્રતિરૂપ. (*c*) That which combines the characteristic qualities:નમુનો; જે ઉપરથી કોઈ અમુક જાતિના બધાં ઓળખાય એવો દાખલો; દાખલો લેવા જેવું કંઇ. (*d*) કોઇ હોનાર વસ્તુ કે પ્રાણીનું આગળથી જણાએલું સ્વરૂપ;પૂર્વ સ્વરૂપ. 5.A raised letter,figure,accent or other character,cast in metal or cut in wood, used in printing: બીબું; મુદ્રા; છાપ; ટાઇપો.

Type-setter, (ટાઇપ્-સેટર્) *n.* A compositor: બીબાં ગોઠવનાર;કંપોઝ કરનાર;કંપોઝીટર.

Typhlitis,(ટિફ્લાઇટિસ્)*n.*Inflammation of the cœcum : આંતરડામાં થતો સોજો-વરમ.

Typhoid,(ટાઇફૉઇડ્)*a.* Of or pertaining to typhus; resembling typhus: સન્નેપાત સંબંધીનું-ના જેવું; કાળ-જ્વરનું. **T.***fever,* enteric fever: સન્નેપાત;કાળજ્વર.

Tyhoon,(ટાઇફૂન્)*n.*[Gr.*typhon.*] A violent whirlwind: જબરો ફરિયાદ વંટોળ;તોફાન.

Typhus,(ટાઇફસ્)*n.*[Gr. *tupho,*to stupify.] A contagious continued fever:ચૌદ કે એકવીસ દીવસનો તાવ;જેથી અતિશય કમજોરી આવે તેવો તાવ;કાળજ્વર.

Typical,(ટિપિકૅલ્)*a.*[L *typicus.*] Emblematic: ચીન્હસ્વરૂપ; સ્વરૂપ નિશાની બતાવી આપનારૂં; બોધક; સૂચક; સાંકેતિક; લાક્ષણિક. 2. Combining or exhibiting the essential characteristics of a group:સમુદાયનાં-આવશ્યક અંગોવાળું;એકજ અવતારરૂપ;તાદૃષ્ય;નમુના-દાખલારૂપ

Typify,(ટિપિફાઇ)*vt.*To represent by an image, form, model, or resemblance:-ના અસલ સ્વરૂપની નિશાની-ચિન્હ દેખાડવું; લક્ષણ-ચિન્હ. પ્રતિરૂપથી બતાવવું-સૂચવવું.

Typo,(ટાઇપો)*n.*A compositor: બીબાં ગોઠવનાર;કંપોઝ કરનાર; કંપોઝીટર.

Tyographer,(ટાઇપૉગ્રૅફર્) *n.* A printer:છાપખાનાવાળો;છાપનાર.

Typography,(ટાઇપૉગ્રૅફિ)*n.*Emblematic or hieroglyphic representation: મુદ્રાંકન 2. The art of printing with types: બીબાંથી છાપવાની કળા.

Tyrannic-cal(ટાઇરૅનિક્-કૅલ્)*a.*Imperious;despotic;cruel;arbitrary:જુલમીનું-સંબંધી; નિરંકુશ; જુલમ કરેલું-ગાર;જુલમી;પ્રબળપીડક; પ્રબળ પદવી.

Tyrannicide,(ટાઇરૅનિસાઇડ્)*n.* [L. *tyrannus,* a tyrant & *cado,* I kill.] The act of killing a tyrant: જુલમીને મારો નાંખવું તે-નાંખવાનું કામ 2 One who kills a tyrant:જુલમી રાજાનું ખુન કરનાર.

Tyrannize, (ટિરૅનાઇઝ્) *vt* To exercise arbitrary power:દુઃખ દેવું; જુલમ ૬૦-ગુજારવો;પીડા ૬૦.

Tyanny, (ટિરૅનિ) *n.* [L. *tyrannis*] The government or authority of a tyrant: જુલમી રાજ્ય અથવા સત્તા; સ્વતંત્ર રાજ્ય; અનિર્બંધ-રાજ્ય;પ્રબળ પીડન;પ્રબળપદવ. 2. Cruel government or discipline:સખ્તા-

ઇ;જુલમ;નિર્દયતા;જબરદસ્તી;જોરાવરી; ક્રૂરતા;ગજબ.3.Severity;rigor;inclemency:સખ્તાઈ;કડકાય;ગજબ.

Tyrant,(ટાઇરન્ટ્)*n.*]L.*tyranus.*] An absolute ruler;a sovereign unrestrained by law or constitution:નિરંકુશ-સ્વતંત્ર રાજા;મુખ્ત્યાર રાજા.2.A cruel master;an oppressor: જુલમગારી;જુલમી;પ્રબળ પીડક;જહાંગીરી નવાબી ચલાવનાર.

Tyrian,(ટિરિઅન્)*a.* [L. *Tyrus,* Tyre.]Of or pertaining to Tyre or its people: ટાયર શહેર અથવા ત્યાંના લોકો સંબંધી-વિષે-નું.2. Being of the color called Tyrian purple: જાંબુડીઆ રંગનું.*n.* A native of Tyre: ટાયર શહેરનો રહેવાશી.

Tyro,(ટાયરો)*n.pl.***Tyros.**A beginner in learning;a novice: શીખાઉ;નવો નિશાળીઓ;નૂતન અભ્યાસી.

U.

U,(યુ)The twenty first letter of the English alphabet:ઇંગ્રેજી મૂળાક્ષરનો એકવીસમો અક્ષર.

Ubiquit-ary-ous,(યૂબિકિવિટ્-ટૅરિ-ટસ્)*a.*Omnipresent:સર્વત્ર હોનાર; સર્વવ્યાપક;સર્વવ્યાપી;સાર્વત્રિક; વિશ્વવ્યાપક;સર્વગત.

Ubiquity,(યૂબિકિવિટિ)*n* [L. *ubique,* everywhere.] Omnipresence:સર્વ ઠેકાણે હોવું તે;વિશ્વવ્યાપ્તિ; અભિવ્યાપ્તિ;વિશ્વવ્યાપકત્વ.

Udder,(અડર્)*n.* The glandular organ in which mllk is secreted and stored:આંચળ; થાન;પાખર બાલું;ઓડણ.2.One of the breasts of a woman: થાન;સ્તન;ધાઇ.

Ugliness,(અગ્લિનેસ્)*n* The quality or state of being ugly:બદસુરતી;બદશીકલ;બેડોળપણું;કુરૂપતા.

Ugly,(અગ્લિ) *a.* Deformed: unsightly;repulsive:કુરૂપ;કદરૂપ;બેડોળ; બદસુરત;વિરૂપ;વિકૃતાંગ;રૂપહીન.2. Illnatured;quarrelsome: ખરાબસ્વભાવવાળું; કજીઆખોર;ચીડીયું; તામસી; લડવાડીયું.3.Disagreeable: કંટાળો પમાડે તેવું;અપ્રિય; કુત્સિત;નિંદ્ય;ખરાબ. *vt.*To make ugly: કુરૂપ કરવું; કદરૂપું કરવું;બેડોળ કરવું.

Ukase,(યૂકેસ્)*n.*In Russia a published proclamation or imperial order having the force of law: રશિઆમાં બાદશાહી હુકમ જાહેરનામું-આજ્ઞાપત્ર-ફરમાન.

Ulcer,(અલ્સર્)*n.* [L. *ulcus.*] A sore discharging pus: ભગંદર; નાસુર;વ્રણ;ક્ષત;વિદ્રધિ; ચાંદિ.કું; ગુંમકું;ટાંકી.2.A vice in character: દુર્ગુણ.

Ulcerate, (અલ્સરેટ્) *vi.* To be formed into an ulcer:-માં નાસુર પડવું;ચાંદી-ટાંકી વ્રણ પડવો. *vt.* To affect with an ulcer:-ને ચાંદી-ગુંમકું થવું.

Ulceration,(અલ્સરેશન્)*n.*Ulcer: નાસુર-સડો2.The process of ulcerating: ચાંદુ પડવું-થવું તે.

Ulcerous, (અલ્સરસ્)*a.* Having the nature or character of an ulcer:નાસુર-ભગંદર જેવું;જેમાં નાસુર-ચાંદી પડેલું હોય એવું. 2. Ulcerated: પરૂ-પાચથી ભરેલું.

Ulterior,(અલ્ટીરિઅર્)*a.*[L.*ultra,* beyond.] Situated beyond; પેલી પારનું;સામેનું;તહીંનું.2. Further remote:બીજું ;હવે પછીનું;છેવટનું; અગાડીનું.*n.* Ulterior side or part: ઉત્તર-અપર ભાગ-બાજુ.

Ultima,(અલ્ટિમા)*n.*The last syllable of a word: શબ્દનો છેલ્લો-ભાગ-પદ.

Ultimate, (અલ્ટિમેટ્) *a.* [L.*ultimus,*last.]Farthest; last; final: આખરનું;છેવટનું;છેલ્લું.2. Final: છેવટનું;મુખ્ય;આખરનું; છેલ્લું; અંતનું;પરિણામી.3.Constituent; elemental: અંશનું;તત્વભૂતનું; તત્વભૂત. *The* u. limit:છેલ્લી હદ. *vt & i.* To end: અંત આવવો; આખર-છેડો લાવવો. 2. To come or bring into use: ઉપયોગમાં આવવું-લાવવું.

Ultimately,(અલ્ટિમેટ્લિ)*adv.*At last;in the end:છેલ્લે;છેવટે;આખરે; અંતે;છેલ્લે સરવાળે;પરિણામે.

Ultimatum,(અલ્ટિમેટમ્) *n. pl.* **Ultimata.**A final proposition છેલ્લી બોલી-શરત; અંત્યપ્રતિજ્ઞા-

Ultimo,(અલ્ટીમો)*a* Last, as distinguished from the current or any other month:છેલ્લોચાલુ, માસ કે બીજા કોઇ માસની પેહેલાનો.

Ultra(અલ્ટ્રે)*a.*Extreme; fanatical: અત્યંત;જબ્બર; છેલ્લે પાટલે બેઠેલું; હદ્દ-ડવું;ખરેખરું; અતિ; અતિશય;પરાકાષ્ટાનું. *n.*An extremist; a radical: અતિશય ફેરફાર કરવાનો મત ધરાવનાર.

Ultramarine,(અલ્ટ્રમરીન્)*a* [L. *ultra,* beyond and *marinus,* marine.] Situated beyond the sea:દરીઆની પેલી તરફનું;દરિઆપારનું.

Ultramontane,(અલ્ટ્રમૉન્ટેન્)*a.* [L *ultra,* beyond and *mons,* a mountain.]Being beyond the mountain: પહાડની પેલી પારનું; આલ્પ્સ પર્વતની પેલી તરફનું *n.* A foreigner: પહાડની પેલી પાર રહેનાર;પહાડી;પરદેશ. 2. One who maintains extreme views favoring the Pope's supremacy: પોપની સર્વોપરી સત્તા જે એવો મત ધરાવનાર.

Ultramundane, (અલ્ટ્રમન્ડેન્) *a.* Being beyond the world: આદુનીઆપારનું;પરલૌકિક.

Umbel,(અમ્બેલ્)*n.*[L.*umbella,* a little shadow]A kind of flower cluster: માથામાં ધારવાની ફુલની વેણી;ફલગી;તોરો;ગુચ્છો.

Umbilic,Umbilical, (અમ્બિલિક્-કૅલ્)*a.* Of or pertaining to an umbilicus or umbilical cord: નાભી-નાલ-નાયડા સંબંધી. **U.** *cord,* the naval string:નાભિ;નાલ;નાભડો. **U.***region:* પેટનો વચલો ભાગ; નાભિ.

Umbles,(અમ્બલ્સ્)*n.*The entrails and coarser part of a deer;hence sometimes, entrails,in general::હરણનાં આંતરડાં;આંતરડાં.

Umbra,(અમ્બ્રે)*n.*[L, *pl.* **Umbræ** (*a*)The conical shadow projected from a planet:છાંયો; પડછાયો; ડાધા. (*b*) The central dark portion of a sunspot: સૂર્યના ડાધાનો વચલો કાળો ભાગ. (*c*) The fainter part of a sun spot: સૂર્યના ડાધાનો આછો ભાગ.

Umbrage,(અમ્બ્રેજ્)*n.*[L. *umbra,* a shade] Shade; shadow; obscurity:ઘટા;છાંયો;છાયા.2. Shadow: છાંયા;આભાસ. 2. Offence; resentment:ધતરાજી; ના ખુશી;ગુસ્સો;અપ્રિતિ; ગેરમરજી;અસંતોષ;અપરાધ; દોષ; માઠું-ખોટું લાગવું તે;કડવું પડવું તે;ના ખુશી;ગેરમરજી.*To take* u.: ખોટું લગાડવું; માઠું લાગવું;ગુસ્સે થવું;ચિડાવું;કડવું-વાંકું પાડવું.

Umbrageous, (અમ્બ્રેજસ્)*a.*Shady;shaded:છાંયાવાળી; ઘટાવાળી; છાંયાદાર;ઘટાદાર. 2. Obscure: અંધકારમય; અંધારવાળું. 3. Feeling jealousy:ગુસ્સો ચઢે એવું.

Umbrella,(અમ્બ્રેલ્લ) *n.* A shade for shelter:છત્રી;છત્ર;છત્તર.*State* u.: આબદારગિરી.

Umpirage, (અમ્પાઇરેજ્) *n.* The office of an umpire: લવાદગીરી; લવાદી; મધ્યસ્થતા;ફેસલો આપવાનો હક-સત્તા અથવા અધિકાર. 2. Arbitrament: ફેસલો;ચુકાદો;નિવેડો;લવાદ.

Umpire,(અમ્પાઇર્) *n.* [L. *par,* equal.]A person to whose sole decision a controversy or question between parties is referred:મધ્યસ્થ;લવાદ;પંચ;અમીન; ત્રાહિ

ત;સરપંચ.2.(*Law.*)A third person who is to decide a question submitted to arbitrators in case of their disagreement:સવાદ:પંચ.*vb.*To decide as umpire: ત્રાહીત થઇને ચુકાદો ક૦. 2. To perform the duties of an umpire: સવાદનું કામ ક૦ *vi.* To act as an arbitrator: સવાદ થઈને મત આપવો.

Un,(અન્)An inseparable verbal prefix or particle: છૂટો ન પાડી શકાય એવો ક્રિયાપદનો ઉપસર્ગ. 2. An inseparable prefix or particle signifying *not*: નકારદર્શક પ્રત્યય; ગૂજરાતીમાં અ, અન, અણ,ના, નિ, ગેર, વગર,બે,એવા ઉપસર્ગ લગાડીને તેનો અર્થ કરવામા ઠીક પડે છે.

Unable, (અનેબલ) *a.* Not able; weak; helpless; impotent: અશક્ત;અસમર્થ;શક્તિ વગરનું. *To be* **u** : શકવું નહિ.

Unabridged,(અનબ્રિજ્ડ) *a.* Full; complete;entire: સંક્ષેપમાં નહિ કરેલું;સપૂર્ણ; સંક્ષિપ્ત;આખું.

Un-accented, (અનએક્સેન્ટેડ) *a.* Not having the accent:સ્વર ચિન્હ વગરનું.

Unacceptable,(અનએક્સેપ્ટેબલ) *a.*Disagreeable; offensive: કબૂલ ન થાય એવું;નાપસંદ;અસ્વીકાર્ય; અમાન્ય;અગ્રાહ્ય;નામંજુર;અગ્રહણીય.

Unaccommodating, (અનએક્કોમ્મેડેટિન્ગ્)*a.*Not ready to oblige; unsuiting: નિરુપયોગી; નિરર્થક;બીજાનું મન રાખે નહિ એવું; પારકાની ઇચ્છાની પ્રમાણ ન કરે એવુ.

Unaccompanied, (અનએક્કમ્પનિડ)*a.* Not attended;single: સાથ વિનાનું;એકલું;અસહાય.

Unaccomplished(અનએક્કોમ્પ્લિશ્ડ) *a.* Unfinished; unrefined: અપૂર્ણ;અધુરું;અપ્રવીણ;અસંપન્ન; અપ્રવીણ કળામા; અસમાપ્ત.

Unaccountable (અનએકાઉન્ટેબલ) *a.* Not responsible; free from control:સમજાય નહિ એવું; ગૂઢ;ગહન; જવાબદાર નહિ એવું;જેનું કારણ જડે નહિ એવું.2.Strange; inexplicable; mysterious:જેનું કારણ જડે નહિ એવું;અનિર્વાચ્ય;ગૂઢ;ગહન.

Unaccountably(અનએકાઉન્ટેબ્લિ) *ad.*Inexplicably: સમજાય નહિ એવી રીતે;વગર કારણે.

Unaccustomed,(અનએક્કસ્ટમ્ડ)*a.* Unused;not habituated: ટેવ-મહાવરો ન હોય એવું; અનભ્યાસી; નહિ વપરાએલું; અણઘડ. 2.Strange; new: અપરિચિત;વિલક્ષણ.

Unacknowledged,(અનએકનૉલેજ્ડ)*a.*Not owned; not confessed:અસ્વીકૃત;કબૂલ માન્ય નહિ કરેલું.

Unacquainted, (અનએક્વેન્ટેડ)*a.* Not acquainted: અજાણ્યું; ગેરમાહિત;-ના વાકેફગાર;ગેરવાકેફગાર.(With a pers.):-ને કોઇની ઓળખાણ નહીં હોય એવું. 2.Strange: વિલક્ષણ; અપરિચિત.

Unadjusted, (અનએડજસ્ટેડ) *a.* Unsettled:નહિ પતાવેલું; જેનો તોડનિવેડો-ચુકાદો થયો ન હોય એવું.

Unadorned, (અનએડોર્ન્ડ)*a.* Not adorned: શણગારેલું નહિ એવું;સાદું; અમૂષિત;અલંકાર રહિત-શૂન્ય-હીન.

Unadvisable,(અનએડવાઇઝબલ્)*a* Not advisable; inexpedient: અયોગ્ય;અનુચિત;નાલાયક;અપ્રશસ્ત;અનિષ્ટ.

Unadvised,(અનએડવાઇઝ્ડ)*a.*Ill-advised:વગર વિચાર્યું; કાચા વિચારનું. 2.Wanton;rash:અવિચારી; અવિવેકી;અણસમજુ;ઉછાંછળું;સાહસિક;ઉતાવળથી કીધેલું; કાચા વિચારનું.

Unadulterated, (અનએડલ્ટરેટેડ) *a.*Not adulterated:ભેળસેળ વગરનું;અમિશ્રિત;અદૂષિત;નિર્મળ;ચોખ્ખું.

Unaffected,ly,ness,(અનએફેક્ટેડ)*a* Destitute of affection or emotion; uninfluenced: અવિકૃત; નિર્વિકાર; અસર વિનાનું;કઠણ હૈયાનું; જેને કંઇ લાગ્યું ન હોય એવું. 2. Plain; simple; natural:સ્વાભાવિક;કુદરતી; સાદું;સરળ.3 Real;genuine;sincere: ખરું; અકૃત્રિમ અન્તઃકરણનું.

Unaffectedly(અનએફેક્ટેડ્લિ)*adv* Really: ખરેખર;ઢોંગ વગર; અકૃત્રિમ.

Unaided,(અનએડેડ)*a.*Incapable of being aided: મદદ વગરનું; એકલું; અસહાય;એકલાનું;પોતાનું. (pers.):-ને સહાય-મદદ મળતી નથી-મળી ન હોય-મળે નહિ એવું.

Unallied,(અનએલાઇડ)*a.*Not allied:સબધ-મિત્રાચારી નહિ હોય એવું.

Unalloyed,(અનએલ્લોઇડ્)*a.* Unmixed;pure: ભેળ-ભેળવણી વગરનું; ચોખ્ખું;નર્યું; નરદમ;અમિશ્રિત.

Unalterable, (અનઓલ્ટરેબલ) *a.* Unchangeable;immutable: ફેરવાય-બદલાયનહીં એવું;

Unambitious, (અનએમ્બિશ્યસ્) *a.* Not ambitious:મોટી હોમ ન રાખવું.

Unamiable, (અનએમિએબલ) *a.* Morose; ill-natured: રહેવા ન ગમે એવું; મીલનસાર-મળતાવડું નહી એવું; ચિઢિયું;પ્રીત્યયે.ગ્ય.

Unanimated, (અનએનિમેટેડ) *a.* Inanimate: નિર્જીવ;અપ્રાણ; અજીવ; અચેતન.2.Spiritless:નિર્જીવ; નિસ્તેજ;નિરસ;દમ વગરનું.

Uuanimity, (યૂનનિમિટિ) *n.* The quality or state of being unanimous:એકઠાપણું;એક મત; સંપ; એક્કો; એકય;એકી;એકચિત્તતા;સર્વાનુમત.

Unanimous, (યૂનનિમસ્) *a.* [L. *unus*, one & *animus*, mind.] Being of one mind:એકમત-ચિત્ત હીલ;સંપ;સમભાવ.2. Formed with unanimity:એકમતી;સર્વસંમત.

Unanimously,(યૂનનિમસ્લિ)*adv.* With entire agreement of mind:એકમતે;સર્વાનુમતે;એક મતથી; એક દીલથી.

Unannounced, (અનએનાઉન્સ્ડ)*a.* Undeclared:જાહેર કર્યા વગરનું;અપ્રસિદ્ધ

Unanswerable, (અનએન્સરેબલ) *a.*Decisive;conclusive:જેનો ઉત્તર અપાય નહિ એવું;નિરુત્તર;અશકનીય.

Unapparent, (અનએપેરેન્ટ્) *a.* That can not be seen: દેખાય નહિ એવું;અદૃશ્ય;અસ્પષ્ટ;અવ્યક્ત;અપ્રકટ.

Unappeasable,(અનએપીઝેબલ) *a.*Not placable:અશાન્ય;અસાત્વનીય.

Unappreciated(અનએપ્રીશિએટેડ) *a* Not duly estimated or valued બરોબર કિમત ન થઇ નહિ થયેલું

Unapproachable, (અનએપ્રોચેબલ્)*a.*Inaccessible:પાસે જઇ શકાય નહિ તેવું;અગમ્ય;અગમનીય;દુર્ગમ્ય; અગતવ્ય; અનાગમ્ય.(fig)જેને પહોચાય-પહોંચી શકાય-નહિ એવું અનુપમ-અતુલ્ય.

Unapproached, (અનએપ્રોચ્ડ) *a.* Not to be approached: અનાગત. 2.Impossible to be approached: જ્યાં જેને પહોંચી શકાય નહિ એવું

Unappropriated, (અનએપ્રોપ્રિએટેડ)*a.*Not specially appropriated:બરાબર નહિ એવું.2. Not granted to any person: અમુક માણસને નહિ આપેલું તેવું;નધણિયું; ધણી વગરનું.3.*Not* granted for,or applied to any specific purpose:પડી રહેલું.

Unapt,(અનએપ્ટ્) *a.* Slow; dull: મંદ;જડબુદ્ધીનું;અચતુર. 2. Unsuitable;inappropriate;unfit:અનુપયોગી;અનુપયુક્ત;લાગુ ન પડતું;અયોગ્ય;નાલાયક.3. Not disposed: અસિદ્ધ. 4.*Not* ready or propense: તૈયાર નહિ-(કંઇ) ન કરે એવું.

Unarmed,(અનઆર્મ્ડ)*a. Not* armed: હથિયાર વગરનું; બિન હથિયાર; અશસ્ત્ર; શસ્ત્રહીન-શૂન્ય.

Unashamed,(અનએશેમ્ડ)*a. Not* ashamed:નહિ શરમાયેલું;નિર્લજ.

Unascertained (અનએસર્ટેન્ડ)*a.* Uncertain: અનિશ્ચિત;તપાસ ન કરેલું; અનિર્ણીત;અનિર્વારિત.

Unasked, (અન્અૅસ્કડ્) *a.* Not asked: માગેલું નહિ એવું; પુછયા વગરનું; અમાચિત;અપ્રાર્થિત;વગર પુછયું.

Unaspirated, (અન્અૅસ્પિરેટેડ્) *a.* Not aspirated: અલ્પ પ્રાણી.

Unaspiring, (અન્અૅસ્પાયરિંગ્) *a* Not ambitious: મહોટી ઉમેદ ન રાખનું; ઉદ્યોગી ન હોય એવું.

Unassailable, (અન્અૅસ્સેલેબલ્) *a.* That can not be assaulted:એકાએક;હુમલો ચઢાઇ થઇ શકે નહિ તેવું.

Unassisted, (અન્અૅસ્સિસ્ટેડ્) *a.* Alone;helpless: એકલું; મદદ વગરનું; અસહાય;સહાય વગરનું.

Unassuming, (અન્અૅસ્સ્યૂમિન્ગ્) *a.* Modest;humble: વિનયવાળું; વિનયશીળ;નમ્ર;અનહંકારી; મર્યાદશીલ; નિરાભિમાની;અભિમાન રહિત.

Unatoned, (અન્અૅટોન્ડ્) *a.* Not expiated:જેનું પ્રાયશ્ચિત થયું નથી એવું.

Unattached, (અન્અૅટૅચ્ડ્) *a.* Not closely adhering; free: સામેલ નહિ એવું;વેગળું; અલગ. 2. Not assigned to any company: કોઇ ટોળી-ટુકડીને માટે નિર્માણ નહિ કરેલું નહિ આપેલું.3. Not taken or arrested:જપ્ત નહિ કરેલું.

Unattainable, (અન્અૅટેનબલ્) *a.* Incapable of getting: અપ્રાપ્ય; અલભ્ય;અસાધ્ય;અગમ્ય;દુઃસાધ્ય;દુર્ગમ.

Unattempted, (અન્અૅટેમ્પ્ટેડ્) *a.* Not attempted: યત્ન નહિ કીધેલો હોય એવું;વગર મહેનતનું.

Unattended, (અન્અૅટેન્ડેડ્) *a.* Alone:છડું;એકલું;વગર;રહિત;વિનાનું.

Unattested, (અન્અૅટેસ્ટેડ્) *a.* Not attested:સાક્ષી પુરાવા વગરનું.

Unauthentic, (અન્ઓથેન્ટિક્) *a.* Uncertain: ખાતરી વગરનું; વિશ્વાસ નહિ રાખવા જેવું;અપ્રમાણ; અપ્રમાણિક.

Unauthorized, (અન્ઓંથોરાઇઝ્ડ્) *a.* Not warranted by proper authority: બીનહુકમી; સત્તા વગરનું; બેરહુકમી;વિધિહીન. (pers.) જેને અધિકાર-હુકમ ન મળ્યો હોય એવું; અનધિકારી

Unavailable, (અન્અૅવેલેબલ્) a. Vain;useless: નિરુપયોગી; કામ વગરનું;ફોગટ;અનુપયુક્ત; વ્યર્થ.

Unavailing, (અન્અૅવેલિંગ્) *a.* Useless:વ્યર્થ;નિષ્ફળ;ફોગટ; નિરર્થક;મિથ્યા.

Unavoidable, (અન્અૅવોઇડેબલ્) *a.* Inevitable: અણચાહ્યું; દૂર ન થઇ શકે એવું;અનિવાર્ય;અનિવારણીય;અટળ. 2 Not avoidable: રદ ન થઈ શકે તેવું.

Unaware, (અન્અૅવેર્) *a.* Not aware; inattentive: અજાણ્યું; ને ખબર ન હોય એવું.

Unaware, Unawares, (અન્અૅવેર્-અન્અૅવેર્ઝ્) *adv.* Suddenly;unexpectedly:ઓચિંતું; એકાએક; અકસ્માત;અચાનક;અજાણપણે;અજાણતાં.

Unawed, (અન્ઓડ્) *a.* Not restrained by fear; undaunted: બીહ વગરનું; નિર્ભય; નિડર.

Unbalanced, (અન્બૅલન્સ્ડ્) *a.* Not balanced;not in equipoise:સમતોલ નહિ એવું (parties) સમબલ સમાન બળ વિનાનું; સરખા બળવાળું નહિ એવું.(*Com.*)Not adjusted; not settled:નહિ માંડી વાળેલું; બાકી નહી કાઢેલું એવું; મેળ નહિ કાઢયો હોય એવું. 3.Unsteady; unsound: અસ્થિર; અશાન્ત;વ્યગ્ર; અનિશ્ચિત;હેલું નહિ એહેલું; ઉંચું.

Unbar, (અન્બાર્) *vt.* To open:ઉઘાડવું; ખોલવું; ભુંગળ-આગળો ઉઘાડવો.

Unbearable, (અન્બેરેબલ્) *a.* Not to be endured ખમી શકાય નહિ એવું;અસહ્ય;ખમી-સાંખી શકાય નહિ એવું.

Unbecoming, (અન્બીકમિંગ્) *a* Unfit:અયોગ્ય;અનુચિત્ત; અઘટિત; નાલાયક; શોભે નહિ એવું; અણઘટતું; બે મુનાસબ.

Unbefitting, (અન્બીફિટિંગ્) *a.* Unsuitable;unbecoming: નિરૂપયોગી; નાલાયક;અયોગ્ય;અઘટિત;અનુચિત.

Unbelief, (અન્બીલીફ્) *n.* Doubt;incredulity: અણધરતિજ-વિશ્વાસ;અણભરોસો;અવિશ્વાસ. 2. Disbelief of divine revelation:અનાસ્થા.

Unbeliever, (અન્બીલીવર્) *n.* An incredulous person; a doubter; a skeptic:શંકાશિલ માણસ; વિશ્વાસ ન રાખનાર;અધીસીયું; અવિશ્વાસુ. 2. A disbeliever;an infidel:અભક્ત; અભાવિક;નાસ્તિક;પાખંડી.

Unbelieving, (અન્બીલીવિંગ્) *a.* Not believing:નાસ્તિક;નહિ માનનારું.

Unbeloved, (અન્બીલવ્ડ્) *a.* Not loved:અણમાનીતું;અપ્રિય.

Unbend, (અન્બેન્ડ્) *vt.* To free from flexure;to loosen: ઢીલું કરું; શિથિલ કરું;સિધું કરું;-ની પણછ ઉતારવી. 2. To remit from a strain or from exertion:વિસામો-વિશ્રામ આપવો-ખાવો;ને નિરાંત થવી-હોવી; વાળવું;વિશ્રાન્તિ આપવી. 3. (*a*) To unfasten as sails from the spars: છુટા કરું,ઝોલા કરું (*b*) To cast loose or untie:ગાંઠી નાંખવું.

Unbending, (અન્બેન્ડિંગ્) *a.* Not bending;stiff:વળે નહિ એવું;મજબુત.2.Resolute: દ્રઢ ન નમે એવું; અડગ;દૃઢ;આગ્રહી-હઠી નહિ તેવું; આધીન ન થાય એવું; નમે-કૂદે નહિ એવું.3. Unyielding in nature:અચળ,નિશ્ચળ; દૃઢ; સ્થિર. 4. Devoted to relaxation or amusements: વિસામાનું; વિશ્રામનું.

Unbent, (અન્બેન્ટ્) *a.* Loose; free from flexure:તાણેલું નહિ એવું. 2. Free from exertion: નિરાંત વળેલું. 3. Unsubdued: દબાયેલું નહિ એવું; નહિ જીતાયેલું;અડગ.

Unbias, (અન્બાઇઅસ્) *vt.* To free from bias or prejudice: નિષ્પક્ષપાત હોય એવું કરવું;હેમ કાઢી નાખવો.

Unbiased, (અન્બાઇસ્ડ્) *a.* Unprejudiced; impartial: નિષ્પક્ષપાતી; ઉદાસીન;ઉભય પક્ષે સમાન.

Unbidden, (અન્બિડન્) *a.* Not bidden;not commanded: નહીં ફરમાવેલું.2.Uninvited:વગર તેડે આવેલું; અણબોલાવ્યું; બોલ્યેલું; અણતેડ્યું. 3.Spontaneous: પોતાની મેળે કોઈની મદદ વિના થએલું;સ્વાભાવિક.

Unbind, (અન્બાઈન્ડ્) *vt.* To set free; to untie:બંધ છોડવો; છોડવું; બંધન મુક્ત કરું.છુટું મુકવું.

Unbit, (અન્બિટ્) *vt.* (*Naut.*) To remove the turns of from the bits: દોરડાના વળ છોડવા-ઉકેલવા.

Unblamable, (અન્બ્લેમેબલ્) *a.* Innocent: નિર્દોષ; નિરપરાધી; અનિંદ્ય; દોષ-કપટ વગરનું.

Unblemished, (અન્બ્લેમિશ્ડ્) *a.* Pure;spotless: કલંકરહિત; નિષ્કલંક; નિર્દોષ;નીનખોડ;નીનઐબ;નીનડાઘી.

Unblest, (અન્બ્લૅસ્ટ્) *a.* Not blest: excluded from benediction:આશિર્વાદ નહિ પામેલું; નિરાશીષ; અનાશિષ.2. Wretched: દુઃખી; કંગાલ; અનાથ;અભાગીઉં.

Unbolt, (અન્બોલ્ટ્) *vt.* To unfasten; to unbar;to open:ઉઘાડવું; આગળી-ભુંગળ ઉઘાડવી.

Unborn, (અન્બૉર્ન્) *a.* Not born;being still to appear;future: નહિ જન્મેલું;અનાગત;અનાગત; આવનું.

Unbosom, (અન્બૂઝમ્) *vt.* To disclose freely; to reveal the secrets: પડદા ખોલીને મનની વાત કરું; હૃદય ખોલવું;મનના વિચાર જણાવવા.

Unbound, (અન્બાઉન્ડ્) *a.* Not bound; loose; wanting a cover: નહિ બાંધેલું;છુટું; અબદ્ધ; બંધન રહિત.

Unbounded, (અન્બાઉન્ડેડ્) *a.* Having no bound or limit:બેહદ; અત્યંત;અપાર; બેસુમાર; અનંત; અમિત; નિસ્સીમ;અમર્યાદ; નિરંકુશ. 2. Unrestrained: અટકાવ-અકુંશ વગરનું;નિરંકુશ;અત્યંત;બેસુમાર.

Unbridle, (અન્બાઇડલ્) *vt.* To set loose:છુટું કરવું;હાથથી છોડવું.

Unbridled, (અન્બાઇડલ્ડ્) *a.* Loosen-

ed from the bridle: હાથથી ગયેલું; બીનલગામી;ઉશ્કેરાયલ; બેકેદ; ઉછાંછળું; નિર્મર્યાદ;નિરંકુશી.

Unbroken, (અન્ બ્રોકન્) *a.* Not broken; continuous: નહિ ભાગેલું; અખંડ;આખું;અખંડિત;અભંગ; અતૂટ. 2.Not tamed: નહિ પલોટેલું; ઠેકડ; કાચું;નહિ વઢાયલું.

Unbrotherly, (અન્બ્રધરલી) *a.* Not becoming a brother: ભાઇને નહિ ઘટે તેવું;બંધુભાવહીન-રહિત.

Unbuckle, (અન્બકલ્) *vt.* To unfasten:છોડવું;છુટું કરવું; આંકડી કાઢવી.

Unburden, (અન્બર્ડન્) *vt.* To relieve from a burden:નું દુઃખ ખુલાસાથી કહેવું; મનનાં ખુલાસાથી રોદણાં રડવાં; દુમો કાઢવો-ઉતારવો 2. To throw off as a burden: ભાર-બોજો ઉતારી લેવો; ખાલી કરવું.

Unburnt, (અન્બર્ન્ટ્) *a.* Not consumed by fire: નહિ શેકેલું-બળેલું-પકવેલું;કાચું [fasten:બોરિયાં કાઢવાં.

Unbutton, (અન્બટન્) *vt.* To un-

Uncalled-for, (અન્કોલ્ડ્-ફૉર્) *a.* Not called for; not required or needed: બોલાવ્યા વગરનું;અનિમંત્રિત.2. Improper:નકામું;અપવગરનું;નિરૂપયોગી.

Uncandid, (અન્કૅન્ડિડ્) *a.* Not frank or sincere:દગાબોર;મનનું મેલું;કપટી.

Uncase, (અન્કેસ્) *vt.* To take off or out:ઢાંકણ લેઈ લેવું; બહાર કાઢવું; ઢાંકેલું બોલવું-ઉઘાડવું 2. To strip; to flay:નાગું કરવું;પરથી ઉખાડી નાંખવું.

Unceasing, (અન્સીસિંગ્) *a.* Continual:નિરંતર;અખંડ;સતત; અવિરત.

Unceasingly, (અન્સીસિંગ્લિ) *adv.* Continually:નિત્ય;હમેશ;સદા.

Unceremonious, (અન્સેરીમેં નિઅસ્) *a.* Not formal: આદર સત્કાર વિનાનું;અસભ્ય;બેમુરવત;રિષ્ટાઈ વગરનું.

Uncertain, (અન્સર્ ટેન્) *a.* Not certain; not having certain knowledge;distrustful: નક્કી નહિ હોય એવું;અનિશ્ચિત;શક ભરેલું; અશાશ્વત;આરણકારણ.2. Resolute; inconstant; variable: અનિશ્ચિત; ઠેકાણા-ધોરણ વગરનું;અશાશ્વત.3. Questionable;equivocal: શક ભરેલું; શકમંદ; સંશયાત્મક;અનિશ્ચયાત્મક. 3. Liable to fail or err: ખાતરી વગરનું;સંશયી; સંદિગ્ધ;અનિશ્ચયી; દગાદગાવાળું. *vt.* To make uncertain: શકવાળું-શકમંદ-અનિશ્ચિત કરવું.

Uncertainly, (અન્સર્ટેન્લિ) *adv.* In an uncertain manner: શક ભરેલી રીતે;સંદિગ્ધપણે.

Uncertainty, (અન્સર્ટેન્ટિ) *n.* The quality or state of being uncertain:અનિશ્ચિય;અનિર્ણય;વિકલ્પ;અનવસ્થા.2.Something unknown: સંદેહ;સંશય;ભ્રાંતિ;સંદિગ્ધતા;દગદગો. (*b*) નહિ જાણેલું.

Unchain, (અન્ચેન્) *vt.* To let loose: બેડી કાઢવી;બંધન મુક્ત કરવું.

Unchangeable,) (અન્ચેન્જેબલ્
Unchanging,) અન્ચેન્જિન્ગ્) *a.* Immutable: અવિકારી; ફરે નહીં એવું;નિર્વિકલ્પ;અવિક્રય.

Unchanged, (અન્ચેન્જ્ડ્) *a.* Not changed or altered: નહીં બદલાય એવું;નિર્વિકાર;અવિકૃત;નહિ ફેરવાયેલું.

Uncharitable, (અન્ચૅરિટેબલ્) *a.* Harsh;censorious: અપ્રેમી;દોષ કાઢનાર; દોષદર્શી; મર્માન્વેષી; છિદ્રાન્વેષી; દોષ જોવાનું-કાઢવાનું.

Uncharitableness, (અન્ચૅરિટેબલ્નેસ્) *n.* Want of charity: અપ્રેમ; અપ્રેમીપણું દોષદૃષ્ટિ;છિદ્રાન્વેષી પણું.

Uncharitably, (અન્ચૅરિટેબ્લિ) *adv.* In a manner contrary to charity:અપ્રેમથી.

Unchaste (અન્ચેસ્ટ્) *a.* Not chaste; not continent;lewd:છિનાળવું; વ્યભિચારી;જારકર્મી. *U. wife:* કુલટા; અસાધ્વી;અસતી;છિનાળ;અપતિવ્રતા; જારિણી.

Unchastity, (અન્ચૅસ્ટિટિ) *n.* Lewdness:વ્યભિચાર;છિનાળું; જારકર્મ; અપતિવ્રતાપણું;અસાધ્વીત્વ.

Unchecked, (અન્ચેક્ડ્) *a.* Not restrained; not hindered: અટકાવ વગરનું;નહિ અટકાવેલું;નિરંકુશ.

Unchristian, (અન્ક્રિસ્ચ્યન્) *a.* Contrary to the laws of Christianity:ખ્રીસ્તી ધર્મ વિરુદ્ધ. 2. Not like or becoming Christian:ખ્રીસ્તી ધર્મ વાળાને ન છાજે એવું.3.Infidel: કાફર; મ્લેચ્છ; ખ્રીસ્તી ધર્મમાં નહિ આવેલું.

Unchurch, (અન્ચર્ચ્) *vt.* To excommunicate: ધર્મમાંથી કાઢી મુકવું; ધર્મ બહાર કરવું. 2. To deprive the authorities of a church:ધર્મના હક-સત્તા ખુંચી લેવી.

Uncircumcised, (અન્સર્કમ્સાઇઝ્ડ્) *a.* No circumcised:સુન્નત નહીં કીધેલું;બેસુન્નત.

Uncircumspect, (અન્સર્કમ્સ્પેક્ટ્) *a* Careless:ગાફેલ; અસાવધ; પ્રમત્ત; પ્રમાદી;બેરસાવધ;અસાવધાન.

Uncivil, (અન્સિવિલ્) *a.* Not civilized;savage; rude: જંગલી; અસભ્ય; નાલાયક; અશિષ્ટ; બેમુરત. 2. Rude; impolite:જંગલી; ગામડીઉ;રાની; તોછડું;અસભ્ય;અવિનયી.

Uncivilized, (અન્સિવિલાઇઝ્ડ્) *a.* Rude;savage:નહિ સુધરેલું; જંગલી; રાનવું;આશિક્ષિત;અનાચારી.

Unclaimed, (અન્ક્લેમ્ડ્) *a.* Not demanded;not called for: નહિ માગેલું;ધણી વગરનું; ન ધક્કિયાતું; નવારસુ; બેતન;જેનો હાલ કોઇ પણ કર્યો નથી એવું; જેનો ધણી પેદા ન થયો એવું; નિવારસી.

Unclasp, (અન્ક્લૅસ્પ્) *vt* To open: આંકડી કાઢવી;ચાપડો બેલવો.

Unclassical, (અન્ક્લૅસિકૅલ્) *a.* Of an unrefined style: પહેલા દરજ્જાના ગ્રંથકર્તાઓની ઢબ જેવું નહિ હોય તેવું.

Uncle, (અન્કલ્) *n.* The brother of one's father or mother; also applied to an aunt's husband:કાકો;મામો;કુવો;માસો.2.A pawn broker:ખાંચિયો;જણસો રાખીને ધીરનાર.

Uncleanly, (અન્ક્લીન્લિ) *a.* Foul; dirty:મલીન;ગંદુ;મેલું. 2. Ceremonially impure:અપવિત્ર; અશુદ્ધ; નાપાક-3.Lewd;morally impure:વિષય ભરેલું; કીકર્મું;જારકર્મું;નાપાક.

Uncleanness, (અન્ક્લીન્નેસ્) *n.* Foulness;dirtiness: મલીનતા;મેલ. 2. Cermonial impurity: અશુદ્ધતા;અપવિત્રતા. 3. Lewdness: વિષય; દુરુક;જારકેલી;કુકર્મ.

Uncleansed (અન્ક્લીન્ઝ્ડ્) *a.* Not purified:સાફ નહિ કરેલું;વગર માંજેલું.

Unclose, (અન્ક્લોઝ્) *vt.* To open; સીલ દોડવું;ઉઘાડવું; ફોડવું. 2. To reveal:ખુલ્લું કરવું,ઉઘાડું સ્પષ્ટ-જાહેર કરવું.

Unclothe (અન્ક્લોધ્) *vt.* To make naked: વસ્ત્ર કપડાં ઉતારવા-કાઢવા;નાગું કરવું;વસ્ત્રહીન-રહિત કરવું.

Unclothed, (અન્ક્લોધ્ડ્) *a.* Wanting clothes: કપડા વગરનું; ઉઘાડું; નવસ્ત્ર.

Unclouded, (અન્ક્લાઉડેડ્) *a.* Free from the clouds;not darkened: વાદળાં વગરનું;નિર્મળ;સાફ; ખુલ્લું;નિરભ્ર.

Uncomely, (અન્કમ્લિ) *a.* Not comely;unseemly: અસુંદર;અરૂપવાન;બેડોળ.2.Unbecoming: અયોગ્ય; અણઘટ;અનુચિત;અઘટિત; ખણ છાજતું.

Uncomfortable, (અન્કમ્ફર્ટબલ્) *a.* Uneasy: અસુખી;અસ્વસ્થ.2.Disagreeable; unpleasant: બેચેન; અણગમતું;અસગવડ ભરેલું;સોગ વગરનું.

Uncommon, (અન્કૉમ્મન્) *a.* Unusual; infrequent:અસાધારણ; અસામાન્ય 2 Remarkable; strange: અપૂર્વ;અલૌકિક;અદ્ભુત વિલક્ષણ.

Uncommonly, (અન્કૉમનલિ) *adv.* Strangely; unusually: અત્યંત; અતિશય.

Uncommunicative, (અન્કૉમ્યૂનિકટિવ્) *a.* Not communicative;

reserved:મૂતની વાત બીજાને ન કહે એવું;મિટું; થોડા બોલું; થોડું બોલનાર; મન મેલું.

Uncomplaining, (અન્કોમ્પ્લેનિન્ગ્) *a* Not murmuring:ફરિયાદ ન કરતું; સંતુષ્ટ;સંતોષી

Uncompromising, (અન્કૉમ્પ્રોમાઇઝિન્ગ્) *a* Obstinate;inflexible; unyielding શરત નહિ કબૂલ કરે એવું; હઠીલું;ન લટે એવું.

Unconcern, (અન્કોન્સર્ન્) *a*. Indifference: અણકવાર; બેપરવાઈ; બેતમા;બેદરકાર;બે ફિકર.*n*. Indifference: અણકવાર; બેપરવાઇ; બેદરકારી; બે ફિકરાઈ; બે તમા; બે કાળજી.

Unconcerned, (અન્કોન્સર્ન્ડ્) *a*. Not concerned;easy in mind:કન વાર-કાળજી વગરનું; નિષ્કાળજી; બેપરવા; ઉદાસીન.2. Having no interest in:જેને કંઈ લાગતું વળગતું નથી એવું.

Uncondemned, (અન્કોન્ડેમ્ડ) *a*. Not judged guilty.નિરપરાધી; ગુનેગાર નહિ ઠરાવેલું;નઠારું-ખોટું-ગણ્યું ઠેરવ્યું નથી એવું.

Unconditional, (અન્કોન્ડિશનૅલ્) *a*. *a*. Absolnte; unreserved: વાંધા-તકરાર વગરનું;બિનશરતી; અપ્રતિબંધક; સંપૂર્ણ;પુરેપુરું.

Unconfined, (અન્કોન્ફાઇન્ડ્) *a*. Free from restraint:બંધન વગરનું; છુટ્ટું;અબાધ;ખુલ્લાસા ભરેલું. 2. Having no limits;unbounded:અમર્યાદ; નિર્મર્યાદ;અપાર;બેહદ;અનંત;અતિશય.

Uncongenial, (અન્કોન્જનિઅલ્) *a*. Not congenial:અનનુકૂળ;પ્રતિકૂળ.

Unconnected, (અન્કોન્નેક્ટેડ્) *a*. Separate: સંબંધ રહિત; નિરાળું; છેલાહેદું;છૂટું;પૃથક;અસંગત.

Unconquerable, (અન્કોન્કરેબલ્) *a* Indomitable;invincible:અજીત; કોઇથી જીતાય નહિ એવું અજેય.

Unconquered, (અન્કોન્કર્ડ્) *a*. Not vanquished or defeated: કોઇથી; નહિ જીતાએલું,અજીત;અપરાજીત;અજય

Unconscionable, (અન્કોન્શનૅબલ્) *a*.Unreasonable: અયોગ્ય; બેરવાજબી;અનુચિત. 2.Not guided by or conformed to conscience: અક્કલ કબૂલ ન કરે એવું;અંતર્યામીને નરચે એવું;નીતિ વિરુદ્ધ.

Unconscious, (અન્કોન્શસ્) *a*.Not knowing: અચેતન; બેભાન-જડ. 2. Not knowing:જેને જ્ઞાન-ચેતના નથી એવું;અશુદ્ધ;અજાણ;અજ્ઞાન.

Unconsciously, (અન્કોન્શસ્લિ) *adv*. Without knowledge:અજાણપણાથી અજાણતા;બે ભાનમાં-થી.

Unconstitutional, (અન્કોન્સ્ટિટ્યૂશનૅલ્) *a*.Contrary to the constitution: રાજ્ય-દેશના કાયદા-રાજ્યનીતિ બંધારણ વિરુદ્ધ.

Unconstrained, (અન્કોન્સ્ટ્રેન્ડ્) *a*. Free from constraint; voluntary:સ્વતંત્ર;સ્વેચ્છા ધીન;છુટું; અબાધ; સ્વેચ્છાનું.

Uncontrollable, (અન્કોન્ટ્રોલેબલ્) *a*.Ungovernable;irresistible:વશ નહિ થાય એવું; અનિવાર્ય. 2. Indisputable:અટકાવી ન શકાય એવું.

Uncontrolled, (અન્કોન્ટ્રોલ્ડ્) *a*. Not governed;not subjected or restrained: કબજામાં નહિ રહેલું;અંકુશ વગરનું;બેફેદ:નિરંકુશ:ઉચ્છૃંખલ.

Unconverted, (અન્કોન્વર્ટેડ્) *a*.Not converted or exchanged: ફેરવેલું નહિ એવું. 2.Not changed in opinion or from one faith to another: જેનો વિચાર ફેરવાયો-ફર્યો નથી એવું;એક ધર્મમાંથી બીજા ધર્મમાં નહિ ગયેલું.(*a*)Not persuaded of the truth of the Christian religion; Heathenish:મૂર્તિપૂજક;નાસ્તિક.(*b*) Unregenerate;sinful: જેનો બીજો જન્મ થયો-સ્વભાવ-મનોભાવ બદલાયો નથી એવું પાપી.

Uncooked, (અન્કુક્ડ્) *a*.Not cooked: નહિ રાંધેલું;કાચું;અપકવ.

Uncork, (અન્કૉર્ક્) *vt* To draw the cork from:ડાટો ખોલવો;ઉઘાડવું.

Uncorked, (અન્કૉર્કેડ્) *a*.Open:ખુચ નહિ દીધેલો; ઉઘાડું; ડાટો-ખુચ કાઢેલો હોય એવું.

Uncorrected, (અન્કોરેક્ટેડ્) *a*. Not revised;not reformed:અશુદ્ધ;સુધરેલું નહિ એવું;નહિ સુધારેલું.

Uncorrupt, (અન્કોરપ્ટ્) *a*. Incorrupt. પવિત્ર;પાક;નહિ બગડેલું.

Uncounted, (અન્કાઉન્ટેડ્) *a*.Not counted:નહિ ગણેલું;અગણિત; અત્યંત;અતિશય;અતિ;બહુ.

Uncourteous (અન્કોર્ટીઅસ્) *a*. Uncivil;Impolite:જંગલી;નાલાયક; અસભ્ય,અશિષ્ટ;અવિવેકી;બે મુરવત.

Uncourteously, (અન્કોર્ટીઅસ્લિ) *adv*.Uncivilly;Impolitely:જંગલી રીતે;નાલાયક રીતે;અસભ્યપણે.

Uncourteousness, (અન્કોર્ટીઅસ્નેસ્) *n*.Uncivility:જંગલીપણું;અસભ્યતા;અશિષ્ટતા;અમર્યાદા; અવિવેક.

Uncourtly, (અન્કોર્ટ્લિ) *a* Uncivil; rude:જંગલી;અસભ્ય;રાનવું;અવિનયી.

Uncouth, (અન્કુથ્) *a*. Unknown: અજાણ્યું.2.Uncommon; rare: અસામાન્ય; અપૂર્વ. 3. Unfamiliar; strange:તરેહવાર; વિચિત્ર; વિલક્ષણ; ઓર તરેહનું; અજબતરેહનું. 4. Mysterious;dreadful: ગહન; ભયંકર; ભયાવહ.5.Odd;awkward: જંગલી; અનાડી;બેડોળ;કઢંગુ;અણઘડ.

Uncover, (અન્કવર્) *vi*. To take the cover from:ઢાંકણ કાઢી નાંખવું; -નું મેં ઉઘાડવું;ઉઘાડું કર. 2. To divest of the hat or cap: માથું ઉઘાડું કર.3 To show openly:ઉઘાડું કર; ખલ્લું કર; ખુલ્લું કરી બતાવવું; બહાર પાડવું. *vi*. To take off the hat or cap: ટોપી-પાઘડી ઉતારી-ઉતારી લેવી.2.To remove the cover:ઢાંકણ લઇ લેવું;ખુલ્લું કર.

Uncreated, (અન્ક્રીએટેડ્) *a*. Deprived of existence: જેની હયાતી લઈ લીધી છે એવું; નષ્ટ. 2 *Not* yet created:અસૃષ્ટ;અનુત્પન્ન;અનિર્મિત;અનિર્માણ.3.Eternal; self-existent: અજન્મા;સ્વયંભૂ

Unction, (અંક્શન્) *n*.[L.*ungo*, I anoint.]The act of anointing, smearing or rubbing with an unguent, oil, or ointment:તેલ ચોપડવું-ચોળવું તે; લેપન; તેલવૈદ્ય. 2. An unguent;an ointment: લેપ-લેપન.3. Divine or sanctifying grace: તેલાભિષેક; તેલથી અભિષેક કરવો તે.*To do the flattering* u. to one's soul: મનને એવા ખુશીના વિચારથી શાન્ત કર. 4. That quality in language which raises emotion or devotion: સાંભળનારના મનમાં ભક્તિ ભાવ ઉત્પન્ન થાય એવી બોલવાની રીત.5.Sham devotion:ભક્તિ ભાવનો ડોળ; આડંબર.

Unctuous, (અન્કટ્યૂઅસ્) *a*. [L *unctus*,smeared.]Fatty; oily;greasy: ચીકણું;તેલીયું.

Uncultivated, (અન્કલ્ટિવેટેડ્) *a*. Not tilled;not instructed: નહિ ખેડેલું;પડી રહેલું;પડતર.2. Rude: અણઘડ;અભણ; જંગલી;અસંસ્કૃત; અશિક્ષિત;અસભ્ય;કેળવાયેલું નહિ એવું.

Uncut, (અન્કટ્) *a*.Not cut:નહિ કાપેલું;આખું;રગર કાપ્યું. 2. Not ground:પેલ-પાસા-પાડ્યા વગરનું.

Undated, (અન્ડેટેડ્) *a*.Having no date:મિતિ-તારીખ વગરનું.

Undaunted, (અન્ડૉન્ટેડ્) *a*. Not subdued and depressed by fear: ધાસ્તી-ભય વગરનું;નિર્ભય; બેધડક;છાતીચલું;ધૃષ્ટ; ધૃષ્ટતા ભરેલું; વજૂદીયાનું;નિર્ધાસ્ત; નિડર.

Undauntedly, (અન્ડૉન્ટેડ્લિ) *adv*. Boldly;intrepidly: નિર્ભય-નિડરપણે;ધૃષ્ટતાથી.

Undauntedness, (અન્ડૉન્ટેડ્નેસ્) *n*.Boldness;intrepidity:બહાદુરી;

ક્ષિઅતઃછાતી;હામ;ધૃષ્ટતા.

Undecaying (અન્ડીકે ઈન્ગ્)*a.* Immortal:અક્ષય; અવિનાશી; અનશ્વર; અજર.

Undeceive,(અન્ડીસીવ્)*vt.*To cause to be no longer deceived: ના ભાન-આંખો ઉઘાડવી;ચક્ષુ દૂર કરવો; નિર્ભ્રાન્ત કરવું; ભ્રમ-ભ્રાન્તિ દૂર કરવી; ભૂલ ભાગવી.

Viragin, Virago,(વિરેજીન્ વિરેગો) *n.*A female warrior: શૂરવીર સ્ત્રી; શૂરવિરા;વીરાંગના;આયાઝી; ઉડદાબેગી.

2.A termagont;a vixen: કર્કશા; લડાયક બૈરી;ફુહાડો; વાઘેણ; વઢકણ;કેડકણી કૂતરી.

Virgin,(વર્જ્‌ન્)*n.*A maid:કુમારિકા; નવોઢા; અક્ષતયોનિ;અવિદ્ધા; કન્યા; તરુણી;પુરૂષાસ્પૃષ્ટા.2.A person of the male sex who has not known sexual indulgence:બાળ બ્રહ્મચારી; જેણે કદી સ્ત્રીનું મોંજ ન જોયું હોય એવો પુરૂષ.3.Virgo: કન્યા; કન્યારાશિ 4.A kind of butterfly:એક જાતનું પતંગિયું*a.*Chaste; maidenly; becoming a virgin: કૌમાર;કુંવારીને યોગ્ય;પવિત્ર;સતી;પાક.2. Pure; unmixed;fresh;new: કોરૂં;તાજું; નવું; અભુક્ત;અમિશ્રિત; શુદ્ધ; નિર્ભળ; નવુંનકોર;વગર ખેડેલું;પટાર. (*fig*) (*pers.*) બિલકુલ કેળવણી વગરનું;છોકર અજ્ઞાની. **V.***soil:* એકેવાર નહિં ખેડાયેલી ધરતી; અકૃષ્ટ પૃથ્વી. **V.** impregnant:ગર્ભ ન રહ્યો હોય તેવું.*vi.*To be chaste:પવિત્ર શુદ્ધ- ચોખ્ખા રહેવું.

Virginal,(વર્જ્‌નલ્)*a.* Maidenly: કુંવારી કન્યાજેવું-નેછાજતું-છાજે એવું *n.*A musical instrument: સારંગીને મળતું વાજીંત્ર*vi.* To play with fingers:આંગળીઓથી વગાડવું.

Virginity(વર્જ્‌નિટિ)*n*Maidenhood: કુંવારાપણું; કુમારીત્વ; સતીત્વ. 2. Celibacy:કુંવારી જીંદગી;વાંઢાપણું.

Virgo,(વર્ગો)*n.*[L.*virgo,*a virgin] A constellation of the zodiac: કન્યારાશી;કન્યા.

Viridity,Viridness,(વિરિડિટિ-વિરિડ્‌નેસ્)*n.*Greenness;freshness: તાજાપણું; લીલાશ.

Virile,(વિરાઇલ્)*a.*[L.*vir,*a man.] Masterful; forceful;capable of begetting:પુરૂષનું-મરદાની; પુરૂષાર્યનું;પુરૂષાતનનું-સંતાન ઉત્પન્ન કરે એવું.

Virility,(વિરિલિટિ)*n.*Manliness; developed manhood: પુરૂષત્વ; મરદાઈ;પુરૂષાર્ય; પુરૂષાતન; વીર્યવાનપણું; વીર્યવત્તા 2. The power of creation: પુરૂષત્વ; ઓજ;જનનશક્તિ; પુરૂષ શક્તિ;ચેતના.

Viripotent,(વિરિપોટેન્ટ્)*a.*Marriageable: પરણવા યોગ્ય લાયક; વિવાહ યોગ્ય;યુવાન,છોકરો જણે એવું.

Virtu,(વર્ટુ)*n.*A love of the fine arts: ગાયન;ચિત્રકળા વિગેરેના પ્રકારની કળાનો શોખ.

Virtual,(વર્ચૂએલ્)*a.*Potential; energizing:શક્તિવાન; ગુણવાળું; ફળદ્રુપનું 2.Being in essence or effect,not in fact: વાસ્તવિક; ખરેખર; ખરૂ જોતાં.

Virtually, (વર્ચૂઅલિ)*adv* Practically:ખરૂં પૂછાવો તો;ખરેખર; વાસ્તવિક રીત્યે;વસ્તુતઃ;યથાર્થતઃ;આખરે.

Virtue,(વર્ટ્‌યૂ)*n.*[L *vir,* a man.] Manly strength; courage; bravery:હિંમત;બાહાદુરી;શૌર્ય; મરદાઇ. 2.Energy;efficacy;potency:પ્રતાપ;આધાર;અધિકાર:સત્તા; ગુણ; પ્રભાવ; શક્તિ;બળ;સામર્થ્ય 3.Value; merit; worth;excellence:ગુણ; ધર્મ; ગુણાંશ;રસ;દમ;સત્વ;તેજ;રસ.4.Moral; excellence; purity of soil; integrity of character:ગુણ;સુગુણ; સદ્‌ગુણ;સુલક્ષણ;સદ્‌ગુણીપણું; નેકી; નીતિ; પુણ્યાચરણ;ધર્માચરણ;સદાચરણ; સદાચાર;તપ;ભલાઈ.*Path of* **v.**:ધર્મમાર્ગ 5.A particular moral excellence:નીતિ;પરહેજી. 6. Chastity; purity;virginity:સ્ત્રીઓનું પતિવ્રતપણું;નેકી;પાકી;કુંવારાપણું. *By* **v.** *of,* through the force of:-નાલીધે; નીરણે;પરત્વે;નેઆધારે.*Latent* **v.**:મર્મ

Virtuoso,(વર્ટ્‌યૂઓસો)*n.*One skilled in fine art:કળા- હુન્નરમાં પ્રવીણ માણસ. 2. A brilliant concert player: વાજું વગાડવામાં હુશિયાર-કુશળ-પાવરધો માણસ.

Virtuous,(વર્ટ્‌યૂઅસ્) *a.* Possessing or exhibiting virtue:ગુણવાળું.(*a*)Valorous;brave: બહાદુર; હિંમતવાન;શૂરવીર; પરાક્રમી,(*b*)Efficacious;potent:સમર્થ;ગુણવાળું;ગુણકારી;રોગાતક.(*c*)Upright; pure: નેક;પાક;સદાચરણી;સત્ ; પુણ્યવાન; પુણ્યવંત;પુણ્યશીલ; પુણ્યાત્મક; પુણ્યભાગી;સત્વશીલ; ધર્મશીલ; ધર્મી; ધર્મિષ્ઠ; ધાર્મિક;ધર્મજ્ઞ;ધર્મવાન;ભલુ;સુકર્મી.3. Chaste;pure:સતી;સાધ્વી;પતિવ્રતા;શુદ્ધ.

Virulence-cy, (વિરૂલેન્સ્-ન્સિ) *n.* Poisonousness; malignancy: ઝેર વળે નહિ જીવ લે એવું હોવું તે; કરડાપણું. 2. Extreme bitterness:કટ્ટો;દ્વેષ;ડંશ;ડંખ; તીવ્રતા; ઉગ્રતા;હાડીપણું.

Virulent,(વિરૂલેન્ટ્)*a.* [L *virus,* poison.]Extremely poisonous: પ્રાણનાશક-હારી; ઝેરી; પ્રાણઘાતક-હારી. 2.Malignant:ઉગ્ર;તીક્ષ્ણ; કટ્ટ;ઝેરીલું; દ્વેષીલું;ડંશીલું;હડહડતું;હાડનું.

Virus,(વાઇરસ્)*n.* Poison: ઝેર;ઝેરી પદાર્થ.2. Any morbid corrupting quality in intellectual or moral condition: ચેપ; ગર; પારા; ઝેરી પદાર્થ.

Vis,(વિસ્)*n.*Power;force;energy: બળ;શક્તિ;જોર;દમ;કસ;સત્વ;જુસ્સો.

Visage,(વિઝેજ)*n.*[L *video,*I see.] The face, countenance or look of a person or an animal:ચહેરો; સુરત;મ્હોં;મુખમુદ્રા;સ્થિતિ;વદનાકૃતિ.

Vis-a-vis, (વિ-ઝાવી)*n.* One who faces another in dancing:નાચમાં જે એકના સામો બીજો નાચે છે તે2.A carriage in which two persons sit face to face:સામસામી બેઠકવાળી ગાડી.*adv.*Face to face:સામસામી.

Viscera (વિસેરૅ)*n.pl.* of **Viscus.** [L *viscus,*an entrail]The entrails;the bowles: આંતરડાં;પેટની-છાતીની-બેાપરીની અંદરના ભાગમાં શરીરનાં જે અવયવ છે તે.

Viscid,Viscous,(વિસિડ્,વિસ્કસ્) *a.*Sticky; clammy: ચીકણું;ચોંટી જાય એવું;સ્નિગ્ધ,ચિકટ.

Viscidity,Viscosity,(વિસિડિટિ-વિસ્કૉસિટિ)*n.*Stickiness: ચીકાશ;ચીકણાપણું;સ્નિગ્ધતા;ચિકટ-ટાશ-પણું.

Viscount,(વાઇકાઉન્ટ્)*n.*The sheriff of a country: પ્રગણાનેા શેરીફ.2.A nobleman of the forth rank:અર્લથી ઉતરતી પદવીનેા અમીર - વાઇકાઉન્ટ.

Visibility, (વિઝિબિલિટિ) *n.* The quality or state of being visible: ઉઘાડાપણું; દૃશ્યતા; દૃષ્ટિગોચરતા દૃશ્યમાનતા.

Visible,(વિઝિબલ્)*a.* Perceptible: પ્રગટ;દૃશ્ય; દૃષ્ટિગોચર; દૃષ્ટિગમ્ય; નજરે પડતું;દેખાય એવું. 2. Open; apparent:ખુલ્લું;ઉઘાડું; પ્રકટ; પ્રત્યક્ષસિદ્ધ; પ્રત્યક્ષ.**V.***horizon,*see *Horizion.*

Vision,(વિઝહન)*n.*[L.*video,*I see.] Actual sight: નજરેપડવું તે; પ્રત્યક્ષ દર્શન જોવું-અવલોકન કરવું તે.2. Sight: જોવાની શક્તિ;દૃષ્ટિ; ચક્ષુરિંદ્રિય; નજર; આંખ3.An object of sight: દૃષ્ટિવિષય;જોવાની વસ્તુ. 4. An apparition;a phantom;a specter:છાયા; આભાસ;ઓળો; પડછાયેા.5. A creation or fancy:કલ્પિત વસ્તુ-ચીજ; તુરંગ;માયા;મન;સૃષ્ટિ; કલ્પના; સ્વપ્ન. 6.A divine revelation:ઈશ્વરપ્રેરિત વિચાર-વાત. *vt.* To dream: સ્વપ્નું આવવું.

Visionary,(વિઝ-હનરિ)*n.*One who sees visions or phantoms:તુરંગ બાજ;શેખચલ્લી; મનના તુરંગેામાં મગ્ન રહેનાર.2. A day dreamer; one who builds castles in the air: હવામાં કિલ્લા બાંધનાર; શેખચલ્લી;તુરંગ બાજ.*a* Of or pertaining to a vision:સ્વપ્નાને લગતું;સ્વપ્નમય;મન; કલ્પિત 2.Affected by phantom: વિચારમાં ઉતરી પડતું. 3. Fanciful; imaginary: મનેાકલ્પિત; સ્વપ્નવત્; બેાટું;માનસિક;કાલ્પનિક.

Visit,(વિઝિટ્)*vt.*[L. *video,* I see]

To go or come to see; to attend; to call upon:ને મળવા જવું-આવવું;-ની મુલાકાત કરવી;ભેટ લેવી. 2.To examine; to inspect:-તપાસવું-જોવું;જોવા જવું;ની તપાસ કરવી. 3. To appear before:પાસે હાજર થવું;-ને મળવું-પ્રાપ્ત થવું;-ને નજરાણું-ભેટ આપવી. *vi.* To make a visit or visits: મુલાકાત લેવી-કરવી; મળવા જવું. *To* **v.** *in mercy*:ના ઉપર દયા કરવી. *To* **v.** *with a rod*: નેસજા-શિક્ષા કરવી. *To* **v.** *in wrath*:-ના ઉપર કોપ કરવો. *To* **v.** *sins upon*:ને પાપને માટે દુઃખ દેવું;શિક્ષા આપવી. *To* **v.** *the fatherless*:-નબાપા વિગેરે દુઃખી માણસની ખબર-સમાચાર લેવા. *n.* The act of visiting or going to see a person or thing: મુલાકાત; ભેટ; દર્શનયાત્રા. 2. Examination; visitation: સાક્ષાત્કાર; પહાણી; તપાસણી.

Visitant,(વિઝિટન્ટ્) *n.* A guest;a visitor: પરોણો; મિજમાન; મહેમાન; મળવા જનાર;અભ્યાગત. *a.* Visiting: મુલાકાત લેતું-કરતું;મળવા જતું.

Visitation, (વિઝિટેશન્) *n.*[L.*video*,I see.] The act of visiting; Access for examination: મળવા જવું તે. 2. The act of a superior who visits:તપાસણી; તપાસ. 3.The object of a visit: દર્શન હેતુ-વિષય. 4. Retribution; judgment: ક્યામત; દુર્વિપાક.

Visitor, (વિઝિટર્) *n.* 1. One who visits: મળવા-મુલાકાત લેવા આવનાર-માણસ. 2.A superior who makes formal visit or inspection:દેખરેખ રાખનાર; ઉપરી; જોવા આવનાર; ચોકશી રાખનાર.

Visnomy, (વિઝ્નોમિ) *n.* Face; countenance:ચ્હેરો; શિકલ; મુખમુદ્રા;મુખાકૃતિ.

Visor-Vizard,(વિઝૅર્-વિઝર્ડ્)*n.* A part of a helmet arranged so as to lift or open, and so show the face: બખ્તરનો જે ભાગ ચ્હેરા ઉપર આવેલો હોય અને મોં બતાવવા માટે આઘોપાછો થઈ શકે તેવો ભાગ; ચ્હોડું. 2. A mask: મુરખો;મુખચટો;વેશ.

Vista,(વિસ્ટ)*n.*[L.*video*,I see.] A view; the trees or other objects that form the avenue: કુંજ;કુંજગલિ;તરૂપંક્તિ;શ્રેણી;વીથિ.

Visual, (વિઝ્યુઅલ્)*a.* Used in sight of or pertaining to sight: દૃષ્ટિ-જોવાનીઇંદ્રિ સંબંધી-વિષે-નું; દૃષ્ટિવિષયક; ચાક્ષુષ; ચક્ષુરિંદ્રિય સંબંધી-વિષયક.2.Visible: દેખાય એવું; દૃશ્ય. **V.***ray*: કોઇ પદાર્થથી જોનારની આંખ સુધી સીધી લીટીમાં આવતું કીરણ. **V.** *angle*:કોઇ પદાર્થના બે છેડાથી જોનારની આંખ સુધી સીધી લીટીમાં આવતાં કિરણોના મળવાથી આંખ આગળ જે ખુણો થાય છે તે.

Vital, (વાઇટલ્) *a.* [L.*vita*, life.] Belonging or relating to life: જીવવાળાનું;-ના જેવું; જીવ-પ્રાણ વિષયક-સંબંધી.2. Contributing to life: જીવન રક્ષક; જીવને ઉપયોગી-ને માટે જરૂરનું;પ્રાણરક્ષક; જીવનસાધક; જીવનોપયોગી 3.Containing life;living: જીવતું; જીવવાળું; પ્રાણભૂત; સજીવ. Mortal: જે ભગડવાથી-જેમાં વાગવાથી જીવ ન રહે-જીવ જાય તેવું;માર્મિક; મર્મનું.4.Very necessary; essential: અત્યત્યનું; આવશ્યક; અંગભૂત; જરૂરી; જરૂરનું. **V.** *functions*: જીવનાવશ્યક ધર્મો. **V.***principle*: જીવાત્મા; પ્રાણાત્મા.**V.** *parts*: મર્મ સ્થાન *Of vital importance*: અતિઘણી અગત્યનું **V.** *statics*: જન્મમરણના આંકડા. *n.* A vital part: મર્મસ્થાન; મર્મસ્થળ; પ્રાણસ્થાન.

Vitality,(વાઇટેલિટિ)*n.*Vital force; animation; the principle of life:જીવન;જીવનશક્તિ;ચેતના;જીવ; ચૈતન્ય;પ્રાણજીવ શક્તિ;ઓજ; પ્રાણ.

Vitals,(વાઇટૅલ્સ્)*n.* Organs that are necessary for life: મર્મ;મર્મસ્થાન; સુવાળી-કુમળી જગા. 2. The part essential to the life: આવશ્યક અંગ;થાંભલો;પાયો; મૂળાધાર.

Vitiate,(વિશિએટ્)*vt.* [L.*vitium*, fault.] To impair; to spoil; to contaminate: ભ્રષ્ટ-ખરાબ કરવું;દૂષિત-મલિન-ઝેરી કરવું; બગાડવું; દૂષણ દેવું. 2.To annul; to make void:માલ-નિરર્થક-રદ્દ-વ્યર્થ કરવું.

Vitiation,(વિશિએશન્)*n.* Depravation;corruption;invalidation: બગાડ; દૂષણ; અનીતિ.

Vitreous,(વિટ્રીઅસ્)*a.*[L.*vitrum*, glass.] Glassy: કાચનું;કાચના જેવું-વિષે.2. Derived from glass:કાચમાંથી મળતું-ઉત્પન્નયતું; કાચમાનું 3. (humour): કાચ સરખુ.

Vitrificate(વિટ્રિફિકેટ્)*vt.* To convert into glass:કાચ બનાવવો-કરવો.

Vitrify,(વિટ્રિફાઇ) *vt.* To convert into glass: કાચ બનાવવો; કાચ જેવું બનાવવું.*vi.*To become glass: કાચ જેવું થવું-થઇ જવો;નો કાચ બંધાવો.

Vitriol, (વિટ્રિઑલ્) *n.* (*a*)A sulphate of any one of certain metals: તાંબુ,લોઢું,જસત વિગેરે-ગંધકના તેજાબના મિશ્રણવાળો પદાર્થ; એક જાતનો ખાર. (*b*)Sulphuric acid:તેજાબ;સલ્ફયુરીક એસીડ. *Blue* **v**:મોરથુથુ. *Green* **v.**: લીલાકશી; મોરથુથુ. *White* **v**: ખાપરિયું.

Vituperate, (વાઇટ્યૂપેરેટ્)*vt.*[L. *vitium*, fault & *paro*, I set in order.] To find fault with; to scold: ઠપકા દેવો; દોષ મુકવો; આક્ષેપ કરવો;અપવાદ દેવો-ચઢાવવો;નિંદવું.

Vituperation,(વાઇટ્યૂપેરેશન્) *n.* Blame: ઠપકો;આક્ષેપ;આળ; અપવાદ.

Vituperative, (વાઇટ્યૂપેરેટિવ્)*a.* Scolding;abusive: ઠપકા ભરેલું;દોષ મુકવાને અર્થે કરેલું;આક્ષેપક; અપવાદાત્મક;નિંદક; નિંદાત્મક.

Vivacious, (વાઇવેશિઅસ્) *a.* [L. *vivo*, I live.] Long-lived: લાંબા આયુષ્યવાળું ; દીર્ઘાયુષી. 2. Lively; merry: ચાલાક;ચબરાક; ચપળ;ઉલ્લાસી; પ્રફુલ્લ,કેફખાદી.3.Perennial:બારમાસી.

Vivacity,(વાઇવૅસિટિ)*n.*Tenacity of life;vital force: દીર્ઘાયુષ્ય;જીવનશક્તિ.2. Life; animation; liveliness: ઉત્સાહ;તેજસ્વિતા;ઓજ; ઉલ્લાસ; આનંદવૃત્તિ;તેજ; નુર;તેજી; પ્રફુલ્લતા; ચંચળતા;ચાલાકી;છટા;ચકોરતા;ચપળતા.

Viva,voce, (વાઇવૅ,વોસી)*a.*Orally: મોઢેથી;મોઢાની; (પરીક્ષા) મોઢેનું.

Vivid, (વિવિડ્)*a* [L.*vivo*,I live.] Animated;bright;intense;strong: જુસ્સાવાળું ; ઝપાટાવાળું ; ભભકાદાર; ચળકતું;ઝકઝકતું;તેજસ્વી;તેજ મારતું;તેજ. 2 Lively; sprightly: જાગ્રત; ચંચળ;ચકોર;આબેહુબ;પ્રતિરૂપ; સુસ્પષ્ટ; આબેહુબ; ઝપાટાવાળું .

Vividness(વિવિડ્નેસ)*n.*Sprightliness;liveliness: આબેહુબપણું; ભભકો;ચળકાટ;સુસ્પષ્ટતા.

Vivificate, (વિવિફિકેટ્)*vt.* To revive;to animate: જીવ ઘાલવો; જીવ આપવો;સજીવન કરવું;-સજીવ કરવું; સચેત કરવું;સચેતન કરવું.2.To reduce: માં આણવું-લાવવું; ના રૂપમાં લાવવું.

Vivify,(વિવિફાઈ)*vt.* To animate; to endue with life: સજીવન કરવું; જીવ ઘાલવો;-માં ચેતન મુકવું;સજીવ કરવું.

Vivification (વિવિફિકેશન)*n.*Revival;restoration of life: સજીવન; ચેતના;ચૈતન્ય 2. One of the changes of assimilation:ચ્હેરાનો ફેરફાર.

Viviparous, (વાઇવિપૅરસ્) *a.* [L. *vivo*,life & *pario*, I produce.] Producing young in a living state:સચેતન બચ્ચાંજણે એવું-જણનારું.

Vixen, (વિક્સેન્)*n.*A female fox: શિયાલણી-વી.2. A cross illtempered woman: ચાંખણી;કજીયાળી;કુભારણ.

Viz, (વિઝ્) *adv.*That is;namely: તે એ કે;એટલે;તે આ.

Vizier,(વિઝીર્)*n.*A councillor of state: પ્રધાન; મંત્રી; વજીર; દિવાન. *Grand* **v**: દિવાન.

Vocable, (વૉકેબલ *a.* [L *voco*,I call.] A word; a term; a name: બોલ;શબ્દ;નામ;વર્ણ ; સમૂહ;વાચક.

Vocabulary,(વૉકેબ્યૂલરિ) *n.a.* A word-book;a dictionary or lexicon: જ્હાનો શબ્દકોષ; શબ્દસંગ્રહ; શબ્દ સમૂહ;ફરહંગ;શબ્દાવલ;શબ્દાવળી.

Vocal, (વૉકૅલ)*a.*[L.*voco*,I call.] Having voice; endowed with voice:જેને વાચા છે એવું;બોલતુ ;વાણીયુક્ત;વાણી વિશિષ્ટ; વાચ્યુક્ત. 2. Oral: મોંઢાનું; મ્હોંએ ગાવાનું-ગાએલું; વાણીજાત;વાણીનું;વાચિક.3.Sonant; sonorous: સુસ્વર;મધુર. 4. (*a*) Intonated;voiced:કંઠ્ય (*b*) Vowel: સ્વરનું. **V.***music*:કંઠગીત.*n.*A tonic:કંઠસ્વર.

Vocalist, (વૉકૅલિસ્ટ)*n.* A singer: ગવૈઓ;ગાનારો;મોંઢેથી ગાનાર.

Vocalize,(વૉકેલાઇઝ્)*vt.*To make vocal: બોલતું કરવું.2.To practise singing on the vocal sounds: કંઠસ્વરથી ગાવું.[થી;વાણીથી;શબ્દદ્વારા.

Vocally,(વૉકૅલિ)*adv.* Orally:મોંઢે.

Vocation, (વૉકેશન્)*n.*[L. *voco*, I call.]A call;a summons:તેડું;આમંત્રણ. 2. Calling; occupation: trade;profession:ધંધો; રોજગાર;ઉદ્યોગ;કામ;ઉદ્યમ; વ્યવસાય;વૃત્તિ; વ્યાપાર.3. The bestowment of God's distinguishing grace upon a person: ઈશ્વરનો અનુગ્રહ;તારણ.

Vocative, (વૉકેટિવ્)*n.*[L.*voco*,I call.]Vocative case: સંબોધન-આઠમી વિભક્તિ.*a* Appellative:સંબોધન

Vociferance, (વૉસિફરૅન્સ) *n.* Noise;clamor: ધુમ;ઘોઘાટ; અવાજ; ધાંધલ;કોલાહોલ;ધુમરાણ.

Vociferate(વૉસિ ફરેટ્)*vt.*To shout out: ધુમ મારવી;ધુમ પાડવી; ધુમાધુમ-ધાંટાધાંટ કરી મુકવી;ઘાંટો પાડવો; પોકાર કરવો.*vi.*To brawl;to cry:ધુમ પાડવી; ઘાંટો પાડવો.

Vociferation, (વૉસિફરેશન્)*n.*A violent outcry: ધુમાધુમ;કોલાહોલ; ધૂમરાણ;પોકાર;ઘોંઘાટ;ઓરડો.

Vociferous,(વૉસિફરસ્)Clamorous;noisy:ધુમાધુમ-પોકાર કરતું-વાળુ ; ધૂમ મચાવતું;કોલાહલ કરતું.

Voe, (વો)*n.*An inlet bay or creek: અખાત;ખાડી;વાંક; ખાંચો.

Vogue,(વૌગ્)*n.*Temporary mode, custom or practice: ચાલ;વહેવાર; રૂઢિ;વહિવટ; પ્રચાર; વ્યવહાર; પ્રવૃત્તિ; રીતિ;પદ્ધતિ.2.Power;sway:સત્તા; શક્તિ; અધિકાર.*To be in* **v.**:-નો ચાલ-પ્રચાર હોવો;ચાલતું;૨૬ વપરાતું-વ્યવહારમાં હોવું.

Voice, (વૉઇસ્)*n.* [L.*vox*,*vocis*,a voice.] Sound uttered by the mouth: અવાજ;શબ્દ;સ્વર;ધાંટો; કંઠ; કંઠધ્વનિ; કંઠસ્વર;ગળું. 2. Tone: સ્વરિત ધ્વનિ 3.The tone or sound emitted by anything: નાદ;અવાજ; ધ્વનિ 4. The faculty or power of utterance: વાણી;વાચા; બોલવાની શક્તિ.*Broken or hoarse*: **v.**: ભોખરો-બેસીગએલો-ભારેઅવાજ.5. Language;words;speech:ભાષા; શબ્દ; વાણી.બોલી-ઝબાન;ઉદ્ગાર. **V.** *of god*: ઈશ્વરનીવાણી આજ્ઞા-હુકમ.6.Opinion; a vote;judgment: આપેલો વિચારમત-અભિપ્રાય;ચલણ. 7. Command; precept:આદેશ;ફરમાન;હુકમ; આજ્ઞા; વાણી.8.One who speaks;a speaker: બોલનાર; વક્તા. 9. (*Gram.*) A particular mode of inflecting or conjugating verbs: ભેદ; વાચ્ય. *Active* **v.**:મૂળભેદ; કર્તૃવાચ્ય. *Passive* **v.**:સહાયભેદ; કર્મણિવાચ્ય; ભાવવાચ્ય.*Causal.***v.**:પ્રેરક ભેદ.*vt.*To utter; to publish: બોલવું; જાહેર કરવું; સ્વરોચ્ચાર કરવો:ઉચ્ચાર કરવો. 2. To utter with vocal tone: ગળાથી બોલવું;કંઠથી બોલવું. 3. To regulate the tone of:-ના સૂર ગોઠવવા.4. To vote;to elect;to appoint:- ને નિમવું;ચૂંટવું;-ની ચૂંટણી કરવું;-ને માટે મત આપવો.5. To rumour;to report: વાત-અફવા-ચલાવવી-ઉડાવવી.

Voiceless, (વૉઇસ્લેસ્) *a.*Silent; dumb,mute: મૂગું; ચૂપ; કંઈ ચલણ ન હોય-જેનું કોઇ સંભળાતું ન હોય એવું; મત અભિપ્રાયઆપવાની સત્તા વગરનું.

Void,(વૉઇડ્)*vt.*[L.*vacuo*,I am empty.]Empty;vacant: ખાલી; ઠાલું; શૂન્ય. 2. Unoccupied: ખાલી; ભર્યા વગરનું; સુનું 3.Destitute;wanting: રહિત;શૂન્ય;વગરનું;હીન.4. Ineffectual;vain:૨૬;બાતલ;નિરર્થક;નકામું;ફોકટ; વ્યર્થ; વૃથા.5. Destitute of: રહિત-વિના-વગરનું.6.Null:૨૬; બાતલ;નિરર્થક. *n.*Vacuum: ખાલીજગ્યા;શૂન્ય; આકાશ.*vt.*To quit; to leave: છોડી-મુકી દેવું; જગાએથી ઉઠવું; ત્યજવું; ખાલો કર. 2.To emit;to evacuate: ખાલી કરવું; બહારકાઢવું; ઉત્સર્જ કર; હગીને કાઢવું;હગવું.3.To annul; to nullify: બાતલ-૨૬-નિષ્ફળ કર; નિરર્થક કર; તોડવું; નકામું કરી નાંખવું જ.To be emitted or evacuated:ખાલી થવું.

Voidable, (વૉઇડેબલ)*a.*Capable of being evacuated: ખાલી-શૂન્ય થવા જેવું. 2. Capable of being avoided or confirmed: નિરર્થક-૨૬-બાતલ થઈ શકે તેવું; વિકલ્પનીય; ટાળવા જોગ. 3. Capable of being emitted:હગીને કાઢી શકાય તેવું.

Voiture,(વૉઇટ્યૂર)*n.*A carriage: ગાડી; બગી;રથ;વાહન.

Volant, (વૉલૅન્ટ્)*a.*[L *volo*,I fly.] (*a*) Flying: ઉડતું; પાંખો ફફડાવતું. (*b*)Current: ચાલતું;ચલણમાં;પ્રવર્તમાન.2.Active; rapid: ચંચળ; ઝડપવાળું;ચાલાક;ત્વરિત.

Volatile,(વૉલૅટાઈલ્)*a.* [L. *volo*,I fly.]Flying: ઉડતું. 2. Subject to evaporation: હવામાં ઉડી જાય એવું; ઉપડી-ઉડી જાય એવું;હવામાં જલ્દી જતું રહે એવું.3.(*a*)Lively:ચંચળ; ચપળ; છિછોર;ઉલ્લાસી.(*b*)Fickle: ચલિત; અસ્થિર;અદઢ;વારે ઘડીમાં ફરે એવું;ઢંગધડા વગરનું;ચલિત; લહેરી. *n.* A winged animal; wild fowl: પક્ષિકારનાં પક્ષી.

Volatility,(વૉલૅટિલિટિ)*n.*Fickleness; changeableness: ઉડી જાય એવો ગુણ;ચંચલપણું; ચપળતા; અસ્થિરતા;છિછોરી;ચાંચલ્ય; અસ્થિરતા.

Volcanic,(વૉલ્કૅનિક્)*a.*Of or pertaining to a volcano: જ્વાલામુખીનું વિષે-સંબંધી-વિષયક. 2. Produced by a volcano: જ્વાળામુખીથી ઉત્પન્ન થએલું. 3. Changed by the heat of a volcano: જ્વાળામુખી તાપથી વિકાર પામેલું-બદલાયેલું.

Volcano,(વૉલ્કેનો)*n.*[L.*Vulcans*, Vulcan the God of fire.] A mountain or hill usually more or less conical in form from which lava,cinders,steam, sulphur, gases and the like are ejected:જ્વાળામુખીપર્વત

Volition,(વૉલિશન્) *n.* [L. *volo*, will]The act of willing or choosing:મનનો સંકલ્પ; ની ઇચ્છા-નું મન કરવું-થવું તે. 2. A state of choice: ઇચ્છાનું પરિણામ. 3. Will; choice; preference: મરજી; ઈચ્છા; સંકલ્પ; ઈચ્છા શક્તિ.

Volley,(વૉલિ)*n* [L.*volo*,I fly.] 1. A flight of missiles,as arrows, bullets or the like: બાણ-તીરોનો મારો;સામટોમારો;ઘણી ગોળી વચેરે સાથે ઉડાવવી તે. 2. A burst of many things at once: વૃષ્ટિ; વરસાદ; પાત. 3.(*a*) A return of the ball before it touches the ground: કુદી જમીનને અડકે તે પહેલાં પાછી મારવી તે. *A* **v.** *of arrows*: બાણનો વરસાદ.*A* **v.***of words*:શબ્દોની વૃષ્ટિ *vt.*To discharge with a volley: એકદમ ઉડવું.*vi.*To be discharged at once: એકદમ છૂટવું;કુદવું. 2. (*a*)

To return the ball before it touches the ground:કુદ દઈ-ભોંયે અડકતા પહેલાં પાછી મારવી.

Voltaic,(વૉલ્ટેઇક)*a.* Pertaining to the theory of the current of electricity discovered and explained by *Volta* the *Italian* scientist:વૉલ્ટાએ શોધી કાઢેલા વિદ્યુતશાસ્ત્ર સંબંધી; વોલ્ટીય.

Volubility,(વૉલ્યૂબિલિટિ)*n.*The quality or state of being voluble: વાક્પટુતા; વાક્ચાપલ્ય; ચપળતા; પરંપરા ચાલવું તે;જીભેકરામણી;ચાપલુસી.

Voluble,(વૉલ્યૂબલ્)*a* [L *volvo*,I roll.]Rotating:ગબડી જાય એવું; ગબડવું; ફરવું;ભ્રમણ કરવું.2.Glib; nimble in speaking: શબ્દો ઉપાડ્યા જાય એવું;છટાબધ બોલનાર; વાચાળ; જીભેકરામણ;લાંબી જીભવાળું; કડકડાટ;વાક્ચતુર;લાંબી જીભવાળું. 3. Unstable; fickle:ચલિત;અસ્થિર;અદૃઢ4 Having the power of twining:વિંટાતું.

Volume,(વૉલ્યૂમ્)*n.*[L. *volvo*, I roll.]A roll;a scroll: વિંટો;ગેંટો. 2.*A* book;a tome: પુસ્તક; ગ્રંથનો ભાગ;વિભાગ;ગ્રંથ;ખંડ.3. A roll; a turn;a coil:ગેંટો;ગોળો;ઢોઢ;ગ્રંથોતિ; આવલી;રાશિ.4.Mass,bulk:કદ; વિસ્તાર; પરિમાણ

Voluminous,(વૉલ્યૂમિનસ્)*a.* Of or pertaining to a volume:ગ્રંથનું-વિષે-લગતું (*a*)Consisting of many folds,coils or convolutions:ઘણી ગુંચ ગુંછળાવાળું.(*b*)Large:વિસ્તીર્ણ; વિસ્તારમય.(*c*)Consisting of many books: ઘણી ચોપડીઓ એકઠી હોય એવું; બહુ પુસ્તકોવાળું;બહોળા લખાણવાળું.(*d*)Copious;diffuse: જબરું; ભારે (*e*)જેણે ઘણા પુસ્તકો લખ્યાછેએવું.

Voluntary,(વૉલન્ટેરિ)*a.* [L *volo*, I will.] Proceeding from the will: ઇચ્છા-મરજીથી ઉત્પન થયેલું;ઇચ્છાભૂત;સ્વેચ્છાધીન.2. Free; spontaneous: સ્વતંત્ર;સ્વેચ્છાધીન;સ્વેચ્છાચારી; ઈચ્છાપુર: સર;ઇચ્છાપૂર્વક.3.Intended; intentional: જાણી જોઇને ઠીધેલું;સંકલ્પપૂર્વક;બુદ્ધિપૂર્વક.4. Subject to the will:સ્વેચ્છાધીન;ઈચ્છાનુસાર;ઇચ્છાવશ;સ્વવશ.5.Free;without compulsion: પોતાની મરજીથી કરેલું;વગર દબાણનું-બુદ્ધિપૂર્વક; સંકલ્પપૂર્વક.*n.*Volunteer: પોતાની ખુશીથી ચાકરી કરનાર; વોલન્ટીઅર; સ્વેચ્છાસૈનિક;સ્વયં સેવક.2.A piece played by musician according to his fancy: જવૈયો પોતાની મરજી પ્રમાણે જે ચીજ ગાય તે ચીજ.

Volunteer,(વૉલન્ટીર)*a.* Voluntary:વગર માગે આપેલું-મરજીથી કરેલું; પોતાની મરજીથી નોકરી કરનાર સંબંધી *vt.*To offer voluntarily:પોતાની મેળે રાજી ખુશીથી આપવા કહેવું.*vi.* To To enter into any service of one's own free will: રાજી ખુશીથી પોતાની મેળે નોકરીમાં રહેવું; કઈ વાત વગર પૂછે કહેવી-કરવી. *n.* One who enters into, or offers for any service of his own free will: કોઇ કામ કરવાની મરજી પોતાની ખુશીથી જણાવનાર.2. One who enters into service voluntarily: સ્વેચ્છાસૈનિક; પોતાની ખુશીથી લશ્કરમાં દાખલ થનાર;સ્વયં સેવક.

Voluptuary (વૉલપ્ટ્યૂઅરિ) *n.* [L *volo*, I wish.] A sensualist;an epicure:સ્ત્રીલંપટ-વિષયી પુરુષ;ભોગનિરત;વિલાસી;ભોગી;ભોક્તા.*a.* Luxurious:વિલાસી; લંપટ;વિષયી.

Voluptuous,(વૉલપ્ટ્યૂઅસ્)*a.*[L. *volo*, I wish.]Luxurious;sensual: લંપટ;વિષયી;વિલાસી; વિષયાસક્ત; વિષયાસક્તિનું.

Vomic-nut,(વૉમિકનટ્)*n.* Nuvomica:ઝેરકચોળું;ઝેરીકોચલું.

Vomit(વૉમિટ્)*vi.*To puke to spew ઉલટી થવી;ઓકવું;કાઢવું;વમન થવું; નાંખવું.*vt.*To throw up:ઓકવું; ઉલટી કરવી.2.To emit: બહાર કાઢવું; કાઢવું; પેટમાંથી કાઢવું નાંખી દેવું. *n.* Matter that is vomited: ઓકેલું;ઓક; ઉલટી;વમન.2.An emetic:વમનૌષધ.

Vomitive-tory,(વૉમિટિવ્-ટૉરિ)*a.* Emetic: ઉલટી કરાવે એવું;વમનકારક; વાતિકારક.

Voracious,(વૉરેશ્યસ્)*a.* Ravenous;rapacious: ફાડી ખાનારું; ખાઉખાઉ કરતું ;ટકોરદાર; ખાઉધરું; અત્યાહારી; ખાવાનેમાટે વખવખ કરતું.

Voracity,(વૉરૅસિટિ)*n.*Voraciousness:વખવખ;વખવખાટ;વખલછા;ખાઉધરાપણું;ફાડીખાવું તે.

Vortex,(વૉર્ટેક્સ્)*n.*[L. *verto*, I turn.]A whirlpool;an eddy:વમળ; ભમરો;આવર્ત;ચક્કર;ભ્રમિ

Votary,(વૉટરિ)*a.*Devoted;promised:-માં નિમગ્ન થએલું;ને વળગેલું. *n.*One devoted by vow or promise:સેવક;દાસ; ભક્ત;-માં મચી-નિમગ્ન થઈ રહેનાર;પૂજક;આશ્રિત;ઉપાસક.

Vote,(વૉટ્)*n.*[L.*votum*, a wish.] *A* vow;a prayer: પ્રાર્થના; વિનંતિ; બાધા.2 Suffrage;a wish, choice or opinion of a person:મત,ઇચ્છા; અભિપ્રાય;સંમતિ;અનુમોદન; મત આપવો તે કિંવા આપવાની સત્તા. *To put to the v.*: અભિપ્રાય-મત-વિચાર લેવા.3.Voice;a ballot:મતની ચિઠ્ઠી; ટિકિટ.4. Expression by judgment:ફેંસલો;ચૂકાદો;નિવેડો.5. Votes collectively: મત;અભિપ્રાય; લોક-સામાન્ય અભિપ્રાય-મતવિ. To express the mind, will or preference: અભિપ્રાય મત આપવો.*vt.* To elect: સમ્મતિ આપી પસંદ કરવું;હોદ્દો આપવો-અપાવવો;મત આપી ચૂંટી કાઢવું.2.To enact,establish, grant &c. by a formal vote:મંજૂર કરવું;પસાર કરવું; સમ્મતિથી આપવું.3.To declare by general opinion: સર્વાનુમતે જાહેર કરવું.4.To doom:ને શિક્ષા-શાસન આપવું

Votive,(વૉટિવ્)*a.*Devoted:માનતાનું;માનતાને માટે ચઢાવેલું.*A v.medal*:કોઇ શુભ બનાવની યાદદાસ્તને માટે પાડેલો ચાંદ.

Voter,(વૉટર્)*n.*One who has a right to vote:જેને મત આપવાનો કાયદા પ્રમાણે અધિકાર હોય તે; મત આપનાર.

Vouch,(વાઉચ્)*vt.*[L *voch*,I call] To call; to summon: બોલાવવું; તેડાવવું.2. To call upon to witness:સાક્ષી તરીકે બોલાવવું. 3. To warrant to affirm:ખાતરીપૂર્વક કહેવું જાહેર કરવું;સપ્રમાણ કરવું;-થી સાબિત થવું.4.To confirm;to support:ને ટેકો-આશ્રય-આધાર આપવો. 5. To call into court to warrant and defend: કોઇનો હક સાબીત કરવાને સાક્ષી તરીકે કોરટમાં બોલાવવું. *vi.* To bear witness: સાક્ષી પુરવી. 2 To assert;to affirm: ખાતરી કરી આપવી; જણાવવું. *n.*Warrant;attestation: પ્રમાણ-પત્ર-લેખ.

Voucher,(વાઉચર્)*n.*1.One who vouches:સાહેદી;સાક્ષી;ખાતરી-સાક્ષી આપનાર.2.A book,paper,or document which serves to vouch the truth of accounts: જેથી કંઈ સાબીત થાય છે એવી ચોપડી-કાગળ-દસ્તાવેજ;પ્રમાણ પત્ર; પ્રમાણલેખ; સાધનપત્ર;વાઉચર;ઓચરીઉ. 3. The tenant in a writ of right:હક સાબિત કરવા બોલાવેલો એકુત.

Vouch-safe,(વાઉચ્ સેફ્) *vt.* To bestow;to concede: કૃપાકરીને-મહેરબાની દાખલ કરી આપવું બક્ષવું-આપવું દેવું;-પર મહેરબાની-કૃપા કરવી. *vi.* To condescend:કૃપા-મહેરબાની કરવી.

Vow,(વાઉ)*n* [L. *votum*, a vow.] A solemn promise made to God or to some deity: બાધા; માનતા સંકલ્પ;નિયમ;પ્રતિજ્ઞા;માનત;વ્રત. 2. *A* pledge of love or affection: વચન;કોલ;પ્રતિજ્ઞા;પણ *vt.* To devote

to promise solemnly: માનતાનો નિયમ લેવો; બાધા રાખવી-લેવી. 2. To assert solemnly: ખાત્રીપૂર્વક કહેવું-જણાવવું. *vi.* To make a vow: બાધા રાખવી; કોલ કરવો; પણ લેવું.

Vowel, (વાઉએલ્) *n.* [L. *volo*, I call. (*Phan.*) A free uncompounded modulation of the voice: સ્વર; સ્વરવર્ણ. *A short* v., હ્રસ્વસ્વર. *A long* v., દીર્ઘસ્વર. *a.* Vocal: સ્વરસંબંધી.

Voyage, (વૉઇએજ) *n.* Journey by water: દરિયાની મુસાફરી; સફર; જલયાત્રા; જળપર્યટન; સમુદ્ર યાન. 2. The act or practice of travelling: મુસાફરી કરવાનો આવરો; યાત્રા. 3. Course; way: માર્ગ; રસ્તો. *vi.* To take a voyage: સફર કરવી. *vt.* To travel: મુસાફરી કરવી; સફર કરવી.

Voyager, (વૉઇએજર) *a.* One who sails by sea or water: દરિયાઇ મુસાફરી કરનાર; સફરી; સમુદ્રયાયી; જળપર્યટન કરનાર. [અગ્નિદેવતા; વિશ્વકર્મા; ધાતુકર્મા.

Vulcan, (વલ્કૅન્) *n.* The God of fire

Vulcanize, (વલ્કનાઇઝ્) *vi.* To change the property of India rubber: ગંધક મેળવીને રબરને કઠણ કરવું

Vulgar, (વલ્ગર્) *a.* [L. *vulgus*, the common people.] Common; general; public: ordinary: સાધારણ; અભણ લોકોનું-વિષે-સંબંધી; લાકિક. 2. *Vernacular*: દેશી; ચાલતું; પ્રાકૃત. 3. Plebeian: અસભ્ય; અશિષ્ટ; પાજી; અનાડી. 4. Common: સામાન્ય; સાધારણ; લોકોમાં ચાલતું; જાહેરાત. 5. Mean; base; low: નીચ; અણઘડ; અસભ્ય; ગામડિયું; અધમ; હલકું. *V. fraction*: વ્યવહારિક અપૂર્ણાક. *The V*: સામાન્ય લોકો; લોકો; હલકા લોકો. *n.* A vulgar person: અસભ્ય માણસ; જંગલી; અણઘડ માણસ; અનાડી.

Vulgarism, (વલ્ગેરિઝમ્) *n.* Grossness; rudeness: જંગલીપણું; નીચપણું; ગ્રામ્યતા. 2. A vugar phrase: નીચ લોકોની બોલી; કુશબ્દ; અપશબ્દ; અસભ્ય પ્રયોગ.

Vulgarity, (વલ્ગૅરિટિ) *n.* Mean condition of life: સાધારણ વચલા વાંઢાની સ્થિતિ. 2. Coarseness; grossness: અસભ્યતા; અનાડીપણું; અશિષ્ટતા; અશિષ્ટાચાર; અશિષ્ટાચરણ; હલકાપણું.

Vulgarly (વલ્ગર્લિ) *adv.* In a vulgar manner: અસભ્યતાથી; નીચપણાથી.

Vulgate, (વલ્ગેટ્) *n* Ancient Latin version of the scriptures: પુરાતન કાળમાં કરેલું લાટીન ભાષામાં બૈબલનું ભાષાંતર.

Vulnerable, (વલ્નરેબલ \a [L. *vulnero*, I wound.] Capable of being wounded: જખમવાળી થઈ શકે એવું; ભેદ્ય; ભેદનીય. 2. Liable to injury: હરકત-નુકશાન થઇ શકે તેવું; જેને એબ લગાડી શકાય-બગાડી શકાય એવું. *V. point*: મર્મસ્થળ.

Vulnerary, (વલ્નરેરિ) *a.* Useful in healing wound: ઘા મટી-રૂઝાઈ જાય એવું (ઓસડ)

Vulture, (વલ્ચ્યૂર્) *n.* Any one of numerous species of rapacious birds: ગીધ; જિપાડ; ગૃધ્ર.

Vulturous (વલ્ચ્યૂરસ્) *a.* Rapacious ગીધ જેવું; ફાડી ખાનારું; હિંસક.

Vulva, (વલ્વ) *n.* The external parts of the female genital organs: સ્ત્રીનું ગુહ્યાંગ; યોની; ઝપો ભાગ.

W.

W, (ડબ્લ્યુ) The twenty third letter of the English alphabet: ઇંગ્રેજી મૂળાક્ષરનો ત્રેવીસમો અક્ષર; ગુજરાતીમાં એનો ઉચ્ચાર 'ઙવ્' થાય છે.

Wabble (ઙવૉબલ્) *vi.* To move staggeringly; to vacillate: ડોલવું; ડોલતા-ચાલવું; ડોલ્યા-ઝોલ્યા ખાવા; ડોલતા ડોલતા ફરવું; ચક્કરેચઢવું. *n.* A staggering to and fro: ડોલવું; ડોલ્યા; ઝોલ્યો.

Wad, (ઙવૉડ) *n.* A little mass, tuft or bundle: લુંદો; ડુચો; રૌંટલો. 2. A little mass of some soft or flexible material used for retaining a charge of powder in a gun: બંદુકમા વાલવાનો ડુચો. 3. A soft mass, used for various purposes as for stopping an aperture: પરાળ. *vt.* To form into a mass or wad: ડુચો કરવો; એક સંચય કરવો; ઢગલો કરવો. 2. To insert or crowd a wad into a gun: બંદુકમાં ડુંચો ભરવો-નાખવો દેવો. 3. To stuff or line with some soft substance: માં રૂ જેવો નરમ પદાર્થ ભરવો; માં ગાદી નાંખવી.

Wadding (ઙવૉડિન્ગ્) *n.* A wad or materials for wad: ડુંચો; ડુંચાના ચીંથરા-કામળ વિગેરેટ. Any soft stuffing: કપડાં વિગેરેમાં ભરવાનું નરમ સુંવાળું ભરણ-રૂ; રૂની ગાદી.

Waddle, (ઙવૉડલ) *vi.* To walk with short steps swaying the body from one side to other: ડોલતા ડુલતા-અડબડીયાં ખાતા ચાલવું; ડોલડોલા ખાવા *vt.* To trample: ચગદી નાંખવું; પગતળે છુંદી નાંખવું.

Wade, (ઙવેઇ) *vi.* [L. *vadum*, a ford.] To go; to move forward: આગળ વધવું-ચાલવું; પગલું ભરવું; માં ઉતરવું જવું; ખુંદીને જવું; ચાલીને જવું. 2. To walk in a substance that yields to the feet: પગ ઉતરી-કળી પડે એવા પદાર્થમાં ચાલવું-પસાર થવું. 3. To move with difficulty or labor: જેમ તેમ કરી-મહા મુશીબતે પસાર કર-પાર મુકવું; શ્રમ મહેનત-કષ્ટ મુશ્કેલીથી પાર પડવું-જવું *vi.* To pass or cross by wading: ઓળગીને જવું; માં થઇને પસાર થવું; માથી પગે ચાલીને જવું-પાર જવું; નદીમાથી પગે ચાલી જવું. *n.* The act of wading: પાર થઇને જવું તે

Wady (ઙવૉડિ) *n.* A ravine through which a brook flows: ચોમાસામાં જ પાણી રહે છે એવી ખીણ; નાળું; ખીણ.

Wae, (ઙવે) *n.* A wave: મોજું; તરંગ.

Wafer, (ઙવેફર્) *n.* A thin cake made of flour and other ingredients: લોટની સાથે બીજા પદાર્થો મેળવીને કરેલી પાતળી પુરી-રોટલી; પાપડ; ખાખરી. 2. A thin cake used in the Eucharist as the Roman Catholic church: પ્રભુ ભોજનમાં મુકેલી પાતળી રોટલી. 3. An adhesive disk of dried paste used in sealing letters: ચોટાડવાની ચકતી; લાખની વડી; વેફર. *W. woman*, (*a*) a woman who sells wafer cakes રોટલી વેચનારી બાયડી. (*b*) One employed in amorous intrigues: દુતી; કુટણી. *vt.* To seal or close with a wafer: વેફર લગાડી બીડવું; લાખની ટીકડી લગાડી સીલ કર-બંધ કર.

Waferer, (ઙવેફરર્) *n.* A confectioner: કંદોઇ; મીઠાઈવાળો.

Waffle, (ઙવૉફલ્) *n.* Thin cake baked and then rolled: પાતળી ખરી શેકેલી રોટલી. 2. A soft indented cake cooked in a waffle iron: સંપુટમાં શેકેલી રોટલી; સંજૂરી.

Waft, (ઙવૉફ્ટ) *vt.* To beckon: કંઈ આમ તેમ હલાવીને ખબર આપવી-ઈશારો કરવો; નિશાની-સંકેત કર. 2. To bear along in a buoyant medium: વહન કરી જવું; હવામાં ઉડાવવું; તાણી-ધસડી-વહી લેઈ જવું-લાવવું; -માં તરતું લેઇ જવું. 3. To cause to float; to buoy: તરતું રાખવું; તરાવવું; બુડી જવા નહિ દેવું. *vi.* To float: હવામા અથવા પાણીમાં તરવું; વહેવું; વહનમાં પડવું. *n.* A wave or current of wind: મોજું અથવા પવનનો સુસવાટો-સપાટો-વેગ. 2. A signal made by waving something: કંઇક હલાવીને કરેલી નીશાની-ઈશારો-સંકેત. 3. An unpleasant flavour: ખરાબ વાસ; દુર્ગંધ.

Waftage, (વાંફ્ટેજ્) *n.* Conveyance on a buoyant medium: પાણીમાં ધસડી જઈ જવું તે.

Wag, (વૅગ) *vt* To shake to and fro: માથું ધૂણાવવું: ડોકું હલાવ્યા કરવું; આમનેમ હલાવવું; હલાવ્યા કરવું. *vi.* To vibrate: હાલવું; હાલ્યાં કરવું; ડોલવું. 2. To move; to stir: હાલવું; ચાલવું; આગળ વધવું. 3 To go; to depart: જવું; રસ્તે કાપવો; જતા રહેવું. *n.* A shake: ધૂણાવવું-હલાવવું તે; વિક્ષેપ; વિધૂતિ; ધૂનમ. 2. A joker; a humorist: મશ્કરો; નકલી માણસ; ઠઠ્ઠાબાજ; વિદૂષક; ટીખળી: ટીખળીખોર માણસ.

Wage, (વૅજ્) *vt.* To pledge; to bet; to lay; to wager; હોડ મારવી કરવી-બકવી-બાંધવી-લગાવવી. 2. To hazard: જોખમમાં નાંખવું-પડવું-ઉતરવું; માથે જોખમ વહોરવું. 3. To engage in as a contest: લડાઇ ચલાવવી-કરવી; માંડવું; પ્રારંભવું; વિગ્રહ-લડાઇમાં ઉતરવું; લડાઇ મચાવવી. 4. To adventure for hire or reward: ભાડા અગર બદલાને માટે બહાર કાઢવું મુકવું. 5. To hire; to employ: પૈસા આપી કામે લગાડવું; પગાર આપવો; પગારે-મુસારે રાખવું. 6. To give security for the performance of: -ની જમિનગીરી-બાંહેધરી આપવી. *vi.* To bind one's self; to engage: બંધાવું; -ની સાથે શરત-બોલી કરવી. *n.* Prize; gage: ઈનામ; સરત; હોડ. 2. *pl.* Meed; reward; hire; pay: પગાર; મુસારો; મજુરી; રોજ; રોજી; મહેનતાણું; કરમાયો; વેતન.

Wager, (વૅજર્) *n.* A bet; a pledge; a stake: સરતમાં મુકેલો પદાર્થ; હોડ; સરત. 2. A contract by which two parties or more agree that a certain sum of money or other thing shall be paid or delivered to one of them on the happening or not happening of an uncertain event: હોડ; સરત; પ્રતિજ્ઞા; સટ્ટો. 3. The subject of a bet: જેને માટે સરત મારી હોય તે બાબત. *vt.* To bet; to stake; to lay: -ની સરત-હોડ મારવી-બકવી. *vi.* To make a bet; to lay a wager: સરત કરવી; હોડ મારવી.

Wages, (વૅજેઝ્) *n.* Price paid for labor; hire; recompense: પગાર; મુસારો; મજુરી; મહેનતાણું; રોજ; રોજી.

Waggery, (વૅગરિ) *n.* Jocularity; pleasantry: મશ્કરી; ઠઠ્ઠાબાજી; ચેષ્ટા; ઠઠ્ઠાખોરી; હાંસી; ટિખળ; હાસ્યવિનોદ; નકલ; ટોળ; નકલીપણું; અટકચાળું.

Waggish, (વૅગિશ્) *a.* Frolicsome; ઠઠ્ઠાબાજ-ખોર; ઠિખળી; વિનોદી; ટોળી નકલી. 2. Sportive; humorous: ગમ્મતી; આનંદી; રમજી.

Waggle (વૅગ્લ્) *vi.* To waddle: ઝોલા ખાતાં ચાલવું; ડોલતાં ચાલવું. *vt.* To wag: આમતેમ હલાવવું; ધૂણાવવું.

Wagon, Waggon, (વૅગન્) *a.* A wheeled carriage; a vehicle on four wheels: પૈડાંવાળી ગાડી; બોલે લઈ જવાનું ચાર પૈડાવાળું ગાડું; બટારો; વાહન. 2. A freight car on a railway: ભારખાનું; વેગન; ડબ્બો. 3. A chariot: ચાર પૈડાનો રથ. 4. The Dipper, or Charles's Wain: સપ્તર્ષિ; ગાડી. *vt.* To transport in a wagon: ભારખાનાની ગાડીમાં માલ પરદેશ મોકલવો. *vi.* To wagon goods as a business: વેપાર અર્થે માલ મોકલવો-ચઢાવવો.

Waggoner, (વૅગૉનર્) *n.* One who conducts a wagon: ગાડાવાળો; ગાડીત; ગાડીવાન. 2. *Ursa* Major: સપ્તર્ષિ.

Waggonette, (વૅગૉનેટ્) *n.* A kind of pleasure wagon: ચાર પૈડાની બેસવાની ગાડી.

Wagtail, (વૅગ્ટેલ્) *n.* Any one of many species of Old World singing birds: ખંજન પક્ષી-(જેની પૂંછડી હાલ્યાં કરેછે.)

Wahabee, (વાંહાબી) *n.* One of a sect of Puritan moslemes founded by Abdel *Wahhab*: મુસલમાની ધર્મમાં સુધારો કરનાર અબદુલ વાહબ જે આસરે ૧૭૬૦ માં થઇ ગયો તેનો મત માનનાર.

Waif, (વેફ્) *n.* Goods found of which the owner is not known: જેનો કોઇ માલિક નથી જડેલા એવો માલ; નધણીયાતો માલ; બીનવારસી માલ; બેતન માલ. 2. Anything found, or without an owner: માલિક વિનાનો-જડેલો માલ; નધણિયાતો માલ. 3. A wanderer; a stray: ભૂલું પડેલું છોકરું: ભટકતું માણસ; બરબાર વગરનું-અનાથ છોકરું; રખડતું-ઘરબાર વગરનુ કંગાલ માણસ.

Wail, (વેલ્) *vt.* To choose; to select: પસંદ કરવું; ચૂંટી કાઢવું; વીણી કાઢવું. *vt.* To lament; to bewail: શોક કરવો; પશ્ચાત્તાપ કરવો; -ને માટે વિલાપ આક્રંદ કરવો. *vi.* To weep; to make mournful outcry: રડવું; વિલાપ-આક્રંદ કરવો. *n.* Loud weeping; violent lamentation: આક્રંદ; રડાપીટ; રડારોળ; વિલાપ; શોક; પોક; રોકકળ; આક્રંદન; મોટે સાદે રડવું તે.

Wailing, (વેલિંગ્) *n.* Loud weeping: રડાપીટ; વિલાપ; શોક; પોક; આક્રંદ; રડારોળ; હાહામાર; મહોકાણ.

Wailful, (વેલ્ફૂલ્) *a* Sorrowful; mournful: દિલગીરી ભરેલું; શોકમય.

Wailment, (વેલ્મેન્ટ્) *n.* Lamentation; loud weeping: વિલાપ; રડાપીટ; શોક; આક્રંદ; રડારોળ.

Wain, (વેન્) *n.* A wagon: બટારો; ગાડું; ભારબરદારી ગાડું; વેગન. 2. A chariot: રથ; ચાર પૈડાની ગાડી. *The* W., *Charl's* W.: સપ્તર્ષિ; ગાડી.

Wainscot, (વેન્સ્કૉટ્) *n.* Oaken timber: બોકનું લાકડું. 2. A wooden lining or boarding of the walls of apartments: પાટિયાંની ફરેતાલ; પાટિયાંની ભીંત-પડછી. *vt.* To line with boards or panelwork: ફરેતાળ જડવી-ભરવી; પાટિયાંની ભીંત ભરવી; પાટિયાં ભરી લેવાં.

Wair, (વેર્) *n.* A piece of plank, two yards long and a foot broad: બેવાર લાંબું ને ફુટ પહોળું પાટીઉં.

Waist, (વેસ્ટ્) *n.* That part of the human body which is immediately below the ribs: કેડ; કમ્મર; કટી; કટિ પ્રદેશ. 2. The middle part of other bodies: વચલો ભાગ; મધ્ય. 3. A garment which covers the body from the neck to the waist line: પહેરણ; વારકુટ. 4. A girdle or belt for the waist: કમ્મરપટો; કમ્મરબંધ. W. *coat*: વારકુટ; બહેન; બંડી; કુડતું; કેડીઉં; પહેરણ; બાંડીઉં; પેદી. W. *land*: કમ્મરપટો; કમ્મરબંધ. (*b*) નેફો.

Wait, (વેટ્) *vi.* To watch; to observe: જોવું; તપાસ રાખવી; પરહેખરેખ-નજર રાખવી. 2. To rest in patience: થોભવું; દમખાવો; ઉભા રહેવું; વાર કરવી; ઢીલ-વિલંબ કરવો; સબુરી પકડવી; ધીરજ ધરવી-રાખવી-ખોટી થવું; વાટ-રાહ જોવી. 3. To stay in expectation: વાટ-રાહ જોવી; ખોટી થવું-રહેવું. (*b*) To stay proceedings: કામ બંધ રાખવું. *To W. at a table*: ખાણાની વખતે નોકરીમાં હાજર-તત્પર રહેવું. *To W. on or upon*: (*a*) to attend as a servant: -ની ચાકરી કરવી-બજાવવી; -ની સેવામાં રહેવું; -ની તહેનાત-ખીજમતમાં રહેવું; -ની શુશ્રુષા કરવી. (*b*) To attend: -ને મળવા જવું; -ની મુલાકાતે જવું. (*c*) To await: -માંથી પરિણામ નીકળવું-નિપજવું. (*d*) To look watchfully at: તરફ નજર-દૃષ્ટિ રાખવી; પરહેખરેખ રાખવી. (*e*) To attend to; to perform: નું કામ કરવું-બજાવવું. *vt.* To await: રાહ-વાટ જોવી; ખોટી થવું; થોભવું; 2. To follow upon; to await: -નું પરિણામ થવું-આવવું-નિપજવું. 3. To

accompany:-ની સાથે રહેવું-થવું;-ના સોબતી થવું;માન પુરઃસર ચાકરી ઉઠાવવી. 4. To defer; to postpone: મુલતવી રાખવું; આગળ ઠેલવું-ચલાવવું; ટાઢીવાર સબુર કરવી. *To lie in W.*, ફાંદો રચવો;ફાંદો નાંખવો; ફાંસોનાંખવો; દગો રમવો. *n.* A delay;a halt: ઢીલ; વિલંબ;વાર.2. Ambush: સંતાઇ રહેવાની જગ્યા; સંતાઇ રહેવું તે. 3. A watchman: ચોકી આટ; ચોકીદાર. 4. Musical watchmen;serenaders: ગવૈયા.

Waiter, (વેટર) *n.* An attendant: ચાકર;નોકર;સેવક;પરિજન; ખીજમતદાર; હજૂરીઓ. 2. A salver:કથરોટ;થાળ; છાબ;તબકડી [tendant:ચાકરડી;દાસી

Waitress, (વેટ્રેસ્) *n.* A femal at-

Waits, (વેટસ્) *n. pl.* Itinerant musicians, originally watchmen who welcome in Christmas:નાતાલને માટે ગાનાર ગવૈયા.

Waive, (વેવ્) *n.* A waif; a castaway: જેનો કોઈ માલીક નથી એવો-જડેલો માલ 2. A woman put out of the protection of the law: જે સ્ત્રીને કાયદાના રક્ષણમાંથી બાતલ કરેલીછે તેવી સ્ત્રી. *vt.* To relinquish; to give up claim to: છોડવું; નો ત્યાગ કરવો;છોડી-મુકી દેવું;દુર કરવું; વર્જવું. 2. To cast off;to reject;to desert: છોડીદેવું;તજીદેવું; દુર કરવું. 3. (*a*) To throw away: કાઢી નાંખવું; છોડીદેવું. (*b*) To desert; to abandon: તજીદેવું; દુરકરવું; ઉપરથી હાથ ઉઠાવવો. *vi.* To recede:-નો ત્યાગકરું; થી દુર થવું;ત્યજવું;-થી વિમુખ થવું.

Waiver, (વેવર) *n.* The act of waiving: માફીવાળવું-હાથ ઉઠાવવો તે.

Wake, (વેક) *n.* The track left by a vessel in the water:વહાણ ચાલી ગયા પછી તેના રસ્તાની જે ચેરટ પડી રહેલી દેખાય છે તે;સાંખળી; ચોરો. 2.Any track: પગલું;રસ્તો. *vi.* To watch: જાગવું; જાગ્યા કરું; જાગરણ કરું; ઉજાગરો વેઠવો. 2. To sit up late for festive purposes: મોડા સુધી સારે પ્રસંગે જાગતા રહેવું; ઉત્સવ નિમિત્ત જાગરણ કરું. 3. To awake; to be roused from sleep: ઉઠવું;જાગી ઉઠવું;જાગવું;-ની આંખ ઉઘડી જવી. 4. To be active: જાગૃત જાગતા રહેવું; ચાલુ રહેવું. *vt.* To awake: જગાડવું; જાગૃત-જાગર્તુંકરું; ઉઠાડવું.2.To arouse; to excite: ઉત્તેજન આપવું; જાગૃત કરું; ઉશ્કેરવું. 3. To reanimate; to revive: સજીવન કરવું;-નો પુનર્જન્મ કરું; ફરીથી જીવવું કરું. *n.* The act of waking:જાગરણ;ઉજાગરો;પ્રબોધન. 2. A vigil:ઉજાગરો;ચોકી.3. Sitting up of persons with a corpse:કોઇના મરણ વખતે અમડાઈ બેસવું તે.

Wakeful, (વેકફુલ્) *a.* Not sleeping;vigilant: જાગૃત;જાગર્તું; સાવધ; હોંશિયાર;ચાલાક;સાવધાન;ચકોર.

Waken, (વેકન્) *vi.* To wake:જાગવું; જાગૃતથવું;નિદ્રાત્યજવી. *vt.* To wake; to awake:જગાડવું; જાગૃત કરું 2. To rouse; to excite: ઉત્તેજન આપવું; ઉશ્કેરવું.

Waldenses, (વૅલ્ડેનસીઝ્) *n. pl.* A famous christian community of austere morality originated by Peter *Waldo* of Lyons: આસરે ૧૧૮૦ માં પીટરવાલડોએ સ્થાપન કરેલો પીડમોંટ પર્વતની ખીણોમાં રહેનાર પ્રોટેસ્ટંટ લોકોનો એક પથ.

Wale, (વેલ્) *n.* A streak or mark made on the skin by a rod or whip;a stripe:સાળ.2.A ridge or streak rising above the surface as of cloth: સળ;વળ; આંતરી;કાપો. 3. (*a*) *pl* Certain sets or stakes of the outside planking of a vessel:વહાણની બાજુમાંના બહાર પડતા લાકડાં. (*b*)A wale knot:ત્રણ દોરનો ગુંથેલો દોર.*Gun W*: વહાણની બાજુનો તુતકને લગતો ભાગ. *vt.* To mark with wales or stripes: સો ચાબુક મારીને સોળ ઉઠાડવા.2. To choose;to select:ચુંટી-વીણી કાઢવું; -માંથી વીણી નાંખવું.

Walk, (વૅલ્ક) *vt.* To move along on foot;to advance by steps:પગલાં-ડગલાં ભરવા;પગે ચાલવું;ચાલવું;હીંડવું.2. To ramble: પગે ચાલી સહેલ કરવી-પસાર કરું;ફરવું; રખેટી મારવી; વિહાર કરું.3.To be stirring: to go abroad: બહાર નીકળવું; હરવુંફરવું; ભમવું;રખડવું; રઝળવું; 4. To be in motion;to move;to wag:ચાલવું; ફરવું 5.To behave: ચાલવું; વર્તવું;નું વર્તન હોવું.6.To move off; to depart:ઉપડવા પડવું; ચાલ્યાજવું-જતા રહેવું. *To W.in*,to go in; to enter: અંદર આવવું-જવું;-માં પેસવું-પ્રવેશ કરું. *To W after the flesh*: વિષય વિલાસમાં પડી પાપમાં રચ્યા પચ્યા રહેવું. *To W.after the spirit*: પરમેશ્વરની સલાહ અને સહાયતાપ્રમાણે વર્તવું. *To W.in the light*: ધર્મમાર્ગમાં પ્રવેશ કરીને મનની શાન્તિ અનુભવવી. *To W. over;* (*a*):એકીચાલે સરત કુંડું પસાર કરી જવું.(*b*) કોઇ સરસાસરસીમાં રહેલાથી જય મેળવવો ફાવીજવું. *To W. through the fire*: ઘણું દુઃખ-કષ્ટ સહન કરું;દેહદમન કરું *vt.*To pass through, over,or upon:માં ઉપર-અંદર ચાલવું-ફરવું. 2.To cause to walk; to drive with a slow pace:ધીમે ધીમે ચલાવવું-હાંકવું;-ને હલકે પગે જવા દેવું. *To W.the plank*; (*a*): પાટિયા ઉપરથી પગ ખસેડી દઈ પાણીમાં પડવું અને ડુબી જવું.(*b*) જોરાવરીએ-બળાત્કારે જગ્યા ખાલી કરાવવી;તગડી મુકવું: ખંખેરી કાઢવું;કાયલાવી પાડવું. *n.* The act of walking or moving on the feet with a slow pace:સહેલ;ચાલ;ગમન;પસાર;ફરવું તે. 2. The act of walking for exercise:સહેલ;ફરવું તે; વિહાર; વિહરણ.3.Manner of walking;gait;step:ચાલવાની ઢબ-રીત;ચાલ:ગતિ;ચાલવું; હીંડછા. 4. (*a*)Place or distance walked over;way;road: ચાલવા ફરવા-સહેલ કરવાની જગ્યા-નો રસ્તો માર્ગ; વિહારસ્થાન;પગથી;રસ્તો;માર્ગ. (*b*) A place or region in which animals may graze; place of wandering:ટપ્પો;ફેરો;ચરો.4.A frequented track;sphere: પ્રકરણ;વિષય;વ્યાપ્ત;પ્રદેશ; લત્તો 6. Conduct; behaviour:ચાલ;વર્ત્તણુંક; ચાલચગત. 7. Grounds in which animals graze:ચરો.*A sheep W.*:ઘેટાંને ચરાવવાની જગ્યા. *A long W*: લાંબી રપેટ-સહેલ-પસાર. *To go at a slow W.*: ધીમી ચાલથી ચાલવું. **W.** *over*: વગર મહેનતનું સહેલું કામ.

Walkable, (વોકેબલ) *a.* Fit to be walked on:ફરવા લાયક.

Walker, (વોકર) *n.* A pedestrian: ચાલનાર;ફરનાર; પાદચારી. 2. A foot; પગ.3. A forester: જંગલનો ઉપરી. 4 A fuller of cloth:ધોબારો;ધોબી.

Walking, (વોકિંગ્) *a.* & *n* The Walking:ફરવું તે;સહેલ કરવી તે;સહેલ;રપેટી;ફરવું;ચાલવું. **W.***leaf.* (*Bot*) a little American fern: ભીની જગ્યામાં થતો એક જાતનો રોપો. **W** *papers*,an order to leave:રજા;-વિદાયગીરી;બ્રીફણ આપ્યાનો કાગળ. **W.** *wheel*,bread wheel:મુખ્યચક્કર.

Walk-mill, (વોકમિલ્) *n.* A fulling mill:લુગડાં ધોવાનો સંચો.

Wall, (વોલ્) *n* [L.*vallum*,a wall; a rampart.] A work of stone, brick or other materials raised to some height and intended for defence or security or for an inclosure: ભીત;દીવાલ;કરો 2. A defence;a rampart (*of a city*): કોટ;(*of a tent*) કનાત પડદો. 3. An inclosing part of a vessel: કોઇ પણ પદાર્થની આસપાસનો ભાગ;પડ; પડદો;આંતરો.4.The side of a level;

ખાણના ધરાની બાજુ *Front w.*:ભડુ. *Hind w.*: પછીત. *Side w*:કરો. *To drive to the w.*, to bring to extremities: ને સકંડામણ-મુશીબતમાં લાવી મુકવું:નો પરાજય કરવો:-ની ઉપર ટપી જવું. *To go to the w.*: મુશીબતમાં આવી પડવું;-નું જોર-બળ નરમ પડી જવું;અથડાઇ મરવું. **W. creeper**,:એસીઆ અને દક્ષિણ યુરોપમાં વસતું એક ચળકતા રંગનું નાનું પક્ષિ. **W. lizard**:ખીલોડી;ગરોળી. **W. louse**; a woodlouse:ચીમોડી;ગીગોડી; બગાઇ; ઉધાઇ. **W. moss**:ભીંત ઉપર થતી લીલ. **W. newt**: ધીલોડી;ગરોળી **W. pellitory**: અછલગરાનો છોડ. **W. piece**: દીવાલ ઉપર બંદુકગોઠવવાનું ખામણું. **W. plate**:પાટડી. **W. rock**:દીવાલો બાંધવામાં વપરાતો મરડીઓ. **W. spring**: ખડકમાંથી નીકળતો ઝરો **W. tent**:ઘરની દિવાલ જેવી ઉંચી સીધી કનાતોવાળો તંબુ. *vt.* To inclose with a wall:-ની ફરતી ભીંત બાંધવી;વાડો કરી ચણી લેવો. 2. To fortify: કોટ ચણી લેવો; કિલ્લો બાંધવો. 3. To close with a wall: બારી બારણામાં ભીંત ચણી લેવી;ચણી લેવું.

Wallet,(વૉલિટ્) *n.* A bag or sack for carrying the necessaries for a journey; a knap sack: મુસાફરનીબચકી;ખડીઓ;પાકીટ; ભાથાની પોટલી;ભીખારીની ઝોળી. 2. A pocket book for keeping money about the person: પૈસા રાખવાનું પાકીટ. 3. Anything protuberant:ઢેકો; પોપચો;વરસોળી.

Walled,(વૉલ્ડ્) *a.* Fortified: કોટવાળું;કોટબાંધેલોછેએવું;કિલ્લાદાર; કોટબંધ.

Wall-eye,(વૉલ્ આઇ) *n.* An eye in which the iris is of a very light gray or whitish color:માંજરીઆંખ. 2. An American freshwater food fish having large and prominent eyes : અમેરીકન મોટી આંખોવાળી માછલી.

Walleteer,(વૉલિટીર્) *n.* One who carries a wallet; a foot traveller:પગે ચાલતો મુસાફર. 2. A tramping begger: ઝોળી લઇને માગતો ભીખારી.

Wall-flower,(વૉલ્-ફ્લાઉઅર) *n.* (*Bot.*) A perennial cruciferous plant with sweet-scented flowers varying in color: પીળાંથી નારંગી રંગના સુગંધીદાર ફુલોવાળો એક રોપો. 2. A lady at a ball, who, either from a choice, or because not asked to dance, remains a spectator: પોતાની મરજીથી નહિ નાચનાર અગર નાચવાનું કહ્યું નહિ હોય એવી એક કોરે ઉભા તરીકે તટસ્થ ઉભી રહેલી સ્ત્રી.

Wallop,(વૉલોપ્) *vi.* To gallop: ભલંગો મારી ખદડુક ખદડુક ચારેપગે કુદવું *n.* A gallop:કુદકો;કુદંગ; ભલંગ. *vi.* To boil with a continued bubbling or heaving and rolling with a noise: ખળખળ ખળખળ ઉકળવું;ખદબદવું;નાં કુલ પડવાં. 2. To waddle: હાલ્યાં કર:ડોલાડોલા ખાવા. 3. To live in: ગરક લીન થવું-થઇ રહેવું-હોવું. *vt.* To flog:મારવું;ઝુડવું; માર મારવો;પુષ્કળ-સારી પેઠે મારવું 2. To warp up temporarily: થોડા વખતમાટે વિંટાળીમુકવું. 3. To throw or tumble over:ફેંકી દેવું; ગબડાવી દેવું. *n.* A thick piece of fat: ચરબીનો જાડો કટકો. 2. A blow: ધક્કો; મુક્કો:ધા;પ્રહાર;માર.

Walloping,(વૉલોપિન્ગ) *n.* Flogging;punishment: માર;શિક્ષા;દંડ.

Wallow,(વૉલો) *vi.* [L. *volvo*, I roll.]To roll one's self about; to flounder:લોટવું;.આલોટપોટ થવું; માં રગદોળાવું-ખરડાવું;ગબડવું; ગુલાટખાવી. 2. To live in filth or gross vice: દુર્વ્યસનમાં ગરક થવું હોવું; અનીતિમાં પૈસવું-ને રસ્તે ચાલવું. 3. To wither; to fade: સૂકાઇ-કરમાઇ જવું. *vt.* To roll in anything unclean:ગંદામાં ગબડાવવું લદબદ કર. *n.* A kind of rolling walk:ગોળ ફરવાની ચાલ.

Walnut,(વૉલ્નટ્) *n.* The fruit or nut of any tree of genus *Juglans*: અખોડ;અખરોટ;અક્ષોટ. **W. oil**, oil extracted from walnut meats: અખરોટનું તેલ.

Walrus,(વૉલ્રસ્) *n.* A very large marine mammal of the Seal family,native of Arctic ocean: દરીઆમાં રહેતું એક માંસાહારી લાંબા દાંતવાળું પ્રાણી;દરિયાઇ ઘોડો.

Walter,(વૉલ્ટર્) *vi.* To roll or wallow;to welter:લોટવું; આળોટવું: -માં ગબડવું- રગદોળાવું. [દરિયાઇ ઘોડો.

Waltron,(વૉલ્ટ્રન્) *n.* A walrus:

Walty,(વૉલ્ટિ) *a.* Crank: વાંકુ વળે એવું;ઉધુ વળી જાય એવું.

Waltz,(વૉલ્ટ્સ્) *n.* A dance performed by two persons in circular figures with a whirling motion:એક જાતનો નાચ (એમાં એક સ્ત્રી અને એક પુરૂષ એકબીજાને વળગીને ગોળચક્કરમા ફરેછે) કૂદડી; ફેરકૂંડી. *vi* To dance a waltz:નાચવું.

Wan,(વૉન્) *a.* Pale;pallid:ફીકું;નિસ્તેજ;પીળું;વાન;ક્ષીણ;જર્દ. *n.* Wanness:પીળાશ;ફીકાશ; ક્ષીણતા. *vt.* To become pale ફીકું થવું; પીળું થવું;નિસ્તેજ થઇ જવું.

Wand (વૉન્ડ્) *n.* A small stick; a rod:સોટી;લાકડી;છડી;દંડ. 2.(*a*) A rod used by chiefs: છડી; અધિકાર દંડ;રાજદંડ(*b*)A rod used by conjurers: જાદુગર-મદારીનીલાકડી.

Wander, (વૉન્ડર્) *vi.* To stroll; to rove:ભટકવું;ભમવું;રખડવું; રઝળવું; પરિભ્રમણ કર; રઝળતા ફરવું. 2. To depart;to deviate;to go astray: ચૂકવું; રસ્તો છોડવો; ભ્રમ ભ્રાંતિમાં પડવું;થી આડા ફાંટવું;ભમી જવું; ઘર છોડી જવું;ઘરનો ત્યાગ કરવો. 3. To rove: ભમવું;ચળવું;ભમી ચળી જવું;નું મન ચળી-ખસી જવું. *vt.* To travel without any certain course: ભમવું; ભમતા ફરવું.

Wanderer,(વૉન્ડરર્) *n.* A rambler:ભૂલું પડેલું માણસ; ભટકનાર; રઝળનાર;ભમતર;ભ્રમકર્તા. 2. One who deviates from duty: ચૂકનાર,ભૂલનાર; આડેરસ્તે-માર્ગે ચઢનાર; ભૂલું પડેલું માણસ.

Wane,(વૅન્) *vi.* To be diminished;to decrease(as the moon): (ચંદ્રની કળા)ઓછી થતી જવી; (કળા)-નો ક્ષય થતો જવો-થવો; ની કળા-તેજ ઘટવું; ઓછું થવું;ઉણું ક્ષીણ થતા જવું. 2. To decline;to fail;to sink:ઉતરતી દશા-હાલત થવી-પરઆવવું; ઉતરવું; ઉતરતા પાયાપર આવવું કરમાવું; કરમાઇ જવું;મંદીપર આવી જવું. *vt* To cause to decrease:આછું કરાવવું;ઉતરતાપાયા પર લાવવું *n.* The decrease of the illuminated part of the moon to the eye of a spectator: ક્ષય; અવકળા; કળાક્ષય; ચંદ્રની કળાનું આછું થવું તે. 2. Decline; failure; decrease: ઉતરતો પાયો દશા-હાલત; ક્ષય; પડતી.

Wang,(વૅન્ગ્) *n.* The jaw,jawbone or cheek bone: જડબું; દાઢ; દાઢનું હાડકું;ડાચું 2 A slap:તમાચો; થપ્પડ; ધોલ **W. tooth**:દાઢ.

Wanger, (વૅન્ગર્) *n.* A pillow: ઓશીકું;ગાલમશુરિયું.

Wanhope,(વૉન્હોપ્) *n.* Want of hope;despair:ખોટી આશા; નાહમેદી; નાશીપાસી 2 Delusion:ભ્રમ;ભ્રાન્તિ.

Wankle (વૉન્કલ્) *a.* Weak; unstable: અસ્થિર અદૃઢ; નબળા મનનું.

Want,(વૅન્ટ્) *n* A mole :ચેણ;છછુંદર. *n.* Deficiency;lack:અભાવ;નાસ્તિત્વ,ન્યૂનતા; એછાપણું; હીનતા; અછત; અપ્રાપ્તિ;વિરહ;અભાવ; ખોટ;સાસા;મણા. 2. Destitution;indigence;penu-

ry;poverty;need:તંગી;અપેક્ષા; જરૂર;અગત્ય;ગરજ;દરકાર; પ્રયોજન; કાર્ય; તોટો;ગરીબી; કંગાલિયત; ગરીબાઇ;કંગાલ અવસ્થા;દારિદ્ર;ધનાભાવ;દુર્ગતિ.3.That which is needed or desired:જરૂર;ખોટ;કામના;તંગી.*vt.*To be without;to be deficient in;to lack: (કંઈ) વગરના રહિત હોવું; ધરવું; કમી ઓછું હોવું;.માં તોટો પડવો; ઉણ હોવું; જોઈતું હોવું; ની ખોટ પાડવી;-ની જરૂર અપેક્ષા-ગરજ હોવી;-માં ખામી-ન્યૂનતા હોવી2.To require;to need: જરૂર હોવી;-ની જરૂર-અગત્યપડવી;ખુટવું; માં ખામી-ખોટ હોવી. 3 To desire; to crave:ઇચ્છવું;ચાહવું;-ને માટે ઇચ્છા રાખવી;આકાંક્ષા-અપેક્ષારાખવી. 4 To desire to speak to:-ને મળવામાગવું;નું કામ હોવું. *vi.* To be absent; to fail; to lack:-માં ઓછું કમતી હોવું;અભાવ-વિરહ હોવો; માં તૂટ-ખોટહોવી;ગેરહાજરહોવું; જરૂર હોવી;-ની તંગી-ખોટ પડવી.To fall short:-માં ઓછું-કમતી ખુટવું હોવું.

Wanting, (ઉવૉન્ટિંગ્) *a.* Absent; lacking;missing: ગેરહાજર; અધુરું; ઓછું-કમી;ઉણ;ન્યૂન;કમતી; ખૂટવું; ધટતું.2.Lack:ખર્ચ કરેએવું;ઢીલું;પોચું.

Wanton, (ઉવૉન્ટૉન્) *a.* Untrained; unrestrained;loose;free: છૂટું,નિરંકુશ;નિર્મર્યાદ; રમતિયાળ; બેફંદ; મનસ્વી;રંગીલું; સ્વેચ્છાચારી;વિલાસી;ખુશામિજાજ.2.Perverse;dissolute: હઠીલું;આડું 3.Lewd;lascivious; lustful: ચંડેલ;લફંગું;કામી;વિલાસિ; કામાતુર;લંપટ;વિષયી;સૌદું; ઇશ્કી; લુચ્ચું; વિલાસ ભરેલું; વિષય કામ ખુદ્દાનું. 4. Reckless;heedless: જાણીજોઈને કરેલું;બેફંદ;સાહસિક 5. Luxuriant: ભરપ્યાર;પુષ્કળ; વિપુલ; ઘેઘટ; પૂરબહારનું *n.*A trifler:ભટકનેા;રમતિયાળ.2. A pampered pet:લાડકા; વહી ગયેલેા માણસ;માએ જણીને ભમતેા મુકેલેા. 3. A lewd person;a lascivious man or woman: વિલાસિ-કામાતુર-વિષયી સ્ત્રી અથવા પુરૂષ;ચપલા; વ્યભિચારિણી; વિલાસિની;લલના;પ્રેમદા. *vi.* To rove and ramble without restraint, rule or limit;to frolic:બેફંદું; હલ્લેકર;મોજ મારવી;અમર્યાદ-નિરંકુશ થઇને ભટકવું-ફરવું;પસરવું; માહાલવું.(*b*) છુટું-ઢીલું-બંધારણ વગરનું થઇને પસરવું જવું ફેલી જવું;પાંખરવું;પસરવુ .3.To sport in lewdness;to play the wanton: કામ-વિલાસ કરવેા;લંપટ થઇને રમવું; વિષય વિલાસ કામવિલાસ-કામક્રીડા-કામચેષ્ટા કર-રમવી; ઇષ્કબાજી કર; રમણ કર.*vt.*To cause to become wanton: લંપટ-વિલાસી-નિરંકુશ બનાવવું લંપટ થઇને વર્તવું.

Wantonly, (ઉવૉન્ટૉનિ)*adv.* Loosely;gayly:લંપટપણે; વિલાસિપણે. 2.Unintentionally:ઓચિંતા; એકદમ; અણધાર્યું; અબુદ્ધિપૂર્વક.

Wantonness,(ઉવૉન્ટૉનેસ્)*n.*Sportiveness: સેાદાઇ; લુચ્ચાઇ; વંઠેલપણું; વિલાસ;કામાચાર; વિષયવિલાસ:કામક્રીડા; વ્યભિચાર.

Wedded, (ઉવેડેડ્) *a.* Joined in wedlock;married:પરણેલું; વિવાહિત;પરિણીત.2.Of or pertaining to wedlock:લગ્ન સંબંધી-લગતું; લગ્ન વિષયક.3. Closely attached:આસક્ત; રત;લંપટ;અવલંબી.

Wedding,(ઉવેડિંગ્) *n.* Marriage; nuptials:લગ્ન;વિવાહ;લગ્નક્રિયા; શાદી. *a* Belonging to marriage:લગ્નનું; લગ્ન પ્રકરણનું;વિવાહ-શાદી નું-ને લગતું-સંબંધી.

Wedding-favor, (ઉવેડિંગ્-ફેવર્) *n.*A marriage favor:વરમાળા;લગ્ન વખતે પહેરાતી પટ્ટી.

Wedge,(ઉવેજ્) *n.* A piece of metal thick at one end and tapering to a thin edge at the other used in splitting wood: ફાચર;ખિલો;શંકુ;ફાંસી. 2. A solid of five sides:પાંચ બાજુની ઘનાકૃતિ. 3.A mass of metal:લગડી.4. Any thing in the form of a wedge: ફાચ શંકુ આકૃતિ. 5. The person whose name stands low on the list: શિષ્ટ સાહિત્ય વિષયની પરીક્ષામાં માન સાથે પાસ થનારાં પત્રકમાં છેલ્લું નામ જેનું હોય તે. *vt.* To drive:લગડાઇ જવું;ઠપાઈ જવું;ચિરાઈ...

ઠબાઈ જવું.2.To force or drive:માં ખોસવું;ખોડવું;-માં ફાચર મારવી.3. To force by crowding and pushing as a wedge does:માં ઘુસીને પેસવું; ઠાણીઓ મારી રસ્તો કરવો.4.To press closely: ઠાંસી-ઠાંસીને ભરવું-પેસાડવું-ઘાંચી ઘાલવું-ઘાલી દેવું.5. To fasten with a wedge or wedges:ફાચર મારવી; ફાચર મારી સજ્જડ કરવું;-માં ખીલો ઠોકવો. *To w. one's way:* ભેરવી પોતાનો રસ્તો કરવો.

Wed-lock, (વેડ્-લૉક્) *n.* Ceremony or the state of marriage;matrimony:વિવાહ;લગ્ન;શાદી;વિવાહબંધન.

Wednesday, (વેન્ઝ્ડે) *n.* The fourth day of the week:બુધવાર.

Wee, (વી) *n.* A little;a bit:થોડી જગો;કકડો. *a.* Very small;little:થોડું; ઝીણું;નાનું;અલ્પ.

Weed, (વીડ્) *n.* A garment; clothing:પોશાક;લુગડું;કપડું. 2. An article of dress worn in token of grief;mourning garment: શોકની નિશાનીમાં પહેરાતું લુગડું; શોકના લુગડાં; વિધવાનો પોશાક. *n.* A sudden illness or relapse, often attended with fever, which attacks woman in childbed: સુવાવડ વખતે સ્ત્રીઓને એકાએક તાવ આવવાથી થતો મંદવાડ.

Weed, (વીડ્) *n.* Underbrush; low shrubs:ઝાડવાં. 2. A useless or injurious plant: પાકને નુકસાનકારક છોડવા ઝાડવાં; નકામાં રોપા; જડાં નિંદણ; ઘાસ. 3. Anything useless:નકામો પદાર્થ;તણખલું; તરણું. 4. An animal unfit to breed from ઉત્પત્તિ કરવાને નાલાયક પશુ. 5. Tobacco or cigar: તમાકુ;બીડી. *W. hook,* નિંદણી; કરપડી. *vt.* To free from noxious plants; to clear off weeds: ઘાસ કાઢી નાંખવું-કાપી નાંખવું; નિંદવું;માંથી નિંદણ કાઢી નાંખવું 2.To remove; to extirpate: કાઢી નાંખવું;દૂર કરવું; ભેગળું-છુટું કરવું. 3.To free from anything hurtful: છુટું કરવું; મુક્ત કરવું; નુકસાનકારક પદાર્થ કાઢી નાંખવો. 4.To reject as unfit for breeding purposes: ઉત્પત્તિને માટે નાલાયક ગણી કાઢી નાંખવું.

Weeding, (વીડિંગ્) *n.* Act of removing weeds:નિંદવું તે;નિંદણ.

Weeding-hook-tongs, (વીડિંગ્-હૂક્-ટોન્ગ્ઝ્) *n.* A hook used for cutting away weeds:નિંદવાનું ઓજાર;ઠાંતરડું;નિંદણી;ખરપડી.

Weed-mouth, (વીડ્ માઉથ્) *n.* One who knows many languages:ઘણી ભાષા જાણનાર.

Weedy, (વીડિ) *a.* Consisting of weeds:રોપાથી ભરેલું; ચાસવાળું; નકામા ઝાડ પાલાનું બનેલું-થયેલું. 2. Abounding with weeds:ઘાસનાળું; ઝાડવાંવાળું; નિંદણથી ભરપૂર. 3. Scraggy;ill shaped:ભેડોળ;કદરૂપું.

Weedy, (વીડિ) *a.* Dressed in weeds or mourning garments શોક-દિલગીરીના પોશાકમાં-વાળું.

Week, (વીક્) *n.* A period of seven days:અઠવાડીઉ;સપ્તાહ;વારસપ્તક.

Week-day, (વીક્-ડે) *n* Any one of the seven days except Sunday રવિવાર સિવાય અઠવાડીઆનો ગમે તે દિવસ;આડોવાર.

Weekly, (વીક્લિ) *a.* Of or pertaining to a week or week day: અઠવાડીઆનું-વિષે-વિષયક. 2. Coming,happening or done once a week;hebdomadary:અઠવાડિયે અઠવાડિયે આવવું-બનવું-થવું-કરાવું-અપાવું મળવું-નીકળવું-બહાર પડવું; અઠવાડિક;સાપ્તાહિક. *n* A publication issued once in seven days or appearing once a week: અઠવાડીએ છપાવું નીકળવું પત્ર; અઠવાડિક પત્ર. *adv.* Once a week: દર અઠવાડીએ;અઠવાડીએ અઠવાડીએ.

Ween, (વીન્) *vi.* To think;to fancy:ધારવું;કલ્પના કરવી;વિચારવું;-ને ભાસવું.

Weep, (વીપ્) *n.* (*Zool.*) The lapwing;the wipe:ટીટોડું ડી.

Weep, (વીપ્) *vi.* To cry; to lament:રડવું,રૂદન કરવું; રોવું; આંસુ પાડવાં-ઢાળવાં;વિલાપ કરવો. 2. To lament; to complain: શોક કરવો; દિલગીરી બતાવવી;પોતાનું દુઃખ રડવું; ફરિયાદ કરવી. 3.To blow in drops; to run in drops: ટપકવું;ઝરવું,વહેવું; ની ધારા છૂટવી. 4. To drip: ટપકવું; ટીપા પડવાં.5.To be pendent; to droop: નીચાં નમી જવું;લચી જવું; ઢળી પડવું. *vt.* To lament;to bewail; to bemoan: વિલાપ કરવો;રૂદન કરવું;-ને માટે શોક કરવો;પશ્ચાતાપ કરવો; દિલગીરી બતાવવી; રડવું. 2. To shed tears: આંસુ ઢાળવાં-પાડવાં;-માંથી નીકળવું-ઝરવું.

Weeper, (વીપર્) *n.* One who weeps:વિલાપ કરનાર;શોક કરનાર; રડનાર 2.A white band worn as a badge of mourning: શોકસૂચક ડગલાની બાંયને છેડે મુકેલી ધોળી પટી.

Weeping, (વીપિંગ્) *a.* Grieving: વિલાપ કરવું; દીલગીરી કરવું. 2. Surcharged with water: પાણી વાળું; પાણી ટપકવું ઝરવું;-થી લદબદવું; તરબોળ થઇ ગયેલું.3. Having slender-pendent branches: નીચી નમી ગએલી ડાળીઓવાળું.4. Pertaining to lamentation:શોક સંબંધી; રૂદન કરનારાઓ સંબંધી. W. *spring:* ધીમે ધીમે પાણી નીકળતું હોય તેવો ઝરો. *To return by the W. cross,* કોઈ માથે લીધેલા કામમાં માનભંગથી કે પશ્ચાત્તાપથી પાછા હઠવું. *n.* Shedding of tears;lamentation with tears:વિલાપ;શોક,રૂદન; અશ્રુપાત.

Weesel, Weezel, (વીઝેલ્) *n.* Same as weasel: નોળીયો.

Weevil, (વીવિલ્) *n.* Any one of numerous species of beetles: અનાજ વિગેરેમાં પડતાં કિડા; જીવાત-જીવડાં;એક જાતના વંદા;કાતરા;કાતરડા.

Weeviled, (વીવિલ્ડ્) *a.* Infested by weevils: કાતરા-કાતરડા કિડાવાળું-જીવડાંવાળું-પડયાં હોય એવું.

Weft, (વેફ્ટ્) *n.* A thing waved waived or cast away;a waif:જેનો કોઇ માલિક નથી એવો જડેલો માલ;નાંખી દીધેલી વસ્તુ-પદાર્થ. *n.* The woof of cloth:વાણેા; કપડાંનું આડું સૂતર.2.A web;a thing woven: થાન;તાકો;વણેલી વસ્તુ. *n.* A signal: હાથનો ઈસારો-સાન.

Weigh, (વે) *n.* A corruption of *Way* used in the phrase *Under weigh:* આ વાક્યમાં એ રસ્તાના ભાવાર્થમાં વપરાય છે.

Weigh, (વે) *vt.* [L. *veho* I carry.] To bear up: to raise : ઉપાડવું; ઉચું કરવું; ઉછાળવું. 2. To examine by the balance:તોલ કરવું;તોળવું; જોખવું;વજન કરવું;-નું તોલ ઉપાડવું-કાઢવું. 3.To be equivalent in weight: તોલમાં થવું-હોવું-ઉતરવું; સરખું ઉતરવું; સમતોલ થવું.4.To pay,allot, take or give by weight:તોલથી આપવું-ભરવું-લેવું. 5. To ponder in the mind;to estimate deliberately: મનમાં તોલ કરવું તોળવું-ચોળવું-વિચારવું; મનન કરવું;વિચારવું;વિચારી જોવું;નો વિચાર કરવો.6.To regard: ને વિષે માનદરકાર રાખવી. *To w. down* (*a*) થી તોલ-વજન-ભારમાં વધારે હોવું. (*b*) (*fig*) દાબી-ભાગી નાંખવું;થી કંટાળી જવું;ઉદાસ કરવું; થી ઉદાસ થવું. *vi* To have weight;to be heavy: વજન તોલમાં હોવું-થવું; વજનદાર જણાવું-લાગવું; તોળાવું; જોખાવું 2. To be considered as important: ભારે લાગવું-જણાવું;મનમાં વજન-તોલ થવું; ને માટે વિચાર પડવો; વજનદાર જણાવું-થઇ પડવું. 3. To press hard: કંટાળી ભાર હોવો-થવો; ભારરૂપ થઇ પડવું; છાતીપર બેસવું. 4. To judge;

to estimate:વિચાર કરવો; ધારવું. *To w.down*, to sink by its own weight: ભારે થવાથી નીચે નમી જવું; બેસી-દબાઇ જવું. *n* An English measure of weight:ઉપરની માપ.

Weighage,(ઉવેંએજ)*n*.A duty or toll paid for weighing merchandise:માલ જોખવાને માટે અપાતો દર-હાંસલ-કર;જોખામણ.

Weight,(ઉવેટ્)*n*.The quality of being heavy: ગુરુત્વ; વજન; તોલ; બોજ;ભાર. 2. The quantity of heaviness;comparative tendency to the centre of the earth: વજન; તોલ;પરિમાણ; ભાર; જોખ. 3. Pressure;burden:ભાર;બોજો;દબાણ. 4.Importance;power; efficacy; consequence;moment:ગૌરવ; પ્રભાવ;ભારબોજ;વજન;વકર; બોજ; ભાર; વજનદારી;કદર;ચલણ;વિસાત;દમ; મહત્વ;મામલત.5.Standard of weight તોલ;વજન.6. Something heavy; a ponderous mass:ભારે વસ્તુ-થીજ; ભાર;બોજો; દબાણ; ઉદાસ્ત 7. A mass used as a standard for weighing:કાટલું; વજન; જોખ *vt*. To load with a weight; to load down:જોખવું;તોલ કરવું.2.To assign a weight:કાટલું મુકવું;-નું તોલ કરવું.

Weightiness(ઉવેટિનેસ્)*n* Weight; force; importance.: ભારેખમપણું; ભારબોજ;ગુરુત્વ;વજન;વકર.

Weightless,(ઉવેં ટ્લેસ્)*a*.Light: નજીવું;વિસાત વગરનું;હલકું;લઘુ.

Weighty,(ઉવેટિ) *a*. 1. Having weight; heavy; ponderous:ભારે વજનદાર; સંગીન;જડ; જબર; ગરિષ્ટ. 2. Important; forcible; serious: અગત્યનું-વજનદાર; જોહોકું; મહત્વનું; ગૌરવવાન;ગંભીર; વિચાર કરવા યોગ્ય;મન પર લેવા જેવા પ્રભાવ; સપ્રમાણ. 2. Rigorous; severe : સખ્ત; ધણુંજ; ભારે;કડક.

Weird,(ઉવીર્ડ્) *n*. Fate; destiny: નશીબ;કર્મ.2. A spell or charm: જાદુ;મંત્ર.Also,a prediction: ભવિષ્ય ભાખવું તે; પૂર્વસૂચન. *a*. Concerned with destiny:નશીબને લગતું-સબબી.2. Of or pertaining to witch-craft;unearthly:ડાકણનું-ના જેવું;અમાનુષ્ય; આ જગતનું નહિ હોય એવું;ભયાનક.*vt*. To predict: ભવિષ્ય ભાખવું;ભવિષ્ય વર્તવું.

Welcome,(ઉવેલ્કમ્)*a*. Received with gladness: સ્વાગતાનું; આદરસત્કાર આપવા જેવું; આવકાર દાયક-ખુશીની સાથે સન્માન કરેલું; વધાવી લીધેલું;ભલે આવ્યું: ભલે પધાર્યું. 2. Grateful; pleasing: આનંદકારક; સુખપ્રદ; ખુશ કરે એવું: આદરણીય; શુભ;ઇષ્ટ;હિત-પ્રિય; કુશળ; આનંદજનક; ક્ષેમ;સુખદ. *W. news*: શુભ સમાચાર. *A w.hour*: ઇષ્ટ ઘડી-સમય.3. Free to have gratuitously:ખુશીથી છુટ આપેલી. *To bid w.*: આગતાસ્વાગતા કરીને સ્નેહપૂર્વક અંગીકાર કરવું.*n*. Salutation to a new comer: અભિનંદન; ખુશ ખબર; વધાઇ; વધામણી. 2. Kind reception of a guest: આગતાસ્વાગતા; સન્માન; આદરમાન;આવકાર;માન. *vt* To receive and entertain hospitably and cheerfully: આગતાસ્વાગતા કરવી; આદરમાન આપવું;વધાવી લેવું;-નું સારી રીતે સન્માન કરવું;-ને ભલે પધાર્યા એમ કહેવું.

Weld,(ઉવેલ્ડ્)*vt*.To wield:ચલાવવું; વાપરવું.*n*. Dyer's broom; dyer's rocket;wild weed:જરદાનું ઝાડ;પીળો રંગ નીકળે એવો છોડ. 2. Colouring matter or dye extracted from this plant:આ છોડમાંથી નીકળતો રંગ; જરદો. *vi*.To press or beat into intimate and permanent union:ખુબ તપાવીને લોઢા વગેરેના બે કકડા ટીપીને જોડવા-એકઠા કરી સાંધવા.2.To unite closely: સાથે જોડાવું; એકત્ર થવું;-ને ઘાડા સંબંધમાં લાવવું.*n*.The state of being welded:સાથે જોડાવું તે;સાંધો;સાંધ.

Wele,(ઉવેલ્)*n*.Prosperity; weal: સુખ;આબાદી; ચઢતી;કલ્યાણ.

Welfare,(ઉવેલ્ફેર)*n* Prosperity; happiness: શુભ;હિત;કુશળ;શ્રેય;ક્ષેમકુશળ;માંગલ્ય;ક્ષેમ; કુશળતા; બેરિયત; અભિવૃદ્ધિ; આબાદી-હાની; જહોજલાલી; ખુલ્લાદીલી;સુખચેન; વિલાસ; વૈભવ.

Welfaring,(ઉવેલ્ફેરિંગ્)*a*.Faring well;prosperous:ફતેહમંદ;ચઢતી પદવીએ પહોંચતું.

Welk,(ઉવેલ્ક્) *vt*. To wither; to fade: કરમાઈ જવું; સુકાઈ જવું; નાશ પામવું; કોહી જવું. *vt*. To cause to wither: કોહવા દેવું;કરમાવી નાંખવું. 2. To contract: ટુંકું કરવું; સંક્ષિપ્ત કરવું; સંકોચવું 3. To beat severely: સખત માર મારવો; ખૂબ ટીપવું *n*. A pustule: પરૂથી ભરેલી ફોલ્લી;ગુમડું.

Welkin,(ઉવેલ્કિન્) *n*. The sky: આકાશ; આસમાન; ગગન; નભોમંડળ; નભ; આભ;અંતરિક્ષ.

Well,(ઉવેલ્)*n*.A spring;a fountain:ઝરો; વહેળો;વહેળા.2. A pit or hole sunk into the earth to such a depth as to reach a supply of water:કૂવો;વાવ;વાવડી;વીરડો;કૂપ;વાપી. 3.A shaft made in earth to obtain oil or brine:કૂવો; ખાડો.4. A source of supply;fountain;well-spring: સાગર;ઝરો; સમુદ્ર; ભંડાર. A well hole: દાદર; દાદરા બારી.**W.** *drain*, નીક; મોરી **W.** *sinker*, કૂવા ખોદનાર.*vt*.To flow;to spring: વહેવું;-માંથી નીકળવું *vi*.To pour fourth as from a well: કૂવામાંથી પાણી કાઢવું તાણવું. *adv*. Justly: બરાબર-વાજબી-ખરી રીતે; ઠીક; ન્યાય પ્રમાણે;યથાન્યાય; દુરસ્ત; યોગ્ય; યથાયોગ્ય.2.Suitably;fully; thoroughly: પુષ્કળ;જોઇએ તેટલું; સારી રીતે;બરોબર;સંપૂર્ણ રીતે.3 Fully or about:આશરે.*a*.Satisfactorily; favourably; conveniently: સગવડ ભરેલી-પડતી રીતે;સોઇ ફાવતી રીતે;સ્તુતિ પૂર્વક;સારૂ 5. Skillfully: હોશિયારીથી;સારી રીતે;સારૂં.6. To a sufficient degree: સારી રીતે-પેઠે. 7. Not a little;far:ઘણું;બહુ.8.Conveniently: સગવડ ભરેલી પડતી રીતે ગેર સોઇ વગર;ફાવતી રીતે. 9. Colloquial:વાહ;ઠીક. **W.** *enough*: જોઇએ તેવું સારૂ; સારૂંજ. *To do w.*,*to be w.off*: ઘરબારના-ઘરના-ખાવે પીવે સુખી હોવું;સારી સ્થિતિમાં હોવું; ચાર પૈસાટકાવાળું હોવું. **W.**: ઠીક; વાહ; સારૂ. *As w. as*, and also; together; not less than: પણ-અને પણ; અને તેની સાથે;વળી તેની સાથે; જેવું-તેવુંજ; તેના જેટલુંજ. *a*. Good in condition;fortunate; happy; convenient;advantageous:ઠીક;યોગ્ય;દુરસ્ત; સારૂં; ભાગ્યવાન-શાળી; હિતાવહ; સુખાવહ. 2. Sound in body;healthy; તંદુરસ્ત;નિરોગી;સુખી;સ્વસ્થ;નિરામય;શરીર સંપત્તિમાન; કુશળ; કુશળક્ષેમ; સુખરૂપ 3. Being in favour; favoured; fortunate: સારૂં; ભાગ્યવાન;પર કૃપાવાળું.4.Safe:સહીસલામત.

Well-a-day,(ઉવેલ્-અેડે)*interj*.Alas:હાયહાય;હાય;અફસોસ.

Well-being(ઉવેલ્-બીઇંગ્)*n*. Welfare;happiness;prosperity:સુખ; કલ્યાણ; આબાદાની; ક્ષેમ; હિત.

Well-born,(ઉવેલ્બોર્ન્)*a*. Born of noble family: ઊંચા કુળમાં જન્મેલું; ખાનદાનનું; કુલીન; કુળવંત; કળીઆણ.

Well-bred,(ઉવેલ્બ્રેડ્) *a*. Refined in manners; polite: સારી રીતભાતવાળું; સારી રીતે શીખવી મોકલે કરેલું; મર્યાદશીલ; સભ્ય; સદાચરણી; સદાચાર સંપન્ન;આચારશુદ્ધ;શિષ્ટ.

Well-disposed, (ઉવેલ્ડિસ્પોઝ્ડ્) *a*. Of good temper;gentle: સુશીલ; સારા સ્વભાવનું;હિતબુદ્ધિ.

Well doer,(ઉવેલ્ ડુઅર્)*n*.A bene-

vast; extensive: વિશાળ; મોટું; ગંભીર; વિસ્તીર્ણ; બહોળું; મોટું; પ્રશસ્ત. 3. Of large scope; liberal; broad: વિશાળ; વહી; અબાધ; અપ્રતિબંધ; પ્રશસ્ત; પુષ્કળ. 4. of a certain measure between the sides: પહોળી; પહોળું. 5. Far; remote; distant: આઘે; દૂર; વેગળું. 6. Far from truth, from propriety, from necessity or the like: સત્યતા, સાચાઇ, યોગ્યતા વિગેરેથી વેગળું-આઘું; આડું; ત્રાંસું *adv.* To a distant; far; widely: ઘણે દૂર; ઘણે આઘે 2. So as to leave or have a great space between the sides: વેગળેથી. 3. Aside; astray આડું; આડીવાટે. W. *off from*: થી દૂર છેટે. W. *off the mark*: નીશાનથી છેટે; લાગુ ન પડે તેવું. *n.* Width; extent: પહોળાઈ; પહોળાપણું; વિસ્તાર. 2. That which goes wide or to one side of the mark: વધારે પહોળો જનાર પદાર્થ

Widely, (ઉવાઇડ્‌લિ) *adv.* Far: ઘણે લાંબે સૂધી; બહોળી રીતે; વિસ્તારીને. 2. Very much: ઘણું; બહું-અહુજ; અતિશય; બેહદ; પુષ્કળ; વિપુલ.

Widen, (ઉવ ધડન્) *vt.* To make wide or wider: પહોળું કરવું; મોટું કરવું; વી પહોળાઇ વધારવી-પસારવી. *vi.* To spread: પહોળા થવું; વધવું; મોટું-બોહું થવું.

Wideness (ઉવાઇડ્‌નેસ્) *n* Breadth; width: પહોળાઇ; પહોળાપણું; પનો; ચોગાણ. 2. Broadness: પહોળાઇ.

Wide-spread, (ઉવાઇડ્‌સ્પ્રેડ્) *a.* Widely extended: અતિશય ફેલાયલું. W. *ing*: ઘણે દૂર પસરતું; પસરનાર.

Width, (ઉવિડથ) *n.* Wideness; breadth: પહોળાઇ; બે બાજુ વચ્ચેનું અંતર; પહોળાપણું; પનો; ચોડાઈ.

Widow, (ઉવિડો) *n.* A woman who has lost her husband by death and has not married again: વિધવા; રાંડીરાંડ; વિધ્રા; બોડી; રંડા. *The voluntary burning of a W. with the corpse of her husband*: સતી થવું તે; અગ્નિસહ પ્રવેશ; સહગમન; અનુગમન. *The W. who thus burns herself*: સતી. W. *before puberty*: બાળરાંડ; વિધવા. *a* Widowed: રાંડેલું *vt.* To seduce to the condition of a widow: વિધવા કરવું; રંડાપો આપવો. 2. To bereave; to make desolate: કમનસીબ કરવું; બહાલો-પ્યારો-પદાર્થ લઇ લેવો. 3. To endow with a widow's right: વિધવાનો હક આપવો. 4. To become the widow of: ની વિધવા થઇને જીવવું,

Widowed, (ઉવિડોડ્) *a.* Bereaved of a husband: રાંડેલી; રંડાપો આવેલો એવી; મુઓ બોડી. 2. Stripped: વિનાનું; રહિત; હીન; શૂન્ય.

Widower, (ઉવિડોઅર) *n.* A man who has lost his wife: રાંડેલો-રંડાએલો પુરૂષ; વિધુર.

Widow-hood, (ઉવિડોહુડ્) *n* The state of being widow: રંડાપો; વૈધવ્ય; વિધવાવસ્થા રાંડીરાંડ વિધવાપણું. 2. Estate of a widow: વિધવાને આપવામાં આવેલું પદવું.

Wield, (ઉવીલ્ડ્) *vt* [L. *valco*, I am strong.] To govern; to rule: ચલાવવું; વ્યવસ્થા કરવી-ચલાવવી; કારભાર કરવો-ચલાવવો-વાપરવું. 2. To control; to sway: દાબ રાખવો; વાપરવું, વર્ત્તાવવું; વશ-અંકુશમાં રાખવું. 3. To sue with full command or power: કુલ અખત્યારથી કામ ચલાવવું. *To W. the sceptre*: કુલ અખ્તિયારથી રાજ ચલાવવું કરવું [પરવા જેવું; ધારણ થાય તેવું.

Wieldy, (ઉવીલ્ડિ) *a.* Wieldable: વા-

Wiery, (વીઅરિ) *a* Wiry: મજબુત.

Wife, (ઉવાઇફ્) *n.* A woman; an adult female: સ્ત્રી; પુખ્ત ઉમરે આવેલી સ્ત્રી. 2. The lawful consort of a man: પરણિયત બૈરી-સ્ત્રી; ધણિયાણી; પત્નિ; દારા; ભાર્યા; વહુ; ગૃહિણી; ગેહિની; પ્રિયા; કાંતા; રમણી; વલ્લભા; જાયા; મહિલા; ખટલો; અર્દ્ધાંગના; ઘરવાળી. *To take to W*: લગ્ન કરવું; પરણવું *Co-W. or rival W.*: સપત્ની; શોક.

Wig, (ઉવિગ્) *n* A cap of hair: વાળની ટોપી-ટોપ. *A big W.*: મોટો માણસ; બડેખાં. *vt.* To scold: ઠપકો દેવો; ધમકાવવું.

Wiggle, (ઉવિગ્લ્) *v.* To wag; to move to and fro with a jerking motion: હલાવવું; ધ્રુજવું. [બોલે.

Wight, (ઉવાઇટ્) *n.* Weight: ભાર;

Wight, (ઉવાઇટ્) *n.* A whit; a bit; a jot: જરીક; લવલેશ; આંશું 2. A supernatural being: અલૌકિક માણસ. 3. A human being: મનુષ્ય; માણસ; જણ; સખ્સ; કમબખ્ત; બાપડું; અભાગીયું; બિચારું માણસ. *a.* Swift; nimble; agile: તિક્ષ્ણ; ચંચળ; ચપળ; ચાલાક.

Wild, (ઉવાઇલ્ડ્) *a* Lying in the forest; not tamed or domesticated: રાની; જંગલી; વન્ય; રાનમાનું; વગડાઉ 2. Native; not cultivated: બોડયા વગર ઉગતું થયેલું; વનકટ; રાનકટ; રાનમી; કુદરતી; રાની; વન્ય, વગડાઉ; રાની. W. *rice*: નીવાર; નમાર; જ્યાર. 3. Desert: ઉજ્જડ; વસ્તી વગરનું; જંગલી; નિર્જન; વેરાન. 4. Savage; uncivilized; rude: જંગલી; રાની; અનાડી; નહિ સુધરેલું; અનુની; વિકાળ. 5. Turbulent; violent; ungoverned; licentious; inordinate; irregular: બોદ; નિરંકુશ; મસ્તાન; અનિવાર; તોફાની; પણા છૂટ્ટા સ્વભાવનું; લફંગું; સોદુ; નાગું; દુરાચારી; ઉચ્છૃંખલ; અનિયમિત; તર્કહીન; અયુક્તિક નિરર્થક. 6. Unsheltered: રક્ષણ વગરનું 7. Indicating strong emotion: કડક; ક્રુદ્ધ; ઉન્મત્ત; અતિશયાકુળ; ઢાંકણું ફાંકણું; ગાભરું; ગભરાયેલું. 8 Hard to steer: ચલાવી ન શકાય તેવું. *Wild through fight or rage*: હાવરા બાવરા; હાંફલાફાંફલા; ગભરા. W. *honey*: રાનમાં પાકેલું મધ: રાનીમધ. *To run W*: નિરંકુશપણે જવું; આકુવ્યાકુવ્યા થઇ જવું; ઘણા તળી આઘાઈ જવું; બાવરા થવું (*b*) વંઠી જવું; નઠારે રસ્તે ચડી જવું. (*c*) પડતર રહેવાથી અબેડ થઇ જવું W. *with joy*: હર્ષોન્મત્ત. *n.* A forest or desert; waste: રાન, રણ; ઉજ્જડ મુલક, જંગલ; વગડે; રેતીનું મેદાન; મારવાડ; માળ. *adv.* Wildly: જંગલી રીતે

Wilderness, (ઉવિલ્ડરનેસ્) *n.* A desert; waste; forest: રાન; અરણ્ય; વન; જંગલ; રણ. 2. A disorderly or neglected place: ગુંચવણી વાળી ગીચ આશ્રાન જગ્યા; હરડજગ્યા. 3. Wilness: જંગલીપણું. *The watery W.*: મહાસાગર.

Wildly, (ઉવાઇલ્ડ્‌લિ) *adv* In a wild manner; rudely: જંગલી રીતે; જંગલી પણે; બેડયા વગર; ઠેકાણા વગર; ઢાંકણા-ફાંકણા; ગાભરું કાવરે; બેબાકળા પડીને; ગભરાઇને; ફાટેયે ચહેરે; આસમાનપણે; યદ્વાતદ્વા.

Wildness, (ઉવાઇલ્ડ્‌નેસ્) *n.* Rudeness; savageness: જંગલી પણું; દુરાચારીપણું.

Wile, (ઉવાઇલ્) *n.* A trick or stratagem; a beguilement; an allurement: કપટ; કાવાદાવો; ઠગવા છેતરવાની યુક્તિ-પેચ-ફરેબ; કાવત્રું; છળમેળ; છક્કાપંજા; દાવ. *vt.* To deceive: છેતરવું; કપટ કરવું. 2. To while away: વ્યતીત કરવું; ગાળવું.

Wilful, (ઉવિલ્ફુલ્) *a.* Stubborn; perverse: મમતી; મમતનું માર્યું; તોરી; હઠીલું; આપમતિયું; આડું; જક્કી; જીદ્દી; સ્વચ્છંદી, મનસ્વી; બુદ્ધિપૂર્વક.

Wilfulness, (ઉવિલ્ફુલ્‌નેસ્) *n.* Stubbornness: હઠીલાપણું; જક, હઠ; મમતા; સ્વચ્છંદ.

Will, (ઉવિલ્) *n.* The power of choosing: ઈચ્છા; સંકલ્પશક્તિ, નિશ્ચયશક્તિ; બુદ્ધિ. 2 Choice; a volition: મરજી; ખુશી; રાજીખુશી; પસંદ કરવું તે. 3. A decree; a command: હુકમ; આજ્ઞા; મરજી. 4. Desire; purpose: ઇચ્છા; ઉમેદ; મરજી; સંકલ્પ; મનોરથ;

મનોરથ;મનોત્સાહ; અભિલાષ; આકાંક્ષા 5.That which is strongly wished.ઈચ્છા; મનોરથ; ૬ નમામના; કોડ; મનસિદ્ધિ 6. Arbitrary disposal: સત્તા;કાબુ. 7. Testament; devise: મૃત્યુપત્ર વિશ; વારસનામું; મૃત્યુલેખ; વસિયતનામું. *At w.*: at pleasure: ખુશી પ્રમાણે; મરજી મુજબ. (*b*);માલીકની મરજી સુધી રહી શકે તેવું (જાહુત કે બેહુત) *Good w.*, (*a*) રાજીખુશી; મરજી;ખુલેચ્છા; મહેરબાની. (*b*) ધરાદી. *To purchase one's good w. of*: હું મારી રાજીખુશીથી (કંઈ) આપું છું એમ પૈસા લઈને કબુલ કરવું; ધરાદી વેચવી. *Ill w.*, enmity: દુશ્મનાવટ; દુશ્મનાઈ; દુષ્ટભાવ; વેર; વેરભાવ. *To have one's w.*, to do what one pleases: મન પ્રમાણે કરવું;મરજી મુજબ થવું;સ્વેચ્છાચારી થવું. *With a w.*: અંતઃકરણથી;ખરા મનથી.*vt.*[L. *volo*; I wish.]To wish;to desire: ચાહવું;ઈચ્છવું;-ની મરજી હોવી.2.To ordain; to decree; to determine by an act of choice:ની મરજી કરવી; -ની સમ્મતિ થવી.કરવી; હુકમ કરવો;ઠરાવવું; સંકલ્પ-નિશ્ચય-ઠરાવ કરવો.3.To direct; to order:હુકમ કરવો;આજ્ઞા કરવી. 4. To devise:મૃત્યુપત્રથી માલમિલકત આપવાનો ઠરાવ કરી આપવો; વસીયત મું કરવું;વીલ કરવું. *vi.* To wish;to desire: મનહોવું;ઇચ્છાહોવી;મરજી હોવી;ઇચ્છવું.

Willing, (ઉવિલિંગ્) *a* Desirous; ready;complying: ખુશી;રાજી;તૈયાર;કબૂલ;માન્ય;સિદ્ધ.2. Chosen; desired:ખુશીનું; રાજીખુશીથી કબૂલ કરેલું; ચાહેલું.3.Spontaneous; self moved:પોતાની ખુશીનું; આપોઆપનું.

Willingness(ઉવિલિન્ગ્નેસ્) *n* Free choice or consent of the will: ઉત્સાહ;હોંશ; સંતોષ; રાજીખુશી; દિલખુશી;મરજી;અનુમતિ;સમ્મતિ;ખુશી.

Will-o-the-wisp, (ઉવિલ્લો વિ-ઉવિસ્પ્) *n*.A light that appears in the night over marshy ground: રાત્રે થતા ભૂતના ભડકા.

Willow, (ઉવિલ્લો) *n*. Any tree or shrub of the genus *Salix*: એક જાતનું ઝાડ છે.

Wily,(ઉવાઇલિ) *a* Crafty; artful; subtle:પ્રપંચી; કાવાદાવાવાળો; કપટી; ધુર્ત્ત;કાવાબાજ;કાવાખોર,શઠ;ખળ.

Wimble, (ઉવિમ્બલ્) *n*. A gimlet: સાયડી; કાણું પાડવાનું હથીયાર; ગીરમીઠ.*vt.*To bore:કાણું પાડવું. *a*. Active:ચપળ;ચબળ;ચાલાક.

Wimple,(ઉવિમ્પલ્) *n*.A covering of silk or linen as an outward protection for the neck and chin used by nuns: સાધ્વીઓનો એક મતનો બુરખો.*vt.*To cover with a veil: બુરખો નાખવો. Hence, to hood wink:આડા પાટા બંધાવવા;આંધળા કરવું; આંખમાં મીઠું નાંખવું.2.To draw down as a veil:બુરખો નાખી દેવો-પાડવો.3.To cause to ripple or undulate: વમળે ચઢાવવું *vi.* To ripple;to undulate:વમળે ચઢવું.

Win,(ઉવિન્) *vt* 1.To gain by superiority in competition or contest: જીતવું;ફતેહ-જય પામવું;જીતીલેવું; સર કરવું; માં ફતેહમંદ-વિજયી નિવડવું; હસ્તગત કરી લેવું. 2. To bring to compliance: મેળવી લેવું; મન હરણ કરી લેવું; નું મન સંપાદન કરવું-મનાવવું;પોતાનું કરી લેવું.3.To gain over to one's side or party: પોત ની તરફ ખેંચી લેવું;-ને પોતાના પક્ષમાં લેવો;મેળવી લેવું; મનાવી લેવું. 4. To reach;to overtake: પકડી પાડવું,પહોંચી જવું. *vi.* To triumph: જીતવું; ફતેહમંદ થવું;જયી-વિજયી નિવડવું-થવું. *To w. off*:-ના ઉપર ફતેહ મેળવવી. *To w. on or upon*,to gain favor with: મન સંપાદન કરવું; નો પ્યાર મેળવવો.

Wince,(ઉવિન્સ્) *vi*.To shrink; to start back:અંગ સંકોચવું-મરડવું-કાઢવું;પાછું હઠવું-ખસવું;આંચકો ખાવો;ચમકવું.2.To kick when unsteady of a rider:ઘોડાનું મસ્તીએ તોફાને ચઢવું

Winch,(ઉવિન્ચ્) *vi*.To shrink; to kick with impatience: અંગ મરડવું;અધીરાઇથી લાત મારવી. *n*. A kick:લાત;પાટું. *n*. A crank with a handle:ચક્કર ફેરવવાનો હાથો;દાંડો. 2 An instrument with which to turn or strain something forcibly:જોરથી કંઇ ફેરવવાનું હથિયાર.

Wind,(ઉવાઇન્ડ્) *vt*. To twine; to twist;to coil: વિંટાળવું; લપેટવું; વિંટવું.2.To entwist; to encircle.લપેટવું;-માં લેવું;-ની આસપાસ ફેરવી વાળવું; ફેરવવું.3.To regulate; to govern: પૂરો દાબ હોવો; કબજામાં હોવું; મરજી પ્રમાણે ફેરવવું; બદલવું; નિયમમાં લાવવું;પર સત્તા ચલાવવી. 4. To insinuate: માં દાખલ કરાવવું;માં પ્રવેશ કરાવવો;ધીરે રહીને ઘુસાડવું; ખોસવું;ભરાવવું.5.To cover or surround with something coiled about:- પર વિંટવું લપેટવું. *To w. one'self into the affection of*: ધીરે રહીને(કોઇના) પ્યારમાં ઘુસવું. *To w. off*, to unwind: છોડવું; છોડી નાખવું.*To w. out*, to extricate: છૂટું કરવું;છોડવવું;મુક્ત કરવું; મોકળું કરવું. *To w. up*,(*a*)to coil into a ball: વિંટાળીને ફડો-ગુંચળું બનાવવું: (*b*) To bring to a conclusion: આટોપી લેવું,છેડો આણવો; સંપૂર્ણ-સમાપ્ત કરવું-ની પૂર્ણાહુતિ લાવવી; પૂરું કરવું સમેટવું;સંકેલવું.(*b*)-કુંચી આપવી.(*d*)ફટકીક મુદત સુધી નિભવું રહે તેમ કરવું. (*e*) વિંટાળીને ઉંચુ-તંગ કરવું; ચઢાવવું. *vi*. To turn completely:- ને વિટલાવું;લપેટાવું.2.To crook;to bend:વળી જવું; વાંકાચૂકા જવું;-માં વલણ હોવું. 3. To move this way and that: ગોળ ફરવા જવું;સર્પાકારે જવું. *n*. A turn; a bend;a twist:વલણ; વાંક.

Wind,(ઉવિન્ડ્) *n*.[L.*ventul*,a gale.] A current of air:વા; વાયરો; વાયુ; પવન;હવા.2. Air artificially put in motion: પવન; વા; વાયરો. 3. Breath: દમ;શ્વાસ.4 Power of respiration;breath: શ્વાસ;દમ.5 Flatulence:પેટમાં થતા વાયુના ગોળા; વાયુ;વાત;માદી;વાઅળ 6.Air impregnated with an odor or scent: કશાની ગંધથી મિશ્રિત થયેલો વાયુ;વાસ. ખૂશબો;પટ. 7. A direction from which the wind may blow: પવનની દિશા.8.(*For:*) A disease of sheep in which the intestines are distended with air: ઘેટાંને થતું દરદ;આફરો 9.Empty effort;idle words: નકામી વાત;ખાલી ગપ્પાં.*W. baggart*: મકબરિયો;બકવા કરે એવું માણસ *W. fall*:પવનના ઝપાટાથી ઝાડ ઉપરથી પડેલું ફળ. (*b*) અણધાર્યો જેની આશા ન હતી એવો લાભ-ફાયદો-પ્રાપ્તિ;પ્રાબ;ધાપ.*Down the w.*: નાશ પામવું-ખરાબ થવું. *Three sheets in the w.*:દારૂ વિગેરે માદક પદાર્થ પીધાથી લથડિયાં ખાવું. *To be in the w.*:વિષે વહેમ આવવો.*To raise the w*: પૈસા મેળવવા;પૈસા ઉભા-પેદા કરવા;જોઇતા પૈસા લાવવા. *To take or have the w.*: લાભ ફાયદો મેળવવો;-પર-ઉપર હાથ હોવો.*To take the w out of one's sails*:મૂલા પાડવું; આડે રસ્તે ચઢાવવું. *To take w. or get w.*,to become public: ફુટવું;જાહેર થવું; ઉડવું; ઉઘાડું પડવું;બધાંની જાણમાં આવવું; સ્પષ્ટ થવું; પ્રકટ-પ્રસિદ્ધ થવું. *vt*. 1. To expose to the wind:પવન આવે તેમ મુકવું; હવા આવવા દેવી;વા ખાવું કરવું. 2. To scent;to nose: સુંઘવા સુંઘવા સુવું. 3.(*a*)To drive hard or force to violent exertion:ખૂબ જોરથી હાંકવું;ચલાવવું.(*b*)To breathe:શ્વાસ-દમ-થાક ખવડાવવો *vt*. (ઉવાઇન્ડ્) To blow:ફુંકવું;ફુંકીને વગાડવું.

Windage,(ઉવિન્ડેજ્) *n*. The difference between the diameter

like used for brush:કુચડી; પીંછી; કુંચડો;ચમરી;ચામર. 3. An impertinent fellow: ઉદ્ધત-ઉચ્છૃંખલ માણસ. *vt.* To sweep with brush: વાળી નાંખવું;ઝાડી-ઝાટકી નાખવું;ખ ખેરી નાંખવું; ઝાપટવું;ખંખેરવું.2. To move with a quick sweeping motion: વસડાતા-વસાઈને ચાલવું-જવું. *vt.* To move nimbly and with velocity: ઝપાટાબંધ જવું-ચાલવું; ઝડકતા ચાલવું.

Whisker,(હ્વિસ્કર્)*n* One who or that wh cb whisks or moves with a quick sweeping motion:ઝાટકનાર; ઝાટકી નાખનાર.2. A mustache: મૂછ.3 *pl.* That part of the beard which grows upon the sides of the face: થોબીઆ;થેલા.કડો. 4 A hair of the beard: દાઢીનો વાળ.5. One of the long projecting hairs growing at the side of the mouth of a cat: બિલાડીની મૂછનાવાળ.6. *pl* Iron rods extending on either side of bowsprit:વહાણનો કડેરો.

Whisket,(હ્વિસ્કિટ્)*n.* A basket ટોપલી.2.A small lathe:સંવાડો.

Whisky, (હ્વિસ્કિ)*n.* A kind of liquor:એક જાતનો દારૂ;ઘઉં-જવ વિગેરેમાંથી કાઢેલો દારૂ 2.A light carriage built for rapid motion:હળવી ગાડી.

Whisper,(હ્વિસ્પર્) *vi.* To speak softly; to talk slowly: કાન ફુંકવા ભણીવવા; કાનમાં ગુપચુપ કહેવું; વાત કરવી; ધીમે ધીમે બોલવું-વાત કરવી; 2.To make a low sound: ધીમો અવાજ કાઢવો.3 To converse in whisper: છાનીછાની વાત કરવી; ગુપચુપ વાત કરવી.*vt* To say under the breath:ધામે રહીને કહેવું. 2. To address in whisper:કાનમાં કહેવું. 3. To inform privately: છૂપી રીતે ખબર આપવી;-ને છાનીમાની ચેતવણી આપવી.*n.* A low, soft sibilant voice which can be heard only by those near at hand: ધીમો તહિ સાભળાય એવો અવાજ; ગુપચુપ; ફુસપુસ. 2. A cautious speech: બીતા ખમચાઇને કરેલી વાત.3.A suggestion: સૂચના;ખબર; ગુપ્તવાત.4.A low sibilans sound: ધીમો ઝીણો અવાજ;ખખડાટ;ખણખણાટ.

Whisperer, (હ્વિસ્પરર્)*n.* One who whispers: કાનમા વાત કરનાર; ધીમે રહીને બોલનાર; ગુજગુજ કરનાર. 2.A tattler;backbiter:ચૂપી વાત કહેનાર;ચાડીઓ.

Whist,(હ્વિસ્ટ્)*interj.*Be silent; hush;be still:ચૂપ-છાનો-મૂંગો રહે. *n.* A certain game at cards: મૂંગા મુંગા રમવાની ગંજીફાની એક રમત; બીરદાવ;કોટની રમત. *vt.* To hush: ચૂપ-છાનું-મુગું રાખવું.*vi.* To become still:ચૂપ થવું.*a.*Silent;mute;still: ચૂપ;મુગું:શાન્ત;છાનું.

Whistle (હ્વિસ્લ્)*vi.* To make a kind of musical sound by forcing the breath through a small orifice formed by contracting the lips: સીસોડી-ટી વગાડવી-વગાડવી. 2. To make shrill sound with wind instrument: વાંસળી-પાવો વગાડવો.3. To make a shrap shrill sound:સણણણ-સણણણ વાગવું કરવું; સસણાટ કરતા જવું-ઉડવું વાગવું;સરરર પસાર થવું. (*as wind*): સુસુ કરવું. *vt.* To form, utter or modulate by whistling:સીસોડી વગાડી રાગ ગાવો.2. To send signal or call by a whistle:સીટી-સીસોડી વગાડી બોલાવવું;સીસોટીથી નિશાની કરવી. *To* W. *off* (*a*) સીટી વગાડીને કાઢી મુકવું (*b*,વગડવું;વગાડવું મુકવું. *n.* A sharp shrill musical sound made by forcing the breath: સીટી;સીસોડી.2. The shrill sound made by wind:સુસવાટો;સસણાટ;ધ્રુધ્રવાટો; ભણભણ. 3. An instrument: વાંસળી; પાવો;પીપી,સિસોટી;પીસવો; સિસૂડો. 4. The mouth and throat: મોં અને ગળું.

Whit,(હ્વિટ્)*n.*A bit;a jot; an iota.તલમાત્ર;માત્ર;જરા; લવલેશ; રતિભાર;અણુમાત્ર;કિંચિતમાત્ર.

White,(હ્વાઇટ્)*a* Snowy: સફેદ; ધોળું ,ઉજળું;ઉજ્જવલ,શ્વેત;શુભ્ર; ધવલ;ગોર;ગૌર.2. Pale; pallid: ફિક્કું; નિસ્તેજ;ધોળુ ફક;સફેદ; ઉતરી ગએલું 3.Innocent;pure: નિરપરાધિ; ચોખ્ખું;ખુલ્લું; નિષ્કલંક; દાવ-એબ-દૂષણ વગરનું;શુદ્ધ,પવિત્ર; નિર્મળ. 4. Gray; hoary: ધોળું; પળીયાં આવેલું;પાકી ગએલું;સફેદ.5.6 Fortunate; happy: નશીબવાન;સુખી;અનુકૂળ. Favorite; darling: પ્યારું; વહાલું;લાડકું; પ્રિય. W.*crop*: પાકી જતાં ઘઉં-જવ જેનું ધોળું થઇ જવું ધાન્ય-અનાજ. W. *damp*. કોયલાની ખાણમાંથી નીકળતી ઝેરી હવા. W. *feather*: બ્હીકણપણા-બાયલાપણાની નિશાની. W. *horses*: સફેદ મોરાં.W.*iron*, tinned iron: કલઇ ચઢાવેલું લોઢું. W. *lead*, (*a*) ceruse: સફેદો.W *light*: કઈ ઇશારત કે સંકેતને માટે ફેરવેલું સફેદ રંગનું દારૂખનું;મદદતાળ.W.*livered* (*a*): બ્હીકણ;બાયલું; પોચકણ (*b*) ઝેરીલું; અદેખું. W.*money*,silver money: રૂપાનાણું. W. *powder*: અવાજ કર્યા વગર ફૂટે એવો બંદુકનો દારૂ.W. *robed*:ડાઘ-કલંક વગરનું-ખુલ્લું;શુદ્ધ. W.*salt*:પક્કા વેલું મીઠું .W.*squall*:વાવાઝોડું; પવનનો સપાટો-ઝપાટો.W.*staff*:ઝંડાનો વડા ખલનાચીનો સફેદ દંડ.W. *witch*: સારા કામમાં પોતાની વિદ્યા વાપરનાર ડાકણ.*n.*The color of pure snow; whiteness: સફેદ ધોળો રંગ; સફેદી; શ્વેતતા,શ્વેતવર્ણ;શુક્લવર્ણ 2 Something white:ધોળો સફેદ ભાગ;શુક્લમંડળ;આંખનો કીકો.3.The centre of a mark at which a missile is shot: લક્ષ્યસ્થાન;ચોટ.4. A person with a white skin: ગોરી ચામડીવાળો માણસ;ભુરીઓ. 5. A white pigment: સફેદ રંગ; સફેદો. *In black and* w.,in writing:લખીને; કાગળે ચઢાવીને.W.*of egg*: ઇંડાની સફેદી W.*of an eye*:આંખનો સફેદ ગોળો;શુક્લમંડળ;કોડો. *To show the* W. *feather*:ડરી જવું; બાયલા-ડરપોક થવું; લઢવા ન આવવું.W.*arsenic*:શંખીઓ. *In black and* w : ધોળા ઉપર કાળું કરેલું *vt.* To whitewash; to bleach:ધોળવું;ચૂનો લગાડવો;નિખારવું.

White-ant,(હ્વાઇટ્-ઍન્ટ્)*n.*Insects which are often very destructive to buildings and furniture: ઊધઇ.

Whited,(હ્વાયટેડ્)*a.*Whitewashed:સફેદ કરેલું;ચૂનાથી ધોળેલું.

White-lead,(હ્વાઇટ્-લેડ્)*n.*Cerusse:સફાઈ;સફેદો.

Whiten, (હ્વાઇટ્ન્)*vi.* To grow white:સફેદ થવું;ધોળુ-શ્વેત થવું *vt.*To make white: ધોળું-સફેદ કરવું; પર સફેદી આણવી-ચઢાવવી.

Whiteness,(હ્વાઇટ્નેસ)*n.*1.The quality or state of being white સફેદી;ધોળાશ;ઉજળાશ; ધવલતા; શુભ્રતા;શુક્લતા,શ્વેતતા.2.Paleness: ફિક્કાશ;નિ:સ્તેજપણું 3. Purity; cleanness:શુદ્ધતા; સ્વચ્છતા; નિર્મળતા; ચોખ્ખાઈ 4 Nakedness: નગ્નપણું; નગ્નતા.5.A flock of swans: હંસનુંટોળું.

Whites, (હ્વાઇટ્સ્) *n. pl.* Leucorrhoea: પ્રદર,શ્વેતપ્રદર; સ્ત્રીને રોગ તરીકે યોનીમાંથી જતી સફેદ ધાત. 2. The first flour made from white wheat:મેદો. 3. Garments of a plain white color : સફેદ રંગનાં કપડાં

White-wash (હ્વાઇટ્-વૉશ્)*n.*A composition of lime,and water: પાણી સાથે મેળવેલો ચૂનો *vt* To whit-

en:ધોળવું.2. To make white:બહા-રથી સાફ સોળું દેખાય તેમ કરવું.

Whither,(હ્વિધર્)*adv.*To what place:ક્યાં;કયે ઠેકાણે;કોણી તરફ ગમ. 2. To what or which place: તે જગ્યાએ ઠેકાણે;જ્યાં ત્યાં.3. Where to: કયે;કોણ;ગમ. *Any w.*, any where: કોઇપણ ઠેકાણે;ગમે તે ઠેકાણે;ગમે ત્યાં.

Whither soever,(હ્વિધર્-સોએવર્)*adv.Where-soever:* જે જગ્યાએ;જ્યાં જ્યાં;જે જે સ્થળે-ઠામે ઠેકાણે;ગમે-ગે.ઠે ત્યાં;કોઇપણ ઠેકાણે;ગમે ત્યાં

Whitish, (હ્વઇટિશ) *a.* Somewhat white: સફેદી મારવું; ધોળાશ પડ્યું.2. Covered with an opaque white powder ઊપરધોળા સફેદો ચઢાવેલું.

Whitleather, (હ્વઇટ્લેધર્) *n.* White leather: ફટકરી પાએલું ચામડું;ધુની ચામડું.

Whitlow,(હ્વિટ્લો) *n.* The inflammation of fingers or toes: નેયું;નખપર;નખમૂળ. 2. An inflammatory disease of the feet:પગપર સોજાનો રોગ;નેયું પાકવું તે;ખીલી.

Whitsunday, Whitsuntide(હ્વિટ્સન્ડે-સન્ટાઇડ્) *n.* (*Eccl.*) The seventh Sunday and the fiftieth day after Easter: ગુડફાઇડેના તહેવાર પછી સાતમો રવિવાર.

Whittle,(હ્વિટ્લ્)*n.*A knife:ચાકુ ન નો ચપ્પુ; છરી; પાળી. *vt.* To cut off the surface of with a small knife:ચાકુએ-વતી છેવું; છિલવું. 2. To edge;to sharpen:ધાર ચઢાવવી.

Whiz,(હ્વિઝ્)*vi* To make a humming or hissing sound like an arrow or ball flying through the air: સણણણ સુંસું અવાજ થવો; સણસણવું; સુસવાટો કર. *n.* A hissing sound:સુંસું; સણણણાટ; સુસવાટો;સરસરાટ.

Who,(હ્)*pron.*One;any one:જે;કોણ

Whoever-soever,(હ્વએવર્-સોએવર્)*pron.* Whatever person: જે કોણે;હરકોઇ:જેજે;ગમે તે કોઇ.

Whole,(હોલ્)*a.*Total;all;entire: આખું;સઘળું;સમસ્ત;સમગ્ર;બધું;સકળ; અશેષ 2. Complete; entire; unbroken; unimpaired; integral: આખું;પૂર્ણ;અખંડ;અભંગ;પુરેપુરું; સઘળું; સમગ્ર; સાબુત. 3. Well; healthy; sound:તંદુરસ્ત; સાજું; સાબું. **W.** *number*: પૂર્ણાંક **W.** *rupee*: આખો-બાચ્યે-નહિ વટાવેલો રૂપીયો. *n.* The entire thing;totality.બધું;પુરેપુરું; સમગ્ર; સમગ્રતા.2.A system: બધાપણું; આખી વસ્તુ-પદાર્થ. *On the w.* એકંદર;એ પ્રમાણે;બધાને વિચાર કરી જોતાં.

Whole-sale,(હોલ્સેલ્)*n.*Sale of goods by large quantities:જથાબંધ-થોકબંધ-સામટું વેચાણ. *By w.*, in the mass:જથાબંધ;થોકબંધ;સામટું.*a.* Pertaining to trade by large quantity:સામટા વેચાણનું 2. Extensive and indiscriminate: આંધળા દળને-આંધો મીંચને કરેલું.

Whole-some, (હોલ્સમ્)*a.*Salubrious; salutary: ગુણકારી; શરીરને સુખાકારી આપે એવું; પથ્ય; સત્વરય; આરોગ્યવર્ધક.2. Sound; salutary; conducive to good: આરોગ્યકારી; ગુણકારી;હિત.કર; હિતાવહ; હિતકારક; ઉપયોગી;કામનું; ફાયદેમંદ; લાભકારક. 3 Sound;healthy:ગુણકારીત દુરસ્ત.

Wholly,(હોલિ) *adv.* Entirely; પુરેપુરી રીતે;તમામ; સાફ;બીલકુલ. 2. Totally;fully:તમામ;નિ:શેષ સર્વથા.

Whom,(હુમ્)*pron,*The objective case of who:જેને; કોને.

Whoop,(હ્વપ્)*vi.*To cry out; to shout: ખુમ પાડવી; પોકાર કર; ચીસ પાડવી; ચીચી બારી પાડવી--કર-નાંખવી. 2.To cough or breathe with a sonorous inspiration: ઘરર ઘરર જેવો સણેવો ;સણણી બોલવી.*vt* To insult with shouts: ખૂમો ચીચીબારી પાડી અપમાન કર;-ની હે બોલાવવી; ને હૂર્યો હૂર્યો કર. *n.* A cry; an halloo; a hoot:ખૂમ;ચીસ;ચીચીબારી; હૂપ.2. A loud shrill,prolonged sound as in whooping cough:સણણી. **W.** *of monkeys*: હૂક;હૂપ.

Whooping-cough, (હ્વપિંગ્કૉફ્) *n.*Chin-cough; hooping-cough: સણણી;ઉટાંટીઓ;હમુજણ;દમ.

Whore,(હોર્)*vt.*[L.*carus*,dear.] A prostitute;a harlot:કરણ; પાતર;વેશ્યા; રામજની; રંડા. *vi.* To practise lewdness: પૈસા લેઇ પર પુરૂષ સાથ વ્યભિચાર-સંગ-છિનાળું કર; બદફેલી-બદકર્મ-ખરકર્મ કર.2.To worship false and impure God:ખોટા દેવ ની પૂજા કર.*vt* To debauch:ભ્રષ્ટ કર્મિ થવું;છિનાળ થવું.

Whoredom, (હોર્ડમ્)*n.* Lewdness:ભ્રષ્ટકર્મ;બદફેલી;છિનાળું;વ્યભિચાર; બદકર્મ.2.Idolatory:મૂર્તિ પૂજા.

Whore-master-monger(હોર્માસ્ટર્-મંગર્)*n.*A lecher: રંડીબાજ; છિનાળવો;રાંડ રાખનાર; છિનાળું કરનાર; વ્યભિચારી.૪.A procurer; ભડવો.

Whorish, (હોરિશ્)*a.*Lewd; unchaste: છિનાળું;હલકું;રંડી બાજ,વ્યભિચારી;ભ્રષ્ટકર્મી;હલકટ.

Whose(હુઝ્)*pron.*The possessive case of *Who* or *Which*:કોનું;જેનું.

Why,(વ્હાઈ)*adv.*For that cause; wherefore: કં;કેમ; શું કામ;શા માટે-વાસ્તે સારૂ-કારણે.2. For which: જેને માટે.3.On what account:શા કારણથી;શા વાસ્તે;શા હેતુથી. *The reason w.*: એવું કારણ. *n.* A young heifer:વાછડી.

Wick, (વિક્)*n.* A street;a village;a castle:પોળ;ગામડું;કિલ્લો;રજેડાણું;વાડો.*n* A bundle of fibres made of soft spun cotton threads:દીવા વાટ;બત્તી;કાકડો;વર્તિ.

Wicked(વિકેડ્)*a.* Having a wick: બત્તિવાળું;દિવટવાળું.

Wicked,(વિકેડ્) *a.* Sinful; immoral.profligate:દુષ્ટ; પાપી;જીદું; અધર્મિ;ખરાબ,દુર્જન; કુજન; દુષ્કર્મી; કુકર્મી;હરામી;પાપિષ્ટ; દુર્બુદ્ધી; દુરાચારી; દુરાત્મા.ણી.2.Cursed;baneful;bad: નુકસાનકારક; ખરાબ. 3. Disposed to mischief; roguish: લુચ્ચું;દુષ્ટ; ખળ; મસ્તીખોર;અડપલું;અટકચાળું.

Wickedly, (વિકેડ્લિ)*adv.* In a wicked manner;viciously:વાંકી રીતે;અધર્મથી;દુષ્ટ રીતે.

Wickedness,(વિકેડ્નેસ્)*n.*Immorality; sinfulness: દુષ્કર્મ-તા; દુર્બુદ્ધિ; કુમતિ; કુભાવ; પાપમતિ. 2. Crime;sin:પાપ; પાતક; પાપાચરણ; પાપાચાર;અનાચરણ;કુકર્મ.

Wicker,(વિકર્)*n.* A small pliant twig or osier;a withe: નાની ડાળી.2.A basket:ટોપલી. *a.* Made of twigs: નેતર-વેત્ર-ઝાડની ડાળીઓનું બનાવેલું.**W.** *work*: નેતર ઝાડની ડાળીઓની બનાવેલી વસ્તુઓ.

Wicket,(વિકેટ્)*n.*A small gate or door: નાનું બારણું;નાનો દરવાજો; કેકાબારી;બળી.2.A small gate by which the chamber of canal locks is emptied or by which the amount of water passing to a water wheel is regulated: કાંસ વિગેરેનું પાણી ખાલી થવાનું દ્વાર. 3.(*a*) A small framework at which the ball is bowled: ક્રિકેટમાં જે ત્રણ દાંડા બગાડી ઉભા રાખીને દડો નાંખવામાં આવે છે તે ત્રણ દાંડા. (*b*)The ground on which the wickets are fixed: જ્યાં દાંડા ખોસ્યા હોય તે જગા. 4. A place of shelter made of the boughs of trees: ઝાડની ડાળીઓની ઓથવાળી જગ્યા; માંડવો.

Wide,(વાઇડ્)*a.*1. Not narrow; broad: પોહોળું; પોહોળા પટવાળું; પનદાર;વિશાળ; ખેડાઉ 2. Extended;

reas;although: જ્યારે;જે વારે;જે વખતે-વેળાએ;જો; જો કે;તે છતાં પણ 4. Which time;then: ત્યારે; તેવારે;તે વખત-વેળા.

Whence, (હ્વેન્સ) *adv.* From what place;how: કયાંથી;પ જ્યાંથી;કેણથી;ત્યાંથી; થી રીતે; કેમ; શાથી;કરીને.2.From what or which place,source,material cause,etc શાથી,ક્યાંથી;જેથી;તે ઉપરથી: થી રીતે; કેમ;શાથી કરીને;ક્યાંથી;જ્યાંથી;જ્યારથી.

Whenever-soever, (હ્વેનેવર્-સોએવર્) *adv.& conj.* At whatever time: જ્યારે જ્યારે;ગમે ત્યારે; કોઇ દિવસે;જ્યારે પણ;કદીકદી.

Where, (હ્વેર્) *adv.* At or in what place: ક્યાં; ક્યે ઠેકાણે; કઇ જગ્યાએ જગ્યામાં (*interrog.*) ક્યાં;ક્યે ઠેકાણે;કઇ જગ્યાએ;કેણી તરફ ગમ.2. At or in which place;at the place in which: જ્યાં-ત્યાં; તે જગ્યામાં; જે જગેાએ-ત્યાં.*Conj.* Whereas: જ્યારે. *n.* Place; situation: સ્થળ;જગ્યા. *Any w.*:કોઇપણ ઠેકાણે-જગ્યાએ.

Where-about s, (હ્વેરઅેબાઉટ્-ટ્સ)*adv.* About where; near what or which place.ક્યાં;ક્યાં ક્યાં; ક્યે ઠેકાણે-જગ્યામાં; ક્યાં અગાડી. 2. About which: જેને વિશે; જેમાં. *n.* The place where a person or thing is:સ્થાન;ઠેકાણું;સ્થળ;પત્તો,ભાળ.

Whereas, (હ્વેરઅેઝ્) *adv.&conj* Considering that;since: જ્યારે-ત્યારે;તેવા માટે; છે તેથી;એમ છે ત્યારે. 2 When in fact; although: ખરે પૂછાવો તેા;પારખ કે;ખરે કહેતાં; પરન્તુ; તેથી ઉલટું,પણ;વાસ્તવિક રીતે;વસ્તુતઃ.

Where-at, (હ્વેરઅેટ્) *adv.* At which;upon which; whereupon: જેથી;જે માટે;જે ઉપરથી.2. At what: શા ઉપરથી.

Where-by, (હ્વેર-બાઇ)*adv.* By which: જેણે કરીને; જેથી; જે ઉપરથી. 2. By what;how: શા ઉપરથી; શાથી;કયાથી.

Where-for, (હ્વેર્-ફોર્) *adv. & conj.* For which reason: જે કારણ સારૂ-માટે-અર્થે-લીધે.2.For what reason;why: કાં;કેમ; શા સારૂ વાસ્તે-માટે *n.*The reason why:કારણ.

Where-from, (હ્વેર્સ્રોમ) *adv.* From which: જ્યાંથી;ક્યાંથી; કઇ જગ્યાએથી;જેમાંથી.

Where in, Where into, (હ્વેરઇન્-ઇન્ટુ) *adv.* In which place: જેમાં;જેથી કરીને; જેના અંદર. 2. In what: કેમાં; શામાં; શાથી કરીને; કઇ બાબતમાં.

Where-of, (હ્વેર્-આફ્) *adv.* Of which;of whom: જેનું;જેમાંનું; જેને માટે;જેને લીધે.2 Of what:શાનું.

Wheresoever, (હ્વેર્સોએવર્) *adv.* In what place soever; whereever:જ્યાં જ્યાં;જ્યાં કહીં; જેજે ઠેકાણે ઠેકાણે ઠેકાણે;કામેકામ;જ્યાં ગમે ત્યાં.

Where to, (હ્વેર્ટુ) *adv.* To which:જેને;જે 2.To what;to what end: ક્યાં પૂછી;જે દરજ્જે.

Where-upon, (હ્વેર્-અપેાન્) *adv.* Upon which;after which: તે ઉપરથી;પછી,તે પછી;ત્યાર પછી;જે રીતે તેથી.

Where-with, Where-withal, (હ્વેર્વિથ્,હ્વિથિલ્) *a lv.* With which: જેણે કરીને; જેવડે કરીને;જેથી; જે વાવતી.2.With what: શાણે કરીને; કઈ રીતે-કેમ કરીને.*n.*The necessary means or instrument:જોઇતાં સાધન ઉપાય.*the w.*: નાણાં;દામ;સાધન.

Wherret, (હ્વેરેટ્) *n.* To trouble;to tease: ખીજવવું;ચીડાવવું; સતાવવું.2.To box on the ear:ઝપડાક મારવી. *n.* A box on ears: ઝપડાક;થપ્પડ;થાપડ;લાપેાટ; તમાચ.

Wherry, (હ્વેરિ)*n.(a)*A passenger barge on rivers : નદી ઉપરના ઉતારૂઓને બેસવાની હેાડી; કેાટિયું. *(b)*A kind of light half decked vessel used in fishing: માછલાં પકડવાનું તુતકવાળું એક નાનું વાહાણ.*(c)* A long, narrow light boat sharp at both ends: બન્ને છેડે અણીવાળેા રહેવ કરવાનેા મછવેા-હેાડી. 2. A liquor made from the pulp of crab apples:એક જાતનેા દારૂ.

Whet, (હ્વેટ્)*vt.*To sharpen by attrition;વસવું;ધાર કાઢવી ચઢાવવી; તીક્ષ્ણ કરવું; સરાણ પર ચઢાવવું. 2. To excite; to stimulate:જગ્રત કરવું; પ્રદીપ્ત-જગ્રત કરવું,ઉત્તેજીત કરવું; લાગે તેમ કરવું;તેજ કરવું. *To w.on,to w. forward,*to instigate:ઉશ્કેરવું;આગળ ચલાવવું;ધકેલવું.*n.*The act of whetting: ઉશ્કેરવું તે;પ્રદીપન; ઉત્તેજન. 2. That which whets or sharpens:તેજીત-પ્રદિપ્ત કરનાર.

Whether, (હ્વેધર્)*pron.*Which (*of two*);which one (*of two*): કેાણ;કેાયું;જે કંઈ.*conj.* In case;if: કે અથવા નહિ કે;અગર; કિંવા;કદાચ. *W. or no*:ગમે તે રીતે;ગમે તેમ હેાય તેાપણ.

Whet stone, (હ્વેટ્સ્ટેાન્)*n* Novaculite: પથરી;સરાણ,નિશાણેા; અસ્ત્રેા વિગેરે ઘસવાનેા પથ્થર.

Whey, (હ્વે) *n.* The serum or watery parb of milk separated from the more thick or coagulable parts:છાશ; દહિંનું પાણી;પીતરામણ; તક.

Which, (હ્વિચ્) *pron.* An interrogative pronoun used both substantively and adjectively: કેાણ;કયેા;કેાણ.2.A relative pronoun used in referring to an antecedent noun or clause: જે-તે.

Whichever-soever, (હ્વિચએવર્-સોએવર્)*Pron.*Whether one or the other;which:જેજે; જે કેાઇ-કંઈ,જે;ગમે તે.

Whiff, (હ્વિફ્)*n.* A sudden expulsion of air from the mouth: ફુંક;ફુંકારદમ. 2. A glimpse: આભાસ,ઝાંખી.3 A slight blast of air: લહર;લહેકે *vt.*To puff: દમ મારવેા;નેા ધુમાડે: કાઢવેા; ધૂમાડાના ગેાટ-કાઢવા.2.To puff or blow away: ફુંક મારવી. *vi* To puff ફુંક મારવી.

Whiffle, (હ્વિફ્લ્) *vi.* To waver or shake: હાલવું;કંપવું. 2. To use evasions;to be fickle:ડચુપચું થવું; આમતેમ કર્યા કરવું; ડામ ડેાળ થવું. *vt.* To scatter: પસારવું;ફેલાવવું. 2. To wave or shake quickly: ઝડપથી હલાવવું. *n.*A fife or small flute: વાંસળી. [whey:ખટમડી છાશ.

Whig, (હ્વિગ્) *n.* Acidulated

Whig, (હ્વિગ્) *n.* One of the political party which grew up in England in the seventeenth century: પહેલા અને બીજા ચાર્લ્સના વખતમાં લેાકેાના હક જાળવવા પ્રયત્ન કરનાર રાજદ્વારી મંડળ; પ્રજા પક્ષી; લેાક-હકરક્ષી,વિહગટેાળી 2. *(a)* A friend and supporter of the American revolution: અમેરિકામા થએલા રાજકીય ફેરફારમાં ભાગ લેનાર અથવા તે ફેરફાર વાજબી છે એવેા ટેકેા આપનાર.*a.* Of or pertaining to the whigs: વીગ સબંધી-નું.

Whiggery-ism, (હ્વિગરિ-ઝિઝમ્) *n.*Whiggism: વીગટેાળી ા મત અને તેમનું વર્તન.

While, (હ્વાઇલ)*n.*Space of time; a time:વખત,વેળા;કાળ. 2. Labor; pains: મહેનત;કષ્ટ; સંકટ;દુઃખ. *The w.*,meantime: દરમી આન. *Within a w.*,soon:જલદી; થેાડા વખતમાં;સત્વર. *Worth W.*:વખત અને મહેનતને યેાગ્ય; ફળ-હાંસલ-ઉપયેાગ-લાભ જોગ;પલવે-બેાજે તેવું; ઉપયુક્ત. *Not worth w.*: નામમું;નિરર્થક; નિષ્ફળ. *What a long w.*:કેટલીવાર;કેટલીવાર થયાં.*Between w s*:વચ્ચે વચ્ચે;કદી કદી;માંડે માંડે.*A w.,for a w.*:થેાડીવાર;કેટલેાક

વખત. *All this* **w.**: એ બધો-સઘળો વખત.*vt.*To spend or pass: ખુશીથી કાઢવું-ગાળવું; વિતાવવું; કાળક્ષેપ કરવો. *vi.*To loiter: રસ્તામાં રઝળવું. *conj.* As long as; whilst: જ્યાં સુધી; જ્યારે.2.Though; whereas: જોકે. *prep.* Until; till: જ્યાં સુધી; ત્યાં સુધી.

Whilere, (હ્વઇલર્) *adv.* Recently: just now: તાજેતરમાં; હમણાંજ.

Whiles, (હ્વઇલ્સ) *adv.* Meanwhile; meantime: દરમીઆન; અરસામાં.2.At times: વખતે વખતે. *Conj* while: જ્યારે; તે અરસામાં

Whilst, (હ્વઇલ્સ્ટ્) *adv.* While: એટલામાં; જ્યારે.2. Until: જ્યાં સુધી. *The* **w.**: તે દરમીઆન.

Whim (હ્વિમ્) *n* A freak; a fancy a humor; a caprice: ફાંટો; તુરંગ; લહેર; કામચાર; છંદ; છર; નાદ; મોજ; વિકલ્પ; કુતર્ક *At one's* **w.**: સ્વેચ્છે; સ્વેચ્છાચારે.2.A large capstan turned by horse power or steam power for raising ore or water, etc.: કાચી ધાતુ અગર પાણી ખેંચી કાઢવાનું વરાળયંત્ર.*vi.*To be giddy or freakish: લહેર આવવી-ચઢવી; તુરંગમાં હોવું.

Whimmy, (હ્વિમિ) *a.* Full of whims; whimsical: તુરંગી; લહેરી.

Whimper, (હ્વિમ્પર્) *vi.* To cry with a low, broken voice: ડસકાં ખાઈને રોવું; ઉંહાં ઉંહાં કરવું.

Whimsical, (હ્વિમ્સિકલ્) *a* Queer, strange; freakish: સ્વચ્છંદી; મનમોજી; તુરંગી; લહેરી; કામચારી; મિજાજી; સ્વચ્છંદાનુવર્તી; મનસ્વી; ફાંટાબાજ દાર. 2.Fantastic; capricious; વિચિત્ર, અજબ તરેહનું; વિલક્ષણ.

Whin, (હ્વિન્) *n.* (*a*) Gors furze: જાડું કાંટાવાળું ઝાડ.

Whine (હ્વાઇન્) *vi.&vt.*To mourn with a childish noise; to moan basely: ધીમે ધીમે રડવું; કકલવું; ગેંગેં-ટેં-ગેંગેં કરવું; દુ:ખ રડવું-ગાવું; રડાપોશાક ભરેલો અવાજ-સાદ કરવો કાઢવો; કકલીને બબડવું. *n.* Plaintive tone: કકળાટ; શોક ભરેલો-રડતો રડતો હોય તેવો અવાજ સ્વર-સાદ; ટેં ટેં; કકલણ.

Whinny, (હ્વિનિ) *vi.*To neigh: હણહણવું; ખોંખારવું; સણસણવું. *n.* A neigh: હણહણાટ; ખોંખારો. *a.* Abounding in furze: કાંટાવાળું; કંટકમય.

Whin-yard, (હ્વિન્યાર્ડ્) *n.* A sword or hanger: તરવાર; ખંજર.

Whip (હ્વિપ્) *vt.*[*L.vibro,* I shake] To lash; to beat: ને ફટકો-ચાબુક મારવી; ચાબુક-કોરડો લગાવવો-ફટકાવવો-ચમકાવવો. 2.To drive with lashes or strokes of a whip; to cause to rotate by lashing with a cord: દોરીવતી ફેરવવું. 3.To flog; to beat: ચાબકાથી મારવું-ઝુડવું; ને ફટકા મારવા; ફટકારી શિક્ષા કરવી. 4.To apply cutting language to: મેણું મારવું; ટોણું મારવું; મર્મ વચન કહેવું. 5. To thrash; to beat out as grain: ઝુડીને દાણા કઢાવા; ઝુડવું. 6.To beat in to a froth: નું ફીણ કાઢવું; અફગારી અફળાવીને ફીણ ઉત્પન્ન કરવું; ચકાવવું. 7.To conquer; to surpass: જીતવું; પર જય મેળવવો. 8.To warp (with, *about, around, over.*) લપેટવું; વિંટાળવું. 9.To sew lightly: ધીમે ધીમે સીવવું. 10.To jerk; to snatch (with, *into, out, up, off.*) એકદમ ખેંચી લેવું; ઝડપી લેવું; ઓચિંતા લઇ લેવું. *To* **w.** *from*: એકદમ-એકાએક-ઓચિંતા લેવું *To* **w.** *into*: ઝડપથી ઘાલવું નાંખવું -ઘોંચવું. *To* **w.** *up*: એકદમ ઝડપથી ચડપ દેઇને પકડી ઉંચકી લેવું. *To* **w.** *into*: ઝડપથી-નાંખવું ઘાલવું-ઘોંચવું *To* **w.** *in*, to collect: ભેગું કરવું; એકઠું કરવું; એકઠા કરવા. *To* **w.** *the cat*, (*a*) ઘણી બખીલાઇ-કંજુસાઈ કરવી. (*b*) ફેરિયાનો ધંધો કરવો.*vi* To move nimbly; to whisk: ઝટ લઇને-ચડપ દઇને-ઝડપથી નીકળી-નાસી-દોડી જવું-આવવું; ચપચપ આવવું-જવું. *n.* An instrument for driving horses or other animals consisting usually of a lash, attached to a handle: ચાબુક, ચામડો; કોરડો; સાટકો. 2. A coachman: ગાડીવાન; ચોપરી; ચાલક; સારથી; ગાડિત. 3.One of the arms or frames of a wind-mill: પવનચક્કીનો એક હાથો. 4 A small tackle with a single rope used to hoist light bodies: હલકા પદાર્થો ઉંચકવાનો દોરડા સાથે આંકડો. 5. A huntsman who whips in the hound: શિકારી કુતરાંઓને ભેગા કરનાર શિકારી. 6. A call made on members of Parliament to be in their places against important divisions: અગત્યના કામ પ્રસંગે પાર્લામેન્ટમાં મેમ્બરોને હાજર રહેવા કરવામાં આવેલું આમંત્રણ 7.One who enforces attendance of a political party: રાજસભા (પાર્લામેન્ટ) માં પોતાની ટોળીના સભાસદોને જરૂર પડે ત્યારે સભામાં બેસવા સારૂ એકઠા કરવાને નીમેલો સભાસદ. *W. purchase*: ઊંચું યાંત્રિક યંત્ર *W. hand*: જમણો-કામનો હાથ; ચઢિયાતાપણું. *To have the* **w.** *hand* નું કોઇના પર પ્રાધાન્ય હોવું;-ના કરતાં ચઢિયાતા હોવું;ફાવવું. *With* **W.** *and spur*: ઘણીજ ઉતાવળે; ઝડપથી ત્વરાથી; બહુ જલદીથી;મારતે ઘોડે.

Whipping, (હ્વિપિંગ્) *n.* Beating; lashing: ચાબકનો માર. **W.** *post*: ફટકા મારતી વખતે ગુનેહગારને બાંધવાનો થાંભલો.

Whipstock, (હ્વિપ્સ્ટૉક્) *n* A whip-stalk: કોરડા-ચાબુકનો હાથો.

Whir, (હ્વર્) *n.* A buzzing or whizzing sound produced by rapid or whirling motion: ભરર કરીને થતો અવાજ; ભરરાટ; ફરરર. *vi.* To whiz: ભરર કરીને ઉડવું; ઉડી જવું.

Whirl, (હ્વર્લ્) *vt.*To turn round rapidly: સંચળી તરફ-ચક્કરમાં ઝડપથી ફેરવવું; ચકરાવકર ફેરવવું. 2.To snatch; to hurry: ઉતાવળથી ફેરવવું; ઝડપથી લઈજવું; ઉતાવળે ધકેલી જવું. *vi.* To be turned round rapidly: ગોળ ચક્કરમાં ફરવું; ગોળ-ઝડપથી ફરવું. 2. To move hastily or swiftly: ઝડપથી ફરવું. *n.* 2.A turning with rapidity or velocity; rapid rotation; quick gyration: ફેરી; ભ્રમણ; આવૃત્તિ, ભ્રાન્તિ; ચક્રાવર્તન. 3. Anything that moves with a whirling motion: ગોટો; ચક્રમંડળ ફરકડી. *The* **w.** *s of fancy*: વિચારનું ભ્રમણ.

Whirlicote (હ્વર્લિકૉટ્) *n* An open car or chariot: ઉઘાડી ગાડી; રથ; દેદીન.

Whirligig, (હ્વર્લિગિગ્) *n.* A child's toy spun or whirled around like a wheel upon axis or like a top: ભમરડો. 2. Anything which whirls around *or* in which persons or things are whirled about: ચકડોળ. 3. An instrument for punishing petty offenders: હલકા ગુન્હેગારોને સજા કરવાનું યંત્ર.

Whirl pool, (હ્વર્લ્પૂલ્) *n.* A eddy or vortex of water: વમળ; ભમરો; આવર્ત; જળભ્રમ. 2. A sea monster of the whale-kind: દરીઆઈ રાક્ષસી માછલી.

Whirlwind, (હ્વર્લ્વિન્ડ્) *n.* A vortex of air; a violent wind storm of limited extent: વાવંટોળ; વાવાઝોડું; વંટોળીઓ; વા; ચક્રવાત; તેફાન. 2.A body of objects sweeping violently onward: ધાડું; ધાડ; વંટોળીયો.

Whisk, (હ્વિસ્ક્) *n.* A game at cards: મુવા મુવા રમવાની પત્તાની રમત-માજ. *n.* A sudden motion or quick puff; a rapid sweeping motion: ઝપટ; ઝાટકો; ઝાટક; ઝટકો; ખપટકો; આંચકો. 2. A small bunch of grass, straw, twigs, hair or the:

fector:ભલું કરનાર: હિતસ્વી; હિતૈષી.
Well-done, (વેલ્-ડન્)*int:* ભલે! વાહવાહ! શાબાશ! ખાસુ! ખૂબ! બેશ!
Well-favored, (વેલ્-ફેવર્ડ્) *a.* Handsome;beautiful: શોભિતું;દેખાવડું;ખુબસુરત;કૂટડું;રૂપાળું.
Well-head (વેલ્-હેડ્) *n.* A spring or fountain:ઝરો; વહેળીનું.
Well-informed, (વેલ્-ઇન્ફૉર્મ્ડ્) *a.* Correctly informed;intelligent: સુજ્ઞાણ;સુજ્ઞ,બહુજ્ઞ;જ્ઞાતા; બહુશ્રુત; ઘણો માહીતગાર.
Well known, (વેલ્ નોન્) *a.* Fully known:સારી રીતે જણાયેલું; સુજ્ઞાત; જાહેર;પ્રસિદ્ધ;જગજાહેર;જગપ્રસિદ્ધ.
Well-mannered, (વેલ્-મૅનર્ડ્) *a.* Polite;well bred:સભ્ય; સુશીલ; સદાચારી;સદાચરણી;શિષ્ટાચાર સંપન્ન.
Well-meaning, (વેલ્-મીનિંગ્) *a.* Having a good intention: ભલું; સજ્જન; સદાશયવાળું; હિતબુદ્ધિનું.
Well-natured, (વેલ્-નેચર્ડ્) *a.* Goodnatured;kind:દયાળુ; માયાળુ; સારા સ્વભાવનું;ભલું.
Well nigh, (વેલ્ નાઇ) *adv.* Almost;nearly:લગભગ;સોવસા.
Well-off, Well-to-do, (વેલ્ઑફ્, વેલ્ટુડુ) *a.* Happy;in good condition:સુખી;સારી સ્થિતિમાં; આબાદ; પૈસેટકે સુખી;ફતેહમંદ.
Well read, (વેલ્-રેડ્) *a.* Deeply versed:ઘણું ઘણું વાંચેલું એવું;ઘણે ઘણા વાંચેલા હોય એવું;બહુશ્રુત.
Well-seen, (વેલ્સીન્) *a* Accomplished;experienced:અનુભવી;હોંશિયાર;ચતુર;ભેયેલું.
Well-spring, (વેલ્-સ્પ્રિંગ્) *n.* A fountain;a spring:ઝરણ;ઝરો;ઉદ્ગમ.
Well timed, (વેલ્-ટાઇમ્ડ્) *a.* In a proper time: બરાબર-વખતસર કહેલું;સવેળાનું.
Well-Well, (વેલ્-વેલ્) *int.* Thanks:શાબાશ શાબાશ; ભલે-ભલે.
Well-wisher, (વેલ્-વીશર્) *n.* One who wishes another well: કલ્યાણ ઇચ્છનાર; હિતેચ્છુ; હિતસ્વી; શુભેચ્છક;શુભચિંતક; કલ્યાણચિંતક.
Welsh, (વેલ્શ્) *a.* Of or pertaining to Wales or its habitants: વેલ્સ કે તેના રહેવાશીઓનું-ને લગતું વિષયક.*n.* The language of Wales: વેલ્શ ભાષા.2 *pl.* The natives of Wales:વેલ્શ લોકો;વેલ્શના રહેવાશીઓ.
Welt, (વેલ્ટ્) *n.* 1. *(a)* An edge of cloth folded on itself usually over a cord,and sewed down: કોર;આંતરી;કિનારી.*(b)* A hem, border or fringe: કિનારી; કોર; અગ્રભાગ; સંલગ્ન;ગ્રંથ;ફરેબ 2.A narrow border: કિનારી; પટ્ટી. *vt.* To furnish with a welt:પટ્ટી ચોડવી;કોર ચોડવી.
Welter, (વેલ્ટર્) *vi.* To roll; to tumble about;to wallow:માં રગદોળાવું; ડાદવાવું થવું લોટવું; રોળાવું; આળોટવું. 1.To rise and fall as waves:ઉછળવું.*vt.* To wither; to wilt: કરમાવી નાંખવું;-થી ખવાઈ જવું. *n.*Filth;mire: કચરો; કાદવ.2. A rising and falling as of waves: ઉછળવું તે;ઝોળ.
Wem, (વેમ્) *n.*The abdomen;the uterus;the womb: ગર્ભાશય; કમળ; ગર્ભસ્થાન. 2. Spot; blemish: ડાઘ; કલંક;લાંછન;ખટ્ટો; ઐબ;દૂષણ. *vt.* To stain: બટ્ટો; લગાડવો; કલંક લગાડવું; કલંકિત કરવું;દૂષણ લગાડવું-દેવું-કરવું.
Wen, (વેન્) *n.*An indolent encysted tumor of the skin: રસોળી; ગાંઠ;અવાળું;ગળગંડ;વરસોળી.
Wench, (વેન્શ્) *n.* 1. A young woman;a girl;a maiden: જુવાન સ્ત્રી,છોકરી; કુમારીકા; કન્યા; તરુણી. 2. A drab;a strumpet: લુચ્ચી છે કરી; બદચી રાંડ;કુબ્જા;ચુડેલ;રંડા; વેશ્યા; છિનાળ;સામાન્યા;પાતર. 3. A colored woman;a negress: સીધણ-હબસી ની સ્ત્રી.*vi.*To frequent the company of wenches : વેશ્યા-છિનાળ બૈરીઓની સંગત કરવી.
Wencher, (વેન્શર્) *n.*A lewdman: છિન ળેા;કાછડીકૂટેા પુરુષ; સ્ત્રીલંપટ.
Wend, (વેન્ડ્) *vi.*To go; to pass: જવું;-નેા રસ્તેા લેવેા.2.To turn round ફરવું.*vt.*To direct;to betake રસ્તેા લેવેા પકડવેા-જવું *n.*A circuit:ફેરવેા; ચક્રાવેા;પ્રદક્ષિણા.
Went (વેન્ટ્) *imp&p.p.*of **Wend.** imperfect of *go*:ગયેા;ગઇ;ગયું.
Went, (વેન્ટ્) *n.*Course;way;path; journey:રસ્તેા;માર્ગ;પંથ.
Were, (વેર્) *n* A man: માણસ. 2. A fine for slaying a man;weregild: માણસના માથાની કિંમત. *vi.* The imperfect indicative plural of the verb *to be*:હતા; હતાં.
Wert, (વર્ટ્) The second person singular of the subjunctive imperfect tense of *to be*: (તું) હતેા;હેાત.
West, (વેસ્ટ્) *n.* The point in the heavens where the sun is seen to set at the equinox: પશ્ચિમ;આથમણી દિશા; પ્રતીચી; વારુણી. 2.The country or region of country situated in the direction toward the west: પશ્ચિમ દિશામાં આવેલેા દેશ-પ્રાંત વિગેરે.2.The occident: પશ્ચિમ ભાગ;પશ્ચિમ ગેાલાર્દ્ધ.*a.* Lying toward the west: પશ્ચિમ તરફ આવેલા;પશ્ચિમાભિમુખ; પાશ્ચાત્ય; પશ્ચિમે હેાય એવું. *adv.* Westward: પશ્ચિમે;પશ્ચિમ તરફ. *vi.* To pass to the west:પશ્ચિમમાં જવું.2.To turn or move toward the west:પશ્ચિમ તરફ વળવું.
Westerly (વેસ્ટર્લિ) *a.* Toward the west;western: પશ્ચિમ તરફનું; પશ્ચિમે; પશ્ચિમ-આથમણી દિશા તરફથી આવતું-વાતું;પશ્ચિમનું-તરફનું.*adv.* Westward:પશ્ચિમે;પશ્ચિમ તરફ.
Western, (વેસ્ટર્ન્) *a.* Being in that quarter where the sun sets: પશ્ચિમ તરફનું;પશ્ચિમ તરફ જતું;પાશ્ચાત્ય;પશ્ચિમાત્ય.2. Moving toward the west:પશ્ચિમ તરફનું-જતું;પશ્ચિમમાંથી આવતું;પશ્ચિમાભિમુખ.
Westerner, (વેસ્ટર્નર) *n.* An inhabitant of the west:પશ્ચિમ દિશાને રહેવાસી.
West-ward, (વેસ્ટ્વર્ડ્) *adv.* Toward the west:પશ્ચિમે. *a.* Lying toward the west: પશ્ચિમે આવેલું-તરફ જતું-નું. *n.* The western regions or countries: પશ્ચિમ તરફના દેશ.
West wardly, (વેસ્ટ્વર્ડલિ) *adv.* In a westward direction: પશ્ચિમ તરફ;પશ્ચિમે.
Westy, (વેસ્ટિ) *a.*Dizzy;giddy:ફેરચક્કર-તમ્મર આવે એવું.
Wet (વેટ્) *a.*Moist:ભીનું;ભેજવાળું; આર્દ્ર; લીલું; પલળેલું; પાણી પચેલું હેાય એવું.2 Very damp; rainy: શરદીવાળું; વરસાદનું; વૃષ્ટિમય. 3. Refreshed with liquor;drunk: પીધેલું;નીશામાં-ચુસેલું હેાય એવું; ભીનેભીનું;તૈયાર;ટે. **W.** *goods* દારૂ; માદક પદાર્થદ્રવ્ય. *To get* **W.**: ભીનાઇ; પલળી-ગજકા ખેાળ થઇ જવું-થઈ ગએલા હેાવું. *n.* Water or wetness: પાણી;ભીનાશ; ભેજ;આર્દ્રતા. 2. Rainy weather: ચેામાસું;વર્ષાકાળ;વર્ષાઋતુ.3.A dram; a drink: દારૂનેા ઘુંટડેા. *vt.* To fill or moisten with water or other liquid: ભીનું કરવું;ભીંજવવું; પાણી વગેરેમાં બેાળવું;તરબેાળ કરવું-ઉપર પાણી છાંટવું;-થી ભીનું થવું-પલાળી જવું. To **w.** *one's whistle*: દારૂનેા ઘુંટડેા પીવેા;ઝાંટેા પાણી લેવેા. **W.** *dock*: પાણી ભર્યું રહે તેવી ગેાદી. **w.** *nurse*: ધવાડનારી સ્ત્રી;ધાવ.
Wether, (વેધર્) *n.* [L. *vetus*,old.] A castrated ram: ખાસી કરેલેા મેંઢેા-ઘેટેા.

Wetness,(વેટ્‌નેસ્‌)*n.* Moisture; humidity: ભેજ;ભીનાશ; આર્દ્રતા. 2. A watery or moist state of atmosphere: ચારદી,ઠંડી.

Whack,(હ્વૅક્‌)*vi.* To strike; to beat;to thrash:મુક્કી મારવી;મારવું; ઠમઠોરવું. *vt.* To strike anything with a smart blow:ધબ્બો દેઇને ગોદા-ઠોંસો મારવો.*n* A smart blow:મુક્કો.

Whacker,(હ્વૅકર્‌)*n.* One who whacks:મુક્કી મારનાર.2.Anything very large:કોઈ પણ મોટી ચીજ.*Specif.*,a great lie:હડહડતું જુઠાણું.

Whale,(હ્વેલ્‌)*vt.* To lash with strips;to wale: ચામડા-કૂટકાથી માર મારવે ;મારવું.Any aquatic mammal of the order *Cetacea*:મગરમચ્છ;વ્હેલ નામની માછલી; તિમિંગલ. **W.** *fin*,whale bone: વ્હેલનું હાડકું. **W.** *bone*,ivory: હાથીદાંત.

Whale boat, (હ્વેલ્‌બોટ્‌) *n.* A long narrow boat sharp at both ends used by whalemen: વહેલ પકડનાર માણસોની સાંકડી લાંબી અને બે છેડેથી અણીઆળી હોડી.

Whale-man(હ્વેલ્‌મૅન્‌)*n.* A man employed in the whale fishery: મગરમચ્છનો શિકાર કરનાર માણસ.

Whaler,(હ્વેલર્‌)*n* A vessel or person employed in the whale fishery: મગરમચ્છ પકડનાર વહાણ અગર પુરૂષ.2.A big strong fellow: મોટું અને મજબુત માણસ;જબ્બર જૈયા.

Whap,(હ્વૅપ્‌)*vi.* To turn suddenly: એકદમ ફરી જવું. *adv.* Suddenly:ઓચિંતું;અણધાર્યું;અચાનક.

Wharf,(હ્વોર્ફ્‌)*n* A quay;a pier: બંદર;ઠેકો;ઓવારો;ઘાટ; ધક્કો;કુરજો. 2. The bank of a river: કિનારો;તીર; તટ. **W.** *rat*:મુસો કોળ.*vt.* To guard or secure by firm wall of timber or stone constructed like a wharf: ડક્કો-ઘાટ બાંધવો,મજબુત દીવાલ બાંધીને સલામત કરવું. 2. To bring to a wharf: ડક્કે બંદરે-ઘાટે લાવવું-ઉતારવું.

Wharfage,(હ્વોર્ફેજ્‌)*n.* Pierage; quayage:બંદરપરનો કર;જકાત-ઠાપો. 2.Wharfing:બંદરો;ડક્કા કામ;ડક્કા બાંધી.

Wharfinger, (હ્વોર્ફિન્‌જર્‌)*n* A man who owns or has the care of a wharf:ઘાટ બંદરનો ધણી-માલેક; ડક્કાવાળો.

What,(હ્વૉટ્‌)*pron.* As an interrogative pronoun used in asking questions regarding either persons or things:કોણ;શું;કયું;કયો. 2. An exclamatory word; અરે ! શું ! કે ! 3.As a relative pronoun (*a*) Used substantively with the antecedent suppressed equivalent to *that which* or *those who*,or *those which*: જે તે; જેઓ-તેઓ.4.Whatever; whatsoever: જેજે;જે કોઇ.5.Partly; somewhat: કંઈક;જરાક;અંશે;કેટલેક દરજ્જે.**W.** *ho* ! અરે ! હો, અલ્યા એ ભાઇ ! W. *if*, તો શું; તેથી શું. W. *though*.: એમ હોય તોપણ; તેમ હોય તો શું.**W.** *not*: એવું કાંઇ;ચિમેરે;અને શું ન હોં; બીજું જેટલું ન ગણીએ એટલું ઓછું **W.** *by*, **W** *with*: થોડું એમ;કોઇ એક;કંઇક.**W.** *else*: બીજું શું **W.** *then*:. પછી શું.*n.* Something; thing: કંઇપણ; કંઇ વસ્તુ-પદાર્થ.*interrog. adv.* Why ?: શા માટે ? શા સારૂ ?શા વાતે ?

What-ever,What so-ever,(હ્વૉટ્‌એવર્‌ હ્વૉટ્‌સોએવર્‌) *pron* Anything soever which;being this or that;જેજે;જે કોઇ;જેટલું.

Wheal,(હ્વીલ્‌)*n* A pustule; a whelk: ફોલ્લી; ફોલ્લો. *n.* A weal; wale: સોળ;સળ.2.A flat burning or itching eminence on the skin: ચામડી ઉપર પડેલું લાલ ચાઠું; ઢીમડું;ચકામું.*n.*A mine: ખાણ.

Wheat, હ્વીટ્‌)*n.* A cereal grass and its grains which furnish a white flour for bread used by the human race: ઘઉં. *Fine* **W** *flour*. મેદો.**W.** *flour*: ઘઉંનો લોટ;રવો;સોજી.

Wheaten,(હ્વીટન્‌) *a.* Made of wheat: ઘઉંનું; ઘઉંનું બનેલું-બનાવેલું કરેલું.

Wheedle,(હ્વીડલ્‌)*vt.*To entice; to cajole;to flatter: ફોસલાવવું;પટાવવું; લલચાવવું;-ની ખુશામત કરવી. 2. To gain, or get away, by flattery: ફોસલાવી આવું;ઉતરડું;ધૂતવું. *vt.* To flatter: ખુશામત કરવી;લલચાવવું.

Wheel(હ્વીલ્‌)*n.*A circular frame turning about an axis.પૈડું;ચક્કર; ચક્ર;ચાક;મંડલ. 2 (*a*) A spinning wheel:રેંટીઓ.(*b*) An instrument of torture formerly used:અગાઉના વખતમાં ગુન્હેગારને દુઃખ દેવાનું રીબાવવાનું યંત્ર.(*c*)A circular frame having handles on the periphery:રેંટ;ચાક-રેંટીયો.(*d*)A potter's wheel: કુંભારનો ચાક. 3. A bicycle or tricycle;a velocipede: બે અથવા ત્રણ પૈડાંની પગે ચલાવવાની ગાડી;આગડ રીક્લ.4.A disk;an orb: ગોળો;ચક્ર;ચકતી 5. Rotation; a turn: ફેરો;ફેરવો;ચક્કર;આંટો.*A* **W.** *within a* **W.**, *wheels within wheels*, મુંચવાડો;અટપટી બાબત. **W.** *boat*,પૈડાવાળી હોડી. **W.** *lathe*: રેંટવેના કળાનાં પૈડાં ઉતારવાનો ચારખ. **W** *pit*: સૌથી બે ઠું પૈડું કરવાને બોદેલો ખાડો.*vt.*To convey on wheels: ગાડીમાં લાદી લઇ જવું. 2. To cause to turn or revolve:ફેરવવું; ફરતું કરવું ને ગતિ આપવી.*vi* To revolve ફરવું;ચક્કર મારવો; ભમવું; ધરી ઉપર ફરવું.2.To go round in circuit: આસપાસ ફરવું,-ની પ્રદક્ષિણા કરવી;ચક્કર મારવું.3.To roll forward: ઉતરી-પસી આવવું-પડવું;ઢળી પડવું.

Weeled (હ્વીલ્‌ડ્‌)*a.* Moving by the wheels.પૈડાંવાળું;પૈડાંની ગાડવું.

Wheel barrow, (હ્વીલ્‌ બૅરો)*n.* A light vehicle for conveying small loads: નાનો સરસામાન લઇ જવાની હલકો ગાડી-ઠઠારી.

Wheel wright,(હ્વીલ્‌રાઇટ્‌)*n.* A maker of wheeled vehicles: પૈડાં અગર પૈડાંવાળાં વાહન બનાવનાર.

Wheeze,(હ્વીઝ્‌)*vi.*To breathe hard and with an audible piping or whistling sound:ભળભાંકરે-સણસણતું બોલવું; શ્વાસ લેતાં મુશ્કેલી ધુરપર થવું;ઘરરર ઘરરર ઘરેરો ચાલવો. *n.*A piping sound:ભળભાંકરે બોલવો તે.2.An ordinary whisper exaggerated so as to produce the hoarse sound: ઘોંઘાટ;હોહો;ખોખરો અવાજ. [મુશ્કેલીથી શ્વાસ લેવું મુશ્કું.

Wheezy,(હ્વીઝિ)*a.* Wheezing;

Whelk,(હ્વેલ્‌ક્‌)*n.* Any one of numerous species of marine gastropods belonging to allied genera: શંખલું એક પ્રકારની માછલી. *n.*A papule; a pustule: ચુમડું; ફોલ્લો;ફોલ્લી.2.A stripe or mark; a wale નિશાની;ડાઘો;ભળ;સોળ;સળ.

Whelm, (હ્વેલ્‌મ્‌) *vt.* To overwhelm;to ingulf: ઘાડવું-ડબોવવું; -માં તરબોળ કરી દેવું. 2. To cover completely:-માં ગરકાવ-લીન કરી દેવું;-થી ગરક થવું; ને ગરક કરી દેવું.

Whelp,(હ્વેલ્‌પ્‌)*n.* A puppy; a cub: બચ્ચું;બોડીલું; કુરકુરીયું. 2. A child;a youth: બચ્ચાજી;દીકરાજી;મેદાજી; બચ્ચાલાલજી.3. One of the teeth of a sprocket wheel:ચક્રનો દાંતો. *vt.*To bring forth a young.(પશુએ)બચ્ચું જણવું;બીજાવું.

When,(હ્વેન્‌)*adv.*At what time? ક્યારે;કયે વખતે;કયે દહાડે; કઇ વેળા.2. At what time;at or just after, the moment that:પછી;જ્યારે-ત્યારે;જે વખતે;જે સમયે 3. While;whe-

of the bore of gun and that of the shot fired from it: બંદૂકની નળી અને ગોળાના વ્યાસનો ફરક. 2. The sudden compression of the air: હવાનું એકદમ દબાણ.

Wind-bound, (ઉવિન્ડ્‌બાઉન્ડ્‌) *a.* Prevented from sailing by a contrary wind: પ્રતિકૂળ પવનને લીધે હંકારવામાં અડચણ થયેલું; વાતરુદ્ધ; વાત પ્રતિબદ્ધ.

Wind-fall, (ઉવિન્ડ્‌ફૉલ્‌) *n.* Anything blown down or off by the wind: પવનથી પડેલું. 2. An unexpected legacy: અચાનક બનાવ-ફાયદો; અણધાર્યો લાભ; આકસ્મિક પ્રાપ્તિ; ધાર્યા-અણધાર્યા લાભ; આગંતુક લાભ.

Wind gall, (ઉવિન્ડ્‌ગૉલ્‌) *n.* A soft tumor swelling on the fetlock joint of a horse: ઘોડાના ઘુંટણ પર થતી નરમ ગાંઠ-ઢીમડું.

Wind-gun, (ઉવિન્ડ્‌-ગન્‌) *n.* Air gun: હવાથી છૂટતી બંદુક.

Winding, (ઉવાઇન્ડિંગ્‌) *n.* A call by the boatswain's whistle: વહાણવટીની સીસોટીથી બોલાવવું તે. *n.* A bend; a curve; a turn: વાંક; ગલીકુચી; આડીવાટ; વલણ; ફેરો; ફેર. *a.* Circuitous: વાંકુચુક; વાંકાખાતું-વળતું. **W.** *stairs:* ગભરીયો દાદર-નીસરણી.

Winding-sheet, (ઉવાઇન્ડિંગ્‌શીટ્‌) *n.* A sheet in which a corpse is wound or wrapped: ચોફાળ; કફન; શબવસ્ત્ર; ચાદર; પ્રેતવસ્ત્ર.

Wind lass, (ઉવિન્ડ્‌લૅસ્‌) *n.* A shift; a roundabout course: યુક્તિ; ફેરફાર. *vi.* To make a roundabout course: યુક્તિ કરવી; ફેરફાર કરવો. *n.* A machine for raising weights: ભાર ઉચકવાનું યંત્ર; ડુમકલાસ; ઉત્તોલન. *vi.* To raise with a wind-lass: ડુમકલાસથી ભાર ઉપાડવો-ઉચકવો.

Wind-mill, (ઉવિન્ડ્‌-મિલ્‌) *n.* A mill operated by the power of the wind: પવનચક્કી; વાયુપેષણી.

Window, (ઉવિન્ડૉ) *n.* An opening in the wall of a building for the light and air: બારી; બખોલ; બારણાવાળી બારી. 2. The shutter: ફરેડી; બારીનાં બીનીજર. 3. A figure formed or lines crossing each other: એક બીજાને કાપતી લીટીઓથી થતું ચિત્ર. **W.** *blind:* બારી-બખોલનો પડદો. **W.** *frame:* બારીનું ચોકઠું. **W.** *stash,* બારીઓમાં કાચ બેસાડવાનાં ચોકઠાં. **W.** *seat,* બારીની અંદર કરેલી બેઠક. **W.** *shutter,* બારી બંધ કરવાની ફરેડી *vt.* To furnish with window: બારીઓ મુકવી. 2. To place at or in a window: બારીમાં મુકવું

Wind-pipe, (ઉવિન્ડ્‌-પાઇપ્‌) *n.* The passage for the breath; the trachea: શ્વાસ માર્ગ; દમવેવાની નળી; ટ્રેકીયા

Wind-sail, (ઉવિન્ડ્‌ સેલ) *n.* A wide tube of canvas used to convey a stream of air for ventilation into the lower compartments of vessel: વહાણની નીચેના ભાગમાં હવા જવા સારૂ કપડાની નળી.

Windward (ઉવિન્ડ્‌વર્ડ્‌) *n.* The side from which the wind blows: પવનની દિશા; વાયુની દિશા. *a.* Situated towards the point from which the wind blows: પવનની દિશાનું-તરફનું *a.* Toward the wind: પવન તરફ-ગમ.

Windy, (ઉવિન્ડિ) *a* Consisting of wind: વાયુનું; પવનનું; વાતું; વાયુમય; વાતમય. 2 Windward: પવન તરફનું 3. Tempestuous: તોફાની. 4. Flatulent: વાયડું; બાદીવાળું; વાતુલ; વાતપ્રધાન. 5. Caused by wind: વાયી થએલું. 6. Empty; airy: હવાવાળું; ખાલી; પોલું.

Wine, (ઉવાઇન્‌) *n.* [L. *vinum,* vine.] The expressed juice of grapes *esp.* when fermented: દ્રાક્ષનો દારૂ; વૈન; દ્રાક્ષારસ; મદિરા; સુરા; મદ્ય; દ્રાક્ષાસવ. 2. A liquor prepared from the juice of any fruit: કોઇ પણ ફળનો દારૂ 3. Intoxication: કેફ; અમલ; નિશો. **W.** *cellar,* દારૂ ભરી રાખવાનું ભોયરૂં. **W.** *grower,* દારૂ બનાવનાર. **W.** press: દ્રાક્ષનો રસ કાઢવાનો સાંચો-યંત્ર.

Wing, (ઉવિંગ્‌) *n.* One of the two anterior limbs of a bird: પાંખ; પક્ષ; ઓથ; આશ્રય. 2. Any similar member used for the purpose of flying; બીજું કોઈ પણ ઉડવાનું સાધન. 3. Passage by flying; flight: ઉડવું તે; ઉર્ધ્વગતિ; ઉડ. 4. Means of flight or of rapid motion: ઉડવાનાં સાધન; પાંખ. 5. Anything which agitates the air: પંખો; વીજણો; પાંખ 6. An ornament worn on the shoulder: લશ્કરી અમલદારના પોશાકની ખાંધ ઉપર સુશોભિત ગુચ્છો 7. A side piece: બાજુ; પક્ષ; પાંખ. (*a*) A side building, less than the main edifice: ઘરની બાજુ; ગૃહપક્ષ; ઘરની પાંખ; ગૃહપાર્શ્વસ્થ ભાગ. (*b*) A side shoot of a tree or plant: શાખા; ઝાડની પડછાળી. (*c*) The right or left side of an army: સેનાપક્ષ; સૈન્યપક્ષ; પાર્શ્વસ્થદળ; ફોજની ડાબા અગર જમણી બાજુ. 8. *Fig.* Protection: રક્ષણ; આશ્રય; જતન સંભાળ; પાંખ; પક્ષ. 9. The ships on either extremity of a fleet ranged in line: અરબારની દ્વાર દ્વાર ગોઠવેલી યુદ્ધનૌકામાની જેવાડેની નૌકા. *On the* **W.s** *of the wind:* ઘણીજ ઝડપથી; પવન વેગે; અતિ ઉતાવળે *On the* **W.** (*a*) flying: ઉડતું; ગમનોન્મુખ. (*b*) On the road: ચાલતું; રસ્તે પડેલું. *To take* **W.** ઉડી જવું; નાશી જવું. *vt.* To furnish with wings: પાંખો આપવી; ઝડપથી ચાલવું; શીઘ્રગતિ આપવી 2. To supply with wings: બાજુઓ બાંધવી-કઢ; પાંખ કઢ 3 To cause to fly: ઉડડું કરવું; ઉડાવવું. 4. To fly through: માં થઈને ઉડવું. 5. To cut off the wings of: પાંખને છાંટી-કાપી નાંખવી; પાંખ છેદવી.

Winged, (ઉવિંગ્‌ડ્‌) *a* Furnished with wings: પાંખોવાળું; પક્ષવાન્‌; સપક્ષ. 2 Lofty; sublime: ઉન્નત; પ્રૌઢ; ઉચ્ચ. 3. Swift; rapid: ઝડપવાળું; ઉતાવળું; વેગવાળું; પવનવેગી. 4. Wound in the wing: પાંખમા ઘાયલ થએલું 5. Alate: બે તરફ પાંદડાંવાળું.

Wink, (ઉવિંક્‌) *vi.* To nod; to sleep; to nap. ઢંઘવું; ઝોકાં ખાવા. 2. To shut the eyes quickly: આંખો એકદમ મીંચવી. 3. To blink: આંખ મકલાવવી-મટમટાવવી, પલકારો મારવો; આંખ મીંચામણી કઢ. 4. To give a hint by the motion of the eyelids: આંખ મારવી; આંખની ઇસારત કઢ; આંખથી અણસારો કઢ; સાન કઢ. 5. To avoid taking notice (with *at*): જોયું ન જોયું-અખાડા કઢ; આંખ આડા કાન ધરવા-કઢ. 6. To be dim and flicker: ફકફક થવું; ઝાંખ મારવી. *vt.* To cause to wink: પલકારો કઢ. *n.* The act of closing the eyelid quickly; hence, moment: પલકારો; પલક; નિમેષ; ક્ષણ; પળ; લહેજો. 2. A hint given by shutting the eye with significant cast: આંખની ઇસારત; નેત્ર સંકેત; આખમીંચામણી; નેત્ર પલ્લવો; નેણ કટાક્ષ. To **W.** *at:* અખાડા કઢ; આંખમીંચામણાં કઢ; આંખ આડો કાન કઢ.

Winker, (ઉવિંકર્‌) *n.* One who winks: આંખનો પલકારો કરનાર. 2. A horse's blinder: ઘોડાની અંધારી.

Winner, (ઉવિનર્‌) *n.* One who wins: જીત મેળવનાર; વિજયી થનાર; વિજેતા; મોહ પમાડનાર; મનમિલાઉ.

Winning; (ઉવિન્નિંગ્‌) *a* Attracting; charming: મોહનીકારક; મનોહર; આકર્ષક; હૃદયહારી; ચિત્તાકર્ષક. *n.* The act of obtaining something by

competition:જય; વિજય 2. The money gained by success:લાભ.

Winnow, (ઉવિનો)*vt.* [L *vannus*, a fan.] To fan; to separate & drive off: ઝાડવી નાંખવું;ઉડાવવું; ઉપણવું. 2.To separate as bad from good:સારાથી નઠારૂં જૂદું પાડવું;-માંથી વીણી-ચૂંટી કાઢવું 3 To beat with wings : પાંખોવતી અફળાવું.*vi.* To separate chaff from grain:દાણામાંથી ઝોડાં જૂદાં પાડવાં;ઝાડવું.

Winnowing-fan,(ઉવિન્નોઇંગ્ફૅન) *n.*A fan for separating chaff from grain:સૂપડું.

Winsome,(ઉવિન્સમ્)*a.*Cheerful; merry;gay: હસમુખુ;મોજી; આનંદી; 2.Gladsome; pleasant: ખુશી કરે એવું;આનંદકારી;ખુશ્તુમાં; આનંદજનક; મનોહર.

Winter,(ઉવિન્ટર્)*vi.* The coldest season of the year: શિયાળો;શીતકાળ,શિશિર;શીતઋતુ;ઠંડીના દિવસ. 2. The period of decay, old age, death or the like: વૃદ્ધાવસ્થા;મોત આવવાનો વખત સમય;મૃત્યુકાળ. *Depth of* **w.**: ભરશિયાળો. **W.** *quarters*: શિયાળામાં રહેવાની જગ્યા; શિયાળાનું રહેઠાણ.*vi.* To pass the winter: શિયાળો ગાળવો-કાઢવો.*vt.* To keep, feed or manage during the winter: શિયાળામાં રાખવું-ખવરાવવું; શિયાળામાં ખવડાવવું-ખાવાને આપવું.

Winter-beaten, (ઉવિન્ટર્ બીટન્) *a.*Harassed by the severe weather of winter: શિયાળાની સખ્ત-કડકડતી ઠંડી ટાઢથી ઘન પામેલું.

Wintery-Wintry, (ઉવિન્ટરિ-ઉવિન્ટ્રિ)*a.* Cold; stormy; brumal: hyemal: ઠંડા હીવસોનું; શિયાળાનું; ઠંડીના દિવસનું; હિમકાળ સંબંધી; હૈમ;હૈમન.

Wipe,(ઉવાઇપ્)*vi.* To clean by rubbing:લોહોવું;લૂછવું; સાફ કરવું;લોહી.લૂછી નાંખવું;જુસવું 2.To rub off; to obliterate(with *away,off or out*):ભૂસી નાંખવું;છેકી નાંખવું;સાફ કર; દૂર કર;કાઢી નાંખવું;ભૂસવું 3.To cheat; to defraud: છેતરવું; ઠગેા-કપટ કર.To **w.***the nose of*,to cheat: છેતરવું;ઠગવું;ધૂતવું.*n.*Act of rubbing: ભૂસવું-સાફ કર તે;છેકો;લીસોટો;ઘસરકો;લસરકો.2.A blow;a stroke:ધા;મુક્કો 3.A gibe;a jeer: હાંસી;ઠોક; નિંદા. 4.A handkerchief:રૂમાલ.5. Stain brand:ડઘો;ડાઘો;દુષણ;કલંક.

Wiper,(ઉવાઇપર્)*n.* That which wipes:સાફ કરે છે તે;સાફ કરનાર.

Wire,(ઉવાઇર્)*n.*A thread or slender rod of metal:તાર;તંત્રિ;તંબ્રિ;શળી;શલાકા.2. A telegraph wire or cable: તાર;તારનો સંદેશો. Hence a telegraphic message:તાર મારફત આવેલો સંદેશો;તાર.**W.***bed*, **w.** *mattress*:તારની સાદડી.**W** *bridge*:ઝોલાપુલ-ઝુલતો પુલ *To pull the* **w.***s(a)*: રમતના પૂતળાંના તાર ખેંચીને તેમને નચાડવાં(*b*)પોતાની મરજી મુજબ બીજાની પાસે કામ કરાવવું; કારસ્તાન કર.*vt.* To bind with wire:તાર બાંધવા;તારોવતી બાંધવું.2.To put upon a wire:તાર ઉપર મુકવું;તારમાં પરોવવું.3.To share by means of wire: તાર નાંખીને બળ પાથરવી.4. To send by telegraph: તારથી સંદેશો મોકલવો. *vi.* To pass like a wire: તારની માફક જવું.2.To send a telegraphic message:તાર મોકલવો.

Wire-draw,(ઉવાઇર્-ડ્રૉ.) *vt.* To form into wire by drawing it: ખેંચી તાર કરવો.2.To draw by art or violence:કળાથી લાંબુ કરવું;જોરથી લાંબુ કરવું; ખેંચવું 2. To draw or spin out to great length and tenuity:લંબાવવું;લાંબુ કર;ખેંચવું;લાંબુલાંબુ ટાઢેવું-પીંજણ કર. 4. To pass through narrow ports:સાંકડા બંદરોમાં થઇને પસાર થવું.

Wire-gauze, (ઉવ'ઇર્-ગૉજ્) *n.* Texture of finely interwoven wire:ઝીણા તારની જાળી.

Wire-puller, (ઉવાઇર્-પુલર્) *n.* One who pulls the wires: તાર ખેંચનાર.2. An intriguer:કપટી; કાવત્રાંખોર;પ્રપંચી; કારસ્તાન કરનાર.

Wiry,(ઉવાઇરિ)*a.* Made of wire: તારના જેવું;તારનું; તંતુમય;તંતુપ્રાય. 2. Tough;sinewy: બળકટ;જબરૂં;મજબૂત; ચિકટ; ચિકણું; રૂષ્ટપુષ્ટ; બળવાન; સ્નાયુવાળું.

Wis,(ઉવિસ)*adv.* Really; indeed: ખરેખર; ખરેખાત; નક્કી: જરૂર. *vt.* To think;to suppose; to imagine: જાણવું;વિચારવું;ધારવું.

Wisdom,(ઉવિઝડમ્)*n.* Sagacity; skill;knowledge;dexterity; discretion: ડહાપણ; ચતુરાઈ; ચાણપણ; અક્કલ;સમજ;બુદ્ધિ;મતિ; ચાતુર્ય; વકૃફ; વિવેક;જ્ઞાનદૃષ્ટિ;સુજ્ઞતા. 2. Erudition: વિદ્યાજ્ઞાન;કેળવણી;પાંડિત્ય;પ્રાજ્ઞતા; સુજ્ઞતા.

Wise,(ઉવાઇઝ્)*a.* [L.*video*,I see.] Knowing; learned; erudite: ડાહ્યું;ચાણ; બુદ્ધિમાન; બુદ્ધિમંત; જાણ; સૂજાણ; અક્કલમંદ; સમજુ; વિચારવાન; વિવેકી; પ્રબુદ્ધ; જ્ઞાનચાલી; પંડિત; મતિમાન;ધીમાન 2.Sagacious: ચતુર;અક્કલમંદ. 3. Skill; dexterous: ચતુર; ચંચળ 4. Prudent; shrewd; wary;sunbtle: ઠગ;લુચ્ચું; કપટી;પહોંચેલું;પાકું.5.*Judicious*; discreet: શાણપણનું: ડહાપણનું; વિવેકયુક્ત; બુદ્ધિ મૂલક;બુદ્ધિગત; બુદ્ધિવિશિષ્ટ. *n.* Manner;mode;fashion: રીત; તરેહ;ઢબ;પ્રકાર *In any* **w.**: કોઇપણ રીતે *On this* **w.**: આ રીતે-રસ્તે. *In no* **w.**:કોઇપણ તરેહથી નહિ.

Wise-acre,(ઉવાઇઝેકર્)*n.*1.A learned or wise man: જાણેલો માણસ; પંડિત;વિદ્વાન.2.A would-be-wise person: દેહોડ ડાહ્યો;અક્કલનો દુશ્મન; દેઢચતુર;ગાજરપારખુ.

Wisely,(ઉવાઇઝલિ)*adv.*In a wise manner;discreetly:ડહાપણથી;વિવેકથી;વિવેકપૂર્વક; ચાણપણથી.

Wish, (ઉવિશ્)*vi.* [L. *veneror*, I venerate.] To have a desire or yearning;to long: ઇચ્છા હોવી; ઇચ્છવું;આશા રાખવી; વાંછના-આકાંક્ષા રાખવી-ધરવી;મરજી કર; ચાહવું; વાસના હોવી.2.To be disposed or inclined: ની મરજી હોવી;-ના મતનું થવું હોવું.3.To entertain hope or fear in respect to anything: વાસના હોવી;આશા હોવી; વિશે આશાભય-બીક રાખવી.*vt.* To desire; to long for:ની ઇચ્છા રાખવી;-ઇચ્છવું;ચાહવું.2.To invoke;to imprecate: ઇચ્છવું; આમંત્રણ કર.3. To recommend:-ને માટે ભલામણ કરવી.*n.*Desire;longing: ખુશી;ઇચ્છા;મરજી;મન કામના;મનેચ્છા; મનોરથ;સ્પૃહા; આકાંક્ષા;વાંચ્છના; વાસના; અભિલાષ; વાંછા; કામના 2.Request;petition:વિનંતિ; અરજ.3.A thing desired: ઇચ્છેલી વસ્તુ;મનોરથ; ઇચ્છાવિષય. *To have one's* **w.**, ને પોતાની મનવાંચ્છિત વસ્તુ મળવી.

Wished-for,(ઉવિશ્ડ્-ફૉર્)*adv* Desired;liked: ધારેલું;ચાહેલું;ઇચ્છેલું;ઇચ્છિત;ઇપ્સિત;ઇષ્ટ;આકાંક્ષિત.

Wishful,(ઉવિશ્ફુલ્)*a.* Longing: ઇચ્છાથી ભરેલું;ઇચ્છર્યું; ઇચ્છાવાન;આકાંક્ષી.2.Showing desire: ઇચ્છા બતાવતું.3.Desirable;exciting wishes:ઇચ્છા ઉત્પન્ન કરે તેવું;ઇચ્છવા યોગ્ય.

Wishing,(ઉવિશિંગ્) *a.*Wishful; liking:ઇચ્છર્યું;ઇચ્છાથી ભરેલું.

Wish-washy,(ઉવિશ્ ઉવૉશિ) *a.* Thin and pale;weak:ભોળુ;ફિક્કું; નિરસ.2.Weak-minded;spiritless: નબળું;પોચું;દમ વગરનું. *n.* A weak drink:ભોળો-ફિક્કોનિરસ-દારૂ. [જરૂર.

Wisly(ઉવિસ્લિ)*adv.*Certainly:નક્કી;

Wisp, (ઉવિસ્પ્) *n.* [L. *virga*, a bundle.]A small bundle: નાની

પૂણી;પુણેા; ઝુડી-ભારી; ઉદાણી; ઉઠાણું; કુચરેા;કુચડી; ઢઢણી. 2. A whisk or small broom: નાની સાવરણી. 3. A will o-the-wisp:ભુતના ભડકા.

Wistful,(ઉવિસ્ટ્ફુલ્)*a.*Longing; wishful;desirous:આતુર; કાળજીવાળું;ઉત્સુક.2.Musing:pensive: ઊંડા વિચારમાં ડુબી ગએલું;ચિંતાગ્રસ્ત; કાળજીવાળું; વિચારશીલ;વિચારવાન.

Wistly,(ઉવિસ્ટ્લિ)*adv.* Attentively: ધ્યાન દઇને; એક ચિત્તે.

Wit,(ઉવિટ્)*vt. & vi.*To know; to learn:જાણવું.*n.*Mind;intellect;sense:જ્ઞાનપણ;સમજ;સમજ શક્તિ;બુદ્ધિ;અક્કલ;શીઘ્રબુદ્ધિ;ચતુરાઇ;ચાતુર્ય;બુદ્ધિકૌશલ્ય; હોંશિયારી.2.Power of mind:a mental faculty:અક્કલ;સમજશક્તિ; હોંશિયારી;જ્ઞાન;દેહભાન;હોંશ;ફામ; સાવધપણું;To be at one's *wits'* end: ના ઉપાય-ઈલાજ-મંત્રતંત્ર આવી રહેવા-ખૂટી જવા;-ના હાથ હેઠા પડવા; આગળ શું કરવું તેની સૂઝ ન પડવી. 3. Felicitous association of objects not usually connected so as to produce a pleasant surprise:ખૂબી;રહસ્ય;મર્મ;નોક; મર્મભાષણ; રસિક વચન;બુદ્ધિચાતુર્ય; વાક્ચાતુર્ય-રી. 4.A person of eminent sense or knowledge:બુદ્ધિમાન; બુદ્ધિકુશળ;હોંશિયારજવાળી;ભટક ઓલેા;રસિક બોલનાર; બુદ્ધિકુશળ મનુષ્ય; નર્મભાષી. *Flash of* **w** :ભટક ઓલું; નકલ ખુશી તથા અચરતી ઉત્પન્ન થાય એવેા હાજર જવાબ. *With one's* **ws** *about one*:અક્કલ હુશિયારીથી; સાવધપણાથી; દીલ ઠેકાણે રાખીને.To *wit*: એટલે; જાણે કે;કહેવાનું કે.

Witch(ઉવિચ્)*n.*A sorcerer,a sorceress:ડાકણ;ડાકણી; ડાકિની;ભાવિની; ચૂડેલ;મેલડી 2.One who practises the black art: જાદુ કરનાર.3. An ugly woman; a hag: કદરૂપી સ્ત્રી; વતરી;ડાકણ.4. Charming person મેાહ પમાડી દે એવું મનુષ્ય; ચટકચાદણી;મનેાહારી; રૂપવંતી સ્ત્રી. 5. One given to mischief:મસ્તી ખેાર. *vt.* To enchant:મેાહ પમાડવું;જાદુ કરવું.

Witch craft,(ઉવિચ્ક્રૅફ્ટ્)*n.* Sorcery;enchantments:જાદુ;મંતર;ઇલમ;ઠગ્યકા;ચેટક;માયા; જાદુ ટોણા. 2. Irresistible influence: જાદુ કળા; પ્રબળ અમલ;જોર; દબાણ; વશીકરણવિદ્યા;મેલી વિદ્યા;કામણ.

Witchery,(ઉવિચરિ)*n.* Sorcery; witch-craft:જાદુ;મંતર ઇલમ; ધંતરમંતર;ઠગ્યકા; ચેટક;મેલીવિદ્યા.2. Fascination:વશીકરણ;મેાહિનિ.

With,(ઉવિથ્)*prep.A gainst:* સામા; ની વિરુદ્ધમાં; સંગાતે; જોડે. 2. Among;in the company of:સાથે; સંગાથે;સંગે; સંગતિ-જોડે;-માં; સહિત; સમેત; સહવર્તમાન.3.On the side of:મદદમાં;પડખે;સાથે; તરફ;પક્ષમાં;પીઠે.4.*By:* થી-થકી; લીધે; વડે; કરીને. 5. Immediately after: એવું-એટલું કહીને-કરીને;તરતજ.6. Among:-ની જોડે.-**Upon:**ઉપર.

Withal,(ઉવિથ્ઓલ્)*adv.*With this; with that: આ સાથે; તે સાથ;તે ઉપરાંત.2.Together with this; likewise;also:તેજ વખતે;વળી; આ ઉપરાંત;તેમજ;તેવી રીતે;તેની સાથે;પણ.

Withdraw,(ઉવિથ્ડ્રો..)*vt.*To draw back;to take away: પાછું ખેંચવું; પાછું લઇ લેવું; ઉતારી નાંખવું; કાઢી નાંખવું;દૂર કર; ઉપાડવું;કાઢી લેવું; ફરી ન આપવું બતાવવું; અદૃષ્ય કર. 2. To take back;to recoil or retract: માંડી વાળવું;પાછું બેાલાવવું; પાછું ખેંચી લેવું;રાજીનામું આપવું. *vi.* To retire; to retreat:જવું;જતા રહેવું; જગ્યા-મંડળી વિગેરે છોડવી.

Withdrawal-ment(ઉવિથ્ડ્રો..અલ્ મેન્ટ્)*n.*Withdrawal:રાજીનામું આપવું તે;રાજીનામું; સંહાર;સંહરણ.

Withe,(ઉવિથ્)*n.*A flexible slender twig or branch used as a band;a withy: વળે એવી ડાળી; ડાંખળી-ડાળ. 2. A band consisting of a twig or twigs twisted:ડાળીનેા બનાવેલેા બંધ;બંધિએા.3.A partition between flues in a chimney: પડદેા;આંતરેા. *vt* To bind or fasten with withes: ડાળીએાથી બાંધવું;બંધથી કસી-જકડી લેવું.

Wither,(ઉવિધર્)*vi.* To fade;to become sapless: કરમાઈ-ચીમળાઇ-સૂકાઇ જવું;કરમાવું;ચીમળાવું; મ્લાન થઇ જવું.2 To waste; to pine away: ગળાઇ-સૂકાઇ-તવાઈ જવું; હાડકાં કાઢવા; કુરાઈ જવું;શરીરે કૃશ થવું શુષ્ક થવું. 3. To lose vigor or power;to pass away:હાડકાં નીકળવાં;નબળા થઇ જવું; વસાઇ જવું;જીર્ણ થઈ જવું. *tt.* To cause to fade and become dry: કરમાવી-સૂકવી નાખવું; કરમાવવું;સુકવવું. 2.To cause to shrink for want: of animal moisture::કૃશ-હીન કર; ક્ષીણ કરી નાંખવું; તવાઇ જવું. 3. To cause to perish:.નાશ કરવેા;બુડાવવું;ડુબાવવું;ગ્લાન કર; ક્ષીણ કર.

Withers,(ઉવિધર્સ્)*n pl.*The ribs between the shoulder bones of a horse at the base of a neck: ગરદનને છેડે ખાંધના હાડકાંઓનેા સાંધેા.

Withhold, (ઉવિધ્હોલ્ડ્) *vt.* To hold back;to restrain: અટકાવવું; દાબી રાખવું;અટકાવી રાખવું; અંકુશ-દાબમાં રાખવું;નિગ્રહ રાખવેા; હાથમાં રાખવું; લગામમાં રાખવું. 2. To keep back;to retain: રાખવું;-ન આપવું; રાખી મુકવું; આપવાને ના પાડવી-કહેવી; રાખી મૂકવું.4. To keep; to maintain:રાખી મુકવું;રાખવું; રાખી રહેવું; ચલાવવું.

Within (ઉવિધિન્) *prep.* Inside of;not without: માં;અંદર; માંહે;મધ્યે 2. In the limits or compass of: અંદર;માં;સાથે;સહિત. *From* **w.**: માંહેથી; અંદરથી.

Without,(ઉવિધાઉટ્)*prep.* On or at the out side of;out of:બહાર; બહારની બાજુએ-તરફ. 2. Beyond: પેાહેાંચથી બહાર;અક્કલ પેાહેાંચી શકે નહિ એવું;બાહેર; ઉપરાંત.3. Not with; otherwise than with;independently of: વિના;રહિત;વગર;સિવાય; વિણ;વણ.*conj.*Unless;except: સિવાય;વગર;વતરેાગે;નહિતેા.*adv.*On or at the outside; outwardly; not within: બહારનું;અંદરનું નહિ.2.Out side of the house: ઘરની બહાર. *From* **w.**:બહારથી.

Withstand, (ઉવિથ્સ્ટૅન્ડ્) *vt.* To stand against;to oppose:to resist with physical or moral force: વિરોધ કરવેા;સામા થવું;રોકવું;-ની આડે આવવું-પડવું; નેા બાધ લેવેા; અવરોધ-વિરોધ-પ્રતિરોધ કર;-નેા નિષેધ કર;ખાળવું; રોકવું; સાંખવું; ખમી રહેવું;ખમવું;ઝીલવું.

Withy,(ઉવિધિ)*a.* Made of withes, flexible & tough:વળે એવું; એવી ડાળીનું બનાવેલું;ચીવટ;શ્વાખાથી ભરપૂર.

Witless(ઉવિટ્લેસ્)*a.* Destitute of understanding,indiscreet:બુદ્ધિ વગરનું; કમઅક્કલ; અવિચારી; મતિહીન; બુદ્ધિહીન;જ્ઞાનશૂન્ય;અક્કલશૂન્ય;હીનબુદ્ધિ.

Witling (ઉવિટ્લિંગ્)*n.*A person who has little wit: કમઅક્કલવાળેા પુરૂષ;ધેાબેા;જ્ઞાનશૂન્ય માણસ; પેાતે અક્કલમંદ છે એવું ડેાળ દેખાડનાર.

Witness (ઉવિટ્નેસ્) *n.*Testimony:સાખ; સાહેદી; સાક્ષી; 2. That which furnishes proof: સાક્ષી; સાક્ષીદાર; સાહેદ. 3. One who is cognizant: જાતે; પ્રત્યક્ષ-નજરે જોનાર; સાક્ષાત્ દ્રષ્ટા; પ્રત્યક્ષદર્શી; પ્રત્યક્ષી. *With a* **w.**,effectually: સારી રીતે;અતિશય;ભારે; વધુજ. *vt.* To see or know by personal presence: પેાતે-જાતે-પેાતાની નજરે જોવું; પ્રત્યક્ષ દર્શન કર-જોવું;નજરેનજર જોવું.2. To attest: સાબીત કરી આપવું;સાક્ષી પૂ-

રવી;-ની સાક્ષી-સાહેદી આપવી. 3. To sign as a bond:સાક્ષી-સાહેદ કરવી. *vi.*To testify: સાહેદ-સાક્ષી આપવી--પૂરવી. [cracker:હાજરજવાબી.

Witsnapper,(ઉવિટ્સ્નેપર્)*n.*Wit

Witticism,(ઉવિટિસિઝમ્)*n.*A conceit; a witty saying: હાસ્યજનક વાક્ય; ચટકબોલ;ચૂટકો; મિથ્યાપાંડિત્ય; ઠોંગીપણું; આપવડાઈ.

Wittily,(ઉવિટિલિ)*adv.*Wisely;artfully; with wit: રસિકપણે; હાસ્યજનક રીતે;બુદ્ધિકૌશલ્યપૂર્વક.

Wittingly,(ઉવિટિંગ્લિ)*adv.*Knowingly;by design:જાણી જોઇને-બુજીને; જાણીને;અકલ હુંશિયારીથી;બુદ્ધિપૂર્વક

Witty, (ઉવિટિ) *a* Wise; skilful; cunning; clever: ડાહ્યો; હોશિયાર; ચતુર;ચપળ;વિચક્ષણ; પક્કુ. 2. Droll; facetious;amusing; humorous; satirical;sarcastic: ચટકબોલો; રસિક;વિનોદી;વિનોદવૃત્તિ;ઠઠ્ઠેબાજ; નકલી; નર્મભાષી;રસ ભરેલું;ખૂબીદાર;મર્મયુક્ત; સરસ;ઢચકાતું.

Wizard,(ઉવિઝર્ડ્)*n.*A wise man; a sage:સાધુ;ડાહ્યો માણસ 2.A magician;a conjurer;an enchanter જાદુગર;ઇંદ્રજાલી; ઇંદ્રજાળિયો; ઇન્દ્રજાલિક; માયાવી;ચેટકી; બાજીગર; ધંતરમંતર જાણનાર.*a.*Charming; enchanting: મોહ પમાડે એવું; મનોહારી;ચિત્તાકર્ષક 2.Haunted by wizard: જાદુવાળું; જાદુબોર;જાદુથી વસેલું.

Wizen,(ઉવિઝન્)*vi* [L *virus*, an offensive odor.] To wither; to dry:સુકાઇ જવું;રમાઇ જવું *a.* Withered;thin:સુકાઇ ગએલું;પાતળું;ક્ષીણ.

Woe,(ઉવો)*n.*Grief;sorrow;misery ;heavy calamity:દુઃખ;અનર્થ;ક્લેશ: ખેદ;શોક; આફત; પીડા; મહોટી વિપત્તિ; અનિષ્ટ.2.A curse:શ્રાપ;શાપ;બદદુવા. **W.** *is to me*: મને અફસોસ છે. **W.** *worth the day*: અફસોસ કે એવો દહાડો આવ્યો. *a.* Woeful; sorrowful: દુઃખી;ખેદકારક

Woe be-gone, (ઉવોબી-ગૉન્) *a.* Beset with woe:woeful: દુઃખના દરિયામાં બુડેલું;દુઃખી આફ્રે; મહા દુઃખી, દુઃખાન્વિત;ક્લેશાન્વિત-દુઃખપરાયણ

Woeful,Woful (ઉવોફુલ્)*a.* Sorrowful;unhappy:દુઃખી;શ્રમી; કષ્ટી; દુખાન્વિત;ક્લેશાપન્ન; ખેદક;સંતાપજનક. 2 Bringing calamity; calamitous:દુઃખનું; આપત્તિ-અનિષ્ટ અનર્થકારક;ક્લેશ દુઃ ખજનક.3.Paltry;poor: નઠારું-ફાસકૂસી કું;કોડીનું;નકામું.

Woefully,(ઉવોફુલી)*adv* Unhappily: દુઃખે; પાપે;દુઃખથી;શોક-ખેદથી-ભરેલી રીતે.*2.* Extremely: બહુજ; અતિશય;બારે;બહુ ખરાબ રીતે.

Wolf,(ઉવુલ્ફ્)*n.* Any one of several species of wild and savage carnivores belonging to the genus *Canis* and closely allied to the common dog:વરુ; રાક્ષ.Any ravenous, rapacious or destructive person or thing: વરુ જેવો ક્રૂર વિકરાળ માણસ3. Want; starvation:ભૂખ;તંગાશ;તંગી;દુકાળ. 4 A white worm or maggot: ધોળો કીડો.5.An eating ulcer or sore: નાસુર; ચાંદી. 6. The harsh howling sound of some of the chords on an organ:વાજાનો બેસૂરકર્યું કઠોર અવાજ. *To keep the* **W.** *from the door*: દરીદ્રાવસ્થા આવવા ના દેવી. [વરુના જેવું ક્રૂર;વિકરાળ;ઘાતકી.

Wolfish,(ઉવુલ્ફિશ્)*a.*Like a wolf:

Wolf'sbane, (ઉવુલ્ફ્સ્બેન્) *n.* Aconite:વછનાગ.

Woman,(ઉવુમન્)*n.pl.* **Women** (ઉવીમેન્)An adult female person: મહેરી; બાયડી; ઓરત; નારી; સ્ત્રી; અબળા;કામિની; મહિલા; રમણી; રામા; વનિતા;માનિની; વામા; સીમંતિની. *A kept* **W.**: રાખ;અંગવસ્ત્ર *Tricks, doings & goings of a* **W.**: સ્ત્રી ચરિત્ર.*A* **W.***whose husband is alive* સૌભાગ્યવતી; સુવાસિની; સુવાસણ; શોભાયણ 2 Womankind: સ્ત્રીજાત. 3 A female servant: ચાકરડી; દાસી;પરિચારિકા. *vt.*To act the part of a woman: બાયડીનો સ્વાંગ લેવો. 2. To make womanish: નામર્દજનાની બનાવવું.3.To furnish with or unite to a woman: બૈરી-સ્ત્રી વાળું કરવું;પરણાવવું.

Womanhood,(ઉવુમન્હુડ્)*n.* The distinguishing character or qualities of a woman:સ્ત્રીપણું-ધર્મ;સ્ત્રીત્વ;સ્ત્રીગુણ. 2. Womankind: સ્ત્રીજાત;સ્ત્રીજન.

Womanish, (ઉવુમનિશ્) *a.* Effeminate: બઠ્ઠીના જેવું લાયક-ગ્ય;સ્ત્રીસંબંધી; પાયલું;સ્ત્રીજાતિનું; નામર્દ; જનાની;કન્યારાશિ.

Womanly,(ઉવુમન્લિ)*a.*Becoming a woman:બાઇડી સ્ત્રીના જેવું ને છાજે એવું;સ્ત્રીને ઉચિત: સ્ત્રીધર્મી. *adv.* In the manner of a woman: બાયલાપણે-રીતે.

Woman kind, (ઉવુમન્-કાઇન્ડ્)*n.* the females of the woman race: અબળા-ઓરત-સ્ત્રીજાત;સ્ત્રીઓ.

Womb,(ઉવમ્)*n.* The belly; abdoman:પેટ;હોજરી.2. The uterus: ગર્ભસ્થાન;ગર્ભકોશ;ગર્ભાશય; કુખ;પેટ; કમળ. 3. The place where anything is generated:ઉત્પત્તિસ્થાન; મૂળ.4. Any cavity containing and enveloping anything: પોલાણ;ખાડો;ગબારો.*To drop the* **W.**: ગર્ભ છૂટવા;-ના ગાભ તૂટી પડવા.*vt.* To inclose in a womb:ગર્ભ ધારણ કરવો;ગર્ભમાં રાખવું;છાનું-ગુપ્ત રાખવું.

Wonder,(ઉવન્ડર્)*n.*Surprise;astonishment;admiration; amazement:આશ્ચર્ય;અચંબો;વિસ્મય;અચરાતી;તાજુબી.2.A prodigy;miracle: ચમત્કાર;કૌતુક;નવાઇ; અદ્‌ભુત વાત-કર્મ વસ્તુ.*To do* **W.**: દિગ્વિજય કરવો;શકવર્તીવવો; શિલાસેતુ બાંધવો. *A nine days* **W.**: લોકોના મુખમાં થોડાજ વખત સુધી રહે એવી કરામત.*vi.* To be amazed;to marvel:અચરત-તાજુબ થવું;વિસ્મય પામવું.2.To feel doubt અનએજ્ય થવું; અચરત પામવું;મનમાં શકસંદેહ હોવો-પડવો; સમજ ન પડવી; ગડમાગ થવી.*a* Wonderful:અનએજ્ય જેવું વસ્મયકારક. *adv.* Wonderfully: અનએજ્ય રીતે.

Wonderful(ઉવન્ડર્ફુલ્)*a* Surprising;strange;astonishing: ચમત્કાર ભરેલું;અદ્‌ભુત;નવાઈનું;તાજુબ; આશ્ચર્યકારક;કૌતકનું-વિચિત્ર; ચમત્કારિક; અજબ;અપૂર્વ;અદ્‌ભુત;ચિત્રવિચિત્ર;બારે.

Wonderfulness,(ઉવન્ડર્ફુલ્નેસ્) *n.*Surprise;astonishment:કૌતક; નવાઇ;અદ્‌ભુતપણું;અપૂર્વતા.

Wonderstruck, (ઉવન્ડર્સ્ટ્રક્)*a.* Struck with wonder: છક્ક;ચક્તિ; દિંગ;વિસ્મયાપન્ન.

Wont,(ઉવન્ટ્)*a.*Habituated;used: ટેવવાળું.*n.*Custom;habit: ટેવ;આદત;અભ્યાસ;રીતિ; સંપ્રદાય; રીત; ચાલ; ધોરો;આચાર;નિત્યવ્યવહાર. *vi.* To be used: ટેવ હોવી.*vt.* To accustom: ટેવ પાડવી;-નો અભ્યાસ કરાવવો-આદત પાડવી *To be* **W.**:ને માં (કઇ કરવાની) ટેવ-આદત-રીત-ચાલ હોવી.

Wonted(ઉવન્ટેડ્)*a.*Usual;accustomed: કામમાં લેવાતું વપરાતું; રોજનું;હમેશનું;થિરસ્તનું;રીવાજ; પરિચિત;નિત્ય.**W** *nature*: પ્રકૃતિ;સ્વભાવ.

Wontedness,(ઉવન્ટેડ્નેસ્)*n* The quality or state of being accustomed:ટેવ;ધારો;ચાલ;રીતિ;અભ્યાસ.

Woo,(ઉવુ)*vt.* To solicit in love; to court: પરણવાના ઇરાદાથી સ્ત્રીની પ્રીતિ પ્યાર કરવું; મોહ-મમતા બતાવવી-લગાડવી-દેખાડવી. 2. To court solicitously:-ની ખૂશામત-આજીજી-કાલાવાલા કરવા. *vi.*To court; to make love:પ્યાર કરવું;-ની પ્રીતિ-પ્રેમ મેળવવા પ્રયાસ કરવો.

Wood,(વુડ્) *a.* Mad; insane; frantic: ગાંડો;બેભાન;તુરંગી; ઘેલું. *vi.* To grow mad:ગાંડા બનવું-થવું.

Wood,(વુડ્)*n* A forest or grove રાન;જંગલ;વન;અરણ્ય; અટવી;ઝાડી; વૃક્ષજળ.2.Timber: ઇમારતી લાકડું; કાષ્ઠ.3.Fuel: બળાઉ લાકડું; સરપણ;બળતણ;ઇંધણ.

Wood apple,(વુડ્-ઍપલ્)*n.* The tree:કોઠી;કપિત્થ The fruit:કોઠું;કપિત્થ

Wood-cut(વુડ્-કટ્)*n.* An engraving on wood: લાકડા ઉપર કરેલું ચિત્ર-કોતરકામ-નકશી;વુડકટ.

Wood-cutter, (વુડ્-કટર્) *n.* A person who cuts wood:કઠીઆરો. 2.An engraver on wood: લાકડા ઉપર કોતરકામ કરનાર.

Wooded,(વુડેડ્)*a.* Supplied or covered with wood or trees: જેમાં પુરકળ ઝાડ હોય એવું;વૃક્ષમય.

Wooden, (વુડ્ન્) *a.* Made or consisting of wood: લાકડાનું-બનાવેલું;કાષ્ઠમય.2.Clumsy;awkward; stiff:અનાડી; આડું; મૂર્ખ.

Wood-land,(વુડ્ લૅન્ડ્)*n.*Forest: રાન;વન;જંગલ;વગડો. *a.* Living in the forest:જંગલનો રહેનાર.

Wood man,(વુડ્-મૅન્) *n.* A forester:જંગલનો અધિકારી-ઉપરી. 2. A sportsman;a hunter: શિકારી; પારધી; વનચારી-જીવી. 3. A wood-cutter:લાકડાંકાપનાર.

Wood,monger, (વુડ મંગર્)*n.* Wood-seller:કાટપીટીઓ.

Wood-ness,(વુડ્-નેસ્)*n.*Anger; madness;rage:ગુસ્સો;તામસ;ક્રોધ.

Wood-note,(વુડ્ નોટ્)*n.*A wild or natural note:જંગલી રાગ.

Wood-nymph,(વુડ્ નિમ્ફ્)*n.* A fabled goddess of the woods: જંગલની દેવી;વનદેવી;વનદેવતા.

Wood-pecker,(વુડ્પેકર્)*n.* Any one of numerous species, of sconsorial birds belonging to *Picus*:લક્કડખોદ પક્ષી;કાષ્ઠકૂટ.

Woody, (વુડિ) *a.* Abounding with wood or woods: ઝાડીવાળું; વૃક્ષમય. 2. Igneous: લાકડાનું; કાષ્ઠમય. 3. Sylvan: જંગલનું; વનસંબંધી;રાની.

Wooer,(વૂઅર્)*n* Suitor: આશક; પરણવાને સ્ત્રીની પ્રીતિ મેળવનાર.

Woof,(વૂફ્)*n.* The filling; the weft:કપડામાંનું આડું સુતર;વાણો.

Wool,(વુલ્)*n* [L.*veltus*]The soft & curled, or crisped, species of hair which grows on sheep and some other animals: ઊન; ઉર્ણા;મેષલોમ.2.Short thick hair: નાના-ટૂંકા જાડાવાળ: રૂવાં; રૂવાંટી. **W.** *ball:* ઊનનો દડો.**W** *comber:*(*a*)ઊન સાફ કરનારો;પીંજનારો. (*b*)પંજેડી;ઊનવાળ સાફ કરવાનું હથિઆર-ચરબો.

Woollen(વુલ્લન્)*a.*Made of wool: ઊનનું બનાવેલું;ઊનનું; ઊર્ણમય; લોમમય. *n.*Woollen goods: ઊનનો સામાન. **W.***draper:* ઊનના માલનો વેપારી-વેપાર કરનાર.

Wool-fell,(વુલ્-ફેલ્)*n.* A skin with the wool:ઊનવાળું ચામડું-ખાલ.

Wool-gathering.(વુલ્લગૅથરિંગ્) *n*Indulgence in idle imagination:શેખચલ્લીનું કામ.

Woolly,(વુલિ) *a.* Consisting of wool:ઊનવાળું.2.Resembling wool ઊન સરખું-જેવું. 3. Clothed with wool:ઊન શરીર ઉપર હોય એવું.

Woolly-head, (વુલિ-હેડ્)*n.* A negro: સીધી;હબસી.

Wool-pack,(વુલ્-પૅક્)*n.* A pack or bag of wool weighing 240 pounds: ૭ મણની ઊનની ગાંસડી.

Wool-sack,(વુલ્લ-સૅક્)*n.*The seat of the lord chancellor of England in the House of Lords:દીવાને ખાસમાં લૉર્ડ ચૅનસેલરની બાદી બેઠક-ખુરસી 2.A bag or sack of wool:ઊનની ગાંસડી-કોથળો. *To get the* **w**:-ને સર્વોપરી ન્યાયની કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશની પદવી મળવી.

Word,(વર્ડ્) *n.* [L. *verbum,* a word.]A constituent part of a sentence;a term;a vocable:શબ્દ. 2.An oral or written sign expressing a thought:શબ્દ;બોલ;વચન;સુખન.3 Talk;discourse:બોલવું;વચન;વાતચિત;ગોષ્ટિ.*pl.* ભાષણ;વાત;બોલ; બોલી.4.Account;tidings;message:વૃત્તાંત; હકીકત;બાતમી; ખબર;વર્તમાન; સમાચાર; સંદેશો. 5. Signal; order:સુચના;શબ્દ;વર્દી.6.Promise; statement;declaration;affirmation: કોલ;વચન;બોલ; પ્રતિજ્ઞા;વેણ 7. *pl.*Verbal contention; dispute: બોલાચાલી;તકરાર;ટંટો.8. A phrase or short sentence: વાક્ય;વચન ઊક્તિ.9.The scripture:શાસ્ત્ર; ઇશ્વરોક્ત શાસ્ત્ર; ઇશ્વરીવાચા; ભગવદ્વાક્ય. *Good* **w**.:પ્રશંસા;સ્તુતિ;વખાણ;તારીફ. *The* **w**.,(*a*)ઇશ્વરોક્ત શાસ્ત્ર;ઇશ્વરવાક્ય. (*b*) ત્રિપુટીનો ત્રીજો પુરષ; પિતા, પુત્ર અને આત્માએ ત્રણમાંનો પુત્ર.*In a* **w**., ટૂંકામાં;સારાંશમાં; સંક્ષેપમાં. *In* **w**., declaration: શબ્દમાં; માત્ર બોલવામાં;કહેણીમાં. *To eat one's* **w**.બોલ્યું અબોલ્યું કરવું;થુંકેલું ચાટવું; પોતાના બોલ પાછા ખેંચી લેવા.**W** *for* **w**., શબ્દે શબ્દ; શબ્દ-અક્ષરશઃ. *Ill* **w**.s, bad words:અપભાષણ;દુર્ભાષણ;દુર્વચન; દુર્વાક્ય;અપશબ્દ. *A man of few* **w**.s: અલ્પભાષી;મિતભાષા;અલ્પવાદી;થોડા બોલું *War of* **w**.s: વાક્યુદ્ધ;વાક્સંગ્રામ; શબ્દયુદ્ધ; વાક્કલહ. *True to one's* **w**.:સત્ય વચની; *To take one at one's* **w**.:-ના કહ્યા પ્રમાણે કરવું;નું કહું ખરે ખાત્રી પૂર્વક જે એમ માનવું માની લેવું. *By* **w**. *of mouth:*મુખ જુબાનીથી; રૂબરૂ બોલીને;મોઢે.*Of one* **w**.: એક વચની. *As good as one's* **w**: વચનનું સાચું. *A good* **w**.,લખાણ સારું;તારીફ; પ્રશંસા. *To eat one's* **w**.s:થુંકીને ચાટવું;બોલ્યું અબોલ્યું કરવું;આવરે બોલ પાછો એમ કહેવું.*To take one's* **w**.:-ના કહ્યા પ્રમાણે કરવું;-નું કહ્યું માનવું કરવું.To *make good one's* **w**.:બોલેલું પાળવું; પ્રતિજ્ઞા પ્રતિપાલન કરવું.*vi.*To use words; to argue: તકરાર કરવી.*vt.* To express in words: શબ્દોથી બોલી બતાવવું;રચવું; શબ્દયોજના-રચના કરવી. 2.To ply with words:શબ્દોથી લડવું.3.To cajole:શબ્દોથી ખુશામત કરવી.

Word-book,(વર્ડ્-બુક્)*n.*A dictionary;a lexicon: કોષ;શબ્દકોષ.

Worder(વર્ડર્)*n* A speaker:બોલનાર;ભાષણ કરનાર.

Wordiness,(વર્ડિનેસ્) *n.* Verboseness:શબ્દવિસ્તાર;શબ્દાધિક્ય.

Wording,(વર્ડિન્ગ્)*n.*Phrasing: શબ્દરચના; લખેલા શબ્દો; શબ્દ યોજના;વાક્ય રચના;વાક્ય રચનાની શૈલી.

Wordy,(વર્ડિ)*a.* Verbal:બોલકાની. 2.Verbose:બહુ શબ્દ વાપરનાર;શબ્દ વિસ્તારવાળું. 3. Full of words: બહુ શબ્દ હોય એવું;બહુશબ્દક; શબ્દાધિક્યનું.

Wore,(વૉર્)*pret.of* **Wear**,પહેર્યું.

Work,(વર્ક્)*n* Exertion of strength or faculties;toil;employment;labor: મહેનત; કામ; રોજગાર; શ્રમ;કષ્ટ 2.Business;duty;subject of exertion: કામધંધો; રોજગાર; ઉદ્યોગ;પેશો;વ્યવસાય;કર્ત્તવ્ય; ક્રિયા; કૃતિ. 3.Product;performance;manufacture: કામ;કાર્ય;કૃત્ય; ક્રિયા;કર્મ.4. (*a*)A composition;a book:ગ્રંથ; પુસ્તક;ચોપડી.(*b*)Embroidery: ભરતનું-બુટ્ટાદાર કામ;નકશી;બુટ્ટિ;ભરતકામ; ચિકન; સીદો.(*c*)*pl.* Structures in civil,military or naval engineering:બાંધકામ;કોટ-તબંધી.(*d*)*pl.*The moving part of a mechanism: સાચાકામ.5.Manner of working; management; treatment : રીત;

વર્ત્તણૂંક; રચના; વ્યવસ્થા. 6. The causing of motion against a resisting force: કામ;સામી ગતિથી કીધેલું કામ.7.Ore before it is dressed:કાચી ધાતુ.8 (*pl.*)Performance of moral duties: કર્મ; કરણી; ક્રિયા; અનુષ્ઠાન. **W.-box**: સીવવાના રાચ તથા સીવણ કામ રાખવાની પેટી. *To set to* **W**, to employ:કામે લગાડવું. *To set on* **W.**, to set to work : કામે મંડવું-લાગવું; કામે લગાડવું. *vi.* To labor: મહેનત-મજુરી કરવી; શ્રમ કરવો-કરવો; શ્રમ વેઠવો;કામ કરવું. 2. To act; to perform:ચાલવું; ફરવું; વર્ત્તવું. 3. To conduce:-નો અમલ-અસર થવી; કામે લાગવું; ચાલવું; લાગુ હોવું-થવું. 4. To carry on business: કામ ધંધો કરવું;મહેનત-મજુરી કરવી. 5.To strain; to labor; to be tossed or agitated:ચાલવું; યત્ન કરવું; ડામાડોળ થવું; ઉછળવું. 6. To make one's way slowly and with difficulty:ધીમે ધીમે અને મુશ્કેલીથી રસ્તો કરવો. 7.To ferment as a liquid: ઊભરો આવવો;ઊભરાવું. 8.To act or operate: લાગુ થવું; લાગવું. *To* **W.** *at* (*a*)-નું કામ કરવું;-નો ધંધો કરવો. (*b*)-ના ઉદ્યોગમાં-કામમાં હોવું. *vt.* To labor or operate upon:બનાવવું;કામ કરવું;કરવું-તૈયાર કરવું.3.To produce, or form by labor;to accomplish; to effect:નું કરવું-બનાવવું; વણવું; તૈયાર કરવું. 3. To produce by slow degrees: ધીમે ધીમે તૈયાર કરવું.4. To manage; to lead:દોરી જવું;લઇ જવું;અમુક સ્થિતિએ લઇ જવું.5. To embroider:ભરત કામ કરવું; ભરવું;-માં નકશી બુટ્ટા-કસીદો કાઢવો 6.To manage; to govern:ચલાવવું;ચાલવું કરવું;ગતિ આપવી; ફેરવવું.7.To cause to ferment:ઊભરો લાવવો. *To* **W** *a ship*:વહાણ ચલાવવું; હંકારવું. *To* **W.** *a passage*: વહાણમાં બેસવાના નૂરના પૈસા ભરીને વહાણમાં નોકરી કરવી *To* **W.** *double tides*. ત્રણ દિવસનું કામ બે દિવસમા કરવું.*To* **W.** *into*.:-માં લઇ જવું;-એ ઊકેરવું;થવું. *To* **W.** *off*,to remove gradually:ધીમે ધીમે કાઢી નાંખવું *To* **W.***out*,(*a*)to effect by labor and exertions: શ્રમ-યત્ન કરીને સાધવું-સાધી લેવું. (*b*) To erase; to efface: કાઢી-ઉકી-ભૂસી નાંખવું (*c*) To solve: ગણવું-ખુલાસો કરવો. *To* **W.** *up*, (*a*)to raise;to excite:આણવું;લાવવું; પ્રદિપ્ત કરવું;જાગૃત કરવું;ઉત્પન્ન કરવું (*b*) માંખપાવી-વાપરી દેવું;ખરચી નાંખવું;-માં પેસી જવું;જવું. (*c*)(as a story)ઉઠાવી-ખેંચાવી કાઢવું.(*d*) નો દમ કાઢી નાંખવો; થકવીને લોથ કરી નાંખવું.

Work-box,(વર્ક્-બૉક્સ્) *n.* A box for holding instruments of work : કામનાં ઓજારો-હથિયારો રાખવાની પેટી. [ર; કારીગર; વૈતરો.

Worker(વર્ક્ર્) *n.* A laborer: મજુર

Work-fellow(વર્ક્-ફેલો) *n.* A companion in work : એકજ કામ કરતો બીજો માણસ;કર્મબંધુ; વ્યવસાયબંધુ.

Work-house, (વર્ક્-હાઉસ્) *n.* A workshop:કામ કરવાની દુકાન; કારખાનું.2.A house in which idle and vicious persons are confined to labor : આળસુ અને ગુન્હેગાર માણસો પાસે સજા દાખલ મહેનત કરાવવાનું ઠેકાણું;કેદ; બંધીખાનું; મોહતાજખાનું; હલકા ગુના માટેનું કેદખાનું. 3. A poorhouse: અન્નક્ષેત્ર;અન્નછત્ર.

Working-day, (વર્કિન્-ડે) *n.* Everyday:હમેશા; નિત્ય; રોજ કામનો રજા ન હોય એવો દિવસ. *a.* Hard-working: છાતી તોડ મહેનત-મજુરી કરનાર.

Work-man, (વર્ક્-મૅન્) *n.* A worker:કામ ધંધો કરનાર માણસ. 2. A skilful artificer : કિસબી; કારીગર; કર્મકાર;શિલ્પકાર.

Workmanlike,(વર્ક્-મૅન્-લાઇક્) *a.* Skilful: કારીગરીનું;કસબી; ઉસ્તાદીનું; ચતુરાઇનું;ખરા કારીગરને છાજે એવું.

Work-manship, (વર્ક્-મૅન્શિપ્) *a.* The art or skill of a workman: કારીગરની કળા; કારિગરી; હુન્નર; કસબ. 2 Manufacture:બનાવટ; કૃતિ;ઘટના.

Work-room,(વર્ક્-રૂમ્) *n.* Any room used for labor:કામ કરવાનો ઓરડો.

Work-shop,(વર્ક્-શૉપ્) *n.* A shop where any manufacture or handiwork is done: દુકાન; કારખાનું;શિલ્પશાળા;કર્મશાળા; ઉદ્યોગશાળા.

Work-woman,(વર્ક્-વુમૅન્) *n.* A woman skilled in needlework: શીવવામાં હોંશિયાર હોય તે સ્ત્રી.

World,(વર્લ્ડ્) *n.* The universe; the creation:બ્રહ્મગોળ;ચરાચર; ભુવન;બ્રહ્માંડ; સૃષ્ટિ; જગત;વિશ્વ;પૃથ્વી; દુનિયા.2.Any planet or heavenly body:લોક;જગત;પરલોક;સ્વર્ગ.3.The earth and its inhabitants with their concerns:આ લોક;ભૂલોક; મૃત્યુલોક;સંસાર; દુનિયા. 4. A division of the globe or its inhabitants;human affairs;a state of existence; scene of life & action:ભૂલોક; ખૂણ;લોકો;જનસમૂહ-ભૂલોકવાસ. 5.General affair of life;the customs,pactices & interests of men; human society : લોક-જન રીત; દુનીઆની રીત; લોકાચાર; સંસાર; સંસાર પ્રપંચ; પ્રવૃત્તિમાર્ગ; પ્રવૃત્તિ; દુનિયાદારી; લોકરીતિ; જનરીતિ; જન સંપ્રદાય; લોકવ્યવહાર; જનમાર્ગ; લોક પ્રચાર.6. Course of life: સંસાર;સંસારવહેવાર;કામકાજ.7. The human-race;mankind : જગત; લોક; માણસ જાત *pl.*દુનિયાં; આલમ. 8. Secular affairs;worldly corruption;the wicked part of mankind:સંસાર; સંસારપ્રપંચ; પ્રપંચમાર્ગ; દુનિયાદારી. 9.World as considered as a scene or system of business and pleasures: ભવ;ભવબંધ; ભવચક્ર; ભવસાગર; ભવજલ; મોહજલ; મોહપાશ; મોહાસ્પદ;માયાજળ; માયાચક્ર; વિષયપાશ;આશાપાશ; સંસારચક્ર; દુઃખસાગર 10. A large number: મોટી; સંખ્યા;સાગર;સમુદ્ર;ઓઘ; હુંગર *The old* **W.**: પૂર્વમહાદ્વીપ.*The new* **W.**: પશ્ચિમ મહાદ્વીપ *The other* **W**: પરલોક.*In the* **W.**: બની શકે તેટલું;ગમે તેટલું. *For all the* **W.**, (*a*) બરોબર; નક્કી.(*b*) ગમે તે થાય તો. પણ. *To go to the* **W.**,to be married: પરણવું; લગ્ન કરવું;સંસાર માંડવો; સંસારવ્યવહારમાં પડવું. **W.** without end:નિરંતર; સર્વકાળ;સર્વદા. **W.** *end*, the remotest regions:દિગંત;દૂરના દેશ.

Worldliness, (વર્લ્ડ્લિનેસ્) *n.* Covetousness : સંસારીપણ;દુનીઆદારી-પ્રપંચબુદ્ધિ;લોભલાલચ; સંસારના ઉપભોગને માટે સારી સારી વસ્તુઓ મેળવવાની નિષ્ઠા-દૃષ્ટિ; પ્રપંચદૃષ્ટિ; સંસારાસક્તિ.

Worldling, (વર્લ્ડ્લિંગ્) *n* One devoted to this world and its enjoyments: વિષયી-પ્રપંચાસક્ત માણસ;સંસારી કીડો.

Worldly,(વર્લ્ડ્લિ) *n.* Human; common : આ લોકનું; સંસારનું; સંસારી;સાંસારિક;લૌકિક:સામાન્ય; સાધારણ 2.Secular : પ્રપંચી; પ્રપંચરત;દુનિયાદારીનું; પ્રપંચાસક્ત; વિષયાધીન; ઐહિક; સુખપ્રપંચપ્રિય; સંસારાસક્ત. 3. Lay:સંસારી; વ્યવહારી

Worldly-minded, (વર્લ્ડ્લિ-માઇન્ડેડ્) *a.* Devoted to worldly interests:પ્રપંચી; પ્રપંચાસક્ત; વિષયાસક્ત;માયામાં મગ્ન;માયાગ્રસ્ત.

World-wide,(વર્લ્ડ્-વાઇડ્) *a.* Extended throughout the world: આખી દુનિયામાં પ્રસરેલી-પસરેલું; જગપ્રસિદ્ધ;જગ જાણીતું-જાહેર

Worldly-wise, (વર્લ્ડ્લિ-વાઇઝ્) *n.* Wise in regard to things of this world:સંસાર વ્યવહાર જાણનાર;

વ્યવહાર કુશળ; નીતિનિપુણ; વ્યવહાર જ્ઞાની;સંસારજ્ઞાની.

Worm (વર્મ્)*n.* A creeping or crawling animal of any kind: પેટ ચાલનાર પ્રાણી:જંતુ;કૃમી. 2. An earth worm:કીડો 3.An internal tormentor: અંતરનો કીડો.4.A being debased and de spised:જીવડું; જંતુ:અધમ-નીચ-અપકૃષ્ટ માણસ;જીવ. 4.Any thing spiral or resembling a worm: આંટો;વળ; આમળો; પેચવાળી સોડી;આમળ નળી;સ્ક્રુ. 5.A debased creature:પામરજન;અધમ માણસ.6.(*pl.*)કૃમ: કૃમિ. *To have a* **w.** *at the root*:- ને કીડો લાગેલો-માં ધાણ પેઠેલો હોવો *vi.* To move like a worm: વંકાતાં મરડાતાં આગળ ચાલવું. *vt.* To effect, remove or draw by slow and secret means (with *out.*):- માંથી કાઢી લેવું-કઢ; બનવવું. 2. To clean by means of a worm : બંદુકમાંથી પેચવાળી સોડીવતી દુચો ખેંચી કાઢવો. 4.To wind rope : વાળવું; વિંટાળવું. *To* **w.** *one's self into*: માં ઘુસવું-દાખલ થવું;-ના પેટમાં પેસી જવું.

Worm-eaten,(વર્મ્-ઈટન્)*a.*Eaten by worm:કીડાઓથી ખવાઇ ગએલું 2. Worn out;old: જીર્ણ;નકામું;જુનું.

Worm-hole,(વર્મ્-હોલ્)*n.*A burrow made by a worm: કીડાએ પાડેલું દર.

Wormy,(વર્મિ)*a.*1.Containing a worm:કીડાવાળું;કૃમિમય; કીટમય. 2. Earthy;grovelling: માટી-કાંકરાવાળું.

Worn,(વૉર્ન્)*p.p.*of **Wear**:પહેરેલું.

Worn-out, (વૉર્ન્-આઉટ્)*a.*Consumed by wearing:ઘસાઇ ગએલું.

Worriment,(વૉરિમેન્ટ્)*n.*Trouble;anxiety: ચિંતા; ઉપાધી; દુઃખ; પીડા; આધિ.

Worrier,(વરિઅર્) *n.* One who worries:ફાડી ખાનાર;સતાવનાર.

Worrisome, (વરીસમ્)*a.* Causing worry or annoyance : જીવ ખાનારું;સંતાપજનક;ઉપાધીકર.

Worry,(વરિ) *vt.* To harass by pursuit or barking:-ની કેડે પડવું; ના કેડો ન મુકવો;-ની પૂઠ પકડવી;-ને પજવવું-ને હેરાન કર. 2. To vex; to annoy;to fret : ચીડવવું; હેરાન કર; દુઃખ દેવું;સતાવવું;પીડવું;ઉપાધી કર.3. To fatigue:થકવવું; થકવી નાંખવું. 4. To tear: દાંતે ફાડી નાંખવું-ખાવું. *vi.* To chafe: ચીડાવવું;હેરાન થવું;ગુસ્સે થવું.*n.* Anxiety; fret : ચીડ;ગુસ્સો; ઉપાધી;હેરાનગતી;પજવણી;જંજાળ; ત્રાસ;કંટાળો. [હેરાન-બેજાર કીધેલું.

Worried,(વૉરિદ્)*a.* Distressed:

